
प्रतिमाशतक
-महामहोपाध्याय श्री यशोविजयजी महाराज
संपादक एवं भावानुवादक
प.पू.आचार्य श्री विजय अजितशेखरसूरीश्वरजी म.सा.

शास्त्र इव नामादित्रये

हृदयस्थिते सति भगवान्

पुर इव परिस्फुरति

हृदयमिवाऽनुप्रविशति

मधुरालापमिवाऽनुवदति

सर्वाङ्गीणमिवाऽनुभवति

तन्मीयभावमिवाऽऽपद्यते।

तेन च सर्वकल्याणसिद्धिः।

(काव्य-2 टीका)

પ્રતિમામાં પરમાત્માનો સાક્ષાત્કાર કરાવતો અનુપમ ગ્રંથ



# પ્રતિમાશતક

नामाऽऽकृति-द्रव्य-भावैः, पुनतस्त्रिजगज्जनम् ।

क्षेत्रे काले च सर्वस्मिन्नर्हतः समुपास्महे ॥

(सकलार्हत् स्तोत्र-2)

બધા જ ક્ષેત્રમાં અને બધા જ કાળમાં નામ, આકાર, દ્રવ્ય અને ભાવથી સમગ્ર જગતના જીવોને પવિત્ર કરતાં એવા અરિહંત પરમાત્માઓની અમે સમ્યગ્ ઉપાસના કરીએ છીએ.

॥ શ્રી સિદ્ધાચલમંડન ઋષભદેવાય નમઃ ॥
॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ॥
॥ ઐં નમઃ સિદ્ધમ્ ॥
॥ ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ॥
શ્રીમદ્વિજય પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-ધર્મજિત્-જયશેખર-અભયશેખરસૂરીશ્વર સદ્ગુરુભ્યો નમઃ

**ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાય**
**શ્રીમદ્ યશોવિજયવાચક વિરચિત સ્વોપજ્ઞ વૃત્તિયુત**



# પ્રતિમાશતક

(ગુર્જર ભાવાનુવાદયુત)

ભાવાનુવાદ પ્રેરક
સુવિહિતગણધોરી, ન્યાયવિશારદ, વર્ધમાનતપોનિધિ
આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય
**ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજ**

સંપાદક + ભાવાનુવાદક
**આચાર્ય શ્રી વિજય અજિતશેખર સૂરીશ્વરજી મહારાજ**

પ્રકાશક
અર્હમ્
અર્હમ્ આરાધક ટ્રસ્ટ
**અર્હમ્ આરાધક ટ્રસ્ટ**
A-5, 1st Floor, Hari Bhuvan,
Zaver Road, Mulund (West),
MUMBAI - 400 080.

# ગ્રંથ પરિચય

| | |
|---|---|
| ગ્રંથનું નામ | : **પ્રતિમાશતક** |
| ભાષા | : **સંસ્કૃત** |
| મૂળ શ્લોક | : **૧૦૪** |
| ગ્રંથકર્ત્તા | : **મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા** |
| ટીકાકાર | : **સ્વોપજ્ઞ** |
| ભાવાનુવાદ પ્રેરક | : **આચાર્યદેવ શ્રી વિજય ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજા** |
| સંપાદક + ભાવાનુવાદક | : **આચાર્યદેવ શ્રી વિજય અજિતશેખર સૂરીશ્વરજી મહારાજા** |
| ગ્રંથ વિશેષતા | : **પ્રતિમામાં પરમાત્માનો સાક્ષાત્કાર કરાવતો અનુપમ ગ્રંથ** |
| પ્રકાશક | : **અર્હમ્ આરાધક ટ્રસ્ટ** |
| આવૃત્તિ | : **પ્રથમ-સંવત ૨૦૪૪**<br>**દ્વિતીય-સંવત ૨૦૫૬ (સૂરિ પ્રેમ દીક્ષા શતાબ્દિ વર્ષ)**<br>**તૃતીય-સંવત ૨૦૬૯ (નિમિત્ત : સૂરિ ભુવનભાનુ જન્મ શતાબ્દિ વર્ષ)** |
| નકલ | : **૩૦૦** |
| પૃષ્ઠ | : **૨૮+૫૧૦** |
| મૂલ્ય | : **₹ ૬૦૦/-** |

**©સર્વ હક્ક શ્રમણપ્રધાન શ્રી જૈન સંઘને આધીન છે.**

ગૃહસ્થોએ મૂલ્ય જ્ઞાનખાતામાં જમા કરાવી માલિકી કરવી.

## પ્રાપ્તિ સ્થાન

(૧) **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ તીર્થધામ**
કાસાર વડવલી, ઘોડબંદર રોડ,
થાણા (વેસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૬૦૭.
ફોન : ૨૫૯૭૨૬૪૮

(૨) **દિપકભાઇ**
C/o પાવર કંટ્રોલ, ઈસ્માઈલ બિલ્ડીંગ,
૨જા માળે, રૂમ નં. ૪, ૩૩, પાઠકવાડી
લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
મો. : ૯૮૬૭૫ ૮૦૨૨૭
E-mail : arhamaaradhak@gmail.com
Visit us : www.arhamaaradhak.org

મુદ્રક : **હીંકાર પ્રિન્ટર્સ**, વિજયવાડા. ફોન : ૦૯૪૪૦૬૨૦૦૭૫

# સમર્પણમ્

પ્રેરણાના સિંચનથી અને કૃપાના ખાતરથી મારા
હૃદયક્ષેત્રમાં ધર્મબીજની વાવણી અને વૃદ્ધિ કરનારા
શાસનપ્રભાવક **આચાર્યદેવશ્રી**
**વિ. ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજને...**

સંયમજીવનમાં અગ્રેસર બની અમારા કુટુંબમાં દીક્ષાની
સુંદર પરંપરાના સર્જક, કર્મસાહિત્યનિષ્ણાત,
જિનપ્રતિમાના નામશ્રવણ, દર્શન આદિથી સદા પુલકીત
**આચાર્યદેવશ્રી વિ. ધર્મજિત સૂરીશ્વરજી મહારાજને...**

કર્મસાહિત્યમાં 'રસબંધો' મહાગ્રંથના શિલ્પી,
પરમાત્મભક્તિરસિક સૂરિમંત્રસમારાધક **આચાર્યદેવશ્રી**
**વિ. જયશેખર સૂરીશ્વરજી મહારાજને...**

તીક્ષ્ણ બુદ્ધિના સ્વામી, ન્યાયનિપુણમતિ, સાત્વિકશ્રેષ્ઠ
અનેકવિધ ઉપકારોની હેલી વરસાવનારા અગ્રજ અને
ગુરુવર્ય શ્રમણીગણનાયક **આચાર્યદેવશ્રી**
**વિ. અભયશેખર સૂરીશ્વરજી મહારાજને...**

આ ગ્રંથરત્ન સમર્પિત કરતા અનુભવાતો
આનંદ અપૂર્વ છે...

*-અજિતશેખર વિજય*

# પ્રકાશકીય નિવેદન

**શાસ્ત્રપઠન = મૌન વાચના.**

અરિહંતના ઉપાસકને પથ્થર કે પ્રતિમા નથી દેખાતા પણ સાક્ષાત્ પરમાત્મા દેખાય છે. તે મંદિર કે દેરાસરમાં નથી પ્રવેશતો, પણ ધર્મચક્રવર્તીના દરબારમાં પ્રવેશે છે અને ત્રૈલોક્યાધિપ સમક્ષ હાજર થાય છે. તેણે પૂજા, ચૈત્યવંદન વગેરે દેવાધિદેવની કુર્નીશ બજાવવારૂપ લાગે છે. તે બહાર નીકળે ત્યારે કરુણાસાગર પ્રભુના સાક્ષાત્ મિલનની અલૌકિક આનંદમય અનુભૂતિ તેના રોમેરોમમાંથી વ્યક્ત થાય છે. આમ, જિનબિંબ ક્ષેત્ર/કાળથી અતિદૂર બિરાજતા ભગવાનનું સામીપ્ય માણવાનું, સાક્ષાત્ મિલનની અનુભૂતિ કરવાનું, ભગવાનની કૃપાદૃષ્ટિને પ્રત્યક્ષ નિહાળવાનું પ્રકૃષ્ટ સાધન છે.

એવં, કાળથી અતિદૂર રહેલા પૂર્વના વિશિષ્ટ આચાર્યવગેરેના સંગમનું સાધન છે, તેઓએ રચેલા શાસ્ત્રો. શાસ્ત્રાર્થપિપાસુ વ્યક્તિ ગ્રંથના નિર્જીવ પાના હાથમાં લે છે, ત્યારે કલ્પનાની પાંખે ઊડી વર્તમાનમાંથી અતીતમાં પહોંચે છે. લખાયેલી/છપાયેલી પંક્તિઓ વાંચતી વખતે એવી મનોહર અનુભૂતિ થાય છે કે, 'એ શાસ્ત્રકાર પૂજ્યનાં પ્રકાંડજ્ઞાનની ચાડી ખાતાં, સમ્યગ્દર્શનની દૃઢતા સૂચવતાં, ચારિત્રની પવિત્રતા દર્શાવતાં, નિર્મળ બ્રહ્મચર્યના ઓજસથી છલકાતાં, વૈરાગ્ય-ઔદાસીન્ય-માધ્યસ્થ્યને વ્યક્ત કરતાં, તપતેજથી દીપતાં, બારભાવનાઓના સતત ભાવનથી પુલકીત થતાં, મૈત્રી-પ્રમોદ-કારુણ્ય-ઉપેક્ષાભાવના સંમિશ્રણથી રંગાયેલાં, આત્મીય પ્રશમભાવને અભિવ્યક્ત કરતાં, પ્રતિભાથી પ્રકૃષ્ટ અને સૌમ્યતાથી શાંત વદનકમળમાંથી વહેતી અસ્ખલિત જ્ઞાનગંગાનું શ્રુતિમધુર સંગીત શ્રવણગોચર બની રહ્યું છે.' વાંચનમાં પૂર્વાચાર્યની સાક્ષાત્ વાચનાની સંવેદના થાય છે. તેથીસ્તો એ શાસ્ત્રપઠન પણ ગણાય છે શ્રુત(શ્રવણથી પ્રાપ્ત)જ્ઞાન જ. આમ ગ્રંથપઠન બને છે, વાચના/પૃચ્છના. ગ્રંથ પૂર્વાચાર્યસાથેના અશબ્દ પરિસંવાદનું માધ્યમ બને છે.

આમ, જિનબિંબ દેવતત્ત્વના સીધા મિલનનું માધ્યમ બને છે, તો જિનાગમ(=આગમ+આગમમાન્ય વફાદાર અન્યસર્જનો) ઉપકરણ બને છે વિશુદ્ધ ગુરુતત્ત્વ સાથેના મૌન વાર્તાલાપનું.

**'પ્રતિમાશતક'** ગ્રંથ પ્રતિમાને અરિહંતતત્ત્વસાથે સીધા સંપર્કનું પવિત્રતમ-શ્રેષ્ઠતમ સાધન તરીકે સિદ્ધ કરે છે. અને આપણને માત્ર ૩૦૦ વર્ષ પૂર્વે યશદેહ થયેલાં અણમોલ વિશ્વરત્ન **ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ** સાથે સીધો વિચાર વિમર્શ કરાવે છે. અનંતકાળના અતીતની અપેક્ષાએ ૩૦૦ વર્ષનો કાળ ઘણો ન ગણાય. પણ આટલા કાળનાં વહી ગયેલા પાણીએ ઘણા રંગો બદલ્યા છે. તેથી જ ઉપાધ્યાયજીની કુશાગ્રકલમે આલેખાયેલા ઘણા ગ્રંથો હાલ ઉપલબ્ધ થતાં નથી.

ન્યાયવિશારદજીની તર્કકર્કશ બુદ્ધિ પ્રેરિત કલમે લીલારૂપે સર્જાયેલા અનેક ગ્રંથો આજે તીવ્રમેધાશક્તિસંપન્ન વ્યક્તિમાટે પણ પડકારરૂપ બને છે. નવ્ય-ન્યાયથી નવા ઓપ અપાયેલા પ્રાચીન સંદર્ભોનો રહસ્યાર્થ પામવો લોઢાનો ચણા ચાવવા જેવો કઠીન લાગે છે. તેથી જ તેઓશ્રીના ગ્રંથો આગમતુલ્ય પ્રામાણ્ય પામ્યા હોવા છતાં પઠન/પાઠનમાં ખુબ મર્યાદિત રહ્યાં. મુખ્યતયા આ કારણથી તેઓશ્રીના અનેક

ઉપલબ્ધ અને મુદ્રિત ગ્રંથોનું પુનર્મુદ્રણ લાંબા કાળ સુધી ન થયું હોય, તેમ બને છે. આવા અનેક ગ્રંથરત્નોનાં પુનર્મુદ્રણની તાતી જરૂરિયાત હતી/છે. સાથે સાથે એ ગ્રંથોના અધ્યયન/અધ્યાપનનું ક્ષેત્ર વિસ્તરે એ પણ અતિઆવશ્યક છે. તેથી તેઓશ્રીની ૩૦૦મી પાવન પુણ્યતીથિનું નિમિત્ત પામી તેઓશ્રીના સંસ્કૃત સર્જનોનું ગુર્જર ભાવાનુવાદ સાથે પ્રકાશન કરી તેઓશ્રીને શ્રેષ્ઠ શ્રદ્ધાંજલિ અર્પવાનો અમારા સંઘે ઠરાવ કરી ન્યાયાચાર્ય મહોપાધ્યાયજીના પાંચ ગ્રંથોનું પ્રકાશન કરવા જ્ઞાનદ્રવ્યનો સદુપયોગ કરવાનો નિર્ણય કર્યો.

અલબત્ત, અમારે તો અર્થવ્યવસ્થા કરીને જ છૂટી જવાનું હતું. મહત્ત્વનું કામ તો પૂજ્યશ્રીના ઊંડા આશયને યોગ્ય ન્યાય મળે તેવા ભાવાનુવાદ કરવાનું હતું. આ માટે મેધાવી અને ઊંડા અભ્યાસી શ્રમણટીમ શોધવાની હતી. અમે અનેક મેધાવી શિષ્યોના પરમમેધાવી પથદર્શક, ન્યાયવિશારદ, સંઘહિતચિંતક **આચાર્યદેવ શ્રી વિ. ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજને** અમારા મનની વાત કહી, અને આ કાર્યમાટે પોતાના શિષ્યવર્ગને પ્રોત્સાહિત કરવા વિનંતી કરી. તેઓશ્રીએ અમારી વાતને સહર્ષ વધાવી. અને પોતાના મેધાવી શિષ્યોને આ કાર્યમાટે પ્રેરણા-આજ્ઞા-આશીર્વાદ આપ્યા. પરિણામે સંઘના પ્રબળ પુણ્યોદયે અમારી ભાવના પરિપૂર્ણ થઇ. પૂ. વિદ્વદ્વર્ય **મુનિવર જયસુંદર વિ. મહારાજે 'જ્ઞાનાર્ણવ/જ્ઞાનબિંદુ'** ગ્રંથનું સભાવાનુવાદ સુંદર સંપાદન કર્યું. પૂ. વિદ્વદ્વર્ય **મુનિવર અભયશેખર વિ. મહારાજે 'સમ્યક્ત્વ ષટ્સ્થાન ચોપાઇ' 'સામાચારી પ્રકરણ અને પ્રકીર્ણ' તથા 'ધર્મપરીક્ષા'** આ ત્રણ ગ્રંથોનું સુંદર ભાવાનુવાદસાથે સંપાદન કર્યું. **પૂ. વિદ્વદ્વર્ય મુનિવર અજિતશેખર વિ. મહારાજે** પ્રસ્તુત **'પ્રતિમાશતક'** ગ્રંથનું ભાવાનુવાદસાથે સંપાદન કર્યું છે. આ પાંચે ગ્રંથો સુધન્ય શ્રીસંઘને સમર્પિત કરતી વેળાએ અમારા હૃદયમાં ઉછળતો હર્ષોદધિ અવર્ણનીય છે.

આ બધા ગ્રંથો અને પ્રસ્તુત ગ્રંથના સર્જનમાં પ્રત્યક્ષ-પરોક્ષથી સૌજન્યભર્યો સહકાર આપવા બદલ શ્રી સંઘ, સંઘના જ્ઞાનભંડારોના સંચાલક વગેરે બધાનો અમે ખુબ આભાર વ્યકત કરીએ છીએ. આ ગ્રંથના સુંદર મુદ્રણ માટે 'પૂજા પ્રિન્ટર્સ, અમદાવાદ' પણ ધન્યવાદને પાત્ર છે.

પ્રાંતે ! આ ગ્રંથોનાં પઠન/પાઠન/મનન ખુબ જ વિસ્તરો એવી શુભેચ્છા, અને અમને શ્રુતભક્તિના આવા લાભો વારંવાર મળતાં રહો તેવી પરમાત્માને પ્રાર્થના.

**દ. શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ (પ્રથમાવૃત્તિમાંથી ઉદ્ધૃત)**

આ ગ્રંથની પૂર્વ બંને આવૃત્તિની નકલો ઉપલબ્ધ નહીં રહેવાથી અને પૂજ્યપાદ **ગુરુદેવશ્રી આ.દે.શ્રી.વિ. ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજની જન્મ શતાબ્દિના** વધામણા માટે આ ગ્રંથની તૃતીય આવૃત્તિ પ્રકાશિત કરતાં અમે આનંદ અનુભવીએ છીએ. આ ગ્રંથના આ આવૃત્તિના સુંદર મુદ્રણમાટે હ્રીંકાર પ્રિન્ટર્સ(વિજયવાડા)નો આભાર માનીએ છીએ.

તથા **શ્રી વાસુપૂજ્ય દેરાસર**, ઝવેર રોડ, મુલુંડ (પશ્ચિમ) સંઘના **શ્રી તપાગચ્છીય શ્રાવિકા બેનોએ** ભેગી કરેલી જ્ઞાનદ્રવ્યની રકમમાંથી આ આવૃત્તિનું પ્રકાશન થઇ રહ્યું છે. તેથી અમે તેમનો પણ આભાર માનીએ છીએ.

***- અર્હં આરાધક ટ્રસ્ટ-મુંબઈ***

શ્રી સિદ્ધાચલમંડન ઋષભદેવાય નમઃ। શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ। સિરસા વંદે મહાવીરં । ઐં નમઃ સિદ્ધમ્
શ્રી વિજય પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-ધર્મજિત-જયશેખર-અભયશેખરસૂરિભ્યો નમઃ ।

# હૃદયની ઉર્મિના શાબ્દિક તરંગો...

મોટા ડીપાર્ટમેન્ટલ સ્ટોર્સમાંથી સારી ખરીદી કરી એક બેન કેશકાઉન્ટરપર આવ્યા, બીલ ચૂકવ્યું. મેનેજર ખુશ હતા. સાથે આવેલા નાનકડા બાળકને કહ્યું, 'બેટા ! આ બરણીમાંથી મુઠ્ઠી ભરીને પીપરમીંટ લઇ લે' છોકરાએ મુઠ્ઠી બંધ રાખી, પીપરમીંટ લીધી નહિ. વારંવાર કહેવા છતાં-માએ પણ બહુ કહેવા છતાં-છોકરો મક્કમ રહ્યો, પીપરમીંટ લીધી નહિ. અંતે છોકરાની આ લાયકાતથી વધુ ખુશ થયેલા મેનેજરે પોતે જ મુઠ્ઠીભરી પીપરમીંટ છોકરાના ગજવામાં ભરી. મા-દીકરો બહાર આવ્યા. માએ ગુસ્સે થઇ પૂછ્યું-'કેમ રે ! કહેવા છતાં તેં જાતે પીપર કેમ લીધી નહિ ?' બાળક ઠાવકાઇથી બોલ્યો-'એમાં કારણ છે.' માએ પૂછ્યુ-'શું કારણ છે ?' દીકરાએ રહસ્યોદ્ઘાટન કરતા કહ્યું, 'મા ! તું એટલું પણ સમજતી નથી, મેં પોતે મુઠ્ઠી ભરી હોત, તો કેટલી પીપર મળત ? અને જો મેનેજરે પોતે મુઠ્ઠી ભરી તો કેટલી બધી પીપર મળી ?' દીકરાની દીર્ઘદૃષ્ટિ જોઇ મા ઓવારી ગઇ.

શ્રી અરિહંતની ઓળખાણ નહિ પામેલા જગતના જીવો સુખમાટે સ્વપુરુષાર્થને પ્રધાન કારણ માની સખત મહેનત કરે છે. તેમ છતાં તેઓની સુખ તરફથી પીછેહઠ જોઇને અને અરિહંતના શરણે જનારાઓને થોડી મહેનતે મોટો લાભ ખાટી જતાં જોઇને આ દૃષ્ટાંત નજર સમક્ષ આવી જાય છે.

અનંતકાળથી અનંતા જીવોએ સુખ પ્રાપ્તિમાટે અને દુઃખથી છૂટવા લગાવેલી દોડ ઓલમ્પિકમાં દોડતા એથ્લેટ્સની કે રેસકોર્સમાં દોડતા ઘોડાઓની દોડને પણ વામણી કહેવડાવી દે છે. અને છતાં સુખના ગોલ્ડમેડલને બદલે દુઃખના જુતા જ ખાવાના રહે છે. કારણ કે એ દોડમાં કેન્દ્રસ્થાને અરિહંત નથી.

પરમાત્માને શરણે ગયા વિના સખત પરિશ્રમ કરવા છતાં હાલત પ્રાયઃ 'આંધળી દળે અને કૂતરો ચાટે' એવી જ હોય છે. તેથી જ કહ્યું છે 'કરહું કષ્ટ જન બહુત હમારે નામ તિહારો આધારા સાહિબા...' અને કદાચ એ સખત પરિશ્રમથી 'ઘુર્ણગોળક' ન્યાયથી કહેવાતા સુખની અલ્પ સામગ્રી મળી પણ જાય, તો પણ તેનો સારી રીતે ભોગવટો પ્રાયઃ થઇ શકતો નથી. આજે સુખી ગણાતા શ્રીમંતોની લગભગ આવી હાલત છે. બેડરુમમાં સુવાની ઉત્તમ સગવડ હોવા છતાં તેઓ બેચેન છે, કેમકે મહત્ત્વની ખોટ છે ઉંઘની. ડાઈનીંગ ટેબલપર પીરસાયેલી વાનગીઓની ડીશ બિચારી 'ભૂખ'ની રાહ જોયા કરે છે. તિજોરીમાં દટાયેલા ધનને સતત ચોર અને સરકારનો ભય સતાવ્યા કરે છે.

ક્રોધાદિ કષાય, કુવાસનાઓ અને કર્મના ત્રાસે ત્રસ્ત થયેલા જીવોનો સખત પુરુષાર્થ કરવા છતાં આ ગોઝારા સંસારથી છૂટકારો થતો નથી, સુખ દૂર દૂર ભાગે છે... તેથી જ કંટાળીને કવિએ પોકાર કર્યો 'પરિભ્રમણ મેં અનંતા રે કીધા, હજુએ ન આવ્યો છેડલો રે' અને છેવટે ઉપાય એક જ લાગ્યો-'મોડા વહેલા તું હી જ તારક, હવે વિલંબ શા કારણે રે' 'સસ્તુ ભાડું ને સિદ્ધપુરની જાત્રા' કહેવતને જાણે ચરિતાર્થ કરતા અને અરિહંતની અચિંત્ય શક્તિને પહેચાની ગયેલા બીજા કવિએ ભગવાનપાસે માંગણી મુકી 'જિણંદા તોરે ચરણકમલકી રે, હું ચાહું સેવા પ્યારી ...તો નાશે કર્મ કઠારી, ભવભ્રાંતિ મીટ ગઇ સારી.'

વાત તદ્દન સાચી છે.

ટ્રેનમાં નાના છોકરાના ભારે તોફાનથી ત્રાસેલી મહિલાએ બાળકના પિતાને કહ્યું, 'તમારા છોકરાને સખણો રાખો...નહિતર જેમ એ અમને પજવે છે, તેમ અમે તમને પજવશું.' ફીક્કું હસતા એ ભાઇએ કહ્યું, 'બહેનજી ! તમે મને શું પજવવાના ? જુઓ, મારો આ મોટો છોકરો પાગલ છે. મારા પિતાજી દેવાળું કાઢી મોત પામ્યા છે. માને લકવો લાગુ પડ્યો છે. પત્ની દાગીના લઇ પિયર ભાગી ગઇ છે. મોટી દીકરીના છુટાછેડાનો કેસ ચાલે છે. નાની દીકરી કુંવારી મા બની રહી છે. મકાનમાલિકે ઘર ખાલી કરવા નોટીસ મોકલી છે. મને ગળાનું કેન્સર થયું છે. આટલું ઓછું હોય તેમ આ નાનકો ટિકિટ ચાવી ગયો છે. બાનુ ! મારાઓએ જ મને ત્રાસ આપ્યો છે, તમે શું આપવાના ?'

આપણા અનંત ભૂતકાળ તરફ નજર નાખીએ, તો આપણી આ હાલતનું ભાન થયા વિના રહે નહિ. આપણા જ કર્મ, કુવાસના અને કષાયોએ ભૂતકાળમાં આપેલા ત્રાસ જો ચલચિત્રની જેમ પરદાપર દેખાવા માંડે, તો કદાચ હાર્ટએટેક આવ્યા વિના રહે નહિ.

આવા ભયંકર ભૂતકાળ અને હાલના વૈભવી વર્તમાનકાળ વચ્ચે પડેલાં આંતરાના કારણતરીકે જો પરમાત્માની મહેર નજરમાં આવી જાય,

એકેન્દ્રિયઆદિ અવસ્થામાં જડસાથે જડતાની હરિફાઇ કરનારા આપણી આ ચેતનવંતી અવસ્થાના મુખ્ય સૂત્રધાર તરીકે જો દેવાધિદેવ દેખાઇ જાય,

**ઉપમિતિના** નિષ્પુણ્યક દ્રમક(=ભિખારી) જેવી હાલતમાં રખડતા આપણે આજે સુપુણ્યકઅવસ્થામાં રમી રહ્યા છીએ, તેમાં જો સાતમે માળે(=સાતમે રાજે) બિરાજમાન સુસ્થિતમહારાજા(=ભગવાન)ની કૃપાદૃષ્ટિ દૃષ્ટિગોચર બની જાય,

વિષયોની ભીખ માંગવા ભટકતા આપણને આપણા રાજકુમારપણાનું ભાન કરાવનારા કે, ઘેટાંના ટોળામાં રહેલા આપણને સિંહબાળતરીકે જ્ઞાન કરાવનારા તરીકે જો ત્રિલોકબંધુ અરિહંત ખ્યાલમાં આવી જાય...

તો, તેમના અગણિત ઉપકારોના અહેસાનમાં ડૂબેલા આપણે તેમના ચરણોના દાસ બની જવા તત્પર બની જઇએ. **કલિકાલસર્વજ્ઞએ** કરેલી 'तव प्रेष्योस्मि दासोस्मि सेवकोऽस्म्यस्मि किङ्करः। ओमिति प्रतिपद्यस्व नाथ ! नातः परं ब्रुवे' પ્રાર્થના હાર્દિક લાગે. કવિના દિલમાં રણકાર જાગે 'તું સચ્ચા સાહિબ મેરા, હું બાળક તેરા તેરા' તે સ્વાભાવિક લાગે. અથવા 'આજ થકી પ્રભુ ચરણે રહીશું, એમ શીખવિયું મનને રે' યા તો 'હું દાસ ચાકર દેવ ! તારો શિષ્ય તુજ ફરજંદ રે' કે પછી 'ઐસો સાહિબ નહિ કોઇ જગમેં યાસુ હોય દિલધારી' આવા આવા ગુંજનો કૃત્રિમ ન લાગે. તથા પરમાર્હત્ **કુમારપાળ મહારાજાની** ચક્રવર્તીપણાને છોડીને પણ પ્રભુના દાસ બનવાની પ્રાર્થના માત્ર દેખાવરૂપ ન લાગે. તથા **કલ્યાણ મંદિર સ્તોત્રનો** એ શ્લોક સતત સ્મૃતિમાં રહે. 'यद्यस्ति नाथ ! भवदङ्घ्रि-सरोरुहाणां....'

આમ એક બાજુ જિનેશ્વરના ઉપકારોને યાદ કરી હૃદયમાં ઉઠતો ભક્તિસાગર વામ વામ મોજા ઉછાળી-મર્યાદાને તોડી ચારે બાજુ વહેવા માંગતો હોય, અને બીજી બાજુએ પરમકૃપાળુ પોતાના પુનિતદર્શનથી આંખ અને હૃદયને ઠારતાં ન હોય, ત્યારે ભક્તહૈયાને થતી વેદના શબ્દાતીત બને છે. કોરા કાગળો કોરા જ રહી જાય છે. આંખમાં

ધસી આવેલા આસુંના ટીપા અપૂરતા થઇ પડે છે.

હૃદયના ખૂણે ખૂણામાંથી પોકાર ઉઠે છે-'એકવાર મળોને મારા સાહિબા' કે 'શાંતસુધારસ નયણ કચોળે સીંચો સેવકતનને રે' કે 'આજ મારા પ્રભુજી સ્હામું જુઓને...સેવક કહીને બોલાવો રે' કે કોઇક આધુનિક ભક્ત **'કલાપી'** ની એ પ્રસિદ્ધ પંક્તિઓને ઉછીની લઇ દિલ હળવું બનાવે-'જ્યાં જ્યાં નજર મારી ઠરે...યાદી ભરી છે આપની...આસું મહી એ આંખથી, યાદી ઝરે છે આપની...' તે સ્વાભાવિક છે. વિરહની આગથી શેકાતો કોઇ ભક્તકવિ તો ઓલંભડા પણ આપી દે છે. 'મેં તુમ કારણ સ્વામી ! ઉવેખ્યા સુર ઘણાં ! માહરી દિશાથી મેં ન રાખી કાંઇ મણા ! તો તુમે મુજથી કેમ અપૂંઠા થઇ રહ્યા...'

અને વિરહાતુર તે ભક્તહૃદય ભગવાનના નામસ્મરણથી કે નામશ્રવણમાત્રથી પણ 'અહો ! અહો ! ' થી ભરાઇ જાય છે. સાક્ષાત્ ભગવાન ન મળે તો પ્રતિમા કે ચિત્રરૂપે પણ ભગવાન દર્શન આપે તો નાભિમાંથી અવાજ ઉઠે છે 'અબ તો પાર ભયે હમ સાધો !' કે 'નયણચકોર વિલાસ કરત હૈ દેખત તુજ મુખ પૂનમચંદા' 'દરિસન દેખત પાર્શ્વજિણંદકો ભાગ્યદશા અબ જાગી' કે 'દીઠી હો પ્રભુ ! દીઠી જગગુરુ તૂજ મૂરતિ હો પ્રભુ ! મૂરતિ મોહનવેલડી !' કે આજનો ભક્તકવિ એમ કહે કે 'થાય છે એવું મને, તારી છબી જોયા કરું; આંખદ્વારા આંખની આ રોશની જોયા કરું' તો એમાં કોઇ વિસ્મય નથી.

ભઇ, પિતાજીના અગણિત ઉપકારોની યાદમાત્રથી રોમાંચિત, કૃતજ્ઞ, વિનીત, સમજુ પુત્ર પિતાના વિરહની વેદનામાં કેવો શેકાતો હોય ! અને તે વેદના હળવી કરવા પિતાજીની છબીને ભક્તિથી કેવા ભાવથી પૂજતો હોય, તે માત્ર શબ્દથી સંવેદ્ય નથી; પરંતુ અનુભવગમ્ય જ છે.

જેઓ પ્રતિમાને પરમાત્માતરીકે તો દૂર રહ્યું, પણ પરમાત્માના પ્રતીકતરીકે પણ ઓળખી શકતા નથી, અને પ્રતિમાને રસ્તામાં પડેલા પથ્થરની સમાન કક્ષામાં મુકી દે છે, તથા પ્રભુની ગેરહાજરીમાં પ્રભુની પ્રતિમામાં જ પરમાત્માને નિહાળી પ્રભુકૃપાથી મળેલી સામગ્રીથી ભવ્યપૂજા કરતા ભક્તગણના ભાવને નહિ જોઇ શકવાથી અને હિંસાના હેતુ, અનુબંધ અને સ્વરૂપને સમજ્યા વિના જ 'હિંસા' 'હિંસા'ની બૂમો પાડે છે... તેઓની દયા આવી જાય છે. તેઓના ગળા કરતાં તેમના હૃદયની ટ્રીટમેન્ટ વધુ આવશ્યક લાગે છે. **દેવગિરિમાં** અઢળક ધનના સદ્વ્યયથી બનાવેલા જિનાલયની પ્રતિષ્ઠાવખતે નાચેલા **પેથડશાહના** હૃદયને સમજવા તેઓની દૃષ્ટિનું કાર્ડીયોગ્રામ સમર્થ નથી.

જિનબિંબનો એક બીજો પણ લાભ છે. એક બાઇ કરિયાણાની દુકાને ગઇ. એક કીલો મગ અને એક કીલો અડદની વરદી મુકી. પછી બન્ને ભેગા કરીને આપવા કહ્યું.

દુકાનદારે આશ્ચર્યથી પૂછયું-'અલી બાઇ ! મગ અને અડદને ભેગા કરી તારે કરવું શું છે ?'

બાઇ બોલી – 'જુઓ ! આવતીકાલે રવિવાર છે. નવરા પડેલા છોકરાઓ ઘરે ધમાલ મચાવે તેના કરતા તેઓને આ મગ-અડદ છૂટા પાડવા આપી દઇશ, કામમાં મગ્ન થશે, તો તોફાન નહિ મચાવે.' દુકાનદાર છક થઇ ગયો.

સાચી વાત છે ! ચંચળ મનને માધ્યમ મળે, તો સ્થિર થાય. નહિતર ઠેકડા મારવાનું ચાલુ જ છે, અને હા ! લોકો પૈસા ગણતી વખતે એકાગ્ર બને છે. ટી.વી.ની સીરિયલ જોવામાં તલ્લીન થાય છે, પણ એ તો વિષ્ઠા ચૂંથવામાં

મગ્ન થયેલા ભૂંડની મગ્નતાથી બહુ ભિન્ન નથી. અરિહંતની ગેરહાજરીમાં મનને શુભધ્યાન-ભાવમાં લીન બનાવવા, અરિહંતમય બનાવવા પ્રતિમા અનેરું આલંબન બને છે. 'તારી મૂરતિએ મન મોહ્યું રે' કે 'તારા નયણાં રે પ્યાલા પ્રેમના ભર્યા છે' જેવા વચનો, પ્રતિમાના આલંબને લાગેલી મસ્તીના ખરેખર અમીછાંટણાસમા છે.

આજે કોન્વેન્ટ સ્કુલોમાં ક્રોસ આગળ પ્રાર્થના કરતા જૈનબાળકોને જોઇ, પિક્ચરના કામોત્તેજક પોસ્ટરો જોઇ પાગલ બનતા યુવાનોતરફ નજર નાંખી, અંધશ્રદ્ધાથી ભોળા જૈનોને સાંઇબાબા અગર મહાલક્ષ્મીવગેરે બીજા દેવી-દેવલાની ઉપાસના કરવા દોડી જતાં દેખી, પરમાત્માની પ્રતિમાની મહત્તા અને એની આજના કાળે અતિ આવશ્યકતા સમજવી જોઇએ. તેને બદલે 'જિનાલયમાં દર્શન કરવાથી ઘોર મિથ્યાત્વ બંધાય' તેવી વાણી કે જિનાલયમાં દર્શન નહીં કરવા જવાની પ્રતિજ્ઞા લેવડાવવી એ કેટલી બધી મારક છે ? અહિતકારી છે ? તેનો ક્ષણભર વિચાર આવશ્યક છે.

❀ પુસ્તકો વગેરેમાં ગુરુઓના ફોટાઓ, સૌજન્યદાતાઓના ફોટાઓ અને પત્રિકાવગેરેમાં દીક્ષાર્થીવગેરેના ફોટા મુકાવનારાઓ જિનપ્રતિમાના દર્શન પણ ન કરે, પણ ધિક્કારે, તે પ્રબળ મોહનીય કર્મનો ઉદય જ સમજવાનો ને !

❀ પરદેશ ગયેલા પુત્રના વિરહમાં પુત્રના ફોટાના દર્શનમાત્રથી માના દિલમાં વહેતું વાત્સલ્યનું ઝરણું કેવું મનોરમ હોય છે ? તેની ખબર મા બન્યા વિના ન પડે.

❀ સરકારની મુદ્રા પડવામાત્રથી કાગળમાત્રની કિંમત કેટલી વધી જાય ! તે વાત ભોળા બાળકને પણ ખબર છે.

❀ લગ્નની વિધિમાત્રથી કન્યાઅંગેના વહેવારમાં થતા નોંધનીય ફેરફારને સમજેલાઓ પ્રતિષ્ઠાવિધિમાત્રથી પરમાત્માની પ્રતિમા માત્ર પથ્થર ન રહેતા કેટલી વિશિષ્ટ બની જાય છે ? તે અંગે અજાણ ન જ હોય.

❀ દૂધ નહિ દેતી પણ પથ્થરની ગાય સાચી ગાયને ઓળખવામાં કેટલી ઉપયોગી છે તે શું સમજાવવું પડે તેમ છે ?

❀ બાળમંદિરમાં ભણતો પેલો બાળક ચિત્રદર્શનમાત્રથી જગતની નહિ જોયેલી કેટલી બધી વસ્તુઓના જ્ઞાનવાળો થઇ જાય છે !

❀ પરમાત્માના આકારની ઝાંખી કરાવતી પ્રતિમાઓના દર્શન સુસંસ્કારોની એવી મૂડી ઊભી કરી શકે કે, પરભવમાં અરિહંતના દર્શનમાત્રથી ઓળખાણ થઇ જાય. અને સુમધુર સંબંધ જોડાઇ જાય. પૂર્વભવમાં અનિચ્છાએ પણ જિનબિંબના કરેલા દર્શન પેલા **સ્વયંભૂરમણ સમુદ્રના** માછલાને કેવા કામ લાગી ગયા કે, પ્રતિમાના આકારના માછલાને જોઇ જાતિસ્મરણજ્ઞાન થઇ ગયું. અને કલ્યાણ થઇ ગયું. શાસ્ત્રના આ દૃષ્ટાંતો શું પ્રતિમાની મહત્તા નથી આંકતા ?

❀ **ચંડકોશિયાને** બોધ આપતા પ્રભુ **મહાવીરસ્વામીના** ચિત્રને જોઇ ઘેરી અસર પામેલા એક ભાઇએ જીવનભર ક્રોધનો ત્યાગ કરવાનો સંકલ્પ કરેલો. તેવું વર્તમાનમાં જાણવા મળ્યું છે.

❀ ગુમ થયેલી વ્યક્તિની ભાળ મેળવવા છાપામાં અપાતા ફોટા અને 'હજાર શબ્દો કરતાં એક ચિત્રની અસર વધુ છે.' એવી કહેતીઓ શું સૂચવે છે ? એ સુજ્ઞને સમજાવવું પડે તેમ નથી.

❀ ઠેર ઠેર મેડીકલ સેન્ટરો ઊભા કરવામાં ઇંડા, માંસભક્ષણ, ગર્ભપાત વગેરે અનેક સાવદ્યોનું પોષણ છે. છતાં પ્રતિમાપૂજનમાં સાવદ્યનો ખોટો હાઉ ઊભો કરી તેનાથી દૂર ભાગવું એ બિલ્કુલ વાજબી નથી. સંસારના મહારંભના પાપને ધોવા '**કાંટાથી કાંટો નીકળે**' ન્યાયથી જિનપૂજાનો સદારંભ ખૂબ મહત્ત્વનો છે.

❀ જેઓ સામાયિકના ગુણ ગાતા ગાતા પૂજાની નિંદા કરે છે, તેઓ 'જિનશાસનના, જિનેશ્વરે બતાવેલા તમામ યોગો અધિકારીમાટે સમાનતયા કર્ત્તવ્ય છે અને પ્રત્યેક યોગમાં વર્તતા અનંતા જીવો કેવળી થયા છે' એવા વચનની ઘોર હીલના-મશ્કરી કરી રહ્યા છે. સામાયિક, સામાયિકરૂપે કર્ત્તવ્ય છે, પણ પૂજાના સ્થાને પણ સામાયિક જ કરવાની વાત તો હાસ્યાસ્પદ જ છે. **લોકમાન્ય તિલક**પર કોઇ કેસ ચાલતો હતો. પોતે અદાલતમાં હાજર થયા, પણ પોતાના કાબેલ વકીલ હાજર ન હતા. તેથી આમ તેમ નજર ફેરવતા હતા. તે વખતે નવા તૈયાર થયેલા બે દેશપ્રેમી વકીલોએ એ વકીલની જગ્યાએ સહાયની તત્પરતા દેખાડી, ત્યારે **તિલકે** જવાબ આપ્યો-'અઢાર વર્ષની કન્યામાટે બાવીસ વર્ષના મૂરતિયાની જગ્યાએ અગ્યાર-અગ્યાર વર્ષના બે મૂરતિયા ચાલી શકે ?' શું પૂજાના સ્થાને પણ સામાયિક જ કરવાનો આગ્રહ આવો નથી ?

❀ જિનપૂજા-દ્રવ્યસ્તવ આગમમાન્ય યોગ છે, એ વાત તો અનેકાનેક ગ્રંથોની ચારસોથી અધિક સાક્ષીપાઠોથી છલકાતા **પ્રતિમાશતક** ગ્રંથનો અભ્યાસ કરવાથી જ્ઞાત થશે જ.

❀ સંસ્કૃતિની જાળવણી અને ધર્મની રક્ષાનું શ્રેષ્ઠ સાધન દેવાધિદેવના મંદિરો છે, એવો ભવ્ય સંદેશો આપતા આપણા પૂર્વજોએ કરોડોના ખર્ચે બનાવેલા મહાન જિનમંદિરો હજી પણ આપણી પાસે છે. તે બધાના દર્શનમાત્રથી હૃદયમાં ઉઠતા શુભ ભાવો કંઇ ગ્રાફબુકમાં નોંધી શકાય તેમ નથી.

❀ આજના વિલાસી વાતાવરણનું ઝેર ઉતારતા નોળવેલ તુલ્ય અને ધર્મમાં ખુટી પડતા ઉત્સાહના પેટ્રોલને પૂરવાના સંમર્થ પેટ્રોલપંપસમા જિનાલયોની મહત્તા શી ગાવી ?

❀ જિનશાસનની સ્વમાં સ્થિરતા કરવા અને પરમાં પ્રભાવના કરવાનું શ્રેષ્ઠ સાધન દાનધર્મ છે. અને દાનનું શ્રેષ્ઠ રત્નપાત્ર જિનેશ્વર છે. સાધુના આવાસ બનાવવાના આરંભને અને પુસ્તકો છપાવવાવગેરે આરંભને શુભ ગણનારાઓએ ભગવાનની પ્રતિમાની પૂજાવગેરેઅંગે થતાં આરંભને અશુભ ગણવાની ભૂલ કરવી નહિ.

❀ 'દુષમકાળે જિનબિંબ, જિનાગમ ભવિયણકું આધારા' 'ઇલી ભમરીસંગથી ભમરીપદ પાવે' વગેરે પંક્તિઓ પરમાત્મમય બનવાના મુખ્ય આલંબન તરીકે પ્રતિમાને ગણાવે છે. બરફના સહવાસથી પાણી જો બરફ બની શકતું હોય, જો લોહચુંબકસાથેના વારંવારના પરિચયથી લોખંડ પોતે લોહચુંબક બની શકતું હોય, મેળવણરૂપે ભળેલા દહીંના સંગથી જો દૂધ દહીં બની જતું હોય, તો પ્રતિમાના આલંબને સતત પરમાત્માનો સુભગ સંગમ થાય, અને બહિરાત્મભાવ તજી અંતરાત્મભાવદ્વારા પરમાત્મભાવ પામી જવાય તેમાં વિસ્મય શું છે ?

❀ **શય્યંભવ બ્રાહ્મણને** ચૌદપૂર્વધર, યુગપ્રધાન, શાસનશિરતાજ **શ્રી શય્યંભવસૂરિ** બનાવવામાં **શ્રી શાંતિનાથ ભગવાનની** પ્રતિમાનો મહત્ત્વનો ફાળો હતો, તે નોંધી રાખવું. 'मूर्त्तिरेव तवाचष्टे स्पष्टं त्वद्वीतरागताम्' વચનો **હરિભદ્ર બ્રાહ્મણે**(પાછળથી **શ્રી હરિભદ્ર સૂ. મ.**) જિનપ્રતિમાને જોઇને જ ઉચ્ચારેલા. શિવ, વિષ્ણુ વગેરેની પ્રતિમા જોયા પછી વીતરાગની પ્રતિમા જોઇને **ધનપાળ કવિના** હૃદયમાંથી સહજ નીકળી ગયેલાં ઉદ્ગારો

'પ્રશમરસનિમગ્નં...' તથા પૂર્વે '**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની** પ્રતિમાના અચિંત્ય પ્રભાવથી **જરાસંઘની** જરા નિષ્ફળ ગઇ' ઇત્યાદિ અનુભવોને સાંભળવા છતાં તથા વર્તમાનમાં પણ પ્રતિમાના આલંબનથી અનેક ભવિકોએ અનુભવેલા અનેક અચિંત્ય પ્રભાવો જોવા, સાંભળવા અને વાંચવા છતાં, જેઓ માત્ર કદાગ્રહથી પ્રતિમાની મહત્તાને સ્વીકારતા નથી, તેઓને જોઇ આ વાક્ય યાદ આવી જાય છે – 'man has a more liking his mental children than even physical ones.' 'માણસ પોતાના શારીરિક દેખાતા બાળકો કરતાં પણ પોતાના માનસિક બાળકોને–માનસિક–કલ્પનાઓને–મનોમન બાંધેલા સિદ્ધાંતોને–પકડેલા આગ્રહોને વધુ ચાહે છે.'

❀ સરદારજીના નાક પર વારંવાર માખી બેસે... વારંવાર ઊડાડવા છતાં ફરી ફરી ત્યાં આવી બેસે. અંતે કંટાળી ગુસ્સે થયેલા સરદારજીએ ચપ્પુ હાથમાં લીધું. માખી જેવી નાકપર બેસી કે સીધો જ ચપ્પુનો ઘા કર્યો. માખી ઊડી ગઇ. નાક કપાઇ ગયું. સરદારજી બોલી ઉઠયાં 'અચ્છા હુઆ ! અહ્રા હી ઊડા દીયા... અબ બેઠેંગી કૈસે !' જિનપ્રતિમાપૂજાના વિરોધીઓ સરદારજીતુલ્ય નથી લાગતા ? મુખની શોભા જેમ નાક છે, તેમ શ્રાવકધર્મની શોભા જિનપૂજા છે. દેખાતી હિંસા કે અવિધિવગેરે માખી તુલ્ય છે. જીવનભર અનેક સાવદ્યમાં ગળાડૂબ પણ જિનપૂજામાં હિંસાથી ત્રાસી જવાનો ડોળ કરી પ્રતિમાલોપકોએ પ્રતિમા અને પ્રતિમાપૂજા જ ઊડાડી દીધી. જાણે કે ગળે થતાં ગૂમડાના ત્રાસથી બચવા ગળું જ ઊડાડી દીધું. અને દોષના સ્થાનોને દૂર કર્યાનો આનંદ માણવા લાગ્યા. પોતાને સાચા અહિંસક અને ધર્મી ગણવા લાગ્યા. પણ પૈસો બચાવવા જતાં રૂપિયો પણ ગુમાવ્યો, તેનું ભાન ભૂલી ગયા. પૂજામાં થતી હિંસાને જયણાથી અલ્પ અને ભક્તિના ભાવથી હેતુ અને અનુબંધ વિનાની કરી શકાતી હતી. તેમ કરવાને બદલે પૂજાધર્મને જ મૂળથી ઊડાડવામાં કેટલું બધું નુકસાન થયું ? તે વિચારો...

પ્રતિમાના આલંબને ભક્તિથી ભાવવિભોર બનેલા કવિઓ સાક્ષાત્ પરમાત્માના સામીપ્યની અનુભૂતિ કરી પોકારી ઊઠે છે...'મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી, જેહસું પ્રબળ પ્રતિબંધ લાગો' કે 'હમ મગન ભયે પ્રભુધ્યાનમેં... ચિદાનંદકી મોજ મચી હે સમતારસકે પાનમેં' તેથી જ પ્રતિમાના ગુણ ગાતા કહ્યું. 'સજ્જનનયન સુધારસઅંજન, દુર્જન રવિ ભરણી...તુજ મૂરતિ નીરખે સો પાવે, સુખ જસ લીલ ઘણી...' અથવા કલિકાળનું ઝેર ઉતારનારા તરીકે 'તેહનું ઝેર નિવારણ મણિસમ, તુજ આગમ તુજ બિંબજી' એમ કવિએ કહ્યું. જિનાગમ અને જિનબિંબની પ્રાપ્તિથી પાગલ બનેલા કવિમયૂરે ટહુકો કર્યો 'મારે તો સુષમાથી દુષમા અવસર પુણ્યનિધાનજી...'

આવી રીતે ગવાયેલી જે પ્રતિમા સાક્ષાત્ પરમાત્માની હાજરી મહસુસ કરાવતી હોય, અરે ! જાણે પોતે જ પરમાત્મભાવને ધારણ કરતી હોય, તે પ્રતિમા શા માટે ઉપાસ્ય નહિ ? પ્રતિમાપૂજનનું ફળ **તત્ત્વાર્થકારે** ચિત્તસમાધિ બતાવી છે. અધ્યાત્મનિષ્ઠ **આનંદઘનજીએ** 'ચિત્તપ્રસન્નિ રે પૂજનફળ કહ્યું' એમ દર્શાવ્યું છે. 'ઉપસર્ગાઃ ક્ષયં યાન્તિ' ઉપસર્ગોને દૂર કરનારી, વિઘ્નવેલડીઓનો વિચ્છેદ કરનારી, મનને પ્રસન્નતાથી ભરી દેનારી જિનપૂજા જ આ કાળની મુખ્ય જરૂરિયાત છે, એમાં પણ જ્યારે 'અફવા' 'મંદી' 'અછત' 'મોંઘવારી' 'ફૂગાવો' બેકારી' ઇત્યાદિ અનેક નામે અસ્વસ્થતા પોતાનું એકચક્રી શાસન જમાવવા મથી રહી છે, ત્યારે તો ખાસ...

શુભઆલંબનમાટે જિનપ્રતિમાની મહત્તાને સમજીને જ **મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે પ્રતિમાશતક ગ્રંથની** રચના કરી છે. ચાલો ત્યારે ! સૌ પ્રથમ આ ગ્રંથનું વિહંગાવલોકન કરીએ....

ચમચીના સહારે સમુદ્ર ઉલેચવાની ચેષ્ટા હાસ્યાસ્પદ છે. થર્મોમીટરની સહાયથી ટાટાની ભટ્ઠીની ઉષ્ણતા માપવામાં મૂર્ખાઇ છે, ઘડિયાલના કાંટાથી પ્રકાશની ઝડપ નોંધવાની પ્રવૃત્તિ મશ્કરીનું સ્થાન બને છે. તેમ અલ્પબુદ્ધિના સાથથી સરસ્વતીપુત્ર **મહોપાધ્યાય યશોવિજય મહારાજના** ગ્રંથોના તાત્પર્યને પ્રસ્તાવિત કરવાની મારી ચેષ્ટા ઉપહાસજનક બને, તે શક્ય જ છે. છતાં પણ, **'પ્રતિમાશતક'** ગ્રંથનું વારંવાર અધ્યયન, પરિશીલન, મનન અને કાંઇક નિદિધ્યાસન થયું હોઇ, એ ગ્રંથઅંગે કાંઇક માહિતી રજૂ કરવાની લાલચ રોકી શકાતી નથી, કારણ કે અંતે તો 'ત્વદ્ભક્તિરેવ...' મૂરખને પણ મુખર બનાવી શકે છે.

**'લઘુહરિભદ્ર'** મહોપાધ્યાયજીની કુશાગ્રબુદ્ધિ, કસાયેલી કલમ અને પરમાત્માની પ્રતિમાઅંગેનો પ્રિય વિષય-આ ત્રણના સુમેળ સંગમથી આલેખાયેલો આ ગ્રંથ એક પ્રકરણ માત્ર ન રહેતા માહિતીઓના ખજાનાથી ભરેલો 'એનસાઇકલોપેડીયા' (Encylopedia) બની ગયો છે. આ ગ્રંથ માત્ર રેફરન્સ બુક નથી, પણ જિનશાસનના રહસ્યને પામવાનું પાઠ્યપુસ્તક બન્યો છે. આ ગ્રંથને કયા એંગલથી મૂલવવો તે નિર્ણય કરવો કપરું કાર્ય બની ગયું છે. જિનપ્રતિમાની પૂજ્યતા સાબિત કરવા રચાયેલો આ ગ્રંથ વાદગ્રંથ છે કે કાવ્યગ્રંથ ? ન્યાયપ્રધાન છે કે અલંકારપ્રધાન છે ? તર્કપ્રધાન છે કે આગમપ્રધાન છે ? ભક્તિપ્રધાન છે કે ધ્યાન-યોગપ્રધાન છે ? તેનો નિર્ણય સુજ્ઞવાચકોપર છોડી દેવામાં જ મારી આબરુ ટકી રહે તેમ છે. તેથી જ ભુખ્યાને જેમ સામે પીરસેલા બત્રીશ પકવાન્નના થાળમાંથી કઇ વાનગીને પ્રથમ ન્યાય આપવો ? તે અંગે મુંઝવણ થાય, તેમ મને પણ આ ગ્રંથના કયા કયા અંશને પ્રથમ રજુ કરવો તે અંગે મુંઝવણ ઊભી થઇ છે. છતાં ન્યાયવિશારદ ગ્રંથકારના ગ્રંથરચનાઅંગેના મુખ્યઆશયને નજરમાં લઇ, તેઓએ જિનપ્રતિમાની પૂજ્યતાઅંગે રજુ કરેલા મુદ્દાઓપર જ પ્રથમ નજર નાખવી ઉચિત ગણાશે...

(૧) પ્રથમ મુદ્દામાં અનેકવિધ છણાવટોદ્વારા જિનશાસ્ત્રમાન્ય ચારે નિક્ષેપાની તુલ્યતા સિદ્ધ કરી છે અને સ્થાપના નિક્ષેપારૂપ જિનબિંબની વંદનીયતા ઘોષિત કરી છે. (૨) બીજો મુદ્દો છે 'શિષ્ટ ગણાતા ચારણઋષિઓ અને સમ્યગ્દૃષ્ટિ દેવો જિનપ્રતિમાને નમવાનું ચૂક્યા નથી' તેથી ન્યાયાચાર્યની કિંમતી સલાહ છે કે જો જન્મ પાવન કરવો હોય અને શિષ્ટોના વર્તુળમાં પ્રવેશ પામવો હોય, તો પ્રતિમામાં પરમાત્માના દર્શન કરી પોકાર કરવો જોઇએ 'જન્મ પાવન આજ માહરો નિરખીયો તુજ નૂર...' (૩) ત્રીજા મુદ્દામાં તર્કકર્કશ દલીલ એ જ છે 'જે દોષયુક્ત હોય તેનો અમુક અપવાદ છોડી સ્પષ્ટ નિષેધ થવો જોઇએ. પણ પ્રતિમાની પૂજાઆદિ અંગે નિષેધનું નામ પણ મળતું નથી. તેથી જિનપ્રતિમા અનિષેધન્યાયે પૂજ્ય જ છે.' (૪) તર્કસમ્રાટના ભાથામાંથી છુટેલુ ચોથું તર્કબાણ 'સાધુઓને પણ દ્રવ્યસ્તવ અનુમોદનીય છે' એવા લક્ષ્યપર આબાદ પહોંચી જાય છે. (૫) કુશળ ઉપાધ્યાયજીની કસાયેલી કલમે આલેખાયેલા પાંચમાં મુદ્દાનો ધ્વનિ છે 'કાષ્ઠ અને કટુ ઔષધની તુલનાથી દ્રવ્યસ્તવ શ્રદ્ધેય છે.' (૬) બુદ્ધિમાન સલાહકારની ભૂમિકા અદા કરતા વિદ્યાભૂષણ ઉપાધ્યાયજી છટ્ઠા મુદ્દામાં દ્રવ્યસ્તવના બહુવિધ લાભોની સુંદર રજુઆત કરે છે. અને દ્રવ્યસ્તવને ભાવયજ્ઞ તરીકે જાહેર કરે છે. (૭) સાતમા મુદ્દાનો આવિષ્કાર કરતા સિદ્ધાંતવિદ્ ઉપાધ્યાયજી જિનપ્રતિમામાં રહેલા ભાવઆપત્તિનિવારકગુણને અભિવ્યક્ત કરે છે. (૮) 'શ્રેષ્ઠની અપેક્ષાએ જ શ્રેષ્ઠતમની પ્રશંસા યોગ્ય ગણાય' આ સૂક્ષ્મ લોજિકના સહારે જિનપ્રતિમાની શ્રેષ્ઠતાની સિદ્ધિ કરવામાં સરસ્વતીના લાડલા ઉપાધ્યાયજીએ પ્રાપ્ત કરેલી સફળતા આઠમા મુદ્દાનો સાર છે. (૯) વાદિગજકેસરી ઉપાધ્યાયજીએ **અંગઘર્ષણ**ન્યાયથી દ્રવ્યસ્તવની મહત્તા ન્યાયપૂર્ણ ઠેરવી છે નવમા મુદ્દામાં. (૧૦) શ્રુતની સુંદર સેવા કરી વૈયાવચ્ચી બનેલા ઉપાધ્યાયજીએ દશમા મુદ્દામાં ભક્તિની વૈયાવચ્ચરૂપે ઉદ્ઘોષણા કરી છે. (૧૧) અહિંસાના પરમ ઉપાસક

ઉપાધ્યાયજીએ અગિયારમા મુદ્દામાં સ્પષ્ટતા કરી છે કે 'કુશાસ્ત્રીય હિંસાઓ જ ધર્માર્થહિંસાના લેબલવાળી છે, નહિ કે જિનશાસનમાન્ય પ્રવૃત્તિઓ.' (૧ ૨) બારમા મુદ્દામાં કૂપદૃષ્ટાંતના વિવરણથી દ્રવ્યસ્તવના ગુણ ગાયા છે. (૧ ૩) તેરમો મુદ્દો 'જિનપૂજા અર્થદંડરૂપ નથી' તેવા તીક્ષ્ણ તર્કને આગળ કરે છે. તર્કબાણોથી પ્રતિમાલોપકોની માન્યતાને છિન્ન ભિન્ન કર્યા પછી દ્રવ્યસ્તવની સિદ્ધિ અંગે એક પછી એક આગમ-પ્રકરણ પાઠોનો ધોધ વહેવડાવી દીધો છે. અન પોતાના વિજયમહેલના શિખરરૂપે આખુંને આખું **'સ્તવપરીક્ષા'** અધ્યયન ગોઠવી દીધું છે.

સિદ્ધાંતનિષ્ઠ ઉપાધ્યાયજીએ આમ પ્રતિમાલોપક મલ્લને પછાડ્યા બાદ **ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજીના** મતનું ખંડન કર્યું છે. ઉપાધ્યાય ધર્મસાગરજીનો મત → વિધિકારિત સ્વગચ્છીય પ્રતિમા જ વંદનીય છે, જેમકે સ્વગચ્છનો સાધુ.

વર્તમાનકાલે વિધિની દુર્લભતા તથા સાધુ અને પ્રતિમામાં રહેલા ભેદનો નિર્દેશ કરી એ મતના કુરચે કૂરચા ઊડાવવામાં શાસનસંરક્ષક ઉપાધ્યાયજી કામયાબ નીવડ્યા છે.

ત્યારબાદ વારો આવ્યો **પાર્શ્વચંદ્રમતનો.**

**પાર્શ્વચંદ્રમત** → છ પુરુષોના નિર્દેશસાથે પાર્શ્વચંદ્રે દ્રવ્યસ્તવને શુભાશુભમિશ્રરૂપે દર્શાવ્યો. આગમાર્થનિષ્ણાત ઉપાધ્યાયજીએ **સૂત્રકૃતાંગના 'પુરુષવિજય' અધ્યયનના** સહારે અને ભાવ તથા ક્રિયાના ચાર વિકલ્પોના સાથથી આ મતની હવા કાઢી નાખી છે. છેલ્લે છેલ્લે 'દ્રવ્યસ્તવ માત્ર પુણ્યરૂપ છે પણ ધર્મરૂપ નથી.' એવી બિનપાયાદાર માન્યતાનો પૂજાની ચારિત્રસાથે તુલના કરી રકાસ કર્યો છે.

આમ આ ગ્રંથમાં મુખ્ય ચાર વાદસ્થાનો છે (૧) પ્રતિમાની પૂજ્યતા (૨) શું વિધિકારિત પ્રતિમાની જ પૂજ્યતા છે ? (૩) શું દ્રવ્યસ્તવમાં શુભાશુભમિશ્રતા છે ? અને (૪) દ્રવ્યસ્તવ પુણ્યરૂપ કે ધર્મરૂપ છે ?

આ ઉપરાંત (૧) નૈયાયિક - મીસાંસકમતમાન્ય દેવતાના સ્વરૂપનું ખંડન કર્યું છે. (૨) **સૂત્રકૃતાંગમાં** હિંસાના સ્વરૂપઅંગે બૌદ્ધમતનું ખંડન છે. તેનો અક્ષરશઃ ઉદ્ધાર કર્યો છે. (૩) **સ્તવપરીક્ષામાં** વિસ્તારથી વેદના વચનને અને યાગીય હિંસાના સિદ્ધાંતને હણી નાખ્યા છે. અને (૪) પ્રતિષ્ઠા એટલે શું ? એઅંગે પરમતખંડન કર્યું છે.

**ઉપાધ્યાયજીની મૌલિક પ્રતિભા :-** ઉપાધ્યાયજી મહારાજે ઘણા સ્થળે પોતાની મૌલિક પ્રતિભાની ઝાંખી કરાવી છે, ખાસ કરીને વિસ્તૃત આગમપાઠો આપ્યા બાદ પ્રતિમાલોપક વગેરે જ્યારે તે પાઠોમાં પણ દૂધમાંથી પોરા કાઢવાની ચેષ્ટા કરે છે, ત્યારે ઉપાધ્યાયજીનું આગવું વ્યક્તિત્વ આપણી નજરસમક્ષ ખડું થાય છે, જેમકે ચારણકૃત જિનવંદનસ્થળે (૧) પ્રતિમાને નમસ્કાર સ્વેચ્છાથી કે નહિ ? (૨) ચૈત્યવંદનનો અર્થ શો ? (૩) 'આલોચના કૃત્યઅકરણઅંગે કે અકૃત્યકરણઅંગે' ચર્ચા. ચમરેન્દ્રના ઉત્પાતના સાક્ષીપાઠમાં શક્રના ઉપક્રમ અને ઉપસંહારમાં ભિન્નતાનું કારણ શું ? તથા ચમરેન્દ્રે મહાવીરસ્વામીનું જ કેમ શરણુ સ્વીકાર્યું વગેરે સ્થાનો.

આ મૌલિકપ્રતિભાનો ઉભાર કૂપદૃષ્ટાંતપ્રકરણમાં ટોચપર પહોંચ્યો છે. 'કૂપદૃષ્ટાંતસ્થળે' **પૂ. અભયદેવસૂરિ મહારાજના** મતનું અને અન્યમતનું વિવરણ કરી પૂ. ઉપાધ્યાયજી મહારાજે પોતાનો અભિપ્રાય દર્શાવ્યો છે.

**અભયદેવસૂરિના મતે કૂપદૃષ્ટાંતનું તાત્પર્ય :-** ખોદવાની ક્રિયાની જેમ તથા સંયતને અશુદ્ધ દાનની જેમ

દ્રવ્યસ્તવમાં અલ્પ પાપ અને બહુતર નિર્જરા છે.

**અન્યમત** → ગૃહસ્થની નીતિમય ધનઅર્જનપ્રવૃત્તિ કૂપખનનરૂપ છે અને દ્રવ્યસ્તવ તૃષાશમનાદિરૂપ છે. આ મતે દ્રવ્યસ્તવમાં અલ્પ પણ પાપનો અંશ નથી.

**ઉપાધ્યાયજીનો અભિપ્રાય :-** અભયદેવસૂરિનો સિદ્ધાંત અવિધિથી થતી જિનપૂજાસ્થળે છે, અને ભક્તિમાં એવી શક્તિ છે કે જે અવિધિઆદિથી થતા દોષોનો ઉચ્છેદ કરે છે.

આ જ પ્રમાણે 'સાધુએ પૂજા કેમ ન કરવી ?' એ અંગેની ચર્ચામાં **હારિભદ્રઅષ્ટક વૃત્તિકારનો** આશય દર્શાવી પૂજ્ય ઉપાધ્યાયજીએ **પૂ. હરિભદ્રસૂરિ મહારાજની** સંમતિપૂર્વક સ્વાશયપ્રગટ કર્યો કે વાસ્તવમાં મલિનારંભી જ પૂજામાટે અધિકારી છે. અર્થાત્ પૂજાના અધિકારમાટે 'મલિનારંભ' વિશેષણ આવશ્યક છે.

આવા તો અનેક સ્થળો છે, જ્યાં ઉપાધ્યાયજી મહારાજના પ્રાતિભજ્ઞાનનો પરિચય થાય છે. સાથે સાથે તેમણે તેવા સ્થળોએ તત્ત્વજ્ઞ પ્રામાણિક પુરુષોપર છેવટનો નિર્ણય છોડી પોતાની પાપભીરુતા પણ વ્યક્ત કરી છે.

**ગ્રંથમાં વિસ્તૃત આગમપાઠો :-** આગમજ્ઞ ઉપાધ્યાયજીએ ડગલે પગલે લાંબા લાંબા આગમપાઠો આપવામાં જરાય કચાશ રાખી નથી. ખાસ નજર ખેંચે તેવા વિસ્તૃત આગમપાઠો આ રહ્યા-(૧) નમસ્કાર મહામંત્ર અને તેની ઉપધાનવિધિઅંગે મહાનિશીથનો પાઠ (૨) ભગવતી સૂત્રગત ચારણમુનિકૃત પ્રતિમાનતિનો પાઠ (૩) ભગવતી સૂત્રગત ચમરના ઉત્પાતનો પાઠ (૪) સુધર્માસભા અંગે જ્ઞાતાસૂત્રગત પાઠ (૫) આવશ્યક નિર્યુક્તિગત 'અરિહંત ચેઇયાણં' સૂત્રપાઠ (૬) પ્રજ્ઞાપનાગત 'ક્રિયા'પદઅંગે પાઠ (૭) સૂત્રકૃતાંગગત બૌદ્ધમતખંડન (૮) રાજપ્રશ્નીય ઉપાંગગત સૂર્યાભદેવકૃત પૂજાનો પાઠ (૯) મહાનિશીથગત સાવદ્યાચાર્ય અને શ્રી વજ્રઆર્યનું દૃષ્ટાંત (૧૦) દ્રવ્યસ્તવઅંગે આવશ્યક નિર્યુક્તિગત પાઠ (૧૧) પરિવંદનઆદિઅંગે આચારાંગ સૂત્રનો પાઠ (૧૨) પ્રશ્નવ્યાકરણટીકાગત સુવર્ણગુલિકાનું દૃષ્ટાંત (૧૩) દ્રૌપદીચરિત્રઅંગે જ્ઞાતાધર્મકથાનો પાઠ (૧૪) શાશ્વત પ્રતિમાના શરીરવર્ણનઅંગે જીવાભિગમ સૂત્રનો પાઠ (૧૫) સ્તવપરિજ્ઞા-સ્વકૃત અવચૂરિયુત (૧૬) પ્રતિમા અને દ્રવ્યલિંગીનો ભેદ બતાવતો આવશ્યક નિર્યુક્તિનો પાઠ (૧૭) પુરુષવિજયઅંગે સૂત્રકૃતાંગનો પાઠ. આ ઉપરાંત હારિભદ્રઅષ્ટકમાંથી ભાવાગ્નિકારિકા, તીર્થકૃદ્દાન તથા રાજ્યાદિદાનદૂષણ નિવારણ આ ત્રણ અષ્ટક મૂળ સ્વકૃતઅવચૂરિ સહિત આપ્યા છે. ઘણીવાર આગમપાઠો સાથે ટીકા, ટીકાનો અંશ અથવા સંક્ષેપ પણ સાથે લીધો છે. તો કેટલાક સ્થાનોએ સ્વકૃત અવચૂરિઓથી જ કામ ચલાવ્યું છે. આગમપાઠો દર્શાવ્યા બાદ તેના અમુક અંશો પરત્વે પ્રશ્નો(=ચાલના) તથા સમાધાન(=પ્રત્યવસ્થાન) જે રીતે દર્શાવ્યા છે, તે જોતાં પૂજ્યશ્રી પ્રત્યે 'અહો ! અહો !' ના પોકાર હૃદયના ઊંડાણથી નીકળી જાય છે, અને ઘડીભર એવો નિર્ણય કરવાનું મન થઇ જાય છે કે ભાવનાજ્ઞાનના સ્વામી ઉપાધ્યાયજી મહારાજના ગ્રંથોનું તલસ્પર્શી અધ્યયન કર્યા બાદ જો આગમગ્રંથોના હાર્દને પામવાનો પ્રયત્ન કરવામાં આવે, તો ઐદંપર્યાર્થનું એવું નિધાન પ્રાપ્ત થાય કે જે સદામાટે અમૂલ્ય ખજાનો બની જાય.

આ વિસ્તૃત આગમપાઠો સિવાય પણ આખા ગ્રંથમાં બીજા ઢગલાબંધ સાક્ષીપાઠો આપ્યા છે. લગભગ સો જેટલા ગ્રંથોના ચારસોથી વધુ સાક્ષીપાઠોથી આ ગ્રંથ સમૃદ્ધ બન્યો છે. ખરેખર ઉપાધ્યાયજી મહારાજ મોબાઇલ લાયબ્રેરી જ હશે, અથવા તો ચેતનવંતુ કોમ્પ્યુટર. પૂર્વધરોને યાદ કરાવતી સ્મૃતિશક્તિના ધણી અને અપાર જ્ઞાનાર્ણવ ઉપાધ્યાયજી મહારાજે આપેલા સાક્ષીપાઠોમાંથી કેટલાકના તો હું ઉદ્ગમસ્થાન પણ શોધી શક્યો નથી.

**મહેરામણના મોતી :-** ગ્રંથમાં ઠેર ઠેર મહત્ત્વની સિદ્ધિઓ કરી છે, તથા ઘણી સૂચક પંક્તિઓ મળે છે. કેટલાક સેમ્પલ અહીં રજુ કર્યા છે (૧) સર્વનયસંમત પદાર્થ જ શાસ્ત્રાર્થ છે (૨) જિનપ્રતિમાના દર્શનથી આનંદ પામતી વ્યક્તિ આસન્નભવ્ય છે (૩) ભાવજિનને વંદન કરવાથી પ્રાપ્ત થતું ફળ જિનના અભાવમાં જિનપ્રતિમાને વંદન કરવાથી પણ પ્રાપ્ત થાય છે. (૪) સમ્યગ્દષ્ટિ જીવ માત્ર આ ભવમાં જ સુખકારી બનતા કાર્યોને કરણીયતરીકે સૂચવે નહીં (૫) જિનપૂજા સમ્યક્ત્વસામાયિકની પ્રવૃત્તિરૂપ છે (૬) જિનપ્રતિમા આગળ અભિનયપૂર્વક પ્રાર્થનાઆદિ કરવાથી ભાવોલ્લાસ પ્રગટે/વધે છે. (૭) વસ્ત્રઆદિના ઉપયોગ વિના(=મુખને ઢાંક્યા વિના) બોલાયેલી સત્યભાષા પણ સાવદ્ય બને છે. (૮) સ્વસ્વસ્થાને કરેલી ઉચિત ક્રિયા સ્વસ્વસ્થાને અપ્રમાદરૂપ છે (૯) સ્યાદ્વાદદેશના જ સર્વત્ર કરણીય છે. અને દોષયુક્તનો શક્તિ હોય તો પ્રજ્ઞાપ્ય વિનીત આગળ અવશ્ય નિષેધ કરવો (૧૦) સમ્યગ્દષ્ટિ પુરુષને વિરતિનો ક્રમ ઓળંગીને પણ યથોચિત ઉપદેશ દઇ શકાય (૧૧) જિનબિંબની કરેલી પૂજા ચારિત્રની પ્રાપ્તિમાં પ્રબળ કારણ છે (૧૨) પ્રણિધાનયુક્ત પૂજા ભાવયજ્ઞ અને મહાપૂજા બને છે (૧૩) પૂજા ભગવાનનો વિરહઅગ્નિ ઠારવાનો પ્રયત્ન છે તથા લોકોપચાર વિનયરૂપ છે. તેથી સાધુને પણ અનુમોદનીય છે (૧૪) શુદ્ધ-અશુદ્ધઆદિના વિવેકપૂર્વક સૂત્રને પ્રમાણ ઠેરવવા પ્રયત્નશીલ બને તે ગીતાર્થ છે. શંકાઓ ઉઠાવી મિથ્યાત્વ ફેલાવનાર મૂઢ છે (૧૫) સિદ્ધાંતને ગોપવવામાં અનંતાનુબંધી માયા કામ કરે છે (૧૬) નિશ્ચયનયથી જિનપૂજામાં હિંસાનો કે પાપનો અભાવ છે (૧૭) ભક્તિનો ઉછાળો અવિધિજન્ય દોષોને દૂર કરવા સમર્થ છે (૧૮) પ્રાચીન-અર્વાચીનપણું સાપેક્ષ છે. 'પ્રાચીન' નામમાત્રથી વસ્તુ આદેય બનતી નથી (૧૯) શ્રાવકધર્મના તિલકસ્થાને જિનપૂજા છે (૨૦) શાસ્ત્રની પંક્તિઓને પુષ્ટ કરવા પૂર્વપુરુષોના ચરિત્રો દૃષ્ટાંતરૂપ બને છે. પણ તે ચરિત્રનાયકની તમામ પ્રવૃત્તિઓને આલેખતા વચનો સ્વયં વિધિ કે નિષેધરૂપ બનતા નથી (૨૧) જે સૂત્રઆદિના કર્તા અજ્ઞાત હોય અને સૂત્ર સર્વસંમત હોય તો તે સૂત્રના કર્તાતરીકે શ્રી સુધર્માસ્વામીજીને સ્વીકારવાનો વૃદ્ધવાદ છે (૨૨) વિધિઅદ્વેષ પણ યોગ(=મોક્ષમાર્ગ)નું એક અંગ છે. (૨૩) (a) કડવામતને માનનારાએ (b) દિગંબરે તથા (c) દ્રવ્યલિંગીએ પોતાના દ્રવ્યથી બનાવેલી પ્રતિમા અપૂજ્ય છે, બાકીની પ્રતિષ્ઠિત પ્રતિમાઓ પૂજ્ય છે તેવી જગદ્ગુરુ હીરસૂરિ મહારાજની આજ્ઞા છે (૨૪) વર્તમાનકાળે પ્રાયઃ બધાની સ્થિતિ સરખી હોવાથી અન્યની નિંદા અયોગ્ય છે. (આચારની ખામી વ્યાપક છે, તેથી તેટલા માત્રથી નિંદા ન કરવી) (૨૫) ધર્મમાં **ગુડ જિહ્વિકા** ન્યાયથી ઉપેયભૂત મોક્ષની ઇચ્છાને બાધક ન બને તેવી સ્વર્ગઆદિની ઇચ્છા દોષરૂપ નથી. (૨૬) ધર્મનું સ્વરૂપ નિશ્ચય-વ્યવહાર ઉભયનયથી બતાવવું. એક નયથી જ દર્શાવવાના અવસરે પ્રથમ વ્યવહારનયથી જ દર્શાવવું.

**ધ્યાન/યોગ :-** આ ગ્રંથમાં સહજાનંદી ઉપાધ્યાયજીએ પરમાત્માનું ધ્યાન ધરવા અને સમાપત્તિ(=વીતરાગની તુલ્યતાનું સંવેદન)નું પાન કરવા જિનપ્રતિમાના આલંબનને ખુબ મહત્ત્વ આપ્યું છે. આ ગ્રંથમાં ઠેર ઠેર ધ્યાન, સમાપત્તિ, સમાધિ, લયઆદિ પામવાના ઉપાયો દર્શાવાયા છે. આ બાબતમાં તેમના અનુભવામૃતના સુધારસછાંટણા, અધ્યાત્મરસ, પ્રશમરસ અને અનાલેખ્ય સહજાનંદની પ્રાપ્તિમાટે આ ગ્રંથની ઉપાદેયતા અને આવશ્યકતામાં ધરખમ વધારો કરે છે. આવો ! આપણે પણ તેઓશ્રીના સંવેદનની સુમધુર સંગીતસરિતામાં સ્નાન કરી સકલજીવસૃષ્ટિપ્રત્યે સ્નેહસાગર સ્વામીના સર્વાંગવ્યાપી સાન્નિધ્યના સૌભાગ્યને પામવા માત્ર આ બે પંક્તિનો પરામર્શ કરીએ. 'शास्त्र इव नामादित्रये हृदयस्थिते सति भगवान् पुर इव परिस्फुरति, हृदयमिवानुप्रविशति, मधुरालापमिवानुवदति, सर्वाङ्गीणमिवानुभवति, तन्मयीभाव-मिवापद्यते, तेन च सर्वकल्याणसिद्धिः ॥' **માત્ર**

**શબ્દાર્થ** - શાસ્ત્રની જેમ ભગવાનના નામ, સ્થાપના અને દ્રવ્ય, આ ત્રણ હૃદયમાં સ્થિર થાય, તો ભગવાન જાણે કે સામે સાક્ષાત્ પરિસ્ફુરાયમાણ થાય છે. જાણે કે હૃદયમાં પ્રવેશતા હોય, તેમ ભાસે છે. જાણે કે મધુરઆલાપનો અનુવાદ કરતા ન હોય, તેવો અનુભવ થાય છે. જાણે કે દેહના કણે કણમાં અને આત્માના પ્રદેશે પ્રદેશમાં ફેલાઇ ન ગયા હોય, તેવી સંવેદના થાય છે. અને જાણે કે તન્મય થઇ ગયા ન હોય, તેવો આભાસ થાય છે. અને આનાથી(=આવા સંવેદનથી) જ બધા પ્રકારના કલ્યાણની સિદ્ધિ થાય છે. ધ્યાન અને યોગરસિક મહાનુભાવોને પરમઆહ્લાદ પમાડતી આવી પંક્તિઓ આ ગ્રંથને ધ્યાન/યોગ પ્રધાન ગણાવવા સમર્થ છે.

**કાવ્ય :-** આ ગ્રંથરત્નઅંગે કેટલીક વાત કરી... ઘણી કરી શકાય... પણ પ્રસ્તાવનાવિસ્તારભયાત્ અલં વિસ્તરેણ. છતાં ગ્રંથના મહત્ત્વના અંગભૂત કાવ્યરચના અંગે થોડીક વાત કરી લઇએ. જિનપ્રતિમાનું ગુણગાન કરતા આ ગ્રંથમાં પ્રાયઃ શાર્દુલવિક્રીડિત છંદમાં રચેલા મૂળ કાવ્યો ૧૦૪ છે અને સંસ્કૃતભાષામાં છે. શ્રેષ્ઠ કાવ્યમાટે આવશ્યક પદલાલિત્ય, અલંકારો, પ્રાસ, અર્થગંભીરતા વગેરે ભૂષણોથી મનોરમ્ય બનેલા આ કાવ્યો પરમાત્મા-જિનબિંબની ભક્તિ-બહુમાનયુત સ્તુતિઓરૂપ છે. ઉપમા-ઉત્પ્રેક્ષા અને રૂપકોથી સુગ્રાહ્ય બનેલા આ કાવ્યોમાં ભક્તિસંજીવનીના સ્વામી ઉપાધ્યાયજીએ જિનેશ્વર પ્રત્યેનો પોતાનો ભક્તિભાવ ઠાલવી કાવ્યોને જીવંત બનાવ્યા છે. તેથી જ આ કાવ્યો માત્ર પઠનીય કે શ્રવણીય જ ન રહેતા સ્મરણીય, મનનીય અને ધ્યાતવ્ય પણ બની ગયા છે. જિનબિંબની આવશ્યકતા-પૂજ્યતા અને શ્રેષ્ઠતા દર્શાવતા આ કાવ્યપ્યાલાઓમાં છલકાતા ભક્તિરસ અને અધ્યાત્મરસની મદહોશતા એટલી બધી કમનીય છે, કે આ પ્યાલાઓ ભર ભર પી લઇ બસ સદામાટે ભક્તિના તાનમાં કે અધ્યાત્મના ગાનમાં મસ્ત બની સર્વદા અવર્ણનીય નશામાં પડ્યા રહેવાનું મન સહજ થઇ જાય...કાવ્યપુષ્પ ગુચ્છના એક નજાકત પુષ્પનું સૌંદર્ય સેમ્પલ તરીકે રજુ કરું છું.

त्वद्बिम्बे विधृते हृदि स्फुरति न प्रागेव रूपान्तरं,
त्वद्रूपे तु ततः स्मृते भुवि भवेन्नो रूपमात्रप्रथा।
तस्मात्त्वन्मदभेदबुद्ध्युदयतो नो युष्मदस्मत्पदो-
ल्लेखः किञ्चिदगोचरं तु लसति ज्योतिः परं चिन्मयम्॥

**માત્ર શબ્દાર્થ :-** તારા બિંબને હૃદયમાં વિશેષતઃ ધારણ કરવાથી પ્રથમતઃ જ અન્ય કોઇ રૂપ સ્ફુરાયમાણ થતું નથી. અને તે પછી, તારા રૂપનું ધ્યાન ધર્યા બાદ તો પૃથ્વી પર કોઇ રૂપની પ્રસિદ્ધિ રહેતી જ નથી. તેથી તારા રૂપના ધ્યાનથી તારી અને મારી વચ્ચે અભેદભાવની બુદ્ધિ ઉદ્ભવે છે. ત્યારબાદ તો 'તું' 'હું' ઇત્યાદિ શબ્દોનો ઉલ્લેખ પણ રહેતો નથી, માત્ર અગોચર, અવર્ણનીય પરમબ્રહ્મસ્વરૂપ ચિન્મય જ્યોતિ જ ઝબુક્યા કરે છે.

ગ્રંથકારે ટીકામાં પણ ઠેર ઠેર અગત્યની ચર્ચા કર્યા બાદ જાણે કે હૃદયની ઉર્મિને આકાર આપતા ન હોય, તેમ પદ્યોની રચના કરી છે. જે પણ મનનીય છે.

**એક મહત્ત્વની વાત...** ગ્રંથકારશ્રીએ ગ્રંથમાં પ્રતિવાદીના સિદ્ધાંતના મૂળને ઉખેડી નાખવા કેટલીકવાર ખૂબ કઠોર ભાષાપ્રયોગ કર્યો છે. પરંતુ તે વારંવાર સમજાવવા છતાં નહીં સમજતા બાળકપર હિતની ભાવનાથી આક્રોશ કરતાં પિતાના જેવો આક્રોશ છે. રાગદ્વેષથી એ કલુષિત નથી. અને આ કર્કશવાદ પણ વાસ્તવમાં ભગવાનની ભક્તિ જ છે અને વ્યવહારનયથી જ છે. નિશ્ચયનયથી એ અસંભવિત છે... ઇત્યાદિ વાત સત્તાણુમાં કાવ્ય અને તેની

ટીકા પર નજર નાખવાથી સમજમાં આવી જશે.

**દૃષ્ટાંતો :-** આ ગ્રંથ અનેક પૂર્વ મહાપુરુષોના હૃદયંગમ દૃષ્ટાંતોના કારણે રોચક બન્યો છે. ખાસ ચમરેન્દ્રનો ઉત્પાત, સૂર્યાભદેવકૃત પૂજા, કેશીગણધરનો પ્રદેશી રાજાને ઉપદેશ અને દ્રૌપદીનું કથાનક આંખ ખેંચે તેવા દૃષ્ટાંત છે. મહાનિશીથ ગ્રંથમાંથી ઉદ્ધૃત કરેલા સાવદ્યાચાર્ય અને વજ્રઆર્યના દૃષ્ટાંત દરેક વ્યક્તિએ વારંવાર વાંચવા/વિચારવા અને યથાયોગ્ય વર્તનમાં લાવવા લાયક છે.

**ગ્રંથકાર અંગે કંઇક...**

નિબંધલેખનમાં પ્રથમકક્ષાને પામેલા વિદ્યાર્થીને જ્યારે સૂર્યઅંગે નિબંધ લખવાનો આવ્યો, ત્યારે તેણે એટલું જ લખ્યું 'સૂર્ય જગત અને મને એટલો બધો પરિચિત છે કે તે અંગે હું કશું લખી શકું તેમ નથી.'

જ્યારે પ્રસ્તાવનામાં ગ્રંથકારશ્રી મહોપાધ્યાય યશોવિજયજી અંગે કંઇક લખવાનો આ પ્રસંગ ઉપસ્થિત થયો છે, ત્યારે મારી હાલત આ વિદ્યાર્થી જેવી બની રહી છે. મહોપાધ્યાયજીના જીવનકવનથી કોણ અપરિચિત છે ? તેમની જીવનકિતાબને અહીં ફરીથી ઉઘાડવી એ શું ચર્વિતચર્વણરૂપ કે ઔપચારિકતારૂપ નથી ? છતાં પણ વ્યવહાર ઔપચારિકતા પર નભે છે, એ વાત ભૂલાય તેમ નથી. ગુજરાતના નાનકડા **કનોડ** ગામને પોતાના જન્મથી પાવન કરનારા અને ઇતિહાસમાં અમરતા બક્ષનારા પૂજ્ય ઉપાધ્યાયજી મ. ની રત્નકુક્ષિમાતા **'સૌભાગ્યદેવી'** સૌભાગ્યશાલિની હતા. જૈનવણિક્ શ્રેષ્ઠી **'નારાયણ'** પિતાના આ પનોતા **'જશવંતકુમાર'** પુત્રે પોતાના સહોદર **પદ્મસિંહની સાથે જગદ્ગુરુ હીરસૂરિ મહારાજની** પાટપરંપરામાં આવેલા **શ્રી નયવિજય મ.** પાસે સંવત ૧૬૮૮ માં પારમેશ્વરી પ્રવ્રજ્યા અંગીકાર કરેલી. શૈશવકાળમાં જ શ્રવણમાત્રથી **ભક્તામરને** અણિશુદ્ધ કંઠસ્થ કરવાની શક્તિના સ્વામી **શ્રી યશોવિજય મહારાજની** મેધાશક્તિનો પ્રકાશ આસપાસ ફેલાવા માંડ્યો. પદ્મસિંહમાંથી **પદ્મવિજય** બનેલા મુનિવરના આ સહોદરની બુદ્ધિ-પ્રતિભાથી અંજાયેલા ઉદારદિલ શ્રેષ્ઠી **ધનજી સૂરાએ** વિશિષ્ટ અભ્યાસ અર્થે કાશીમાં ભણવાઅંગેની સર્વ આર્થિક જવાબદારી ઉપાડી લીધી. ત્રણ વર્ષ કાશીમાં અને ચાર વર્ષ આગ્રામાં કરેલા અભ્યાસથી પ્રગટેલી પ્રતિભાનો પરચો કાશીમાં જ બતાવી પંડિતમૂર્ધન્યો પાસેથી **'ન્યાયવિશારદ'** અને **'ન્યાયાચાર્ય'**નું બિરુદ પ્રાપ્ત કર્યું. પવિત્રગંગાના કાંઠે 'ઐં'કારના જાપથી સરસ્વતીની કૃપાને પામેલા યશોવિજયજી મહારાજે 'ઐન્દ્ર' પદથી અંકિત ગ્રંથોના સર્જનમાં સેંચુરી લગાવી. 'જે ઢગલાબંધ થાય, તે માત્ર ઉત્પાદન હોય, સર્જન નહિ' તેવી સામાન્ય માન્યતા ઉપાધ્યાયજી મહારાજના ગ્રંથોથી અસ્પૃશ્ય રહી, કેમ કે તેમના પ્રત્યેક ગ્રંથ એક ઉત્તમ કોટિના સર્જન હતા, નહિ કે ઉત્પાદનમાત્ર. સ્વોપજ્ઞવૃત્તિસહિત/રહિતના અનેક ગ્રંથો સર્જનારા આ પૂજ્યશ્રીએ અન્યકર્તૃક ગ્રંથોપર વૃત્તિ-અવચૂરિઓ પણ રચી છે. સંસ્કૃતભાષાને સમૃદ્ધ કરનારા મહામનાએ સ્તવન, સજ્ઝાય, ઢાળ, ટબા વગેરે રચનાઓથી ગુર્જરગિરાને ગુણવંતી બનાવી છે. તર્કકર્કશ પંક્તિઓથી વિદ્વાન ગણાતાઓને આકાશ તરફ મીટ માંડતા કરવાની કળાના ધણી આ પરમપુરુષે તળપદાં ગુર્જર શૈલીમાં રચેલા સ્તવનો અભણ ગણાતો ભક્તજન ભગવાન આગળ ભાવપૂર્વક લલકારે, ત્યારે તેઓશ્રીના સાહિત્યના ક્ષેત્રમાટે જાણે આ આકાશ પણ વામણું ભાસે. સંઘના આગ્રહથી અને **પૂ. દેવસૂરિ મહારાજની** આજ્ઞાથી **૧૭૧૮ માં ઉપાધ્યાય પદવીથી** અલંકૃત થયેલા મહાપુરુષે **૧૭૪૩ માં ડભોઈ** મુકામે અનશનપૂર્વક છેલ્લો શ્વાસ મૂક્યો. આજે પણ શ્રદ્ધાળુ વર્ગ તેમના સમાધિસ્થળે ભક્તિભાવથી ઝુકે છે. અને જાણે કે તેમની મૂક સાક્ષીમાં સરસ્વતી માતાને રીઝવવાનો સફળ પ્રયત્ન આદરે છે.

**હૃદયથી ઋણ સ્વીકાર...**

કર્મસાહિત્યનિષ્ણાત બાળબ્રહ્મચારી સિદ્ધાંતમહોદધિ સ્વ. **આચાર્યદેવ શ્રી વિ. પ્રેમસૂરીશ્વરજી મહારાજના** પટ્ટપ્રભાવક, મારા જેવા અનેક યુવાનોના સન્માર્ગદર્શક, સંઘસંરક્ષક, વર્ધમાન-તપોનિધિ **આચાર્યદેવ શ્રી વિ. ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ** આ ગ્રંથના ભાવાનુવાદ સર્જન/સંપાદનમાં પ્રેરણાના મુખ્ય સ્રોત રહ્યા છે. તેઓશ્રીની કૃપા/આજ્ઞા/આશીર્વચનો મારામાટે હંમેશા આધારસ્તંભ બની રહ્યા છે. તેઓશ્રીમદ્ના જ પટ્ટવિભૂષક, આ ગ્રંથને સાદ્યંત સંશોધિત કરી ગ્રંથની ઉપાદેયતામાં જબ્બર વધારો કરનારા, અધ્યાત્મરસિક, કર્મસાહિત્યનિષ્ણાત **આચાર્યદેવ શ્રી વિ. ધર્મજિતસૂરીશ્વરજી મહારાજ** સદા સ્મરણીય છે. સંસારી સગપણથી કાકા સંયમજીવનમાં પરમદાદા-ગુરુદેવના સ્થાને બિરાજી ઉપકારની હેલી વરસાવી જ રહ્યા છે. પણ મારી સંયમનૌકાને સુસ્થિત કરી જ્ઞાનયાત્રાને વેગ આપવાનો પરમ ઉપકાર તો કદીય વિસ્મરણીય નથી. તથૈવ પરમાત્મભક્તિરસિક સૂરિમંત્રસમારાધક દાદા ગુરુવર્ય **આચાર્યદેવ શ્રી વિજય જયશેખરસૂરીશ્વરજી મહારાજ**(સંસારીપણે કાકા) અને ન્યાયકુશાગ્રબુદ્ધિ, સાત્ત્વિકરત્ન ગુરુવર્ય શ્રમણીગણનાયક **પૂ. આચાર્યદેવ શ્રી વિજય અભયશેખરસૂરીશ્વરજી મહારાજ** (સંસારીપણે વડીલબંધુ) પણ સંયમજીવનના પ્રત્યેક સોપાને માર્ગદર્શક અને હિતચિંતક બની પરમ ઉપકારી બન્યા છે. આ ગ્રંથના પણ સર્જનમાં હાર્દિક રસ દાખવી અગત્યના સ્થળોએ યોગ્ય સલાહ આપી મને કૃતાર્થ કર્યો છે. આ તબક્કે પરમસૌહાર્દમૂર્તિ સિદ્ધાંતદિવાકર **વર્તમાન ગચ્છાધિપતિ આચાર્યવર શ્રી વિ. જયઘોષસૂરીશ્વરજી મહારાજ** પણ સદા સ્મર્તવ્ય છે. મારા ઉત્કર્ષમાં અંગત રસ દાખવી મારી પ્રત્યેક પ્રવૃત્તિમાં પ્રેરક/દિગ્દર્શક બની તેઓશ્રીએ મને સદાનો ઋણી બનાવ્યો છે. વિદ્વદ્વર્ય સૌજન્યમૂર્તિ **પૂ. આચાર્યદેવ શ્રી વિ. જયસુંદરસૂરીશ્વરજી મહારાજે** પણ સ્થાને-સ્થાને યોગ્ય સૂચનોવગેરે આપી મને પ્રોત્સાહિત કર્યો છે.

અનેકવિધ સહકાર આપી મૌન સહાયક બનેલા તમામ સહવર્તી મુનિવરો આ ક્ષણે શેં ભૂલાય ?

શ્રુતભક્તિરસિક **શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘે** સ્વકીય જ્ઞાનનિધિમાંથી આ ગ્રંથના પ્રથમ આવૃત્તિના મુદ્રણઅંગેનો ભાર ઉપાડી લઇ સુંદર શ્રુતભક્તિ કરી છે. જે વારંવાર અનુમોદનીય છે. તેમજ અન્ય સંઘો/ટ્રસ્ટોને અનુકરણીય છે. શ્રુતજ્ઞાનપિપાસુ શ્રીયુત્ **હર્ષદભાઈ સંઘવીએ** આગ્રહભરી વિનંતિ કરી મને આ ગ્રંથના ભાવાનુવાદ/સંપાદનઅંગે પ્રોત્સાહિત કર્યો છે. તે ભૂલાય તેમ નથી.

આ ગ્રંથના સંપાદનમાં મુંબઇ લાલબાગના ભંડારમાં રહેલી સ્વ. **આચાર્યદેવ શ્રી વિ. પ્રતાપસૂરિ મહારાજે** સંશોધિત કરેલી મુદ્રિત પ્રત અને **સંવેગી જૈન ઉપાશ્રય**-હાજાપટેલની પોળ અમદાવાદમાં રહેલી હસ્તલિખિત પ્રતનો મુખ્યતયા ઉપયોગ કર્યો છે. સંપાદનકાળે સાક્ષીઆદિઅંગે અનેક જ્ઞાનભંડારોમાં રહેલા અનેક પ્રત-પુસ્તકોનો ઉપયોગ કર્યો છે. તથા **સાધ્વી ચંદનબાળાશ્રીજી મહારાજે** નોંધેલા કેટલાક મહત્ત્વના પાઠાંતરોનો ઉપયોગ આ ત્રીજી આવૃત્તિમાં કર્યો છે. તેથી તેઓ તમામ શ્રુતભક્તિમાં સહાયક બન્યા હોવાના દાવે ધન્યવાદને પાત્ર છે.

તે જ પ્રમાણે **શ્રી રાજમહેન્દ્રી જૈન સંઘે** સંવત ૨૦૪૬ના ચોમાસાની સ્મૃતિહેતુ, **શ્રી ગુન્ટૂર જૈન સંઘે** સંવત ૨૦૪૭ના ચાતુર્માસની સ્મૃતિહેતુ, **શ્રી બાર્શી જૈન સંઘે** સંવત ૨૦૪૯ના ચોમાસાની સ્મૃતિહેતુ અને **શ્રી મુનિસુવ્રત સ્વામી જૈન દેરાસર ટ્રસ્ટ, લક્ષ્મીપુરી-કોલ્હાપુર** જૈન સંઘે સંવત ૨૦૫૧ના ચોમાસામાં પર્યુષણમાં કરાવેલી આરાધનાની સ્મૃતિહેતુ બીજી આવૃત્તિના પ્રકાશનમાં જ્ઞાનદ્રવ્યથી લાભ લીધો છે. તેથી ધન્યવાદપાત્ર છે.

શ્રી હંસા કોમ્પ્યુગ્રાફિક્સ (બેંગ્લોર)ના **શ્રી અશ્વિનભાઈ** આ આવૃત્તિના પ્રિન્ટીંગકાર્યને સુંદરરીતે સંપન્ન કરીને અભિનંદનપાત્ર બન્યા છે.

**શ્રી વાસુપૂજ્ય દેરાસર** ઝવેર રોડ, મુલુંડ (પ.)-મુંબઇ અંતર્ગત **શ્રી તપાગચ્છીય શ્રાવિકા બેનોએ** ભેગી કરેલી જ્ઞાનદ્રવ્યની રકમમાંથી આ આવૃત્તિનું પ્રકાશન થતું હોવાથી તેઓ પણ ધન્યવાદપાત્ર છે.

ત્રીજી આવૃત્તિમાં ભાષાકીયદૃષ્ટિએ, તેમ જ નવા મળેલા કેટલાક પાઠોની દૃષ્ટિએ, તથા બીજી કેટલીક વિગતોની દૃષ્ટિએ ઘણા સુધારા વધારા કર્યા છે. પૂર્વની આવૃત્તિઓમાં જે ક્ષતિઓ રહી ગયેલી, તે બદલ મિચ્છા મિ દુક્કડમ્.

**વિરામ પૂર્વે...** શ્રુતજલધિ ઉપાધ્યાયજી મહારાજના ગ્રંથનાં ભાવાનુવાદ અને સંપાદનકાર્ય વાસ્તવમાં મારામાટે નાનકડી નૌકા લઇ અફાટ સાગરમાં સ્વૈરવિહાર કરવાની ચેષ્ટારૂપ જ છે. તેઓશ્રીના આ ગ્રંથનો ભાવાનુવાદ કરવામાં મેં યથાશક્તિ પ્રયત્ન કર્યો છે. બુદ્ધિની મંદતા અને પ્રમાદઆદિના કારણે ક્ષતિ રહી જવા પામી હોય, તે સંભવિત છે. સુજ્ઞ સજ્જનોને આ ક્ષતિઓનું પરિમાર્જન કરવાની વિનંતિ છે અને મારી નજર દોરવાની વિજ્ઞપ્તિ છે.

**અંતે...** ગ્રંથના સંપાદનઆદિથી અર્જિત સુકૃતના સહુ કોઇ સહભાગી થાઓ, તથા મધ્યસ્થભાવે ગ્રંથપઠનઆદિથી અને જિનબિંબોનાં વંદન, પૂજન, સત્કાર અને સન્માનદ્વારા સન્માર્ગ પામી શિવપદના સ્વામી થાઓ તેવી શુભેચ્છા.

**પ્રથમાવૃત્તિ પ્રસ્તાવના**
બેંગ્લોર
જ્ઞાનપાંચમ ૨૦૪૩
તૃતીયાવૃત્તિવેળા સુધારેલી પ્રસ્તાવના
દશેરા, સંવત ૨૦૬૮
રત્નાગિરી.

વિજયભુવનભાનુ-ધર્મજિત-જયશેખર-
અભયશેખરસૂરિ શિષ્યલેશ
***આ. અજિતશેખરસૂરિ***

# વિષયાનુક્રમ


શ્રી ટીકાકારનું મંગલ વગેરે ........ ૧
જિનપ્રતિમાના વિશેષણો ........ ૨
જિનપ્રતિમાની સર્વોત્કૃષ્ટતા અને આદરણીયતા ........ ૨
પ્રતિમાલોપકોની મોહપ્રમાદયુક્તતા ........ ૪
પ્રમાદની મોહભિન્નતા ........ ૪
સમાસપુનરાત્તત્વ ચર્ચા ........ ૫
**ચાર નિક્ષેપાની તુલ્યતા ........ ૭**
(૧) તત્ત્વપ્રાપ્તિના ઉપાય ........ ૭
(૨) પરમાત્મા સાથે તન્મય થવાનો ક્રમ ........ ૯
(૩) ભાવોલ્લાસની નૈસર્ગિકતા અનૈકાંતિક ........ ૧૦
(૪) નિશ્ચયથી ભાવનિક્ષેપાની અનૈકાંતિકતા ........ ૧૧
(૫) દ્રવ્યવત્ નામવગેરેમાં પૂજ્યતા ........ ૧૨
(૬) માત્ર ભાવાચાર્ય જ તીર્થંકરતુલ્ય - પૂર્વપક્ષ ........ ૧૨
(૭) મહાનિશીથના પાઠની નિશ્ચયનયરૂપતા - ઉત્તરપક્ષ ........ ૧૩
(૮) નિશ્ચયનયથી અપ્રમત્તસંયતમાં જ સમ્યક્ત્વ ........ ૧૩
**સર્વનિક્ષેપાની આરાધ્યતા ........ ૧૭**
૧) નામ નિક્ષેપાની આરાધ્યતા ........ ૧૭
૨) સ્થાપના નિક્ષેપાની આરાધ્યતા ........ ૧૭
**૩) દ્રવ્ય નિક્ષેપાની આરાધ્યતા ........ ૧૮**
a) અવિરુદ્ધ અર્થોપયોગ વિનાની ક્રિયા વેઠરૂપ ........ ૧૮
b) દ્રવ્યજિનની આરાધ્યતામાં પર્યાયજ્ઞાનની નિયામકતા ........ ૧૯
c) મરીચિને દ્રવ્યજિન તરીકે વંદન ........ ૨૦
d) સાધુઓને મરીચિ વંદનીય કેમ નહિ ? ચર્ચા ........ ૨૧
e) દ્રવ્યપદથી ભાવયોગ્યતાની ગ્રાહ્યતા ........ ૨૧
f) યોગ્યતાના બહુમાનથી અવસરે દોષોની ઉપેક્ષા ક્ષમ્ય ........ ૨૨
g) અઇમુત્તામુનિનું દૃષ્ટાંત ........ ૨૨
h) 'નમો સુઅસ્સ'પદથી દ્રવ્યની આરાધ્યતાની સિદ્ધિ ........ ૨૩
i) મિશ્રિત અને વાસિત શબ્દપુદ્ગલો જ શ્રવણયોગ્ય ........ ૨૩
j) શત્રુંજય તીર્થની આરાધ્યતા ........ ૨૪
k) 'તીર્થ'પદના અર્થની ચર્ચા ........ ૨૪

બ્રાહ્મીલિપિની ચર્ચા ........ ૨૬
બ્રાહ્મીલિપિની અનાકાર સ્થાપનારૂપે પૂજ્યતા ........ ૨૭
નમસ્કારમહામંત્રના ક્રમની વિચારણા ........ ૨૮
નમસ્કારમહામંત્ર આગમરૂપ ........ ૩૦
નમસ્કારમહામંત્રની ઉપધાનવિધિ ........ ૩૧
નામની પ્રતિબંદિદ્વારા સ્થાપનાની સિદ્ધિ ........ ૩૪
પ્રતિબંદિતર્કથી સ્થાપનાની પૂજ્યતાની સિદ્ધિ ........ ૩૪
પ્રતિમાદ્વેષીઓની હાલત ........ ૩૮
જિનપ્રતિમાની વંદનીયતા અને તેનું ફળ ........ ૩૮
**ચારણકૃતપ્રતિમાવંદન ........ ૩૯**
૧) આલોચનાકૃત્યના અકરણમાં અનારાધના ........ ૪૨
૨) ચારણોની પ્રતિમાનતિ સ્વારસિકી ........ ૪૪
૩) 'ચૈત્ય'ના જ્ઞાન અર્થની અસંગતા ........ ૪૬
૪) પ્રતિમાવંદનમાં અનારાધનાની અસિદ્ધિ ........ ૫૦
૫) ઉત્સુકતાપૂર્વકના લબ્ધિના પ્રયોગમાં પ્રમાદ ........ ૫૧
૬) માયાવી જ વૈક્રિયલબ્ધિ ફોરવે – પૂર્વપક્ષ ........ ૫૪
૭) પુષ્ટાલંબનમાં લબ્ધિના ઉપયોગની અદુષ્ટતા ........ ૫૬
૮) નંદીશ્વર જતા ચારણોને પાણીની વિરાધનાનો અભાવ ........ ૫૬
**દેવોના વંદનનો અધિકાર ........ ૫૮**
**૧) ચમરેન્દ્રનો ઉત્પાત ........ ૫૯**
a) ભગવાનની કૃપાથી શક્રના ક્રોધની શાંતિ ........ ૬૧
b) શક્રની પ્રભુની ક્ષમાયાચના અને ચમરને માફી ........ ૬૨
૨) 'અરિહંત ચૈત્ય'પદ 'અરિહંત' અર્થવાચક – પૂર્વપક્ષ ........ ૬૨
૩) 'અરહંત ચેઇય'પદની ભિન્નાર્થતા – ઉત્તરપક્ષ ........ ૬૩
૪) અરિહંતના ચારે નિક્ષેપાની શરણીયતા ........ ૬૪
૫) વિશેષના દૃષ્ટાંતથી સામાન્યની અબાધ્યતા ........ ૬૫
૬) ચૈત્યનો અર્થ 'જ્ઞાન' કરવામાં આપત્તિ ........ ૬૫
૭) અનાશાતના નયથી પ્રતિમાની વંદ્યતા ........ ૬૬
૮) સુધર્માસભામાં ભોગાભાવદર્શક આગમપાઠ ........ ૬૭
૯) પ્રતિમાપૂજન અંગે સૂર્યાભદેવનો અધિકાર ........ ૭૩
**૧૦) સૂર્યાભદેવદ્વારા પ્રતિમાપૂજન ........ ૭૪**
a) પ્રાક્પશ્ચાત્ હિતાર્થિતા માત્ર દેવભવ અપેક્ષાએ – પૂર્વપક્ષ ........ ૮૦
b) પ્રાજ્ઞોની સર્વત્ર પરલોકદર્શિતા – ઉત્તરપક્ષ ........ ૮૧
c) કેશી ગણધરનો પ્રદેશીને મનનીય ઉપદેશ ........ ૮૨
d) પ્રાક્પશ્ચાત્ રમણીયતામાં પ્રદેશીની પરલોકદૃષ્ટિ ........ ૮૩
e) રમણીયતા દાનમાં કે શીલાદિમાં ? ........ ૮૩

f) સમ્યગ્દષ્ટિ દેવોમાં ઉત્સૂત્રપ્રરૂપકતાનો અભાવ ........ ૮૫
g) વાવ વગેરેના અને પ્રતિમાના પૂજનમાં તફાવત ........ ૮૬
**h) પ્રતિમાપૂજન અને વાવડી વગેરેના પૂજન વચ્ચેના તફાવતની સિદ્ધિ ........ ૮૮**
h-i) ધાર્મિક વ્યવસાયની માત્ર આચારરૂપતાનો નિષેધ ........ ૮૯
h-ii) પ્રતિમાપૂજા ધાર્મિક વ્યવસાય ........ ૮૯
h-iii) શક્રસ્તવથી પ્રતિમાપૂજાની ધર્મરૂપતા ........ ૯૧
h-iv) નવા સ્તોત્રોની રચનાથી પ્રતિમાપૂજાની શ્રેષ્ઠતા ........ ૯૨
h-v) નમનથી પ્રતિમાની પૂજ્યતા સિદ્ધિ ........ ૯૨
૧૧) સ્થિતિરૂપ પણ પ્રતિમાપૂજન ધર્મની મર્યાદારૂપ ........ ૯૩
૧૨) સૂર્યાભદેવનું ભવ્યાદિપણું ........ ૯૪
૧૩) સમ્યગ્દષ્ટિના આચારો ધર્માચારરૂપ ........ ૯૫
૧૪) મિથ્યાત્વીદેવકૃત જિનપૂજા અસ્વારસિકી ........ ૯૬
**૧૫) વિમાનના માલિકદેવો સમ્યક્ત્વી જ હોય ? - ચર્ચા ........ ૯૮**
a) સામાનિક દેવો વિમાનમાલિક દેવો તરીકે અસિદ્ધ ........ ૯૯
b) વિમાનમાલિકદેવોપર ઇંદ્રનું અસ્વામિત્વ ........ ૧૦૦
c) સામાનિક દેવોના અલગ વિમાનની અસિદ્ધિ ........ ૧૦૩
d) દ્રવ્ય-ભાવ સમ્યક્ત્વનો વિચાર ........ ૧૦૬
e) સમ્યક્ત્વના ભેદમાં પણ રુચિની સમાનતા ........ ૧૧૦
f) પૂજાની સમંતભદ્રાદિ રૂપતા ........ ૧૧૧
g) અપુનર્બંધકને પૂજાનો અધિકાર ........ ૧૧૧
h) દેવોમાં નિશ્ચયસમ્યક્ત્વનો અભાવ ........ ૧૧૩
i) નિશ્ચય અને ભાવ સમ્યક્ત્વમાં ભેદ ........ ૧૧૩
૧૬) પાંચના અવર્ણવાદમાં દુર્લભબોધિતા ........ ૧૧૫
૧૭) ધર્મી હોવાથી દેવોની નિંદાનો ત્યાગ ........ ૧૧૬
૧૮) સુલભબોધિ થવાના હેતુ ........ ૧૧૭
૧૯) દેવોમાં ધર્મસૂચક ગુણો ........ ૧૧૯
૨૦) શક્રના સમ્યગ્વાદિતા આદિ ગુણો ........ ૧૨૦
૨૧) દેવોના ભક્તિકૃત્યની સાધુઓને અનનુમોદ્યતા અસિદ્ધ ........ ૧૨૩
૨૨) 'આય-વ્યયની તુલ્યતા' મૌનનું કારણ ........ ૧૨૫
૨૩) ભગવાનની વિચિત્ર વચનપદ્ધતિ ........ ૧૨૭
૨૪) આય-વ્યયની તુલ્યતા ભિન્નાધિકારીની અપેક્ષાએ ........ ૧૨૯
**૨૫) દોષયુક્તની સ્પષ્ટ નિષેધ્યતા ........ ૧૩૦**
a) શક્તિના અભાવમાં અનિષેધ અદુષ્ટ ........ ૧૩૨
b) દુષ્ટનો નિષેધ માત્ર પ્રજ્ઞાપ્ય વિનીત અંગે જ ........ ૧૩૩
c) પુષ્ટાલંબને અસંયતદાન અદુષ્ટ ........ ૧૩૪
d) દાનાષ્ટક ........ ૧૩૫

e) સ્યાદ્વાદ દેશનાની જ ઉપાદેયતા ........ ૧૩૭
f) જિનભવનાદિમાં અનિષેધાનુમતિ ........ ૧૩૯
**૨૬) દ્રવ્યસ્તવની સાધુઅનુમોદ્યતા સૂત્રસિદ્ધ ........ ૧૪૦**
**a) 'અરિહંત ચેઇયાણં' સૂત્રનો ભાવાર્થ ........ ૧૪૧**
a-i) દશાર્ણભદ્રનું દૃષ્ટાંત ........ ૧૪૨
**b) દ્રવ્યસ્તવની અનુમોદનામાં હિંસાનુમોદનાનો અભાવ ........ ૧૪૪**
b-i) ગજસુકુમારનું દૃષ્ટાંત ........ ૧૪૫
b-ii) હિંસાનું સાચું લક્ષણ ........ ૧૪૫
૨૭) સાધુ દ્રવ્યસ્તવના ઉપદેશનો અધિકારી ........ ૧૪૭
સ્વેચ્છાચારથી વ્રતગ્રહણનો નિષેધ ........ ૧૪૮
શ્રાવક ભિક્ષા માટે અનધિકારી ........ ૧૪૮
દ્રવ્યસ્તવમાં હિંસાની સર્વ અનુમતિનો અભાવ ........ ૧૫૧
અનુમોદ્યતાની સાથે કર્તવ્યતાની વ્યાપ્તિનો અભાવ ........ ૧૫૩
ભાવસ્તવની પુષ્ટિમાટે દ્રવ્યસ્તવની અપેક્ષાનો અભાવ ........ ૧૫૬
હારિભદ્ર અગ્નિકારિકા અષ્ટક ........ ૧૫૭
દ્રવ્યસ્તવની કાષ્ઠતુલ્યતા ........ ૧૫૯
દ્રવ્યસ્તવ કટુઔષધ સમાન ........ ૧૬૦
'સાધુ દ્રવ્યાર્ચાનો અધિકારી કેમ નહિ ?' – ચર્ચા ........ ૧૬૧
સાધુને પૂજાદિમાં સાવદ્યની જ સ્ફુરણા – ઉત્તરપક્ષ ........ ૧૬૩
મલિનારંભીને પૂજાનો અધિકાર – ઉપાધ્યાયજીનો મત ........ ૧૬૪
જિનપૂજાથી ચારિત્રની પ્રાપ્તિ ........ ૧૬૫
દેશવિરતમાં પ્રમત્તસંયતનો અતિદેશ ........ ૧૬૭
**અધ્યાત્મશુદ્ધિથી ક્રિયાશુદ્ધિ ........ ૧૬૮**
૧) આગમાર્થ વિચારણામાં વિવક્ષા મહત્ત્વની ........ ૧૬૯
૨) પ્રજ્ઞાપના સૂત્રનિર્દિષ્ટ ક્રિયાનું સ્વરૂપ ........ ૧૭૦
૩) ક્રિયાની શુભાશુભતામાં અધ્યવસાયની કારણતા ........ ૧૭૭
૪) પ્રજ્ઞાપના સૂત્રની સાક્ષી ........ ૧૭૮
૫) હિંસાના વિષયોની નયોથી વિચારણા ........ ૧૮૦
૬) હિંસાના સ્વરૂપની નયોથી વિચારણા ........ ૧૮૦
૭) ક્રિયાપ્રત્યે માત્ર બાહ્યસામગ્રીની અકિંચિત્કરતા ........ ૧૮૧
૮) અવિરતિના પાપે ........ ૧૮૩
૯) 'ક્રિયા' શબ્દની અનેકાર્થતા ........ ૧૮૪
૧૦) બૌદ્ધમતે હિંસાનું સ્વરૂપ ........ ૧૮૫
૧૧) બૌદ્ધમતનું ખંડન ........ ૧૮૭
યતનાયુક્ત દ્રવ્યસ્તવ અધિક દોષનિવર્તક ........ ૧૮૯
જિનપૂજાવગેરેના વિશિષ્ટ લાભો ........ ૧૯૧

સત્સંગથી અવંચકત્રયની પ્રાપ્તિ ............ ૧૯૨
પૂજાથી મૈત્રીઆદિ ભાવની પ્રાપ્તિ અને ક્રોધાદિથી બચાવ ............ ૧૯૪
**દ્રવ્યસ્તવની ભાવયજ્ઞતા ............ ૧૯૫**
૧) ભાવયજ્ઞરૂપે દ્રવ્યસ્તવની સિદ્ધિ ............ ૧૯૬
૨) નૈયાયિકમતે દેવતાનું સ્વરૂપ ............ ૧૯૮
૩) નૈયાયિકમતનિરાસ ............ ૧૯૯
૪) દેવતાનું સ્વરૂપ - મીમાંસકમતે ............ ૨૦૦
૫) મીમાંસકમતનિરાસ ............ ૨૦૨
૬) વાચસ્પતિમિશ્રના મતનું ખંડન ............ ૨૦૩
દેવાધિદેવ ઉપાસનાફળપ્રયોજક ............ ૨૦૪
જિનપૂજામાં ભાવાપત્તિનિવારણ ગુણ ............ ૨૦૫
રાગપ્રાપ્ત નદીઉત્તરણમાં સંખ્યાનિયમ ............ ૨૦૫
જિનપૂજામાં જીવવધ અશક્યપરિહારરૂપ ............ ૨૦૭
નદી ઉતરણ પછીની ઈર્યાવહિયા કલ્પરૂપ ............ ૨૦૮
સંખ્યાનિયમમાં આજ્ઞા હેતુ ............ ૨૦૯
ઈર્યાપથિકીના અનુષ્ઠાનો નિયત ............ ૨૧૦
પુષ્પાદિ સચિત્તસાધન પૂજામાં આવશ્યક ............ ૨૧૧
બળવત્તરગુણસાધકપ્રવૃત્તિઓમાં વિધ્યર્થ ............ ૨૧૨
નદી ઉતરણ અંગે સ્થાનાંગનો પાઠ ............ ૨૧૩
દ્રવ્યસ્તવમાં અંગઘર્ષણ ન્યાય ............ ૨૧૫
ઋષભદેવનું રાજ્યદાનાદિ અંગે દૃષ્ટાંત ............ ૨૧૬
હારિભદ્ર - 'રાજ્યાદિદાનદૂષણનિવારણ' અષ્ટક ............ ૨૧૭
શાસ્ત્રમાં વિરોધનો સમ્યક્પરિહાર સમાધિરૂપ ............ ૨૨૧
ઉત્કૃષ્ટની અપેક્ષાએ જ ઉત્કૃષ્ટતરની પ્રશંસા યોગ્ય ............ ૨૨૨
મહાનિશીથની સર્વથા પ્રમાણભૂતતા ............ ૨૨૩
મહાનિશીથના ચતુર્થ અધ્યયનના વચનો ............ ૨૨૪
કુવલયપ્રભાચાર્યનું વચન ઉન્માર્ગનિષેધક ............ ૨૨૫
સૂત્રને નિશંકિત બનાવવાથી જ દીક્ષાની સાર્થકતા ............ ૨૨૭
સાવદ્યાચાર્યનું દૃષ્ટાંત ............ ૨૨૯
વજાર્યનું દૃષ્ટાંત ............ ૨૪૩
ઉચિતયોગોમાં યતના 'યાત્રા' પદાર્થરૂપ ............ ૨૪૯
ભક્તિનો વૈયાવચ્ચરૂપ તપમાં સમાવેશ ............ ૨૫૧
'ચૈત્ય'ના જ્ઞાન અર્થમાં વૈયાવચ્ચ અસંભવ ............ ૨૫૪
ચતુર્થગુણસ્થાનકે વૈયાવચ્ચની સંભાવના ............ ૨૫૫
ચતુર્થગુણસ્થાનકે તપ ગૌણરૂપ ............ ૨૫૬
કુશાસ્ત્રીય હિંસા ધર્માર્થહિંસા ............ ૨૫૯

સુબુદ્ધિમંત્રીનું દૃષ્ટાંત ........ ૨૬૦
મંદબુદ્ધિકૃત હિંસા દુરંતફળા ........ ૨૬૧
યાગીય ધર્માર્થકવધ અધર્મરૂપ ........ ૨૬૩
જિનપૂજાસ્થિત હિંસા દોષાંતરોચ્છેદક ........ ૨૬૫
**ધનવ્યયના અધિકારીને પૂજા મહાલાભરૂપ ........ ૨૬૭**
૧) પૂજામાં આરંભની શંકામાં દોષો ........ ૨૬૯
૨) ધર્માર્થ આરંભનો નિષેધ સર્વવિરતને અપેક્ષીને ........ ૨૭૦
૩) સંકાશ શ્રાવકનું દૃષ્ટાંત ........ ૨૭૦
૪) સાવદ્યભીરુ શ્રાવક પૂજાનો અનધિકારી ........ ૨૭૨
૫) અધ્યાત્મભાવથી દ્રવ્યાશ્રવ નિર્બાધક ........ ૨૭૪
**કૂપદૃષ્ટાંત વિવરણ ........ ૨૭૫**
૧) વ્યવહારથી પૂજાનું ફળ ........ ૨૭૬
૨) નિશ્ચયથી પૂજા બંધમાં અકારણ ........ ૨૭૭
૩) દ્રવ્યસ્તવ કરતાં ભાવસ્તવની શ્રેષ્ઠતા ........ ૨૭૮
૪) દ્રવ્યસ્તવ - ચારિત્રક્રિયાની ભાવ પ્રત્યે તુલ્યતા ........ ૨૮૧
૫) શ્રી અભયદેવસૂરિમતે કૂપદૃષ્ટાંતની સાર્થકતા ........ ૨૮૪
૬) વિધિયતનાયુક્ત દ્રવ્યસ્તવ સર્વથા નિર્દોષ - અન્યમત ........ ૨૮૬
૭) ઉપાધ્યાયજીની સ્ફુરણા - ભક્તિમાં શક્તિ ........ ૨૯૦
**જિનપૂજા અર્થદંડ તરીકે અસિદ્ધ ........ ૨૯૨**
૧) દુષ્ટનો નિષેધ - જિનશાસનપદ્ધતિ ........ ૨૯૩
૨) આચારાંગના પરિવંદનાદિસૂત્રનો ટીકાર્થ ........ ૨૯૪
૩) આત્મબળાદિહેતુક દંડસમાદાનમાં પૂજા અસમાવિષ્ટ ........ ૨૯૭
**જિનપ્રતિમાના વંદનાદિની સિદ્ધિ - ઉપાસકદશાની સાક્ષી ........ ૩૦૦**
૧) અન્યતીર્થિક આદિ પદો ભિન્નાર્થવાચક ........ ૩૦૩
૨) ઔપપાતિક ઉપાંગનો સાક્ષીપાઠ ........ ૩૦૪
**૩) પ્રતિમાની સિદ્ધિઅર્થે અન્ય સાક્ષીપાઠો ........ ૩૦૬**
a) પ્રશ્નવ્યાકરણ અંતર્ગત સુવર્ણગુલિકાનું દૃષ્ટાંત ........ ૩૦૬
b) પ્રશસ્ત કાર્યોમાં દિગ્દ્વયના સ્વીકારમાં હેતુ ........ ૩૦૮
**c) આલોચનાઅર્હનો ક્રમ ........ ૩૧૦**
c-i) ક્રમપ્રાપ્તપ્રતિમાસમક્ષ આલોચનાદાનની શાસ્ત્રાર્થતા ........ ૩૨૦
**૪) દ્રૌપદીનું કથાનક ........ ૩૨૨**
a) શ્રાવકને કાઉસ્સગ્ગપર્યંત ચૈત્યવંદન કરણીય ........ ૩૨૪
b) નારદ-દ્રૌપદીનો પ્રસંગ ........ ૩૨૬
c) આપત્તિમાં દ્રૌપદીકૃત ષષ્ઠાદિતપ ........ ૩૨૮
d) દ્રૌપદીને ગુણપ્રાપ્તિમાં નિદાન અપ્રતિબંધક ........ ૩૨૮
e) દ્રૌપદીકૃતપૂજા નિરાશંસભાવની ........ ૩૨૯

f) ભદ્રા સાર્થવાહીનું દૃષ્ટાંત ........ ૩૩૦
g) પ્રણિધાનયુક્ત પૂજા જ મહાપૂજા ........ ૩૩૧
૫) શ્રી સિદ્ધાર્થ રાજાકૃત જિનાર્ચા ........ ૩૩૨
૬) તીર્થપૂજનઆદિથી સમ્યક્ત્વશુદ્ધિ ........ ૩૩૪
૭) સમ્યગ્ભાવિત જિનપ્રતિમા ભાવગ્રામ ........ ૩૩૫
**૮) શાશ્વતજિનચૈત્યવંદના ........ ૩૩૭**
૧-૧) અજ્ઞાતકર્તૃક સર્વસંમત સૂત્રના કર્તા સુધર્માસ્વામીજી ........ ૩૩૯
૯) શાશ્વતપ્રતિમાનું વર્ણન ........ ૩૪૦
૧૦) જિનપ્રતિમાની સ્વતઃ જગત્પૂજ્યતા ........ ૩૪૨
**સ્તવપરિજ્ઞા ........ ૩૪૪**
**૧) જિનભવનવિધિ - ભૂમિશુદ્ધિ - પરઅપ્રીતિનો પરિહાર ........ ૩૪૪**
a) કાષ્ઠશુદ્ધિ દ્વાર ........ ૩૪૬
b) સ્વાશયવૃદ્ધિ ........ ૩૪૮
૨) જિનબિંબઅંગેની વિધિ ........ ૩૪૮
૩) સંઘપૂજાનું મહત્વ ........ ૩૪૯
૪) જિનપૂજાની વિધિ અને ફળ ........ ૩૫૧
૫) આજ્ઞાવિહિત દ્રવ્યસ્તવ જ ભાવસ્તવનું કારણ ........ ૩૫૨
૬) ભાવસ્તવ દ્રવ્યસ્તવમાં ભેદ ........ ૩૫૫
૭) દ્રવ્યસ્તવથી ભાવસ્તવ પામવાની પ્રક્રિયા ........ ૩૫૭
૮) શીલાંગોનું સ્વરૂપ ........ ૩૫૮
૯) સર્વશીલાંગધારક જ વંદનીય ........ ૩૬૦
૧૦) સુસાધુના સ્વરૂપમાં સુવર્ણનું દૃષ્ટાંત ........ ૩૬૪
૧૧) દ્રવ્ય-ભાવ સ્તવનો પરસ્પર મેળાપ ........ ૩૬૭
૧૨) સાધુને દ્રવ્યસ્તવ ........ ૩૬૮
૧૩) દ્રવ્યસ્તવ લોકોપચાર વિનયરૂપ ........ ૩૭૧
૧૪) દ્રવ્યસ્તવ અંગે સાધુનો અધિકાર ........ ૩૭૧
૧૫) વેદવિહિતહિંસા ધર્મરૂપ - પૂર્વપક્ષ ........ ૩૭૩
૧૬) વચનમાત્રથી હિંસાની ધર્મરૂપતા અસિદ્ધ - ઉત્તરપક્ષ ........ ૩૭૪
૧૭) દ્રવ્યસ્તવ ગુણાંતરમાં કારણભૂત ........ ૩૭૭
૧૮) વેદહિંસામાં ભાવઆપત્તિનો અભાવ ........ ૩૭૮
૧૯) યતનાયુક્ત દ્રવ્યસ્તવ તત્ત્વથી અહિંસારૂપ ........ ૩૭૯
૨૦) વીતરાગ કૃતકૃત્ય હોવાથી પૂજ્ય ........ ૩૮૨
૨૧) વેદવચનોની અપૌરુષેયતા અસિદ્ધ ........ ૩૮૩
૨૨) વચનરૂપ આગમ અને સર્વજ્ઞ વચ્ચે બીજાંકુરભાવ ........ ૩૮૬
૨૩) વૈદિકહિંસામાં અપવાદરૂપતાનો અભાવ ........ ૩૮૭
૨૪) દ્રવ્યસ્તવ-ભાવસ્તવ વચ્ચે ગાઢ સાંકળ ........ ૩૮૯

પ્રતિમા ચિંતામણિતુલ્ય ........ ૩૯૩

**ધર્મસાગરમત ખંડન ........ ૩૯૪**

૧) વર્તમાનમાં વિધિની પ્રાપ્તિ દુર્લભ ........ ૩૯૪

૨) અવિધિયુક્ત ક્રિયા ક્યારે ગુણકારી ? ........ ૩૯૫

૩) વિધિકારિતઆદિ પ્રતિમાઓની પૂજ્યતા ........ ૩૯૭

૪) હમણાં સર્વત્ર પ્રાયઃ તુલ્યતા ........ ૪૦૦

૫) પ્રતિમા અને દ્રવ્યલિંગીમાં તફાવત ........ ૪૦૦

૬) પ્રતિમામાં તીર્થંકરગુણનો આરોપ શક્ય ........ ૪૦૩

૭) અવંદનીયતામાં પ્રગટદોષદર્શન હેતુ ........ ૪૦૫

૮) વંદનીયતામાં અપ્રગટદોષો અબાધક ........ ૪૦૬

૯) પ્રતિષ્ઠાફળવિષયક પરમત નિરાકરણ ........ ૪૦૭

૧૦) પ્રતિમામાં ઉપચારથી પ્રતિષ્ઠા ........ ૪૦૯

૧૧) પૂજાફળમાં પ્રત્યભિજ્ઞા પ્રયોજક ........ ૪૦૯

૧૨) પાર્શ્વસ્થપ્રધાન વર્તમાનકાળ ........ ૪૧૧

૧૩) પ્રતિમાની પૂજ્યતામાં નિશ્રિતાદિભેદ અપ્રયોજક ........ ૪૧૩

પ્રતિમાની હાર્દિક સ્તવના ........ ૪૧૪

**પાર્શ્વચંદ્રમતનિરાસ ........ ૪૧૫**

**૧) મિશ્રત્વસાધક પક્ષચતુષ્ટયનું ખંડન ........ ૪૧૬**

a) શુભાશુભભાવમિશ્રતા વિકલ્પ અસિદ્ધ ........ ૪૧૭

b) શુભભાવ-અશુભક્રિયામિશ્રણ નિરાસ ........ ૪૧૮

c) જયણાશુદ્ધ નદીઉત્તરણ શુદ્ધધર્મ - પૂર્વપક્ષ ........ ૪૧૯

d) જયણાયુક્ત શ્રાદ્ધક્રિયા સાધુક્રિયા તુલ્ય ........ ૪૨૦

e) ધર્મક્રિયામાં બન્ને પક્ષે હિંસા તુલ્યરૂપ ........ ૪૨૧

f) યતનાયુક્ત દ્રવ્યસ્તવની વિધેયતા ........ ૪૨૨

g) વિધેયતાની નાનાવિધતા ........ ૪૨૩

૨) અશુભભાવ-શુભક્રિયા મિશ્રતા ખંડન ........ ૪૨૪

**૩) શુભાશુભક્રિયા મિશ્રતા વિરુદ્ધ ........ ૪૨૬**

a) નિશ્ચયથી શુભાશુભમિશ્રયોગનો અભાવ ........ ૪૨૭

**b) મિશ્રકર્મબંધનો અભાવ ........ ૪૨૯**

b-i) કર્મબંધમાં ભાવયોગ પ્રધાનકારણ ........ ૪૩૦

b-ii) કર્મવૈચિત્ર્યમાં જીવ-કર્મનો સ્વભાવ કારણ ........ ૪૩૩

b-iii) કર્મબંધહેતુક મિશ્રપક્ષનો અભાવ ........ ૪૩૪

**c) c-i) અધર્મપક્ષનું સ્વરૂપ ........ ૪૩૫**

c-ii) ધર્મપક્ષનું સ્વરૂપ ........ ૪૩૭

c-iii) મિશ્રપક્ષનું સ્વરૂપ ........ ૪૩૭

c-iv) અધાર્મિક મનુષ્યોનું જીવન ........ ૪૩૮

c-v) નરકનું સ્વરૂપ ........ ૪૪૦
c-vi) ધાર્મિક મનુષ્યોનું જીવન ........ ૪૪૧
c-vii) મિશ્રપાક્ષિક મનુષ્યોનું જીવન ........ ૪૪૩
c-viii) અવિરત સમ્યક્ત્વીનો ધર્મપક્ષમાં સમાવેશ ........ ૪૪૩
૪) દેશસંયમઆદિથી મિશ્રતાનો અભાવ ........ ૪૪૫
**૫) a) પાર્શ્વચંદ્રકલ્પિત છપુરુષવિભાગ ........ ૪૪૬**
b) ષટ્પુરુષવિભાગની અસંગતતા ........ **૪૪૯**
c) વિશેષજ્ઞાન વિના પણ વિરતિ અખંડિત ........ ૪૫૧
d) ભક્તિરાગ નિર્દોષ ........ ૪૫૩
e) વિરતાવિરત-દેશવિરત પદોની એકાર્થતા ........ ૪૫૪
f) સચિત્તત્યાગાદિનું તાત્પર્ય ........ ૪૫૭
g) ભાવસ્તવની મહત્તા ........ ૪૫૮
h) દ્રવ્યસ્તવ મોક્ષનું કારણ ........ ૪૬૧
**જિનપૂજા ધર્મરૂપ ........ ૪૬૪**
૧) લોકોત્તર-લૌકિકભેદથી ધર્મ-પુણ્યરૂપતા ........ ૪૬૯
૨) સરાગકૃત્યો અને વીતરાગકૃત્યો ........ ૪૭૦
૩) નયભેદથી ધર્મ-પુણ્યની વિચારણા ........ ૪૭૨
૪) વિવિધમતે ધર્મસ્વરૂપ ........ ૪૭૪
૫) ગુરુપારતંત્ર્ય જ ફળવાન ........ ૪૭૭
નયભેદથી ભક્તિ ........ ૪૭૮
પ્રતિમા દયાનું સાધન ........ ૪૮૦
પ્રતિમા ધ્યાનનું શ્રેષ્ઠ આલંબન ........ ૪૮૩
સિદ્ધોના સુખની રાશિ ........ ૪૮૯
ભગવત્ સ્તુતિ ........ ૪૯૧
ટીકાકારની પ્રશસ્તિ ........ ૪૯૨
परिशिष्ट - १ मूलपद्यानामकारादिक्रमः ........ ૪૯૬
परिशिष्ट - २ स्तवपरिज्ञापद्यानामकारादिक्रमः ........ ૪૯૮
परिशिष्ट - ३ साक्षिपाठानामकारादिक्रमः ........ ૫૦૨
परिशिष्ट - ४ ग्रन्थनिर्दिष्टग्रन्थनामानि ........ ૫૦૯
परिशिष्ट - ५ टीकाकृन्निर्दिष्टग्रन्थकारादिनामानि ........ ૫૧૦
परिशिष्ट - ६ काव्योपयुक्तालङ्कारनिर्देशः ........ ૫૧૦
परिशिष्ट - ७ ग्रन्थगतन्यायाः ........ ૫૧૦

॥ सिद्धाचलमंडन ऋषभदेवाय नमः । श्री शंखेश्वर पार्श्वनाथाय नमः । सिरसा वंदे महावीरं ॥
॥ ऐं नमः सिद्धम् । ॐ ह्रीं अर्हं नमः ॥
॥ विजय प्रेम-भुवनभानु-जयघोष-धर्मजित-जयशेखर-अभयशेखरसूरिभ्यो नमः ॥

महामहोपाध्याय श्रीयशोविजयवाचकनिर्मितस्वोपज्ञवृत्तियुत

# 'प्रतिमाशतक' ग्रन्थः

## गुर्जरभावानुवादयुतः ॥

ऐन्द्रश्रेणिप्रणतश्रीवीरवचोऽनुसारियुक्तिभृतः ।
प्रतिमाशतकग्रन्थः प्रथयतु पुण्यानि भाविकानाम् ॥ १ ॥

पूर्वं न्यायविशारदत्वबिरुदं काश्यां प्रदत्तं बुधैः,
न्यायाचार्यपदं ततः कृतशतग्रन्थस्य यस्यार्पितम् ।
शिष्यप्रार्थनया नयादिविजयप्राज्ञोत्तमानां शिशुः,
सोऽयं ग्रन्थमिमं *'यशोविजय'* इत्याख्याभृदाख्यातवान् ॥ २ ॥

अस्य प्रतिमाविषयाशङ्कापङ्कापहारनिपुणस्य ।
संविग्नसमुदयस्य प्रार्थनया तन्यते वृत्तिः ॥ ३ ॥

व्याख्यानेऽस्मिन् गिरां देवि ! विघ्नवृन्दमपाकुरु ।
व्याख्येयमङ्गलैरेव मङ्गलान्यत्र जाग्रति ॥ ४ ॥

---

**શ્રી ટીકાકારનું મંગલ વગેરે -**

શ્રી વીર ભગવાનની વાણી ઇંદ્રોની હારમાળાથી નમાયેલી છે. અથવા ઇંદ્રોના સમુદાયથી નમાયેલા શ્રી વીર ભગવાનની વાણીને અનુસરનારી જે યુક્તિઓ છે, તે યુક્તિઓથી આ **પ્રતિમાશતક** ગ્રંથ સુશોભિત છે. તેથી આ પ્રતિમાશતક ગ્રંથ ભવ્યજીવોના પુણ્યનો વિસ્તાર કરનારો થાઓ. ॥ ૧ ॥

જે **યશોવિજય મહારાજને** કાશીમાં પંડિતપુરુષોએ પ્રથમ **'ન્યાયવિશારદ'** એવું બિરુદ આપ્યું હતું. અને સો ગ્રંથની રચના કર્યા બાદ **'ન્યાયાચાર્ય'** એવું બિરુદ આપ્યું હતું. તથા જે **યશોવિજય** મહારાજ **નયવિજય વિબુધના** શિષ્ય હતા. તે **યશોવિજય મહારાજે** શિષ્યોની પ્રાર્થનાથી આ ગ્રંથ રચ્યો છે. ॥ ૨ ॥

પ્રતિમાઅંગેની શંકારૂપ કીચડને દૂર કરવામાં નિપુણ=સમર્થ આ ગ્રંથની સંવિગ્નસમુદાયની પ્રાર્થનાથી ટીકા હું રચું છું ॥ ૩ ॥

હે સરસ્વતી દેવી ! આ વ્યાખ્યા કરવામાં આવતા વિઘ્નના સમુદાયને તું દૂર કર ! વ્યાખ્યેય(=જિનપ્રતિમા અથવા પ્રતિમાશતક મૂળગ્રંથ) સંબંધી મંગલોથી જ આ ટીકારૂપ વ્યાખ્યાનમાં પણ મંગલ જાગૃત=હાજર છે. ॥ ૪॥

तत्रेह प्रतिमाविषयाऽऽशङ्कानिराकरणस्य चिकीर्षितत्वात् प्रतिमास्तुतिरूपमिष्टबीजप्रणिधानपुरस्सरमाद्यपद्यमाह–

**ऐन्द्रश्रेणिनता प्रतापभवनं भव्याङ्गिनेत्रामृतं,**
**सिद्धान्तोपनिषद्विचारचतुरैः प्रीत्या प्रमाणीकृता।**
**मूर्तिः स्फूर्तिमती सदा विजयते जैनेश्वरी विस्फुरन्-**
**मोहोन्मादघनप्रमादमदिरामत्तैरनालोकिता ॥ १ ॥**

(**दंडान्वयः**→ ऐन्द्रश्रेणिनता प्रतापभवनं भव्याङ्गिनेत्रामृतं सिद्धान्तोपनिषद्विचारचतुरैः प्रीत्या प्रमाणीकृता स्फूर्तिमती विस्फुरन्मोहोन्मादघनप्रमादमदिरामत्तैः अनालोकिता जैनेश्वरी मूर्तिः सदा विजयते ॥)

## જિનપ્રતિમાના વિશેષણો

ગ્રંથકારશ્રી આ ગ્રંથદ્વારા 'પ્રતિમા પૂજનીય ખરી કે નહિ ?' ઇત્યાદિ પ્રતિમાસંબંધી આશંકાઓ દૂર કરી **'પ્રતિમા પૂજનીય જ છે.'** ઇત્યાદિ સિદ્ધ કરવા માંગે છે. પોતાની આ ઇચ્છાને પૂર્ણ કરવા ગ્રંથકારશ્રી પ્રતિમાની સ્તુતિરૂપ પ્રથમ શ્લોક ફરમાવી રહ્યા છે. આ મંગલ શ્લોકમાં ગ્રંથકાર સૌ પ્રથમ પોતાના ઇષ્ટબીજ 'ઐં'કારનું પ્રણિધાન કરે છે. અહીં તેઓ પ્રતિમાની ભાવગર્ભિત સ્તુતિ કરે છે. અને તે દ્વારા 'પ્રતિમા નિઃશંક પૂજનીય છે.' તેવી પોતાની શ્રદ્ધા વ્યક્ત કરે છે. (પ્રતિમાને પૂજનીયતરીકે સિદ્ધ કરવા ગ્રંથનું આલેખન કરવું એ ભગીરથ કાર્ય છે. આ કાર્ય વિશિષ્ટજ્ઞાન વિના સંભવે નહિ. જો સરસ્વતીની કૃપા મળી જાય, તો વિશિષ્ટજ્ઞાન સરળતાથી પ્રાપ્ત થઇ જાય. સરસ્વતીદેવીની કૃપા મેળવવી હોય તો સરસ્વતીદેવીને પ્રસન્ન કરવી જોઇએ. અને સરસ્વતીદેવી પ્રસન્ન પણ તો થાય, જો ઐંકારનું પ્રણિધાન અને જાપ કરવામાં આવે. કેમકે સરસ્વતીદેવી ઐંકાર મંત્રની અધિષ્ઠાતા દેવી છે. ગ્રંથકારે આ પ્રમાણે જાપ કરી સરસ્વતીદેવીને પ્રસન્ન કરી હતી. પ્રસન્ન થયેલી દેવીની કૃપાથી ગ્રંથકારને જ્ઞાનની પ્રાપ્તિ, શુદ્ધિ અને વૃદ્ધિ થઇ હતી. તેથી સરસ્વતીદેવીનું સ્મરણ કરવા અને પોતાનો કૃતજ્ઞભાવ પ્રગટ કરવા ગ્રંથકાર પોતાની પ્રત્યેક કૃતિના આરંભે ઐંકારમંત્રનો પ્રણિધાનપૂર્વક ઉલ્લેખ કરે છે. તે મુજબ આ ગ્રંથના આરંભે પણ ઐંકારમંત્રને યાદ કરે છે.)

**કાવ્યાર્થ :-** (૧) જિનેશ્વરની પ્રતિમા ઇન્દ્રોની હારમાળાથી નમાયેલી છે. (૨) જિનેશ્વરની પ્રતિમા પ્રતાપનું આવાસ છે. (૩) જિનેશ્વરની પ્રતિમા ભવ્યજીવોના ચક્ષુ માટે અમૃત સમાન છે. (૪) જિનેશ્વરની પ્રતિમા સિદ્ધાંતના રહસ્યનો વિચાર કરવામાં નિપુણ પુરુષોથી પ્રમાણભૂત કરાયેલી છે. (૫) જિનેશ્વરની પ્રતિમા સ્ફુર્ત્તિવાળી છે. (૬) વિવિધરૂપે પરિણામ પામતા મોહના ઉન્માદરૂપ તથા ગાઢપ્રમાદરૂપ શરાબથી મત્ત બનેલાઓ વડે જોવાયેલી નથી. આવી જિનેશ્વરની પ્રતિમા હંમેશા (વ્યક્તિગતરૂપે અને પ્રવાહથી) નિરંતર વિજય પામે છે. અર્થાત્ સર્વોત્કૃષ્ટપણે વર્તે છે.

## જિનપ્રતિમાની સર્વોત્કૃષ્ટતા અને આદરણીયતા

'જૈનેશ્વરી મૂર્ત્તિ સદા વિજય પામે છે' આ અન્વય છે. 'વિજય પામે છે' એનો અર્થ 'પ્રતિમા સર્વોત્કૃષ્ટ છે' તેવો કરવો. *'જિ' ધાતુ (૧) બીજાનો પરાજય અને (૨) ઉત્કર્ષ આ બે અર્થમાં વપરાય છે. તેમાં બીજા(=ઉત્કર્ષ) અર્થમાં આ ધાતુ અકર્મક છે* – એમ **'આખ્યાતચંદ્રિકા'**માં કહ્યું છે. આ કાવ્યમાં 'જિ'ધાતુનો 'ઉત્કર્ષ' અર્થ લેવાનો છે. 'વિ' ઉપસર્ગથી સર્વાધિકપણું સૂચિત થાય છે. અર્થાત્ 'વિજયતે' પદદ્વારા કવિ સૂચવવા માંગે છે કે જિનપ્રતિમા સર્વોત્કૃષ્ટ છે. હવે કવિએ કાવ્યમાં જિનપ્રતિમાના દર્શાવેલા પ્રત્યેક વિશેષણનું **ટીકાકાર** વિશ્લેષણ કરે છે.

(૧) ઐન્દ્રશ્રેણિનતા... આ વિશેષણ સૂચવે છે કે જિનપ્રતિમાનો અપલાપ કરનારાઓને નક્કી ઇંદ્રનો શાપ

'जैनेश्वरी मूर्ति: सदा विजयते' इत्यन्वय: । जिनेश्वराणामियं=जैनेश्वरी मूर्ति:=प्रतिमा सदा व्यक्त्या प्रवाहतश्च निरन्तरं विजयते=सर्वोत्कर्षेण वर्तते । अत्र जयतेरर्थ उत्कर्ष: *'पराभवे तथोत्कर्षे जयत्यन्ते त्वकर्मक:'* इत्या**ख्यातचन्द्रिका**वचनात् । सर्वाधिकत्वं वेरुपसर्गस्येति बोध्यम् । मूर्ति: कीदृशी ? *ऐन्द्रश्रेणिनता*-इन्द्राणामियम्=ऐन्द्री सा चासौ श्रेणिश्चेति कर्मधारय:, तया नता=नमिकर्मीकृता । **एतेन** एतदपलापकारिणामैन्द्र: शापो ध्रुव इति व्यज्यते । पुन: कीदृशी ? *प्रतापभवनम्*-प्रतापस्य=कोशदण्डजस्य तेजसो भवनं=गृहम् । उक्ततेज: स्थाप्यगतं स्थापनायामुपचर्य व्याख्येयम् । **एतेन** एतदपलापकारिणो भगवत्प्रतापदहनेनैवोपहता भविष्यन्तीति व्यज्यते । पुन: कीदृशी ?

મળી રહ્યો છે. 'ઇંદ્રોની હારમાળાથી જિનપ્રતિમાને નમન કરાયું છે.' (આ કથનથી એમ ફલિત થાય છે કે ઇંદ્રો જિનપ્રતિમાપ્રત્યે પૂર્ણ બહુમાન અને પૂજ્યભાવ ધરાવે છે. તેથી જ તેઓ જિનપ્રતિમાનો અનાદર સહન કરી શકે તેમ નથી. તેથી જિનપ્રતિમાનો અનાદર કરનારાઓ ઇંદ્રના કોપનું ભાજન બન્યા વિના રહે નહિ. પિતાને પૂજ્યભાવે ચંદનનો લેપ કરતો દિકરો બીજી વ્યક્તિ પોતાના પિતાપ્રત્યે થુંક ઊડાડે તે સહન કરી શકે નહિ.)

(૨) પ્રતાપભવન... કોશ=ભંડાર અને દંડ - આ બેથી પ્રગટતું તેજ પ્રતાપ કહેવાય. જિનપ્રતિમા આ પ્રતાપનું નિવાસસ્થાન છે. આ વિશેષણથી નિશ્ચિત થાય છે કે પ્રતિમાનો પૂજનીય તરીકે નિષેધ કરનારાઓ ભગવાનના પ્રતાપરૂપી અગ્નિમાં ભસ્મસાત્ થયા વિના રહેશે નહિ. (અર્થાત્ પરમાત્માનો પ્રતાપ એવો અજબગજબનો છે કે પરમાત્માની પ્રતિમા સામે પડનારો જિનપ્રતિમાને કોઇ નુકસાન કરી શકતો નથી. પણ આમ સામે પડનારો પોતે જ પોતાના પાપના તાપમાં નષ્ટ થાય છે. સૂર્યસામે ધૂળ ઊડાડનારો સૂર્યને ઢાંકી શકતો નથી પણ પોતાની જ આંખને ધૂળથી ભરી દે છે.)

**શંકા :-** ભગવાન ભલે તેજસ્વી હોય. પણ તેમની પ્રતિમામાં કંઇ તેજ નથી. કેમકે પ્રતિમા પથ્થરની બનેલી છે. તેથી પ્રતિમાને પડકારવામાં કોઇ દોષ નથી.

**સમાધાન :-** પ્રતિમામાં સ્વત: તેજ ભલે ન હોય, તો પણ ભગવાનગત તેજ તો પ્રતિમામાં રહ્યું જ છે. કેમકે પ્રતિમા પરમાત્માની સ્થાપનારૂપ છે. અને સ્થાપ્યરૂપ પરમાત્મામાં રહેલા ગુણો ઉપચારથી સ્થાપનારૂપ પ્રતિમામાં સંભવી શકે છે. તેથી સ્થાપ્ય પરમાત્મામાં રહેલું તેજ સ્થાપનારૂપ પ્રતિમામાં સંભવે છે. તેથી આ તેજયુક્ત પ્રતિમાનો વિરોધ કરવામાં ડહાપણ નથી.

(૩) ભવ્યાક્ષિ નેત્રામૃત... જે ભવ્યજીવો આ પ્રતિમાના સાદર દર્શન કરે છે, તે ભવ્યજીવોના ચક્ષુસંબંધી બધા જ દોષો-રોગો દૂર થાય છે અને તેઓને પરમઆનંદની પ્રાપ્તિ થાય છે. નજીકમાં મોક્ષગામી ભવ્યજીવોને જ પ્રતિમાના દર્શનથી પરમ આહ્લાદની અનુભૂતિ થાય છે. અને તેઓમાટે જ પ્રતિમા અમૃતતુલ્ય કાર્ય કરતી હોવાથી 'અમૃત' બને છે. આ વિશેષણ એવું નિવેદન કરે છે કે જેઓની આંખ પ્રતિમાને નીરખીને આનંદથી ઊભરાતી નથી અને હર્ષના અતિરેકથી છલકાતી નથી, તેઓ કાં તો અભવ્ય છે, કાં તો દૂરભવ્ય છે; કેમકે તેઓને વાસ્તવમાં પરમાત્માપ્રત્યે પ્રેમ નથી. પિતાની ગેરહાજરીમાં જેઓ પિતાની પ્રતિકૃતિને પૂજવાને બદલે પ્રતિકૃતિની ઠેકડી ઊડાવે છે, તેઓને પિતાપર પ્રેમ છે તેમ શી રીતે કહી શકાય ? બસ તેજ પ્રમાણે પરમાત્માની પ્રતિમાને વખોડનારાઓને પરમાત્માપર પ્રેમ હોય તે શંકાસ્પદ છે. અને પરમાત્માપ્રત્યે પ્રેમભાવ વિના ભવનો અંત સંભવે નહિ.

(૪) સિદ્ધાન્ત... ઇત્યાદિ... આગમમર્મજ્ઞ પુરુષો પ્રતિમાની પ્રામાણિકતાને પ્રેમથી પુરસ્કારે છે. અર્થાત્ તેઓ કોઇની શેહમાં તણાઇને નહીં, પરંતુ પૂરી શ્રદ્ધાથી પ્રતિમાને પૂજનીયતરીકે સ્વીકારે છે. કેમકે તેઓ શાસ્ત્રજ્ઞ છે. કેમકે સિદ્ધાંતનું જ્ઞાન અને પ્રતિમાનો વંદનીયઆદિરૂપે પ્રમાણભૂતતરીકે સ્વીકાર (અથવા, સિદ્ધાંતની પ્રમાણતા અને પ્રતિમાનો પૂજનીયતરીકે સ્વીકાર) પરસ્પર નાંતરીયકભાવ(=આ હોય, તો આ હોય જ, આના વિના આ ન જ હોય - એવો ભાવ) ધરાવે છે. શાસ્ત્રના રહસ્યનું જ્ઞાન પ્રતિમાના સ્વીકારમાં પરિણમ્યા વિના રહેતું નથી. તેથી 'જેઓ

*भव्याङ्गिनेत्रामृतम्*-भव्याङ्गिनामासन्नसिद्धिकप्राणिनां नेत्रयो:=नयनयोरमृतं=पीयूषं, सकलनेत्ररोगापनयनात् परमानन्दजननाच्च। **एतेन** एतद्दर्शनाद् येषां नयनयोर्नानन्दस्तेऽभव्या दूरभव्या वेत्यभिव्यज्यते। पुन: कीदृशी ? *प्रमाणीकृता*=प्रमाणत्वेनाभ्युपगता। कै: ? *सिद्धान्तोपनिषद्विचारचतुरै:*-सिद्धान्तानामुपनिषद्=रहस्यं, तद्विचारे ये चतुरास्तै: कया ? प्रीत्या=स्वरसेन, न तु बलाभियोगादिना। **एतेन** सिद्धान्तप्रतिमाप्रामाण्याभ्युपगमयोर्नान्तरीयकत्वात् स्वरसत: प्रतिमाप्रामाण्याभ्युपगन्ता एव शिष्टो नान्य इत्यावेदितं भवति। तदनभ्युपगन्ता च सिद्धान्तानभिज्ञ इति। पुन: कीदृशी ? *स्फूर्तिमती*-स्फूर्ति:=प्रतिक्षणप्रवर्धमानकान्ति:, सन्निहितप्रातिहार्यत्वं वा, तद्वती, **एतेन** तदाराधकानामेव बुद्धिस्फूर्तिर्भवति नान्यस्येति सूच्यते ।

---

સ્વેચ્છાથી પ્રતિમાને પૂજ્યતરીકે પ્રમાણ કરે છે, તેઓ જ શિષ્ટ છે. અને જેઓ પ્રતિમાને પૂજનીયતરીકે પ્રમાણ કરતા નથી, તેઓ વાસ્તવમાં સિદ્ધાંતને સમજતા જ નથી.' તેવો સાર પ્રાપ્ત થાય છે.

(૫) સ્ફૂર્તિમતી... સ્ફુર્ત્તિ=પ્રતિક્ષણ વધતી કાંતિ, અથવા પ્રાતિહાર્યોનું સાંનિધ્ય. (જિનપ્રતિમા પ્રતિક્ષણ વધતી કાંતિવાળી છે અને પ્રાતિહાર્યોના સાંનિધ્યવાળી છે.) આ વિશેષણનો ભાવ એ છે, કે 'જેઓ આ પ્રતિમાની આરાધના કરે છે, તેઓની જ બુદ્ધિ સ્ફુર્તિવાળી બને છે, બીજાઓની નહિ.

## પ્રતિમાલોપકોની મોહપ્રમાદયુક્તતા

(૬) અનાલોકિતા... સાદર=આદર સહિત જોવાયેલી નથી. અહીં માત્ર 'નહિ જોવાયેલી' એવો અર્થ નહીં કરવો, કેમકે પ્રતિમાલોપકો પણ પોતાની આંખથી પ્રતિમાને જોઇ તો શકે જ છે. જે બીજા પદાર્થોને જોઇ શકે તે પ્રતિમાને પણ જોઇ શકે. તેથી 'નહિ જોવાયેલી' એ વિશેષણ ઉપપન્ન થઇ શકે નહિ. તેથી અહીં 'અનવલોકિતા'પદથી 'સાદર નહિ જોવાયેલી' એવો અર્થ કરવો જોઇએ. પ્રતિમાલોપકો પ્રતિમાને આદરપૂર્વક જોતા નથી એ સિદ્ધ જ છે.

**શંકા :-** આમ 'અનાલોકિતા' પદથી 'અવલોકનનો અભાવ' અર્થ છોડી 'સાદર અવલોકનનો અભાવ' એવો અર્થ શી રીતે પ્રાપ્ત કર્યો ?

**સમાધાન :-** 'અર્થાન્તરસંક્રામિતવાચ્યતા' દ્વારા 'સાદર અવલોકનનો અભાવ' અર્થ પ્રાપ્ત થાય છે. અહીં 'અનાલોકિતા' પદનો મુખ્યાર્થ 'અવલોકનનો અભાવ' ઘટી શકતો નથી. તેથી મુખ્યાર્થને 'સાદર અવલોકનનો અભાવ' અર્થમાં સંક્રામિત કર્યો. આ પ્રમાણે અર્થાંતરમાં સંક્રામણ શિષ્ટપુરુષોને સંમત જ છે. અસ્તુ ! પ્રતિમાલોપકો મોહ અને પ્રમાદમાં ડુબેલા હોવાથી પ્રતિમાના સાદર દર્શન કરી શકતા નથી.

## પ્રમાદની મોહભિન્નતા

**શંકા :-** મોહના ગ્રહણમાં પ્રમાદનું ગ્રહણ થઇ જાય છે. કેમકે 'પ્રમાદ' એ મોહનું જ એક સ્વરૂપ છે. તેથી મોહથી ભિન્નરૂપે પ્રમાદનો ઉલ્લેખ કરવામાં આધિક્યદોષ છે. કરોડપતિમાં ગણના પામેલો ફરીથી લખપતિમાં ગણાવા યોગ્ય નથી.

**સમાધાન :-** તમારી આ વાત સાચી તો બનત, જો પ્રમાદ માત્ર મોહરૂપ જ હોત. પણ પ્રમાદ મોહનું જ એકસ્વરૂપ છે એ વાત સિદ્ધ નથી. કેમકે પ્રમાદમાં જેમ મોહનો અંશ છે, તેમ બીજા અંશો પણ છે. શાસ્ત્રમાં અનાભોગ અને વિસ્મૃતિ વગેરેનો પણ [①]પ્રમાદમાં સમાવેશ કરેલો છે. આ અનાભોગ તથા સ્મૃતિભ્રંશ મોહરૂપ નથી, પણ એક પ્રકારના જ્ઞાનાવરણીયકર્મના ઉદયરૂપ છે.

---

① પ્રમાદ → (૧) રાગ (૨) દ્વેષ (૩) અજ્ઞાન (૪) સંશય (૫) વિપર્યય (૬) સ્મૃતિભ્રંશ (૭) ધર્મ અનાદર અને (૮) યોગદુષ્પ્રણિધાન. અન્યત્ર (૧) વિષય (૨) કષાય (૩) નિદ્રા (૪) વિકથા (૫) મદ્ય. આ પાંચ પ્રકારે પ્રમાદ બતાવ્યો છે.

पुनः कीदृशी ? *अनालोकिता*=सादरमवीक्षितेत्यर्थः। अनालोकितपदस्य सादरमनालोकितत्वेऽर्थान्तर-सङ्क्रामितवाच्यत्वादन्यथा चक्षुष्मतः पुरःस्थितवस्तुनोऽनालोकितत्वानुपपत्तेः। कैः? *विस्फुरन्मोहोन्मादघनप्रमाद-मदिरामत्तैः*। विस्फुरन्=विविधं परिणमन् यो मोहोन्मादो घनप्रमादश्च, तावेव ये मदिरे ताभ्यां ये मत्तास्तैः। **न च** प्रमादस्य मोहेनैव गतार्थत्वादाधिक्यम्, **अनाभोग**मतिभ्रंशादिरूपस्य तस्य ग्रहणात्। **न च**ान्वयपरिसमाप्तौ अस्य विशेषणस्योपादानात् समाप्तपुनरात्तत्वदोषदुष्टत्वमत्रेति[①] शङ्कनीयम्, **सर्वोत्कृष्ट**त्वेन सर्वादरणीयत्वे लब्धे यदि

---

આમ પ્રમાદ મોહ કરતાં કંઇક વિશેષરૂપ છે. તેથી તેનો મોહથી અલગરૂપે ઉલ્લેખ આધિક્યદોષથી દુષ્ટ નથી.

## સમાસપુનરાત્તત્વ ચર્ચા

**શંકા :-** કાવ્યમાં 'મૂર્તિ'પદ વિશેષ્ય છે. અને 'વિજયતે'પદ ક્રિયાપદ છે. 'મૂર્તિ'પદનો 'ઐન્દ્રશ્રેણિનતા' વગેરે વિશેષણોસાથે અન્વય થયા બાદ 'વિજયતે' ક્રિયાપદસાથે અન્વય થવાથી અન્વયપરિસમાપ્તિ થાય છે અને શાબ્દબોધ પ્રાપ્ત થાય છે. હવે 'અનાલોકિતા' વિશેષણસાથે અન્વય કરવા 'મૂર્તિ'રૂપ વિશેષ્યપદનું ફરીથી ઉપાદાન કરવામાં 'સમાપ્તપુનરાત્તત્વ'[②] નામનો કાવ્યદોષ લાગુ પડશે.

**સમાધાન :-** તમારી વાત ગલત છે. જ્યાં સુધી આશંકાનું નિવારણ ન થાય, ત્યાં સુધી આકાંક્ષા શાંત થતી નથી. પ્રસ્તુત કાવ્યમાં 'અનાલોકિતા' વિશેષણસાથે વિશેષ્યનો અન્વય ન થાય, ત્યાં સુધી આશંકાનું નિવારણ થતું નથી. તેથી આકાંક્ષા ઊભી રહે છે.

**પ્રશ્ન :-** 'અનાલોકિતા' પદ સાથે અન્વય ન થાય ત્યાં સુધી કઇ આશંકા રહે છે ?

**ઉત્તર :-** આશંકા એ રહે છે કે પ્રતિમા જો સર્વોત્કૃષ્ટ હોવાથી બધાને આદરણીય હોય, તો પ્રતિમાલોપકો કેમ પ્રતિમાનો આદર કરતા નથી ?

**પ્રશ્ન :-** 'અનાલોકિતા' પદસાથે અન્વય કરવાથી શું આ આશંકાનું નિવારણ થઇ શકશે ?

**ઉત્તર :-** હા, 'મોહના ઉન્માદવાળા અને પ્રચુર પ્રમાદમાં પડેલા પ્રતિમાલોપકોથી અવલોકન નહિ કરાયેલી' એ પ્રમાણેના વિશેષણપદસાથે 'મૂર્તિ'રૂપ વિશેષ્યપદનો સંબંધ થવાથી ઉપરોક્ત આશંકાનું નિવારણ થાય છે. પ્રતિમાલોપકો પ્રતિમાનો આદર ન કરે તેમાં કશું અજુગતું નથી. કેમકે તે પ્રતિમાલોપકો મોહમૂઢ અને પ્રમાદી હોવાથી પ્રેક્ષાવાન્=શિષ્ટ નથી. તેથી તેઓ પ્રતિમાનો અનાદર કરે છે. પણ તેટલામાત્રથી પ્રતિમાના સર્વોત્કૃષ્ટપણામાં જરા પણ હાનિ આવતી નથી ઇત્યાદિ અર્થ પ્રાપ્ત થતો હોવાથી 'પ્રતિમા સર્વોત્કૃષ્ટ હોય તો પ્રતિમાલોપકો કેમ પ્રતિમાનો આદર કરતા નથી ?' એ આશંકાનું નિવારણ થાય છે. અને એ નિવારણમાં કારણ બનતું હોવાથી 'અનાલોકિતા' પદ સાથેના અન્વયમાં સમાપ્તપુનરાત્તત્વ દોષ નથી.

**શંકા :-** તો પછી 'સમાપ્તપુનરાત્તત્વ' દોષ ક્યાં લાગે ?

**સમાધાન :-** જે વિશેષણ વિશેષ્યના પ્રસ્તુત અર્થનું ઉપપાદક ન હોય – અર્થાત્ વિશેષ્યના પ્રસ્તુતઅર્થને

---

① **क्रियान्वयेन शान्ताकाङ्क्षस्य विशेष्यवाचकपदस्य विशेषणान्तरान्वयार्थं पुनरनुसन्धानम्। नियताकाङ्क्षारहितान्वयबोधोत्तरं विशेष्यवाचकपदस्य पुनरनुसन्धानमिति समुदितार्थः। -मुक्तावली रामरूद्रीटीकायाम्।**

② વાક્યઆદિના શાબ્દબોધમાં કેટલીક નિયત આકાંક્ષાઓ માનેલી છે. દા.ત. વિશેષણપદ અને વિશેષ્યપદને પરસ્પર આકાંક્ષા છે. ક્રિયાપદને કારકપદ સાથે નિયત આકાંક્ષા છે. જ્યારે આ નિયત આકાંક્ષાવાળા પદોનો અન્વય થાય છે ત્યારે આકાંક્ષા શાંત થાય છે. આવી નિયત આકાંક્ષાઓ પૂરી થઇ ગયા બાદ વાક્યનો અન્વયબોધ થાય છે. એક વખત આ રીતે અન્વયબોધ થયા પછી કો'ક વિશેષણ સાથે બોધના અનુસંધાનમાટે ફરીથી વિશેષ્યપદની આકાંક્ષા ઊભી કરવામાં સમાપ્તપુનરાત્તત્વદોષ લાગે છે – એવો એક મત છે.

सर्वैरादिरियते, कथं न लुम्पाकैः? इत्याशङ्कानिवारणायैतद्विशेषणम्। ते हि मोहप्रमादोन्मत्ता इति तदनादरेऽपि न सर्वप्रेक्षावदादरणीयत्वक्षतिरित्युक्तदोषाभावात्, प्रकृतानुपपादकविशेषणस्य पुनरुपादाने एव तद्दोषव्यवस्थितेः, अत एव *'दीधिति'(तमधि पाठा.) चिन्तामणिं(णि पाठा.) तनुते तार्किकशिरोमणिः श्रीमान्'* इत्यत्र *'श्रीमत्त्व-विशेषणे न समाप्तपुनरात्तत्वं, श्रीः=विस्तरानुगुणज्ञानसमृद्धिरित्यस्य प्रकृतोपपादकत्वाद्'* इति समाहितं **तार्किकैः**। 'या सा' इत्यध्याहृत्य वाक्यं यैर्यैः साऽवीक्षिता ते मन्दभाग्या इति ध्वनितात्पर्ये तु नानुपपत्तिलेशोऽपीति ध्येयमिति ॥ १ ॥ एवमाद्यपद्ये प्रतिमाया निखिलप्रेक्षावदादरणीयत्वमुक्तम्। अथ तदनादरकारिणो नामादिनिक्षेपत्रयस्य भावनिक्षेपतुल्यताव्यवस्थापनद्वारेणाऽऽक्षिपन्नाह–

---

પુષ્ટ અને યુક્તિસંગત ન બનાવતું હોય તથા આશંકાના નિવારણમાં સમર્થ બનતું ન હોય, તેવા વિશેષણસાથે અન્વય કરવા વિશેષ્યપદનું ફરીથી ઉપાદાન કરવામાં આ દોષ લાગે છે. તેથી જ **ગંગેશ ઉપાધ્યાયે** રચેલા **તત્ત્વચિંતામણિ** નામના ગ્રંથપર **'દીધિતિ'** નામક ટીકા રચનાર **રઘુનાથ શિરોમણિએ** પોતાની **ટીકામાં** *'દીધિતિ ચિંતામણિને (અથવા ચિંતામણિપર દીધિતિ) તાર્કિકશિરોમણિ શ્રીમાન રચે છે.'* એવા અર્થવાળું લખાણ કર્યું છે. ત્યાં *'શ્રીમત્' વિશેષણનું ઉપાદાન કરવામાં સમાપ્તપુનરાત્તત્વ દોષ નથી* તેમ **તાર્કિકો** કહે છે. ત્યાં *'શ્રી=મૂળગ્રંથનો વિસ્તાર કરવામાં સમર્થ જ્ઞાનસમૃદ્ધિ'* એવો અર્થ કરીને સમાપ્તપુનરાત્તત્વ દોષને તેઓએ દૂર કર્યો છે.[①]

**ટીકાકાર** બીજી રીતે સમાધાન આપે છે- આ વાક્યમાં 'જે અને તે' નો અધ્યાહાર કરવો. અર્થાત્ બે વાક્ય બનાવવા. પ્રથમ વાક્યનો અન્વય 'સ્ફૂર્તિમતી' વિશેષણ પછી પૂર્ણ કરવો. બીજા વાક્યમાં 'સા' ('તે પ્રતિમા') નો અધ્યાહાર કરવો. તથા 'યૈઃ' (જેઓ વડે) પદનો પણ અધ્યાહાર કરવો. તેથી વિસ્ફુરતા મોહોન્માદ અને ઘનપ્રમાદરૂપી મદિરાથી મત્ત બનેલા જેઓવડે (તે પ્રતિમા) સાદર જોવાઇ નથી. 'તેઓ કેવા છે ?' એ આશંકા ટાળવા 'તેઓ

---

① આ ચર્ચાથી ફલિત થતી મહત્ત્વની વાતો - (A) જિનપ્રતિમા સર્વોત્કૃષ્ટ છે. તેથી સુજ્ઞ પુરુષોને આદરણીય છે. અથવા જિનપ્રતિમા સુજ્ઞપુરુષોને આદરણીય હોવાથી સર્વોત્કૃષ્ટ છે. (B) જેઓ મોહ અને પ્રમાદમાં પડ્યા છે, તેઓ જ પ્રતિમાનો આદર કરતા નથી. અર્થાત્ બીજી વાતે અપ્રમત્ત અને પોતાને અમોહી માનનારાઓ પણ જો પ્રતિમાનો આદર કરતા ન હોય, તો વાસ્તવમાં તેઓ મહામોહ, ગાઢમિથ્યાત્વ અને પ્રબળ પ્રમાદથી પીડાય છે. (C) જેઓ જિનપ્રતિમાપ્રત્યે આદરભાવ ધરાવે છે, તેઓનો (૧) મોહ મંદ પડ્યો છે (૨) તેઓમાં મિથ્યાત્વનો અભાવ છે અથવા મંદ મિથ્યાત્વ છે. (૩) તેઓનો પ્રમાદ ઘટ્યો છે. (૪) તેઓ ચરમાવર્તમાં આવી ગયા છે (૫) અપુનર્બંધકદશાને પામી ચૂક્યા છે (૬) તેઓને યોગબીજો પ્રાપ્ત થઇ ગયા છે. (૭) તેઓના સહજમળનો હ્રાસ થયો છે. તેથી (૮) તેઓની કર્મસાથેના સંબંધની યોગ્યતામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. (૯) તેઓના પાપ સાનુબંધ નથી પણ પુણ્ય સાનુબંધ છે. (૧૦) તેઓ ઉત્તરોત્તર વિશિષ્ટ ગુણસ્થાન, અધ્યવસાય અને ધર્મસામગ્રીના સ્વામી બને છે. (૧૧) તેઓને યોગીકુળમાં જન્મ સુલભ બને છે. બોધિ સુલભ થાય છે, ભવ બદલાવા છતાં સાધનાનો દોર અખંડિત રહે છે. (૧૨) તેઓના તથાભવ્યત્વ અને ભવસ્થિતિનો પરિપાક નજીક છે. તથા સ્વરૂપની પ્રાપ્તિ સમીપે છે. (D) પ્રેક્ષાવાન્ શિષ્ટ પુરુષો દરેકે દરેક શબ્દ તોળી તોળીને બોલતાં હોય છે. અસંગત, અસંબદ્ધ કે નિષ્ફળ શબ્દ કે વિશેષણોનો પ્રયોગ તેઓ કરતાં નથી. અન્યથા તેઓની વિશિષ્ટતામાં ખામી આવી જાય. **ઉપમિતિની પીઠિકામાં** પણ આ વાતનું સમર્થન કર્યું છે. તેઓના વચનોમાંથી નવનીત તારવવાની કળા આપણીપાસે હોવી જોઇએ. જેઓ પ્રેક્ષાવાન્ નથી, તેઓના વચનો પ્રાયઃ અસંગત કે નિષ્ફળ હોય છે, કદાચ દેખાવમાં સંગત કે સફળ દેખાય તો પણ.

ભરવાડ આગળ એક ભાઇ બીજી વ્યક્તિના ક્ષમાવગેરે ગુણોનું વિસ્તારથી વર્ણન કરતા હતાં. ભરવાડે પૂછ્યું-'બીજુ બધું તો ઠીક છે, પણ તેની પાસે ભેંસ કેટલી છે ?' આ પ્રશ્નથી વિસ્મય પામેલા પેલાએ કહ્યું- તેની પાસે ભેંસ તો એક પણ નથી. પરંતુ હું તો તેના ગુણો... ભરવાડ વચ્ચે જ બોલી ઊઠ્યો-'જો તેની પાસે ભેંસ નથી. તો તે સાવ નકામો છે.' અને ચાલતો થયો. ભરવાડને કોણ સમજાવી શકે કે ભેંસ અને ગુણને કોઇ સંબંધ નથી. ગુણની વાત હોય ત્યાં ભેંસની વાત અસંબદ્ધ છે. બસ અશિષ્ટ પુરુષોની હાલત આ ભરવાડ જેવી હોય છે.

**नामादित्रयमेव भावभगवत्ताद्रूप्यधीकारणं**
**शास्त्रात् स्वानुभवाच्च शुद्धहृदयैरिष्टं च दृष्टं मुहुः ।**
**तेनार्हत्प्रतिमामनादृतवतां भावं पुरस्कुर्वता-**
**मन्धानामिव दर्पणे निजमुखालोकार्थिनां का मतिः? ॥ २ ॥**

(**दंडान्वयः→** नामादित्रयमेव भावभगवत्ताद्रूप्यधीकारणं शास्त्रात् स्वानुभवाच्च शुद्धहृदयैर्मुहुः इष्टं दृष्टं च। तेनार्हत्प्रतिमामनादृतवतां भावं पुरस्कुर्वतां दर्पणे निजमुखालोकार्थिनामन्धानामिव का मतिः?(न काचिदित्यर्थः) ॥)

'नामादित्रयम्'इत्यादि। *नामादित्रयमेव*-नामादिपदस्य नामादिनिक्षेपपरत्वात्, **कृदभिहितन्यायाद्**[①] निक्षिप्यमाणं नामादित्रयमेवेत्यर्थः। *भावभगवतः*=निक्षिप्यमाणभावार्हतः *ताद्रूप्यधियः*=अभेदबुद्धेः कारणम्। *शास्त्राद्*=आगमप्रमाणात् *स्वानुभवाच्च*=स्वप्रातिभप्रमाणाच्च, *मुहुः*=वारंवारम्, *इष्टं दृष्टं च*=शास्त्रादिष्टमनुभवाच्च

---

મન્દભાગ્યવાળા છે.' એવો ધ્વનિતાર્થઃ=ભાવાર્થ અધ્યાહારથી સમજવો. આ પ્રમાણે કરવાથી કોઇ પ્રકારની અનુપપત્તિ રહેતી નથી.[②] ॥ ૧ ॥

## ચાર નિક્ષેપાની તુલ્યતા

આમ પહેલા પદ્યમાં 'પ્રતિમા બધા વિચારવાન્ પુરુષોને આદરણીય છે' એમ દર્શાવ્યું. હવે 'નામ-સ્થાપના-દ્રવ્ય નિક્ષેપાઓ ભાવનિક્ષેપાને તુલ્ય જ છે' એમ દર્શાવવા દ્વારા પ્રતિમાનો અનાદર કરનારાઓપર આક્ષેપ કરતાં કવિ કહે છે—

**કાવ્યાર્થ :-** 'નામવગેરે ત્રણ નિક્ષેપા ભાવભગવાન્ સાથે તાદ્રૂપ્યબુદ્ધિ થવામાં કારણ બને છે.' આ વાત **શુદ્ધહૃદયવાળાઓને** વારંવાર આગમપ્રમાણથી ઇષ્ટ છે અને પોતાના અનુભવ=પ્રાતિભજ્ઞાનથી દૃષ્ટ છે. તેથી જેઓ **સ્થાપનારૂપ** જિનપ્રતિમાનો અનાદર કરે છે અને માત્ર ભાવનિક્ષેપાને જ આગળ કરે છે. દર્પણમાં મુખ જોવા ઇચ્છતા **અંધપુરુષ** જેવા તેઓમાં જરા પણ બુદ્ધિ છે ખરી ? અર્થાત્ જરા પણ બુદ્ધિ નથી.

## તત્ત્વપ્રાપ્તિના ઉપાય

'નામઆદિત્રણ' આ પદ નામાદિ નિક્ષેપા સૂચક છે. અહીં નિ+ક્ષિપ્ ધાતુને કૃત્પ્રત્યય 'અ' લાગવાથી

---

① 'कृदभिहितो भावो द्रव्यवत् प्रकाशते' [सिद्धहेमशब्दा॰ ३/२/३ बृहद्वृत्ति] इति सम्पूर्णन्यायः।

② આ કાવ્યમાં કવિએ પ્રતિમાના ૭ વિશેષણ બતાવ્યા. તેમાં જિનપ્રતિમાને સાક્ષાત્ જિનેશ્વર સમજી ત્રણલોકના નાથતરીકે જોવી. ૧લું વિશેષણ પૂજ્યતાસ્થાપક છે. ૨જું વિશેષણ પ્રતિમાનો પ્રતાપ અને વિરોધીઓનો પરાઘાત કરવામાં પ્રતિમાનું સામર્થ્ય બતાવે છે. અર્થાત્ પ્રતિમાનો ભીમગુણ દર્શાવે છે. ત્રીજું વિશેષણ પ્રતિમાપ્રત્યે આદરભાવ રાખનારાઓપ્રત્યે પ્રતિમાનો કાંતગુણ બતાવે છે. ચોથું વિશેષણ ભીમકાંતગુણવાળા રાજાની જેમ ભીમકાંતગુણવાળી પ્રતિમા પણ શિષ્ટ માન્ય છે તેમ સૂચવે છે. પાંચમું વિશેષણ રાજાની જેમ પ્રતિમા પણ પ્રાતિહાર્યયુક્ત છે તેમ દર્શાવે છે. છટ્ઠું વિશેષણ રાજા જેમ અનાડીઓમાટે અદર્શનીય છે, તેમ પ્રતિમા પણ અયોગ્યોથી જોવાતી નથી તેમ નિવેદન કરે છે. સાતમું વિશેષણ આ બધી વિશિષ્ટતા માત્ર જિનેશ્વરની જ પ્રતિમા ધરાવે છે - તેમ દર્શાવે છે. આમ સાતમું વિશેષણ અન્યયોગવ્યવચ્છેદરૂપ છે.

તેમાં બીજું ત્રીજું અને સાતમું વિશેષણ પરસંબંધી ગુણદર્શક છે. બાકીના વિશેષણો સ્વસંબંધી ગુણદર્શક છે. તથા પ્રથમ વિશેષણ પૂજાતિશયસૂચક છે. ઇત્યાદિદ્વારા ફલિત થાય છે કે ભાવ નિક્ષેપાના ભગવાનની જેમ સ્થાપનાનિક્ષેપાના ભગવાનમાં ચાર અતિશયઆદિની કલ્પના કરી શકાય. તેથી જો જોતા આવડે તો પ્રતિમા પણ પરમાત્મસ્વરૂપ જ ભાસે.

दृष्टमित्यर्थः। मुहुरिष्ट्या मननं मुहुर्दृष्ट्या च ध्यानमुपनिबद्धं, तेन तत्त्वप्रतिपत्त्युपायसामग्र्यमावेदितम्। तदाह **योगाचार्य**वचनानुवादी **हरिभद्रसूरिः**→ *'आगमेनानुमानेन, ध्याना*[1]*भ्याससरसेन च। त्रिधा प्रकल्पयन् प्रज्ञां, लभते तत्त्व*[2]*मुत्तमम्'*॥ [योगदृष्टिसमु.१०१] इति। तेन भावनिक्षेपाध्यात्मोपनायकत्वेन नामादिनिक्षेपत्रयस्याऽर्हत्प्रतिमां स्थापनानिक्षेपस्वरूपत्वेनाऽनादृतवतां *भावं*=भावनिक्षेपं *पुरस्कुर्वतां*=वाङ्मात्रेण प्रमाणयतां दर्पणे निजमुखालोकार्थिनामन्धानामिव का मतिः? न काचिदित्यर्थः, निक्षेपत्रयाऽनादरे भावोल्लासस्यैव कर्तुमशक्यत्वात्। शास्त्र इव नामादित्रये हृदयस्थिते सति भगवान् पुर इव परिस्फुरति हृदयमिवानुप्रविशति, मधुरालापमिवानुवदति, सर्वाङ्गीणमिवाऽनुभवति तन्मयीभावमिवापद्यते। तेन च सर्वकल्याणसिद्धिः। **तदाह →**

---

'નિક્ષેપ' કૃદંત બન્યું છે. **'કૃદભિહિત' ન્યાયથી** (ધાતુને ઘગ્ વગેરે કૃત્પ્રત્યયો લાગે ત્યારે સત્ત્વભાવ પામે છે. તેથી ક્રિયાપદના બદલે નામ બને છે અને વિશેષણ થાય છે. 'કૃત્' (પ્રત્યયથી) કહેવાયેલો ભાવ દ્રવ્યની જેમ પ્રકાશે છે – આ શબ્દાર્થ છે.) કૃદંતપદ વિશેષણરૂપ બને છે. તેથી 'નામાદિનિક્ષેપ'નો અર્થ 'નિક્ષેપ કરાતા નામવગેરે' એવો કરવો. નિક્ષેપ કરાતા ભાવ તીર્થંકરસાથે આ નામવગેરે ત્રણ અભેદબુદ્ધિનું કારણ બને છે. અર્થાત્ ભાવજિનના અભેદધ્યાનમાં ભાવજિનના નામાદિ ત્રણ આલંબનભૂત છે. આ પ્રમાણે શાસ્ત્રવચન છે. તેથી શિષ્ટપુરુષો આ વાતને વારંવાર ઇષ્ટ તરીકે સ્વીકારે છે અને તેઓને વારંવાર સ્વપ્રાતિભજ્ઞાનથી તેવા અનુભવરૂપે આ વાત દૃષ્ટ પણ છે. આમ નામઆદિ ત્રણ નિક્ષેપા ભાવજિનસાથેની અભેદબુદ્ધિનું કારણ બને છે એ વાત આગમરૂપ હોઇ ઇષ્ટ છે અને અનુભવસિદ્ધ હોઇ દૃષ્ટ છે. આ પ્રમાણે વારંવાર ઇષ્ટ તરીકે મનન કરવાથી અને અનુભવદૃષ્ટિ દ્વારા ધ્યાન ધરવાથી તત્ત્વની પ્રાપ્તિ થાય છે. અર્થાત્ આ પ્રમાણેનું મનન અને ધ્યાન તત્ત્વપ્રાપ્તિની ઉપાયસામગ્રી બને છે. (શાસ્ત્રના પદાર્થોનું જ્ઞાન કર્યા પછી તે પદાર્થોનું મનન કરવું જોઇએ અને 'મને સંમત છે' 'મને માન્ય છે' 'મારેમાટે આ જ યોગ્ય છે' ઇત્યાદિરૂપે ચિંતવન કરવું. આમ કરવાથી એ પદાર્થોપ્રત્યે પૂરેપૂરી શ્રદ્ધા ઉત્પન્ન થવાથી જ્ઞાન આત્મપરિણતિરૂપ બને છે. પછી શાસ્ત્રમાં પદાર્થો જે રૂપે નિરૂપ્યા છે, તે જ રૂપે અનુભવ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. વારંવારના અભ્યાસથી એ પ્રમાણે જ અનુભવ થાય છે. આ વારંવારના અનુભવ ધ્યાનની સામગ્રી બને છે. તે પછી શાસ્ત્રમાં કહેલા પદાર્થોનું ધ્યાન સુલભ થવાથી જ્ઞાન તત્ત્વસંવેદનરૂપ બને છે. આમ શ્રુતજ્ઞાનપર મનનરૂપ ચિંતાજ્ઞાન અને તેનાપર વિશિષ્ટ અનુભવાદિથી રચાયેલું તાત્પર્યબોધરૂપ ભાવનાજ્ઞાન તત્ત્વને પ્રાપ્ત કરાવી આપે છે. તત્ત્વનો સ્વાનુભવ થાય છે અને તત્ત્વરમણતાના પરમાનંદની પ્રાપ્તિ થાય છે.) **યોગાચાર્ય(પતંજલિ)ના** વચનને અનુસરતા **પ.પૂ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ યોગદૃષ્ટિ સમુચ્ચય** નામના ગ્રંથમાં કહ્યું છે કે *'આગમ(=આપ્તવચન)થી, અનુમાનથી તથા વારંવાર અનુશીલનરૂપ ધ્યાનાભ્યાસના રસથી–આ ત્રણ પ્રકારથી પ્રજ્ઞાનો વ્યાપાર કરવાથી ઉત્તમતત્ત્વની પ્રાપ્તિ થાય છે.'* (**યોગદૃષ્ટિસમુ.માં** 'ધ્યાન' ને બદલે 'યોગ' પદ છે. **યોગબિંદુમાં** 'ધ્યાન' પદ છે. પરંતુ 'તત્ત્વ' ને બદલે 'યોગ' પદ છે.)

પ્રસ્તુતમાં પણ **ટીકાકાર** કહેવા માંગે છે કે 'જિનના નામાદિ ત્રણ નિક્ષેપા ભાવજિનસાથેના અભેદભાવમાં આલંબન હોવાથી ભાવની જેમ પૂજ્ય છે.' એવા શાસ્ત્રવચનનું અમે વારંવાર ઇષ્ટ તરીકે મનન કર્યું છે. તથા અમને વારંવાર તે જ પ્રમાણે અનુભવ પણ થયો છે. તેથી અમને એવું તત્ત્વ પ્રાપ્ત થયું છે કે નામઆદિ ત્રણે ય નિક્ષેપા ભાવનિક્ષેપરૂપ જે અધ્યાત્મ છે, અથવા ભાવનિક્ષેપભૂત સાક્ષાત્ જિનના સાંનિધ્યથી જે અધ્યાત્મ=શુભ ભાવ પ્રગટે છે, તેના ઉપનાયક=તેને લાવનારા-પ્રગટ કરનારા છે. તેથી આ ત્રણે નિક્ષેપા ભાવતુલ્ય છે. ભાવજિનના નામશ્રવણથી, ભાવજિનની સ્થાપનાના દર્શનથી અને ભાવજિનના દ્રવ્યના પરિચયથી જે રોમાંચ પ્રગટે છે અને જે ભાવોલ્લાસ હિલોળે ચડે છે, તેનું વર્ણન કરવાની શક્તિ અમારી નથી. ખરેખર ! જો નામઆદિ ત્રણ નિક્ષેપાપ્રત્યે

---

[1] योगदृष्टौ योगाभ्याससरसेनेति पाठः। [2] योगबिन्दौ योगमुत्तममिति पाठः।

*'अस्मिन् हृदयस्थे सति हृदयस्थस्तत्त्वतो मुनीन्द्र इति। हृदयस्थिते च तस्मिन् नियमात् सर्वार्थसंसिद्धिः'॥ १॥*
*'चिन्तामणिः परोऽसौ, तेनेयं भवति समरसापत्तिः। सैवेह योगिमाता निर्वाणफलप्रदा प्रोक्ता'॥ २॥*

[षोडशक २/१४-१५] इति।

तत् कथं निक्षेपत्रयादरं विना भावनिक्षेपादरो भावोल्लासस्य तदधीनत्वात्? न च नैसर्गिक एव भावोल्लासं इत्येकान्तोऽस्ति जैनमते, तथा सति सर्वव्यवहारोच्छेदप्रसङ्गादिति स्मर्तव्यम्। अत्र निरूक्तविशेषणविशिष्टेषु

---

આદરભાવ ન આવે, તો ભાવોલ્લાસ ઉત્પન્ન જ થઇ શકે નહિ. તેથી નામાદિ ત્રણનો અનાદર કરનારાઓ જો 'અમે તો માત્ર ભાવને જ માનીએ છીએ. ભાવનિક્ષેપો જ શુદ્ધ છે' ઇત્યાદિ કહીને માત્ર ભાવનિક્ષેપાને સ્વીકારે છે, તો તેઓનો આ સ્વીકાર માત્ર વચનથી છે હૃદયથી નથી. આવાઓ અરિસામાં પોતાનું મોં જોવા ઇચ્છતા આંધળા જેવા છે. મોંનું પ્રતિબિંબ અરિસામાં ભલે પડે, પણ તે જોવામાટે તો આંખરૂપી સાધન જોઇએ. એમ હૃદયમાં ભાવ તો ભાવનિક્ષેપાના અરિહંતના કારણે જ પ્રગટે છે. પણ તે નામઆદિ ત્રણ નિક્ષેપારૂપ સાધનો હોય તો જ પ્રગટે. તેથી અરિસામાં નિજમુખદર્શનલોભી આંધળો જેમ બુદ્ધિહીન છે, તેમ નામઆદિ ત્રણ વિના સીધા જ ભાવને માનવા જનારો બુદ્ધિહીન છે.

## પરમાત્મા સાથે તન્મય થવાનો ક્રમ

**પ.પૂ. હરિભદ્રસૂરિ મહારાજે ષોડશકગ્રંથમાં** કહ્યું છે → *'આ (શાસ્ત્ર) હૃદયમાં રહેવાથી પરમાર્થથી તો મુનીન્દ્ર(=પરમાત્મા) જ હૃદયમાં બિરાજે છે. અને પરમાત્મા જો હૃદયમાં બિરાજમાન થાય તો અવશ્ય સર્વપ્રયોજનની સિદ્ધિ થાય છે.' ॥૧॥ '(કેમકે) ભગવાન શ્રેષ્ઠ કોટિના ચિંતામણિરત્ન છે. (તેથી આગમના બહુમાન દ્વારા) તે ભગવાનની સાથે સમત્વ①ની આપત્તિ થાય છે. આ સમત્વની પ્રાપ્તિ યોગીઓની માતા છે અને નિર્વાણફળને દેનારી બને છે.'॥૨॥*

આ પ્રમાણે શાસ્ત્રઅંગે જે વાત કરી છે, તેજ પ્રમાણે નામઆદિ ત્રણઅંગે પણ સમજવાનું છે. પરમાત્માના નામવગેરે ત્રણ હૃદયમાં રહે છે-રમે છે-તે રૂપે પરમાત્મા હૃદયસ્થ થાય, ત્યારે ભાવભગવાન જાણે સાક્ષાત્ સામે હાજર ન હોય, તેવો અનુભવ થાય છે. આ અનુભવ આગળ વધતા - સામે દેખાતા ભગવાન જાણે કે હૃદયસિંહાસનપર બિરાજવા પ્રવેશતા ન હોય તેવી ઝાંખી થાય છે. તે પછી આગળ વધતા પ્રેમે હૃદયસિંહાસનપર પધારેલા પરમાત્માસાથે સ્નેહની સુગમ સરવાણીથી મધુર આલાપનું જાણે કે મનોરમ્ય ગુંજન ચાલતું ન હોય તેવો ભાસ થાય છે. એ ગુંજનની મધુરતા એટલી આહ્લાદક હોય છે કે આલાપ=મીઠી વાતચીતની સમાપ્તિ થયા બાદ પણ તેનો સૂક્ષ્મ ઝંકાર દિલ અને મગજમાં રેલાયા જ કરે છે. પછી તો જાણે કે પરમાત્મા સતત હૃદયપટપર ઉપસી આવે છે અને જાણે કે આખા શરીરમાં આવતા લોહીના પ્રત્યેક બુંદમાં પરમાત્મા ભળી જતાં ન હોય તેવા અકલ્પ્ય અનુભવો થાય છે. પછી હૃદયના ધબકારાથી સમગ્ર શરીરમાં પાછા ફેંકાતા લોહીના માધ્યમથી પરમાત્મા પણ સમગ્ર શરીરવ્યાપી બની ગયા ન હોય, શરીરના પ્રત્યેક રુંવાડે પરમાત્માનો જાણે કે વાસ થયો ન હોય અને જાણે કે સમગ્ર શરીરને વ્યાપીને પરમાત્મા ફેલાઇ ગયા ન હોય તેવા દિવ્ય સાક્ષાત્કાર થાય છે. જ્યારે આ અનુભવોથી ઉલ્લાસની માત્રા એકદમ વધી જાય છે અને પરાકાષ્ઠાએ પહોંચે છે, ત્યારે શરીર સાથે ક્ષીરનીરની પેઠે હળી ગયેલા આત્મપ્રદેશો પરમાત્મામય બને છે અને પ્રત્યેક આત્મપ્રદેશ જાણે કે પરમાત્મારૂપ ભાસવા માંડે છે. તે વખતે 'હું જ પરમાત્મરૂપ છું' એવી અપૂર્વઆનંદમય અવર્ણનીય

---

① સમત્વાપત્તિ → બાહ્યાલંબનથી ભગવાન સંબંધી મનનું ધ્યાન અથવા તેના ફળરૂપ સમત્વની પ્રાપ્તિ. યોગી=સમ્યક્ત્વ વગેરે ગુણવાળાઓ.

लुम्पाकेषु निरूक्तविशेषणविशिष्टान्धरूपोत्प्रेक्षा कल्पितोपमानमादायोपमा वेति यथौचित्येन योजनीयं तत्तद-लङ्कारग्रन्थनिपुणैः। **स्यादेतत्**, भावार्हद्दर्शनं यथा भव्यानां स्वगतफलं प्रत्यव्यभिचारि, तथा न निक्षेपत्रयप्रतिपत्ति-रिति तदनादर इति। **मैवम्**, स्वगतफले स्वव्यतिरिक्तभावनिक्षेपस्याप्यव्यभिचारित्वाभावात् । **न हि** भावार्हन्तं दृष्ट्वाऽभव्या दूरभव्या वा प्रतिबुध्यन्त इति, स्वगतभावोल्लासनिमित्तभावस्तु निक्षेपचतुष्टयेऽपि तुल्य इति । **एतेन**

---

અનુભૂતિ થાય છે. તે વખતે 'પરમાત્મા જ હું છું' અને 'હું જ પરમાત્મા છું' એવો પરમાત્માસાથેનો અભેદપ્રણિધાનયોગ પ્રાપ્ત થાય છે. પછી અંદર અને બહાર સર્વત્ર માત્ર પરમાત્મા જ દેખાય છે. આવા પ્રકારના ઉત્કૃષ્ટકક્ષાના ભાવોલ્લાસથી પ્રગટેલા આ આત્મિકસંવેદનથી જ સર્વકલ્યાણની પ્રાપ્તિ થાય છે. આ પ્રમાણે પરમાત્માસાથેના અભેદપ્રણિધાનનો ક્રમ બતાવ્યો. (આ અભેદપ્રણિધાનની પ્રક્રિયા અઘરી નથી. માત્ર દૃષ્ટિ બદલવાની જરૂર છે. કેમકે સંસારરસિક જીવ પણ આવી અભેદ પ્રણિધાનની પ્રક્રિયા અનુભવે જ છે. નામ, ચિત્ર અને શરીરરૂપ નામઆદિ ત્રણ નિક્ષેપાથી એક જીવ બીજી વ્યક્તિના પરિચયમાં આવે છે. અને જ્યારે આકર્ષણ અને પરિચય વધતા વધતા સ્નેહનો પ્રાદુર્ભાવ થાય છે, ત્યારે તે વ્યક્તિ વારે ઘડીએ નજર સામે તરવરે છે. પ્રેમભાવ વધતા એ પ્રેમપાત્ર વ્યક્તિ હૃદયપર સ્થાન જમાવે છે. પછી તો બહારથી મળે ત્યારે અને બહારથી ન મળે ત્યારે મનોકલ્પનાથી તેની સાથે મીઠી વાતચીતો ચાલ્યા જ કરે છે. એ વાતચીત પતી ગયા પછી પણ હંમેશામાટેનું સંભારણું બની જાય છે. સ્નેહની માત્રા વધતા એ વ્યક્તિ જાણે સર્વ શરીરનો કબજો લઇ બેઠી હોય તેવું અનુભવાય છે. પછી તે વ્યક્તિ સાથે 'તું જ હું' અને 'હું જ તું' એવો અભેદભાવ આવે છે. પછી સર્વત્ર એ પ્રેમાળ વ્યક્તિનો જ ભાસ થયા કરે છે. બસ આ જ પ્રક્રિયા પરમાત્માસાથે કરવાની છે. માત્ર પાત્ર બદલવાના છે.) આ પ્રમાણે અભેદપ્રણિધાનદ્વારા પ્રત્યેક વસ્તુ, ક્રિયા અને વ્યવહારમાં પરમાત્માના દર્શન થઇ શકે છે. પરંતુ આ શક્ય તો જ બને જો પરમાત્માના નામઆદિ ત્રણને સ્વીકાર્યા હોય અને વારંવાર નામઆદિસાથે સંબંધ જોડ્યો હોય. (નામઆદિ ત્રણનો અને દ્રવ્ય તથા ભાવની ગેરહાજરીમાં વિશેષ કરીને સ્થાપનાનો સ્વીકાર જ, (૧) તસ્યાહં (તેનો હું, પરોક્ષમાં પ્રભુનું સ્મરણ અને - આત્મસમર્પિતભાવ)માંથી (૨) તવાહં(પ્રત્યક્ષમાં પ્રભુનું સંવેદન અને સમર્પણભાવ-તારો હું) (૩) આગળ વધતાં ત્વાદૃશોહં(તારા જેવો હું - પરમાત્માસાથે આત્મસ્વરૂપનું સંવેદન - ભેદપ્રણિધાન) તેમાંથી (૪) ત્વમહં(તું જ હું - પરમાત્માસાથે કથંચિત્ અભેદપ્રણિધાન) અને અંતે (૫) અહમહં('હું જ હું' પરમાત્માસાથેનો સર્વથા અભેદપ્રણિધાનયોગ) આ ક્રમ પામવાનો શ્રેષ્ઠ ઉપાય છે. જગતમાં પણ દેખાય છે કે જેના પ્રત્યે અતિસ્નેહ હોય છે, તેના નામના શ્રવણથી, ચિત્રના દર્શનથી અને શરીરના દૂરથી પણ નિરીક્ષણથી રોમાંચ ખડા થઇ જાય છે. આનંદ આનંદ થઇ જાય છે. તો જેઓને પરમાત્માપ્રત્યે અવિહડ સ્નેહની ગાંઠ બંધાઇ ગઇ હોય, તેઓ પરમાત્માના નામના જાપની, અને પ્રતિમાના દર્શનની તક ક્યારેય જવા દે ખરો ?) આમ આ ચર્ચાથી એમ ફલિત થાય છે કે ભાવોલ્લાસ નામવગેરે ત્રણ નિક્ષેપાને આધીન છે. તેથી ત્રણ નિક્ષેપાના આદર વિના (=બહુમાનપૂર્વકના સેવન વિના) ભાવનિક્ષેપાનો આદર થઇ શકે નહિ.

## ભાવોલ્લાસની નૈસર્ગિકતા અનૈકાંતિક

**પૂર્વપક્ષ :-** જ્યારે તથાભવ્યત્વવગેરે સામગ્રી અનુકૂળ થાય છે, ત્યારે નામવગેરે ત્રણ નિક્ષેપાના આલંબન વિના પણ સ્વાભાવિક રીતે જ જીવમાં શુભભાવની ઝલક ઉત્પન્ન થઇ જાય છે. તેથી ભાવોલ્લાસને પ્રગટ કરવા નામઆદિ ત્રણ નિક્ષેપા આવશ્યક નથી.

**ઉત્તરપક્ષ :-** જૈનમતે નામઆદિ ત્રણ નિક્ષેપા વિના સહજ જ ભાવોલ્લાસ થાય, એવો એકાંત નિયમ નથી. તમારી નિરાલંબન શુભભાવની આ વાત એકાંત નિશ્ચયની છે. જ્યારે જૈનમત નિશ્ચય અને વ્યવહારરૂપ બે પૈડાંપર ચાલતો રથ છે. આમ જૈનમતને વ્યવહારનય પણ ઇષ્ટ છે. વ્યવહારનય ભાવોલ્લાસમાટે બાહ્ય આલંબન-નિમિત્તોને પણ આવશ્યક માને છે. જીવોને ધર્મની શરુઆતના કાલમાં ધર્મમાં આકર્ષણ, રસ અને ભાવોલ્લાસ પ્રાયઃ બાહ્ય નિમિત્તોના આધારે આવે છે કેમ કે ધર્મના આદિકાલના જીવો નિમિત્તવાસી હોય છે. વળી જો તમને નામઆદિ ત્રણ

स्वगताध्यात्मोपनायकतागुणेन वन्द्यत्वमपि चतुष्टयविशिष्टमित्युक्तं भवति । शिरश्चरणसंयोगरूपं हि वन्दनं भावभगवतोऽपि शरीर एव सम्भवति ॥

**ननु** भावभगवत्यरूपे आकाश इव तदसम्भवी, भावसम्बन्धाच्छरीरसम्बद्धं वन्दनं भावस्यैवायातीति ।

---

નિક્ષેપા સ્વીકાર્ય ન હોય, તો તમારે ઉપદેશ આપવો બંધ કરવો જોઇએ. કેમકે ઉપદેશ શ્રોતાના હૈયામાં ભાવને જગાડે છે. આમ ઉપદેશ ભાવનું કારણ બનતો હોવાથી દ્રવ્યરૂપ છે. **સાર :–** જો નામઆદિ ત્રણ નિક્ષેપા વ્યર્થ માનશો, તો સંસાર અને મોક્ષના તમામ વ્યવહારનો ઉચ્છેદ માનવાનો પ્રસંગ આવશે.

કાવ્યમાં પૂર્વોક્ત વિશેષણયુક્ત પ્રતિમાલોપકોને નિજમુખાલોકાર્થી અંધસાથે સરખાવ્યા છે. તેથી **ઉત્પ્રેક્ષા અલંકાર** છે. અથવા કલ્પિત ઉપમાનના આધારે **ઉપમા અલંકાર** છે. આ બાબતમાં નિર્ણય અલંકારગ્રંથના નિષ્ણાતોએ કરવો.

## નિશ્ચયથી ભાવનિક્ષેપાની અનૈકાંતિક્તા

**પૂર્વપક્ષ :–** ભાવઅરિહંત ભવ્યજીવોમાં અવશ્ય ભાવોલ્લાસ પ્રગટાવે છે. આમ ભાવનિક્ષેપો અવશ્ય ફળદાયી છે. અર્થાત્ ભાવજિનના નિરીક્ષણથી અવશ્ય ભાવોલ્લાસ પ્રગટે છે. જ્યારે નામઆદિ ત્રણ જિનની પ્રતિપત્તિ= આરાધનાથી ભાવોલ્લાસ પ્રગટે જ એવો એકાંત નિયમ નથી. આમ નામઆદિ ત્રણ નિક્ષેપા ભાવોલ્લાસરૂપ પોતાનું ફળ દેવામાં અનૈકાંતિક છે. તેથી જ અમે ફળપ્રત્યે એકાંતિક એવા ભાવનિક્ષેપાનો સ્વીકાર અને અનૈકાંતિક એવા નામઆદિનો ત્યાગ કરીએ છીએ.

**ઉત્તરપક્ષ :–** તમારી વાત ખોટી છે. (નિશ્ચયનયથી વિચાર કરીએ, તો પોતાના ભાવોલ્લાસ માટે પોતાના સિવાય બીજું કોઇ કારણ નથી. નિશ્ચયનય મતે પોતાના પરિણામ માટે પોતાને છોડી બીજા કોઇ બાહ્ય નિમિત્તો કારણ નથી. ભાવજિનમાં રહેલો ભાવનિક્ષેપો પણ પોતાના ભાવોલ્લાસમાટે બાહ્ય નિમિત્ત છે. તેથી સ્વગતભાવોલ્લાસરૂપ ફળ માટે એ ભાવનિક્ષેપો પણ નામઆદિ ત્રણ નિક્ષેપાની જેમ કારણ નથી. અને જો વ્યવહારનયથી વિચારીએ અને બાહ્ય નિમિત્તોને કારણ માનીએ, તો પણ કહેવું પડે કે) ભાવજિન પણ આપણા ભાવોલ્લાસમાટે એકાંતે કારણ બનતા નથી. કેમકે ભાવજિનને જોવા છતાં બધાને ભાવોલ્લાસ થતો દેખાતો નથી. ઘણા અભવ્યો અને દૂરભવ્યોને ભાવભગવાન મળ્યા છતાં તેઓના હૈયા કોરાધાકોર જેવા જ રહ્યા. દા.ત. કાલસૌકરિક કસાઇ. અને ગોશાળા જેવાને તો ભાવજિનપર એવો દ્વેષ આવ્યો કે તેજોલેશ્યા ફેંકવાની કુચેષ્ટા કરી. તેથી વ્યવહારનયથી પણ ભાવજિન એકાંતે ફળદાયી થતા નથી. માટે તમારે હિસાબે તો ભાવજિન પણ ઉપાદેય ન બને.

**શંકા :–** ભલે ભાવજિન અભવ્યાદિના ભાવોલ્લાસમાટે કારણ ન બને. પણ કેટલાક આસન્નસિદ્ધિક ભવ્યોના ભાવોલ્લાસમાં તો તેઓ ભાગ ભજવે જ છે.

**સમાધાન :–** બસ એજ પ્રમાણે નામઆદિ ત્રણ પણ કેટલાક ભવ્યોના ભાવોલ્લાસમાં સમાનરૂપે નિમિત્ત બને જ છે. તેથી ચારે નિક્ષેપા તુલ્યતાને પામે છે. આમ પોતાનામાં રહેલા અધ્યાત્મભાવને ઉત્પન્ન કરવામાં, વધારવામાં અને શુદ્ધ કરવામાં ચારે નિક્ષેપા સમાનતયા નિમિત્ત છે. તેથી ચારે નિક્ષેપા સમાનતયા વંદનીય છે એમ ફલિત થાય છે. વળી જ્યારે મસ્તકથી ભાવજિનને ચરણે સ્પર્શ કરવારૂપ વંદન કરવામાં આવે છે, ત્યારે વંદન પણ ભાવજિનના શરીરના માધ્યમથી જ થાય છે. ભાવજિનનું આ શરીર પોતે ભાવજિનરૂપ નથી. પરંતુ ભાવજિનનું આધાર હોવાથી દ્રવ્યરૂપ છે. આમ ભાવજિનને વંદનાદિક્રિયામાં પણ દ્રવ્યઆદિ નિક્ષેપા આવશ્યક છે. તેથી માત્ર ભાવને પકડી રાખવામાં ડહાપણ નથી.

**तत एव** नामादिसम्बद्धमपि भावस्य किं न प्राप्नोति ? इत परिभावय । **कश्चिदाह** जडमतिव्युद्ग्राहितः- किमेताभिर्युक्तिभिः? **महानिशीथ** एव भावाचार्यस्य तीर्थकृत्तुल्यत्वमुक्तं निक्षेपत्रयस्य चाकिञ्चित्करत्वमिति भावनिक्षेपमेव पुरस्कुर्वतां नः क इवापराधः ? तथा चोक्तं तत्र **पञ्चमाध्ययने** →

*'से भयवं ! किं तित्थयरसंतियं आणं नाइक्कमिज्जा उयाहु आयरियसंतियं ? गोयमा ! चउव्विहा आयरिया पण्णत्ता, तं जहा-नामायरिया, ठवणायरिया, दव्वायरिया, भावायरिया । तत्थ णं जे ते भावायरिया ते तित्थयरसमा चेव दट्ठव्वा, तेसिं संतियं आणं नाइक्कमिज्जा । से भयवं ! कयरे णं भावायरिया भण्णंति ? गोयमा ! जे अज्ज-पव्वईए वि आगमविहीए पयं पयेणाणुसंचरंति ते भावायरिए । जे उण वाससयदिक्खिए वि हुत्ताणं वायामित्तेणं वि आगमओ बाहिं करेंति ते नाम-ठवणाहिं णिओइयव्वे'* त्ति ॥ [महानिशीथ अ.५, सू.१८]

## દ્રવ્યવત્ નામવગેરેમાં પૂજ્યતા

**શંકા :-** ભાવ ભગવાન્ એટલે તીર્થંકર-પરમાત્મપદને પામેલો જીવ. આ જીવ પોતે અરૂપી છે. તેથી સાક્ષાત્ પરમાત્મજીવને વંદન અશક્ય છે કારણ કે છદ્મસ્થ જીવને અરૂપી દ્રવ્યોનો સાક્ષાત્કાર થઇ શકે નહિ. તેથી ભાવજિનસાથે સંબંધ સીધેસીધો થઇ શકે નહિ. પણ ભાવજિનથી અધિષ્ઠિત શરીરના માધ્યમથી જ તે ભાવજિન સાથે સંબંધ થઇ શકે. આમ ભાવજિનનું શરીર તો ભાવજિનને વંદન કરવાનું માત્ર માધ્યમરૂપ જ છે. **તાત્પર્ય :-** ભાવજિનસાથે સંકળાયેલું હોવાથી જ ભાવજિનના શરીરને કરેલું વંદન ખરેખર તો ભાવજિનને જ થાય છે.

**સમાધાન :-** શતાયુ ભવ ! તમારી વાત તદ્દન સાચી છે. ભાવજિનસાથે સંકળાયેલાં ભાવજિનના શરીરને થતું વંદન ભાવજિનને છે. બસ તેજ પ્રમાણે નામ-સ્થાપના પણ ભાવજિનસાથે જ સંકળાયેલા છે. તેથી નામવગેરે ત્રણને જે વંદનઆદિ થાય છે, તેમાં નામઆદિ ત્રણ તો માત્ર માધ્યમ જ છે. ખરેખર વંદન તો ભાવને જ પહોંચે છે. માટે જ ભાવસાથે નહિ સંકળાયેલા નામવગેરે ત્રણને અમે પૂજ્યતરીકે સ્વીકારતા જ નથી. બરાબર છે ? શાંતિથી વિચારો.

## માત્ર ભાવાચાર્યની તીર્થંકરતુલ્યતા - પૂર્વપક્ષ

જડમતિ=પ્રતિમાલોપકથી વ્યુદ્ગ્રાહિત થયેલી બુદ્ધિવાળો પોતાની વાત માંડે છે.

**પૂર્વપક્ષ :-** આવી બધી યુક્તિઓથી સર્યું. ભદ્ર ! અમે તો શાસ્ત્રચક્ષુ છીએ. માત્ર શાસ્ત્રને જ આગળ કરીને ચાલનારા છીએ. **મહાનિશીથ શાસ્ત્રમાં** કહ્યું છે કે → *'ભાવાચાર્ય તીર્થંકરતુલ્ય છે અને નામવગેરે ત્રણ વ્યર્થ છે.'* તેથી અમે આ શાસ્ત્રને આગળ કરી માત્ર ભાવનો જ સ્વીકાર કરીએ અને નામઆદિ ત્રણનો ત્યાગ કરીએ તેમાં અમારો દોષ નથી. (નીતિમાન્ રાજાની આજ્ઞાને માથે ચડાવી એકને ઇનામ અને બીજાને દંડ દેવામાં કોટવાળ ગુનેગાર ઠરતો નથી.) અને હા! અમારી વાત શાસ્ત્રપાઠપૂર્વક જ છે. જુઓ ! આ રહ્યો **મહાનિશીથના પાંચમા અધ્યાયનો** પાઠ →

*(ગૌતમસ્વામીનો ભગવાનને પ્રશ્ન) 'ભગવન્ ! તીર્થંકરની આજ્ઞાનું ઉલ્લંઘન ન કરવું કે આચાર્યની આજ્ઞાનું ? (ભગવાનનો જવાબ) હે ગૌતમ ! આચાર્ય ચાર પ્રકારના કહ્યા છે. (૧) નામઆચાર્ય (૨) સ્થાપનાઆચાર્ય (૩) દ્રવ્યઆચાર્ય અને (૪) ભાવઆચાર્ય. તેમાં જે ભાવઆચાર્ય છે, તે તીર્થંકરસમાન જ છે. તેથી તે ભાવાચાર્યની આજ્ઞાનું ઉલ્લંઘન ન કરવું.* (અર્થાત્ ભાવાચાર્યોની આજ્ઞા તીર્થંકરની આજ્ઞાથી વિરુદ્ધ હોય જ નહિ.) *(ગૌતમસ્વામીનો પ્રશ્ન) ભગવન્ ! ભાવઆચાર્ય કોણ કહેવાય ? (ભગવાનનો ઉત્તર) ગૌતમ ! જે આજનો દીક્ષિત હોય તો પણ ડગલે ને પગલે આગમવિધિ મુજબ જ આચરણ કરતો હોય તેને ભાવઆચાર્ય સમજવો. અને જે સો વર્ષનો દીક્ષિત હોવા છતાં વચનમાત્રથી પણ આગમબાહ્ય ચેષ્ટા કરે છે, તેનો નામ સ્થાપના આદિથી નિયોગ કરવો.'* (અર્થાત્ તે ભાવઆચાર્ય

**अत्र ब्रूमः**:- परमशुद्धभावग्राहकनिश्चयनयस्यैवायं विषयः, यन्मते एकस्यापि गुणस्य त्यागे मिथ्यादृष्टित्व-मिष्यते। **तदाहु** → *'जो जहवायं न कुणइ मिच्छद्दिट्ठी तओ हु को अन्नो ?'*① [उपदेशमाला ५०४ पू.] त्ति । तन्मते निक्षेपान्तरानादरेऽपि नैगमादिनयवृन्देन नामादिनिक्षेपाणां प्रामाण्याभ्युपगमात् क इव व्यामोहो भवतः? **सर्व**नयसम्मतस्यैव शास्त्रार्थत्वात्। अन्यथा सम्यक्त्वचारित्रैक्यग्राहिणा निश्चयनयेनाप्रमत्तसंयत एव सम्यक्त्व-

---

નથી.) **તાત્પર્ય** :- જેમ ભાવાચાર્ય જ તીર્થંકર સમાન હોવાથી આચાર્યરૂપ છે, બાકીના નામાદિ આચાર્યની કોઇ મહત્તા નથી. તેમ ભાવનિક્ષેપાના તીર્થંકર જ તીર્થંકર છે. બાકીના નામાદિ તીર્થંકરની કોઇ મહત્તા નથી એમ સિદ્ધ થાય છે.

## મહાનિશીથના પાઠની નિશ્ચયનયરૂપતા - ઉત્તરપક્ષ

**ઉત્તરપક્ષ :- મહાનિશીથનો** પાઠ બતાવી તમે જે વાત કરી તે વાત પરમશુદ્ધભાવગ્રાહક નિશ્ચયનયની અપેક્ષાએ છે. (આ નય અંશમાત્ર પણ ઉપચારરૂપ અશુદ્ધિને માન્ય કરતો નથી.) કારણ કે આ નયની અપેક્ષાએ એક પણ ગુણનો ત્યાગ કરનારો મિથ્યાત્વી છે. **ઉપદેશમાળામાં** કહ્યું જ છે કે → *'જે યથાવાદ(=પોતાની વચનપ્રતિજ્ઞાને) અનુસાર ક્રિયા કરતો નથી. તેનાથી અધિક મિથ્યાત્વી બીજો કોણ છે ?'* તેથી આ નય તો અંશમાત્ર પણ અશુદ્ધને અશુદ્ધ જ કહેશે, શુદ્ધ નહિ કહે. એકવાર પણ શીલનું ખંડન કરનારને બ્રહ્મચારી શી રીતે કહી શકાય ? તેથી નિશ્ચયનય નામઆદિ ત્રણ નિક્ષેપાને સ્વીકારતો નથી. માત્ર ભાવનિક્ષેપાને જ સ્વીકારે છે. પરંતુ શાસ્ત્રના વચનો પ્રમાણરૂપ છે. અને પ્રમાણ સર્વનયના સમૂહરૂપ છે, તેથી સર્વનયસંમત જે હોય, તે જ શાસ્ત્રાર્થ છે. તેથી નિશ્ચયનય ભાવનિક્ષેપાને છોડી અન્ય નિક્ષેપાઓનો અનાદર કરે તો પણ નૈગમાદિ નય સમુદાય તો નામઆદિ નિક્ષેપાઓને પ્રમાણભૂત તરીકે સ્વીકારે જ છે. તેથી શાસ્ત્રાર્થના જ્ઞાતાએ તો કદી એક નયની વાત સાંભળી વ્યામોહિત=મુંઝાયેલી બુદ્ધિવાળા થવું જોઇએ નહીં, પણ સર્વનયસંમત ચારે નિક્ષેપાનો આદર કરવો જોઇએ. (વળી ત્યાં ભાવાચાર્યથી ભિન્નને નામાચાર્યવગેરે તુલ્ય ગણી મહત્ત્વ ગણકાર્યું નથી. પણ જે ભાવાચાર્ય છે, એના નામઆદિનું મહત્ત્વ ગૌણ કરવાની વાત નથી કરી.)

## નિશ્ચયનયથી અપ્રમત્તસંયતમાં જ સમ્યક્ત્વ

**શંકા** :- ભલે નૈગમઆદિ નયો ત્રણ નિક્ષેપાનો સ્વીકાર કરે. પણ આ ત્રણે નયો પરંપરાના પણ ગ્રાહક હોવાથી અશુદ્ધ છે, તથા ઉપચારમાં પણ તત્ત્વની બુદ્ધિ કરે છે. તેથી આ નયો ત્યાજ્ય છે. પરમશુદ્ધ નિશ્ચયનય જ ઉપાદેય છે, કારણ કે આ નય અંશ જેટલા પણ ઉપચારથી અમિશ્રિત તત્ત્વનો જ સ્વીકાર કરે છે.

**સમાધાન** :- અલબત્ત, નૈગમઆદિ ત્રણ નયો પરંપરાગ્રાહી છે ને ઉપચારને સ્વીકારે છે. છતાં પણ તે નયો માન્ય રાખવા જોઇએ. કારણ કે પરંપરા પણ સાક્ષાતને સંબદ્ધ છે ને એ ઉપચાર પણ તત્ત્વાભિમુખ હોય છે. જ્યાં સુધી પરમશુદ્ધનયના તત્ત્વને સમજવાની અને પ્રાપ્ત કરવાની યોગ્યતા ન આવી હોય, ત્યાં સુધી કથંચિત્ ઉપચારથી મિશ્રિત તત્ત્વ પણ સ્વીકારવું જોઇએ. (મરડામાંથી તાજા ઉઠેલાને શક્તિના નામપર સીધું સિંહણનું દુધ ન પીવડાવાય, અલ્પ સત્ત્વ અને ઘણા પાણીવાળી છાશ જ તે તબક્કે હિતકારી બને છે. પછી જેમ જેમ શક્તિ ખીલતી જાય અને પચાવવાની તાકાત વધતી જાય તેમ તેમ સત્ત્વ વધું અને પાણી ઓછું એમ કરતાં કરતાં યાવત્ ભારેમાં ભારે દુધ પચાવવાની શક્તિ પેદા થાય ત્યારે જ સિંહણનું દુધ પીવડાવવું હિતકારી છે. તેથી શિષ્ટ પુરુષ અલ્પસત્ત્વવાળી છાશને પણ માન્ય રાખે છે. ધર્મની શરુઆતવાળા જીવોમાટે પ્રાયઃ તત્ત્વ અલ્પ અને ઉપચાર વધુ હોય તેવો ધર્મ જ હિતકારી બને. સીધો જ પરમશુદ્ધતત્ત્વને પકડવા કુદકો લગાવવા જાય તો બાવાના બેય બગડે.) વળી પરમશુદ્ધનયને પામેલા પણ નૈગમાદિ સ્વીકારે છે તે આગળ જોવા મળશે. માટે પરમશુદ્ધનયના ખપીએ પણ (અવસ્થાને

---

① जो जहवायं न कुणइ मिच्छद्दिट्ठी तओ हु को अन्नो ?। वड्ढेइ अ मिच्छत्तं परस्स संकं जणेमाणो ॥ इति पूर्णश्लोकः ॥

स्वाम्युक्तः, न प्रमत्तान्तः, इति **श्रेणिकादीनां** बहूनां प्रसिद्धं सम्यक्त्वं न स्वीकरणीयं स्याद् देवानांप्रियेण ! उक्तार्थप्रतिपादकं चेदं सूत्र**माचाराङ्गे पञ्चमाध्ययने तृतीयोद्देशके** →

*'जं सम्मंति पासहा तं मोणंति पासहा, जं मोणंति पासहा तं सम्मंति पासहा। ण इमं सक्कं सिढिलेहिं अदिज्जमाणेहिं गुणासाएहिं वंकसमायारेहिं पमत्तेहिं गारमावसंतेहिं । मुणी मोणं समायाए धुणे सरीरगं । पंतं लूहं च सेवंति वीरा सम्मत्तदंसिणो'* [सू. १५५] त्ति । 'जं सम्मंति'-यत् सम्यक्त्वं=कारकसम्यक्त्वं, तद् मौनं=मुनि-भावः। यच्च मौनं, तत् सम्यक्त्वम्=कारकसम्यक्त्वम्। इति **वाचकाशयः**। **वृत्तिकारस्त्वाह** (अर्थतः) →

'से वसुमं सव्वसमन्नागयपण्णाणेणं अप्पाणेणं अकरणिज्जं पावकम्मं । तं णो अण्णेसिं'। [सू. १५५] इति प्राक्तनसूत्रे स वसुमान्=अत्रारम्भनिवृत्तिरूपभाववसुसम्पन्नो मुनिः सर्वसमन्वागतप्रज्ञानरूपापन्नेनात्मना यदकर्तव्यं पापं कर्म तन्नो कदाचिदप्यन्वेष्यतीति । अर्थाद् यदेव सम्यक्प्रज्ञानं तदेव पापकर्मवर्जनं, यदेव च पाप-कर्मवर्जनं

---

અનુરૂપ) નૈગમઆદિ અશુદ્ધ નયો સ્વીકારવા જોઇએ. તેથી જ શિષ્ટ એવું જૈનશાસન સર્વ નયોને માન્ય રાખે છે. અને તેથી જ ચોથે ગુણસ્થાનકે રહેલા **શ્રેણિક** વગેરેમાં પણ સમ્યક્ત્વનો સ્વીકાર કરે છે. પરમશુદ્ધનિશ્ચયનય તો અપ્રમત્તસંયતમાં જ સમ્યક્ત્વ સ્વીકારે છે. કેમકે આ નય સમ્યક્ત્વ અને ચારિત્રને એકાત્મક જુએ છે. તેથી જો તમને પરમશુદ્ધ નિશ્ચયનય જ માન્ય હોય, તો તમે **શ્રેણિક**વગેરેને અને પ્રમત્તસંયત સુધીનાને સમ્યક્ત્વી માની શકશો નહિ. તેથી શાસ્ત્રમાં ઠેર ઠેર પ્રસિદ્ધ અને જૈનજગતમાં જાહેર એવાં **શ્રેણિક**વગેરેના સમ્યક્ત્વનો અપલાપ કરવાની કુચેષ્ટા તમારે કરવી પડશે.

**શંકા :-** પરમશુદ્ધ નય અપ્રમત્તમાં જ સમ્યક્ત્વનો સ્વીકાર કરે છે, એમ માનવામાં કોઇ પ્રમાણ છે ?

**સમાધાન :-** અમારું કથન માત્ર ભેજાની પેદાશ છે, તેમ નથી. પરંતુ શાસ્ત્રના આધારે છે. **આચારાંગ સૂત્રમાં** આ વાત કરી જ છે. જુઓ આ રહ્યો તે પાઠ →

*'જેને તું સમ્યક્ત્વ તરીકે જુએ, તેને જ તું મૌન(=મુનિના ભાવ) તરીકે જો. જેને તું મૌન તરીકે જુએ, તેને જ તું સમ્યક્ત્વ તરીકે જો. આને(સમ્યક્ત્વાદિ અનુષ્ઠાનને) શિથિલો, પુત્રઆદિના સ્નેહથી ભીના થનારાઓ, શબ્દાદિ વિષયોના રસાસ્વાદમાં ડુબેલાઓ, વક્ર સમાચારીવાળા પ્રમત્તો અને ઘરને સેવનારાઓ આચરી શકતા નથી. મુનિએ મૌનને સ્વીકારી કર્મ અને શરીરનું ધુનન કરવું. આ વીરમુનિઓ-સમ્યગ્દર્શીઓ પ્રાંત અને રુક્ષ આહાર આદિનું જ સેવન કરે છે.'* આ પ્રમાણે સૂત્રપાઠ છે. અહીં વાચકનો (વાચકવર **ઉમાસ્વાતિજી મહારાજનો શ્રાવકપ્રજ્ઞપ્તિ સૂત્રમાં** દર્શાવેલો) આશય એવો છે કે સમ્યક્ત્વનો અર્થ કારકસમ્યક્ત્વ① કરવો.

**આચારાંગ સૂત્ર** પર **ટીકા** રચનારા **શ્રી શીલાંકાચાર્યનો** મત આ પ્રમાણે છે 'આ સૂત્રનો આગળનાં સૂત્ર સાથે સંબંધ છે. આગળનું સૂત્ર આ પ્રમાણે છે - તે વસુમાન સર્વસમન્વાગત પ્રજ્ઞાનથી યુક્ત થાય. અને અકરણીય પાપકર્મનું કદી પણ અન્વેષણ ન કરે.' વસુમાન=આરંભથી નિવૃત્તિરૂપ ભાવધનથી યુક્ત સાધુ. સર્વસમન્વાગતપ્રજ્ઞાન= સમ્યગ્જ્ઞાન. આમ સમ્યક્પ્રજ્ઞા જ પાપકર્મના વર્જનરૂપ છે અને પાપકર્મનું વર્જન જ સમ્યક્પ્રજ્ઞારૂપ છે. (અર્થાત્ જે જ્ઞાન પાપકર્મનો ત્યાગ કરાવતું હોય, તે જ જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. અને પાપકર્મનો ત્યાગ સમ્યગ્જ્ઞાન હોય, તો જ થાય.) આ જ વાત ગત-

---

① એક વિવક્ષાએ સમ્યક્ત્વના ત્રણ ભેદ છે. (૧) **રોચક** ☞ જિનવચનમાં માત્ર રુચિ કરાવે-પ્રવૃત્તિ નહિ. અવિરત સમ્યક્ત્વીનું સમ્યક્ત્વ. (૨) **દિપક** ☞ બીજાને સમ્યક્ત્વનો પ્રકાશ કરાવે. જિનશાસનની પ્રાપ્તિ કરાવે પણ **'દીવાતળે અંધારું'** એ ન્યાયથી પોતે સમ્યક્ત્વથી હીન હોય. (જિનધર્મનો ઉપદેશ દેતા અભવ્ય આચાર્યવગેરે) તથા (૩) **કારક** ☞ જિનવચનમાં રુચિ કરાવવાપૂર્વક પ્રવૃત્તિ કરાવે. સંયતનું સમ્યક્ત્વ.

तदेव च सम्यक्प्रज्ञानमिति लब्धम्। तद् गतप्रत्यागतसूत्रेणैव दर्शयितुमाह- 'जं सम्मंति पासह' इत्यादि, यत् सम्यगिति सम्यग्ज्ञानं सहचरात् सम्यक्त्वं वा पश्यत तद् मुनेर्भावो मौनं=संयमानुष्ठानं पश्यत; यन्मौनं पश्यत तदेव सम्यगिति सम्यग्ज्ञानं नैश्चयिकसम्यक्त्वं वा पश्यत, ज्ञानस्य विरतिफलत्वात्, सम्यक्त्वस्य चाभिव्यक्तिकारणत्वात्। एतच्च न येन केनचिच्छक्यमनुष्ठातुमित्याह- 'ण इमं' इत्यादि। नैतत् सम्यक्त्वादित्रयं शक्यमनुष्ठानं शिथिलैः=मन्दवीर्यैरार्द्रीक्रियमाणैः पुत्रादिस्नेहेन, गुणास्वादैः=शब्दाद्यास्वादकैः, वक्रसमाचरैः=मायाविभिः, प्रमत्तैः=विषयादिप्रमादस्थैः, गारंति आद्याक्षरलोपाद् अगारं=गृहम् आवसद्भिः=आसेव्यमानैः। कथं तर्हि शक्यम्? इत्याह- 'मुणी' इत्यादि। मुनिः=जगत्त्रयमन्ता मौनम्=अशेषसावद्यनिवृत्तिरूपं समादाय=गृहीत्वा धुनीयाच्छरीर-

---

પ્રત્યાગત સૂત્રથી(જે સૂત્રમાં પૂર્વાર્દ્ધની જ વાત ઉત્તરાર્દ્ધમાં ઉલટાવીને કહેવાય તે ગતપ્રત્યાગતસૂત્ર છે.) દર્શાવવા કહે છે... 'જં સમ્મંતિ૦' તે સૂત્રનો અર્થ આ પ્રમાણે છે - જેને સમ્યક્=સમ્યગ્જ્ઞાન અને સાહચર્યથી સમ્યગ્દર્શન તરીકે જુઓ. તેને જ મૌન=સંયમ અનુષ્ઠાનરૂપે જુઓ. તથા જેને મૌનતરીકે જુઓ, તેને જ સમ્યક્=સમ્યગ્જ્ઞાન અથવા નૈશ્ચયિક સમ્યક્ત્વરૂપે જુઓ. કારણ કે જ્ઞાનનું ફળ વિરતિ છે. અને સમ્યગ્દર્શન અભિવ્યક્તિનું કારણ છે. નિશ્ચયનયના મતે પોતાના કાર્યમાં પરિણામ ન પામે તે કારણ નહિ. તેથી વિરતિજનક ન હોય તેવું જ્ઞાન સમ્યગ્જ્ઞાન ન કહેવાય. અને અપ્રમત્તદશામાં જ વાસ્તવિક વિરતિ છે. તેથી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પણ અપ્રમત્તદશામાં જ છે. કારણ કે તે બન્નેનું કાર્ય અપ્રમત્તદશામાં જ છે. નિશ્ચયનયમતે કાર્યસ્થળે સાક્ષાત્ હાજર રહેનાર જ કારણ છે. આમ સમ્યગ્ દર્શન-જ્ઞાન-અને ચારિત્રનું સંમીલન માત્ર અપ્રમત્તદશામાં જ છે. આ અપ્રમત્ત સંયતના અનુષ્ઠાનો જે તે વ્યક્તિ આચરી શકે નહિ. જેઓ (૧) મંદવીર્યવાળા છે, (૨) પુત્રવગેરેના સ્નેહથી આર્દ્ર=મૂઢ બન્યા છે. (૩) શબ્દવગેરે વિષયોમાં લુબ્ધ બન્યા છે. (૪) માયાયુક્ત ક્રિયાઓ આચરે છે. (૫) વિષયઆદિ પ્રમાદમાં આકંઠ ડુબેલા છે. અને (૬) ગૃહસ્થ જેવું આચરણ કરે છે, ઘર કે મઠનો આશરો લે છે. તેઓ અપ્રમત્તના અનુષ્ઠાનોને આચરી શકતા નથી. જેઓ અપ્રમત્તના અનુષ્ઠાનો આચરે છે, તેઓ કેવા હોય ? જવાબ આપે છે - ત્રણે જગતના સ્વરૂપના જ્ઞાતા મુનિઓ અશેષ સાવદ્યમાંથી નિવૃત્તિરૂપ મૌન=સંયમને સ્વીકારી કર્મ અને ઔદારિક શરીરનું ધુનન કરે છે. અર્થાત્ કર્મ અને શરીરને ક્ષીણ કરે છે. કર્મના ભેદક હોવાથી વીર બનેલા સમ્યગ્દર્શી જીવો (અપ્રમત્ત મુનિઓ) કર્મ-શરીર ધુનનમાટે પ્રાન્ત=પર્યુષિત વાલ ચણા વગેરે - એ પણ વિગઇ વિનાના હોવાથી રુક્ષ=લુખા વાપરે છે. (**તાત્પર્ય :-** કર્મ અને શરીરને ક્ષીણ કરવા એ જ શ્રેષ્ઠ કાર્ય છે. તે માટે આંતપ્રાંતનું ભોજન આવશ્યક છે. વિગઇનું ભોજન શરીર-વિષય-કષાય અને કર્મને પોષે છે. પરંતુ શરીરનો રાગ અને વિષયોની આસક્તિ તોડવી સહેલી નથી. તેથી) રુક્ષભોજન કરવું એ વીરતારૂપ છે. આ વીરતા સંયમજીવન પામ્યા પછી જ સુલભ છે. આ શ્રેષ્ઠ કાર્ય જ કરણીય છે તેવી શ્રદ્ધા, તેવું જ્ઞાન અને તેને અનુરૂપ પ્રવૃત્તિવાળા હોવાથી જ તે વીરપુરુષો સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રવાળા છે.

આ પાઠપરથી સિદ્ધ થાય છે કે નિશ્ચયનયમતે સમ્યક્ત્વ અપ્રમત્ત સાધુઓને જ હોય છે. તેથી જો માત્ર નિશ્ચયવાદી બનશો, તો શ્રેણિકઆદિમાં સમ્યક્ત્વનો અભાવ માનવો પડશે. જો ક્ષાયિક સમ્યક્ત્વના ધારકતરીકે પ્રસિદ્ધ શ્રેણિકઆદિમાં રહેલું સમ્યક્ત્વ માન્ય રાખવું હોય, તો વ્યવહાર વગેરે નય પણ સ્વીકારવા જ જોઇએ. ભલે પછી તે નયો અશુદ્ધ હોય. સમ્યક્ત્વની બાબતમાં સ્વીકારેલા આ વ્યવહારઆદિ નયોને નિક્ષેપાઓઅંગે પણ માન્ય કરવા જ સંગત છે. તેથી તે નયોને સંમત નામઆદિ નિક્ષેપા પણ આદરણીય છે. (એ પણ ધ્યાનમાં રાખવાની બાબત છે કે જ્યારે પ્રમાણથી નિર્ણય કરવાનો હોય, ત્યારે 'જે શુદ્ધનય છે, તે જ પરિપૂર્ણ સત્ય છે' એવો અર્થ નથી નીકળતો, કારણ કે પ્રમાણ તો નૈગમાદિમાં પણ સત્યાંશ જુએ છે.)

मौदारिकं कर्म च । कथम् ? इत्याह-प्रान्तम्=पर्युषितं वल्लचनकादि, तदपि रूक्षं=विकृतेरभावात् सेवन्ते= अभ्यवहरन्ति वीरा:=कर्मविदारणप्रत्यला: सम्यग्दर्शिन इति ।

अथवा यावत्या गुणनिर्वृ(वृ पाठा.)त्या भावाचार्यनिर्वृ(वृ पाठा.)त्तिस्तावत्या द्रव्याचार्यत्वसम्पत्तिः। सा च सापेक्षत्वे भावयोग्यत(ता पाठा.)या, इति भावाचार्यनामस्थापना(वत् पाठा.)भावात् प्राशस्त्यं नातिक्रमति, अन्त्यविकल्पं विना द्रव्यभावसङ्करस्याविश्रामात्, प्रशस्तनामस्थापनावत् । अप्रशस्तभाव**स्याङ्गारमर्दकादे**र्द्रव्यं तु तन्नाम-स्थापनावद् अप्रशस्तमेव । प्रागुक्त**महानिशीथसूत्रे** नियोजनीयत्वार्थस्त्ववदाम **गुरूतत्त्वविनिश्चये** → *'तत्थ णिओगो एसो, जं दव्वं होइ सुद्धभावस्स । तण्णामागिइतुल्लं, तं सुहमियरं तु विवरीयं'॥ १॥ 'जह गोयमाइयाणं, णामाई तिण्णि हुंति पावहरा। अंगारमद्दगस्स य, णामाई तिण्णि पावयरा'॥ २॥* [गा. १४-१५] इति प्रशस्तभावसम्बन्धिनां सर्वेषां निक्षेपाणां प्रशस्तत्वमेवेति निर्व्यूढम् ॥

**अपि च** *'जो जिणदिट्ठे भावे, चउव्विहे सद्दहाइ सयमेव । एमेव नन्नहत्तिय, स निसग्गरुइत्ति णायव्वो'॥* [२८/१८] इत्यु**त्तराध्ययनवचनाच्च**तुर्विधशब्दस्य नामस्थापनाद्रव्यभावभेदभिन्नत्वेन व्याख्यानान्निक्षेपचतुष्टय-

---

દ્રવ્યનિક્ષેપાની સ્વીકર્તવ્યતા અન્યરૂપે પણ સિદ્ધ થાય છે. જે દ્રવ્યાચાર્યમાં જેટલા ગુણોથી ભાવાચાર્યપણું નથી આવતું, તેટલા ગુણોથી તેમનામાં દ્રવ્યાચાર્યપણું આવે છે. તે ગુણોના અભાવમાં પણ તે ગુણોપ્રત્યે સાપેક્ષભાવ હોય અને તે ગુણોની યોગ્યતા પડી હોય, તો ભાવઆચાર્યની યોગ્યતા રહેલી છે તેમ કહેવાય. અને તે દ્રવ્યાચાર્યપણું પ્રશસ્ત, મુખ્ય અને ભાવને સાપેક્ષ ગણાય. આ દ્રવ્યાચાર્યમાં ભાવયોગ્ય જેટલા ગુણો પ્રગટ થયા હોય તેટલા ગુણોની અપેક્ષાએ તે ભાવાચાર્ય છે. અને બાકીના ગુણોની અને તેથી ભાવાચાર્યતરીકેની યોગ્યતા હોવાથી તેટલા અંશોને અપેક્ષીને તે દ્રવ્યાચાર્ય છે. જ્યારે ભાવાચાર્યને યોગ્ય બધા ગુણો પ્રગટ થાય છે, ત્યારે તે સર્વથા ભાવાચાર્ય બને છે. હવે ગુણની યોગ્યતા અને ભાવાચાર્યની યોગ્યતા રહી ન હોવાથી તેનામાં દ્રવ્યાચાર્યપણું રહેતું નથી. આરંભના છેડે માત્ર દ્રવ્યપણું હોય અને અંતિમ છેડે માત્ર ભાવપણું હોય, આ બે અવસ્થાને છોડી વચ્ચેની અવસ્થાઓમાં દ્રવ્ય અને ભાવ ઉભય હોય છે. તેથી સાંકર્ય હોય છે. આ બધી અવસ્થામાં તે દ્રવ્યઆચાર્યમાં ભાવઆચાર્યનું નામ અને ભાવાચાર્યની સ્થાપના હોય છે. આ નામ અને સ્થાપના પ્રશસ્તભાવસંબંધી હોવાથી પ્રશસ્ત છે, વળી પ્રશસ્ત નામ અને સ્થાપનાનો આધાર હોવાથી અને પ્રશસ્તભાવની યોગ્યતા હોવાથી દ્રવ્યઆચાર્ય પણ પૂજ્ય બને છે. અર્થાત્ દ્રવ્યનિક્ષેપો પણ પ્રશસ્ત બને છે. અથવા જેમ ભાવાચાર્યસંબંધી નામ અને સ્થાપના પણ પ્રશસ્ત છે. તેમ ભાવયોગ્યતાના કારણે ભાવાચાર્યસંબંધી દ્રવ્યનિક્ષેપ પણ પ્રશસ્ત જ છે. **સાર :-** ભાવઆચાર્યના નામ-સ્થાપના અને દ્રવ્ય આ ત્રણે પણ પ્રશસ્ત અને પૂજ્ય છે. તે જ પ્રમાણે **અંગારમર્દક**વગેરે અપ્રશસ્તભાવઆચાર્યના નામ-સ્થાપના અને દ્રવ્ય આ ત્રણે અપ્રશસ્ત બને છે.

**શંકા :-** તો **મહાનિશીથમાં** 'વચનમાત્રથી પણ આગમબાહ્ય ચેષ્ટા કરનારનો નામ-સ્થાપનાથી નિયોગ કરવો' એમ કહ્યું છે, તેનું તાત્પર્ય શું ?

**સમાધાન :-** આ વચનનો ભાવાર્થ અમે (ટીકાકારે) **ગુરુતત્ત્વવિનિશ્ચય** નામના ગ્રંથમાં બતાવ્યો છે, જે આ પ્રમાણે છે → *'ત્યાં નિયોગ આ પ્રમાણે છે... શુદ્ધભાવનું જે દ્રવ્ય છે, તે તેના(ભાવના) નામ અને ભાવની આકૃતિ(=સ્થાપના) ને તુલ્ય છે. અને શુભ છે. ઇતર(=અશુદ્ધભાવનું) દ્રવ્ય વિપરીત=અશુભ છે.' ॥૧॥ 'જેમકે **ગૌતમસ્વામી** વગેરેના નામવગેરે ત્રણ પણ પાપનાશક છે. તથા **અંગારમર્દક**વગેરેના નામવગેરે ત્રણ પાપકારક છે.' ॥૨॥* તેથી પ્રશસ્તભાવ સંબંધી બધા જ નિક્ષેપા પ્રશસ્ત જ છે તેવો નિર્ણય થાય છે.

स्यापि यथौचित्येनाराध्यत्वमविरुद्धं, अत एवाप्रस्तुतार्थापाकरणात् प्रस्तुतार्थव्याकरणाच्च निक्षेप: फलवानिति शास्त्रीया मर्यादा। किञ्च-नामनिक्षेपस्याराध्यत्वं तावत् *'चउवीसत्थएणं भंते ! जीवे किं जणई ? चउवीसत्थएणं दंसणविसोहिं जणइ'* त्ति[उत्तरा॰ २९/११] **सम्यक्त्वपराक्रमाध्ययनो**पदर्शितचतुर्विंशतिस्तवाराध्यतयैव सिद्धं, तत्रोत्कीर्तनस्यार्थाधिकारत्वात्तेन च दर्शनाराधनस्योक्तत्वात्, *'महाफलं खलु तहारूवाणं अरहंताणं भगवंताणं णामगोत्तस्सवि सवणयाए'* इत्यादिना **भगवत्यादौ** [२/१/९० टी॰] महापुरुषनामश्रवणस्य महाफलत्वोक्तेश्च। स्थापनानिक्षेपस्याराध्यता च *'थयथुइमंगलेणं भंते ! जीवे किं जणई ? थयथुइमंगलेणं नाणदंसणचरित्तबोहिलाभं जणइ, नाणदंसणचरित्तबोहिलाभसंपण्णे णं जीवे अंतकिरियं कप्पविमाणोववत्तिअं आराहणं आराहेइ'* [उत्तरा॰ २९/१६] इति वचनेनैव सिद्धा, अत्र स्तव:=स्तवनं, स्तुति:=स्तुतित्रयं प्रसिद्धं, तत्र द्वितीया स्तुति: स्थापनार्हत: पुरत: क्रियते, चैत्यवन्दनावसरतया च ज्ञानदर्शनचारित्रबोधिलाभतो निर्मलस्वर्गापवर्गसुखलाभ इति विशेषाक्षराण्यपि स्फुटीभविष्यन्त्यनुपदमेव।

---

## સર્વનિક્ષેપાની આરાધ્યતા

વળી **ઉત્તરાધ્યયન સૂત્રમાં** કહ્યું છે → *''જિનેશ્વરોએ જોયેલા (અને પછી કહેલા) ચાર પ્રકારના ભાવોપર 'એ ભાવો એ જ પ્રમાણે છે (જે પ્રમાણે જિનેશ્વરે કહ્યા છે) એમાં લવલેશ ફેરફાર નથી.' એવી શ્રદ્ધા જે સ્વયં કરે છે, તે નિસર્ગરુચિ સમજવો.''* (સ્વયં=પરોપદેશની અપેક્ષા વિના.) અહીં 'ચાર ભાવ=નામવગેરે ચાર નિક્ષેપા' એ પ્રમાણે વ્યાખ્યા કરવામાં આવી છે. તેથી ચારેય નિક્ષેપા ઔચિત્યને અનુસારે આરાધ્ય સિદ્ધ થાય છે. અર્થાત્ જે કાળે જે નિક્ષેપો આરાધ્ય હોય, તે કાળે તે નિક્ષેપાને આરાધવો એ જ સમ્યક્ત્વ છે. અત એવ શાસ્ત્રકારો 'દ્રવ્ય'આદિ પદોના જુદા જુદા નિક્ષેપાઓ દર્શાવી પછી પ્રસ્તુતમાં કયા નિક્ષેપાથી 'દ્રવ્ય' આદિનો વિચાર છે, તે દર્શાવે છે. કારણ કે નિક્ષેપા કરવાનું શાસ્ત્રીયમર્યાદારૂપ પ્રયોજન એ છે કે 'પ્રસ્તુત અર્થનું વિવેચન કરવું અને અપ્રસ્તુત અર્થને દૂર કરવો.'

## નામ નિક્ષેપાની આરાધ્યતા

હવે ક્રમશઃ દરેક નિક્ષેપાની આરાધ્યતા બતાવે છે. સૌ પ્રથમ નામનિક્ષેપાની આરાધ્યતા દર્શાવે છે. **ઉત્તરાધ્યયનના 'સમ્યક્ત્વપરાક્રમ'** નામના **અધ્યયનમાં** કહ્યું છે કે → *'હે ભદંત ! ચતુર્વિંશતિસ્તવ(=લોગસ્સ સૂત્ર) બોલવાદ્વારા જીવ શું મેળવે છે ? ગૌતમ ! જીવ ચતુર્વિંશતિસ્તવ બોલવાદ્વારા દર્શનવિશોધિ(=સમ્યગ્દર્શન વિશુદ્ધ) કરે છે.'* આ સૂત્રથી જ સિદ્ધ થાય છે કે નામનિક્ષેપો આરાધ્ય છે. કારણ કે લોગસ્સ સૂત્રમાં અર્થાધિકાર તરીકે ચોવીશ જિનનો નામોચ્ચાર બતાવ્યો છે. અર્થાત્ લોગસ્સસૂત્રમાં ચોવીશ જિનેશ્વરના નામોચ્ચાર પ્રધાનરૂપે છે. અને આ નામોચ્ચારના ફળરૂપે સમ્યગ્દર્શનની શુદ્ધિ બતાવી-આરાધના બતાવી. તથા **'ભગવતી સૂત્ર'** વગેરેમાં પણ કહ્યું છે કે → *'તેવા પ્રકારના અરિહંત ભગવંતોના નામગોત્રનું પણ શ્રવણ મહાફળવાળું છે'* આમ નામશ્રવણને પણ મહાફળવાળું બતાવી નામનિક્ષેપાની આરાધ્યતા સિદ્ધ કરી.

## સ્થાપના નિક્ષેપાની આરાધ્યતા

**ઉત્તરાધ્યયનમાં** આવો પાઠ છે → *'હે ભદંત ! સ્તવ અને સ્તુતિમંગલ દ્વારા જીવ શું મેળવે છે ? ગૌતમ ! સ્તવસ્તુતિમંગલદ્વારા જીવ જ્ઞાન-દર્શન-ચારિત્ર અને બોધિલાભ પ્રાપ્ત કરે છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર અને બોધિલાભથી યુક્ત જીવ અંતક્રિયા(=સર્વસંવર=મોક્ષપ્રાપક ક્રિયા) કરે છે. અથવા વૈમાનિકદેવલોકમાં ઉપપાતને યોગ્ય(=વૈમાનિક*

द्रव्यनिक्षेपाराध्यता च सूत्रयुक्त्या स्फुटैव प्रतीयते । **तथा हि**-श्री **आदिनाथ**वारके साधूनामावश्यकक्रियां कुर्वतां चतुर्विंशतिस्तवाराधने त्रयोविंशतिर्द्रव्यजिना एवाराध्यतामास्कन्देयुरिति। **न च, ऋषभाजितादि**काले एकस्तवद्विस्तवादिप्रक्रियापि कर्तुं शक्या **शाश्वताध्ययनपाठस्य** लेशेनापि परावृत्त्या कृतान्तकोपस्य वज्रलेपत्वात्। **न च** नामोत्कीर्तनमात्रं, **तात्पर्याद**विरोधार्थोपयोगरहितस्योत्कीर्त्तनस्य राजविष्टिसमत्वेन योगिकुलजन्मबाधक-

---

*દેવલોક પ્રાપ્ત થાય તેવી) ક્રિયા આરાધે છે.'* આ સૂત્રપાઠથી સ્થાપનાનિક્ષેપો આરાધ્ય છે તેમ સિદ્ધ થાય છે. આ સૂત્રમાં સ્તવ=સ્તવન અને સ્તુતિ એટલે પ્રસિદ્ધ ત્રણ સ્તુતિ સમજવાની છે. આ ત્રણ સ્તુતિમાં બીજી સ્તુતિ ચૈત્યવંદનના અવસરે સ્થાપના નિક્ષેપાના ભગવાન આગળ કરવામાં આવે છે. અને સ્થાપના આગળની આ સ્તુતિથી જ્ઞાન, દર્શન, ચારિત્ર અને બોધિલાભદ્વારા સ્વર્ગના નિર્મળ સુખની અને મોક્ષની પ્રાપ્તિ થાય ઇત્યાદિ વાત હવે પછી સ્પષ્ટ કરીશું...

## દ્રવ્ય નિક્ષેપાની આરાધ્યતા

દ્રવ્યનિક્ષેપો આરાધ્ય છે આ વાત સૂત્રની યુક્તિથી સ્પષ્ટ સમજી શકાય છે. તે આ પ્રમાણે → **શ્રી આદિનાથ** ભગવાનના કાળમાં સાધુઓ પ્રતિક્રમણવગેરે આવશ્યક ક્રિયાઓ કરે, ત્યારે તેમાં લોગસ્સ સૂત્ર પણ બોલે. આ સૂત્ર બોલતી વખતે એમાં આવતા ચોવીશ જિનોના નામને વંદન કરે. અર્થાત્ એ ચોવીશે જિનને આરાધ્યતરીકે સ્વીકારે. તેમાં **ઋષભદેવ** તો સાક્ષાત્ વિહરમાન હોવાથી ભાવજિનતરીકે સ્વીકૃત બને. પણ તે કાળે બાકીના ત્રેવીશ જિનવરો હજી ભાવજિન થયા ન હોવાથી પણ ભાવજિનની યોગ્યતા હોવાથી માત્ર દ્રવ્યજિનરૂપે જ છે. અને છતાં તે બધા પણ પ્રથમ જિનના કાળમાં આરાધ્યતરીકે માન્ય બને છે. તેથી સિદ્ધ થાય છે કે દ્રવ્યજિનો પણ પૂજનીય છે.

**શંકા :-** ઋષભદેવના કાળમાં એક ઋષભદેવ જ ભાવજિન હતા. તેથી તે કાળે માત્ર ઋષભદેવની જ સ્તુતિ કરાતી હતી. અજિતનાથ ભગવાનના કાળમાં ઋષભદેવ ભાવજિન થઇ ગયા અને અજિતનાથ ભાવજિન તરીકે વિચરતા હોય છે. તેથી ઋષભદેવ અને અજિતનાથ એમ બે ભગવાનની જ સ્તુતિ થતી હતી. આ પ્રમાણે ઉત્તરોત્તર જિનના કાળે સમજવામાં શું વાંધો છે ?

**સમાધાન :-** આ વાત બરાબર નથી. 'લોગસ્સ સૂત્ર' એ શાશ્વત અધ્યયન[①] હોવાથી પ્રથમ જિનકાળે જે લોગસ્સ સૂત્ર હતું, તે જ લોગસ્સ સૂત્ર દરેક જિનેશ્વરના કાળે હતું. તેથી 'પ્રથમ જિનના કાળે લોગસ્સ સૂત્રમાં માત્ર પ્રથમ જિનની જ સ્તુતિ હતી અને પછી જેમ જેમ જિનેશ્વરો થતા ગયા, તેમ તેમ તેઓના નામ ઉમેરાતા ગયા.' આ વાત તદ્દન અમાન્ય છે કારણ કે તેમ માનવામાં એવું માનવું પડશે કે તે-તે જિનેશ્વરો થવાસાથે લોગસ્સ સૂત્રના પાઠમાં ફેરફાર થતો ગયો. પણ શાશ્વતસૂત્રના પાઠમાં અંશમાત્ર પણ ફેરફાર કરવામાં કૃતાંત=સિદ્ધાંતનો કોપ=વિરાધના વજ્રલેપ છે=અવશ્ય છે. અર્થાત્ સિદ્ધાંતવિરુદ્ધ થવાથી અનંતસંસાર વૃદ્ધિની સંભાવના છે.

## અવિરુદ્ધ અર્થોપયોગ વિનાની ક્રિયા વેઠરૂપ

**શંકા :- ઋષભ**આદિ જિનકાળે લોગસ્સ સૂત્રનો પાઠ અખંડિત રાખવા બાકીના જિનોનો પણ નામોચ્ચાર

---

① લોગસ્સ સૂત્ર-ચતુર્વિંશતિજિનસ્તવરૂપ. ભરત અને ઐરવતક્ષેત્રમાં કર્મકાળે શાશ્વત છે. અર્થાત્ ભરત અને ઐરવત ક્ષેત્રમાં જેટલો કાળ ધર્મનો છે - જેટલા કાળમાં ધર્મની આરાધના શક્ય છે, તેટલા કાળમાં લોગસ્સ સૂત્ર સતત રહે. વચ્ચે લોપ પામે નહિ. તથા અવસર્પિણીકાળ કે ઉત્સર્પિણી કાળ બદલાય ત્યારે ચોવીશ જિનો પણ બદલાય છે. તેથી બીજી જિનચોવીશી શરુ થાય ત્યારે લોગસ્સ સૂત્રનાં જિનેશ્વરોના નામ બદલાઇ જાય અને નવી ચોવીશીના જિનોના નામ આવે. પરંતુ ચતુર્વિંશતિજિન સ્તવરૂપે તો દરેક ચોવીશી વખતે રહે જ.

त्वात्, अत एव द्रव्यावश्यकस्य निषेधः सूत्रे *'अनुपयोगश्च द्रव्य'*मिति शतश उद्घोषित**मनुयोगद्वारादौ**। अर्थोपयोगे तु वाक्यार्थतयैव सिद्धा द्रव्यजिनाराध्यतेति । **एतेन** द्रव्यजिनस्याराध्यत्वे करतलपरिकलितजलचुलुकवर्त्ति-जीवानामप्याराध्यत्वापत्तिस्तेषामपि कदाचिज्जिनपदवीप्राप्तिसम्भवादिति **शासन**विडम्बकस्य लुम्पकस्योपहासो निरस्तो द्रष्टव्यो द्रव्यजिनत्वनियामकपर्यायस्य तत्रापरिज्ञानात्। **मरीचिस्तु** स्वाध्यायध्यानपरायणो महात्मा भगवतो

---

થતો હતો. પણ તે નામોચ્ચાર બાકીના દ્રવ્યજિનોઅંગે પૂજ્યતાના ઉપયોગ વિના થતો હતો.

**સમાધાન :–** તાત્પર્યને વિરુદ્ધ ન હોય તેવા અર્થના ઉપયોગવાળી ક્રિયા જ સાર્થક છે. અર્થના ઉપયોગ વિનાની ક્રિયા તો રાજાની ચાકરી કરતા સેવકની ક્રિયાની જેમ વેઠરૂપ જ છે. તેથી **ઋષભ**આદિકાળના સાધુઓ 'અજિત'આદિ નામ બોલતી વખતે જો એવા ઉપયોગમાં હોય કે 'આ અજિતઆદિ નામ ઉચ્ચારણમાત્ર છે–અર્થહીન છે.' તો તેઓ વિરુદ્ધ ઉપયોગમાં ગણાય કારણ કે 'આ સૂત્ર અર્થહીન શબ્દોથી ભરેલું છે' એવી કલ્પના થવાથી સૂત્રની ઘોર આશાતના થાય. જો **ઋષભ**આદિકાળના સાધુઓ 'અજિત' આદિ નામો કોઇ પણ ઉપયોગ વિના જ બોલી જતા હોય, તો તેઓ વેઠ ઉતારતા જ ગણાય. 'રાજાએ કામ સોંપ્યું છે માટે કરી નાખો' એવા ભાવથી ઉત્સાહ વિના જ કામ કરી નાંખતા ચાકરે કામ કર્યું કે વેઠ ઉતારી ? બસ એજ પ્રમાણે 'ભગવાને આ લોગસ્સ સૂત્ર બોલવાનું કહ્યું છે માટે બોલી નાખો' એવા ભાવથી ઉપયોગ વિના બોલવું એ શુભક્રિયા ગણાય કે વેઠ ગણાય ? ધ્યાન રાખજો ! અવિરુદ્ધ ઉપયોગવિહોણી ક્રિયા યોગિકુળમાં જન્મઆદિ વિશિષ્ટ ધર્મસામગ્રીની સંપાદક બની શકતી નથી.[1]

માટે જ સૂત્રમાં ઠેર ઠેર દ્રવ્ય આવશ્યકનો નિષેધ કર્યો છે. ઉપયોગ વિનાની આવશ્યકક્રિયા દ્રવ્યઆવશ્યક બને છે, કારણ કે **અનુયોગદ્વાર**વગેરે સૂત્રોમાં કહ્યું જ છે કે *'અનુપયોગ=ઉપયોગનો અભાવ દ્રવ્યરૂપ છે.'* અર્થાત્ ઉપયોગ વિનાની પ્રવૃત્તિ દ્રવ્યરૂપ છે. તેથી તે **ઋષભ**આદિ જિનેશ્વરવખતના (આરાધક) સાધુઓ અવિરુદ્ધ ઉપયોગપૂર્વક જ લોગસ્સ સૂત્રનો ઉચ્ચાર કરતા હતા તેમ માનવું જ સંગત છે. અને તે વખતે એ ઉપયોગમાં **'અજિત'**વગેરે દ્રવ્યજિનરૂપે જ આવવાનાં. આમ **'અજિત'** વગેરે દ્રવ્યજિનો પણ આરાધ્યતરીકે સિદ્ધ થાય છે.

## દ્રવ્યજિનની આરાધ્યતામાં પર્યાયજ્ઞાનની નિયામકતા

**શંકા :–** આમ દીર્ઘકાળ પછી જેઓ ભાવજિન થવાના હોય તેઓ પણ જો દ્રવ્યજિન તરીકે આરાધ્ય બનતા હોય, તો ભવિષ્યમાં જિન બનનારા ઘણા જીવો અત્યારના એકેન્દ્રિયઆદિ અવસ્થામાં છે. એ બધા પણ દ્રવ્યજિનતરીકે પૂજ્ય થઇ જશે. તમે ખોબામાં લીધેલા પાણીમાં પણ ભાવિમાં જિન થનારા જીવોનો સંભવ છે. તેથી એ બધા જીવો પણ દ્રવ્યજિનરૂપે આરાધ્ય થઇ જશે. ટૂંકમાં આ સમગ્ર સૃષ્ટિમાં રહેલા તમામ જીવો તમારે મન પૂજ્ય થવા જોઇએ, કારણ કે તમારા હિસાબે દ્રવ્યજિન પૂજ્ય છે અને તમને એ તો ખબર નથી કે આ બધામાં કોણ ભાવિમાં જિન થનાર છે. તેથી સંભાવનાના બળપર અને બધા જ જીવો ભાવિમાં જિન થવાની શક્યતાપર દ્રવ્યજિન થઇ પૂજ્ય થઇ જશે.

**સમાધાન :–** તમે સમજ્યા વિના ઉપહાસ કર્યો છે. 'આ જીવ ભાવિમા અમુક ક્ષેત્રમાં અમુક નામનો

---

① ઉપયોગસહિતની ક્રિયા યોગરૂપ બને છે અને જ્ઞાનઆદિત્રિકથી યુક્ત થાય છે. તેથી સામર્થ્યવિશેષ ભળે, તો તે યોગક્રિયા તે જ ભવમાં નિર્વાણસાધિકા બને છે. તેમ ન બને, તો વૈમાનિકદેવ આદિ ભવ મળે. અને તે પછી યોગિકુળમાં જન્મ મળે (યોગિકુળ=જ્યાં યોગની આરાધના સહજ થતી હોય) અને ઉત્તરોત્તર વિશિષ્ટસામગ્રી મળે. એમ કરતા કરતા અલ્પભવોમાં ભવનો નિસ્તાર થઇ જાય. આમ ઉપયોગયુક્ત ક્રિયા સાનુબંધ બને છે. ઉપયોગરહિતની ક્રિયા પોતાના ફળ તરીકે દેવલોકઆદિ અપાવી શકે પણ યોગારાધનાની પરંપરા સર્જી ન શકે. દેવલોક આદિ મળ્યા પછી વિષયાદિમાં મગ્ન બનેલા એ જીવો પછીના ભવમાં યોગિકુળમાં જન્મ પામી શકતા નથી. તેથી તેઓની યોગઆરાધના અટકી જાય છે. આમ ઉપયોગ વિનાની ક્રિયા નિરનુબંધ બને છે.

**नाभिनन्दनस्य** चन्दनप्रतिमया गिरा परिकलिततादृशपर्यायपुलकितगात्रेण भक्तिपात्रेण **भरतचक्रवर्तिना** वन्दित एवेति **प्रसिद्धमावश्यकनिर्युक्तौ** पुरश्चकार च वन्दननिमित्तं द्रव्यजिनपर्यायं, न त्वौदयिकभावम् । **तथा हि** → *'णवि ते पारिवज्जं वंदामि अहं ण ते इहं जम्मं । जं होहिसि तित्थयरो अपच्छिमो तेणं वंदामि'* ॥ [आव.नि.४२८] त्ति ।

**पापिष्ठस्त्वाचष्ट** उक्तमिदं **निर्युक्तौ** परं न सूत्र इति निर्युक्तिकमेवेति । **तस्य** दुष्टस्य शिरसि **ऋषभादिवारके** चतुर्विंशतिस्तवसूत्रपाठानुपपत्तिरेव प्रहारः, यदि द्रव्यजिनतां पुरस्कृत्य भरतेन मरीचिर्वन्दितः कथं न साधुभिरित्यत्रानुविशिष्य वन्दने तद्व्यवहारानुपपत्तिरेव समाधानं, सामान्यतस्तु *'जे अइआ सिद्धा'* इत्यादिनाऽनागतमेव।

---

ભાવજિન થશે' એવું જ્ઞાન, અથવા 'આ દ્રવ્યજિન છે' તેવું જ્ઞાન જ 'દ્રવ્યજિન'પદની પૂજ્યતાનું નિયામક છે. એકેન્દ્રિયવગેરે જીવો કે હાથમાં રહેલા પાણીના જીવોમાંથી કોઇ જીવપ્રત્યે એવું વિશેષજ્ઞાન થતું નથી - તેમના ભાવિના ભાવજિનપર્યાયનો બોધ નથી. તેથી તેઓ બધા દ્રવ્યજિનતરીકે આરાધ્ય બનતા નથી.

## મરીચિને દ્રવ્યજિન તરીકે વંદન

**શંકા :-** કોઇ વ્યક્તિવિશેષ અંગે 'આ ભાવિમાં ભાવજિન થવાના છે' એવું જ્ઞાન સંભવે ખરું ? શું એવો કોઇ પ્રસંગ બન્યો છે કે જેમાં દૂરના ભાવિમાં જિન બનનારા તે જ્ઞાત દ્રવ્યજિન વંદનીય બન્યા હોય ?

**સમાધાન :-** 'આ જીવ ભાવિમાં તીર્થંકર થનાર છે.' એવા જ્ઞાનપૂર્વક તે દ્રવ્યજિન જીવને વંદન કર્યાનો પ્રસંગ શાસ્ત્રના પાને નોંધાયો છે. જુઓ → **આવશ્યક નિર્યુક્તિમાં ભરત મરીચિને** વંદન કરે છે એ પ્રસંગ આલેખાયો છે. (**મરીચિ ભરત ચક્રવર્તીનો** પુત્ર હતો. પોતાના દાદા **ઋષભદેવ** ભગવાનની સમવસરણની રિદ્ધિ જોઇ તે **મરીચિ** સંવેગ પામ્યો અને ભગવાનપાસે દીક્ષા લીધી. પછી તેણે અગ્યાર અંગનું જ્ઞાન મેળવ્યું. એકવાર **મરીચિ** ગ્રીષ્મ ઋતુના તાપથી ખિન્ન થયો અને શરીરના રાગે પરિષહને સહન ન કરી શક્યો. તેથી તે પોતાની મતિને અનુરૂપ પરિવ્રાજકનો વેશ રચી ભગવાનસાથે ફરવા લાગ્યો. વેશ પરિવ્રાજકનો હોવા છતાં સમ્યક્ત્વાદિ ગુણો દૃઢ હોવાથી **મરીચિ** પછી પણ સ્વાધ્યાયઆદિ યોગોમાં મસ્ત રહેતા હતા. એકવાર ભગવાન વિચરતા વિચરતા **વિનીતામાં** આવ્યા, ત્યાં સમવસરણ રચાયું. **ભરત ચક્રવર્તી** પ્રભુની દેશનામાં આવ્યા. ત્યાં **ભરતને** જિજ્ઞાસા થઇ કે ભવિષ્યમાં તીર્થંકર થાય તેવો કોઇ જીવ અહીં છે કે નહિ ? બધી જિજ્ઞાસાને સંતોષવામાં સમર્થ ભગવાનને **ભરતે** પોતાની જિજ્ઞાસા કહી. ત્યારે) **નાભિરાજાના** પુત્ર ભગવાન **ઋષભદેવે** ચંદન જેવી શીતલ વાણી દ્વારા કહ્યું કે - 'તારો પુત્ર અને હાલમાં પરિવ્રાજક બનેલો આ **મરીચિ** ભવિષ્યમાં આ જ ભરતક્ષેત્રમાં છેલ્લા તીર્થંકર થનાર છે.' આ સાંભળી **મરીચિના** તેવા ભાવિ પર્યાયને જાણી પુલકિત થયેલા અને વિશિષ્ટ ભક્તિભાવના સ્થાન બનેલા **ભરત-ચક્રવર્તી** તરત જ સ્વાધ્યાય-ધ્યાનમાં પરાયણ મહાત્મા **મરીચિપાસે** જઇ એના દ્રવ્યજિનપર્યાયને આગળ કરી એને વંદન કર્યું. તે વખતે **મરીચિ** એમ ન માની બેસે કે 'પોતાના પરિવ્રાજકવેશઆદિ રૂપ ઔદયિક ભાવને ભરત વંદન કરે છે અને તેથી પરિવ્રાજકવેશ પૂજનીય છે' તેમાટે **ભરત** ચોખવટ કરતા કહે છે *'હું તારા આ પરિવ્રાજકપણાને વંદતો નથી. તેમ જ તારા જ આ જન્મને પણ મારા વંદન નથી. પરંતુ તું આ ચોવિશીમાં ચરમ તીર્થપતિ થવાનો છે. તેથી તને વંદું છું.'*

**પ્રતિમાલોપક :-** આ પ્રસંગ **આવશ્યક નિર્યુક્તિમાં** બતાવ્યો છે. સાક્ષાત્ સૂત્રમાં બતાવ્યો નથી. તેથી આ વાત યુક્તિ વિનાની છે. તેથી માત્ર સૂત્રને જ સ્વીકારતા અમને બતાવેલો આ પ્રસંગ માન્ય નથી. તેથી તેના આધારે દ્રવ્યજિનની વંદનીયતા પણ અમને સ્વીકૃત નથી.

**સમાધાન :-** આ દુષ્ટ પાપિષ્ઠ(=ચૌદપૂર્વધર રચિત હોવાથી જ સૂત્રતુલ્ય જ પ્રમાણભૂત નિર્યુક્તિને અપ્રમાણભૂત ઠેરવવાની ચેષ્ટા કરનારો જિનવચનદ્રોહરૂપ મહત્તમ પાપ કરી રહ્યો છે. તેથી પાપિષ્ઠ છે.)ના મસ્તક(=દુર્બુદ્ધિ)પર શ્રીઋષભદેવ-

**अथ** द्रव्यत्वस्य द्रव्यसङ्ख्याद्यधिकारेऽ**नुयोगद्वारादिषु** एकभविकबद्धायुष्काभिमुखनामगोत्रभेदभिन्नस्यैवोपदेशाद् भावजिनादतिव्यवहितपर्यायस्य **मरीचे**र्द्रव्यजिनत्वमेव कथं युक्तमिति चेत् ? **सत्यं**-आयु:कर्मघटितस्य द्रव्यत्व-स्यैकभविकादिभेदनियतत्वेऽपि फलीभूतभावार्हत्पदजननयोग्यतारूपस्य प्रस्थकादिदृष्टान्तेन दूरेऽपि नैगमनयाभि-

---

પ્રભુવગેરે તીર્થંકરોના કાળમાં લોગસ્સ સૂત્રના પાઠની આવતી અનુપપત્તિ જ પ્રહારરૂપ છે. જો દ્રવ્યજિન વંદનીય ન હોય, તો એ પાઠ અસંગત ઠરે જે મોટી અનુપપત્તિરૂપ છે. તેથી પાઠને સુસંગત માનવો હોય, તો દ્રવ્યજિનને વંદનીય ગણવા જ જોઇએ.

## સાધુઓને મરીચિ વંદનીય કેમ નહિ ? ચર્ચા

**પ્રતિમાલોપક :-** આમ જો દ્રવ્યજિનતરીકે **મરીચિ** ભરતને વંદનીય બન્યા, તો તે કાળના સાધુઓએ પણ મરીચિને વંદન કરવું જોઇએ. (પણ અમને તો એમ સંભળાય છે કે 'સાધુઓ મરીચિને વંદન કરે એ વાત તો દૂર રહો, પણ મરીચિ જ્યારે માંદા પડ્યા ત્યારે તે મરીચિને અસાધુ ગણી સાધુઓએ તેની વૈયાવચ્ચ પણ ન કરી.') દ્રવ્યજિન જો આરાધ્ય હોય, તો સાધુઓએ મરીચિને વંદન અને મરીચિની વૈયાવચ્ચ કરવી જોઇતી હતી.

**સમાધાન :-** સાધુઓ જ્યારે 'નમુત્થુણં'=શક્રસ્તવનો *'જે અઇઆ સિદ્ધા'* ઇત્યાદિ પાઠ બોલે છે, ત્યારે તેઓ બધા દ્રવ્યજિનોને વંદન કરે જ છે. **શક્રસ્તવનો** પાઠ આ પ્રમાણે છે → *'જે અતીત=ભૂતકાળમાં સિદ્ધ થયા, જેઓ ભાવીમાં સિદ્ધ થશે તથા જેઓ વર્તમાનમાં વિચરી રહ્યા છે, તે સર્વેને (જિનોને) હું વંદન કરું છું.'* આ પાઠદ્વારા ભાવીમાં થનારા જિનમાં સમાવેશ પામેલા મરીચિને વંદન થઇ જ જાય છે.

**શંકા :-** આ પાઠથી તો બધા જિનોને સામાન્યરૂપે વંદન છે. તેમાં મરીચિને વિશેષ વંદનની વાત ન આવી. અમારે તો પૂછવું છે કે બધા સાધુઓ મરીચિને વિશેષરૂપે વંદન કરતા હતા કે નહિ ?

**સમાધાન :-** ઋષભદેવના સાધુઓ મરીચિને વિશેષરૂપે વંદન કરતા ન હતા, પણ તેમાં દ્રવ્યજિનની અવંદનીયતા કારણ નથી. પરંતુ તેવા પ્રકારના વ્યવહારની અસંગતતા જ કારણ હતી. (જો સાધુઓ પરિવ્રાજકવેશમાં રહેલા મરીચિને વંદે, તો તે કાળના અજ્ઞ લોકો એમ માનવાની ભૂલ કરી બેસે કે, 'મરીચિ સાધુઓને પણ વંદનીય છે. તેથી પરિવ્રાજકધર્મ સાધુધર્મ કરતા વધુ ચડિયાતો છે, શ્રેષ્ઠ છે, અને પૂજનીય છે.' આમ લોકોના મિથ્યાત્વનું પોષણવગેરે દોષો ઊભા ન થાય એવા જ કોઇક હેતુથી સાધુઓ મરીચિને વંદન કરવાનો વ્યવહાર નહિ રાખતા હોય. વળી વ્યક્તિગત વિશેષવંદન ઉત્સર્ગમાર્ગે વર્તમાનપર્યાયને અપેક્ષીને જ થાય છે. ભાવીના પર્યાયને અપેક્ષીને વિશેષવંદન કરવામાં ઘણા દોષો ઉદ્ભવે છે.)

## દ્રવ્યપદથી ભાવયોગ્યતાની ગ્રાહ્યતા

**શંકા :- અનુયોગદ્વાર** વગેરે ગ્રંથોમાં 'દ્રવ્યસંખ્યા' વગેરેનો વિચાર બતાવ્યો છે. ત્યાં 'દ્રવ્ય' તરીકે (૧) એક①ભવિકજીવ (૨) બદ્ધાયુષ્કજીવ અને (૩) અભિમુખનામગોત્રજીવ. આ ત્રણનો જ ઉલ્લેખ કર્યો છે. આમ આગમમાં ભાવજિનના અવ્યવહિતપૂર્વભવની જ ત્રણ અવસ્થામાં દ્રવ્યતરીકે પર્યાય સ્વીકાર્યો છે. તેથી ભાવજિનપર્યાયના પૂર્વના છેલ્લા ભવમાં જ દ્રવ્યજિનનો વ્યવહાર આગમસંમત છે. **'મહાવીરસ્વામી'** રૂપ ભાવજિનના પર્યાયથી અતિદૂરના ભવમાં રહેલા **મરીચિમાં** 'દ્રવ્યજિન' પર્યાય માનવો સંગત નથી.

---

① (૧) એકભવિક=ભાવજિનઆદિ પર્યાય પામવાના આગલા ભવમાં નવા ભવનું આયુષ્ય બાંધ્યુ ન હોય ત્યાં સુધીના પર્યાયવાળો. (૨) બદ્ધાયુષ્ક=ભાવજિનઆદિ પર્યાયના આગલા જ ભવમાં પણ આ નવા ભવના આયુષ્યના બંધ પછીના પર્યાયવાળો જીવ. (૩) અભિમુખનામગોત્રવાળો=ભાવજિન આદિ પર્યાયના આગલા જ ભવે આગલા ભવના છેલ્લા અંતર્મુહૂર્તકાળે અભિમુખનામગોત્રપર્યાયને પામે. આ ત્રણે પર્યાય ભાવજિનઆદિના દ્રવ્ય પર્યાયરૂપ છે.

प्रायेणाश्रयणात्। योग्यताविशेषे च ज्ञानिवचनादिनाऽवगते दोषमुपेक्ष्यापि तेषां वन्दनवैयावृत्त्यादिव्यवहारः सङ्गच्छते। अत **एवातिमुक्तकर्षेर्वीरवचनाद्भाविभद्रतामवगम्य** स्थविरैर्व्रतस्खलितमुपेक्ष्याग्लान्या वैयावृत्त्यं निर्ममे ।

**किञ्च** - *'णमो सुअस्स'* [भगवती श. १, सू. ३] इत्यादिनापि द्रव्यनिक्षेपस्याऽऽराध्यत्वं सुप्रतीतमक्षरादि-

---

**સમાધાન :-** તમારી વાત સાચી છે. પણ **અનુયોગદ્વારવગેરેમાં** 'દ્રવ્ય' ના જે 'એકભવિક' ઇત્યાદિ ત્રણ પર્યાય બતાવ્યા છે, તે આયુષ્યકર્મની અપેક્ષાએ છે. બાકી નૈગમનયની અપેક્ષાએ તો 'ભાવજિનપણું'રૂપ ફળ ઉત્પાદન કરવાની યોગ્યતા=શક્તિરૂપ દ્રવ્યજિનપર્યાય તો અતિદૂરના ભવમાં પણ સંભવે છે. નૈગમનય અતિદૂરના પર્યાયને પણ સ્વીકારે છે, એ વાત [①]પ્રસ્થકવગેરે શાસ્ત્રોક્ત દૃષ્ટાંતથી સિદ્ધ છે.

## યોગ્યતાના બહુમાનથી અવસરે દોષોની ઉપેક્ષા ક્ષમ્ય

**શંકા :-** ચાલો માની લઇએ કે, **મરીચિમાં** દ્રવ્યજિનપર્યાય હતો. છતાં પણ તે વખતે એ પરિવ્રાજકવેષ ધારણ કરી દોષમાં પડેલો હતો. **મરીચિના** આ તાત્કાલિક દોષોપ્રત્યે નજર નાખી ભરતે તેને વંદન કરવું જોઇએ નહિ.

**સમાધાન :-** એમ નથી. જ્ઞાનીના વચનથી કોઇ વ્યક્તિવિશેષમાં વિશિષ્ટ યોગ્યતાનું જ્યારે જ્ઞાન થાય છે, ત્યારે તે યોગ્યતા પ્રત્યેના અત્યંત ભક્તિભાવના કારણે તે વ્યક્તિમાં રહેલા તાત્કાલિક દોષોની ઉપેક્ષા થઇ જાય છે, અને તે વ્યક્તિ વંદનીય વગેરે રૂપ બની જાય છે. (**ભરત ચક્રવર્તીએ** જ્યારે જાણ્યું કે, **મરીચિમાં** ભાવજિનપદની યોગ્યતા છે; ત્યારે એ યોગ્યતાપ્રત્યેના અહોભાવથી **ભરત મરીચિને** વંદન કરે છે અને તેના દોષો પ્રત્યે ઉપેક્ષા કરે છે. પરંતુ તે વખતે **ભરત** સ્પષ્ટ શબ્દોમાં કહી દે છે કે, 'તારા પરિવ્રાજકપણાને મારા વંદન નથી.' તેથી **ભરત** વંદનદ્વારા **મરીચિના** દોષોના પોષક બનતા નથી.)

## અઇમુત્તામુનિનું દૃષ્ટાંત

**શંકા :-** આગમમાં અન્ય કોઇ દૃષ્ટાંત મળે છે કે જેમાં દોષપ્રત્યે ઉપેક્ષા રાખીને વંદન કે વૈયાવચ્ચ કર્યા હોય ?

**સમાધાન :-** હા, **ભગવતી સૂત્રમાં અઇમુત્તા** મુનિનું દૃષ્ટાંત છે. (અઇમુત્તા મુનિએ બાલ્યકાળમાં જ **શ્રી ગૌતમ સ્વામીની** પ્રેરણાથી દીક્ષા લીધી. એકવાર સ્થવિરોસાથે વિહાર કરતા રસ્તામાં પાણીથી ભરેલું ખાબોચિયું આવ્યું. ત્યાં નાના બાળકો હોડી બનાવી રમતા હતા. **અઇમુત્તા** મુનિની નજર ત્યાં પડી. બાળસુલભસ્વભાવને કારણે તેમને પણ ખાબોચિયામાં હોડી તરાવવાનું મન થયું. પણ બીજું કોઇ સાધન હાજર નહિ. તેથી **'હાજર સો હથિયાર'** ન્યાયથી પોતાનું પાત્ર જ સીધું પાણીમાં તરાવવા મુક્યું અને પાત્રને બરાબર તરતું જોઇ આનંદવિભોર બની ગયા. ત્યાં તો અચાનક સ્થવિર મુનિઓની **અઇમુત્તાપર** નજર પડી. **અઇમુત્તાની** બાલચેષ્ટાથી તેઓ એકદમ સ્તબ્ધ થઇ ગયા. તરત **અઇમુત્તા** મુનિને બોલાવી ધમકાવ્યા. 'અલા ! છોકરડા ! કંઇ પુણ્ય-પાપનો ખ્યાલ આવે છે કે નહિ ? તને ખબર નથી કે સાધુપણામાં રમાય નહિ ? અને આ પ્રમાણે સચિત્ત પાણીમાં પાત્રુ તરાવીને તેં કેટલા બધા અપ્કાય જીવોની વિરાધના કરી તેનો તને ખ્યાલ છે ? તેં તો ઉપકરણને જ અધિકરણ બનાવી દીધું.' વગેરે ઘણું કહ્યું. **અઇમુત્તાને** પણ પોતાનાથી થઇ ગયેલા પાપનો ભારે પસ્તાવો થવા માંડ્યો. પછી તો બધા વિહાર કરી ભગવાનપાસે આવ્યા, ત્યારે **અઇમુત્તાના** પાપને યાદ કરી કંઇક તિરસ્કારના ભાવથી એ **સ્થવિર** સાધુઓએ ભગવાનને પૂછ્યું- 'હે ભગવન્ ! આપનો આ શિષ્ય **અઇમુત્તો** ભવી છે કે અભવી ? અને જો ભવી હોય તો કેટલા ભવ રખડવાનો છે ?' ત્યારે પરમાત્માએ ધીરગંભીર વાણીમાં કહ્યું, 'મહાનુભાવો ! તમે **અઇમુત્તાની** આશાતના ન કરો. તે ચરમશરીરી છે. આ ભવમાં જ મોક્ષમાં જશે.' આ સાંભળીને સાનંદ આશ્ચર્ય પામેલા તે મુનિવરોએ ક્ષમાયાચના કરી. પછી) **અઇમુત્તા** મુનિવરનું ભવિષ્યમાં કલ્યાણ જાણી બાળમુનિતરીકે વૈયાવચ્ચ કરતી વખતે તે મુનિઓએ **અઇમુત્તા** મુનિએ પાણીના જીવોની વિરાધના કરવાદ્વારા કરેલી વ્રતની સ્ખલનાની પણ ઉપેક્ષા કરી.

---

① પ્રસ્થક=ધાન્ય માપવાનું સાધન. આ પ્રસ્થક બનાવવા લાકડું લેવા સુથાર જંગલમાં જતો હોય ત્યારે કોઇ પૂછે કે, 'ક્યાં જાય છે?' ત્યારે જવાબમાં સુથાર કહે 'પ્રસ્થક બનાવવા જાઉં છું.' ત્યારે નૈગમનય સુથારના જવાબને સત્ય માને છે.

श्रुतभेदेषु संज्ञाव्यञ्जनाक्षरादीनां भावश्रुतकारणत्वेन द्रव्यश्रुतत्वात्, पत्रक-पुस्तकलिखितस्य च *'दव्वसुअं जं पत्तयपोत्थयलिहिअं'* [अनुयोगद्वार ३९] इत्यागमेन द्रव्यश्रुतत्वप्रसिद्धेः। भावश्रुतस्यैव वन्द्यत्वतात्पर्ये च जिनवागपि न नमनीया स्यात्, केवलज्ञानेन दृष्टानामर्थानां जिनवाग्योगेन निसृष्टायास्तस्याः श्रोतृषु भावश्रुतकारणत्वेन द्रव्यश्रुतत्वात्, **तदार्षं** → *'केवलनाणेणत्थे णाउं, जे तत्थ पन्नवणजोगे । ते भासइ तित्थयरो, वयजोगो सुअं हवइ सेसं'*॥ [आव. नि. ७८] त्ति। तस्य वाग्योगः श्रुतं भवति। शेषम्=अप्रधानं द्रव्यभूतमिति तुरीयपादार्थः। **भगवन्मुखोत्सृष्टैव** वाणी वन्दनीया नान्येति वदंस्तु **स्वमुखेनैव** व्याहन्यते केवलायास्तस्याः श्रवणायोग्यत्वेन

---

## 'નમો સુઅસ્સ'પદથી દ્રવ્યની આરાધ્યતાની સિદ્ધિ

**શંકા :-** આ પ્રસંગને છોડો. આ સિવાય બીજું કોઇ પ્રમાણ છે કે જે દ્રવ્યને આરાધ્ય તરીકે સિદ્ધ કરે ?

**સમાધાન :-** હા જુઓ ! *'નમો સુઅસ્સ'*(=શ્રુતને નમસ્કાર) વગેરે પદદ્વારા દ્રવ્યનિક્ષેપાની આરાધ્યતા સિદ્ધ થાય છે. *'નમો સુઅસ્સ'* આ વાક્યમાં 'શ્રુત' પદ શ્રુતસામાન્યનો નિર્દેશ કરે છે. તેથી શ્રુતપદથી દ્રવ્યશ્રુત અને ભાવશ્રુત આ બંને નમસ્કાર્યતરીકે ગ્રાહ્ય થશે. તેમાં ભાવશ્રુત શ્રુતજ્ઞાનાવરણના ક્ષયોપશમરૂપ છે. સંજ્ઞા, વ્યંજનઆદિ શ્રુત દ્રવ્યશ્રુત છે કેમકે તેઓ ભાવશ્રુતના કારણ છે. તેઓનો અક્ષરઆદિ શ્રુતના ભેદોમાં સમાવેશ થાય છે. આગમવચન છે કે *'પાના પુસ્તકવગેરેમાં લખાયેલું બધું દ્રવ્યશ્રુત છે.'* આમ આગમવચનથી પણ સંજ્ઞા-વ્યંજનાદિ બધું દ્રવ્યશ્રુતતરીકે સિદ્ધ થાય છે. ભાવશ્રુત અને દ્રવ્યશ્રુત આ બન્નેનો શ્રુતસામાયિકમાં સમાવેશ થાય છે. તેથી આ બન્ને શ્રુત વંદનીય છે.

**શંકા :-** 'નમો સુઅસ્સ' પદથી વંદનીય તરીકેનું તાત્પર્ય માત્ર ભાવશ્રુતઅંગે જ છે.

**સમાધાન :-** આમ જો દ્રવ્યશ્રુત વંદનીય ન હોય, તો ભગવાનની વાણી પણ વંદનીય ન બને. ભગવાનને કેવળજ્ઞાન હોવાથી ભાવશ્રુત હોતું નથી. ભગવાન કેવળજ્ઞાન દ્વારા જોયેલા પદાર્થો પોતાના વાગ્યોગદ્વારા પ્રરૂપે છે; આ પ્રરૂપણા અનેક ભવ્યશ્રોતાઓના ભાવશ્રુતનું કારણ બનતી હોવાથી દ્રવ્યશ્રુતરૂપ છે. કહ્યું પણ છે કે → *'તીર્થંકરો કેવળજ્ઞાનદ્વારા પદાર્થોને જુએ છે અને જોયેલા તે પદાર્થોમાં જેટલા પદાર્થો પ્રરૂપણા યોગ્ય હોય, તેટલા પદાર્થોને પ્રકાશે છે. ભગવાનનો આ વાગ્યોગ શેષ(=બાકી રહેલું=અપ્રધાન=દ્રવ્યભૂત) શ્રુત થાય છે.'* હવે જો દ્રવ્યશ્રુત વંદનીય ન હોય, તો ભગવાનની વાણી પણ વંદનીય રહે નહિ.

## મિશ્રિત અને વાસિત શબ્દપુદ્ગલો જ શ્રવણયોગ્ય

**શંકા :-** *'નમો સુઅસ્સ'* અહીં શ્રુતપદથી માત્ર 'ભગવાનની વાણી' એવો જ અર્થ કરવો. અર્થાત્ માત્ર ભગવાનની વાણીરૂપ શ્રુત જ વંદનીય છે, અન્ય નહિ.

**સમાધાન :-** અહીં તમારે 'વદતો વ્યાઘાત' છે. કારણ કે તમે છોડેલા આ વચનપુદ્ગલો પણ શુદ્ધ તે રૂપે અમે સાંભળતા નથી. પણ કાં તો મિશ્ર અને કાં તો વાસિત પુદ્ગલોને જ સાંભળીએ છીએ. તે જ પ્રમાણે ભગવાનના મુખમાંથી નીકળેલા શુદ્ધ વચનપુદ્ગલો કોઇના પણ શ્રવણપથમાં આવતા જ નથી. કેમકે ભગવાનના મુખમાંથી નીકળેલા શુદ્ધ વચનપુદ્ગલો પોતે શ્રવણને યોગ્ય નથી. વક્તાના મુખમાંથી નીકળેલા વચનપુદ્ગલો સમશ્રેણિમાં ગમન કરે છે અને માર્ગમાં આવતા ભાષાયોગ્ય પુદ્ગલોને પોતાનાથી વાસિત કરે છે. અર્થાત્ એ પુદ્ગલોમાં પણ પોતાને તુલ્ય શબ્દપરિણતિ ઉત્પન્ન કરે છે. આમ સમશ્રેણિમાં રહેલા શ્રોતાને વક્તાના મુખમાંથી નીકળેલા વચન અને તેનાથી વાસિત થયેલા પુદ્ગલો, એમ મિશ્ર વચનપુદ્ગલો સંભળાય છે. તેથી ભગવાન ઉપદેશ આપતા હોય ત્યારે સમશ્રેણિમાં રહેલાને મિશ્રવચનો સંભળાય છે. પરંતુ વિશ્રેણિમાં રહેલાને તો ભગવાનના મુખમાંથી નીકળેલા વચનપુદ્ગલમાંથી એક પણ પુદ્ગલ સંભળાતો નથી.

श्रोतृषु भावश्रुताजननाद् द्रव्यश्रुतरूपताया अप्यनुपपत्तेः, मिश्रायाः श्रवणेऽपि विश्रेणिस्थित एवागतेः । **पराघात**-वासिताया ग्रहणे च **जिनवाणी**प्रयोज्याया अन्याया अपि यथावस्थितवाच आराध्यत्वाक्षतेः । **एतेन सिद्धाचला**-**दे**राराध्यत्वमपि व्याख्यातं, ज्ञानदर्शनचारित्ररूपभावतीर्थहेतुत्वेनास्य द्रव्यतीर्थत्वादनन्तकोटिसिद्धस्थानत्व-स्यान्यत्राविशेषेऽपि स्फुटप्रतीयमानतद्भावेन तीर्थस्थापनयैवात्र विशेषात्, अनुभवादिना तथासिद्धौ श्रुतपरिभाषा-

---

**શંકા :-** તેઓને પણ ભગવાનના મુખમાંથી નીકળેલા વચનપુદ્ગલોના પરાઘાતથી વાસિત થયેલા વચનપુદ્ગલો સંભળાય છે, તેથી એ બધા પુદ્ગલો પણ વંદનીય બનશે.

**સમાધાન :-** આ પ્રમાણે જો પરાઘાત પામેલા અને વાસિત થયેલા પુદ્ગલો સાક્ષાત્ જિનમુખેથી નીકળ્યા ન હોવા છતાં વંદનીય ગણાતા હોય, તો એ જ પ્રમાણે ભગવાનની વાણીને અનુસરીને બીજા આચાર્યવગેરેથી બોલાતી વાણી પણ વંદનીય બને છે, કારણ કે તે વાણી પણ ભગવાનની વાણીથી વાસિત હોવાથી ભગવાનની વાણીની જેમ યથાર્થવાદિની જ છે. તેથી નક્કી થાય છે કે, શ્રુતરૂપ બનતી બધી વાણી નમનીય છે. તેથી દ્રવ્ય પણ આરાધ્યતરીકે સિદ્ધ થાય છે.

## શત્રુંજય તીર્થની આરાધ્યતા

આમ 'દ્રવ્યનિક્ષેપો પણ આરાધ્ય છે' એમ સિદ્ધ થવાથી **શત્રુંજય**વગેરે તીર્થો પણ આરાધ્યતરીકે સિદ્ધ થાય છે, કારણ કે તેઓ જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ ભાવતીર્થના કારણ છે.

**શંકા :-** શત્રુંજયવગેરે સ્થળો શી રીતે ભાવતીર્થના કારણ બને છે ?

**સમાધાન :-** આ ક્ષેત્રોનો પ્રભાવ જ એવો છે કે, ત્યાં આવનારને વિશિષ્ટ ભાવોલ્લાસ ઉત્પન્ન થવાથી જ્ઞાનાવરણીયઆદિ કર્મોનો ક્ષયોપશમ થવાથી જ્ઞાનવગેરેની પ્રાપ્તિ થાય છે. યાવત્ સર્વ ઘાતિકર્મોનો ક્ષય થઇ કેવળજ્ઞાનવગેરે મળે છે અને સર્વકર્મનો ક્ષય થવાથી મોક્ષ પણ થાય છે. અર્થાત્ આ ક્ષેત્રના પ્રભાવથી અનંત જીવો મોક્ષ પામી ગયા છે.

**શંકા :-** અનંતકાળમાં આ અઢી દ્વીપ અને બે સમુદ્રના પ્રત્યેક સ્થળેથી અનંત જીવો મોક્ષે ગયા છે. તો શું આ બધા સ્થળો પણ તીર્થ થઇ ગયા ? (અને જો તેમ હોય તો 'એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ' આ પંક્તિને ચરિતાર્થ કરી બસ બધા જ સ્થાનોને તીર્થ માની પૂજ્યા કરો.)

**સમાધાન :-** આમ અધીરા ન થાવ. અલબત્ત, અનંતકાળની અપેક્ષાએ દરેક સ્થાનેથી અનંતા જીવો મોક્ષે ગયા છે. પરંતુ તે-તે ઉત્સર્પિણી અવસર્પિણી વગેરે કાળની અપેક્ષાએ વિચારીએ, તો અન્ય ક્ષેત્ર કરતાં **શત્રુંજય**આદિ સ્થળોથી મોક્ષે જનારા ઘણા વધારે હોય છે. તેમાં કારણ એ છે કે, અન્યત્ર સાધુવગેરે પોતાના સ્વવીર્યથી ભાવોલ્લાસ પ્રગટાવી મોક્ષે ગયા. જ્યારે શત્રુંજયઆદિ ક્ષેત્રનો જ પ્રભાવ એવો છે, કે આ ક્ષેત્રોમાં આવનારાને સહજ ક્ષેત્રના પ્રભાવથી જ એવો ભાવોલ્લાસ પ્રગટે છે અને મોક્ષ પ્રાપ્ત થાય છે. એમ ન કહેશો કે, 'સ્વગતભાવમાટે બાહ્યક્ષેત્ર શી રીતે કારણ બને ?' કારણ કે આગમમાં ઠેર ઠેર ભાવપ્રત્યે દ્રવ્ય-ક્ષેત્ર આદિને નિમિત્ત તરીકે સ્વીકાર્યા છે, અને અનુભવ પણ તેવો થાય જ છે. આમ જ્ઞાનઆદિ ભાવપ્રત્યે કારણ બનતાં હોવાથી જ શત્રુંજયવગેરે તીર્થો દ્રવ્યતીર્થ બને છે અને પૂજનીય ઠરે છે.

## 'તીર્થ'પદના અર્થની ચર્ચા

**શંકા :-** આગમમાં 'તીર્થ' પદનો અર્થ 'ચતુર્વિધ સંઘ' એવો કર્યો છે. તેથી જડ ક્ષેત્રને 'તીર્થ' શી રીતે કહી શકાય ?

भावस्यातन्त्रत्वादन्यथा चतुर्वर्णश्रमणसङ्घे तीर्थत्वं तीर्थकरे तु तद्बाह्यत्वमित्यपि विचारकोटिं नाटीकेत। व्यवहारविशेषाय यथा तथा परिभाषणमपरिभाषणं च न व्यामोहाय विपश्चितामिति स्थितम्। भावनिक्षेपे तु न विप्रतिपत्तिरिति चतुर्णामपि सिद्धमाराध्यत्वम्॥ २॥ एवं व्यवस्थिते ब्राह्मीलिपिरिव प्रतिमा सूत्रन्यायेन वन्द्येति

---

**સમાધાન :-** જ્ઞાનઆદિ ત્રણ સંસારસાગરમાંથી તારે છે, માટે જ્ઞાનઆદિ ત્રણ ભાવતીર્થ કહેવાય, આ ભાવતીર્થમાં જે કારણ બને તે દ્રવ્યતીર્થ કહેવાય. શત્રુંજયવગેરે ક્ષેત્રો ભાવતીર્થના કારણ બનતા હોવાથી દ્રવ્યતીર્થ કહી શકાય. શત્રુંજયપર્વતવગેરે સ્થળો ભાવતીર્થના કારણ બને છે, એ ઘણા શિષ્ટપુરુષોની અનુભવસિદ્ધ હકીકત છે. આ અનુભવસિદ્ધ હકીકતનો નિષેધ શ્રુતની પરિભાષામાત્રથી કરવો યોગ્ય નથી. અહીં શ્રુતપરિભાષા નિયામક બને નહીં, કારણ કે તેમ માનવામાં મોટી આપત્તિ છે.

**શંકા :-** શી આપત્તિ છે ?

**સમાધાન :-** તમે બતાવેલી તીર્થની પરિભાષાથી તો માત્ર ચતુર્વિધ સંઘ જ તીર્થ બને છે. અને તે તીર્થના સ્થાપક તીર્થંકરોનો પણ તીર્થમાં સમાવેશ થતો નથી. માટે જ આ પરિભાષાના બળપર જ સાધુઓને પણ તીર્થંકરમાટે બનાવેલી સમવસરણઆદિ વસ્તુ કલ્પ્ય બને છે. તેથી જો આ શ્રુતપરિભાષા જ સર્વત્ર બળવાન હોય, તો ભગવાન કોઇ પણ રીતે તીર્થરૂપ રહેશે નહિ.

(**શંકા :-** ભગવાન તીર્થરૂપ ન બને તેમાં શો વાંધો છે ?

**સમાધાન :-** કેમ વળી ? તીર્થનો અર્થ છે 'તારે તે તીર્થ.' હવે જો ભગવાન તીર્થરૂપ ન હોય, તો તેનો અર્થ એ થયો કે ભગવાન તારક નથી. જો ભગવાનને તારક માનવા હોય તો તીર્થરૂપ માનવા જ પડશે.

**શંકા :-** ભગવાનને તીર્થરૂપ માનો ત્યારે !

**સમાધાન :-** ભગવાનને તીર્થરૂપ શી રીતે માનશો ?

**શંકા :-** કેમ વળી ? તમે કહ્યું તેમ, ભગવાન તારે છે માટે તીર્થરૂપ છે.

**સમાધાન :-** ભગવાન શી રીતે તારે છે ? શું બધાને હાથ પકડી પકડીને મોક્ષે લઇ જાય છે ?

**શંકા :-** ના. તેમ નહિ. પણ ભગવાન પોતાના ઉપદેશઆદિદ્વારા બીજાઓના જ્ઞાનઆદિમાં નિમિત્ત બનવારૂપે તીર્થ બને છે.

**સમાધાન :-** એનો અર્થ એમ થયો ને કે જ્ઞાનાદિ ભાવતીર્થમાં કારણ હોવાથી ભગવાન તીર્થ છે.

**શંકા :-** બરાબર ! એમ જ.

**સમાધાન :-** તેથી તાત્પર્ય એ આવીને ઊભું રહ્યું કે જે જ્ઞાનાદિ ભાવતીર્થમાં કારણ બને, તે તીર્થ ગણાય શત્રુંજયવગેરે ક્ષેત્રો પણ ભાવતીર્થમાં કારણ બને છે. તેથી સિદ્ધ થાય છે કે, શત્રુંજયવગેરે ક્ષેત્રો પણ તીર્થરૂપ છે અને તેથી ભગવાનની જેમ શત્રુંજયવગેરે તીર્થો પણ આરાધ્ય છે.)

**શંકા :-** પણ તો પછી શ્રુતપરિભાષાનું શું ?

**સમાધાન :-** વ્યવહારવિશેષને પ્રમાણિત કરવા જ અમુક પ્રકારની પરિભાષા કરાતી હોય છે, અથવા નથી કરાતી. પણ તેટલામાત્રથી સુજ્ઞપુરુષોએ મુંઝાવું નહિ. કિન્તુ તે તે પરિભાષાની મર્યાદા ક્યાં સુધી છે ? તે પરિભાષાનો વિષય કેટલો છે ? તે અંગે જ વિચારવું. પણ તે જ પરિભાષાને[1] સર્વત્ર લગાવવી એવો આગ્રહ ન રાખવો. આમ દ્રવ્યનિક્ષેપો પણ આરાધ્યતરીકે સિદ્ધ થાય છે.

ભાવનિક્ષેપો આરાધ્ય છે તે બાબતમાં કોઇ વિવાદ નથી. આમ ચારેય નિક્ષેપા આરાધ્ય તરીકે સિદ્ધ થાય છે. ॥ ૨ ॥

---

① તીર્થંકરનામકર્મોદયના વિપાકથી ભગવાન જે તીર્થ સ્થાપે છે, તે તીર્થ કયું ? અને ભગવાન કયા તીર્થની સ્થાપનાથી તીર્થંકર કહેવાય છે ? ઇત્યાદિ આશંકા ટાળવા તીર્થ=ચતુર્વિધ સંઘ એવી પરિભાષા કરી હોય તેમ લાગે છે.

तदपह्नवकारिणां मूढतामाविष्करोति–

**लुप्तं मोहविषेण किं किमु हतं मिथ्यात्वदम्भोलिना,**
**मग्नं किं कुनयावटे किमु मनो लीनं तु दोषाकरे ।**
**प्रज्ञप्तौ प्रथमं नतां लिपिमपि ब्राह्मीमनालोचयन्,**
**वन्द्यार्हत्प्रतिमा न साधुभिरिति ब्रूते यदुन्मादवान् ॥ ३ ॥**

(**दंडान्वयः**→ प्रज्ञप्तौ प्रथमं नतां ब्राह्मीलिपिमप्यनालोचयन् 'अर्हत्प्रतिमा साधुभिर्न वन्द्ये' ति यदुन्मादवान् ब्रूते (तत्) किं (तस्य) मनो मोहविषेण लुप्तम् ? किमु मिथ्यात्वदम्भोलिना हतम् ? (अथवा) किं कुनयावटे मग्नम् ? किमु दोषाकरे लीनम् ?)

'लुप्तम्'इति। **प्रज्ञप्तौ** *प्रथमं*=आदावेव नतां **सुधर्मस्वामिना** ब्राह्मीं लिपिम*प्यनालोचयन्*=धारणा-बुद्ध्याऽपरिकलयन् 'अर्हत्प्रतिमा साधुभिर्न वन्द्ये'ति *यदुन्मादवान्*=मोहपरवशो ब्रूते, तत् किं तस्य मनो मोहविषेण *लुप्तं*=व्याकुलितम् ? किमु *मिथ्यात्वदम्भोलिना*=मिथ्यात्ववज्रेण *हतं*=चूर्णितम् ? अथवा किं *कुनयावटे*=दुर्नयकूपे मग्नम् ? यद्वा 'तु' इत्युत्प्रेक्षायां, दोषसमूहाभिन्ने=दोषाकरे लीनम् ? छायाश्लेषेण मनश्चन्द्रं विशतीति श्रुतेः, न मृतमित्यर्थः । अत्र *'लिम्पतीव तमोऽङ्गानी'*त्यादौ [बालचरित १/१५] लेपनादिना व्यापनादेरिव विषकर्तृक-लुप्तादिना लुम्पकमनोमूढताया अध्यवसानात् स्वरूपोत्प्रेक्षा किमादि द्योतकः, *'सम्भावनमथोत्प्रेक्षा प्रकृतस्य समेन यद्'* [१०/१३७] इति **काव्यप्रकाशकारः** । *'असद्धर्मसम्भावनमिवादिद्योत्योत्प्रेक्षे'* [काव्यानुशासन ६/४] ति **हेमचन्द्राचार्याः** ॥

## બ્રાહ્મીલિપિની ચર્ચા

આ પ્રમાણે ચારે નિક્ષેપા આરાધ્ય છે તેમ નિર્ણય થયા બાદ, હવે બ્રાહ્મી લિપિની જેમ જિનપ્રતિમા પણ સૂત્રના ન્યાયથી જ વંદનીય છે તેમ દર્શાવતા અને પ્રતિમાની પૂજ્યતાનો અપલાપ કરનારાઓની મૂઢતા પ્રગટ કરતા કવિવર કહે છે–

**કાવ્યાર્થ :-** **ભગવતી સૂત્રના** આરંભમાં જ **સુધર્માસ્વામી** જે બ્રાહ્મીલિપિને નમ્યા છે, તે બ્રાહ્મી લિપિની ધારણા કર્યા વિના જ પ્રતિમાલોપકો મોહપરવશ થઇને કહે છે કે 'ભગવાનની પ્રતિમા સાધુઓને વંદનીય નથી' તો શું પ્રતિમાલોપકોનું મન (૧) મોહરૂપ ઝેરથી વ્યાકુલ થયેલું છે ? કે પછી (૨) મિથ્યાત્વરૂપ વજ્ર વડે ચૂર્ણ કરાયું છે ? કે (૩) દુર્નયરૂપ અંધારાકુવામાં ડુબી ગયું છે ? કે પછી (૪) દોષોની ખાણમાં ગરક થયું છે ?

કાવ્યમાં 'તુ' પદનો પ્રયોગ ઉત્પ્રેક્ષાસૂચક છે. 'દોષાકર' પદથી 'દોષના સમૂહથી અભિન્ન' એવો અર્થ કરવો અને મન તેમાં મૃત (કે ભૃત ?=ગરક) થયું છે, તેવો અર્થ કરવો. છાયાશ્લેષ કરવામાં આવે તો 'મન ચંદ્રમાં પ્રવેશ્યું' એવો અપ્રસ્તુત અર્થ નીકળે. કેમકે દોષા=રાત્રિ. કર=તેનો કરનાર. આ વ્યુત્પત્તિથી 'દોષાકર' શબ્દ 'ચંદ્ર' અર્થમાં રૂઢ છે. *'લિમ્પતીવ તમો અંગાનિ'* ઇત્યાદિ શ્લોકમાં લેપનનો અર્થ 'વ્યાપવું' એવો કર્યો છે. તેમ અહીં 'મોહ-વિષથી મન લોપ પામ્યું છે' આ વાક્યથી 'પ્રતિમાલોપકનું મન મૂઢ થયું છે.' એવો બોધ થાય છે. તેથી અહીં **સ્વરૂપઉત્પ્રેક્ષા અલંકાર** છે. આ અલંકાર 'કિમ્' વગેરે પદોથી ઘોતિત થાય છે. આ અલંકારનું **કાવ્યપ્રકાશકારના** મતે લક્ષણ *'સમ(=ઉપમાન)ની સાથે પ્રકૃતની(=ઉપમેયની) જે સંભાવના(=ઉત્કૃષ્ટ કોટિનો સંદેહ) છે તે* ***ઉત્પ્રેક્ષા અલંકાર*** *છે.'* **શ્રી હેમચંદ્રાચાર્યએ** પોતાના **કાવ્યાનુશાસન** ગ્રંથમાં ઉત્પ્રેક્ષાનું લક્ષણ આ પ્રમાણે બતાવ્યું છે → 'અસદ્

अयं भावः- *'णमो बंभीए लिवीए'* [श. १, सू. २] इति पदं यद् **व्याख्याप्रज्ञप्तेरादौ** उपन्यस्तं, तत्र ब्राह्मीलिपिः=अक्षरविन्यासः, सा यदि श्रुतज्ञानस्यानाकारस्थापना, तदा तद्वन्द्यत्वे साकारस्थापनाया भगवत्प्रतिमायाः स्पष्टमेव साधूनां वन्द्यत्वं तुल्यन्यायादिति तत्प्रद्वेषे प्रज्ञप्तिप्रद्वेष एव, **यत्तु** प्रतिमाप्रद्वेषधूमान्ध-कारितहृदयेन **धर्मशृगालकेन** प्रलपितं ब्राह्मी लिपिरिति प्रस्थकदृष्टान्तप्रसिद्धनैगमनयभेदेन तदादिप्रणेता **नाभेयदेव** एवेति, तस्यैवायं नमस्कार इति तन्महामोहविलसितं, **ऋषभनमस्कारस्य** *'नमोऽर्हद्भ्य'* इत्यत एव प्रसिद्धेः, प्रतिव्यक्ति **ऋषभादिनमस्कारस्य** चाविविक्षितत्वादन्यथा चतुर्विंशतिनामोपन्यासप्रसङ्गात्, श्रुतदेवतानमस्कारा-नन्तर**मृषभनमस्कारो**पन्यासानौचित्याच्छुद्धनैगमनयेन ब्राह्मया लिपेः कर्तुर्लेखकस्य नमस्कारप्राप्तेश्चेति न किञ्चिदेतत्। **एतेन** 'अ' कारप्रश्लेषादलिप्यै=लेपरहितायै ब्राह्मयै=जिनवाण्यै नम इत्यादि तत्कल्पनापि परास्ता,

---

*ધર્મોની (નહિ રહેલા ગુણક્રિયાદિ રૂપ ધર્મોની) સંભાવનાનું 'ઇવ' વગેરે પદોથી જ્યારે ઘોતન કરવામાં આવે છે, ત્યારે* ***ઉત્પ્રેક્ષા અલંકાર*** *બને છે.'*

## બ્રાહ્મીલિપિની અનાકાર સ્થાપનારૂપે પૂજ્યતા

કાવ્યનો ભાવ આ પ્રમાણે છે → **ભગવતી સૂત્રના** આરંભમાં જ *'નમો બંભીએ લિવીએ'* એવું પદ છે. બ્રાહ્મી લિપિ અક્ષરરચનારૂપ છે અને અક્ષરરચના શ્રુતજ્ઞાનની અનાકાર સ્થાપનારૂપ છે. આમ જો શ્રુતજ્ઞાનની અનાકાર સ્થાપનારૂપ બ્રાહ્મી લિપિ પૂજનીય બની શકે, તો અરિહંતની સાકારસ્થાપનારૂપ પ્રતિમા શા માટે સાધુઓને વંદનીય ન બને ? કેમકે બંને પક્ષે ન્યાય તુલ્ય છે. બન્ને(બ્રાહ્મીલિપિ અને જિનપ્રતિમા) સ્થાપનારૂપ જ છે. તેથી પૂજનીય બને તો બન્ને સમાનરૂપે જ પૂજનીય બને. છતાં જો સ્થાપનારૂપ હોવાથી પ્રતિમાપર દ્વેષ રાખશો, તો જેના આરંભમાં જ શ્રુતજ્ઞાનની સ્થાપનારૂપ બ્રાહ્મીલિપિને નમસ્કાર છે, એ **ભગવતી સૂત્ર**પર પણ દ્વેષ આવવાનો જ, કારણ કે એ તમારી માન્યતાથી વિરુદ્ધ સ્થાપનાને નમસ્કાર્યતરીકે સિદ્ધ કરે છે. (પિતાએ સ્થાપેલા આચારનો તિરસ્કાર કરનાર પુત્ર વાસ્તવમાં પિતાનો જ તિરસ્કાર કરે છે.)

**પ્રતિમાલોપક** (ધર્મશૃગાલ ?) **:-** અહીં નૈગમનયને માન્ય પ્રસ્થક દૃષ્ટાંતથી 'બ્રાહ્મીલિપિ' પદથી તે લિપિના પ્રથમ પ્રણેતા ઋષભદેવ ભગવાન લેવાના છે. તેથી *'નમો બંભીએ લિવીએ'* પદથી વાસ્તવમાં બ્રાહ્મીલિપિના પ્રણેતા ઋષભદેવ ભગવાનને નમસ્કાર છે.

**ઉત્તર :-** તમારા આ વચનમાં મહામોહની લીલા વર્તાઇ રહી છે. તેથી જ આ વચનમાં પ્રતિમાપ્રત્યે ભારોભાર દ્વેષ વર્તાઇ રહ્યો છે. *'નમો બંભીએ લિવીએ'* આ સૂત્રથી ઋષભદેવને નમસ્કાર કરવાનું કોઇ પ્રયોજન નથી. કારણ કે આ સૂત્રની પહેલાં જ *'નમો અર્હદ્ભ્યઃ'* આ સૂત્રથી બધા અરિહંતોને નમસ્કાર કર્યા છે અને તેમાં ઋષભદેવ અરિહંતનો પણ સમાવેશ થઇ જાય છે.

**પ્રતિમાલોપક :-** *'નમો અર્હદ્ભ્યઃ'* સૂત્રથી બધા તીર્થંકરોને સામાન્યરૂપે નમસ્કાર છે. આ ચોવીશીમાં પ્રથમ તીર્થપતિ **'ઋષભદેવ'**ને વિશેષથી નમસ્કાર કરવામાટે *'નમો બંભીએ લિવીએ'* એમ કહ્યું છે.

**ઉત્તર :-** જો એમ જ હોય, તો **મહાવીરસ્વામી** ભગવાન આસન્ન ઉપકારી છે. તેથી તેમને પણ વિશેષથી નમસ્કાર થવો જોઇએ અને એ પ્રમાણે આ અવસર્પિણીના બધા તીર્થંકરોને વિશેષથી નમસ્કાર થવો જોઇએ. તેથી તમારી આ દલીલ વજુદ વિનાની છે.

(**પ્રતિમાલોપક :-** સૂત્રકર્તાને જે તીર્થંકરઆદિને નમસ્કાર કરવાનો ભાવ થાય તે તીર્થંકરને નમસ્કાર કરે. તેમાં 'બીજા તીર્થંકરોને કેમ વિશેષથી નમસ્કાર ન કર્યો ?' તે શંકા કરવી અસ્થાને છે. વળી બ્રાહ્મીલિપિના પ્રથમ પ્રણેતા **ઋષભદેવ** હતા. તેથી

वाणीनमस्कारस्य *'नमः श्रुतदेवतायै'* इत्यनेनैव गतार्थत्वात्, वक्रमार्गेण पुनरुक्तौ बीजाभावात्, *'बंभीए णं लिवीए अट्ठारसविहे लिवी(लेख पाठा.)विहाणे पन्नत्ते'* [सू. १८/१/५] इति **समवायप्रसिद्धं** प्रकृतपदस्य मौलमर्थमुल्लंघ्य विपरीतार्थकरणे चोत्सूत्रप्ररूपणव्यसनं विना किमन्यत्कारणं **धर्मशृगालस्ये**ति वयं न जानीमः। **केचित्तु** पापिष्ठाः "नेदं सूत्रस्थं पदं, *'रायगिहचलणे'* [१/१/४] त्यत एवारभ्य **भगवतीसूत्र**प्रवृत्तेः; किं त्वन्यैरेवोपन्यस्तमि" त्याचक्षते। **तदतितुच्छं,** नमस्कारादीनामेव सूत्राणां व्यवस्थितेरेतस्य मध्यपदत्वात्। '**नमस्कारपाठ** एवानार्षो, युक्तिरिक्तत्वात्, सिद्धानामभ्यर्हितत्वेन पूर्वमर्हन्नमस्कारस्याघटमानत्वादाचार्यादीनां सर्वसाधवो न वन्दनीया इति

---

સૂત્રકારે બ્રાહ્મીલિપિના નામદ્વારા **ઋષભદેવને** નમસ્કાર કર્યા તેમાં કંઇ ખોટા વિકલ્પ ઉઠાવી શકાય નહિ.

**ઉત્તર :-)** જો આમ બ્રાહ્મીલિપિદ્વારા **ઋષભદેવને** જ નમસ્કાર હોય, તો પ્રથમ શ્રુતદેવતાને નમસ્કાર કર્યા પછી તે શ્રુતદેવતાના પણ સ્વામી **ઋષભદેવ** તીર્થંકરને નમસ્કાર કરવામાં ક્રમઉલ્લંઘન થવાથી ઔચિત્યભંગ દોષ છે. નમસ્કરણીય વ્યક્તિઓમાં સર્વાધિક પૂજ્યનો પ્રથમ નિર્દેશ કરવો જ ઉચિત છે. વળી તમે નૈગમનયને આગળ કરી બ્રાહ્મીલિપિદ્વારા તે લિપિના પ્રણેતા ઋષભદેવને નમસ્કરણીય તરીકે સ્વીકારો છો. પરંતુ શુદ્ધ નૈગમનયની અપેક્ષાએ તો બ્રાહ્મીલિપિના કર્તા લેખક=લખનાર લહીયો પણ નમસ્કરણીય થઇ જશે, કારણ કે તે-તે લખાયેલી બ્રાહ્મીલિપિના પ્રણેતા=કર્તા તો તે-તે લેખક જ છે. તેથી તમારી વાત તથ્યહીન છે.

**પ્રતિમાલોપક :-** *'નમો બંભીએ લિવીએ'* એ સૂત્રમાં 'લિપિ' શબ્દની આગળ 'અ'નો પ્રશ્લેષ કરવાનો છે. તેથી 'અલિવીએ' તેવો અર્થ થાય છે. 'અ' નો પ્રાકૃત સંધિનિયમ મુજબ લોપ થયો છે. તેથી 'લેપરહિતની બ્રાહ્મી=જિનવાણીને નમસ્કાર' એવો અર્થ પ્રાપ્ત થાય છે. તેથી અહીં જિનવાણીને નમસ્કાર છે.

**ઉત્તર :-** તમારી આ વાત વાજબી નથી. સૂત્રમાં શ્રુતદેવતાને નમસ્કાર કર્યો તેનાથી જ જિનવાણીને નમસ્કાર થઇ જાય છે. તેથી આમ 'બ્રાહ્મીલિપિ' નો ઉલ્લેખ કરી તે દ્વારા જિનવાણીને નમસ્કાર કરવાનો વક્રમાર્ગ અખત્યાર કરવામાં કોઇ પ્રયોજન નથી. બલ્કે પુનરુક્તિદોષ છે. તેથી અહીં બ્રાહ્મીલિપિને જ નમસ્કાર છે. તથા 'બ્રાહ્મીલિપિ' પદનો મનઘડંત અર્થ કરવામાં **ધર્મશૃગાલની** માત્ર ઉત્સૂત્રપ્રરૂપણા કરવાની પડી ગયેલી ટેવ સિવાય બીજું કોઇ કારણ દેખાતું નથી. કેમકે **સમવાયાંગ સૂત્રમાં** કહ્યું છે કે → *'બ્રાહ્મીલિપિદ્વારા અઢાર પ્રકારની લિપિઓ (લેખપદ્ધતિઓ) પ્રરૂપેલી છે.'*

**પૂર્વપક્ષ :- ભગવતી સૂત્રનો** આરંભ *'રાયગિહચલણે'* સૂત્રથી થાય છે. આ સૂત્રની પહેલાં આવતા *'નમો બંભીએ લિવીએ'* વગેરે સૂત્રો મૂળસૂત્રના નથી. પણ પાછળથી કોઇકે ઉમેરેલા છે. તેથી એ પાછળથી ઉમેરાયેલા સૂત્રો પ્રમાણભૂત નથી.

**ઉત્તરપક્ષ :-** પાપિષ્ઠ એવા તમારી આ વાત અત્યંત તુચ્છ છે, કારણ કે દરેક સૂત્ર 'નમસ્કાર મહામંત્ર'ના નમસ્કારઆદિ પદોથી આરંભાય છે. તેથી ભગવતીસૂત્રનો આરંભ પણ 'નમસ્કાર મહામંત્ર'થી જ થયો છે. *'નમો બંભીએ લિવીએ'* વગેરે પદો નમસ્કારના પાઠ પછી આવે છે. તેથી તે પદો મધ્યમાં રહ્યા છે. તેથી એ પદો પાછળથી ઉમેરાયા છે તેમ માનવામાં કોઇ પ્રમાણ નથી.

## નમસ્કારમહામંત્રના ક્રમની વિચારણા

**(કો'ક) પ્રતિમાલોપક :-** તમારો આ નવકાર જ કોઇ ભેજાગેપની પેદાશ છે. આ નવકારને આર્ષ= આગમરૂપ માની શકાય નહિ, કેમકે આ નમસ્કારમાં નમસ્કરણીયના ક્રમના જ ઠેકાણા નથી. (૧) તમારા કહેવાતા આ મહામંત્રમાં સૌ પ્રથમ અરિહંતને નમસ્કાર કર્યો છે અને સિદ્ધોને તે પછી નમસ્કાર કર્યો છે. પણ હકીકતમાં સિદ્ધો

यथास्थितपञ्चमपदानुपपत्तेश्चे'ति **पापिष्ठतराः**। तेऽप्यनाकर्णनीयवाचोऽद्रष्टव्यमुखाः। स्वकपोलकल्पिताशङ्कया व्यवस्थितसूत्रत्यागायोगादीदृशकदाशङ्कानिरासपूर्वमनतिसंक्षिप्तविस्तृतस्य नमस्कारपाठस्य स्थितक्रमस्य **निर्युक्तिकृतैव** व्यवस्थापितत्वाच्च। **तदाह** → *'नवि संखेवो न वित्थारो, संखेवो दुविहो सिद्धसाहूणं। वित्थरओऽणेगविहो, पंचविहो न जुज्जइ जम्हा'॥ १॥ 'अरिहंताई णियमा साहू साहू य तेसिं भइयव्वा। तम्हा पंचविहो खलु, हेउणिमित्तं हवइ सिद्धो'॥ २॥ 'पुव्वाणुपुव्वि ण कमो, णेव य पच्छाणुपुव्वि एस भवे। सिद्धाईया पढमा, बीयाए साहुणो*

---

જ વધુ પૂજ્ય છે. કેમકે સિદ્ધોએ (૧) સર્વકર્મનો ક્ષય કર્યો છે અને તેથી (૨) સિદ્ધો સર્વગુણસંપન્ન છે અને (૩) સર્વથા મુક્ત છે. આમ વધુ પૂજનીય સિદ્ધોને મુકી પહેલા અરિહંતને નમસ્કાર કરવામાં પૂજ્યની પૂજાનો વ્યતિક્રમ છે. (અને એટલું નોંધી લેજો કે **પૂજ્યની પૂજાનો વ્યતિક્રમ કલ્યાણનો બાધક છે અને અનર્થનો સાધક છે.**) તથા (૨) આચાર્યવગેરે ઊંચે સ્થાને રહેલાઓ નમસ્કારમહામંત્રના જાપદ્વારા પોતાનાથી નીચે રહેલા સાધુઓને નમન કરે તે કેટલું અજુગતુ છે? અહીં ક્યાં રહી વિનયમર્યાદા ? બધા સાધુઓને વંદનીય આચાર્યો બધા સાધુઓને નમન કરે તે વિચારવું જ અસહ્ય છે. માટે *'નમો લોએ સવ્વસાહૂણં'* પદ જરા પણ સંગત થતું નથી.

**ઉત્તર :-** 'નમસ્કારમહામંત્ર' જેવા અતિપવિત્ર સૂત્રમાટે આવું અશ્રાવ્ય કથન કરવામાં જરાયે કંપ ન થવો એ ઘણી કઠોરતા ગણાય. આ સાંભળીને અમારા કાનમાંથી તો કીડા ખરી પડે છે. ખરેખર ! આવું અશ્રાવ્યવચન જે મુખથી બોલાય, તે મુખના તો દર્શન પણ કરવા જોઇએ નહિ. જે નમસ્કારમહામંત્ર શાશ્વત છે, સર્વને પૂજ્ય છે, હૃદયમાં હંમેશા ધારી રાખવાયોગ્ય છે, સર્વકલ્યાણનો સાધક અને સર્વ અનર્થોનો બાધક છે; તે નમસ્કાર મહામંત્રને 'અનાર્ષ' કહેવામાં તમે કર્મસત્તાથી ગભરાયા નહિ. અને ભયંકર ભવવનમાં ભ્રમણનો ભય રાખ્યો નહિ. **આવશ્યક નિર્યુક્તિકારે** નમસ્કારપાઠ અતિસંક્ષિપ્ત કે અતિવિસ્તૃત નથી એ વાતની શંકા-સમાધાનપૂર્વક સિદ્ધિ કરતી વખતે જ અરિહંતઆદિ પાંચ પદ જ કેમ ? એ અંગે સમાધાન આપ્યું છે, અને અરિહંતથી આરંભીને જ કેમ નમસ્કારપદો ? એ અંગે પણ નિશ્ચિતક્રમની ઔચિત્યરૂપે સિદ્ધિ કરી છે. તેથી આવી ખોટી શંકાઓને અવકાશ રહેતો નથી. નથી બેસતી આ વાત મનમાં ? તો સાંભળી લો **આવશ્યક નિર્યુક્તિના** આ પાઠનું સ્વરૂપ →

**શંકા :-** *આ નમસ્કારમંત્ર સંક્ષેપરૂપ પણ નથી અને વિસ્તારરૂપ પણ નથી. જો સંક્ષેપ કરવો હતો, તો સિદ્ધ અને સાધુ આ બેને જ નમસ્કાર પર્યાપ્ત હતો.* (કેમકે અરિહંતો અત્યંત નજીકમાં જ સિદ્ધ થવાના હોવાથી સિદ્ધપદમાં સમાવેશ પામે છે. અથવા તેઓ તથા આચાર્યો અને ઉપાધ્યાયો સાધુમાં સમાવેશ પામશે. કેમકે તેઓ બધા સાધુ તો છે જ.) *અને જો વિસ્તારથી નમસ્કાર કરવો હોત તો અનેક પ્રકારે થઇ શકત.* (જેમકે ચોવીશઆદિ તીર્થંકરોને અલગ અલગ નમસ્કાર, સિદ્ધોને પંદર ભેદે નમસ્કાર ઇત્યાદિ) *॥૧॥*

**સમાધાન :-** (અલબત્ત, તમે કહ્યું તેવો સંક્ષેપ કે વિસ્તાર નથી. પરંતુ સૂત્રમાં અરિહંત આદિ પાંચમાં પાંચ વિશિષ્ટ હેતુ અને નિમિત્ત રહ્યા છે. આ હેતુ અને નિમિત્તોને કારણે પરમેષ્ઠીમાં પાંચ ભેદ પાડી પાંચને નમસ્કાર કર્યા છે. *'મગ્ગો અવિપ્પણાસો, આયારો વિણયયા સહાયત્તં। પંચવિહનમોક્કારં કરેમિ એએહિં હેઉહિં'॥* અર્થ → (૧) માર્ગ (૨) અવિપ્રનાશ (૩) આચાર (૪) વિનયતા અને (૫) સહાયતા. આ પાંચ હેતુથી ક્રમશઃ અરિહંત આદિ પાંચ ભેદે નમસ્કાર કરું છું. અરિહંતમાં 'માર્ગદાતૃત્વ' વિશેષગુણ છે. સિદ્ધો અવિનાશી છે. આચાર્યો આચારપાલક છે અને આચારના ઉપદેશક છે. ઉપાધ્યાયો વિનયગુણથી ભરેલા છે અને વિનયગુણના દાતા છે. તથા સાધુઓમાં 'સહાયકતા' ગુણ વિશેષરૂપે છે. સર્વ સાધુઓને નમસ્કાર એવું ઉચ્ચારણ કરતી વખતે માત્ર સાધુઓના જ ગુણો અને વિશેષગુણનું પ્રણિધાન થાય, પરંતુ અરિહંત આદિના ગુણો અને વિશેષગુણનું પ્રણિધાન થાય નહિ. તેથી તેઓના ગુણના સ્મરણથી પ્રગટતા ભાવોલ્લાસથી વંચિત રહેવાનું થાય. આમ સાધુને નમસ્કાર કરવાથી બધા પરમેષ્ઠીઓને સામાન્યરૂપે વંદન થવા છતાં વિશેષરૂપ વંદન થતું નથી, અને વિશેષવંદનનો લાભ મળતો નથી.) *તથા અરિહંતવગેરે અવશ્ય સાધુ છે. પરંતુ સાધુઓ*

*आई'॥ ३॥ 'अरिहंतुवएसेणं सिद्धा णज्जंति तेण अरिहाई। णवि कोवि य परिसाए, पणमित्ता पणमए रन्नो'॥ ४॥* [आव. नि. १००६-०७-०८-०९] इत्यादि।

सामान्यत: सर्वसाधुनमस्करणेन च नास्थानविनयकरणादिदूषणम्। अत एव *'सिद्धाणं णमो किच्चा, संजयाणं च भावओ'* [२०/१] इत्याद्यु**त्तराध्ययनोक्तं** सङ्गच्छत इति। पञ्चपदनमस्कारश्च सर्वश्रुतस्कन्धाभ्यन्तर-भूतो, नवपदश्च समूलत्वात् पृथक् श्रुतस्कन्ध इति प्रसिद्धमाम्नाये। अस्य हि **निर्युक्तिचूर्ण्यादय:** पृथगेव प्रभूता आसीरन्। कालेन तद्व्यवच्छेदे मूलसूत्रमध्ये तल्लिखनं कृतं **पदानुसारिणा वज्रस्वामिनेति महानिशीथ-तृतीयाध्ययने** व्यवस्थितं, तथा च तद्ग्रन्थ: →

---

*અરિહંતરૂપ હોય પણ ખરા અને ન પણ હોય,* (અરિહંતને યોગ્ય ગુણવાળા સાધુઓ અરિહંત છે, સિદ્ધયોગ્ય ગુણવાળા સાધુઓ સિદ્ધ છે. આચાર્યપદયોગ્ય ગુણવાળા સાધુઓ આચાર્ય છે. ઉપાધ્યાયને યોગ્ય ગુણયુક્ત સાધુઓ ઉપાધ્યાય છે. અને માત્ર સાધુયોગ્ય ગુણવાળા સાધુઓ સાધુ છે. તેથી માત્ર અરિહંતોને નમસ્કાર કરવાથી સિદ્ધવગેરેના નમસ્કારનો લાભ મળે નહિ. કેમકે સિદ્ધો 'અરિહંત' પદમાં સમાવેશ પામી શકતા નથી.) *તેથી અરિહંતઆદિ પંચવિધ નમસ્કાર જ હેતુનિમિત્તથી સિદ્ધ=સંગત છે. ॥૨॥*

**શંકા :-** *આ નમસ્કારમંત્રમાં નમસ્કાર પૂર્વાનુપૂર્વી = પૂજ્યતાના ક્રમથી પણ નથી. અને પશ્ચિમાનુપૂર્વીથી= જઘન્યતાના ક્રમથી પણ નથી. જો પૂર્વાનુપૂર્વીથી નમસ્કાર કરવો હોત, તો પ્રથમ સિદ્ધોને નમસ્કાર થવો જોઇએ* (કેમકે તેઓ સર્વથા કૃતકૃત્ય અને સર્વકર્મક્ષયથી જન્ય સર્વગુણોથી સંપન્ન છે.) *અને જો પશ્ચિમાનુપૂર્વીથી નમસ્કાર કરવો હોય, તો પ્રથમ સાધુઓને નમસ્કાર કરવો જોઇએ.* (તેથી અરિહંતઆદિને નમસ્કારરૂપ આ ક્રમવિહીનતા અયોગ્ય છે.) *॥૩॥*

**સમાધાન :-** *અરિહંતના ઉપદેશથી જ(=આગમથી જ) સિદ્ધોનું જ્ઞાન થાય છે. તેથી અરિહંતો જ સૌથી વધુ પૂજ્ય છે.* (વળી સિદ્ધોને સિદ્ધપદની પ્રાપ્તિ પણ અરિહંતે દર્શાવેલા માર્ગના સેવનથી પ્રાપ્ત થાય છે) *તથા આચાર્યવગેરે તો અરિહંતરૂપ રાજાની સભાના સભ્યો છે. અને કોઇપણ સુજ્ઞ માણસ પ્રથમ સભ્યોને નમસ્કાર કરે અને પછી રાજાને નમસ્કાર કરે તેવું બનતું નથી. અર્થાત્ પ્રથમ રાજા નમસ્કરણીય બને, પછી જ સભ્યો; તેથી અરિહંતને પ્રથમ નમસ્કાર અત્યંત સુસંગત છે. અને પૂર્વાનુપૂર્વીનો ક્રમ પણ જળવાયેલો છે. ॥૪॥*

**આવશ્યક નિર્યુક્તિનો** આ પાઠ સ્પષ્ટપણે બતાવે છે કે *'નમો અરિહંતાણં'* પદને પ્રથમ મુકવામાં પૂજ્યની પૂજાનો વ્યતિક્રમ નથી પરંતુ અનુક્રમ જ છે. તેથી જ આ નમસ્કારપાઠ આર્ષ છે. કલ્યાણનો સાધક છે, અનર્થનો બાધક છે અને હંમેશા ચિત્તમાં મનનીય છે. વળી આચાર્યો બધા સાધુઓને સામાન્યરૂપે વંદન કરે તો પણ અસ્થાને વિનયનો દોષ નથી. તેથી **ઉત્તરાધ્યયન સૂત્રમાં** પણ *'સર્વસિદ્ધોને નમસ્કાર કરી અને સર્વ સાધુઓને ભાવથી નમન કરી'* ઇત્યાદિ કહ્યું, તે સંગત થાય છે. (આચાર્ય પોતે સાધુને ખમાસમણા દેવાપૂર્વક વંદન કરે તો તે અવિનયરૂપ બને. બાકી સામાન્યથી વંદનમાં અવિનય નથી. તેથી જ મહેમાનઆદિ સાધુ આચાર્યને 'નમો ખમાસમણાણં' એમ કહે ત્યારે આચાર્યે 'મત્થએણ વંદામિ' એમ કહેવાનો આચાર છે.)

## નમસ્કારમહામંત્ર આગમરૂપ

આ નમસ્કારમહામંત્ર પરમ આગમરૂપ છે, કારણ કે તેના *'નમો અરિહંતાણં'* થી માંડી *'નમો લોએ સવ્વસાહૂણં'* સુધીના પાંચ પદો બધા જ શ્રુતસ્કંધોમાં સમાવેશ પામ્યા છે. *'પઢમં હવઇ મંગલં'* સુધીના નવપદવાળો નમસ્કાર મૂળસહિત હોવાથી અલગ શ્રુતસ્કંધરૂપ છે એમ સુવિહિતપરંપરામાં પ્રસિદ્ધ છે. આ શ્રુતસ્કંધઅંગે અલગ **નિર્યુક્તિ** અને **ચૂર્ણિઓ** વગેરે ઘણું હતું, પરંતુ કાળક્રમે તે બધાનો ઉચ્છેદ થયો. તેથી પદાનુસારી લબ્ધિધર **શ્રી વજસ્વામીએ** મૂળસૂત્રોમાં જ તે નમસ્કારશ્રુતસ્કંધનું આલેખન કર્યું તેમ **મહાનિશીથ સૂત્રના ત્રીજા અધ્યયનમાં** બતાવ્યું છે.

*'एयं तु जं पंचमंगलस्स वक्खाणं तं महया पबंधेणं अणंतगमपज्जवेहिं सुत्तस्स य पिहब्भूयाहिं निज्जुत्तिभासचुन्नीहिं जहेव अणंतनाणदंसणधरेहिं तित्थंकरेहिं वक्खाणियं, तहेव समासओ वक्खाणिज्जं तं आसि। अहन्नया कालपरिहाणिदोसेणं ताओ णिज्जुत्तिभासचुन्नीओ वुच्छिन्नाओ, इओ य वच्चंतेणं काल समएणं महिड्ढिपत्ते पयाणुसारी वइरसामी नाम दुवालसंगसुअहरे समुप्पन्ने, तेणे य पंचमंगलमहासुअखंधस्स उद्धारो मूलसुत्तस्स मज्झे लिहिओ, मूलसुत्तं पुण सुत्तताए गणहरेहिं, अत्थत्ताए अरिहंतेहिं भगवंतेहिं धम्मतित्थंकरेहिं वीरजिणं(णिं)देहिं पन्नवियं ति, एस वुड्ढसंपयाओ*[महानिशीथ अ. ३, सू. २५] त्ति'। तद्विषयोपधानाध्ययनविधिरप्ययं तत्रैव निर्दिष्टः। **तथा हि →**

*से भयवं ! कयराए विहीए पंचमंगलस्स णं विणओवहाणं कायव्वं ? गोयमा ! इमाए विहीए पंचमंगलस्स णं विणओवहाणं कायव्वं, तं जहा-सुपसत्थे चेव सोहणे तिहिकरणमुहुत्तनक्खत्तजोगलग्गससीबले विप्पमुक्क-जायाइमयासंकेण, संजायसद्धासंवेगसुतिव्वतरमहंतुल्लसंतसुहज्झवसायाणुगयभत्तीबहुमाणपुव्वं णिण्णियाण-दुवालसभत्तट्ठिएणं, चेइयालए जंतुविरहिओगासे, भत्तिभरनिब्भरुद्धुसियससीसरोमावलीपप्फुल्लवयणसयवत्त-पसंत्तसोमथिरदिट्ठी, णवणवसंवेगसमुच्छलंतसंजायबहलघणनिरंतरअचिंतपरमसुहपरिणामविसेसुल्लासियजीव-वीरियाणुसमयविवड्ढंतपमोयसुद्धसुनिम्मलथिरदढयरंतकरणेणं, खितिणिहियजाणु(णा)णसिउत्तमंगकरकमल-*

---

**મહાનિશીથનો પાઠ આ પ્રમાણે છે →** *'પંચમંગલ(શ્રુતસ્કંધ)નું વિવેચન અનંત-જ્ઞાન-દર્શનધર તીર્થંકરોએ જે પ્રમાણે કહ્યું હતું, તે જ પ્રમાણે મોટા વિસ્તારથી, અનંત ગમ અને પર્યાયોથી યુક્ત તથા સૂત્રથી અલગ એવી નિર્યુક્તિ-ભાષ્ય અને ચૂર્ણિઓમાં સંક્ષેપથી વિવેચન હતું. તે પછી પડતા કાળના દોષથી તે નિર્યુક્તિ-ભાષ્ય અને ચૂર્ણિઓ વ્યવચ્છિન્ન થઇ. ત્યારબાદ કેટલાક કાળ પછી મહાઋદ્ધિધર અને પદાનુસારીલબ્ધિધર **વજસ્વામી** નામના બારઅંગના ધારક મુનિવર થયા. તેઓએ પંચમંગલ શ્રુતસ્કંધનો ઉદ્ધાર કર્યો અને તેને મૂળ સૂત્રમાં લખ્યો. મૂળ સૂત્રો સૂત્રરૂપે ગણધરોએ તથા અર્થરૂપે અરિહંત ભગવાન ધર્મતીર્થંકર **શ્રીવીરજિનેશ્વરે** પ્રરૂપ્યા છે. આ પ્રમાણે વૃદ્ધસંપ્રદાય છે.'*

## નમસ્કારમહામંત્રની ઉપધાનવિધિ

આ પંચમંગલ મહાશ્રુતસ્કંધઅંગેના ઉપધાનઅધ્યયનવગેરેની વિધિ પણ **મહાનિશીથના ત્રીજા અધ્યયનમાં** દર્શાવી છે. તે આ પ્રમાણે →

*(ગૌતમસ્વામી ભગવાનને પૂછે છે) "ભગવન્ ! પંચમંગલનું વિનયોપધાન કઇ વિધિથી કરવાનું છે ? (ભગવાને કહ્યું) ગૌતમ ! આ વિધિથી પંચમંગલનું વિનયોપધાન કરવું. વિનયોપધાન કરનારે શુભ તિથિ, કરણ, નક્ષત્ર, યોગ, લગ્ન અને ચંદ્રબળવાળો પ્રશસ્ત દિવસ રાખવો. તે પ્રશસ્તદિવસે જાતિ વગેરે આઠમદનો ત્યાગ કરી, શ્રદ્ધા અને સંવેગ પ્રગટાવી, સુતીવ્રતર ઉલ્લસિત શુભ અધ્યવસાયને અનુગત ભક્તિ બહુમાનપૂર્વક, નિદાનનો ત્યાગ કરી પાંચ ઉપવાસ કરી દેરાસરમાં જીવરહિત ભૂમિપર બેસવું. ત્યાં ભક્તિના ઉછાળાથી રોમાંચિત થઇ, મુખકમળને વિકસિત કરી દૃષ્ટિને શાંત, ઉપશાંત, સ્થિર અને સૌમ્ય બનાવી, તથા નવા નવા સંવેગને ઉલ્લસિત કરી, અને તે દ્વારા સતત અચિંત્ય, વિપુલ પરમશુભપરિણામ જાગૃત કરી, અને તેનાથી જીવવીર્યને ફોરવી, પ્રતિસમય પ્રમોદ વધારી, તથા સુવિશુદ્ધ, નિર્મલ સ્થિર અને દૃઢતર અંતઃકરણપૂર્વક, જાનુને પૃથ્વીપર સ્થાપી, મસ્તકે અંજલિપુટ જોડી શ્રીઋષભઆદિ શ્રેષ્ઠ ધર્મતીર્થંકરોની પ્રતિમાપર નજર કરી મનને એકાગ્ર કરવું. તથા શુભ અધ્યવસાયપૂર્વક દૃઢ ચારિત્રાદિ ગુણોથી યુક્ત આગમજ્ઞ ગુરુવરના શબ્દ, અર્થ અને અનુષ્ઠાનને કરવામાં એકાગ્ર લક્ષ્યવાળા થવું. તથા*

*मउलसोहंजलिपुडेणं, सिरिउसभाइपवरवरधम्मतित्थयरपडिमाबिंबविणिवेसियणयणमाणसेगग्गतग्गयज्झवसाएणं समयण्णुदढचरित्तादिगुणसंपओववेयगुरुसद्दत्थाणु ट्ठाणकरणेक्कबद्धलक्खत्तऽवाहियगुरुवयणविणिग्गयं, विणयादिबहुमाणपरिओसाणुकंपोवलद्धं, अणेगसोगसंतावुव्वेगमहावाहिवियणाघोरदुक्खदारिद्दकिलेसरोगजम्म-जरामरणगब्भवासाइदुट्ठसावगावगाहभीमभवोदहितरंडगभूयं इणमो, सयलागममज्झवत्तगस्स, मिच्छत्तदोसा-वहयविसिट्ठबुद्धीपरिकप्पियकुभणियअघडमाणअसेसहेउदिट्ठंतजुत्तीविद्धंसणिक्कपच्चलपोट्ठस्स पंचमंगल-महासुयक्खंधस्स, पंचज्झयणेगचूलापरिक्खित्तस्स पवरपवयणदेवयाहिट्ठियस्स, तिपदपरिच्छिन्नेगालावग-सत्तक्खरपरिमाणं, अणंतगमपज्जवत्थपसाहगं, सव्वमहामंतपवरविज्जाणं परमबीयभूयं, **'नमो अरिहंताण'** ति, पढमज्झयणं अहिज्जेयव्वं, तद्दियहे य आयंबिलेणं पारेयव्वं।* [महानिशीथ अ.३, सू.६]

*तहेव बीयदिणे अणेगाइसयगुणसंपओववेयं, अणंतरभणियत्थपसाहगं, अणंतरुत्तेणेव कमेणं दुपय-परिच्छिन्नेगालावगपंचक्खरपरिमाणं **'नमो सिद्धाणं'** ति बीयमज्झयणं अहिज्जेयव्वं ति; तद्दियहे य आयंबिलेण पारेयव्वं। एवं अणंतरभणिएणेव कमेण अणंतरुत्तत्थपसाहगं तिपदपरिच्छिन्नेगालावगसत्तक्खरपरिमाणं **'नमो आयरियाणं'** ति तइयमज्झयणं आयंबिलेणं अहिज्जेयव्वं। तहा य अणंतरुत्तत्थपसाहगं तिपयपरिच्छिन्नेगालावगं सत्तक्खरपरिमाणं **'नमो उवज्झायाणं'** ति चउत्थमज्झयणं अहिज्जेयव्वं, तद्दियहे य आयंबिलेणं पारेयव्वं। एवं **'नमो लोए सव्वसाहूणं'** ति पंचमज्झयणं पंचमदिणे आयंबिलेण। तहेव तयत्थाणुगामियं एक्कारसपय-*

---

ગુરુભગવંતના મુખમાંથી ઉદ્ભવ પામેલું તથા વિનયઆદિ બહુમાનથી પ્રસન્ન થયેલા ગુરુની કૃપાથી પ્રાપ્ત થયેલું, અનેક શોક, સંતાપ, ઉદ્વેગ, મહાવ્યાધિ, વેદના, ઘોર દુઃખ, દારિદ્રય, ક્લેશ, રોગ, જન્મ, ઘડપણ, મરણ, ગર્ભાવાસ વગેરેરૂપ દુષ્ટ પ્રાણીઓથી ભરેલા ભયંકર સંસાર સમુદ્રમાંથી પાર ઉતારતી નૌકાસમાન તથા આ સકળ આગમની મધ્યમાં રહેલું તથા મિથ્યાત્વ દોષથી હણાયેલી બુદ્ધિથી કલ્પેલા અસંગત કુતર્કોનો અશેષ હેતુ, દષ્ટાંત, યુક્તિઓદ્વારા ધ્વંસ કરનારું, પાંચ અધ્યયન અને એક ચુલાથી પરિક્ષિપ્ત તથા પ્રવચનદેવતાથી અધિષ્ઠિત પંચમંગલમહાશ્રુતસ્કંધનું ત્રણ પદવાળું, એક આલાપકવાળું, સાત અક્ષરવાળું, અનંત ગમ અને પર્યાયથી યુક્ત વસ્તુઓનું પ્રસાધન કરનારું, સર્વમહામંત્રોનું અને સર્વવિદ્યાઓનું શ્રેષ્ઠ બીજરૂપ **'નમો અરિહંતાણં'** રૂપ પ્રથમ અધ્યયન ભણવું જોઇએ અને તે દિવસે આયંબિલનો તપ કરવો જોઇએ.

બીજે દિવસે **'નમો સિદ્ધાણં'** નામક બીજું અધ્યયન પૂર્વોક્ત ક્રમે ભણવું. આ અધ્યયન અનેક અતિશયોથી અલંકૃત છે, પૂર્વોક્તઅર્થનું પ્રસાધક છે, બે પદવાળું છે, એક આલાપકવાળું છે. તથા પાંચ અક્ષરોથી બનેલું છે. આજે પણ આયંબિલ તપ કરવો. તથા ત્રીજે દિવસે **'નમો આયરિયાણં'** અધ્યયન પૂર્વોક્ત ક્રમે ભણવું અને આયંબિલ તપ કરવો. આ અધ્યયન અનેક અતિશયોથી સુશોભિત છે. ત્રણ પદવાળું છે. એક આલાપક અને સાત અક્ષરથી બનેલું છે. આ જ પ્રમાણે ચોથે દિવસે **'નમો ઉવજ્ઝાયાણં'** અધ્યયનનું પઠન કરવું. અને આયંબિલનો તપ કરવો. આ અધ્યયન પણ ત્રણ (કે બે ?) પદ, એક આલાપક અને સાત અક્ષરથી બનેલું છે, આ જ પ્રમાણે પાંચમે દિવસે **'નમો લોએ સવ્વસાહૂણં'** અધ્યયન પૂર્વોક્ત પ્રમાણે ભણવું અને આયંબિલનો તપ કરવો. તે પછી **'એસો પંચ નમુક્કારો, સવ્વપાવપ્પણાસણો, મંગલાણં ચ સવ્વેસિં પઢમં હવઇ મંગલં'** આ ચૂલિકા ક્રમશઃ છટ્ઠે, સાતમે અને આઠમે દિવસે ભણવી અને ત્રણ આયંબિલ કરવા. આ ચૂલિકા મૂળના અર્થને અનુસરનારી છે. અગ્યાર પદવાળી છે. ત્રણ આલાપકવાળી છે, તથા તેંત્રીસ અક્ષરમય છે. આમ ઉમદા ગુણોથી સભર ગુરુભગવંતોએ ઉપદેશેલા આ પંચમંગલ મહાશ્રુતસ્કંધને સ્વરવર્ણપદથી સહિત તથા પદ, અક્ષર, બિંદુ અને માત્રાથી વિશુદ્ધરૂપે સંપૂર્ણપણે ભણવું જોઇએ.

*परिच्छिन्नतिआलावगतित्तीसक्खरपरिमाणं। 'एसो पंचनमुक्कारो, सव्व पावप्पणासणो, मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं। इति 'चूलं'ति छट्ठसत्तमट्ठमदिणे तेणेव कमविभागेण आयंबिलेहिं अहिज्जेयव्वं, एवमेयं पंचमंगलमहासुयक्खंधं सरवन्न पयसहियं पयक्खरबिंदुमत्ताविसुद्धं गुरुगुणोववेयगुरुवइट्ठं कसिणमहिज्जित्ता णं तहा कायव्वं जहा पुव्वाणुपुव्वीए पच्छाणुपुव्वीए अणाणुपुव्वीए जीहग्गे तरेज्जा। तओ तेणेव अणंतरभणियतिहि-करणमुहुत्तनक्खत्तजोगलग्गससीबलजंतुविरहिओगा सचेइयालगाइकमेणं अट्ठमभत्तेणं समणुजाणाविऊणं गोयमा! महया पबंधेण सुपरिफुडं निऊणं असंदिद्धं सुत्तत्थं अणेगहा सोऊणावधारेयव्वं । एयाए विहीए पंचमंगलस्स णं गोयमा! विणओवहाणो कायव्वो।*[सू.७] इत्यादि। तदयमनेकसूत्रसिद्धो धर्मास्तिकायादिवदनादिरनन्ततीर्थंकर-गणधरपूर्वधरैरुपदर्शितमहिमा पञ्चमङ्गलमहाश्रुतस्कन्धो यैरपलप्यते तेषामन्यश्रुताभ्युपगमोऽपि **गोलाङ्गुलाभरण-निवेश**तुल्य इति ध्येयम् । एवं च नमस्कारादौ **प्रज्ञप्तिसूत्रे** स्थितं *'नमो बंभीए लिवीए'* इति पदं प्रतिमा-स्थापनायाऽत्यन्तोपयुक्तमेवेति मन्तव्यम्। *'हित्वा लुम्पकगच्छसूरिपदवीं गार्हस्थ्यलीलोपमां, प्रोद्यद्बोधिरतः पदादभजत श्रीहीरवीरान्तिकम्। आगस्त्यागपुनर्व्रतग्रहपरो यो भाग्यसौभाग्यभूः, स **श्रीमेघमुनिर्न** कैः सहृदयैर्धर्मार्थिषु श्लाघ्यते'॥ १॥ 'एकस्मादपि समयपदादनेके, सम्बुद्धा वरपरमार्थरत्नलाभात्। अम्भोधौ पतति परस्तु तत्र मूढो, निर्मुक्तप्रकरणसम्प्रदायपोतः'॥ २॥* इति ॥ ३॥ अथ नाम**प्रतिबन्द्यां**[①] स्थापनां स्थापयति–

---

*તથા આ શ્રુતસ્કંધનો અભ્યાસ એવો કરવો જોઇએ કે જેથી પૂર્વાનુપૂર્વીથી પશ્ચિમાનુપૂર્વીથી કે અનાનુપૂર્વીથી પણ તે જીભપર રમી શકે. તે પછી પૂર્વોક્ત તીથિ, કરણ, મુહૂર્ત, નક્ષત્ર, યોગ, લગ્ન, ચંદ્રબળવાળા દિવસે જીવજંતુરહિત ભૂમિપર દેરાસરમાં ઇત્યાદિ પૂર્વોક્ત વિધિ અનુસારે અટ્ઠમ કરવાપૂર્વક સમનુજ્ઞા લઇને, મોટા પ્રબંધપૂર્વક સુપરિસ્ફુટ, નિપુણ, અસંદિગ્ધ સૂત્રાર્થને અનેક પ્રકારે સાંભળે અને તેનું અવધારણ કરે. હે ગૌતમ ! આ વિધિએ પંચમંગલનું વિનયોપધાન કરવું જોઇએ.''*

આમ પંચમંગલ મહાશ્રુતસ્કંધ અનેક સૂત્રોદ્વારા પ્રસિદ્ધ છે. આ શ્રુતસ્કંધ ધર્માસ્તિકાય વગેરેની જેમ અનાદિકાળથી છે અને અનંતકાળસુધી રહેનારું છે. આ શ્રુતસ્કંધનો અનંત તીર્થંકરોએ, અનંત ગણધરોએ અને અનંત પૂર્વધરોએ મહિમા દર્શાવ્યો છે. છતાં જેઓ આ શ્રુતસ્કંધનો અપલાપ કરે છે, તેઓ બીજા શ્રુતસ્કંધ સ્વીકારવાની જે ચેષ્ટા કરે છે; તે ગાયના પુંછડામાં આભરણ અથવા ગોલાંગુલ=વાંદરો-વાંદરાને આભરણ પહેરાવવા સમાન હાસ્યાસ્પદ છે. આમ **ભગવતી સૂત્રનો** આરંભ અનાદિસિદ્ધ નમસ્કાર મહામંત્રથી થાય છે. તેથી તેની પછી આવતું *'નમો બંભીએ લિવીએ'* પદ પ્રક્ષિપ્ત નથી પણ મૂળસૂત્રરૂપ છે અને જિનપ્રતિમાની પૂજ્યતા સુસંગત બનાવવા અત્યંત ઉપયોગી છે. *'જેમણે ગૃહસ્થની લીલા સમાન લુમ્પકગચ્છની સૂરિપદવીનો ત્યાગ કર્યો. તથા જેઓ નિર્મળ સમ્યગ્દર્શનમાં રત છે. તથા જેમણે **શ્રી હીરવિજયના** સાંનિધ્યનો સ્વીકાર કર્યો, તથા જેઓ પાપત્યાગ કરવામાં અને (ફરીથી) વ્રત ગ્રહણ કરવામાં તત્પર હતા, (તથા જેઓ) ભાગ્ય અને સૌભાગ્યના સ્વામી હતા, તે **શ્રીમેઘ(વિજય) મહારાજ** ધર્માર્થીઓમાં કયા સજ્જન વડે પ્રશંસા ન પામે ?'॥૧॥ 'જે શાસ્ત્રના એક પણ પદને પામી અને યથાયોગ્ય આરાધીને અનેક જીવો શ્રેષ્ઠ બોધિલાભ પામ્યા છે અને સંબુદ્ધ થયા છે. તે શાસ્ત્રરૂપ સાગરમાં પ્રકરણ અને સંપ્રદાયરૂપ નૌકા વિનાના પ્રતિમાલોપકવગેરે પરવાદી અજ્ઞો બિચારા ડુબી મરે છે.' ॥૨॥* (શાસ્ત્રને પામીને જેઓ શાસ્ત્રયુક્તિને અનુસારે બુદ્ધિને ઘડે છે, તેઓ તરે છે. અને જેઓ પોતાની બુદ્ધિતરફ શાસ્ત્રયુક્તિઓને ખેંચવા પ્રયત્ન કરે છે, તેઓ ડુબે છે.) **॥ ૩ ॥**

---

① समानं विरोध्युत्तरं प्रतिबन्दिः ॥

**किं नामस्मरणेन न प्रतिमया, किं वा भिदा काऽनयोः;**
**सम्बन्धः प्रतियोगिना न सदृशो, भावेन किं वा द्वयोः ?।**
**तद्वन्द्यं द्वयमेव वा जडमते ! त्याज्यं द्वयं वा त्वया;**
**स्यात्तर्कादत एव लुम्पकमुखे दत्तो मषीकूर्चकः ॥ ४ ॥**

(**दंडान्वयः**→ किं नामस्मरणेन ? प्रतिमया किं वा न (स्यात्) ? अनयोः का भिदा ? प्रतियोगिना भावेन सह द्वयोः सम्बन्धः किं न सदृशः ? तद् (हे) जडमते ! त्वया द्वयमेव वन्द्यं वा स्याद् द्वयं वा त्याज्यं स्यात्। अत एव तर्काद् लुम्पकमुखे मषीकूर्चको दत्तः ॥)

'किं नाम' इत्यादि। किं *नामस्मरणेन*=चतुर्विंशतिस्तवादिगतनामानुचिन्तनेन, नाम्नः पुद्गलात्मकत्वेनानुपकारित्वात्। **नाम्नः** स्मरणेन नामिस्मरणे तद्गुणसमापत्त्या फलमिति चेत् ? **अत्राह**-प्रतिमया किं वा न स्याद् ? अमुद्रगुणसमुद्रलोकोत्तरमुद्रालङ्कृतभगवत्प्रतिमादर्शनादपि सकलातिशायिभगवद्गुणध्यानस्य सुतरां सम्भवात्। **तदुक्तम्** → *'प्रशमरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्नं, वदनकमलमङ्कः कामिनीसङ्गशून्यः। करयुगमपि यत्ते शस्त्रसम्बन्ध-*

---

## નામની પ્રતિબંદિદ્વારા સ્થાપનાની સિદ્ધિ

હવે નામની **પ્રતિબંદિ**દ્વારા સ્થાપનાની સિદ્ધિ કરે છે (પ્રતિવાદીએ સ્વપક્ષમાં દર્શાવેલી આપત્તિઓ પ્રતિવાદીને સંમતપક્ષમાં દર્શાવવાદ્વારા સ્વપક્ષની સિદ્ધિ કરતા તર્કને પ્રતિબંદિતર્ક કહે છે.)–

**કાવ્યાર્થ :-** નામસ્મરણથી શું (પ્રયોજન છે ?) અથવા પ્રતિમાથી શું નથી ? (અર્થાત્ નામથી જે પ્રયોજનો સરે છે, તે બધા જ પ્રતિમાથી પણ સરે છે.) નામ અને પ્રતિમા વચ્ચે શો ભેદ છે ? (અર્થાત્ બન્ને વચ્ચે ખાસ ભેદ નથી.) પ્રતિયોગી=બીજા નિક્ષેપાઓનો નિરૂપક ભાવનિક્ષેપો. આ ભાવસાથે નામ અને પ્રતિમાનો સંબંધ શું સરખો નથી ? (અર્થાત્ સરખો જ છે.) તેથી હે જડ ! તારામાટે કાં તો નામ અને પ્રતિમા - આ બન્ને વંદનયોગ્ય છે. અને કાં તો નામ અને પ્રતિમા - આ બન્ને તને ત્યાજ્ય છે. (તેથી નામનિક્ષેપાને વંદનીયતરીકે સ્વીકારવો અને પ્રતિમારૂપ સ્થાપનાનિક્ષેપાનો ત્યાગ કરવો ઉચિત નથી.) આ પ્રતિબંદિ નામના તર્કની સહાયથી પ્રતિમાલોપકના મુખપર મેષનો પટ્ટો ચોપડી શકાય છે. અર્થાત્ પ્રતિમાલોપકોને મૌન કરી શકાય છે.

## પ્રતિબંદિતર્કથી સ્થાપનાની પૂજ્યતાની સિદ્ધિ

**લોગસ્સ સૂત્ર** વગેરેમાં આવતા જિનનામોના સ્મરણથી કોઇ ફાયદો નથી કારણ કે નામ પોતે શબ્દપુદ્ગલરૂપ છે. તેથી આત્માપર ઉપકાર કરવા સમર્થ નથી.

**પૂર્વપક્ષ :-** નામના સ્મરણથી તે નામવાળા પરમાત્માનું સ્મરણ થાય છે. પરમાત્માના સ્મરણથી મનમાં પરમાત્માના ગુણોની સમાપત્તિ થાય છે. (સમાપત્તિ=એકાગ્ર ધ્યાન અથવા તે ધ્યાનનું ફળ. સહજ છે કે જે વ્યક્તિનું સ્મરણ થાય, તે વ્યક્તિમાં રહેલા વિશેષ ગુણ કે દોષ પણ તરત જ મનમાં આવે. પ્રભુનું સ્મરણ થતાં પ્રભુમાં રહેલા અનંત ગુણો પણ સ્મરણપથ પર ઉપસી આવે છે. એ ગુણોનું અથવા એ ગુણોથી યુક્ત પ્રભુ મનમાં છવાઇ જવાથી મન તેમાં એકાગ્ર થાય છે. એ ધ્યાનની ઉત્કૃષ્ટ દશામાં તદાકાર થવાથી પછી પોતે સ્વયં પરમાત્મમય થઇ ગયો છે અને પોતાના આત્મપ્રદેશોપર પરમાત્માના અનંત ગુણો ઉભરાઇ રહ્યા છે તેવી અનુભૂતિ થતાં પોતે પણ સ્વરૂપથી પરમાત્મા જેવો જ છે એવું સંવેદન થાય છે, આ સમાપત્તિ છે. આ આહ્લાદક સમાપત્તિ એ જ નામસ્મરણનું ફળ છે. અથવા એ વખતના શુભભાવોથી થતી કર્મનિર્જરા વગેરે આ નામસ્મરણના ફળરૂપ છે.)

**ઉત્તરપક્ષ :-** આ જ પ્રમાણે સ્થાપના યાને પ્રતિમાથી પણ આ કાર્ય થઇ શકે છે. અમર્યાદિત ગુણોના

*वन्ध्यं, तदसि जगति देवो वीतरागस्त्वमेव'* ॥ इति । बोध्युदयोऽपि प्रतिमादर्शनाद् बहूनां सिद्ध एव । तदुक्तं **दशवैकालिकनिर्युक्तौ** → *'सिज्जंभवं गणहरं, जिणपडिमादंसणेण पडिबुद्धं । मणगपियरं दसकालिअस्स णिज्जूहगं वंदे'* ॥ [गा. १४] इत्यादि । **निर्युक्तिश्च** सूत्राद् नातिभिद्यत इति व्यक्तमेव, विवेचयिष्यते चेदमुपरिष्टात् । **नाम्नो** नामिना सह वाच्यवाचकभावसम्बन्धोऽस्ति, न स्थापनाया इत्यस्ति विशेष इति चेत् ? **अत्राह**-*प्रतियोगिना*=इतर-निक्षेपनिरूपकेण भावनिक्षेपेन सह *द्वयोः*=नामस्थापनयोः सम्बन्धः किं *न सदृशः*=न सदृशवचनः ? न मिथः किञ्चिद् वैषम्यमित्यर्थः । एकत्र वाच्यवाचकभावस्याऽन्यत्र स्थाप्यस्थापकभावस्य सम्बन्धस्याऽविशेषात्,

---

સાગર અને લોકોત્તર મુદ્રાથી શોભતા ભગવાનની પ્રતિમાના દર્શનથી પણ ભગવાનના સર્વશ્રેષ્ઠ ગુણોનું ધ્યાન સુતરામ્ થઇ શકે છે. તેથી જ આ સ્તુતિમાં કહ્યું છે → *'હે પરમાત્મન્ ! તારી બન્ને આંખો પ્રશમરસમાં નિમગ્ન=ડુબેલી છે. તારું વદનકમળ પ્રસન્ન છે. તારો ખોળો સ્ત્રીસંગથી રહિત છે. તારા બન્ને હાથો પણ શસ્ત્રવિહોણા છે. તેથી નિશ્ચય થાય છે કે જગતમાં તું જ વીતરાગ દેવ છે.'* પ્રભુની આ સર્વ વિશિષ્ટતાઓનું જ્ઞાન વર્તમાનકાળે-પ્રભુની ગેરહાજરીમાં પણ તેમની પ્રતિમાના દર્શનથી જ થાય છે. ભૂતકાળમાં પણ **જિનપ્રતિમાના** દર્શનથી ઘણાને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઇ હોય તેવા દાખલા છે. દા.ત. **દશવૈકાલિક ગ્રંથની નિર્યુક્તિમાં** કહ્યું જ છે કે → *'મનકના પિતા તથા જિનપ્રતિમાના દર્શનથી પ્રતિબોધ પામેલા તથા* ***દશવૈકાલિકના*** *નિર્યૂહક(=પૂર્વમાંથી ઉદ્ધાર કરનારા) એવા* ***શય્યંભવ*** *ગચ્છાધિપતિને હું વંદુ છું.'* (**ટીકાકારે** પણ આ હેતુથી જ શ્રી **સિદ્ધગિરિના** સ્તવનમાં કહ્યું છે કે 'તુમ દરિસનથી સમકિત પ્રગટે, નિજ ગુણ રિદ્ધિ અપાર રે')

**પૂર્વપક્ષ :-** આ વાત તો **નિર્યુક્તિમાં** બતાવી છે. જો સૂત્રમાં આ વાત બતાવી હોત, તો પ્રમાણભૂત બનત.

**ઉત્તરપક્ષ :- નિર્યુક્તિ** સૂત્રથી ભિન્ન નથી એ સ્પષ્ટ જ છે. આ વાતનું વિવેચન આગળ ઉપર કરીશું.

**પૂર્વપક્ષ :-** સ્થાપના કરતાં નામમાં આ વિશેષ છે કે, નામનો નામી સાથે વાચ્યવાચકભાવ સંબંધ છે. નામ વાચક છે અને નામી વાચ્ય છે. સ્થાપનાનો મૂળવ્યક્તિસાથે આવો સંબંધ નથી. આમ સંબંધ વિના સ્થાપનામાત્રથી મૂળવ્યક્તિનું સ્મરણ શી રીતે થાય ?

**ઉત્તરપક્ષ :-** જેમ નામનો પ્રતિયોગી=ભાવનિક્ષેપાની મૂળવ્યક્તિસાથે વાચ્યવાચકભાવ સંબંધ છે, તેમ સ્થાપનાનો મૂળવ્યક્તિસાથે સ્થાપ્યસ્થાપકભાવસંબંધ છે. ભાવનિક્ષેપાની વસ્તુ સ્થાપ્ય છે. સ્થાપનાનિક્ષેપો એનો સ્થાપક છે. આ સ્થાપ્યસ્થાપકભાવ સંબંધ પણ વાચ્યવાચકભાવસંબંધની જેમ જ સ્વરૂપસંબંધ છે.

**પૂર્વપક્ષ :-** સ્થાપનાનું મૂળવ્યક્તિસાથે તાદાત્મ્ય જ ક્યાં છે કે જેથી સ્થાપનાને જોતા સ્થાપ્ય મનમાં આવે?

**ઉત્તરપક્ષ :-** એમ તો નામનું પણ મૂળવ્યક્તિ સાથે તાદાત્મ્ય ક્યાં છે ? કારણ કે મૂળવ્યક્તિરૂપ ભાવ સાથે તો માત્ર દ્રવ્ય જ કથંચિત્ તાદાત્મ્ય ધરાવે છે. **સાર :-** આ પ્રતિબંદિતર્ક દ્વારા નામ અને સ્થાપનાની પરસ્પર તુલ્યતા સિદ્ધ થાય છે. તેથી પરમાત્માનું ભાવનિક્ષેપે મનન કરવામાં જેમ નામનિક્ષેપો સહકારી છે, તેમ સ્થાપનાનિક્ષેપો પણ સહકારી છે. કારણ કે પ્રતિમાના આલંબનથી પણ પરમાત્માનું મનન થઇ શકે છે. અને જો ભાવસાથે તાદાત્મ્યવગેરેરૂપ અંતરંગ સંબંધ ધરાવતો ન હોવાથી સ્થાપના નિક્ષેપો ત્યાજ્ય-ઉપેક્ષણીય તરીકે માન્ય હોય, તો નામનો પણ ભાવસાથે તાદાત્મ્યાદિ અંતરંગ સંબંધ નથી. આ હિસાબે તો નામ પણ ત્યાજ્ય બની જાય. પણ તે તમને(=પ્રતિમાલોપકોને) ઇષ્ટ નથી કારણ કે તમને નામનિક્ષેપો માન્ય છે. તો સમાનતયા સ્થાપના પણ માન્ય થવી જ જોઇએ. આમ પ્રતિબંદિતર્કદ્વારા નામ અને સ્થાપના સમાનતયા સિદ્ધ થાય છે. આ ચર્ચાથી ફલિત થાય છે કે, નામનિક્ષેપાની

तादात्म्यस्य तु द्रव्यादन्यत्रासम्भवात् । अनया प्रतिबन्द्या दुर्वादिनमाक्षिपति। *तत्*=तस्मात् कारणात् हे जडमते ! त्वया *द्वयमेव*=नामस्थापनालक्षणमविशेषेण वन्द्यं, द्वयोरपि भगवदध्यात्मोपनायकत्वाविशेषात्। अन्तरङ्ग-प्रत्यासत्त्यभावादुपेक्ष्यत्वे तु द्वयमेव त्वया त्याज्यं स्यात्। तच्चानिष्टं, नाम्नः परेणाप्यङ्गीकरणात्। अत एव तर्कादू लुम्पकमुखे मषीकूर्चको दत्तः स्याद् मालिन्यापादनादिति भावः। अत्र मषीकूर्चकत्वेन मौनदानविवक्षायां *'कमल-मनम्भसी'*त्यादौ [काव्यप्रकाशवृत्तौ] इव **रूपकगर्भा**, यथाश्रुतविवक्षायां त्वसम्बन्धे सम्बन्धरू**पातिशयोक्तिः**।

**अथात्र** 'स्थापना यद्यवन्द्या स्यात्, तदा नामाप्यवन्द्यं स्यात्' इत्येतस्य न तर्कत्वम्, आपाद्यापादक-योर्भिन्नाश्रयत्वादिति चेत् ? **आपाद्या**पादकान्यथाऽनुपपत्तिमर्यादयैव विपर्ययपर्यवसायकत्वेनात्र तर्कोक्तेः। अत एव 'यद्ययं ब्राह्मणो न स्यात्, एतत्पिता ब्राह्मणो न स्यात्'। 'उपरि सविता न स्याद् भूमेरालोकवत्त्वं न स्याद्'

---

પૂજ્યતાને સ્વીકારતા પ્રતિમાલોપકો સ્થાપના નિક્ષેપાની પૂજ્યતાને વિરોધ કરી શકે તેમ ન હોવાથી તેઓએ ચૂપ જ રહેવું જોઇએ. અહીં 'મુખપર મેષ ચોપડી' એ વાક્યનો 'ચૂપ કર્યો' એવો તાત્પર્યાર્થ લેવામાં આવે તો *'કમલમનંભસિ'* ઇત્યાદિની જેમ આ કાવ્યમાં **રૂપક અલંકાર** છે. પણ જો માત્ર શબ્દાર્થ જ લેવામાં આવે, તો **અતિશયોક્તિ અલંકાર** છે. 'જેમાં જેનો સંબંધ ન હોય, તેમાં તેના સંબંધની કલ્પના કરવી' એ **અતિશયોક્તિ અલંકારનું** લક્ષણ છે.

**પૂર્વપક્ષ :-** અહીં તમે નામ અને સ્થાપના વચ્ચે 'આપાદ્ય-આપાદક' તર્ક લગાવી એમ કહેવા માંગો છો કે, 'જો સ્થાપનારૂપ જિનપ્રતિમા વંદનીય ન હોય, તો જિનનું નામ પણ વંદનીય નથી' (એકમાં અનિષ્ટતાવગેરે માનવામાં બીજામાં પણ અનિષ્ટતા આવવાનો પ્રસંગ બતાવવામાટે આ તર્કનો ઉપયોગ થાય છે.) પણ તે સંગત નથી. કારણ કે આ તર્ક એક આધારમાં રહેલા ધર્મો અંગે જ ઉપયોગમાં લેવાય છે, નહિ કે ભિન્ન આધારમાં રહેલા ધર્મોઅંગે. નહિતર તો 'જો દેવદત્ત મૂર્ખ હોય, તો યજ્ઞદત્ત પણ મૂર્ખ હોવો જોઇએ' ઇત્યાદિરૂપ આપાદ્યઆપાદકભાવ સર્વત્ર લાગુ પડી જાય. જે ઇષ્ટ નથી. તેથી ભિન્ન વસ્તુમાં એકના આધારે બીજામાં પણ સમાનતાનું આપાદન કરવું યોગ્ય નથી. નામ અને સ્થાપના બે ભિન્ન નિક્ષેપારૂપ છે. તેથી તે બેમાં પણ સ્થાપનાની અવંદનીયતાની સમાનતાનું આપાદન નામમાં કરવું યોગ્ય નથી.

**ઉત્તરપક્ષ :-** આપાદ્ય-આપાદકભાવ તર્ક સમાનઅધિકરણમાં જ લાગુ પડે એ વાત બરાબર નથી, કારણ કે આપાદ્ય-આપાદકતર્ક વાસ્તવમાં અન્યથાઅનુપપત્તિદ્વારા વિપર્યયનો પ્રસંગ દર્શાવીને ચરિતાર્થ થાય છે અને **અન્યથા-અનુપપત્તિમાટે સમાનાધિકરણનો નિયમ નથી.** (ઉપપત્તિ=યુક્તિસંગતતા. અનુપપત્તિ=યુક્તિઅસંગતતા. ધર્મીમાં સિદ્ધ થયેલો= ઉભયપક્ષને માન્ય બનેલો ધર્મ ધર્મીમાં જે(=સાધ્ય) ધર્મના અભાવમાં અસંગત થતો હોય, તે ધર્મ(=સિદ્ધ થયેલો ધર્મ) સાધ્ય ધર્મની અપેક્ષાએ અન્યથા અનુપપન્ન કહેવાય. આ મુદ્દાથી ધર્મીમાં સાધ્ય ધર્મની જે સિદ્ધિ કરાય છે, તે અન્યથા અનુપપત્તિતર્ક અથવા હેતુ ગણાય છે. જેમકે પર્વતપર દેખાતો ધુમાડો 'પર્વત' નામના ધર્મીમાં સિદ્ધ થયેલો ધર્મ છે. આ ધુમાડારૂપી ધર્મ પર્વતપર 'અગ્નિ'રૂપ સાધ્ય ધર્મ વિના સંભવતો નથી. માટે અગ્નિ વિના અસંગત ઠરતો ધુમાડો, પોતાની હાજરીથી અગ્નિની હાજરીનું પણ સૂચન કરે છે. પ્રસ્તુતમાં નામ અને સ્થાપના બે ધર્મી છે. 'આદરણીયતા' ધર્મ બંનેમાં સમાનતયા છે કે નહીં ? તેની ચર્ચા છે. તેથી અહીં પ્રથમ આપાદ્ય-આપાદકતર્કથી બંનેની ભાવનિક્ષેપાની અપેક્ષાએ સમાનતા સિદ્ધ કરી, પછી અન્યથા અનુપપત્તિતર્કથી આદરણીયતાધર્મની સ્થાપનામાં સિદ્ધિ કરવામાં આવી છે. તેથી તાત્પર્ય એમ આવ્યું કે જો ભાવસાથે તાદાત્મ્ય ન હોવાથી સ્થાપનામાં આદરણીયતા નથી, તો નામ પણ આદરણીય નથી, કારણ કે તે પણ ભાવસાથે તાદાત્મ્ય વિનાનું છે. હવે જો નામમાં આદરણીયતા ધર્મ ઉભયપક્ષસિદ્ધ છે. તો તે ભાવસાથેના કો'ક પ્રકારના(વાચ્ય-વાચક) સંબંધ વિના અનુપપન્ન છે. જેવા સંબંધ વિના નામની આદરણીયતા અઘટમાન છે. તેવા પ્રકારનો સંબંધ (સ્થાપ્ય-સ્થાપક) તો સ્થાપના પણ ધરાવે છે. માટે સ્થાપના પણ આદરણીય છે. નિશ્ચિતકારણ (અહીં ભાવસાથે તેવો સંબંધ)ની હાજરીમાં કાર્ય (અહીં આદરણીયતા) અવશ્ય થાય. એ નિયમ છે.) **ભિન્નઅધિકરણસ્થળે પણ અન્યથા**

इत्यादयस्तर्काः सुप्रसिद्धाः। विपर्ययपर्यवसानं च परेषामनुमितिरूपम्, अस्माकं स्वतन्त्रप्रमितिरूपमित्यन्यदेतत्। 'भावनिक्षेपो यद्यवन्द्यस्थापनाप्रतियोगी स्यात्, तदाऽवन्द्यनामनिक्षेपप्रतियोगी स्याद्' इत्येवं वा तर्कस्य व्यधिकरणत्वं निरसनीयमनिष्टप्रसङ्गरूपत्वात्। प्रतिबन्दिरेव वात्र स्वातन्त्र्येण तर्क इति विभावनीयं तर्कनिष्णातैः ॥ ४॥ प्रतिवादीनेवं भङ्ग्याऽऽक्षिपंस्तदाराधकान् अभिष्टौति–

**स्वान्तं ध्वांतमयं मुखं विषमयं दृग् धूमधारामयी,**
**तेषां यैर्न नता स्तुता न भगवन्मूर्त्तिर्नवा प्रेक्षिता ।**
**देवैश्चारणपुङ्गवैः सहृदयैरानन्दितैर्वन्दितां,**
**ये त्वेनां समुपासते कृतधियस्तेषां पवित्रं जनुः ॥ ५ ॥**

(**दंडान्वयः**→ यैर्भगवन्मूर्त्ति र्न नता तेषां स्वान्तं ध्वांतमयं, (यैः भगवन्मूर्तिः) न स्तुता (तेषां) मुखं विषमयम्। (यैः भगवन्मूर्त्तिः) वा न प्रेक्षिता (तेषां) दृग् धूमधारामयी। सहृदयैरानन्दितैः देवैश्चारणपुङ्गवैश्च वन्दितामेनां ये तु कृतधियः समुपासते, तेषां जनुः पवित्रम्॥)

---

અનુપપત્તિતર્કથી ઇષ્ટની સિદ્ધિ કરાય જ છે. જેમકે 'જો આ બ્રાહ્મણ ન હોય તો આનો પુત્ર પણ બ્રાહ્મણ ન હોય' (અહીં એતત્પિતા પદમાં **બહુવ્રીહી સમાસ** લઇ આ છે પિતા જેનો = પુત્ર એવો અર્થ ઉચિત લાગે છે. કેમકે પિતા બ્રાહ્મણ હોવામાત્રથી પુત્ર બ્રાહ્મણ હોવાનો નિયમ નથી - વર્ણસંકર સંભવી શકે છે. પણ જેનો પુત્ર બ્રાહ્મણ હોય, તે પોતે બ્રાહ્મણ હોય તો જ સંભવે.) 'જો ઉપર સૂર્ય ન હોય, તો પૃથ્વીપર પ્રકાશ ન હોય.' ઇત્યાદિ દૃષ્ટાંતો પ્રસિદ્ધ છે. આ જ પ્રમાણે નામ અને સ્થાપના ભિન્ન હોવા છતાં, 'જો સ્થાપના વંદનીય ન હોય, તો નામ પણ વંદનીય ન રહે' ઇત્યાદિ અનુપપત્તિદ્વારા સ્થાપનારૂપ આપાદકદ્વારા નામરૂપ આપાદ્યમાં અવંદનીયતાનું આપાદન કરી શકાય છે. અહીં વિપર્યય પર્યવસાન અનુમિતિરૂપ જ છે એમ બીજાઓ માને છે. અમે એક સ્વતંત્ર પ્રમિતિ તરીકે તેનો સ્વીકાર કરીએ છીએ. પણ તે અહીં બહુ મહત્ત્વની વાત નથી.

**પ્રશ્ન :-** આ પ્રમાણે સમાનાધિકરણ વિના પણ આપાદ્ય-આપાદકભાવ સ્વીકારવામાં તે સર્વત્ર લાગુ પડવાનો અનિષ્ટ પ્રસંગ આવશે.

**ઉત્તર :-** અનિષ્ટ પ્રસંગના ભયથી જ જો તમારે આપાદ્ય-આપાદક તર્કને સમાનાધિકરણ સ્થળે જ માન્ય રાખવો હોય, તો અમે તે પ્રમાણે પણ બતાવીએ છીએ, 'જો ભાવનિક્ષેપો અવંદનીય સ્થાપનાનો સંબંધી હોય, તો તે ભાવનિક્ષેપો અવંદનીય નામનો જ સંબંધી હોઇ શકે.' (અર્થાત્ જે ભાવનિક્ષેપાની વસ્તુની સ્થાપના અવંદનીય હોય, તે ભાવનિક્ષેપાની વસ્તુનું નામ પણ અવંદનીય જ હોય.) આમ અહીં અનિષ્ટ પ્રસંગ બતાવી ભાવનિક્ષેપારૂપ એક જ અધિકરણમાં આપાદ્ય-આપાદકભાવ દ્વારા સ્થાપનાની વંદનીયતાની સિદ્ધિ કરી. અહીં ભિન્નઅધિકરણ અંગેનો તમારો અનિષ્ટ પ્રસંગનો ભય પણ રહેતો નથી. અથવા અહીં પ્રતિબંદિ તર્ક પોતે જ એક સ્વતંત્ર તર્ક છે એમ તર્કનિષ્ણાતોએ સમજવું. ॥ ૪ ॥

હવે કવિ અન્ય વિકલ્પથી પ્રતિવાદી(=પ્રતિમાલોપક) પર પ્રહાર કરતા અને પ્રતિમાપૂજકોપર પ્રશંસાના પુષ્પો પાથરતાં કહે છે—

**કાવ્યાર્થ :-** જેઓ ભગવાનની પ્રતિમાને નમ્યા નથી, તેઓનું હૃદય અંધકારમય છે. જેઓએ અરિહંતની મૂર્ત્તિની સ્તવના કરી નથી, તેઓનું મુખ ઝેરથી ભરેલું છે. જેઓએ પરમાત્માની પ્રતિમાને નીરખી નથી, તેઓની

'स्वान्तम्' इत्यादि। यैर्भगवन्मूर्त्तिर्न नता, तेषां *स्वान्तं*=हृदयं *ध्वांतमयं*=अन्धकारप्रचुरम्। हृदये नमन-प्रयोजकालोकाभावादेव तदनमनोपपत्तेः। यैर्भगवन्मूर्त्तिर्न स्तुता, तेषां मुखं विषमयं, स्तुतिसूक्तपियूषाभावस्य तत्र विषसत्त्व एवोपपत्तेः। यैर्भगवन्मूर्त्ति *र्वा*=अथवा न प्रेक्षिता, तेषां दृग् धूमधारामयी, जगद्दृगासेचनकतत्प्रेक्षणा-भावस्य धूमधारावृतनेत्रत एवोपपत्तेः। ध्वांतत्वादिना दोषविशेषा एवाध्यवसीयन्ते **इत्यतिशयोक्तिः**। सा चोक्त-दिशा **काव्यलिङ्गा**नुप्रणिताऽवसेया। ये तु *कृतधियः*=पण्डिता *एनाम्*=भगवन्मूर्त्तिं समुपासते; तेषां *जनुः*=जन्म पवित्रं, नित्यं मिथ्यात्वमलपरित्यागात्। कीदृशीं ? *देवैः*=सुरासुरव्यन्तरज्योतिष्कैः, *चारणपुङ्गवैः*=चारणप्रधानैः-जङ्घाचारणविद्याचारणैः, *सहृदयैः*=ज्ञाततत्त्वैः, *आनन्दितैः*=जाताऽऽनन्दैर्वन्दितां। हेतुगर्भं चेदं विशेषणम्। देवादि-वन्दितत्वेन शिष्टाचारात् तत्समुपासनं जन्मपावित्र्याय इति भावः। देवैर्यथा वन्दिता तथाऽनन्तरं स्फुटीकरिष्यामः॥

---

આંખ ધુમાડાથી ભરેલી છે. આનંદિત થયેલા સહૃદય=તત્ત્વજ્ઞ દેવો અને ચારણલબ્ધિધર મુનિઓવડે વંદાયેલી આ જિનપ્રતિમાની જે ડાહ્યા માણસો ઉપાસના કરે છે, તેઓનો જન્મ પવિત્ર છે.

## પ્રતિમાદ્વેષીઓની હાલત

ભગવાનની પ્રતિમાને નમન નહિ કરનારાઓનું હૃદય અજ્ઞાનરૂપ અંધકારમય છે, કારણ કે જેઓમાં 'કલ્યાણ-ઇચ્છુકે પ્રતિમાને નમવું જોઇએ' એટલો પણ જ્ઞાનપ્રકાશ નથી, તેઓ જ જિનપ્રતિમાને નમે નહિ એમ સંભવી શકે. તથા ભગવાનની પ્રતિમાની સ્તુતિ ન કરનારાઓનું વદન ઝેરથી યુક્ત છે. જેઓનું મુખ પ્રતિમાની સ્તુતિરૂપ અમૃતથી ભરેલું નથી, તેઓના મુખમાં પ્રતિમાની નિંદારૂપ ઝેર જ ભારોભાર રહેલું છે તેમ સૂચિત થાય છે. પ્રતિમાની નિંદારૂપ હળાહળ ઝેરની હાજરી વિના સ્તુતિરૂપ અમૃતનો અભાવ સંભવી શકે નહિ.

તથા જિનપ્રતિમાને આદરભાવથી નહિ જોનારાઓની આંખ ધુમાડાથી ભરેલી છે. જે પ્રતિમાનું દર્શન સર્વ જીવોના આંખ અને મનને અનંત તૃપ્તિ અર્પે છે, જે પ્રતિમાની મુખમુદ્રા નીરખ્યા પછી બીજાના દર્શનની ઇચ્છા જ જનમતી નથી અને આંખ અન્યત્ર ઠરતી નથી; એ પ્રતિમાપ્રત્યે આંખમા દ્વેષ જ જો ભારોભાર છલકાતો હોય, તો જ તે પ્રતિમાનું ભાવથી દર્શન થાય નહિ.

કાવ્યમાં 'ધ્વાંત' વગેરે પદોથી દોષવિશેષનો બોધ થાય છે, તેથી અહીં **અતિશયોક્તિ અલંકાર** છે અને તે પૂર્વે કહ્યા મુજબ **કાવ્યલિંગ** અનુપ્રણિત સમજવો.

## જિનપ્રતિમાની વંદનીયતા અને તેનું ફળ

**પ્રશ્ન :-** જિનપ્રતિમાને નમન આદિ નહિ કરનારાઓની બેહાલીનું વર્ણન કર્યું. પણ પ્રતિમા શા માટે વંદનીય છે તે તો બતાવો.

**ઉત્તર :-** આ જિનપ્રતિમાને તત્ત્વજ્ઞ ચતુર્વિધ દેવો(=ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો) તથા જંઘાચારણ અને વિદ્યાચારણરૂપ ચારણલબ્ધિધર મુનિભગવંતો અત્યંત આદર-બહુમાનપૂર્વક હર્ષથી નમ્યા છે. આ શિષ્ટપુરુષો પ્રતિમાને નમ્યા છે, તેથી પ્રતિમાને ભાવથી નમન એ શિષ્ટાચાર છે. કાવ્યમાં પ્રતિમાનું 'સહૃદયૈઃ... વન્દિતા' ઇત્યાદિ જે વિશેષણ મુક્યું છે, તેનો પણ ફલિતાર્થ એ જ છે કે, દેવવગેરે શિષ્ટપુરુષોએ પ્રતિમાને વંદન કર્યું હોવાથી *પ્રતિમાને વંદન એ શિષ્ટાચાર છે; અને આ શિષ્ટાચાર હોવાથી જ પ્રતિમા વંદનીય છે, કારણ કે પ્રતિમાને વંદન નહીં કરવામાં અશિષ્ટતા આવી જાય છે.*

**પ્રશ્ન :-** શિષ્ટાચાર તરીકે પ્રતિમાને વંદન કરવાથી લાભ શો થશે ?

चारणाधिकारप्रतिबद्धश्चायं **विंशतितमशते नवमोद्देशकः** →

*कइविहा णं भंते ! चारणा पन्नत्ता ? गोयमा ! दुविहा चारणा प० तं०-विज्जाचारणा य जंघाचारणा य । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ विज्जाचारणा वि० ? गोयमा! तस्स णं छट्ठं छट्ठेणं अनिक्खित्तेणं तवोकम्मेणं विज्जाए-उत्तरगुणलद्धिं खममाणस्स विज्जाचारणलद्धीनामं लद्धी समुप्पज्जइ । से तेणट्ठेणं जाव विज्जा० । विज्जाचारणस्स णं भंते ! कहं सीहा गइ कहं सीहे गइविसए प० ? गो० ! अयन्नं जंबुद्दीवे २ जाव किंचि विसेसाहिए परिक्खेवेणं देवे णं महड्ढीए जाव महेसक्खे जाव इणामेव त्तिकट्टु केवलकप्पं जंबुद्दीवं तिहिं अच्छरानिवाएहिं तिक्खुत्तो अणुपरियट्टित्ता णं हव्वमागच्छेज्जा, विज्जाचारणस्स णं गो० ! तहा सीहा गति, तहा सीहे गतिविसए प० । विज्जाचारणस्स णं भंते ! तिरियं केवतियं गतिविसए प० ? गो० ! से णं इओ एगेणं उप्पाएणं माणुसुत्तरे पव्वए समोसरणं करेइ, माणुसु० २ तहिं चेइयाइं वंदति, तहिं २ बितिएणं उप्पाएणं नंदीसरवरे दीवे समोसरणं करेति, नंदीस० २ तहिं चेइयाइं वंदति, तहिं० २ ततो पडिनियत्तति, २ इहमागच्छइ २ इह चेइयाइं वंदति । विज्जा० णं गो० ! तिरियं एवतिए गतिविसए प० । विज्जा० णं भंते ! उड्ढं केवतिए गतिविसए प० ? गो०! से णं इओ एगेणं उप्पाएणं नंदणवणे समोसरणं करेइ, नंदण० २ तहिं चेइयाइं वंदति, तहिं० २ बितिएणं उप्पाएणं पंडगवणे समोसरणं*

---

**ઉત્તર :-** પ્રતિમાને ભાવથી વંદનરૂપ શિષ્ટાચારનું પાલન કરવાથી જન્મ પવિત્ર બને છે. (જન્મ એ સંસારનું કારણ હોવાથી અને મૃત્યુનું બીજ હોવાથી અપવિત્ર અને નિંદનીય છે. છતાં પણ જે જન્મ પામ્યા પછી સંસારનો હ્રાસ કરનારું અને જન્મ-મરણોના ત્રાસથી બચાવતું જિનપ્રતિમાનું ભાવવંદન મળે છે, તે જન્મ પવિત્ર અને પ્રશંસનીય બને છે. માટે મનુષ્યજન્મની પવિત્રતા અને સફળતા ઇચ્છનારે અવશ્ય જિનપ્રતિમાને વંદન કરવું જોઇએ એવો કહેવાનો ભાવ છે.) દેવોએ કરેલા પ્રતિમાવંદન અંગે આગળ બતાવાશે.

## ચારણકૃતપ્રતિમાવંદન

ચારણો પ્રતિમાને વંદે છે તે અંગે **ભગવતી સૂત્રના વીશમા શતકના નવમાં ઉદ્દેશકમાં** આ પ્રકારનો આલાપક છે →

*ભદંત ! ચારણો કેટલા પ્રકારના છે ? ગૌતમ ! ચારણો બે પ્રકારના છે - (૧) વિદ્યાચારણ અને (૨) જંઘાચારણ. હે ભદંત ! વિદ્યાચારણ કોણ કહેવાય ? ગૌતમ ! સતત છટ્ઠના પારણે છટ્ઠના તપ યુક્ત વિદ્યાથી ઉત્તરગુણલબ્ધિયુક્ત સાધુને વિદ્યાચારણલબ્ધિ નામની લબ્ધિ ઉત્પન્ન થાય છે. આવી લબ્ધિવાળા વિદ્યાચારણ કહેવાય. હે ભદંત ! વિદ્યાચારણની શીઘ્રગતિ કેવી છે અને તે શીઘ્રગતિનો વિષય કેટલો છે ? ગૌતમ ! આ જંબુદ્વીપની પરિધિથી કંઇક વધુ પરિધિવાળા વિસ્તારને ઇત્યાદિ. કોઇ મહર્દ્ધિકઆદિ વિશેષણયુક્ત દેવ આ ગમનને આશ્રયીને સંપૂર્ણ જંબુદ્વીપને ત્રણ ચપટીમાં (=ત્રણ ચપટી વગાડવા જેટલા કાળમાં) ત્રણ વાર અણુપરિયત્તા=પ્રદક્ષિણા દઇને આવવા જે શીઘ્ર ગતિ કરે, તેવી શીઘ્રગતિ અને શીઘ્રગતિનો વિષય વિદ્યાચારણને હોય છે.*

*હે ભદંત ! વિદ્યાચારણની તીરછી ગતિ કેવી હોય ? હે ગૌતમ ! વિદ્યાચારણ અહીંથી એક ઉત્પાતથી(એક કૂદકે) માનુષોત્તર પર્વતપર જાય. ત્યાંના ચૈત્યોને વંદન કરી બીજા ઉત્પાતથી નંદીશ્વર દ્વીપમાં જાય. ત્યાંના ચૈત્યોને વંદન કરી ત્યાંથી પાછા ફરી (એક જ ઉત્પાતથી) અહીં આવી અહીંના ચૈત્યોને વંદન કરે. વિદ્યાચારણોની તીરછી ગતિ આવી છે. હે ભદંત ! વિદ્યાચારણોની ઉર્ધ્વમાં કેવી ગતિ છે ? હે ગૌતમ ! તેઓ અહીંથી એક કૂદકે નંદનવનપર જાય, ત્યાંના ચૈત્યોને વંદન કરી બીજા કૂદકે પંડકવનમાં પહોંચે, ત્યાંના ચૈત્યોને વંદન કરી (એક જ કૂદકે) અહીં આવી અહીંના ચૈત્યોને વંદન કરે. આ તેમની ઉર્ધ્વગતિ છે. તે વિદ્યાચારણ આ (લબ્ધિના ઉપયોગરૂપ) સ્થાનનાં આલોચના*

करेइ, पंडग० २ तहिं चेइयाइं वंदइ, तहिं० २ तओ पडिनियत्तति, तओ० २ इहमागच्छइ, इहमा० २ इहं चेइयाइं वं० । विज्जा० णं गो०! उड्ढं एवतिए गतिविसए प० । से णं तस्स ठाणस्स अणालोइयपडिक्कंते कालं करेति, नत्थि तस्स आराहणा, से णं तस्स ठाणस्स आलोइयपडिक्कंते कालं करेति अत्थि तस्स आराहणा। [सू. ६८३] से केणट्ठेणं भंते ! एवं वुच्चइ जंघाचारणा०? गो० ! तस्स णं अट्ठमं अट्ठमेणं अनिक्खित्तेणं तवोकम्मेणं अप्पाणं भावेमाणस्स जंघाचारणलद्धीनामं लद्धी समुप्पज्जति। से तेणट्ठेणं जाव जंघाचारणे २ । जंघा० णं भंते ! कहं सीहा गती कहं सीहे गतिविसए प० ? गो ! अयन्नं जंबुद्दीवे २ एवं जहेव विज्जाचारणस्स, नवरं तिसत्तखुत्तो अणुपरियट्टित्ताणं हव्वमागच्छेज्जा, जंघा० णं गो०! तहा सीहा गती तहा सीहे गतिविसए प० सेसं तं चेव । जंघा० णं भंते ! तिरियं केवतिए गतिविसए प० ? गो० ! से णं इओ एगेणं उप्पाएणं रुयगवरे समोसरणं करेति, रुयग० २ तहिं चेइयाइं वंदइ, तहिं चे०२ तओ पडिनियत्तमाणे बितिएणं उप्पाएणं नंदीसरवरदीवे समोसरणं करेति, नंदी० २ तहिं चेइयाइं वंदइ, तहिं चे० २ इहमागच्छइ २ इहं चेइयाइं वंदइ। जंघा० णं गो० ! तिरियं एवतिए गइविसए प० । जंघा० णं भंते ! उड्ढं केवतिए गतिविसए प० ? गो० ! से णं इओ एगेणं उप्पाएणं पंडगवणे समोसरणं करेति, समो० २ तहिं चेइयाइं वंदति, तहिं चे० २ तओ पडिनियत्तमाणे बितिएणं उप्पाएणं नंदणवणे समोसरणं करेति, नंदण० २ तहिं चेइयाइं वंदति, तहिं चे० २ इह आगच्छइ २ इह चेइयाइं वंदति । जंघाचारणस्स णं गोयमा ! उड्ढं एवतिए गतिविसए प० । से णं तस्स ठाणस्स अणालोइयपडिक्कंते कालं करेइ नत्थि तस्स आराहणा, से णं तस्स ठाणस्स आलोइयपडिक्कंते कालं करेति, अत्थि तस्स आराहणा । सेवं भंते ! सेवं भंते ! जाव विहरइ ॥ [सू. ६८४]

एतद्वृत्तिर्यथा →

***अष्टमोद्देशकस्यान्ते*** *देवा उक्तास्ते चाकाशचारिण इत्याकाशचारिद्रव्यदेवा* ***नवमे*** *प्ररूप्यन्त इत्येवं*

---

*પ્રતિક્રમણ કર્યા વિના કાલ કરે (મૃત્યુ પામે) તો તેને આરાધના નથી. (અર્થાત્ તે વિરાધક છે) જો તે સ્થાનનાં આલોચના-પ્રતિક્રમણ કરીને કાલ કરે, તો તેને આરાધના છે. (અર્થાત્ તે આરાધક છે.)*

*હે ભગવન્ ! જંઘાચારણ કોણ કહેવાય ? હે ગૌતમ ! સતત અટ્ઠમના પારણે અટ્ઠમ તપથી પોતાને ભાવિત કરનારને જંઘાચારણ નામની લબ્ધિ ઉત્પન્ન થાય છે, આ લબ્ધિધર જંઘાચારણ કહેવાય છે. હે ભગવન્ ! તે જંઘાચારણની શીઘ્રગતિ કેવી છે ? એ શીઘ્રગતિનો વિષય કેવો છે ? હે ગૌતમ ! અહીં શીઘ્રગતિસંબંધમાં પૂર્વની જેમ જ સમજવું, પણ અહીં ત્રણને બદલે એકવીસ વાર પ્રદક્ષિણા સમજવી. હે ગૌતમ ! આ તેની શીઘ્રગતિવિષય છે. હે ભંતે ! જંઘાચારણની તીરછી ગતિ કેવી છે ? હે ગૌતમ ! તે અહીંથી એક કૂદકે રૂચકવર દ્વીપપર જાય છે અને ત્યાંના ચૈત્યોને વંદે છે. પાછા ફરતાં બીજા કૂદકે(પાછા ફરવાના ૧લા કૂદકે) નંદીશ્વરદ્વીપપર આવે છે. ત્યાંના ચૈત્યોને વંદી ત્રીજા કૂદકે(પાછા ફરવાના બીજા કૂદકે) અહીં આવી અહીંના ચૈત્યોને વંદે છે, જંઘાચારણોની આ તીરછી ગતિ છે. હે ભદંત ! જંઘાચારણોની ઉર્ધ્વગતિ કેવી છે ? હે ગૌતમ ! તેઓ પહેલા જ કૂદકે પંડકવન પર(=મેરુના સૌથી ઉપલા વન પર) જાય છે. ત્યાંના ચૈત્યોને વંદન કરી પાછા ફરતાં બીજા કૂદકે તેઓ નંદનવનપર આવી ત્યાંના ચૈત્યોને વંદે છે, પછી ત્રીજા કૂદકે અહીં આવી અહીંના ચૈત્યોને વંદે છે. હે ગૌતમ ! જંઘાચારણની ઉર્ધ્વગતિ આટલી છે. જો તે સ્થાનનાં આલોચના પ્રતિક્રમણ કર્યા વિના તે જંઘાચારણ કાલ કરે, તો તેને આરાધના નથી. જો તે સ્થાનનાં આલોચના પ્રતિક્રમણ કરીને કાળ કરે તો તેને આરાધના છે.*

ઉપરોક્ત આલાપકનો **ટીકાનુવાદ** આ પ્રમાણે છે →

सम्बद्धस्यास्येदमादिसूत्रम्– 'कइविहे णं' इत्यादि। तत्र चरणं=गमनमतिशयवदाकाशे एषामस्तीति चारणाः। 'विज्जाचारण'त्ति। विद्या-श्रुतं तच्च पूर्वगतं, तत्कृतोपकाराश्चारणा विद्याचारणाः। 'जंघाचारण'त्ति, जङ्घाव्यापार-कृतोपकाराश्चारणा जङ्घाचारणाः। इहार्थे गाथाः→ 'अइसयचरणसमत्था, जंघाविज्जाहिं चारणा मुणओ। जंघाहिं जाइ पढमो निस्सं काउं रविकरे वि' ॥ १ ॥ (छाया→अतिशयेन चरणसमर्था जङ्घाविद्याभ्यां चारणा मुनयः। जङ्घाभ्यां याति प्रथमो निश्रीकृत्य रविकरानपि॥) 'एगुप्पाएण तओ रुयगवरंमि उ तओ पडिनियत्तो। बीएणं नंदीसरमिहं तओ एइ तइएणं' ॥ २ ॥ (छाया→एकोत्पातेन ततो रुचकवरं ततः प्रतिनिवृत्तः। द्वितीयेन नन्दीश्वरमिह तत आगच्छति तृतीयेन॥) 'पढमेणं पंडगवणं बीउप्पाएण णंदणं एइ। तइउप्पाएण तओ इह जंघाचारणो एइ' ॥ ३ ॥ (छाया→प्रथमेन पण्डकवनं द्वितीयोत्पातेन नन्दनमेति। तृतीयोत्पातेन तत इहायाति जङ्घाचारणः॥) 'पढमेण माणुसोत्तरनगं स नंदीसरं बिईएणं। एइ तओ तइएणं कयचेइयवंदणो इहयं' ॥ ४ ॥ (छाया→प्रथमेन मानुषोत्तरनगं द्वितीयेन नन्दीश्वरं स एति। ततस्तृतीयेनेहैति कृतचैत्यवन्दनः॥) 'पढमेण नंदणवणं बीउप्पाएण पंडगवणंमि। एइ इहं तइएणं जो विज्जाचारणो होइ' ॥ ५ ॥ (छाया→प्रथमेन नन्दनवनं द्वितीयोत्पातेन पण्डकवनम्। एतीह तृतीयेन यो विद्याचारणो भवति॥) इति। [विशेषाव. ७८६-७९०] 'तस्स णं'ति। यो विद्याचारणो भविष्यति, तस्य षष्ठंषष्ठेन तपःकर्मणा विद्यया च=पूर्वगतश्रुतविशेषरूपया करणभूतया। 'उत्तरगुणलद्धिं'ति। उत्तरगुणाः=पिण्डविशुद्ध्यादयः, तेषु, इह च प्रक्रमात्तपो गृह्यते। ततश्चोत्तरगुण-लब्धिं=तपोलब्धिम्, क्षममाणस्य=अधिसहमानस्य, तपः कुर्वत इत्यर्थः। 'कहं सीहा गइ'त्ति। कीदृशी शीघ्रा गतिः=गमनक्रिया, 'कहं सीहे गइविसए'त्ति। कीदृशः शीघ्रो गतिविषयः द्वि ? शीघ्रत्वेन तद्विषयोऽप्युपचारात् शीघ्र उक्तः, गतिविषयः=गतिगोचरः। गमनाभावेऽपि शीघ्रगतिगोचरभूतं क्षेत्रं किम् ? इत्यर्थः। 'अयन्न'मित्यादि-

---

**આઠમા ઉદ્દેશકના** અંતે દેવોનું સ્વરૂપ બતાવ્યું. દેવો આકાશગામી હોય છે. તેથી હવે આકાશગામી વિદ્યાવાળા દ્રવ્યદેવ=સાધુની પ્રરૂપણા **નવમાં ઉદ્દેશકમાં** કરે છે. આ પ્રમાણે પૂર્વના ઉદ્દેશક સાથે સંકળાયેલા નવમા ઉદ્દેશકનું આ પ્રથમ સૂત્ર છે. 'કઇ વિહેણં' ઇત્યાદિ. ચારણ=આકાશમાં અતિશયયુક્ત ગતિવાળા. વિદ્યાચારણ-વિદ્યા= પૂર્વગતશ્રુત. તેનાદ્વારા ઉપકૃત થયેલા ચારણો. જંઘાચારણ-જંઘાના વ્યાપારથી ઉપકૃત થયેલા ચારણો. આ અંગે આ ગાથા છે →જંઘા અને વિદ્યાવડે અતિશયયુક્તગતિમાં સમર્થ (મુનિઓ) ચારણ સમજવા. પહેલા પ્રકારના ચારણો (=જંઘાચારણો) સૂર્યના કિરણોની પણ નિશ્રા કરીને(=આલંબન લઇ) જંઘાથી ગમન કરે છે. ॥૧॥ તે જંઘાચારણો એક ઉત્પાતથી રૂચકવર દ્વીપપર જાય છે. ત્યાંથી પાછા ફરતા બીજા ઉત્પાતથી નંદીશ્વર દ્વીપપર અને ત્રીજા ઉત્પાતથી અહીં આવે છે. ॥૨॥ તથા પ્રથમ ઉત્પાતથી પંડકવનમાં જાય છે, પાછા ફરતા બીજા ઉત્પાતથી નંદનવનમાં આવે છે અને ત્રીજા ઉત્પાતથી અહીં આવે છે. ॥૩॥ વિદ્યાચારણો પ્રથમ ઉત્પાતથી માનુષોત્તરપર્વતપર જાય છે. બીજા ઉત્પાતથી નંદીશ્વર દ્વીપપર જાય છે. ત્યાં ચૈત્યવંદન કરી પાછા ફરતાં ત્રીજા ઉત્પાતથી અહીં આવે છે. ॥૪॥ તથા તેઓ પ્રથમ ઉત્પાતથી નંદનવન પર જાય છે. બીજા ઉત્પાતથી પંડકવનપર આવે છે. પાછા ફરતા ત્રીજા ઉત્પાતથી અહીં આવે છે. ॥૫॥ ઉત્તરગુણ=પિંડવિશુદ્ધિવગેરે. પ્રસ્તુતમાં 'ઉત્તરગુણ' પદથી તપ સમજવો. અર્થાત્ જે તપ કરવામાં સમર્થ મુનિ છટ્ઠના પારણે છટ્ઠનો તપ કરે છે અને પૂર્વગતશ્રુતવિશેષરૂપ વિદ્યાવાળો છે. તે મુનિ ભવિષ્યમાં વિદ્યાચારણલબ્ધિ પ્રાપ્ત કરે છે. શીઘ્રગતિ=ગમનક્રિયા. ગતિ શીઘ્ર હોવાથી તેનો વિષય પણ શીઘ્ર કહેવાય. શીઘ્રગતિવિષય=શીઘ્રગતિસંબંધી ક્ષેત્ર. ગતિક્રિયા ન હોય તો પણ ગતિના વિષયભૂત ક્ષેત્રનો જ માત્ર નિર્દેશ હોવાથી દોષ નથી. અહીં 'હવ્વમાગચ્છે' એ પછી અધ્યાહારથી 'દેવની આ શીઘ્રગતિ છે' એ પ્રમાણે વાક્યનો અંત સમજવો.

*अयं जम्बूद्वीप एवम्भूतो भवति, ततश्च 'देवे ण'मित्यादि 'हव्वमागच्छेज्जा' इत्यत्र 'यथा शीघ्राऽस्य देवस्य गतिरि'त्ययं वाक्यशेषो दृश्यः। 'से णं तस्स ठाणस्स' इत्यादि-अयमत्र भावार्थः → लब्ध्युपजीवनं किल प्रमादस्तत्र चासेवितेऽनालोचिते न भवति चारित्रस्याराधना, तद्विराधकश्च न लभते चारित्राराधनाफलमिति, यच्चेहोक्तं-विद्याचारणस्य गमनमुत्पादद्वयेनागमनं चैकेन, जङ्घाचारणस्य तु गमनमेकेनाऽऽगमनं च द्वयेनेति, तल्लब्धि-स्वभावात्। **अन्ये** त्वाहुः-विद्याचारणस्यागमनकाले विद्याऽभ्यस्ततरा भवतीत्येकेनागमनं, गमने तु न तथेति द्वाभ्याम्। जङ्घाचारणस्य तु लब्धिरुपजीव्यमानाऽल्पसामर्थ्या भवतीत्यागमनं द्वाभ्यां, गमनं त्वेकेनैवेति ॥ ५ ॥*

उक्तमेव स्वीकारयंस्तत्र कुमतिकल्पिताशङ्कां निरस्यन्नाह–

**प्रज्ञप्तौ प्रतिमानतिर्न विदिता किं चारणैर्निर्मिता,**
**तेषां लब्ध्युपजीवनाद् विकटनाभावात्त्वनाराधना।**
**सा कृत्याकरणादकृत्यकरणाद् भग्नव्रतत्वं भवे-**
**दित्येता विलसन्ति सन्नयसुधासारा बुधानां गिरः ॥ ६ ॥**

(दंडान्वयः→ प्रज्ञप्तौ किं चारणैर्निर्मिता प्रतिमानतिर्न विदिता ? (अपि तु विदितैव=प्रसिद्धैव) तेषां लब्ध्युपजीवनात्तु विकटनाभावादनाराधना। सा (अनाराधना) कृत्यस्याकरणात्, अकृत्यकरणाद् (तु) भग्नव्रतत्वं भवेत्। इत्येताः सन्नयसुधासारा बुधानां गिरः विलसन्ति॥)

---

*છેલ્લે આલોચના પ્રતિક્રમણ વગેરે કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે લબ્ધિનો ઉપયોગ કરવો એ પ્રમાદ છે. આ પ્રમાદનું સેવન કર્યા પછી જો આલોચના કરવામાં ન આવે, તો ચારિત્રની આરાધના થતી નથી. પણ વિરાધના થાય છે અને ચારિત્રવિરાધકને ચારિત્રની આરાધનાનું ફળ મળી શકે નહિ.*

***શંકા :-*** *વિદ્યાચારણને જતી વખતે બે ઉત્પાતથી જતા અને આવતી વખતે માત્ર એક ઉત્પાતથી આવતા દર્શાવ્યા. જ્યારે જંઘાચારણને એક જ ઉત્પાતથી જતાં અને આવતી વખતે બે ઉત્પાતથી આવતા દર્શાવ્યા. આ તફાવત પડવામાં કારણ શું છે ?*

***સમાધાન :-*** *આ તફાવત પડવામાં લબ્ધિનો તેવા પ્રકારનો સ્વભાવ જ કારણ છે. બીજાઓ આ બાબતમાં આ સમાધાન આપે છે → વિદ્યાનું વારંવાર પારાયણ વિદ્યાને વધુ સ્પષ્ટ બનાવે છે. તેથી વિદ્યાનું સામર્થ્ય વધે છે. વિદ્યાચારણોને જતી વખતે વિદ્યાનું પારાયણ વધુ ન હોવાથી સામર્થ્ય ઓછું હોય છે. તેથી બે ઉત્પાત કરવા પડે છે. આવતી વખતે વિદ્યાનું પારાયણ વધુ થવાથી વિદ્યા સ્પષ્ટ અને વધુ સમર્થ બને છે. તેથી એક કૂદકે તેઓ અહીં આવે છે. લબ્ધિની બાબતમાં આનાથી ઊલટું છે. લબ્ધિનો ઉપયોગ જેટલો વધારે, તેટલી લબ્ધિની શક્તિ ઘટે. જંઘાચારણ લબ્ધિધરોને પ્રથમવારના લબ્ધિના પ્રયોગમાં સામર્થ્ય વધુ હોવાથી તેઓ જતી વખતે એક જ ઉત્પાતથી ગમન કરે છે. આવતી વખતે ફરીવાર લબ્ધિનો ઉપયોગ કરવાથી લબ્ધિનું સામર્થ્ય ઘટે છે. તેથી લબ્ધિધરોને આવતી વખતે બે ઉત્પાત કરવા પડે છે.* **॥ ૫ ॥**

## આલોચનાકૃત્યના અકરણમાં અનારાધના

પૂર્વોક્ત અર્થનો સ્વીકાર કરતા કવિવર દુર્મતિવાળાઓની કલ્પિત આશંકાને અસંગત ઠેરવતા કહે છે—

**કાવ્યાર્થ :- ભગવતી સૂત્રમાં** 'ચારણો પ્રતિમાને નમ્યા' એ વાત શું બતાવી નથી ? (અર્થાત્ બતાવી જ છે.) તે સૂત્રમાં તેઓની(=ચારણોની) જે અનારાધના બતાવી છે, તે લબ્ધિના ઉપયોગની વિકટના=આલોચના ન

'प्रज्ञप्तौ'इति । *प्रज्ञप्तौ*=**भगवतीसूत्रे** किं *चारणैः*=जङ्घाचारणविद्याचारणश्रमणैर्निर्मिता प्रतिमानति-*र्न विदिता*=न प्रसिद्धा ? अपि तु प्रसिद्धैव, **सुधर्मस्वामिना** कण्ठरवेणोक्तस्य तस्य तरणिप्रकाशतुल्यस्य कुमति-कौशिकवाङ्मात्रेणापह्नोतुमशक्यत्वात्। **ननु यदुक्तं** तद् व्यक्तमेव। परं चैत्यवन्दननिमित्तालोचनाऽभावेऽनाराधक-त्वमुक्तमिति तेषां चैत्यनतिं स्वारसिकीं नाभ्युपगच्छाम इत्याशङ्कायामाह-तेषामिति। *तेषां*=जङ्घाचारण-विद्याचारणानां लब्ध्युपजीवनात्, तस्य प्रमादरूपत्वात्। *तु*=पुनः। *विकटनाऽभावात्*=आलोचनाऽभावात्, *'आलोअणा वियडणे'* [ओघनिर्युक्ति ७९१ पा. १] त्ति **निर्युक्ति**वचनाद् 'विकटना'शब्दस्य 'आलोचना'अर्थः, अनाराधना, न त्वन्यतो निमित्तात्। तदाह-साऽनाराधना कृत्यस्य प्रमादालोचनस्याऽकरणात्। *अकृत्यकरणं*=चैत्यवन्दनेन मिथ्यात्वकरणम्, ततः तत्पुरस्कृत्यानाराधनायां तूच्यमानायां भग्नव्रतत्वं भवेत्, मिथ्यात्वसहचारिणा-

---

કરવાને કારણે છે. આમ આલોચનારૂપ કૃત્યના અકરણથી અનારાધના છે. જો પ્રતિમાને નમનરૂપ અકૃત્યના કરણરૂપ અનારાધના કહેશો, તો તેનાથી (અતિચાર નહિ પણ મિથ્યાત્વ હોવાથી) વ્રતનો જ ભંગ થાય (જે ઇષ્ટ નથી.) પંડિતોની આવી સુનયરૂપ અમૃતઝરતી વાણી છે.

**ભગવતી સૂત્રમાં સુધર્મા સ્વામીએ** સ્પષ્ટ શબ્દોમાં બતાવ્યું છે કે 'જંઘાચારણ અને વિદ્યાચારણ શ્રમણો પ્રતિમાને નમ્યા છે.' સૂર્યના પ્રકાશસમાન આ વાણીને મલિનઆશયવાળા પ્રતિમાલોપકો છુપાવી શકે તેમ નથી.

**પૂર્વપક્ષ :-** **ભગવતી સૂત્રમાં** 'ચારણશ્રમણો પ્રતિમાને નમ્યા' એ વાત છે તે બરાબર છે. પરંતુ તે શ્રમણો પ્રતિમાને સ્વેચ્છાથી ભાવોલ્લાસપૂર્વક નમ્યા નથી. પરંતુ માત્ર વિસ્મયથી નમ્યા હતા. માટે તેમનું આલંબન લઇ પ્રતિમાને નમન કરવું સંગત નથી. વળી તેઓએ જિનપ્રતિમાને નમન કરી અકૃત્યનું સેવન કર્યું. જિનપ્રતિમાને નમન અકરણીય છે. મિથ્યાત્વરૂપ છે. તે અકૃત્યનું આચરણ કરવાથી તેઓ અનારાધક બન્યા તે વાત એ જ સૂત્રમાં બતાવી છે. તેથી સૂત્રનું અડધું વચન પકડી તેના આધારે પ્રતિમાને વંદનીયતરીકે સિદ્ધ કરવાની તમારી રસમ બરાબર નથી.

**ઉત્તરપક્ષ :-** અમે સૂત્રનું અડધું વચન પકડીને વાત કરતા નથી. પણ તમે ખોટો અર્થ કરી મોટી ભૂલ કરી રહ્યા છો.

**પૂર્વપક્ષ :-** અમે કયો ખોટો અર્થ કર્યો ?

**ઉત્તરપક્ષ :-** તમે બે ખોટા અર્થ કર્યા. (૧) તમે કયા આધારે કહો છો કે, તે ચારણશ્રમણો જિનપ્રતિમાને સ્વેચ્છાથી નમ્યા ન હતા, પણ વિસ્મયથી નમ્યા હતા ? સૂત્રમાં તો એ પ્રમાણે કહ્યું નથી. વળી વિશિષ્ટજ્ઞાની અને લબ્ધિધર મુનિભગવંતોને મિથ્યાત્વના સ્થાનોનો ખ્યાલ ન હોય તેમ બને નહિ. તેથી જો પ્રતિમાને નમન મિથ્યાત્વરૂપ હોય, તો ચારણમુનિઓ વિસ્મયથી પણ પ્રતિમાને નમે એ સંભવતું નથી. વળી (૨) અહીં જે અનારાધના બતાવી છે, તે પ્રતિમાના નમનને કારણે નથી બતાવી; પરંતુ લબ્ધિનો ઉપયોગ કરવો પ્રમાદરૂપ છે, તેથી બતાવી છે. તે ચારણશ્રમણોએ લબ્ધિના ઉપયોગ દ્વારા સેવેલા પ્રમાદની આલોચના કરવી જોઇએ. 'આ આલોચનારૂપ કૃત્યના અકરણથી તે ચારણશ્રમણો અનારાધક બને છે' એવો **ભગવતી સૂત્રનો** આશય છે.

**પ્રશ્ન :-** આ અનારાધકતા પ્રતિમાને નમનરૂપ અકૃત્યના કરણને કારણે નથી, પરંતુ આલોચનારૂપ કૃત્યના અકરણના કારણે જ છે, એમ તમે શી રીતે કહો છો ? સૂત્રમાં તો એવી ચોખવટ કરી જ નથી.

**ઉત્તર :-** અહીં ઊંડાણથી વિચાર કરીએ તો જરુર સૂત્રનો અમે કહ્યો છે તેવો આશય પ્રાપ્ત થાય. જો પ્રતિમાને વંદન ('જિનપ્રતિમાને નમવું એ મિથ્યાત્વ છે.' પ્રતિમાલોપકો આ સિવાય હિંસાદિ બીજા કોઇ કારણસર જિનપ્રતિમાનમનમાં અકૃત્યતા બતાવી શકે તેમ નથી.) મિથ્યાત્વરૂપ હોઇ અકૃત્ય હોય, તો તો પ્રતિમાને વંદન કરવાથી મિથ્યાત્વ જ લાગી જાય અને

मनन्तानुबन्धिनामुदयेन चारित्रस्य मूलत एवोच्छेदात्, *'मूलच्छेज्जं पुण होइ बारसण्हं कसायाणं'* इति [विशेषाव. १२४९ उत्त.] वचनात्। तच्च नालोचनामात्रेणाऽपि शोधयितुं शक्यमित्ययं भारो मिथ्याकल्पकस्य शिरस्यास्ताम्। इत्येताः *सन्नयः*=समीचीननयः, स एव मिथ्याकल्पनाविषविकारनिरासकत्वात् *सुधा*=पीयूषम्, तेन सारा *बुधानां*=सिद्धान्तपारदृश्वनां *गिरः*=वाचः ॥ ६ ॥ ननु चारणानां यावान् गतेर्गोचर उक्तस्तावद्देशगमनपरीक्षायामेव मुख्य उद्देशः। तस्यां क्रियमाणायां तत्तच्चैत्यानामपूर्वाणां दर्शनाद् विस्मयोद्बोधेन तन्नतिः, न तु स्वरसत इति तदाचरणं न शिष्टाचार इति सर्वेषां साधूनां न तद्वन्द्यता तद्दृष्टान्तेनेति **कुमतिमतमा**शङ्क्य निषेधति–

**तेषां न प्रतिमानतिः स्वरसतो लीलानुषङ्गात्तु सा,**
**लब्ध्याऽऽप्तादिति कालकूटकवलोद्गारा गिरः पाप्मनाम्।**
**हन्तैवं न कथं नगादिषु नतिर्व्यक्ता कथं चेह सा,**
**चैत्यानामिति तर्ककर्कशगिरा स्यात्तन्मुखं मुद्रितम् ॥ ७ ॥**

---

મિથ્યાત્વની હાજરીમાં વ્રતને અતિચાર ન લાગે, પણ વ્રતનો જ નાશ થઇ જાય; કારણ કે મિથ્યાત્વના પરિણામો પહેલા ગુણસ્થાનના છે અને વ્રતનો પરિણામ છટ્ઠા-સાતમા ગુણસ્થાનનો છે. વળી મિથ્યાત્વના ઉદયની સાથે અનંતાનુબંધી કષાયનો ઉદય અવશ્ય થાય છે. *'બાર કષાયના* (અનંતાનુબંધી-અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય ક્રોધ, માન, માયા અને લોભ=૧૨) *ઉદયમાં ચારિત્રનો મૂળથી છેદ થાય છે.'* એ વચન હોવાથી અનંતાનુબંધી કષાયના ઉદયમાં વ્રતનો ભંગ થાય છે. વ્રતના ભંગમાં માત્ર આલોચનાથી કામ ન પતે પણ ફરીથી સમ્યક્ત્વનું આરોપણ અને વ્રતની સ્થાપના કરવાથી જ આરાધના થાય. જ્યારે સૂત્રમાં તો આલોચનાપ્રતિક્રમણ કરવામાત્રથી શુદ્ધિ થઇ જાય છે અને આરાધકતા આવી જાય છે તેમ બતાવ્યું છે. તેથી નક્કી થાય છે કે, ચારણશ્રમણોને માત્ર આલોચના-પ્રતિક્રમણથી શુદ્ધિ થઇ જાય તેવો જ અતિચાર લાગ્યો છે. આ અતિચારની આલોચના કરવારૂપ કૃત્યના અકરણથી જ તેઓ અનારાધક બને છે. આ અતિચાર લબ્ધિના ઉપયોગરૂપ પ્રમાદના સેવનને કારણે જ સંભવી શકે છે. કારણ કે બીજો કોઇ વિકલ્પ સંભવતો નથી અને લબ્ધિનો ઉપયોગ એ પ્રમાદરૂપ છે એ સર્વમાન્ય હકીકત છે. આમ પ્રમાદસ્થાનની આલોચનારૂપ કૃત્યના અકરણથી જ ચારણશ્રમણો અનારાધક બને છે, નહિ કે જિનપ્રતિમાના વંદનથી. તેથી તે શિષ્ટ ચારણશ્રમણોએ પ્રતિમાને ભાવથી જ વંદન કર્યા હોવા જોઇએ કારણ કે તેમ કરવામાં તેઓને કોઇ પાપ કે મિથ્યાત્વ લાગતું નથી. તેથી જિનપ્રતિમાના ભાવથી વંદન એકાંતે નિર્જરાજનક હોવાથી સર્વ શિષ્ટ પુરુષોમાટે કર્તવ્ય છે એમ સિદ્ધ થાય છે. કાવ્યમાં મિથ્યાકલ્પનારૂપ ઝેરના વિકારને દૂર કરતા સુનયને અમૃતની ઉપમા આપી છે. (**ટીકાકારે** પણ લબ્ધિઉપજીવનરૂપ પ્રમાદઅંગે જ આલોચનાદિની વાત કરી છે.) ॥ ૬ ॥

## ચારણોની પ્રતિમાનતિ સ્વારસિકી

**પૂર્વપક્ષ :-** 'સૂત્રમાં ચારણોને જ્યાં સુધી જઇ શકતા બતાવ્યા છે, ત્યાં સુધી પોતે જઇ શકે છે કે કેમ ?' એવી પરીક્ષા કરવાના મુખ્ય ઉદ્દેશથી જ ચારણલબ્ધિધરો નંદીશ્વર આદિ દ્વીપોપર જાય છે. ત્યાં ગયા પછી ત્યાં રહેલા ચૈત્યોને પૂર્વે ક્યારેય પણ જોયા ન હોવાથી તે ચારણો તે ચૈત્યોના દર્શનથી વિસ્મય પામે છે. આ વિસ્મયથી તેઓ ચૈત્યને નમન કરે છે, પણ તે શ્રમણો 'આ ચૈત્યોને નમન કર્તવ્ય છે' એવા ભાવથી શ્રદ્ધાપૂર્વક ચૈત્યનમન કરતા નથી. તેથી ચારણોએ પ્રતિમાને નમન કર્યું એ શિષ્ટાચારરૂપ નથી. તેથી 'તે ચારણોના દૃષ્ટાંતથી સર્વ સાધુઓએ પ્રતિમાને વંદન કરવું જોઇએ' એમ કહેવું જરાય સંગત નથી.

(**दंडान्वयः**→ तेषां प्रतिमानतिः स्वरसतो न तु पुनः लब्ध्याप्ताद् लीलानुषङ्गादिति पाप्मनां गिरः कालकूटकवलोद्गाराः। हन्त ! एवं कथं नगादिषु न नतिः ? कथं चेह चैत्यानां सा नतिर्व्यक्ता ? इति तर्ककर्कशगिरा तन्मुखं मुद्रितं स्यात् ॥)

'तेषाम्'इति । *तेषां*=जङ्घाचारणविद्याचारणानां प्रतिमानतिः स्वरसतो न-*स्वरसः*=श्रद्धाभक्तिसंलुलितः परिणामः, *तु*=पुनः *लब्ध्याप्ताद्*=लब्धिप्राप्ताद् लीलानुषङ्गात् लब्धिप्राप्तलीलादिदृक्षया प्रवृत्तानां तत्रावर्जनीय-सन्निधिकदर्शनतयेत्यर्थः। न चास्वारसिकतन्नत्या काऽपि क्षतिः, स्वारसिकाकृत्यकरणस्यैव दोषत्वादित्येताः *पाप्मनां*=लुम्पाकदुर्गतानां गिरः *कालकूटकवलोद्गाराः*=उद्गीर्यमाणकालकूटकवला इत्यर्थः, भक्षितमिथ्यात्व-कालकूटानामीदृशानामेवोद्गाराणां सम्भवात्। **तत्रोत्तरम्**-हन्त ! इति निर्देशे। एवं लीलाप्राप्तस्य विस्मयेन साधूनां वन्दनसम्भवे कथं नगादिषु मानुषोत्तरनन्दीश्वररूचकमेरुतदारामादिविषये न चारणानां नतिः ? तत्राप्यपूर्वदर्शन-जनितविस्मयेन तत्सम्भवात्। कथं चेह **भरतविदेहा**दौ ततः प्रतिनिवृत्तानां *चैत्यानां*=प्रतिमानां सा नतिः ? इत्येवम्भूता या तर्ककर्कशा गीः, तया *तन्मुखं*=पाप्मवदनं मुद्रितं स्याद्=अनया गिरा ते प्रतिवक्तुं न शक्नुयुरित्यर्थः। कर्कशपदं तत्तर्कस्य निबिडमुद्राहेतुत्वमभिव्यनक्ति। अत्र यथा गोचरचर्योद्देशेनापि निर्गतेन साधुनाऽन्तरोपनताः

---

પ્રતિમાલોપકોની આ આશંકાને ફગાવતા કવિ કહે છે—

**કાવ્યાર્થ :-** 'તે જંઘાચારણ-વિદ્યાચારણ મુનિઓ પ્રતિમાને સ્વરસથી=શ્રદ્ધા અને ભક્તિથી પ્રગટેલા પરિણામથી નમ્યા નથી. પરંતુ લબ્ધિથી પ્રાપ્ત થયેલી લીલાના અનુષંગથી નમ્યા છે' પ્રતિમાલોપકોની આવા પ્રકારની વાણી મિથ્યાત્વરૂપ કાલકૂટ ઝેરના ભોજનથી ઉદ્ભવેલા ઉદ્ગાર જેવી છે. (જો લીલાના અનુષંગથી જ તે નમન હોત તો) તેઓ માનુષોત્તર પર્વતઆદિપર રહેલા બગીચાઆદિના દર્શન કરવા કેમ ગયા નહિ ? અને અહીંના ચૈત્યોને શા માટે નમ્યા ? (અહીંના ચૈત્યો કંઇ અપૂર્વ નહોતા.) તર્કથી કર્કશ બનેલી આ વાણીથી તેઓને ચૂપ કરી શકાય છે.

**પૂર્વપક્ષ :-** લીલાથી નંદીશ્વરાદિપર ગયેલા ચારણો ત્યાં ચૈત્યને શ્રદ્ધા-ભક્તિથી નમ્યા નથી, પણ માત્ર વિસ્મયથી નમ્યા છે. અને વિસ્મયથી કરેલા નમનમાં અહોભાવ વગેરે ન હોવાથી મિથ્યાત્વકરણનો દોષ નથી. હા, વિસ્મયથી પણ નમવાનો દોષ સેવ્યો હોવાથી અતિચાર જરુર લાગ્યો છે. કેમકે અકૃત્યનું સેવન દોષરૂપ છે. તેથી અહીં મિથ્યાત્વના કારણે વ્રતભંગ થવાનો પ્રશ્ન જ નથી અને ચૈત્યનતિ સાધુઓને માન્ય છે તેમ પણ સિદ્ધ થતું નથી.

**ઉત્તરપક્ષ :-** તમારી આ વાત બરાબર નથી. ચારણોએ જો ચૈત્યો અપૂર્વ હોઇ વિસ્મયથી જ નમન કર્યું હોત, તો તે માનુષોત્તર, નંદીશ્વર, રૂચક, મેરુ પર રહેલા બગીચા-વન-વાવડીઓ વગેરેનું કુદરતી અદ્ભુત સૌંદર્ય પણ તે શ્રમણોને વિસ્મય પમાડી શકત. તેથી તે શ્રમણો એ વનવગેરેને પણ અવશ્ય જોવા ગયા હોત અને નમ્યા પણ હોત. પણ સૂત્રમાં તો એ અંગે અંશમાત્રનો પણ ઉલ્લેખ નથી. તેથી જ અનુમાન કરી શકાય કે, આટલી ઊંચી ભૂમિકાએ પહોંચેલા ચારણશ્રમણો માત્ર વિસ્મયથી અકૃત્ય સેવી બેસે એ સંભવી શકે નહિ. તેથી તેઓ ત્યાં ચૈત્યને નમ્યા એ સ્વારસિકી જ ક્રિયા હતી. વળી માની લો કે, નંદીશ્વરવગેરેના ચૈત્યો અપૂર્વ હોઇ તે જોઇ વિસ્મય થવાથી તે ચૈત્યોને નમે. પરંતુ અહીંના ચૈત્યો તો અપૂર્વ નહોતા જ. તેથી તે શ્રમણોને અહીંના ચૈત્યોને જોઇ વિસ્મય થવાનો કોઇ સવાલ જ નથી. તેથી જો ચૈત્યને વંદન અકરણીય હોત, તો અહીંના ચૈત્યોને વંદન કરવાનું કોઇ પ્રયોજન જ નહોતું. પણ સૂત્રમાં સ્પષ્ટ બતાવ્યું છે કે, તે ચારણશ્રમણો પાછા આવીને અહીંના ચૈત્યોને નમ્યા. તો કહો, તેઓ અહીંની પ્રતિમાઓને કેમ નમ્યા ? આ તર્કથી કર્કશ વચનથી પ્રતિમાલોપકોનું મોં મુદ્રિત થાય છે, અર્થાત્ તેઓ જવાબ આપવા સમર્થ રહેતા

साधवः स्वरसत एव वन्दनीयास्तथा गतिगोचरदर्शनायाऽपि गतैश्चारणैर्नन्दीश्वरादिप्रतिमानतिः स्वरसत एव कृताऽनभ्रोपनतपीयूषवृष्टिवत्परमप्रमोदहेतुत्वादित्युक्तं भवति ॥ ७॥ **अथोक्तालापके** *'तहिं चेइआइं वंदइ'* इत्यस्यायमर्थो यथा भगवद्भिरुक्तं तथैव नन्दीश्वरादि दृष्टमिति अहो तथ्यमिदं भगवज्ज्ञानमित्यनुमोदत इत्यर्थतश्चैत्यपदस्य ज्ञानार्थत्वादिति मुग्धपर्षदि मूर्द्धानमाधूय व्याचक्षाण**मुपहसन्नाह**–

**ज्ञानं चैत्यपदार्थमाह न पुनर्मूर्त्तिं प्रभोर्यो द्विषन्,**
**वन्द्यं तत्तदपूर्ववस्तुकलनाद् दृष्टार्थसञ्चार्यपि ।**
**धातुप्रत्ययरूढिवाक्यवचनव्याख्यामजानन्नसौ,**
**प्रज्ञावत्सु जडः श्रियं न लभते काको मरालेष्विव ॥ ८ ॥**

(**दंडान्वयः**→ यो द्विषन् चैत्यपदार्थं तत्तदपूर्ववस्तुकलनाद् दृष्टार्थसंचार्यपि ज्ञानं वन्द्यमाह न पुनः प्रभोर्मूर्त्तिं धातुप्रत्ययरूढिवाक्यवचनव्याख्यामजानन्नसौ जडः प्रज्ञावत्सु मरालेषु काक इव श्रियं न लभते ॥)

'ज्ञानम्'इति। यो *द्विषन्*=जिनशासने द्वेषं कुर्वन् प्रकृते चैत्यपदार्थं ज्ञानमाह न पुनः प्रभोर्मूर्त्तिं, किम्भूतं ज्ञानम् ? तस्य तस्यापूर्वस्य वस्तुनः *कलनात्*=परिच्छेदाद् *वन्द्यम्*=अनुमोद्यमिति योगः, किम्भूतमपि ? दृष्टार्थसञ्चार्यपि, इहलोके चैत्यवन्दने सञ्चरिष्णु भविष्णुशब्दार्थमपि। अपूर्वदर्शनेन विस्मयोत्पादकत्वाद् भगवज्ज्ञानस्य

---

નથી. તર્કનું 'કર્કશ' વિશેષણ એમ સૂચવે છે કે આ તર્કથી તેઓનું મોં સજ્જડ બંધ થઇ જાય છે. (ચારણશ્રમણોના દૃષ્ટાંતથી સિદ્ધ થાય છે કે ચૈત્યને શ્રદ્ધાપૂર્વકનું વંદન એ શિષ્ટાચાર છે. સર્વ સાધુઓ માટે કરણીય જ છે અને કલ્યાણનું સાધન છે.) અહીં **તાત્પર્ય** આ છે → જેમ ગોચરીના ઉદેશથી નીકળેલા સાધુએ સામે મળેલા સાધુને શ્રદ્ધાભક્તિપૂર્વક વંદન કરવાનો આચાર છે. તેમ પોતાની લબ્ધિથી પ્રાપ્ત ગતિની પરીક્ષાના હેતુથી પણ નંદીશ્વરઆદિપર ગયેલા સાધુઓ ત્યાં શ્રીજિનપ્રતિમાને વંદન તો પોતાની ધર્મશ્રદ્ધાથી જ કરે કારણ કે જિનપ્રતિમાનું દર્શન અને વંદન તો વાદળ વિના અમૃતવૃષ્ટિની જેમ પરમપ્રમોદનું કારણ બને છે. ॥ ૭ ॥

## 'ચૈત્ય'ના જ્ઞાન અર્થની અસંગતા

**પૂર્વપક્ષ :- ભગવતી સૂત્રના** એ આલાપકમાં 'ચૈત્ય' પદનો અર્થ 'જ્ઞાન' કરવાનો છે. તેથી *'ત્યાં ચૈત્યોને વંદે છે'* એ વાક્યનો અર્થ આ પ્રમાણે છે → 'નંદીશ્વરવગેરેનું જેવું વર્ણન કર્યું, તે જ પ્રમાણે આ નંદીશ્વરવગેરે દેખાય છે. તેથી અહો ! ભગવાનનું જ્ઞાન સંપૂર્ણ તથ્ય છે' એમ તે ચારણશ્રમણો ભગવાનના જ્ઞાનની અનુમોદના કરે છે.

પ્રતિમાલોપકો ભોળાઓની સભામાં માથું હલાવી હલાવીને આવો પૂર્વપક્ષ સ્થાપે છે. તેઓના આ પૂર્વપક્ષની ઠેકડી ઊડાવતા સ્તુતિકાર કહે છે–

**કાવ્યાર્થ :-** (જિનશાસનપર) દ્વેષ રાખતી જે વ્યક્તિ(=પ્રતિમાલોપક) 'ચૈત્ય' પદના અર્થથી તે અપૂર્વવસ્તુઓનો બોધ કરાવનારું દૃષ્ટઅર્થવિષયક પણ જ્ઞાન જ વંદનીય છે એમ સ્વીકારે છે, પણ જિનપ્રતિમાને સ્વીકારતી નથી; તે વ્યક્તિને ધાતુ-પ્રત્યય-રૂઢિ-વાક્ય-વચન અને વ્યાખ્યાનું જ્ઞાન નથી. તેથી એ વ્યક્તિ બુદ્ધિશાળીઓના સમુદાયમાં હંસોમાં કાગડાની જેમ શોભતી નથી.

પ્રતિમાલોપકો ચૈત્યપદના અર્થતરીકે પ્રભુની પ્રતિમાને છોડી અપૂર્વવસ્તુઓનું આકલન કરતું હોવાથી અનુમોદનીય બનતા જ્ઞાનને સ્વીકારે છે. પણ ચૈત્યપદનો આ અર્થ કરવામાં આવે તો તે દૃષ્ટાર્થસંચારી પણ બને, કેમકે 'અહીં ચૈત્યોને વંદે છે' ત્યાં અપૂર્વ નહીં પણ છદ્મસ્થે જોયેલા પદાર્થઅંગે પણ 'ચૈત્ય' પદના પ્રયોગની આપત્તિ છે.

वन्द्यत्वे *'इहं चेइआइं वंदइ'* इत्यस्यानुपपत्तिरिहापूर्वादर्शनादिति। 'अपिः'- आपाततो नौचित्यं दर्शयति। य जडः *प्रज्ञावत्सु*=प्रेक्षावतां मध्ये, *श्रियं*=सदुत्तरस्फूर्त्तिसमृद्धिं न लभते, केषु क इव ? *मरालेषु*=राजहंसेषु काक इव इत्युपमा, किं कुर्वन् ? अजानन्, काम् ? धात्वादिव्याख्याम्। **तथा हि**-चैत्यानीत्यत्र *'चिती संज्ञाने'* इति धातुः, कर्मप्रत्ययस्तथा च 'अर्हत्प्रतिमा एव' इत्यर्थः। *'चिती संज्ञाने'* संज्ञानमुत्पद्यते काष्ठकर्मादिषु प्रतिकृतिं दृष्ट्वा *'जहा एसा अरिहंतपडिम'* त्ति **चूर्णिस्वरसा**दिति। प्रकृते ज्ञानमर्थं वदन् प्रकृतिप्रत्ययानभिज्ञ एव। तथा रूढेरप्यनभिज्ञ एव, चैत्यशब्दस्य जिनगृहादौ एव रूढत्वात्। *चैत्यम्=जिनौकस्तद्बिम्बं चैत्यो जिनसभातरुरिति* **कोशात्**। **एतेन** विपरीतव्युत्पत्त्या नामभेदप्रत्यययोगार्थोऽपि निरस्तः, योगाद् रूढेर्बलवत्त्वादन्यथा पङ्कजपदाच्छैवालादिबोधप्रसङ्गात्।

---

દૃષ્ટાર્થસંચારી=આલોકમાં (પ્રત્યક્ષથી દેખાતા સ્થળે) ચૈત્યવંદનમાં સંચારસ્વભાવવાળું. અહીં 'સંચરિષ્ણુ' પદથી 'ભવિષ્ણુ'(=થવાના સ્વભાવવાળું) શબ્દનો અર્થ કરવો. **તાત્પર્ય :-** જો અપૂર્વદર્શનદ્વારા વિસ્મયજનક હોવાથી ભગવાનનું જ્ઞાન વંદ્ય બનતું હોય, તો *'ઇહ ચેઇયાઇ વંદઇ'*(=અહીં ચૈત્યોને વંદે છે) આ વાક્ય અનુપપન્ન બને. તેથી જ કાવ્યમાં રહેલું 'અપિ'પદ પ્રતિમાલોપકોની વાત પ્રથમનજરે પણ ઔચિત્યસભર નથી, તેમ દર્શાવે છે. (પ્રતિમાલોપકોની વાત જિનશાસનપ્રત્યેના તેમનો પ્રેમનો અભાવ છતો કરે છે. પ્રભુની ગેરહાજરીમાં (૧) જિનપ્રતિમા અને (૨) જિનાગમ આ જૈનશાસનના મુખ્ય આધારસ્તંભ છે. કલિકાળના ઝેરને ઉતારનારા પરમ ઔષધ છે. એમાંના 'જિનપ્રતિમા' રૂપ આધારસ્તંભને ઊડાડવામાટે આગમના સ્વમતિકલ્પિતઅર્થ કરવામાં અને યોગ્યઅર્થને દબાવી દેવામાં જિનાગમરૂપ બીજો આધારસ્તંભ પણ ધરાશાયી થાય છે. આમ જિનશાસનના મુખ્ય બન્ને આધારસ્તંભના અભાવમાં જિનશાસનની ઇમારત પણ શી રીતે ટકી શકે ? તેથી જેઓ પ્રતિમાને વંદનીય તરીકે સ્વીકારતા નથી તેઓ વાસ્તવમાં જિનશાસનપર જ કુઠારાઘાત કરે છે. આ ચેષ્ટા જિનશાસનપ્રત્યેના પ્રેમના અભાવ વિના શી રીતે સંભવી શકે ?)

**પૂર્વપક્ષ :-** 'ચૈત્ય' પદનો અર્થ 'પ્રતિમા' તરીકે બેસતો જ ન હોય પછી તેનો નિષેધ કરવામાં દોષ શો ?

**ઉત્તરપક્ષ :-** જો તમને 'ચૈત્ય' શબ્દ અંગેના (૧) ધાતુ (૨) પ્રત્યય (૩) રૂઢિ (૪) વાક્ય (૫) વચન અને (૬) વ્યાખ્યા – આ છ નો ખ્યાલ હોત, તો તમે 'ચૈત્ય' પદથી 'પ્રતિમા' અર્થનો નિષેધ કરવાની હિંમત કરત નહિ.

**પૂર્વપક્ષ :-** તમે જ 'ચૈત્ય' સંબંધી ધાતુ વગેરેનો ખુલાસો કરો.

**ઉત્તરપક્ષ :-** સાંભળો તમે સાવધાન થઇને ! પ્રથમ ધાતુ અને પ્રત્યય દર્શાવીએ છીએ. *'ચૈત્ય' શબ્દમાં સંજ્ઞાનઅર્થક 'ચિતી'ધાતુ છે.* તે ધાતુને કર્મબોધક 'ય' પ્રત્યય છે. તેથી **ચૂર્ણિકાર** ચૈત્યપદની આ વ્યુત્પત્તિ કરે છે → કાષ્ઠવગેરેમાં આલેખેલી જે પ્રતિકૃતિના દર્શનથી *'આ અરિહંતની પ્રતિમા છે'* એવું સંવેદન થાય, તે 'ચૈત્ય' કહેવાય. તેથી 'ચૈત્ય' શબ્દથી અરિહંતની પ્રતિમા એવો જ અર્થ થાય છે. આમ સ્પષ્ટ હોવા છતાં 'ચૈત્ય'પદથી 'જ્ઞાન' અર્થ કરવામાં પ્રકૃતિ=ધાતુ અને પ્રત્યય સંબંધી પોતાની અજ્ઞાનતા પ્રગટ થાય છે. તથા 'ચૈત્ય'શબ્દ 'જિનાલય'વગેરે અર્થમાં જ રૂઢ છે. **શબ્દકોશમાં** પણ *'ચૈત્ય=જિનાલય, જિનબિંબ કે જિનસમવસરણનું વૃક્ષ'* એમ જ કહ્યું છે.

**પૂર્વપક્ષ :-** 'ચિતી' ધાતુનો અર્થ સંજ્ઞાન છે. તેથી 'જેનાદ્વારા અપૂર્વ વસ્તુઓનું સંજ્ઞાન થાય તે ચૈત્ય' અથવા 'જેનું સંજ્ઞાન = સંવેદન થાય તે ચૈત્ય' ઇત્યાદિ વ્યુત્પત્તિથી ચૈત્ય પદનો યોગાર્થ(=પ્રકૃતિ અને પ્રત્યયથી પ્રાપ્ત થતો અર્થ) જ્ઞાન જ થાય છે.

**ઉત્તરપક્ષ :-** આવી વિપરીત વ્યુત્પત્તિથી ભલે તમે (નામભેદ=) વિશેષનામમાં (પ્રત્યય=) નિમિત્તભૂત યોગાર્થ (અથવા નામભેદ=પ્રકૃતિ=ધાતુવિશેષને પ્રત્યય લગાડી પ્રાપ્ત થયેલો યોગાર્થ) તરીકે જ્ઞાનને સ્વીકારો.

वाक्यस्यापि-वाक्यं साकांक्षपदसमुदायः *'इहं चेइआइं वंदइ'* इत्यस्य 'अत्रस्थानि चैत्यानि वन्दते' इति हि वाक्यार्थः। स च चैत्यपदस्य ज्ञानार्थत्वे न घटते, भगवज्ज्ञानस्य नन्दीश्वरादिवृत्तित्वाभावात्। जगद्वृत्तित्व-स्यान्यसाधारण्येनाविस्मापकत्वात्। फलेन नन्दीश्वरादिप्रतिपादकतायाः प्रामाण्यनिर्णये च प्राग्भगवद्वचनानाश्वासेन मिथ्यादृष्टित्वप्रसङ्गादिति। वचनस्यापि-चैत्यशब्दस्य ज्ञानस्यैकत्वाद् ज्ञानार्थे चैत्यशब्दस्याविष्टबहुवचनस्य कुत्राप्यननुशासनात्, सिद्धान्तेऽपि तथापरिभाषणस्याभावात्, अन्यथा 'केवलनाणं' इत्यस्य स्थले 'चेइआइं' इति प्रयोगापत्तेः। **यदि वा,** पूर्वभगवदुक्तार्थदर्शनस्थले एवेदृक् प्रयोगः स्यादिति कल्प्यते। **तदा** गर्भगृहस्थ-

---

યોગાર્થ કરતા રૂઢાર્થ બળવાન છે. દા.ત. 'પંકજ' શબ્દની વ્યુત્પત્તિ છે-'પંક=કાદવમાંથી ઉત્પન્ન થયેલું' આ યોગાર્થ થયો. આ યોગાર્થના બળે તો શેવાળ પણ પંકજ બની શકે, કેમકે શેવાળ પણ કાદવમાંથી ઉત્પન્ન થાય છે. છતાં લોકો 'પંકજ' શબ્દથી માત્ર 'કમળ' અર્થનો જ બોધ કરે છે, કેમકે 'પંકજ' શબ્દ માત્ર 'કમળ' અર્થમાં જ રૂઢ થયો છે. આમ અહીં 'પંકજ' શબ્દના યોગાર્થ કરતા રૂઢાર્થ બળવાન થયો. (જે શબ્દ સાંભળતા જે અર્થનું વ્યુત્પત્તિ વિચાર્યા વિના સહજ શીઘ્ર સ્મરણ થાય છે, તે અર્થ તે શબ્દનો રૂઢાર્થ છે. યોગાર્થક દેખાતા દીપક વગેરે શબ્દોના તે-તે અર્થ વ્યુત્પત્તિની રાહ જોયા વિના જ અત્યંત રૂઢ થઇ જવાના કારણે સહજ શીઘ્ર યાદ આવી જતા હોય, તો તે અર્થ પણ તે શબ્દમાટે રૂઢાર્થ બની જાય, એમ લાગે છે.) બસ તે જ પ્રમાણે 'ચૈત્ય' પદમાં પણ તમે કરેલી વિપરીત વ્યુત્પત્તિથી પ્રાપ્ત થતા જ્ઞાનરૂપ યોગાર્થ કરતાં 'જિનાલય'આદિરૂપ રૂઢાર્થ જ બળવાન છે. હવે, વાક્યસંબંધી તમારા અજ્ઞાનને દૂર કરીએ છીએ. વાક્ય=સાકાંક્ષ(=એકબીજાની અપેક્ષા રાખતાં) પદોનો સમુદાય. *'ઇહં ચેઇયાઇં વંદઇ'* એ વાક્યનો 'અહીંના ચૈત્યોને વંદે છે' એવો વાક્યાર્થ જ સંગત છે. ચૈત્ય=જ્ઞાન અર્થ કરવામાં આ વાક્યાર્થ સંગત થાય નહિ, કારણ કે 'અહીંના ચૈત્ય=જ્ઞાનને વંદે છે' એ વાક્યાર્થમાં અહીંના જ્ઞાનને એટલે ક્યાંના જ્ઞાનને ? ભગવાનનું જ્ઞાન ભગવાનમાં જ રહ્યું છે, એ કંઇ 'અહીં' એટલે ભરતક્ષેત્રમાં કે 'ત્યાં' એટલે નંદીશ્વર આદિમાં રહ્યું નથી. તેથી ચૈત્યનો જ્ઞાન અર્થ કરવામાં વાક્યાર્થ સંગત થતો નથી.

**પૂર્વપક્ષ :-** અલબત્ત, ભગવાનનું જ્ઞાન ગુણરૂપે તો સમવાયસંબંધથી ભગવાનમાં જ રહ્યું છે. પરંતુ આ જ્ઞાન આ ભરતક્ષેત્ર અને તે નંદીશ્વરદ્વીપઆદિ બધા જ્ઞેયપદાર્થોને વિષય બનાવે છે. અર્થાત્ નંદીશ્વરદ્વીપવગેરે બધા આ જ્ઞાનના વિષય બને છે. તેથી વિષયતાસંબંધથી જ્ઞાન નંદીશ્વર વગેરેમાં રહ્યું છે, તેમ પણ કહી શકાય.

**ઉત્તરપક્ષ :-** વિષયતાસંબંધથી ભગવાનનું જ્ઞાન જેમ નંદીશ્વરદ્વીપવગેરેમાં રહ્યું છે, તેમ ત્રણે ય જગતમાં, અરે, અલોકમાં પણ રહ્યું છે. અર્થાત્ ભગવાનના જ્ઞાનના વિષય, જેમ ભરતક્ષેત્ર અને નંદીશ્વરવગેરે છે, તેમ આ આખું ય બ્રહ્માંડ અને અલોક પણ છે. તેથી નંદીશ્વરઆદિ વિષયક તેમનું જ્ઞાન કંઇ વિસ્મયકારક નથી. જે જ્ઞાન સર્વ જગતનો પ્રકાશ કરવા સમર્થ હોય, તે જ્ઞાન નંદીશ્વરઆદિનો બોધ કરાવે તેમાં આશ્ચર્યજનક શું છે ? કરોડો રૂપિયાની ઉથલપાથલ કરનારા વેપારીની બે-પાંચ હજારની ઉથલપાથલથી વિસ્મય શું થાય ?

**પૂર્વપક્ષ :-** અલબત્ત, ભગવાનનું જ્ઞાન ત્રૈલોક્યપ્રકાશક છે, છતાં પણ તે જ્ઞાનના અનંત વિષયોના એક અંશરૂપ નંદીશ્વરાદિ દ્વીપો પણ આપણા જેવા છદ્મસ્થોના જ્ઞાનના વિષય બની શકતા નથી. તેથી શ્રમણો જ્યારે નંદીશ્વર જાય છે, ત્યારે બધું જોયા પછી તેઓને ભગવાનના નંદીશ્વરવિષયક જ્ઞાનની યથાર્થતાની ખાતરી થાય છે. તેથી અહોભાવથી ભગવાનના જ્ઞાનને નમી પડે છે, કારણ કે આ જ્ઞાનની સત્યતાની ખાતરી 'ભગવાનનું સર્વવસ્તુ-વિષયક જ્ઞાન યથાર્થ જ છે' એવો નિશ્ચય કરવા પ્રેરે છે.

**ઉત્તરપક્ષ :-** આમ 'નંદીશ્વરઆદિના દર્શન કરવાથી ચારણશ્રમણોને ભગવાનના જ્ઞાનની સત્યતાની ખાતરી થાય છે' એમ કહેવામાં તો તાત્પર્ય એ આવીને ઊભું રહ્યું કે, જ્યાં સુધી તે શ્રમણોએ નંદીશ્વરના દર્શન કર્યા નહિ, ત્યાં

महाव्याधित**मृगापुत्रस्य** यथोक्तस्य दर्शिनो **गौतमस्या**ऽधिकारेऽपि तथाप्रयोगः स्यादिति किमसम्बद्धवादिना पामरेण सह विचारणया।

**स्यादेतत्**, *'तस्स ठाणस्स'* इत्यत्र तच्छब्दाव्यवहितपूर्ववर्त्तिपदार्थपरामर्शकत्वान्नन्दीश्वरादिचैत्यवन्दन-निमित्तकालोचनाऽभावप्रयुक्ताया एवाऽनाराधनाया अभिधानाद् विगीतमेतद्। **मैवम्**। तच्छब्देन व्यवहित-

---

સુધી તે શ્રમણોને ભગવાનના જ્ઞાનની સત્યતાની ખાતરી ન હતી. અર્થાત્ ત્યાંસુધી તેઓ મિથ્યાત્વી હતા. શું આવું તાત્પર્ય નીકળે તે ઇષ્ટ છે ? આમ ચૈત્યનો અર્થ જ્ઞાન કરવામાં વાક્યાર્થમાં ઘણી અસમંજસતા ઊભી થાય છે.

વળી તમને એકવચન, બહુવચનના પ્રયોગઅંગે પણ જ્ઞાન આપવું જરુરી લાગે છે. ચૈત્યનો અર્થ જ્ઞાન કરવામાં 'ચૈત્ય'પદ બહુવચનમાં હોવાથી જ્ઞાન પણ બહુવચનમાં આવશે. પણ આગમમાં ક્યાંય જ્ઞાનનો બહુવચનમાં પ્રયોગ દેખાતો નથી. લોકમાં પણ જ્ઞાનઅર્થે બહુવચનનો પ્રયોગ થતો નથી. દા.ત. 'તેમનામાં બહુ જ્ઞાન છે.' તેમજ બોલાય છે નહિ કે, 'તેમનામાં બહું જ્ઞાનો છે' તેમ. વળી શાસ્ત્રમાં એવી પરિભાષા પણ મળતી નથી કે, જ્ઞાનઅર્થક ચૈત્યપદનો બહુવચનમાં પ્રયોગ કરવો. વળી આગમમાં બીજે ક્યાંય જ્ઞાન કે કેવળજ્ઞાનને બદલે ચૈત્ય પદનો પ્રયોગ ઉપલબ્ધ થતો નથી. તેથી અહીં પણ ચૈત્યપદનો અર્થ જ્ઞાન કરવો સંગત નથી.

**પૂર્વપક્ષ :-** ભગવાને જે પદાર્થનું પ્રથમ નિરૂપણ કર્યું હોય, તે પદાર્થનું પછી તેવું જ દર્શન થાય; ત્યારે ભગવાનના જ્ઞાનમાટે ચૈત્યપદનો પ્રયોગ કરાય છે. (ચારણશ્રમણોને ભગવાનના જ્ઞાનની સત્યતાની ખાતરી હતી જ. તેથી તેઓ સમકિતી જ હતા. પણ જ્યારે પ્રત્યક્ષદર્શનથી એ જ્ઞાનની સાંગોપાંગ સત્યતાનું સંવેદન થયું, ત્યારે અહોભાવ વધી જવાથી તેઓ એ જ્ઞાનને નમે છે. માટે જ આવા સ્થાનોએ જ જ્ઞાનમાટે ચૈત્યપદનો ઉલ્લેખ થાય છે, સર્વત્ર નહીં. તેથી નંદીશ્વરાદિ દ્વીપદર્શન વખતે ચારણશ્રમણોનું ભગવાનના ચૈત્યભૂત જ્ઞાનને નમવું તે અને આવા સ્થાને જ જ્ઞાનમાટે 'ચૈત્ય'પદનો પ્રયોગ બંને સુયોગ્ય ઠરે છે.)

**ઉત્તરપક્ષ :-** આ દલીલ સાવ વાહિયાત છે. જો ભગવાનનું પ્રત્યક્ષઆદિથી યથાર્થ સિદ્ધ થયેલું જ્ઞાન જ ચૈત્યરૂપ હોય, તો (૧) ભગવાનનું બીજું જ્ઞાન ચૈત્યરૂપ અને વંદનીય નહિ બને તથા (૨) ભગવાને ગૌતમસ્વામી આગળ કર્મના વિપાકનું વર્ણન કરતી વખતે દૃષ્ટાંત તરીકે **'મૃગાગ્રામ'** નગરના **વિજય** નામના રાજાના **'મૃગા'** રાણીથી અવતરેલા **'મૃગાપુત્ર'**નું વર્ણન કર્યું. (આ સાંભળીને ગૌતમસ્વામી તે મૃગાપુત્રને જોવા રાજાના મહેલમાં જાય છે. આ **મૃગાપુત્રને** ભોંયરામાં રાખવામાં આવ્યો હતો. ભોજનનો અવસર હોવાથી મૃગારાણી આહાર લઇને ગૌતમસ્વામીને લઇને એ ભોંયરામાં જાય છે. પણ તે પહેલા પોતાના મુખપર કપડું ઢંકે છે. અને **ગૌતમસ્વામી ભગવાનને મુખપર મુહપત્તી રાખવા વિનવે છે.** ગૌતમસ્વામીએ પણ તે પ્રમાણે કર્યું. બન્ને ભોંયરામાં પહોંચ્યા, ભોંયરાનું બારણું ખોલતાની સાથે જ હાથી, ઘોડા વગેરેના ગંધાતા શબની દુર્ગંધને પણ ટપી જાય તેવી તીવ્ર દુર્ગંધ આવવા માંડી. ગૌતમસ્વામીએ મૃગાપુત્રનું શરીર જોયું – જાણે કે કંઇક હલનચલનવાળો માંસનો લોચો. કાન-નાકવગેરેની જગ્યાએ માત્ર કાણા જ હતા. શરીર આખું લોહી અને પરુથી રંગાયેલું હતું. જોવામાત્રથી કંપારી અને અરેરાટી છુટી જાય તેવી ભયંકર હાલત હતી. જેટલું પણ ભોજન ખાય તે બધું જ લોહી અને પરુરૂપે પરિણામ પામે... અને તીવ્ર આહારસંજ્ઞાથી પીડાતો એ મૃગાપુત્ર આ પરુ પણ ચાટવા માંડે. કરુણાભંડાર ગૌતમસ્વામી આ દૃશ્ય વધુ સમય સુધી નીહાળી શક્યા નહિ.) ભગવાને **મૃગાપુત્રનું** જેવું વર્ણન કર્યુ હતું; સાંગોપાંગ તે પ્રમાણે સાક્ષાત્ નિહાળીને **ગૌતમસ્વામી** પાછા આવી પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દે છે અને પરમાત્માના આ જ્ઞાનપ્રત્યે અહોભાવ વ્યક્ત કરે છે. ઇત્યાદિ વાત આગમમાં આવે છે. અહીં પણ ભગવાનના જ્ઞાનની યથાર્થતાની સિદ્ધિ થઇ. તેથી અહીં પણ 'ગૌતમસ્વામી (ભગવાનના જ્ઞાનરૂપ) ચૈત્યને નમે છે' એવો પ્રયોગ થવો જોઇતો હતો. પણ તેવો પ્રયોગ જોવા મળતો નથી. વળી સૂત્રમાં પણ ક્યાંય ચૈત્યની તમે કહી તેવી પરિભાષા જોવા મળતી નથી. (તથા સ્વમતિથી પરમાત્માના જ્ઞાનના આ પ્રમાણે (૧) ચૈત્યરૂપ અને (૨) અચૈત્યરૂપ એમ બે વિભાગ પાડવા સારા પણ નથી. કેમકે તેમાં તીર્થંકરની આશાતના છે.)

स्याप्युत्पातेन गमनस्यैवालोचनानिमित्तस्य परामर्शात्, यतनाय विहितेन नभोगमनेनापि दोषाभावात्। अत एव च यतनाया ग्रामानुग्रामं विहरता **गौतमस्वामिना**ऽष्टापदारोहावरोहयोर्जङ्घाचारणलब्धिं प्रयुज्य तच्चैत्यवन्दने निर्दोषता। तद्वन्दनं चोक्त**मुत्तराध्ययननिर्युक्तौ** →

*'चरमसरीरो साहू आरुहइ णगवरं ण अन्नो त्ति। एयं तु उदाहरणं कासीय तहिं जिणवरिंदो' ॥१॥ 'सोऊण तं भगवतो गच्छइ तहिं गोयमो पहितकित्ती। आरूज्झं तं णगवरं पडिमाओ वंदइ जिणाणं ति' ॥२॥* [गा.२९०-२९१] *भगवं च गोअमो जंघाचरणलद्धीए लूतातंतुमिणिस्साए उड्ढं उप्पइओ'* त्ति **चूर्णिः**।

---

## પ્રતિમાવંદનમાં અનારાધનાની અસિદ્ધિ

**પૂર્વપક્ષ :-** અસ્તુ ! ત્યારે ભલે ચૈત્યનો અર્થ જ્ઞાનને બદલે પ્રતિમા કરો, છતાં પણ પ્રતિમા વંદનીય તો સિદ્ધ થતી જ નથી. કેવી રીતે ? જુઓ ! સૂત્રમાં *'તસ્સ ઠાણસ્સ'* ઇત્યાદિ જે કથન છે, ત્યાં તસ્સમાં રહેલા 'તત્' ('તે') શબ્દથી તેની નિકટપૂર્વમાં રહેલા પદના અર્થનો બોધ થાય છે. 'તસ્સ' ઇત્યાદિપદથી સૂચિત આલોચનાયોગ્ય સ્થાનતરીકે નિકટપૂર્વની નંદીશ્વરવગેરેમાં રહેલી પ્રતિમાઓને વંદનની વાત જ આવે છે. અને આ આલોચનાસ્થાન હોવા છતાં આલોચના ન કરવાથી અનારાધના બતાવી છે. તેથી સિદ્ધ થાય છે કે, પ્રતિમાને વંદન અનારાધનારૂપ છે. તેથી પ્રતિમા વંદનીય નથી.

**ઉત્તરપક્ષ :-** 'તત્'પદથી નિકટપૂર્વમાં રહેલા પદનું જ સ્મરણ થાય એવો નિયમ નથી. પરંતુ જે પદ 'તત્' પદસાથે સંબંધિત થવાની યોગ્યતા ધરાવતું હોય, તે પદ દૂર પડ્યું હોય તો પણ તે પદસાથે જ 'તત્' પદનો સંબંધ થાય. અહીં તસ્સમાં રહેલા 'તત્' પદથી 'ઉત્પાતથી ગમન'નો જ બોધ થાય છે કેમકે ચૈત્યવંદનનો સંબંધ સંભવી શકતો નથી. આગમમાં ક્યાંય ચૈત્યવંદનઅંગે આલોચનાનું વિધાન કર્યું નથી અને યતનાપૂર્વક કરાયેલા આકાશગમન સ્થળે કોઇ દોષ બતાવ્યો નથી. અહીં ઉત્પાતથી ગમન કરી કરેલા ચૈત્યવંદનસ્થળે અનારાધના અને આલોચનાની વાત કરી. અન્યત્ર યતનાપૂર્વકના આકાશગમનાદિપૂર્વકના ચૈત્યવંદનવગેરે સ્થળે અનારાધના કે આલોચનાની વાત ન કરી. આ અન્વયવ્યતિરેકથી સિદ્ધ થાય છે કે, અહીં (નંદીશ્વરાદિમાં ઉત્પાતથી ગમન અને ચૈત્યવંદનસ્થળે) લબ્ધિથી ઉત્પાતદ્વારા જે ગમન કર્યું, તે જ અનારાધના અને આલોચનાનું સ્થાન છે.

**શંકા :-** આગમમાં એવું કોઇ સ્થાન આવે છે ખરું, કે જ્યાં જંઘાચારણઆદિ લબ્ધિના ઉપયોગપૂર્વક ચૈત્યવંદન કર્યું હોય છતાં આલોચનાઆદિની વાત ન આવી હોય ?

**સમાધાન :-** હા, જુઓ ! જયણાપૂર્વક ગામો ગામ વિચરતા વિચરતા અનંતલબ્ધિનિધાન શ્રી **ગૌતમસ્વામી** ગણધર પોતાની જંઘાચારણ લબ્ધિથી **અષ્ટાપદ** પર્વતપર ચઢ્યા અને **ભરત ચક્રવર્તીએ** ભરાવેલા ચોવીશ તીર્થંકર વગેરેનાં મનોરમ્ય પ્રતિમાઓને વંદન કરી નીચે ઉતર્યા. આ અંગેનો **ઉત્તરાધ્યયન નિર્યુક્તિમાં** આ પ્રમાણે પાઠ છે →

*ભગવાન મહાવીર સ્વામીએ એકવાર સમવસરણમાં ફરમાવ્યું કે, 'ચરમશરીરી(=તે જ ભવમાં મોક્ષે જનાર) જ પર્વતોમાં શ્રેષ્ઠ એવા અષ્ટાપદ પર્વતપર ચડી શકે છે. અચરમ શરીરીઓ નહીં.' ॥૧॥ પ્રભુની આ પાવન પ્રરૂપણાનું પાન કરી મહાયશસ્વી ગણધર ગૌતમસ્વામી ડોલી ઉઠ્યા. ગૌતમસ્વામીને પોતાના મોક્ષની તીવ્ર ઉત્કંઠા તો હતી જ. તેથી આ સાંભળી તરત જ ગૌતમસ્વામી અષ્ટાપદપર્વતપર ગયા અને જંઘાચારણ લબ્ધિ હોવાથી સૂર્યના કિરણોનું આલંબન લઇ ઉપર ચઢ્યા. તથા ત્યાં રહેલી જિનપ્રતિમાઓને નમ્યા.॥૨॥*

આગમના આ પાઠમાં જંઘાચારણ લબ્ધિથી ઉર્ધ્વગમન અને ચૈત્યવંદનની વાત આવી. પણ ક્યાંય અનારાધના કે આલોચના-પ્રતિક્રમણની વાત આવી નથી. તેથી સિદ્ધ થાય છે કે ચૈત્ય=પ્રતિમા. આ પ્રતિમાવંદન અનારાધનારૂપ

न च लब्धिप्रयोगमात्रं प्रमादः, अग्लान्या धर्मदेशनादिना तीर्थकृल्लब्धिप्रयोगेऽपि तत्प्रसङ्गात्। किन्तु तत्कालीनमौत्सुक्यमिति निरुत्सुकस्य नभोगमनेनापि चैत्यवन्दने न दोष इति दृढतरमनुसन्धेयम्। अत एव **भगवत्यां तृतीयशतके पञ्चमोद्देशके सङ्घकृत्ये** साधोर्वैक्रियकरणस्य विषयमात्रमुक्तम्। गारवपूर्वमभियोगे चानालोचना-

---

નથી, પણ આરાધનારૂપ છે.

## ઉત્સુકતાપૂર્વકના લબ્ધિના પ્રયોગમાં પ્રમાદ

**પૂર્વપક્ષ :-** જો ગૌતમસ્વામીએ અષ્ટાપદપર ચડવામાટે લબ્ધિનો ઉપયોગ કર્યો હોય, તો તેઓ આલોચનાના ભાગી બનવા જ જોઇએ કારણકે લબ્ધિનો ઉપયોગ પ્રમાદરૂપ છે. દા.ત. આહારકલબ્ધિનો ઉપયોગ કરી આહારકશરીર બનાવતી વખતે ચૌદપૂર્વધર સાધુ છટ્ઠા-પ્રમત્તસંયત ગુણસ્થાને હોય છે.

**ઉત્તરપક્ષ :-** 'લબ્ધિના ઉપયોગમાત્રથી પ્રમાદનું સેવન થાય જ' એવો એકાંતે નિયમ નથી. જો આવો એકાંત નિયમ માનવામાં આવે, તો તીર્થંકરને પણ પ્રમાદી માનવાની મોટી આપત્તિ આવે.

**પૂર્વપક્ષ :-** ભગવાનને પ્રમાદી માનવાની આપત્તિ શી રીતે આવશે ?

**ઉત્તરપક્ષ :-**ભગવાન 'પ્રાતિહાર્યાદિશોભાયુક્ત સમવસરણ વગેરેમાં થાક્યા વિના દેશના આપવી' વગેરેદ્વારા તીર્થંકરલબ્ધિનો ઉપયોગ કરતા હોય છે. લબ્ધિપ્રયોગમાં એકાંતે પ્રમાદ માનવામાં ભગવાનને પ્રમાદી માનવાની આપત્તિ આવે છે. (તીર્થંકરપણું લબ્ધિરૂપ છે તે આગમપ્રસિદ્ધ છે કેમકે આગમમાં જ્યાં જંઘાચારણ વગેરે લબ્ધિઓના નામ છે, ત્યાં તીર્થંકરપણાની પણ ગણત્રી કરેલી છે.)

**શંકા :-** તો પછી લબ્ધિનો ઉપયોગ ક્યારે પ્રમાદરૂપ બને ?

**સમાધાન :-** લબ્ધિનો ઉપયોગ જ્યારે કારણ વિના માત્ર લબ્ધિની તાકાતઆદિઅંગેની ઉત્સુકતાવગેરેથી કરાય છે, ત્યારે જ પ્રમાદરૂપ બને છે. (ભગવાન ઉત્સુકતા વિના માત્ર જીવોપ્રત્યેની કરુણાથી જ સ્વાચારરૂપે તીર્થંકરલબ્ધિનો ઉપયોગ કરતા હતા. તેથી ધર્મદેશના દેવામાં ભગવાન પ્રમાદી ઠરે નહિ. તે જ પ્રમાણે ગૌતમસ્વામી ભગવાને અષ્ટાપદ ચડતીવખતે જંઘાચારણલબ્ધિનો ઉપયોગ કર્યો છતાં પ્રમાદ સેવ્યો નથી, કેમકે લબ્ધિના ઉપયોગવખતે ઉત્સુકતા હતી નહિ. તેથી ગૌતમસ્વામી આલોચનાના ભાગી બન્યા નથી. વળી, એ પણ ખ્યાલમાં રાખવું કે સાતમા=અપ્રમત્તસંયત ગુણસ્થાનકથી છટ્ઠા પ્રમત્તસંયતગુણસ્થાનકે આલોચનામાં કારણભૂત પ્રમાદથી જ અવાય એવો નિયમ નથી, કારણ કે પ્રમાદસ્થાનો અને પ્રમત્તસંયત ગુણસ્થાનક બે ભિન્નવસ્તુ છે. એક મુખ્યતયા બાહ્ય-વ્યવહારરૂપ છે, બીજું મુખ્યતયા આંતરિક પરિણામ-નિશ્ચયરૂપ છે. છટ્ઠું-સાતમું ગુણસ્થાનક પરિવર્તનશીલ હોવાથી જ છદ્મસ્થ અવસ્થામાં રહેલા સદા અપ્રમત્ત ભગવાન પણ વારંવાર છટ્ઠે ગુણસ્થાનકે આવેલા, છતાં એ કંઇ પ્રમાદસ્થાન કે આલોચનાસ્થાન બન્યા નથી. તેથી જ **સંથારાપોરિસી સૂત્રમાં** બતાવેલી જયણાપૂર્વક આવશ્યક નિદ્રા લેતો સાધુ પ્રમાદસ્થાન સેવતો મનાયો નથી. તેથી છદ્મસ્થો વૈક્રિયઆદિ લબ્ધિ ફોરવતી વખતે છટ્ઠે ગુણસ્થાનકે હોય એ સિદ્ધાંતને અને પુષ્ટાલંબને યતનાપૂર્વક લબ્ધિ ફોરવવા છતાં આલોચનાયોગ્ય પ્રમાદનો અભાવ એ બે વાતને વિરોધ નથી.) ચારણશ્રમણો પણ પોતાની લબ્ધિની શક્તિવગેરે જોવાની ઉત્સુકતાથી લબ્ધિનો ઉપયોગ કરે ત્યારે જ પ્રમાદી બને છે. તેથી તે સ્થાનની આલોચનાના ભાગી બને. પરંતુ સર્વત્ર પ્રતિમાવંદન તો નિર્દોષ જ સિદ્ધ થાય છે.

**પ્રશ્ન :-** ઉત્સુકતા વિના લબ્ધિનો ઉપયોગ શું સંભવી શકે છે ?

**ઉત્તર :-** હા, **ભગવતી સૂત્રના ત્રીજા શતકના પાંચમા ઉદ્દેશામાં** વૈક્રિયલબ્ધિનો વિષય બતાવ્યો છે. ત્યાં કહ્યું છે કે, 'સંઘના કાર્યમાટે સાધુ વૈક્રિયલબ્ધિનો પ્રયોગ કરે છે.' આમ અહીં ઉત્સુકતા વિના પણ લબ્ધિના ઉપયોગનું સ્થાન બતાવ્યું. પણ તે લબ્ધિના ઉપયોગ પછી આલોચના નહીં કરવામાં પરલોકમાં શી ગતિ થાય ? આ વાત તે સ્થળે બતાવી નથી. આમ પુષ્ટાલંબને ઉત્સુકતા વગર લબ્ધિનો ઉપયોગ કરવામાં દોષ નથી.

यामाभियोग्येषु गतिरुक्ता प्रशस्तव्यापारे तु न किञ्चिदेव। तथा च **तत्पाठः** →

*'अणगारे णं भंते ! भावियप्पा बाहिरए पोग्गले अपरियाइत्ता पभू एगं महं इत्थिरूवं वा जाव संदमाणियरूवं वा विउव्वित्तए ? णो तिं०, अणगारे णं भंते ! भावियप्पा बाहिरए पोग्गले परियाइत्ता पभू एगं महं इत्थिरूवं वा जाव संदमाणियरूवं वा विउव्वित्तए ? हंता पभू, अणगारे णं भंते ! भावि० केवतियाइं पभू इत्थिरूवाइं विकुव्वित्तए? गो० ! से जहानामए जुवइं जुवाणे हत्थेणं हत्थे गेण्हेज्जा, चक्कस्स वा नाभी अरगा उत्तासिया एवामेव अणगारेवि भावि० वेउव्वियसमुग्घाएणं समोहणइ, जाव पभू णं गो० ! अणगारे णं भावि० केवलकप्पं जंबूदीवं दीवं बहूहिं इत्थिरूवेहिं आइन्नं वितिकिन्नं जाव एस णं गो० ! अणगारस्स भावि० अयमेयारूवे विसए विसयमेत्ते वुच्चइ, नो चेव णं संपत्तीए विकुव्विंसु वा ३, एवं परिवाडीए नेयव्वं जाव संदमाणिया । से जहानामए केइ पुरिसे असिचम्मपायं गहाय गच्छेज्जा एवामेव भावि० अणगारे वि असिचम्मपायहत्थकिच्चगएणं अप्पाणेणं उड्ढं वेहासं उप्पइज्जा ? हंता ! उप्पइज्जा, अणगारे णं भंते ! भावि० केवतियाइं पभू असिचम्मपायहत्थकिच्चगयाइं रूवाइं विउव्वित्तए ? गो० ! से जहानामए-जुवतिं जुवाणे हत्थेणं हत्थे गेण्हेज्जा तं चेव जाव विउव्विंसु वा ३ । से जहानामए केइ पुरिसे एगओ पडागं काउं गच्छेज्जा, एवामेव अणगारे वि भावि० एगओ पडागहत्थकिच्चगएणं अप्पाणेणं उड्ढं वेहासं उप्पएज्जा हंता गो० ! उप्पएज्जा, अणगारे णं भंते ! भावि० केवतियाइं पभू एगओ पडागाहत्थकिच्चगयाइं रूवाइं*

---

**પ્રશ્ન :-** પુષ્ટાલંબન વિના લબ્ધિનો પ્રયોગ કરવામાં પરલોકમાં શી ગતિ થાય ?

**ઉત્તર :- ભગવતી સૂત્રમાં** બતાવ્યું છે કે ઋદ્ધિગારવ વગેરેથી લબ્ધિનો પ્રયોગ કર્યા પછી આલોચના કરવી જોઇએ. જો આલોચના ન કરે તો પરલોકમાં આભિયોગિક=નોકરદેવ થાય છે. પણ પ્રશસ્તપ્રવૃત્તિમાટે કશું કહ્યું નથી. **ભગવતી સૂત્રનો** પાઠ આ પ્રમાણે છે →

*'હે ભંતે ! ભાવિતાત્મા સાધુ બાહ્ય પુદ્ગલો ગ્રહણ કર્યા વિના એક મોટી સ્ત્રીનું રૂપ... યાવત્ પાલખી વિકુર્વી શકે ? ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. હે ભદંત ! ભાવિતાત્મા સાધુ બાહ્ય પુદ્ગલો ગ્રહણ કરી એક મોટી સ્ત્રીનું રૂપ... યાવત્ પાલખી વિકુર્વી શકે ? ગૌતમ ! હા, તે સમર્થ છે.*

*હે ભદંત ! ભાવિતાત્મા સાધુ કેટલા સ્ત્રીરૂપ વિકુર્વી શકે ? હે ગૌતમ ! જેમ કોઇ જુવાન પુરુષ યુવતીને હાથથી ગ્રહણ કરે અથવા ચક્રની નાભી જેમ આરાથી યુક્ત હોય છે, તેમ ભાવિતાત્મા સાધુ પણ વૈક્રિય પુદ્ગલોને ગ્રહણ કરે છે. તે પછી તે સાધુ એટલી બધી વૈક્રિય સ્ત્રીઓ બનાવી શકે, કે તે બધી સ્ત્રીઓથી આખા જંબૂદ્વીપને ભરી દેવા સમર્થ બને. આનાથી વૈક્રિયલબ્ધિધર મહાત્માઓની વૈક્રિયલબ્ધિની શક્તિનો વિષય સૂચવાયો, કારણ કે વાસ્તવમાં ત્રિકાળમાં ક્યારેય કોઇ વૈક્રિયલબ્ધિધર મહાત્મા આ પ્રમાણે કરતા નથી. આ જ પ્રમાણે વૈક્રિયલબ્ધિધર મહાત્મા વૈક્રિયલબ્ધિથી નીચે કહેલી ચેષ્ટાઓ કરવા સમર્થ છે. સર્વત્ર એ પ્રવૃત્તિ માત્ર વિષયરૂપ સમજવી, કારણ કે ત્રણે કાળમાં કોઇ મહાત્મા એ પ્રમાણે વૈક્રિયલબ્ધિનો પ્રયોગ કરતા નથી. (૧) તલવાર અને મ્યાન લઇ જતા મનુષ્યની જેમ વૈક્રિયલબ્ધિથી તલવાર અને મ્યાન લઇ ઉર્ધ્વગમન કરવું. (૨) હાથમાં ધજા લઇ ઉર્ધ્વગમન કરતાં માણસની જેમ વૈક્રિયલબ્ધિથી ધજા લઇ ઉર્ધ્વગમન કરવું. એ જ પ્રમાણે બન્ને હાથમાં ધજા લઇ ઉર્ધ્વગમન કરવું. તથા (૩) ભાવિતાત્મા અણગાર સંઘપ્રયોજનાદિ હેતુથી વૈક્રિયલબ્ધિથી એક બે જનોઇ વગેરે કરી શકે છે. પલંગ આદિઆસનવિશેષ બનાવી શકે છે. તથા ભાવિતાત્મા અણગાર ઘોડાનું, હાથીનું, સિંહનું, વાઘનું, વરુનું, દીપડાનું, રીંછનું, તરચ્છ=વાઘવિશેષનું તથા અષ્ટાપદપ્રાણી વગેરેનું રૂપ વિકુર્વી શકે. સાધુ પોતાની વૈક્રિયલબ્ધિથી ઘોડાવગેરેનું રૂપ બનાવી પોતાની ઋદ્ધિ=લબ્ધિથી*

*विकु० ? एवं चेव जाव विकुव्विंसु वा ३। एवं दुहओ पडागंपि। से जहानामए केइ पुरिसे एगओ जन्नोवइतं काउं गच्छेज्जा, एवामेव अण० भावि० एगओ जण्णोवइयकिच्चगएणं अप्पाणेणं उड्ढं वेहासं उप्पएज्जा ? हंता ! उप्प०, अण० णं भंते ! भावि० केवतियाइं पभू एगओ जण्णोवइयकिच्चगयाइं रूवाइं विउ० तं चेव जाव विकुव्विंसु वा ३। एवं दुहओ जण्णोवइयंपि। से जहा० केइ पु० एगओ पल्हत्थियं काउं चिट्ठेज्जा, एवामेव अण० भावि०, एवं चेव जाव विकुव्विंसु वा ३। एवं दुहओ पलियंकंपि। अण० णं भंते ! भावि० बाहिरए पोग्गले अपरियाइत्ता पभू एगं महं आसरूवं वा हत्थिरूवं वा सींहरूवं वा वग्घवगदीवियअच्छतरच्छपरासररूवं वा अभिजुंजित्तए ? णो तिणट्ठे, समट्ठे, अण० णं एवं बाहिरए पोग्गले परियाइत्ता पभू । अण० णं भंते ! भावि० एगं महं आसरूवं वा अभिजुंजित्ता अणेगाइं जोयणाइं गमित्तए ? हंता पभू, से भंते ! किं आयड्ढीए गच्छति, परिड्ढीए गच्छति ? गो० ! आयड्ढीए गच्छइ, नो परिड्ढीए, एवं आयकम्मुणा, नो परकम्मुणा, आयप्पओगेणं, नो परप्पओगेणं, उस्सिओदगं वा गच्छइ पयोदगं वा गच्छइ, से णं भंते ! किं अण० आसे ? गो० ! अण० णं से, नो खलु से आसे । एवं जाव परासररूवं वा। से भंते ! किं मायी विकुव्वइ, अमाई विकुव्वइ ? गो० ! माई विकुव्वइ, नो अमाई विकुव्वइ । माई णं भंते ! तस्स ठाणस्स अणालोइयपडिक्कंते कालं करेइ कहिं उववज्जति ? गो० ! अन्नयरेसु आभियोगेसु देवलोगेसु देवत्ताए उववज्जइ । अमाई णं तस्स ठाणस्स आलोइयपडिक्कंते कालं करेइ कहिं उववज्जति ? गो० ! अन्नयरेसु अणाभिओगेसु देवलोगेसु देवत्ताए उववज्जइ, सेवं भंते २ त्ति'।* [भगवती ३/५/१६१]

**वृत्तिः** → *'अणगारे ण'मित्यादि, 'असिचम्मपायं गहाय'त्ति। असिचर्मपात्रं=स्फुरकः, अथवा असिश्च=खड्गः चर्मपात्रं च=स्फुरकः खड्गकोशको वा, असिचर्मपात्रम्। तद् गृहीत्वा। 'असिचम्मपायहत्थकिच्चगएणं अप्पाणेणं' त्ति-असिचर्मपात्रं हस्ते यस्य स तथा। कृत्यम्=सङ्घादिप्रयोजनम्, गतः=आश्रितः, कृत्यगतः, ततः कर्मधारयः।*

---

*અનેક યોજનસુધી જઇ શકે. તથા આ કાર્ય કરવામાટે ક્રિયા અને પ્રયોગ પણ પોતાનો જ જોઇએ. બીજાની ક્રિયા અને પ્રયોગ=પ્રયત્ન ચાલે નહિ. ઘોડાવગેરેના વૈક્રિયરૂપ કરતી વખતે તે સાધુ સાધુ જ છે; પણ ઘોડા વગેરેરૂપ નથી.* (અર્થાત્ સાધુ વૈક્રિયલબ્ધિથી ઘોડાવગેરેને વિકુર્વી તેમાં પોતાના આત્મપ્રદેશોને સંક્રમાવે છતાં પણ તિર્યંચ બની જતો નથી. પરંતુ સાધુરૂપે જ રહે છે) *હે ભદંત ! માયાવી વિકુર્વે છે કે અમાયાવી ? ગૌ○ ! માયાવી વિકુર્વે છે, અમાયાવી નહીં. હે ભદંત ! તે સ્થાનના આલોચના-પ્રતિક્રાંતિ વિનાનો માયાવી કાલ કરીને ક્યાં ઉત્પન્ન થાય છે ? ગૌ○ ! અન્યતર આભિયોગિક દેવલોકમાં દેવતરીકે ઉત્પન્ન થાય છે. હે ભદંત ! તે સ્થાનનો આલોચક પ્રતિક્રાંત અમાયાવી સાધુ કાલ કરીને ક્યાં ઉત્પન્ન થાય છે? ગૌ○ ! અન્યતર અનાભિયોગિક દેવલોકમાં દેવતરીકે ઉત્પન્ન થાય છે. હે ભદંત ! તેમજ છે.'* (જે આલોચના ન કરે તે માયાયુક્ત જ રહે છે. અને જે આલોચના કરે છે, તે માયાથી મુક્ત બને છે.) આ સૂત્રની આંશિક **ટીકા** → *અસિચર્મપાત્ર=મ્યાન અથવા અસિ=તલવાર અને ચર્મપાત્ર=મ્યાન. કૃત્ય=સંઘવગેરેનું પ્રયોજન. ગતઃ=અવલંબીને અથવા 'તલવાર અને મ્યાનને હાથમાં લઇને' એવો અર્થ કરવો. પલિઅંક=આસનવિશેષ (પલંગ.) વગ=વરુ. દીવિય=દિપડો. અચ્છ=રીંછ. તરચ્છ=વિશેષ પ્રકારનો વાઘ. પરાસર=અષ્ટાપદ. અન્ય વાચનામાં શૃગાલ=શિયાળ વગેરે પદો પણ દેખાય છે. અભિજુંજિત્તએ=વિદ્યાવગેરેના સામર્થ્યથી વિકુર્વેલા રૂપોમાં પ્રવેશ કરી તે રૂપોપાસેથી કાર્ય કરાવવામાં સમર્થતા. આ કાર્ય બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કર્યા વિના સંભવે નહિ. આ હેતુથી 'સાધુ બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કર્યા વિના આ રૂપો કરવા સમર્થ નથી. પણ બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને સમર્થ છે.' એમ કહ્યું. આ સાધુ પોતાના આત્મપ્રદેશોથી તે રૂપોમાં વ્યાપ્ત થતો હોવાથી તે વખતે પણ વાસ્તવમાં સાધુ જ છે. માયી=ક્રોધાદિ ચાર કષાયમાંથી કોઇપણ*

*अतस्तेनात्मना। अथवाऽसिचर्मपात्रं कृत्वा हस्ते कृतं येन, असौ असिचर्मपात्रहस्तकृत्वाकृतः, तेन-प्राकृतत्वाच्चैवं समासः। अथवाऽसिचर्मपात्रस्य हस्तकृत्यां=हस्तकरणं, गतः=प्राप्तः यः स तथा तेन। 'पलिअंकं'ति आसनविशेषः प्रतीतश्च। 'वग'त्ति=वृकः। 'दीविय'त्ति=चतुष्पदविशेषः। 'अच्छ'त्ति=ऋक्षः। 'तरच्छ'त्ति= व्याघ्रविशेषः। 'परासर'त्ति=सरभः। इहान्यान्यपि शृगालादिपदानि वाचनान्तरे दृश्यन्ते। 'अभिजुंजित्तए'त्ति=अभियोक्तुं विद्यादिसामर्थ्यतस्तदनुप्रवेशेन व्यापारयितुम्, यच्च स्वस्यानुप्रवेशनेनाभियोजनं तद्विद्यादिसामर्थ्योपात्तबाह्यपुद्गलान् विना न स्यादितिकृत्वोच्यते- 'नो बाहिरए पुग्गले अपरियाइत्त'त्ति। 'अणगारे णं से'त्ति। अनगार एवासौ तत्त्वतोऽनगारस्यैवाश्वाद्यनुप्रवेशेन व्याप्रियमाणत्वात्। 'माई अभिजुंजइ'त्ति कषायवानभियुङ्क्त इत्यर्थः। अधिकृतवाचनायां 'माई विउव्वइ'त्ति दृश्यते, तत्र चाभियोगोऽपि विकुर्वणेति मन्तव्यम्, विक्रियारूपवात् तस्येति। 'अण्णयरेसु'त्ति-आभियोगिकदेवा अच्युतान्ता भवन्तीति कृत्वाऽन्यतरेषु इत्युक्तं केषुचिदित्यर्थः। उत्पद्यते चाभियोजनभावनायुक्तः साधुराभियोगिकदेवेषु, करोति च विद्यादिलब्ध्युपजीवकोऽभियोगभावनाम्, यदाह- 'मंता जोगं काउं भूईकम्मं तु जो पउंजेति। सायरसईड्ढिहेउं, अभिओगं भावणं कुणइ' ॥ (छाया → मन्त्रान् योगांश्च कृत्वा, भूतिकर्मतु यः प्रयोजयति। सातरसर्द्धिहेतोराभियोगिकां भावनां करोति॥)* [उत्तरा० ३६/२६२] त्ति।

तस्मात्पुष्टालम्बने न विकुर्वणादिना दोष इति त्वरितगमनादिनाऽन्तरा तीर्थोल्लङ्घनादिनौत्सुक्यमात्रमेव चारणानामनाराधनानिमित्तमिति स्थितम्॥ **अथ** वैक्रिये प्रणीतभोजने च मायित्वं हेतुश्चतुर्थे उक्तस्तत्पुष्टालम्बने तदसम्भव एव। तथा च तद्ग्रन्थः →

---

*કષાયથી યુક્ત. 'માઇ વિઉવ્વઇ' વાક્ય હોવાથી 'અભિયોગ' પદનો અર્થ પણ વિકુર્વણા જ કરવો, કારણ કે અભિયોગ પણ વિક્રિયારૂપ જ છે. આભિયોગિક દેવો બારમા અચ્યુત દેવલોક સુધી હોય છે. તેથી ત્યાં સુધીના કોઇપણ દેવલોકમાં આભિયોગિક દેવ તરીકે એ માયી સાધુ ઉત્પન્ન થાય છે, એ દર્શાવવા 'અન્નયરેસુ' પદનો ઉલ્લેખ છે. વિદ્યાવગેરે લબ્ધિથી જીવતો સાધુ અભિયોગભાવના ભાવે છે અને અભિયોગભાવનાના ભાવનથી 'આભિયોગિક દેવ' તરીકે ઉત્પન્ન થવાય છે.* **ઉત્તરાધ્યયનના જીવાજીવવિભક્તિ અધ્યયનમાં** આ પ્રમાણે કહ્યું છે → *'જે સાધુ ઋદ્ધિ-રસ-શાતાગારવને પોષવા મંત્ર-યોગ-ભૂતિકર્મવગેરેનો પ્રયોગ કરે છે તે અભિયોગ ભાવના ભાવે છે.'*

આમ પુષ્ટકારણે વિકુર્વણા(=વૈક્રિય લબ્ધિનો ઉપયોગ)વગેરે દોષરૂપ નથી. અર્થાત્ લબ્ધિનો ઉપયોગ દોષરૂપ નથી. પરંતુ જો અપુષ્ટકારણ હોય, તો તે અપુષ્ટકારણ દોષરૂપ છે. તેથી ચારણમુનિઓએ લબ્ધિનો ઉપયોગ કર્યો, ત્યાં લબ્ધિનો ઉપયોગ દોષરૂપ નથી. પરંતુ તે તે લબ્ધિથી જે શીઘ્રગમન કર્યું અને વચ્ચે આવતા તીર્થોનું જે ઉલ્લંઘન કર્યું, તેનાથી સૂચિત થતી તે ચારણશ્રમણોની ઉત્સુકતા જ દોષરૂપ છે. અને આ ઉત્સુકતા જ તે ચારણશ્રમણોની અનારાધનાનું નિમિત્ત બને છે અને આલોચનાપાત્ર બને છે.

## માયાવી જ વૈક્રિયલબ્ધિ ફોરવે - પૂર્વપક્ષ

**શંકા :-** આ જ **ભગવતી સૂત્રના ત્રીજા શતકના ચોથા ઉદ્દેશામાં** ચોખ્ખું કહ્યું છે કે, જે માયાવી હોય તે વૈક્રિય અને પ્રણીતભોજન કરે છે ! આનાથી એ વાત નક્કી થાય છે કે, પુષ્ટઆલંબન વખતે માયાનો અભાવ હોવાથી વૈક્રિયલબ્ધિનો ઉપયોગ સંભવતો નથી. **ભગવતી સૂત્રનો** પાઠ આ પ્રમાણે છે →

*હે ભદંત ! માયી વિકુર્વણા કરે છે કે અમાયી ? ગૌતમ ! માયી વિકુર્વણા કરે છે. અમાયી નહિ. હે ભદંત ! આમ કેમ કહો છો કે માયી વિકુર્વે, અમાયી નહિ ? હે ગૌતમ ! માયાવી પ્રણીત ભોજન કરીને વમન-વિરેચન કરે છે.*

*से भंते ! किं माई विकुव्वइ, अमाई विकुव्वइ ? गो० ! माई विकुव्वइ, नो अमाई विकुव्वइ। से केणट्ठेणं भंते ! एवं वुच्चइ जाव णो अमाई विकुव्वइ ? गो० ! माईए पणीयं पाणभोअणं भोच्चा भोच्चा वामेइ, तस्स णं तेणं पणीएणं पाणभोअणेणं अट्ठि अट्ठिमिंजा बहलीभवंति, पयणुए मंससोणिए भवइ, जे विय से अहाबायरा पोग्गला ते विय से परिणमंति, तं जहा-सोतिंदिअत्ताए जाव फासिंदिअत्ताए अट्ठिअट्ठिमिंजकेसमंसुरोमनहत्ताए सुक्कत्ताए सोणियत्ताए । अमायी णं लूहं पाणभोयणं भोच्चा भोच्चा णो वामेइ, तस्स णं तेणं लूहेणं पाणभोयणेणं अट्ठि-अट्ठिमिंजा० पतणू भवंति, बहले मंससोणिए, जेवि य से अहाबायरा पोग्गला तेवि य से परिणमंति; तं जहा-उच्चारत्ताए पासवणत्ताए जाव सोणियत्ताए । से तेणट्ठेणं जाव नो अमायी विकुव्वइ ॥ मायी णं तस्स ठाणस्स अणालोइयपडिक्कंते कालं करेइ नत्थि तस्स आराहणा । अमाई णं तस्स ठाणस्स आलोइयपडिक्कंते कालं करेइ अत्थि तस्स आराहणा ॥ त्ति।* [भगवती ३/४/१६०]

*'माई'त्ति-मायावानुपलक्षणत्वादस्य सकषायः प्रमत्त इतियावत्, अप्रमत्तो हि न वैक्रियं कुरुत इति । 'पणीयं'त्ति, प्रणीतं=गलत्स्नेहबिन्दुकं, 'भोच्चा भोच्चा वामेति'=वमनं करोति विरेचनां वा करोति वर्णबलाद्यर्थम्। यथा प्रणीतभोजनं तद्वमनं च विक्रियास्वभावं मायित्वाद् भवति, एवं वैक्रियकरणमपीति तात्पर्यम्। बहलीभवन्ति= घनीभवन्ति प्रणीतसामर्थ्याद्। 'पयणुए'त्ति=अघनम्। 'अहाबायरे'त्ति यथोचितबादरा आहारपुद्गला इत्यर्थः। परिणमन्ति-श्रोत्रेन्द्रियादित्वेन; अन्यथा शरीरस्य दाढर्यासम्भवात्। 'लूहं'त्ति रूक्षम्=अप्रीणितम्। 'नो वामेइ'त्ति-अकषायितया विक्रियायामनर्थित्वात्, 'पासवणयाए'-इह यावत्करणादिदं दृश्यम्- 'खेलत्ताए, सिंघाणत्ताए,*

---

આ પ્રણીતભોજનથી તેના હાડકા અને હાડકાની અંદરનો રસ ઘન થાય છે. માંસ અને લોહી પાતળા થાય છે. તે ભોજનના પુદ્ગલો શ્રોત્રેન્દ્રિય વગેરે પાંચ ઇન્દ્રિય, હાડકા-વાળ-માંસ-રોમ-નખ-શુક્ર-લોહીવગેરેરૂપે પરિણામ પામે છે. અમાયી રૂક્ષભોજન કરે છે. તેઓ ભોજન કર્યા બાદ વમન વિરેચન કરતા નથી. આ રૂક્ષભોજનથી તેઓના હાડકા વગેરે પાતળા થાય છે અને માંસ તથા લોહી સ્થૂળ થાય છે. તેમણે કરેલો આહાર વિષ્ઠા-મૂત્ર વગેરેમાં રૂપાંતર પામે છે. આ કારણથી કહ્યું કે, માયી વિકુર્વણા કરે છે. અમાયી વિકુર્વણા કરતો નથી. માયી તે સ્થાનની આલોચના કર્યા વિના કાળ કરે તો તે આરાધક નથી. અમાયી તે સ્થાનની આલોચના કરીને કાળ કરે તો તે આરાધક છે.

આ સૂત્રનો **ટીકાનુવાદ** આ પ્રમાણે છે →

માયી=(માયાના ઉપલક્ષણથી કષાયયુક્ત અથવા પ્રમત્ત કેમકે અપ્રમત્તસાધુ વૈક્રિયશરીર વગેરે રચતો નથી.) પ્રણીત= સ્નિગ્ધ (વિગયભરપુર ભોજન) આરોગી આરોગી વર્ણ-બળવગેરે માટે વામેઇ=ઊલ્ટી કરે છે. અથવા વિરેચન=જુલાબ લે છે. જેમ માયી હોવાથી આ પ્રણીતભોજન અને તેનું વમન વિક્રિયા સ્વભાવવાળું થાય છે, તેમ વૈક્રિય કરણ (=વૈક્રિયલબ્ધિનો પ્રયોગ) પણ સમજવું. બહલી ભવંતી=સ્નિગ્ધતાને કારણે હાડકાવગેરે ઘન થાય છે. પયણુએ= ઘનતા વિનાના. અહા બાયર... યથોચિત બાદર આહારપુદ્ગલો પરિણમંતિ=શ્રોત્રેન્દ્રિયઆદિરૂપે પરિણામ પામે છે. એ વિના શરીરની દૃઢતા સંભવે નહીં. અકષાયી સાધુ રૂક્ષભોજન કરે છે અને વમન વિરેચનઆદિ કરતો નથી. એ કષાય વિનાનો હોવાથી તેને શરીરઆદિ પર પણ રાગઆદિરૂપ લોભ નથી. તેથી એને વિક્રિયા કરવાનું કોઇ પ્રયોજન નથી. રૂક્ષભોજન વિષ્ઠા-મૂત્રઆદિરૂપે પરિણામ પામે છે. સૂત્રમાં 'જાવ' નો પ્રયોગ છે. તેનાથી સૂચિત થાય છે કે, અહીં ઉપલક્ષણથી રૂક્ષ આહાર કફ, બળખો, પિત્ત, પરુ વગેરે અસાર વસ્તુરૂપે પરિણામ પામે છે. લુખ્ખો આહાર કરનારનો આહાર વિષ્ઠાવગેરે મળરૂપે જ પરિણત થાય છે. પણ ઇન્દ્રિયઆદિરૂપે પરિણત થતો નથી. નહિંતર એના

*वंतत्ताए, पित्तत्ताए, पूयत्ताए'त्ति। रूक्षभोजिन उच्चारादितयैवाहारादिपुद्गला: परिणमन्ति, अन्यथा शरीरस्यासारताऽनापत्तेरिति । अथ माय्यमायिनो: फलमाह- 'माई ण'मित्यादि, 'तस्स ठाणस्स'त्ति, तस्मात्स्थानाद् विकुर्वणाकरणलक्षणात्प्रणीतभोजनलक्षणाद्वा, 'अमाई णं' इत्यादि, पूर्वं मायित्वाद्वैक्रियं प्रणीतभोजनं वा कृतवान् पश्चाज्जातानुतापोऽमायी सन् तस्मात्स्थानादालोचितप्रतिक्रान्त: सन् कालं करोति यस्तस्यास्ति आराधना इति* **वृत्ति:** ॥

**सत्यम्**। प्रणीतभोजनफलोपलक्षितदर्पप्रमादपूर्वकवैक्रियकरणस्यापुष्टालम्बनस्यैवेह विवक्षितत्वादधस्तनस्थानस्थितस्यापि पुष्टालम्बनप्रतिसेवायां पूज्यत्वाभिधानान्यथानुपपत्ते:। **तदागम:** → *'हिट्ठट्ठाणठिओ वि पावयणि गणियट्ठउ (गणयट्ठ उ) अधरे उ। कडजोगि जं णिसेवइ आइणियंठु व्व सो पुज्जो'॥* ति [गुरूतत्त्वविनिश्चय १/११४]। अधरे=आत्यन्तिके कार्ये (कारणे) समुत्पन्ने कृतयोगी=कृताभ्यास:। आदिनिर्ग्रन्थ:=पुलाक:। अधस्तनस्थानस्थितस्यैव पुष्टालम्बनेऽपि वैक्रियाद्यधिकारित्वं न तु तत्करणप्रयोज्याधस्तनस्थानस्थितिरिति परमार्थ:।

---

*શરીરની અનાસારતા સંગત બને નહીં. હવે માયી-અમાયીને ફળ બતાવે છે- માયાવી આ સ્થાનની=વૈક્રિયકરણ અથવા પ્રણીતભોજનની આલોચના કર્યા વગર કાળ કરે તો આરાધક નથી.* (જે અકષાયી-અમાયી પ્રણીતભોજન કે વિકુર્વણાદિ કરતા નથી, તેમને તો આલોચનાદિ કરવાના જ નથી.) *પણ જે પૂર્વે માયી હોવાથી વૈક્રિય કરે છે કે પ્રણીત ભોજનાદિ કરે છે, પણ પછી પશ્ચાતાપ થવાથી એ પ્રમાદસ્થાનની આલોચના-પ્રતિક્રમણ કરવાદ્વારા અમાયી થઇ કાળ કરે છે, તેને આરાધના છે.*

## પુષ્ટાલંબનમાં લબ્ધિના ઉપયોગની અદુષ્ટતા

**સમાધાન :-** તમારી વાત સાચી છે. પરંતુ **ભગવતી સૂત્રના** આ પાઠમાં અપુષ્ટઆલંબનથી દર્પ કે પ્રમાદથી વૈક્રિય આદિ કરનારની જ વિવક્ષા કરી છે.

**પ્રશ્ન :-** વૈક્રિયઆદિ કરણમાં દર્પવગેરે અપુષ્ટ આલંબનની વિવક્ષા છે તે શી રીતે ખબર પડી ?

**ઉત્તર :-** પ્રણીત ભોજનનું (શરીર દઢ થવું... વગેરે) જે ફળ વર્ણવ્યું, પ્રણીત ભોજનના તે ફળથી જે પ્રમાદ કે દર્પ ઉપલક્ષિત થાય છે, એ પ્રમાદ કે દર્પથી થતું વૈક્રિયકરણ અપુષ્ટ આલંબનથી થાય છે. તેથી **ભગવતીના** તમે બતાવેલા પાઠમાં તેઓ જ આલોચના-પ્રતિક્રમણના સ્થાન તરીકે વિવક્ષા કરાયા છે. નહિંતર તો અધસ્તન સ્થાને રહેલા પણ જો પુષ્ટાલંબને વૈક્રિય લબ્ધિઆદિની પ્રતિસેવા કરે, તો જે પૂજનીય બતાવ્યા છે, તે સંગત ઠરે નહીં. (કેમકે તમારા મતે તો અમાયી વિકુર્વે જ નહીં. તેથી પુષ્ટાલંબને પણ જે વિકુર્વે તે બધા માયી ગણાય. અને માયી પૂજ્ય ગણાતા નથી.) **આગમમાં** આ પ્રમાણે કહ્યું છે → *'આચાર્ય અને ગણના તેવા પ્રકારના આત્યંતિક કારણવખતે જઘન્ય સંયમસ્થાનમાં રહેલો પણ ગીતાર્થ દોષોનું સેવન કરે, તો પણ તે આદિનિર્ગ્રંથ=પુલાકનિર્ગ્રંથની જેમ પૂજ્ય જ છે.'* નીચલી કક્ષામાં રહેલાને જ પુષ્ટકારણે પણ વૈક્રિયલબ્ધિવગેરે શક્તિનો ઉપયોગ કરવાનો અધિકાર છે. પણ તેનો અર્થ એવો વિપરીત ન કરવો કે, 'પુષ્ટકારણે પણ વૈક્રિયઆદિ શક્તિના કરેલા ઉપયોગના કારણે નીચલી કક્ષામાં ઉતરી જવું પડે' અર્થાત્ પુષ્ટકારણે કરેલો વૈક્રિયઆદિ લબ્ધિનો પ્રયોગ પોતે દોષરૂપ નથી. અસ્તુ. અહીં બહુ ચર્ચાથી સર્યું.

## નંદીશ્વર જતા ચારણોને પાણીની વિરાધનાનો અભાવ

અહીં મુગ્ધજીવોને ઠગવાના ઉત્સુકતાવાળો **લષુજી** નામનો પ્રતિમાલોપક હાથ ઊંચો કરી પોતાનો પક્ષ સ્થાપે છે → **ભગવતી સૂત્રમાં** જંઘાચારણ અને વિદ્યાચારણોની માત્ર ગમનશક્તિનો જ નિર્દેશ કર્યો છે. વાસ્તવમાં

इत्यलं प्रसक्तानुप्रसक्त्या। **कश्चित्तु** स्वकुललघुकरणावाप्त**लघुजिन्नामा** चारणश्रमणानां शक्तिमात्रेणैवेयं गतिविषयोक्तिः, न तु केऽपि नन्दीश्वरादौ गता गच्छन्ति यास्यन्ति वा, अन्यथा षोडशसहस्रयोजनोच्छ्रितलवणवेलाजले गच्छतां तेषां जलजीवादिविराधनया चारित्रमन्तःप्लवेतेति मुग्धवञ्चनकुतुहली भुजमुत्क्षिप्याह। **स तु** कृतान्तकोपेनैव निहन्तव्यः, चारणश्रमणानां सातिरेकेण सप्तदशसहस्रयोजनान्युर्ध्वमुत्पत्यैव तिर्यग्गतिप्रवृत्तेः सिद्धान्तेऽभिधानात्। तथा च **समवायसूत्रम्** → *'इमीसे णं रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ साइरेगाइं सत्तरसजोयणसहस्साइं उड्ढं उप्पइत्ता तओ पच्छा चारणाणं तिरियं गती पवत्तइ'* [सू० १७/४] त्ति । उक्तश्चारणवन्द्यताऽधिकारः ॥ ८ ॥ अथ देववन्द्यतामधिकृत्य देवानां शरणीकरणीयतया भगवन्मूर्त्तिमभिष्टौति–

**अर्हच्चैत्यमुनीन्दुनिश्रिततया शक्रासनक्ष्मावधि,**
**प्रज्ञप्तौ भगवान् जगाद चमरस्योत्पातशक्तिं ध्रुवम्।**
**जैनीं मूर्त्तिमतो न योऽत्र जिनवज्जानाति जानातु क-**
**स्तं मर्त्यं बत शृङ्गपुच्छरहितं स्पष्टं पशुं पण्डितः ॥ ९ ॥**

---

નંદીશ્વરદ્વીપવગેરે સ્થાનોએ કોઇ ચારણમુનિ ભૂતકાળમાં ગયા નથી. વર્તમાનમાં જતા નથી અને ભવિષ્યકાળમાં જવાના નથી, કારણ કે નંદીશ્વરઆદિપર જતા વચ્ચે લવણસમુદ્ર આવે છે. આ લવણસમુદ્રના મધ્યના ૧૦,૦૦૦ યોજનમાં ૧૬,૦૦૦ યોજન ઊંચી જળશિખા નીકળે છે. નંદીશ્વરદ્વીપ જતી વખતે અવશ્ય આ શિખામાંથી પસાર થવું પડે. હવે જો ચારણમુનિઓ નંદીશ્વરઆદિમાં જવા આ શિખામાંથી પસાર થાય તો તેઓથી અવશ્ય જળના જીવો=અપ્કાયની વિરાધના થાય અને અપ્કાયની વિરાધનામાં પહેલા પ્રાણાતિપાતવિરમણ મહાવ્રતનો ભંગ થાય. આ પહેલું મહાવ્રત ચારિત્રનો પ્રાણ છે. (બીજા મહાવ્રતો પણ પ્રથમ મહાવ્રતની રક્ષામાટે છે.) આમ પ્રથમ મહાવ્રતના નાશમાં ચારિત્રનો જ નાશ થાય. (**જંબુદ્વીપ** અને **ધાતકીખંડની** વચ્ચે **લવણસમુદ્ર** છે. આ સમુદ્ર દરેક દિશામાં બે બે લાખ યોજનના વિસ્તારવાળો છે. **જંબુદ્વીપ** અને **ધાતકીખંડ** આ બન્ને તરફથી **લવણસમુદ્રના** મધ્યભાગતરફ જતા જળસપાટી ઊંચી ઊંચી થતી જાય છે. આમ બન્ને દ્વીપ તરફથી સમુદ્રના મધ્યભાગ તરફ ૯૫,૦૦૦ યોજન સુધી આ સપાટીની વૃદ્ધિ થાય છે. આમ વચ્ચેના ૧૦,૦૦૦ યોજન બાકી રહે ત્યાં સુધીમાં જળસપાટીની ઊંચાઈ ૭૦૦ યોજન વધે છે. અને બરાબર મધ્યના ૧૦,૦૦૦ યોજનના વલયમાં આ જળસપાટી ૧૬,૦૦૦ યોજન જેટલી વધી જાય છે. આને જળશિખા કહે છે.)

**ઉત્તરપક્ષ :-** તમારી આ દલીલ કૃતાંતકોપ=સિદ્ધાંત વિરોધ દોષથી જ વિનાશયોગ્ય છે. આવી દલીલ કરીને તમે સ્વકુળ-પક્ષને લઘુ=નબળો પાડીને સ્વનામને સાર્થક કરો છો. અર્થાત્ તમારા આ વચનો માત્ર મુગ્ધજીવોને જ ભોળવી શકે તેવા છે. **આગમમાં** કહ્યું છે કે → 'ચારણશ્રમણો સાધિક ૧૭,૦૦૦ યોજન જેટલું ઊંચે ગયા પછી જ તીરછી ગતિ કરે છે.' તેથી તે શ્રમણોને નંદીશ્વરદ્વીપ જતાં લવણને ઓળંગતી વખતે જળશિખામાંથી પસાર થવું પડતું નથી. તેથી અપ્કાયની વિરાધનાનો પ્રસંગ આવતો જ ન હોવાથી તેમના પ્રથમ મહાવ્રત કે ચારિત્રના ભંગની આપત્તિ નથી.

**પ્રશ્ન :-** ચારણોની ઉર્ધ્વગતિ અંગે કયા આગમમાં વાત છે ?

**ઉત્તર :-** જુઓ ! **સમવાયાંગ સૂત્રમાં** કહ્યું જ છે કે → *'ચારણો આ રત્નપ્રભા પૃથ્વીની બહુસમ અને રમણીય ભૂમિતલપરથી સાતિરેક ૧૭,૦૦૦ યોજન ઉર્ધ્વ ઉત્પાત કર્યા બાદ તિરછી ગતિ કરે છે.'* આ પ્રમાણે ચારણશ્રમણો જિનપ્રતિમાને સાદર નમ્યા છે તે વાત સિદ્ધ થઇ. **॥ ૮ ॥**

(**दंडान्वयः**→ प्रज्ञप्तौ भगवान् अर्हत्-चैत्य-मुनीन्दुनिश्रिततया चमरस्य शक्रासनक्ष्मावधि उत्पातशक्तिं ध्रुवं जगाद। अतो योऽत्र जैनीं मूर्तिं जिनवद् न जानाति, तं शृङ्गपुच्छरहितं स्पष्टं पशुं मर्त्यं कः पण्डितः जानातु ? (न कोऽपीत्यर्थः)॥)

'अर्हत्'इति। *अर्हन्तः*=तीर्थंकराः, *चैत्यानि*=तत्प्रतिमाः, *मुनीन्दवः*=परमसौम्यभावभाजः साधुचन्द्राः *तन्निश्रिततया*=तन्निश्राकरणेन हेतुना, *भगवान्*=ज्ञातनन्दनः, *चमरस्य*=असुरकुमारराजस्य, शक्रस्य याऽऽसनक्ष्मा= आसनपृथ्वी, साऽऽवधि *यत्र*=यस्यां क्रियायाम्, तथा, चमरस्योत्पातशक्तिं *ध्रुवम्*=निश्चितं जगाद। *अतः*=अर्हद-नगारमध्ये चैत्यपाठात्, *योऽत्र*=जिनशासने जैनीं मूर्तिं *जिनवत्*=जिनतुल्यां न जानाति। तं *मर्त्यं*=मनुष्यं, कः *पण्डितः*=मोक्षानुगतप्रेक्षावान् जानातु ? न कोऽपीत्यर्थः। सर्वेषामपि प्रेक्षावतां स मनुष्यमध्ये न गणनीय इति तात्पर्यम्। कीदृशं तम् ? अत्यविवेकितया *स्पष्टं*=प्रत्यक्षं पशुम्। कीदृशं पशुम् ? शृङ्गपुच्छाभ्यां रहितम्। शृङ्गपुच्छाभावमात्रेण तस्य पशोर्वैधर्म्यं नान्यदित्यर्थः। **व्यतिरेकालङ्कारगर्भो**ऽत्राक्षेपः। *'उपमानाद् यदन्यस्य व्यतिरेकः स एव सः'* इति **काव्यप्रकाशकारः** [१०/१५९]। न च व्यतिरेक उत्कर्ष इत्यत्रानुक्तिसम्भवः *'हनुमदाद्यैर्यशसा मया पुनर्द्विषां हसैर्दूत्यपथः सितीकृतः[1]।'* [नैषधीयचरित्र ९/१२३] इत्यादौ अपकर्षेऽपि तद्दर्शनात्। प्रपञ्चितं चैतद**लङ्कारचूडामणिवृत्ता**वस्माभिः। अत्रालापकाः →

---

હવે 'જિનપ્રતિમા દેવોને પણ પૂજ્ય છે' તે દર્શાવતો અધિકાર બતાવે છે. જિનપ્રતિમા દેવોને પણ એકમાત્ર શરણભૂત છે તેમ દર્શાવતા કવિવર જિનપ્રતિમાની સ્તવના કરે છે—

**કાવ્યાર્થ :-** તીર્થંકર, તીર્થંકરબિંબ કે પરમસૌમ્યતાને ધારણ કરનારા સાધુઓની નિશ્રા કરવાથી જ ચમરેન્દ્ર (=અસુરનિકાય ભવનપતિદેવોનો દક્ષિણ બાજુનો ઇન્દ્ર) શક્ર(='સૌધર્મ'નામના પ્રથમ વૈમાનિક દેવલોકના સ્વામી) ના સિંહાસનસુધી જઇ શકાય, તેવી ઉત્પાત શક્તિને મેળવી શક્યો. એમ ભગવાને **ભગવતી સૂત્રમાં** સ્પષ્ટ કહ્યું છે. આમાં તીર્થંકર અને સાધુની વચ્ચે ચૈત્યનો પણ ઉલેખ છે. તેથી જે 'આ જિનશાસનમાં જિનેશ્વરની પ્રતિમા જિનેશ્વરતુલ્ય જ છે' એમ સ્વીકારતો નથી, તે શિંગડા અને પૂંછડા વિનાનો સ્પષ્ટ પશુ છે. તેને મનુષ્ય તરીકે કયો મોક્ષમાર્ગાનુસારી વિચારશીલ મનુષ્ય સ્વીકારે ? **તાત્પર્ય :-** સુજ્ઞપુરુષોએ આવા પામરને મનુષ્ય તરીકે ગણવો જોઇએ નહિ.

## દેવોના વંદનનો અધિકાર

અહીં પ્રતિમાલોપકોને પશુ સમાન બતાવ્યા, તેમાં મુખ્ય કારણ એ છે કે, તેઓ પાસે વિવેક નથી. જો તેઓમાં વિવેક હોત, તો તેઓ અવશ્ય પ્રતિમાને શરણીય તરીકે સ્વીકારત. અલબત્ત, ચમરેન્દ્રે ઉત્પાત કર્યો ત્યારે દ્રવ્યતીર્થંકરનું જ શરણ લીધું. છતાં, 'તેનામાં આવી ઉત્પાતશક્તિ પણ અરિહંત, અરિહંતનું બિંબ અને ભાવિત આત્મા અનગાર આ ત્રણમાંથી એકનું શરણ લેવાથી આવે છે' એમ કહીને ખુદ ભગવાને સ્થાપનારૂપ પ્રતિમાને ભાવની બરોબર ગણાવી. છતાં સ્થાપનાનો તિરસ્કાર કરવો એના જેવી વિવેકહીનતા બીજી કઈ ? કાવ્યમાં પ્રતિમા-લોપકોનું પશુસાથે આટલું વૈધર્મ્ય(=ભિન્નતા) બતાવ્યું - 'પશુઓને શિંગડા અને પુછડું હોય છે - પ્રતિમાલોપકોને એ બે નથી.' આમ અહીં **વ્યતિરેક અલંકારથી** યુક્ત આક્ષેપ છે. *'ઉપમાનની અપેક્ષાએ ઉપમેયમાં જે વ્યતિરેક (=અધિકતા=ગુણવિશેષના કારણે ઉત્કર્ષ) તે વ્યતિરેક જ* ***વ્યતિરેક*** *નામનો* ***અલંકાર*** ***છે.'*** એમ **કાવ્યપ્રકાશકારે** બતાવ્યું છે. **શંકા :- વ્યતિરેક અલંકારમાં** વ્યતિરેક ઉત્કર્ષ-આધિક્યરૂપે ઇષ્ટ છે. જ્યારે પ્રસ્તુતમાં શૃંગ-પુચ્છના

---

**[1] આનો અર્થ→ હનુમાનવગેરેએ યશથી અને મેં શત્રુઓના હાસ્યથી દૂત્યપથ(=દૂતધર્મ) ઉજ્જ્વળ કર્યો.**

*'किं निस्साए णं भंते ! असुरकुमारा देवा उड्ढं उप्पयंति जाव सोहम्मो कप्पो ? से जहानामए-इह सबराइ वा बब्बराइ टंकणाइ वा भुत्तुयाइ वा पल्हयाइ वा पुलिंदाइ वा एगं महं गड्डं वा खड्डं वा दुग्गं वा दरिं वा विसमं वा पव्वतं वा णीसाए सुमहल्लमवि आसबलं वा हत्थिबलं वा जोहबलं वा धणुबलं वा आगलेंति, एवामेव असुरकुमारा-वि देवा, णऽन्नत्थ अरहंते वा, अरहंतचेइयाणि वा, अणगारे वा भावियप्पणो निस्साए उड्ढं उप्पयंति जाव सोहम्मो कप्पो'* [भगवती ३/२/१४३] त्ति । 'णऽन्नत्थ' त्ति=तन्निश्रां विना नेत्यर्थः । तथा *'तए णं से चमरे असुरिंदे असुरराया ओहिं पउंजइ, २ मम ओहिणा आभोएइ, २ इमेयारूवे अज्झत्थिए जाव समुप्पज्जित्था-एवं खलु समणे भगवं महावीरे जंबुद्दीवे दीवे भारहे वासे सुंसुमारपुरे नगरे असोगवणसंडे उज्जाणे असोगवरपायवस्स अहे पुढविसिलावट्ट-यंसि अट्ठमभत्तं पडिगिण्हित्ता एगराइयं महापडिमं उवसंपज्जित्ताणं विहरति । तं सेयं खलु मे समणं भगवं महावीरं नीसाए सक्कं देविंदं देवरायं सयमेव अच्चासादेत्तए' त्ति कट्टु एवं संपेहेइ, २ सयणिज्जाओ अब्भुट्ठेइ, २ त्ता देवदूसं परिहेइ, २ उववायसभाए पुरत्थिमिल्लेणं दारेणं णिग्गच्छइ, २ जेणेव सभा सुहम्मा, जेणेव चोप्पाले पहरणकोसे तेणेव उवागच्छइ, २ त्ता फलिहरयणं परामुसइ, २ एगे अबीए फलिहरयणमायाए महया अमरिसं वहमाणे चमरचंचाए रायहाणीए मज्झंमज्झेणं निग्गच्छइ २ जेणेव तिगिंछकूडे उप्पायपव्वए तेणेव उवागच्छइ, २ त्ता वेउव्वियसमुग्घाएणं समोहणइ, २ त्ता संखेज्जाइं जोयणाइं जाव उत्तरवेउव्वियं रूवं विकुव्वइ, २ त्ता ताए उक्किट्ठाए*

---

અભાવરૂપ અપકર્ષ બતાવ્યો છે. તેથી અહીં **અનુક્તિ અલંકાર** સંભવશે. **સમાધાન :- નૈષધીયકાવ્યગત** 'હનુમદાદ્યૈ' ઇત્યાદિ સ્થળે અપકર્ષમાં પણ **વ્યતિરેક અલંકારનો** પ્રયોગ દેખાય છે. તેથી તમારું કથન બરાબર નથી. આ બાબતનો વિસ્તાર અમે(ટીકાકારે) **અલંકારચૂડામણિ ગ્રંથની ટીકામાં** કર્યો છે.

## ચમરેન્દ્રનો ઉત્પાત

ચમરેન્દ્રના ઉત્પાતસંબંધી **ભગવતી સૂત્રના** આલાપકો બતાવે છે →

*હે ભદંત ! અસુરકુમારદેવો કોની નિશ્રાએ ઉર્ધ્વ સૌધર્મકલ્પસુધી ઉત્પાત કરે છે ? હે ગૌતમ ! જેમ ભીલ, બર્બર, ટંકણ વગેરે (અનાર્યદેશના રહેવાસીઓના નામ છે) લોકો ગર્તા, ખાડો, દુર્ગ, ગુફા કે વિષમપર્વત વગેરેનો આશ્રય લઇને દુશ્મનના વિશાળ અશ્વ, હસ્તિ, યોધ-ધનુર્ધારી સૈન્યને જીતવાનો વિચાર કરે છે. તે જ પ્રમાણે અસુરદેવો પણ સૌધર્મદેવલોકસુધી ઉર્ધ્વગમન કરે છે. અસુરો આ પ્રમાણે ઉર્ધ્વગમન આ ત્રણની નિશ્રાએ જ કરી શકે. (૧) અરિહંત (૨) અરિહંતની પ્રતિમા અને (૩) પરિણત સાધુ. આ ત્રણની નિશ્રા સ્વીકાર્યા વિના નહિ.*

*તે વખતે તે ચમરેન્દ્ર અવધિજ્ઞાનનો ઉપયોગ મુકે છે અને મને(ભગવાન મહાવીર સ્વામીને) અવધિજ્ઞાનના ઉપયોગથી જોઇ આ પ્રમાણે વિચારે છે. 'આ પ્રમાણે શ્રમણ ભગવાન મહાવીરસ્વામી જંબૂદ્વીપના ભરતક્ષેત્રના સુંસુમારપુરનગરના 'અશોકવાટિકા' ઉદ્યાનમાં શ્રેષ્ઠ અશોકવૃક્ષની નીચે શિલાપર અટ્ઠમતપ કરીને એકરાત સંબંધી મહાપ્રતિમાને સ્વીકારીને રહ્યા છે. તેથી શ્રમણ ભગવાન મહાવીરસ્વામીની નિશ્રા સ્વીકારી દેવેન્દ્ર શક્રનું અપમાન કરવું મારામાટે શ્રેયસ્કર છે.'* (અહીં શ્રેયસ્કરતા નિશ્રા સ્વીકારવાથી છે, નહિ કે તે નિશ્રાના આધારે શક્રનું અપમાન કરવાથી એટલો ખ્યાલ રાખવો.) *આ પ્રમાણે વિચારી ચમરેન્દ્ર પોતાના શયનમાંથી ઊભો થાય છે. દેવદૂષ્યને ધારણ કરી પોતાની ઉપપાતસભા(ઉત્પન્ન થવાના સ્થાન)ના પૂર્વના દ્વારથી બહાર નીકળે છે. ત્યાંથી નીકળી તે પોતાની સુધર્મસભાના શસ્ત્રવિભાગમાં જાય છે. ત્યાં પોતાના પરિઘરત્ન(=શસ્ત્રવિશેષ)ને ગ્રહણ કરે છે. પછી તે ચમરેન્દ્ર ભારે ક્રોધથી પરિઘરત્નને લઇ એકલો પોતાની 'ચમરચંચા' નામની રાજધાનીમાંથી બહાર નીકળે છે અને 'તિગિંછ' નામના*

*जाव जेणेव पुढविसिलावट्टए जेणेव मम अंतिए तेणेव उवागच्छति, २ त्ता मम तिक्खुत्तो आदाहिणं पदाहिणं करोति, २ त्ता जाव नमंसित्ता एवं वयासी- 'इच्छामि णं भंते ! तुब्भं नीसाए सक्कं देविंदं देवरायं सयमेव अच्चासादित्तए' त्ति कट्टु उत्तरपुरत्थिमं दिसिभागं अवक्कमइ, २ वेउव्वियसमुग्घातेणं समोहणइ, २ जाव दोच्चंपि वेउव्वियसमुग्घातेणं समोहणइ, २ एगं महं घोरं घोरागारं भीमं भीमागारं भासुरं भयाणयं गंभीरं उत्तासणयं कालड्ढरत्तमासरासिसंकासं जोयणसयसाहस्सीयं महाबोंदिं विउव्वइ, २ अप्फोडेइ, २ वग्गइ, २ गज्जइ, २ हयहेसियं करेइ, २ हत्थिगुलगुलाइयं करेइ, २ रहघणघणाइयं करेइ, २ पायदद्दरगं करेइ, २ भूमिचवेडयं दलयइ, २ सींहणादं नदइ, २ उच्छोलेति, २ पच्छोलेति, २ तिवइं छिंदइ, २ वामं भुयं ऊसवेइ, २ दाहिणहत्थपदेसिणीए य अंगुट्ठनहेण य वितिरिच्छमुहं विडंबइ, २ महया २ सद्देणं कलकलरवं करेइ, एगे अबीए फलिहरयणमायाए उड्ढं वेहासं उप्पतिए, खोभंते चेव अहोलोयं, कंपेमाणे च मेइणितलं, साकड्ढंते व तिरियलोयं, फोडेमाणे व अंबरतलं, कत्थइ गज्जंतो, कत्थइ विज्जुयायंते, कत्थइ वासं वासमाणे, कत्थइ रयुग्घायं पकरेमाणे, कत्थइ तमुक्कायं पकरेमाणे, वाणमंतरे देवे वित्तासेमाणे २, जोइसिए देवे दुहा विभयमाणे २, आयरक्खे देवे विपलायमाणे २, फलिहरयणं अंबरतलंसि वियड्ढमाणे २, विउब्भावेमाणे २, ताए उक्किट्ठाए जाव तिरियमसंखेज्जाणं दीवसमुद्दाणं मज्झं मज्झेणं*

---

ઉત્પાતપર્વતપર જાય છે. (ભવનપતિ-વ્યંતર વગેરે દેવો જ્યાં ક્રીડાવગેરેના કારણે આવે અને ઉત્તરવૈક્રિયશરીર બનાવે, તે પર્વતને ઉત્પાતપર્વત કહે છે.) અહીં આવી ચમરેન્દ્ર વૈક્રિય સમુદ્ઘાત કરે છે અને સંખ્યેય યોજનની ઊંચાઇવાળું ઉત્તરવૈક્રિયશરીર બનાવે છે. તે પછી ચમરેન્દ્ર ઉત્કૃષ્ટ ગતિથી મારી પાસે આવે છે. મને ત્રણ પ્રદક્ષિણા દઇ મને નમસ્કાર કરે છે. પછી કહે છે કે, 'હે ભદંત ! આપની નિશ્રાએ દેવેન્દ્ર શક્રનું અપમાન કરવા ઇચ્છું છું' એમ કહી ચમરેન્દ્ર ઈશાન દિશામાં જાય છે. ત્યાં વૈક્રિય સમુદ્ઘાત કરે છે. યાવત્ બીજી વાર પણ વૈક્રિય સમુદ્ઘાત કરી તે દ્વારા એક મોટું, ઘોર આકારવાળું, ભયંકરઆકારવાળું, ભાસ્વર, ભયાવહ, ગંભીર, ઉદ્વેગજનક, ચણોઠીના ઢગલા જેવું (કાળાશયુક્ત લાલ) એક લાખ યોજન લાંબુ મોટું શરીર વિકુર્વે છે. પછી ચમરેન્દ્ર ઉત્તરવૈક્રિય શરીરમાં પ્રવેશી તાળીઓ પાડે છે, કૂદે છે, ગર્જના કરે છે, ઘોડાની જેમ હેષારવ કરે છે, હાથીની જેમ ગર્જના કરે છે. રથના અવાજ કરે છે, પગ પછાડે છે, ભૂમિપર ઠોકે છે, સિંહનાદ કરે છે. ઇત્યાદિ અનેક ચેષ્ટાઓ કરતા કરતા.... બીજાના સાથ વિનાના એકાકી તે ચમરેન્દ્રે આકાશમાં ઉર્ધ્વગમન કર્યું. અધોલોકને જાણે ક્ષોભ પમાડતા, પૃથ્વીતલને જાણે કંપાવતા, તિર્છાલોકને જાણે ખેંચતા, આકાશતલને જાણે ફોડી નાખતા, તથા ક્યાંક મેઘ ગર્જના કરતા, ક્યાંક વીજળીના ચમકારા દર્શાવતા, તો ક્યાંક વરસાદ વરસાવતા, તથા ક્યાંક ધુળવૃષ્ટિ કરતા, તો ક્યાંક અંધકાર ફેલાવતા, તે ચમરેન્દ્રે જતા જતા.... વ્યંતર દેવોને ત્રાસ પમાડ્યો. જ્યોતિષ દેવોના બે વિભાગ કર્યા. તથા આત્મરક્ષક દેવોને ભગાડ્યા. તથા પરિઘને વારંવાર આકાશમાં ઊછાળ્યું. આ પ્રમાણે તેવી ઉત્કૃષ્ટઆદિ ગતિથી જતા જતા ચમરેન્દ્ર તિર્છાલોકના અસંખ્યદ્વીપસમુદ્રોની મધ્યમાં થઇ ઊડ્યો અને સૌધર્મ દેવલોકના 'સૌધર્માવતંસક' વિમાનમાં રહેલી સુધર્મસભામાં આવ્યો. ત્યાં તેણે એક પગ પદ્મવરવેદિકાપર મુક્યો અને બીજો પગ સુધર્મસભામાં મુક્યો. તે પછી ચમરેન્દ્રે દરવાજાપર જોરથી પોતાનું 'પરિઘ' શસ્ત્ર ત્રણવાર પછાડ્યું અને બરાડ્યો. 'ક્યાં છે એ દેવેન્દ્ર શક્ર ? ક્યાં છે તેના ૮૪,૦૦૦ સામાનિક દેવો ? ક્યાં છે તેના ૩ લાખ ૩૬ હજાર આત્મરક્ષક દેવો ? ક્યાં છે તેની કરોડો અપ્સરાઓ ? આજે હું બધાને હણીશ, બધાને મથી નાખીશ, બધાનો વધ કરીશ.... અવશ આ અપ્સરાઓને હું મારે આધીન કરીશ.' આ પ્રમાણે અનિષ્ટ, અકાંત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ, પીડાકારક કઠોરવાણી બોલ્યો.

वीयीवयमाणे २, जेणेव सोहम्मे कप्पे, जेणेव सोहम्मवडेंसए विमाणे, जेणेव सभा सुधम्मा तेणेव उवागच्छइ, २ एगं पायं पउमवरवेइआए करेइ, एगं पायं सभाए सुहम्माए करेइ, फलिहरयणेणं महया २ सद्देणं तिक्खुतो इंदकीलं आउडेति, २ एवं वयासी- 'कहि णं भो ! सक्के देविंदे देवराया ? कहि णं ताओ चउरासीइ सामाणियसाहस्सीओ? जाव कहि णं ताओ चत्तारि चउरासीईओ आयरक्खदेवसाहस्सीओ ? कहि णं ताओ अणेगाओ अच्छराकोडीओ? अज्ज हणामि, अज्ज महेमि, अज्ज वहेमि, अज्ज ममं अवसाओ अच्छराओ वसमुवणमंतु 'त्ति कट्टु तं अणिट्ठं अकंतं अप्पियं असुभं अमणुण्णं अमणामं फरुसं गिरं निसिरइ ।

तए णं से सक्के देविंदे देवराया तं अणिट्ठं जाव अमणामं अस्सुयपुव्वं फरुसं गिरं सोच्चा निसम्म आसुरत्ते जाव मिसिमिसेमाणे तिवलियं भिउडिं निडाले साहट्टु चमरं असुरिंदं असुररायं एवं वदासी- 'हंभो ! चमरा ! असुरिंदा ! असुरराया ! अपत्थियपत्थया ! जाव हीणपुण्णचाउद्दसा ! अज्ज न भवसि, नाहि ते सुहमत्थि 'त्ति कट्टु तत्थेव सींहासणवरगते वज्जं परामुसइ २, तं जलंतं फुडंतं तडतडंतं उक्कासहस्साइं विणिम्मुयमाणं २, जालासहस्साइं पमुंचमाणं २, इंगालसहस्साइं पविक्खिरमाणं २, फुलिंगजालामालासहस्सेहिं चक्खुविक्खेवदिट्ठिपडिघातं

---

ચમરેન્દ્રના આવા અનિષ્ટ, પીડાકારક પૂર્વે નહીં સાંભળેલા કઠોર વચન સાંભળી શક્ર અત્યંત ગુસ્સે થયો યાવત્ ઉત્તેજિત થયો. શક્રની ભ્રૂકૂટી ચડી ગઇ. કપાળમાં ત્રણ રેખા ઉપસી આવી, ગુસ્સાથી ધમધમતા શક્રે અસુરેન્દ્ર ચમરને કહ્યું –

**'હે ચમર !** અસુરેન્દ્ર ! અસુરરાજ ! મૃત્યુની ઇચ્છાવાળા ! હીન પુણ્યવાળા ! ચૌદસીયા !(ચૌદસે જન્મેલ =અભાગીયા) આજે તું હતો ન હતો થઇ જવાનો.... તારું શુભ નથી.' એમ કહી શક્રે ત્યાં જ શ્રેષ્ઠસિંહાસનપર રહેલા વજ્રને ગ્રહણ કર્યું. પછી શક્રે જાજ્વલ્યમાન, સ્ફુરાયમાન, તડતડ અવાજ કરતાં, હજારો ઉલ્કા છોડતાં, હજારો જ્વાળાઓ વેરતાં, હજારો અંગારાઓ ફેંકતાં, હજારો અગ્નિજ્વાળામાળાદ્વારા જોવામાત્રમાં આંખને પ્રતિઘાત કરતાં, અગ્નિથી પણ ચડિયાતા તેજથી દીપતા, શીઘ્રવેગી કિંશુકપુષ્પ જેવા (રંગવાળા) મહા ભયંકર વજ્રને ચમરેન્દ્રના વધ માટે છોડ્યું.

આવા જાજ્વલ્યમાન વજ્રને આવતું જોઇ ગભરાયેલા ચમરેન્દ્રે જલ્દીથી ચિંતન અને વિચાર કર્યો. પછી ભાંગી ગયેલા મુગટવાળો અને લટકતાં હાથના આભરણવાળો અને જાણે પરસેવો વહાવતો તે માથું નીચે અને પગ ઉપર કરી ઉત્કૃષ્ટ ગતિથી અસંખ્ય દ્વીપ સમુદ્રોને પસાર કરી જંબૂદ્વીપમાં મારી પાસે આવ્યો અને ભયયુક્ત ગદ્ગદ્ સ્વરે – 'ભગવન્ ! શરણ આપો !' એમ બોલતો મારા બન્ને પગની વચ્ચે જલ્દીથી છુપાઇ ગયો.

## ભગવાનની કૃપાથી શક્રના ક્રોધની શાંતિ

તે વખતે શક્રને આ પ્રમાણે વિચાર આવ્યો... 'ચમરેન્દ્ર પોતાની નિશ્રાથી(=બળથી) ઉર્ધ્વમાં સૌધર્મ દેવલોકસુધી આવવા સમર્થ નથી અને તેનો વિષય પણ નથી, કારણ કે ચમરેન્દ્ર **અરિહંત, અરિહંતની પ્રતિમા અને ભાવિત સાધુની નિશ્રા** કરીને જ ઉર્ધ્વમાં સૌધર્મકલ્પસુધી આવવા સમર્થ છે. (તેથી ચમર આ ત્રણમાંથી કોઇકની નિશ્રા કરીને જ અહીં આવ્યો હોવો જોઇએ – અને જો તેમ હોય, તો મેં ચમરપર વજ્ર છોડ્યું, તેથી ચમર એ ત્રણના શરણે જશે અને તેની પાછળ ગયેલા વજ્રથી એ ત્રણની આશાતનાનો સંભવ છે.) તેથી તે અરિહંત ભગવંતો તથા સાધુઓની અતિઆશાતના ભારે દુઃખરૂપ છે.' આમ વિચારી શક્રે અવધિજ્ઞાનનો ઉપયોગ મુક્યો. અવધિજ્ઞાનદ્વારા મને(પ્રભુ) જોઇ શક્ર એકદમ વિચારે છે, 'હા ! અરે ! ઓહ ! હું હણાયો' (કેમકે મારાથી તીર્થંકરની આશાતના થઇ રહી છે.) આ પ્રમાણે વિચારી શક્ર

*पकरेमाणं हुतवहअतिरेगतेयदिप्पंतं जइणवेगं फुल्लकिंसुयसमाणं महब्भयं भयंकरं चमरस्स असुरिंदस्स असुररण्णो वहाए वज्जं निसिरइ।*

*तए णं से चमरे असुरिंदे असुरराया तं जलंतं जाव भयंकरं वज्जमभिमुहं आवयमाणं पासइ, पासित्ता झियाति, पिहाइ, झियायित्ता पिहायित्ता तहेव संभग्गमउडविडए सालंबहत्थाभरणे उड्ढंपाए अहोसिरे कक्खागय-सेयंपि व विणिम्मुयमाणे २ ताए उक्किट्ठाए जाव तिरियमसंखेज्जाणं दीवसमुद्दाणं मज्झं मज्झेणं वीईवयमाणे २ जेणेव जंबुद्दीवे दीवे जाव जेणेव असोगवरपायवे जेणेव मम अंतिए तेणेव उवागच्छइ, २ त्ता भीए भयगग्गरसरे 'भगवं सरणं' इति बुयमाणे ममं दोण्हवि पायाणं अंतरांसि झत्ति वेगेण समोवतिते।* [भगवती ३/२/१४४]

*तए णं तस्स सक्कस्स देविंदस्स देवरण्णो इमेयारुवे अज्झत्थिए जाव समुप्पज्जित्था- 'नो खलु पभू चमरे असुरिंदे असुरराया, नो खलु समत्थे चमरे असुरिंदे असुरराया, नो खलु विसए चमरस्स असुरिंदस्स असुररण्णो अप्पणो निस्साए उड्ढं उप्पतित्ता जाव सोहम्मो कप्पो, णऽन्नत्थ अरहंते वा, अरहंतचेइयाणि वा, अणगारे वा भावियप्पणो नीसाए उड्ढं उप्पयति जाव सोहम्मो कप्पो । तं महादुक्खं खलु तहारूवाणं अरहंताणं भगवंताणं अणगाराण य अच्चासायणाए' त्ति कट्टु ओहिं पउंजति, २ ममं ओहिणा आभोएति, २ 'हा हा ! अहो हतो*

---

*પોતાની ઉત્કૃષ્ટ દિવ્યગતિથી વજ્રની પાછળ દોડ્યો અને અસંખ્ય દ્વીપસમુદ્રોને ઓળંગી મારી(પ્રભુ) પાસે આવ્યો. અને વજ્ર જ્યારે મારાથી ચાર જ આંગળ છેટું હતું, ત્યારે ઝડપથી પકડી લીધું.* ***હે ગૌતમ ! તે વખતે તેની મુઠ્ઠીના ઝપાટાથી મારા વાળ પણ કંપ્યા.***

## શક્રની પ્રભુની ક્ષમાયાચના અને ચમરને માફી

*તે વખતે વજ્રનું સંહરણ કરી શક્રે મને ત્રણ પ્રદક્ષિણા દઇ મને વંદન નમસ્કાર કર્યા. પછી શક્ર બોલ્યો - ''હે ભદંત ! આપની નિશ્રા સ્વીકારીને ચમરેન્દ્રે મારું અપમાન કર્યું. તેથી મેં ગુસ્સે થઈ ચમરેન્દ્રના વધમાટે વજ્ર છોડ્યું. તે વખતે મને વિચાર આવ્યો કે 'ચમર પોતાના બળપર સૌધર્મકલ્પ સુધી આવવા સમર્થ નથી. તેથી ચમરેન્દ્ર સૌધર્મદેવલોકસુધી અરિહંત, અરિહંતની પ્રતિમા, કે સાધુનું શરણ લઇને જ આવ્યો હોવો જોઇએ.' તે વખતે મેં અવધિજ્ઞાનના ઉપયોગથી આપને જોયા. તેથી હતપ્રહત થયેલો હું વજ્રની પાછળ અહીં આવ્યો છું. તેથી હે દેવાનુપ્રિય! હું આપની ક્ષમા યાચું છું. આપ કૃપાળુ મને ક્ષમા આપો. આપ મને ક્ષમા આપવા સમર્થ છો ! હું ફરીથી આ પ્રમાણે કરીશ નહીં.'' શક્રે આ પ્રમાણે મને કહી ફરીથી મને વંદન નમસ્કાર કર્યા. પછી શક્રે ઈશાન દિશા તરફ જઇ ત્રણ વાર ભૂમિપર ડાબો પગ પછાડ્યો અને ચમરેન્દ્રને કહ્યું - 'હે ચમર ! અસુરેન્દ્ર ! શ્રમણભગવાન મહાવીરસ્વામીના પ્રભાવથી તને મુક્ત કરું છું. હવે તું મારાથી ભય રાખીશ નહિ.' શક્ર ચમરેન્દ્રને આ પ્રમાણે કહી પોતે જે દિશામાંથી પ્રગટ થયો હતો તે જ દિશામાં અલોપ થયો.*

## 'અરિહંતચૈત્ય'પદ 'અરિહંત' અર્થવાચક - પૂર્વપક્ષ

**ભગવતી સૂત્રનો** આ પાઠ સાંભળી પ્રતિમાલોપક પૂર્વપક્ષ સ્થાપે છે →

**પૂર્વપક્ષ :-** *'અરિહંતે અરહંતચેઇયાણિ વા'* આ બન્ને પદનો અર્થ એક જ છે. અર્થાત્ આ બે પદથી (૧) અરિહંત અને (૨) અરિહંતની પ્રતિમા એમ બે અલગ અર્થ કરવાના નથી, પરંતુ માત્ર 'અરિહંત' એવો એક જ અર્થ કરવાનો છે.

**શંકા :-** જો 'અરિહંત' એવો એક જ અર્થ કરવાનો હોય, તો *'અરહંતે અરહંતચેઇયાણિ વા'* એમ બે પદ શું

*अहमंसि'त्ति कट्टु ताए उक्किट्ठाए जाव दिव्वाए देवगतीए वज्जस्स वीहिं अणुगच्छमाणे २ तिरियमसंखेज्जाणं दीवसमुद्दाणं मज्झंमज्झेणं जाव जेणेव असोगवरपादवे जेणेव ममं अंतिए तेणेव उवागच्छइ २ मम चउरंगुलमसंपत्तं वज्जं पडिसाहरइ । अवियाऽऽइं मे गोयमा ! मुट्ठिवातेणं केसग्गे वीइत्था ॥*[भगवती ३/२/१४५]

*तए णं से सक्के देविंदे देवराया वज्जं पडिसाहरित्ता ममं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ २ वंदइ नमंसइ २ एवं वयासी-एवं खलु भंते ! अहं तुब्भं नीसाए चमरेणं असुरिंदेणं असुररन्ना सयमेव अच्चासाइए, तए णं मए परिकुविएणं समाणेणं चमरस्स असुरिंदस्स असुररन्नो वहाए वज्जे निसिट्ठे, तए णं मे इमेयारुवे, अज्झत्थिए जाव समुप्पज्जित्था-नो खलु पभू चमरे असुरिंदे असुरराया तहेव जाव ओहिं पउंजामि, देवाणुप्पिए ओहिणा आभोएमि हा ! हा ! अहो हतोमी ति कट्टु ताए उक्किट्ठाए जाव जेणेव देवाणुप्पिए तेणेव उवागच्छामि, देवाणुप्पियाणं चउरंगुलमसंपत्तं वज्जं पडिसाहरामि । वज्जपडिसाहरणट्ठयाए णं इहमागए, इह समोसढे, इह संपत्ते, इहेव अज्ज उवसंपज्जित्ता णं विहरामि। तं खामेमि णं देवाणुप्पिया ! खमंतु णं देवाणुप्पिया ! खमंतुमरहंतु णं देवाणुप्पिया !*

---

કામ મુક્યા ? માત્ર 'અરહંત' પદના પ્રયોગથી પણ અરિહંતનો બોધ થઇ શકે છે. તેથી માત્ર 'અરિહંત' એવો જ અર્થ કરવામાં તો 'અરહંતચેઇયાણિ'પદ વધારાનું મુક્યું છે તેમ માનવાની આપત્તિ આવે.

**સમાધાન :-** ના, એવી આપત્તિ નહિ આવે, કારણ કે સૂત્રકારઆદિ ભગવંતોની એવી શૈલી હોય છે કે, ઘણીવાર એક જ અર્થમાં બે વગેરે પદોનો પ્રયોગ કરવો. સૂત્રકારો આ પ્રમાણે પ્રયોગ કરે છે તે અસિદ્ધ નથી. દા.ત. *'સમણં વા માહણં વા'* આ સ્થળે અનગાર=સાધુના અર્થમાં જ 'સમણ' અને 'માહણ' આ બન્ને પદનો પ્રયોગ કર્યો છે. તેથી પ્રસ્તુતમાં પણ 'અરિહંત અને અરહંત ચેઇયાણિ' આ બે પદનો એક માત્ર 'અરિહંત' એવો અર્થ કરવો ગેરવ્યાજબી નથી.

**શંકા :-** *'અરહંતે અરહંતચેઇયાણિ વા'* – આ પ્રયોગમાં 'અરહંત' અને 'અરહંત ચેઇયાણિ' આ બન્ને પદના ક્રમશઃ અરિહંત અને અરિહંતની પ્રતિમા એમ બે અલગ અર્થ લેવાને બદલે એક 'અરિહંત' એવો જ અર્થ લેવાનો તમારો આગ્રહ શા માટે છે ?

**સમાધાન :-** જો આ બન્ને પદનો એક અર્થ ન માનવામાં આવે, તો સૂત્રના આરંભ અને ઉપસંહાર વચ્ચે વિરોધ આવશે. સૂત્રમાં ઉપક્રમ=આરંભમાં 'અરહંતે અરહંતચેઇયાણિ વા અણગારે વા ભાવિયપ્પણો' એ ત્રણ પદ બતાવ્યા પછી ઉપસંહારમાં *'મહાદુક્ખં ખલુ'* ઇત્યાદિમાં 'અરહંતાણં ભગવંતાણં અણગારાણ ય....' આ વચનથી માત્ર (૧) અરિહંત અને (૨) સાધુ આ બેની જ આશાતનાથી મહાદુઃખ બતાવ્યું. જો અરિહંતના ચૈત્યો અરિહંતથી ભિન્ન અર્થરૂપ હોત, તો ઉપસંહારમાં અરિહંતના ચૈત્યોની આશાતનાનો ઉલ્લેખ નહીં કરીને સૂત્રકારે ન્યૂનતા રાખી છે એમ માનવાની આપત્તિ આવે. આમ ઉપસંહારમાં (૧) અરિહંત અને (૨) સાધુ આ બેની જ આશાતનાને મહાદુઃખકારી કહી હોવાથી ઉપક્રમમાં પણ આ બેની જ નિશ્રા સ્વીકરણીય તરીકે સિદ્ધ થાય છે. તેથી આરંભમાં મુકેલા 'અરહંત ચેઇયાણિ' પદ પણ 'અરહંતે' પદનું પર્યાયવાચી છે, તેમ જ સિદ્ધ થાય છે.

## 'અરહંત ચેઇય'પદની ભિન્નાર્થતા – ઉત્તરપક્ષ

**ઉત્તરપક્ષ :-** તમારી દલીલ વાજબી નથી. તમે જો ન્યૂનતાદોષના બળપર 'અરહંતચેઇય' પદને 'અરહંત' પદના પર્યાયવાચી તરીકે માનતા હો, તો અમારે કહેવું છે કે, તમે કહ્યું તેમ માનવામાં શૈલીભંગ દોષ છે, કારણ કે આરંભ જે શૈલીથી કર્યો હોય, તે જ શૈલીથી ઉપસંહાર થવો જોઇએ, નહિતર શૈલીભંગ દોષ આવે. તેથી જો તમે

*णाइभुज्जो एवं पकरणताए त्ति कट्टु ममं वंदइ नमंसइ २ उत्तरपुरच्छिमं दिसीभागं अवक्कमइ २ वामेणं पादेणं तिक्खुत्तो भूमिं दलेइ २ चमरं असुरिंदं असुररायं एवं वयासी-मुक्कोसि णं भो चमरा ! असुरिंदा असुरराया ! समणस्स भगवओ महावीरस्स पभावेणं । न हि ते दाणिं ममाओ भयमत्थि त्ति कट्टु जामेव दिसिं पाउब्भुए तामेव दिसिं पडिगए॥* [भगवती ३/२/१४६]

अत्र **लुम्पकः** → *'अरहंते वा अरहंतचेइआणि वा'* इति पदद्वयस्यैक एवार्थः, *'समणं वा माहणं वा'* इति पदद्वयस्येव; अन्यथा *'तं महादुक्खं खलु०'* इत्यादौ अर्हतां भगवतामनगाराणां चात्याशातनया महादुःख-मित्यत्राऽऽशातनाद्वयस्यैवोपन्यासादुपक्रमोपसंहारविरोधापत्तेरित्याह। **तत्तुच्छम्**। उक्तपदद्वयस्योपक्रमे एकार्थत्वे,

---

ઉપક્રમમાં 'અરહંતે' પદના પર્યાયવાચી પદ તરીકે 'અરહંતચેઇયાણિ' પદ છે તેમ માનશો, તો તમારે બળાત્કારે ઉપસંહારમાં પણ 'અરહંત' પદના પર્યાયવાચી તરીકે 'અરહંતચેઇયાણિ' પદ માનવાનો પ્રસંગ છે. પણ સૂત્રમાં ઉપસંહારમાં તે પદ મુક્યું નથી. તેથી સૂત્રમાં શૈલીભંગ દોષની આપત્તિ આવે.

**પૂર્વપક્ષ :-** તમારાપક્ષે ન્યૂનતાદોષ છે, અમારાપક્ષે શૈલીભંગદોષ છે. તો આ સૂત્રને નિર્દોષ સિદ્ધ કરવા અને આ બન્ને દોષ ન આવે તેમ કરવા તમે કયો માર્ગ શોધશો ?

**સમાધાન :-** સાંભળો ત્યારે સાવધાન થઇને ! **ભગવતી સૂત્રના** આ પાઠમાં ઉપક્રમ 'શરણીય કોણ બને?' તે દર્શાવવાઅંગે છે. તેથી તેમાં અરિહંતઆદિ ત્રણ સમાનતયા શરણીય છે તેવી વિવક્ષા છે. પછી સૂત્રકારે શક્રના વિચારનો જે ઉપસંહાર ગુંથ્યો છે, તેમાં 'પોતાની ચેષ્ટાથી પ્રસ્તુતમાં કોની કોની મહાઆશાતના સંભવે છે ?' તે દર્શાવતું વિધાન છે. આ વિધાનમાં અરિહંતના ચૈત્યની આશાતના ન બતાવી તેનું કારણ માત્ર એટલું જ છે, કે અરિહંતચૈત્યની આશાતના અરિહંતની આશાતનામાં જ સમાવેશ પામે છે, કારણ કે સૂત્રોમાં બતાવેલી તેંત્રીશ આશાતનાઓમાં ચૈત્યની આશાતના અલગ બતાવી નથી. આમ ઉપક્રમ અને ઉપસંહારના વિષય અલગ હોવાથી સંખ્યાભેદમાં દોષ નથી.

## અરિહંતના ચારે નિક્ષેપાની શરણીયતા

**શંકા :-** 'અરિહંત'પદથી ભાવઅરિહંત લેવાના છે અને 'અનગાર'પદથી ભાવસાધુ સમજવાના છે. હવે તમારા હિસાબે 'અરિહંતચૈત્ય' પદથી અરિહંતની સ્થાપનારૂપ પ્રતિમા લેવાની છે. તો શું ભાવઅરિહંત અને ભાવસાધુની વચ્ચે સ્થાપના નિક્ષેપાના અરિહંતને લેવા યોગ્ય છે ? કારણ કે તેમ કરવામાં ભાવ અને સ્થાપનાનું મૂલ્ય સમાન થઇ જશે.

**સમાધાન :-** અરર ! ખરેખર ! સિદ્ધાંતનું અજ્ઞાન ભયંકર દોષ છે. કારણ કે આ અજ્ઞાન શાસ્ત્રસિદ્ધાંતની વિરુદ્ધ બોલાવે છે. અરિહંત પદથી 'ભાવઅરિહંત લેવાના' એવો અર્થ અજ્ઞાનતાથી ઉદ્ભવ્યો છે. જો માત્ર ભાવઅરિહંત જ શરણીય હોત, તો ચમરેન્દ્રે ભગવાન મહાવીરસ્વામીનું જે શરણ લીધું, તે સંગત ન થાત; કારણ કે તે શરણકાળે ભગવાન છદ્મસ્થઅવસ્થામાં હતા, તેથી દ્રવ્યઅરિહંતરૂપ હતા, ભાવઅરિહંતપણું કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી આવે.

**પ્રતિમાલોપક :-** દ્રવ્યઅરિહંતમાં 'ભાવઅરિહંત'ની યોગ્યતા છે. તેથી દ્રવ્ય અરિહંત પણ શરણીય છે.

**સમાધાન :-** આમ જો દ્રવ્ય અરિહંત શરણીય હોય, તો સ્થાપનાના અરિહંત પણ શરણીય છે, કારણ કે તેમાં ભાવઅરિહંતના ગુણોની સ્થાપના છે અને સ્થાપના ભાવનું સ્મરણ કરાવે છે. આમ સ્થાપના પણ દ્રવ્યતુલ્ય હોઇ શરણીય છે. (ટૂંકમાં 'અરિહંત'પદથી દ્રવ્ય-ભાવ અરિહંતનું ગ્રહણ કરવું, અને અરિહંતચૈત્ય=જિન પ્રતિમાથી સ્થાપના-અરિહંત સમજવાના.)

उपसंहारेऽपि तव गलेपादिकया, पदद्वयपाठप्रसङ्गात्, अन्यथा शैलीभङ्गदोषस्य वज्रलेपतापत्तेः। **कस्तर्हि** विरोधपरिहारोपायः ? इति चेत् ? **आकर्णय** कर्णामृतं संकर्णनम्, अकर्णो मा भूः। उपक्रमे त्रयाणां शरणीकरणीयत्वे तुल्यवद्विवक्षा। सूत्रकृन्निबद्धस्य शक्रस्योपसंहारे चार्हच्चैत्याशातनाया अर्हदाशातनायामेवान्तर्भावविवक्षा(ऽस्ति) आशातनानां त्रयस्त्रिंशत एव परिगणनादविरोध इति। यदपि भावार्हतां भावसाधूनां च ग्रहणान्मध्ये चैत्यग्रहणमयुक्तमिति कल्प्यते, तदपि सिद्धान्तापरिज्ञानविजृम्भितम्, छद्मस्थकालिकस्य भगवतो द्रव्यार्हत एवासुरकुमारराजेन शरणीकरणात्, द्रव्यार्हतः शरणीकरणे स्थापनार्हतः शरणीकरणस्य न्यायप्राप्तत्वात्। चैत्यस्य शरणीकरणीयत्वे

## વિશેષના દૃષ્ટાંતથી સામાન્યની અબાધ્યતા

**પ્રતિમાલોપક :-** અરિહંતની જેમ જો અરિહંતની પ્રતિમા પણ શરણીય હોય, તો ચમરે ભગવાનસુધી આવવાની જરુર હતી જ નહિ, કારણ કે પોતાના આવાસમાં પણ જિનપ્રતિમા હાજર હતી. તેનું શરણ લઇ પોતે ઉત્પાત કરી શકત. **તાત્પર્ય :-** ચમર પોતાના આવાસમાં રહેલી પ્રતિમાનું શરણું લેવાનું છોડી અહીં ભગવાનનું શરણ લેવા આવ્યો. આ વાત જ બતાવે છે કે જિનપ્રતિમા શરણીય નથી.

**સમાધાન :-** કમાલ કરી તમે ! આવી તથ્યહીન દલીલ કરી તમે તો ભાવજિનને પણ અશરણીય બનાવી દીધા. પણ તમને એનો ખ્યાલ નથી. તમારી જ દલીલ તમને ભારે પડે તેમ છે. બોલો ! જે વખતે ચમર છદ્મસ્થઅવસ્થામાં વિચરતા ભગવાન મહાવીરસ્વામીના શરણે આવ્યો, તે વખતે મહાવિદેહમાં **શ્રી સીમંધર સ્વામી** વગેરે ભાવતીર્થંકર વિચરતા હતા કે નહિ ?

**પ્રતિમાલોપક :-** અલબત્ત, વિચરતા જ હતા.

**સમાધાન :-** અને છતાં ચમર એ ભાવજિનને શરણે જવાનું છોડી પ્રભુ મહાવીરસ્વામીરૂપ દ્રવ્યજિનના શરણે આવ્યો. એ બતાવે છે કે ભાવજિન શરણીય નથી.

**પ્રતિમાલોપક :-** અરર ! આ શું બોલ્યા ! ભાવજિન તો એકાંતે શરણ્ય જ છે. ચમર ભાવજિનને છોડી દ્રવ્યજિનપાસે આવ્યો એ તો તેની મનસુફીની વાત છે. પણ તેટલા માત્રથી ભાવજિનને અશરણ્ય થોડા કહી શકાય?

**સમાધાન :-** બરાબર ! તમે હવે ઠેકાણે આવ્યા. બસ, એ જ પ્રમાણે ચમર પોતાના આવાસમાં રહેલી પ્રતિમાઓને છોડી ભગવાનને શરણે આવ્યો, તે તેની મનસુફીની વાત છે. પણ તેટલામાત્રથી સ્થાપનાને અશરણ્ય જાહેર કરી દેવાનું ઉતાવળિયું પગલું ન ભરાય.[1]

## ચૈત્યનો અર્થ 'જ્ઞાન' કરવામાં આપત્તિ

**પ્રતિમાલોપક :-** 'ચૈત્ય' પદનો અર્થ જ્ઞાન છે. તેથી અરિહંતચૈત્ય=અરિહંતનું જ્ઞાન અર્થાત્ કેવળજ્ઞાન એમ સમજવું. અને જ્ઞાન જ્ઞાનીથી કથંચિત્ અભિન્ન છે. તેથી અરિહંત અને સાધુ એમ બે જ શરણીય રહેશે.

**સમાધાન :-** આ મૂઢકલ્પના છે. 'અરિહંત'પદથી દ્રવ્ય અને ભાવ બન્ને અરિહંત લેવાના છે. તેમાં દ્રવ્યઅરિહંત કેવળજ્ઞાન વિનાના છે. તેથી 'અરિહંત-ચૈત્ય' પદ શી રીતે કેવળજ્ઞાનના અર્થમાં સંગત બનશે ?

① **તાત્પર્ય :-** કોઇકની ક્યારેક વિશેષમાં થયેલી પ્રવૃત્તિ તેના સામાન્યને બાધક ન બને. અરિહંતાદિ ત્રણ સમાનરૂપે શરણ્ય છે. તેમાંથી ચમરે પ્રભુ મહાવીરને શરણ તરીકે સ્વીકારવાની વિશેષ પ્રવૃત્તિ કરી. પણ આ પ્રવૃત્તિથી બાકીના બધા અશરણ્ય જાહેર ન કરાય અને ત્રણની શરણ્યતાને બાધ ન પહોંચાડાય; કેમકે સામાન્યરૂપે બતાવેલા ત્રણ શરણ્યમાંથી કોને શરણ તરીકે સ્વીકારવા એ ચમરની પોતાની ઇચ્છાનો સવાલ છે. જો આમ ન હોય, તો આગમમાં આરાધનાના ઘણા યોગો બતાવ્યા છે. તેમાંથી કોઇક એક યોગને એક વ્યક્તિ આરાધતો હોય તો તેના દૃષ્ટાંતથી બાકીના બધા યોગોને આરાધનામાટે નકામા બતાવી દેવાની આપત્તિ આવશે.

स्वस्थानादौ तत्सत्त्वान्महावीरशरणकरणमनतिप्रयोजनं स्यादित्युल्लंठवचनं तु महाविदेहे भावार्हतामपि सत्त्वात्तानतिक्रम्य द्रव्यार्हच्छरणीकरणं कथम् ? इत्याशङ्कयैव निर्लोठनीयम् । एतेनात्र चैत्यशब्दस्य ज्ञानमर्थ इति मूढकल्पितार्थोऽपि निरस्तः, द्रव्यार्हतः केवलज्ञानाभावतः, अर्हतः पृथक् तज्ज्ञानस्य ग्रहे साधुभ्यः पृथगपि तद्ग्रहापत्तेः । तथा च-'अरहंते वा अरहंतचेइआणि वा भावियप्पणो अणगारा अणगारचेइआणि वे'ति पाठापत्तेरिति न किञ्चिदेतत् । उपसंहारे चैत्यपदविस्मृतेः सम्भ्रमान्न्यूनत्वं न दोषो *'मा मा संस्पृशेत्पादौ'* इवेत्य**लङ्कारानुयायिनः**। महावीरस्यैवाशातनाया उत्कटकोटिकसंशयरूपसम्भावनामभिप्रेत्याशातनाद्वयस्यैव समावेशतात्पर्यादि-दोष इत्यन्ये ॥ ९ ॥ अथाऽनाशातनायि(वि पाठा.)नयेन देवैर्वन्दिता भगवन्मूर्त्तिः कस्य सचेतसो न वन्द्या इत्याशयेनाह—

**मूर्त्तीनां त्रिदशैस्तथा भगवतां सक्थ्नां सदाशातना-**
**त्यागो यत्र विधीयते जगति सा ख्याता सुधर्मा सभा ।**
**इत्यन्वर्थविचारणापि हरते निद्रां दृशोर्दुर्नय-**
**ध्वांतच्छेदरविप्रभा जडधियं घूकं विना कस्य न ॥ १० ॥**

(**दंडान्वयः**→ तथा भगवतां मूर्त्तीनां सक्थ्नां यत्र सदाशातनात्यागो विधीयते, सा सभा सुधर्मेति ख्याता।

---

**પ્રતિમાલોપક :-** 'અરિહંત'થી અરિહંતનું જ્ઞાન ભિન્ન છે. તેથી દ્રવ્યઅરિહંતમાં કેવળજ્ઞાન ન હોય તો પણ કેવળજ્ઞાન સ્વતંત્રરૂપે શરણ્ય બની શકશે.

**સમાધાન :-** આ પ્રમાણે તો સાધુથી સાધુનું જ્ઞાન પણ ભિન્ન છે. તેથી જેમ અરિહંતનું જ્ઞાન અરિહંતથી પૃથગ્રૂપે શરણ્ય છે, તેમ સાધુનું જ્ઞાન પણ સાધુથી અલગરૂપે શરણ્ય બનવું જોઇએ. તેથી સાધુના ચૈત્યનો પણ શરણ્યતરીકેનો પાઠ હોવો જોઇએ. તેથી 'અરહંતે વા અરહંતચેઇયાણિ વા, ભાવિયપ્પણો અણગારા અણગારચેઇયાણિ વા' એવો પાઠ સંગત બનત. અર્થાત્ તમારી માન્યતામુજબ ચાલવામાં 'સૂત્રમાં ન્યૂનતા દોષ છે' એવો આરોપ કરવાનો વખત આવે. પણ ચૌદ પૂર્વધર શ્રુતકેવલી ગણધરભગવંતના સૂત્રને ન્યૂનતાદોષથી કલંકિત કરવું તેના કરતાં તમારી માન્યતાને ખોટી ઠેરવવી વધુ વાજબી છે.

'વિચાર કરતી વખતે શક્ર આશાતનાના સંભ્રમમાં હતો. આ સંભ્રમને કારણે શક્રને 'ચૈત્ય'પદ યાદ નહિ આવ્યું. આમ અહીં ન્યૂનતામાં સંભ્રમ ભાગ ભજવે છે. પરંતુ સંભ્રમથી આવતી ન્યૂનતામાં દોષરૂપતા નથી.' એમ **અલંકાર ગ્રંથના** નિષ્ણાતો કહે છે. દા.ત. *'મા મા સંસ્પૃશેત્પાદૌ'* અહીં બોલનારનો સંભ્રમ બતાવવો છે. તેથી પાદમાં એક અક્ષરન્યૂન હોવા છતાં છંદ તુટતો નથી અને ન્યૂનતાદોષ લાગતો નથી. (અનુભવસિદ્ધ છે કે અતિસંભ્રમમાં બોલાયેલી વાણી ગદ્ગદ્ હોય, અક્ષર અધુરા બોલાતા હોય, કેટલાક અક્ષર દબાઇ જાય વગેરે.)

કેટલાક એમ કહે છે કે, તે વખતે શક્રના મગજમાં ભગવાન **મહાવીર સ્વામીની** જ ઉગ્ર કોટિની આશાતનાના સંભવનો સંશય હતો. તેથી જ તેમની અરિહંતતરીકેની અને સાધુતરીકેની (તે વખતે ભગવાન છદ્મસ્થઅવસ્થામાં હતા.) એમ બે પ્રકારની આશાતનાના તાત્પર્યથી શક્ર આ પ્રમાણે ઉપસંહાર કરે છે. તેથી આ ઉપસંહારમાં દોષ નથી. **॥ ૯ ॥**

## અનાશાતના નયથી પ્રતિમાની વંદ્યતા

દેવો જિનપ્રતિમાની આશાતના કરતા નથી. આ આશાતનાના ત્યાગરૂપ વિનય દેવોનું પ્રતિમાને વંદનરૂપ છે. આ પ્રમાણે દેવોએ વંદેલી પ્રતિમા કયા બુદ્ધિમાનને વંદનીય ન બને ? અર્થાત્ સઘળા ય બુદ્ધિશાળીઓને વંદનીય બને છે. આ આશયને પ્રગટ કરતા કવિવર કહે છે—

इत्यन्वर्थविचारणापि दुर्नयध्वांतच्छेदरविप्रभा (सती) जडधियं घूकं विना कस्य दृशोर्निद्रां न हरते ? (अपि तु सर्वस्यैव) ॥)

'मूर्त्तीनाम्'इति। तथेत्यक्षरान्तरसमुच्चये। भगवतां मूर्त्तीनामसद्भावस्थापनारूपाणां सक्थ्नां यत्र सदाऽऽशातनात्यागो विधीयते, सा सभा सुधर्मेति ख्याता, *इत्यन्वर्थविचारणापि*=सुधर्मापदव्युत्पत्तिभावनापि *जडधियं*=लुम्पकं *घूकं*=उलूकं विना कस्य दृशोर्निद्रां न हरतेऽपि तु सर्वस्यैव दृशोर्निद्रां हरत इत्यर्थः। कीदृशी-दुर्नया एव ध्वांतानि, तेषां छेदे *रविप्रभा*=तरणिकान्तिः। रविप्रभासदृशी तु न व्याख्येयं तत्सदृशात् तत्कार्यानुपपत्तेः। अत्र **विनोक्तिरूपककाव्यलिङ्गानि** अलङ्काराः। विनोक्तिः=सा विनाऽन्येन यत्रान्यः सन्नेतरः। तद्रूपकम् - अभेदो य उपमानोपमेययोः। काव्यलिङ्गम्-हेतोर्वाक्यपदार्थतेति तल्लक्षणानि। रविप्रभापदार्थो निद्राहरणे हेतुरिति पदार्थरूपं काव्यलिङ्गं द्रष्टव्यम्। रूपकं चात्र काव्यलिङ्गविनोक्त्योरनुग्राहकमित्यनुग्राह्यानुग्राहकभावः सङ्करोऽपि। अविश्रान्तिजुषामात्मन्यङ्गाङ्गित्वं तु **सङ्कर** इति तल्लक्षणम्॥ आलापकाश्चात्रेमे →

---

**કાવ્યાર્થ :-** જ્યાં ભગવાનની મૂર્તિરૂપ=અસદ્ભાવસ્થાપનારૂપ① હાડકાઓની આશાતનાનો હંમેશા ત્યાગ કરાય છે; તે સભા 'સુધર્માસભા' તરીકે પ્રખ્યાત છે. 'સુધર્મા'પદની આ વ્યુત્પત્તિની વિચારણા પણ દુર્નયરૂપ અંધકારને છેદવા માટે સૂર્યની પ્રભા સમાન છે. તેથી આ વ્યુત્પત્તિરૂપ સૂર્યપ્રભા જડભરત પ્રતિમાલોપકરૂપ ઘુવડને છોડી બીજા કોના આંખની ઊંઘ ઊડાડે નહિ ? અર્થાત્ બધાના આંખની ઊંઘ ઊડાડે છે.

કાવ્યમાં 'તથા'પદ પૂર્વના કાવ્યસાથે સંબંધ જોડે છે. 'સુધર્મા'પદની અન્વર્થ(=વ્યુત્પત્તિ) વિચારણા સૂર્યપ્રભાસદૃશ છે તેવો અર્થ નહીં કરવો, કારણ કે આ અન્વર્થવિચારણા સૂર્યપ્રભાની જેમ બાહ્ય અંધારાને દૂર કરવાનું કાર્ય કરી ન શકે. પરંતુ દુર્નયરૂપ અંધકારને છેદવામાટે સૂર્યપ્રભારૂપ છે તેવો અર્થ કરવો. આ કાવ્યમાં **વિનોક્તિ, રૂપક** અને **કાવ્યલિંગ** આ ત્રણ અલંકારો છે. તેમના લક્ષણ બતાવે છે. (૧) કોઇના વિના બીજામાં સુંદરતા કે અસુંદરતાનું પ્રતિપાદન જેમાં કરવામાં આવે તે **વિનોક્તિ અલંકાર**. પ્રસ્તુતમાં સુધર્મા સભાની અન્વર્થવિચારણા પ્રતિમાલોપકો સિવાય બીજા બધાની આંખની ઉંઘ=પ્રતિમાની આશાતના કરવારૂપ નિદ્રા દૂર કરે છે. આમ આ અન્વર્થવિચારણા પ્રતિમાલોપક સિવાય બીજાઓ માટે શોભન છે, અશોભન નથી. (૨) જ્યાં ઉપમાન અને ઉપમેય વચ્ચે અભેદ દર્શાવવામાં આવે તે **રૂપક અલંકાર.** પ્રસ્તુતમાં અન્વર્થવિચારણા જ રવિપ્રભા છે... એમ અભેદ દર્શાવ્યો. માટે રૂપક છે. (૩) જ્યાં હેતુનું વાક્યાર્થ કે પદાર્થતરીકે નિરૂપણ કરવામાં આવે, તે **કાવ્યલિંગક અલંકાર.** અહીં 'રવિપ્રભા' પદાર્થ નિદ્રા દૂર કરવામાં હેતુ છે. તેથી પદાર્થરૂપ કાવ્યલિંગ સમજવું. વળી આ કાવ્યમાં રૂપક અલંકાર વિનોક્તિ અને કાવ્યલિંગક અલંકારનું અનુગ્રાહક છે. આમ અલંકારોમાં પરસ્પર અનુગ્રાહક-અનુગ્રાહ્યભાવ હોવાથી અહીં **સંકર અલંકાર** પણ છે. સંકર અલંકારનું લક્ષણ → 'અન્ય અલંકારો પોતાનામાં સ્વતંત્રભાવ ધારણ કરતા ન હોય, પરંતુ પરસ્પર અનુગ્રાહ્ય-અનુગ્રાહકભાવ (અંગ-અંગીભાવ) ધારણ કરે ત્યારે **સંકર અલંકાર** કહેવાય.'

## સુધર્માસભામાં ભોગાભાવદર્શક આગમપાઠ

સુધર્માસભામાં દેવો ભગવાનની અસ્થિરૂપ મૂર્તિની આશાતના ટાળે છે તે અંગેના **ભગવતી સૂત્રના** આલાપકો આ પ્રમાણે છે →

---

① ભાવનિક્ષેપાની વસ્તુના આકારમાં ભાવની સ્થાપના સદ્ભાવસ્થાપના કહેવાય અને તેવા આકાર વિનાની વસ્તુમાં ભાવની સ્થાપના અસદ્ભાવસ્થાપના કહેવાય. આ બન્ને સ્થાપના ક્રમશઃ સાકાર અને નિરાકાર પણ કહેવાય છે.

*चमरस्स णं भंते ! असुरिंदस्स असुरकुमाररन्नो कइ अग्गमहिसीओ पन्नत्ताओ ? अज्जो ! पंच अग्गमहिसीओ पन्नत्ताओ, तं जहा-(१) काली (२) रायी (३) रयणी (४) विज्जू (५) मेहा। तत्थ णं एगमेगाए देवीए अट्ठट्ठ देवीसहस्सा परिवारो पन्नत्तो, पभू णं भंते ! ताओ एगमेगाए देवीए अन्नाइं अट्ठट्ठ देवीसहस्साइं परिवारं विउव्वित्तए? एवामेव सपुव्वावरेणं चत्तालीसं देवीसहस्सा । से त्तं तुडिए॥ पभू णं भंते ! चमरे असुरिंदे असुरकुमारराया चमरचंचाए रायहाणीए सभाए सुहम्माए चमरंसि सीहासणंसि तुडिएणं सद्धिं दिव्वाइं भोगभोगाइं भुंजमाणे विहरित्तए ? णो तिणट्ठे समट्ठे, से केणट्ठे णं भंते ! एवं वुच्चइ णो पभू चमरे असुर० चमरचंचाए जाव विहरित्तए ? अज्जो ! चमरस्स णं असुरिंदस्स असुरकुमाररन्नो चमरचंचाए रायहाणीए सभाए सुहम्माए माणवए चेइयखंभे वइरामएसु गोलवट्टसमुग्गएसु बहूओ जिणसकहाओ सण्णिक्खित्ताओ चिट्ठंति, जाओ णं चमरस्स असुर० असुरकुमाररन्नो अन्नेसिं च बहूणं असुरकुमाराणं देवाण य देवीण य अच्चणिज्जाओ, वंदणिज्जाओ, नमंसणिज्जाओ, पूयणिज्जाओ, सक्कारणिज्जाओ, सम्माणणिज्जाओ कल्लाणं मंगलं देवयं चेइयं पज्जुवासणिज्जाओ भवंति। तेसिं पणिहाए नो पभू, से तेणट्ठे णं अज्जो ! एवं वुच्चइ णो पभू चमरे जाव विहरित्तए। पभू णं अज्जो ! चमरे असुरिंदे जाव सीहासणंसि चउसट्ठीए सामाणियसाहस्सीहिं तायत्तीसाए जाव अन्नेहिं च बहूहिं असुरकुमारेहिं देवेहिं य देवीहिं य सद्धिं संपरिवुडे महयाहय जाव भुंजमाणे विहरित्तए० केवलं परियारिड्ढीए नो चेव णं मेहुणवत्तियं॥* [भगवती १०/५/४०५] *चमरस्स णं भंते ! असुरिंदस्स असुरकुमाररन्नो सोमस्स महारन्नो कति अग्गमहिसीओ प० ? अज्जो ! चत्तारि अग्ग० प० तं जहा-(१) कणगा (२) कणगलया (३) चित्तगुत्ता (४) वसुंधरा। तत्थ णं एगमेगाए देवीए अन्नं*

---

*'હે ભદંત ! અસુરેન્દ્ર, અસુરરાજ ચમરેન્દ્રને કેટલી અગ્રમહિષી(=પટ્ટરાણીઓ) કહી છે ? હે આર્ય ! ચમરને* પાંચ પટ્ટરાણીઓ કહી છે. તે આ પ્રમાણે (૧) કાળી (૨) રાયી (૩) રયણી (૪) વિદ્યુત્ અને (૫) મેઘા. આ દરેકને આઠ-આઠ હજાર દેવીઓનો પરિવાર કહ્યો છે. હે ભંતે ! તેઓ બીજી આઠ-આઠ હજાર દેવીઓના પરિવારને વિકુર્વવા સમર્થ છે ? ઇત્યાદિ.... આમ પૂર્વાપર મળી કુલ ૪૦ હજાર દેવીઓનો પરિવાર છે. આ તેનો વર્ગ=પરિવાર છે. હે ભદંત ! ચમરેન્દ્ર પોતાની ચમરચંચા રાજધાનીની સુધર્મસભામાં 'ચમર' નામના સિંહાસનપર પોતાના પરિવારની સાથે દિવ્યભોગ ભોગવવા સમર્થ છે ? આ અર્થ સમર્થ નથી. (=ચમરેંદ્ર ત્યાં ભોગ ભોગવે નહીં.) હે ભંતે ! કેમ આમ કહો છો ? હે આર્ય ! ચમરચંચા રાજધાનીની આ સુધર્મસભામાં 'માણવક' નામના ચૈત્યસ્તંભમાં વજ્રમય ગોળાકાર દાબડાઓ છે. તેમાં જિનસંબંધી ઘણા હાડકાઓ છે. આ બધા હાડકાઓ ચમરેન્દ્રને અને અન્ય પણ ઘણા અસુરકુમાર દેવ દેવીઓને અર્ચનીય છે, વંદનીય છે, નમસ્કરણીય છે, પૂજનીય છે, સત્કાર કરવા યોગ્ય છે, સન્માન કરવા યોગ્ય છે. તથા કલ્યાણકારી અને મંગલકારી આ દિવ્ય ચૈત્ય તેઓ બધાને પર્યુપાસનીય છે. આ બધા (જિનઅસ્થિ) સમક્ષ ચમર ભોગ ભોગવવા સમર્થ નથી. તેથી કહ્યું કે ચમર ત્યાં (સુધર્મસભામાં) ભોગ ભોગવવા સમર્થ નથી. તથા હે આર્ય! ચમરેન્દ્ર પોતાના ૬૪ હજાર સામાનિક દેવો, ત્રાયસ્ત્રિંશત્ દેવો અને બીજા અનેક અસુરકુમાર દેવદેવીઓ સાથે ત્યાં નૃત્ય, સંગીત વગેરેરૂપ તથા સ્વસ્ત્રીદર્શનઆદિરૂપ અથવા સ્વપરિવારપરિચારણરૂપ ઋદ્ધિથી ભોગ ભોગવી શકે પણ મૈથુન સેવન કરી ન શકે. હે ભદંત ! ચમરેન્દ્રના સોમ નામના લોકપાલ(=મહારાજ)ને કેટલી પટ્ટરાણીઓ કહી છે ? હે આર્ય ! ચાર પટ્ટરાણી કહી છે, તે આ પ્રમાણે (૧) કનકા (૨) કનકલતા (૩) ચિત્રગુપ્તા અને (૪) વસુંધરા. આ દરેક દેવી એક એક હજાર દેવીઓને વિકુર્વી શકે છે. આમ કુલ ઉત્તરવૈક્રિય ચાર હજાર દેવીઓનો વર્ગ છે. હે ભદંત! ચમર રાજાનો સોમ નામનો લોકપાળ પોતાની સોમા રાજધાનીમાં સુધર્મસભામાં સોમસિંહાસનપર પોતાના પરિવાર

*एगमेगंसि देवीसहस्सं परिवारो प०, पभू णं ताओ एगमेगाए देवीए अन्नं एगमेगं देवीसहस्सं परियारं विउव्वित्तए, एवामेव सपुव्वावरेणं चत्तारि देवीसहस्सा, से तं तुडिए, पभू णं भंते ! चमरस्स असुरिंदस्स असुरकुमाररन्नो सोमे महाराया सोमाए रायहाणीए सभाए सुहम्माए सोमंसि सीहासणंसि तुडिएणं अवसेसं जहा चमरस्स, णवरं परिआरो जहा सूरियाभस्स, सेसं तं चेव, जाव णो चेव णं मेहुणवत्तियाए। चमरस्स णं भंते ! जाव रन्नो जमस्स महारन्नो कइ अग्गमहिसीओ पन्नत्ताओ ? एवं चेव नवरं जमाए रायहाणीए सेसं जहा सोमस्स, एवं वरुणस्स वि, णवरं वरुणाए रायहाणीए । एवं वेसमणस्स वि, नवरं वेसमणाए रायहाणीए, सेसं तं चेव जाव मेहुणवत्तियं। बलिस्स णं भंते ! वइरोयणिंदस्स पुच्छा, अज्जो ! पंच अग्गमहिसीओ पन्नत्ताओ तं०-(१) सुभा (२) निसुंभा (३) रंभा (४) निरंभा (५) मदणा । तत्थ णं एगमेगाए देवीए अट्ठ, सेसं जहा चमरस्स, नवरं बलिचंचाए रायहाणीए, परियारो जहा* **मोउद्देसए**, *सेसं तं चेव जाव मेहुणवत्तियं। बलिस्स णं भंते ! वइरोयणिंदस्स वइरोयणरन्नो सोमस्स महारन्नो कति अग्गमहिसीओ प०? अज्जो ! चत्तारि अग्गमहिसीओ प० तं०-(१) मीणगा (२) सुभद्दा (३) विजया (४) असणी। तत्थ णं एगमेगाए देवीए सेसं जहा चमरसोमस्स, एवं जाव वेसमणस्स॥ धरणस्स णं भंते ! नागकुमारिंदस्स नागकुमाररन्नो कति अग्गमहिसीओ प०? अज्जो ! छ अग्गमहिसीओ प० तं०-(१) इला (२) सुक्का (३) सदारा (४) सोदामणी (५) इंदा (६) घणविज्जुया । तत्थ णं एगमेगाए देवीए छ छ देवीसहस्सा परिवारो प०, पभू णं भंते ! ताओ एगमेगाए देवीए अन्नाइं छ छ देवीसहस्साइं परियारं विउव्वित्तए, एवामेव सपुव्वावरेणं छत्तीसं देवीसहस्साइं, से तं तुडिए ! पभू णं भंते ! धरणे सेसं तं चेव, नवरं धरणाए रायहाणीए धरणंसि सीहासणंसि सओ परिवारो, सेसं तं चेव । धरणस्स णं भंते ! नागकुमारिंदस्स कालवालस्स लोगपालस्स महारन्नो कति अग्गमहिसीओ*

---

*સાથે... ઇત્યાદિ વિગત ચમરેન્દ્રની જેમ ઉપર મુજબ સમજી લેવી. પણ પરિવારની સંખ્યાવગેરે સૂર્યાભદેવની જેમ સમજવા. આજ પ્રમાણે યમ લોકપાલઅંગે પણ સમજવું. રાજધાનીના નામ 'યમા' સમજવું. એ જ પ્રમાણે વરુણ અને કુબેર(=વૈશ્રમણ) અંગે પણ સમજવું. રાજધાનીના નામ ક્રમશઃ વરુણા અને વૈશ્રમણા સમજવા. હે ભદંત ! વૈરોચનેન્દ્ર બલીન્દ્રને કેટલી પટ્ટરાણી કહી છે ? હે આર્ય ! પાંચ છે, તેઓના નામ આ પ્રમાણે છે (૧) શુંભા (૨) નિશુંભા (૩) નિભા (૪) નિરંભા (૫) મદના. બાકીની પૃચ્છા અને તેના ઉત્તરો ચમરેન્દ્રવત્ સમજવા, રાજધાનીનું નામ બલિચંચા સમજવું. વૈરોચનેન્દ્ર વૈરોચન રાજા બલીન્દ્રના સોમ નામના મહારાજાને કેટલી પટ્ટરાણીઓ કહી છે ? હે આર્ય ! ચાર પટ્ટરાણીઓ કહી છે. તે આ પ્રમાણે (૧) મીણગા (૨) સુભદ્રા (૩) વિજયા અને (૪) અશની... ઇત્યાદિ વૈશ્રવણ લોકપાલ સુધી શેષ વિગતો પણ ચમરના લોકપાલો મુજબ સમજી લેવી.*

*હે ભદંત ! ધરણ નાગેન્દ્રને કેટલી પટ્ટરાણી કહી છે ? હે આર્ય ! છ કહી છે, તે આ પ્રમાણે (૧) ઇલા (૨) સુક્કા (૩) સદારા (૪) સોદામિણી (૫) ઇંદ્રા (૬) ઘનવિદ્યુતા. દરેક દેવીને છ-છ હજાર દેવીનો પરિવાર કહ્યો છે અને બીજી તેટલી દેવીઓને વિકુર્વી શકે છે. શેષ પ્રશ્નોત્તર ચમરવત્. રાજધાનીનું નામ ધરણા અને સિંહાસનનું નામ ધરણ. હે પ્રભુ ! ધરણેન્દ્રના 'કાળ' નામના લોકપાલને કેટલી પટ્ટરાણીઓ કહી છે ? આર્ય ! ચાર કહી છે, તે આ પ્રમાણે (૧) અશોકા (૨) વિમલા (૩) સુપ્રભા અને (૪) સુદર્શના. બાકી બધું ચમરના લોકપાલોના જેવું જ સમજવું. બાકીના ત્રણ લોકપાલ અંગે પણ તે પ્રમાણે જાણી લેવું. ભૂતાનંદની છ પટ્ટરાણીઓના નામ આ પ્રમાણે છે. (૧) રૂપા (૨) રૂપંશા (૩) સુરૂપા (૪) રૂપકાવતી (૫) રૂપકાંતા અને (૬) રૂપપ્રભા. બાકીની હકીકત ધરણ મુજબ. ભૂતાનંદના નાગવિત્ (ચિત્ર ?) લોકપાલની ચાર પટ્ટરાણીઓના નામ આ પ્રમાણે છે (૧) સુનંદા (૨)*

प० ? अज्जो ! चत्तारि अग्गमहिसीओ प० तं०-(१) असोगा (२) विमला (३) सुप्पभा (४) सुदंसणा। तत्थ णं एगमेगाए अवसेसं जहा चमरलोगपालाणं, एवं सेसाणं तिण्हिवि। भूयाणंदस्स णं भंते ! पुच्छा, अज्जो ! छ अग्ग-महिसीओ प० तं०-(१) रूया (२) रूयंसा (३) सुरूया (४) रुयगावती (५) रूयकंता (६) रूयप्पभा। तत्थ णं एगमेगाए देवीए अवसेसं जहा धरणस्स, भूयाणंदस्स णं भंते ! नागवित्तस्स(चित्तस्स ?) पुच्छा, अज्जो ! चत्तारि अग्गमहिसीओ प० तं०-(१) सुणंदा (२) सुभद्दा (३) सुजाया (४) सुमणा। तत्थ णं एगमेगाए देवीए अवसेसं जहा चमरलोगपालाणं, एवं सेसाणं तिण्हिवि लोगपालाणं। जे दाहिणिल्ला इंदा, तेसिं जहा धरणिंदस्स, लोगपाला-णंपि तेसिं जहा धरणस्स लोगपालाणं । उत्तरिल्लाणं इंदाणं जहा भूयाणंदस्स, लोगपालाणवि तेसिं जहा भूयाणंदस्स लोगपालाणं, नवरं इंदाणं सव्वेसिं रायहाणीओ सीहासणाणि य सरिसणामगाणि, परिवारो जहा **तइयसए पढमे उद्देसए,** लोगपालाणं सव्वेसिं रायहाणीओ सीहासणाणि य सरिसनामगाणि परिवारो जहा चमरस्स लोगपालाणं।

कालस्स णं भंते ! पिसायिंदस्स पिसायरन्नो कति अग्गमहिसीओ प० ? अज्जो ! चत्तारि अग्गमहिसीओ प० तं०- (१) कमला (२) कमलप्पभा (३) उप्पला (४) सुदंसणा। तत्थ णं एगमेगाए देवीए एगमेगं देवीसहस्सं सेसं जहा चमरलोगपालाणं, परियारो तहेव नवरं कालाए रायहाणीए, कालंसि सीहासणंसि, सेसं तं चेव, एवं महाकालस्स वि। सुरूवस्स णं भंते ! भूतिंदस्स रन्नो पुच्छा, अज्जो ! चत्तारि अग्गमहिसीओ प० तं०-(१) रूववती (२) बहुरूवा (३) सुरूवा (४) सुभगा। तत्थ णं एगमेगाए सेसं जहा कालस्स, एवं पडिरूवस्स वि । पुन्नभद्दस्स णं भंते ! जक्खिंदस्स पुच्छा, अज्जो ! चत्तारि अग्गमहिसीओ प० तं जहा-(१) पुन्ना (२) बहुपुत्तिया (३) उत्तमा (४) तारया। तत्थ णं एगमेगाए सेसं जहा कालस्स। एवं माणिभद्दस्स वि। भीमस्स णं भंते ! रक्खसिंदस्स पुच्छा, अज्जो ! चत्तारि अग्गमहिसीओ प० तं०-(१) पउमा (२) पउमावती (३) कणगा (४) रयणप्पभा । तत्थ णं एगमेगा सेसं जहा कालस्स। एवं महाभीमस्स वि, किन्नरस्स णं भंते ! पुच्छा, अज्जो !

---

સુભદ્રા (૩) સુજાતા (૪) સુમન. એ લોકપાલ અને બાકીના લોકપાલો અંગેની શેષ વિગત ચમરલોકપાલવત્ સમજવી. દક્ષિણ વિભાગના બાકીના ભુવનપતિ ઇન્દ્રોની બાબત ધરણવત્ સમજવી. તેમના લોકપાલોની વિગત ધરણના લોકપાલોની જેમ સમજવી. ઉત્તર વિભાગના ઇન્દ્રોની માહિતી ભૂતાનંદ જેવી સમજવી અને તેમના લોકપાલોની વિચારણા ભૂતાનંદના લોકપાલો જેવી કરવી. માત્ર એટલો ખ્યાલ રાખવો કે ઇન્દ્ર કે લોકપાલનું જે નામ હોય, તે જ નામના તેઓની રાજધાની અને સિંહાસનો પણ હોય.

પિશાચેન્દ્ર પિશાચરાજા 'કાળ'ની ચાર પટ્ટરાણીઓ કહી છે. (૧) કમળા (૨) કમળપ્રભા (૩) ઉત્પલા અને (૪) સુદર્શના. શેષ ચમરલોકપાલવત્ સમજવું. રાજધાની 'કાળા' છે. અને સિંહાસન 'કાળ' નામનું કહ્યું છે. એ જ પ્રમાણે 'મહાકાળ' અંગે સમજવું. સુરૂપ ભૂતેન્દ્રની ચાર પટ્ટરાણીઓ કહી છે. (૧) રૂપવતી (૨) બહુરૂપા (૩) સુરૂપા અને (૪) સુભગા. શેષ 'કાળ' ઇન્દ્રવત્ જાણવું. એ જ પ્રમાણે 'પ્રતિરૂપ' અંગે પણ સમજવું. પૂર્ણભદ્ર યક્ષેન્દ્રની ચાર પટ્ટરાણીઓ કહી છે. (૧) પુણ્યા (૨) બહુપુત્રિકા (૩) ઉત્તમા અને (૪) તારકા. શેષ બધું કાળની જેમ સમજવું. એ જ પ્રમાણે માણિભદ્ર અંગે સમજવું. 'ભીમ' રાક્ષસેન્દ્રની ચાર પટ્ટરાણીઓના નામ આ મુજબ કહ્યા છે. (૧) પદ્મા (૨) પદ્માવતી (૩) કનકા અને (૪) રત્નપ્રભા. શેષ સર્વે 'કાળ' મુજબ સમજવું. 'મહાભીમ' રાક્ષસેન્દ્ર અંગે પણ તે મુજબ સમજવું. 'કિન્નર' ઇન્દ્રની ચાર પટ્ટરાણીઓના નામ (૧) વતિંસા (૨) કેતુમતી (૩) રતિસેના અને (૪) રતિપ્રિયા. શેષ સઘળું ઉપર મુજબ. 'કિંપુરુષ' અંગે પણ તેમજ સમજવું. 'સત્પુરુષ' વ્યંતરેન્દ્રની

*चत्तारि अग्गमहिसीओ प० तं जहा-(१) वडेंसा (२) केतुमती (३) रतिसेणा (४) रइप्पिया। तत्थ णं सेसं तं चेव, एवं किंपुरिसस्स वि। सप्पुरिसस्स णं पुच्छा, अज्जो ! चत्तारि अग्गमहिसीओ प० तं०-(१) रोहिणी (२) नवमिया (३) हिरी (४) पुप्फवती। तत्थ णं एगमेगाए० सेसं तं चेव, एवं महापुरिसस्स वि। अतिकायस्स णं पुच्छा, अज्जो ! चत्तारि अग्ग० प० तं०-(१) भुयंगा (२) भुयंगवती (३) महाकच्छा (४) फुडा। तत्थ णं एगमेगा० सेसं तं चेव, एवं महाकायस्स वि। गीयरइस्स णं भंते ! पुच्छा, अज्जो ! चत्तारि अग्ग० प० तं०-(१) सुघोसा (२) विमला (३) सुस्सरा (४) सरस्सई। तत्थ णं०, सेसं तं चेव, एवं गीयजसस्स वि। सव्वेसिं एएसिं जहा कालस्स, नवरं सरिसनामियाओ रायहाणीओ सीहासणाणि य। सेसं तं चेव। चंदस्स णं भंते ! जोइसिंदस्स जोइसरन्नो पुच्छा, अज्जो ! चत्तारि अग्ग० प० तं०-(१) चंदप्पभा (२) दोसिणाभा (३) अच्चिमाली (४) पभंकरा। एवं जहा **जीवाभिगमे जोइसियउद्देसए** तहेव, सूरस्स वि (१) सूरप्पभा (२) आयच्चा(आयवाभा पाठा.) (३) अच्चिमाली (४) पभंकरा। सेसं तं चेव, जहा (जाव) नो चेव णं मेहुणवत्तियं। इंगालस्स णं भंते ! महग्गहस्स पुच्छा, अज्जो ! चतारि अग्ग० प० तं०-(१) विजया (२) वेजयंती (३) जयंती (४) अपराजिया। तत्थ णं एगमेगाए०, सेसं तं चेव, जहा चंदस्स, नवरं इंगालवडेंसए विमाणे इंगालगंसि सीहासणंसि सेसं तं चेव, एवं जाव वियालगस्स वि, एवं अट्ठासीतीएवि महागहाणं भाणियव्वं जाव भावकेउस्स, नवरं वडेंसगा सीहासणाणि य सरिसनामगाणि, सेसं तं चेव। सक्कस्स णं भंते ! देविंदस्स देवरन्नो पुच्छा, अज्जो ! अट्ठ अग्ग० प० तं०-(१) पउमा (२) सिवा (३) सूई-सेया पाठा. (४) अंजू (५) अमला (६) अच्छरा (७) नवमिया (८) रोहिणी। तत्थ णं एगमेगाए देवीए सोलस सोलस देवीसहस्सा परियारो पन्नत्तो, पभू णं ताओ एगमेगा देवी अन्नाइं सोलस*

---

ચાર પટ્ટરાણીઓના નામ (૧) રોહિણી (૨) નવમિકા (૩) હ્રી (૪) પુષ્પાવતી. શેષ પૂર્વોક્ત મુજબ. એ જ પ્રમાણે 'મહાપુરુષ' અંગે પણ સમજવું. 'અતિકાય'ની ચાર પટ્ટરાણીઓ (૧) ભૂજગા (૨) ભૂજગવતી (૩) મહાકચ્છા અને (૪) સ્ફુટા. એજ પ્રમાણે 'મહાકાય' સંબંધી પણ સમજવું. ગીતરતિની ચાર પટ્ટરાણીઓ (૧) સુઘોષા (૨) વિમલા (૩) સુસ્વરા અને (૪) સરસ્વતી. શેષ પૂર્વોક્ત મુજબ. એજ પ્રમાણે ગીતયશ અંગે પણ સમજવું. આ બધા વ્યંતરેન્દ્રોની હકીકત 'કાળ'ઇન્દ્ર મુજબ છે. પણ દરેકની રાજધાની અને સિંહાસનના નામ પોતાના નામ મુજબ સમજવા. જ્યોતિષ દેવલોકના ઇન્દ્ર ચંદ્રને ચાર પટ્ટરાણીઓ કહી છે. (૧) ચંદ્રપ્રભા (૨) દોસિનાભા (૩) અર્ચિમાળી (૪) પ્રભંકરા. અહીં **જીવાભિગમ સૂત્રમાં** જ્યોતિષના ઉદ્દેશામાં કહેલી સર્વ વિગતો સમજી લેવી. સૂર્યની ચાર પટ્ટરાણીઓ કહી છે. (૧) સૂર્યપ્રભા (૨) આદિત્યા (આત્માભા) (૩) અર્ચિમાળી (૪) પ્રભંકરા. શેષ બધું ઉપર મુજબ. 'મંગળ' મહાગ્રહની ચાર પટ્ટરાણીઓ કહી છે. (૧) વિજયા (૨) વૈજયંતી (૩) જયંતી અને (૪) અપરાજિતા. એજ પ્રમાણે વિચાલકથી માંડી ભાવકેતુ સુધીના અઠયાસી મહાગ્રહો અંગે પણ ચંદ્રની જેમ સમજવું. સર્વત્ર વિમાન અને સિંહાસનના નામ પોતપોતાના નામ જેવા સમજવા. શક્ર સૌધર્મેન્દ્રની આઠ પટ્ટરાણીઓના નામ આ મુજબ કહ્યા છે. (૧) પદ્મા (૨) શિવા (૩) શુચિ (શચી–શ્રેયા) (૪) અંજુ (૫) અમળા (૬) અપ્સરા (૭) નવમિકા અને (૮) રોહિણી. દરેક દેવીને ૧૬ હજાર દેવીનો પરિવાર છે અને બીજી સોળ–સોળ હજાર દેવીઓને વિકુર્વી શકે છે. કુલ ૧ લાખ ૨૮ હજાર દેવીઓને વિકુર્વી શકે છે. શેષ વિગત ચમરેન્દ્ર મુજબ. પરંતુ અહીં સૌધર્મકલ્પ (વૈમાનિક) દેવલોકનું **સૌધર્માવતંસક** વિમાન સમજવું (રાજધાનીને બદલે). પરિવાર **મોકોદ્દેશ**=ત્રીજા શતકના પ્રથમ ઉદ્દેશ મુજબ. શક્રના સોમ નામના લોકપાલને ચાર પટ્ટરાણીઓ કહી છે. (૧) રોહિણી (૨) મદના (૩)

*देवीसहस्सपरियारं विउव्वित्तए, एवामेव सप्पुव्वावरेणं अट्ठावीसुत्तरं देवीसयसहस्सं परिवारं विउव्वित्तए, से तं तुडिए। पभू णं भंते! सक्के देविंदे देवराया सोहम्मे कप्पे सोहम्मवडेंसए विमाणे सभाए सुहम्माए सक्कंसि सीहासणंसि तुडिएण सद्धिं सेसं जहा चमरस्स, नवरं परियारो जहा* **मोउद्देसए**। *सक्कस्स णं देविंदस्स देवरन्नो सोमस्स महारन्नो कति अग्ग० पुच्छा, अज्जो! चत्तारि अग्ग० प० तं०-(१) रोहिणी (२) मदणा (३) चित्ता (४) सोमा। तत्थ णं एगमेगा० सेसं जहा चमरलोगपालाणं, नवरं सयंपभे विमाणे सभाए सुहम्माए सोमंसि सीहासणंसि, सेसं तं चेव, एवं जाव वेसमणस्स, नवरं विमाणाइं जहा तइयसए। ईसाणस्स णं भंते! पुच्छा, अज्जो! अट्ठ अग्ग० प० तं०-(१) कण्हा (२) कण्हराई (३) रामा (४) रामरक्खिया (५) वसू (६) वसुगुत्ता (७) वसुमित्ता (८) वसुंधरा। तत्थ णं एगमेगाए०, सेसं जहा सक्कस्स। ईसाणस्स णं भंते! देविंदस्स सोमस्स महारण्णो कति अग्गमहिसीओ? पुच्छा, अज्जो! चत्तारि अग्ग० प० तं०-(१) पुढवी (२) रायी (३) रयणी (४) विज्जू। तत्थ णं०, सेसं जहा सक्कस्स लोगपालाणं, एवं जाव वरुणस्स, नवरं विमाणा जहा चउत्थसए, सेसं तं चेव, जाव नो चेव णं मेहुणवत्तियं। सेवं भंते! सेवं भंतेति जाव विहरइ ॥* [भगवती १०/५/४०६]

एवं **षष्ठे** सूर्याभातिदेशेन शक्रसुधर्माधिकारो प्रतिमासक्थिप्रतिबद्धो भावनीयः। **तथा हि** →

*कहि णं भंते! सक्कस्स देविंदस्स देवरन्नो सभा सुहम्मा पन्नत्ता? गो०! जंबुद्दीवे २ मंदरस्स पव्वयस्स दाहिणेणं इमीसे रयणप्पभाए एवं जहा रायप्पसेणइज्जे जाव पंच वडेंसगा प० तं०-असोगवडेंसए जाव मज्झे सोहम्मवडेंसए। से णं सोहम्मवडेंसए महाविमाणे अद्धतेरस य जोयणसयसहस्साइं आयाम-विक्खंभेणं-एवं जहा सूरियाभे तहेव माणं तहेव उववाओ।* [भगवती १०/६/४०७] *'तए णं से सक्के सिद्धायतणं पुरच्छिमिल्लेणं दारेणं अणुपविसइ २ जेणेव देवच्छंदए जेणेव जिणपडिमा तेणेव उवागच्छइ २ जिणपडिमाणं आलोए पणामं करेइ २*

---

*ચિત્રા અને (૪) સોમા. શેષ વિગત ચમરના લોકપાલ મુજબ. પરંતુ રાજધાનીને બદલે સ્વયંપ્રભ વિમાન સમજવું. બાકીના ત્રણ લોકપાલ અંગે પણ આ મુજબ જ સમજવું. ઇશાનેન્દ્રની આઠ પટ્ટરાણીઓના નામ (૧) કૃષ્ણા (૨) કૃષ્ણરાજી (૩) રામા (૪) રામરક્ષિતા (૫) ચિત્રા (કે વસુ ?) (૬) વસુગુપ્તા (૭) વસુમિત્રા અને (૮) વસુંધરા. શેષ હકીકત શક્ર મુજબ. ઇશાનેન્દ્રના લોકપાલ સોમની ચાર પટ્ટરાણીઓના નામ (૧) પૃથ્વી (૨) રાત્રી (૩) રજની અને (૪) વિદ્યુતા. શેષ વિગત શક્રના લોકપાલ મુજબ. બાકીના ત્રણ લોકપાલો અંગે પણ ઉપર મુજબ સમજવું. આ દરેક લોકપાલના વિમાનો* **ચોથા શતકમાં** દર્શાવ્યા છે તે મુજબ સમજવા. આ પાઠ **ભગવતી સૂત્રના દસમા શતકના પાંચમા ઉદ્દેશાનો** છે.

આ જ પ્રમાણે **છટ્ઠા ઉદ્દેશામાં** 'સૂર્યાભ'દેવના અતિદેશથી મૂર્તિરૂપ હાડકાસંબંધી શક્રની સુધર્માસભાનો અધિકાર બતાવ્યો છે. તે આ પ્રમાણે છે →

*હે ભદંત! દેવેન્દ્ર શક્રની સુધર્મા સભા ક્યાં આવેલી કહી છે? હે ગૌતમ! જંબૂદ્વીપના મેરુપર્વતની દક્ષિણ દિશામાં રત્નપ્રભા પૃથ્વીપર ઇત્યાદિ વિગત* ***રાયપસેણીય****(રાજપ્રશ્રીય ઉપાંગ) મુજબ સમજવી. યાવત્ પાંચ અવતંસક (=વિમાન) કહ્યા છે. તે આ પ્રમાણે અશોકાવતંસક વગેરે. મધ્યમાં સૌધર્માવતંસક મહાવિમાન કહ્યું છે. આ વિમાન સાડા બાર લાખ યોજન લાંબુ-પહોળું કહ્યું છે. વગેરે વિગત 'સૂર્યાભ' મુજબ સમજવી. શક્રનો ઉપપાત(=દેવલોકમાં જન્મ) પણ તે મુજબ સમજવો. શક્ર જિનાલયમાં(=સિદ્ધાયતનમાં) પૂર્વના દ્વારથી પ્રવેશે છે. પછી દેવચ્છંદા (=પીઠિકા) પર રહેલી જિનપ્રતિમા પાસે આવે છે. દર્શનમાત્રથી જિનપ્રતિમાને પ્રણામ કરે છે. પછી મોરપિચ્છ*

*लोमहत्थगं गिण्हइ २ जिणपडिमाओ लोमहत्थएणं पमज्जइ २ जिणपडिमाओ सुरभिणा गंधोदएणं ण्हाणेइ'त्ति। 'जाव आयरक्ख'त्ति। अर्चनिकायाः परो ग्रन्थस्तावद् वाच्यो यावदात्मरक्षकाः, स चैवं लेशतः- 'तए णं से सक्के ३ सभं सुहम्मं अणुप्पविसइ २, सीहासणे पुरच्छाभिमुहे निसीयइ। तए णं सक्कस्स ३ अवरुत्तरेण (उत्तरेणं) उत्तरपुरच्छिमेणं चउरासीई सामाणिअसाहस्सीओ णिसीयंति। पुरच्छिमेणं अट्ठ अग्गमहिसीओ, दाहिणपुरच्छिमेणं अब्भिंतरिआए परिसाए बारस देवसाहस्सीओ णिसीयंति। दाहिणेणं मज्झिमाए परिसाए चोद्दस देवसाहस्सीओ, दाहिणपच्चत्थिमेणं बाहिरिआए परिसाए सोलस देवसाहस्सीओ णिसीयंती'त्यादि।* (अयं पाठः तत्र टीकागतः) ॥ १० ॥ अथ सूर्याभाधिकारेण प्रतिमारीणां शासनार्थस्तेनानां कान्दिशीकतां प्रदर्शयंस्ता अभिष्टौति–

**प्राक् पश्चाच्च हितार्थितां हृदि विदंस्तैस्तैरुपायैर्यथा,**
**मूर्त्तीः पूजितवान् मुदा भगवतां सूर्याभनामा सुरः।**
**याति प्रच्युतवर्णकर्णकुहरे तप्तत्रपुत्वं नृप-**
**प्रश्नोपाङ्गसमर्थिता हतधियां व्यक्ता तथा पद्धतिः ॥ ११ ॥**

(**दंडान्वयः**→ प्राक् पश्चाच्च हितार्थितां हृदि विदन् तैस्तैः उपायैर्यथा सूर्याभनामा सुरः मुदा भगवतां मूर्तीः पूजितवान्, तथा व्यक्ता नृपप्रश्नोपाङ्गे समर्थिता पद्धतिः हतधियां प्रच्युतवर्णकर्णकुहरे तप्तत्रपुत्वं याति ॥)

'प्राग्'इत्यादि। *प्राग्*=आदौ, *पश्चाच्च*=उत्तरतद्भवभवान्तरसम्बन्धिन्यामायत्यां *हितार्थितां*=श्रेयोऽभिलाषितां, *हृदि*=स्वान्ते, *विदन्*=जानन्, तैस्तैर्वक्ष्यमाणै *रुपायैः*=भक्तिसाधनप्रकारैर्यथा **सूर्याभनामा** सुरो भगवतां मूर्तीः पूजितवान् तथा *व्यक्ता*=प्रकटा, *नृपप्रश्नोपाङ्गे*=**राजप्रश्नीयोपाङ्गे**, *समर्थिता*=सहेतुकं निर्णीता *पद्धतिः*=

---

*ગ્રહણ કરી જિનપ્રતિમાનું પ્રમાર્જન કરે છે અને જિનપ્રતિમાનો સુગંધયુક્ત જળવડે અભિષેક કરે છે, પછી અર્ચનથી માંડી 'આત્મરક્ષક દેવ' સુધીનો પાઠ લેવો. આ પાઠ આંશિક રીતે આ પ્રમાણે છે, તે પછી શક્ર સુધર્મસભામાં પ્રવેશે છે અને સિંહાસનપર 'પૂર્વાભિમુખ' બેસે છે. તે પછી વાયવ્ય, ઉત્તર અને ઈશાન દિશામાં શક્રના ચોર્યાસી હજાર સામાનિક દેવો બેસે છે. પૂર્વ દિશામાં આઠ પટ્ટરાણીઓ બેસે છે. 'અગ્નિ' વિદિશામાં અભ્યંતર પર્ષદાના બાર હજાર દેવો બેસે છે. દક્ષિણ દિશામાં મધ્યમ પર્ષદાના ચૌદ હજાર દેવો બેસે છે. અને 'નૈઋત્ય' વિદિશામાં બાહ્ય પર્ષદાના સોળ હજાર દેવો બેસે છે. ॥ ૧૦ ॥*

## પ્રતિમાપૂજન અંગે સૂર્યાભદેવનો અધિકાર

હવે કવિ **રાજપ્રશ્નીય ઉપાંગમાં** દર્શાવેલા સૂર્યાભદેવના અધિકારનું વર્ણન કરવા દ્વારા શાસનના અર્થોની ચોરી કરતા(=સત્ય અર્થને છુપાવતા) પ્રતિમાલોપકોની ચોરીના માલસાથે પકડાયેલા ચોરની જેવી કફોડી હાલતને છતી કરતાં પ્રતિમાઓની સ્તવના કરે છે—

**કાવ્યાર્થ :-** પ્રાક્=તે ભવમાં અને પશ્ચાત્=ભવાંતરમાં કલ્યાણની વાંછાને હૃદયમાં રાખી સૂર્યાભદેવે ભક્તિના તે તે સાધનોદ્વારા હર્ષથી જે પ્રમાણે ભગવાનની પ્રતિમાઓની પૂજા કરી, તે બધી પ્રક્રિયા સ્પષ્ટપણે **રાજપ્રશ્નીય ઉપાંગમાં** સહેતુક દર્શાવી છે. ઉપાંગમાં દર્શાવેલી આ પ્રક્રિયા મૂળથી નષ્ટ થયેલી બુદ્ધિવાળા પ્રતિમાલોપકોના નિરક્ષર કાનના કાણામાં રેડાતા ધગધગતા સીસાના રસ જેવી છે.

કાવ્યમાં રહેલા 'પ્રચ્યુતવર્ણકર્ણકુહરે' પદનું તાત્પર્ય આ છે- અહીં 'પ્રચ્યુતવર્ણ' પદ કર્ણ=કાનનું વિશેષણ છે. પ્રચ્યુતવર્ણ- પ્રચ્યુત=નષ્ટ થયેલા વર્ણ=અક્ષરવાળું. અર્થાત્ નિરક્ષર(=અભણ) પ્રતિમાલોપકોના કાનના

प्रक्रिया *हतधियां*=मूलोच्छिन्नबुद्धीनां=लुम्पकमतवासितानाम् *प्रच्युतवर्णे*=प्रच्युतो वर्णो यस्मात्तादृशे निरक्षरे इत्यर्थः। तेनाक्षरशक्तिप्रतिबन्धाभावादतिदाहसम्भवो व्यज्यते। *कर्णकुहरे*=श्रोत्रबिले, तेनासंस्कृतत्वं व्यज्यते। तप्तत्रपुत्वं याति, तान्यक्षराणि दुर्मतिकर्णे तप्तत्रपुवत् स्वगतदोषादेव दाहं जनयन्तीत्यर्थः। आह च- *'गुरुवचनममलमपि स्खलदुपजनयति श्रवणस्थितं शूलमभव्यस्येति'*। अत्र तप्तत्रपुत्वं यातीति निदर्शना, *'अभवन् वस्तुसम्बन्ध उपमापरिकल्पकः निदर्शने'* ति [काव्यप्रकाश १०/९७] **मम्मटवचनात्**। असम्बन्धे सम्बन्धरूपातिशयोक्तिरित्यपरे। उक्तार्थे आलापकश्चायम् →

*तेणं कालेणं तेणं समएणं सूरियाभे देवे अहुणोववण्णमित्तए चेव समाणे पंचविहाए पज्जत्तीए पज्जत्तीभावं गच्छइ, तं जहा-आहारपज्जत्तीए, सरीरपज्जत्तीए, इंदियपज्जत्तीए, आणापाणपज्जत्तीए, भासामणपज्जत्तीए, तए णं तस्स सूरियाभस्स देवस्स पंचविहाए पज्जत्तीए पज्जत्तीभावं गयस्स समाणस्स इमेयारूवे अब्भत्थिए, चिंतिए, पत्थिए, मणोगए, संकप्पे समुप्पज्जित्था-किं मे पुव्विं करणिज्जं ? किं मे पच्छा करणिज्जं ? किं मे पुव्विं सेयं ?*

---

કાણાઓ નિરક્ષર=અક્ષરના પરિચય વિનાના છે. તેથી તેઓને અક્ષરની શક્તિનો① પ્રતિબંધ(=બોધ) થતો નથી. તેથી તેઓને આ અક્ષરોના શ્રવણથી અતિદાહ=અતિત્રાસ ઉત્પન્ન થાય છે. **તાત્પર્ય :-** પ્રતિમાલોપકોએ **રાજપ્રશ્નીય ઉપાંગના** સૂર્યાભદેવઅંગેના અક્ષરો સાંભળ્યા કે વાંચ્યા નથી. જો સાંભળ્યા કે વાંચ્યા હોત, તો આ પ્રમાણે પ્રતિમાને અપ્રમાણભૂત ઠેરવવાની ચેષ્ટા ન કરત. કદાચ તેઓએ આ અક્ષરો વાંચ્યા હશે, પરંતુ ગુર્વાદિના વિનયાદિવિધિપૂર્વક વાંચ્યા નહિ હોય. તેથી તેઓને આ અક્ષરોના તાત્પર્યનો બોધ થયો નથી. તેથી તેઓ વાસ્તવમાં નિરક્ષર જ છે. બારાખડીના જ્ઞાનમાત્રથી કંઇ વાક્યોના તાત્પર્યનું જ્ઞાન થઇ ન શકે ! તેથી જ તેઓ પોતાની કપોળકલ્પિત કલ્પનાથી વિરુદ્ધનું સાંભળીને જાણે કે કાનમાં ભારે દાહ ઉત્પન્ન થયો હોય તેમ એકદમ ભડકી ઉઠે છે. કર્ણકુહર=કાનરૂપી ગુફા. આવો પ્રયોગ કરવામાં કવિનો કહેવાનો આશય એવો છે કે, આ પ્રતિમાલોપકોના કાન સમ્યક્શાસ્ત્રના શ્રવણથી વંચિત હોવાથી અસંસ્કૃત છે. 'તપ્તત્રપુત્વં યાતિ'=ધગધગતા સીસા જેવા થાય છે. અર્થાત્ **રાજપ્રશ્નીય ઉપાંગના** અક્ષરો કુમતિવાળા પ્રતિમાલોપકોના પોતાના જ દોષને કારણે કાનમાં રેડેલા ધગધગતા સીસાની જેમ દાહ ઉત્પન્ન કરે છે. કહ્યું છે કે *'ગુરુના નિર્મળ વચનો પણ અભવ્ય(=અયોગ્ય) શિષ્યના કાનમાં શૂળ પેદા કરે છે.'* (કાદંબરી) અહીં 'તપ્તત્રપુત્વં યાતિ'માં **નિદર્શના અલંકાર છે.** *'વાક્યાર્થો કે પદાર્થો વચ્ચે અઘટમાન સંબંધની જેમાં ઉપમાથી પરિકલ્પના કરાય તે **નિદર્શના અલંકાર**'* એમ **કાવ્યપ્રકાશમાં મમ્મટે** કહ્યું છે. બીજાઓ અહીં નિદર્શનાને બદલે અસંબંધમાં સંબંધની કલ્પનારૂપ **અતિશયોક્તિ અલંકાર** સ્વીકારે છે.

## સૂર્યાભદેવદ્વારા પ્રતિમાપૂજન

આ સંબંધમાં **રાજપ્રશ્નીય ઉપાંગમાં** દર્શાવેલો સૂર્યાભદેવનો અધિકાર ઉદ્ધૃત કરી અહીં રજુ કર્યો છે →

*'તે વખતે હમણાં જ ઉત્પન્ન થયેલા તથા (૧) આહાર (૨) શરીર (૩) ઇન્દ્રિય (૪) શ્વાસોચ્છ્વાસ અને (૫) ભાષા-મનઃપર્યાપ્તિ આ પાંચ પ્રકારની પર્યાપ્તિથી પર્યાપ્ત થયેલા* (ભાષાપર્યાપ્તિ અને મનઃપર્યાપ્તિના સમાપ્તિકાલનું અંતર અલ્પ છે. તેથી આ બન્ને પર્યાપ્તિની એક તરીકે વિવક્ષા કરી છે. - ટીકાકાર) *સૂર્યાભદેવના મનમાં આવા પ્રકારનો અભ્યર્થિત, ચિંતિત અને પ્રાર્થિત શુભ સંકલ્પ જાગે છે. 'મારે પહેલા શું કરવું જોઇએ અને પછી શું કરવું જોઇએ ? તથા મારામાટે*

---

① 'ઘટ' વગેરે પદથી કંબુગ્રીવાદિમાન પદાર્થ (ઘટપદાર્થ) વગેરેનું જ્ઞાન થવામાં કારણતરીકે માન્ય બનેલો પદનિષ્ઠ સંબંધવિશેષ 'શક્તિ' કહેવાય છે.

*किं मे पच्छा सेयं ? किं मे पुव्विंपि पच्छावि हियाए, सुहाए, खमाए, णिस्सेसाए, आणुगामियत्ताए, भविस्सइ ?* [राजप्रश्नीय सू० १३२] *तए णं तस्स सूरियाभस्स देवस्स सामाणियपरिसोववन्नगा देवा सूरियाभस्स देवस्स इमेयारूवमब्भत्थियं जाव समुप्पन्नं समभिजाणित्ता, जेणेव सूरियाभे देवे तेणेव उवागच्छंति, उवागच्छित्ता सूरियाभं देवं करयलपरिग्गहियं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु जएणं विजएणं वद्धाविंति। वद्धावित्ता एवं वयासी- 'एवं खलु देवाणुप्पियाणं सूरियाभे विमाणे सिद्धायतणंसि जिणपडिमाणं जिणुस्सेहपमाणमित्ताणं अट्ठसयं संनिक्खित्तं चिट्ठइ, सभाए णं सुहम्माए माणवए चेइयखंभे वइरामएसु गोलवट्टसमुग्गएसु बहुओ जिणसकहाओ संनिक्खित्ताओ चिट्ठंति। ताओ णं देवाणुप्पियाणं अन्नेसिं च बहूणं वेमाणियाणं देवाण य देवीण य अच्चणिज्जाओ जाव पज्जुवासणिज्जाओ। तं एयं णं देवाणुप्पियाणं पुव्विं करणिज्जं, तं एयं णं देवा० पच्छा करणिज्जं, तं एयं णं देवा० पुव्विं सेय, तं एयं णं देवा० पच्छा सेयं, तं एयं णं देवा० पुव्विंपि पच्छावि हियाए, सुहाए, खमाए, निस्सेसाए, आणुगामियत्ताए भविस्सति'* ॥ [सू० १३३]

*तए णं से सूरियाभे देवे तेसिं सामाणियपरिसोववन्नगाणं देवाणं अंतिए एयमट्ठं सोच्चा निसम्म हट्ठतुट्ठ जाव हिअए, सयणिज्जाओ अब्भुट्ठेइ, २ त्ता उववायसभाओ पुरच्छिमिल्लेणं दारेणं निग्गच्छइ, जेणे व हरए तेणे व उवागच्छति, उवागच्छित्ता हरयं अणुपयाहिणी करेमाणे २ पुरच्छिमिल्लेणं तोरणेणं अणुपविसइ २ त्ता पुरच्छिमिल्लेणं तिसोवाणपडिरूवएणं पच्चोरुहइ २ जलावगाहं करेइ २ जलमज्जणं करेइ २ जलकिड्डं करेइ २ जलाभिसेयं करेइ २ त्ता आयंते चोक्खे परमसुईभूए हरयाओ पच्चुत्तरइ २ जेणेव अभिसेयसभा तेणेव उवागच्छति २ अभिसेयसभं अणुप्पयाहिणी करेमाणे पुरच्छिमिल्लेणं दारेणं अणुप्पविसइ २ जेणेव सीहासणे तेणेव उवागच्छइ २ सीहासणवरगए पुरत्थाभिमुहे सन्निसन्ने।* [सू०१३४] *तए णं तस्स सूरियाभस्स देवस्स सामाणियपरिसोववन्नगा देवा आभिओगीए*

---

*શું પહેલા અને પછી શ્રેયસ્કર, હિતકર(=પરિણામે સુંદર), સુખકર, સંગત, એકાંતે કલ્યાણકારી અને પરંપરાએ સુખકર છે ?' તે વખતે સૂર્યાભદેવના સામાનિક(=સમાનઋદ્ધિવાળા)દેવોએ સૂર્યાભના મનની શુભવિચારણાનું જ્ઞાન કર્યું. પછી તે સામાનિક દેવોએ તરત ત્યાં આવી 'જય' વગેરે મંગળ શબ્દોથી સૂર્યાભદેવનું અભિવાદન કર્યું. તથા અંજલિ જોડી મસ્તક નમાવી કહ્યું કે 'હે દેવાનુપ્રિય ! આ સૂર્યાભ વિમાનમાં જિનચૈત્યમાં જિનેશ્વરની ઊંચાઇ જેટલી જ ઊંચાઇ ધરાવતી (૫૦૦ ધનુષ્ય - ટીકાકાર) એકસો આઠ જિનપ્રતિમાઓ રહી છે. તથા સુધર્માસભામાં માણવકચૈત્યમાં રહેલા વજ્રમય ગોળ દાબડાઓમાં નિર્વાણ પામેલા જિનોના હાડકાઓ રહ્યા છે. આ બન્ને(=પ્રતિમા અને હાડકા) અહીંના બીજા પણ વૈમાનિક દેવ-દેવીઓને પૂજનીય યાવત્ ઉપાસનીય છે. તેથી આપને પણ આ જિનપ્રતિમાઓનું તથા જિનહાડકાઓનું પૂજનવગેરે જ પહેલા અને પછી કરણીય છે. શ્રેયસ્કર છે યાવત્ પરંપરાએ સુખકર છે.' સૂર્યાભદેવ સામાનિકદેવોના આ વચન સાંભળી ખુશ થયા. તથા પોતાના પલંગપરથી નીચે ઉતરી ઉપપાતસભાના(=ઉત્પત્તિસ્થાનના) પૂર્વદ્વારમાંથી નીકળી તળાવપાસે આવ્યા. સૂર્યાભે ત્યાં વાવડીની ચારે બાજુ ફરતા ફરતા પૂર્વના તોરણથી(=વાવમાં જવાના માર્ગથી) વાવમાં પ્રવેશ કર્યો. પછી વાવનાં ત્રણ પગથિયા ઉતરી પાણીમાં અવગાહન કર્યું, ડૂબકી લગાવી, ક્રીડા કરી, જળ અભિષેકરૂપ જળસ્નાન કર્યું. સ્નાનથી અત્યંત પવિત્ર અને શુદ્ધ થયેલા સૂર્યાભદેવ પૂર્વના દ્વારથી અભિષેકસભામાં ગયા, ત્યાં રહેલા સિંહાસનપર પૂર્વાભિમુખ બેસ્યા. ત્યારે સૂર્યાભદેવના સામાનિકપર્ષદામાં ઉત્પન્ન થયેલા (સામાનિક) દેવોએ આભિયોગિક દેવોને બોલાવી કહ્યું - હે દેવાનુપ્રિયો! સૂર્યાભદેવના મહાર્થ(=મોટા પ્રયોજનવાળા) મહાર્ઘ્ય(=અત્યંત મૂલ્યવાન) મહાર્હ(=મહાપુરુષ યોગ્ય) વિપુલ*

*देवे सद्दावेइ २ एवं वयासी-खिप्पामेव भो ! देवाणुप्पिया ! सूरियाभस्स देवस्स महत्थं, महग्घं, महरिहं विउलं इंदाभिसेयं उवट्ठवेह अभिसेओ जाव।* [सू०१३५-१३६] *तए णं से सूरियाभे देवे महया २ इंदाभिसेएणं अभिसित्ते समाणे अभिसेयसभाओ पुरच्छिमिल्लेणं दारेणं निग्गच्छइ २ जेणेव अलंकारियसभा तेणेय उवागच्छइ २ अलंकारियसभं पुरच्छिमिल्लेणं दारेणं अणुपविसइ २ जेणेव सीहासणे जाव सन्निसन्ने।* [सू० १३७]

*तए णं से जाव अलंकारियसभाओ पुरच्छिमिल्लेणं दारेणं पडिणिक्खमइ, २ त्ता जेणेव ववसायसभा तेणेव उवागच्छति जाव सीहासनवरगए जाव सन्निसन्ने। तए णं तस्स सूरियाभस्स देवस्स सामाणिय० देवा पोत्थयरयणं उवणेंति, तए णं से सूरियाभे देवे पोत्थय० गेण्हइ, २ पोत्थय० मुयइ, २ पोत्थय० विहाडेइ, २ पोत्थय० वाएइ, २ धम्मियं ववसायं ववसइ-धर्मानुगतं व्यवसायं व्यवस्यति=चिकीर्षतीत्यर्थः, २ पोत्थय० पडिणिक्खमइ, २ सीहासणाओ अब्भुट्ठेइ, २ ववसायसभाओ पुरच्छिमिल्लेणं दारेणं पडिणिक्खमइ, २ त्ता जेणेव नंदा पुक्खरिणी तेणेव उवागच्छइ, २ णंदापुक्खरिणिं पुरच्छि० तोरणेणं तिसोवाण० पच्चोरुहइ, २ हत्थपादं पक्खालेति, २ आयंते चोक्खे परमसुइभूए एगं महं सेयं रययामयं विमलं सलिलपुण्णं मत्तगयमुहागितिकुंभसमाणं भिंगारं पगेण्हति, २ जाइं तत्थ उप्पलाइं जाव सतसहस्सपत्ताइं ताइं गेण्हति, २ णंदा० तो पच्चोरुहति, २ जेणेव सिद्धायतणे तेणेव पहारेत्थ गमणाए॥* [सू० १३८]

*तए णं तं सूरियाभं देवं चत्तारिसामाणियसाहस्सीओ जाव सोलसआयरक्खदेवसाहस्सीओ, अन्ने य बहवे सूरियाभं जाव देवीओ य अप्पेगइया उप्पलहत्थगया जाव सयसहस्सपत्तहत्थगया, सूरियाभं देवं पिट्ठतो २ समणुगच्छंति। तए णं तं सूरियाभं देवं बहवे आभिओगिया देवा य देवीओ य अप्पेगइया कलसहत्थगया, जाव अप्पेगइया धूवकडुच्छुयहत्थगया हट्ठतुट्ठ जाव सूरियाभं देवं पिट्ठतो समणुगच्छंति। तए णं से सूरियाभे देवे चउहिं सामाणियसाहस्सीहिं जाव अन्नेहिं य बहूहिं य सूरियाभं देवं जाव बहूहिं देवेहिं य देवीहिं य सद्धिं संपरिवुडे*

---

ઇન્દ્રાભિષેકની તૈયારી કરો. આભિયોગિક દેવોએ એ મુજબ કર્યું. પછી સામાનિકદેવો વગેરેએ ત્યાં સૂર્યાભદેવનો મોટા આડંબરથી ઐન્દ્ર અભિષેક કર્યો. પછી સૂર્યાભદેવે ત્યાંથી પૂર્વના દ્વારથી નીકળી અલંકારસભામાં પૂર્વના દ્વારથી જઇ ત્યાં ઉપરમુજબ સિંહાસનપર બેસી અલંકાર ધારણ કર્યા. તે પછી સૂર્યાભદેવ અલંકાર સભામાંથી પૂર્વના દ્વારથી નીકળી પૂર્વના દ્વારથી વ્યવસાયસભામાં ગયા. ત્યાં પણ પૂર્વોક્ત મુજબ સિંહાસનપર બેઠા અને સામાનિક દેવોએ આપેલા પુસ્તકરત્નને ઉઘાડી, વાંચી ધર્મ કરવાની ઇચ્છાવાળા થયા. પછી સૂર્યાભદેવ તે પુસ્તક સામાનિકોને સોંપી ત્યાંથી પૂર્વના દ્વારે નીકળે છે અને નંદાપુષ્કરિણી(કમળોથી ભરેલાં તળાવ) પાસે જાય છે. ત્યાં હાથ-પગ ધોઇ અત્યંત પવિત્ર અને સ્વચ્છ થઇ મત્તહાથીના મુખની આકૃતિથી યુક્ત કુંભ જેવા કળશ ગ્રહણ કરે છે. તથા લક્ષાધિક પાંખડીવાળા કમળવગેરે ગ્રહણ કરી ચૈત્યાલય તરફ જાય છે. તે વખતે તેના ૪ હજાર સામાનિક દેવો, ૧૬ હજાર આત્મરક્ષક દેવો તથા બીજા આભિયોગિક(=નોકર)દેવો વગેરે દેવદેવીઓ પણ ધૂપદાણી વગેરે પૂજાના સાધનો લઇ સૂર્યાભદેવને અનુસરે છે. આમ સર્વઋદ્ધિ અને પરિવારસહિત શાંતિ જાળવતા સૂર્યાભદેવ સિદ્ધાયતન=દેરાસરમાં પૂર્વના દ્વારથી પ્રવેશે છે. તથા દેવછંદા(=બેઠકવિશેષ) પર રહેલી જિનપ્રતિમાઓપાસે આવે છે અને દર્શન થવામાત્રથી નમસ્કાર કરે છે. પછી સૂર્યાભદેવ પ્રતિમાઓને મોરપીંછીથી પૂંજે છે. પછી સુગંધી જળથી પ્રતિમાઓને સ્નાન કરાવે છે. પછી સૂર્યાભદેવ પ્રતિમાઓના અંગને કિંમતી અંગલુહણાથી લૂછી તેનાપર ચંદનનો લેપ કરે છે અને પ્રતિમાઓપર કિંમતી દેવદૂષ્ય મૂકે છે. પછી સૂર્યાભદેવ પ્રતિમાપર પુષ્પ, માળા, વાસક્ષેપ, વસ્ત્ર, આભરણ વગેરે ચડાવે છે. પછી

*सव्विड्ढीए जाव णातियरवेणं जेणेव सिद्धायतणे तेणेव उवागच्छति २ सिद्धायतणं पुरच्छिमदारेणं अणुपविसति २ जेणेव देवच्छंदए, जेणेव जिणपडिमाओ तेणेव उवागच्छइ २ जिणपडिमाणं आलोए पणामं करेति २ लोमहत्थगं गिण्हइ २ जिणपडिमाणं लोमहत्थएणं पमज्जइ २ जिणपडिमाओ सुरभिणा गंधोदएणं ण्हाणेइ २ सुरभिगंधकासाइए णं गायाइं लूहेति २ सरसेणं गोसीसचंदणेणं गायाइं अणुलिंपइ २ जिणपडिमाणं अंगाइं देवदूसजूअलाइं णियंसइ २ पुप्फारुहणं, मल्लारुहणं, गंधारुहणं, चुन्नारुहणं, वत्थारुहणं, आभरणारुहणं करेइ २ आसत्तोसत्तविउलवट्टवग्घारि-अमल्लदामकलावं करेइ २ करग्गहगहिअकरयलपब्भट्ठविप्पमुक्केणं दसद्धवन्नेणं कुसुमेणं मुक्कपुप्फपुंजोवयारकलियं करेति २ जिणपडिमाण पुरतो अच्छेहिं सण्हेहिं सेएहिं रययामएहिं अच्छरसातंदुलेहिं अट्ठट्ठमंगले आलिहइ तं जहा-सोत्थिय जाव दप्पणं। अच्छरसातंदुलेहिं=दिव्यतंदुलैरित्यर्थः, अच्छो रसो येषु येभ्योऽच्छरसा वेति व्युत्पत्तिः। तयाणंतरं च णं चंदप्पभरयणवइरवेरुलियविमलदंडकंचणमणिरयणभत्तिचित्तं, कालागुरुपवरकुंदुरुक्क-तुरुक्कधूवमघमघंतगंधुत्तमाणुविद्धं च धूववट्टिं विणिम्मुयंतं कालागुरुप्रवरकुंदुरुक्कतुरुक्कसत्केन धूपेनोत्तमगन्धेनानु-विद्धं धूपवर्त्तिं विनिमुञ्चन्तमित्यर्थः। पदव्यत्यय आर्षः। वेरुलियमयं कडुच्छुयं पग्गहिय पयत्तेणं धूवं दाऊण जिणवराणं अट्ठसयविसुद्धगंथजुत्तेहिं-अष्टशतप्रमाणनिर्दोषशब्दरचनायुक्तैरित्यर्थः, अत्थजुत्तेहिं अपुणरुत्तेहिं महावित्तेहिं संथुणइ २ देवलब्धिप्रभाव एषः। सत्तट्ठ पयाइं पच्चोसक्कइ २ वामं जाणुं अंचेइ २ त्ता दाहिणं जाणुं धरणितलंसि णिहट्टु तिक्खुत्तो मुद्धाणं धरणितलंसि निवाडेइ २ त्ता ईसिं पच्चुण्णमइ २ करयलपरिग्गहियं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु एवं वयासी-णमोत्थु णं अरहंताणं जाव संपत्ताणं, वंदइ नमंसइ=वन्दते ताः प्रतिमाश्चैत्यवन्दन-विधिना प्रसिद्धेन, नमस्करोति-पश्चात् प्रणिधानादियोगेनेत्येके। अन्येत्वभिदधति-विरतिमतामेव प्रसिद्ध-चैत्यवन्दनविधिरन्येषां तथाभ्युपगमपुरस्सरकायव्युत्सर्गासिद्धेरिति, वन्दते-सामान्येन, नमस्करोत्याशयवृद्धेरभ्यु-*

---

*પ્રતિમાઓને પુષ્પમાળાઓના સમુદાયથી ચારે બાજુ શણગારે છે અને આજુબાજુ પણ પાંચવર્ણના પુષ્પ ઢગલાઓ સ્થાપે છે. પછી સૂર્યાભદેવ સ્ફટિક જેવા નિર્મળ દિવ્યચોખાથી(અચ્છરસતંદૂલ-અચ્છરસ=જેમાં નિર્મળરસ છે, અથવા જેમાંથી નિર્મળરસ નીકળે છે તેવા તંદૂલ=ચોખા) સ્વસ્તિકથી માંડી દર્પણ સુધીના આઠ મંગલ પ્રતિમાની સામે આલેખે છે. પછી ચંદ્રપ્રભ અને વજ્ર વૈડૂર્યરત્નમય સોનાની અને વિચિત્ર રચનાવાળી તથા કાલાગુરુવગેરેના સુગંધીમય ધુમાડાવાળી ધુપદાણીથી ધુપપૂજા કરે છે. કાલાગુરુપ્રવરકુંદુરુક્કવગેરેમાં રહેલા અને ઉત્તમ ગંધથી યુક્ત ધુમાડાને મુકતા એવો અર્થ છે. આર્ષપ્રયોગ હોવાથી પદવ્યત્યય થયો છે. તે પછી નિર્દોષ રચનાવાળી અપુનરુક્ત(=એકની એક સ્તુતિ ફરીથી ન આવે તે પ્રમાણે) મહાવૃત્તોથી(=છંદોથી) યુક્ત એવી એકસો આઠ સ્તુતિઓથી ભગવાનની સ્તવના કરે છે. (આવી સ્તુતિઓ રચવાનો તેનો ક્ષયોપશમ દેવલબ્ધિના પ્રભાવથી છે.) એ પછી સાત-આઠ પગલા પાછા હઠી ડાબા પગને ઊંચો કરી અને જમણા પગને જમીનપર સ્થાપી ત્રણ વખત મસ્તકને જમીનપર અડાડે છે. તે પછી સૂર્યાભદેવ બે હાથ જોડી શીર્ષાવર્ત કરી નમુત્થુણં=શક્રસ્તવ બોલે છે. ત્યારબાદ વંદન અને નમસ્કાર કરે છે. અહીં કેટલાક વંદન અને નમસ્કારનો અર્થ એવો કરે છે કે, પ્રસિદ્ધ ચૈત્યવંદનવિધિથી પ્રતિમાને વંદન કરે છે અને પછી પ્રણિધાનવગેરે યોગોથી નમસ્કાર કરે છે. બીજાઓના મતે પ્રસિદ્ધ ચૈત્યવંદનવિધિ માત્ર વિરતિધરોને જ હોય છે ('વિરતિધર' પદ સામાન્યવાચી છે. તેથી તેનાથી સર્વવિરતિધર અને દેશવિરતિધર બન્નેનો સમાવેશ થાય છે.) કારણ કે બીજાઓને(=અવિરતસમ્યગ્દષ્ટિવગેરેને) તેવા પ્રકારના પ્રણિધાનપૂર્વકનો કાયોત્સર્ગ સંભવતો નથી. તેથી અવિરતિધર દેવને પૂર્વોક્ત વંદન-નમસ્કાર સંભવતા નથી. માટે અહીં વંદન=સામાન્યનમસ્કાર અને તે પછી*

त्थाननमस्कारेणेति। तत्त्वमत्र भगवन्तः परमर्षयः केवलिनो विदन्तीति वृत्तौ। जेणेय सिद्धायतणस्स बहुमज्झदेसभाए तेणेव उवागच्छइ, २ त्ता लोमहत्थगं परामुसइ, २ सिद्धा० बहुमज्झदेसभागं लोमहत्थेणं पमज्जति, दिव्वाए दगधाराए अब्भुक्खेइ, सरसेणं गोसीसचंदणेणं पंचंगुलितलं मंडलगं आलिहइ, २ करग्गहगहियं जाय पुंजोवयार-कलियं करेइ, २ धूवं दलइ, २ जेणेव सिद्धायतनस्स दाहिणिल्ले दारे तेणेव उवागच्छइ, २ लोमहत्थगं परामुसइ, २ दारचेडीओ सालभंजियाओ वालरुवए अ लोमहत्थएणं पमज्जइ, दिव्वाए दगधाराए अब्भुक्खेइ, सरसेणं गोसीसचंदणेणं चच्चए दलइ, २ पुप्फारुहणं जाव मल्लारुहणं करेइ, आसत्तोसत्तजाव धूवं दलइ २ जेणेव दाहिणिल्ले दारे मुहमंडवे जेणेव दाहिणिल्लिस्स मुहमंडवस्स बहुमज्झदेसभाए तेणेव उवागच्छइ २ लोमहत्थगं परामुसइ २ बहुमज्झदेसभागं लोमहत्थेणं पमज्जइ २ त्ता दिव्वाए दगधाराए अब्भुक्खेइ, सरसेणं गोसीसचंदणेणं पंचंगुलितलं मंडलगं आलिहित्ता करग्गहगहियं जाव धूवं दलइ जेणेव दाहिणिल्लस्स मुहमंडवस्स पच्चत्थिमिल्ले दारे तेणेव उवागच्छइ, २ लोम० परामुसइ, २ त्ता दारचेडीओ य सालभंजियाओ अ वालरुवए य लोमहत्थेण पमज्जइ, २ त्ता दिव्वाए दगधाराए० सरसेणं गोसीसचंदणेणं० पुप्फारुहणं जाव आभरणारुहणं करेइ, २ आसत्तोसत्त० करग्गह० धूवं दलइ, २ त्ता जेणेव दाहि० मुह० स्स उत्तरिल्ला खंभपंती तेणेव उवागच्छइ, २ लोम० परामुसइ, २ थंभे थंभे सालभंजियाओ य वाल० लोमहत्थएणं पम०, २ तं चेव जहा पच्छिमिल्लस्स दारस्स जाव धूवं दलइ, २ जेणेव दाहिणिल्लस्स मुह० स्स पुरत्थि० दारे तेणेव उवागच्छइ, २ लोम० परा०, २ दारचेडीओ च तं चेव सव्वं, जेणेव दाहि० मुह० स्स दाहिणिल्ले दारे तेणेव उवा०, २ दारचेडीओ य तं चेव सव्वं जेणेव दाहिणिल्ले पेच्छाघरमंडवे जेणेव दाहिणिल्लस्स पेच्छा० स्स बहुमज्झ० जेणेव वइरामए अक्खडए जेणेव मणिपेढिया जेणेव सीहासणे तेणेव उवा० लोम० परा०, २ अक्खाडगं च मणिपेढियं च सीहासणं च लोमहत्थएणं पमज्जइ, २ दिव्वाए दगधाराए०

---

**વંદનથી શુભપરિણામની વૃદ્ધિ થવાથી અભ્યુત્થાન કરવું તે નમસ્કારરૂપ છે.** (કાઉસગ્ગમાં મન વચન અને કાયાની બીજી બધી ચેષ્ટાઓની નિયમપૂર્વકની વિરતિ હોય છે. સર્વથા અવિરત જીવોને આટલી વિરતિ પણ સંભવે નહિ. તેથી અવિરતોને કાઉસગ્ગનો અસંભવ કહ્યો હોય તેમ લાગે છે. આ બાબતમાં તત્ત્વ કેવલીગમ્ય છે – તેમ આ સૂત્રની **ટીકામાં** દર્શાવ્યું છે.) તે પછી સૂર્યાભદેવ સિદ્ધાયતનના મધ્યભાગમાં આવે છે. તે ભાગને મોરપીંછીથી પૂંજે છે. દિવ્યજળથી શુદ્ધ કરે છે. સરસચંદનના લેપથી પાંચ આંગળાનો છાપો પાડે છે અને પુષ્પના ઢગ મુકવાવગેરે ક્રિયા કરે છે. તે પછી ચૈત્યના દક્ષિણદ્વારપર બારસાખ અને તેનાપર આલેખેલી પૂતળીઓને મોરપીંછીથી પૂંજવા વગેરેની ક્રિયા પૂર્વવત્ કરે છે. પછી દક્ષિણદ્વારપાસે આવેલા મુખમંડપના મધ્યભાગની પાસે આવી તેની, એ મુખમંડપના પશ્ચિમના દ્વારની, તેમાં ઉત્તરદિશામાં રહેલા થાંભલાઓની શ્રેણિની (જે દિશામાં દ્વાર હોય તેની સામેની દિશામાં થાંભલા હોય છે.) તેના પૂર્વના અને દક્ષિણના દ્વારની, આટલાની પૂજાવગેરે ક્રમશઃ પૂર્વવત્ ક્રિયાઓ કરે છે. તે પછી મુખમંડપના દક્ષિણદ્વારથી નીકળી પ્રેક્ષાગૃહમંડપમાં આવે છે. ત્યાં (૧) મધ્યભાગમાં રહેલા ચોપાટની (૨) મણિમયપીઠિકાની (૩) તેનાપર રહેલા સિંહાસનની તથા (૪) તે મંડપના પશ્ચિમ, (૫) ઉત્તર, (૬) પૂર્વના દ્વારની અને (૭) દક્ષિણ દ્વારની, આટલાની ક્રમશઃ પૂર્વોક્ત ક્રિયા કરે છે. તે પછી દક્ષિણ દ્વારથી નીકળી બહાર રહેલા ચૈત્યસ્તંભ અને મણિમય પીઠિકાની પૂજા વગેરે કરે છે. પછી પશ્ચિમ દિશામાં રહેલી મણિપીઠિકાપર બિરાજતી જિનપ્રતિમાને દર્શનમાત્રથી પ્રણામ કરે છે અને પૂર્વે પ્રતિમાના પૂંજવાવગેરેની બતાવેલી વિધિ મુજબ પૂંજવાવગેરેની ક્રિયા કરે છે અને પૂર્વવત્ એકસો આઠ સ્તુતિ, શક્રસ્તવવગેરે કરીને વંદન–નમસ્કાર કરે છે. પછી આ જ ક્રમે ઉત્તર, પૂર્વ અને દક્ષિણમાં રહેલી પ્રતિમાઓની અર્ચના વગેરે કરે છે.

*सरसेणं गोसीसचंदणेणं० पुप्फारूहणं० आसत्तोसत्त० जाव धूवं दलेइ, २ जेणेव दाहिणि० पेच्छा० स्स पच्चत्थिमिल्ले दारे० उत्तरिल्ले दारे० पुरत्थिमिल्ले दारे० दाहिणे दारे० तं चेव, जेणेव दाहिणिल्ले चेइयथूभे तेणेव उवा०, २ थंभं च मणिपेढियं च० दिव्वाए दगधाराए, जाव धूवं दलेइ, २ जेणेव पच्चत्थिमिल्ला मणिपेढिया जेणेव पच्चत्थि० जिणपडिमाणं पणामं करेइ जहा जिणपडिमाणं तहेव जाव णमंसित्ता जेणेव उत्तरिल्ला जिण० तं चेव सव्वं, जेणेव पुरत्थिमिल्ला मणिपेढिया० जेणेव पुरत्थि० जिण० तं चेव दाहिणिल्ला मणिपेढिया० दाहिणिल्ला जिण० तं चेव। जेणेव दाहिणिल्ले चेइअरुक्खे तेणेव उवा०, २ तं चेव, जेणेव दाहिणिल्ले महिंदज्झए तेणेव उवा० तं चेव, जेणेव दाहिणिल्ला णंदा पुक्खरिणी तेणेव० उवा०, २ लोम० परा०, २ तोरणे य तिसोवाणपडिरूवए सालभंजियाओ य वालरूवए य लोमहत्थएणं पमज्जइ जाव धूवं दलेइ। सिद्धायतनं अणुप्पवाहिणी करेमाणे जेणेव उत्तरिल्ला० णंदा० तेणेव उवा० तं चेव सव्वं, जेणेव उत्तरिल्ले चेइयरुक्खे तं चेव, जेणेव उत्तरिल्ले चेइयथूभे तं चेव, जेणेव पच्चत्थिमिल्ला पेढिया, जेणेव जिणपडिमा तं चेव, उत्तरिल्ले पेच्छाघरमंडवे तेणेव उवा०, २ त्ता जा चेव दाहिणिल्लवत्तव्वया सा चेव सव्वा पुरत्थिमिल्ले दारे, दाहिणिल्ला खंभपंती तं चेव सव्वं, जेणेव उत्तरिल्ले मुहमंडवे तं चेव सव्वं, पच्चत्थिमिल्ले दारे तेणेव० उत्तरिल्ले दारे दाहिणिल्ला खंभपंती सेसं तं चेव, जेणेव सिद्धायतनस्स उत्तरिल्ले दारे तं चेव, जेणेव सिद्धायतनस्स पुरत्थिमिल्ले दारे तेणेव तं चेव सव्वं, जेणेव पुरत्थि० मुहमंडवे पुरत्थिमिल्लस्स मुहमंडवस्स बहु मज्झदेसभाए तं चेव, दाहिणिल्ले दारे पच्चत्थिमिल्ला खंभपंती उत्तरिल्ले दारे तं चेव, पुरत्थिमिल्ले दारे तं चेव, जेणेव पुरत्थि० पेच्छाघरमंडवे, एवं थूभजिणपडिमाओ चेइयरुक्खा, महिंदज्झया, तं चेव जाव धूवं दलइ । जेणेव सभा सुहम्मा तेणेव उवा०, २ सभं सुहम्मं पुरच्छि० दारेणं अणुपविसइ जेणेव माणवए चेइयखंभे जेणेव वइरामया गोलवट्टसमुग्गे तेणेव उवा०, २ लोम० परामुसइ, २ वइरामए गोलवट्टसमुग्गए लोम० हत्थएणं पमज्जइ, वइ०*

---

*પછી દક્ષિણદ્વારથી નીકળી દક્ષિણ દિશાના ચૈત્યવૃક્ષ અને મહેન્દ્રધ્વજની દ્વારની જેમ અર્ચના વગેરે કરી નંદા પુષ્કરિણી, તોરણ, ત્રણ પગથિયા, ત્યાં આલેખેલી પૂતળી વગેરેને પૂંજવાવગેરે ક્રિયા પૂર્વવત્ કરે છે. પછી તે સૂર્યાભદેવ ચૈત્યાલયની અનુપ્રદક્ષિણા કરી ઉત્તરની નંદા પુષ્કરિણીની પૂર્વવત્ પૂંજવાવગેરે ક્રિયા કરે છે. પછી ક્રમશઃ ઉત્તરના મહેન્દ્રધ્વજ, ચૈત્યવૃક્ષ, ચૈત્યસ્તૂપ વગેરેની પૂર્વવત્ ક્રિયા કરી, પશ્ચિમઆદિ ચાર દિશામાં રહેલા જિનબિંબવગેરેની પૂર્વોક્ત રીતે પૂજા કરી, ઉત્તરના પ્રેક્ષામંડપમાં પ્રવેશે છે. ત્યાં દક્ષિણ પ્રેક્ષામંડપની જેમ સર્વક્રિયા પશ્ચિમના દ્વારને આરંભીને કરે છે. પછી ચૈત્યાલયમાં ઉત્તરના દ્વારથી પ્રવેશ કરી પૂજા વગેરે પૂર્વવત્ કરે છે. પછી તે સૂર્યાભદેવ પૂર્વના પ્રેક્ષામંડપમાં અને તે પછી ચૈત્યસ્તૂપ, જિનપ્રતિમા, ચૈત્યવૃક્ષ, મહેન્દ્રધ્વજ, નંદાપુષ્કરિણીવગેરેની પૂર્વવત્ ક્રિયાઓ કરે છે. ત્યારબાદ સૂર્યાભદેવ સુધર્માસભામાં પૂર્વના દ્વારથી પ્રવેશે છે અને મણિપીઠિકાપર રહેલી જિનપ્રતિમાને પ્રણામ કરી માણવકચૈત્યસ્તંભપર રહેલા વજ્રમયગોળાકાર દાબડા લઇ, ઉઘાડી તેની પૂંજવા વગેરે ક્રિયા પૂર્વવત્ કરી ફરીથી મૂકી દે છે. પછી તે સૂર્યાભ દાબડા અને ચૈત્યસ્તંભની પણ પૂર્વોક્ત ક્રિયા કરી મણિપીઠિકા અને સિંહાસનની પણ પૂર્વોક્ત ક્રિયા કરે છે. પછી પીઠિકાની, દેવશય્યાની અને તે પછી નાના મહેન્દ્રધ્વજની પૂર્વોક્ત દ્વાર મુજબ ક્રિયા કરી 'ચોપ્પાલ' નામના શસ્ત્રભંડારમાં રહેલા 'પરિઘ' વગેરે શસ્ત્રોની તથા સુધર્માસભાના મધ્યભાગની પૂર્વોક્ત ક્રિયા કરી દક્ષિણદ્વારઅંગે પણ પૂર્વવત્ ક્રિયા કરી ત્યાંથી નીકળી સિદ્ધાયતન(=ચૈત્ય)ના દક્ષિણદ્વારથી નીકળ્યા બાદ કરેલી તમામ ક્રિયાઓ કરે છે. પછી તે સૂર્યાભદેવ ત્યાંથી ઉપપાતસભામાં પૂર્વના દ્વારથી પ્રવેશે છે. ત્યાં સૂર્યાભદેવ મણિપીઠિકા, દેવશય્યા તથા મધ્યભાગની પૂર્વોક્ત ક્રિયા કરી દક્ષિણ દ્વારથી માંડી સર્વ ક્રિયા ચૈત્યાલયની જેમ કરે છે. પછી તળાવના તોરણ*

*गोल० विहाडेइ, २ जिणसकहाओ लोमत्थएणं पमज्जइ, सुरहिणा गंधोदएणं पक्खालेइ, अग्गेहिं वरेहिं गंधेहिं अच्चेइ, धूवं दलेइ, २ जिणसकहाओ वइरामएसु गोलवट्टसमुग्गएसु पडिणिक्खमइ, माणवगं चेइयखंभं लोमहत्थएणं पमज्जइ, दिव्वाए दगधाराए जाव धूवं दलेइ, २ जेणेव सीहासणे तं चेव, जेणेव खुड्डागमहिंदज्झए तं चेव, जेणेव पहरणकोसे चोप्पालए तं चेव, जेणेव बहुमज्झदेसभाए तं चेव, जेणेव मणिपेढिया जेणेव देवसयणिज्जे तं चेव, जेणेव उववायसभा तेणेव उवागच्छइ २ जहा अभिसेयसभा तहेव सव्वं, जाव पुरत्थिमिल्ला णंदा० जेणेव हरए तेणेव० उवागच्छइ, २ त्ता तोरणे य तिसोवाणे य सालभंजियाओ अ वालरूवए य जेणेव अभिसेयसभा तेणेव उवा० सीहासणं च मणिपेढियं च सेसं तहेव आययणसरिसं जाव पुरत्थिमिल्ला णंदा० जेणेव अलंकारियसभा तेणेव० जहा अभिसेयसभा तहेव सव्वं, जेणेव ववसायसभा तेणेव उवा०, २ तहेव लोमहत्थगं परा०, २ पोत्थयरयणं लोमहत्थएणं पम०, २ दिव्वाए दगधाराए० जाव धूवं दलेइ। मणिपेढियं सीहासणं च सेसं तं चेव। पुरच्छिमिल्ला णं णंदा० तं चेव, जेणेव बलिपीढं तेणेव उवा० २ बलिविसज्जणं करेइ इति॥* [सू० १३९] ॥ **११** ॥ **ननु** अत्र प्राक्पश्चाच्च हितार्थिता देवभवापेक्षयैव पर्यवस्यति, तथा चैहिकाभ्युदयमात्रं प्रतिमापूजनादिफलं सूर्याभस्य न मोक्षार्थिनामादरणीयं, देवस्थितेर्देवानामेवाश्रयणीयत्वादित्याशङ्क्य **तन्निराकरणपूर्वं** तादृशशङ्काकारिण-माक्षिपन्नाह–

---

*વગેરેની ક્રિયા કરી પૂર્વદ્વારથી અભિષેકસભામાં આવે છે. ત્યાં પણ ક્રમશઃ મણિપીઠિકા, સિંહાસન, બહુમધ્યભાગ વગેરેની પૂજા આદિ કરી ચૈત્યાલયની જેમ દક્ષિણદ્વારથી માંડી સર્વક્રિયાઓ કરે છે, પછી પૂર્વનંદાપુષ્કરિણીથી અલંકારસભામાં પૂર્વદ્વારથી પ્રવેશી ત્યાં પણ અભિષેકસભાવત્ સર્વ ક્રિયાઓ કરે છે. પછી ત્યાંની પૂર્વનંદાપુષ્કરિણી પાસેથી વ્યવસાયસભામાં પૂર્વદ્વારથી પ્રવેશી પુસ્તકરત્નની પૂજા વગેરે કરી બાકી સર્વક્રિયા પૂર્વવત્ કરે છે. તે પછી ત્યાંની પૂર્વનંદાપુષ્કરિણી આગળથી બલિપીઠ(=બલિના સ્થાને) આવી બલિપીઠનું અર્ચન વગેરે કરી બલિનું વિસર્જન કરે છે. ॥ ૧૧ ॥*

## પ્રાક્પશ્ચાત્ હિતાર્થિતા માત્ર દેવભવ અપેક્ષાએ - પૂર્વપક્ષ

**પૂર્વપક્ષ :-** સૂર્યાભદેવે જિનપ્રતિમાનું પૂજન કર્યું છે તે દર્શાવવા તમે શાસ્ત્રીયપાઠ બતાવ્યો તે તો બહુ સારું કર્યું. પરંતુ સૂર્યાભદેવ આ જિનપ્રતિમાપૂજા પોતાના તે જ દેવભવની અપેક્ષાએ પૂર્વના અને પછીના હિતની કાંક્ષાથી કરે છે. (સૂર્યાભદેવે દેવભવમાં જન્મ પછી તરત જ વિચાર કર્યો કે 'એવું હું શું કરું ? કે જેથી આ દેવભવની શરુઆતના તબક્કાથી માંડી દેવભવના અંતસુધી મારું હિત થાય ?' સ્વાભાવિક છે કે, દરેક વ્યક્તિને સૌ પ્રથમ ચિંતા પોતાના વર્તમાનભવના સુખની અપેક્ષાએ જ થાય, જીવનના આરંભે જ આલોકની ચિંતા છોડી પરલોકની ચિંતા સંભવતી નથી.) માટે 'પ્રાક્પશ્ચાત્ હિતની ઇચ્છા'નું તાત્પર્ય આ ભવના જ આરંભથી માંડી અંતસુધીના સુખની ઇચ્છામાં રહેલું છે. આમ સૂર્યાભદેવ પ્રાક્પશ્ચાત્ સુખની ઇચ્છા માત્ર દેવભવની અપેક્ષાએ જ કરે છે. (તેની ઇચ્છા અને વિચારને જાણીને તેના સામાનિકદેવો તે ઇચ્છાની પૂર્તિના ઉપાયતરીકે અને દેવભવના પ્રથમ આચારતરીકે જિનપ્રતિમાપૂજન સૂચવે છે.) આમ આ જિનપ્રતિમાપૂજન માત્ર દેવોના આલોકના અભ્યુદયમાં કારણભૂત છે. અને માત્ર દેવોનો જ આચાર હોવાથી માત્ર દેવોને જ આશ્રય કરવા યોગ્ય છે. (આ જિનપ્રતિમાપૂજનથી તમે મોક્ષસુખ મેળવવાની ઇચ્છા કરો છો. તમારી આ ઇચ્છા કાચના બદલામાં ચિંતામણિરત્ન પ્રાપ્ત કરવા જેવી છે.) માટે સમજી જાવ કે આ જિનપ્રતિમાપૂજન મોક્ષાર્થી માટે આદરણીય નથી.

પૂર્વપક્ષની આ આશંકા પાયા વિનાની ઠેરવતા અને તેઓપર આક્ષેપ કરતા કવિ કહે છે–

**नात्र प्रेत्यहितार्थितोच्यत इति व्यक्ता जिनार्चा स्थिति-**
**र्देवानां न तु धर्महेतुरिति ये पूत्कुर्वते दुर्द्धियः ।**
**प्राक्पश्चादिव रम्यतां परभवश्रेयोर्थितासङ्गतां,**
**प्राक्पश्चाच्च हितार्थितां श्रुतवतां पश्यन्त्यहो ते न किम् ? ॥ १२ ॥**

(**दंडान्वयः**→ नात्र प्रेत्यहितार्थितोच्यत इति व्यक्ता जिनार्चा देवानां स्थितिः, न तु धर्महेतुरिति ये दुर्द्धियः पूत्कुर्वते, ते श्रुतवतां प्राक्पश्चाद् रम्यतामिव प्राक्पश्चाच्च हितार्थितां परभवश्रेयोर्थितासङ्गतां किं न पश्यन्ति ॥)

'नात्र'इति। न *अत्र*=अधिकृते सूर्याभकृत्ये प्रेत्यहितार्थितोच्यते वन्दनस्थल इव *'एयं मे पेच्चा हिआए'* इत्याद्यवचनात्, *'पच्छा पुरा हिआए'* इति वचनस्य धनकर्षणस्थलेऽप्युक्तत्वादिति। जिनार्चा *व्यक्ता*=प्रकटा, देवानां *स्थितिः*=स्थितिमात्रं, न तु *धर्महेतुः*=धर्मसाधनमिति ये *दुर्द्धियः*=दुष्टबुद्धयः *पूत्कुर्वते*=शिरसि रजः क्षिपन्त इव बाढं प्रलपन्ति, ते श्रुतवतां प्राक्पश्चाद्रम्यतामिव प्राक्पश्चाच्च हितार्थितां परभवश्रेयोर्थितया *सङ्गतां*=सहितां उभयलोकार्थितां परिणतामित्यर्थः, किं न पश्यति ? तथाऽदर्शनं तेषां महाप्रमाद इत्यर्थः।

---

**કાવ્યાર્થ :-** અહીં સૂર્યાભના જિનપ્રતિમાપૂજનકૃત્યમાં પરલોકસંબંધી હિતની ઇચ્છા નથી. તેથી 'જિનપૂજા એ દેવોનો માત્ર આચાર છે, પરંતુ ધર્મ(=પુણ્ય કે નિર્જરા)નું કારણ નથી.' આવો પ્રલાપ કરનારા દુર્બુદ્ધિઓ આ વાત કેમ જોતા નથી કે 'પ્રાજ્ઞપુરુષોની પ્રાક્પશ્ચાત્ હિતની કાંક્ષા પ્રાક્પશ્ચાત્ રમ્યતાની જેમ પરલોકના હિતની કાંક્ષાથી યુક્ત જ હોય.'

## પ્રાજ્ઞોની સર્વત્ર પરલોકદર્શિતા - ઉત્તરપક્ષ

**ઉત્તરપક્ષ :-** તમે એવો અર્થ શી રીતે કર્યો કે સૂર્યાભે માત્ર તે ભવના જ પહેલા અને પછીના હિતની ઇચ્છાથી જિનપ્રતિમાની પૂજા કરી ?

**પૂર્વપક્ષ :-** સૂર્યાભના વિચારો અંગેના અને પ્રતિમાપૂજન અંગેના પાઠમાં ક્યાંય એવા શબ્દો નથી કે 'આ જિનપ્રતિમાપૂજન મારામાટે(સૂર્યાભદેવમાટે) પરલોકમાં હિતકર છે.' તેથી 'સૂર્યાભદેવે જિનપ્રતિમાપૂજન પરલોકના હિતની ઇચ્છાથી કર્યું' તેમ કહી શકાય નહિ. તેથી જ 'તેની આ પ્રવૃત્તિ માત્ર તે ભવના હિતમાટે જ હતી' તેમ કહી શકાય. વળી વંદનના અધિકારમાં *'આ વંદન મને પરલોકમાં હિતકર છે'* ઇત્યાદિ પાઠ મળે છે, જ્યારે અહીં પરલોકના હિતમાટેનો પાઠ નથી. આમ વંદનાધિકારથી આ પાઠમાં આટલી વિષમતા છે. તેથી 'વંદન જો પરલોક હિતકર હોય, તો તેનાથી વિષમ પ્રતિમાપૂજન આલોકમાં જ હિતકર હોય' તેમ સિદ્ધ થાય છે.

**ઉત્તરપક્ષ :- ઉપાંગના** આ પાઠમાં 'પ્રાક્ અને પશ્ચાત્ હિતકર શું છે ?' એવો સૂર્યાભદેવ વિચાર કરે છે. આ વિચારના અનુસંધાનમાં સામાનિક દેવો જિનપ્રતિમાપૂજા દર્શાવે છે. આ વચનથી સિદ્ધ થાય છે કે સૂર્યાભદેવે પરલોકના હિતમાટે જિનપ્રતિમાપૂજન કર્યું. અન્યથા 'પ્રાક્ અને પશ્ચાત્ હિતકર' આદિ શબ્દો નિરર્થક બની જાય.

**પૂર્વપક્ષ :-** 'પ્રાક્ અને પશ્ચાત્ હિતકર' વાક્યથી પરલોકના હિતનો અર્થ લેવો બરાબર નથી. અન્યથા જિનપ્રતિમાપૂજનની જેમ ધનને પણ પરલોકમાં હિતકર માનવાનો પ્રસંગ આવશે, કારણ કે ધનકર્ષણ(=ધન મેળવવા) અંગેના પાઠમાં પણ *'પછી અને પહેલા હિતકર'* ઇત્યાદિ વચન છે.

**ઉત્તરપક્ષ :-** તમારો આ પોકાર પોતાના હાથે પોતાના માથે ધુળ નાખવા જેવો છે. કારણ કે તમે આ ખ્યાલ કરવાનું ભૂલી ગયા કે, 'શાસ્ત્રના મર્મને પામેલો સમજુ માણસ પરલોકમાં હિતકર ન હોય તેવી વસ્તુને ક્યારેય પણ

प्राक्पश्चाद् रम्यतावचनं चेदं **राजप्रश्नीये** →

*तए णं केसी कुमारसमणे पएसिं एवं वयासी-मा णं तुमं पएसी ! पुव्विं रमणिज्जे भवित्ता पच्छा अरमणिज्जे भवेज्जासि, जहा से वणसंडेइ वा, नट्टसालाइ वा, इक्खुवाडेइ वा, खलवाडेइ वा। [सू० १९४] कहं णं भंते ! ? [सू० १९५] वणसंडे पुव्विं रमणिज्जे भवित्ता पच्छा अरमणिज्जे भवति ? पएसी ! जया णं वणसंडे पत्तिए, पुप्फिए, फलिए, हरिए, रेरिज्जमाणे सिरीए अतीव २ उवसोभिज्जमाणे चिट्ठइ, तया णं वणसंडे रमणिज्जे भवति। जया णं वणसंडे नो पत्तिए जाव णो अतीव उवसोभिज्जमाणे चिट्ठइ तया णं जुन्नझडे परिसडियपंडुपत्ते सुक्करुक्खे इव मिलायमाणे चिट्ठइ तया णं वणसंडे अरमणिज्जे भवइ। [सू० १९६] जया णं णट्टसालाए गिज्जइ, वाइज्जइ, नच्चिज्जइ, अभिणिज्जइ, हसिज्जइ, रमिज्जइ तया णं णट्टसाला रमणिज्जा भवति। जया णं णट्टसालाए णो गिज्जइ जाव णो रमिज्जइ तया णं णट्टसाला अरमणिज्जा भवति। [सू० १९७] जया णं इक्खुवाडे च्छिज्जइ, भिज्जइ, पलिज्जइ, खज्जइ, पिज्जइ तया णं इक्खुवाडे रमणिज्जे भवइ, जया णं इक्खुवाडे णो छिज्जइ जाव तया इक्खुवाडे अरमणिज्जे भवइ। [सू० १९८] जया णं खलवाडे उच्छुब्भइ, उडुज्जइ, मलइज्जइ, खज्जइ, पिज्जइ, दिज्जइ तया णं खलवाडे रमणिज्जे भवइ, जया णं खलवाडे णो उच्छुब्भइ जाव अरमणिज्जे भवइ। से तेणट्ठे णं पएसी ! एवं वुच्चइ मा णं तुमं*

---

પ્રાક્-પશ્ચાત્ સુંદર કે હિતકર તરીકે સ્વીકારે નહિ' આ અણસમજથી તમે મહાપ્રમાદને(=ચીકણા કર્મબંધના હેતુને) સેવી રહ્યા છો.

## કેશી ગણધરનો પ્રદેશીને મનનીય ઉપદેશ

પ્રાક્ પશ્ચાત્ રમ્યતા અંગે **રાજપ્રશ્નીય ઉપાંગમાં** આ પ્રમાણે પાઠ છે →

(સાવ નાસ્તિક પ્રદેશી રાજા દેહથી ભિન્ન અને પરલોકમાં જતા જીવતત્ત્વઅંગે શ્રી કેશી ગણધર સાથે વાદ કરે છે. પ્રદેશી રાજા પોતાનો નાસ્તિકવાદ સ્થાપવા ખૂબ દલીલ કરે છે. આ તમામ દલીલોનો તર્ક અને યુક્તિની સહાયથી શ્રી કેશી ગણધર જડબાતોડ જવાબ આપે છે. તેથી પ્રદેશી રાજા પ્રતિબોધ પામે છે અને કેશી ગણધર પાસે શ્રાવક ધર્મ સ્વીકારે છે. તે પછી શ્રી કેશી ગણધર શ્રાવક બનેલા પ્રદેશીને ઉદ્દેશીને ઉપદેશ આપે છે.)

*'તે વખતે **કેશી** ગણધર **પ્રદેશીને** કહે છે→હે પ્રદેશી ! તું વનવિભાગ, નાટ્યગૃહ, શેરડીના ખેતર, કે ખલક્ષેત્ર(=જ્યાં લણેલા ધાન્યમાંથી છોંતરા વગેરે દૂર કરવામાં આવે તે)ની જેમ પહેલા રમણીય બન્યા પછી પાછળથી અરમણીય ન બનીશ.(રમણીય=સુંદર) પ્રદેશી - ભગવન્ ! પૂર્વે રમણીય વનવિભાગ વગેરે પછી અરમણીય કેવી રીતે બને છે ? કેશી ગણધર - વન જ્યારે વૃક્ષો પાંદડા ફૂલ, ફળથી ભરેલું હોય છે, તથા ચારેકોર લીલાછમ ઘાસથી શોભતું હોય છે; ત્યારે તે વન રમણીય લાગે છે. પછી જ્યારે તે જ વનમાં વૃક્ષો પાંદડાં, પુષ્પ અને ફળ વિનાના હોય છે. પીળા અને ફીક્કા પાંદડાવાળા કે ઠૂંઠા જેવા હોય છે. ત્યારે તે વન અરમણીય બને છે. એ જ પ્રમાણે જ્યારે નાટ્યગૃહમાં ગીત ગવાતા હોય, નૃત્ય થતા હોય, અભિનય બતાવાતા હોય, હાસ્ય ફેલાતું હોય, ત્યારે તે રંગભૂમિ રમણીય બને છે. જ્યારે ગીત વગેરેમાંથી કશું હોતું નથી, ત્યારે ભેંકાર બનેલું નાટ્યગૃહ અરમણીય બને છે. જ્યારે શેરડીના ખેતરમાં શેરડીનું છેદન, ભેદન, પીળણ થતું હોય, તથા શેરડી ખવાતી હોય અને તેનો રસ પીવાતો હોય, ત્યારે તે ખેતર રમણીય બને છે. પણ જ્યારે છેદન વગેરેથી રહિતનું ઉજ્જડ બને છે, ત્યારે અરમણીય બને છે. એ જ પ્રમાણે જ્યારે ખલક્ષેત્રમાં લણેલું ધાન્ય નંખાતુ હોય, મળાતું હોય, ખવાતું હોય, પીવાતું હોય, પરસ્પર અપાતું હોય, ત્યારે તે ખલક્ષેત્ર રમણીય લાગે છે. પણ જ્યારે ખલક્ષેત્રમાં ઉપરોક્ત પ્રવૃત્તિ ન થતી હોય ત્યારે તે ખલક્ષેત્ર અરમણીય ભાસે છે. હે પ્રદેશી ! આ જ કારણસર તને પણ સલાહ આપું છું કે તું અત્યાર સુધી (પ્રજાહિતના કાર્યો કરવાથી)*

*पएसी ! पुव्विं रमणिज्जे भवित्ता पच्छा अरमणिज्जे भवेज्जासि, जहा णं वणसंडेइ वा जाव खलवाडेइ वा।* [सू० १९९] *तए णं पएसी राया केसिकुमारसमणं एवं वयासी-नो खलु भंते ! अहं पुव्विं रमणिज्जे भवित्ता पच्छा अरमणिज्जे भविस्सामि, जहा से वणसंडेइ वा जाव खलवाडेइ वा। अहं णं सेयं-बियापामोक्खाइं सत्तगामसहस्साइं चत्तारिभागे करिस्सामि। एगे भागे बलवाहणस्स दलइस्सामि, एगे भागे कोट्ठागारे णिक्खिविस्सामि, एगे भागे अंतेउरस्स दलइस्सामि, एगेणं भागेणं महइ कूडागारसालं करिस्सामि, तत्थ णं बहुहिं पुरिसेहिं दिन्नभत्तिभत्तवयणेहिं विउलं असण ४ उवक्खडावेत्ता बहूणं समणमाहणभिक्खुयाणं पंथियपहियाणं परिभाएमाणे, इवहुहिं भत्तिबहुहिं सीलव्वयपच्चक्खाणपोसहोववासेहिं जाव विहरिस्सामि* [सू० २००]

अत्र विवेकितया पूर्वप्रतिपन्नदानधर्मनिर्वाहविशिष्टशीलादिगुणैः प्राक्पश्चाद् रमणीयत्वं यथोक्तोभय-लोकोपयोगं ख्यापयति, तथा 'किं मे इत्यादि प्रश्नोत्तरं' 'पुव्विं पच्छा'वेत्यादि सामानिकवचनं किं न तथेत्यन्तरात्मना

---

*રમણીય હતો. હવે ધર્મ પામ્યા બાદ* (પ્રજાહિતના કુવા ખોદવા વગેરે કાર્યોમાં પાપ, મિથ્યાત્વપોષણ વગેરે દોષોને વિચારી એ કાર્યોનો ત્યાગ કરવા દ્વારા) *અરમણીય ન બનીશ.' આ સાંભળી પ્રદેશી રાજા કેશી ગણધરને વચન આપતા કહે છે. 'હે ભદંત ! પહેલા રમણીય હું વનખંડ વગેરેની જેમ હવે અરમણીય નહિ થાઉં. મારા શ્વેતાંબિકા(રાજધાની)વગેરે સાત હજાર ગામોના હું ચાર ભાગ કરીશ. (અર્થાત્ સાત હજાર ગામની આવકના ચાર ભાગ કરીશ) તેમાંથી એક ભાગ લશ્કર અને વાહનોને ફાળવીશ. બીજો એક ભાગ કોઠારને આપીશ. ત્રીજો ભાગ અંતઃપુરને દઇશ અને છેલ્લા ચોથા ભાગમાંથી મોટી દાનશાળા કરીશ. ત્યાં ઘણા પુરુષો દ્વારા મોટા પ્રમાણમાં આહાર વગેરે બનાવી શ્રમણ, બ્રાહ્મણ, ભિક્ષુક, મુસાફર વગેરેને આહારઆદિનું દાન કરતા કરતા શીલવ્રત, ગુણવ્રત, વિરમણ પચ્ચક્ખાણ, પૌષધોપવાસ વગેરે કરીશ.'* (શ્રાવકના બાર વ્રતમાં સામાયિક વગેરે છેલ્લા ચાર વ્રત શિક્ષાવ્રત છે, તે શીલવ્રત કહેવાય, અથવા શીલવ્રત એટલે તપવગેરે ઉત્તરગુણસંબંધી નિયમ. ગુણવ્રત=દિક્પરિમાણ, ભોગોપભોગવિરમણ, અનર્થદંડવિરમણ આ ત્રણ વ્રત. અને સ્થૂલપ્રાણાતિપાત વિરમણ વગેરે પાંચ અણુવ્રતો એ વિરમણ પચ્ચક્ખાણ છે.)

## પ્રાક્પશ્ચાત્ રમણીયતામાં પ્રદેશીની પરલોકદૃષ્ટિ

સમ્યક્ત્વવગેરે ધર્મોની પ્રાપ્તિથી પ્રદેશી રાજા વિવેકી બન્યો. તેથી કેશી ગણધરના ઉપદેશને સ્વીકારે છે. અને 'પોતે પ્રાક્ અને પશ્ચાત્ રમણીય રહેશે' તેવી બાહેંધરી આપે છે. તે વખતે પ્રદેશી પોતે પૂર્વના દાનાદિ ધર્મોને ચાલુ રાખી શીલવગેરે વ્રતોનું પાલન કરવા દ્વારા પ્રાક્પશ્ચાદ્ રમણીય રહેશે એમ દર્શાવે છે. અહીં શીલ વ્રતોનું પણ ગ્રહણ કર્યું હોવાથી 'પશ્ચાદ્'પદથી તેને(=પ્રદેશીને) પરલોક પણ ઇષ્ટ છે, એ સમજી શકાય એવી વાત છે. વિવેકી આત્મા શીલવગેરેને રમણીય માને ત્યારે તેની પરલોક પર જ દૃષ્ટિ હોય છે. આમ આ સ્થળે જેમ પ્રાક્પશ્ચાદ્ રમણીયતાથી ઉભયલોકમાં ઉપયોગિતાનું સૂચન થાય છે. તેમ સૂર્યાભદેવને મનમાં ઉદ્ભવેલા 'મારે શું પૂર્વમાં કરવું જોઇએ ?' ઇત્યાદિ પ્રશ્નોના સમાધાનમાં સામાનિક દેવો પ્રતિમાપૂજન વગેરેને જ પૂર્વ-પશ્ચાત્ કરણીય-શ્રેયસ્કરઆદિરૂપે બતાવે છે. આ સ્થળે પણ પૂર્વ-પશ્ચાત્થી ઉભયલોકનું ગ્રહણ કરવું જ સંગત છે. અર્થાત્ 'પ્રતિમાપૂજન એ ઉભયલોકમાટે શ્રેયસ્કર છે' એમ સમજવું યોગ્ય છે.

## રમણીયતા દાનમાં કે શીલાદિમાં ?

**શંકા :-** પ્રદેશીરાજાના પાઠમાં 'પરિભાએમાણે' સુધીનો પાઠ માત્ર અનુવાદપરક છે. અર્થાત્ પોતે પૂર્વે સ્વીકારેલી ક્રિયાઓનું સૂચનમાત્ર કરે છે. પણ આ ક્રિયાઓ રમણીય નથી. પ્રદેશી રાજા હવે શીલવગેરે વ્રતોના પાલનથી જ રમણીય બનવા માગે છે એવો જ આશય છે. તેથી 'રમણીય' પદથી વિધેયતરીકે શીલવગેરે વ્રતો જ છે.

पर्यालोचय। ननु 'परिभाएमाणे' इत्यन्तमनुवादमात्रं शीलव्रतादिना रमणीयत्वभाव एव च विधिरिति चेत् ? **किं** दानधर्मविधिमप्युच्छेत्तुमुद्यतोऽसि ? न जानासि ? तुङ्गियाश्राद्धवर्णने 'पडिलाभेमाणे' इत्यन्तस्येव 'परिभाएमाणे' इत्यन्तस्याधिकृते आनश् प्रत्ययबलेन विधिसूचकत्वमिति। महतीयमव्युत्पत्तिर्भवतः यदि च प्रतिज्ञादाढर्याय शीलादिना रमणीयत्वं निर्वाह्यमित्यभिसन्धिनैवोक्तपाठो निबद्धः स्यात्तदाऽऽनन्दादीनां व्रतदानोत्तरमप्ययमुपनिबद्धव्यः स्यादिति कियदज्ञस्य पुरो वक्तव्यम् ? अत एव,

**(તાત્પર્ય :-** બ્રાહ્મણવગેરેને દાન આપવામાં મિથ્યાત્વનું પોષણ છે. વળી જીવોનો આરંભ પણ મોટો થાય. તેથી એ દાન સાવદ્યરૂપ છે. આ સાવદ્યદાનને સમ્યક્ત્વી રમણીય તરીકે સ્વીકારે જ નહિ. તેને બદલે સર્વથા નિરવદ્ય શીલવગેરેને જ રમણીય તરીકે સ્વીકારે. તેથી જો પશ્ચાદ્ રમણીયતાનો અર્થ 'પરલોકમાં રમણીયતા' એમ ઇષ્ટ હોય, તો પશ્ચાદ્ રમણીયતા શીલવ્રતોવગેરેથી જ છે તેમ સ્વીકારવું રહ્યું. દાનવગેરે તો સાવદ્ય છે. તેથી પરલોકમાં રમણીય ન બની શકે. દાનથી કીર્તિવગેરે મળતા હોવાથી દાનને આલોકમાં રમણીયતરીકે સ્વીકારી શકાય. આમ પ્રદેશી રાજા દાનવગેરે કરીને પ્રાક્=આલોકમાં રમણીય બનવાનું અને શીલવ્રતોના પાલનથી પશ્ચાદ્=પરલોકમાં રમણીય બનવાનું વચન આપે છે. દાનની જેમ પ્રતિમાપૂજન પણ સાવદ્ય છે. તેથી પરલોકમાં હિતકર બની ન શકે. માત્ર આલોકમાં જ હિતકર બને. માટે સૂર્યાભદેવે પ્રાક્પશ્ચાત્શ્રેયના હેતુથી પ્રતિમાપૂજન કર્યું, ત્યાં પ્રાક્પશ્ચાત્ શ્રેયથી તે જ ભવના આરંભથી અંત સુધીના શ્રેયને સમજવો.)

**સમાધાન :-** (ગજબ કરી તમારી કલ્પનાશક્તિએ ! તમે પ્રથમ જિનશાસનને માન્ય ચાર નિક્ષેપામાંથી સ્થાપનાનિક્ષેપાને અસંગત ઠેરવવા પ્રયત્ન કર્યો. અને હવે તે પ્રયત્નના સમર્થનમાં ગૃહસ્થના ચાર ધર્મોમાં પ્રથમભૂત) દાનધર્મને શું ધર્મની કોટિમાંથી દૂર કરવા પ્રયત્ન કરો છો ? આગમનું જો જ્ઞાન હોય તો ખ્યાલ હશે કે **ભગવતી સૂત્રમાં તુંગિયાશ્રાવકના** વર્ણનમાં 'પડિલાભેમાણે' સુધીનો પાઠ જ વિધિરૂપ છે. તેમ આ પ્રદેશી રાજાના પાઠમાં પણ 'પરિભાએમાણે' સુધીના પાઠમાં જ મુખ્યતયા વિધિ છે.

**શંકા :-** તમે આ પ્રમાણે નિર્ણય કેવી રીતે કર્યો ?

**સમાધાન :-** 'પરિભાએમાણે'પદમાં 'આનશ્'(કર્તરિપ્રયોગમાં આત્મનેપદના ધાતુને લાગતો વર્તમાન કૃત્પ્રત્યય 'આન') પ્રત્યય લાગ્યો છે. આ પ્રત્યયના બળપર આ અર્થ પ્રાપ્ત થાય છે. (દા.ત. 'ભોજન કરતા કરતા બોલવામાં પાપ છે.' આ વાક્યમાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે પાપનું વિધાન 'બોલવામાં' નથી, પણ 'ભોજન કરતી વખતે બોલવામાં છે.' બસ તે જ પ્રમાણે રમણીયતાનું વિધાન માત્ર શીલવગેરેમાં નથી. પણ પૂર્વગૃહીત દાનવગેરે ધર્મ કરતા કરતા પળાતા શીલવગેરે ધર્મોમાં છે. તેથી દાનવગેરે ધર્મો જ મુખ્યતયા રમણીયતરીકે અહીં ઇષ્ટ છે.) તેથી તમે કરેલા કલ્પનાના અર્થને સ્વીકારવામાં વર્તમાનકૃદંતના અર્થની અસંગતિરૂપ મોટી અવ્યુત્પત્તિ છે.

**શંકા :-** કેશી ગણધર આગળ પ્રદેશીરાજાએ પ્રતિજ્ઞા કરી કે 'હું પ્રાક્પશ્ચાદ્ રમણીય જ રહીશ' આ પ્રતિજ્ઞાને દઢ કરવા ફરીથી કહે છે કે 'દાનવગેરે પૂર્વ સ્વીકૃત ધર્મને કરતા કરતા (પણ) હું શીલવગેરેધર્મનું પાલન કરીશ (જ)' આમ પ્રદેશી રાજાએ 'માત્ર શીલાદિ ધર્મોથી રમણીય રહેવાની પ્રતિજ્ઞાનું પાલન થાય' તેમ દર્શાવવા ઉપરોક્ત વચન ઉચ્ચાર્યા. આમ અર્થ કરવામાં અવ્યુત્પત્તિ નથી.

**સમાધાન :-** જો લીધેલી પ્રતિજ્ઞાની દઢતામાટે આ પાઠ દર્શાવ્યો હોય, તો **આનંદ**વગેરે શ્રાવકોએ પણ વ્રત લીધા પછી તે વ્રતોની દઢતા ખાતર આવા પ્રકારના પાઠનો ફરીથી ઉચ્ચારદર્શક પાઠ પણ બતાવવો જોઇએ. પણ તે પ્રમાણે આગમપાઠ દેખાતો નથી. તેથી સ્વીકારવું જ રહ્યું કે (પ્રદેશીએ) માત્ર પ્રતિજ્ઞાની દઢતા ખાતર ફરીથી 'દાનવગેરે પૂર્વસ્વીકૃત ધર્મને' ઇત્યાદિ ઉચ્ચાર નથી કર્યો. પરંતુ દાનાદિ ધર્મનું પાલન ચાલુ રાખવાદ્વારા રમણીય રહેવાની પ્રતિજ્ઞાની જ ઘોષણા કરી છે. (દાનમાં કે પ્રતિમાપૂજનમાં સ્વરૂપહિંસા હોવા છતાં તે બન્ને સાવદ્યરૂપ નથી ઇત્યાદિ નિરૂપણ આગળ

*किं मे पूर्वं श्रेयः ? किं मे पश्चात् श्रेयः ? किं मे पूर्वमपि पश्चादपि च हिताय-भावप्रधानोऽयं निर्देशः, हितत्वाय=परिणामसुन्दरतायै, सुखाय=शर्मणे, क्षमायै-अयमपि भावप्रधानो निर्देशः, सङ्गतत्वाय, निःश्रेयसाय= निश्चितकल्याणाय, आनुगामिकतायै=परम्पराशुभानुबन्धिसुखाय भविष्यतीति।* **राजप्रश्नीयवृत्तौ** [सू॰ १३२] व्याख्यातम्।

**अत्र** यदेव भावजिनवन्दने फलं तदेव जिनप्रतिमावन्दनेऽप्युक्तम्। **न च** 'एतत् सूर्याभदेवस्य सामानिक-देववचनं न सम्यग् भविष्यति' इति शङ्कनीयम्, **सम्यग्दृशां** देवानामप्युत्सूत्रभाषित्वासम्भवात्। न हि क्वाप्यागमे किं मे पुव्विं करणिज्जमित्यादिके, सम्यगृदृष्टिना पृष्टेऽपि ऐहिकसुखमात्रनिमित्तं स्रक्चन्दनादिकं 'हिआए सुहाए' इत्यादिरूपेण केनापि प्रत्युत्तरविषयीकृतं दृष्टं श्रुतं वा। अपि च वन्दनाधिकारेऽपि क्वचित् 'पेच्चा हिआए'

---

બતાવાશે) આમ 'પ્રાક્પશ્ચાદ્ શ્રેયઃ' વગેરેથી પરલોકસંબંધી શ્રેયઃ વગેરે પણ ઇષ્ટ જ છે. તેથી જ **ટીકાકારે** એ સૂત્રની (=**રાજપ્રશ્નીય ઉપાંગના** સૂર્યાભદેવ અધિકાર અંગેના પૂર્વોક્ત સૂત્રની) **ટીકામાં** આ પ્રમાણે વ્યાખ્યા કરી છે →

*મને શું પહેલા શ્રેયસ્કર છે ? શું પછી શ્રેયસ્કર છે ? તથા શું પહેલા અને પછી શ્રેયસ્કર છે ? તથા શું હિતમાટે થશે ? અહીં ભાવપ્રધાનનિર્દેશ હોવાથી હિતમાટે=પરિણામે સુંદરતા માટે. 'ક્ષમાયૈ' અહીં પણ ભાવપ્રધાન નિર્દેશ છે. તેથી ક્ષમાયૈ=ક્ષમત્વાય, ક્ષમત્વ=સંગતતા. તેથી 'મારે શું ક્ષમાયૈ=સંગતતા માટે થશે ?' એવો અર્થ થશે. તથા મારે શું નિઃશ્રેયસ માટે થશે. નિઃશ્રેયસ=નિશ્ચિતકલ્યાણ. તથા મારે શું આનુગામિકતા માટે થશે ? આનુગામિકતા=પરંપરાએ શુભાનુબંધી સુખ.(=પુણ્યાનુબંધી પુણ્ય.)*

તેથી પ્રાક્પશ્ચાત્ શ્રેયઃ વગેરે પદથી પરલોકનાં હિતઆદિનો વિચાર સ્પષ્ટ સૂચિત થાય છે. આમ અહીં ભાવજિનના વંદનથી જે ફળ મળે, તે જ ફળ સ્થાપનાજિનના=જિનપ્રતિમાના વંદનથી બતાવ્યું.

## સમ્યગ્દષ્ટિ દેવોમાં ઉત્સૂત્રપ્રરૂપકતાનો અભાવ

**શંકા :-** સૂર્યાભદેવને સામાનિક દેવો 'પ્રતિમાપૂજન કરણીય છે' ઇત્યાદિ જે કહે છે, તે સમ્યગ્=પ્રમાણભૂત= વિશ્વાસપાત્ર નથી.

**સમાધાન :-** કેમ ભઇલા ! સામાનિકદેવોના આ વચનમાં અસમ્યગ્ની માન્યતા રાખો છો ? એટલું ધ્યાન રાખજો ! **સમ્યગ્દષ્ટિ દેવો પણ કદી ઉત્સૂત્રપ્રરૂપણા કરતા નથી.** (કારણ કે ઉત્સૂત્રપ્રરૂપણા કરવામાં (૧) સમ્યક્ત્વનો નાશ અને (૨) અનંત સંસારની પેદાશ આ બે જબ્બર દોષ રહેલા છે.)

**(શંકા :-** બધા સામાનિક દેવો કંઇ થોડા સમ્યક્ત્વી છે ?

**સમાધાન :-** બધા સામાનિકદેવો ભલે સમ્યક્ત્વી ન હોય ! પરંતુ સૂર્યાભદેવ તો સમ્યક્ત્વી જ છે. અને સમ્યક્ત્વી એટલો બુડઠલ કે બેવકૂફ ન હોય કે વિવેકદીપનો પ્રકાશ પાથર્યા વિના જ બીજાઓની જે-તે વાતના અંધારામાં ઠેબા ખાય અને બીજાનો ચડાવ્યો ઉંધા રવાડે ચડી જાય... તેથી જ) જ્યારે સમ્યક્ત્વી 'મારે શું પૂર્વ કરણીય છે ? અને શું પશ્ચાત્ કરણીય છે ?' ઇત્યાદિ પૂછે, ત્યારે કોઇએ માત્ર આલોકના સુખમાં કારણભૂત પુષ્પમાળા-ચંદનવગેરે 'હિતકર છે' 'સુખકર છે' ઇત્યાદિ ઉત્તર આપ્યો હોય તેવો પાઠ આગમમાં ક્યાંય ઉપલબ્ધ નથી, કે સાંભળ્યો નથી. આમ (૧) સમ્યગ્દષ્ટિના હિતકરઆદિઅંગેના પ્રશ્નોના ઉત્તરમાં ચંદનવગેરેનો નિર્દેશ છોડી પ્રતિમાપૂજન વગેરેનો નિર્દેશ, અને (૨) સમ્યગ્દષ્ટિદ્વારા તે નિર્દેશનો સહર્ષ સ્વીકાર. આ બન્ને મુદ્દા 'પ્રતિમાપૂજન ઉભયલોકમાં હિતકર છે' તેમ દર્શાવવા સમર્થ છે.

**શંકા :-** છતાં પણ વંદનાધિકારમાં જેમ 'પરલોક માટે હિતકર' એવો સાક્ષાત્ ઉલ્લેખ છે, તેવો ઉલ્લેખ આ

इत्याद्यैवोक्तं, क्वचिच्च 'एअन्नं इहभवे वा परभवे वा आणुगामियत्ताए भविस्सइ' त्ति नोक्तपाठवैषम्यकदर्थनापि। किं च *'पच्छा कडुअविवागा'* [उत्तरा० १९/११ पा०३] इत्यत्र यथा पश्चात् शब्दस्य परभवविषयत्वं, तथा प्रकृतेऽपीति किं न विभावयसि ? एवं *'जस्स णत्थि पुरा पच्छा मज्झे तस्स कुओ सिया ?'* [आचाराङ्ग १/४/४/१३९] इत्यत्रापि पुरा पश्चादिति वाक्यस्य त्रिकालविषयत्वं व्यक्तमिति प्रकृतेऽपि तद् योजनीयम् ॥ १२ ॥ स्थिति-विषयाशङ्कामेव समानधर्मदर्शनेन प्रपञ्चयत उपहसन्नाह–

**वाप्यादेरिव पूजना दिविषदां मूर्त्तेर्जिनानां स्थितिः,**
**सादृश्यादिति ये वदन्ति कुधियः पश्यन्ति भेदं तु न।**
**एकत्वं यदि ते वदन्ति निजयोः स्त्रीत्वेन जायाम्बयो-**
**स्तत्को वा यततामसंवृततरं वक्त्रं पिधातुं बुधः ॥ १३ ॥**

(**दंडान्वयः**→ 'वाप्यादेरिव दिविषदां जिनानां मूर्त्तेः पूजना स्थितिः सादृश्यात्' इति ये कुधियः वदन्ति, भेदं तु न पश्यन्ति। ते यदि स्त्रीत्वेन निजयोः जायाम्बयोः एकत्वं वदन्ति, तत्को वा बुधः असंवृततरं वक्त्रं पिधातुं यतताम् ॥)

---

સૂર્યાભદેવના અધિકારમાં નથી. આ વિષમતા તો ઊભી જ છે.

**સમાધાન :–** આ વિષમતા કંઇ અમારા સિદ્ધાંતને ડગાવી શકે તેમ નથી. કારણ કે પાઠની વિષમતા માત્ર અહીં જ નથી, કિન્તુ વંદનાધિકારમાં પણ છે. વંદનાધિકારમાં પણ ક્યાંક 'પરલોકમાં હિતકર' એવો પાઠ છે, તો ક્યાંક 'આ (વંદનાદિ) આ ભવ અને પરભવમાં પરંપરાએ સુખકર છે' ઇત્યાદિ પાઠ છે. તેથી પાઠની વિષમતાને આગળ કરી આપત્તિ આપવી યોગ્ય નથી. આમ પાઠની વિષમતા હોય, તો પણ સમાન અર્થ કાઢી શકાય છે.

**શંકા :–** છતાં પણ જ્યાં 'પરલોક'અર્થક પદનો સાક્ષાત્ ઉલ્લેખ ન હોય, ત્યાં 'પશ્ચાત્' પદથી પરલોકનો અર્થ કરવામાં કોઇ પ્રમાણ નથી.

**સમાધાન :–** પ્રમાણ કેમ નથી ? જુઓ આ રહ્યું આગમપ્રમાણ. **ઉત્તરાધ્યયન સૂત્રમાં** વિષયના વર્ણનમાં *'પચ્છા કડુઅવિવાગા'*(=પાછળથી કડવા વિપાકવાળા) વાક્ય આવે છે. ત્યાં પચ્છા=પશ્ચાત્ શબ્દથી પરભવ જ અભિમત છે. તે જ પ્રમાણે પ્રસ્તુતમાં પણ 'પશ્ચાત્' પદથી 'પરલોક' અર્થ શા માટે નથી કરતા ? વળી આ જ પ્રમાણે **આચારાંગ સૂત્રમાં** *'જસ્સ નત્થિ'*(=જેનું પહેલા અને પછી નથી, તેનું મધ્યમાં કેવી રીતે હોય ?) એવું પદ આવે છે. ત્યાં પણ 'પુરા પશ્ચાત્' ઇત્યાદિવાક્યથી ત્રણે કાળ(ભૂત, ભાવી અને વર્તમાન)નું સૂચન થાય છે. બસ આ જ પ્રમાણે અહીં પણ પૂર્વપશ્ચાત્ પદથી ત્રણે કાળનો અર્થ લઇ શકાય તેમ છે. **॥ ૧૨ ॥**

## વાવ વગેરેના અને પ્રતિમાના પૂજનમાં તફાવત

સમાનધર્મના દર્શનથી પ્રતિમાપૂજાને વાવડી વગેરેની પૂજાની જેમ આચારમાત્ર ગણવાની આશંકાનો પ્રપંચ કરતા પ્રતિમાલોપકનો ઉપહાસ કરતા કવિવર કહે છે—

**કાવ્યાર્થ :–** 'દેવોની જિનપ્રતિમાપૂજા વાવડીવગેરેની પૂજાની જેમ માત્ર આચારરૂપ જ છે. કેમકે બન્ને પૂજા સરખી છે.' જેઓ આ પ્રમાણે બોલે છે અને ભેદને પારખતા નથી, તેઓ (કદાચ) પોતાની પત્ની અને માતાને સ્ત્રીપણાની સમાનતાથી સરખી કહે, તો કયો ડાહ્યો માણસ તેના ઘણા પહોળા થયેલા મોંને(=અસંબદ્ધ પ્રલાપને) બંધ કરવા જાય ?

'वाप्यादेरिव' इति । वाप्यादेर्नन्दापुष्करिण्यादेरिव, आदिना महेन्द्रध्वजतोरणसभाशालभञ्जिकादि-परिग्रहः, *दिविषदां*=देवानां जिनानां मूर्त्तेः पूजना *स्थितिः*=स्थितिमात्रं *सादृश्यात्*=अर्चनाशब्दाभिधानसाम्यादिति, ये *कुधियः*=कुत्सितबुद्धयो वदन्ति, भेदं तु वक्ष्यमाणं न पश्यन्ति, ते यदि *स्त्रीत्वेन*=स्त्रीलिङ्गमात्रेण *निजयोः*=स्वकीययोः *जायाम्बयोः*=कान्ताजनन्योरेकत्वं वदन्ति, *तत्*=तर्हि *को वा*=को नाम *वक्त्रम्*=मुखम् अर्थात् तदीयं *असंवृततरं*=अतिशयेनोद्घाटं *बुधः*=पण्डितः *पिधातुम्*=आच्छादयितुं *यतताम्*=पराक्रमताम्, अशक्येऽर्थे पण्डितस्य यत्नकरणस्यायोगान्न कोऽपि यततामिति भावः। **प्रतिवस्तूपमया** दूरान्तरेऽपि यत्किञ्चित्साम्येन भ्राम्यतामुपहासो व्यज्यते। तदुक्तम् → *'काके कार्ष्ण्यमलौकिकं धवलिमा हंसे निसर्गस्थितो; गाम्भीर्ये महदन्तरं वचसि यो भेदः स किं कथ्यते। एतावत्सु विशेषणेष्वपि सखे ! यत्रेदमालोक्यते, के काकाः सखि के च हंसशिशवो देशाय तस्मै नमः'* // इति ॥ १३ ॥ भेदहेतूनेवोपदर्शयंस्तददर्शिन आक्षिपन्नाह–

**सद्धर्मव्यवसायपूर्वकतया शक्रस्तवप्रक्रिया-**
**भावभ्राजितहृद्यपद्यरचनाऽऽलोकप्रणामैरपि।**
**ईक्षन्तेऽतिशयं न चेद् भगवतां मूर्त्त्यर्चने स्वःसदां,**
**बालास्तत्पथि लौकिकेऽपि शपथप्रत्यायनीया न किम् ? ॥ १४ ॥**

(**दंडान्वयः**→ (१) सद्धर्मव्यवसायपूर्वकतया (२) शक्रस्तवप्रक्रिया (३) भावभ्राजितहृद्यपद्यरचना (४) आलोकप्रणामैरपि स्वःसदां भगवतां मूर्त्त्यर्चनेऽतिशयं नेक्षन्ते तद् बालाः लौकिकेऽपि पथि शपथप्रत्यायनीया किं न ? (भवन्ति) (अपि तु भवन्त्येव)॥)

---

વાવડી=નંદાપુષ્કરિણી. 'વાપ્યાદે' અહીં આદિપદથી મહેન્દ્રધ્વજ, તોરણ, સભા, પૂતળી વગેરેનું ગ્રહણ કરવું. વાવડીવગેરેઅંગેની ક્રિયાને પણ 'અર્ચના'પદથી ઓળખાવી છે અને જિનપ્રતિમાઅંગેની પૂજાક્રિયાને પણ 'અર્ચના' શબ્દથી ઓળખાવી છે. આમ બન્નેમાં શાબ્દિક સમાનતા છે. તેટલામાત્રથી હવે પછી બતાવાતા ભેદને નહીં જોનારા પ્રતિમાલોપકો જો સ્ત્રીલિંગની સમાનતામાત્રથી પત્ની અને માતામાં એકસમાનપણું જોવાની કુબુદ્ધિ કરે, તો તેના મોંને બંધ કરવાનું પરાક્રમ કયો ડાહ્યો માણસ કરે ? અર્થાત્ અશક્ય કાર્યોમાં ડાહ્યા માણસો પ્રયત્ન કરતાં નથી. તેથી તે પ્રતિમાલોપકોનું મોં બંધ કરવાનું પરાક્રમ કોઇ કરે નહીં. કાવ્યમાં 'અસંવૃતતર વક્ત્ર' વગેરે પદોથી પ્રતિમાલોપકો અસંબદ્ધપ્રલાપી છે. તેઓના એ પ્રલાપને અટકાવવો અશક્ય છે. તેમ સૂચન કર્યું છે. અહીં **પ્રતિવસ્તુઉપમા અલંકાર** છે. અને તેનાદ્વારા એક બીજાથી અત્યંત ભિન્ન વસ્તુમાં નગણ્ય સરખાપણું જોઇને ભ્રમ પામતા લોકોની મશ્કરી વ્યક્ત થાય છે. કહ્યું જ છે કે → *'સ્વભાવથી જ કાગડાનો રંગ કાળો છે અને નિસર્ગથી જ હંસનો રંગ ઉજ્જ્વળ છે. બન્નેની ગંભીરતામાં મોટું અંતર છે અને બન્નેના અવાજનો ભેદ તો પ્રતીતિસિદ્ધ જ છે. હે સખિ ! કાગડા અને હંસને ભિન્ન પાડતા આટલા વિશેષણો હોવા છતાં જે દેશમાં એવું દેખાય છે કે કોણ કાગડો અને કોણ હંસબચ્ચા ! તે દેશને નમસ્કાર થાઓ !!' (કટાક્ષમાં) અર્થાત્ જે દેશમાં કાગડા જેવા દુર્જન અને હંસ જેવા સજ્જન વચ્ચે ભેદ નથી, તે દેશને સો ગજના નમસ્કાર.* **॥ ૧૩ ॥**

(પૂર્વપક્ષે વાવડીની અર્ચના અને પ્રતિમાની અર્ચના આ બન્ને સ્થળે સમાન 'અર્ચના' શબ્દ જોયો. તેથી બન્ને અર્ચનાને સમાન કલ્પી લીધી. પરંતુ પ્રતિમાલોપકની આ માન્યતા ભૂલભરેલી છે. શબ્દની સમાનતા હોવા છતાં વાવડીની અર્ચા કરતાં પ્રતિમાની પૂજામાં ઘણો મોટો ભેદ રહ્યો છે. આ ભેદ, ભેદના હેતુ=કારણોથી છે.) આ ભેદહેતુઓ કયા છે ? તેવી જિજ્ઞાસા સંતોષવા હવેના

'सद्धर्म' इत्यादि। सद्धर्मव्यवसायपूर्वकत्वम्-एकं जिनप्रतिमार्चनस्यानुषङ्गिकवाप्याद्यर्चनतो भेदकम्। व्यवसायसभासम्भविक्षयोपशमनिमित्तस्य सद्धर्मव्यवसायस्य भावत्वात्, भावानुषङ्गतः(=शुभभावप्रयुक्तत्वात्) सम्यग्दृष्टिक्रियायाश्च क्रियान्तरवद्धर्मत्वात् व्यवसायसभायाश्च शुभाध्यवसायनिमित्तत्वं क्षेत्रादेरपि कर्मक्षयोपशमादिहेतुत्वाज्जिनशासने नासिद्धम्। तदुक्तम् → *'उदयखयखओवसमोवसमा जं च कम्मुणो भणिया। दव्वं खित्तं कालं भावं च भवं च संपप्पे'* ॥ त्ति **जीवाभिगमवृत्तौ** [३/२/१४२ टी०] **विजयदेवा**धिकारे प्रकृतस्थले विवृत्तमास्ते । तदालापकश्च प्रकृतालापकादविशिष्ट इति न पृथग्लिखितः। अत्र **पापिष्ठाः**(ष्ठः)-ननु *'धम्मियं ववसायं गिण्हइ'* इत्यत्र धार्मिको व्यवसायः कुलस्थितिरूपधर्मविषय एव युक्तः, अत एव पुस्तके (यत् पठित्वाऽ-

---

કાવ્યમાં ભેદના હેતુઓ બતાવે છે. સાથે સાથે આ ભેદહેતુઓ નહિ જોનારાઓ પર આક્ષેપ કરે છે—

## પ્રતિમાપૂજન અને વાવડી વગેરેના પૂજન વચ્ચેના તફાવતની સિદ્ધિ

**કાવ્યાર્થ :-** (૧) દેવો ભગવાનની પૂજા સદ્ધર્મના વ્યવસાયપૂર્વક કરે છે. તથા (૨) તે વખતે શક્રસ્તવ સૂત્ર બોલે છે. તથા (૩) તે દેવો જિનપ્રતિમાની સામે 'પાપનિવેદનનું પ્રણિધાન' વગેરે ભાવોથી શોભતા મનોહર પદ્ય= શ્લોકોની રચના કરે છે. તથા (૪) દેવો પ્રતિમાના દર્શન થતાંવાર જ પ્રતિમાને નમન કરે છે. જિનપ્રતિમાપૂજાને વાવડીના અર્ચનથી ભેદ પાડનારી આટલી બધી ક્રિયાઓ છે. છતાં દેવોની જિનપ્રતિમાપૂજામાં વાવડીવગેરેની પૂજાથી જરા પણ વિશેષતા(=શ્રેષ્ઠતા) ન જોનારા આ પ્રતિમાલોપકોને લૌકિકવ્યવહારમાં પણ વસ્તુની પ્રતીતિ શું સોગંદ ખાવાદ્વારા જ નહીં કરાવાતી હોય ? અર્થાત્ કુશંકા કરવાની ટેવવાળા તેમને યુક્તિસિદ્ધ વસ્તુ પણ યુક્તિથી સમજાવી શકાય તેમ નથી.

જિનપ્રતિમાનું અર્ચન સદ્ધર્મના વ્યવસાયપૂર્વક છે. તેથી મુખ્યરૂપે ધર્મરૂપ છે. જ્યારે વાવડીવગેરેનું અર્ચન આનુષાંગિક(=ગૌણ) છે. પ્રતિમાના અર્ચન અને વાવડી વગેરેના અર્ચનમાં આ પ્રથમ ભેદ છે.

**શંકા :-** પ્રતિમાની અર્ચનક્રિયા મુખ્યરૂપ કેમ છે ?

**સમાધાન :-** કારણ કે તે ક્રિયા સદ્ધર્મવ્યવસાયરૂપ ભાવપૂર્વક છે. સમ્યગ્દષ્ટિ જીવની ભાવના અનુષંગથી થતી તમામ ક્રિયાઓ ધર્મરૂપ હોય છે. **પ્રયોગ :-** 'સૂર્યાભ વગેરેની પ્રતિમાપૂજનઆદિ ક્રિયા ધર્મરૂપ છે, કારણ કે ભાવપૂર્વક છે. જેમકે ભાવપૂર્વકની અન્ય વંદનાદિક્રિયાઓ.'

**શંકા :-** સૂર્યાભઆદિ દેવોને સદ્ધર્મવ્યવસાયરૂપ ભાવ શી રીતે ઉત્પન્ન થયો ?

**સમાધાન :-** વ્યવસાયસભામાં ઉત્પન્ન થયેલા તેવા પ્રકારના ક્ષયોપશમના કારણે સૂર્યાભ વગેરેને સદ્ધર્મવ્યવસાયરૂપ શુભઅધ્યવસાય ઉત્પન્ન થયો.

**શંકા :-** વ્યવસાયસભામાં જ કેમ તેવા પ્રકારનો ક્ષયોપશમ ઉત્પન્ન થયો ?

**સમાધાન :-** આ ક્ષયોપશમમાં વ્યવસાયસભારૂપ તે ક્ષેત્ર જ કારણ છે.

**શંકા :-** ક્ષેત્રરૂપ બાહ્યનિમિત્તને પામીને શુભ અધ્યવસાયરૂપ કે તેમાં કારણભૂત ક્ષયોપશમરૂપ આંતરિક ભાવો શું ઉત્પન્ન થઇ શકે ખરા ?

**સમાધાન :-** હા, ક્ષેત્રરૂપ બાહ્યનિમિત્તથી પણ ક્ષયોપશમ પ્રગટી શકે.

**શંકા :-** આમ માનવામાં કોઇ પ્રમાણ છે ?

**સમાધાન :-** જરુર છે. જુઓ → *'કર્મના (૧) ઉદય (૨) ક્ષય (૩) ક્ષયોપશમ અને (૪) ઉપશમ... (૧) દ્રવ્ય (૨) ક્ષેત્ર (૩) કાળ (૪) ભાવ અને (૫) ભવ આ પાંચને પ્રાપ્ત કરીને = આ પાંચ નિમિત્તથી થાય છે.'*

धुनोत्पन्नदेवस्तत्तत्क्रियासु प्रवर्त्तते) धर्मार्थं शास्त्रमित्यत्रापि धर्मशब्दार्थः (परापूर्वसिद्धो अधुनोत्पन्नादि देवानां कर्त्तव्यतारूपः धर्मः) कुलस्थितिधर्म एव, मुख्यधर्मव्यवसायस्तु देवानामसम्भव्येव, तथा हि- *तिविहे ववसाए पन्नत्ते, तं०-(१) धम्मिए ववसाए (२) अधम्मिए ववसाए (३) धम्माधम्मिए ववसाए ।* इति **तृतीयस्थानके** [स्थानाङ्ग ३/३/१८५]। व्यवसायिनां धार्मिकाधार्मिकधार्मिकाधार्मिकाणां (क्रमशः) संयतासंयतदेशसंयत-लक्षणानां सम्बन्धित्वाद् भेदेनोच्यमानास्त्रिधा भवन्तीति व्याख्यानाच्चारित्रिणामेव धार्मिकव्यवसायसम्भवादिति प्राह। **स प्रष्टव्यः**, अरे दुष्ट ! किमेवं देशसंयतानां सामायिकाध्यवसायोऽपि न धार्मिकाध्यवसाय इति स्थापयितु-मुद्यतोऽसि ? देवानामपि जिनवन्दनाध्यवसायोऽपि न तथेति(=धार्मिकव्यवसाय इति) वक्तुमध्यवसितोऽसि ?

---

એમ **'જીવાભિગમ' સૂત્રની ટીકામાં વિજયદેવના** અધિકારમાં આવા જ પ્રકારના સ્થળે કહ્યું છે. **જીવાભિગમ સૂત્રનો** વિજયદેવના અધિકારનો આલાપક પૂર્વોક્ત(=સૂર્યાભદેવના) આલાપકથી જરા પણ ભિન્ન નથી. તેથી એ આલાપક અહીં આપ્યો નથી.

## ધાર્મિક વ્યવસાયની માત્ર આચારરૂપતાનો નિષેધ

**પ્રતિમાલોપક :-** *'ધમ્મિયં વવસાયં ગિણ્હઇ'* આ વચનથી જે ધાર્મિક વ્યવસાયનો ઉલ્લેખ કર્યો છે, તે માત્ર કુલાચારરૂપ (અહીં તે-તે વિમાનમાં ઉત્પન્ન થતાં તે-તે દેવમાટે પરાપૂર્વથી ચાલ્યો આવતો આચાર કુલાચારરૂપે સમજવો.) ધર્મની અપેક્ષાએ જ છે. તેથી જ પુસ્તકને (કે જેનું વાંચન કરી ઉત્પન્ન થયેલો દેવ તે-તે ક્રિયામાં જોડાય છે.) 'ધર્મમાટેનું શાસ્ત્ર' કહેવામાં વાસ્તવમાં 'કુલાચારરૂપ ધર્મમાટેનું શાસ્ત્ર' જ તાત્પર્યાર્થ છે.

**શંકા :-** ધર્મનો મુખ્ય અર્થ છોડી 'કુલાચાર' એવો અર્થ કેમ કરો છો ?

**સમાધાન :-** દેવોને મુખ્યાર્થરૂપ ધર્મ સંભવતો નથી. માટે અમારે ધર્મપદથી કુલાચાર અર્થ કરવો પડે છે.

**શંકા :-** દેવોને મુખ્ય ધર્મ નથી સંભવતો તેમ કહેવામાં કોઇ પ્રમાણ છે ?

**સમાધાન :- સ્થાનાંગ સૂત્રમાં તૃતીયસ્થાનમાં** આ પ્રમાણે કહ્યું છે → *'ત્રણ પ્રકારના વ્યવસાય પ્રરૂપ્યા છે. (૧) ધાર્મિક વ્યવસાય (૨) અધાર્મિક વ્યવસાય અને (૩) ધાર્મિકઅધાર્મિક વ્યવસાય'* ક્રમશઃ સર્વવિરત, અવિરત અને દેશવિરતરૂપ વ્યવસાયીઓ(=વ્યવસાય કરનારાઓ)ના ભેદથી આ ત્રણ પ્રકાર પડ્યા છે. આમ ભેદથી દર્શાવવામાં આવે તો આ ત્રણ ભેદ પડે છે. એમ **ટીકામાં** કહ્યું છે. આમ મુખ્ય ધર્મવ્યવસાય તો સર્વવિરતિધરને જ સિદ્ધ થાય છે. દેવો અવિરત છે. તેથી તેઓનો વ્યવસાય તો અધર્મવ્યવસાયરૂપ જ છે. આમ દેવોને મુખ્ય ધર્મવ્યવસાય સંભવતો નથી.

## પ્રતિમાપૂજા ધાર્મિક વ્યવસાય

**ઉત્તરપક્ષ :-** આમ અર્થ કરી તમે કમાલ કરી ! કારણ કે આ હિસાબે તો દેશવિરતિધરનો સામાયિકપરિણામ પણ શુદ્ધધર્મવ્યવસાયરૂપ નહિ બને. કેમકે દેશવિરતિધરને મિશ્રવ્યવસાય જ હોય તેમ તમને અભિમત છે. તથા દેવો ભાવજિનને વંદન કરવાનો અધ્યવસાય કરે. તે પણ તમારા હિસાબે તો અધાર્મિક વ્યવસાયરૂપ જ સિદ્ધ થશે.

**પ્રતિમાલોપક :-** બેશક, આ આપત્તિ મોટી છે. તેથી વિષયભેદથી ઉપરોક્ત ત્રણ ભેદની વ્યાખ્યા કરીશું. **ટીકામાં** પણ 'અથવા સંયમ, અસંયમ અને દેશસંયમરૂપ વિષયભેદથી ત્રણ ભેદ પડે છે.' એવો બીજો વિકલ્પ બતાવ્યો છે. પૂર્વે સ્વામીના ભેદથી ત્રણ ભેદની વિવક્ષા કરી. હમણાં વિષયભેદથી ભેદ પાડ્યો. આ અર્થ કરવાથી તેવું તાત્પર્ય મળી શકે છે કે, કોઇપણ વ્યક્તિની સંયમસંબંધી પ્રવૃત્તિ ધાર્મિકવ્યવસાય બને. અસંયમસંબંધી વ્યાપાર

**तर्हि** विषयभेदात्त्रैविध्यं व्याख्यास्यामोऽत एव संयमासंयमदेशसंयमलक्षणविषयभेदाद् वेति पक्षान्तरेण **वृत्तौ** व्याख्यातमिति चेत् ? **तदपि** नैगमनयाश्रितपरिभाषाविशेषेणैव युज्यतेऽन्यथाऽविरतसम्यग्दृष्टीनां सम्यक्त्वाध्यवसाय: कुत्रान्तर्भवेदिति नेत्रे निमील्य विचारयन्तु देवानांप्रिया:(=बुद्धिविकला:)। **एकान्ता**विरतादविरतसम्यग्दृष्टेर्विलक्षणत्वात्तद्व्यवसाय: कयाचिदपेक्षया तृतीये(=धार्मिकाधार्मिकव्यवसाये) अन्तर्भविष्यतीति चेत् ? **तर्हि** एकान्ते त्रैराशिकमतप्रवेशापत्तिभिया पक्षत्रयस्य पक्षद्वय एवान्तर्भावविवक्षया जिनपूजादिसम्यग्दृष्टिदेवकृत्यं धर्म एवेति वदतां का बाधा ? अन्यथा त्वया देवानां जिनवन्दनाद्यपि कथं वक्तव्यं स्यात् ? **सर्व**विरत्यादियोगक्षेमप्रयोजकान् व्यापारानेव धर्मादिशब्दवाच्यान् स्वीकुर्म इति चेत् ? **नयभेदेन** परिभाषतां, अनुगतो(=प्रमाणभूत:)

---

અધાર્મિકવ્યવસાય બને. દેશસંયમસંબંધી ચેષ્ટા મિશ્રવ્યવસાય બને. તેથી સામાયિક કે વંદનાદિ અધ્યવસાય ધાર્મિક વ્યવસાય માનવામાં આપત્તિ નહીં રહે.

**ઉત્તરપક્ષ :-** આ પ્રકારની વ્યાખ્યા પણ નૈગમનયને આશ્રયી પરિભાષાવિશેષથી સ્વીકારવી જ સંગત છે, અન્યનયથી સિદ્ધ નથી, કારણ કે માત્ર સંયમની અપેક્ષાએ જ વ્યવસાયના આ પ્રમાણે વિભાગ કરવામાં અવિરત સમ્યગ્દષ્ટિના સમ્યક્ત્વઅંગેના અધ્યવસાયનો સમાવેશ શેમાં થશે ? કારણ કે સમ્યક્ત્વઅંગેનો અધ્યવસાય સંયમઅધ્યવસાયમાં સમાવેશ પામી ન શકે. આ તમે આંખ બંધ કરી એકાગ્ર થઇ વિચારો.

**પ્રતિમાલોપક :-** એકાંતે અવિરત(=મિથ્યાત્વી) કરતા સમ્યગ્દષ્ટિ અવિરત વિલક્ષણ પ્રકારના છે. તેથી અવિરતસમ્યક્ત્વીના અધ્યવસાયને કોઇક અપેક્ષાએ ત્રીજા - ધાર્મિકઅધાર્મિક અધ્યવસાયમાં લઇ જઇ શકાય.

**ઉત્તરપક્ષ :-** તમે ધાર્મિકઅધાર્મિક વ્યવસાયમાં દેશસંયમીને અથવા દેશસંયમસંબંધી વ્યાપારને ઇષ્ટ માનો છો. અવિરતસમ્યક્ત્વી દેશસંયમી કે દેશસંયમવ્યાપાર વિનાનો હોવા છતાં મિથ્યાત્વીથી વિલક્ષણ હોવાથી તમે એને અધાર્મિક વ્યવસાયમાંથી ઉંચકી ધાર્મિકાધાર્મિક વ્યવસાયમાં સ્થાપો છો. આમ અધાર્મિક વ્યવસાયમાં માત્ર મિથ્યાત્વીને રાખવા માંગો છો. સારી વાત છે. હવે, ત્રણ વિકલ્પો જ સ્વીકારવામાં ત્રૈરાશિકમત(=બધે જ ત્રણ પ્રકાર સ્વીકારવાવાળા મત-રોહગુપ્તનિહ્નવના મત)માં પ્રવેશ પામી જવાનો ડર હોય, ને નિશ્ચયસંમત માત્ર બે જ વિકલ્પ સ્વીકારવાના હોય - ધાર્મિક વ્યવસાય, અધાર્મિક વ્યવસાય. તો સમ્યક્ત્વીને ક્યાં રાખશો ? સહજ છે કે અધાર્મિક વ્યવસાય તો માત્ર મિથ્યાત્વીનો જ ઇષ્ટ છે. તેથી અવિરતસમ્યક્ત્વીને કે તેના જિનાર્ચાદિ સમ્યક્ત્વ અધ્યવસાયને ધાર્મિક અધ્યવસાય માનવા જ પડશે, તો એમાં શી બાધા=આપત્તિ છે ? તેથી સમ્યગ્દષ્ટિ દેવોનો ભાવજિનને વંદન વખતનો અને જિનપ્રતિમાની પૂજા વખતનો અધ્યવસાય શુભ હોવાથી ધર્મવ્યવસાયરૂપ જ બનશે. જો આમ નહીં માનો, તો તેઓના ભાવજિનને વંદન વખતના અધ્યવસાયને પણ શી રીતે ધર્મરૂપ માની શકશો ?

**પૂર્વપક્ષ :-** અમને સર્વવિરતિવગેરે(વગેરેથી દેશવિરતિ-અવિરતિ સમજવા)ની પ્રાપ્તિ અને રક્ષણમાં પ્રયોજક પ્રવૃત્તિઓ જ 'ધર્મ' આદિ(આદિથી ધર્માધર્મ અને અધર્મ લેવા)પદથી સ્વીકૃત છે. (કેમકે મુખ્યતયા સર્વવિરતિ વગેરેની અપેક્ષાએ જ ધર્માદિની વ્યાખ્યા થાય છે. દેવકૃત જિનવંદન અસાવદ્યપ્રવૃત્તિરૂપ હોવાથી કથંચિત્ વિરતિપ્રયોજક બની શકે. જ્યારે જિનાર્ચા તો જિનપ્રતિમા સમક્ષ સાવદ્યપ્રવૃત્તિરૂપ છે. માટે વિરતિપ્રયોજક નથી. માટે ધર્મરૂપ નથી.)

**ઉત્તરપક્ષ :-** તમે આમ નયભેદથી=નયવિશેષથી જ પરિભાષા કરી શકો. વાસ્તવમાં તો અનુગત=પ્રમાણભૂત નિશ્ચિત ધર્મવ્યવહાર તો પુષ્ટિશુદ્ધિમત્ચિત્તથી યુક્ત ક્રિયા જ બને છે. પુષ્ટિ=પુણ્યની જમાવટ, શુદ્ધિ=ઘાતિકર્મના ક્ષયવગેરેથી પ્રગટતી નિર્મળતા. (જે અધ્યવસાય પુણ્યપોષક બને અને પાપકર્મના વિગમદ્વારા નિર્મળતા પેદા કરે, તે અધ્યવસાય નિશ્ચયધર્મ છે અને તે અધ્યવસાયથી યુક્ત ક્રિયા વ્યવહારધર્મ છે. ધર્મની આ વ્યાખ્યા વિશાળ અને સૂક્ષ્મ છે. આ

धर्मव्यवहारस्तु पुष्टिशुद्धिमत्(=पुण्यपापवृद्धिक्षयमत्) चित्तानुगतक्रियैव। तुर्यगुणस्थानक्रियानुरोधाद् दर्शनाचाररूपत्वाद् दर्शनव्यवसायात्मकं जिनार्चादि सिद्धं देवानाम्। तदुक्तम् **स्थानाङ्गे** *'सामाइए ववसाए तिविहे प० तं०-(१) नाणववसाए (२) दंसणववसाए (३) चरित्तववसाए'* [३/३/१८५] त्ति। (एवं सामायिकव्यवसायत्वात् देवानां जिनार्चादिर्धर्मव्यवसाय इति सिद्धम्।)

द्वितीयं भेदकं-शक्रस्तवप्रक्रिया-प्रसिद्धप्रणिपातदण्डकपाठः, न हि वाप्यादिकं पूजयता वाप्यादेः पुरतः शक्रस्तवः पठितोऽस्ति किन्तु अर्हत्प्रतिमानामेव सकलसम्पद्भावान्वितः(न्वितानां इति पाठा.), स्थितिमात्रत्वे त्वन्यत्राप्यपठिष्यत्। न च तीर्णस्त्वं तारकस्त्वमित्यादयो भावा जिनप्रतिमातोऽन्यत्राभिनेतुं शक्यन्ते। **न चाभिनयादिव्यापारं विना शान्तरसास्वाद इति**। यत्र यदुचितं तत्रैव तत्प्रयोज्यं सहृदयैः। तथा भावैः

---

વ્યાખ્યામાં સમ્યક્ત્વની ક્રિયા પણ સમાવેશ પામે છે.) પ્રતિમાપૂજન ચોથા ગુણસ્થાનકે રહેલા સૂર્યાભવગેરે દેવોની શુભક્રિયારૂપ છે. તેથી આ ક્રિયા આ ભવની કોઇક આશંસાથી થતી સંભવતી નથી. બલ્કે દર્શનાચારની ક્રિયા તરીકે જ સંભવે છે. **તાત્પર્ય :-** દેવોએ કરેલી પ્રતિમાપૂજા ચોથા ગુણસ્થાનકે રહેલાની ક્રિયારૂપ છે. તેથી સમ્યગ્દર્શનના આચારરૂપ છે. કારણ કે ચોથું ગુણસ્થાનક સમ્યગ્દર્શનપ્રધાન છે. તેથી દેવોએ કરેલી પ્રતિમાપૂજા તેઓના સમ્યગ્દર્શનવ્યવસાયરૂપ છે. **સ્થાનાંગમાં** કહ્યું જ છે કે → *'સામાયિક વ્યવસાય ત્રણ પ્રકારના પ્રરૂપ્યા છે. (૧) જ્ઞાનવ્યવસાય (૨) દર્શનવ્યવસાય અને (૩) ચારિત્રવ્યવસાય.'* આમ નિશ્ચિત થાય છે કે **પ્રતિમાપૂજન પણ દર્શનવ્યવસાયરૂપ હોવાથી એક પ્રકારનું સામાયિક જ છે. તેથી સામાયિકની જેમ પ્રતિમાપૂજા પણ ધર્મવ્યવસાયરૂપ છે.**

## શક્રસ્તવથી પ્રતિમાપૂજાની ધર્મરૂપતા

વાવડી આદિની અર્ચનાથી જિનપ્રતિમાપૂજામાં ભેદ બતાવતી બીજી વાત આ છે - જિનપ્રતિમા આગળ સૂર્યાભવગેરે દેવો શક્રસ્તવ ભાવપૂર્વક બોલે છે. પરંતુ વાવડીવગેરે આગળ આ પ્રમાણે શક્રસ્તવ બોલતા નથી.

**પ્રતિમાલોપક :-** આ શક્રસ્તવપાઠ પણ માત્ર કુલાચારરૂપ જ છે.

**ઉત્તરપક્ષ :-** આ વાત બરાબર નથી. શક્રસ્તવની દરેક સંપદાના ભાવ જાળવવાપૂર્વક શક્રસ્તવનો પાઠ જિનપ્રતિમા આગળ બોલવો, એ માત્ર કુલાચારરૂપ ન કહેવાય, કારણ કે (૧) તો-તો એ શક્રસ્તવ બોલતા સકલ સંપદ્ સાચવવી વગેરે વિધિની સંપૂર્ણ કાળજીવગેરે ન હોય, તથા (૨) આ શક્રસ્તવ વાવડીવગેરે આગળ પણ બોલાવું જોઇએ. 'વાવડીવગેરે આગળ પણ શક્રસ્તવ બોલતા હશે' એમ નહીં કહેશો, કારણ કે વાવડી આગળ શક્રસ્તવ બોલ્યાનો આગમપાઠ નથી. શક્રસ્તવમાં આવતા 'તિન્નાણં તારયાણં' વગેરે પદો બોલતી વખતે 'તું (ભવસાગર) તરેલો છે અને બીજાઓને તારનારો છે.' વગેરે પ્રગટતા ભાવો ભગવાનની ગેરહાજરીમાં ભગવાનની પ્રતિમા સિવાય બીજે ક્યાં વ્યક્ત કરી શકાય ? વળી બોલાતા આ પદોને સંગત અને તે વખતે પ્રગટતા ભાવોને વ્યક્ત કરતા હાથ-મોં વગેરેના અભિનયો જિનપ્રતિમાને છોડી અન્ય ક્યાં દર્શાવી શકાય ? વાવડીવગેરે આગળ કંઇ આ ભાવો વ્યક્ત થઇ શકે નહીં.

**શંકા :-** હાથ-મોં ના અભિનયોની શી જરુર છે ? શું એ નરદમ દંભરૂપ અને ખોટા દેખાવરૂપ નથી ?

**સમાધાન :-** ના બિલકુલ નહિ. હૃદયમાં ઉછળતા ભાવોને આ અભિનયો સહજ આકાર આપે છે. કદાચ અંદર તેવા ભાવ ન પણ હોય, તો પણ બાહ્ય અભિનય અંદર ભાવ જગાવે છે. સંવેદન પેદા કરે છે. ખ્યાલ રાખજો ! પ્રાયઃ **હાથવગેરેના અભિનય વિના ભાવોલ્લાસ પ્રગટતો નથી. અને ભાવોલ્લાસ વિના શાંતસુધારસના સ્વાદની મઝા માણી શકાતી નથી. વાણી અને વર્તનનું સુસંવાદી સંમિલન વિચારના પણ સુસંવાદી સંમિલનની**

पापनिवेदनप्रणिधानाद्यैर्भ्राजितानि यानि हृद्यानि पद्यान्यष्टोत्तरशतसङ्ख्यानि, तेषां रचना प्रतिमानां पुरस्तदपि तृतीयं भेदकम्, भावस्तुतिमङ्गलानां महोदयहेतुत्वेन सूत्रेऽभिधानात्तस्याः(=स्तुतिरचनायाः) धर्माक्षेपकत्वान्न हि वाप्यादेरग्रेकृता। तथा चतुर्थं भेदकमालोकप्रणामः। यत्र जिनप्रतिमास्तत्र 'आलोए पणामं करेइ' ति पाठोऽन्यत्र तु नेति विनयविशेषोऽपि धर्माक्षेपक एव। तैरपि *स्वःसदां*=देवानां भगवतां मूर्त्यर्चने *चेत्*=यदि *अतिशयं*=विशेषं नेक्षन्ते, *तत्*=तर्हि *बालाः*=विशेषदर्शने हेतुशक्तिविकला लुम्पकाः, लौकिकेऽपि *पथि*=भोजनादौ, शपथेन कोश(त्रपु)पानादिना *प्रत्यायनीयाः*=विश्वासनीयाः किं न भवन्ति ? अपि तु तथैव भवन्ति, कामिनीकरकमलोपस्थिते शिष्यानीते वा भोजने किमिदं पुरीषमन्नं वेति संशयात्ते न विरमेयुरित्यर्थः, न चायं (=विशेषनिरीक्षणाभावः)

---

**રંગોળી રચે છે.** વળી પોતાના સંવેગગર્ભિત અભિનયો ત્યાં રહેલા બીજાઓમાં પણ સંવેગના દીપ પ્રગટાવે છે અને બીજાઓને પણ ભક્તિરસમાં તરબોળ કરી દે છે...

સહૃદયી સજ્જનોએ જ્યાં જે ઉચિત હોય, ત્યાં તે પ્રયોજવું જોઇએ. તેથી જ આ અભિનયો જ્યાં ત્યાં થતાં નથી અને કરવા શોભતા પણ નથી. જ્યાં શોભા પામે, ત્યાં જ કરવા જોઇએ. (જિનપ્રતિમામાં જિનેશ્વરની કલ્પના થઇ શકે છે, તેથી જિનપ્રતિમા આગળ શક્રસ્તવનો ઉચ્ચાર અને તેને અનુરૂપ અભિનયો શોભા પામે છે. વાવડીવગેરેમાં પરમાત્માની કલ્પના થઇ શકતી નથી, તેથી જો ત્યાં પણ શક્રસ્તવનો ઉચ્ચાર અને અભિનય કરવા માંડે તો શુભભાવ તો ન પ્રગટે પણ પાગલમાં જ ખપવાનો વારો આવે. મોટા સાહેબને સલામી આપવાથી લાભ થાય, તેથી કંઇ કુતરાને સલામી ન ભરાય ! તેથી સિદ્ધ થાય છે, કે જિનપ્રતિમાનું વાવડીવગેરેથી અગણિત ઊંચુ મૂલ્ય છે અને જિનપ્રતિમાનું પૂજન વાવડીવગેરેના પૂજનથી ઘણું ચડિયાતું અને સરખાવી ન શકાય તેવું છે.)

## નવા સ્તોત્રોની રચનાથી પ્રતિમાપૂજાની શ્રેષ્ઠતા

સૂર્યાભવગેરે દેવો જિનપ્રતિમાની પૂજા કર્યા બાદ એ જિનપ્રતિમા આગળ સ્વરચિત નૂતન એકસો આઠ સ્તુતિઓ બોલે છે. અલબત્ત પોતાના દેવભવની જ તેવી લબ્ધિના પ્રભાવે ક્ષયોપશમ થવાથી આ નૂતન સ્તુતિઓ તે દેવો રચે છે, પરંતુ આ ક્ષયોપશમ પેદા થવામાં પ્રતિમામાં પરમાત્માની કલ્પના ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે, તે ન ભૂલશો. તેથી જ દેવલબ્ધિ સર્વત્ર હોવા છતાં, આ સ્તુતિરચના માત્ર જિનપ્રતિમા આગળ જ થાય છે, વાવડીવગેરે આગળ નહિ. **પ્રતિમા પરમાત્માની સ્મૃતિ કરાવવા દ્વારા અપૂર્વ ક્ષયોપશમમાં નિમિત્ત બને, એ શું પ્રતિમાની શ્રેષ્ઠ-મહત્તાસૂચક નથી ?** વળી દેવો આ સ્તુતિઓમાં કંઇ આલોકની આશંસા વ્યક્ત નથી કરતા, પરંતુ પોતાના પાપના નિવેદનના પ્રણિધાનવગેરે ભાવો વ્યક્ત કરતા હોય છે. સ્તુતિરચના પણ સૂચવે છે કે (૧) સૂર્યાભવગેરેદેવો પ્રતિમાપૂજા પાપના નાશ અને પુણ્યના ઉપચયદ્વારા પરલોકમાં હિતની અપેક્ષાએ જ કરે છે અને (૨) પ્રતિમાપૂજા વાવડીવગેરેના અર્ચનથી અતિભિન્ન પ્રકારની છે.

## નમનથી પ્રતિમાની પૂજ્યતા સિદ્ધિ

વળી સૂર્યાભવગેરે દેવો જિનપ્રતિમાને દર્શન થતાં વાર જ પ્રણામ કરે છે, તેઓ આ પ્રમાણે વાવડી વગેરેના દર્શન થતાં વાર પ્રણામ કરતા નથી. આ ચોથા મુદ્દાથી પણ સિદ્ધ થાય છે કે, જિનપ્રતિમા વાવડીવગેરેથી ઘણું ઊંચુ મૂલ્ય ધરાવે છે અને દેવોને મન જિનપ્રતિમા પણ જિનેશ્વરતુલ્ય જ છે. તેથી તેઓને જિનપ્રતિમાનું પૂજન પણ સાક્ષાત્ જિનની પૂજા સમાન લાગે છે. આમ પ્રતિમાપૂજા વાવડીવગેરેના અર્ચનથી ઘણી ભિન્ન છે.

આ પ્રમાણે અનેક ભેદહેતુઓથી દેવોએ કરેલી જિનપ્રતિમાની પૂજા વાવડીવગેરેના અર્ચનથી ઘણી ભિન્ન સિદ્ધ થાય છે. છતાં જેઓ માત્ર 'અર્ચન'શબ્દના સામ્યથી બન્ને સ્થળે સમાનતા જુએ છે અને આવો તફાવત જોઇ

वस्तुनोऽपराधः, किन्तु पुरुषस्य, नह्ययं स्थाणोरपराधो यदेनमन्धो न पश्यतीति कियत्तेषां महामोहशैलूषप्रवर्तित-नाट्यविडम्बितं वर्णनीयमिति दिग् ॥ १४॥ अथ स्थितिमभ्युपगम्याप्याह–

**भव्योऽभ्यग्रगबोधिरल्पभवभाक् सद्दृष्टिराराधको,**
**यश्चोक्तश्चरमोऽर्हता स्थितिरहो सूर्याभनाम्नोऽस्य या।**
**सा कल्पस्थितिवन्न धर्मपरतामत्येति भावाऽन्वयान्-**
**मा कार्षुर्भ्रममत्र केऽपि पिशुनैः शब्दान्तरैर्वञ्चिताः ॥ १५ ॥**

(**दंडान्वयः**→ यो भव्यः, अभ्यग्रगबोधिः, अल्पभवभाक्, सद्दृष्टिः, चरमश्चार्हतोक्तः, अहोऽस्य सूर्याभ-नाम्नो देवस्य या स्थितिः सा भावान्वयात् कल्पस्थितिवत् धर्मपरतां नात्येति, अत्र पिशुनैः शब्दान्तरैः वञ्चिताः केऽपि भ्रमं मा कार्षुः ॥)

'भव्य'इत्यादि। *भव्यः*=भवसिद्धिकः, *अभ्यग्रगबोधिः*=समीपगतबोधिः सुलभबोधिक इति यावत्। अल्पं भवं भजतीत्यल्पभवभाक् परीतसंसारिक इत्यर्थः। *सती*=समीचीना दृष्टिर्यस्यासौ सद्दृष्टिरित्यर्थः। *आराधको*=ज्ञानाद्याराधनकर्ता। *च*=पुनः। *यश्चरमः*=अपश्चिमभवः। *अर्हता*=**श्रीमहावीरेणोक्तः**। 'अहो' इत्याश्चर्ये। *अस्य*=सूर्याभनाम्नो देवस्य या स्थितिः, सा कल्पस्थितिवन्न *धर्मपरतां*=न धर्मव्यवहारविषयता*मत्येति*=अतिक्रामति। कस्मात्? *भावान्वयात्*=शुभभावसम्बन्धात्। अत्राधिकृते *पिशुनैः*=नीचैः, *शब्दान्तरैः*= स्थित्यादिशब्दैः वञ्चिताः-

---

શકતા નથી, તે બિચારા પ્રતિમાલોપકો! શું તેઓ દુન્યવી વ્યવહારમાં જેમકે પ્રિયપત્નીએ કે શિષ્યએ લાવેલા ભોજનમાં પણ 'ભોજન છે કે અશુચિ?' એવી શંકા કર્યા કરનારાઓની તુલ્યકક્ષાના નથી? તેથી જેમ આવા શંકાખોરોને તો માત્ર સોગંદો ખાઇને જ સમજાવી શકાય, તેમ આ લોકો પણ માત્ર સોગંદોથી જ સમજશે!

**શંકા :-** પ્રતિમાપૂજા વસ્તુ જ એવી છે કે તેની શુદ્ધતામાં શંકા પડે.

**સમાધાન :-** ના, એમાં પ્રતિમાપૂજાનો વાંક નથી. તે તો સ્પષ્ટરૂપે શુદ્ધ છે. વાંક શુદ્ધતા નહિ જોનારા પુરુષનો છે. અંધપુરુષ ઠૂંઠાને જોઇ ન શકે, તેમાં વાંક ઠૂંઠાનો નથી. ખેર! તેઓની મહામોહ નામના મહાનટે પ્રવર્તાવેલા નાટ્ય વિડંબનાની વધુ વાત શી કરવી? ॥ ૧૪ ॥

## સ્થિતિરૂપ પણ પ્રતિમાપૂજન ધર્મની મર્યાદારૂપ

કદાચ 'જિનપ્રતિમાપૂજન દેવોના આચારરૂપ છે, તેમ સ્વીકારી લઇએ, તો પણ તે ધર્મરૂપ જ છે' તેવો સ્વમત પુષ્ટ કરતા કવિવર કહે છે—

**કાવ્યાર્થ :- ભગવાન મહાવીર સ્વામીએ** જેને(=સૂર્યાભદેવને) ભવ્ય, સુલભબોધિ, અલ્પભવવાળો, સમ્યગ્દષ્ટિ, જ્ઞાનઆદિનો આરાધક અને ચરમભવવાળાતરીકે(દેવતરીકેના છેલ્લા ભવવાળો અથવા જેને ચરમ=છેલ્લો ભવ આવવાનો છે, તે ચરમભવવાળો) ઓળખાવ્યો છે. તે સૂર્યાભદેવની (પ્રતિમાપૂજારૂપ) સ્થિતિ(મર્યાદા-આચાર) કલ્પસ્થિતિની જેમ ધર્મવ્યવહારને ઓળંગતી નથી. અર્થાત્ ધર્મવ્યવહારરૂપ જ છે, કારણ કે એ સ્થિતિ પણ શુભભાવોથી યુક્ત છે. આ બાબતમાં અયોગ્ય વ્યક્તિઓ 'સ્થિતિ' વગેરે શબ્દોથી વિપરીત સમજાવવાનો પ્રયત્ન કરે, તો પણ કોઇએ ઠગાવું જોઇએ નહીં અને ભ્રમ પેદા કરવો નહિ.

અલ્પભવવાળો=પરીતસંસારી(=મર્યાદિતસંસારવાળો) સુલભબોધિ=ભવાંતરમાં સરળતાથી બોધિ પામનારો. ભ્રમ ન કરવો='દેવકૃતપ્રતિમાપૂજન માત્ર સ્થિતિરૂપ છે, પણ ધર્મરૂપ નથી' તેવો ભ્રમ ન કરવો.

व्यामोहं प्रापिता भ्रमं मा कार्षुः='न धर्मोऽयं किन्तु स्थितिः' इत्यादिभ्रमभाजो मा भूवन् इत्यर्थः॥ सूर्याभस्य भव्यत्वादिनिश्चायकालापको यथा →

*अहन्नं भंते ! सूरियाभे देवे किं भवसिद्धिए अभवसिद्धिए ? सम्मद्दिट्ठी मिच्छाद्दिट्ठी ? परीत्तसंसारिए अणंतसंसारिए ? सुलभबोहिए दुल्लभबोहिए ? आराहए विराहए ? चरमे अचरमे ?* [राजप्रश्नीय सू० ५२] *सूरियाभाई। समणे भगवं महावीरे सूरियाभं देवं एवं वयासी-सूरियाभा ! तुमं च णं भवसिद्धिए, णो अभवसिद्धिए, जाव चरमे, णो अचरमेत्ति।* [सू० ५३] *'भवसिद्धिए'त्ति। व्याख्या → भवैः सिद्धिर्यस्यासौ भवसिद्धिकः=भव्य इत्यर्थः। तद्विपरीतोऽभवसिद्धिकोऽभव्य इत्यर्थः। भव्योऽपि कश्चिन्मिथ्यादृष्टिर्भवति कश्चित्सम्यग्दृष्टिः। तत आत्मनः सम्यग्दृष्टित्वनिश्चयाय पृच्छति-सम्यग्दृष्टिको मिथ्यादृष्टिकः ? सम्यग्दृष्टिरपि कश्चित् परिमितसंसारो भवति, कश्चिद-परिमितसंसारः, उपशमश्रेणिशिरःप्राप्तानामपि केषाञ्चिदनन्तसंसारभावात्। अतः पृच्छति-परीतसंसारिकोऽनन्त-संसारिकः। परीतः=परिमितः स चासौ संसारश्च परीतसंसारः; सोऽस्यास्तीति परीतसंसारिकः 'अतोऽनेकस्वरात्' इति 'इक' प्रत्ययः। एवमनन्तश्चासौ संसारश्च अनन्तसंसारः, सोऽस्यास्तीत्यनन्तसंसारिकः। परीतसंसारिकोऽपि कश्चित्सुलभबोधिको भवति यथा* ***शालिभद्रादिकः***, *कश्चिद् दुर्लभबोधिको यथा* ***पुरोहितपुत्रजीवः***। *ततः पृच्छति-सुलभा बोधिः=भवान्तरे जिनधर्मप्राप्तिर्यस्यासौ सुलभबोधिकः। एवं दुर्लभबोधिकः। सुलभबोधिकोऽपि*

---

## સૂર્યાભદેવનું ભવ્યાદિપણું

સૂર્યાભદેવ ભવ્ય છે વગેરે વાતનું સમર્થન કરતો **રાજપ્રશ્નીય ઉપાંગનો** આલાપક આ પ્રમાણે છે →

*'હે ભદંત ! શું સૂર્યાભદેવ ભવસિદ્ધિક છે કે અભવસિદ્ધિક છે ? સમ્યગ્દષ્ટિ છે કે મિથ્યાદષ્ટિ છે ? પરીતસંસારી છે કે અનંતસંસારી છે ? સુલભબોધિ છે કે દુર્લભબોધિ છે ? આરાધક છે કે વિરાધક ? ચરમ છે કે અચરમ ?'* [સૂ૦ ૫૨] *જ્યારે સૂર્યાભવગેરે આ પ્રમાણે પ્રશ્ન પૂછે છે, ત્યારે શ્રમણ ભગવાન મહાવીરસ્વામી સૂર્યાભ(વગેરે)ને ઉત્તર આપે છે - 'હે સૂર્યાભ ! તું ભવસિદ્ધિક છે, અભવસિદ્ધિક નથી. યાવત્ તું ચરમ છે. અચરમ નથી.' આ પાઠની* ***ટીકા*** *આ પ્રમાણે છે - ભવસિદ્ધિક=ભવ્ય. અભવસિદ્ધિક=અભવ્ય. સૂર્યાભવગેરેનો પ્રથમ પ્રશ્ન પોતે ભવ્ય છે કે અભવ્ય? તે અંગે હતો. ભવ્યજીવો પણ સમ્યક્ત્વી કે મિથ્યાત્વી હોઇ શકે. તેથી 'ભવ્યમાં પણ પોતે સમ્યક્ત્વી છે' તેવો નિશ્ચય કરવા બીજો પ્રશ્ન પૂછ્યો. 'હું સમ્યક્ત્વી છું કે મિથ્યાત્વી ?' સમ્યક્ત્વી પણ કેટલાક મર્યાદિતસંસારવાળા હોય છે, તો કેટલાક અનંતસંસારવાળા હોય છે. કેમકે ઉપશમશ્રેણિની ટોંચે પહોંચેલા પણ કેટલાક જીવો અનંતકાળ માટે સંસારમાં ફેંકાઇ જાય છે. તેથી પોતાના મર્યાદિતસંસારના જ્ઞાનમાટે ત્રીજો પ્રશ્ન પૂછે છે - 'હું પરીતસંસારી છું કે અનંતસંસારી ?' અહીં 'પરીત' અને 'સંસાર' પદનો તથા 'અનંત' અને 'સંસાર' પદનો કર્મધારય સમાસ કર્યા બાદ 'પરીતસંસાર છે જેનો' તથા 'અનંતસંસાર છે જેનો' એવી વ્યુત્પત્તિ કરી. 'અતો અનેકસ્વરાત્' સૂત્રથી મત્વર્થીય (=સ્વામિતાદર્શક) 'ઇક' પ્રત્યય લાગ્યો છે. તેથી 'પરીતસંસારિક' અને 'અનંતસંસારિક' શબ્દો બન્યા. પરીતસંસારી પણ કેટલાક* ***શાલિભદ્રની*** *જેમ સુલભબોધિ(=ભવાંતરમાં ધર્મની પ્રાપ્તિરૂપ બોધિ જેને સુલભ હોય તે) હોય છે, તો કેટલાક* ***પુરોહિતપુત્ર****જીવ(=મેતાર્યમુનિ)ની જેમ દુર્લભબોધિ હોય છે. પોતાની સુલભબોધિતાનો નિર્ણય કરવા સૂર્યાભદેવ ચોથો પ્રશ્ન પૂછે છે - 'હું સુલભબોધિ છું કે દુર્લભબોધિ છું ?' સુલભબોધિ પણ કેટલાક બોધિને પ્રાપ્ત કર્યા પછી તેની વિરાધના કરી નાખે છે. 'પોતે તેવો વિરાધક તો નથી ને ?' તેવી ખાતરી કરવા સૂર્યાભ પાંચમો પ્રશ્ન પૂછે છે- 'હે નાથ ! હું આરાધક છું કે વિરાધક છું ?' આરાધક જીવો પણ બધા તે જ ભવમાં મોક્ષે જાય તેવો નિયમ નથી. તેથી 'પોતાનો*

*कश्चिद् बोधिं लब्ध्वा विराधयति। ततः पृच्छति-आराधयति=सम्यक्पालयति बोधिमित्याराधकः, इतरो विराधकः। आराधकोऽपि कश्चित्तद्भवमोक्षगामी न भवतीति। ततः पृच्छति-चरमः अचरमो वा ? चरमोऽनन्तरभावी भवो यस्यासौ चरमः 'अभ्रादिभ्यः' इति मत्वर्थीयो 'अ' प्रत्ययः। तद्विपरीतोऽचरमः। एवमुक्ते सूर्याभादिः(भिः) श्रमणो भगवान् महावीरस्तं सूर्याभं देवमेवमवादीत्-भो सूर्याभ ! त्वं भवसिद्धिको यावच्चरम इति* **वृत्तिः**॥

**कल्पस्थितिसूत्राणि** च → *'छव्विहे कप्पट्ठिई पं० तं०-(१) सामाइअसंजयकप्पट्ठिई (२) छेओवट्ठावणियसंजयकप्पट्ठिई (३) णिव्विसमाणकप्पट्ठिई (४) णिव्विट्ठकाइअकप्पट्ठिई (५) जिणकप्पट्ठिई (६) थेरकप्पट्ठिई'* [बृहत्कल्पभा० ६/२०] इत्यादीनि । तस्मादर्हत्प्रतिमार्चनं सूर्याभादीनां स्थितिरित्युच्यमानेऽपि सम्यग्दृष्टिस्थितित्वेन धर्मत्वमव्याहतमिति निर्व्यूढम्। ननु सूर्याभस्य तावत्सम्यग्दृष्टित्वं निश्चितं परमष्टाह्निकादौ बहवो देवा जिनार्चाद्युत्सवं कुर्वन्तीति **जीवाभिगमे** प्रसिद्धम्। तत्र च मिथ्यादृक्परिग्रहार्थं बहुशब्द इति

---

*આ દેવભવ છેલ્લો જ છે અને હવે પછીનો મનુષ્યભવ સંસારનો છેલ્લો ભવ છે' તેવો નિર્ણય કરવા સૂર્યાભે પૂછેલો છટ્ઠો પ્રશ્ન આ છે - 'હું ચરમ(=હવે પછીનો ભવ છેલ્લો ભવ છે જેનો એવો) છું કે અચરમ(=હજી ઘણા ભવ બાકીવાળો) ?' અહીં 'ચરમ' પદમાં 'અભ્રાદિભ્યઃ' સૂત્રથી મત્વર્થીય=સ્વામિતાદર્શક 'અ' પ્રત્યય લાગ્યો છે. સૂર્યાભ વગેરેના આ છ પ્રશ્નના જવાબમાં ભગવાન કહે છે 'તું ભવસિદ્ધિક છે, સમ્યક્ત્વી છે, પરીતસંસારી છે, બોધિનો આરાધક છે અને ચરમ છે.'* [સૂ. ૫૩]

**કલ્પસ્થિતિ** અંગેનો સૂત્રાનુવાદ આ પ્રમાણે છે →

*'છ પ્રકારની કલ્પસ્થિતિ પ્રરૂપેલી છે. (૧) સામાયિકસંયત કલ્પસ્થિતિ (૨) છેદોપસ્થાપનીયસંયત કલ્પસ્થિતિ (૩) નિર્વિશમાન કલ્પસ્થિતિ (૪) નિર્વિષ્ટકાયિક કલ્પસ્થિતિ (૫) જિન કલ્પસ્થિતિ અને (૬) સ્થવિર કલ્પસ્થિતિ.'*

આ છએ કલ્પસ્થિતિમાં 'સ્થિતિ' શબ્દોનો અર્થ 'આચાર' છે. તેથી તમારે હિસાબે તો સૂર્યાભઆદિની જેમ આ છએ સ્થિતિ માત્ર આચારરૂપ જ હોવી જોઇએ.

## સમ્યગ્દષ્ટિના આચારો ધર્માચારરૂપ

**પ્રતિમાલોપક :-** બેશક, અહીં પણ 'સ્થિતિ'પદનો પ્રયોગ છે અને સ્થિતિનો અર્થ આચાર જ છે. પરંતુ આ સામાયિકસંયતવગેરેનો આચાર માત્ર આચારરૂપ નથી, પરંતુ તેથી વિશેષ ધર્મરૂપ પણ છે, કારણ કે આ આચાર સમ્યક્ત્વીઓનો છે.

**ઉત્તરપક્ષ :-** બરાબર છે. બસ, આ જ પ્રમાણે સૂર્યાભઆદિ દેવોનો પ્રતિમાપૂજન વગેરે આચાર પણ માત્ર આચારરૂપ નથી, પણ તેથી વિશેષ ધર્મરૂપ છે; કારણ કે સૂર્યાભવગેરેદેવો પણ સમ્યક્ત્વી છે.

**પ્રતિમાલોપક :-** સૂર્યાભદેવ ભલે સમ્યક્ત્વી હોય, પરંતુ **જીવાભિગમ સૂત્રમાં** જે કહ્યું છે કે 'અષ્ટાહ્નિકા મહોત્સવ વગેરે વખતે ઘણા દેવો જિનપૂજા વગેરે ઉત્સવ કરે છે' ત્યાં મિથ્યાત્વી દેવોનો સમાવેશ કરવા માટે જ બહુ (ઘણા) શબ્દનો પ્રયોગ કર્યો છે, તેથી જિનપૂજા કરવી એ જેમ સમ્યગ્દષ્ટિ દેવોનો આચાર છે, તેમ મિથ્યાત્વી દેવોનો પણ આચાર છે. (અર્થાત્ 'જિનપૂજા' માત્ર આચાર=મર્યાદા=સ્થિતિરૂપ જ છે, ધર્મરૂપ નથી. આ આચારરૂપ જિનપૂજાને પણ જો ધર્મરૂપ માનશો, તો મિથ્યાત્વી દેવે માત્ર આચારરૂપે કરેલી પૂજા પણ ધર્મરૂપ માનવાનો પ્રસંગ છે.)

**ઉત્તરપક્ષ :-** જો સૂત્રમાં 'સર્વ'પદનો પ્રયોગ કર્યો હોત, તો તમે કહ્યું તેમ, બધા દેવદેવીઓ જિનપૂજા કરે છે તેવો અર્થ, અને તેના આધારે જિનપૂજા માત્ર આચારરૂપ છે તેવું તાત્પર્ય નીકળી શકત. પણ સૂત્રમાં તો માત્ર 'બહુ' પદ

सर्वदेवकृत्यत्वेन तत्स्थितिः(न तु धर्मः)इति चेत् ? **मैवम्**। तत्रैकैकविमानस्थसङ्ख्याताऽसङ्ख्याता सम्यग्दृश एव जिनप्रतिमापूजादिपरायणा इति ज्ञापनार्थं बहुशब्दप्रयोगसाफल्याद्। अन्यथा 'सव्वेसिं देवाणं' इत्यादि-पाठरचनाप्रसङ्गात्। अधिकृत**जीवाभिगमसूत्रं** चेदम् →

*'तत्थ णं जे से उत्तरिले अंजणपव्वए तस्स णं चाउद्दिसिं चत्तारि णंदापोक्खरिणीओ प० तं०-विजया, वेजयंती, जयंती, अपराजिया। सेसं तहेव जाव सिद्धायतणा सव्वचेइयघरवन्नणा णेयव्वा। तत्थ णं बहवे भवण-वइवाणमंतरजोइसियवेमाणिया देवा चाउम्मासियपडिवएसु संवच्छरेसु य अन्नेसु बहुसु जिणजम्मणनिक्खमण-नाणुप्पायपरिनिव्वाणमाइएसु य देवकज्जेसु य देवसमुदएसु य देवसमितीसु य देवसमवाएसु अ देवपओअणेसु य एगंतओ सहिया समुवागया समाणा पमुइयपक्कीलिआ अट्ठाहिआओ महामहिमाओ करेमाणा पालेमाणा सुहं सुहेणं विहरंति'* त्ति॥ [३/२/१८३] 'चेइयघरवन्नणा' इत्यत्र चैत्यगृहं जिनप्रतिमागृहमेव द्रष्टव्यमर्हत्साध्वोस्तत्रा-सम्भवादित्ययमपि (चैत्यं=ज्ञानम्' इत्यादि अर्थभ्रान्तस्य) लुम्पकस्यैव शिरसि प्रहारः।

यद्यप्यभव्यानां चारित्राद्यनुष्ठानमिव मिथ्यादृशामपि जिनप्रतिमापूजादिकं सम्भवति, तथापि बहूनां देवानां

---

જ છે. 'દરેક વિમાનમાં રહેલા સંખ્યાતા કે અસંખ્યાતા ઘણા દેવદેવીઓ જિનપૂજા કરે છે' તેવો જ સૂત્રાર્થ કરવાથી જ 'બહુ' પદ સફલ થાય છે. તેથી 'તે બધા સમ્યક્ત્વી દેવદેવીઓ જ સ્વરસથી જિનપૂજામાં પરાયણ છે. મિથ્યાત્વીઓને જિનપૂજામાં કોઇ સ્વરસ નથી' તેવો જ તાત્પર્યાર્થ સંગત છે. તેથી 'જિનપૂજા મિથ્યાત્વી દેવોના પણ આચારરૂપ છે.' ઇત્યાદિ તમારું વચન વજુદ વિનાનું છે. **જીવાભિગમ સૂત્રમાં** આ વિષયમાં આ પ્રમાણે કહ્યું છે → *'ત્યાં ઉત્તરદિશામાં અંજનક પર્વત છે. તેની ચારે દિશામાં (પૂર્વદિશાના ક્રમથી) (૧) વિજયા (૨) વૈજયંતી (૩) જયંતી અને (૪) અપરાજિતા નામની ચાર પુષ્કરિણી(=તળાવ) છે. બાકીનું ચૈત્યાલયસુધીનું વર્ણન નંદીશ્વરદ્વીપના અધિકારમાં અંજનપર્વતવગેરેના વર્ણનમાં દર્શાવ્યું છે તે મુજબ છે. ત્યાં(=ચૈત્યાલયમાં) ઘણા ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ અને વૈમાનિક દેવો ચૌમાસીના દિવસોએ, પર્યુષણામાં તથા બીજા પણ જિન ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળ તથા નિર્વાણકલ્યાણકવગેરે દિવસોએ તથા દેવસંબંધી કાર્યોમાં દેવોના સમુદાયમાં આવે છે અને પ્રમોદભાવથી અષ્ટાહ્નિકારૂપ મહામહોત્સવ કરે છે.'*

આ સૂત્રમાં 'ચેઇયઘરવન્નણા' પદમાં રહેલા 'ચૈત્યગૃહ' પદનો અર્થ 'જિનપ્રતિમા ગૃહ' જ થઇ શકે છે. પણ 'જ્ઞાનગૃહ' અર્થ થઇ શકતો નથી.

**શંકા :-** આ સ્થળે 'ચૈત્ય' પદનો 'જ્ઞાન' અર્થ કરવામાં શો વાંધો છે ?

**સમાધાન :-** આ સ્થળોએ અરિહંત કે સાધુઓનો સંભવ નથી. તેથી જો 'ચૈત્ય'પદનો અર્થ જ્ઞાન લઇએ, તો કોનું જ્ઞાન ? અથવા 'જ્ઞાનગૃહ એટલે શું ?' ઇત્યાદિ અણઉકેલ્યા પ્રશ્નો માથે ચોંટે. તેથી 'ચૈત્ય' પદનો જ્ઞાન અર્થ થઇ શકતો નથી. તેથી જેઓ 'ચૈત્ય'નો અર્થ 'જ્ઞાન' કરે છે, તે પ્રતિમાલોપકોમાટે આ સૂત્રપાઠ વજ્રઘાત સમાન છે.

## મિથ્યાત્વીદેવકૃત જિનપૂજા અસ્વારસિકી

**શંકા :-** પૂર્વોક્ત સૂત્રમાં 'બહુ' પદ છે. તેના તાત્પર્યથી તમે શું તેમ કહેવા માંગો છો કે, 'માત્ર સમ્યક્ત્વી દેવો જ જિનપ્રતિમાપૂજા કરે છે. અને મિથ્યાત્વી દેવો જિનપ્રતિમાપૂજા કરતા નથી ?'

**સમાધાન :-** ના, અમારું કહેવું એમ નથી. અભવ્ય જેવા ગાઢ મિથ્યાત્વીઓ પણ જો જિનકથિત ચારિત્ર પાળે તેમ માનવામાં અમને વિરોધ ન હોય, તો મિથ્યાત્વી દેવો જિનપૂજા કરે તેમ માનવામાં અમને વિરોધ ક્યાંથી હોય ? પરંતુ સૂત્રમાં 'જિનપ્રતિમા ઘણા દેવદેવીઓને અર્ચનીય છે, વંદનીય છે, પૂજનીય છે,' ઇત્યાદિ જે વર્ણન છે,

देवीनां चार्चनीया वन्दनीया: पूजनीया इत्यादिप्रकारेण जिनप्रतिमावर्णनं मिथ्यादृगपेक्षया न युज्यते; नियमेन सम्यग्धर्मबुद्ध्या जिनप्रतिमापूजावन्दनादेर्मिथ्यादृगाचारबहिर्भूतत्वाद् मातृस्थानादिकं विना च लोकोत्तरमिथ्यात्व-लेशस्याप्ययोगात्। चक्रिणां देशसाधनाद्यर्थस्य पौषधस्येवैहिकफलस्याप्यश्रवणात्, विघ्नविनायकाद्युपशमस्य

તે વર્ણન મિથ્યાત્વી દેવદેવીઓની અપેક્ષાએ ઘટી ન શકે, તેટલું જ અમારે કહેવું છે.

**શંકા :-** 'આ વર્ણન મિથ્યાત્વી દેવદેવીઓની અપેક્ષાએ સંભવે નહિ.' તેમ કહેવામાં તમારી પાસે કોઇ તર્ક છે ?

**સમાધાન :-** અહીં એ જ તર્ક છે કે, 'જિનપ્રતિમાને વંદનવગેરે કર્મનિર્જરા આદિમાં કારણભૂત છે. ઇત્યાદિ સમ્યગ્ધર્મબુદ્ધિપૂર્વક જિનપ્રતિમાપૂજા કરવી' એવો વિચાર જિનપ્રતિમાપૂજન કરતી વખતે મિથ્યાત્વીઓને હોઇ શકે નહીં. તેથી તેઓ શુદ્ધધર્મબુદ્ધિથી જિનપ્રતિમાનું પૂજન કરે, તે વાત શક્ય નથી, કારણ કે એ તેમના આચારની બહારની વસ્તુ છે. માટે તેઓને 'પ્રતિમા અર્ચનીય છે, વંદનીય છે, પૂજનીય છે' એવું ક્યારેય પણ લાગતું નથી.

**શંકા :-** મિથ્યાત્વીને જો જિનપ્રતિમા અર્ચનીય નથી લાગતી, તો પૂજે છે કેમ ?

**સમાધાન :-** 'બીજાઓને સારું લગાડવું' વગેરે કારણસર માયા, દંભ આદિથી તેઓ પૂજા કરે તેમ બને.
**તાત્પર્ય :-** જેઓને જિનેશ્વરપર શ્રદ્ધા જ નથી, તેઓને જિનપ્રતિમા પૂજવા માટે માયાદિ સિવાય બીજો કોઇ હેતુ નથી. આ તેમનું લોકોત્તર મિથ્યાત્વ① છે.

**શંકા :-** તેઓ માયાદિ વિના સહજ ભાવપૂર્વક પૂજા કરે, તેમ માનવામાં શો વાંધો છે ?

**સમાધાન :-** માયાદિ કારણો જિનપ્રતિમાપૂજનવગેરે જૈનકાર્યો કરવામાં લાગતા લોકોત્તર મિથ્યાત્વના બીજ છે. જો માયાદિ ન હોય, તો જૈનકાર્યોમાં લોકોત્તર મિથ્યાત્વ નહીં, પણ સમ્યગ્શ્રદ્ધા જ કામ કરતી હોય છે. અને તો એ કાર્યો કરનાર મિથ્યાત્વી રહે જ નહીં.

**પ્રતિમાલોપક :-** મિથ્યાત્વીઓ માયાદિ વિના અને પારલૌકિક આશય વિના આલોકના જ કો'ક ઇષ્ટની સિદ્ધિમાટે શ્રદ્ધાથી જિનપ્રતિમાની પૂજા કરે. (જેમ આજ-કાલ કેટલાક જૈનો આલોકના કેટલાક લાભ માટે કે નુકસાન-વિઘ્ન ટાળવા શ્રદ્ધાથી સાંઇબાબાવગેરેને પૂજે છે તેમ.) આમ મિથ્યાત્વી દેવો માટે આભવિક કાર્યસિદ્ધિ માટે જિનપ્રતિમા પૂજનીયવગેરે બને છે, તેમ કહી શકાય. આમ માનવાથી 'બહુ દેવ-દેવીઓને અર્ચનીયવગેરે છે' ઇત્યાદિ જિનપ્રતિમાસંબંધી વર્ણન પણ ઘટી શકે. આમ એ મિથ્યાત્વી દેવો માટે આ ભવના પ્રયોજન પૂરતી જ જિનપ્રતિમાપૂજા ઇષ્ટ છે. પણ તેથી તે પરલોક અને મોક્ષદૃષ્ટિવાળા સમ્યક્ત્વી કે સમ્યક્ત્વી દેવો માટે ધર્મવ્યવસાયરૂપ બને નહીં. અહીં ચક્રવર્તીઓ દૃષ્ટાંતભૂત છે. ચક્રવર્તીઓ દિગ્વિજય કરવા નીકળે, ત્યારે તે-તે દેશ જીતવા જેમ અટ્ઠમ તપ-પૌષધવગેરે કરે છે, તેમ દેવોઅંગે સમજવું.

**ઉત્તરપક્ષ :-** દેવોને પોતાનાથી અસાધ્ય એવું કોઇ આલોકસંબંધી કાર્ય હોતું નથી. અન્યથા ચક્રવર્તીના દૃષ્ટાંતની જેમ ત્યાં પણ=દેવકૃતપૂજાસ્થળે પણ એનો ઉલ્લેખ મળે. પણ મળતો નથી. એ જ પ્રમાણે તેઓને વિઘ્નસમુદાય પણ નડતો નથી, કારણ કે તેમના અચિંત્ય સામર્થ્ય=પુણ્યથી એ વિઘ્નો સ્વતઃ શાંત થઇ જતા હોય છે. તેથી મિથ્યાત્વી દેવોને માયાદિ કારણ વિના જિનપૂજા કરવાનો કોઇ સંભવ નથી અને માયા આદિથી પ્રતિમાપૂજક માટે 'જિનપ્રતિમા અર્ચનીય છે' વગેરે વાત ઘટે નહીં. તેથી તેઓને પણ લક્ષ્યમાં લઇ 'બહુ દેવ-દેવીઓને જિનપ્રતિમા

① અન્યધર્મ વગેરેની ક્રિયામાં લૌકિક મિથ્યાત્વનું સેવન થાય. જૈનધર્મ લોકોત્તર છે. તેથી જૈન ધર્મની ક્રિયા દુષ્ટભાવથી કરવામાં લોકોત્તર મિથ્યાત્વનું સેવન થાય છે.

तेषां स्वतः सिद्धत्वादन्यथा मिथ्यादृग्देवानां पुर इव यागभागादिवर्धनप्रसङ्गादिति दिग्।

**ननु** यदा विमानाधिपतित्वेन मिथ्यादृष्टिरेव देवतयोत्पद्यते, तदात्मीयबुद्ध्या जिनप्रतिमां पूजयति, देवस्थित्या च शक्रस्तवं पठत्याशातनां च त्याजयति। तद्वत्प्रकृतेऽपि स्यादिति चेत् ? **मैवं, मिथ्यादृशां विमानाधिपतित्वेनोत्पादासम्भवाद्,** विमानाधिपतिर्मिथ्यादृगपि स्यादित्यादिवचनस्य क्वाप्यागमेऽनुपलम्भात्।

---

અર્ચનીય છે' વગેરે વાત કરી હોય તે સંભવતું નથી. તેથી તેઓની બાદબાકી કરી માત્ર સમ્યગ્દષ્ટિ દેવોને અપેક્ષીને જ 'બહુ દેવ-દેવી' ઇત્યાદિ પ્રયોગ કર્યો છે, તે સિદ્ધ થાય છે.

**શંકા :-** જેમ જનમતા બાળકને બાળારિષ્ટ વગેરે અશુભયોગો અને તત્ત્વો નડે નહીં, એ માટે શાંતિ-પૌષ્ટિક કર્મો કરાય છે, તેમ નવો ઉત્પન્ન થતો દેવ પોતાના ભાવીના વિઘ્નો ટાળવા શાંતિ-પૌષ્ટિક કર્મરૂપે આ પૂજાનો આચાર પાળતા હશે.

**સમાધાન :-** દેવોને એ અશુભ તત્ત્વો સંભવતા નથી અને તેઓ સમર્થ પણ છે. તેથી ભાવીના અશુભ ટાળવાની વાત વાજબી નથી. વળી, જો એવા આશયોથી પૂજા થતી હોય, તો જેમ મિથ્યાત્વી દેવો આગળ યજ્ઞ-બલિવગેરે થતાં દેખાય છે, તેમ જિનપ્રતિમા આગળ પણ યજ્ઞ-બલિકર્મ વગેરે થવાની વાત શાસ્ત્રમાં આવવી જોઇએ. પણ એવી કોઇ વાત આવતી નથી. મિથ્યાત્વી દેવોને પણ આ હેતુથી પૂજા-યજ્ઞ-બલિ-વર્ધાપનાદિ જિનપ્રતિમા આગળ કરતા બતાડ્યા નથી. આમ મિથ્યાત્વી દેવોની અપેક્ષાએ જિનપ્રતિમા અર્ચનીય સિદ્ધ થતી નથી. તેથી 'બહુ દેવ-દેવીઓ' અંગેની વાતમાં તેઓનો પ્રવેશ થતો નથી અને સમ્યગ્દષ્ટિ દેવો માટે પણ આલૌકિક કારણસર પ્રતિમા અર્ચનીય નથી, તેમ સિદ્ધ થાય છે.

**પ્રતિમાલોપક :-** છતાં મિથ્યાત્વી દેવો પણ જિનપ્રતિમાપૂજન કરે તો છે જ. તેથી જિનપ્રતિમાપૂજન આચારરૂપ જ છે.

**ઉત્તરપક્ષ :-** આમ જો તમારો એવો આગ્રહ જ હોય કે 'પ્રતિમાપૂજન આચારરૂપ છે' તો પણ તેટલું તો સમજી લેવું જોઇએ, કે આ આચાર પણ મિથ્યાત્વી દેવો માટે લોકોત્તર મિથ્યાત્વના સેવનરૂપ જ બને છે, કારણ કે આ પૂજા વખતે તેઓનો આશય દુષ્ટ છે. તેથી જ એમ પણ ફલિત થાય છે કે, આ જિનપ્રતિમાપૂજન આચાર સમ્યક્ત્વી દેવો માટે ધર્મરૂપ બને છે, કારણ કે તેઓને પૂજા કરતી વખતે માયાવગેરે દુષ્ટઆશયો હોતા નથી. જેમકે આગમમાં જ્યાં 'સૂર્યાભવગેરે દેવો જિનપ્રતિમાપૂજન કરે છે' એ પાઠ આપ્યો છે. ત્યાં તે પાઠમાં ક્યાંય એમ દેખાતું નથી કે સૂર્યાભવગેરે દેવો માયાઆદિ અશુદ્ધભાવથી પ્રતિમાને પૂજે છે. બલ્કે સર્વત્ર એમ જ ભાસે છે કે તેઓ પૂરા બહુમાન અને શુદ્ધભાવથી જ જિનપ્રતિમાનું અર્ચન કરે છે. તેથી સમ્યક્ત્વીદેવોની પ્રતિમાપૂજા લોકોત્તરમિથ્યાત્વરૂપ ન બનતા શુદ્ધ ધર્મરૂપ જ બને છે.

## વિમાનના માલિકદેવો સમ્યક્ત્વી જ હોય ? ચર્ચા

**પ્રતિમાલોપક :-** જ્યારે મિથ્યાત્વીદેવ વિમાનના માલિકતરીકે ઉત્પન્ન થાય છે. ત્યારે તે વાવડીવગેરે પોતાની માલિકીની વસ્તુઓનું 'આ મારી માલિકીનું છે' એવી આત્મીયબુદ્ધિથી અર્ચન કરે છે. તે વખતે (તે દેવને) પોતાના વિમાનમાં રહેલી જિનપ્રતિમાઓમાં પણ પોતાના માલિકીપણાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે. તેથી (તે દેવ) પ્રતિમાની અર્ચના પણ મારાપણાની બુદ્ધિથી કરે છે. તે વખતે તેઓ પ્રતિમા આગળ જે શક્રસ્તવ (નમુત્થુણં) બોલે છે, તે અને આશાતનાઓનો જે ત્યાગ કરાવે છે; તે પણ દેવસ્થિતિ=દેવલોકના તેવા આચારના કારણે જ છે. મમત્વ શું ન કરાવે? પણ તેટલામાત્રથી એ જિનપ્રતિમાપૂજન આચાર ધર્મરૂપ બનતો નથી એ તમને પણ ઇષ્ટ જ છે. સૂર્યાભઆદિ

ये च ज्योतिष्केन्द्राश्चन्द्रसूर्या असङ्ख्यातास्तेऽपि सम्यग्दृष्टय एव स्युरिति। **ननु** शक्रसामानिकानामुपपातो निजनिजविमानेषु भणितः। **तथा हि** →

*'एयं खलु देवाणुप्पियाणं अंतेवासी तीसए णामं अणगारे पगइभद्दए जाव विणीए छट्ठंछट्ठेणं अणिक्खित्तेणं तवोकम्मेणं अप्पाणं भावेमाणे बहुपडिपुन्नाइं अट्ठसंवच्छराइं सामन्नपरिआगं पाउणित्ता मासिआए संलेहणाए अप्पाणं झूसेत्ता सट्ठिं भत्ताइं अणसणाए छेएत्ता आलोइअपडिक्कंते समाहिपत्ते कालमासे कालं किच्चा सोहम्मे कप्पे सयंसि विमाणंसि उववायसभाए देवसयणिज्जंसि देवदूसंतरिए अंगुलस्स असंखिज्जइ भागमेत्ताए ओगाहणाए सक्कस्स देविंदस्स देवरन्नो सामाणियदेवत्ताए उववन्ने'* इत्यादि यावत्- *'गोयमा ! महिड्ढीए जाव महाणुभावे, से णं तत्थ सयस्स विमाणस्स चउण्हं सामाणियसाहस्सीणं चउण्हं अग्गमहिसीणं सपरिवाराणं तिण्हं परिसाणं सत्तण्हं अणिआणं सत्तण्हं अणियाहिवईणं सोलसण्हं आयरक्खदेवसाहस्सीणं अन्नेसिं च बहूणं वेमाणियाणं देवाण य देवीण य जाव विहरइ' त्ति। यावत् 'सक्कस्स देविंदस्स देवरन्नो अवसेसा सामाणिया देवा के महिड्ढिया तहेव सव्वं*

---

દેવો પણ આ આચારને આગળ કરીને જ પ્રતિમાપૂજનવગેરે કરે છે. પણ તેટલામાત્રથી (તેમની પણ) આ પ્રતિમાપૂજા ધર્મરૂપ બને નહિ. અન્યથા વાવડીપૂજન વગેરે પણ ધર્મરૂપ બની જાય.

**ઉત્તરપક્ષ :-** તમે કલ્પનાની ઇમારત તો બહુ મોટી ખડી કરી, પણ તેનો પાયો જ રેતીપર માંડ્યો છે. 'મિથ્યાદષ્ટિદેવો વિમાનના માલિક દેવ બની શકે' તેવી વાત આગમમાં ઉપલબ્ધ નથી. અને જો મિથ્યાત્વી દેવો વિમાનના માલિકદેવ બનતા જ ન હોય, તો પછી તમે કરેલી માલિકીની બુદ્ધિવગેરે દલીલોને અવકાશ જ ક્યાં છે ?

**પ્રતિમાલોપક :-** જો બધા વિમાનના માલિકદેવો સમ્યક્ત્વી જ હોય, તો જ્યોતિષદેવોના બધા ઇન્દ્રો (ચંદ્રો અને સૂર્યો) પણ સમ્યક્ત્વી માનવા પડશે. પણ આ ઇન્દ્રોની સંખ્યા અસંખ્ય છે. તેથી અસંખ્ય ઇન્દ્રો વગેરેને સમ્યક્ત્વી માનવા પડશે.

**ઉત્તરપક્ષ :-** ભલે જ્યોતિષના ઇન્દ્રો અસંખ્ય હોય ! છતાં પણ તેઓને સમ્યક્ત્વી માનવામાં કોઇ દોષ નથી.

## સામાનિક દેવો વિમાનમાલિક દેવો તરીકે અસિદ્ધ

**પૂર્વપક્ષ :-** વિમાનના માલિકદેવો મિથ્યાત્વી પણ સંભવી શકે છે. તે આ પ્રમાણે - શક્રના સામાનિક દેવો પોતપોતાના વિમાનમાં ઉત્પન્ન થાય છે, એમ સિદ્ધ કરતો આ આગમ પાઠ છે →

*'દેવાનુપ્રિયને(=ભગવાનને)* ***તિષ્યક*** *નામનો શિષ્ય હતો. આ તિષ્યક સાધુ સ્વભાવથી ભદ્રક યાવત્ વિનીત હતો. તિષ્યકે આઠ વર્ષ સુધી સંયમપર્યાય પાળ્યો. અંતે તેણે એક મહિનાની સંલેખના કરી અને માસક્ષમણરૂપ મૃત્યુંજયતપ કર્યો. છેલ્લે આલોચના-પ્રતિક્રમણવગેરે કરી તે નિર્મળ બન્યો અને સમાધિમરણ પામ્યો. સમાધિથી કાળ કરી તે તિષ્યક સૌધર્મદેવલોકમાં(પહેલા દેવલોકમાં) પોતાના વિમાનમાં ઉપપાતસભામાં રાખેલી અને દેવદૂષ્યથી ઢંકેલી દેવશય્યામાં શક્રના સામાનિક દેવતરીકે ઉત્પન્ન થયો. તેની અવગાહના ઉત્પત્તિકાળે અંગુલના અસંખ્યમાં ભાગ જેટલી હતી. ઇત્યાદિ વાત સમજવી. - તથા હે ગૌતમ ! તે મહાનુભાવ(તિષ્યક) મહર્દ્ધિક છે. પોતાના વિમાન, ચાર હજાર સામાનિક દેવો, સ્વપરિવારયુક્ત ચાર પટ્ટરાણીઓ, ત્રણ પર્ષદા(અભ્યંતર-મધ્ય અને બાહ્ય એમ ત્રણ પર્ષદા), સાત સેના, સાત સેનાપતિ, સોળ હજાર આત્મરક્ષક દેવો, તથા બીજા પણ ઘણા દેવદેવીઓના સ્વામી તરીકે વિહરી રહ્યો છે' વગેરે. તથા 'શક્રના બાકીના સામાનિક દેવો આ તિષ્યક જેવા જ મહર્દ્ધિક છે.'*

**શંકા :-** આમ સિદ્ધ થવાથી પ્રસ્તુતમાં કયો અર્થ સર્યો ?

*जाव एस णं'त्ति।* **भगवत्यां तृतीयशतके प्रथमोद्देशके** [सू० १३०]। एवं सामानिकाः पृथक्स्वस्वविमानाधिपतय एव। तदन्तर्गतः सङ्गमकोऽपि विमानाधिपः, स चाभव्यत्वान्नियमान्मिथ्यादृष्टिः। तस्य निजविमानगतजिनप्रतिमापूजनादिदेवस्थित्यैव भविष्यति। तद्वदन्यत्रापि वदतां नः कोऽपराधः ? इति चेत् ?

**मैवं** सम्यक्प्रवचनाभिप्रायापरिज्ञानात्। न हि *'सयंसि विमाणंसि'*त्ति भणनेन सामानिकानां पृथग्विमानाधिपतित्वमावेदितं, भवनपतिज्योतिष्कसौधर्मेशानकल्पेन्द्राणामग्रमहिषीणामपि पृथग्विमानाधिपतित्वप्रसङ्गात्, तासां नामग्राहमपि भवनविमानादेरुक्तत्वात्। **तथा हि** → *'तेणं कालेणं तेणं समएणं कालीदेवी चमरचंचाए रायहाणीए कालवडिंसए भवणे कालंसि सींहासणंसि चउहिं सामाणिअसाहस्सीहिं चउहिं महत्तरिआहिं तिहिं परिसाहिं सत्तहिं अणिएहिं सत्तहिं अणिआइवईहिं सोलसहिं आयरक्खदेवसाहस्सीहिं अन्नेहिं य बहुएहिं भवणवासीहिं असुरकुमारेहिं देवेहिं य देवीहिं य सद्धिं संपरिवुडा महया जाव विहरति'*त्ति **ज्ञातासूत्रप्रथमवर्गे** [श्रु० २,

---

**સમાધાન :-** આમ સામાનિક દેવો વિમાનના માલિકદેવો તરીકે સિદ્ધ થવાથી વિમાનના માલિકદેવો મિથ્યાત્વી પણ હોય છે, તેમ સિદ્ધ થાય છે. કારણ કે શક્રના સામાનિક દેવોમાં સમાવેશ પામતો **સંગમ** અભવ્ય હોવાથી અવશ્ય મિથ્યાત્વી છે. આમ મિથ્યાત્વીઓ પણ વિમાનના માલિકદેવ હોઇ શકે છે. આ મિથ્યાત્વી વિમાનમાલિક દેવો પ્રતિમાને પોતાની વસ્તુ માની પ્રતિમાપૂજન કરે તેટલામાત્રથી પ્રતિમાપૂજન ધર્મરૂપ બનતું નથી પણ માત્ર આચારરૂપે જ સિદ્ધ થાય છે. તેથી વિમાનના માલિકદેવોની પ્રતિમાપૂજા માત્ર આચારરૂપ જ છે તેમ કહેવામાં અમારો કોઇ દોષ નથી.

**ઉત્તરપક્ષ :-** 'આગમના અર્થોને બરાબર નહીં સમજવા' એ તમારો મોટો દોષ છે. *'સયંસિ વિમાણંસિ'* એ સૂત્રપાઠનો 'સામાનિક દેવો પોતપોતાના વિમાનના માલિક દેવો છે' એવો આશય નથી. કેમકે આ વચનના આધારે સામાનિકોને વિમાનના માલિક દેવતરીકે સ્થાપવામાં ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ, સૌધર્મ અને ઈશાન ઇન્દ્રોની દરેક પટ્ટરાણીના પણ અલગ અલગ વિમાન સ્વીકારવા પડશે. કારણ કે આગમમાં આ પટ્ટરાણીઓના નામવાળા પણ ભવન કે વિમાન બતાવ્યા છે.

## વિમાનમાલિકદેવોપર ઇન્દ્રનું અસ્વામિત્વ

આગમપાઠ આ પ્રમાણે છે →

*'તે કાળે તે સમયે 'કાળી' દેવી ચમરચંચા રાજધાનીમાં કાળાવતંસક ભવનમાં 'કાળ' નામના સિંહાસન પર બેસેલી, ચાર હજાર સામાનિક દેવો, ચાર મહત્તરિકા, ત્રણ પર્ષદા, સાત સેના, સાત સેનાપતિ, સોળ હજાર આત્મરક્ષક દેવો તથા બીજા પણ અનેક ભવનવાસી અસુરકુમાર દેવ-દેવી પરિવાર સાથે વિહરે છે.' આ ભવનપતિની ઇન્દ્રાણીઅંગે દર્શાવ્યું. સૂર્યની પટ્ટરાણીઅંગે 'તે સમયે સૂરપ્રભા નામની દેવી 'સૂર્યપ્રભ' વિમાનમાં 'સૂર્યપ્રભ' સિંહાસનપર ઇત્યાદિ (બાકીનું) કાળી દેવીના વર્ણન મુજબ...' તથા ચંદ્રની પટ્ટરાણીઅંગે 'ચંદ્રપ્રભા દેવી ચંદ્રપ્રભ વિમાનના ચંદ્રપ્રભ સિંહાસનપર ઇત્યાદિ શેષ હકીકત કાળીદેવીના વર્ણનને અનુરૂપ.' સૌધર્મેન્દ્રની પટ્ટરાણીઅંગે. 'તે કાળે તે સમયે પદ્માદેવી સૌધર્મ કલ્પના પદ્માવતંસક વિમાનની સુધર્મસભામાં પદ્મસિંહાસનપર ઇત્યાદિ વર્ણન કાળીદેવી મુજબ.' તથા ઈશાનેન્દ્રની પટ્ટરાણીઅંગે 'કૃષ્ણાદેવી ઈશાન કલ્પના કૃષ્ણાવતંસક વિમાનના કૃષ્ણ સિંહાસનપર ઇત્યાદિ શેષ વિગત કાળી દેવીને અનુરૂપ.'*

તેથી આ દેવીઓને પણ તમારે વિમાનના માલિક તરીકે સ્વીકારવી પડશે.

**પ્રતિમાલોપક :-** ભલે ત્યારે ઇન્દ્રોની પટ્ટરાણીઓના પણ અલગ વિમાનો સ્વીકારો ! આમ સ્વીકારવામાં

सू॰ १४८]। तथा *'तेणं कालेणं तेणं समएणं सूरप्पभा देवी सूरंसि विमाणंसि सूरप्पभंसि सींहासणंसि महया जाव विहरति जहा काली'ति* **ज्ञाता०** [श्रु॰ २, सू॰ १५५]। तथा *'तेणं कालेणं तेणं समएणं चंदप्पभा देवी चंदप्पभंसि विमाणंसि चंदप्पभंसि सींहासणंसि महया जाव विहरति जहा काली'त्ति* **ज्ञाता०** [श्रु॰ २, सू॰ १५६]। *'तेणं कालेणं २ पउमावइ देवी सोहम्मे कप्पे पउमवडिंसयंसि सभाए सुहम्माए पउमंसि सींहासणंसि महया जाव विहरति जहा काली' त्ति* **ज्ञाता०** [श्रु॰ २, सू॰ १५७]। तथा *'तेणं कालेणं तेणं समएणं कण्हा देवी ईसाणे कप्पे कण्हवडिंसयंसि विमाणंसि कण्हंसि सींहासणंसि महया जाव विहरइ जहा काली' त्ति* **श्री ज्ञाता०** [श्रु॰ २, सू॰ १५८]।

**ननु** तर्हि अग्रमहिषीणामपि पृथक् पृथग् भवनानि विमानानि च भवन्तु इति चेत् ? **मैवं**, आगमेऽपरिगृहीतदेवीनामेव पृथग्विमानानां भणनात्। तदुक्तं → *'अपरिग्गहियदेवीणं विमाणे लक्खा छ हुंति सोहम्मे'* इत्यादि। अग्रमहिषीणामपि स्वतन्त्रविमानाधिपतित्वेऽपरिगृहीतदेवीनामिव शक्रस्य तासामाधिपत्यं न स्यात्, न त्वेवमस्ति। **कथम्** ? इति चेत् ? **शृणु**, शक्रस्य प्रभुत्ववर्णनमधिकृत्य द्वात्रिंशल्लक्षविमानाधिपतित्वमेवोक्तं न तु तत्तद्विमानवासिदेवदेवीनामपि। **तथा हि** → *तेणं कालेणं तेणं समएणं सक्के देविंदे देवराया वज्जपाणी पुरंदरे सयक्कउ सहस्सक्खे मघवं पागसासणे दाहिणड्ढलोगाहिवई बत्तीसविमाणावाससयसहस्साहिवई एरावणवाहणे सुरिंदे*

---

અમારા પેટમાં કંઇ તેલ રેડાતું નથી.

**ઉત્તરપક્ષ :-** અહીં કંઇ બાળકને પટાવવાની વાત નથી કે જેથી આગમના બળ વિના પણ ઊટાંગપટાંગ વાતો સ્વીકારી લેવાય. આગમમાં તો માત્ર અપરિગૃહીત(=કોઇ પણ દેવને આધીન ન હોય તેવી) દેવીઓના જ અલગ વિમાન બતાવ્યા છે. કહ્યું છે કે → *'સૌધર્મકલ્પમાં અપરિગૃહીત દેવીઓના છ લાખ વિમાનો છે.'* જો ઇન્દ્રની પટ્ટરાણીઓના પણ અલગ વિમાનો હોત, તો તે અંગે પણ આગમપાઠ મળત.

**શંકા :-** અપરિગૃહીત દેવીઓના વિમાનોની સંખ્યામાં પટ્ટરાણીઓના વિમાનોની સંખ્યા પણ સમાવેશ પામી ગઇ હોય તેમ માનવામાં શો વાંધો છે ?

**સમાધાન :-** જો ઇન્દ્રની પટ્ટરાણીઓ અપરિગૃહીત દેવીઓની જેમ સ્વતંત્ર વિમાનમાલિકણો હોત, તો તેઓ પણ અપરિગૃહીત દેવીઓની જેમ ઇન્દ્રને આધીન ન હોત. પણ હકીકતમાં ઇન્દ્રોની પટ્ટરાણીઓ ઇન્દ્રોને આધીન હોય છે.

**શંકા :-** પટ્ટરાણીઓ વિમાનના માલિકણ હોવામાત્રથી ઇન્દ્રને આધીન ન બને તેમ કહેવામાં કંઇ કારણ ? શક્ર તો આખા સૌધર્મદેવલોકનો સ્વામી છે. તેથી તેની સત્તામાં આવતા વિમાનોના માલિકોપર પણ તેનો અધિકાર હોવામાં કોઇ વિરોધ નથી.

**સમાધાન :-** શક્ર પોતાની સત્તામાં આવતા બત્રીશ લાખ વિમાનોનો સ્વામી હોવા છતાં તે-તે વિમાનોના માલિક દેવોનો સ્વામી નથી. આગમમાં શક્રની માલિકીની વસ્તુઓનું વર્ણન આવે છે, તેમાં શક્રને બત્રીશ લાખ વિમાનના જ માલિકતરીકે બતાવ્યો છે. તે વિમાનોના દેવોના માલિકતરીકે નહિ. જુઓ આ રહ્યો તે પાઠ →

*'શક્ર, દેવેન્દ્ર, દેવોનો રાજા, વજ્રપાણી(=વજ્રવાળા હાથવાળો), પુરંદર, શતક્રતુ*(ક્રતુ=પ્રતિમા, શ્રાવકની પ્રતિમાને સો વાર વહન કરનારા **કાર્તિક શેઠ**નું ઉપનામ 'શતક્રતુ' હતું. આ જ **કાર્તિક શેઠ** મરીને શક્ર બન્યા. તેથી શતક્રતુ નામ પડ્યું.) *સહસ્રાક્ષ(=હજાર આંખવાળો-લૌકિક માન્યતા), મઘવા, પાકશાસન(=લૌકિક નામો), દક્ષિણાર્ધલોકનો સ્વામી, બત્રીસ લાખ વિમાનનો સ્વામી, ઐરાવણવાહન(=ઐરાવણહાથીરૂપ વાહનવાળો),* (આ બધા શક્રના પર્યાયવાચી શબ્દો છે.) *સુરેન્દ્ર, ધુળ વિનાના દેવદૂષ્યવાળો, યથાસ્થાન ધારણ કરેલા મુગટ અને માળાવાળો, જાણે નવા ન હોય તેવા*

*अरयंबरवत्थधरे, आलइयमालमउडे, यावत् महासुक्खे सोहम्मे कप्पे, सोहम्मवडिंसए विमाणे सभाए सुहम्माए सक्कंसि सींहासणंसि बत्तीसाए विमाणावाससयसहस्साणं, चउरासीए सामाणियसाहस्सीणं, तायत्तीसाए तायत्ती-सगाणं, चउण्हं लोगपालाणं, अट्ठाहं अग्गमहिसीणं सपरिवाराणं, तिण्हं परिसाणं, सत्तण्हं अणियाणं, सत्तण्हं अणियाहिवईणं, चउण्हं चउरासीणं आयरक्खदेवसाहस्सीणं, अन्नेसिं च बहूणं सोहम्मकप्पवासीणं वेमाणियाणं देवाणं देवीण य, अन्ने पढंति-अन्नेसिं च बहूणं देवाण य देवीण य आभिओगउववन्नगाणं आहेवच्चं, पोरेवच्चं, सामित्तं, भट्टित्तं, महत्तरगत्तं, आणाईसरसेणावच्चं, कारेमाणे, पालेमाणे, महया हय २ जाव भुंजमाणे विहरति'* इति **जम्बूद्वीपप्रज्ञप्तौ** [५/११५]। अत्र हि द्वात्रिंशल्लक्षविमानप्रभुत्वमेव पठितं दृश्यते न पुनः 'सत्तण्हं अणियाणं सत्तण्हं अणियाहिवईणं' इत्यादिवत् 'बत्तीसाए विमाणवाससयसाहस्सीणं बत्तीसविमाणवाससयसहस्साहि-वईणमि'त्यादि 'अन्नेसिं बहूणं सोहम्मकप्पवासीणं वेमाणीयाणं देवाण य देवीण ये'त्यादि उक्तौ च 'सव्वेसिं सोहम्मकप्पवासीण'मित्यादि। यत्रापि 'बहूणं' पठितं तत्रापि बहुशब्देनाभियोगादिदेवत्वेनोत्पन्ना एव ग्राह्या नान्ये, पाठान्तरोक्तिस्वारस्यात्, सामान्यस्य विशेषपर्यवसानार्थमेवान्यमतोपन्यासात्, प्राच्यपक्ष(क्षा पाठा.) स्वरसकल्पने

---

*સોનાના સુંદર મનોહર અને ડોલાયમાન થતાં કુંડલોના તેજથી શોભતી ડોકવાળો, તેજસ્વી શરીરવાળો, લટકતી પંચવર્ણની પુષ્પમાળાને ધારણ કરેલો, મહાઋદ્ધિધર, મહાકાંતિવાળો, મહાબળવાન, મહાયશવાળો, મહાનુભાગ, મહાસુખવાળો, શક્ર નામનો દેવેન્દ્ર, સૌધર્મ દેવલોકના સૌધર્માવતંસક નામના વિમાનની સુધર્મસભામાં '**શક્ર**' નામના સિંહાસનપર બેઠો છે. આ શક્ર ૩૨ લાખ વિમાનોનું, ૮૪ હજાર સામાનિક દેવોનું, તેંત્રીસ ત્રાયસ્ત્રિંશત્ દેવોનું, ચાર લોકપાલોનું, આઠ પટ્ટરાણીઓનું, ત્રણ પર્ષદાઓનું, સાત સેનાનું, સાત સેનાપતિઓનું, ૩ લાખ ૩૬ હજાર આત્મરક્ષક દેવોનું અને બીજા પણ અનેક સૌધર્મકલ્પવાસી વૈમાનિક દેવદેવીઓનું (અહીં કેટલાક આ પ્રમાણેનો પાઠ માને છે - બીજા પણ અનેક આભિયોગિક દેવ-દેવીઓનું) આધિપત્ય=રક્ષા કાર્યને કરતો, અગ્રગામીપણાને ધારણ કરતો, નાયકપણું બજાવતો, પોષકપણું સ્વીકારતો, ગુરુપણું ધારતો, આજ્ઞાથી ઈશ્વર બનેલા સેનાપતિપણાને ધારણ કરતો અર્થાત્ આજ્ઞાથી પ્રધાન બનેલો, તથા બીજાઓ પાસે આજ્ઞાપાલન કરાવતો અને સ્વયં તેઓનું પાલન કરતો, તથા મોટા અને સતત ચાલતાં નાટક, ગીત, મોટેથી વગાડાતા વાજિંત્રો, જેવા કે વીણા, હસ્તતાલ, બીજા વાજિંત્રો, ઘનમૃદંગ, તથા પટ્ટહના સંગીતને સાંભળતો, દેવતાઇ ભોગોને ભોગવતો વિહરી રહ્યો છે.'* **જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિના** આ પાઠમાં શક્રને ૩૨ લાખ વિમાનનો જ સ્વામી બતાવ્યો છે. આ પાઠમાં 'સાત સેનાનો સ્વામી છે' તેમ બતાવ્યા પછી 'સાત સેનાપતિઓનો સ્વામી છે' એવો નિર્દેશ કર્યો છે. પણ 'બત્રીસ લાખ વિમાનનો સ્વામી છે' તેમ બતાવ્યા પછી 'બત્રીસ લાખ વિમાનના માલિકોનો સ્વામી છે' તેવો નિર્દેશ કર્યો નથી. તેમજ 'ઘણા બીજા સૌધર્મવાસી વૈમાનિક દેવ-દેવીઓનો,' એમ કહ્યું છે, પરંતુ 'બધા સૌધર્મવાસી દેવ-દેવીઓનો' એવો નિર્દેશ નથી કર્યો.

**શંકા :-** અહીં 'બહુ' પદથી વિમાનના માલિકદેવો પણ શક્રને આધીન છે, તેમ સિદ્ધ થાય છે.

**સમાધાન :-** આ સિદ્ધિ બરાબર નથી કારણ કે ત્યાં 'બહુ'પદથી બહુ આભિયોગિક દેવો જ ગ્રહણ કરવા જોઇએ. સૂત્રના **ટીકાકારને** પણ આ વાત સંમત છે. તેથી ત્યાં 'બીજા પણ બહુ આભિયોગિક દેવોનો સ્વામી છે' એવો પાઠાંતર બતાવ્યો છે. પણ તે પાઠાંતરનું ખંડન કર્યું નથી. અર્થાત્ **ટીકાકારને** આ પાઠાંતર વિશેષનિર્દેશતરીકે માન્ય જ છે. મૂળમાં 'બીજા પણ ઘણા દેવદેવીઓ' એવો સામાન્યનિર્દેશ કર્યો છે. જ્યારે પાઠાંતરમાં 'બહુ પણ આભિયોગિક દેવદેવીઓ' એવો વિશેષનિર્દેશ કર્યો છે. આમ **ટીકાકારે** એક પાઠમાં થયેલા સામાન્ય નિર્દેશથી એ 'બહુ'થી કોણ લેવાના ? એવી આશંકાનું સમાધાન કરતાં વિશેષ નિર્દેશરૂપે નિશ્ચિત થતારૂપે જ અન્યમતતરીકે એ

बीजाभावात्। तस्माद् यावानिन्द्रपरिकरस्तावान् सर्वोऽपि शक्रनिवासविमान एवोत्पद्यत इति प्रतिपत्तव्यम्। तथा च स्वकीयविमानशब्देनैकस्यैव विमानस्य स्वस्वप्रभुत्वप्रतिबद्ध एकदेश एव ग्राह्यः, तावत एव प्रदेशस्य स्वविमानत्वेनोक्तेः। अत एव कालकनामकं भवनं चमरचञ्चाराजधान्येकदेशरूपमपि भवनत्वेनागमेऽभाणि। यथा च चन्द्रसूर्यादीनां देवानामग्रमहिषीणां चन्द्रसूर्यादिविमानैकदेश एव निजविमानतया भणितस्तथा तत्सामानिकानामपि द्रष्टव्यमन्यथा ज्योतिष्केन्द्रसामानिकानामपि पृथग्विमानकल्पने ज्योतिष्काणां पञ्चप्रकारतानियमो भज्येत। अत एव *'ससिरविगहणक्खत्ता'* [बृहत्सङ्ग्रहणी ५७ पा० १] इत्यादिप्रवचने शशिप्रमुखशब्दैः शशिप्रमुखविमानवासिनः सर्वेऽपि तत्तन्नामभिरेव गृहीता बोध्याः। किञ्च जिनजन्मादिषु सामानिकादीनां पालकविमाने-

---

પાઠાંતર મુક્યો છે. પણ પાઠાંતરને મૂળથી વિરુદ્ધરૂપે જોતા નથી. કેમકે તેમને પ્રાચ્ય(=પ્રથમ)પક્ષમાં જ સ્વરસ (અસ્વરસ પાઠા.) છે, તેમ માનવામાં કોઇ કારણ નથી. તેથી ફલિત થાય છે કે 'બહુ' પદથી 'બહુ આભિયોગિક દેવદેવીઓ' જ સ્વીકારવાના છે. વિમાનના માલિકદેવો ગ્રહણ થતા નથી. તેથી વિમાનના માલિક દેવો ઇન્દ્રને આધીન નથી તેમ જ સિદ્ધ થાય છે.

આ મુદ્દાથી બે વાત ફલિત થાય છે (૧) બીજા વિમાનના માલિક દેવો અને બીજા વિમાનમાં ઉત્પન્ન થતી વસ્તુઓ આ બન્નેપર ઇન્દ્રનો અધિકાર નથી. (૨) તેથી બત્રીશ લાખ વિમાનને છોડી બાકીની જેટલી વ્યક્તિ વસ્તુઓપર ઇન્દ્રની માલિકી છે, ઇન્દ્રના પરિકરરૂપે છે, તે બધી ઇન્દ્રના જ વિમાનમાં ઉત્પન્ન થાય છે, ઇન્દ્રના સામાનિક દેવો અને ઇન્દ્રની પટ્ટરાણીઓ ઇન્દ્રને આધીન છે. તેથી તેઓ પણ ઇન્દ્રના વિમાનમાં જ ઉત્પન્ન થાય છે. બીજા વિમાનોમાં નહિ. તેથી વિમાનના માલિક નથી.

## સામાનિક દેવોના અલગ વિમાનની અસિદ્ધિ

**શંકા :-** તમે આમ સિદ્ધ તો કર્યું. પણ તો પછી સામાનિક દેવો 'સયંસિ વિમાનંસિ'(પોતાના વિમાનમાં) ઉત્પન્ન થાય છે. એ પાઠને શી રીતે સંગત કરશો ?

**સમાધાન :-** સાંભળો ત્યારે સાવધાન થઇને ! અહીં સયંસિ='સ્વકીય વિમાન' એનો અર્થ તે-તે વિમાનનો પોતાની માલિકીનો એક ભાગ સમજવાનો. તે ભાગને અપેક્ષીને જ 'સ્વવિમાન' એવો પ્રયોગ સૂત્રમાં કર્યો છે.

('પોતાના ઉત્પન્ન થવાના સ્થાને, પોતાના ઉત્પન્ન થવાના પલંગમાં' ઇત્યાદિ આશયથી પણ 'સ્વ' પ્રયોગ થઇ શકે છે. પણ એના પ્રયોગમાત્રથી માલિકીનો અર્થ જ નીકળે, તેમ વિચારવું ઉચિત નથી. વળી, દેશમાં દેશીનો ઉપચાર વ્યવહારમાન્ય છે. ગુજરાતના કોઇક નાના ગામડાના ખોરડામાં જન્મેલો પણ અમેરિકામાં તો પોતાને 'ભારતમાં જન્મેલો' જ ગણાવે. અને ગામડાના એક નાનકડા ટુકડાનો માલિક હોય છતાં ગર્વથી કહેતો ફરે કે 'ભારત મારો દેશ છે' છતાં તેનું કથન વિરુદ્ધ ગણાતું નથી. તેમ શક્રના સામાનિકદેવો શક્રના જ વિમાનમાં પોતાની ઉત્પત્તિસ્થાનના માલિક હોય, અને તે અપેક્ષીને 'તેઓ પોતાના વિમાનમાં ઉત્પન્ન થયા' એમ પ્રયોગ થાય, તેમાં કોઇ વિરોધ નથી.)

**પ્રતિમાલોપક :-** તમે કહ્યો તેવો અર્થ કરવામાં બીજું કોઇ પ્રમાણ છે ?

**ઉત્તરપક્ષ :-** હા છે. જુઓ (૧) આગમમાં કાળી દેવીના કાલકભવનનો 'ભવન' તરીકે ઉલ્લેખ કર્યો છે. હકીકતમાં આ ભવન ચમરચંચા રાજધાનીનો જ એક ભાગ છે, તેમ પણ આગમમાં બતાવ્યું છે. તેથી જ તે કાલકભવનનો ભવનપતિના સાત કરોડ બોંતેર લાખ ભવનમાં સમાવેશ કર્યો નથી. અર્થાત્ આગમમાં કાળીદેવીના તે કાલભવનનો અલગ ભવનતરીકે સ્વીકાર કર્યો નથી. (૨) તથા ચંદ્ર-સૂર્યની પટ્ટરાણીઓના પોતાના વિમાનતરીકે ચંદ્ર-સૂર્યના વિમાનોનો જ એક ભાગ દર્શાવ્યો છે. આ બન્ને આગમપ્રમાણદ્વારા અનુમાન કરી શકાય કે સામાનિક દેવોના વિમાનતરીકે

नैवागमनमागमे भणितं, न पुनः शेषदेवादीनामिव निजनिजविमानवाहनादिभिरित्येवमादि **जम्बूद्वीपवृत्तेर्ज्ञेयम्।**

**या च** केषाञ्चित् सामानिकानां महर्द्धिकत्वात् पृथग्विमानकल्पना, **साप्यन**ल्पाज्ञानमूला, सहस्रारादिदेवलोकेषु सामानिकापेक्षया विमानानामल्पसङ्ख्यात्वात्। **तथाहि**-सहस्रारे षट्सहस्राणि विमानानां, सामानिकास्तु त्रिंशत्सहस्राः। आनतप्राणतयोः समुदितयोः विमानानां चत्वारि शतानि, सामानिकास्तु विंशतिसहस्राः, आरणाच्युतयोः समुदितयोर्विमानानां त्रीणि शतानि, सामानिकास्तु दशसहस्रा इति। तदुक्तं **जम्बूद्वीपप्रज्ञप्तौ** [५/११८] →

---

શક્રના જ વિમાનનો એક ભાગ સમજવો.

**શંકા :-** જો તમારી માન્યતાને સ્વીકારીએ નહી, તો કોઇ આપત્તિ છે ? અર્થાત્ ઇન્દ્રોના સામાનિકદેવોના અલગ વિમાન માનવામાં કોઇ વિશેષ દોષ છે ?

**સમાધાન :-** જો ઇન્દ્રોના સામાનિક દેવોના અલગ વિમાનો માનશો, તો (૧) જ્યોતિષ ઇન્દ્રોના સામાનિકોના પણ અલગ વિમાનો સ્વીકારવા પડશે. તેથી જ્યોતિષ વિમાનો (૧) ચંદ્ર (૨) સૂર્ય (૩) ગ્રહ (૪) નક્ષત્ર અને (૫) તારા. આમ પાંચ પ્રકારના રહેશે નહિ, કારણ કે છટ્ઠા પ્રકારના વિમાનો સામાનિકદેવોના પણ આવશે. આમ સામાનિક દેવોના અલગ વિમાનો માનવામાં આગમબાધ છે. તેથી જ *'સસિરવિગહનક્ખત્ત'* (શશી= ચંદ્ર, રવિ=સૂર્ય, ગહ=ગ્રહ, નક્ખત્ત=નક્ષત્ર) ઇત્યાદિ સ્થળે ચંદ્ર વગેરે શબ્દોથી ચંદ્રવગેરે વિમાનમાં રહેતા બધા જ દેવોનો સમાવેશ થઇ જાય છે. જો સામાનિક દેવોના અલગ વિમાન હોય, તો ચંદ્રવગેરેના ઉલ્લેખથી તેઓનો સમાવેશ થાય નહિ અને સૂત્રમાં ન્યૂનતાદોષ આવે. માટે સામાનિક દેવોના અલગ વિમાનો નથી તેમ જ સિદ્ધ થાય છે. (૨) વળી જ્યારે ભગવાનના જન્મમહોત્સવ વખતે શક્ર પોતાના **'પાલક'** નામના વિમાનમાં અહીં આવે છે, ત્યારે શક્રના સામાનિકદેવો પણ શક્રની સાથે આ જ વિમાનમાં બેસી અહીં આવે છે. આ સામાનિક દેવો બીજા વિમાનના દેવોની જેમ પોતપોતાના સ્વતંત્ર વિમાનવગેરેમાં આવતા નથી. આના પરથી ફલિત થાય છે કે શક્રના જ વિમાનમાં રહેતો શક્રનો પરિવાર શક્રની સાથે એક જ વિમાનમાં અહીં આવે છે. જેઓ શક્રના વિમાનમાં રહેતા નથી, તેથી જેઓ શક્રના પરિવારરૂપ નથી, તેઓ શક્રના વિમાનમાં આવતા નથી, પરંતુ અલગ વિમાનમાં આવે છે. સામાનિક દેવો શક્રના જ વિમાનમાં અહીં આવે છે, તેથી શક્રના વિમાનમાં જ રહેનારાતરીકે સિદ્ધ થાય છે. આમ સામાનિકોના અલગ વિમાન નથી, તેમ જ સિદ્ધ થાય છે.

**પૂર્વપક્ષ :-** સામાનિક દેવો મહર્દ્ધિક દેવો છે. અર્થાત્ ઇન્દ્રની સમાન ઋદ્ધિવાળા છે. જો તેઓ ઇન્દ્રની જેમ વિમાનના માલિક દેવો હોય, તો જ સમાન ઋદ્ધિવાળા ગણી શકાય. માટે સામાનિક દેવોને વિમાનના માલિક દેવો તરીકે સ્વીકારવા જોઇએ.

**ઉત્તરપક્ષ :-** આ માત્ર તમારી અજ્ઞાનતા બોલાવે છે. સામાનિક દેવો મહર્દ્ધિક જરુર છે. પણ તેટલામાત્રથી એવો આગ્રહ રાખશો કે સામાનિકો બધી રીતે ઇન્દ્રની સમાન ઋદ્ધિવાળા હોય, તો તો [(૧) ઇન્દ્રની જેમ સામાનિકદેવો પણ સૌધર્માદિ કલ્પના બત્રીશ લાખ આદિ વિમાનોના સ્વામી ગણાવા જોઇએ અને ઇન્દ્રની જેમ ઇન્દ્રના સામાનિક દેવોના પરિવારમાં પણ આઠ પટ્ટરાણી, ૮૪ હજાર સામાનિક દેવો વગેરે આવવા જોઇએ. પણ તે પ્રમાણે આગમમાં ઉલ્લેખ નથી. (૨) વળી એ સામાનિક દેવોના પરિવારમાં આવેલા સામાનિક દેવો પણ મહર્દ્ધિક હોય, તેથી તેઓનો પણ ઇન્દ્રના સામાનિકદેવો જેટલો અને તેથી ઇન્દ્રના જેટલો પરિવાર માનવો પડશે. આમ અનવસ્થા દોષ આવશે. (૩)] સામાનિક દેવોને વિમાનમાલિક દેવ માનવામાં સહસ્રાર (૮મો દેવલોક)આદિ દેવલોકમાં આપત્તિ આવશે કારણ કે ત્યાં વિમાનોની સંખ્યા ઓછી છે અને સામાનિક દેવો

*'छस्सहस्सा सहस्सारे, आणयपाणयकप्पे चत्तारिसया, आरणच्चुए तिन्नि सय त्ति। विमानसङ्ख्येयम्'। 'चउरासीई असीइ, बावत्तरि सत्तरी य सट्ठी य। पन्ना चत्तालीसा, तीसा वीसा दससहस्सा'॥ सामानिकसङ्ख्येयम्। यत्तु- 'सामानिकैर्हस्यमानो, यानकाख्यविमानतः। अवशिष्टैकार्णवायुष्को, मेरुचूलां सुरो ययौ'* ॥[त्रिषष्टि०१०/४/३१६] इति श्री **महावीरचरित्रे** यानकविमानमभाणि तदेतन्नाम्ना शक्रविमानैकदेशसङ्कीर्तनं बोध्यं, तत्र चमरचञ्चाराजधानीदेशः कालकभवनं दृष्टान्त इति। एवं च सति शक्रसामानिकोऽप्यभव्यः सङ्गमको विमानाधिपतिर्न सम्भवेदेवेति सम्पन्नम्। किञ्च, मिथ्यादृष्टिर्देवत्वेनोत्पद्यमानो विषयादिषु गृद्ध एवोत्पद्यते। तत्र च *'किं मे पुव्विं करणिज्जं, किं मे पच्छा करणिज्जं'* इत्यादिपर्यालोचनपुरस्सरं पुस्तकरत्नवाचनेन धार्मिकं व्यवसायं गृह्णातीति

---

વધુ છે. તે આ પ્રમાણે- ૮માં દેવલોકમાં વિમાન - છ હજાર છે. ઇન્દ્રના સામાનિકદેવો ૩૦ હજાર છે. આનત-પ્રાણત(નવમા-દસમા દેવલોક)ના ભેગા મળીને વિમાનો માત્ર ચારસો છે. સામાનિક દેવો ૨૦ હજાર છે. આરણ-અચ્યુત(અગ્યારમા-બારમા દેવલોક)ના ભેગા મળીને વિમાનો માત્ર ત્રણસો છે. સામાનિક દેવો ૧૦ હજાર છે. **જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં** કહ્યું છે કે → *'સહસ્રારમાં છ હજાર, આણત-પ્રાણતમાં ચારસો અને આરણ-અચ્યુતમાં ત્રણસો.' આ વાત વિમાનની સંખ્યા અંગે કરી. સૌધર્મઆદિ દેવલોકમાં સામાનિકોની સંખ્યા આ પ્રમાણે છે- (૧) ૮૪ હજાર (૨) ૮૦ હજાર (૩) ૭૨ હજાર (૪) ૭૦ હજાર (૫) ૬૦ હજાર (૬) ૫૦ હજાર (૭) ૪૦ હજાર (૮) ૩૦ હજાર (૯) ૨૦ હજાર (૧૦) ૧૦ હજાર.*

(બોલો ! હવે શી રીતે સામાનિક દેવોને વિમાનના માલિકદેવો ગણી શકાય ? સામાનિક મહર્દ્ધિક હોવાથી ઇન્દ્રની સમાન ઋદ્ધિવાળા જરૂર છે. પરંતુ તેઓને અવધિજ્ઞાન, આયુષ્ય આદિની અપેક્ષાએ જ સમાન ઋદ્ધિવાળા સમજવાના. સર્વ બાબતમાં નહી.)

**પૂર્વપક્ષ :- શ્રી હેમચન્દ્રસૂરિજીએ ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર અંતર્ગત શ્રી મહાવીરચરિત્રમાં** કહ્યું છે કે → *'સામાનિકદેવો દ્વારા મશ્કરી કરાતો તે દેવ(સંગમ) 'યાનક' નામના વિમાનમાંથી મેરુપર્વતની ચૂલાપર પોતાના બાકીના એક સાગરોપમ જેટલા આયુષ્યને પૂર્ણ કરવા ગયો.'* આ સંગમ શક્રનો સામાનિક દેવ હતો. છતાં તેના વિમાનનું નામ 'સૌધર્માવતંસક' ને બદલે 'યાનક' બતાવ્યું. તેથી સિદ્ધ થાય છે કે સામાનિક દેવો અલગ વિમાનના સ્વામી છે.

**ઉત્તરપક્ષ :-** આ 'યાનક' અલગ વિમાનનું નામ નથી. પરંતુ શક્રના જ 'સૌધર્માવતંસક' વિમાનના એક ભાગનું છે. આ બાબતમાં 'ચમરચંચા રાજધાનીના એક ભાગનું નામ 'કાલક ભવન' છે' આ દૃષ્ટાંત સાક્ષીરૂપ છે. આમ શક્રનો સામાનિક પણ અભવ્ય એવો સંગમ વિમાનમાલિક સંભવતો નથી. હજી જો પૂર્ણ સંતોષ ન થતો હોય, તો એક બીજી દલીલ બતાવીએ. મિથ્યાત્વી દેવો મિથ્યાત્વ અને અનંતાનુબંધીના કષાયને સાથે લઇને જ દેવલોકમાં જન્મે. તેથી તેઓ ઉત્પત્તિના પ્રથમ સમયથી જ વિષય વગેરેમાં આસક્ત હોય છે. આવા વિષયાસક્ત દેવો (૧) વિમાનના માલિક દેવ થાય, અને (૨) ઉત્પત્તિ પછી *'મારે શું પહેલા કરવા યોગ્ય છે.'* ઇત્યાદિ વિચાર કરે તથા (૩) આવા વિચારપૂર્વક પુસ્તકરત્નને ઉઘાડે તથા (૪) તે પુસ્તકરત્ન વાંચીને ધર્મ કરવાની ઇચ્છા કરે. આ વાત મેળ બેસી શકે તેવી નથી. **દસવૈકાલિક સૂત્રમાં** કહ્યું જ છે કે → *'ત્યાં (કિલ્બિષદેવ વગેરેરૂપે ઉત્પન્ન થયેલો) તે જાણતો નથી કે મારા કયા કૃત્યનું આ (કિલ્બિષદેવ વગેરેરૂપે ઉત્પત્તિ) ફળ છે'* (કેમકે વિષયવગેરેમાં મગ્ન બનવાથી તે દેવ આ જાણવા પોતાના જ્ઞાનનો ઉપયોગ મુકતો નથી.) આ તર્કથી પણ સિદ્ધ થાય છે કે સામાનિક દેવો વિમાનના માલિક દેવો નથી.

**પૂર્વપક્ષ :-** તર્કવગેરેથી તમે ભલે સામાનિક દેવોને વિમાનમાલિક દેવતરીકે અસિદ્ધ કરો. પણ સૂત્રમાં તો ક્યાંય એવી વાત કરી નથી કે સામાનિકો વિમાનમાલિક દેવ ન હોય. બલ્કે સૂત્રમાં ઠેરઠેર 'સામાનિકો પોતાના

घटाकोटीमेव नाटीकते। *'तत्थावि से न याणइ किं मे किच्चा इमं फलं'* [दशवै० ५/२/४७ उत्त०] इत्याद्यागमात्। न चागमस्य यथाश्रुतार्थमात्रेण व्यामोहः कर्त्तव्यः, प्रतिसूत्रं पदार्थादिचतुष्टयक्रमेण व्याख्यानस्यैवो**पदेशपदादा**-वनुज्ञातत्वात्। **पञ्चवस्तुके**ऽप्युक्तं → *'तह तह वक्खाणेयव्वं जह जह तस्स अवगमो होइ। आगमियमागमेणं जुत्तीगम्मं तु जुत्तीए'॥* [गा० ९९१] **निर्युक्तावपि** *'जं जह सुत्ते भणियं, तहेव जइ तव्वियालणा णत्थि। किं कालिआणुओगो, दिट्ठो दिट्ठिप्पहाणेहिं'॥* [बृहत्कल्पभा० ३३१५] त्ति ।

**ननु** अल्पबहुत्वविचारे सर्वसंज्ञिभ्यो ज्योतिष्का देवाः सङ्ख्येयगुणा उक्ताः। तेषु च चन्द्रसूर्यादीनां विमानाधिपतीनां सम्यग्दृष्टित्वनियमे सम्यग्दृष्टिभ्यो मिथ्यादृष्टीनां सङ्ख्येयगुणत्वे सिद्धे मतिश्रुतज्ञानिभ्यो विभङ्गज्ञानिनः सङ्ख्येयगुणा एव सम्पद्येरन्। उक्ताश्चागमेऽसङ्ख्यातगुणाः। तस्मादनन्यगत्या चन्द्रसूर्यादयो बहवः

---

વિમાનમાં ઉત્પન્ન થાય' ઇત્યાદિ વચનો હોવાથી સૂત્રની રુએ તો વિમાનના માલિકદેવતરીકે જ તેઓ સિદ્ધ થાય છે.

**ઉત્તરપક્ષ :-** આમ માત્ર સૂત્રમૂઢ ન બનો. આગમના વચનોના યથાશ્રુતાર્થ(=પદાર્થ=શબ્દાર્થ) માત્રથી વિમૂઢ થવું નહીં કારણ કે માત્ર શબ્દાર્થ કરવામાં પરસ્પર બાધ આવવા આદિરૂપ અતિપ્રસંગો આવશે. જેમકે સામાનિક-દેવોની જ બાબતમાં, 'સયંસિ વિમાણંસિ' સૂત્રના અર્થથી સામાનિક દેવોને વિમાનમાલિક દેવો માનવામાં, બીજા સૂત્રમાં આઠમા દેવલોક આદિમાં વિમાનની સંખ્યા કરતાં સામાનિકોની સંખ્યા વધુ બતાવી છે તેની સાથે વિરોધ આવે. માટે આગમના વચનોનો માત્ર શબ્દાર્થ ન કરવો, પણ પૂર્વાપરને વિરોધ ન આવે તેવો તાત્પર્યાર્થ કાઢવો જોઇએ. તેથી જ **ઉપદેશપદ** વગેરેમાં કહ્યું છે કે → પ્રત્યેક આગમ વચનનું (૧) પદાર્થ (૨) વાક્યાર્થ (૩) મહાવાક્યાર્થ અને (૪) ઐદંપર્યાર્થ-તાત્પર્યાર્થ આ ચાર ક્રમથી જ વિવેચન કરવું. **પંચવસ્તુમાં** પણ કહ્યું છે કે → *'જેમ જેમ (શ્રોતાને) બોધ થાય, તેમ તેમ વ્યાખ્યાન કરવું. આગમિક વચનનું વિવેચન આગમથી અને તર્કગમ્યનું તર્કથી.'* **નિર્યુક્તિમાં** પણ કહ્યું છે કે → *'સૂત્રમાં જે વસ્તુ જેમ કહી હોય, તેમ જ જો સ્વીકારી લેવાની હોય, અને તેમાં કોઇ વિચારને અવકાશ જ ન હોય, તો પછી સર્વજ્ઞોએ કાલિકઅનુયોગ શું કામ બતાવ્યો ?'* (તેથી તર્ક અને આગમના બળપર તાત્પર્યાર્થરૂપે આગમાર્થોમાં પરસ્પર વિરોધ ન આવે, એ રીતે આપેલા સમાધાનોથી સામાનિક દેવો વિમાનમાલિક સિદ્ધ થતાં નથી.)

## દ્રવ્ય-ભાવ સમ્યક્ત્વનો વિચાર

**પૂર્વપક્ષ :-** જો આ પ્રમાણે વિમાનના અધિપતિ દેવો સમ્યક્ત્વી હોય, તો એક મોટી આપત્તિ છે, આગમમાં જીવોના અલ્પબહુત્વઅંગેના દ્વારમાં જ્યોતિષ દેવોને બાકીના તમામ (ચારે ગતિના) સંજ્ઞી જીવો કરતા સંખ્યાતગુણા (ત્રણ ગુણા કે તેથી વધારે ગુણા) કહ્યા છે. આ જ્યોતિષ દેવોમાં ચંદ્ર, સૂર્ય કરતાં બીજા દેવો સંખ્યાતગુણા જ છે કારણ કે પ્રત્યેક ચંદ્ર-સૂર્યના પરિવારમાં (ગ્રહ, નક્ષત્ર અને તારાઓ) સંખ્યાતા ક્રોડ જ છે. આ દરેક ગ્રહ વગેરેમાં રહેતા દેવો પણ સંખ્યાતા જ છે કારણ કે કોઇપણ જ્યોતિષ વિમાન પૂરા એક યોજનનું પણ નથી. આમ ચંદ્ર-સૂર્ય દેવો બાકીના બાકીના જ્યોતિષ દેવો કરતા સંખ્યાતમાં ભાગે જ છે. તેથી જો ચંદ્ર અને સૂર્ય વગેરે વિમાનના માલિક દેવ હોવાથી સમ્યક્ત્વી જ હોય, તો ચંદ્ર અને સૂર્યને મતિ, શ્રુત અને અવધિજ્ઞાનવાળા જ માનવા જોઇએ. તેથી મતિ-શ્રુતજ્ઞાની કરતા વિભંગજ્ઞાનીઓ સંખ્યાતગુણ જ આવી શકે. કારણ કે આ ચંદ્ર-સૂર્યને છોડીને બાકીના જ્યોતિષ-સહિતના બધા જ દેવોને (અસત્કલ્પનાથી) મિથ્યાત્વી અને વિભંગજ્ઞાની માની લઇએ, તો પણ તેઓ ચંદ્ર-સૂર્ય કરતા સંખ્યાતગુણ જ થાય. અર્થાત્ મતિ-શ્રુતજ્ઞાની કરતાં વિભંગજ્ઞાનીઓ સંખ્યાતગુણ જ થાય. (અસત્કલ્પનાથી ધારો કે જ્યોતિષ સિવાયના સંજ્ઞીઓ ૧ લાખ છે. જ્યોતિષ દેવો તે સંજ્ઞીઓથી સંખ્યાતગુણ છે - અસત્કલ્પનાથી ૧૦૦ ગુણા છે. તેથી જ્યોતિષ દેવો ૧ કરોડ. ચંદ્ર સૂર્યો કુલ જ્યોતિષ દેવોના સંખ્યાતમા ભાગે છે. ધારો કે વીશમા ભાગે છે. અર્થાત્ સૂર્ય-ચંદ્ર ૫ લાખ

सपरिकरा अपि मिथ्यादृष्टित्वेन व्यपदेश्या इति चेत् ? **मैवं**, गत्यन्तरस्य विद्यमानत्वात्। **तथाहि**-सम्यक्त्वं तावद् द्रव्यभावभेदाद् द्विविधं, तत्र परमार्थापरिज्ञानेऽपि भगवद्वचनतत्त्वरुचिराद्यं परमार्थपरिज्ञानं च द्वितीयम्। **तदाह** → *'तुहवयणतत्तरुई, परमत्थमयाणओवि दव्वगयं। इयरं पुण तुह समए परमत्थावगमओ होई'* त्ति। परमार्थपरिज्ञानेन च यदोत्तरोत्तरोत्कर्षमासादयतां स्वविषयश्रद्धायां भावसम्यक्त्वव्यपदेशः क्रियते, तदाऽधस्तन-परिज्ञानजनितश्रद्धायां द्रव्यसम्यक्त्वव्यपदेशो भवति। अत एवाविविक्तषट्कायपरिज्ञानेऽपि चरणकरणतत्त्व-परिज्ञानपूर्वकतत्पालनेऽपि च स्याद्वादेन विविक्तषट्कायपरिज्ञानं विना स्वसमयपरसमयविवेचनं विना चौघत-स्तद्रागमात्रेण द्रव्यसम्यक्त्वं **सम्मतौ** निर्णीतम्। तदाह → *'छप्पिहजीवनिकाए, सद्दहमाणो ण सद्दहइ भावा। हंदी अपज्जवेसु वि सद्दहणा होइ अविभत्ता'॥ १ ॥ (णियमेन सद्दहंतो छक्काए भावओ न सद्दहइ-इति पूर्वार्द्धः*

---

છે. ચંદ્ર-સૂર્ય ને બાદ કરીને બાકીના તમામ સંજ્ઞી જીવો - [૧ લાખ + ૯૫ લાખ (=૧ કરોડ - ૫ લાખ] = ૯૬ લાખ. માની લો કે, આ બધા સંજ્ઞી જીવો મિથ્યાત્વી અને વિભંગજ્ઞાની છે. અને ચંદ્ર-સૂર્ય સમ્યક્ત્વી હોઇ મતિ-શ્રુતજ્ઞાની છે. તો આ મતિ-શ્રુતજ્ઞાનીઓ કરતાં વિભંગજ્ઞાનીઓ સાધિક ઓગણીશ ગણા થયા. અને સ્પષ્ટ છે કે અસત્કલ્પનાથી સો ગણા પણ જો સંખ્યાત ગુણ તરીકે ઇષ્ટ હોય, તો આ ઓગણીશ ગણા તો સુતરામ સંખ્યાતગુણ જ આવે. અથવા ચંદ્ર-સૂર્યોથી બાકીના જ્યોતિષદેવો બીજા સંજ્ઞી જીવો કરતાં જ્યોતિષદેવો જેટલા ગણા (અહીં અસત્કલ્પનાથી ૧૦૦ ગણા) કે તેનાથી પણ વધારે ગણા (ધારો કે અસત્કલ્પનાથી ૩૦૦ ગણા) હોય, તો પણ ચંદ્ર-સૂર્યો કુલ સંજ્ઞી જીવો (બીજા સંજ્ઞી જીવો + ચંદ્ર-સૂર્ય સિવાયના જ્યોતિષ દેવો) કરતાં સંખ્યાતમાં ભાગે જ આવે, કારણ કે અમુક રકમથી સંખ્યાતગુણ મોટી રકમના સંખ્યાતમાં ભાગે આવતી રકમ એ કુલ રકમના સંખ્યાત ભાગથી ઓછી ન આવે.)

આમ તમારા મતે ચાલવાથી મતિ-શ્રુતજ્ઞાની કરતા વિભંગજ્ઞાનીઓ સંખ્યાતગુણ જ આવે. જ્યારે આગમમાં મતિ-શ્રુતજ્ઞાની કરતા વિભંગજ્ઞાનીઓ અસંખ્યગુણ કહ્યા છે. આમ બીજો કોઇ વિકલ્પ ન હોવાથી અને આગમના વચનને સત્યરૂપે સ્વીકારવું હોય, તો માનવું જ પડશે કે, ઘણા ચંદ્ર-સૂર્યો સપરિકર=ઐશ્વર્યયુક્ત હોવા છતાં અર્થાત્ વિમાનાધિપતિ હોવા છતાં મિથ્યાત્વીઓ જ છે. (અથવા સપરિકર=પરિવારસહિત) આમ વિમાનના અધિપતિ દેવો પણ મિથ્યાત્વી હોઇ શકે છે.

**ઉત્તરપક્ષ :-** ઊભા રહો! આમ નિર્ણય બાંધતા પહેલા એક બીજો વિકલ્પ અમે બતાવીએ છીએ! સમ્યક્ત્વ બે પ્રકારનું છે. (૧) દ્રવ્ય અને (૨) ભાવ. એમાં પરમાર્થના જ્ઞાન વિના પણ જિનવચનપર 'તત્ત્વ' તરીકેની જે રુચિ છે તે દ્રવ્ય સમ્યક્ત્વ છે અને પરમાર્થનું જ્ઞાન ભાવસમ્યક્ત્વ છે. કહ્યું છે કે → *('હે નાથ!) પરમાર્થને નહિ જાણનારની પણ તારા વચનતત્ત્વમાં રુચિ (અથવા તારા વચનમાં તત્ત્વ તરીકેની રુચિ) દ્રવ્યસમ્યક્ત્વ છે અને તારા સિદ્ધાંતના પરમાર્થના બોધથી ભાવસમ્યક્ત્વ આવે છે.'*

આ દ્રવ્ય અને ભાવ સમ્યક્ત્વ સાપેક્ષ છે. જેમ જેમ પરમાર્થજ્ઞાન વધતું જાય, તેમ તેમ તે વધતા જ્ઞાનના વિષયમાં શ્રદ્ધા ભાવસમ્યક્ત્વ થતું જાય, અને તે તે જ્ઞાનની અપેક્ષાએ ઓછા ઓછા જ્ઞાનથી પ્રગટેલી શ્રદ્ધા દ્રવ્યસમ્યક્ત્વ કહેવાય. અત એવ છ જીવકાયનું સામાન્યથી જ્ઞાન ધરાવતો, તથા ચરણકરણ(ચરણ=મૂળ ગુણ કે વ્રત, કરણ=ઉત્તર ગુણ કે વ્રત)નું તત્ત્વજ્ઞાન ધરાવતો જીવ ચરણકરણ=સંયમ પાળતો હોય તો પણ જો તેને સ્યાદ્વાદ સિદ્ધાંતથી વિશેષરૂપે છકાયજીવનો બોધ ન હોય, અને જો તે સ્વદર્શનના સિદ્ધાંતો તથા પરદર્શનના સિદ્ધાંતો જાણતો ન હોય, અને માત્ર ઓઘ=સામાન્યથી રાગ જ ધરાવતો હોય, તો તે જીવનું સમ્યક્ત્વ દ્રવ્યસમ્યક્ત્વ છે એમ **સંમતિગ્રંથકારને** સંમત છે. **સંમતિતર્કમાં** આ પ્રમાણે કહ્યું જ છે કે →

*'છકાયોની નિયમથી શ્રદ્ધા કરતો પુરુષ ભાવથી શ્રદ્ધા નથી કરતો કારણ કે વિભાગો-પર્યાયોમાં પણ અવિભક્ત શ્રદ્ધા હોય છે.' ॥૧॥ 'તથા ચરણકરણપ્રધાન હોય, પણ સ્વસિદ્ધાંત અને પરસિદ્ધાંતના જ્ઞાનની પ્રવૃત્તિ વિનાના*

*मुद्रितपुस्तके) 'चरणकरणप्पहाणा, ससमयपरसमयमुक्कवावारा। चरणकरणस्स सारं णिच्छयसुद्धं ण याणंति' ॥ २॥* [सम्मति० ३/२८-६७] इत्यादि।

एवमविविक्तेन देवगुरुधर्मश्रद्धानेन, नवतत्त्वश्रद्धानेन, गुरुपारतन्त्र्यादिना च द्रव्यसम्यक्त्वमेव व्यपदिशन्ति **श्रुतवृद्धा** यदारोपणपूर्वं चारित्रारोपणमपि सफलतामास्कन्देत्। **यदाहु**- *'गुरुपारतंत नाणं'*[①] [पञ्चाशक ११/७ पा० १] इत्यादि। एतादृशानि च द्रव्यसम्यक्त्वानि शुभात्मपरिणामविशेषानुगतानि भावसम्यक्त्वमपि न व्यभिचरन्ति *'अर्पितानर्पितसिद्धेः'* [तत्त्वार्थ ५/३१] उभयरूपाविरोधात्। अत एव रुचिभेदा अपि द्रव्यसम्यक्त्वरूपेणाभासमाना अपि क्षायोपशमिकादिभेदेष्वेवान्तर्भाविता **वाचकचक्रवर्तिना प्रज्ञप्तौ। तथा हि** → *'किं चेहुवाइभेया, दसहावीदं परूविअं समए। ओहेण तंपिमेसिं भेआणमभिन्नरूवं तु'* ॥ त्ति। [श्रावकप्रज्ञप्ति ५२]

---

*હોય, તેવા જીવો નિશ્ચયનયથી શુદ્ધ એવા ચરણકરણનો સાર સમજતા નથી.'॥૨॥* આમ વિશેષ વિવેક વિના પણ (૧) દેવગુરુધર્મ પ્રત્યેની શ્રદ્ધા (૨) નવતત્ત્વ પર શ્રદ્ધા અને (૩) ગુરુની પરતંત્રતા આદિ ગુણો. આ ત્રણની હાજરીમાં દ્રવ્યસમ્યક્ત્વ છે. એમ શ્રુતસ્થવિરો વ્યપદેશ કરે છે.

**શંકા :-** આ દ્રવ્યસમ્યક્ત્વવાળા જીવોને ચારિત્ર આપવામાં શું વિરોધ નહિ આવે ?

**સમાધાન :-** ના, આ દ્રવ્યસમ્યક્ત્વના આરોપણપૂર્વક પણ કરેલું ચારિત્રનું આરોપણ સફળ જ છે. આ બાબતમાં *'ગુરુપારતંતનાણં'* ઇત્યાદિ શ્લોક સાક્ષીરૂપ છે. આવા પ્રકારના દ્રવ્યસમ્યક્ત્વો શુભ આત્મપરિણામ-વિશેષથી યુક્ત હોય છે. તેથી ભાવસમ્યક્ત્વના સ્વરૂપને વ્યભિચારી બનતા નથી, તે ત્રણ રીતે (૧) ઉપરોક્ત દ્રવ્ય સમ્યક્ત્વવાળાઓ ગુર્વાજ્ઞાને પરાધીન રહી યથાશક્તિ શ્રુતનો અભ્યાસ અવશ્ય કરતા હોય છે અને શ્રુતના અભ્યાસ દ્વારા નવતત્ત્વ વગેરેનું સ્યાદ્વાદશૈલીથી વિસ્તૃતજ્ઞાન મેળવી પોતાના સમ્યક્ત્વને અવશ્ય ભાવરૂપ બનાવે છે. તેથી તેઓના દ્રવ્યસમ્યક્ત્વકાળે પણ ભાવસમ્યક્ત્વની સફળ યોગ્યતા રહેલી છે. તેથી ભાવસમ્યક્ત્વ અનૈકાંતિક બનતું નથી. તથા (૨) આગળ જ કહી ગયા તેમ દ્રવ્ય-ભાવસમ્યક્ત્વ પરસ્પર સાપેક્ષ છે. તેથી **અર્પિતઅનર્પિત** ન્યાયથી એકના એક સમ્યક્ત્વમાં દ્રવ્ય-ભાવ ઉભયરૂપ હોવામાં વિરોધ નથી. એકના એક જીવનું સમ્યક્ત્વ પોતાનાથી અલ્પજ્ઞના સમ્યક્ત્વની અપેક્ષાએ ભાવસમ્યક્ત્વ બને છે અને પોતાનાથી વિશેષજ્ઞની અપેક્ષાએ દ્રવ્યસમ્યક્ત્વ બને છે. અથવા (૩) પરમાર્થ પરિજ્ઞાનનો અભાવ હોવાથી તે અપેક્ષાએ દ્રવ્યસમ્યક્ત્વ અને શુભાત્મપરિણામને પ્રધાન કરવામાં આવે તો આત્મપરિણામરૂપ હોવાથી ભાવસમ્યક્ત્વ બને. તેથી જ **વાચક ચક્રવર્તીએ** (વાચકવર ઉમાસ્વાતિજી મહારાજે) દ્રવ્યસમ્યક્ત્વરૂપ દેખાતા રુચિભેદોનો પણ સમ્યક્ત્વના ક્ષાયોપશમિકઆદિભેદોમાં સમાવેશ કર્યો છે. જુઓ ! તેમણે **શ્રાવક પ્રજ્ઞપ્તિમાં** કહ્યું છે → *'વળી આજ્ઞા વગેરે(=ઉપાધિ વિશેષણ)ના ભેદથી આગમમાં આ સમ્યક્ત્વને દસ પ્રકારનું વર્ણવ્યું છે. છતાં પણ ઓઘથી તો આ સમ્યક્ત્વભેદો તે=ક્ષયોપશમિકઆદિ ભેદોથી અભિન્ન જ છે.'*

**શંકા :-** ક્ષાયોપશમિકસમ્યક્ત્વઆદિના આ નિસર્ગરુચિવગેરે ભેદો શ્રુત=આગમમાં બતાવ્યા છે. તેથી આ બધા સમ્યક્ત્વભેદો નિરુપચરિત ભાવસમ્યક્ત્વરૂપ જ છે અને આ સમ્યક્ત્વવાળાઓ ભાવસમ્યક્ત્વી જ છે.

**સમાધાન :-** નિસર્ગરુચિવગેરેનું સ્વરૂપ શ્રુતમાં દર્શાવ્યું છે તે સાચું. પણ તેટલામાત્રથી આ સમ્યક્ત્વને નિરુપચરિત ભાવસમ્યક્ત્વ કહી શકાય નહિ કારણ કે 'રાગ આદિરહિતનો ઉપયોગ' નિરુપચરિત ભાવસમ્યક્ત્વનું લક્ષણ છે. અને નિસર્ગરુચિવગેરે સમ્યક્ત્વ સરાગઅવસ્થામાં હોય છે. **સ્થાનાંગ સૂત્રમાં** કહ્યું જ છે કે → 'સરાગ-

---

① गुरुपारतंत नाणं सद्दहणं एयसंगजं चेव। एत्तो उ चरित्तीणं मासतुसादीण णिद्दिट्ठं ॥ इति पूर्णश्लोकः ॥

**न चैते** श्रुतोक्तत्वान्निरुपचरितभावसम्यक्त्वभेदा एव भविष्यन्तीति शङ्कनीयम्। रागादिरहितोपयोगरूप-भावसम्यक्त्वलक्षणाव्याप्तेः, *'दसविहे सरागसम्मद्दंसणे प० तं०- 'णिसग्गुवएसरुई'*[1] [१०/३/७५१] त्यादि-**स्थानाङ्ग**वचनेन तेषां रागानुगतत्वप्रतिपादनाद् मोक्षमार्गे च वीतरागस्यैव भेदस्य ग्रहणौचित्यात्। तदयमपेक्षयैव द्रव्यभावविभागो भावनीयः। केवलं द्रव्यसम्यक्त्वं त्वपुनर्बन्धकस्यैव लोकोत्तरबीजपरिग्रहवशतो मिथ्यादृष्टि-संस्तवपरित्यागपूर्वकसङ्घचैत्यादिभक्तिकृत्यपरायणस्य भवति, अप्राधान्ययोग्यत्वार्थभेदेन द्रव्याज्ञापदप्रवृत्तेर्ग्रन्थिक-सत्त्वापुनर्बन्धकयोर्यथायोगम**उपदेशपदे** व्यवस्थापनात्त**दाह** → *'गंठिगसत्तापुणबंधगाइआणं तु दव्वओ आणा।*

---

*સમ્યગ્દર્શન દસ પ્રકારનું છે, તે આ પ્રમાણે (૧) નિસર્ગરુચિ (૨) ઉપદેશરુચિ...'* ઇત્યાદિ. આમ **સ્થાનાંગમાં** નિસર્ગરુચિઆદિ સમ્યક્ત્વને સરાગસમ્યક્ત્વ બતાવ્યું છે. નિરુપચરિત ભાવ તો કાર્યના તદ્દન નજીકના કારણને જ કારણતરીકે સ્વીકારે છે અને વીતરાગભાવના જ જ્ઞાનાદિ ત્રણ મોક્ષના તદ્દન નજીકના કારણ છે. તેથી નિરુપચરિત ભાવની અપેક્ષાએ તો મોક્ષમાર્ગ=મોક્ષના કારણતરીકે વીતરાગભાવના જ જ્ઞાનાદિ ત્રણ આવશે. સરાગઅવસ્થાનું સમ્યક્ત્વ મોક્ષનું અવ્યવહિત કારણ બનતું ન હોવાથી નિરુપચરિતભાવને માન્ય નથી. અર્થાત્ સરાગઅવસ્થાનું સમ્યક્ત્વ નિરુપચરિતભાવસમ્યક્ત્વ નથી. જો આ સમ્યક્ત્વને ઉપચરિત ભાવસમ્યક્ત્વતરીકે સ્વીકારો, તો ઉપચરિત ભાવ અને દ્રવ્ય સમ્યક્ત્વ બન્ને સાપેક્ષ છે અને પ્રધાન-અપ્રધાનભાવની અપેક્ષાથી દ્રવ્ય કે ભાવ રૂપ છે. અસ્તુ. પ્રસ્તુતમાં આ જ્ઞાનાદિની અપેક્ષાથી દ્રવ્ય-ભાવવિભાગ સમજવાનો છે. એટલો ખ્યાલ રાખવો કે, જ્યાં પૂર્વોક્ત જ્ઞાનાદિનો અભાવ છે અને માત્ર યોગ્યતા જ છે, તે માત્ર દ્રવ્યસમ્યક્ત્વ છે અને નિરુપચરિતભાવસમ્યક્ત્વ માત્ર ભાવસમ્યક્ત્વ છે. આ બેની વચ્ચે રહેલા અંશોમાં દ્રવ્ય-ભાવનું સાંકર્ય છે અને પ્રધાનતાની અપેક્ષાએ દ્રવ્ય કે ભાવનો વ્યપદેશ પામે છે. અહીં માત્ર દ્રવ્યસમ્યક્ત્વ અપુનર્બંધકને હોય છે કારણ કે અપુનર્બંધકમાં લોકોત્તરબીજ=સમ્યગ્-દર્શનનું બીજ(=યોગ્યતા=શક્તિ=કારણતા) રહ્યું હોય છે. આ અપુનર્બંધકને[2] લોકોત્તરબીજની પ્રાપ્તિ પણ મિથ્યાદૃષ્ટિઓના પરિચયના ત્યાગપૂર્વક સંઘભક્તિ અને ચૈત્યભક્તિ વગેરે કર્તવ્યો બજાવવાથી થાય છે.

**શંકા :-** અપુનર્બંધકો સમ્યક્ત્વના આચારો પાળતા હોવા છતાં તેઓને સમ્યક્ત્વનો ભાવ સ્પર્શ્યો નથી. માટે તેઓની આ ક્રિયા દ્રવ્યસમ્યક્ત્વરૂપ છે. તેથી સમ્યક્ત્વરૂપ ન ગણાય.

**સમાધાન :-** બેશક, તેઓમાં હજી શુભાત્મપરિણામવિશેષરૂપ ભાવસમ્યક્ત્વ નથી. તેથી તેઓનું સમ્યક્ત્વ દ્રવ્ય જ છે, છતાં પણ આ 'દ્રવ્ય' યોગ્યતારૂપ હોવાથી અને તેથી પ્રધાનભૂત ભાવનું કારણ હોવાથી મુખ્યરૂપ છે. **ઉપદેશપદમાં** 'દ્રવ્યઆજ્ઞા' પદનો પ્રયોગ (૧) અપ્રાધાન્ય અને (૨) યોગ્યતા આ બે અર્થમાં કર્યો છે. જેઓ ગ્રંથિક જીવો છે=જે જીવો ગ્રંથિભેદથી ઘણા દૂર છે અને ગ્રંથિભાવમાં રત છે, તેવાઓ ભગવાનની આજ્ઞા પાળે તો પણ તેમને અપેક્ષીને ભગવાનની આજ્ઞા દ્રવ્યાજ્ઞારૂપ છે. અહીં દ્રવ્ય તરીકે અપ્રધાન(=જે ભાવનું કારણ ન બને તે) અર્થ લેવાનો. તે જ પ્રમાણે જેઓ અપુનર્બંધકદશામાં છે, (આ જીવો ગ્રંથિભેદની અત્યંત નજીક છે.) તેવાઓને પણ ભગવાનની આજ્ઞા ભાવરૂપ બની નથી. તેમને અપેક્ષીને પણ આજ્ઞા દ્રવ્યાજ્ઞા કહેવાય. પરંતુ અહીં દ્રવ્યત્વ=યોગ્યતા= ભાવની કારણતા એ અર્થ લેવાનો. **ઉપદેશપદમાં** કહ્યું જ છે કે → *'ગ્રંથિક જીવો અને અપુનર્બંધક વગેરેની અપેક્ષાએ આજ્ઞા*

---

① **णिसग्गुवएसरुई आणारुइ सुत्तबीयरुइमेव। अभिगमवित्थाररुइकिरिया संखेव धम्मरूइ॥ इति पूर्णश्लोकः॥**

② અપુનર્બંધક=ચરમાવર્તમાં આવેલો તેવો જીવ કે જે હવે પછી ક્યારેય આયુષ્ય સિવાયના જ્ઞાનાવરણીયઆદિ સાત કર્મોની ઉત્કૃષ્ટસ્થિતિ બાંધે નહિ. અન્યમતે ઉત્કૃષ્ટસ્થિતિ બાંધે પણ ઉત્કૃષ્ટરસ બાંધે નહિ. આ અપુનર્બંધકના ૩ લક્ષણ છે → (૧) તીવ્રભાવથી પાપ ન કરે. (૨) ભયંકર સંસારપર બહુમાન ન હોય અને (૩) સર્વત્ર ઔચિત્યનું પાલન કરે.

*णवरमिह दव्वसद्दो, भइअव्वो सुत्तणीईए' ॥ १ ॥ 'एगो अपाहन्ने केवलए चेव वट्टइ तत्थ। अंगारमद्दगो जह दव्वायरिओ सयाऽभव्वो' ॥ २॥* त्ति [गा० २५३-२५४]। तद् यथोदितभगवदर्चादिपरायणानां ज्योतिष्क-विमानाधिपतीनामप्यन्ततः केषाञ्चिदपुनर्बन्धकतयापि द्रव्यसम्यक्त्वमविरुद्धमेव। तद्दशायां चेषन्मालिन्यभागि-विभङ्गज्ञानसम्भवे यथोक्तसङ्ख्यापूर्त्तौ न किञ्चिद् बाधकं पश्यामः, रुचिसाम्येऽपि केवलिगम्यस्य भावभेद-स्यावश्यमाश्रयणीयत्वात्, क्रियासाम्येऽपि संयतादीनां सम्यक्त्वाकर्षान्यथानुपपत्तेः।

---

*દ્રવ્યાજ્ઞા છે. પરંતુ અહીં આગમને અનુસારે દ્રવ્ય શબ્દનો વિભાગ કરવો.' ॥૧॥ 'એક 'દ્રવ્ય' શબ્દ માત્ર અપ્રધાનમાં વપરાય છે, જેમકે અંગારમર્દક(=અંગારમર્દકાચાર્ય) કે જે હંમેશા અભવ્ય છે, તે દ્રવ્યાચાર્ય હતા.(તેઓ ક્યારેય ભાવાચાર્ય થવાની યોગ્યતા ધરાવતા નહોતા.)' ॥૨॥* આમ ભાવસમ્યક્ત્વની યોગ્યતાવાળા અપુનર્બંધકવગેરેને દ્રવ્યથી સમ્યક્ત્વ હોઇ શકે છે. તે સમ્યક્ત્વની હાજરીમાં જિનપૂજા વગેરે સમ્યક્ત્વના આચારો સ્વરસથી આચરાતા હોય તેમાં વિરોધ નથી.

**પ્રતિમાલોપક :-** આટલી લાંબી ચર્ચા કરીને તમારે કહેવું છે શું ? ચંદ્ર-સૂર્યવગેરે વિમાનમાલિક દેવોને સમ્યક્ત્વી માનવામાં અમે બતાવેલા આગમબાધનું સમાધાન શું છે ? તે બતાવો.

## સમ્યક્ત્વના ભેદમાં પણ રુચિની સમાનતા

**ઉત્તરપક્ષ :-** ધીરજ ધરો ! જુઓ, આટલી ચર્ચા કર્યા પછી અમારે એટલું જ કહેવું છે કે મોટાભાગના સૂર્ય-ચંદ્રવગેરે વિમાનમાલિક દેવો અપુનર્બંધક અવસ્થામાં હોય છે. તેથી મિથ્યાત્વ ગુણસ્થાનકે હોવા છતાં તેઓ જિન-પ્રતિમાની પૂજાવગેરે આચારો પોતાની રુચિથી આચરે તેમાં દોષ નથી. આ આચારપાલન આદિના કારણે જ તેઓમાં દ્રવ્યથી સમ્યક્ત્વ હોય છે, તેમ કહેવામાં વિરોધ દેખાતો નથી. વળી આ અવસ્થામાં ભાવસમ્યક્ત્વ અને ચતુર્થ-ગુણસ્થાનક સંભવતું નથી. પણ મંદમિથ્યાત્વની કંઇક મલિનતા હોય છે. તેથી તેઓને વિભંગજ્ઞાની કહી શકાય છે કારણ કે ચોથા ગુણસ્થાનકથી (એક મતે મિશ્રગુણસ્થાનકથી) આરંભીને જ અવધિજ્ઞાન આગમમાં સંમત છે.

(**તાત્પર્ય :-** વિમાનના માલિકદેવો સમ્યક્ત્વી જ હોય, પરંતુ આ સમ્યક્ત્વ (૧) ચતુર્થગુણસ્થાનકનું ક્ષાયોપશમિક આદિસમ્યક્ત્વ પણ હોય, અથવા (૨) એવા સમ્યક્ત્વમાં કારણભૂત અપુનર્બંધકઅવસ્થાનું દ્રવ્યસમ્યક્ત્વ પણ હોઇ શકે. મોટાભાગના ચંદ્ર-સૂર્યોને આ બીજા પ્રકારનું સમ્યક્ત્વ સંભવે છે. આ બીજા પ્રકારના સમ્યક્ત્વમાં મંદ મિથ્યાત્વના કારણે વિભંગજ્ઞાનનો સંભવ છે. તેથી એ અપેક્ષાએ મતિ-શ્રુતજ્ઞાની કરતા વિભંગજ્ઞાનીઓ અસંખ્યગુણ સંભવી શકે છે. જેઓપાસે ક્ષયોપશમાદિ ભાવસમ્યક્ત્વ હોય, તેઓ જ મતિ-શ્રુતજ્ઞાનીતરીકે મળી શકે. જ્યારે વિભંગજ્ઞાની તરીકે મિથ્યાત્વીદેવવગેરે અને દ્રવ્યસમ્યક્ત્વીઓ પણ સ્વીકૃત છે. આ વિકલ્પમાં અમને કોઇ બાધ દેખાતો નથી.)

**પ્રતિમાલોપક :-** વાહ ! તમને બાધ નથી દેખાતો ! જુઓ, તમે કહ્યું કે દ્રવ્યસમ્યક્ત્વવાળાને પણ જિનપ્રતિમાપૂજા આદિ ક્રિયામાં રુચિ હોય. ક્ષાયોપશમિકઆદિ ભાવસમ્યક્ત્વવાળાને પણ જિનપ્રતિમાપૂજાદિ ક્રિયામાં રુચિ હોય. અહીં એક માત્ર યોગ્યતાવાળો છે અને બીજામાં વાસ્તવમાં સમ્યક્ત્વ છે. આ ભાવનો તફાવત હોવા છતાં દ્રવ્ય અને ભાવસમ્યક્ત્વીને પ્રતિમાપૂજા વગેરેમાં સમાનરુચિ માનવામાં ચોખ્ખો બાધ છે.

**ઉત્તરપક્ષ :-** સમ્યક્ત્વના ભેદમાં પણ રુચિ સમાનપણે હોઇ શકે છે. અર્થાત્ રુચિની સમાનતામાં પણ ભાવનો ભેદ અવશ્ય માનવો જ રહ્યો. અલબત્ત, આ ભેદ આપણા જેવા છદ્મસ્થોની નજરમાં ન આવે. પણ કેવળીઓ તો અવશ્ય જોઇ શકે છે. તેથી જ સમાન ચારિત્રક્રિયા કરનારાઓમાં પણ સંયમસ્થાનોમાં અસંખ્યગુણ જેટલો તરતમભાવ હોઇ શકે છે. અર્થાત્ સમાનરુચિથી કરાતી ક્રિયાવખતે ભાવોની વિશુદ્ધિમાં ઘણો તફાવત સિદ્ધ જ છે. અન્યથા ક્રિયાની સમાનતા હોવા છતાં સંયતો વગેરેમાં જે સમ્યક્ત્વનો આકર્ષ(=આવાગમન) દેખાય છે તે સંગત ન બને.

**ननु** पूजास्तावत्समन्तभद्राः, सर्वमङ्गलाः, सर्वसिद्धिफलाः, योगत्रयोत्कर्षभेदभिन्नाः क्रमेणावञ्चकयोगत्रयवतामविरतसम्यग्दृष्ट्युत्तरगुणधारिपरमश्रावकाणां प्रतिपादिताः । तदुक्तं **विंशिकायां** → *'पढमा पढमावंचकजोगेणं होइ सम्मदिट्ठिस्स (पढमावंचकजोगा सम्मदिट्ठिस्स होइ पढमत्ति-इति तत्र पाठः) । इयरेयरजोगेण उत्तरगुणधारिणो णेया' ॥ १ ॥ 'तइया तइयावंचकजोगेणं परमसावगस्सेव(स्सेवं)। जोगा य समाहीहिं साहुजोगकिरियफलकरणा' ॥ २ ॥*[८/६-७] तथा च विभङ्गज्ञाने मिथ्यात्वबीजसद्भावे कथं सुराणां पूजासम्भवो विना देवस्थितिमिति चेत् ? **न** । अपुनर्बन्धकानामपि चैत्यवन्दनादिक्रियाधिकारित्वस्य **पञ्चाशकादौ** व्यवस्थापितत्वात्, सम्प्राप्तबीजानां

---

અર્થાત્ સમાનરુચિથી સમાનક્રિયા કરનારાઓમાં પણ સમ્યક્ત્વનો ભાવ અને અભાવ મળી શકે છે. તેથી જિનપ્રતિમાપૂજનઆદિ ક્રિયા અને તે અંગેની રુચિ સમાન હોવા છતાં સમ્યક્ત્વમાં ભેદ હોઇ શકે છે.

## પૂજાની સમંતભદ્રાદિ રૂપતા

**શંકા :- પરમ યોગાચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજે** ત્રણ પ્રકારની પૂજા દર્શાવી છે. (૧) સમંતભદ્રા (૨) સર્વમંગલા અને (૩) સર્વસિદ્ધિફળા. આ ત્રણે પૂજા ત્રણ યોગના ઉત્કર્ષના ભેદોથી ભિન્ન છે. અર્થાત્ ઉત્કૃષ્ટ કાયયોગથી **સમંતભદ્રા** પૂજા સિદ્ધ થાય છે. ઉત્કૃષ્ટ વચનયોગથી આરાધાયેલી પૂજા **સર્વમંગલા** બને છે અને ઉત્કૃષ્ટ મનોયોગથી સંપન્ન બનેલી પૂજા **સર્વસિદ્ધિફળા** થાય છે.

## પૂજાનું કોષ્ટક

| પૂજાનું નામ | સાધક યોગ | સાધન | સ્વામી |
|---|---|---|---|
| સમંતભદ્રા | કાયયોગનો ઉત્કર્ષ | યોગાવંચકપણું | અવિરતસમ્યક્ત્વી |
| સર્વમંગલા | વચનયોગનો ઉત્કર્ષ | ક્રિયાવંચકપણું | ઉત્તરગુણધારી |
| સર્વસિદ્ધિફળા | મનોયોગનો ઉત્કર્ષ | ફળાવંચકપણું | પરમશ્રાવક |

(સમંતભદ્રા પૂજા કાયપ્રધાન છે અને તે વિઘ્નોપશામક છે. સર્વમંગલા પૂજા વચનક્રિયા પ્રધાન છે અને તે અભ્યુદયકારિકા છે. તથા સર્વસિદ્ધિફળા પૂજામાં મનની ક્રિયા મુખ્યરૂપે હોય છે. આ પૂજા મોક્ષસાધક છે.) *'પહેલી(સમંતભદ્રા)પૂજા પ્રથમ અવંચક (યોગાવંચક)યોગથી (અવિરત) સમ્યગ્દષ્ટિને હોય, બીજી(સર્વમંગલા)પૂજા બીજા અવંચક(ક્રિયાવંચક)યોગથી ઉત્તરગુણધારીને હોય.'॥૧॥ 'ત્રીજી પૂજા(સર્વસિદ્ધિફળા) ત્રીજા અવંચક(ફળાવંચક)યોગથી પરમ શ્રાવકને હોય છે. અહીં યોગો સમાધિથી(=નિર્મળચિત્તથી) સાધુયોગ (સત્પુરુષનો યોગ), ક્રિયા અને ફળના કરણથી છે.' ॥૨॥* (સત્પુરુષનો યોગ, સત્ક્રિયાની અવાપ્તિ તથા સાનુબંધફળનો લાભ આ ત્રણનો ક્રમશઃ યથાસમાધિલાભ થતો હોવાથી તે ક્રમશઃ યોગાવંચક આદિ કહેવાય છે, એવું **તાત્પર્ય** છે.)

વિભંગજ્ઞાની વિમાનમાલિક દેવોને ઉપરોક્ત ત્રણે પૂજામાંથી એક પણ પૂજા સંભવતી નથી કારણ કે આ વિભંગજ્ઞાની દેવોને મિથ્યાત્વબીજ રહ્યું હોવાથી અવિરત સમ્યક્ત્વ પણ નથી. તેથી તેઓને પ્રથમ પ્રકારની(સમંતભદ્રા) પૂજા પણ સંભવતી નથી. તેથી તેઓએ કરેલી પૂજા દેવસ્થિતિ(=દેવોના આચાર)રૂપ હોય એમ જ સંભવે છે.

## અપુનર્બંધકને પૂજાનો અધિકાર

**સમાધાન :-** આ જ **પરમયોગાચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજે શ્રી પંચાશક** વગેરે ગ્રંથોમાં અપુનર્બંધક-વગેરેને પણ ચૈત્યવંદનવગેરેના અધિકારી બતાવ્યા છે. તેથી વિભંગજ્ઞાની વિમાનમાલિક દેવો પણ પૂજા અને ચૈત્યવંદનના અધિકારી છે. (અધિકારિપણું=પૂજાની ધર્માદિ યોગ્ય ફળદાયક અથવા ધર્માદિ સ્વરૂપ યોગ્યતા. અચરમાવર્તીવગેરેએ કરેલી પૂજા ધર્મરૂપ બનતી નથી. તેમ સાધુએ કરેલી દ્રવ્યપૂજા પણ ધર્મરૂપ ન બને.) પૂર્વે જ દર્શાવી ગયા કે વિભંગજ્ઞાની

भगवदर्चाया भावमार्गप्रापकत्वस्य महापथविशोधकत्वस्य च **विंशिकायामेवो**क्तत्वाच्च। **तथा हि** →

*'पढमकरणभेएणं, गंठियसत्तस्स धम्ममित्तफला। साहुज्जुगाइभावो, जायइ तह नाणुबंधु'त्ति ॥ १ ॥*

*'भवट्ठिइ भंगो एसो, तह य महापहविसोहणो परमो। णियविरियसमुल्लासो, जायइ संपत्तबीअस्स' ॥ २ ॥*[विंशि॰ प्रक॰ ८/८-९] इत्यादि। किम्बहुना ? विधिवत् प्रतिमाद्यर्चनरूपद्रव्यक्रियैव दर्शनाचाररूपा देवानां द्रव्यसम्यक्त्वं समितिगुप्त्यादिचारित्राचाररूपमिव द्रव्यचारित्रमिति प्रतिपत्तव्यं, भावोपबृंहकत्वात्, गुणवृद्ध्यप्रतिपातोपयोगाद्, आकर्षे तु विभङ्गसम्भव इति सर्वं समञ्जसं। **केचित्तु** ज्योतिष्कविमानाधिपतय उत्पातकाले स्थानमाहात्म्यान्निश्चय-

---

વિમાનમાલિક દેવો પણ અપુનર્બંધક અને દ્રવ્યસમ્યક્ત્વી છે. તેથી તે દેવોની જિનપ્રતિમાપૂજા પણ માત્ર આચારરૂપ નથી, પણ ધર્મરૂપ છે. વળી જેઓએ યોગબીજની પ્રાપ્તિ કરી હોય છે, તેઓએ કરેલી જિનપૂજા તેમને ભાવમાર્ગની (=યથાર્થ મોક્ષમાર્ગરૂપ જ્ઞાનાદિરત્નત્રયની સાક્ષાત્ કે પરંપરાએ) પ્રાપ્તિ કરાવી આપે છે. અને આ પૂજા તેઓને પ્રાપ્ત થયેલા મોક્ષમાર્ગનું વિશોધિકરણ કરે છે. **પૂજાવિધિ વિંશિકામાં** કહ્યું જ છે → *('પ્રથમકરણ=યથાપ્રવૃત્તિકરણ)ના ભેદથી ગ્રંથીની સમીપે રહેલા જીવોને આ પૂજા માત્ર ધર્મરૂપ ફળવાળી બને છે. તથા સત્પુરુષયોગવગેરે અવંચકભાવો પ્રાપ્ત થાય છે. (=આનાથી ભાવમાર્ગની પ્રાપ્તિનું સૂચન થયું.) તે વખતે અનુબંધ(=અશુભઅનુબંધ) થતો નથી. (અથવા તે વખતે સાનુબંધ ભાવ થતો નથી.)' ॥૧॥ 'આ(સાધુયોગાદિભાવ) ભવસ્થિતિના ભંગરૂપ છે. સંપ્રાપ્તબીજવાળાને તે વખતે મહાપથનો શ્રેષ્ઠ વિશોધક (બને) એવો પોતાના વીર્યનો સમુલ્લાસ પ્રગટે છે.' ॥૨॥* તેથી વિભંગજ્ઞાની વિમાનમાલિક દેવોએ કરેલી જિનપૂજા તે દેવો માટે ધર્મરૂપ જ બનશે કારણ કે તેઓ અપુનર્બંધક હોવાથી તેઓને યોગબીજની પ્રાપ્તિ થયેલી હોય છે. **સાર :-** જેમ સમિતિ-ગુપ્તિવગેરે ચારિત્રાચારનું પાલન દ્રવ્યચારિત્રરૂપ છે. તેમ વિધિમુજબ પ્રતિમાપૂજનવગેરે દ્રવ્યક્રિયા દ્રવ્યસમ્યક્ત્વરૂપ છે, કારણ કે એ દ્રવ્યક્રિયાઓ દર્શનાચારરૂપ છે. આચારનું પાલન ક્રિયારૂપ છે. આ ક્રિયા ગુણોની વૃદ્ધિ કરે છે અને અખંડઉપયોગદ્વારા ભાવની ઉપબૃંહિકા(=યોગક્ષેમ કરનારી) છે. દેવો પણ વિધિવત્ જિનપ્રતિમાપૂજનરૂપ દર્શનાચારને સેવે છે. તેથી દ્રવ્યસમ્યક્ત્વ તો ધરાવે જ છે. આ જ દ્રવ્યસમ્યક્ત્વ તેમના ભાવસમ્યક્ત્વનો યોગક્ષેમ કરે છે.

**શંકા :-** આમ કહેવામાં તો વિધિવત્ જિનપૂજા કરનારા બધા વિમાનાધિપદેવોને ભાવસમ્યક્ત્વવાળા માનવા પડશે. તેથી તેઓને વિભંગજ્ઞાની કહી શકાય નહિ. અને તો, પૂર્વોક્ત 'વિભંગજ્ઞાનીઓ મતિશ્રુતજ્ઞાની કરતાં માત્ર સંખ્યાતગુણ જ થવા' રૂપ આપત્તિ ઊભી રહેશે.

**સમાધાન :-** અમારું કહેવું તમે સમજતા નથી. અમે માત્ર એટલું જ કહીએ છીએ કે વિધિવત્ જિનપૂજાદિ દર્શનાચારરૂપ દ્રવ્યસમ્યક્ત્વ ભાવસમ્યક્ત્વનો યોગક્ષેમ કરે છે. પણ તેનો અર્થ તેવો નથી કે આ દ્રવ્યસમ્યક્ત્વવાળાઓને હંમેશા ભાવસમ્યક્ત્વ હોય જ. આ બધા વિમાનાધિપ દેવોને પ્રાયઃ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ હોય છે. આ સમ્યક્ત્વ સ્થિર જ રહે તેવો નિયમ નથી. તેથી આકર્ષના કારણે તેઓ સમ્યક્ત્વ ગુમાવે તેમ બની શકે છે અને સમ્યક્ત્વની ગેરહાજરીમાં વિભંગજ્ઞાન હોય છે. તેથી વિભંગજ્ઞાનીઓ મતિશ્રુતજ્ઞાની કરતાં અસંખ્યગુણ મળી શકે છે. અને તમે કહેલી આપત્તિને અવકાશ રહેતો નથી.

(**સાર :-** સૂર્ય-ચંદ્રવગેરે દેવો ઉત્પત્તિ પછી પ્રથમ પ્રતિમાપૂજાવગેરે કરે ત્યારે સમ્યક્ત્વી હોય, પછી ઘણા સૂર્ય-ચંદ્રો વિષયમાં આસક્તિઆદિના કારણે સમ્યક્ત્વ ગુમાવી બેસે. આ પરિસ્થિતિ બધા સૂર્ય-ચંદ્ર દેવોની અપેક્ષાએ સતત ચાલતી હોય. તેથી સતત વિભંગજ્ઞાનીઓ મતિ-શ્રુતજ્ઞાની કરતાં વધુ મળી શકે. આમ (૧) વિમાનના માલિક દેવો સમ્યક્ત્વી હોય (૨) તેઓએ કરેલી પ્રતિમાપૂજા ધર્મરૂપ બને અને (૩) વિભંગજ્ઞાનીઓ મતિ-શ્રુતજ્ઞાની કરતાં અસંખ્યગુણ હોય, આ ત્રણે વાત વિરોધ વિના સંગત

सम्यक्त्ववन्त एव। अन्यदा तु व्यवहारसम्यक्त्ववन्तो निश्चयसम्यक्त्ववन्तो वेत्यत्र न ग्रह इत्युपपत्तिः स्यादेवेत्याहुः। **तैर्निश्चयसम्यक्त्वस्वरूपमेव न बुद्धं,** अप्रमत्तचारित्रस्यैव निश्चयसम्यक्त्वलक्षणात्। तदुक्तं **श्रावकप्रज्ञप्तौ** → *'जं मोणं तं सम्मं जं सम्मं तमिह होइ मोणं ति। णिच्छयओ इयरस्स उ सम्मं सम्मत्तहेऊ वि'* ॥ [गा॰ ६१] त्ति। तच्च कथं देवानामुपपातकाले सम्भवतीति भावनीयं परीक्षकैः। **यदपि** *'णिच्छयओ सम्मत्तं नाणाइमयप्पसुह(द्ध)-परिणामो'* [सम्बोधप्रक॰ ९३९ पू॰] त्ति वचनात् तत्त्वविचारणोपबृंहितो मतिश्रुताद्युपयोग एव निश्चयसम्यक्त्वमिति

બનશે. હંમેશા વિમાનમાલિક તરીકે ઉત્પન્ન થતા દેવની અપેક્ષાએ પૂર્વે ઉત્પન્ન થયેલા દેવો અસંખ્યગુણ હોય.)

## દેવોમાં નિશ્ચયસમ્યક્ત્વનો અભાવ

**કેટલાક :-** જ્યોતિષવિમાનાધિપો(સૂર્ય-ચંદ્રો) પોતાની ઉત્પત્તિકાળે સ્થાનના પ્રભાવથી નિશ્ચયસમ્યક્ત્વ-વાળા હોય છે અને અન્યદા તેઓ વ્યવહારસમ્યક્ત્વવાળા હોય કે નિશ્ચયથી સમ્યક્ત્વવાળા હોય તેમાં કોઇ આગ્રહ નથી. તેથી પછીના કાળમાં તેઓ વ્યવહારથી સમ્યક્ત્વી અને નિશ્ચયથી મિથ્યાત્વી હોય અને વિભંગજ્ઞાની હોય તો વિભંગજ્ઞાનીની સંખ્યા મતિ-શ્રુતજ્ઞાની કરતાં અસંખ્યગુણ થાય અને ઉત્પત્તિ પછીની પ્રથમ પ્રતિમાપૂજા કાળે સમ્યક્ત્વ હોવાથી પૂજા ધર્મરૂપ પણ બની જાય. આમ બધુ સુસંગત બને છે.

**ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ :-** તમારી વાત બરાબર નથી. તમે નિશ્ચયસમ્યક્ત્વનું સ્વરૂપ સમજ્યા નથી. દેવોને નિશ્ચયસમ્યક્ત્વ સંભવે જ નહિ. પછી તમે કહ્યું તે પ્રમાણે નિશ્ચય અને વ્યવહારનો વિભાગ જ શી રીતે સંભવે ?

**શંકા :-** દેવોને નિશ્ચયસમ્યક્ત્વ કેમ ન હોય ?

**સમાધાન :-** અવિરત એવા દેવોને અંશમાત્ર પણ ચારિત્ર નથી. જ્યારે નિશ્ચયસમ્યક્ત્વ તો અપ્રમત્ત-ચારિત્રધરને જ હોય છે. નિશ્ચયસમ્યક્ત્વનું લક્ષણ જ અપ્રમત્ત ચારિત્ર છે. **શ્રાવક પ્રજ્ઞપ્તિમાં** કહ્યું છે → *'જે મૌન (અપ્રમત્તસંયમ અનુષ્ઠાન) છે, તે જ સમ્યક્ત્વ(=નિશ્ચયસમ્યક્ત્વ) છે અને જે સમ્યક્ત્વ(=નિશ્ચયસમ્યક્ત્વ) છે, તે જ મૌન(અપ્રમત્તસંયમઅનુષ્ઠાન) છે. બીજાઓનું(અપ્રમત્તયતિ સિવાયનાનું) સમ્યક્ત્વ(=વ્યવહારસમ્યક્ત્વ) આ સમ્યક્ત્વમાં(=નિશ્ચયસમ્યક્ત્વમાં) કારણ છે.'* તેથી અવિરત દેવોને નિશ્ચયસમ્યક્ત્વ સંભવી શકે નહી એમ પરીક્ષકોએ ભાવના કરવી.

**શંકા :-** *'જ્ઞાનાદિમય આત્મશુભપરિણામ (કે શુદ્ધ પરિણામ) નિશ્ચયથી સમ્યક્ત્વ છે.'* આવું વચન છે. તેથી સિદ્ધ થાય છે કે તત્ત્વવિચારણાથી ઉપબૃંહિત થયેલો મતિશ્રુતવગેરે જ્ઞાનનો ઉપયોગ જ નિશ્ચયથી સમ્યક્ત્વ છે. સમ્યક્ત્વી દેવોને આવો ઉપયોગ સંભવી શકે છે. તેથી દેવોને નિશ્ચયસમ્યક્ત્વ માનવામાં વિરોધ નથી.

**સમાધાન :-** આ બરાબર નથી કારણ કે 'જ્ઞાનાદિમય' પદમાં રહેલા 'મય' પ્રત્યયનો અર્થ તમે સમજ્યા નથી. ('મય' પ્રત્યયથી પ્રાધાન્ય, પ્રાચુર્ય કે વિકાર અર્થ મળે છે. તેથી) 'જ્ઞાનાદિમય...' ઇત્યાદિ વાક્યનો 'જ્ઞાન, દર્શન અને ચારિત્રનો સંપૂર્ણ એકાત્મક=એકરૂપ=અભિન્ન ઉપયોગ નિશ્ચયસમ્યક્ત્વ છે' આવો અર્થ વાસ્તવિક છે.

## નિશ્ચય અને ભાવ સમ્યક્ત્વમાં ભેદ

**શંકા :-** ખરી રીતે જો વિચારવા જઇએ, તો નિશ્ચયસમ્યક્ત્વ અને ભાવસમ્યક્ત્વ એક જ છે.

**સમાધાન :-** આવી વિવક્ષા કરવામાં (કર્મના ક્ષયોપશમઆદિ) ઉપાધિના ભેદથી સમ્યક્ત્વના જે ક્ષાયોપશમિકઆદિ ભેદોની ગણના થાય છે, અથવા નિસર્ગરુચિ આદિ ભેદોની ગણના થાય છે, તે અસંગત ઠરશે. (કારણ કે દરેક સમ્યક્ત્વમાં તથાપરિણામરૂપ ભાવ-મત્યાદિ જ્ઞાનોપયોગ ઇત્યાદિરૂપે કો'કરૂપે સમાનતા તો છે જ.)

तैरुच्यते, **तदपि** आदिपदोत्तरमयट्प्रत्ययार्थापरिज्ञानविजृम्भितं, कृत्स्नज्ञानदर्शनचारित्रैकोपयोग एव निश्चय-सम्यक्त्वमित्यस्योक्तवाक्यार्थत्वात्। यदि च निश्चयसम्यक्त्वं भावसम्यक्त्वं चैकमेवेति विवक्ष्यते तदोपाधिभेदकृत-सम्यक्त्वभेदपरिगणनानुपपत्तिः। जिज्ञासादिकमप्यधिकारानुगतभावापेक्षकमेव, स च द्रव्यसम्यक्त्वेऽप्यविचलित एवेत्युक्तमेव युक्तमिति द्रढतरमालोचनीयं सूरिभिः॥ १५॥ **ननु** अधार्मिका एव देवा उच्यन्त इति तत्कृत्यं न प्रमाणमित्याशङ्कां निराचिकीर्षुराह–

**सद्भक्त्यादिगुणान्वितानपि सुरान् सम्यग्दृशो ये ध्रुवं,**
**मन्यन्ते स्म विधर्मणो गुरुकुलभ्रष्टा जिनार्चाद्विषः।**
**देवाशातनयाऽनया जिनमतान्मातङ्गवल्लेभिरे,**
**स्थानाङ्गप्रतिषिद्धया विहितया ते सर्वतो बाह्यताम्॥ १६॥**

(**दंडान्वयः**→ सद्भक्त्यादि गुणान्वितान् ध्रुवं सम्यग्दृशः सुरानपि ये गुरुकुलभ्रष्टाः जिनार्चाद्विषः विधर्मणः मन्यन्ते स्म, ते अनया स्थानाङ्गप्रतिषिद्धया विहितया देवाशातनया जिनमतान्मातङ्गवत् सर्वतो बाह्यतां लेभिरे॥)

'सद्भक्त्यादि' इति। *सतां*=चातुर्वर्णवर्णनीयस्थितीनां *भक्तिः*=बाह्यप्रतिपत्तिरादिर्येषां बहुमानवैयावृत्त्यादीनां ते च ते गुणाश्च *तैरन्वितान्*=युतान् सम्यग्दृशः सुरानपि ये गुरुकुलाद् *भ्रष्टाः*=त्यक्तगुरुकुलवासा *यथाच्छन्दाः*=यथाच्छन्दविहारिणो *जिनार्चाद्विषो*=जिनप्रतिमापूजादौ धृतद्वेषा लुम्पाकश्वपाकाः, *विधर्मणः*=विगतो धर्मो येभ्यस्ते विधर्माणस्तादृशान्मन्यन्ते स्म। *तेऽनया*=अवर्णवादरूपयाऽऽशातनया **स्थानाङ्गे** *प्रतिषिद्धया*=अकर्त्तव्यत्वेनोक्तया *विहितया*=प्रसह्य कृतया, *मातङ्गवत्*=चाण्डालवत्, *सर्वतः*=सर्वस्माद्, बाह्यतां लेभिरे। अनयाऽऽशातनया तैः कर्मचण्डालत्वं प्राप्तमिति **व्यंग**(ग्य)प्रतीतेः। *'पर्यायोक्तव्यङ्ग(ग्य)स्योक्तिः पर्यायोक्त'* मिति [काव्यानुशासन ६/

---

વળી, જિજ્ઞાસાવગેરે પણ યથાયોગ્ય અધિકારીમાં રહેલા શુભભાવને અપેક્ષીને જ હોય છે. અપુનર્બંધક વગેરે દ્રવ્યસમ્યક્ત્વીઓમાં પણ સ્વયોગ્ય શુભભાવને અનુરૂપ જિજ્ઞાસાવગેરે હોય છે. અર્થાત્ જિજ્ઞાસાઆદિમાં કારણભૂત અને જિજ્ઞાસાઆદિથી ઉપલક્ષિત ભાવ તો દ્રવ્યસમ્યક્ત્વવાળામાં પણ હોય જ છે. તેથી ભાવમાત્રથી જો નિશ્ચય અને ભાવ સમ્યક્ત્વને એક માનશો, તો તેટલામાત્રથી જ દ્રવ્ય અને ભાવ સમ્યક્ત્વને પણ એક માનવા પડશે. તેથી ભાવની સમાનતામાત્રથી નિશ્ચયસમ્યક્ત્વ અને ભાવસમ્યક્ત્વને એક માની શકાય નહિ. (સપ્તમગુણસ્થાને રહેલા **માષતુષ મુનિ** વગેરેમાં નિશ્ચયસમ્યક્ત્વ હોય છે, પણ આપેક્ષિક ભાવસમ્યક્ત્વનો અભાવ હોઇ શકે છે. જ્યારે ચોથાગુણસ્થાને રહેલામાં આપેક્ષિક ભાવસમ્યક્ત્વ સંભવી શકે છે, પણ નિશ્ચયસમ્યક્ત્વ ન હોય.) તેથી અમે જે પ્રરૂપણા કરી છે, તે જ બરાબર છે તેમ સૂરિઓએ દઢપણે વિચારવું. **॥ ૧૫ ॥**

'દેવો અધાર્મિક જ ગણાય છે. તેથી તેઓનું કૃત્ય પ્રમાણભૂત નથી.' પૂર્વપક્ષની આ આશંકાને દૂર કરતા કવિવર કહે છે–

**કાવ્યાર્થ :-** સદ્ભક્તિવગેરે ગુણોથી યુક્ત નિશ્ચિત સમ્યગ્દષ્ટિ દેવોને જે ગુરુકુળવાસથી ભ્રષ્ટ=સ્વચ્છંદાચારી પ્રતિમાપૂજનદ્રોહીઓ ધર્મ વિનાના માને છે, તેઓ **સ્થાનાંગ સૂત્રમાં** પ્રતિષિદ્ધ કરેલી આ દેવઆશાતનાને સેવીને જિનમતમાંથી ચાંડાલની જેમ સર્વથા બાહ્યતાને પામેલા છે. અર્થાત્ જૈનશાસનની મર્યાદાથી દૂર કરાયેલા છે.

સત્=પૂજનીય ચતુર્વિધસંઘની ભક્તિ=બાહ્યસત્કારવગેરે આદિપદથી બહુમાન વૈયાવચ્ચવગેરે સમજવું. આ ભક્ત્યાદિ ગુણોથી સભર દેવોને પ્રતિમાલોપકો ધર્મ વગરના ગણે છે. આમ **સ્થાનાંગમાં** નિષિદ્ધ કરેલી દેવાશાતના

९] **हैमवचनात्**। देवाशातनयेत्यनन्तरमिवशब्दोल्लेखे तेषां सर्वतो बाह्यतायां हेतोरुत्प्रेक्षणात् **गम्योत्प्रेक्षा** चेति ध्येयम्। **स्थानाङ्गसूत्रं** चेदम् →

*'पंचहिं ठाणेहिं जीवा दुल्लहबोहिअत्ताए कम्मं पकरेंति तं०-(१) अरहंताणं अवन्नं वयमाणे (२) अरहंतपन्नत्तस्स धम्मस्स अवन्नं वयमाणे (३) आयरियउवज्झायाणं अवन्नं वयमाणे (४) चाउवन्नस्स संघस्स अवन्नं वयमाणे (५) विपक्कतवबंभचेराणं देवाणं अवन्नं वयमाणे'* [५/२/४२६] त्ति। *दुर्लभा बोधिः=जिनधर्मो यस्य स तथा, तद्भावः=तत्ता, तया=दुर्लभबोधिकतया, तस्यै वा, कर्म=मोहनीयादि प्रकुर्वन्ति=बध्नन्ति। अर्हताम-वर्णम्=अश्लाघां वदन्, यथा- 'नत्थि अरहंतत्तं, जाणं वा कीस भुंजए भोए। पाहुडियं तु उवजीवइ (प्राभृतिकां= समवसरणादिरूपां) एमाइ जिणाणओ अवन्नो'॥ न च ते नाभूवंस्तत्प्रणीतप्रवचनोपलब्धेर्नापि भोगानुभवनादि-दोषोऽवश्यवेद्यसातस्य तीर्थकरनामादिकर्मणश्च निर्जरणोपायत्वात्तस्य, तथा वीतरागत्वेन समवसरणादिषु प्रतिबन्धाभावादिति। तथार्हत्प्रज्ञप्तस्य धर्मस्य=श्रुतचारित्ररूपस्य 'प्राकृतभाषानिबद्धमेतत्', तथा 'किं चारित्रेण दानमेव श्रेय' इत्यादिकमवर्णं वदन्। उत्तरं चात्र प्राकृतभाषात्वं श्रुतस्य न दुष्टं, बालादीनां सुखाध्येयत्वे-नोपकारित्वात्, तथा चारित्रमेव श्रेयो, निर्वाणस्यानन्तरहेतुत्वादिति। आचार्योपाध्यायानामवर्णं वदन् यथा- 'बालोऽय'मित्यादि, न च बालत्वादिर्दोषो बुद्ध्यादिभिर्वृद्धत्वादिति। तथा चत्वारो वर्णाः=प्रकारा श्रमणादयो यस्मिन् स तथा, स एव स्वार्थिकाणविधानाच्चातुर्वर्णः, तस्य सङ्घस्यावर्णं वदन् यथा- 'कोऽयं सङ्घः ? यः समवाय-*

---

સેવીને તેઓએ કર્મચંડાલપણું પ્રાપ્ત કર્યું છે તેમ **વ્યંગથી** પ્રતીત થાય છે. **શ્રી હેમચંદ્ર સૂરિએ કાવ્યાનુશાસનમાં** કહ્યું છે કે → *'પ્રતીત થતા અર્થને બીજા પર્યાયથી કહેવો એ **પર્યાયોક્ત(=વ્યંગ્ય) અલંકાર** છે.'* અને જો 'દેવઆશાતનયા' એ પદ પછી ઇવ(=જાણે કે) પદનો ઉલ્લેખ કરવામાં આવે, તો તેઓની સર્વતઃ બાહ્યતામાં હેતુની ઉત્પ્રેક્ષા થતી હોવાથી **ગમ્યોત્પ્રેક્ષા અલંકાર** પણ છે.

## પાંચના અવર્ણવાદમાં દુર્લભબોધિતા

**સ્થાનાંગ સૂત્રનો** પાઠ આ પ્રમાણે છે → *'આ પાંચ સ્થાનોથી જીવ દુર્લભબોધિપણાથી (કે માટે) કર્મ ઉપાર્જે છે. (૧) અરિહંતોની નિંદાથી (૨) અરિહંતે પ્રરૂપેલા ધર્મની નિંદાથી (૩) આચાર્ય-ઉપાધ્યાયની નિંદા કરવાથી (૪) ચતુર્વિધ સંઘની નિંદા કરવાથી તથા (૫) વિપક્વતપબ્રહ્મચર્યવાળા દેવોની નિંદા કરવાથી.'* આ સૂત્રની **ટીકા** આ પ્રમાણે છે → *બોધિ=જિનધર્મ. જિનધર્મની પ્રાપ્તિ પરભવમાં જેને દુર્લભ થાય તે દુર્લભબોધિ કહેવાય. અરિહંતવગેરેની આશાતના કરનારો દુર્લભબોધિ થવાથી કે દુર્લભબોધિ થવામાટે મોહનીયવગેરે કર્મો બાંધે છે. **અરિહંતોની નિંદા** આ પ્રમાણે →(૧) 'અરિહંતપણું છે જ નહિ (અરિહંતનો નિષેધ) અથવા (૨) જાણતા હોવા છતાં (કે ભોગ ભૂંડા છે વગેરે) અરિહંતો કેમ ભોગોને ભોગવે છે ? (ભોગો=લગ્ન કરવાં, રાજ્ય કરવું વગેરે) તથા (૩) અરિહંતો પ્રાભૃતિકા(*દેવોએ બનાવેલ સમવસરણવગેરે. 'પ્રાભૃતિકા' ૪૨ દોષોમાંનો એક પ્રકારનો ઉદ્ગમ દોષ છે.)*ને કેમ સેવે છે ?' પણ નિંદા કરનારા આમ વિચારતાં નથી કે (૧) તેમણે(=અરિહંતોએ) રચેલું પ્રવચન(આગમ કે સંઘ) ઉપલબ્ધ થતું હોવાથી તેઓ હતા. તેથી 'કોઇ અરિહંત થયા જ નથી.' એવો નિષેધ અયોગ્ય છે કારણ કે કાર્યથી જ કારણનું અસ્તિત્વ નક્કી થાય છે. (૨) અવશ્ય વેદનીય શાતાવેદનીયકર્મની અને તીર્થંકર નામકર્મવગેરે કર્મની નિર્જરાના ઉપાયતરીકે જ ભોગ ભોગવતાં હોવાથી તેમને(અરિહંતોને) ભોગ ભોગવવામાં દોષ નથી.* (પાપકર્મની જેમ પુણ્યકર્મનો પણ ક્ષય=નિર્જરા થાય તો જ મોક્ષ છે. અને નિકાચિત પુણ્ય કે પાપ કર્મનો ક્ષય ભોગથી જ થાય છે.) *તથા (૩)*

*बलेन पशुसङ्घ इवामार्गमपि मार्गीकरोति' इति, न चैतत्साधु, ज्ञानादिगुणसमुदायात्मकत्वात्तस्य, तेन च मार्गस्यैव मार्गीकरणादिति। तथा विपक्कं=सुपरिनिष्ठितं प्रकर्षपर्यन्तमुपगतमित्यर्थः, तपश्च ब्रह्मचर्यं च भवान्तरे येषां, विपक्कं वा-उदयमागतं तपोब्रह्मचर्यं तद्धेतुकं देवायुष्कादि कर्म येषां ते, तथा तेषामवर्णं वदन्-न सन्त्येव देवाः कदाचनाप्यनुपलभ्यमानत्वात्, किं वा तैर्विटैरिव कामासक्तमनोभिरविरतैस्तथा निर्निमेषैरचेष्टैश्च म्रियमाणैरिव प्रवचनकार्यानुपयोगिभिश्चेत्यादिकं, इहोत्तरं-सन्ति देवास्तत्कृतानुग्रहोपघातादिदर्शनात्, कामासक्तता च मोहसातकर्मोदयादित्यादि। अभिहितं च- 'इत्थ पसिद्धी मोहणीयसायवेयणीयकम्मउदयाओ। कामपसत्ता विरई कम्मोदयओ च्चिय ण तेसिं'॥ १॥ 'अणिमिसं देवसहावा णिच्चेट्ठाणुत्तराओ कयकिच्चा। कालाणुभावा तित्थुन्नइंपि अन्नत्थ कुव्वंति'॥ २॥* त्ति।

**यत्तु** महाजननेतृत्वाद् देवराजादिवद् देवानामवर्णवादो महामोहनीयबन्धहेतुत्वान्निषिद्धो न धर्मित्वादिति-

---

ભગવાન પોતે વીતરાગ છે. તેથી સમવસરણ વગેરેમાં રાગ થવાનો સંભવ જ નથી. તેથી સમવસરણના સેવનથી એમને 'પ્રાભૃતિકા' દોષ લાગે નહિ. અરિહંતકથિત ધર્મના બે ભેદ છે. (૧) શ્રુત (૨) ચારિત્ર. **શ્રુતધર્મની નિંદા**→ 'આ બધા આગમો પ્રાકૃતભાષામાં રચાયા છે. અર્થાત્ સામાન્ય લોકોની ભાષામાં રચાયા છે.' **ચારિત્રધર્મની નિંદા** → 'ચારિત્ર નિરર્થક છે. દાન જ શ્રેયસ્કર છે. વગેરે....' આ નિંદાનો જવાબ - 'બાળવગેરે અજ્ઞજીવો સુખેથી ભણી શકે-સમજી શકે ઇત્યાદિદ્વારા ઉપકાર કરનારું હોવાથી આગમને પ્રાકૃત ભાષામાં રચવામાં દોષ નથી.' તથા દાન કરતાં પણ ચારિત્ર જ વધુ શ્રેયસ્કર છે, કારણ કે મોક્ષનું તે(ચારિત્ર) તરતનું જ કારણ છે. **આચાર્ય-ઉપાધ્યાયની નિંદા** → 'આ તો બાળક છે' વગેરે. પણ નિંદા કરનારો એમ નથી વિચારતો કે 'બાળ હોય તો પણ બુદ્ધિવગેરેથી તો વૃદ્ધ જ છે. તેથી નિંદનીય નથી પણ પૂજનીય છે.' **ચતુર્વર્ણ સંઘ**(વર્ણ=પ્રકાર, અર્થાત્ સાધુ-સાધ્વી વગેરે ચતુર્વિધ સંઘ. 'ચાતુર્વર્ણ' પદમાં સ્વાર્થિક 'અણ્' પ્રત્યય લાગ્યો છે.)**ની નિંદા**→ 'આને કોણ સંઘ કહે કે જે ટોળાના બળપર પશુઓના ટોળાની જેમ અમાર્ગને માર્ગ તરીકે સ્થાપે છે?' પણ આ નિંદા કરતાં પહેલા એ વિચારતો નથી કે 'સંઘ એ જ્ઞાનવગેરે ગુણોના સમુદાયરૂપ છે. તેથી એ માર્ગને જ માર્ગ તરીકે સ્થાપે, અમાર્ગને નહિ.' તથા ભવાંતરમાં(=પૂર્વભવમાં) પ્રકૃષ્ટ તપ અને બ્રહ્મચર્ય આદરવાવાળા અથવા વિપક્વ=ભવાંતરમાં કરેલા તપ અને બ્રહ્મચર્યનો ઉદય. અર્થાત્ તપ અને બ્રહ્મચર્યના કારણે દેવઆયુષ્યવગેરે કર્મનો ઉદય. આ ઉદયથી યુક્ત દેવો=વિપક્વતપબ્રહ્મચર્યવાળા દેવો. આ **દેવોની નિંદા**→ 'ક્યાંય દેખાતાં ન હોવાથી દેવો છે જ નહિ.' અથવા તો, 'કામમાં આસક્ત મનવાળા, અવિરત, જાણે મરવા ન પડ્યા હોય તેમ પલકારા અને ચેષ્ટા વિનાના અને શાસનના કોઇ કાર્યમાં કામ નહિ લાગનારા એ શઠ જેવા દેવોથી સર્યું' ઇત્યાદિ. આવા નિંદારસિકોને આવો ઉત્તર આપી શકાય - દેવોદ્વારા કરાતાં ઉપકાર કે ઉપઘાત વગેરે દેખાતા હોવાથી દેવો છે તેમ સિદ્ધ થાય છે. તેઓને મોહનીયનો અને શાતા વેદનીયનો ઉદય જોરદાર હોવાથી તેઓ કામમાં આસક્ત હોય, એમાં તેઓનો વાંક નથી. કહ્યું જ છે કે → 'અહીં સમાધાન (ઉપરોક્ત શંકાના સમાધાન) આ છે. મોહનીય તથા શાતાવેદનીય કર્મના ઉદયથી તેઓ કામપ્રસક્ત છે અને કર્મોદયથી જ તેઓને વિરતિ નથી' ॥૧॥ 'દેવસ્વભાવથી જ તેઓ પલકારા વિનાના છે. ચેષ્ટા વિનાના છે. કૃતકૃત્ય હોવાથી ઉત્તર આપતા નથી. કાલના પ્રભાવથી અહીં તીર્થોન્નતિ નથી કરતાં પણ અન્યત્ર તો કરે જ છે.' ॥૨॥

## ધર્મી હોવાથી દેવોની નિંદાનો ત્યાગ

**પૂર્વપક્ષ :-** શક્ર મહાજનનેતા=ઘણા મોટા સમુદાયના નેતા (અથવા ઘણા લોકોને પૂજ્ય આદિરૂપે માન્ય) હોવાથી જેમ તેનો અવર્ણવાદ કરવાનો નથી, તેમ દેવો પણ મહાજનનેતા હોવાથી જ તેમનો પણ અવર્ણવાદ કરવાનો

पामरवचनं **तत्तुच्छं**, एवं सत्यस्य सूत्रस्यार्थ(स्य)सिद्धानुवादत्वापत्तेर्देवमात्रावर्णनिषेधे उक्तविशेषणानुपपत्तेश्च। यत्र हि यत्प्रकारकवर्णवाद इष्टसाधनतयोपदर्शितस्तत्र तत्प्रकारकवर्णवादग्रहप्रतिबन्धकदोषदर्शनरूपस्यैवावर्णवादस्य निषेध उचित इत्युक्तविशेषणं फलवत्, विपक्वतपोब्रह्मचर्यफलीभूतदेवार्चनविनयशीलादिगुणप्रतिपन्थिदोषोपदर्शनस्यैव ततो दुर्लभबोधिताहेतुत्वलाभात्। अत एवैतत्सूत्रप्रतिपक्षसूत्रं यथा →

*'पंचहिं ठाणेहिं जीवा सुलहबोहित्ताए कम्मं पकरेंति, तं०-अरहंताणं वन्नं वयमाणे जाव विपक्कतव-*

---

નથી કારણ કે તેમ કરવામાં લોકોમાં મોટા પાયે શાસનની નિંદા થવાનો સંભવ છે. તેમાં નિમિત્ત થવાથી દુર્લભબોધિ થવામાં કારણભૂત મહામોહનીય કર્મ બંધાય છે. પણ તેનો અર્થ એમ નથી કે, દેવો ધર્મી હોવાથી તેમનો અવર્ણવાદ ન કરવો.

**ઉત્તરપક્ષ :-** આ દલીલ તુચ્છ છે. મહાજનના નેતા હોવાથી અવર્ણવાદ ન કરવો, એ અર્થસિદ્ધ વાત છે, કારણ કે દેવોની નિંદા કરવાથી રૂઠેલા દેવોદ્વારા ઉપસર્ગઆદિ આવવાથી શાસનહીલના થાય છે, તેમજ અંગત નુકસાન થાય છે, એ આબાળગોપાળસિદ્ધ છે. આમ અર્થસિદ્ધ વાતનો ફરીથી શબ્દોલ્લેખ કરવામાં સૂત્ર માત્ર અનુવાદરૂપ જ ઠરશે પણ અપ્રાપ્તની પ્રાપ્તિરૂપ વિધાનાત્મક નહિ થાય. વળી તમે કહ્યું એ કારણથી જ જો દેવોનો અવર્ણવાદ કરવાનો ન હોય, તો તે કારણ તો સઘળા દેવોઅંગે લાગુ પડે. તેથી સઘળા દેવોના અવર્ણવાદનો નિષેધ થાય છે. 'તેથી વિપક્વ તપ બ્રહ્મચર્ય' એવું વિશેષણ મુકવામાં કોઇ અર્થ નહિ સરવાથી 'વ્યર્થવિશેષણ' દોષ ઊભો થાય. કારણ કે 'જ્યાં જેવા પ્રકારવાળો વર્ણવાદ ઇષ્ટસાધનતરીકે બતાવ્યો હોય, ત્યાં તે પ્રકારવાળા વર્ણવાદને અટકાવતા દોષના દર્શનરૂપ અવર્ણવાદનો નિષેધ જ ઉચિત છે.' એટલે કે જે વ્યક્તિના જે ગુણવગેરેરૂપ વિશેષણને આગળ કરી વર્ણવાદ કરવો એ સુલભબોધિતાવગેરે લાભના સાધન તરીકે માન્ય હોય, તે વ્યક્તિના તે જ ગુણવગેરેના વર્ણવાદમાં પ્રતિબંધક બનતા તદ્વિરોધી દોષદર્શનરૂપ અવર્ણવાદનો ત્યાગ કરવો ઉચિત છે. પ્રસ્તુતમાં 'વિપક્વતપબ્રહ્મચર્યવાળા' આ વિશેષણવાળા દેવોના અવર્ણવાદનો નિષેધ કરવાનો આશય છે. એમાટે જ 'વિપક્વતપબ્રહ્મચર્યવાળા' એવું વિશેષણ મુકીને ચેતવણી આપી છે કે આવા દેવોની નિંદા કરશો તો દુર્લભબોધિ થશો. આમ તપ અને બ્રહ્મચર્ય અને તેના ફળભૂત જિનપૂજા, વિનયાદિ ગુણ પ્રકારક(=વિશેષણથી વિશિષ્ટ) દેવવર્ણવાદ સુલભબોધિતાઆદિમાટે ઇષ્ટ સાધન (=હેતુભૂત) છે. તે વર્ણવાદમાં બાધક બનતું દોષદર્શન જ અવર્ણવાદરૂપ હોઇ અનિષ્ટ છે. આમ ઉપરોક્ત દેવોમાં તપ અને બ્રહ્મચર્યના ફળરૂપે રહેલા જિનપૂજા, વિનય, શીલ આદિ ગુણોના વિરોધી દોષો જોઇ (જેમકે એમની જિનપૂજામાં હિંસા, સ્થિતિમાત્રરૂપતા, શસ્ત્રાદિપૂજાની તુલ્યતા વગેરે જોઇ) એમની એ પ્રકારે નિંદા કરવી એ જ દુર્લભબોધિ થવાનું કારણ બને છે, એમ સ્વીકારવામાં જ વિપક્વતપ ઇત્યાદિ વિશેષણ સાર્થક બને. માટે જ 'વિપક્વ' ઇત્યાદિ વિશેષણના બળપર કહી શકાય, કે અહીં માત્ર 'મહાજનના નેતા' હોવામાત્રથી દેવોના અવર્ણવાદનો નિષેધ ઇષ્ટ નથી. પરંતુ ધર્મી અને ગુણી હોવાથી અવર્ણવાદનો નિષેધ છે. તેથી જ પૂર્વસૂત્રના પ્રતિપક્ષ તરીકેના સૂત્રમાં એ વિશેષણવાળા દેવોના વર્ણવાદથી સુલભબોધિ થવાય છે તેમ બતાવ્યું છે. (મહાજનનેતાનો જેમ અવર્ણવાદ ઇષ્ટ નથી, તેમ એટલામાત્રથી વર્ણવાદ પણ ઇષ્ટ નથી. આગમમાં ક્યાંય એવો પાઠ નથી કે મહાજનના નેતાઓની પ્રશંસા કરવાથી ભવાંતરમાં સુલભબોધિ થવાય. તેથી ધર્મી હોવાથી જ એ દેવોનો જેમ વર્ણવાદ સુલભબોધિ થવામાં હેતુ છે, તેમ અવર્ણવાદ દુર્લભબોધિ થવામાં હેતુ છે.) વર્ણવાદનું સૂત્ર આ મુજબ છે →

## સુલભબોધિ થવાના હેતુ

*'પાંચ સ્થાનોથી જીવ સુલભબોધિ થવાનું કર્મ ઉપાર્જે છે - તે આ પ્રમાણે → (૧) અરિહંતનો વર્ણવાદ=*

*बंभचेराणं देवाणं वन्नं वयमाणे*'[स्थानाङ्ग ५/२/४२६] त्ति ॥ *अर्हतां वर्णवादो यथा- 'जियरागदोसमोहा सव्वण्णू तियसनाहकयपूआ। अच्चंतसच्चवयणा सिवगइगमणा जयंति जिणा'॥ अर्हत्प्रणीतधर्मवर्णो यथा- 'वत्थुपयासणसूरो अइसयरयणाण सागरो जयइ। सव्वजयजीवबंधुरबंधु दुविहोवि जिणधम्मो'॥ आचार्यवर्णवादो यथा- 'तेसिं णमो तेसिं णमो भावेण पुणोवि तेसिं चेव णमो। अणुवकयपरहियरया जे नाणं दिंति भव्वाणं'॥ चतुर्वर्णश्रमणसङ्घवर्णवादो यथा- 'एयंमि पूइअंमि णत्थि तयं जं न पूइअं होइ । भु(सु)वणे वि पूअणिज्जो, न गुणी संघाओ जं अन्नो'॥ देववर्णवादो यथा- 'देवाण अहो सीलं विसयविसविमोहिआ वि जिणभवणे। अच्छरसाहिंपि समं हासाई जेण न करेंति'॥* त्ति। **वृत्तौ। एतेन** 'सविशेषण'[①] इत्यादिन्यायात् प्राग्भवीयतपःसंयमयोरेव देववर्णनविधौ तात्पर्यमिति **निरस्तमे**कविधेरन्यतः सिद्धत्वेन चमरेन्द्रेशानेन्द्रावतिप्रसङ्गेन च विशिष्टविधावेव तात्पर्यात्। तस्माद्

*પ્રશંસા કરવાથી ઇત્યાદિ પૂર્વવત્ યાવત્ (૫) વિપક્વતપબ્રહ્મચર્યયુક્ત દેવોનો વર્ણવાદ કરવાથી.'* **ટીકા** → *અરિહંતનો વર્ણવાદ →'રાગ-દ્વેષ અને મોહને જિતનારાં, સર્વજ્ઞ, દેવેન્દ્રથી પૂજાયેલા, અત્યંત સત્ય વચન બોલવાવાળા અને મોક્ષગતિમાં જવાવાળા જિનો(=અરિહંતો) જય પામે છે.' અરિહંતપ્રરૂપિત ધર્મનો વર્ણવાદ →'વસ્તુના પ્રકાશ (=યથાર્થ સ્વરૂપ બતાવવા)માં સૂર્યસમાન, અતિશયરૂપી રત્નોના સાગરસમાન, જગતના સર્વજીવોના પ્રેમાળ બંધુ જેવા બન્ને પ્રકારના (શ્રુત અને ચારિત્ર) જિનધર્મ જય પામે છે.' આચાર્ય-ઉપાધ્યાયની સ્તુતિ →'તેઓને નમસ્કાર, તેઓને નમસ્કાર, તેઓને ભાવપૂર્વક વારંવાર નમસ્કાર કે જેઓ સ્વોપકાર વિના પણ પરહિતમાં રત છે, અને ભવ્યજીવોને જ્ઞાન આપે છે.' ચતુર્વર્ણ સંઘની સ્તવના →'આની(સંઘની) પૂજા કરવાથી એવું કશું નથી કે જે પૂજાયું ન હોય. અર્થાત્ સંઘપૂજામાં સર્વપૂજા સમાયેલી છે, કારણ કે દુનિયામાં ગુણીઓના સંઘને છોડી બીજો કોઇ પૂજનીય નથી.' દેવની પ્રશંસા→'અહો! (આશ્ચર્યકારી) દેવોનું શીલ! કે વિષયના ઝેરથી મૂઢ હોવા છતાં જિનમંદિરમાં અપ્સરાઓની સાથે હાસ્યવગેરે પણ કરતાં નથી.'*

**પૂર્વપક્ષ :-** 'સવિશેષણ' એ ન્યાયથી (વિશેષણયુક્ત વિશેષ્યઅંગે કોઇ વિધિ દર્શાવી હોય પણ વિશેષ્યમાં એ વિધિને બાધ હોય, ત્યારે એ વિધિ વિશેષણમાં સંક્રમિત થાય છે. જેમકે 'ન્યાયસંપન્ન વૈભવ'ના વિધાનમાં વૈભવ-પરિગ્રહ પાપરૂપ હોઇ તેમાં વિધાનને બાધ છે. તેથી વિધાન 'ન્યાયસંપન્નતા' વિશેષણમાં સંક્રમિત થાય છે. અર્થાત્ ન્યાયસંપન્નતામાં જ વિધાનનો આશય છે.) દેવોના વર્ણવાદમાં દેવોના પૂર્વભવના તપ-સંયમના વર્ણવાદનો જ આશય છે, બાકી અવિરત અને કામાસક્ત દેવોના વર્ણવાદમાં સ્પષ્ટ બાધ છે.

**ઉત્તરપક્ષ :-** આ વાત અસંગત છે. એકવિધિ - વિશેષણ અને વિશેષ્ય એ બેમાંથી એકમાં જ વિધિ= વિધાન અન્યતઃ સિદ્ધ છે. (જો 'દેવ'રૂપ વિશેષ્યપદમાં જ વિધિ હોય, તો અર્થાત્ બધા જ દેવો વર્ણવાદને પાત્ર હોય, તો (૧) વિશેષણપદ નિરર્થક થાય, તથા (૨) મિથ્યાત્વી દેવોનો વર્ણવાદ કરવામાં મિથ્યાત્વનું પોષણવગેરે છે. તેથી 'દેવ'રૂપ માત્ર વિશેષ્ય વર્ણવાદને પાત્ર નથી જ. હવે) જો વર્ણવાદનું વિધાન માત્ર વિપક્વતપબ્રહ્મચર્યરૂપ વિશેષણમાં જ હોય, અર્થાત્ માત્ર પ્રાગ્ભવીય તપ-બ્રહ્મચર્ય જ જો વર્ણવાદને પાત્ર હોય, તો એ તપ-બ્રહ્મચર્યનો વર્ણવાદ આચાર્યઆદિના વર્ણવાદથી સિદ્ધ જ છે. તથા જો પ્રાગ્ભવીય તપ-બ્રહ્મચર્ય જ વર્ણવાદને પાત્ર હોય, તો ચમરેન્દ્ર અને ઈશાનેન્દ્ર પૂર્વભવમાં અનુક્રમે 'પૂરણ' અને 'તામલી' નામના મિથ્યાત્વી તાપસો હતા. તેથી તેમના મિથ્યાત્વયુક્ત અજ્ઞાનતપ અને બ્રહ્મચર્યની પ્રશંસાનો અતિપ્રસંગ પણ છે. માટે 'વિપક્વ' આદિ વિશેષણથી વિશિષ્ટ દેવો આ જ ભવના પૂજાઆદિ ગુણોને કારણે વર્ણવાદને પાત્ર છે. (વિપક્વતપબ્રહ્મચર્યવાળા દેવોની પણ પ્રશંસા તો દેવભવીય જિનપૂજાદિ સમ્યગ્દર્શનાચારથી જ છે.

① सविशेषणे हि विधिनिषेधौ विशेषणमुपसङ्क्रामतो विशेष्यबाधके सतीति न्यायः।

**ये** 'अधार्मिका देवा' इति वदन्ति, **तैस्तद्वर्णवादस्य** मूलतोऽपहस्तितत्वात् स्वकरेण स्वशिरसि रजः क्षिप्यते इति ज्ञेयम्। अत एव सत्यप्यसंयतत्वे निष्ठुरभाषाभयान्नो संयतत्वमागमे तेषां परिभाषितम्। 'नो धर्मिण' इति तु कुमतिग्रस्तैः प्रतिक्रियमाणं न क्वापि श्रूयते, धर्मसामान्याभावप्रसङ्गेन तथावक्तुमशक्यत्वात्, उपपादितं चैतन्महता प्रबन्धेन **देवधर्मपरीक्षायामस्माभिरित्युपरम्यते॥ १६॥ अथ** देवेषु धर्मस्थापकान् गुणानेव दर्शयन् परानाक्षिपति—

**शक्रेऽवग्रहदातृता व्रतभृतां निष्पापवाग्भाषिता,**
**सच्छर्माद्यभिलाषिता च गदिता प्रज्ञप्तिसूत्रे स्फुटम्।**
**इत्युच्चैरतिदेशपेशलमतिः सम्यग्दृशां स्वःसदाम्,**
**धर्मित्वप्रतिभूः खलस्खलनकृद् धर्मस्थितिं जानताम्॥ १७॥**

આ જિનપૂજાદિ આચાર પૂર્વભવીય વિપક્વતપાદિના ફળભૂત હોવાથી સૂત્રકારશ્રીએ વિપક્વતપાદિ વિશેષણ મુકી સાધકોને સાવધાની આપી છે કે જો તમે આ ભવમાં સમ્યક્તપાદિ આરાધશો, તો જ દેવલોકમાં સમ્યગ્દર્શનાચાર પાળી શકશો, અન્યથા વિષયમાં આસક્ત થઇ દેવલોકના અંતે દુર્ગતિમાં ફેંકાઇ જશો. અલબત્ત, ઈશાનેન્દ્ર વગેરે પૂર્વભવમાં તેવા તપાદિયુક્ત ન હોવા છતાં દેવભવમાં સમ્યગાચાર પાળતા દેખાય છે, તો કેટલાક પૂર્વભવીય સમ્યક્તપાદિવાળા દેવભવમાં વિષયમગ્ન બની સમ્યક્ત્વ ગુમાવી સમ્યગાચારહીન પણ બને છે. છતાં આપત્તિ નથી, કારણ કે સૂત્રકારે આપેલો વિશેષણ-વિશેષ્યભાવ અને બતાવેલો નિયમ એકાંતિક નથી, પણ ઔત્સર્ગિક છે. રાજમાર્ગના નિર્દેશરૂપ છે. આ જ જૈનશાસનની પ્રણાલિકા છે. **યોગદષ્ટિ સમુચ્ચય ગ્રંથમાં** *'સૂત્રાણાં પ્રાયોવૃત્તિવિષયત્વાત્'* એમ કહી આ મુદ્દાનું સમર્થન કર્યું છે. અથવા – 'વિપક્વતપાદિનું દેવલોકમાં જે ફળ હોઇ શકે, તે ફળવાળા દેવોનો વર્ણવાદ' આવી વ્યાખ્યા કરવાથી કોઇ આપત્તિ નહીં રહે.) તેથી જેઓ 'દેવો અધાર્મિક છે' એમ ઘોષણા કરે છે, તેઓ દેવોના વર્ણવાદને મૂળથી જ ઉડાવે છે અને સૂત્રઆશાતનાદ્વારા પોતાની બોધિને=સમ્યગ્દર્શનને દુર્લભ બનાવે છે. માટે તેઓની ચેષ્ટા પોતાના હાથે જ પોતાના માથાપર ધુળ નાખવા જેવી હાસ્યાસ્પદ છે. 'દેવો પ્રશંસાપાત્ર છે, નિંદાપાત્ર નથી' આ વાતનો ખ્યાલ રાખીને જ તેઓ અસંયત હોવા છતાં આગમ પણ તેઓની આમન્યા જાળવે છે અને દેવોમાટે નિષ્ઠુર ભાષાનો પ્રયોગ ન થઇ જાય તે હેતુથી દેવોને અસંયત કહેવાને બદલે માત્ર 'નો સંયત' એટલું જ કહે છે. પણ પ્રતિમાલોપકોની જેમ અધર્મી તો કહેતા જ નથી. અધર્મી કહેવાથી 'દેવો અંશમાત્ર પણ ધર્મયુક્ત નથી' તેવું તાત્પર્ય નીકળે. દેવોમાં 'અંશમાત્ર પણ ધર્મ ન હોય' તે અશક્ય છે, આગમને માન્ય નથી. આ 'અસંયત'થી પણ વધુ નિષ્ઠુર પ્રયોગ છે. માટે જ પ્રતિમાલોપકો પ્રતિકારરૂપે જે કહે છે કે 'દેવો અધર્મી છે' તેવું કથન આગમમાં ક્યાંય ઉપલબ્ધ નથી. આ બાબતની વિસ્તૃત ચર્ચા **ટીકાકારે 'દેવધર્મપરીક્ષા' ગ્રંથમાં** કરી છે. તેથી અહીં આટલેથી જ અટકે છે. (**ભગવતી સૂત્રના પાંચમા શતકના ચોથા ઉદ્દેશામાં શ્રી ગૌતમસ્વામી પ્રભુશ્રી વીરને** દેવો સંયત, અસંયત, સંયતાસંયત અંગે ત્રણ પ્રશ્ન પૂછે છે. ત્યારે ભગવાન પ્રથમ અને અંતિમ પ્રશ્નના જવાબમાં કહે છે કે દેવોને સંયત કે સંયતાસંયત કહેવા એ ખોટું છે અને 'અસંયત' કહેવા અંગે કહે છે કે તે નિષ્ઠુરવચન છે. તેથી માત્ર 'નો સંયત' એટલું જ કહેવું જોઇએ. દેવો અસંયતતરીકે સિદ્ધ હોવા છતાં ભગવાનને 'અસંયત' પ્રયોગમાં નિષ્ઠુરતા દેખાય છે, ને દેવોમાં વંદનાદિ ધર્મો હોવા છતાં પ્રતિમાલોપકો સીધો નિષ્ઠુર પ્રયોગ કરે છે કે 'દેવો અધર્મી છે.') **॥ ૧૬ ॥**

## દેવોમાં ધર્મસૂચક ગુણો

દેવોમાં ધર્મની સ્થાપના કરતા=ધર્મ સૂચવતા ગુણો બતાવતા કવિવર પરવાદીઓપર આક્ષેપ કરતાં કહે છે—

**કાવ્યાર્થ :-** શક્રમાં (૧) સાધુઓને અવગ્રહ આપવાનો ગુણ (૨) નિરવદ્ય વચન બોલવાનો ગુણ તથા (૩) સાધુઓવગેરેના હિતસુખવગેરેની ઇચ્છા કરવાનો ગુણ છે એમ **ભગવતી સૂત્રમાં** સ્પષ્ટ બતાવ્યું છે. આ પ્રમાણે શક્રના અત્યંત અતિદેશથી=સદશતાદર્શક વચનથી સિદ્ધ થયેલી સમ્યગ્દષ્ટિ દેવોની રમણીયબુદ્ધિ ખલ=દુર્જય

(**दंडान्वय:**→ प्रज्ञप्तिसूत्रे शक्रे व्रतभृतामवग्रहदातृता, निष्पापवाग्भाषिता, सच्छर्माद्यभिलाषिता च स्फुटं गदिता। इति सम्यग्दृशां स्व:सदामुच्चैरतिदेशपेशलमतिः खलस्खलनकृद् धर्मस्थितिं जानतां धर्मित्वप्रतिभूः॥)

'शक्रे'इत्यादि। *शक्रे*=सौधर्मेन्द्रे *व्रतभृतां*=साधूना*मवग्रहदातृता*=अवग्रहदानगुणः, तथा *निष्पाप-वाग्भाषिता*=निरवद्यवाग्भाषकत्वगुणः, *सतां*=साध्वादीनां *शर्माद्यभिलाषिता*=हितसुखादिकामित्वगुणः, 'च' समुच्चये। *प्रज्ञप्तिसूत्रे*=**भगवत्यां** *स्फुटं*=प्रकटं *गदिता:*=एते गुणा व्यक्तं प्रतिपादिता इत्यर्थः। *इति*=अमुना प्रकारेण *उच्चैः*=अत्यर्थ*मतिदेशेन*=सादृश्यग्राहकवचनेन, *पेशला*=रमणीया मतिः, *सम्यग्दृशां*=सम्यग्दृष्टीनां *स्व:सदां*= देवानां तत्सम्बन्धिनीत्यर्थः, *धर्मस्थितिं*=धर्मव्यवस्थां *जानतां*=सहृदयानां *धर्मित्वप्रतिभूः*=धर्मित्वस्थापनायां जयहेतुः साक्षिणी। कीदृग् ? *खलस्खलनकृत्*=दुर्जयदुर्जनप्रतिवादिपराजयकृदित्यर्थः। **अयं भावः**-सम्यग्दृष्टि-देवेष्ववग्रहदानादयो वन्दनवैयावृत्त्यादयश्चोभयसिद्धानुगुणा दर्शनाचारस्य धर्मत्वेन तद्विकृतिभूताः, **प्रकृतिवद्-विकृतिरि**ति न्यायेन धर्मतयाऽकामेनाप्येष्टव्याः। तत्कथं तद्वन्तोऽप्यधर्मिण इति वदतां जिह्वा न परिशटते ? भगवद्वन्दनमेव तेषां धर्मो नार्चादिकमिति **त्वर्द्धजरतीयग्रहणे** विनाऽनन्तानुबन्धिनं हठं नान्यत् कारणं पश्यामः॥ अक्षराणि चात्र →

*'तए णं से सक्के देविंदे देवराया समणस्स भगवओ महावीरस्स अंतिए धम्मं सोच्चा णिसम्म हट्ठतुट्ठ० समणं भगवं महावीरं वंदइ वंदइत्ता नमंसइ २ एवं वयासी-कइविहे णं भंते ! उग्गहे पं० ? सक्का ! पंचविहे उग्गहे*

---

દુર્જન પ્રતિવાદીઓને સ્ખલના(=પરાજય) પમાડનારી છે અને ધર્મની વ્યવસ્થાને સમજતા સહૃદયીઓની 'દેવો ધર્મી છે' તેવી સ્થાપનાની પ્રતિભૂ=વિજય અપાવતી સાક્ષીરૂપ છે.

અહીં **તાત્પર્ય** આ છે – સમ્યગ્દૃષ્ટિ દેવોમાં રહેલા અવગ્રહદાન, વંદન, વૈયાવચ્ચ વગેરે ગુણો ઉભયપક્ષમાન્ય છે. તથા દર્શનાચાર ધર્મરૂપ છે, એ વાત પણ ઉભયપક્ષ સંમત છે. અવગ્રહદાનાદિ ગુણો દર્શનાચારરૂપ પ્રકૃતિના વિકૃતિ=વિકાર=પરિણામો હોવાથી (દર્શનાચારરૂપ) ધર્મરૂપ છે, કારણ કે **'પ્રકૃતિ જેવી તેની વિકૃતિ હોય છે.'** એવો ન્યાય છે.(પ્રકૃતિ=ઉપાદાન, વિકૃતિ=ઉપાદેય. દા.ત. માટી અને ઘડો) તેથી દેવોના આ અવગ્રહદાનાદિ ગુણોમાં દર્શનાચારરૂપ ધર્મ રહેલો જ છે તે ઇચ્છા ન હોય તો પણ સ્વીકારવું જ પડે. આમ દેવો ધર્મયુક્ત હોવા છતાં તેઓને અધર્મી કહેતા જીભ કેમ કપાઇ ન જાય ? અર્થાત્ તેઓને 'અધર્મી' કહેવા માટે જીભ ઉપડવી જ ન જોઇએ.

**પૂર્વપક્ષ :-** ભલે દેવો ધર્મી હોય, પરંતુ તેઓના પરમાત્માને વંદનાદિ ધર્મો જ ધર્મરૂપ છે, નહિ કે જિનપ્રતિમાપૂજનાદિ પ્રવૃત્તિઓ.

**ઉત્તરપક્ષ :-** આવા **'અર્ધજરતીય'**(અડધું પકડવું અને અડધું છોડવું)ન્યાયથી સમાનભાવથી થતી પ્રવૃત્તિઓમાંથી અમુકને ધર્મતરીકે સ્વીકારવા અને બાકીનાનો ધર્મ તરીકે સ્વીકાર ન કરવો વાજબી નથી કારણ કે તમારા આવા પક્ષપાતમાં અમને અનંતાનુબંધી કષાય છોડી બીજું કોઇ કારણ દેખાતું નથી.

## શક્રના સમ્યગ્વાદિતા આદિ ગુણો

આ અંગે **ભગવતી સૂત્રનો** ટીકાસહિત પાઠ આ પ્રમાણે છે → *"ત્યારે તે શક્ર દેવેન્દ્ર દેવરાજા શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પાસે ધર્મ સાંભળી હર્ષિત થાય છે અને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન કરી આમ પૂછે છે- 'હે ભદંત ! અવગ્રહ(=સ્વામી વડે જે સ્વીકૃત થાય તે) કેટલા પ્રકારના કહ્યા છે ? હે શક્ર ! અવગ્રહ પાંચ પ્રકારે કહ્યા છે. તે આ પ્રમાણે - (૧) દેવેન્દ્રનો અવગ્રહ (દેવેન્દ્ર-શક્ર કે ઈશાનેન્દ્ર. તેમનો અવગ્રહ ક્રમશઃ દક્ષિણ કે*

प० तं०-(१) देविंदोग्गहे (२) राउग्गहे (३) गाहावइउग्गहे (४) सागारियउग्गहे (५) साहम्मियउग्गहे । जे इमे भंते ! अज्जत्ताए समणा निग्गंथा विहरंति, एएसिं णं अहं उग्गहं अणुजाणेमि त्ति कट्टु समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता तमेव दिव्वं जाणविमाणं दुरुहति २ जामेव दिसिं पाउभूते तामेव दिसिं पडिगए। भंते त्ति भयवं गोयमे समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी - जं णं भंते ! सक्के देविंदे देवराया तुब्भे णं एवं वदति, सच्चे णं एसमट्ठे ? हंता सच्चे'। [भगवती १६/२/५६७] 'सक्के णं भंते ! देविंदे देवराया किं सम्मावादी मिच्छावादी ? गो० ! सम्मावादी, णो मिच्छावादी। सक्के णं भंते ! देविंदे देवराया किं सच्चं भासं भासइ, मोसं भासं भासइ, सच्चामोसं भासं भासइ, असच्चामोसं भासं भासइ ? गो० ! सच्चंपि भासं भासइ जाव असच्चामोसंपि भासं भासइ। सक्के णं भंते ! देविंदे देवराया किं सावज्जं भासं भासइ, अणवज्जं भासं भासइ ? गो० ! सावज्जंपि भासं भासइ अणवज्जंपि भासं भासइ । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-सावज्जंपि जाव अणवज्जंपि भासं भासइ ? गो० ! जाहे णं सक्के देविंदे देवराया सुहुमकायं अणिज्जूहित्ताणं भासं भासइ, ताहे णं सक्के देविंदे देवराया सावज्जं भासं भासइ, जाहे णं सक्के देविंदे देवराया सुहुमकायं णिज्जूहित्ताणं भासं भासइ, ताहे णं सक्के देविंदे देवराया अणवज्जं भासं भासइ, से तेणट्ठेणं जाव भासइ। सक्के णं भंते ! देविंदे देवराया किं भवसिद्धिए अभवसिद्धिए ? सम्मदिट्ठी मिच्छादिट्ठी ? एवं जहा **मोउद्देसए** सणंकुमारो जाव णो अचरमे त्ति'॥ **षोडशशते द्वितीयोद्देशके** [सू०५६८]। 'उग्गहे'त्ति, अवगृह्यते-स्वामिना स्वीक्रियते यः सोऽवग्रहः। 'देविंदोग्गहे'त्ति, देवेन्द्रः= शक्र ईशानो वा, तस्यावग्रहो दक्षिणलोकार्द्धमुत्तरं वेति देवेन्द्रावग्रहः। 'राउग्गहे'त्ति, राजा=चक्रवर्त्ती, तस्यावग्रहः= षट्खण्डभरतादिक्षेत्रं राजावग्रहः। 'गाहावइउग्गहे'त्ति, गृहपतिः=माण्डलिको राजा, तस्यावग्रहः=स्वकीयं मण्डलमिति गृहपत्यवग्रहः। 'सागारियउग्गहे'त्ति, सह अगारेण=गेहेन वर्त्तत इति सागारः, स एव सागारिकः, तस्यावग्रहो=गृहमेवेति सागारिकावग्रहः। 'साहम्मियउग्गहे'त्ति, समानेन धर्मेण चरन्तीति साधर्मिकाः साध्वपेक्षया

---

ઉત્તર લોકાર્ધ છે.) (૨) (ચક્રવર્તી) રાજાનો (છ ખંડવાળા 'ભરત' વગેરે ક્ષેત્રનો) અવગ્રહ. (૩) (માંડલિકરાજારૂપ) ગૃહપતિનો (પોતાના રાજ્યની સીમા સુધીનો) અવગ્રહ. (૪) સાગારિક-શય્યાતરનો (પોતાના ઘરસંબંધી) અવગ્રહ. (૫) (સમાન ધર્મવાળા હોવાથી) સાધર્મિક સાધુઓનો (પોતાનું આભાવ્ય-માલિકીનું પાંચ કોશ જેટલું ક્ષેત્ર ઋતુબદ્ધ-શિયાળા-ઉનાળામાં એકમાસ સુધી અને ચોમાસામાં ચાર માસ સુધી) અવગ્રહ.' આ સાંભળી ઇન્દ્ર કહે છે - 'હે ભદંત ! આર્યરૂપે (સાધુરૂપે) જે શ્રમણ નિર્ગ્રંથો વિચરી રહ્યા છે, તેઓને હું અવગ્રહની અનુજ્ઞા આપું છું.' એમ કહી શ્રમણ ભગવાન મહાવીરસ્વામીને વંદન નમન કરી તે જ દિવ્ય વિમાનમાં આરૂઢ થઇ જે દિશામાંથી આવ્યા હતા, તે જ દિશામાં રવાના થયા. તે વખતે ભગવાન ગૌતમસ્વામી, શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કરી પૂછે છે 'હે ભદંત ! શક્રે આપને જે કહ્યું, તે સત્ય છે ? હે ગૌતમ ! તે સત્ય છે.' (આ અર્થ ભલે સત્ય હો, પણ ઇન્દ્ર સ્વરૂપથી સમ્યગ્વાદી હશે કે નહિ એવી શંકાથી) ગૌતમસ્વામી ફરીથી પૂછે છે 'હે ભદંત ! શક્ર-દેવેન્દ્ર સમ્યગ્વાદી છે કે મિથ્યાવાદી ? ગૌતમ ! તે શક્ર સમ્યગ્વાદી છે.(પ્રાયઃ સમ્યગ્ બોલવાના સ્વભાવવાળો છે) પરંતુ મિથ્યાવાદી નથી.' (છતાં પણ પ્રમાદ વગેરે દોષથી ચારે પ્રકારની ભાષા બોલે ખરો કે નહિ ? તે જાણવા ફરીથી પૂછે છે) 'હે ભદંત ! શક્ર શું (૧) સત્યભાષા બોલે, કે (૨) અસત્યભાષા બોલે કે (૩) સત્યામૃષા(=મિશ્રભાષા) બોલે કે (૪)અસત્યામૃષા(=આજ્ઞાવગેરે વ્યવહાર) ભાષા બોલે ? હે ગૌતમ ! શક્ર સત્યવગેરે ચારે પ્રકારની ભાષા બોલે.' (સત્યભાષા પણ ક્યારેક સાવદ્યભાષા બની શકે. તેથી ગૌતમસ્વામી ફરી પ્રશ્ન કરે છે) 'હે ભદંત ! શક્ર સાવદ્યભાષા

साधव एव, तेषामवग्रहस्तदाभाव्यं पञ्चक्रोशपरिमाणं क्षेत्रमृतुबद्धे मासमेकं वर्षासु चतुरो मासान् यावदिति साधर्मिकावग्रहः। एवमुपश्रुत्येन्द्रो यदाचख्यौ तदाह- 'जे इमे' इत्यादि। 'एवं वयति' त्ति पूर्वोक्तं 'अहं उग्गहं अणुजाणामी'त्येवंरूपं वदति=अभिधत्ते। सत्य एषोऽर्थ इति॥ अथ भवत्वयमर्थः सत्यः, तथाप्ययं स्वरूपेण सम्यग्वादी उत नेत्याशङ्कयाह– 'सक्के ण'मित्यादि। सम्यग्वदितुं शीलं=स्वभावो यस्य स सम्यग्वादी। प्रायेणासौ सम्यगेव वदतीति। सम्यग्वादशीलत्वेऽपि प्रमादादिना किमसौ चतुर्विधां भाषां भाषते नवेति प्रश्नयन्नाह– 'सक्के णं' इत्यादि। सत्यापि भाषा कथञ्चिद् भाष्यमाणा सावद्या सम्भवतीति पुनः पृच्छति– 'सक्के णं' इत्यादि। 'सावज्जं' ति। सहावद्येन=गर्हितकर्मणेति सावद्या, तां। 'जाहे णं'ति। यदा 'सुहुमकायं'ति सूक्ष्मकायं हस्तादिकं वस्त्विति **वृद्धाः, अन्ये** त्वाहुः 'सुहुमकायं'ति वस्त्रं, 'अणिजूहित्ताणं'त्ति। अपोह्य=अदत्वा। हस्ताद्यावृत्तमुखस्य हि भाषमाणस्य जीवसंरक्षणतोऽनवद्या भाषा भवत्यन्या तु सावद्येति। शक्रमेवाधिकृत्याह- 'मोउद्देसए'त्ति **तृतीयशतके प्रथमोद्देशके**। तत्पाठो यथा- 'सणंकुमारे णं भंते ! देविंदे देवराया किं भवसिद्धिए अभवसिद्धिए ? सम्मदिट्ठी मिच्छादिट्ठी ? परीत्तसंसारीए अपरीत्तसंसारीए ? सुलहबोहिए दुल्लहबोहिए ? आराहए विराहए ? चरमे अचरमे? गो० ! सणंकुमारे णं देविंदे देवराया भवसिद्धिए णो अभवसिद्धिए, एवं सम्म० परीत्त० सुलह० आरा० च० पसत्थं णेयव्वं'। 'से केणट्ठेणं भंते ! ? गो० ! सणंकुमारे णं देविंदे देवराया बहूणं समणाणं बहूणं समणीणं बहूणं सावयाणं बहूणं सावियाणं हियकामए, सुहकामए, पत्थकामए, आणुकंपिए, णिस्सेयसिए, हियसुहणिस्सेसकामए, से तेणट्ठेणं'॥ [सू० १४१] व्याख्या- 'आराहए'त्ति ज्ञानादीनामाराधयिता, 'चरमे'त्ति चरम एव भवो यस्याप्राप्तस्तिष्ठति, देवभवो वा चरमो यस्य स चरमः; चरमभवो वा भविष्यति यस्य स चरमः। 'हिअकामए'त्ति हितं=सुखनिबन्धनं वस्तु। 'सुहकामए'त्ति सुखं=शर्म, 'पत्थकामए'त्ति पथ्यं=दुःखत्राणं, कस्मादेवमित्याह- 'आणुकंपिए'त्ति कृपावान्। अत एवाह- 'णिस्सेयसिए'त्ति निःश्रेयसं=मोक्षस्तत्र नियुक्त इव नैःश्रेयसिकः। 'हिअसुहणि-

---

બોલે કે નિરવદ્ય ? હે ગૌતમ ! શક્ર સાવદ્યભાષા પણ બોલે અને નિરવદ્યભાષા પણ બોલે.' 'હે સ્વામિન્ ! કેમ આમ કહો છો કે શક્ર સાવદ્ય પણ બોલે અને નિરવદ્ય પણ બોલે ? હે ગૌતમ ! જ્યારે શક્ર સૂક્ષ્મકાય(=હાથવગેરે વસ્તુ એમ જ્ઞાનવૃદ્ધોનો મત. બીજા મતે 'વસ્ત્ર')ને રાખ્યા વિના અર્થાત્ **બોલતી વખતે મોં પર હાથવગેરે રાખ્યા વિના બોલે, ત્યારે શક્ર સાવદ્ય=પાપયુક્ત ભાષા બોલે છે.** (કારણ કે હાથવગેરે રાખ્યા વિના બોલવામાં જીવોનું રક્ષણ થતું નથી.) જ્યારે શક્ર સૂક્ષ્મકાયનો ઉપયોગ કરી બોલે છે, ત્યારે નિરવદ્ય ભાષા બોલે છે (કારણ કે જીવોનું રક્ષણ થાય છે.) એ હેતુથી એ પ્રમાણે કહ્યું.' 'હે ભદંત ! શક્ર ભવસિદ્ધિક છે કે અભવસિદ્ધિક ? સમ્યગ્દૃષ્ટિ છે કે મિથ્યાદૃષ્ટિ છે ?' ઇત્યાદિ 'મોઓદ્દેશક'=**તૃતીય શતકમાં પ્રથમોદ્દેશકના** સનત્કુમાર ઇન્દ્રની જેમ સમજવું. સનત્કુમાર ઇન્દ્ર અંગેનો પાઠ આ પ્રમાણે છે → 'હે ભદંત ! સનત્કુમાર દેવેન્દ્ર(ત્રીજા દેવલોકના ઇન્દ્ર) ભવસિદ્ધિક છે કે અભવ-સિદ્ધિક ? સમ્યગ્દૃષ્ટિ છે કે મિથ્યાદૃષ્ટિ ? પરીત્ત સંસારી છે કે અનંત સંસારી ? સુલભબોધિ છે કે દુર્લભબોધિ ? આરાધક છે કે વિરાધક ? ચરમ છે કે અચરમ છે ? હે ગૌતમ ! સનત્કુમાર દેવેન્દ્ર ભવસિદ્ધિક છે. સમ્યગ્દૃષ્ટિ છે. પરીત્તસંસારી છે. સુલભબોધિ છે. આરાધક છે. અને ચરમ છે.' 'હે ભગવન્ ! કેમ આમ કહો છો ? ગૌતમ ! સનત્કુમાર દેવેન્દ્ર ઘણા સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓનાં હિત(=સુખમાં કારણભૂત વસ્તુ), સુખ, પથ્ય(=દુઃખથી રક્ષણ)ની ઇચ્છા રાખે છે કારણ કે તે કૃપાળુ છે. તેથી જ જાણે કે મોક્ષમાં નિયુક્ત થયેલો છે(=નિઃશ્રેયસિક) અને બધાના દુઃખના અનુબંધ વિનાના સુખની ઇચ્છા કરે છે(=हितसुखनिःशेषकामी) તેથી ઉપરોક્ત કહ્યું છે.' આરાધક= જ્ઞાનવગેરે ત્રિકની આરાધના

*સ્સેસકામએ'त्ति, हितं यत्सुखमदुःखानुबन्धमित्यर्थस्तन्निःशेषाणां=सर्वेषां कामयते=वाञ्छति यः स तथेति* **वृत्तौ** ॥

एवं हि सम्यग्दृशो देवा मैत्र्यादिगुणपात्राणि, परिणतियोगादेव गुर्वादिभक्तिमन्तो, निशास्वापसमेन दिव्यभोगेनाप्यभग्नमुक्तिपथप्रयाणास्तत्कालीनदर्शनैकलक्षणक्रियावन्तो धर्मवन्त एवेति स्थितम्॥ १७ ॥ **यत्त्वनुमोद्यत्वाद्** देवानां भक्तिकृत्यं न धर्म इति गूढाशयस्य शङ्कामसिद्ध्या **निराकुर्वन्नाह–**

**देवानां ननु भक्तिकृत्यमपि न श्लाघ्यं यतीनां यतः,**
**सूर्याभः कृतनृत्यदर्शनविधिप्रश्नोऽर्हताऽनादृतः ।**
**हन्तेयं जडचातुरी गुरुकुले कुत्र त्वया शिक्षिता ?**
**सर्वत्रापि हि पण्डितैरनुमतं येनानिषिद्धं स्मृतम्॥ १८॥**

(**दंडान्वयः**→ ननु देवानां भक्तिकृत्यमपि यतीनां न श्लाघ्यं, यतः कृतनृत्यदर्शनविधिप्रश्नः सूर्याभोऽर्हताऽनादृतः। हन्त ! इयं जडचातुरी त्वया कुत्र गुरुकुले शिक्षिता ? येन सर्वत्रापि हि पण्डितैरनिषिद्धमनुमतं स्मृतम्॥)

'देवानाम्'इत्यादि। **ननु** देवानां *भक्तिकृत्यमपि*=प्रतिमार्चनादि यदि यतीनां न *श्लाघ्यं*=नानुमोद्यं, ततश्च न धर्मो, वन्दनादि तु श्लाघ्यत्वाद्धर्म एव। अत एव *'पोराणमेयं सूरियाभा'* इत्यादि प्रतिज्ञा। यच्चतुर्विधा देवा अर्हतो भगवतो वन्दित्वा नमस्कृत्य स्वस्वनामगोत्राणि श्रावयन्तीत्येव निगमितमिति द्रष्टव्यम्। इदमित्थमेव यतः

---

*કરનારો. ચરમ=જેને હવે માત્ર ચરમભવ જ આવવાનો બાકી રહ્યો છે. અથવા જેનો દેવભવ છેલ્લો છે. (એટલે કે હવે ફરીથી દેવતરીકે જનમવાનું બાકી નથી રહ્યું) અથવા જેને ચરમભવ આવવાનો છે તે.''* આમ સમ્યગ્દષ્ટિ દેવો મૈત્રીવગેરે ગુણોના ભાજન છે. (કારણ કે બધાના હિતનો વિચાર કરે છે. અને 'બધાના હિતનો વિચાર' મૈત્રીભાવનારૂપ છે) વળી આ દેવો સારી પરિણતિથી સભર હોવાથી ગુરુવગેરે પ્રત્યે ભક્તિવાળા છે. તેઓ જે દિવ્યભોગો ભોગવે છે, એ તો માત્ર રાતની નિંદર સમાન છે. પણ તેટલામાત્રથી તેઓ મોક્ષમાર્ગથી પતન પામેલા નથી. (**તાત્પર્ય :-** આ દેવભવ તો આગલા ભવથી મોક્ષમાર્ગ તરફ આરંભેલા અવિરત પ્રયાણમાં માર્ગમાં ધર્મશાળામાં રાતવાસો પસાર કરવા રૂપ જ છે.) **વળી આ દિવ્યભોગના** કાળમાં પણ એ દેવો એક દર્શન(=સમ્યગ્દર્શન)રૂપ ક્રિયા(=આચાર)વાળા તો છે જ. આમ તે કાળે પણ દર્શનાચારથી યુક્ત હોવાથી તે દેવો ધર્મસભર જ છે તેમ નિશ્ચય થાય છે. ॥ ૧૭॥

## દેવોના ભક્તિકૃત્યની સાધુઓને અનનુમોદ્યતા અસિદ્ધ

'દેવોનું ભક્તિકૃત્ય સાધુઓને અનુમોદનીય નથી. માટે ધર્મરૂપ નથી.' ગુઢાશયવાળા પ્રતિમાલોપકોની આ શંકાનું નિરાકરણ કરતા કવિ કહે છે–

**કાવ્યાર્થ :- પૂર્વપક્ષ :-** 'દેવોનું ભક્તિકૃત્ય(=પ્રતિમાપૂજન આદિ) સાધુઓને અનુમોદનીય નથી કારણ કે નૃત્યના દર્શનની રુચિઅંગે પ્રશ્ન કરનારા સૂર્યાભનો ભગવાને અનાદર કર્યો.' **ઉત્તરપક્ષ :-** અરેરે ! આવી જડ ચતુરાઇ તું કયા ગુરુકુળવાસમાં ભણ્યો ? કારણ કે પંડિતો દરેક સ્થળે 'જે નિષેધ ન કરાય તે અનુમત હોય' એમ જ સ્વીકારે છે.

**પૂર્વપક્ષ :-** સાધુઓ દેવોના ભક્તિકૃત્યને=પ્રતિમાપૂજનાદિને પ્રશંસતા નથી માટે તે ધર્મરૂપ નથી. જ્યારે વંદનઆદિ કૃત્યને પ્રશંસે છે, માટે તે ધર્મરૂપ જ છે. સૂર્યાભદેવ જ્યારે ભગવાન મહાવીરસ્વામીને વંદનવગેરે અંગે કહે છે, ત્યારે ભગવાન મૌન રહેતા નથી. પરંતુ તેની અનુમોદના કરે છે અને *'પોરાણમેયં સૂરિયાભા'* (પોરાણમેય=આ પુરાણું કર્મ છે-પૂર્વેના દેવોએ પણ પૂર્વેના તીર્થંકરો પ્રત્યે આચરેલું છે) તે પ્રમાણે પ્રતિજ્ઞા=આરંભ કરીને

सूर्याभः कृतो *नृत्यविधेः*=नृत्यकरणस्य प्रश्नो येन स, तथा, अर्हता **श्रीमहावीरेण** *नादृतः*=तन्नृत्यकरणप्रतिज्ञा नादृतेत्यर्थः। तथा च सूत्रं →

*'तए णं से सूरियाभे देवे समणस्स भगवओ महावीरस्स अंतिए धम्मं सोच्चा णिसम्म हट्ठतुट्ठ जाव हय-हियया उट्ठेइ, उट्ठेइत्ता समणं भगवं महावीरं वंदइ णमंसइ २ एवं वयासी-अहण्णं भंते ! सूरियाभे देवे किं भवसिद्धिए जाव अचरिमे ? इत्यादि।* [राजप्रश्नीय सू. ५२] *तए णं से सूरियाभे देवे समणेणं ३ एवं वुत्ते समाणे हट्ठतुट्ठचित्तमाणंदिए परमसोमणसे समणं भगवं महावीरं वंदइ णमंसइ २ एवं वयासी-तुब्भे णं भंते ! सव्वं दव्वं जाणह पासह, सव्वं खित्तं जाणह पासह, सव्वं कालं जाणह पासह, सव्वे भावे जाणह पासह, जाणंति णं देवाणुप्पिया जाव० तं इच्छामि णं जाव उवदंसित्तए।* [सू. ५४] *तए णं समणे भगवं महावीरे सूरियाभेणं देवेणं एवं वुत्ते समाणे सूरियाभस्स देवस्स एयमट्ठं णो आढाइ णो परिजाणइ, तुसिणीए संचिट्ठइ।* [सू. ५५] *तए णं से सूरियाभे देवे समणं भगवं महावीरं दोच्चंपि तच्चंपि एवं वयासी-तुब्भे णं भंते ! सव्वं दव्वं जाणह जाव उवदंसित्तए त्ति कट्टु, समणं ३ तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ'* इत्यादि [सू. ५६]। **अत्रोत्तरं**-'हन्त' इति खेदे। इयं (जड) चातुरी त्वया गुरुकुले कुत्र शिक्षिता यन्मौनं निषेधमेव व्यञ्जयतीति ? येन कारणेन *सर्वत्रापि*=सर्वस्मिन्नपि सम्प्रदाये पण्डितैः *'अनिषिद्धमनुमतं'* स्मृतं, अत एव स्वार्थमाहारादि निष्पादयन् गृह्यप्रतिषेधानुमतिप्रसङ्गभयादेव निषिध्यते।

---

(ભવનપતિવગેરે) ચારે પ્રકારના દેવો અરિહંત ભગવાનને વંદન-નમસ્કાર કરી પોતપોતાના નામગોત્ર સંભળાવે છે એ પ્રમાણે નિગમન કરે છે. ભગવાનના આ વચનો સ્પષ્ટપણે સૂર્યાભના વંદનકૃત્યને થાબડવારૂપ છે. તેથી અમારું કથન બરાબર જ છે કારણ કે સૂર્યાભના વંદનકૃત્યઅંગેના વચનનું સમર્થન કરનારા ભગવાન મહાવીરસ્વામી સૂર્યાભ જ્યારે નૃત્યઅંગે પ્રશ્ન ત્રણ ત્રણ વખત પૂછે છે, છતાં નૃત્યઅંગેના સમર્થનમાં એક અક્ષર પણ બોલતા નથી, પણ મૌન રહે છે. આનાથી જ ફલિત થાય છે, કે સમ્યક્ત્વી દેવની પણ નૃત્યવગેરે સાવદ્ય ક્રિયા સંયમીને અનુમોદનીય ન હોવાથી ધર્મરૂપ નથી. માત્ર નિરવદ્ય કૃત્ય જ અનુમોદનીય છે અને ધર્મરૂપ છે. પૂજા ક્રિયા સાવદ્ય હોવાથી અનુમોદનીય અને ધર્મરૂપ નથી. સૂર્યાભના નૃત્ય અંગેનો **રાજપ્રશ્નીય ઉપાંગનો** પાઠ આ પ્રમાણે છે →

*"તે વખતે સૂર્યાભદેવ શ્રમણ ભગવાન મહાવીરસ્વામીપાસે ધર્મ સાંભળીને હર્ષિત થાય છે અને ઊભો થઇ ભગવાનને વંદન-નમસ્કાર કરી આ પ્રમાણે પૂછે છે - 'હે ભદંત ! હું સૂર્યાભદેવ ભવસિદ્ધિક છું કે અભવ્ય ? ઇત્યાદિ યાવત્ ચરમ છું કે અચરમ ?' ઇત્યાદિ. તથા ભગવાનના આ પ્રમાણે વચનને સાંભળી આનંદિત થયેલો યાવત્ પરમ શુભમનવાળો થયેલો સૂર્યાભદેવ ભગવાનને વંદન-નમસ્કાર કરી આમ કહે છે. 'આપ કેવળજ્ઞાનથી બધાં દ્રવ્યને જાણો છો અને કેવળદર્શનથી બધાં દ્રવ્ય જુઓ છો, સર્વક્ષેત્રનું જાણો છો-જુઓ છો, સર્વકાળનું જાણો છો-જુઓ છો, અને સર્વ ભાવોને જાણો છો તથા જુઓ છો. હે દેવાનુપ્રિય ! આપ મારા પૂર્વકાળને જાણો છો... ઇત્યાદિ... તેથી હે દેવાનુપ્રિય ! હું આપશ્રીની ભક્તિપૂર્વક (ગૌતમાદિ મુનિઓને દિવ્ય બત્રીશ પ્રકારનું નૃત્ય બતાવવા) ઇચ્છું છું.' તે વખતે ભગવાન મહાવીરસ્વામી સૂર્યાભના આ વચનોનો આદર કરતાં નથી, અનુજ્ઞા આપતાં નથી પણ મૌન રહે છે. તેથી સૂર્યાભદેવ બીજીવાર ત્રીજીવાર આ પ્રમાણે કહે છે. પછી ત્રણ વાર પ્રદક્ષિણા કરે છે."*

**ઉત્તરપક્ષ :-** અરેરે ! તમે આવી (જડ) ચતુરાઇ કયા ગુરુકુલમાં શીખી છે કે જેથી ભગવાનના મૌનને નિષેધમાં ખપાવવા તૈયાર થયા છો ? કારણ કે દરેક સંપ્રદાયમાં પ્રજ્ઞાવાન પુરુષો મૌનનો(=અનિષેધનો) અર્થ અનુમતિ જ કરે છે. તેથી જ સાધુ પોતાના માટે આહાર બનાવતા ગૃહસ્થને સ્પષ્ટ નિષેધ કરે છે, મૌન રહેતા નથી.

यश्चानिषेधस्यानुमत्याक्षेपकत्वेऽतिप्रसङ्गादिः, सोऽनुपदमेव निराकरिष्यते ॥ १८॥ तूष्णींभावे भवद्भिरपि किं बीजं वाच्यमित्याकाङ्क्षायामाह–

**इच्छा स्वस्य न नृत्यदर्शनविधौ स्वाध्यायभङ्गः पुनः,**
**साधूनां त्रिदशस्य चातिशयिनी भक्तिर्भवध्वंसिनी।**
**तुल्यायव्ययतामिति प्रतियता तूष्णीं स्थितं स्वामिना,**
**बाह्यस्तत्प्रतिषेधको न कलयेत्तद्वंशजानां स्थितिम् ॥ १९॥**

(**दंडान्वयः**→ स्वस्य नृत्यदर्शनविधौ नेच्छा, साधूनां पुनः स्वाध्यायभङ्गः, त्रिदशस्य च भक्तिः भवध्वंसिनी अतिशयिनी, इति तुल्यायव्ययतां प्रतियता स्वामिना तूष्णींस्थितम्। तत्प्रतिषेधको बाह्यस्तद्वंशजानां स्थितिं न कलयेत्॥)

'इच्छा' इति। स्वस्य दर्शनविधौ नेच्छा वीतरागत्वात्, साधूनां **गौतमादीनां** पुनर्नृत्यदर्शने स्वाध्यायभङ्गः, स चानिष्टस्तेषाम्। *त्रिदशस्य*=सूर्याभस्य च *भक्तिर्भवध्वंसिनी*=संसारोच्छेदिनी, *तथातिशयिनी*=उत्कर्षवती, सा च तस्य बलवदिष्टसाधनं, *इति*=अमुना प्रकारेण **गौतमादीनां सूर्याभस्य** नृत्यप्रदर्शने समुदायापेक्षया *तुल्यायव्ययतां* =समानहानिवृद्धिकत्वं *प्रतियता*=केवलज्ञानालोकेन कलयता *स्वामिना*=**श्रीवर्धमानस्वामिना** *तूष्णीं*=मौनेन स्थितम्। प्रत्येकं तु यस्य यो भावो बलवांस्तदपेक्षया तस्य विधिर्भवत्येवानिष्टानुबन्धस्याबलत्वात्, नयविशेषेण

---

કારણ કે મૌન રહેવામાં અપ્રતિષેધરૂપ અનુમતિનો દોષ રહેલો છે. *'અનિષેધને અનુમતિરૂપ સ્વીકારવામાં અતિપ્રસંગ આવશે'* ઇત્યાદિ પૂર્વપક્ષની આશંકાનું નિરાકરણ આગળ ઉપર બતાવાશે. **॥ ૧૮॥**

## 'આય-વ્યયની તુલ્યતા' મૌનનું કારણ

'ભગવાન મૌન રહ્યા તેમાં તમે કયું કારણ બતાવશો ?' પ્રતિમાલોપકની આ આકાંક્ષાના સમાધાનમાં કવિ કહે છે–

**કાવ્યાર્થ :-** (ભગવાન વીતરાગ હતા. તેથી) ભગવાનને નૃત્ય જોવાની ઇચ્છા હતી નહિ અને ગૌતમવગેરે સાધુઓને નૃત્ય જોવામાં સ્વાધ્યાયભંગનો દોષ હતો. જ્યારે સૂર્યાભને માટે આ ભક્તિ ભવને ભાંગનારી અને ઉત્કર્ષ કરનારી હતી. આમ લાભ અને નુકસાન સરખા છે, એમ પ્રતીત કરતા ભગવાન મૌન રહ્યા. પરંતુ પ્રભુભક્તિનો નિષેધ કરનારા શાસનબાહ્ય પ્રતિમાલોપકો પ્રભુના વંશમાં ઉત્પન્ન થયેલાઓની મર્યાદાઓને સમજી શકે નહિ.

ભગવાન વીતરાગ છે. તેથી તેમને નૃત્ય જોવાના વિષયમાં ઇચ્છા સંભવે નહિ. ત્યાં રહેલા છદ્મસ્થ **ગૌતમ**વગેરે સાધુઓ આ નૃત્ય જોવા બેસે, તો તેઓ પોતાનો સ્વાધ્યાય ચૂકી જાય. પાંચ પ્રહર જેઓએ સ્વાધ્યાય કરવાનો છે અને અપ્રમત્ત રહેવાનું છે તેવા સાધુઓ માટે આ પ્રકારે સ્વાધ્યાયભંગ અનિષ્ટ કરનારો-પ્રમાદ પોષનારો બને. તેથી આ નૃત્યના દર્શનમાં તેઓને નુકસાન હતું. જ્યારે સૂર્યાભદેવમાટે આ નૃત્ય પરમાત્માપ્રત્યેની ભક્તિના ઉછાળારૂપ હતું. ભક્તિનો આ ઉછાળો સંસારના બંધનનો ઉચ્છેદ કરનારો બને છે, તથા મોટો ઉત્કર્ષ કરે છે. આમ નૃત્યના પ્રદર્શનમાં ગૌતમવગેરે સાધુઓને હાનિ હતી, સૂર્યાભને લાભ હતો. તેથી 'સમુદાયની અપેક્ષાએ હાનિ અને વૃદ્ધિ સમાન છે' એમ કેવળજ્ઞાનના પ્રકાશમાં જોતા શ્રી મહાવીરસ્વામી ભગવાન તે વખતે મૌન રહ્યા. પણ 'હા' કે 'ના' કહી નહિ.

**પ્રશ્ન :-** ભગવાન જ્યારે બંને પક્ષનો લાભાલાભ જોઇ મૌન રહ્યા, ત્યારે સૂર્યાભે પણ બધાનો વિચાર કરવો ન જોઇએ ? તેથી નૃત્ય બતાવ્યું તે શું બરાબર કર્યું ?

तदभावाद्वा तत्साम्राज्यात्। अन्यथाऽऽहारविहारादिविधावगतेः, वाग्विशेषे तु सम्प्रदायक्रम एव नियामक इति। इमां *तद्वंशजानां*=स्वामिवंशोत्पन्नानां *स्थितिं*=मर्यादां *बाह्यः*=शासनबहिर्भूतो *न कलयेत्*=न जानीयात्। *'न ह्यन्यकुलमर्यादां तद्बहिर्वर्त्ती जानाती'*त्युक्तिः॥ १९॥ वाक्क्रमवैचित्र्यमेवोपदर्शयति–

**सावद्यं व्यवहारतोऽपि भगवान् साक्षात् किलानादिशन्,**
**बल्यादिप्रतिमार्चनादि गुणकृन्मौनेन सम्मन्यते।**
**नत्यादि द्युसदां तदाचरणतः कर्त्तव्यमाह स्फुटम्,**
**योग्येच्छामनुगृह्य वा व्रतमतश्चित्रो विभोर्वाक्क्रमः॥ २०॥**

---

**ઉત્તર :–** ભગવાન પોતે એવા સ્થાને હતા કે તેમને બન્ને પક્ષનો વિચાર કરવો પડે. સૂર્યાભની સ્થિતિ એવી ન હતી. સૂર્યાભને તો પોતાનો સંસારોચ્છેદ એ જ મુખ્ય લક્ષ્ય હોય તે સ્વાભાવિક છે, કારણ કે જ્યાં સુધી કૃતકૃત્ય ન થવાય, ત્યાં સુધી સ્વહિતમાં પ્રવૃત્તિ જ બળવાન છે. હા, તે પ્રવૃત્તિ સ્વ કે પરને બળવાન અનિષ્ટનું કારણ બનતી હોવી જોઇએ નહિ. સમુદાયનો વિચાર કરવાનો હોય, ત્યાં બધાના લાભાલાભનો વિચાર સંગત છે. પરંતુ જ્યાં પ્રત્યેકનો અંગત વિચાર હોય, ત્યાં તે પ્રત્યેકમાટે જે ભાવ બળવાન હોય, તે ભાવને અપેક્ષીને તે વ્યક્તિમાટે વિધિ કે નિષેધ થાય છે. (જેમકે ભક્તિનો ભાવ જગાડવાદ્વારા સંસારોચ્છેદક બનતી જિનપૂજા. શ્રાવકોમાટે આ પૂજા ભક્તિના ભાવને આગળ કરી બળવાન ભાવ બને છે, માટે તેઓને જિનપૂજાનું વિધાન છે.

**પ્રશ્ન :–** પરંતુ આ પૂજા દ્વારા પાણીવગેરેના જીવોની હિંસારૂપ અનિષ્ટ છે તેનું શું ?

**ઉત્તર :–** અલબત્ત, આ અનિષ્ટ છે. પરંતુ પૂજાદ્વારા પોતાને ભક્તિના જે ભાવ જાગે છે અને શુભનું જે ઉપાર્જન અને અશુભનું જે વિસર્જન થવાનું છે, તેની અપેક્ષાએ આ અનિષ્ટ કોઇ વિસાતમાં નથી. અથવા 'પોતાના શુભાશુભભાવથી જ પોતાને ઇષ્ટ કે અનિષ્ટ છે' તેમ માનતા નિશ્ચયઆદિ કોક નયવિશેષથી તો ત્યાં શ્રાવકને અનિષ્ટનું હિંસાદિ કોઇ કારણ હાજર નથી, કારણ કે ત્યાં હિંસાદિના કોઇ ભાવ જ નથી. માટે શ્રાવકોને તો જિનપૂજાવગેરેમાં ભક્તિઆદિના બળવાન ભાવ હોવાથી તે પૂજા ઉપાદેય જ છે.) તેથી જ કહે છે, અથવા તો નયવિશેષથી તદભાવાદ્=અનિષ્ટના અભાવથી તદ્=વિધિ સામ્રાજ્ય=વિશેષથી હાજર છે. જો આમ પ્રત્યેકના બળવાન ભાવને આગળ કરી વિધિ-નિષેધ કરવાનો ન હોય, તો તો સાધુને આહાર-વિહારઆદિનું વિધાન પણ અસંગત ઠરે, કારણ કે આહાર-વિહારઆદિ, દ્રવ્યાદિ અવસરને અપેક્ષીને સંયમમાટે હિતકર હોવા છતાં સ્વાધ્યાયઆદિને વ્યાઘાત પહોંચાડે છે. તેથી માનવું જ રહ્યું કે તે-તે સાધુવગેરેના તે-તે વખતના બળવાન ભાવોને જોઇને જ ગુરુવર્યો આહારઆદિ તે તે પ્રવૃત્તિઓનું વિધાન કરે છે. (અહીં **સ્થૂલભદ્રને કોશા** વેશ્યાને ત્યાં ચોમાસું કરવાની રજા અને **સિંહગુફાવાસી** મુનિને ના, **કુરગડુ** મુનિને સંવત્સરી જેવા મહાપર્વના દિવસે પણ ગોચરી વાપરવાની ગુર્વાજ્ઞા વગેરે દૃષ્ટાંતો છે.)

**પ્રશ્ન :–** અસ્તુ. છતાં એક વાત સમજાતી નથી કે વિધાન કરવાનું હોય, તો પણ એકસરખા શબ્દોથી વિધાન ન કરતા જુદા જુદા વાક્યપ્રયોગોથી કેમ વિધાન થાય છે ? જેમકે સાધુને ગુરુભગવંત ઘણીવાર આજ્ઞા આપે, ઘણીવાર અનુજ્ઞા આપે, દીક્ષા લેવાની ઇચ્છા કરનારને 'સુખ ઉપજે તેમ કરો' – તેમ કહે. શ્રાવક નૃત્યઆદિ ભક્તિકૃત્ય અંગે પૂછે ત્યારે મૌન રહે. ક્યાંક માત્ર વિધ્યર્થપ્રયોગ કરે. ઇત્યાદિ.

**ઉત્તર :–** યોગ્યતાઆદિને અપેક્ષીને જુદા જુદા વચનપ્રયોગોદ્વારા જે વિધિઓ વગેરે દર્શાવાય છે, તેમાં પ્રભુની વંશપરંપરામાં ઉત્પન્ન થયેલા અમારા ગૌરવવંતા સંપ્રદાયની પરંપરા જ નિયામક છે. પરંતુ અમારી આ મર્યાદાને પ્રભુના શાસનમાં નહિ રહેલાઓ નહિ સમજી શકે, તેમાં કંઇ નવાઇ નથી. કારણ કે *'એક કુળની મર્યાદાને તે કુળમાં નહિ જન્મેલી વ્યક્તિ ન સમજી શકે'* તેવી ઉક્તિ છે. ॥ ૧૯॥

(**दंडान्वयः**→ बल्यादिप्रतिमार्चनादि च व्यवहारतोऽपि सावद्यं साक्षात्किलानादिशन् भगवान् मौनेन गुणकृत्सम्मन्यते। द्युसदां नत्यादि तदाचरणतः स्फुटं कर्त्तव्यमाह। योग्येच्छामनुगृह्य वा व्रतमाह। अतः विभोः वाक्क्रमश्चित्रः॥)

'सावद्यम्'इति। यत्किल बल्यादि प्रतिमार्चनादि च *व्यवहारतोऽपि*=स्थूलव्यवहारेणाऽपि *सावद्यं*=सावद्यत्वव्यपदेशविषयः, *तत्साक्षात्*=कण्ठरवेणाऽनादिशन् भगवान् मौनेन गुणकृत् सम्मन्यते, मौनाक्षिप्तविधिना तत्र प्रवर्त्तयतीत्यर्थः। **अप्रमादसारो हि भगवदुपदेशोऽपुनर्बन्धकादौ स्वस्वौचित्येन विशेषे विश्राम्यतीति** तदीयं वागतिशयविजृम्भितम्। अत एव *'सव्वे पाणा सव्वे भूया'* इत्याद्यु**पदेशादेव** तदीयात् केचिच्चारित्रं, केचिद्देशविरतिं, केचित् केवलसम्यक्त्वं, केचिच्च मद्यमांसादिविरतिं प्रतिपन्नवन्तः, ते ह्यप्रमादविधिविशेषीभूतान् स्वस्वोचितविधीननुमाय प्रतिभया वा प्रतिसन्धाय तत्तदर्थेऽप्रमादमेव पुरस्कुर्वते तथा प्रवर्त्तन्ते चेत्यर्थतः सिद्ध**मुपदेशपदे**। *द्युसदां*=देवानां, *नत्यादि*=वन्दनादि, *तदाचरणतः*=तदाचरणमाश्रित्य स्फुटं कर्त्तव्यमाह। अत एव *'अहं सूर्याभो देवानुप्रियं वन्दे'* इत्याद्युक्तौ *'पोराणमेय'* मित्याद्युक्तं भगवता। अयं च नाट्यकरणादिपर्युपासनाया

## ભગવાનની વિચિત્ર વચનપદ્ધતિ

હવે ભગવાનની વચનપદ્ધતિની વિચિત્રતા બતાવે છે—

**કાવ્યાર્થ :-** બલિવગેરે અને પ્રતિમાઅર્ચન વગેરે જે વ્યવહારથી=સ્થૂળ વ્યવહારથી પણ સાવદ્ય=સાવદ્યનો વ્યપદેશ પામી શકે છે. તે અંગે ભગવાન સાક્ષાત્-કંઠના ઉચ્ચારપૂર્વક આદેશ કરતા ન હોવા છતાં મૌન રહીને=મૌનથી સૂચવાયેલા વિધાનદ્વારા ગુણકારી કૃત્યોને સંમતિ આપે છે=તે કૃત્યોમાં પ્રવર્તાવે છે. (વ્યવહારથી સાવદ્ય દેખાતા ગુણકારી કૃત્યોમાં ભગવાન મૌનદ્વારા પ્રવર્તાવે છે. સ્થૂળ વ્યવહારથી-ઉપરછલા વ્યવહારમાં પણ જેમાં હિંસાનો વ્યપદેશ કરાય, તેમાં પોતાને સૂક્ષ્મગ્રાહી ગણનારા તો સુતરામ હિંસા જ જોવાના, છતાં સૂક્ષ્મતમ દૃષ્ટિના ધણી ભગવાન એમાં ગુણ જોઇ મૌનદ્વારા સંમતિ આપે છે અને એમ કરી એમાં રહેલા ભક્ત્યાદિ આશયોને જ મુખ્ય કરે છે. તેથી એમાં હિંસાનો વ્યપદેશ કરનારા કહેવાતી સ્થૂલ કે સૂક્ષ્મ દૃષ્ટિવાળાઓ ભૂલ કરે છે તેવો ધ્વનિ છે.) ભગવાન દેવોના વંદનવગેરે કૃત્યોને તેઓના આચરણને આશ્રયી સ્પષ્ટપણે કર્ત્તવ્યતરીકે કહે છે. તથા ભગવાન વ્રતગ્રહણ કરવાની ઇચ્છાવાળાને(=ઇચ્છાયોગીને) વ્રત પ્રતિ યોગ્ય ઇચ્છાનો અનુગ્રહ કરીને કહે છે (અર્થાત્ 'ઇચ્છાને અનુરૂપ આચરણ કર' એમ કહે છે.) આમ ભગવાનની વચનપદ્ધતિ જુદા જુદા પ્રકારની છે.

ભગવાનનો ઉપદેશ અપ્રમાદને જ પ્રધાન કરે છે.(પ્રમાદ=કર્મબંધનું, આશ્રવનું-સંસારનું કારણ બને તેવી તમામ મન-વચન-કાયાની ક્રિયાઓ) છતાં આ ઉપદેશ અપુનર્બંધકઆદિ જુદી જુદી અવસ્થાને પામેલા જીવોમાટે પોત-પોતાની કક્ષાને ઉચિત તે તે વિશેષવિધિમાં પરિણામ પામે છે, તેમાં ભગવાનના વચનાતિશયનો જ વિલાસ છે. તેથી જ **ઉપદેશપદમાં** અર્થતઃ એ વાત સિદ્ધ કરી છે કે → *'સવ્વે પાણા સવ્વે ભૂયા'* ઇત્યાદિ ભગવાનનું વચન વિધિસામાન્યરૂપ હોય છે અને તેનો મુખ્ય સુર અપ્રમાદભાવ હોય છે. પરંતુ ભગવાનના આ જ વચનને પામી જુદી જુદી યોગ્યતા-ભૂમિકાવાળા જીવોમાંથી કેટલાક ચારિત્રનો અંગીકાર કરે છે. તો બીજા કેટલાક દેશવિરતિ સ્વીકારે છે. અન્ય જીવો માત્ર સમ્યક્ત્વનો અંગીકાર કરે છે અને કેટલાક જીવો માત્ર મદ્ય-માંસવગેરેનો ત્યાગ કરે છે. આ બધા જીવો મુખ્યવિધિ અને બધામાટે સાધારણ એવી અપ્રમાદવિધિના જ વિશેષભૂત પોતપોતાને ઉચિત વિધિનું અનુમાન કરી અથવા પોતાની પ્રતિભાથી નિશ્ચય કરી, ચારિત્રઆદિ અર્થોમાં અપ્રમાદને જ આગળ કરી પ્રવૃત્ત થાય છે. (અર્થાત્ પોતાની ભૂમિકા અને શક્તિને અનુસારે ચારિત્રઆદિનો અંગીકાર કરવો, એ જ પોતાનામાટે અપ્રમાદરૂપ છે તેવો નિર્ણય કરે છે અને તે પ્રમાણે

अप्युपदेशोऽन्यथा *'जाव पज्जुवासामी'*त्यस्योत्तराभावेन न्यूनतापत्तेः। **न च** नामगोत्रश्रावणविधिः स्वतन्त्र एव, **तस्य** सुखदुःखहान्यन्यतरत्वाभावेन फलविधित्वाभावात्; नापि साधनविधिः पर्युपासनाया एव साधनत्वात्, तत्समकक्षतया नामगोत्रश्रावणस्य साधनत्वासिद्धेः। किन्तु चिकीर्षितसाधनानुकूलप्रतिज्ञाविधि(वि ?)शेषतया तस्योपयोगः। (वि ?)शेषेण च (वि ?)शेषिण आक्षेपः सुकर एवेति व्युत्पन्नानां न कश्चिदत्र व्यामोहः। *व्रतं*=चारित्रं *स्फुटं*=प्रकटं प्रवृत्तियोगिनं प्रत्याह *'एवं देवाणुप्पिया गंतव्वं'* इत्यादिना। इच्छायोगिनं च प्रति योग्येच्छामनुगृह्य चाह *'अहासुहं देवाणुप्पिया मा पडिबंधं करेह'* इतीच्छानुलोमभाषयाहेत्यर्थः। 'वा'कारो व्यवस्थायाम्। एवं *विभोः*=भगवतो *वाक्क्रमो*=वचनरचनानुक्रम*श्चित्रः*=नानाप्रकारः। मौनमपि च विनीतमभिज्ञं पुरुषं प्रतीच्छानुलोमाभिव्यञ्जकमेवेति तत्तात्पर्यप्रतिसन्धानेनैव प्रेक्षावत्प्रवृत्तिः सुघटा। अत एव भगवता मौने स्वव्यवहारानुरोधेन कृतेऽपि

---

પ્રવર્તે છે. તેથી જ વ્યવહારથી સાવદ્ય દેખાતી પણ ગુણકારી ક્રિયામાં ભગવાન મૂકસંમતિ આપે છે અને તે દ્વારા જ યોગ્ય જીવોને તે ક્રિયામાં પ્રવર્તાવે છે.) ભગવાન દેવોના વંદનઆદિ કૃત્યોને 'પુરાણો આચાર છે' ઇત્યાદિ કહીને સ્પષ્ટરૂપે કર્તવ્યતરીકે દર્શાવે છે. તેથી જ *'હું સૂર્યાભદેવ દેવાનુપ્રિયને(=ભગવાનને) વંદું છું'* ઇત્યાદિ કહે છે, ત્યારે ભગવાન *'આ પુરાણો આચાર છે'* ઇત્યાદિ કહે છે. આ જ કથન નૃત્યકરણવગેરેરૂપ પર્યુપાસનામાટે પણ છે. દેવો નૃત્યઆદિ કરીને ભગવાનની પર્યુપાસના કરવા ઇચ્છતા હોય છે. તેથી 'પર્યુપાસના કરું છું' એમ પણ કહે છે. ત્યારે ભગવાનનો 'આ પુરાણો આચાર છે' ઇત્યાદિ ઉત્તર માત્ર વંદન-નમસ્કાર કે નામશ્રાવણ અંગે નથી હોતો, પરંતુ પર્યુપાસના અંગે પણ હોય છે. નહિંતર સૂર્યાભના *'પજ્જુવાસામિ' (પર્યુપાસના કરું છું)* એવો કથનનો ભગવાનતરફથી ઉત્તર નહીં મળવાથી ન્યૂનતાદોષ આવી જાય.

**પૂર્વપક્ષ :-** અહીં સૂર્યાભદેવ 'હું સૂર્યાભદેવ...' ઇત્યાદિ કથનમાં પોતાનું જે નામ સંભળાવે છે, એ વંદનાદિ વિધિથી સ્વતંત્ર વિધિ છે. પરમાત્માપાસે આવેલા સજ્જનમાટે વંદનાદિ તો અર્થપ્રાપ્ત જ હોય છે. તેથી જ ભગવાન પણ એના નામશ્રાવણવિધિને જ આગળ કરી જવાબ આપે છે કે 'પોરાણમેયં' ઇત્યાદિ. આમ ભગવાનનો જવાબ માત્ર નામશ્રાવણવિધિ અંગે જ છે. તેથી ન્યૂનતાદોષ નથી.

**ઉત્તરપક્ષ :-** દેવો નામ સંભળાવવાની વિધિ શું કામ કરે છે ? શું તેમ કરવાથી સુખપ્રાપ્તિ કે દુઃખહાનિરૂપ સાક્ષાત્ફળ મળવાનું છે ? અર્થાત્ આ વિધિ શું તેમના સુખરૂપે કે દુઃખહાનિરૂપે પરિણામ પામવાનું છે કે પછી સુખ કે દુઃખહાનિરૂપ ઇષ્ટની સાધનરૂપ વિધિ તરીકે તેઓ નામ સંભળાવે છે ? પ્રથમ વિકલ્પ અસંભવિત છે કારણ કે પોતાનું નામ સંભળાવવામાત્રથી તેમને કોઇ સુખ ઉત્પન્ન થતું નથી કે તેમનું કોઇ દુઃખ ટળતું નથી. બીજો વિકલ્પ પણ સંભવતો નથી. નામ સંભળાવવું એ કંઇ ધર્મક્રિયા નથી કે જેથી સુખ અથવા દુઃખહાનિરૂપ ઇષ્ટનાં સાધન બની શકે. પ્રસ્તુતમાં સૂર્યાભમાટે પણ પર્યુપાસના જ સુખ અથવા દુઃખહાનિરૂપ ઇષ્ટનાં સાધનતરીકે માન્ય છે. 'આ પર્યુપાસનાને સમાનકક્ષાની હોવાથી નામગોત્રશ્રાવણવિધિ પણ સાધનવિધિ છે' તેમ તો કોઇ સિદ્ધ કરી શકે તેમ નથી. તેથી નામગોત્ર સંભળાવવાની વિધિ એ કોઇ સ્વતંત્ર વિધિ નથી.

**પૂર્વપક્ષ :-** તો પછી દેવો પોતાના નામગોત્ર સંભળાવવાની વિધિ શા માટે કરે છે ?

**ઉત્તરપક્ષ :-** નૃત્યકરણ એ પર્યુપાસનારૂપ છે, અને સૂર્યાભ એ પર્યુપાસનાને પોતાના ભાવી સુખવગેરેમાટે ઇષ્ટસાધન માને છે. તેથી પોતે એ પર્યુપાસના ભગવાન આગળ કરવા ઇચ્છે છે. આ સાધનાનો આરંભ કરવાની પ્રતિજ્ઞારૂપ જે વિધિ છે, એ વિધિના એક ભાગતરીકે (કે તેની વિશેષવિધિતરીકે) નામગોત્ર સંભળાવવાની વિધિ કરે છે. અથવા પર્યુપાસનાદિ તો ઇષ્ટસાધનરૂપે વિધિ તરીકે સિદ્ધ છે, નામશ્રાવણ વ્યક્તિગત હોવાથી શેષ-બાકી છે,

पारिणामिक्या बुद्ध्या स्वकृतिसाध्यत्वेष्टसाधनत्वाद्यनुसन्धाय नाट्यकरणमारब्धं सूर्याभेण। तदुक्तं **राजप्रश्नीय-वृत्तौ** →

*'तए ण'मित्यादि। ततः पारिणामिक्या बुद्ध्या तत्त्वमवगम्य 'मौनमेव भगवत उचितं न पुनः किमपि वक्तुम्, केवलं मया भक्तिरात्मीयोपदर्शनीये'ति प्रमोदातिशयतो जातपुलकः सन् सूर्याभो देवः श्रमणं भगवन्तं महावीरं वन्दते-स्तौति, नमस्यति कायेन, वन्दित्वा, नमस्यित्वा च 'उत्तरपुरच्छिमं' इत्यादि सुगममिति* [सू॰ ५६ टी॰] ॥ २० ॥ एकाधिकारिकतुल्यायव्ययत्वादेव भक्तिकर्मणि विभोर्मौनमुचितमिति मतं निषेधति–

---

સિદ્ધ નથી, માટે નામશ્રાવણરૂપ વિધિશેષનો ઉલ્લેખ આવશ્યક બને છે. અને શેષ(ભાગ અથવા વિશેષ)થી શેષી (સંપૂર્ણવિધિ અથવા વિશેષ)નો આક્ષેપ=અર્થતઃ સ્વીકાર સુકર જ છે, તેથી વ્યુત્પન્નબુદ્ધિવાળાઓ આ બાબતમાં મુંઝાતા નથી ! (સૂર્યાભદેવ પોતાનું નામ કહેવાપૂર્વક વંદન, નમસ્કાર અને પર્યુપાસનાની પ્રતિજ્ઞા કરે છે. એમાં વંદન-નમસ્કાર તો પહેલા જ કરી લીધા છે, તેથી હવે માત્ર પર્યુપાસના જ બાકી રહી છે. આમ પ્રતિજ્ઞા પર્યુપાસનારૂપ શેષ વિધિઅંગે જ પર્યવસિત થાય છે, અને તેના જ ભાગરૂપે આ નામશ્રાવણ છે. એવું તાત્પર્ય લાગે છે.)

વ્રત=ચારિત્ર. પ્રવૃત્તિયોગી=ચારિત્રમાં પ્રવૃત્ત થયેલા શ્રમણો. તેઓને કોઇ કાર્યઅંગે ભગવાન *'આ પ્રમાણે દેવાનુપ્રિયે(=શ્રમણે) જવું જોઇએ'* ઇત્યાદિ સ્પષ્ટ નિર્દેશ કરે છે. જેઓ ઇચ્છાયોગી=ચારિત્ર લેવાની ઇચ્છાવાળા છે, તેઓને *'દેવાનુપ્રિય ! સુખ ઉપજે તેમ કરો, પ્રતિબંધ(=રાગ) કરશો નહિ'* એ પ્રમાણે તેને યોગ્ય વિષયમાં તેની ઇચ્છાને અનુકૂળ ભાષાથી વિધિનું સૂચન કરે છે. (**યોગગ્રંથોમાં** ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થિરતા અને સિદ્ધિ આ ચાર ક્રમે ઉત્તરોત્તર પ્રગતિ પામેલા યોગીઓની વાત આવે છે. એમાં ઇચ્છાયોગી યોગના આરંભે છે, હજી યોગની ઇચ્છામાં છે, વિશેષ પ્રવૃત્તિમાં નથી. માટે એની કક્ષા જોઇ એની ઇચ્છાને આગળ કરી વિધિનિર્દેશ થાય છે. પ્રવૃત્તિયોગી યોગમાર્ગે પ્રવૃત્ત થયેલો છે, પ્રવેશી ચૂક્યો છે, પણ તેનામાં હજી અતિચારાદિ સંભવે છે, માટે તેને અતિચારાદિ દોષોથી બચાવવા સ્પષ્ટ વિધિનિર્દેશ થાય છે. સ્થિરતાયોગી નિરતિચારયોગમાં અત્યંત સ્થિર છે અને સિદ્ધિયોગી યોગસિદ્ધ છે, માટે આ બે માટે વિધિનિર્દેશ આવશ્યક રહેતો નથી.) કાવ્યમાં 'વા' શબ્દ આ પ્રકારની નિશ્ચિતવ્યવસ્થા સૂચવવાઅંગે છે. માટે ભગવાનનું મૌન પણ વિનીત અને પ્રાજ્ઞપુરુષપ્રત્યે તો ઇચ્છાને અનુકૂળ પ્રવૃત્તિનું જ અભિવ્યંજક બને છે. તેથી જ 'પ્રભુના મૌનમાં તેવી પ્રવૃત્તિ કરવાની મૂકસંમતિ છે' તેવા તાત્પર્યનું જ્ઞાન કરીને જ પ્રેક્ષાવાન પુરુષો પ્રવૃત્તિ કરે છે અને તે પ્રવૃત્તિ સુઘટ જ છે. તેથી જ ભગવાન પોતાના વ્યવહારને અનુલક્ષીને મૌન રહ્યા, ત્યારે સૂર્યાભે પોતાની પારિણામિકી બુદ્ધિના બળપર (પરમાત્માની ભક્તિરૂપે) 'નૃત્ય કરવું એ મારા પ્રયત્નથી સાધ્ય છે, અને મારામાટે ઇષ્ટ સાધનરૂપ છે' ઇત્યાદિ જ્ઞાન કર્યું અને નૃત્યનો આરંભ કર્યો. જુઓ આ બાબતમાં **રાજપ્રશ્નીય ઉપાંગની ટીકામાં** આ પ્રમાણે કહ્યું છે → *'તએ ણં' ઇત્યાદિ. તેથી સૂર્યાભદેવે પારિણામિકી બુદ્ધિથી તત્ત્વનો પ્રકાશ મેળવ્યો અને વિચાર્યું કે 'ભગવાનમાટે તો આ બાબતમાં મૌન રહેવું ઉચિત છે. કંઇ પણ બોલવું યોગ્ય નથી. ફક્ત મારે મારી ભક્તિ બતાવવી જોઇએ.' આ પ્રમાણે વિમર્શ કરી અત્યંત પ્રમોદના કારણે રોમાંચિત થયેલો સૂર્યાભ ભગવાનને વંદન કરે છે=ભગવાનની સ્તુતિ કરે છે. કાયાથી નમસ્કાર કરે છે. વંદન, નમસ્કાર કરી ઉત્તરપૂર્વ=ઈશાન દિશામાં જાય છે ઇત્યાદિ સુગમ છે.* ॥ ૨૦॥

## આય-વ્યયની તુલ્યતા ભિન્નાધિકારીની અપેક્ષાએ

'સૂર્યાભદેવની અપેક્ષાએ લાભ છે અને ગૌતમસ્વામીવગેરેની અપેક્ષાએ વ્યય છે, માટે આય-વ્યય તુલ્ય છે' એમ નથી. પરંતુ પૂછનાર વ્યક્તિને ઉદ્દેશીને જ આય-વ્યયનો વિચાર થાય છે. અર્થાત્ એક અધિકારીની અપેક્ષાએ જ આય-વ્યયની તુલ્યતા વિચારણીય છે. તેથી 'નૃત્યાદિ ભક્તિકૃત્ય સૂર્યાભને માટે જ સરખા લાભ અને નુકસાનવાળું છે' એમ જ્ઞાનપ્રકાશમાં જોઇ ભગવાન એ ભક્તિકૃત્યઅંગે મૌન રહ્યા – પ્રતિમાલોપકના આવા મતનો નિષેધ કરતા

**दानादाविव भक्तिकर्मणि विभुर्दोषान्निषेधे विधौ,**
**मौनी स्यादिति गीर्मृषैव कुधियां दुष्टे निषेधस्थितेः ।**
**अन्यत्र प्रतिबन्धतोऽनभिमतत्यागानुपस्थापनात्,**
**प्रज्ञाप्ये विनयान्विते विफलताद्वेषोदयासम्भवात् ॥ २१ ॥**

(**दंडान्वयः→** दानादौ इव भक्तिकर्मणि विभुर्निषेधे विधौ दोषाद् मौनी स्यादिति कुधियां गीर्मृषैव (यतः) दुष्टे अन्यत्रानभिमतत्यागानुपस्थापनाद् निषेधस्थितेः प्रतिबन्धतः (यतः) विनयान्विते प्रज्ञाप्ये विफलताद्वेषोदया-सम्भवात् ॥)

'दानादाविव' इति। दानशीलादिषु श्राद्धस्थानेषु, दीयमाने दानादाविव *भक्तिकर्मणि*=नाट्यजिनार्चादौ, विभुर्निषेधे विधौ च दोषादुभयतः **पाशारज्जुस्थानीयान्**मौनी स्यात्। **तथा हि**- दानादिनिषेधेऽन्तरायभयं, तद्विधाने च प्राणिवधानुमतिरिति। तत्र साधूनां मौनमेव युक्तं- '*जे अ दाणं पसंसंति, वहमिच्छंति पाणिणं। जे अ णं पडिसेहंति, वित्तिच्छेअं करेंति ते*' ॥ १ ॥ '*दुहओ वि ते ण भासंति, अत्थि वा नत्थि वा पुणो। आयं रयस्स हेच्चा णं, निव्वाणं पाउणंति ते*' ॥ २ ॥ इति **सूत्रकृद्वचनात्**। [१/११/२०-२१]

तथा भक्तिकर्मण्यपि निषेधे भक्तिव्याघातभयं, विधौ च बहुप्राणिव्यापत्तिभयमिति मौनमेवोचितमिति

---

કવિવર કહે છે—

**કાવ્યાર્થ :-** 'દાનવગેરે(શ્રાવકકૃત્ય)ની જેમ ભક્તિવગેરે કૃત્યમાં વિધાન અને નિષેધ બન્નેમાં દોષ છે. તેથી ભગવાન મૌન રહ્યા હશે.' દુર્બુદ્ધિવાળાઓની આ વાણી ખોટી છે. કારણ કે અનભિમતત્યાગ દર્શાવવાની શક્તિના અભાવમાં મૌન રહેવાના સ્થાનને છોડી અન્યત્ર દોષયુક્ત વસ્તુનો તેના નિષેધ કરવાની વ્યવસ્થા સાથે વ્યાપ્તિ છે. આ નિષેધવ્યાપ્તિ પણ સમજાવી શકાય તેવા વિનયી શિષ્યઅંગે સમજવી, કારણ કે વિનયીને કરેલો નિષેધ સફળ થાય છે અને દ્વેષ થતો નથી.

## દોષયુક્તની સ્પષ્ટ નિષેધ્યતા

**પૂર્વપક્ષ :-** ગૃહસ્થોના જે દાનાદિ ધર્મો છે, તે ધર્મોમાં તે ગૃહસ્થને પ્રવૃત્ત કરવામાટે સાધુએ જેમ વિધાન કરવાનું નથી, તેમ તે ધર્મોમાંથી (ગૃહસ્થને) અટકાવવા નિષેધ પણ કરવાનો નથી. કારણકે ગૃહસ્થના આ દાનાદિ ધર્મોનું વિધાન અને નિષેધ બન્ને પક્ષે પાશારજ્જુ=ફાંસલો=દોષ છે. ફસાવાનું છે. તેથી તે પ્રસંગોમાં મૌન રહેવું જ ઉચિત છે.

**શંકા :-** દાનધર્મની સ્થાપના કરવામાં શો દોષ છે ?

**સમાધાન :-** ગૃહસ્થને દાનધર્મનો ઉપદેશ દેવામાં ઘણા જીવોના વધની અનુમતિ છે, કારણકે ગૃહસ્થના કાર્યો છ જીવકાયના આરંભપર જ મંડાયેલા હોય છે અને ગૃહસ્થને દાનધર્મનો નિષેધ કરવામાં યાચકવગેરેને ભોજન-વગેરેના અંતરાયનું પાપ ચોંટે છે. **સૂત્રકૃતાંગ સૂત્રમાં** તેથી જ કહ્યું છે કે → '*દાનની જે પ્રશંસા કરે છે, તે જીવોનો વધ ઇચ્છે છે(=વધની અનુમતિ આપે છે) અને જે પ્રતિષેધ કરે છે, તે વૃત્તિચ્છેદ કરે છે.*' ॥૧॥ '*બંને પ્રકારે(દાનમાં પુણ્ય છે કે નહીં એમ બંને પ્રકારે) સાધુઓ બોલતા નથી, તેથી સાધુએ 'હા' કે 'ના' પાડવી નહિ અને તો જ આ સાધુ કર્મનો આશ્રવ અટકાવી નિર્વાણ પામે છે.*' ॥૨॥ આમ દાનધર્મની જેમ ગૃહસ્થના નૃત્યકરણ, પૂજાવગેરે ભક્તિકૃત્યના પણ વિધાન કે નિષેધ કરવાના નથી. પરંતુ મૌન રહેવું જ ઉચિત છે કારણ કે નિષેધ કરવામાં ભક્તિમાં અંતરાય

भावः। इतीयं गीः *कुधियां*=कुबुद्धीनां मृषैव। कुतः ? *दुष्टे*=दोषवति *निषेधस्थितेः*=निषेधव्यवस्थातः। एतदपि कुतः ? प्रतिबन्धतः। *प्रतिबन्धः*=व्याप्तिः। ततः प्रतिबन्धाकारश्चायम्-यद्यत्र येन दोषवद् ज्ञायते, तत्तत्र तेन निषेध्यमिति। *निषेधार्थः*=पापजनकत्वमनिष्टसाधनत्वं वा। तद्यदि दोषवति न स्यात्, तर्हि स्वप्रवृत्तिव्याघातदण्डेन विपक्षबाधकतर्केण तद्ग्रहः। **अथ** दुष्टमशुद्धाहारदानं, तच्च व्याख्यानशक्त्यभावेऽनुकूलप्रत्यनीके न निषिध्यत इति व्यभिचारः। **तत्राह**-*अन्यत्र*=विना, अनभिमतो यस्त्यागः, तस्या*नुपस्थापनम्*=उपस्थापनानुकूलशक्त्य-भावस्ततः। **तदुक्तमाचारेऽष्टमस्य द्वितीये** → *'ते फासे धीरो पुट्ठो अहियासए अदुवा आयारगोयरमाइक्खे, तक्किया णमणेलिसं अदुवा वयगुत्तीए गोयरस्स'* [आचाराङ्ग १/८/२/२०४] इत्यादि। तर्कयित्वा पुरुषं, कोऽयं पुरुषः? इत्यनन्यसदृशमाचक्षीत। सामर्थ्यविकलेन तु वाग्गुप्तिर्विधेयेत्याह- *'अदुवा वयगुत्तीए गोयरस्स'* इत्याद्यर्थः।

---

કરવાનો દોષ છે અને વિધાન કરવામાં ઘણા જીવોના વધની અનુમતિનો દોષ છે. તેથી જ ભગવાન પણ ત્યારે સૂર્યાભદેવની જ અપેક્ષાએ આ પ્રમાણે લાભ અને નુકસાનને સમાનરૂપે જોઇ મૌન રહ્યા.

**ઉત્તરપક્ષ :-** તમારું વચન મિથ્યા છે કારણ કે ગૃહસ્થના દાનાદિ ધર્મો અને ભક્તિ કૃત્યનો આગમમાં નિષેધ કર્યો નથી. તેથી એ ધર્મો અને ભક્તિકૃત્ય નિર્દોષ અને કરણીયતરીકે જ માન્ય છે.

**પૂર્વપક્ષ :-** 'જેનો નિષેધ ન કર્યો હોય, તે નિર્દોષ જ હોય' તેવું તમે શી રીતે કહો છો ?

**ઉત્તરપક્ષ :-** 'અનિષિદ્ધ વસ્તુ નિર્દોષ હોય છે' તેમ કહેવા પાછળ 'જે વ્યક્તિને જ્યાં જે વસ્તુ દોષયુક્ત જ્ઞાત થાય, તે વ્યક્તિએ તે વસ્તુનો ત્યાં નિષેધ કરવો જોઇએ' એવી વ્યાપ્તિનું બળ છે.

**શંકા :-** 'નિષેધ કરવો' એટલે શું કરવું ?

**સમાધાન :-** 'એ દોષયુક્ત વસ્તુ કાં તો સાક્ષાત્ પાપજનક છે અને કાં તો મોટા અનિષ્ટનું કારણ છે' એમ બતાવવું જોઇએ.

**શંકા :-** કોઇ દોષયુક્ત વસ્તુમાં પાપજનકતા કે અનિષ્ટની કારણતા ન હોય (અને તેથી નિષેધ્ય ન બને) ત્યાં તમારી વ્યાપ્તિ ખોટી નહિ પડે ?

**સમાધાન :-** અરે ભલા'દમી ! તો પછી તે વસ્તુને દોષવાળી પણ શી રીતે કહી શકાય ? તેથી જો તે વસ્તુ પાપજનક કે અનિષ્ટસાધન ન હોય(=નિષેધ્ય ન હોય), તો તે વસ્તુ દોષયુક્ત કહેવાય નહિ - અને કહેવામાં પોતાના વચનને જ વ્યાઘાત આવે, આવો વિપક્ષબાધક તર્ક હોવાથી અમારી વ્યાપ્તિ ખોટી નથી. (વિપક્ષબાધકતર્ક=દર્શિતવ્યાપ્તિથી વિપરીત કલ્પનામાં ઉભયપક્ષમાન્ય દોષ બતાવતો તર્ક. ધુમાડાની અગ્નિસાથે વ્યાપ્તિ છે. જ્યાં ધુમાડો હોય, ત્યાં અગ્નિ હોય. અહીં કોઇ પ્રશ્ન ઉઠાવે કે 'ધુમાડો ભલે હો, અગ્નિ ન હો, શો વાંધો છે ?' તો ત્યાં વિપક્ષબાધકતર્ક અપાય છે. જો અગ્નિ ન હોય, છતાં ધુમાડો હોઇ શકે, તો જળાશયમાં પણ ધુમાડો દેખાવો જોઇએ. પણ ધુમાડો દેખાવામાં સ્પષ્ટ બાધ છે, માટે નક્કી થાય છે કે જ્યાં અગ્નિ નહીં, ત્યાં ધુમાડો નહીં, જ્યાં ધુમાડો હોય, ત્યાં અગ્નિ હોય જ. વિપક્ષ=જ્યાં સાધ્યનો અભાવ નિશ્ચિત થયો હોય. જળાશયમાં અગ્નિનો અભાવ નિશ્ચિત થયો છે, માટે તે અગ્નિ માટે વિપક્ષ છે. ત્યાં હેતુભૂત ધુમાડાની હાજરી પ્રત્યક્ષબાધિત છે. આ તર્કથી ધુમાડાની અગ્નિસાથેની વ્યાપ્તિ સિદ્ધ થાય છે. પ્રસ્તુતમાં દોષવત્તા હેતુ છે. નિષેધાર્થ(=પાપજનકતા-અનિષ્ટસાધનતા) સાધ્ય છે. 'દોષવત્તા હો, ને નિષેધાર્થ ન હો' શો વાંધો છે ? એવા પ્રશ્ન સામે જવાબમાં આ તર્ક લગાવાય છે, કે નિષેધાર્થ ન હોવા છતાં જો દોષવત્તા હોઇ શકે, તો તો, જિનવંદનાદિ(નિષેધાર્થના નિશ્ચિત અભાવસ્થાનમાં-વિપક્ષમાં)માં દોષવત્તા માનવી પડશે. પણ તે ઉભયપક્ષે બાધિત છે. માટે નક્કી થાય છે કે જ્યાં નિષેધાર્થ નહીં, ત્યાં દોષવત્તા નહીં, જ્યાં દોષવત્તા હોય, ત્યાં નિષેધાર્થ હોય જ. આમ આ વિપક્ષબાધકતર્કથી દોષવત્તાની નિષેધાર્થસાથે વ્યાપ્તિનો ગ્રહ થાય છે. સંસ્કૃત 'તદ્ યદિ...' ઇત્યાદિ પંક્તિમાં પ્રથમ તદ્=પાપજનકત્વ કે અનિષ્ટ સાધનત્વરૂપ નિષેધાર્થ સમજવું. સ્વપ્રવૃત્તિ... ઇત્યાદિ સ્થળે સ્વ=ઉપરોક્ત વ્યાપ્તિ. તદ્ગ્રહઃસ્થળે તદ્=વ્યાપ્તિ.)

तथा च यद्दुष्टं तच्छक्तिसत्त्वे निषिध्यत इति नियमोपलभ्यते। तेनैकान्तवादस्य दुष्टस्य निर्बलेन वादिनाऽनिषेधेऽपि वाग्गुप्तिसमाध्यप्रतिरोधान्न दोष:, तदुक्तं तत्रैव →

*'अदुवा वायाउ विउज्जंति, तं जहा-अत्थि लोए, णत्थि लोए, धुवे लोए, अधुवे लोए, साइए लोए, अणाइए लोए, सपज्जवसिए लोए, अपज्जवसिए लोए, सुकडेत्ति वा, दुक्कडेत्ति वा, कल्लाणेत्ति वा, पावेत्ति वा, साहुत्ति वा, असाहुत्ति वा, सिद्धित्ति वा, असिद्धित्ति वा, णिरएत्ति वा, अनिरएत्ति वा, जमिणं विप्पडिवन्ना मामगं धम्मं पन्नवेमाणा इत्थवि जाणह अकस्मात्। एवं तेसिं णो सुअक्खाए णो सुपण्णत्ते धम्मे भवइ । से जहेयं भगवया पवेइयं आसुपन्नेण जाणया पासया, अदुवा गुत्ती वओगोयरस्स त्तिबेमि'* ॥ [आचाराङ्ग १/८/१/१९९-२००]

व्याख्या → अस्तिनास्तिध्रुवाध्रुवाद्येकान्तवादमास्थितानां त्रयाणां त्रिषष्ट्यधिकानां प्रावादुकशतानां वादलब्धिमता प्रतिज्ञाहेतुदृष्टान्तोपन्यासेन तत्पराजयमापादयता सम्यगुत्तरं देयमथवा गुप्तिर्वाग्गोचरस्य विधेयेत्येतदहं ब्रवीमीति

## શક્તિના અભાવમાં અનિષેધ અદુષ્ટ

**પૂર્વપક્ષ :-** તેવી વ્યાખ્યાનશક્તિ(=યથાર્થવર્ણન કરવાની શક્તિ)ના અભાવવાળો સાધુ કોઇ ભક્ત કે વિરોધી વ્યક્તિ અશુદ્ધ ગોચરીનું દાન કરે-ત્યારે તેનો નિષેધ ન પણ કરે - અહીં સાધુને 'ગોચરી દોષયુક્ત છે' તેવું જ્ઞાન હોવા છતાં સાધુ તેનો નિષેધ કરતો નથી. તેથી આ સ્થળે જ તમારી વ્યાપ્તિમાં વ્યભિચાર છે.

**ઉત્તરપક્ષ :-** અલબત્ત, આ સ્થળે દોષયુક્તતાનું જ્ઞાન હોવા છતાં નિષેધ નથી. છતાં અમારી વ્યાપ્તિ કલંકિત થતી નથી કારણ કે અમારી વ્યાપ્તિ આવા સ્થાનો (કે જ્યાં અનભિમતત્યાગને દર્શાવવાની શક્તિનો અભાવ હોય અને તેથી દોષયુક્તનો નિષેધ ન હોય)ને લાગુ પડતી જ નથી. અર્થાત્ તે સિવાયના સ્થાનોને જ લાગુ પડે છે.

**શંકા :-** આવો અપવાદ બતાવવાથી તો એમ નક્કી થયું, કે વસ્તુને દોષયુક્ત જાણવા છતાં તે વર્ણવવાની પોતાની પ્રતિભાના અભાવના બહાના હેઠળ એ સાધુ જો તેનો નિષેધ ન કરે, તો પણ તે સાધુ દોષપાત્ર નહિ. શું આ બરાબર છે ?

**સમાધાન :-** હા. એ બરાબર જ છે. ફેર માત્ર એટલો જ કે અશક્તિનું બહાનું ન હોવું જોઇએ, પણ વાસ્તવમાં અશક્તિ જોઇએ. માટે જ **આચારાંગમાં** પણ કહ્યું છે → *'તે ફાસ=સ્પર્શોને(=દુઃખદાયક અનુભવોને-જે આગળના સૂત્રમાં બતાવ્યા) ધીર(=મુનિ) સમભાવે સહન કરે. અથવા 'આ કેવો પુરુષ છે ? (ભદ્ર કે દુષ્ટ?) ઇત્યાદિ વિચારીને પોતાના આચારના વિષયમાં (સ્વપક્ષની સ્થાપના અને પરપક્ષનું નિરાકરણ કરવાદ્વારા) અનન્યસદૃશ કહે* (અર્થાત્ સ્વાચારની ઉત્કૃષ્ટતા દર્શાવે અને પરાચારમાં રહેલા દોષોની સામે આંગળી ચીંધે. પરંતુ જો તેવી શક્તિ ન હોય તો) *અથવા એ વિષયમાં વાગ્ગુપ્તિ=મૌન રાખે.'*

ઉપરોક્ત વ્યાપ્તિ અને આ વચનના બળપર એક નિયમ મળે છે કે, 'શક્તિની હાજરીમાં દોષયુક્તનો નિષેધ કરાય છે.' એમ પણ નિશ્ચિત થાય છે કે, દુષ્ટ એકાંતવાદનો નિર્બળ વાદી નિષેધ ન કરે તો પણ જો વાગ્ગુપ્તિની સમાધિનો પ્રતિરોધ-અટકાવ થતો ન હોય(=અર્થાત્ મૌનભાવ જાળવી રખાતો હોય), તો દોષ નથી. **આચારાંગ સૂત્રમાં** ત્યાં આગળ આ પ્રમાણે કહ્યું છે →

*"તેઓ(=પરવાદીઓ) જુદા જુદા વાદો સ્થાપે છે. તે આ પ્રમાણે-'લોક છે જ.('સાત દ્વીપ જેટલો જ' ઇત્યાદિ) અથવા લોક છે જ નહિ (=બધું માયારૂપ છે શૂન્ય છે.) લોક (એકાંતે) નિત્ય છે. અથવા (એકાંતે) અનિત્ય છે. લોક આરંભવાળો છે. અથવા અનાદિ છે. લોક અંતવાળો છે. અથવા અંત વિનાનો છે. (સંયમવગેરેને)*

फलितार्थः। तथा *प्रज्ञाप्ये*=प्रज्ञापनीये, विनयान्विते पुरुषे इत्यपि विशेषनीयं, कुतः ? निषेधस्य विफलतायाः श्रोतुर्द्वेषोदयस्य चासम्भवात्। तेन **जमालिना** पृथग्विहारकर्त्तव्यतां पृष्टो भगवांस्तद्दुष्टतां जानानोऽपि यन्न निषिद्धवान् किन्तु मौनमास्थितवांस्तत्र न दोषः, अविनीते हि सत्यवचःप्रयोगोऽपि फलतोऽसत्य एव। तदाह → *'अविणीयमाणवंतो, किलेस्सइ भासई मुसं चेव। णाउं घण्टालोहं को कडकरणे पवत्तिज्ज'॥* त्ति [विंशि॰ प्रक॰ ७/५]

---

*કોઇ સુકૃત કહે છે. કોઇ દુષ્કૃત કહે છે. (સંયમ લેવા તૈયાર થયેલાને) કોઇ કલ્યાણ કહે છે. તો કોઇ પાપી કહે છે. કોઇ સારું માને છે. કોઇ ખરાબ. કોઇક સિદ્ધિને સ્વીકારે છે. બીજાઓ સ્વીકારતા નથી. કેટલાક નરકમાં માને છે. અન્ય લોકો નરકમાં માનતા નથી.' ઇત્યાદિ આવી ઘણી બાબતોમાં વિપ્રતિપન્ન(=મતભેદવાળા) તેઓ પોતપોતાનો ધર્મ જ બતાવે છે.(=ધર્મતરીકે સ્થાપે છે. ઉપદેશે છે.) પણ આ (ઉપરોક્ત) વિવાદમાં(=પોતપોતાની સ્થાપનામાં) અકસ્માત્ છે (=કોઇપણ હેતુ બતાવતા નથી.) તેથી આ પ્રમાણે તેઓનો ધર્મ સ્વાખ્યાત(=સારી રીતે કહેવાયેલો) નથી અને સારી રીતે શાસ્ત્રરૂપે રચાયો નથી. આશુપ્રજ્ઞ(=સતત જ્ઞાનદર્શનના ઉપયોગવાળા-શીઘ્રજ્ઞાની સાધુ) જ્ઞાન અને દર્શન ઉપયોગવાળા ભગવાને(શ્રી મહાવીરસ્વામીએ) જે પ્રમાણે ધર્મ કહ્યો છે, તે પ્રમાણે કહે અથવા વાગ્ગુપ્તિ= મૌન ધારણ કરે."*

આ સૂત્રનો ફલિતાર્થ આ છે → 'અસ્તિ, નાસ્તિવગેરે રૂપ એકાંતવાદની પ્રરુપણા કરતા ત્રણસો ત્રેંસઠ (૩૬૩) પાખંડી =પ્રવાદીઓને વાદલબ્ધિવાળા સાધુએ પ્રતિજ્ઞા, હેતુ, દૃષ્ટાંતવગેરે દર્શાવવાદ્વારા સમ્યગ્ ઉત્તર આપવો અથવા (તેવી લબ્ધિના અભાવમાં) વાગ્ગુપ્તિ ધારણ કરવી.'

## દુષ્ટનો નિષેધ માત્ર પ્રજ્ઞાપ્ય વિનીત અંગે જ

**પૂર્વપક્ષ :-** છતાં પણ તમારી વ્યાપ્તિમાં વ્યભિચાર છે. **જમાલિએ** જ્યારે સ્વતંત્ર વિહારની રજા માંગી, ત્યારે ભગવાન મૌન રહ્યા. અહીં ભગવાને અલગ વિહારમાં દોષ જોયો હોવા છતાં નિષેધ ન કર્યો. અહીં એ કારણ તો ન જ આપી શકો કે - ભગવાનમાં તે દોષ વર્ણવવાની શક્તિનો અભાવ હતો, કારણ કે વચનાતિશયથી યુક્ત ભગવાનમાં આવી કલ્પના કરવી પણ સારી નથી.

**ઉત્તરપક્ષ :-** બેશક, આ પ્રસંગમાં ભગવાન જરુર મૌન રહ્યા. છતાં અમારી વ્યાપ્તિ નિષ્કલંક છે, કારણ કે દોષયુક્તનો નિષેધ કરતા પહેલા જેમ પોતાની શક્તિનો વિચાર કરવાનો છે, તેમ સામા પાત્રની યોગ્યતાનો પણ વિચાર કરવાનો છે. તેથી જ અમે અમારી 'દોષયુક્તનો નિષેધ કરવો' એવી વ્યાપ્તિ પ્રજ્ઞાપ્ય અને વિનીત વ્યક્તિઓ પૂરતી મર્યાદિત રાખી છે. અર્થાત્ જો સામી વ્યક્તિ જક્કી અને અવિનીત હોય, તો તેની આગળ દોષયુક્ત વસ્તુનો નિષેધ કરવાને બદલે મૌન રાખવામાં દોષ નથી, પણ ડહાપણ છે. તેથી તેવા સ્થાનોમાં અમારી વ્યાપ્તિ લાગુ પણ પડતી નથી.

**શંકા :-** જક્કી અને અવિનીત વ્યક્તિ આગળ નિષેધ શું કામ ન કરવો ?

**સમાધાન :-** આવી વ્યક્તિ આગળ દોષયુક્તનો નિષેધ કરવામાં તે વ્યક્તિ વાત માનશે તો નહિ, પણ કહેનારપર દ્વેષ કરશે. ભગવાન **જમાલિના** પ્રસંગમાં મૌન રહ્યા તે આ જ વાતનું સૂચન કરે છે, (**'ઉદ્ધત અને જક્કીને હિતકારી સાચું વચન કહેવું, એ પણ પથ્થરપર પાણીસમાન કે સાપને દૂધ પાવા જેવું હોવાથી વાસ્તવમાં તો અસત્યરૂપ જ ઠરે છે.'** કારણ કે નિશ્ચયથી તો હિતકારી બનતું વચન જ સત્ય છે.) માટે જ **વિંશિકા પ્રકરણમાં** પણ કહ્યું છે → *'અવિનીતને આજ્ઞા કરનારો વ્યર્થ ક્લેશ પામે છે અને મૃષા ભાષણ કરે છે. ઘંટાલોહ(=બરડ લોખંડ) જાણીને કઇ વ્યક્તિ કટકરણ(=કાર્યવિશેષ અથવા મુદ્રા=સિક્કા કરવા)માં પ્રવૃત્ત થાય ?'*

तत्प्रज्ञाप्ये विनीते सूर्याभे नाट्यकर्त्तव्यतां पृष्टवति भगवतो मौनमनुमतिमेव व्यञ्जयतीति स्थितम्। **यस्तु** भक्तिनिषेधे 'ये तु दानम्' इत्यादिना दानप्रशंसाया अपि निषेधाद्दाननिषेधः सुतरामिति पापिष्ठेन दृष्टान्ततयोक्तः, **सोऽप्ययुक्तः**। 'ये तु' इत्यादिसूत्रस्य दातृपात्रयोर्दशाविशेषगोचरत्वादपुष्टालम्बनगोचरत्वादिति यावत्। पुष्टालम्बने तु द्विजन्मने भगवद्वस्त्रदानवत्, **सुहस्तिनो** रङ्कदानवच्च, साधूनामपि गृहिणामनुकम्पादानं श्रूयते। *'गिहिणो वेयावडीयं न कुज्जा'* [दशवै० चू० २/९ पा० १] इत्यादिना तन्निषेधस्याप्युत्सर्गपरत्वात्। भवति हि तेन मिथ्यादृष्टेरप्यप्रमत्तसंयत-गुणस्थानादिनिबन्धनाऽविरतसम्यग्दृष्ट्यादिगुणस्थानप्राप्तिलक्षणो गुणः प्राप्तगुणदृढतरस्थैर्यार्थमपि च तदनुज्ञायते,

---

આમ અમારી વ્યાપ્તિનો સંપૂર્ણ આકાર આવો છે → **'શક્તિસંપન્ન વ્યક્તિએ દોષયુક્તતરીકે જ્ઞાત થયેલી વસ્તુનો વિનીત અને પ્રજ્ઞાપ્ય વ્યક્તિ આગળ અવશ્ય નિષેધ કરવો.'**

**પૂર્વપક્ષ :-** ભલે ત્યારે ! તમારી વ્યાપ્તિ આ પ્રમાણે હો. પણ તેથી તમારે કહેવું શું છે ? સૂર્યાભના પ્રસંગમાં ભગવાન કેમ મૌન રહ્યા ? તે શંકાના સમાધાનમાં અમે જે કહ્યું તે મિથ્યા કેમ છે ?

**ઉત્તરપક્ષ :-** એ જ હવે અમારે કહેવું છે ! સૂર્યાભે જ્યારે નૃત્યભક્તિ દર્શાવવાઅંગે પૂછ્યું, ત્યારે ભગવાન મૌન રહ્યા, પણ નિષેધ ન કર્યો. તેમાં 'ભગવાન શક્તિસંપન્ન ન હતા' એ કારણ તો નથી જ. એ તો તમે પણ સ્વીકારો જ છો. હવે બોલો ! 'શું સૂર્યાભદેવ અવિનીત અને જક્કી હતો, કે જેથી ભગવાને નિષેધ ન કર્યો ?'

**પૂર્વપક્ષ :-** ના. સૂર્યાભને અવિનીત કે જક્કી તો કહી શકાય નહિ.

**ઉત્તરપક્ષ :-** એનો અર્થ એમ થયોને કે, ભગવાન શક્તિસંપન્ન હતા અને સૂર્યાભ પ્રજ્ઞાપ્ય અને વિનીત હતો, છતાં ભગવાન નિષેધ કરવાને બદલે મૌન રહ્યા. એટલે કે અમારી ઉપરોક્ત વ્યાપ્તિની અહીં પ્રાપ્તિ હતી, છતાં એ વ્યાપ્તિ અહીં લાગી નહિ. તેથી 'નૃત્યકરણ' દોષયુક્ત ન હોવાથી જ ભગવાને સૂર્યાભને તે અંગે નિષેધ ન કર્યો, તેમ સિદ્ધ થાય છે. તેથી જ 'નૃત્યકરણ' સૂર્યાભને ગુણકારી હતું અને ભગવાનના મૌનમાં નૃત્યકરણની મૂક અનુમતિ જ હતી, તેમ સિદ્ધ થાય છે.

**પૂર્વપક્ષ :-** તો પછી ભગવાન વિધાન કરવાને બદલે મૌન કેમ રહ્યા ?

**ઉત્તરપક્ષ :-** એ મૌન જ સૂચન કરે છે કે ભગવાનની નજરસમક્ષ માત્ર સૂર્યાભદેવ ન હતો પણ ગૌતમાદિ સાધુઓ પણ હતા. અર્થાત્ ભગવાન સૂર્યાભદેવ અને ગૌતમાદિ સાધુઓ આ બન્નેની અપેક્ષાએ ક્રમશઃ લાભ અને નુકસાન જોઇને જ મૌન રહ્યા. આમ તમારું 'માત્ર સૂર્યાભની અપેક્ષાએ જ લાભ-નુકસાન જોઇ ભગવાન મૌન રહ્યા' આ વચન પણ મિથ્યા ઠરે છે.

## પુષ્ટાલંબને અસંયતદાન અદુષ્ટ

**પૂર્વપક્ષ :-** તો પછી **સૂત્રકૃતાંગમાં** દાનની પ્રશંસા કરવાની કે દાનનો નિષેધ કરવાની જે વાત કરી છે, તેમાં શું સમાધાન છે ? કારણ કે ત્યાં દાનની પ્રશંસાનો નિષેધ છે. તેથી દાનનો નિષેધ પણ સુતરામ થાય છે. અને એ જ ભક્તિના નિષેધનું સચોટ દૃષ્ટાંત છે.

**ઉત્તરપક્ષ :-** અહીં તમે થાપ ખાઇ ગયા ! **સૂત્રકૃતાંગનું** 'જે અ દાનં' ઇત્યાદિ જે વચન છે, તે દાનમાત્રનો નિષેધ નથી કરતું. પરંતુ અપુષ્ટઆલંબને અપાતા દાનની અપેક્ષાએ જ તે વચન છે.

**શંકા :-** 'આ વચન અપુષ્ટઆલંબનની અપેક્ષાએ જ છે, તેમ તમે શી રીતે કહો છો ?

**સમાધાન :-** આમ કહેવામાં કારણ છે. પુષ્ટઆલંબને દાનની પ્રશંસા શું, પણ દાન આપ્યાના પણ દૃષ્ટાંતો નોંધાયા છે. જુઓ ! **ભગવાને** દીક્ષા લીધા પછી **સોમિલ બ્રાહ્મણને** દેવદુષ્યનું દાન સ્વહસ્તે કર્યું હતું અને **આર્યસુહસ્તી**

*'ओसन्नस्स गिहिस्स वि जिणपवयणतिव्वभावियमइअस्स। कीरइ जं अणवज्जं दढसम्मत्तस्सऽवत्थासु'*॥ [उपदेशमाला ३५२] इत्यादिना। स्वनिष्ठं तु फलं ज्ञानिनां तीर्थकृत इव तथाविधोचितप्रवृत्तिहेतुः शुभकर्म-निर्जरणमेव। तथा च **दानाष्टकं हारिभद्रं** →

*'कश्चिदाहास्य दानेन क इवार्थः प्रसिध्यति। मोक्षगामी ध्रुवं ह्येष यतस्तेनैव जन्मना'*॥ [अष्टक २७/१]
*'उच्यते कल्प एवास्य तीर्थकृन्नामकर्मणः। उदयात्सर्वसत्त्वानां हित एव प्रवर्तते'*॥ [अष्टक २७/२] कल्पः=करणं क्रियाजातं समाचार इत्यनर्थान्तरम्। तदाहुः- *'सामर्थ्ये वर्णनायां च छेदने करणे तथा। औपम्ये चाधिवासे च*

---

**સૂરિએ ભિખારીને** ગોચરી વ[illegible] હતી.

**પૂર્વપક્ષ :-** તો પછી **દશવૈકાલિક સૂત્રમાં** *'ગૃહસ્થોની વૈયાવચ્ચ ન કરવી'* ઇત્યાદિ જે કહ્યું, તે તો ફોગટનું જ છે તેમ જ માનવાનું રહ્યું ને!

**ઉત્તરપક્ષ :-** ના એમ નથી, **દશવૈકાલિકનું** આ કથન ઉત્સર્ગમાર્ગ બતાવે છે. પણ તેટલામાત્રથી 'દાન ન જ અપાય' ઇત્યાદિ એકાંતવાદ પકડવો સારો નથી કારણ કે જૈનશાસનને પુષ્ટ કારણે અપવાદ પણ માન્ય છે અને તેવા અપવાદના પ્રસંગોમાં આપેલાં દાનથી તો ઘણીવાર દાન લેનાર મિથ્યાત્વી હોય તો એવા સમ્યક્ત્વને પામી જાય કે, જે સમ્યક્ત્વ ચારિત્રનું અવશ્ય કારણ બની જાય, તેના સમ્યક્ત્વાદિ ગુણો વધુ દઢ અને સ્થિર બની જાય. **ઉપદેશમાળામાં** પણ કહ્યું છે કે → *('શાસનભક્તિને વરેલો સુસાધુ) પાસત્થાવગેરે શિથિલાચારીઓનું કે દઢસમ્યક્ત્વવાળા સુશ્રાવકનું દ્રવ્યક્ષેત્રવગેરે અવસ્થામાં ઉચિત નિરવદ્ય=નિષ્પાપ કરે.'*

**પૂર્વપક્ષ :-** ઠીક છે. એમાં કદાચ દાન લેનારનું કલ્યાણ થઇ જાય, પણ આ પ્રમાણે દાન આપતા સાધુનું શું? શું તેને અવિરતિપોષણનું પાપ નહિ ચોંટે? ખરેખર! તમે જાતને ડુબાડી જગતના કલ્યાણની વાંછા કરો છો અને તેવો ઉપદેશ બીજાને આપો છો.

**ઉત્તરપક્ષ :-** સબૂર! સમજી લો કે સ્વકલ્યાણ જેમાં સંભવે નહિ, તેવા પરકલ્યાણની વાત કરવી અમને પરવડતી નથી. તીર્થંકરના દાનાદિ ધર્મોનું ઉચિત પ્રવૃત્તિમાં હેતુ બનતી તીર્થંકરનામકર્મઆદિ શુભકર્મોની નિર્જરારૂપ ફળ છે. બસ આ જ પ્રમાણે જ્ઞાની સુસાધુની પણ આ ઉચિત પ્રવૃત્તિઓ શુભકર્મની નિર્જરા કરનારી બને છે અને મોક્ષમાટે શુભકર્મની નિર્જરા પણ આવશ્યક છે. (જીવની શુભકર્મના ઉદયે ઉચિત પ્રવૃત્તિ થાય, અને ઉચિત પ્રવૃત્તિરૂપ શુભફળ આપીને એવા શુભકર્મો ચરિતાર્થ થાય છે અને નિર્જરા પામે છે. તેથી આ ઉચિત પ્રવૃત્તિદ્વારા શુભકર્મની નિર્જરા બતાવી. તેનું તાત્પર્ય એ પણ છે કે આવી ઉચિત પ્રવૃત્તિથી અવિરતિપોષણાદિજન્ય મિથ્યાત્વાદિ કર્મોના કે પાપાનુબંધી પુણ્યઆદિના બંધરૂપ કોઇ દોષ લાગતો નથી.) તેથી **શુભકર્મોના ઉદયે ઉચિતપ્રવૃત્તિ કરી શુભકર્મોની નિર્જરા કરવી એ જ પોતાને માટે મહાકલ્યાણરૂપ છે.**

આ બાબતમાં **યોગાચાર્ય શ્રી હરિભદ્રસૂરિકૃત અષ્ટકપ્રકરણ**અન્તર્ગત **તીર્થકૃદ્દાનાષ્ટકની** સાક્ષી **ટીકાકાર** બતાવે છે →

## દાનાષ્ટક

*'કોઇક કહે છે(=પૂછે છે) દાન દેવાથી આ તીર્થંકરનો વળી કયો અર્થ(=હેતુ) પ્રસિદ્ધ થાય છે(=સરે છે) કારણ કે આ(=તીર્થંકર) અવશ્ય આ જ જન્મ=ભવમાં મોક્ષગામી છે.'* ॥ ૧ ॥ આનો ઉત્તર એ છે કે *'તીર્થંકરનામકર્મના ઉદયથી એમનો(=તીર્થંકરનો) કલ્પ જ એવો છે કે સર્વ જીવોના હિતમાં પ્રવૃત્ત થવું.'* ॥ ૨ ॥ કલ્પ=કરણ=ક્રિયા-સમુદાય=સમાચાર ઇત્યાદિ એકાર્થક છે. કહ્યું છે કે *'સામર્થ્ય, વર્ણન, છેદન, કરણ, ઉપમા અને અધિવાસ-આટલા*

*कल्पशब्दं विदुर्बुधाः'* // [बृहत्कल्पभा० २ टी०] इति। ततश्च कल्पपरिपालनं विनाऽस्य नान्यत्फलमिति भावना। धर्मावयवत्वख्यापनार्थं वा तदित्याह– *'धर्माङ्गख्यापनार्थं च दानस्यापि महामतिः। अवस्थौचित्ययोगेन सर्वस्यैवानुकम्पया'* // [अष्टक २७/३] अङ्गम्=अवयवः। महामतिरित्यनन्तरं महादानं दत्तवानिति करणीयम्। सर्वस्यैतस्य गृहिणो यतेर्वेत्यर्थः। धर्माङ्गत्वमेव स्पष्टयति– *'शुभाशयकरं ह्येतदाग्रहच्छेदकारि च। सदभ्युदयसाराङ्ग-मनुकम्पाप्रसूति च'* //[अष्टक २७/४] शुभाशयः=शुभचित्तं, आग्रहः=त्वाभिनिवेशः, साराङ्ग=प्रधान-कारणम्, अनुकम्पायाः=दयायाः, प्रसूतिः=प्रसवो यस्य तत्तथा। यतेरप्यनुकम्पादानं समर्थयति– *'ज्ञापकं चात्र भगवान् निष्क्रान्तोऽपि द्विजन्मने। देवदूष्यं ददद्धीमाननुकम्पाविशेषतः'* // [अष्टक २७/५] न चैवमागमविरोधोऽवस्थौ-चित्ययोगेनेति विशेषणोपादानादविरोधात्। पठन्ति च लौकिका अपि– *'उत्पद्यते हि सावस्था देशकालामयान् प्रति। यस्यामकार्यं कार्यं स्यात् कर्मकार्यं च वर्जयेत्'* // इति। एतावदेव स्पष्टयन्नाह– *'इत्थमाशयभेदेन नाऽतो-ऽधिकरणं मतम्। अपि त्वन्यद्गुणस्थानं गुणान्तरनिबन्धनम्'* // [अष्टक २७/६] आशयभेदो=ऽध्यवसाय-विशेषः, कथमयं वराकः कर्मकान्तारोत्तरणेन निखिलासुखविरहभाजनं भविष्यतीत्यादिरूपः। नातः=असंयतदाना-दधिक्रियते दुर्गतावनेनेत्यधिकरणम्=असंयतसामर्थ्यपोषणतः पापारम्भप्रवर्त्तनम्। अपि तु=अभ्युच्चयेऽन्यत्= मिथ्यादृष्टित्वादेश्चतुर्थादिकं गुणान्तरस्य=सर्वविरत्यादेः, सूत्रस्य तु विशेषविषयत्वादविरोध इत्याह– *'ये तु दानं*

---

*અર્થમાં પંડિતોએ 'કલ્પ' શબ્દ સમજવો.'* (અહીં કલ્પ=કરણ છે.) આ દાન દેવામાં તીર્થંકરોને સ્વકલ્પના પાલન સિવાય બીજું કોઇ પ્રયોજન નથી. અથવા, 'આ દાન ધર્મનું અંગ=કારણ છે' એ બતાવવા ભગવાને દાન આપ્યું, એ આશયથી કહે છે– *'અવસ્થાને ઉચિત યોગથી બધાને(=સાધુ અને ગૃહસ્થ બન્નેને) માટે દાન ધર્મનું અંગ=અવયવ બને છે, તે દર્શાવવા મહામતિ=ભગવાને (મહાદાન આપ્યું-આટલું અધ્યાહારથી સમજવું.)'* ॥૩॥ દાન આપવું એ ધર્મનું અંગ શી રીતે બને ? તે સ્પષ્ટ કરતા કહે છે– *'આ દાન (૧) શુભાશયને પેદા કરે છે (૨) આગ્રહ(=મમત્વની પકડ)ને છેદે છે. (૩) સુંદર અભ્યુદયનું મુખ્ય કારણ બને છે અને (૪) અનુકંપા=જીવદયાને જન્મ આપે છે.'* ॥૪॥ હવે આગળ વધીને સાધુના અનુકંપાદાનનું સમર્થન કરે છે. *'અહીં જ્ઞાપક=દૃષ્ટાંત આ છે-ધીમાન=પ્રાજ્ઞ ભગવાને દીક્ષા લીધા પછી પણ અનુકંપાવિશેષથી બ્રાહ્મણને દેવદુષ્યનું દાન કર્યું હતું.'* ॥૫॥ આમ કહેવામાં આગમસાથે વિરોધ નથી કારણ કે 'અવસ્થાની ઉચિતતા જાળવીને' આ વિશેષણનું ઉપાદાન કર્યું છે. લૌકિકો પણ કહે છે *'દેશ-કાળ અને રોગને આશ્રયીને એવી અવસ્થા પણ ઉત્પન્ન થાય છે કે જેમાં અકાર્ય કાર્ય બને છે અને કાર્ય અકાર્ય(=વર્જ્ય) બને છે.'* આ જ વાતને વધુ સ્પષ્ટ કરતા કહે છે– *'આ પ્રમાણે આશયનો ભેદ હોવાથી આનાથી (આ દાન) ગુણાન્તર(=સર્વવિરતિવગેરે)માં કારણ બને તેવા અન્યગુણસ્થાનનું(=મિથ્યાત્વથી અન્ય-સમ્યક્ત્વ ગુણસ્થાનવગેરેનું) કારણ બને છે'* ॥૬॥ આશયભેદ='આ રાંક જીવો કેવી રીતે કર્મવનને ઓળંગી સર્વદુઃખના અભાવના પાત્ર બને' ઇત્યાદિ અધ્યવસાયવિશેષ. આ આશયભેદના કારણે અસંયતને દાન અધિકરણ(=સંસારનું કારણ) બનતું નથી. ઉત્સર્ગથી અસંયતને દાનથી પોષવામાં અસંયત જે પાપારંભ કરે, તેની સીધી અનુમોદનાનો દોષ હોય છે. ઉપરોક્ત શ્લોકમાં 'અપિ તુ' પદનો 'અભ્યુચ્ચય' અર્થ કરવાનો છે. **સૂત્રકૃતાંગના** 'જે અ દાનં' ઇત્યાદિસૂત્રનો વિષય 'વિશેષ' છે તે દર્શાવિ છે– *'જેઓ દાનને પ્રશંસે છે' ઇત્યાદિ જે સૂત્ર છે, તે અવસ્થાભેદ (=ઉત્સર્ગ) વિષયક છે. તેમ મહાત્માઓએ સમજવું.'* ॥૭॥ તેથી આ સૂત્ર પુષ્ટકારણે દાનનું નિષેધક નથી, એવું તાત્પર્ય છે. **શંકા :**– અમે સાંભળ્યું છે કે **હરિભદ્ર સૂરિ** પોતે શંખવાદન પૂર્વક યાચકોને દાન અપાવતા હતા. પોતાના

*प्रशंसन्तीत्यादिसूत्रं तु यद् स्मृतम्। अवस्थाभेदविषयं दृष्टव्यं तन्महात्मभिः'॥* [अष्टक २७/७] पुष्टालम्बनेऽनिषेधकमेतदिति गर्भार्थः। **न च हरिभद्रस्यैव** शङ्खवादनपूर्वमर्थिभ्यो भोजनं दापितवत इयं कपोलकल्पना, संविग्नपाक्षिकस्य तस्य श्रुतानुत्तीर्णवादित्वात्। तदवदाम **द्वात्रिंशिकाप्रकरणे** वृत्तिकृदनुवादेन *'न च स्वदानपोषार्थमुक्तमेतदपेशलं। हरिभद्रो हि भगवान् यतः संविग्नपाक्षिक'॥* इति [१/१९]। प्रकृतं निगमनायाह– *'एवं न कश्चिदस्यार्थस्तत्त्वतोऽस्मात्प्रसिद्ध्यति। अपूर्वः किन्तु तत्पूर्वमेवं कर्म प्रहीयते'॥* [अष्टक २७/८] अस्य=तीर्थकृतः, अस्मात्=महादानात्, अपूर्वो=अभिनवशुभबन्धहेतुः, ज्ञानिकृतकर्मणो बन्धाजनकत्वात्, तत्तीर्थकरत्वनिमित्तं कर्म=तीर्थकरनाम पूर्वं=पूर्वभवोपार्जितम्।

अवश्यं चोक्तसूत्रविहितमौनस्य विशेषविषयत्वं सूत्रमात्रप्रणयिनापि मृग्यम्। कथमन्यथा भगवत्याम-(मा ?)धा(क ?)र्मिकदानप्रतिषेधः, सूत्रकृते च ब्राह्मणभोजनदानप्रतिषेधः सङ्गतिमञ्चति। कथं च साधुगुणयुक्तस्याल्पतरपापबहुतरनिर्जराहेतुत्वेनाप्रासुकदानविधिरपि ? इति। स्याद्वादेन वस्तुस्थापनाऽशक्तस्यैव च मौनं तच्छक्तेन च देशकालाद्यौचित्येनान्यतरोपदेश एव विधेय इत्ययमेव मौनीन्द्रः सम्प्रदायः। तदुक्तमाधाकर्मिकमाश्रित्यानाचारश्रुताध्ययने **सूत्रकृते** → *'अहागडाइं भुंजंति, अन्नमन्ने सकम्मुणा। उवलित्ते त्ति जाणिज्जा, अणुवलित्ते ति वा पुणो'॥ १॥ 'एतेहिं दोहिं ठाणेहिं, ववहारो न विज्जइ। एतेहिं दोहिं ठाणेहिं, अणायारं तु जाणए'॥ २॥* त्ति [२/५/८-९]।

---

આ દાનનું સમર્થન કરવા જ **હરિભદ્ર સૂરિજીએ** દાનની વાત ઉપાડી હોય તેમ લાગે છે. **સમાધાન :-** આવી કલ્પનાઓના ખોટા ઘોડા દોડાવવાની જરુર નથી કારણ કે **યોગાચાર્ય હરિભદ્રસૂરિ મહારાજ પોતે સંવિગ્નપાક્ષિક હતા** અને સંવિગ્નપાક્ષિક ક્યારેય પણ આગમવિરુદ્ધ વચન બોલે જ નહિ. આ વાત શ્રી **અષ્ટક પ્રકરણના ટીકાકારના** વચનના અનુવાદરૂપે **ટીકાકારે**(પૂ. યશોવિ. મ.) સ્વોપજ્ઞ **દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા પ્રકરણમાં** સ્પષ્ટ બતાવી છે– *'પોતાના દાનને પુષ્ટ કરવા (**હરિભદ્ર સૂરિએ**) આવું અયોગ્ય કથન કર્યું છે, તેમ ન કહેવું, કારણ કે શ્રી **હરિભદ્ર ભગવાન** સંવિગ્નપાક્ષિક હતા.'* – પ્રસ્તુત તીર્થકૃદ્દાનાષ્ટકના અંતિમ શ્લોકમાં નિગમન કરતા કહે છે– *'આમ પરમાર્થથી તો આ મહાદાનથી આમનો(=તીર્થંકરનો) કોઇ અપૂર્વ અર્થ સિદ્ધ થતો નથી. પરંતુ પૂર્વબદ્ધ તીર્થંકરનામકર્મ જ ક્ષય પામે છે.' ॥૮॥* અપૂર્વ-નવા શુભકર્મના બંધનું કારણ. **'જ્ઞાનીની ક્રિયા કર્મબંધમાં કારણ બને નહિ.'** તેથી મહાજ્ઞાની ભગવાનની દાનાદિક્રિયા શુભાશુભકર્મના બંધમાં કારણ બનતી નથી. પરંતુ તીર્થંકરપણામાં કારણભૂત અને પૂર્વભવમાં બાંધેલું તીર્થંકરનામ કર્મ જ ક્ષીણ થાય છે.

## સ્યાદ્વાદ દેશનાની જ ઉપાદેયતા

વળી **સૂત્રકૃતાંગમાં** 'જે અ દાનં' ઇત્યાદિસૂત્રમાં પ્રશંસા અને નિષેધની જે ના પાડી છે, એનો વિશેષવિષય તો માત્ર સૂત્રને જ માનનારાઓએ પણ શોધવો પડશે. (જેઓ મૂળસૂત્રપરનાં નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને ટીકાઓને સ્વીકારતા નથી, તેવા પ્રતિમાલોપકો સૂત્રમાત્રપ્રણયી છે, છતાં તેઓ પોતાના અનુયાયીવર્ગ આગળ સૂત્રનું સ્વકલ્પિતવિવેચન તો કરે જ છે ! એ અમાન્ય નથી !! **નિર્યુક્તિકાર શ્રી ભદ્રબાહુસ્વામી** તો પ્રભુથી ખૂબ નિકટના કાળમાં થયા છે ને સાક્ષાત્ ચૌદપૂર્વધર ગુરુપરંપરા પામ્યા છે. એમના પણ વચનો ખોટા કહી જેઓ તેવી કોઇ પરંપરા કે પૂર્વાચાર્યો રચિત નિર્યુક્તિઆદિ કોઇ આલંબનભૂત શાસ્ત્રવચન પામ્યા નથી એવાઓ પોતાને ફાવે એવો અર્થ સૂત્રનો બતાવે, ત્યારે એ અર્થોને સ્વીકારી લેનારાઓ બિચારા ખૂબ જ દયાપાત્ર છે.) નહિતર તો **ભગવતી સૂત્રમાં** કરેલો અધાર્મિક (આધાકર્મિક ?) નિષેધ અને **સૂત્રકૃતાંગમાં** દર્શાવેલો બ્રાહ્મણને ભોજન દાનનો

न चात्रापि मौन एव तात्पर्यं *'विभज्जवायं व विवागरिज्जा'* [सूत्रकृताङ्ग १/१४/२१ पा०२] इति **ग्रन्थाध्ययनस्वरसात्**। सर्वत्रास्खलितस्याद्वाददेशनाया एव शास्त्रार्थत्वाद्। अत एव **वृत्तौ** एतद्भजनोपदेशे- *'किञ्चिच्छुद्धं कल्प्यमकल्प्यं स्यादकल्प्यमपि कल्प्यं। पिण्डः शय्या वस्त्रं, पात्रं वा भैषजाद्यं वा'॥ १॥ 'देशं कालं पुरुषमवस्थामुपयोगशुद्धिपरिणामान्। प्रसमीक्ष्य भवति कल्प्यं,नैकान्तात्कल्पते कल्प्यम्'॥ २॥* इति **वाचकवचनं** [प्रशमरति १४५-१४६] समितितयोद्भावितम्॥ **२१**॥ अनिषेधानुमतिमेव सदृष्टान्तमुपपादयति–

---

નિષેધ સંગત નહિ બને, કારણ કે આ નિષેધ અર્થથી તો તે સિવાયના દાનની અનુમતિ જ આપે છે. (અથવા એક બાજુ દાનનો નિષેધ-કરવાની ના કહીને બીજી બાજુ સાક્ષાત્ નિષેધ બતાવ્યો... આ વિરોધ કેવી રીતે ટાળશો ?) વળી 'સાધુના ગુણોથી યુક્ત સુસાધુને અપાયેલું અશુદ્ધ-અપ્રાસુકદાન અલ્પબંધ અને બહુનિર્જરામાં કારણ બને છે' આ વાત શી રીતે સંગત બનશે ? કારણ કે અહીં તો અશુદ્ધદાનમાં પણ મુખ્યત્વે નિર્જરા બતાવી છે. માટે જૈનશાસનનો એવો સંપ્રદાય-નક્કર રિવાજ છે કે, **સ્યાદ્વાદશૈલીથી વસ્તુની સ્થાપના કરવામાં જે અશક્ત હોય, તેણે જ મૌન પકડવું, જે શક્ત-સમર્થ હોય, તેણે દેશકાળઆદિ અવસરોચિત અવશ્ય અન્યતર(વિધિ કે નિષેધ)નો ઉપદેશ આપવો જ જોઇએ.** તેથી જ સ્યાદ્વાદશૈલીના પ્રણેતા અને પ્રખરપ્રચારક ગણધર ભગવંતો ઉત્કૃષ્ટશક્તિસંપન્ન હોવા છતાં જ્યારે **સૂત્રકૃતાંગ** કે **ભગવતી સૂત્રમાં** દાનનો સર્વથા નિષેધ નથી કરતા, ત્યારે સ્વીકારવું જ જોઇએ કે, દાન સર્વથા નિષેધ્ય નથી, પણ અવસરોચિત વિધેય પણ છે. જુઓ ! **સૂત્રકૃતાંગના અનાચારશ્રુત અધ્યયનમાં** આધાકર્મિક અંગે શું કહ્યું છે → *'આધાકર્મિક(આહાર, વસ્ત્ર, રહેઠાણ, પાત્રવગેરે)નો ઉપભોગ કરનારાઓ પરસ્પર સ્વકર્મથી લેપાય છે, અથવા લેપાતા નથી એમ સમજો.* (અર્થાત્ આધાકર્મિકના ઉપભોગથી કર્મબંધ થાય જ. અથવા ન જ થાય. તેવો એકાંત નથી.)' ॥૧॥ *'કેમકે આ બંને સ્થાનોથી વ્યવહાર થતો નથી,* (કર્મબંધ થાય અથવા ન જ થાય તેવા એકાંત વ્યવહારમાં બન્ને પક્ષે આપત્તિ છે.) *અને આ જ બે સ્થાનોથી બધા અનાચારો સમજવા.'*॥૨॥

**શંકા :-** આનો અર્થ એ જ થયો કે સર્વત્ર મૌન શ્રેયસ્કર છે. કંઇ પણ બોલવામાં ફસાવાનું જ છે.

**સમાધાન :-** અરેરે ! આવું ન માની બેસતા... આ બધા શ્લોકોનું તાત્પર્ય મૌન નથી, પણ સ્યાદ્વાદની શૈલીથી જ ઉપદેશ આપવાનું છે. તેથી **સૂત્રકૃતાંગમાં 'ગ્રન્થ' અધ્યયનમાં** કહ્યું છે કે → *'વિભજ્જવાયં ચ વિવાગરિજ્જા'* (વિભજ્યવાદ=પૃથગ્ અર્થનિર્ણયવાદ. તેનું જ કથન કરવું. અથવા વિભજ્યવાદ=સ્યાદ્વાદનું કથન કરવું. અથવા વિભજ્ય=દ્રવ્યરૂપે નિત્ય, પર્યાયરૂપે અનિત્યઆદિ વિભાગ કરીને કથન કરવું, પણ મૌન રહેવાનું કહ્યું નથી.) આમ **'સર્વત્ર અસ્ખલિતપણે સ્યાદ્વાદનયથી દેશના દેવી'** એ જ શાસ્ત્રાર્થ છે. (અહીં એટલો વિવેક રાખવો, પ્રશ્ન જ્યારે સામાન્યરૂપે હોય, ત્યારે વિશેષતઃ સ્યાદ્વાદાત્મક જવાબ આપવો. વિશેષ હોય ત્યારે સ્પષ્ટ જવાબ આપવો. દા.ત. રામ પિતા કે પુત્ર ? એવા સામાન્ય પ્રશ્નનો જવાબ આપી શકાય કે બન્ને. પરંતુ એમ પૂછે કે, 'રામ લવના પિતા કે પુત્ર ?' તો એમ જ કહેવાય કે 'પિતા' નહિ કે 'બન્ને.' છતાં અહીં પણ પરભવાદિની અપેક્ષાએ સ્યાદ્વાદ છે તે ન ભૂલવું. આ જ સ્યાદ્વાદશૈલી છે.) આ જ હેતુથી *'અહાકમ્માણિ ભુંજંતિ'* ઇત્યાદિ ઉપરોક્ત બે ગાથાની **ટીકામાં વાચકવર ઉમાસ્વાતિજી મહારાજે** રચેલા **પ્રશમરતિ પ્રકરણની** બે ગાથા સાક્ષી તરીકે દર્શાવી છે →

*'પિંડ(=આહાર), શય્યા(=રહેઠાણ), વસ્ત્ર, પાત્ર કે દવાવગેરે કંઇ પણ શુદ્ધ વસ્તુ પણ ક્યારેક અકલ્પ્ય બને છે. અને ક્યારેક અકલ્પ્ય પણ કલ્પ્ય બને છે.'* ॥૧॥ *'કોઇ પણ વસ્તુ દેશ, કાળ, પુરુષ, અવસ્થા, ઉપયોગની શુદ્ધિ અને પરિણામ આટલાને અપેક્ષીને કલ્પ્ય બને છે. કલ્પ્ય પણ એકાંતે કલ્પે નહિ.'* ॥૨॥ **॥ ૨૧ ॥**

હવે દૃષ્ટાંત દ્વારા અનિષેધઅનુમતિનું સમર્થન કરે છે–

**ज्ञातैः शल्यविषादिभिर्नु भरतादीनां निषिद्धा यथा,**
**कामा नो जिनसद्मकारणविधिर्व्यक्तं निषिद्धस्तथा।**
**तीर्थेशानुमते परानुमतेर्द्रव्यस्तवे किं ततो,**
**नेष्टा चेज्ज्वरिणां ततः किमु सिता माधुर्यमुन्मुञ्चति ॥ २२ ॥**

(**दंडान्वयः**→ शल्यविषादिभिर्ज्ञातैर्नु यथा भरतादीनां कामा निषिद्धास्तथा जिनसद्मकारणविधिर्व्यक्तं न निषिद्धः। एवं तीर्थेशानुमते द्रव्यस्तवे परानुमतेस्ततः किम् ? चेत् ज्वरिणां सिता नेष्टा ततः किं (सा) माधुर्यं उन्मुञ्चति ॥)

'ज्ञातैः'इति। 'नु' इति निश्चये, शल्यविषादिभि*र्ज्ञातैः*=दृष्टान्तैर्यथा **भरतादी**नां कामा निषिद्धाः, तथा **जिनसद्मकारणविधिर्व्यक्तं न निषिद्धः**। श्रूयते च स आगमे- *'थूभसयं*① *भाउयाणं चउवीसं च जिणघरे कासी'* [आव॰ भा॰ ४५ पू॰] इत्यादिना। यदि च स दुष्टः स्यात्तदा कामादिवदेव निषिध्येत। न च तथा निषिद्ध इत्यनुमत इत्येवानुमीयते। आह च- *'एस*② *अणुमओ च्चिय, अप्पडिसेहाओ तंतजुत्तीए'त्ति।* तथा *'ओसरणे बलिमाई भरहाईण न निवारियं तेण। जह तेसिं चिय कामा सल्लविसाइएहिं णाएहिं'॥*

एवं च तीर्थेशानुमते द्रव्यस्तवे *परानुमतेः*=द्विषाऽननुमोदनात्किं स्यात् ? न किञ्चिदित्यर्थः। इदमेव **प्रतिवस्तूपमया** द्रढयति। *चेत्*=यदि ज्वरिणां *सिता*=शर्करा *नेष्टा*=नाभिमता तत्किं *माधुर्यं*=स्वभावसिद्धं मधुरता-

**કાવ્યાર્થ :-** શલ્ય-વિષવગેરેના દૃષ્ટાંતથી ભરતવગેરેને જેમ વિષયોનો નિષેધ કર્યો છે, તેમ દેરાસર બનાવવાની વિધિનો વ્યક્ત નિષેધ કર્યો નથી. આ પ્રમાણે તીર્થંકરવડે અનુજ્ઞા કરાયેલી દ્રવ્યપૂજાની બીજાઓ (=પ્રતિમાલોપકો) અનુમોદના ન કરે, તેટલામાત્રથી શું ? તાવથી પીડાતાને સાકર ન ભાવે તેટલામાત્રથી શું સાકર મીઠાશનો ત્યાગ કરી દે છે ?

## જિનભવનાદિમાં અનિષેધાનુમતિ

ભગવાને 'શલ્ય' 'વિષ' વગેરે દૃષ્ટાંતથી કામ-વિષયોનો ભરતઆદિ આગળ સ્પષ્ટ નિષેધ કર્યો છે. પરંતુ જિનાલય બનાવવાવગેરેનો નિષેધ ક્યાંય સ્પષ્ટ દેખાતો નથી. બલ્કે એમ દેખાય છે કે, ભરતવગેરેએ જિનાલયવગેરે બનાવ્યા હોય. **આવશ્યક નિર્યુક્તિમાં** ઉલ્લેખ છે જ કે → ***'ભરતે સો ભાઇઓના સ્તૂપ અને ચોવીશ જિનોના ચોવીશ જિનાલય બનાવ્યા.'*** જો આ જિનાલયવગેરે દોષયુક્ત હોત, તો ભગવાને તે બધાનો રૂપાદિ વિષયની જેમ સ્પષ્ટ નિષેધ કર્યો હોત. કેમકે 'દોષયુક્તનો છતી શક્તિએ નિષેધ કરવો' ઇત્યાદિ વ્યાપ્તિ ઉપર બતાવી જ ગયા છીએ. આ વાતની પુષ્ટિ **પંચવસ્તુ ગ્રંથના** આ બે શ્લોકથી મળે જ છે →

('તેથી 'અપ્રતિષિદ્ધ હોય તે અનુમત હોય' એવી તંત્રયુક્તિ-આગમયુક્તિથી આ પણ (જિનભવન કરાવવું વગેરે) અપ્રતિષિદ્ધ હોવાથી અનુમત તરીકે સિદ્ધ થાય છે.' ॥૧॥ 'તથા ભગવાને ભરતવગેરેને શલ્ય, વિષ, વગેરે વચનો દ્વારા જેમ વિષયોથી અટકાવ્યા છે, તેમ જિનભવન કરાવવા વગેરે દ્રવ્યસ્તવથી અટકાવ્યા નથી.' ॥૨॥ (આ મૂળ ગાથા પ્રમાણે)

(અહીં આપેલી ગાથાનો અર્થ)- *'તેથી અપ્રતિષેધના કારણે તંત્રયુક્તિથી અનુમત છે.'* તથા *'ભગવાને*

① **थूभसयं भाउयाणं चउवीसं च जिणघरे कासी। सव्वजिणाणं पडिमा वण्णपमाणेहिं निअएहिं॥ इति पूर्णश्लोकः॥**

② **पञ्चवस्तुके तु द्वावपि श्लोकावेवम्- ता तं पि अणुमयं चिय अप्पडिसेहाओ तंतजुत्तीए। इअ सेसाण वि एत्थं अणुमोअणाई अविरुद्धं ॥१२१८॥ जिणभवणकारणादि वि भरहाईणं न वारिअं तेणं। जह तेसिं चिअ कामा, सल्लविसाई वयणेहिं ॥१२१७॥**

गुणमुन्मुञ्चति ? नैवोन्मुञ्चति। तद्वद्भगवदनुमतस्य द्रव्यस्तवस्यान्यद्वेषमात्रान्नासुन्दरत्वमिति गर्भार्थः ॥ २२ ॥

यत्यनुमोद्यत्वमेव द्रव्यस्तवस्य सूत्रनीत्या स्थापयन् परमाक्षिपति–

**साधूनां वचनं च चैत्यनमनश्लाघार्चनोद्देशतः,**
**कायोत्सर्गविधायकं ह्यनुमतिं द्रव्यस्तवस्याह यत्।**
**तत्किं लुम्पक ! लुम्पतस्तव भयं दुःखौघहालाहल-**
**ज्वालाजालमये भवाहिवदने पातेन नोत्पद्यते ॥ २३ ॥**

(**दंडान्वयः**→ साधूनां चैत्यनमनश्लाघार्चनोद्देशतः कायोत्सर्गविधायकं वचनं हि यद् द्रव्यस्तवस्यानुमतिमाह। हे लुम्पक ! तल्लुम्पतस्तव दुःखौघहालाहलज्वालाजालमये भवाहिवदने पातेन भयं किं नोत्पद्यते ?)

'साधूनाम्'इत्यादि। *साधूनां*=परमार्थतश्चारित्रवतां *चैत्यनमनश्लाघार्चनोद्देशतः*=चैत्यवन्दनाद्युद्देशेन *कायोत्सर्गविधायकं*=कायोत्सर्गकरणप्रतिज्ञाऽऽपादकं *हि*=निश्चितं वचनं द्रव्यस्तवस्य *यदनुमतिम्*=अनुमोदनामाह। हे लुम्पक ! तद्वचनं लुम्पतस्तव *भवाहिवदने*=संसारभुजगवक्त्रकोडे पातेन कृत्वा भयं नोत्पद्यते ? अयुक्तमेतत्तवेति व्यङ्ग्यम्। भवाहिवदने किं भूते ? दुःखौघ एव हालाहलं, तस्य यद् ज्वालाजालं विभावसुव्याप्तिरूपं तन्मये।

सूत्रं चेदं स्पष्टमेव → *'अरिहंतचेइयाणं'*इत्यादि, अस्यार्थः → अर्हतां=भावार्हतां चैत्यानि=चित्तसमाधिजनकानि प्रतिमालक्षणानि-अर्हच्चैत्यानि। तेषां वन्दनादिप्रत्ययं कायोत्सर्गं करोमीति सम्बन्धः। कायोत्सर्गः=

---

*તેઓ(ભરત વગેરેને)ને જે પ્રમાણે શલ્ય, વિષ વગેરે દૃષ્ટાંતોથી વિષયથી અટકાવ્યા છે, તેમ સમવસરણ વખતે બળિ આપવાવગેરેથી ભરત વગેરેને રોક્યા નથી.'*

આમ ભગવાને અનિષેધદ્વારા દ્રવ્યસ્તવની અનુમતિ આપી દીધી છે. હવે બીજાઓ દ્રવ્યસ્તવમાં અનુમતિ ન આપે કે દ્વેષથી અનુમોદના ન કરે તેટલામાત્રથી કંઇ થવાનું નથી. દ્રવ્યસ્તવ કંઇ અસુંદર બનવાનો નથી. **પ્રતિવસ્તુ ઉપમાથી** આ જ વાતને દૃઢ કરે છે. રોગીને સાકર ભાવે નહિ તેટલામાત્રથી કંઇ સાકર પોતાના સ્વભાવસિદ્ધ માધુર્યગુણને છોડી ન દે. તેમ ભગવાનને અનુમત દ્રવ્યસ્તવ બીજાના દ્વેષમાત્રથી ખરાબ બની જતો નથી. **॥ ૨૨॥**

## દ્રવ્યસ્તવની સાધુઅનુમોદ્યતા સૂત્રસિદ્ધ

સૂત્રની નીતિથી જ 'દ્રવ્યસ્તવ સાધુઓને અનુમોદ્ય છે જ' તે વાતની સ્થાપના કરતા કવિ બીજાપર આક્ષેપ કરે છે—

**કાવ્યાર્થ :-** પરમાર્થચારિત્રી સાધુને ચૈત્યના નમન, સ્તુતિ, પૂજન વગેરે ઉદ્દેશથી કાયોત્સર્ગ કરવાની પ્રતિજ્ઞા દર્શાવતું વચન છે. (અરિહંત ચેઇયાણં) આ વચન દ્રવ્યસ્તવમાં સ્પષ્ટ અનુમતિ બતાવે છે. હે પ્રતિમાલોપક ! આ વચનને ઉડાવતા તને શું દુઃખના સમુદાયરૂપ હળાહળ ઝેરની જ્વાલાથી વ્યાપ્ત સંસારરૂપ સાપના મુખમાં પડવાનો ડર નથી ?

પરમાર્થથી=વાસ્તવમાં જેઓ સાધુ છે, તેઓને ચૈત્યવંદનઆદિ ઉદ્દેશથી કાઉસ્સગ્ગ કરવાની પ્રતિજ્ઞા કરાવતું વચન આગમમાં છે જ. આ વચન દ્રવ્યસ્તવની અનુમોદના બતાવે છે. છતાં આ વચનનો લોપ કરતા હે પ્રતિમાલોપક! તને સંસારસાપના મુખમાં પડવાનો ડર નથી ? 'તારા માટે આ અયોગ્ય જ છે.' એવો અહીં વ્યંગ્યાર્થ છે. સૂત્રલોપના પાપે ભયંકર ભવવનમાં ભારે કષ્ટો વારંવાર સહન કરવા પડશે – એવી કડક ચેતવણી અહીં ગ્રંથકાર પ્રતિમાલોપકોને આપી રહ્યા છે.

स्थानमौनध्यानं विना क्रियान्तरत्यागः। तं करोमि। किं निमित्तम् ? इत्याह- *'वंदणवत्तियाए'* इत्यादि। वन्दनं= प्रशस्तमनोवाक्कायप्रवृत्तिः, तत्प्रत्ययं=तन्निमित्तम्, यादृग् वन्दनात्पुण्यं स्यात्, तादृक्कायोत्सर्गादपि मे भवत्वित्यर्थः। *'वत्तिआए त्ति'* आर्षत्वात् सिद्धम्। *'पूअणवत्तिआए'* पूजनं=गन्धमाल्यादिभिरर्चनं, तत्प्रत्ययम्। *'सक्कारवत्तिआए'* सत्कारो वस्त्राभरणादिभिः, तत्प्रत्ययम्। **ननु**, एतौ पूजासत्कारौ द्रव्यस्तवत्वात्साधोः *'छज्जीवकायसंजमो'* इत्यादिवचनप्रामाण्यात्कथं नानुचितौ ? श्रावकस्य तु साक्षात्(तौ) कुर्वतः कायोत्सर्गद्वारेण तत्प्रार्थने कथं न नैरर्थक्यम् ? **उच्यते**-साधोर्द्रव्यस्तवनिषेधः स्वयंकरणमाश्रित्य, न तु कारणानुमती, यतो *'अकसिणपवत्तगाणं'* इत्याद्युपदेशदानतः कारणसद्भावः, भगवतां विशिष्टपूजनादिदर्शने प्रमोदादिनाऽनुमतिरप्यस्ति। यदुक्तम् → *'सुव्वइ य वयररिसिणा, कारवणं पिय अणुट्ठियमिमस्स। वायगगंथेसु तहा आगया (एयगया) देसणा चेव'*॥ [पञ्चाशक ६/४५] श्रावकस्य त्वेतौ सम्पादयतोऽपि भक्त्यतिशयादाधिक्यसम्पादनार्थं प्रार्थयमानस्य न नैरर्थक्यम्। **किञ्च**,

## 'અરિહંત ચેઇયાણં' સૂત્રનો ભાવાર્થ

***'અરિહંત ચેઇયાણં'*** સૂત્ર સ્પષ્ટ છે → અરિહંતચૈત્ય=ભાવ તીર્થંકરોની ચિત્તસમાધિજનક પ્રતિમાઓ. તેઓના વંદનાદિનિમિત્તે કાઉસ્સગ્ગ કરું છું. કાયોત્સર્ગ એટલે કાયાથી સ્થિરતા=સ્થાન, વચનથી મૌન અને મનથી ધ્યાન-આ સિવાયની તમામ ક્રિયાઓનો ત્યાગ. આ કાયોત્સર્ગ વંદન, પૂજન, સત્કાર અને સન્માન આ ચાર નિમિત્તથી અને બોધિલાભ તથા નિરુપસર્ગ=મોક્ષ આ બે માટે વર્ધમાન=વધતી એવી શ્રદ્ધા, મેધા, ધૃતિ, ધારણા અને અનુપ્રેક્ષાથી કરું છું. - આ શબ્દાર્થ થયો. હવે દરેક પદના વિશિષ્ટ અર્થ બતાવે છે- *'વંદણવત્તિઆએ'*- વંદન એટલે મન, વચન, કાયાની પ્રશસ્ત પ્રવૃત્તિ. તેના નિમિત્તે અર્થાત્ જિનપ્રતિમાને વંદનથી જેવું પુણ્ય થાય, તેવું પુણ્ય મને કાઉસ્સગ્ગદ્વારા પ્રાપ્ત થાઓ - તેવો અર્થ છે. *'વત્તિઆએ'* પ્રયોગ આર્ષ છે (ગણધરભગવંતોએ વાપરેલો છે.) તેથી સિદ્ધ છે. *'પૂઅણવત્તિઆએ'* પૂજન=વાસક્ષેપાદિ સુગંધી દ્રવ્ય અને ફૂલમાળા વગેરેથી પૂજન. તેના નિમિત્તે. *'સક્કારવત્તિઆએ'* સત્કારપ્રત્યય. સત્કાર=વસ્ત્રઅલંકારવગેરેનું ભાવથી અર્પણ.

**શંકા :-** આ પૂજા અને સત્કાર દ્રવ્યસ્તવરૂપ છે અને સાધુને *'છ જીવકાયનો સંયમ'* એ વચન છે. તેથી સાધુમાટે આ દ્રવ્યસ્તવ શા માટે અનુચિત ન ગણાય ? **તાત્પર્ય :-** પૂજા અને સત્કારની ક્રિયામાં જીવવિરાધનાનો સંભવ છે. પૂજા અને સત્કારના ફળની ઇચ્છા રાખવામાં પૂજા અને સત્કારની ક્રિયારૂપ સાવદ્યક્રિયાની અનુમોદના છે. અને સાધુએ તો સર્વસાવદ્યના કરણ, કરાવણ અને અનુમોદનનો ત્યાગ કર્યો છે. માટે સાધુએ પૂજાસત્કારનિમિત્તે કાઉસ્સગ્ગ કરવાનો ન હોય. અને શ્રાવક તો સાક્ષાત્ પૂજા-સત્કાર કરી જ રહ્યો છે, તેથી ફરીથી કાઉસ્સગ્ગદ્વારા તેના ફળની પ્રાર્થના કરવી એ શ્રાવકમાટે તો નિરર્થક જ છે. આમ સાધુ અને શ્રાવક ઉભયમાટે પૂજા અને સત્કાર નિમિત્તે કાયોત્સર્ગ અસંગત છે.

**સમાધાન :-** સાધુને દ્રવ્યસ્તવ પોતે કરવાની અપેક્ષાએ નિષિદ્ધ છે. પણ *અકસિણપવત્તગાણ*=શ્રાવકને ઇત્યાદિ આગમવચનદ્વારા બીજાને પ્રેરણા આપી બીજા પાસે દ્રવ્યસ્તવ કરાવવારૂપ દ્રવ્યસ્તવનું કરાવણ સંભવે જ છે. તે જ પ્રમાણે ભગવાનની વિશિષ્ટઆંગી વગેરેરૂપ વિશિષ્ટ પૂજાના દર્શનથી સાધુનું હર્ષઘેલું હૈયું હાથમાં ન રહે અને સહજ પ્રશંસાના પુષ્પો વેરવા માંડે એ દોષરૂપ નથી. આમ દ્રવ્યસ્તવની અનુમોદના પણ સાધુને સંભવે છે. માટે સાધુને દ્રવ્યસ્તવનું કરાવણ અને અનુમોદન નિષિદ્ધ નથી. **પંચાશકમાં** પણ કહ્યું છે ***'(આવશ્યક નિર્યુક્તિવગેરેમાં)*** *સંભળાય છે કે, વજસ્વામીએ આ પુષ્પાદિ દ્રવ્યસ્તવ દેવપાસે કરાવ્યો હતો. વળી વાચકના(=ઉમાસ્વાતિજીના) ગ્રંથોમાં દ્રવ્યસ્તવઅંગે દેશના છે.'* આમ દ્રવ્યસ્તવના કરાવણ અને અનુમોદનના અધિકારી સાધુઓ ભલે દ્રવ્યસ્તવ

एते भगवन्तोऽत्यादरेण वन्द्यमाना: पूज्यमाना अप्यनन्तगुणत्वान्न वन्दिता: पूजिता: स्युरत्र **दशार्णभद्रो** दृष्टान्त:। तदेवं पूजासत्कारौ भावस्तवहेतुत्वाद्ग्रहणीयौ एवेति। *'सम्माणवत्तिआए'* सन्मान:=स्तवादिभिर्गुणोत्कीर्त्तनं, तत्प्रत्ययम्। **अथ** एता वन्दनाद्याशंसा: किमर्थम्? इत्याह- *'बोहिलाभवत्तिआए'* बोधिलाभ:=प्रेत्य जिनधर्मप्राप्ति:, तत्प्रत्ययम्। एषोऽपि किन्निमित्तम्? इत्याह- *'निरुवसग्गवत्तिआए'* निरुपसर्गो=जन्माद्युपसर्गरहितो मोक्ष:, तत्प्रत्ययं च। अयं च कायोत्सर्ग: श्रद्धादिरहित: क्रियमाणोऽपि नेष्टसाधक इत्यत आह- *'सद्धाए'* इत्यादि, श्रद्धया=स्वाभिप्रायेण, न बलाभियोगादिना। मेधया=हेयोपादेयपरिज्ञानरूपया, न जडत्वेन; मर्यादावर्त्तितया वा, नासमञ्जसत्वेन; धृत्या=मन:स्वास्थ्येन, न रागाद्याकुलतया। धारणया=अर्हद्गुणाविस्मरणरूपया, न तच्छून्यतया। अनुप्रेक्षया=

---

સ્વયં કરે નહિ, પણ દ્રવ્યસ્તવના કરણના ફળથી વંચિત નહીં રહેવામાટે કાઉસ્સગ્ગ કરે તેમાં અનુચિતતા શું છે ? (આનાથી એક વસ્તુ સૂચિત થાય છે કે – શુદ્ધનિર્જરા અથવા પુણ્યાનુબંધી પુણ્યની કમાણી થતી હોય, તેવી નાનામાં નાની તક પણ જતી ન કરવી, કારણ કે ભવચક્રમાં આવી કમાણીની ક્ષણો અતિ દુર્લભ છે. આ કમાણી કરણ, કરાવણ અને અનુમોદનથી છે. એમાંથી જે અંશે પોતાને સાક્ષાત્ અધિકારઆદિ પ્રાપ્ત ન થતા હોય, તે અંશે કાઉસ્સગ્ગઆદિથી પણ તેના ફળની પ્રાપ્તિ કરવી દોષરૂપ નથી.)

તે જ પ્રમાણે શ્રાવકને પણ પૂજા-સત્કારનિમિત્તક કાયોત્સર્ગ કરવામાં દોષ નથી કારણ કે શ્રાવક જિનપ્રતિમાના પૂજા, સત્કાર કરતો હોવા છતાં પણ પોતાની આ ભક્તિમાં વિશેષ રંગ લાવવા આવી પ્રાર્થના કરે છે. વળી શ્રાવક ઘણા ભાવથી વંદનવગેરે કરતો હોય, તો પણ તેના પ્રભુને આ વંદનાદિ કરતાં અનંતગુણ ચડી જાય તેવા વંદનાદિ બીજાએ કર્યા હોય તે સંભવી શકે છે. એવા વંદનાદિ પોતે કરી શકતો ન હોવાથી – તે વંદનાદિના ફળથી પોતે વંચિત નહીં રહી જાય તે માટે કાઉસ્સગ્ગ કરે તેમાં કશું ખોટું નથી. અહીં **દશાર્ણભદ્રનું** દૃષ્ટાંત છે.

## દશાર્ણભદ્રનું દૃષ્ટાંત

**દશાર્ણભદ્ર** રાજાને જ્યારે ખબર પડી કે પોતાના 'દશાર્ણપુર' નગરમાં **પ્રભુ મહાવીર સ્વામીના** પાવન પગલા થયા છે, ત્યારે તેના આનંદની અવધિ રહી નહીં. તેના હર્ષથી ફાટ ફાટ થતાં હૈયામાં એવી ભવનાશિની ભાવનાના સ્વસ્તિક રચાયા કે 'કોઇએ નહિ કરી હોય એવી ભારે ઋદ્ધિથી પ્રભુને વંદન કરવા જાઉં'. બસ ! પછી તો ભાવનાને સાકાર કરવા **દશાર્ણભદ્ર** પોતાની ચતુરંગી સેનાસાથે બડા ઠાઠમાઠથી ભગવાનને વંદન કરવા નીકળ્યો. તે વખતે પોતાની સેનાનો ઠાઠ જોઇ તે રાજા ગર્વના પર્વતપર ચડી બેઠો કે, 'પરમાત્માને આવી ભક્તિ-ઋદ્ધિથી વંદન કોઇએ કર્યું નહીં હોય' કુવાના દેડકાના ન્યાયે થઇ ગયેલા આ ગર્વને તોડવા અને આ ગર્વથી અજાણતા થઇ જતી ભગવાનની આશાતનાથી તેને બચાવવા **સૌધર્મેન્દ્ર** પણ તે જ વખતે મોટા ઠાઠથી ભગવાનને વાંદવા આકાશમાંથી પૃથ્વીપર ઉતરી આવ્યા. એ **શક્રની** ઋદ્ધિ આગળ **દશાર્ણભદ્રની** ઋદ્ધિ સાવ ઝાંખી પડી ગઇ અને **દશાર્ણભદ્ર** ઝંખવાણો પડી ગયો. પોતાના અભિમાનપર પસ્તાવા માંડ્યો. મહેલ આગળ ઝુંપડા જેવી પોતાની ઋદ્ધિના દર્શનથી તેનો ગર્વ તો ગયો, પણ માન રહ્યું. **શક્ર** અને કર્મસત્તાને હંફાવવા **દશાર્ણભદ્રે** પરમાત્માના ચરણનું શરણ કાયમમાટે સ્વીકારી લીધું. સંયમઋદ્ધિ સ્વીકારી **શક્ર** માટે અજેય બની ગયા. સ્વકલ્યાણના રાહે ચાલતા થયા.

**તાત્પર્ય :-** શ્રાવક પોતાની શક્તિ અને કલ્પનાથી ગમે તેટલી ઉત્કૃષ્ટ ભક્તિ કરવા જાય તો પણ તે વાસ્તવમાં ઉત્કૃષ્ટતાની સીમા સુધી પહોંચી શકતી નથી. જ્યારે આ બાબતમાં બાહ્ય સાધનો ટૂંકા પડે, ત્યારે કાયોત્સર્ગદ્વારા આભ્યંતર સાધનની સહાય લઇ ઉત્કૃષ્ટ ભક્તિના ફળની પ્રાર્થના કરે તે યોગ્ય જ છે. **ઉત્કૃષ્ટદ્રવ્યસ્તવની ઇચ્છા અને તે અંગેનો જોરદાર પ્રયત્ન ઊંચી કક્ષાના ભાવને ખેંચી લાવે છે. અને ઊંચી કક્ષાના એ ભાવો દશાર્ણભદ્ર જેવા કેટલાયના ભાવસ્તવ=સંયમનું કારણ બનીને રહ્યા.** માટે ભાવસ્તવના હેતુ હોવાથી કાયોત્સર્ગના નિમિત્તતરીકે પૂજા-સત્કારનું ઉચ્ચારણ આવશ્યક છે.

સન્માનપ્રત્યય – સન્માન એટલે સ્તવનાવગેરે. વંદનાદિ આ ચાર નિમિત્ત છે. હવે કાઉસ્સગ્ગના બે પ્રયોજન

अर्हद्गुणानामेव पुनः पुनश्चिन्तनेन, न तद्वैकल्येन। 'वर्द्धमानये'ति प्रत्येकं श्रद्धादिभिः सम्बध्यते। एवमेतैर्हेतुभिस्तिष्ठामि=करोमि कायोत्सर्गमिति **वृत्तिः**।

द्रव्यस्तवानुमोदनापि भाव इति भावस्तवस्योपचयाय कायोत्सर्गद्वारा तदाश्रयणं युक्तम्। अनुमोद्यनिमित्तलोकोपचारविनयोत्कर्षत्वाच्च तदत्यन्तोपयोगो दुर्गतरत्नाकररत्नलाभतुल्यत्वाद्वा यतीनां कृत्यप्रयत्नस्येति भावनीयं सुधीभिः ॥ २३ ॥ **अथ** द्रव्यस्तवस्य भक्तिहिंसोभयमिश्रत्वादेकानुमोदनेन कथं नान्यानुमोदनमित्याशङ्कां निरस्यन् कविः स्वस्य प्रेक्षावत्तामाह–

**किं हिंसानुमतिर्न संयमवतां द्रव्यस्तवश्लाघये-**
**त्येतल्लुम्पकलुब्धकस्य वचनं मुग्धे मृगे वागुरा।**
**हृद्याधाय सरागसंयम इव त्यक्ताश्रवांशाः स्थिता**
**भावाङ्गांशमदूषणा इति पुनस्तच्छेदशस्त्रं वचः ॥ २४ ॥**

---

બતાવે છે. (૧) બોધિલાભમાટે, બોધિ=પરભવમાં જૈન ધર્મની પ્રાપ્તિ. આ બોધિલાભ પણ (૨) નિરુપસર્ગમાટે છે. નિરુપસર્ગ=જન્મવગેરે ઉપસર્ગોથી રહિતનું સ્થાન, મોક્ષ. આ કાઉસ્સગ્ગ જો શ્રદ્ધા વગેરેથી રહિત હોય, તો ફળદાયક ન બને. તેથી શ્રદ્ધાદિ બતાવે છે. આ કાયોત્સર્ગ પણ (૧) શ્રદ્ધાથી=પોતાની ઇચ્છાથી કરવાનો છે. કોઇના બળાત્કારથી નહિ. (૨) મેધાથી. હેય(=છોડવા યોગ્ય) અને ઉપાદેય(=ગ્રહણ કરવા યોગ્ય) ના જ્ઞાનપૂર્વક કરવાનો છે. જડ થઇને નહિ. અથવા મેધા=મર્યાદામાં રહીને કરવાનો છે, જેમ તેમ નહિ. (૩) ધૃતિથી=મનની સ્વસ્થતાથી કરવાનો છે, મનને રાગદ્વેષથી આકુળ બનાવીને નહિ. (૪) ધારણાથી=ભગવાનના ગુણોનું સ્મરણ કરવાપૂર્વક કરવાનો છે, સ્મરણશૂન્ય થઇને નહિ. (૫) અનુપ્રેક્ષાથી=વારંવાર પ્રભુના ગુણો વિચારવાપૂર્વક કરવાનો છે, નહિ કે તેવી વિચારણા કર્યા વગર. વર્ધમાનથી=આ પદ ઉપરોક્ત શ્રદ્ધાદિ પાંચે સાથે જોડવાનું છે. દા.ત. વધતી જતી શ્રદ્ધાથી, વધતી જતી મેધાથી ઇત્યાદિ. આ પ્રમાણે કાયોત્સર્ગ કરું છું - આમ **વૃત્તિમાં(આવશ્યક નિર્યુક્તિ-કાયોત્સર્ગ અધ્યયનની ટીકામાં)** બતાવ્યું છે. અહીં સળંગ પાઠ નથી આપ્યો.

વળી દ્રવ્યસ્તવની અનુમોદના પણ ભાવરૂપ જ છે, તેથી ભાવસ્તવની પુષ્ટિમાટે કાઉસ્સગ્ગદ્વારા દ્રવ્યસ્તવની અનુમોદનાના ભાવનો આશ્રય કરવો સંગત જ છે, અનુમોદ્ય(=દ્રવ્યસ્તવ)ના નિમિત્તે થતા પરમાત્માના લોકોપચાર વિનયના ઉત્કર્ષદ્વારા પણ આ કાયોત્સર્ગ ઉપયોગી છે. દ્રવ્યસ્તવ એ ભગવાનનો લોકોપચાર વિનય છે. (વિનયના જ્ઞાન, દર્શન, ચારિત્ર અને ઉપચાર આમ ચાર પ્રકાર છે.) કાયોત્સર્ગદ્વારા દ્રવ્યસ્તવના ઉત્કર્ષથી ઉત્કૃષ્ટ વિનય થાય છે. આમ ભગવાનના ઉત્કૃષ્ટ વિનયમાટે દ્રવ્યસ્તવ ખુબ ઉપયોગી છે. તેમાં કાયોત્સર્ગદ્વાર છે. તેથી કરણીય કાર્યોમાં પ્રયત્નશીલ સાધુમાટે તો આ દ્રવ્યસ્તવની અનુમોદના દુઃશક્ય પ્રવેશવાળા સમુદ્રમાંથી મળેલા મહારત્નસમાન છે. **॥ ૨૩ ॥**

દ્રવ્યસ્તવમાં જેમ ભક્તિ રહી છે, તેમ હિંસા પણ રહી છે. તેથી દ્રવ્યસ્તવ ભક્તિ અને હિંસા આ ઉભયરૂપથી મિશ્ર બન્યો છે. માટે ભક્તિને આગળ કરી દ્રવ્યસ્તવની અનુમોદના કરવામાં - તેમાં રહેલી હિંસાની પણ ભેગી અનુમોદના થઇ જશે. 'ખીચડીમાં ચોખા ભેગી દાળ પણ ચડી જ જાય' પ્રતિમાલોપકની આવી આશંકાને ઉખેડતા કવિ પોતાની વિચારશીલતા દર્શાવી રહ્યા છે–

**કાવ્યાર્થ :-** 'સંયમીઓને દ્રવ્યસ્તવની પ્રશંસાથી શું હિંસાની અનુમતિનો દોષ ન લાગે? અર્થાત્ લાગે જ!' પ્રતિમાલોપકરૂપ પારધિના આ વચનો મુગ્ધલોકોરૂપ હરણિયાઓમાટે જાળ સમાન છે. (અર્થાત્ આ વચનજાળમાં

(दंडान्वयः→ संयमवतां द्रव्यस्तवश्लाघया किं हिंसानुमतिर्न (भवति) ? (अपि तु भवत्येव) लुम्पक-लुब्धकस्य एतद्वचनं मुग्धे मृगे वागुरा। 'भावाङ्गांशं हृदि आधाय सरागसंयम इव त्यक्ताश्रवांशाः (वयं) अदूषणा स्थिताः' इति वचः पुनस्तच्छेदशस्त्रम्॥)

'किम्'इति। *संयमवतां*=चारित्रिणां *द्रव्यस्तवश्लाघया*=द्रव्यार्चानुमोदनया, किं हिंसानुमतिर्न भवति ? अपि तु भवत्येव, पश्यन्तु दयारसिकाः! इति भावः। **एतद्वचनं** *लुम्पकलुब्धकस्य*=लुम्पकमृगयो('मृगयु' षष्ठीविभ. ए.व.) *मुग्धे*=आपाततः श्रुतबाह्यधर्माचारे मृगे *वागुरा*=बन्धपाश इति **व्यस्तरूपकं**(=न समासयुक्तं) मुग्धपदमन-भिज्ञश्रोतर्यर्थान्तरसङ्क्रमितवाच्यमिति। य एतद्वचनं श्रुतवान् स मृतवानेवेति व्यङ्ग्य इति। पुनस्तस्य पाशस्य छेदे

---

જેઓ ફસાયા, તેઓનું ભાવમરણ નિશ્ચિત છે) 'ભાવરૂપ ભાગને હૃદયમાં સ્થાપવાદ્વારા અને આશ્રવભાગનો ત્યાગ કરવાદ્વારા જેમ સરાગસંયમ અનુમોદ્ય છે, તેમ દ્રવ્યસ્તવ પણ અનુમોદનીય છે જ. તેથી તેમ કરનારા અમે દોષ વિનાના છીએ.' આ વચન એ જાળને છેદનારું શસ્ત્ર છે.

## દ્રવ્યસ્તવની અનુમોદનામાં હિંસાનુમોદનાનો અભાવ

**પૂર્વપક્ષ :-** ઠીક છે. અનિષેધાનુમતિદ્વારા તમે દ્રવ્યસ્તવને અનુમોદનીય ઠેરવવા પ્રયત્ન કર્યો. પણ ઓ દયાપ્રેમી સાધુઓ ! એમ કરવા જતાં તમે દ્રવ્યસ્તવમાં રહેલી હિંસાની પણ અનુમોદના કરી રહ્યા છો. જો જો ! પાપડી ભેગી ઇયળ ન બફાઇ જાય તેનો ખ્યાલ રાખજો ! કારણકે હિંસા દ્રવ્યસ્તવનું અનિવાર્ય અંગ છે.

**ઉત્તરપક્ષ :-** તમે(=પ્રતિમાલોપકો) આવી વચનજાળ પાથરો મા. અહીં કાવ્યમાં પ્રતિમાલોપક(=લુંપક)ને પારધિનું રૂપક આપ્યું છે. મુગ્ધ એટલે માત્ર બાહ્ય આપાત દેખાવને જોનારા હોવાથી શ્રુતબાહ્ય ધર્મના આચારવાળા. આ મુગ્ધોને મૃગ=ભોળા હરણનું રૂપક આપ્યું છે. પ્રતિમાલોપકના વચનો આ મુગ્ધજીવોરૂપ મૃગલાઓને ફસાવનારા= ભ્રાન્તિ પમાડનારા હોવાથી આ વચનોને વાગુરા=બંધનપાશનું રૂપક આપ્યું છે. અહીં (સમાસ ન હોવાથી) **વ્યસ્તરૂપક અલંકાર** છે 'મુગ્ધ' પદ અર્થાંતરસંક્રામિતવાચ્યવાળું હોવાથી તેનો અર્થ 'અનભિજ્ઞ શ્રોતા' એવો કરવો. તેથી જેઓએ પ્રતિમાલોપકના વચનો સાંભળ્યા તેઓ મર્યા (ધર્મશરીરથી) સમજો એવો ધ્વનિ પ્રગટ થાય છે. હે પ્રતિમાલોપકો ! તમારા આ વચનજાળને છેદવા અમારા સંપ્રદાયના વચનો શસ્ત્રસમાન છે. જુઓ ! તમે છટ્ઠે સાતમે ગુણસ્થાને રહેલા સાધુના સંયમની અનુમોદના કરો છો કે નહિ ?

**પ્રતિમાલોપક :-** નિઃશંકપણે તેઓનું સંયમ અનુમોદનીય છે.

**ઉત્તરપક્ષ :-** પણ તેઓનું એ સંયમ રાગના અંશથી મિશ્રિત છે કારણ કે દસમા ગુણસ્થાનકસુધી રાગયુક્ત અવસ્થા છે. તમે એ સંયમની અનુમોદનામાં ભેગા ભેગા ત્યાં રહેલા રાગની અનુમોદના શું નથી કરતા ? અને મોક્ષપ્રતિબંધક રાગ શું પ્રશંસનીય છે ?

**પ્રતિમાલોપક :-** રાગ ભલે સંયમમાં ભળેલો હોય, પણ અમે જ્યારે સંયમને અનુમોદીએ છીએ, ત્યારે તેમાં રહેલા રાગના અંશને અનુમોદનાની કુક્ષિમાં પ્રવેશવા દેતા જ નથી. એ અંશની તો ઉપેક્ષા જ કરીએ છીએ.

**ઉત્તરપક્ષ :-** આટલા સમજુ તમે દ્રવ્યસ્તવની બાબતમાં કેમ ગોળા ગબડાવો છો ? દ્રવ્યસ્તવમાં ભક્તિરૂપ જે ઉત્કૃષ્ટ ભાવાંશ છે, તે અંશ જ અમારે મન અનુમોદનીય છે. હિંસાદિ આશ્રવનો જે અંશ છે, તેની તો અમે ઉપેક્ષા જ કરીએ છીએ. આમ અમે પણ દ્રવ્યસ્તવની અનુમોદના કરવામાં દોષરહિત જ છીએ. **તાત્પર્ય :-** જેમ સરાગસંયમની અનુમોદના થતી હોય ત્યારે એમાં રહેલો રાગઅંશ અનુમોદનીયની કુક્ષિમાં પ્રવેશતો નથી – એની અનુમોદના થતી નથી – એનું અનુમોદનીયરૂપે સ્મરણ નથી. એ જ રીતે દ્રવ્યસ્તવની અનુમોદનાવખતે હિંસા અંશ અનુમોદનીયકુક્ષિમાં

शस्त्रं वचोऽस्मत्साम्प्रदायिकानामिति। किम्? इह प्रक्रान्ते द्रव्यस्तवे द्रव्यभावोभयात्मके भाव एवाङ्गभूतो योंऽशः, तं *हृदि*=चित्ते, *आधाय*=स्थापयित्वा, सरागसंयम इव *त्यक्तः*=उपेक्षित *आश्रवांशः*=आश्रवभागो यैस्ते, तथा *अदूषणाः*=दोषरहिताः, वयं स्थिताः स्मः। **अयं भावः** → सरागसंयमेऽनुमोद्यमाने यथा रागो नाऽनुमोद्यताकुक्षौ प्रविशति, तथा द्रव्यस्तवेऽनुमोद्यमाने हिंसांशोऽपि, संयमत्वेनानुमोद्यत्वे रागांशो नोपतिष्ठत एवेति द्रव्यस्तवत्वेनानुमोद्यत्वे सुतरां हिंसानुपस्थितिर्द्रव्यस्तवशरीरस्याप्यघटकत्वात्तस्याः। इत्थमेव **श्रीनेमिना गजसुकुमारस्य** श्मशानप्रतिमापरिशीलनेऽनुज्ञाते तदविनाभावि तच्छिरोज्वलनमननुज्ञातमित्युपपादयितुं शक्यते। **द्रव्यस्तव** एव परप्राणापहारानुकूलव्यापारत्वाद् हिंसेति चेत्? **तथापि** द्रव्यस्तवत्वं न हिंसात्वमिति न क्षतिः। वस्तुतो

---

પ્રવેશતો નથી.

'દ્રવ્યસ્તવ' આ દ્રવ્યસ્તવનું શરીર=શાબ્દિક રચના છે. એમાં પણ 'હિંસા'શબ્દ ઘટક=એક ભાગરૂપ નથી. તેથી દ્રવ્યસ્તવની અનુમોદનાવખતે એની સ્મૃતિ પણ થતી નથી, તો અનુમોદનાની તો વાત જ ક્યાંથી? ('સરાગસંયમ' આ શબ્દમાં રહેલું રાગપદ એ સંયમમાં રહેલા રાગાંશનું ઉદ્બોધક હોવા છતાં, ત્યાં તમે રાગાંશની ઉપેક્ષા કરી શકો છો, તો 'દ્રવ્યસ્તવ' આ શબ્દમાં ક્યાંય હિંસાઅંશનું ઉદ્બોધક પદ ન હોવાથી હિંસાંશની ઉપેક્ષા સહજ છે, માટે ત્યાં તો એવી ઉપેક્ષા સહજ થઇ શકે.) તેથી એક નિયમ થયો કે 'જ્યારે શુભ યોગના જે અંશને પ્રધાન કરી અનુમોદનાદિ થતા હોય છે, ત્યારે તે સિવાયના અનિવાર્ય અનિષ્ટ અંશની ઉપેક્ષા જ હોય છે. તેથી તેના અનુમોદનાદિ થતા નથી.'

## ગજસુકુમારનું દૃષ્ટાંત

**નેમિનાથ ભગવાને ગજસુકુમારને** સ્મશાનમાં પ્રતિમાવહન કરવાની રજા આપી, ત્યાં પણ આ જ નિયમ કામ કરે છે. (તે જ દિવસના દીક્ષિત થયેલા મહાવૈરાગી **ગજસુકુમારે** કર્મસામે જંગે ચડવાનો મનસુબો કર્યો. અત્યાર સુધી ગુલામીની જંજીરમાં ઝકડી રાખનારા કર્મરાજાને રણમાં રગદી નાખવા અને ગુલામીની બેડી કાયમમાટે ફગાવી દેવા કટિબદ્ધ થયેલા **ગજસુકુમારે આબાળબ્રહ્મચારી કરુણાસાગર શ્રીનેમિનાથ ભગવાન** પાસે સ્મશાનમાં કાઉસ્સગ્ગ-ધ્યાનમાં રહેવાની રજા માગી. **દયાસિંધુ શ્રીનેમિનાથ ભગવાને** રજા આપી. તે વખતે **મહાજ્ઞાની પ્રભુને** ખબર હતી જ, કે **ગજસુકુમારને** સ્મશાનમાં મારણાંતિક ઉપસર્ગ આવશે. તેના માથે ધગધગતા અંગારા મુકાશે. છતાં **યોગીશ્વર વિભુએ** રજા આપી, કારણ કે **જગદ્વત્સલ ત્રિલોકનાથ** જાણતા હતા, કે ત્યાં જ **ગજસુકુમારને** કેવળજ્ઞાન અને મોક્ષસુખની પ્રાપ્તિ થવાની છે. અહીં કોઇ મૂરખ એમ બકે કે '**ભગવાને** આ અનુમતિ આપી, તેમાં અનિવાર્ય એવા મરણની પણ અનુમતિ આપી'તો તે મૂરખને ઉપરનો નિયમ સમજાવી શકાય કે, મૂરખ! **ભગવાને ગજસુકુમારને** સ્મશાનમાં કાઉસ્સગ્ગની અનુમતિ આપી તેમાં તેમની અનુમોદનીય નજર **ગજસુકુમારના** ધૈર્યપર અને મોક્ષપર જ હતી, અનિવાર્ય ઉપસર્ગ અને મૃત્યુઅંગે તો માત્ર ઉપેક્ષાભાવ જ હતો.)

## હિંસાનું સાચું લક્ષણ

**પ્રતિમાલોપક :-** તમે સમજતા નથી. આ દ્રવ્યસ્તવ પૃથ્વીવગેરે બીજા જીવોના પ્રાણના નાશની જનક ચેષ્ટારૂપ હોવાથી પોતે જ હિંસારૂપ છે.

**ઉત્તરપક્ષ :-** તો પણ 'દ્રવ્યસ્તવત્વ' અને 'હિંસાત્વ' તો એક નથી જ. (જેમ સાધુના આહારાદિ વ્યવહારો માનવીય હોવાથી સાધુઓ પોતે માનવ જ છે, છતાં સાધુતા અને માનવતા એક નથી. સાધુતા છઠ્ઠા-સાતમાઆદિ ગુણસ્થાનકને અનુરૂપ ક્રિયાદિના અવચ્છેદકતરીકે સિદ્ધ છે, જ્યારે માનવતા મનુષ્યગતિના ઉદયના અવચ્છેદક આદિરૂપ છે. એમ દ્રવ્યસ્તવનો વ્યાપાર પરપ્રાણાપહારાદિરૂપે હિંસાના વ્યાપારને સમાન લાગતો હોવા છતાં દ્રવ્યસ્તવત્વ ભાવસ્તવની કારણતાના અવચ્છેદક તરીકે સિદ્ધ છે, જ્યારે હિંસાત્વ હિંસાજન્ય દુર્ગતિના કારણતાઅવચ્છેદકતરીકે સિદ્ધ છે. આમ દ્રવ્યસ્તવત્વ-હિંસાત્વરૂપ અવચ્છેદકોના ભેદથી દ્રવ્યસ્તવ અને હિંસાવચ્ચે ભેદ સિદ્ધ છે.) તેથી 'દ્રવ્યસ્તવત્વ' ને પ્રધાન કરી અનુમોદના કરવામાં દોષ નથી.

विहारादावतिव्याप्तिवारणाय प्रमादप्रयुक्तप्राणव्यपरोपणत्वं हिंसात्वं वाच्यं, तच्च न प्रकृत इति न दोषः। **एवं सति 'सविशेषण'** इत्यादिन्यायात्प्रमादाप्रमादयोरेव हिंसाऽहिंसारूपत्वे प्रमादत्वाप्रमादत्वाभ्यां एव बन्धमोक्षहेतुत्वे विशेष्यभागानुपादानं स्यादिति चेत् ? **सत्यं,** प्रमादयोगात्प्राणव्यपरोपणं हिंसा, अप्रमादयोगात्प्राणाव्यपरोपणमहिंसेति लक्षणयोर्व्यवहारार्थमेवाचार्यैरनुशासनाद्बन्धमोक्षहेतुताया निश्चयतः प्रमादत्वाप्रमादत्वाभ्यामेव

---

દ્રવ્યસ્તવત્વ ભાવસ્તવની કારણતાના અવચ્છેદકરૂપે અનુમોદનીય છે જ. (ભાવસ્તવ કાર્ય છે, દ્રવ્યસ્તવ કારણ છે, તેથી દ્રવ્યસ્તવમાં કારણતા આવી. આ કારણતાના અવચ્છેદક-નિયામક તરીકે રહેલું દ્રવ્યસ્તવત્વ દ્રવ્યસ્તવને અનુમોદનીય પણ બનાવે છે. આમ દ્રવ્યસ્તવત્વ દ્રવ્યસ્તવની અનુમોદનીયતાનું પણ અવચ્છેદક છે. દ્રવ્યસ્તવ ભાવસ્તવનું કારણ બનતું હોવાથી અનુમોદનીય છે - એમ કહેવાનું તાત્પર્ય છે.

જો કે આ રીતે દ્રવ્યસ્તવ અનુમોદનીય થવા છતાં હિંસારૂપ બનતો તો દેખાય છે, પણ હકીકતમાં તો દ્રવ્યસ્તવ હિંસારૂપ નથી જ, એ વાત ગ્રંથકારના હૈયે વસેલી હોવાથી વસ્તુતઃ કહી દ્રવ્યસ્તવને હિંસારૂપ માનવામાં આપત્તિ બતાવે છે.) બાકી પૂર્વપક્ષે તો કહી દીધું કે 'જે ક્રિયામાં હિંસા સંભવતી હોય, તે ક્રિયા હિંસારૂપ.' પણ તેમ માનવામાં વિહારાદિ ક્રિયામાં પણ પૃથ્વીવગેરે જીવોની હિંસા સંભવતી હોવાથી એ બધી ક્રિયાઓ પણ હિંસારૂપ બની જાય તેનો ખ્યાલ ન રાખ્યો. શું વિહારવગેરે ક્રિયાઓ હિંસારૂપે તમને સંમત છે ? નહીં જ. તેથી હિંસાના સ્વરૂપઅંગેની તમારી આ માન્યતા અતિવ્યાપ્તિદોષથી કલંકિત છે. ('પરપ્રાણાપહારજનકક્રિયા-હિંસા', હિંસાનું આવું લક્ષણ કરવાથી એવી દેખાતી તમામ ક્રિયાઓમાં હિંસાનું લક્ષણ માનવું પડશે, એવી તમામ ક્રિયાઓ હિંસાત્વથી અવચ્છિન્ન લક્ષણવાળી થશે. તાત્પર્ય કે એ તમામ ક્રિયાઓમાં હિંસાત્વરૂપ હિંસાનું લક્ષણ માનવું પડશે અને તો વિહારાદિ ક્રિયાઓ પણ આવા સ્વરૂપવાળી હોવાથી હિંસાના લક્ષણવાળી - હિંસાત્વયુક્ત માનવી પડશે. જે ઉભયપક્ષમાન્ય નથી. આમ ઉપરોક્ત લક્ષણ જે વાસ્તવમાં હિંસારૂપ નથી, તેમાં પણ આવી જવારૂપ અતિવ્યાપ્તિદોષ લાગે છે. લક્ષ્યથી ભિન્નમાં પણ લક્ષણનો પ્રવેશ થાય, તો લક્ષણ અતિવ્યાપ્તિદોષગ્રસ્ત બને.)

**પ્રતિમાલોપક :-** તો પછી હિંસાનું સાચું લક્ષણ=સ્વરૂપ શું ?

**ઉત્તરપક્ષ :-** 'પ્રમાદને કારણે થતો પ્રાણનો નાશ' આ જ હિંસાનું પ્રમાણભૂત લક્ષણ છે. હિંસાનું આ લક્ષણ દ્રવ્યસ્તવમાં સંભવતું નથી. તેથી દ્રવ્યસ્તવ હિંસારૂપ નથી.

**પ્રતિમાલોપક :-** દ્રવ્યસ્તવમાં બીજાના પ્રાણોનો નાશ હોવા છતાં પ્રમાદનો અભાવ હોવામાત્રથી તમે દ્રવ્યસ્તવને હિંસારૂપ ગણતા નથી. આમ કરીને તમે તો **'વિશેષણયુક્ત વિશેષ્યમાં બતાવેલી વિધિ કે નિષેધ વિશેષ્યમાં બાધ હોય, તો વિશેષણમાં સંક્રામિત થાય છે.'** એ ન્યાયથી પ્રમાદને જ હિંસારૂપ સિદ્ધ કરો છો. આમ તમારા હિસાબે પ્રમાદ જ હિંસારૂપ છે અને બંધનું કારણ છે. તથા અપ્રમાદ જ અહિંસારૂપ છે અને મોક્ષનું કારણ છે. તેથી 'જીવવધ'વગેરે વિશેષ્યભાગ અનાવશ્યક અને અનુપાદેય બની જશે.

**ઉત્તરપક્ષ :-** બરાબર છે. નિશ્ચયથી પ્રમાદ જ હિંસારૂપ છે, અપ્રમાદ જ અહિંસારૂપ છે.

**પ્રતિમાલોપક :-** તો પછી તમારા આચાર્યોએ 'પ્રમાદયોગથી જીવવધ એ હિંસા અને અપ્રમાદયોગથી જીવવધનો અભાવ એ જ અહિંસા' એવી વ્યાખ્યા શું કામ કરી ?

**ઉત્તરપક્ષ :-** વ્યવહારની સિદ્ધિમાટે. લોકોમાં 'પ્રાણનો નાશ' હિંસા તરીકે માન્ય છે. તેથી આ પ્રમાણે વ્યાખ્યા અમારા પૂર્વાચાર્યોએ કરી છે. બાકી નિશ્ચયથી તો પ્રમાદ અને અપ્રમાદ જ ક્રમશઃ હિંસા અને અહિંસારૂપ છે.

(**પ્રતિમાલોપક :-** તો તો પછી અપ્રમત્ત રહીને જીવવધ કરવામાં વાંધો નહિ ને ?

**ઉત્તરપક્ષ :-** જે અપ્રમત્ત હોય, તે પ્રાયઃ જીવવધમાં પ્રવર્તતો જ નથી. અપ્રમત્તથી થતો જીવવધ કાં તો (૧) બહુ લાભના આશયથી થતી ધર્મહેતુક ક્રિયાના અનિવાર્ય અંશરૂપ હોય દા.ત. જિનપૂજામાં. (૨) કાં તો સંયમપાલન માટે થતી ક્રિયામાં અશક્યપરિહારરૂપ હોય દા.ત. વિહારાદિમાં અને કાં તો (૩) અનાભોગ - સહસાત્કારથી હોય દા.ત. ઇર્યાસમિતિનું પાલન કરવાપૂર્વક

व्यवस्थितेर्बाह्यहेतूत्कर्षादपि फलोत्कर्षाभिमानिना व्यवहारनयेन तु विशेष्यभागोऽप्याद्रियत इति सर्वमवदातं नयज्ञानाम्॥ २४॥ अनुपदेश्यत्वादननुमोद्यत्वं द्रव्यस्तवस्येत्यत्राह–

**मिश्रस्यानुपदेश्यता यदि तदा श्राद्धस्य धर्मस्तथा,**
**सर्वः स्यात्सदृशी नु दोषघटना सौत्रक्रमोल्लङ्घनात्।**
**तत्सम्यग्विधिभक्तिपूर्वमुचितद्रव्यस्तवस्थापने,**
**विद्यो नापरमत्र लुम्पकमुखम्लानिं विना दूषणम्॥ २५॥**

(**दंडान्वयः→** यदि मिश्रस्यानुपदेश्यता तदा श्राद्धस्य सर्वो धर्मस्तथानुपदेश्यः स्यात्। सौत्रक्रमोल्लङ्घनात् नु दोषघटना सदृशी। तत्सम्यग्विधिभक्तिपूर्वमुचितद्रव्यस्तवस्थापनेऽत्र लुम्पकमुखम्लानिं विना नापरं दूषणं विद्मः॥)

---

ચાલતી વખતે અચાનક આવી ચડેલા જીવનો વધ. આ ત્રણે સ્થળે હિંસાનો ભાવ કે પ્રમાદ નથી, માટે આ ત્રણે સ્થળે હિંસા નથી. જેઓ આ સિવાય હિંસા કરે છે, તેઓ પ્રાયઃ અપ્રમત્ત નથી. તેથી તમે કહ્યો તેવા બચાવને કોઇ અવકાશ નથી.)

**પ્રતિમાલોપક :-** તો પણ હિંસામાટે બાહ્ય હેતુ તો અકિંચિત્કર જ સિદ્ધ થયો ને ?

**ઉત્તરપક્ષ :-** ના. કારણ કે બાહ્ય હેતુના ઉત્કર્ષથી પણ ફળમાં ઉત્કર્ષ આવે છે, તેવું માનતો વ્યવહારનય તો બાહ્ય વધમાં પણ હિંસા સ્વીકારે છે. તેથી 'જીવવધ' આદિરૂપ વિશેષ્યભાગ પણ હિંસાના લક્ષણમાં સ્વીકૃત છે.① આમ નયને સમજનારાઓ માટે અહીં કશુ અજુગતું નથી. **॥ ૨૪ ॥**

## સાધુ દ્રવ્યસ્તવના ઉપદેશનો અધિકારી

'સાધુઓને દ્રવ્યસ્તવનો ઉપદેશ આપવાનો અધિકાર નથી. તેથી સાધુઓએ દ્રવ્યસ્તવનું અનુમોદન કરવાનું નથી તેમ સિદ્ધ થાય છે.' એવી કુકલ્પનાનું સમાધાન કરતા કહે છે—

**કાવ્યાર્થ :-** જો દ્રવ્યસ્તવ મિશ્રરૂપ હોવાથી ઉપદેશ્ય(=ઉપદેશ દેવાયોગ્ય) નથી એમ હોય, તો શ્રાવકના બધા ધર્મો અનુપદેશ્ય થઇ જશે (કારણ કે શ્રાવકના બધા ધર્મો મિશ્ર છે.) તથા સૂત્રમાં દર્શાવેલા ક્રમના ઉલંઘનમાં દોષની પ્રાપ્તિ તો બન્ને સ્થળે સમાન છે. તેથી સમ્યક્પ્રકારે વિધિ અને ભક્તિપૂર્વકના ઉચિત દ્રવ્યસ્તવનો ઉપદેશ આપવામાં પ્રતિમાલોપકોનું મુખ કરમાઇ જવારૂપ એક દોષ છોડી બીજો કોઇ દોષ અમને દેખાતો નથી.

**પૂર્વપક્ષ :-** જો આમ દ્રવ્યસ્તવ અનુમોદનીય હોય, તો ઉપદેશ્ય કેમ નથી ? (હોવો જ જોઇએ, પણ નથી.) તેથી અનુમોદનીય પણ નથી. **અનુમાનપ્રયોગ :-** સાધુઓને (પક્ષ) દ્રવ્યસ્તવ અનુમોદનીય નથી (સાધ્ય) કારણ કે એ મિશ્રરૂપ હોવાથી ઉપદેશ્ય નથી. (હેતુ)

---

① નિશ્ચયમત-આત્માના તમામ અશુભ અધ્યવસાયો પ્રમાદરૂપ છે અને શુભ અધ્યવસાયો અપ્રમાદરૂપ છે. આ શુભ-અશુભઅધ્યવસાયોની ઉત્પત્તિ અને તીવ્રતા-મંદતામાં બાહ્યનિમિત્તો કારણ નથી. તેઓ અવર્જનીયસંનિધિમાત્ર છે.

વ્યવહારમત-બાહ્યનિમિત્તોની સંખ્યા-ઉત્કૃષ્ટતા વગેરેને અપેક્ષીને જીવના અધ્યવસાયોમાં તીવ્ર-મંદતા, શુભતા-અશુભતાઆદિ ફેરફારો થાય છે. માટે તે નયમતે બાહ્ય નિમિત્તો કર્મબંધ-મોક્ષમાં હેતુ છે.

**સ્થિતપક્ષ :-** પ્રાથમિકભૂમિકામાં 'વ્યવહાર' પ્રધાન છે કારણ કે જીવો નિમિત્તવાસી હોય છે. ઊંચી ભૂમિકા પામ્યા પછી 'નિશ્ચય' પ્રધાન બને છે કારણ કે આત્મા પરિણત હોવાથી નિમિત્તને આધીન થતો નથી. અપુનર્બંધકવગેરે રૂપે રહેલા મિથ્યાત્વીઓને સમ્યક્ત્વની પ્રાપ્તિમાં, બીજાઓમાં બીજનું આધાન કરવામાં અને પ્રાયઃ ભાવરૂપ નિશ્ચયને પ્રગટાવવામાં વ્યવહાર ખૂબ ઉપયોગી છે. આ બાબતમાં **ગુરુતત્ત્વવિનિશ્ચય ગ્રંથ** વાંચવા જેવો છે.

'मिश्रस्य'इति। यदि मिश्रस्येति हेतुगर्भं विशेषणं मिश्रत्वादिति यावत्। *यद्यनुपदेश्यता*=साधूनामुपदेशाविषयता द्रव्यस्तवस्य त्वया प्रतिज्ञायते, तदा श्राद्धस्य धर्मः सर्वस्तथाऽनुपदेश्यः स्यात्, तस्य मिश्रतायाः कण्ठरवेण सूत्रकृतेऽभिधानात्। **इष्टापत्तिरत्र**, सर्वविरतिरूपस्यैव धर्मस्य शास्त्रेऽभिधानादंशे स्वकृत्यसाध्यताप्रतिसन्धानेऽश एव तस्यार्थसिद्धदेशविरतिरूपत्वात्, *'जं सक्कइ तं कीरइ'* [सम्बोधप्रक॰ ८९४ पा॰ १] इत्यादिव्युत्पत्तिमतां तत्र

---

**ઉત્તરપક્ષ :-** અહીં 'મિશ્ર'પદ દ્રવ્યસ્તવનું સ્વરૂપદર્શક વિશેષણ છે કે હેતુગર્ભિત વિશેષણ છે ? (જે પોતે વિશેષણ પણ બનતું હોય અને વિશેષ્યના વિધેયઅર્થમાં હેતુ પણ બનતું હોય, તે હેતુગર્ભિત વિશેષણ.) જો માત્ર સ્વરૂપદર્શક હોય, તો તમારા અનુમાનમાં 'વ્યર્થવિશેષણ' દોષ છે કારણ કે સાધ્યને સિદ્ધ કરવામાં અનુપયોગી છે. અને જો 'મિશ્ર'પદ દ્રવ્યસ્તવની અનુપદેશ્યતામાં હેતુ હોય, તો 'મિશ્ર'નો અર્થ મિશ્રત્વ થયો. તેથી તમારા અનુમાનમાં જે 'અનુપદેશ્યત્વાત્' હેતુ છે, તેની સિદ્ધિમાટે 'મિશ્રત્વ' હેતુ બનશે. તેથી તમારા 'અનુપદેશ્યત્વ' હેતુની સિદ્ધિ માટે આ અનુમાનપ્રયોગ કરી શકાય – 'દ્રવ્યસ્તવ અનુપદેશ્ય છે, કારણ કે મિશ્રરૂપ છે.'

**પૂર્વપક્ષ :-** બરાબર છે. આ પ્રયોગથી દ્રવ્યસ્તવ અનુપદેશ્ય સિદ્ધ થશે. અને તે સિદ્ધ થવાથી દ્રવ્યસ્તવ અનનુમોદનીય પણ સિદ્ધ થશે.

**ઉત્તરપક્ષ :-** ઊભા રહો ! મિશ્રત્વ હેતુથી જો દ્રવ્યસ્તવને અનુપદેશ્ય સિદ્ધ કરશો, તો શ્રાવકના બધા જ ધર્મો અનુપદેશ્ય(=ઉપદેશાને અયોગ્ય) બની જશે. કારણ કે **સૂત્રકૃતાંગમાં** સ્પષ્ટ શબ્દોમાં શ્રાવકના બધા ધર્મોને મિશ્રરૂપે બતાવ્યા છે.

**પૂર્વપક્ષ :-** 'આ તો 'ભાવતુ'તું ને વૈદે કહ્યું' જેવું થયું. સાધુએ ગૃહસ્થના ધર્મોનો ઉપદેશ આપવાનો જ નથી. શાસ્ત્રમાં સર્વવિરતિ ધર્મનું જ પ્રતિપાદન કર્યું હોવાથી સાધુએ પણ સર્વવિરતિધર્મની જ પ્રરૂપણા કરવાની છે. ગૃહસ્થના ધર્મની પ્રરૂપણા કરવાની નથી.

## સ્વેચ્છાચારથી વ્રતગ્રહણનો નિષેધ

**શંકા :-** તો પછી ગૃહસ્થ શ્રાવકધર્મને આચરશે શી રીતે ?

**સમાધાન :-** *'જં સક્કઇ તં કીરઇ'*(=જેટલું શક્ય હોય તેટલું આચરે) આ વચનને અવલંબી વ્યુત્પત્તિવાળા= શાસ્ત્રાર્થને સમજવાવાળા ગૃહસ્થને સર્વવિરતિધર્મના ઉપદેશમાંથી જેટલા અંશમાં સ્વકૃતિસાધ્યતા(=પોતાનાથી થઇ શકે તેવું)નું જ્ઞાન થાય, તેટલા અંશનો તે ગૃહસ્થ સ્વીકાર કરે અને જેટલા અંશમાં 'સ્વકૃતિ-અસાધ્યતા (=પોતાનાથી થઇ ન શકે-પોતાની શક્તિ બહારનું) જ્ઞાન થાય, તેટલા અંશને તે છોડી દે. આમ દેશવિરતિધર્મ અર્થસિદ્ધ છે, તેનો સાક્ષાત્ ઉપદેશ આપવાનો નથી.

**ઉત્તરપક્ષ :-** સર્વવિરતિધર્મના ઉપદેશમાંથી શ્રાવકના ધર્મનું જ્ઞાન થવું શક્ય નથી, કારણ કે સર્વવિરતિધર્મ પાંચ મહાવ્રતના પાલનરૂપ એકવિધ જ છે. જ્યારે દેશવિરતિધર્મ બાર વ્રતઆદિ અનેક વિકલ્પ જાળોથી સભર છે. તેથી સંયમધર્મના ઉપદેશથી શ્રાવક પોતાના આ વિકલ્પોના વિભાગનું જ્ઞાન મેળવી શકે નહિ. આમ વિશેષવિધિ આદિના જ્ઞાન વિના તે-તે વ્રત ગ્રહણ થઇ શકે નહિ. વળી કદાચ માની લો કે, ગૃહસ્થ સર્વવિરતિધર્મના શ્રવણથી પોતાને યોગ્ય વ્રતોનું જ્ઞાન કરી લેશે. પણ તે વ્રતો આપશે કોણ ? વ્રતોનો ઉપદેશ દેવામાટે પણ અનધિકારી સાધુઓ એ વ્રતો આપવાના અધિકારી તો સુતરામ નહીં સંભવે.

## શ્રાવક ભિક્ષા માટે અનધિકારી

**પૂર્વપક્ષ :-** 'સાધુના પાંચ મહાવ્રત છે' એ જ્ઞાનથી શ્રાવક અતિદેશદ્વારા બાર વ્રતોનું જ્ઞાન કરી તે વ્રતોને

प्रवृत्तिसम्भवादिति चेत् ? **न**। द्वादशव्रतादिविभागस्य विशेषविधिं विनाऽनुपपत्तेः, अतिदेशेन स्वेच्छया ग्रहणे श्रमणलिङ्गस्यापि श्राद्धेन ग्रहणप्रसङ्गात्। **दृश्यत** एव केषाञ्चित् श्राद्धानां भिक्षाग्रहणादिकं यतिव्रतमतिदेशप्राप्तमिति चेत् ? **दृश्यते** तदद्रष्टव्यमुखानां, न तु मार्गवर्तिनां, अनुचितप्रवृत्तेर्महामोहबन्धहेतुत्वाद्भिक्षुशब्दप्रवृत्तिनिबन्धनस्य श्राद्धेऽनुपपत्तेरानन्दादिभिरनादरणात्। **अम्बडस्य** तु परिव्राड्लिङ्गत्त्वेन भिक्षाया(यां) अनौचित्याभावात्। ततः श्राद्धधर्मवद् द्रव्यस्तवस्य नानुपदेश्यता, अप्रतिषेधानुमत्याक्षेपपरिहारयोरुभयत्र तुल्ययोगक्षेमत्वात्। यतिधर्मा-

---

સ્વેચ્છાથી જ સ્વીકારી લેશે.

**ઉત્તરપક્ષ :-** શ્રાવક જો પોતાના વ્રતો આમ સ્વેચ્છાથી સ્વીકારી લેશે, તો શ્રમણલિંગ – ઓઘો પણ જાતે જ સ્વીકારી લેશે.

**પૂર્વપક્ષ :-** ભલે ને તેમ થાય ! કેટલાક શ્રાવકોને ભિક્ષાગ્રહણવગેરે સાધુઓના વ્રત પોતાની યોગ્યતા મુજબ અતિદેશથી પ્રાપ્ત થઇ જાય છે. તેથી સ્વયં તેનો સ્વીકાર કરી લેતા દેખાય જ છે.

**ઉત્તરપક્ષ :-** દેખાતા હશે ઉન્માર્ગીઓના આચારમાં ! બાકી માર્ગને અનુસરનારાઓના આચારમાં ક્યારેય પણ આવી સ્વચ્છંદાચાર પ્રવૃત્તિ થતી નથી અને થાય તો ચલાવી લેવાતી નથી. (જરા કલ્પના તો કરો ! જે તે વ્યક્તિ જ્યારે-ત્યારે ફાવે તેમ ફાવે તેવા વ્રતો લઇ લે અને ફાવે તેમ વર્તે એ ચિત્રની કલ્પના પણ કેટલી ભયંકર છે ! પછી શું રહી શાસનની મર્યાદા ? શું આ શાસન પોપાબાઇનું રાજ છે કે એમાં બધાએ પોતાની ઇચ્છામુજબ વર્તવાનું હોય ?) કોઇપણ ડાહી વ્યક્તિ આવા સ્વેચ્છાચારને ઉચિત પ્રવૃત્તિતરીકે સ્વીકારે નહિ. અને સમજી લેજો આવી **પ્રત્યેક અનુચિત પ્રવૃત્તિઓ ચીકણા મોહનીય કર્મબંધના હેતુઓ છે.** વળી જરા જોઇ લેજો – **દશવૈકાલિક** વગેરે ગ્રંથો. એમાં 'ભિક્ષુ' શબ્દની શી વ્યાખ્યા કરી છે ? અને કોને ભિક્ષુ તરીકે બતાવ્યો છે ? એ જરા જાણી લેજો. પછી ખ્યાલ આવી જશે કે ગમે તેવો ઊંચો શ્રાવક પણ 'ભિક્ષુ'પદ માટે અયોગ્ય છે. વળી, જે ભિક્ષુ નથી, તેને ભિક્ષાએ જવાનો અધિકાર પણ નથી. તેથી જ ભગવાનના **આનંદવગેરે** મહાશ્રાવકોએ ક્યારેય પણ ભિક્ષાએ જવાની ચેષ્ટા કરી નથી.

**પૂર્વપક્ષ :- અંબડ** (પરિવ્રાજક) પણ ભગવાનનો શ્રાવક હોવા છતાં તે ભિક્ષાથી જ પેટ ભરતો હતો એ સર્વવિદિત છે.

**ઉત્તરપક્ષ :-** અરે ! એ જ દર્શાવે છે કે શ્રાવકે ભિક્ષાથી પેટ ભરવાનું નથી. જો ભિક્ષાથી જ પેટ ભરવું હોય, તો શ્રાવકપણું છોડી સાધુ થઇ જવું. એટલું સામર્થ્ય ન હોય, અને ભિક્ષાએ જવું જ પડતું હોય, તો કમ સે કમ શ્રાવકના વેશમાં તો ભિક્ષાએ ન જ જવું. **અંબડ શ્રાવકને** આ ખ્યાલ હતો, તેથી જ તે ભિક્ષાએ પરિવ્રાજકના વેશમાં જતો હતો, નહિ કે શ્રાવકના વેશમાં. લોકો પરિવ્રાજકને પણ ભિક્ષુક માનતા હોવાથી તેમાં શાસનની હીલનાનો પ્રસંગ નથી. તેથી તે અનુચિત નથી. પણ શ્રાવકના વેશમાં ભિક્ષાએ જાય એ કેટલું બેહુદું છે ? એમાં શાસનની શોભા વધે કે ઘટે ? લોકો શાસનમાટે શું બોલે ? જરા આ બધો તો વિચાર કરો. ટુંકમાં શ્રાવકે કે સાધુએ સ્વેચ્છાચારથી કોઇ વ્રત લેવાના નથી. પણ સંવિગ્ન ગીતાર્થ ગુરુને પરતંત્ર રહીને જ લેવાના છે. અને વ્રત આપનાર ગુરુનો અધિકાર છે કે, વ્રત આપતાં પહેલા વ્રતના સ્વરૂપનું દર્શન કરાવવું. આમ શ્રાવકના ધર્મનો ઉપદેશ આપવાનો સાધુને અધિકાર છે જ. તેથી જ શ્રાવકધર્મના એક ભાગરૂપ દ્રવ્યસ્તવનો ઉપદેશ પણ સાધુ આપી શકે છે. તેથી મિશ્રધર્મ હોવાથી દ્રવ્યસ્તવ અનુપદેશ્ય છે, તે વાત પોકળ ઠરે છે. કારણ કે શ્રાવકના બીજા મિશ્ર ધર્મોની જેમ દ્રવ્યસ્તવ પણ ઉપદેશ્ય અને અનુમોદનીય છે. (જો ભગવાને કે પરંપરાથી યાવત્ વર્તમાનકાલીન સાધુએ ક્યારે'ય શ્રાવકના બારવ્રતોરૂપી ગૃહસ્થધર્મની પ્રરૂપણા કરી જ ન હોય, તો **આનંદાદિ શ્રાવકો** કે વર્તમાનકાલીન ગૃહસ્થો પોતાની શક્તિનું કે સવિકલ્પ બાર વ્રતોનું અનુમાન કેવી રીતે કરી શકે ? જે વાત સપનામાં પણ

भिधानात्प्रागनभिधानस्याप्युभयत्र तथात्वात्। यतिधर्मस्य प्रागभिधाने श्रोतुस्तदशक्तत्वे ज्ञाते तं प्रति श्राद्धधर्म-प्ररूपणं यथावसरसङ्गत्या भावस्तवस्य प्रागभिधाने तदशक्तिप्रकाशकं प्रत्येव द्रव्यस्तवाभिधानमिति क्रमस्यैव रूढत्वाद्। अत एव **गृहपतिपुत्रबन्दिगृहविमोक्षणन्यायः** सूत्रसिद्धः। तदिदमाह- *सौत्रस्य*=सूत्रसिद्धस्य क्रम *स्यो-ल्लङ्घनात्*=उल्लङ्घनमाश्रित्य। नुरिति निश्चये *दोषघटना*=दोषसङ्गतिः *सदृशी*=तुल्या। क्रमप्राप्ते उपदेशे तु न कोऽपि

સાંભળી નથી, એ અંગે એવો ક્ષયોપશમ જાગવો શું શક્ય છે ? અને જો ગૃહસ્થો આ રીતે બાર વ્રતો અને પોતાની શક્તિ અંગેનો નિર્ણય કરવા સમર્થ હોય, તો પાંચ મહાવ્રતો અંગે પણ નિર્ણય કરવા સમર્થ બની જ શકે. અને તો તો પાંચમહાવ્રતમાટે પણ ઉપદેશની જરૂરત જ ન રહે. હકીકતમાં તો અનાદિથી મોહમાં અને પ્રમાદમાં પડેલા મોટા ભાગના જીવો ઉપદેશ સાંભળીને પણ પોતાની શક્તિથી ઓછા વ્રત લેવા કે બિલ્કુલ વ્રત ન લેવા જ ઉદ્યત થતાં હોય છે, અને તે વખતે પોતાના આવા પરિણામને પોતાની શક્તિની અલ્પતા કે અભાવમાં ખતવી નાંખતા હોય છે. તે વખતે ગુરુ ભગવંતો સાચા માર્ગદર્શક બને છે કે જેઓ સાધુ થવા સમર્થને એ માટે પ્રેરણા આપે છે, અને જેની ખરેખર એ માટે યોગ્યતા નથી અને એ વ્રત લેવા ઉત્સાહી હોય, તો અટકાવે પણ છે. વળી, **આનંદાદિ** શ્રાવકોએ ભગવાન પાસે બાર વ્રતનું સ્વરૂપ સમજી વ્રતો લીધાની વાત **ઉપાસકદશાંગવગેરે** આગમમાં આવે છે. વળી **શૂલપાણી** યક્ષના ઉપસર્ગ પછી ક્ષણિક નિદ્રા વખતે ભગવાન **મહાવીરસ્વામીને** આવેલા દસ સપનાઓમાં 'ફૂલની બે માળા' ના સપનાનો અર્થ ભગવાને પોતે એવો જ બતાવ્યો કે હું બે પ્રકારના ધર્મોની પ્રરૂપણા કરીશ (૧) શ્રમણધર્મ (૨) શ્રાવક-ગૃહસ્થધર્મ. સૌથી મહત્વની વાત એ છે કે, જો ભગવાનવગેરે શ્રાવકધર્મની પ્રરૂપણા કરતાં જ ન હોય, તો ભગવાને તો (૧) સાધુ અને (૨) સાધ્વીરૂપ દ્વિવિધ સંઘ જ સ્થાપ્યો, ગૃહસ્થોએ પોતાની કલ્પના-અનુમાનથી સ્વેચ્છાથી જ બાર વ્રતો લઇ પોતાની ઇચ્છાથી જ એમાં શ્રાવક-શ્રાવિકારૂપે પોતાનો સમાવેશ કરી નાખ્યો એવું માનવાની આપત્તિ આવશે. તેથી પ્રતિમાલોપકોની 'શ્રાવકધર્મો મિશ્રરૂપ હોઇ અનુપદેશ્ય છે' એવી વાત ભયંકર અનર્થકારી છે.)

**પ્રતિમાલોપક :-** સાધુ જો દ્રવ્યસ્તવનો ઉપદેશ દેશે, તો સાધુને દ્રવ્યસ્તવમાં રહેલી હિંસાની અપ્રતિષેધ (=નિષેધ ન કરવારૂપ) અનુમતિનો દોષ લાગશે.

**ઉત્તરપક્ષ :-** આ દોષ શું શ્રાવકના બીજા ધર્મોના ઉપદેશમાં નહિ લાગે ? અહીં તમે બચાવમાં જે કહેશો, તેનાથી જ દ્રવ્યસ્તવઅંગે પણ બચાવ થઇ જશે કારણ કે બન્ને સ્થળે યોગક્ષેમ તુલ્ય છે. વાસ્તવમાં તો પૂર્વે બતાવી ગયા તેમ, ત્યાં હિંસાદિ આશ્રવઅંશની ઉપેક્ષા જ છે.

**પ્રતિમાલોપક :-** સાધુધર્મનો ઉપદેશ કર્યા વિના શ્રાવકધર્મનો ઉપદેશ કરાતો નથી. સાધુધર્મના ક્રમથી અપાતા શ્રાવકધર્મના ઉપદેશમાં દોષ નથી. દ્રવ્યસ્તવનો ઉપદેશ આપવામાં એવો કોઇ ક્રમ ન હોવાથી તેનો સીધો ઉપદેશ દેવામાં દોષ છે.

**ઉત્તરપક્ષ :-** દ્રવ્યસ્તવ અંગે પણ ક્રમ છે જ. જુઓ, પ્રથમ ભાવસ્તવનો ઉપદેશ આપવાનો છે. શ્રોતામાં તે અંગેનું સામર્થ્ય ન હોય, તો ક્રમપ્રાપ્ત દ્રવ્યસ્તવનો ઉપદેશ આપી શકાય છે, તેમાં દોષ નથી. તેથી જેમ સાધુધર્મ દર્શાવ્યા પછી તેમાં શ્રોતાને અશક્ત જાણી અવસરને અનુરૂપ શ્રાવકધર્મ બતાવાય છે. તેમ ભાવસ્તવનું સ્વરૂપ બતાવ્યા પછી તેમાં અશક્ત શ્રાવકને દ્રવ્યસ્તવનો ઉપદેશ કરવાનો ક્રમ રૂઢ છે. અહીં [①]**'ગૃહપતિપુત્રબન્દિ-વિમોક્ષણ'** ન્યાય સૂત્રસિદ્ધ છે. આ સૂત્રસિદ્ધ ક્રમના ઉલંઘનમાં બન્ને સ્થળે(શ્રાવકધર્મ અને દ્રવ્યસ્તવમાં) સમાન

① કોઇક શ્રેષ્ઠીને છ વિનીત પુત્રો હતા. કોઇક ગુનાસર આ છએ પુત્રોને રાજાએ ફાંસીની સજા કરી. શ્રેષ્ઠી પોતાના છએ પુત્રને બચાવવા રાજા પાસે જાય છે, મૂલ્યવાન ઝવેરાતનું નજરાણું ધરી છએ પુત્રને 'અભય' મળે તેમાટે ખુબ આજીજી કરી. છતાં ક્રુદ્ધ રાજા એકને પણ છોડવા તૈયાર થયા નહીં. ત્યારે શ્રેષ્ઠી છેલા ઉપાયતરીકે અસહાય બનીને વંશપરંપરા બચાવવાના આશયથી જ્યેષ્ઠ પુત્રનું અભયદાન યાચે છે. ત્યારે રાજા પણ દયા લાવી મોટા પુત્રને અભય આપે છે – આ દૃષ્ટાંતસૂચક 'ગૃહપતિપુત્રબન્દિ-વિમોક્ષણ' ન્યાય છે. અહીં શ્રેષ્ઠી સૌ પ્રથમ બધા પુત્રના અભયની વાત કરે છે. તે અશક્ય લાગવાથી જ 'સર્વનાશના પ્રસંગમાં શક્ય બચાવવું' એ ન્યાયથી મોટા

दोष इति। अव्युत्पन्नं प्रति क्रमविरुद्धोपदेशे सुकररुचेरुत्कटत्वेनाप्रतिषेधानुमतिप्रसङ्गो दोषावहः। सम्यग्दृष्टिं प्रति तु यथायोग्योपदेशेऽपि न दोष इति तु **व्यवहारादिग्रन्थार्णव**सम्प्लवव्यसनिनां प्रसिद्धः पन्थाः। *तत्*=तस्मात्कारणात् *सम्यग्*=अवैपरीत्येन विधिभक्तिपूर्वमुचितस्य द्रव्यस्तवस्य स्थापने=उपदेशे जाताप्रतिभाख्यनिग्रहस्थानस्य लुम्पकस्य मुखम्लानिं विनाऽपरं दूषणं वयं *न विद्मः*=न जानीमः। **विनोक्तिरलङ्कारः॥ २५॥** द्रव्यस्तवे हिंसानुमतेर्यावद्विशेषाभावात्सामान्याभाव इत्यनुशास्ति–

**नाशंसानुमतिर्दयापरिणतिस्थैर्यार्थमुद्यच्छतां,**
**संवासानुमतिस्त्वनायतनतो दूरस्थितानां कथम्।**
**हिंसाया अनिषेधनानुमतिरप्याज्ञास्थितानां न यत्,**
**साधूनां निरवद्यमेव तदिदं द्रव्यस्तवश्लाघनम्॥ २६॥**

દોષ છે અને ક્રમપ્રાપ્ત ઉપદેશ દેવામાં બન્ને સ્થળે સમાનરૂપે દોષ નથી. હકીકતમાં ક્રમનો આ વિચાર ધર્મના સ્વરૂપના જ્ઞાન વિનાના ભવ્યજીવોઅંગે છે, કારણ કે તેઓ સુકરરુચિ છે=સહેલાઇથી કરી શકાય તેને પકડવાવાળા અને કષ્ટસાધ્યનો ત્યાગ કરનારા છે. તેથી જો તેઓને પ્રથમથી જ ગૃહસ્થધર્મ બતાવવામાં આવે, તો તેઓ તરત જ તે ધર્મ પકડી લેશે. પછી શક્તિ હોવા છતાં અને સાધુધર્મને સાંભળવા છતાં સાધુધર્મ લેવા ઉદ્યમ નહિ કરે. (તેથી જ 'જિનદર્શન-જિનપૂજા કરો તો અધર્મ ને ન કરો તો ધર્મ' આવો કુપ્રચાર લોકોમાં ખૂબ સ્વીકાર્ય બને છે, કારણ કે ઘરે બેઠા રહો છતાં જો ધર્મ થતો હોય, તો ખોટું શું છે ? એ જ રીતે નિશ્ચયાભાસો ધ્યાન-ધ્યાનની વાતો કરી ક્રિયાધર્મ ઊડાવે છે, તે લોકમાન્ય બની રહ્યા દેખાઇ રહ્યા છે. કારણ કે એમાં કશું ન કરનારો ક્રિયા કરનારા કરતાં પોતાને પાછો ઊંચો પણ ગણી શકે છે. ટૂંકમાં ધર્મની પ્રવૃત્તિઓના નિષેધમાં ધર્મ બતાવનારની વાત લોકોને ગમે છે, કારણ કે એમાં કરવાનું કશું નહીં, છતાં ધર્મ બજાવ્યાનો સંતોષ મળે છે.) અહીં પ્રથમથી જ શ્રાવકધર્મ બતાવતા સાધુને તે ગૃહસ્થના આરંભમાં અપ્રતિષેધઅનુમતિનો દોષ લાગે છે. પરંતુ જેઓ સમકિતી છે અને ધર્મથી પરિણત થયા છે, તેઓને ક્રમ વિના પણ યથાયોગ્ય ઉપદેશ આપવામાં દોષ નથી ઇત્યાદિ વાતો **વ્યવહાર સૂત્રવગેરે** ગ્રંથસમુદ્રમાં તરવાના શોખવાળા સંબુદ્ધ જીવો બહુ સારી રીતે સમજે છે. આમ પૂર્વોક્ત દલીલથી ક્રમવિપરીતતાઆદિનો ત્યાગ કરી સમ્યગ્રીતે વિધિભક્તિપૂર્વકના ઉચિત દ્રવ્યસ્તવઅંગેનો ઉપદેશ આપવાનો સાધુનો અધિકાર સિદ્ધ થાય છે. અહીં પ્રતિમાલોપકો ફરીથી સ્વપક્ષ સ્થાપવાની 'પ્રતિભા' વિનાના છે. તેથી 'અપ્રતિભા' નામના નિગ્રહ(=પરાજય)નું સ્થાન બનેલા તેઓના મુખની લાલી કરમાઇ જાય છે. આમ દ્રવ્યસ્તવનો ઉપદેશ આપવામાં 'પ્રતિમાલોપકોનું મુખ કરમાઇ જવું' આ એક જ દોષ છે. અર્થાત્ તે સિવાય બીજો કોઇ દોષ અમે જાણતા નથી. આ કાવ્યમાં **વિનોક્તિ અલંકાર** છે. **॥ ૨૫ ॥**

## દ્રવ્યસ્તવમાં હિંસાની સર્વ અનુમતિનો અભાવ

દ્રવ્યસ્તવમાં હિંસાની કોઇપણ પ્રકારની અનુમતિ નથી. આમ હિંસાની અનુમતિનો યાવદ્વિશેષાભાવ

---

પુત્રના અભયની વાત કરે છે, પણ તેમાં બાકીના પુત્રોના વધની જરા પણ અનુમતિ નથી. અહીં શ્રેષ્ઠી - અરિહંત કે તેમના સંતાનીય સાધુઓ. રાજા - ગૃહસ્થો. છ પુત્ર - છ જીવનિકાય. જ્યેષ્ઠ પુત્ર - ત્રસકાય. અગ્નિથી લાલચોળ બનેલા અને ગબડતા લોખંડના ગોળા જેવા ગૃહસ્થો છ જીવકાયની હિંસામાં પડેલા છે. સાધુ એ ગૃહસ્થોને સંયમ સ્વીકારી સર્વ જીવોને અભય આપવા સમજાવે. 'અશક્તિ' વગેરેને કારણે ગૃહસ્થ તે માટે તૈયાર ન જ થાય, તો છેવટે ત્રસકાયની દયારૂપ શ્રાવકધર્મ સ્વીકારવાનું કહે, અને ગૃહસ્થ તે સ્વીકારે... અહીં ત્રસકાયની દયાની વાત કરતી વખતે સાધુ બાકીનાની વિરાધનામાં ઉપરોક્ત ન્યાયથી અનુમતિ આપતા નથી. આ જ વાત ભાવસ્તવ અને દ્રવ્યસ્તવને પણ લાગુ પડે છે.

(दंडान्वयः→ दयापरिणतिस्थैर्यार्थमुद्यच्छतां साधूनां नाशंसानुमतिः, अनायतनतो दूरस्थितानां (साधूनां) संवासानुमतिस्तु कथम् ? यद् आज्ञास्थितानां (साधूनां) हिंसाया अनिषेधनानुमतिरपि न, तद् (साधूनां) इदं द्रव्यस्तवश्लाघनं निरवद्यमेव ॥)

'नाशंसा'इति। **भगवत्पूजादर्शनाद्बहवो जीवा सम्यग्दर्शननैर्मल्यमासाद्य चारित्रप्राप्त्या सिद्धि-सौधमध्यासतामिति भावनया पूजा कर्त्तव्येति** दयापरिणतिस्थैर्यार्थं*मुद्यच्छतां*=उद्यमं कुर्वाणानां साधूनामाशंसानुमतिर्न भवत्युपदेशफलेच्छायां हिंसाया अविषयत्वात्। संवासानुमतिस्त्व*नायतनतः*-हिंसाऽऽयतना-दूरस्थितानां कथं भवति ? **पुष्पाद्यायतनमेवानायतनमिति** चेत् ? **तर्हि** समवसरणस्थितानामनायतनवर्तित्व-प्रसङ्गः। **न च** देवगृहेऽपि स्तुतित्रयकर्षणात्परतोऽवस्थानमनुज्ञातं साधूनामिति। विधिवन्दनाद्यर्थमवस्थाने

---

(=સર્વવિશેષને આશ્રયી અભાવ) હોવાથી સામાન્ય અભાવ છે, તેમ દર્શાવતા કવિ કહે છે—

**કાવ્યાર્થ :-** દયાની પરિણતિને સ્થિર કરવા પ્રયત્ન કરતા સાધુને દ્રવ્યસ્તવની પ્રશંસા કરવામાં આશંસા અનુમતિ લાગતી નથી. અનાયતનથી(=હિંસાના સ્થાનથી) દૂર રહેતા તેઓને સંવાસઅનુમતિ તો સંભવે જ શી રીતે ? વળી આજ્ઞાનું પાલન કરનારા તે સાધુઓને હિંસાની અનિષેધઅનુમતિ પણ સંભવતી નથી. આમ બધા પ્રકારની અનુમતિનો દોષ નથી. તેથી સાધુએ દ્રવ્યસ્તવની પ્રશંસા કરવી એ નિરવદ્ય જ છે.

**'ભગવાનની પૂજાના દર્શન કરી ઘણા જીવો પોતાના સમ્યક્ત્વને નિર્મળ કરે અને સમ્યક્ત્વ નિર્મળ થવાથી ચારિત્રને સુખેથી પામી શીઘ્ર મોક્ષગતિના સ્વામી બને' આવી ભાવનાથી પૂજા કરવી જોઇએ.** એ પ્રમાણે ઉપદેશ દેનાર સાધુ વાસ્તવમાં સર્વજીવો પ્રત્યેની કૃપાનજરને જ દૃઢ બનાવે છે. આમ સ્વ-પરના દયાભાવને દૃઢ કરવા જ સાધુ હંમેશા ઉદ્યમશીલ હોય છે. આ સાધુ પૂજાના ઉપદેશના ફળતરીકે પોતાને અપેક્ષીને નિર્જરા અને શ્રોતાને અપેક્ષીને ભગવાનની પૂજા જ ઇચ્છતો હોય છે. વળી, તે પણ એના મોક્ષમાટે થાય એમ જ ઇચ્છા રાખે છે. આમ ઉપદેશના ફળની ઇચ્છામાં ક્યાંય હિંસાની ગંધ પણ નથી. તેથી આ ઉપદેશમાં સાધુને હિંસાની આશંસા અનુમતિનો અંશ પણ નથી. તે જ પ્રમાણે હિંસાના સ્થાનોથી દૂર રહેતા સાધુને દ્રવ્યસ્તવની અનુમોદનાવખતે સંવાસ અનુમતિ પણ નથી. 'ગૃહસ્થ સાથે રહેવું છે, માટે ગૃહસ્થની પૂજાને વખાણો' એવો આશય હોત અથવા સંસારના કાર્યોવગેરેમાં હિંસા કરતા ગૃહસ્થસાથે જો સાધુ રહેતો હોત, તો સાધુને સંવાસઅનુમતિનો દોષ આવત. પણ સાધુને ગૃહસ્થના પરિચયથી પણ દૂર ભાગવાનું છે, તો સાથે રહેવાની તો વાત જ ક્યાંથી ?

**પ્રતિમાલોપક :-** પુષ્પવગેરેના સ્થાનો અનાયતન જ છે. જિનાલયમાં પુષ્પવગેરેના ઢગ ખડકાતા હોવાથી જિનાલય અનાયતન છે. આ અનાયતનને સેવવામાં સંવાસાનુમતિ છે.

**ઉત્તરપક્ષ :-** જો પુષ્પના ઢગલામાત્રથી જિનાલય અનાયતન બનતું હોય, તો ભગવાનના સમવસરણમાં રહેતા સાધુઓ પણ અનાયતનને સેવી રહ્યા છે, કારણ કે ત્યાં પણ દેવો સતત પુષ્પવૃષ્ટિ કરતા હોય છે.

**પ્રતિમાલોપક :-** મુનિઓ સમવસરણમાં લાંબો કાળ રહેતા નથી. તેથી મુનિઓને અનાયતનસેવાનો દોષ નથી.

**ઉત્તરપક્ષ :-** એ પ્રમાણે તો સાધુઓ દેરાસરમાં પણ લાંબો કાળ રહેતા નથી, કારણ કે સાધુને ત્રણ સ્તુતિ બોલ્યા પછી વધુ કાળ જિનાલયમાં રહેવાની અનુજ્ઞા નથી. વિધિ કે વંદનવગેરેમાટે કદાચ થોડો વધુ સમય રહે, તો પણ સમવસરણની જેમ જ અનાયતનસેવાનો દોષ તો આવતો જ નથી. (વાસ્તવમાં તો અશુભ ભાવોમાં કારણ બનતાં સ્થાનો અનાયતનસ્થાનો છે અને શુભભાવોમાં નિમિત્ત બનતાં સ્થાનો આયતનસ્થાનો છે. આના બદલે માત્ર એકેન્દ્રિયાદિ જીવોના

नोक्तदोषः। *आज्ञास्थितानां*=क्रमाविरुद्धोपदेशाद्याज्ञावर्तिनां, हिंसाया अनिषेधानुमतिरपि *यद्*=यस्मात्कारणान्न भवति, *तत्*=तस्मात् कारणादिदं द्रव्यस्तवस्य *श्लाघनं*=माहात्म्यप्रकाशनं साधूनां निरवद्यमेव शुभानुबन्धित्वादिति निष्कर्षः ॥ २६ ॥ कश्चिदाह–

**साधूनामनुमोद्यमित्यथ न किं कर्त्तव्यमर्चादिकं,**
**सत्यं केवलसाहचर्यकलनान्नेष्टानुमानप्रथा।**
**व्याप्तिः क्वापि गता स्वरूपनिरयाचारादुपाधेस्तव,**
**क्लीबस्येव वृथा वधूनिधुवने तद् बाल ! तर्के रतिः ॥ २७ ॥**

(**दंडान्वयः**→ अर्चादिकं साधूनामनुमोद्यमित्यथ किं न कर्तव्यम् ? सत्यं, केवलसाहचर्यकलनादनुमान-प्रथा नेष्टा। स्वरूपनिरयाचारादुपाधेर्व्याप्तिः क्वापि गता, तद् बाल ! तव तर्के रतिः क्लीबस्य वधूनिधुवन इव वृथा ॥)

'साधूनाम्' इति। **द्रव्यस्तवो** यदि साधूनामनुमोद्यस्तदा तेषां कर्त्तव्यः स्यादिति चेत् ? **किमिदं** स्वतन्त्र-साधनं, प्रसङ्गापादनं वा ? **नाद्यः**, साधुकर्तव्यत्वस्यानभीप्सितत्वेनासाध्यत्वाद्। **अन्त्ये त्वाह**-'साधूनाम्' इति। **अथानुमोद्यमिति** हेतोः साधूनामर्चादिकं किं न कर्तव्यम् ? यद्यनुमोद्यं स्यात्, कर्त्तव्यं स्यात्। न च कर्त्तव्य-

---

કારણે આયતન-અનાયતનની વ્યાખ્યા કરનારાઓ કાં તો એ વ્યાખ્યાથી આવતી અન્યત્ર આપત્તિઓનો વિચાર કર્યા વિના બોલે છે અને અજ્ઞાનતાથી ભાષાસમિતિ અને વચનગુપ્તિને વિરાધિત કરવાસાથે બીજા મહાવ્રતને પણ કલંકિત કરે છે, અને કાં તો બીજે આવતી આપત્તિઓને છુપાવી 'પોતે ખરા અહિંસક છે' ઇત્યાદિ છાપ ઊભી કરી લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરે છે. બાકી તો એકેન્દ્રિય પુષ્પાદિની વિરાધના માની લઇ દેરાસરને અનાયતનસ્થાન કહેનારાઓ ઉપદેશ પણ કેમ આપી શકે ? કારણ કે ઉપદેશસ્થાન એકેન્દ્રિય વાયુકાયની વિરાધનારૂપે અનાયતન કેમ ન બને ? આ વિચારવા જેવું લાગે છે.) વાસ્તવમાં સમવસરણની જેમ જિનાલય પણ અનાયતનનું સ્થાન નથી. આ જ પ્રમાણે 'ભગવાને બતાવેલા ક્રમને ઓળંગ્યા વિના દેશના આપવી'વગેરે દ્વારા ભગવાનની આજ્ઞામાં રહેલા સાધુને ક્રમપ્રાપ્ત દ્રવ્યસ્તવની દેશના આપવામાં હિંસાના અનિષેધની અનુમતિ પણ લાગતી નથી. આમ સાધુને દ્રવ્યસ્તવના ઉપદેશવગેરેમાં ત્રણે પ્રકારની અનુમતિનો અભાવ હોવાથી હિંસાની અનુમતિનો સર્વથા અભાવ છે. તેથી 'શ્રાવકની સમક્ષ દ્રવ્યસ્તવના માહાત્મ્યનો પ્રકાશ કરવો' એ શુભાનુબંધી હોવાથી નિરવદ્ય જ છે. **॥ ૨૬ ॥**

## અનુમોદ્યતાની સાથે કર્તવ્યતાની વ્યાપ્તિનો અભાવ

કોઇક કહે છે—

**કાવ્યાર્થ :-** સાધુને પૂજાવગેરે જો અનુમોદનીય હોય, તો કર્ત્તવ્ય કેમ નથી ? (ઉત્તર) સત્યં, પરંતુ સાહચર્ય જોવામાત્રથી અનુમાનની પ્રથા સારી નથી અને સ્વરૂપનિરવદ્યઆચારરૂપ ઉપાધિ હોવાથી વ્યાપ્તિ તો ક્યાંક અગમ્યસ્થળે નાસી ગઇ છે. તેથી હે બાલ (પ્રતિમાલોપક) ! નપુંસકની સ્ત્રીસાથેની ક્રીડાની ઇચ્છાની જેમ તારી તર્કમાં રતિ=પ્રીતિ=ઇચ્છા ફોગટની છે.

**પૂર્વપક્ષ :-** સાધુને જો દ્રવ્યસ્તવ અનુમોદનીય હોય, તો કર્ત્તવ્યરૂપ કેમ નથી ? જો અકર્ત્તવ્ય વસ્તુ પણ અનુમોદનીય બની શકતી હોય, તો કોઇ ખૂન કરે તે પણ અનુમોદનીય માનવું પડે.

**ઉત્તરપક્ષ :-** તમે અહીં (૧) દ્રવ્યસ્તવ સાધુને કર્ત્તવ્ય છે તેમ સ્વસિદ્ધાંતરૂપે સિદ્ધ કરવા માંગો છો ? કે

मस्ति, अतो नानुमोद्यमिति विपर्ययपर्यवसानम्। तथा चैतत्तर्कसहकृतान्मिश्रत्वादिहेतोरननुमोद्यत्वसिद्धिरित्यर्थः। **अत्रोत्तरम्** - सत्यं, यत्त्वयाऽऽपाततः प्रसञ्जनं कृतं, परं केवलस्य साहचर्यस्य *कलनात्*=पुरस्करणादनुमानप्रथा प्रसङ्गापादननिष्ठा नेष्टा। न हि साहचर्यमात्रं व्याप्तिः **पार्थिवत्वलोहलेख्यत्वयोरपि** तत्प्रसङ्गात्। तथा च तर्कमूलव्याप्त्यसिद्धेर्मूलशैथिल्यदोष इत्यर्थः। **यद्यदनुमोद्यं तत्तत्कर्त्तव्यमित्यत्र** नियतसाहचर्याद्व्याप्तिरस्त्येवेत्य**त्राह** व्याप्तिः क्वापि *गता*=दूरे नष्टा, कस्मात् ? *स्वरूपनिरयाचारात्*=स्वरूपनिरवद्याचारादुपाधेः। यत्र साधुकर्त्तव्यत्वं, तत्र स्वरूपतो निरवद्यत्वं; यत्र च तदनुमोद्यत्वं, तत्र स्वरूपतो निरवद्यत्वमिति नास्ति (नियमः); कारणविहितानां वर्षाविहारादीनां, नद्युत्तारादीनां, संयत्यवलम्बनादीनां चानुमोद्यत्वेऽपि स्वरूपनिरवद्यत्वाभावात्। तथा च,

---

(૨) દ્રવ્યસ્તવને અનુમોદનીય માનવામાં દ્રવ્યસ્તવને કર્તવ્ય માનવાનો અનિષ્ટ પ્રસંગ દર્શાવવા માંગો છો ? અહીં પ્રથમપક્ષ તો સંભવે જ નહિ, કારણ કે 'દ્રવ્યસ્તવ સાધુને કર્ત્તવ્ય છે' એ સિદ્ધાંત તમને ઇષ્ટ નથી.

**પૂર્વપક્ષ :-** અમારે તો તમને આપત્તિ આપવી છે. તેથી દ્રવ્યસ્તવને અનુમોદ્ય માનવામાં કર્ત્તવ્ય માનવાનાં પ્રસંગરૂપ બીજો વિકલ્પ જ અમને ઇષ્ટ છે. અનુમોદ્યતા અને કર્ત્તવ્યતા વચ્ચે વ્યાપ્તિ છે. જે જે અનુમોદનીય હોય, તે તે કર્ત્તવ્ય હોય જ, જેમકે વંદનવગેરે. તેથી જે કર્ત્તવ્ય હોય, તે જ અનુમોદનીય બને તેમ સિદ્ધ થાય છે. જે કર્ત્તવ્ય નથી, તે અનુમોદનીય પણ નથી, જેમકે હિંસાવગેરે. તેથી જો દ્રવ્યસ્તવ કર્ત્તવ્ય ન હોય, તો અનુમોદનીય પણ બનવો જોઇએ નહિ. જો તે અનુમોદનીય હોય, તો કર્ત્તવ્ય પણ થવો જ જોઇએ. પણ તમને પણ દ્રવ્યસ્તવ મુનિને કર્ત્તવ્ય તરીકે ઇષ્ટ નથી. તેથી દ્રવ્યસ્તવ અનુમોદનીયતરીકે પણ સિદ્ધ નથી. આમ તમારી કલ્પનાથી વિપરીત સિદ્ધ થાય છે. આ વિપર્યયબાધકતર્કની સહાયથી અમારા પૂર્વોક્ત અનુમાનમાં 'મિશ્રત્વ' હેતુથી દ્રવ્યસ્તવ અનનુમોદનીય સિદ્ધ થાય છે. (દ્રવ્યસ્તવ હિંસાથી મિશ્ર હોવાથી સાધુમાટે અકર્ત્તવ્યરૂપ છે અને તેથી જ અનનુમોદનીય પણ બને છે.)

**ઉત્તરપક્ષ :-** તમારો તર્ક પ્રથમ દૃષ્ટિએ જ રળિયામણો છે. પણ ઊંડા ઉતરતા તો તર્કનો જ અભાવ દેખાય છે. તમે આપેલો અનિષ્ટ પ્રસંગ પ્રથમનજરે સાચો લાગે છે. પણ તમે એ વાત ભૂલી ગયા કે તમે આપેલા પ્રસંગમાં તમે જે અનુમાનનો આધાર લીધો, તે અનુમાનમાં સાધ્ય-હેતુ વચ્ચે તમે માત્ર સાહચર્ય જ જોયું, વ્યાપ્તિ નહીં. ક્યાંક મળતા સાહચર્યમાત્રથી વ્યાપ્તિ જોડવી ઠીક નથી. કર્ત્તવ્યતા અને અનુમોદ્યતાની કેટલાક સ્થળોએ સાથે હાજરી અને કેટલાક સ્થળોએ ગેરહાજરી જોવામાત્રથી એકની હાજરીમાં બીજાની હાજરી હોય જ, તેવું અનુમાન કરી પ્રસંગ આપવો સંગત નથી. (**પૂર્વપક્ષ :-** 'દ્રવ્યસ્તવ સાધુને અનુમોદનીય છે' તે સાંભળી સાહચર્યના બળપર 'તો તો કર્ત્તવ્ય પણ હોવો જોઇએ' તેવું અનુમાન કરી સાધુને દ્રવ્યસ્તવ અનુમોદનીય માનવામાં કર્ત્તવ્ય પણ માનવાનો પ્રસંગ દર્શાવે છે. પણ તે બરાબર નથી.) અન્યથા તો, આરસવગેરે પત્થર પાર્થિવ છે (પૃથ્વીનો વિકાર છે) અને લોહલેખ્ય છે (લોખંડના ટાંકણાથી તેનાપર લેખન થઇ શકે છે) આ સાહચર્યના બળપર 'જે જે પાર્થિવ હોય, તે તે લોહલેખ્ય હોય' તેવી વ્યાપ્તિ કરવાનું અને તેના બળપર 'માટીનો પિંડ પાર્થિવ છે' તેટલું જાણવામાત્રથી 'તો તો માટીનો પિંડ લોહલેખ્ય હોવો જોઇએ' તેવા અનુમાનનો પ્રસંગ આવશે. આમ તર્કના પાયાપર રચાયેલી વ્યાપ્તિ સિદ્ધ થતી ન હોવાથી તમારા અનુમાનનું મૂળ જ નિર્બળ છે.

**પૂર્વપક્ષ :-** કર્ત્તવ્યતા અને અનુમોદનીયતા વચ્ચે માત્ર સાહચર્ય છે, તેવું નથી; પરંતુ વ્યાપ્તિ પણ છે. 'જે-જે અનુમોદનીય હોય તે-તે કર્ત્તવ્ય પણ હોય, જેમકે જિનવંદનાદિ' તેવી સબળ વ્યાપ્તિ છે.

**ઉત્તરપક્ષ :-** તમારી આ વ્યાપ્તિ બચારી ઉપાધિરૂપ ડાકણના વળગાડથી ક્યાંય ભાગી ગઇ છે ! અર્થાત્ તમારી વ્યાપ્તિને 'સ્વરૂપથી નિરવદ્યઆચાર' રૂપ ઉપાધિ લાગેલી હોવાથી વસ્તુતઃ તે વ્યાપ્તિ જ નથી. સ્વરૂપથી નિરવદ્ય હોય, તેવા જ અનુમોદનીય આચારો સાધુને કર્ત્તવ્ય છે, નહિ કે બીજા સ્વરૂપસાવદ્ય અનુમોદનીય આચારો.

अनौपाधिकसहचाररूपव्याप्त्यभावान्मूलशैथिल्यं वज्रलेप इति भावः। एवं च शुष्कपाठबलीवर्दस्य तर्के मुखं प्रवेशयत उपहासमाह- *तत्*=तस्मात्कारणाद्धे *बाल !*=अविवेकिन्! तव तर्के रतिर्वृथाऽन्तरङ्गशक्त्यभावात्। कस्य कुत्र इव? क्लीबस्य *वधूनिधुवन इव*-कान्तारतसम्मर्द इव। न च विद्यामुखचुम्बनमात्रात्तद्भोगसौभाग्यमाविर्भवति। यत् **सूक्तं** → *'वेश्यानामिव विद्यानां मुखं कैः कैर्न चुम्बितम्। हृदयग्राहिणस्तासां द्वित्राः सन्ति न सन्ति वा'॥* किञ्च, अचेलकादीनामेकचेलाद्याचारस्यानुमोद्यत्वेऽपि तदकर्तव्यत्वात्सूत्रनीत्या व्यक्त एव दोषः। **यदार्षं** → *'जो वि दुवत्थतिवत्थो एगेण अचेलगो व संथरइ। ण हु ते हीलंति परं सव्वेऽवि य ते जिणाणाए'॥*[बृहत्कल्पभा० ३९८४]॥ २७॥ ननु यदि द्रव्यस्तवानुमतिर्भावस्तवोपचययायाऽपेक्ष्यते तदा द्रव्यार्चैव कथं नापेक्ष्यते? **तत्राह**–

---

(તે ઉપાધિ છે કે જે સૂચિત અનુમાનના સાધ્ય(=હેતુના વ્યાપક)નો વ્યાપક હોય, પરંતુ હેતુનો(=સાધ્યના વ્યાપ્યનો) વ્યાપક ન હોય) સાધુના જે કર્તવ્યો છે, તે સ્વરૂપથી નિરવદ્ય છે. પણ સાધુને જે જે અનુમોદનીય છે, તે બધા કંઇ સ્વરૂપથી નિરવદ્ય નથી. જેમકે કારણે(=અપવાદે) કોઇ સાધુ નદી ઉતરે, વર્ષાકાળે વિહાર કરે, સાધ્વીને અવલંબન આપે ઇત્યાદિ પ્રવૃત્તિઓ અનુમોદનીય છે. પરંતુ સ્વરૂપથી નિરવદ્ય નથી અને સામાન્યથી કર્તવ્ય પણ નથી. આમ કર્તવ્યતા(સાધ્ય) નો વ્યાપક 'સ્વરૂપનિરવદ્યઆચાર' અનુમોદનીયતા(હેતુ)નો વ્યાપક નથી. આમ કર્તવ્યતા અને અનુમોદ્યતાની તમારી સહચાર વ્યાપ્તિ ઉપાધિરહિતની નથી. અહીં કહેવાનું તાત્પર્ય એ લાગે છે કે સાધુના ઉત્સર્ગથી કર્તવ્યસ્થાનો સ્વરૂપથી નિરવદ્ય જ હોવા જોઇએ. (અહીં 'જેટલા સ્વરૂપ નિરવદ્ય આચારો છે, તે બધા જ સાધુમાટે ઉત્સર્ગથી કર્તવ્ય છે.' એમ સમજવું નહીં, કારણ કે એમાં શક્તિઆદિ કારણોપર આધાર છે.) પણ સાધુના અનુમોદનીય સ્થાનો તો સ્વરૂપથી નિરવદ્ય તથા સ્વરૂપથી સાવદ્ય પણ હોઇ શકે છે. તેથી તમારી વ્યાપ્તિ વાસ્તવમાં વ્યાપ્તિરૂપ જ નથી. તેથી તમારા અનુમાનનો વ્યાપ્તિરૂપ પાયો જ કાચો છે અને અનુમાનને અટકાવવા માટે અડીખમ ઊભો છે. માટે તમારો તર્ક પોતે જ તર્કશૂન્ય છે. ભાઇ! એમ શુષ્કપાઠના પોથાપંડિત થવામાત્રથી તર્કમાં પ્રવેશવા જશો તો ઉપહાસપાત્ર ઠરશો. તેથી હે પ્રતિમાલોપક! તારે તર્કસાથે પ્રેમ કરવા જેવો નથી, કારણ કે તેટલી આંતરિકશક્તિ જ નથી–અર્થાત્ તારીપાસે આગમનું અને આગમયુક્ત પ્રજ્ઞાનું બળ જ નથી. જેમ કોઇ નપુંસક પત્નીસાથે ભોગનું સુખ મેળવી શકતો નથી, માત્ર સ્પર્શનો જ આનંદ માણી શકે છે. તેમ વિદ્યાદેવીને બહારથી સ્પર્શ કરવામાત્રથી – વિદ્યાને પોતાનામાં સમાવવાથી જે વિશિષ્ટઆનંદ પ્રાપ્ત થાય છે, તેવા–આનંદનું સૌભાગ્ય પ્રાપ્ત થતું નથી. સૂક્તિ=સુભાષિત છે → *'વેશ્યાના મુખની જેમ વિદ્યાનું મુખ કોના કોના વડે આલિંગિત કરાયું નથી? (અર્થાત્ વિદ્યાનો આરંભ તો ઘણા કરે છે) પણ વેશ્યાની જેમ વિદ્યાના હૃદયને (ઊંડાણને, તત્ત્વને) ગ્રહણ કરનારા તો માંડ બે, ત્રણ હશે. અથવા એટલા પણ નહિ હોય.'*

**પ્રતિમાલોપક :–** 'વર્ષાકાળે વિહાર' વગેરે સ્વરૂપસાવદ્ય આપવાદિક પ્રવૃત્તિઓ કંઇ અનુમોદનીય પ્રવૃત્તિતરીકે નિર્દિષ્ટ નથી, કે જેથી તેઓના દૃષ્ટાંતથી અમારી વ્યાપ્તિમાં દોષ આપી શકાય.

**ઉત્તરપક્ષ :–** 'પડ્યા પણ તંગડી ઊંચી' ઉક્તિને ચરિતાર્થ કરવાનો પ્રયત્ન ના કરો. સાધુમાર્ગ ઉત્સર્ગ અને અપવાદ ઉભયમય છે. તેથી સાધુમાર્ગની અનુમોદનામાં આપવાદિક પ્રવૃત્તિઓ પણ અનુમોદનીય બને છે. વળી અવસરોચિત અપવાદનું સેવન કરનારો શાસનહીલનાવગેરે દોષો અટકાવી શાસનપ્રભાવનાવગેરે ગુણો કરતો હોવાથી પ્રશંસાપાત્ર બને જ છે. છતાં તમને સંતોષ ન થતો હોય, તો જુઓ! જેઓ અચેલક(વસ્ત્રનો ઉપયોગ ન કરવો)આદિ વ્રતધારીઓ છે, તેઓને એક વસ્ત્રધારીવગેરેના આચારની અનુમોદના કરવાની છે, પણ એકવસ્ત્રધારીવગેરેના આચારને તેઓ કર્તવ્યતરીકે અપનાવી શકતા નથી. આવી સ્પષ્ટ સૂત્રનીતિ હોવાથી તમારી વ્યાપ્તિમાં સ્પષ્ટ દોષ છે જ. તમને પણ સૂત્રથી વિપરીત વ્યાપ્તિ બનાવવાનો દોષ છે જ. આગમમાં કહ્યું જ છે કે → *'કોઇ સાધુ બે વસ્ત્ર ધારણ કરતો*

दुग्धं सर्पिरपेक्षते न तु तृणं साक्षाद्यथोत्पत्तये,
द्रव्यार्चानुमतिप्रभृत्यपि तथा भावस्तवो नत्विमाम्।
इत्येवं शुचिशास्त्रतत्त्वमविदन् यत्किञ्चिदापादयन्,
किं मत्तोऽसि पिशाचकी किमथवा किं वातकी पातकी ॥ २८॥

(**दंडान्वयः**→ यथा सर्पि: उत्पत्तये साक्षाद् दुग्धमपेक्षते न तु तृणं, तथा भावस्तवोऽपि द्रव्यार्चानुमतिप्रभृति, न तु इमाम्। इत्येवं शुचिशास्त्रतत्त्वमविदन् यत्किञ्चिदापादयन् किं मत्तोऽसि ? किं वा पिशाचकी ? अथवा किं वातकी पातकी (असि) ?)

'दुग्धम्'इति। *सर्पिः*=घृतं यथोत्पत्तये (साक्षाद्) *दुग्धं*=क्षीरमपेक्षते, क्षीरादेवाव्यवधानेन सर्पिष उत्पद्यमानस्योपलम्भनात्, न तु तृणं, गवाभ्यवहारेण तथापरिणंस्यमानमपि व्यवधानात्। तथा भावस्तव उपचितावयविस्थानीयो द्रव्यार्चानुमतिप्रभृत्यपि स्वावयवभूतं कारणमुत्पत्तयेऽपेक्षते। न तु *इमां*=द्रव्यार्चां, व्यवधानात्। अत

---

*હોય, કોઇ સાધુ ત્રણ વસ્ત્ર ધારણ કરતો હોય, કોઇક એક વસ્ત્રથી ચલાવતો હોય, તો અન્ય અચેલક=વસ્ત્ર રાખતો જ ન હોય, પરંતુ તેઓ એકબીજાની હીલના=નિંદા ન કરે, કારણ કે તેઓ બધા જ ભગવાનની આજ્ઞામાં છે.'* આમ સાધુઓને દ્રવ્યસ્તવ અનુમોદનીય છે, તેટલામાત્રથી કર્ત્તવ્ય તરીકે સિદ્ધ નથી. **॥ ૨૭ ॥**

## ભાવસ્તવની પુષ્ટિમાટે દ્રવ્યસ્તવની અપેક્ષાનો અભાવ

'ભાવસ્તવની પુષ્ટિમાટે દ્રવ્યસ્તવની અનુમતિની અપેક્ષા રાખો છો, તો દ્રવ્યસ્તવની અપેક્ષા કેમ રાખતા નથી ?' પ્રતિમાલોપકની આ આશંકાનું સમાધાન કરતાં કવિ કહે છે—

**કાવ્યાર્થ :-** જેમ ઘી પોતાની ઉત્પત્તિમાટે સાક્ષાત્ દૂધની અપેક્ષા રાખે છે, નહિ કે ઘાસની. તેમ ભાવસ્તવ પણ દ્રવ્યપૂજાની અનુમતિવગેરેની અપેક્ષા રાખે છે, નહિ કે દ્રવ્યપૂજાની. આવા પ્રકારના પવિત્ર શાસ્ત્રવચનોને સમજ્યા વિના જ ફાવે તેમ પ્રસંગોનું આપાદન કરતો તું(પ્રતિમાલોપક) શું મત્ત થયો છે ? કે પછી પિશાચગ્રસ્ત છે ? અથવા શું સન્નિપાત નામના વાયુરોગથી પીડાય છે કે પછી પાપી છે ?

**પૂર્વપક્ષ :-** તમે દ્રવ્યસ્તવની અનુમોદનાનો આટલો બધો આગ્રહ કેમ રાખો છો ? શું તેનાથી તમારો ભાવસ્તવ પુષ્ટ થાય છે ? જો તેમ જ હોય, તો દ્રવ્યસ્તવને જ કેમ આદરતા નથી ? દ્રવ્યસ્તવની અનુમતિ કરતા 'દ્રવ્યસ્તવ સ્વયં કરવો' એ વધુ બળવાન છે.

**ઉત્તરપક્ષ :-** દ્રવ્યસ્તવની અનુમતિ ભાવસ્તવમાટે જેટલું નજીકનું કારણ છે, તેટલું નજીકનું કારણ દ્રવ્યસ્તવ પોતે નથી. અને હંમેશાં કાર્ય તેના નજીકના કારણની અપેક્ષા રાખે છે, નહિ કે દૂરના. દા.ત. ઘી પોતાની ઉત્પત્તિમાટે નજીકના કારણ દૂધની અપેક્ષા રાખે છે, કારણ કે દૂધમાંથી ઘી વ્યવધાન=બીજા કારણના આંતરા વિના ઉત્પન્ન થતું દેખાય છે. પણ ઘાસની અપેક્ષા રાખતું નથી કારણ કે ઘાસમાંથી સીધું ઘી ઉત્પન્ન થતું નથી. પણ ગાય ઘાસ ખાય, પછી તેમાંથી દૂધ બને, પછી ઘી બને, એમ બન્ને વચ્ચે ઘણી પરંપરા સર્જાય છે. બસ આ જ પ્રમાણે પુષ્ટ અવયવી સમાન ભાવસ્તવ પોતાની ઉત્પત્તિમાટે દ્રવ્યસ્તવની અનુમતિ વગેરે પોતાના કારણભૂત અંગની અપેક્ષા રાખે એ બરાબર છે, પણ દ્રવ્યસ્તવની અપેક્ષા રાખે તે બરાબર નથી. (અનુમતિ પોતે ભાવપ્રધાન છે. જ્યારે દ્રવ્યસ્તવ ક્રિયાપ્રધાન છે. તેથી ભાવરૂપ ભાવસ્તવમાટે અનુમતિ વધુ નજીકનું કારણ ગણી શકાય) તેથી જ સાધુને દ્રવ્યઅગ્નિકારિકાને હડસેલી ભાવઅગ્નિકારિકાની જ અનુજ્ઞા આપવામાં આવી છે.

एव द्रव्याग्निकारिकाव्युदासेन भावाग्निकारिकैवानुज्ञाता साधूनाम्॥ तथा च **तदष्टकं हारिभद्रं** →

*'कर्मेन्धनं समाश्रित्य दृढा सद्भावनाहुतिः। धर्मध्यानाग्निना कार्या दीक्षितेनाग्निकारिका'*॥ [अष्टक ४/१] कर्मेन्धनं समाश्रित्याग्निकारिका कार्येति योगः। अग्निकारिका=अग्निकर्म, दृढा=कर्मेन्धनदाहप्रत्यला। सद्भावनैवाहुतिर्घृतप्रक्षेपलक्षणा यस्यां सा। धर्मध्यानं शुक्लध्यानस्योपलक्षणम्। परसिद्धान्तेनाप्येतत्साधयति- *'दीक्षा मोक्षार्थमाख्याता ज्ञानध्यानफलं स च। शास्त्र उक्तो यतः सूत्रं शिवधर्मोत्तरे ह्यदः'*॥ [अष्टक ४/२] शिवधर्मोत्तरं तन्नाम। तदेव सूत्रं दर्शयति- *'पूजया विपुलं राज्यमग्निकार्येण सम्पदः। तपः पापविशुद्ध्यर्थं, ज्ञानं ध्यानं च मुक्तिदम्'*॥ [अष्टक ४/३] पराभ्युपगमेनैवाग्निकारिकां दूषयित्वा फलतो दूषयति- *'पापं च राज्यसम्पत्सु सम्भवत्यनघं ततः। न तद्धेत्वोरुपादानमिति सम्यग्विचिन्त्यताम्'*॥ [अष्टक ४/४] तद्धेत्वोः=राज्यसम्पत्कारणयोः पूजाग्निकारिकयोरुपादानम्=आश्रयणम्। राज्यसम्पत्सम्भविपापस्य दानादिना शुद्धिर्भविष्यतीत्यत्राह- *'विशुद्धिश्चास्य तपसा न तु दानादिनैव यत्। तदियं नान्यथा युक्ता तथा चोक्तं महात्मना'*॥ [अष्टक ४/५] इयं=अग्निकारिका। अन्यथा=ध्यानातिरिक्तहेतुना। महात्मना=**व्यासेन**। उक्तमेवाह- *'धर्मार्थं यस्य वित्तेहा तस्यानीहा गरीयसी। प्रक्षालनाद्धि पङ्कस्य दूरादस्पर्शनं वरम्'*॥ [अष्टक ४/६] गरीयसी= श्रेयसीतरा। एवं तर्हि गृहस्थेनापि पूजादिकं न कार्यं स्यात्। नैवं यतो जैनगृहस्था न राज्यादिनिमित्तं पूजादि कुर्वन्ति। न च राज्याद्यर्जितमवद्यं दानेन शोधयिष्याम इति मन्यन्ते, मोक्षार्थमेव तेषां पूजादौ प्रवृत्तेः। मोक्षार्थतया च विहितस्यागमानुसारिणो वीतरागपूजादेर्मोक्ष एव

---

## હારિભદ્ર અગ્નિકારિકા અષ્ટક

આ અંગે **યોગાચાર્ય શ્રી હરિભદ્રસૂરિકૃત અષ્ટકપ્રકરણના ચોથા 'અગ્નિકારિકા' અષ્ટકની** સાક્ષી બતાવે છે →

*'દીક્ષિત-સાધુએ કર્મરૂપ ઇંધનને આશ્રયી અગ્નિકારિકા(=અગ્નિ પેટાવવાની ક્રિયા કર્મરૂપ ઇંધનને બાળવામાં સમર્થ હોવાથી) દૃઢ કરવી. આ કારિકામાં સદ્ભાવનાની આહુતિ(=અગ્નિમાં ઘી નાખવાની ક્રિયા) આપવી. અને ધર્મધ્યાનને (ઉપલક્ષણથી શુક્લધ્યાન પણ) અગ્નિ તરીકે કલ્પવું.'* ॥૧॥ જૈનેતર મતથી પણ આનું સમર્થન કરે છે- *'દીક્ષા મોક્ષમાટે કહેલી છે અને મોક્ષ એ જ્ઞાન અને ધ્યાનનું ફળ છે, તેમ શાસ્ત્રમાં કહ્યું છે, કારણ કે શિવધર્મોત્તરમાં આ પ્રમાણે સૂત્ર છે'* ॥૨॥ 'કયું સૂત્ર છે ?' તે બતાવે છે- *'પૂજાથી વિસ્તૃત રાજ્ય મળે છે. અગ્નિકર્મથી સંપત્તિ મળે છે. પાપની વિશુદ્ધિ માટે તપ છે અને જ્ઞાન, ધ્યાન મોક્ષને આપે છે.'* ॥૩॥ અગ્નિકર્મથી સંપત્તિ મળે છે, પરંતુ તે સંપત્તિ દોષકારક છે. તેથી અગ્નિકર્મ પરિણામે દુષ્ટ છે. એ વાતનું પરમતદ્વારા જ સમર્થન કરે છે- *'રાજ્ય અને સંપત્તિમાં ઘણું પાપ સંભવે છે. તેથી તેના(રાજ્ય અને સંપત્તિના) કારણો(પૂજા અને અગ્નિકર્મ) ઉપાદેય નથી. એ સારી રીતે વિચારો.'* ॥૪॥ 'રાજ્ય અને સંપત્તિથી થતાં પાપોની શુદ્ધિ દાનવગેરેથી થઇ જશે' એવી આશંકા દૂર કરતાં કહે છે- *'આની(પાપની) વિશુદ્ધિ તપથી જ સંભવે છે, દાનવગેરેથી નહિ. તેથી આ(અગ્નિકારિકા) અન્યથા(ધ્યાન સિવાયના હેતુથી) સંગત નથી. (અર્થાત્ ધ્યાનઆદિરૂપ ન હોવાથી અથવા ધ્યાનઆદિના ફળને દેનારી ન હોવાથી સંગત નથી.) તેથી જ મહાત્મા(વ્યાસ)એ કહ્યું છે.'* ॥૫॥ શું કહ્યું છે ? તે બતાવે છે- *'ધર્મ કરવા માટે જ જે ધનની ઇચ્છા રાખે છે, તેને તો ધનની ઇચ્છા જ ન કરવી વધુ સારું છે. કારણ કે (કાદવથી હાથ ખરડ્યા પછી) હાથને ધોવા કરતાં તો કાદવથી દૂર રહેવું એ જ બરાબર છે.'* ॥૬॥ (ધન=કાદવ, દાનવગેરે=પાણી)

**પૂર્વપક્ષ :-** બરાબર ! બરાબર ! એટલામાટે જ 'ગૃહસ્થોએ પૂજા વગેરે ન કરવી જોઇએ' એમ અમે કહીએ

मुख्यफलं, राज्यादिकं तु प्रासङ्गिकम्। ततो गृहिण: पूजादिकं नाऽविधेयम्। दीक्षितेतरयोश्चानुष्ठानस्यानन्तर्य-पारम्पर्यकृत एव विशेष इति। दीक्षितस्यापि सम्पदर्थित्वेऽग्निकारिका युक्तेति शङ्कां निराकुर्वन्नाह- *'मोक्षाध्वसेवया चैता: प्राय: शुभतरा भुवि। जायन्ते ह्यनपायिन्य इयं सच्छास्त्रसंस्थिति:'* ॥ [अष्टक ४/७] एता:=सम्पद:, शुभतरा:=पुण्यानुबन्धिन्य:, प्राय इत्यनेनाव्यवहितनिर्वाणभावात्सम्पदभावेऽपि न क्षति:। परमतेनैव द्रव्याग्निकारिकां निराकुर्वन्नाह- *'इष्टापूर्तं न मोक्षाङ्गं, सकामस्योपवर्णितम्। अकामस्य पुनर्योक्ता सैव न्याय्याऽग्निकारिका'* ॥ [अष्टक ४/८] इष्टापूर्तस्वरूपमिदं- ①*'अन्तर्वेद्यां तु यद्दत्तं, ब्राह्मणानां समक्षत:। ऋत्विग्भिर्मन्त्रसंस्कारैरिष्टं तदभिधीयते'* ॥ १ ॥ *'वापीकूपतडागानि देवतायतनानि च। अन्नप्रदानमारामा: पूर्तमित्यभिधीयते'* ॥ २ ॥ इति। सकामस्य=अभ्युदयाभिलाषिण:। अकामस्य=स्वर्गपुत्राद्यनाशंसावतो योक्ता 'कर्मेन्धनम्' इत्यादिना सा च प्रतिपादिता। न चान्याप्यकामस्य भविष्यति 'स्वर्गकामो यजेत' इत्यादौ प्रतिपदफलश्रुते:। *'इष्टापूर्तं मन्यमाना वरिष्ठं नान्यच्छ्रेयो येऽभिनन्दन्ति मूढा:। नाकस्य पृष्ठे सुकृतेन भूत्वा, इमं लोकं हीनतरं वा विशन्ति'* ॥ [मुण्डकोपनिषद्

છીએ. કારણ કે પૂજા તો માત્ર રાજ્યવગેરે ઇહલૌકિકફળ જ આપે છે અને એ ફળ પણ પાપનું જ કારણ બને છે.

**ઉત્તરપક્ષ :-** એમ અધીરા ન થાવ ! આ વાત તો પરમતે થઇ છે કે જેઓ પૂજા વગેરેથી રાજ્ય વગેરે ઇચ્છે છે. જૈનગૃહસ્થો કંઇ રાજ્યવગેરેની ઇચ્છાથી પૂજાવગેરે કરતાં નથી. તેઓ 'રાજ્યવગેરેથી થયેલા પાપને દાનવગેરેથી ધોઇ નાખશું' એમ પણ માનતા નથી કારણ કે તેઓ મોક્ષની ઇચ્છાથી જ પૂજાવગેરે કરે છે અને આ ઇચ્છાથી આગમની વિધિમુજબ કરાયેલી વીતરાગની પૂજાનું મુખ્ય ફળ મોક્ષ જ છે. રાજ્યવગેરે તો પ્રાસંગિક=ગૌણફળ છે. તેથી જૈનગૃહસ્થ માટે જિનપૂજા અકરણીય નથી. એટલું નોંધી લેજો કે **સાધુ અને શ્રાવકના કર્તવ્યોમાં-અનુષ્ઠાનોમાં અનંતર અને પરંપરાજન્ય જ ભેદ છે.** અર્થાત્ સાધુઓના અનુષ્ઠાનો મોક્ષના સાક્ષાત્ કારણ છે, તો શ્રાવકોના અનુષ્ઠાનો સંયમઅનુષ્ઠાનવગેરેદ્વારા પરંપરાએ મોક્ષના કારણ છે. બાકી બન્નેના અનુષ્ઠાનો મોક્ષફળક જ છે.

'દીક્ષિત પણ સંપદ્વગેરેમાટે અગ્નિકારિકા આચરી શકે' એવી શંકાને નિર્મૂળ કરતા કહે છે- *'મોક્ષમાર્ગની સેવાથી(=ભાવઅગ્નિકારિકાના સેવનથી જ) આ સંપદ્ પ્રાયઃ શુભતર(=પુણ્યાનુબંધી) થાય છે અને તેથી તે અપાય (=નુકસાન) કરનારી બનતી નથી, એવી શાસ્ત્રમર્યાદા છે.'* ॥૭॥ જેઓનો તાત્કાલિક મોક્ષ હોય, તેઓને કદાચ આ સંપત્તિ પ્રાપ્ત ન પણ થાય - એ હેતુથી 'પ્રાયઃ' પદનો પ્રયોગ કર્યો છે. પરમતને પણ દ્રવ્યઅગ્નિકારિકા સંમત નથી, તે બતાવે છે-*'ઇષ્ટાપૂર્ત એ મોક્ષનું અંગ(=કારણ) નથી અને સકામ(=અભ્યુદયની ઇચ્છાવાળા)ને જ તે બતાવ્યું છે. અકામ(=સ્વર્ગ-પુત્ર વગેરેની ઇચ્છા વિનાના)ને માટે તો પૂર્વ 'કર્મેન્ધન' ઇત્યાદિ (પ્રથમ) શ્લોકથી પ્રતિપાદિત ભાવઅગ્નિકારિકા જ ન્યાયયુક્ત છે.'* ॥૮॥ ઇષ્ટાપૂર્તનું સ્વરૂપ દર્શાવે છે- *'યજ્ઞની વેદિકાની અંદર, બ્રાહ્મણોની સમક્ષ, ઋત્વિજ્-ગોરોવડે, મંત્રસંસ્કારપૂર્વક જે અપાય(=હોમાય) તે ઇષ્ટ કહેવાય.'* ॥૧॥ *'વાવડી, કૂવા, તળાવ, દેવાલય, અન્નશાળા, બગીચાવગેરે પૂર્ત કહેવાય.'* ॥૨॥ 'વેદમાં વિહિત હોવાથી અકામ(=ઇચ્છા રહિતનો) પુરુષ દ્રવ્યકારિકા પણ કરે તો વાંધો નહીં.' એમ ન કહેવું, કારણ કે 'સ્વર્ગની ઇચ્છાવાળાએ યજ્ઞ કરવો' ઇત્યાદિ વેદવચનોમાં નામ લેવાપૂર્વક યજ્ઞાદિ દ્રવ્યકારિકાના કર્તા અને ફળ સૂચવ્યા છે. તેથી અર્થતઃ સ્વર્ગાદિની ઇચ્છા વિનાનાએ યજ્ઞાદિ દ્રવ્યકારિકા કરવાની નથી. વળી એવી શ્રુતિ છે, કે *'ઇષ્ટાપૂર્ત જ શ્રેષ્ઠ છે, બીજું કશું શ્રેયસ્કર નથી એમ માનતા મૂર્ખાઓ ઇષ્ટાપૂર્ત દ્વારા સ્વર્ગમાં ગયા પછી અંતે ફરીથી આ લોકમાં(મૃત્યુલોકમાં) અથવા તેનાથી*

① योगदृष्टिसमुच्चये त्वेवं श्लोकौ पठ्येते → 'ऋत्विग्भिर्मन्त्रसंस्कारैर्ब्राह्मणानां समक्षत:। अन्तर्वेद्यां हि यद्दत्तमिष्टं तदभिधीयते' ॥११६॥ 'वापीकूपतडागानि देवतायतनानि च। अन्नप्रदानमेतत्तु पूर्तं तत्त्वविदो विदु:' ॥ ११७॥

१/२/१०] इति श्रुतेश्च।

इत्येवमुक्तजातीयप्रकार*मविदन्*=अजानन्, यत्किञ्चि*दापादयन्*-जातिप्रायमुपन्यस्य सभायां जातोपहास: किं *मत्त:*=उन्मादवानसि ? किमथवा *पिशाचकी*=पिशाचग्रस्तोऽसि ? किं *वातकी*=सन्निपाताख्यवातरोगवानसि? किं *पातकी*=महापातकवानसि ? अत्र यत्किञ्चिदापादने मत्तपिशाचकित्वादिहेतूना**मुत्प्रेक्षा**॥ २८ ॥ अपि च–

**द्रव्यार्चामवलम्बते न हि मुनिस्तर्तुं समर्थो जलं,**
**बाहुभ्यामिव काष्ठमत्र विषमं नैतावता श्रावक:।**
**बाहुभ्यां भववारि तर्त्तुमपटु: काष्ठोपमां नाश्रयेद्-**
**द्रव्यार्चामपि विप्रतारकगिरा भ्रान्तीरनासादयन्॥ २९॥**

(**दंडान्वय:**→ अत्र बाहुभ्यां जलं तर्तुं समर्थ: मुनि: विषमं काष्ठमिव द्रव्यार्चां नावलम्बते। एतावता बाहुभ्यां भववारि तर्तुमपटु: विप्रतारकगिरा भ्रान्तीरनासादयन् श्रावक: काष्ठोपमां द्रव्यर्चामपि नाश्रयेद् (इति) न॥)

'द्रव्यार्चाम्'इति । अत्र जगति बाहुभ्यां जलं तर्तुं समर्थ:, *विषमं*=सकण्टकं काष्ठमिव मुनिर्भुजेन (भावेन) भवजलतरणक्षम: *न हि*=नैव द्रव्यार्चामवलम्बते, स्वरूपत: सावद्यायास्तस्या: सकण्टककाष्ठस्थानीयाया अव-

---

*હીનતર લોકમાં પ્રવેશે છે.'*

આમ દ્રવ્યસ્તવની અનુમતિ, અનુમોદના ભાવસ્તવનું સાક્ષાત્ કારણ છે, જ્યારે દ્રવ્યસ્તવ ભાવસ્તવનું સાક્ષાત્ કારણ નથી. તેથી સાધુને દ્રવ્યસ્તવની અનુમતિ, અનુમોદનાનો અધિકાર છે, પણ દ્રવ્યસ્તવ કરવાનો અધિકાર નથી. ઇત્યાદિ જ્ઞાન કર્યા વિના જ 'દ્રવ્યસ્તવને અનુમોદનીય માનવામાં કર્તવ્ય પણ માનવો પડશે' ઇત્યાદિ જાતિપ્રાય(જાતિ=ખોટા વિકલ્પોવગેરે. **સ્યાદ્વાદમંજરીમાં** આનું સ્વરૂપ બતાવ્યું છે.) આપત્તિઓ દર્શાવવી સારી નથી. આમ જ્યાં ત્યાં પગ ભીડાવવા જતાં ગબડી પડેલા તમે સભામાં ઉપહાસપાત્ર ઠરો છો અને બધા સભ્યોને શંકા જાય છે કે 'શું આ ઉન્મત્ત થયો છે ? કે શું આને ભૂત વળગ્યું છે ? અથવા તો પછી આને સન્નિપાત નામનો વાયુરોગ લાગુ પડ્યો છે ? કે પછી પાપી પાપલીલા આચરી રહ્યો છે ? કે જેથી જેમ તેમ તર્ક વિનાનું બોલ-બોલ કરે છે.' અહીં પ્રતિમાલોપક અસંગત આપત્તિઓ આપે છે. તેમાં 'મત્ત' 'પિશાચ' વગેરે હેતુઓની કલ્પના કરી છે, તેથી **ઉત્પ્રેક્ષા અલંકાર** છે. **॥ ૨૮ ॥** વળી–

**કાવ્યાર્થ :–** જેમ જગતમાં હાથથી પાણી તરી જવા સમર્થ તરવૈયો કાંટાવાળા લાકડાની સહાય લેતો નથી. તેમ મુનિ પણ દ્રવ્યપૂજાનું આલંબન લેતો નથી. પણ એટલામાત્રથી હાથથી સંસારરૂપ પાણી તરી જવામાં અસમર્થ અને બીજાઓના ઠગવચનોથી ભૂલો નહિ પડતો શ્રાવક લાકડા જેવી દ્રવ્યપૂજાનો આશરો ન લે એમ ન બને.

## દ્રવ્યસ્તવની કાષ્ઠતુલ્યતા

જગતમાં જેમ સમર્થ તરવૈયો પોતાના બે હાથથી જ પાણી તરી જાય છે. પણ કાંટા=ફાંસસહિતના લાકડાની સહાય લેતો નથી. તેમ ભાવસ્તવરૂપ બે બાહુથી ભવસાગર તરવા સમર્થ મુનિ સ્વરૂપસાવદ્ય હોવાથી વિષમ કાષ્ઠતુલ્ય દ્રવ્યસ્તવની સહાય લે નહિ. આટલામાત્રથી જ 'સ્વરૂપસાવદ્ય હોવાથી દ્રવ્યસ્તવને જો મુનિઓ સેવતા ન હોય તો શ્રાવકોથી શી રીતે સેવી શકાય ?' એવી ભ્રાંતિ પેદા કરનારી વાણી પ્રતિમાલોપક કહે, ત્યારે આ કુવાણીના શ્રવણનો ભોગ બનેલો અને 'પોતાને ઉચિત શું છે ?' તેની ગતાગમ વિનાનો અકુશળ શ્રાવક પણ જો દ્રવ્યસ્તવનું આલંબન

लम्बनायोगान्नैतावता कुश्रुतादिदोषेण स्वौचित्यमविदन्(त्यं विदन् पाठा.) श्रावकः बाहुभ्यां *भववारि*=संसारसमुद्रं, तर्त्तुमपटुः सन् *काष्ठोपमां*=विषमकाष्ठतुल्यां, द्रव्यार्चां नाश्रयेत्। किं कुर्वन् ? विप्रतारकस्य गिराऽपि *भ्रान्तीः*= विपर्यया *ननासादयन्*=अप्राप्नुवन्। तदासादने तु स्वौचित्यापरिज्ञाने स्यादेव तदनाश्रयणं मुग्धस्येति भावः ॥ २९ ॥
किञ्च–

**अक्षीणाविरतिज्वरा हि गृहिणो द्रव्यस्तवं सर्वदा,**
**सेवन्ते कटुकौषधेन सदृशं नानीदृशाः साधवः।**
**इत्युच्चैरधिकारिभेदमविदन् बालो वृथा खिद्यते,**
**नैतस्य प्रतिमाद्विषो व्रतशतैर्मुक्तिः परं विद्यते ॥ ३० ॥**

(**दंडान्वयः**→ अक्षीणाविरतिज्वरा गृहिणो हि कटुकौषधेन सदृशं द्रव्यस्तवं सर्वदा सेवन्ते, न (तु) अनीदृशाः साधवः। इति उच्चैरधिकारिभेदमविदन् बालो वृथा खिद्यते। परं नैतस्य प्रतिमाद्विषो व्रतशतैः मुक्तिः विद्यते ॥)

'अक्षीण'इत्यादि। *हि*=निश्चितं, अक्षीणोऽविरतिरेव ज्वरो येषां ते तथा, गृहिणो ज्वरापहारिणो कटुकौषधेन सदृशं द्रव्यस्तवं सर्वदा सेवन्ते। *अनीदृशाः*=क्षीणाविरतिज्वराः साधवो न सेवन्ते। '**न हि नीरोगवैद्यौक्तमौषधं**

---

છોડી દે, તો 'કૌઆ ચલા હંસકી ચાલ....' જેવો ઘાટ થાય. તેથી સ્વઔચિત્યજ્ઞ શ્રાવકે આ કુવાણીનું શ્રવણ કરવું જ નહિ અને મુનિના દૃષ્ટાંતને આગળ કરી દ્રવ્યાર્ચા છોડવી નહિ, પણ પોતાની શક્તિ અને અવસ્થાને અનુરૂપ દ્રવ્યસ્તવનું આલંબન અવશ્ય લેવું.

**શંકા :-** બીજાના કુવચનના શ્રવણમાં શો દોષ છે ?

**સમાધાન :-** શાસ્ત્રતાત્પર્યને છુપાવતા ઠગોના વચન મુગ્ધ જીવોને ભરમાવી નાંખતા હોય છે. એ મુગ્ધ જીવો તો આ વાતો સાંભળી 'એમ ! શાસ્ત્રમાં આમ કહ્યું છે ?' 'આ ગુરુમહારાજ શાસ્ત્રજ્ઞ છે, પરોપકારી છે, નિઃસ્વાર્થ છે, માટે એમની વાત ખોટી કેવી રીતે હોઇ શકે ? અને તર્ક પણ કેટલો સચોટ આપ્યો છે' ઇત્યાદિ વિચારી ભ્રાંતિમાં ફસાઇ જાય છે. આ રીતે વારંવાર ભ્રાંત વાતોથી ભાવિત થયેલા તેઓ પછી પૂર્વગ્રહયુક્ત, દૃષ્ટિરાગયુક્ત અને વ્યુદ્ગ્રાહિત બને છે. તેથી પોતાના ઔચિત્યનું જ્ઞાન ચૂકી જાય છે, પોતાની અવસ્થા, પોતાની શક્તિ, શાસ્ત્રોમાં તર્કપૂર્વક બતાવેલી એ શક્તિઆદિવખતે લાભકારી વાત શું છે ? વગેરે વાતોના પરિજ્ઞાનથી વંચિત થઇ જાય છે. પરિણામે શાસ્ત્રસંમત અને હિતકારી પૂજાનો આશ્રય કરતો નથી. આ પરિસ્થિતિ ઊભી થયેલી દેખાય જ છે. તેથી ઊંચી-ઊંચી વાતોના નામે શ્રાવકના ઔચિત્યભૂત કર્ત્તવ્યોથી ભ્રષ્ટ કરનારાઓની વાણી સાંભળવા જેવી નથી. **॥ ૨૯ ॥** તથા–

## દ્રવ્યસ્તવ કટુઔષધ સમાન

**કાવ્યાર્થ :-** ગૃહસ્થોને અવિરતિરૂપ તાવ મટ્યો નથી. તેથી તેઓ કડવા ઔષધ જેવા દ્રવ્યસ્તવનું સેવન હંમેશા કરે એ સંગત છે. મુનિઓને આ તાવ ન હોવાથી તેઓ (દ્રવ્યસ્તવરૂપ ઔષધનું) સેવન નથી કરતા. અધિકારીના આ અત્યંત ભેદનો પ્રકાશ મેળવ્યા વિના બાળ(=પ્રતિમાલોપક) વ્યર્થ ખિન્ન થાય છે. પણ ખ્યાલ રાખજો ! આ પ્રતિમાના દ્વેષીઓ સેંકડો વ્રત પાળે તો પણ મોક્ષ પામી નહિ શકે.

**પૂર્વપક્ષ :-** સાધુ પોતે દ્રવ્યસ્તવ આચરે નહિ અને શ્રાવકને દ્રવ્યસ્તવનું આચરણ કરવા ઉપદેશ દીધે રાખે, તે શું યોગ્ય છે ? આવા આચરણ વિનાના ઉપદેશથી શ્રાવકને શું અસર થશે ? સાધુને માટે અનાચીર્ણ શ્રાવકમાટે

**रोगवान्न सेवते'** इति लोकेऽपि सिद्धमिति, *उच्चैः*=अतिशयेना*ऽधिकारिभेदं*=मलिनारम्भितदितराधिकारि-विशेषमविदन् *बालः*=अज्ञानी, वृथा *खिद्यते*=मुधा खेदं कुरुते। एतस्य *प्रतिमाद्विषः*=प्रतिमाशत्रोः, *परं*=केवलं, (व्रतशतैः) मुक्तिर्न विद्यते। प्रवचनार्थे एकत्राप्यश्रद्धानवतो योगशतस्य निष्फलत्वात्। तदुक्त**माचाराङ्गे**→ *'वितिगिच्छसमावन्नेणं अप्पाणेणं णो लहइ समाहिं'* त्ति [१/५/५/१६१]।

अत्र प्रत्यवतिष्ठन्ते। **ननु यतिरत्र कस्मान्नाधिकारी ?** यतः कर्मलक्षणो व्याधिरेको द्वयोरपि यतिगृहस्थयोः। अतस्तच्चिकित्साऽपि पूजादिलक्षणा समैव भवति। ततो यद्येकस्याधिकारः कथं नापरस्य ? **अथ** *'स्नानमुद्वर्त्त-नाभ्यङ्गनखकेशादिसंस्क्रियाम्। गन्धं माल्यं च धूपं च त्यजन्ति ब्रह्मचारिणः'*॥ इति वचनाद् यतेः स्नानपूर्वकत्वा-

---

આચીર્ણ શી રીતે બને ? આ તો 'ડાહી સાસરે જાય નહિ અને ગાંડીને શિખામણ આપે' તેના જેવો ઘાટ છે.

**ઉત્તરપક્ષ :-** સર્વત્ર સ્વઆચરિતનો જ ઉપદેશ દેવાય તેવો નિયમ નથી. શું નિરોગી વૈદ્યે બતાવેલી દવાનો ઉપયોગ રોગી કરતો નથી ? કરે જ છે. તે વખતે રોગી તેમ વિચારતો નથી કે ' વૈદ પોતે દવા લેતો નથી તો હું શું કામ લઉં ?' આમ લોકમાં પણ સિદ્ધ છે. બસ એ જ પ્રમાણે અવિરતિરૂપ તાવથી પીડાતા ગૃહસ્થને વૈદ્યરૂપ સાધુ કડવાઔષધતુલ્ય દ્રવ્યસ્તવનો ઉપદેશ આપે તેમાં શું ખોટું છે ? પોતાનો અવિરતિ રોગ જેને કનડતો હોય, તેવો શ્રાવક પણ તે વખતે એમ ન વિચારે કે 'સાધુ દ્રવ્યસ્તવ નથી કરતા તો હું શું કામ કરું' કારણ કે એ સમજે છે - 'આ દ્રવ્યસ્તવ જ મારા અવિરતિરોગને દૂર કરશે. સાધુઓને આ રોગ નથી, માટે દ્રવ્યસ્તવ કરતા નથી.' આમ અવિરતિધર શ્રાવક મલિનઆરંભ(સંસારહેતુક પાપારંભ)વાળો હોવાથી દ્રવ્યસ્તવનો અધિકારી છે. સાધુને આ મલિનારંભ નહીં હોવાથી એ દ્રવ્યસ્તવનો અધિકારી નથી. આવો સ્પષ્ટ અધિકારીભેદ હોવા છતાં તેનો ખ્યાલ કર્યા વિના 'વિરોધ ! વિરોધ !' ની બુમો પાડીને આ પ્રતિમાલોપકો શા માટે પોતાનું ગળું દુઃખાડી અને મગજની કઢી કરી દુઃખી થતા હશે ? પણ આ સલાહ તો નોંધી જ લેવી જોઇએ કે **'જિનપ્રતિમાનો દ્વેષ ચાલુ રાખીને ગમે તેટલા વ્રત, નિયમો સ્વીકારો પણ મોક્ષની દિશામાં એક કદમ પણ આગળ નહિ વધી શકો !'** 'આવક આઠ આનાની અને ખર્ચ રૂપિયાનો' પછી હાલત શી થાય ? આટલો તો ખ્યાલ હશે જ કે 'આગમના એક અક્ષરની પણ અશ્રદ્ધાવાળાના સેંકડો યોગો (=અનુષ્ઠાનો) પણ નિષ્ફળ છે.' **આચારાંગમાં** કહ્યું જ છે કે → *'વિચિકિત્સા(=સંશય) પામેલો (જિનના એક પણ વચનમાં સંદેહવાળો) આત્મા સમાધિ(=મોક્ષ) પામી શકતો નથી.'* છિદ્રોવાળી ડોલમાં સો તપેલા પાણી નાખો તો પણ શું થાય ? તે બધા સમજે જ છે.

## 'સાધુ દ્રવ્યાર્ચાનો અધિકારી કેમ નહિ ?' - ચર્ચા

**પૂર્વપક્ષ :- (પ્રતિમાલોપક) :-** સાધુને તમે દ્રવ્યાર્ચા-જિનપ્રતિમાપૂજાનો નિષેધ કેમ કરો છો તે જ અમને સમજાતું નથી. જો કર્મરૂપ રોગને દૂર કરવા દ્રવ્યાર્ચા હોય, તો આ કર્મરોગ સિદ્ધના જીવોને છોડી કોને લાગુ નથી પડ્યો? ગૃહસ્થની જેમ સાધુ પણ આ રોગની વેદનાથી વ્યાકુળ છે જ. જો તમને તે રોગ સામે દ્રવ્યાર્ચા રામબાણ ઇલાજ લાગતી હોય, તો સાધુને પણ એનું સેવન કરવા દો ને ! સમાન રોગી સમાન ઇલાજ અજમાવે તેમાં તમારા પેટમાં શું દુઃખે છે ? જો દ્રવ્યાર્ચામાં સાવદ્યયોગથી ગભરાઇને તમે સાધુને એ ઇલાજની(=દ્રવ્યાર્ચાની) ના પાડતા હો, તો શ્રાવકને કેમ હા પાડો છો ? સમાનસ્થિતિવાળા જીવોમાં એકને અધિકારી બતાવો અને એકને ન બતાવો તે શું યોગ્ય છે ?

**શંકા :-** *'બ્રહ્મચારીઓ (૧) સ્નાન (૨) માલિશ (૩) લેપ (૪) નખ-વાળ વગેરેની ટાપટીપ (૫) અત્તર વગેરે સુગંધી દ્રવ્યો (૬) પુષ્પવગેરેની માળા તથા (૭) ધૂપવગેરેનો ત્યાગ કરે છે.'* આ વચન છે. તેથી બ્રહ્મચારી

देवार्चनस्य तस्मिन्नाधिकारः। **न**, एवम्भूतार्थस्यैव तस्य निषेधात्, यदि यतिः सावद्यान्निवृत्तः, ततः को दोषो यत्स्नानं कृत्वा देवतार्चनं न करोतीति। यदि हि स्नानपूर्वकदेवतार्चने सावद्ययोगः स्यात्, तदाऽसौ गृहस्थस्याऽपि तुल्य इति तेनापि तन्न कर्त्तव्यं स्यात्। **अथ** गृहस्थः कुटुम्बाद्यर्थे सावद्ये प्रवृत्तस्तेन तत्रापि प्रवर्त्ततां, यतिस्तु तत्राप्रवृत्तत्वात् कथं स्नानादौ प्रवर्त्तते ? इति। **ननु** यद्यपि कुटुम्बाद्यर्थं गृही सावद्ये प्रवर्त्तते, तथापि तेन धर्मार्थं तत्र न प्रवर्त्तितव्यम्। नह्येकं पापमाचरितमित्यन्यदप्याचरितव्यम्। **अथ** कूपोदाहरणात्पूजादिजनितमारम्भदोषं विशोध्य गृही गुणान्तरमासादयतीति युक्तं गृहिणः स्नानपूजादिः। **ननु** यथा गृहीणः कूपोदाहरणात् स्नानादिकं युक्तमेवं यतेरपि तद्युक्तमेव। एवं च कथं स्नानादौ यतिर्नाधिकारीति ? **अत्रोच्यते**-यतयः सर्वथा सावद्यव्यापारान्निवृत्तास्ततश्च

---

સાધુઓએ સ્નાનવગેરે કરવું ઉચિત નથી. તથા સ્નાનવગેરે વિના તો પૂજા સંભવતી નથી. માટે સાધુઓને પૂજાનો નિષેધ છે.

**સમાધાન :-** વાહ ! માથાના દુઃખાવાથી ગભરાઇને માથાને જ ઊડાવી દેવા તૈયાર થયા છો. ભલાદમી બામ લગાડો ! પણ માથું શું કામ કાપો છો ? હા ! સાધુ બીજા પ્રયોજન વિના માત્ર શરીરને દેખાવડું રાખવા સચિત્ત પાણીથી સ્નાન કરતો હોય, તો ઉપરોક્ત વચનથી તેનો નિષેધ કરવો બરાબર છે. પણ સાધુ માત્ર પૂજાના શુભાશયથી સાવદ્યમાંથી નિવૃત્ત થઇ અચિત્ત પાણીથી સ્નાન કરી જિનપૂજા કરે તેનો પણ ભેગાભેગો નિષેધ કરવો એ માથાના દુઃખાવાથી ગભરાઇને માથું કપાવવા જેવું નથી ? દેહની ટાપટીપનો ભય હોય, તો તે ટાપટીપ ન કરવા ઉપદેશ આપો. સાવદ્યનો ભય હોય, તો સાવદ્યને છોડી અચિત્ત જળનો ઉપયોગ કરવાનું કહો, પણ સર્વથા સ્નાન અને પૂજાનો નિષેધ ન કરો.

**શંકા :-** છતાં પણ પૂજા પુષ્પાદિ સાવદ્યયોગ વિના સંભવે નહિ. માટે સાધુ પૂજા ન કરે તે જ બરાબર છે.

**સમાધાન :-** તો પછી ગૃહસ્થ પૂજા કરે તેમાં શું આ સાવદ્યયોગ નથી ? માટે ગૃહસ્થે પણ આ સાવદ્યયોગનો ત્યાગ કરવો જોઇએ.

**શંકા :-** તમે કેવી વાત કરો છો ? ગૃહસ્થ તો સાવદ્યમાં જ બેઠો છે. પોતાના કુટુંબવગેરેમાટે તે ભરપેટ સાવદ્ય આચરે છે. તેથી ભલેને સ્વરૂપથી સાવદ્ય દેખાતી પૂજા કરે. સાધુ કંઇ થોડો સાવદ્યમાં બેઠો છે, કે જેથી આ નવા સાવદ્યને ઊભુ કરે ? તેથી એ પૂજાના સાવદ્યને ન સેવે તે જ બરોબર છે.

**સમાધાન :-** એમ ! તમારે હિસાબે તો, એક પાપ કરે તેને બીજા પાપ કરવાની છુટ મળે છે. ચોરી કરે છે માટે જુઠ બોલવાની છુટ છે. ગૃહસ્થ કુટુંબવગેરે સંસાર માટે સાવદ્ય=પાપ કરે, એટલામાત્રથી એણે શું ધર્મ=મોક્ષમાટે પણ પાપ કરવાનું ? આ જરા પણ યોગ્ય નથી.

**શંકા :-** ગૃહસ્થ સંસારના આરંભના પાપ ધોવા માટે ધર્મમાટે આરંભ કરે છે.

**સમાધાન :-**કાદવથી કાદવને દૂર કરવાની તમારી આ સલાહ ન્યારી છે. સંસારના આરંભના પાપ ધોવામાટે ધર્મ કરવાનો છે. આ ધર્મમાં પણ આરંભ કરીને જે નવા પાપ બાંધશો, તે શી રીતે દૂર કરશો ? તેથી સંસારના આરંભના પાપ ધોવા હોય તો નિરવદ્ય ધર્મ જ યોગ્ય છે. કાદવનો મેલ દૂર કરવા નિર્મલ જળ જ યોગ્ય છે, નહિ કે કાદવ.

**શંકા :-** પૂજાવગેરેમાં જે આરંભદોષો છે, તે તો શાસ્ત્રપ્રસિદ્ધ કુવાના દૃષ્ટાંતથી દૂર ટળી જાય છે અને પૂજાથી વિશિષ્ટ ગુણો ઉત્પન્ન થાય છે. આમ ગૃહસ્થોને માટે પૂજા કરવી હિતકર છે.

**સમાધાન :-** કુવાના દૃષ્ટાંતથી જો પૂજામાં રહેલા આરંભના દોષો ટળી જતા હોય અને વિશેષગુણો પ્રગટતા

कूपोदाहरणेनापि तत्र प्रवर्त्तमानानां तेषामवद्यमेव चित्ते स्फुरति, न धर्मस्तत्र सदैव शुभध्यानादिभिः प्रवृत्तत्वात्। गृहस्थास्तु सावद्ये स्वभावतः सततमेव प्रवृत्ताः, न पुनर्जिनार्चादिद्वारेण स्वपरोपकारात्मके धर्मे; तेन तेषां स एव चित्ते लगति निरवद्य इति। कर्तृपरिणामवशादधिकारीतरौ मन्तव्यौ इति। स्नानादौ गृहस्थ एवाधिकारी न यति-रित्यष्टकवृत्तिकृत्।

(१) अत्र द्रव्यस्तवे प्रवृत्तिकालेऽवद्यस्फुरणं साधोः किमवद्यसद्भावात् ? (२) अग्रिमकालेऽवद्यस्य

---

હોય, તો આ પૂજામાટે જેમ ગૃહસ્થ શ્રાવકો અધિકારી છે, તેમ સાધુઓ પણ આ જ કૂવાના દૃષ્ટાંતથી પૂજાના અધિકારી થવા જોઇએ અને તેથી સ્નાનવગેરેના પણ અધિકારી બનવા જોઇએ. નહિ તો, શ્રાવક પણ પૂજા સ્નાનાદિનો અધિકારી નહીં થવો જોઇએ. ન્યાયના માર્ગમાં પક્ષપાતને કોઇ અવકાશ નથી.

## સાધુને પૂજાદિમાં સાવદ્યની જ સ્ફુરણા - ઉત્તરપક્ષ

**ઉત્તરપક્ષ :-** અહીં વાત એમ છે, કે સાધુ કદાચ કુવાના દૃષ્ટાંતથી પણ જો દ્રવ્યપૂજામાં પ્રવૃત્ત થાય, તો તેણે તે વખતે પાપની=આરંભની જ સ્ફુરણા થાય, શુભ અધ્યવસાય પ્રગટે નહિ, કારણ કે પોતે સર્વસાવદ્યયોગોમાંથી નિવૃત્ત થયો છે, 'પૂજા વગેરેરૂપ ધર્મક્રિયા કરવા છતાં સાધુને પ્રાયઃ શુભ અધ્યવસાય કેમ ન પ્રગટે ?' આ મહત્ત્વની શંકાનાં સમાધાનમાં **શ્રી હરિભદ્રસૂરિએ રચેલા અષ્ટકપ્રકરણના ટીકાકારનું** મંતવ્ય આ પ્રકારે છે → સાધુઓ સદામાટે સર્વથા સાવદ્યપ્રવૃત્તિઓથી નિવૃત્ત છે, અને શુભ ધ્યાનવગેરે દ્વારા જ(સ્વરૂપનિરવદ્ય આચારાદિદ્વારા જ) ધર્મમાં પ્રવૃત્ત હોય છે. (**પંચસૂત્રમાં** પણ તેથી જ કહ્યું છે કે → *'સયા સુહજોગે એસ જોગી વિયાહિયે'='આ જોગી=યોગી=સાધુ હંમેશા શુભયોગમાં જ હોય તેમ કહ્યું છે.'*) પૂજાવગેરે પ્રવૃત્તિ પણ ધર્મરૂપ હોવા છતાં, સ્વરૂપથી સાવદ્ય છે. એક નિયમ છે કે 'પોતાની મુખ્ય પ્રવૃત્તિ કરતાં ભિન્ન પડતી પ્રવૃત્તિમાં, જે અંશે ભિન્નતા હોય, તે જ અંશ વારંવાર ચિત્તની સામે દેખાયા કરે' પૂજામાં સાધુઓની બીજી પ્રવૃત્તિઓસાથે ધર્મરૂપે અભિન્નતા છે. જ્યારે સાવદ્ય-નિરવદ્ય સ્વરૂપથી ભેદ છે. તેથી સદા ધર્મરત સાધુઓને સાવદ્ય સ્વરૂપને કારણે પોતાની મુખ્ય પ્રવૃત્તિથી ભિન્ન પડતી પૂજાદિ પ્રવૃત્તિમાં ધર્મરૂપ સમાન અંશનો અધ્યવસાય ન થાય, પણ સાવદ્યરૂપ ભિન્નઅંશનો જ વારંવાર અધ્યવસાય થયા કરે તે સ્વાભાવિક છે. તેથી જ સાધુ કુવાના દૃષ્ટાંતથી પણ પૂજામાં પ્રવૃત્ત થાય, તો પણ ત્યાં એને અવદ્ય(=હિંસા)ની જ સ્ફુરણા થયા કરે, ભક્ત્યાદિ ધર્મ તો સ્ફુરે જ નહીં. (અને જો આ અધ્યવસાયોની ઉપેક્ષા કરીને પણ સાધુ સાવદ્યમાં પ્રવૃત્તિ કર્યા કરે, તો કદાચ એમ પણ બને કે, સાધુને સાવદ્યપ્રત્યેની સૂગ પણ ઊડી જાય, અને તો તો પૈસો લેવા જતાં રૂપિયો ખોવા જેવું થાય.) ગૃહસ્થમાટે આખી બાબત વિપરીત છે, પુત્ર-પરિવારઆદિ સાંસારિક હેતુઓથી ગૃહસ્થ સ્વભાવથી જ સતત સાવદ્યમાં પ્રવૃત્ત છે. સાવદ્ય યોગ તેને માટે નવો નથી. પરંતુ આ બધી સાવદ્ય પ્રવૃત્તિઓ સ્વરૂપથી તો સાવદ્ય છે, પરંતુ અનુબંધથી પણ સાવદ્યરૂપ હોવાથી અધર્મમય છે. જ્યારે પૂજાવગેરે શુભ અનુષ્ઠાનો સ્વરૂપથી સાવદ્ય હોવા છતાં પોતાનાપર અને બીજાઓપર ઉપકાર કરનારા હોવાથી ધર્મરૂપ છે. તેથી કદાચિત્ કરાતા પૂજાઆદિ અનુષ્ઠાનોમાં ગૃહસ્થને (પોતાની બીજી મુખ્ય પ્રવૃત્તિઓથી) 'સ્વરૂપથી સાવદ્યતારૂપ' અભિન્ન અંશનો બોધ ન થાય અને ધર્મરૂપ ભિન્ન અંશનો જ અધ્યવસાય થાય તે સ્વાભાવિક છે. તેથી જ તેઓને પૂજાઆદિમાં રહેલા ધર્માંશરૂપ નિરવદ્ય અંશ જ ચિત્તમાં તરવર્યા કરે છે. આમ પૂજાના વિષયમાં સાધુ અને ગૃહસ્થના પરિણામમાં સ્પષ્ટ તફાવત રહેલો છે. અને શુભ-અશુભ પરિણામના કારણે જ અધિકારી-અનધિકારીનો નિર્ણય થાય છે. (માટે જ **કુમારપાળરાજાને** ઘેબરમાં માંસનો પરિણામ થતો હોવાથી **કલિકાળ-સર્વજ્ઞશ્રીએ** એમનામાટે ઘેબર અભક્ષ્ય કહ્યા હતા.) તેથી ગૃહસ્થો જ સ્નાનાદિના અધિકારી છે, સાધુઓ નહીં, તેમ નિશ્ચિત થાય છે.

स्वाशोध्यत्वज्ञानात् ? (३) स्वप्रतिज्ञोचितधर्मविरुद्धत्वज्ञानात् ? (४) आहार्यारोपाद्वा ? नाद्यद्वितीयौ, गृहितुल्य-योगक्षेमत्वादुभयासिद्धेः । न तृतीयः, गृहिणापि यागादिनिषेधाय धर्मार्थं हिंसा न कर्तव्येति प्रतिज्ञाकरणात्तद्विरुद्धत्व-ज्ञाने स्फुरितावद्येन द्रव्यस्तवाकरणप्रसङ्गात्। अध्यात्माऽऽनयनेन द्रव्यस्तवीयहिंसाया अहिंसाकरणेनाऽविरोध-स्याप्युभयोस्तौल्यात्। नापि तुर्यः, अवद्याऽऽहार्यारोपस्येतरेणापि कर्तुं शक्यत्वात्। तेन द्रव्यस्तवत्यागस्यापि प्रसङ्गात्। **इति** मलिनारम्भस्याधिकारिविशेषणस्याभावादेव न साधोर्देवपूजायां प्रवृत्तिः। मलिनारम्भी हि तन्निवृत्ति-

---

## મલિનારંભીને પૂજાનો અધિકાર - ઉપાધ્યાયજીનો મત

અહીં **ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ** સ્વમત દર્શાવે છે. આ જિનપૂજા કરતી વખતે સાધુને અવદ્યની સ્ફુરણા શા માટે થાય છે ? (૧) શું ખરેખર પૂજાવગેરે અવદ્ય=પાપરૂપ છે માટે ? કે (૨) 'ભાવીમાં આ પાપની પોતે શુદ્ધિ કરી શકે તેમ નથી' એમ જ્ઞાન થવાથી ? કે (૩) 'પોતે કરેલી પ્રતિજ્ઞાને ઉચિત ધર્મથી આ ધર્મ વિરુદ્ધ છે' એવો બોધ થવાથી ? કે પછી (૪) પોતાની જ ઇચ્છાથી એમાં અવદ્યનો આરોપ કરવાથી ? (આહાર્યઆરોપ=પ્રત્યક્ષવગેરેથી બાધિત વસ્તુની પણ સ્વઇચ્છાથી કલ્પના કરવી.) અહીં પ્રથમપક્ષે, જો પૂજા વાસ્તવમાં પાપરૂપ હોય, તો તો ગૃહસ્થને પણ પૂજા કરતી વખતે પાપરૂપતા જ નજરસામે આવે. તેથી ગૃહસ્થને પણ પૂજાનો અધિકાર પ્રાપ્ત ન થાય. અહીં ગૃહસ્થના અધિકારના બચાવમાં જે જવાબ આપશો, તે જવાબ સાધુના અધિકારને પણ સિદ્ધ કરશે. આમ બન્ને પક્ષે યોગક્ષેમ તુલ્ય હોવાથી પ્રથમ પક્ષ ત્યાજ્ય છે. બીજો વિકલ્પ પણ ગૃહસ્થઅંગે સમાન યોગક્ષેમ ધરાવતો હોવાથી ઉપેક્ષણીય છે. જો સદા ધર્મમાં રત સાધુ પૂજામાં લાગતા પાપની ભાવીમાં શુદ્ધિ કરી શકવાની બાબતમાં પોતાની અશક્તિનું જ્ઞાન કરતો હોય, તો જેને ધર્મસાથે માંડ બે ચાર ઘડીનો જ સંબંધ છે, તે ગૃહસ્થને તો 'પૂજાદિમાં લાગતા પાપની શુદ્ધિ કરવી પોતાને માટે અશક્યપ્રાયઃ છે' તેવો અધ્યવસાય સુતરામ સંભવી શકે છે. તેથી ગૃહસ્થને પણ અવદ્યની સ્ફુરણા થતી હોવાથી ગૃહસ્થ પણ સાધુની જેમ પૂજાના અધિકારમાંથી બાકાત થઇ જાય. 'હિંસાના ત્યાગની પ્રતિજ્ઞા લીધી હોવાથી સાધુને પૂજાવગેરેમાં પોતાની પ્રતિજ્ઞાને ઉચિત ધર્મ(=નિરવદ્ય-અહિંસા વગેરે)થી વિરુદ્ધ ધર્મનું જ્ઞાન થાય છે, તેથી સાધુને પૂજાવગેરેમાં પાપની સ્ફુરણા થાય છે.' આવો ત્રીજો વિકલ્પ ગૃહસ્થને પણ લાગુ પડતો હોવાથી હેય છે, કારણ કે ગૃહસ્થે પણ 'ધર્મમાટે યજ્ઞવગેરેદ્વારા હિંસા ન કરવી' તેવી પ્રતિજ્ઞા લીધી હોય છે, તેથી ગૃહસ્થને પણ સાધુની જેમ પૂજામાં 'આ પૂજા મારી પ્રતિજ્ઞાની વિરુદ્ધ છે' તેવું જ્ઞાન થવાદ્વારા અવદ્યની સ્ફુરણા સંભવી શકે છે. તેથી ગૃહસ્થ પણ પૂજાના અધિકાર માટે અયોગ્ય ઠરે.

**શંકા :-** મૈત્રીવગેરે ચાર ભાવનાથી યુક્ત આ પૂજા અધ્યાત્મ યોગ=શુભ અધ્યવસાયને ખેંચી લાવે છે. તેથી દેખાવમાં હિંસારૂપ હોવા છતાં વાસ્તવમાં અહિંસારૂપ છે. તેથી શ્રાવકો ભલે પૂજાના અધિકારી બને.

**સમાધાન :-** જો પૂજાથી અધ્યાત્મ યોગની કમાણી થતી હોય, તો ગૃહસ્થની જેમ સાધુ પણ ભલેને પૂજાનો અધિકારી બને, કારણ કે સાધુને પણ અધ્યાત્મયોગ આવકાર્ય છે જ અને તો, તમારો ત્રીજો વિકલ્પ વરાળ જ થઇ જાય, કારણ કે પૂજામાં પ્રતિજ્ઞાની વિરુદ્ધતાની સ્ફુરણા થાય નહિ. તેથી ત્રીજો વિકલ્પ હેય બને છે. ચોથો વિકલ્પ પણ ઉપાદેય નથી, કારણ કે પૂજામાં સ્વેચ્છાથી પાપનો આરોપ તો સાધુની જેમ શ્રાવક પણ કરી શકે છે.

**શંકા :-** તો પછી 'કુવાના દૃષ્ટાંતથી પણ ગૃહસ્થ જ પૂજાનો અધિકારી અને સાધુ નહિ' એ વાત શી રીતે ઉપપન્ન બનશે.

**સમાધાન :-** જુઓ આ પ્રમાણે, ગૃહસ્થ મલિનઆરંભી=સંસારવર્ધક આરંભવાળા છે. જ્યારે સાધુઓ એવા કોઇ આરંભવાળા નથી. આમ 'મલિનઆરંભવાળાપણું' રૂપ વિશેષણ ગૃહસ્થને છે. તેથી ગૃહસ્થ પૂજાનો

फलायां तत्राधिक्रियते दुरितवानिव तन्निवृत्तिफले प्रायश्चित्ते। तदाह **हरिभद्रः** → *'असदारंभपवत्ता जं च गिही तेण तेसिं विन्नेया। तन्निवित्तिफलच्चिय, एसा परिभावणीयमिणं'*॥[पञ्चाशक ४/४३] अत एव स्नानेऽपि साधोर्नाधिकारस्तस्य देवपूजाङ्गत्वात्प्रधानाधिकारिण एव चाङ्गेऽधिकारो, न स्वतन्त्रोऽङ्गत्वभङ्गप्रसङ्गादिति युक्तं **पश्यामः**॥

असदारम्भनिवृत्तिफलत्वं च द्रव्यस्तवस्य चारित्रमोहक्षयोपशमजननद्वारा फलतः शुभयोगरूपतया स्वरूपतश्च। अत एव ततोऽनारम्भिकी क्रिया, शुभयोगे प्रमत्तसंयतस्यानारम्भकतायाः **प्रज्ञप्तौ** दर्शितत्वादार्थेनातिदेशेन देशविरतस्यापि तल्लाभात्। तथा च **प्रज्ञप्तिसूत्रं** →

---

અધિકારી છે. આ વિશેષણ સાધુને નથી. માટે સાધુ પૂજાનો અધિકારી નથી.

**શંકા :-** પૂજાનો અધિકાર મલિનઆરંભીને જ કેમ ?

**સમાધાન :-** આનો ઉત્તર મેળવવા પહેલા એ સમજી લો કે, પૂજાનું ફળ શું છે ?

**શંકા :-** પૂજાનું ફળ શું છે ?

**સમાધાન :- પૂજાનું ફળ છે મલિનારંભ(=સંસારહેતુક પ્રવૃત્તિઓ)થી છુટકારો.** જેમકે પ્રાયશ્ચિતનું ફળ છે કરેલા પાપની શુદ્ધિ. તેથી જેમ પાપ કરનારા જ પાપની શુદ્ધિ માટે પ્રાયશ્ચિત્ત કરે છે, નહિ કે (પાપ નહિ કરનારા) બીજા. તેમ જેઓ મલિનારંભ કરી રહ્યા હોય, તેઓ જ, પોતાના આ મલિનઆરંભની શુદ્ધિ કરવા (પ્રાયશ્ચિત અને પરિણામે ત્યાગ માટે) પૂજા કરવાના અધિકારી બને છે. નહિ કે (મલિનારંભ નહીં કરનારા) સાધુઓ. **યોગાચાર્ય શ્રી હરિભદ્રસૂરિજીએ** પણ કહ્યું છે કે → *'ગૃહસ્થો અસદ્ આરંભમાં પ્રવૃત્ત થયેલા છે, તેથી તેઓને જ તે આરંભમાંથી નિવૃત્ત કરાવનારી આ(=પૂજા) છે. એમ પરિભાવન કરવું.'*

આમ સાધુને જિનપૂજાનો અધિકાર અસિદ્ધ થાય છે. તેથી સાધુને સ્નાન કરવાનો અધિકાર પણ આપોઆપ ઉડી જાય છે, કારણ કે સ્નાન પૂજાનું અંગ છે અને જેઓ પૂજારૂપ મુખ્યના અધિકારી હોય, તેઓને જ તેના અંગમાં પણ પ્રવૃત્ત થવાનો અધિકાર મળે છે. જો સ્નાનનો અધિકાર સ્વતંત્ર હોય, તો સ્નાન પૂજાનો એક ભાગ રહે નહિ. પૂજાનો અધિકાર શ્રાવકને મળવામાં અને સાધુને ન મળવામાં અમને ઉપરોક્ત વિચાર જ બરાબર લાગે છે.

## જિનપૂજાથી ચારિત્રની પ્રાપ્તિ

**પ્રશ્ન :-** 'પૂજાથી મલિનઆરંભમાંથી છુટકારો થાય' એમ કહેવાનો તમારો આશય છે. પરંતુ સ્વરૂપસાવદ્ય જિનપૂજાથી સ્વરૂપનિરવદ્ય ચારિત્રની પ્રાપ્તિ શી રીતે સંભવે ? શું બાવળ વાવીને કેરી મેળવવાના મનોરથ જેવી આ વાત નથી ?

**ઉત્તર :-** ના, એમ નથી, જિનપૂજાવગેરે દ્રવ્યસ્તવના ફળરૂપે ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ થાય છે.

(કારણ કે પૂજ્યની પૂજારૂપ હોવાથી આ પૂજા શુભયોગ હોવાથી ગૃહસ્થની કક્ષાનો અપ્રમત્તયોગ છે. અને **'તે-તે ગુણસ્થાનકને અનુરૂપ આ અપ્રમત્તયોગ ઉપલા ઉપલા ગુણસ્થાનકની પ્રાપ્તિમાં કારણ બને છે.** તેથી પંચમવગેરે ગુણસ્થાને રહેલા ગૃહસ્થનો પૂજારૂપ અપ્રમત્તયોગ છટ્ઠા ગુણસ્થાનક=સર્વવિરતિ=ચારિત્રના કારણભૂત ક્ષયોપશમને પેદા કરે તે યોગ્ય જ છે. વળી જેનો ચારિત્રમોહનીય સર્વથા નાશ પામ્યો છે, તેની આ પૂજા છે. તેથી **'ગુણીના બહુમાનથી ગુણ આવે નિજ અંગ'** એ ન્યાયથી પણ ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ થાય એવું તાત્પર્ય વિચારી શકાય.)

ચારિત્રમોહનીયના ક્ષયોપશમથી સર્વવિરતિધર્મની પ્રાપ્તિ થાય તે સહજ છે. આ ચારિત્રની પ્રાપ્તિથી સર્વ મલિનઆરંભથી છુટકારો થાય, તે પણ સ્વાભાવિક જ છે. વળી, તત્કાળમાં કૃતજ્ઞતા-ભક્તિભાવવગેરે ભાવોથી વ્યાપ્ત હોવાથી સ્વરૂપથી પણ શુભયોગરૂપ છે.

'जीवा णं भते ! किं आयारंभा, परारंभा, तदुभयारंभा, अणारंभा ? गो० ! अत्थेगइया जीवा आयारंभावि परारंभावि तदुभयारंभावि णो अणारंभा । अत्थेगइया जीवा णो आयारंभा, णो परारंभा, णो तदुभयारंभा अणारंभा। से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-अत्थेगइया जीवा आयारंभावि०० ? एवं पडिउच्चारेयव्वं। गो० ! जीवा दुविहा प० तं०-संसारसमावण्णगा य असंसारसमावण्णगा य। तत्थ णं जे ते असंसारसमावण्णगा, ते णं सिद्धा। सिद्धा णं णो आयारंभा जाव अणारंभा। तत्थ णं जे ते संसारसमावण्णगा, ते दुविहा प० तं०-संजया य असंजया य। तत्थ णं जे ते संजया ते दुविहा प० तं०-पमत्तसंजया य अपमत्तसंजया य। तत्थ णं जे ते अपमत्तसंजया ते णं णो आयारंभा णो परारंभा जाव अणारंभा। तत्थ णं जे ते पमत्तसंजया ते सुहं जोगं पडुच्च णो आयारंभा, णो परारंभा जाव अणारंभा। असुहं जोगं पडुच्च आयारंभावि जाव णो अणारंभा। तत्थ णं जे ते असंजया ते अविरइं पडुच्च आयारंभावि जाव णो अणारंभा' [सू० १/१/१६] इति। व्याख्या - 'सुहं जोगं पडुच्च' ति। शुभयोग=उपयुक्ततया प्रत्युपेक्षणादिकरणम्। अशुभयोगस्तु तदेवानुपयुक्ततया। आह च- 'पुढवी आउक्काए, तेउवाउवणस्सइतसाणं। पडिलेहणापमत्तो छण्हंपि विराहओ होइ' ॥ [ओघनिर्युक्ति २७६] तथा 'सव्वो पमत्तजोगो, समणस्स उ होइ आरंभो' त्ति। अतः शुभाशुभौ योगावात्मारम्भादिकारणमिति। 'अविरइं पडुच्च' त्ति। इहायं भावः-यद्यप्यसंयतानां

---

તેથી જ જિનપૂજારૂપ દ્રવ્યસ્તવક્રિયા 'અનારંભિકી ક્રિયા' તરીકે જ શાસ્ત્રસંમત છે, કારણ કે **ભગવતી સૂત્રમાં** પ્રમત્ત સંયતને શુભ યોગમાં વર્તતો હોય ત્યારે અનારંભી કહ્યો છે. એ વાત અર્થના અતિદેશથી દેશવિરતને પણ લાગુ પડે છે. જિનપૂજાવગેરે વખતે શુભ યોગમાં વર્તતો શ્રાવક અનારંભી હોવાથી જિનપૂજા પણ 'અનારંભિકી ક્રિયા' તરીકે સિદ્ધ થાય છે. **શ્રી ભગવતી સૂત્રના** આલાપકો આ પ્રમાણે છે →

*'હે ભદંત ! જીવો શું (૧) આત્મારંભી છે ? કે (૨) પરારંભી છે ? કે (૩) ઉભય આરંભી છે ? કે (૪) અનારંભી છે ?* (આત્મારંભી=પોતે આરંભ કરનારો કે પોતાનો આરંભ કરનારો. પરારંભી=બીજાને આરંભમાં જોડનારો કે બીજાનો આરંભ કરનારો.) *હે ગૌતમ ! કેટલાક જીવો આત્મારંભી પણ છે, પરારંભી પણ છે અને ઉભયારંભી પણ છે. પરંતુ અનારંભી નથી. કેટલાક જીવો આત્મારંભી પણ નથી. પરારંભી પણ નથી. ઉભયારંભી પણ નથી. પરંતુ અનારંભી છે. હે પ્રભુ ! આપ આમ કેમ કહો છો ? ગૌતમ ! જીવો બે પ્રકારના છે. (૧) સંસારી અને (૨) સંસારથી મુક્ત. જેઓ સંસારથી મુક્ત=સિદ્ધો છે, તેઓ અનારંભી છે. સંસારમાં રહેલા જીવો પણ બે પ્રકારના છે. (૧) સંયત અને (૨) અસંયત. તેમાં જેઓ સંયત છે, તે વળી બે પ્રકારના છે (૧) પ્રમત્ત અને (૨) અપ્રમત્ત. આમાં જે અપ્રમત્તસંયત છે, તેઓ તો આત્મારંભી પણ નથી, પરારંભી પણ નથી અને ઉભયારંભી પણ નથી કિંતુ અનારંભી જ છે. જેઓ પ્રમત્ત સંયત છે, તેઓ શુભયોગને આશ્રયી આત્મારંભી નથી યાવત્ ઉભયારંભી નથી બલ્કે અનારંભી જ છે. અશુભયોગને આશ્રયીને તેઓ આત્મારંભી પણ છે, પરારંભી પણ છે અને ઉભયારંભી પણ છે, પરંતુ અનારંભી નથી. જેઓ અસંયત છે, તેઓ તો અવિરતિને આશ્રયીને આત્મારંભી પણ છે, પરારંભી પણ છે અને ઉભયારંભી પણ છે. પરંતુ અનારંભી નથી.'* આ સૂત્રની વૃત્તિ → **શુભયોગ=ઉપયોગપૂર્વકની પડિલેહણવગેરે સર્વક્રિયા. અશુભયોગ= ઉપયોગ વિના પડિલેહણ વગેરે ક્રિયા.** કહ્યું જ છે → *'પડિલેહણાપ્રમત્ત=પડિલેહણમાં પ્રમત્ત આત્મા [1] પૃથ્વીકાય, [2] અપકાય, [3] તેઉકાય, [4] વાઉકાય, [5] વનસ્પતિકાય અને [6] ત્રસકાય આ છએ કાયનો વિરાધક થાય છે.'* તથા *'સાધુના સર્વ પ્રમત્તયોગો આરંભ બને છે.'* તેથી શુભ અને અશુભ યોગો ક્રમશઃ આત્મારંભ-વગેરેના=આરંભના અને અનારંભના કારણો છે. *'અવિરઇ પડુચ્ચ'* અહીં તાત્પર્ય આ પ્રમાણે છે. (અસંયત એવા) સૂક્ષ્મ એકેન્દ્રિયવગેરે જીવો સાક્ષાદ્ આત્મારંભીવગેરેરૂપ હોતા નથી. છતાં પણ તેઓ આત્મારંભી પરારંભી તથા ઉભયારંભી છે જ, કારણ કે

*सूक्ष्मैकेन्द्रियादीनां नात्मारम्भकत्वादिकं साक्षादस्ति, तथाप्यविरतिं प्रतीत्य तदस्ति तेषां, न हि ते ततो निवृत्ताः। अतोऽसंयतानामविरतिस्तत्र कारणमिति। निवृत्तानां तु कथञ्चिदात्माद्यारम्भकत्वेऽप्यनारम्भकत्वम्।* **यदाह** → *'जा जयमाणस्स भवे विराहणा सुत्तविहिसमग्गस्स। सा होइ णिज्जरफला, अज्झत्थविसोहिजुत्तस्स'* ॥ त्ति [ओघनिर्युक्ति ૭૫૯] *'से तेणट्ठेणं' त्ति अथ तेन कारणेनेत्यर्थः।* इति **वृत्तौ** ॥

**अत्र** संयतासंयतानां पृथगनुपदेशादसंयतातिदेशस्यान्याय्यत्वे प्रमत्तसंयतातिदेश एव न्याय्यः। तथा च देवार्चादौ शुभयोगसत्त्वात्कथं तेषामारम्भः ? **न** चारम्भानारम्भस्थानसत्त्वात्तेषामुभयसम्भवः। **कालभेदेन** तत्सत्त्वस्य प्रमत्तसंयतेऽप्युक्तत्वादेकदा तत्सत्त्वस्य पौषधादावतिप्रसक्तत्वात्। **न** च देशाविरतिसत्त्वात्तत्प्रत्यया-

---

*તેઓને અવિરતિ બેઠી છે. તેઓ અવિરતિમાંથી (કે તેના કારણે આરંભમાંથી) નિવૃત્ત થયા નથી.* (આટલો ખ્યાલ હંમેશા રાખવો કે – જ્યાં સુધી જેની સાથેના સંબંધનો છેડો સભાનપણે ફાડવામાં ન આવે, ત્યાં સુધી તેનીસાથે સંબંધ ચાલુ જ રહે છે. એકેન્દ્રિયોએ આરંભસાથે છેડો ફાડ્યો નથી, તેથી તેઓ આરંભી જ ગણાય છે.) *આમ આરંભવગેરેમાંથી અવિરતિ જ તેઓ આત્મઆરંભીવગેરે હોવાનું કારણ છે. અને જેઓએ સભાનપણે આરંભને જલાંજલિ આપી છે – જેઓ આરંભમાંથી નિવૃત્ત થયા છે, તેઓ કદાચ કોઇક આપવાદિક કારણસર આત્મારંભીવગેરેરૂપ દેખાતા હોય, તો પણ વાસ્તવમાં તો અનારંભી જ છે. કહ્યું જ છે કે → 'સૂત્રવિધિથી સમગ્ર તથા અધ્યાત્મવિશુદ્ધિથી સભર અને જયણાથી પરિપૂર્ણ વ્યક્તિથી જે કોઇ વિરાધના (વ્યવહારથી-દેખાવથી) થાય તે વિરાધના પણ નિર્જરામાટે થાય છે.' 'સે તેણટ્ઠેણં'=તે કારણથી.*

## દેશવિરતમાં પ્રમત્તસંયતનો અતિદેશ

**પ્રશ્ન :- પ્રજ્ઞપ્તિ સૂત્રના** ઉપરોક્ત આલાપકમાં આરંભી અને અનારંભીનું સ્વરૂપ બતાવ્યું. પરંતુ તેમાં સંયતાસંયત-દેશવિરતઅંગે ઉલ્લેખ નથી. તેથી તેની બાબતમાં કોની જેમ સમજવું ? પ્રમત્તસંયતની જેમ કે અવિરતની જેમ ?

**ઉત્તર :-** દેશવિરતમાં અસંયતનો અતિદેશ વાજબી નથી. તેથી દેશવિરતની ક્રિયા અવિરતની ક્રિયા તુલ્ય સમજવી નહિ. (દેશવિરતમાં સર્વથા અવિરતિ નથી. પણ અંશે વિરતિ છે. અને અંશમાં અંશીનો ઉપચાર યોગ્ય છે. તેથી દેશવિરતમાં પ્રમત્તસંયતનો અતિદેશ યોગ્ય છે, એમ સમજી શકાય.) તેથી પ્રમત્તસંયતની ક્રિયાઅંગે કરેલી પ્રરૂપણા જ દેશવિરતની ક્રિયાઅંગે સમજવી. તેથી દેશવિરતની જિનપૂજાવગેરે ક્રિયાઓ શુભયોગરૂપ હોવાથી શી રીતે તેઓની આ જિનપૂજાદિ ક્રિયાને આરંભિકી ગણી શકાય ? અને જિનપૂજા કરતી વખતે તેઓને શી રીતે આરંભક ગણી શકાય ?

**પૂર્વપક્ષ :-** દેશવિરતના પગ તો દૂધમાં પણ છે અને દહીંમાં પણ છે. દેશવિરત અવિરતિના અંશથી અવિરત હોવાથી તેટલા અંશે આરંભક છે. તથા વિરતિના અંશે સર્વવિરત તુલ્ય હોવાથી તેટલા અંશે અનારંભક છે. આમ દેશવિરતને આરંભસ્થાન અને અનારંભસ્થાન આ બન્ને હોવાથી તેઓને ઉભય માનવા જોઇએ. (ઉભય=આરંભ અને અનારંભ આ બન્ને)

**ઉત્તરપક્ષ :-** દેશવિરતને આરંભના અને અનારંભના સ્થાનો એક કાળે છે કે ભિન્ન કાળે ? ભિન્ન કાળે તો આ બન્ને સ્થાનો પ્રમત્ત સંયતને પણ બતાવ્યા છે. તેથી પ્રમત્ત સંયતનો અતિદેશ કરવામાં દોષ નથી. જો દેશવિરતને સમાનકાળે ઉભયસ્થાન માનશો, તો શ્રાવક આહાર, વ્યવહાર, અબ્રહ્મચર્ય અને શરીરસત્કાર આ ચારનો ત્યાગ કરીને પૌષધ કરે, ત્યારે પણ આરંભ અને અનારંભ ઉભય માનવા પડશે. જ્યારે તમને પણ પૌષધ અનારંભ તરીકે જ સંમત છે. આમ અતિપ્રસંગનો દોષ છે.

रम्भिकी, शुभयोगप्रत्यया च नेत्यपि वक्तुं शक्यं, विप्रतिषेधादेकेन्द्रियादौ सर्वविरत्यभावस्यैवारम्भिकीप्रयोजकत्वाच्च। किञ्च, प्रमत्तान्तस्य **प्रज्ञापना**यामारम्भिक्युपदेशान्न्यायसाम्यादुक्त आर्थोऽतिदेशो युक्त एव। अत एव स्वपरतदुभयभेदेन त्रिधा पारितापनिक्यामुक्तायामेवं सति लोचकरणतपोऽनुष्ठानाकरणप्रसङ्गो विपाकहितत्वेन चिकित्साकरणन्यायेनाध्यात्मशोधनेनैवाभिहितः। **नन्वेवम**विरतसम्यग्दृष्ट्यादेरपि देवार्चनादिशुभयोगसत्त्वेऽऽ-

---

**પૂર્વપક્ષ :-** દેશવિરતને દેશથી અવિરતિ સતત રહી છે, તેથી અવિરતિની અપેક્ષાએ આરંભિકી ક્રિયા અને પૌષધવગેરે શુભયોગને આશ્રયી અનારંભિકી ક્રિયા આમ એક કાળે પણ બે ક્રિયા સંભવી શકે છે.

**ઉત્તરપક્ષ :-** એકકાળે પરસ્પર વિરોધી બે ક્રિયાનો નિષેધ છે. (આગળ ઉપર આની ચર્ચા કરશે.) વળી એકેન્દ્રિય વગેરેની આરંભિકી ક્રિયામાં સર્વવિરતિના અભાવને જ પ્રયોજક તરીકે બતાવ્યો છે. ('સર્વવિરતિનો અભાવ' થી અહીં વિરતિનો સર્વથા અભાવ=અંશથી પણ વિરતિ ન હોવી તેવો અર્થ ઇષ્ટ લાગે છે.) દેશવિરતને સર્વવિરતિનો અભાવ નથી. પણ દેશથી (આંશિક) વિરતિનો અભાવ છે. માટે તેઓની ક્રિયાને દેશથી અવિરતના બળપર આરંભિકી કહેવી યોગ્ય નથી. ('દેશવિરતના પ્રમત્તયોગો આરંભરૂપ છે અને અપ્રમત્તયોગો અનારંભરૂપ છે, જેમકે સર્વવિરતિધરના પ્રમત્ત અને અપ્રમત્તયોગો' એ પ્રમાણે અનુમાન કરી શકાય, અહીં અવિરતિધરના દૃષ્ટાંતથી પ્રતિ અનુમાન આપવું યોગ્ય નથી, કારણ કે અવિરતિ સહજપ્રાપ્ત છે. જ્યારે દેશવિરતિ સર્વવિરતિની જેમ પ્રયત્નપ્રાપ્ત છે. પ્રયત્નપ્રાપ્તપણાનું સાધર્મ્ય બળવાન હોવાથી જ દેશવિરતમાં પ્રમત્તસંયતનું દૃષ્ટાંત યોગ્ય છે નહિ કે અવિરતિધરનું. તેથી જ દેશવિરતમાં પ્રમત્તસંયતનો અતિદેશ યોગ્ય છે - એમ મને ભાસે છે.)

**પ્રજ્ઞાપનામાં** પ્રમત્તવિરતિધરસુધીના જીવોને આરંભિકી ક્રિયા બતાવી છે. સર્વવિરતિધરને આ આરંભિકી ક્રિયાના સદ્ભાવમાં પ્રમાદ પ્રયોજક છે. તેથી વિરતિના સામ્યથી અને પ્રમાદના સામ્યથી દેશવિરતમાં પ્રમત્ત સર્વવિરતનો કરેલો અર્થથી (સૂત્રમાં સાક્ષાત્ નહીં કહેવાયેલો હોવા છતાં તાત્પર્યથી) અતિદેશ જ યોગ્ય છે. તેથી દેશવિરતને પણ આરંભિકી ક્રિયા પ્રમાદના યોગમાં જ માનવી સંગત છે. અલબત્ત, પ્રમત્તસંયતના પ્રમાદ કરતાં દેશવિરતનો પ્રમાદ વધુ પ્રમાણમાં છે. તેથી પ્રમાદના અભાવમાં - શુભયોગમાં જેમ પ્રમત્તસંયતની ક્રિયા અનારંભરૂપ છે, તેમ દેશવિરતની પણ જિનપૂજાવગેરે ક્રિયા અનારંભરૂપ જ છે.

**પૂર્વપક્ષ :-** દેશવિરતની જિનપૂજાવગેરે ક્રિયાઓ સ્પષ્ટપણે આરંભરૂપ દેખાય છે. છતાં પણ માત્ર અપ્રમાદને કારણે કે અધ્યાત્મશુદ્ધિના નામપર એ ક્રિયાને અનારંભરૂપ કહેવી શું સંગત છે ?

## અધ્યાત્મશુદ્ધિથી ક્રિયાશુદ્ધિ

**ઉત્તરપક્ષ :-** હા, સંગત છે ! અપ્રમાદ અને અધ્યાત્મશુદ્ધિ આ બે એવા તત્ત્વ છે, કે જે દેખાતી આરંભિકી આદિ ક્રિયાને પણ અનારંભિકી આદિરૂપે ફેરવી નાંખે છે. બોલો, પારિતાપનિકી ક્રિયા કેટલા પ્રકારની છે ? (પારિતાપનિકી =પરિતાપને પેદા કરનારી ક્રિયા)

**પૂર્વપક્ષ :-** ત્રણ પ્રકારે છે (૧) સ્વને પરિતાપજનક (૨) પરને પરિતાપજનક અને (૩) ઉભયને પરિતાપજનક.

**ઉત્તરપક્ષ :-** બરાબર, શું આ પારિતાપનિકી ક્રિયા કરવા યોગ્ય છે ?

**પૂર્વપક્ષ :-** ના, પોતાને, બીજાને કે ઉભયને પીડા થાય તેવી કોઇ ક્રિયા કરવાની નથી. માટે જ આત્મહત્યા આદિનો પણ નિષેધ છે.

**ઉત્તરપક્ષ :-** બરાબર ! આનો અર્થ એ થયો ને, કે સાધુએ લોચ કરવો કે કરાવવો ન જોઇએ, તપ કરવો જોઇએ નહિં કે તડકામાં આતાપના લેવી, વગેરે કરવું ન જોઇએ કારણ કે આ બધામાં પીડા થવાનો સ્પષ્ટ સંભવ છે.

रम्भिकी न स्यात्। तथा च यस्याऽप्रत्याख्यानिकी तस्य नियमादारम्भिकीति नियमो भज्येत। **सत्यम्,** विरत्यभावे शुभयोगादारम्भिक्याः प्रशस्ताया अपि क्रियात्वेना(न ?) विवक्षणात्, तत्सत्त्वे च तस्या अक्रियात्वेन विवक्षणादन्यथा *'योगः शुद्धः पुण्याश्रवस्य, पापस्य तद्विपर्यासः। वाक्कायमनोगुप्तिर्निराश्रवः संवरस्तूक्त'॥* इति [प्रशमरति २२०] **वाचकवचना**त्साधोरपि शुभयोगे शुभारम्भिकीत्येव वक्तुं युक्तं स्यात्। अत एव शुभमायावशान्मायाप्रत्यया-

---

**પૂર્વપક્ષ :-** તમે સમજતા નથી. આ બધી ક્રિયા તો રોગોની ચિકિત્સાવગેરે ક્રિયારૂપ છે. કર્મરોગને દૂર કરવા ચિકિત્સારૂપે જ આ બધી ક્રિયાઓ કરાય છે અને ચિકિત્સાની પીડા કંઇ પીડા ન કહેવાય, માટે તો ભગવાને આ બધી ક્રિયાઓ આરાધ્યરૂપે દર્શાવી છે.

**ઉત્તરપક્ષ :-** એટલે તમારે શું એમ કહેવું છે, કે અધ્યાત્મશુદ્ધિદ્વારા પરિણામે હિતકર હોવાથી આ પારિતાપનિકી ક્રિયાઓ કરવામાં વાંધો નથી ?

**પૂર્વપક્ષ :-** હા એમ જ, હકીકતમાં તો આ બધી ક્રિયાને પારિતાપનિકી કહેવાય જ નહિ.

**ઉત્તરપક્ષ :-** જિનપૂજાપ્રત્યે એવો તે કયો ખાર લઇને બેઠા છો ! કે જેથી, તે અધ્યાત્મશુદ્ધિ દ્વારા પરિણામે હિતકર હોવા છતાં તેને 'આરંભિકી' 'આરંભિકી' કહીને વખોડો છો અને અસ્પૃશ્ય ગણો છો ? માટે સમજો, અધ્યાત્મશુદ્ધિ કરનારી હોવાથી અને પરિણામે હિતકર હોવાથી અપ્રમાદથી-શુભયોગથી કરાતી જિનપૂજા 'આરંભિકી ક્રિયા' નથી, પરંતુ અનારંભિકી જ છે.

**પૂર્વપક્ષ :-** એમ તમારી વાત સ્વીકારાય નહિ, કારણ કે તમારી વાત સ્વીકારવામાં આગમબાધ આવે છે. તમારા મતે તો શુભયોગમાં રહેલા અવિરત સમ્યગ્દૃષ્ટિની પણ જિનપૂજાવગેરે ક્રિયાઓ અનારંભિકી માનવાની રહેશે, કારણ કે ન્યાય સમાનરીતે દરેકને લાગુ પડે. હવે જો અવિરતની શુભયોગમાં થતી જિનપૂજાવગેરે ક્રિયાઓને અનારંભિકી માનો, તો 'જેઓને અપ્રત્યાખ્યાનિકી ક્રિયા હોય, તેને અવશ્ય આરંભિકી ક્રિયા હોય જ' તેવા આગમમાન્ય નિયમસાથે વિરોધ આવશે. અવિરતસમ્યગ્દૃષ્ટિને અપ્રત્યાખ્યાની કષાયનો ઉદય સતત હોય છે, તેથી તેમની ક્રિયાઓ અપ્રત્યાખ્યાનિકી હોય છે તે વાત તો સર્વવિદિત છે.

**ઉત્તરપક્ષ :-** ધન્ય છે તમારી આગમનિષ્ઠાને ! પણ આગમના પૂર્વાપર-અવિરોધી તાત્પર્ય કાઢ્યા વિના એ શોભતી નથી. તમે કહેલા નિયમસ્થળને બાધ ન આવે એવું **તાત્પર્ય** આ છે → વિરતિના અભાવમાં શુભયોગથી થતી પ્રશસ્ત પણ આરંભિકી ક્રિયાની 'ક્રિયા' તરીકે વિવક્ષા કરી નથી અને વિરતિની હાજરીમાં શુભયોગથી થતી આરંભિકી ક્રિયા અક્રિયાતરીકે વિવક્ષિત છે.

(અહીં ગ્રંથમાં 'ક્રિયાત્વેનાવિવક્ષણાત્' ના સ્થાને 'ક્રિયાત્વેન વિવક્ષણાત્' પાઠની સંભાવના વિચારી શકાય, કારણ કે એ પૂર્વે રહેલા 'અપિ' પદની અને પછીની લાઇનમાં 'તત્સત્ત્વે ચ તસ્યા અક્રિયાત્વેન વિવક્ષણાત્'ની સંગતિ તો જ સાર્થક થતી દેખાય છે. આમ જો લઇએ, તો અર્થ એવો થાય કે વિરતિના અભાવમાં પ્રશસ્ત આરંભિકી પણ ક્રિયાતરીકે વિવક્ષા પામે છે અને વિરતિની હાજરીમાં પ્રશસ્ત આરંભિકી ક્રિયા અક્રિયાતરીકે વિવક્ષા પામે. અહીં શંકા થાય કે - 'વિરતિની હાજરી-ગેરહાજરીમાત્રથી એકની એક પ્રશસ્ત આરંભિકી ક્રિયા ક્રમશઃ અક્રિયા-ક્રિયા બને એ કેવી રીતે યોગ્ય ગણાય ? જો અવિરત સમ્યક્ત્વીની પ્રશસ્ત આરંભિકી ક્રિયા ક્રિયારૂપ હોય, તો સંયતની પણ તે ક્રિયા ક્રિયારૂપ ગણાવી જોઇએ.' આ શંકાના સમાધાનમાં કહે છે, અમારી પૂર્વોક્ત વિચારણા કે 'આમ વિવક્ષાભેદ પડવામાં વિરતિની હાજરી-ગેરહાજરી જ કારણભૂત છે.' એ યોગ્ય જ છે. જો એમ ન માનો, તો)

## આગમાર્થ વિચારણામાં વિવક્ષા મહત્ત્વની

**વાચકવર શ્રી ઉમાસ્વાતિજી મહારાજે** જે કહ્યું છે કે → *'શુદ્ધ યોગ પુણ્યના આશ્રવનું કારણ છે. અશુદ્ધ યોગ પાપના આશ્રવનું કારણ છે. મન, વચન અને કાયાની ગુપ્તિઓ નિરાશ્રવ છે અને તેને સંવર કહ્યો છે.'* એ

ऽप्रमत्तसंयतस्याऽभिहितेति विवक्षाऽविवक्षे एवात्र शरणम्। **यत्तु** *'मायाकार्याभावेऽपि तदुदयाविच्छेदात्शक्तिमात्रादनिवृत्तिबादरान्तस्य मायाप्रत्ययिकी, अन्यथा तस्या आरम्भिक्या असङ्ख्यगुणत्वं न स्यादिति'* भ्रान्तस्य **जयचन्द्रादेरभिधानं**, तन्महामोहविलसितम्। *'प्रवचनमालिन्यादिरक्षणार्थमेव सा नान्यकाल'* इत्यर्थस्य **वृत्तौ** व्याख्यानादारम्भिक्या विशेषाधिकत्वस्यैव सूत्रे प्रोक्तत्वाच्च।

अत्रासम्मोहार्थं **क्रियापदलेशो** लिख्यते →

*कति णं भंते ! किरियाओ पण्णत्ताओ ? गो० ! पंच किरियाओ प० तं०-आरंभिया, परिग्गहिया, मायावत्तिया, अपच्चक्खाणकिरिया, मिच्छादंसणवत्तिया। आरंभिया णं भंते ! किरिया कस्स कज्जति ? गो० ! अण्णयरस्सवि पमत्तसंजयस्स। परिग्गहिया णं भंते ! किरिया कस्स कज्जइ ? गो० ! अण्णयरस्सवि संजयासंजयस्स।*

---

વચનના આધારે તો શુભયોગમાં રહેલા સાધુને પણ શુભારંભિકી ક્રિયા માનવી પડશે.

**પૂર્વપક્ષ :-** એમ માનવામાં શો વાંધો છે ?

**ઉત્તરપક્ષ :-** આમ માનવામાં **ભગવતી સૂત્રના** 'શુભયોગમાં પ્રમત્ત સંયત અનારંભી છે' એવા પૂર્વોક્ત વચન સાથે વિરોધ આવશે. અનારંભી =(શુભ કે અશુભ) આરંભ વિનાનો એવો અર્થ થાય છે. (**સાર :- વાચકવરનું** શુદ્ધ યોગ... ઇત્યાદિ વચન અવિરતમાટે છે. માટે જ એ શ્લોકના ઉત્તરાર્દ્ધમાં શુભાશુભ-આશ્રવના અભાવરૂપ સંવરની વાત કરી.) આમ શુભયોગની હાજરીમાં અવિરતને શુભારંભી કહેવામાં અને પ્રમત્તસંયતને અનારંભી કહેવામાં તેવી તેવી વિવક્ષા કે અવિવક્ષા જ કારણભૂત છે. તેથી જ અપ્રમત્તસંયતને શુભ માયાના બળપર માયાપ્રત્યયિકી ક્રિયા બતાવવામાં પણ વિવક્ષા જ કારણ છે. આમ શુભ યોગમાં રહેલા અપ્રમત્તને માયાપ્રત્યયિકી ક્રિયા બતાવવી અને પ્રમત્તને આરંભિકી ક્રિયા ન બતાવવી, એમાં સૂત્રકારની તેવી વિવક્ષા-અવિવક્ષા જ બળવાન છે.

**પૂર્વપક્ષ :-** અપ્રમત્તસંયતને શુભ માયાના કારણે માયાપ્રત્યયિકી છે એવું નથી. માયામોહનીયનો ઉદય ચાલુ હોવાથી માયાપ્રત્યયિકી છે. જુઓ **જયચંદ્રે**(દિગંબર ટીકાકારે) કહ્યું જ છે કે → *'અનિવૃત્તિબાદર ગુણસ્થાન (=નવમા ગુણસ્થાનક) સુધી માયામોહનીય કર્મનો ઉદય વિચ્છેદ પામ્યો નથી. અર્થાત્ માયામોહનીયનો ઉદય ચાલુ છે. તેથી ત્યાં સુધી માયાથી થતી ક્રિયા ન હોય, તો પણ માયાપ્રત્યયિકી ક્રિયા હોય, જો આમ માનવામાં ન આવે, તો આરંભિકી ક્રિયા કરતાં માયાપ્રત્યયિકી ક્રિયા અસંખ્યગુણ કહી છે તે ઘટી ન શકે.'* (માયાપ્રત્યયિકી ને નવમાગુણસ્થાનક સુધી માયામોહનીયકર્મના ઉદયમાત્રથી અને આરંભિકીને આરંભ કરતી વખતે જ ગણવાથી માયાપ્રત્યયિકી ક્રિયા અસંખ્ય ગુણ આવી શકે તેવો આશય લાગે છે.)

**ઉત્તરપક્ષ :-** તમારી આ વાત બિલકુલ બરાબર નથી, કારણ કે **પ્રજ્ઞાપના સૂત્રના ટીકાકારે** *'આ ક્રિયા અપ્રમત્તસંયત આદિને શાસનહીલના અટકાવવી વગેરે વિશેષ પ્રયોજન વખતે જ હોય છે'* એવો નિર્દેશ કર્યો છે. અપ્રમત્તને અન્ય વખતે(=નવમા ગુણસ્થાનક સુધી) કે સર્વદા આ ક્રિયા કહી નથી. જો માયાના ઉદયમાત્રથી માયાપ્રત્યયિકી ક્રિયા હોત, તો પછી આ ક્રિયાના વિશેષસ્થાનો દર્શાવવા નિરર્થક બની જાત. વળી સૂત્રમાં માયાપ્રત્યયિકી ક્રિયાને આરંભિકી ક્રિયાથી અસંખ્યગુણ બતાવી નથી, પરંતુ વિશેષાધિક જ બતાવી છે.

## પ્રજ્ઞાપના સૂત્રનિર્દિષ્ટ ક્રિયાનું સ્વરૂપ

અહીં કોઇને સંમોહ ન થાય એ માટે **પ્રજ્ઞાપના સૂત્ર**માંથી 'ક્રિયા'પદને અંશે બતાવે છે →

*'હે ભદંત ! ક્રિયાઓ કેટલા પ્રકારની કહી છે ? ગૌતમ ! ક્રિયાઓ પાંચ પ્રકારની છે → (૧) આરંભિકી (૨) પારિગ્રહિકી (૩) માયાપ્રત્યયિકી (૪) અપ્રત્યાખ્યાનક્રિયા (૫) મિથ્યાદર્શનપ્રત્યયિકી. હે ભદંત ! આરંભિકી*

*मायावत्तिया णं भंते ! किरिया कस्स कज्जति ? गो० ! अण्णयरस्सवि अपमत्तसंजयस्स । अपच्चक्खाणकिरिया णं भंते ! कस्स कज्जति ? गो० ! अण्णयरस्सवि अपच्चक्खाणिस्स। मिच्छादंसणवत्तिया णं भंते ! किरिया कस्स कज्जति ? गो० ! अण्णयरस्सवि मिच्छादंसणिस्स । नेरइयाणं भंते ! कति किरियातो प० ? गो० ! पंच किरियातो प० तं०-आरंभिया जाव मिच्छादंसणवत्तिया, एवं जाव वेमाणियाणं। जस्स णं भंते ! जीवस्स आरंभिया किरिया कज्जति, तस्स परिग्गहिया कि० किं कज्जति ? जस्स परिग्गहिया कि० कज्जति तस्स आरंभिया कि० क०? गो०! जस्स णं जीवस्स आरंभिया कि० क० तस्स परिग्गहिया सिय कज्जति सिय नो कज्जति । जस्स पुण परिग्गहिया किरिया क० तस्स आरंभिया कि० णियमा क०। जस्स णं भंते ! जीवस्स आरंभिया कि० क० तस्स मायावत्तिया कि० क० पुच्छा, गो० ! जस्स णं जीवस्स आरंभिया कि० क० तस्स मायावत्तिया कि० णियमा क०, जस्स पुण मायावत्तिया कि० क० तस्स आरंभिया कि० सिय कज्जति सिय नो क० । जस्स णं भंते ! जीवस्स आरंभिया कि० तस्स अपच्चक्खाणकिरिया पुच्छा ? गो० ! जस्स जीवस्स आरंभिया कि० तस्स अपच्चक्खाणकिरिया सिय कज्जति सिय नो कज्जति । जस्स पुण अपच्चक्खाणकिरिया क० तस्स आरंभिया कि० णियमा क०, एवं मिच्छादंसणवत्तियाएवि समं। एवं परिग्गहियावि तिहिं उवरिल्लाहिं समं संचारेतव्वा। जस्स मायावत्तिया कि०*

---

*ક્રિયા કોને હોય ? ગૌતમ ! અન્યતર પ્રમત્તસંયતને પણ હોય. હે ભદંત ! પારિગ્રહિકી ક્રિયા કોને હોય ? ગૌતમ ! અન્યતર સંયતાસંયત=દેશવિરતને પણ હોય. હે ભદંત ! માયાપ્રત્યયિકી ક્રિયા કોને હોય ? ગૌતમ ! અન્યતર અપ્રમત્તસંયતને પણ હોય. હે ભદંત ! અપ્રત્યાખ્યાન ક્રિયા કોને હોય ? ગૌતમ ! અન્યતર અપ્રત્યાખ્યાનીને પણ હોય. હે ભંતે ! મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા કોને હોય ? ગૌતમ ! અન્યતર મિથ્યાત્વીને પણ હોય. હે ભદંત ! નારકીને કેટલી ક્રિયા હોય ? ગૌતમ ! આરંભિકીથી માંડી મિથ્યાદર્શનપ્રત્યયિકી સુધીની પાંચે પાંચ ક્રિયા હોય. આ જ પ્રમાણે વૈમાનિકદેવ સુધીના (ચોવીસે દંડકમાં) બધા માટે સમજી લેવું. હે ભંતે ! જે જીવને આરંભિકી ક્રિયા હોય, તેને પારિગ્રહિકી ક્રિયા હોય ? અને જેને પારિગ્રહિકી ક્રિયા હોય, તેને આરંભિકી ક્રિયા હોય ? ગૌતમ ! જેને આરંભિકી ક્રિયા હોય, તેને પારિગ્રહિકી ક્રિયા હોય પણ ખરી, અને ન પણ હોય - ભજના છે. પણ જેને પારિગ્રહિકી ક્રિયા હોય, તેને આરંભિકી ક્રિયા અવશ્ય હોય. હે ભંતે ! જેને આરંભિકી ક્રિયા હોય તેને માયાપ્રત્યયિકી ક્રિયા હોય ? અને જેને માયાપ્રત્યયિકી ક્રિયા હોય, તેને આરંભિકી ક્રિયા હોય ? ગૌતમ ! જેને આરંભિકી ક્રિયા હોય તેને માયાપ્રત્યયિકી ક્રિયા અવશ્ય હોય. પરંતુ માયાપ્રત્યયિકી ક્રિયાવાળાને આરંભિકી ક્રિયા વિકલ્પે હોય, હોય પણ ખરી ન પણ હોય. તે જ પ્રમાણે આરંભિકી ક્રિયાની અપ્રત્યાખ્યાન ક્રિયા સાથેના પ્રશ્નનો જવાબ - હે ગૌતમ ! જેને આરંભિકી ક્રિયા હોય, તેને અપ્રત્યાખ્યાન ક્રિયા હોય પણ ખરી, ન પણ હોય, પણ જેને અપ્રત્યાખ્યાન ક્રિયા હોય, તેને આરંભિકી ક્રિયા અવશ્ય હોય. આ જ પ્રમાણે આરંભિકી ક્રિયાવાળાની મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા સાથેના પ્રશ્નના જવાબમાં હે ગૌતમ ! જેને આરંભિકી ક્રિયા હોય છે, તેને મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા હોય પણ ખરી, ન પણ હોય, પરંતુ જેને મિથ્યાદર્શનપ્રત્યયિકી હોય, તેને આરંભિકી ક્રિયા અવશ્ય હોય. આ જ પ્રમાણે પારિગ્રહિકી ક્રિયાનો માયાપ્રત્યયિકીઆદિ ત્રણ ક્રિયા સાથેનો પરસ્પર સંબંધ સમજવો. માયાપ્રત્યયિકી ક્રિયાવાળાને અપ્રત્યાખ્યાન ક્રિયા અને મિથ્યાદર્શન ક્રિયા વિકલ્પે હોય, પણ આ બે ક્રિયાવાળાને માયાપ્રત્યયિકી ક્રિયા અવશ્ય હોય. જેને અપ્રત્યાખ્યાન ક્રિયા હોય, તેને મિથ્યાદર્શન ક્રિયા હોય પણ ખરી, ન પણ હોય. પરંતુ જેને મિથ્યાદર્શન ક્રિયા હોય, તેને અપ્રત્યાખ્યાન ક્રિયા અવશ્ય હોય. નારકને આરંભિકી આદિ પહેલી ચાર ક્રિયા પરસ્પર નિયમા હોય, જેઓને પહેલી ચાર ક્રિયા હોય તેને મિથ્યાદર્શન*

*तस्स उवरिल्लाओ दोवि सिय कज्जंति सिय नो कज्जंति। जस्स उवरिल्लाओ दो कज्जंति तस्स मायावत्तिया णियमा क०। जस्स अपच्चक्खाण कि० क० तस्स मिच्छादंसणवत्तिया किरिया सिय क० सिय णो० क०। जस्स पुण मिच्छादंसणवत्तिया कि० तस्स अपच्चक्खाणकिरिया णियमा क०। नेरइयस्स आइल्लाओ चत्तारि परोप्परं नियमा कज्जति, जस्स एताओ चत्तारि कज्जंति तस्स मिच्छादंसणवत्तिया कि० भइज्जति। जस्स पुण मिच्छादंसणवत्तिया किरिया कज्जति तस्स एताओ चत्तारि नियमा कज्जंति। एवं जाव थणियकुमारस्स। पुढविकाइयस्स जाव चउरिंदियस्स, पंचवि परोप्परं नियमा कज्जंति। पंचिंदियतिरिक्खजोणियस्स आतिल्लियाओ तिण्णिवि परोप्परं नियमा कज्जंति। जस्स एयाओ कज्जंति तस्स उवरिल्लिया दोण्णि भइज्जंति। जस्स उवरिल्लाओ दोण्णि कज्जंति तस्स एताओ तिण्णिवि नियमा कज्जंति। जस्स अपच्चक्खाणकिरिया तस्स मिच्छादंसणवत्तिया सिय कज्जति सिय नो क०। जस्स पुण मिच्छादंसणवत्तिया किरिया क० तस्स अपच्चक्खाणकिरिया नियमा क०। मणूसस्स जहा जीवस्स। वाणमंतरजोइसियवेमाणियस्स जहा नेरइयस्स। जं समयं णं भंते ! जीवस्स आरंभिया कि० क० तं समयं पारिग्गहिया कि० क० ? एवं एते जस्स जं समयं जं देसं जं पदेसं णं य चत्तारि दंडगा णेयव्वा, जहा नेरइयाणं तहा सव्वदेवाणं नेतव्वं जाव वेमाणियाणं*[२२/२८४]। तथा *पाणातिवायविरयस्स णं भंते ! जीवस्स किं आरंभिया किरिया कज्जति जाव मिच्छादंसणवत्तिया कि० क० ? गो० ! पाणातिवायविरयस्स आरंभिया किरिया सिय कज्जति सिय नो कज्जति। पाणातिवायविरयस्स णं भंते ! जीवस्स परिग्गहिया कि० क०? गो० ! णो इणट्ठे समट्ठे। पाणातिवायविरयस्स णं भंते ! जीवस्स मायावत्तिया कि० क० ? गो० ! सिय क० सिय नो क०। पाणाइवायविरयस्स*

---

ક્રિયા ભજના=વિકલ્પે હોય. પરંતુ જેને મિથ્યાદર્શન ક્રિયા હોય, તેને પહેલી ચાર ક્રિયા અવશ્ય હોય. આ જ પ્રમાણે સ્તનિતકુમાર(=ભવનપતિના દસમા નિકાય) સુધી સમજવું. પૃથ્વીકાયથી માંડી ચઉરિન્દ્રિય સુધી પાંચે પાંચ પરસ્પર નિયમા હોય(=પાંચે પાંચ ક્રિયા હોય) પંચેન્દ્રિય તિર્યંચને પહેલી ત્રણ ક્રિયા અવશ્ય હોય, જેઓને પ્રથમ ત્રણ ક્રિયા હોય તેને બાકીની બે ક્રિયા વિકલ્પે હોય અને જેને બાકીની બે ક્રિયા હોય, તેને પ્રથમ ત્રણ ક્રિયા અવશ્ય હોય. જેને અપ્રત્યાખ્યાન ક્રિયા હોય, તેને મિથ્યાદર્શન ક્રિયા વિકલ્પે હોય, જેને મિથ્યાદર્શન ક્રિયા હોય તેને અપ્રત્યાખ્યાન ક્રિયા નિયમથી હોય. પૂર્વે બતાવેલી જીવસામાન્યઅંગેની વિચારણા જેવી જ મનુષ્યઅંગેની વિચારણા પણ સમજી લેવી. વ્યંતર-જ્યોતિષ અને વૈમાનિક દેવોને નારકીની જેમ સમજી લેવું.

*હે ભદંત ! જીવને જે સમયે આરંભિકી ક્રિયા હોય, તે સમયે પારિગ્રહિકી ક્રિયા હોય ? એ જ પ્રમાણે જે દેશમાં અને પ્રદેશમાં આરંભિકી ક્રિયા હોય, તે દેશમાં અને તે પ્રદેશમાં પારિગ્રહિકી ક્રિયા હોય ? ઇત્યાદિ ચાર દંડક પૂર્વવત્ સમજવાં. એમાં વૈમાનિકસુધીના સર્વ દેવોઅંગે નારકીની જેમ સમજવું. હે ભદંત ! પ્રાણાતિપાતવિરમણ-વ્રતવાળા જીવને આરંભિકી ક્રિયાથી માંડી મિથ્યાદર્શનપ્રત્યયિકી સુધીની પાંચે ક્રિયા હોય ? ગૌતમ ! પ્રાણાતિપાત-વિરમણ વ્રતવાળાને આરંભિકી ક્રિયા હોય પણ ખરી, ન પણ હોય. પારિગ્રહિકી ક્રિયા હોય ? આ અર્થ સમર્થ નથી. (અર્થાત્ આ ક્રિયા ન હોય.) માયાપ્રત્યયિકી ક્રિયા વિકલ્પે હોય. બાકીની બે ક્રિયા ન હોય. આ પ્રમાણે જ માયામૃષાવાદ સુધીના સત્તર પાપસ્થાનકોની વિરતિવ્રતવાળા જીવઅંગે અને મનુષ્યઅંગે સમજી લેવું. મિથ્યાદર્શનશલ્યથી વિરતને આરંભિકીથી માંડી અપ્રત્યાખ્યાન સુધીની ક્રિયા વિકલ્પે હોય અને મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા ન હોય. મિથ્યાદર્શનશલ્યવિરત નારકીને આરંભિકી ક્રિયા હોય કે ન હોય ? યાવત્ મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા હોય કે ન હોય ? ગૌતમ ! પહેલી ચાર ક્રિયા હોય, મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા ન હોય. આ જ પ્રમાણે સ્તનિતકુમાર સુધીના*

णं भंते ! जीवस्स अपच्चक्खाणवत्तिया कि० क० ? गो० ! णो इणट्ठे समट्ठे। मिच्छादंसणवत्तियाए पुच्छा। गो०! णो इणट्ठे समट्ठे। एवं पाणाइवायविरयस्स मणूसस्सवि, एवं जाव मायामोसविरयस्य जीवस्स मणूसस्स य। मिच्छादंसणसल्लविरयस्स णं भंते ! जीवस्स किं आरंभिया किरिया क० जाव मिच्छादंसणवत्तिया कि० क० ? गो० ! मिच्छादंसणसल्लविरयस्स जीवस्स आरंभिया कि० सिय क० सिय नो क०। एवं जाव अपच्चक्खाणकिरिया, मिच्छादंसणवत्तिया णो क० । मिच्छादंसणसल्लविरयस्स णं भंते ! नेरइयस्स किं आरंभिया किरिया क० जाव मिच्छादंसणवत्तिया कि० क० ? गो०! आरंभिया कि० क० जाव अपच्चक्खाणकिरियावि क०। मिच्छादंसण-वत्तिया किरिया नो क०। एवं जाव थणियकुमारस्स। मिच्छादंसणसल्लविरयस्स णं भंते ! पंचिंदियतिरिक्खजोणियस्स एवमेव पुच्छा, गो० ! आरंभिया कि० क० जाव मायावत्तिया कि० क०, अपच्चक्खाण कि० सिय क० सिय नो क०, मिच्छादंसणवत्तिया कि० नो क०। मणूसस्स जहा जीवस्स। वाणमंतरजोइसियवेमा० जहा नेरइयस्स। एतासि णं भंते ! आरंभियाणं जाव मिच्छादंसणवत्तियाण य कतरे २ हिंतो अप्पा वा ४ ? गो० ! सव्वथोवाओ मिच्छादंसणवत्तियाओ किरियाओ, अपच्चक्खाणकिरियाओ विसेसाहिआओ, परिग्गहियाओ विसे०, आरंभियाओ किरियाओ विसे०, मायावत्तियाओ विसे० ॥ [२२/२८७]

क्रिया=कर्मनिबन्धनं चेष्टा। आरम्भः=पृथिव्याद्युपमर्दः प्रयोजनं=कारणं यस्याः सा आरम्भिकी। परिग्रहः= धर्मोपकरणान्यवस्तुस्वीकारो धर्मोपकरणमूर्च्छा च। स एव तेन निर्वृत्ता वा पारिग्राहिकी। माया=अनार्जवं, क्रोधा-द्युपलक्षणमेतत्। सा प्रत्ययः=कारणं यस्याः सा मायाप्रत्यया। अप्रत्याख्यानम्=मनागपि विरतिपरिणामाभाव-स्तदेव क्रिया अप्रत्याख्यानक्रिया। मिथ्यादर्शनं प्रत्ययो=हेतुर्यस्याः सा मिथ्यादर्शनप्रत्यया। 'अन्नयरस्सवि पमत्त-संजतस्सत्ति'। अत्र 'अपि'शब्दो भिन्नक्रमः, प्रमत्तसंयतस्याप्यन्यतरस्य=एकतरस्य कस्यचित्प्रमादे सति काय-

---

ભવનપતિ દેવો તથા વ્યંતર-જ્યોતિષ-વૈમાનિક દેવો અંગે સમજવું. મિથ્યાદર્શનશલ્યવિરત પંચેન્દ્રિય તિર્યંચને પ્રથમ ત્રણ ક્રિયા હોય, અપ્રત્યાખ્યાનક્રિયા વિકલ્પે હોય અને મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા ન હોય. મનુષ્યઅંગે જીવની જેમ જ સમજી લેવું.

હે ભદંત ! આ ક્રિયાઓમાં કઇ ક્રિયાઓ અલ્પ છે અને કઇ વધારે ? ગૌતમ ! મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા સૌથી થોડી છે. તેના કરતાં અપ્રત્યાખ્યાનક્રિયા વિશેષાધિક છે. તેના કરતાં પારિગ્રહિકી વિશેષાધિક છે. તેના કરતાં આરંભિકી વિશેષાધિક છે. તેના કરતાં માયાપ્રત્યયિકી વિશેષાધિક છે.' હવે આ સૂત્રની **ટીકા** દર્શાવે છે →

ક્રિયા=કર્મબંધમાં કારણભૂત ચેષ્ટા. આરંભ='પૃથ્વી' વગેરે જીવોનો ઘાત. આ આરંભના પ્રયોજનથી કે કારણથી થતી ક્રિયા=આરંભિકી ક્રિયા. પરિગ્રહ=ધર્મના સાધન છોડી અન્ય વસ્તુઓનો સ્વીકાર અને ધર્મના ઉપકરણપ્રત્યે મૂર્ચ્છા=ગાઢ આસક્તિ=મમત્વભાવ. (ધર્મઉપકરણ પોતે જ પરિગ્રહરૂપ છે એવી દિગંબર માન્યતા સાચી નથી એ વાતનું આનાથી સમર્થન થાય છે.) આ પરિગ્રહરૂપ જ અથવા પરિગ્રહથી જન્મેલી ક્રિયા=પારિગ્રહિકી ક્રિયા. માયા= આર્જવનો અભાવ=વક્રતા. ઉપલક્ષણથી ક્રોધવગેરે પણ સમજી લેવાના. માયાના પ્રત્યયથી થતી ક્રિયા= માયાપ્રત્યયિકી. અપ્રત્યાખ્યાન=અલ્પ પણ વિરતિના પરિણામનો અભાવ. તે જ ક્રિયા=અપ્રત્યાખ્યાનિકી ક્રિયા. મિથ્યાદર્શન=મિથ્યાત્વને કારણે થતી ક્રિયા=મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા. 'અન્નયરસ્સવિ પમત્તસંજતસ્સ'=અહીં 'અપિ' (મૂળમાં 'વિ') શબ્દને 'પ્રમત્તસંયત' પદ પછી જોડવાનો છે. અન્યતર=કોઇક. એટલે કે જે પ્રમત્તસંયત પ્રમાદમાં રહીને કાયાની દુશ્ચેષ્ટાથી પૃથ્વીવગેરેના ઘાતમાં પ્રવૃત્ત થયો હોય, તે સંયતને પણ આરંભિકી ક્રિયા હોય,

दुष्प्रयोगभावतः पृथिव्यादेरुपमर्दसम्भवात्। 'अपि' शब्दोऽन्येषामधस्तनगुणस्थानवर्त्तिनां नियमप्रदर्शनार्थः। प्रमत्तसंयतस्याप्यारम्भिकी क्रिया भवति, किं पुनः शेषानां देशविरतप्रभृतीनामिति। एवमुत्तरत्रापि यथायोगमपिशब्दभावना कर्त्तव्या। पारिग्रहिकी संयतासंयतस्यापि देशविरतस्यापीत्यर्थस्तस्यापि परिग्रहधारणात्। मायाप्रत्यया अप्रमत्तसंयतस्यापि। **कथम्** ? इति चेत् ? **उच्यते**-प्रवचनोड्डाहप्रच्छादनार्थं वल्लीकरणसमुद्देशादिषु। अप्रत्याख्यानक्रियाऽअन्यतरस्याप्यप्रत्याख्यानिनः, अन्यतरदपि=न किञ्चिदपीत्यर्थः, यो न प्रत्याख्याति तस्येति भावः। मिथ्यादर्शनक्रियाऽन्यतरस्यापि-सूत्रोक्तमेकमप्यक्षरमरोचयमानस्येत्यर्थः, मिथ्यादृष्टेर्भवति। 'नेरइयाणं भंते' इत्यादि चतुर्विंशतिदण्डकसूत्रं सुगमम्। सम्प्रत्यासां क्रियाणां परस्परमविनाभावं चिन्तयति-तद्यथा यस्यारम्भिकी क्रिया, तस्य पारिग्रहिकी स्याद्भवति, स्यान्न भवति, प्रमत्तसंयतस्य न भवति शेषस्य भवतीत्यर्थः। तथा यस्यारम्भिकी क्रिया, तस्य मायाप्रत्यया नियमाद्भवति, यस्य मायाप्रत्यया क्रिया, तस्यारम्भिकी क्रिया स्याद्भवति स्यान्न भवति, अप्रमत्तसंयतस्य न भवति, शेषस्य भवतीत्यर्थः। तथा यस्यारम्भिकी क्रिया, तस्याप्रत्याख्यानक्रिया स्याद्भवति, स्यान्न भवति; प्रमत्तसंयतस्य देशविरतस्य च न भवति, शेषस्याविरतसम्यग्दृष्ट्यादेर्भवतीति भावः। यस्य पुनरप्रत्याख्यानक्रिया, तस्यारम्भिकी क्रिया नियमाद्भवति, अप्रत्याख्यानिनोऽवश्यमारम्भसम्भवात्। एवं मिथ्यादर्शनप्रत्यययापि सहाविनाभावो भावनीयः। **तथा हि**-यस्यारम्भिकी क्रिया, तस्य मिथ्यादर्शनप्रत्यया स्याद्भवति स्यान्न भवति, मिथ्यादृष्टेर्भवति शेषस्य तु न भवतीत्यर्थः। यस्य तु मिथ्यादर्शनक्रिया तस्य नियमादारम्भिकी क्रिया मिथ्यादृष्टेरविरतत्वेनावश्यमारम्भसम्भवात्। तदेवमारम्भिकी क्रिया पारिग्राहिक्यादिभिश्चतसृभिरुपरितनीभिः क्रियाभिस्सह परस्परमविनाभावेन चिन्तिता। एवं पारिग्राहिकी तिसृभिर्मायाप्रत्यया द्वाभ्यां, अप्रत्याख्यानक्रियैकया मिथ्यादर्शनप्रत्ययया चिन्तनीया। तथा चाह- 'एवं पारिग्गहिआवि तिहिं उवरिल्लाहिं समं संचारेअव्वा' इत्यादि

---

'પણ' (અપિ) શબ્દ પ્રમત્તથી પણ નીચલા ગુણસ્થાનકે રહેલામાટે નિયમનું ઘોતન કરે છે. પ્રમત્તસંયત જેવાને પણ જો આરંભિકી ક્રિયા હોય, તો દેશવિરતવગેરે નીચલી કક્ષાના જીવોને હોય તેમાં શંકા જ નથી, એમ કહેવાનો ભાવ છે. આ જ પ્રમાણે આગળ પણ 'અપિ' શબ્દથી યથાયોગ્ય વિચારી લેવું. દેશવિરત પણ પરિગ્રહ રાખે છે. માટે તેને પારિગ્રહિકી ક્રિયા હોય. અપ્રમત્તસંયતને પણ માયાપ્રત્યયિકી ક્રિયા હોય. કેવી રીતે ? આ શંકાના જવાબમાં કહે છે. શાસનની હીલના રોકવા માટે પરદો કરી ગોચરી વાપરવી વગેરે સ્થળોએ હોય છે. અપ્રત્યાખ્યાન ક્રિયા અન્યતર પણ અપચ્ચક્ખાણીને હોય. અન્યતરઅપચ્ચક્ખાણી=જેને કંઇ પણ પચ્ચક્ખાણ(=વિરતિવ્રત) કર્યું નથી. અર્થાત્ વિરતિના સર્વથા અભાવવાળો. મિથ્યાદર્શન ક્રિયા અન્યતર(સૂત્રોક્ત=એક અક્ષરપર પણ શ્રદ્ધા ન કરવાવાળા) મિથ્યાત્વીને હોય છે. 'નેરઇયાણં ભંતે' ઇત્યાદિ દંડક સુગમ છે. (સર્વ સંસારી જીવોના ચોવીસ ભેદ પાડ્યા છે - ૧ નરકનો ભેદ + ૫ પૃથ્વીવગેરે એકેન્દ્રિયના ભેદ + ૩ વિકલેન્દ્રિયના + ૧૦ ભવનપતિના ભેદ + ૧ પંચે. તિર્યંચ + ૧ મનુષ્ય + ૧ વ્યંતર + ૧ જ્યોતિષ + ૧ વૈમાનિક દેવ = ૨૪. પ્રત્યેક દંડકની વિચારણા કરતા પહેલા જીવ સામાન્યની અપેક્ષાએ ભેદની વિવક્ષા વિના કરે છે. પછી ચોવીસ ભેદની પ્રત્યેકની અપેક્ષાએ કરે છે.) હવે આ ક્રિયાઓનો પરસ્પર અવિનાભાવ બતાવે છે. આરંભિકી ક્રિયા પ્રમત્તસંયતસુધી હોય. પારિગ્રહિકી ક્રિયા દેશવિરત સુધી હોય. તેથી આરંભિકી ક્રિયા હોય ત્યાં પારિગ્રહિકી ક્રિયા વિકલ્પે કહી. આરંભિકી ક્રિયાવાળા પ્રમત્તને પારિગ્રહિકી ન હોય. દેશવિરતવગેરેને હોય. આરંભિકી ક્રિયાવાળાને માયાપ્રત્યયિકી નિયમા હોય. માયાપ્રત્યયિકીને આરંભિકી વિકલ્પે હોય. અપ્રમત્તસંયતને માયાપ્રત્યયિકી છે, પણ આરંભિકી નથી. પ્રમત્તસંયતાદિ બીજાઓને બંને છે. (પ્રમત્તસંયતસુધી રહેલી) આરંભિકી ક્રિયાવાળાને અપ્રત્યાખ્યાન

*सुगमं, भावनायाः सुप्रतीतत्वात्। अमुमेवार्थं चतुर्विंशतिदण्डकक्रमेण चिन्तयति- 'नेरइयस्य आइल्लाओ चत्तारि' इत्यादि। नैरयिकाद्युत्कर्षतोऽप्यविरतसम्यग्दृष्टिगुणस्थानकं यावत्, न परतः। ततो नैरयिकाणामाद्याश्चतस्रः क्रियाः परस्परमविनाभाविन्यो मिथ्यादर्शनक्रियां प्रति स्याद्वादः। तमेवाह- 'जस्स एयाओ चत्तारि' इत्यादि, मिथ्या-दृष्टेर्मिथ्यादर्शनक्रिया भवति, शेषस्य न भवतीति भावः। यस्य पुनर्मिथ्यादर्शनक्रिया तस्याऽऽद्याश्चतस्रो नियमात्, मिथ्यादर्शने सत्यारम्भिक्यादीनामवश्यंभावात्। एवं तावद्वक्तव्यं यावत्स्तनितकुमारस्य। पृथिव्यादीनां चतुरिन्द्रियपर्यवसानानां पञ्च क्रियाः परस्परमविनाभाविन्यो वक्तव्याः। पृथिव्यादीनां मिथ्यादर्शनक्रियाया अप्यवश्यंभावात्। तिर्यक्पञ्चेन्द्रियस्याद्यास्तिस्रः परस्परमविनाभूता देशविरतिं यावदासामवश्यंभावात्। उत्तराभ्यां तु द्वाभ्यां स्याद्वादः। तमेव दर्शयति- 'जस्स एयाओ कज्जंति' इत्यादि। देशविरतस्य न भवतः शेषस्य तु भवत इति भावः। यस्य पुनरुपरितन्यौ द्वे क्रिये तस्याद्यास्तिस्रो नियमाद्भवन्ति, उपरितन्यौ हि क्रियेऽप्रत्याख्यानक्रिया मिथ्यादर्शनप्रत्यया च। तत्राप्रत्याख्यानक्रियाऽविरतसम्यग्दृष्टिं यावत्, मिथ्यादर्शनक्रिया मिथ्यादृष्टेः। आद्यास्तिस्रो देशविरतिं यावत्, अत उपरितन्योर्भावेऽवश्यमाद्यानां तिसृणां भावः। सम्प्रत्यप्रत्याख्यानक्रियया मिथ्यादर्शन-क्रियायास्तिर्यक्पञ्चेन्द्रियस्य परस्परमविनाभावं चिन्तयति- 'जस्स अपच्चक्खाणकिरिया' इत्यादि भावितम्। मनुष्ये यथा जीवपदे तथा वक्तव्यम्। व्यन्तरज्योतिष्कवैमानिकानां यथा नैरयिकस्य, एवमेष एको दण्डकः। एवमेव 'जं समयं णं भंते!' इत्यादिको द्वितीयः, 'जं देसं णं' इत्यादिकस्तृतीयः, 'जं पएसं णं' इत्यादिकश्चतुर्थः।[सू० २८४ टी०] 'पाणाइवायविरयस्स णं भंते!' इत्यादि। आरम्भिकी क्रिया स्याद्भवति स्यान्न भवति, प्रमत्तसंयतस्य भवति, शेषस्य न भवतीति भावः। पारिग्रहिकी निषेध्या, सर्वथा परिग्रहान्निवृत्तत्वादन्यथा सम्यक्प्राणातिपात-*

---

*ક્રિયા વિકલ્પે સમજવાની. (અવિરતસમ્યગ્દષ્ટિ સુધીનાને જ રહેલી અપ્રત્યાખ્યાન ક્રિયા) પ્રમત્તસંયત અને દેશવિરતને નથી. અવિરતસમ્યગ્દષ્ટિવગેરે બીજાઓને હોય છે. પણ જેઓને અપ્રત્યાખ્યાન ક્રિયા હોય, તેઓને આરંભિકી ક્રિયા અવશ્ય હોય છે, કારણ કે અપ્રત્યાખ્યાની જીવોને અવશ્ય આરંભ હોય છે. આ જ રીતે આરંભિકીનો મિથ્યાદર્શન ક્રિયા સાથે અવિનાભાવ સમજવાનો. આરંભિકી ક્રિયાવાળામાંથી કોક ને મિથ્યાદર્શન ક્રિયા હોય છે (મિથ્યાત્વીને) બીજાઓને હોતી નથી. પણ જેઓને (મિથ્યાત્વીને) મિથ્યાદર્શન ક્રિયા છે, તેઓને અવશ્ય આરંભિકી ક્રિયા છે. કારણ કે મિથ્યાત્વીઓ અવિરત હોવાથી અવશ્ય આરંભનો સંભવ છે. પારિગ્રહિકી ક્રિયાનો પણ આ જ પ્રમાણે બાકી રહેલી ત્રણ ક્રિયાસાથે અવિનાભાવ વિચારી લેવો. આ જ પ્રમાણે માયાપ્રત્યયિકીનો બાકીની બે સાથે અને અપ્રત્યાખ્યાન ક્રિયાનો એક મિથ્યાદર્શનપ્રત્યય ક્રિયા સાથે અવિનાભાવ વિચારવા. આ વિચારણા જીવસામાન્ય અપેક્ષીને થઇ. હવે દરેક જીવભેદમાં વિચારે છે. નારકને અને બધા પ્રકારના દેવોને (ભવનપતિ-વ્યંતર-જ્યોતિષ-વૈમાનિક=કુલ ૧૪ ભેદ) ઉત્કૃષ્ટથી ચોથું જ ગુણસ્થાન હોય. તેથી પ્રથમ ચાર ક્રિયા તો આ બધા જીવોને હોય જ. છેલ્લી ક્રિયાઅંગે સ્યાદ્વાદ=અનેકાંત=વિકલ્પ=ભજના છે. મિથ્યાત્વીને મિથ્યાદર્શન ક્રિયા હોય, બાકીનાને ન હોય. મિથ્યાત્વીને તો બાકીની ચાર પણ અવશ્ય જ હોય. પૃથ્વીવગેરે ૫ + વિકલેન્દ્રિય ૩ = ૮ જીવભેદને મિથ્યાત્વ જ હોય. તેથી પાંચે પાંચ ક્રિયા અવશ્ય હોય. પંચેન્દ્રિય તિર્યંચને દેશવિરતિ પણ હોઇ શકે. તેથી પહેલી ત્રણ ક્રિયા અવશ્ય હોય. બાકીની બે ન હોય. સમ્યગ્દષ્ટિ અવિરત તિર્યંચને પહેલી ચાર અવશ્ય હોય અને છેલ્લી ન હોય. મિથ્યાત્વી તિર્યંચને પાંચે પાંચ અવશ્ય હોય. એટલે છેલ્લી બે વાળાને પહેલી ત્રણ અવશ્ય હોય. પહેલી ત્રણવાળાને છેલ્લી બે વિકલ્પે હોય. મનુષ્ય અંગે જીવસામાન્ય મુજબ, કારણ કે મનુષ્યને અપ્રમત્ત ગુણસ્થાન પણ હોય છે. આ એક દંડક સમાપ્ત થયો. એ જ*

विरत्यनुपपत्तेः। मायाप्रत्यया स्याद्भवति स्यान्न भवति, अप्रमत्तस्यापि हि कदाचित्प्रवचनमालिन्यरक्षणार्थं भवति, शेषकालं तु न भवति। अप्रत्याख्यानक्रिया मिथ्यादर्शनप्रत्यया च सर्वथा निषिध्यते, तद्भावे प्राणातिपातविरत्ययोगात्। प्राणातिपातविरतेश्च द्वे पदे। तद्यथा-जीवो मनुष्यश्च। तत्र यथा सामान्यतो जीवमधिकृत्योक्तं तथा मनुष्यमधिकृत्य वक्तव्यम्। तथा चाह- 'एवं पाणाइवायविरयस्स मणूसस्स वि'। एवं तावद्वाच्यं यावन्मायामृषाविरतस्य जीवस्य मनुष्यस्य च। मिथ्यादर्शनशल्यविरतमधिकृत्य सूत्रं- 'मिच्छादंसणसल्लविरयस्स णं भंते! जीवस्स' इत्यादि। आरम्भिकी स्याद्भवति स्यान्न भवति, प्रमत्तसंयतान्तस्य भवति शेषस्य न भवतीति भावार्थः। पारिग्रहिकी देशविरतिं यावद्भवति परतो न भवति। मायाप्रत्ययाप्यनिवृत्तिबादरसम्परायं यावद्भाविनी परतो न भवति। अप्रत्याख्यानक्रियाप्यविरतसम्यग्दृष्टिं यावद्भवति न परतः। तत एता अपि क्रिया अधिकृत्य- 'सिय कज्जइ सिय नो कज्जइ' इति वक्तव्यम्। तथा चाह- 'एवं जाव अपच्चक्खाणकिरिया' इति। मिथ्यादर्शनप्रत्यया पुनर्निषेध्या मिथ्यादर्शनशल्यविरतस्य तस्या असम्भवात्। चतुर्विंशतिदण्डकचिन्तायां- नैरयिकादीनां स्तनितकुमारपर्यवसानानां चतस्रः क्रिया वक्तव्याः, मिथ्यादर्शनप्रत्यया निषेध्या। तिर्यक्पञ्चेन्द्रियस्याद्यास्तिस्रः क्रिया नियमतो वक्तव्याः, अप्रत्याख्यानक्रिया भाज्या, देशविरतस्य न भवति, शेषस्य भवतीत्यर्थः। मिथ्यादर्शनप्रत्यया निषेध्या। मनुष्यस्य यथा सामान्यतो जीवस्य व्यन्तरादीनां यथा नैरयिकस्य। सम्प्रत्यासामेवारम्भिक्यादीनां क्रियाणां मिथोऽल्पबहुत्वमाह- 'एयासि णं' इत्यादि। सर्वस्तोका मिथ्यादर्शनप्रत्यया क्रिया, मिथ्यादृष्टीनामेव भावात्। ततोऽप्रत्याख्यानक्रिया विशेषाधिका, अविरतसम्यग्दृष्टीनां मिथ्यादृष्टीनां च भावात्। ताभ्योऽपि पारिग्राहिक्यो

---

પ્રમાણે 'जं समयं णं भंते' થી બીજા દંડકનું 'जं देसं णं' થી ત્રીજા દંડકનું અને 'जं पएसं णं' થી ચોથા દંડકનું સૂચન થયું. વ્રતની સાથે વિચારણા-પ્રાણાતિપાતવિરત(અહીં સર્વત્ર સર્વથા વિરતિ સમજવી. તથા જેને પહેલા અવ્રતની સર્વથા વિરતિ હોય, તેને જ પાંચે અવ્રતની સર્વથા વિરતિ સમજવી. અર્થાત્ તેને સંયત જ સમજવો.)ને આરંભિકી વિકલ્પે હોય, પ્રમત્તસંયતને આરંભિકી હોઇ શકે, અપ્રમત્તસંયત વગેરેને ન હોય. (પ્રાણાતિપાતવિરતને) પારિગ્રહિકી ક્રિયા ન હોય, કારણ કે પરિગ્રહથી સર્વથા નિવૃત્ત થયો છે. જે પરિગ્રહને છોડતો નથી, તે પહેલા મહાવ્રતને બરાબર પાળી શકતો નથી. (જડનો રાગ પ્રાયઃ જીવ ઉપર દ્વેષ જગાવ્યા વિના રહે નહિ.) માયાપ્રત્યયિકી ક્રિયા પણ ભજનાએ હોય. અપ્રમત્ત સાધુને પણ પ્રવચનમાલિન્ય રોકવાના આશયથી ક્યારેક હોય. બાકીના કાળમાં ન હોય. છેલ્લી બે ક્રિયા તો હોય જ નહિ, કારણ કે તે બેની હાજરીમાં પ્રાણાતિપાતવિરતિવ્રત સંભવે જ નહિ. આ વ્રત માત્ર મનુષ્યને જ સંભવી શકે. તેથી જીવસામાન્ય અને મનુષ્ય આ બે પદ=સ્થાનને અપેક્ષીને જ આની પ્રરૂપણા થાય અને તે બંને અપેક્ષાએ પ્રરૂપણા સમાન જ છે. આ જ પ્રમાણે સત્તરમાં પાપસ્થાનક માયામૃષાવાદવિરતિવ્રત સુધી સમજી લેવું. મિથ્યાદર્શનશલ્ય-વિરતિવ્રત અવિરત સમ્યગ્દષ્ટિને પણ સંભવે છે. તેથી આ વ્રતવાળાને આરંભિકી વિકલ્પે હોય-પ્રમત્તસંયત સુધી હોય. પારિગ્રહિકી પણ વિકલ્પે હોય-દેશવિરત સુધી હોય. માયાપ્રત્યયિકી પણ અનિવૃત્તિબાદરગુણસ્થાન સુધી હોય. અને અપ્રત્યાખ્યાનિકી અવિરત સમ્યગ્દષ્ટિ સુધી હોય. આમ પ્રથમ ચાર ક્રિયા વિકલ્પે હોય. છેલ્લી ક્રિયા હોય નહિ. આ વાત જીવ સામાન્યને અપેક્ષીને થઇ. હવે વિશેષથી બતાવે છે - નરક તથા ચારે પ્રકારના દેવ આટલાને પ્રથમ ચાર ક્રિયા હોય, છેલ્લી ક્રિયા ન હોય. (જોકે નરક-દેવના જીવો મિથ્યાદર્શનશલ્યવિરતિવ્રત ગ્રહણ કરતાં હોવાનો પાઠ પ્રાયઃ દેખાતો નથી, છતાં સમ્યક્ત્વની હાજરીમાં મિથ્યાત્વ હોતું નથી. એ અપેક્ષાએ આ વિચારણા કરી છે.) તિર્યંચને પહેલી ત્રણ અવશ્ય હોય. દેશવિરત તિર્યંચને અપ્રત્યાખ્યાની ક્રિયા ન હોવાથી ચોથી વિકલ્પે હોય - દેશવિરતને ન હોય, અવિરતને હોય. અને પાંચમી ક્રિયા ન

*विशेषाधिकाः, देशविरतानां पूर्वेषां च भावात्। ताभ्योऽप्यारम्भिक्यो विशेषाधिकाः, प्रमत्तसंयतानां पूर्वेषां च भावात्। ताभ्योऽपि मायाप्रत्यया विशेषाधिकाः, अप्रमत्तसंयतानामपि भावादि* [सू० २८७ टी०] ति **वृत्तौ**।

अपि च क्रिया शुभाऽशुभा वाऽध्यवसायानुरोधेनैव भगवद्भिरिष्यते। साधोरर्शच्छेदाधिकारे तथाप्रसिद्धेः। तदुक्तं **भगवत्यां षोडशशते तृतीयोद्देशके** →

*'अणगारस्स णं भंते ! भाविअप्पणो छट्ठंछट्ठेणं अणिक्खित्तेणं जाव आतावेमाणस्स णं पुरच्छिमेणं अवड्ढं दिवसं नो कप्पति, हत्थं वा पायं वा बाहुं वा ऊरुं वा आउंटावेत्तए वा पसारेत्तए वा। पच्चच्छिमेणं से अवड्ढं दिवसं कप्पइ हत्थं वा पायं वा जाव ऊरुं वा आउंटावेत्तए वा पसारेत्तए वा। तस्स णं अंसियाओ लंबंति। तं च वेज्जे अदक्खु इसिं पाडेइ २ त्ता अंसियाओ छिंदेज्जा। से णूणं भंते ! जे छिंदेज्जा तस्स कइ किरिया कज्जति ? जस्स छिज्जइ णो तस्स किरिया कज्जइ, णणत्थ एगेणं धम्मंतराइएणं ? हंता गो० ! जे छिंदइ जाव धम्मंतराइएणं '।* [सू० ५७१] *'पुरच्छिमेणं'त्ति पूर्वभागे=पूर्वाह्णे इत्यर्थः। 'अवड्ढं'ति-अपगतार्द्धम्=अर्धदिवसं यावन्न कल्पते हस्ताद्याकुञ्चयितुं कायोत्सर्गव्यवस्थितत्वात्। 'पच्चच्छिमेणं'त्ति=पश्चिमभागे, 'अवड्ढं'त्ति=दिनार्द्धं यावत्कल्पते हस्ताद्याकुञ्चयितुं, कायोत्सर्गाभावाद्। एतच्च* **चूर्ण्यनुसारितया** *व्याख्यातम्। 'तस्स य'त्ति, तस्य पुनः साधोरेवं कायोत्सर्गाभिग्रहवतः। 'अंसियाओ'त्ति=अर्शांसि, तानि च नासिकासत्कानीति* **चूर्णिकारः**। *'तं च'त्ति। तं चानगारं कृतकायोत्सर्गं लम्बमानार्शसं, 'अदक्खु'त्ति=अद्राक्षीत्। ततश्चार्शसां छेदार्थं 'इसिं पाडेइ'त्ति=तमनगारं भूम्यां पातयति, नापातितस्यार्शश्छेदः कर्तुं शक्यत इति। 'तस्स'त्ति। वैद्यस्य क्रिया व्यापाररूपा, सा च शुभा धर्मबुद्ध्या छिन्दानस्य, लोभादिना त्वशुभा क्रियते=भवति। 'जस्स छिज्जइ'त्ति। यस्य साधोरर्शांसि छिद्यन्ते, नो*

---

*હોય. મનુષ્યને જીવ સામાન્યની જેમ જ સમજવું.*

*હવે અલ્પબહુત્વની વિચારણા. મિથ્યાદર્શન ક્રિયા સૌથી ઓછી છે, કારણ કે માત્ર મિથ્યાત્વીને જ હોય. અપ્રત્યાખ્યાની ક્રિયા તેનાથી વિશેષાધિક છે, કારણ કે અવિરતસમ્યગ્દષ્ટિને પણ હોય. પારિગ્રહિકી તેનાથી વિશેષાધિક છે, કારણ કે તે દેશવિરતને પણ છે. આરંભિકી તેનાથી પણ વિશેષાધિક છે, કારણ કે તે પ્રમત્તસંયતને પણ છે. અને માયાપ્રત્યયિકી તેના કરતાં પણ વિશેષાધિક છે, કારણ કે તે અપ્રમત્તસંયતને પણ છે.* (વિશેષાધિક=વધુ હોય, પણ બમણા કરતાં ઓછું હોય.)

## ક્રિયાની શુભાશુભતામાં અધ્યવસાયની કારણતા

વળી ભગવાનને ક્રિયાની શુભાશુભતા અધ્યવસાયના કારણથી જ ઇષ્ટ છે, કારણ કે સાધુના 'અર્શચ્છેદ' અંગેના અધિકારમાં તે જ પ્રમાણે દર્શાવ્યું છે. આ અધિકાર **ભગવતી સૂત્રના સોળમાં શતકમાં ત્રીજા ઉદ્દેશામાં** છે. અને તે આ પ્રમાણે છે →

*ભાવિતાત્મા સાધુ સતત છટ્ઠના પારણે છટ્ઠ કરતો હોય અને આતાપના લેતો હોય, તો તેને દિવસના પૂર્વાર્દ્ધમાં હાથ, પગ, બાહુ, સાથળ વગેરેને સંકોચવા કે પહોળા કરવા કલ્પે નહિ. (કારણ કે કાઉસ્સગ્ગમાં રહ્યો છે.) પશ્ચિમના અડધા ભાગમાં(=દિવસના બાકી રહેલા અડધા ભાગમાં) હાથ વગેરે સંકોચવા કે પહોળા કરવા કલ્પે છે. (કારણ કે તે વખતે તે કાયોત્સર્ગમાં નથી. ચૂર્ણિને અનુસારે આ વ્યાખ્યા છે.) આવા પ્રકારના કાઉસ્સગ્ગના અભિગ્રહવાળા સાધુના અર્શ(=નાકસંબંધી મસા જેવું-ચૂર્ણિકાર) લટકતા હોય, તેને વૈદ્ય દેખે. તેથી અર્શને છેદવા સાધુને પૃથ્વીપર જરાક પાડે. (કારણ કે સાધુને પાડ્યા વિના અર્શ છેદી ન શકાય.) અને અર્શોને છેદે. હે ભદંત ! તે*

*तस्य क्रिया भवति निर्व्यापारत्वात् । किं सर्वथा क्रियाया अभावः ? नैवम् । अत आह- 'णणत्थे'त्ति । नेति योऽयं निषेधः, सोऽन्यत्रैकस्माद्धर्मान्तिरायाद्-धर्मान्तिरायलक्षणा क्रिया तस्यापि भवतीति भावः । धर्मान्तिरायश्च शुभध्यानविच्छेदादर्शश्छेदानुमोदनाद्वेति* **वृत्तौ ॥** क्रियाया अध्यवसायानुरोधित्वमेव चाश्रित्येमानि सूत्राणि **प्रज्ञापनायां** प्रावर्तिषत →

*अत्थि णं भंते ! जीवाणं पाणाइवाएणं किरिया कज्जति ? हंता ! गो० ! अत्थि । कम्हिं णं भंते ! जीवाणं पाणातिवाएणं किरिया कज्जति ? गो० ! छसु जीवनिकाएसु । अत्थि णं भंते ! नेरइयाणं पाणाइवाएणं किरिया कज्जति ? गो० ! एवं चेव । एवं जाव निरंतरं वेमाणियाणं । अत्थि णं भंते ! जीवाणं मुसावाएणं किरिया कज्जति? हंता ! अत्थि । कम्हिं णं भंते ! जीवाणं मुसावाएणं किरिया कज्जति ? गो० ! सव्वदव्वेसु । एवं निरंतरं नेरइयाणं जाव वेमाणियाणं । अत्थि णं भंते ! जीवाणं अदिण्णादाणेणं किरिया कज्जति ? हंता ! अत्थि । कम्हिं णं भंते ! जीवाणं अदिण्णादाणेणं किरिया कज्जति ? गो० ! गहणधारणिज्जेसु दव्वेसु । एवं नेरइयाणं निरंतरं जाव वेमाणियाणं । अत्थि णं भंते ! जीवाणं मेहुणेणं किरिया कज्जति ? हंता ! अत्थि । कम्हिं णं भते ! जीवाणं मेहुणेणं किरिया कज्जति ? गो० ! रूवेसु वा रूवसहगतेसु वा दव्वेसु । एवं नेर० निरं० जाव वेमाणियाणं । अत्थि णं भंते ! जीवाणं परिग्गहेणं किरिया कज्जति ? हंता ! अत्थि । कम्हिं णं भते ! परिग्गहेणं किरि० कज्जति ? गो० ! सव्वदव्वेसु । एवं नेर० जाव वेमाणियाणं । एवं कोहेणं, माणेणं, मायाए, लोभेणं, पेज्जेणं, दोसेणं, कलहेणं, अब्भक्खाणेणं,*

---

*વખતે છેદનારને કઇ ક્રિયા હોય ? ગૌતમ ! છેદનારને એ ક્રિયા શુભ હોય (ધર્મબુદ્ધિથી કરે તો) અથવા અશુભ હોય (લોભવગેરેથી કરે તો.) જે સાધુના અર્શોને છેદે છે, એ સાધુને ક્રિયા નથી. (કારણ કે તેણે કોઇ ચેષ્ટા કરી નથી. 'શું સર્વથા ક્રિયા ન હોય ?' એવી આશંકા દૂર કરતાં કહે છે) એક ધર્માંતરાયને છોડી બીજી ક્રિયા ન હોય. (ધર્માંતરાય કાં તો શુભધ્યાનનો વિચ્છેદ થવાથી થાય, કાં તો અર્શચ્છેદની અનુમોદનાથી થાય.)*

## પ્રજ્ઞાપના સૂત્રની સાક્ષી

અધ્યવસાયના આધારે જ ક્રિયા 'શુભ છે કે અશુભ' તે નક્કી થાય છે, એમ દર્શાવતા **પ્રજ્ઞાપના ઉપાંગના** સૂત્રો આ રહ્યા →

*હે ભદંત ! જીવોને પ્રાણાતિપાતથી ક્રિયા થાય છે ? હે ગૌતમ ! થાય છે. હે ભંતે ! જીવોને કોને આશ્રયીને પ્રાણાતિપાતથી ક્રિયા થાય છે ? ગૌતમ ! છજીવનિકાયને આશ્રયી.* (અર્થાત્ પ્રાણાતિપાતના અધ્યવસાયથી થતી ક્રિયાના વિષય છ-જીવનિકાય બને છે.) *હે ભદંત ! નારકના જીવોને પ્રાણાતિપાતથી ક્રિયા થાય છે ? ગૌતમ ! થાય છે. આ પ્રમાણે ચોવીસે જીવભેદમાં સમજી લેવું. હે ભદંત ! જીવોને મૃષાવાદથી ક્રિયા થાય છે ? હા ગૌતમ ! પ્રભુ ! કોના વિષયમાં ? ગૌતમ ! સર્વ દ્રવ્યના વિષયમાં* (મૃષાવાદનો વિષય ધર્માસ્તિકાયવગેરે છએ દ્રવ્યો બની શકે.) *નારકવગેરે જીવોઅંગે પ્રરૂપણા પૂર્વવત્. હે નાથ ! જીવોને અદત્તાદાનથી ક્રિયા થાય છે ? હા, ગૌતમ ! હે ભવાંત ! કોના વિષયમાં ? ગૌતમ! ગ્રહણને અને ધારણને યોગ્ય દ્રવ્યના વિષયમાં.* (એટલે માત્ર પુદ્ગલદ્રવ્યનું તથા પુદ્ગલને અપેક્ષીને જ જીવદ્રવ્યનું તથા જમીનવગેરે પુદ્ગલદ્રવ્યને અપેક્ષીને ઉપચારથી ક્ષેત્રદ્રવ્યનું અદત્તાદાન=ચોરી સંભવે છે.) *નરકવગેરેની વિચારણા પૂર્વવત્. હે ભયાંત ! જીવોને મૈથુનની ક્રિયા છે ? હા ગૌતમ ! ભદંત ! કોને આશ્રયીને ? ગૌતમ ! રૂપ અથવા રૂપસહગત દ્રવ્યને આશ્રયીને* (રૂપ= ચિત્ર, પ્રતિમાવગેરે. રૂપસહગત=સચેતન સ્ત્રીવગેરે) *નારક વગેરેનો વિચાર પૂર્વવત્. હે ભદંત ! જીવોને પરિગ્રહથી ક્રિયા છે ? હા ગૌતમ ! પ્રભુ ! કોને આશ્રયીને ? ગૌતમ ! સર્વદ્રવ્યને આશ્રયી. નરકવગેરેનું નિરૂપણ પૂર્વવત્. આ જ પ્રમાણે ક્રોધ,*

*पेसुन्नेणं, परपरिवाएणं, अरतिरतीए, मायामोसेणं, मिच्छादंसणसल्लेणं। सव्वेसु जीवा नेरइयाइभेएणं भाणिअव्वा। निरंतरं जाव वेमाणियाणं त्ति। एवं अट्ठारस एते दंडगा।* [२२/२८०]

**अत्र मलयगिरिः** → *अस्त्येतत् । 'णं' इति वाक्यालङ्कारे। भदन्त! जीवानां प्राणातिपातेन=प्राणातिपाताध्यवसायेन क्रिया सामर्थ्यात्प्राणातिपातक्रिया क्रियते ? कर्मकर्त्तर्ययं प्रयोगो, भवतीत्यर्थः । अनतीतनयाभिप्रायात्मकोऽयं प्रश्नः।* ***कतमो****ऽत्र नयो यमध्यवसाय पृष्टमिति चेत् ?* ***उच्यते,*** *ऋजुसूत्रः।* ***तथा हि****-ऋजुसूत्रस्य हिंसापरिणतिकाल एव प्राणातिपातक्रियोच्यत इत्यर्थः, पुण्यपापकर्मोपादानानुपादानयोरध्यवसायानुरोधित्वात्, नान्यथा परिणताविति। भगवानपि तमृजुसूत्रनयमधिकृत्य प्रत्युत्तरमाह- 'हंता! अत्थि' । 'हंता' इति प्रेषणप्रत्यवधारणविपादेषु, अत्र प्रत्यवधारणे। अस्त्येतत्प्राणातिपाताध्यवसायेन प्राणातिपातक्रिया भवति। 'परिणामियं पमाणं णिच्छयमवलंबमाणाणं'॥* [ओघनिर्युक्ति ७६०] *इत्याद्यागमवचनस्य स्थितत्वात्। अमुमेव वचनमधिकृत्या-* ***वश्यके****ऽपीदं सूत्रं प्रावर्त्तिष्ट- 'आया चेव अहिंसा आया हिंसत्ति णिच्छओ एस'* [विशेषाव० ३५३६ पू०, आव० नि० ७५५ पू०] *इति व्याचष्टे । मृषावादादौ तु क्रिया यथायथं प्राणातिपातादिका भवतीति॥*

---

*માન, માયા, લોભ, રાગ-દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, પરપરિવાદ, રતિ-અરતિ, માયા-મૃષાવાદ અને મિથ્યાત્વશલ્ય - આ અઢાર પાપસ્થાનકોની પ્રરૂપણા સમજી લેવી અને પૂર્વવત્ નરકવગેરે ભેદોમાં પણ પ્રરૂપણા સમજવી.*

આ સૂત્રની **ટીકામાં શ્રી મલયગિરિસૂરિજી** કહી રહ્યા છે → *णं નો પ્રયોગ વાક્યાલંકાર=વાક્યને શોભાવવા છે. 'પ્રાણતિપાતથી' ઇત્યાદિ પાપસ્થાનકોનો ત્રીજી વિભક્તિયુક્ત પ્રયોગ કર્યો છે. ત્યાં પ્રાણતિપાતથી= પ્રાણાતિપાતના અધ્યવસાયથી. એમ સર્વત્ર યથાયોગ્ય અર્થ કરવો. પ્રાણાતિપાતના અધ્યવસાયથી થતી ક્રિયા હોવાથી તે પ્રાણાતિપાતક્રિયા છે તેમ સામર્થ્યથી સમજવું. એ જ પ્રમાણે મૃષાવાદક્રિયા ઇત્યાદિઅર્થ સમજવો. 'कज्जति (=क्रियते કરાય છે) આ પ્રયોગ કર્મકર્તરિ છે. તેનું 'થાય છે' એ તાત્પર્ય છે. એટલે કે જીવોને પ્રાણાતિપાતક્રિયા થાય છે ? એ પ્રશ્ન છે. આ પ્રશ્ન અનતીતનય અભિપ્રાયાત્મક છે. અર્થાત્ વર્તમાનકાળનો નિર્દેશ કરે છે.*

***શંકા :-*** *અહીં કયો નય છે કે જેને અધ્યવસાય(આ સંબંધક ભૂ.કૃ. છે.)=વિચારીને પૂછાયું છે.*

***સમાધાન :-*** *અહીં ઋજુસૂત્ર નયથી વિચારણા છે, તે આ પ્રમાણે - ઋજુસૂત્ર નયમતે જ્યારે હિંસાની પરિણતિ ઉત્પન્ન થાય છે, ત્યારે જ હિંસાક્રિયા છે. પ્રાણાતિપાતનો અર્થ પ્રાણાતિપાતનો અધ્યવસાય કરવા પાછળ કારણ બતાવે છે- પુણ્ય કે પાપ કર્મનું ગ્રહણ-અગ્રહણ શુભાશુભ અધ્યવસાયને અનુરોધીને જ છે, નહિ કે અન્યથાપરિણતિમાં. (અર્થાત્ શુભઅધ્યવસાય હોય, તો પુણ્ય જ બંધાય અને અશુભ અધ્યવસાય હોય, તો પાપ જ બંધાય - પણ વિપરીત ન થાય.) અહીં પ્રશ્નકારે ઋજુસૂત્ર નયથી પ્રશ્ન પૂછ્યો છે, તેથી જ ભગવાન પણ એ પ્રશ્નનો ઉત્તર ઋજુસૂત્ર નયને આશ્રયીને 'હંતા અત્થિ' ઇત્યાદિ વાક્યથી આપે છે. 'હંત' અવ્યય (૧) સંપ્રેષણ (૨) પ્રત્યવધારણ અને (૩) વિવાદ - આ ત્રણ અર્થમાં વપરાય છે. પ્રસ્તુતમાં પ્રત્યવધારણ(=ઉત્તર) અર્થમાં વપરાયો છે. (ઋજુસૂત્ર વર્ત્તમાનકાલીન અને તે પણ પોતાનો પર્યાય જ પોતાનામાટે સત્ છે, તેમ માને છે. પ્રાણાતિપાતના અધ્યવસાય વખતે તે અધ્યવસાય પોતાનો વર્તમાનકાલીન પર્યાય બને છે, માટે એ જ હિંસારૂપ છે અને ત્યારે આત્મા એ જ એકમાત્ર પર્યાયથી પરિણત છે, માટે આત્મા જ હિંસારૂપ છે એમ માને છે.) અહીં પ્રાણાતિપાતની બાહ્ય ક્રિયા ગૌણ કરી પ્રાણાતિપાતના અધ્યવસાયમાત્રથી પ્રાણાતિપાત ક્રિયા થાય છે તેમ કહ્યું, કારણ કે 'નિશ્ચયનું અવલંબન કરતા (ઋષિઓ=આગમવિદો) પારિણામિક(=આત્મપરિણામને જ) પ્રમાણને જ સ્વીકારે છે' તેવું આગમ વચન છે. આ જ વચનને અવલંબીને*

प्राणातिपाताऽध्यवसाये प्राणातिपातनिर्वर्तककार्येषु जायमानेषु प्राणातिपातोपचारो मृषावादाद्यध्यवसाये च यथोचितक्रियानिर्वर्तककार्येषु जायमानेषु तदुपचार इत्यत्र बीजं-'उत्पद्यमानमुत्पन्नम्' इत्यस्यार्थस्यादित एवोपपादितस्येत्थमेवोपचारेण सम्भवात्। परमार्थतस्तु चरमसमय एवोत्पद्यमानं तदैव चोत्पन्नमित्यस्यार्थस्य महता प्रबन्धेन **महाभाष्ये** व्यवस्थापितत्वात्। आत्मैव हिंसेति तु यद्यपि शब्दनयानां मतं, नैगमनयमते जीवाजीवयोस्सा, सङ्ग्रहव्यवहारयोः षड्जीवनिकायेषु, ऋजुसूत्रस्य प्रतिस्वं स्वघात्ये, तद्भेदेन तन्मते हिंसाभेदात्, शब्दनयानां स्वात्मनीति **ओघवृत्तौ** विवेचनात्। तथापि विषयविभागेन नयप्रदर्शनं तत्। इह तु हिंसास्वरूपविवेचने नयविभागः। तत्र च सङ्क्लेशदुःखोत्पादनतत्पर्यायविनाशभेदेन त्रिविधापि हिंसा नैगमव्यवहारयोः, सङ्क्लेशदुःखोत्पादनरूपा

***વિશેષાવશ્યક ભાષ્યમાં** પણ કહ્યું છે કે → 'આત્મા જ અહિંસા છે અને આત્મા જ હિંસા છે - આ નિશ્ચય છે'. આમ અધ્યવસાયથી જ હિંસા કે અહિંસા = અશુભ કે શુભયોગ નક્કી થાય છે, આ જ પ્રમાણે મૃષાવાદવગેરેમાં પણ યથાયોગ્ય પ્રાણાતિપાતવગેરે ક્રિયા થાય છે.*

## હિંસાના વિષયની નયોથી વિચારણા

પ્રાણાતિપાતનો અધ્યવસાય હોય તો થઇ રહેલા પ્રાણાતિપાતજનકકાર્ય=હિંસાજનકપ્રવૃત્તિમાં (હજી હિંસા થઇ રહી છે એ વખતે હિંસા થઇ ગઇ છે એ રૂપે) હિંસાનો ઉપચાર થાય છે. તે જ પ્રમાણે મૃષાવાદના અધ્યવસાયની હાજરીમાં મૃષાવાદને અનુરૂપ ક્રિયા નિર્વર્તક થઇ રહેલી પ્રવૃત્તિઓમાં મૃષાવાદનો ઉપચાર થાય છે. પ્રથમથી જ યુક્તિસંગત તરીકે ઠેરવેલો 'ઉત્પન્ન થઇ રહેલી વસ્તુ ઉત્પન્ન થઇ ગઇ છે.' (**ભગવતી સૂત્રનું** પ્રથમ સૂત્ર 'ચલમાણે ચલિએ' છે. ત્યાં આ વાતની સિદ્ધિ કરેલી છે.) એવો અર્થ આવા પ્રકારના ઉપચારથી સંભવિત છે. આમ હિંસાક્રિયાની પ્રવૃત્તિમાં હિંસાનો ઉપચાર સંભવે છે.

પરમાર્થથી-નિશ્ચયનયથી વિચારવામાં આવે, તો તે-તે કાર્ય તજ્જનક તે-તે ક્રિયાના ચરમસમયે જ ઉત્પન્ન થઇ રહ્યું છે અને ત્યારે જ ઉત્પન્ન થયું છે, ઇત્યાદિ બાબતનો **વિશેષાવશ્યક મહાભાષ્યમાં** વિસ્તારથી નિર્ણય કરવામાં આવ્યો છે. શબ્દનયો(બહુવચનથી સમભિરૂઢ અને એવંભૂતનો પણ સમાવેશ કર્યો)ના અભિપ્રાયથી 'આત્મા જ હિંસા છે.' અર્થાત્ હિંસાનો વિષય પોતાનો આત્મા જ છે. નૈગમનય જીવ અને અજીવ બન્નેની હિંસા સ્વીકારે છે. (હિંસાજન્ય પર્યાયનાશઆદિ કાર્યો જીવની જેમ અજીવમાં પણ દેખાય છે, તેથી વચનોના સર્વપ્રકારને સ્વીકારતો નૈગમ અજીવની હિંસા પણ સ્વીકારે તે સહજ છે.) સંગ્રહ અને વ્યવહારનયના મતે છકાય જીવોની જ હિંસા છે, અર્થાત્ અજીવની હિંસા માન્ય નથી (એમાં પણ સંગ્રહનય હિંસાસમસ્તને એક હિંસારૂપે જોશે, જ્યારે વ્યવહાર અલગ-અલગ રૂપે.) ઋજુસૂત્ર નયમતે હિંસાનો જે હિંસ્ય=વર્તમાનમાં પોતાનાથી જેની હિંસા કરાય છે, તેની જ હિંસા છે. કારણ કે આ નય હિંસ્યના ભેદથી હિંસાનો ભેદ સ્વીકારે છે. તથા શબ્દનયો 'આત્મા જ (=પોતાના આત્માની જ) હિંસા છે' એમ સ્વીકારે છે. આમ **ઓઘ નિર્યુક્તિમાં** બતાવ્યું છે. પણ આ વિષયવિભાગથી નયોનું નિરૂપણ થયું. (હિંસાના વિષય કોણ એ અપેક્ષીને નયવિચારણા કરી છે.)

## હિંસાના સ્વરૂપની નયોથી વિચારણા

પ્રસ્તુતમાં હિંસાના સ્વરૂપનો નયવિભાગથી વિચાર કરવાનો છે. હિંસા ત્રણ પ્રકારે છે. - (૧) સંક્લેશ = (સ્વ કે પરના) ચિત્તમાં સંક્લેશ(=કષાય) ઊભા કરવા (૨) દુઃખ પેદા કરવું. (૩) વર્તમાનપર્યાયનો નાશ કરવો. (પર્યાય=મનુષ્યપણુંવગેરે અવસ્થાઓ) નૈગમ અને વ્યવહારનય ત્રણે પ્રકારની હિંસા સ્વીકારે છે. સંગ્રહનય (૧) સંક્લેશ અને (૨) દુઃખ ઉત્પન્ન કરવું. આ બે પ્રકારની હિંસા સ્વીકારે છે. (સામાન્યમાત્રગ્રાહી સંગ્રહ પર્યાયરૂપ વિશેષને

द्विविधा सङ्ग्रहस्य, सङ्क्लेशरूपैव च ऋजुसूत्रस्य सम्मता इत्येवं व्यवस्थिते:। सङ्क्लेशश्चात्मपरिणाम आत्मैव, इत्येतन्मते आत्मैव हिंसेत्युक्तौ दोषाभावाच्छब्दनयानामप्येतदेव मतम्। *'मूलनिमाणं पज्जवणयस्स उज्जुसुअ-वयणविच्छेओ। तस्स उ सद्दाईआ साहापसाहा बहुविगप्पा'॥* [१/५] इति **सम्मतिग्रन्थेन** तेषामृजुसूत्र-विस्तारात्मकत्वव्यवस्थिते:, विशेषिततरतदर्थवत्त्वस्यैव **निर्युक्ता**वभिधानाच्च। प्राणातिपातनिवृत्तिस्वभाव-समवस्थितात्मद्रव्यान्यथाभाव ऋजुसूत्रमते हिंसा, तद्गुणान्यथाभावश्च शब्दनयमत इति तु **विवेचका:**।

---

સ્વીકારતો નથી. માટે પર્યાયના નાશને પણ સ્વીકારતો નથી. અથવા પર્યાયનાશ પણ દુઃખરૂપ હોવાથી એનો બીજા પ્રકારમાં સમાવેશ થાય છે.) ઋજુસૂત્રમતે માત્ર સંક્લેશ એકરૂપ જ હિંસા છે. અર્થાત્ બીજાની હિંસાઅંગેનો હિંસકના મનમાં જાગેલો સંક્લિષ્ટ પરિણામ પોતે જ હિંસારૂપ છે. (કારણ કે ઋજુસૂત્ર નય વર્તમાનકાલીન સ્વકીયપર્યાયોને જ સ્વીકારે છે. તેથી બીજાને દુઃખોત્પાદ કે બીજાના પર્યાયનો નાશ આ નયને સંમત જ નથી. વળી પૂર્વે કહ્યું તેમ, હિંસાનું ફળ પોતાના સંક્લિષ્ટ અધ્યવસાયના કારણે જ મળે છે. ઇત્યાદિ કારણોથી આ નય માત્ર હિંસકના સંક્લેશને જ હિંસા તરીકે સ્વીકારે છે.) આ સંક્લેશ પણ એક પ્રકારનો આત્માનો અશુભ પરિણામ જ છે. વળી પરિણામ પરિણામીથી કથંચિત્ અભિન્ન છે અને પરિણામનું ફળ પણ પરિણામીને મળે છે. તેથી ઋજુસૂત્ર નયમતે 'આત્મા પોતે જ હિંસા' એમ કહેવામાં દોષ નથી. શબ્દનયોનો પણ આ જ અભિપ્રાય છે.

**શંકા :-** ઋજુસૂત્રનય અને શબ્દનયોનો અભિપ્રાય સરખો કેમ ?

**સમાધાન :-** શબ્દનયો ઋજુસૂત્રનયરૂપ સ્કંધની જ વિસ્તાર પામેલી શાખાઓ સમાન છે. **સંમતિગ્રંથમાં** કહ્યું જ છે કે → *'ઋજુસૂત્રનયના વચનવિચ્છેદો(=વચનવિભાગો) પર્યાયનયના મૂલનિમાણ(મૂળ આધારભૂત) છે. બહુવિકલ્પોવાળા શબ્દવગેરે નયો તેની શાખા પ્રશાખા સમાન છે.'* **નિર્યુક્તિમાં** પણ એમ જ કહ્યું છે કે, શબ્દવગેરે નયો ઋજુસૂત્રનયના જ અભિપ્રાયને વિશેષિતરૂપે સ્વીકારે છે.

**પ્રશ્ન :-** તો પછી શબ્દાદિનયોની ઋજુસૂત્રનયની માન્યતાથી ભિન્ન માન્યતા કયા અંશે છે ?

**ઉત્તર :-** નયવિવેચકો શબ્દાદિનયોની માન્યતામાં ઋજુસૂત્રનયની માન્યતાથી આવો ભેદ બતાવે છે - ઋજુસૂત્રમતે હિંસાની નિવૃત્તિરૂપ સ્વભાવમાં રહેલા આત્મદ્રવ્યનો અન્યથાભાવ હિંસા છે. અર્થાત્ હિંસાની નિવૃત્તિના સ્વભાવવાળો આત્મા જ્યારે હિંસાની પ્રવૃત્તિ તરફ દોરાય છે, ત્યારે એ આત્મા પોતે જ હિંસારૂપ છે. શબ્દવગેરે નયોના મતે હિંસાની નિવૃત્તિરૂપ જે આત્મગુણો છે, તે ગુણોનો જે અન્યથાભાવ તે જ હિંસા છે. **તાત્પર્ય :-** ઋજુસૂત્રનય આત્મદ્રવ્યને હિંસા કે અહિંસા કહે છે. શબ્દનયો આત્માના તત્કાલીન હિંસા કે અહિંસા સંબંધી ગુણને હિંસા કે અહિંસા કહે છે. (વધુ ઊંડાણથી કહીએ તો આત્મામાં ઉત્પન્ન થતાં ક્રોધાદિ બધા જ અવગુણો વિભાવરૂપ હોવાથી હિંસારૂપ છે કારણ કે તેઓ ક્ષમાદિ આત્મગુણોના અન્યથાભાવરૂપ છે અને આત્માના શુદ્ધ કે શુભ પરિણામોને નષ્ટ કરે છે.)

## ક્રિયાપ્રત્યે માત્ર બાહ્યસામગ્રીની અકિંચિત્કરતા

**પૂર્વપક્ષ :-** આમ જો તમે અધ્યવસાયના આધારે જ ક્રિયાને શુભ અને અશુભનું લેબલ લગાડશો, તો *'હે ભદંત ! જ્ઞાનાવરણીય કર્મ બાંધતી વખતે જીવ કેટલી ક્રિયા કરતો હોય ? ગૌતમ ! ત્રણ, ચાર કે પાંચ'* ઇત્યાદિ **પ્રજ્ઞાપનાના** પાઠથી યોગ(=આત્મપ્રયત્ન) અને પ્રદ્વેષના સામ્યથી કર્મબંધવિશેષજનક હિંસાની જે સમાપ્તિ (=પ્રાપ્તિ) કહી છે, તેને શી રીતે સંગત કરશો ? **પ્રજ્ઞાપનાના** આ સૂત્રના વિવેચકોએ કહ્યું જ છે → 'ત્રણ, ચાર અને પાંચ **ક્રિયાથી** હિંસા સમાપ્ત થાય છે(=પ્રાપ્ત કરાય છે) જો યોગપ્રદ્વેષસામ્ય હોય(=યોગ અને પ્રદ્વેષની સામ્યતા હોય) તો **ક્રમશઃ** આનો વિશિષ્ટ બંધ થાય છે.' (પ્રસ્તુત સૂત્રમાં જે જીવ જે પ્રાણાતિપાતથી જે જ્ઞાનાવરણીય આદિ સાત કે આઠ કર્મ બાંધે

**ननु** यद्येवमध्यवसायानुरोधिन्येव क्रिया, तदा कथं *'जीवे णं भंते ! नाणावरणिज्जं कम्मं बंधमाणे कइ किरिए ? गो० ! सिय तिकिरिए सिय चउकिरिए सिय पंचकिरिए'* [प्रज्ञापना २२/२८२] इत्यादिना बन्धविशेषानुकूलहिंसासमाप्त्यभिधानं योगप्रद्वेषसाम्येन। **यद्विवेचकाः** तिसृभिश्चतसृभिरथ पञ्चभिश्च हिंसा समाप्यते क्रमशः। बन्धोऽस्य विशिष्टः स्याद् योगप्रद्वेषसाम्यं चेदिति॥ (तत्र) त्रिक्रियता कायिक्याधिकरणिकीप्राद्वेषिकीभिः। कायिकी नाम हस्तादिव्यापारणं, आधिकरणिकी=खड्गादिषु प्रगुणीकरणं, प्राद्वेषिकी=मारयाम्येनमित्यशुभमनःसम्प्रधारणम्। चतुःक्रियता कायिक्याधिकरणिकीप्राद्वेषिकीपारितापनिकीभिः। पारितापनिकी नाम खड्गादिघातेन पीडाकरणम्। पञ्चक्रियता पञ्चम्याः संयोगे, सा च प्राणातिपातक्रिया जीवितात् व्यपरोपणमिति। **सत्यं,** योगप्रद्वेषसाम्येनाप्युपादानसामग्र्या एव सम्भृतत्वप्रतिपादनाद्बाह्यसम्पत्तेरप्यकिञ्चित्करत्वात्। यच्चाव्युत्सृष्टप्राग्भवशरीरेण क्रियाभिधानं तदविरतिनिमित्तादुपचारमात्रं, न बाह्यप्राधान्याक्षेपात्। तदुक्तं **प्रज्ञापनावृत्तौ** →

*ननु नारकस्य द्वीन्द्रियादीनधिकृत्य कथं कायिक्यादिक्रियासम्भवः ? **उच्यते,** इह नारकैर्यस्मात्पूर्वभवशरीरं*

---

છે, તે જ્ઞાનાવરણીયાદિ કર્મો બાંધતી વખતે તે પ્રાણાતિપાતને એ જીવ જેટલી ક્રિયા ભેદોથી પરિપૂર્ણ કરે છે, એ ભેદોથી બંધવિશેષ પણ થાય છે, એટલે કે ક્રિયાભેદો વધે તેમ બંધ પણ વિશેષ થાય. એ **તાત્પર્ય** છે.)

**શંકા :-** આ ક્રિયાઓ કઇ છે ? અને તેનું સ્વરૂપ શું છે ?

**સમાધાન :-** ત્રણ ક્રિયા આ છે. (૧) કાયિકી — હાથવગેરેની ચેષ્ટા (૨) આધિકરણિકી — તલવારવગેરે શસ્ત્રો બનાવવા. (૩) પ્રાદ્વેષિકી — મનનું 'આને હણું છું', એવું અશુભ પ્રણિધાન. ચાર ક્રિયામાં ઉપરોક્ત ત્રણ ઉપરાંત (૪) પારિતાપનિકી(=તલવાર વગેરેના પ્રહારથી પીડા કરવી) ક્રિયા. પાંચ ક્રિયામાં ઉપરોક્ત ચાર ઉપરાંત (૫) પ્રાણાતિપાતક્રિયા(=મારી નાખવાની ક્રિયા) હોય. આમ હિંસાથી થતા બંધમાં બાહ્ય ક્રિયાઓને પણ મહત્ત્વ મળેલું છે. તેથી માત્ર અધ્યવસાયના બળપર શુભાશુભરૂપતાનું માપ કાઢવું આગમવિરુદ્ધ છે.

**ઉત્તરપક્ષ :-** ઉપરોક્તસ્થળે યોગપ્રદ્વેષસામ્યથી પણ ઉપાદાનસામગ્રીની સંભૃતતા(=મહત્તા)નું જ પ્રતિપાદન કર્યું છે. (અહીં **તાત્પર્ય** એ લાગે છે - જેટલી ક્રિયા છે, એને અનુરૂપ-એને સમાન યોગ-પ્રદ્વેષ હોય, તો તે-તે વધતી ક્રિયાથી કર્મબંધ પણ વિશિષ્ટ-વિશિષ્ટતર થાય. આમ યોગ પ્રદ્વેષ સામ્યથી જ હિંસાજન્યકર્મબંધની ઉપાદાનભૂત સામગ્રી સંભૃત=પરિપૂર્ણ થાય છે.) તેથી બાહ્ય સામગ્રીની સંપત્તિ=ઉપસ્થિતિ તો અકિંચિત્કર જ સિદ્ધ થાય છે. માટે અમે અધ્યવસાયના બળપર જે શુભાશુભતા કહી તે આગમવિરુદ્ધ નથી, પણ આગમસિદ્ધ છે.

**પ્રશ્ન :-** પૂર્વભવના વિસર્જન નહિ કરેલા(=પ્રતિજ્ઞાપૂર્વક નહિ છોડેલા) શરીરોથી આ ભવમાં જે ક્રિયા બતાવી છે, ત્યાં તો તમારે અધ્યવસાય વિના પણ માત્ર ક્રિયાના બળપર જ કર્મબંધ માનવો પડશે.

**ઉત્તર :-** અહીં પણ વાસ્તવમાં તો પૂર્વભવીય શરીરાદિનો ત્યાગ ન કરવારૂપ જે અવિરતિ છે, તે જ મુખ્યતયા કર્મબંધમાં હેતુ છે. તેથી તે પૂર્વભવીય શરીરથી ક્રિયાનું અભિધાન ઉપચારમાત્ર જ છે. બાહ્ય તેવી પ્રવૃત્તિની પ્રધાનતાના આક્ષેપથી=હાજરીથી ક્રિયા કહેવાઇ નથી.

(તેથી જ એ શરીરવગેરેનો પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ કર્યા પછી એ શરીરો વગેરેથી ગમે તેવી ક્રિયા થતી હોય, તો પણ કર્મબંધ થતો નથી. અહીં અવિરતિથી તે શરીરો પ્રત્યેનો સહજપ્રાપ્ત મમત્વભાવરૂપ સંબંધ ઇષ્ટ લાગે છે. એ શરીરાદિ પ્રત્યેની વિરતિની પ્રતિજ્ઞાથી બાહ્ય કંઇ છોડવાનું નથી. પણ તે શરીરાદિ પ્રત્યેનો સહજસિદ્ધ મમત્વભાવ જ છોડવાનો છે. આમ અહીં પણ મમત્વભાવરૂપ આત્મપરિણામ જ મહત્વનો ભાગ ભજવે છે.) માટે આ દૃષ્ટાંતના બળપર બાહ્ય ક્રિયાનું કર્મબંધ પ્રત્યે મહત્ત્વ ન આંકો. (નદીમાંથી માટી લઇ આવવા માત્રથી કંઇ ગધેડાને ઘડાનું કારણ કહેવાય નહીં.)

*न व्युत्सृष्टं विवेकाभावात्, तदभावश्च भवप्रत्ययात्, ततो यावत्तच्छरीरं तेन जीवेन निर्वर्तितं सत्तं शरीरपरिणामं सर्वथा न परित्यजति, तावद्देशतोऽपि तं परिणामं भजमानं पूर्वभावप्रज्ञापनया तस्येति व्यपदिश्यते घृतघटवत्। यथा घृतपूर्णो घटो घृतेऽपगतेऽपि घृतघट इति व्यपदिश्यते, तथा तदपि शरीरं तेन निर्वर्तितमिति तस्येति व्यपदेश-मर्हति। ततस्तस्य शरीरस्यैकदेशेनास्थ्यादिना योऽन्यः प्राणातिपातं करोति, ततः पूर्वनिर्वर्तितशरीरजीवोऽपि कायिक्यादिक्रियाभिर्युज्यते, तेन तस्याव्युत्सृष्टत्वात्। तत्रेयं पञ्चानामपि क्रियाणां भावना-तत्कायस्य व्याप्रिय-माणत्वात्कायिकी, कायोऽधिकरणमपि भवतीत्युक्तं प्राक्, तत आधिकरणिकी। प्राद्वेषिक्यादयस्त्वेवं-यदा तमेव शरीरैकदेशमभिघातादिसमर्थमन्यः कश्चनापि प्राणातिपातोद्यतो दृष्ट्वा तस्मिन् घात्ये द्वीन्द्रियादौ समुत्पन्नक्रोधादि-कारणोऽभिघातादिसमर्थमिदं शस्त्रमिति चिन्तयन्नतीवक्रोधादिपरिणामं भजते, पीडां चोत्पादयति, जीविताच्च*

---

## અવિરતિના પાપે

**પ્રજ્ઞાપના ઉપાંગના ટીકાકાર** પોતે આ બાબતમાં શું કહે છે ? તે સાંભળો →

***પ્રશ્ન :-*** *નારકના જીવોને બેઇન્દ્રિય વગેરે જીવોને આશ્રયીને કાયિકીવગેરે ક્રિયા કેવી રીતે સંભવે ?* (કારણ કે નરકમાં વિકલેન્દ્રિય જીવો નથી.)

***ઉત્તર :-*** *નરકના જીવોની વિકલેન્દ્રિયવગેરેની અપેક્ષાએ જે કાયિકીઆદિ ક્રિયા બતાવી છે, તે આ ભવના શરીરની અપેક્ષાએ નહિ; પરંતુ પૂર્વભવના શરીરની અપેક્ષાએ બતાવી છે. નરકના જીવોને પ્રાયઃ વિવેક હોતો નથી. આ વિવેકના અભાવમાં તેઓનો આ પ્રકારનો નારક ભવ જ કારણ છે. આ વિવેકના અભાવના કારણે તેઓ પૂર્વભવના શરીરને છોડવા છતાં, એ પૂર્વભવના શરીરનો પ્રતિજ્ઞાપૂર્વક વ્યુત્સર્ગ કરતા નથી.* (અથવા નરકમાં જનારો પૂર્વભવના અંતિમકાળે અશુભ અધ્યવસાયમાં હોય છે, તેથી તે વખતે તે ભવના કારણે જ તેને વિવેક ન હોવાથી મરતી વખતે એ શરીરને વોસિરાવતો નથી.) *તેથી એ શરીરસાથેનો નરકના જીવનો મમત્વભાવરૂપ સંબંધ ચાલુ જ રહે છે. વળી એ પૂર્વભવીય શરીર બનાવનારો પણ તે પોતે જ હતો. તેથી એ પૂર્વભવીય શરીર જ્યાં સુધી શરીરપરિણામરૂપે રહે છે, ત્યાં સુધી પૂર્વભાવ પ્રજ્ઞાપનાથી તે શરીર નારકના તે જીવનો જ ગણાય છે, જેમકે પૂર્વે જે ઘડામાં ઘી ભરાતું હતું, તેવો ઘડો વર્તમાનમાં પણ ઘીનાં ઘડા તરીકે ઓળખાણ પામે છે, પછી ભલે વર્તમાનમાં તે ઘડામાં ઘી ભરાતું ન હોય. તેથી નરકના જીવે બનાવેલું પૂર્વભવનું શરીર નરકમાં જતાં છોડી દીધું હોવા છતાં, નરકના તે જીવનું જ ગણાય છે. તેથી જ તે શરીરના હાડકાઆદિ એકદેશથી કોઇક બીજો જીવ હિંસા કરે, તો તે શરીર બનાવનારો નારકનો જીવ પણ કાયિકીવગેરે ક્રિયાઓસાથે સંલગ્ન થાય છે.*

**પ્રશ્ન :-** પૂર્વભવીય શરીર તો નરકના જીવે છોડી દીધું છે અને હવે તો પ્રાયઃ પોતાને એ શરીર યાદ પણ આવતું નથી. છતાં એ શરીરથી બીજા પાપ કરે તેમાં કર્મબંધની સજા આ નરકના જીવને થાય, એ **'પાડાના વાંકે પખાલીને ડામ'** ની જેમ શી રીતે સંગત ઠરે ?

***ઉત્તર :-*** *(નરકના જીવને દંડ એમ નેમ નથી. તેનો પણ વાંક છે) નરકના જીવે 'પૂર્વભવના એ શરીર સાથે હવે પોતાને કોઇ પ્રકારનો સંબંધ નથી' એવું ડીક્લેરેશન(=જાહેરનામું) મનથી પણ કર્યું ન હોય, ત્યાં સુધી નરકના જીવનો એ શરીરસાથે સંબંધ ચાલુ જ છે.* (કોઇ વ્યક્તિ જુના ઘરની માલિકી છોડ્યા વિના અન્યત્ર રહેવા જાય અને બીજી ત્રાહિત વ્યક્તિ એ ઘરમાં ઘુસી અનાચાર સેવે, તો ઘરનો પેલો માલિક પણ તે અનાચારમાટે જવાબદાર બને છે.) *પૂર્વોક્ત પાંચ ક્રિયાઓની સંકલના આ પ્રમાણે છે. એ ક્રિયા શરીરને વ્યાપીને હોવાથી કાયિકી ગણાય. આ શરીર પણ અધિકરણ(=સંસારનું કારણ) બની શકે છે. માટે શરીરગતક્રિયા આધિકરણિકી (અધિકરણથી કે અધિકરણમાં થતી ક્રિયા) પણ કહેવાય,*

*व्यपरोपयति, तदा तत्सम्बन्धिप्राद्वेषिक्यादिक्रियाकारणत्वान्नैगमनयाभिप्रायेण तस्यापि प्राद्वेषिकी, पारितापनिकी, प्राणातिपातक्रिया चेति।*[सू० २२/२८२ टी०] अत एव विरतिमान् जीवो जीवादैहिकामुष्मिकक्रियाभावेऽ-क्रियोऽप्युक्तः।

किञ्च प्रतिनियताः कायिक्यादय एवायोजनीयत्वेनोक्ता इति। देवपूजादिक्रिया संसारविच्छेदिकेत्यादेयैव।

---

*બેઇન્દ્રિયવગેરે ઘાત્ય(=જેઓની હિંસા થવાની છે તેઓ) જીવોપર ક્રોધ વગેરેને પામેલો બીજો કોઇ જીવ (નારકના જીવના પૂર્વભવીય) તે શરીરના પ્રહાર કરવા યોગ્ય એકાદ ભાગને જુએ અને 'ઘા કરવા આ શસ્ત્ર સારું છે.' એમ વિચારતો ઘાત્યજીવ પર (૧) ક્રોધના ધમધમાટ પરિણામવાળો થાય (૨) તેથી ઘા કરી ઘાત્યજીવને પીડા પહોંચાડે અને (૩) તીક્ષ્ણ ઘા વગેરેથી મારી નાખે, તો તે બીજો જીવ તો ક્રમશઃ (૧) પ્રાદ્વેષિકી, (૨) પારિતાપનિકી (૩) પ્રાણાતિપાત ક્રિયા કરે છે જ. પણ જેના શરીરના એક ભાગે આ ત્રણે ક્રિયામાં સહાયક શસ્ત્રની ભૂમિકા અદા કરી, નારકના તે જીવે પણ ત્રણે ક્રિયા કરી ગણાય, એમ નૈગમનયનો અભિપ્રાય છે.*

(**પ્રશ્ન :-** આ પ્રમાણે તો વિરતિધરને પણ પૂર્વભવના શરીરની અપેક્ષાએ આ બધી ક્રિયાઓ માનવી પડશે. અને તે અપેક્ષાએ તે અવિરત ગણાશે.

**ઉત્તર :-** ના, તેમ નહિ બને) વિરતિધર જીવને અન્ય જીવને અપેક્ષીને આલૌકિક કે પારલૌકિક ક્રિયાનો અભાવ હોવાની અપેક્ષાએ અક્રિય પણ કહ્યો છે. વિરતિધર પોતે આ ભવમાં જો ઉપરોક્ત ક્રિયાઓ કરે, તો જ તેને તેવી ક્રિયા સંભવે. ઉપરોક્ત ક્રિયાઓમાંથી એક પણ ક્રિયા વર્તમાનમાં નહીં કરતો વિરતિધર ઐહિક-પારલૌકિક ક્રિયાના અભાવમાં તો અક્રિય-ક્રિયા વિનાનો જ છે કારણ કે તેણે તમામ પૂર્વભવોના શરીરવગેરે સાથેના મમતાનો છેડો સમજણપૂર્વક ફાડી નાખ્યો છે - પૂર્વભવોની અને આ ભવની પણ અવિરતિઅવસ્થાની તમામ સામગ્રીઓ વોસિરાવી દીધી છે. તેઓમાંથી પોતે વિરત થઇ ગયો છે. તેથી એ વ્યુત્સર્ગ કરેલી સામગ્રીથી બીજો કોઇ જીવ ક્રૂર કાળા કામ કરે, તો પણ આ જીવને ક્રિયા ગણાતી નથી, તેથી જરા પણ લેપાવાનું નથી. ટુંકમાં વિરતિપૂર્વેની અને પૂર્વભવોની સામગ્રીની મમતા સાથે છુટાછેડા લેનારો તે સામગ્રીથી થતી ક્રિયાઓના પાશથી મુક્ત છે. જેણે (તે સામગ્રીની) મમતા સાથે સગપણરૂપ અવિરતિ ચાલુ રાખી છે, તે જીવે વગર લેવાદેવાએ તે સામગ્રીથી થતી ક્રિયાઓની જાળમાં ફસાવાનું છે.

(**પ્રશ્ન :-** જેમ આ અવિરતિના કારણે પૂર્વભવીય શરીરાદિથી થતી ક્રિયાઓ પ્રાપ્ત થાય છે, તેમ એ શરીરાદિથી થતા શુભકાર્યોથી પુણ્યની કમાણી પણ થવી જોઇએ.

**ઉત્તર :-** ના, એ કમાણી એમ નેમ નહિ થાય. પોતાની સામગ્રી સાથે મમતા કરવાનો જીવનો અનાદિસિદ્ધ સ્વભાવ છે. તેથી મમતાભાવ સતત જોડાયેલો જ રહે છે, તે જોડવા માટે ખાસ ઉપયોગની આવશ્યકતા નથી. જ્યારે શુભકાર્યો કરવા વગેરેનો ભાવ અનાદિસિદ્ધ નથી. પ્રાયઃ અચરમાવર્તકાળમાં શુભકાર્યો કરવાના નિર્મળ મનોરથો પોતાને થતા જ નથી. ચરમાવર્તમાં પણ યોગ્યતાનો વિકાસ થાય, તો જ તે સંભવે. મનોરથો પણ નવા નવા હોઇ, એ બાબતમાં ઘણો અભ્યાસ થાય ત્યારે તે મનોરથો સહજ બને. તેથી પોતાને જો પોતાની સામગ્રીથી થતા શુભકાર્યની અનુમોદના કરવાનો વિશિષ્ટ ઉપયોગ હોય, તો જ પોતાની સામગ્રીથી થતા શુભકાર્યોનો લાભ મળે, અન્યથા નહીં. તેથી જે વ્યક્તિએ પૂર્વભવીયશરીર વગેરેનો વ્યુત્સર્ગ કર્યો નથી, તે વ્યક્તિને તે શરીરાદિ સાથે અનાદિસિદ્ધ મમતાભાવ હોવાથી તે શરીરાદિથી થતા પાપના પોટલા ઊંચકવા પડે. પરંતુ પુણ્યઅંગેની અનુમોદનાનો ભાવ ન હોવાથી પુણ્યનું પાથેય પ્રાપ્ત ન થાય. આમ કર્મબંધ = ક્રિયા સાથેના સંબંધમાં અવિરતિ જ મુખ્ય ભાગ ભજવે છે.)

## 'ક્રિયા' શબ્દની અનેકાર્થતા

વળી ક્રિયાઓ અનેક પ્રકારની છે. આ બધી ક્રિયાઓમાંથી માત્ર કાયિકાદિ પ્રતિનિયત ક્રિયાઓને જ કર્મબંધમાં કારણતરીકે લેખાવી છે. તેનાથી અર્થતઃ સિદ્ધ થાય છે કે, પ્રતિલેખનાદિ અન્ય ક્રિયાઓ કર્મબંધમાં કારણ નથી. દેવપૂજા=જિનપૂજા પણ એ ક્રિયાઓમાંની જ એક છે તેનું પણ કાયિકીવગેરે ક્રિયાઓના કાળા ચોપડામાં નામ નથી.

क्रियाशब्दमात्रेण च नोद्वेजितव्यं, सम्यग्दर्शनस्यापि क्रियात्वेनोक्तत्वात्। तथा च **स्थानाङ्गः** → *'जीवकिरिया दुविहा पण्णत्ता-सम्मत्तकिरिया चेव, मिच्छत्तकिरिया चेव त्ति'*॥ [२/१/६०] सम्यक्त्वं=तत्त्वश्रद्धानं, तदेव जीवव्यापारत्वात्क्रिया सम्यक्त्वक्रिया। एवं मिथ्यात्वक्रियाऽपि, नवरं मिथ्यात्वम्=अतत्त्वश्रद्धानम्, तदपि जीव-व्यापार एवेति। अथवा सम्यग्दर्शनमिथ्यात्वयोः सतोर्ये भवतः, ते सम्यक्त्वमिथ्यात्वक्रिय इति। द्वितीयपक्षे सम्यक्त्वे सति या च देवपूजादिक्रिया सा सम्यक्त्वक्रियैव। **एतेनाध्यवसायमात्रेण** हिंसाऽन्यथासिद्धिप्रतिपादने बौद्धमतप्रसङ्ग इति यदनभिज्ञैरुच्यते **तदपास्तम्**। शुभयोगाध्यवसायसाम्येन शुभक्रियाभ्युपगमे परमतप्रवेशा-भावात्। अत एव परमतमुपन्यस्य एवं दूषितं **सूत्रकृते** →

*'जाणं काएणणाउट्टी, अबुहो जं च हिंसइ। पुट्ठो संवेदइ परं, अवियत्तं खु सावज्जं'*॥ [१/१/२/२५] जानन्=मनोव्यापारमात्रेणैव यः प्राणिनो हिनस्ति, कायेन परमनाकुट्टिः=अहिंसकः, अबुधो=मनोव्यापाररहितो यश्च हिनस्ति प्राणिनं कायव्यापारमात्रेणैव, तत्रोभयत्र न कर्मोपचीयते। एतेन परिज्ञोपचिताविज्ञोपचितभेदद्वयग्रहः,

---

જિનપૂજા કર્મબંધ=સંસારનું કારણ નથી, પરંતુ સંસારના વિચ્છેદ=નાશનું જ કારણ છે. માટે જિનપૂજા આદેય= આદરવા યોગ્ય ક્રિયા છે. વળી, 'ક્રિયા' શબ્દ સાંભળવામાત્રથી ભડકશો મા ! કારણ કે સમ્યગ્દર્શનને પણ ક્રિયા તરીકે ઓળખાવી છે. **સ્થાનાંગમાં** કહ્યું જ છે કે → *'જીવક્રિયા બે પ્રકારની છે. (૧) સમ્યક્ત્વક્રિયા (૨) મિથ્યાત્વક્રિયા.'*

સમ્યક્ત્વ=તત્ત્વપર શ્રદ્ધા. આ શ્રદ્ધા પણ જીવનો વ્યાપાર હોવાથી ક્રિયારૂપ છે. આ થઇ સમ્યક્ત્વક્રિયા. એ જ પ્રમાણે અતત્ત્વ પર શ્રદ્ધા એ મિથ્યાત્વ છે, તે રૂપ જે ક્રિયા એ મિથ્યાત્વક્રિયા, કારણ કે અતત્ત્વપર શ્રદ્ધા એ પણ જીવનો જ વ્યાપાર છે. અથવા સમ્યક્ત્વની હાજરીમાં થતી ક્રિયા સમ્યક્ત્વક્રિયા અને મિથ્યાત્વની હાજરીમાં થતી ક્રિયા એ મિથ્યાત્વક્રિયા. આ પક્ષે સમ્યક્ત્વની હાજરીમાં થતી જિનપૂજા સમ્યક્ત્વક્રિયારૂપ જ ઠરે છે.

**પૂર્વપક્ષ :-** આટલો બધો વિસ્તાર કરીને તમારે એમ જ કહેવું છે ને કે, જેમાં હિંસાનો અધ્યવસાય ન હોય તે હિંસા નહિ, જેમકે જિનપૂજા. આમ અધ્યવસાયને આગળ કરી દેખીતી હિંસાને કે અહિંસાને અન્યથાસિદ્ધ=અકિંચિત્કર તરીકે સિદ્ધ કરવામાં તમે બૌદ્ધમતમાં પ્રવેશ કરી રહ્યા છો. અર્થાત્ તમારું આ પ્રતિપાદન બૌદ્ધમતને સંગત છે, કારણ કે બૌદ્ધો પણ હિંસાના અધ્યવસાયના અભાવમાં હિંસા માનતા નથી.

**ઉત્તરપક્ષ :-** તમારો આ આક્ષેપ ધરાર ખોટો છે. 'બીજી વંદનાદિ શુભક્રિયાસાથે જિનપૂજામાં પૂજાદિરૂપ શુભયોગ અને જિનભક્તિરૂપ શુભઅધ્યવસાયની સામ્યતા હોવાથી જિનપૂજા શુભક્રિયારૂપ છે, હિંસાદિને આગળ કરી અશુભ ક્રિયા ગણવી નહીં' એમ કહેવામાત્રથી ભાવવિશુદ્ધિમાત્રથી હિંસાદિ નહીં માનતા બૌદ્ધો સાથે સામ્યતા નથી આવતી. અમારો કહેવાનો આશય એ છે કે, જે ક્રિયા શુભભાવથી થતી હોય અને, અથવા શુભભાવમાં કારણ હોય, તે ક્રિયા શુભ છે. એટલે અમારા આશયમાં અને બૌદ્ધોના આશયમાં જમીન-આસમાનનો તફાવત છે. માટે જ **સૂત્રકૃતાંગમાં** બૌદ્ધમતની સ્થાપના કરવાપૂર્વક તેનું ખંડન કર્યું છે. જુઓ આ રહ્યો **સૂત્રકૃતાંગના મૂળ** અને **ટીકાનો** પાઠ →

## બૌદ્ધમતે હિંસાનું સ્વરૂપ

*'જાણતો કાયાથી અનાકુટ્ટી અને અબુધ હિંસા કરે, પરંતુ સ્પૃષ્ટ તે બંને અવ્યક્ત સાવદ્યનું સંવેદન કરે છે.'* જાણતો=મનના સંકલ્પમાત્રથી જ જે વ્યક્તિ જીવની હિંસા કરે છે, પરંતુ કાયાથી અનાકુટ્ટી=અહિંસક છે, તથા જે વ્યક્તિ મનના સંકલ્પ વિના માત્ર કાયાની ચેષ્ટાથી જ જીવની હિંસા કરે છે. આ બંને વ્યક્તિ કર્મથી લેપાતી નથી.

च शब्देनैर्यापथस्वप्नान्तिकभेदद्वयं गृह्यते। ईर्यापथप्रत्ययमैर्यापथं, तत्रानभिसन्धेर्यत्प्राणिव्यापादनं, ततो न कर्मोपचयः। स्वप्न एव लोकोक्त्या स्वप्नान्तः, स विद्यते यत्र तत्स्वप्नान्तिकं, तदपि न कर्मबन्धाय। स्वप्ने भुजि क्रियातस्तृप्तेरिव कर्मणोऽप्यभावात्। कथं तर्हि हिंसा सम्पद्यते ? कथं च तत्कर्मबन्ध इति चेत् ? *'प्राणी प्राणिज्ञानं घातकचित्तं च तद्गता चेष्टा। प्राणैश्च विप्रयोगः पञ्चभिरापद्यते हिंसा'*॥[सूत्रकृताङ्ग १/१/२/२५ टी॰] इत्युक्तपदानां संयोगेन द्वात्रिंशद्भङ्गेषु प्रथमभेदेन। प्रागुक्तभेदचतुष्टयात्किं सर्वथा कर्मबन्धाभावः ? 'न' इत्याह-'पुट्ठोति'। परं= केवलं स्पृष्टस्तेनाव्यक्तं सावद्यं वेदयति, स्पर्शमात्राधिकं विपाकं नानुभवति, कुड्यापतितसिक्तामुष्टिवत्स्पर्शानन्तर-मेव तत्कर्म परिशटतीत्यर्थः। कथं तर्हि कर्मोपचीयते ? इत्याह- *'संतिमे तओ आयाणा, जेहिं कीरइ पावगं। अभिकम्मा य पेसा य, मणसा अणुजाणिया'*॥[सूत्रकृताङ्ग १/१/२/२६] सन्त्यमूनि त्रीण्यादानानि= कारणानि यैः क्रियते पापं, तथाहि-अभिक्रम्य-आभिमुख्येन प्राणिनः क्रान्त्वा तदभिमुखं चित्तं विधाय यत्र स्वत एव प्राणिनं व्यापादयति, तदेकं कर्मादानं; तथाऽपरं च प्राणिघाताय प्रेष्यं समादिश्य यत्प्राणिनो व्यापादनं, तद् द्वितीयं;

---

અહીં 'પરિજ્ઞોપચિત' અને 'અવિજ્ઞોપચિત' એમ બે ભેદનો સાક્ષાત્ ઉલ્લેખ કર્યો છે અને 'ચ' શબ્દથી 'ઐર્યાપથ' અને 'સ્વપ્નાંતિક' આ બે ભેદોનું ગ્રહણ થાય છે. ઈર્યાપથ=માર્ગગમન, માર્ગગમનમાં થતી હિંસામાં મનનો આશય હોતો નથી. તેથી તેમાં કર્મબંધ નથી. 'સ્વપ્ન' ને જ લોકો 'સ્વપ્નાન્તઃ' કહે છે. જેમાં સ્વપ્નાન્ત(=સ્વપ્ન) હોય તે 'સ્વપ્નાંતિક'. આ પણ કર્મબંધ માટે બને નહિ. જેમ સ્વપ્નની સુખડી ભૂખ ન ભાંગે, તેમ સ્વપ્નની હિંસાની ચેષ્ટાથી કર્મ પણ બંધાય નહિ.

**શંકા :-** તો પછી કર્મબંધમાં કારણભૂત હિંસા કઇ ગણાય ?

**સમાધાન :-** *(૧) પ્રાણી (૨) પ્રાણિજ્ઞાન (૩) ઘાતકચિત્ત (૪) ઘાતકની ચેષ્ટા અને (૫) પ્રાણનાશ આ પાંચથી હિંસા થાય છે.* હિંસ્ય વસ્તુ પ્રાણી(=સજીવ) હોવી જોઇએ. તથા મારનારાને ખ્યાલ હોવો જોઇએ કે, હું જેને મારું છું એ પ્રાણી છે. (પ્રાણિજ્ઞાન) તથા મારનારાના મનમાં વિચાર હોવો જોઇએ કે 'આને હું હણું છું.' (ઘાતકચિત્ત) તથા પોતે મારવાની ચેષ્ટા કરે (ઘાતકચેષ્ટા) અને એ ચેષ્ટાથી હિંસ્ય જીવ મરવો જોઇએ. (પ્રાણનાશ) આ પાંચેય હોય, એવા સ્વરૂપવાળા પહેલા ભાંગામાં જ હિંસા સંભવે છે. ઉપરોક્ત પાંચ ભેદના સંયોગથી બનતા બત્રીસ ભાંગામાંથી બાકીના એકત્રીશ ભાંગામાં કર્મબંધમાં કારણભૂત હિંસા થતી નથી. 'પરિજ્ઞોપચિત' વગેરે ઉપરોક્ત ચારનો પ્રથમ વિકલ્પમાં સમાવેશ થતો નથી. તેથી તેઓમાં હિંસાજન્ય કર્મબંધ નથી.

**શંકા :-** પરિજ્ઞોપચિત વગેરે ચારમાં શું કર્મબંધ સર્વથા થતો નથી ?

**સમાધાન :-** જીવને પરિજ્ઞોપચિતઆદિથી કર્મનો સ્પર્શમાત્ર થાય છે. જેમ ભીંત પર ફેંકેલી મુટ્ઠીભર રેતી ભીંતનો સ્પર્શ કરી ખરી પડે છે, પરંતુ ટકતી નથી. તેમ 'પરિજ્ઞોપચિત' આદિથી જીવને કર્મનો સ્પર્શમાત્ર થાય છે અને કર્મ નાશ પામે છે. તેથી જીવ માત્ર અવ્યક્ત સાવદ્યને અનુભવે છે.

**શંકા :-** તો પછી વ્યક્ત અનુભવવાળા કર્મનો ઉપચય શી રીતે થાય ?

**સમાધાન :-** *'આ ત્રણ આદાન છે કે, જે દ્વારા પાપ કરાય છે, (૧) અભિક્રમ કરીને (૨) આદેશ કરીને અને (૩) મનથી અનુજ્ઞા કરીને.'* આદાન=કારણો (૧) અભિક્રમ્ય=જીવને હણવાની બુદ્ધિથી જ્યાં જીવનો સ્વયં નાશ કરે. (૨) નોકરવગેરેને જીવહિંસાનો આદેશ કરે અને (૩) પ્રાણીના વધની અનુમોદના-અનુજ્ઞા કરે. અહીં કરણ-કરાવણ-અનુમોદન આ ત્રણ આદાન બતાવ્યા.

**શંકા :-** મનથી હિંસાની અનુમોદના અને 'પરિજ્ઞોપચિત' આ બેમાં શો ફેર છે કે જેથી એકમાં પાપ લાગે

तथाऽपरं व्यापादयन्तमनुजानीते तत्तृतीयम्। परिज्ञोपचितादस्यायं भेदः, तत्र केवलं मनसा चिन्तनम्, इह परेण व्यापाद्यमाने प्राणिन्यनुमोदनमिति। तदेवं यत्र स्वयं कृतकारितानुमतयः प्राणिघाते क्रियमाणे विद्यन्ते क्लिष्टाध्यवसायश्च प्राणातिपातश्च, तत्रैव कर्मोपचयो नान्यत्रेति सिद्धम्। एतदेव दर्शयन् फलनिगमनमाह- *'एए तु तओ आयाणा, जेहिं कीरइ पावगं। एवं भावविसोहीए, निव्वाणमभिगच्छइ'*॥ [सूत्रकृताङ्ग १/१/२/२७] एतान्येव पूर्वोक्तानि त्रीणि व्यस्तानि समस्तानि वाऽऽदानानि यैर्दुष्टाध्यवसायसव्यपेक्षैः पापकं कर्म क्रियते=उपचीयते। एवं स्थिते भावविशुद्ध्या=अरक्तद्विष्टमनसा प्रवर्तमानस्य सत्यपि प्राणातिपाते विशुद्धेर्न कर्मोपचयः, तदभावाच्च निर्वाणं=सर्वद्वन्द्वोपरतिः। भावविशुद्ध्या प्रवृत्तौ न बन्ध इत्यत्र दृष्टान्तमाह- *'पुत्तं पिया समारब्भ, आहरिज्ज असंजए। भुंजमाणो उ मेहावी, कम्मुणा नोवलिप्पई'*॥ [सूत्रकृताङ्ग १/१/२/२८] पुत्रं पिता समारभ्य=व्यापाद्य तथाविधापद्याहारेदरक्तद्विष्टोऽसंयतो गृहस्थस्तत्पिशितं भुञ्जानः 'तुः' अप्यर्थः। मेधाव्यपि संयतोऽपीत्यर्थः। कर्मणा=

---

અને બીજામાં ન લાગે ?

**સમાધાન :-** અહીં બીજો જીવઘાત કરે છે તેની અનુમોદના છે. અર્થાત્ પૂર્વોક્ત પાંચ ભેદ હાજર છે. ચેષ્ટા પોતે કરતો નથી પણ બીજો કરે છે, એની અનુમોદના હાજર છે. જ્યારે પરિજ્ઞોપચિતમાં તો હણવાનો માત્ર વિચાર જ છે. સ્વગત કે પરગત (હણવાની) ચેષ્ટા નથી. તેથી ઉપરોક્ત અનુમોદનામાં હિંસાની બધી શરત પૂર્ણ થતી હોવાથી હિંસાજનિત કર્મબંધ છે, પરિજ્ઞોપચિતમાં તે પ્રમાણે નથી. તેથી 'જ્યાં કરણ-કરાવણ કે અનુમોદન હોય, પ્રાણિઘાત હોય, ઘાતકચિત્ત=ક્લિષ્ટ અધ્યવસાય હોય અને પ્રાણાતિપાત હોય, ત્યાં જ હિંસા હોય, અન્યત્ર નહિં, તેમ સિદ્ધ થાય છે. આ વાતને પુષ્ટ કરતા અને નિષ્કર્ષ બતાવતા કહે છે, *'આ ત્રણ આદાન છે કે જેનાદ્વારા પાપ કરાય છે. આમ હોવાથી ભાવની વિશુદ્ધિથી જ નિર્વાણ=મોક્ષ પામે છે.'* પૂર્વોક્ત ત્રણ ભેગા કે અલગ-અલગ આદાન છે. તેથી રાગ-દ્વેષ વિના હિંસાની પ્રવૃત્તિ કરનારો કદાચ હિંસા કરે, તો પણ ભાવવિશુદ્ધિ હોવાથી કર્મોપચય થતો નથી અને કર્મોપચય ન થવાથી સર્વદ્વંદ્વોના અટકાવરૂપ નિર્વાણ પ્રાપ્ત થાય છે. (રતિ-અરતિ, હર્ષ-શોક વગેરે દ્વંદ્વ=જોડકા છે. મોક્ષમાં આવા તમામ દ્વંદ્વોનો અભાવ છે.) 'ભાવવિશુદ્ધિથી પ્રવૃત્તિ કરનારને કર્મબંધ નથી' એ બાબતમાં આ દૃષ્ટાંત છે. *'અસંયત કે મેધાવી=સંયત પણ પિતા આહારને માટે પુત્રને મારી માંસ ખાય, તો તે કર્મથી લેપાતો નથી.'* તેવા પ્રકારની આપત્તિમાં આહારના પ્રયોજનથી મરાતા પુત્રપર દ્વેષ નથી અને પુત્રનું માંસ ખાવાનો પ્રસંગ હોવાથી માંસપર રાગ નથી. આમ રાગદ્વેષ વિના અસંયત પિતા કે મેધાવી=સંયત પણ - મૂળમાં ઉ(=તુ)નો અર્થ અપિ(=પણ કરવાનો છે.) પુત્રને મારી માંસ ખાય તો પણ કર્મથી લેપાતા નથી, આ જ પ્રમાણે રાગ-દ્વેષ વિના અન્યત્ર પણ તેવા પ્રકારની હિંસા થવા છતાં કર્મબંધ ન થાય.

## બૌદ્ધમતનું ખંડન

**ઉત્તરપક્ષ :-** *'જેઓ મનથી પ્રદ્વેષ કરે છે તેઓને (શુદ્ધ) ચિત્ત નથી. તેથી તેઓનું અનવદ્ય અતથ્ય છે, કારણ કે તેઓ સંવૃત્તચારી નથી.'* કોઇપણ કારણથી જેઓનું મન બીજા પર પ્રદ્વેષથી વ્યાપ્ત થાય છે, તેઓ બીજાના વધથી પરિણત થાય છે. તેથી તેઓનું ચિત્ત શુદ્ધ હોતું નથી. માટે માત્ર મનના પ્રદ્વેષમાં (કાયિકચેષ્ટાઆદિના અભાવમાં) તેઓએ(=બૌદ્ધોએ) 'જે અનવદ્ય'(=પાપનો અભાવ) કહ્યું, તે યોગ્ય નથી. તેઓનું મન અશુદ્ધ હોવાથી તેઓ (મનપ્રદ્વેષવાળાઓ) સંવૃત્તચારી નથી. મનની અશુદ્ધિમાં તેઓની અસંવૃત્તચારિતા આ પ્રમાણે છે - તેઓનું કહેવું છે કે માત્ર કાયાની ચેષ્ટાથી કર્મનો ઉપચય થતો નથી. તેથી કર્મના ઉપચયમાં મન જ પ્રધાન કારણ છે.

**પ્રશ્ન :-** એમ તો બૌદ્ધો કાયચેષ્ટા વિનાની માત્ર માનસિક વિચારણાને પણ કર્મોપચયમાં કારણ માનતા

पापेन नोपलिप्यते=नाश्लिष्यते। यथा पितुः पुत्रं व्यापादयतस्तत्रारक्तद्विष्टमनसो न कर्मबन्धस्तथाऽन्यत्रापि तादृश-प्राणिवधे सत्यपीति। **एतद् दूषणायाह** → *'मणसा जे पउस्संति, चित्तं तेसिं ण विज्जइ। अणवज्जं अतहं तेसिं, ण ते संवुडचारिणो त्ति'॥* [सूत्रकृताङ्ग १/१/२/२९] ये कुतश्चित्कारणान्मनसा=अन्तःकरणेन प्रादुष्यन्ति=प्रद्वेष-मुपयान्ति, तेषां वधपरिणतानां शुद्धं चित्तं न विद्यते। ततश्च केवलमनःप्रद्वेषे यत्तैरनवद्यमभिहितं, तत्तेषामतथ्यं, यतो न ते संवृत्तचारिणो मनसोऽशुद्धत्वात्। **तथा हि**-कर्मोपचये मन एव प्रधानकारणं तैरभिहितं, केवलकाय-व्यापारेण कर्मोपचयाभावोक्तेः कायचेष्टारहितस्य तस्याकारणत्वोक्तिश्च भावविशुद्ध्या निर्वाणमभिगच्छतीति स्ववचनेनैव विरुद्धा, तत्र मनस एवैकस्य प्राधान्ये तात्पर्यात्। अन्यत्राप्युक्तं → *'चित्तमेव हि संसारो रागादिक्लेश-*

---

નથી. તેથી આ હિસાબે તો કાયચેષ્ટા પણ કર્મોપચયમાં પ્રધાન કારણ બને છે.

**ઉત્તર :-** આમ કહેવામાં તેઓ પોતાના જ વચનસાથે વિરોધ ઊભો કરી રહ્યા છે. બૌદ્ધો જ એક બાજુ 'ભાવવિશુદ્ધિથી નિર્વાણ' એમ કહીને મનને જ મોક્ષ અને સંસાર પ્રત્યે પ્રધાન કારણતરીકે દર્શાવે છે અને બીજી બાજુ કાયચેષ્ટાને પ્રધાન કારણતરીકે દર્શાવવાની હિંમત કરે છે. તેઓએ જ અન્યત્ર પણ કહ્યું જ છે કે *'રાગવગેરેથી વાસિત ચિત્ત જ સંસાર છે. (સંસારનું મુખ્ય કારણ છે.) અને આ જ ચિત્ત જ્યારે રાગવગેરેથી રહિત થાય છે, ત્યારે તે જ ભવાંત=મોક્ષ છે.'* (મોક્ષનું પ્રબળ કારણ છે.) તેથી તમારા જ મતથી 'મનના દુષ્ટ અધ્યવસાય કર્મબંધના કારણ છે.' એટલે 'પરિજ્ઞોપચિત'માં કર્મનો ઉપચય થાય જ છે. ઈર્યાપથ=માર્ગમાં પણ જો ઉપયોગપૂર્વક ગમનક્રિયા થતી હોય, તો તે કાળે અપ્રમત્તભાવ હોવાથી કર્મબંધ ન થાય, જો ઉપયોગ વિના – ઈર્યાસમિતિના પાલન વિના ગમનક્રિયા થાય તો તે પ્રમાદરૂપ છે અને પ્રમાદ પણ ક્લિષ્ટચિત્તતારૂપ જ છે. તેથી ત્યાં પણ કર્મબંધ છે. હિંસાવગેરેના સ્વપ્નમાં પણ ચિત્ત તો અશુદ્ધ જ હોય છે – દુષ્ટ અધ્યવસાયોથી ભરેલું હોય છે, તેથી કર્મનો કંઇક બંધ તો ત્યાં પણ થાય છે. અને ભાવવિશુદ્ધિને કાંક બાધા પહોંચે છે. જેને તેઓએ પણ અવ્યક્ત સાવદ્યરૂપે સ્વીકાર્યું છે. આમ એકમાત્ર મન પણ જો હોય, તો કર્મબંધ થતો હોવાથી તમે 'પ્રાણી-પ્રાણિજ્ઞાન' ઇત્યાદિ જે કહ્યું, તે બધું અર્થહીન જ છે, કારણ કે તેમાં પણ કર્મનો ઉપચય છે જ. માટે હિંસાના પાંચ ભેદોના બત્રીસ ભાંગામાંથી માત્ર પહેલા જ ભાંગામાં હિંસા છે એમ કહેવું વાજબી નથી. વળી 'પુત્તં પિતા સમારબ્ભ' ઇત્યાદિમાં બૌદ્ધોએ 'રાગદ્વેષ વિના પિતા પુત્રને મારી તેનું માંસ ખાય' ઇત્યાદિ કહ્યું, એ પણ બરાબર નથી. કારણ કે 'હું મારું છું' એવા અધ્યવસાય વિના આ રીતે મારવાની ક્રિયા થઇ શકે નહિ અને આવો અધ્યવસાય થવો એ જ સંક્લેશ છે. સંક્લેશ હોય તો કર્મબંધ થાય જ એ વાત બંને પક્ષને સંમત છે.

**શંકા :-** બીજાના હાથે ઊંચકાવેલા અંગારાથી દાઝવાનો ભય નથી. તેમ બીજાએ મારેલાનું માંસ ખાવામાં કર્મબંધનો ભય નથી, કારણ કે મારવાનો અશુભ અધ્યવસાય પોતાને નથી.

**સમાધાન :-** આ વાત પણ વાહિયાત છે, બીજાએ મારેલા માંસને ખાવામાં મારવાનો અધ્યવસાય ભલે ન હોય - પણ બીજાએ કરેલી મારવાની ક્રિયાની અનુમતિનો અધ્યવસાય તો ઊભો જ છે. આ અધ્યવસાય પણ સંક્લેશરૂપ છે. તેથી કર્મબંધ થવાનો જ.

**શંકા :-** હશે તેમની બીજી વાતો ભૂલભરેલી ! પણ 'કૃત-કારિત અને અનુમોદના આ ત્રણથી પાપ થાય છે' એમ એ લોકોનું જે કહેવું છે એ તો બરાબર છે ને ?

**સમાધાન :-** એ બરાબર છે. પરંતુ એનાદ્વારા તો તેઓએ જૈનમતનો કંઇક સ્વાદ ચાખવાનો જ પ્રયત્ન કર્યો છે. અર્થાત્ આટલો અંશ પણ તેમને જૈનમતમાંથી જ મળ્યો છે. (અહીં **સૂયગડાંગની** ઉપરોક્ત ગાથાઓની **ટીકા**

*वासितम्। तदेव तैर्विनिर्मुक्तं भवान्त इति कथ्यते'* // [शास्त्रवार्तासमु० ५/३०] ततो भवदभ्युपगमेनैव क्लिष्टमनोव्यापार: कर्मबन्धायेति। ईर्यापथेऽप्युपयुक्तस्याप्रमत्तत्वादबन्धकत्वमनुपयुक्तस्य तु क्लिष्टचित्ततया बन्धकत्वमेव। स्वप्नान्तिकेऽप्यशुद्धचित्तसद्भावादीषद्बाधा भवत्येव। सा चाव्यक्तसावद्योक्त्या त्वयाप्यभ्युपगता। तदेवमेकस्यापि क्लिष्टस्य मनसो भावे बन्धसद्भावाद्यदुक्तं- 'प्राणी'त्यादि तत्सर्वं प्लवते। **यदप्युक्तं** 'पुत्रं पिता समारभ्ये' त्यादि **तदप्यनालोचिताभिधानम्**, मारयामीत्येवमध्यवसायं विना व्यापादनाऽसम्भवात्तादृशचित्तपरिणतेश्च कथमसङ्क्लिष्टता ? सङ्क्लेशे चावश्यम्भावी कर्मबन्ध इत्युभयसम्मतमेव। **यदपि** परव्यापादितपिशितभक्षणे परहस्ताकृष्टाङ्गारदाहाभाववन्न दोष इति। **तदप्युन्मत्तप्रलपितवदनाकर्णनीयं**, परव्यापादितपिशितभक्षणेऽप्यनुमतेरप्रतिहतत्वात्। यच्च कृतकारितानुमतिरूपादानत्रयं तैरभिहितं तज्जिनेन्द्रमतलवास्वादनमेव तैरकारीति॥

---

પૂર્ણ થઇ.) આમ બૌદ્ધોની કલ્પના અમારી પ્રરૂપણા કરતા ઘણી ભિન્ન છે.

## યતનાયુક્ત દ્રવ્યસ્તવ અધિકદોષનિવર્તક

**પૂર્વપક્ષ :-** છતાં બૌદ્ધોએ 'પુત્ર પિતા' ઇત્યાદિ (પૂર્વોક્ત સૂયગડાંગ પાઠ ગા૦ ૨૮માં) જે કહ્યું, તેને જ અનુરૂપ તમે દ્રવ્યસ્તવમાં પુષ્પવગેરેના જીવોની હિંસામાં દોષનો અભાવ કહો છો. તેથી હજી બૌદ્ધમતમાં પ્રવેશના દોષની માથે લટકતી તલવાર અડીખમ ઊભી જ છે.

**પ્રશ્ન :-** પુષ્પવગેરેના જીવોને મારવાના અધ્યવસાય વિના તે જીવોની હિંસા કરવામાં દોષ નથી.

**સમાધાન :-** આ ઉત્તર તો બૌદ્ધ પણ આપી શકે તેમ છે. પુત્રને મારવાના આશય વિના પિતા પુત્રને મારીને માંસ ખાય તેમાં દોષ નથી, એમ તો તેઓ પણ કહી શકે છે.

**ઉત્તરપક્ષ :-**એમ નથી. પુત્રનું માંસ પુત્રને માર્યા વિના મળે નહિ. તેથી પુત્રને મારતી વખતે 'પુત્રને મારી માંસ ખાઇશ' આવો હિંસક આશય હોય જ. જિનપૂજામાં 'ફૂલના જીવોને મારી પ્રભુપૂજા કરું' એવો પુષ્પના જીવોને હણવાનો કોઇ આશય જ નથી, પરંતુ ભવતારિણી પરમાત્મભક્તિનો જ આશય હોય છે. તેના એક અનિવાર્ય અંગતરીકે થઇ જતી પુષ્પાદિ જીવોની હિંસા છે. વળી તે વખતે પણ તે સર્વ જીવોને શક્ય બને તેટલા અંશે બચાવવા, અલ્પ પીડા થાય ઇત્યાદિ આશયથી થતી જયણા પ્રધાનરૂપે હોય છે. તેથી દ્રવ્યસ્તવવગેરેમાં હિંસા હોવા છતાં હિંસાનો આશય નથી. પણ શુભઆશય છે. જેમ એકસાધુ બીજા સાધુના વાળનો લોચ કરે, ત્યારે બીજા સાધુને પીડા થવાનો સંભવ છે. અહીં લોચ એ અવશ્ય કર્તવ્ય છે અને પીડા અનિવાર્ય અનિષ્ટ છે. છતાં લોચ કરતો સાધુ લોચ કરાવનારા સાધુને ઓછામાં ઓછી પીડા થાય અને ચિત્તપ્રસન્ન રહે તે પ્રમાણે લોચક્રિયા કરે છે. આમ અહીં લોચક્રિયા જયણાપૂર્વક થતી હોવાથી લોચ કરનારાને પરપીડાનું પાપ નથી લાગતું, પણ સહાયકભાવ અને જયણાભાવરૂપ શુભાશય હોવાથી અટ્ઠમતપના લાભ જેવો લાભ મળે છે. એ જ પ્રમાણે મૃત્યુની સમીપે આવેલા વગેરે સાધુને જ્યારે ગુરુભગવંતો અનશન કરાવે છે, ત્યારે તે સાધુને જલ્દી પરલોકભેગો કરવાની ભાવના નથી, પરંતુ તે સાધુનું ચિત્ત સમાધિમાં રહે તે પ્રમાણે તેને આરાધના કરાવવાનો જ ભાવ હોય છે. તેથી અનશન કરાવનારને લાભ જ થાય છે. બસ, તે જ પ્રમાણે પૂજાનો અધિકારી શ્રાવક યતનાપૂર્વક જિનપૂજા કરે, તેમાં ભક્તિ અને જયણાના શુભભાવને કારણે તેને લાભ જ છે. પુષ્પાદિની હિંસાનો અધ્યવસાય ન હોવાથી પાપ નથી. જેમ વત્સનાગ(=વચ્છનાગ - કડવું ઝેર ઔષધવિશેષ) વગેરેને પરિકર્મિત=સંસ્કારિત કર્યા પછી તેના દોષ હણાઇ જાય છે અને તે ગુણકારી ઔષધ બની જાય છે. તે જ પ્રમાણે અહીં પણ સ્વરૂપસાવદ્ય પૂજાવગેરેમાં સમજવું. આ પૂજા કરવાથી ગુણ તો છે જ. પણ સાથે બળવાન દોષનો અભાવ પણ છે. તેથી જ બૌદ્ધમતમાં પ્રવેશ પણ નથી.

**अथ** तथापि पुत्रं पितेत्याद्युक्तदिशा द्रव्यस्तवे पुष्पादिजीवोपमर्ददोषाभावाभिधाने परमतप्रवेशस्तदवस्थ एव, मारणाध्यवसायं विना व्यापादनेऽदोषोक्तेरुत्तरस्योभयत्र तुल्यत्वादिति चेत् ? लोचानशनादेरेवा(रिवा①?)धिकारिणो यतनाशुद्धभावेन सङ्क्लेशरूपापनयने परिकर्मितवत्सनागादेरिव ततो बलवद्दोषाभावात्। स्वरूपतः सावद्यत्वाच्च यतेस्तत्र नाधिकार इति। ततः शुभयोगे द्रव्यस्तवे नारम्भिकी क्रियाभिधेया। अभिधेया चेत् ? शुभैव, हिंसा च यतनया तदधिकनिवृत्तिभावान्न भवति। तदाह → *'यतनातो न च हिंसा यस्मादेषैव तन्निवृत्तिफला। तदधिकनिवृत्तिभावाद्विहितमतोऽदुष्टमेतद्'* ॥ [षोडशक ६/१६] इति मूल एव विस्तरेणाभिधास्यते चेदमुपरिष्टादित्यलं प्रसङ्गेन। *'इमं प्रोक्तं युक्तं य इह समयाद्वाचकवरैः, क्रियाया निष्कर्षं कलयति कृती शान्तमनसा। यशःश्रीस्तस्योच्चैस्त्यजति सविधं नैव गुणिनो, गुणिनां वाल्लभ्यात्परमरसिकेव प्रणयिनी'* ॥ ॥ ३० ॥ द्रव्यस्तवे गुणानुपदर्शयति–

**वैतृष्ण्यादपरिग्रहस्य दृढता, दानेन धर्मोन्नतिः,**
**सद्धर्मव्यवसायतश्च मलिनारम्भानुबन्धच्छिदा।**
**चैत्यानत्युपनम्रसाधुवचसामाकर्णनात् कर्णयो–**
**रक्ष्णोश्चामृतमज्जनं जिनमुखज्योत्स्ना समालोकनात् ॥ ३१ ॥**

(**दंडान्वयः**→ (१) वैतृष्ण्यादपरिग्रहस्य दृढता (२) दानेन धर्मोन्नतिः (३) सद्धर्मव्यवसायतश्च मलिनारम्भानुबन्धच्छिदा (४) चैत्यानत्युपनम्रसाधुवचसामाकर्णनात्कर्णयोः (५) जिनमुखज्योत्स्नासमालोकनादक्ष्णोश्चामृतमज्जनम् ॥)

---

**શંકા :-** જો જયણાભાવથી પૂજામાં રહેલી હિંસાનો બળવાન દોષ ટળી જતો હોય અને ગુણ જ થતો હોય, તો સાધુઓ કેમ તેના અધિકારી નથી ?

**ઉત્તરપક્ષ :-** ઉત્સર્ગમાર્ગથી સ્વરૂપથી પણ નિરવદ્ય જ પ્રવૃત્તિને આદરનારા સાધુઓનો સ્વરૂપસાવદ્ય ક્રિયામાં અધિકાર ન હોવાથી જ સાધુઓ સ્વરૂપસાવદ્ય પૂજામાં અધિકારી નથી. સાધુના અનધિકારની વાત પૂર્વે ચર્ચી ગયા છીએ. તેથી શુભયોગયુક્ત દ્રવ્યસ્તવમાં આરંભિકી ક્રિયા કહેવી નહિ. અને જો તેમ કહેવાનો મોહ છુટતો ન હોય, તો શુભ આરંભિકી ક્રિયા જ કહેવી, કારણ કે જિનભક્તિઆદિ શુભઅધ્યવસાયપૂર્વક અને શુભયોગયુક્ત છે. વળી જિનપૂજાદિ ક્રિયામાં થતી અલ્પહિંસા વાસ્તવમાં હિંસા જ નથી, કારણ કે ત્યાં વધુ હિંસામાંથી નિવૃત્તિના ભાવપૂર્વકની યતના જ મુખ્ય છે. (લાખો રૂપિયા કમાવી આપતા ધંધામાટે પાંચ દસ હજારનો કરવો પડતો અનિવાર્ય ખર્ચ ખર્ચ નથી ગણાતો, પણ રોકાણ(=ઇન્વેસ્ટમેન્ટ) ગણાય છે.) તેથી જ **ષોડશકમાં** કહ્યું છે → *'(જિનભવન કરાવવાવગેરેમાં) યતના હોવાથી હિંસા નથી, કારણ કે અધિક હિંસાની નિવૃત્તિ છે. આ (યતના) હિંસાનિવૃત્તિ ફળવાળી છે. તેથી શાસ્ત્રમાં વિહિત આ (જિનભવન કરાવવું વગેરેરૂપ દ્રવ્યસ્તવ) અદુષ્ટ છે.'* આ વાત આગળ ઉપર મૂળમાં(=કાવ્યમાં) વિસ્તારથી કહેવાશે. તેથી અહીં તે પ્રસંગથી સર્યું. *'**વાચકવરે** આગમમાંથી ક્રિયાના બતાવેલા આ યુક્તિયુક્ત નિષ્કર્ષને જે પંડિત પુરુષ શાંતમનથી સમજી શકે છે, તેના પડખાને પરમરસિક પ્રિયાની જેમ યશરૂપી લક્ષ્મી ક્યારેય છોડતી નથી, કારણ કે આ લક્ષ્મીને ગુણીઓના ગુણો અત્યંત વલ્લભ=પ્રિય છે.'* ॥ ૩૦ ॥

દ્રવ્યસ્તવમાં રહેલા ગુણો દર્શાવે છે–

---

① 'इव' पदं सम्यग्भाति।

'वैतृष्ण्याद्'इति। धनतृष्णाविच्छेदा*दपरिग्रहस्य*=अपरिग्रहव्रतस्य दृढता भवति। तथा दानेन कृत्वा धर्मोन्नतिर्भवति। विहितं च तज्जिनभवनकारणे पूर्वाङ्गम्- *'तत्रासन्नोऽपि जनोऽसम्बन्ध्यपि दानमानसत्कारैः। कुशलाशयवान् कार्यो नियमाद्बोध्यङ्गमयमस्य'*॥[षोडशक ६/६] इत्यादिना। तथा (सद्धर्मव्यवसायतो) *मलिनारम्भानुबन्धस्य छिदा* - प्रासादादीतिकर्तव्यताऽनुसन्धाने सदारम्भाध्यवसायस्यैव प्राधान्यादितरस्यानुषङ्गिकत्वात्, तत्प्रवाहप्रवृत्त्यैव वंशतरणोपपत्तेः। आह च- *'अक्षयनीव्या ह्येवं ज्ञेयमिदं वंशतरकाण्डम्'*[1]॥ *इति* [षोडशक ६/१५ उत्त०] तथा चैत्यानत्यर्थ*मुपनम्राः*=उपनमनशीला ये साधवस्तेषामेकदेशे देशनोद्यतानां यानि वचांसि, तेषामा-

---

**કાવ્યાર્થ :-** (દ્રવ્યસ્તવ કરવાથી) (૧) ધનની તૃષ્ણા વિલય પામે છે. તેથી અપરિગ્રહ વ્રત દઢ બને છે. (૨) દાન દેવાથી ધર્મની ઉન્નતિ થાય છે. (૩) સદ્ધર્મના ઉદ્યમથી મલિનઆરંભના અનુબંધનો છેદ થાય છે. તથા (૪) ચૈત્યના નમનઅર્થે આવેલા સાધુઓના ઉપદેશવચનના શ્રવણથી કર્ણયુગલ અમૃતમગ્ન બને છે અને (૫) પરમાત્માના વદનકમળના પ્રિયદર્શનથી નયનયુગલ સુધારસમાં મગ્ન બને છે.

## જિનપૂજાવગેરેના વિશિષ્ટ લાભો

(આલોકના કોઇ સુખની ઇચ્છા વિના ધનનો પરમાત્મભક્તિમાં વ્યય કરનારાને ધનવગેરે કરતાં ધર્મવગેરેની, પૈસા કરતા પરમેશ્વરની મહત્તા વધુ દેખાય છે, 'ધન એ નાશ પામી જનારું અને બધા અનર્થનું મૂળ હોવાથી છોડવા જેવું છે' એવી બુદ્ધિ પ્રગટે છે. તેથી ધનવગેરેપરની મમતા-આસક્તિ તૂટે છે. અનાસક્તિરૂપ અપરિગ્રહભાવ પ્રગટ થાય છે. આ ભાવ પ્રબળ બને એટલે સર્વથા ધનનો ત્યાગ કરે, એ ન બની શકે તો ધનના ભારને સાપનો ભારો માની પરિગ્રહપરિમાણ(=મર્યાદા) કરે. આમ) દ્રવ્યસ્તવમાં ધનનો વ્યય અપરિગ્રહ વ્રતને દઢ કરે છે. વળી, ઉત્કૃષ્ટ પરિગ્રહના ત્યાગી અને ઉપદેશક જિનના દર્શનઆદિથી 'પરિગ્રહ છોડવા જેવો છે એવી આ પ્રભુની આજ્ઞા છે' એવું યાદ આવવાવગેરે દ્વારા પણ અપરિગ્રહભાવના દઢ બને છે. (૨) 'દાન એ ધર્મોન્નતિનું મહાન કારણ છે, એટલે જિનભવન=દેરાસર બંધાવનારે પહેલાં દાન દેવું જોઇએ' એવું શાસ્ત્રવિધાન છે - જુઓ → *'એ જિનભુવનની જમીનની સમીપે વસેલા સ્વજન ન પણ હોય એવા લોકોને દાન-માન-સત્કારદ્વારા શુભઆશયવાળા કરવા જોઇએ, કારણ કે આ શુભઆશય અવશ્ય આ લોકોના બોધિલાભનો હેતુ બને છે.'* (તેથી જ જે ધર્મકાર્યની આગળ-પાછળ અવસ્થાને અનુરૂપ દાન હોય, તે ધર્મકાર્ય મહાપ્રભાવક બને છે. કારણ કે મુગ્ધ લોકોને ધર્મતરફ આકર્ષવાનું મહાન સાધન દાન છે.) જિનપૂજાવગેરે દ્રવ્યસ્તવમાં આ દાનધર્મનો પણ સમાવેશ થાય છે. તેથી દ્રવ્યસ્તવ પ્રભાવના =ધર્મની ઉન્નતિનું સાધન બને છે. વળી (૩) જિનભવન બનાવડાવવાવગેરેમાં જિનભવનના બાંધકામવગેરે કર્તવ્યો જ વારે ઘડીએ સાંભરી આવે છે. તેથી આવો સદ્આરંભ જ પ્રધાનપદ ભોગવે છે. બીજા સાંસારિક આરંભો તો માત્ર આનુષંગિક=ગૌણ બની જાય છે, વળી જિનાલયના જીર્ણોદ્ધાર, નવા બાંધકામ ઇત્યાદિ કાર્યોની પરંપરાને કારણે આ દ્રવ્યસ્તવથી વંશતરણની ઉપપત્તિ થાય છે. વંશતરકાણ્ડ(વંશ=સંતાનપ્રવાહ, 'પોતાની વંશપરંપરાને પણ તરવાનું સાધન બને' એવો ભાવ છે. અથવા વાંસનો તરાપો. દ્રવ્યસ્તવરૂપ વાંસના તરાપાથી સંસારસાગર તરી જવાની વાત યોગ્ય થાય છે.) તેથી જ કહ્યું છે કે → *'અક્ષયનિધિથી(=નાશ ન પામે તેવા મૂળ ધનથી) જિનભવનની સારસંભાળથી આ(=જિનભવન બનાવવું વગેરે) વંશતરકાણ્ડ બને છે તેમ સમજવું'* આમ દ્રવ્યસ્તવ મલિનારંભના અનુબંધને મોળો પાડી દે છે.

તથા (૪) દેવાધિદેવના દર્શનમાટે દેવાલયે આવેલા સાધુભગવંતો ત્યાં એક ભાગમાં આગમવાણી રેલાવી રહ્યા હોય, ત્યારે તે વાણીસુધારસનું કાનથી પાન કરવાનો દુર્લભ્ય મોકો પ્રાપ્ત થાય છે. આ જિનવાણીના શ્રવણથી ઘણા ભવ્યજીવો કલ્યાણના રાહે ચડી ગયા છે. દ્રવ્યસ્તવનો આ લાભ નગણ્ય નથી, પણ અગણ્ય છે! તથા (૫)

---

[1] देयं तु न साधुभ्यस्तिष्ठन्ति यथा च ते तथा कार्यम्। अक्षयनीव्या ह्येवं ज्ञेयमिदं वंशतरकाण्डम्॥ इति पूर्णश्लोकः॥

कर्णनात्कर्णयोरमृतमज्जनम्। तथा *जिनमुखस्य*=भगवत्प्रतिमावदनेन्दोर्ज्योत्स्नाया लावण्यस्य समालोकना *दक्ष्णोः*= नयनयोश्चामृतमज्जनं, विगलितवेद्यान्तरोभयानन्दात्मा शान्तरसोद्बोध इति यावत्॥ ३१॥ तथा–

**नानासङ्घसमागमात्सुकृतवत्सद्गन्धहस्तिव्रज-**
**स्वस्तिप्रश्नपरम्परापरिचयादप्यद्भुतोद्भावना।**
**वीणावेणुमृदङ्गसङ्गमचमत्काराच्च नृत्योत्सवे,**
**स्फारार्हद्गुणलीनताऽभिनयनाद्भेदभ्रमप्लावना॥ ३२॥**

(**दन्डान्वयः**→ स्पष्टः॥)

'नाना' इति। *नाना प्रकारा*=अनेकदेशीया ये सङ्घास्तेषां समागमात्सुकृतवन्तो ये सन्तस्त एव गन्धहस्तिनो गन्धमात्रेण परवादिगज(मद?)भञ्जकत्वात्। तेषां *व्रजः*=समूहः, तत्र या स्वस्तिप्रश्नस्य परम्परा, तस्याः परिचया-

(પરમકૃપાળુ પરમાત્માની સર્વ જીવોપ્રત્યે કરુણાનો ધોધ વહાવતી, બધા પ્રકારના પૌદ્ગલિકાદિ ભાવોપ્રત્યે ઉદાસીનતાભાવ છલકાવતી, કમળના પત્ર જેવી, દર્શન કરનારના હૃદય અને નેત્રને પરમાહ્લાદ પીરસતી નયનજોડીનું દિવ્યદર્શન, દયાસિંધુ દેવાધિદેવની સર્વજીવોપ્રત્યે પરમમૈત્રી વગેરે ભાવોનું સુરમ્ય સંગીત વહાવી રહેલી મુખમુદ્રાનું પાપનિકંદનદર્શન, દર્શન કરનારાના પોતાના જ સુષુપ્ત પરમાત્મભાવને ઢંઢોળતી અને વારંવાર પોતાના સ્વરૂપનું સ્મરણ કરાવતી જિનપ્રતિમામાં સાક્ષાત્ પરમાત્મસ્વરૂપનું દર્શન.... જોનારની આંખમાટે પિયુષપાન બન્યા વગર રહે નહી.... કલ્યાણમંદિર જિનેન્દ્રની મુખમુદ્રાના નિરીક્ષણમાં આસક્ત થયેલાં નયનયુગલમાંથી ઉભરાતા હર્ષના અશ્રુબિંદુઓ અદર્શનીયના દર્શનરૂપ મલને દૂર કરી નાખે છે, અનાદિકાળથી કુદર્શનની પડી ગયેલી કુટેવ અને તેના કારણે આંખોમાં સળવળતા વિકારના-વાસનાઓના સાપોળિયાઓ વીતરાગની પાવનકારી મુખમુદ્રાના સુદર્શનથી વિલય પામી જાય છે. - એમ **વીતરાગ સ્તોત્રમાં** કહ્યું છે.) ખરેખર ! જિનેન્દ્રના દર્શન ચક્ષુમાટે અમૃતકુંડમાં મગ્નતારૂપ બને છે. જિનેન્દ્રના દર્શનમાં જ્યારે એકાગ્રતા આવે છે, ત્યારે બાકીનું બધું વિસરાઇ જાય છે. તથા ચક્ષુને ઉત્કૃષ્ટ રૂપના દર્શનથી બાહ્ય આનંદ અને હૃદયને પરમાત્મસ્વરૂપમાં લય થવાથી આભ્યંતર આનંદ પ્રાપ્ત થાય છે. આ બન્ને પ્રકારના (અથવા કાન અને આંખ એમ ઉભય સંબંધી) પરમઆનંદના મહાસાગરમાં મસ્ત બનેલા આત્મામાં સરસશાંતસુધારસનો આવિર્ભાવ થાય છે – આ બધા છે દ્રવ્યસ્તવના અમૂલ્ય લાભો. તમે તેમાંથી રખે રહી જતા ! (આજે જ્યારે ટી.વી., સીનેમા, બેફામ રૂપપ્રદર્શનો વગેરેના ઝેર સતત આંખને વાસનાના ઝેરમય બનાવી રહ્યા હોય, ત્યારે તો એ બધા ઝેરને દૂર કરવા અને એનાથી બચવા પ્રભુપ્રતિમાદર્શન કેટલું આવશ્યક બન્યું છે ? જ્યારે કુત્સિત (ચિત્રદર્શનવગેરેરૂપ) સ્થાપનાની બોલબોલા હોય, ત્યારે એ સામે અમોઘ ઉપાય છે શ્રેષ્ઠસ્થાપનાના શરણે જવું.) **॥ ૩૧ ॥**

દ્રવ્યસ્તવના બીજા લાભ બતાવે છે–

**કાવ્યાર્થ :–** જુદા-જુદા સંઘોનો (ત્યાં=જિનાલયમાં) સમાગમ થાય છે. વળી, ત્યારે સુકૃતવાળા સજ્જનોરૂપ ગંધહસ્તીઓના સમુદાયમાં સ્વસ્તિપ્રશ્ન(=ક્ષેમકુશળપૃચ્છા)ની પરંપરાના પરિચયથી પણ અદ્ભુત ઉદ્ભાવના= અદ્ભુતરસનું આવિર્ભાવન થાય છે. તથા નૃત્યોત્સવમાં વીણા, વાંસળી, તબલા વગેરેના સંગમથી જે ચમત્કાર સર્જાય (=જે સુગમ્ય સંગીત પ્રગટે) છે, તેનાથી સ્ફાર=પ્રકૃષ્ટ અર્હદ્ગુણોમાં લીનતા અનુભવાય છે. આ લીનતા જ્યારે અભિનયદ્વારા પ્રગટ થાય છે, ત્યારે ભેદનો ભ્રમ ભાંગી જાય છે.

## સત્સંગથી અવંચકત્રયની પ્રાપ્તિ

સુકૃતની કમાણી કરતા સંત પુરુષો પોતાના નામરૂપ ગંધમાત્રથી પરવાદીરૂપ હાથીઓને ભગાડતા હોવાથી ગંધહસ્તી જેવા છે. પરસ્પરના શુભની પૃચ્છા અદ્ભુતરસની ઉદ્ભાવના કરે છે. આ પ્રગટ થયેલો અદ્ભુતરસ સદ્

दप्यद्भुतरस*स्योद्भावना*=उद्बोधः। ततश्च सद्योगावञ्चकादिक्रमेण परमः समाधिलाभ इति। *च*=पुनः वीणावेणुमृदङ्ग-सङ्गमेन तौर्यत्रिकसम्पत्त्या यश्चमत्कारः, ततो नृत्योत्सवे स्फारा येऽर्हद्गुणाः, तल्लीनताविर्भावानुभावीभूतं यदभिनयनं, तस्माद्*भेदभ्रमस्य*=भेदविपर्ययस्य *प्लावना*=परिगलनम्। तथा च समापत्त्यादिभेदेनार्हद्दर्शनं स्यादिति भावः। समापत्तिलक्षणमिदं → *'मणेरिवाभिजातस्य क्षीणवृत्तेरसंशयम्। तात्स्थ्यात्तदञ्जनत्वाच्च समापत्तिः प्रकीर्तिता'* ॥इति [द्वात्रिं० द्वात्रिं० २०/१०] *आपत्तिः*=तीर्थकृन्नामकर्मबन्धः। *सम्पत्तिः*=तद्भावाभिमुख्यमिति योगग्रन्थे प्रसिद्धम्[①] ॥ ३२॥ तथा–

**पूजापूजकपूज्यसङ्गतगुणध्यानावधानक्षणे,**
**मैत्री सत्त्वगु(ग ?)णेष्वनेन विधिना भव्यः सुखी स्तादिति।**
**वैरव्याधिविरोधमत्सरमदक्रोधैश्च नोपप्लव-**
**स्तत्को नाम गुणो न दोषदलनो द्रव्यस्तवोपक्रमे॥ ३३॥**

---

યોગાવંચક, ક્રિયાવંચક અને ફળાવંચકના ક્રમથી પરમસમાધિની પ્રાપ્તિમાં હેતુ બને છે. (ગુણસભર અને વિશિષ્ટ પુણ્યશાળી સત્પુરુષોસાથેનો યોગ(વિપર્યયરહિતનો) યોગાવંચક બને છે. તે પછી સત્પુરુષોને વિનયબહુમાનપુરસ્સર પ્રણામવગેરે ક્રિયાનો નિયમ ક્રિયાવંચકયોગ બને છે. આ વિનયાદિથી પ્રસન્ન થયેલા સત્પુરુષોના સદ્ઉપદેશવગેરે દ્વારા ધર્મસિદ્ધિના વિષયમાં સાનુબન્ધ ફળની જે પ્રાપ્તિ થાય છે, તે ફળાવંચક છે. આ ત્રણે ક્રમશઃ શુભ, શુભતર, શુભતમ આશયવિશેષરૂપ-અવ્યક્તસમાધિરૂપ છે.) ફળાવંચકયોગની પ્રાપ્તિ ઉત્તરોત્તર વધતા પરમ સમાધિપર લઇ જાય છે. (સદ્ગુરુઓના સમાગમમાત્રથી **દઢપ્રહારી** જેવા લૂંટારા, **અર્જુનમાળી** જેવા હત્યારા અને **અવંતીસુકુમાર** જેવા ભોગીઓ પણ પરમયોગી થઇ ગયાના ઢગલાબંધ દાખલાઓ છે.) વળી વીણા, વેણુ અને મૃદંગ સંગીતના આ ત્રણ સાધન ભેગા થાય, ત્યારે તેમાંથી રેલાતા સંગીતના પ્રવાહથી ભાવોલ્લાસની વૃદ્ધિરૂપ ચમત્કાર સર્જાય છે. આ ભાવોલ્લાસ બાહ્ય ભાન ભૂલાવે છે અને સર્જાવે છે નૃત્યની મંગલ લીલા. નૃત્ય કરતા કરતા અરિહંતના ગુણોમાં લીન થઇ જવાથી તેને અનુરૂપ અભિનયો સહજ પ્રગટવા માંડે છે. તેથી પરમાત્મા સાથેના ભેદભાવનો ભ્રમ ભાંગી જાય છે. અભેદપ્રણિધાનની પ્રાપ્તિ થાય છે અને સમાપત્તિવગેરેથી અરિહંતનો સાક્ષાત્કાર થાય છે. સમાપત્તિનું લક્ષણ આ છે → *'જ્યારે નિર્મલ સ્ફટિક મણિની જેમ રાજસ-તામસવગેરે વૃત્તિઓથી રહિતનું ચિત્ત ધ્યાતા, ધ્યાન અને ધ્યેય આ ત્રણને વિષે રહે છે અને આ ત્રણથી ઉપરક્ત(=ત્રણની સમાનતા ધારણ કરનારું) બને છે, ત્યારે (ત્રણમાં રહ્યું હોવાથી અને ત્રણેયથી રંગાયેલું હોવાથી) સમાપત્તિ થાય છે, તે નિઃસંશય છે.'* (સમાપત્તિ=યોગદર્શનમતે સંપ્રજ્ઞાત સમાધિ. **અધ્યાત્મસારમાં** પરમાત્માની અભેદભાવે ઉપાસનાને સમાપત્તિ કહી છે.) તીર્થંકર નામકર્મનો બંધ **આપત્તિરૂપ** છે. અને તે ભાવ(=તીર્થંકર નામકર્મથી પ્રગટેલા ભાવ) તરફ જવું એ **સંપત્તિ** છે એમ **યોગગ્રંથોમાં** પ્રસિદ્ધ છે. ('સમાપત્તિ' માં 'સમ્' અને 'આ' પૂર્વક 'પત્તિ' પદ છે. તેથી સમાપત્તિથી પહેલા 'આપત્તિ' અને પછી 'સંપત્તિ' પ્રાપ્ત થાય છે, એવું સૂચવવાનું તાત્પર્ય લાગે છે.) **॥ ૩૨ ॥**

વિશેષગુણો બતાવે છે—

**કાવ્યાર્થ :-** પૂજા, પૂજક અને પૂજ્યને સંગત એવા ગુણોના ધ્યાન પછી જે અનુપ્રેક્ષા છે, તે વખતે 'આ વિધિથી(=દ્રવ્યસ્તવવિધિથી) સર્વ ભવ્યજીવો સુખી થાવ' ઇત્યાદિરૂપ જીવસમુદાયપર મૈત્રી હોય છે. તથા વૈર, વ્યાધિ, વિરોધ, મત્સર, મદ અને ક્રોધનો ઉપદ્રવ થતો નથી. આ દ્રવ્યસ્તવના ઉપક્રમમાં દોષનાશક કયો ગુણ નથી?

---

① आपत्तिश्च ततः पुण्यं तीर्थकृत्कर्मबन्धतः। तद्भावाभिमुखत्वेन सम्पत्तिश्च क्रमाद्भवेत्॥ [ज्ञानसार ३०/४]

(दंडान्वयः→ पूजापूजकपूज्यसङ्गतगुणध्यानावधानक्षणे 'अनेन विधिना भव्यः सुखी स्तादिति' सत्त्वगु-(ग ?)णेषु मैत्री भवति। तथा वैरव्याधिविरोधमत्सरमदक्रोधैश्च नोपप्लवः। तद् द्रव्यस्तवोपक्रमे दोषदलनो को नाम गुणो न भवति ? (अपि तु भूयानेव भवतीति भावः) ॥)

'पूजा' इति। पूजापूजकपूज्यसङ्गतास्त्रयान्वयिनो ये गुणास्तेषां यद् दृग्दृश्यद्रष्टृसमापत्तिसमाधिफलं ध्यानं, ततो य *दवधानम्*=अनुप्रेक्षा, *तत्क्षणे*=अवसरे, अनेन द्रव्यस्तवविधिना भव्यः सर्वोऽपि सुखी स्तादिति *सत्त्वगणेषु* =प्राणिसमूहेषु मैत्री भवति। अत एव *'अल्पबाधया बहूपकारादनुकम्पोपपत्तिः'* इति **पञ्चलिङ्गीकारः**। तथा वैरं च, व्याधिश्च, विरोधश्च, मत्सरश्च, मदश्च, क्रोधश्चेति; तैः कृ*त्वोपप्लवः*=उपद्रवो न भवति। *तत्*=तस्मात्कारणाद्-*द्रव्यस्तवोपक्रमे*=उपक्रम्यमाणे द्रव्यस्तवे *दोषदलनो*=दोषोच्छेदकारी को नाम गुणो न भवति ? अपि तु 'भूयानेव भवती'ति भावः ॥ ३३॥ उक्तशेषमाह–

---

અર્થાત્ ઘણા ગુણો છે.

## પૂજાથી મૈત્રીઆદિ ભાવની પ્રાપ્તિ અને ક્રોધાદિથી બચાવ

ભક્તિના ભવનાશક ભાવથી થતી પૂજા, આ પૂજાનું પરમસૌભાગ્ય પામેલો પૂજક અને પૂજાનું પરમપાત્ર પૂજ્ય=પરમાત્મા, આ ત્રણેમાં જે ગુણો રહ્યા છે, તે ગુણોનું દ્રષ્ટા જ્યારે ધ્યાન ધરે છે; ત્યારે ધ્યાનના ફળ તરીકે ચક્ષુ, તે પૂજાદિ દશ્ય અને દ્રષ્ટા (અથવા દર્શનક્રિયા) આ ત્રણની સમાપત્તિરૂપ સમાધિ પ્રગટ થાય છે. અર્થાત્ દગ્-દશ્ય અને દ્રષ્ટા (અથવા દૃષ્ટિ) આ ત્રણે પૂજ્યવગેરેના સંબંધમાં એકતા પામે છે. ધ્યાનની આ પરમોચ્ચ દશાનો આનંદ અવર્ણ્ય છે. ('જિન હી પાયા તિન હી છિપાયા, કહત નહિ કોઉ કાન મેં' હા. પામવાનો ઉપાય છે - 'તાલી લાગી જબ અનુભવરસકી, સમજત તબ કોઉ સાનમેં.') પણ, આ ધ્યાન સૂક્ષ્મવિષયક હોવાથી અને અત્યંત એકાગ્ર ઉપયોગરૂપ હોવાથી લાંબુ ટકી શકે નહિ. અંતર્મુહૂર્ત પછી ધ્યાન વિલય પામે છે. ત્યારે અનુપ્રેક્ષાની અવસ્થા આવે છે. અનુપ્રેક્ષામાં ચિત્ત કંઇક અસ્થિર હોય છે. એકાગ્રતા કંઇક મંદ હોય છે. આ અવસ્થા ચિંતનમય છે અને મૈત્ર્યાદિભાવથી સુસંસ્કૃત હોય છે. આ અનુપ્રેક્ષાકાળે 'આ દ્રવ્યસ્તવ વિધિથી(=આ વિધિથી પ્રાપ્ત થયેલા શુભઅધ્યવસાયની તાકાતથી, અથવા ઉત્પન્ન થયેલા પુણ્યથી અથવા આ ભાવસભરવિધિયુક્ત ક્રિયાની તાકાતથી) બધા પણ ભવ્યો સુખ પામો' એવું જીવોપ્રત્યેનું મૈત્રીભાવનાનું પવિત્ર ઝરણું ખળખળ વહેતું હોય છે. તેથી જ *'(આ દ્રવ્યસ્તવમાં) અલ્પજીવોની બાધા=પીડા દ્વારા ઘણા જીવોપર ઉપકાર થાય છે, તેથી અનુકંપાની ઉપપત્તિ થાય છે.'* એમ **પંચલિંગીકાર** કહે છે. વળી દ્રવ્યસ્તવમાં વેરવગેરેથી રહિત એવા વીતરાગની પૂજા સ્તુતિવગેરે હોવાથી તથા ચિત્ત પણ વીતરાગમાં લીન હોવાથી પોતાનામાં રહેલા વેરવગેરે ભાવો પણ શાંત પડી જાય છે અને નવા પ્રગટતા નથી. **જેમની હાજરીમાત્રથી સવાસો યોજનમાં વૈર-વિરોધ-વ્યાધિ, મત્સર, ક્રોધ, મદવગેરે ભાવો રહેતા નથી, તે પરમાત્માની પ્રતિમામાં સાક્ષાત્ પરમાત્મસ્વરૂપની ઝાંખી થવાથી પરમાત્મચિંતનમાં લીન બનેલા ભક્તો આગમ ભાવનિક્ષેપાથી પોતાને જ પરમાત્મસ્વરૂપે અનુભવે છે. તેથી ત્યારે તેઓના વેર-વિરોધાદિ ભાવો નષ્ટ થઇ જાય, તેમાં વિસ્મયનું કોઇ કારણ નથી. એટલું નોંધી લો કે, અચિંત્ય શક્તિસભર પરમાત્મા પરમકલ્યાણભૂત છે, અને પરમકલ્યાણનું પ્રધાન કારણ છે. પણ, સબૂર! આ પરમકલ્યાણની પ્રાપ્તિમાં બીજતરીકે જિનપ્રતિમાપૂજા છે, તે ભૂલશો નહિ. આ પૂજાને તરછોડશો મા!** ખરેખર પૂજાવગેરેરૂપ દ્રવ્યસ્તવમાં દોષોચ્છેદક કયો ગુણ નથી ? તે જ અણઉકેલ્યો પ્રશ્ન થઇને રહે છે. ॥ ૩૩ ॥

દ્રવ્યસ્તવના અનન્ય લાભો દર્શાવતા બાકી રહેલા લાભો હવે દર્શાવે છે—

सत्तन्त्रोक्तदशत्रिकादिकविधौ सूत्रार्थमुद्राक्रिया-
योगेषु प्रणिधानतो व्रतभृतां स्याद्भावयज्ञो ह्ययम्।
भावापद्विनिवारणोचितगुणे ह्यप्यत्र हिंसामति-
र्मूढानां महती शिला खलु गले जन्मोदधौ मज्जताम्॥ ३४॥

(**दंडान्वय:** → सत्तन्त्रोक्तदशत्रिकादिकविधौ सूत्रार्थमुद्राक्रियायोगेषु प्रणिधानतो व्रतभृतामयं भावयज्ञो हि स्यात्। भावापद्विनिवारणोचितगुणेऽपि ह्यत्र मूढानां हिंसामति: खलु जन्मोदधौ मज्जतां गले महती शिला॥)

'सत्तन्त्रोक्त'इति। *सत्तन्त्रे*=सच्छास्त्रे, उक्त:-पूजापूर्वापराङ्गीभूतो *'दहतिग अहिगमपणगं'* [चैत्यवन्दन भा० २, पा० १] इत्यादिनाऽभिहितो दशत्रिकादिविधि:, तस्मिन् विषये, सूत्रं चार्थश्च मुद्रा च क्रिया च तल्लक्षणेषु योगेषु *प्रणिधानतो*=ध्यानतो *हि*=निश्चितमयं द्रव्यस्तवो भावयज्ञ: स्यादभ्युदयनि:श्रेयसहेतुयज्ञरूपत्वात्। यदाह→ *'एतदिह भावयज्ञ: सद्गृहिणो जन्मफलमिदं परमम्। अभ्युदयाविच्छित्त्या नियमादपवर्गबीजमिति'*॥ [षोडशक ६/१४] इति। *हि*=निश्चितं, *अत्र*=द्रव्यस्तवे जिनविरहप्रयुक्ततद्विनयासम्पत्तिरूपा या भावापत्, तद्विनिवारणोचितो गुणो यत्र, तादृशेऽपि या हिंसामति:, सा खलु *मूढानां*=विपर्यस्तानां *जन्मोदधौ*=संसारसमुद्रे मज्जतां गले महती शिला। मज्जतां हि पापानां गले शिलारोप उचित एवेति **सममलङ्कार:**। *'समं योग्यतया योगो यदि सम्भावित: क्वचित्'* इति **काव्यप्रकाशकार:**॥

**કાવ્યાર્થ :**– સત્શાસ્ત્રમાં કહેલી દશ ત્રિક વગેરે વિધિવખતે સૂત્ર, અર્થ, મુદ્રા અને ક્રિયારૂપ યોગોમાં પ્રણિધાન રાખવાથી વ્રતધરો(=શ્રાવકો) માટે આ દ્રવ્યસ્તવ ચોક્કસ ભાવયજ્ઞ જ છે. ભાવઆપત્તિનું નિવારણ કરતું હોવાથી ઉચિતગુણવાળા આ દ્રવ્યસ્તવમાં પણ મૂઢ પુરુષોને(=પ્રતિમાલોપકોને) થતી હિંસાની બુદ્ધિ જન્મસમુદ્રમાં (=સંસારસાગરમાં) ડુબતા તેઓના(=પ્રતિમાલોપકોના) ગળે મોટી શિલા સમાન છે.

## દ્રવ્યસ્તવની ભાવયજ્ઞતા

*'દશત્રિક અભિગમપંચક'* ઇત્યાદિ શાસ્ત્રવચનથી સૂચિત પૂજાની આગળ-પાછળના અંગભૂત દશત્રિકવગેરે વિધિવખતે બોલાતા સૂત્રોમાં, તેના અર્થોમાં, તે વખતે રાખવાની મુદ્રામાં અને કરવાની ક્રિયામાં પ્રણિધાન=ધ્યાન રાખવાથી આ દ્રવ્યસ્તવ પણ ભાવયજ્ઞ બની જાય છે કારણ કે તે અભ્યુદય અને મોક્ષમાં કારણભૂત યજ્ઞરૂપ બને છે. કહ્યું જ છે કે → *'સદ્ગૃહસ્થોમાટે આ(=જિનભવન) જ ભાવયજ્ઞ(=ભાવપૂજા) છે અને આ(=જિનભવન) જ જન્મનું શ્રેષ્ઠ ફળ છે. આ જ અવશ્ય સ્વર્ગાદિ અભ્યુદયની અખંડિત પરંપરાથી મોક્ષનું બીજ=કારણ બને છે.'* અત્યારના અહીં ભાવનિક્ષેપાના(=સાક્ષાત્) ભગવાનનો વિરહકાળ છે. તેથી તેમના વિનયનો લાભ મળતો નથી. ધર્મજ્ઞ માણસને મન જીવનમાં આ જ મોટામાં મોટી ખોટ-આપત્તિ છે-ભાવઆપત્તિ છે. (પરિવાર, પૈસા, પ્રતિષ્ઠા આદિનો વિરહ-અભાવ દ્રવ્ય=ગૌણ આપત્તિ છે.) આ ભાવઆપત્તિને યત્કિંચિત્ અંશે દૂર કરવારૂપ ઉચિતગુણને ધરાવતા દ્રવ્યસ્તવમાં હિંસાની બુદ્ધિ ખરેખર ડુબતાના ગળે શિલાસમાન છે. પિતાની ગેરહાજરીમાં પિતાની ભક્તિથી વંચિત રહી જવાનો થતો વસવસો કંઇક ઓછો કરવાની ભાવનાથી પિતાના ફોટાને ફૂલની માળા, ધૂપ વગેરેથી પૂજા કરતા છોકરાને થાબડવો જોઇએ કે તેમાં ભૂલ કાઢી ઠપકો આપવો જોઇએ ? આ જ બાબત પરમપિતા પરમાત્માઅંગે શું ખોટી છે ? આ કાવ્યમાં **'સમમ્' અલંકાર** છે. *'જો ક્યાંક સરખી યોગ્યતાથી યોગ સંભાવિત=લોકસંમત હોય, (તો* **સમમ્ અલંકાર** *કહેવાય)'* એમ **કાવ્યપ્રકાશકાર** કહે છે. (અહીં **ટીકાકાર** સ્વયં દ્રવ્યસ્તવને ભાવયજ્ઞ કેવી રીતે કહી શકાય?

इदं पुनरत्र विचारणीयं-भावोपपदस्तवशब्द इव भावोपपदो यज्ञशब्दश्चारित्रमेवाचष्ट इति कथं द्रव्यस्तवे भावयज्ञपदप्रवृत्तिः ? द्रव्यस्तवशब्दस्येव द्रव्ययज्ञपदस्यैव प्रवृत्तेरौचित्यात्। **अथ** 'यज्ञ' शब्दो लौकिकयागे प्रसिद्ध इति तद्व्यावर्तनेन भावपदयोगः प्रकृते प्रवर्त्तयिष्यते। **तर्हि** स्तवशब्दोऽपि स्तुतिमात्रे प्रवृत्तो भावशब्दयोगेन प्रकृते प्रवर्त्त्यतां *'संतगुणुकित्तणा भावे'* इति [आव॰ भा॰ १९१ पा॰ ४] **निर्युक्तिस्वरसाद्**, गुणवत्तया ज्ञानजनकव्यापार-मात्रे शक्तं स्तवपदं भावपदयोगे आज्ञाप्रतिपत्तिरूपे विशेषे एव पर्यवसायतीति तत्कारणे द्रव्यस्तवपदप्रवृत्तिरेव युक्तेति चेत् ? **तर्हि** *'महाजयं[①] जयई जन्नसिट्ठं'* [उत्तरा॰ १२/४२ पा॰ ४] इत्याद्यागमाद्भावयज्ञपदस्यागमे चारित्र एव प्रसिद्धेर्द्रव्यस्तवे द्रव्ययज्ञपदप्रवृत्तेरेवौचित्यमिति चेत् ? **देवतो**द्देश्यकत्यागे यागशब्दस्य प्रयोगप्राचुर्याद्भाव-

એ માટે વિચારણા કરી તાત્પર્યાર્થ બતાવશે.)

## ભાવયજ્ઞરૂપે દ્રવ્યસ્તવની સિદ્ધિ

**પૂર્વપક્ષ :-** 'ભાવ'પદથી યુક્ત સ્તવ(=ભાવસ્તવ) શબ્દથી 'ચારિત્ર' અર્થ પ્રાપ્ત થાય છે એ તમને પણ સંમત છે. એ જ પ્રમાણે 'ભાવયજ્ઞ' શબ્દથી પણ 'ચારિત્ર' અર્થ જ નીકળે છે. એટલે 'ભાવયજ્ઞ' પદથી 'દ્રવ્યસ્તવ' અર્થ કરવો યુક્તિયુક્ત નથી. દ્રવ્યસ્તવસ્થળે 'દ્રવ્યસ્તવ' પદની જેમ 'દ્રવ્યયજ્ઞ' પદનો પ્રયોગ કરવો વાજબી છે.

**શંકા :-** 'યજ્ઞ' શબ્દ લૌકિક યજ્ઞ(=બ્રાહ્મણોના યજ્ઞ) અર્થમાં પ્રસિદ્ધ છે. આ લૌકિક યજ્ઞો મોક્ષમાં કારણભૂત ન હોવાથી અપ્રધાન છે. તેથી દ્રવ્યરૂપ છે. એ દ્રવ્યયજ્ઞોથી અલગ કરવા દ્રવ્યસ્તવને ભાવયજ્ઞ કહેવો યુક્તિયુક્ત છે.

**સમાધાન :-** એમ તો સ્તવશબ્દ સ્તુતિઅર્થમાં જ પ્રસિદ્ધ છે, તેથી લૌકિક દેવો વગેરેની સ્તુતિ પણ સ્તવ કહેવાય છે. આ સ્તવ પણ મોક્ષમાં કારણ ન હોવાથી દ્રવ્યરૂપ છે. તેથી આ દ્રવ્યસ્તવથી અલગ કરવા વીતરાગની પૂજા આદિરૂપ સ્તવમાટે 'ભાવસ્તવ' એવો પ્રયોગ કરવો જોઇએ.

**શંકા :-** ભલે, તેમ હો. અમારે વિરોધ નથી.

**સમાધાન :-** કેમ વિરોધ નથી ? ઉપરોક્ત ચર્ચાથી તો દ્રવ્યસ્તવથી લૌકિક દેવોની સ્તુતિવગેરે અર્થ થાય છે. દ્રવ્યસ્તવદ્વારા તમે વીતરાગની પૂજાવગેરેની જે વાતો કરો છો, તેની સાથે આ અર્થને વિરોધ છે જ. તેથી તમારી વાત અમાન્ય છે.

**શંકા :- નિર્યુક્તિકારે** *'સંતગુણુકિત્તણા ભાવે'* (સદ્ભૂત ગુણોનું ઉત્કીર્તન ભાવનિક્ષેપાથી સ્તવ છે) ઇત્યાદિ કહ્યું છે. 'સ્તવ'પદના ભાવનિક્ષેપાથી એ અર્થ ફલિત થાય છે, કે 'આ સ્તુત્ય વ્યક્તિ ગુણવાન છે' એવું જ્ઞાન કરાવનારી બધી પ્રવૃત્તિઓમાં 'સ્તવ' શબ્દ શક્ત છે(=આ બધી પ્રવૃત્તિઓમાટે સ્તવ શબ્દનો પ્રયોગ થઇ શકે છે.) તેથી 'ભાવ' શબ્દપૂર્વકનો 'સ્તવ' શબ્દ ભગવાનની આજ્ઞાના સ્વીકારરૂપ અર્થવિશેષમાં પર્યવસિત થાય છે, કારણ કે 'જ્યારે શુદ્ધપદથી સામાન્ય અર્થ ઇષ્ટ હોય, ત્યારે વિશેષણપદ વિશિષ્ટઅર્થમાટે હોય છે.' આમ ભાવસ્તવપદથી 'ભગવાનની આજ્ઞાનો સ્વીકાર – ચારિત્ર' અર્થ પ્રાપ્ત થાય છે. તેથી દ્રવ્યપદયુક્ત સ્તવપદ=દ્રવ્યસ્તવપદ ભાવસ્તવના કારણમાં પ્રયુક્ત થાય તે યુક્તિયુક્ત છે.

**સમાધાન :-** એમ તો *'મહાજયં જયઇ જન્નસિટ્ઠં'*(=મહાજયકારી શ્રેષ્ઠ યજ્ઞ=સંયમ જય પામે છે-સાધુઓ આચરે છે.) એ પ્રમાણે **ઉત્તરાધ્યયન સૂત્રનું** વચન છે. આ વચનથી એવો પ્રકાશ થાય છે કે, 'ચારિત્ર' અર્થમાં જ ભાવયજ્ઞપદનો પ્રયોગ થાય છે. તેથી તેના કારણમાં જ દ્રવ્યયજ્ઞપદનો પ્રયોગ સુસંગત છે. તેથી 'એતદ્ ઇહ ભાવયજ્ઞ' ઇત્યાદિ શ્લોકમાં કાં તો ભાવપદનો પ્રયોગ વાજબી નથી, કાં તો ભાવયજ્ઞ=ચારિત્ર એવો અર્થ જ કરવો પડશે. તેથી

① सुसंवुडा पंचहिं संवरेहिं इह जीविअं अणवकंखमाणा। वोसट्ठकाया सुइ चत्तदेहा महाजयं जयइ जण्णसिट्ठं ॥ इति पूर्णश्लोकः ॥

पदोपसन्दानेन वीतरागदेवतोपस्थितेर्वीतरागपूजायां तत्प्रवृत्तिपर्यवसानमिति तु युक्तम् । आह च → *'देवोद्देशेनैतद्गृहिणां कर्त्तव्यमित्यलं शुद्धः । अनिदानः खलु भावः स्वाशय इति गीयते तज्ज्ञैः'* ॥[षोडशक ६/१२] देवतोद्देशेन त्यागश्च निश्चयत आत्मोद्देशेनैव, देवतात्वं वीतरागत्वमिति समापत्त्या तस्य स्वात्मन्युन्नयनात्।

**यौगास्तु** 'देवतात्वं मन्त्रकरणकहविर्निष्ठफलभागित्वेनोद्देश्यत्वम्। अतश्चतुर्थीं विनापीन्द्रादेर्देवतात्वं, हविर्निष्ठफलं स्वत्वं, अतो न त्यागजन्यस्वर्गरूपफलाश्रयकर्त्तर्यतिव्याप्तिः। **न च** मन्त्रं विनेन्द्राय स्वाहेत्यनेन त्यागे देवतात्वं न स्यादिति **वाच्यं,** मन्त्रकरणकत्यागान्तरमादाय देवतात्वात्। स्वाहास्वधान्यतरस्यैव प्रकृते मन्त्रत्वाच्च। पित्रादीनां स्वधया त्यागे देवतात्वं न तु प्रेतस्य, नमःपदेनैव तदा त्यागात्। शूद्रादिपितुर्देवतात्वं च ब्राह्मणपठितमन्त्रत्वात्। 'ब्राह्मणाय स्वाहा' इत्यनेन ब्राह्मणाय त्यागेऽपि स्वाहेत्यस्य न ब्राह्मणस्वत्वहेतुत्वं,

---

દ્રવ્યસ્તવને ભાવયજ્ઞ કહી તેનો આદર કરવો યુક્તિસંગત નથી.

**ઉત્તરપક્ષ :-** વાસ્તવમાં નૈયાયિકવગેરે લોકો 'યાગ' શબ્દનો પ્રયોગ 'દેવતાને ઉદ્દેશીને કરાતા ત્યાગ' અર્થમાં જ બહોળા પ્રમાણમાં કરે છે. આ અર્થમાં યાગ અપ્રધાન હોઇ દ્રવ્યરૂપ છે. તેથી તે બધા યાગ દ્રવ્યયાગ છે. તેથી જ જ્યારે ભાવપદયુક્ત યાગ-યજ્ઞપદનો પ્રયોગ થાય છે, ત્યારે 'ભાવ' પદથી વીતરાગદેવ સ્મૃતિપથપર ઉપસી આવે છે. તેથી ભાવયજ્ઞપદથી 'વીતરાગદેવની પૂજા' એવો અર્થ જ હૃદયપટપર અંકિત થાય છે. 'યજ્ઞ' પદ દેવપૂજાબોધક છે. પણ જ્યારે તે 'ભાવ' પદ યુક્ત બને છે, ત્યારે વીતરાગદેવની પૂજાને જ યાદ કરાવે છે. 'સ્તવ' પદમાં ભાવસ્તવથી ચારિત્ર સ્મૃતિમાં આવે છે અને દ્રવ્યસ્તવથી તેના કારણભૂત પૂજાદિનો ખ્યાલ આવે છે. તેથી દ્રવ્યસ્તવમાટે ભાવયજ્ઞ-પદનો પ્રયોગ અવિરુદ્ધ છે. તેથી જ કહ્યું છે કે → *'દેવના ઉદ્દેશથી (જિનભક્તિના ઉદ્દેશથી) આ (જિનભવન કરાવવું વગેરે) ગૃહસ્થોનું કાર્ય છે, એવો જે નિદાન રહિતનો વિશુદ્ધ ભાવ છે એ જ સ્વાશય=સારો આશય છે. એમ આ વિષયના જ્ઞાતાઓ કહે છે.'* **તાત્પર્ય :-** જિનભક્તિનો ભાવ જ સ્વાશય અને ભાવયજ્ઞરૂપ છે. યાગનો અર્થ 'દેવતાને ઉદ્દેશીને કરાતો ત્યાગ' એવો કર્યો. **નિશ્ચયનયથી** વિચારીએ, તો આ ત્યાગ આત્માને - પોતાને ઉદ્દેશીને જ થાય છે, કારણ કે 'દેવપણું' એટલે 'વીતરાગપણું.' (વીતરાગ સિવાય અન્ય કોઇ વાસ્તવમાં પૂજાને લાયક દેવ નથી.) આમ વીતરાગ જ દેવ છે. દ્રવ્યસ્તવઆદિ યાગકાળે દેવતાને ઉદ્દેશીને ત્યાગ કરતી વ્યક્તિ વીતરાગદેવના પરમસ્વરૂપમાં લય પામે છે અને સમાપત્તિદ્વારા સ્વયંને જ વીતરાગસ્વરૂપે નીરખે છે. આમ પોતાને જ દેવતાપદે સ્થાપતો હોવાથી દેવતાને ઉદ્દેશીને કરાતો ત્યાગ પણ સ્વને ઉદ્દેશીને જ થાય છે. ('યાગ-યજ્ઞ=દેવતાને ઉદ્દેશીને ત્યાગ' એવો અર્થ છે. તેથી આ ત્યાગ=પૂજા એ તાત્પર્ય છે. તેથી યજ્ઞ=દેવપૂજા. જ્યારે એની આગળ 'ભાવ' શબ્દ આવે છે, ત્યારે 'ભાવ' નો અન્વય 'યજ્ઞ' પદના પૂર્વાર્દ્ધબોધક અંશરૂપ એકદેશસાથે ઇષ્ટ છે. એટલે કે 'ભાવદેવની પૂજા' એવો 'ભાવયજ્ઞ'નો તાત્પર્યબોધ થશે. 'દેવ' પદનું તાત્પર્ય પણ પૂજ્યતમ તત્ત્વ અંગે છે. તેથી ભાવદેવ તરીકે દેવગતિકર્મનો ઉદય અનુભવતા વૈમાનિકવગેરે દેવો ઇષ્ટ નથી. તેથી જ 'દેવ-ગુરુપસાય' કહીએ છીએ ત્યારે દેવતરીકે વીતરાગદેવની જ સ્મૃતિ થાય છે. પૂજ્યતમ ભાવદેવ-વીતરાગ દેવો જ છે. તેથી ભાવયજ્ઞ=વીતરાગ દેવોની પૂજા, એમ તાત્પર્ય મળે. આવું મને ભાસે છે.

**ઉત્તરાધ્યયનમાં** ભાવયજ્ઞ=ચારિત્ર તાત્પર્ય બતાવ્યું... ત્યાં 'ભાવ' પદનો અન્વય 'યજ્ઞ' પદના 'પૂજા' રૂપ ઉત્તરાર્દ્ધબોધક અંશ સાથે છે. તેથી દેવની ભાવપૂજા એવો અર્થ થયો. અને ભાવપૂજા=ચારિત્ર. અથવા યજ્ઞ=દેવતાને ઉદ્દેશીને ત્યાગ. તો ભાવત્યાગ છે... દેવને ઉદ્દેશીને સર્વત્યાગ. અહીં દ્રવ્યસ્તવ પણ દ્રવ્યયજ્ઞ ગણાય. છતાં આપત્તિ નથી, કારણ કે 'દ્રવ્ય' પદ પ્રધાન-અપ્રધાન ઊભય અર્થમાં વપરાય છે. જે ભાવનું કારણ બને તે પ્રધાન, બીજું અપ્રધાન. લૌકિક યજ્ઞ અપ્રધાન દ્રવ્યયજ્ઞ છે. દ્રવ્યસ્તવ-પ્રધાન દ્રવ્યયજ્ઞ, કારણ કે તે ચારિત્રરૂપ ભાવયજ્ઞનું કારણ બની શકે છે. ને કારણમાં કાર્યનો ઉપચાર કરીએ, તો એ રીતે પણ દ્રવ્યસ્તવ ભાવયજ્ઞ કહેવાય. જો કે આ તો **ઉત્તરાધ્યયન**ગત ભાવયજ્ઞ સાથે અન્વય જોડવા વિચાર્યું... વસ્તુતઃ અહીં તો દ્રવ્યસ્તવ વીતરાગદેવની પૂજા રૂપે ભાવયજ્ઞ જ ઉચિત છે.)

तद्विनापि प्रतिग्रहमात्रादेव तत्स्व(स्व)त्वसम्भवात्। अदृष्टजनकत्वेन वा त्यागो विशेषणीयः, स्वाहेत्यनेन ब्राह्मणाय त्यागो नादृष्टहेतुः। पामरेण मन्त्रं विनापीश्वराय त्यागे ईश्वरस्य देवतात्वं मन्त्रकरणकत्यागान्तरमादाय। उद्देश्यत्वं उद्देश्यतावच्छेदकावच्छिन्नोपलक्षकम्। केवलपत्न्या देवतात्ववारणाय विशिष्टत्वेनोद्देश्यत्वाद्विशिष्टस्यैव देवतात्वात्' इत्याहुः, **तद्बालचापलमात्रम्।**

योगिनामुपासनीयाया वीतरागदेवताया एव प्रसिद्धेरहङ्कारममकारात्मकस्वत्वस्य तन्निरूपितस्य कुतोऽपि क्वचिदप्याधानाऽसम्भवात्, सरागेश्वरदेवतायाश्च रागविडम्बितैरेवाभ्युपगन्तुमर्हत्वाद्। वीतरागोद्देशेन कृतात्समन्त्रात्कर्मणोऽध्यवसायानुरोधिफलाभ्युपगमे तु मन्त्रकरणकोपासनेतिकर्त्तव्यतालम्बनत्वमेव देवतात्वमिति युक्तम्।

## નૈયાયિકમતે દેવતાનું સ્વરૂપ

મંત્રરૂપ કરણથી હવિ(=યજ્ઞમાં હોમાતા ઘી વગેરે) માં રહેલા ફળના સ્વામી=ભોક્તા તરીકે જેનો ઉદ્દેશ હોય, તે દેવતા. આ પ્રમાણે દેવતાનું લક્ષણ બાંધવાથી ક્યાંક ઇન્દ્ર વગેરે દેવતાને ચતુર્થી વિભક્તિ ન લાગી હોય, તો પણ તેઓ હવિના સ્વામીતરીકે ઉદ્દેશ્ય થતા હોવાથી દેવતાતરીકે સિદ્ધ થાય છે. અહીં હવિમાં ઉત્પન્ન થતા સ્વર્ગ વગેરે ફળના આશ્રયસ્વામી યજ્ઞકર્તામાં અતિવ્યાપ્તિ નહિ આવે. યજ્ઞકર્તા ત્યાગજન્ય સ્વર્ગફળનો સ્વામી છે, જ્યારે દેવતા તો મંત્રજન્ય હવિનિષ્ઠ સ્વત્વ ફળના સ્વામી છે.

**શંકા :-** જ્યાં મંત્રોચ્ચાર વિના માત્ર 'ઇન્દ્રાય સ્વાહા' એટલા જ ઉચ્ચારથી યજ્ઞમાં હવિ હોમાતું હોય, ત્યાં મંત્રના અભાવથી હવિમાં સ્વત્વ ફળ ઉત્પન્ન થશે નહિ. તેથી તેના સ્વામીતરીકે ઇન્દ્રવગેરે સિદ્ધ નહીં થવાથી ઇન્દ્રવગેરે દેવતા તરીકે સિદ્ધ નહીં થાય.

**સમાધાન :-** એમ નથી. અન્યત્ર જ્યાં મંત્રોચ્ચારપૂર્વક હવિનો ત્યાગ થાય છે, ત્યાં સ્વત્વફળના સ્વામી તરીકે અને દેવતાતરીકે ઇન્દ્રવગેરે સિદ્ધ છે. તેથી પ્રસ્તુતમાં પણ તેઓ દેવતાતરીકે માન્ય જ રહે છે. વળી 'સ્વાહા' અને સ્વધા' આ બેમાંથી એક પદ પોતે જ પ્રસ્તુતમાં મંત્રરૂપ છે. આ મંત્રથી હવિમાં સ્વત્વફળ પેદા થશે જ અને તેના સ્વામીતરીકે ઇન્દ્રાદિ દેવતાઓ સિદ્ધ થશે. પિતાવગેરે=દેવગતપૂર્વજોને 'સ્વધા' પદથી ત્યાગ કરાય છે, માટે તેઓ દેવતારૂપ છે. પ્રેતવગેરેને માત્ર 'નમ' પદથી ત્યાગ કરાય છે. માટે તેઓ દેવતારૂપ નથી. શૂદ્ર-હરિજનોના પૂર્વજો પણ દેવતા છે, કારણ કે તેમનામાટે કરાતા ત્યાગમાં મંત્ર બ્રાહ્મણો બોલે છે. જ્યાં 'બ્રાહ્મણાય સ્વાહા' એવા ઉચ્ચારપૂર્વક બ્રાહ્મણમાટે ત્યાગ કરાય છે, ત્યાં 'સ્વાહા' પદ બ્રાહ્મણના સ્વત્વમાં હેતુ નથી, કારણ કે સ્વાહા પદના પ્રયોગ વિના પણ બ્રાહ્મણ ગ્રહણ કરે તેટલામાત્રથી બ્રાહ્મણનું સ્વત્વ સંભવી શકે છે. અથવા તો જે ત્યાગ અદૃષ્ટજનક હોય, તે ત્યાગમાં જ હવિનિષ્ઠ ફળના ભાગી તરીકે જેનો ઉદ્દેશ હોય, તે દેવતા. એ પ્રમાણે ત્યાગનું 'અદૃષ્ટજનકત્વ' (='અદૃષ્ટજનક'પદ) વિશેષણ રાખવું. 'સ્વાહા' થી થતો બ્રાહ્મણમાટેનો ત્યાગ અદૃષ્ટનો હેતુ નથી. તેથી બ્રાહ્મણમાં દેવતાત્વ અસિદ્ધ છે.

કોઇ મંત્રવગેરેને નહિ જાણતો પામર અજ્ઞ જીવ મંત્ર વિના પણ ઈશ્વરને અપેક્ષીને ત્યાગ કરે, તો પણ ઈશ્વરનું દેવતાત્વ અસિદ્ધ ઠરતું નથી, કારણ કે અન્યત્ર મંત્રકરણક ત્યાગસ્થળે ઈશ્વરનું દેવતાપણું સિદ્ધ છે. **ટીકામાં** 'મંત્રકરણક...' ઇત્યાદિ જે કહ્યું છે, ત્યાં 'ઉદ્દેશ્ય'પદથી ઉદ્દેશ્યસામાન્યનું ગ્રહણ નહીં કરવું, કારણ કે આ 'ઉદ્દેશ્ય' પદ ઉદ્દેશ્યતાઅવચ્છેદકથી અવચ્છિન્ન ઉદ્દેશ્યનું ઉપલક્ષક છે. અર્થાત્ 'મંત્રકરણક'ઇત્યાદિ વિશેષણથી વિશિષ્ટ - અવચ્છિન્ન ઉદ્દેશ્યતા જેનામાં હોય, તેવા જ ઉદ્દેશ્યનો અહીં સ્વીકાર કરવો, પાર્વણ આદિમાં સ્વત્વના ભાગી તરીકે (=ઉદ્દેશ્ય તરીકે) માત્ર પત્ની પણ સંમત છે. તેથી પત્નીમાં ઉપરોક્ત લક્ષણના બળે 'દેવતાત્વ' આવવાની જે

संसारिदेवत्वं च देवगतिनामकर्मोदयवत्त्वं, संसारिषु संसारगामिनामितरेषु चेतरेषां भक्तिः स्वरससिद्धेति योगतन्त्रप्रसिद्धम्। तदुक्तं **योगदृष्टिसमुच्चये** → *'संसारिषु हि देवेषु भक्तिस्तत्कायगामिनाम्। तदतीते पुनः तत्त्वे तदतीतार्थयायिनाम्'* // [गा० १११] इति । स्वाहास्वधान्यतरस्यैव मन्त्रत्वमित्ययमपि नैकान्तो, मन्त्रन्यासे नमःपदस्यापि तत्त्वश्रवणात्। **तदुक्तम्** → *'मन्त्रन्यासश्च तथा प्रणवनमःपूर्वकं च तन्नाम। मन्त्रः परमो ज्ञेयो, मननत्राणे ह्यतो नियमात्'* // [षोडशक ७/११] इति।

---

આપત્તિ છે, તે હવે નહિ રહે, કારણ કે સકળ મંત્રકરણક હવિમાં પત્ની ઉદ્દેશ્ય બનતી નથી, પણ અમુક ત્યાગવિશેષમાં જ બને છે. તેથી એમાં રહેલી ઉદ્દેશ્યતા 'મંત્રકરણ...' ઇત્યાદિ વિશેષણથી વિશિષ્ટ=અવચ્છિન્ન નથી. 'મંત્રકરણક.' ઇત્યાદિ વિશેષણથી વિશિષ્ટ-અવચ્છિન્ન-સકળ મંત્રકરણક હવિમાં રહેલા સ્વત્વફળની ઉદ્દેશ્યતા માત્ર ઇન્દ્રાદિ વિશિષ્ટ વ્યક્તિઓમાં જ હોવાથી તેઓ જ દેવતા તરીકે ઇષ્ટ છે.

## નૈયાયિકમતનિરાસ

નૈયાયિકોની ઉપરોક્ત ચર્ચા તથ્યહીન છે, કારણ કે અધ્યાત્મયોગી પુરુષો માટે તો વીતરાગ દેવો જ ઉપાસનીય-ઉપાસના કરવાયોગ્ય તરીકે પ્રસિદ્ધ છે. આ વીતરાગદેવ રાગના અંશમાત્રથી પણ રહિત છે. તેથી તેઓને અહંકાર કે મમકાર વગેરે હોય નહિ. તેથી જગતમાં એવી કોઇ વસ્તુ જ નથી કે, જેનાપર તેઓ માલિકીના ભાવપૂર્વક 'હું અને મારું' એવું ગણિત માંડે. આમ યોગીઉપાસનીય કોઇ વીતરાગદેવ 'મંત્રદ્વારા જેને ઉદ્દેશીને ત્યાગ થાય છે તે હું' 'આ મને ઉદ્દેશીને ત્યાગ થાય છે, માટે આ મારું' આ રીતે અહંકાર મમકારરૂપ સ્વત્વનું આધાન ક્યાંય પણ કરતાં નથી. ટીકામાં તન્નિરુપિત.... ઇત્યાદિમાં તન્=વીતરાગદેવતા એવો અર્થ લેવો. જેઓ રાગથી પીડાતા હોય, તેઓ જ ઈશ્વરને સરાગી કલ્પે. જો 'વીતરાગને ઉદ્દેશીને કરાતી મંત્રપૂર્વકની ક્રિયા પોતાના ભાવને અનુસારે ફળ આપે' એમ સ્વીકારીએ (વીતરાગને ઉદ્દેશીને કરાયેલી ક્રિયાથી વીતરાગ નથી પ્રસન્ન થવાના કે નથી કોઇ પ્રકારનું ફળ આપવાના. પરંતુ તે ક્રિયાવખતે પોતાના જ ચિત્તમાં જેવા પ્રકારના તીવ્ર મંદ અધ્યવસાય ઉત્પન્ન થાય, તેવા પ્રકારનું ફળ પોતાને મળે છે. એટલે ફળમાં કારણ 'ભાવ' છે. આ ભાવને પ્રગટાવે છે ક્રિયા. અને ક્રિયામાં પ્રયોજક-આલંબન બને છે વીતરાગ.) તો મંત્રપૂર્વકની ઉપાસનારૂપ વિધિનું જે આલંબન બને, એ દેવતા. અર્થાત્ જે વ્યક્તિને અવલંબીને મંત્રયુક્ત ઉપાસનાની વિધિ થાય, તે વીતરાગ જ દેવતા છે. અહંકાર અને મમકાર કરવાના સ્વભાવવાળા સંસારી દેવો 'દેવગતિ' નામકર્મના ઉદયને કારણે દેવતરીકે છે. આ દેવો સરાગી છે. તેમની ઉપાસના સંસારમાં જ ભ્રમણ કરનારા સંસારરસિક જીવો સ્વશ્રદ્ધાથી કરે છે અને મોક્ષને પામેલા વીતરાગ દેવોની ભક્તિ સ્વશ્રદ્ધાથી મુમુક્ષુઓ કરે છે, એમ **યોગગ્રંથોમાં** પ્રસિદ્ધ છે. **યોગદૃષ્ટિ સમુચ્ચયમાં** કહ્યું જ છે કે → *'તત્કાયગામીઓ(=સંસારી દેવકાય=દેવગતિમાં જનારાઓ)ની ભક્તિ સંસારી દેવોપર જ હોય છે અને સંસારાતીત(=મોક્ષ) માર્ગે જવાવાળાઓની ભક્તિ સંસારથી અતીત થયેલાઓ(=મોક્ષ પામેલા) પર જ હોય છે.'*

વળી 'સ્વાહા' અને 'સ્વધા' આ બેમાંથી અન્યતર જ મંત્ર છે, તેવો એકાંત નથી, કારણ કે મંત્રન્યાસમાં નમઃ પદ પણ મંત્રતરીકે માન્ય છે, તેમ સંભળાય છે. (તેથી નૈયાયિકે કરેલા લક્ષણમુજબ તો 'પ્રેત' પણ દેવતા બને, કારણ કે પ્રેતને ઉદ્દેશીને નમઃમંત્રપૂર્વક ત્યાગ કરાય છે.) કહ્યું જ છે કે → *'(જિનબિંબમાં) મંત્રન્યાસ કરવો. પ્રણવ (ૐકાર) અને નમઃપદપૂર્વકનું તે ભગવાનનું નામ(જે ભગવાનના બિંબપર મંત્રન્યાસ કરાય તે ભગવાનનું નામ) મંત્રરૂપ છે. (દા.ત. ૐ નમઃ ઋષભાય) આ જ શ્રેષ્ઠ મંત્ર છે, કારણ કે નિશ્ચયથી આ જ (પ્રણવ અને નમઃ યુક્ત પરમાત્માનું નામ) મનન (ચિંતન-જાપ) યોગ્ય છે અને આ જ ત્રાણ(=રક્ષક) છે.'* (મનન કરાતું જે રક્ષણ કરે, તે મંત્ર એવી વ્યુત્પત્તિ છે.)

**मीमांसकस्तु**, इन्द्रविश्वेतनस्य सतोऽपि न देवतात्वम्, तद्धि देशनादेशितचतुर्थ्यन्तपदनिर्देश्यत्वम्। 'ब्राह्मणाय दद्यात्' इत्यादौ ब्राह्मणादेर्देवतात्ववारणाय देशनादेशितेति। देशना=वेदः, तेन यत्र यागे हविषि वा चतुर्थ्यन्तपदनिर्देश्यतया यो बोधितः, स तत्र देवता। 'ऐन्द्रं दधि भवति' इत्यादौ देवतातद्धितविधानादिन्द्रोऽस्य देवतेत्यर्थो, देवतात्वमत्र चतुर्थ्यन्तपदनिर्देश्यत्वमेवेति नान्योन्याश्रयः। 'इन्द्राय स्वाहा' इत्यादौ चतुर्थ्या देशना-देशितचतुर्थ्यन्तपदनिर्देश्यत्वमर्थः। इन्द्रपदं स्वपरं तादृशनिर्देश्यत्ववदिन्द्रपदकत्याग इति वाक्यार्थः। अत एव ब्राह्मणाय स्वाहेत्यादिर्न प्रयोगः, स्वाहादिपदयोगे देवताचतुर्थ्या एव साधुत्वेन ब्राह्मणादेर्निरुक्तदेवतात्वाभावात्। तत्र हि सम्प्रदानत्वबोधकचतुर्थ्येव। अत एव पृथक् सूत्रप्रणयनमपि। 'आकाशाय स्वाहा' इत्यादौ सम्प्रदानचतुर्थ्य-भावेऽपि 'नमः स्वस्ति' इत्याद्युपपदचतुर्थीसम्भवः। मन्त्रलिङ्गादिना च यत्र देवतात्वावगमस्तत्र ततस्तथा श्रुत्युन्नय-

---

આમ નૈયાયિકમાન્ય સ્વત્વ, દેવતાત્વ, મંત્રવગેરેની વ્યાખ્યાઓ વ્યર્થ સિદ્ધ થાય છે.

## દેવતાનું સ્વરૂપ - મીમાંસકમતે

(**મીમાંસકો** યજ્ઞ, યાગાદિમાં હોમના ઉદ્દેશ્યતરીકે જે જે દેવતાપદોનો ઉચ્ચાર થાય, તે પદરૂપ શબ્દોને જ દેવતા તરીકે સ્વીકારે છે. આમ તેમના મતે ત્યાં અચેતન શબ્દમય જ દેવતાઓ છે.) ઇન્દ્ર-વિશ્વેતન વગેરે સત્-વિદ્યમાન હોવા છતાં પ્રસ્તુતમાં દેવતારૂપ નથી. 'દેશનાદ્વારા દર્શાવાયેલા ચતુર્થીવિભક્તિઅંતવાળા પદોથી જેઓ નિર્દેશ્ય બને - જેઓનો નિર્દેશ થાય, તેઓ દેવતા છે.' દેવતાનું આ લક્ષણ છે. 'બ્રાહ્મણાય દદ્યાત્' વગેરે સ્થળોએ બ્રાહ્મણવગેરેમાં 'દેવતાપણું' ટાળવા ઉપરોક્ત લક્ષણમાં દેશનાદેશિત(=દેશનાદ્વારા દર્શાવાયેલા) એમ કહ્યું. 'બ્રાહ્મણાય દદ્યાત્' આ સ્થળે 'બ્રાહ્મણાય' પદ ચતુર્થીવિભક્તિવાળું હોવા છતાં દેશનાદેશિત નથી. દેશના=વેદ. તે(=વેદ) જે યાગ કે હોમમાં ચતુર્થીવિભક્તિઅંતવાળા પદથી જેનો નિર્દેશ્યતરીકે બોધ કરાવે છે, તે જ ત્યાં (યાગ કે હોમમાં) દેવતા છે. 'ઐન્દ્રં દધિ(=દહીં) ભવતિ(=થાય છે.)' અહીં ઇન્દ્રપદને ચતુર્થી વિભક્તિ નથી લાગી. છતાં પણ અહીં(ઐન્દ્ર' પદમાં) દેવતાતદ્ધિત(વ્યાકરણના તદ્ધિતપ્રકરણમાં દેવતાઅર્થે તદ્ધિતપ્રત્યય લાગવાની જે પ્રક્રિયા બતાવી છે તે દેવતાતદ્ધિત કહેવાય છે)નું વિધાન હોવાથી 'ઇન્દ્ર આનો દેવતા' એવો અર્થ પ્રાપ્ત થાય છે.

(પ્રસ્તુતમાં બે પ્રકારે અન્યોન્યાશ્રય દોષની કોઇ કલ્પના કરે (૧) 'ઇન્દ્રાય સ્વાહા' વગેરે સ્થળોએ 'દેશનાદેશિતચતુર્થી-વિભક્તિઅંતવાળા પદોથી ઇન્દ્રઆદિ કેમ નિર્દેશ્ય છે ? 'કારણ કે ઇન્દ્રો વગેરે દેવતા છે.' ઇન્દ્રો વગેરે દેવતા કેમ છે ? 'કેમકે તેઓ દેશનાદેશિત ચતુર્થીવિભક્તિઅંતવાળા પદથી નિર્દેશ્ય છે....' આ પ્રમાણે 'મગનલાલ ક્યાં રહે છે ? 'વડલાની બાજુમાં.' વડલો ક્યાં છે ? 'મગનલાલની ઘરની બાજુમાં.' આની જેમ અન્યોન્યાશ્રય દોષ છે. (૨) 'ઐન્દ્ર' પદમાં દેવતાતદ્ધિત જ છે તેવો નિર્ણય શી રીતે કર્યો ? કારણ કે ઇન્દ્ર દેવતા છે. ઇન્દ્ર દેવતા કેમ છે ? કારણ કે તેનો દેવતાતદ્ધિત થયો છે. અહીં પણ અન્યોન્યાશ્રય છે. આ ઉભયસ્થળકલ્પિત અન્યોન્યાશ્રયદોષ દૂર કરવામાં 'દેશનાદેશિતચતુર્થ્યંતપદથી નિર્દેશ્ય હોવું' એ જ નિયામક છે. દેશના=વેદ અનાદિસિદ્ધ છે. તેથી તેમાં રહેલા પદો પણ અનાદિસિદ્ધ છે. તે પદોની સિદ્ધિ ઇન્દ્રાદિના દેવતાપણાવગેરેપર અવલંબિત નથી. તેથી 'વેદમાં ઇન્દ્રવગેરે ચતુર્થીઅંતપદથી નિર્દેશ્ય કેમ છે ?' તેવો સવાલ જ સંભવતો નથી. અને અનાદિસિદ્ધ વેદ ઇન્દ્રવગેરેને ચતુર્થ્યંતપદથી નિર્દિષ્ટ કરે છે માટે તેઓનું દેવતાપણું પણ સિદ્ધ થાય છે. તે જ પ્રમાણે દેશનાદેશિત ચતુર્થ્યંતપદથી નિર્દેશ્ય હોવાથી ઇન્દ્ર દેવતા તરીકે સિદ્ધ થઇ ગયા પછી, 'ઐન્દ્ર'પદમાં દેવતાતદ્ધિત કેમ છે ? તે પ્રશ્નને અવકાશ જ રહેતો નથી. માટે ત્યાં પણ અન્યોન્યાશ્રયદોષ નથી. આ આશયથી **ટીકામાં** 'દેવતાત્વમત્ર' ઇત્યાદિ કહ્યું લાગે છે.)

તેથી પ્રસ્તુતમાં ચતુર્થ્યંતપદથી નિર્દેશ્યતા જ દેવતાત્વ છે. માટે અન્યોન્યાશ્રયદોષ નથી. 'ઇન્દ્રાય સ્વાહા' વગેરે સ્થળે ચતુર્થી વિભક્તિનો 'વેદસૂચિત ચતુર્થીવિભક્તિઅંતવાળા પદથી નિર્દેશ્યપણું' એવો અર્થ કરવાનો છે. 'ઇન્દ્ર'પદ સ્વપરક=તાદૃશનિર્દેશ્યરૂપ છે. તેથી ''તાદૃશ=વેદસૂચિત ઇત્યાદિરૂપ નિર્દેશ્યતાવાળું જે 'ઇન્દ્ર' પદ છે, તે

नाद्देशनादेशितत्वम्। इत्थमेवेन्द्राय स्वाहेत्येव प्रयोगः, न तु शक्राय स्वाहेति पर्यायान्तरेणापीत्यचेतनैव देवता। **यद्** 'अग्नये प्रजापतये च०' इत्यादौ देवताद्वयकल्पने गौरवाद्वाक्यभेदप्रसङ्गाच्च चकारबलाच्च विशिष्टस्यैव देवतात्वं, 'अग्निप्रजापतिभ्यां स्वाहा' इत्येव प्रयोगः। धृतिहोमे धृतित्वादेर्देवतात्वरक्षायै चतुर्थ्यन्तमितिचतुर्थ्यन्ततेत्यर्थकं, 'धृतिः स्वाहा' इत्यादौ प्रथमाया एव चतुर्थ्यर्थविधानात्। **अथ** देवतोद्देशेन हविस्त्यागो देवतानिष्ठकिञ्चिज्जनकस्तत्स्वरूपाजनकत्वे सति तदुद्देशेन क्रियमाणत्वात्, ब्राह्मणोद्देश्यकत्यागवत्। घृतोद्देशेन क्रियमाणे दध्नि व्यभिचारवारणाय सत्यन्तम्। तच्च **परिशेषात्**स्वामित्वादि। इति सिद्धं देवताचैतन्यमिति चेत् ? **न,** अप्रयोजकत्वात्, तन्निष्ठकिञ्चिज्जननाय क्रियमाणत्वस्यौपाधिकत्वाच्च। न हि हविस्त्यागो देवतानिष्ठकिञ्चिदुद्देशेन क्रियते किन्तु

પદસંબંધી ત્યાગ'' એવો વાક્યાર્થ થયો. તેથી જ 'બ્રાહ્મણાય સ્વાહા' ઇત્યાદિ પ્રયોગ થતા નથી. કારણ કે 'સ્વાહા' વગેરે પદના યોગમાં દેવતાસંબંધી ચતુર્થી વિભક્તિ જ યોગ્ય છે. બ્રાહ્મણવગેરે ઉપરોક્ત લક્ષણવાળા દેવતા નથી. તેથી ત્યાં દેવતાચતુર્થી નથી, પણ (સંપ્રદાન કારકના બોધઅર્થે) સંપ્રદાનત્વબોધક જ ચતુર્થી છે. તેથી જ વ્યાકરણમાં પણ દેવતાચતુર્થી, સંપ્રદાનચતુર્થી વગેરે અંગે અલગ-અલગ સૂત્રો બનાવ્યા છે. 'આકાશાય સ્વાહા' અહીં દેશનાદેશિતચતુર્થી ન હોવાથી-આકાશ દેવતા ન હોવાથી, દેવતાચતુર્થી નથી. તેમ જ આકાશવગેરેને સંપ્રદાન સંગત ન હોવાથી સંપ્રદાનચતુર્થી પણ નથી. તેથી તેવા સ્થળોએ 'નમઃ સ્વસ્તિ' વગેરે સૂત્રથી ઉપપદચતુર્થી સમજવી.

મંત્ર, લિંગવગેરેથી જ્યાં 'દેવતાત્વ'નો બોધ થયો હોય, ત્યાં મંત્ર-લિંગાદિથી તેવા પ્રકારની શ્રુતિ (=વેદવાણી)ની કલ્પના થતી હોવાથી ત્યાં દેશનાદેશિતચતુર્થી જ સમજવી અને દેવતાત્વ પણ દેશનાદેશિત જ સમજવું. આમ હોવાથી જ, 'ઇન્દ્રાય સ્વાહા' તેવો જ પ્રયોગ થાય, પણ 'શક્રાય સ્વાહા' તેવો પ્રયોગ ન થાય, અહીં શક્રપદ ઇન્દ્રપદનો પર્યાયવાચી હોવા છતાં, ઇન્દ્રપદસંબંધી જે શ્રુતિ છે, તેનું સ્મરણ શક્રપદથી થઇ શકતું નથી. આમ 'ઇન્દ્ર' પદ અને 'શક્ર' પદથી સૂચિત ઇન્દ્ર વ્યક્તિ એક હોવા છતાં, તે બે પદમાં તફાવતના કારણે 'ઇન્દ્રાય સ્વાહા' તેવો પ્રયોગ થાય અને 'શક્રાય સ્વાહા' તેવો પ્રયોગ ન થાય. આ વાત પદનું મહત્ત્વ સૂચવે છે. તેથી ફલિત થાય છે કે પ્રસ્તુતમાં ઇન્દ્રાદિ તે-તે અચેતનપદો જ દેવતા તરીકે અભીષ્ટ છે, નહિ કે ઇન્દ્રાદિ ચેતનવ્યક્તિ.

'અગ્નયે પ્રજાપતયે ચ' ઇત્યાદિ પ્રયોગમાં બે પદથી બે દેવતાની કલ્પના કરવામાં ગૌરવ છે. વળી બે દેવ કલ્પવામાં બે માટે અલગ અલગ 'સ્વાહા' આદિની કલ્પના કરવાથી વાક્યભેદનો પ્રસંગ છે. તથા 'ચ'કાર પદના બળથી વિશિષ્ટનું જ દેવતાપણું સૂચિત થતું હોવાથી 'અગ્નિપ્રજાપતિભ્યાં સ્વાહા' એવો પ્રયોગ જ સંગત છે. ધૃતિહોમ વગેરેમાં ધૃતિત્વવગેરેને દેવતાતરીકે ઉપપન્ન કરવા 'ચતુર્થ્યંત' એ પદનો 'ચતુર્થ્યંતના અર્થવાળાપણું' તેવો અર્થ કરવો. 'ધૃતિઃ સ્વાહા' વગેરે સ્થળે ધૃતિવગેરે પ્રથમાંતપદ હોવાથી ત્યાં પ્રથમવિભક્તિ ચતુર્થીવિભક્તિઅર્થે સમજવી અને 'ધૃતિ' વગેરે પદને દેશનાદેશિત દેવતા સમજવા એવું તાત્પર્ય છે.

**શંકા :-** દેવતાના ઉદ્દેશથી કરાતો હવિ(=હોમ)નો ત્યાગ દેવતામાં કશુંક ઉત્પન્ન કરે છે, કારણ કે આ ત્યાગ દેવતાના સ્વરૂપનો જનક ન હોવા છતાં, દેવતાના ઉદ્દેશથી કરાતો હોય છે. જેમ બ્રાહ્મણને ઉદ્દેશીને કરાતો ત્યાગ બ્રાહ્મણમાં ત્યાગેલી વસ્તુના સ્વામિપણાનો ભાવ ઊભો કરે છે. તેમ દેવના ઉદ્દેશથી કરાતો ત્યાગ દેવમાં ત્યાગેલી વસ્તુના સ્વામિપણાનો ભાવ ઉત્પન્ન કરે છે. 'સ્વામિપણાનો ભાવ ઉત્પન્ન થાય છે' એ તાત્પર્ય **પારિશેષ**ન્યાયથી સિદ્ધ થાય છે. કારણ કે બીજું કશું ઉત્પન્ન થવાની શક્યતા નથી. અહીં 'સ્વરૂપનો જનક ન હોવા છતાં' એમ એટલામાટે કહ્યું કે, ઘીના ઉદ્દેશથી ત્યાગ કરાતા દહીંમાં વ્યભિચાર અટકાવવો છે. ઘીના ઉદ્દેશથી દહીંનો જે ત્યાગ કરાય છે, તે તો ઘીના સ્વરૂપનો જનક છે. તેથી તેનું અહીં ગ્રહણ નહીં થાય. આમ દેવતામાં હોમ વગેરેનું સ્વામિપણું સિદ્ધ થાય છે.

स्वनिष्ठफलोद्देशेन, 'शिवाय गां दद्यात्' इत्यादौ तूद्देश्यत्वे भाक्ता चतुर्थी, ददातिस्त्यागमात्रपर इति नानुपपत्तिरित्याह। **तदसत्** चतुर्थ्यन्तपदस्य देवतात्वे मानाभावात्, चतुर्थीं विनापि 'इन्द्रो देवता' इति व्यवहारात्। 'अग्नये कव्यंवाहाय॰' इत्यादौ देवताद्वयप्रसङ्गात्। 'इन्द्रः सहस्राक्ष' इत्यर्थवादस्य 'इन्द्रमुपासीत' इति विधिशेषतया स्वर्गार्थिवादवत्प्रामाण्यात्। इन्द्रायेत्यादौ श्रुतपदेनैव त्यागस्य फलहेतुताया वचनसिद्धत्वात्। *'तिर्यक्पङ्गु-विव्यार्षेयदेवतानामधिकार'* इति **जैमिनीयसूत्रस्यैव** देवताचैतन्यसाधकत्वाच्च, अचैतन्येऽधिकाराप्रसक्त्या तन्निषेधानौचित्यात्। सूत्रार्थश्चैवम्-तिरश्चां विशिष्टान्तःसंज्ञाविरहात्, पङ्गोः=प्रचरणाभावात्, तिस्रः=दृष्टिश्रुतिवाचः

---

અને આ સ્વામિપણું દેવતાને ચૈતન્યયુક્ત માનવાથી જ ઉપપન્ન થાય છે.

**સમાધાન :-** સ્વામિતાની સિદ્ધિ દેવતાના ચૈતન્યની કલ્પનામાટે પ્રયોજક નથી=સમર્થ નથી. અર્થાત્ અચેતનમાં પણ સ્વામિતા હોય તેમ માનવામાં કોઇ બાધક નથી. અથવા 'દેવતાના ઉદ્દેશથી કરાતો ત્યાગ દેવતામાં કશુંક ઉત્પન્ન કરે જ' તેવો નિયમ નથી. ત્યાગ કરનારને ભલે ત્યાગનું ફળ મળે, પણ જેના ઉદ્દેશથી ત્યાગ કરાય, તેને તે મળે જ, તેનું તેમાં સ્વામિપણું ઉત્પન્ન થાય જ, એવો નિયમ નથી. કારણ કે જેને ઉદ્દેશીને ત્યાગ કરાયો હોય, તેને એ ત્યાગનો ખ્યાલ ન હોય, તો પોતાને તે ત્યાગેલી વસ્તુના સ્વામી તરીકે શી રીતે કલ્પી શકે ? વળી આ ત્યાગમાં જેને ઉદ્દેશીને ત્યાગ કરાય છે, તેનામાં આ ત્યાગથી કશુંક ઉત્પન્ન કરવા ત્યાગ કરાય એ ઉપાધિ છે. અર્થાત્ ત્યાગ કરનારો, ત્યાગના ઉદ્દેશ્યમાં સ્વામિત્વ ઉત્પન્ન કરવાની બુદ્ધિથી ત્યાગ કરતો હોય, તો જ તે ત્યાગ તે ઉદ્દેશ્યમાં 'સ્વામિત્વ' ઉત્પન્ન કરી શકે, અન્યથા નહિ. અર્થાત્ બધા જ ત્યાગ ઉદ્દેશ્યમાં કંઇક ઉત્પન્ન કરવાની બુદ્ધિથી થાય છે, તેવો નિયમ નથી. જે ત્યાગ ઉદ્દેશ્યમાં કંઇક ઉત્પન્ન કરવાની બુદ્ધિથી થાય, તે જ ત્યાગથી ઉદ્દેશ્યમાં 'સ્વામિત્વ' આદિ કંઇક ઉત્પન્ન થાય. યજ્ઞમાં હોમ કરનારો કંઇ દેવતામાં ત્યાગનું ફળ ઉત્પન્ન કરવા ત્યાગ નથી કરતો, પરંતુ પોતાનામાં ફળ ઉત્પન્ન થાય તે માટે ત્યાગ કરે છે. માટે આ ત્યાગના બળપર દેવતામાં સ્વામિત્વ અને તેથી ચૈતન્ય સિદ્ધ થતું નથી. 'શિવાય ગાં દદ્યાત્'(=શિવને ગાય આપવી જોઇએ) ઇત્યાદિ સ્થળે અલબત્ત, શિવવગેરેમાં ગાયવગેરેની સ્વામિતા ઉત્પન્ન કરવા ત્યાગ કરાય છે, પરંતુ ત્યાં દેશનાદેશિત ચતુર્થી નથી, પરંતુ ગૌણ ચતુર્થી છે. ('દા' ધાતુના ઉપપદથી પ્રાપ્ત ચતુર્થી છે.) અને અહીં 'દા' ધાતુ માત્ર ત્યાગઅર્થક જ છે. તેથી અનુપપત્તિ નથી.

## મીમાંસકમતનિરાસ

મીમાંસકોની આ વાત પાયા વિનાની છે. ચતુર્થીવિભક્તિવાળું પદ જ દેવતા હોય તેમ માનવામાં કોઇ પ્રમાણ નથી. કારણ કે ચતુર્થીવિભક્તિ વિના પણ 'ઇન્દ્રો દેવતા' ઇત્યાદિ વ્યવહાર થાય જ છે. વળી શબ્દમય દેવતા માનશો, તો 'અગ્નયે કવ્યંવાહાય' ઇત્યાદિ સ્થળે બે શબ્દ હોવાથી બે દેવતા માનવાનો પ્રસંગ આવશે. વાસ્તવમાં તો ત્યાં અગ્નિરૂપ એક દેવતા જ માન્ય છે. વળી 'ઇન્દ્રની ઉપાસના કરવી જોઇએ' એ વિધિના શેષ તરીકે 'સ્વર્ગના અર્થીએ' એવો અર્થવાદ પ્રમાણભૂત ગણાય છે. તેથી 'સ્વર્ગના ઇચ્છુકે ઇન્દ્રની ઉપાસના કરવી જોઇએ' તેવા તાત્પર્યનો બોધ થાય છે. આ અર્થવાદ જેમ માન્ય છે, તેમ 'ઇન્દ્ર સહસ્રાક્ષ છે'(=હજાર આંખવાળો) એવો અર્થવાદ પણ માન્ય છે. (અર્થવાદ સ્તુતિ કે નિંદારૂપ હોય અને વિધિ કે નિષેધમાં પ્રયોજક બને.) આ અર્થવાદ તો જ સિદ્ધ થાય, જો 'ઇન્દ્ર' અને 'સહસ્રાક્ષ' આ બે પદથી એક જ વાચ્ય બને. જો શબ્દમય જ દેવતા હોય, તો આ બન્ને પદથી બે ભિન્ન દેવતા જ સિદ્ધ થાય, કારણ કે પદરૂપે તે બન્ને ભિન્ન છે અને તો ઉપરોક્ત અર્થવાદ અસંગત ઠરે. વળી 'ઇન્દ્રાય' ઇત્યાદિ પ્રયોગમાં 'ઇન્દ્રાય' એવા શ્રુતિપદથી જ ઉદ્દેશ્યમાં સ્વામિત્વફળને ઉત્પન્ન કરવામાં ત્યાગ હેતુ છે તેમ સૂચિત થઇ જાય છે. આમ તે વચનસિદ્ધ છે. (**જૈમિનીએ** જ શ્રુતિ-લિંગ વગેરેમાં પૂર્વ પૂર્વને ઉત્તર ઉત્તર કરતાં બળવત્તર બતાવ્યા છે.) તેથી **મીમાંસકે**

आर्षेया=ऋत्विग्योग्या विमुख्या येषामन्धबधिरमूकानां, दर्शनश्रवणोच्चारासमर्थानामिति-वित्र्यार्षेयाणामिति। त्रिप्रवराणामेवाधिकारो नत्वेकद्विचतु:प्रवरादीनां देवतानाम्, अनधिकारश्चाभेदेन सम्प्रदानत्वायोगात्। **एतेन** देशनादेशितचतुर्थ्यन्तपदनिर्देश्यत्वस्य तादृशपदबोध्यत्वरूपस्येन्द्रादिपदेऽसम्भवात्तादृशपदविशिष्ट इन्द्रादिश्चेतन एव। देवताविशेषणस्येन्द्रादिपदस्याचेतनत्वाद्देवताया अचैतन्यव्यवहार इति **मिश्रोक्तमीमांसकमत**मप्यपास्तम्। विशेषस्यैव देवतात्वसम्भवे विशेषणदेवतात्वे मानाभावात्, तत्तद्बीजाक्षराणामानन्त्येन तेषां चतुर्थ्यन्तत्वाभावेन च देवतात्वायोगात्। न च तवापि देवताशरीराणामानन्त्यं बाल्यादिना भिन्नशरीरेषु चैत्रत्वादिवदिति **वाच्यम्**।

---

સ્વામિત્વફળની ઉત્પત્તિમાં જે અપ્રયોજકત્વ અને ઉપાધિ બતાવી તે પણ અસંગત છે. તથા *'તિર્યક્પંગુ...'* ઇત્યાદિ **જૈમિનીય સૂત્ર** પણ દેવતાના ચૈતન્યની જ સિદ્ધિ કરે છે, કારણ કે આ સૂત્ર અમુક દેવનો અધિકાર બતાવે છે, બીજાઓનો નિષેધ કરે છે. અચેતન વસ્તુને તો અધિકાર જેવું કશું હોતું જ નથી. તેથી આ સૂત્રથી જે નિષેધ થાય છે, તે અચેતન અંગે તો ઉચિત ઠરે જ નહિ અને અમુક પ્રકારના ચેતનના નિષેધથી તદ્ભિન્ન ચેતનદેવનો અધિકાર જ અર્થસિદ્ધ થાય છે. 'તિર્યક્પંગુ' ઇત્યાદિ સૂત્રનો અર્થ આવો છે - તિર્યક્=તિર્યંચ (વિશિષ્ટઆંતર સંજ્ઞાનો અભાવ હોવાથી), પંગુ (ફરતા ન હોવાથી) ત્રણ - દૃષ્ટિ(આંખ), શ્રુતિ(=કાન) અને વાચ(=મુખ) આ ત્રણ. આર્ષેય - ઋત્વિજ્યોગ્ય વિ=વિમુખ્ય. દર્શન, શ્રવણ અને ઉચ્ચારમાં અસમર્થ એવા જે અંધ-બધિર-મૂકોના દૃષ્ટિ-શ્રુતિ અને વાચ વિમુખ્ય ઋત્વિજયોગ્ય છે, તેઓ વિત્ર્યાર્ષેય કહેવાય. આમ ત્રિપ્રવર(=આંખઆદિ ત્રણ પ્રવરવાળા) દેવોનો જ અધિકાર છે, નહિ કે એક, બે કે ચાર પ્રવરોનો. આ દેવોનો અધિકાર એટલા માટે નથી કે, આ દેવોમાં અભેદથી સંપ્રદાનનો યોગ નથી.

## વાચસ્પતિમિશ્રના મતનું ખંડન

**મિશ્ર :-** તેવા પ્રકારના પદથી બોધ્યપણુંરૂપ દેશનાદેશિત ચતુર્થ્યંતપદથી નિર્દેશ્યતા(=તે પદથી બોધ્યતા) ઇન્દ્રાદિપદમાં સંભવી શકે નહિ. (કારણ કે પદ તો બોધક છે નિર્દેશક છે.) આમ નિર્દેશ્યતા તદ્પદવાચ્ય ઇન્દ્રાદિ પદાર્થમાં છે. તેથી તેવા પદથી વિશિષ્ટ(=વાચ્ય) ઇન્દ્રવગેરેને ચૈતન્યયુક્ત દેવતા માનવા જ સુસંગત છે. છતાં પણ ઇન્દ્રાદિ આ દેવતાઓના વિશેષણરૂપ 'ઇન્દ્ર' વગેરે પદો અચેતન હોવાથી દેવતામાં પણ અચેતનનો જ વ્યવહાર થાય છે.

**ઉત્તરપક્ષ (જૈન) :-** જ્યારે 'ઇન્દ્ર'વગેરે ચૈતન્યયુક્ત વિશેષ્ય પોતે જ દેવતારૂપ હોય, ત્યારે તેઓના વિશેષણભૂત 'ઈન્દ્ર'વગેરેપદોને દેવતારૂપ કલ્પવામાં કોઇ પ્રમાણ નથી. વળી દેવતાઓના વિશેષણીભૂત તે તે 'બીજ' અક્ષરો અનંતા છે. તે બધાને કંઇ દેશનાદેશિત ચતુર્થીવિભક્તિ લાગતી નથી, તેથી પણ એ બધાને દેવતારૂપ માની શકાય નહિ. દેવતાના વિશેષણીભૂત બીજાક્ષરો જો દેવતા તરીકે ઇષ્ટ ન હોય, તો 'ઇન્દ્ર' વગેરે પદોને પણ શા માટે દેવતારૂપ કલ્પી શકાય ? - તેવો આશય લાગે છે. (વળી, ચૈતન્યવાળા તે-તે દેવતાના અભિધાયક તે-તે પદને દેવતારૂપ માની અચેતન દેવતા માનવામાં આપત્તિ એ છે કે એવા તો દેવતા અભિધાયક ઐં વગેરે અનંત બીજાક્ષરો છે. તો આમ તો અનંત દેવતા માનવાનું ગૌરવ છે. જો 'ચતુર્થીઅંત ન હોવાથી બીજાક્ષરોમાં દેવતાપણું નહીં આવે' એમ કહેશો, તો અમારું કહેવું એ જ છે કે દેવતાત્વથી રહિત બીજાક્ષરો જો ચેતનદેવતાના વિશેષણ બની શકતા હોય, એટલે કે પદાત્મક દેવતા માન્યા વિના પણ તે પદોથી તે-તે દેવો નિર્દિષ્ટ થઇ શકતા હોય, તો ચતુર્થ્યંતવાળા બીજા પદોને પણ દેવતા માનવાની શી જરૂરત છે ? કારણ કે એમ માન્યા વિના પણ તે પદોદ્વારા તે-તે ચેતન દેવ નિર્દિષ્ટ થાય જ છે. આવો પણ આશય સંભવી શકે.)

**પૂર્વપક્ષ :-** એમ તો તમારે પણ ચેતન દેવતા માનશો તો દેવતાઓના અનંત શરીર માનવારૂપ ગૌરવ છે જ.

देवताचैतन्यसिद्धौ देवतात्वेन्द्रत्वचन्द्रत्वजातेरदृष्टविशेषोपगृहीतत्वस्य चानुगतत्वात्। ईश्वरे च देवतात्वे मानाभावादीशानादेः कर्मफलभोक्तुर्जीवभूतस्यैव देवतात्वात्। *'ईश्वरीयाहुतिश्रुतेरपीशानपरत्वादाकाशाहुतिश्रुतिरपि तदधिष्ठातृदेवपरा'* इति **न्यायमालायाम्**।

अदृष्टविशेषोपग्रहो देवगतिनामकर्मोदयो देवताव्यवहारप्रयोजकः। तीर्थकरनामकर्मोदयश्च देवाधिदेवव्यवहारप्रयोजक उपासनाफलप्रयोजकश्च। मन्त्रमयदेवतानयश्च समभिरूढनयभेदस्तदुपजीव्युपचारो वा, यमादाय संयतानामपि देवतानमस्कारौचित्यमित्ययं सम्प्रदायाविरुद्धोऽस्माकं मनीषोन्मेषः, तत्सिद्धमेतद् 'वीतरागोद्देशेन द्रव्यस्तवोऽपि भावयज्ञ एव' इति ॥ ३४॥ भावापद्विनिवारणगुणेन कृतां स्थापनामेव द्रढयति–

---

જેમકે બાળપણ વગેરેથી ભિન્ન થયેલા શરીરોમાં રહેલું ચૈત્રત્વ. (એકના એક 'ચૈત્ર' વ્યક્તિના બાળપણ આદિભેદથી અનેક શરીરો હોય છે. તેમ દેવતાને ચેતન માનવાથી તેઓના પણ અનંત શરીરો માનવારૂપ આપત્તિ છે. તેવો આશય છે.)

**ઉત્તરપક્ષ :-** શરીરોનું અનંતપણું હોય તો પણ, એકવાર દેવોનું ચૈતન્ય સિદ્ધ થઇ ગયા પછી, તે ગૌરવ ફળમુખ હોવાથી દોષરૂપ નથી. વળી અદૃષ્ટવિશેષથી ઉપકૃત દેવતાત્વ, ચંદ્રત્વ, ઇન્દ્રત્વ વગેરે જાતિઓ અનુગત હોવાથી ગૌરવ નહિ રહે. (શરીરો અનંત હોવા છતાં તે બધા શરીરોમાં એકરૂપે રહેલી જાતિઓની કલ્પનાથી ગૌરવ નથી - એવો ભાવ છે.) ઈશ્વરને દેવતા માનવામાં કોઇ પ્રમાણ નથી; કારણ કે વેદવગેરેમાં પણ જ્યાં 'ઈશાન' આદિ પદો છે, ત્યાં કર્મફળ ભોગવતા જીવ રૂપ જ દેવતા ઇષ્ટ છે. - જીવાત્મારૂપ જ દેવતા ઇષ્ટ છે. તેથી **ન્યાયમાળામાં** કહ્યું છે કે → *'ઈશ્વર સંબંધી આહુતિની શ્રુતિ ઈશાન(=કર્મફળભોક્તા જીવરૂપ દેવતા) પરક છે, અને આકાશ સંબંધી આહુતિની શ્રુતિ પણ આકાશના અધિષ્ઠાયક દેવપરક જ છે.'*

## દેવાધિદેવ ઉપાસનાફળપ્રયોજક

દેવતાત્વ વગેરે અનુગતજાતિઓ અદૃષ્ટવિશેષથી ઉપકૃત છે, તેમ જે કહ્યું; તેમાં દેવતા તરીકેના વ્યવહારમાં પ્રયોજક દેવગતિનામકર્મના ઉદયને જ 'અદૃષ્ટવિશેષોપગ્રહ' તરીકે સમજવાનું છે. (**તાત્પર્ય :-** દેવગતિનામકર્મના ઉદયથી દેવભવમાં રહેલો જીવ દેવતાતરીકે ઓળખાય છે.) અને 'દેવાધિદેવ'વ્યવહારમાં પ્રયોજક તથા ઉપાસનાના ફળમાં પ્રયોજક તરીકે તીર્થંકરનામકર્મનો ઉદય માન્ય છે. અર્થાત્ તીર્થંકરનામકર્મના ઉદયવાળા જિનેશ્વરો 'દેવાધિદેવ' કહેવાય છે. એમના આ ઉત્કૃષ્ટતમ તીર્થંકર નામકર્મના ઉદયનો પ્રભાવ જ એવો છે કે તીર્થંકરની ઉપાસના કરનારાને વિશિષ્ટ ફળની પ્રાપ્તિ થાય છે. મંત્રમયદેવતા સ્વીકારતો નય સમભિરૂઢનયનો એક ભેદ છે, અથવા તેનાપર અવલંબિત ઉપચારવિશેષ છે. (મનન કરાતા દેવાધિદેવ કુવાસના, કષાય, કર્મ અને કુગતિથી ત્રાતા=રક્ષણ કરતા હોવાથી અને પર્યાયવાચી શબ્દોને નહીં માનતો સમભિરૂઢનય શબ્દની વ્યુત્પત્તિને પ્રધાન કરતો હોવાથી આ નયમતે મંત્રમય દેવતા ગણી શકાય. 'નમો દેવાધિદેવાય' ઇત્યાદિ મંત્રોમાં દેવાધિદેવ આદિ પદો મંત્રમય દેવતારૂપ છે ઇત્યાદિ **તાત્પર્ય** લાગે છે.) આ નયનો સ્વીકાર કરીને સંયતો પણ દેવતાને નમસ્કાર કરે તે ઔચિત્યસભર જ છે. સંપ્રદાય(=સુવિહિત પરંપરા)ની સાથે વિરોધ ન આવે તે પ્રમાણેની આ વિચારણા અમારી પ્રતિભામાં સ્ફુરી છે, તેમ **પૂ. ઉપાધ્યાયજી મ.** કહે છે. (ઐં નમઃ ઇત્યાદિસ્થળે શ્રુતદેવતાવગેરેના મંત્રમયસ્વરૂપને જ આગળ કરી સાધુઓ નમસ્કારપૂર્વક જાપ કરે છે, તેથી સર્વવિરતદ્વારા અવિરત દેવોને નમસ્કાર કે તેઓનો જાપ શી રીતે થઇ શકે ? તેવી શંકાને અવકાશ રહેતો નથી. સમભિરૂઢનય વ્યુત્પત્તિભેદથી પર્યાયવાચી શબ્દોમાં ભેદ માને છે. મંત્રોમાં પણ જે વર્ણમય મંત્ર હોય, તેથી ભિન્ન સમાનાર્થી પણ વર્ણાદિ માન્ય હોતા નથી. દેવોનું જેમ ભોગાદિ કે અવિરતત્વસ્વરૂપ છે, તેમ મંત્રમય સ્વરૂપ પણ છે. સાધુઓ મનનથી ત્રાતૃત્વાદિ મંત્રાદિરૂપ વ્યુત્પત્તિદ્વારા તેરૂપે દેવને અન્યરૂપે દેવથી ભિન્ન ગણી શકે. આમ દેવતાનાં મંત્રજાપ-નમસ્કાર થવા છતાં અવિરતવગેરેને નમસ્કારાદિની આપત્તિ રહેતી નથી. આવો આશય સંભવતો લાગે છે.) આમ સિદ્ધ થાય છે કે, 'વીતરાગના ઉદ્દેશથી કરાતો દ્રવ્યસ્તવ પણ ભાવયજ્ઞ જ છે.'॥ ૩૪॥

**सम्यग्दृष्टिरयोगतो भगवतां सर्वत्र भावापदं,**
**भेत्तुं तद्भवने तदर्चनविधिं कुर्वन्न दुष्टो भवेत्।**
**वाहिन्युत्तरणोद्यतो मुनिरिव द्रव्यापदं निस्तरन्,**
**वैषम्यं किमिहेति हेतुविकल: शून्यं परं पश्यतु ॥ ३५ ॥**

(**दंडान्वय:→** सम्यग्दृष्टिर्भगवतामयोगत: सर्वत्र भावापदं भेत्तुं तद्भवने तदर्चनविधिं कुर्वन् द्रव्यापदं निस्तरन् वाहिन्युत्तरणोद्यतो मुनिरिव दुष्टो न भवेत्। इह किं वैषम्यम् ? इति हेतुविकल: परं शून्यं पश्यतु ॥)

'सम्यग्दृष्टि:' इति। सम्यग्दृष्टि *भगवतां*=तीर्थकृता *मयोगत:*=विरहा *त्सर्वत्र*=सर्वस्थाने भावापदं भेत्तुं *तद्भवने*= भगवदायतने च *तदर्चनविधिं*=विहितां भगवत्पूजां कुर्वन्न *दुष्टो*=न दोषवान्भवेत्। क इव ? द्रव्यापदमन्यतो विहारायोगरूपां *निस्तरन्*=निस्तरणकामो *वाहिन्या:*=नद्या उत्तरणे *उद्यत:*=कृतोद्यमो मुनिरिव। इहोक्तस्थानयो: किं वैषम्यम् ? अल्पव्ययबहुलाभयोराज्ञायोगस्य तत्तदधिकार्यौचित्यस्य च तुल्यत्वात्। एकत्र नित्यत्वं कारण-नित्यत्वात्, अन्यत्र नैमित्तिकत्वं च निमित्तमात्रापेक्षणादित्यस्योपपत्तेरिति पर्यनुयोगे *हेतुविकल:*=प्रत्युत्तरदानासमर्थ: *परं*=केवलं शून्यं *पश्यतु*=दिङ्मूढस्तिष्ठत्वित्यर्थ: ॥ ३५ ॥ वैषम्यहेतुमाशङ्क्य निराकरोति–

---

## જિનપૂજામાં ભાવાપત્તિનિવારણ ગુણ

ભાવઆપત્તિ દૂર કરવાના ગુણ - ઉપકારને કારણે કરાયેલી સ્થાપનાને જ દ્રઢ કરતા કવિ કહે છે—

**કાવ્યાર્થ :-** ભગવાનના વિરહમાં સર્વત્ર ભાવઆપત્તિ છે. આ ભાવઆપત્તિને ભેદવા જ સમ્યગ્દષ્ટિ જીવ જિનપ્રતિમાની પૂજા કરે છે. માટે તે સમ્યગ્દષ્ટિ જીવ દુષ્ટ(=હિંસાદિદોષયુક્ત) ઠરતો નથી. દા.ત. દ્રવ્યાપત્તિને દૂર કરવા નદી ઉતરવા ઉદ્યત થયેલો સાધુ. અહીં (ભાવાપદ્નિવારકપૂજામાં અને દ્રવ્યાપદ્નિવારક નદીઉત્તરણમાં) શું વિષમતા-તફાવત છે ? આ તફાવત દર્શાવવાના હેતુ-કારણોથી રહિત (ઉત્તર આપવામાં અસમર્થ) પ્રતિમાલોપક માત્ર શૂન્યને નીરખ્યા કરે, અર્થાત્ દિગ્મૂઢ બની ઊભો રહે.

પિતાની ગેરહાજરીમાં પિતાની છબીની પૂજા-ભક્તિ કરતા પિતૃભક્ત પુત્રપ્રત્યે પ્રાજ્ઞ પુરુષો પ્રશંસાના પુષ્પો પાથરે છે. તેમ સમ્યગ્દષ્ટિ જીવ પ્રભુની ગેરહાજરીમાં પ્રભુનો પ્રાસાદ બનાવી તેમાં પ્રભુની પ્રતિમા પધરાવી પૂજા કરવાદ્વારા પ્રભુના વિરહની પીડા હળવી બનાવે, તેમાં ખોટું શું કરે છે ? ભગવાનના વિરહરૂપ ભાવઆપદાને ટાળવા આનાથી રૂડું બીજું કયું સાધન ગૃહસ્થમાટે હોઇ શકે ? અન્ય સ્થળથી વિહારનો અસંભવઆદિરૂપ દ્રવ્યઆપદાને ટાળવા નદી ઊતરતો સાધુ દોષપાત્ર નથી એ તો પ્રતિમાલોપકને પણ સંમત છે. આમ દ્રવ્યાપદ્ દૂર કરવા સાધુ નદી ઉતરે છે, તો ભાવઆપદ્ દૂર કરવા ગૃહસ્થ જિનપૂજા કરે છે. બંને સ્થળે (૧) અલ્પવ્યય બહુલાભ (૨) આજ્ઞાયોગ અને (૩) તે-તે ક્રિયાના અધિકારીની ઉચિતતા તુલ્યરૂપે છે. જિનવિરહરૂપ ભાવઆપત્તિ નિત્ય હોવાથી પૂજાકૃત્ય નિત્ય છે. અન્યત: વિહારના અસંભવરૂપ દ્રવ્યઆપત્તિ ક્વચિત્ હોવાથી તન્નિમિત્તક નદીઉતરણ પણ ક્વચિત્ છે - તેથી વિષમતા નથી. તેથી આ બેમાં વિષમતા=ફેર શો છે ? અહીં બન્ને વચ્ચે તફાવત બતાવવામાં અસમર્થ બનેલો પ્રતિમાલોપક દિગ્મૂઢ થયા વગર રહે નહીં. ॥ ૩૫ ॥

## રાગપ્રાપ્ત નદીઉત્તરણમાં સંખ્યાનિયમ

ભેદના હેતુની આશંકા કરી તે આશંકા દૂર કરે છે—

नो नद्युत्तरणे मुनेर्नियमनाद्वैषम्यमिष्टं यत:,
पुष्टालम्बनकं न तन्नियमितं किन्तु श्रुते रागजम्।
अस्मिन् सत्त्ववधे वदन्ति किल येऽशक्यप्रतीकारतां,
तैर्निन्दामि पिबामि चाम्भ इति हि न्याय: कृतार्थ: कृत:॥ ३६॥

(दंडान्वय:→ मुनेर्नद्युत्तरणे नियमनाद् वैषम्यमिष्टं इति नो, यत: श्रुते पुष्टालम्बनकं तन्न नियमितं किन्तु रागजम्। अस्मिन् सत्त्ववधे ये किलाशक्यप्रतीकारतां वदन्ति तै: 'अम्भो निन्दामि पिबामि च' इति न्याय: कृतार्थ: कृत:॥)

'नो नद्युत्तरणे' इति। **मुने:** नद्युत्तरणे *नियमनात्*=सङ्ख्यानियमाभिधानात्, श्राद्धस्य पूजायां तदभावाद्वैषम्यमिष्टमिति *नो*=**नैव वाच्यम्**। यतस्तन्नद्युत्तरणं पुष्टालम्बनकं ज्ञानादिलाभकारणं न नियमितं, किन्तु *श्रुते*=सिद्धान्ते *रागजं*=रागप्राप्तम्। इत्थमेव नखनिर्दलनप्राप्तोपघातनिषेधार्थं प्रोक्षणविधेरिव रागप्राप्तनद्युत्तरणनिषेधार्थं प्रकृतस्य नियमविधित्वोपपत्ते:। द्रव्यस्तवविधिस्तु गृहिणोऽपूर्व एवेति साम्यायोगात्। पुष्टालम्बने तु वर्षास्वपि ग्रामानुग्रामविहारकरणमप्यनुज्ञातमिति कस्तत्र सङ्ख्यानियम:? तथा च **स्थानाङ्गसूत्रं** → *'वासावासं पज्जोसवियाणं णो*

---

**કાવ્યાર્થ :-** 'મુનિને નદી ઉતરવામાં સંખ્યા નિયમ છે (જ્યારે શ્રાવકને પૂજા કરવામાં તેમ નથી. તેથી બન્ને વચ્ચે) આ વિષમતા છે.' આમ કહેવું નહિ, કારણ કે સિદ્ધાંતમાં (નદી ઉતરવાઅંગે) પુષ્ટ આલંબને સંખ્યાનિયમ નથી કર્યો; પણ રાગથી નદી ઉતરવાઅંગે જ સંખ્યાનિયમ કર્યો છે. 'નદી ઉતરવામાં જીવહિંસા અશક્યપરિહારરૂપ છે' એમ કહેનારાઓએ 'પાણીને નિંદુ છું અને પીઉં છું' આ ન્યાયને સાર્થક કર્યો છે.

**પ્રતિમાલોપક :-** મુનિને શાસ્ત્રમાં કહેલી સંખ્યાથી વધુવાર નદી ઉતરવાનો નિષેધ છે. આમ નદી ઉતરવામાં સંખ્યાનિયમ છે. જ્યારે શ્રાવકને પૂજાઅંગે આવો સંખ્યાનિયમ દેખાડ્યો નથી. જો અપવાદપદે પૂજા કરવાની હોત, તો અવશ્ય સંખ્યાનિયમ બતાવવાપૂર્વક તેનો નિર્દેશ કર્યો હોત. પણ તેવો નિર્દેશ જોવા મળતો નથી. આમ પૂજા નદીઉતરણની જેમ આપવાદિક આચરણારૂપ પણ નથી. તેથી હેય છે.

**ઉત્તરપક્ષ :-** આ તો તમે **'અર્ધજરતીય'** ન્યાય લગાડ્યો. સિદ્ધાંતમાં નદી ઉત્તરણઅંગે જે સંખ્યાનિયમ દર્શાવ્યો છે, તે રાગથી નદી ઉતરવાઅંગે છે, રાગ વિનાના પુષ્ટાલંબનજન્ય નદીઉતરણમાં સંખ્યાનિયમ નથી. જેમ નખના નિર્દલન(=ઉખેડવા-તોડવા)માં રહેલા આત્મોપઘાતના નિષેધમાટે નખ કાપવાની વિધિ શાસ્ત્રમાં બતાવી છે, તેમ રાગથી નદી ઉતરવાની ક્રિયાના નિષેધમાટે જ સિદ્ધાંતમાં બતાવેલી નદી ઉતરવાઅંગે સંખ્યાનિયમની વિધિ ઉપપન્ન થાય છે. (અપવાદપદે પણ નદી ઉત્તરવાની છૂટનો લાભ ઉઠાવી અપવાદના ઓઠા હેઠળ અલ્પ કારણે પણ સાધુ વારંવાર નદી ન ઉતરે તે હેતુથી જ નદીઉત્તરણના અપવાદમાં પણ સંખ્યાનિયમદ્વારા વધુ નિયંત્રણ કરવું સંગત છે. અનુકૂળતાનો રાગ અનાદિસિદ્ધ છે. અનુકૂળતાના કારણે નદી ઉતરવી રાગપ્રાપ્ત છે.) જિનપૂજા સહજ નથી, તથા અનુકૂળતાઆદિ રાગથી પ્રાપ્ત પણ નથી અને ધર્મના આદિકાળ સુધી જીવને પ્રાય: રુચતી પણ નથી. તેથી જ આ જિનપૂજાદિ દ્રવ્યસ્તવ ગૃહસ્થમાટે અપૂર્વ છે, તેથી જ ઘણી પ્રેરણા પછી ગૃહસ્થ માંડ પૂજા શરુ કરે છે. તેથી પૂજાની બાબતમાં સંખ્યાનિયમને અવકાશ જ નથી. આમ નદીઉતરણ અને પૂજામાં અપવાદરૂપ સામ્ય જ નથી. તેથી સંખ્યાનિયમના બળપર વૈષમ્ય બતાવવું યોગ્ય નથી. વળી રાગપ્રાપ્ત ન હોય અને પુષ્ટ આલંબન હોય, તેવા પ્રસંગોએ તો સાધુને ચોમાસામાં પણ વિહારની છૂટ આપી છે. પછી ત્યાં સંખ્યાનિયમને અવકાશ જ ક્યાં છે ? આ અંગે **સ્થાનાંગમાં** આ સૂત્ર છે →

*कप्पइ निग्गंथाणं वा निग्गंथीणं वा गामाणुगामं दूइज्जित्तए। पंचहिं ठाणेहिं कप्पइ, तं०-णाणट्ठयाए, दंसणट्ठयाए, चरित्तट्ठयाए, आयरियउवज्झाए वा से वीसुंभेज्जा, आयरियउवज्झायाणं वा बहिया वेयावच्चकरणयाए'* [५/२/४१३] त्ति। तत्र च **मालवा**दावेकदिनमध्येऽपि बहुशो नद्युत्तरणं सम्भवतीति। अशक्यपरिहारसमाधिमाश्रित्याह-अस्मिन्नद्युत्तरणे सत्त्ववधे जलादिजीवोपमर्दे येऽशक्यप्रतीकारतां वदन्ति, तैः *अम्भो*=**जलं निन्दामि पिबामि चेति न्यायः** कृतार्थः कृतः, सत्त्ववधमात्रस्य निन्दानान्नद्युत्तरणसम्भविनश्च तस्याश्रयणात्। शक्यं ह्येवं प्रतिमार्चनेऽपि वक्तुम्।

---

*'વર્ષાવાસ(=ચોમાસું) રહેલા સાધુ કે સાધ્વીને ગ્રામાનુગ્રામ(=એક ગામથી બીજે ગામ) વિહાર કરવો કલ્પે નહિ. પરંતુ આ પાંચ સ્થાનોથી કલ્પે છે. (૧) જ્ઞાન માટે (૨) દર્શન(=સમ્યગ્દર્શનની શુદ્ધિ વગેરે અર્થે) (૩) ચારિત્ર માટે (૪) પોતાના આચાર્ય કે ઉપાધ્યાય કાળ કરી જાય તો, તથા (૫) બહાર(=પોતાના સ્થાનથી અન્યત્ર) આચાર્ય કે ઉપાધ્યાયની વૈયાવચ્ચ કરવાનો પ્રસંગ હોય.'*

આ પ્રમાણે વિહાર કરવામાં માળવાવગેરે દેશોમાં એક જ દિવસમાં ઘણીવાર નદી ઉતરવાનો પ્રસંગ આવે. આમ અહીં કોઇ સંખ્યાનિયમ રહેતો નથી.

## જિનપૂજામાં જીવવધ અશક્યપરિહારરૂપ

**પૂર્વપક્ષ :-** સત્ત્વાનુકંપી સાધુને નદી ઉતરીને પાણીના જીવોની વિરાધના કરવાનું જરા પણ મન નથી. પણ શું થાય ! અવશ્યપ્રાપ્ત નદીઉત્તરણમાં જીવવિરાધના અશક્ય પરિહારરૂપ છે.

**ઉત્તરપક્ષ :-** વાહ ! તમે તો **'જલં નિંદામિ'** આ ('એક બાજુ પાણીની નિંદા કરવી અને બીજી બાજુ પાણી પીવું') ન્યાય ચરિતાર્થ કર્યો છે. એક બાજુ જીવહિંસાના નામમાત્રથી નિંદા કરવા માંડો છો, સાચી વાતને સમજ્યા વિના જ 'એ હેય છે' એવી ઉદ્‌ઘોષણા કરવા મંડી પડો છો અને બીજી બાજુ નદી ઉતરતી વખતે થતી જીવવિરાધનાનો અશક્યપરિહારના નામે બચાવ કરવા મંડી પડો છો.

(**પૂર્વપક્ષ :-** તો શું નદી ઉતરતી વખતની વિરાધનાની પણ નિંદા કરવા મંડી પડીએ ? **ઉત્તરપક્ષ :-** તમારે હિસાબે તો એમ જ થવું જોઇએ ને ! **પૂર્વપક્ષ :-** એમ શી રીતે થાય ? અમે કંઇ એકાંતવાદી નથી કે જેથી અશક્યપરિહારરૂપ હિંસાની પણ નિંદા કરીએ. **ઉત્તરપક્ષ :-** તેથી શું તમે એમ માનો છો કે અશક્યપરિહારવાળી હિંસા નિંદ્ય નથી ? **પૂર્વપક્ષ :-** હા ! તેથીસ્તો મુનિની નદી ઉતરણ વખતની હિંસાને નિંદવાને બદલે તેનો બચાવ કરીએ છીએ.)

**ઉત્તરપક્ષ :-** આ ઉત્તર તો પૂજાગત હિંસાઅંગે આપવો પણ શક્ય છે, કારણ કે જિનપૂજાગતહિંસાને પણ અમે અશક્યપરિહારરૂપ જ ગણીએ છીએ. તેથી જિનપૂજાને પણ વખોડવી બરાબર નથી.

**પ્રતિમાલોપક :-** પૂજામાં થતી હિંસાને અશક્યપરિહારરૂપ કહેવી વાજબી નથી. પ્રભુભક્તિના સાધન તરીકે ગણેલી પુષ્પપૂજા વગેરેને બંધ કરી દો. પછી જુઓ ! હિંસા અટકી જાય છે કે નહિ ? તેથી પૂજામાં રહેલી હિંસા શક્યપરિહારરૂપ છે.

**ઉત્તરપક્ષ :-** એમ બોલવામાત્રથી જ સિદ્ધિ થતી હોય, તો અમે કહીએ છીએ કે નદી ઉતરવાનું બંધ કરવાથી તે વખતે થતી હિંસા પણ અટકી જશે. તેથી નદી ઉતરણ અંગેની હિંસા પણ શક્યપરિહારરૂપ જ છે.

**પૂર્વપક્ષ :-** તમે તો ગળે પડો છો. ભલાદ'મી ! એટલું તો વિચારો, કે સાધુને કુળવગેરે(ભક્ત શ્રાવકગણ વગેરે) પ્રત્યે પ્રતિબદ્ધ થવાનું નથી=પોતાના ભક્તવગેરે ગૃહસ્થોપર મમતાના કુંડાળા દોરવાના નથી. તેથી હંમેશા માસકલ્પઆદિ વિધિથી વિહાર કરવાનો છે, આ અવશ્યકર્તવ્ય વિહાર જ્યારે નદી ઉતર્યા વિના અશક્ય હોય, ત્યારે

**भक्तिसाधनीभूतपुष्पादिसत्त्ववधस्य** शक्यपरिहारत्वात्तदकरणे तत्परिहारः शक्य इति चेत् ? **नद्यनुत्तरणे** तज्जीववधपरिहारः शक्य इति तुल्यम्। **साधुना** कुलाद्यप्रतिबद्धेन विहारस्तावदवश्यं कर्त्तव्यः, स च नद्युत्तरणं विना न सम्भवतीत्यनन्यगत्या एव नद्युत्तार इति चेत् ? **साधुधर्माशक्तस्य** श्राद्धस्यावश्यं कर्त्तव्या भगवद्भक्तिः प्रतिमार्चनं विना न सम्भवतीत्यत्राप्यनन्यगतिकत्वं तुल्यम्। **एतेनैकत्रैर्याप्रतिक्रमणमन्यत्र** नेति वैषम्यमिति **निरस्तम्**, नद्युत्तारानन्तरमीर्याप्रतिक्रमणस्य साधुकल्पत्वात् *'नईसंतरणे पडिक्कमइ'*[①] **इत्यागमेन** तत्सिद्धेः। **यदि** चाधिकारा-

અનન્યગત્યા=બીજો માર્ગ નહીં હોવાથી સાધુ નદી ઉતરે છે અને ત્યારે હિંસા થાય છે. તેથી એ હિંસા અશક્યપરિહારરૂપ જ છે. સાધુને નદી ઉતરવાનું બંધ કરાવી તમારે શું સાધુને તેના આવશ્યક કર્તવ્યમાંથી ભ્રષ્ટ કરવો છે ?

**ઉત્તરપક્ષ :-** ના અમારે એ પાપ નથી કરવું. પણ તમને હિંસાના નામપર શ્રાવકને તેના અવશ્યકર્તવ્યરૂપ પરમાત્મભક્તિમાંથી ભ્રષ્ટ કરવાના પાપમાંથી બચાવવા છે. સાધુધર્મ પાળવા અસમર્થ-સર્વસાવદ્યયોગોનો ત્યાગ કરવા અસમર્થ શ્રાવકે ભગવાનની ભક્તિ અવશ્ય કરવાની છે, કારણ કે આ ભક્તિનો ભાવ તેનામાં સર્વસાવદ્યના ત્યાગનું સામર્થ્ય પ્રગટાવવા સમર્થ છે. ભક્તિરૂપ અવશ્યકર્તવ્ય જિનપ્રતિમાપૂજા વિના સંભવતું નથી અને પૂજામાં હિંસા અશક્યપરિહારરૂપ જ છે. આમ અવશ્યકર્તવ્ય ભક્તિમાટે પૂજા સમાન સમર્થ અન્ય સાધનોનો અભાવ હોવાથી પૂજા પણ અનન્યગતિરૂપ છે. **તેથી જિનપ્રતિમાપૂજા ન કરનારો શ્રાવક પોતાના અવશ્યકર્તવ્ય જિનભક્તિ-કૃત્યમાંથી ભ્રષ્ટ થાય છે.**

## નદી ઉતરણ પછીની ઈર્યાવહિયા કલ્પરૂપ

**પૂર્વપક્ષ :-** નદી ઉતર્યા પછી ઈર્યાવહિયા પ્રતિક્રમણ કરવાનું છે. જ્યારે પ્રતિમાની પૂજા કર્યા પછી ઈર્યાવહિયા કરવાનું વિધાન નથી. બન્ને વચ્ચે આ વિષમતા છે.

**ઉત્તરપક્ષ :-** નદી ઉતર્યા પછી સાધુ જે ઈર્યાવહિયા કરે છે, તે માત્ર પોતાના આચારના પાલનઅર્થે જ કરે છે. આ આચાર *'નઇસંતરણે પડિક્કમઇ'* (=નદીઉતરણમાં પ્રતિક્રમણ-ઈર્યાવહિયાપ્રતિક્રમણ કરે) આ સિદ્ધાંતવચનથી સિદ્ધ છે. શ્રાવકનો આ આચાર નથી. તેથી શ્રાવક ઈર્યાવહિયા કરતો નથી. તેથી આ વિષમતા અકિંચિત્કર છે. સાધુ ઈર્યાવહિયા પણ અધિકાર અને આજ્ઞાને અપેક્ષીને જ કરે છે. આ આજ્ઞા અને અધિકારને નિરપેક્ષ રહીને જ બસ 'ઈર્યાવહિયા' કરવામાત્રથી નદીમાં થયેલી જીવવિરાધનાના પાપોની શુદ્ધિ થઇ જતી હોય, તો સાધુને દાન દેવા તૈયાર થયેલો શ્રાવક અજાણતા સચિત્તને સ્પર્શ કરવાનો દોષ સેવ્યા પછી ઈર્યાવહિયા કરવામાત્રથી શુદ્ધ થઇ જાય. જે ઈર્યાવહિયા સર્વસાવદ્યના પચ્ચક્ખાણપૂર્વકના ત્યાગી અને છતાં સમજી બૂઝીને નદીના જીવોની વિરાધના કરતા સાધુના દોષને શુદ્ધ કરવા સમર્થ બને, તે ઈર્યાવહિયા શું સર્વસાવદ્યનો જેને ત્યાગ નથી, તેવા ગૃહસ્થના અનાભોગથી સચિત્તને સ્પર્શરૂપ અલ્પ દોષને શુદ્ધ ન કરી શકે ? અવશ્ય કરી શકે, કારણ કે આ દોષ તો અતિઅલ્પ છે.

**પૂર્વપક્ષ :-** એમ શુદ્ધિ માની લેવામાં તો મોટી હોનારત સર્જાઇ જાય, પછી તો ગોચરીના ૪૨ દોષઅંગે કોઇ વ્યવસ્થા જ ન રહે. તેથી શ્રાવક એમ ઈર્યાવહિયા કરે તેટલા માત્રથી કંઇ શુદ્ધ થતો નથી અને તેના હાથની ગોચરી નિર્દોષ ઠરતી નથી.

**ઉત્તરપક્ષ :-** તો ઈર્યાવહિયામાત્રથી નદીઅંગેની વિરાધના શી રીતે શુદ્ધ થાય ?

**પૂર્વપક્ષ :-** ઈર્યાવહિયા કરવામાત્રથી નદીસંબંધી વિરાધના દૂર થાય, એમ અમે કહેતા જ નથી.

**ઉત્તરપક્ષ :-** તો પછી સાધુઓ નદી ઉતર્યા પછી શા માટે ઈર્યાવહિયા કરે છે ?

---

① नावानईसंतारे ईरियावहियापडिक्कमणं ।। इति [आव० नि० १५३३ उत्त०]

ज्ञानिरपेक्षेर्यापथिक्येव नदीप्राणिवधशोधिकरी स्यात्, **तदा** साधुदानोद्यतः श्राद्धोऽनाभोगादिना सचित्तस्पर्शमात्रेणा-शुद्धोऽपि तां प्रतिक्रम्य शुद्धः स्यात्। यया प्रत्याख्यातसर्वसावद्यानां साधूनां ज्ञात्वा नदीगतानेकजलादिजन्तु-घातोत्पन्नं पातकमपाक्रियते, तया गृहिणोऽनाभोगतः सचित्तस्पर्शमात्रजन्यपातकापाकरणमीषत्करमेवेति। सङ्ख्यानियमोऽपि कल्प एव। द्विवारादिनिषेधैकश उत्तारविधावपि षड्जीववधपातकस्य तवापरिहार्यत्वाच्छ-बलत्वनिषेधाय तदादरणस्याप्याज्ञामात्रशरणत्वात्। सङ्ख्यानियमेनैव पातकित्वे च सांवत्सरिकप्रतिक्रमणेऽति-

---

**પૂર્વપક્ષ :–** ભગવાનની આજ્ઞા છે માટે.

**ઉત્તરપક્ષ :–** બસ, એજ અમારે કહેવું છે. નદી ઉતર્યા પછી ઈર્યાવહિયા કરવાનું સાધુને ફરમાન છે, માટે સાધુ ઈર્યાવહિયા કરે છે, પૂજા કર્યા પછી ઈર્યાવહિયા કરવાનું શ્રાવકને ફરમાન નથી માટે શ્રાવક ઈર્યાવહિયા નથી કરતો. તેથી આ ઈર્યાવહિયાના નામપર પૂજા અને નદીઉતરણમાં તફાવતનો ઘોંઘાટ કરવો વાજબી નથી.

## સંખ્યાનિયમમાં આજ્ઞા હેતુ

**પૂર્વપક્ષ :–** આમ પૂજા અને નદી ઉતરણ તુલ્યરૂપ હોય, તો નદી ઉતરણમાં સંખ્યાનિયમ કેમ ?

**ઉત્તરપક્ષ :–** નદીઉતરણ રાગપ્રાપ્ત છે, માટે ત્યાં સંખ્યાનિયમ છે તેમ આગળ બતાવી જ ગયા.

**પૂર્વપક્ષ :–** ઊંચા સ્થાને પહોંચેલા સાધુઓને નદીઉતરણ રાગપ્રાપ્ત થતું હોય તેમ માનવાનું મન નથી થતું.

**ઉત્તરપક્ષ :–** સાધુને પણ રાગાદિ સતાવી જાય તેમ સંભવે છે. તેથીસ્તો શબળસ્થાનવગેરે બતાવ્યા છે. છતાં, એટલા માત્રથી સંતોષ ન થતો હોય, તો બીજું કારણ એ જ છે કે... આ સંખ્યાનિયમ પણ સાધુઓના આચારરૂપ જ છે.

**પૂર્વપક્ષ :–** બીજું કોઇ કારણ ન જડે એટલે 'આચાર' કહીને બચાવ કરો, તે બરાબર નથી.

**ઉત્તરપક્ષ :–** તો પછી તમે જ નદીઉતરણના સંખ્યાનિયમમાટે કારણ બતાવો.

**પૂર્વપક્ષ :–** નદીઉતરણમાં જીવવિરાધના થતી હોવાથી જ તે બાબતમાં સંખ્યાનિયમ કર્યો હોય તેમ લાગે છે. તેથી જ બે કે તેથી વધુ વાર નદી ઉતરવાનો નિષેધ છે.

**ઉત્તરપક્ષ :–** એમ તો એકવાર પણ નદી ઉતરો એટલે છકાયજીવની વિરાધના થવાની જ. તેને કંઇ તમે થોડી અટકાવી શકવાના છો ?

**પૂર્વપક્ષ :–** અલબત્ત, એકવાર ઉતરવામાં પણ વિરાધના છે જ, પરંતુ વધુવાર નદી ઉતરવાથી વારંવાર જીવવિરાધના થાય અને ચારિત્ર શબળ(=કાબરચીતરું-મેલું) બને. તેથી જ વધુ વારનો નિષેધ છે.

**ઉત્તરપક્ષ :–** બે કે વધુ વાર નદી ઉતરવાથી ચારિત્ર શબળ બને, અને એકવાર ઉતરવાથી તેમ ન થાય, તેમ તમે કયા આધારે કહો છો ?

**પૂર્વપક્ષ :–** ભઇ ! અહીં બીજા પ્રમાણો ક્યાંથી લાવવા ? ભગવાને આવી આજ્ઞા કરી છે માટે એવો અર્થ કર્યો.

**ઉત્તરપક્ષ :–** એનો અર્થ એ જ થયો ને, કે નદીઉતરણમાં સંખ્યાનિયમ પણ ભગવાનની આજ્ઞાથી જ નિયંત્રિત હોવાથી આચારરૂપ જ છે. માટે ખોટું દ્રાવિડી પ્રાણાયામ છોડી સ્વીકારી લો કે, નદીઉતરણમાં સંખ્યાનિયમ પણ માત્ર આચારરૂપ જ છે. તેથી તેના આધારે તેનામાં પૂજાથી ભિન્નતા ઊભી કરવી યોગ્ય નથી.

**પૂર્વપક્ષ :–** જે હોય તે, પણ તેટલું તો માનવું જ જોઇએ, કે નદીઉતરણમાં સંખ્યાનિયમ છે, માટે નદીઉતરણ સારું તો નથી જ.

प्रसङ्गः। **किञ्च लुम्पकाभिमते** शास्त्रे क्वापीर्यापथिका नद्युत्तारे नोक्ता, किन्तु *'हत्थसयादागंतुम्'* इत्यादि **निर्युक्ति-गाथायामिति** किमनेनाभिधानेनालजालकल्पेन।

**अथ** भवतामेव नद्युत्तार ईर्याप्रतिक्रान्तिः, न द्रव्यस्तव इत्यत्र को हेतुः ? इति पृच्छामीति चेत् ? **यदि** वक्रोऽसि, तर्हि व्रतभङ्गमहापातकशोधकस्याप्रतिपन्नव्रतशोधनेऽशक्तत्वान्महातरून्मूलकस्य तृणाग्रोन्मूलन इवेत्युत्तरमाकलय। **वस्तुत** ईर्यां प्रतिक्रम्यैव यद्धर्मानुष्ठानं विधीयते, तदीर्यानियतं; तच्च सामायिकपौषधचारित्राद्यनुष्ठानमेव, ईर्यां प्रतिक्रम्यैव तद्विधानात्। तत्र वर्त्तमानः श्रावकः साधुर्वा सचित्तादिसङ्घट्टे उच्चारेर्यातोऽतिरिक्तामीर्यां प्रतिक्रामति, द्विविधं त्रिविधेन प्रत्याख्यानलक्षणस्य सामायिकपौषधादेः, त्रिविधं त्रिविधेन प्रत्याख्यानलक्षणस्य

---

**ઉત્તરપક્ષ :-** સારું નથી તો કેવું છે ?

**પૂર્વપક્ષ :-** શું કામ વધુ બોલાવો છો. સમજી જાવને કે પાપરૂપ છે.

**ઉત્તરપક્ષ :-** એમ.... સંખ્યાનિયમમાત્રથી તમે વસ્તુને પાપરૂપ માનવા તૈયાર થઇ ગયા છો. પણ આ ખોટી માન્યતા બાંધતા પહેલા એ વાત ભૂલી ગયા કે, સાંવત્સરિક પ્રતિક્રમણઅંગે પણ સંખ્યાનિયમ છે. આખા વર્ષમાં માત્ર એક જ વાર સાંવત્સરિક પ્રતિક્રમણ કરવાનું છે. માટે સંખ્યાનિયમમાત્રથી વસ્તુને પાપરૂપ કે ખરાબ માનવાની મૂર્ખામી કરવી નહિ અને નદીઉતરણને સંખ્યાનિયમના બળપર ખરાબ માની તેના આધારે પૂજાને પાપરૂપ માનવા જેટલું સાહસ કરશો મા ! (સ્વરૂપથી જીવવિરાધનામય નદી ઉતરણ સાવદ્ય હોવાથી જ આપવાદિક છે અને સંખ્યાનિયમથી નિયંત્રિત છે. પૂજા પણ સ્વરૂપથી જીવવિરાધનામય હોવાથી સાવદ્ય જ છે. ઉપરાંત એમાં સંખ્યાનિયમ પણ દર્શાવ્યો ન હોવાથી આપવાદિક પણ નથી. આ પૂર્વપક્ષીય તાત્પર્ય છે.) તેથી આવા સ્થળોએ 'બાબાવાક્યં પ્રમાણં' માની આજ્ઞાને જ શરણીય કરી ચાલવામાં શ્રેયઃ છે. વળી, આ બધી ચર્ચા તો તમને સંતોષ થાય એટલા ખાતર કરી. બાકી તમને(=પ્રતિમાલોપકને) સંમત શાસ્ત્રોમાં તો ક્યાંય 'નદી ઉતર્યા પછી ઈર્યાવહિયા કરવી' આ વાત નજરે ચડતી નથી. બલ્કે અમને સંમત **આવશ્યક નિર્યુક્તિની** જ *'હત્થસયાદાગંતુમ્'* ઇત્યાદિ ગાથામાં નજરે ચડે છે. તેથી 'ઈર્યાવહિયા' ના નામપર વિષમતા બતાવી ચર્ચા કરવાનો તમને અધિકાર જ નથી.

## ઈર્યાપથિકીના અનુષ્ઠાનો નિયત

**પૂર્વપક્ષ :-** અમને બતાવો, તમારા જ મતે 'નદી ઉતરવામાં ઈર્યાવહિયા કરવાની અને જિનપૂજાદિ દ્રવ્યસ્તવમાં ઈર્યાવહિયા નહીં કરવાની.' આવા ભેદભાવમાં કારણ શું છે ?

**ઉત્તરપક્ષ :-** જો તમે આ પ્રશ્ન વક્રતાથી પૂછતા હો, તો અમારો જવાબ એ છે કે, વ્રતના ભંગથી લાગતા મહાપાપને શુદ્ધ કરવા સમર્થ આ ઈર્યાવહિયા વ્રતને નહિ સ્વીકારનારના પાપને શુદ્ધ કરવા અશક્ત છે. દા.ત. મોટા મોટા વૃક્ષોને ઉખેડીને ફેંકી દેનારો વંટોળિયો તણખલાના અગ્ર ભાગને ઉખેડી દૂર કરવામાં અસમર્થ બને. પરમાર્થથી વિચારીએ, તો ઈર્યાવહિયા ક્રિયા નિયત ધર્માનુષ્ઠાનોની જ અંગભૂત છે, સર્વત્ર નહિ. જે ક્રિયાઓ ઈર્યાવહિયાપૂર્વક કરવાની હોય છે, તે બધી ક્રિયાઓમાં ઈર્યાવહિયા નિયત છે. આવી ક્રિયાઓ સામાયિક, પૌષધ, ચારિત્રવગેરે છે, આ સામાયિક આદિમાં રહેલો શ્રાવક કે સંયમમાં રહેલો સાધુ ઠલ્લે-માત્રે જાય કે સચિત્તવગેરેનો સંઘટ્ટો થાય, તો શ્રાવક પોતાના દ્વિવિધ ત્રિવિધ પચ્ચક્ખાણરૂપ સામાયિક કે પૌષધને તથા સાધુ પોતાના ત્રિવિધ-ત્રિવિધ પચ્ચક્ખાણરૂપ સામાયિક, છેદોપસ્થાનીય આદિ ચારિત્રને અતિચાર કે મલિનતા ન લાગે તે આશયથી ફરીથી ઈર્યાવહિયા કરે છે. તેથી ઈર્યાવહિયાના સ્થાનો તરીકે સામાયિકવગેરે વ્રતો જ સંમત છે; નહિ કે જેમાં ગૌણરૂપે પૃથ્વી વગેરેની હિંસા છે, તેવા બીજા પૂજાદિ ધર્મઅનુષ્ઠાનો. વિરાધનાના સંભવવાળા તમામ સ્થાનોમાં ઈર્યાવહિયાનું વિધાન હોત, તો 'મહેમાન

सामायिकच्छेदोपस्थापनीयादिचारित्रस्यातिचारलक्षणं मालिन्यं माभूदित्यभिप्रायादित्यर्थः। तथा चैर्यापथिकास्थानं सामायिकादिव्रतान्येव, न पुनरानुषङ्गिकपृथिव्याद्यारम्भवद्धर्मानुष्ठानमात्रम्। अन्यथाऽभिगमनादावपि तदभिधान-प्रसङ्गात्। अत एव कृतसामायिको मुनिरिव श्रावकोऽपि पुष्पादिभिर्जिनपूजां न करोतीति जिनाज्ञा, न पुनरितरोऽपि, कृतसामायिकस्य तदवाप्तिपूर्तिकालं यावत्सचित्तादिस्पर्शरहितस्यैव व्रतपालकत्वात्। जिनपूजां चिकीर्षुस्तु सचित्तपुष्पादिवस्तून्युपादायैव तां करोति, तद्विना पूजाया एवासम्भवात्, प्रतिकार्यं कारणस्य भिन्नत्वादिति बोध्यम्। लोकेऽपि हि यथा **'गृहप्रवेशेऽभ्युक्षणं नापणप्रवेशे'** तथा लोकोत्तरेऽपि 'सामायिके यथेर्या न तथा मुनिदानादौ' इति भावः। *'अपडिक्कंताए इरियावहियाए न कप्पइ चेव काउं किंचि'* ॥ [महानिशीथ अ॰ ३, सू॰ २६/११]

---

સાધુને સામે લેવા જવું' વગેરે ક્રિયાઓમાં પણ ઈર્યાવહિયાનું વિધાન મળત. વળી, સામાયિકવગેરેમાં સચિત્તના સંસર્ગ વગેરે સ્થળે પણ ઈર્યાવહિયા બતાવી હોવાથી જ 'સામાયિકઆદિમાં રહેલા શ્રાવકે પણ સાધુની જેમ પૂજા નહીં કરવી' એવી ભગવાનની આજ્ઞા છે, કારણ કે સામાયિક લીધેલી વ્યક્તિ સામાયિકના સમાપ્તિકાળ સુધી સચિત્તાદિનો સ્પર્શ ન કરે, તો જ સામાયિક વ્રતનો પાલક થાય. પૂજામાટે આવશ્યક પુષ્પાદિનો સ્પર્શ કરવામાં આ વ્રતનું પાલન ન થાય.

## પુષ્પાદિ સચિત્તસાધન પૂજામાં આવશ્યક

**શંકા :-** સચિત્તના ઉપયોગ વિના પૂજા કરવામાં શો વાંધો છે?

**સમાધાન :-** પુષ્પાદિ સચિત્તના ઉપયોગ વિના પૂજા સંભવતી જ નથી. ભગવાને સામાયિકઆદિમાં રહેલા શ્રાવકને પૂજાનો નિષેધ કર્યો, તેના બે તાત્પર્ય મળી શકે (૧) સામાયિકઆદિમાં નહિ રહેલા શ્રાવકે અવશ્ય જિનપૂજા કરવી અને (૨) જિનપૂજા પુષ્પાદિ સચિત્તના ઉપયોગથી જ સંભવી શકે, અન્યથા નહિ. જો પ્રથમ તાત્પર્ય ન હોત, તો તમામ શ્રાવકોને (સામાયિકમાં ન રહેલાં પણ) પૂજાનો નિષેધ કરત. બીજું તાત્પર્ય ન સ્વીકારીએ તો સામાયિકમાં પૂજાના નિષેધનો પણ અર્થ ન રહેત.

**પૂર્વપક્ષ :-** સચિત્ત વસ્તુ વિના જો સામાયિક થઇ શકતું હોય, તો પૂજા કેમ ન થાય? બન્ને ધર્માનુષ્ઠાન તરીકે તો સમાન જ છે.

**ઉત્તરપક્ષ :-** વાહ! તમારે હિસાબે તો ઘડારૂપે સમાન હોવાથી જેમ માટીનો ઘડો માટીમાંથી બને છે, તેમ સોનાનો ઘડો પણ માટીમાંથી બનવો જોઇએ. પણ અમે તેમ માનતા નથી. 'કાર્યત્વ' જાતિથી સમાન દેખાતા કાર્યો વ્યક્તિરૂપે ભિન્ન ભિન્ન પ્રકારના છે. તેમની આ ભિન્નતા કારણોની ભિન્નતા વિના સંભવે નહિ. સામાયિક એ ભિન્ન કાર્ય છે અને પૂજા એ ભિન્ન કાર્ય છે. તેથી બન્ને સમાન કારણવાળા જ હોય તેવો આગ્રહ યોગ્ય નથી. લોકોમાં કહેવત છે કે 'ઘરપ્રવેશ વખતે અભ્યુક્ષણ(=જળ છંટકાવ) હોય, નહિ કે દુકાનપ્રવેશ વખતે.' બસ આ જ પ્રમાણે લોકોત્તર ધર્મમાં પણ 'સામાયિકવગેરેમાં ઈર્યાવહિયા હોય, મુનિદાનવગેરેમાં ન હોય.' એ અસંગત નથી. (અહીં પૂજાના બદલે મુનિદાનને આગળ કરવાનું કારણ એ જ છે કે પ્રતિમાલોપકો પણ સામાયિકવખતે ઈર્યાવહિયાની જેમ મુનિદાનવખતે ઈર્યાવહિયા કરતાં નથી અને મુનિદાનને પણ ધર્મરૂપ તો માને જ છે.)

**પ્રશ્ન :- મહાનિશીથમાં** કહ્યું છે કે → *'ઈર્યાવહિયાપ્રતિક્રમણ કર્યા વિના કશું કરવું કલ્પે નહિ.'* પૂજાવગેરેમાં ઈર્યાવહિયા કરવાની નથી. તેથી પૂજા પણ અકલ્પ્ય કેમ ન બને?

**ઉત્તર :- મહાનિશીથના** આ પાઠમાં 'ન કિંચિત્'(=કશું કરવું ન કલ્પે) એ વાત વિશેષસૂચક છે, કારણ કે આ પાઠના અનુસંધાનમાં જ *'ચિઇવંદન સજ્ઝાય'* (=ચૈત્યવંદન સ્વાધ્યાય) વગેરે વિશેષસ્થાનોનું સૂચન કર્યું છે.

इत्यत्र न किञ्चिदिति विशेषपरमेव, *'चिइवंदणसज्झाय'* [अ॰ ३, सू॰ २६/११] इत्यग्रिमपदेनैव तदभिव्यक्तेरिति बोध्यम्॥ ३६॥ दृष्टान्तीकृते नद्युत्तरणेऽदुष्टत्वं न्यायेन साधयति–

**यन्नद्युत्तरणं प्रवृत्तिविषयो ज्ञानादिलाभार्थिनां,**

**दुष्टं तद् यदि तत्र कः खलु विधिव्यापारसारस्तदा ?**

**तस्मादीदृशकर्मणीहितगुणाधिक्येन निर्दोषतां,**

**ज्ञात्वापि प्रतिमार्चनात्पशुरिव त्रस्तोऽसि किं दुर्मते ?॥ ३७॥**

(**दंडान्वयः→** यद् ज्ञानादिलाभार्थिनां प्रवृत्तिविषयो नद्युत्तरणं, तद् यदि दुष्टं; तदा तत्र खलु विधिव्यापार-सारः कः ? तस्मादीदृशे कर्मणि ईहितगुणाधिक्येन निर्दोषतां ज्ञात्वाऽपि दुर्मते ! प्रतिमार्चनात्पशुरिव किं त्रस्तोऽसि?)

'यन्नद्युत्तरणम्' इति। यज्ज्ञानादिलाभार्थिनां प्रवृत्तिविषयो नद्युत्तरणं, तद्यदि दुष्टं स्यात्, तदा तत्र 'खलु' इति निश्चये *विधिव्यापारस्य*=विध्यर्थस्य सारः *कः*=तात्पर्यं किम् ? विध्यर्थो हि 'बलवदनिष्टाननुबन्धीष्टसाधनत्वे सति स्वकृतिसाध्यत्वम्' पापे च बलवत्यनिष्टे जायमाने तत्र विध्यर्थबाध एव स्यादित्यर्थः। तस्मादीदृशेऽधिकार्युचिते नद्युत्तारादिकर्मणी*हितस्य*=इष्टस्य गुणस्याधिक्येन *निर्दोषतां*=स्वरूपतः सावद्यत्वेऽपि बलवदनिष्टाननुबन्धितां विहितत्वेनैव ज्ञात्वापि तद्दृष्टान्तेनैव चेतःशुद्धिसम्भवात्, हे *दुर्मते*=दुष्टबुद्धे ! प्रतिमार्चनात्पशुरिव किमिति *त्रस्तोऽसि?*=भयं प्राप्तोऽसि ? विशेषदर्शिनस्त्रासप्रयोजककुमतिनिरासान्न स्यादयं त्रास इति भावः।

---

તેથી એ પાઠનું **તાત્પર્ય** એ છે કે **'ચૈત્યવંદન, સ્વાધ્યાય વગેરેમાંથી કશું પણ ઈર્યાવહિયા કર્યા વગર કરવું કલ્પે નહિ.'** આમ ત્યાં ઈર્યાવહિયાના સ્થાનમાં જિનપૂજાનો સમાવેશ નથી. તેથી જિનપૂજામાં ઈર્યાવહિયા ન હોવા માત્રથી કંઇ જિનપૂજા અકલ્પ્ય બનતી નથી. **॥ ૩૬॥**

'દૃષ્ટાંત તરીકે દર્શાવેલી નદીઉતરણક્રિયા દુષ્ટ નથી' તેમ દર્શાવતા કવિવર કહે છે—

**કાવ્યાર્થ :-** જ્ઞાનાદિલાભના ઇચ્છુકોની પ્રવૃત્તિનો વિષય બનતી નદી ઉતરવાની જે ક્રિયા છે, તે જો દુષ્ટ હોય; તો પછી ત્યાં વિધ્યર્થનું તાત્પર્ય શું છે ? તેથી 'આવા પ્રકારના કાર્યોમાં ઇષ્ટગુણની અધિકતા હોવાથી આ કાર્યો નિર્દોષ છે' એમ સમજવા છતાં હે દુર્મતિ ! તું પ્રતિમાપૂજાથી પશુની જેમ ત્રાસ કેમ પામે છે ?

## બળવત્તરગુણસાધકપ્રવૃત્તિઓમાં વિધ્યર્થ

(૧) પરિણામે બળવત્તર અનિષ્ટનું કારણ બનતી ન હોય, વળી (૨) પોતાના ઇષ્ટનું કારણ બનતી હોય, અને (૩) પોતાના પ્રયત્નથી થઇ શકતી હોય, આવી પ્રવૃત્તિ કરવી એ જ વિધ્યર્થ છે. પાપજનક પ્રવૃત્તિઓ કદાચ ઇષ્ટનું કારણ હોય અને પ્રયત્ન સાધ્ય પણ હોય, તો પણ પરિણામે અનિષ્ટ કરનારી હોય છે, તેથી એ પ્રવૃત્તિઓમાં વિધ્યર્થને સ્પષ્ટ બાધ છે. તેથી આ પ્રવૃત્તિઓ વિધિનો વિષય બની શકે નહિ. નદીઉતરણવગેરે ક્રિયાઓ સ્વરૂપસાવદ્ય જરુર છે. છતાં પણ શાસ્ત્રમાં જ્ઞાનાદિકારણે તેઓનું વિધાન છે. આમ શાસ્ત્રવિહિત હોવાથી જ નિશ્ચિત થાય છે કે, નદીઉતરણવગેરે ક્રિયાઓ બળવત્તર અનિષ્ટનું કારણ નથી, કારણ કે તેમાં જ્ઞાનાદિ ગુણોની અધિકતારૂપ ઇષ્ટની જ બળવત્તા છે. આમ તે-તે અધિકારીને ઉચિત આ નદીઉતરણક્રિયા સ્વરૂપસાવદ્ય હોવા છતાં ગુણકારી હોવાથી નિર્દોષ છે, તે વાત પ્રતિમાલોપકોને પણ માન્ય છે. બસ આ જ દૃષ્ટાંતને નજરમાં રાખી 'સ્વરૂપસાવદ્ય જિનપૂજા તેના અધિકારી=શ્રાવકને ગુણકારી હોવાથી વિહિત હોવાથી બળવત્તર અનિષ્ટ વિનાની છે અને ઔચિત્યસભર છે.' એમ વિચારવાથી ચિત્તશુદ્ધિ સંભવે છે. આમ સમજવા છતાં, જેઓ(=પ્રતિમાલોપકો) પ્રતિમાપૂજાથી ત્રાસ પામે છે,

उत्सर्गापवादसूत्रं चेदं नद्युत्तारे → *'णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा इमाओ उद्दिट्ठाओ गणियाओ वंजियाओ य पंच महण्णवाओ महाणईओ अंतोमासस्स दुक्खुत्तो वा तिखुत्तो वा उत्तरित्तए वा संतरित्तए वा । तं जहा-गंगा, जउणा, सरऊ, एरावती, मही। पंचहिं ठाणेहिं कप्पंति, तं जहा-भयंसि वा, दुब्भिखंसि वा, पव्वाहेज्ज वा कोई, दओघंसि वा एज्जमाणंसि महता वा अणारिएसु'*त्ति **स्थानाङ्गे** [५/२/४१२]। **वृत्त्येकदेशो यथा** → *'नो कप्पइ'त्ति न कल्पन्ते=न युज्यन्ते, एकवचनस्य बहुवचनार्थत्वात् 'वत्थगंधम०' इत्यादाविवेति। निर्गता ग्रन्थादिति निर्ग्रन्था:=साधवस्तेषाम्। तथा निर्ग्रन्थीनां=साध्वीनां, इह प्रायस्तुल्यानुष्ठानत्वमुभयेषामपीतिदर्शनार्थौ वा शब्दौ, 'इमा' इति वक्ष्यमाणनामत: प्रत्यक्षासन्ना उद्दिष्टा:=सामान्यतोऽभिहिता यथा महानद्य इति। गणिता: यथा पञ्चेति। व्यञ्जिता:=व्यक्तीकृता:, यथा गङ्गेत्यादि; विशेषणोपादानाद्वा यथा महार्णवा इति। तत्र महार्णवा इव या बहूदकत्वान्महार्णवगामिन्यो वा यास्ता महार्णवा:। महानद्य:=गुरुनिम्नगा:, अन्तर=मध्ये मासस्य द्विकृत्वो वा=द्वौ वारौ वा, त्रिकृत्वो वा=त्रीन् वारान् वोत्तरितुं=लङ्घयितुं बाहुजङ्घादिना, सन्तरितुं=साङ्गत्येन नावादिनेत्यर्थ:। लङ्घयितुमेव सकृद्वोत्तरितुमनेकश: सन्तरितुमिति। अकल्प्यता चात्मसंयमोपघातसम्भवात् शबलचारित्रभावात्। यत आह- 'मासब्भंतर तिन्नि य दगलेवाओ करेमाणे' त्ति उदकलेपो=नाभिप्रमाणजलावतरणमिति। इह सूत्रे*

---

તેઓ વ્યર્થ ભય પામે છે. જેઓ વિશેષજ્ઞ છે, તેઓ તો ત્રાસમાં કારણભૂત દુર્બુદ્ધિ નીકળી જવાથી કદી ત્રાસ પામતા નથી. ઉત્સર્ગ અને અપવાદસંબંધી **સ્થાનાંગનું** આ સૂત્ર છે →

## નદી ઉતરણ અંગે સ્થાનાંગનો પાઠ

*'નિર્ગ્રંથોને કે નિર્ગ્રંથીઓને ઉદ્દિષ્ટ, ગણિત અને વ્યંજિત આ પાંચ મહાર્ણવ મહાનદીઓ એક મહિનામાં બે કે ત્રણવાર ઉતરવી કે તરવી કલ્પે નહિ (૧) ગંગા (૨) જમના (૩) સર્યૂ (૪) એરાવતી અને (૫) મહી. પાંચસ્થાનોએ (તરવી કે ઉતરવી) કલ્પે છે. (૧) ભયમાં (૨) દુર્ભિક્ષમાં (૩) પ્રવાહમાં કોઇ નાખે ત્યારે (૪) પૂર આવે ત્યારે અને (૫) અનાર્યોના વિષયમાં.'*

આ સૂત્રની **ટીકાનો** અંશ આ પ્રમાણે છે → *'નો કપ્પઇ'=કલ્પે નહિ. અહીં એકવચનનો પ્રયોગ બહુવચનના અર્થમાં છે. ('વત્થગંધમલંકારં...' ઇત્યાદિ સૂત્રમાં પણ આ રીતે બહુવચનાર્થક એકવચનપ્રયોગ છે.) ગ્રંથ(=મૂર્ચ્છા) વિનાના હોય, તે નિર્ગ્રંથ. નિર્ગ્રંથ=સાધુ, નિર્ગ્રંથી=સાધ્વી, બે વાર 'વા' પદનો પ્રયોગ 'પ્રાયઃ સાધુ અને સાધ્વીના અનુષ્ઠાનો તુલ્ય હોય છે' તેમ સૂચવે છે. 'ઇમા'=નામરૂપે પ્રત્યક્ષ સમીપે રહેલી. ઉદ્દિષ્ટા=સામાન્યતયા સૂચવેલી. ગણિતા= સંખ્યાથી પાંચ ગણાવેલી. વ્યંજિતા=સ્પષ્ટ કહેવાયેલી. દા.ત. 'ગંગા' ઇત્યાદિ. અથવા 'મહાર્ણવ' વગેરે વિશેષણો દ્વારા સ્પષ્ટ સૂચવાયેલી, મહાર્ણવ=ઘણું પાણી હોવાથી સમુદ્ર જેવી અથવા સમુદ્ર તરફ જતી. આવી ગંગા વગેરે પાંચ નદીઓ મહિનામાં બે કે ત્રણવાર હાથ-પગ વડે ઉતરવી અને નાવ વગેરેથી તરવી કલ્પે નહીં. (અથવા એકવાર લાંઘવી એ ઉતરણ કહેવાય ને વારંવાર લાંઘવી એ સંતરણ કહેવાય.) કારણ કે તેમાં આત્મઘાત(=શરીર નાશ) અને સંયમઘાત(=જીવવિરાધના) સંભવે છે અને તેથી ચારિત્ર શબળ(=મલિન) થાય છે. ચારિત્રના શબળ થવાના કારણોમાં કહ્યું જ છે કે, 'મહિનાની અંદર ત્રણવાર પાણી લેપ કરે' ઇત્યાદિ. (પાણીલેપ=નાભિ સુધીના પાણીમાં ઉતરવું.) આ અંગે* ***કલ્પભાષ્યની*** *આ ગાથા છે → 'ઇમાઓ એટલે સૂત્રમાં કહેલી ઉદ્દિષ્ટ નદીઓ - 'પાંચ' એમ ગણાયેલી અને 'ગંગા' વગેરેરૂપે વ્યંજિત થયેલી તથા બહુપાણીવાળી હોવાથી મહાર્ણવ છે.'॥ ૧ ॥ 'પાંચના ઉલ્લેખથી બાકીની મહાનદીઓનું સૂચન થયું છે.' આ નદીઓ ઓળંગવા જતા આવતી આફતો આ પ્રમાણે છે. '(૧)*

***कल्पभाष्यगाथा*** → *'इमाओ त्ति सुत्तउत्ता, उद्दिट्ठ णईओ गणिय पंचेव। गंगादि वंजियाओ, बहुओदग महाण्णवाओ तू'॥* [गा॰ ५६१९] *'पंचण्हं गहणेणं, सेसावि उ सूइआ महासलिलाइ'॥* [गा॰ ५६२० पू॰] *त्ति। प्रत्यपायाश्चेह- 'ओहारमग्गराइआ घोरा तत्थ उ सावया। सरीरोवहिमाईआ णावातेणं व कत्थइ'॥* [गा॰ ५६३३] *त्ति। अपवादमाह- 'पंचे'त्यादि। भये-राजप्रत्यनीकादेः सकाशादुपध्याद्यपहारविषये सति १, दुर्भिक्षे वा-भिक्षाभावे सति २, 'पव्वाहेज्ज' त्ति प्रव्यथते=बाधते, अन्तर्भूतकारितार्थत्वाद्वा प्रवाहयेत्क्वचित् प्रत्यनीकस्तत्रैव गङ्गादौ प्रक्षिपेदित्यर्थः ३, 'दओघंसि' त्ति उदकौघं वा गङ्गादीनामुन्मार्गगामित्वेनागच्छति सति तेन प्लाव्यमानाना-मित्यर्थः। महता वाटोपेनेति शेषः ४, 'अणायरिएसु' त्ति विभक्तिव्यत्यात्-अनार्यैः=म्लेच्छादिभिर्जीवितचारित्रा-पहारिभिरभिभूतानामिति शेषः, म्लेच्छेषु वागच्छत्सु इति शेषः ५।* एतानि तु पुष्टालम्बनानीत्युत्तरणेऽपि न दोष इति कल्प्यत्वव्यपदेशः॥

अकारणेऽपि यतनापदेन पुनरेवं स **कल्पे** व्यवस्थितः → *'णो कप्पइ णिग्गंथाणं वा णिग्गंथीणं वा इमाओ उद्दिट्ठाओ पंच महाण्णवाओ महाणईओ गणियाओ वंजियाओ अंतो मासस्स दुक्खुत्तो वा तिक्खुत्तो वा उत्तरित्तए वा संतरित्तए वा (१) गंगा (२) जउणा (३) सरऊ (४) कोसिया (५) मही, अह पुण एवं जाणिज्जा-एरावती कुणालाए जत्थ चक्किया एगं पायं जले किच्चा, एगं पायं थले किच्चा, एवं णं कप्पइ अंतोमासस्स दुक्खुत्तो वा तिक्खुत्तो वा उत्तरित्तए वा संतरित्तए वा'* [बृहत्कल्पभा॰ ४/३२-३३] अत्र हि सङ्ख्यानियमो(मा ?)पोद्वलनस्य यतनया कल्प्यता शबलताऽप्रयोजकत्वमिति यावत्। परतस्त्वाज्ञाभङ्गानवस्थाभ्यां यतनयाऽपि न तथात्वमिति

---

*નદીવગેરેમાં ઓહાર(=અપહાર=તણાઇ જવું) (૨) મગરવગેરે ઘોર=હિંસક શ્વાપદ(પશુઓ) હોય છે (તેઓથી આત્મઘાત વગેરેનો ભય) (૩) શરીરઅંગેના (કે/અને) ઉપધિવગેરેના નાવસ્તેન(=નૌકાયુક્ત) ચોરો પણ ક્યાંક હોય છે.' અપવાદપદે જે પાંચ કારણે નદી ઉતરવી કલ્પે છે, તે પાંચ કારણો આ બતાવ્યા છે. (૧) રાજા કે વિરોધી તરફથી ઉપધિ વગેરે લઇ લેવા અંગે ભય ઊભો થાય. (૨) ભિક્ષા મળી શકતી ન હોય. (૩) કોઇક વિરોધી પીડા આપતો હોય, અથવા 'પવ્વાહેજ્જા' માં પ્રેરક પ્રયોગ અંતર્ગત સમજી-પ્રવાહયેત્=ગંગા વગેરે નદીમાં ફેંકી દે. (૪) ગંગા વગેરેમાં પૂર આવવાથી પાણીનો પ્રવાહ ઉન્માર્ગગામી થઇ આવે અને તાણી જાય અથવા મોટા મોજાઓ (પ્રવાહો) દ્વારા તાણી જાય ત્યારે તથા (૫) મ્લેચ્છ વગેરે તરફથી જીવિત કે ચારિત્ર અંગે ભય ઊભો થયો હોય અને તેઓ આવી રહ્યા હોય, ત્યારે.*

આ પાંચ પુષ્ટ કારણો છે. તેથી તે સંજોગોમાં આ નદીઓ ઉતરવામાં દોષ નથી. તેથી 'નદી ઉતરવી કલ્પે' તેમ કહ્યું. કારણ વિના પણ(=પુષ્ટ કારણ વિના પણ) યતનાપૂર્વક નદી ઉતરવાની વિધિ **બૃહત્કલ્પ ભાષ્યમાં** આ પ્રમાણે છે →

*'નિર્ગ્રંથ કે નિર્ગ્રંથીને ઉદ્દિષ્ટ, ગણાવેલી, સ્પષ્ટ કરાયેલી તથા મહાસમુદ્ર (જેવી) આ પાંચ મહાનદીઓ મહિનામાં બે કે ત્રણવાર ઉતરવી કે તરવી કલ્પે નહિ. તે આ પ્રમાણે (૧) ગંગા (૨) યમુના (૩) સરયૂ (૪) કોશી અને (૫) મહી. છતાં એ સમજવું કે કુણાલા નગરીમાં એરવતી નદી કે જ્યાં એક પગ પાણીમાં અને બીજો પગ અદ્ધર કરવો શક્ય છે, તે નદી મહિનામાં બે કે ત્રણવાર ઉતરવી કે તરવી કલ્પે.'*

અહીં સંખ્યાનિયમની અંદર યતનાથી કલ્પે છે. એટલે કે તે નદી ઉતરણ ચારિત્રશબળતામાં પ્રયોજક બનતું નથી. કલ્પ્યતા=ચારિત્રને શબળ ન બનાવે. આ સંખ્યાથી વધુવાર ઉલ્લંઘન કરવાથી આજ્ઞાભંગ અને અનવસ્થા દોષ

बोध्यम्। तदेवं पुष्टालम्बनेनापवादेऽपि न त्रासौचित्यमिति स्थितम्॥ ३७॥ दृष्टान्तान्तरेण समर्थनमाह–

**गर्तादङ्गविघर्षणैरपि सुतं मातुर्यथाहेर्मुखात्,**
**कर्षन्त्या नहि दूषणं ननु तथा दुःखानलार्चिर्भृतात्।**
**संसारादपि कर्षतो बहुजनान् द्रव्यस्तवोद्योगिन-**
**स्तीर्थस्फातिकृतो न किञ्चन मतं हिंसांशतो दूषणम्॥ ३८॥**

(**दंडान्वयः**→ यथा गर्त्तादङ्गविघर्षणैरपि अहेर्मुखात्सुतं कर्षन्त्या मातुः नहि दूषणम्। ननु तथा दुःखानलार्चिर्भृतात् संसारादपि बहुजनान् कर्षतः तीर्थस्फातिकृतः द्रव्यस्तवोद्योगिनः हिंसांशतो न किञ्चन दूषणं मतम्॥)

'गर्ताद्'इति। यथा *गर्ताद्*=विवरादतित्वरयाऽङ्गस्य विघर्षणैरपि कृत्वा*ऽहेर्मुखात्*=सर्पस्य वदनात्सुतं कर्षन्त्या मातु*र्नहि*=नैव दूषणम्। *ननु*=निश्चये, तथा *दुःखानलार्चिर्भृतात्*=असुखाग्निज्वालापूरितात्संसारादपि बहुजनान् बीजाधानद्वारेण कर्षतो द्रव्यस्तवे *उद्योगिनः*=उद्यमवत*स्तीर्थस्फातिकृतः*=जिनशासनोन्नतिकारिणो

---

છે. તેથી યતનાથી પણ ઉતરવી કલ્પે નહિ. એટલે કે એમાં ચારિત્ર શબળ થાય છે. આમ પુષ્ટ આલંબનથી સેવાતા અપવાદમાં પણ ત્રાસ પામવો ઉચિત નથી. ॥ ૩૭ ॥

## દ્રવ્યસ્તવમાં અંગઘર્ષણ ન્યાય

દ્રવ્યસ્તવઅંતર્ગત હિંસાની અદુષ્ટતાનું બીજા દૃષ્ટાંતથી સમર્થન કરે છે—

**કાવ્યાર્થ :-** જેમ સાપના મોંમાંથી બચાવવા એકદમ ઉતાવળથી ખાડામાંથી અંગ ઘસાઇ જાય(=ચામડી છોલાઇ જાય) એ પ્રમાણે પુત્રને ખેંચી કાઢતી મા દોષિત ઠરતી નથી. તેમ દુઃખરૂપ અગ્નિથી ભરેલા સંસારમાંથી ઘણા લોકોને ખેંચી કાઢતા અને તીર્થની ઉન્નતિ કરતા દ્રવ્યસ્તવમાં પ્રવૃત્ત થયેલા પુરુષને હિંસાના અંશમાત્રથી કોઇ દૂષણ નથી.

પોતાનો નાનકડો બાળ રમતાં રમતાં ખાડામાં ઉતરી ગયો હોય... ખાડામાં સામેથી કાળોતરો સાપ ધસમસતો આવી દંશ દેવા ઉદ્યત થયો હોય અને વાત્સલ્યમયી માની નજર પડી જાય. 'હાય ! મારી આંખના રતનને આ સાપ દંશ દેશે !' આ ભયથી વિહ્વળ બનેલી માતા પાગલની જેમ દોટ મુકે – એક જ ઝાટકે પોતાના વહાલસોયા પુત્રને ઉપર ખેંચી લે... પણ તેમ કરવા જતાં ખાડાની ભીંતસાથે લાડીલા લાલના કુમળા અંગ ઘસાય... અને ચામડી છોલાઇ જાય.... બોલો ! આ માતા દોષપાત્ર છે ? શું આ માતાને એવો ઠપકો આપવો વાજબી છે કે, 'અલી બાઇ ! છોકરાને આ રીતે કઢાય ? જરા ધીમેથી કાઢવો જોઇએ. આ તો બચારાને ઘાયલ કરી નાખ્યો. માતા છો કે કોણ છો ?' વાસ્તવમાં માતાએ જે કર્યું, તે બરાબર જ છે. વાર લગાડવામાં પુત્રના મોતનો ભય છે. ભલે થોડો ઘસરકો પડ્યો. પણ જાન તો બચી. બસ, આ જ પ્રમાણે, દેવવિમાનતુલ્ય દેરાસર બનાવ્યું હોય – કે જેનાં દૂર સુદૂરથી થતાં દર્શન પણ આંખને ઠારી દે અને હૃદયને હર્ષથી ભરી દે. વળી આ દેરાસરમાં પરમાત્માની નયનરમ્ય પ્રતિમાની પ્રાણપ્રતિષ્ઠા કરી હોય અને એવી અદ્‌ભુત આંગીરચના કરી હોય, કે જોનારને 'જાણે સાક્ષાત્ મહારાજાધિરાજનો દરબાર ન જામ્યો હોય!' તેવો ભાસ થાય. પરમાત્માના આ અવિસ્મરણીય દર્શન કરીને કંઇ કેટલાય ભવ્યજીવોના દિલ ડોલી ઉઠે. મન મહોરી ઉઠે. અંગે અંગમાં છલકાઇ ગયેલો હર્ષ રોમરાજીને વિકસિત કરે.... ઠનઠન નૃત્ય કરવા હૈયું તલસી ઉઠે.... મુખથી અનાયાસે જ 'વાહ ! અદ્‌ભુત ! અલૌકિક ! નયનરમ્ય !' એવા ઉદ્ગારો નીકળી પડે. સહજ કાવ્યો રચાવા મંડે... અને ફળરૂપે બોધિબીજને આત્મામાં વાવી મોક્ષની વાટે ચાલતી પકડે.... પરમાત્માની અનુપમ ભક્તિથી

*हिंसांशत:*=हिंसांशेन न दूषणं मतं, स्वरूपहिंसायां दोषस्याबलवत्त्वादुद्देश्यफलसाधनतयाऽनुबन्धतोऽदोषत्वाद्वा ॥ ३८॥ एतत्समर्थितदृष्टान्तान्तरन्यायं प्रकृते योजयितुमाह–

**एतेनैव समर्थिता जिनपते: श्रीनाभिभूपान्वय-**
**व्योमेन्दो: सुतनीवृतां विभजना शिल्पादिशिक्षापि च।**
**अंशोऽस्यां बहुदोषवारणमतिश्रेष्ठो हि नेष्टोऽपरो,**
**न्यायोऽसावपि दुर्मतद्रुमवनप्रोद्दामदावानल: ॥ ३९॥**

(**दंडान्वय:**→ एतेनैव श्रीनाभिभूपान्वयव्योमेन्दोर्जिनपते: सुतनीवृतां विभजना शिल्पादि शिक्षापि च समर्थिता। अस्यां बहुदोषवारणमंशोऽतिश्रेष्ठो हि, अपरो नेष्ट:। असावपि न्याय: दुर्मतद्रुमवनप्रोद्दामदावानल: ॥)

'एतेनैव' इति। एतेनोपदर्शितेन सुतकर्षणदृष्टान्तेनैव **श्रीनाभिभूपस्य** यो *ऽन्वय:*=वंशस्तदेव व्योम अतिविशालत्वाद्, तत्रेन्दु: परमसौम्यलेश्यत्वाद् जगन्नेत्रासेचनकत्वाच्च, तस्य विशेषणेनैव झटित्युपस्थिते-र्विशेष्यानुपादानान्न न्यूनत्वम्, *जिनपते:*=तीर्थकरस्य **श्रीऋषभदेवस्येत्यर्थ:**। *सुतनीवृतां*=सुतदेशानां *विभजना*=

---

દ્રવ્યસ્તવ કરનારો કંઇ કેટલાય ભવ્યાત્માઓને આ પ્રમાણે દુ:ખથી ભારેલા અગ્નિસમાન આ સંસારગર્તામાંથી ખેંચી કાઢે છે. કંઇ કેટલાય આસન્નસિદ્ધિક ભવ્યજીવોના અંતરમાં અનુમોદનાવગેરેદ્વારા બોધિબીજને ધરબાવી દે છે. આમ અનેકપ્રકારે શાસનની પ્રભાવના કરતો એ દ્રવ્યસ્તવ કરનારો કદાચ તેમ કરવામાં અજાણતા અને ઇચ્છા વિના પણ અલ્પ જીવોની વિરાધના કરવારૂપ અંગને ઘસરકો લગાડી દે. તો શું તેટલા માત્રથી દોષપાત્ર ઠરે છે? બિલ્કુલ નહીં. કારણ કે સ્વરૂપહિંસારૂપ દોષ જરા પણ બળવાન નથી. અથવા, પરમાત્મારૂપ ઉદ્દેશ્ય (પરમાત્માને ઉદ્દેશીને દ્રવ્યસ્તવ કરાતું હોવાથી) અને ચારિત્રરૂપ ફળનાં સાધનતરીકે (અથવા, ઉદ્દેશ્ય-મોક્ષ-મોક્ષનો ઉદ્દેશ (=આશય) હોવાથી, અને ફળ - ચારિત્રાદિરૂપ સાક્ષાત્ લાભ. આ બન્નેના સાધન તરીકે) અથવા 'ઉદ્દેશ્ય એવું ફળ' આ અર્થ કરીએ તો, ઉદ્દેશભૂત=પ્રયોજનભૂત જે ચારિત્રાદિફળ તેના સાધન તરીકે દ્રવ્યસ્તવનો ઉપયોગ થાય છે. તેથી અનુબંધથી હિંસાનો અભાવ છે. તેથી દોષ નથી. ॥ ૩૮ ॥

આનાથી(સાપથી પુત્રને બચાવવાના દૃષ્ટાંતથી) સમર્થિત કરેલા બીજા દૃષ્ટાંતરૂપ ન્યાયને પ્રકૃતમાં (=દ્રવ્યસ્તવમાં) લગાડતા કવિવર કહે છે–

**કાવ્યાર્થ :-** આ ન્યાયથી જ **'શ્રીનાભિરાજાના** કુળરૂપ આકાશમાં ચંદ્ર સમાન **ઋષભદેવ** જિનપતિએ પુત્રોને રાજ્યના વિભાગો વહેંચી આપ્યા અને શિલ્પ આદિની કળા શિખવાડી' એ સમર્થિત થાય છે. અહીં બહુદોષને અટકાવવાનો અંશ શ્રેષ્ઠ છે, બીજો અંશ (હિંસાદિ રૂપ) ઇષ્ટ નથી. આ ન્યાય પણ કુમતિરૂપી વૃક્ષના વન માટે પ્રબળ દાવાનળ સમાન છે.

## ઋષભદેવનું રાજ્યદાનાદિ અંગે દૃષ્ટાંત

પુત્રને ખેંચવાનું દૃષ્ટાંત **નાભિરાજાના** કુળરૂપી આકાશમાટે ચંદ્ર સમાન **ઋષભદેવના** પ્રસંગમાં પણ ઘટે છે. **નાભિરાજાનો** વંશ અતિવિશાળ હોવાથી આકાશ સમાન છે. એમના કુળદીપક **ઋષભદેવ પ્રભુ** પરમ સૌમ્ય લેશ્યાવાળા છે. તથા જગતની આંખોને પરમ આહ્લાદ ઉત્પન્ન કરનારા હોવાથી ચંદ્રસમાન છે.

**શંકા :-** કાવ્યમાં 'શ્રીનાભિભૂપ' ઇત્યાદિ અને 'જિનપતિ' આ બે વિશેષણો છે. પણ 'ઋષભદેવ' રૂપ વિશેષ્યનો ઉલ્લેખ નથી. આમ ન્યૂનતા દોષ છે.

विभज्य दानं, शिल्पादीनां शिक्षापि च प्रजानामिति शेषः। *समर्थिता*=निर्दोषतयोपदर्शिता। नीवृदन्वितस्य सुतपदस्य शिक्षायां पृथगन्वये सुतेभ्य इत्यध्याहारावश्यकत्वे, अन्यथा विधेयाविमर्शदोषानुद्धारे *सुष्ठु*=शोभना *ता*=लक्ष्मीर्यत्रेति (=सुतः) नीवृदिति समानाधिकरणविशेषणमेव व्याख्येयम्। *अस्यां*=सुतनीवृद्विभजनायां शिल्पादिशिक्षायां च बहुदोषस्येतरथा **मात्स्यन्यायेना**न्यायप्रवृत्तिलक्षणस्य वारणमतिश्रेष्ठोऽधिकारिणा भगवताऽत्यन्तमभिप्रेतः। *हि*=निश्चित *मपरः*=अन्योंऽशोऽनुषङ्गहिंसारूपो *नेष्टः*=उपेक्षित इति यावत्, तस्य स्वापेक्षया बलवद्दोषत्वाभावेन प्रवृत्त्य-व्याघातकत्वादसावपि न्यायोऽनिर्देश(अतिदेश पाठा.)लक्षणो दुर्मते द्रव्यस्तवानभ्युपगमरूपे *द्रुमवने*=वृक्षसमूहे *प्रोद्दामः*=प्रबलतरो *दावानलः*=दावाग्निः, एतन्न्यायोपस्थितौ प्रचितस्यापि दुर्मतस्य त्वरितमेव भस्मीभावात्। द्रव्यस्तवेऽप्यधिकारिणो गृहिणो भक्त्युद्रेकेण बोधिलाभहेतुत्वस्यैवांशस्येष्टत्वादितरस्योपेक्षणीयत्वादिति भावः॥

**अत्राष्टकं** → *'अन्यस्त्वाहास्य राज्यादिप्रदाने दोष एव तु। महाधिकरणत्वेन तत्त्वमार्गेऽविचक्षणः'॥*

---

**સમાધાન :-** કાવ્યમાં 'શ્રીનાભિભૂપના વંશમાં ચંદ્રસમાન' આ વિશેષણપદ જ 'ઋષભદેવ' એવા વિશેષ્યપદનું અત્યંત શીઘ્રતાથી સ્મરણ કરાવવાદ્વારા અર્થતઃ બોધ કરાવવા સમર્થ છે. તેથી 'ઋષભદેવ' વિશેષ્યપદના અભાવમાં ન્યૂનતાદોષ નથી. બલ્કે, આ વિશેષ્યપદ મૂકવામાં આવતા પુનરુક્તિદોષનો અભાવ છે. પ્રભુએ પુત્રોને દેશોનો વિભાગ કરી આપ્યા, તથા ભગવાને શિલ્પની શિક્ષા=કળા નિર્દોષરૂપે બતાવી. કોને ? 'પ્રજાને' એટલો અર્થ અધ્યાહારગમ્ય છે. (અહીં કોઇને શંકા થાય, કે પ્રભુએ કળાઓની શિક્ષા પણ સૌ પ્રથમ પોતાના ભરતાદિ સંતાનોને જ આપી છે, તેથી 'પ્રજાને આપી' એવો અર્થ કરવાની શી જરુરત છે ? આ શંકા ટાળવા કહે છે.) 'સુતનીવૃત્' શબ્દમાં રહેલા 'સુત'પદનો જ 'શિક્ષા'પદ સાથે અલગ અન્વય કરવો હોય, તો 'સુતેભ્યઃ'(સુત=પુત્રોને) એવો અધ્યાહાર આવશ્યક બને. અન્યથા 'વિધેય'પદનો બોધ(=કોને શિક્ષા આપી ? તેનો પરામર્શ) ન થવારૂપ દોષ આવે. તેથી આ સ્થળે તા=લક્ષ્મી... 'સારી લક્ષ્મી છે જ્યાં'(=જે દેશમાં) =સુત એવી વ્યુત્પત્તિ કરવી. પછી આ પદને 'નિવૃત્' (દેશ) પદનું વિશેષણ બનાવી કર્મધારયસમાસ કરવો. અને સુતેભ્યઃ (પુત્રોને) એટલું અધ્યાહારથી લેવું.

ટૂંકમાં ભગવાને પુત્રોને વહેંચી આપેલા રાજ્યો કે શિખવાડેલી શિલ્પકળાઓ આ બંને કાર્યો દુષ્ટ નથી, કારણ કે જો ભગવાને આ પ્રમાણે રાજ્યોની વહેંચણી કરી ન હોત, કે શિલ્પ શીખવાડ્યું ન હોત, તો **મત્સ્યગલાગલન્યાયથી** કે 'ખેડે તેનું ખેતર' એ ન્યાયથી ભારે અન્યાયી પ્રવૃત્તિઓ થવારૂપ બહુ મોટા દોષો હતા. આ દોષોનું વારણ રાજ્યના વિભાગ અને શિલ્પના જ્ઞાનદાનથી જ શક્ય હતું. તેથી જ આ બન્ને પ્રવૃત્તિ ભગવાનને અભિપ્રેત હતી. પ્રભુને તે પ્રવૃત્તિ કરવા જતાં ગૌણભાવે રહેલી હિંસા જરા પણ ઇષ્ટ ન હતી, તેથી એ અંશે તો નરી ઉપેક્ષા જ હતી. ભગવાનની અપેક્ષાએ આ પ્રવૃત્તિઓમાં થતી હિંસા બળવત્તર દોષરૂપ ન હતી, તેથી એ હિંસાનો ભય પ્રભુની એ પ્રવૃત્તિમાં વ્યાઘાત કરનારો ન થયો. આ દૃષ્ટાંત ગૌણ હિંસાથી સભર પણ બળવત્તર લાભવાળી પ્રવૃત્તિને ન્યાયયુક્ત ઠેરવે છે. તેથી દ્રવ્યસ્તવના અસ્વીકારરૂપ જે દુર્મત છે, તે દુર્મતરૂપ વૃક્ષસમુદાયમાટે આ દૃષ્ટાંત પ્રબળતર દાવાનલસમાન છે, આ ન્યાય-દૃષ્ટાંતની હાજરીમાત્રથી પ્રચિત-અત્યંત પુષ્ટ એવો પણ દુર્મત ક્ષણવારમાં ભસ્મીભૂત થઇ જાય છે, કારણ કે દ્રવ્યસ્તવમાં પણ રહેલી અધિકારી ગૃહસ્થને ભક્તિના અતિશયથી બોધિલાભની પ્રાપ્તિમાં હેતુતા જ ઇષ્ટ બળવત્તર અંશ છે, હિંસાનો અંશ તો ઉપેક્ષણીય જ છે. (અહીં ગૌણ-હિંસાદિદોષરૂપ અબળ અંશનો નિર્દેશ ન કરવો-ઉપેક્ષા કરવી એ ન્યાય છે.)

## હારિભદ્ર - 'રાજ્યાદિદાનદૂષણનિવારણ' અષ્ટક

અહીં **હારિભદ્ર અષ્ટક**(અટ્ઠાવીસમું - રાજ્યાદિદાનદૂષણનિવારણનામક)ની સાક્ષી આપે છે →

[अष्टक २८/१] अन्यस्तु तत्त्वमार्गे वस्तुनि परिच्छेत्तव्येऽविचक्षणः=अपण्डित आह-(अथवा) 'विचक्षण' इति वक्ष्यमाणापर्यालोचनयोपहासवचनम्। अस्य जगद्गुरोर्दोष एवाशुभकर्मार्जनमेव, महाधिकरणत्वेन=महारम्भ-परिग्रहपञ्चेन्द्रियवधादिनिमित्तत्वेनाग्निशस्त्रादिदानवदिति दृष्टान्तोऽभ्यूह्यः। उत्तरमाह- *'अप्रदाने हि राज्यस्य नायकाभावतो जनाः। मिथो वै कालदोषेण मर्यादाभेदकारिणः'॥* [अष्टक २८/२] *'विनश्यन्त्यधिकं यस्मादिहलोके परत्र च। शक्तौ सत्यामुपेक्षा च युज्यते न महात्मनः'॥* [अष्टक २८/३] *'तस्मात्तदुपकाराय तत्प्रदानं गुणावहम्। परार्थं दीक्षितस्यास्य विशेषेण जगद्गुरोः'॥* [अष्टक २८/४] कालदोषेण=अवसर्पिण्या हीनहीनतरादिस्वभावेन मर्यादाभेदः=स्वपरधनादिव्यवस्थालोपः, नायकसद्भावेऽपि केचिद्विनश्यन्तो दृश्यन्ते। अत आह-अधिकम्=अत्यर्थमिहलोके=मनुष्यजन्मनि प्राणादिक्षयात्, परत्र=परलोके हिंसाद्युद्रेकात्। शक्तौ सत्यां=स्वकृतिसाध्यत्वज्ञाने, उपकारः=अनर्थत्राणं, तत्प्रदानं=राज्यप्रदानं परार्थं=परोपकाराय, दीक्षितस्य=कृतनिश्चयस्य विशेषेण=सुतरां सामान्यराज्यदायकापेक्षया, जगद्गुरोः=भुवनभर्त्तुः। तथा च महाधिकरणत्वहेतुरसिद्धः, अध्यवसायापेक्षत्वादधिकरणस्येति भावः। ततो राज्यादिदाने दोष एवेत्यपहस्तितम्। अथादिपदग्राह्यविवाहादिव्यवहारदर्शने प्रसञ्जित-

---

*'તત્ત્વમાર્ગમાં અવિચક્ષણ અન્ય તો કહે છે કે, રાજ્ય વગેરેના પ્રદાનમાં આને(=જગદ્ગુરુને) દોષ છે. (સાધ્ય) કારણ કે તે(=રાજ્ય) મહાધિકરણભૂત છે.(હેતુ)' ॥૧॥* તત્ત્વના માર્ગમાં=વસ્તુના બોધના વિષયમાં અવિચક્ષણ= અપંડિત-મૂર્ખ. અથવા હવે જે કહેવાશે તે અંગે વિચારણા કરતો નહીં હોવાથી 'વિચક્ષણ'પદ ઉપહાસવચનરૂપ છે. દોષ=અશુભકર્મની પ્રાપ્તિ=બંધ છે. રાજ્યદાન મહાધિકરણરૂપ છે, કારણ કે રાજ્યનિમિત્તક થનારા મહારંભ, મહાપરિગ્રહ, પંચેન્દ્રિય જીવોનો વધ વગેરેમાં નિમિત્તભૂત છે. ઉપરોક્ત અનુમાનમાં 'અગ્નિ કે શસ્ત્રાદિનું દાન' દૃષ્ટાંતરૂપ છે. અહીં ઉત્તર આપે છે- *'જો રાજ્યનું પ્રદાન કરવામાં ન આવે, તો નાયકના અભાવમાં કાલદોષથી મર્યાદાનો લોપ કરનારા લોકો આલોક અને પરલોકમાં વધુ નુકસાન કરે અને છતી શક્તિએ ઉપેક્ષા કરવી મહાત્મામાટે બરાબર નથી.' ॥૨-૩॥*

*'તેથી લોકોના ઉપકાર માટે રાજ્યનું પ્રદાન ગુણકારી જ છે. તેમાં પણ પરોપકારમાટે જ દીક્ષિત થયેલા આ જગદ્ગુરુને માટે તો વિશેષ કરીને છે.' ॥૪॥* કાલદોષ=અવસર્પિણીકાળનો હીનહીનતરઆદિ સ્વભાવ છે. અર્થાત્ આ કાળમાં બધી જ વસ્તુ હીનહીનતર થતી જાય છે. મર્યાદાભેદ=સ્વ-પરધનવગેરેની વ્યવસ્થાનો ભંગ. નાયકની હાજરીમાં પણ કેટલાક લોકો મર્યાદાભેદ કરીને વિનાશ પામતા દેખાય છે, તો નાયકની ગેરહાજરીમાં તો પૂછવું જ શું? તેથી શ્લોકમાં 'અધિક'પદ મુક્યું છે. અધિક=અત્યંત. ઇહલોક=મનુષ્યજન્મમાં પ્રાણનાશવગેરેથી નુકસાન. પરત્ર=પરલોકમાં હિંસાના અતિશયથી (દુર્ગતિગમનરૂપ) નુકસાન. છતી શક્તિ='પોતાના પ્રયત્નથી સાધ્ય છે' તેવું જ્ઞાન હોવા છતાં. ઉપકાર=અનર્થથી રક્ષણ. દીક્ષિત=કૃતનિશ્ચય, વિશેષથી=સામાન્ય રાજ્યદાયકની અપેક્ષાએ વિશેષ કરીને. જગદ્ગુરુ=ત્રિભુવનસ્વામી (પરમાત્મા). આમ રાજ્યાદિપ્રદાન હિતકર હોવાના કારણે જ 'મહાધિકરણ-ભૂત હોવાથી રાજ્યાદિ દાન દુષ્ટ છે' એવી દલીલ વરાળ બની જાય છે, કારણ કે અધિકરણ અધ્યવસાયપર જ અવલંબિત છે. જો અશુભ આશયથી રાજ્યાદિનું પ્રદાન કર્યું હોત, તો જરુર તે અધિકરણરૂપ બનત. પણ તેમ નથી. 'રાજ્યાદિ' પદમાં જે 'આદિ' પદ છે, તેનાથી 'વિવાહ' વગેરે સમજવાના છે. વિવાહ વગેરેની વ્યવસ્થા પણ ભગવાને જ બતાવી છે. છતાં પણ તેમાં મહાધિકરણના પ્રસંગરૂપ દોષનો પરિહાર અતિદેશપૂર્વક કરતા કહે છે- *'આ પ્રમાણે વિવાહધર્મવગેરેમાં તથા શિલ્પના નિરૂપણમાં પણ ભગવાનને દોષ નથી, કારણ કે ઉત્તમપુણ્ય આ પ્રમાણે જ વિપાક દર્શાવે છે.' ॥૫॥* વિવાહધર્મ વગેરે-વગેરેથી રાજ્ય, કુળ, ગ્રામધર્મ વગેરે લેવા. શિલ્પ - કુંભાર, લુહાર, ચિત્રકાર,

दोषस्य परिहारातिदेशमाह- *'एवं विवाहधर्मादौ तथा शिल्पनिरूपणे। न दोषो ह्युत्तमं पुण्यमित्थमेव विपच्यते'॥* [अष्टक २८/५] विवाहधर्मः=परिणयनाचारः, आदिना राजकुलग्रामधर्मादिपरिग्रहः। शिल्पनिरूपणे=घटलोह-चित्रवस्त्रनापितव्यवहारोपदेशे न दोषो भगवतः, यस्मादुत्तमं कर्म=तीर्थकरनामकर्म इत्थमेव=विवाहशिल्पादि-निरूपणप्रकारेणैव विपच्यते=स्वफलं ददाति। विपाकप्राप्तेऽप्यश(स ?)क्तत्वादनुचितप्रवृत्त्यभावान्न बन्ध इति नातिप्रसङ्गः। अभ्युच्चयमाह- *'किञ्चेहाधिकदोषेभ्यः सत्त्वानां रक्षणं तु यत्। उपकारस्तदेवैषां प्रवृत्त्यङ्गं तथाऽस्य च'॥* [अष्टक २८/६] उपकारो=हितकरणं, एषां=सत्त्वानां, प्रवृत्तावङ्गम्=कारणम्, अस्य=जगद्गुरोः। आह च- *'एत्तो च्चिय णिद्दोसं सिप्पाइविहाणमो जिणिंदस्स। लेसेण सदोसंपि हु बहुदोसनिवारणत्तेणं'॥* त्ति ॥ [पञ्चाशक ७/३५] उक्तमर्थं दृष्टान्तेन समर्थयन्नाह- *'नागादे रक्षणं यद्वद्गर्ताद्याकर्षणेन तु। कुर्वन्न दोषवांस्तद्वदन्यथाऽसम्भवादयम्'॥* [अष्टक २८/७] तद्वद्=राज्यादि, यत्तु अयं जगद्गुरुः सर्वथा दोषाभावेन किमिति न रक्षणं करोतीत्यत्राह- अन्यथा-अल्पस्याप्यनर्थस्यानाश्रयणलक्षणप्रकारेणासम्भवाद्रक्षणस्येति शेषः। उक्तञ्च- *'तत्थ पहाणो अंसो*

---

વણકર અને હજામ આ પાંચના શિલ્પ... ઉત્તમકર્મ=તીર્થંકરનામકર્મ આ વિવાહનિરૂપણવગેરેદ્વારા જ પોતાનું ફળ આપે છે. આમ તે કર્મ વિપાક પામ્યું હોવા છતાં - તેથી જ તેવી પ્રવૃત્તિ હોવા છતાં તે વખતે ભગવાન આ બધા કાર્યોમાં આસક્ત ન હોવાથી - નિર્લેપભાવવાળા હોવાથી ત્યારે અનુચિત પ્રવૃત્તિ ન હોવાથી નવો બન્ધ થતો નથી. તેથી અતિપ્રસંગ નથી. (કર્મનું ફળ જો વિવાહ વગેરેનું નિરૂપણ હોય, તો તે વખતે અશુભયોગ અને ઉપયોગને આશ્રયી નવો કર્મબંધ થશે. તેથી ભગવાનની મુક્તિ થશે નહિ. ઇત્યાદિ રૂપ અતિપ્રસંગ સમજવો.)

હવે સાર કહે છે- *'વળી અહીં જીવોનું અધિક દોષોથી રક્ષણ હોવાથી આ જીવોપર ઉપકારરૂપ જ છે અને આ (પ્રભુની) પ્રવૃત્તિનું અંગ(=કારણ) છે.'* ॥૬॥ કહ્યું જ છે કે → *'આ હેતુથી જ જિનેન્દ્રનું શિલ્પવગેરે અંગેનું વિધાન નિર્દોષ છે. કારણ કે અંશે સદોષ હોવા છતાં બહુ દોષોનું નિવારણ કરે છે.'* આ અર્થમાં દૃષ્ટાંત બતાવે છે- *'ખાડામાંથી ખેંચી કાઢીને સાપવગેરેથી રક્ષણ કરનારો જેમ દોષવાળો નથી, તેમ અન્યથા અસંભવિત હોવાથી આ (રાજ્યપ્રદાનવગેરે કરતા જિનેશ્વર) પણ દોષિત નથી.'* ॥૭॥ (અહીં વિચારવા જેવી વાતો (૧) ઉત્સર્પિણી કાળમાં શિક્ષા, વિવાહાદિ આચારો, રાજનીતિવગેરેના નિરૂપણ વગેરે કુલકરો કરે છે. (૨) અવસર્પિણીમાં પણ દક્ષિણાર્દ્ધના મધ્યખંડને છોડી બાકીના પાંચ ખંડોમાં ત્યાં-ત્યાંના કુલકરો આ કાર્ય કરે છે. (૩) શ્રી આદિનાથ પ્રભુને છોડીને બાકીના ૨૩ તીર્થંકરો આ કાર્ય કરતાં નથી, (૪) તીર્થંકરનામકર્મનો વિપાકોદય તો કેવળજ્ઞાનવખતે-તેરમાગુણસ્થાનકે માન્ય છે. તો પછી પ્રસ્તુતમાં તીર્થંકરનામકર્મ નામનું ઉત્તમ પુણ્ય આ વિવાહાદિ-નિરૂપણદ્વારા જ સ્વફળ આપે છે એમ કેમ કહ્યું? અહીં **પૂજ્યપાદ સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ શ્રી જયઘોષ સૂરીશ્વરજી મહારાજે** આપેલાં સમાધાનો એ છે - આમ તો તીર્થસ્થાપનાદિ જે વિશિષ્ટકાર્યો તીર્થંકરને છોડી બીજા ન કરી શકે, ત્યાં તીર્થંકરનામકર્મનો ઉદય કારણ મનાય. જ્યારે ઉપરોક્ત કાર્યો તો કુલકરો કરી શકે છે, તેથી અહીં (૧) એમ સમજવું કે શ્રીઋષભદેવનું આ કુલકરયોગ્ય પુણ્ય તીર્થંકરનામકર્મ સાથે ભળી ગયું હોવાથી અને તેથી ઉત્કૃષ્ટ કોટિનું થયું હોવાથી બીજાઓ જેવી વ્યવસ્થા કરે, તેથી વધુ સુવ્યવસ્થિત વ્યવસ્થા કરે, અથવા (૨) આ કર્મ તીર્થંકરનામકર્મના અવાંતરભૂત કર્મરૂપે સમજવાનું અથવા (૩) તીર્થંકરના જે જન્માભિષેકાદિ કાર્યો તીર્થંકરનામકર્મના વિપાકોદય વિના પણ થાય છે, ત્યાં જેમ જિનનામકર્મના પ્રદેશોદયથી થાય છે, અથવા તીર્થંકરનામકર્મને સહભાવી પ્રકૃષ્ટ સૌભાગ્યાદિકર્મથી થાય છે. આ બધા કર્મ તીર્થંકરનામકર્મને અવિનાભાવી-તીર્થંકરનામકર્મના બંધસાથે બંધાયેલા હોવાથી ત્યાં તીર્થંકરનામકર્મની વિવક્ષા કરી શકાય. તેમ પ્રસ્તુતમાં પણ સમજવું અને આ બધા કર્મનો ભોગ તીર્થંકરનામકર્મના વિપાકોદયમાટે આવશ્યક હોવાથી પણ એવી વિવક્ષા થઇ શકે. ટૂંકમાં તીર્થંકરનામકર્મની સાથે બંધાયેલા હોવાથી, તેના પ્રદેશોદયસાથે હોવાથી, અથવા તેની હાજરીમાં બીજા ઉત્તમકર્મો ગૌણ-અવાંતર થતાં હોવાથી અહીં તીર્થંકરનામકર્મની વિવક્ષા કરી હોય તેવી સંભાવના લાગે છે. શંકાકાર અવિચક્ષણ અન્યને પણ બીજા કુલકરો વિવાહાદિની પ્રરૂપણા કરે તે સાથે વાંધો નથી, પણ વિશુદ્ધધર્મના સ્થાપક તીર્થંકર આ કાર્યો કરે તે અંગે આપત્તિ આપી છે, તે ખ્યાલ રાખવો.)

*बहुदोसनिवारणाउ जगगुरुणो। नागाइरक्खणे जह कड्ढणदोसेवि सुहजोगो'* ॥ १॥ *'खड्डातडंमि विसमे इट्ठसुयं (सं)पेच्छिऊण कीलंतं। तप्पच्चवायभीया तमाणणट्ठा गया जणणी'* ॥ २॥ *'दिट्ठो अ तीए णागो तं पइ एंतो दुतो अ खड्डाए। तो कड्ढिओ तओ तह, पीडाएवि सुद्धभावाए'* ॥ ३॥[पञ्चाशक ७/३८-३९-४०] त्ति। उक्तानभ्युपगमे बाधामाह- *'इत्थं चैतदिहैष्टव्यमन्यथा देशनाप्यलम्। कुधर्मादिनिमित्तत्वाद्दोषायैव प्रसज्यते'*॥ [अष्टक २८/८] कुधर्माः=शाक्यादिकुप्रवचनानि आदिर्येषां=श्रुतचारित्रप्रत्यनीकत्वादिभावानां तेषां निमित्तत्वात्=हेतुत्वाज्जिन-देशनापि हि नयशतसमाकुला। नयाश्च कुप्रवचनालम्बनभूता दोषायैव ॥ ३९॥ **महानिशीथा**क्षराणि तत्प्रामाण्य-ज्ञापनपूर्वं दर्शयति—

**किं योग्यत्वमकृत्स्नसंयमवतां पूजासु पूज्या जगुः,**
**श्राद्धानां न महानिशीथसमये भक्त्या त्रिलोकीगुरोः।**
**नन्दीदर्शितसूत्रवृन्दविदितप्रामाण्यमुद्राभृतो,**
**निद्राणेषु पतन्ति डिण्डिमडमत्कारा इवैता गिरः॥ ४०॥**

(**दंडान्वयः**:→ किं अकृत्स्नसंयमवतां श्राद्धानां भक्त्या त्रिलोकीगुरोः पूजासु योग्यत्वं पूज्या महानिशीथ-समये न जगुः ? नन्दीदर्शितसूत्रवृन्दविदितप्रामाण्यमुद्राभृत एताः गिरः निद्राणेषु डिण्डिमडमत्कारा इव पतन्ति॥)

'किं योग्यत्वम्' इति। कि*मकृत्स्नसंयमवतां*=देशविरतानां श्राद्धानां *भक्त्या*=अतिशयितरागेण *त्रिलोकी-गुरोः*=त्रिभुवनधर्माचार्यस्य *पूजासु*=पुष्पादिनाऽर्चनेषु *पूज्याः*= **गणधरा** *महानिशीथसमये*=**महानिशीथ**सिद्धान्ते

---

**शंका :-** ભગવાન થોડો દોષ સેવી રક્ષણ કરે, તેના કરતાં જરા પણ દોષ ન લાગે એવી રીતે રક્ષણ કેમ કરતા નથી ?

**સમાધાન :-** 'અન્યથાઽસંભવાત્...' આ વચન સૂચવે છે કે, જરા પણ દોષ ન રહે, અનર્થ ન થાય, એવા પ્રકારના રક્ષણનો માર્ગ અસંભવિત હોવાથી જ, ભગવાને 'અલ્પદોષ અને બહુલાભ'નો આ માર્ગ લીધો છે. કહ્યું જ છે → *'ત્યાં (રાજ્યપ્રદાનવગેરેમાં) જગદ્ગુરુનો પ્રધાનઅંશ છે બહુદોષનું નિવારણ. જેમકે નાગવગેરેના રક્ષણમાં ખેંચવા વગેરેનો દોષ હોવા છતાં એ શુભયોગ છે.' 'ખાડાના વિષમ તટ પાસે પોતાના ઇષ્ટ પુત્રને રમતો જોઇ તેને અપાય થવાના ભયથી તેને લેવા માટે માતા ગઇ. ત્યાં તેણીએ ખાડામાં પુત્ર તરફ જલ્દીથી આવતો નાગ જોયો. તેથી ખાડામાંથી જલ્દીથી પુત્રને ખેંચ્યો. એમાં પીડા થવા છતાં ભાવ વિશુદ્ધ છે.'* ॥ ૧-૨-૩ ॥

જો આ વાત નહિ સ્વીકારો તો, આવતી બાધા બતાવે છે- *'આ પ્રમાણે જ સ્વીકારવું જોઇએ, નહિતર તો દેશના(=ઉપદેશ) દેવાથી પણ સર્યું, કારણ કે કુધર્મ(શાક્યવગેરે કુધર્મો. આદિ પદથી શ્રુત અને ચારિત્રના પ્રત્યનીક વગેરે સમજવા)માં હેતુ બનતી હોવાથી એ પણ દોષરૂપ માનવાનો પ્રસંગ છે.'* ॥૮॥ ભગવાનની દેશના સેંકડો નયોથી સભર છે, કે જે નયો જ કુદર્શનો માટે આલંબનભૂત બને છે. તેથી દોષનો સંભવ પાકો છે. પણ આ વાત ઇષ્ટ નથી, કારણ કે ઘણા ભવ્ય જીવોપર ઉપકાર દેશનાથી જ થાય. તેથી ઉપરોક્ત દોષ ઉપેક્ષણીય છે. તે જ પ્રમાણે વિવાહ વગેરેમાં અને દ્રવ્યસ્તવ વગેરેમાં પણ સમજી લેવું. **॥ ૩૯ ॥**

**મહાનિશીથના** અક્ષરો પ્રમાણભૂત છે, એમ બતાવવા પૂર્વક એ અક્ષરો બતાવે છે—

**કાવ્યાર્થ :-** અકૃત્સ્નસંયમવાળા=દેશવિરત શ્રાવકો ભક્તિથી ત્રણ લોકના ગુરુની પૂજાના વિષયમાં યોગ્ય= અધિકારી છે, એમ પૂજ્ય-ગણધરોએ **મહાનિશીથ શાસ્ત્રમાં** શું કહ્યું નથી ? (કહ્યું જ છે.) **નંદિસૂત્રમાં** નિરૂપેલા

योग्यत्वं न जगु: ?अपि तु जगुरेव - *'अकसिणपव्वत्तगाणं, विरयाविरयाण एस खलु जुत्तो। जे कसिणसंजमविऊ पुप्फाइयं न कप्पए तेसिं(तु)'॥ १॥ 'ता जइ एवं, तओ बुज्झ गोयमा ! नीसंसयं । देसविरय-अविरयाणं तु विणिओगमुभयत्थ वि'॥ २॥* [३/३८-४५] उभयत्र=द्रव्यस्तवे भावस्तवे चेत्यर्थ:। *नन्द्यां*=**नन्दीसूत्रे** दर्शितं यत्सूत्रवृन्दं, तन्मध्ये *विदिता*=प्रसिद्धा या *प्रामाण्यमुद्रा*=**महानिशीथ**प्रामाण्यदाढर्यं, तद्बिभ्रति यास्तादृश्य एता: सम्प्रदायसार्वभौमानां गिरो *निद्राणेषु*=सुप्तप्रमत्तेषु *डिण्डिमस्य*=पटहस्य डमत्कारा इव पतन्ति। यथा गाढसुप्ता: परिमोषिण आकस्मिकभयङ्करभेरिभाङ्कारशब्दश्रवणेन सर्वस्वनाशोपस्थित्या कान्दिशीका भवन्ति, तथोक्त-**महानिशीथ**शब्दश्रवणेन लुम्पका अपीति भाव:। **न च** वाङ्मात्रेण **महानशीथम**प्रमाणमित्यपि तैर्वक्तुं शक्यं, **यत्र** सूत्रे **आचारादीनि** प्रमाणतया दर्शितानि, तत्रैव **महानिशीथस्या**पि दर्शनात्, आपातविरोधस्य च बहूषु स्थानेषु दर्शनाद्विवेकिन: समाधिसौकर्यस्य च सर्वत्र तुल्यत्वादिति ॥ ४०॥ अभ्युच्चयमाह–

**यद्दानादिचतुष्कतुल्यफलतासङ्कीर्तनं या पुन-**
**र्द्वौ श्राद्धस्य परो मुने: स्तव इति व्यक्ता विभागप्रथा।**
**यच्च स्वर्णजिनौकस: समधिकौ प्रोक्तौ तप:संयमौ,**
**तत्सर्वं प्रतिमार्चनस्य किमु न प्राग्धर्मताख्यापकम् ॥ ४१॥**

---

સૂત્રસમુદાયમાં પ્રસિદ્ધ થયેલી પ્રામાણ્યમુદ્રાને ધારણ કરતી આ વાણી (ભાવથી) સૂતેલાઓ પર પટહના પડઘમની જેમ પડે છે.

## શાસ્ત્રમાં વિરોધનો સમ્યક્પરિહાર સમાધિરૂપ

**મહાનિશીથ સૂત્રમાં કહ્યું જ છે** → *'અકૃત્સ્ન પ્રવર્તક વિરતાવિરતોને આ (પૂજા) યોગ્ય છે. જે કૃત્સ્નસંયમ-વિદ્વાન છે, તેઓને પુષ્પ વગેરે કલ્પતા નથી.' ॥ ૧॥ 'તેથી હે ગૌતમ ! બોધ પામ ! સંશય વિના (પાઠાંતરે નિશેષ) દેશવિરત અને અવિરતનો ઉભય સ્થળે(દ્રવ્યસ્તવ અને ભાવસ્તવમાં) વિનિયોગ છે.' ॥ ૨॥*

**નંદિસૂત્રમાં** આગમો-સૂત્રોનો જે વૃંદ=સમુદાય બતાવ્યો છે, એ સૂત્ર-સમુદાયની અંદર **મહાનિશીથ સૂત્ર** પણ છે. તેથી **'મહાનિશીથ'** પણ પ્રમાણભૂત છે. એટલે **મહાનિશીથના** પ્રામાણ્યથી દૃઢ થયેલી સંપ્રદાયવૃદ્ધોની વાણી અફર છે. ગાઢનિદ્રામાં સુતેલા ચોરો એકાએક ભયંકર નાદ સાંભળી સર્વનાશની આશંકાથી ભયવિહ્વલ બને છે. એમ આ પ્રામાણ્યભૂત વાણીના શ્રવણથી પ્રતિમાલોપકો ભય પામે છે.

**શંકા :-** **મહાનિશીથ** શાસ્ત્ર અપ્રમાણ છે.

**સમાધાન :-** બોલવામાત્રથી આ વાત સિદ્ધ નથી. જે **નંદિસૂત્રમાં** જ્યાં **આચારાંગ** વગેરે સૂત્રો પ્રમાણ તરીકે દર્શાવેલા છે, તે જ **નંદિસૂત્રમાં** ત્યાં **આચારાંગવગેરે** સૂત્રોની મધ્યે **મહાનિશીથ સૂત્ર** પણ દર્શાવ્યું છે. તેથી **મહાનિશીથ** પ્રમાણભૂત છે.

**શંકા :-** પણ **મહાનિશીથની** કેટલીક વાતોનો બીજા ગ્રંથો સાથે વિરોધ છે.

**સમાધાન :-** એમ દેખીતો વિરોધ તો ઘણા સ્થળોએ દેખાય છે. પણ વિવેકી પુરુષો તો આગમનીતિથી એ વિરોધનો પરિહાર કરીને સમાધિ(=સમાધાન) સરળતાથી મેળવે છે. એ જ પ્રમાણે અહીં પણ દેખાતા વિરોધનો સમ્યક્પરિહાર કરી સમજુઓ સમાધિ જ મેળવે છે. ॥ ૪૦ ॥

અભ્યુચ્ચય બતાવે છે—

(दंडान्वयः→ यद्दानादिचतुष्कतुल्यफलतासङ्कीर्त्तनं या पुनः श्राद्धस्य द्वौ मुनेः परः स्तव इति व्यक्ता विभागप्रथा। यच्च स्वर्णजिनौकसः समधिकौ प्रौक्तौ तपःसंयमौ तत्सर्वं किमु प्रतिमार्चनस्य प्राग्धर्मता ख्यापकम् न ?)

'यद्' इति। *यद्दानादिचतुष्कस्य*=दानादिचतुष्टयस्य तुल्यफलतायाः सङ्कीर्तनम्। या पुनः द्वौ द्रव्यस्तव-भावस्तवौ श्राद्धस्योचितौ, *परः*=भावस्तव एक एव *मुनेः*=साधोरिति व्यक्ता विभागस्य *प्रथा*=विस्तारः। यच्च *स्वर्णजिनौकसः*=सुवर्णजिनभवनकारणोत्कृष्टद्रव्यस्तवादपि तपःसंयमौ समधिकौ प्रोक्तौ, तत्सर्वं प्रतिमार्चनस्य किमु *प्राग्धर्मतायाः*=भावस्तवेनान्वाचीयमानधर्मतायाः *ख्यापकं*=सूचकं न ? अपि तु ख्यापकमेवोत्कृष्टतमावधेरुत्कृष्टतरस्यैव युक्तत्वात्। हिनावधिकोत्कर्षोक्तेरस्तुतित्वात्। न हि सामान्यजनादाधिक्यवर्णनं चक्रवर्तिनः स्तुतिरपि तु महानरपतेरिति। अक्षराणि च → *'भावच्चणमुग्गविहारया य, दव्वच्चणं तु जिणपूआ। पढमा जईण, दुण्णि वि गिहीण, पढम च्चिय पसत्था'॥ १॥ 'कंचणमणिसोवाणे थंभसहस्सूसिए सुवन्नतले। जो कारवेज्ज जिणहरे, तओ वि तवसंजमो अहिओ (अणंतगुणो)'॥ २॥ 'तवसंजमेण बहुभवसमज्जिअं पावकम्ममलपवहं (मललेवं पाठा.)। निट्ठवि(निद्धोवि पाठा.)उणं अइरा सासय(अणंत पाठा.)सुक्खं वए मुक्खं'॥ ३॥ 'काउं पि जिणाययणेहिं*

---

**કાવ્યાર્થ :-** 'દાનવગેરે ચાર તુલ્યફળવાળા છે' એવું જે કહ્યું છે, તથા 'શ્રાવકને દ્રવ્યસ્તવ-ભાવસ્તવ આ બે સ્તવ ઉચિત છે અને મુનિને પર(ભાવ)સ્તવ છે' એવો જે સ્પષ્ટ વિભાગ બતાવ્યો છે. તથા 'સોનાના દેરાસર કરતા પણ તપ અને સંયમ અધિક ચડિયાતા છે' એવું જે કહ્યું છે, આ બધું પ્રતિમાપૂજન એ પૂર્વધર્મ છે, એમ શું દર્શાવતું નથી?

## ઉત્કૃષ્ટની અપેક્ષાએ જ ઉત્કૃષ્ટતરની પ્રશંસા યોગ્ય

'સુવર્ણમય દેરાસર બનાવવું વગેરેરૂપ ઉત્કૃષ્ટ દ્રવ્યસ્તવ કરતાં પણ તપઃસંયમ વગેરે ભાવસ્તવ કંઇક ગુણા ચડિયાતા છે.' આ વચનથી એટલો ખ્યાલ તો સ્પષ્ટ આવે કે, દ્રવ્યસ્તવ ભાવસ્તવની અપેક્ષાએ ગૌણરૂપે પણ ધર્મ તો છે જ, કારણ કે તપ-સંયમ વગેરે ભાવસ્તવને ઉત્કૃષ્ટતર બતાવવો હોય, તો બીજા ઉત્કૃષ્ટસ્તવની અપેક્ષાએ જ બતાવવો યોગ્ય છે. હીનવસ્તુની અપેક્ષાએ ઉત્કૃષ્ટતર બતાવવામાં તો ફારસ જ થાય. કોઇ માણસ ચક્રવર્તીની સ્તુતિ કરતાં કહે કે 'અમારા ચક્રવર્તી રાજા તો ભિખારી કરતાં પણ ચડિયાતા છે !' તો સ્તુતિને બદલે નિંદા જ થાય અને બદલામાં ઇનામ તરીકે ફાંસી જ મળે.. એને બદલે એમ સ્તુતિ કરે કે ''દુનિયાના ભલભલા ચમરબંધી રાજાઓ કરતાં પણ અમારા ચક્રવર્તી રાજા 'ચાર ચાંદ ચડે' એવા છે.'' તો એ સ્તુતિ કહેવાય અને પુરસ્કાર મળે. એમ જો 'સોનાનું દેરાસર બંધાવવું' વગેરે દ્રવ્યસ્તવ પાપરૂપ હોવાથી હીન હોય, તો તેના કરતાં તપ-સંયમને અધિક બતાવવામાં હકીકતમાં તો તપ-સંયમની હાંસી જ થાય. પણ ભગવાનને તપ-સંયમની હાંસી નથી ઊડાવવી, પણ મહાનતા બતાવવાદ્વારા પ્રશંસા કરવી છે. તેથી એમનું તાત્પર્ય એ જ છે - 'સોનાના દેરાસર બંધાવવા વગેરેરૂપ દ્રવ્યસ્તવ ઘણો સારો છે, પણ તેના કરતાં પણ તપસંયમ ચડી જાય.' **મહાનિશીથના ત્રીજા અધ્યયનના** અક્ષરો આ પ્રમાણે છે →

*'ઉગ્ર વિહારતા ભાવપૂજા છે. જિનપૂજા દ્રવ્યપૂજા છે. સાધુને ભાવપૂજા છે અને ગૃહસ્થને બન્ને છે; પ્રથમ જ પ્રશસ્ત છે.' ॥૧॥ 'સોના-રત્નના પગથિયાવાળા તથા હજારો સ્તંભવાળા ઊંચા તથા સુર્વણમય છતવાળા દેરાસરો કોઇ બનાવે, તેના કરતાં પણ તપસંયમ અધિક (પાઠાંતરે અનંતગુણ) છે.' ॥૨॥ 'તપ અને સંયમ દ્વારા બહુભવોથી ભેગા કરેલા પાપકર્મમળના લેપને (પાઠાંતરે 'પ્રવાહ'ને) ધોઇ નાખી શાશ્વત સુખવાળા (પાઠાંતરે અનંત સુખવાળા)*

*मंडिअं सयलमेइणीवट्टं। दाणाइचउक्केणं सुट्ठु वि, गच्छिज्ज अच्चुयं ण परओ त्ति'* ॥ ४॥[महानिशीथ अ० ३, गा० ३६-५६-५७-५८] न च प्रथमाया एव प्रशस्तत्वाभिधानेऽनाद्याया अप्रशस्तत्वादनादरणीयत्वं, एवं सति *'सारो चरणस्स निव्वाणं'* [विशेषाव० ११२६ पा० ४] इत्यभिधानान्मोक्षस्यैव सारत्वाभिधानाच्चारित्रस्याप्यनादरणीयतापत्तेः, **सारो**पायत्वेन सारत्वं तत्राविरुद्धमिति चेत् ? **प्रशस्त**भावार्चोपायत्वेन द्रव्यार्चाया अपि प्राशस्त्यादादरणीयत्वाक्षतेः ॥ ४१ ॥ **महानिशीथे**ऽस्मदुक्त्याऽप्रामाण्याभ्युपगमं कुमतिनो दूषयन्नाह–

**प्रामाण्यं न महानिशीथसमये प्राचामपीत्यप्रियं,**
**यत्तुर्याध्ययने न तत्परिमितैः केषाञ्चिदालापकैः।**
**वृद्धास्त्वाहुरिदं न सातिशयमित्याशङ्कनीयं क्वचित्,**
**तत्किं पाप ! तवापदः परगिरां प्रामाण्यतो नोदिताः ॥ ४२ ॥**

(**दंडान्वयः→ महानिशीथ**समये प्राचामपि न प्रामाण्यमिति वचनमप्रियम्। यत् केषाञ्चित् **तुर्याध्ययने** परिमितैरालापकैस्तन्न। वृद्धास्त्वाहुः इदं सातिशयमिति क्वचित् नाशङ्कनीयम्। तत् किं पाप ! परगिरां प्रामाण्यतस्तवापदः नोदिताः?)

'प्रामाण्यम्' इति। **महानिशीथसमये** प्राचामपि=प्राचीनयुष्मत्साम्प्रदायिकानामपि प्रामाण्यं नेति वचोऽ*प्रियं*=अरमणीयम्। *यद्*=यस्मा*तुर्याध्ययने*=**चतुर्थाध्ययने** केषाञ्चिदार्याणां परिमितैः-द्वित्रैरालापकैस्तत्प्रामाण्यं

---

*મોક્ષમાં જાય છે.' ॥૩॥ 'દેરાસરોથી આખી પૃથ્વી પટને શોભાવે, તથા દાન વગેરે ચાર ધર્મને પાળે, તો પણ (ગૃહસ્થ) અચ્યુત(=બારમા) દેવલોક સુધી જ જઇ શકે છે. આગળ નહિ.'॥૪॥*

**શંકા :- મહાનિશીથની** આ પંક્તિ તો એ જ કહે છે કે, પ્રથમ(=ભાવસ્તવ) જ પ્રશસ્ત છે. દ્વિતીય (=દ્રવ્યસ્તવ) પ્રશસ્ત નથી. તેથી દ્રવ્યસ્તવ આદરણીય નથી.

**સમાધાન :-** 'આમ ભાવસ્તવ જ પ્રશસ્ત છે' એ વચનથી દ્રવ્યસ્તવને અપ્રશસ્ત જ કહી દેવો યોગ્ય નથી, કારણ કે શ્રેષ્ઠતમની અપેક્ષાએ શ્રેષ્ઠ વસ્તુ હીન હોય, તેટલા માત્રથી કંઇ સર્વથા હીન ન કહેવાય, ઉત્તર ઉત્તરની પ્રાપ્તિની અપેક્ષાએ પૂર્વ પૂર્વની પ્રાપ્તિ હીન હોવા છતાં સર્વથા અનાદેય નથી. નહિતર તો *'ચારિત્રનો સાર નિર્વાણ છે.'* આ વચનથી નિર્વાણ=મોક્ષ જ સારભૂત હોવાથી ચારિત્ર અસાર અને અનાદેય બની જશે.

**શંકા :-** અહીં તો મોક્ષરૂપી સારમાટે ચારિત્ર કારણ છે. તેથી ઉપચારથી ચારિત્રને પણ સાર કહી શકાય.

**સમાધાન :-** બસ, એ જ પ્રમાણે પ્રશસ્ત ભાવસ્તવમાં દ્રવ્યસ્તવ કારણ છે. માટે દ્રવ્યસ્તવ પણ પ્રશસ્ત અને આદરણીય છે. **॥ ૪૧ ॥**

## મહાનિશીથની સર્વથા પ્રમાણભૂતતા

અમારા જ કેટલાક આચાર્યોના વચનને આગળ કરી **મહાનિશીથ ગ્રંથને** અપ્રમાણભૂત તરીકે સ્વીકારતા પ્રતિમાલોપકોને દોષિત ઘોષિત કરતા કવિવર કહે છે—

**કાવ્યાર્થ :-** (તમારા) પૂર્વાચાર્યોને પણ **મહાનિશીથ શાસ્ત્ર** પ્રમાણતરીકે માન્ય નથી. એવું (પ્રતિમાલોપકનું) વચન સારું નથી, કારણ કે કેટલાક આચાર્યોને જ ચોથા અધ્યયનના અમુક(=બે કે ત્રણ મર્યાદિત) આલાપકો જ પ્રમાણતરીકે માન્ય નથી. (અર્થાત્ બાકીના અધ્યયન અને આલાપકો તો માન્ય જ છે.) વળી જ્ઞાનવૃદ્ધો તો કહે છે 'આ (**મહાનિશીથ**) **અધ્યયન** અતિશયવાળું છે. એટલે એના કોઇપણ સ્થળે આશંકા કરવી નહીં.' તેથી હે પાપી !

नास्ति । **वृद्धास्त्वाहुः**– इदं **महानिशीथं** सातिशयं समहत्प्रभावमतिगम्भीरार्थं चेति क्वचिदपि स्थले नाशङ्कनीयम् । *तत्*=तस्मात्कारणाद्धे पाप ! *परगिराम्*=उत्कृष्टवाचामस्मत्सम्प्रदायशुद्धानां *प्रामाण्यतः*=प्रामाण्याभ्युपगमेन तवापदो नोदिताः ? अपि तूदिता एव, अभ्युपगमसिद्धान्तस्वीकारे स्वतन्त्रसिद्धान्तभङ्गप्रसङ्गात्, **अजां निष्काशयतः क्रमेलकागमन्यायापातात्** ।

तथोक्तं **चतुर्थाध्ययने** प्रान्ते → *'अत्र चतुर्थाध्ययने बहवः सैद्धान्तिकाः केचिदालापकान्न सम्यक् श्रद्दधत्येव । तैरश्रद्धानैरस्माकमपि न सम्यक् श्रद्धानमित्याह* ***हरिभद्रसूरिः***, *न पुनः सर्वमेवेदं चतुर्थाध्ययनं, अन्यानि वाध्ययनानि, अस्यैव कतिपयैः परिमितैरालापकैरश्रद्धानमित्यर्थः । यतः* ***स्थानसमवायजीवाभिगमप्रज्ञापनादिषु*** *न किञ्चिदेवमाख्यातं, यथा प्रतिसन्तापकस्थानमस्ति तद्गुहावासिनश्च मनुजाः । तत्र च परमाधार्मिकाणां पुनः पुनः सप्ताष्टवारान् यावदुपपातः, तेषां च तैर्दारुणैर्वज्रशिलाघरट्टसम्पुटगतगोलिकानां(सम्पुटैर्गिलितानां पाठा.)*

---

બીજાની ઉત્કૃષ્ટ વાણીને પ્રમાણતરીકે સ્વીકારતા તને શું આપત્તિ નથી આવતી ? અર્થાત્ અવશ્ય આવે છે.

**પૂર્વપક્ષ :–** તમે **મહાનિશીથના** પાઠની શું સાક્ષી આપો છો ? આ ગ્રંથ તો તમારા પૂર્વાચાર્યોને પણ સંમત નથી.

**ઉત્તરપક્ષ :–** શું એટલામાત્રથી તમે પણ આ ગ્રંથને પ્રમાણભૂત માનતા નથી ?

**પૂર્વપક્ષ :–** હા. તમારા પૂર્વાચાર્યોની ઉક્તિને અનુસારે અમે પણ આ ગ્રંથને પ્રમાણભૂત તરીકે સ્વીકારતા નથી.

**ઉત્તરપક્ષ :–** અહીં જ તમારે ફસાવાનું છે ! અમારા જે પૂર્વાચાર્યોએ અપ્રમાણતા માની છે, તે પૂર્વાચાર્યોએ પણ માત્ર **ચતુર્થ અધ્યયનના** કેટલાક આલાપકોઅંગે જ પોતાની અશ્રદ્ધા વ્યક્ત કરી છે. બાકીના આલાપકો અને અધ્યયનો તો એમને પણ માન્ય જ છે. વળી **વૃદ્ધ સંપ્રદાય** તો એવો જ છે કે, 'આ **મહાનિશીથ ગ્રંથ** મહાપ્રભાવિક છે. અને ગંભીર અર્થોથી સભર છે. તેથી આ ગ્રંથના કોઇ પણ શબ્દપર અપ્રમાણ તરીકે આશંકા કરવી જોઇએ નહિ.' તેથી જો તમે અમારા પૂર્વાચાર્યોના સંપ્રદાયશુદ્ધ ઉત્કૃષ્ટ વચનોને આધારે જ પ્રામાણ્ય-અપ્રામાણ્યનો સ્વીકાર કરતા હો, તો તમારે **મહાનિશીથ ગ્રંથને** પ્રમાણભૂત જ માનવો પડશે અને તો, પૂર્વે દર્શાવ્યું તેમ, દ્રવ્યસ્તવપર પણ આદર કરવો પડશે. આમ અભ્યુપગમસિદ્ધાંત સ્વીકારવાથી તમારા સિદ્ધાંતને બાધ આવશે. તેથી તમારે તો **'બકરું કાઢતાં ઊંટ પેઠું'** એ ઉક્તિ ચરિતાર્થ થાય છે.

## મહાનિશીથના ચતુર્થ અધ્યયનના વચનો

**મહાનિશીથના ચતુર્થઅધ્યયને** અંતે રહેલા શબ્દો →

*ઘણા સૈદ્ધાંતિકો આ* ***ચતુર્થ અધ્યયનના*** *કેટલાક આલાપકોની સમ્યક્શ્રદ્ધા કરતા નથી. તેઓની અશ્રદ્ધા હોવાથી અમારી પણ સમ્યક્શ્રદ્ધા નથી એમ* ***શ્રીહરિભદ્રસૂરિજી*** *કહે છે. પરંતુ સમગ્ર* ***ચતુર્થ અધ્યયન*** *કે બીજા અધ્યયનોપર અશ્રદ્ધા નથી. (અર્થાત્ શ્રદ્ધા છે જ.) પણ આ(ચતુર્થ અધ્યયન)ના કેટલાક જ આલાપકોપર અશ્રદ્ધા છે, એવો ભાવ છે. (આ અશ્રદ્ધાનું કારણ) કારણ કે* ***સ્થાનાંગ, સમવાયાંગ, જીવાભિગમ, પ્રજ્ઞાપના*** *વગેરે ગ્રંથોમાં આ પ્રમાણે (કે જે આ આલાપકોમાં કહ્યું છે) કહ્યું નથી કે,* ***'પ્રતિસંતાપક'*** *નામનું કોઇક સ્થાન છે. તેની ગુફાઓમાં મનુષ્યો રહે છે. ત્યાં* ***પરમાધાર્મિક દેવો*** *સતત સાત આઠ વાર ઉત્પન્ન થાય છે. તથા તેઓ (****રત્નદ્વીપના*** *વણિકો) વડે વજ્રમયશિલાની ઘંટીના પડમાં દળાતા આ રત્નગોળીધારક* ***પરમાધાર્મિકો*** *એક વર્ષ સુધી પીડાવા છતાં મોત પામતા નથી.'* અહીં **વૃદ્ધવાદ** આ પ્રમાણે છે, 'આ **મહાનિશીથ ગ્રંથ આર્ષ(=પૂર્વધરરચિત)સૂત્ર** છે. આ

*परिपीड्यमानानामपि संवत्सरं यावत्प्राणव्यापत्तिर्न भवतीति'।* **वृद्धवादस्तु** *पुनर्यथा- 'तावदिदमार्षं सूत्रं विवृत्ति-(विकृति पाठा.)र्न तावदत्र प्रविष्टा, प्रभूताश्चात्र श्रुतस्कन्धेऽर्थाः सुष्ठ्वतिशयेन सातिशयानि गणधरोक्तानि चेह वचनानि, तदेवं स्थितेर्न किञ्चिदाशङ्कनीयमिति।*

विरोधभानं च वेदनीयस्य जघन्या स्थितिरन्तर्मुहूर्त**मुत्तराध्ययनेषूक्ता, प्रज्ञापनायां** तु द्वादशमुहूर्ता इत्यादौ सम्भवत्येव। ①हेतूदाहरणासम्भवेऽपीत्यादिना प्रामाण्याभ्युपगमोऽप्युभयत्र तुल्य इति दिग् ॥ ४२ ॥ **महानिशीथ** एवान्यथावचनमाशङ्कते—

**भ्रष्टैश्चैत्यकृतेऽर्थितः कुवलयाचार्यो जिनेन्द्रालये,**

**यद्यप्यस्ति तथाप्यदः सतम इत्युक्त्वा भवं तीर्णवान्।**

**एतत्किं नवनीतसारवचनं नो मानमायुष्मतां,**

**यत्कुर्वन्ति महानिशीथबलतो द्रव्यस्तवस्थापनम्॥ ४३ ॥**

(**दंडान्वयः**→ भ्रष्टैश्चैत्यकृतेऽर्थितः कुवलयाचार्यो 'जिनेन्द्रालये यद्यप्यस्ति तथाप्यदः सतमः' इत्युक्त्वा भवं तीर्णवान्। एतत् नवनीतसारवचनमायुष्मतां किं नो मानं यन्**महानिशीथ**बलतो द्रव्यस्तवस्थापनं कुर्वन्ति ?)

'भ्रष्टैः' इति। *भ्रष्टैः*=लिङ्गमात्रोपजीविभि*श्चैत्यकृते*=स्वाभिमतचैत्यालयसम्पादनाय। *अर्थितः*=प्रार्थितः

---

*સૂત્રપર વિવૃત્તિ=ટીકાઓ નથી કે આ સૂત્રમાં વિકૃતિ(=પાછળથી-ઓછુંવત્તું) પેઠી નથી. તથા આ શ્રુતસ્કંધમાં ઘણા અર્થો છુપાયા છે. અતિશયોથી સભર ગણધરવચનો આમાં રહેલા છે. તેથી આ ગ્રંથપર જરા પણ આશંકા ન કરવી.'*

વિરોધનું જ્ઞાન તો અહીંની જેમ અન્યત્ર પણ થાય છે – જેમ કે વેદનીય કર્મની જઘન્યસ્થિતિ **ઉત્તરાધ્યયનમાં** અંતર્મુહૂર્ત બતાવી છે, જ્યારે **પ્રજ્ઞાપનામાં** બાર મુહૂર્તની બતાવી છે.

**શંકા :-** **ઉત્તરાધ્યયનમાં** કયા આશયથી અંતર્મુહૂર્ત બતાવી છે ઇત્યાદિ બાબત સમજવા હાલમાં હેતુ-ઉદાહરણવગેરે મળતાં નથી. છતાં **ધ્યાનશતકના** *'હેઊદાહરણાસંભવે'* ઇત્યાદિ ગાથા કહે છે કે સર્વજ્ઞના-શાસ્ત્રના વચનોના તાત્પર્યાર્થ સમજવામાટે હેતુ ઉદાહરણ ન મળવાથી એ અર્થો કદાચ બરાબર ન સમજાય, તો પણ સર્વજ્ઞનું વચન-સર્વજ્ઞનો મત અવિતથ=તથ્ય જ છે, એમ બુદ્ધિમાને ચિંતવવું. આ વચનના બળપર પરસ્પર વિરોધી વચનવાળા પણ આગમોપર અમે પ્રમાણતરીકે શ્રદ્ધા રાખીએ છીએ.

**સમાધાન :-** આ જ સમાધાન **મહાનિશીથ ગ્રંથ**અંગે પણ આપી શકાય. તેથી **મહાનિશીથ ગ્રંથને** પ્રમાણભૂત માનવો જ રહ્યો. **॥ ૪૨ ॥**

**'મહાનિશીથ'**માં જ દ્રવ્યસ્તવને બાધ આવે તેવા વચન છે', એવી આશંકા પ્રતિમાલોપક કરે છે—

**કાવ્યાર્થ :-** જ્યારે ભ્રષ્ટ-લિંગમાત્રજીવી ચૈત્યવાસી મુનિઓએ **કુવલયાચાર્યને** સ્વઅભિમત ચૈત્યાલય-જિનાલયના સંપાદનમાટે પ્રાર્થના કરી, ત્યારે **કુવલયપ્રભાચાર્ય** 'જો કે જિનાલયઅંગે છે, તો પણ તે પાપયુક્ત છે.' તેમ કહીને સંસારસાગર તર્યા. હે પ્રશસ્ત આયુષ્યવાળાઓ ! (=પ્રતિમાસ્થાપકો !) આ નવનીતતુલ્ય શ્રેષ્ઠવચન શું આપને માન્ય નથી ? જેથી **મહાનિશીથના** જ બળ પર દ્રવ્યસ્તવની સ્થાપના કરો છો.

## કુવલયપ્રભાચાર્યનું વચન ઉન્માર્ગનિષેધક

**પૂર્વપક્ષ :-** ''લિંગમાત્રજીવી ભ્રષ્ટાચારીઓએ પોતાને ઇષ્ટ દેરાસર બંધાવવાનો શ્રાવકોને ઉપદેશ આપવાઅંગે

---

① हेऊदाहरणासंभवे य सइ सुट्ठु जं न बुज्झेज्जा। सव्वण्णुमयमवितहं तहवि तं चिंतए मइमं ॥ [ध्यानशतक ४८]

*कुवलयाचार्यः*=पदैकदेशे पदसमुदायोपचारात् **कुवलयप्रभाचार्यः**। 'यद्यप्येतच्चैत्यालये वक्तव्यमस्ति तथापि *सतमः*=सपापम्' इत्युक्त्वा *भवं*=संसारार्णवं तीर्णवान्। एतत्किं नवनीतसाराध्ययनवचन*मायुष्मतां*=प्रशस्तायुषां भवतां नो *मानं*=न प्रमाणम्? य*न्महानिशीथबलतो*=**महानिशीथ**बलमवष्टभ्य द्रव्यस्तवस्थापनं कुर्वन्त्यायुष्मन्तः। यत्र हि वाङ्मात्रेणापि द्रव्यस्तवप्रशंसनं निषिद्धं, तत्र कथं तत्करणकारणादिविहितं भविष्यतीति ?॥ ४३॥
उत्तरयति–

**भ्रान्त ! प्रान्तधिया किमेतदुदितं पूर्वापरानिश्चयात्,**
**येन स्वश्रमक्लृप्तचैत्यममतामूढात्मनां लिङ्गिनाम्।**
**उन्मार्गस्थिरता न्यषेधि न पुनश्चैत्यस्थितिः सूरिणा,**
**वाग्भङ्गी किमु यद्यपीति न मुखं वक्रं विधत्ते तव॥ ४४॥**

(**दंडान्वयः**→ हे भ्रान्त ! पूर्वापरानिश्चयात् प्रान्तधिया (त्वया) किमेतदुदितं येन सूरिणा स्वश्रमक्लृप्तचैत्यममतामूढात्मनां लिङ्गिनामुन्मार्गस्थिरता न्यषेधि न पुनः चैत्यस्थितिः। 'यद्यपि' इति वाग्भङ्गी किमु तव मुखं वक्रं न विधत्ते ?)

'भ्रान्त'इति। *हे भ्रान्त !*=विपर्ययाभिभूत ! पूर्वापरग्रन्थतात्पर्यानिश्चया*त्प्रान्तधिया*=हीनबुद्धिना त्वयैत*त्किमुदितं*=कुत्सितमुक्तम्, येनोक्तवचनेन स्वश्रमक्लृप्तानि यानि चैत्यानि, तेषु या ममता; तया मूढ आत्मा येषां ते तथा, तादृशां लिङ्गिनां *सूरिणा*=**कुवलयाचार्येण** मनसि मठमिश्रितचैत्यकर्त्तव्यतागोचरतत्प्रतिज्ञां गलहस्तय*तो*-

---

**કુવલયપ્રભાચાર્ય**ને પ્રાર્થના કરી. ત્યારે **કુવલયપ્રભાચાર્યે** સ્પષ્ટ કહી દીધું કે, 'જો કે જિનાલયઅંગે કહેવાનું છે, છતાં તે કહેવામાં પાપ છે.' આમ કહેવાથી તેમનો સંસાર એક ભવ જેટલો સીમિત થઇ ગયો.'' આ વચન **મહાનિશીથમાં** છે. અહીં વચનમાત્રથી દ્રવ્યસ્તવની પ્રશંસા જેટલી વાતનો પણ નિષેધ કર્યો છે. **મહાનિશીથના** આ માખણતુલ્ય વચનો શું તમને પ્રમાણભૂત નથી ? કે જેથી તમે **મહાનિશીથના** બળપર દ્રવ્યસ્તવની સ્થાપના કરો છો. જરા તો વિચારો, જે ગ્રંથમાં વચનમાત્રથી પણ દ્રવ્યસ્તવની પ્રશંસાનો નિષેધ કર્યો હોય, તે ગ્રંથમાં દ્રવ્યસ્તવ કરવા-કરાવવાનું વિધાન શી રીતે સંભવી શકે ? **॥ ૪૩ ॥**

ઉત્તર આપે છે–

**કાવ્યાર્થ :-** હે ભ્રાંત ! (પ્રતિમાલોપક !) તુચ્છબુદ્ધિવાળા એવા તારાથી પૂર્વાપરનો નિશ્ચય કર્યા વિના આ દુષ્ટ વચન કેમ કહેવાયું ? કારણ કે **કુવલયપ્રભાચાર્યે** પૂર્વોક્ત વચનોદ્વારા પોતે શ્રમ કરી બનાવેલા ચૈત્યોની મમતાથી મૂઢ થયેલા લિંગમાત્રજીવીઓની ઉન્માર્ગમાં સ્થિરતાનો નિષેધ કર્યો છે, નહિ કે, સમ્યગ્ભાવિત ચૈત્યોની વ્યવસ્થાનો. આ સંબંધમાં 'જો કે' એવા વચનપ્રયોગ તારા મુખને શું વક્ર કરતો નથી ? અર્થાત્ કરે જ છે.

**કુવલયપ્રભાચાર્યે** ભ્રષ્ટજીવીઓની પ્રાર્થનાના જવાબમાં જે વચન કહ્યું, તે વચન મઠમિશ્રિતચૈત્યકર્તવ્યતા સંબંધી લિંગજીવીઓની પ્રતિજ્ઞાને ઊંચકીને ફેંકી દેવામાટે જ હતું અને તે દ્વારા અનાયતન પ્રવૃત્તિની દૃઢતાનો નિષેધ કરવાનો જ આચાર્યનો આશય હતો, નહિ કે, સમ્યગ્ભાવિત ચૈત્યવ્યવસ્થાનો લોપ કરવાનો.

**શંકા :-** આવો આશય તમે ક્યાંથી શોધ્યો ?

**સમાધાન :-** આચાર્ય 'જો કે જિનભવન અંગે કહેવાનું છે, તો પણ એ સાવદ્ય છે.' આવું વચન બોલ્યા. તેમાં જે આ 'જો કે' પદ છે, તે જ સૂચવે છે કે, જિનાલયવ્યવસ્થા મૂળથી દોષરૂપ નથી. પરંતુ જ્યારે એ વ્યવસ્થા

*न्मार्गस्थिरता*=अनायतनप्रवृत्तिदार्ढ्यं न्यषेधि, न पुन*श्चैत्यस्थितिः*=सम्यग्भावितचैत्यप्रवृत्तिव्यवस्था। इहार्थे यद्यपीति *वाग्भङ्गी*=वचनरचना किमु तव मुखं वक्रं न विधत्ते ? अपि तु विधत्त एव। अप्राकरणिकस्य सम्बोध्य मुखवक्रीकरणस्य कार्यस्याभिधानेन प्रकृतवक्रोक्त्यभिधानादप्रस्तुतप्रशंसालङ्कारः। *'अप्रस्तुतप्रशंसा या सा सैव प्रस्तुताश्रया'* इति लक्षणम्। [काव्यप्रकाश १०/१५१] *'जइ वि जिणालये तह वि सावज्जमिणं'* न स्वभाव-तश्चैत्यस्थितेर्दुष्टत्वमाह, किन्तु मठप्रवृत्त्युपाधिनेत्येवं श्रद्धेयम्। न हि 'यद्यपि पायसं तथापि न भक्ष्य'मिति वचनं विषमिश्रिताद्युपाधिसमावेशं विनोपपद्यते इति भावनीयं सूरिभिः (सुधिभिः) ॥ ४४ ॥ एवं व्याख्यानेन एवान्यत्रापि सूत्रस्य निःशङ्कितत्वकरणेन प्रव्रज्यासार्थकतोपपत्तिरित्यनुशास्ति–

**यत्कर्मापरदोषमिश्रिततया शास्त्रे विगीतं भवेत्,**
**स्वाभीष्टार्थलवेन शुद्धमपि तल्लुम्पन्ति दुष्टाशयाः।**
**मध्यस्थास्तु पदे पदे धृतधियः सम्बन्ध्य सर्वं बुधाः,**
**शुद्धाशुद्धविवेकतः स्वसमयं निःशल्यमातन्वते ॥ ४५ ॥**

(**दंडान्वयः**→ अपरदोषमिश्रिततया यत्कर्म शास्त्रे विगीतं भवेत्, तत् शुद्धमपि दुष्टाशयाः स्वाभीष्टार्थलवेन लुम्पन्ति। पदे पदे धृतधियः मध्यस्था बुधास्तु शुद्धाशुद्धविवेकतः सर्वं सम्बन्ध्य स्वसमयं निःशल्यमातन्वते ॥)

'यत्कर्म' इति। यत्कर्म स्वरूपतः शुद्धमप्यपरदोषेण मिश्रिततया शास्त्रे *विगीतं*=निषिद्धं भवेत्, तत् *स्वाभीष्टार्थलवेन*=स्वाभिमतार्थलेशप्राप्त्या शुद्धमपि दुष्टाशया लुम्पन्ति छिद्रान्वेषिणामीदृशच्छलस्य सुलभत्वात्। यथा,

---

'મઠ' વગેરેરૂપ બની જાય છે અને સાધુઓને મોહ અને મમતાનું સાધન બની જાય છે, ત્યારે જ સાવદ્ય બને છે. આમ અહીં મઠપ્રવૃત્તિરૂપ ઉપાધિના કારણે સાવદ્યતાનું નિરૂપણ છે.

**શંકા :-** 'જો કે'પદના પ્રયોગથી આવું તાત્પર્ય શી રીતે નીકળે ?

**સમાધાન :-** 'જો કે'નો પ્રયોગ જ એવા તાત્પર્યઅર્થે હોય છે. જેમકે 'જો કે આ ખીર છે, તો પણ ખાવા જેવી નથી.' અહીં તાત્પર્ય એવું જ નીકળે કે, ''ખીર તરીકે તો આ અભક્ષ્ય નથી. પણ ઝેરમિશ્રિતઆદિ કારણે જ અભક્ષ્ય છે, નહિતર 'ખાવા જેવી નથી' તેમ ન કહેવાય.'' બસ એ જ પ્રમાણે આચાર્યના પૂર્વોક્તવચનઅંગે આચાર્યોએ (બુદ્ધિમાનોએ ?) અત્રે કહેલું તાત્પર્ય ભાવન કરવું જોઇએ. અપ્રાકરણિકને સંબોધી મુખવક્રીકરણકાર્ય કહેવાયું હોવાથી અહીં પ્રકૃતવક્રોક્તિ–અભિધાન **અપ્રસ્તુતપ્રશંસા અલંકાર** છે. આ અલંકારનું લક્ષણ → *'પ્રસ્તુતને આશ્રયી કરાતી અપ્રસ્તુત પ્રશંસા છે.'* (અપ્રસ્તુતના કથનદ્વારા પ્રસ્તુતઅર્થને વ્યક્ત કરવું તે અપ્રસ્તુત પ્રશંસા છે.) **॥ ૪૪ ॥**

## સૂત્રને નિશંકિત બનાવવાથી જ દીક્ષાની સાર્થકતા

'અન્યત્ર પણ આ પ્રમાણે જ વ્યાખ્યાન કરવા દ્વારા સૂત્રને નિઃશંકિત કરવાથી જ દીક્ષાની સાર્થકતા ઉપપન્ન થાય છે' એવું અનુશાસન કરતા કવિવર કહે છે—

**કાવ્યાર્થ :-** સ્વરૂપશુદ્ધ ક્રિયા પણ જ્યારે બીજા દોષથી મિશ્ર થવાથી શાસ્ત્રમાં નિષિદ્ધ થાય છે, ત્યારે એ નિષેધમાં પોતાને ઇષ્ટ માન્યતાની કાંક સિદ્ધિ થવારૂપ પોતાના થોડાક દેખીતા લાભ ખાતર દુષ્ટબુદ્ધિવાળાઓ મૂળભૂતરીતે શુદ્ધ તે ક્રિયાઓને મૂળથી ઊડાડવા પ્રયત્ન કરે છે. પણ ડગલે પગલે બુદ્ધિને ધારી રાખતા મધ્યસ્થ પ્રાજ્ઞ પુરુષો તો પૂર્વાપરનો સંબંધ જોડી શુદ્ધાશુદ્ધના વિવેકથી=નિશ્ચયથી પોતાના આગમને શલ્યરહિત બનાવે છે.

છિદ્રાન્વેષીઓને બીજાઓના છિદ્રો સુલભ હોય છે. આ છિદ્રોના બળે તે સ્વરૂપશુદ્ધ પણ કો'ક બીજા દોષના

खेदोद्वेगादिदोषमिश्रितमावश्यकादि निषिद्धमिति दुष्पाल्यत्वादावश्यकमेवैदंयुगीनानामकर्त्तव्यमित्**याध्यात्मिकादयो** वदन्ति। (तथा) विधिभक्तिविकलो द्रव्यस्तवो निष्फलः स्यात्। तदाह → *'जं पुण एयवियुत्तं एगंतेणेव भावसुन्नं ति। तं विसयम्मि वि ण तओ, भावत्थयाहेउओ णेयं'*॥ [पञ्चाशक ६/९] *यदनुष्ठानमेतद्=औचित्यं, भावो=बहुमानं, विषयेऽपि=वीतरागेऽपि विधीयमानं, तकः=द्रव्यस्तवः।* तथा प्रकृतेऽपि मठमिश्रितदेवकुलादिकं नाचार्येणानुमतमित्यादिकं पुरस्कृत्य द्रव्यस्तव एव न कार्य इति **लुम्पका** वदन्ति। *मध्यस्थास्तु*=**गीतार्थाः** *पदे पदे*=स्थाने स्थाने, *धृतधियः*=सम्मुखीकृतविमर्शाः, सर्वं ग्रन्थं *शनैः शनैः*=मन्दं मन्दं श्रोतृप्रज्ञानुसारेण सम्बन्ध्य शुद्धाशुद्धयो*र्विवेकः*=विनिश्चयः, ततः *स्वसमयं*=स्वसिद्धान्तं *निःशल्यं*=शल्यरहितमातन्वते-तात्पर्यविवेचनेन सूत्रं प्रमाणयन्ति, न तु शङ्कोद्भावनेन मिथ्यात्वं वर्द्धयन्तीति भावः ॥ ४५ ॥ एतेन प्रदेशान्तरविरोधोऽपि परिहृत इत्याह–

**तेनाकोविदकल्पितश्चरणभृद्यात्रानिषेधोद्यत-**
**श्रीवज्रार्यनिदर्शनेन सुमुनेर्यात्रानिषेधो हतः।**
**स्वाच्छन्द्येन निवारिता खलु यतश्चन्द्रप्रभस्यानतिः,**
**प्रत्यज्ञायि महोत्तरं पुनरियं सा तैः स्वशिष्यैः सह ॥ ४६ ॥**

(**दंडान्वयः**→ तेन अकोविदकल्पितः चरणभृद्यात्रानिषेधोद्यत**श्रीवज्रार्य**निदर्शनेन सुमुनेर्यात्रानिषेधो हतः। यतः खलु स्वाच्छन्द्येन **चन्द्रप्रभस्या**नतिः निवारिता। सेयं महोत्तरं तैः स्वशिष्यैः सह प्रत्यज्ञायि॥)

'तेन'इति। तेनोक्तहेतुना*ऽकोविदेन*=अतात्पर्यज्ञेन कल्पितश्चरणभृतां यात्रानिषेधे उद्यता ये *श्रीवज्रार्याः*=

---

મિશ્રણથી અશુદ્ધ થયેલી વસ્તુને સર્વથા દુષ્ટ જાહેર કરવાનો તેઓનો સ્વભાવ હોય છે, દા.ત. ખેદ, ઉદ્વેગ વગેરે દોષોથી યુક્ત પ્રતિક્રમણાદિ આવશ્યકવગેરે ક્રિયા કરવાનો નિષેધ છે. બસ આ નિષેધવચનને પકડી **આધ્યાત્મિક-મતવાદીઓ** કહેવા મંડી પડ્યા કે, 'આ કાળમાં ચારિત્રનું (અથવા વિધિ-નિયમોનું) પાલન દુઃશક્ય છે. તેથી આજના લોકોમાટે આવશ્યક ક્રિયાઓ અકર્તવ્ય છે.' જેમકે શાસ્ત્રમાં કહ્યું છે કે વિધિ અને ભક્તિ વિનાનો દ્રવ્યસ્તવ નિષ્ફળ છે. **પંચાશકમાં** કહ્યું જ છે કે → *'જે (અનુષ્ઠાન) આનાથી(=ઓચિત્યથી) રહિત છે, તે એકાંતે ભાવ (=બહુમાન) શૂન્ય છે અને તે(=વીતરાગ) વિષયક હોવા છતાં તે(=દ્રવ્યસ્તવ) ભાવસ્તવમાં હેતુ નથી તેમ સમજવું.'* તથા પ્રસ્તુતમાં=**મહાનિશીથમાં** પણ આચાર્યએ મઠવગેરેથી મિશ્રિત જિનાલયની અનુમતિ આપી નથી. બસ આટલું પકડી 'દ્રવ્યસ્તવ સર્વથા કરણીય નથી' એમ પોકારી દ્રવ્યસ્તવને પ્રતિમાલોપકો અત્યંત વખોડી નાખે છે. ભલા ! ગૂમડાવાળું ગળું શોભે નહિ, પણ તેના ઉપાયતરીકે ગૂમડાનું ઓપરેશન કરો. પણ આમ ગળું જ કાં કાપવા બેઠા ! **મધ્યસ્થ ગીતાર્થો** તો દરેક સ્થળે પોતાની બુદ્ધિને તત્ત્વસન્મુખ કરે છે. તથા શ્રોતાની પ્રજ્ઞાને અનુસારે ધીમે ધીમે ગ્રંથનો સંબંધ જોડી વિવેચન કરી સૂત્રને પ્રમાણતયા સિદ્ધ કરે છે. પરંતુ તેમાં શંકા ઉત્પન્ન કરાવી બીજાઓના મિથ્યાત્વને વધારવાનું ક્લિષ્ટ પાપ આચરતા નથી. **॥ ૪૫ ॥**

આનાથી પ્રસ્તુતસૂત્રમાં (**મહાનિશીથમાં**) અન્યસ્થળે પણ દેખાતા વિરોધનો પરિહાર કરીને કવિ કહે છે—

**કાવ્યાર્થ :-** ઉપરોક્ત હેતુથી સાધુઓને યાત્રાનો નિષેધ કરવા તત્પર બનેલા શ્રી **વજઆર્યના** દૃષ્ટાંતથી 'સુસાધુઓને યાત્રાનો નિષેધ છે.' એવી અજ્ઞની કપોળકલ્પિત ઉક્તિ પણ હણાયેલી છે, કારણ કે **શ્રી વજઆર્યે** સ્વચ્છંદતાથી **ચંદ્રપ્રભસ્વામીના** વંદનનો જ નિષેધ કર્યો હતો અને પોતાના શિષ્યોસાથે મહોત્સવ પછી વંદન કરવાની પ્રતિજ્ઞા કરી હતી.

**श्रीवज्रसूरय**स्तेषां *निदर्शनेन*=दृष्टान्तेन *सुमुने:*=सुसाधोर्यात्रानिषेधो *हत:*=निराकृत:। यतस्तत्र ग्रन्थे *स्वाच्छन्द्येन*= आज्ञारहिततया गुरुभि*श्चन्द्रप्रभस्य*=**चन्द्रप्रभस्वामिन** आनतिर्निषिद्धा, *महोत्तरं*=सङ्घयात्रोत्सवनिवृत्यनन्तरं पुनरियं **चन्द्रप्रभ**यात्रा तैराचार्यै: स्वशिष्यै: सह *प्रत्यज्ञायि*=कर्तव्येति प्रतिज्ञाविषयीकृता। अत्राप्यविधियात्रानिषेध- मेवोपश्रुत्य यात्रामात्रं मूढैर्निषिद्धं, तद्दूषितं तात्पर्यज्ञैरिति बोध्यम्॥ अत्र **सावद्याचार्यवज्राचार्य**सम्बन्धौ श्रोतॄणामुपकाराय **महानिशीथगतौ** अभिधीयेते। **तथा हि** →

*से भयवं ! कयरे णं से* ***सावज्जायरिए*** *? किं वा तेणं पावियं ? गो० ! णं इओ य* ***उसभादि****तित्थंकर- चउवीसिगाए अणंतेणं कालेणं जा अतीता अन्ना चउवीसिगा, तीए जारिसो अहयं तारिसो चेव सत्तरयणीपमाणेणं जगच्छेरयभूओ देविंदविंदवंदिओ पवरवर****धम्मसिरिनामं*** *चरमधम्मतित्थंकरो अहेसि। तस्स य तित्थे सत्त अच्छेरगे पभूए। अहऽन्नया परिनिव्वुडस्स णं तस्स तित्थंकरस्स कालक्कमेणं असंजयाणं सक्कारकारवणे णामऽच्छेरगे वहिउमारद्धे। तत्थ णं लोगाणुवत्तीए मिच्छत्तोवहयं असंजयपूयाणुरयं बहुजनसमूहं ति वियाणिऊण तेणं कालेणं तेणं समएणं अमुणियसमयसब्भावेहिं तिगारवमइरामोहिएहिं णाममेत्तआयरियमहत्तरेहिं(मयहरेहिं पाठा.) सङ्घाइणं सयासाओ दविणजायं पडिग्गहियथंभसहस्सूसिए सकसके ममत्तिए चेइयालगे काराविऊणं (आसईए) ते चेव दुरंतपंतलक्खणाहमाहमेहिं आसाइए ते चेव चेइयालगे नीसीय(मासीय पाठा.) गोविऊणं च बलवीरियपुरिसकार-*

---

**શ્રી વજઆર્યએ** જિનાજ્ઞાથી રહિતપણે થતી **ચંદ્રપ્રભસ્વામીની** યાત્રાનો જ નિષેધ કર્યો હતો, નહિ કે સર્વથા કારણ કે તે જ વખતે પોતાના શિષ્યોસાથે સંઘયાત્રામહોત્સવ પત્યા પછી **ચંદ્રપ્રભસ્વામીની** આ યાત્રા કરવાની પ્રતિજ્ઞા કરી હતી, આ દૃષ્ટાંતના શ્રવણથી તાત્પર્યને નહિ સમજનારા અજ્ઞો એમ કહેવા બેસે કે '**શ્રી વજઆર્યના** દૃષ્ટાંતથી **મહાનિશીથમાં** તીર્થયાત્રાનો સર્વથા નિષેધ છે.' તો તેમને મૂઢ જ સમજવા, કારણ કે તેઓ 'માત્ર અવિધિથી થતી યાત્રાનો જ નિષેધ છે, સર્વથા નહિ' એવા તાત્પર્યને સમજવામાં થાપ ખાઇ ગયા છે. તેથી તાત્પર્યને સમજતા સુજ્ઞપુરુષો અજ્ઞોની આ પ્રરૂપણાને દોષયુક્ત જ જાહેર કરે છે.

## સાવદ્યાચાર્યનું દૃષ્ટાંત

પ્રસ્તુતમાં શ્રોતાઓના ઉપકારાર્થે **મહાનિશીથમાંથી** ઉદ્ધૃત કરી **સાવદ્યાચાર્ય** અને **વજઆર્યના** દૃષ્ટાંત દર્શાવે છે. (ગુજરાતીમાં મૂળ શબ્દોને આશ્રયી ભાવાર્થ પ્રગટ કરાય છે.) પ્રથમ **સાવદ્યાચાર્યનું** હૃદયસ્પર્શી દૃષ્ટાંત રજુ કરે છે →

*હે ભદંત ! એ* ***સાવદ્યાચાર્ય*** *કોણ હતા ? તેણે શું પ્રાપ્ત કર્યું ? હે* ***ગૌતમ*** *! સાંભળ...* ***શ્રી ઋષભદેવથી*** *માંડીને પસાર થયેલી આ ચોવિસીની અનંતકાળ પૂર્વે આવી જ તીર્થંકરચોવિસી થઇ હતી. તે ચોવિસીના ચરમ તીર્થપતિ હતા* ***શ્રીધર્મશ્રી ભગવાન.*** *આ તીર્થંકર મારી(=શ્રીપ્રભુ* ***મહાવીરસ્વામી****) જેમ સાત હાથ ઊંચા હતા. જગત માટે પરમઆશ્ચર્યના નિધાન હતા. દેવેન્દ્રોથી પૂજાયેલા હતા. શ્રેષ્ઠતમ હતા. આ પરમાત્માના શાસનમાં સાત અચ્છેરા (=આશ્ચર્યકારી ઘટના) થયા હતા. આ સર્વજીવવત્સલ પ્રભુ પરમપદને પામ્યા પછી કાળક્રમે અસંયતોની પૂજાસત્કારરૂપ અચ્છેરું પ્રગટ થયું. તે વખતનો મોટો લોકસમુદાય લોકપ્રવાહમાં તણાયેલો હતો, મિથ્યાત્વથી હણાયેલો હતો, અસંયતોની પૂજાના ભાવથી રંગાયેલો હતો. આ ગાડરિયાપ્રવાહને જોઇ શાસ્ત્રસિદ્ધાંતના જ્ઞાનપ્રકાશથી વંચિત, ત્રણ ગારવ(ઋદ્ધિ-રસ-શાતા)રૂપી મદિરાથી મત્ત અને નામમાત્રથી આચાર્યમહત્તર બની બેઠેલા સંયતોની બુદ્ધિ બગડી. લોકસંજ્ઞાથી વાસિત તેઓએ શ્રાવકો પાસેથી દ્રવ્ય પ્રાપ્ત કરી હજારો થાંભલાઓવાળા પોતપોતાના મમત્વવાળા-*

परक्कमे, संते बले, संते वीरिए, संते पुरिसकारपरक्कमे, चइऊण उग्गाभिग्गहे अणिययविहारं णीयावासमासइत्ता णं सिढिलीहोऊणं संजमाइसुट्ठिएवि पच्छा परिचिच्चाणं इहलोगपरलोगावायं अंगीकाऊण य सुदीहं संसारं तेसुं चेव मढदेवउलेसुं अच्चत्थं गंथिरे(गढिरे पाठा.) मुच्छिरे ममकाराहंकारेहिं णं अभिभूए सयमेव विचित्तमल्लदामाईहिं णं देवच्चणं काउमब्भुज्जए। जं पुण समयसारं परं इमं सव्वन्नुवयणं तं दूरसुदूरयरेणं उज्झियंति। तं जहा- 'सव्वे जीवा, सव्वे पाणा, सव्वे भूआ, सव्वे सत्ता ण हंतव्वा, ण अज्जावेयव्वा, ण परियावेयव्वा, ण परिघेतव्वा, ण विराहेयव्वा, ण किलामेयव्वा, ण उद्दवेयव्वा। जे केई सुहुमा, जे केई बायरा, जे केई तसा, जे केई थावरा, जे केई पज्जत्ता, जे केई अपज्जत्ता, जे केई एगिंदिया, जे केई बेइंदिया, जे केई तेइंदिया, जे केई चउरिंदिया, जे केई पंचिंदिया, तिविहं तिविहेणं, मणेणं, वायाए, काएणं। जं पुण गो० ! मेहुणं तं एगंतेणं ३, णिच्छयओ ३, बाढं ३ तहा आउतेउसमारंभं च सव्वहा सव्वपयारेहिं सयं विवज्जेज्जा मुणी त्ति। एस धम्मे धुवे, सासए, णिइए(निरए पाठा.), समिच्च लोगं खेयन्ने(न्नू पाठा.)हिं पवेइए' त्ति॥

से भयवं जे णं केइ साहू वा साहूणी वा निग्गंथे, अणगारे, दव्वथयं कुज्जा, से णं किमालवेज्जा ? गो० ! जे णं केई साहू वा साहूणी वा णिग्गंथे अणगारे दव्वत्थयं कुज्जा से णं अजयेइ वा, असंजएइ वा, देवभोइएइ वा,

---

માલિકીના દેવવિમાનસરિખા જિનાલયો બંધાવવા માંડ્યા, પછી અધમતાનો આશરો લઇ તેઓ એ જ દેરાસરોમાં અડ્ડો જમાવવા માંડ્યા. બસ પછી તો પોતાનું બળ, પોતાનો ઉત્સાહ, પોતાનું પરાક્રમ, પોતાનો પુરુષાર્થ-આ બધાને સંયમમાં વાપરવાને બદલે પાતાળમાં દાટી દીધા અને બળ, વીર્ય, પરાક્રમ હાજર હોવા છતાં ઉગ્ર અભિગ્રહો ધારણ કરવાનું છોડી અને અનિયતાવાસને જલાંજલી બક્ષી તેઓએ નિત્યાવાસને સ્વીકારી લીધો. ચાલતા ભલા સાધુઓએ સ્થિરવાસની દુર્ગંધ સ્વીકારી લીધી. સંયમની સુવાસ લુપ્ત બની. શિથિલાચાર વ્યાપી ગયો. સંયમાદિમાટે ઉત્થિત થયા હોવા છતાં પછી આલોક-પરલોકના ભયંકર નુકસાનો આંખથી દૂર થયા. તેઓએ તો જાણે કર્મસત્તાપાસેથી દીર્ઘકાળમાટે સંસારમાં રહેવાની પરમીટ મેળવી લીધી હોય તેમ, પોતે બંધાવેલા તે તે જિનાલયોઅંગે જ નિર્ગ્રંથ હોવા છતાં ગ્રંથિ(=મમત્વભાવ) (અથવા ગૃદ્ધિ) જોડી દીધી. મૂર્ચ્છા ઊભી કરી. કહેવાતા અપરિગ્રહીઓએ જિનાલયોનો પરિગ્રહ ઊભો કર્યો. સમતારસમાં રહેવાનું છોડી મમતાની મૂડી ઊભી કરી અને 'હું અને મારું'ની બાલિશ રમત રમવાની શરુ કરી. પતનની ખીણમાં ઝડપથી સરકતા તેઓએ પ્રથમ મહાવ્રતને ભૂલી જાતે જ જાત જાતના પુષ્પો અને ભાતભાતની માળાઓથી દેરાસર અને પ્રતિમાઓને શણગારવા માંડી. 'ભવ્ય આંગી'ના નામે લોકોને આકર્ષી કમાણીનું મોટું સાધન ઊભું કર્યું અને આબાદીનો આભાસ ઊભો કર્યો. તેઓએ સર્વશાસ્ત્રોના નિચોડભૂત પરમાત્માના તે વચનને તો યોજનો દૂર ફગાવી દીધું કે 'બધા જીવ, ભૂત, પ્રાણ અને સત્ત્વોની હિંસા ન કરવી, પરિતાપના ન કરવી, તેઓને પકડવા નહિ, તેઓની વિરાધના ન કરવી, તેઓને પીડા ન આપવી, કે તેઓને મારી નાખવા નહિ. વળી સૂક્ષ્મ કે બાદર, ત્રસ કે સ્થાવર, પર્યાપ્ત કે અપર્યાપ્ત એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધીમાં સમાવેશ પામેલા કોઇ પણ જીવની મન, વચન, કાયાથી હિંસાવગેરે કરવી-કરાવવી-અનુમોદવી નહિ. તથા હે ગૌતમ ! **સાધુએ મૈથુનનો એકાંતે નિશ્ચયથી અને અત્યંત દૃઢતાથી ત્યાગ કરવો, અને પાણી તથા અગ્નિ સંબંધી તમામ પ્રકારના આરંભોનો સર્વથા ત્યાગ કરવો.** આ જ ધર્મ ધ્રુવ છે, આ જ ધર્મ શાશ્વત છે, આ જ ધર્મ નિત્ય (અથવા નિરજ=કર્માદિરજ રહિત) છે, લોકસ્વરૂપનો પ્રકાશ મેળવી સર્વજ્ઞોએ આ જ ધર્મની પ્રરૂપણા કરી છે.'

હે પ્રભુ ! જે કોઇ નિર્ગ્રંથ અણગાર સાધુ કે સાધ્વી સ્વયં દ્રવ્યસ્તવ કરે, તેને કયા નામથી ઓળખવો ? હે

*देवच्चगेइ वा, जाव णं उम्मगगपइट्ठिएइ वा, दुरुज्झिय सीलेइ वा, कुसीलेइ वा, सच्छंदयारिएइ वा आलवेज्जा॥* [महानिशीथ अ॰ ५, सू॰ २९]

*एवं गो॰ ! तेसिं अणायारपवित्ताणं बहुणं आयरियमहत्तराईणं एगे मरगयच्छवी* ***कुवलयपहा****भिहाणे णाम अणगारे महातवस्सी अहेसी । तस्स णं महामहंते जीवाइपयत्थेसु तत्थपरिन्नाणे सुमहंते(तं पाठा.) चेव संसारसागरे तासुं तासुं जोणीसुं संसरणभयं सव्वहा सव्वपयारेहिं णं अच्चंतं आसायणाभिरुयत्तणं। तक्कालं तारिसे वि असमंजसे अणायारे बहुसाहम्मियपवत्तिए, तहा वि सो तित्थयराणमाणं णाइक्कमेइ।*

*अहन्नया सो अणिगूहियबलवीरियपुरिसकारपरक्कमे सुसीसगणपरियरिओ सव्वन्नुपणीयागमसुत्तत्थो-भयाणुसारेणं ववगयरागदोसमोहमिच्छत्तममकाराहंकारो सव्वत्थ अपडिबद्धो। किं बहुना ? सव्वगुणगणाहिट्ठिय-सरीरो अणेगगामागरनगरपुरखेडकब्बडमडंबदोणमुहाइसन्निवेसविसेसेसुं अणेगेसुं भव्वसत्ताणं संसारचारग-विमोक्खणिं सद्धम्मकहं परिकहेंतो विहरिंसु। एवं च वच्चंति दियहा। अण्णया णं सो महाणुभागो विहरमाणो आगओ गो॰ ! तेसिं णीयविहारीणमावासगे। तेसिं च महातवस्सीति काऊण सम्माणिओ किइकम्मासणपदाणाईणा सुविणएणं, एवं च सुहनिसन्नो चिट्ठित्ताणं धम्मकहाइणा विणोएणं पुणो गंतुं पयत्तो। [सू॰ ३०] ताहे भणिओ सो महाणुभागो गो॰ ! तेहिं दुरंतपंतलक्खणेहिं लिंगोवजीवीहिं भट्ठायारुम्मग्गपवत्तगाभिग्गहियमिच्छादिट्ठीहिं, जहा णं भयवं ! जइ तुममिहइं एकं वासारत्तं चाउम्मासियं पउंजियं तो णमेत्थ एत्तिगे २ चेइयालगे भवंति णूणं तुज्झाणत्तीए।*

---

**ગૌતમ** ! તે સાધુ કે સાધ્વીને અસાધુ કહેવો, અસંયત ઓળખવો, દેવભોગી સમજવો, દેવાર્ચગૃદ્ધ ગણવો, ઉન્માર્ગગામી જાણવો, શીલને દૂર તરછોડનારા કુશીલ તરીકે જોવો, અથવા તો તેને સ્વચ્છંદાચારી તરીકે સ્વીકારવો.

હે **ગૌતમ** ! આ પ્રમાણે અનાચારમાં ડૂબેલા આવા ઘણા આચાર્ય-મહત્તરોથી ભરેલા તે કાળે ખારા સમુદ્રમાં મીઠા પાણીની વિરડી સમાન, રણપ્રદેશમાં કલ્પવૃક્ષસમાન, કાગડાઓના ટોળામાં હંસસમાન, કાચના કટકાઓની વચ્ચે મરકતમણિસમાન(મરકત મણિની કાંતિવાળા - તેવા વર્ણવાળા) **કુવલયપ્રભ** નામના આચાર્ય હતા. તપથી સૂકવી નાખેલી કાયાના તે ધણી હતા. જીવવગેરે પદાર્થોના તત્ત્વજ્ઞાનના સ્વામી હતા. અતિવિશાળ અને ભારે ભયંકર સંસારસાગરમાં તે-તે યોનિમાં રખડવાથી તેઓ ભારે ડરતા હતા. તેથી સર્વથા અને સર્વપ્રકારથી અત્યંત આશાતનાભીરુ હતા. તે કાળે સાવ નીચલી કક્ષાને પામી ગયેલા આચાર્યોની વચ્ચે, અયોગ્ય અનાચારની ગંદી ખાઇમાં ગળાડૂબ સાધર્મિકોની વચ્ચે પણ તે મહાત્મા ભગવાનની આજ્ઞાને સંપૂર્ણ વફાદાર હતા.

પોતાના બળ-વીર્ય-પુરુષાર્થ-પરાક્રમને જરા પણ છુપાવ્યા વિના સર્વ ક્રિયામાં અપ્રમત્ત રહેતા એ આચાર્ય... સુંદર શિષ્યોના સમુદાયથી પરિવરેલા એ આચાર્ય... સર્વજ્ઞે પ્રકાશેલા આગમના સૂત્ર-અર્થ-તત્ત્વને અનુસારે સર્વત્ર પ્રતિબંધ વિનાના એ આચાર્ય... રાગ દ્વેષ મોહ મિથ્યાત્વ મમત્વ અને અહંકાર વગેરે ઉપદ્રવોથી રહિતના એ આચાર્ય... શું વધુ કહીએ ? સર્વગુણસમુદાયથી શોભતા શરીરવાળા એ આચાર્ય.... અનેક ગામ, નગર, કસ્બા, બંદર, મહાનગર, છાવણીઓને પોતાના વિહારદ્વારા પવિત્ર કરતા એ આચાર્ય.... અનેક ભવ્યજીવોને સંસારરૂપી કેદખાનામાંથી મુક્ત કરતી અને સંવેગરંગના તરંગમાં હિલોળા લેવડાવતી સદ્ધર્મકથાદ્વારા અનુપકૃત-ઉપકારી એ આચાર્ય.... પૃથ્વીતલપર વિચરતા વિચરતા એકવાર આવી પહોંચ્યા એ નિત્યવાસી મુનિઓના ગામમાં-તેઓના ઉપાશ્રયમાં. 'અહો ! મહાતપસ્વી પધાર્યા !' એમ વિચારી તેઓએ પણ કૃતિકર્મ, આસન આપવા વગેરે વિનયદ્વારા એ **કુવલયપ્રભાચાર્યનો** સત્કાર કર્યો. (પણ એટલું યાદ રાખજો ! **સંસારરસિકોના સન્માનની સુવાસ પાછળ ભયંકર સ્વાર્થની ભારે બદબુ છુપાયેલી હોય છે,**

*ता कीरउमणुग्गहत्थमम्हाणं इहेव चाउम्मासियं। ताहे भणियं तेण महाणुभागेणं गो० ! जहा 'भो भो पियंवए ! **जइवि जिणालए तहवि सावज्जमिणं, णाहं वायामित्तेणवि एयं आयरिज्जा !'** एवं च समयसारं परं तत्तं जहट्ठियं अविवरीयं णीसंकं भणमाणेणं तेसिं मिच्छादिट्ठीलिंगीणं साहुवेसधारीणं मज्झे गो० ! आसकलियं तित्थयरणामकम्मगोयं तेणं **कुवलयप्पभेणं** एगभवावसेसीकओ भवोयही । तत्थ य दिट्ठो अणुल्लविज्जाणं संघ(नामसंघ पाठा.)मेलावगो अहेसि। तेसिं च बहूहिं पावमईहिं लिंगिलिंगिणियाहिं परोप्परमेगमयं काऊणं गो० ! तालं दाऊणं विप्पलोइयं चेव तं तस्स महाणुभागस्स महातवस्सिणो **कुवलयपहा**भिहाणं, कयं च से **सावज्जायरिया**भिहाणं सद्दकरणं, गयं च पसिद्धिए। एवं च सद्दिज्जमाणोऽवि सो तेणापसत्थसद्दकरणेणं तहा वि गो०! ईसिंपि ण कुप्पे ॥*

*अहन्नया तेसिं दुरायाराणं सद्धम्मपरंमुहाणं अगारधम्माणगारधम्मोभयभट्ठाणं लिंगमेत्तनामपव्वइयाणं, कालक्कमेण संजाओ परोप्परं आगमवियारो - जहा णं सड्ढगाणमसई संजया चेव मढदेउले पडिजागरेंति, खंडपडिए य समारावयंति। अन्नं च जावकरणिज्जं तं पइ समारंभे कज्जमाणे जइस्स वि णं णत्थि दोससंभवं। एवं च केई*

---

ना मोही पडशो એ સન્માનના દેખાવમાં !) થોડીવાર ધર્મકથાવગેરેથી વિનોદ કર્યો. પણ એટલીવારમાં આચાર્યએ તે લોકોને પારખી લીધા. **પ્રાયઃ વેશ, વર્તન અને વાણીમાં વિચારોનું પ્રતિબિંબ પડતું હોય છે. સમજી ગયા કુવલયપ્રભાચાર્ય કે આ લોકો ભ્રષ્ટાચારી લિંગમાત્રજીવી છે.** આમ આ લિંગજીવીઓના સંગમાં તો ઠીક, અરે પડછાયામાં તો ઠીક, પણ નામશ્રવણમાં પણ પાપ છુપાયેલું છે. કારણ કે સંસારરસિક જીવોનો સંગ જીવને સંસારનો સંગી બનાવી દે છે. 'સંગ તેવો રંગ' આ કહેવતને બરાબર સમજતા આચાર્યએ તો વિહારની તૈયારી કરવા માંડી. એટલે તરત જ તે લિંગજીવી ભ્રષ્ટાચારી ઉન્માર્ગપ્રવર્તક અને આભિગ્રહિક મિથ્યાત્વી ચૈત્યવાસી યતિઓએ એ મહાત્માને મધ ઝરતી વાણીથી વિનંતી કરી 'હે કૃપાળુ ભગવન્ ! જો આપ એક ચાતુર્માસ અહીં કરો, તો આપની આજ્ઞાથી અહીં ભવ્ય જિનાલયો તૈયાર થઇ જાય. તેથી હે કૃપાસાગર ! આપ અમારાપર કૃપાનો ધોધ વરસાવી અહીં ચાતુર્માસની 'જે' બોલાવી દો.' ત્યારે આ લોકોની રગે રગને પીછાણતા એ પ્રભાવક આચાર્યે વાણીના મધમાં લપટાયા વિના અને ભોળા બન્યા વિના કહી દીધું 'હે મધુરભાષીઓ ! **જો કે જિનાલયસંબંધી છે, તો પણ આ સાવદ્ય છે. તેથી વચનમાત્રથી પણ હું આ આચરીશ નહિ'** આ પ્રમાણે શાસ્ત્રના નિચોડભૂત અને તત્ત્વના પરમસારભૂત આ વચનો યથાર્થપણે નિશંક રીતે એ મિથ્યાત્વી લિંગમાત્રજીવી સાધુવેશધારીઓ આગળ કડવી દવાની જેમ ફરમાવીને એ મહાત્માએ તીર્થંકરનામકર્મ (અનિકાચિત) ઉપાર્જી લીધું, પોતાનો સંસારસાગર એક ભવ જેટલો મર્યાદિત બનાવી દીધો. પણ સિંહની ગર્જના શિયાળીઆઓને ન ગમે એ સ્વાભાવિક છે. તે વખતે જેઓનું નામ લેવામાં પાપ છે, એવા ઘણા લિંગજીવી સાધુ-સાધ્વી વેશધારીઓ પરસ્પર ભેગા થયેલા હતા. તેઓએ ચાસડા લીધા અને એકબીજાને તાળીઓ આપી આચાર્યના વચનને વારંવાર દોહરાવી મશ્કરી કરવા માંડી, તથા આચાર્યના મૂળ નામને ગોપવી નવું નામ પાડ્યું **'સાવદ્યાચાર્ય'**. બધે વાયુવેગે આ નામ ફેલાઇ ગયું. તમાશાઘેલા લોકોને તમાશામાં જ રસ હોય, તત્ત્વની ચિંતા એમને હોતી નથી. આવા અપ્રશસ્ત નામથી પોતે ઓળખાઇ રહ્યા હોવા છતાં પોતાના અનામી-સિદ્ધસ્વરૂપનો જ વિચાર કરતા એ આચાર્યએ પોતાનો શાંતસુધારસ જરાય ગુમાવ્યો નહીં ને ક્રોધિત થયા નહીં, કારણ કે **દુર્જનોની દુર્જનતા સજ્જનોની સજ્જનતાની પીછાણ છે.**

તે પછી એકવાર ધર્મસાથે કોઇ લેવા દેવા વિનાના સાધુ અને શ્રાવક ઉભય ધર્મથી ભ્રષ્ટ થયેલા વેશધારી નામમાત્રથી જેઓ સાધુ હતા, તેઓમાં આગમતત્ત્વની વિચારણા શરુ થઇ. કોઇક કહે છે 'શ્રાવકોના અભાવમાં

*भणंति-संजमं मोक्खनेयारं। अन्ने भणंति जहा-णं पासायवडिंसए पूयासक्कारबलिविहाणाइसु णं तित्थुच्छप्पणा चेव मोक्खगमणं। एवं तेसिमविइयपरमत्थाणं पावकम्माणं जं जेण सिट्ठं सो तं चेवुद्दामुस्सिंखलेणं (तं वच्चं उद्दामुस्सिंखलेणं) मुहेण पलवति। ताहे समुट्ठियं वादसंघट्टं। णत्थि य कोई तत्थ आगमकुसलो तेसिं मज्झे जो तत्थ जुत्ताजुत्तं वियारेइ, जो य पमाण पुव्वमुवइसइ। तहा एगे भणंति-जहा अमुगो, अमुगगच्छं चिट्ठे। अन्ने भणंति-अमुगो। अन्ने भणंति-किमित्थ बहुणा पलविएणं? सव्वेसिमम्हाणं* ***सावज्जायरिओ*** *इत्थ पमाणं ति। तेहिं भणियं जहा 'एवं होउ' त्ति 'हक्कारावेह लहुं'।[सू० ३१] तओ हक्काराविओ गो० ! सो तेहिं* ***सावज्जायरिओ।*** *आगओ दूरदेसाओ अप्पडिबद्धत्ताए विहरमाणो सत्तहिं मासेहिं। जाव णं दिट्ठो एगाए अज्जाए। सा य तं कट्ठ-गतवचरणसोसियसरीरं चम्मट्ठिसेस तणुं अच्चंतं तवसिरिए अतीव दिप्पंतं* ***सावज्जायरियं*** *पेच्छिय सुविम्हियंत-करणा (तक्खणा) वियक्किउं पयत्ता-अहो ! किं एस महाणुभागे णं सो अरहा, किं वा णं धम्मो चेव मुत्तिमंतो ? किं बहुणा ? तियसिंदवंदाणं पि वंदणिज्जपायजुओ एस त्ति चिंतिऊणं भत्तिभरनिब्भरा आयाहिणपयाहिणं काऊणं उत्तिमंगेणं संघट्टमाणी झटिति णिवडिया चलणेसु, गो० ! तस्स णं* ***सावज्जायरियस्स।*** *दिट्ठो य सो तेहिं दुरायारेहिं पणमिज्जमाणो। अन्नया णं सो तेसिं तत्थ जहा जगगुरुहिं उवइट्ठं तहा चेव गुरूवएसाणुसारेणं आणुपुव्वीए जहट्ठियं सुत्तत्थं वागरेइ, ते वि तहा चेव सद्दहंति।*

---

સાધુઓએ મઠ અને જિનાલયોની સાચવણી કરવી જોઇએ. તૂટેલા ભાગને સમરાવવો જોઇએ... જીર્ણોદ્ધાર કરવો જોઇએ. આવા પ્રકારનો બીજો પણ આરંભ કરવામાં સાધુને કોઇ દોષ નથી.' બીજો કહે છે 'ભઇ ! સંયમ જ મોક્ષમાં લઇ જાય' તો ત્રીજો પોકારી ઉઠ્યો – 'ના ના તમને ખબર નથી. તીર્થની પ્રભાવનાથી મોક્ષ છે અને દેરાસરમાં પૂજા-સત્કાર-બલિવિધાન વગેરેથી જ શાસનપ્રભાવના થાય છે.' શાસ્ત્રના સારને સમજ્યા વિના પાપકર્મમાં રત તેઓમાંથી જેને જે યોગ્ય લાગ્યું, તેણે તે નિરંકુશપણે મર્યાદા મુકીને બોલવા માંડ્યું. પરિણામ શું આવ્યું ? 'સો મૂર્ખા ભેગા થાય તો એકસો એક મત પડે !' બસ ભારે વાદવિવાદ સર્જાયો. પણ ત્યાં કોઇ આગમકુશળ વ્યક્તિ તો હતી જ નહિ, કે જે યોગ્ય-અયોગ્યનો વિચાર કરી પ્રમાણનો ઉપદેશ આપી શકે. તેથી કોઇ કહે છે – 'અમુક ગચ્છના અમુકને 'જજ' બનાવીએ' બીજો કહે – 'ના. ના. અમુકને જ ન્યાયાધીશ બનાવીએ...' વળી કોને નિર્ણાયક બનાવવો એની ચર્ચા ચાલી. અંતે એકે કહ્યું – 'મુકોને બીજી પંચાત ! આ બાબતમાં આપણને બધાને **સાવદ્યાચાર્ય** જ પ્રમાણ છે.' બધાએ એકી અવાજે એ વાતનો સ્વીકાર કર્યો અને **સાવદ્યાચાર્યને** જલ્દી બોલાવવાનો નિર્ણય લઇ સભા બરખાસ્ત થઇ. પછી તો **સાવદ્યાચાર્યને** 'આગમચર્ચાના વિવાદની લવાદી તમને સોંપવાનો અમે સર્વાનુમતે નિર્ણય કર્યો છે માટે જલ્દીથી પધારો' એવું કહેણ મોકલ્યું, અને **સાવદ્યાચાર્યે** એનો સહર્ષ સ્વીકાર કરવાની ભારે ભૂલ કરી નાખી. **સાવધાન ! સંસારરસિકોની સભાના પ્રમુખ થવાની લાલચમાં જો લપટાશો, તો ખ્યાલ રાખજો ! કાં તો સંસાર વધારશો અને કાં તો તેઓના ઉપહાસને પાત્ર ઠરશો. પાગલોની પંચાતના પ્રમુખ થનારને કાં તો પાગલ બનવું પડે, કાં તો પાગલોનો માર ખાવો પડે.**

ધર્મભ્રષ્ટ સંસારરસિક લિંગજીવીઓની ચર્ચાના લવાદ થવાના લોભમાં **સાવદ્યાચાર્યે** પોતાના સર્વનાશને નોંતરું આપી દીધું. સાત મહિનાનો ઉગ્ર અપ્રતિબદ્ધ વિહાર કરી દૂર દેશથી તેઓ પધાર્યા. પધારી રહેલા તેમને સામે લેવા ઘણા સાધુ-સાધ્વીઓ ગયા. દૂર દૂરથી આવી રહેલા એમની તપથી શુષ્ક બનેલી કાયામાં હાડકા અને ચામડા સિવાય બીજું કશું દેખાતું ન હતું... અને છતાં તપના તેજથી તેમની કાયા અત્યંત દેદીપ્યમાન દેખાતી હતી. એક સાધ્વી તો આમને આવા જોઇ વિસ્મિત થઇ ગઇ. વિચારે છે, 'શું આ સાક્ષાત્ અરિહંત પધારી રહ્યા છે ? કે પછી શું

*अन्नया ताव वागरियं गो० ! जाव णं एक्कारस्सण्हमंगाणं चोद्दसण्हं पुव्वाणं दुवालसंगस्स णं सुयनाणस्स णवणीयसारभूयं सयलपावपरिहारट्ठकम्मनिम्महणं आगयं इणमेव गच्छमेरापन्नवणं **महानिसीहसुयक्खंधस्स पंचमं अज्झयणं**। एत्थेव गो० ! ताव णं वक्खाणियं जाव णं आगया इमा गाहा→ 'जत्थित्थीकरफरिसं, अंतरियं कारणे वि उप्पन्ने। अरहाऽवि करेज्ज सयं, तं गच्छं मूलगुणमुक्कं'॥ १२७॥* [सू. ३२]

*तओ गो०! अप्पसंकिएणं चेव चिंतियं तेणं **सावज्जायरिएणं** जहा णं- 'जइ इह एयं जहट्ठियं (चेव) पन्नवेमि, तओ जं मम वंदणगं दाउमाणीए तीए अज्जाए उत्तिमंगेणं चलणग्गे पुट्ठे तं सव्वेहिं पि दिट्ठमेएहिं ति। ता जहा मम **सावज्जायरिया**भिहाणं कयं, तहा अन्नमवि किंचि एत्थ मुट्टंकं काहिंति जेणं सव्वलोए अपुज्जो भविस्सं। ता अहमन्नहा सुत्तत्थं पन्नवेमि ? ता णं महती आसायणा। तो किं करियव्वमेत्थं ति ? किं एयं गाहं पओवयामि? किं वा ण ? अण्णहा वा पन्नवेमि ? अहवा हा हा ! ण जुत्तमिणं उभयहा वि अच्चंतगरहियं आयहियट्ठीणमेयं । जओ एस सुआ(समया पाठा.)भिप्पाओ-जहा णं 'जे भिक्खू दुवालसंगस्स णं सुयनाणस्स असई - चुक्कखलियप-मायासंकादीसभयत्तेणं पयक्खरमत्ताबिंदुमवि एक्कं पउ(रु पाठा.)विज्जा, अन्नहा वा पन्नवेज्जा, संदिद्धं वा सुत्तत्थं वक्खाणेज्जा, अविहीए अजोगस्स वा वक्खाणिज्जा, से भिक्खू अणंतसंसारी भवेज्जा । ता किं एत्थं ? जं होही तं भवउ, जहट्ठियं चेव गुरुवएसाणुसारेणं सुत्तत्थं पवक्खामि'त्ति चिंतिऊणं गो० ! पवक्खाया णिखिलावयव-विसुद्धा सा तेण गाहा ।* [सू. ३३] *एयावसरंमि चोइओ गो० ! सो तेहिं दुरंतपंतलक्खणेहिं जहा- 'जइ एवं, ता*

---

મૂર્તિમાન ધર્મ જ આવી રહ્યો છે ? આમના પાદપદ્મ દેવેન્દ્રોના સમુદાયને પણ પૂજ્ય છે.' આમ વિચારે છે, ત્યાં તો **સાવદ્યાચાર્ય** ખૂબ નજીક આવી ગયા, ભક્તિભરહૃદયવાળી... રોમાંચિત અંગવાળી... હર્ષાશ્રુથી વ્યાપ્ત નયનવાળી એ સાધ્વીએ તરત જ ત્રણ પ્રદક્ષિણા દઇ **સાવદ્યાચાર્યને** વંદન કર્યું... પણ તેમ કરવા જતાં એ સાધ્વીના મસ્તકે **સાવદ્યાચાર્યના** ચરણનો સ્પર્શ-સંઘટ્ટો કર્યો જે લિંગજીવીઓ જોઇ ગયા. કોને ખબર હતી કે આ નાનકડો પ્રસંગ ભયંકર આગની ચિનગારી બનશે ? કોને એવો ખ્યાલ હતો કે આ થોડામાંથી ભયંકર હોનારત સર્જાઇ જવાની છે ? કોણે એવું વિચારેલું કે આટલો પ્રમાદનો પવન ઝંઝાવાત બની **સાવદ્યાચાર્યની** આરાધનાના વૃક્ષોને મૂળથી ઉખેડી ક્યાંય ફેંકી દેશે ? સાધ્વી અડકી ત્યારે પગ નહીં સંકોચી લેવાનો નાનકડો પ્રમાદ-નાનકડી ગફલત **સાવદ્યાચાર્યના** ભાવપ્રાણમાટે જીવલેણ ફટકાસમાન બની જવાની છે, એ વિચાર **સાવદ્યાચાર્યને** પણ ન હતો. બસ પછી તો ચાલી આગમ વાચનાઓ. જગદ્ગુરુ પરમાત્માએ જ્યાં જે પ્રમાણે કહ્યું છે, ત્યાં તે જ પ્રમાણે નિરૂપણ કરવાદ્વારા **સાવદ્યાચાર્ય** આગમોના પાઠ સમજાવે છે. પેલાઓ પણ સ્વીકાર કરે છે....

વાચનાઓ ધમધોકાર ચાલે છે, એમાં ક્રમશઃ **મહાનિશીથ શ્રુતસ્કંધમાં** રહેલા તથા અગ્યારઅંગ અને ચૌદપૂર્વ એટલે કે બારે અંગરૂપ શ્રુતજ્ઞાનની મલાઇ સમાન **ગચ્છમર્યાદાપ્રજ્ઞાપના** નામના **પાંચમા અધ્યયનની** વાચના શરુ થઇ. તેમાં પણ ક્રમશઃ આવા ભાવાર્થવાળી ગાથા આવી કે 'જે ગચ્છમાં કારણે પણ જો સ્ત્રીના હાથનો અંતરિત સ્પર્શ થાય, તો અરિહંતો પણ પોતે તે ગચ્છને મૂળગુણથી મુક્ત-રહિત કરે છે-કહે છે' આ વખતે પોતાની જાતપર શંકા પામેલા **સાવદ્યાચાર્ય** ચિંતામાં પડી ગયા... 'આ ગાથાની યથાર્થ પ્રરૂપણા કરવામાં મારે આપત્તિ છે કારણ કે તે વખતે મને વંદન કરતી વખતે તે સાધ્વી મસ્તકથી મારા પગને અડી હતી, આ દૃશ્ય આ લિંગજીવીઓએ જોયું હતું. હવે જો આ ગાથાની પ્રરૂપણા આ લોકો સાંભળશે, તો મારી ફજેતી કરશે, અને એક તો **સાવદ્યાચાર્ય** નામ પાડ્યું. હવે બીજું કંઇક એવું નામ પાડશે કે મારે તો લોકોમાં ઊભા રહેવું ભારે પડી જશે, બધાને અપૂજ્ય બની જઇશ.

*तुमं पि ताव मूलगुणहीणो, जाव णं संभरसु तं जं तद्दिवसं तीए अज्जाए तुज्झं वंदणगं दाउकामाए पाए उत्तिमंगेणं पुट्ठे'। ताहे इहलोइगायसभीरू खरमच्छरी(सत्थरी पाठा.)हुओ, गो० ! सो* ***सावज्जायरियो*** *चिंतिओ, जहा जं मम* ***सावज्जायरिया****भिहाणं कयं इमेहिं, तहा तं किं पि संपयं काहिंति, जे णं तु सव्वलोए अपुज्जो भविस्सं। ता किमेत्थं परिहारगं दाहामि ? त्ति चिंतमाणेणं संभरियं तित्थयरवयणं। जहा-*

*'णं जे केइ आयरिए इ वा मयहरए इ वा गच्छाहिवई सुयहरे भवेज्जा, से णं जं किंचि सव्वन्नुणंतनाणीहिं पावट्ठाणं पडिसेहियं, तं सव्वं सुयाणुसारेणं विन्नाय सव्वहा सव्वपयारेहिं णं णो समायरेज्जा, नो णं समायराविज्जा, समायरंतं वा न समणुजाणिज्जा। से कोहेण वा, माणेण वा, मायाए वा, लोभेण वा, भएण वा, हासेण वा, गारवेण वा, दप्पेण वा, पमाएण वा, असई चुक्कखलिएण वा, दिया वा, राओ वा, एगओ वा, परिसागओ वा, सुत्ते वा, जागरमाणे वा, तिविहं तिविहेणं मणेणं वायाए काएणं एतेसिमेव पयाणं जे केई विराहगे भवेज्जा से णं भिक्खू भुज्जो २ निंदणिज्जे, गरहणिज्जे, खिंसणिज्जे, दुगुंछणिज्जे, सव्वलोगपरिभूए बहुवाहिवेयणापरिगयसरीरे उक्कोसठिईए अणंतसंसारसागरं परिभमेज्जा, तत्थ णं परिभममाणे खणमेक्कं पि न कहिंचि कयाइ निव्वुइं संपावेज्जा'॥*

---

*તો હવે શું કરું ? શું સૂત્રના અર્થની અન્યથા પ્રરૂપણા કરું ? ના ના... એમાં તો ભગવાનની મોટી આશાતના થાય. તો પછી મારે કરવું શું ? શું આ ગાથા કહું કે ગપચાવી જાઉં ? કે ગાથાને જ અન્યથારૂપે બોલું ? અરેરે ! આ બન્ને વાત તો ભારે ભયંકર છે, આત્માર્થી માટે અત્યંત ગર્હણીય છે, કારણ કે સૂત્રનો અભિપ્રાય આ પ્રમાણે છે... 'પોતાની ભૂલચુક, સ્ખલના, પ્રમાદ કે આશંકાવગેરેના ભયથી જે ભિક્ષુક દ્વાદશાંગ શ્રુતજ્ઞાનના પદ-અક્ષર-માત્રા કે બિંદુને પણ છુપાવે છે, અન્યથા પ્રરૂપે છે, અથવા સૂત્ર અને અર્થની પ્રરૂપણા સંદિગ્ધ કરે છે, અવિધિથી કરે છે, કે અયોગ્ય આગળ કરે છે, તે ભિક્ષુક અનંતકાળ સંસારમાં રખડે છે.' તેથી અહીં વિચારવાથી સર્યું. 'જે થવાનું હોય, તે થાઓ' ગુરુના ઉપદેશપ્રમાણે યથાવસ્થિત સૂત્રાર્થની જ પ્રરૂપણા કરીશ. આ પ્રમાણે વિચાર કરી (એ ગાથાની) સર્વાંગશુદ્ધ પ્રરૂપણા કરી. ત્યારે જાણે તકની જ રાહ જોતા હોય, તેમ તરત જ પેલા લિંગજીવીઓ કુદી પડ્યા અને એકદમ બોલી ઉઠ્યા.... 'તો પછી તું પણ મૂળગુણથી રહિત છે.... યાદ કર... તે દિવસે તને વંદન કરવાની ઇચ્છાવાળી તે સાધ્વી તારા પગને મસ્તકથી અડી હતી.' આ સાંભળી આલોકની બેઆબરૂના ભયથી એ* ***સાવદ્યાચાર્ય*** *ઠરઠરી ઉઠ્યા. મોં ફિક્કું પડી ગયું. મનમાં અત્યંત મત્સરને ધારણ કર્યો. 'હવે અહીં આપત્તિનું નિવારણ શાનાથી કરું ? આ લોકોએ બતાવેલા દોષોનો પરિહાર શી રીતે કરું ?' ભારે વિમાસણમાં પડી ગયા. આત્મા અને મનનું રામ-રાવણ યુદ્ધ શરુ થઇ ગયું. આત્મા પરલોકની સલામતી ઝંખે છે. મનને આલોકની આબરુની સલામતીની ચિંતા છે. ત્યાં હૃદયના પટપર તીર્થંકરના આ વચનોનું સ્મરણ થઇ આવ્યું....*

*'અનંતજ્ઞાની સર્વજ્ઞ ભગવંતોએ જે પાપસ્થાનોનો પ્રતિષેધ કર્યો છે, તે પાપસ્થાનોનું જ્ઞાન આચાર્ય, મહત્તર, ગચ્છાધિપતિ કે શ્રુતધરે શ્રુતના અનુસારે મેળવી લેવું અને તે પાપસ્થાનોને સર્વથા ક્યારેય સ્વયં આચરવું નહીં, બીજા પાસે આચરાવવું નહીં અને અન્ય આચરનારની અનુમોદના કરવી નહીં. જે ભિક્ષુક ક્રોધ, માન, માયા, લોભ, ભય, હાસ્ય, ગારવ, દર્પ, પ્રમાદ અથવા વારંવાર ચૂક કે સ્ખલનાથી દિવસે કે રાતે, એકાંતમાં કે જાહેરમાં, સૂતેલા કે જાગૃત, મન વચન કે કાયાથી, કરણ કરાવણ કે અનુમોદનદ્વારા એ પાપસ્થાનોમાંથી કોઇ પણ પાપસ્થાનને સેવે છે, તે ભિક્ષુક વારંવાર નિંદનીય છે, ગર્હણીય છે, જુગુપ્સનીય છે, ઠપકાપાત્ર છે, આ ભિક્ષુક આખા જગતમાં બધે જ પરાભવ પામે છે, તથા બહુવ્યાધિ અને વેદનાથી ઘેરાયેલા શરીરવાળો થઇ ઉત્કૃષ્ટકાળમાટે અનંતસંસારસાગરમાં રખડે છે. અને આ સંસારસાગરમાં ભ્રમણ કરતા તે ક્ષણમાત્ર પણ સુખશાંતિને પામી શકતો નથી.'*

*तो पमायगोयरगयस्स णं मे पावाहमाहमहीणसत्तकाउरिसस्स इहइं चेव समुट्ठिया महंती आवई, जेण ण सक्को अहमेत्थ जुत्तिखमं किंचि पडिउत्तरं पयाउं जे।[सू० ३४] तहा परलोगे य अणंतभवपरंपरं भममाणो घोरदारुणाणंतसोयदुक्खस्स भागी भविस्सामि(भविहामि पाठा.) हं मंदभग्गो त्ति चिंतयंतो विलक्खिओ सो* ***सावज्जायरिओ*** *गो०! तेहिं दुरायारपावकम्मदुट्ठसोयारेहिं जहा णं अलियखरमच्छरीभूओ एस। तओ संखुद्धमणं खरमच्छरी-(सत्थरी पाठा.)भूयं कलिऊणं च भणियं तेहिं दुट्ठसोयारेहिं जहा- 'जाव णं नो छिन्नमिणमो संसयं, ताव ण उड्ढं वक्खाणं अत्थि। ता एत्थ तं परिहारगं वितरिज्जा(वायरेज्जा पाठा.) जं पोढजुत्तिखमं कुग्गहणिम्महणं पच्चलंति'। तओ तेण चिंतियं जहा णाहं अदिन्नेण परिहारगेणं चुक्किमो एसिं। ता किमित्थ परिहारगं दाहामि त्ति चिंतयंतो पुणो वि गो० ! भणिओ सो तेहिं दुरायारेहिं जहा- किमट्ठं चिंतासागरे निमज्जिऊण ठिओ ? सिग्घमेत्थं किंचि परिहारगं वयाहि - णवरं तं परिहारगं भणिज्जा जं जहुत्तकिरियाए अव्वभिचारी । ताहे सुइरं परितप्पिऊण हियएणं भणियं* ***सावज्जायरिएणं*** *जहा- ''एएणं अत्थेणं जगगुरूहिं वागरियं जं अओगस्स सुत्तत्थं न दायव्वं,'' जओ → 'आमे घडे निहत्तं जहा जलं तं घडं विणासेइ। इय सिद्धंतरहस्सं अप्पाहारं विणासेइ'॥ १२८॥*

*ताहे पुणो वि तेहिं भणियं, जहा- किमेयाइं अरुडबरडाइं असंबद्धाइं दुब्भासियाइं पलवसि ? जइ परिहारगं ण दाउं सक्के ता उप्पडसु आसणाओ (उप्फिड, मुयसु आसणं पाठा.)। ओसर सिग्घं इमाओ ठाणाओ। किं*

---

આ વચનનું સ્મરણ કરી પોતાના પ્રમાદનો પશ્ચાત્તાપ કરતા **સાવદ્યાચાર્ય** આ પ્રમાણે મનોમન વિચાર કરે છે. 'ધિગ્ ધિગ્ ! પ્રમાદના સેવનથી પાપી, અધમાધમ, હીનસત્ત્વ અને કાયર એવા મને તો આ જ ભવમાં મોટી આપત્તિ આવી પડી, કારણ કે બરાબર જાળમાં ફસાઇ ગયો છું. યુક્તિપૂર્ણ ઉત્તર આપી શકું તેમ નથી અને આડું અવળું બોલવામાં પરલોકમાં અનંતભવોની પરંપરામાં રખડી પડીશ. પછી હા ! હા ! મંદભાગી મારે કેવા ભયંકર દુઃખો ભોગવવા પડશે ? મારું શું થશે ?' આમ ચિંતા કરી કરીને એ આચાર્ય વિલખા પડી ગયા. હાય ! પ્રમાદની એ નાનકડી ક્ષણ આ ભવમાટે પણ કેવી ગોઝારી નીવડી શકે છે ? અને કેવી ભયંકર અનર્થપરંપરા ઊભી કરી શકે છે ? તે વખતે દુષ્ટઆચારવાળા પાપકર્મી કસાઇતુલ્ય (અથવા દુષ્ટ શ્રોતા. વક્તા-ઉપદેશક પાસેથી બોધ લેવાના બદલે ભૂલો કાઢતા હોવાથી દુષ્ટ શ્રોતા.) તે લિંગજીવીઓ 'આચાર્ય અત્યંત થથરી ધ્રુજી ગયા છે' એમ સમજી ગયા. તેથી તેમની અકળામણ જોઇ તેમને બરાબર ફસાવવા કહ્યું - 'જ્યાં સુધી આ સંશય છેદાય નહિ, ત્યાં સુધી આગળ આગમવ્યાખ્યાન નહિ ચાલે, તેથી યુક્તિક્ષમ અને કુગ્રહનાશક પરિહાર બતાવો અને હા ! તે પરિહાર સંગત હોવો જોઇએ.' ત્યારે **સાવદ્યાચાર્યે** વિચાર્યું, આ લોકોને જવાબ આપ્યા વિના છટકી જવાશે નહિ. તેથી અહીં શો ઉત્તર આપવો ? આમ વિચારતા હતા - ત્યાં જ જાળમાં ફસાયેલી માખીને જોઇ કરોળિયાની જેમ ખુશ થતા તે દુરાચારીઓએ પૂછ્યું - 'કેમ ચિંતાસાગરમાં ડૂબેલા છો ? જવાબ આપો. પરંતુ તે યથોક્ત ક્રિયાને સંગત હોવો જોઇએ.' ત્યારે **સાવદ્યાચાર્યે** ખૂબ વિચાર કર્યો. હૃદયમાં ભારે પરિતાપ અનુભવ્યો અને ખેદપૂર્વક રડતા હૃદયે બોલી ઉઠ્યા - 'આ જ કારણસર જગદ્ગુરુએ કહ્યું છે કે અયોગ્યને સૂત્ર-અર્થ આપવા નહિ.' (અયોગ્ય જીવો તમે આપેલા જ્ઞાનથી તમારી જ ઉલટતપાસ કરશે.) 'જેમ કાચા ઘડામાં નાખેલું પાણી ઘડાનો વિનાશ કરે છે. એ જ પ્રમાણે (અપાયેલું) સિદ્ધાંતરહસ્ય અલ્પ આધારનો-અયોગ્યનો વિનાશ કરે છે.'

આ સાંભળીને તેઓ બરાડી ઉઠ્યા. 'અરે આ શું ગરબડ ગોટાળા વાળો છો ! આ સંબંધ વિનાની તુચ્છ ભાષા કેમ બોલો છો ? જો યોગ્ય જવાબ આપી શકો તેમ ન હો, તો ઊભા થઇ જાવ આસનપરથી. જલ્દીથી ચાલ્યા જાવ

*देवस्स रूसेज्जा, जत्थ तुमं पि पमाणीकाऊणं सव्वसंघेणं समयसब्भावं वायरिउं जे समाइट्ठो ? तओ पुणो वि सुइरं परितप्पिऊणं गो० ! अन्नं परिहारगमलभमाणेणं अंगीकाऊणं दीहसंसारं भणियं च **सावज्जायरिएणं** जहा 'णं उस्सग्गाववायेहिं आगमो ठिओ। तुब्भे ण याणह, एगंतो मिच्छत्तं, जिणाणमाणामणेगंता'। एयं च वयणं गो०! गिम्हायवसंताविएहिं सिहिउलेहिं व अहिणवपाउससजलघणोरल्लिमिव सबहुमाणं समाइच्छियं तेहिं दुट्ठसोयारेहिं। [सू० ३५] तओ एगवयणदोसेणं गो० ! निबंधिऊणाणंतसंसारियत्तणं अपडिक्कमिऊणं च तस्स पावसमुदायमहाखंध-मेलावगस्स, मरिऊण उववन्नो वाणमंतरेसु सो **सावज्जायरिओ**॥ तओ चुओ समाणो उववन्नो पवसियभत्ताराए पडिवासुदेवपुरोहियधूयाए कुच्छिंसि। अहऽन्नया वियाणिउं तीए जणणीए पुरोहिअभज्जाए जहा णं 'हा ! हा ! दिन्नं मसिकुच्चयं सव्वनियकुलस्स इमीए दुरायाराए मज्झ धूयाए' साहियं च पुरोहियस्स। तओ संतप्पिऊण सुइरं बहुं च हियएण साहारिउं णिव्विसया कया सा तेणं पुरोहिएणं महंताऽसज्झदुन्निवारायसभीरूणा। अहन्नया थेवकालं-तरेणं कहिंवि ठाण(थाम पाठा.)मलभमाणी सीउण्हवायविज्झडिया खुक्खामकंठा (दुक्खसंतत्ता) दुब्भिक्खदोसेणं पविट्ठा दासत्ताए रसवाणियगस्स गेहे। तत्थ य बहूणं मज्जपाणगाणं संचियं साहरेइ, अणुसमयमुच्छिट्ठयंति। अन्नया*

---

*અહીંથી. ઉઠો ! ઊભા થાવ ! ખરેખર શું ભાગ્ય જ કોપ્યું લાગે છે કે, સર્વ સંઘે તમારા જેવાને પ્રમાણીભૂત કરીને આગમતત્ત્વનો ઉપદેશ દેવા તમને આદેશ કર્યો.' આ સાંભળીને **સાવદ્યાચાર્યને** ખૂબ આઘાત લાગ્યો, હૃદયના ટુકડે ટુકડા થઇ જતા લાગ્યા. મનમાં ભારે પીડા ઊભી થઇ.* (આ અવસરે એક મહત્ત્વની વાત સમજી લેવા જેવી છે. જો આપણે આપણી જાતને અહિંસક ગણતા હોઇએ.... જો આપણને સજ્જનતાનું ગૌરવ હોય, જો બીજાના પતનનું ખરાબ નિમિત્ત બનવાની આપણી તૈયારી ન હોય, તો ક્યારેય પણ બીજાની ભૂલ કે નબળી કડીનો ખોટો લાભ ઉઠાવવા પ્રયત્ન ન કરશો, ક્યારેય તેની એ નબળી કડીને જાહેર કરી તેને માનભંગ કરવાની કુચેષ્ટા ન કરશો. વ્યવહારમાં કે ધર્મપ્રવૃત્તિમાં કોઇની થઇ ગયેલી ગફલતનો ખોટો લાભ ઉઠાવવામાં, એ પોઇંટને પકડી પેલાને પછાડવામાં ક્રૂરતાનું પોષણ છે. બીજાને આ રીતે પછાડી પોતાની જાતને મહાન જાહેર કરવાની વૃત્તિવાળા જેવા હિંસક ક્રૂર કસાઇ કે ઘાતકી સિંહ પણ નથી. આવી પ્રવૃત્તિઓ કરનારા કદી મહાન બની શકતા નથી. પેલા લિંગજીવીઓ **સાવદ્યાચાર્યના** પ્રમાદરૂપ નબળી કડીનો ગેરલાભ ઉઠાવવા અને **સાવદ્યાચાર્યને** કલંકિત કરવા તૈયાર થયા, તો શાસ્ત્રકાર તેમને 'દુરાચારી' વગેરે વિશેષણોથી નવાજે છે. મનુષ્યોમાં સહેજે માનકષાયનું જોર છે અને તેઓ અપયશના ભારે ભીરુ હોય છે, આબરુને ખાતર પ્રાણ આપતો મનુષ્ય પોતાની નબળી કડી કદી ઉઘાડી પાડવા દે ખરો ? જો ભૂલે ચૂકે ઉઘાડી પડી જાય, તો તેનાપર ઢાંકપિછોડો કરવા કયા પગલા ન ભરે, તે જ વિચારવું રહ્યું. પોતાની આબરુ બચાવવા એ જાતજાતના ઉપાયો અજમાવે, બહાના અને આલંબનોનો આશરો લે... અને તેમ કરવા જતા સિદ્ધાંતનો પણ ભોગ આપી દે છે... ધર્મને બેવફા બની જાય છે... સિદ્ધાંતને ઢાળ બનાવવા ઉત્સૂત્રપ્રરૂપણા કરી બેસે છે, પરિણામે અનંતસંસાર વધારી દે છે. આ છે કોઇની નબળી કડીનો લાભ ઉઠાવવાની ચેષ્ટાનું છેવટનું પરિણામ! કેવી જાલિમ છે આ પ્રવૃત્તિ ? આના જેવી કાતિલ ક્રુરતા અને ઠંડા કલેજાની નિર્દયતા બીજી કઇ છે ?) *પેલા લિંગજીવીઓની આ માનસિક ક્રૂરતાથી ત્રાસ પામેલા અને આલોકના તુચ્છ યશને બચાવવા પ્રયત્ન કરતા **સાવદ્યાચાર્યે** પોતાની આરાધનાને બાળી નાખી અને પોતાની આફતને ટાળવા પ્રભુના સિદ્ધાંતોને ઢાળ બનાવી પોતાના સંસારને દીર્ઘ કરવાની બાલિશ ચેષ્ટા આદરી બેઠા. બીજું કોઇ સમાધાન ન મળતા બોલી ઉઠ્યા – 'તમે સમજતા નથી. ઉત્સર્ગ અને અપવાદ એ બે પર આગમ નિર્ભર છે. જિનશાસનમાં એકાંતમાં મિથ્યાત્વ માનેલું છે. ભગવાનની આજ્ઞા અનેકાંતમય છે.'* (**સાવદ્યાચાર્યનો** અભિપ્રાય આવો હશે → સ્ત્રીના હાથનો સ્પર્શ કરતો ગચ્છ મૂળગુણ રહિત છે – એ વાત ઔત્સર્ગિક હોઇ અનેકાંતિક છે. સાધ્વીના મસ્તકનો ચરણથી સ્પર્શ કરનારો હું મૂળગુણરહિત નથી, કેમકે આ પ્રવૃત્તિ આપવાદિક હતી.) *જેમ ઉનાળાના શેકી નાખે એવા તાપથી ખિન્ન થયેલા મોરો વર્ષાઋતુના પાણીથી ભરેલા નવા વાદળોને કેકારવ કરીને આવકારે, તેમ આ લિંગજીવીઓએ **સાવદ્યાચાર્યના** આ વચનને હર્ષઘેલા બનીને સબહુમાન વધાવી લીધું.* (લિંગજીવીઓની ખુશીનું

*अणुदिणं साहरमाणीए तमुच्चिट्ठगं दद्धूणं च बहुमज्जपाणगे मज्जमापियमाणे पोग्गलं च समुद्दिसंते, तहेव तीए मज्जमंसस्सोवरिं दोहलगं समुप्पन्नं जाव णं तं बहुमज्जपाणगं नडनट्टछत्तचारणभडोड्डचेडतक्करासरिसजातीय-समुज्झियखुरसीसपुच्छ(पुंछ पाठा.)कन्नट्ठियगयं उच्चिट्ठं विलूरखंडं, तं समुद्दिसिउं समारद्धा। ताहे तेसु चेव उच्चिट्ठकोडियगेसु जं किंचि णाहीए मज्झं विवक्कं(विथक्कं पाठा.) तमेवासाइउमारद्धा। एवं च कइवयदिणाइक्कमेणं मज्जमंसस्सोवरिं दढं गेही संजाया। ताहे तस्सेव रसवाणिजगस्स गेहाओ परिमुसिऊण किंचिकंसदूसदविणजायं, अन्नत्थ विक्किणिऊणं मज्जं मंसं परिभुंजइ। ताव णं विन्नायं तेण रसवाणिज्जगेण। साहियं च नरवइणो। तेणा वि वज्झा समाइट्ठा।[सू॰ ३६] तत्थ य रायउले एसो गो॰ ! कुलधम्मो जहा णं जा काइ आवन्नसत्ता नारी अवराहदोसेणं सा जाव णं नो पसूया ताव णं नो वावाएयव्वा, तेहिं विणीउत्तगणिगिंतगेहिं सगेहे नेऊण पसूइसमयं जाव णियंतिया रक्खेयव्वा। अहऽन्नया णीया तेहिं हरिएसजाईहिं सगेहं। कालकमेण पसूया य दारगं तं* ***सावज्जायरिय*** *जीवं। तओ पसूयामेत्ता चेव तं बालयं उज्झिऊण पणट्ठा मरणभयाहित्था सा गो॰ ! दिसिमेक्कं गंतूणं। वियाणियं च तेहिं पावेहिं जहा पणट्ठा सा पावकम्मा। साहियं च नरवइणो सूणाहिवइणा जहा णं देव ! पणट्ठा सा दुरायारा कयली-गब्भोवमं दारगं उज्झिऊणं। रन्ना वि पडिभणियं जहा णं - जइ णाम सा गया ता गच्छउ। तं बालगं पडिवालेज्जासु, सव्वहा तहा कायव्वं जहा तं बालगं ण वावज्जे । गिण्हेसु इमे पंचसहस्सा दविणजायस्स। तओ नरवइणो संदेसेण सुयमिव परिवालिओ सो पंसुलीतणओ। अन्नया कालक्कमेण मओ सो पावकम्मो सूणाहिवई। तओ रन्ना समणु-जाणिओ तस्सेव बालगस्स घरसारं, कओ पंचण्हं सयाणं अहिवई। तत्थ य सूणाहिवइ पए ठिओ समाणो ताइं तारिसाइं अकरणिज्जाइं समणुट्ठित्ताणं गओ सो गो॰ ! सत्तमाए पुढवीए अपइट्ठाणणामे निरयावासे* ***सावज्जायरिय****-जीवो।*

---

કારણ એ લાગે છે કે આગમમાં સ્ત્રીસ્પર્શની સ્પષ્ટ ના હોવા છતાં જો થયેલા સ્પર્શને આપવાદિક ગણી શકાય, તો અમે જે ચૈત્યાદિ પ્રવૃત્તિ કરીએ છીએ, તે પણ આપવાદિક ગણી શકાય, માટે એને ખોટી ઠેરવી શકાય નહિ. તેથી હવે આપણી પ્રવૃત્તિને પણ 'અપવાદપદે યોગ્ય'નો સિક્કો લાગી ગયો છે. હવે આ આચાર્ય પણ એનો વિરોધ કરી શકશે નહીં. પણ એમાં **સાવદ્યાચાર્યની** તો ઘોર ખોદાઇ ગઇ.)

*જિનનામકર્મના ભેગા કરેલા કર્મ પુદ્ગલો વિખરાઇ ગયા. એકભવમર્યાદિત સંસારખાબોચિયું ઘુઘવાટ કરતા અફાટ અનંત સમુદ્ર બની ગયું. જન્મના એક ગુનાની સજા એક ફાંસી(=મરણ), પણ જીવનના એક ભયંકર ગુનાની સજા અનંતી ફાંસી. તે પાપસ્થાનની આલોચના કર્યા વિના મૃત્યુ પામી એ* ***સાવદ્યાચાર્ય*** *વ્યંતર દેવ તરીકે ઉત્પન્ન થયા.*

(હવે **પ્રભુ વીર ગૌતમસ્વામીને સાવદ્યાચાર્યની** સંસારમાં રખડપટ્ટીનું કાળજા કંપાવી નાખે એવું વર્ણન કરે છે.)

*પછી વ્યંતરમાંથી ચ્યવીને* ***સાવદ્યાચાર્યનો*** *જીવ - જેનો પતિ પ્રવાસમાં છે એવી - પ્રતિવાસુદેવના પુરોહિતની પુત્રીની કુક્ષિમાં આવ્યો. ધીમે-ધીમે એ કન્યાના શરીરપર ગર્ભધારણના લક્ષણો પ્રગટ થવા માંડ્યા. કન્યાની માતા આ જોઇને ચોંકી ઉઠી. 'હા ! હા ! આ પાપી પુત્રીએ તો મારા આખા કુળપર કાળી મેંશ ચોપડી. ભ્રષ્ટ કરી નાખી મારી કુક્ષિને. પતિના વિરહમાં આ કુલટાએ દુરાચાર સેવ્યો લાગે છે.' દોડતી ગઇ પુરોહિત પાસે. રડતા રડતા બધી વાત વિસ્તારથી કહી. પુરોહિતને આંચકો લાગ્યો. તે ખૂબ સંતાપ પામ્યો. બહુ વિચારો કર્યા. અંતે નક્કી કર્યું 'જો કુળની આબરુ બચાવવી હોય તો દીકરીને તગેડી મુકવી પડશે.' બસ ગર્ભવતી દીકરીપર જરા ય દયા લાવ્યા વિના માત્ર ઘરમાંથી નહિ પણ રાજ્યમાંથી કાઢી મુકી અને પોતાની જાતને મોટા અસાધ્ય અને દુર્વાર અયશના ગર્તામાંથી બચાવી લીધી. 'ખરેખર સંસારનું સાચું સ્વરૂપ આ છે.' પેલી ગર્ભવતી બાળા આમ તેમ ભટકે છે, પણ ક્યાંય રહેવા સ્થાન ન મળ્યું. ઠંડી-ગરમી વગેરે પરિષહોથી ભારે પીડા પામી. દુર્ભિક્ષ કાળ હતો, પેટ ભરીને ખાવા પણ મળતું નથી. ભૂખ*

*एवं तं तत्थ तारिसं घोरपचंडरुद्दं सुदारुणं दुक्खं तेत्तीसं सागरोवमं जाव कह कहवि किलेसेणं समणुभविऊणं इहागओ समाणो उववन्नो अंतरदीवे एगोरुअजाई। तओ वि मरिऊणं उववन्नो तिरियजोणीए महिसत्ताए। तत्थ य जाइं काइं वि णारगदुक्खाइं तेसिं तु सरिसणामाइं अणुभविऊणं छव्वीससंवच्छराणि। तओ गो० ! मओ समाणो उववन्नो मणुएसुं। तओ वासुदेवत्ताए सो* ***सावज्जायरिय****जीवो। तत्थ वि अहाऊयं परिवालिऊणं अणेगसंगामारंभ-परिग्गहदोसेण मरिऊण गओ सत्तमाए। तओ वि उव्वट्टिऊण सुइरकालाओ उववन्नो गयकन्नो नाम मणुयजाई। तओ वि कुणिमाहारदोसेणं कूरज्झवसायमई गओ, मरिऊणं पुणो वि सत्तमाए तहिं चेव अपइट्ठाणे णिरयावासे। तओ वि उव्वट्टिऊणं पुणो वि उववन्नो तिरिएसु महिसत्ताए। [सू० ३७] तत्थ वि णं नरगोवमं दुक्खमणुभवित्ता णं मओ समाणो उववन्नो बालविहवाए पंसुलीए माहणधूआए कुच्छिंसि। अहऽन्नया निउत्तपच्छन्नगब्भसाडणपाडणे खारचुण्णजोगदोसेणं अणेगवाहिवेयणापरिगयसरीरो हलहलंत(सिडिहिडंत पाठा.)कुट्ठवाहीए परिगलमाणो सलसलिंतकिमिजालेण खज्जंतो नीहरिओ निरओवमघोरदुक्खनिवासाओ गब्भवासाओ गो० ! सो* ***सावज्जा-यरिय****जीवो। तओ सव्वलोगेहिं निंदिज्जमाणो, गरहिज्जमाणो, दुगुंछिज्जमाणो, खिंसिज्जमाणो, सव्वलोगपरि-भूओ, पाणखाणभोगोवभोगपरिवज्जिओ गब्भवासपभित्तीए चेव विचित्तसारीरमाणसिगघोरदुक्खसंतत्तो सत्त-संवच्छरसयाइं दो मासे य चउरो दिणे य जाव जीविऊणं मओ समाणो उववन्नो वाणमंतरेसुं। तओ चुओ उववन्नो मणुएसु पुणो वि सूणाहिवइत्ताए। तओ वि तक्कम्मदोसेणं सत्तमाए। तओ वि उव्वट्टिऊणं उववन्नो तिरिएसुं चक्किय-*

---

*સહન થતી નથી, પેટની લાચારીથી અને જીવવાની પ્રબળ ઇચ્છાથી શરાબના પીઠામાં દાસીતરીકે રહી. આખો દિવસ શરાબીઓને શરાબની પ્યાલીઓ પીવડાવવાનું કામ કરવાનું. પેલા શરાબીઓ શરાબ પીએ અને તેની સાથે મજા માણવા માંસ ખાય. વારંવાર આ જોવાથી ગર્ભિણીને પણ માંસ-મદિરા ખાવા પીવાના દોહલા થયા. પેલા માંસ-મદિરાના વ્યસની નટ-ચારણ-ભાટ-સૈનિક-ચોર-દાસ વગેરે હલકી કોમના માણસોએ ખાધા પછી વધેલા ખુર-ખોપરી-પૂંછડી-કાન-ખોપરી વગેરેના હાડકામાં કંઇક ચોટેલા છૂટા-છવાયા ટુકડાઓ ખાઇને ઇચ્છાને સંતોષવા પ્રયત્ન કરે છે. પણ ઘી હોમવાથી અગ્નિ કદી શાંત થાય ખરો ? પછી તો પેલાઓએ જે વાસણોમાં માંસ ખાધું હોય એ એઠાં વાસણોમાંથી પણ શોધી શોધીને માંસ ખાવા લાગી. જાણે કે વાઘે લોહી ચાખ્યું. આ સ્ત્રીને માંસ-મદિરાપર ગાઢ આસક્તિ ઊભી થઇ. પરિસ્થિતિ એવી આવીને ઊભી રહી કે માંસ ખાધા વિના ચેન પડતું નથી. તે સ્ત્રી માંસના સ્વાદની ગુલામડી બની ગઇ. પણ માંસ ખરીદવા પૈસા નથી. અંતે માંસની તીવ્ર તલપે ભાન ભૂલી પીઠાના એ માલિકને ત્યાં જ વાસણ-કપડાં-પૈસા વગેરે ધનની ચોરી કરે... અને એ બધું બીજે વેંચી માંસ-મદિરાની મોજ માણે છે. જોઇ લો પતનના પગથિયાઓ... વ્યસનોના ગુલામ બનવાની આ કેડીને બરાબર નિહાળો.... એક પાપમાંથી અનેક પાપને સર્જવાની આ દુષ્ટ કળાને પારખી લો. પણ પાપ ક્યાં સુધી ઢંકાયેલું રહે ? અંતે એકવાર પકડાઇ ગઇ. લઇ ગયો પેલો માલિક એને રાજા પાસે. ફરિયાદ કરી. રાજાએ ફાંસીની સજા ફરમાવી દીધી. રે ! રે ! ઇન્દ્રિયોના વિષયો કેવા જાલિમ છે ! આ વિષયો લટ્ટુ બનનારની આ જ ભવમાં કેવી વિટંબના એ કરે છે ? ચાંડાળો લઇ ગયા.... પણ તે રાજ્યમાં રાજાનો કુળધર્મ હતો કે ગર્ભવતી સ્ત્રીને તત્કાળ ફાંસી નહીં આપવી. પ્રસૂતિ થયા પછી જ એ સ્ત્રીને ફાંસી આપવી ! ચાંડાળોના નાયકને ખબર પડી કે આ સ્ત્રી ગર્ભવતી છે. તેથી રાજાની આજ્ઞાથી ચાંડાળનાયકે પ્રસૂતિ સુધી એ સ્ત્રીનું રક્ષણ કર્યું. પ્રસૂતિનો સમય નજીક આવ્યો. એકાંત સ્થળ હતું. પેલી કન્યાએ* ***સાવદ્યાચાર્યના*** *જીવને 'પુત્ર' તરીકે જન્મ આપ્યો. બિચારો એ જીવ ! પેલી કન્યા તો પુત્રના મુખકમળના એકવાર દર્શન કરવા પણ ઊભી ન*

*घरंसि गोणत्ताए। तत्थ य चक्कसगडलंगलायट्टणेणं अहन्निसं जुगारोवणेणं पच्चिऊण कुहियउव्वियं खंधं। संमुच्छिए य किमी। ताहे अक्खमीहूयं खंधं जूयधरणस्स विण्णाय पट्ठीए वाहिऊमारद्धो तेणं चक्किएणं। अहऽन्नया कालक्कमेणं जहा खंधं तहा पच्चिऊणं कुहिया पट्ठी। तत्थ वि संमुच्छिए किमी। सडिऊण विगयं च पट्ठिचम्मं। ता अकिंचियरं निप्पओयणं ति णाऊण मोक्कलिओ गो० ! तेणं चक्किएणं तं सलसलिंतकिमिजालेहिं णं खज्जमाणं बइल्लं* ***सावज्जायरिय****जीवं। तओ मोक्कलिओ समाणो परिसडियपट्ठिचम्मो बहुवायसाण किमिकुलेहिं सबज्झब्भंतरे विलुप्पमाणो एकूणतीसं संवच्छराइं जाव आउयं परिवालेऊणं मओ समाणो उववण्णो अणेगवाहिवेयणापरिगयसरीरो मणुएसुं महाधणस्स णं इब्भस्स गेहे। तत्थ य वमणविरेयणखारकडुतित्तकसायतिलहलागुग्गलकाढगेहिं ओसहेहिं पीडियस्स सिरावेहाइहिं णिच्चं पत्तवसणस्स णिच्च(गे आवीयमाणस्स निच्चं पाठा.)विसोसणाहिं च असज्झाणुवसम्मघोर-दारुणदुक्खेहिं पज्जालिअस्स गो० ! गओ निप्फलो तस्स मणुयजम्मो। एवं च गो० !* ***सावज्जायरिय****जीवो चोद्दस-रज्जुयलोगं जम्ममरणेहिं णं निरंतरं पडियरिऊणं सुदीहाणंतकालाओ समुप्पन्नो मणुयत्ताए अवरविदेहे। तत्थ य भागवसेणं लोगाणुवत्तीए गओ तित्थयरस्स वंदणवत्तियाए। पडिबुद्धो य पव्वइओ। सिद्धो अ इह तेवीसमतित्थयर-* ***पासणामस्स*** *काले। एयं तं गो० !* ***सावज्जायरिएण*** *पावियं।* [सू० ३८]

---

રહી. મરણના ભયે માનો વાત્સલ્યનો ઝરો સૂકવી નાખ્યો. એ કન્યા તો એકાંતનો લાભ ઉઠાવી તાજા જન્મેલા બાળકને ત્યાં જ તરછોડી... ભાગી ગઇ. ચાંડાળનેતાને ખબર પડી. રાજાને સમાચાર આપ્યા કે 'કેળાના ગર્ભ જેવા અત્યંત સુકોમળ બાળકને છોડી એ વધ્ય સ્ત્રી ભાગી ગઇ છે.' રાજાએ પણ કહ્યું - 'એ ભાગી તો ભલે ભાગી. હવે આ છોકરો મરી ન જાય એનું ધ્યાન રાખજો. એને પાળી પોષીને મોટો કરો. લો એના ખર્ચ પેટે પાંચ હજાર રૂપિયા.' રાજાની આજ્ઞાથી ખુશ થયેલા ચાંડાળનાયકે તેને દીકરાની જેમ રાખ્યો અને ઉછેરીને મોટો કર્યો. આયુષ્યની દોરી તૂટતાં એ પાપી ચાંડાળનાયક મૃત્યુ પામ્યો. રાજાએ પેલા બાળકને-**સાવદ્યાચાર્યના** જીવને એના ઘરનો માલિક બનાવ્યો અને પાંચસો ચાંડાળોના નાયક તરીકે એની નિમણુંક કરી. પૂર્વના ત્રીજા ભવે સાધુઓનો નેતા આ ભવે ચાંડાળોનો નેતા બન્યો, એકેન્દ્રિયોની પણ રક્ષા કરનારો પંચેન્દ્રિય મનુષ્યોને ફાંસી આપનારો બન્યો, એક પ્રમાદના પાપે ! એક ઉત્સૂત્રના પાપે સંયમથી ઉપાર્જેલા શુભ પુણ્યનો નાશ તો કર્યો, પણ થોડા ઘણા બચેલા પુણ્યને પણ એવું કાતિલ બનાવ્યું કે એ પુણ્યે એને ચાંડાળોનો નેતા બનાવ્યો. બસ, ચાંડાળનેતા તરીકે કાળા કામો કરી, અંતે મરણ પામીને પહોંચી ગયો **સાવદ્યાચાર્યનો** જીવ સાતમી નરકમાં. ઉત્પન્ન થયો **'અપ્રતિષ્ઠાન'** નામના ઘોર નરકાવાસમાં.

ત્યાં પણ અવર્ણનીય, ઘોર, ઉગ્ર, પ્રચંડ અને દારુણ દુઃખો ક્ષણે ક્ષણે અનુભવે છે. 'સુખ' શબ્દ સાંભળવામાં પણ નથી આવતો. આ પ્રમાણે બે... પાંચ મિનિટ... કલાક... દિવસ... અઠવાડિયા... મહિના.... વરસ.... પૂર્વ.... કે પલ્યોપમ નહિ, પરંતુ પૂરા તેંત્રીસ સાગરોપમ સુધી ભારે ક્લેશવાળા નારકભવને અનુભવી, એ પછી અંતર્દ્વીપમાં 'એકોરુક' જાતિવાળો મનુષ્ય થયો. (નરક અને આ ભવવચ્ચે બીજા ભવો સમજવા.... અન્યથા સાતમી નરકમાંથી મનુષ્ય થાય એ સંભવે નહિ. આ જ પ્રમાણે અન્યત્ર પણ સમજવું.) તે પછી મરીને (વચ્ચે બીજા ભવો કરીને) પાડા તરીકે થયો. ત્યાં પણ નરકને યાદ કરાવે એવા દુઃખો છવ્વીસ વર્ષ સુધી અનુભવી (વચ્ચે બીજા ભવો કરી) મનુષ્ય થઇ વાસુદેવ થયો. વાસુદેવપણામાં ભયંકર યુદ્ધો અને અનેક આરંભ-સમારંભો કરી ફરીથી સાતમી નરકે પહોંચી ગયો. એ પછી ઘણો કાળ ભમી 'ગજકર્ણ' જાતિવાળો મનુષ્ય થયો. તે પછી માંસાહારના ઉત્પન્ન થયેલા ક્રૂર અધ્યવસાયોએ તેને ફરીથી સાતમી નરકે ધકેલી દીધો. ત્યાંથી ફરીથી પાડો થયો. નરકતુલ્ય દુઃખોને અનુભવી કુલટા બાળવિધવાની

*से भयवं ! किं पच्चइयं तेणानुभूयं एरीसं दूसहं घोरदारुणं महादुक्खसंनिवायसंघट्टमित्तियकालं ति ? गो०! जं भणियं तक्कालसमये जहा णं 'उस्सग्गाववाएहिं आगमो ठिओ, एगंतो मिच्छत्तं, जिणाणमाणा अणेगंतो'त्ति एयवयणपच्चइयं । से भयवं ! (1) किं उस्सग्गाववाएहिं णं नो ठियं आगमं ? एगंतं च पन्नविज्जइ ? गो० ! उस्सग्गाववाएहिं चेव पवयणं ठियं, अणेगंतं च पन्नविज्जइ, णो णं एगंतं। णवरं आउक्कायपरिभोगं तेउकायसमारंभं मेहुणासेवणं च। एते तओ ठाणंतरे एगंतेणं ३ णिच्छयओ ३ बाढं ३ सव्वहा सव्वपयारेहिं णं आयहियट्ठीणं निसिद्धं ति। एत्थं च सुत्ताइक्कमे णं सम्मग्गविप्पणासणं उम्मग्गपयरिसणं। तओ य आणाभंगं। आणाभंगाओ अणंतसंसारी। से भयवं ! किं तेण* ***सावज्जायरिएणं*** *मेहुणं पडिसेवियं ? उदाहु अपडिसेवियं ? गो० ! णो (2) पडिसेवियं णो अपडिसेवियं। पडिसेवियापडिसेवियं। से भयवं ! केणं अट्ठेणं एवं वुच्चइ ? गो० ! जं तीए अज्जाए तक्कालं उत्तिमंगेणं पाए फरीसिए। फरीसिज्जमाणे य णो तेण आउंटिय संवरिए। एएणं अट्ठेणं एवं गो० ! वुच्चइ। से भयवं एद्दहमेत्तस्स वि णं एरिसे घोरदुव्विमोक्खे बद्धपुट्ठनिकाइए कम्मबंधे ? गो० ! एवमेयं ण अन्नह त्ति। से भयवं ! तेण तित्थयरणामकम्मगोयं आसकलियं, एगभवावसेसीकओ आसी भवोयहि, ता किमेयमणंतसंसाराहिंडयंति ? गो० ! निययपमायदोसेणं । तम्हा एयं वियाणित्ता भवविरहमिच्छमाणेणं गो० !* ***सुदिट्ठसमयसारेणं गच्छाहिवइणा***

*કુક્ષિમાં આવ્યો. પોતાના પાપને છાવરવા અને પેટમાં રહેલા ગર્ભને પાડી નાખવા એ પાપી સ્ત્રીએ ગુપ્ત રીતે ખાર, ચૂર્ણ વગેરેનું ખૂબ સેવન કર્યું, છતાં આયુષ્યની દોરી જોરદાર હોવાથી ગર્ભ પડ્યો નહીં. પરંતુ આ બધા ઝેરી રસાયણોએ ગર્ભના શરીરમાં અનેક વ્યાધિ અને વેદનાઓ ઊભી કરી. ગર્ભમાં જ કોઢ રોગ લાગુ પડી ગયો.... અંગો ગળવા માંડ્યા. કૃમિઓના ટોળાઓ શરીરને ખાવા માંડ્યા... ગર્ભવાસના નવમહિનામાં તો નારકના દુઃખોને યાદ કરાવે એવા કષ્ટો સહન કરી પુત્ર તરીકે જનમ્યો. એક તો કુલટાનો પુત્ર, એમાં વળી અનેક રોગોથી ઘેરાયેલો અને ભારે દૌર્ભાગ્યનો ઉદય. તેથી બધા લોકો તેની નિંદા-ગર્હા-તિરસ્કાર-અપમાન-જુગુપ્સા કરે છે. ખોળામાં લઇ રમાડવાની વાત તો દૂર રહી, આંખેથી જોવા પણ કોઇ તૈયાર નથી. ખાન-પાન અને ભોગોથી વંચિત એ પામર જીવ, ગર્ભ-કાળથી જ વિચિત્ર પ્રકારના શારિરીક અને માનસિક ત્રાસ-સંતાપથી કરુણાપાત્ર બનેલો એ રાંક જીવ સાતસો વર્ષ બે મહિના અને ચાર દિવસનું આયુષ્ય ભોગવી વ્યંતર દેવ થયો. ત્યાંથી ફરીથી મનુષ્ય થયો. ફરીથી ચાંડાળનેતા બન્યો. ક્રૂર કર્મો કરી ફરીથી સાતમી નરકની મુસાફરી કરી. ત્યાંથી કુંભારને ત્યાં બળદ તરીકે ઉત્પન્ન થયો. બિચારો આખો દિવસ ધુરાને વહન કરે અને શક્તિ બહારનું કામ કરે. સમય જતાં ધુંસરીના સતત ભારને કારણે તેની ખાંધ સડી ગઇ. પાકી ગઇ. એમાં જીવાતો ખદબદવા માંડી. 'હવે આની ખાંધ ધૂંસરી માટે અયોગ્ય છે' એમ વિચારી કુંભારે તેની પીઠ પાસેથી કામ લેવાનું શરુ કર્યું. કાળક્રમે પીઠ પણ કોહવાઇ ગઇ. એમાં પણ કૃમિઓ સપરિવાર રહેવા આવી ગયા. 'હવે સાવ નકામો થઇ ગયો છે ભારરૂપ છે' એમ વિચારી કુંભારે તેને છુટો મૂકી દીધો. તેની સારસંભાળ છોડી દીધી. પીઠની ચામડી સડી ગઇ. કૃમિઓએ બહાર અને અંદર એના લોહી-માંસની મિજબાની ઉડાવવા માંડી. આ ત્રાસને સહન કરી ઓગણત્રીસ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી રિબાઇ રિબાઇને મર્યો. પછી* ***'મહાધન'*** *નામના શેઠને ત્યાં પુત્રતરીકે જન્મ પામ્યો. પણ બિચારો જન્મથી જ અનેક રોગોથી ઘેરાયેલા શરીરવાળો હતો. વમન-વિરેચન વગેરે તથા ખાર-ક્ષાર, કડવી-તીખી-તૂરી, ત્રિફળા વગેરે દવાઓ અને ઉકાળાઓના સહારે વ્યાધિના અગ્નિને ઠારવા પ્રયત્ન કરે છે. પણ પીડાઓ ઘટવાને બદલે વધતી ગઇ. દવાઓ જ પીડાકારક બની ગઇ. શીરાવેધ વગેરે રોગોથી નિત્ય પીડિત અને*

---

(1) अत्र 'काकवाक्यमि'ति प्रतान्तरे । (2) द्रव्यतो भावत इति प्रतान्तरे सूचितम्।

*सव्वहा सव्वपयारेहिं णं सव्वत्थामेसु अच्चंतं अप्पमत्तेणं भवियव्वं त्ति बेमि॥* [सू० ३९]

*से भयवं ! जइ णं गणिणो वि अच्चंतविसुद्धपरिणामस्सवि केइ दुस्सीले सच्छंदत्ताएइ वा गारवत्ताएइ वा जायाइमयत्ताएइ वा आणं अइक्कमेज्जा से णं किमाराहगे भवेज्जा ? गो० ! जे णं गुरू समसत्तुमित्तपक्खो गुरुगुणेसुं ठिए सययं सुत्ताणुसारेणं चेव विसुद्धासए विहरेज्जा, तस्साणमइक्कंतेहिं णवणउएहिं चउहिं सएहिं साहूणं जहा (विराहियं) तहा चेव अणाराहगे भवेज्जा।*

*से भयवं ! कयरे णं ते पंच सए एक्क विवज्जिए साहूणं जेहिं च णं तारिसगुणोववेयस्स महाणुभागस्स गुरुणो आणं अइक्कमिउं णाराहियं ? गो० ! णं इमाए चेव* ***उसभाइ****चउवीसिगाए अतीताए तेवीसइमाए चउवीसिगाए जाव णं परिणिव्वुडे चउवीसइमे अरहा ताव णं अइक्कंतेणं केवइएणं कालेणं गुणनिप्फन्ने कम्मसेलमुसुमूरणे महायसे, महासत्ते, महाणुभागे, सुगहियनामधेज्जे* ***वइरे*** *णाम गच्छाहिवई भूए । तस्स णं पंचसयं गच्छं निग्गंथीहिं विणा, निग्गंथीहिं समं दो सहस्से य अहेसि। गो० ! ताओ निग्गंथीओ अच्चंतपरलोगभीरुयाओ, सुविसुद्धनिम्मलंतकरणाओ, खंताओ, दंताओ, मुत्ताओ, जिइंदियाओ, अच्चंनम(तभ पाठा.)णिरीओ, नियसरीरस्सा वि य*

---

અસાધ્ય ઘોર દારૂણ દુઃખોની જ્વાળાઓથી શેકાતો તે અંતે મર્યો. મળેલો મોંઘેરો મનુષ્યભવ પણ મુધા ગુમાવી દીધો. હે **ગૌતમ** ! આ પ્રમાણે જન્મ અને મરણદ્વારા ચૌદે રાજલોકની સતત સ્પર્શના કરતાં અને ચોર્યાસી લાખ યોનિમાં રખડતા એવા તે **સાવદ્યાચાર્યના** જીવે આ ઘોર સંસારમાં અત્યંતદીર્ઘ અનંતકાળ ભારે ત્રાસ-પીડા-રોગ-કષ્ટ-દુઃખ અને પ્રતિકૂળતાઓથી પૂર્ણ કર્યો.

એ પછી અપરવિદેહ(=પશ્ચિમ મહાવિદેહમાં) મનુષ્ય થયો. સ્વભાવવગેરે ચાર કારણો અનુકૂળ થયા. ભાગ્યોદય શરુ થયો. એકવાર પધારેલા તીર્થંકરના વંદને લોકાનુવૃત્તિથી ગયો. પ્રભુની અમૃત ઝરતી વાણીનું પાન કર્યું. પાંચમું કારણ પુરુષાર્થ જાગૃત થયો. પાંચે કારણ ભેગા થયા અને તેમાં પરમાત્મકૃપારૂપ છટ્ઠું અસાધારણ કારણ ઉમેરાયું, સંવેગ-નિર્વેદના સ્વસ્તિકો રચાયા. વૈરાગ્ય પ્રબળ બન્યો... એકમાત્ર શરણ્ય પરમાત્માને જીવન સમર્પિત કર્યું. ઉગ્ર આરાધનાઓ કરી. અંતે ત્યાં-વિદેહમાં અહીં **પાર્શ્વનાથ ભગવાનના** કાળમાં કર્મોની ચુંગાલને હટાવી... કર્મજનિત ઉપાધિઓના ભારને ઉતારી.... સંસારસાગરને તરી સિદ્ધ થયા, પરમસુખના હંમેશામાટે ભોક્તા થયા. હે **ગૌતમ ! સાવદ્યાચાર્યએ** આ પ્રાપ્ત કર્યું. હે ભગવન્ ! એ **સાવદ્યાચાર્યના** જીવે કયા કારણથી આવા પ્રકારના દુઃસહ, ઘોર, દારુણ, મહાદુઃખોનો સમુદાય આટલા કાળ સુધી વેઠ્યો ? **ગૌતમ** ! તે વખતે **સાવદ્યાચાર્ય** બોલ્યા કે 'આગમ ઉત્સર્ગ અને અપવાદપર રચાયો છે. જિનશાસનમાં એકાંત એ મિથ્યાત્વરૂપ છે. ભગવાનની આજ્ઞા અનેકાંતમય છે.' આ એક વચનને કારણે - આ ઉત્સૂત્રભાષણને કારણે આટલા દુઃખ સહન કર્યા. 'હે ભગવન્ ! તો શું આગમ ઉત્સર્ગ અને અપવાદપર નિર્ભર નથી ? એકાંતની પ્રરૂપણા કરવાની છે ?' '**ગૌતમ** ! પ્રવચન ઉત્સર્ગ અને અપવાદના પાયાપર જ સ્થિત છે અને અનેકાંતની પ્રરૂપણા જ કરવાની છે, એકાંતની પ્રરૂપણા કરવાની નથી. પરંતુ (૧) અપ્કાયનો પરિભોગ (૨) તેઉકાયનો સમારંભ અને (૩) મૈથુનનું આસેવન. આ ત્રણને છોડીને. આત્માર્થીમાટે આ ત્રણનો તો એકાંતે નિશ્ચય અને દૃઢ રીતે નિષેધ અન્યત્ર કરેલો છે.' **સાવદ્યાચાર્યે** મૈથુનસ્થળે પણ અનેકાંતવાદ બતાવી સૂત્રનું ઉલ્લંઘન કર્યું. સૂત્રના ઉલ્લંઘનથી સન્માર્ગનો નાશ થાય છે. તેનાથી ઉન્માર્ગનું પોષણ થાય છે. ઉન્માર્ગને દૃઢ કરવાથી ભગવાનની આજ્ઞાનો ભંગ થાય છે અને ભગવાનની આજ્ઞાના ભંગથી અનંતસંસારી થાય છે.' 'હે ભગવન્ ! તો એ **સાવદ્યાચાર્યે** મૈથુનનું પ્રતિસેવન કર્યું હતું કે નહિ ? **ગૌતમ** ! તેણે મૈથુનનું પ્રતિસેવન કર્યું હતું, એમ પણ નહિ અને પ્રતિસેવન કર્યું ન હતું એમ પણ નહિ, પરંતુ પ્રતિસેવનાપ્રતિસેવન કર્યું હતું.' 'હે ભગવન્ ! એમ કેમ

(निरवेक्खाओ पाठा.) छक्कायवच्छलाओ, जहोवइट्ठअच्चंतघोरवीरतवचरणसोसियसरीराओ जहा णं तित्थयरेणं पन्नवियं, तहा चेव अदीणमाणसाओ मायामयहंकारममकाररतिहासखेड्डकंदप्पणाहियवायविप्पमुक्काओ तस्सायरियस्स सगासे सामन्नमणुचरंति। ते य साहुणो सव्वे वि गो० ! न तारिसे मणागा।

अहऽन्नया गोयमा ! ते साहुणो तं आयरियं भणंति जहा- जइ णं भयवं ! तुमं आणवेहि, ता णं अम्हे तित्थयत्तं करिय **चंदप्पहसामियं** वंदिय **धम्मचक्कं** गंतूणमागच्छामो। ताहे गो० ! अदीणमणसा अणुत्ता(वित्ता. पाठा.)लगंभीरमहुराए भारतीए भणियं तेणायरिएणं जहा- इच्छायारेणं न कप्पइ तित्थयत्तं गंतुं सुविहियाणं, ता जाव णं वोलेइ① जत्तं, ताव णं अहं तुम्हं **चंदप्पहं** वंदावेहामि। अन्नं च जत्ताए गएहिं ②असंजमे पडिवज्जइ। एएणं

---

કહો છો કે તેણે પ્રતિસેવનાપ્રતિસેવન કર્યું હતું ?' હે **ગૌતમ** ! જ્યારે પેલી આર્યાએ મસ્તકથી પગનો સ્પર્શ કર્યો, ત્યારે **સાવદ્યાચાર્યે** જાણીને પણ પગને સંકોચ્યો નહિ, તેથી આમ કહ્યું. 'હે ભગવન્ ! શું માત્ર આટલી ભૂલથી આવા ઘોર નિકાચિત કર્મનો બંધ થયો ?' '**ગૌતમ** ! એમ જ સમજ.' 'હે ભગવન્ ! તે **સાવદ્યાચાર્યે** તીર્થંકર નામકર્મ બાંધેલ હતું અને સંસારને એક ભવ જેટલો સીમિત કર્યો હતો, તો પછી કેમ આમ અનંતકાળસુધી સંસારમાં રખડ્યા ?' હે **ગૌતમ** ! પોતાના પ્રમાદદોષના કારણે રખડ્યા. માટે 'હે **ગૌતમ** ! ભવવિરહ=સંસારના અભાવની ઇચ્છાવાળા અને આગમના રહસ્યનો બરાબર બોધ કરનારા ગચ્છાધિપતિએ સર્વપ્રકારે સર્વથા સર્વ સ્થાનોમાં અત્યંત અપ્રમત્ત થવું જોઇએ.' **સાવદ્યાચાર્યનું** દૃષ્ટાંત પૂર્ણ થયું.

## વજાર્યનું દૃષ્ટાંત

હવે શ્રી **વજસૂરિનું** દૃષ્ટાંત દર્શાવે છે → 'હે ભગવન્ ! કોઇ દુષ્ટ શિષ્ય સ્વચ્છંદિપણાથી, અથવા ત્રણ ગારવમાં લુબ્ધ થઇને, અથવા જાતિવગેરે મદથી મત્ત થઇને વિશુદ્ધ પરિણામવાળા આચાર્યની આજ્ઞાનું ઉલ્લંઘન કરે તો આરાધક બને ખરો ? હે **ગૌતમ** ! જે ગુરુ શત્રુ અને મિત્રમાં સમાન છે, ગુરુગુણથી યુક્ત છે અને સૂત્રને અનુસારે વિશુદ્ધ આશયથી વિહરે છે. તેવા ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારા ચારસો નવાણું શિષ્યોની જેમ વિરાધક બને છે.'

'હે ભગવન્ ! એ ચારસો નવાણું શિષ્યો કોણ હતા કે જેઓ તેવા પ્રકારના ગુણોથી યુક્ત મહાનુભાગ ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન કરી અનારાધક બન્યા ? **ગૌતમ** ! **ઋષભદેવવગેરે** આ ચોવિસીની પહેલાની ત્રેવીસમી ચોવિસીના ચોવીસે તીર્થંકર થઇ ગયા પછી, કેટલાક કાળ બાદ, ગુણસભર, કર્મપર્વતને છેદવા વજસમાન, મહાયશ, મહાપ્રભાવી, સુગૃહીતનામધેય, **શ્રી વજ** નામના ગચ્છાધિપતિ થયા. તેમના ગચ્છમાં પાંચસો નિર્ગ્રંથ સાધુ અને પંદરસો સાધ્વી હતી. આ બધી સાધ્વીઓ અત્યંત પરલોકભીરુ હતી, સુવિશુદ્ધનિર્મળહૃદયવાળી હતી, ક્ષમાયુક્ત હતી. દાંત હતી, લોભ, મૂર્ચ્છા અને આસક્તિ વિનાની હતી, ઇન્દ્રિયને જીતવાવાળી હતી, અત્યંત નમ્ર હતી. (પાઠા. અત્યંત ભણવાવાળી હતી.) પોતાના દેહ કરતાં પણ છકાય જીવોપર વધુ વાત્સલ્ય ધરાવતી હતી, આગમના અનુસારે અત્યંત ઘોર તપથી શુષ્કકાયાવાળી હતી. ભગવાને જે પ્રમાણે વર્ણન કર્યું છે, એ જ પ્રમાણે અદીનમનવાળી, માયા-મદ-અહંકાર-મમકાર-રતિ-હાસ્ય-ક્રીડા-કંદર્પ-તુચ્છચર્ચા-વિવાદોથી રહિત હતી અને તે આચાર્યની નિશ્રામાં સુંદર રીતે સંયમ વહન કરતી હતી, હે **ગૌતમ** ! પણ પેલા સાધુઓમાં જરા પણ આવા ગુણો હતા નહિ.

હે **ગૌતમ** ! એકવાર તે સાધુઓ આચાર્યને કહે છે - 'હે ભગવન્ ! જો આપ આજ્ઞા આપો તો અમે તીર્થયાત્રા કરી, **ચંદ્રપ્રભસ્વામીને** વંદી **ધર્મચક્ર**(કોઇ સ્થળ ?) જઇ પાછા આવીએ' તે વખતે હે **ગૌતમ** ! અદીનમનવાળા આચાર્યએ અત્યંતગંભીર અને મધુર વાણીથી કહ્યું - 'સુવિહિત સાધુઓને ઇચ્છાચારથી તીર્થયાત્રાએ જવું કલ્પે નહિ.

---

① महासङ्ख्यात्रोत्सवोऽतिक्रमेत-निवर्त्तेतेति प्रतान्तरे टीप्पनकम्। ② जनसम्मर्दएकेन्द्रियसङ्घट्टादिसम्भवादिति-तत्रैव टीप्पनकम्।

*कारणेणं तित्थयत्ता पडिसेहिज्जइ । तओ तेहिं भणियं जहा- भयवं ! केरिसो उण तित्थयत्ताए गच्छमाणाणं असंजमो भवइ ? सो पुणो इच्छायारेणं, बिइज्जवारं एरिसं उल्लावेज्जा बहुजणेणं वाउलग्गो भन्निहिसि। ताहे गो०! चिंतियं तेणं आयरिएणं जहा- णं ममं वइक्कमिय निच्छयओ एए गच्छिहिंति, तेणं तु मए समयं चडुत्तरेहिं वयंति।* [महानिशीथ अ० ५, सू० १३]

*अह अन्नया सुबहुं मणसा संधारेऊणं चेव भणियं तेण आयरिएणं जहा णं- तुब्भे किंचि वि सुत्तत्थं वियाणह च्चिय। तो जारिसं तित्थजत्ताए गच्छमाणाणं असंजमं भवइ, तारिसं सयमेव वियाणेह, किं एत्थ बहुपलविएण ? अन्नं च विदियं तुम्हेहिं पि संसारसहावं जीवाइपयत्थं तत्तं च।*

*अहन्नया बहु उवाएहिं णं विणिवारंतस्स वि तस्सायरियस्स गए चेव ते साहुणो कुद्धेणं कयंतेण पेरिए तित्थयत्ताए। तेसिं च गच्छमाणाणं कत्थइ अणेसणं, कत्थइ हरियकायसंघट्टणं, कत्थइ बीयक्कमणं, कत्थइ पिवीलियादीणं तसाणं संघट्टणपरितावणोवद्दवणाइसंभवं, कत्थइ बइट्ठपडिक्कमणं, कत्थइ ण कीरए चेव चाउक्कालियं सज्झायं, कत्थइ ण संपाडेज्जा मत्तभंडोवगरणस्स विहीए उभयकालं पेहपमज्जणपडिलेहणपक्खोडणं। किं बहुणा?*

---

*તેથી જાત્રા પૂર્ણ થશે (મહાસંઘયાત્રોત્સવ થયા પછી એવો પ્રતાંતરમાં પાઠ છે.) પછી હું તમને* ***ચંદ્રપ્રભસ્વામીના*** *વંદન કરાવીશ. વળી આમ જાત્રાએ જવામાં બહુ અસંયમ થાય છે. આ કારણથી તીર્થયાત્રાનો પ્રતિષેધ કરાય છે.' તે વખતે તેઓ બોલ્યા – 'તીર્થયાત્રાએ જનારને વળી કેવો અસંયમ ? અને તે પણ ઇચ્છાચારથી. (જાત્રા તો ઇચ્છાથી કરવાની હોય ને અનિચ્છાથી થોડી ? એવો આશય લાગે છે. આચાર્યનું કહેવાનું તાત્પર્ય એમ સંભવે છે કે સાધુ આમ ઇચ્છા થવા માત્રથી જાત્રાએ જઇ ન શકે. સુવિહીતરીતે ગ્રામાનુગ્રામ વિચરતા તીર્થસ્પર્શના થાય, તો યાત્રા કરવી.) બીજીવાર આ પ્રમાણે બોલશો તો લોકો 'પાગલ' જ ગણશે.' હે* ***ગૌતમ !*** *ત્યારે આચાર્યે વિચાર કર્યો કે 'મારી આજ્ઞાને ઓળંગી આ બધા અવશ્ય જવાના, એટલે જ મારી આગળ આવા ઉદ્ધત વચનો બોલે છે.' તે પછી એકવાર મનમાં ખૂબ વિચાર કરી આચાર્યે કહ્યું – 'જો તમે કંઇક પણ સૂત્ર-અર્થને જાણતા હશો, તો તીર્થયાત્રાએ જવામાં જે અસંયમ થાય છે, તે તમે સ્વયં સમજતા જ હશો. આ બાબતમાં બહુ કહેવાથી શું ? વળી તમને સંસારના સ્વભાવનો, જીવાદિપદાર્થોનો અને તત્ત્વનો પ્રકાશ છે જ.'*

*અનેક ઉપાયો દ્વારા અટકાવવા છતાં એકવાર લાગ જોઇને એ બધા ઉદ્ધંઠ શિષ્યો જાણે કે ક્રૂર કૃતાંતના કોપથી તીર્થયાત્રાએ નીકળી પડ્યા, પણ તીર્થયાત્રાના લોભમાં ભારે અસંયમ સેવી બેઠા. ક્યાંક દોષિત ગોચરી વાપરે છે, તો ક્યાંક લીલી વનસ્પતિનો સંઘટ્ટો કરે છે, તો ક્યાંક બીજવગેરેનો સંઘટ્ટો કરે છે. ક્યાંક કીડી વગેરે ત્રસ જીવોનો સંઘટ્ટો કરે છે. ક્યાંક ત્રસ જીવોને પીડા ઉપજાવે છે, તો ક્યાંક કચડીને પ્રાણનાશ કરી નાખે છે, ક્યાંક બેઠા બેઠા જ પ્રતિક્રમણ કરે છે, તો ક્યાંક અહોરાત્રમાં કરવાના ચાર કાળના સ્વાધ્યાયને જતો કરે છે. ક્યારેક વસ્ત્ર, પાત્ર વગેરેનું સર્વથા પડિલેહણ કરતા નથી, અથવા બરાબર પડિલેહણ કરતા નથી. પ્રેક્ષા, પ્રમાર્જન, પડિલેહણ, પ્રસ્ફોટન વગેરેમાં લોચા વાળે છે. હે* ***ગૌતમ !*** *કેટલું કહેવું ? ટૂંકમાં, તેઓ ભારે અસંયમમાં પડી ગયા. 'દ્વાદશાંગ મહાશ્રુતસ્કંધને દીર્ઘકાળથી સ્થિર પરિચિત કરનારે અઢારહજાર શીલાંગો, સત્તરપ્રકારના સંયમ, બાર પ્રકારના બાહ્ય-અભ્યંતર તપ, અને ક્ષમાથી માંડી અહિંસા સુધીના દસ યતિધર્મોના પ્રત્યેકપદનું તેઓના પદસંયોગથી થતા સેંકડો ભાંગાઓ સહિત કષ્ટથી પણ નિરતિચાર પાલન કરવું જોઇએ.' ઇત્યાદિ સૂત્રનું સ્મરણ કરી તે* ***ગચ્છાધિપતિએ*** *વિચાર્યું કે, 'સ્વતંત્ર થઇ ગયેલા તે દુષ્ટ શિષ્યો મારા અનાભોગને કારણે જે કંઇ ઘણી અસંયમચેષ્ટાઓ કરશે, તે બધાનું પાપ મને લાગશે,*

*गो० ! कित्तियं भन्निहिइ ? अट्ठारसण्हं सीलंगसहस्साणं सत्तरस विहस्स णं संजमस्स दुवालसविहस्स णं सब्भंतर-बाहिरस्स तवस्स जाव णं खंताइअहिंसालक्खणस्सेव य दसविहस्स अणगारधम्मस्स । जत्थेक्केक्कपयं चेव सुबहुएणं पि कालेणं थिरपरिचिएण दुवालसंगमहासुयक्खंधस्स बहुभंगसयसंघट्ट(धत्त पाठा.)णाए दुक्खं निरइयारं परिपालिऊणं जे, एयं च सव्वं जहाभणियं निरइयारमणुट्ठियव्वं ति। एवं संसरिऊण चिंतियं तेण गच्छाहिवइणा- जहा णं मे विप्पमुक्के(विप्परोक्खेणं पाठा.) ते दुट्ठसीसे मज्झ अणाभोगपच्चएणं सुबहुं असंजमं काहिंति, तं च सव्वं मम संतियं होही जओ णं अहं तेसिं गुरू। ता हं तेसिं पिट्ठीए गंतूणं ते पडिजागरामि, जेणाहमित्थ पए पायच्छित्तेणं णो संबज्झेज्जेति। वियप्पिऊणं गओ सो आयरिओ तेसिं पिट्ठीए, जाव णं दिट्ठे तेणं असंजमेणं गच्छमाणे॥ [सू० १४]*

*ताहे गो० ! सुमहुरमंजुलालावेणं भणियं तेणं गच्छाहिवइणा जहा- 'भो भो ! उत्तमकुलनिम्मल-वंसविभूसणा ! अमुग अमुगाइमहासत्ता ! साहुपहपडिवन्नाणं पंचमहव्वयाहिट्ठियतणूणं महाभागाणं साहुसाहुणीणं चउवीसं(सत्तावीसं पाठा.) सहस्साई थंडिलाणं सव्वदंसीहिं पन्नत्ताइं। ते य सुउवउत्तेहिं विसोहिज्जंति, ण उणं अन्नोवउत्तेहिं। ता किमेयं सुन्नासुन्नीए अणु(ण्णो पाठा.)वउत्तेहिं गम्मइ ? इच्छायारेणं उवओगं देह। अन्नं च इणमो सुत्तत्थं किं तुम्हाणं विसुमरियं जं सारं सव्वपरमतत्ताणं ? जहा 'एगिंदिबेइंदिए पाणी एगं सयमेव हत्थेण वा, पाएण वा, अन्नयरेण वा सलागाइअहिगरणभूओवगरणजाएणं जे णं केई संघट्टेज्जा, संघट्टावेज्जा वा, एवं संघट्टियं वा परेहिं समणुजाणेज्जा, से णं तं कम्मं जया उदिन्नं भवेज्जा तया जहा उच्छुखंडाइं जंते तहा निप्पीलिज्जमाणा*

---

કારણ કે હું તેઓનો ગુરુ છું. તેથી હું તેમની પાછળ જઇ તેઓનું અસંયમથી રક્ષણ કરું, જેથી મને પ્રાયશ્ચિત્ત ન આવે.' આમ વિચારી તે આચાર્ય તેઓની પાછળ ગયા. ત્યાં આચાર્યે તેઓને અસંયમમાર્ગે જતા જોયા....

ત્યારે હે **ગૌતમ** ! તે આચાર્યે સુમધુર મનોહરવાણીથી કહ્યું - 'હે ઉત્તમકુળ અને નિર્મળવંશના વિભૂષણો ! હે 'અમુક' 'અમુક' મહાસત્ત્વશાળી ભાગ્યશાળીઓ ! સાધુમાર્ગે ગમન કરતા પંચમહાવ્રતધારી મહાભાગ સાધુ-સાધ્વીઓને સર્વજ્ઞ ભગવંતે ચોવીસ હજાર સ્થંડિલો(=નિર્દોષ અચિત્તભૂમિ સંબંધી ચોવીસ હજાર પાઠાંતરે સત્તાવીસ હજાર વિકલ્પો) બતાવ્યા છે. બરાબર ઉપયોગ રાખનારો જ તે સ્થંડિલસ્થાનોનું બરાબર વિશોધન કરી શકે છે. અન્યત્ર ચિત્ત રાખનારો વિશોધન કરી શકે નહિ. તેથી આમ ઉપયોગશૂન્ય થઇ, અન્યત્ર ઉપયોગ રાખી કેમ જવાય છે? ઇચ્છાકારથી ઉપયોગ આપો. વળી સર્વતત્ત્વોમાં સારભૂત આ સૂત્રાર્થને શું તમે ભૂલી ગયા છો ? કે 'જે વ્યક્તિ પોતાના હાથ, પગ કે બીજા સળીવગેરે અધિકરણભૂત સાધનોથી એકેન્દ્રિય-બેઇન્દ્રિય જીવનો એકવાર સ્વયં સંઘટ્ટો કરે, અથવા બીજા પાસે સંઘટ્ટો કરાવે, અથવા સંઘટ્ટો કરનારને અનુમોદે, તે વ્યક્તિ તે કર્મના ઉદયથી શેરડીના પીલાતા ટૂકડાની જેમ છ મહિના સુધી પીડા પામે છે. જો ગાઢ સંઘટ્ટો કરે, કરાવે, અનુમોદે તો બાર વર્ષ પીડા પામે. અગાઢ પરિતાપના કરે, કરાવે, અનુમોદે તો એક હજારવર્ષ સુધી પીડા પામે. ગાઢ પરિતાપનાથી દસ હજારવર્ષ સુધી પીડા પામે, અગાઢ કીલામણાથી એક લાખવર્ષ પીડા પામે, ગાઢ કીલામણાથી દસ લાખવર્ષ સુધી પીડા પામે. જો હત્યા કરે, તો એ કર્મના ઉદયે એક કરોડ વર્ષ સુધી પીડા પામે. આ જ પ્રમાણે તેઇન્દ્રિય વગેરે અંગે ઉત્તરોત્તર સમજવું. તેથી હે પુણ્યશાળીઓ ! આ સૂત્રાર્થને સમજતા તમે મોહ પામો નહિ.' હે **ગૌતમ** ! સૂત્રાનુસારે આ પ્રમાણે આચાર્યએ તેઓની સારણા(અથવા સ્મારણા=સ્મરણ કરાવવું) કરી. પણ જવામાં ઉત્સુક બનેલા અને હોહા મચાવતા તે મહાપાપી શિષ્યોએ આચાર્યની આ સર્વપાપકર્મના ચુંગાલમાંથી મુક્ત કરાવતી વાણીનું બહુમાન કર્યું નહિ.

ત્યારે હે **ગૌતમ** ! તે આચાર્યને ખ્યાલ આવી ગયો કે 'આ પાપી શિષ્યો સર્વપ્રકારે ઉન્માર્ગે દોડી રહ્યા છે. તો

छम्मासेणं खवेज्जा। एवं गाढे दुवालसेहिं संवच्छरेहिं तं कम्मं वेदेज्जा। एवं अगाढपरियावणे वाससहस्सं। गाढ-परियावणे दसवाससहस्से। एवं अगाढकिलामणे वासलक्खं। गाढकिलामणे दसवासलक्खाइं। उद्दवणे वासकोडी। एवं तेइंदियाइसु पि णेयं। ता एवं च वियाणमाणा मा तुम्हे मुज्झह'त्ति। एवं च गो० ! सुत्ताणुसारेणं सारयंतस्सवि तस्सायरियस्स ते महापावकम्मे गमगमहल्लफलेणं हल्लोहल्लीभूएणं तं आयरियाणं वयणं असेसपावकम्मट्ठदुक्ख-विमोयगं णो बहुं मन्नंति॥ [सू० १५]

ताहे गोयमा ! मुणियं तेणायरिएण जहा- निच्छयओ उम्मग्गपट्ठिए सव्वपगारेहिं चेव इमे पावमई दुट्ठसीसे। ता किमट्ठमहमिमेसिं पिट्ठीए लल्लीवागरणं करेमाणोऽणुगच्छमाणो य सुक्खाए गयजलाए णदीए उवुज्झं (उच्छुज्झं)? एए गच्छंतु दसदुवारेहिं अहयं तु तावायहियमेवाणुचिट्ठामि। किं मज्झं परकएणं सुमहंतेणावि पुण्णपब्भारेणं थेवमवि किंची परित्ताणं भविज्जा ? सपरक्कमेणं चेव मे आगमुत्ततवसंजमाणुट्ठाणेण भवोयही तरिअव्वो। एस पुण तित्थयरादेसो जहा →अप्पहियं कायव्वं जइ सक्का परहियं पि पयरेज्जा। अत्तहियपरहियाणं, अत्तहियं चेव कायव्वं॥१२३॥ अन्नं च जइ एते तवसंजमकिरियं अणुपालिहिंति, तओ एएसिं चेव सेयं होही। जइ ण करेहिंति, तओ एएसिं चेव दुग्गइगमणमणुत्तरं हवेज्जा। णवरं तहा वि मम गच्छो समप्पिओ। गच्छाहिवई अहयं भणामि।

---

પછી શા માટે હું ફોગટની બુમો પાડતો પાડતો આ લોકોની પાછળ દોડું ? અને પાણી વિનાની શુષ્ક નદીમાંથી પાણી મેળવવાની વ્યર્થ મહેનત કરું ? ભલે તેઓ જતાં દશે દ્વારોથી. હું તો મારા આત્મહિતને આચરી લઉં. બીજાઓના બહુ મોટા પુણ્યના સમુદાયથી પણ મારું રક્ષણ થોડું થવાનું છે ? આગમમાં કહેલાં તત્ત્વ અને સંયમઅનુષ્ઠાનોને સ્વપુરુષાર્થથી આચરીને જ મારે સંસારસાગર તરવાનો છે. આ બધા કંઇ તરી આપવાના નથી. તીર્થંકરનો આ જ આદેશ છે - 'આત્મહિત અવશ્ય કરવું, જો શક્ય હોય તો પરહિત કરવું. આત્મહિત-પરહિતના પ્રસંગોમાં આત્મહિત જ કરવું.' (અર્થાત્ આત્મહિત ઘવાતું હોય એ રીતે પરહિત કરવું નહિ) વળી જો આ લોકો તપ-સંયમ-ક્રિયા કરશે, તો તેઓનું જ કલ્યાણ થશે અને તપ-સંયમ-ક્રિયા નહિ કરે, તો તેઓ જ ભયંકર દુર્ગતિમાં જશે. છતાં પણ ગુરુએ આ ગચ્છ મને સોંપ્યો છે. તેથી હું આ લોકોના ગચ્છાધિપતિ તરીકે ઓળખાઉં છું. વળી તીર્થંકર ભગવંતોએ આચાર્યના જે છત્રીશ ગુણો બતાવ્યા છે, તેમાંથી મેં એક પણ ગુણનો અતિક્રમ કર્યો નથી. બલ્કે પ્રાણના ભોગે પણ સાચવ્યો છે. વળી આગમમાં જે જે આલોક-પરલોક વિરુદ્ધ તરીકે પ્રખ્યાત છે, તેમાંથી મેં કશાનું આચરણ કર્યું નથી, બીજા પાસે કરાવ્યું નથી, કરનારની અનુમોદના કરી નથી. હું આવા ગુણોથી સભર હોવા છતાં આ પાપીઓ મારું કહેલું કરતા નથી. તેથી તેઓને આપેલો વેશ પાછો લઇ લઉં, કારણ કે શાસ્ત્રમાં કહ્યું છે કે, 'જે કોઇ સાધુ કે સાધ્વી વચનમાત્રથી પણ અસંયમને સેવે, તેની સારણા, વારણા, ચોયણા, પ્રતિચોયણા કરવી જોઇએ. સારણાદિ કરવા છતાં જો તે સાધુ કે સાધ્વી આળસ કે અભિનિવેશથી વચનનો અનાદર કરે, 'તહત્તિ' કહી સ્વીકાર ન કરે અને ઇચ્છાકારથી પ્રતિક્રમણ ન કરે, તો તે સાધુ કે સાધ્વીને આપેલો વેશ પાછો લઇ લેવો જોઇએ.'

હે **ગૌતમ** ! આ પ્રમાણે આગમમાં કહેલા ન્યાયને અનુસારે આચાર્યે એક શિષ્યનો વેશ ઝુંટવી લીધો, પણ ત્યાં સુધીમાં બાકીના ચારસો નવ્વાણું શિષ્યો ચારે દિશામાં ભાગી ગયા. ત્યારે **ગૌતમ** ! આચાર્ય પણ ધીમે ધીમે એ લોકો તરફ જવા માંડ્યા, પણ જલ્દી જલ્દી ન ગયા. હે ભગવન્ ! આચાર્ય જલ્દી જલ્દી જવાને બદલે ધીમા ધીમા કેમ ગયા ? હે **ગૌતમ** ! ખારવાળી ભૂમિપરથી મધુર-મીઠાશવાળી ભૂમિપર જતા, કે મધુરભૂમિપરથી ખારવાળી ભૂમિપર જતા, કાળી ભૂમિપરથી પીળી ભૂમિપર અને પીળી ભૂમિપરથી કાળી ભૂમિપર જતા, પાણીમાંથી ભૂમિપર કે

*अन्नं च- जे तित्थयरेहिं भगवंतेहिं छत्तीसं आयरियगुणे समाइट्ठे, तेसिं तु अहयं एक्कमवि णाइक्कमामि, जइ वि पाणोवरमं हविज्जा। जं चागमे इहपरलोगविरुद्धं तं णायरामि, ण कारयामि, ण कज्जमाणं समणुजाणामि। ता एरिसगुणजुत्तस्सवि जइ भणियं न करेंति, ताऽहमिमेसिं वेसग्गहणं उद्दालेमि। एवं च समए पन्नत्ती जहा- 'जे केइ साहू वा साहूणी वा वायामित्तेण वि असंजममणुचिट्ठेज्जा, से णं सारेज्जा, वारेज्जा, चोएज्जा, पडिचोएज्जा। से णं सारेज्जंते वा, वारेज्जंते वा, चोएज्जंते वा, पडिचोइज्जंते वा, जे णं तं वयणमवमन्निय अलसायमाणेइ वा अभिनिविट्ठेइ वा ण तहत्ति पडिवज्जइ, इच्छं पउंजित्ताणं तत्थ णो पडिक्कमेज्जा से णं तस्स वेसग्गहणं उद्दालेज्जा'।* [सू. १६]

*एवं तु आगमुत्तणाएणं गोयमा ! जाव तेणायरिएणं एगस्स सेहस्स वेसग्गहणं उद्दालियं ताव णं अवसेसे दिसोदिसं पणट्ठे। ताहे गो० ! सो आयरियो सणियं २ तेसिं पिट्ठीए जाउमारुद्धो, णो णं तुरियं २। से भयवं ! किमट्ठं तुरियं २ णो पयाइ ? गो० ! खाराए भूमीए जे महुरं संकमेज्जा, महुराए खारं, किण्हाए पीयं, पीयाओ किण्हं, जलाओ थलं, थलाओ जलं संकमेज्जा, ते णं विहिए पाए पमज्जिय २ संकमेयव्वं, णो पमज्जेज्जा तओ दुवालस-*

---

ભૂમિપરથી પાણીમાં જતા પહેલા વિધિપૂર્વક પગનું પ્રમાર્જન કરવું જોઇએ. જો પ્રમાર્જન ન કરે તો બાર વર્ષનું પ્રાયશ્ચિત આવે. **ગૌતમ** ! આ હેતુથી તે આચાર્ય જલ્દી જવાને બદલે ધીમે ધીમે ગયા. આ પ્રમાણે સૂત્રોક્ત વિધિથી શુદ્ધ-પ્રાસુક ભૂમિઓપર સંક્રમણ કરતા આચાર્યની સામે ઘણા દિવસની ભૂખથી પીડાતા શરીરવાળો તીક્ષ્ણ દાઢાથી ભયંકર અને પ્રલયકાળ જેવા ઘોરરૂપવાળો સિંહ આવ્યો. તે મહાત્મા ગચ્છાધિપતિએ વિચાર કર્યો કે – 'જો દોડતો જાઉં તો સિંહથી બચી શકું તેમ છું. પરંતુ તેમ કરવામાં અસંયમ છે. **અસંયમમાં પ્રવૃત્તિ કરવા કરતા તો શરીરનો નાશ થાય એ સારું છે.**' આમ વિચારી વિધિપૂર્વક ઉપસ્થિત થયેલા પેલા શિષ્યને ફરીથી વેશ આપી પોતે જેમાં કોઇ પ્રતિકર્મ કરવાનું નથી, એવા **'પાદપોપગમન'** નામના અનશનને સ્વીકાર્યું. શિષ્યે પણ તે મુજબ જ કર્યું. નમસ્કાર મહામંત્રના ધ્યાનમાં લીન અને શુભઅધ્યવસાયમાં રહેલા અત્યંત વિશુદ્ધ હૃદયવાળા આ બન્નેને સિંહે મારી નાખ્યા, પણ તે વખતે શુક્લધ્યાન અને ક્ષપકશ્રેણિદ્વારા ઘાતિકર્મોના ચૂરેચૂરા કરી તે બન્ને મહાત્માઓ અંતઃકૃત કેવલી થયા અને આઠે પ્રકારના કર્મમળના કલંકથી મુક્ત બન્યા, સિદ્ધ થયા. હે **ગૌતમ** ! પેલા બાકીના ચારસો નવ્વાણું શિષ્યો પોતાની દુશ્ચેષ્ટાના દોષથી જે દુઃખને અનુભવી રહ્યા છે – જે દુઃખને અનુભવ્યું અને અનંત સંસારસાગરમાં રખડતા જે દુઃખને અનુભવશે, તેનું અનંતકાળે પણ વર્ણન કરવા કોણ સમર્થ છે ? હે **ગૌતમ** ! આ ચારસો નવ્વાણું શિષ્યો પોતાના ગુણસંપન્ન અને મહાનુભાગ ગુરુની આજ્ઞાનો ભંગ કરી વિરાધક થયા અને અનંતસંસારી બન્યા.

'હે યુક્તિસભરવચનોના વિભાવકો ! (અથવા યુક્ત અને અયુક્તના વિભાવકો !) **કુવલયપ્રભસૂરિ** અને **વજ્રાચાર્ય** એ બન્નેના આ ચરિત્રો સાંભળીને કુમતિઓ દ્વારા પેદા કરાયેલો મતિભ્રમ છોડો.' ॥૧॥

**સાવદ્યાચાર્યે** જિનાલય અંગે સાવદ્ય વચન બોલવાની ના પાડી. એમાં 'જિનાલય સાવદ્ય છે' એ આશય ન હતો, પરંતુ 'અનધિકૃત વ્યક્તિઓ દ્વારા કરાતી ચૈત્યપ્રવૃત્તિની અનુમોદના ન કરવી' એવો આશય હતો. 'ચૈત્યપ્રવૃત્તિ-અનુમોદના' સામાન્યથી–ઉત્સર્ગથી–સ્વરૂપથી કર્ત્તવ્યરૂપ છે, એમાં જ્યારે 'અનધિકૃતકર્તૃકત્વ' રૂપ વિશેષણ આવે છે, ઉપાધિ આવે છે, ત્યારે તે અનુમોદના અકર્ત્તવ્યરૂપ બને એ અપવાદ છે. આમ અનધિકારીએ કરેલી ચૈત્યપ્રવૃત્તિ જ અનનુમોદનીય બને છે, નહિ કે બધી. આ તાત્પર્ય છે. દેરાસર બંધાવવું – સમરાવવું વગેરે કાર્યોના અધિકારી ગૃહસ્થ છે. પણ ચૈત્યનો જ મઠ તરીકે ઉપયોગ કરવો તો અત્યંત અનુચિત છે. તથા સાધુના વેશમાં આ કાર્યો કરવા એ ઉન્માર્ગરૂપ છે. તેથી આ અનુચિત ચેષ્ટાને પોષણ ન મળે એ હેતુથી **સાવદ્યાચાર્યે** જિનાલયઅંગે એક વચન પણ બોલવાનો નિષેધ કર્યો. પણ એટલામાત્રથી જિનાલય કે દ્રવ્યસ્તવ સાવદ્યતરીકે સિદ્ધ થતા નથી. એ જ પ્રમાણે બીજા

*संवच्छरियं पच्छित्तं भवेज्जा, एएणट्ठेण गोयमा ! सो आयरिओ ण तुरियं २ गच्छे। अहऽन्नया सुयाउत्तविहीए थंडिलसंकमणं करेमाणस्स णं गो० ! तस्सायरियस्स आगओ बहुवासरखुहापरिगयसरीरो वियडदाढाकरालकयंत-भासुरो पलयकालमिव घोररूवो केसरी। मुणियं च तेण महाणुभागेणं गच्छाहिवइणा जहा- जइ दुयं गच्छेज्जइ ता चुक्किज्जइ इमस्स। णवरं दुयं गच्छमाणाणं असंजमं, ता वरं सरीरवोच्छेयं ण असंजमपवत्तणंति चिंतिऊण विहीए उवट्ठियस्स सेहस्स जमुद्दालियं वेसग्गहणं तं दाऊण ठिओ निप्पडिकम्मपायवोवगमणाणसणेणं। सोऽवि सेहो तहेव । अहऽन्नया अच्चंतविसुद्धंतकरणे पंचमंगलपरे सुहज्झवसायत्ताए दुण्णिवि गोयमा ! वावाइए तेण सीहेणं अंतगडे केवली जाए अट्ठप्पयारमलकलंकविप्पमुक्के सिद्धे य। ते पुण गोयमा ! एकूणे पंच सए साहूणं तक्कम्मदोसेणं जं दुक्खमणुभवमाणे चिट्ठंति, जं चाणुभूयं, जं चाणुभविहिंति अणंतसंसारसागरं परिभमंते, तं को अणंतेणपि कालेणं भणिउं समत्थो ? एए ते गोयमा ! एगूणे पंचसए साहूणं जेहिं च णं तारिसगुणोववेयस्स णं महाणुभागस्स गुरुणो आणं अइक्कमियं णो आराहियं अणंतसंसारिए जाए॥* [सू० १७]

'**कुवलयप्रभवज्रमुनीशयो**श्चरितयुग्ममिदं विनिशम्य भोः। कुमतिभिर्जनितं मतिविभ्रमं त्यजत युक्ति-मदुक्तविभावकाः॥[①] प्रथमे ह्यनधिकारिकर्तृकत्वविशिष्टचैत्यप्रवृत्त्यननुमोदने तात्पर्यम्। द्वितीये चाविधियात्रानिषेध इति। न च यात्रायामेवासंयमाभिधानात्तन्मात्रनिषेधः, स्वस्थानावधिकतीर्थप्राप्तिफलकव्यापाररूपायास्तस्या निषेधे संयतसार्थेन तन्निषेधापत्त्याऽसंयतसार्थेन तन्निषेधस्य फलितत्वात्। अत एव साधूनामवधानतां (साधुनामवतां?) कदालम्बनीभूतैव चैत्यभक्तिश्चैत्यवासिना**मावश्यके**ऽपि निषिद्धा →

*'नीयावासविहारं चेइयभत्तिं च अज्जियालाभं। विगईसु अ पडिबंधं निद्दोसं चोइया बिंति'॥ १ ॥*

---

ચરિત્રમાં **શ્રી વજસૂરિએ** તીર્થયાત્રાનો નિષેધ કર્યો, એમાં અવિધિથી અસંયમ કરનારી તીર્થયાત્રાના જ નિષેધનું જ તાત્પર્ય હતું.

**પૂર્વપક્ષ :- વજસૂરિના** ચરિત્રમાં યાત્રામાં અસંયમનું અભિધાન કર્યુ છે. અર્થાત્ 'યાત્રા જ અસંયમરૂપ છે.' એમ કહ્યું છે. તેથી ત્યાં 'અવિધિથી યાત્રા કરવામાં અસંયમ છે. વિધિથી કરવામાં નહિ' એવા વિકલ્પોને અવકાશ જ નથી.

**ઉત્તરપક્ષ :-** યાત્રા એટલે પોતાના સ્થાનથી આરંભાયેલી અને તીર્થની પ્રાપ્તિ કરાવતી ચેષ્ટા. અર્થાત્ ગમનવગેરે ક્રિયા. આ સ્વરૂપવાળી યાત્રાનો નિષેધ(=તમામ તીર્થયાત્રાઓનો નિષેધ) ઇષ્ટ હોય, તો સંયતોના સમુદાયસાથે પણ તીર્થયાત્રાના નિષેધની આપત્તિ આવે. અલબત્ત પૂર્વપક્ષ તો તમામ તીર્થયાત્રાનો નિષેધ ઇચ્છે છે. તેથી તેમના મતે આ ઇષ્ટાપત્તિ છે, પણ **મહાનિશીથના** જે પાઠના આધારે આ નિષેધની ચર્ચા થાય છે, તે પાઠમાં **શ્રીવજસૂરિ** પોતે 'તીર્થયાત્રા કરાવીશ' એમ શિષ્યોને કહે છે. જો પાઠમાં તીર્થયાત્રાનો સર્વથા નિષેધ ઇષ્ટ હોત, તો આવા સંયત અને પૂર્ણતયા ભગવાનની આજ્ઞામાં રહેલા આચાર્યભગવંત 'તીર્થયાત્રા કરાય જ નહીં' એમ જ કહેત, નહીં કે 'હું તમને તીર્થયાત્રા કરાવીશ' એમ. તેથી નિશ્ચિત થાય છે કે **મહાનિશીથના** આ પાઠમાં સંયતના સાર્થમાં (અસંયમ ન થાય એ રીતે) યાત્રાનો નિષેધ નથી. તેથી અવિધિથી યાત્રાનો નિષેધ કર્યો એમ માનવું જ ઉચિત છે. સંયમપૂર્વકની યાત્રા વિધિયાત્રા છે. અસંયમપૂર્વકની યાત્રા અવિધિયાત્રા છે. તેથી અસંયમપૂર્વકની યાત્રાના નિષેધમાં જ – અસંયતોની સાથે તીર્થયાત્રાના જ નિષેધમાં વચનનું તાત્પર્ય છે. તેથી જ સાધુ નામધારી ચૈત્યવાસી મુનિઓ

---

① युक्तमयुक्तं विभावका इति पाठान्तरः।

*'चेइयकुलगणसंघे अन्नं वा किंचि काऊ निस्साणं। अहवावि* ***अज्जवइरं*** *तो सेवंती अकरणिज्जं' ॥ २ ॥* [आव० नि० ११७५-११७९] इत्यादिना। तस्मादा**वश्यकमहानिशीथा**द्येकवाक्यतया साधुलिङ्गस्यैव चैत्यभक्ति-र्निषिद्धा, श्राद्धानां तु शतशो विहितैवेति श्रद्धेयम्॥ ४६॥ **सिंहावलोकित**न्यायेन बिम्बनमनानुकूलव्यापारे यात्रापदार्थ-बाधमाशङ्क्य परिहरति–

**नो यात्रा प्रतिमानतिर्व्रतभृतां साक्षादनादेशनात्,**

**तत्प्रश्नोत्तरवाक्य इत्यपि वचो मोहज्वरावेशजम्।**

**मुख्यार्थैः प्रथिता यतो व्यवहृतिः शेषान् गुणान् लक्षयेत्**

**सामग्र्येण हि यावताऽस्ति यतना यात्रा स्मृता तावता ॥ ४७ ॥**

(**दंडान्वयः**→ प्रश्नोत्तरवाक्ये साक्षादनादेशनाद् व्रतभृतां प्रतिमानतिर्नो यात्रा इत्यपि वचो मोहज्वरा-वेशजम्। यतो मुख्यार्थैः प्रथिता व्यवहृतिः शेषान् गुणान् लक्षयेत्। हि यावता सामग्र्येण यतनाऽस्ति तावता यात्रा स्मृता॥)

'नो'इति। प्रतिमानतिर्यात्रा न भवति, केषां *व्रतभृतां*=चारित्रिणां, कुतः ? *तत्प्रश्नोत्तरवाक्ये*=**शुक-सोमिला**दिकृतयात्रापदार्थप्रश्नानां **थावच्चापुत्रभगवदा**द्युत्तरवाक्ये, *साक्षात्*=कण्ठपाठेनाना*देशनाद्*=बिम्ब-प्रणतेरनुपदेशादित्यपि वचः कुमतीनां मोहरूपो यो *ज्वरस्तदावेशः*=तत्पारवश्यप्रलाप*स्तज्जं*=तज्जनितम्। यतो

---

ચૈત્યભક્તિનું જે કદાલંબન લે છે, તે વાજબી નથી. **આવશ્યક નિર્યુક્તિમાં** *'ઉદ્યતવિહારીથી પૂછાયેલા શિથીલ-વિહારીઓ નિત્ય આવાસ, ચૈત્યભક્તિ, સાધ્વીથી લાભ, વિગઇમાં ગૃદ્ધિ, આ બધાને નિર્દોષ તરીકે પ્રરૂપે છે.'॥૧॥ 'ચૈત્ય, કુલ, ગણ, સંઘ કે બીજા કોઇકની પણ નિશ્રા લઇ અથવા* ***આર્ય વજસ્વામીનું*** *આલંબન લઇ અકરણીયનું સેવન કરે છે'॥૨॥* ઇત્યાદિ વચનોથી નિષેધ કર્યો છે. **આવશ્યક નિર્યુક્તિનું** આ વચન પણ સાધુલિંગધારી અંગે જ છે. તેથી ફલતઃ 'શ્રાવકો ચૈત્યભક્તિ કરે તે નિર્યુક્તિકારને માન્ય છે' તેમ જ સૂચિત થાય છે. આમ **આવશ્યક નિર્યુક્તિ** અને **મહાનિશીથ** વગેરે ગ્રંથોની આ બાબતમાં એકવાક્યતા છે કે 'સાધુઓથી જ ચૈત્યભક્તિ ન થાય' બાકી આ બધા ગ્રંથોમાં સેંકડોવાર શ્રાવકનો 'ચૈત્યભક્તિ' નો અધિકાર બતાવ્યો છે, એવી શ્રદ્ધા રાખવી. **॥ ૪૬ ॥**

**સિંહાવલોકિત** ન્યાયથી(પૂર્વચર્ચિતવિષયપર ફરીથી દૃષ્ટિપાત કરવામાં આ ન્યાય ઉપયુક્ત છે) 'પ્રતિમાનમનમાં કારણભૂત ચેષ્ટા' આ અર્થમાં 'યાત્રા' પદનો અર્થ સંભવતો નથી. આવી પ્રતિમાલોપકોની આશંકા દર્શાવી તેનું નિરાકરણ કરતા કવિ કહે છે—

**કાવ્યાર્થ :-** 'સૂત્રમાં પ્રશ્ન કે ઉત્તરના વાક્યમાં પ્રતિમાનમનઅંગે સાક્ષાત્ નિર્દેશ નથી. તેથી પ્રતિમાનમન સાધુઓની યાત્રારૂપ નથી.' પ્રતિમાલોપકોનું આ વચન મોહરૂપ તાવની પીડાથી બોલાયેલું છે, કારણ કે મુખ્યાર્થથી પ્રસિદ્ધ થયેલો વ્યવહાર શેષગુણોને પણ સૂચવે છે. કારણ કે જેટલી સામગ્રીથી યતના થાય, તેટલી સામગ્રીથી યાત્રા સૂચવી છે. (યતનામાં કારણભૂત સામગ્રી સાધુઓ માટે સંયમયાત્રારૂપ છે.)

## ઉચિતયોગોમાં યતના 'યાત્રા' પદાર્થરૂપ

**પૂર્વપક્ષ :- શુકપરિવ્રાજકે થાવચ્ચાપુત્રને અને સોમિલે ભગવાન મહાવીરસ્વામીને** 'યાત્રા'પદના અર્થઅંગે પ્રશ્નો પૂછ્યા. તે વખતે **થાવચ્ચાપુત્રે** કે **ભગવાને** ઉત્તરમાં 'યાત્રા' પદના અર્થમાં પ્રતિમાનમનનો ઉપદેશ આપ્યો નથી. તેથી સાધુઓની યાત્રામાં પ્રતિમાનમન સમાવેશ પામતું નથી.

मुख्यार्थैः *प्रथिता*=प्रसिद्धा व्यवहृतिः शब्दप्रयोगरूपा *शेषान्*=उक्तावशिष्टान् गुणान् लक्षयेत्। *हि*=यतः, *यावता सामग्र्येण*=यावत्या सामग्र्या यतना भवति, तावता यात्रा स्मृता। तथा च → *'किं ते भंते ! जत्ता ? सोमिला ! जं मे तवणियमसंजमसज्झायज्झाणावस्सयमाईसु जोएसु जयणा'* [भगवती १८/१०/६४६] (से तं जत्ता) इत्यत्रादिपदस्वरसात् (पर्यवसिनः पाठा.) यत्याश्रमोचितयोगमात्रयतनायां यात्रापदार्थो लभ्यते, यथा परेषां 'यज्ञेन' इत्यादि सूत्रं शतपथविहितकर्मवृन्दोपलक्षकम्। अत एव **सोमिल**प्रश्नोत्तरे यथाश्रुतार्थबाधे फलोपलक्षकत्वं व्याख्यातम्। तथा चात्र **भगवतीवृत्तिः** → *'एतेषु च यद्यपि भगवतो न किञ्चित्तदानीं समस्ति, तथापि तत्फलसद्भावात्तदस्तीत्यवगन्तव्यमिति'*/ [भगवती १८/१०/६४६ टी॰] अयं चैवम्भूतनयार्थः, प्रागुक्तस्तु शब्दसमभिरूढयोरिति **विवेचकाः**॥ ४७॥ साक्षादादेशगतिमप्याह–

**वैयावृत्त्यतया तपो भगवतां भक्तिः समग्रापि वा,**
**वैयावृत्त्यमुदाहृतं हि दशमे चैत्यार्थमङ्गे स्फुटम्।**
**नैतत्स्यादशनादिनैव भजनाद्द्वारापि किन्त्वन्यथा,**
**सङ्गादेस्तदुदीरणे बत कथं न व्याकुलः स्यात्परः॥ ४८॥**

---

**ઉત્તરપક્ષ :-** આટલો તો તમને ખ્યાલ હશે જ, કે મુખ્યાર્થને આશ્રયી કરાયેલો શબ્દપ્રયોગ શેષગુણોનો પણ પ્રકાશ કરે જ છે. (મુખ્યાર્થવાચી શબ્દ ગૌણાર્થનું પણ અભિધાન કરે છે.) 'યાત્રા'પદ યતનાની સામગ્રીમાં વપરાય છે. ત્યાં તપ, સંયમ આદિનો મુખ્યાર્થરૂપે કરેલો નિર્દેશ વાસ્તવમાં યતનાની તમામ સામગ્રી 'યાત્રા' રૂપ છે, તે સૂચવવા જ છે, જેટલી સામગ્રીથી જયણા થાય, તેટલી બધી યાત્રારૂપ છે. તેથી 'પ્રતિમાનમન' આદિ શેષ= અનુલ્લિખિત અર્થો પણ જયણાપૂર્વકના યોગ હોય, તો 'યાત્રા' પદના અર્થતરીકે સમાવેશ પામે છે. **ભગવતી સૂત્રનો** પાઠ આ પ્રમાણે છે → *'હે ભદંત ! આપની યાત્રા શું છે ? હે **સોમિલ** ! તપ, નિયમ, સ્વાધ્યાય, ધ્યાન, આવશ્યક આદિ યોગોમાં મારી જયણા જ મારી યાત્રારૂપ છે.'* ઇત્યાદિ. (અહીં તપવગેરેનો નિર્દેશ કર્યા પછી 'આદિ'પદ મૂક્યું છે. આ પદ ઉક્તયોગો સિવાયના અન્ય પણ યોગોના સમાવેશનું સૂચન કરે છે. જો ઉક્તયોગો સિવાય અન્ય કોઇ યોગમાં યતના યાત્રારૂપ ન હોત, તો 'આદિ' પદનો પ્રયોગ વ્યર્થ માનવાની આપત્તિ આવત. પરમાત્માની ૩૫ ગુણયુક્ત વાણીમાં આવી આપત્તિની કલ્પના પણ અસહ્ય છે.) આમ 'આદિ' પદના સ્વરસથી–તાત્પર્યથી 'સાધુના યતનાથી યુક્ત તમામ યોગો યાત્રારૂપ છે.' એમ સ્પષ્ટ ઉપસી આવે છે. જેમકે ઇતરદર્શનમાં 'યજ્ઞેન' ઇત્યાદિ સૂત્ર શતપથવિહિત તમામ ક્રિયાસમુદાયનું ઉપલક્ષક બને છે, તેમ અહીં પણ ઉપરોક્ત સૂત્ર સાધુઓની બધી ઉચિત ક્રિયાઓનું ઉપલક્ષક બને છે.

**શંકા :- સોમિલે** જ્યારે પ્રશ્ન પૂછ્યો, ત્યારે ભગવાન કેવળજ્ઞાન પામી ચૂક્યા હતા. તેથી ભગવાનને તપવગેરેનો સંભવ નથી. તો શી રીતે તે બધામાં યતનારૂપ યાત્રા સંભવે ?

**સમાધાન :-** સૂત્રના માત્ર શબ્દાર્થને પકડવામાં તમે કહ્યો તેવો બાધ છે, પરંતુ પ્રસ્તુતમાં ફળતઃ નિર્દેશ છે. **ટીકાકારે** આ કથનને ફળના ઉપલક્ષક (અથવા ફળોપલક્ષકપદને બહુવ્રીહિ સમાસ માનીએ, તો તાત્પર્ય એ આવે કે ફળના ઉપલક્ષ્ય) તરીકે જ વર્ણવ્યું છે. આ રહ્યો તે **ટીકાપાઠ** → *'પ્રશ્નકાળે ભગવાન ઉપરોક્ત તપવગેરેમાંથી એક પણ યોગમાં વર્તતા ન હતા.'* ((૧) કૃતકૃત્ય હોવાથી (૨) પ્રયોજનનો અભાવ હોવાથી અને (૩) સંભવ ન હોવાથી યોગોનો અભાવ હતો.) *છતાં પણ છદ્મસ્થકાળે આચરેલા આ યોગોનું ફળ(=કેવળજ્ઞાનવગેરે) હોવાથી પ્રશ્નકાળે એ યોગોની હાજરી સમજવી.* કાર્યક્ષણે કારણને સ્વીકારતા એવંભૂતનયને આ અર્થ સંમત છે. કેવળજ્ઞાનાદિ ફળના અભાવકાળે યોગોમાં

(**दंडान्वय:**→ वा भगवतां समग्रापि भक्तिः वैयावृत्त्यतया तपः। हि दशमेऽङ्गे स्फुटं चैत्यार्थं वैयावृत्त्य-मुदाहृतम्। एतद् अशनादिनैव स्यादिति न, किन्तु भजनाद्वारापि, अन्यथा सङ्घादेस्तदुदीरणे कथं बत परः व्याकुलो न स्यात्॥)

'वैयावृत्त्यतया' इति। *वा*=अथवा, *समग्रापि*=सर्वापि भगवतां भक्तिः कृतकारितानुमतिरूपा स्वस्वाधिकारौचित्येन तप एव। तथा च तपःपदेन यात्रायाः साक्षादुपदेश एवेति भावः। वैयावृत्त्यत्वमस्याः कुतः सिद्धम्? अत आह- *हि*=निश्चितं। *दशमेऽङ्गे*=**प्रश्नव्याकरणाख्ये** *स्फुटं*=प्रकटं चैत्यार्थं वैयावृत्त्यमुदाहृतम्। तथा च तत्पाठः→

*'अह केरिसए पुणाइं आराहए वयमिणं ? जे से उवहिभत्तपाणदाणसंगहणकुसले अच्चंतबालदुब्बल-गिलाणवुड्ढखवगे पवत्तिआयरियउवज्झाए सेहे साहम्मिए तवस्सीकुलगणसंघचेइयट्ठे य णिज्जरट्ठी वेयावच्चं अणिस्सियं दसविहं बहुविहं पकरे ति'* [प्रश्नव्या० ८/२६] (टीका) *'अह केरिसए त्ति' अथ परिप्रश्नार्थः। किंदृशः पुनः 'आइ त्ति' अलङ्कारे, आराधयति व्रतमिदम्। इह प्रश्ने उत्तरमाह- 'जे से' इत्यादि। योऽसावुपधिभक्तपानानां दानं च सङ्ग्रहणं च, तयोः कुशलः=विधिज्ञो यः स तथा। तथा बालश्च दुर्बलश्चेत्यादेः समाहारद्वन्द्वस्ततोऽत्यन्तं यद्बालदुर्बलग्लानवृद्धक्षपकं तत्तथा। तत्र विषये वैयावृत्यं करोतीति योगः। तथा प्रवृत्त्याचार्योपाध्याये इह द्वन्द्वैकत्वात्प्रवृत्त्यादिषु। तत्र प्रवृत्तिलक्षणमिदं → 'तवसंजमजोगेसु(संजमतवनियमेसुं पाठा.) जो जोग्गो तत्थ तं*

---

થતી યતનામાં 'યાત્રા' તરીકેની માન્યતા જ્યાં વ્યુત્પત્તિ અર્થ મળે, ત્યાં તે શબ્દ=પદના પ્રયોગને સ્વીકારતા શબ્દ અને સમભિરૂઢ નયની છે. એમ વિવેચકોનું મંતવ્ય છે. **॥ ૪૭॥**

સૂત્રમાં પ્રતિમાનમનનો સાક્ષાદ્ આદેશ પણ કર્યો છે, તે દર્શાવતા કવિવર કહે છે—

**કાવ્યાર્થ :-** અથવા તો, ભગવાનની તમામ પ્રકારની ભક્તિ વૈયાવચ્ચરૂપ હોવાથી તપરૂપ છે. **પ્રશ્નવ્યાકરણ** નામના દશમા અંગમાં ચૈત્ય અર્થે વૈયાવચ્ચ કરવાનું સ્પષ્ટપણે દર્શાવ્યું છે. અહીં એમ ન કહેવું કે 'વૈયાવચ્ચ તો આહારઆદિથી જ થાય' કારણ કે ભક્તિદ્વારા પણ વૈયાવચ્ચ થઇ શકે છે. અન્યથા સંઘવગેરેની વૈયાવચ્ચના કથનને સાંભળીને પ્રતિમાલોપક કેમ આકુળ નહિ થાય ? અર્થાત્ અવશ્ય આકુળ થશે.

## ભક્તિનો વૈયાવચ્ચરૂપ તપમાં સમાવેશ

**પ્રતિમાલોપક :-** તમે ભક્તિને વૈયાવચ્ચરૂપ કયા આધારે કહો છો ?

**ઉત્તરપક્ષ :- પ્રશ્નવ્યાકરણ** નામના દસમા અંગના આધારે. જુઓ એ અંગનો આ પાઠ → *'કેવો પુરુષ આ વ્રતને(=અદત્તાદાનવિરમણવ્રતને) આરાધે છે ? **ઉત્તર :-** જે વ્યક્તિ ઉપધિ તથા આહાર-પાણીના દાન અને સંગ્રહમાં કુશળ હોય, અત્યંત બાળ, દુર્બળ, ગ્લાન, વૃદ્ધ, વિકૃષ્ટ ઉપવાસી, પ્રવર્તક, આચાર્ય, ઉપાધ્યાય, શૈક્ષ, સાધર્મિક, તપસ્વી, કુલ, ગણ, સંઘ અને ચૈત્ય અર્થે નિર્જરાની ઇચ્છાથી અનિશ્રિત દસવિધ બહુવિધ વૈયાવચ્ચ કરતો હોય.'* **ટીકા** આ પ્રમાણે છે → *'અર્થ'પદ પ્રશ્નસૂચક છે. 'આઇ' પદ અલંકારઅર્થે છે. કુશળ=વિધિનો જ્ઞાતા. 'બાળ' વગેરે પદોનો સમાહાર દ્વંદ્વ સમાસ થયો છે. તેથી અત્યંત બાળ-વૃદ્ધ વગેરે સમજવા. આ બધાને અંગે વૈયાવચ્ચ કરવી જોઇએ. પ્રવૃત્તિ=પ્રવર્તકનું લક્ષણ → 'જે વ્યક્તિ તપ, સંયમ(સંયમ-તપ-નિયમોમાં - વ્યવહારસૂત્ર પાઠા.) વગેરે યોગોમાંથી જે યોગમાટે યોગ્ય હોય, તેને તે યોગમાં પ્રવર્ત્તાવે અને અયોગ્યને તેમાંથી નિવૃત્ત કરે, તથા ગણની સારસંભાળમાં જે તત્પર હોય, તે પ્રવૃત્તિ(=પ્રવર્ત્તક) કહેવાય.' ॥૧॥ શૈક્ષ=નૂતન દીક્ષિત. સાધર્મિક=લિંગ અને*

*पवत्तेइ। असहुं च णियत्तेइ गणतत्तिल्लो पवित्तीओ'॥* [व्यवहारभा० १/९४९] *इतरौ प्रतीतौ; तथा 'सेहे' शैक्षे= अभिनवप्रव्रजिते, साधर्मिके=समानधार्मिके लिङ्गप्रवचनाभ्यां, तपस्विनि=चतुर्थभक्तादिकारिणि। तथा कुलं= एकाचार्यपरिवाररूपं चान्द्रादिकं, गणः=कुलसमुदायः कौटिकादिकः। सङ्घः=तत्समुदायरूपः, चैत्यानि=जिन-प्रतिमाः, एतासां योऽर्थः=प्रयोजनं स तथा। तत्र निर्जरार्थी=कर्मक्षयकामः, वैयावृत्त्यं=व्यापृतकर्मरूपमुपष्टम्भन-मित्यर्थः, अनिश्रितं=कीर्त्यादिनिरपेक्षं दशविधं=दशप्रकारम्। आह → 'वैयावच्चं वावडभावो इह धम्मसाहण-निमित्तं। अन्नाइआण विहिणा संपायणमेस भावत्थो'॥ १॥ 'आयरियउवज्झाए, थेरतवस्सी गिलाणसेहाणं। साहम्मियकुलगणसंघसंगयं तमिह कायव्वं'॥ २॥ बहुविधं भक्तपानादिदानभेदेनानेकप्रकारं करोतीति* **वृत्तिः॥**

**ननु** चैत्यानि=जिनप्रतिमा इत्यत्र वृत्तिकृतोक्तम्। परं विचार्यमाणं न युक्तमशनादिसम्पादनस्यैव वैयावृत्त्य-स्योक्तत्वेन प्रतिमासु तदर्थस्यायोग्यत्वात्। **अत** आह- एतद्=वैयावृत्त्यमशनादिनैव=अशनादिसम्पादनेनैव स्यादिति न, किन्तु भजनाद्वारापि=भक्तिद्वारेणापि, प्रत्यनीकनिवारणरूपे भक्तिव्यापारेऽपि - *'①जक्खा हु वेयावडियं करेंति, तम्हा उ एए निहया कुमारा'*[उत्तरा० १२/३२ उत्त०] इत्यादौ वैयावृत्त्यशब्दप्रयोगस्य सूत्रे दर्शनात्। न चादिपदग्राह्यं

---

*પ્રવચનથી સમાન ધર્મવાળો. તપસ્વી=ઉપવાસ આદિ કરનારો. કુળ=એક આચાર્યનો પરિવાર. જેમકે ચાંદ્રકુળ. ગણ=ઘણા કુળોનો સમુદાય. જેમકે કૌટિકગણ. સંઘ=ગણનો સમુદાય. ચૈત્ય=જિનપ્રતિમા. અર્થ=પ્રયોજન. નિર્જરાર્થી=કર્મક્ષયની ઇચ્છાવાળો, વૈયાવૃત્ત્ય=વ્યાપૃતકર્મ. ઉપષ્ટંભન=સહાય. અનિશ્રિત=કીર્તિ વગેરેની આશંસા વિના. દસવિધ=દસપ્રકાર. કહ્યું જ છે કે 'અહીં વૈયાવચ્ચ= (૧) વ્યાપૃતભાવ (૨) ધર્મસાધનનું નિમિત્ત (૩) અન્ન વગેરેનું વિધિથી સંપાદન. આ ભાવાર્થ છે.' ॥૧॥ 'અને આ વૈયાવચ્ચ આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, તપસ્વી, ગ્લાન, શૈક્ષ, સાધર્મિક, કુળ, ગણ અને સંઘ આ દસ સંબંધી કરવાની છે.' ॥૨॥ બહુવિધ=ભોજન, પાન વગેરે દાનભેદથી અનેક પ્રકારે છે.*

**પૂર્વપક્ષ :- વૃત્તિકારે** ચૈત્યનો અર્થ જિનપ્રતિમા કર્યો છે. પણ વિચાર કરતાં એમ લાગે છે કે આ અર્થ વાજબી નથી, કારણ કે 'આહાર વગેરે આપવાથી જ વૈયાવચ્ચ થાય' તેમ સૂત્રમાં કહ્યું છે. પ્રતિમાની આહાર આદિથી વૈયાવચ્ચ સંભવતી નથી.

**ઉત્તરપક્ષ :-** આહારવગેરેથી જ વૈયાવચ્ચ થાય તેવું નથી. ભક્તિવગેરે દ્વારા પણ વૈયાવચ્ચ સંભવે છે, કારણ કે સૂત્રમાં શાસનવિરોધીને અટકાવવાની પ્રવૃત્તિ વગેરેરૂપ ભક્તિને પણ વૈયાવચ્ચ તરીકે ગણાવી છે. **ઉત્તરાધ્યયનમાં** કહ્યું છે કે → *'યક્ષો (હરિકેશી મુનિની) વૈયાવચ્ચ કરે છે, તેથી આ કુમારો હણાયા.'* 'અશનાદિ' પદમાં આદિપદથી માત્ર 'પાન' વગેરેનું જ ગ્રહણ નથી, પરંતુ ભક્તિ વગેરેનું પણ ગ્રહણ કરવાનું છે. ('અશન'પદના ઉપલક્ષણથી ચારે આહાર અને 'આદિ'પદથી ભક્તિ વગેરે સૂચિત થઇ શકે.) વળી જો, માત્ર આહાર-પાણીથી જ વૈયાવચ્ચ થઇ શકતી હોય, તો ઉપવાસીની વૈયાવચ્ચ થઇ ન શકે, કારણ કે તેને આહાર આદિથી પ્રયોજન નથી.

**શંકા :-** તો તપસ્વીની વૈયાવચ્ચ શી રીતે સંભવશે ?

**સમાધાન :-** 'ઉપધિનું પડિલેહણ કરી આપવું' વગેરે દ્વારા તપસ્વીને ઉચિત નિત્ય યોગોમાં સહાયભૂત થવાથી તપસ્વીની વૈયાવચ્ચ થઇ શકે. આ જ આશયથી સૂત્રમાં તપસ્વી વગેરે પદોનો 'બાળ' વગેરે પદોસાથે સમાસ ન કરતા 'કુળ' વગેરે પદો સાથે સમાસ કર્યો.

---

① पुव्विं च इण्हिं च अणागयं च, मणप्पओसो न मे अत्थि कोई। जक्खा हु वेयावडियं करेंति, तम्हा उ एए निहया कुमारा॥ इति पूर्णश्लोकः॥

पानादिकमेव किन्तु भक्त्यादिकमपि। अत एव तपस्व्यादीनां तपोयोगप्रभृतिकालेऽशनादिसम्पादनस्यायोगाद्भक्त्याद्युचितनित्यव्यापारसम्पादनसम्भवाभिप्रायेण योगविभागात्समासः। बालादीनां शैक्षसाधर्मिकयोश्च कथञ्चित्तुल्यतयेति भावनीयम्। एतदेवाह- अन्यथोक्तवैपरीत्ये सङ्घादेस्तदुदीरणे=वैयावृत्त्योच्चारे परः=कुमतिः कथं न व्याकुलो=व्यग्रः स्यात्। कुलगणसङ्घानां सर्वेण सर्वदा सामग्र्येणाशनादिसम्पादनस्य कर्त्तुमशक्यत्वात्, **यावद्बाधं प्रामाण्यं** तूभयत्र वक्तुं शक्यमिति दिक्॥ ४८॥ अर्थान्तरवादमधिकृत्याह–

**ज्ञानं चैत्यपदार्थमत्र वदतः प्रत्यक्षबाधैकतो,**
**धर्मिद्वारतया मुनावधिकृते त्वाधिक्यधीरन्यतो।**
**दोषायेति परः परः शतगुणप्रच्छादनात्पातकी**
**दग्धां गच्छतु पृष्ठतश्च पुरतः कां कान्दिशीको दिशम्॥ ४९॥**

(**दंडान्वयः**→ अत्र ज्ञानं चैत्यपदार्थं वदत एकतो प्रत्यक्षबाधा। धर्मिद्वारतया मुनावधिकृते त्वन्यत आधिक्यधीः दोषायेति परःशतगुणप्रच्छादनात् पातकी परः कान्दिशीकः (सन्) पृष्ठतः पुरतश्च दग्धां कां दिशं गच्छतु ?)

---

**શંકા :-** 'શૈક્ષ' અને 'સાધર્મિક' આ બંને પદોનો બાળાદિસાથે કે કુલાદિસાથે સમાસ ન કરતાં સ્વતંત્ર કેમ દર્શાવ્યા છે ?

**સમાધાન :-** આ બન્નેની બાળઆદિસાથે કથંચિત્ તુલ્યતા દર્શાવવા સ્વતંત્રરૂપે દર્શાવ્યા છે. (બાળવગેરે પદોમાં અસહત્વ કે વિશિષ્ટ પદાદિરૂપે પૂજ્યતાઆદિ જે વૈશિષ્ટ્ય છે, તે શૈક્ષ-સાધર્મિકમાં ન હોવા છતાં તેઓ પણ અશનાદિથી વૈયાવચ્ચપાત્ર તો છે જ, કારણ કે પ્રથમમાં સ્થિરીકરણ તો દ્વિતીયમાં સહાયપણું આદિ કારણો રહેલા છે. આવું તાત્પર્ય લાગે છે. બાળાદિપદમાં ક્ષપક પદ હોવા છતાં તપસ્વી પદ ફરીથી લઇને તે પદને કુલાદિ સાથે જોડવામાં તાત્પર્ય એમ લાગે છે કે ક્ષપકથી અહીં પારણાવગેરે અવસ્થામાં રહેલો તપસ્વી લેવાનો અને 'તપસ્વી'પદ વખતે ઉપવાસાદિ તપમાં રહેલો તપસ્વી લેવાનો. (૧) બંનેના અલગ-અલગ જુથસાથે થયેલો સમાસ અને (૨) તપસ્વીનો **ટીકાકારે** કરેલો અર્થ આ તાત્પર્યને બળ આપે છે.) આમ આહારઆદિ વિના ભક્તિથી પણ વૈયાવચ્ચ સંભવે છે. જો આહારઆદિથી જ વૈયાવચ્ચ થાય તેવો આગ્રહ પકડી રાખશો, તો સંઘની વૈયાવચ્ચ શી રીતે કરશો ? વૈયાવચ્ચ નિત્યકરણીય યોગ છે. બોલો ! છે તૈયારી, રોજ સંઘના તમામ સભ્યોને સ્વગૃહે જમાડવાની ? હંમેશા સામગ્રીદ્વારા કુલ, ગણ અને સંઘને આહારવગેરે લાવી આપવા શું દરેકમાટે શક્ય છે ? અને 'જે આ કાર્ય કરે નહિ - કરી શકે નહિ - તે કુલ વગેરેની વૈયાવચ્ચ કરતો નથી' એમ કહી શકાય ?

**પૂર્વપક્ષ :- 'યાવદ્ બાધં તાવત્ પ્રમાણમ્'** (બાધ ન આવે ત્યાં સુધી પ્રમાણ) આ ન્યાયથી કુલવગેરેની આહારઆદિથી વૈયાવચ્ચમાં બાધ હોવાથી, ત્યાં આહારઆદિથી વૈયાવચ્ચને બદલે અન્યપ્રવૃત્તિથી વૈયાવચ્ચ સમજવી.

**ઉત્તરપક્ષ :-** તમે છો તો હોંશિયાર ! હવે આ જ ન્યાય ચૈત્ય=પ્રતિમા અંગે પણ લગાવી દો, એટલે તકલીફ દૂર... વિવાદ સમાપ્ત... તેથી ચૈત્યનો અર્થ પ્રતિમા કરવાથી કંઇ વૈયાવચ્ચનો અસંભવ નથી. **॥ ૪૮॥**

'ચૈત્ય' પદના અન્ય અર્થઅંગેના વાદને આગળ કરી કહે છે–

**કાવ્યાર્થ :-** અહીં 'ચૈત્ય' પદનો અર્થ 'જ્ઞાન' કરનારને એક બાજુ પ્રત્યક્ષબાધ છે. 'જ્ઞાન' ધર્મના ધર્મીતરીકે જો મુનિ અધિકૃત હોય, તો બીજી બાજુ આધિક્યબુદ્ધિ દોષમાટે થાય છે. આમ (પ્રતિમામાં) રહેલા સેંકડો ગુણોને છાવરવાથી દુર્ભાગી બનેલો પર=પ્રતિમાલોપક ભયથી ભરાયેલો છે. પણ આગળની અને પાછળની બન્ને દિશા

'ज्ञानम्' इति। अत्र **प्रश्नव्याकरण**प्रतिके चैत्यपदार्थं ज्ञानं वदतो लुम्पक*स्यैकत:*=एकस्मिन् पक्षे *प्रत्यक्षबाधा*=प्रत्यक्षप्रमाणबाधः परिदृष्टो विश्रामणादिवैयावृत्त्यस्य ज्ञानेऽनुपपत्तेः। धर्मिद्वारतया धर्मिणि धर्मोपचाराभिप्रायेण *मुनौ*=साधौ *अधिकृते*=अधिकारवशाद् गृहीते *त्वन्यत:*=पक्षान्तरे आधिक्यधीर्दोषाय, मुने-र्बालादिपदैर्गृहीतत्वाच्चैत्यपदस्य पौनरुक्त्यमित्यर्थः। **चैत्य**पदेनोक्तातिरिक्तमुनिग्रहान्नानुपपत्तिरिति चेत् ? **न**, चैत्यपदस्य ज्ञानार्थताया अप्रसिद्धत्वेनोपचारस्याप्ययोगात्। एवं सति चैत्यार्थपदस्य चैत्यप्रयोजनमुनावर्थान्तर-सङ्क्रामितवाच्यताया एव युक्तत्वात्- *'चेइयकुलगणसंघे आयरियाणं च पवयण सुए अ। सव्वेसुवि तेण कयं तवसंजममुज्जमंतेणं'* ॥[आव॰ नि॰ ११०१] इत्यादिना तपःसंयमयोश्चैत्यप्रयोजनप्रयोजकत्वस्य सिद्धान्तसिद्धत्वा-द्बालादिपदैकवाक्यतया चैत्यपदस्यैककार्यत्वसङ्गत्यैव ग्रहणौचित्यात्। उपसंहरति- *इति*=एवं *पर:*=कुमतिः परः शतानां गुणानां चैत्यशब्दनिर्देशप्रयुक्तानां *प्रच्छादनाद्*=निह्नवा*त्पातकी*=दुरितवान् *कान्दिशीको*=भयद्रुतः सन् पृष्ठतः

---

સળગેલી છે, તેથી કઇ દિશામાં ભાગી શકશે ?

## 'ચૈત્ય'ના જ્ઞાન અર્થમાં વૈયાવચ્ચ અસંભવ

**પ્રશ્નવ્યાકરણ**અંગના પૂર્વોક્ત સૂત્રમાં આવેલા 'ચૈત્ય'પદનો 'જ્ઞાન'અર્થ કરવામાં પ્રતિમાલોપકને પ્રત્યક્ષબાધ છે, કારણ કે જ્ઞાનની 'પગ દબાવવા' વગેરેરૂપ વૈયાવચ્ચ સંભવતી નથી. ('જ્ઞાન' ગુણ છે, 'વૈયાવચ્ચ' ક્રિયા છે. ગુણમાં ક્રિયા સંભવતી નથી. ગુણ અને ક્રિયા બન્ને માત્ર દ્રવ્યને આશ્રયીને જ રહેલા છે.)

**પૂર્વપક્ષ :-** અલબત્ત, તમે કહ્યું તેમ જ્ઞાનની વૈયાવચ્ચ સંભવતી નથી. પણ અહીં 'જ્ઞાન' એ ધર્મ છે. આ ધર્મ જેમાં રહ્યો છે, એવા ધર્મીમાં અર્થાત્ જ્ઞાનીમાં આ ધર્મનો ઉપચાર કરી વાસ્તવમાં તો 'જ્ઞાન' પદથી જ્ઞાની મુનિ જ સમજવાના છે.

**ઉત્તરપક્ષ :-** એવો ઉપચાર કરવામાં પણ તમારે તો ફસાવાનું જ છે. કારણ કે 'બાળ' વગેરે પદોથી મુનિનું ગ્રહણ થઇ જ ગયું છે. હવે કયા મુનિરાજ બાકી રહી ગયા કે જેમનો સમાવેશ કરવા આ પદનો ઉલ્લેખ કર્યો ? એટલે આવો ઉપચાર કરવામાં પુનરુક્તિદોષ મોં ફાડીને ઊભો જ છે.

**પૂર્વપક્ષ :-** 'ચૈત્ય' પદથી 'બાળ' વગેરે પદોથી ગ્રહણ નહીં થયેલા વિશિષ્ટ જ્ઞાની મુનિ લેવાના છે. તેથી પુનરુક્તિ દોષ નથી.

**ઉત્તરપક્ષ :-** આ ઇમારત ખોટા પાયે છે. (૧) 'ચૈત્ય'પદનો જ્ઞાનઅર્થ ક્યાંય પ્રસિદ્ધ નથી. આમ અપ્રસિદ્ધ અર્થને સ્વીકારી તમે પાયામાં ભૂલો છો. તેથી જ એ જ્ઞાનમાં જ્ઞાનીનો ઉપચાર અને તેમાં પણ 'બાળ' વગેરે પદોથી ગ્રહણ નહિ થયેલા જ્ઞાનીનો ઉપચાર સંભવતો ન હોવાથી, આ બધું 'આંધળાના ગોળીબાર' સમાન છે. વળી (૨) આવા વક્ર ઉપચારથી વિશિષ્ટ મુનિને સૂચવવા, તેના કરતા 'ચૈત્યાર્થ' પદને જ 'અર્થાંતરસંક્રામિત વાચ્ય' તરીકે લેવું યોગ્ય છે. ચૈત્યનું અર્થ(=પ્રયોજન) છે જેને=ચૈત્યાર્થ=ચૈત્યપ્રયોજનવાળો મુનિ, આવો અર્થ કરવો સરળ છે. અહીં અર્થાંતરસંક્રમદ્વારા મુનિ અર્થ પ્રાપ્ત થઇ શકે છે. 'મુનિને ચૈત્યનું પ્રયોજન છે' તે અસિદ્ધ નથી. *'તપ અને સંયમમાં પ્રયત્ન કરતા સાધુએ ચૈત્ય, કુલ, ગણ, સંઘ, આચાર્ય, પ્રવચન, શ્રુત વગેરે બધામાં પ્રવૃત્તિ કરી છે.'* આ વચન 'તપ અને સંયમ ચૈત્યપ્રયોજનના પ્રયોજક છે' તેમ સિદ્ધ કરે છે. અને તેની અંતર્ગતતયા 'સાધુને ચૈત્યનું પ્રયોજન છે' તેમ પણ સિદ્ધ કરે છે. (પૂર્વપક્ષ આ તર્કને માન્ય રાખી કહે 'ભલે આમ ચૈત્યના પ્રયોજનવાળો મુનિ' એવો અર્થ કરો. મુનિને ચૈત્ય=જ્ઞાનનું પ્રયોજન છે જ, ત્યાં જવાબ એ છે કે તો) એવા મુનિતરીકે 'ચૈત્ય'પદનો સમાસ 'બાળ' વગેરે પદોસાથે કરવો જ ઉચિત ઠરત, કારણ કે એવા મુનિની બાળાદિની જેમ અશનાદિથી ભક્તિ થઇ શકે છે. તેથી સૂત્રમાં 'કુલ' આદિ પદસાથે

पुरतश्च दग्धां कां कां दिशं गच्छतु ? मिथ्याभिशङ्की न कुत्रापि गन्तुं समर्थ इति भावः। अत्र दग्धदिक्त्वेन पूर्वोत्तरपक्ष-द्वयाध्यवसानादतिशयोक्तिः ॥ ४९ ॥ निश्चितार्थेऽनुपपत्तिमाशङ्क्य निराकरोति—

**वैयावृत्त्यमथैवमापतति वस्तुर्ये गुणस्थानके,**

**यस्माद्भक्तिरभङ्गुरा भगवतां तत्रापि पूजाविधौ ।**

**सत्यं दर्शनलक्षणेऽत्र विदितेऽनन्तानुबन्धिव्ययान्,**

**नो हानिं त्वयि निर्मलां धियमिव प्रेक्षामहे कामपि ॥ ५० ॥**

(**दंडान्वयः**→ अथैवं वः तुर्ये गुणस्थानके वैयावृत्त्यमापतति यस्माद् तत्रापि पूजाविधौ भगवतामभङ्गुरा भक्तिः (वर्तते)। सत्यमत्र दर्शनलक्षणे विदितेऽनन्तानुबन्धिव्ययात् त्वयि निर्मलां धियमिव कामपि हानिं नो प्रेक्षामहे ॥)

'वैयावृत्त्य'मिति। अथैवं चैत्यभक्तेर्वैयावृत्त्यत्वे *वः*=युष्माकं *तुर्ये*=चतुर्थे गुणस्थानके वैयावृत्त्य*मापतति*=प्रसज्यते, यस्मात्तत्र *भगवतां*=अर्हतां *पूजाविधौ*=विहितार्चने *ऽभङ्गुरा*=अभङ्गव्याप्या भक्तिर्वर्तते। 'सत्यम्' इत्यर्धाङ्गीकारे। *अत्र*=चतुर्थगुणस्थानके *दर्शनलक्षणे*=सम्यक्त्वलक्षणीभूते वैयावृत्त्ये विदिते - *'सुस्सूस धम्मराओ गुरुदेवाणं जहासमाहीए। वेयावच्चे णियमो वयपडिवत्ती अ भयणाओ'* ॥ [पञ्चाशक १/४] इत्यादिना प्रसिद्धेऽ-

---

કરેલો સમાસ અસંગત ઠરત. તેથી 'ચૈત્ય'નો પ્રતિમા અર્થ જ સંગત છે. આમ પ્રતિમાલોપકો 'ચૈત્ય' શબ્દથી નિર્દેશ પામેલી પ્રતિમાનાં સેંકડો ગુણોને ('ચૈત્ય' શબ્દનો વિપરીત અર્થ કરવાદ્વારા) છાવરવાનો પ્રયત્ન કરે છે. પણ તેમાં અસફળ થવાથી ભય પામેલા તેમની બન્ને=આગળ અને પાછળની દિશા સળગેલી છે. તેથી બચારો ક્યાં જાય ? ટૂંકમાં નકામી શંકાઓ કરનારો ક્યાંય સફળ થઇ શકતો નથી, કશું પામી શકતો નથી. પ્રસ્તુતમાં 'દગ્ધદિક્ત્વ' પદથી પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષ એમ બન્ને પક્ષનું જ્ઞાન થતું હોવાથી **અતિશયોક્તિ અલંકાર** છે. ॥ ૪૯ ॥

## ચતુર્થગુણસ્થાનકે વૈયાવચ્ચની સંભાવના

'ભક્તિ વૈયાવચ્ચરૂપ છે' એમ નિશ્ચિત થયેલા અર્થમાં સ્તુતિકાર સ્વયં આશંકા ઊભી કરી તેનું નિરાકરણ કરે છે—

**કાવ્યાર્થ :-** આમ તો ચતુર્થ ગુણસ્થાનકે પણ વૈયાવચ્ચ માનવાનો પ્રસંગ છે કારણ કે તે ગુણસ્થાનકે પણ પૂજાની વિધિમાં ભગવાનની અખંડ ભક્તિ રહી છે. સત્યમ્, ચતુર્થગુણસ્થાનકે પણ અનંતાનુબંધી કર્મના ક્ષયથી સમ્યગ્દર્શનના લક્ષણભૂત વૈયાવચ્ચ હોવામાં અમને કોઇ હાનિ દેખાતી નથી. જેમકે પ્રતિમાલોપકોમાં નિર્મળ બુદ્ધિ દેખાતી નથી.

**પૂર્વપક્ષ :-** ભક્તિ પણ જો વૈયાવચ્ચરૂપ હોય, તો ચોથે ગુણસ્થાનકે પણ તપનો વૈયાવચ્ચ નામનો ભેદ સ્વીકારવો પડશે કારણ કે આ ગુણસ્થાનકે રહેલાઓમાં પૂજા વગેરે અનુષ્ઠાનો વખતે ભગવાનપ્રત્યે અખંડ ભક્તિ રહેલી દેખાય છે. અહીં આપત્તિ એ છે કે તપ ચારિત્રના ઉત્તરગુણરૂપ છે, અર્થાત્ ચારિત્રવાળાને જ તપ હોય. જ્યારે તમારી વિચારણા મુજબ તો ચોથા ગુણસ્થાનકે પણ તપધર્મ પ્રાપ્ત થાય છે.

**ઉત્તરપક્ષ :-** તપરૂપ વૈયાવચ્ચગુણ ચોથા ગુણસ્થાનકે માનવાની આપત્તિ તમે જે બતાવી, તે સત્ય છે. (પૂર્વપક્ષની કોક આપત્તિ પર ઉત્તરપક્ષ 'સત્યમ્'નો જ્યારે પ્રયોગ કરે, ત્યારે એ આપત્તિનો સ્વીકાર હોય છે, પણ અનિષ્ટરૂપે નહીં, ઇષ્ટરૂપે. તેથી સત્યમ્ પ્રયોગ અર્ધસ્વીકાર અર્થે વપરાય છે.) સમ્યક્ત્વના લક્ષણતરીકે વૈયાવચ્ચગુણ બતાવ્યો છે. **પંચાશકમાં**

नन्तानुबन्धिनां *व्ययात्*=क्षयोपशमात्र कामपि हानिं प्रेक्षामहे। कुत्र कामिव ? त्वयि *निर्मलां*=नि:शङ्कितां धियमिव। यथा त्वयि निर्मलां धियं न प्रेक्षामहे, तथाऽस्मदुक्तार्थे न हानिं प्रेक्षामहयित्य**ुपमा**। चारित्रमोहनीयभेदानन्तानुबन्धि-व्यये जायमानस्य वैयावृत्त्यगुणस्याविरतसम्यग्दृशामपि सम्भवे बाधकाभावादित्यर्थ: ॥ ५० ॥ '**तथा सति** तेषां चारित्रलेशसम्भवेऽविरतत्वानुपपत्तिरेव बाधिका' **इत्यत्राह**–

**श्राद्धानां तपस: परं गुणतया सम्यक्त्वमुख्यत्वत:,**
**सम्यक्त्वाङ्गमियं तपस्विनि मुनौ प्राधान्यमेषाऽश्नुते।**
**धीर्लीलाङ्गतयोपसर्जनविधां धत्ते यथा शैशवे,**
**तारुण्ये व्यवसायसम्भृततया सा मुख्यतामञ्चति ॥ ५१ ॥**

(**दंडान्वय:**→ श्राद्धानां परं तपसो गुणतया, सम्यक्त्वमुख्यत्वत इयं (भक्ति:) सम्यक्त्वाङ्गं तपस्विनि मुनौ (तु) एषा प्राधान्यमश्नुते। यथा शैशवे धीर्लीलाङ्गतयोपसर्जनविधां धत्ते, सा तारुण्ये व्यवसायसम्भृततया मुख्यतामञ्चति ॥)

---

સમ્યક્ત્વનું સ્વરૂપ બતાવતા કહ્યું છે → *'(૧) શુશ્રૂષા - ધર્મશ્રવણની તીવ્ર અભિલાષા (૨) ધર્મરાગ અને (૩) ગુરુ તથા દેવની યથાસમાધિ વૈયાવચ્ચનો નિયમ. તથા વ્રતના સ્વીકારમાં ભજના(=વિકલ્પ)'* (**સમ્યક્ત્વના સડસઠ બોલની સજ્ઝાયમાં** આ ત્રણેયને સમ્યક્ત્વના લિંગતરીકે બતાવ્યા છે અને ઉપશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્યને લક્ષણતરીકે બતાવ્યા છે. લિંગ=અભિવ્યંજક ભાવ, જેમ કે ધુમાડો અગ્નિમાટે. ધર્મશ્રવણઅભિલાષાવગેરે ત્રણ સમ્યક્ત્વના અભિવ્યંજક છે અને ઉપશમાદિભાવ સમ્યક્ત્વના ફળીભૂત સ્વરૂપ છે, કે જે સમ્યક્ત્વને લક્ષિત કરે છે એવું તાત્પર્ય સંભવી શકે. અહીં શુશ્રૂષાદિ ત્રણને લક્ષણ કહેવામાં વિવક્ષાભેદ હેતુ લાગે છે.) આમ સમ્યગ્દર્શનની હાજરીમાત્રથી વૈયાવચ્ચગુણ પ્રગટે. આ ગુણમાટે ચારિત્રધર્મની હાજરી આવશ્યક નથી. આમ ચતુર્થ ગુણસ્થાને વૈયાવચ્ચગુણ હોવામાં પણ કોઇ દોષ નથી, કારણ કે આ ગુણસ્થાને પણ ચારિત્રમોહનીયના એક ભેદરૂપ અનંતાનુબંધી કષાયનો ક્ષયોપશમ તો છે જ. (આમ પૂર્વપક્ષે ભક્તિને વૈયાવચ્ચ માનવામાં ચોથા ગુણસ્થાનકે તે રૂપ તપધર્મની પ્રાપ્તિની જે આપત્તિ બતાવી, તે અમને સ્વીકૃત છે, પણ તે સિદ્ધાંતના વિરોધરૂપે અનિષ્ટ નહીં, પણ સિદ્ધાંતની સંમતિરૂપે ઇષ્ટ છે.) પ્રસ્તુત કાવ્યમાં હાનિ નહીં જોવામાં 'પ્રતિમાલોપકોમાં જેમ નિર્મળ=શંકારહિત બુદ્ધિ નથી દેખાતી' એવી ઉપમા આપી હોવાથી **ઉપમા અલંકાર** છે. ટૂંકમાં, ચારિત્રમોહનીય કર્મના એક ભેદરૂપ અનંતાનુબંધી કષાયનો ક્ષયોપશમરૂપે વ્યય થવાથી અવિરત સમ્યગ્દષ્ટિને પણ એટલા અંશે વૈયાવચ્ચ ગુણ સંભવી શકે, એમાં કોઇ બાધક દેખાતો નથી. **॥ ૫૦ ॥**

## ચતુર્થગુણસ્થાનકે તપ ગૌણરૂપ

**પૂર્વપક્ષ :-** આમ ચતુર્થ ગુણસ્થાનકે વૈયાવચ્ચનો સ્વીકાર કરવામાં ત્યાં ચારિત્રનો અંશ પણ સ્વીકારવો પડશે અને તો ચતુર્થગુણસ્થાન જ નહિ રહે, કારણ કે ચારિત્રના અંશની પણ હાજરીમાં સર્વથા અવિરતપણું સંભવી ન શકે. આમ તમારે તો વ્યાજ લેવા જતાં મૂડી ખોવા જેવું થશે. તેથી વૈયાવચ્ચ ગુણની હાજરીમાં સર્વથા અવિરતપણાની અસંગતતા જ અવિરતસમ્યગ્દષ્ટિને વૈયાવચ્ચગુણ હોવામાં બાધક છે.

આ પૂર્વપક્ષનું નિરાકરણ કરતા કવિવર કહે છે—

**કાવ્યાર્થ :-** દર્શનશ્રાવકોને તપ ગૌણભાવે છે અને સમ્યક્ત્વ મુખ્ય છે. તેથી તેઓમાટે આ=ભક્તિ સમ્યક્ત્વના અંગરૂપ છે. તપસ્વી મુનિઓમાં ભક્તિ પ્રધાનભાવ ધારણ કરે છે. જેમકે બાળપણમાં ક્રીડાનું અંગ હોવાથી બુદ્ધિ ગૌણભાવ ધારણ કરે છે, તે જ બુદ્ધિ યુવાનીમાં વ્યવસાયવાળી હોવાથી મુખ્યતાને ધારણ કરે છે.

'श्राद्धानाम्' इति। *श्राद्धानां*=दर्शनश्रावकानां *परं*=केवलं तपसो *गुणतया*=अमुख्यतयेयं भक्तिः *सम्यक्त्वाङ्गं*=सम्यक्त्वस्य प्रधानस्याङ्गीभूता सम्यक्त्वफलेनैव फलवतीत्यर्थः। **'फलवत् सन्निधावफलं तदङ्गम्'** इति न्यायात्। तथा च तावता नाविरतत्वहानिः। *'न हि कार्षापणमात्रधनेन धनवान्, एकगोमात्रेण गोमान्'* इति **पञ्चाशकवृत्तावभयदेवसूरयः।** कषायविशेषव्यय एवाविरतत्वहानिप्रयोजको न तु प्रथमानुदयमात्रं, तेनापेक्षिकोपशमादीनां सम्यक्त्वगुणानामेव जनकत्वादिति निष्कर्षः। आह च → *'पढमाणुदयाभावो एअस्स जओ भवे कसायाणं। ता कहं एसो एवं ? भन्नइ तव्विसयवेक्खाए'॥* त्ति [विंशि॰ प्रक॰ ६/१६] प्रधानीभूतास्तूपशमादयोऽपि चारित्रिण एव घटन्ते, *तदाह → 'णिच्छयसम्मत्तं वाहिकिच्च सुत्तभणियनिउणरूवं तु। एवंविहो णिओगो होइ इमो हंत वत्थु॥* [६/१७] त्ति' **विंशिकायाम्।** एतदेवाभिप्रेत्याह- *तपस्विनि*=प्रधानतपोयुक्ते *मुनौ*=चारित्रिण्येषा भक्तिः प्राधान्य*मश्नुते*=प्रधानभावं प्राप्नोति। अत्र दृष्टान्तमाह- यथा *शैशवे*=बाल्ये *धिः*=बुद्धिः *लीलायाः*=प्रधानी-

---

દર્શનશ્રાવકોને=અવિરત સમ્યગ્દષ્ટિને તપ ગૌણ છે અને સમ્યક્ત્વ મુખ્યરૂપે છે. તેથી ગૌણ બનેલી ભક્તિ પ્રધાનભૂત એવા સમ્યક્ત્વના જ એક અંગરૂપ થાય છે. તેથી સમ્યક્ત્વના ફળમાં જ તેના ફળનો અંતર્ભાવ થાય છે. ન્યાય છે કે **'ફળસભર સાધનની ઉપસ્થિતિમાં સાધનનું અંગ ફળસભર હોતું નથી.'** તેથી આ ભક્તિ-વૈયાવચ્ચરૂપ તપનો અંશ ચતુર્થગુણસ્થાને રહેલાના અવિરતપણાને બાધક બનતો નથી. **તાત્પર્ય :-** ચતુર્થગુણસ્થાને રહેલામાં જે ભક્તિ વગેરે દેખાય છે, તેમાં વિરતિનો અંશ જવાબદાર નથી, પણ સમ્યક્ત્વ જ કારણભૂત છે. વળી, આટલા અંશે ભક્તિરૂપે વિરતિ હોય, તો પણ તે દર્શનશ્રાવક વિરતિધર થઇ જતો નથી - *'એક રૂપિયો હોવાથી ધનવાન થવાતું નથી અને એક ગાયની હાજરીથી કંઇ ગોવાળ બનાતું નથી.'* આ પ્રમાણે **પંચાશકગ્રંથની ટીકામાં શ્રી અભયદેવસૂરિએ** કહ્યું છે. અહીં એવો નિષ્કર્ષ છે કે - કષાયવિશેષનો ક્ષય જ અવિરતિની હાનિનો પ્રયોજક છે, નહિ કે પ્રથમકષાય=અનંતાનુબંધી કષાયનો અનુદયમાત્ર. (કારણ કે 'सम्मत्तम्मि उ लद्धे, पलियपुहुत्तेण सावगो होज्जा। चरणोवसमखयाणं, सागरसंखंतरा होंति'॥ (બૃહત્કલ્પભા. ૧૦૬)=સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી કર્મસ્થિતિનો પલ્યોપમ પૃથક્ત્વ જેટલો હ્રાસ થયા બાદ દેશવિરતિ ધર્મ પ્રાપ્ત થાય છે. તે પછી સંખ્યાત સાગરોપમ જેટલી સ્થિતિક્ષયે ચારિત્ર મળે. તે પછી સંખ્યાત સાગરોપમ જેટલી સ્થિતિક્ષયે ઉપશમશ્રેણિ પ્રાપ્ત થાય અને તે પછી સંખ્યાત સાગરોપમ જેટલી સ્થિતિના ક્ષય બાદ ક્ષપકશ્રેણિ પ્રાપ્ત થાય. આ વચનથી સિદ્ધ થાય છે કે અવિરતિની હાનિમાં કષાયનો ક્ષય અપેક્ષિત છે.)

અનંતાનુબંધી કષાયના અનુદયથી તો સમ્યક્ત્વના આપેક્ષિક ઉપશમઆદિ (નહિ કે વિશિષ્ટ ઉપશમઆદિ, આદિથી સંવેગવગેરે લેવા.) ગુણો જ પ્રાપ્ત થાય છે. **વિંશિકા પ્રકરણમાં** કહ્યું જ છે કે → ***'પ્રશ્ન :-*** *સમ્યક્ત્વમાં (માત્ર) પ્રથમકષાયો(=અનંતાનુબંધી ક્રોધાદિ ચાર)નો જ અનુદય છે. (અપ્રત્યાખ્યાનાદિ બીજા કષાયોનો ઉદય ચાલુ છે) તો પછી આને(=સમ્યક્ત્વીને) આવો(પૂર્વગાથામાં નિર્દેશ કરેલા પ્રશમાદિગુણવાળો) કેમ કહો છો ?* ***ઉત્તર :-*** *તેના વિષયની અપેક્ષાએ.'* (=અનંતાનુબંધીના અનુદયથી જેટલી માત્રામાં પ્રશમઆદિ પ્રગટ થાય, તેની જ વિવક્ષા સમજવી, સંયમની ભૂમિકાના કે વીતરાગભાવના પ્રશમાદિ અહીં વિવક્ષિત નથી.)

**શંકા :-** જો ઉપશમવગેરે ગુણો સમ્યક્ત્વનાં લક્ષણ હોવા છતાં અવિરતસમ્યક્ત્વીને માત્ર આપેક્ષિકરૂપે જ હોય, તો તે ગુણો પ્રધાનરૂપે કોને હોય ?

**સમાધાન :-** ઉપશમવગેરે ગુણો પણ પ્રધાનરૂપે તો ચારિત્રીને જ સંભવી શકે છે. **વિંશિકા પ્રકરણમાં** કહ્યું છે કે → *'અથવા તો, સૂત્રમાં કહેલા નિપુણ રૂપવાળા નિશ્ચયસમ્યક્ત્વને ઉદ્દેશીને આ પ્રકારનો નિયોગ હોઇ શકે છે. આવો વસ્તુ=પદાર્થ છે.'* (અર્થાત્ સૂત્રોક્ત પ્રશમાદિ ગુણો નિશ્ચયનયથી સમ્યક્ત્વી=અપ્રમત્તસંયતને જ હોય છે. 'વ્યવહારસમ્યક્ત્વ'

भूतायाः क्रीडाया अङ्गत *योपसर्जनविधां*=गौणभावं धत्ते। *तारुण्ये च*=यौवनकाले च सा बुद्धि *र्व्यवसायसम्भृततया*=बलपराक्रमसध्रीचीनतया *मुख्यतां*=मुख्यभाव *मश्नुते*=प्राप्नोति ॥ ५१ ॥ अत्र सूत्रनीत्या हिंसामाशङ्क्योद्वेगमभिनयति परः-

**अर्थं काममपेक्ष्य धर्ममथवा निघ्नन्ति ये प्राणिनः,**
**प्रश्नव्याकरणे हि मन्दमतयस्ते दर्शितास्तत्कथम्।**
**पुष्पाम्भोदहनादिजीववधतो निष्पाद्यमानां जनैः,**
**पूजां धर्मतया प्रसह्य वदतां जिह्वा न नः कम्पताम्॥ ५२ ॥**

(**दंडान्वयः**→ अर्थं काममथवा धर्ममपेक्ष्य ये प्राणिनः निघ्नन्ति ते **प्रश्नव्याकरणे** हि मन्दमतयो दर्शिताः। तत्पुष्पाम्भोदहनादिजीववधतो जनैः निष्पाद्यमानां पूजां प्रसह्य धर्मतया वदतां नः जिह्वा कथं न कम्पताम् ?)

'अर्थम्'इति। अर्थं काममथवा धर्ममपेक्ष्य ये प्राणिनो घ्नन्ति ते **प्रश्नव्याकरणे** *हि*=निश्चितं मन्दमतयो दर्शिताः। *तत्*=तस्मात् पुष्पाम्भोदहनादिजीवानां यो वधस्ततो *जनैः*=लोकैरतत्त्वज्ञैरित्यर्थो *निष्पाद्यमानां*=कार्यमाणां पूजां *प्रसह्य*=हठाद्धर्मत्वेन वदतां *नः*=अस्माकं जिह्वा कथं न कम्पताम् ? अपि तु कम्पतां, धर्मिणां जिह्वैव मृषा भाषितुं कम्पत इत्युक्तिः ॥ ५२ ॥ अत्रोत्तरदातुः स्वस्य वैद्यताऽभिनयाभिव्यक्तये भेषजमुपदर्शयति-

**भोः पापाः ! भवतां भविष्यति जगद्वैद्योक्तिशङ्काभृतां,**
**किं मिथ्यात्वमरुत्प्रकोपवशतः सर्वाङ्गकम्पोऽपि न ?**
**यो धर्माङ्गतया वधः कुसमये दृष्टोऽत्र धर्मार्थिका,**
**सा हिंसा न तु सत्क्रियास्थितिरिति श्रद्धैव सद्भेषजम्॥ ५३ ॥**

---

તેમાં હેતુ હોવાથી તે સમ્યક્ત્વકાળે પણ પ્રશમાદિગુણો આંશિક હોય તેમાં વિરોધ નથી.)

મુનિઓમાં તપગુણ પ્રધાનભાવે છે. તેથી ભક્તિ પણ પ્રધાનપણે છે. અહીં દૃષ્ટાંત આ છે - બાળપણમાં રમતગમત પ્રધાનપણે હોય છે અને બુદ્ધિ એ રમતગમતનું એક અંગ હોવાથી ગૌણરૂપે છે (પણ તેનો સર્વથા અભાવ નથી.) યુવાનવયમાં આ જ બુદ્ધિ બળ અને પરાક્રમથી યુક્ત હોવાથી પ્રધાનભાવને ધારણ કરે છે. આ જ પ્રમાણે ક્રમશઃ સમ્યક્ત્વ અને ચારિત્ર અવસ્થામાં ભક્તિરૂપ વૈયાવચ્ચ નામના તપ અંગે સમજવું. **॥ ૫૧ ॥**

સૂત્રના આધારે દ્રવ્યસ્તવમાં હિંસાની આશંકા કરી આ હિંસાથી અત્યંત ઉદ્વિગ્ન થવાનો અભિનય કરતો પ્રતિમાલોપક કહે છે—

**કાવ્યાર્થ :- પૂર્વપક્ષ :-** ધર્મ, અર્થ કે કામને ખાતર જેઓ જીવહિંસા કરે છે, તેઓને **'પ્રશ્નવ્યાકરણ'** નામના અંગમાં મંદબુદ્ધિવાળા કહ્યા છે. તેથી તત્ત્વને નહિ સમજતા લોકોથી પુષ્પ, પાણી અને અગ્નિના જીવોની હિંસાદ્વારા કરાતી પૂજાને બળાત્કારે ધર્મતરીકે ગણાવતા અમારી જીભ કેમ કંપે નહિ ? આવી પૂજા કરનારા લોકો તો તત્ત્વના સ્વરૂપને સમજતા નથી. માટે ભલે તે પૂજાને ધર્મરૂપ માને. (ભલે તેઓનો સમુદાય સંઘ કહેવાતો હોય, તો પણ એમાંના મોટા ભાગના લોકો અજ્ઞ છે, અમે તેઓની નિંદા નથી કરતા.) પણ તત્ત્વને સમજતા અમે ધર્મના અહિંસક સ્વરૂપનું જ્ઞાન મળ્યા બાદ શી રીતે હિંસક પૂજાને ધર્મ ગણવાના હળાહળ જુઠને ઉચ્ચારી શકીએ ? કારણ કે ધર્મીની તો જીભ જ જુઠું બોલવાની વાત આવે ને કંપવા માંડે. **॥ ૫૨ ॥**

(**दंडान्वयः**→ भोः ! पापाः ! जगद्वैद्योक्तिशङ्काभृतां भवतां मिथ्यात्वमरुत्प्रकोपवशतः सर्वाङ्गकम्पोऽपि किं न भविष्यति ? यो वधः कुसमये धर्माङ्गतया दृष्टोऽत्र सा धर्मार्थिका हिंसा, न तु सत्क्रियास्थितिरिति श्रद्धैव सद्भेषजम् ॥)

'भोः पापाः'इति। भोः *पापाः !*=पापान्वेषिणः=कुमतयः ! भवतां जगद्वैद्यस्य भगवत उक्तौ शङ्काभृतां मिथ्यात्वरूपो यो *मरुद्*=वायुस्तस्य प्रकोपवशतः किं सर्वाङ्गकम्पोऽपि न भविष्यति ? तत्र वयं के प्रतिकर्तारः, वैद्यवचनविचिकित्सकस्य रोगिणो ब्रह्मणापि प्रतिकर्तुमशक्यत्वात्। न सुवैद्योक्तिविचिकित्सावन्तो भविष्यामः, उक्तरोगौषधमुपदिश्यतामिति विवक्षायामाह- यो वधः *कुसमये*=कुशास्त्रे *धर्माङ्गतया*=धर्मकारणतया दृष्टः, *अत्र*= परीक्षकलोके सा धर्मार्थिका हिंसा, न तु सत्क्रियास्थितिरप्रमत्तयोगेन हिंसाया अनभ्युपगमाद्(उपरमात् ?) इतीयं

---

## કુશાસ્ત્રીય હિંસા ધર્માર્થહિંસા

અહીં ઉત્તરદાતા કવિ પોતાના વૈદ્ય તરીકેનો અભિનય પ્રગટ કરવાના આશયથી પ્રતિમાલોપકની કંપતી જીભની દવા દર્શાવે છે—

**કાવ્યાર્થ :-** હે પાપીઓ=પાપગવેષક કુમતિઓ ! જગત આખા માટે ધન્વંતરિ વૈદ્ય સમાન ભગવાનના વચનમાં પણ તમે શંકા રાખો છો, તેથી તમારા આખા શરીરમાં 'મિથ્યાત્વ' વાયુના પ્રકોપથી કંપ કેમ નહિ થાય ? (માત્ર જીભના કંપથી સરતું નથી. પણ મહામિથ્યાત્વના સેવનથી તો તમને તેથી પણ વધુ કષ્ટ થવાનો સંભવ છે, કારણ કે 'સંઘનો એ મોટો ભાગ અજ્ઞ છે' એમ કહીને જ તમે સંઘની-સંઘસભ્યોની મોટી નિંદા કરી છે. કારણ કે પૂર્વે બતાવેલા **સ્થાનાંગના** પાઠમુજબ સંઘસભ્યો સમ્યગ્દર્શનાદિ માર્ગને જ માર્ગરૂપે સ્થાપે છે, આરાધે છે. જ્ઞાનીના વચનપર શ્રદ્ધા રાખતો વર્ગ પણ તત્ત્વથી જ્ઞાની જ છે, એમને અજ્ઞાની ન કહેવાય. તમારી વાત ન સ્વીકારે એટલા માત્રથી એમને અતત્ત્વજ્ઞ કહી ઉતારી પાડવાની આ બુદ્ધિ અને તેઓની શ્રદ્ધાયુક્ત ધર્મક્રિયાને ધાર્મિક હિંસા કહી વગોવવાની ચેષ્ટા મહામિથ્યાત્વ વિના કેમ સંભવે ? અને જો તમારે તે કષ્ટથી બચવું હોય, તો) 'કુશાસ્ત્રોમાં જે વધ ધર્મના અંગ=કારણ તરીકે બતાવ્યો છે, તે વધ જ ધર્માર્થ હિંસારૂપ છે, નહિ કે સત્ક્રિયાનો આચાર,' આ શ્રદ્ધા જ સારામાં સારું ઔષધ છે.

વૈદ્યના વચનમાં શંકા કરતા રોગીને બ્રહ્મા પણ સારો કરી શકતો નથી. તેમ ભગવાનના વચનમાં પણ ખોટી શંકા રાખનારાનું મિથ્યાત્વ કોઇ દૂર કરી શકે નહિ.

**પ્રતિમાલોપક :-** અમે ભગવાનરૂપ વૈદ્યના વચનોમાં શંકા નહિ કરીએ. હવે તમે વૈદ્ય બનીને એ બતાવો કે, 'આગમમાં જે ધર્માર્થ હિંસા બતાવી છે, તે જિનપૂજાને લાગુ પડતી નથી' તમારું આ વચન અમારામાટે કેવી રીતે ઔષધરૂપ બનશે, જેથી પૂજાને ધર્મરૂપ કહેવામાં અમારી જીભ કંપે નહિ અને મિથ્યાત્વરૂપ વાયુના પ્રકોપથી અમારું શરીર પણ કંપે નહિ.

**ઉત્તરપક્ષ :-** જો તમે આવી તૈયારીવાળા છો, તો સાંભળો ! આગમમાં જ્યાં જ્યાં ધર્માર્થ હિંસાની વાત આવે, ત્યાં ત્યાં તે હિંસાથી પરદર્શનકારોએ ધર્મના કારણ તરીકે બતાવેલી હિંસા જ સમજવાની છે. જેઓ જિનપૂજાવગેરે સત્ક્રિયા આચારનું અપ્રમત્તપણે પાલન કરે છે, તેઓનું તે આચારપાલન અપ્રમત્તયોગરૂપ છે. તેથી હિંસા તરીકે માન્ય નથી કારણ કે પ્રમાદયોગથી થતી પ્રવૃત્તિ જ હિંસા તરીકે પ્રમાણમાન્ય છે. આવી સાચી શ્રદ્ધાનું વારંવાર સેવન જ તમારા મિથ્યાત્વરોગને દૂર કરતો અકસીર ઇલાજ છે. જો આ પ્રમાણે શ્રદ્ધા નહિ કરો અને હિંસામાત્રને અધર્મની કોટીમાં મૂકવાની મૂર્ખામી કરશો, તો તમારે **સુબુદ્ધિ મંત્રીને** પણ મહાહિંસક અને મંદબુદ્ધિવાળો માનવાની આપત્તિ આવશે. **સુબુદ્ધિમંત્રીએ રાજાને** પુદ્ગલના સાચા સ્વરૂપનો ખ્યાલ આપવા ૪૯ દિવસની મહેનતદ્વારા ખાઇના પાણીને

श्रद्धैव *सत्*=समीचीनं भेषजं, अन्यथा सद्भूतभावाभिगमनायैकोनपञ्चाशता दिनैः परिखोदकं परिशोध्योदकरत्नं कृतवांस्तथा राज्ञा कारितश्च **सुबुद्धि**र्महाहिंसको मन्दबुद्धिश्च स्यात्।। तथा च सूत्रं →

*तए णं **सुबुद्धिस्स** इमेयारूवे अब्भत्थिए जाव मणोसंकप्पे समुप्पज्जित्था- अहो णं **जितसत्तु** राया संते, तच्चे, तहिए, अवितहे, सब्भूते जिणपण्णत्ते भावे णो उवलभति, तं सेयं खलु मम **जित्तसत्तुस्स** रण्णो संताणं, तच्चाणं, तहियाणं, अवितहाणं, सब्भूताणं, जिणपण्णत्ताणं भावाणं अभिगमणट्ठयाए एयमट्ठं उवाइणावेत्तए। एवं संपेहेति २ पच्चइएहि पुरुसेहिं सद्धिं अंतरावणाओ नवए घडए पडए य पगेण्हति २ संझाकालसमयंसि पविरलमणुस्संसि णिसंतपडिनिसंतंसि जेणेव फरिहोदए तेणेव उवागच्छइ २ तं फरिहोदगं गेण्हावेति २ णवएसु घडएसु गालावेति २ णवएसु घडएसु पक्खिवावेति २ लंछियमुद्दित्ते करावेति २ सत्तरत्तं परिवसावेति २ दोच्चंपि- नवएसु घडएसु गालावेतिर नवएसु घडएसु पक्खिवावेति २, सज्जक्खारं पक्खिवावेइ, लंछिय मुद्दिते करावेति २ सत्तरत्तं परिवसावेति २, तच्चंपि णवएसु घडएसु जाव परिवसावेति। एवं खलु एएणं उवाएणं अंतरा गलावेमाणे अंतरा पक्खिवावेमाणे अंतरा य विपरिवसावेमाणे २ सत्त २ रातिंदिया विपरिवसावेति। तत्ते णं से फरिहोदए सत्तम सत्तयंसि परिणममाणंसि उदगरयणे जाए यावि होत्था।* [ज्ञाता० १/१२/९२] (टीका) *'अभिगमणट्ठयाए'त्ति अवगमलक्षणार्थयित्यर्थः। 'एयमट्ठं'ति एवं पुद्गलानामपरापरपरिणामलक्षणमर्थम्। 'उवायणावित्तए'त्ति उपादा- पयितुं, ग्राहयितुमित्यर्थः। 'अंतरावणाओ'त्ति परिखोदकमार्गान्तरालवर्त्तिनो हट्टात् कुम्भकारसम्बन्धिन इत्यर्थः। 'सज्जखार'त्ति सद्यो भस्म।*

अत्र हि **जितशत्रो**श्चेतसि तत्त्वज्ञानपरिणमनायेयानारम्भः **सुबुद्धिना** कृतः। **स** चाध्यवसायानुरोधादेव

---

શ્રેષ્ઠ પાણી બનાવ્યું હતું અને રાજા પાસે કરાવાયું હતું. આમ **સુબુદ્ધિમંત્રીએ** પણ ધર્મ માટે આરંભ=હિંસા કરી હતી.

## સુબુદ્ધિમંત્રીનું દૃષ્ટાંત

**સુબુદ્ધિમંત્રીના** પ્રસંગનું આલેખન કરતું સૂત્ર આ પ્રમાણે છે →

(**જિતશત્રુરાજા**વગેરે લોકો સુંદર ભોજનના વખાણ અને ખાઇના ગંદા પાણીની નિંદા કરે છે, ત્યારે તત્ત્વજ્ઞ **સુબુદ્ધિમંત્રી** સર્વત્ર 'પુદ્ગલ કા ખેલ – પુદ્ગલનું સ્વરૂપ' જ આગળ કરે છે. આ વાત રાજાને પસંદ પડતી નથી. તેથી રાજાને બોધ પમાડવા **સુબુદ્ધિ મંત્રી** યુક્તિ લડાવે છે.) *"તે વખતે **સુબુદ્ધિમંત્રીને** આવા પ્રકારનો સંકલ્પ થયો, 'અહો ! આ **જિતશત્રુ રાજાને** જિનેશ્વરે પ્રરૂપેલા વિદ્યમાન, તત્ત્વરૂપ, તથ્ય-સત્યરૂપ, અવિતથ અને સદ્ભૂત ભાવોનો સમ્યગ્બોધ નથી. તેથી તેમને વિદ્યમાન, તત્ત્વરૂપ, તથ્ય, અવિતથ અને સદ્ભૂત જિનપ્રજ્ઞપ્તભાવોનું જ્ઞાન કરાવવું જોઇએ. તથા પુદ્ગલના વારંવાર બદલાતા પરિણામોનો પ્રકાશ પાથરવો જોઇએ. આ માટે ઉપાય કરવો મારામાટે કલ્યાણકર છે.' આમ વિચાર કરી **સુબુદ્ધિમંત્રી** વિશ્વાસુ પુરુષોસાથે વચ્ચે માર્ગમાં આવતી કુંભારની દુકાનમાંથી નવા નવ ઘડા ખરીદી ઘણા ઓછા લોકો અવરજવર કરતા હતા ત્યારે સંધ્યાકાળે ખાઇ પાસે આવે છે. માણસો પાસે ખાઇનું=ગટરનું ગંદું પાણી ગ્રહણ કરાવે છે. પછી એ પાણીને નવ ઘડામાં ગળાવે છે અને નવ ઘડામાં રખાવી તે નવે ઘડાને લાંછન યુક્ત કરી મુદ્રિત કરાવે છે. સાત દિવસ- રાત સુધી એમને એમ રાખી મુકાવે છે. પછી બીજી વાર નવ ઘડાઓમાં ગળાવી અને નવ ઘડામાં રખાવી તે પાણીમાં ઉગ્ર ભસ્મ મિશ્ર કરાવે છે. ફરીથી લાંછિત મુદ્રિત કરી સાત રાત સુધી સ્થપાવી રાખે છે. આ જ પ્રમાણેની ક્રિયા ત્રીજી વાર કરાવે છે. આમ સાત વાર ગાળણ-પ્રક્ષેપ-ભસ્મ મિશ્રણ-સાત રાત સુધી સ્થાપન વગેરે ક્રિયા કરાવે છે. આમ ઓગણપચાસ દિવસ પૂરા થયા બાદ ખાઇનું તે પાણી શ્રેષ્ઠ કક્ષાનું જળ થઇ જાય છે."*

चेन्न हिंसा ? **प्रकृतेऽ**पि किमपराद्धम् ? **हिंसा** चेत् ? **अभिगमस्य** धर्मत्वाद्धर्मार्थैव साऽऽयाता, इति कस्त्वदन्य एवं वक्तुं प्रगल्भते ? किम्बहुना ? एवं हि तव धर्मोपदेशाय पुस्तकपत्रादि वाचयतो धर्मार्था हिंसैव प्रसज्यते वेषधारिणः, तदा वायुकायादिविराधनाया अवर्जनीयत्वादकरणपरिहारस्य च त्वदुक्तरीत्यैव सम्भवात्। **एतेन** एवमादि-

*'सत्ते सत्तपरिवज्जिया उवहणंति, दढमूढदारुणमई कोहमाणमायालोभहस्सरतिसोयवेदत्थजीयधम्मत्थकामहेउं सवसा, अवसा, अट्ठा, अणट्ठा य तसपाणे थावरे य हिंसंति। मंदबुद्धी सवसा हणंति, अवसा हणंति,*

## મંદબુદ્ધિકૃત હિંસા દુરંતફળા

પ્રસ્તુતમાં **જિતશત્રુ રાજાના** ચિત્તમાં તત્ત્વજ્ઞાનનો પરિણામ ઉત્પન્ન કરવા **સુબુદ્ધિ મંત્રીએ** આટલો આરંભ કર્યો.

**પૂર્વપક્ષ :-** શુભ અધ્યવસાયથી થયેલો આ આરંભ હિંસારૂપ નથી.

**ઉત્તરપક્ષ :-** આ જ પ્રમાણે ભગવાનની ભક્તિ પણ શુભઅધ્યવસાયપૂર્વક હોવાથી હિંસારૂપ કહેવી વાજબી નથી.

**પ્રતિમાલોપક :-** **સુબુદ્ધિએ** કરેલો આરંભ હિંસામય છે. તેનો નિષેધ શી રીતે થઇ શકે ?

**ઉત્તરપક્ષ :-** રાજાને તત્ત્વબોધ થાય, એ ધર્મરૂપ છે કે અધર્મરૂપ ?

**પ્રતિમાલોપક :-** બેશક, ધર્મરૂપ છે.

**ઉત્તરપક્ષ :-** તેથી '**સુબુદ્ધિએ** કરેલી હિંસા ધર્માર્થ(=ધર્મમાટે) હતી' તેમ કહેવાનો તમારો આશય છે. તેથી તમારા મતે આવી ધર્માર્થ હિંસા કરતો **સુબુદ્ધિ** મંદબુદ્ધિવાળો છે. ખરેખર ! આવું પ્રતિપાદન કરવાની તમારી હિંમતની બરાબરી કરે તેવો કોઇ 'માડીનો જાયો' અમે જોયો નથી. વધુ શું કહીએ ? આવા પ્રતિપાદનો કરી તમે તમારા પગે કુહાડી મારો છો ! બોલો સાધુવેશધારી તમે ધર્મોપદેશ આપવા પુસ્તકના પાના વગેરે ફેરવો છો ત્યારે વાયુકાયની વિરાધના થાય છે કે નહિ ?

**પ્રતિમાલોપક :-** અલબત્ત અવર્જનીયરૂપે થાય છે.

**ઉત્તરપક્ષ :-** તમે વાયુકાયની હિંસા ધર્મોપદેશરૂપ ધર્મમાટે કરો છો. તેથી તમારી હિંસા પણ ધર્માર્થ થઇ. તેથી તમારી કલ્પના મુજબ તમે પણ મંદબુદ્ધિવાળા થયા. (જે **સુબુદ્ધિ મંત્રીની** ઉપરોક્ત પ્રવૃત્તિને ગણધર ભગવંતોએ પણ ધર્માર્થ હિંસારૂપ ગણી નથી, તે **સુબુદ્ધિ મંત્રીની** રાજાને ધર્મ પમાડી વિશિષ્ટ શાસનપ્રભાવનામાં હેતુ બનતી ઉપરોક્ત ધર્મપ્રવૃત્તિને ધર્માર્થ હિંસા ગણનારાઓમાટે તો ધર્મહેતુથી થતી ઉપદેશાદિ તમામ પ્રવૃત્તિઓ કે જેમાં અનિવાર્યરૂપે હિંસા થાય છે, એ બધામાં ધર્માર્થ હિંસા જ ગણાય.)

**પ્રતિમાલોપક :-** આ હિંસા અવર્જનીયરૂપ છે.

**ઉત્તરપક્ષ :-** ભક્તિમાં થતી હિંસા પણ તેવી જ છે.

**પ્રતિમાલોપક :-** પૂજાદિ નહીં કરવાથી એ હિંસાનો પરિહાર સંભવે છે.

**ઉત્તરપક્ષ :-** વ્યાખ્યાનઆદિ નહીં કરવાથી અને પુસ્તક આદિના પાના વાંચવા માટે નહીં ફેરવવાથી ત્યાં પણ હિંસાનો પરિહાર શક્ય છે.

**પ્રતિમાલોપક :-** જૈનશાસનની પરંપરા ચલાવવા ઉપદેશ વગેરે આવશ્યક છે.

**ઉત્તરપક્ષ :-** એ જ પ્રમાણે સ્વ અને પરમાં શાસનની પ્રતિષ્ઠા કરવા અને પરંપરા ચલાવવા પૂજાઆદિ ભક્તિ આવશ્યક છે. ટૂંકમાં, તમે ધર્મોપદેશના બચાવમાં જે કહેશો, તે ભક્તિની સિદ્ધિમાં સાધનરૂપ બનશે. આમ

*सवसा अवसा दुहओ हणंति। अट्ठा हणंति, अणट्ठा हणंति, अट्ठा अणट्ठा दुहओ हणंति। हस्सा हणंति, वेरा हणंति, रतिए हणंति, हस्सा वेरा रतिए हणंति। कुद्धा हणंति मुद्धा हणंति, लुद्धा हणंति, कुद्धा मुद्धा लुद्धा हणंति। अत्था हणंति, धम्मा हणंति, कामा हणंति, अत्था धम्मा कामा हणंति'।* [प्रश्नव्या० १/३] इति **प्रश्नसूत्रमपि** व्याख्यातम्। क्रोधादिकारणैर्हन्तॄणां स्ववशाद्यर्थैः प्रपञ्चितानां मन्दबुद्धितयोक्तत्वेऽपि **स्वाम्यधिकारे** → *'कयरे ते जे सोयअरिआ, मच्छबंधा, साउणिया, वाहा, कुरकम्मा'* इत्याद्युपक्रम्य *'सण्णी य असण्णिणो पज्जत्ते अपज्जत्ते य असुभलेस्सा-परिणामा एते अन्ने य एवमादि करेंति पाणाइवायकरणं'*[प्रश्नव्या० १/४] इत्यतिदेशाभिधानेनाशुभलेश्यानामेव प्राणातिपातकर्तृत्वोपदेशाद्भक्तिरागोपबृंहितसम्यग्दर्शनोल्लासेन प्रशस्तलेश्याकानां देवपूजाकर्तॄणां हिंसालेशस्याप्यनुपदेशात्। कथं च **शृङ्गग्राहिकया**ऽतिदेशेन चैतेषां हिंसकत्वानुक्तावपि तथाप्रलापकारिणां नानन्तसंसारित्वम् ? शासनोच्छेदकारिणीमनन्तानुबन्धिनीमायां विनेदृशप्रलापस्यासम्भवात्। **तदुक्तं** → *'जइ*[1]

---

ભગવાનની ભક્તિમાં અનિવાર્ય સંનિધિરૂપે હિંસા હોવા છતાં તે **પ્રશ્નવ્યાકરણકારે** બતાવેલા સ્વરૂપવાળી ધર્માર્થરૂપ નથી, અને તે ભક્તિ કરનાર મંદબુદ્ધિવાળો પણ નથી.

**પૂર્વપક્ષ :-** તો **'પ્રશ્નવ્યાકરણ'** અંગના આ સૂત્રની વ્યાખ્યાનું શું ? *'સત્ત્વથી રહિત જીવો હિંસા કરે છે. જેઓ અત્યંત મૂઢ છે, તથા ભયંકર આશયવાળા છે; તેઓ ક્રોધથી, માનથી, માયાથી, લોભથી, હાસ્યથી, રતિથી, અરતિથી, શોકથી, વેદાર્થ=વેદોક્ત અનુષ્ઠાન આચરવા ધર્મ માટે, અર્થમાટે, કામ માટે, સ્વાધીનપણે, પરાધીનપણે, પ્રયોજનથી કે પ્રયોજન વિના જ ત્રસજીવોની અને સ્થાવરજીવોની હિંસા કરે છે. મંદબુદ્ધિવાળાઓ સ્વવશ હણે છે, પરવશ હણે છે, સ્વવશપરવશઉભયથી હણે છે, અર્થ માટે હણે છે. અર્થ વિના હણે છે. અર્થ અને અનર્થ ઉભયથી હણે છે. હાસ્યથી હણે છે. વૈરથી હણે છે. રતિથી હણે છે. હાસ્ય, વૈર અને રતિથી હણે છે. ક્રુદ્ધ હણે છે. લુબ્ધ હણે છે. મુગ્ધ હણે છે. ક્રુદ્ધ, લુબ્ધ અને મુગ્ધ હણે છે. ધર્મ માટે હણે છે. અર્થ માટે હણે છે. કામ માટે હણે છે. ધર્મ, અર્થ અને કામ માટે હણે છે.'* અહીં ધર્મમાટે કરાતી હિંસાને ધર્માર્થ હિંસા કહી વગોવી છે અને આ ધર્માર્થ હિંસા કરનારને મંદબુદ્ધિવાળા કહ્યા છે.

**ઉત્તરપક્ષ :-** આ સૂત્રની વ્યાખ્યા પણ પૂર્વોક્ત વચનને અનુસારે જ કરણીય છે. અલબત્ત, ક્રોધાદિ કારણોથી હિંસા કરનારા અને 'સ્વવશ'આદિ અર્થોથી સૂચવાયેલા હિંસકોને મંદબુદ્ધિવાળા કહ્યા છે. છતાં પણ 'એવા મંદબુદ્ધિવાળા કોણ છે ?' એ પ્રશ્નના ઉત્તરરૂપે બતાવેલા **સ્વામી અધિકારમાં** આ પ્રમાણે કહ્યું છે →

*'તેઓ કોણ છે ? (કે જેઓ આ પ્રમાણે કૃષિવગેરે હેતુથી હિંસા કરે છે. આના ઉત્તરમાં) જેઓ (ભૂંડ વગેરેની હિંસા કરે છે, તેઓ) શૌકરિક, માછીમારો, પારધીઓ, શિકારીઓ, ક્રૂરકર્મવાળાઓ'* ઇત્યાદિ દર્શાવ્યું. તે પછી *'સંજ્ઞી, અસંજ્ઞી, પર્યાપ્ત અને અપર્યાપ્ત અશુભલેશ્યાવાળા પૂર્વે કહેલા અને બીજાઓ આવી બધી જીવવધક્રિયા કરે છે.'* આ અતિદેશદ્વારા અશુભલેશ્યામાં વર્તતા જીવોને જ જીવવધ કરનારા દર્શાવ્યા છે.

ભક્તિના રાગથી પુષ્ટ થયેલા સમ્યગ્દર્શનના તરંગથી પ્રશસ્ત લેશ્યામાં હિલોળા લેતા જિનપૂજા કરનારાઓને તો હિંસાનો અંશ પણ કહ્યો નથી. વળી સ્વામિતાઅધિકારમાં **શૃંગગ્રાહિકા**=સ્પષ્ટનામોલ્લેખપૂર્વક કે અતિદેશથી મંદબુદ્ધિવાળા હિંસકોનો નિર્દેશ કર્યો છે. ત્યાં પણ જિનપૂજા કરનારાઓનો ઉલ્લેખ નથી. છતાં જિનપૂજા કરનારાઓ હિંસક છે તેવી બુમરાણ મચાવવામાં શું અનંતસંસાર વધી ન જાય ? કારણ કે આવી ખોટી બુમરાણ શાસનનાશક

---

[1] जइ वि य णिगिणे कीसे चरे, जइ वि य भुंजिय मासमंतसो। जे इह मायादिमिज्जई, आगंता गब्भादणंतसो॥ इति पूर्णश्लोकः॥

*वि य णिगिणे'* [सूत्रकृताङ्ग १/२/१/९ पा० १] इत्यादि। **किञ्च** 'येऽर्थाय कामाय धर्माय घ्नन्ति ते मन्दबुद्धय' इति पराभिमत उद्देश्यविधेयभावोऽप्ययुक्तः, **अर्थाय घ्नतामानन्दादीनाम**पि मन्दबुद्धित्वप्रसङ्गात्। किन्तु ये मन्दबुद्धय उक्तकारणैर्घ्नन्ति, ते प्राणातिपातफलं दुरन्तं प्राप्नुवन्तीति मन्दबुद्धित्वमुद्दिश्यतावच्छेदककोटौ प्रविश्यैव प्रयोगो युक्त इति विवेके **न चाशङ्का न चोत्तरमिति** श्रद्धेयम्॥ ५३॥ *'यो धर्मञ्जतये'* त्याद्युक्तमेवोपपादयति–

**यागीयो वध एव धर्मजनकः प्रोक्तः परैः स्वागमे,**
**नास्मिन्नौघनिषेधदर्शितफलं कार्यान्तरार्थाश्रिते।**
**दाहे क्वापि यथा सुवैद्यकबुधैरुत्सर्गतो वारिते,**
**धर्मत्वेन धृतोऽप्यधर्मफलको धर्मार्थकोऽयं वधः॥ ५४॥**

---

અનંતાનુબંધી માયા વિના સંભવે નહિ. આવી માયા કરનારાઓ અનંતવાર ગર્ભઆદિમાં=સંસારમાં જન્મ પામે છે, એમ **સૂત્રકૃતાંગમાં** *'જઇ વિ ય ણિગિણે'* ઇત્યાદિ સૂત્રથી કહ્યું છે.

વળી પ્રતિમાલોપકે એમ કહ્યું કે 'જેઓ અર્થ, કામ અને ધર્મ માટે હિંસા કરે છે, તેઓ મંદબુદ્ધિવાળા છે.' અહીં હિંસા કરનારાઓ ઉદ્દેશ્ય છે અને તેઓમાં મંદબુદ્ધિ વિધેય છે. પણ આવો ઉદ્દેશ્ય-વિધેયભાવ બરાબર નથી કારણ કે અહીં તમામ હિંસા કરનારાઓ મંદબુદ્ધિવાળા તરીકે સિદ્ધ થાય છે.

**પ્રતિમાલોપક :-** એમ સિદ્ધ થાય તેમાં શો વાંધો છે ?

**ઉત્તરપક્ષ :-** મોટો વાંધો છે કારણ કે એમ કહેવાથી તો **આનંદવગેરે** સમ્યક્ત્વી અને દેશવિરતિધરોને પણ મંદબુદ્ધિવાળા કહેવા પડે. કારણ કે તેઓ પણ અર્થ(=ધનાદિ) માટે આરંભઆદિમાં પ્રવૃત્ત હોવાથી હિંસા કરે છે.

(**પ્રશ્ન :-** તેઓને પણ મંદબુદ્ધિવાળા માનવામાં શો વાંધો છે ?

**ઉત્તર :-** તેઓને મંદબુદ્ધિવાળા માનવામાં તેઓ પણ પ્રાણાતિપાતના દુરંતફળને પ્રાપ્ત કરે છે તેમ માનવું પડે - પણ વાસ્તવમાં તેમ નથી, કારણ કે સમ્યક્ત્વ દેશવિરતિની હાજરીમાં તેઓ સદ્ગતિનું જ આયુષ્ય બાંધે અને પરંપરાએ સિદ્ધ થાય છે, આમ તેઓ ભાવિભદ્ર હોય છે.) તેથી પ્રસ્તુતમાં મંદબુદ્ધિને ઉદ્દેશ્યતાઅવચ્છેદક બનાવવાનું છે. 'મંદબુદ્ધિવાળા' પદને ઉદ્દેશ્યરૂપે લેવાનું છે, તેથી 'જે મંદબુદ્ધિવાળા સૂત્રમાં કહેલા કારણોથી હિંસા કરે છે, તેઓ પ્રાણાતિપાતનું દુરંત ફળ પ્રાપ્ત કરે છે.' તેવો પ્રયોગ કરવો જોઇએ. આમ કરવાથી સમ્યક્ત્વી **આનંદવગેરે** ઉદ્દેશ્ય બનતા નથી. તેઓની હિંસા દુરંતફળા બનતી નથી અને તેઓ મંદબુદ્ધિવાળા સિદ્ધ થતાં નથી. તમામ મંદબુદ્ધિવાળાઓની ધર્માદિ તમામ હેતુક હિંસા દુરંતફળ-વાળી બને છે. આમ વિધાન કરવાથી કોઇ આશંકા રહેતી નથી અને તેથી કોઇ ઉત્તરની અપેક્ષા પણ રહેતી નથી. સમ્યક્ત્વીઓની જિનપૂજા દુરંતફળવાળી હિંસારૂપ થતી નથી. (સમ્યક્ત્વીઓની પૂજા-ઉપદેશઆદિ પ્રવૃત્તિઓમાં અનિવાર્યરૂપે એકેન્દ્રિય જીવોની વિરાધના થતી હોવા છતાં, એ વખતે તેઓનો હિંસાનો કે હિંસાદ્વારા કાર્ય સિદ્ધ કરવાનો કોઇ આશય હોતો નથી, પણ શુભાશયથી જ ધર્મસિદ્ધિનો આશય હોય છે. જ્યારે મંદબુદ્ધિવાળાઓ તો હિંસાદ્વારા જ ધર્મકાર્ય સિદ્ધ કરવા પ્રવૃત્ત થાય છે. એ જ રીતે સમ્યક્ત્વીઓ અર્થપ્રયોજનથી પ્રવૃત્ત થાય છે ત્યારે પણ હિંસાને આવકારદાયક ગણતા નથી, પણ ઓછામાં ઓછો આરંભ થાય એવી જયણાવાળા હોય છે અને થતી હિંસાને પણ અનુમોદનીય માનતા નથી. મંદબુદ્ધિવાળાઓ અર્થાદિ માટે પ્રવૃત્ત થાય છે ત્યારે હિંસાઅંગે નિષ્ઠુર પરિણામવાળા હોય છે. માટે જયણાવાળા નથી હોતા. તેથી તેઓની હિંસા દુરંતફળવાળી બને છે.) **॥ ૫૩ ॥**

## યાગીય ધર્માર્થકવધ અધર્મરૂપ

૫૩માં કાવ્યમાં *'યો ધર્મગિતયા'* ઇત્યાદિ જે કહ્યું, તેને યુક્તિસંગત ઠેરવતા કવિ કહે છે—

**કાવ્યાર્થ :-** પરદર્શનકારોએ પોતાના આગમમાં યજ્ઞમાં કરાતી હિંસાને જ ધર્મજનક ગણાવી છે. જેમ સારા

(**दंडान्वय:**→ परै: स्वागमे यागीयो वध एव धर्मजनक: प्रोक्त:, कार्यान्तरार्थाश्रितेऽस्मिन् ओघनिषेध-दर्शितफलं न (इति) न। यथा सुवैद्यकबुधैरुत्सर्गतो वारिते क्वापि दाहे। धर्मार्थकोऽयं वधो धर्मत्वेन धृतोऽपि अधर्मफलक: ॥)

'यागीय'इति। *यागीय:*=यागस्थलीयो वध एव हि *परै:*=वैदिकै: स्वागमे धर्मजनक: प्रोक्त:, *'भूतिकाम: पशुमालभेत'* इत्यादिवचनात्। अस्मि *न्नौघनिषेधेन*=सामान्यनिषेधेन दर्शितफलं निषेध्यप्रयोजनं दुर्गतिगमनलक्षणं नेति न। कीदृशेऽस्मिन् ? कार्यान्तरमोघनिषेधनिर्वाह्यमुक्तिरूपफलभिन्नं कार्यं भूतिप्राप्तिलक्षणम्, तदर्थमाश्रिते। दृष्टान्तमाह- यथा *सुवैद्यकबुधै:*=सद्वैद्यपण्डितैर्दु:खहेतुत्वाद्दाहो न कार्य इत्युत्सर्गतो वारिते कार्यान्तरार्थं रागादि (गण्डादि ?) रोगोच्छेदार्थमाश्रिते दाहे उत्सर्गनिषेधानुगुणं दु:खरूपं फलं न भवतीति न। अयं धर्मार्थिको वधो धर्मत्वेन *धृतोऽपि*= भ्रान्तिविषयीकृतोऽपि *अधर्मफलक:*=अधर्महेतु:। आह च → *'मिथ्यादृष्टिभिराम्नातो हिंसाद्यै: कलुषीकृत: । स धर्म इति वित्तोऽपि भवभ्रमणकारणम्'* ॥ [योगशास्त्र २/१३] तस्माद्धर्मार्था हिंसा यागादावेव, न

---

વૈદ્યશાસ્ત્રે દાહને દુ:ખકારક કહ્યો છે અને તેનો નિષેધ કર્યો છે. તેથી અન્ય કાર્યમાટે પણ કરાતા દાહથી દુ:ખ તો થાય જ છે. તેમ આ યાગીય હિંસા પણ (ભૌતિક આબાદીઆદિરૂપ) અન્યહેતુક છે. તેથી સામાન્યથી=ઉત્સર્ગથી હિંસાના નિષેધદ્વારા જે નરકાદિફળ બતાવ્યું છે. તે ફળ આ યાગીય હિંસામાં નથી એમ કહી શકાય નહિ – અર્થાત્ એ નરકાદિ ફળ યાગીય હિંસામાં છે જ. તેથી યાગીય વધ ધર્મરૂપ ગણાયો હોવા છતાં વાસ્તવમાં અધર્મફળક જ છે.

પરદર્શનકારોએ ઉત્સર્ગથી હિંસાનો નિષેધ કર્યો છે. હિંસાથી પરભવમાં નરકાદિ દારુણ ફળો મળતા હોય, તો જ હિંસાનો ઉત્સર્ગથી કરેલો નિષેધ સાર્થક થાય. તેથી આ ઔત્સર્ગિક નિષેધ પરભવમાં હિંસાના નરકાદિ દારુણ ફળના સૂચક છે. તેમના જ આગમમાં *'ભૂતિ(=આ ભવમાં આબાદી)ની ઇચ્છાવાળાએ પશુનો યજ્ઞ કરવો'* એવું વચન છે. આ વચનથી સૂચવાયેલી હિંસા આ ભવના સુખઅંગે છે. તેથી પરભવના દુષ્ટ ફળના આશયથી જે ઔત્સર્ગિક નિષેધ કરાયો છે. તેના અપવાદરૂપ આલોકહેતુક યજ્ઞસંબંધી હિંસા થઇ ન શકે. તેથી આ ભવના હેતુથી કરાયેલી એ યજ્ઞીય હિંસા પરભવમાં નરકાદિફળ આપનારી બને જ. (જે આશયથી ઔત્સર્ગિક વિધાન-નિષેધ હોય, તે જ આશયથી દ્રવ્યાદિ કારણસર કરાયેલાં નિષેધ-વિધાન અપવાદરૂપ બની શકે) અહીં ઔત્સર્ગિક હિંસાનિષેધમાં મોક્ષફળનો આશય છે અને યજ્ઞીયહિંસા આ ભવની આબાદી હેતુથી સૂચિત છે. આમ બન્ને સ્થળે આશયભેદ અને ફળભેદ હોવાથી પરસ્પર ઉત્સર્ગ-અપવાદભાવ ધારણ કરતા નથી. તેથી યજ્ઞીયવધ વખતે 'આ વધ ધર્માર્થક છે' તેવી ભ્રાંતિ હોય તો પણ વાસ્તવમાં તે અધર્મફળક જ છે. 'દાહ દુ:ખદ છે' એ આશયથી વૈદ્ય દાહનો નિષેધ કરે છે. પછી કદાચ ગૂમડા વગેરે રોગના સારવારમાટે દાહ આપવામાં આવે – તો પણ તે દાહથી દુ:ખ તો થાય જ છે. કારણ કે રોગની સારવાર માટે અપાયેલો દાહ કંઇ દુ:ખરૂપ ઉત્સર્ગનો બાધક નથી. તેથી જ આમ ભિન્ન આશયથી અપાયેલો દાહ ઔત્સર્ગિક દાહનિષેધના અપવાદરૂપ નથી. ('દાહ-ડામથી પીડા થાય' આ ઉત્સર્ગ છે. જો કો'ક એવા પ્રકારે દાહ અપાય કે જેથી પીડા ન થાય, તો તે અપવાદ ગણાય – ઉત્સર્ગનો બાધક બને. ગૂમડા મટાવવા માટે અપાયેલો દાહ પીડાદાયક તો છે જ, તેથી ગૂમડા દૂર કરવારૂપ કાર્યાંતરનો સાધક હોવા છતાં અપવાદરૂપ નથી. તેમ 'મોક્ષેચ્છુકે હિંસા ન કરવી' એ ઉત્સર્ગ છે, હવે જો મોક્ષની ઇચ્છાથી જ થતી પ્રવૃત્તિમાં અનિવાર્યરૂપે હિંસા થતી હોય, તો તે હિંસા મોક્ષેચ્છારૂપ ઉત્સર્ગફળમાટે થતી પ્રવૃત્તિના અનિવાર્યઅંશરૂપ હોવાથી અપવાદરૂપ બની શકે, પણ આબાદીઆદિ ઇચ્છાથી થતી હોય, તો આબાદીઆદિની સાધક બને તો પણ એ હિંસા અપવાદરૂપ ન બને આવું તાત્પર્ય છે.) આ જ દૃષ્ટાંત યજ્ઞીયહિંસામાટે લાગુ પડે છે. તેથી જ **યોગશાસ્ત્રમાં** કહ્યું છે કે → *'મિથ્યાદષ્ટિઓદ્વારા સર્જાયેલો તથા હિંસા વગેરેથી કલુષિત કરાયેલો ધર્મ 'ધર્મ' તરીકે માન્યો હોય, તો પણ સંસારભ્રમણનું કારણ બને છે'*

तु जिनपूजायामिति श्रद्धेयम् ॥ ५४ ॥ ननु भवतामपि सामान्यतो निषिद्धाया हिंसाया: फलं कथं न पूजास्थलीयहिंसायाम् ? **अत** आह–

**अस्माकं त्वपवादमाकलयतां दोषोऽपि दोषान्तरो–**
**च्छेदी तुच्छफलेच्छया विरहितश्चोत्सर्गरक्षाकृते ।**
**यागादावपि सत्त्वशुद्धिफलतो नेयं स्थितिर्दुष्टत:,**
**श्येनादेरिव सत्त्वशुद्ध्यनुदयात्तत्सम्भवादन्यत: ॥ ५५ ॥**

(**दंडान्वय:**→ अपवादमाकलयतामस्माकं तु दोषोऽपि दोषान्तरोच्छेदी तुच्छफलेच्छया विरहितश्च उत्सर्गरक्षाकृते (प्रवर्तते)। यागादावपि श्येनादेरिव दुष्टत: सत्त्वशुद्ध्यनुदयादन्यतश्च तत्सम्भवात् सत्त्वशुद्धिफलत इयं स्थिति: न॥)

'अस्माकम्'इति। अस्माकं त्वपवाद*माकलयतां*=उत्सर्गैकाधिकारिकमपवादं **निम्नोन्नतन्यायेन**① तुल्य-सङ्ख्याकमभ्युपगच्छतामित्यर्थ:। दोषोऽपि द्रव्यस्तवेऽधिकारिविशेषणीभूतो मलिनारम्भस्तत्कालीन: सदारम्भो वा दोषान्तरस्यानुबन्धहिंसारूपस्योच्छेदी, तुच्छफलस्य भूत्यादिलक्षणस्येच्छया विरहित*श्चोत्सर्गरक्षाकृत एव*= उत्सर्गरक्षार्थमेव प्रवर्तत इत्यविरोध:। परेषां तु सामान्यनिषेध-उत्सर्गो मुमुक्षो:, अपवादश्च यागीयहिंसाविधिलक्षणो

---

આ ચર્ચાથી 'ધર્માર્થહિંસાનું લેબલ યાગવગેરેને જ લાગી શકે છે, પણ જિનપૂજાને નહિ' આટલી શ્રદ્ધા ઉત્પન્ન કરવી જોઇએ. **॥ ૫૪ ॥**

## જિનપૂજાસ્થિત હિંસા દોષાંતરોચ્છેદક

**પૂર્વપક્ષ :-** જિનપૂજાવગેરે અનુષ્ઠાનોમાં તમે ઉત્સર્ગથી નિષિદ્ધ કરેલી હિંસા સેવો છો. તેથી જિનપૂજાવગેરેમાં ઉત્સર્ગથી નિષેધ કરેલી હિંસાનું નરકાદિફળ કેમ ન હોય ? અર્થાત્ હોય જ.

પૂર્વપક્ષની આ દલીલને બુટ્ઠી કરતા કવિ કહે છે—

**કાવ્યાર્થ :-** (જિનપૂજાદિકાળે) અમે અપવાદનું સંવેદન કરીએ છીએ. તેથી અમારો (હિંસાદિ) દોષ પણ અન્ય દોષોનો ઉચ્છેદક બને છે. વળી આ અપવાદસેવન તુચ્છફળની ઇચ્છાથી રહિત છે. તેથી ઉત્સર્ગની રક્ષામાં જ પ્રવૃત્ત થયો છે. શ્યેનયાગની જેમ યજ્ઞ દુષ્ટ છે, તેથી તેનાથી સત્ત્વની શુદ્ધિ થતી નથી. વળી બીજા સાધનોથી સત્ત્વશુદ્ધિનો સંભવ છે. તેથી સત્ત્વશુદ્ધિફળની અપેક્ષાએ તેઓની આવી(=અમારા જેવી) સ્થિતિ નથી.

'ઉત્સર્ગનો અધિકારી જ અપવાદનો અધિકારી હોય છે. તેથી **'નિમ્નોન્નત'** ન્યાયથી ઉત્સર્ગ અને અપવાદ સમાન સંખ્યાવાળા હોય છે' આવો અમારો સિદ્ધાંત છે. 'મોક્ષાર્થીએ હિંસા નહીં કરવી' એ ઉત્સર્ગ છે અને 'મલિનારંભીરૂપ અધિકારીવિશેષ મોક્ષના જ આશયથી સ્વરૂપહિંસાયુક્ત એવી પણ જિનપૂજાદિ ક્રિયા કરી શકે' આ અપવાદ છે. આમ જિનપૂજાદિ દ્રવ્યસ્તવ અહિંસારૂપ ઉત્સર્ગના સમાન આશયવાળો હોવાથી અપવાદરૂપ છે. તેથી દ્રવ્યસ્તવના અધિકારીવિશેષમાં વિશેષણરૂપ મલિનારંભ દોષાત્મક હોવા છતાં –

(અહીં કદાચ પ્રતિમાલોપક એમ કહેવાની ચેષ્ટા કરે કે 'અમે દ્રવ્યસ્તવના અધિકારીમાં કયો દોષ છે ? તેની ચર્ચા નથી કરતા, પણ દ્રવ્યસ્તવમાં જે હિંસારૂપ દોષ છે, તેની સામે વિરોધ દર્શાવીએ છીએ' તેથી એ વાતને મનમાં ધારી, તથા જિનપૂજાગત હિંસાને

---

① **'यथोन्नतमपेक्ष्य निम्नस्य प्रसिद्धि:, निम्नाच्चोन्नतस्य प्रसिद्धिरेवमुत्सर्गादपवादोऽपवादादुत्सर्ग: प्रसिद्ध इति द्वावप्युत्सर्गापवादौ तुल्यौ' इति बृहत्कल्पभाष्ये ॥**

भूतिकामस्येति भिन्नविषयत्वादुत्सर्गापवादभावानुपपत्तिरेव। तदुक्तं **हेमसूरिभिः**[1]→ *'नोत्सृष्टमन्यार्थमपोद्यते च'ति*। [अन्ययोग॰ द्वात्रिं॰ ११ पा॰ २] **ननु** यागादौ प्रतिपदोक्तफलकामनया मा भूदेवमुत्सर्गापवादभावः, *'तमेतं वेदानुवचनेन ब्राह्मणा विविदिषन्ति यज्ञेने'*त्यादि श्रुतेः, प्रतिपदोक्तफलत्यागेन **शतपथ**विहितकर्मवृन्दस्य विविदिषायां सत्त्वशुद्धिद्वारा सम्भविसमुच्चयेनोपयोगो भविष्यतीत्यत **आह**– *यागादावपीति*-यागादावपि सत्त्वशुद्धिफलमाश्रित्य नेयमस्मदुक्तजातीया *स्थितिः*=मर्यादा, कुतः ? *दुष्टतः*=स्वरूपतो दुष्टात् *श्येनादेरिव*= श्येनयागादेरिव, *सत्त्वशुद्ध्यनुदयात्*=मनःशुद्धेः कर्तुमशक्यत्वात्। ये हि प्रतिपदोक्तफलत्यागेन वेदोक्तमितिकृत्वा ज्योतिष्टोमादि सत्त्वशुद्ध्यर्थमाद्रियन्ते, तैः श्येनयागोप्यभिचारफलत्यागेन सत्त्वशुद्ध्यर्थमादरणीय इति भावः। अवदाम च **ज्ञानसारप्रकरणे** → *'वेदोक्तत्वान्मनःशुद्ध्या, कर्मयज्ञोऽपि योगिनः। ब्रह्मयज्ञ इतीच्छन्तः श्येनयागं त्यजन्ति किम्'*॥

---

દોષરૂપ નહીં માનતા હોવાથી **ટીકાકાર** 'સદારંભ' શબ્દથી બીજો વિકલ્પ સૂચવે છે.)

અથવા પૂજા આદિ દ્રવ્યસ્તવ વખતે થતો સદ્આરંભ અનુબન્ધહિંસારૂપ અન્યદોષનો ઉચ્છેદક બને છે. વળી પૂજા ભૌતિક આબાદીરૂપ તુચ્છ ફળની ઇચ્છા વિના થાય છે. તેથી આ આપવાદિક આચરણા હિંસાયુક્ત હોવા છતાં ઉત્સર્ગની રક્ષાર્થે જ પ્રવર્ત્તે છે. તેથી તેમાં કોઇ દોષ કે વિરોધ નથી. વેદદર્શનમાં તો હિંસાના નિષેધરૂપ ઉત્સર્ગ મોક્ષાર્થી માટે છે અને યજ્ઞીયહિંસાનાં વિધાનરૂપ અપવાદ ભૌતિક ઇચ્છાવાળામાટે છે. આમ બન્નેના વિષય= આશય=પ્રયોજન ભિન્ન છે, તેથી એ બન્ને વચ્ચે પરસ્પર ઉત્સર્ગ-અપવાદભાવ નથી. **શ્રી હેમચંદ્રસૂરિ મહારાજે** આ જ વાત **અન્યયોગ વ્યવચ્છેદ દ્વાત્રિંશિકામાં** કરતા કહ્યું છે → *'અન્યાર્થક ઉત્સર્ગનો અન્યાર્થક અપવાદ હોઇ શકે નહિ.'*

**પૂર્વપક્ષ :-** યાગવગેરેમાં તે-તે યજ્ઞ વગેરેના જે જે ફળો નામ લઇને બતાવ્યા છે, તે-તે ભૌતિકફળોની આશંસાથી કરાયેલી યજ્ઞીયહિંસા હિંસાનિષેધરૂપ ઉત્સર્ગમાટે અપવાદભૂત ભલે ન બને. પરંતુ *'તમેતં=આત્માને વેદાનુવચનેન=વેદના નિત્ય સ્વાધ્યાય દ્વારા બ્રાહ્મણો યજ્ઞથી વિવિદિષન્તિ=જાણવા ઇચ્છે છે.'* આવી શ્રુતિના બળપર યજ્ઞના પ્રતિપદોક્ત(નામ લઇને કહેલા) ફળની ઇચ્છાનો ત્યાગ કરીને **શતપથમાં** વિહિત કરેલા ક્રિયા-સમુદાયની વિવિદિષામાં સત્ત્વશુદ્ધિ થાય છે. તેથી શુભ અદૃષ્ટનો સમુચ્ચય સંભવે છે. આમ ફળની ઇચ્છા વિના કરેલા યજ્ઞોનો પરંપરાએ મોક્ષાર્થક ઉપયોગ હોવાથી તેમાં થયેલી હિંસા ઔત્સર્ગિક નિષેધનો અપવાદ બની શકે છે.

**ઉત્તરપક્ષ :-** આ સત્ત્વશુદ્ધિફળને આશ્રયીને પણ યજ્ઞવગેરેમાં અમારા જેવી મર્યાદા નથી. અહીં શ્યેનયાગનું દૃષ્ટાંત છે.

(શ્યેનયાગ અભિચાર=વૈરીને મારવાની ઇચ્છાથી થાય છે. બ્રાહ્મણોએ પણ આ યજ્ઞને દુષ્ટ તથા નરકના હેતુ તરીકે સ્વીકાર્યો છે. આ યજ્ઞ તેઓ અભિચારફળની ઇચ્છાનો ત્યાગ કરી સત્ત્વશુદ્ધિ અર્થે પણ કરતા નથી. કારણ કે તેમના મતે આ યજ્ઞ કરનારે અવશ્ય પ્રાયશ્ચિત્ત લેવું પડે છે. આમ આ યજ્ઞથી સત્ત્વશુદ્ધિ થતી નથી. તેથી મનશુદ્ધિ પણ થતી નથી.) જેમ શ્યેનયાગથી સત્ત્વશુદ્ધિ સંભવતી નથી અને મનઃશુદ્ધિ થતી નથી, તેમ બીજા યજ્ઞોથી પણ સત્ત્વશુદ્ધિ અને મનઃશુદ્ધિ સંભવે નહિ. જેઓ પ્રતિપદોક્ત ફળની ઇચ્છાના ત્યાગથી માત્ર વેદમાં કહ્યા હોવાથી જ્યોતિષ્ટોમવગેરે યજ્ઞો સત્ત્વશુદ્ધિ માટે આદરે છે, તેઓએ તો અભિચારફળની ઇચ્છાનો ત્યાગ કરી શ્યેનયાગ પણ આચરવો જોઇએ, કારણ કે ફળેચ્છાનો અભાવ ઉભયત્ર સમાન છે અને યજ્ઞકાલીન હિંસા પણ બંને સ્થળે સમાનરૂપે છે - આ જ વાત અમે (**પૂ. મહો. યશોવિ.**

---

[1] न धर्महेतुर्विहितापि हिंसा, नोत्सृष्टमन्यार्थमपोद्यते च। स्वपुत्रघाताद् नृपतित्वलिप्सा, सब्रह्मचारि स्फुरितं परेषाम्॥ इति पूर्णश्लोकः॥

[२८/३] इति। तथान्यतो गायत्रीजपादे*स्तत्सम्भवात्*=सत्त्वशुद्धिसम्भवान्नेयं स्थितिरित्यपि बोध्यम्। अस्माकं *त्वनन्यगत्या*=आयव्ययतुलनयाऽपवादाश्रयणे सत्त्वशुद्धेर्नासम्भवः ॥ ५५ ॥ अनन्यगतिकत्वे पूजादावन्यथासिद्धिं शङ्कते–

**नन्वेवं किमु पूजयापि भवतां सिद्ध्यत्यवद्योज्झिताद्,**
**भावापद्विनिवारणोचितगुणः सामायिकादेरपि।**
**सत्यं योऽधिकरोति दर्शनगुणोल्लासाय वित्तव्यये,**
**तस्येयं महते गुणाय विफलो हेतुर्न हेत्वन्तरात् ॥ ५६ ॥**

(**दंडान्वयः**→ ननु एवं भवतां पूजयाऽपि किमु ? अवद्योज्झितात्सामायिकादेरपि भावापद्विनिवारणोचितगुणः सिद्ध्यति। सत्यं, दर्शनगुणोल्लासाय यो वित्तव्ययेऽधिकरोति, तस्य महते गुणायेयम्। हेतुः हेत्वन्तरात् न विफलः ॥)

'नन्वेवम्'इति। **ननु** एवं सत्त्वशुद्धेरन्यतः सम्भवे भवतां स्वरूपतः सावद्यया पूजयापि किम् ? जिनविरह-प्रयुक्तभावापद्विनिवारणे उचितो गुणो*ऽवद्योज्झितात्*=पापरहितात् सामायिकादेरपि सिद्ध्यति, तस्य पारिमार्थिक-विनयरूपत्वात्। **आह च** → *'पुष्पामिषस्तुतिप्रतिपत्तीनां यथोत्तरं प्रामाण्यमि'ति* । **उत्तरमाह**-'सत्यमि'ति-

---

**મહારાજે) જ્ઞાનસારમાં** બતાવી છે → *'યોગીઓમાટે વેદમાં કહ્યું હોવાથી મનઃશુદ્ધિ દ્વારા કર્મયજ્ઞ પણ બ્રહ્મયજ્ઞ બને છે - એવું ઇચ્છનારાઓ શ્યેનયજ્ઞને કેમ છોડે છે ?'* (બ્રહ્મયજ્ઞતરીકે કેમ સ્વીકારતા નથી ?) વળી જો એ યજ્ઞોનું પ્રયોજન માત્ર સત્ત્વશુદ્ધિ જ હોય, તો એ સત્ત્વશુદ્ધિ તો ગાયત્રીજાપવગેરે અહિંસક હેતુઓદ્વારા પણ શક્ય છે. આમ યજ્ઞીયહિંસા સત્ત્વશુદ્ધિના નામપર પણ અપવાદની મર્યાદાને પામી શકતી નથી. જ્યારે અમારે તો અન્ય વિકલ્પ ન હોવાથી અને આયવ્યયની તુલના હોવાથી દ્રવ્યસ્તવરૂપ અપવાદના આશ્રયમાં સત્ત્વશુદ્ધિ સંભવે જ છે. **॥ ૫૫ ॥**

પૂર્વપક્ષ પૂજાવગેરેની અનન્યગતિકતા(અન્યવિકલ્પની અભાવયુક્તતા) અંગે અન્યથાસિદ્ધિની શંકા કરે છે–

**કાવ્યાર્થ :-** 'આમ તો તમારે પૂજાથી સર્યું, કારણ કે નિર્દોષ(=પાપરહિત) સામાયિક વગેરેમાં પણ ભાવઆપત્તિનું નિવારણ કરવામાં સમર્થ-ઉચિત ગુણ રહેલો છે - તે સિદ્ધ છે. (પ્રતિમાલોપકના આ તર્કનો પ્રત્યુત્તર આપતા કહે છે) સત્ય, છતાં પણ દર્શન(સમ્યગ્દર્શન)ગુણની વૃદ્ધિમાટે જેઓ ધનવ્યય કરવાના અધિકારી છે, તેઓને આ પૂજા મોટા ઉપકારમાટે થાય છે અને સામાયિકથી ભિન્ન હોવાથી આ (પૂજારૂપ) હેતુ નિષ્ફળ નથી.

## ધનવ્યયના અધિકારીને પૂજા મહાલાભરૂપ

**પૂર્વપક્ષ :-** આમ તો, તમારા પક્ષે પણ સત્ત્વશુદ્ધિ અન્ય અહિંસક સાધનોથી શક્ય છે. તેથી સ્વરૂપહિંસક પૂજાથી સર્યું. જિનેશ્વરનો વિરહ ભાવઆપત્તિરૂપ છે. (નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ આ ચાર નિક્ષેપાથી આપત્તિનો વિચાર કરીએ, તો બાહ્ય ધનાદિના અભાવમાં જે આપત્તિ છે, તે દ્રવ્યઆપત્તિ છે અને જિન, કેવલી વગેરેનો વિરહ ભાવઆપત્તિરૂપ છે.) આ ભાવઆપત્તિનું નિવારણ પરમાત્માના ઉચિત વિનયથી શક્ય છે. (કારણ કે જિનની હાજરીથી જે સંપત્તિ છે - જે શુભભાવની પ્રાપ્તિ છે - તે પ્રાપ્તિ તેમની ગેરહાજરીમાં પણ તેમના વિનયથી શક્ય છે.) અને જિનેશ્વરનો આ ઉચિત વિનયગુણ પાપરહિત સામાયિક વગેરે સેવનથી પણ સિદ્ધ થઇ શકે છે. કારણ કે આ સામાયિક જ પારમાર્થિક વિનયરૂપ છે. કહ્યું છે કે → *'પુષ્પ, નૈવેદ્ય, સ્તુતિ અને આજ્ઞાનો સ્વીકાર આ ચાર ભગવાનની પૂજામાં ઉત્તરોત્તર વધુ પ્રમાણભૂત છે.'*

सत्य-मित्यर्द्धाङ्गीकारे, यो *दर्शनगुणोल्लासाय*=सम्यक्त्वगुणवृद्ध्यर्थं वित्तव्यये क्षेत्रे धनवापा *याधिकरोति*=अधिकार-भाग्भवति, त *स्येयं*=पूजा महते गुणाय भवति, अधिकारिविशेषेण कारणविशेषात्फलविशेषस्य न्याय्यत्वाद्, भूम्ना तत्प्रवृत्तेश्च। अत एव द्रव्यस्तवः श्राद्धानां हस्तिशरीरतुल्यो, भावस्तवश्च तेषां किञ्चित्कालीनसामायिकादिरूपस्त-दक्षितुल्य इति तत्र तत्र स्थितम्। तुल्यफलत्वेऽप्याह- 'हेत्वन्तरात् हेतुर्विफलो न'। तथा च, दानादीनां सामायिका-दीनां देवपूजायाश्च श्राद्धोचितफले **तृणारणिमणिन्यायेन** कारणत्वान्न दोषः। अत एव श्रमणमधिकृत्याप्युक्तं

**ઉત્તરપક્ષ :-** 'સત્યં' ('સત્યં' અવ્યય અર્ધસ્વીકારમાં છે - સામાયિક આદિથી જિનેશ્વરનો વિનય થાય અને આપદ્નું નિવારણ થાય તે માન્ય છે. પણ 'તેથી પૂજા નિરર્થક છે' તેમ માન્ય નથી - એવું તાત્પર્ય છે) પણ જેઓને સમ્યગ્દર્શનની શુદ્ધિ અને વૃદ્ધિ માટે યોગ્યક્ષેત્રમાં ધનવ્યય=ધનને વાવવાનો અધિકાર મળ્યો છે, તેઓને માટે ધનવ્યયનું શ્રેષ્ઠ ક્ષેત્ર રત્નપાત્રતુલ્ય પરમાત્મા જ છે. તેથી **પોતાના દ્રવ્યનો સદ્વ્યય કરી જે શ્રાવકો પૂજા કરે છે, તેમને તે પૂજા મોટા કલ્યાણ માટે થાય છે.** (કારણ કે આ પૂજા દ્વારા સ્વપરના બોધિનું નિમિત્ત બનવાનું થાય છે.)

(**શંકા :-** શું સમ્યગ્દર્શનની શુદ્ધિ અને વૃદ્ધિ સામાયિકથી શક્ય નથી ? **સમાધાન :-** શક્તિસંપન્ન શ્રાવક ઉચિતધનવ્યય ન કરે અને માત્ર સામાયિકનું જ શરણું લેવા બેસી જાય, તો (૧) ધન પ્રત્યેની તેની મૂર્ચ્છાને જરા પણ ધક્કો ન પહોંચે તેવું બની શકે. (૨) ધનની ત્રણ અવસ્થા દાન, ભોગ અને નાશ. એમાંથી જો દાનનો અંશ ઉડી જાય, ધર્મમાર્ગે સદ્વ્યય ન થાય, તો એની સંપત્તિ સંસારમાર્ગે વપરાઇ જાય (૩) ગૃહસ્થને દાન, શીલ, તપ અને ભાવ, આ ચાર ધર્મો છે. તેમાં પ્રથમ ધર્મનો લોપ થઇ જાય, દાન ઉદારતાનું સૂચક છે. અને ઉદારતા મુક્તિનું મંગલ દ્વાર છે. ગુણપ્રાપ્તિનું પ્રથમ પગથિયું છે. (૪) લોકોમાં તે શ્રાવકની અને ધર્મની નિંદા થાય. **શંકા :-** અમે ધનવ્યયનો નિષેધ નથી કરતા. ઉપાશ્રય આદિ સ્થાનોમાં વ્યય કરે તેનો વિરોધ નથી. **સમાધાન :-** આ બધા સ્થળે ધનવ્યય કરવામાં સ્વરૂપહિંસા શું નથી થતી ? **શંકા :-** થાય છે. પણ આશય શુદ્ધ છે. **સમાધાન :-** તો પછી પરમાત્માએ શું તમારો ગુનો કર્યો કે તેમના નામપર શુભાશયથી શ્રાવક ધનવ્યય કરે, તેમાં હિંસાની બુમ પાડો છો ? એમ નહિ કહેશો કે, 'સ્થાનકઆદિમાટેનો ધનવ્યય પણ સ્વરૂપસાવદ્ય હોવાથી ધર્મરૂપ નથી. પરંતુ તે અપરિહાર્ય અનિષ્ટરૂપ છે' કારણ કે આમ કહેવામાં દાનધર્મનો તો લોપ થાય છે જ, ઉપરાંત સાધુ વગેરેને ધર્મ આરાધનામાં સહાયક થવાનો જે ધર્મ છે, તે છુપાવવાથી મિથ્યાત્વનું સેવન પણ થાય છે. 'અહીં આરંભ અધર્મરૂપ છે અને સહાયનો શુભભાવ ધર્મરૂપ છે' એવી દલીલ પણ સાવ વાહિયાત છે, તે વાત આગળ **પાર્શ્વચંદ્રના** મિશ્રમતના ખંડન વખતે સ્પષ્ટ થશે. તેથી સમ્યગ્દર્શનની શુદ્ધિ-વૃદ્ધિ માટે પૂજાવગેરેમાં કરેલો સદ્વ્યય શ્રેષ્ઠ સાધન છે. સામાયિક આદિની અપેક્ષાએ પૂજાના ફળમાં જે વિશેષતા આવે છે, તેનું કારણ બતાવતા કહે છે.)

ગૃહસ્થરૂપ અધિકારીવિશેષ અને પરમાત્મારૂપ શ્રેષ્ઠપાત્રની પૂજારૂપ સાધનવિશેષને કારણે સમ્યગ્દર્શનની શુદ્ધિ-વૃદ્ધિરૂપ ફળમાં વિશેષતા આવે તે ન્યાયસંગત જ છે. તેથી જ શ્રાવકોની દ્રવ્યસ્તવમાં મોટા પાયે પ્રવૃત્તિ હોવાથી શ્રાવકોને દ્રવ્યસ્તવ હાથીતુલ્ય છે અને અમુક કાળની મર્યાદાવાળા સામાયિકઆદિરૂપ ભાવસ્તવ તેની આંખ તુલ્ય છે, એમ તે-તે શાસ્ત્રોમાં નિર્ણીત કરાયું છે. સમ્યગ્દર્શનની શુદ્ધિ-વૃદ્ધિ અંગે પૂજામાં ફળની વિશેષતા છે, એ મુદ્દાને આગળ કરીને આ વાત કરી. ('ભગવાને બતાવેલા આરાધનાના યોગોમાં તરતમભાવ બતાવવો યોગ્ય નથી' ઇત્યાદિ આશંકાના સંદર્ભમાં કહે છે.) જો સામાયિક અને પૂજા આ બંને સમાનફળવાળા હોય, તો પણ પૂજા સામાયિક આદિથી ભિન્ન હેતુ હોવાથી નિષ્ફળ નથી. જેમ ઘાસ, અરણિકાષ્ઠ અને મણિ આ ત્રણેમાંથી સમાનરૂપે અગ્નિ પ્રગટ થાય છે. છતાં એ ત્રણે કારણો પરસ્પર ભિન્ન હોવાથી એક કારણ બીજા કારણને અન્યથાસિદ્ધ ઠેરવી શકે નહિ. આ જ ન્યાયથી શ્રાવકના દાનાદિ ધર્મો, સામાયિક આદિ ધર્મો અને જિનપૂજા ઉચિતફળઅંગે સમાનતયા કારણો છે. તેમાં એકથી બીજાને અન્યથાસિદ્ધ(નકામો) ઠેરવી શકાય નહિ. (અહીં કોઇ પ્રશ્ન કરે, અહીં તમે પૂજા-સામાયિકાદિ સમાન ફળવાળા હોય તો પણ **તૃણારણિ...** ઇત્યાદિ ન્યાયથી એકથી બીજાને નકામો ઠેરવવાની ના પાડી. એ જ રીતે ગાયત્રીજાપથી સત્ત્વશુદ્ધિ સંભવે એમ પેલા યજ્ઞોથી પણ સત્ત્વશુદ્ધિ સંભવે. તમે ત્યાં ગાયત્રીજાપદ્વારા યજ્ઞોને કેમ નકામા ઠેરવ્યા ? તો જવાબ એ છે (૧) એવા યજ્ઞોથી સત્ત્વશુદ્ધિ

→ *'संवरनिर्जरारूपो बहुप्रकारस्तपोविधिः सूत्रे। रोगचिकित्साविधिरिव कस्यापि कथञ्चिदुपकारि'* ॥ [स्त्रीनिर्वाण-प्रक० २६] इति ॥ ५६ ॥ आरम्भशङ्कायामत्र दोषानाह–

**अन्यारम्भवतो जिनार्चनविधावारम्भशङ्काभृतो,**
**मोहः शासननिन्दनं च विलयो बोधेश्च दोषाः स्मृताः।**
**सङ्काशादिवदिष्यते गुणनिधिर्धर्मार्थमृद्ध्यर्जनम्,**
**शुद्धालम्बनपक्षपातनिरतः कुर्वन्नुपेत्यापि हि ॥ ५७ ॥**

(**दंडान्वयः**→ अन्यारम्भवतो जिनार्चनविधौ आरम्भशङ्काभृतो मोहः शासननिन्दनं च बोधेर्विलयश्च दोषाः स्मृताः। सङ्काशादिवद् धर्मार्थमृद्ध्यर्जनमुपेत्य कुर्वन्नपि हि शुद्धालम्बनपक्षपातनिरतो गुणविधिरिष्यते ॥)

'अन्यारम्भवत' इति। *अन्यारम्भः*=जिनगृहातिरिक्तारम्भः, तद्वतो, *जिनार्चनविधौ*=विहितजिनपूजाया-मारम्भशङ्कां बिभर्तीत्यारम्भशङ्काभृत्, तस्य *मोहः*=अनाभोगः स्वेष्टार्थभ्रंशात्। शासननिन्दनं च- कीदृश एतेषां शासने धर्मो ये स्वेष्टदैवतमपि शङ्कितकलुषिता नाराधयन्तीति। ततो बोधेर्विलयश्च, अनुचितप्रवृत्त्या शासन-मालिन्यापादनस्य तत्फलत्वात्। आह च → *'यः शासनस्य मालिन्येऽनाभोगेनापि वर्त्तते। बध्नाति स तु मिथ्यात्वं महानर्थनिबन्धनम्'* ॥ इति [द्वात्रिं० द्वात्रिं० ६/३०]। एते दोषाः स्मृताः। **ननु** एवमन्यारम्भप्रवृत्तः पूजार्थमारम्भे

---

સંભવતી નથી એ શ્યેનયાગના દૃષ્ટાંતથી સિદ્ધ કર્યું. (૨) એ યજ્ઞો મૂળભૂતરૂપે સત્ત્વશુદ્ધિમાટે નથી. તે-તે બીજા આશયોમાટે છે. તો બીજા આશયોમાટે બતાવેલા હિંસક યજ્ઞો એ ફળના આશયના ત્યાગપૂર્વક સત્ત્વશુદ્ધિમાટે કરવા એના કરતાં તો એ નહીં કરીને નિર્દોષ ગાયત્રીજાપ જ યોગ્ય ગણાય. જ્યારે શ્રાવક તો પૂજામાટે અધિકારી છે ને પૂજા જે આશયથી કરવાની છે, એ જ આશયથી કરવા માંગે છે, તો ભાવાપત્તિનિવારણ હેતુથી થતી પૂજાને સામાયિકદ્વારા અન્યથાસિદ્ધ ન કરી શકાય એ કહેવું વાજબી જ છે.) આ જ ન્યાય શ્રમણસંઘને આશ્રયીને પણ બતાવ્યો છે – *'સૂત્રમાં સંવરનિર્જરારૂપ અનેક પ્રકારની તપવિધિ બતાવી છે. રોગની ચિકિત્સાવિધિની જેમ તે કોઇકને કોઇક પ્રકારે ઉપકારી થાય છે.'* (અર્થાત્ એકને અમુક તપ હિતકારી થાય, અન્યને અન્ય તપ.) **॥ ૫૬ ॥**

## પૂજામાં આરંભની શંકામાં દોષો

બધા જીવોને હિતકર પૂજામાં આરંભની શંકા કરવામાં આવતા દોષો બતાવે છે—

**કાવ્યાર્થ :-** અન્યત્ર આરંભ કરતો પણ જિનપૂજામાં જ આરંભની શંકા કરનારો (૧) અવિવેક (૨) શાસનની નિંદા અને (૩) બોધિનાશ – આ ત્રણ મોટા દોષોથી ઘેરાય છે. સંકાશશ્રાવક આદિની જેમ શુદ્ધ આલંબનના પક્ષપાતમાં રત વ્યક્તિ ધર્મમાટે જાણીને પણ ધનનું ઉપાર્જન કરે, તો પણ ગુણવાન તરીકે અભિમત છે.

જિનગૃહથી ભિન્ન(=સાંસારિક)કાર્યોમાં આરંભ કરતી વ્યક્તિ શાસ્ત્રવિહિત જિનપૂજામાં આરંભની શંકા કરી જિનપૂજા નહિ કરે, તો (૧) પોતાના મહાન લાભથી ભ્રષ્ટ થતો હોવાથી પોતાનો અવિવેક પ્રગટ કરે છે. (૨) બીજા લોકો ટીકા કરે કે 'આ લોકોના શાસનમાં ધર્મ કેવો છે કે જેથી આ લોકો શંકાથી કલુષિત થઇ પોતાના અભીષ્ટ દેવતાને પણ પૂજતા નથી ?' આ પ્રમાણે બીજાઓથી કરાતી શાસનનિંદામાં નિમિત્ત બનવાનું પાપ વહોરે છે અને (૩) પોતાની અનુચિતપ્રવૃત્તિદ્વારા શાસનની હીલના કરવાના ફળરૂપે પોતાના સમ્યગ્દર્શનને હણી નાખે છે. કહ્યું જ છે કે → *'જે અનાભોગથી પણ શાસનના માલિન્યમાં પ્રવૃત્ત થાય છે, તે મહાઅનર્થમાં કારણભૂત મિથ્યાત્વ બાંધે છે.'* જિનપૂજામાં આરંભની શંકા કરનારાને આટલા દોષો ચોંટે છે.

प्रवर्त्ततामित्यागतम्। तथा च → *'धर्मार्थं यस्य वित्तेहा तस्यानीहा गरीयसी। प्रक्षालनाद्धि पङ्कस्य दूरादस्पर्शनं वरम्'॥* [अष्टक ४/६] इत्यनेन विरोध इति चेत् ? **न**, सर्वविरतापेक्षयास्य श्लोकस्याधीतत्वेनाविरोधात्। गृहस्थापेक्षया तु सावद्यप्रवृत्तिविशेषस्य कूपदृष्टान्तेनानुज्ञातत्वान्न केवलं तस्य पूजाङ्गीभूतपुष्पावचयाद्यारम्भे प्रवृत्तिरिष्टा, अपि तु वाणिज्यादिसावद्यप्रवृत्तिरपि काचित्कस्यचिद्विषयविशेषपक्षपातरूपत्वेन पापक्षयगुणबीज-लाभहेतुत्वात्। तदिदमाह- *सङ्काशादिवत्*=**सङ्काशश्रावकादिरिव** धर्मार्थ*मृद्ध्यर्जनं*=वित्तोपार्जन*मुपेत्यापि*=अङ्गीकृत्यापि *हि*=निश्चितं कुर्वन् शुद्धालम्बने यः पक्षपातस्तत्र निरत इति हेतो*र्गुणनिधिः*=गुणनिधानमिष्यते॥

**सङ्काशश्रावको** हि प्रमादाद्भक्षितचैत्यद्रव्यो निबद्धलाभान्तरायादिक्लिष्टकर्मा चिरं पर्यटितदुरन्तसंसार-कान्तारोऽनन्तकालाल्लब्धमनुष्यभवो दुर्गतनरशिरःशेखररूपः पारगतसमीपोपलब्धस्वकीयपूर्वभववृत्तान्तः पारगतोपदेशतो दुर्गतत्वादिनिबन्धनकर्मक्षपणाय 'यदहमुपार्जयिष्यामि द्रव्यं तद् ग्रासाच्छादनवर्जं सर्वं जिनायत-नादिषु नियोक्ष्ये' इत्यभिग्रहवान् तथा प्रवर्तते स्म कालेन च निर्वाणमवाप्तवानिति। **अथै**तदित्थं सङ्काशस्यैव

## ધર્માર્થ આરંભનો નિષેધ સર્વવિરતને અપેક્ષીને

**પૂર્વપક્ષ :-** આ પ્રમાણે તો 'અન્ય આરંભમાં પ્રવૃત્ત થયેલાએ પૂજામાટે આરંભ કરવો એમ સિદ્ધ થાય છે. પણ તેમ સ્વીકારવામાં **હારિભદ્રાષ્ટકના** *'ધર્મ ખાતર જે ધનને ઇચ્છે, તેને ઇચ્છા ન કરવી જ બહેતર છે; કાદવથી ખરડાયેલા શરીરનું પ્રક્ષાલન કરવા કરતાં કાદવથી દૂર રહેવું જ વધુ યોગ્ય છે.'* એવા વચનની સાથે વિરોધ આવશે, કારણ કે આ વચન ધર્મ માટે ધનઅર્જન આદિ આરંભનો નિષેધ કરે છે.

**ઉત્તરપક્ષ :-** એમ નથી. **અષ્ટકનું** તમે બતાવેલું ઉપરોક્ત વચન સર્વઆરંભથી નિવૃત્ત થયેલા સાધુની અપેક્ષાએ કહેવાયું છે. 'સર્વસાવદ્યના ત્યાગીએ ધર્મના નામે સાવદ્યને સેવવા કરતાં સર્વથા નિરવદ્ય અવસ્થામાં રહેવું જ વધુ ઉચિત છે' એવો આ શ્લોકનો આશય છે. તેથી આ શ્લોક અન્ય સાવદ્યપ્રવૃત્તિમાં પડેલા ગૃહસ્થને લાગુ ન પડે. ગૃહસ્થને તો કુવાના દૃષ્ટાંતથી સાવદ્યવિશેષમાં પ્રવૃત્તિની અનુજ્ઞા આપેલી જ છે. તેથી જ ગૃહસ્થની પૂજાના અંગભૂત પુષ્પોને ભેગા કરવાઆદિરૂપ આરંભમાં પ્રવૃત્તિ તો સંમત છે જ, પણ વેપારઆદિ સાવદ્યપ્રવૃત્તિ પણ સંમત છે, કારણ કે કોઇક વ્યક્તિવિશેષની એવી કોઇક સાવદ્યપ્રવૃત્તિ વિષયવિશેષના પક્ષપાતરૂપે હોવાથી પાપના ક્ષયમાં અને ગુણના બીજના લાભમાં હેતુ બનતી હોય છે. તેથી જ કહ્યું કે '**સંકાશ શ્રાવકની** જેમ ધર્મ માટે ધનોપાર્જનની પ્રવૃત્તિ અંગીકાર કરનારો પણ શુદ્ધાલંબનના પક્ષપાતમાં રત હોવાથી ગુણવાન તરીકે જ સંમત છે.'

## સંકાશ શ્રાવકનું દૃષ્ટાંત

**સંકાશ શ્રાવકે** પ્રમાદથી દેવદ્રવ્યનું ભક્ષણ કર્યું. આ પ્રમાદથી તેણે લાભાંતરાયવગેરે ક્લિષ્ટ કર્મો બાંધ્યા. **'ઉત્કૃષ્ટપાત્રની આરાધનાથી ઉત્કૃષ્ટ લાભ અને વિરાધનાથી ઉત્કૃષ્ટ નુકસાન'** આ ન્યાયે પોતાની આ ભૂલ બદલ **સંકાશે** ત્રાસદાયક સંસારસાગરમાં અનંતકાળસુધી ભ્રમણ કર્યું. ત્યાર બાદ મનુષ્યભવ પ્રાપ્ત કર્યો. પણ કાતિલ કર્મે છાલ ન છોડી. એને દુર્ભગશિરોમણિ બનાવ્યો. પણ અકામનિર્જરાથી કર્મનો પાવર કંઇક મંદ પડ્યો હતો. તેથી **પારગત**(=કેવળી ? કે કોઇક કેવળીનું નામવિશેષ)નો સમાગમ થયો, તેમની પાસેથી પોતાની ભૂલ અને પરિણામે પૂર્વભવોમાં થયેલા હાલહવાલનો ચિતાર પ્રાપ્ત થયો. કાળજું કંપી ગયું. પ્રમાદનું પરિણામ દિલ થડકાવી ગયું. દેવદ્રવ્યના ભક્ષણ, અરક્ષણ અને દુરુપયોગના દારુણ વિપાકોનો પોતાને થઇ ગયેલો અનુભવ નજરમાં આવ્યો. ભૂતકાલની ભૂલના પરિણામને નજરસમક્ષ રાખી વર્તમાન અને ભવિષ્યને સુધારવા મથે – તે સુજ્ઞ. **સંકાશ** પણ સુજ્ઞ હતો.

युक्तं, तथैव तत्कर्मक्षयोपपत्तेर्न पुनरन्यस्येत्यादिग्रहणमफलमन्यथा *'शुद्धागमैर्यथालाभ'*[①] [अष्टक ३/२ पा॰१] मित्याद्यभिधानानुपपत्तेरिति चेत् ? **न,** व्युत्पन्नाव्युत्पन्नाशयविशेषभेदेनान्यस्याप्यादिना ग्रहणौचित्यात्, अन्यथा *'सुव्वइ दुग्गइनारी'*[②] [पञ्चाशक ४/४९ पा॰ १] इत्यादिवचनव्याघातापत्तेः, न हि तया यथालाभं न्यायोपात्तवित्तेन वा तानि गृहीतानि। तथा चैत्यसम्बन्धितया ग्रामादिप्रतिपादनानुपपत्तेश्च। दृश्यते च तत्प्रतिपादनं **कल्पभाष्यादौ** → *'चोएइ चेइयाणं रूप्पसुवण्णाइ गामगावाइं। लग्गंतस्स हु मुणिणो तिगरणसुद्धी कहं णु भवे'॥ १॥* *'भण्णइ*

---

પોતાનું દૌર્ભાગ્ય દૂર કરવા પ્રતિજ્ઞા કરી 'હું જેટલું ધન કમાઉં, તેમાંથી આહાર-વસ્ત્રાદિ આવશ્યક ખર્ચ બાદ કરી બાકીનું તમામ ધન જિનાલયઆદિમાં વાપરીશ.' આ પ્રતિજ્ઞાના બળે અને ભાવનાના ઔષધે દૌર્ભાગ્યકર્મ મંદ પડ્યું. અને ખરેખર ! વેપારઆદિ પ્રવૃત્તિથી પ્રાપ્ત થયેલું ધન જિનાલયાદિમાં વાપરી ક્રમશઃ પ્રગતિ સાધી નિર્વાણપદ પ્રાપ્ત કર્યું. આમ ધર્મહેતુક વ્યાપારાદિ સાવદ્યનું સેવન કરવા છતાં તેનું કલ્યાણ થઇ ગયું.

**પૂર્વપક્ષ :- સંકાશ શ્રાવકે** દેવદ્રવ્યના ભક્ષણથી કર્મ ઉપાર્જ્યું, તેથી તે કર્મના ક્ષયમાટે દેવદ્રવ્યમાં સદ્વ્યય આવશ્યક હતો. આમ તેના તે કર્મનો ક્ષય આ રીતે વેપારઆદિથી પ્રાપ્ત થયેલા ધનનો દેવદ્રવ્યમાં વ્યય કરવાથી જ શક્ય હતો. તેથી તે એ પ્રમાણે કરે તે સમજ્યા, પણ તેના દૃષ્ટાંતથી બીજાઓને કંઇ જિનપૂજાદિના નામે સાવદ્યમાં પ્રવૃત્તિ કરવાની છૂટ મળતી નથી. જો બધાને જ સાવદ્યમાં પ્રવૃત્તિનો અધિકાર મળતો હોત, તો **(હારિભદ્રઅષ્ટકમાં)** *'શુદ્ધાગમૈર્યથાલાભમ્'* ઇત્યાદિ કહેવાની આવશ્યકતા ઊભી ન થાત. આ વચન જ દર્શાવે છે કે, શુદ્ધઆગમ-જેની પ્રાપ્તિ શુદ્ધ છે(=ત્રોટનવગેરે સાવદ્યથી રહિત છે) તેવા અને તેથી જ લાભને અનુરૂપ પુષ્પાદિથી જિનપૂજા કરવી... આ વચનથી પુષ્પોને ચૂંટવાનો અને દેવસંબંધી(=ચૈત્યસંબંધી) બગીચાનો નિષેધ જ સૂચિત થાય છે. આમ પૂજાના અંગભૂત પુષ્પાદિઅંગે પણ જ્યાં આરંભનો નિષેધ છે, ત્યાં બીજા આરંભોનો તો અવકાશ જ ક્યાં છે ? તેથી **સંકાશ શ્રાવકનું** દૃષ્ટાંત અન્યત્ર લાગુ પડતું નથી. 'સંકાશાદિ' શબ્દમાં 'આદિ' પદનું ગ્રહણ નિરર્થક છે.

**ઉત્તરપક્ષ :-** વ્યુત્પન્ન(=પરિણત) અને અવ્યુત્પન્ન(=અપરિણત) જીવોના આશયવિશેષોમાં ભેદ સંભવે છે. (અથવા, કેવલીના સંપર્કથી પોતાના પૂર્વભવીય દોષને જાણી એ દૂર કરવા **સંકાશે** સંકલ્પ કર્યો. આ વ્યુત્પન્ન(=ઘડાયેલો) આશય થયો. એ દૃષ્ટાંતથી બીજાઓ પણ પોતાના દૌર્ભાગ્યાદિમાં તેવા કારણોનું અનુમાન કરી, તે દૂર કરવા આ રીતે સંકલ્પાદિ કરી તે મુજબ પ્રવૃત્તિ કરે, તે અનુચિત નથી. આ બીજાઓ અવ્યુત્પન્ન આશયવાળા હોવા છતાં તેઓના પણ આવા સંકલ્પ-પ્રવૃત્તિઓ ઉચિત જ છે, તે બતાવવા જ કાવ્યમાં સંકાશાદિપદમાં આદિપદથી સંકાશ સિવાયના બીજાઓનું પણ ગ્રહણ કર્યું છે.) તેથી સંકાશતુલ્ય બીજાઓનો સમાવેશ કરવાદ્વારા 'આદિ'પદ સુસંગત બને છે. અન્યથા જો આમ બીજાઓ માટે દ્રવ્યસ્તવમાટે સાવદ્યમાં પ્રવૃત્તિ અનુચિત જ હોય, તો *'સુવ્વઇ દુગ્ગઇ નારી'* ઇત્યાદિવચનને વ્યાઘાત આવે. આ સ્થળે 'ન્યાયથી પ્રાપ્ત નહિ થયેલા કે લાભને અનુરૂપ નહિ એવા પુષ્પોથી **પ્રભુ મહાવીર સ્વામીની** પૂજાના પ્રણિધાનમાત્રથી **દુર્ગતનારીએ** દેવલોકને પ્રાપ્ત કર્યો' એવું વિધાન છે. તમારે હિસાબે, તો આ સાવદ્ય પ્રવૃત્તિથી પૂજા કરવામાં શુભભાવ આવે જ નહિ... તેથી સદ્ગતિ સંભવે જ નહિ. જ્યારે અહીં તો તેવી પ્રવૃત્તિમાં પણ પૂજાના શુભભાવથી સદ્ગતિ સૂચવી છે. આમ નિર્મળ શુભાશયથી અને ભક્તિભાવથી અન્ય સાવદ્યનું સેવન પણ ગૃહસ્થને દોષરૂપ નથી. વળી દેરાસરસંબંધી ગામ આદિનું **કલ્પભાષ્ય**વગેરેમાં ઉપલબ્ધ થતું વિધાન પણ તમારી બગીચાનિષેધવગેરેની કલ્પનાના સ્વીકારમાં અસંગત ઠરે. ઉપલબ્ધ થતા વચનો આ પ્રમાણે છે →

---

① **शुद्धागमैर्यथालाभं प्रत्यग्रैः शुचिभाजनैः। स्तोकैर्वा बहुभिर्वापि पुष्पैर्जात्यादिसम्भवैः॥ इति पूर्णश्लोकः॥**

② **सुव्वइ दुग्गइनारी जगगुरूणो सिंदुवारकुसुमेहिं। पूआपणिहाणेणं उववन्ना तियसलोअंमि॥ इति पूर्णश्लोकः॥**

*एत्थ विभासा, जो एयाइं सयं विमग्गिज्जा। न हु तस्स हुज्ज सुद्धी, अह कोइ हरेज्ज एयाइं'॥ २॥ 'सव्वत्थामेणं तहिं संघेणं होइ लगियव्वं तु । सचरित्तचरित्तीणं एयं सव्वेसिं कज्जं तु'॥ ३॥* शुद्धागमैर्यथालाभमित्यादि तु न स्वयं पुष्पत्रोटननिषेधपरं किन्तु पूजाकालोपस्थिते मालिके दर्शनप्रभावनाहेतोर्वणिक्कला न प्रयोक्तव्येत्यस्यार्थस्य ख्यापनपरमित्यदोष इति ॥ ५७ ॥ **नन्वेवं** मलिनारम्भो नाधिकारिविशेषणं किन्तु सदारम्भेच्छैवेति यतेरप्यधिकारः स्यादत आह–

**यः श्राद्धोऽपि यतिक्रियारतमतिः सावद्यसङ्क्षेपकृत्,**
**भीरुः स्थावरमर्दनाच्च यतनायुक्तः प्रकृत्यैव च ।**
**तस्यात्रानधिकारितां वयमपि ब्रूमो वरं दूरतः,**
**पङ्कास्पर्शनमेव तत्कृतमलप्रक्षालनापेक्षया ॥ ५८ ॥**

(**दंडान्वयः**→ यः श्राद्धोऽपि यतिक्रियारतमतिः सावद्यसङ्क्षेपकृत् स्थावरमर्दनाच्च भीरुः, प्रकृत्यैव च यतनायुक्तस्तस्य वयमप्यत्रानधिकारितां ब्रूमः (यतः) तत्कृतमलप्रक्षालनापेक्षया दूरतः पङ्कास्पर्शनमेव वरम् ॥)

'यः श्राद्धोऽपि'इत्यादि। यः श्राद्धोऽपि यतिक्रियायां *रता*=कर्त्तव्यत्वेनोत्सुका मतिर्यस्य स तथा, सावद्य-

---

***શંકા :-** ચૈત્યઅર્થે ચાંદી-સુવર્ણવગેરે તથા ગામ, ગાયવગેરેઅંગે લાગેલા મુનિને ત્રિકરણ શુદ્ધિ શી રીતે સંભવે ? (કારણ કે આ કાર્ય સાવદ્ય છે.) ॥૧॥ **સમાધાન :-** અહીં વિકલ્પ(=સ્યાદ્વાદ) છે. જે (સાધુ) સ્વયં આની(સોનાવગેરેની) પાછળ લાગે છે, તેને શુદ્ધિ નથી જ. પરંતુ (ચૈત્યસંબંધી) આ બધાની(સોનાવગેરેની) કોઇ ચોરી કરે ॥ ૨॥ ત્યારે સકળ સંઘે પોતાની બધી શક્તિથી તેની શોધમાં લાગવું જોઇએ. ચારિત્રી અને અચારિત્રી દરેકનું આ કર્તવ્ય છે. ॥૩॥*

'*શુદ્ધાગમૈર્યથાલાભમ્*' આ વચન કંઇ સ્વયં પુષ્પ ચૂંટવાની ક્રિયાનું નિષેધક નથી, પરંતુ 'પૂજાકાળે હાજર થયેલા માળી આગળ વણિક્કળાનો પ્રયોગ ન કરવો, પણ સમ્યગ્દર્શનની પ્રભાવના અર્થે ઉદારતા દાખવવી' એ અર્થનું સૂચક છે. તેથી એ વચનથી પણ કોઇ દોષ નથી. (આ ચર્ચા **બીજા અષ્ટકની ટીકામાં** છે.) **॥ ૫૭॥**

## સાવદ્યભીરુ શ્રાવક પૂજાનો અનધિકારી

**પૂર્વપક્ષ :-** આ પ્રમાણે જોતા તો એમ લાગે છે કે, પૂજાના અધિકારીના વિશેષણ તરીકે 'મલિનારંભ' કરતાં 'સદ્આરંભની ઇચ્છા' જ વધુ યોગ્ય છે. અર્થાત્ 'જે મલિનારંભવાળો છે, તે પૂજાનો અધિકારી એમ નહિ; પણ જે સદ્આરંભની ઇચ્છાવાળો હોય, તે પૂજાનો અધિકારી.' એવું કહેવું બરાબર છે. અને સાધુ પણ સદારંભની ઇચ્છાવાળા હોઇ શકે છે, તેથી સાધુનો પણ પૂજા અંગે અધિકાર હોવો જોઇએ.

પૂર્વપક્ષની આ દલીલ અંગે કવિ કહે છે—

**કાવ્યાર્થ :-** 'જે શ્રાવક પણ (૧) સાધુક્રિયામાં ઉત્સુક છે (૨) સાવદ્યક્રિયાનો સંક્ષેપ કરે છે (૩) સ્થાવર-જીવોની હિંસાથી ડરેલો છે તથા (૪) સ્વભાવથી જ જયણાયુક્ત છે; તે શ્રાવક પણ પ્રસ્તુતમાં(=પૂજાઅંગે) અધિકારી નથી, કારણ કે કાદવે લગાડેલા મળને ધોવા કરતા કાદવથી દૂર રહેવામાં જ સાર છે.' એમ અમે પણ કહીએ છીએ.

જે શ્રાવક (૧) સાધુક્રિયાને જ અત્યંત કર્ત્તવ્યતરીકે સ્વીકારી તે પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળો હોય, (૨) સર્વસાવદ્યયોગોનું વર્જન કરવા સાવદ્યક્રિયાઓને ઘટાડતો જતો હોય, તથા (૩) પૃથ્વીવગેરે એકેન્દ્રિયજીવોની હિંસાથી પણ કંપ પામતો હોય, તથા (૪) સ્વભાવથી જ જયણાયુક્ત હોય, તે શ્રાવક પૂજાનો અધિકારી તરીકે અમને સંમત

*सङ्क्षेपकृत्*=सर्वसावद्यवर्जनार्थं (उद्यतः। स्थावरमर्दनाच्च[①]=) *स्थावराणां*=पृथिव्यादीनां मर्दनाद्भीरुः। *प्रकृत्यैव*=स्वभावेनैव च यतनायुक्तः, त *स्यात्र*=पूजायामनधिकारितां (=महते गुणाय न भवतीति) वयमपि ब्रूमः। मलिनारम्भस्य नाशनीयस्याभावादनारम्भफलस्य च चारित्रेच्छायोगत एवोपपत्तेः। तत्कृतः पङ्कस्पर्शकृतो यो मलस्तस्य प्रक्षालनापेक्षया हि दूरतः पङ्कास्पर्शनमेव वरम्। तस्मात्सदारम्भेच्छा, मलिनारम्भश्चेत्युभयमेवाधिकारिविशेषणं श्रद्धेयमित्यर्थः। उक्तं च **द्वितीयाष्टकवृत्तौ** → *गृहिणोऽपि प्रकृत्या पृथिव्याद्युपमर्दनभीरोर्यतनावतः सावद्यसंक्षेपरुचेर्यतिक्रियानुरागिणो न धर्मार्थं सावद्यारम्भप्रवृत्तिर्युक्तेति।* [गा॰ ५ टी॰] **हन्तैवं** यतिक्रियाभ्यासेन श्रमणोपासकत्वमिदानीन्तनानां कुमतीनामनुमतं स्यात्, **न** स्यात्, तस्य स्वमतिविकल्पितत्वेनाबहुमतत्वात्। निरपेक्षस्य संयतस्यैव भवितुमुचितत्वात्। तदाह → *'णिरविक्खस्स उ जुत्तो संपुन्नो संजमो चेव[②]' त्ति।* [पञ्चाशक ४/७ उत्त॰] द्रव्यस्तवभावस्तवोभयभ्रष्टस्य च दुर्लभबोधित्वात्; तदुक्तं **धर्मदासगणिक्षमाश्रमणैः** → *'जो पुण णिरच्चणो च्चिअ, सरीरसुहकज्जमित्ततल्लिच्छो। तस्स न य बोहिलाभो, न सुग्गई नेय परलोगो'* ॥ [उपदेशमाला ४९३] त्ति। **कस्तर्हि** सावद्यसङ्क्षेपाच्छ्राद्धः प्राचीनैरत्रानधिकार्युक्तः ? इति चेत् ? **सचित्त**ारम्भादिवर्जनपरोपरितनप्रतिमा-

નથી, કારણ કે પૂજાથી તેને વિશેષ લાભ નથી, કારણ કે જે મલિનારંભથી છૂટવા પૂજા કરવાની છે, તે મલિનારંભ તો તે શ્રાવકને છે જ નહિ. (**શંકા :-** પૂજા જેમ મલિનારંભના ત્યાગ માટે છે, તેમ અનારંભ=ચારિત્રની પ્રાપ્તિ અર્થે પણ છે જ. તેથી મલિનારંભના અભાવમાં પણ ચારિત્રરૂપ અનારંભની પ્રાપ્તિમાટે તો તે શ્રાવકે પૂજા કરવી જ પડશે ને! **સમાધાન :-**) માત્ર અનારંભરૂપ ફળમાટે પૂજા આવશ્યક નથી, કારણ કે ચારિત્રની પ્રબળ ઇચ્છાના યોગથી જ તે અનારંભફળ પ્રાપ્ત થઇ જશે. તેથી જ પ્રસ્તુતસ્થળે **'કાદવનો મળ ધોવા કરતાં કાદવથી દૂર રહેવું સારું'** એ ન્યાય લાગુ પડે છે. આમ માત્ર સદારંભની ઇચ્છા કે મલિનારંભ પૂજાના અધિકારમાં કારણભૂત વિશેષણ નથી - પરંતુ ઉભય છે. અર્થાત્ **સદ્આરંભની ઇચ્છાવાળો મલિનારંભી પૂજાનો અધિકારી છે** એ નિષ્કર્ષ છે. **બીજા અષ્ટક(હારિભદ્ર)ની ટીકામાં** કહ્યું છે કે → *'(૧) સ્વભાવથી જ પૃથ્વીવગેરે જીવોની હિંસાથી ડર (૨) જયણા (૩) સાવદ્યના સંક્ષેપની રુચિ, અને (૪) સાધુની ક્રિયામાં અનુરાગ આ ચાર ગુણસંપન્ન ગૃહસ્થની પણ ધર્મમાટે સાવદ્યઆરંભવાળી પ્રવૃત્તિ યોગ્ય નથી.'*

**શંકા :-** આમ કહીને તમે હાલના કેટલાક તુચ્છબુદ્ધિવાળાઓના 'જેઓ સાધુની ક્રિયાનો અભ્યાસ કરતા હોય - અર્થાત્ પૂજાદિ સાવદ્યમાં પ્રવૃત્તિ ન કરતા હોય - તેઓ જ શ્રમણોપાસક=શ્રાવક છે' એવા મતને અનુમતિ આપી રહ્યા છો.

**સમાધાન :-** આ સ્વકલ્પનાના ઘોડાઓથી ફાવતા મત સ્થાપનારાઓને અમારો ક્યારેય ટેકો નથી. અમને આ મત જરા પણ બહુમાન્ય નથી, કારણ કે 'જે વ્યક્તિ ગૃહસ્થને ઉચિત પૂજાદિ સ્વરૂપસાવદ્યધર્મથી નિરપેક્ષ છે, એ વ્યક્તિએ તો સાધુ જ થઇ જવું જોઇએ.' એવો અમારો સિદ્ધાંત છે. કહ્યું જ છે કે → *'જે (ગૃહસ્થધર્મથી) નિરપેક્ષ છે, તેને માટે તો સંપૂર્ણ સંયમ જ યોગ્ય છે.'* જે ગૃહસ્થ હોવાથી ભાવસ્તવ પામ્યો નથી અને સ્વયોગ્ય દ્રવ્યસ્તવને સાવદ્યાદિ કારણસર સેવતો નથી, તે દુર્લભબોધિ છે; કારણ કે તે ત્રિશંકુવત્ ઉભયભ્રષ્ટ છે. **શ્રી ધર્મદાસગણિ ક્ષમાશ્રમણે** કહ્યું જ છે → *'જે દ્રવ્યભાવઅર્ચન(=સાધુક્રિયા અને જિનપૂજા)થી રહિત પરંતુ શરીરસુખના કાર્યોમાં ગાઢલંપટ છે, (પરભવમાં) તેને બોધિનો લાભ થતો નથી. તથા તેને સુગતિ=મોક્ષ કે પરલોક=સુદેવવગેરેપણું પ્રાપ્ત થતું નથી.'*

---

① अयं पाठः न क्वापि दृष्टस्तथापि गलिताशङ्कया कल्पितो दत्तः।

② णिरविक्खस्स उ जुत्तो संपुन्नो संजमो चेव। वित्तीवोच्छेयम्मि य गिहिणो सीयंति सव्वकिरियाओ॥ इति पूर्णश्लोकः॥

प्रतिपत्त्यनन्तरं यावज्जीवं तथाभिग्रहपरः। *'एवं चिय जं चित्तो सावगधम्मो बहुप्पगारो'* इत्यादिवचनादित्येव हि। इच्छया तु धर्मसङ्करे क्रियमाणे न किञ्चित्फलमित्युक्तमेव ॥ ५८ ॥ **सिंहावलोकितेन** हिंसांशमतिमेव द्रव्यस्तवे निरस्यति–

**धर्मार्थं सृजतां क्रियां बहुविधां हिंसा न धर्मार्थिका,**
**हिंसांशे न यतः सदाशयभृतां वाञ्छा क्रियांशे परम्।**
**न द्रव्याश्रवतश्च बाधनमपि स्वाध्यात्मभावोन्नते-**
**रारम्भादिकमिष्यते हि समये योगस्थितिव्यापकम् ॥ ५९ ॥**

(**दंडान्वयः**→ धर्मार्थं बहुविधां क्रियां सृजतां हिंसा न धर्मार्थिका। यतः सदाशयभृतां न हिंसांशे वाञ्छा परं क्रियांशे। स्वाध्यात्मभावोन्नतेः द्रव्याश्रवतः बाधनमपि च न। हि समये आरम्भादिकं योगस्थितिव्यापक-मिष्यते ॥)

'धर्मार्थम्' इति। धर्मार्थं *बहुविधां*=बहुप्रकारां क्रियां पूजादिरूपां सृजतां *धर्मार्थिका*=धर्मार्था हिंसा न, यतः *सदाशयभृतां*=शुभभाववतां हिंसांशे वाञ्छा न, *परं*=केवलं क्रियांशे वाञ्छा। तथा चानुबन्धहिंसानिरासः। सदाशयश्च यतनोपबृंहितो ग्राह्य इति हेतुहिंसापि निरस्तैव। तथा च स्वरूपहिंसैवास्ति। तत्राह- द्रव्याश्रवतश्च

---

**શંકા :-** તો પછી પૂર્વાચાર્યોએ સાવદ્યમાં સંક્ષેપ કરનારા કયા શ્રાવકને પૂજામાં અનધિકારી બતાવ્યો છે ?

**સમાધાન :-** પૂર્વાચાર્યોએ જે શ્રાવકને પૂજાનો અનધિકારી કહ્યો છે, તે શ્રાવક તરીકે બધા શ્રાવક સમજવાના નથી. પરંતુ જે શ્રાવક સચિત્તઆદિના અને આરંભઆદિના ત્યાગમાં તત્પર છે, તથા શ્રાવકની ઉપરિતનપ્રતિમા (=અગ્યારમી)ના સ્વીકાર પછી યાવજ્જીવમાટે તેવા પ્રકારના અભિગ્રહવાળો છે, તે શ્રાવક જ જિનપૂજાદિમાં અનધિકારી તરીકે સંમત છે.

**શંકા :-** શ્રાવક તરીકે સમાન હોવા છતાં એકને અધિકારી અને બીજાને અનધિકારી કહેવા શું યોગ્ય છે ?

**સમાધાન :-** *'શ્રાવકધર્મ અનેક પ્રકારવાળો છે'* આવું વચન હોવાથી શ્રાવકધર્મમાં રહેલાઓમાં પણ અધિકાર અને અનધિકારનો ભેદ પડે તે દોષયુક્ત નથી. પરંતુ આ અધિકાર-અનધિકારની પૂર્વોક્ત નિશ્ચિત શાસ્ત્રીય મર્યાદા છે. પણ પોતાની કલ્પના અને ઇચ્છાથી એકના ધર્મને બીજાના ધર્મતરીકે સ્વીકારી ધર્મસંકર કરવામાં તો કશો લાભ નથી, એ વાત પૂર્વે કરી જ છે. **॥ ૫૮ ॥**

**સિંહાવલોકિતન્યાયથી** દ્રવ્યસ્તવમાં હિંસાના અંશની બુદ્ધિનું ખંડન કરે છે—

**કાવ્યાર્થ :-** ધર્મમાટે અનેકપ્રકારની ક્રિયા કરનારાને ધર્માર્થિકા હિંસા(નો દોષ) નથી; કારણ કે શુભાશયવાળા તેઓને હિંસાના અંશે ઇચ્છા નથી, પરંતુ ક્રિયાના અંશે છે. તથા સ્વાધ્યાત્મભાવની ઉન્નતિ હોવાથી દ્રવ્યાશ્રવથી બાધ પણ નથી; કારણ કે સિદ્ધાંતમાં આરંભવગેરે યોગસ્થિતિના વ્યાપક તરીકે ઇષ્ટ છે.

## અધ્યાત્મભાવથી દ્રવ્યાશ્રવ નિર્બાધક

ધર્મમાટે શુભાશયથી પૂજાવગેરે પ્રવૃત્તિ કરનારાને ક્રિયાઅંશ જ ઇષ્ટ હોય છે, નહિ કે હિંસા અંશ પણ - આ વચનથી અનુબંધહિંસાનો નિષેધ કર્યો, કારણ કે હિંસાની નહીં, પણ ધર્મની અપેક્ષા છે. વળી, તેઓના શુભાશય તરીકે માત્ર 'સારો ભાવ' એમ નહીં, પણ એ સારા ભાવને વાસ્તવિક પોષણ આપતી યતના=જયણાની સાવધાની પણ ભેગી સમજવાની છે. અર્થાત્ એમનો શુભાશય જયણાથી પોષાયેલો છે. આમ કહેવાથી હેતુહિંસાનો પણ

स्वस्य योऽध्यात्मभावस्तदुन्नतेर्बाधनमपि न- *'अज्झत्थे चेव बंधप्पमोक्खे'* [१/५/२/१५०] इत्या**चारवचनात्**। इदमेव कथम् ? अत्राह- *हि*=यतः *समये*=सिद्धान्ते *योगस्थितिव्यापकं*=यावद् योगास्तिष्ठन्ति तावदित्यर्थः (आरम्भादिकं) *इष्यते*=मन्यते, *'जावं च णं एस जीवे एयइ वेयइ तावं च णं आरंभइ सारंभइ समारंभइ'* इत्यादि-वचनादारम्भाद्यन्यतरत्वेन योगव्यापकतालाभात्। यदि च द्रव्याश्रवमात्राद् बन्धः स्यात्तदा त्रयोदशगुणस्थानेऽपि स्यात्, न चैवमस्ति, समितगुप्तस्य द्रव्याश्रवसत्त्वेऽप्युपादानकारणानुसारितयैव बन्धवैचित्र्य**स्याचारवृत्तिचूर्ण्यादौ** व्यवस्थितत्वात्। **न च** द्रव्यतया परिणतिरपि सूक्ष्मैकेन्द्रियादेरिव सूक्ष्मबन्धजननीति **धर्मार्णवमत**मपि युक्तं, **एकेन्द्रियादी**नामपि सूक्ष्मबन्धस्योपादानसूक्ष्मतापेक्षित्वात्, अप्रमत्तसाधोर्द्रव्याश्रवसम्पत्तौ तन्निमित्तस्य परमाणुमात्रस्यापि बन्धस्य निषेधात्; *'ण हु तस्स तण्णिमित्ता बंधो सुहमोवि देसिओ समए'* **इत्यागमात्**। प्रपञ्चितं चेदं **धर्मपरीक्षायां** महता ग्रन्थेन ॥ ५९ ॥ एवं व्यवस्थिते कूपनिदर्शनचिन्त्यतामाविर्भावयति–

**पूजायां खलु भावकारणतया हिंसा न बन्धावहा,**
**गौणीत्थं व्यवहारपद्धतिरियं हिंसा वृथा निश्चये।**
**भावः केवलमेक एव फलदो बन्धोऽविरत्यंशज-**
**स्त्वन्यः कूपनिदर्शनं तत इहाशङ्कापदं कस्यचित्॥ ६०॥**

---

નિષેધ થયો. એટલે એ પૂજાવગેરે પ્રવૃત્તિમાં માત્ર સ્વરૂપહિંસા જ રહે છે. આ સ્વરૂપહિંસા=દ્રવ્યઆશ્રવ પણ બાધક નથી. કારણ કે તે વખતે પોતાનો શુભ અધ્યાત્મભાવ વૃદ્ધિ પામી રહ્યો હોય છે. **આચારાંગમાં** કહ્યું જ છે કે → *'અધ્યાત્મથી (અધ્યવસાયથી) જ બંધ અને પ્રમોક્ષ છે'* એટલે કે સ્વરૂપહિંસાવગેરે દ્રવ્યઆશ્રવો કર્મબંધમાં હેતુ નથી; કારણ કે 'જ્યાં સુધી યોગ છે, ત્યાં સુધી આરંભવગેરે સ્વરૂપહિંસા હોય' એમ આગમમાં કહ્યું છે. શાસ્ત્રમાં કહ્યું જ છે કે → *'જ્યાં સુધી (આત્મા) કંપન કરે છે - ધ્રુજે છે, ત્યાં સુધી આરંભ સંરંભ સમારંભ છે...'* ઇત્યાદિ. આમ આગમના બળપર કહી શકાય કે જ્યાં સુધી યોગ હોય ત્યાં સુધી આરંભવગેરે ત્રણમાંથી કોઇને કોઇ તો હોય જ. (=આરંભવગેરેમાંથી અન્યતરની સત્તા વ્યાપક છે.) હવે જો આરંભવગેરેરૂપ દ્રવ્યાશ્રવમાત્રથી પણ કર્મબંધ હોય, તો તેરમે ગુણસ્થાનકે પણ યોગ હોવાથી આરંભ છે. તેથી દ્રવ્યઆશ્રવ છે. (સ્વરૂપથી આશ્રવને દ્રવ્યાશ્રવ કહ્યો છે.) તેથી ત્યાં પણ કર્મબંધ માનવો પડે. પરંતુ તેમ નથી, કારણ કે **આચારાંગ સૂત્રવૃત્તિ-ચૂર્ણિ**વગેરેગ્રંથોમાં સમિતિ-ગુપ્તિમાં રહેલાને દ્રવ્યાશ્રવ હોવા છતાં ઉપાદાનકારણના અનુસારે જ કર્મબંધની વિચિત્રતા બતાવી છે. **ધર્મસાગર ઉપાધ્યાય :-** સૂક્ષ્મ એકેન્દ્રિયવગેરે જીવો આશ્રવની ભાવપરિણતિવાળા ન હોવા છતાં, તેઓને જેમ દ્રવ્યપરિણતિમાત્રથી સૂક્ષ્મબંધ છે, તેમ અન્યને પણ દ્રવ્યપરિણતિ સૂક્ષ્મબંધમાં કારણ બને છે.

**ઉત્તરપક્ષ :-** આ તર્ક બરાબર નથી, સૂક્ષ્મ એકેન્દ્રિયને થતા સૂક્ષ્મકર્મબંધમાં ઉપાદાનની=ભાવપરિણતિરૂપ ઉપાદાનની સૂક્ષ્મતા જ કારણ છે. જ્યારે અપ્રમત્તસંયતને તો દ્રવ્યાશ્રવની હાજરીમાં પણ એ આશ્રવનિમિત્તક એક પરમાણુ જેટલો પણ કર્મબંધ નથી કારણ કે કર્મબંધને યોગ્ય ઉપાદાન હાજર નથી. કહ્યું છે કે → *'તેને તે નિમિત્તે સૂક્ષ્મ પણ બંધ આગમમાં કહ્યો નથી.'* આ અંગેની વિસ્તૃતચર્ચા **ધર્મપરીક્ષા** ગ્રંથમાં અમે (ગ્રંથકારે) કરી છે. **॥ ૫૯॥**

## કૂપદૃષ્ટાંત વિવરણ

આમ- 'દ્રવ્યસ્તવમાં અંશમાત્ર પણ હિંસા નથી' - તેવો નિર્ણય થયો, અહીં શંકા થાય કે 'તો પછી ગૃહસ્થના દ્રવ્યસ્તવમાં દર્શાવેલું કૂપદૃષ્ટાંત શી રીતે યોગ્ય ઠરે' આ શંકાને દૂર કરવા કવિવર કૂપદૃષ્ટાંતની ચર્ચા કરે છે—

(दंडान्वय:→ पूजायां खलु भावकारणतया हिंसा न बन्धावहा, इत्थं व्यवहारपद्धति: गौणी। निश्चये इयं हिंसा वृथा। केवलमेक एव भाव: फलद:। अविरत्यंशजो बन्धस्तु अन्य:। तत इह कूपनिदर्शनं कस्यचिदाशङ्कापदम्॥)

'पूजायाम्'इति। पूजायां 'खलु' इति निश्चये। भावस्य द्रव्यस्तवकरणाध्यवसायरूपस्य कारणतया हिंसा बन्धावहा न भवति। एषा पद्धतिर्हि (ज्ञापयति पाठा.) स्नानादिसामग्री द्रव्यस्तवेऽधिकारिणं(णां ?) न च स हिंसाकर्मणा बध्यते, **दुर्गतनार्या** देवलोकगमनानुपपत्तेः, बन्धावहा चेत् ? पुण्यबन्धावहैव, उक्तभावेन प्रशस्तीकरणात् प्रशस्तरागवत्। **पुष्पादिसङ्घट्टनादिरूपो**ऽसंयमस्तत्र हेतुरुक्त इति चेत् ? **सोऽपि** पर्युदासेन संयमयोगविरुद्धयोगरूप एव स्यात्, तस्यापि च भावेन प्रशस्तीकरणे किं हीयते ? **उत्तर**कालिक एव **भावो**ऽप्रशस्तं प्रशस्तीकर्तुं समर्थो न पौर्वकालिक इति चेत् ? **न, दुर्गतनारी**दृष्टान्तेन विहितोत्तरत्वात्, कश्चायं मन्त्रो य: पूर्वापरभावेन

---

**કાવ્યાર્થ :-** ભાવનું કારણ હોવાથી પૂજામાં રહેલી હિંસા કર્મબંધ કરનારી નથી. વ્યવહારનયની આવા પ્રકારની વિચારસરણી ગૌણ છે અને નિશ્ચયનયમતે તો હિંસા વૃથા(બંધમાં અહેતુ) છે કારણ કે એકમાત્ર ભાવ જ ફળદાયક છે. અને ત્યારે થતો અન્ય બંધ અવિરતિને કારણે હોય છે. તેથી અહીં 'કૂવાનું દૃષ્ટાંત' કેટલાકને આશંકા જન્માવે છે.

## વ્યવહારથી પૂજાનું ફળ

પૂજામાં રહેલી હિંસા દ્રવ્યસ્તવમાં કારણભૂત અથવા દ્રવ્યસ્તવ કરતી વખતના અધ્યવસાયરૂપ ભાવનું કારણ બનતી હોવાથી કર્મબંધજનક નથી. દ્રવ્યસ્તવમાં અધિકારીને સ્નાનાદિસામગ્રી પદ્ધતિરૂપ છે, (અથવા બંધાવહા ન બનતી આ હિંસા સૂચવે છે કે) દ્રવ્યસ્તવના અધિકારીમાટે સ્નાનાદિ સામગ્રી (આવશ્યક) છે અને તે(=દ્રવ્યસ્તવ કરનારા) હિંસાકર્મથી બંધાતા નથી, કારણ કે અન્યથા **દુર્ગતનારી** દ્રવ્યસ્તવના ભાવથી દેવલોકમાં ગઇ - તે સંગત ન ઠરે. છતાં જો દ્રવ્યસ્તવીય હિંસાને કર્મબંધમાં કારણતરીકે સ્વીકારવી જ હોય, તો તેને શુભકર્મબંધના કારણતરીકે જ સ્વીકારવી જોઇએ; કારણ કે પૂર્વોક્તભાવથી એ દ્રવ્યસ્તવીય હિંસા પ્રશસ્ત રાગની જેમ પ્રશસ્ત કરાયેલી છે. (જેમ સ્વરૂપથી અપ્રશસ્ત રાગ પ્રશસ્ત વિષયક બનવાથી પ્રશસ્ત બને છે, તેમ સ્વરૂપથી અપ્રશસ્ત હિંસાક્રિયા દ્રવ્યસ્તવીય શુભભાવરૂપ પ્રશસ્ત ભાવની સંબંધિની થવાથી પ્રશસ્ત બને છે એવું તાત્પર્ય છે.)

**શંકા :-** આગમમાં પૂજાવગેરેમાં પુષ્પાદિસંઘટ્ટનાત્મક અસંયમને બંધમાં કારણ તરીકે બતાવ્યો છે. તેથી તે અપ્રશસ્ત જ છે.

**સમાધાન :-** અહીં અસંયમસ્થળે 'અ'(=નિષેધ) પ્રસજ્યનિષેધસૂચક નથી(=માત્ર સંયમાભાવસૂચક નથી), પરંતુ પર્યુદાસનિષેધરૂપ છે. અર્થાત્ સંયમયોગથી વિરુદ્ધ યોગનો સૂચક છે. અર્થાત્ 'પૂજામાં પુષ્પાદિના સંઘટ્ટાવગેરે હોવાથી તે સંયમીઓના યોગરૂપ નથી, પરંતુ અસંયતોના યોગરૂપ હોવાથી કર્મબંધમાં કારણ છે, પરંતુ પ્રશસ્તભાવથી પ્રશસ્ત કરાયો હોવાથી પુણ્યબંધરૂપ શુભબંધમાં કારણ છે, એવું તાત્પર્ય સમજવાનું છે' એમ ફલિત થાય છે. અસંયતયોગ શુભભાવથી પ્રશસ્ત કરાય તેમાં વાંધો ક્યાં છે ? અર્થાત્ ગૃહસ્થોના અસંયમયોગો પણ જો શુભ અધ્યવસાયરૂપ કસ્તુરીથી સુવાસિત હોય, તો પ્રશસ્ત બની શકે છે.

**પૂર્વપક્ષ :-** ક્રિયાના ઉત્તરકાલે પ્રગટેલા શુભભાવો અપ્રશસ્તને પ્રશસ્ત બનાવી શકે. પણ પૂર્વકાલે રહેલા શુભભાવો શી રીતે પ્રશસ્ત બનાવી શકે ? (અનુમોદના કે પશ્ચાત્તાપ ક્રિયાની ઉત્તરે હોય છે - અને તેના કારણે ક્રિયા શુભતા કે અશુભતામાં પરિણામ પામી શકે.)

न्यूनाधिकभावं नियमयतीति। **एवं** सूक्ष्मेक्षिकायां प्रशस्तहिंसा पुण्यावहापि न स्यादिति चेत् ? **इदमित्थमेवेत्याह**-इत्थमियं *व्यवहारपद्धतिः*=व्यवहारनयसरणिर्गौणी प्रशस्तहिंसायाः पुण्यबन्धहेतुत्वस्यापि **'घृतं दहति'** इति न्यायेनैवेष्टत्वात्। *निश्चये*=निश्चयनये तु विचार्यमाणे हिंसा वृथैवान्यतरबन्धस्याप्यहेतुत्वात्, केवलं एक एव भावः *फलदः*-प्रशस्तोऽप्रशस्तो वा प्रशस्तमप्रशस्तं फलं जनयितुं समर्थ इत्यर्थः॥

अत एव कामभोगानाश्रित्य**उत्तराध्ययने**ऽप्युक्तं → *'न कामभोगा समयं उवेंति, ण यावि भोगा विगयं उवेंति। जो तप्पओसे य परिग्गहे य, समो जो तेसु स वीअरागो त्ति'*॥[३२/१०१] अत एव च विषयेष्वपि सत्-तत्त्वचिन्तयाऽभिसमन्वागमनं बन्धकारणमुक्त**माचारे** । **एवंविधः** समाधिः पूर्वभूमिकायां न भवत्येवेति चेत् ? **न**, सर्वथाऽभावस्य वक्तुमशक्यत्वात्। सम्यग्दर्शनसिद्धियोगकाल एव प्रशमलक्षणलिङ्गसिद्धेरनुकम्पादीनामिच्छा-

---

**ઉત્તરપક્ષ :- દુર્ગતનારીના** દૃષ્ટાંતથી આનો ઉત્તર અપાઇ ગયો જ છે. (**દુર્ગતનારીને** દ્રવ્યસ્તવક્રિયાની પૂર્વે રહેલા શુભભાવથી જ કલ્યાણની પ્રાપ્તિ થઇ છે.) વળી એવો કયો મંત્ર છે કે જે પૂર્વાપરભાવથી ન્યૂનતા કે અધિકતા ઊભી કરી શકે ? અર્થાત્ પૂર્વકાલીનભાવમાં એટલી ન્યૂનતા કે જેથી તે ઉત્તરકાલીનક્રિયાને પ્રશસ્ત ન બનાવી શકે, અને ઉત્તરકાલીનભાવમાં એટલી અધિકતા કે જે પૂર્વકાલીન ક્રિયાને પ્રશસ્ત બનાવી શકે – એવું માનવામાં કોઇ નિયામક નથી. (**'સ્પર્દ્ધે પરમ્'** એ ન્યાયથી અલબત્ત, જો ઉત્તરકાળે બળવત્તર વિપરીત ભાવ ઊભો થાય, તો તે ભાવ પૂર્વકાલીન ભાવથી રંગાયેલી ક્રિયામાં પણ અન્યથાપણું આપાદિત કરી શકે, જેમાં **મમ્મણશેઠની** પૂર્વભવની દાનક્રિયા દૃષ્ટાંતરૂપ છે. પરંતુ ઉત્તરકાળે તે ક્રિયાયોગને અંગે બળવત્તર વિપરીતભાવ ઊભો થાય તો પણ, પૂર્વકાલીનભાવ એ પૂર્વે તો નિઃશંકપણે ક્રિયાને સ્વસ્વરૂપથી રંગી શકે છે- એમ ભાસે છે.)

## નિશ્ચયથી પૂજા બંધમાં અકારણ

**શંકા :-** આમ જો બહુ સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારણા કરશો, તો પ્રશસ્ત હિંસાને પુણ્યમાં પણ કારણ માની શકાશે નહિ, કારણ કે સર્વત્ર ભાવ જ પ્રધાન થશે.

**સમાધાન :-** એમ જ છે. અમે જે વાત કરી એ વ્યવહારનયની પદ્ધતિને આગળ કરી, કરી. કારણ કે **'ઘી બાળે છે'** એ ન્યાયથી જ પ્રશસ્ત હિંસાને પુણ્યબંધના હેતુતરીકે ગણાવી શકાય. અર્થાત્ કારણમાં કાર્યનો ઉપચાર કરીને જ હિંસાક્રિયાને કર્મબંધમાં હેતુ દર્શાવી શકાય... પણ આ ઔપચારિક હોવાથી ગૌણ છે. કારણ કે ભાવથી મળતા ફળનો ક્રિયામાં ઉપચાર કરીને ક્રિયાને ફળદ સ્વીકારી છે. નિશ્ચયનયથી વિચારવામાં આવે તો, હિંસાક્રિયા તો વૃથા= અવર્જનીય જ છે. માત્ર ભાવ જ ફળદાતા છે. પ્રશસ્તભાવ પ્રશસ્ત ફળ આપે, અપ્રશસ્તભાવ અપ્રશસ્ત ફળ આપે.

તેથી જ, કામભોગીને આશ્રયી **ઉત્તરાધ્યયનમાં** પણ કહ્યું છે → *'કામભોગો નથી સમતા લાવતા કે નથી વિકૃતિ પેદા કરતા. જે વ્યક્તિ પોતે તેમાં(=કામભોગોમાં) પ્રદ્વેષ અને પરિગ્રહ(=મૂર્ચ્છા) અંગે સમાન છે (અર્થાત્ દ્વેષ કે રાગ કરતો નથી.) તે જ વીતરાગ છે.'* તેથી જ **આચારાંગમાં** પણ કહ્યું છે કે → 'વિષયોમાં સ્વતત્ત્વચિંતન દ્વારા (કે સત્ તત્ત્વચિંતનદ્વારા) ચારે બાજુથી પ્રવર્તન જ કર્મબંધનું કારણ છે.'

**શંકા :-** નિશ્ચયનયની આ વાતો ઊંચી ભૂમિકાવાળા માટે બરાબર છે. પણ પૂર્વભૂમિકામાં રહેલામાટે આવી સમાધિ(=વિષયોમાં સમભાવે પ્રવર્ત્તવું વગેરેરૂપ) સંભવે નહિ. (પૂર્વભૂમિકાવાળો તો જ્યારે જેવા વિષયોમાં પ્રવૃત્ત થાય, ત્યારે તેવા રાગાદિ ભાવો કરી બેસે. માટે જ વૈરાગ્યની પ્રાથમિક ભૂમિકા વિષયત્યાગની બતાવી છે. આ જ પ્રમાણે પૂજાવખતે પુષ્પાદિ વિરાધના વખતે એ શ્રાવક વિરાધનાના ભાવમાં આવી જશે, તો પ્રશસ્ત ભાવમાં કેવી રીતે રહેશે ? આવું તાત્પર્ય લાગે છે.)

ह्यनुभावत्वात्, तदुक्तं **विंशिकायां** → *'अणुकंपा णिव्वेओ, संवेगो तह य होइ पसमु त्ति। एएसिं अणुभावा, इच्छाईणं जहासंखं' त्ति॥* [योगविंशिका ८] अनुभावा:=कार्याणि। इच्छादीनां=इच्छाप्रवृत्तिस्थिरसिद्धियोगानाम्। समाधिजनितश्च भावो ह्युत्थानकालेऽपि संस्कारशेषतया मैत्र्याद्युपबृंहितोऽनुवर्त्तत एवान्यथा क्रियासाफल्यासिद्धेः, *'भावोऽयमनेन विना चेष्टा द्रव्यक्रिया① तुच्छेति'॥* [षोडशक ३/१२ उत्त०] **वचनात्**। एवं विविक्तविवेकेऽविरत-सम्यग्दृष्टेरपि पूजायां न बन्धोऽविरत्यंशजस्तु बन्धोऽन्यः पूजायोगाप्रयुक्तः, अन्यथा जिनवन्दनादावपि तदापत्तेः। तत इह *कूपनिदर्शनं*=कूपज्ञातं कस्यचिद् यथाश्रुतज्ञ*स्याशङ्कापदं*=आशङ्कास्थानम्॥ एवं हि **तदावश्यके** द्रव्यस्तवीयप्रसङ्गसमाधानस्थले व्यवस्थितम् →

*'नामठ्ठवणादविए भावे अ थयस्स होइ निक्खेवो। दव्वथवो पुप्फाई संतगुणुक्कितना भावे'॥* [आव० भा०

**સમાધાન :-** એમ સાવ એકડો કાઢી નાખો નહિ. કારણ કે પૂર્વભૂમિકામાં આવી સમાધિના સર્વથા અભાવનું પ્રતિપાદન કરવું શક્ય નથી. અહીં હેતુ બતાવે છે – સમ્યગ્દર્શનના સિદ્ધિયોગકાલે જ પ્રશમરૂપ લિંગની સિદ્ધિ થઇ જતી હોવાથી ઇચ્છાદિ યોગ કાળે અનુકંપાવગેરે પ્રગટે છે તેવો નિર્ણય થાય છે. **વિંશિકામાં** કહ્યું જ છે કે → *'આ ઇચ્છાવગેરેના યથાસંખ્ય=ક્રમશઃ અનુકંપા, નિર્વેદ, સંવેગ અને પ્રશમ આ ચાર અનુભાવ છે.'* (અનુભાવ=કાર્યો. ઇચ્છાવગેરે ઇચ્છાયોગ, પ્રવૃત્તિયોગ, સ્થિરતાયોગ અને સિદ્ધિયોગ. ઇચ્છાયોગનું કાર્ય અનુકંપા, પ્રવૃત્તિયોગનું કાર્ય નિર્વેદ, સ્થિરતાયોગનું કાર્ય સંવેગ અને સિદ્ધિયોગનું કાર્ય પ્રશમ.) આમ ઇચ્છાયોગઆદિ પૂર્વભૂમિકાકાળે પણ અનુકંપાઆદિ પ્રશસ્તભાવ છે અને ચારિત્રરૂપ ઊંચા સ્થાનની વાત દૂર રહો, પણ સમ્યગ્દર્શનની સિદ્ધિકાળે પણ કષાય અને વિષયના ઉપશમરૂપ પ્રશમભાવની પ્રાપ્તિ હોય છે. આમ આ વ્યક્તિ પણ રાગદ્વેષના સ્થાને માધ્યસ્થ્યભાવ રાખી શકે છે. (એ જ રીતે પૂજામાં દેખીતી હિંસાવખતે પણ ભક્તિના પ્રશસ્તભાવમાં રહી શકે છે.)

**શંકા :-** સિદ્ધિયોગથી પ્રાપ્ત થયેલો પ્રશમભાવ સમાધિકાળ સુધી જ રહેશે. (=સમ્યગ્દર્શનના સિદ્ધિયોગવખતે મનઃસ્થૈર્યાદિરૂપ સમાધિકાળે પ્રશમભાવ રહેશે) પણ આ સમાધિ કંઇ સતત રહેતી નથી. તેથી ઉત્થાન(=પ્રશાંતવાહિતાનો અભાવ-ઉત્થાન)કાળે પ્રશમાદિ સંભવશે નહિ.

**સમાધાન :-** ઉત્થાનકાલે પણ સમાધિજનિત અને મૈત્ર્યાદિભાવનાથી પોષણ પામેલો પ્રશમાદિભાવ સંસ્કારરૂપે રહેશે જ, નહિતર તો ક્રિયાની સફળતા જ અસિદ્ધ થશે. કારણ કે કહ્યું જ છે કે → *'આ જ (પ્રણિધાનાદિ પાંચ આશયો) ભાવ છે. આના વિનાની ચેષ્ટા દ્રવ્યક્રિયારૂપ છે અને તુચ્છ છે.'* આમ વ્યવહારકાળે પણ સમ્યગ્દષ્ટિની ક્રિયાને સફળ ગણવી હોય, તો સમાધિજનિત ભાવને સંસ્કારરૂપે પણ હાજર રહેલા માનવા પડશે. આમ નિશ્ચયનયની અપેક્ષાએ વ્યવસ્થિત વિભાગનો વિવેક રાખી વિચારવામાં આવે તો, સમજી શકાય છે કે 'અવિરતસમ્યગ્દષ્ટિને પણ પૂજામાં અલ્પ પણ બંધ નથી. અને પૂજાકાલે પણ જે બંધ છે, તે પૂજાયોગથી પ્રયુક્ત નથી, પણ અવિરતિના અંશથી જ પ્રયુક્ત છે.' આવો વિવેક કર્યા વિના અવિરતિઅંશથી થતાં કર્મબંધને પૂજાના ખાતામાં ખતવવામાં જિનવંદનાદિમાં પણ આપત્તિ છે કારણ કે તે વખતે પણ અવિરતિના કારણે કર્મબન્ધ ચાલુ છે. **આમ સમ્યગ્દષ્ટિ જીવની સ્વરૂપ સાવદ્યક્રિયા પણ જો હેતુ અને અનુબંધથી નિરવદ્ય હોય, તો અલ્પ પણ કર્મબંધમાં કારણ નથી.** આવો નિષ્કર્ષ સાંભળી યથા શ્રુતજ્ઞાનીને કૂવાના દૃષ્ટાંત અંગે આશંકા ઊભી થવાનો સંભવ છે.

## દ્રવ્યસ્તવ કરતાં ભાવસ્તવની શ્રેષ્ઠતા

દ્રવ્યસ્તવ સંબંધી પ્રસંગના સમાધાન સ્થળે **આવશ્યક નિર્યુક્તિમાં** આ પ્રમાણે કહ્યું છે →

① आशयभेदा एते सर्वेऽपि हि तत्त्वतोऽवगन्तव्याः। भावोऽयमनेन विना चेष्टा द्रव्यक्रिया तुच्छा॥ इति पूर्णश्लोकः॥

१९१] इति। व्याख्या-तत्र 'नामे'ति नामस्तवः, 'स्थापने'ति स्थापनास्तवः, 'द्रव्य'इति द्रव्यविषयो द्रव्यस्तवः, 'भाव'इति भावविषयश्च भावस्तव इत्यर्थः। इत्थं स्तवस्य भवति निक्षेपो=न्यासः। तत्र क्षुण्णत्वान्नामस्थापने अनादृत्य द्रव्यस्तवभावस्तवस्वरूपमेवाह- द्रव्यस्तवः पुष्पादिरिति, आदिशब्दाद् गन्धधूपादिपरिग्रहः, कारणे कार्योपचाराच्चैवमाह, अन्यथा द्रव्यस्तवः पुष्पादिभिः समभ्यर्चनमिति। तथा सद्गुणोत्कीर्तना भाव इति। सन्तश्च ते गुणाश्च=सद्गुणाः, अनेनासद्गुणोत्कीर्तनानिषेधमाह, करणे च मृषावाद इति। सद्गुणानामुत्कीर्तना-उत्=प्राबल्येन परया भक्त्या कीर्तना=संशब्दना। यथा- 'प्रकाशितं यथैकेन त्वया सम्यग् जगत्त्रयम्। समग्रैरपि नो नाथ ! परतीर्थाधिपैस्तथा'॥ १॥ 'विद्योतयति वा लोकं यथैकोऽपि निशाकरः, समुद्गतः समग्रोऽपि किं तथा तारकगणः'॥ २॥ इत्यादिलक्षणो, 'भाव' इति द्वारपरामर्शो भावस्तव इति गाथार्थः॥ इह चालितप्रतिष्ठापितोऽर्थः सम्यग्ज्ञानायालमिति, चालनां च कदाचिद्विनेयः करोति, कदाचित्स्वयमेव गुरुरिति, उक्तं च → 'कत्थइ पुच्छइ सीसो कहिंचिऽपुट्ठा कहेंति आयरिया' इत्यादि[दशवै० निर्यु० ३८ पू०] यतश्चात्र वित्तपरित्यागादिना द्रव्यस्तव एव ज्यायान् भविष्यतीत्यल्पबुद्धीनामाशङ्कासम्भव इत्यतस्तद्व्युदासार्थं तदनुवादपुरस्सरमाह- 'दव्वथओ भावथओ दव्वथओ बहुगुण त्ति बुद्धि सिआ। अनिउणमइवयणमिणं छज्जीवहिअं जिणा बिंति'॥[आव० भा० १९२] व्याख्या-द्रव्यस्तवो

---

'સ્તવના નિક્ષેપા નામ-સ્થાપના-દ્રવ્ય અને ભાવથી છે. દ્રવ્યસ્તવ પુષ્પવગેરે છે અને સદ્ગુણોત્કીર્તન ભાવસ્તવ છે.' **ટીકાર્થ :-** નામસ્તવ, સ્થાપનાસ્તવ, દ્રવ્યવિષયક સ્તવ અને ભાવવિષયક સ્તવ આ ચાર નિક્ષેપામાં નામ અને સ્થાપના સુગમ હોવાથી એ બેનો અનાદર કરી સીધા દ્રવ્ય-ભાવ સ્તવની વાત કરે છે - દ્રવ્યસ્તવમાં પુષ્પવગેરે (વગેરેથી ધૂપવગેરે) સમજવા. અહીં કારણમાં કાર્યનો ઉપચાર કરી પુષ્પવગેરેને દ્રવ્યસ્તવ કહ્યો. વાસ્તવમાં પુષ્પ વગેરેથી થતું સંપૂજન દ્રવ્યસ્તવ છે. વિદ્યમાન ગુણોનાં ઉત્કીર્તનને જ ભાવસ્તવ કહેવાથી અવિદ્યમાન ગુણોના ઉત્કીર્તનનો નિષેધ કર્યો. કારણ કે એમ કરવામાં 'મૃષાવાદ' લાગે છે. ઉત્કીર્તના=ઉત્=પ્રબળતાથી-પરમભક્તિથી કીર્તન=સારી રીતે ગાવું. જેમકે 'હે નાથ ! તેં એકલાએ જે પ્રમાણે ત્રણે જગતને પ્રકાશિત કર્યું છે, બધા જ પરતીર્થના સ્થાપકોએ ભેગા મળીને પણ એ પ્રમાણે જગતને પ્રકાશિત કર્યું નથી.'॥ ૧॥ 'અથવા તો સમગ્રલોકને એકલો ચંદ્ર જે પ્રમાણે પ્રકાશિત કરે છે, તે પ્રમાણે પ્રકાશિત કરવા બધા તારાઓ ભેગા મળીને પણ શું સમર્થ થાય છે ? અર્થાત્ સમર્થ થતા નથી.'॥ ૨॥ આ પ્રમાણે પરમભક્તિથી પ્રભુગુણોનું ગુંજન કરવું એ ભાવસ્તવ છે. [ગા. ૧૯૧] ઉઠેલી શંકાના સમાધાનથી નિશ્ચયરૂપે પ્રાપ્ત થયેલો અર્થ સમ્યગ્જ્ઞાનની જ્યોત પ્રગટાવે છે. તેથી શંકા-સમાધાન પણ વ્યાખ્યાનનું એક અંગ છે. તેથી હવે ચાલના=શંકા બતાવે છે. ક્યારેક શિષ્ય સ્વયં શંકા કરે, તો ક્યારેક શિષ્યના જ્ઞાનમાં વધારો કરવા ગુરુ પોતે શંકા ઉઠાવે. કહ્યું જ છે કે → 'ક્યાંક શિષ્ય જ પૂછે છે, તો ક્યાંક શિષ્ય ન પૂછે, તો પણ આચાર્ય બતાવે છે.' પ્રસ્તુતમાં દ્રવ્યસ્તવમાં ધનનો ત્યાગવગેરે છે, જ્યારે ભાવસ્તવમાં જરા પણ ઘસાવાનું નથી, તેથી દ્રવ્યસ્તવ ભાવસ્તવ કરતા ચડિયાતો છે, એવી આશંકા અલ્પબુદ્ધિવાળા જીવોને થવાનો સંભવ છે. તેથી એ આશંકા દર્શાવી તેને દૂર કરતા કહે છે- 'દ્રવ્યસ્તવ અને ભાવસ્તવમાં દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે, આ વચન અનિપુણમતિવાળાનું છે, કારણ કે જિનો છજીવકાયના હિતને (મોક્ષનું મુખ્ય સાધન) કહે છે.' દ્રવ્યસ્તવ અને ભાવસ્તવમાં દ્રવ્યસ્તવ જ બહુ ગુણકર છે, કારણ કે (૧) દ્રવ્યસ્તવ કરવામાં ધનનો ત્યાગ હોવાથી શુભ જ અધ્યવસાય હોય છે, વળી (૨) તીર્થની ઉન્નતિ થાય છે. તથા (૩) એક વ્યક્તિને દ્રવ્યસ્તવ કરતી જોઇ બીજા પણ પ્રતિબોધ પામે છે. આમ સ્વપરઅનુગ્રહ થાય છે. આવી કદાચ બુદ્ધિ થાય. આ બધી વાત પ્રતિપક્ષપૂર્વક હૃદયમાં સ્થાપી 'દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે' એ

भावस्तव इत्यत्र द्रव्यस्तवो बहुगुणः=प्रभूततरगुण इति=एवं बुद्धिः स्याद्, एवं चेत् मन्यसे इत्यर्थः। तथाहि-किलास्मिन् क्रियमाणे वित्तपरित्यागाच्छुभ एवाध्यवसायस्तीर्थस्य चोन्नतिकरणं, दृष्ट्वा च तं क्रियमाण-मन्येऽपि प्रतिबुद्ध्यन्त इति स्वपरानुग्रहः। सर्वमिदं सप्रतिपक्षं चेतसि निधाय 'द्रव्यस्तवो बहुगुण' इत्यस्यासारतां ख्यापनायाह- 'अनिपुणमतिवचनमिद'मिति। अनिपुणमतेर्वचनमनिपुणमतिवचनम्, 'इद'मिति यद् द्रव्यस्तवो बहुगुण इति गम्यते। किमित्यत आह- 'षड्जीवहितं जिना ब्रुवते' षण्णां=पृथिवीकायादीनां हितं जिनाः=तीर्थकरा ब्रुवते प्रधानं मोक्षसाधनमिति गम्यते। किं च षड्जीवहितमित्यत आह- 'छज्जीवकायसंजमु दव्वथए सो विरुज्झई कसिणो। तो कसिणसंजमविऊ पुप्फाईअं न इच्छंति'॥[आव० भा० १९३] व्याख्या- 'षड्जीवकायसंयम' इति। षण्णां जीवनिकायानां पृथिव्यादिलक्षणानां संयमः=सङ्घट्टनादिपरित्यागः षड्जीवकायसंयमः, असौ हितम्। यदि नामैवं ततः किमित्यत आह- 'द्रव्यस्तवे' पुष्पादिसमभ्यर्चनलक्षणे स=षड्जीवनिकायसंयमः किम् ? विरुध्यते=न सम्यक् सम्पद्यते कृत्स्न सम्पूर्ण इति, पुष्पादिसंलुञ्चनसङ्घट्टनादिना कृत्स्नसंयमानुपपत्तेः, यतश्चैवं ततः=तस्मात् 'कृत्स्नसंयमविद्वांस' इति। कृत्स्नसंयमप्रधाना विद्वांसस्तत्त्वतः साधव उच्यन्ते। कृत्स्नसंयमग्रहणम-कृत्स्नसंयम-विदुषां श्रावकाणां व्यपोहार्थं, ते किम् ? अत आह- 'पुष्पादिकं' द्रव्यस्तवं 'नेच्छन्ति' न बहुमन्यन्ते। यच्चोक्तं- 'द्रव्यस्तवे क्रियमाणे वित्तपरित्यागाच्छुभ एवाध्यवसाय' इत्यादि, तदपि यत्किञ्चिद् व्यभिचारात्, कस्यचिदल्प-

---

વચનની તુચ્છતા બતાવવા કહે છે. દ્રવ્યસ્તવને બહુગુણવાળું દર્શાવતું વચન અનિપુણબુદ્ધિવાળાનું છે, કારણ કે તીર્થંકરો પૃથ્વીવગેરે છકાયજીવના હિતને (મોક્ષનું પ્રધાન કારણ આટલું અધ્યાહારથી લેવું.) કહે છે. [ગા. ૧૯૨] છજીવકાયનું હિત શું છે ? તે દર્શાવે છે-'છજીવકાયસંયમ. સંપૂર્ણ તે દ્રવ્યસ્તવમાં વિરોધ પામે છે. તેથી કૃત્સ્નસંયમવિદ્ પુષ્પાદિ ઇચ્છતા નથી.' પૃથ્વીવગેરે છજીવનિકાયના સંઘટ્ટનાદિના ત્યાગરૂપ સંયમ જ હિતરૂપ છે. આ કહેવાનું તાત્પર્ય બતાવે છે. 'દ્રવ્યસ્તવે' - પુષ્પાદિથી અર્ચનારૂપ દ્રવ્યસ્તવમાં સંપૂર્ણ છજીવકાયસંયમ વિરોધાય છે - એટલે કે સારી રીતે સંપૂર્ણતયા સંપન્ન થતો નથી. કારણ કે ફૂલોને ચૂંટવા સંઘટ્ટો કરવો વગેરેથી સંપૂર્ણ સંયમ અનુપપન્ન છે. તેથી કૃત્સ્નસંયમવિદ્વાન=મુખ્યરૂપે કૃત્સ્નસંયમવાળા વિદ્વાનો (નિશ્ચયથી આવા વિશેષણવાળા સાધુઓ જ હોય.) પુષ્પાદિ દ્રવ્યસ્તવનું બહુમાન કરતા નથી. 'દ્રવ્યસ્તવ કરવામાં ધનનો ત્યાગ હોવાથી શુભ જ અધ્યવસાય હોય' એવું જે અલ્પબુદ્ધિવાળાએ કહ્યું, તે પણ બરાબર નથી. કારણ કે તે અનૈકાંતિક છે. કોઇક અલ્પસત્ત્વવાળાને કે અવિવેકીને ધનનો ત્યાગ કરીને દ્રવ્યસ્તવ કરવા છતાં શુભઅધ્યવસાય ઉત્પન્ન થતો નથી. દેખાય જ છે કે, કેટલાક જીવો કીર્તિઆદિ ખાતર પણ દ્રવ્યસ્તવ કરે છે. વળી, દ્રવ્યસ્તવમાં શુભ અધ્યવસાય હોય, તો પણ જે આ શુભઅધ્યવસાય છે; તે જ ભાવસ્તવરૂપ છે અને દ્રવ્યસ્તવ ક્રિયા તો તેમાં કારણભૂત હોઇ ગૌણ છે. કારણ કે **'સમારંભો=પ્રવૃત્તિઓ ફળપ્રધાન જ હોય છે (અથવા બધા જ આરંભો ફળપ્રધાન હોય છે')** એવો ન્યાય છે. વળી ભાવસ્તવની હાજરીમાં જ વાસ્તવિક તીર્થોન્નતિ થાય છે. કારણ કે ભાવસ્તવથી યુક્ત વ્યક્તિ દેવોને પણ સમ્યક્પૂજ્ય બને છે અને એકને ભાવસ્તવમાં આરૂઢ થયેલો જોઇને જ બીજા શિષ્ટ પુરુષો પ્રતિબોધ પામે છે. તેથી સ્વપરનો અનુગ્રહ પણ ભાવસ્તવથી જ છે. [ગા. ૧૯૩]

**શંકા :-** જો આમ જ હોય તો શું આ દ્રવ્યસ્તવ એકાંતે હેય છે ? કે પછી ઉપાદેય પણ છે ?

**સમાધાન :-** સાધુને એકાંતે હેય છે. શ્રાવકોને ઉપાદેય પણ છે. આ જ વાત **ભાષ્યકાર** કરે છે → 'સંસારપ્રતનુકારી આ દ્રવ્યસ્તવ અકૃત્સ્ન પ્રવર્તક વિરતાવિરતોને યોગ્ય જ છે. અહીં કૂવાનું દૃષ્ટાંત છે.' જેઓ સંયમને

*सत्त्वस्याविवेकिनो वा शुभाध्यवसायानुपपत्तेः, दृश्यते च कीर्त्याद्यर्थमपि सत्त्वानां द्रव्यस्तवे प्रवृत्तिरिति, शुभाध्यवसायभावेऽपि तस्यैव भावस्तवत्वादितरस्य च तत्कारणत्वेनाप्रधानत्वमेव* ***'फलप्रधानास्समा(सर्वा पाठा.)-रम्भा'*** *इति न्यायात्, भावस्तव एव च सति तत्त्वतस्तीर्थस्योन्नतिकरणं, भावस्तववत एव तस्य सम्यगमरादिभिरपि पूज्यत्वात्तमेव च दृष्ट्वा क्रियमाणमन्येऽपि सुतरां प्रतिबुध्यन्ते शिष्टा इति स्वपरानुग्रहोऽपीहैवेति गाथार्थः ॥* ***आह-*** *यद्येवं, किमयं द्रव्यस्तव एकान्तत एव हेयो वर्त्तते ? आहोस्विदुपादेयोऽपि ?* ***उच्यते,*** *साधूनां हेय एव, श्रावकाणामुपादेयोऽपि, तथा चाह* ***भाष्यकारः*** *→ 'अकसिणपवत्तगाणं विरयाविरयाण एस खलु जुत्तो। संसारपयणुकरणो दव्वथए कुवदिट्ठंतो'॥[आव० भा० १९४] व्याख्या-अकृत्स्नं प्रवर्त्तयतीति संयममिति सामर्थ्याद् गम्यते=अकृत्स्नप्रवर्त्तकास्तेषां, 'विरताविरतानामि'ति-श्रावकाणां एष खलु युक्तः, एषः=द्रव्यस्तवः, खलुशब्दस्यावधारणार्थत्वाद् युक्त एव। किम्भूतोऽयमित्याह-संसारप्रतनुकरणः=संसारक्षयकारक इत्यर्थः, द्रव्यस्तवः।* ***आह-*** *यः प्रकृत्यैवासुन्दरः, स कथं श्रावकाणामपि युक्त इति ? अत्र कूपदृष्टान्त एवं-जहा णवणयराइसन्निवेसे केइ पभूयजलाभावओ तण्हाइपरिगया तदपनोदार्थं कूपं खणंति, तेसिं च जइवि तण्हादिया वड्ढंति, मट्टिकाकद्दमाईहि य मलिणिज्जंति, तहवि तदुब्भवेण चेव पाणिएणं तेसिं ते तण्हाइया सो य मलो पुव्वओ य फिट्टइ, सेसकालं च ते तदण्णे य लोगा सुहभागिणो भवंति। एवं दव्वथए जइवि असंजमो तहावि तओ चेव सा परिणामसुद्धी भवइ, जाए असंजमोवज्जियं*

---

*(અધ્યાહારથી) અસંપૂર્ણપણે પ્રવર્તાવે છે. અર્થાત્ જેઓ આંશિકસંયમવાળા છે, તેવા શ્રાવકોને આ દ્રવ્યસ્તવ યોગ્ય જ ('ખલુ' શબ્દ 'જ'કારાર્થક છે.) છે. કારણ કે આ દ્રવ્યસ્તવ સંસારનો ક્ષય કરે છે.*

***શંકા :-*** *સ્વભાવથી જ અસુંદર દ્રવ્યસ્તવ શ્રાવકોને પણ યોગ્ય શી રીતે બને છે ?*

***સમાધાન :-*** *કૂવાના દૃષ્ટાંતથી. કૂવાનું દૃષ્ટાંત આ પ્રમાણે છે. નવું નગર વસ્યું. ત્યાં પૂરતાં પ્રમાણમાં પાણી ન હતું. તેથી તૃષ્ણાદિથી પીડાયેલા કેટલાક લોકોએ તરસ છીપાવવા કૂવો ખોદવા માંડ્યો. જો કે આ કૂવો ખોદતી વખતે પરિશ્રમને કારણે તરસ વધવાની છે અને ખોદેલી માટીવગેરેથી કપડા અને શરીર પણ મેલા થવાના છે. છતાં પણ કૂવામાંથી નીકળેલાં પાણીથી જ તેઓની તરસ છીપાશે અને મેલ પણ દૂર થઇ શકશે. વળી તે પછી હંમેશા તેઓ અને બીજાઓ પણ સુખના ભાજન થશે. (કારણ કે પાણી સુલભ થશે.) આ જ પ્રમાણે દ્રવ્યસ્તવમાં પણ જો કે અસંયમ છે, તો પણ તેનાથી જ(=દ્રવ્યસ્તવથી જ) પરિણામની શુદ્ધિ થાય છે. ઉત્પન્ન થયેલી આ પરિણામશુદ્ધિ દ્રવ્યસ્તવના અસંયમથી અને બીજા પણ અસંયમથી ઉપાર્જેલા સઘળા કર્મોનો નાશ કરે છે. તેથી આ દ્રવ્યસ્તવ શુભ(=પુણ્ય)ના અનુબંધવાળો તથા ઘણી નિર્જરાનું કારણ છે એમ સમજી શ્રાવકોએ આદરવો જોઇએ. [ગા.૧૯૪]*

## દ્રવ્યસ્તવ - ચારિત્રક્રિયાની ભાવ પ્રત્યે તુલ્યતા

અહીં દ્રવ્યસ્તવ અને ચારિત્રક્રિયાની તુલ્યતાનું આપાદન કરવાદ્વારા 'દ્રવ્યસ્તવ પણ મહાન છે' એ સિદ્ધ કરે છે. (**પંચાશક ગ્રંથના ટીકાકાર શ્રી અભયદેવસૂરિના** મતે દ્રવ્યસ્તવમાં સ્નાનાદિ અને પુષ્પાદિ ત્રોટનવગેરે કૂવો ખોદવારૂપ છે, આરંભરૂપ છે અને શુભભાવયુક્ત પૂજા પાણીની પ્રાપ્તિરૂપ છે. બીજો મત કૂપદૃષ્ટાંતની ઘટના આ રીતે સ્વીકારતો નથી. તે મતે પૂજામાટે થતી સ્નાનાદિ પ્રવૃત્તિ પણ પૂજાના એક અંગરૂપ હોઇ નિર્દોષ છે. અહીં તેઓ ઉત્તરપક્ષરૂપે છે, ને **અભયદેવસૂરિમત** પૂર્વપક્ષરૂપ છે, તે સમજવું.)

**પૂર્વપક્ષ :-** દ્રવ્યસ્તવમાં કરેલી પ્રવૃત્તિ એકાંતે શુભભાવ જન્માવી શકતી નથી, કારણ કે દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ તો કીર્તિવગેરે અશુભ-આશયથી પણ થાય છે.

**ઉત્તરપક્ષ :-** ભાઇ ! આ વાત તો ભાવચારિત્રમાટે ચારિત્રક્રિયામાં પણ લાગુ પડે છે. અભવ્યો વગેરે કયા

*अण्णं च णिरवसेसं खवेइ त्ति। तम्हा विरयाविरएहिं एस दव्वत्थओ कायव्वो, सुभाणुबंधी पभूयतरणिज्जराफलो य त्ति काऊणमिति गाथार्थः॥*

अत्र कीर्त्याद्यर्थमपि द्रव्यस्तवे प्रवृत्त्या शुभाध्यवसायव्यभिचारश्चारित्रक्रियायामपि तुल्यः। शुभाध्यवसायस्यैव भावस्तवत्वात् तत्कारणत्वेन पुष्पाद्यभ्यर्चनक्रियाया अप्रधानत्वे च चारित्रभावेन तत्क्रियायास्तथात्वापत्तिः। भावानैकान्त्यं, नित्यस्मृत्यादिना भावनवोत्पादाप्रतिपातगुणवृद्ध्यादिकमपि व्रतग्रहणादिक्रियया तुल्यं *'एसा ठिईओ एत्थं ण उ गहणादेव जायइ णियमा। गहणोवरिं पि जायइ जाओ वि अवेइ कम्मुदया'॥ १॥ 'तम्हा णिच्चसइए'*① [विंशि० प्रक० ९/७-८ पा० १] इत्यादि वचनात्। उपरितनानुपादेयत्वमपि तथैव, प्रमत्तस्थविरकल्पिकादिक्रियाया अप्रमत्तजिनकल्पिकादीनामनुपादेयत्वात्, द्रव्यस्तवजनितपरिणामशुद्ध्या द्रव्यस्तवस्थलीयासंयमोपार्जितस्यान्यस्य च निरवशेषस्य कर्मणः क्षपणाभिधानमपि चारित्रक्रियाजनितपरिणामशुद्ध्या तदतिचारजनितान्यनिरवशेषकर्मक्षपणाभिधानतुल्यं, सर्वस्या अपि प्रव्रज्याया भवद्वयकृतकर्मप्रायश्चित्तरूपतायास्तत्र तत्र व्यवस्थितत्वाद् जिनशासनविहितेऽन्यत्राऽपि शुभयोगे तददतिदेशात् *'जोगे जोगे जिणसासणंमि दुक्खक्खया पउजंता। इक्किक्कंमि वट्टंता अणंता केवली जाया॥'* **इत्योघवचनात्** [गा० २७८] द्रव्यस्तवे क्रियमाण एव च भावशुद्ध्या **नागकेतु-**

---

આશયથી ચારિત્ર ગ્રહણ કરે છે ? એ તો સુજ્ઞાત જ છે.

**પૂર્વપક્ષ :-** 'શુભઅધ્યવસાય' જ ભાવસ્તવ છે. પુષ્પવગેરેથી પૂજનક્રિયા તો તે અધ્યવસાયનું કારણ હોવાથી ગૌણ છે.

**ઉત્તરપક્ષ :-** બસ, એ જ પ્રમાણે ચારિત્રની ક્રિયા ચારિત્રભાવમાં=ચારિત્રના શુભભાવમાં કારણ હોવાથી ગૌણ છે.

**પૂર્વપક્ષ :-** દ્રવ્યસ્તવનો શુભભાવ સાથે એકાંતે સંબંધ નથી.

**ઉત્તરપક્ષ :-** ચારિત્રક્રિયાનો પણ ભાવસાથે એકાંત સંબંધ નથી.

**પૂર્વપક્ષ :-** ચારિત્રક્રિયા નિત્યસ્મૃતિવગેરે દ્વારા નવા-નવા ભાવને પ્રગટ કરે છે અને પતન ન પામે એ પ્રમાણે ગુણોની વૃદ્ધિ કરે છે.

**ઉત્તરપક્ષ :-** દ્રવ્યસ્તવ પણ રોજ નવી નવી અંગરચનાવગેરેરૂપ પૂજા-આંગીદ્વારા નવા નવા શુભભાવોને પ્રગટાવે છે અને અપ્રતિપાતી ગુણવૃદ્ધિવગેરેમાં કારણ બને છે. કહ્યું જ છે કે →

*'અહીં એવી સ્થિતિ(=મર્યાદા) છે, વ્રતના ગ્રહણમાત્રથી વ્રતનો ભાવ અવશ્ય થાય જ, એવો નિયમ નથી. ઘણીવાર વ્રતના ગ્રહણ પછી વ્રતનો ભાવ થાય અને ઘણીવાર રહેલો ભાવ પણ કર્મોદયથી ચાલ્યો જાય.' ॥ ૧ ॥ 'તેથી નિત્યસ્મૃતિ વગેરેથી (ભાવ ઉત્પન્ન થાય છે ઇત્યાદિ.)'*

**પૂર્વપક્ષ :-** દ્રવ્યસ્તવ છટ્ઠા ગુણસ્થાને રહેલા અર્થાત્ સાધુઓને ઉપાદેય નથી. જ્યારે ચારિત્રક્રિયા તો એમને પણ ઉપાદેય છે.

**ઉત્તરપક્ષ :-** નીચલી કક્ષામાં રહેલાનો ધર્મ ઊંચી કક્ષાવાળાને ગ્રાહ્ય ન બને એટલામાત્રથી હેય બનતો નથી. અન્યથા તો પ્રમત્ત સાધુની અને સ્થવિરકલ્પી સાધુની ક્રિયા ક્રમશઃ અપ્રમત્ત સાધુ અને જિનકલ્પીને ઉપાદેય નથી, એટલામાત્રથી એ ક્રિયાને પણ હેય માનવી પડશે.

---

① तम्हा णिच्चसइए बहुमाणेणं च अहिगयगुणंमि। पडिवक्खदुगुंछाए पणिइयालोयणेणं च॥ इति पूर्णश्लोकः॥

**प्रभृतीनां** केवलोत्पादश्रवणात् शुभानुबन्धिप्रभूततरनिर्जराफलत्वोपदर्शनमेव द्रव्यस्तवेऽल्पस्यापि पापस्य सम्भवं न सहते इति शुद्धभावस्य निर्विषयः कूपदृष्टान्तः ॥

**न च** पुष्पाद्यभ्यर्चनवेलायां शुभभावसम्भवेन निश्चयनयेन तस्य व्यवहारनयेन च तदन्विततत्क्रियाया विशिष्टफलहेतुत्वेऽपि ततः पूर्वं तद्विषयसम्भव इति वाच्यम्। **प्रस्थकन्यायेन** पूर्वपूर्वतरक्रियायामपि शुभभावान्वयतत्फलोपपत्तेर्नैगमनयाभिप्रायेण। अत एव पूजार्थं स्नानादिक्रियायामपि यतनयाधिकारसम्पत्त्या शुभभावान्वय उपदर्शित**श्चतुर्थपञ्चाशके**। तथा हि → *'ण्हाणाइवि जयणाए, आरंभवओ गुणाय णियमेण। सुहभावहेउओ खलु, विण्णेयं कूवनाएणं'* [४/१०] त्ति॥ *व्याख्या-स्नानाद्यपि=देहशौचप्रभृतिकमपि, आस्तां तद्वर्जनं पूजा वा, आदिशब्दाद्विलेपनादिग्रहः, गुणायेति योगः। यतनया=रक्षितुं शक्यया जीवरक्षणरूपया। 'तत्किं साधो-*

---

**પૂર્વપક્ષ :-** ચારિત્રક્રિયા તો એવા શુભભાવોને પેદા કરે છે, કે જેનાથી ચારિત્રક્રિયા વખતે સેવેલા અતિચારથી લાગેલા કર્મ અને બીજા પણ સઘળા કર્મો નાશ પામી જાય.

**ઉત્તરપક્ષ :-** બરાબર છે, એ જ પ્રમાણે દ્રવ્યસ્તવથી ઉત્પન્ન થતા શુભભાવો ક્રમશઃ એવો પ્રકર્ષ પામે છે કે એ ભાવો દ્રવ્યસ્તવકાળે સેવેલા અસંયમથી લાગેલા કર્મો તથા અન્ય સઘળા કર્મોને ખપાવી નાખે છે. કારણ કે આગમમાં ઠેરઠેર કહ્યું છે કે → *'બધી દીક્ષા આ ભવ અને પૂર્વભવમાં કરેલા કર્મોનાં પ્રાયશ્ચિત્તરૂપ છે.'* પછી જિનશાસનના પ્રત્યેક યોગ એવા જ છે, એવો અતિદેશ કર્યો છે. કહ્યું જ કે → *'જિનશાસનમાં પ્રવૃત્ત કરાયેલા દરેક યોગ દુઃખક્ષયમાટે થાય છે. એક-એક યોગમાં વર્તતા અનંતા મહાત્માઓ કેવલી થયા છે.'* તથા દ્રવ્યસ્તવરૂપ પૂજા કરતાં કરતાં જ ભાવશુદ્ધિ અત્યંત પ્રબળ થવાથી **નાગકેતુ** વગેરે કેવલજ્ઞાન પામી ગયા એવા ઘણા દૃષ્ટાંતો દેખાય છે... વળી પૂર્વોક્ત શાસ્ત્રવચનમાં દ્રવ્યસ્તવને શુભાનુબંધી અને ઘણી નિર્જરામાં કારણ તરીકે દર્શાવ્યો છે. એનાથી સિદ્ધ થાય છે કે પૂર્વાચાર્યો દ્રવ્યસ્તવમાં અલ્પ પણ પાપનો સંભવ સ્વીકારવા તૈયાર નથી. તેથી શુદ્ધભાવને કૂવાનાં દૃષ્ટાંત સાથે સંબંધ જ નથી. તેથી પુષ્પપૂજનવગેરે વખતે શુભભાવરૂપ શુદ્ધભાવ જ હોવાથી કૂવાનું દૃષ્ટાંત અપ્રયોજક છે.

**પૂર્વપક્ષ :-** પુષ્પવગેરેથી પૂજા કરતી વખતે શુભભાવ સંભવે છે. તેથી નિશ્ચયનયની અપેક્ષાએ તે શુભભાવ અને વ્યવહારનયની અપેક્ષાએ તે ભાવથી યુક્ત ક્રિયા ઘણી નિર્જરાવગેરેરૂપ વિશિષ્ટફળમાં હેતુ બને છે, તેથી ત્યાં ભલે કૂવાનું દૃષ્ટાંત ન ઘટે. પરંતુ તે પૂજાક્રિયાની પહેલાની સ્નાનાદિ ક્રિયાકાલે તો કૂવાનું દૃષ્ટાંત ઘટી શકશે. કારણ કે તે વખતે પૂજાનો અધ્યવસાય કે પૂજાક્રિયા નથી. સ્નાનવગેરે આરંભથી જનિત અને તદન્ય કર્મનો ક્ષય પૂજાસંબંધી ક્રિયા અને ભાવથી થવાનો હોઇ કૂવાનું દૃષ્ટાંત સંબદ્ધ થઇ શકશે.

**ઉત્તરપક્ષ :- 'પ્રસ્થક'** ન્યાયથી નૈગમનયના અભિપ્રાયથી તો પૂજાની પૂર્વ-પૂર્વ ક્રિયાઓમાં પણ પૂજાના શુભભાવનો અન્વય છે. તેથી એ ક્રિયાઓમાં પણ પૂજાના અધ્યવસાયનું કે એ અધ્યવસાયવાળી ક્રિયાઓનું ફળ ઉપપન્ન જ છે. તેથી જ પૂજાના આશયથી કરાતી સ્નાનવગેરે ક્રિયા પણ જયણાયુક્ત હોવાથી અને અધિકારવાળી હોવાથી શુભભાવથી સંગત જ હોય છે. આ બાબત **ચોથા પંચાશકમાં** દર્શાવેલી છે. (**પંચાશકના ટીકાકાર શ્રી અભયદેવસૂરિ** છે. તેઓએ પણ સ્નાનાદિવખતે શુભ ભાવ માન્યો છે. પણ **શ્રી અભયદેવસૂરિમતે** કૂપદૃષ્ટાંતની ઘટના સ્નાનાદિવખતે છે. અને ઉપરોક્ત ઉત્તરપક્ષને અન્યમતતરીકે દર્શાવી પૂર્વપક્ષરૂપે ખંડન કર્યું છે. તેથી હવે ઉપરોક્ત ઉત્તરપક્ષને પૂર્વપક્ષ (અથવા મતાંતર) સમજવો અને **શ્રી અભયદેવસૂરિમત** ઉત્તરપક્ષતરીકે સમજવો.) તે આ પ્રમાણે →

*'આરંભવાળાને(=ગૃહસ્થને) શુભભાવના કારણે કૂવાના દૃષ્ટાંતથી જયણાથી સ્નાન વગેરે પણ અવશ્ય ગુણકારી થાય છે એમ સમજવું.' વ્યાખ્યા - 'સ્નાનાદિ' પદમાં આદિપદથી વિલેપનવગેરે સમજવા. 'પણ' શબ્દનું*

रपि ?' इत्याशङ्कयाह-आरम्भवतः=स्वजनधनगेहादिनिमित्तं कृष्यादिकर्मभिः पृथिव्यादिजीवोपमर्दयुक्तस्य गृहिण इत्यर्थो, न पुनः साधोस्तस्य सर्वसावद्ययोगविरतत्वाद् भावस्तवारूढत्वाच्च। भावस्तवारूढस्य हि स्नानादिपूर्वक-द्रव्यस्तवोऽनादेय एव, भावस्तवार्थमेव तस्याश्रयणीयत्वात्, तस्य च स्वत एव सिद्धत्वात्। इमं चार्थं प्रकरणान्तरे स्वयमेव वक्ष्यतीति। गुणाय=पुण्यबन्धलक्षणोपकाराय नियमेन=अवश्यम्भावेन। **अथ** कथं स्वरूपेण सदोषमप्या-रम्भिणो गुणाय ? **इत्याह**- 'सुहभावहेउओ'त्ति। लुप्तभावप्रत्ययत्वेन निर्देशस्य, शुभभावहेतुत्वात्=प्रशस्तभाव-निबन्धनत्वाज्जिनपूजार्थं स्नानादेः। अनुभवन्ति च केचित् स्नानपूर्वकं जिनार्चनं विदधाना शुभभावमिति। खलुर्वाक्यालङ्कारे। विज्ञेयम्=ज्ञातव्यम्। अथ गुणकरत्वमस्य शुभभावहेतुत्वात्कथमिव ज्ञेयम् ? इत्याह-कूपज्ञातेन= अवटोदाहरणेन, इह चैवं साधनप्रयोगः, गुणकरमधिकारिणः किञ्चित्सदोषमपि स्नानादि, विशिष्टशुभभावहेतुत्वात्। विशिष्टशुभभावहेतुभूतं यत्, तद् गुणकरं दृष्टं; यथा कूपखननं, विशिष्टशुभभावहेतुश्च यतनया स्नानादि, ततो गुणकरमिति। कूपखननपक्षे शुभभावस्तृष्णादिव्युदासेनानन्दाद्यवाप्तिरिति। इदमुक्तं भवति-यथा कूपखननं श्रमतृष्णाकर्दमोपलेपादिदोषदुष्टमपि जलोत्पत्तावनन्तरोक्तदोषानपोह्य स्वोपकाराय परोपकाराय च किल भवतीत्येवं स्नानादिकमप्यारम्भदोषमपोह्य शुभाध्यवसायस्योत्पादनेन विशिष्टाशुभकर्मनिर्जरणपुण्यबन्धकारणं भवतीति। इह **केचिन्मन्यन्ते** पूजार्थं स्नानादिकरणकालेऽपि निर्मलजलकल्पशुभाध्यवसायस्य विद्यमानत्वेन कर्दमलेपादिकल्प-पापाभावाद्विषममिदमित्थमुदाहरणं, तत्किलेदमित्थं योजनीयं-यथा कूपखननं स्वपरोपकाराय भवत्येवं स्नान-

---

તાત્પર્ય આ છે - 'સ્નાનનું વર્જન કે પૂજા તો ગુણકારી છે જ. પણ સ્નાન પણ ગુણકારી છે.' અહીં રક્ષણીય જીવોની શક્ય રક્ષાનો પ્રયત્ન જયણારૂપ છે. 'શું સાધુને પણ આ સ્નાનાદિ ગુણકારી ખરા ?' એવી આશંકા ટાળવા કહે છે - આરંભવાળાને જ ગુણકારી છે. અર્થાત્ જેઓ સ્વજન, ધન, ઘરઆદિના નિમિત્તે ખેતીવગેરે પ્રવૃત્તિથી પૃથ્વીવગેરે જીવોની હિંસામાં પ્રવૃત્ત છે, તેવા ગૃહસ્થોને જ આ જયણાપૂર્વકના શુભાશયથી થતા સ્નાનાદિ ગુણકારી છે, સાધુને નહીં, કારણ કે સાધુઓ સર્વસાવદ્યનો ત્યાગ કરી ભાવસ્તવમાં આરૂઢ થયાં છે. ભાવસ્તવની પ્રાપ્તિમાટે દ્રવ્યસ્તવ સાધન છે. અને સાધુને ભાવસ્તવ સ્વતઃ પ્રાપ્ત છે. તેથી ભાવસ્તવમાં લીન થયેલા સાધુઓને સ્નાનાદિપૂર્વકનો દ્રવ્યસ્તવ અનાદેય જ છે. આ જ અર્થ ગ્રંથકાર **શ્રી હરિભદ્રસૂરિ મહારાજા** અન્ય પ્રકારે આગળ દર્શાવશે, સ્નાનાદિથી પુણ્યબંધરૂપ ગુણ=ઉપકાર અવશ્ય થાય છે.

## શ્રી અભયદેવસૂરિમતે કૂપદૃષ્ટાંતની સાર્થકતા

**શંકા :-** આરંભવાળા ગૃહસ્થને સ્વરૂપસાવદ્ય સ્નાનાદિ ગુણકારી શી રીતે બને ?

**સમાધાન :-** એ રીતે કે તેમાં જિનપૂજાનો શુભાશય ભળેલો છે. પૂજાના શુભભાવમાં કારણ હોવાથી સ્નાનાદિ ગુણકારી છે. સ્નાનાદિપૂર્વક પૂજા કરનારા કેટલાક ભાગ્યશાળીઓને શુભાશયનો અનુભવ થાય જ છે. (મૂળમાં 'ખલુ'પદ અલંકારાર્થે છે.) અહીં કૂવાનું દૃષ્ટાંત છે. અનુમાનપ્રયોગ આ પ્રમાણે છે - સ્નાનાદિ સદોષ વસ્તુ (=દ્રવ્ય, ગુણ કે ક્રિયા) પણ અધિકારીને ગુણકારી બને છે, કારણ કે વિશિષ્ટ શુભાશયમાં કારણ બને છે. જે-જે વિશિષ્ટ શુભાશયમાં કારણ હોય, તે તે ગુણકારી છે; જેમકે કૂવો ખોદવાની ક્રિયા. જયણાથી થતી સ્નાનાદિ ક્રિયા પણ વિશિષ્ટ શુભભાવમાં કારણ છે. તેથી ગુણકારી છે. કૂવો ખોદવાના પક્ષે શુભભાવ=તૃષ્ણાવગેરેના નાશથી આનંદવગેરેની પ્રાપ્તિ. **તાત્પર્ય :-** જેમ કૂવો ખોદવામાં પરિશ્રમ, તૃષ્ણાવૃદ્ધિ, કાદવથી ખરડાવાનું વગેરે ઘણા દોષો છે, છતાં પાણીની પ્રાપ્તિ થયા બાદ તે બધા દોષો દૂર થાય છે; તથા સ્વ અને પર ઉપર ઉપકાર થાય છે. તેમ

*पूजादिकं करणानुमोदनद्वारेण स्वपरयोः पुण्यकारणं स्यादिति । **न चैतदागमानुपाति**, यतो धर्मार्थप्रवृत्तावप्यारम्भ-जनितस्याल्पस्य पापस्येष्टत्वात्, कथमन्यथा **भगवत्यामुक्तं** → 'तहारूवं समणं वा माहणं वा पडिहयपच्चक्खाय-पावकम्मं अफासुएणं अणेसणिज्जं असण ४ पडिलाभेमाणे भंते ! किं कज्जइ ? गो० ! अप्पे पावे कम्मे बहुतरिया से णिज्जरा कज्जइ' । तथा ग्लानप्रतिचरणानन्तरं पञ्चकल्याणकप्रायश्चित्तप्रतिपत्तिरपि कथं स्यात् ? इत्यलं प्रसङ्गेनेति गाथार्थः ॥ यतनया विहितस्य स्नानादेः शुभभावहेतुत्वं प्रागुक्तम् । अथ यतनां स्नानगतां शुभभावहेतुतां च यतनाकृतां स्नानस्य दर्शयन्नाह- 'भूमीप्पेहणजलछाणणाइ जयणा उ होइ ण्हाणाओ । एत्तो विसुद्धभावो अणुहवसिद्धो च्चिय बुहाणं ॥' [पञ्चाशक ४/११] व्याख्या-भूमेः प्रेक्षणं च=स्नानभुवः प्राणिरक्षार्थं चक्षुषा निरीक्षणं, जलछाणणं च=पूतरकपरिहारार्थं नीरगालनम्, आदि=प्रमुखं यस्य व्यापारवृन्दस्य, तद्भूमिप्रेक्षणजलछाणणादि । आदि-शब्दान्मक्षिकारक्षणादिग्रहः । तत्किमित्याह यतना=प्रयत्नविशेषः, तु शब्दः पुनरर्थः, तद्भावना चैवं=स्नानादि यतनया गुणकरं भवति, यतना पुनर्भूमिप्रेक्षणजलछाणनादिः, भवति=वर्त्तते, क्वेत्याहस्नानादौ=अवधिकृते*

---

*સ્નાનવગેરે પણ આરંભાદિ દોષો દૂર કરી શુભઅધ્યવસાય પ્રગટાવવા દ્વારા અશુભકર્મોની વિશિષ્ટનિર્જરા અને પુણ્યબંધમાં કારણ બને છે.*

*અહીં **(કેટલાકનો મત)** – પૂજામાટે કરાતા સ્નાનાદિ વખતે પણ નિર્મળ જળ તુલ્ય અધ્યવસાય(='આ પાણી જેમ દેહના મળને દૂર કરે છે, તેમ જિનપૂજા મારા અંતરમળને દૂર કરશે' ઇત્યાદિરૂપ શુભાશય) રહ્યો છે. તેથી સ્નાનાદિ વખતે પણ કાદવથી ખરડાવા તુલ્ય પાપનો અભાવ છે, તેથી ઉપરોક્ત રીતે કૂવાનું દૃષ્ટાંત ઘટાવવામાં વિષમતા આવશે. કારણ કે એ પ્રમાણે કૂવાના દૃષ્ટાંતને વિચારવામાં આ સ્નાનાદિમાં પણ અલ્પ પાપનો સ્વીકાર કરવો પડે. પણ વાસ્તવમાં તો પૂજાનો શુભાશય હોવાથી જયણાપૂર્વકના સ્નાનાદિમાં અલ્પ પણ પાપનો બંધ નથી, કારણ કે સર્વત્ર બંધમાં ભાવ કારણ છે. તેથી કૂપદૃષ્ટાંતને ઉપરોક્ત પ્રમાણે ન ઘટાવતા આ પ્રમાણે ઘટાવવું જોઇએ- જેમ કૂવો ખોદવાથી સ્વ અને પર ઉપર (લૌકિક) ઉપકાર થાય છે. તેમ સ્નાન-પૂજાવગેરે પણ કરણ, અનુમોદન દ્વારા સ્વ અને પર ઉપર (લોકોત્તર) ઉપકાર કરે છે.*

*__પૂ. અભયદેવસૂરિજી__ – આ માન્યતા આગમાનુસારી નથી, કારણ કે ધર્મહેતુક પ્રવૃત્તિ પણ જો આરંભયુક્ત હોય, તો તે આરંભના કારણે અલ્પ પાપનો બંધ આગમમાન્ય છે. જો આમ ન હોત, તો **ભગવતી સૂત્રમાં** બતાવેલાં અશુદ્ધ દાનથી અલ્પ બંધ અને બહુતર નિર્જરા સંગત ન ઠરત. **ભગવતી સૂત્રનો** પાઠ આ પ્રમાણે છે → 'હે ભદંત ! પ્રતિહતપ્રત્યાખ્યાતપાપકર્મ(=પૂર્વકૃતપાપનો નિંદાદિથી નાશ કરતા અને ભવિષ્યના પાપો અંગે પ્રત્યાખ્યાન કરતા) તેવા પ્રકારના શ્રમણ કે (બ્રહ્મચર્યનું પાલન કરતા હોવાથી) બ્રાહ્મણને અપ્રાસુક(=સચિત્તાદિ) અનેષણીય(=૪૨ દોષયુક્ત) અશનઆદિ ચાર વહોરાવનારો શું કરે છે ?' 'ગૌતમ ! અલ્પ પાપનો બંધ અને બહુતર પાપોની નિર્જરા કરે છે.' અહીં દાન આરંભયુક્ત હોવાથી તેમાં અલ્પ પાપનો બંધ દર્શાવ્યો. તે જ પ્રમાણે ગ્લાનની સેવા કરનારા વૈયાવચ્ચીને સેવાકાર્યની સમાપ્તિ બાદ પ્રાયશ્ચિત્તવિધિમાં 'પંચકલ્યાણક' નામનું પ્રાયશ્ચિત્ત બતાવ્યું છે. ગ્લાનની સેવા શુભ હોવા છતાં, તેમાં સેવાતા અનિવાર્યદોષો અંગે આ પ્રાયશ્ચિત્ત છે. આરંભયુક્ત ધર્મમાં અલ્પ પણ પાપનો બંધ ન હોય, તો આ પ્રાયશ્ચિત્તવિધિ પણ અસંગત ઠરે. તેથી સ્વરૂપસાવદ્ય ધર્મપ્રવૃત્તિમાં આરંભનિમિત્તક અલ્પપાપનો બંધ થાય છે. તેથી અમે કૂપદૃષ્ટાંતની જે વિચારણા કરી તે જ બરાબર છે. તેથી વિસ્તારથી સર્યું. [ગા.૧૦નો અર્થ થયો.] (ગા. ૧૧મીનો અર્થ - અવતરણિકા) પૂર્વેની ગાથામાં 'જયણાથી થતા સ્નાનાદિ શુભભાવના હેતુ છે' એમ દર્શાવ્યું. હવે સ્નાન કરતી વખતની જયણા અને જયણાને કારણે સ્નાનની શુભભાવમાં હેતુતા દર્શાવતા કહે છે- 'ભૂમિનું પ્રેક્ષણ,*

*देहशौचविलेपनजिनार्चनप्रभृतीनि च, इह च प्राकृते औकारश्रुतेरभावाद् 'ण्हाणाओ' इत्येवं पठ्यत इति। एत्तो ति। इत:=पुनर्यतनाविहितस्नानादेर्विशुद्धभाव:=शुभाध्यवसायोऽनुभवसिद्ध एव=स्वसंवेदनप्रतिष्ठित एव, बुधानां=बुद्धिमतामनेन च शुभभावहेतुत्वादित्यस्य पूर्वोक्तहेतोरसिद्धताशङ्का परिहता। इति गाथार्थ:॥*

**अत्राभयदेवसूरिव्याख्याने** धर्मार्थप्रवृत्तावप्यारम्भजनितदोषस्याल्पस्य यदिष्टत्वमुक्तं, तद् **ग्रन्थकर्त्तुः** क्व स्वरससिद्धम् ? **षोडशके** *'यतनातो न च हिंसा'* इत्याद्येवाभिधानात्, यतनाभावशुद्धिमत: पूजायां कायवधासम्भवस्यैव दर्शितत्वात्। **पूजापञ्चाशके**ऽपि *'कायवधात् कथं पूजा परिशुद्धा ?'* इति प्रश्नोत्तरे *'भण्णइ जिणपूयाए कायवहो जइवि होइ उ कहिंचि। तहवि तई परिसुद्धा गिहीण कूवाहरणजोगा'* ॥[४/४२] इत्यत्र कथञ्चित्=केनचित्प्रकारेण। यतनाविशेषेण प्रवर्त्तमानस्य सर्वथापि न भवतीति प्रदर्शनार्थं कथञ्चिद् ग्रहणमिति तपस्विना स्वयमेव व्याख्यानात्, *'देहादिणिमित्तंपि हु जे कायवहम्मि तह पयट्टंति। जिणपूयाकायवहम्मि तेसिमपवत्तणं मोहो'* ॥[४/४५] इति ग्रन्थेनाग्रे ग्रन्थकृतैवाधिकारिणो जिनपूजाकायवधमुपेत्य प्रवृत्तेर्दर्शितत्वात् तत्र हिंसास्वरूपस्य

---

*પાણી ગાળવું વગેરે જયણાને કારણે સ્નાનવગેરેથી થતો વિશુદ્ધભાવ પ્રાજ્ઞોને અનુભવસિદ્ધ છે.'* [ગા.૧૧] *ભૂમિપ્રેક્ષણ=જીવોની રક્ષામાટે સ્નાનની જગ્યાનું આંખથી નિરીક્ષણ કરવું. પૂતરક(=પોરા)વગેરેના પરિહારમાટે (=રક્ષામાટે) પાણી ગાળવું. આદિપદથી માખીનું રક્ષણવગેરે પ્રવૃત્તિસમુદાયનું ગ્રહણ કરવું. યતના=પ્રયત્નવિશેષ ('તુ'પદ 'પુન:'ના અર્થમાં છે) તેથી અર્થ આ થયો - યતનાથી થતા સ્નાનવગેરે ગુણકર છે અને ભૂમિનિરીક્ષણ, પાણીગાલન વગેરે યતના છે. ક્યાં ? અધિકૃત સ્નાન વગેરેમાં - સ્નાનવિલેપન-પૂજાવગેરેમાં. ('પ્રાકૃતમાં 'ઔ'કાર નથી. તેથી 'ણ્હાણાઓ' એવું વચન છે.) જયણાથી થતા સ્નાનાદિથી પ્રગટતો વિશુદ્ધ ભાવ બુદ્ધિશાળીઓને સ્વસંવેદનસિદ્ધ છે. આમ કહેવાથી અમે કરેલા પૂર્વના અનુમાનમાં દર્શાવેલા 'કારણ કે શુભભાવનું કારણ છે' એવા હેતુ અંગે અસિદ્ધિદોષની આશંકા દૂર થાય છે.* [ગા. ૧૧નો અર્થ]

## વિધિયતનાયુક્ત દ્રવ્યસ્તવ સર્વથા નિર્દોષ - અન્યમત

**શ્રી પંચાશક ગ્રંથ**ની ઉપરોક્ત **વૃત્તિમાં શ્રી અભયદેવસૂરિજીએ** પોતાનો અભિપ્રાય દર્શાવ્યો. આ અભિપ્રાયને માન્ય ન રાખતા બીજા કેટલાકોનો મત (પૂર્વે પૂર્વપક્ષ-ઉત્તરપક્ષદ્વારા આ મતની ચર્ચા કરી છે.) પણ **ઉપાધ્યાયજી મહારાજા** દર્શાવે છે - **શ્રી અભયદેવસૂરિએ** પોતાના વ્યાખ્યાનમાં ધર્મહેતુક પ્રવૃત્તિમાં પણ આરંભજનિત અલ્પ દોષ સ્વીકાર્યો છે. તે બરાબર નથી. (૧) **પંચાશક ગ્રંથકાર યોગાચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજાને** આ વાત માન્ય નથી. સ્વરચિત **ષોડશક ગ્રંથમાં** એમણે જ *'યતના હોવાથી હિંસા નથી'* ઇત્યાદિ કહ્યું છે અને ભાવશુદ્ધિવાળાએ યતનાથી કરેલી પૂજામાં કાયવધનો અભાવ જ બતાવ્યો છે. અર્થાત્ આરંભજનિત અલ્પ પણ પાપ કે દોષનો સ્વીકાર કર્યો નથી. (૨) **પૂજા પંચાશકમાં** *'કાયનો વધ હોવાથી પૂજાને શુદ્ધ કેવી રીતે કહી શકાય ?'* એવા ઉદ્ભવેલા પ્રશ્નના ઉત્તરમાં *'ઉત્તર અપાય છે. જો કે જિનપૂજામાં કથંચિત કાયવધ છે, તો પણ કૂવાના દૃષ્ટાંતના યોગથી ગૃહસ્થને તે (પૂજા) પરિશુદ્ધ છે.'* [ગા.૪૨] આ ગાથા છે. આ ગાથાની ટીકામાં ('તપસ્વિના' પદથી સૂચિત) **શ્રી અભયદેવસૂરિજીએ** પોતે પણ યતનાવિશેષમાં પ્રવૃત્ત થયેલાને સર્વથા પણ હિંસા થતી નથી, તે દર્શાવવા જ 'કથંચિત્' પદ છે, એમ કહ્યું છે. અર્થાત્ કોઇક પ્રકારની હિંસા હોય તો પણ તે સર્વથા હિંસા નથી, એટલે કે હિંસાજનિત પાપમાં હેતુ નથી એવું તાત્પર્ય બતાવ્યું છે. (૩) વળી *'જેઓ દેહવગેરેના નિમિત્તે પણ તેવા પ્રકારના (ખેતી વગેરે) કાયવધમાં પ્રવૃત્ત થાય છે. તેઓ જિનપૂજારૂપ કાયવધમાં પ્રવૃત્ત થતા નથી એ તેઓનો મૂઢભાવ છે.'*

यतनयैव त्याजनाभिप्रायात्, प्रमादयोगेनेत्यादिलक्षणासिद्धेः। **न च** पुण्यजनकाध्यवसायेन योगेन वाल्पस्यापि पापस्य बन्धसम्भवः, अध्यवसायानां योगानां वा शुभाशुभैकरूपाणामेवोक्तत्वात्तृतीयराशेरागमेऽप्रसिद्धेः, एतच्चोपपादयिष्यत उपरिष्टात् **भाष्यसम्मत्या**। **भगवत्यां** सुपात्रेऽशुद्धदानेऽल्पपापबहुतरनिर्जराभिधानं च निर्जराविशेषमुपलक्षयति। स च शुद्धदानफलावधिकापकर्षात्मकः, प्रकृते च चारित्रफलावधिकापकर्षात्मको दानादिचतुष्कफलसमशीलः सोऽधिक्रियत इति कथङ्कारमशुद्धदानेन शुद्धपूजायां तुल्यत्वमुपनीयमानं तपस्विभिश्चमत्कारसारं चेतो रचयितुं प्रत्यलं, अशुद्धदानं ह्यतिथिसंविभागव्रतस्यातिचारभूतं, शुद्धपूजा च समग्रश्राद्धधर्मस्य तिलकीभूतोत्तरगुणरूपेति। तथा चाह **वाचकचक्रवर्त्ती** → *'चैत्यायतनप्रस्थापनानि कृत्वा च शक्तितः प्रयतः। पूजाश्च गन्धमाल्याधिवासधूपप्रदीपाद्याः'*॥ [प्रशमरति ३०५] इत्यादि। **अथ** शुद्धदानविधिरुत्सर्गोऽशुद्धदानविधिश्चाप-

---

[ગા. ૪૫] અહીં ગ્રંથકારે પોતે 'જિનપૂજામાં કાયવધ છે' એમ સ્વીકારીને પણ અધિકારીની જિનપૂજામાં પ્રવૃત્તિ બતાવી છે.

(સર્વ સાવદ્યના ત્યાગી સાધુ સાક્ષાત્ કાયવધનો ઉપદેશ આપે નહિ - અન્યથા પ્રથમ મહાવ્રત દૂષિત થાય. છતાં ગ્રંથકારે જિનપૂજામાં કાયવધ છે એમ પ્રતિપાદન કરવાપૂર્વક અધિકારીએ એ જિનપૂજામાં પ્રવૃત્તિ કરવી એમ વિધાન કર્યું છે. તેથી એ વિધાન પાછળ કોઇ આશય હોવો જોઇએ. અહીં પૂર્વાપરનો વિચાર કરતા લાગે છે કે)

અહીં ગૃહસ્થની પૂજામાં પ્રવૃત્તિ દર્શાવવા પાછળ ગ્રંથકારનો પૂજામાં જયણાથી હિંસાસ્વરૂપનો ત્યાગ કરાવવાનો આશય હોવો જોઇએ, કારણ કે જયણાથી થતી પૂજામાં 'પ્રમાદયોગથી જીવવધ હિંસા' એવું હિંસાનું લક્ષણ રહેતું નથી. તેથી જિનપૂજામાં સ્વરૂપહિંસા હોવા છતાં કર્મબંધમાં કારણભૂત હિંસા નથી. (જે માત્ર સ્વરૂપથી જ નહીં, અનુબંધથી પણ હિંસારૂપ છે, એવી સંસારસંબંધી હિંસામાં પ્રવૃત્તિ કરવામાં જેઓને કશો ખટકો નથી, તેઓ જયણા-શુભભાવથી અનુબંધરહિત થતી માત્ર સ્વરૂપથી જ હિંસારૂપ રહેતી અને પરિણામે તમામ હિંસાથી મુક્ત કરતી જિનપૂજામાં 'હિંસા' માનીને પ્રવૃત્તિ કરતાં નથી, તેઓ મહામૂઢ છે, તેઓને ખૂનમાટે શસ્ત્ર વપરાય તેનો વાંધો નથી, ઓપરેશનમાટે વપરાય તે ખટકે છે. આવો અભિપ્રાય લાગે છે.) વળી (૪) પુણ્યજનક અધ્યવસાયથી અથવા પુણ્યજનક યોગથી અલ્પ પણ પાપનો બંધ સંભવતો નથી, કારણ કે અધ્યવસાયો અને યોગોના બે જ ભેદ પાડ્યા છે. (૧) શુભ અને (૨) અશુભ. અર્થાત્ દરેક અધ્યવસાય કે યોગ કાં તો શુભ જ હોય, કાં તો અશુભ જ હોય, પણ શુભાશુભરૂપ મિશ્ર ન હોય, કારણ કે આ મિશ્રરૂપ ત્રીજો વિકલ્પ આગમમાં અપ્રસિદ્ધ છે. આ અંગે વિસ્તૃતચર્ચા **ભાષ્યની** સંમતિપૂર્વક આગળ કરાશે. તથા (૫) **શ્રી અભયદેવ સૂરિજીએ** પોતાની ટીકામાં **ભગવતી સૂત્રનો** પાઠ દર્શાવ્યો, એમાં સુપાત્રને અશુદ્ધદાન દેવામાં અલ્પ પાપ અને બહુતર નિર્જરા બતાવી છે. અહીં 'અલ્પપાપ-બહુતરનિર્જરા' પદ નિર્જરાવિશેષનું સૂચન કરે છે. આ નિર્જરા શુદ્ધદાનથી થતી નિર્જરા કરતા અપકૃષ્ટ છે - એમ સૂચવવા 'અલ્પ પાપ' પદ છે. પ્રસ્તુતમાં ચારિત્રના ફળની અપેક્ષાએ હીનકક્ષાની તથા દાનવગેરે(=દાન, શીલ, તપ અને ભાવ) ચાર ધર્મના સમાનફળવાળી શુદ્ધપૂજાનો વિચાર છે. તેથી શુદ્ધપૂજાને અશુદ્ધદાનની સમાનકક્ષાએ મુકવી યોગ્ય નથી. (પૂજા શુદ્ધદાનાદિ ચારને સમકક્ષ છે, ચારિત્રની અપેક્ષાએ અપકૃષ્ટ છે. અશુદ્ધદાન શુદ્ધદાનથી અપકૃષ્ટ છે. આમ પૂજા અશુદ્ધદાનને સમકક્ષ નથી, પણ એનાથી ચડિયાતી છે. માટે એ બેની તુલના કરવી યોગ્ય નથી.) અશુદ્ધદાન શ્રાવકના બારમા અતિથિસંવિભાગવ્રતમાં અતિચાર લગાડે છે, જ્યારે **શુદ્ધપૂજા તો શ્રાવકના સમગ્ર ધર્મોમાં તિલકસમાન ઉત્તરગુણ છે.** તેથી જ **વાચકચક્રવર્તી (પૂ. ઉમાસ્વાતિજી મહારાજ)** કહે છે → *'પવિત્ર (થઇને) શક્તિમુજબ જિનમંદિર=જિનપ્રતિમાની સ્થાપના કરીને ગંધ, ફૂલમાળા, અધિવાસ, ધૂપ, પ્રદીપવગેરે પૂજા વિશેષ પ્રયત્નપૂર્વક યથાશક્તિ કરીને (શ્રાવક ચારિત્રમાટે તૈયાર થાય.')* **આમ શુદ્ધપૂજા સુપાત્રમાં શુદ્ધદાનની જેમ એકાંતે શુભ છે અને નિર્જરારૂપ જ છે.**

वादः, उत्सर्गापवादौ च स्वस्थाने द्वावपि बलवन्तावित्यपवादविधिविषयीभूताशुद्धदानतुल्यत्वं देवपूजाया-मुच्यमानं न दोषायेत्यभिप्रायः। **तर्हि** अशुद्धदानपदं कस्य बिभीषिकायै ? स्वरूपतोऽशुद्धताया: स्वरूपत आरम्भ-वत्तायाश्चानतिदोषत्वात्। वस्तुतोऽप्रासुकदानदृष्टान्तो लुब्धकदृष्टान्तभावितदात्रपेक्षयैव भावितो **भगवतीवृत्ता-विति**। विधिपरव्युत्पन्नकृतपूजायां विपरीतव्युत्पन्नकृतदानतुल्यत्वमभिधीयमानं कथं घटेत ? ग्लानप्रतिचरणान्तरं पञ्चकल्याणकप्रायश्चित्तप्रतिपत्तिरपि गीतार्थाद्यन्यतरपदवैकल्य एवेति सर्वपदसाकल्ये प्रायश्चित्तकरणं कल्पमात्रं स्वरूपत: सदोषतया। एतद्दृष्टान्तावष्टम्भे च जिनपूजां कृत्वापि प्रायश्चित्तं कर्त्तव्यं स्यात्। तच्च नेर्यापथिकामात्र-मप्युक्तम्, अशुद्धदानेऽपि च **श्राद्धजीतकल्पादा**वुक्तमिति वृथा वल्गनमेतदभिन्नसूत्राभिमानिनां, अतिचारजनक-क्लिष्टभावशोधनमपि तुल्याधिकशुद्धाध्यवसायेनैवान्यथा **ब्राह्म्या**दीनां स्वल्पमायाया अत्यशुभविपाके प्रमत्त-

---

**પૂર્વપક્ષ :-** શુદ્ધદાનવિધિ ઉત્સર્ગ છે. અશુદ્ધદાનવિધિ અપવાદ છે. ઉત્સર્ગ અને અપવાદ પોતપોતાના સ્થાને બળવાન છે. તેથી અપવાદપદે અપાયેલા અશુદ્ધદાનની સાથે જિનપૂજાને સરખાવવામાં દોષ નથી.

**ઉત્તરપક્ષ :-** આમ જો જિનપૂજાને આપવાદિક અશુદ્ધદાનસાથે જ સરખાવવાનો આશય હોય, તો 'અશુદ્ધદાન'પદ મૂકી કોને ભયભીત કરવા ઇચ્છો છો ? કારણ કે આપવાદિક દાન ઔત્સર્ગિક શુદ્ધ દાનને તુલ્ય જ છે. (તેથી તો પૂજા દાનતુલ્ય જ ગણાવી જોઇએ. એ છોડી આપવાદિક અશુદ્ધદાન સાથે સરખાવવામાં કલ્પનાગૌરવ અને ભ્રાંતિવગેરે દોષ છે.)

**શંકા :-** આપવાદિક દાનમાં સ્વરૂપથી અશુદ્ધિ તો છે જ, તેમજ પૂજામાં પણ સ્વરૂપથી આરંભ છે જ. તેથી બન્નેની સરખામણી કરવી યોગ્ય છે. આ સ્વરૂપઅશુદ્ધિને આગળ કરી જ 'અશુદ્ધદાન' એમ કહ્યું છે.

**સમાધાન :-** સ્વરૂપથી અશુદ્ધિ કે આરંભ બહુદોષયુક્ત નથી. તેથી તેનાથી 'અલ્પતરપાપ બહુતરનિર્જરાનું' વિધાન સંગત ન ઠરે. તેથી જ વાસ્તવમાં **ભગવતી સૂત્રનો** અશુદ્ધદાનઅંગેનો આલાપક આપવાદિકદાનઅંગે નથી, પરંતુ **લુબ્ધક**દૃષ્ટાંતથી ભાવિત થયેલા ગૃહસ્થના દાનઅંગે છે. એમ **ભગવતી સૂત્રની વૃત્તિમાં** બતાવ્યું છે. (લુબ્ધક= પારધી. જેમ પારધી મૃગલાની પાછળ દોડે. ગમે તેમ કરી મૃગલાને પકડવા મથે, અને મૃગલું બચવા મથે. તેમ શ્રાવકે નિર્દોષ દોષિતનો વિચાર કર્યા વિના બસ, સાધુ-મહાત્માઓના પાત્રા ભરવાનો જ પ્રયાસ કરવો. દોષિતથી બચવાનો પ્રયત્ન સાધુ પોતે કરશે. આ પ્રમાણે પાસત્થા શિથીલ સાધુઓ ભોળા શ્રાવકને ભરમાવે, આ ભ્રમથી મુગ્ધ શ્રાવક સુપાત્રને અશુદ્ધ દાન વહોરાવે, તો શ્રાવકને શો લાભ થાય? તે સૂચવવા **ભગવતી સૂત્રનો** આ આલાપક છે. પૂજાને અશુદ્ધદાનસાથે સરખાવવા **ભગવતી સૂત્રનો** આ પાઠ આપ્યો હતો. પણ આ પાઠ આપવાદિક અશુદ્ધ દાનમાટે નથી. તેથી આ પાઠ આપનારા પૂજાને આપવાદિક અશુદ્ધ દાનને તુલ્ય ગણે છે એમ પણ કેવી રીતે સિદ્ધ થઇ શકે ?) આ પ્રમાણે વિપરીતભાવિત શ્રાવકે દીધેલા અશુદ્ધદાનસાથે વિધિમાં રત અને સુભાવિતશ્રાવકે કરેલી શુદ્ધપૂજાની તુલના યોગ્ય નથી (૬) ગ્લાનની વૈયાવચ્ચ કર્યા પછી પંચકલ્યાણક પ્રાયશ્ચિત્ત પણ ગીતાર્થઆદિ પદોમાંથી એકાદ પદ વિનાના સાધુની અપેક્ષાએ છે, જ્યારે બધા પદોથી યુક્ત સાધુને વૈયાવચ્ચ પછી જે પ્રાયશ્ચિત્ત આવે છે, એ તો આચારમાત્રરૂપ છે. (કે જેમાં 'બીજાઓ કારણે-અકારણે દોષ સેવી અનવસ્થા ઊભી ન કરે' ઇત્યાદિ આશય હોય છે.)

તેથી આ દૃષ્ટાંતનું આલંબન લેવામાં તો જિનપૂજા કર્યા પછી શ્રાવકને પણ પ્રાયશ્ચિત્ત કરવાનો પ્રસંગ આવે. પણ આગમમાં તો એ માટે ઈર્યાવહિયા જેટલું પણ પ્રાયશ્ચિત્ત નથી દર્શાવ્યું. જ્યારે શ્રાવકના અશુદ્ધદાનઅંગે **શ્રાદ્ધજીતકલ્પમાં** પ્રાયશ્ચિત્તનું સ્પષ્ટ વિધાન છે. તેથી અશુદ્ધદાનસાથે પૂજામાં અભેદ બતાવવાનો પ્રયાસ વ્યર્થ છે. વળી અતિચારજનક અશુભ અધ્યવસાયની વિશોધિ પણ તે અશુભઅધ્યવસાયને તુલ્ય કે તેનાથી અધિક શુદ્ધ

साधूनामिदानीं चारित्रं कथं निर्वहेदित्यर्थपदं भावेन प्रपञ्चितं **पञ्चवस्तुक** एवेति यतनाभावशुद्धस्याधिकारिण: क इवात्रोपलेप: ? इति **केषाञ्चिन्मतं** नानागमिकमाभाति। पूजेतिकर्त्तव्यतासम्पत्तिरेव च तन्मते कूपोत्पत्ति:, तत्प्राक्कालीन एव चारम्भ: प्रतिपन्नगृहस्थधर्मप्राणप्रदद्रव्यस्तवस्य कूपखननस्थानीयस्तत्कालोपार्जितद्रव्येनैव द्रव्यस्तवसम्भवात्, त्रिवर्गाविरोधिनस्तत: प्रथमवर्गेऽस्यापि सिद्धि:, तदारम्भार्जितकर्मनिर्जरणमेव च द्रव्यस्तव-सम्भविना भावेनेति न किञ्चिदनुपपन्नं नैगमनयभेदाश्रयणेन ।। ६० ।। व्यवहारनयाश्रयणेऽपि स्वोत्प्रेक्षितं समाधानमाह–

**अत्रास्माकमिदं हृदि स्फुरति यद्द्रव्यस्तवे दूषणं,**
**वैगुण्येन विधेस्तदप्युपहतं भक्त्येति हि ज्ञापनम्।**
**कूपज्ञातफलं यतोऽविधियुताप्युक्तक्रिया मोक्षदा,**
**भक्त्यैव व्यवधानत: श्रुतधरा: शिष्टा: प्रमाणं पुन: ।। ६१ ।।**

(**दंडान्वय:**→ अत्रास्माकं हृदि इदं स्फुरति यद् द्रव्यस्तवे विधे: वैगुण्येन दूषणं, तदपि भक्त्या उपहतमिति ज्ञापनं हि कूपज्ञातफलं यतोऽविधियुताऽप्युक्तक्रिया व्यवधानतो भक्त्यैव मोक्षदा। प्रमाणं पुन: श्रुतधरा: शिष्टा: ।।)

---

અધ્યવસાયથી જ સંભવે છે, નહિતર તો **પીઠ** અને **મહાપીઠના** ભવમાં કરેલી અલ્પમાયાનું ફળ **બ્રાહ્મી-સુંદરીના** ભવમાં આટલું જોરદાર આવ્યું, તો વર્તમાનકાળના પ્રમત્ત સાધુ પોતાના ચારિત્રનો નિર્વાહ શી રીતે કરી શકે ? (અત્યારના હીનધૃતિ-સંહનનવાળા સાધુઓ બાહ્યક્રિયાવગેરેની અપેક્ષાએ ઘણા પ્રમાદયુક્ત છે. એ પ્રમાદની શુદ્ધિ જો બાહ્ય ક્રિયાથી જ થતી હોય, તો અત્યારનો સાધુ જીંદગીભર પ્રાયશ્ચિત્તનું વહન કરે તો પણ પ્રમાદથી સેવાયેલા દોષોમાંથી સંપૂર્ણ શુદ્ધ થાય કે કેમ એ સવાલ છે. તેથી ત્યાં જે અશુભભાવથી પ્રમાદ આદિનું સેવન થાય છે, તેનાથી વધુ શુભભાવોથી એ પ્રમાદનું શુદ્ધીકરણ થાય છે. અને તેથી વર્તમાનમાં પણ નિઃશલ્યચારિત્ર સંભવે છે તેમ સ્વીકારવું રહ્યું.) આ વાત **પંચવસ્તુમાં** અર્થતઃ સિદ્ધ છે. (તેથી જો પૂજા અશુદ્ધદાનતુલ્ય હોય, તો પૂજામાં પણ અતિચાર માનવો પડે. એ માટે ક્લિષ્ટ અધ્યવસાય માનવો પડે. તો સ્નાનાદિમાં શુભભાવ બતાવ્યો છે, તે કેવી રીતે ઘટે ? અને એ અતિચાર તો જ શુદ્ધ થાય, જો તેથી વધુ શુભભાવથી પૂજા થાય, નહીંતર તો પૂજા લાભને બદલે નુકસાનકારી નીવડે. માટે આવી કલ્પનાઓ વ્યર્થ છે.) તે જ રીતે અધિકારી શ્રાવક પણ સ્વરૂપસાવદ્ય પૂજાદિમાં યતનાભાવની શુદ્ધિના કારણે સાવદ્યજનિત કર્મબંધથી લેપાતો નથી, એમ સ્વીકારવામાં કોઇ દોષ નથી.

આ પ્રમાણે **બીજા કેટલાકનો મત** છે. આ મત અનાગમિક હોય, એમ લાગતું નથી. આ મતે પૂજાવિધિનું સંપાદન કૂવાની ઉત્પત્તિસમાન છે અને તે પૂર્વેનો ધનકમાવા વગેરેરૂપ જે આરંભ છે, એ સ્વીકારેલા ગૃહસ્થધર્મના પ્રાણભૂત દ્રવ્યસ્તવરૂપ કૂવાને ખોદવાની ક્રિયા સમાન છે. કારણ કે તે વખતે કમાયેલા ધનથી જ દ્રવ્યસ્તવ સંભવે છે. આમ ધર્મ, અર્થ અને કામરૂપ ત્રિવર્ગને બાધ ન આવે એ પ્રમાણે ઉપાર્જેલા દ્રવ્યથી કરાયેલો દ્રવ્યસ્તવ પણ ધર્મરૂપ પ્રથમવર્ગમાં સિદ્ધ છે, અર્થાત્ ધર્મરૂપ છે. અને દ્રવ્ય કમાવવા કરેલા આરંભથી લાગેલા કર્મોની નિર્જરા દ્રવ્યસ્તવકાલીન ભાવથી સંભવે છે. આમ, નૈગમનયના પ્રકારવિશેષને આગળ કરી આ પ્રમાણે પણ કૂવાના દૃષ્ટાંતને ઘટાવવો અયોગ્ય નથી. ('ધન કમાવવા જતો માણસ દ્રવ્યસ્તવમાટે ધન કમાઇ રહ્યો છે' ઇત્યાદિ વિચારણા દૂરના કારણમાં પણ કારણરૂપતા જોતા નૈગમનયથી સંભવે છે. એવું તાત્પર્ય લાગે છે.) **।। ૬૦।।**

વ્યવહારનયનો આશ્રય કરવામાં પણ પોતે ઉત્પ્રેક્ષા કરેલું સમાધાન બતાવે છે–

**કાવ્યાર્થ :–** અહીં અમારા હૃદયમાં આ પ્રમાણે સ્ફુરણા થાય છે – 'દ્રવ્યસ્તવમાં વિધિની વિકલતાને કારણે

'अत्रास्माकम्'इति । अत्रोक्तपूर्वपक्षेऽस्माकं हृदीदं स्फुरति, यद् द्रव्यस्तवे दूषणं, त*द्विधेर्वैगुण्येन*-भक्तिमात्रैकतानतासम्भविविधिवैकल्येन । प्राक्कालसम्भव्यारम्भदोषस्य फले समारोपे गृहस्थाश्रमसम्भविदोषस्य चारित्रकाले समारोपेण तच्छोधने तत्रापि कूपदृष्टान्ताभिधानापत्तिरिति प्राचीनपक्षेऽस्वरसः, स्नानादावारम्भश्चित्ते लगतीत्याभिमानिक आरम्भदोषस्त्वधिकारिणो न सङ्गतः, अभिमानस्य भावदोषत्वादल्पदोषस्य च द्रव्यरूपस्यैवेष्टत्वादभिमानस्य विपर्ययरूपदोषस्याल्पस्य वक्तुमशक्यत्वादुपरितनानां तत्र दोषत्वाभिमानस्तु न विपर्ययः, स्याद्वादमार्गे वस्तुन आपेक्षिकत्वात्, स्थविरकल्पिकस्य यो मार्गः, स जिनकल्पिकापेक्षया न मार्ग इतिवदुपपत्तेः । *तदपि*=विधिवैकल्यप्रयुक्तं द्रव्यस्तवदूषणमपि *भक्त्या*=अधिकतरभक्तिभावेनोपहतं भवतीति हि ज्ञापनं कूपज्ञातस्य फलं कूपज्ञातेनैतद् ज्ञाप्यत इत्यर्थः । पूजाविधिवैगुण्यस्थलीयेऽप्युपलेपे भक्तिप्राबल्यस्य प्रतिबन्धकत्वं कूपे खन्यमाने कर्दमोपलेपादाविव मन्त्रविशेषस्येति भावः । यतोऽविधियुतापि क्रिया *व्यवधानेन*=अतिपारम्पर्येण भक्त्यैव कृत्वा

---

જે દૂષણ લાગે છે, તે પણ ભક્તિથી નાશ પામે છે, એમ દર્શાવવું' એ જ કૂવાના દૃષ્ટાંતનું ફળ=પ્રયોજન છે. કારણ કે અવિધિવાળી પણ ઉક્તક્રિયા પરંપરાએ ભક્તિદ્વારા જ મોક્ષ દેનારી છે. આ વિષયમાં પ્રમાણ તો શ્રુતધર શિષ્ટ પુરુષો જ છે.

## ઉપાધ્યાયજીની સ્ફુરણા - ભક્તિમાં શક્તિ

(પૂર્વપક્ષ=અન્યમત) અહીં પૂર્વોક્ત પૂર્વપક્ષમાં અમારા હૃદયમાં આવી સ્ફુરણા થાય છે - દ્રવ્યસ્તવમાં જે દૂષણ છે, એ ભક્તિમાત્રમાં એકતાન થવાના કારણે સંભવિત વિધિવિકલતાના કારણે છે. આમ તત્કાલીન વિધિવિકલતાવગેરે જ દૂષણરૂપ છે. પૂજાના પૂર્વકાળે દ્રવ્ય કમાવવાવગેરે અંગે થતાં આરંભવગેરે દોષોનો ફળ(=પૂજા)માં સમારોપ કરવામાં તો ગૃહસ્થઅવસ્થામાં સંભવતા દોષોનો ચારિત્રકાળમાં સમારોપ કરવાનો અવસર આવે અને ચારિત્રક્રિયાદ્વારા એ દોષોની શુદ્ધિ કરવાઅંગે કૂવાનું દૃષ્ટાંત બતાવવાની આપત્તિ આવે. તેથી આ અંશે પ્રાચીનપક્ષમાં (=બીજાઓના મતમાં એવું તાત્પર્ય લાગે છે.) અસ્વરસ રહે. (પૂ. અભયદેવ સૂ.મ.ના પક્ષમાં)- 'સ્નાનવગેરેમાં આરંભ જ મનમાં આવે છે' એવો આભિમાનિક(=સ્વકલ્પનાથી જન્મેલો) આરંભદોષ સ્નાનાદિમાં અધિકારી ને હોવો સંગત નથી, કારણ કે આ અભિમાન વિપર્યયદોષરૂપ ભાવદોષ છે (કારણ કે યતનાવિહિત સ્નાનાદિમાં આરંભદોષ શાસ્ત્રસંમત નથી) આ વિપર્યયદોષને નાનો દોષ કહી શકાય નહિ. (કારણ કે શાસ્ત્રથી વિપર્યાસરૂપ છે.) અને દ્રવ્યસ્તવમાં દ્રવ્યરૂપ અલ્પદોષ જ ઇષ્ટ છે, નહિતર તો **'ઘાટ કરતા ઘડામણ ભારી'** ન્યાયથી પૂજાથી પ્રાપ્ત લાભ કરતા આ માનસિક ભાવદોષનો ભાર વધી જાય અને કૂપદૃષ્ટાંત અસંગત ઠરે.

**શંકા :-** જો સ્નાનાદિમાં આરંભદોષની કલ્પના વિપર્યયરૂપ હોય, તો સાધુ વગેરેને પણ તેવી કલ્પના થવી ન જોઇએ. તેથી સાધુ પણ સ્નાનાદિનો અધિકારી થવો જોઇએ.

**સમાધાન :-** સ્યાદ્વાદમાર્ગે વસ્તુ આપેક્ષિક છે. સ્નાનાદિના અધિકારીમાટે યતનાવિહિત સ્નાનાદિમાં આરંભની કલ્પના વિપર્યયરૂપ છે, નહિ કે બધા માટે. સર્વસાવદ્યના ત્યાગી સાધુને સ્નાનાદિમાં આરંભની કલ્પના થાય, એ વિપર્યયરૂપ નથી, પણ વાજબી છે. જેમકે સ્થવિરકલ્પિકમાટે જે માર્ગરૂપ છે, તે જ જિનકલ્પિકની અપેક્ષાએ માર્ગરૂપ નથી.

આમ પૂજાકાલીન વિધિની વિકલતા જ દૂષણરૂપ છે અને 'વિધિની વિકલતારૂપ દૂષણ તેનાથી બળવાન્ એવા ભક્તિભાવથી નાશ પામે છે' એમ સૂચવવાદ્વારા જ કૂપદૃષ્ટાંત સાર્થક બને છે. કહેવાનો ભાવ આ છે - જેમ કુવો ખોદાતો હોય ત્યારે મંત્રવિશેષ કાદવથી ખરડાવાનો પ્રતિબંધક(=નિવારક) બને છે, તેમ પૂજાવિધિથી વિકલ

मोक्षदोक्ता। शिष्टाः पुनरत्रार्थे प्रमाणं-शिष्टैकवाक्यतया माभूदत्र स्वकपोलकल्पितत्वमात्रमिति भावः। इत्थं **चाभयदेवसूरिवचनानामु**क्तानां शेषाणां च भक्तिमात्रप्रयुक्तपूजैव विषय इति सर्वोऽपि प्राचीननवीनवर्त्मा परिष्कृतो भवति। इत्थं विवेचका एव *सुज्ञानाः*=सुप्ररूपकाः। शङ्कितार्थे पुनः सूत्रे व्याख्याते भक्तिरेव का ? उक्तं च **सम्मतौ गन्धहस्तिना** → *'ण हु सासणभत्तीमित्तएण सिद्धंतजाणगो होइ । ण वि जाणगोवि समए पन्नवणानिच्छिओ णेयो'त्ति*॥[३/६३] । *'न परीक्षां विना स्थेयं प्राचीनप्रणयात्परम्। अविमृश्य रुचिस्तत्र निरस्ता **गन्धहस्तिना**'*॥ तथा → *'जनोऽयमन्यस्य मृतः पुरातनः पुरातनैरेव समो भविष्यति। पुरातनेष्वित्यनवस्थितेषु कः पुरातनोक्तान्यपरीक्ष्य रोचयेत्'*॥[सिद्ध० द्वात्रिं० ६/५] प्राचीनत्वं नवीनत्वमप्यनेकान्तगर्भितं तत्तत्तात्पर्यभेदेन तन्त्रे नातिप्रसञ्जकं, **कूपदृष्टान्तविशदीकरणे**ऽधिकमादरात् प्रपञ्चेनोक्तमस्माभिस्ततस्तदवधार्यताम्॥ **६१**॥ पूजायां हिंसासम्भवोक्तिं विकल्प्य दूषयन्नाह–

**धर्मार्थः प्रतिमार्चनं यदि वधः स्यादर्थदण्डस्तदा,**
**तत्किं सूत्रकृते न तत्र पठितो भूताहियक्षार्थवत्।**
**या हिंसा खलु जैनमार्गविदिता सा स्यान्निषेध्या स्फुटं,**
**नाधाकर्मिकवन्निहन्तुमिह किं दोषं प्रसङ्गोद्भवम्॥ ६२॥**

---

દ્રવ્યસ્તવસ્થળે પણ કર્મના બંધની સામે ભક્તિનો ભાવ પ્રતિબંધક બને છે, કારણ કે અવિધિયુક્ત ક્રિયા પણ આવી લાંબી પરંપરાએ મોક્ષ દેનારી જે કહેવાઇ છે, તે ભક્તિને આગળ કરીને જ કહેવાઇ છે. આ બાબતમાં અમારી કલ્પના માત્ર સ્વકપોલકલ્પિત ન બની રહે, પણ શિષ્ટોની સાથે એકવાક્યતા પામે, એ હેતુથી અમે અહીં શિષ્ટપુરુષોને પ્રમાણ તરીકે સ્થાપીએ છીએ. આ પ્રમાણે **શ્રી અભયદેવસૂરિના** વચનો અને બીજાઓના કહેવાયેલા (કૂપદૃષ્ટાંત અંગે) વચનોનો વિષય 'ભક્તિમાત્રથી કરાયેલી પૂજા જ બને છે. આમ સઘળો ય જુનો અને નવો માર્ગ પરિષ્કાર પામે છે.' આ પ્રમાણે વિવેચન કરનારાઓ જ સુજ્ઞાત અને સુપ્રરૂપક છે. જે સૂત્રના અર્થ અંગે શંકા હોય, તે સૂત્રના અર્થની વ્યાખ્યા કરવામાં કઇ ભક્તિ રહી છે ? અર્થાત્ કોઇ ભક્તિ નથી. અથવા સૂત્રની શંકિતાર્થ વ્યાખ્યા કરવામાં ભક્તિ શું છે ? (સૂત્રની શંકિતાર્થવાળી વ્યાખ્યાને પરિષ્કૃત કરવાને બદલે પ્રાચીન હોવામાત્રથી સ્વીકારી લેવામાં કઇ ભક્તિ છે ? અર્થાત્ આ કોઇ તાત્ત્વિક ભક્તિરૂપ નથી. એના કરતાં તો એ વ્યાખ્યાને પરિષ્કૃત કરી નિઃશંકિત કરવામાં જ ખરી ભક્તિ છે. એવો તાત્પર્યાર્થ લાગે છે.) **સંમતિતર્ક ગ્રંથમાં શ્રી ગંધહસ્તી(=શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ)એ** કહ્યું જ છે કે → *'શાસનપરની ભક્તિમાત્રથી સિદ્ધાંતના જ્ઞાતા થવાતું નથી. તથા જ્ઞાતા(=જીવાદિ તત્ત્વોના એક દેશનો જ્ઞાતા) પણ અવશ્ય પ્રજ્ઞાપનામાં(=અનેકાંત પ્રરૂપણામાં) નિશ્ચિત હોય જ એવું પણ નથી.'* તથા *'પ્રાચીનપરના પ્રેમમાત્રથી પરીક્ષા કર્યા વિના રહેવું જોઇએ નહિ. કારણ કે ત્યાં (પ્રાચીન પર) વિચાર્યા વિનાની રુચિનું **ગંધહસ્તીએ** ખંડન કર્યું છે.'* વળી *''આ મરેલો માણસ અન્યની (નવા જન્મેલાની) અપેક્ષાએ પુરાતન(=પૂર્વકાલીન) છે. તેથી મરેલાની અપેક્ષાએ પણ જેઓ પુરાતન છે, તેઓના જેવો હોવો જોઇએ. આમ પુરાતન પુરુષો અનવસ્થિત છે.* (પુરાતનપણામાં કોઇ મર્યાદા નથી. ઉત્તર ઉત્તરની અપેક્ષાએ પૂર્વપૂર્વના પુરાતન છે, તેથી પ્રાચીન અને અર્વાચીન અંગેની વ્યવસ્થા થઇ શકતી નથી.) *તેથી 'આ વચનો પુરાતનના છે' એટલા માત્રથી વિચાર્યા વિના કોણ રુચિ કરે ?''* આમ પ્રાચીનપણું અને અર્વાચીનપણું પણ અનેકાંતથી યુક્ત છે. તેથી તે-તે તાત્પર્યના ભેદથી સિદ્ધાંતમાં પ્રાચીન-અર્વાચીન વિભાગથી કોઇ અતિપ્રસંગ આવતો નથી. **'કૂપદૃષ્ટાંત-વિશદીકરણ'** ગ્રંથમાં અધિક ચર્ચા પ્રયત્નપૂર્વક વિસ્તારથી અમે (ગ્રંથકારે) કરી છે. તેથી તે ત્યાંથી જ સમજી લેવી. ॥ **૬૧** ॥

(**दंडान्वयः** → यदि प्रतिमार्चनं धर्मार्थः वधः स्यात्, तदा अर्थदण्डः। तत्किं तत्र सूत्रकृते भूताहियक्षार्थवत् न पठितः, इह या खलु जैनमार्गविदिता हिंसा, सा किं आधाकर्मिकवद् प्रसङ्गोद्भवं दोषं निहन्तुं स्फुटं न निषेध्या? (निषेध्यैव)॥)

'धर्मार्थ'इति। **यदि** पूजायां हिंसा कुमतिना भाव्या(वाच्या पाठा.), **तदा** सा किमनर्थदण्डरूपा वा स्यादर्थदण्डरूपा वा ? नाद्यः पक्षः क्षोदक्षमः प्रयोजनराहित्यासिद्धेः, अन्त्ये त्वाह-यदि प्रतिमार्चनं धर्मार्थो वधः स्यात्तदार्थदण्डः स्याद्=अर्थदण्डत्वेन व्यवहार्यः स्यात्। **इष्टापत्ता**वाह-तदर्थदण्डश्चेत् ? **तदा सूत्रकृते**ऽर्थ-दण्डाधिकारे किं न पठितः ? किंवत् ? भूताहियक्षार्थो यथा दण्डः पठितस्तद्वत्। इदं हि तत्सूत्रं → *'पढमे दंडसमादाणे अट्ठादंडवत्तिएत्ति आहिज्जइ, से जहाणामए केइ पुरिसे आयहेउं वा, णाइहेउं वा, अगारहेउं वा, परिवारहेउं वा, मित्तहेउं वा, णागहेउं वा, भूअहेउं वा, जक्खहेउं वा, तं दंडं तसथावरेहिं पाणेहिं सयमेव णिसिरइ अण्णेहिं वा निसिरावेइ, अण्णं वा णिसिरंतं समणुजाणाइ, एवं खलु तस्स तप्पत्तियं सावज्जंति आहिज्जइ'* [सूत्रकृताङ्ग २/२/१७] इति॥ यदि हि जिनप्रतिमापूजार्थोऽपि वधोऽत्राधिकः स्यात्, तदा - 'जिणपडिमाहेउं वा' इत्यप्यभणिष्यत् **सूत्रकारः**॥

**न च** सर्वोऽप्यर्थदण्डो गृहस्थानामगारार्थ इत्यगारविषयकेच्छाप्रयोज्येच्छाया हेतोरुक्तशेषे सम्भवान्न

---

પૂજામાં હિંસાસંભવના વચનનું વિકલ્પ કરી ખંડન કરતા કહે છે—

**કાવ્યાર્થ :-** પ્રતિમાપૂજન જો ધર્માર્થ વધ હોય, તો તે અર્થદંડ છે અને જો એ અર્થદંડ હોય, તો **સૂત્રકૃતમાં** ભૂત-સાપ-યક્ષાર્થ દંડની જેમ કેમ બતાવ્યો નથી ? જે જૈનમાર્ગવિદિત હિંસા હોય, તે હિંસા આધાકર્મિકની જેમ પ્રસંગથી ઉત્પન્ન થતાં દોષને દૂર કરવા શું સ્પષ્ટ નિષેધ્ય નથી ? અર્થાત્ નિષેધ્ય જ છે.

## જિનપૂજા અર્થદંડ તરીકે અસિદ્ધ

જો કુમતિઓને પૂજામાં હિંસા જ નજરે ચડતી હોય, તો અમારે પૂછવું છે કે આ હિંસા કેવી છે ? શું એ અનર્થદંડરૂપ છે, અર્થાત્ પ્રયોજન વિના કરાતી હિંસા છે ? કે પછી અર્થદંડરૂપ છે, અર્થાત્ પ્રયોજનપૂર્વકની છે ? પ્રથમપક્ષ તો અમાન્ય જ છે, કારણ કે ધર્મવગેરે પ્રયોજનથી જ આ (પૂજારૂપ) હિંસા થાય છે. તેથી આ હિંસાને પ્રયોજન વિનાની કહેવી અસિદ્ધ જ છે. હવે જો પ્રતિમાપૂજન ધર્માર્થ હિંસા તરીકે માન્ય હોય, તો તે હિંસાને અર્થદંડ તરીકે જ સ્વીકારવી જોઇએ.

**પૂર્વપક્ષ :-** બરાબર છે ! બરાબર છે ! પ્રતિમાપૂજન એ અર્થદંડરૂપ છે અને સાવદ્ય જ છે.

**ઉત્તરપક્ષ :-** એમ ! તમને પ્રતિમાપૂજન અર્થદંડતરીકે સ્વીકૃત છે. તો અમારો તમને પ્રશ્ન છે કે **સૂત્રકૃતાંગમાં અર્થદંડના અધિકારમાં** જેમ ભૂતાર્થદંડ, સાપાર્થદંડ અને યક્ષાર્થદંડ વગેરે બતાવ્યા છે, તેમ આ પ્રતિમાપૂજનરૂપ ધર્માર્થદંડનો ઉલ્લેખ કેમ કર્યો નથી ? જુઓ, આ રહ્યું એ સૂત્ર → *'પ્રથમ દંડસમાદાનમાં આઠ દંડપ્રત્યય(=હેતુ) કહેવાયા છે. તે આ પ્રમાણે - કોઇ પુરુષ (૧) આત્મહેતુક(=પોતાના માટે) (૨) જ્ઞાતિહેતુક (૩) અગાર(ઘર) હેતુક (૪) પરિવારહેતુક (૫) મિત્રહેતુક (૬) નાગહેતુક (૭) ભૂતહેતુક કે (૮) યક્ષહેતુક. ત્રસ અને સ્થાવર જીવોપર તે દંડ પોતે સ્વયં કરે અથવા બીજા પાસે કરાવે. અથવા અન્ય કરતાને સમનુજ્ઞા આપે. એમ કરવાદ્વારા તેને તે દંડને આશ્રયી સાવદ્ય(=પાપ લાગે) છે એમ કહ્યું છે.'* જો જિનપ્રતિમાપૂજન માટે થતો વધ પણ અનર્થદંડરૂપ હોત, તો સૂત્રકાર એવો ઉલ્લેખ પણ કરત કે 'જિનપ્રતિમાહેતુક.'

न्यूनत्वमिति **रामदासादिपामरोक्तं** श्रद्धेयम्। **एवं सति** 'परिवारहेउं' इत्यादेराधिक्यापत्तेः, परिवाराद्यर्थस्यापि तत्त्वतो गृहार्थत्वादिति यत्किञ्चिदेतत्। **अथा**विवक्षात एव तदपाठ इत्यत आह-**या** खलु जैनमार्गविदिता हिंसा सा किं प्रसङ्गोद्भवं दोषं *निहन्तुं*=वारयितुं स्फुटं नामग्राहं निषेध्या न स्यात्? अपि तु स्यादेव, किंवत्? आधाकर्मिकवत्, **ननु** प्रतिलोममेतत्, एवं सत्यर्थदण्डाधिकारे पूजार्थवधस्याधाकर्मिकस्येवापाठोपपत्तेरिति चेत्? **सत्यं,** तर्हि **भगवत्यादावा**धाकर्मिकस्येव तस्य स्फुटं निषेधौचित्यमन्यत्र प्रपञ्चेन निरूपितस्यैवात्रोपलक्षणत्वसम्भवादित्यत्र तात्पर्यात्। **नन्वेतदशिक्षितोपालम्भमात्रं**- *'तत्थ खलु भगवया परिण्णा पवेइया,* [१/१/१/१०] *इमस्स चेव जीवियस्स परिवंदणमाणणपूयणाए, जाईमरणमोअणाए दुक्खपडिघातहेउं'* **इत्याचारे प्रथमाध्ययने**

---

**રામદાસવગેરે પ્રતિમાલોપકોનો પૂર્વપક્ષ :-** ગૃહસ્થ જે કંઇ પણ અર્થદંડ કરે છે, એ બધો ઘરમાટે જ હોય છે, તેથી સર્વત્ર અગારાર્થ જ પ્રધાનપણે હોય છે. એ અગાર=ઘરસંબંધી ઇચ્છાથી જ પ્રગટતી બીજી ઇચ્છાઓનો સમાવેશ અગારાર્થમાં જ આવી જાય છે. જિનપૂજા પણ તેવા પ્રકારની ઇચ્છા હોવાથી તેનો સમાવેશ પણ અગારાર્થ=અગારહેતુક દંડમાં આવી જ જાય છે, તેથી પૂજાર્થદંડ-હેતુનો અલગ ઉલ્લેખ ન કરે, એટલામાત્રથી સૂત્રમાં ન્યૂનતાદોષ નથી અને પૂજા અર્થદંડ તરીકે અસિદ્ધ પણ નથી.

**ઉત્તરપક્ષ :-** બુદ્ધિમાનને તમારી આ દલીલ શ્રદ્ધાપાત્ર બનતી નથી, કારણ કે તમે બતાવેલા આશયથી જ સૂત્રકારે જો ધર્માર્થદંડનો ઉલ્લેખ કર્યો ન હોય, તો... એ જ કારણસર 'परिवारहेउ'(=પરિવારહેતુક) ઇત્યાદિ પદો પણ રાખવાની જરુર નહોતી, કારણ કે પરિવારવગેરેમાટેનો દંડ પણ તત્ત્વથી તો અગારહેતુક જ છે. તેથી આ સૂત્ર અધિકતાદોષની કાતિલ નજરમાં સપડાઇ જશે. એટલે તમારે તો 'ત્રણ સાંધતા તેર તૂટે' એવી હાલત છે.

## દુષ્ટનો નિષેધ - જિનશાસનપદ્ધતિ

**પૂર્વપક્ષ :-** સૂત્રકાર મહર્ષિઓની સૂત્રરચના વિચિત્ર હોય છે અને વિવક્ષાને આધીન હોય છે. પ્રસ્તુતમાં સૂત્રકારે 'जिनपडिमाहेउ' ઇત્યાદિ અર્થદંડ ન બતાવ્યા, તેમાં 'જિનપ્રતિમાર્થક પૂજા વગેરે આરંભ અર્થદંડ નથી' એ હેતુ નથી. પરંતુ 'સૂત્રકારે જિનપૂજાર્થક અલગ અર્થદંડની વિવક્ષા નથી કરી' એ જ હેતુ છે.

**ઉત્તરપક્ષ :-** આ બરાબર નથી. કારણ કે સર્વશ્રેષ્ઠ અહિંસાને વરેલું જૈનશાસન આધાકર્મિક વગેરે જેમાં પણ હિંસા જુએ છે, તે દરેકનો સ્પષ્ટ=નામ લેવાપૂર્વક નિષેધ કર્યા વિના રહેતું નથી, અને હિંસાના પ્રસંગથી થતાં દોષોને વારે છે. તેથી જો પૂજા હિંસાત્મક હોત, તો તેનો આધાકર્મિક દાનની જેમ સ્પષ્ટ નિષેધ કરત.

**પૂર્વપક્ષ :-** તમે અહીં 'આધાકર્મિક'નું વિપરીત દૃષ્ટાંત આપીને તમારા જ પગે કુહાડી મારી છે. આધાકર્મિક દાન અર્થદંડતરીકે ઉભયપક્ષને માન્ય હોવા છતાં અર્થદંડના અધિકારમાં જેમ તેનો ઉલ્લેખ કર્યો નથી. તેમ પૂજારૂપ અર્થદંડનો પણ ઉલ્લેખ નથી કર્યો, એમ સરળતાથી સિદ્ધ થઇ શકે છે. તેથી અર્થદંડના પાઠમાં ન હોવામાત્રથી કંઇ પૂજા અર્થદંડ તરીકે મટી જતી નથી. નહિતર તો આધાકર્મિકને પણ અર્થદંડ માની શકાશે નહિ.

**ઉત્તરપક્ષ :-** તમારી વાત દેખાવમાં બરાબર છે. પણ આધાકર્મિક દાનનો **ભગવતી સૂત્રમાં** સ્પષ્ટ નિષેધ મળે છે. તેથી તેનો અહીં અર્થદંડ તરીકે શબ્દથી ઉલ્લેખ ન હોવા છતાં ઉપલક્ષણથી સમાવેશ થાય છે. જ્યારે પૂજાનો આગમમાં ક્યાંય નિષેધ દેખાતો નથી. તેથી અર્થદંડતરીકે ઉપલક્ષણથી પણ પૂજાનો સમાવેશ થઇ ન શકે, કારણ કે બીજા ગ્રંથોમાં જેનું નિરૂપણ વિસ્તારથી કર્યું હોય, તેનો જ અહીં ઉપલક્ષણથી સમાવેશ કરવો ઉચિત છે. જેનો બીજા કોઇ ગ્રંથમાં નિષેધ ન મળતો હોય, એનો અહીં શબ્દથી સાક્ષાત ઉલ્લેખ ન હોવા છતાં, ઉપલક્ષણમાત્રથી સમાવેશ કરી લેવો એ કેટલું વાજબી છે? એ તમે જ વિચારો.

[१/१/१/११] जातिमरणमोचनार्थं प्राणातिपातस्य दर्शितत्वात्तस्य च कटुतरविपाकोपदर्शनाज्जिनपूजादेरपि भवदभ्युपगमेन मुक्त्यर्थं प्रसिद्धेरर्थदण्डतया साक्षान्निषेधादिति चेत् ? **न**। एतद्व्याख्यापर्यालोचनायां त्वन्मनोरथस्य लेशेनाप्यसिद्धेः। **तथा हि** → *'तत्र' कर्मणि भगवता 'परिज्ञा' ज्ञपरिज्ञा, प्रत्याख्यानपरिज्ञा च प्रवेदिता। अथ किमर्थमसौ कटुकविपाकेषु कर्माश्रवभूतेषु क्रियाविशेषेषु प्रवर्त्तते ? इत्याह- 'इमस्स' इत्यादि । तत्र जीवितमिति जीवत्यनेनायुष्यकर्मणेति जीवितं=प्राणधारणम्, एतच्च प्रतिप्राणि स्वसंविदितमितिकृत्वा प्रत्यक्षासन्नवाचिनेदमा निर्दिशति। च शब्दो वक्ष्यमाणजात्यादिसमुच्चयार्थः, एवकारोऽवधारणे। अस्यैव जीवितस्यार्थे परिफल्गुसारस्य तडिल्लताविलसितचञ्चलस्य बह्वपायस्यादीर्घसुखार्थं क्रियासु प्रवर्त्तते। तथाहि-जीविष्याम्यहमरोगः सुखेन भोगान् भोक्ष्ये, ततो व्याध्यपनयनार्थं स्नेहपानलावकपिशितभक्षणादिषु क्रियासु प्रवर्त्तते। तथाल्पस्य सुखस्य कृतेऽभिमान-ग्रहाकुलितचेता बह्वारम्भपरिग्रहाद् बह्वशुभं कर्मादत्ते। उक्तं च →'द्वे वाससी प्रवरयोषिदपायशुद्धा, शय्यासनं करिवरस्तुरगो रथो वा। काले भिषग् नियमिताशनपानमात्रा, राज्ञः पराक्यमिव सर्वमवेहि शेषम्'॥ १॥ 'पुष्ट्यर्थ-*

---

**પૂર્વપક્ષ :-** અભણને આ પ્રમાણે ઠપકો આપજો. બાકી **આચારાંગમાં** અર્થદંડ હોવાથી પૂજાવગેરેનો સ્પષ્ટ નિષેધ કર્યો છે. જુઓ **આચારાંગનો** પાઠ → *'ત્યાં ખરેખર ! ભગવાને પરિજ્ઞાનું પ્રવેદન કર્યું છે. આ જ જીવિતના પરિવંદન-માનન-પૂજન માટે, જાતિમરણના મોચનમાટે અને દુઃખના પ્રતિઘાતમાટે'* ઇત્યાદિ. અહીં 'જીવન અને મરણથી મુક્ત થવા માટે લોકો જીવોની હિંસા કરે છે.' એમ બતાવ્યું છે અને પછી ઉમેર્યું છે કે 'આ કારણથી પણ હિંસા કરનારાઓ વધુ ખતરનાક પરિણામો ભોગવે છે.' તમે પણ જિનપૂજાને મોક્ષમાટે સ્વીકારો છો, તથા પૂજામાં જીવહિંસા સ્પષ્ટ દેખાય છે. તેથી આ પૂજા પણ મોક્ષાર્થક અર્થદંડમાં સમાવેશ પામે છે. તેથી અને ભારે કટુ ફળ આપનારી હોવાથી નિષિદ્ધ છે.

## આચારાંગના પરિવંદનાદિસૂત્રનો ટીકાર્થ

**ઉત્તરપક્ષ :-** આ સૂત્રની **ટીકા**પર જો નજર નાખવામાં આવે, તો તમારા મનોરથો પાણીના પરપોટાની જેમ વિલય પામ્યા વિના રહે નહિ. **ટીકાર્થ** આ પ્રમાણે છે →

*"ત્યાં કર્મ(=ક્રિયા)માં ભગવાને બે પરિજ્ઞા બતાવી છે. (૧) જ્ઞપરિજ્ઞા અને (૨) પ્રત્યાખ્યાન પરિજ્ઞા.* (અહીં જ્ઞપરિજ્ઞા='સાવદ્ય પ્રવૃત્તિથી કર્મબંધ થાય' એવા પ્રકારનું જ્ઞાન અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા=બંધમાં કારણભૂત સાવદ્યયોગોનું પચ્ચક્ખાણ કરવું.) *પ્રશ્ન :- દારુણ પરિણામ દેનારી તથા કર્મને લાવનારી ક્રિયાઓમાં જીવ શા માટે પ્રવર્તતો હશે ? આ પ્રશ્નના ઉત્તરમાં કહે છે - 'ઇમસ્સ' વગેરે. વ્યાખ્યા →જીવિત=જીવને તે-તે ભવમાં જકડી રાખતું - જીવતો રાખતું આયુષ્યકર્મ. અર્થાત્ પ્રાણોને ધારી રાખવા એ જ જીવિત છે. આ જીવિતનું દરેક જીવને સાક્ષાત્ સંવેદન હોય છે. તેથી જીવિત દરેક જીવને સમીપવર્તી પ્રત્યક્ષ છે. તેથી અહીં સૂત્રમાં 'ઇમસ્સ' 'ઇદમ્'નું રૂપ વાપર્યું છે, કારણ કે નજીકના પ્રત્યક્ષમાં રહેલી વસ્તુ માટે 'ઇદમ્'(=આ) સર્વનામ વપરાય છે. 'ચ' શબ્દ હવે પછી બતાવાતી જાતિ વગેરેનો સંગ્રહ કરે છે. एव='જ'કાર. એટલે કે વિજળીના ચમકારા જેવા ચંચળ અને અનેક વિઘ્નોથી ભરેલા આ તુચ્છ જીવિતના અદીર્ઘસુખની ઇચ્છાથી જીવ તે-તે ક્રિયાઓમાં પ્રવર્તે છે. તે આ પ્રમાણે - 'રોગ વિનાનો હું લાંબુ જીવી શકીશ અને મોજથી ભોગો ભોગવી શકીશ.' આ વિચારીને જીવ રોગો દૂર કરવા માટે સ્નિગ્ધ પદાર્થો, પશુ-પક્ષીના માંસ ભક્ષણ વગેરે ક્રિયાઓમાં પ્રવૃત્ત થાય છે. તથા અભિમાનથી ઉભરાતા ચિત્તવાળો તે અલ્પ સુખ ખાતર મોટા આરંભો કરે છે. પરિગ્રહ વધાર્યે જ જાય છે અને પરિણામે જથ્થાબંધ ચીકણા અશુભકર્મો ગ્રહણ કરે છે. કહ્યું જ છે કે → 'બે વસ્ત્ર, શ્રેષ્ઠ રાણી, નિર્દોષ શય્યા, આસન, શ્રેષ્ઠ હાથી, ઘોડો કે રથ, અવસરે સારો વૈદ્ય, નિયમિત આહાર-પાણીનું પ્રમાણ....*

मन्त्रमिह यत्प्रणिधिप्रयोगैः, सन्त्रासदोषकलुषो नृपतिस्तु भुङ्क्ते। यन्निर्भयप्रशमसौख्यरतिश्च भैक्षं, तत्स्वादुतां भृशमुपैति न पार्थिवान्नम्' ॥ २ ॥ 'भृत्येषु मन्त्रिषु सुतेषु मनोरमेषु, कान्तासु वा मधुमदाङ्कुरितेक्षणासु। विश्रम्भमेति न कदाचिदपि क्षितीशः, सर्वाभिशङ्कितमतेः कतरन्नु सौख्यम्' ॥ ३ ॥ तदेवमनवबुध्य तरुणकिशलयपलाशचञ्चल-जीवितरतयः कर्माश्रवेषु जीवितोपमर्दादिरूपेषु प्रवर्त्तन्ते। तथास्यैव जीवितस्य परिवन्दनमाननपूजनार्थं हिंसादिषु प्रवर्तन्ते। तत्र परिवन्दनं=संस्तवः=प्रशंसा तदर्थमाचेष्टते। तथा हि-अहं मयूरादिपिशिताशनाद् बली तेजसा देदीप्यमानो देवकुमार इव लोकानां प्रशंसास्पदं भविष्यामीति। माननमभ्युत्थानासनदानाञ्जलिप्रग्रहादिरूपं तदर्थं वा चेष्टमानः कर्मोपचिनोति। तथा पूजनं पूजा=द्रविणवस्त्रान्नपानसत्कारप्रणामसेवाविशेषरूपं, तदर्थं च प्रवर्त्तमानः क्रियासु कर्माश्रवैरात्मानं सम्भावयति। तथा 'वीरभोग्या वसुन्धरा' इति मत्वा पराक्रमते, दण्डभयाच्च सर्वा प्रजा बिभ्यतीति दण्डयतीति। एवं राज्ञामन्येषामपि यथासम्भवमायोजनीयम्। अत्र च वन्दनादीनां द्वन्द्वसमासं कृत्वा तादर्थ्ये चतुर्थी विधेया। परिवन्दनमाननपूजनाय जीवितस्य कर्माश्रवेषु प्रवर्त्तन्त इति समुदायार्थः। न केवलं परिवन्दनाद्यर्थमेव कर्मादत्तेऽन्यार्थमप्यादत्त इति दर्शयतिजातिश्च मरणं च मोचनं चेति जातिमरणमोचनम्,

---

આટલાને છોડી રાજાની બાકીની બધી સામગ્રી બીજાઓમાટે છે, એમ તું સમજ.' ॥૧॥ 'પુષ્ટિમાટે અન્નને પ્રણિધિપ્રયોગોથી(=ઝેરવગેરેના કૂટ પ્રયોગોથી) ભય-વિહ્વળ બની રાજા આરોગે છે અને પ્રશમસુખમાં રત (મુનિઓ) નિર્ભય થઇને ભિક્ષા(પુષ્ટિદાયક ન પણ હોય તેવી) આરોગે છે. ખરેખર! ભિક્ષાથી પ્રાપ્ત થયેલા આ અન્નના સ્વાદનો અંશ પણ રાજાના અન્નમાં હોતો નથી.' ॥૨॥ 'આ રાજાઓ પોતાના નોકરોપર, મંત્રીઓપર, સુંદર પુત્રોપર કે મધ ઝરતી અને મદથી ઉભરાતી આંખોવાળી પ્રિય રાણીઓપર પણ ક્યારેય વિશ્વાસ રાખી શકતા નથી. અને બધાપર શંકા કરનારને કયું સુખ હોય?' ॥૩॥ આ બધાનો બોધ કર્યા વિના નવા કોમળ પાંદડા જેવા ચંચળ જીવિતપર રાગાંધ થયેલા જીવો કર્મબંધના હિંસાવગેરે કારણોમાં રચ્યાપચ્યા રહે છે.

વળી આ જ જીવિતના પરિવંદન, માનન અને પૂજન માટે પણ જીવો હિંસામાં ડુબેલા રહે છે. પરિવંદન= પ્રશંસા. પ્રશંસાને ખાતર પણ વિચિત્ર ચેષ્ટાઓ કરનારા પાગલો જગતમાં ઓછા નથી. તે આ પ્રમાણે - મોરવગેરેનું માંસ ખાઇને બળવાન બનેલો હું તેજથી દેદીપ્યમાન દેવકુમાર જેવો દેખાઇશ.... અને લોકો મારી પેટ ભરીને પ્રશંસા કરશે. માનન=ઊભા થવું, આસન આપવું, હાથ જોડવા વગેરેરૂપે સત્કાર કરશે, ઇત્યાદિ ખાતર ચેષ્ટાઓ કરીને કર્મોના ઢગલા ભેગા કરનારાઓ પણ ઓછા નથી. તથા દ્રવ્ય, વસ્ત્ર, અન્ન, પાન, સત્કાર, પ્રણામ, વિશિષ્ટ સેવા વગેરેરૂપ પૂજા માટે પણ જાતજાતની પ્રવૃત્તિઓ કરી જીવ કર્મસમુદાયને સ્વીકારે છે. જેમકે 'વીરભોગ્યા વસુંધરા' એમ વિચારી પરાક્રમ ફોરવે. આકરો દંડ કરીશ તો બધા લોકો ભય પામશે, એ હેતુથી ઉગ્ર દંડ કરે. આ પ્રમાણે રાજાઓ અને બીજાઓ અંગે યથાયોગ્ય સમજવું. અહીં (સૂત્રમાં) વંદન વગેરે પદોનો દ્વંદ્વ સમાસ છે અને પછી તાદર્થ્ય(તેને માટેના અર્થ)માં ચોથી વિભક્તિ છે. એટલે 'જીવિતના પરિવંદન-માનન અને પૂજન માટે કર્મબંધના કારણોમાં પ્રવૃત્ત થાય છે.' એવો વાક્યાર્થ પ્રાપ્ત થાય છે.

માત્ર પરિવંદનવગેરે હેતુથી જ પ્રવૃત્ત થાય છે, એમ નથી, પરંતુ બીજા પ્રયોજનથી પણ કર્મનું ગ્રહણ કરે છે એમ દર્શાવતા કહે છે. 'પરિવંદન' ઇત્યાદિ. આ બીજા પ્રયોજનો છે (૧) જન્મ (૨) મરણ અને (૩) મુક્તિ. અહીં (સૂત્રમાં) સમાહારદ્વંદ્વ સમાસ થઇ તાદર્થ્યમાં ચોથી વિભક્તિ છે. આ ત્રણ પ્રયોજનોથી ક્રિયાઓમાં પ્રવર્તતા અજ્ઞ જીવો કર્મ બાંધે છે. તેમાં પ્રથમ જાતિ=જન્મમાટે જીવો શું કરે છે? તે બતાવે છે - પરભવમાં સારો જન્મ મળે વગેરેહેતુથી **'કાર્તિકેય સ્વામી'** નામના દેવને વંદનવગેરે કરે. તથા બ્રાહ્મણોને જે-જે કામભોગો આપવામાં આવે તે-

*समाहारद्वन्द्वात्तादर्थ्ये चतुर्थी। एतदर्थं च प्राणिनः क्रियासु प्रवर्तमानाः कर्मादिदते, तत्र जात्यर्थं क्रौञ्चारिवन्दनादिकाः क्रिया विधत्ते, तथा यान् यान् कामान् ब्राह्मणादिभ्यो ददाति, तांस्तानन्यजन्मनि पुनर्जातो भोक्ष्यते। तथा **मनुनाप्युक्तं** → 'वारिदस्तृप्तिमाप्नोति, सुखमक्षयमन्नदः। तिलप्रदः प्रजामिष्टामायुष्कमभयप्रदः'॥ अत्रैकमेव सुभाषितमभयप्रदानमिति तुषमध्ये कणिकावदित्येवमादिकुमार्गोपदेशाद्धि हिंसादौ प्रवृत्तिं विदधाति। तथा मरणार्थमपि पितृपिण्डदानादिषु क्रियासु प्रवर्त्तते। यदि वा ममानेन सम्बन्धी व्यापादितस्तस्य वैरनिर्यातनार्थं वधबन्धादौ प्रवर्त्तते। यदि वा मरणनिवृत्त्यर्थमात्मनो दुर्गाद्युपयाचितमजादिना बलिं विधत्ते **यशोधर** इव पिष्टमयकुक्कुटेन, तथा मुक्त्यर्थमज्ञानावृत्तचेतसः पञ्चाग्नितपोऽनुष्ठानादिषु प्राण्युपमर्दकारिषु प्रवर्त्तमानाः कर्मादिदते। यदि वा जातिमरणयोर्विमोचनाय हिंसादिकाः क्रियाः कुर्वते। 'जाइजरामरणभोअणाए' इति पाठान्तरम्। तत्र भोजनार्थं कृष्यादिकर्मसु प्रवर्तमाना वसुधाजलज्वलनपवनवनस्पतिद्वित्रिचतुष्कपञ्चेन्द्रियव्यापत्तये व्याप्रियन्त इति। तथा दुःखप्रतिघातमुररीकृत्यात्मपरार्थमारम्भमासेवन्ते, तथाहि-व्याधिवेदनार्त्ता लावकपिशितमदिराद्यासेवन्ते, तथा वनस्पतिमूलत्वक्पत्रनिर्यासादिसिद्धशतपाकादितैलार्थमग्न्यादिसमारम्भेण पापं कुर्वन्ति स्वतः, कारयन्त्यन्यैः, कुर्वतोऽन्यान् समनुजानते, इत्येवमतीतानागतकालयोरपि मनोवाक्काययोगैः कर्मादानं विदधतीत्यायोजनीयमित्यादि।* [आचाराङ्ग १/१/१/१०-११ टी०]

---

*તે કામભોગોની પ્રાપ્તિ પરભવમાં સુલભ બની જાય... એવી માન્યતાથી બ્રાહ્મણોને કામભોગો ધરે. **મનુએ** પણ કહ્યું છે → 'પાણી આપનારો તૃપ્તિ પામે છે. અન્ન આપનારો અક્ષયસુખ પામે છે. તલ દેનારો ઇષ્ટસંતતિ પામે છે. અને અભય આપનારો આયુષ્ય પામે છે.' અહીં(મનુસ્મૃતિમાં) આ એક જ સુભાષિત અભયદાનની વાત કરે છે. આ વાત ફોતરાના ઢગલા વચ્ચે ધાન્યના એક કણ જેવી છે. આવા પ્રકારના ખોટા રસ્તાના રવાડે ચડાવી દેનારા ઉપદેશોથી બિચારો અજ્ઞ જીવ ! હિંસાવગેરેમાં પ્રવૃત્તિ કરવા મંડી પડે છે. એ જ પ્રમાણે મરણને અપેક્ષીને પણ જીવો મૃત પિતાને પિંડદાન, શ્રાદ્ધવગેરે અજ્ઞાનમૂલક ચેષ્ટાઓ કર્યા કરે છે. અથવા તો મારા સંબંધીને આ વ્યક્તિએ મારી નાખ્યો છે. તેથી હું પણ આને મારી નાંખી કે જેલભેગો કરી વેરનો બદલો લઉં.... એમ વિચારી વધવગેરેમાં પ્રવર્તે છે. અથવા તો પોતાનું મરણ અટકાવવા દુર્ગાવગેરે દેવ-દેવીઓ આગળ બકરાવગેરેને બલી તરીકે ધરે છે. અથવા તો **સમરાદિત્ય કથામાં** આવતા **યશોધરચરિત્રના** નાયક **યશોધરની** (પૂર્વભવમાં) જેમ લોટના મરઘા વગેરેથી બલિ ધરે છે. એ જ પ્રમાણે મુક્તિને માટે પણ અજ્ઞાનથી ઘેરાયેલા મનવાળા જીવો પંચાગ્નિતપવગેરે સાધનાઓરૂપ જીવહિંસાની ક્રિયાઓમાં પ્રવૃત્તિ કરે છે. (બિચારા ! મુક્ત થવા ક્રિયા કરે અને નવા નવા કર્મોથી બંધાતા જાય... દિલ્હી જવા દોડે છે, અને મદ્રાસ પહોંચી જાય છે...)*

*અથવા, જન્મ-મરણથી મુક્ત થવા તેઓ હિંસાવગેરે ક્રિયા કરે છે. અથવા 'જાઇ-મરણ-ભોઅણાએ' આવો પાઠાંતર છે. અહીં 'ભોઅણ' ભોજન=આહાર. અનેક જીવો ભોજનમાટે ખેતી વગેરે કાર્યો કરી પૃથ્વી, પાણી, અગ્નિ, પવન, વનસ્પતિ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય તથા પંચેન્દ્રિય જીવોના વધમાં પ્રવૃત્ત થાય છે. તથા દુઃખના પ્રતિકારનો નિશ્ચય કરી જીવો પોતાના માટે કે બીજાના માટે આરંભો આદરે છે. જેમકે રોગ, પીડાવગેરેથી પીડિત થયેલા તેઓ પક્ષીના માંસ-દારુ વગેરેનું ભક્ષણ કરે છે. તથા જુદી જુદી વનસ્પતિઓના મૂળ, છાલ, પાંદડા, રસ વગેરેમાંથી શતપાક તેલ વગેરે બનાવવા અગ્નિવગેરેના આરંભો કરી, કરાવી અને કરનારની અનુમોદના કરી ચીકણા કર્મો બાંધે છે. આ જ પ્રમાણે, ભૂતકાળ અને ભવિષ્યકાળમાં પણ મન, વચન, કાયાના યોગોથી કર્મબંધની પ્રવૃત્તિઓ કર્યા કરે છે. એમ સંબંધ જોડવો વગેરે..*

अत्र हि जातिमरणमोचनार्थं कुमार्गोपदिष्टमेव विवृत्तं, न जिनपूजादीति किं दुर्व्यसनं तव तदाशातनायाः? अन्यथा मुक्त्यर्थमनशनलोचाद्यपि हिंसा स्यादनुबन्धतोऽहिंसात्वं तु तुल्यमित्याम्रेडितमेव। एतेन -

*'से अप्पबले, से णाइबले, से मित्तबले, से पेच्चबले, से देवबले, से रायबले, से चोरबले, से अतिहिबले, से किविणबले, से समणबले, इच्चेतेहिं विरूवरूवेहिं कज्जेहिं दंडसमादाणं संपेहाए भया कज्जति पावमोक्खो त्ति मण्णमाणे अदुवा आसंसाए*[आचाराङ्ग १/२/२/७५] *तं परिण्णाय मेहावी णेव सयं एतेहिं कज्जेहिं दंडं समारंभेज्जा, णेवण्णेहिं एतेहिं कज्जेहिं दंडं समारंभाविज्जा, एतेहिं कज्जेहिं दंडं समारंभंतं अन्ने न समणुजाणिज्जा'* [१/२/२/७६] इति **लोकविजयद्वितीयोद्देशकवचनमपि** व्याख्यातम्। देवबलेन पापमोक्षालम्बनेन वा देवपूजाया दण्डसमादानत्वाभावादन्यथानशनादेरपि तथात्वापत्तेः। इहपरलोकविरुद्धान्येव च दण्डसमादानानीह गृहीतानीति नैतत्सूत्रविगीतत्वं देवतार्चनस्य। तथा च **वृत्तिः** →

---

આમ કુમાર્ગમાં જે ઉપદેશ અપાયો છે, તે જ જાતિમરણમોચનમાટે છે, તેવું વિવરણ કર્યું છે. અર્થાત્ કુમાર્ગમાં દર્શાવેલા જાતિમરણના મોચનમાટેના ઉપાયો અર્થદંડરૂપ હોઇ હેય છે – તેવો જ **ટીકાકારનો** આશય છે. તેથી આ સૂત્રના બળપર જિનપૂજાનો નિષેધ કરી જિન, જિનબિંબ, સંઘ અને આગમની આશાતના કરવાની કુટેવ પાડવી લાભદાયી નથી.

**પૂર્વપક્ષ :-** જિનપૂજામાં ફૂલવગેરે જીવોની હિંસા મુક્તિઅર્થે છે. તેથી 'આ પૂજા પણ મુક્તિ માટે કરવા યોગ્ય નથી' એવો પણ **ટીકાકારનો** આશય અર્થતઃ સિદ્ધ છે.

**ઉત્તરપક્ષ :-** મુક્તિઅર્થક હિંસામાત્ર જો હેય હોય, તો મુક્તિઅર્થક અનશન, લોચ વગેરેને પણ હેય સ્વીકારવા પડે, કારણ કે તેમાં પણ સ્વ-પરજીવોની હિંસા સ્પષ્ટ છે જ.

(**શંકા :-** અનશન કે લોચ પણ કરવા જેવા નથી. વગર કારણે શરીરની પીડા ઊભી કરી સંકલેશો પેદા કરવામાં ડહાપણ નથી જ. **સમાધાન :-** આમ ન બોલશો, કારણ કે અરિહંતો પણ અનશન અને લોચ કરે છે અને તીર્થંકરોની પ્રત્યેક પ્રવૃત્તિ ઉચિત અને સહેતુક જ હોય. લોચ-અનશન વગેરે પણ સત્ત્વશુદ્ધિ-વૃદ્ધિ વગેરે દ્વારા નિર્જરાના કારણ બનતા હોવાથી કરણીય તરીકે ભગવાને નિર્દેશેલા છે.)

**પૂર્વપક્ષ :-** લોચ અને અનશનઆદિમાં શુભાશયના કારણે અનુબંધહિંસા નથી.

**ઉત્તરપક્ષ :-** આ જ વાત જિનપૂજાને પણ લાગુ પડે છે. શુભાશયના કારણે જિનપૂજા પણ અનુબંધહિંસા વિનાની છે. આ વાત વારંવાર કહેલી જ છે.

## આત્મબળાદિહેતુક દંડસમાદાનમાં પૂજા અસમાવિષ્ટ

**પૂર્વપક્ષ :- આચારાંગ સૂત્રમાં** આ પ્રમાણે કહ્યું છે → *'આત્મબળ, જ્ઞાતિબળ, મિત્રબળ, પ્રેત્ય(=પરલોક) બળ, દેવબળ, રાજબળ, ચોરબળ, અતિથિબળ, કૃપણબળ, શ્રમણબળ ઇત્યાદિ વિચિત્ર કાર્યોથી જીવો દંડનું સમાદાન વિચારીને અથવા ભયથી કરે છે. અથવા પાપમાંથી મુક્તિની કલ્પના કરીને આશંસાથી (જીવ) આ બધા દંડોનું સમાદાન કરે છે. આનો બોધ કરી મેધાવીએ પોતે આ કાર્યોના હેતુથી દંડનો સમારંભ કરવો નહિ. બીજા પાસે સમારંભ કરાવવો નહિ અને કરતાને સમનુજ્ઞા કરવી નહિ.'* આ પ્રમાણે **'લોકવિજય'** નામના **બીજા અધ્યયનના બીજા ઉદ્દેશામાં** કહ્યું છે. અહીં દેવબળના હેતુથી કે પાપમુક્તિના ઉપાયતરીકે પણ જીવોની હિંસારૂપ દંડનો સમારંભ કરવાની ના પાડી છે. જીવવધમય જિનપૂજા પણ દેવબળના કે પાપમોક્ષના આશયથી કરાય છે. તેથી એ પણ દંડરૂપ હોઇ ત્યાજ્ય છે.

*'से अप्पबले'- आत्मनो बलं=शक्त्युपचय आत्मबलं, तन्मे भावीति कृत्वा नानाविधैरुपायैरात्मपुष्ट्ये तास्ताः क्रिया ऐहिकामुष्मिकोपघातकारिणीर्विधत्ते, तथा हि- 'मांसेन पुष्यते मांसं' इति कृत्वा पञ्चेन्द्रियघातादावपि प्रवर्त्ततेऽपराश्चालुम्पनादिकाः सूत्रेणैवाभिहिताः। एवं ज्ञातिबलं=स्वजनबलं मे भावीति। तथा तन्मित्रबलं मे भविष्यति येनाहमापदं सुखेनैव निस्तरिष्यामि। तथा प्रेत्यबलं मे भविष्यतीति बस्त्यादिकमुपहन्ति। तथा देवबलं मे भावीति पचनपाचनादिकाः क्रिया विधत्ते। राजबलं मे भविष्यतीति राजानमुपचरति। चोरा भागं दास्यन्तीति चौरानुपचरति। अतिथिबलं वा मे भविष्यतीत्यतिथिमुपचरति। अतिथिर्हि निःस्पृहोऽभिधीयत इति। उक्तं च → 'तिथिपर्वोत्सवाः सर्वे, त्यक्ता येन महात्मना। अतिथिं तं विजानीयाच्छेषमभ्यागतं विदुः'॥ इति। एतदुक्तं भवति-तद्बलार्थमपि प्राणिषु दण्डो न निःक्षेप्तव्यः। एवं कृपणश्रमणार्थमपि वाच्यमित्येवं पूर्वोक्तैर्विरूपरूपैर्नानाप्रकारैः पिण्डदानादिभिः कार्यैर्दण्डसमादानमिति। दण्ड्यन्ते=व्यापाद्यन्ते प्राणिनो येन स दण्डस्तस्य सम्यगादानं=ग्रहणं समादानं। तदात्मबलादिकं मम नाभविष्यद्यद्यहमेतन्नाकरिष्यमित्येवं सम्प्रेक्षया=पर्यालोचनया, एवं सम्प्रेक्ष्य वा भयात् क्रियते। एवं तावदिहभवमाश्रित्य दण्डसमादानकारणमुपन्यस्तमामुष्मिकार्थमपि परमार्थमजानानैर्दण्ड-*

---

**ઉત્તરપક્ષ :-** દેવબળથી કે પાપમુક્તિના આલંબનથી કરાતી જિનપૂજા પણ દંડસમાદાન=દંડના ગ્રહણ-સેવનરૂપ નથી, કારણ કે અહીં પણ અનશનવગેરેને 'દંડ' રૂપ માનવાનો પ્રસંગ ઊભો જ છે. વળી જે આલોક અને પરલોકને વિરુદ્ધ હોય, તેવા જ આરંભો દંડસમાદાનતરીકે માન્ય છે. જિનપૂજા તો ઉભયલોકને અવિરુદ્ધ છે, તેથી દંડરૂપ નથી. આમ આ સૂત્રથી પણ જિનપૂજા વિગીત=નિંદનીય સિદ્ધ થતી નથી. આ બાબતમાં આ સૂત્રની **ટીકા** સાક્ષીરૂપ છે.

*આત્મબળ=પોતાની શક્તિનો સંચય. 'પોતાની શક્તિનો સંચય થાય' એમ વિચારી પોતાને આનંદ અને શક્તિ દેનારા અનેક સાધનોદ્વારા આલોકમાં અને પરલોકમાં નુકસાન કરનારી ક્રિયાઓ કરે છે. જેમકે 'માંસ ખાવાથી શરીરમાં માંસ વધે' એમ વિચારી પશુ-પંખીવગેરે પંચેન્દ્રિયજીવોની હિંસામાં પ્રવૃત્ત થાય. બીજી (આ જ હેતુથી) ચોરી-લુંટ વગેરે કરાતી એ ક્રિયાઓ સૂત્રમાં જ દર્શાવી છે. આ જ પ્રમાણે પોતાનું જ્ઞાતિ-સ્વજનબળ થાય... અર્થાત્ પોતે શક્તિસંપન્ન સ્વજનવાળો બને એમ વિચારી તથા પોતે મિત્રબળવાળો થાય, જેથી પોતે સુખેથી આપત્તિઓને પાર પામી જાય ઇત્યાદિ વિચારથી પણ પૂર્વોક્ત ક્રિયાઓ કરે. તથા પરલોકમાં બળની આશંસાથી બસ્તિવગેરેનો ઉપઘાત કરે. તથા દેવબળની આકાંક્ષાથી 'રાંધવું રંધાવવું' વગેરે ક્રિયાઓ કરે છે. તથા રાજબળ-રાજસહાયની અપેક્ષાથી રાજાની સેવા વગેરે કરે છે. 'ચોરો ચોરીનો ભાગ આપશે' એવી વાંછાથી ચોરોની સેવા કરે છે.*

*અતિથિબળની કામનાથી અતિથિઓને સત્કારે છે. જે નિસ્પૃહ હોય તે જ અતિથિ કહેવાય, કહ્યું જ છે કે → 'બધી તિથિ તથા પર્વ-ઉત્સવોનો જે મહાત્માએ ત્યાગ કર્યો છે, તેને જ અતિથિ માનવો, બીજા બધાને અભ્યાગત (પરોણા મહેમાન) સમજવા.' આ બધા કારણે પણ દંડનું સેવન કરવું જોઇએ નહિ. તથા કૃપણ(=ભિખારી) અને શ્રમણવગેરે માટે પણ પૂર્વોક્ત સ્વરૂપવાળી જુદા-જુદા પ્રકારની પિંડદાનવગેરે ક્રિયાઓ દ્વારા દંડનું સેવન થાય છે. અર્થાત્ આ બધી ક્રિયાઓ પણ દંડરૂપ છે. માટે અનાચરણીય છે. જે ક્રિયાથી જીવોની હિંસા થાય તે 'દંડ' કહેવાય. સમાદાન=દંડનું સારી રીતે ગ્રહણ. (૧) 'જો હું આ ક્રિયા ન કરું તો ઉપરોક્ત આત્મબળવગેરે બળો મારા થશે નહિ.' આવી વિચારણાથી અથવા (૨) ભયથી પણ આ 'દંડ' સ્વીકારે છે. દંડ સમાદાનના આ બે કારણ બતાવ્યા. આમ આલોકને આશ્રયી આ દંડસમાદાન બતાવ્યા.*

*समादानं क्रियत इति दर्शयति- 'पावमोक्खो त्ति' इत्यादि। पातयति पाशयति वेति पापं, तस्मान्मोक्ष: पापमोक्ष: 'इति' हेतौ, यस्मान्मम स भविष्यतीति मन्यमानो दण्डसमादानाय प्रवर्त्तत इति। तथा हि-हुतभुजि षड्जीवोपघात-कारिणि शस्त्रे नानाविधोपायप्राण्युपघातकृतपापविध्वंसाय पिप्पलशमीसमित्तिलाज्यादिकं शठव्युद्ग्राहितमतयो जुह्वति। तथा पितृपिण्डदानादौ बस्तादिमांसोपस्कृतभोजनादिकं द्विजातिभ्य उपकल्पयन्ति। तद्भुक्तशेषानुज्ञातं स्वतोऽपि भुञ्जते। तदेवं नानाविधैरुपायैरज्ञानोपहतबुद्धय: पापमोक्षार्थं दण्डोपादानेन तास्ता: क्रिया: प्राण्युपघात-कारिणी: समारम्भमाणा अनेकभवशतकोटिषु दुर्मोचमघमेवोपाददते। किञ्च- 'अदुवा' इति, पापमोक्ष इति मन्यमानो दण्डमादत्त इत्युक्तम्, अथवाऽऽशंसनमाशंसा=अप्राप्तप्रापणाभिलाषस्तदर्थं दण्डसमादानमादत्ते। तथाहि-ममैतत्परुत् परारि प्रेत्य वोपस्थास्यतीत्याशंसया क्रियासु प्रवर्त्तते, राजानं वाऽर्थाशाविमोहितमना अवलगतीत्यादि।* [आचाराङ्ग १/२/२/७५ टी०] नह्येतदुक्तं किमपि देवार्चन इति वृथा तदाश्वास: कुमतीनाम्॥ ६२॥ सूत्रान्तर-वचनान्याह–

**आनन्दस्य हि सप्तमाङ्गवचसा हित्वा परिव्राड्वर-**
**श्राद्धस्य प्रथितौपपातिकगिरा चैत्यान्तरोपासनम्।**
**अर्हच्चैत्यनतिं विशिष्य विहितां श्रुत्वा न यो दुर्मतिं,**
**स्वान्तान्मुञ्चति ना(श्रय)श्रितप्रियतया कर्माणि मुञ्चन्ति तम्॥६३॥**

(**दंडान्वय:**→ हि आनन्दस्य सप्तमाङ्गवचसा परिव्राड्वरस्य च प्रथितौपपातिकगिरा चैत्यान्तरोपासनं हित्वा अर्हच्चैत्यनतिं विशिष्य विहितां श्रुत्वा य: स्वान्ताद् दुर्मतिं न मुञ्चति तमाश्रितप्रियतया कर्माणि न मुञ्चन्ति॥)

---

*પરમાર્થને નહીં સમજનારા અજ્ઞાનીઓ પરલોક સુધારવા પણ આવા દંડોનું સમાદાન કરે છે. તે દર્શાવવા 'પાવમોક્ખો' ઇત્યાદિ કહે છે. પતન પમાડે અથવા કર્મના પાશમાં બાંધે તે પાપ. 'પાપથી પોતાનો મોક્ષ(=છુટકારો) થશે' એવી ભાવનાથી જીવ દંડ ગ્રહણ કરે છે. જેમકે, જુદા જુદા સાધનોથી કરેલી જીવહિંસાદિ પાપોનો નાશ કરવા, શઠોએ ભરમાવેલી બુદ્ધિવાળા જીવો છજીવનિકાયની હિંસામાં કારણભૂત અગ્નિશસ્ત્ર પ્રગટાવે છે અને તેમાં પીપળા, શમી વગેરે વૃક્ષોની ડાળીવગેરે તથા લાજા(ધાન્યવિશેષ) અથવા તલ અને ઘી વગેરે હોમે છે; તથા દેવગત પૂર્વજોને પિંડદાન દેવાના પ્રસંગે બ્રાહ્મણોને બકરાવગેરેના માંસવગેરેથી સંસ્કારિત કરેલા ભોજનનું દાન કરે છે અને બ્રાહ્મણોએ આરોગ્યા પછી બચેલું ભોજન તેમની અનુજ્ઞાથી પોતે પણ આરોગે છે. અજ્ઞાનથી મુરઝાઇ ગયેલી બુદ્ધિવાળા અજ્ઞ જીવો પાપથી છુટવા આવા અનેક પ્રકારના ઉપાયોથી દંડનું ઉપાદાન કરે છે. આ રીતે અનેક જીવોના જીવનને ખતમ કરનારી ક્રિયાઓ કરી અબજો ભવોમાં પણ છુટકારો ન થાય તેવા પાપના પોટલાનો ભાર ઉપાડે છે. આમ પાપમોક્ષની માન્યતાથી જીવો દંડ સેવે છે તેમ બતાવ્યું. આ જ પ્રમાણે નહીં મળેલી વસ્તુને મેળવવાની ઇચ્છારૂપ આશંસાથી પણ જીવો દંડ સેવે છે. મને આ આત્મબળ વગેરે કાલે-પરમે કે તે પછી અથવા પરલોકમાં પ્રાપ્ત થશે, એવી આશંસાથી ક્રિયાઓમાં પ્રવર્તે છે - અથવા ધનલોલુપ જીવો રાજાની પણ સેવા કરે છે, ઇત્યાદિ.*

**ટીકાના** આ પાઠમાં ક્યાંય પણ જિનપૂજાઅંગે આમાનું કશું કહ્યું નથી. તેથી આ સૂત્રના વિશ્વાસપર જિનપૂજાને 'દંડ' લેખાવવાની પ્રતિમાલોપકોની પ્રવૃત્તિ પાયા વિનાની છે. **॥ ૬૨ ॥**

પ્રસ્તુતમાં અન્ય આગમોના વચનોની સાક્ષી બતાવે છે–

**કાવ્યાર્થ :-** સાતમા **'ઉપાસકદશા'** નામના અંગના વચનથી **આનંદે** અને **'ઔપપાતિક'** ઉપાંગની

'आनन्दस्य हि'इति। *हि*=निश्चित*मानन्दस्य*=**आनन्दश्रमणोपासकस्य** *सप्तमाङ्गवचसा*=**उपासकदशाङ्ग**-वचनेन, तथा परिव्राट्सु *वरः*=प्रधानो यः *श्राद्धः*=**अम्बडश्रमणोपासकः**, तस्य। *प्रथिता*=प्रसिद्धा *औपपातिकगीः*=**औपपातिकोपाङ्ग**वाक्, तया *चैत्यान्तरोपासनां*=अन्यतीर्थिकचैत्यतत्परिगृहीतार्हच्चैत्योपासनां *हित्वा*=त्यक्त्वा स्थितस्येति शेषः *'मत्प्रसूतिमनाराध्ये'*त्यत्रेव [रघुवंश १/७७], अन्यथा भिन्नकर्तृकक्त्वाप्रत्ययानुपपत्तेः। अथवाऽन्तर्भूतण्यर्थत्वाद् हित्वेत्यस्य हापयित्वेत्यर्थः। एवं ह्यभिमतानभिमतविधानहापनयोरेककर्तृकत्वेन क्त्वाप्रत्ययोपपत्तेः, *अर्हच्चैत्यानां*=अर्हत्प्रतिमानां नतिं *विशिष्य*=नामग्राहविहितां कर्त्तव्यत्वेनोक्तां श्रुत्वा यो दुर्मतिं 'प्रतिमा नाराध्ये'ति दुष्टमतिं न त्यजति, तमाश्रितस्य *प्रियतया*=अत्यन्ताभीष्टतयेवेत्यस्य गम्यमानत्वाद् गम्योत्प्रेक्षेयं। आश्रिताः प्रिया यस्य तत्तयेति व्याख्याने गुणप्रिय इत्यादाविव विशेषणपरनिपातः, *कर्माणि*= ज्ञानावरणीयादीनि न मुञ्चन्ति। तत्र **सप्तमाङ्गालापको** यथा →

*'तए णं से आणंदे गाहावई समणस्स भगवओ महावीरस्स अंतिए पंचाणुव्वइअं सत्तसिक्खाव्वइयं दुवालसविहं सावयधम्मं पडिवज्जइ २ समणं भगवं महावीरं वंदइ णमंसइ २ एवं वदासि-णो खलु मे भंते ! कप्पइ*

---

પ્રસિદ્ધ વાણીથી શ્રેષ્ઠ **પરિવ્રાજક શ્રાવકે** (અંબડ શ્રાવક) અન્ય ધર્મની પ્રતિમાઓનો ત્યાગ કરી અરિહંતની પ્રતિમાને નામગ્રહણ કરવાપૂર્વક નમન કરવાની પ્રતિજ્ઞા કરેલી, એમ સાંભળવા છતાં જે વ્યક્તિ પોતાની વિપરીત બુદ્ધિને છોડવા તૈયાર નથી, આશ્રયપ્રિય (આશ્રિતપ્રિય) હોવાથી (જ્ઞાનાવરણીયવગેરે) કર્મો તે વ્યક્તિને છોડતાં નથી.

## જિનપ્રતિમાના વંદનાદિની સિદ્ધિ - ઉપાસકદશાની સાક્ષી

**ઉપાસકદશાના વચનથી આનંદ શ્રાવકે અને ઔપપાતિક ઉપાંગના વચનથી અંબડ પરિવ્રાજકે** અન્યતીર્થિકોની પ્રતિમા અથવા તેઓથી ગૃહીત જિનપ્રતિમાની ઉપાસના છોડી જિનપ્રતિમાની ઉપાસના કરેલી, આ વાત સ્પષ્ટ નામગ્રહણ કરવાપૂર્વક સાંભળવા મળે છે. કાવ્યમાં 'ચૈત્યાંતર'પદથી અન્યતીર્થિકોના દેવની પ્રતિમા અને અન્યતીર્થિકોએ ગ્રહણ કરેલી જિનપ્રતિમા - આ બન્નેનો સમાવેશ થાય છે. 'હિત્વા' પદ સંબંધક ભૂતકૃદંત છે. સામાન્યથી એકકર્તૃક પૂર્વોત્તરકાલીન બે ક્રિયાના નિર્દેશ વખતે પૂર્વકાલીન ક્રિયાઅર્થકધાતુને 'ત્વા' પ્રત્યય લગાડી સંબંધક ભૂતકૃદંત બનાવાય છે. અહીં 'સ્થિતસ્ય' રહેલા એ અધ્યાહાર લેવાથી **રઘુવંશ કાવ્યના** *મત્પ્રસૂતિમનારાધ્ય* પ્રયોગની જેમ સંબંધક ભૂતકૃદંતનો પ્રયોગ સિદ્ધ થશે. અન્યથા બે કર્તા ભિન્ન હોય તો પૂર્વકાલીનક્રિયાર્થક ધાતુથી 'ત્વા' પ્રત્યય લાગી સંબંધક ભૂતકૃદંતનો પ્રયોગ થવો સંગત થાય નહીં. અહીં 'હિત્વા'(=છોડીને)માં કર્ત્તાતરીકે **આનંદ** કે **અંબડ** ઇષ્ટ છે. જ્યારે 'વિહિતા'પદમાં વિધાનક્રિયાના કર્ત્તા તરીકે ભગવાન ઇષ્ટ છે. આમ ભિન્નકર્તૃક બે ક્રિયા હોવા છતાં સંબંધકભૂતકૃદંતનો પ્રયોગ ઉપરોક્ત રીતે દુષ્ટ નથી. અથવા 'હિત્વા'પદમાં પ્રેરક અર્થ અંતર્ગત સમાયેલો છે. તેથી હિત્વા='છોડીને' એમ નહિ, પણ 'છોડાવી' એવો અર્થ કરવો. તેથી બન્ને સ્થળે ભગવાનરૂપ એક કર્તા સંભવી શકે.

જેઓ અર્હત્પ્રતિમા-નમનઅંગેના આગમવચનને સાંભળવા છતાં 'પ્રતિમા પૂજ્ય નથી' એવો દુરાગ્રહ છોડવા તૈયાર નથી, તેઓને આશ્રયીને રહેલા કર્મો તેમને છોડવા તૈયાર નથી, કારણ કે આશ્રિત કર્મોને તે દુરાગ્રહીઓ અત્યંત પ્રિય છે. અહીં 'જાણે કે અત્યંત પ્રિય ન હોય' એવા અર્થનું સૂચક 'ઇવ'પદ અધ્યાહાર=ગમ્ય છે, તેથી **ગમ્યઉત્પ્રેક્ષા અલંકાર** છે. 'આશ્રિત છે પ્રિય જેને' એવી વ્યુત્પત્તિ કરવામાં ગુણપ્રિયવગેરે સમાસની જેમ વિશેષણપદ ઉત્તરપદમાં આવશે. **ઉપાસકદશાનો** પાઠ આ પ્રમાણે છે →

*अज्जपभिइ अण्णउत्थिए वा अण्णउत्थियदेवयाणि वा अण्णउत्थियपरिग्गहिआइं वा अरिहंतचेइयाइं वा वंदित्तए वा णमंसित्तए वा पुव्विं अणालत्तेणं आलवित्तए वा, संलवित्तए वा, तेसिं असणं वा ४ दाउं वा अणुप्पयाउं वा णणत्थ रायाभिओगेणं, गणाभिओगेणं, बलाभिओगेणं, देवयाभिओगेणं गुरुनिग्गहेणं वित्तीकंतारेणं। कप्पइ मे समणे निग्गंथे फासुएणं एसणिज्जेणं असणपाणखाइमसाइमेणं वत्थपडिग्गहकंबलपायपुंछणेणं पीठफलगसिज्जा-संथारएणं ओसहभेसज्जेण य पडिलाभेमाणस्स विहरित्तए त्तिकट्टु । इमं एयारूवं अभिग्गहं अभिगिण्हइ २ पसिणाइं पुच्छइ २ अट्ठाइं आदियइ' त्ति॥* [उपासकदशाङ्ग १/१/७] **एतद्वृत्तिर्यथा** → *'णो खलु' इत्यादि। नो खलु मम भदन्त=भगवन्! कल्पते=युज्यते, अद्यप्रभृति=इतः सम्यक्त्वप्रतिपत्तिदिनादारभ्य निरतिचारसम्यक्त्वपरिपालनार्थं तद्यतनामाश्रित्य। 'अन्नउत्थिए' त्ति=जैनयूथादन्ययूथं=सङ्घान्तरं तीर्थान्तरमित्यर्थः, तदस्ति येषां तेऽन्ययूथिकाश्चर-कादिकुतीर्थिकास्तान्, अन्ययूथिकदैवतानि वा=हरिहरादीनि, अन्ययूथिकपरिगृहीतानि वा चैत्यान्यर्हत्प्रतिमा-लक्षणानि। यथा भौतपरिगृहीतानि वीरभद्रमहाकालादीनि, वन्दितुं वा=अभिवादनं कर्तुं, नमस्यितुं वा=प्रणामपूर्वकं*

---

*''તે વખતે **આનંદ** ગાથાપતિ **શ્રમણ ભગવાન મહાવીરસ્વામીની** પાસે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રતરૂપ બાર પ્રકારનો શ્રાવકધર્મ સ્વીકારે છે. પછી તે **આનંદ શ્રમણ ભગવાન મહાવીરસ્વામીને** વંદન નમસ્કાર કરી આ પ્રમાણે કહે છે- 'હે ભદંત ! આજથી માંડીને મને (૧) અન્યતીર્થિકોને કે અન્યતીર્થિકોના દેવોને કે અન્યતીર્થિકોની માલિકીમાં રહેલી અરિહંતપ્રતિમાને વંદન-નમસ્કાર કરવા, તથા (૨) પહેલા નહિ બોલાવતા એવા તેઓને એકવાર કે વારંવાર બોલાવવા તથા (૩) તેઓને અશન-પાન-ખાદિમ-સ્વાદિમ એકવાર આપવા કે વારંવાર આપવા કલ્પતા નથી, પરંતુ આ છ આગારને છોડીને (૧) રાજાભિયોગ (૨) ગણાભિયોગ (૩) બળાભિયોગ (૪) દેવતા અભિયોગ (૫) ગુરુનિગ્રહ અને (૬) વૃત્તિકાંતાર. મને પ્રાસુક=એષણીય અશન-પાન-ખાદિમ-સ્વાદિમ તથા વસ્ત્ર-પાત્ર, કામળી, રજોહરણ, તથા પીઠ, ફલક, શય્યા, સંસ્તારક તથા ઔષધ-દવા વગેરેથી શ્રમણ નિર્ગ્રંથોને પ્રતિલાભવા કલ્પે છે.' આવા પ્રકારના અભિગ્રહ ગ્રહણ કરી પ્રશ્નો પૂછે છે, અર્થો સ્વીકારે છે.''*

*હવે સૂત્રની **ટીકા** બતાવે છે → હે ભગવન્ ! આજથી માંડીને=સમ્યક્ત્વની પ્રાપ્તિના દિનથી આરંભીને સમ્યક્ત્વનું નિરતિચાર પાલન કરવામાટે સમ્યક્ત્વની જયણાઓને આશ્રયી આ બધું મને કલ્પે નહિ, અન્યતીર્થિક - જૈન સમુદાય સંઘ કે તીર્થથી ભિન્ન સમુદાય, સંઘ કે તીર્થ. અન્યતીર્થમાં રહેલાને અન્યતીર્થિક=કુતીર્થિક કહે છે. ચરક-પરિવ્રાજકવગેરે કુતીર્થિકો, કે તેમના **હરિહર**વગેરે દેવો, અથવા તેઓના કબજામાં રહેલી જિનપ્રતિમાઓ વંદન કે નમસ્કારને પાત્ર નથી. ભૌતતીર્થિક પરિગૃહીત **વીરભદ્ર મહાકાળી** વગેરે પરપરિગૃહીત દેવ-દેવીઓ છે. વંદન=અભિવાદન. નમસ્કાર=પ્રણામપૂર્વક પ્રશસ્ત અવાજે ગુણ ગાવા. આ વંદન અને નમસ્કારથી એ તીર્થિકોના ભક્તોનું મિથ્યાત્વ વધુ મજબૂત થવું વગેરે તથા અનવસ્થા-આજ્ઞાભંગ વગેરે દોષોનો પ્રસંગ છે. તથા એ અન્યતીર્થિક બોલાવે નહિ, તો પોતે સામેથી એ તીર્થિકને બોલાવે નહિ. એ જ પ્રમાણે વારંવાર સંલાપ પણ ન કરે, કારણ કે આ પરતીર્થિકો બેસવાવગેરેની ક્રિયામાં અત્યંત તપેલા લોખંડના ગોળા જેવા હોય છે. અર્થાત્ તેઓને જયણાનો કે જીવદયાનો ભાવ ન હોવાથી પ્રત્યેક ક્રિયામાં ઘણા જીવોની વિરાધના કરે છે. એ તીર્થિકો સાથે વાર્તાલાપ કરવામાં એ લોકો આવી પ્રવૃત્તિથી જીવોની હિંસા કરે તે સંબંધી કર્મબંધ પોતાને લાગે છે. વળી કુતીર્થિકો સાથે વાર્તાલાપ કરવાથી પરિચય વધે, જેથી કાં તો પોતે મિથ્યાત્વી બની જાય, કાં તો પોતાના પરિવારના સદસ્યો મિથ્યાત્વી બની જાય એવો સંભવ છે. પૂર્વના પરિચયને કારણે પેલો કુતીર્થિક કદાચ સામેથી બોલાવે, તો પોતે જરા પણ અહોભાવ બતાવ્યા વિના અને ઉદાસીનભાવે માત્ર લોકનિંદાના ભયથી જ 'કેમ છો ?' ઇત્યાદિ કહે.*

*प्रशस्तध्वनिभिर्गुणोत्कीर्त्तनं कर्तुं, तद्भक्तानां मिथ्यात्वस्थिरीकरणादिदोषप्रसङ्गादित्याशयः । तथा पूर्वं=प्रथममनालप्तेन सताऽन्यतीर्थिकैस्तानेवालापितुं वा=सकृत्सम्भाषितुं, संलपितुं वा=पुनः पुनः संलापं कर्तुं, यतस्ते तप्ततरायोगोलककल्पाः खल्वासनादिक्रियायां नियुक्ता भवन्ति, तत्प्रत्ययश्च कर्मबन्धः स्यात् । तथाऽऽलापादेः सकाशात् परिचयेन तस्यैव तत्परिजनस्य वा मिथ्यात्वप्राप्तिरिति । प्रथमालप्तेन त्वसम्भ्रमं लोकापवादभयात् 'कीदृशस्त्वमि'त्यादि वाच्यम् । तथा तेभ्यः=अन्ययूथिकेभ्योऽशनादि दातुं वा सकृत्, अनुप्रदातुं वा पुनः पुनरित्यर्थः । अयं च निषेधो धर्मबुद्ध्यैव, करुणया तु दद्यादपि । किं सर्वथा न कल्पते ? इत्याह- 'नन्नत्थ रायाभिओगेणं' इत्यादिनेति=न कल्पत इति योऽयं निषेधः, सोऽन्यत्र राजाभियोगात् तृतीयायाः पञ्चम्यर्थत्वात् राजाभियोगं वर्जयित्वेत्यर्थः । राजाभियोगस्तु राजपरतन्त्रता । गणः=समुदायस्तदभियोगो=पारवश्यता गणाभियोगस्तस्मात् । बलाभियोगो नाम राजगणव्यतिरिक्तस्य बलवतः पारतन्त्र्यं, देवताभियोगो=देवपरतन्त्रता, गुरुनिग्रहो=मातापितृपारवश्यं, गुरूणां वा=चैत्यसाधूनां निग्रहः=प्रत्यनीककृतोपद्रवो गुरुनिग्रहस्तत्रोपस्थिते, तद्रक्षार्थमन्ययूथिकादिभ्यो ददपि नातिक्रामति सम्यक्त्वमिति । 'वित्तीकंतारेणं' वृत्तिः=आजीविका, तस्याः, कान्तारं=अरण्यं, तदिव कान्तारं क्षेत्रं,*

---

*તથા કુતીર્થિકોને આહાર વગેરેનું દાન(એકવાર આપવારૂપ) કે અનુપ્રદાન(વારંવાર આપવારૂપ) ન કરે. 'આ તાપસવગેરે મહાત્મા છે. આમને દાન આપવાથી મને મહાન ધર્મ થશે.' આવી ધર્મબુદ્ધિથી દાન આપવાનો જ અહીં નિષેધ છે, કરુણાબુદ્ધિથી-અનુકંપાથી દાન આપી પણ શકાય. 'શું સર્વથા દાન આપવું કલ્પતું નથી ?' આ શંકાના સમાધાનમાં છ આગાર બતાવ્યા છે. આ જે નિષેધ બતાવ્યો છે, તે રાજઅભિયોગવગેરે છ કારણોને છોડી સમજવાનો છે.* (સૂત્રમાં 'રાયાભિયોગેણં' ઇત્યાદિમાં ત્રીજી વિભક્તિ પાંચમી વિભક્તિના અર્થમાં છે. તેથી રાજાભિયોગ છોડીને... ઇત્યાદિ અર્થ સમજવો.) *(૧) રાજઅભિયોગ- રાજાને પરતંત્રપણું. (૨) ગણઅભિયોગ- ગણ=સમુદાય. તેની પરવશતા. (૩) બળાભિયોગ- બળ, રાજા અને ગણથી ભિન્ન બળવાન વ્યક્તિ. તેની પરાધીનતા. (૪) દેવતાઅભિયોગ- દેવને આધીનતા. (૫) ગુરુનિગ્રહ- માતાપિતાની પરતંત્રતા અથવા ગુરુ=પ્રતિમા અને સાધુ, શાસનવિરોધી વ્યક્તિ જ્યારે આ બન્નેનો નિગ્રહ કરતી હોય, અર્થાત્ બન્નેને ઉપદ્રવ કરતી હોય અને આ બન્નેના રક્ષણ માટે અન્યતીર્થિકોના સહાયની જરુર પડે ત્યારે આ સહાયતા મેળવવાના આશયથી અન્યતીર્થિકોને અન્ન વગેરે આપવા છતાં દોષ લાગતો નથી અને સમ્યક્ત્વવ્રતમાં અતિક્રમ થતો નથી. (૬) વૃત્તિકાંતાર- નિર્વાહનો અભાવ. વૃત્તિ=આજીવિકા, તેના અંગે. જંગલ જેવાં ક્ષેત્ર કે કાળ, અર્થાત્ આજીવિકા દુર્લભ હોય એવા સ્થાનમાં કે એવા કાળમાં આજીવિકાના હેતુથી દાન કે પ્રણામ કરવા છતાં દોષ નથી. આ છ આગાર છોડી આવા આગાર ન હોય ત્યારે દાન-પ્રણામાદિનો નિષેધ સમજવાનો છે. પ્રતિગ્રહ=પાત્ર, 'પીઢ'=પાટ વગેરે. 'फलग'=ટેકા માટેનું પાટિયું. 'भेसज्ज'=પથ્ય ઔષધ. 'अट्ठाइ'=પ્રશ્નના ઉત્તર તરીકે અપાયેલા પદાર્થો.*

અહીં અન્યતીર્થિકોએ કબજામાં રાખેલા ચૈત્યને વંદનનો નિષેધ કર્યો એનાથી સ્પષ્ટપણે સૂચિત થાય છે કે અનિશ્રિત(=પરવાદીઓના કબજામાં ન હોય તેવું) અરિહંતચૈત્ય વંદનવગેરે વિધિદ્વારા અવશ્ય ઉપાસ્ય છે, કારણ કે **'વિશેષનો નિષેધ તત્સામાન્યનું વિધાન કરે છે'** એવો ન્યાય છે.

**પૂર્વપક્ષ :-** પ્રસ્તુતમાં ચૈત્યપદ જ્ઞાનાર્થક છે.

**ઉત્તરપક્ષ :-** આવો અર્થ સુજ્ઞ વ્યક્તિ ન કરે, કારણ કે અરિહંતનું જ્ઞાન અન્યતીર્થિકોના કબજામાં હોય તેમ સંભવે નહિ. 'ચૈત્ય'થી સાધુ અર્થ પણ તેથી જ ઘટી શકે નહીં, કારણ કે શ્રુતની જેમ એ પણ અન્યથી પરિગૃહીત હોવા સંભવતા નથી.

*कालो वा=वृत्तिकान्तारं, निर्वाहाभाव इत्यर्थः । तस्मादन्यत्र निषेधो दानप्रणामादेरिति प्रकृतमिति । 'पडिग्गहं' ति= पात्रं 'पीढं' ति=पट्टादिकं, 'फलगं' ति=अवष्टम्भादिफलकं 'भेसज्जं' ति=पथ्यम् । 'अट्ठाइं' उत्तरभूतानर्थानाददातीति ।*

अत्रान्यतीर्थिकपरिगृहीतचैत्यनिषेधेऽनिश्रिताऽर्हच्चैत्यवन्दनादिविधिः स्फुट एव। न चात्र चैत्यशब्दार्थो 'ज्ञानं' मूर्खोक्तं घटतेऽर्हद्ज्ञानस्यान्यतीर्थिकपरिगृहीतत्वानुपपत्तेर्नापि साधुः श्रुतवत्त्वस्यान्यपरिगृहीतत्वासिद्धेः, सिद्धौ वान्यतीर्थिक एव सोऽन्यागमस्यान्यपरिग्रहेणैव व्यवस्थितत्वात्, *'नृशंसदुर्बुद्धिपरिग्रहाच्च, ब्रूमस्त्वदन्यागममप्रमाणं'* (1) [अयोग० द्वात्रिं० १० उत्त०] इति वचनात् ॥

**अथ** 'अण्णउत्थिए वा' इत्यादिपदत्रयमेकार्थमेव - 'समणं वा माहणं वा' इति पदद्वयवत्, अन्यथा 'तेसिं असणं' वेत्याद्यनुपपत्तेस्तत्पदस्याव्यवहितपूर्वोक्तपदार्थपरामर्शकत्वात्, चैत्यानामेव चाव्यवहितपूर्वोक्तत्वा-त्तेषां दानाद्यप्रसङ्गेन तन्निषेधानुपपत्तेरिति **चेत् ? न**, प्रसक्तानां त्रयाणां नत्यादेरवश्यनिषेध्यत्वात्पदत्रयस्यैकार्थ-ताया वक्तुमशक्यत्वादनीप्सितेन तदा यावदुक्तापरामर्श एकतरपरामर्शतात्पर्यगृहे सम्प्रदानप्रसङ्गेन मुख्यतयाऽन्य-

---

**પૂર્વપક્ષ :-** અરિહંતે પીરસેલું શ્રુતજ્ઞાન જો અન્યતીર્થિકોપાસે હોય, તો વંદનીય આદિરૂપ બને નહિ, તેવો તાત્પર્ય બોધ છે.

**ઉત્તરપક્ષ :-** આ પણ બરાબર નથી, કારણ કે જૈનઆગમ(=શ્રુતજ્ઞાન) અન્યપાસે હોય તે સંભવતું નથી, અને જે જૈનાગમ અન્યતીર્થિકો પાસે હોય, અર્થાત્ જૈનાગમની જે વાતો અન્યતીર્થિકોએ પોતાના મતની પુષ્ટિમાટે સ્વીકારી હોય, તે બધું શ્રુતજ્ઞાનરૂપ કે આગમરૂપ રહેતું નથી પણ અન્યતીર્થિકોના હાથમાં હોવાથી અન્યતીર્થિકોના આગમરૂપ-મિથ્યાશ્રુત-શ્રુતાજ્ઞાનરૂપ જ બને છે, કારણ કે આગમનું મિથ્યા-સમ્યક્ સ્વરૂપ તેના સ્વામીની અપેક્ષાએ જ નક્કી થાય છે. 'કારણ કે અન્યથી પરિગૃહીત હોવાથી જ અન્યાગમ ગણાય' એવો નિર્ણય છે. કહ્યું જ છે કે → *'નૃશંસ અને દુર્બુદ્ધિએ પરિગ્રહણ કર્યા હોવાથી જ તારાથી અન્યના આગમો અપ્રમાણ છે તેમ કહીએ છીએ.'*

## અન્યતીર્થિક આદિ પદો ભિન્નાર્થવાચક

**પૂર્વપક્ષ :-** સૂત્રની શૈલીની વિચિત્રતાના કારણે અહીં अन्नउत्थिए वा अन्नउत्थियदेवयाणि वा अन्नउत्थिय-परिग्गहाइ अरिहंतचेइयाइं वा આ ત્રણ પદો અન્યતીર્થિક તાપસાદિ એક અર્થવાળા જ છે. જેમકે 'समणं वा माहणं वा' આ બન્ને પદ શ્રમણરૂપ એક અર્થના વાચક છે. જો અન્યતીર્થિક દેવતાદિનો ભિન્ન અર્થ કરવામાં આવે, તો 'તેઓને આહારઆદિ આપવા ન કલ્પે' ઇત્યાદિવચન પૂર્વાપર અસંબદ્ધ બને, કારણ કે 'तेसिं'પદથી તેની તરત પૂર્વમાં રહેલા 'અરિહંતચૈત્ય'પદનો જ પરામર્શ થાય, અને ચૈત્ય=પ્રતિમા અર્થ કરવામાં અશનાદિ આપવાનો પ્રશ્ન જ સંભવતો નથી કે જેથી તેના નિષેધની આવશ્યકતા ઊભી થાય.

**ઉત્તરપક્ષ :-** પ્રસ્તુતમાં અન્યતીર્થિકો, તેમના દેવતા અને તેમની પાસે રહેલી જિનપ્રતિમા આ ત્રણને સામાન્યથી વંદનઆદિ થવાનો સંભવ છે, તેથી સમ્યગ્દષ્ટિજીવ આ ત્રણને વંદન કરી સમ્યક્ત્વને મલીન ન કરે, એ હેતુથી એ ત્રણના વંદનનો નિષેધ આવશ્યક છે. સૂત્રમાં આ આશય જ પ્રધાનરૂપે છે અને વંદનાદિના નિષેધ પણ તેથી જ પ્રથમ સૂચવ્યો છે. હવે જો આ ત્રણે પદને એકાર્થ માનવામાં આવે, તો માત્ર અન્યતીર્થિકને જ વંદનનો નિષેધ થાય, અને તો; અર્થતઃ અન્ય બેને વંદનની અનુજ્ઞા કલ્પવાની અનિષ્ટાપત્તિ આવે. તેથી અનિચ્છાએ પણ આ ત્રણે પદને ભિન્નાર્થક કલ્પવા જ યોગ્ય છે.

---

(1) हिंसाद्यसत्कर्मपथोपदेशादसर्वविन्मूलतया प्रवृत्तेः । नृशंसदुर्बुद्धिपरिग्रहाच्च, ब्रूमस्त्वदन्यागममप्रमाणं ॥ इति पूर्णश्लोकः ॥

तीर्थिकपरामर्शस्यैव युक्तत्वाच्च। वस्तुतोऽव्यवहितपूर्वोक्तत्वं मौनिश्लोकानुरोधेनाव्यवहितप्राक्कालीनशाब्द-बोधानुकूलव्यापारविषयत्वं वाच्यम्। तथा च पूर्वमनालप्तेनेत्यत्रान्यतीर्थिकैरित्यस्याध्याहारस्यावश्यकत्वात्तेषामिति तत्पदेनाव्यवहितपूर्वोक्तान्यतीर्थिकपरामर्शो युक्त इति मदुत्प्रेक्षां प्रमाणयन्तु प्रामाणिकाः। **औपपातिकालापको यथा** →

*अंबडस्स णं णो कप्पइ अण्णउत्थिए वा अण्णउत्थियदेवयाणि वा अण्णउत्थियपरिग्गहिआणि वा अरिहंतचेइयाणि वंदित्तए वा, णमंसित्तए वा, जाव पज्जुवासित्तए वा, णण्णत्थ अरहंते वा अरहंतचेइयाणि व त्ति* [सू० ४०] **एतद्वृत्तिर्यथा**→ *'अण्णउत्थिए वा'त्ति अन्ययूथिकाः=अर्हत्सङ्घापेक्षयाऽन्ये शाक्यादयः 'चेइयाइं' इति, अर्हच्चैत्यानि=जिनप्रतिमा इत्यर्थः। 'नण्णत्थ अरिहंते व'त्ति। न कल्पते इह योऽयं नेति प्रतिषेधः, सोऽन्यत्रार्हद्भ्यः-अर्हतो वर्जयित्वेत्यर्थः। स हि किल परिव्राजकवेषधारकोऽतोऽन्ययूथिकदेवतावन्दनादिनिषेधेऽर्हतामपि वन्दनादि निषेधो मा भूदिति कृत्वा 'नन्नत्थ' इत्याद्यधीतमिति॥*

---

તમે જે 'અરિહંતચૈત્યાદિને અશનાદિ આપવાનો પ્રશ્ન જ નથી' ઇત્યાદિ કહ્યું. તે અંગે પણ કહેવાનું છે કે એવો ન્યાય છે કે 'જેટલા પદોનો નિર્દેશ કર્યો તે બધા પદમાં સામાન્યરૂપે સૂચવાયેલાં વિધિ-નિષેધોમાંથી અમુક વિધિ કે નિષેધ અમુકમાં સંભવતા ન હોય, તો તેમાંથી સંભવતા પદમાં જ વિધિ કે નિષેધના તાત્પર્યનો પરામર્શ કરવો' દાનનાં વિધિ અને નિષેધ અન્યતીર્થિક દેવતા વગેરેમાં સંભવતા નથી. તેથી તે અંગેનો નિષેધ માત્ર અન્યતીર્થિક તાપસાદિઅંગે જ સમજવો, પણ તેટલા માત્રથી ત્રણે પદોને એકાર્થક માનવા યોગ્ય નથી.

વળી વસ્તુતઃ વિચારીએ, તો વાસ્તવિક પૂર્વોક્તત્વ તો, તરત પૂર્વમાં શાબ્દબોધ થવામાટેની પ્રવૃત્તિનો વિષય જે પદાર્થ બને, તેમાં જ ઘટે છે. આમ પદમાં અવ્યવહિત પૂર્વોક્તત્વનો પરામર્શ યોગ્ય નથી, પણ અવ્યવહિત પૂર્વમાં ઉપસ્થિત થતો પદાર્થ જ અવ્યવહિત પૂર્વોક્ત ગણાય છે. પ્રસ્તુતમાં પણ 'તેસિં અસણં' ઇત્યાદિ પદોના શ્રવણથી મૌનિશ્લોકના અનુરોધથી(=ભગવાનના સુવચનના તાત્પર્યથી) અવ્યવહિત પૂર્વમાં શાબ્દબોધજનક પ્રવૃત્તિ અન્યતીર્થિક પદાર્થમાં જ થાય છે. આમ 'પુવ્વિં અનાલત્તેણ' ઇત્યાદિ વચનોની તરત પૂર્વમાં અન્યતીર્થિકોનો જ પરામર્શ=શાબ્દબોધ થાય છે. તેથી એ પદોની પૂર્વે સાક્ષાત શબ્દથી 'અન્યતીર્થિક' પદનો ઉલ્લેખ ન હોવા છતાં તેનો અધ્યાહાર કરવો આવશ્યક છે. પછી 'તેસિં'પદની પણ નજીકતમ પૂર્વમાં આ પદ હોવાથી, 'તેસિં' પદથી પણ અન્યતીર્થિકોનો જ પરામર્શ થઇ શકાશે. આમ ત્રણેય પદોને એકાર્થક માનવાની આપત્તિ પણ રહેતી નથી અને ઉચિત શાબ્દબોધ થવાદ્વારા નિષેધાર્થનો નિર્ણય પણ થાય છે. **ઉપાધ્યાયજી મહારાજ** 'પોતે કરેલી આ ઉત્પ્રેક્ષાને પ્રમાણિકપુરુષો પ્રમાણ તરીકે ઠેરવે' એવી અપીલ કરે છે. **ઔપપાતિક સૂત્રનો** આલાપક આ પ્રમાણે છે →

## ઔપપાતિક ઉપાંગનો સાક્ષીપાઠ

હવે, **અંબડપરિવ્રાજક**સંબંધી **ઔપપાતિક સૂત્રનો** આલાપક અને તેની **ટીકા** સાક્ષીતરીકે દર્શાવે છે → *'**અંબડને** અરિહંત અને અરિહંતચૈત્ય છોડી અન્યતીર્થિકો અને તેમના દેવતાઓને અથવા તેઓએ કબજે રાખેલા અરિહંતચૈત્યોને વંદન કરવા કલ્પતા નથી.'* આ સૂત્રની **ટીકા** → *અન્યતીર્થિક=જૈનસંઘથી ભિન્ન બૌદ્ધવગેરે અન્યયૂથિકો. ચૈત્ય=જિનપ્રતિમા. 'નન્નત્થ અરિહંતે વા' સૂત્રમાં જે નિષેધ છે, તે અરિહંત અને અરિહંતચૈત્યને છોડી અન્યસંબંધી છે. **અંબડ શ્રાવક** પરિવ્રાજકનો વેશ પહેરતો હતો, તેથી 'અન્યતીર્થિક દેવતાઓના વંદનાદિના નિષેધમાં જિનઆદિ સંબંધી પણ વંદનાદિનો નિષેધ ન થાય' એ હેતુથી 'નન્નત્થ' ઇત્યાદિ પદોનો પાઠ છે.*

अत्रार्हच्चैत्यनतिर**म्बडस्य** कण्ठत एव विहितेति न्यायाद्यनभिज्ञस्यापि सुज्ञानम्। इत्थं च सम्यक्त्वालापक एवार्हच्चैत्यानां वन्दननमस्करणयोर्विहितत्वात्पूजाद्यप्यधिकारिणां सिद्धमिति, सिद्धान्ते स्फुटमर्हच्चैत्यपूजाविधानं न पश्यामः **सम्यक्त्वपराक्रमाध्ययने** स्फुटं फलानभिधानादिति लुम्पकमतं **निरस्तम्**, 'न पश्याम' इत्यस्य स्वापराधत्वात्, **'नह्ययं स्थाणोरपराधो यदेनमन्धो न पश्यति'** इति। **सम्यक्त्वालापक** एव सूक्ष्मदृष्ट्या दर्शनात्। **सम्यक्त्वपराक्रमाध्ययने**ऽपि [उत्तरा० २९/४] गुरुसाधर्मिकशुश्रूषाफलाभिधानेनैव पूजाफलाभिधानादिति विभावनीयं **सूरिभिः**(सुधिभिः) ॥ ६३॥

**प्रश्नव्याकरणे सुवर्णगुलिकासम्बन्धनिर्धारणे,**
**शस्ते कर्मणि दिग्द्वयग्रहरहःख्यातौ तृतीयाङ्गतः।**
**सम्यग्भावितचैत्यसाक्षिकमपि स्वालोचनायाः श्रुतौ,**
**सूत्राच्च व्यवहारतो भवति नः प्रीतिर्जिनेन्द्रे स्थिरा ॥ ६४॥**

(**दंडान्वयः→** प्रश्नव्याकरणे सुवर्णगुलिकासम्बन्धनिर्धारणे, तृतीयाङ्गतः शस्ते कर्मणि दिग्द्वयग्रहरहः-ख्यातौ, व्यवहारतः सूत्राच्च सम्यग्भावितचैत्यसाक्षिकमपि स्वालोचनायाः श्रुतौ (सति) जिनेन्द्रे नः प्रीतिः स्थिरा भवति ॥)

'प्रश्नव्याकरणे'इति। **प्रश्नव्याकरणे सुवर्णगुलिकायाः** सम्बन्धनिर्धारणे सत्यसम्बन्धस्यानभिधेयत्वात्

---

અહીં **'અંબડને** જિનપ્રતિમાને વંદન કરવાનું વિધાન સ્પષ્ટ શબ્દોમાં છે' એ વાત ન્યાય નહિ ભણેલો પણ સમજી શકે તેમ છે. આમ સમ્યક્ત્વના આલાપકમાં જ જિનપ્રતિમાને વંદન નમસ્કારનું વિધાન હોવાથી 'અધિકારી જિનપૂજા કરી શકે' તેમ પણ સિદ્ધ થાય છે.

**પૂર્વપક્ષ :-** અમને સિદ્ધાંતમાં ક્યાંય જિનપ્રતિમાની પૂજાનું સ્પષ્ટ વિધાન નજરે ચડતું નથી, કારણ કે **સમ્યક્ત્વપરાક્રમ અધ્યયનમાં** સ્પષ્ટશબ્દોમાં પૂજાના ફળનો નિર્દેશ દેખાતો નથી.

**ઉત્તરપક્ષ :-** તમને નજરે ન ચડે, તેમાં વાંક સિદ્ધાંતનો નથી, **'અંધપુરુષ ઠૂંઠાને જોઇ ન શકે, તેમાં ઠૂંઠાનો વાંક નથી.'** સૂક્ષ્મદષ્ટિથી જો જોશો, તો (ઉપર બતાવ્યું તેમ) **સમ્યક્ત્વના આલાપકમાં** જ જિનપૂજાનું વિધાન રહેલું જોઇ શકશો. **સમ્યક્ત્વપરાક્રમ અધ્યયનમાં** પણ ગુરુ અને સાધર્મિકની શુશ્રૂષાના ફળના કથનમાં જ પૂજાના ફળનું કથન કર્યું છે એમ આચાર્યોએ (બુદ્ધિમાનોએ) વિભાવન કરવું.

(**સમ્યક્ત્વ આલાપકમાં** પ્રતિમાને વંદનીય-નમનીય બતાવી. આનાથી પ્રતિમાની પૂજ્યતા સિદ્ધ થાય છે અને પૂજ્યતા પૂજા વિના સંભવે નહિ - તેથી પૂજા પણ સિદ્ધ થાય છે. **સમ્યક્ત્વપરાક્રમમાં** ગુરુ અને સાધર્મિકની શુશ્રૂષાના ફળ બતાવ્યા, તેમાં દેવાધિદેવનો ઉલ્લેખ નથી. છતાં પણ (૧) દેવાધિદેવ પરમગુરુ છે. (**પંચસૂત્રના ચોથા સૂત્રમાં** 'પરમગુરુ' પદથી ભગવાનને ઓળખાવ્યા છે.) અથવા (૨) ઉપલક્ષણથી લેવાના છે. અથવા (૩) ગુરુ અને સાધર્મિકથી પણ પૂજ્યતમ દેવાધિદેવ છે. તેથી આ બેની શુશ્રૂષા ફળદાયક હોય, તો દેવાધિદેવની શુશ્રૂષા તો સુતરામ ફળદાયક હોય, તેમ સિદ્ધ થઇ શકે. આમ દેવાધિદેવની શુશ્રૂષા પણ વિશિષ્ટ ફળદાયક સિદ્ધ થાય છે. તેથી સાક્ષાત્ પરમાત્માના અભાવમાં, અને તેમની આજ્ઞાના સંપૂર્ણ પાલનના સામર્થ્યના અભાવમાં પ્રતિમામાં તેમની સ્થાપના કરી તેમની ભક્તિ કરવી એ જ તેમની શુશ્રૂષા તરીકે બાકી રહે છે.) **॥ ૬૩॥**

**કાવ્યાર્થ :- 'પ્રશ્નવ્યાકરણ'** અંગમાં સુવર્ણગુલિકાનો સંબંધ નિર્ધારિત કરવાથી તથા (૨) **'સ્થાનાંગ'** નામના ત્રીજા અંગથી પ્રશસ્ત કાર્યોમાં બે દિશા(પૂર્વ અને ઉત્તર)નો પુરસ્કાર કરવામાં રહેલા તાત્પર્યની ખ્યાતિથી તથા (૩) **વ્યવહાર સૂત્રમાંથી** સમ્યગ્ભાવિત ચૈત્યની સાક્ષીએ પણ સુંદર આલોચનાનું શ્રવણ કરવાથી જિનેન્દ્રપર

सम्बन्धाभिधानस्यावश्यकत्वे वृत्तिस्थस्य तस्य सौत्रत्वादिति भावः। तथा *तृतीयाङ्गतः*=**स्थानाङ्गतः** *शस्ते*=प्रशस्ते कर्मणि दिग्द्वयस्य पूर्वोत्तरादिग्रूपस्य यो *ग्रहः*=पुरस्कारः, तस्य या *रहःख्यातिः*= तात्पर्यप्रतिपत्तिः, तस्यां *च*=पुनः **व्यवहारतः** सूत्रात्, *सम्यग्भावितानि*=अनायतनरूपवर्जनया सद्भावं प्रापितानि यानि चैत्यानि साक्षीणि *यत्र*=यस्यां क्रियायां तथा, स्वालोचना- *सुष्ठु*=समीचीना याऽऽलोचना, तस्याः *श्रुतौ*=विधिश्रवणे सति *नः*=अस्माकं प्रीतिः *जिनेन्द्रे*=स्थापनाजिने *स्थिरा*=अप्रतिपातिनी भवति। स्थापनाजिनस्य जिनेन्द्रत्वं भावजिनेन्द्रवत्सद्यः समुपासना-फलदानसमर्थतयाऽव्यभिचारेणाध्यात्मिकभावाक्षेपकत्वाच्चावसेयम्।

तत्र **तुर्याश्रवद्वारे** 'सुवन्नगुलिआए'त्ति [प्रश्नव्या० ४/१६] प्रतीके **वृत्तिर्यथा** → **सुवर्णगुलिकायाः** कृते सङ्ग्रामोऽभूत्। तथा हि → ***सिन्धुसौवीरेषु*** *जनपदेषु* ***विदर्भकनगरे उदायनस्य*** *राज्ञः* ***प्रभावत्या*** *देव्याः सत्का* ***देवदत्ता****ऽभिधाना दास्यभूत्। सा च देवनिर्मितां गोशीर्षचन्दनमयीं* ***श्रीमन्महावीरप्रतिमां*** *राजमन्दिरान्तर्वर्त्तिचैत्य-भवनव्यवस्थितां प्रतिचरति स्म। तद्वन्दनार्थं च श्रावकः कोऽपि देशात्सञ्चरन् समायातः, तत्र चागतोऽसौ रोगेणा-पटुशरीरो जातस्तया च सम्यक्प्रतिचरितः। तुष्टेन च तेन सर्वकामितमाराधितदेवतावितीर्णगुटिकाशतमदायि।*

---

(=સ્થાપનાજિનપર) અમારી પ્રીતિ સ્થિર થાય છે.

## પ્રતિમાની સિદ્ધિઅર્થે અન્ય સાક્ષીપાઠો

**'પ્રશ્નવ્યાકરણ'** અંગમાં 'સુવર્ણગુલિકા'ની વાત આવે છે. પરંતુ તેના સ્વરૂપનો સંબંધ સૂત્રમાં બતાવ્યો નથી. સૂત્રમાં માત્ર નામનિર્દેશ છે. પણ જો તે પ્રસ્તુતઅર્થમાટે અસંબદ્ધ હોત, તો તેનો ઉલ્લેખ જ ન કરત. તેથી **ટીકાકારે** સમસ્ત વૃત્તાંત દેવા દ્વારા આ સંબંધ બતાવી સૂત્રના તાત્પર્યની પૂર્તિ કરી છે. તેથી આ આવશ્યક ઉલ્લેખ **ટીકામાં** હોવા છતાં સૂત્રની પૂર્તિરૂપ હોવાથી સૂત્રસ્વરૂપ જ છે. એ જ પ્રમાણે **સ્થાનાંગમાં** એવો નિર્દેશ કર્યો છે કે → 'સર્વ પ્રશસ્ત કાર્યો પૂર્વ કે ઉત્તરદિશાની સન્મુખ રહી કરવા.' આ બે દિશાને આમ પ્રધાનતા આપવામાં આવી છે, તેમાં રહેલા તાત્પર્યનો બોધ જાણવાથી, તથા **વ્યવહાર સૂત્રમાં** કહ્યું છે કે → 'આચાર્યવગેરેના અભાવમાં સમ્યગ્ભાવિત ચૈત્ય આગળ પણ આલોચના લેવાથી શુદ્ધિ થઇ શકે છે.' સમ્યગ્ભાવિત=અનાયતનના વર્જનદ્વારા સદ્ભાવને પ્રાપ્ત કરેલા. અહીં સ્થાપનાજિનને જિનેન્દ્ર કહેવામાં આ આશય છે - સ્થાપનાજિન પણ (૧) ભાવજિનની જેમ જ ઉપાસનાનું ફળ દેવા સમર્થ છે. તથા (૨) આધ્યાત્મિક ભાવ(=આત્મામાં પ્રગટ થતાં શુભસંવેદન)ને પ્રગટ કરવામાં અનેકાંતિક નથી. અર્થાત્ અવશ્ય શુભ ભાવ પ્રગટાવે છે.

## પ્રશ્નવ્યાકરણ અંતર્ગત સુવર્ણગુલિકાનું દૃષ્ટાંત

**'પ્રશ્નવ્યાકરણ'** અંગમાં 'સુવન્નગુલિઆએ' આટલો ઉલ્લેખ આવે છે. તે સંબંધી **ટીકા** આ પ્રમાણે છે →

*સુવર્ણગુલિકાના કારણે સંગ્રામ થયો. તે આ પ્રમાણે -* ***સિંધુસૌવીર*** *રાજ્યની રાજધાની* ***વિદર્ભક*** *નગરમાં તે રાજ્યના રાજા* ***ઉદાયનને પ્રભાવતી*** *નામની પટ્ટરાણી હતી. આ પટ્ટરાણીને* ***દેવદત્તા*** *નામની દાસી હતી. દેવે આત્મહિતાર્થે બનાવેલી ગોશીર્ષચંદનમયી* ***શ્રી મહાવીર*** *જિનપ્રતિમા આ પ્રભાવતી રાણીને પ્રાપ્ત થઇ હતી. એને રાજમહેલમાં રહેલા ચૈત્યાલયમાં પધરાવી હતી. પ્રભાવતી રાણીએ દીક્ષા લીધા બાદ આ પ્રતિમાની પૂજાઆદિ ક્રિયા દેવદત્તા દાસી કરતી હતી. જિનાલયોના વંદનાર્થે દેશાંતરોમાં ભમતો એક શ્રાવક એકવાર ત્યાં જિનપ્રતિમાને વાંદવા આવ્યો. પણ ભક્તિમાં ભંગ પડ્યો - તે શ્રાવક માંદો પડ્યો. પોતે સ્વજન ન હોવા છતાં દેવદત્તાએ સાધર્મિકબંધુના નાતે નિરાશંસભાવે આ શ્રાવકની સંભાળ લઇ તેને સ્વસ્થ બનાવ્યો. તેથી ખુશ થયેલા શ્રાવકે દેવતાની આરાધનાથી*

*तथा च तया 'अहं कुब्जा विरूपा सुरूपा भूयासम्' इति मनसि विभाव्यैका गुटिका भक्षिता, तत्प्रभावाच्च (सुवर्णवर्णजातेति) सा सुवर्णगुलिका नाम्ना प्रसिद्धिमुपगता। ततोऽसौ चिन्तितवती- 'जाता मे रूपसम्पद्, एतया च किं भर्तृविहीनया ? तत्र तावदयं राजा पितृतुल्यो न कामयितव्यः, शेषास्तु पुरुषमात्रमतः किं तैः ? तत उज्जयिन्याः पतिं* ***चण्डप्रद्योतराजं*** *मनस्याधाय गुटिका भक्षिता। ततोऽसौ देवतानुभावात्तां विज्ञाय तदानयनाय हस्तिरत्नमारुह्य तत्रायात आकारिता च तेन सा। तयोक्तं 'आगच्छामि यदि प्रतिमां नयसि'। तेनोक्तम्- 'तामहं श्वो नेष्यामि'। ततोऽसौ स्वनगरे गत्वा देवतानिर्मितप्रतिमारूपं कारयित्वा तथैव रात्रावायातः, स्वकीयप्रतिमां देवतानिर्मित-प्रतिमास्थाने विमुच्य तां सुवर्णगुलिकां च गृहीत्वा गतः। प्रभाते च चण्डप्रद्योतगन्धहस्तिविमुक्तमूत्रपुरीषगन्धेन विमदान् स्वहस्तिनो विज्ञाय ज्ञातचण्डप्रद्योतागमोऽवगतप्रतिमासुवर्णगुलिकानयनोऽसावुदायनराजः परं कोपमुपगतो दशभिर्महाबलै राजभिः सहोज्जयिनीं प्रति प्रस्थितः। अन्तरा पिपासाबाधितसैन्यस्त्रिपुष्करकरणेन देवतया*

---

પ્રાપ્ત થયેલી સો સર્વકામિત ગુટિકા(=સર્વ ઇચ્છા પૂર્ણ કરનારી ગોળીઓ) આ દેવદત્તાને આપી. આ ગુટિકાઓ મળવાથી (દેવદત્તાને) આ સંકલ્પ થયો કે 'કુબ્જ અને વિરૂપ એવી હું સર્વાંગ સુંદર બની જાઉં' મનમાં ઉઠેલા આ સંકલ્પને સિદ્ધ કરવા એક ગુટિકાનું ભક્ષણ કર્યું. દિવ્ય પ્રભાવી તે ગુટિકાના પ્રભાવથી તે દેવદત્તા સુવર્ણ સમાન કાંતિવાળી અતિસુંદર સ્ત્રી બની ગઇ અને **'સુવર્ણગુલિકા'** નામે પ્રસિદ્ધ થઇ. ('પૂર્ણ થયેલી ઇચ્છા નવી ઇચ્છાની માતા છે' એ ન્યાયથી) સુવર્ણગુલિકાના મનમાં નવી ઇચ્છા જન્મી-વિચાર ઉદ્ભવ્યો 'રૂપસંપત્તિ તો પ્રાપ્ત થઇ. પણ પતિ વિના રૂપની કિંમત શી ? તેથી રૂપને અનુરૂપ પતિ મળવો જોઇએ. **ઉદાયન રાજા** પુરુષોમાં શ્રેષ્ઠ છે, પણ મારું ભરણપોષણ કરતા હોવાથી પિતા સમાન છે. તેથી તેઓ પતિતરીકે ઇચ્છનીય નથી. જગતમાં દેખાતા બીજા બધા પુરુષો નામમાત્રથી પુરુષ છે. તેથી તેઓથી સર્યું. **ઉજ્જયિની નગરીના રાજા ચંડપ્રદ્યોત** જ મારા રૂપને યોગ્ય પુરુષ છે. તેથી પતિતરીકે તેમની ઇચ્છા કરું' આમ વિચારી બીજી ગોળી ખાધી. તેથી દેવતાના પ્રભાવથી 'સુવર્ણગુલિકા રૂપસુંદરી છે' એમ ખબર પડવાથી કામાસક્ત **ચંડપ્રદ્યોત** રાજાએ તે સુવર્ણગુલિકાને મેળવવા બીડું ઝડપ્યું. (ખરેખર ! સંસાર એટલા માટે જ ખતરનાક છે કે સર્વ સંસારરસિક જીવો સંસારની સારી દેખાતી બધી ચીજોના અધિકારી તરીકે માત્ર પોતાની જાતને જ જુએ છે.) સુવર્ણગુલિકા પોતાની થાય એ ખાતર ચંડપ્રદ્યોત રાજા પોતાના શ્રેષ્ઠ હાથીપર બેસી વિદર્ભકનગર આવ્યો. સુવર્ણગુલિકાને પોતાની પાસે બોલાવી પોતાની ઇચ્છા પ્રગટ કરી. સુવર્ણગુલિકામાટે તો 'ભાવતું' તું અને વૈદે કહ્યું' જેવી વાત હતી. પરંતુ સુવર્ણગુલિકાએ શરત મુકી – જો તમે આ પ્રતિમાને પણ સાથે લેતા હો, તો જ તમારી સાથે હું આવીશ. વિવેકભ્રષ્ટ ચંડપ્રદ્યોતે કહ્યું – 'ભલે ! તે પ્રતિમા અને તને હું કાલે લઇ જઇશ.' પછી ચંડપ્રદ્યોતે પોતાના નગરમાં જઇ તાબડતોબ દેવનિર્મિત પ્રતિમા જેવી જ બીજી પ્રતિમા બનાવડાવી. (પછી એ) પ્રતિમા લઇને રાત્રે ફરીથી વિદર્ભક નગરમાં ગયો. દેવનિર્મિત પ્રતિમાના સ્થાને પોતે લાવેલી પ્રતિમાને ગોઠવી દીધી. પછી દેવતાનિર્મિતપ્રતિમા અને સુવર્ણગુલિકાને લઇ ચંડપ્રદ્યોત રાજા પોતાની નગરી તરફ રવાના થઇ ગયો. આ બાજુ ચંડપ્રદ્યોત રાજાના ગંધહસ્તીએ છોડેલા મળ-મૂત્રના ગંધથી ઉદાયન રાજાના હાથીઓના મદ ગળી ગયા. તેથી બીજે દિવસે સવારે ઉદાયન રાજાને ખબર પડી ગઇ કે રાતના ચંડપ્રદ્યોત પોતાના ગંધહસ્તીપર આવ્યો હતો. વિશેષ તપાસ કરતાં માહિતી મળી કે ચંડપ્રદ્યોત રાજા રાતના અહીં આવી દેવનિર્મિત પ્રતિમા અને 'સુવર્ણગુલિકા' દાસીને ઉપાડી ગયો છે. આ સમાચારથી અત્યંત ગુસ્સે થયેલા રાજાએ બીજા દસ મહાબળવાન રાજાઓની સાથે લશ્કર લઇને ઉજ્જયિની તરફ પ્રયાણ કર્યું. માર્ગમાં તૃષાથી પીડાતા તેના સૈનિકોની તૃષા દૂર કરવા દેવતાએ આંતરે-આંતરે ત્રણ વાવડીઓ વિકુર્વી. પછી તૃષાવગેરે સમાવી શીઘ્રગતિએ તેઓ ઉજ્જયિની આવી પહોંચ્યા અને બહારથી ઉજ્જયિનીને ઘેરો ઘાલ્યો. ત્યારબાદ

*निस्तारितसैन्योऽक्षेपेणोज्जयिन्या बहिः प्राप्तः। रथारूढश्च धनुर्वेदकुशलतया सन्नद्धहस्तिरत्नारूढं चण्डप्रद्योतं प्रजिहीर्षुर्मण्डल्या भ्रमतश्चरणतलशरव्याविद्धहस्तिनो भुवि निपातनेन वशीकृतवान्। 'दासीपतिः' इति ललाटपट्टे मयूरपिच्छेनाङ्कितवानिति॥* [प्रश्नव्या० ४/१६ टी०]

दिग्द्वयाभिग्रहे **स्थानाङ्गालापको द्वितीयस्थाने प्रथमोद्देशके** यथा → *'दो दिसाओ अभिगिज्झ कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा पव्वावित्तए पाईणं चेव उदीणं चेव। एवं मुंडावित्तए, सिक्खावित्तए, उवट्ठावित्तए, संभुंजित्तए, संवासित्तए, सज्झायं उद्दिसित्तए, सज्झायं समुद्दिसित्तए, सज्झायं अणुजाणित्तए, आलोइत्तए, पडिक्कमित्तए, णिंदित्तए, गरहित्तए, विउट्टित्तए, विसोहित्तए, अकरणयाए अब्भुट्ठित्तए, अहारिहं पायच्छित्तं तवोकम्मं पडिवज्जित्तए। दो दिसाओ अभिगिज्झ कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा अपच्छिममारणंतियसंलेहणाजूसणाजूसियाणं भत्तपाणपडिआइक्खियाणं पाओवगयाणं कालं अणवकंखमाणाणं विहरित्तए, तं जहा पाईणं चेव उदीणं चेव त्ति।'* [सू० ७६]

**एतद्वृत्तिः** → *'दो दिसाओ' इत्यादि। द्वे दिशौ=काष्ठे अभिगृह्य=अङ्गीकृत्य तदभिमुखीभूयेत्यर्थः। कल्पते =युज्यते। निर्गता ग्रन्थाद् धनादेरिति निर्ग्रन्थाः=साधवस्तेषां, निर्ग्रन्थ्यः=साध्व्यस्तासां, प्रव्राजयितुं रजोहरणादिदानेन। प्राचीनां=प्राचीं=पूर्वामित्यर्थः, उदीचीनां=उदीचीं=उत्तरामित्यर्थः। उक्तं च → 'पुव्वाभिमुहो उत्तरमुहोव्व*

---

*ત્યાં ઉદાયન અને ચંડપ્રદ્યોત વચ્ચે તુમુલ યુદ્ધ થયું. ગંધહસ્તીપર બેઠેલા બખ્તરધારી ચંડપ્રદ્યોતને પછાડવા ઉદાયન પોતાનો રથ ગંધહસ્તી પાસે લઇ ગયો. કુશળ સારથિએ રથને હાથીની ચારે બાજુ ઝડપથી ગોળ ગોળ ઘુમાવવા માંડ્યો. રથમાં બેઠેલા ધનુર્વિદ્યામાં અત્યંત નિપુણ ઉદાયને સેંકડો બાણો છોડી હાથીના ચારે પગ ઘાયલ કરી નાખ્યા. જેવો ગંધહસ્તી ભૂમિપર પછડાઇ પડ્યો, તેવો જ ઉદાયને રથમાંથી કુદકો મારી ચંડપ્રદ્યોતપર હુમલો કર્યો. પછી ચંડપ્રદ્યોતને પછાડી જીવતો પકડી લીધો અને ચંડપ્રદ્યોતના કપાળપર મોર પીંછીથી **'દાસીપતિ'** એ પ્રમાણે લખાવ્યું.* (વિશેષમાટે જુઓ **ભીતર ઉમટ્યો ઉજાશ.**)

## પ્રશસ્ત કાર્યોમાં દિગ્દ્વયના સ્વીકારમાં હેતુ

પ્રશસ્ત કાર્યોમાં બે દિશાનો સ્વીકાર કરવા અંગે **સ્થાનાંગ દ્વિતીય સ્થાનના પ્રથમ ઉદ્દેશાનો** પાઠ આ પ્રમાણે છે → *પૂર્વ અને ઉત્તર આ બે દિશામાં રહીને નિર્ગ્રંથ અને નિર્ગ્રંથી=સાધ્વીને (૧) દીક્ષા આપવી (૨) મુંડન કરાવવું (૩) શિક્ષા આપવી (૪) ઉપસ્થાપના કરવી (૫) સંભોજન (૬) સંવાસ કરવો (૭-૮-૯) સ્વાધ્યાયનો ઉદ્દેશ કરાવવો, સમુદ્દેશ કરાવવો અને અનુજ્ઞા કરવી (૧૦) આલોચના કરવી (૧૧) પ્રતિક્રમણ કરવું (૧૨) નિંદા કરવી (૧૩) ગર્હા કરવી (૧૪) વ્યાવૃત્ત થવું (૧૫) વિશોધન કરવું (૧૬) અકરણતરીકે સ્વીકારવું તથા (૧૭) યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત તપકર્મ સ્વીકારવું કલ્પે છે. (૧૮) તથા બે દિશાનો અંગીકાર કરી અપશ્ચિમ મારણાંતિક સંલેખનાની જોષણાથી જોષિત નિર્ગ્રંથ અને સાધ્વીને ભોજન-પાણનું પચ્ચકખાણ કરી પાદપોપગમન અનશન સ્વીકારી કાલ(મૃત્યુ)ની ઇચ્છા રાખ્યા વિના વિહાર કરવો કલ્પે છે. તે બે દિશા આ છે (૧) પૂર્વ અને (૨) ઉત્તર.*

સૂત્રની **ટીકા** આ પ્રમાણે છે → *'દો દિસાઓ' ઇત્યાદિ. ધનવગેરેના પરિગ્રહાદિ ગ્રંથ વિનાના સાધુ અને સાધ્વીને પૂર્વ અને ઉત્તર દિશાનો અંગીકાર કરી(=આ બે દિશાઓ સન્મુખ રહી) ઓઘો આપવા આદિદ્વારા દીક્ષા આપવી કલ્પે. કહ્યું જ છે કે → 'પૂર્વાભિમુખ કે ઉત્તરાભિમુખ રહીને અથવા તો જે દિશામાં જિનવગેરે કે જિનચૈત્ય રહ્યા હોય, તે દિશામાં રહીને દીક્ષા આપવી કે લેવી જોઇએ.' આ જ પ્રમાણે મુંડનવગેરે પછીના સોળ સૂત્રોઅંગે*

दिज्जाऽहवा पडिच्छेज्जा। जाए जिणादओ वा दिसाइ हवेज्ज जिणचेइयाइं वा' ॥ [विशेषाव० ३४०६] एवमिति। यथा प्रव्राजनसूत्रं दिग्द्वयाभिलापेनाधीतमेवं मुण्डनादिसूत्राण्यपि षोडशाध्येतव्यानीति। तत्र मुण्डयितुं शिरोलोचनेन १, शिक्षयितुं=ग्रहणशिक्षापेक्षया सूत्रार्थौ ग्राहयितुमासेवनशिक्षापेक्षया तु प्रत्युपेक्षणादि शिक्षयितुमिति २, उपस्थापयितुं=महाव्रतेषु व्यवस्थापयितुं ३, सम्भोजयितुं=भोजनमण्डल्यां निवेशयितुं ४, संवासयितुं=संस्तारकमण्डल्यां निवेशयितुं ५, सुष्ठु आ-मर्यादयाऽधीयत इति स्वाध्यायः-अङ्गादिः, तमुद्देष्टुं= 'योगविधिक्रमेण सम्यग्योगेनाधीष्वेदमि'ति एवमुपदेष्टुमिति ६, समुद्देष्टुं= 'योगसामाचार्यैव स्थिरपरिचितं कुर्विदमि'ति वक्तुमिति ७, अनुज्ञातुं= 'तथैव सम्यगेतद् धारयाऽन्येषां च प्रवेदये' त्येवमभिधातुमिति ८, आलोचयितुं=गुरवेऽपराधान्निवेदयितुमिति ९, प्रतिक्रमितुं=प्रतिक्रमणं कर्त्तुमिति १०, निन्दितुम्=अतिचारान् स्वसमक्षं जुगुप्सितुं, आह च → 'सचरित्तपच्छायावो निंद'त्ति [आव० नि० १०४९ पा०१] ११, गर्हितुं=गुरुसमक्षं तानेव जुगुप्सितुं, आह च → 'गरहावि तहाजातीयमेव णवरं परप्पयासणए' [आव०नि० १०५० पू०] त्ति १२, 'विउट्टित्तए'=व्यतिवर्त्तयितुं-वित्रोटयितुं-विकुट्टयितुं वा, अतिचारानुबन्धं विच्छेदयितुमित्यर्थः १३, विशोधयितुं=अतिचारपङ्कापेक्षयाऽऽत्मानं विमलीकर्तुमिति १४, अकरणतया पुनर्न करिष्यामीत्येवमभ्युत्थातुमभ्युपगन्तुमिति १५, यथार्हमतिचाराद्यपेक्षया यथोचितं पापच्छेदकत्वात् प्रायश्चित्तविशोधकत्वाद्वा प्रायश्चित्तम्। उक्तं च→ 'पावं छिंदइ जम्हा पायच्छित्तं तु भण्णए तम्हा। पाएण वा वि चित्तं विसोहए तेण पच्छित्तं त्ति' ॥ [आव०नि०१५०८] तपःकर्म निर्विकृतिकादिकं प्रतिपत्तुमभ्युपगन्तु-

---

સમજવું. પ્રસ્તુતમાં વિશેષ અર્થો બતાવે છે - (૧) મુંડન=માથાના વાળોનો લોચ. (૨) શિક્ષા બે પ્રકારની છે. (A) ગ્રહણશિક્ષા=નૂતન દીક્ષિતને સૂત્ર અને અર્થ ગ્રહણ કરાવવા. (B) આસેવનશિક્ષા=નૂતન દીક્ષિતને પડિલેહણવગેરે ક્રિયા અંગેનું જ્ઞાન આપવું. (૩) ઉપસ્થાપના=નાની દીક્ષાવાળા સાધુને મહાવ્રતોમાં સ્થાપવારૂપ વડીદીક્ષા આપવી. (૪) સંભોજન=વડીદીક્ષા પામેલા સાધુને સાત આંબેલવગેરે વિધિ કરાવી ભોજન માંડલીમાં પ્રવેશ આપવો. (૫) સંવાસ=એ જ પ્રમાણે સંસ્તારક માંડલીમાં પ્રવેશ આપવો. (૬) સ્વાધ્યાય=સુંદર મર્યાદાપૂર્વક આગમ વગેરે ગ્રંથોનું અધ્યયન. ઉદ્દેશ=સમ્યગ્ યોગવિધિના ક્રમથી ભણવાનો ઉપદેશ આપવો. (૭) સમુદ્દેશ=યોગસામાચારીપૂર્વક જ ઉદ્દિષ્ટ અધ્યયનને સ્થિર અને પરિચિત કરવાનું કહેવું. (૮) અનુજ્ઞા=યોગસામાચારીપૂર્વક જ સમુદ્દિષ્ટ અધ્યયનને સારી રીતે ધારી રાખવાનું અને બીજાઓને પ્રરૂપણ કરવાનું કહેવું. (૯) આલોચના=પોતાના અપરાધોનો ગુરુ ભગવંત આગળ ખુલ્લા મનથી એકરાર કરવો. (૧૦) પ્રતિક્રમણ કરવું. (૧૧) નિંદા=પોતાના અતિચારોની આત્મસાક્ષીએ જુગુપ્સા કરવી. કહ્યું જ છે કે → 'સ્વઆચરણનો પશ્ચાત્તાપ, નિંદા છે.' (૧૨) ગર્હા=પોતાના અતિચારોની ગુરુભગવંત આગળ જુગુપ્સા કરવી, કહ્યું જ છે કે → 'આ જ પ્રમાણે(નિંદા પ્રમાણે જ) ગર્હા છે. પરંતુ તે(=ગર્હા) બીજા આગળ પ્રકાશ કરવારૂપ છે.' (૧૩) વિઉટ્ટિત્તએ=વ્યાવૃત્ત થવું, અથવા વિત્રોટન કરવું અર્થાત્ અતિચારના અનુબંધોને છેદી નાખવા. (૧૪) વિશોધન=અતિચારરૂપ કાદવના મળને ધોઇ આત્માને વિમળ કરવો. (૧૫) અકરણતા=ફરીથી ન કરવાનો દૃઢ નિર્ધાર કરવો. (૧૬) અતિચારોને અનુરૂપ પ્રાયશ્ચિત્ત કરવું. પ્રાયશ્ચિત્ત=પાપછેદક અથવા પ્રાયઃ ચિત્તનું વિશોધક. કહ્યું જ છે કે →'પાપનું છેદક હોવાથી પ્રાયશ્ચિત્ત કહેવાય. અથવા પ્રાયઃ ચિત્તને વિશુદ્ધ કરતું હોવાથી પ્રાયશ્ચિત્ત કહેવાય.' આ પ્રાયશ્ચિત્ત તરીકે નીવિ વગેરે તપ અનુષ્ઠાનો સ્વીકારવા. 'દો દિસિ' ઇત્યાદિ દ્વારા સત્તરમું સૂત્ર (આમ અઢારમું) સાક્ષાત્ દર્શાવે છે, અપશ્ચિમ=પશ્ચિમ-છેલ્લું. અહીં અમંગલને દૂર કરવા 'અ' વર્ણનો આગળ નિર્દેશ કર્યો છે. તેથી પશ્ચિમ-અપશ્ચિમ=છેલ્લી. છેલ્લી સંલેખના, આ સંલેખનાને અંતે મૃત્યુ હોવાથી આ

*मिति १६ । सप्तदशं सूत्रं साक्षादेवाह- 'दो दिसि' इत्यादि । पश्चिमैवामङ्गलपरिहारार्थमपश्चिमा सा चासौ मरणमेव योऽन्तस्तत्र भवा मारणान्तिकी च। सा चासौ संलिख्यतेऽनया शरीरकषायादीति संलेखना तपोविशेषः, सा चेति अपश्चिममारणान्तिकसंलेखना तस्याः 'जूसणं'त्ति-जोषणा= सेवा तया जोषणलक्षणधर्मेणेत्यर्थः। 'जूसियाणं'त्ति - सेवितानां=तद्युक्तानामित्यर्थः, तया वा जोषितानां=क्षपितदेहानामित्यर्थः। तथा भक्तपाने प्रत्याख्याते यैस्ते तथा, तेषां पादपवदुपगतानामचेष्टतया स्थितानामनशनविशेषं प्रतिपन्नानामित्यर्थः। कालं=मरणकालमनवकाङ्क्षतां, तत्रानुत्सुकानां विहर्तुं=स्थातुमिति १७। एवमेतानि दिक्सूत्राण्यादितोऽष्टादश। सर्वत्र यन्न व्याख्यातं तत्सुगमत्वा-दिति।*अत्र हि दिग्द्वयाभिमुखीकरणमर्हच्चैत्यानां भूम्नाऽभिमुखीकरणायैवेति। तद्विनयस्य सर्वप्रशस्तकर्मपूर्वाङ्गत्वाद् गृहस्थस्याधिकारिणो लोकोपचारतद्विनयात्मकपूजायाः प्राधान्यमुचितमेवेति तात्पर्यम्॥

**व्यवहारालापको** यथा → *'भिक्खु य अण्णयरं अकिच्चट्ठाणं पडिसेवित्ता इच्छेज्जा आलोइत्तए, जत्थे-वप्पणो आयरियउवज्झाए पासेज्जा, तस्संतियं आलोएज्जा पडिक्कमिज्जा जाव पायच्छित्तं पडिवज्जिज्जा। णो चेव अप्पणो आयरियउवज्झाए पासेज्जा, जत्थेव संभोइयं साहम्मियं पासेज्जा बहुस्सुयं बह्वागमं तस्संतियं आलोएज्जा जाव पडिवज्जेज्जा। णो चेव संभोइयं साहम्मियं, जत्थेव अन्नसंभोइयं साहम्मियं पासेज्जा, बहुस्सुयं बह्वागमं,*

---

*સંલેખના 'મારણાંતિકી' સંલેખના કહેવાય છે. સંલેખના=શરીર અને ક્રોધવગેરે કષાય જેનાથી ઘસારો પામે તે તપવગેરે ક્રિયા. જોષણા=સેવા-આચરણ. જોષિત=તે આચરણથી યુક્ત. અર્થાત્ છેલ્લી મારણાંતિક સંલેખનાના સેવનથી શરીરને ક્ષીણ કરનારા સાધુ કે સાધ્વી. તેઓએ આ સંલેખના કર્યા બાદ ભોજન અને પાન અર્થાત્ ચારે પ્રકારના આહારનું પચ્ચક્ખાણ કરી પાદપોપગમન અનશન સ્વીકાર્યું હોય, તો મરણના અવસરની રાહ જોયા વિના કે મરણમાટે ઉત્સુક થયા વિના રહેવું. પાદપોપગમન=વૃક્ષની જેમ કોઇપણ પ્રકારની ચેષ્ટા કર્યા વિના રહેવું. ત્રણ પ્રકારના અનશનમાં આ ઉત્કૃષ્ટ કક્ષાનું પ્રથમ અનશન છે. આવા પ્રકારનું અનશન પણ પૂર્વ કે ઉત્તર દિશાને સન્મુખ રહી સ્વીકારવું. આમ દીક્ષાથી માંડી અઢાર સૂત્રો દિશા સંબંધી છે. પ્રસ્તુતમાં સર્વત્ર જ્યાં વ્યાખ્યા નથી કરી, ત્યાં સુગમાર્થ હેતુ છે. અર્થાત્ સુગમ હોવાથી જ વ્યાખ્યા નથી કરી.*

અહીં આ બે દિશાને જ સન્મુખ રાખવામાં એ કારણ છે, કે આ બે દિશામાં વધુ જિનાલયો આવેલા છે. આ જિનાલયોને પીઠ કરવાને બદલે સન્મુખ કરવામાં એ જિનાલયોનો વિનય કરવાનો આશય છે. જિનાલયોનો આ પ્રમાણે વિનય એટલા માટે કરવાનો છે કે 'જિનોનો વિનય સર્વ પ્રશસ્ત કાર્યોમાં પ્રથમ અંગ(=કારણ) છે.' આમ જો સાધુઓએ પણ જિનાલય અને જિનબિંબોનો આટલો બધો વિનય કરવાનો છે, તો અધિકારી ગૃહસ્થોએ તો પૂજાવગેરે કરવાદ્વારા જિનપ્રતિમાવગેરેનો અવશ્ય લોકોપચાર વિનય કરવો જ જોઇએ. આમ તેઓમાટે જિનપ્રતિમાપૂજા જ પ્રધાનપણે લોકોપચારવિનય તરીકે ઉચિત છે.

## આલોચનાઅર્હનો ક્રમ

**વ્યવહાર સૂત્રનો** આલાપક દર્શાવે છે → *અન્યતર અકૃત્યસ્થાનનું પ્રતિસેવન કર્યા બાદ ભિક્ષુક આલોચના કરવા ઇચ્છે, તો જ્યાં પોતાના આચાર્ય-ઉપાધ્યાય દેખાય, ત્યાં જઇ તેમની પાસે આલોચના, પ્રતિક્રમણ, નિંદા, ગર્હા, વિકુટ્ટન, વિશોધન, અકરણરૂપે અભ્યુત્થાન અને યથાર્હ તપઃકર્મ પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરવું જોઇએ. જો પોતાના આચાર્ય ઉપાધ્યાય દેખાય નહિ, તો જ્યાં બહુશ્રુત, બહુઆગમજ્ઞ સાંભોગિક સાધર્મિક દેખાય, ત્યાં તેનીપાસે આલોચના કરવી યાવત્ પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરવું. જો સાંભોગિક પણ ન દેખાય, તો જ્યાં બહુશ્રુત, બહુઆગમજ્ઞ, અન્યસાંભોગિક*

*तस्संतियं आलोएज्जा जाव पडिवज्जेज्जा। णो चेव अन्नसंभोइयं, जत्थेव सारूवियं पासेज्जा बहुस्सुयं बब्भागमं, तस्संतियं आलोएज्जा जाव पडिवज्जेज्जा। णो चेव णं सारूवियं पासेज्जा बहुस्सुयं बब्भागमं, जत्थेव समणोवासगं पच्छाकडं पासेज्जा बहुस्सुयं बब्भागमं, कप्पइ से तस्संतिए आलोएत्तए जाव पडिवज्जित्तए। णो चेव समणोवासगं पच्छाकडं पासेज्जा बहुस्सुयं बब्भागमं, जत्थेव सम्मं भावियाइं चेइयाइं पासेज्जा, कप्पइ से तस्संतिए आलोएत्तए वा पडिक्कमेत्तए वा जाव पायच्छित्तं पडिवज्जेत्तए। नो चेव सम्मं भावियाइं चेइयाइं पासेज्जा, बहिया गामस्स वा, नयरस्स वा, निगमस्स वा, रायहाणीए वा, खेडस्स वा, कब्बडस्स वा, मंडबस्स वा, पट्टणस्स वा, दोणमुहस्स वा, आसमस्स वा, संवाहस्स वा, सन्निवेसस्स वा पाईणाभिमुहे वा, उदीणाभिमुहे वा करयलपरिग्गहियं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु एवं वएज्जा- 'एवइया मे अवराहा, एवइखुत्तो अहं अवरद्धो' अरिहंताणं सिद्धाणं अंतिए आलोएज्जा जाव पडिवज्जिज्जासि त्ति बेमि'* [उ० १, सू० ३३] अस्यार्थलेशो यथा → *भिक्षुरन्यतरदकृत्यस्थानं सेवित्वेच्छेदालोचयितुं, स चालोचयितुमिच्छुर्यत्रैवात्मन आचार्योपाध्यायान् पश्येत्, तत्रैव गत्वा तेषामन्तिके= समीपे आलोचयेत्=अतिचारजातं वचसा प्रकटीकुर्यात्। प्रतिक्रामेत्=तद्विषये मिथ्यादुष्कृतं दद्यात्। यावत्करणात्- 'निंदेज्जा, गरहेज्जा, विउट्टेज्जा, विसोहेज्जा, अकरणयाए अब्भुट्ठेज्जा, अहारिहं तवोकम्मं पायच्छित्तं पडिवज्जेज्जा' इति परिग्रहः। तत्र निन्द्यात्=आत्मसाक्षिकं जुगुप्सेत्। गर्हेत् गुरुसाक्षिकं। इह निन्दनगर्हणमपि तात्त्विकं तदा*

---

*સાધર્મિક દેખાય, ત્યાં તેનીપાસે આલોચના કરવી, યાવત્ પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરવું. જો અન્યસાંભોગિકના પણ દર્શન ન થાય, તો જ્યાં બહુશ્રુત, બહુઆગમજ્ઞ સારૂપિક નજરે ચડે, ત્યાં તેની પાસે આલોચના કરવી, યાવત્ પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરવું. જો બહુશ્રુત બહુઆગમજ્ઞ સારૂપિક પણ જોવા ન મળે, તો જ્યાં બહુશ્રુત બહુઆગમજ્ઞ પશ્ચાત્કૃત દેખાય, ત્યાં જઇ તેની પાસે આલોચના કરવી, યાવત્ પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરવું કલ્પે. જો બહુશ્રુત બહુઆગમજ્ઞ પશ્ચાત્કૃત પણ નજરે ન ચડે, તો જ્યાં સમ્યગ્ભાવિત (ચૈત્ય) દેખાય, ત્યાં તેની પાસે આલોચના કરવી, યાવત્ પ્રાયશ્ચિત્ત કરવું કલ્પે. જો સમ્યગ્ભાવિત (ચૈત્ય) પણ ઉપલબ્ધ ન થાય, તો ગામ, નગર, નિગમ, રાજધાની, ખેટક, કર્બટ, મંડબ, પટ્ટન, દ્રોણમુખ, આશ્રમ, સંવાહ અથવા સંનિવેશની બહાર પૂર્વાભિમુખ કે ઉત્તરાભિમુખ બે હાથ જોડી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરી આ પ્રમાણે કહેવું જોઇએ - 'મારા આટલા અપરાધ છે - મેં આટલીવાર અપરાધ કર્યા છે.' (આમ) અરિહંત-સિદ્ધોની સાક્ષીએ આલોચના કરવી, યાવત્ પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરવું - એમ હું કહું છું. [૧/૩૩]*

આ સૂત્રનો આંશિક અર્થ આ પ્રમાણે છે → *અન્યતર અકૃત્યસ્થાનનું-પ્રમાદવગેરેનું સેવન કર્યા બાદ એ અકૃત્યસ્થાનની આલોચના કરવા ઇચ્છા કરતા ભિક્ષુકે જ્યાં પોતાના આચાર્ય-ઉપાધ્યાય હોય, ત્યાં તેમની પાસે જઇ અતિચારની આલોચના કરવી અને તેનું 'મિચ્છામિ દુક્કડમ્' દેવારૂપ પ્રતિક્રમણ કરવું. અહીં 'યાવત્' શબ્દથી નિંદા, ગર્હા, વ્યાવર્તન, વિશોધન, અકરણરૂપે અભ્યુત્થાન તથા યથાર્હ તપકર્મ પ્રાયશ્ચિત્તગ્રહણનો સમાવેશ થાય છે. નિંદા=સ્વસાક્ષીએ જુગુપ્સા. ગર્હા=ગુરુની સાક્ષીએ નિંદા. નિંદા અને ગર્હા પણ હૃદયપૂર્વકની તો જ બને, જો તે અકૃત્યના સેવનમાંથી પોતે નિવૃત્ત થાય, તેથી નિંદા ગર્હા પછી વિઉટ્ટેજ્જા એમ કહ્યું. વ્યાવૃત્ત=તે અકૃત્યસ્થાનમાંથી પાછા ફરવું. વ્યાવૃત્ત થવા છતાં કરેલા પાપમાંથી તો જ મુક્ત થવાય, જો પોતે કરેલા પાપની વિશોધિ કરવામાં આવે. તેથી જ પાપમળને દૂર કરવાદ્વારા આત્માને નિર્મળ કરવારૂપ વિશુદ્ધિ કરે. આ વિશુદ્ધિ પણ વાસ્તવિક તો જ બને, જો પોતે એ અકૃત્યસ્થાનને ભાવીમાં ન સેવવાનો નિર્ધાર કરે. તેથી 'અકરણરૂપે અભ્યુત્થાન'નું સૂચન કર્યું. અકરણતરીકેનો સ્વીકાર પણ સાચો તો જ ગણાય, જો પોતે પ્રાયશ્ચિત્તના સ્વીકારદ્વારા વિશુદ્ધિ કરે. તેથી જ કહ્યું કે યથાયોગ્ય તપકર્મરૂપ*

भवति यदा तत्करणत: प्रतिनिवर्त्तते। तत आह- 'विउट्टेज्जा' इति। तस्मादकृत्यप्रतिसेवनाद् व्यावर्त्तेत=निवर्त्तेत। व्यावृत्तावपि कृतात्पापात्तदा विमुच्यते, यदाऽऽत्मनो विशोधिर्भवति, तत आह-आत्मानं विशोधयेत्=पापमल-स्फेटनतो निर्मलीकुर्यात्। सा च विशुद्धिरपुन:करणतायामुपसम्पद्यते, ततस्तामेवापुन:करणतामाह-अकरणतया अकरणीयतया पुनरभ्युत्तिष्ठेत्। पुनरकरणतया अभ्युत्थानेऽपि विशुद्धि: प्रायश्चित्तप्रतिपत्त्या भवति, तत आह-यथार्हं=यथायोग्यं तप:कर्म, तपोग्रहणमुपलक्षणं छेदादिकं वा प्रायश्चित्तं प्रतिपद्येत। यदि पुनरात्मीयेष्वाचार्योपाध्यायेषु सत्स्वन्येषामन्तिके आलोचयति, तत: प्रायश्चित्तं तस्य चतुर्गुरु। **आह**-ननु पूर्वमेकाकिविहारे दोषा: प्रतिपादितास्तदनन्तरं पार्श्वस्थादिविहारोऽपि निषिद्धस्ततो नियमाद् गच्छे वस्तव्यमिति नियमितम्। एवं च नियमिते कथमेकाकी जातो येनोच्यते यत्रैवात्मन आचार्योपाध्यायान् पश्येत्तत्रैव गत्वा तेषामन्तिके आलोचयेदिति। **अत्रोच्यते**ऽशिवादिकारणे एकाकित्वभावे कारणिकमिदं सूत्रमित्यदोष:, कारणाभावे तु पञ्चाऽन्यतराभाववति वासे सशल्यस्य जीवनाशे चारित्रगात्रनाशत: शुभगतिविनाश एव। न चालोचनापरिणतोऽसम्पत्तावपि शुद्ध इत्यनेन विरोध:, सूत्रप्रामाण्ये निगूहितशक्ते: परिणामस्याप्रामाण्यात्। आह च- 'एवं होइ विरोहो, आलोअणपरिणओ शुद्धो अ। एगंतेण पमाणं परिणामोवि न खलु अम्हं'॥ ति तथा- 'तत्थ न कप्पइ वासो, गुणागरा जत्थ नत्थि पंच

---

પ્રાયશ્ચિત્તને સ્વીકારે. અહીં 'તપ'ના ઉપલક્ષણથી છેદવગેરે પ્રાયશ્ચિત્ત પણ ઉપલક્ષિત થાય છે. પોતાના આચાર્યવગેરે હોવા છતાં તેમને છોડી બીજાઓપાસે પ્રાયશ્ચિત્ત લેવા જાય, તો ચતુર્ગુરુ(પ્રાયશ્ચિત્તની ગૂઢ સંજ્ઞા) પ્રાયશ્ચિત્ત આવે.

**શંકા :-** અહીં ગ્રંથમાં પૂર્વે એકાકી વિહાર કરવામાં આવતા દોષો બતાવ્યા. પછી પાર્શ્વસ્થા(શિથિલાચારી)ઓની સાથેના વિહારનો પણ નિષેધ કર્યો. તેથી પરિશેષન્યાયથી સિદ્ધ થાય છે કે 'સાધુએ નિયમથી ગચ્છમાં જ રહેવું જોઇએ.' અને જો સાધુને માથે આવું નિયંત્રણ હોય, તો સાધુને એકલા થવાનો સંભવ જ કેવી રીતે બને ? અને સાધુને એકલા પડવાનો સંભવ જ ન હોય, તો 'જ્યાં પોતાના આચાર્ય ઉપાધ્યાય હોય ત્યાં જાય' વગેરે કહેવાનો અવકાશ જ ક્યાં છે ?

**સમાધાન :-** અશિવવગેરે કારણથી એકાકી બનેલા સાધુને અપેક્ષીને હોવાથી આ સૂત્ર કારણિક (=આપવાદિક) છે. તેથી અહીં દોષ નથી. કારણ વિના પણ જો સાધુ આચાર્યવગેરે પાંચમાંથી કોઇક એકના અભાવવાળા સ્થાનમાં રહે અને સશલ્ય(=અતિચારની આલોચના કર્યા વિના) મૃત્યુ પામે, તો શલ્યને કારણે સંયમાત્મક શરીરનો નાશ થઇ ગયો હોવાથી તે સાધુને સદ્ગતિની પ્રાપ્તિ થાય નહિ.

**શંકા :-** જો 'સશલ્ય મૃત્યુ પામે તો સદ્ગતિ થાય જ નહિ.' એવો એકાંત નિયમ બાંધશો, તો 'જે સાધુ આલોચના કરવાના પરિણામવાળો છે. પણ આલોચના કરવા પોતાના આચાર્યવગેરે પાસે પહોંચે તે પહેલા જ મૃત્યુ પામે, અને આલોચના કરી ન શકે, તે સાધુ પણ આલોચનાની ભાવનાવાળો હોવાથી શુદ્ધ જ છે અને સદ્ગતિનો અધિકારી છે.' એ વચન સાથે વિરોધ આવશે.

**સમાધાન :-** સૂત્ર પ્રમાણભૂત છે. (છતાં આ સૂત્રનું જ ખોટું આલંબન લઇ વગર કારણે એકાકી વિહારાદિ કરતો સાધુ 'અમારે તો પાપની શુદ્ધિ કરવી જ છે, પણ શું થાય, આચાર્યભગવંત ઘણા દૂર છે' ઇત્યાદિ બહાનાહેઠળ છતી શક્તિને છુપાવી આલોચના પ્રાયશ્ચિત્તાદિ ન કરે, તો તેના દેખાતા શુભપરિણામ પણ પ્રમાણભૂત બનતા નથી, એવા આશયથી કહે છે.) તેથી જે સાધુ પોતાની શક્તિ ગોપવે છે – પોતે આચાર્યવગેરે પાંચવાળા ગચ્છમાં રહી યથાશક્તિ આરાધના કરવામાં સ્વચ્છંદમતિ વગેરે કારણે પ્રમાદ કરે છે, તે સાધુના પરિણામની કિંમત નથી. એ સારા દેખાતા પરિણામ પણ પ્રમાણભૂત નથી.

*इमे। आयरियउवज्झाए, पवत्ति थेरे य गीयत्थे'॥ 'सुत्तत्थतदुभएहिं, उवउत्ता नाणदंसणचरित्ते। गणतत्तिविप्पमुक्का, एरिसया हुंति आयरिया'॥ [व्यव० सू० उ० १, गा० ९१२-९४३-९४४] गणस्य तप्तिः=चिन्ता तया विप्रमुक्ताः गणावच्छेदिप्रभृतीनां तत्तप्तेः समर्पितत्वात्। उपलक्षणमेतत्, शुभलक्षणोपेताश्च ये एतादृशास्ते भवन्त्याचार्याः। ते चार्थमेव भाषन्ते न सूत्रं, तत्र कारणानि- 'एगग्गया य झाणे वुड्डी तित्थयर अणुगिई गुरुआ। आणाथेज्जमिति गुरू कयरिणमुक्खो ण वाएइ'॥ [व्यव० सू० उ० १, गा० ९४५] एकाग्रता ध्यानेऽर्थचिन्तनात्मके, सूत्रस्यापि वाचने बहुव्ययत्वात् सा न स्यात्। एकाग्रतायां को गुणोऽत आह- वृद्धिः सूक्ष्मार्थोन्मीलनादर्थस्य स्यात्, तथा तीर्थकृतामनुकृतिः- ते हि केवलमर्थं भाषन्ते, गणतप्तिं च न कुर्वन्ति, एवमाचार्या अपि तथावर्त्तमानास्तीर्थकरानुकारिणो भवन्ति। अधस्तनपदवर्तिभिरप्यधिकृतायाः सूत्रवाचनाया दाने तु लाघवं स्याद्। एवं च तेषां तथावर्त्तमानानां लोके राज्ञ इव महती गुरुता स्यात्, तथा च प्रवचनप्रभावना, तथाज्ञायां स्थैर्यं कृतं भवति, इयं हि तीर्थकृतामाज्ञा 'यथोक्तप्रकारेण ममानुकारिणाचार्येण भवितव्यमि'ति। तत एतस्माद्धेतुकलापात्कृतऋणमोक्ष इति च सूत्रं न वाचयत्याचार्यः। सामान्यावस्थायामनेके साधवः सूत्रमध्यापिता इति ऋणमोक्षः कृतः। 'सुत्तत्थतदुभयविउ,*

---

*અન્યથા 'અમન-ચમન કરો અને ધ્યાન ધરો' ના જેવી હાલત થઇ જશે. કહ્યું જ છે કે →(**શંકા :-**) ''આમ તો 'આલોચનાના પરિણામવાળો શુદ્ધ છે' એની સાથે વિરોધ આવશે. (**સમાધાન :-**) અમે પરિણામને પણ એકાંતે પ્રમાણ તરીકે સ્વીકારતા નથી !'' [ગા. ૯૧૨] તથા-'આચાર્યઉપાધ્યાય પ્રવૃત્તિ (પ્રવર્તક) સ્થવિર અને ગીતાર્થ-ગુણની ખાણ સમાન આ પાંચ જ્યાં નથી, એવા સ્થાનમાં (ગચ્છમાં) રહેવું કલ્પતું નથી. [ગા. ૯૪૩]*

*સૂત્ર-અર્થ અને તદુભયથી જ્ઞાન-દર્શન-ચારિત્રમાં પરોવાયેલા હોય અને ગણતપ્તિથી વિમુક્ત હોય-આચાર્ય આવા હોય છે. [ગા. ૯૪૪] તપ્તિ=ચિંતા, ગણની ચિંતા ગણાવચ્છેદકવગેરેને સોંપી હોવાથી આચાર્ય પોતે એ ચિંતાથી મુક્ત હોય છે. આના ઉપલક્ષણથી શુભલક્ષણોવાળા સમજવાના. જેઓ આવા પ્રકારના હોય છે, તેઓ આચાર્યપદને શોભાવે છે. આ આચાર્યો આગમના અર્થનું જ વિવેચન કરતાં હોય છે પણ સૂત્રની વાચના આપતા નથી. '(૧) ધ્યાનમાં એકાગ્રતા (૨) વૃદ્ધિ (૩) તીર્થંકરનું અનુકરણ (૪) ગૌરવ (૫) આજ્ઞામાં સ્થિરતા અને (૬) કૃતઋણમોક્ષ - આ છ કારણથી આચાર્ય સૂત્રવાચના આપતા નથી.' [ગા. ૯૪૫] આચાર્ય જો સૂત્રની પણ વાચના આપવા બેસે, તો વારંવાર ખલેલ પહોંચવાથી અર્થના ચિંતનરૂપ ધ્યાનમાં એકાગ્રતા બરાબર આવી શકે નહિ. એકાગ્રતા આવે તો સૂક્ષ્મ અર્થોની સ્ફૂરણા થવાથી અર્થની વૃદ્ધિ થાય. તીર્થંકરો માત્ર અર્થની જ દેશના આપે છે અને ગણની ચિંતા કરતાં નથી. આચાર્યે પણ તે પ્રમાણે જ વર્તવું જોઇએ, કારણ કે 'તીર્થંકર સમો સૂરિ.' આચાર્ય તીર્થંકરોનું અનુકરણ કરનારા હોય છે, વળી આચાર્ય કરતા નીચા સ્થાને રહેલા ઉપાધ્યાયવગેરે પણ સૂત્રની વાચના દેવાના અધિકારી છે - અને તેઓ સૂત્રની વાચના દે છે. તેથી આચાર્ય પણ જો તેમના સમાન પાટલે બેસી સૂત્રની વાચના દેવા બેસે, તો તે આચાર્યની લઘુતા થાય. પણ જો આચાર્ય પોતાનો મોભો જાળવી માત્ર અર્થની વાચના આપે, તો લોકોમાં પણ તેમનું મોટા રાજાની જેમ ગૌરવ થાય અને આચાર્યના ગૌરવમાં શાસનનું ગૌરવ છે. આચાર્યની શોભામાં શાસનની શોભા છે. તેથી શાસનની પણ પ્રભાવના થાય. વળી માત્ર અર્થની જ વાચના દેવાથી આજ્ઞામાં સ્થિરતા આવે છે. ભગવાનની એવી આજ્ઞા છે કે 'આચાર્યોએ ઉપરોક્ત પ્રકારે મારું અનુકરણ કરનારા થવું.' વળી આચાર્યએ સાધુવગેરે સામાન્ય અવસ્થામાં અનેક સાધુઓને સૂત્રની વાચના આપી હોવાથી પોતે સૂત્રસંબંધી ઋણમાંથી મુક્ત થયા હોય છે. અન્યપાસેથી સૂત્ર કે અર્થનું ગ્રહણ કરવાથી સૂત્ર કે અર્થ સંબંધી (શાસનનું) ઋણ ઊભુ થાય છે. બીજા સાધુઓને સૂત્ર*

उज्जुत्तो नाणदंसणचरित्ते। णिप्फायग सीसाणं, एरिसया हुंति उवज्झाया'॥ [व्यव॰ सू॰ उ॰ १, गा॰ ९४६] एतेषां सूत्रवाचनादाने गुणानुपदर्शयति- 'सुत्तत्थेसु थिरत्तं, रिणमोक्खो आयती अपडिबंधो। पाडिच्छे मोहजओ, तम्हा वाएइ उवज्झाओ'॥[व्यव॰सू॰उ॰ १, गा॰ ९४७] उपाध्यायः शिष्येभ्यः सूत्रवाचनां प्रयच्छन् स्वयमर्थमपि परिभावयति, सूत्रेऽर्थे च तस्य स्थिरत्वमुपजायते। तथाऽन्यस्य सूत्रवाचनाप्रदाने सूत्रलक्षणस्य ऋणस्य मोक्षः कृतो भवति। तथाऽऽयत्यामाचार्यपदाध्यासेऽप्रतिबन्धः। अनुवर्त्तनं दृढाभ्यासात्तथा सूत्रस्य स्यात्। 'पाडिच्छे'त्ति। प्रतीच्छका गच्छान्तरादागत्य सूत्रोपसम्पदं प्रतिपद्यमाना अनुगृह्येरन्निति शेषः। तथा मोहजयः कृतो भवति, सूत्रवाचनादानमग्नस्य प्रायश्चित्तविस्रोतसिकाया अभावात्, अतः सूत्रं वाचयेदुपाध्यायः। 'तवणियमविणयगुणणिहि, पवत्तया नाणदंसणचरित्ते। संगहुवग्गहकुसला, पवत्ति एयारिसा हुंति'॥ [व्यव॰ सू॰ उ॰ १, गा॰ ९४८] सङ्ग्रहः-शिष्याणां सङ्ग्रहणमुपग्रहः-तेषामेव ज्ञानादिषु सीदतामुपष्टम्भकरणं- 'संजमतवजोगेसु(नियमेसु ?) जो जोग्गो तत्थ तं पयट्टेइ। असहुं च णियतंती, गणतत्तिल्लो पवित्तीओ'॥[व्यव॰सू॰उ॰ १, गा॰ ९४९] तथा च यथोचितं प्रशस्तयोगेषु साधून् प्रवर्त्तयन्तीत्येवंशीलाः प्रवर्तिन इति व्युत्पत्त्यर्थोऽनुगृहीतो भवति। 'संविग्गो मद्दविओ, पियधम्मो नाणदंसणचरित्ते। जे अट्ठे परिहायइ, सारेंतो तो हवइ थेरो त्ति'॥ [व्यव॰ सू॰ उ॰ १, गा॰ ९५०] यो यानर्थान् परिहापयति, तांस्तं

---

કે અર્થની વાચના દેવાદ્વારા એ ઋણમાંથી મુક્તિ મળે છે. સામાન્ય અવસ્થામાં સૂત્રવાચના અનેક સાધુઓને આપી હોવાથી આચાર્ય સૂત્ર સંબંધી ઋણમાંથી મુક્ત થયા હોય છે. આ બધા કારણસર આચાર્ય સૂત્રની વાચના આપે નહિ.

'સૂત્ર અર્થ અને તદુભયના જ્ઞાતા, જ્ઞાન-દર્શન અને ચારિત્રમાં ઉપયુક્ત અને શિષ્યોના નિષ્પાદક(=નવા શિષ્યો કરનારા અને થયેલા શિષ્યોને જ્ઞાનવગેરેથી તૈયાર કરનારા) ઉપાધ્યાયો હોય છે.' [ગા. ૯૪૬] આ ઉપાધ્યાયો સૂત્રની વાચના આપે છે. ઉપાધ્યાયો સૂત્રની વાચના આપે એમાં આટલા કારણ છે - (૧) સૂત્ર અને અર્થમાં પોતે સ્થિર થાય. (૨) ઋણમુક્તિ થાય. (૩) ભવિષ્યમાં અપ્રતિબંધ. (૪) પ્રતીચ્છક અનુગ્રહ તથા (૫) મોહજય. [ગા. ૯૪૭] શિષ્યને સૂત્રની વાચના આપતી વખતે ઉપાધ્યાય સ્વયં સૂત્રના અર્થનું પરિભાવન કરે છે. તેથી સૂત્ર અને અર્થમાં પોતે સ્થિર થાય છે. અર્થાત્ સૂત્રની કે અર્થની વિસ્મૃતિ થતી નથી અને તેમાં શંકા પડતી નથી. વળી બીજા સાધુઓને સૂત્ર ભણાવવાથી સૂત્રસંબંધી પોતાનું ઋણ પણ ફેડાય છે અને ભવિષ્યમાં આચાર્યપદની પ્રાપ્તિમાં પ્રતિબંધ આવતો નથી અને સૂત્રનો દૃઢ અભ્યાસ થવાથી આચાર્ય થયા પછી પણ સૂત્રનું અનુવર્તન રહે છે. વળી બીજા ગચ્છમાંથી સૂત્ર ભણવા આવેલા સાધુઓપર પણ સૂત્રવાચનાદ્વારા અનુગ્રહ થાય છે. વળી સૂત્રની વાચના દેવામાં મગ્ન બનેલાનું ચિત્ત આડુઅવળું દોડતું નથી. આમ પ્રાયઃ ચિત્તવિસ્રોતસિકાના અભાવમાં મોહનીયકર્મ પણ જોર કરી શકે નહિ, કારણ કે 'જેનું ચિત્ત ચંચળ છે, તેને જ મોહ પીડે છે'. આમ સૂત્રવાચનાદ્વારા 'મોહ' પર વિજય મેળવી શકે છે. આટલા કારણોથી ઉપાધ્યાય સૂત્રની વાચના આપે છે.

'તપ, નિયમ, વિનયવગેરે ગુણોના ભંડાર, તથા જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં પ્રવૃત્તિ કરાવનાર અને સંગ્રહ ઉપગ્રહમાં કુશળ-પ્રવર્તી(=પ્રવર્તક) આવા પ્રકારના હોય છે.' [ગા. ૯૪૮] સંગ્રહ=શિષ્યોને સમ્યગ્ રીતે ગ્રહણ કરવા(=અનુગ્રહવગેરેથી ગચ્છમાં સ્થિર કરવા), ઉપગ્રહ=જ્ઞાનવગેરેમાં સીદાતા-પ્રમાદ કરતા શિષ્યોને જ્ઞાનવગેરેમાં સ્થિર કરવા યોગ્ય આલંબન આપવું. 'સંયમ અને તપના યોગોમાં જે જ્યાં યોગ્ય હોય, તેને ત્યાં પ્રવૃત્ત કરનારા અને જે અસમર્થ હોય તેને તે યોગમાંથી નિવૃત્ત કરનારા તથા સમુદાયની ચિંતા કરનારા પ્રવર્તી(=પ્રવર્તક) હોય છે.' [ગા. ૯૪૯] તે પ્રવર્તી 'યથાયોગ્ય પ્રશસ્તયોગોમાં સાધુને પ્રવૃત્ત કરવાનો સ્વભાવ છે જેનો એ પ્રવર્તી' આવી વ્યુત્પત્તિ અર્થને સંગત બને.

स्मारयन् भवति स्थविरः स्थिरीकरोति (इति) स्थविर इति व्युत्पत्तेः। तथा चाह- 'थिरंकरणा पुण थेरो, पवत्तिवावारिएसु अत्थेसु। जो जत्थ सीयइ जई, संतबलो तं पचोएइ'॥[व्यव॰सू॰उ॰१, गा॰९५१] प्रचोदयति=प्रकर्षेण शिक्षयति। 'उद्धावणापहावण, खेत्तोवहिमग्गणासु अविसादी। सुत्तत्थतदुभयविऊ, गीअत्था एरिसा हुंति'॥ [व्यव॰ सू॰ उ॰ १, गा॰ ९५२] उत्=प्राबल्येन धावनमुद्धावनम्, गच्छकार्यकरणाभ्युपगमः स्त्रीत्वं प्राकृतत्वात्। शीघ्रं तस्य कार्यस्य निष्पादनं प्रधावनं, क्षेत्रमार्गणा=क्षेत्रप्रत्युपेक्षणा, उपधिमार्गणा=उपध्युत्पादना, एतास्वविषादिनः सूत्रार्थतदुभयविद एतादृशा गीतार्था गणावच्छेदिनो भवन्ति। एवंविधपञ्चकविरहिते गच्छे चेत्प्रायश्चित्तमापन्नः साधुः कारणेन तदा निजाचार्यादीनामन्तिके आलोचनामलभमानः सूत्रोक्तरीत्या परम्परमन्यसाम्भोगिकादिकं तावद् व्रजति यावत् सिद्धान् गच्छति। तत्राचार्याद्यभावे उपाध्यायादिराश्रयणीयः क्रमोल्लङ्घने चतुर्लघु। अथाग्रे सूत्रव्याख्या-यदि पुनरात्मन आचार्योपाध्यायान्न पश्येदभावाद् दूरव्यवधानतो वा ततो यत्रैव साम्भोगिकं साधर्मिकं विशिष्टसामाचारीनिष्पन्नं, बहुश्रुतं=छेदग्रन्थादिकुशलं, उद्भ्रामकम्=उद्यतविहारिणं, पाठान्तरे-बह्वागममर्थतः प्रभूतागमं पश्येत् तस्यान्तिके आलोचयेत्। अत्रापि यावत्करणात् 'पडिक्कम्मेज्ज' इत्यादिपदकदम्बकपरिग्रहः। यदि पुनस्तस्य भावेऽन्यसकाशे आलोचयति तदा चतुर्लघु। तस्याप्यभावेऽसाम्भोगिकसाधर्मिकबहुश्रुतसंविग्न-

---

'સંવિગ્ન, માર્દવયુક્ત, ધર્મપ્રિય તથા જ્ઞાન દર્શન અને ચારિત્ર અંગેના અર્થોની પરિહાનિમાં જે સ્મરણ કરાવે, તે સ્થવિર.' [ગા. ૯૫૦] જે સાધુ જે અર્થોને (યોગોને) હાનિ પહોંચાડતો હોય, તે યોગો અંગે તે સાધુને સ્મારણા(=પ્રેરણા) કરનારા સ્થવિર કહેવાય, કારણ કે 'સ્થિર કરે તે સ્થવિર' એવી વ્યુત્પત્તિ છે. કહ્યું જ છે કે 'પ્રવર્તક જે યોગમાં જે સાધુને જોડ્યો હોય, તે યોગોમાંથી જે યોગમાં જે સાધુ છતી શક્તિએ સીદાતો હોય, તે સાધુને તે યોગ અંગે અત્યંત શિક્ષણ આપવાદ્વારા સ્થિર કરતો હોવાથી સ્થવિર (કહેવાય).' [ગા. ૯૫૧]

'ઉદ્ધાવન, પ્રધાવન, ક્ષેત્ર અને ઉપધિની માર્ગણાઓમાં અવિષાદી હોય, અને સૂત્ર-અર્થ અને તદુભયના જ્ઞાતા હોય. ગીતાર્થો આવા પ્રકારના હોય છે.' [ગા. ૯૫૨] ઉત્=પ્રબળતાથી ધાવન=ગચ્છના કાર્યો કરવાની તૈયારી. સૂત્રમાં 'ઉદ્ધાવના' ઇત્યાદિ જે સ્ત્રીલિંગ નિર્દેશ કર્યો છે તે પ્રાકૃતભાષાને કારણે છે. પ્રધાવન=કાર્ય ઝડપથી પૂર્ણ કરવું. ક્ષેત્રમાર્ગણા=ક્ષેત્રપ્રત્યુપેક્ષા(=માસકલ્પવગેરેમાટે યોગ્ય નવા ક્ષેત્રની તપાસ કરવી) ઉપધિમાર્ગણા= ગચ્છોપયોગી વસ્ત્રવગેરે ઉપધિ પ્રાપ્ત કરવી. આ બધા કાર્યોમાં વિષાદ કરવાવાળો ન હોય, પણ સદા ઉમંગી હોય. તથા સૂત્ર-અર્થ અને તદુભયના જ્ઞાતા ગીતાર્થ=ગણાવચ્છેદક હોય છે.

આમ (૧) આચાર્ય (૨) ઉપાધ્યાય (૩) પ્રવર્તક (૪) સ્થવિર અને (૫) ગણાવચ્છેકદ - આ પાંચ પદવાળા મુનિઓ વિનાના ગચ્છમાં રહેતો સાધુ અતિચારવગેરેના કારણથી પ્રાયશ્ચિત્તભાગી બને, ત્યારે પોતાના આચાર્યવગેરે પાંચનો અભાવ હોવાથી એ સાધુએ સૂત્રમાં દર્શાવેલા ક્રમથી અન્ય સાંભોગિકવગેરે પાસે જવું, યાવત્ (માનસિક કલ્પનાથી) પરંપરાએ સિદ્ધોપાસે જઇ તેમની પાસે આલોચના કરવી. ક્રમ આ પ્રમાણે છે - આચાર્યના અભાવમાં ઉપાધ્યાય પાસે જવું. અહીં ક્રમને ઓળંગી બીજા પાસે જાય, તો 'ચતુર્લઘુ' પ્રાયશ્ચિત્ત આવે. હવે સૂત્રની આગળ વ્યાખ્યા કરે છે.

જો પોતાના આચાર્ય-ઉપાધ્યાય અતિ દૂર હોય, અથવા હોય જ નહિ. તો જ્યાં વિશિષ્ટ સામાચારીમાં નિપુણ, બહુશ્રુત=છેદવગેરે ગ્રંથોમાં કુશળ તથા ઉદ્ભ્રામક=ઉદ્યતવિહારી અથવા પાઠાંતરથી બહુઆગમ=અર્થથી ઘણા આગમોના જ્ઞાતા હોય, તેવા સાંભોગિક સાધર્મિક પાસે જવું જોઇએ અને તેનીપાસે આલોચના કરવી જોઇએ.

*स्यान्तिके, तस्याप्यभावे सारूपिकस्य बहुश्रुतस्यान्तिके। तस्याप्यभावे पश्चात्कृतस्य गीतार्थस्य। अत्रायं विधिः- 'संविग्गे गीयत्थे, सरूविपच्छाकडे य गीयत्थे। पडिक्कंते अब्भुट्ठिय, असती अन्नत्थ तत्थेव'॥* [व्यव० सू० उ० १, गा० ९५६] *संविग्नेऽन्यसाम्भोगिकलक्षणेऽसति=अविद्यमाने पार्श्वस्थस्य गीतार्थस्य समीपे आलोचयितव्यं, तस्मिन्नपि गीतार्थे पार्श्वस्थेऽसति सारूपिकस्य वक्ष्यमाणस्वरूपस्य गीतार्थस्य समीपे, तस्मिन्नपि सारूपिकेऽसति पश्चात्कृतस्य गीतार्थस्य समीपे आलोचयितव्यमेतेषां च मध्ये यस्य पुरत आलोचनादातुमिष्यते तमभ्युत्थाप्य तदनन्तरं तस्य पुरत आलोचयितव्यम्। अभ्युत्थापनं नाम वन्दनकप्रतीच्छन्नादिकं प्रत्यभ्युपगमकारापणा, तदाह- अभ्युत्थिते वन्दनकप्रतीच्छनादिकं प्रति कृताभ्युपगमे प्रतिक्रान्तो भूयात्। असति=अविद्यमानेऽभ्युत्थाने पार्श्वस्थादीनां निषद्यामारचय्य प्रणाममात्रं कृत्वाऽऽलोचनीयं, पश्चात्कृतस्येत्वरसामायिकारोपणं लिङ्गप्रदानं च कृत्वा यथाविधि तदन्तिके आलोचनीयम्। 'अन्नत्थ तत्थेव'त्ति। यदि पार्श्वस्थादिरभ्युत्तिष्ठति तदा प्रवचनलाघवभिया तेनाऽन्यत्र गत्वाऽऽपन्नप्रायश्चित्तं शुद्धतपो वा वहनीयं, मासादिकमुत्कर्षतः षण्मासान्तं यदि वा परिहारतपः। अथ स नाभ्युत्तिष्ठति शुद्धं च तपस्तेन प्रायश्चित्तं दत्तम्, ततश्च तत्रैव तपो वहति। एतदेव व्याचष्टे- 'असतीए लिंगकरणं,*

---

અહીં પણ 'યાવત્' પદથી પ્રતિક્રમણવગેરે પદસમુદાય સમજી લેવા. ઉપરોક્ત લક્ષણવાળા સાંભોગિક સાધર્મિક હોવા છતાં પણ બીજાની પાસે આલોચના કરવામાં 'ચતુર્લઘુ' પ્રાયશ્ચિત્ત આવે. સાંભોગિક સાધર્મિકના અભાવમાં બહુશ્રુત અન્યસાંભોગિક સંવિગ્ન સાધર્મિકપાસે આલોચના કરવી. તેના પણ અભાવમાં બહુશ્રુત સારૂપિકની પાસે આલોચના કરવી. તેના પણ અભાવમાં ગીતાર્થ પશ્ચાત્કૃતપાસે આલોચના કરવી. આ બાબતમાં આ પ્રકારની વિધિ છે.

'સંવિગ્ન, ગીતાર્થ, સારૂપિક અને પશ્ચાત્કૃત, ગીતાર્થ પાસે અનુક્રમે પૂર્વ-પૂર્વના અભાવમાં અભ્યુત્થાન કરી ત્યાં જ કે અન્યત્ર પ્રતિક્રમણ કરે' [ગા. ૯૫૬] અન્ય-સાંભોગિક સંવિગ્નના અભાવમાં ગીતાર્થ પાર્શ્વસ્થ પાસે આલોચના કરવી, તેના પણ અભાવમાં સારૂપિક(આગળ ઉપર આનું સ્વરૂપ બતાવાશે) પાસે આલોચના કરવી, તેના પણ અભાવમાં ગીતાર્થ પાશ્ચાત્કૃત્ પાસે આલોચના કરવી. આ બધામાંથી જેની પાસે આલોચના કરવાની હોય, તેનું અભ્યુત્થાન કરવું. અભ્યુત્થાન એટલે વંદન, પ્રતીચ્છનવગેરેનો સ્વીકાર કરાવવો. કહ્યું જ છે કે અભ્યુત્થિત કર્યા બાદ અર્થાત્ વંદનપ્રતીચ્છનાદિ પ્રત્યે અભ્યુપગમ કરાવ્યા બાદ(=અન્યસાંભોગિકવગેરે વંદન સ્વીકારે તે પછી) આલોચના પ્રતિક્રમણ કરવું. જો પાર્શ્વસ્થાવગેરે પોતાની હીનગુણતાને કારણે વંદનવગેરેરૂપ અભ્યુત્થાન સ્વીકારે નહિ અને તેથી અભ્યુત્થાનનો અભાવ હોય, તો તે પાર્શ્વસ્થાવગેરેનું આસન સ્થાપી અને માત્ર પ્રણામ કરી આલોચના કરવી.

પશ્ચાત્કૃત(દીક્ષાને છોડી ગૃહસ્થ બનેલા) પાસે આલોચના લેવાની હોય, તો તે પશ્ચાત્કૃતને અલ્પકાલીન સામાયિકમાં રાખી અને અલ્પકાલીન લિંગ આપી તેની પાસે વિધિસર આલોચના કરવી. 'અન્નત્થ તત્થેવ વા' જો પાર્શ્વસ્થવગેરે અભ્યુત્થાન કરતા હોય, તો શાસનહીલનાના ભયથી તે સાધુએ બીજે જઇ મળેલા પ્રાયશ્ચિત્તને કે મહિનાથી માંડી છ મહિના સુધીના શુદ્ધ તપને અથવા પરિહાર તપને વહન કરવો જોઇએ. જો એ પાર્શ્વસ્થવગેરે અભ્યુત્થાન કરતા ન હોય, અને તે પાર્શ્વસ્થવગેરેએ શુદ્ધ તપ આપ્યો હોય, તો ત્યાં જ તે તપને વહન કરે. આ જ વાત બતાવે છે. 'અભાવમાં=પશ્ચાત્કૃતના અભ્યુત્થાનનો અભાવ હોય તો(=પશ્ચાત્કૃત અભ્યુત્થાન કરતો ન હોય તો) ગૃહસ્થ હોવાથી તે પશ્ચાત્કૃતને અલ્પકાળમાટે લિંગ આપવું. તથા તેનામાં અલ્પકાળનું સામાયિક આરોપવું. પછી તેનું

सामाइअ इतरं च कितिकम्मं। तत्थेव य सुद्धतवो, गवेसणा जाव सुहदुक्खे'॥ [व्यव० सू० उ० १, गा० ९५७] असति =अविद्यमाने पश्चात्कृतस्याभ्युत्थाने गृहस्थत्वाल्लिङ्गकरणं=इत्वरकालं लिङ्गसमर्पणम्। तथा इत्वरम्=इत्वरकालं सामायिकमारोपणीयं, ततस्तस्यापि निषद्यामारचय्य कृतिकर्म वन्दनकं कृत्वा तत्पुरत आलोचयितव्यम्। तदेवमसतीति व्याख्यातम्। अधुना तत्रैवेति व्याख्यायते-पार्श्वस्थादिको नाभ्युत्तिष्ठति शुद्धं च तपस्तेन प्रायश्चित्ततया दत्तं, ततस्तत्रैव स तच्छुद्धं तपो वहति। यावत्तपो वहति तावत्तस्यालोचनाप्रदायिनः सुखदुःखे गवेषयति=सर्वमुदन्तं वहतीत्यर्थः। पश्चात्कृतविधिमाह- 'लिंगकरणं णिसेज्जा, कितिकम्ममणिच्छतो पणामो अ। एमेव देवयाए, णवरं सामाइयं मोत्तुं'॥ [व्यव० सू० उ० १, गा० ९५८] पश्चात्कृतस्येत्वरकालसामायिकारोपणपुरस्सरमित्वरकालं लिङ्गकरणं रजोहरणसमर्पणं, तदनन्तरं निषद्याकरणं, ततः कृतिकर्म वन्दनकं दातव्यम्। अथ स वन्दनकं नेच्छति ततस्तस्य प्रणामो=वाचा कायेन च प्रणाममात्रं कर्त्तव्यं, पार्श्वस्थादेरपि कृतिकर्मानिच्छायां प्रणामः कर्त्तव्यः। एवमेवानेनैव प्रकारेण देवताया अपि सम्यग्भाविताया: पुरत आलोचयति नवरं सामायिकारोपणं लिङ्गसमर्पणं च न कर्त्तव्यमविरतत्वेन तस्यास्तद्योग्यताया अभावात्। यदुक्तं गवेषणा जाव सुहदुक्खे-तद् व्याख्यानयति- 'आहारउवहिसेज्जा, एसणमाइसु होइ जइअव्वं। अणुमोयण कारावण, सिक्खत्ति पयम्मि तो सुद्धो'॥ [व्यव० सू० उ० १, गा० ९५९] आहारः=पिण्डः, उपधिः=पात्रनिर्योगादिः, शय्या=वसतिः, एषणाशब्दः प्रत्येकमभिसम्बध्यते। आहाराद्येषणात्रये आदिना तद्विनयवैयावृत्यादिषु च भवति तेन यतितव्यमनुमोदनेन कारापणेन च, किमुक्तं भवति? यदि तस्यालोचनार्हस्य कश्चिदाहारादीनुत्पादयति, ततस्तस्यानुमोदनाकरणतः प्रोत्साहने यतते। अथान्यः कश्चिन्नो-

---

આસન રચી કૃતિકર્મ=વંદન કરવું, તે પછી તેની આગળ આલોચના કરવી.' [ગા. ૯૫૭] (આ પ્રમાણે 'અસતિ' પદની વ્યાખ્યા થઇ. હવે તત્થ=તત્ર પદની વ્યાખ્યા કરે છે.) જો એ પાર્શ્વસ્થવગેરે અભ્યુત્થાન કરતા ન હોય અને તેઓએ પ્રાયશ્ચિત્ત તરીકે શુદ્ધ તપ આપ્યો હોય, તો તે સાધુ તે શુદ્ધતપ ત્યાં જ વહન કરે. અને પોતે જ્યાં સુધી તપ વહન કરે, ત્યાં સુધી આલોચનાપ્રદાતાના(=પાર્શ્વસ્થ વગેરેના) સુખ-દુઃખની ગવેષણા=ખબર રાખે. કાળજી રાખે.

પશ્ચાત્કૃત્અંગે વિધિ બતાવે છે. 'લિંગ કરવું, નિષદ્યા રચવી, કૃતિકર્મ કરવું, અનિચ્છા રાખે તો પ્રણામ કરવા, સામાયિકને છોડી આ જ પ્રમાણે દેવતાઅંગે કરવું.' [ગા. ૯૫૮] પશ્ચાત્કૃતને ઇત્વરસામાયિકપૂર્વક લિંગ આપી તેનું આસન રચી વંદન કરવું. જો પશ્ચાત્કૃત વંદનની ના પાડે, તો તેને વચન અને કાયાથી પ્રણામ કરવા. પાર્શ્વસ્થવગેરે પણ વંદન ન ઇચ્છે, તો માત્ર પ્રણામ જ કરવા. આ જ પ્રમાણે સમ્યગ્ભાવિતદેવતા આગળ પણ આલોચના કરવી. પરંતુ તે દેવતાને સામાયિકનું આરોપણ અને લિંગ અર્પણ ન કરવું, કારણ કે અવિરત હોવાથી દેવતામાં સામાયિકની યોગ્યતા જ નથી. (સમ્યગ્દૃષ્ટિદેવ પણ ચોથા ગુણસ્થાનકને જ પામી શકે. તેથી ઇત્વરસામાયિક પણ તેને સંભવી ન શકે).

હવે 'ગવેસણા જાવ સુહદુક્ખે' પદની વ્યાખ્યા કરે છે - 'આહાર, ઉપધિ તથા શય્યાઅંગેના એષણામાં કરાવણ અને અનુમોદનાથી ઉદ્યમ કરવો, 'શિક્ષા' અપવાદપદે શુદ્ધ છે.' [ગા. ૯૫૯] આહાર તથા પાત્રાવગેરે ઉપધિ અને ઉપાશ્રયરૂપ શય્યા આ ત્રણેની સાથે 'એષણા' શબ્દને સંબંધ છે. એટલે કે પાર્શ્વસ્થવગેરેમાટે આહારવગેરે ત્રણની એષણામાં તથા 'આદિ' પદથી તે પાર્શ્વસ્થવગેરેના વિનય-વૈયાવચ્ચવગેરેઅંગે અનુમોદના અને કરાવણદ્વારા ઉદ્યમ કરવો. અર્થાત્ જો તે આલોચનાને યોગ્ય(=જેની પાસે આલોચના કરવાની હોય તે) વ્યક્તિમાટે આહારવગેરેની વ્યવસ્થા કોઇ બીજી વ્યક્તિ કરતી હોય, તો તેની અનુમોદના કરવાદ્વારા તે બીજી વ્યક્તિને પ્રોત્સાહન આપવું જોઇએ.

त्पादयति, ततः स्वयमालोचक आहारादीन् शुद्धानुत्पादयति, अथ शुद्धं नोत्पाद्यते, ततः श्राद्धान् प्रोत्साह्या-कल्पिकानप्याहारादीन् यतनयोत्पादयतीति। अथाकल्पिकाहारादीनुत्पादयतस्तस्य मलिनतोपजायते, अथ च स शुद्धिकरणार्थं तदन्तिकमागतस्ततः परस्परविरोधः। अत्राह- 'सिक्खत्ति पयम्मि तो सुद्धो' यद्यपि नाम तस्यालोचनार्हस्यार्थायाकल्पिकानप्याहारादीनुत्पादयति, तथाप्यासेवनशिक्षा तस्यान्तिके क्रियत इति द्वितीयपदे=अपवादपदे वर्त्तमानः शुद्ध एव। इदमेव भावयति- 'चोयइ से परिवारं, अकरेमाणे भणइ वा सड्ढे। अव्वुच्छित्तिकरस्स उ, सुयभत्तीए कुणह पूयं'॥[व्यव० सू० उ० १, गा० ९६०] प्रथमं स तस्यालोचनार्हस्य परिवारं वैयावृत्त्यादिकमकुर्वन्तं चोदयति=शिक्षयति यथा 'ग्रहणासेवनशिक्षानिष्णात एषः, तत एतस्य विनयवैयावृत्त्यादिकं क्रियमाणं महानिर्जरा-हेतुरिति'। एवमपि शिक्ष्यमाणो यदि न करोति, ततस्तस्मिन्नकुर्वाणे स्वयमाहारादीनुत्पादयति। अथ स्वयं शुद्धं प्रायोग्यमाहारादिकं न लभते, ततः श्राद्धान् भणति=प्रज्ञापयति, प्रज्ञाप्य च तेभ्योऽकल्पिकमपि यतनया सम्पादयति। न च वाच्यं तस्यैवं कुर्वतः कथं न दोषो, यत आह- 'अवोच्छित्ती'त्यादि-अव्यवच्छित्तिकरस्य पार्श्वस्थादेः श्रुतभक्त्या हेतुभूतयाऽकल्पिकेनाप्याहारादिना कुरुत पूजां यूयं, न च तत्र दोषः। इयमत्र भावना-यथा कारणे पार्श्वस्थादीनां समीपे सूत्रमर्थं गृह्णानोऽकल्पिकमप्याहारादिकं यतनया तदर्थं प्रतिसेवमानः शुद्धो ग्रहणशिक्षायाः

---

પણ જો આહારવગેરેની વ્યવસ્થા કરનારું બીજું કોઇ ન હોય, તો આલોચના કરનારા સાધુએ પોતે એ પાર્શ્વસ્થવગેરેને શુદ્ધ આહારઆદિ લાવી આપવા જોઇએ. જો શુદ્ધ આહાર મળી શકે તેમ ન હોય, તો શ્રાવકવગેરેને પ્રોત્સાહિત કરી અકલ્પ્ય=એષણાવગેરે દોષોથી અશુદ્ધ આહાર પણ યતનાથી લાવે.

**શંકા :-** આ પ્રમાણે અશુદ્ધઆહાર લાવવામાં તો સાધુને અતિચાર લાગશે. પોતે અતિચારની શુદ્ધિ કરવા તો તે પાર્શ્વસ્થાવગેરે પાસે આવ્યો છે. આમ અતિચારની આલોચના કરવા માટે આવેલો સાધુ અતિચાર લગાડવાની ક્રિયા કરે એમાં પરસ્પર વિરોધ આવશે.

**સમાધાન :-** અહીં સૂત્રમાં 'सिक्खत्ति पयम्मि तो सुद्धो' એમ કહ્યું છે. સાધુ પાર્શ્વસ્થમાટે અકલ્પિક આહાર લાવતો હોવા છતાં, પાર્શ્વસ્થપાસે આલોચના કરવારૂપ આસેવનશિક્ષા લઇ રહ્યો છે. તેથી અપવાદપદમાં વર્તતો તે સાધુ શુદ્ધ જ છે. આ જ વાત સૂત્રમાં બતાવે છે – 'નહિ કરતા પરિવારને પ્રેરણા કરે અથવા શ્રાવકને કહે. શ્રુતભક્તિથી પૂજા કરવી જોઇએ.' [ગા. ૯૬૦] સૌ પ્રથમ એ આલોચનાર્હ(=જેનીપાસે આલોચના કરવાની છે તે પાર્શ્વસ્થવગેરે)ની વૈયાવચ્ચ નહીં કરતા તેના=આલોચનાર્હના પરિવારને પ્રેરણા આપે કે આ વ્યક્તિ ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષામાં નિષ્ણાત છે. તેથી 'આના વિનય-વૈયાવચ્ચવગેરે કરવાથી ઘણી નિર્જરા થાય છે.' આ પ્રમાણે સમજાવવા છતાં તેનો પરિવાર વૈયાવચ્ચવગેરે કરવામાં ઉદ્યમ ન કરે, તો આલોચક સાધુ પોતે એ આલોચનાર્હ પાર્શ્વસ્થવગેરેમાટે આહારવગેરે લઇ આવે. હવે જો તે પાર્શ્વસ્થ વગેરેને યોગ્ય શુદ્ધ આહાર પોતે મેળવી ન શકે, તો તે સાધુ શ્રાવકોને સમજાવી તે શ્રાવકોપાસેથી અકલ્પ્ય આહાર પણ યતનાથી લાવી પાર્શ્વસ્થ વગેરેને આપે. 'આમ અશુદ્ધઆહાર લાવવામાં સાધુને દોષ લાગશે' એમ ન કહેવું, કારણ કે 'અવોચ્છિત્તિ' 'અવ્યવચ્છેદ કરતા પાર્શ્વસ્થાની શ્રુતભક્તિના હેતુથી અકલ્પ્ય આહારથી પણ તમે પૂજા કરો તેમાં દોષ નથી.' એમ કહ્યું છે. અહીં આ તાત્પર્ય છે → જેમ કારણવિશેષથી પાર્શ્વસ્થવગેરે પાસે રહી સૂત્ર કે અર્થ ગ્રહણ કરતો સાધુ તે અર્થે યતનાથી અશુદ્ધઆહારવગેરેનું પ્રતિસેવન કરવા છતાં ગ્રહણશિક્ષા કરતો હોવાથી શુદ્ધ છે. તેમ આલોચનાર્હ પાર્શ્વસ્થવગેરેના નિમિત્તે અકલ્પ્ય આહારાદિનું પ્રતિસેવન કરતો સાધુ પણ તે પાર્શ્વસ્થાવગેરે પાસે આસેવનશિક્ષા કરી રહ્યો હોવાથી શુદ્ધ જ છે. આ જ વાતને વધુ સ્પષ્ટ કરતાં સૂત્રકાર કહે છે– 'બે પ્રકારના અભાવમાં પંચકહાનિની યતનાથી સાધુ તેઓની આહારાદિ બધી (વૈયાવચ્ચ) કરે, એ જ પ્રમાણે

क्रियमाणत्वात्, एवमालोचनार्हस्यापि निमित्तं प्रतिसेवमान आसेवनशिक्षायास्तत्समीपे क्रियमाणत्वात्। एतदेव स्पष्टतरं भावयन्नाह- 'दुविहासतीए तेसिं, आहारादि करेइ सव्वेसिं। पणहाणीए जयंतो, अत्तट्ठाए वि एमेव'॥ [व्यव॰ सू॰ उ॰ १, गा॰ ९६१] 'दुविहासइ त्ति'। तेषां पार्श्वस्थादीनां कार्याकरणतः स्वरूपतश्च द्विविधे परिवाराभावे सति, 'से'-तस्यालोचनार्हस्याहारादिकं सर्वं कल्पिकमकल्पिकं वा यतनया करोति-उत्पादयति पञ्चकहान्या उपलक्षणाद्दशादिहान्यापि यतमानो न केवलमालोचनार्हार्थं, कारणे समुत्पन्ने आत्मार्थमप्येवमेव यतमानः शुद्धः। अथाग्रे तस्याप्यभावे यत्रैव सम्यग्भावितानि जिनवचनवासितान्तःकरणानि दैवतानि पश्यति, तत्र गत्वा तेषामन्तिके आलोचयेत्। दैवतानि हि भृगुकच्छगुणशिलादौ भगवत्समवसरणेऽनेकशो विधीयमानानि शोधिकारणानि दृष्ट्वा विशोधिदानसमर्थानि भवन्ति, महाविदेहेषु गत्वा तीर्थकरानापृच्छ्य वाऽष्टमेनाकम्प्य तत्पुरत आलोचयेत्। तासामपि देवतानामभावेऽर्हत्प्रतिमानां पुरतः स्वप्रायश्चित्तदानकुशल आलोचयति, ततः स्वयमेव प्रतिपद्यते प्रायश्चित्तम्। तासामप्यभावे ग्रामादेर्बहिः प्राचीनादिदिगभिमुखः करतलाभ्यां प्रगृहीतस्तं तथा, शिरसावर्त्तो यस्य तमलुक्समासः। अञ्जलिं कृत्वैवं वदेत्- 'एतावन्तो मेऽपराधा एतावत्कृत्वोऽहमपराद्धः' एवमर्हतां सिद्धानामन्तिके

---

પોતાનામાટે પણ સમજવું.' [ગા॰ ૯૬૧] 'દુવિહાસઇ'=તે પાર્શ્વસ્થવગેરેના પરિવારનો બે પ્રકારે અભાવ હોય. (૧) પરિવાર હોવા છતાં વૈયાવચ્ચ વગેરે ન કરવાથી કાર્યઅકરણરૂપે અભાવ અને (૨) સ્વરૂપથી જ પરિવારનો અભાવ હોય. તો સાધુ પોતે પાર્શ્વસ્થવગેરેના કલ્પિક કે અકલ્પિક આહારઆદિ પંચક હાનિથી (ઉપલક્ષણથી દશક હાનિ વગેરે. આ પ્રાયશ્ચિત્તના ગૂઢ સંકેત છે.) જયણાપૂર્વક લાવે. માત્ર પાર્શ્વસ્થવગેરેના આહાર નહિ, પણ કારણવિશેષ ઉત્પન્ન થાય તો પોતાના માટે પણ ઉપરોક્ત જયણાથી અશુદ્ધ આહાર લાવે તો સાધુને દોષ લાગતો નથી. (પંચકહાનિ - ઓછા- ઓછા દોષવાળા આહારઆદિ મેળવવા પ્રયત્ન કરવો. પહેલા જઘન્યદોષવાળા આહારમાટે ઉદ્યમ કરવો. તે ન મળે તો તેના કરતાં કંઇક વધુ અશુદ્ધ દોષવાળા આહારઅંગે પ્રયત્ન કરવો ઇત્યાદિ તાત્પર્યાર્થ છે.) આ પ્રમાણે પાર્શ્વસ્થવગેરેપાસે આલોચના કરવાની હોય તો તે કરવાની વિધિ બતાવી. હવે જો બહુશ્રુત પાર્શ્વસ્થવગેરેનો પણ અભાવ હોય, તો જ્યાં સમ્યગ્ભાવિત-જિનવચનથી પરિણતચિત્તવાળા દેવતા હોય, ત્યાં જઇ તેમની પાસે આલોચના કરવી.

**શંકા :-** સમ્યગ્ભાવિત હોવા છતાં દેવતાને પ્રાયશ્ચિત્ત સંબંધીના છેદસૂત્રોનું જ્ઞાન ક્યાંથી હોય કે જેથી તેમની આગળ આલોચના કરી શકાય ? જો પ્રાયશ્ચિત્ત સંબંધી જ્ઞાન વિનાના પાસે છેવટે આલોચના કરી શકાતી હોય, તો પછી દેવતાને બદલે અગીતાર્થ સંયતપાસે આલોચના કરવી વધુ સારી છે, કારણ કે દેવતારૂપ અસંયતનું અભ્યુત્થાન કરવા કરતાં સંયતનું અભ્યુત્થાન કરવું વધુ સારું છે.

**સમાધાન :-** છેદગ્રંથો નહિ ભણેલા અગીતાર્થપાસે આલોચના કરવાનો સ્પષ્ટ નિષેધ છે, કારણ કે તેમાં બન્ને પક્ષે ઘણા દોષો રહેલા છે. તેથી એ હેતુથી જ છેવટે આત્મસાક્ષિક આલોચના કરવાનું કહ્યું છે, પણ અગીતાર્થપાસે આલોચના કરવાનું કહ્યું નથી. (દેવતાપાસે શા માટે આલોચના કરવાની છે ? તેનો હેતુ ટીકામાં બતાવે છે) ભરુચ, ગુણશિલચૈત્યવગેરે સ્થળે રહેલા દેવોની હાજરીમાં ત્યાં સમવસરેલા ભગવાન પાસે અનેકવાર ઘણા સાધુભગવંતોવડે કરાતી આલોચના અને ભગવાન વડે બતાવાયેલા તે-તે અતિચારની શુદ્ધિ કરનારા પ્રાયશ્ચિત્તોને જોઇ તેનાથી ભાવિત થયેલા દેવો અતિચારની વિશુદ્ધિ કરી શકતા પ્રાયશ્ચિત્ત દેવામાં સમર્થ બને છે. અથવા તો દેવ મહાવિદેહમાં જઇ વિચરતા તીર્થંકરોને પૂછી પ્રાયશ્ચિત્ત આપી શકે. તેથી અટ્ઠમતપ કરી દેવને પ્રત્યક્ષ કરી તેની આગળ આલોચના કરવી. આવા દેવોના અભાવમાં સ્વયં પ્રાયશ્ચિત્ત દેવાની વિધિના જ્ઞાનમાં કુશળ સાધુએ **જિનપ્રતિમા આગળ આલોચના કરવી.** પછી માયા વિનાના ભાવથી પોતાની મેળે જ પ્રાયશ્ચિત્ત લઇ લેવું. જિનપ્રતિમાના પણ અભાવમાં

*आलोचयेत्। प्रायश्चित्तदानविधिविद्वानालोच्य च स्वयमेव प्रतिपद्यते प्रायश्चित्तं, स च तथा प्रतिपद्यमानः शुद्ध एव सूत्रोक्तविधिना प्रवृत्तेः। यदपि च विराधितं तत्रापि शुद्धः प्रायश्चित्तप्रतिपत्तेरिति॥*

अत्र 'सम्मं भाविआइं'त्ति विशेषणेनैव देवतानां, चैत्यानां च *'अहं च भोगरायस्स'* [दशवै० २/८ पा० १] इत्यत्र पुत्र्या इवाक्षेपात् विशेष्यद्वयानुरोधेनावृत्तिं कृत्वा व्याख्येयम्। सम्यग्भावितप्रतिमापुरस्कारश्च मनः-शुद्धेर्विशेषायैव दिग्द्वयपरिग्रह इवेति न्यायोपेतमेव। यत्तूच्यते कुमतिना सम्यग्भावितपदेनाविरतसम्यग्दृष्टेरेव

---

*ગામવગેરેની બહાર પૂર્વવગેરે દિશાની સન્મુખ ઊભા રહી બે હાથ જોડી, શિરસાવર્ત અંજલિ કરી આ પ્રમાણે કહેવું - આટઆટલા મારા અપરાધો છે - હું આટલીવાર અપરાધી છું. આ પ્રમાણે અરિહંત-સિદ્ધોની આગળ આલોચના કરી પ્રાયશ્ચિત્તદાનની વિધિમાં વિદ્વાન સાધુએ સ્વયં પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરી લેવું. આ પ્રમાણે આલોચના કરનારો સાધુ સૂત્રમાં કહેલી વિધિને અનુસર્યો હોવાથી શુદ્ધ જ છે. પ્રાયશ્ચિત્ત લેવાથી જે પણ વિરાધિત થયેલું તેમાં પણ શુદ્ધ છે. (શિરસાવર્ત શબ્દમાં અલુક્ સમાસ છે.)*

*'अहं च भोगरायस्स' 'હું ભોગરાજની છું'* (**દશવૈકાલિકની** આ ગાથા **રાજિમતી રથનેમિને** કહે છે.) આ વાક્યમાં સંબંધની આકાંક્ષા ઊભી રહે છે. ત્યારે વક્તાના તાત્પર્યનો પ્રકરણાદિથી બોધ કરી સંબંધ અધ્યાહારથી ઉપસ્થિત થાય છે કે 'પુત્રી છું.' એમ પ્રસ્તુતમાં આલોચનાર્હની ક્રમશઃ વાત ચાલે છે, તેમાં છેવટે सम्मं भाविआइं 'સમ્યગ્ભાવિત' પદ આવ્યું. પણ આ તો વિશેષણ છે. અહીં વિશેષ્યપદની આકાંક્ષા ઊભી રહે છે - કે સમ્યગ્ભાવિત શું ? તે વખતે પ્રસ્તુત પ્રકરણાદિદ્વારા 'દેવતા' અને 'ચૈત્ય' ઉપસ્થિત થાય છે. અર્થાત્ આ બન્ને પદો સમ્યગ્ભાવિત પદના વિશેષ્યો છે. તેથી સમ્યગ્ભાવિતપદનો 'દેવતા' પદ સાથે સંબંધ જોડ્યા બાદ, ચૈત્યપદસાથે સંબંધ જોડવા ફરીથી એ પદને ગ્રહણ કરવું. તેથી 'સમ્યગ્ભાવિત જિનપ્રતિમા આગળ આલોચના કરવી' એવો તાત્પર્યાર્થ છે. અહીં આલોચનાકરણ વખતે મનઃશુદ્ધિમાં વિશેષતા લાવવા જ બે દિશાના ઉપાદાનની જેમ સમ્યગ્ભાવિત જિનપ્રતિમાનો પુરસ્કાર કર્યો છે. તેથી આ પુરસ્કાર ન્યાયસંપન્ન જ છે. (સ્વાભાવિક છે કે શ્રદ્ધાસંપન્ન નયજ્ઞ ગીતાર્થ સાધુને પ્રતિમામાં પરમાત્માનો વાસ દેખાય, પ્રતિમામાં પરમાત્માની જ કલ્પના કરે અને પોતાને પરમાત્મા સમક્ષ ઉપસ્થિત થયેલો સમજી વિશેષસંવેગથી અને માયાશલ્યથી રહિત થઇ આલોચના કરે આ યોગ્ય જ છે.)

## ક્રમપ્રાપ્તપ્રતિમાસમક્ષ આલોચનાદાનની શાસ્ત્રાર્થતા

**પ્રતિમાલોપક :-** અહીં આલોચનાર્હ તરીકે આચાર્યના ક્રમથી છેવટે પશ્ચાત્કૃત સુધી નામોલ્લેખપૂર્વક બતાવ્યા. આ ક્રમમાં સમ્યક્ત્વના સાધર્મ્યથી અથવા શાસનના સાધર્મ્યથી છેલ્લે અવિરતસમ્યક્ત્વી આવે છે. તેથી **પારિશેષ્ય-**ન્યાયથી 'સમ્યગ્ભાવિત'પદથી અવિરતસમ્યગ્દૃષ્ટિ મનુષ્ય જ આલોચનાર્હ તરીકે સૂચિત થાય છે. વળી સમ્યગ્ભાવિત દેવતાઓને પણ આલોચનાર્હ તરીકે દર્શાવ્યા છે. તેથી સમ્યગ્ભાવિત પદથી અવિરતસમ્યક્ત્વીનું જ સૂચન થાય છે. આમ પ્રતિમાનો તો આલોચનાર્હ તરીકે સ્પર્શ કર્યો જ નથી.

**ઉત્તરપક્ષ :-** અસ્પૃશ્ય વ્યક્તિ પ્રતિમાનો સ્પર્શ ન કરે, તે પ્રતિમામાટે દૂષણરૂપ નથી, પણ ભૂષણરૂપ જ છે. બાકી શાસ્ત્રાર્થ તો એવો જ છે કે, આલોચનાદાનયોગ્ય ગીતાર્થ પ્રાપ્ત ન થાય, તો પ્રતિમાનો જ આશરો લેવો.

(પણ અગીતાર્થની સમક્ષ આલોચના ન કરવી. વળી અવિરતસમ્યક્ત્વી જ જો સમ્યગ્ભાવિત પદથી ઇષ્ટ હોત, તો અવશ્ય પશ્ચાત્કૃતાદિની જેમ તેને અંગે પણ બહુશ્રુતાદિ વિશેષણો વાપર્યા હોત. દેવતા પણ પૂર્વદૃષ્ટ-શ્રુત કારણે અથવા સાક્ષાત્ તીર્થંકરપાસેથી જાણી લઇ યોગ્ય પ્રાયશ્ચિત્ત દેવામાં સમર્થ હોવાથી જ આલોચનાર્હ તરીકે સૂચવ્યા છે - તે **ટીકાથી** સ્પષ્ટ સમજી શકાય છે. જો અગીતાર્થપાસે પણ આલોચના કરી શકાતી હોત, તો અગીતાર્થ સંયતને પણ આલોચનાર્હ તરીકે બતાવ્યા હોત અને અવિરતના અભ્યુત્થાનાદિ વિનય કરવા કરતાં અગીતાર્થ સંયતના અભ્યુત્થાનાદિ જ વધુ યોગ્ય ઠરત. વળી પશ્ચાત્કૃતનો નિર્દેશ છે, પણ જેણે

**पारिशेष्येण** ग्रहान्न प्रतिमास्पृश इति तदस्पृश्यास्पर्शस्य भूषणत्वान्न दूषणमालोचनादानार्हस्य गीतार्थस्यासम्भवेऽध्यात्मशुद्धये प्रतिमाश्रयणस्यैव शास्त्रार्थत्वाद्। **अर्हत्सिद्धपुरस्कारस्य** कथमिदमुत्सर्गतामवलम्बतामिति चेत् ? **पश्चात्कृताद्याश्रयणमपि** कथमिति स्वयमेव विभावय। वक्तृविशेषत्वादिति चेत् ? सद्भावासद्भावाभ्या-

એકવાર પણ સંયમ ગ્રહણ નથી કર્યું – તેવા શ્રાવકનો નિર્દેશ નથી. આ જ સૂચવે છે કે ગૃહસ્થને આગમો અને એમાં પણ છેદસૂત્ર ભણવાનો અધિકાર નથી – તેથી પ્રાયશ્ચિત્તઆદિના જ્ઞાન વિના પ્રાયશ્ચિત્ત આપવાનો અધિકાર પણ નથી. પશ્ચાત્કૃતવગેરે પણ પૂર્વે ચારિત્ર અવસ્થામાં આ ગ્રંથોના અભ્યાસઆદિથી પ્રાયશ્ચિત્તઆદિમાં કુશળ હોવાથી જ છેવટના અધિકારી તરીકે નિર્દિષ્ટ છે. ઇત્યાદિ અનેક દૃષ્ટિથી વિચારતા દીવા જેવી સ્પષ્ટ વાત ઉપલબ્ધ થાય છે કે (૧) ગૃહસ્થને છેદસૂત્રો ભણવાનો અધિકાર નથી. (૨) પશ્ચાત્કૃતાદિને છોડી ગૃહસ્થ પાસે આલોચના કરી શકાય નહિ, અને તેઓ પ્રાયશ્ચિત્ત આપી શકે નહિ (૩) અગીતાર્થ સાધુ પાસે પણ આલોચના કરવી નહિ. કારણ કે આ ત્રણે સ્થળે લાભને બદલે નુકસાન છે. તેથી જ ગીતાર્થના અભાવમાં આલોચનાર્હ તરીકે પ્રતિમા હજી માન્ય છે, પણ અગીતાર્થ તો નહિ જ... આ શાસ્ત્રાર્થ છે.)

**પ્રતિમાલોપક :–** જો અરિહંત-સિદ્ધની માનસિક કલ્પના કરી તેઓ આગળ આલોચના કરી શકાતી હોય, તો પ્રતિમાનો આશ્રય કરવામાં આ ઉત્સર્ગ – શાસ્ત્રાર્થ શી રીતે યોગ્ય ઠરશે ? કારણ કે પ્રતિમાના આશ્રયથી પણ અંતે તો અરિહંતની જ કલ્પના કરવાની છે ને !

**ઉત્તરપક્ષ :–** એમ, તો પશ્ચાત્કૃતવગેરેપાસે પણ આલોચના કરવી યોગ્ય નહિ ઠરે. કેમકે તે બધા અવિરતો આગળ આલોચના કરવા કરતા અરિહંત આગળ આલોચના કરવામાં જ વધુ ડહાપણ છે.

**પ્રતિમાલોપક :–** બાળક જેવા જીદ્દી તમે ખોટી દલીલ કરો છો. અરિહંતની તો માત્ર કલ્પના છે. ત્યાં પ્રાયશ્ચિત્ત દેનાર કોઇ વક્તા નથી. સ્વયં પ્રાયશ્ચિત્ત લેવાનું છે. જ્યારે પશ્ચાત્કૃતવગેરેમાં તો સામે પ્રાયશ્ચિત્ત દેનાર વક્તા હાજર છે. તેથી શુદ્ધિનો વધુ સંભવ છે. માટે જ તેઓ આશ્રયણીય છે.

**ઉત્તરપક્ષ :–** સત્યાર્થગવેષક અમે જીદ નથી કરતા, પણ તમને અજ્ઞાનઅંધકારમાં અથડાવાથી બચાવવા માંગીએ છીએ. જુઓ, જેમ વક્તાવિશેષની હાજરી શુદ્ધિવિશેષમાં કારણ હોવાથી આશ્રયણીય બને છે, તેમ સદ્ભાવસ્થાપના પણ શુદ્ધિવિશેષમાં કારણ હોવાથી જ આશ્રયણીય છે. પ્રતિમા પરમાત્માની સદ્ભાવસ્થાપનારૂપ છે. તેના અભાવમાં પરમાત્માને માત્ર મનથી ધારી લેવામાં પરમાત્માની અસદ્ભાવસ્થાપના છે. અને એ સહજ છે કે સદ્ભાવસ્થાપનાના દર્શનથી સ્મૃતિ જેટલી જોરદાર બને, અને ભાવમાં જેટલી તરતમતા આવે, તેટલી જોરદાર સ્મૃતિ કે ભાવમાં તેટલી તરતમતા અસદ્ભાવસ્થાપનાથી ન આવે.

**તાત્પર્ય :–** પ્રતિમાના આલંબનથી પરમાત્માની સ્મૃતિ થવી કે તે સ્મૃતિદ્વારા ભાવમાં વૃદ્ધિ થવી જેટલી સહજ છે, તેટલી સ્મૃતિ કે ભાવવૃદ્ધિની સહજતા આલંબનના અભાવમાં નથી. તેથી જ પશ્ચાત્કૃતઆદિની જેમ પ્રતિમા પણ શરણીય છે.

**પ્રતિમાલોપક :–** આમ પ્રતિમાને આલોચનાર્હ સિદ્ધ કરવાના ઉત્સાહમાં તમે વિવેકભ્રષ્ટ થયા છો, કારણ કે આમ કરીને તમે જ પશ્ચાત્કૃતાદિની પછી પ્રતિમાનો નંબર ગોઠવી તેનું અવમૂલ્યાંકન કર્યું છે. આલોચનામાટે પશ્ચાત્કૃતાદિની પણ પછી પ્રતિમાને આશ્રયણીય બતાવી તમે તેની પશ્ચાત્કૃતાદિ કરતા પણ જઘન્યતા સિદ્ધ કરી દેખાડી !

**ઉત્તરપક્ષ :–** બોલના તોલને સમજેલાઓ આમ વિચાર વિનાનું બોલે નહિ. જો આલોચનાર્હ તરીકે પશ્ચાત્કૃતઆદિની પછી પ્રતિમાનો નંબર હોવામાત્રથી પ્રતિમા જઘન્ય બની જતી હોય, તો સૌથી છેલ્લો નંબર અરિહંત -સિદ્ધોનો છે. તેથી તમે તેમને કેવા ગણશો એની તો કલ્પના પણ કંપાવનારી છે. વાસ્તવમાં તો આલોચનાર્હ

मत्रापि विशेषं विभावय। **एतेन** 'पर्यन्तोक्तत्वाज्जघन्यं प्रतिमाश्रयणमि'त्यपि दुर्वचनं निरस्तम्। **ततोऽप्यग्रेऽर्हत्सिद्ध-** पुरस्कारस्योक्तेरिति किमतिपल्लवितेन ? ॥ ६४॥

**तीर्थेशप्रतिमार्चनं कृतवती सूर्याभवद्भक्तितो,**
**यत्कृष्णा परदर्पमाथि तदिदं षष्ठाङ्गविस्फूर्जितम्।**
**सच्चक्रे खलु या न नारदमृषिं मत्वाऽव्रतासंयतं,**
**मूढानामुपजायते कथमसौ न श्राविकेति भ्रमः॥ ६५॥**

(**दंडान्वयः**→ यत्कृष्णा सूर्याभवद् भक्तितः तीर्थेशप्रतिमार्चनं कृतवती, तदिदं षष्ठाङ्गविस्फूर्जितं परदर्पमाथि। या नारदमृषिमव्रतासंयतं मत्वा न खलु सच्चक्रे, असौ 'न श्राविके'ति भ्रमः मूढानां कथमुपजायते?)

'तीर्थेश'इति। यत् *कृष्णा*=**द्रौपदी**, *सूर्याभवत्*=**राजप्रश्नीयो**पाङ्गाभिहितव्यतिकर**सूर्याभ**देववत्, *भक्तितो*=भक्त्या, *तीर्थेशानां*=भगवतां प्रतिमाना*मर्चनं*=पूजनं कृतवती। *तदिदं*=तदेतदर्थाभिधानपरं षष्ठाङ्गस्य **ज्ञाताधर्मकथाऽध्ययन**नाम्नोऽङ्गस्य *विस्फूर्जितं*=सम्यग्व्याख्यानविलसितं *परेषां*=कुवादिनां *दर्पं*=अहङ्कारं मथ्नातीत्येवं शीलम्। ते हि वदन्ति पञ्चमगुणस्थानभृता पूजाकृतेति सूत्रे कुत्रापि व्यक्ताक्षरं नोपलभ्यते। अतिप्रसिद्धे षष्ठाङ्ग एव च तदक्षरोपलब्धिरिति कथं नोत्तानदृशो दर्पप्रतिघातः ? **ननु** द्रौपद्याऽर्हत्प्रतिमापूजा कृतेति षष्ठाङ्गेऽभिहितमिति वयमपि नापह्नुमस्तस्याः पञ्चमगुणस्थानं नास्तीत्येवं तु ब्रूम इति चेत् ? **अत्राह**–या नारदमृषिमव्रतासंयतं

---

તરીકેનો આ ક્રમ પાપના પ્રાયશ્ચિત્તદાતા અંગેના અધિકારઆદિને જ કેન્દ્રમાં રાખી દર્શાવ્યો હોઇ આ ક્રમ જોવામાત્રથી ઉત્કૃષ્ટતા-જઘન્યતાનું માપ કાઢવાની ચેષ્ટા તદ્દન અસ્થાને છે. **॥ ૬૪॥**

## દ્રૌપદીનું કથાનક

**કાવ્યાર્થ :- દ્રૌપદીએ સૂર્યાભદેવની** જેમ ભક્તિથી જિનેશ્વરની પ્રતિમાનું પૂજન કર્યું હતું, એવું જે **'જ્ઞાતાધર્મકથા'** નામના છટ્ઠાઅંગમાં દર્શાવ્યું છે, તે વચન પર(=પ્રતિમાલોપકો)ના અભિમાનના ચૂરેચૂરા કરી નાખનારું છે. જે **દ્રૌપદીએ નારદઋષિને** વ્રત અને સંયમ વિનાના માની તેનો સત્કાર ન કર્યો, 'એ **દ્રૌપદી** શ્રાવિકા ન હતી.' એવા પ્રકારનો ભ્રમ મૂઢ પુરુષોને કેવી રીતે ઉત્પન્ન થતો હશે ?

**પૂર્વપક્ષ :-** 'પાંચમા ગુણસ્થાને રહેલાએ જિનપૂજા કરી હોય' એવા સ્પષ્ટ અક્ષરો સૂત્રમાં ક્યાંય જડતા નથી.

**ઉત્તરપક્ષ :- રાજપ્રશ્નીય ઉપાંગમાં** જેનો પ્રસંગ વર્ણવ્યો છે, તે **સૂર્યાભદેવની** જેમ **દ્રૌપદીએ** ભક્તિપૂર્વક જિનપ્રતિમાપૂજા કરી છે - એવા અર્થવાળા **જ્ઞાતાધર્મકથા અંગના** શબ્દો તમારા આ મિથ્યાભિમાનને ઓગાળી નાખવા સમર્થ છે. અતિપ્રસિદ્ધ એવા છટ્ઠા અંગમાં આ શબ્દો સ્પષ્ટ ઉપલબ્ધ થતા હોવા છતાં સ્થૂળબુદ્ધિથી કેમ ખોટો ગર્વ ધારણ કરો છો ?

**પૂર્વપક્ષ :- 'દ્રૌપદીએ** પ્રતિમાપૂજા કરી' એમ છટ્ઠા અંગમાં કહ્યું છે, એ વાત અમે છુપાવવા નથી માંગતાં. અમારે તો એટલું જ કહેવું છે કે '**દ્રૌપદી** પાંચમાં ગુણસ્થાનકે (=શ્રાવિકા) ન હતી.'

**ઉત્તરપક્ષ :-** 'જે **દ્રૌપદીએ નારદઋષિને** અસંયત સમજી તેનો સત્કાર ન કર્યો' એ **દ્રૌપદીને** શ્રાવિકા નહીં માનવાનો ભ્રમ કાઢી નાખવા જેવો છે, કારણ કે 'અસંયતનું બહુમાન ન કરવું' એવું જ્ઞાન જૈનશાસનના હાર્દને પામેલા સિવાય અન્યને ન સંભવે, એ તો તમને પણ માન્ય છે. કારણ કે અસંયતના સત્કારમાં અવિરતિના પોષણનો દોષ

मत्वा न तं *सच्चक्रे*=न सत्कृतवती, असौ श्राविका नेति भ्रमः (मूढानां) कथमुपजायते ? न युक्तोऽयं भ्रम इत्यर्थः। एवमापद्याचाम्लान्तरितषष्ठादिककरणमपि श्राविकात्वमेवार्थापयतीति द्रष्टव्यम्। **अत्रालापका:** →

*'तए णं सा दोवई रायवरकन्नगा जेणेव मज्जणघरे तेणेव उवागच्छइ २ ण्हाया कयबलिकम्मा, कयकोउअ-मंगलपायच्छित्ता सुद्धप्पावेसाइं वत्थाइं मंगल्लाइं पवरपरिहिया मज्जणघराओ पडिनिक्खमइ २ जेणेव जिणघरे तेणेव उवागच्छइ २ जिणघरं अणुपविसइ २ जिणपडिमाणं आलोए पणामं करेइ २ लोमहत्थयं परामुसइ, एवं जहा सूरियाभो जिणपडिमाओ अच्चेइ २ तहेव भाणियव्वं, जाव धूवं डहइ २ वामं जाणुं अंचेइ दाहिणं जाणुं धरणियलंसि णिवेसेति २ तिक्खुत्तो मुद्धाणं धरणियलंसि नमेइ(णिवेसेइ ?) २ ईसिं पच्चुण्णमति करयल जाव कट्टु एवं वयासि-णमोऽत्थु णं अरिहंताणं भगवंताणं जाव संपत्ताणं। वंदइ नमंसइ २ जिणघराओ पडिनिक्खमति २ जेणेव अंतेउरे तेणेव उवागच्छइ'।* [ज्ञाताधर्म० १/१६/११९]

*अत्र यावत्करणादर्थत इदं दृश्यं, लोमहस्तकेन जिनप्रतिमाः प्रमार्ष्टि, सुरभिणा गन्धोदकेन स्नपयति, गोशीर्षचन्दनेनानुलिम्पति, वस्त्राणि निवासयति, ततः पुष्पाणां माल्यानां ग्रथितानामित्यर्थः, गन्धानां चूर्णानां वस्त्रानामाभरणानां चारोपणं करोति स्म। मालाकलापालम्बनं पुष्पप्रकरं तन्दुलैर्दर्पणाद्यष्टमङ्गलकालेखनं च करोति। 'वामं जाणुं अंचेइ' त्ति=उत्क्षिपतीत्यर्थः। 'दाहिणं जाणुं धरणितलंसि निहट्टु' निहत्य=स्थापयित्वेत्यर्थः। 'तिक्खुत्तो मुद्धाणं धरणितलंसि णिवेसेइ' त्ति=निवेशयतीत्यर्थः। इसिं पच्चुन्नमति २ करतलपरिग्गहिअं अंजलिं मत्थए कट्टु एवं वयासि- 'णमोत्थु णं अरहंताणं जाव संपत्ताणं, वंदति णमंसति २ जिणघराओ पडिणिक्खमइ' त्ति॥ तत्र*

---

બીજાઓ સમજી શકે નહિ. તથા '**દ્રૌપદીએ** આવી પડેલી આપત્તિમાં છટ્ઠના પારણે છટ્ઠ કર્યા અને પારણામાં આંબેલ કર્યા' આ મુદ્દો પણ '**દ્રૌપદી** જૈનશાસનની પરમશ્રાવિકા હતી' એવી જ ખાતરી કરાવે છે. સાંભળો ! **જ્ઞાતાધર્મકથાના** એ આલાપકોનો કર્ણમધુર ધ્વનિ →

*"તે વખતે તે શ્રેષ્ઠ રાજકન્યા **દ્રૌપદી** સ્નાનઘરપાસે આવે છે. પછી સ્નાનગૃહમાં પ્રવેશ કરે છે. પછી સ્નાન કરી બલિકર્મ કરી તથા કૌતુક, મંગલ તથા પ્રાયશ્ચિત્ત કરી શુદ્ધ, મંગલ અને મૂલ્યવાન અલ્પ વસ્ત્રો ધારણ કરી સ્નાનગૃહમાંથી બહાર નીકળી જિનાલયતરફ ગઇ. પછી જિનાલયમાં પ્રવેશ કરી જિનપ્રતિમાના દર્શનમાત્રથી પ્રણામ કરી, મોરપિચ્છ ગ્રહણ કર્યું ઇત્યાદિ ધુપ કરવા સુધીની બધી વિધિ **સૂર્યાભે** કરેલી જિનપૂજાવિધિની તુલ્ય સમજી લેવી. તે પછી ડાબો પગ ઊંચો કરી અને જમણો પગ પૃથ્વીપર સ્થાપી મસ્તક ત્રણ વાર ભૂમિપર અડાડે છે. પછી મસ્તકને કંઇક ઊંચુ કરી બે હાથ જોડી ઇત્યાદિ કરી આ પ્રમાણે બોલે છે. 'णमुत्थुणं अरिहंताणं भगवंताणं.... जाव संपत्ताणं...' પછી વંદન-નમસ્કાર કરી જિનાલયમાંથી નીકળી અંતઃપુરમાં જાય છે..."*

*હવે આ આલાપકની **ટીકા** બતાવે છે → અહીં 'યાવત્' કહ્યું છે. તેથી અર્થથી આ પ્રમાણેની વિધિનું સૂચન થાય છે - પ્રથમ મોરપીંછથી જિનપ્રતિમાનું પ્રમાર્જન કર્યું. ત્યારબાદ સુગંધી દ્રવ્યયુક્ત પાણીથી પ્રતિમાને સ્નાન કરાવ્યું. તે પછી તે પ્રતિમાપર ગોશીર્ષચંદનનો લેપ કરી વસ્ત્ર પહેરાવ્યા. તે પછી પુષ્પમાળા, સુગંધી ચૂર્ણ, વસ્ત્ર અને આભરણ ચડાવ્યા, તથા પુષ્પના ઢગલાને ચડાવી ચોખાથી દર્પણવગેરે આઠ મંગલોનું આલેખન કર્યું. પછી ડાબો પગ ઊભો કરી જમણો પગ પૃથ્વીપર સ્થાપી મસ્તકને ત્રણવાર ભૂમિપર અડાડ્યું. પછી 'નમુત્થુણં' સૂત્રનો ઉચ્ચાર કર્યો. પછી વંદન નમસ્કાર કર્યા. અહીં પ્રસિદ્ધ ચૈત્યવંદન વિધિથી વંદન કરે અને પછી પ્રણિધાનયોગથી નમસ્કાર કરે. આ પ્રમાણે વૃદ્ધો વંદન અને નમસ્કાર પદનો અર્થ કરે છે.*

*वन्दते चैत्यवन्दनविधिना प्रसिद्धेन, नमस्यति पश्चात् प्रणिधानयोगेनेति* **वृद्धाः** *।*

**न च द्रौपद्याः** *प्रणिपातदण्डकमात्रं चैत्यवन्दनमभिहितं सूत्रे इति सूत्रप्रामाण्यादन्यस्यापि श्रावकादेस्तावदेव तदिति मन्तव्यं चरितानुवादत्वादस्य।* **न च चरितानुवादवचनानि विधिनिषेधसाधकानि भवन्ति,** *अन्यथा* **सूर्याभादि**देववक्तव्यतायां *बहूनां शस्त्रादिवस्तूनामर्चनं श्रूयत इति तदपि विधेयं स्यात्। किञ्चाविरतानां प्रणिपातदण्डकमात्रमपि चैत्यवन्दनं सम्भाव्यते, यतो वन्दते नमस्यतीति पदद्वयस्य वृद्धान्तरव्याख्यानमेवमुपदर्शितं* **जीवाभिगमवृत्तिकृता** *विरतिमतामेव प्रसिद्धचैत्यवन्दनविधिर्भवति, अन्येषां तथाभ्युपगमपुरस्सरं कायोत्सर्गासिद्धेः; ततो वन्दते सामान्येन, नमस्करोति आशयवृद्धेः प्रीत्युत्थानरूपनमस्कारेणेति। किञ्च → 'समणेण य सावयेण य अवस्सं कायव्वं हवइ जम्हा। अंतो अहोणिसिस्स य तम्हा आवस्सयं णाम'॥* [अनु॰ सू॰ २९, गा॰ ३] तथा → *'जं णं समणो वा समणी वा सावयो वा साविया वा तच्चित्ते, तम्मणे, तल्लेस्से उभओ कालं आवस्सये चिट्ठति तत्तं लोउत्तरियं भावावस्सयं'* [सू॰ २८] *इत्यादे***रनुयोगद्वारवचनात्** *। तथा 'सम्यग्दर्शनसम्पन्नः प्रवचनभक्तिमान् षड्विधावश्यकनिरतः षट्स्थानकयुक्तश्च श्रावको भवति'* **इत्युमास्वातिवाचक***वचनाच्च श्रावकस्य षड्विधावश्यकस्य सिद्धावावश्यकान्तर्गतं प्रसिद्धं चैत्यवन्दनं सिद्धमेव भवतीति* **वृत्तौ।**

---

## શ્રાવકને કાઉસ્સગ્ગપર્યંત ચૈત્યવંદન કરણીય

**શંકા :-** અહીં સૂત્રમાં **દ્રૌપદીના** ચૈત્યવંદનને પ્રણિપાતદંડક સુધી જ બતાવ્યું છે. તેથી આ સૂત્રના પ્રમાણથી સિદ્ધ થાય છે કે, શ્રાવકોની ચૈત્યવંદનવિધિ આટલી જ છે.

**સમાધાન :-** આ ચૈત્યવંદનવિધિસૂચક સૂત્રરૂપ નથી. પરંતુ **દ્રૌપદીચરિત્રનું** અનુવાદસૂત્ર છે.

**શંકા :-** ભલેને આ સૂત્ર ચરિત્રાનુવાદપરક હોય, તો પણ તેમાં કરેલા વિધાનથી વિધિ કે નિષેધનું સૂચન તો થઇ શકે છે.

**સમાધાન :- ચરિત્રાનુવાદપરક સૂત્રો વિધિનિષેધની દિશા દેખાડવા સમર્થ નથી.** જો ચરિત્રાનુવાદ-સૂત્રોના આધારે વિધિ-નિષેધ નક્કી કરવા જશો, તો **સૂર્યાભદેવ**વગેરેના ચરિત્રાનુવાદોમાં તો **સૂર્યાભ**વગેરેએ શસ્ત્રવગેરે ઘણી વસ્તુઓની પૂજા કરેલી સંભળાય છે- આ બધી પૂજાઓ પણ વિધિરૂપ સમજી લેવાની આપત્તિ આવશે. વળી, અવિરત જીવોમાટેની ચૈત્યવંદનવિધિ પ્રણિપાતદંડક સુધી જ હોય, તેમ સંભવી શકે છે. કારણ કે **જીવાભિગમ સૂત્રના ટીકાકારે** 'વંદન અને નમસ્કાર' પદનો વૃદ્ધોએ કરેલો પૂર્વોક્ત અર્થ બતાવ્યા પછી અન્યવૃદ્ધકૃત વ્યાખ્યાન આ પ્રમાણે દર્શાવ્યું છે → માત્ર વિરતિધરને જ પ્રસિદ્ધ ચૈત્યવંદનવિધિ હોય છે. બીજાઓને(=અવિરતિધરોને) તેવા પ્રકારની સ્વીકૃતિપૂર્વક(=પ્રતિજ્ઞાપૂર્વક) કાઉસ્સગ્ગ સંભવે નહિ. તેથી તેઓને ત્યાં સુધીનું પ્રસિદ્ધ ચૈત્યવંદન સંભવે નહિ. તેથી પ્રસ્તુતમાં 'વંદન' પદનો અર્થ 'સામાન્યનમસ્કાર' કરવો અને તે નમસ્કારથી શુભભાવની વૃદ્ધિ થવાથી જે પ્રીતિ ઉત્થાન થાય છે, તે 'નમસ્કાર' પદના અર્થરૂપ છે. આમ અવિરતને માત્ર પ્રણિપાતદંડક સુધી જ ચૈત્યવંદન હોય, તેમ સંભવી શકે; પણ શ્રાવક દેશવિરત હોવાથી પ્રતિજ્ઞાપૂર્વક કાઉસ્સગ્ગ કરવા સમર્થ છે.

વળી, 'સાધુ અને શ્રાવકે અહોરાત્રમાં (અર્થાત્ દરરોજ) અવશ્ય કરણીય હોવાથી તેનું 'આવશ્યક' નામ છે.' આમ સાધુના ભેગા શ્રાવકને પણ છ આવશ્યક અવશ્ય કરણીય બતાવ્યા. તથા 'સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, તે-તે આવશ્યકમાં જ ચિત્ત પરોવી, મનને સ્થાપી, લેશ્યા રાખી, ઉભયકાળ(સવાર-સાંજ) જે આવશ્યકમાં રહ્યા હોય, તે આવશ્યક લોકોત્તર ભાવ આવશ્યક છે.' ઇત્યાદિ **અનુયોગદ્વારના** વચનો પણ શ્રાવકને ષડાવશ્યકના

**यच्च**- *'जिणपडिमाणं अच्चणं करेइ'* त्ति एकस्यां वाचनायामेतावदेव दृश्यत इति **वृत्तावेव** प्रागुक्तं, **तत्रापि** वृद्धाशयात्सम्पूर्णो विधिरिष्यत एव। जिनप्रतिमार्चनस्य प्रणिधानान्तभावस्तवेनैव विरतिमतां निर्वाहात्। **यदपि** *'जाव संपत्ताणं'* त्ति सम्मुग्धदण्डकदर्शनादनाश्वास(दर्शनाश्वास इति प्रतान्तरे) इति प्रतिमारिणोच्यते, तदपि **स्तम्भनतीर्थ**चिरकालीनताडपत्रीयपुस्तके सम्पूर्णदण्डकपाठप्रदर्शनेन बहुशो निराकृतमस्माभिः। सम्पूर्ण-चैत्यवन्दनविधौ वाऽपुनर्बन्धकादयोऽधिकारिणः स्थानोर्णार्थालम्बनतदन्ययोगपरा इति सिद्धमेव **योगग्रन्थे**। श्राविका तु **द्रौपदी आनन्दा**दिवत् प्रत्याख्यातान्यतीर्थिकादिवन्दनादिरूपत्वादेव सिद्धा। **तथा हि** →

*तए णं ते पंच पंडवा दोवइए देवीए सद्धिं कल्लाकल्लिं वारंवारेण उरालाइं भोगभोगाइं जाव विहरंति। तते णं से पंडुराया अण्णया कयाई पंचहिं पंडवेहिं कोंतीए देवीए दोवतीए देवीए य सद्धिं अंतो अंतेउरपरियालसद्धिं*

---

*અધિકારીતરીકે સૂચવે છે. તથા 'શ્રાવક (૧) સમ્યગ્દર્શનસંપન્ન, (૨) પ્રવચનપર ભક્તિવાળો, (૩) છ પ્રકારના આવશ્યકના આચરણમાં નિરત તથા (૪) છ સ્થાનથી યુક્ત હોય છે.' એમ **ઉમાસ્વાતિજીનું** વચન છે. આ બધા વચનો શ્રાવકને છ આવશ્યકના અધિકારી સિદ્ધ કરે છે. આ સિદ્ધિથી 'શ્રાવક કાઉસ્સગ્ગ કરવા સમર્થ છે' એ વાતનું સમર્થન થાય છે. સાથે સાથે આવશ્યકાદિ અંતર્ગત પ્રસિદ્ધ ચૈત્યવંદનના અધિકારી તરીકે પણ સમર્થન થાય છે.*

તથા, ''એક વાચનામાં *'જિનપ્રતિમાનું અર્ચન કરે છે'* એટલો જ પાઠ દેખાય છે'' એમ **વૃત્તિકારે** પૂર્વે જે કહ્યું છે, ત્યાં પણ જ્ઞાનવૃદ્ધોના આશયથી તો સંપૂર્ણવિધિ જ ઇષ્ટ છે, કારણ કે વિરતિધરોને તો પ્રતિમાઅર્ચનનું કાર્ય પ્રણિધાનસુધીના ભાવસ્તવથી જ સંપાદિત થાય છે. (સાધુઓની જિનપૂજા ભાવસ્તવથી નિર્વાહ પામે છે, દ્રવ્યસ્તવથી આરંભાતી શ્રાવકોની જિનપૂજા પણ ભાવસ્તવથી જ પૂર્ણ થાય તે યોગ્ય છે. કારણ કે તેઓ પણ કથંચિદ્ વિરતિધર છે.)

**પ્રતિમાલોપક :-** અમને તો *'જાવ સંપત્તાણં'* ત્યાંસુધીનો જ દંડકપાઠ ઉપલબ્ધ થાય છે. તેથી તેનાપર જ આશ્વાસ-વિશ્વાસ છે. અથવા જિનપ્રતિમાનું અર્ચન કરે છે એ પાઠ બરાબર છે. 'જાવ સંપત્તાણં' નો પાઠ સંમૂઢ લાગે છે. તેથી વિશ્વાસપાત્ર નથી. (આ દ્વારા તેઓ કાઉસ્સગ્ગપર્યંત કે પ્રણિધાનપર્યંતની પ્રસિદ્ધ ચૈત્યવંદનવિધિનો છેદ ઉડાડવા અને તે દ્વારા કાઉસ્સગ્ગાદિના અભાવથી **દ્રૌપદી** શ્રાવિકા નથી તેમ સિદ્ધ કરવા માંગતા હોય તેમ લાગે છે)

**ઉત્તરપક્ષ :- સ્તંભનતીર્થ**(=ખંભાત)માં રહેલી અતિ પ્રાચીન તાડપત્રી પુસ્તકમાં રહેલો સંપૂર્ણ દંડકપાઠ દર્શાવવા દ્વારા અમે તમારા આ વિશ્વાસને ઘણીવાર દૂર કર્યો જ છે. અથવા તો, અપુનર્બંધકવગેરે-અપુનર્બંધકથી આરંભીને અવિરતસમ્યક્ત્વી વગેરે બધા સંપૂર્ણ ચૈત્યવંદનવિધિના અધિકારી છે. હા ! તેઓ સ્થાન, ઉર્ણ, અર્થ, આલંબન અને નિરાલંબન-આ પાંચ યોગમાં તત્પર હોવા જોઇએ. આ વાત **યોગગ્રંથોમાં** સુપ્રસિદ્ધ જ છે. (સ્થાન → કાઉસ્સગ્ગવગેરેના વિહિતઆસનવિશેષ. (૨) ઉર્ણ → સૂત્રના પદો (૩) અર્થ → એ પદોથી અભિધેય પદાર્થપર ઉપયોગ. (૪) આલંબન → સામે રહેલી જિનપ્રતિમાવગેરેવિષયક ધ્યાન અને (૫) તદન્ય-નિરાલંબન → પ્રતિમાવગેરે બાહ્ય રૂપી દ્રવ્યના આલંબન વિના ચિન્માત્રસમાધિરૂપ ધ્યાન - આ અંગે **યોગવિંશિકા**આદિ ગ્રંથો દર્શનીય છે. અથવા **યોગગ્રંથોમાં** અપુનર્બંધકાદિને પણ સ્થાનાદિ યોગમાં તત્પરતરીકે સિદ્ધ કર્યા છે. તેથી તેઓ પણ સંપૂર્ણ ચૈત્યવંદનવિધિના અધિકારી સિદ્ધ થાય છે.)

**શંકા :-** તો તો **દ્રૌપદીએ** પ્રસિદ્ધ ચૈત્યવંદનવિધિ આદરી હોય, તો પણ શ્રાવિકાતરીકે સિદ્ધ થતી નથી, કારણ કે અપુનર્બંધકાદિને પણ ચૈત્યવંદન સંભવે છે.

**સમાધાન :-** '**દ્રૌપદી** શ્રાવિકા હતી.' એ વાત તો '**દ્રૌપદીએ આનંદઆદિ** શ્રાવકોની જેમ અન્યતીર્થિક-વગેરેને વંદનઆદિ કરવાઅંગે પચ્ચક્ખાણ કર્યા હતા(=ન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી)' તેનાથી જ સિદ્ધ થાય છે. જુઓ **દ્રૌપદીએ નારદને** અસંયત સમજી અભ્યુત્થાનઆદિ ન કર્યાનો આગમપાઠ આ રહ્યો →

*संपरिवुडे सीहासणवरगते यावि विहरति, इमं च णं कच्छुल्लणारए दंसणेण अइभद्दए विणीए अंतो २ य कलुसहियए मज्झत्थोवत्थिए य अल्लीणसोमपियदंसणे सुरूवे अमइलसगलपरिहिए कालमियचम्मउत्तरासंगरइयवत्थे, दण्डकमण्डलुहत्थे जडामउडदित्तसिरए, जन्नोवइयगणेत्तियमुंजमेहलवागलधरे हत्थकयकच्छपीए, पियगंधव्वे धरणीगोयरपहाणे संचरणावरणओवयणउप्पयणिलेसणीसु य संकामणिअभिओगपण्णत्तिगमणीथंभणीसु य बहुसु विज्जाहरीसु विज्जासु विस्सुयजसे इट्ठे रामस्स य केसवस्स य पज्जुन्नपईवसंबअनिरूद्धणिसढउम्मुयसारणगय-सुमुहदुम्महाईण जायवाणं अद्धुट्ठाणं कुमारकोडीणं हिययदइए संथवए कलहजुद्धकोलाहलप्पिए, भंडणाभिलासी बहुसु य समरसयसंपराएसु दंसणरए समंतओ कलहसदक्खिणं अणुगवेसमाणे असमाहिकरे दसारवरवीरपुरिस-तिलोक्कबलवगाणं आमंतेऊण तं भगवतीं पक्कमणिं गगणगमणदच्छं उप्पइओ गगणमभिलंघयंतो गामागारनगर-खेडकब्बडमडंबदोणमुहपट्टणसंवाहसहस्समंडियं थिमियमेइणीतलं णिब्भरजनपदं वसुहं ओलोइंतो रम्मं हत्थिणाउरं उवागए पंडुरायभवणंसि अइवेगेण समोवइए। तए णं से पंडुराया कच्छुल्लनारयं एज्जमाणं पासति २ पंचहिं पंडवेहिं कुंतीए य देवीए सद्धिं आसणातो अब्भुट्ठेति २ कच्छुल्लनारयं सत्तट्ठपयाइं पच्चुग्गच्छइ २ तिक्खुत्तो आयाहिणपयाहिणं करेति २ वंदति णमंसंति महरिहेण आसणेणं उवणिमंतेति। तए णं से कच्छुल्लनारए उदगपरिफोसियाए दब्भोवरि-पच्चत्थुयाए भिसियाए णिसीयति २ पंडुरायं रज्जे जाव अंतेउरे य कुसलोदंतं पुच्छइ, तए णं से पंडुराया कोंतीदेवी*

## નારદ-દ્રૌપદીનો પ્રસંગ

અહીં તે અંગેનો '**જ્ઞાતાધર્મકથા**'અંગનો પાઠ **ટીકાના** અંશસાથે બતાવે છે → તે વખતે પાંચ પાંડવો દ્રૌપદી દેવી સાથે રોજના વારાના ક્રમથી ઉત્તમ ભોગો ભોગવતા હતા. અન્યદા, ક્યારેક પાંચ પાંડવો, કુંતી, દ્રૌપદી અને અંતઃપુરના પરિવારથી પરિવરેલા પાંડુરાજા શ્રેષ્ઠ સિંહાસનપર બિરાજમાન હતા. તે વખતે કલ્યાણકારી દર્શનવાળો, વિનીત - પણ કેલિપ્રિય હોવાના કારણે ક્યારેક ક્યારેક કલુષિત ચિત્તવાળો, મધ્યસ્થતા(=બ્રહ્મચર્યવ્રતના ગ્રહણથી સમતા) પામેલો, આશ્રિતોને માટે સૌમ્ય, પ્રિયદર્શન, સુરૂપવાન, ઉજ્જ્વળ વલ્કલવસ્ત્રધારી, કૃષ્ણમૃગચર્મના ઉત્તરાસંગવાળો, હાથમાં દંડ તથા કમંડલને ધારણ કરેલો, જટારૂપમુગટથી શોભતા મસ્તકવાળો, જનોઇ ગણેત્રિકા (રુદ્રાક્ષની માળા વિશેષ) તથા મુંજમયકંદોરાને ધારણ કરેલો, હાથમાં કચ્છપિકા(ઉપકરણવિશેષ - વીણાવિશેષ)ને રાખતો, ગીતપ્રિય, તથા આકાશગામી હોવાથી પૃથ્વીપર અલ્પપરિભ્રમણ કરતો, સંચરણી, આવરણી, અવસરણી, ઉત્પતની, શ્લેષણી, સંક્રામણી, અભિયોગિની, પ્રજ્ઞપ્તિ, ગમની, સ્તંભિની વગેરે અનેક વિદ્યાધરવિદ્યાઓમાં પ્રસિદ્ધયશવાળો, રામ(=બલરામ) તથા કેશવ(=કૃષ્ણ)ને પ્રિય, તથા પ્રદ્યુમ્ન, પ્રદીપ, શાંબ, અનિરુદ્ધ, નિસઢ, સારણગ, સુમુખ, દુર્મુખવગેરે સવાકરોડ યાદવકુમારોને હૃદયવલ્લભ, કલહ(=વાગ્યુદ્ધ), યુદ્ધ(=શસ્ત્રયુદ્ધ) અને કોલાહલ(=ઘણા લોકોનો ઘોંઘાટ)પ્રિય, ભાંડનપ્રિય, ઘણા યુદ્ધો જોવામાં રસિક, બીજાઓને કલહ કરાવી અસમાધિ કરાવતો-ઇત્યાદિ અનેક ગુણ-વિશેષણોથી યુક્ત કચ્છુલ્લ નારદ(=નારદનામનો તાપસ) દશાર્હવર, વીરપુરુષ ત્રૈલોક્ય-બળ વર્ગ ઇત્યાદિ... (વિશેષણોથી વિશિષ્ટ કૃષ્ણવગેરેની) સાથે આમંત્રણ કરી(=મંત્રણા કરી ?) તે ભગવતી પક્કમણી (?) આકાશ-ગમનમાં દક્ષ, આકાશતલને ઓળંગતો તે નારદ હજારો ગામ, નગર, આકર, ખેટ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પટ્ટણ, સંબાહ(રચનાવિશેષ, સ્થાનવિશેષ અને વસતિવગેરે કારણે જુદા-જુદા નામથી ઓળખાતા આ બધા રહેવાના સ્થાનો છે.)થી શોભતી સ્તિમિત ભૂમિતલવાળી તથા નિરંતર જનપદવાળી પૃથ્વીને ઓળંગતો સુરમ્ય **હસ્તિનાપુર** નગરમાં આવ્યો અને અત્યંતવેગથી પાંડુરાજાના રાજમહેલમાં પ્રવેશ્યો. નારદ ઋષિને

*पंच पंडवाय कच्छुल्लणारयं आढंति जाव पज्जुवासंति। तए णं सा दोवई कच्छुल्लनारयं असंजयं अविरयं अपडिहय-पच्चक्खायपावकम्मं त्ति कट्टु नो आढाति नो परियाणइ, णो अब्भुट्ठेति णो पज्जुवासति॥* [ज्ञाता०१/१६/१२२]

**वृत्तिलेशो** यथा → *'इमं च णं' ति इतश्च 'कच्छुल्लनारए' त्ति एतन्नामा तापसः, दंसणेणं अइभद्दए=भद्रदर्शन इत्यर्थः, अंतो अंतो य कलुसहियए=अन्तरान्तरा दुष्टचित्तः केलीप्रियत्वादित्यर्थः, 'मज्झत्थउवत्थिए य' माध्यस्थ्यं=समता-मभ्युपगतो व्रतग्रहणत इति भावः, 'अल्लीणसोमपियदंसणे' आलीनानां=आश्रितानां सौम्यं=अरौद्रं प्रियं च दर्शनं यस्य स, तथा। 'अमइलसगलपरिहिए' अमलिनं सकलं=अखण्डं शकलं वा खण्डं वल्कवास इति गम्यते। परिहितं=निवसितं येन स तथा कालमियचम्मउत्तरासंगरइयवत्थे=कालमृगचर्मोत्तरासङ्गेन रचितं वक्षसि येन स तथा। 'जन्नोवइयगणेत्तियमुंजमेहलावागलधरे' गणेत्रिका=रुद्राक्षकृतं कलाचिकाभरणं, मुञ्जमेखला=मुञ्जमयः कटीदवरकः, वल्कलं=तरुत्वक्, 'हत्थकयकच्छपीए' कच्छपिका तदुपकरणविशेषः पियगंधव्वे=गीतप्रियः, धरणिगोयरप्पहाणे आकाशगामित्वात्। 'संचरणा...' इत्यादि-इह सञ्चरण्यादिविद्यानामर्थः शब्दानुसारेण वाच्यः। 'विज्जाहरीसु' विद्याधरसम्बन्धिनीषु, विश्रुतयशाः=ख्यातकीर्तिः। हियय‌दइए=वल्लभ इत्यर्थः। संथवे=एतेषां संस्तावकः। 'कलहजुद्धकोलाहलप्पिए' कलहो=वाग्युद्धं, युद्धं तु=आयुधयुद्धं, कोलाहलो=बहुजनमहाध्वनिः, 'भंडणाभिलासी' भंडनं=पिष्टातकादिभिः। समरसंपराएसु=समरसङ्ग्रामेषु इत्यर्थः। सदक्खिणं=सदानमित्यर्थः। असंयतः संयमरहितत्वात्। अविरतः=विशेषतस्तपस्यरतत्वात्। न प्रतिहतानि=न प्रतिषेधितान्यतीतकालकृतानि निन्दनतः, न प्रत्याख्यातानि च भविष्यत्कालभावीनि पापकर्माणि-प्राणातिपातादिक्रिया येन, अथवा न प्रतिहतानि सागरोपमकोटीकोट्यन्तःप्रवेशनेन सम्यक्त्वलाभतः, न च प्रत्याख्यातानि सागरोपमकोटीकोट्याः सङ्ख्यात-सागरोपमैर्न्यूनताकरणेन सर्वविरतिलाभतः पापकर्माणि=ज्ञानावरणीयादीनि येन स तथेति पदत्रयस्य कर्मधारयः।*

---

*આવતા જોઇ પાંચ પાંડવો અને કુંતીની સાથે પાંડુરાજા આસનપરથી ઊભા થઇ ગયા, સાત-આઠ ડગલા સામે જઇ આવકાર્યા. ત્રણ પ્રદક્ષિણા વંદન-નમસ્કાર આદિ કરી બહુમૂલ્ય આસનપર બેસવા વિનંતી કરી. ત્યારે નારદ ભૂમિપર પાણી છાંટી, ઘાસ પાથરી તેનાપર આસન પાથરી બેઠા, પછી નારદે પાંડુરાજાને રાજ્યથી માંડી અંતઃપુર સુધીની બધાની કુશળતા પૂછી. તે વખતે પાંચ પાંડવ અને કુંતીની સાથે પાંડુરાજાએ નારદની પર્યુપાસના કરી, પણ દ્રૌપદીએ નારદને (સંયમરહિત હોવાથી) અસંયત, (વિશેષ તપ ન કરતો હોવાથી) અવિરત તથા અપ્રતિહતઅપ્રત્યાખ્યાત પાપકર્મવાળો સમજી તેનો આદર કર્યો નહિ, પરિજ્ઞા કરી નહિ, તેનું અભ્યુત્થાન કર્યું નહિ, અને તેની પર્યુપાસના કરી નહિ.*

*અહીં **ટીકાનો** વિશેષ અંશ આ પ્રમાણે છે → અપ્રતિહતપ્રત્યાખ્યાત પાપકર્મ=ભૂતકાલીન પાપની નિંદા કરવાદ્વારા પ્રતિહત, અને ભાવિકાલના પાપકર્મોનાં પચ્ચક્ખાણ દ્વારા પ્રત્યાખ્યાત કર્યા નથી પ્રાણાતિપાત આદિ પાપકર્મ જેણે તે. અર્થાત્ ભૂતકાલીન પાપની નિંદા નહીં કરનારો અને ભવિષ્યના પાપનું પચ્ચક્ખાણ નહીં કરનારો. અથવા જ્ઞાનાવરણીયવગેરે પાપકર્મોની સ્થિતિને અંતઃકોટાકોટી સાગરોપમ જેટલી કરવાદ્વારા સમ્યક્ત્વના લાભથી પાપકર્મ પ્રતિહત થયા કહેવાય. અને એ અંતઃકોટાકોટી સ્થિતિમાંથી પણ સંખ્યાતા સાગરોપમ જેટલી સ્થિતિ ઓછી કરવાદ્વારા સર્વવિરતિના લાભથી એ પાપકર્મ પ્રત્યાખ્યાત થયા કહેવાય. આ પ્રમાણે પાપકર્મને પ્રતિહત અને પ્રત્યાખ્યાત નહીં કરનાર=અપ્રતિહત-પ્રત્યાખ્યાતપાપકર્મ. પછી 'અસંયત', અવિરત' અને 'અપ્રતિહત-પ્રત્યાખ્યાતપાપકર્મ' આ ત્રણ પદનો કર્મધારય સમાસ થયો.*

आचामाम्लान्तरितषष्ठतप:करणेनापि तस्या: श्राविकात्वमप्रतिहतम्। **तथा हि** →

*'तं मा णं तुमं देवाणुप्पिए ! ओहयमणसंकप्पा जाव झियाहि, तुमं णं मए सद्धिं विपुलाइं भोगभोगाइं जाव विहराहि, तए णं सा दोवती देवी पउमणाभं एवं वयासी- एवं खलु देवा० ! जंबूद्दीवे भारहे वासे बारवतिए णयरीए कण्हे णामं वासुदेवे ममप्पियभाउए परिवसति, तं जति णं से छण्हं मासाणं मम कूवं नो हव्वमागच्छइ तए णं अहं देवा० ! जं तुमं वदसि तस्स आणाओवायवयणणिद्देसे चिट्ठिस्सामि। तए णं से पउमे दोवतीए एयमट्ठं पडिसुणेत्ता दोवइं देविं कण्णंतेउरे ठावेति, तए णं सा दोवती देवी छट्ठं छट्ठेणं अनिक्खित्तेणं आयंबिलपरिग्गहिएणं तवोकम्मेणं अप्पाणं भावेमाणी विहरति'।* [ज्ञाताधर्म०१/१६/१२३]

**तप:**पूजाप्रभृतिकं तस्या इहलोकार्थमेव भविष्यतीति चेत् ? **न,** सूत्रानुक्तत्वेन तवेदृशशङ्काया अनर्थमूलत्वाद्। गृहीतसामायिकप्रतिक्रमणाद्यभिग्रहस्याऽऽपत्कृताहारत्यागाभिग्रहस्य वा तन्निर्वाहिणैहिकका(हकैकका

---

## આપત્તિમાં દ્રૌપદીકૃત ષષ્ઠાદિતપ

તથા છટ્ઠના પારણે છટ્ઠ અને પારણે આંબેલના કરેલા તપથી પણ **દ્રૌપદી** શ્રાવિકા સિદ્ધ થાય છે. તે અંગેનો પાઠ આ રહ્યો →

(**ધાતકીખંડના ભરતક્ષેત્રના અપરકંકાનગરીનો પદ્મનાભ** નામનો એક રાજા **નારદે** વર્ણવેલા **દ્રૌપદીના** રૂપને સાંભળી **દ્રૌપદી**પર આસક્ત થઇ ગયો. પછી દેવતાની સહાયથી **દ્રૌપદીને હસ્તિનાપુરમાંથી** ઉપાડી પોતાના રાજ્યમાં લઇ જઇ પોતાની સાથે ભોગ ભોગવવાની વિનંતિ કરે છે) *'હે દેવાનુપ્રિયા ! તું ચિંતા ન કર ! તું મારીસાથે વિપુલ ભોગો ભોગવ.' ત્યારે તે **દ્રૌપદીદેવી પદ્મનાભને** કહે છે - હે દેવાનુપ્રિય ! **જંબૂદ્વીપના ભરતવર્ષની દ્વારકાનગરીમાં કૃષ્ણ વાસુદેવ** નામનો મારો પ્રિય ભાઇ વસે છે. જો તે ભાઇ છ મહીનામાં મારી પાસે ન આવે, તો તું કહેશે તેવી તારી આજ્ઞા, ઉપાય, વચન અને નિર્દેશ મુજબ હું વર્તીશ. ત્યારે **પદ્મનાભે દ્રૌપદીના** આ વચનનો સ્વીકાર કરી **દ્રૌપદીને** પોતાના કન્યા અંતઃપુરમાં રાખી. ત્યાં તે **દ્રૌપદી** સતત છટ્ઠના પારણે છટ્ઠ તપ અને પારણે આંબેલતપ કરવાદ્વારા પોતાને ભાવિત કરતી રહી.*

## દ્રૌપદીને ગુણપ્રાપ્તિમાં નિદાન અપ્રતિબંધક

**પ્રતિમાલોપક :-** **દ્રૌપદીએ** આ તપ કે પૂર્વની પૂજાવગેરે આલોકની જ કોઇક ઇચ્છાથી કર્યા હશે !

**ઉત્તરપક્ષ :-** તમારી શંકા પુષ્ટ થાય તેવી વાત સૂત્રમાં બતાવી ન હોવાથી તમારી આ શંકા અર્થહીન છે.

**પ્રતિમાલોપક :-** પૂજાના પ્રસંગ બાદ વિવાહમાં **પાંડવો** વરતરીકે પ્રાપ્ત થયા, અને છટ્ઠઆદિ તપ બાદ **કૃષ્ણે** આપત્તિમાંથી ઉગારી - **દ્રૌપદીને** પૂજાદિ પછી પ્રાપ્ત થયેલા આ ઇહલૌકિક ફળો તેના પૂજાદિ ઇહલૌકિક હેતુમાટે હતા, તેમ સિદ્ધ નથી કરતા ?

**ઉત્તરપક્ષ :-** સામાયિક, પ્રતિક્રમણવગેરેનો અભિગ્રહ કરનારો કે આપત્તિકાળે આપત્તિકાળની મર્યાદાવાળું સાગારિક અનશન કરી આહારત્યાગનો અભિગ્રહ કરનારો કપરા સંજોગોમાં પણ પોતાના અભિગ્રહનો નિર્વાહ કરે, પરિપૂર્ણ પાલન કરે; એના અનુષંગરૂપે તેના આલોકના કાર્યો પાર પડી જાય, તો તેમાં અભિગ્રહ પાળનારો દૂષિત નથી ઠરતો, કારણ કે તે વખતે તેની નજર કાર્યસિદ્ધિ કરતા પણ અભિગ્રહપૂર્તિપર જ મુખ્યતયા હોય છે. તેથી જ એની અભિગ્રહપૂર્તિ ઇહલૌકિક હેતુક તરીકે કલ્પી નિંદનીય પણ બનતી નથી. તે જ પ્રમાણે **દ્રૌપદીએ** પૂજા કરી કે તપ કર્યો, તે અભિગ્રહના નિર્વાહરૂપ હતો અને પોતાના આલોકના કાર્ય પૂર્ણ થયા એ આનુષંગિક ફળમાત્ર હતા. તેથી તેના

पाठा.)र्यकरण इव दोषाभावात्। 'पूजाद्यनन्तरमेव तया सम्यक्त्वं लब्धमि'त्यपि सूत्राक्षरदर्शनं विना ध्यान्ध्यकरणमात्रम्। **न च** निदानफलभोगान्तरमेव तस्या देशविरतिसम्भव इत्यपि सुवचनं, तत्प्रतिबन्धकत्वे तस्य पार्यन्तिकफलं विना कृष्णादेरिव तज्जन्मन्येव विरतिलाभासम्भवादिति यत्किञ्चिदेतत्॥ ६५॥ प्रतिबन्द्या ऐहिकार्थत्वं **द्रौपदी**कृतपूजाया निरस्यति–

**तत्पाणिग्रहणोत्सवे कृतमिति प्रौढ्या प्रमाणं न चेत्,**
**स्वःसन्निर्मितवन्दनादिकमपि स्थित्युत्सवे किं तथा।**
**क्लिष्टेच्छाविरहो द्वयोरपि समस्तुल्यश्च भक्तेर्गुणो,**
**नागादिप्रतिमार्चनादिह खलु व्यक्ता विशेषप्रथा ॥ ६६॥**

(**दंडान्वयः**→ तत् पाणिग्रहणोत्सवे प्रौढ्या कृतमिति चेत् न प्रमाणम्, (तदा) स्थित्युत्सवे स्वःसन्निर्मितं वन्दनादिकमपि किं तथा। द्वयोरपि क्लिष्टेच्छाविरहः समः भक्तेर्गुणश्च तुल्यः (यतः) नागादिप्रतिमार्चनादिह खलु विशेषप्रथा व्यक्ता॥)

---

પૂજાદિકૃત્યો દોષરૂપ બનતા નથી.

**પ્રતિમાલોપક :-** શું એમ બન્યું ન હોય, કે **દ્રૌપદીને** પૂજાઆદિ કર્યા બાદ સમ્યક્ત્વ પ્રાપ્ત થયું હોય ?

**ઉત્તરપક્ષ :-** સૂત્રના સાક્ષાત્ અક્ષર વિના કરેલી આવી યથેચ્છ કલ્પનાઓથી માત્ર બુદ્ધિ બહેર મારી જાય. એ સિવાય અન્ય કંઇ ન થાય.

**પ્રતિમાલોપક :- દ્રૌપદીએ** પૂર્વભવમાં 'પાંચ પતિ મળે' એવા અર્થવાળું નિદાન કર્યું હતું. જ્યાં સુધી આ નિદાનનું ફળ ન મળે, ત્યાં સુધી તે દેશવિરતિ પ્રાપ્ત કરી શકે નહિ, કારણ કે ગુણપ્રાપ્તિમાં નિદાન **પ્રતિબંધક** છે. તેથી સ્વયંવરમાં **પાંચ પાંડવો** પતિતરીકે પ્રાપ્ત કર્યા પછી જ **દ્રૌપદીને** દેશવિરતિની પ્રાપ્તિ થઇ હોવી જોઇએ, કારણ કે તે પહેલા નિદાનનું ફળ મળ્યું નથી. તેથી **દ્રૌપદીએ** વિવાહની પૂર્વે કરેલી પૂજા શ્રાવિકાઅવસ્થાની પૂજારૂપ નથી.

**ઉત્તરપક્ષ :-** જો નિદાન વિશિષ્ટ ગુણની પ્રાપ્તિમાં પ્રતિબંધક હોત, તો જ્યાં સુધી એ નિદાનનું છેવટનું ફળ ન મળે, ત્યાં સુધી **દ્રૌપદી** વિરતિની પ્રાપ્તિ કરી શક્ત નહિ. **કૃષ્ણ મહારાજાએ** નિદાન કર્યું હતું અને એ નિદાન પ્રતિબંધક હતું. તો **વાસુદેવપણાના** પ્રથમ ફળ પછી પણ તે ભવમાં તેમને વિરતિની પ્રાપ્તિ ના થઇ. પરંતુ એ નિદાનના નારકઆદિ છેવટના ફળ ભોગવ્યા પછી જ વિરતિવગેરેને પ્રાપ્ત કરી શકશે. જ્યારે **દ્રૌપદીને** તો નિદાનના નારકાદિ પાર્યંતિક ફળ ભોગવ્યા વિના જ તે જ ભવમાં સર્વવિરતિ ચારિત્રધર્મની પણ પ્રાપ્તિ થઇ ગઇ. આમ નક્કી થાય છે કે **દ્રૌપદીને** વિરતિધર્મની પ્રાપ્તિમાં નિદાન પ્રતિબંધક ન હતું. તેથી વિવાહની પૂર્વઅવસ્થામાં પણ નિદાન બાધક ન હોવાથી તેને શ્રાવિકાતરીકે સ્વીકારવામાં કોઇ દોષ નથી. આમ '**દ્રૌપદીએ** શ્રાવિકાઅવસ્થામાં જિનપ્રતિમા-પૂજા કરેલી' તેમ સિદ્ધ થાય છે. **॥ ૬૫॥**

'**દ્રૌપદીએ** કરેલી પૂજા આલોકના હેતુથી હતી' એવી પૂર્વપક્ષની આશંકાને પ્રતિબંદી તર્ક દ્વારા નિર્મૂળ કરે છે–

## દ્રૌપદીકૃતપૂજા નિરાશંસભાવની

**કાવ્યાર્થ :- દ્રૌપદીએ** જિનપ્રતિમાની પૂજા પાણિગ્રહણના ઉત્સવમાં ઉત્સુકતાથી કરી હતી, તેથી જો એ પ્રમાણ નથી; તો કલ્પ-ઉત્સવવગેરે વખતે સૂર્યાભવગેરે દેવોએ કરેલા વંદનવગેરે પણ અપ્રમાણભૂત કેમ નહિ ?

'तत्पाणि'इत्यादि। *तत्*=तीर्थेशप्रतिमार्चनं, पाणिग्रहणोत्सवे **द्रौपद्या** *प्रौढ्या*=औत्सुक्येन कृतमिति न चेत् प्रमाणं, तदा स्वःसदा **सूर्याभादिना** निर्मितं वन्दनादिकमपि *स्थित्युत्सवे*=इन्द्रमहोत्सवस्थितिकाले प्रौढ्यैवेति *किं तथा*=किं न प्रमाणं तव ? *क्लिष्टेच्छा*=कामभोगादीच्छा, तद्विरहो द्वयोरपि **द्रौपदीसूर्याभयोः** *समः*=तुल्यः। भक्तेर्गुणोऽपि द्वयोस्तुल्य एव। कथम् ? इति चेत् ? नागादिप्रतिमार्चनात्तदपेक्षयेह **द्रौपद्या** जिनार्चने खलु निश्चितं *विशेषप्रथा*=विशेषदृष्टिः *व्यक्ता*=प्रकटा। नागादिप्रतिमार्चने हि **भद्रया** सार्थवाह्या पुत्रप्रार्थनादिकृतं श्रूयते। **तथा हि** →

*तते णं सा भद्दा सत्थवाही धण्णेणं सत्थवाहेणं अब्भणुन्नाता समाणी हट्ठतुट्ठ जाव हयहियया विपुलं*

---

ક્લિષ્ટ ઇચ્છા(=કામભોગોની ઇચ્છા)નો અભાવ બન્નેનો(દ્રૌપદી અને સૂર્યાભનો) સરખો જ હતો, તથા બન્નેનો ભક્તિનો ગુણ પણ તુલ્ય જ હતો, કારણ કે નાગવગેરેની પૂજા કરતા અહીં (દ્રૌપદીકૃતજિનપ્રતિમાપૂજાસ્થળે) વિશેષદૃષ્ટિની ઉપસ્થિતિ સ્પષ્ટ જ છે.

**પ્રતિમાલોપક :-** વિવાહઅવસરે શ્રેષ્ઠ વરને વરવાની ઉત્સુકતાવાળી **દ્રૌપદી** જિનપ્રતિમાપૂજન કરે એટલામાત્રથી પ્રતિમા પૂજનીયતરીકે પ્રમાણિત જાહેર થતી નથી. કોણ જાણે કેવા કોડ અને અભિલાષાઓથી એ પૂજા **દ્રૌપદીએ** કરી હશે ? અથવા તો એક કુલાચારતરીકે પણ પૂજા કરી હોય.

**ઉત્તરપક્ષ :-** વિવાહના ઉત્સવવખતે આ પૂજા થઇ હોવામાત્રથી તમે જો આ પૂજાને પ્રમાણતરીકે સ્વીકારતા ન હો, તો ઇન્દ્રમહોત્સવ કલ્પકાળે **સૂર્યાભ**વગેરે દેવોએ જિનેશ્વરોને કરેલા વંદનવગેરે પણ પ્રમાણ તરીકે નહિ સ્વીકારી શકાય. (**સૂર્યાભ**વગેરે દેવો વિમાનના અધિપતિદેવ તરીકે ઉત્પન્ન થાય છે, ત્યારે તે અધિપતિદેવોનો ઇન્દ્રઅભિષેક કરવાનો દેવોનો કલ્પ છે. આ કલ્પ ઇન્દ્રમહોત્સવ કહેવાય છે.)

**પૂર્વપક્ષ :-** અલબત્ત, **સૂર્યાભ** વગેરે દેવોએ કરેલા તે વંદન મહોત્સવકાળને આશ્રયીને હતા. છતાં એ વંદનવગેરે વખતે તે વંદનઆદિના ફળતરીકે **સૂર્યાભ** વગેરે દેવોને કામભોગ વગેરેની ઇચ્છા ન હતી. તેથી તેઓની નિરાશંસભાવની વંદનવગેરે ક્રિયા પ્રમાણભૂત છે.

**ઉત્તરપક્ષ :-** બસ, આ જ પ્રમાણે **દ્રૌપદીની** જિનપૂજા વિવાહોત્સવવખતે હોવા છતાં વિષયેચ્છારૂપ દુષ્ટ આશયથી મિશ્રિત ન હોવાથી પ્રમાણભૂત જ છે.

**પૂર્વપક્ષ :- સૂર્યાભ** આ મહોત્સવકાળે પણ ભગવાનને વંદનવગેરે કરવાનું ચૂક્યો નહિ. એમાં તેની જિનભક્તિ સ્પષ્ટ તરી આવે છે.

**ઉત્તરપક્ષ :-** એ જ પ્રમાણે વિવાહરૂપ જીવનના મહત્ત્વના પ્રસંગે પણ વિધિસરની જિનપૂજાને ન છોડવાદ્વારા **દ્રૌપદીએ** પોતાની પરમાત્મભક્તિ જ છતી કરી છે. વળી 'સારા પતિ મેળવવાની ઇચ્છાથી કે કુળાચારના નામપર **દ્રૌપદીએ** યાગવગેરે તથા મિથ્યાત્વી દેવોની પૂજા કરવાનું છોડી એવી ક્લિષ્ટ ઇચ્છા વિના જ પરમાત્મપૂજા કરી' એ જ સ્પષ્ટ દર્શાવે છે કે જિનપૂજા કરવામાં **દ્રૌપદી**પાસે ચોક્કસ વિશેષદૃષ્ટિ હતી અને પરમાત્માપ્રત્યે નિર્મળ ભક્તિ જ હતી.

## ભદ્રા સાર્થવાહીનું દૃષ્ટાંત

'**ભદ્રા સાર્થવાહી**(સાર્થવાહપત્ની)**એ** નાગવગેરેની પૂજા કરી પુત્રની પ્રાર્થના વગેરે કર્યું હતું' એમ આગમમાં સંભળાય છે. તે પાઠ આ પ્રમાણે છે →

*તે વખતે **ભદ્રા સાર્થવાહીએ ધન સાર્થવાહની** રજા મળવાથી ખુશ થઇને મોટા પ્રમાણમાં આહાર-પાન-*

*असणपाणखातिमसातिमं उवक्खडावेति २ त्ता, सुबहुं पुप्फगंधवत्थमल्लालंकारं गेण्हति २ सयाओ गिहाओ निग्गच्छति २ रायगिहं नगरं मज्झं मज्झेणं निग्गच्छति २ त्ता जेणेव पुक्खरिणी तेणेव उवागच्छति २ पुक्खरिणीए तीरे सुबहुं पुप्फ जाव मल्लालंकारं ठवेइ २ पुक्खरिणीं ओगाहइ २ जलमज्जणं करेति २ ण्हाया कयबलिकम्मा उल्लपडसाडिगा जाइं तत्थ उप्पलाइं जाव सहस्सपत्ताइं ताइं गिण्हइ २ पुक्खरिणीओ पच्चोरुहइ २ तं सुबहुं पुप्फगंधमल्लं गेण्हति २ जेणामेव णागघरए य जाव वेसमणघरए य तेणेव उवागच्छति २ तत्थ णं नागपडिमाण य जाव वेसमण-पडिमाण य आलोए पणामं करेइ। ईसिं पच्चुन्नमइ २ लोमहत्थगं परामुसइ २ नागपडिमाओ य जाव वेसमणपडिमाओ य लोमहत्थेणं पमज्जति २ उदगधाराए अब्भुक्खेत्ति २ पम्हलसुकुमालाए गंधकासाईए गायाइं लूहेइ २ महरिहं वत्थारुहणं च मल्लरुहणं च गंधारुहणं च चुन्नारुहणं च वन्नारुहणं च करेइ २ जाव धूवं डहति २ जानुपायपडिया पंजलिउडा एवं वदासी- जइ णं अहं दारगं वा दारिगं वा पयायामि तो णं अहं जायं च जाव अणुवड्ढेमिति कट्टु उवातियं करेति २ जेणेव पोक्खरिणी तेणेव उवागच्छति २ विपुलं असणं ४ आसाएमाणी जाव विहरति॥*

---

*ખાદિમ-સ્વાદિમ સામગ્રીઓ બનાવડાવી. આહારઆદિ સામગ્રી અને ઘણા પુષ્પ-વસ્ત્ર-ગંધચૂર્ણ-પુષ્પમાળા તથા અલંકારો ગ્રહણ કરી ઘરેથી નીકળી **રાજગૃહી** નગરીના મધ્યભાગમાંથી નીકળી વાવડીપાસે આવી. વાવડીના કિનારે પુષ્પવગેરે સામગ્રી મૂકી તે **ભદ્રાએ** વાવડીમાં ઉતરી સ્નાન કર્યું, જલક્રીડા અને સ્નાન પતાવી બલિકર્મવગેરે કરી વસ્ત્રવગેરે ધારણ કરી તે વાવડીમાં ઉગેલા ઉત્પલ, શતપત્ર, સહસ્રપત્ર વગેરે કમળો ગ્રહણ કર્યા. પછી વાવડીમાંથી બહાર નીકળી તે **ભદ્રા સાર્થવાહી** ત્યાં રાખેલા પુષ્પવગેરે ગ્રહણ કરી ત્યાં રહેલા નાગગૃહ યાવત્ વૈશ્રમણગૃહમાં ગઇ. ત્યાં જઇ નાગની પ્રતિમા યાવત્ વૈશ્રમણની પ્રતિમાવગેરે પ્રતિમાના દર્શનમાત્રથી પ્રણામ કર્યા. થોડી નમી નમસ્કાર કર્યા. પછી ઊભા થઇ મોરપીંછ લઇ નાગવગેરેની પ્રતિમાઓનું પ્રમાર્જન કર્યું. પછી એ પ્રતિમાઓને પાણીથી સ્નાન કરાવ્યું. ત્યારબાદ રૂંવાટાવાળા કોમળ સુગંધી વસ્ત્રથી પ્રતિમાના અંગો લૂછી નાખ્યા. પછી તે **ભદ્રાએ** પ્રતિમાપર મહામૂલ્યવાળા વસ્ત્ર, માળા, ગંધ ચૂર્ણ, પંચવર્ણના પુષ્પવગેરે ચડાવી ધૂપ કર્યો. પછી ઘુંટણિયે પડી હાથ જોડી પ્રાર્થના કરી 'જો મને પુત્ર કે પુત્રી થાય, તો યાગ=પૂજા વગેરે યાવત્ દેવકુલનો ઉદ્ધાર કરીશ.' આ પ્રમાણે ઉપયાચના=પ્રાર્થના કરી વાવડીપાસે આવી - વિપુલઆહારવગેરેનું ભોજન કર્યું.*

## પ્રણિધાનયુક્ત પૂજા જ મહાપૂજા

**દ્રૌપદીને** પણ જો આવી કો'ક શ્રેષ્ઠ વર પ્રાપ્ત્યાદિરૂપ આલૌકિક ઇચ્છા હોત, તો તે પણ લોકને અનુસારે કામદેવવગેરેની પૂજા કરત. અથવા જિનપ્રતિમાપર શ્રદ્ધા બળવત્તર હોઇ, પ્રતિમાપૂજા કર્યા પછી આવી કો'ક શ્રેષ્ઠવરપ્રદાનની પ્રાર્થના કરી હોત. પણ **દ્રૌપદીએ** મિથ્યાત્વી દેવને તો પૂજ્યા જ નથી. પણ જિનપ્રતિમાઓની પૂજા કર્યા પછી પણ આવી કોઇ યાચના કરી હોય, એવી વાત સંભળાતી નથી. બલ્કે ભગવાનની ભક્તિ કર્યા પછી (શક્રસ્તવગત) *'જિણાણં જાવયાણં'* વગેરે પદોથી હકીકતમાં તો ભગવાનના અલૌકિક ગુણોના પ્રણિધાનપુષ્પોથી હૃદયસિંહાસનને સુરમ્ય જ બનાવ્યું છે અને જેના હૃદયમાં ભગવાનના સંસારતારક ગુણોનું પ્રણિધાન હોય, તે સંસારમાં ડુબવાના પ્રથમ પગથિયારૂપ ભોગસુખના સાધનની માંગણી ન કરે. આ બધી બાબતોથી '**ભદ્રા**વગેરેએ આલોકના હેતુથી મિથ્યાત્વી દેવોની કરેલી પૂજાથી **દ્રૌપદીએ** સુપ્રણિધાનથી નિરાશંસભાવે વીતરાગદેવની કરેલી પૂજામાં ઘણો ભેદ છે. ઘણી વિશિષ્ટતા છે.' એ વાત કયા સુજ્ઞના લક્ષમાં ન આવે ? પરમાર્થથી તો **દ્રૌપદીની** પૂજા માત્ર પૂજા ન હતી પણ મહાપૂજા હતી. કારણ કે ભગવદ્ગુણોના પ્રણિધાનથી સભર હતી. શાસ્ત્રરૂપ દહિંના મંથનથી પ્રાપ્ત થયેલું નવનીત

[ज्ञाताधर्म० १/४/३६] न चैवं **द्रौपद्या** जिनप्रतिमा अर्चित्वा वरोपयाचितं कृतं श्रूयते। प्रत्युत- *'जिणाणं जावयाणं'* इत्यादिना भगवद्गुणप्रणिधानमेव कृतमस्तीति कथं न पश्यति सचेता: ? इत्थं प्रणिधानेनैव च महापूजाऽन्यथा तु पूजामात्रमिति शास्त्रगर्भार्थ:। तदाह → *'देवगुणप्रणिधानात्तद्भावानुगतमुत्तमं विधिना। स्यादादरादियुक्तं यत्तद्देवार्चनं चेष्टम्'॥* [षोडशक ५/१४] इति॥ ६६॥ ①अतिदेशशेषमाह–

**एतेनैव समर्थिताऽभ्युदयिकी धर्म्या च कल्पोदिता,**
**श्रीसिद्धार्थनृपस्य यागकरणप्रौढिर्दशाहोत्सवे।**
**श्राद्ध: खल्वयमादिमाङ्गविदितो यागं जिनार्चां विना,**
**कुर्यान्नान्यमुदाहृता व्रतभृतां त्याज्या कुशास्त्रस्थिति: ॥ ६७॥**

(**दंडान्वय:**→ एतेनैव श्रीसिद्धार्थनृपस्य दशाहोत्सवे कल्पोदिता अभ्युदयिकी धर्म्या च यागकरणप्रौढि: समर्थिता। आदिमाङ्गविदितोऽयं श्राद्ध: खलु जिनार्चां विनाऽन्यं यागं न कुर्यात्, (यत:) व्रतभृतां कुशास्त्रस्थिति-स्त्याज्योदाहृता॥)

'एतेनैव'इति। *एतेनैव*=**द्रौपदी**चरित्रसमर्थनेनै *वाभ्युदयिकी*=अभ्युदयनिर्वृत्ता *धर्म्या च*=धर्मादनपेता *कल्पोदिता*=**कल्पसूत्र**प्रोक्ता *श्रीसिद्धार्थनृपस्य*=**सिद्धार्थनाम्नो** *राज्ञो*=भगवत्पितु: *दशाहोत्सवे*=दशदिवसमहे यागकरणस्य *प्रौढि:*=प्रौढता *समर्थिता*=उपपादिता। तत्र यागशब्दार्थोऽन्य: स्यादित्यत आह- *खलु*=निश्चित *मयं*=

આ છે → **ભગવદ્ગુણના પ્રણિધાનથી જ પૂજા મહાપૂજા બને છે. એવા પ્રણિધાન વિનાની પૂજા માત્ર પૂજારૂપ છે.** (વિશેષ કંઇ નથી.) કહ્યું જ છે કે → *'દેવ(=વીતરાગપરમાત્મા)ના ગુણોના પ્રણિધાનથી તે ભાવથી યુક્ત, વિધિથી આદરપૂર્વક થતી જે ઉત્તમ દેવપૂજા(જિનપૂજા) છે તે જ ઇષ્ટ છે.' (મહોદયદાયી તરીકે અભીષ્ટ છે)* **॥ ૬૬॥** (તર્કથી જિનપ્રતિમાપૂજા સિદ્ધ થાય છે, ત્યારે પ્રતિમાલોપકો એમ કહે છે 'આ તો તર્ક છે, અમને તો સાક્ષાત્ આગમપાઠ જોઇએ.' હવે જ્યારે **જ્ઞાતાધર્મકથા**વગેરેના આ આગમપાઠ બતાવવામાં આવે છે, ત્યારે સરળતાથી સ્વીકારી લેવાને બદલે પોતે કુતર્ક લડાવે છે. ખરેખર આખો સંસાર છોડી દીક્ષા લેનારા પણ કદાગ્રહ છોડી શકતા નથી ને દીક્ષા ને માનવભવ બંને હારી જાય છે, આ અત્યંત દયાપાત્ર છે.)

## શ્રી સિદ્ધાર્થ રાજાકૃત જિનાર્ચા

હવે અતિદેશશેષ દર્શાવે છે(એક સ્થાને દર્શાવેલી વાતનો અન્યત્ર સંબંધ જોડવો અતિદેશ.)–

**કાવ્યાર્થ :-** શ્રી **સિદ્ધાર્થ રાજાએ** કરેલા દશાહ્નિકા મહોત્સવઅંગે **કલ્પસૂત્રમાં** દર્શાવેલા ધર્મમય અને અભ્યુદયકારી યાગની પ્રૌઢતાનું આનાથી જ(દ્રૌપદીના ચરિત્રના સમર્થનથી જ) સમર્થન(=ઉપપત્તિ) થાય છે. **'આચાર'** નામક પ્રથમ અંગથી જેનો શ્રાવકતરીકે પરિચય મળે છે, તે **સિદ્ધાર્થ રાજા** જિનપૂજારૂપ યાગને છોડી બીજા કોઇ પણ પ્રકારનો (અન્યતીર્થિકમાન્ય) યાગ કરે નહિ. કારણ કે વ્રતધારીઓને કુશાસ્ત્રના આચારો ત્યાજ્ય કહ્યા છે.

**કલ્પસૂત્રમાં** એવો નિર્દેશ છે કે '**વીર વિભુના** ત્રૈલોકયસુખદાયક જન્મવખતે **શ્રી સિદ્ધાર્થ રાજાએ** દશદિવસનો મહોત્સવ કર્યો હતો. આ મહોત્સવમાં તેમણે ધર્મસભર અને અભ્યુદયકારી યાગો પણ કર્યા–કરાવ્યા

① एकत्र श्रुतस्यान्यत्र सम्बन्ध:। स चातिदेश: षोढा - शास्त्रातिदेश: कार्यातिदेश: निमित्तातिदेश: व्यपदेशातिदेश: तादात्म्यातिदेश: रूपातिदेशश्च॥ इति शब्दकौस्तुभे॥

**सिद्धार्थराज** *आदिमाङ्गविदितः*=आचाराङ्गप्रसिद्धः *श्राद्धः*=**श्रीपार्श्वापत्यीयः** श्रमणोपासको जिनार्चां विनाऽन्यं लोकप्रसिद्धं यागं न कुर्यात्, यतः व्रतभृतां कुशास्त्रस्थितिस्त्याज्याऽन्यश्च यागः कुशास्त्रीय इति॥

**कल्पसूत्र**पाठो यथा → *'तए णं सिद्धत्थे राया दसाहिआए ठिइवडियाए वट्टमाणीए सइए अ साहस्सिए अ, सयसाहस्सिए अ जाए अ दाए अ भाए अ दलमाणे य दवावेमाणे अ सइए साहस्सिए अ लंभेमाणे अ पडिच्छमाणे अ पडिच्छावेमाणे य एवं च णं विहरइ।* [सू० १०३] व्याख्या → *दशाहिकायां=दशदिवसमानायां स्थितौ=कुलमर्यादायां पतितायां=गतायां पुत्रजन्मोत्सवप्रक्रियायां तस्यां वर्त्तमानायां शतिकान्=शतपरिमाणान्, साहस्रिकान्=सहस्रपरिमाणान्, शतसाहस्रिकान्=लक्षप्रमाणान् यागान्=देवपूजाः, दायान्=पर्वदिवसादौ दानादीन्, लब्धद्रविणभागान् ददत् दापयन्, लाभान् प्रतीच्छन्=गृह्णन्, प्रतिग्राहयन् विहरन्नास्ते।* एवं **श्रीसिद्धार्थ**नृपेण परमश्राद्धेन देवपूजा कृता चेदन्येषां कथं न कर्त्तव्या ? तस्य श्रमणोपासकत्वे **आचारालापक**श्चायं → *'समणस्स णं भगवओ महावीरस्स अम्मापिउरो पासावच्चिज्जा समणोवासगा आवि होत्था। ते णं बहुइं वासाइं समणोवासग-परियागं पालयित्ता छण्णं जीवनिकायाणं सारक्खणनिमित्तं आलोइत्ता, णिंदित्ता, गरिहित्ता, पडिक्कमित्ता, अहारिहं उत्तरगुणं पायच्छित्तं पडिवज्जित्ता कुससंथारं दुरूहित्ता भत्तं पच्चक्खायंति, २ अपच्छिमाए मारणंतियाए*

---

હતા.' **દ્રૌપદીના** ચરિત્રથી જિનપ્રતિમાપૂજાને સમર્થન મળતું હોવાથી આ યાગો પણ જિનપ્રતિમાપૂજારૂપ સમજવાનો જ અવકાશ છે.

**પ્રતિમાલોપક :-** 'યજ્' ધાતુપરથી 'યાગ' શબ્દ બન્યો છે. આ 'યજ્' ધાતુ 'પૂજા' અર્થની જેમ યજ્ઞના અર્થમાં પણ વપરાય છે. તેથી શું એમ ન બની શકે કે **સિદ્ધાર્થ રાજાએ** કરેલા આ યાગો કાં તો બ્રાહ્મણોને માન્ય યજ્ઞરૂપ હોય, કાં તો કુલના આચારને અનુરૂપ ગોત્રદેવતાની પૂજારૂપ હોય ?

**ઉત્તરપક્ષ :-** આવી વિપરીત કલ્પના કરવાનો ત્યારે તો કોઇ અવકાશ જ નથી-જ્યારે **આચારાંગ સૂત્રમાં શ્રી સિદ્ધાર્થ રાજાનો** શ્રાવકતરીકે ઉલ્લેખ મળતો હોય. **આચારાંગ સૂત્રમાં શ્રી સિદ્ધાર્થ રાજાનો પાર્શ્વનાથ ભગવાનની** શાસનપરંપરાના શ્રાવકતરીકે નિર્દેશ છે. આવો વ્રતધર શ્રાવક લોકમાન્ય ગોત્રદેવતાની પૂજારૂપ યાગ કે બ્રાહ્મણોના કુશાસ્ત્રના આચારરૂપ યજ્ઞ યાગ કરે નહિ. તથા શ્રાવકઅવસ્થામાં જિનપ્રતિમાપૂજારૂપ યાગ કરણીય તરીકે **દ્રૌપદીના** દૃષ્ટાંતથી સુપ્રસિદ્ધ છે. આમ **દ્રૌપદીના** દૃષ્ટાંતથી અને **પારિશેષ**ન્યાયથી સિદ્ધ થાય છે કે **સિદ્ધાર્થ રાજાએ** કરેલા યાગો જિનપ્રતિમાપૂજારૂપ જ હતા. આ બાબતમાં **કલ્પસૂત્રનો** પાઠ આ પ્રમાણે છે →

*'ત્યારે દશ દિવસના પ્રમાણવાળી (પુત્રજન્મ મહોત્સવ સંબંધી) થઇ રહેલી કુલમર્યાદાના કાળે તે* ***સિદ્ધાર્થ રાજા*** *સેંકડો, હજારો અને લાખોના પ્રમાણમાં યાગ(=જિનપ્રતિમાની પૂજા) કરાવી રહ્યા હતા. તથા (પર્વદિવસવગેરે વખતે) યાચકોને દાન તથા મળેલા દ્રવ્યના ભાગ પોતે આપતા હતા અને બીજાઓ પાસે અપાવતા હતા. તથા (ભેટણાંવગેરેરૂપ) મળતા લાભો ગ્રહણ કરતા હતાં અને બીજાપાસે ગ્રહણ કરાવતા હતા.'* આમ જો પરમ શ્રાવક **શ્રી સિદ્ધાર્થ રાજાએ** જિનપ્રતિમાપૂજન કર્યું હોય તો બીજાઓએ શા માટે જિનપૂજા કરવી ન જોઇએ ? **શ્રી સિદ્ધાર્થ રાજા શ્રાવક હતા તે દર્શાવતો આચારાંગનો આલાપક આ પ્રમાણે છે →**

*''****શ્રમણ ભગવાન મહાવીરસ્વામીના*** *માતાપિતા* ***શ્રી પાર્શ્વનાથ ભગવાનના*** *સંતાનીય શ્રાવકો હતા. તે બન્નેએ ઘણા વર્ષો સુધી શ્રાવકપર્યાયનું પાલન કરી છજીવનિકાયના સંરક્ષણનિમિત્તક પાપની આલોચના, નિંદા, ગર્હા, પ્રતિક્રમણ કરી તથા યથાયોગ્ય ઉત્તરગુણપ્રાયશ્ચિત્ત સ્વીકારી ઘાસના સંથારાપર બેસી* ***'ભક્તપ્રત્યાખ્યાન'***

*सरीरसंलेहणाए झुसियसरीरा कालमासे णं कालं किच्चा तं सरीरं विपजहित्ता अच्चुए कप्पे देवत्ताए उववन्ना। तओ णं आउक्खएणं भवक्खएणं ठिइक्खएणं चुते (ता) चइत्ता महाविदेहे वासे चरिमेणं ऊसासेणं सिज्झिस्संति (जाव) परिणिव्वाइस्संति सव्वदुक्खाणमंतं करिस्संति'* ॥ [श्रु॰ २, चू॰ ३, सू॰ १७८] त्ति। यथा **च सिद्धार्थ**राजव्यतिकरे यागशब्देन पूजा कृतेति समर्थितं, तथा **महाबलादि**व्यतिकरेऽपि दृश्यम्। अपि च शाश्वताशाश्वततीर्थानामाचार्यादीनां च प्रत्यभिगमनसम्पूजनादिना सम्यक्त्वनैर्मल्यं स्यादित्युक्त**माचारनिर्युक्तौ। तथा हि** →

*'तित्थयराणं भगवओ पवयणपावयणिअइसयड्ढीणं। अहिगमणनमणदरिसणकित्तणसंपूअणाथुणणा'॥ १॥ 'जम्माभिसेगनिक्खमणचरणनाणुप्पत्ति य निव्वाणे। दियलोयभवणमंदरनंदीसरभोमनगरेसु'॥ २॥ 'अट्ठावयमुज्जिंते गयग्गपयगे य धम्मचक्के य। पासरहावत्तणं चमरुप्पायं च वंदामि'॥ ३॥* [आचा॰ निर्यु॰ ३३०-३३१-३३२] **वृत्तिर्यथा** → *दर्शनभावनार्थमाह- 'तित्थयरे' त्ति गाहा। तीर्थकृतां भगवतां प्रवचनस्य=द्वादशाङ्गस्य गणिपिटकस्य तथा प्रावचनिनां=आचार्यादीनां युगप्रधानानां, तथाऽतिशयिनामृद्धिमतां=केवलिमनःपर्यायावधिमच्चतुर्दशपूर्वविदां तथाऽऽमर्षौषध्यादिप्राप्तर्द्धीनां यदभिमुखगमनं, गत्वा च नमनं, नत्वा च दर्शनं, तथा गुणोत्कीर्तनं, सम्पूजनं गन्धादिना, स्तोत्रैः स्तवनमित्यादिका दर्शनभावना। अनया हि दर्शनभावनया निरन्तरं भाव्यमानया दर्शनशुद्धिर्भवतीति। किञ्च- 'जम्माभिसेये' त्ति गाहा। 'अट्ठावये' त्ति गाहा। तीर्थकृतां जन्मभूमिषु तथा निष्क्रमणचरणज्ञानोत्पत्तिनिर्वाणभूमिषु, तथा देवलोकभवनेषु मन्दरेषु, तथा नन्दीश्वरद्वीपादौ भोमेषु च=पातालभवनेषु यानि शाश्वतानि चैत्यानि तानि वन्देऽहमिति द्वितीयगाथान्ते क्रिया। एवमष्टापदे तथा श्रीमदुज्जयन्तगिरौ, गजाग्रपदे*

---

*અનશન કર્યું. છેલ્લી મારણાંતિકી શરીરસંલેખનાથી ક્ષીણશરીરવાળા તે બન્ને ભક્તપ્રત્યાખ્યાન કર્યા બાદ મરણકાળે મૃત્યુ પામી અને તે શરીરને છોડી **અચ્યુત**(=બારમા) દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયા. ત્યાંથી આયુષ્યનો ક્ષય થયે, દેવભવનો ક્ષય થયે, દેવભવની સ્થિતિનો ક્ષય થયે, ચ્યવીને **મહાવિદેહ ક્ષેત્રમાં** ચરમ ઉચ્છ્વાસે સિદ્ધ થશે. બુદ્ધ થશે, પરિનિર્વાણ પામશે અને સર્વદુઃખોનો અંત કરશે.''*

અહીં જેમ **સિદ્ધાર્થ રાજાના** પ્રસંગમાં 'યાગ' પદથી 'પૂજા કરી' એવા અર્થનું સમર્થન કર્યું. તેમ **મહાબળવગેરેના** પ્રસંગમાં પણ સમજી લેવું.

## તીર્થપૂજનઆદિથી સમ્યક્ત્વશુદ્ધિ

વળી **આચારાંગ નિર્યુક્તિમાં** બતાવ્યું છે કે → 'શાશ્વત તીર્થ, અશાશ્વત તીર્થ અને આચાર્યવગેરેની સામે જવું, તેઓનું સંપૂજન કરવું વગેરે દ્વારા સમ્યક્ત્વ નિર્મળ થાય છે.' તે અંગેનો પાઠ આ પ્રમાણે છે →

*'તીર્થંકર ભગવંતો, પ્રવચન, પ્રાવચનિક, અતિશયઋદ્ધિવાળા મુનિઓનાં અભિગમન, નમસ્કાર, દર્શન, કીર્તન, સંપૂજના તથા સ્તવના (કરું છું.)'॥ ૧॥ 'તથા જન્મ અભિષેક, નિષ્ક્રમણ, ચરણ, જ્ઞાનોત્પાદ અને નિર્વાણભૂમિઓમાં તથા દેવલોક, ભવન, મંદર, નંદીશ્વર, ભૌમનગર વગેરેમાં તથા અષ્ટાપદ, ઉજ્જયંત, ગજાગ્રપદ, ધર્મચક્ર, પાર્શ્વ, રથાવર્ત, ચમરોત્પાતને વંદન કરું છું.'॥ ૨-૩॥* આ ત્રણે ગાથાની **વ્યાખ્યા** આ પ્રમાણે છે →

*''દર્શનભાવના માટે કહે છે- 'તિત્થયર' ત્તિ ગાથા-તીર્થંકર ભગવાન, દ્વાદશાંગ ગણિપિટકરૂપ પ્રવચન તથા યુગપ્રધાન આચાર્યાદિરૂપ પ્રાવચનિક તથા કેવળજ્ઞાની, મનઃપર્યાયજ્ઞાની, અવધિજ્ઞાની, ચૌદપૂર્વી તથા આમર્ષૌષધિવગેરે અતિશયઋદ્ધિ પામેલાઓ-આ બધાની સામે જવું, તેઓને નમસ્કાર કરવો, તેમના દર્શન કરવા, તેમના ગુણો ગાવા તથા ગંધ, ચૂર્ણ(વાસક્ષેપવગેરે)થી તેમની પૂજા કરવી તથા સ્તોત્રોવડે સ્તવના કરવી વગેરે દર્શનભાવના છે. સતત*

*दशार्णकूटवर्तिनि, तथा तक्षशिलायां धर्मचक्रे, तथाऽहिच्छत्रायां श्रीपार्श्वनाथस्य धरणेन्द्रकृतमहिमास्थाने, एवं रथावर्त्तपर्वते वैरस्वामिना यत्र पादपोपगमनं कृतं, यत्र च श्रीवर्द्धमानस्वामिनमाश्रित्य चमरेन्द्रेणोत्पतनं कृतम्। एतेषु च स्थानेषु यथासम्भवमभिगमनवन्दनपूजनोत्कीर्तनादिकाः क्रियाः कुर्वतो दर्शनशुद्धिर्भवतीति।*

तथा → *'अरिहंतसिद्धचेइयगुरुसुअधम्मे य साहुवग्गे य। आयरियउवज्झाए पवयणे सव्वसंघे य'* ॥ १ ॥ *'एएसु भत्तिजुत्ता पूअंता अहारिहमणन्नमणा। सामन्नमणुसरंता परित्तसंसारिआ भणिआ'*॥ २॥ इति [गा॰ १९-२०] **मरणसमाधिप्रकीर्णके** ॥ तथा भावनमस्कारं प्रतिपद्यमानो दर्शनमोहनीयादिक्षयोपशमेन, (१) अर्हत् (२) अर्हत्प्रतिमा (३) अर्हन्तः (४) अर्हत्प्रतिमाः (५) साधुरर्हत्प्रतिमा चेति युगपद् द्वयं (६) साधुर्जिनप्रतिमाश्च (७) साधवो जिनप्रतिमा च, (८) साधवो जिनप्रतिमाश्चेति अष्टस्वपि भङ्गेषु लभ्यत इत्युक्तं → *'नाणावरणिज्जस्स उ दंसणमोहस्स तह खयोवसमे। जीवमजीवे अट्ठसु भंगेसु अ होइ सव्वस्स' (सव्वत्थ पाठा.)* ॥ इति गाथया **नमस्कारनिर्युक्तौ** [आव॰ नि॰ ८९३] *'तित्थयरा जिण चउदस, दस भिन्ने संविग्ग तहा असंविग्गे। सारूविय वय दंसण पडिमाओ भावगामो उ'* ॥ इति **कल्पभाष्ये** [गा॰ १/१११४] । **न च** जिनप्रतिमादर्शनाद्यभावेऽपि

---

*ભાવિત કરાતી આ દર્શનભાવનાથી દર્શનશુદ્ધિ થાય છે. વળી 'જન્માભિસેયે' અને 'અટ્ઠાવયે' આ બે ગાથા. તીર્થંકરોની જન્મભૂમિ તથા દીક્ષાભૂમિ, ચારિત્ર પછીની વિહારભૂમિ, કેવલજ્ઞાનની ઉત્પત્તિની ભૂમિ આ બધા સ્થળે રહેલા, તથા દેવલોકમાં, ભવનપતિના ભવનોમાં, મંદર=મેરુપર્વતોપર તથા નંદીશ્વરવગેરે દ્વીપોમાં રહેલા, ભૌમ - પાતાલ ભવનોમાં રહેલા શાશ્વત ચૈત્યોને હું વંદુ છું. અહીં 'વંદામિ' ક્રિયાપદ બીજી ગાથાને અંતે રહેલું છે. તથા અષ્ટાપદપર તથા ઉજ્જયંતગિરિ (ગિરનાર) પર, ગજાગ્રપદ - દશાર્ણકૂટપર રહેલા તથા તક્ષશિલામાં ધર્મચક્રમાં, અહિચ્છત્રાનગરીમાં શ્રી પાર્શ્વનાથનો ધરણેન્દ્રવડે મહિમા કરાયેલા સ્થાને, એ જ પ્રમાણે જ્યાં વજ્રસ્વામીએ 'પાદપોપગમન' અનશન કર્યું હતું, તે રથાવર્ત પર્વતપર તથા જ્યાં મહાવીરસ્વામીને આશ્રયી ચમરેન્દ્રવડે ઉત્પાત કરાયેલો તે સ્થાને યથાસંભવ અભિગમન, વંદન, પૂજન, ઉત્કીર્તનવગેરે ક્રિયા કરવાથી સમ્યગ્દર્શનની શુદ્ધિ થાય છે.''*

## સમ્યગ્ભાવિત જિનપ્રતિમા ભાવગ્રામ

તથા **મરણસમાધિ પ્રકીર્ણકમાં** કહ્યું છે કે → *'અરિહંત, સિદ્ધ, ચૈત્ય, ગુરુ, શ્રુત, ધર્મ, સાધુવર્ગ, આચાર્ય, ઉપાધ્યાય, પ્રવચન, સર્વ સંઘ - આ બધાપર ભક્તિવાળા તથા આ બધાને પૂજવાવાળા, તથા યથાર્હ અનન્યમનવાળા થઇને શ્રામણ્યને અનુસરનારા પરીત્ત સંસારી(=મર્યાદિત સંસાર ભ્રમણવાળા) કહ્યા છે.'* ॥ ૧ - ૨ ॥

તથા દર્શનમોહનીયવગેરે કર્મના ક્ષયોપશમથી ભાવનમસ્કાર કરતો જીવ (૧) અરિહંતને (૨) અરિહંતની પ્રતિમાને (૩) અરિહંતોને (૪) અરિહંતની પ્રતિમાઓને (૫) સાધુને અને અરિહંતની પ્રતિમાને એકસાથે તથા (૬) સાધુ અને જિનપ્રતિમાઓ એકસાથે (૭) સાધુઓ અને જિનપ્રતિમા તથા (૮) સાધુઓ અને જિનપ્રતિમાઓને એકસાથે આમ આઠે ભાંગામાં ભાવનમસ્કાર કરતો મળી શકે. **નમસ્કાર નિર્યુક્તિમાં** કહ્યું જ છે કે → *'જ્ઞાનાવરણીયના અને દર્શનમોહનીયના ક્ષયોપશમથી(=સમ્યક્ત્વની પ્રાપ્તિથી) જીવ-અને અજીવને આશ્રયી આઠે ભાંગામાં સર્વને હોય.'* અહીં જીવપદથી અરિહંત કે સાધુ સમજવાના અને 'અજીવ' પદથી જિનપ્રતિમા લેવાની છે. (અહીં એક વાત સિદ્ધ થાય છે કે **જે જીવ સમ્યક્ત્વી હોય, તે અવશ્ય જિનપ્રતિમાને ઉપયોગપૂર્વક નમસ્કાર કરે જ.**) તથા **કલ્પભાષ્યમાં** કહ્યું છે કે → *'તીર્થંકર, જિન(સામાન્યકેવળી અથવા મનઃપર્યાય-અવધિજ્ઞાની), ચૌદપૂર્વી, દસપૂર્વી, ભિન્નદસપૂર્વી (=કંઇકન્યૂનદસપૂર્વી), સંવિગ્ન(=ઉદ્યતવિહારી), અસંવિગ્ન(=અનુદ્યતવિહારી), સારૂપિક(=શ્વેતવસ્ત્રધારી,*

केषाञ्चित्सम्यक्त्वलाभदर्शनाद् व्यभिचार इति शङ्कनीयं, चित्रभव्यत्वपरिपाकयोग्यतया प्रतिभव्यं सम्यक्त्वहेतूनां वैचित्र्यात्, तथात्वे च कस्यचित् तीर्थकृत्, कस्यचित् गणधरः, कस्यचित् साधुः, कस्यचिज्जिनप्रतिमादिकमित्येवं नैयत्यात् स्वजन्यभव्यत्वपरिपाकद्वारेण[1] व्यभिचाराभावात्, अन्यथा तीर्थकृतोऽपि सम्यक्त्वहेतवो न भवेयुस्तीर्थकर-मन्तरेणापि **गौतमादि**बोधितानां बहूनां सम्यक्त्वलाभप्रतीतेरन्वयव्यतिरेकसिद्धश्चायमर्थोऽत एव सम्यग्दृष्टि-परिगृहीतानां तासां कार्ये कारणोपचारेण (कारणे कार्योपचारेण इति सम्यग्भाति) भावग्रामत्वमिष्यते। तदुक्तं तत्रैव → *'जा सम्मभावियाओ, पडिमा इयरा न भावगामो उ। भावो जइ णत्थि तहिं, नणु कारणे कज्जउवयारो'॥* [बृहत्कल्पभा० १/१११६] *व्याख्या → याः सम्यग्भाविताः=सम्यग्दृष्टिपरिगृहीतप्रतिमास्ता भावग्राम उच्यते,*

---

*અસ્ત્રમૂંડિતમસ્તકવાળો, ભિક્ષાજીવી, ત્યક્તચારિત્રી), વ્રત(=વ્રતધારી શ્રાવક), દર્શન(=અવિરતસમ્યક્ત્વી) તથા પ્રતિમા(=જિનબિંબ) આ ભાવગ્રામ(=જ્ઞાનાદિ ત્રણના કારણો) બને.'*

**પૂર્વપક્ષ :-** કેટલાક જીવો જિનપ્રતિમાના દર્શનાદિ વિના પણ સમ્યક્ત્વ પ્રાપ્ત કરતા દેખાય છે. તેથી જિનપ્રતિમા 'ભાવગ્રામ' તરીકે અનૈકાંતિક છે.

**ઉત્તરપક્ષ :-** દરેક ભવ્ય જીવનું તથાભવ્યત્વ અલગ અલગ પ્રકારનું હોય છે, આ ભવ્યત્વના પરિપાકની યોગ્યતા પણ અલગ અલગ હોય છે. તેથી ભવ્ય જીવોના સમ્યક્ત્વની પ્રાપ્તિના હેતુઓ પણ અલગ અલગ હોય છે. જે ભવ્ય જીવનાં ભવ્યત્વનો પરિપાક જે હેતુથી થાય, તે હેતુ તેના સમ્યક્ત્વના લાભમાં કારણ બને. તેથી જ કેટલાકના સમ્યક્ત્વમાં તીર્થંકર, બીજા કેટલાકના સમ્યક્ત્વમાં ગણધરો, કોઇકના સમ્યક્ત્વમાં સાધુ, તો કેટલાકના સમ્યક્ત્વમાં જિનપ્રતિમાવગેરે કારણ બને છે. આ પ્રમાણે નિયતભાવ હોવાથી પ્રતિમા કેટલાકના સમ્યક્ત્વમાં કારણ ન બને તેટલામાત્રથી અનૈકાંતિક ન ગણાય, કારણ કે આ દરેક કારણ સ્વજન્યભવ્યત્વપરિપાકદ્વારા સ્વજન્યસમ્યક્ત્વમાં કારણ બને જ છે. સ્વ=તે-તે કારણવિશેષ. સમ્યક્ત્વની પ્રાપ્તિમાં ભવ્યત્વનો પરિપાક દ્વાર(=વ્યાપાર) છે. તે-તે ભાવગ્રામની હાજરીથી તેના-તેનાથી પરિપાક પામવાની યોગ્યતાવાળું ભવ્યત્વ પરિપાક પામે છે. અને ભવ્યત્વનો પરિપાક થવાથી સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.

(જ્યાં એક કાર્યપ્રત્યે અનેક સ્વતંત્ર કારણો ઉપલબ્ધ થતા હોય, ત્યાં તે કાર્યકારણભાવ સામાન્ય મળી શકે નહિ. તેથી ત્યાં **તૃણારણિમણિ**ન્યાયથી તે-તે કારણોને અપેક્ષીને કાર્યકારણભાવવિશેષની કલ્પના કરાય છે. જેમ કે પ્રસ્તુતમાં જ, તીર્થંકરના ઉપદેશથી પ્રગટતું સમ્યક્ત્વ અલગ કાર્ય ગણાય, અને પ્રતિમાદર્શનથી પ્રગટતું સમ્યક્ત્વ અલગકાર્ય ગણાય (સમ્યક્ત્વરૂપે કાર્ય સમાન હોવા છતાં). પ્રથમસ્થળે તીર્થંકરોપદેશ અને તજ્જન્ય સમ્યક્ત્વ વચ્ચે કાર્યકારણભાવ છે. દ્વિતીયસ્થળે પ્રતિમાદર્શન અને તજ્જન્ય સમ્યક્ત્વ વચ્ચે કાર્યકારણભાવ છે. તેથી જ જૈનશાસનના પ્રત્યેક યોગ કેવળજ્ઞાનમાં કારણ છે અને પ્રત્યેક યોગમાં વર્તતા અનંતાજીવો કેવળજ્ઞાન પામ્યા વગેરે વાતો યુક્તિસંગત બની શકે છે.)

જો આમ ન માનો, તો તીર્થંકરોને પણ સમ્યક્ત્વના હેતુતરીકે સ્વીકારી શકો નહિ, કારણ કે એવા કેટલાય જીવો છે, કે જેઓ તીર્થંકર વિના પણ **ગૌતમ**આદિ ગણધરોથી બોધ પામીને સમ્યક્ત્વ પામ્યા છે. આ કાર્યકારણભાવરૂપ અર્થ અન્વય-વ્યતિરેકથી સિદ્ધ છે. (જે હેતુથી સમ્યક્ત્વ પ્રાપ્ત થવાનું હોય, સમ્યક્ત્વની પ્રાપ્તિકાળે તે હેતુ હાજર હોય જ અને તે હેતુના અભાવમાં બીજા હેતુઓની હાજરીમાં પણ સમ્યક્ત્વ પ્રગટે નહિ. પ્રથમસ્થળે પ્રતિમાદર્શનથી **આર્દ્રકુમારને** પ્રાપ્ત થયેલું સમ્યક્ત્વ અને દ્વિતીય સ્થળે ભગવાન સાક્ષાત્ હાજર હોવા છતાં ખેડૂતને **ગૌતમસ્વામીના** ઉપદેશથી પ્રાપ્ત થયેલું સમ્યક્ત્વ દૃષ્ટાંતભૂત છે.) તેથી સમ્યગ્દૃષ્ટિના પરિગ્રહ(=અધિકાર)માં રહેલી જિનપ્રતિમાઓ કારણમાં કાર્યનો ઉપચાર કરીને ભાવગ્રામતરીકે માન્ય બને છે. **બૃહત્ કલ્પભાષ્યમાં** તે જ સ્થાને કહ્યું છે → *'સમ્યગ્ભાવિત પ્રતિમા જ ભાવગ્રામ છે. બીજી નહિ. જો*

---

① तज्जन्यत्वे सति तज्जन्यजनकत्वं द्वारत्वं(=व्यापारत्वम्)

*नेतरा मिथ्यादृष्टिपरिगृहीताः। **आह**-सम्यग्भाविता अपि प्रतिमास्तावज्ज्ञानादिभावशून्याः, ततो यदि दर्शन-ज्ञानादिरूपो भावः, स तत्र नास्तीति कथं ता भावग्रामो भवितुमर्हन्ति ? **उच्यते**-ता अपि दृष्ट्वा भव्यजीव-स्यार्द्रकुमारादेरिव सम्यग्दर्शनाद्युदीयमानमुपलभ्यते, ततो ननु कारणे कार्योपचार इतिकृत्वा ता अपि भावग्रामो भण्यन्त इति॥* तथा **षडावश्यकान्तर्गतश्रावकप्रतिक्रमणसूत्रे** साक्षादेव चैत्याराधनमुक्तम् →

*'जावंति चेइयाइं उड्ढे अ अहे अ तिरिअलोए अ। सव्वाइं ताइं वंदे इह संतो तत्थ संताइं'॥ त्ति* चतुश्चत्वारिंशत्तमगाथायाम्। एतच्चूर्णिर्यथा → *एवं च उवासाए जिणाणं वंदणं काउं संपइ सम्मत्तविसुद्धिणिमित्तं तिलोअगयाणं सासयाऽसासयाणं (चेइयाणं) वंदणं भणइ 'जावंति०'। इत्थ लोओ तिविहो उड्ढलोओ, अहोलोओ, तिरियलोओ अ, तत्थ उड्ढलोगो सोहम्मीसाणाइआ दुवालसदेवलोगा, हिट्ठिमाइया नवगेविज्जा, विजयाईणि पंचाणुत्तरमाईणि, एएसु विमाणाणि पत्तेयं 'बत्तीसट्ठावीसाबारसअट्ठचउरो सयसहस्सा। आरेणं बंभलोआ विमाण-संखा भवे एसा'॥ १ ॥ 'पंचासचत्तछच्चे व सहस्सा लंतसुक्कसहस्सारे। सयचउरो आणयपाणएसु तिन्नेवारणच्चुए' ॥ २॥ 'इक्कारसुत्तरं हिट्ठिमेसु सत्तुत्तरं च मज्झिमए। सयमिगं उवरिमए पंचेव य अणुत्तरविमाणा'॥ ३॥ सव्वग०*

---

*કે ત્યાં(=પ્રતિમામાં) ભાવ નથી. છતાં પણ કારણમાં કાર્યનો ઉપચાર છે.' સમ્યગ્ભાવિત=સમ્યગ્દષ્ટિપાસે રહેલી. આવી પ્રતિમા ભાવગ્રામ છે. ઇતર=મિથ્યાત્વીપાસે રહેલી પ્રતિમા ભાવગ્રામ નથી.*

***શંકા :-** સમ્યગ્ભાવિત પ્રતિમા પણ છે તો જ્ઞાનાદિભાવથી શૂન્ય જ. તેથી જો પ્રસ્તુતમાં દર્શનજ્ઞાનઆદિ ભાવ ઇષ્ટ હોય, તો તેના અભાવવાળી પ્રતિમા ભાવગ્રામ શી રીતે બની શકે ?*

***સમાધાન :-** અલબત્ત સમ્યગ્ભાવિતપ્રતિમા પણ જ્ઞાનાદિભાવથી શૂન્ય છે, છતાં પણ તેના દર્શનથી **આર્દ્રકુમાર** વગેરેની જેમ સમ્યગ્દર્શનાદિનો ઉદય થતો દેખાય છે, તેથી કારણમાં કાર્યનો ઉપચાર કરી પ્રતિમાને ભાવગ્રામ ગણી શકાય.*

## શાશ્વતજિનચૈત્યવંદના

વળી **આવશ્યકઅંતર્ગત શ્રાવકપ્રતિક્રમણ**(=વંદિત્તા સૂત્ર)માં ચૈત્યઆરાધના સાક્ષાત્ દર્શાવી છે. તે આ પ્રમાણે →

*'ઊર્ધ્વલોક, અધોલોક અને તિર્ચ્છાલોકમાં જેટલા પણ ચૈત્યો છે, ત્યાં રહેલા તે ચૈત્યોને અહીં રહેલો હું વંદુ છું'* [ગા. ૪૪] આ ગાથાની **ચૂર્ણિ** આ પ્રમાણે છે - *''આ પ્રમાણે શ્રાવકે જિનોને વંદન કર્યા બાદ (પૂર્વની ગાથામાં 'વંદામિ જિને ચઉવીસં'=ચોવીસે જિનોને વંદુ છું એવો પાઠ છે.) હવે સમ્યક્ત્વની વિશુદ્ધિમાટે ત્રણે લોકમાં રહેલા શાશ્વત-અશાશ્વત જિનચૈત્યોના વંદન બતાવે છે- 'જાવંતિ૦' ઇત્યાદિ, અહીં ત્રિવિધ લોક છે. (૧) ઊર્ધ્વલોક (૨) અધોલોક અને (૩) તિર્ચ્છાલોક. ઊર્ધ્વલોકમાં, સૌધર્મ-ઈશાનવગેરે બાર દેવલોક, 'હિટ્ઠિમ' વગેરે નવ ગ્રૈવેયક અને 'વિજય' વગેરે પાંચ અનુત્તર વિમાનો રહ્યા છે. આ દરેકમાં રહેલા વિમાનો અનુક્રમે આ પ્રમાણે છે. ૧લા દેવલોકમાં બત્રીશ લાખ, બીજા દેવલોકમાં અટ્ઠાવીશ લાખ, ત્રીજા દેવલોકમાં બાર લાખ, ચોથા દેવલોકમાં આઠ લાખ, પાંચમાં દેવલોકમાં ચાર લાખ, છટ્ઠા દેવલોકમાં પચાસ હજાર, સાતમા દેવલોકમાં ચાલીસ હજાર, આઠમાં દેવલોકમાં છ હજાર, નવમા-દસમા (ભેગા) દેવલોકમાં ચારસો, અગ્યારમાં-બારમા (ભેગા) ત્રણસો ચાર, નીચલા ત્રણ ગ્રૈવેયકમાં (ભેગા) એકસો અગ્યાર, મધ્યમ ત્રણ ગ્રૈવેયકમાં (ભેગા) એકસો સાત, તથા ઉપલા ત્રણ ગ્રૈવેયકમાં (ભેગા) એકસો અને પાંચ અનુત્તરના પાંચ. કુલ વિમાનસંખ્યા ચોર્યાસી લાખ, સત્તાણુ હજાર અને ત્રેવીશ.*

*'चुलसीइसयसहस्सा सत्ताणउईभवे सहस्साइं । तेवीसं च विमाणा-विमाणसंखा भवे एसा' ॥ ४ ॥ तहा अहोलोए मेरुस्स उत्तरदाहिणओ असुराईआ दस दसनिकाया। तेसु वि भवणसंखा-सव्वग०। 'सत्तेव य कोडीओ हवंति बावत्तरीसयसहस्सं। जावंति विमाणाइं सिद्धायणाइं तावंति' ॥ ५ ॥ तहा तिरियलोगो समधरणियलाओ उड्ढं नवजोयणसयाइं हेट्ठावि अहोगामिसु नवजोयणसयाइं एवं अढारसजोयणसयाइं। एवं अट्ठारसजोअणमाणो तिरियलोगो। तत्थ जिनायतनानि- 'नंदीसरम्मि बावन्ना जिणहरा सुरगिरिसु तह असीइं। कुंडलनगमाणुसुत्तररुअग-वलएसु चउचउरो' ॥ ६ ॥ 'उसुयारेसुं चत्तारि असीइ वक्खारपव्वएसु तहा। वेयड्ढे सत्तरसयं तीसं वासहरसेलेसु' ॥*

---

*(૮૪,૯૭,૦૨૩) તથા અધોલોકમાં મેરુ પર્વતની ઉત્તરમાં અને દક્ષિણમાં ભવનપતિના અસુરનિકાયવગેરે દસ નિકાય છે. તે બધાના ભવનોની કુલ સંખ્યા સાત કરોડ અને બહોંતેર લાખ છે. (૭,૭૨,૦૦,૦૦૦) જેટલા પણ વિમાન અને ભવનો છે, તેટલા સિદ્ધાયતનો=જિનાલયો છે. (દરેક વિમાનમાં અને ભવનમાં એક એક ચૈત્યાલય છે.) તથા સમતલ પૃથ્વીથી ઉપર નવસો યોજન સુધી અને નીચે નવસો યોજન સુધી, એમ કુલ અઢારસો યોજનની ઊંચાઇવાળો તિર્ચ્છાલોક છે. આ તિર્ચ્છાલોકમાં શાશ્વત દેરાસરો - નંદીશ્વર દ્વીપમાં બાવન છે. તથા મેરુ પર્વતોપર એંસી છે. તથા કુંડલ પર્વત અને માનુષોત્તર પર્વત પર તથા રુચક વલયમાં ચાર - ચાર છે. ઇક્ષુકાર પર્વતોપર પણ ચાર છે. વક્ષસ્કાર પર્વતોપર એંસી છે. વૈતાઢ્ય પર્વતપર એકસો સીત્તેર, વર્ષધર પર્વતોપર ત્રીસ છે. ગજદંત પર્વતોપર વીસ છે. ઉત્તરકુરુ અને દેવકુરુઓમાં દસ. આમ તિર્ચ્છાલોકમાં કુલ ચારસો ને અટ્ઠાવન ચૈત્યો છે.* (અહીં ઋષભકૂટપર, નદીના દ્વીપ વગેરેમાં રહેલા ચૈત્યોની વિવક્ષા નથી કરી. અન્યથા અન્યત્ર તિર્ચ્છાલોકમાં ત્રણ હજાર બસો ઓગણસાઠ શાશ્વત ચૈત્યો બતાવ્યા છે. ત્રણે લોકના શાશ્વતજિનાલયોનો કોઠો.)

| ઊર્ધ્વ લોક | જિનાલય સંખ્યા | અધોલોક | જિનાલય સંખ્યા |
|---|---|---|---|
| સૌધર્મ દેવ | ૩૨ લાખ | ભવનપતિના | ૭ કરોડ, ૭૨ લાખ |
| ઈશાન દેવ | ૨૮ લાખ | **તિર્ચ્છાલોક** | |
| સનત્કુમાર દેવ | ૧૨ લાખ | નંદીશ્વર દ્વીપમાં | ૫૨ |
| માહેન્દ્ર દેવ | ૮ લાખ | મેરુપર્વતોપર | ૮૦ |
| બ્રહ્મ દેવ | ૪ લાખ | (૧) કુંડલ પર્વત, (૨) | |
| લાંતક દેવ | ૫૦ હજાર | માનુષોત્તર પર્વત, (૩) | |
| મહાશુક્ર દેવ | ૪૦ હજાર | રૂચક વલય તથા (૪) | |
| સહસ્રાર દેવ | ૬ હજાર | ઈક્ષુકારપર્વત, દરેકમાં | |
| આનત-પ્રાણત | ૪૦૦ | ચાર ચાર (૪ × ૪) | ૧૬ |
| આરણ-અચ્યુત | ૩૦૪ | વક્ષસ્કાર પર્વતોપર | ૮૦ |
| નવ ગ્રૈવેયક | ૩૧૮ | વૈતાઢ્ય પર્વતોપર | ૧૭૦ |
| પાંચ અનુત્તર | ૫ | વર્ષધર પર્વતોપર | ૩૦ |
| | | ગજદંત પર્વતોપર | ૨૦ |
| | | દેવકુરુ-ઉત્તરકુરુમાં | ૧૦ |
| કુલ | ૮૪૯૭૦૨૩ | કુલ | ૪૫૮ |

७॥ *'वीसं गयदंतेसु दस जिणभवणाइं कुरुनगवरेसु। एवं च तिरियलोए अडवन्ना हुंति सय चउरो'* ॥ ८॥ *'वंतरजोइसिआणं असंखसंखा जिणालया निच्चा। गामागारनगनगराइएसु कयगा बहू संति'* ॥ ९॥ *'एवं च सासयासासयाइं वंदामि चेइआइं ति। इत्थ पदेसम्मि ठ्ठिओ संतो तत्थ पदेसम्मि'* ॥ १०॥ इति समस्तद्रव्यार्हद्वन्दनानिवेदकगाथासमासार्थः॥

अत्र जिनप्रतिमानां यद् द्रव्यार्हत्त्वमुक्तं तद्भावार्हत्परिज्ञानहेतुतामधिकृत्य, अन्यथा तासां स्थापनाजिनत्वात्। **कश्चिदाह** - "एतत् **श्रावकप्रतिक्रमणसूत्रं** न गणधरकृतं, किन्तु श्रावककृतं, तत्रापि *'तस्स धम्मस्स'* इत्यादि गाथादशकं(=अष्टकं ?) केनचिदर्वाचीनेन क्षिप्तमि"त्यादि। स क्षिप्तसारबीजजः(क्षिप्तजारबीजः?), सहसाऽज्ञातकथने तीर्थकरादीनां महाशातनाप्रसङ्गात्। न हि क्वाप्येतत्सूचकं प्रवचनमुपलभामहे, नवाऽच्छिन्नपरम्परागतवृद्धवचनमीदृक् केनचित् श्रुतं, किन्तु यस्य सूत्रादेः कर्त्ता नामग्राहं न ज्ञायते, प्रवचने च सर्वसम्मतं यत्, तत्कर्त्ता **सुधर्मास्वाम्येवेति वृद्धवादः**, भणितं च तथा **विचारामृतसङ्ग्रहे**ऽपि[①]।

*'नियदव्वमउव्वजिणिंदभवणजिणबिंबवरपइट्ठासु। वियरइ पसत्थपुत्थयसुतित्थतित्थयरपूआसु'* ॥ इति **भक्तप्रकीर्णके** [गा० ३१] *'संवच्छरचाउम्मासिएसु, अट्ठाहिआसु य तिहिसु। सव्वायरेण लग्गइ, जिणिंदपूआतव-*

---

*વ્યંતર અને જ્યોતિષમાં અસંખ્ય-અસંખ્ય શાશ્વત જિનાલયો છે. એ જ પ્રમાણે ગામ-પર્વત-નગરો વગેરેમાં બનાવેલા ઘણા જિનાલયો છે. ત્યાં-ત્યાં રહેલા એ તમામ શાશ્વત અને અશાશ્વત જિનાલયોને અહીં રહેલો હું વંદન કરું છું.* આ પ્રમાણે સર્વ દ્રવ્યજિનને વંદન સૂચવતી ગાથાનો સંક્ષેપ અર્થ બતાવ્યો.

## અજ્ઞાતકર્તૃક સર્વસંમત સૂત્રના કર્તા સુધર્માસ્વામીજી

અહીં જિનપ્રતિમાઓની દ્રવ્યજિનતરીકે વિવક્ષા કરવામાં **ચૂર્ણિકારનો** આશય આ છે - આ પ્રતિમાઓ ભાવજિનનો બોધ કરાવવામાં કારણ બને છે. અને ભાવનું કારણ દ્રવ્ય કહેવાય, તેથી વાસ્તવમાં ભાવજિનની સ્થાપનારૂપ હોવાથી સ્થાપનાજિન હોવા છતાં પ્રતિમાઓને દ્રવ્યજિન કહેવામાં દોષ નથી.

**કોક પ્રતિમાલોપક :-** આ **વંદિત્તાસૂત્રની** રચના ગણધરોએ કરી નથી, પરંતુ શ્રાવકે કરી છે, તેમાં પણ *'તસ્સ ધમ્મસ્સ'* ઇત્યાદિ છેલી દશ(કે આઠ ?) ગાથા કોઇક આધુનિક શ્રાવકે ઉમેરેલી છે. તેથી આ સૂત્ર, તેમાં પણ છેલ્લી ગાથાઓ પ્રમાણભૂત નથી.

**ઉત્તરપક્ષ :-** અજ્ઞાતવિષયમાં આમ ઉતાવળા નિર્ણય બાંધવામાં તીર્થંકરવગેરેની આશાતના થઇ રહી છે તેનો વિવેક રાખવો જોઇતો હતો. આગમમાં કે અન્યત્ર ક્યાંય તમે કહેલી વાતને પુષ્ટ કરે તેવું પ્રવચન મળતું નથી કે અવિચ્છિન્ન શ્રુતવૃદ્ધપુરુષોની પરંપરામાં પણ ક્યાંય તમારા કથનને અનુરૂપ વાત સંભળાતી નથી. બલ્કે વૃદ્ધસંપ્રદાય તો એવો છે કે, 'જે કોઇ સૂત્રવગેરેના કર્તાનું સ્પષ્ટ નામ મળતું ન હોય અને એ સૂત્ર સંઘમાં સર્વમાન્ય હોય, તો તે સૂત્રના કર્તાતરીકે **સુધર્માસ્વામીને** જ સ્વીકારવા.' આ જ વાતની પુષ્ટિ **વિચારામૃતસંગ્રહમાં** કરી છે. તેથી અજ્ઞાતકર્તૃક સર્વમાન્ય **વંદિત્તાસૂત્રના** કર્તા તરીકે **સુધર્માસ્વામી** માન્ય હોવાથી આ સૂત્ર પ્રમાણભૂત છે.

**ભક્ત પ્રકીર્ણકમાં** પણ કહ્યું છે → *'નવા જિનેન્દ્રભવન તથા જિનબિંબોની શ્રેષ્ઠ પ્રતિષ્ઠામાં તથા પ્રશસ્તપુસ્તક (=શ્રુતજ્ઞાન લખાવવાવગેરેમાં) તથા સુતીર્થ અને તીર્થંકરની પૂજામાં (શ્રાવક) પોતાનું દ્રવ્ય વાપરે.'* તથા

---

① एवं तेषामेव श्राद्धप्रतिक्रमणसूत्रादीनामपि निर्यूहकश्रुतस्थविरनामापरिज्ञानेऽप्यागमत्वं प्रमाणत्वं चाविकलमेवोभयत्रापि समानत्वात्। एवं च गणधरकृतमुपजीव्य श्रुतस्थविरैर्विरचितत्वादावश्यकादिसकलानङ्गप्रविष्टश्रुतस्य स्थविरकृतत्वमपि सिद्धान्तेऽभ्यधायीति तात्पर्यार्थः। इति विचारामृतसङ्ग्रहे पाठः।

*गुणेसु'*॥[गा० २४१] इत्याद्य**ुपदेशमालायाम्**। किम्बहुना ? काव्यम् - 'वाक्यानवगृहीतसङ्गतिनृणां वाच्यार्थ-वैशिष्ट्यतः, सद्बोधं प्रतिमाः सृजन्ति तदिमा ज्ञेयाः प्रमाणं स्वतः। तत्तत्कर्मनियोगभृत्परिकरैः सेव्या वरोपस्कारैरेता एव हि राजलक्षणभृतो राजन्ति नाकेष्वपि' ॥ १॥

तथा च **जीवाभिगमे** तदृद्धिवर्णनम् →

*'तत्थ णं देवच्छंदए अट्ठसयं जिणपडिमाणं जिणुस्सेहप्पमाणमित्ताणं संनिक्खित्तं चिट्ठति। तासिं णं जिणपडिमाणं अयमेतारूवे वण्णावासे पण्णत्ते, तं०- तवणिज्जमया हत्थतला पायतला, अंकमयाइं णखाइं, अंतो लोहियक्खपरिसेयाइं, कणगमया पाया, कणगमया गोप्फा, कणगमईओ जंघाओ, कणगमया जाणू, कणगमया उरू, कणगमयाओ गायलट्ठीओ, तवणिज्जमईओ नाभीओ, रिट्ठामईओ रोमराजीओ, तवणिज्जमया चुच्चुआ, तवणिज्जमया सिरिवच्छा, कणगमयाओ बाहाओ, कणगमईओ पासाओ, कणगमईओ गीवाओ, रिट्ठामए मंसू, सिलप्पवालमया ओट्ठा, फलिहमया दंता, तवणिज्जमईओ जीहाओ, तवणिज्जमया तालुआ, कणगमईओ णासाओ अंतोलोहियक्खपरिसेयाओ अंकमयाइं अच्छीणि अंतो लोहियक्खपरिसेइआइं, पुलगमईओ दिट्ठीओ, रिट्ठामतीओ तारगाओ, रिट्ठामयाइं अच्छिपत्ताइं, रिट्ठामईओ भमुहाओ, कणगमया कवोला, कणगमया सवणा, कणगमया णिडालावट्टा वइरमईओ सीसघडीओ, तवणीयमईओ केसंतकेसभूमीओ, रिट्ठामया उवरिमुद्धजा। तासिं णं जिणपडिमाणं पुरओ पिट्ठओ पत्तेयं २ छत्तधारगपडिमाओ पण्णत्ताओ, ताओ णं छत्तधारगपडिमाओ हिमरयय-कुंदिंदुसप्पगासाइं सकोरींटमल्लदामधवलाइं आतपत्ताइं सलीलं ओहारेमाणीओ चिट्ठंति। तासिं णं जिणपडिमाणं उभओ पासिं पत्तेयं २ चामरधारपडिमाओ पण्णत्ताओ, ताओ णं चामरधारपडिमाओ चंदप्पहवइरवेरुलियनाणा-मणिकणगरयणविमलमहरिहतवणिज्जुज्जलविचित्तदंडाओ चिल्लिआओ संखककुंददगरययमतमथितफेणपुंज-*

---

**ઉપદેશમાળામાં** પણ કહ્યું છે કે → *'સાંવત્સરિક, ચાતુર્માસિક પર્વોમાં, ચૈત્રીઆદિ અટ્ઠાઇઓમાં, પર્વતીથિઓમાં (શ્રાવક) જિનેશ્વરભગવાનની પૂજા, ઉપવાસવગેરે તપમાં અને જ્ઞાનાદિગુણોની પ્રાપ્તિમાં હૈયાના પૂર્ણ આદરબહુમાનથી લાગી જાય.'* પ્રતિમાને પૂજ્યતરીકે પ્રમાણિત કરાવવા બીજા કેટલા પ્રમાણ બતાવવા ? **કાવ્ય :-** 'વાક્ય(થી કે ની) સંગતિનું જ્ઞાન મેળવવામાં નિષ્ફળ ગયેલા જીવોને પ્રતિમા વાચ્યાર્થની(=પ્રસ્તુતમાં ભાવતીર્થંકરની) વિશિષ્ટતાનો પ્રકાશ પાથરવાદ્વારા સદ્બોધ પમાડે છે. તેથી પ્રતિમાઓ સ્વતઃ પ્રમાણભૂત છે. (અર્થાત્ તેમને પ્રમાણિત ઠેરવવા અન્યપ્રમાણો આવશ્યક નથી.) તે-તે ક્રિયાઓમાં નિયુક્ત પરિકરોરૂપ શ્રેષ્ઠઉપસ્કરોથી સેવ્ય હોવાથી રાજાના લક્ષણને ધારણ કરતી આ જિનપ્રતિમાઓ જ સ્વર્ગમાં શોભી રહી છે. (અથવા-પરિકરોથી રાજાના લક્ષણોને ધારણ કરતી અને શ્રેષ્ઠ સામગ્રીથી સેવનીય આ જિનપ્રતિમાઓ જ સ્વર્ગોમાં પણ શોભી રહી છે.)'

## શાશ્વતપ્રતિમાનું વર્ણન

જુઓ **જીવાભિગમ સૂત્રમાં** કરેલું પ્રતિમાનું સૂક્ષ્મ નિરૂપણ →

*"ત્યાં દેવચ્છંદાપર જિનેશ્વરની ઊંચાઇ જેટલી ઊંચાઇવાળી(અર્થાત્ પાંચસો ધનુષ્યની ઊંચાઇવાળી) એકસો આઠ જિનપ્રતિમાઓ રહી છે. તે જિનપ્રતિમાઓના આવા પ્રકારના વર્ણસમુદાય બતાવ્યા છે. હાથ અને પગના તળિયા તપનીયમય છે. મધ્યમાં લોહિતાક્ષરત્નપ્રતિષેકવાળા અને અંકરત્નમય નખો છે. પગ, ગુલ્ફ(ઘુંટી ?), જંઘા, જાનું, ઊરુ, તથા ગાત્રયષ્ટિ(=શરીર) આ બધા સુવર્ણમય છે. નાભિ તપનીયમય છે. રોમરાજી રિષ્ટરત્નમય છે. ચિબુક=સ્તનનો અગ્રભાગ, અને શ્રીવત્સ તપનીયમય છે. હાથ, પાર્શ્વભાગ તથા ડોક સુવર્ણમય છે. શિલાપ્રવાલ=*

*सन्निकासाओ, सुहुमरययदीहवालाओ, धवलाओ चामराओ सलीलं ओहारेमाणीओ चिट्ठंति। तासिं णं जिण-पडिमाणं पुरओ दो दो नागपडिमाओ, दो दो जक्खपडिमाओ, दो दो भूयपडिमाओ, दो दो कुंडधारगपडिमाओ, विणओणयाओ, पायवडिआओ, पंजलिउडाओ संणिक्खित्ताओ चिट्ठंति। सव्वरयणामईओ अच्छाओ, सण्हाओ, लण्हाओ, घट्ठाओ, मट्ठाओ, नीरयाओ, निप्पंकाओ, जाव पडिरूवाओ। तासिं णं जिणपडिमाणं पुरओ अट्ठसयं घंटाणं, अट्ठसयं चंदणकलसाणं, एवं अट्ठसयं भिंगाराणं, आयंसगाणं, थालाणं, पातीणं, सुपइट्ठगाणं, मणगुलि-याणं, वातकरगाणं, चित्ताणं रयणकरंडगाणं, हयकंठगाणं जाव उसभकंठगाणं पुप्फचंगेरीणं, जाव लोमहत्थचंगेरीणं पुप्फपडलगाणं जाव लोमहत्थपडलगाणं, सींहासणाणं, छत्ताणं, चामराणं, अट्ठसयं तेल्लसमुग्गाणं जाव अंजण-समुग्गाणं, अट्ठसयं झयाणं, अट्ठसयं धूवकडच्छुयाणं संणिक्खित्तं चिट्ठइ' ॥* [३/२/१३९] **एतद्वृत्तिर्यथा** → *'तत्थ णं' इत्यादि। तत्र देवच्छन्दकेऽष्टशतं=अष्टाधिकं शतं जिनप्रतिमानां जिनोत्सेधप्रमाणमात्राणां=पञ्चधनुःशत-प्रमाणानामिति भावः, संनिक्षिप्तं तिष्ठति। 'तासिं णं जिनपडिमाणं' इत्यादि । तासां जिनप्रतिमानामयमेतद्रूपो वर्णावासः=वर्णकनिवेशः प्रज्ञप्तः, तपनीयमयानि हस्ततलपादतलानि, अङ्कमयाः=अङ्करत्नमया अन्तः=मध्ये लोहिताक्षरत्नप्रतिषेका नखाः, कनकमयाः पादाः, कनकमयाः गुल्फाः, कनकमय्यो जङ्घाः, कनकमयानि जानूनि, कनकमया ऊरवः, कनकमय्यो गात्रयष्टयः, तपनीयमया नाभयः, रिष्टरत्नमय्यो रोमराजयः, तपनीयम-याश्चिबुकाः=स्तनाग्रभागाः, तपनीयमयाः श्रीवत्साः, शिलाप्रवालमयाः=विद्रुममया ओष्ठाः, स्फटिकमया दन्ताः, तपनीयमय्यो जिह्वाः, तपनीयमयानि तालुकानि, कनकमय्यो नासिका अन्तर्लोहिताक्षरत्नप्रतिषेकाः, अङ्कमयान्य-क्षीणि अन्तर्लोहिताक्षप्रतिषेकाणि, रिष्टरत्नमय्योऽक्षिमध्यगततारिकाः, रिष्टरत्नमयान्यक्षिपत्राणि, रिष्टरत्नमय्यो भ्रुवः, कनकमयाः कपोलाः, कनकमयाः श्रवणाः, कनकमय्यो ललाटपट्टिकाः, वज्रमय्यः शीर्षघटिकाः,*

---

*વિદ્રુમમય ઓષ્ઠ છે. દાઢી રિષ્ટરત્નમય છે. દાંતો સ્ફટિકમય છે. જીભ અને તાલુ તપનીયમય છે. મધ્યમાં લોહિતાક્ષપ્રતિષેકવાળી નાસિકા(=નાક) સુવર્ણમય છે. મધ્યમાં લોહિતાક્ષપ્રતિષેકવાળી આંખો અંકરત્નમય છે. પુલકરત્નમય દૃષ્ટિ છે. અને કીકી રિષ્ટરત્નમય છે. આંખની પાંપણ અને ભ્રમર રિષ્ટરત્નમય છે. કાન, કપોળ અને લલાટ સુવર્ણમય છે. શીર્ષઘટિકા તપનીયમય છે, કેશની અંતભૂમિ અને કેશભૂમિ તપનીયમય છે. ઉપરિમુર્દ્ધજા=વાળો રિષ્ટરત્નમય છે. તે દરેક જિનપ્રતિમાની પાછળ એક એક છત્રધારકપ્રતિમા છે. આ પ્રતિમાઓ સુવર્ણ, રજત, કુંદ (પુષ્પવિશેષ), ચંદ્રપ્રકાશ, કોરંટ(પુષ્પ)ની માળા વગેરે જેવા શ્વેતવર્ણવાળા છત્ર લીલાપૂર્વક ધારણ કરીને રહી છે. તે દરેક પ્રતિમાની બન્ને પડખે એક એક - કુલ બબ્બે ચામરધારક પ્રતિમાઓ રહી છે. તે ચામરધારક પ્રતિમાઓ ચંદ્રપ્રભ= ચંદ્રકાંતમણિ, વજ્રમણિ, વૈડૂર્યમણિ તથા બીજા જુદા જુદા રત્નોથી જડેલા જુદા જુદા દાંડાઓવાળા તથા સૂક્ષ્મ અને કોમળ રજતમય વાળયુક્ત તથા શંખ, કકુદ, રજત, પાણીના ફીણના પુંજવગેરે સમાન ઉજ્જ્વળ ચામરોને લીલાપૂર્વક ધારણ કરીને રહી છે. તે જિનપ્રતિમાઓની સામે નાગની, યક્ષની, ભૂતની અને કુંડધારકની દરેકની વિનયથી નમેલી અને પગે પડેલી તથા હાથ જોડીને રહેલી બબ્બે પ્રતિમાઓ છે. આ બધી પ્રતિમા સર્વરત્નમય તથા સ્વચ્છ, કોમળ, મૃદુ ઘૃષ્ટ(વારંવાર ઘસાવાથી જાણે ચમકતી ન હોય તેવી) મૃષ્ટ(જાણે અત્યંત પોલીસ કરાયેલી) ધુળ વિનાની અને કાદવ વિનાની છે. આ પ્રત્યેક જિનપ્રતિમાઓની આગળ ઘંટ, વંદનકળશ, ભૃંગાર, અરિસા, થાળ, પાત્રી, સુપ્રતિષ્ઠ, મનોગુલિકા(=પીઠિકાવિશેષ), વાડકા, વિચિત્ર રત્નોના કરંડિયા, હયકંઠ(ઘોડાના કંઠ જેવા...), ગજકંઠ, નરકંઠ, કિંનરકંઠ, કિંપુરુષકંઠ, મહોરગકંઠ, ગંધર્વકંઠ, વૃષભકંઠ, પુષ્પચંગેરી, વાસણવિશેષ, માળાચંગેરી, વસ્ત્રચંગેરી, આભરણ*

*तपनीयमय्यः केशान्तकेशभूमयः केशानामन्तभूमयः केशभूमयश्चेति भावः। रिष्टमया उपरिमूर्द्धजाः केशाः। तासां जिनप्रतिमानां पृष्ठत एकैकाः छत्रधरप्रतिमाः हेमरजतकुन्देन्दुप्रकाशं सकोरण्टमाल्यदामधवलमातपत्रं सलीलं धरन्त्यस्तिष्ठन्ति। 'तासिं णं जिनपडिमाणं' इत्यादि-तासां जिनप्रतिमानां प्रत्येकमुभयोः पार्श्वयोः द्वे द्वे चामरधर-प्रतिमे प्रज्ञप्ते, 'चंदप्पभं' इत्यादि- 'चंदप्पभ'=चन्द्रकान्तमणिः, वज्रं वैडूर्यं च प्रतीते, चन्दप्रभवज्रवैडूर्याणि शेषाणि च नानामणिरत्नानि खचितानि येषु दण्डेषु ते, तथा; एवंरूपाश्चित्राः=नानाप्रकारा दण्डा येषु तानि तथा, स्त्रीत्वं प्राकृतत्वात्, 'सुहुम' त्ति सूक्ष्माः=श्लक्ष्णा रजतमया वाला येषां तानि, तथा; 'संखं' त्ति प्रतीतं, चामराणि गृहीत्वा सलीलं वीजयन्त्यस्तिष्ठन्ति। 'तासि णं' इत्यादि-तासां जिनप्रतिमानां पुरतो द्वे द्वे नागप्रतिमे, द्वे द्वे यक्षप्रतिमे, द्वे द्वे भूतप्रतिमे, द्वे द्वे कुण्डधारप्रतिमे, संनिक्षिप्ते तिष्ठतः, ताश्च 'सव्वरयणामईओ' इत्यादि प्राग्वत्। 'तत्थ णं' इत्यादि तस्मिन् देवच्छन्दके जिनप्रतिमानां पुरतोऽष्टशतं घण्टानां, अष्टशतं चन्दनकलशानामष्टशतं भृङ्गाराणां, अष्टशतमादर्शानां, अष्टशतं स्थालानां, अष्टशतं पात्रीणां, अष्टशतं सुप्रतिष्ठानां, अष्टशतं मनोगुलिकानां=पीठिका-विशेषरूपाणां, अष्टशतं वातकरकाणां, अष्टशतं चित्राणां रत्नकरण्डकाणां, अष्टशतं हयकण्ठानां, अष्टशतं गज-कण्ठानां, अष्टशतं नरकण्ठानां, अष्टशतं किन्नरकण्ठानां, अष्टशतं किम्पुरुषकण्ठानां, अष्टशतं महोरगकण्ठानां, अष्टशतं गन्धर्वकण्ठानां, अष्टशतमृषभकण्ठानां, अष्टशतं पुष्पचङ्गेरीणां, अष्टशतं माल्यचङ्गेरीणां, अष्टशतं चूर्ण-चङ्गेरीणां अष्टशतं गन्धचङ्गेरीणां, अष्टशतं वस्त्रचङ्गेरीणां, अष्टशतमाभरणचङ्गेरीणां, अष्टशतं लोमहस्तचङ्गेरीणां, लोमहस्तकः=मयूरपिच्छपुञ्जनिका, अष्टशतं पुष्पपटलकानां, अष्टशतं माल्यपटलकानां, उत्कलानि पुष्पाणि, ग्रथितानि माल्यानि। अष्टशतं चूर्णपटलकानां, एवं गन्धवस्त्राभरणसिद्धार्थलोमहस्तकपटलकानामपि प्रत्येकं प्रत्येकमष्टशतं द्रष्टव्यम्। अष्टशतं सिंहासनानां, अष्टशतं छत्राणां, अष्टशतं चामराणां, अष्टशतं तैलसमुद्गकानां, अष्टशतं कोष्ठसमुद्गकानां, अष्टशतं चोयकसमुद्गकानां, अष्टशतं तगरसमुद्गकानां, अष्टशतमेलासमुद्गकानां, अष्टशतं हरितालसमुद्गकानां, अष्टशतं हिंगुलसमुद्गकानां, अष्टशतं मनःशिलसमुद्गकानां, अष्टशतमञ्जनसमुद्गकानां सर्वाण्येतानि तैलादीनि परमसुगन्धोपेतानि द्रष्टव्यानि, अष्टशतं ध्वजानामित्यादि॥*

एवंविधराजचिह्नयुक्ता यथोचितव्यापारनियुक्तनागादिप्रतिमासेव्यमानाश्चङ्गेर्यादिपूजोपकरणसमन्विताश्च प्रतिमाः शाश्वतभावेन स्वत एवात्मनो जगत्पूज्यत्वं ख्यापयन्ति, अन्यथा तथाविधचिह्नाद्युपेतत्वासम्भवात्। एवं-विधव्यतिकरमाकर्ण्यापि ये जिनप्रतिमामाराध्यत्वेन नाङ्गीकुर्वते, ते क्लिष्टकर्मोदयिनो मन्तव्याः। **न चैवं** परिवारो-

---

*ચંગેરી, મોરપીંછની ચંગેરી, પુષ્પપટલક, માળાપટલક(છુટા છુટા 'પુષ્પ' અને ગુંથેલા હોય તે 'માળા'), ચૂર્ણપટલક, તથા ગંધવસ્ત્ર આભરણ સિદ્ધાર્થ(ધાન્ય વિશેષ) મોરપીંછ વગેરેના પટલક, તથા સિંહાસન, છત્ર, ચામર, તેલસમુદ્ગક(=ડાબડા), કોષ્ઠ સમુદ્ગક, ચોયક સમુદ્ગક, તગર સમુદ્ગક, એલા સમુદ્ગક, હરિતાલ સમુદ્ગક, હિંગુલ સમુદ્ગક, મનઃશિલ સમુદ્ગક, અંજન સમુદ્ગક, (તેલવગેરે આ બધા પરમ સુગંધવાળા છે.) ધજાવગેરે તમામ વસ્તુઓ દરેક એકસો આઠ રહેલા છે."*

## જિનપ્રતિમાની સ્વતઃ જગત્પૂજ્યતા

આ પ્રમાણે રાજાના ચિહ્નોથી યુક્ત હોવાથી, પોતપોતાને યોગ્ય કાર્યમાં જોડાયેલા નાગવગેરેની પ્રતિમાઓથી સેવાતી હોવાથી અને ચંગેરીવગેરે પૂજાની સામગ્રીથી પરિવરેલી હોવાથી જિનપ્રતિમાઓ શાશ્વતકાળથી સ્વયં જ 'પોતે જગત્પૂજ્ય છે' એવી ખ્યાતિ ફેલાવી રહી છે. જો જિનપ્રતિમાઓ આમ શાશ્વત જગત્પૂજ્ય ન હોત, તો આવા

पेताः शाश्वतप्रतिमा एव भवन्ति नान्या इति वाच्यं, **अष्टापदाद्रौ भरतकारितानामृषभादिवर्द्धमानान्तानां** चतुर्विंशतेरपि जिनप्रतिमानां तथापरिवारोपेतत्वात्, '**जीवाभिगमो**क्तपरिवारयुक्ता' इति वचनात्। किञ्च देवलोका-दावपि *'जेणेव देवच्छंदए'* इत्यागमवचनाज्जिनप्रतिमा एव शाश्वतभावेन देवशब्दवाच्याः सन्ति, न तथाऽन्य-

---

ચિહ્નવગેરેથી યુક્ત પણ ન હોત; આવા પ્રકારના વ્યતિકરને શ્રવણપથપર લાવવા છતાં જેઓ જિનપ્રતિમાને આરાધ્યરૂપે સ્વીકારવા તૈયાર નથી, તેઓને ચીકણા મોહનીયકર્મના ઉદયવાળા સમજવા – તેમની દયા જ ચિંતવવી રહી. (તારનારા લાકડાના પાટિયાને કદાગ્રહથી ડુબાડનારા માની તેને તરછોડી દરિયામાં ડુબનારાઓમાટે તો દયાના આંસુ સારવા સિવાય બીજું શું કરી શકાય ?)

**પૂર્વપક્ષ :–** આવા પ્રકારના પરિવારથી યુક્ત તો શાશ્વતી જ પ્રતિમા હોય છે, અશાશ્વતી પ્રતિમા હોતી નથી. તેથી તેઓ શી રીતે જગત્પૂજ્ય બને ?

**ઉત્તરપક્ષ :– ભરતચક્રવર્તીએ અષ્ટાપદપર્વતપર** ભરાવેલી **ઋષભદેવથી** માંડી શ્રી **વર્ધમાનજિન**સુધીના ચોવીસજિનોની પ્રતિમાઓ પણ તેવા પ્રકારના પરિવારવાળી હતી, કારણ કે 'એ પ્રતિમાઓ **જીવાભિગમ સૂત્રમાં** કહેલા પરિવારથી યુક્ત હતી' તેવું વચન છે. તેથી અશાશ્વતી પ્રતિમાઓ પણ પરિવારયુક્તરૂપે અને પૂજ્યરૂપે સિદ્ધ થાય છે.

(વાસ્તવમાં તો 'પરિવારયુક્ત પ્રતિમા પૂજ્ય અને પરિવારહીન પ્રતિમા અપૂજ્ય' એવો નિયમ વાજબી નથી, કારણ કે પરિવારયુક્તતા પૂજ્યતાનું લિંગ બની શકે, પણ આવશ્યક અંગ ન બની શકે. અન્યથા કરોડ દેવતાઆદિ કે આઠ પ્રાતિહાર્યઆદિ શોભા વિનાની પ્રતિમાને કે છદ્મસ્થઅવસ્થામાં રહેલા જિનને અપૂજ્ય માનવાની આપત્તિ આવે.–પરિવારયુક્તત્વઆદિ લિંગના અભાવમાં પણ પૂજ્યત્વાદિ લિંગીની હાજરી હોય શકે–એ ન્યાયજ્ઞ સુજ્ઞ સમજી શકે છે.) વળી, દેવલોકવગેરેમાં પણ 'જેણેવ દેવચ્છંદએ' ઇત્યાદિ આગમવચનોમાં આગમને 'દેવ' પદના વાચ્ય તરીકે શાશ્વતી જિનપ્રતિમા જ ઇષ્ટ છે.

**પ્રશ્ન :–** આગમકારને શાશ્વતી જિનપ્રતિમા જ 'દેવ' પદથી અભિપ્રેત છે, પણ અન્યતીર્થિકોને અભિમત નાગપ્રતિમા, વિષ્ણુપ્રતિમાવગેરે શબ્દથી વાચ્ય નાગઆદિપ્રતિમાઓ અભિપ્રેત નથી, એવો નિર્ણય શાથી કર્યો ?

**સમાધાન :–** અન્યતીર્થિકમાન્ય દેવો અનિયત હોવાથી તેમની પ્રતિમા આગમસંમત 'દેવ' પદથી વાચ્ય ન બને. (આગમને 'દેવ' પદથી શાશ્વતી પ્રતિમા અભિમત છે એ નિર્વિવાદ વાત છે. (૧) પરતીર્થિકોએ કલ્પેલા દેવો નિયત નથી – તેંત્રીસ કરોડ દેવમાંથી કયા દેવની પ્રતિમા હોઇ શકે ? (૨) એ દેવોનું સ્વરૂપ નિયત નથી, – કોઇ દેવ રાગયુક્ત છે – કોઇ દ્વેષયુક્ત છે. કોઇક સર્જકતરીકે, કોઇક સ્થાપકતરીકે, તો કોઇક વિનાશક તરીકે અભીષ્ટ છે. (૩) વળી એ દેવોની પ્રતિમાયોગ્ય મુદ્રા નિયત નથી. જિનપ્રતિમાની મુદ્રા નિયત છે – કાં તો પદ્માસનસ્થ (કયાંક અર્ધપદ્માસનસ્થ) હોય, કાં તો કાયોત્સર્ગ મુદ્રા હોય. તથા (૪) દેવોની અવસ્થા નિયત નથી. ઈશ્વર નિત્ય છે. પણ અશરીરી છે – અને જે અવતારો કલ્પ્યા છે, તેમાં કેટલાક તો પશુરૂપ છે. આમ નૈયત્ય ન હોવાથી તેઓની શાશ્વતકાળથી એક મુદ્રામાં રહેલી પ્રતિમા મળી ન શકે.)

**પ્રશ્ન :–** જેમ અન્યતીર્થિકોના દેવો નિયત નથી. તેમ તમે સ્વીકારેલા જિનો પણ નિયત આયુષ્યવાળા જ છે અને જિનો બદલાયા જ કરે છે. તેથી કયા જિનની તે શાશ્વતી પ્રતિમામાં પ્રતિષ્ઠા થઇ છે ?

**ઉત્તર :–** અમે શાશ્વતી પ્રતિમામાં કોઇક નિયત જિનની પ્રતિષ્ઠા થયેલી માનતા જ નથી, કારણ કે શાશ્વતી જિનપ્રતિમાઓ સ્વતઃ પ્રતિષ્ઠિત છે, તેથી સ્વતઃ દેવત્વને ધારણ કરે છે.

**પ્રશ્ન :–** જો આમ, પ્રતિમાને સ્વતઃપ્રતિષ્ઠિત અને દેવતારૂપ માનતા હો, તો એવી કલ્પના કરોને કે એ સ્વતઃ દેવતરીકે પ્રતિષ્ઠિત પ્રતિમાઓ જેની હોય છે તે દેવ. આમ તો અન્યતીર્થિકમાન્ય દેવની પણ કલ્પના થઇ શકે.

**સમાધાન :–** આમ કહીને તમારે એમ કહેવું છે કે, પ્રતિમામાં(=સ્થાપનામાં) રહેલું 'દેવત્વ' કે 'પૂજ્યત્વ'રૂપ

तीर्थिकाभिमतशब्दवाच्याः, तेषां देवानामनैयत्यात्। *देवाधिदेवप्रतिमाः प्रभुत्वं स्वतः प्रतिष्ठोपगताः श्रयन्ति। सन्नामति स्थाप्यगतो विशेषः, न स्थापनायाः किमु निर्विपक्षः॥*

## स्तवपरिज्ञा

**अथ** स्तवपरिज्ञया प्रथमदेशनादेश्यया गुरोर्गरिमसारया स्तवविधिः परिष्टूयते। इयं खलु समुद्धृता सरस**दृष्टिवादा**दितः श्रुतं निरघमुत्तमं समयवेदिभिर्भण्यते॥ अथ (अतः) **स्तवपरिज्ञा**ऽत्यन्तोपयोगिनीति, यथा **पञ्चवस्तुके** दृष्टा तथा लिख्यते। तथाहि- **'एयमिहमुत्तमं सुअं आईसद्दाई थयपरिण्णाई। वण्णिज्जइ जीए थओ दुविहो वि गुणाइभावेण'** ॥ १॥ एतदिहोत्तमश्रुतमुत्तमार्थाभिधानात्, आदिशब्दाद् द्वारगाथोक्ताः स्तव-परिज्ञादयः प्राभृतविशेषा गृह्यन्ते। तत्र का **स्तवपरिज्ञा** ? इति प्रश्नवाक्यमाश्रित्याह- यस्यां ग्रन्थपद्धतौ स्तवो

---

વિશેષનું સ્થાપ્યમાં સંક્રમણ થાય છે, તેથી સ્થાપ્ય 'દેવ' તરીકે સિદ્ધ થાય છે. ધન્ય છે તમારી બુદ્ધિપ્રતિભાને ! પણ ખ્યાલ રાખજો ! કે હંમેશા સ્થાપ્યગત વિશેષ જ સ્થાપનામાં સંક્રમિત થાય છે, નહિ કે સ્થાપનાગત વિશેષ સ્થાપ્યમાં. વળી, જો સ્થાપ્યમાં દેવત્વાદિ વિશેષ સ્થાપનાના વિશેષને અવલંબિત હોય, તો એનો અર્થ એમ થયો કે સ્થાપનામાં જે વિશેષ છે, તે કોઇ સ્થાપ્યને આધારે નથી, તો, તો સ્થાપનાગત વિશેષને નિરાધાર જ માનવો રહ્યો.

**પ્રશ્ન :-** તમે શાશ્વતી જિનપ્રતિમામાં સ્વતઃપ્રતિષ્ઠતા અને પ્રભુતા માની છે, ત્યાં આ આપત્તિ નહિ આવે ?

**ઉત્તરપક્ષ :-** ના, નહિ આવે, કારણ કે અમે પ્રતિમાને ભલે સ્વતઃપ્રતિષ્ઠિત માની છે, પણ નિરાધાર નથી માની. ભાવજિનરૂપ સ્થાપ્યને અવલંબીને જ તેમની પ્રતિમાને પ્રતિષ્ઠિત અને પૂજ્ય માની છે. અલબત્ત, ભાવજિનો વ્યક્તિરૂપે અનિત્ય હોવા છતાં પ્રવાહથી નિત્ય છે. પ્રવાહથી આર્હન્ત્યના આધારરૂપે અનાદિસિદ્ધ જિનરૂપ સ્થાપ્યની પ્રતીતિ કરાવતી શાશ્વતી જિનપ્રતિમામાં જિનરૂપ સ્થાપ્યને અપેક્ષીને રહેલું સ્વતઃ સિદ્ધ પ્રભુત્વ અસિદ્ધ નથી. (અથવા, સ્વતઃ પ્રતિષ્ઠા પામેલી દેવાધિદેવ પ્રતિમા(=જિનપ્રતિમા) પ્રભુતાનો આશ્રય કરે છે. જિનેશ્વરરૂપી સ્થાપ્યમાં રહેલો નિર્વિપક્ષ(=જેનો કોઇ વિપક્ષ હરિફ નથી) એવો આ પ્રભુતારૂપ વિશેષ સ્થાપનામાં શું સંક્રમ ન પામે ? અર્થાત્ પામે જ. અર્થાત્ જગતમાં દ્રવ્ય-ગુણ-પર્યાય અને મુદ્રાથી અરિહંતો શ્રેષ્ઠ છે. તો તેમની મુદ્રાને પ્રગટાવતી તેઓની પ્રતિમા પણ શ્રેષ્ઠ જ હોવાની અને પૂજનીય બનવાની જ. દેવાધિદેવપ્રતિમા ઇત્યાદિ અંતિમ પંક્તિનું આવું તાત્પર્ય પણ હોઇ શકે છે.)

## સ્તવપરિજ્ઞા

### જિનભવન વિધિ - ભૂમિશુદ્ધિ - પરઅપ્રીતિનો પરિહાર

'ગંભીર અર્થોથી સારભૂત અને પરમગુરુની પ્રથમદેશનાતુલ્ય **સ્તવપરિજ્ઞા ગ્રંથદ્વારા** સ્તવવિધિનો આરંભ કરાય છે. આ ગ્રંથ શ્રેષ્ઠ **દૃષ્ટિવાદ** વગેરે આગમોમાંથી ઉદ્ધૃત કરેલો છે. શાસ્ત્રજ્ઞ મહાત્માઓ આ શ્રુતને નિષ્પાપ અને ઉત્તમ કહે છે.' **સ્તવપરિજ્ઞા** પ્રસ્તુતમાં અત્યંત ઉપયોગી હોવાથી તેનું **પંચવસ્તુક ગ્રંથમાં** જે પ્રમાણે નિરૂપણ છે, તે પ્રમાણે નિરૂપણ કરવામાં આવે છે. તે આ પ્રમાણે- પ્રસ્તુતમાં (ઉત્તમાર્થનું અભિધાન કરતું હોવાથી) ઉત્તમશ્રુત છે. 'આદિ' શબ્દથી (દ્વારગાથામાં સૂચવેલા) **સ્તવપરિજ્ઞા**વગેરે(પ્રાભૃતવિશેષો)નું ગ્રહણ થાય છે. (આ **સ્તવપરિજ્ઞા** શું છે ? તેવા પ્રશ્નના ઉત્તરતરીકે કહે છે) જેમાં (**સ્તવપરિજ્ઞા** ગ્રંથરચનામાં દ્રવ્ય અને ભાવાત્મક) ઉભયસ્તવ ગૌણ-મુખ્યભાવે વર્ણવાયા છે. ('તે **સ્તવપરિજ્ઞા છે**' અધ્યાહારથી પ્રશ્નોત્તરવાક્યરૂપે લેવાનું છે.) ॥૧॥ હવે સૂચવેલા દ્રવ્ય અને ભાવસ્તવને ઉદ્દેશી કહે છે- 'સ્તવ દ્રવ્યઅંગે અને ભાવઅંગે હોય છે.તેમાં ભાવસ્તવના રાગથી વિધિપૂર્વક જિનભવનાદિમાં પ્રવૃત્તિ દ્રવ્યસ્તવ છે. શુદ્ધસંયમ ભાવસ્તવ છે. દ્રવ્યસ્તવ = ભાવસ્તવપ્રત્યે રાગસાથે જિનભવનવગેરે

द्विविधोऽपि द्रव्यभावोपपदस्तववाच्यो वर्ण्यते गुणादिभावेन=गुणप्रधानरूपतया, सा **स्तवपरिज्ञे**त्युत्तरवाक्यं दृश्यम् ॥ १ ॥ उक्तमेवोद्दिशति- **'दव्वे भावे य थओ दव्वे भावथयरागओ विहिणा । जिणभवणाइविहाणं भावथओ संजमो सुद्धो'** ॥ २ ॥ द्रव्य इति द्रव्यविषयः, भाव इति भावविषयः स्तवो भवति। तत्र द्रव्ये-द्रव्यविषयः स्तवो भावस्तवरागतो विधिना जिनभवनादिविधानं, आदिना जिनबिम्बपूजादिग्रहः। भावस्तवेच्छाप्रयोज्यप्रवृत्तिविषयो जिनभवनादिविधानं द्रव्यस्तवत्वेन व्यवहार्यमित्यर्थः। भावस्तवः पुनः संयमः साधुक्रियारूपः शुद्धो निरतिचारः ॥ २ ॥ तत्र- **'जिणभवणकारणविही-सुद्धा भूमी दलं च कट्ठाइ । भियगाणइसंधाणं सासयवुड्ढी समासेणं'** ॥ ३ ॥ जिनभवनकारणविधिरयं द्रष्टव्यो यदुत- शुद्धा भूमिर्वक्ष्यमाणया शुद्ध्या, दलं च काष्ठादि, तथा भृतकानां =कर्मकराणामनतिसन्धानम्=अव्याजेन वर्त्तनम्, स्वाशयस्य=शुभभावस्य वृद्धिः, समासेन=सङ्क्षेपेणैष विधिः ॥ ३ ॥ शुद्धिमेवाह- **'दव्वे भावे अ तहा सुद्धा भूमि पएसऽकीला य । दव्वेऽपत्तिगरहिया अन्नेसिं होइ भावे तु'** ॥ ४ ॥ द्रव्ये भावे च तथा शुद्धा भूमिर्यथासङ्ख्यं स्वरूपमाह- प्रदेशे=तपस्विजनोचितेऽकीला वा=अस्थ्यादि-रहिता, द्रव्य इति द्रव्यशुद्धा, अप्रीतिरहिता चान्येषां प्राणिनामासन्नानामसमाधिकारणपरिहारवतीत्यर्थः, भावे तु=भावशुद्धा ॥ ४ ॥ एतदेव समर्थयति- **'धम्मत्थमुज्जएणं सव्वस्सापत्तियं न कायव्वं । इय संजमोवि सेओ एत्थ य भयवं उदाहरणं'** ॥ ५ ॥ धर्मार्थमुद्यतेन प्राणिना सर्वस्य जन्तोरप्रीतिर्न कार्या सर्वथा, 'इय' एवं पराप्रीत्य-करणेन संयमोऽपि श्रेयान् नान्यथा, अत्रार्थे भगवानुदाहरणं स्वयमेव च **वर्धमानस्वामीति** ॥ ५ ॥ कथमित्याह- **'सो तावसासमाओ तेसिं अप्पत्तियं मुणेऊण । परमं अबोहिबीअं तओ गओ हंतऽकालेवि'** ॥ ६ ॥ स

---

(વગેરેથી જિનબિંબવગેરે સમજવા) વિધિપૂર્વક કરાવવા. ભાવસ્તવની ઇચ્છાથી જેમાં પ્રવૃત્તિ થાય, તે જિનભવન-કારાપણવગેરે દ્રવ્યસ્તવરૂપે વ્યવહાર પામે છે - દ્રવ્યસ્તવરૂપે ઓળખાય છે. (અર્થાત્ જિનાલયાદિરૂપ દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ ભાવસ્તવ પામવામાટે કરવાની છે.) શુદ્ધ અને નિરતિચાર સાધુક્રિયારૂપ સંયમ ભાવસ્તવ છે. ॥૨॥ તેમાં પણ જિનભવન કરાવવાની વિધિ સંક્ષેપથી આ છે- (૧) શુદ્ધ ભૂમિ. (૨) લાકડાવગેરે દલ. (૩) મજુરવગેરેનું અનતિસંધાન અને (૪) સ્વાશયવૃદ્ધિ.(સુ=શુભ આશય=ભાવ=શુભઆશયની વૃદ્ધિ) ભૂમિશુદ્ધિવગેરે આગળ બતાવશે. અનતિસંધાન=કપટ વિનાનું વર્તન, સ્વાશય=શુભભાવ ॥ ૩ ॥ ભૂમિશુદ્ધિ બતાવે છે-'ભૂમિશુદ્ધિ દ્રવ્ય અને ભાવથી છે. તેમાં (૧) પ્રદેશ અને (૨) અકીલા દ્રવ્યશુદ્ધિ છે. તથા બીજાઓની અપ્રીતિથી રહિત ભાવશુદ્ધિ છે.' ભૂમિશુદ્ધિ દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે છે. તેમાં દ્રવ્યશુદ્ધિ બે પ્રકારે (૧) તપસ્વી લોકોમાટે ઉચિત હોય એવી ભૂમિ હોવી. (૨) અકીલા=હાડકાવગેરેથી રહિત હોવી. ભાવશુદ્ધિ= જિનભવનની ભૂમિ પાસે રહેતા બીજા લોકોને અસમાધિ થાય તેવું ન કરવું. અથવા અસમાધિના કારણને દૂર કરવાથી ભાવશુદ્ધિ થાય છે. ॥૪॥ આ જ વાતનુ સમર્થન કરે છે- 'ધર્મમાટે ઉદ્યમ કરનારાએ કોઇને પણ અપ્રીતિકર કાર્ય ન કરવું. તો જ સંયમ પણ શ્રેયસ્કર છે. અહીં ભગવાન (**મહાવીરસ્વામી**)નું ઉદાહરણ છે.' જે ધર્મ સહુના હિતમાટે છે, એ જ ધર્મનો આરંભ કે ઉદ્યમ બીજાની અપ્રીતિનું કારણ બની જાય, તો એ મહા અપમંગલભૂત બને છે. તેથી ધર્મના ઇચ્છુકે ખાસ ખ્યાલ રાખવો કે, પોતાનો ધર્મ કોઇને પણ અપ્રીતિકર ન બને . સંયમ જેવો મહાન ધર્મ પણ આ આશયયુક્ત હોય અને આઅંગે પ્રયત્નયુક્ત હોય, તો જ કલ્યાણકારી બને છે. અહીં ખુદ **ભગવાન વર્ધમાનસ્વામી** દૃષ્ટાંતભૂત છે. ॥૫॥ 'ભગવાન કેવી રીતે દૃષ્ટાંતભૂત છે ?' આ આશંકા દૂર કરવા કહે છે- 'તેઓની અબોધિના ઉત્કૃષ્ટ બીજભૂત અપ્રીતિને સમજીને જ તે (ભગવાન) તાપસઆશ્રમમાંથી અકાળે પણ ગયા.' પ્રભુ **વર્ધમાનસ્વામી** દીક્ષા પછી પોતાના કાકાતુલ્ય (પિતાના મિત્ર હોવાથી)

भगवान् तापसाश्रमात् पितृव्यभूतकुलपतिसम्बन्धिनः, तेषां तापसानामप्रीतिम्=अप्रणिधानं मत्वा मनःपर्यायेण, किम्भूतम् ? परमं=प्रधानमबोधिबीजं गुणद्वेषेण, ततस्तापसाश्रमाद् गतः, 'हंते'ति 'उपदर्शने'। अकालेऽपि= प्रावृष्यपि ॥ ६॥ **'इय सव्वेणं वि सम्मं सक्कं अप्पत्तियं सइ जणस्स। णियमा परिहरिअव्वं इयरम्मि सतत्तचिंताओ'** ॥ ७॥ 'इय'-एवं सर्वेणापि=परलोकार्थिना सम्यगुपायतः शक्यमप्रणिधानं सदा=सर्वकालं जनस्य=प्राणिनिवहस्य नियमाद्=अवश्यंतया परिहर्त्तव्यं=न कार्यम् । इतरस्मिन्=अशक्येऽप्रणिधाने स्वतत्त्वचिन्तैव कर्त्तव्या='ममैवायं दोष' इति बहिर्मुखत्वेऽन्तर्मुखत्वे चौदासीन्यम्॥ ७॥ उक्ता **भूमिशुद्धिः।**

काष्ठादिशुद्धिमाह- **'कट्ठादि वि दलं इह सुद्धं जं देवताऽऽदुपवणाओ। नो अविहिणोपणीयं सयं च काराविंयं जन्नो'** ॥ ८॥ काष्ठाद्यपि दलं कारणमत्र विधाने शुद्धमिति विधेयनिर्देशः। यद्देवताद्युपवनादादिना भिन्नक्रमेण श्मशानग्रहः, नाऽविधिना बलीवर्दादिमारणेनोपनीतम्=आनीतं, स्वयं च नो कारितं यदिष्टकादि, तत्कारिवर्गतः क्रीतमुचितक्रयेणेत्युक्तेः ॥ ८॥ **'तस्सवि य इमो णेओ सुद्धासुद्धपरिजाणणोवाओ। तक्कह-गहणाओ सो जो सउणेयरसन्निवाओ उ'** ॥ ९ ॥ तस्यापि चायं वक्ष्यमाणो ज्ञेयः शुद्धाशुद्धप्राप्तिपरिज्ञानोपायः

---

કુલપતિની વિનંતિથી કુલપતિના આશ્રમમાં પ્રથમ ચોમાસું કરવા ગયા. ત્યાં પ્રભુ મનઃપર્યાયજ્ઞાનથી તાપસોની પોતાના પ્રત્યેની અપ્રીતિ-અપ્રણિધાન જાણી વર્ષાકાળરૂપી અકાલે(=વિહારમાટે અયોગ્યકાલે) પણ ત્યાંથી નીકળી ગયા, (ભગવાન સમજતા હતા કે, 'ધર્મ, ધર્મની સામગ્રી અને ધર્મીપ્રત્યેની અપ્રીતિ સમ્યક્ત્વની પ્રાપ્તિરૂપ બોધિના અભાવમાટે પરમ કારણ બને છે.') કારણ કે આ અપ્રીતિ ગુણપ્રત્યેના દ્વેષથી જન્મી છે. ॥૬॥ 'તેથી બધાએ (પરલોકમાં હિતની કાંક્ષાવાળા બધાએ) સમ્યગ્ ઉપાયોથી શક્ય હોય ત્યાં સુધી બધા જીવોની અપ્રીતિથી અવશ્ય દૂર રહેવું. ઇતરમાં= અશક્યમાં સ્વતત્ત્વ ચિંતન કરવું.' જે ગુણદ્વેષીવગેરેની અપ્રીતિ દૂર કરવી અશક્ય હોય, તેઓઅંગે તો સ્વતત્ત્વની વિચારણા જ કરવી (૧) બાહ્યભાવે -'પોતાનો જ આ દોષ છે' એવો વિચાર કરવો, તથા (૨) અંતર્મુખતાથી તો ઔદાસીન્ય-નિર્લેપભાવ જ રાખવો. (અહીં વિચારણીય મુદ્દા → (૧) ધર્મકાર્યમાં સહજ ઘણાને અપ્રીતિનો સંભવ હોય છે. (૨) થોડોક ભોગ, ઉદારતા અને સૌજન્યથી મોટાભાગનાની અપ્રીતિ ટાળી શકાય. (૩) કેટલાક ભારે કર્મીને ધર્મસાથે જ વિરોધ હોય છે. તેઓને ધર્મ ન કરો તો જ પ્રીતિ હોય, અન્યથા અપ્રીતિ હોય. (૪) આવી વ્યક્તિઓની અપ્રીતિ દૂર કરવા ધર્મ નહીં મુકવો. (૫) તેમજ તેમનાપર દ્વેષ પણ ન કરવો, પરંતુ (૬) તેઓપ્રત્યે ઉપેક્ષા-ઔદાસીન્યભાવ રાખવા. ત્યાં તેમના દોષોને વિચારવા કરતાં પોતાના પુણ્યની કચાશને કે પોતાના પરભવીય પુરુષાર્થને દોષિત તરીકે વિચારવા વધુ યોગ્ય છે. કારણ કે (૭) આમ કરવાથી તેઓપર પણ પોતાનો મૈત્રીભાવ અને કરુણાભાવ ટકી શકે.) ॥૭॥ આ પ્રમાણે ભૂમિની શુદ્ધિ બતાવી. આ દ્વાર પૂર્ણ થયું.

## કાષ્ઠશુદ્ધિ દ્વાર

હવે લાકડાવગેરેની શુદ્ધિ બતાવે છે- લાકડાવગેરે દળો-સામગ્રી પણ તે જ શુદ્ધ સમજવી કે જે (૧) દેવતાના બાગ વગેરેમાંથી (વગેરેથી - સ્મશાનવગેરેમાંથી. મૂળમાં 'આદિ' પદ દેવતા સાથે જોડાયો હોવા છતાં તેનો અન્વય ઉપવનસાથે કરવો. એટલે કે દેવતાઉપવન વગેરેમાંથી એમ અર્થ કરવો.) ન લવાયા હોય તથા (૨) અવિધિથી (બળદવગેરેને કષ્ટ પહોંચાડવાદ્વારા) લવાયા ન હોય અને (૩) પોતે કરાવ્યા ન હોય, પોતે જ ઇંટવગેરે પકાવીને બનાવવા નહિ, કારણ કે તેમાં મહારંભ છે. તેથી બીજાએ બનાવેલા તૈયાર હોય, તે જ ઇંટવગેરે ઉચિત મૂલ્ય આપી ખરીદી લેવા. ॥૮॥ તેની પણ(લાકડાવગેરેની) શુદ્ધ કે અશુદ્ધ પ્રાપ્તિને જાણવાનો ઉપાય આ છે → 'તેની કથા (=લાકડાવગેરેની ખરીદીઅંગેનો વાર્તાલાપ) અને તે લાકડાવગેરેના ગ્રહણવખતે શુભ-અશુભ શુકનો થવા.' લાકડા લેતીવખતે વાતચીતથી, વેંચનારના બોલવાવગેરેથી એ લાકડાવગેરે ઉપરોક્ત લક્ષણથી શુદ્ધ છે કે અશુદ્ધ તેની ખબર

काष्ठादेः, क इत्याह- तत्कथाग्रहणादौ प्रस्तुते यः शकुनेतरयोः=शकुनापशकुनयोः सन्निपातः=मीलनम् (सः)॥ ९॥ कः सः ? इत्याह- **'नंदाइ सुहो सद्दो, भरिओ कलसोऽथ सुंदरा पुरिसा। सुहजोगाइ य सउणो कंदिय-सद्दाइ इयरो उ'** ॥ १०॥ नान्द्यादिशुभशब्द आनन्दकृत्तथा भृतः कलशः शुभोदकादेः, अथ सुन्दराः पुरुषाः= धर्मचारिणः, शुभयोगादिश्च व्यवहारलग्नादिः शकुनो वर्त्तते। आक्रन्दितशब्दादिश्चेतरोऽपशकुनः ॥ १०॥ उक्ता **दलशुद्धिः**, विधिशेषमाह- **'सुद्धस्स वि गहियस्स पसत्थदिअहम्मि सुहमुहुत्तेणं। संकामणम्मिवि पुणो विन्नेआ सउणमाईया'** ॥ ११॥ दारं (द्वारम्)। शुद्धस्यापि गृहीतस्य काष्ठादेः प्रशस्ते दिवसे शुक्लपञ्चम्यादौ शुभमुहूर्ते केनचित्सङ्क्रामणेऽपि पुनस्तस्य काष्ठादेर्विज्ञेयाः शकुनादय आदेयहेयतयेति ॥ ११॥ **'कारवणेऽवि य तस्सिह भियगाणतिसंधणं न कायव्वं। अवियाहियप्पयाणं दिट्ठादिट्ठप्फलं एयं'** ॥ १२॥ कारणेऽपि च तस्य जिनभवनस्येह भृतकानां=कर्मकराणामतिसन्धानं न कर्त्तव्यमपि चाधिकप्रदानं कर्त्तव्यं, दृष्टादृष्टफल-मेतदधिकं दानमधिककार्यकरणाशयवैपुल्याभ्याम्॥ १२॥ एतदेवाह- **'ते तुच्छया वराया अहिएण दढं उवेंति परितोसं। तुट्ठा य तत्थ कम्मं तत्तो अहियं पकुव्वंति'** ॥ १३॥ ते भृतकास्तुच्छा वराका अधिकेन प्रदानेन दृढमुपयान्ति परितोषं, तुष्टाश्च ते तत्र प्रक्रान्ते कर्मणि ततः प्राक्तनात्कर्मणोऽधिकं प्रकुर्वन्ति। दृष्टफलमेतत्॥ १३॥ **'धम्मपसंसाए तह केइ निबंधंति बोहिबीआइं। अन्ने य लहुयकम्मा एत्तोच्चिय संपबुज्झंति'** ॥ १४॥ धर्मप्रशंसया तथोर्जिताचारत्वेन केऽपि भृतका निबध्नन्ति बोधिबीजानि कुशलभावात्, अन्ये तु लघुकर्माणो भृतका अत एवौदार्यपक्षपातात् सम्प्रबुध्यन्ते=मार्गमेव प्रपद्यन्ते ॥ १४॥ **'लोगे अ साहुवाओ अतुच्छभावेन सोहणो धम्मो। पुरिसुत्तमप्पणीओ पभावणा एवं तित्थस्स'** ॥ १५॥ लोके च साधुवादो भवत्यतुच्छभावेन=

---

પડી જાય. અથવા તે ખરીદવાઅંગે વાતચીત કરતી વખતે કે ખરીદતી વખતે થતા સારા-નરસા શુકનથી પણ તે લાકડાવગેરેની શુદ્ધિ-અશુદ્ધિનો ખ્યાલ આવી જાય. ॥૯॥ શુભ શુકનો કયા ? અને અશુભ શુકનો કયા ? તે બતાવે છે- (૧) નાંદીવગેરે(મંગલ વાજિંત્ર)ના આનંદકારી શુભ અવાજ (૨) શુભ પાણીથી પૂર્ણ ભરેલો ઘડો દેખાવો (૩) સુંદર પુરુષો=ધર્મિષ્ઠ પુરુષોના દર્શન થવા તથા (૪) શુભ લગ્ન, મુહૂર્તવગેરે શુભ વ્યવહારોનો યોગ થવો, આ બધા શુકન છે. રડવાનો અવાજવગેરે અપશુકન છે. ॥૧૦॥ આ પ્રમાણે દળશુદ્ધિ બતાવી. હવે વિશેષ વાત કરે છે- 'ગ્રહણ કરેલા શુદ્ધ લાકડાવગેરેનો પણ સુદ પાંચમ વગેરે શુભ દિવસે કે શુભ મુહૂર્તે ઉપયોગ કે પ્રવેશ કરાવવો અને ત્યારે પણ ગ્રાહ્ય અને અગ્રાહ્ય શુકનવગેરે જોવા.' ॥૧૧॥ આ દ્વાર પૂર્ણ.

'તે જ પ્રમાણે દેરાસર કરાવતીવખતે તે દેરાસરના કર્મકરોને તંગ ન કરવા પરંતુ અધિકપગાર વગેરે આપવો, કારણ કે અધિક દાનમાં કાર્યકરણ અને આશયની વિશાળતાથી દૃષ્ટાદૃષ્ટ ફળ મળે છે.' ॥ ૧૨॥ આ જ મુદ્દાને પુષ્ટ કરે છે- 'તુચ્છ અને વરાક કર્મકરો અધિક પ્રદાનથી ખુબ સંતોષ પામે છે અને તુષ્ટ થયેલા તેઓ પ્રસ્તુત કાર્યમાં (પૂર્વે કરતાં હતાં તેથી) અધિક ઉદ્યમ કરે છે.' ॥ ૧૩॥ આ દૃષ્ટ ફળ બતાવ્યું. (સ્વભાવવગેરેથી ક્ષુદ્ર હોવાથી તેઓ જેમ થોડું વધુ આપવામાં ખુબ ખુશ થાય છે. તેમ થોડું પણ ઓછું આપવામાં ખુબ નાખુશ પણ થાય છે અને અવસરે મહત્ત્વનું કામ પણ બગાડી નાખે છે. આ વાતનો પણ ખ્યાલ રાખવો.) (તેવા પ્રકારના આચારના કારણે) 'ધર્મની પ્રશંસા કરવાથી કેટલાક કર્મકરો (શુભભાવથી) બોધિબીજ પ્રાપ્ત કરે છે, તથા બીજા કેટલાક લઘુકર્મી જીવો આનાથી જ(=ઉદારતાના પક્ષપાતથી જ) સંપ્રબોધ=મોક્ષમાર્ગ પ્રાપ્ત કરી લે છે.' ॥ ૧૪॥ તથા લોકોમાં પણ અતુચ્છતા(=ઉદારતા)ના કારણે 'પુરુષોત્તમે (=તીર્થંકરે) કહેલો ધર્મ જ શ્રેષ્ઠ છે. (કારણ કે આ ધર્મના અનુયાયીઓ સર્વત્ર દયાપૂર્વક પ્રવૃત્તિ કરે છે) એમ પ્રશંસા

अकार्पण्येन शोभनो धर्म इत्येवम्भूतः, तथा पुरुषोत्तमप्रणीतः सर्वत्र दयाप्रवृत्तेः, प्रभावनैवं तीर्थस्य भवति। अदृष्ट-फलमेतत् ॥ १५॥ दारं॥ उक्तं फलवद् भृतकानतिसन्धानम्।

अथ स्वाशयवृद्धिमाह- **'सासयवुड्ढी वि इहं भुवनगुरुजिणिंदगुणपरिण्णाए। तब्बिंबठावणत्थं सुद्धपवित्तीइ णियमेणं'** ॥ १६ ॥ स्वाशयवृद्धिरप्यत्र प्रक्रमे भुवनगुरुजिनेन्द्रगुणपरिज्ञया हेतुभूतया भवाम्भोधि-निमग्नसत्त्वानामालम्बनभूतोऽयमित्येतद्बिम्बस्थापनार्थं=जिनबिम्बस्थापनायैव (शुद्ध) प्रवृत्तेः कारणाद् नियमेन= अवश्यंतया ॥ १६॥ **'पेच्छिस्सं एत्थ अहं वंदणगनिमित्तमागए साहू। कयपुन्ने भगवंते गुणरयणनिही महासत्ते'** ॥ १७॥ द्रक्ष्याम्यत्र भवनेऽहं वन्दननिमित्तमागतान् साधून् मोक्षमार्गसाधकान् कृतपुण्यान् भगवतो गुणरत्ननिधीन् महासत्त्वान् द्रष्टव्यान् ॥ १७॥ **'पडिबुज्झिस्संति इहं दट्ठूणं जिणिंदबिंबमकलंकं। अण्णे वि भव्वसत्ता काहिंति ततो परं धम्मं'** ॥ १८॥ प्रतिभोत्स्यन्ते=प्रतिबोधं यास्यन्ति, इह=जिनभवने दृष्ट्वा जिनेन्द्रबिम्बं मोहतिमिरापनयनहेतुमकलङ्कं=कलङ्करहितमन्येऽपि भव्यसत्त्वा लघुकर्माणः करिष्यन्ति, ततः परं धर्मं=संयमरूपम् ॥ १८॥ **'ता एवं मे वित्तं जमित्थ विणिओगमेति अणवरयं । इय चिंताऽपरिवडिया सासयवुड्ढी उ मोक्खफला'** ॥ १९॥ तत्=तस्मादेतन्मम वित्तं श्लाघ्यं, यदत्र जिनभवने उपयोगमेति=गच्छत्यन-वरतं=सदा, इयमेव चिन्ताऽप्रतिपतिता स्वाशयवृद्धिरुच्यते, मोक्षफलेयम् ॥ १९॥ जिनभवनकारणविधिरुक्तः।

अनन्तरकरणीयमाह- **'निप्फाइय जयणाए जिनभवणं सुंदरं तहिं बिंबं। विहिकारियमह विहिणा पइट्ठविज्जा असंभंतो'** ॥ २०॥ निष्पाद्य यतनया परिणतोदकादिग्रहणरूपया जिनभवनं=जिनायतनं सुन्दरं, तत्र

---

થાય છે. આમ તીર્થની પ્રભાવના થાય છે.' આ અદૃષ્ટફળ દર્શાવ્યું. ॥ ૧૫॥ આમ કર્મકરોને તંગ ન કરવાનું ફળ દર્શાવ્યું - આ દ્વાર પૂર્ણ થયું.

## સ્વાશયવૃદ્ધિ

હવે પોતાના શુભ આશયની વૃદ્ધિ દ્વાર બતાવે છે- 'ત્રણ ભુવનના ગુરુ(પરમાત્મા)રૂપ જિનેન્દ્રના ગુણના જ્ઞાનપૂર્વક તેમના બિંબની સ્થાપનામાટે જ આ શુદ્ધ પ્રવૃત્તિ હોવાથી અવશ્ય પોતાના શુભઆશયની વૃદ્ધિ થાય છે.' ભગવાનના 'જે પરમાત્માની પ્રતિમાની પ્રાણપ્રતિષ્ઠા કરવા આ જિનભવન કરાવી રહ્યો છું, તે આ પરમાત્મા સંસારસાગરમાં ડુબેલા જીવોના ઉદ્ધારક છે.' ઇત્યાદિ ગુણનું ચિંતન કરવાથી ભાવશુદ્ધિ થાય છે. ॥ ૧૬॥ 'આ જિનભવનમાં હું જિનપ્રતિમાને વંદન કરવા આવેલા મોક્ષમાર્ગસાધક, પુણ્યનિધાન, ભગવાન, ગુણરૂપી રત્નોના ભંડાર અને મહાસત્ત્વવાળા દર્શનીય સાધુઓના દર્શન કરીશ' ॥ ૧૭॥ તથા આ જિનભવનમાં પરમાત્માની મોહાંધકાર નાશક અને કલંક વિનાની પ્રતિમાના દર્શન કરીને બીજા પણ લઘુકર્મી ભવ્ય જીવો પ્રતિબોધ પામશે અને પછી (સંયમરૂપ) ધર્મને આચરશે. ॥ ૧૮॥ તેથી આ જિનભવનમાં મારું જે ધન વપરાય છે, તે જ ધન છે. (અર્થાત્ એ જ ધન શ્લાઘ્ય છે.) આ પ્રમાણેની સતત-અપ્રતિપતિત વિચારણા જ 'સ્વાશયની વૃદ્ધિ' તરીકે ઇષ્ટ છે. આ સ્વાશયવૃદ્ધિ પરંપરાએ મોક્ષ દેનારી બને છે. ॥ ૧૯॥ આમ સ્વાશયવૃદ્ધિ દર્શાવી. આમ જિનભવન કરાવવાની વિધિ પણ બતાવાઇ ગઇ.

## જિનબિંબઅંગેની વિધિ

હવે જિનભવન તૈયાર થઇ ગયા બાદની વિધિ બતાવે છે- 'આ પ્રમાણે (અચિત્ત પાણી વાપરવું, ગાળીને વાપરવું વગેરેરૂપ) જયણાથી સુંદર જિનાલય તૈયાર કરાવ્યા બાદ તે જિનાલયમાં વિધિપૂર્વક તૈયાર કરાવેલા જિનબિંબની

भवने बिम्बं भगवतो विधिकारितं=सदेव विधिना वक्ष्यमाणेन प्रतिष्ठापयेदसम्भ्रान्त:=अनाकुल: सन् ॥ २०॥ विधिकारितमित्युक्तं तमाह - **'जिनबिंबकारणविही काले संपूइऊण कत्तारं। विहवोचियमुल्लप्पणमणघस्स सुहेण भावेण'** ॥ २१ ॥ जिनबिम्बकारणविधिरयं द्रष्टव्यो यदुत काले शुभे सम्पूज्य कर्त्तारं वासचन्दनादिभिर्विभवोचितमूल्यार्पणं सगौरवमस्यानघस्य=अपापस्य शुभेन भावेन=मन:प्रणिधानेन ॥ २१॥ अपवादमाह- **'तारिसस्साभावे तस्सेव हियत्थमुज्जओ नवरं। णियमेइ बिंबमोल्लं जहोचियं कालमासज्ज'** ॥ २२॥ तादृशस्यानघस्य कर्त्तुरभावे तस्यैव कर्त्तुर्हितार्थमुद्यतोऽनर्थपरिजिहीर्षया नवरं नियमयति सङ्ख्यादिना बिम्बमूल्यं द्रम्मादि यथोचितं कालमाश्रित्य ॥ २२॥ **'णिप्फन्नस्स य सम्मं तस्स पइट्ठावणे विहि एसो। सट्ठाणे सुहजोगे अहिवासणमुचियपूयाए'** ॥ २३ ॥ निष्पन्नस्य च सम्यक् शुभभाववृद्ध्या तस्य प्रतिष्ठापनविधिरेष वक्ष्यमाणलक्षण: स्वस्थाने यत्र तद्, भविष्यति शुभयोगे कालमधिकृत्याभि(धि ?)वासना क्रियते, उचितपूजया विभवानुसारत: ॥ २३॥ **'चिइवंदण थुइवुड्ढी उस्सग्गो साहु सासणसुरीए। थयसरणपूयकाले ठवणा मंगलपुव्वा तु'** ॥ २४॥ दारगाहा, चैत्यवन्दना, सम्यक् स्तुतिवृद्धि:। तत्र कायोत्सर्ग: साधुरित्यसम्मूढ: शासनदेवताया:, श्रुतदेवतायाश्च, स्मरणं चतुर्विंशतिस्तवस्य, पूजेति जातिपुष्पादिना, स्थापना उचितसमये, मङ्गलपूर्वा=नमस्कारपूर्वा ॥ २४॥ **'सत्तीए संघपूआ विसेसपूआउ बहुगुणा एसा । जं एस सुए भणिओ तित्थयराणंतरो संघो'** ॥ २५ ॥ शक्त्या सङ्घपूजा विभवोचितया, विशेषपूजाया दिगादिगताया: सकाशाद् बहुगुणैषा सङ्घपूजा विषयमहत्त्वात्, व्यापकविषयत्वादित्यर्थ:। व्याप्याद् व्यापकस्य महत्त्वे उपपत्तिमाह- यद्=यस्माद् भणित आगमे तीर्थकरानन्तर:

---

વિધિથી ચિત્તની સ્વસ્થતા સાથે પ્રતિષ્ઠા કરવી' ॥ ૨૦ ॥ બિંબ તૈયાર કરાવવાની વિધિ કઇ છે ? તે બતાવે છે- 'જિનબિંબ કરાવવાની વિધિ આ છે- શુભઅવસરે બિંબ બનાવનારનું (વાસક્ષેપ-ચંદનવગેરેથી) સંપૂજન કરવું. પછી જો તે શિલ્પી નિષ્પાપ(=કુટેવો વિનાનો) હોય, તો તેને ગૌરવપૂર્વક પોતાના વિભવને અનુસારે મનના શુભભાવપૂર્વક ઉચિત મૂલ્ય અપર્ણ કરવું.' ॥ ૨૧ ॥ મૂલ્ય અર્પણવિધિમાં અપવાદ બતાવે છે- 'જો તેવા પ્રકારનો નિષ્પાપ શિલ્પી ન મળે, તો (=શિલ્પી કુટેવવાળો હોય, તો) તે શિલ્પીના હિતમાં ઉદ્યત થવું(=વધુ ધન મળવાથી કુટેવના પોષણથી તેનું મોટું હિત ન થાય તેવા આશયયુક્ત થવું.) અને વિધિપૂર્વક, કાળઆદિને અનુસારે પ્રથમથી જ બિંબ તૈયાર કરવાનું મૂલ્ય આંકડાથી નિશ્ચિત કરવું (અને આપવું.)' ॥ ૨૨ ॥ તૈયાર થઇ ગયેલા જિનબિંબની જિનાલયમાં પ્રતિષ્ઠા કરવાની વિધિ આ છે → 'બિંબને જ્યાં પ્રતિષ્ઠિત કરવાનું હોય, તેની(બિંબના સ્વસ્થાનની) શુભમુહૂર્તઆદિ શુભયોગમાં વિભવના અનુસારે ઉચિતપૂજાથી અધિવાસના કરવી.' ॥ ૨૩ ॥ 'ચૈત્યવંદન, સ્તુતિવૃદ્ધિ, ઉત્સર્ગ સાધુ શાસનદેવતાના સ્તવ-સ્મરણ, પૂજા, કાળે(=અવસરે) મંગલપૂર્વક સ્થાપના.' આ દ્વારગાથા છે. સમ્યગ્ ચૈત્યવંદન કરવું, સ્તુતિવૃદ્ધિ કરવી, તથા શાસનદેવતા અને શ્રુતદેવતાનો અસંમૂઢ કાઉસ્સગ્ગ કરવો. પછી લોગસ્સ સૂત્રપાઠ કહેવો. પુષ્પવગેરેથી પૂજા કરવી. ઉચિતસમયે નવકાર ગણવારૂપ મંગલપૂર્વક સ્થાપના કરવી.॥ ૨૪ ॥

## સંઘપૂજાનું મહત્ત્વ

હવે આ મંગલમહોત્સવ વખતે સંઘપૂજા કરવી જોઇએ, તેથી તેનું વિધાન કરે છે- 'વિભવને ઉચિત શક્તિથી શક્ય હોય તે પ્રમાણે સંઘપૂજા કરવી, કારણ કે આ(=સંઘપૂજા) વિશેષપૂજાથી બહુગુણવાળી છે. કારણ કે શ્રુતમાં એમ કહ્યું છે કે તીર્થંકરની અનંતર સંઘ છે.' દિગાદિગત (?) (દિક્=એક દિશા - એક ભાગ. સંઘ આકાશતુલ્ય અખંડ વ્યાપક છે. એનાં આચાર્યવગેરે એક દિક્ - એક ભાગરૂપ છે. તેથી તાત્પર્ય એવું લાગે છે કે આચાર્યાદિરૂપ એક (=વિશેષ)ભાગની પૂજા કરતાં

सङ्घ इत्यतो महानेष इति ॥२५॥ एतदेवाह- **'गुणसमुदाओ संघो पवयणतित्थं ति होइ एगट्ठा। तित्थयरो वि य एअं णमइ गुरुभावओ चेव'** ॥ २६ ॥ गुणसमुदायः सङ्घोऽनेकप्राणिस्थसम्यग्दर्शनाद्यात्मकत्वात्। प्रवचनं तीर्थमिति भवन्त्येकार्थिकाः=एवमादयोऽस्य शब्दा इति। तीर्थकरोऽपि चैनं=सङ्घं तीर्थसंज्ञितं नमति धर्मकथादौ गुरुभावत एव 'नमस्तीर्थाय' इति वचनादेतदेवमिति ॥ २६ ॥ अत्रैवोपपत्त्यन्तरमाह- **'तप्पुव्विया अरहया, पुइअपुआ य विणयकम्मं च। कयकिच्चो वि जह कहं कहेइ णमए तहा तित्थं'** ॥ २७ ॥ तत्पूर्विकाऽर्हत्ता तदुक्तानुष्ठानफलत्वात्, पूजितपूजा चेति, भगवता पूजितस्य पूजा भवति, पूजितपूजकत्वाल्लोकस्य, विनयकर्म च कृतज्ञताधर्मगर्भं कृतं भवति, यद्वा किमन्येन ? कृतकृत्योऽपि स भगवान् यथा कथां कथयति धर्मसम्बद्धां, तथा नमति तीर्थं, तीर्थकरनामकर्मोदयादेवौचित्यप्रवृत्तेरिति ॥ २७॥ **'एयम्मि पूईअंमि णत्थि तयं जं न पूइअं होइ। भुवणे वि पूअणिज्जं ण गुणत्थाणं तओ अण्णं'** ॥ २८ ॥ एतस्मिन् पूजिते नास्ति तद् यत् पूजितं न भवति, भुवनेऽपि पूज्यं नास्त्यन्यत्ततः गुणस्थानं॥ २८॥ **'तत्पूआपरिणामो हंदि महाविसयमो मुणेयव्वो। तद्देसपुयओवि हु देवयपुआइणाएणं'** ॥ २९ ॥ तत्पूजापरिणामः=सङ्घपूजापरिणामः 'हन्दि' महाविषय एव

---

સમસ્ત સંઘની પૂજા વધુ ગુણકારી છે. **શ્રી પંચાશકમાં** આવી વિશેષ પૂજા કરતાં સંઘપૂજાને વધુ લાભકારી બતાવી છે.) વિશેષપૂજાની અપેક્ષાએ વિષયની મહત્તાને કારણે વ્યાપક-વિસ્તૃતવિષયવાળી હોવાથી સંઘપૂજા વધુ ગુણવાળી છે. દિગાદિપૂજા વ્યાપ્ય છે, જ્યારે સંઘપૂજા વ્યાપક છે. વ્યાપ્યની અપેક્ષાએ વ્યાપકની મહત્તામાં કારણ આપે છે - આગમમાં તીર્થંકર પછી (મહાનપણાની અપેક્ષાએ) સંઘની ગણના થાય છે, તેથી સંઘ મહાન છે ॥ ૨૫॥

આ જ મુદ્દાનું સમર્થન કરે છે- "ગુણસમુદાય, સંઘ, પ્રવચન, તીર્થ આ એકાર્થ છે. તીર્થંકર પણ આ સંઘને ગુરુભાવથી નમે છે - સંઘ અનેકજીવોમાં રહેલા સમ્યક્ત્વાદિ ગુણમય હોવાથી ગુણસમુદાયરૂપ છે. 'પ્રવચન' અને 'તીર્થ' એના પર્યાયવાચી શબ્દો છે. (અથવા ગુણસમુદાય, સંઘ, પ્રવચન, તીર્થ આ બધા પર્યાયવાચી શબ્દો છે. સંઘ આ બધા શબ્દોથી ઓળખાય છે.) 'નમો તિત્થસ્સ'(=તીર્થને નમસ્કાર) આ વચનથી ધર્મકથાના આરંભે તીર્થંકરો ગૌરવપૂર્વક 'તીર્થ'પદથી સૂચિત શ્રી સંઘને નમે છે." ॥ ૨૬ ॥ 'તીર્થંકરો સંઘને નમે છે' એ બાબતમાં યુક્તિ બતાવે છે (અથવા સંઘની પૂજ્યતામાં અન્ય યુક્તિ બતાવે છે.)- 'તેનાપૂર્વક અરિહંતપણું છે, પૂજિતપૂજા તથા વિનયકર્મ અથવા કૃતકૃત્ય પણ જેમ ધર્મકથા કરે છે. તેમ તીર્થને નમે છે.' (અરિહંતપણું) સંઘે કહેલા (સંઘના આચાર્યઆદિ એક અંશે બતાવેલા) અનુષ્ઠાનનું ફળ છે. તેથી અરિહંતપણું સંઘપૂર્વક છે. લોકો પૂજિતપૂજક છે.(=નાયકથી પૂજાયેલી વસ્તુના પૂજક છે.) તેથી ધર્મઅગ્રણી-ભગવાનથી સંઘને પૂજાયેલો જોઇ લોકો પણ સંઘની પૂજા કરે. વળી કૃતજ્ઞતાધર્મ(અરિહંતના કૈવલ્ય કે/અને તીર્થંકરપણામાં સંઘનો ઉપકાર છે.)થી યુક્ત વિનયધર્મનું પાલન થતું હોવાથી પણ તીર્થંકરો સંઘને નમે છે, (તેથી બીજાઓને પણ આ પ્રમાણે કૃતજ્ઞતા અને વિનયની મહત્તા સમજાય.) અથવા તો બીજી બધી વાતોથી સર્યું. કૃતકૃત્ય ભગવાન જેમ ધર્મદેશના કરે છે, તેમ તીર્થને નમે છે. તીર્થંકરનામકર્મના ઉદયથી જ ધર્મદેશના તીર્થનમનઆદિ ઔચિત્યસભર પ્રવૃત્તિઓ થાય છે. (અર્થાત્ એ પ્રવૃત્તિઓમાં તીર્થંકરનામકર્મનો ઉદય જ પ્રબળ હેતુ છે.) ॥ ૨૭ ॥ આની(=સંઘની) પૂજા કર્યા પછી જગતમાં અન્ય કોઇ વસ્તુ અપૂજિત રહેતી નથી, કારણ કે સંઘને છોડી બીજું કોઇ પૂજનીયસ્થાન નથી. ॥ ૨૮॥ 'દેવતાના એકદેશની પૂજામાં પણ દેવતાપૂજાદિ દૃષ્ટાંતથી તેની(=સંઘની) પૂજાનો પરિણામ મહાવિષયવાળો સમજવો.' સંઘ મહાન હોવાથી સંઘપૂજાનો પરિણામ પણ મહાન છે.

(**શંકા :-** સમગ્રસંઘની પૂજા પ્રાયઃ અશક્ય છે. સંઘના એકદેશભૂત તે-તે ગામઆદિમાં રહેલા ચતુર્વિધઆદિ સંઘની પૂજા જ શક્ય છે. આમ સમગ્ર સંઘની પૂજા અશક્ય કાર્ય હોઇ, તે અંગેનો ભાવ પણ આકાશના તારા તોડી લાવવાની ઇચ્છાની જેમ

मन्तव्यः सङ्घस्य महत्त्वात्, तद्देशे पूजयतोऽप्येकत्वेन सर्वपूजाऽभावे देवतापूजादिज्ञातेन=देवतादेशपादादिपूजोदाहरणेन देशगतक्रियायामपि देशिपरिणामवद् व्यक्तिगतक्रियायां सामान्यविषयकप्रत्यासत्तिविशेषात् सामान्यावच्छादितयावद्व्यक्तिविषयको परिणामो महान् न दुरुपपाद इति निष्कर्षः ॥ २९॥

विधिशेषमाह- **'तत्तो य पइदिणं सो करिज्ज पूअं जिणिंदठवणाए। विभवाणुसारं गुरुइं काले णिययं विहाणेणं'** ॥ ३० ॥ ततः प्रतिष्ठानन्तरं प्रतिदिनमसौ श्रावकः कुर्यात् पूजामभ्यर्चनरूपां जिनेन्द्रस्थापनायाः प्रतिमाया इत्यर्थः, विभवानुसारगुर्वीमुचितवित्तत्यागेन काल उचित एव नियतां भोजनादिवद्विधानेन शुचित्वादिनेत्यर्थः ॥ ३० ॥ एतदेवाह- **'जिणपुआइविहाणं सुइभूओ तीइए चेव उवउत्तो। अण्णंगमच्छिवंतो करेइ जं पवरवत्थूहिं'** ॥ ३१ ॥ जिनपूजाया विधानमेतत्-शुचिभूतः सन् स्नानादिना तस्यां पूजायामुपयुक्तः= प्रणिधानवानन्यदङ्गं=शिरःप्रभृत्यस्पृशन् करोति यत्प्रवरवस्तुभिः=सुगन्धिपुष्पादिभिः ॥ ३१ ॥ अत्रैव विधिशेषमाह-

---

અશક્યવસ્તુસંબંધી હોવાથી તુચ્છ છે-મહાન નથી - આ સંભવિત શંકાના સમાધાનમાં કહે છે-) સંઘનો દેશ સંઘથી કથંચિદ્ અભિન્ન છે. તેથી સંઘના એક દેશની પૂજામાં પણ સમગ્ર સંઘની પૂજા સમાયેલી છે. અહીં દૃષ્ટાંત બતાવે છે- દેવતાના ચરણરૂપ એકદેશમાં કરેલી પૂજા સંપૂર્ણ દેવતાની પૂજા ગણાય છે. તેમ સંઘના એક દેશની કરેલી પૂજા સમગ્ર સંઘની પૂજારૂપ છે. આમ દેશગતક્રિયામાં દેશીનો પરિણામ હોય છે, તેમ વ્યક્તિસંબંધી ક્રિયામાં પણ સામાન્ય-વિષયક સંબંધવિશેષથી તે સામાન્યમાં સમાવેશ પામેલી તમામ વ્યક્તિવિશેષોઅંગેનો પરિણામ ઉદ્ભવી શકે છે. સંઘની જ એકાદ કે કેટલીક વ્યક્તિની પૂજાવખતે 'હું સંઘની પૂજા કરું છું' એ પરિણામ હોવાથી એ પૂજા સંઘસામાન્યની બની રહે છે. તેથી સંઘમાં સમાવેશ પામેલા ચતુર્વિધ સંઘની પ્રત્યેક વ્યક્તિની પૂજાના પરિણામરૂપ રહે છે.

(**નૈયાયિકવૈશેષિકોએ** પ્રત્યક્ષજ્ઞાનમાં (૧) લૌકિક અને (૨) અલૌકિક એમ બે પ્રકારના સન્નિકર્ષને કારણ માન્યા છે. તેમાં અલૌકિક સંનિકર્ષ ૩ પ્રકારના છે. (૧) સામાન્યલક્ષણ (૨) જ્ઞાનલક્ષણ અને (૩) યોગજ. તેમાં જ્યારે એક ઘડાનું પ્રત્યક્ષ થાય છે, ત્યારે તેમાં પ્રકાર=વિશેષણતરીકે 'ઘટત્વ' જાતિ=સામાન્ય ભાસે છે. આ સામાન્ય પોતે ઘટના પ્રત્યક્ષવખતે 'ઘટત્વ' જાતિથી યુક્ત તમામ ઘડાઓના જ્ઞાનમાં કારણ બને છે. આમ 'ઘટ'ના પ્રત્યક્ષવખતે ઘટત્વ સામાન્ય પ્રત્યાસત્તિ=સંબંધથી સઘળા ઘડાનું જ્ઞાન થાય છે, તેમ અમુક સ્થાનના સંઘઆદિરૂપ સંઘની અમુક વ્યક્તિની સંઘપૂજાના આશયથી પૂજા કરવામાં આવે છે, ત્યારે સંઘત્વ સામાન્યપ્રત્યાસત્તિથી એ સંઘત્વસામાન્યથી યુક્ત સંઘમાં સમાવેશ પામતી - 'સંઘ'પદથી વાચ્ય=ઓળખાતી તમામ વ્યક્તિઓનું જ્ઞાન થાય છે.) આમ અમુક વ્યક્તિની પૂજા થતી હોવા છતાં આ સામાન્યપ્રત્યાસત્તિથી સમગ્રસંઘની પૂજાનો મહાન ભાવ દુર્સંગત નથી. ॥ ૨૯॥

## જિનપૂજાની વિધિ અને ફળ

હવે પ્રતિમાપૂજનઅંગે શેષવિધિ બતાવે છે- 'બિંબની પ્રતિષ્ઠા કર્યા બાદ જિનેન્દ્રસ્થાપનાની ઉચિતકાળે વિધાનપૂર્વક નિયત વિભવાનુસાર શ્રેષ્ઠ પૂજા કરવી.' જિનપ્રતિમાને પ્રતિષ્ઠિત કર્યા બાદ દરરોજ જિનેન્દ્રસ્થાપના= જિનપ્રતિમાની અભ્યર્ચના કરવી જોઇએ. વિભવાનુસાર=દ્રવ્યના ઉચિતત્યાગપૂર્વક, કાલે=ઉચિત સમયે. નિયત=જેમ ભોજનવગેરે નિત્ય-નિયતકર્મ છે, તેમ પૂજા પણ નિત્યકર્મ બનવી જોઇએ. વિધાન=પવિત્ર વગેરે થઇને. ॥ ૩૦॥ પવિત્રતાઅંગે કહે છે- 'જિનપૂજાની આ વિધિ છે - સ્નાનવગેરેથી પવિત્ર થઇને(=દ્રવ્યથી પવિત્રતા) તથા પૂજામાં જ ઉપયોગ રાખવાપૂર્વક(=ભાવથી પવિત્રતા) પ્રતિમાના મસ્તકવગેરે અન્ય અંગોને સ્પર્શ્યા વગર સુગંધી પુષ્પવગેરે શ્રેષ્ઠ વસ્તુઓથી પૂજા કરવી.' ॥ ૩૧॥ પૂજાઅંગે બાકીની વિધિ બતાવે છે- 'શુભગંધ(=વાસક્ષેપ) ધુપ (વગેરેથી પૂજા કરી) પાણી અને સર્વૌષધિથી પ્રથમ જિનબિંબને સ્નાન કરાવવું. તે પછી કુંકુમઆદિથી વિલેપન કરવું. ત્યારબાદ

**'सुहगंधधूवपाणियसव्वोसहिमाइएहिंतो ण्हवणं। कुंकुमगाइविलेवणमइसुरहिं मणहरं मल्लं'** ॥ ३२॥ शुभगन्धधूपपानीयसर्वौषध्यादिभिस्तावत् स्नपनं प्रथममेव भूयः कुङ्कुमादिविलेपनं तदन्वतिसुरभिगन्धेन मनोहारि-दर्शनेन च माल्यमिति ॥ ३२॥ **'विविहनिवेअणमारत्तिगाइ धूवथयं वंदणं विहिणा। जहसत्ति गीतवाइअ-णच्चणदाणाइयं चेव'** ॥ ३३॥ विविधं निवेदनमिति-चित्रनैवेद्यं, आरात्रिकादि तदनु धूपस्तथा स्तवस्तदनु वन्दनं विधिना विश्रब्धादिना तथा यथाशक्ति गीतवादित्रनर्त्तनदानादि चैवादिशब्दादुचितस्मरणमिति ॥ ३३॥ **'विहियाणुट्ठाणमिणं ति एवमेयं सया करिंताणं। होइ चरणस्स हेउ णो इहलोगादवेक्खाए'** ॥ ३४॥ विहितानुष्ठानमिदमित्येवं चेतस्याधाय सदा कुर्वतां चरणस्य हेतुरेतदेव नेहलोकाद्यपेक्षयाऽऽदिशब्दात्कीर्त्यादि-परिग्रहः, यावज्जीवमाराधनाऽदृष्टविशेषे निर्जराविशेषे च हेतुरिति गर्भार्थः॥ ३४ ॥ **'एवं चिय भावथए आणाराहणा उ रागो वि। जं पुण इय विवरीयं तं दव्वथओ वि णो होइ'** ॥ ३५॥ एवमेवानेनैव विधिना कुर्वतामेतद् भावस्तवे वक्ष्यमाणलक्षणे आज्ञाराधनात्कारणाद्रागोऽपि, तद्रागाच्च द्रव्यस्तवत्वं तच्छरीरघटक-विशेषणसम्पत्तेः। यत्पुनर्जिनभवनाद्येवं विपरीतं=यादृच्छिकं तद् द्रव्यस्तवोऽपि न भवत्युत्सूत्रत्वात् सूत्राज्ञाविशिष्ट-पूजात्वादिनैव भावस्तवहेतुत्वादिति **तार्किकाः** ॥ ३५॥

अभ्युपगमे दोषमाह- **'भावे अइप्पसंगो आणाविवरीयमेव जं किंचि। इह चित्ताणुट्ठाणं तं दव्व-थओ भवे सव्वं'** ॥ ३६॥ भावे=द्रव्यस्तवभावे च तस्यातिप्रसङ्गः=अतिव्याप्तिः कथमित्याह- आज्ञाविपरीतमेव=

---

સુરભિગંધવાળી અને મનોહરદર્શનવાળી પુષ્પમાળા ચડાવવી પછી કુંકુમ (કેસર) વગેરેથી વિલેપન કરવું. તે પછી અતિસુગંધી અને મનોરમ્ય પુષ્પમાળા ચડાવવી.'॥ ૩૨॥ તે પછી 'વિવિધ પ્રકારના નૈવેદ્ય ચડાવવા, આરતીવગેરે ઉતારવી,તે પછી ધુપપૂજા કરવી, તે પછી સ્તવના કરવી. પછી ધીરજપૂર્વક વિધિપૂર્વક ચૈત્યવંદન કરી યથાશક્તિ ગીત, વાજિંત્ર, નૃત્ય વગેરે કરવું. તથા આદિપદથી પૂજાવિધિ વખતે ઉચિત વ્યક્તિવગેરેને યાદ કરવા.' ॥ ૩૩॥ **'આ પૂજા શાસ્ત્રમાં વિહિત કરેલું અનુષ્ઠાન છે' આ પ્રમાણે ચિત્તમાં પ્રણિધાન કરીને હંમેશા પૂજા કરનારને આ પૂજા જ ચારિત્રનો હેતુ બને છે. પણ આલોકવગેરેની (વગેરેથી કીર્તિવગેરેની) અપેક્ષાએ પૂજા કરે, તો ચારિત્રનો હેતુ ન બને.** પૂજાવગેરે ધર્મની યાવજ્જીવ આરાધના વિશિષ્ટ પુણ્ય અને વિશિષ્ટ નિર્જરાનું કારણ બને છે આવો ભાવાર્થ છે. (પુણ્યથી ધર્મસામગ્રી મળે અને નિર્જરા=ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ. તેથી પરભવમાં પણ ચારિત્રના સંજોગો અને ચારિત્રનો ઉદ્યમ સુલભ બને.) ॥ ૩૪॥ આમ આ વિધિથી દ્રવ્યસ્તવ કરનારાને જ આજ્ઞાની આરાધના હોવાથી ભાવસ્તવપ્રત્યે રાગ છે. પણ જે (જિનભવન કરાવવું વગેરે) આનાથી વિપરીત છે, તે દ્રવ્યસ્તવ પણ નથી.

## આજ્ઞાવિહિત દ્રવ્યસ્તવ જ ભાવસ્તવનું કારણ

'જિનભવન કરાવવું' વગેરેમાં યથાર્થ દ્રવ્યસ્તવપણું તો જ આવે, જો તેમાં ભાવસ્તવનો રાગ ઊભો હોય, ભાવસ્તવના રાગથી 'દ્રવ્યસ્તવ'ના સ્વરૂપમાં પ્રધાનદ્રવ્યરૂપ 'દ્રવ્યત્વ' વિશેષણ સંગત બને છે. (જિનાજ્ઞામુજબ દ્રવ્યસ્તવ ભાવસ્તવનું કારણ બને. તેથી જે જિનાજ્ઞામુજબ દ્રવ્યસ્તવ આદરે છે, તે પ્રાયઃ ભાવસ્તવના રાગવાળો છે તેમ કહી શકાય. આમ જિનાજ્ઞામુજબ જિનાલય કરાવવું વગેરેથી જિનાજ્ઞાનું પાલન થાય છે. આજ્ઞાપાલન ભાવસ્તવના રાગદ્વારા ભાવસ્તવનું કારણ બને. અને ભાવનું કારણ દ્રવ્ય કહેવાય. આમ આજ્ઞાવિહિત દ્રવ્યસ્તવપ્રવૃત્તિ જ વાસ્તવિક દ્રવ્યસ્તવ બને.) જે જિનભવન બનાવવાદિ પ્રવૃત્તિઓ આજ્ઞાથી વિપરીત-સ્વચ્છંદતાથી હોય, તે દ્રવ્યસ્તવ ન બની શકે, કારણ કે તેમાં સૂત્રઆજ્ઞાવિહિત પૂજાદિરૂપતા નથી. સૂત્રઆજ્ઞાવિહિત પૂજાવગેરે જ ભાવસ્તવના હેતુ છે. આમ **તાર્કિકોનું** કથન છે. (જે વ્યક્તિ દ્રવ્યસ્તવરૂપ મંદસૂત્રાજ્ઞા પણ પાળવા સમર્થ ન બને, તે ભાવસ્તવરૂપ ઉગ્ર સૂત્રાજ્ઞા પાળવા શી રીતે સમર્થ બને?) ॥ ૩૫॥

आगमविरुद्धमेव यत्किञ्चिदिह=लोके चित्रानुष्ठानं गृहकरणादि तत्सर्वं द्रव्यस्तवो भवेन्निमित्ताविशेषादिति ॥ ३६ ॥ व्यावर्त्तकमाशङ्क्याह- **'जं वीयरागगामि अह तं नणु सिट्ठणादि वि स एवं। सिय उचियमेव जं तं आणाराहणा एवं'** ॥ ३७ ॥ यद्वीतरागगाम्यनुष्ठानं तद् द्रव्यस्तवोऽथेति चेत् ? **अत्राह**- 'ननु' इति 'अक्षमायाम्' शिष्टनाद्यपि=आक्रोशनाद्यपि वीतरागगाम्येवं सद् द्रव्यस्तवः स्यात्, तस्मादुचितमेव वीतरागगामि यत् तद् द्रव्यस्तव इत्थमुक्तौ दोषाभाव इति चेत् ? एवमाज्ञाराधनावश्यं वक्तव्या, प्राय(प्राप्त पाठा.) आज्ञाशुद्धस्यैवोचितत्वादिति भावः ॥ ३७ ॥ एवं चाज्ञाशुद्धं वीतरागगामि भावस्तवहेतुरनुष्ठानं द्रव्यस्तव इति निर्व्यूढं, तत्र भावस्तवेऽतिव्याप्ति-वारणाय विशेष्यं, अत्र विशेषणद्वयं भावस्तवहेतुतावच्छेदकपरिचायकमिति भावस्तवहेतुत्वमेव लक्षणं सिध्यति।

---

**શંકા :** - 'આજ્ઞાવિરુદ્ધના અનુષ્ઠાનને પણ દ્રવ્યસ્તવ માનવામાં શો દોષ છે ?' આ શંકાના **સમાધાનમાં** કહે છે- 'જો આજ્ઞાવિરુદ્ધનું અનુષ્ઠાન દ્રવ્યસ્તવ હોય, તો અતિપ્રસંગ દોષ છે.(=અતિવ્યાપ્તિ છે.) કારણ કે ઘર બનાવવુંવગેરે જે કંઇ આજ્ઞાવિરુદ્ધ આચરણ છે, તે બધું પણ દ્રવ્યસ્તવતરીકે સંમત થઇ જશે.' આજ્ઞાવિરુદ્ધ પ્રવૃત્તિ જો દ્રવ્યસ્તવ બનવાયોગ્ય હોય, તો જે જે આજ્ઞાવિરુદ્ધ હોય, તે બધું દ્રવ્યસ્તવ બની જાય, કારણ કે આજ્ઞાવિરુદ્ધતા હેતુ અવિશેષરૂપે છે. (સ્વરૂપસાવદ્ય દ્રવ્યસ્તવ આજ્ઞાસંમત હોવાથી જ અનુબંધથી નિરવદ્ય અને ધર્મરૂપ બને છે. જો એમાંથી આજ્ઞાસંમતતા નીકળી જાય,તો તે પણ ઘર બનાવવાની જેમ અનુબંધથી પણ સાવદ્ય બની જાય. એટલે દેરાસર બનાવો કે ઘર બનાવો, કશો ફરક રહે નહીં. આ હેતુથી ઘર બનાવવાને પણ દ્રવ્યસ્તવ માનવાની આપત્તિ આપવાદ્વારા હકીકતમાં આજ્ઞારહિતના દ્રવ્યસ્તવને ઘર બનાવવા જેવું સાવદ્ય બતાવવા માંગે છે. એમ લાગે છે.) ॥ ૩૬ ॥ અતિવ્યાપ્તિનિવારક વિશેષણની આશંકા કરી **સમાધાન** આપે છે- 'જે વીતરાગગામી હોય, તે જ (દ્રવ્યસ્તવ.) એમ તો આક્રોશવગેરે પણ દ્રવ્યસ્તવ ઠરશે. ઉચિત વીતરાગગામી જ (દ્રવ્યસ્તવ બને.) આમ તો આજ્ઞાઆરાધના જ ઔચિત્યરૂપ છે.'

**શંકા :**- વીતરાગગામી=વીતરાગને ઉદ્દેશીને થતું અનુષ્ઠાન જ દ્રવ્યસ્તવતરીકે સંમત છે. ગૃહકરણવગેરે તેવા નથી. તેથી ત્યાં દ્રવ્યસ્તવ માનવારૂપ અતિવ્યાપ્તિ નથી.

**સમાધાન :**- (અહીં 'નનુ'પદ અક્ષમાઅર્થક છે.) 'જે વીતરાગગામી હોય તે દ્રવ્યસ્તવ હોય, જેમકે જિનભવનકરાવણ.' આવી માન્યતામાં પણ અતિવ્યાપ્તિ છે જ, કારણ કે 'વીતરાગની નિંદા કે વીતરાગને ગાળ દેવી' વગેરે પણ વીતરાગગામી જ છે. આમ વીતરાગગામી હોવામાત્રથી દ્રવ્યસ્તવરૂપ માનવામાં વીતરાગને આક્રોશ વગેરે પણ દ્રવ્યસ્તવ બની જાય.

**શંકા :**- વીતરાગગામી પણ ઉચિત અનુષ્ઠાન જ દ્રવ્યસ્તવ બને. આમ ઉચિત વીતરાગગામી અનુષ્ઠાનને દ્રવ્યસ્તવ સ્વીકારવામાં અતિવ્યાપ્તિનું વારણ થાય છે, કારણ કે વીતરાગને આક્રોશવગેરે કરવા ઉચિત નથી.

**સમાધાન :**- અનુષ્ઠાનનાં ઔચિત્ય-અનૌચિત્યના નિયામક કોણ ? અહીં ન છૂટકે પણ આજ્ઞા-આગમને નિયામકતરીકે સ્વીકારવા પડશે. જે પ્રાયઃ આજ્ઞાથી વિહિત હોય-શુદ્ધ હોય, તે જ અનુષ્ઠાન ઉચિત અનુષ્ઠાન બને. (અહીં આજ્ઞાની અજ્ઞાનદશામાં પણ સ્વોલ્લાસમાત્રથી થતું દ્રવ્યસ્તવ કે જે શુભભાવના કારણે ભાવીમાં આજ્ઞાના જ્ઞાન અને આરાધનમાં નિમિત્ત બને, તેવા દ્રવ્યસ્તવનો પણ ઉચિત દ્રવ્યસ્તવમાં પ્રવેશ કરાવવામાટે 'પ્રાયઃ' શબ્દનો પ્રયોગ કર્યો લાગે છે. અથવા પ્રાપ્ત આજ્ઞા શુદ્ધ અનુષ્ઠાન જ ઉચિત છે.) આમ તમે મોટું ચક્કર લગાવી મૂળસ્થાને આવી ગયા કે આજ્ઞાવિહિત અનુષ્ઠાન જ દ્રવ્યસ્તવ બને. ॥ ૩૭ ॥ આ ચર્ચાથી આ નિષ્કર્ષ આવ્યો → 'આજ્ઞાશુદ્ધ, વીતરાગગામી અને ભાવસ્તવમાં કારણ બનતું અનુષ્ઠાન દ્રવ્યસ્તવ છે.' અહીં 'ભાવસ્તવમાં કારણ બનતું અનુષ્ઠાન' આ વિશેષ્યપદ છે. 'દ્રવ્યસ્તવ' પદ વિધેય છે.

---

① आश्रयाणां परस्परभेदानुमितिजनकं व्यावर्त्तकम्।

तत्राह- **'जं पुण एयविउत्तं एगंतेणेव भावसुण्णं ति । तं विसयम्मि वि ण तओ भावथयाहेउओ उचिओ' ॥ ३८ ॥** यत्पुनरनुष्ठानमेतद्वियुक्तम्=औचित्यान्वेषणादिशून्यं तदनुष्ठानमेकान्तेनैव भावशून्यमिति विषयेऽपि वीतरागादौ न तको द्रव्यस्तवः, 'भावथयाहेउओ'त्ति धर्मपरकनिर्देशाद् भावस्तवाहेतुत्वादित्यर्थः, उचितो भावस्तवाङ्गं न।

વિશેષ્યપદનું ઉપાદાન ભાવસ્તવમાં અતિવ્યાપ્તિના વારણ અર્થે છે. અન્યથા દ્રવ્ય-ભાવ બન્નેમાં આજ્ઞાશુદ્ધિ અને વીતરાગગામિતારૂપ ઉપરોક્ત વિશેષણદ્વય હોવાથી બન્ને એક થવાની આપત્તિ આવે. વળી ભાવસ્તવમાં કારણભૂત બનતું અનુષ્ઠાન આજ્ઞાશુદ્ધ અને વીતરાગગામી હોવાનું જ. તેથી 'ભાવસ્તવની કારણતા જેમાં હોય, તે દ્રવ્યસ્તવ' આમ સ્વીકારવામાં ક્યાંય અવ્યાપ્તિવગેરે દોષ નથી. તેથી ઉપરોક્ત બે વિશેષણો દ્રવ્યસ્તવના 'ભાવસ્તવની કારણતા'રૂપ લક્ષણમાં અવ્યાપ્તિવગેરે દોષો દૂર કરવાદ્વારા સાર્થક બની શકતા નથી. **'सति सम्भवे व्यभिचारे च'** ઇત્યાદિન્યાયથી આ વિશેષણો નિરર્થક સિદ્ધ છે. અલબત્ત, 'ભાવસ્તવમાં કારણભૂત દ્રવ્યસ્તવ કેવું હોય ?' તેવી જિજ્ઞાસાનું દ્રવ્યસ્તવનું સ્વરૂપ દર્શાવવાદ્વારા સમાધાન કરવા 'આજ્ઞાશુદ્ધ' અને 'વીતરાગગામી' આ બે વિશેષણપદો ઉપયોગી બને છે, (આમ માત્ર સ્વરૂપનો પરિચય કરાવવા ઉપયોગી છે – સ્વરૂપવિશેષણ છે. 'ભાવસ્તવહેતુતાઽવચ્છેદક પરિચાયક.' અહીં ભાવસ્તવ કાર્ય છે. તેનો હેતુ દ્રવ્યસ્તવ છે. આમ દ્રવ્યસ્તવમાં હેતુતા આવી. આ હેતુતા દ્રવ્યસ્તવત્વના કારણે છે, અર્થાત્ આ હેતુતાનો અવચ્છેદક દ્રવ્યસ્તવત્વ છે. આ દ્રવ્યસ્તવત્વ કેવું હોવું જોઇએ ? તો તેનો પરિચય 'આજ્ઞાશુદ્ધ' અને 'વીતરાગગામી' આ બે વિશેષણપદો કરાવે છે. આમ અર્થ લગાડવો.) પરંતુ દ્રવ્યસ્તવના લક્ષણતરીકે ઉપયોગી નથી. તેથી દ્રવ્યસ્તવનું અવ્યાપ્તિવગેરે દૂષણોથી રહિતનું 'ભાવસ્તવહેતુત્વ' આ જ લક્ષણ યોગ્ય છે.(આ લક્ષણ જેમાં હોય, તે જ આજ્ઞાશુદ્ધ અને વીતરાગગામી હોવાથી દ્રવ્યસ્તવ છે, એ તાત્પર્ય છે.) અહીં વિશેષ કહે છે- 'જે અનુષ્ઠાન આનાથી(=ઔચિત્યગવેષણા આદિથી) શૂન્ય હોય, તે અનુષ્ઠાન એકાંતે ભાવશૂન્ય છે. તેથી તદ્(=વીતરાગઆદિ) વિષયક હોવા છતાં ભાવસ્તવનું કારણ ન બનવાથી તે ઉચિત દ્રવ્યસ્તવ નથી.' 'ઉચિત દ્રવ્યસ્તવ નથી' એમ કહેવાથી ફલિત થાય છે કે જે દ્રવ્યસ્તવ ભાવસ્તવમાં કારણ બને, તે ઉચિત પ્રધાનદ્રવ્યસ્તવ, બાકીના અપ્રધાનદ્રવ્યસ્તવ.

**શંકા :-** અમુક અનુષ્ઠાન ઉચિત દ્રવ્યસ્તવ નથી, તેની સિદ્ધિમાં જો 'આ અનુષ્ઠાન (પક્ષ) ઉચિતદ્રવ્યસ્તવ નથી (સાધ્ય) કારણ કે ભાવસ્તવનું કારણ નથી. (હેતુ)' આવું અનુમાન કરશો, તો હેતુ અને સાધ્ય એકરૂપ થશે. માત્ર નામભેદ રહેશે, કારણ કે ભાવસ્તવની કારણતાનો અભાવ અને 'ઉચિત દ્રવ્યસ્તવત્વનો અભાવ' આ બેમાં કોઇ ફરક નથી. તેથી કાં તો હેતુ સાધ્યરૂપ થવાથી હેતુ અસિદ્ધ છે. કાં તો સાધ્ય હેતુરૂપ થવાથી સિદ્ધસાધન દોષ છે.

**સમાધાન :-** ઉપરોક્ત અનુમાનસ્થળે 'અપ્રધાનદ્રવ્યસ્તવથી ભિન્ન દ્રવ્યસ્તવતરીકે વ્યપદેશને યોગ્ય નથી' એવું સાધ્ય ઇષ્ટ છે. કારણ કે 'ભાવસ્તવમાં અકારણતા' અને 'અપ્રધાનદ્રવ્યસ્તવથી ભિન્ન દ્રવ્યસ્તવ તરીકેના વ્યપદેશની અયોગ્યતા' આ બન્ને એકરૂપ નથી. તેથી પૂર્વોક્તદોષ નથી.

**શંકા :-** પ્રસ્તુતમાં ભાવસ્તવત્વથી અવચ્છિન્ન (ભાવસ્તવ) પ્રત્યે કોને કારણ માનો છો ? શું તે-તે વિશુદ્ધ દ્રવ્યસ્તવવ્યક્તિઓ તે-તે ભાવસ્તવમાટે સ્વતંત્ર કારણો છે ? કે આજ્ઞાયુક્ત તે-તે દ્રવ્યસ્તવો પ્રત્યેક સ્વતંત્ર કારણો છે ? આ બન્ને સ્થળે અનૈકાંતિક દોષ છે(=કાર્યકારણભાવભંજક દોષ છે.) કારણ કે એક દ્રવ્યસ્તવજન્ય ભાવસ્તવપ્રત્યે અન્ય દ્રવ્યસ્તવ કારણ ન બને. આમ પરસ્પરજન્ય ભાવસ્તવપ્રત્યે કારણતા ન હોવાથી દરેક દ્રવ્યસ્તવ **ચાલનીય**-ન્યાયથી અનૈકાંતિક સિદ્ધ થાય. વળી દ્રવ્યસ્તવવ્યક્તિવિશેષ તો અનેકભેદયુક્ત છે. તેથી નિર્ણય ન થઇ શકે કે ભાવસ્તવપ્રત્યે આ દ્રવ્યસ્તવ કારણ છે. (બધા જ દ્રવ્યસ્તવ તો આદરવા શક્ય જ નથી.) આમ ભાવસ્તવની કારણતાતરીકે ચોક્કસ નિર્ણય ન થવાથી દ્રવ્યસ્તવમાં ઉદ્યમ પણ નહિ થાય. (-આ અનનુગમ દોષ.) હવે, 'દ્રવ્યસ્તવ ભાવસ્તવનું કારણ હોવાથી ભાવસ્તવત્વઅવચ્છિન્ન પ્રત્યે હેતુ છે' એમ કહેવામાં તો 'દંડ ઘટનું કારણ હોવાથી

अप्रधानस्तु भवत्येव। (अत्र) हेतुसाध्याविशेषपरिहारायाप्रधानव्यावृत्तद्रव्यस्तवत्वेन व्यपदेश्यो नेति साध्यं व्याख्येयम्, अत्र यद्यपि विशुद्धतत्तद्द्रव्यस्तवव्यक्तीनामाज्ञाविशिष्टानां वा न भावस्तवत्वावच्छिन्ने हेतुत्वं व्यभिचारादननुगमाच्च[1],नापि भावस्तवकारणत्वेन घटकारणत्वेन दण्डादेरिवात्माश्रयात्[2], तथाप्यप्रधानव्यावृत्तेन द्रव्यस्तवत्वेनाखण्डोपाधिना[3] तत्त्वं गुडूच्यादीनां ज्वरहरणशक्त्येव शक्तिविशेषेणैव वा, विशेषणद्वयं तु परिचायकमुचिताप्रधानयोर्द्रव्यव्यवहारभेद(अभेदः?)स्तु द्रव्यशब्दस्य नानार्थत्वादिति युक्तं पश्यामः ॥ ३८॥

आनुषङ्गिकफलमात्रानौचित्यमित्यनुशास्ति- **'भोगाइफलविसेसो अत्थि एत्तो वि विसयभेएणं। तुच्छो य तओ जम्हा हवइ पगारंतरेणावि'**॥ ३९॥ भोगादिफलविशेषस्तु सांसारिक एवास्त्यतोऽपि द्रव्यस्तवात्, विषयभेदेन=वीतरागविषयविशेषेण। तुच्छस्त्वसौ भोगादिफलविशेषो यस्मात्प्रकारान्तरेणाप्यकामनिर्जरादिना भवति ॥ ३९॥ उचितानुष्ठानत्वे को विशेषो भावस्तवादित्यत्राह- **'उचियाणुट्ठाणाओ विचित्तजइजोगतुल्लमो**

---

ઘટત્વાવચ્છિન્નપ્રત્યે કારણ છે' એવા વચનની જેમ આત્માશ્રયદોષ છે. (સ્વની સિદ્ધિમાં સ્વની અપેક્ષા=આત્માશ્રય)

**સમાધાન :-** અહીં ઉચિત દ્રવ્યસ્તવમાં અપ્રધાનદ્રવ્યસ્તવથી ભિન્ન દ્રવ્યસ્તવપણું રૂપ અખંડ ઉપાધિ (=જાતિભિન્ન અવર્ણનીય ધર્મ) હોવાથી તે ભાવસ્તવનું કારણ છે. અથવા તો, જેમ ગડુચી(ઔષધ વિશેષ)વગેરેમાં તાવ દૂર કરવાની શક્તિ હોવાથી તેઓ તાવ દૂર કરવાની દવા છે. તેમ ઉચિત દ્રવ્યસ્તવમાં ભાવસ્તવજનક શક્તિવિશેષ હોવાથી જ, તે ભાવસ્તવનું કારણ છે. (**નૈયાયિકદર્શને** 'શક્તિ' તત્ત્વ સ્વીકાર્યું નથી. તેઓ 'કારણતાવચ્છેદક ધર્મ જેમાં હોય, તે કારણ' આમ માને છે. પણ **જૈનદર્શન** 'શક્તિ' તત્ત્વને સ્વીકારે છે. તે-તે કારણનો નિર્ણય કરતી વખતે અવચ્છેદક નહીં, પણ શક્તિ જોવાય છે. જેમકે દાહક્રિયા પ્રત્યે અગ્નિ કારણ એટલામાટે નથી કે અગ્નિમાં દાહકારણતાવચ્છેદક-અગ્નિત્વ રહ્યું છે, પણ અગ્નિમાં દાહશક્તિ રહી છે, માટે અગ્નિ દાહપ્રત્યે કારણ છે. તેથી **જૈનમત**ને આગળ કરી શક્તિતત્ત્વને આગળ કરી બીજું સમાધાન આપ્યું છે.)

**સાર :-** ઉચિત દ્રવ્યસ્તવના લક્ષણ તરીકે તો 'ભાવસ્તવની કારણતા' જ કાફી છે. 'આજ્ઞાશુદ્ધપણું' અને 'વીતરાગગામિતા' તો માત્ર સ્વરૂપનિર્દેશક જ છે.

**શંકા :-** ઉચિત દ્રવ્યસ્તવ પણ 'દ્રવ્ય'પદથી વ્યપદેશ્ય બને, અને અપ્રધાનભૂત અનુષ્ઠાન પણ 'દ્રવ્ય' પદથી વ્યપદેશ્ય બને, આમ એક જ પદનો બે ભિન્ન અર્થમાં વ્યવહાર કેમ થાય છે ? અથવા - 'આમ બે ભિન્ન અર્થમાં 'દ્રવ્ય'પદના પ્રયોગરૂપ વ્યવહારઅભેદ - 'દ્રવ્ય'રૂપે સમાન વ્યવહાર કેમ થાય છે ?'

**સમાધાન :-** આમ થવામાં અમને 'દ્રવ્ય'શબ્દ અનેક અર્થોનો વાચક છે એજ કારણ લાગે છે. ॥૩૮॥

## ભાવસ્તવ દ્રવ્યસ્તવમાં ભેદ

અપ્રધાનદ્રવ્યસ્તવ માત્ર આનુષાંગિક ફળવાળું જ હોવાથી અનુચિત છે, તેવી સલાહ આપતા કહે છે- 'આનાથી(=અપ્રધાનદ્રવ્યસ્તવથી) સાંસારિક ભોગાદિ ફળવિશેષ જ છે, કારણ કે તેમાં વીતરાગરૂપ વિષયવિશેષ છે. (અપ્રધાનદ્રવ્યસ્તવ **અન્યદેવની** પૂજાની જેમ સાવ નિષ્ફળ ન જતાં જે સાંસારિકભોગરૂપ ફળ આપે છે, તેમાં પણ વીતરાગરૂપ વિષયની જ મહત્તા છે. પણ તેટલામાત્રથી અપ્રધાન દ્રવ્યસ્તવ આદરણીય નથી, કારણ કે-) પણ તે(=ભોગાદિફળવિશેષ) તુચ્છ છે, કારણ કે તે તો પ્રકારાંતરે (અકામનિર્જરાવગેરેથી) પણ સંભવે છે.' ॥ ૩૯॥

---

① व्यभिचारः एकत्राव्यवस्था। यद्वा कार्यकारणभावभङ्गः। स द्विधा - तत्र कारणसत्त्वे कार्याभावः अन्वयव्यभिचारः। कार्यसत्त्वे कारणाभावश्च व्यतिरेकव्यभिचारः। ② स्वस्य स्वापेक्षित्वमात्माश्रयस्तत्र चानिष्टप्रसङ्गरूपो दोषः। ③ जातिभिन्नो निर्वचनीयो धर्मः अखण्डोपाधिः।

**एस। जं ता कहं दव्वथओ तद्दारेणप्पभावाओ'** ॥ ४० ॥ अथोचितानुष्ठानात्कारणाद्विचित्रयतियोगतुल्य एवैष यद्=यस्मात् तत्=तस्मात् कथं द्रव्यस्तव:? भावस्तव एवास्ति। अत्रोत्तरं- तद्द्वारेण=द्रव्यस्तवद्वारेणाल्पभावात्= स्तोकभावोपपत्तेः ॥ ४० ॥ अधिकारिविशेषादत्राल्पभाव इत्याह- **'जिणभवणाईविहाणद्दारेणं एस होइ सुहजोगो। उचियाणुट्ठाणं पि य तुच्छो जइजोगओ णवरं'** ॥ ४१ ॥ जिनभवनादिविधानद्वारेण द्रव्यानुष्ठान-लक्षणेनैष भवति शुभयोग:=शुभव्यापार:, ततश्चोचितानुष्ठानमपि सदेष तुच्छो यतियोगत: सकाशाद् नवरं मलिनारम्भ्यधिकारिकशुभयोगत्वेन यतियोगादल्पत्वं तुल्यत्वं च प्राय: साधर्म्येणेति भाव: ॥ ४१ ॥ तथा चाह- **'सव्वत्थ णिरभिसंगत्तणेण जइजोगमो महं होइ। एसो य अभिस्संगा कत्थ वि तुच्छे वि तुच्छो उ'** ॥ ४२ ॥ सर्वत्र निरभिष्वङ्गत्वेन हेतुना यतियोग एव महान् भवत्यत: सकाशादेष तु द्रव्यस्तवोऽभिष्वङ्गात् क्वचि-त्तुच्छेऽपि वस्तुनि तुच्छ एव ॥ ४२ ॥ **'जम्हा उ अभिस्संगो जीवं दूसेइ णियमओ चेव। तद्दूसियस्स जोगो विसघारियजोगतुल्ल त्ति'** ॥ ४३ ॥ यस्मात्त्वभिष्वङ्ग: प्रकृत्यैव जीवं दूषयति नियमत एव, तथा दूषितस्य योग: सर्व एव तत्त्वतो विषघारितयोगतुल्योऽशुद्ध इति ॥ ४३ ॥ **'जइणो अदूसियस्स हेयाओ सव्वहा णियत्तस्स। सुद्धो उ(अ) उवादेए अकलंको सव्वहा सो उ'**॥४४॥ यतेरदूषितस्य सामायिकभावेन हेयात्सर्वथा निवृत्तस्य शुद्धश्चोपादेये वस्तुन्याज्ञाप्रवृत्त्याऽतोऽकलङ्क: सर्वथा स एव यतियोग: शुभयोगसामान्यजन्यतावच्छेदकफल-वृत्तिजातिव्याप्यजात्यवच्छिन्नं प्रत्येव साभिष्वङ्गनिरभिष्वङ्गशुभयोगानां हेतुत्वादेतदुपपत्तिरिति न्यायमार्ग: ॥ ४४ ॥

---

**शंका :-** જો પ્રધાન દ્રવ્યસ્તવ પણ ઉચિત અનુષ્ઠાનરૂપ હોય, તો તેમાં ભાવસ્તવથી શું ભેદ છે ? આ અંગે કહે છે- 'દ્રવ્યસ્તવ આમ ઉચિત અનુષ્ઠાન હોવાથી વિચિત્રયતિયોગ(=ભાવસ્તવ)ને તુલ્ય છે, તેથી તે દ્રવ્યસ્તવ કેમ કહેવાય ? તેને ભાવસ્તવ જ ગણવો જોઇએ.

**સમાધાન :-** 'દ્રવ્યસ્તવમાં દ્રવ્યના દ્વારથી ભાવ પ્રગટતો હોવાથી તેમાં અલ્પભાવ રહ્યો છે' તેથી તેને ઘણા ભાવથી યુક્ત ભાવસ્તવ કરતા ભિન્ન ગણવો યોગ્ય જ છે.' ॥૪૦॥ દ્રવ્યસ્તવમાં અલ્પભાવ અધિકારિવિશેષના કારણે છે, તેમ દર્શાવે છે-'આ દ્રવ્યસ્તવ જિનભવન કરાવવાઆદિ દ્રવ્યઅનુષ્ઠાનથી શુભયોગ બને છે . તેથી ઉચિત અનુષ્ઠાન હોવા છતાં આ અનુષ્ઠાન સાધુના યોગ(=ભાવસ્તવ)ની અપેક્ષાએ તુચ્છ છે.' દ્રવ્યસ્તવના અધિકારી મલિનારંભીઓ છે. જ્યારે ભાવસ્તવના અધિકારી અનારંભી છે. તેથી દ્રવ્યસ્તવ શુભયોગ હોવા છતાં ભાવસ્તવથી અલ્પ છે અને શુભયોગના સાધર્મ્યથી તુલ્ય છે. ॥૪૧॥ સર્વત્ર નિરભિષ્વંગ(=રાગ વિનાના) હોવાથી સાધુના યોગો જ મહાન છે. જ્યારે ક્યારેક તુચ્છ વસ્તુપર પણ અભિષ્વંગ હોવાના કારણે જ દ્રવ્યસ્તવ તો તુચ્છ જ છે. ॥૪૨॥ અભિષ્વંગ નિયમથી-પ્રકૃતિથી જ જીવને દૂષિત કરે છે. આ અભિષ્વંગથી દૂષિત થયેલાના બધા યોગો ઝેરથી વઘાર કરેલા જેવા અર્થાત્ વિષમિશ્રિત જેવા હોવાથી અશુદ્ધ હોય છે. (પ્રસ્તુતમાં એટલો ખ્યાલ રાખવો કે, પ્રધાન દ્રવ્યસ્તવને રાગાદિરૂપ ઝેરથી મિશ્રિત હોવાના કારણે અશુદ્ધ કહ્યો છે, પણ નિષ્ફળ નથી કહ્યો. જો નિષ્ફળ જ હોત, તો એની આરાધનામાટે આટલો કરેલો પ્રક્રિયાવિસ્તાર વ્યર્થ ગણાત અને અપ્રધાન દ્રવ્યસ્તવથી વિશિષ્ટ ગણાવવાનો પ્રયત્ન વ્યર્થ ગણાત. હકીકત એ છે, કે આ પ્રધાન દ્રવ્યસ્તવ રાગાદિવિષયુક્ત હોવા છતાં, વિષરૂપ નથી, પણ વિષની મંદતારૂપ છે. જ્યારે રાગાદિયુક્ત સંસારક્રિયાઓ તો પૂર્ણતયા વિષરૂપ જ છે. તેથી જ આ દ્રવ્યસ્તવ તરાપા જેવો છે. તરાપો જો કે પવન-પ્રવાહને આધીન હોવાથી નદી પાર કરાવી શકતો નથી. તો સાથે સાથે ડૂબાડતો પણ નથી. જ્યારે સંસારક્રિયાઓ તો શિલાદિરૂપ હોઇ ડૂબાડનારી છે.) ॥૪૩॥ 'સામાયિકના કારણે સર્વ હેયયોગોથી નિવૃત્ત થયેલા સાધુના યોગો ઉપાદેય વસ્તુમાં આજ્ઞાપૂર્વકની પ્રવૃત્તિથી શુદ્ધ અને અકલંકિત છે.'

उदाहरणेनोक्तस्वरूपव्यक्तिमाह- '**असुहतरंडुत्तरणप्पाओ दव्वत्थवोऽसमत्थो उ। णईमाइसु इयरो पुण समत्थबाहुत्तरणकप्पो**' ॥ ४५ ॥ अशुभतरण्डोत्तरणप्रायः कण्टकानुगतशाल्मलीतरण्डोत्तरणतुल्यो द्रव्यस्तवः सापायत्वादसमर्थश्चः, तत एव सिद्ध्यसिद्धेर्नद्यादिषु स्थानेषु। इतरः पुनर्भावस्तवः समर्थबाहूत्तरणकल्पस्तत एव मुक्तेः ॥ ४५ ॥ '**कडुओसहाइजोगा मंथररोगसमसंणिहो वावि। पढमो विणोसहेणं तक्खयतुल्लो अ बीओ उ**' ॥ ४६ ॥ कटुकौषधादियोगाद् मन्थररोगशमसन्निभो वाऽपि=विलम्बितरोगोपशमतुल्यो वाऽपि प्रथमो=द्रव्य-स्तवः, विनौषधेन स्वत एव तत्क्षयतुल्यश्च=रोगक्षयकल्पश्च द्वितीयो=भावस्तव इति ॥ ४६ ॥ अनयोः फलमाह- '**पढमाउ कुसलबंधो तस्स विवागेण सुगइमाईया। तत्तो परंपराए बिइओ विय होइ कालेणं**' ॥ ४७ ॥ प्रथमाद् द्रव्यस्तवात् कुशलबन्धो भवति सरागयोगात्। तस्य कुशलबन्धस्य विपाकेन=हेतुना सुगत्यादयः= सुगतिसम्पद्विवेकप्रभृतयः। ततो द्रव्यस्तवात्परम्परया द्वितीयोऽपि भावस्तवो भवति कालेनाभ्यासतः ॥ ४७ ॥

---

**શંકા :-** જો નિરભિષ્વંગ યોગ શુભ ગણાતો હોય, તો સાભિષ્વંગયોગ શુભ શી રીતે ગણાશે ? કારણ કે બન્ને પરસ્પર વિરુદ્ધ છે. તેથી દ્રવ્યસ્તવને શુભયોગ શી રીતે માની શકાય ? અને જો અભિષ્વંગ હોય તો પણ શુભયોગ સંભવી શકતો હોય, તો અભિષ્વંગ અકિંચિત્કર છે અને શુભયોગના સાભિષ્વંગ અને નિરભિષ્વંગ એમ ભેદ પાડવાની કોઇ જરૂર નથી.

**સમાધાન :-** અભિષ્વંગની હાજરીમાં પણ શુભયોગ સંભવતો હોવાથી દ્રવ્યસ્તવ નિરર્થક નથી અને અભિષ્વંગ પણ અકિંચિત્કર નથી, કારણ કે શુભયોગથી પ્રાપ્ત થતા ફળમાં પણ જે વિચિત્રતા દેખાય છે–સાધુના શુભયોગો પ્રાયઃ પ્રધાનપણે નિર્જરા ફળ દેનારા છે અને શ્રાવકના દ્રવ્યસ્તવજનિત શુભયોગો પ્રાયઃ પ્રધાનપણે પુણ્ય ફળ દેનારા છે. આ જે તફાવત દેખાય છે, તેમાં ક્રમશઃ અભિષ્વંગનો અભાવ અને અભિષ્વંગયુક્તતા કારણ છે. 'શુભયોગ સામાન્ય..' ઇત્યાદિ–નિર્જરા કે પુણ્યવગેરે તમામ શુભ ફળો શુભયોગથી જન્ય=ઉત્પન્ન થાય છે. અહીં 'શુભફળત્વ' જાતિ વ્યાપક છે. 'નિર્જરાત્વ' અને 'શુભઆશ્રવત્વ'(=પુણ્યત્વ) વ્યાપ્ય જાતિઓ છે(=શુભફળના પેટા ભેદ છે.) એમાં નિર્જરાત્વજાતિથી અવચ્છિન્ન(=નિર્જરાત્વજાતિવાળું) ફળ છે નિર્જરા. તેનાપ્રત્યે નિરભિષ્વંગ શુભયોગ કારણ છે. તથા પુણ્યત્વજાતિથી અવચ્છિન્ન ફળ છે પુણ્ય. આ પુણ્યફળ પ્રત્યે સાભિષ્વંગ શુભયોગ કારણ છે. આ પ્રમાણે ઉપરોક્ત કથન યુક્તિયુક્ત બનાવી શકાય છે. આ ન્યાયમાર્ગ છે. ॥૪૪॥ આ સ્વરૂપને ઉદાહરણદ્વારા સ્પષ્ટ કરે છે– જેમ કાંટાથી યુક્ત શાલ્મલીના લાકડામાંથી બનાવેલો તરાપો અપાયયુક્ત છે અને નદી પાર કરવા સમર્થ નથી. બસ દ્રવ્યસ્તવ પણ આ તરાપા જેવો છે, કારણ કે તેનાથી મોક્ષ અસિદ્ધ છે. જ્યારે નદીવગેરેને સમર્થ બાહુથી તરવાસમાન ભાવસ્તવ છે, કારણ કે ભાવસ્તવથી જ મુક્તિ છે. ॥૪૫॥ બીજું ઉદાહરણ દર્શાવે છે– અથવા કડવા ઔષધવગેરેના યોગથી લાંબા કાળે રોગની ઉપશાંતિતુલ્ય દ્રવ્યસ્તવ છે અને ઔષધ વિના સ્વતઃ જ રોગક્ષય તુલ્ય ભાવસ્તવ છે. ॥૪૬॥ અહીં દ્રવ્યસ્તવ અને ભાવસ્તવથી મળતા ફળમાં કાળભેદ બતાવ્યો. તથા દ્રવ્યસ્તવમાં લાંબા કાળે પણ માત્ર ઉપશાંતિ બતાવી, ક્ષય નહીં. જ્યારે ભાવસ્તવ શીઘ્ર ક્ષયકારક છે.

## દ્રવ્યસ્તવથી ભાવસ્તવ પામવાની પ્રક્રિયા

હવે બન્નેના ફળ બતાવે છે– પ્રથમ(દ્રવ્યસ્તવ)થી કુશળ(=શુભકર્મ)નો બંધ થાય છે (કારણ કે આ સરાગ શુભયોગ છે.) આ કુશળકર્મના વિપાકથી સુગતિવગેરે(વગેરેથી સંપત્તિ–વિવેકવગેરે)ની પ્રાપ્તિ થાય છે. તે પછી તે દ્રવ્યસ્તવથી પરંપરાએ કાળે(=દ્રવ્યસ્તવના વારંવારના અભ્યાસથી) ભાવસ્તવ પ્રાપ્ત થાય છે. ॥૪૭॥ આ જ વાત વિશેષથી બતાવે છે– 'જિનબિંબની પ્રતિષ્ઠા કરવાના શુભભાવથી પ્રાપ્ત થયેલા અને સર્વકારણસામગ્રીઓ ભેગી

विशेषत इदमेवाह- **'जिणबिंबपइट्ठावणभावज्जिअकम्मपरिणइवसेणं। सुगइपइट्ठावणमणघं सइ अप्पणो जम्हा'** ॥ ४८ ॥ जिनबिम्बप्रतिष्ठापनभावार्जितकर्मपरिणतिवशेन स्वेतरसकलकारणमेलनसामर्थ्येन सुगतौ प्रतिष्ठापनमनघं सदात्मनो यस्मात्कारणात् ॥ ४८ ॥ तथा चाह- **'तत्थवि य साहुदंसणभावज्जियकम्मओ उ गुणरागो। काले य साहुदंसणं जहक्कमेणं गुणकरं नु'** ॥ ४९ ॥ तत्रापि च सुगतौ साधुदर्शनभावार्जितकर्मणस्तु सकाशाद् गुणरागो भवति, काले च साधुदर्शनं जायते यथाक्रमेण गुणकरं तत एव ॥ ४९ ॥ **'पडिबुज्झिस्संतऽण्णे भावज्जियकम्मओ उ पडिवत्ती। भावचरणस्स जायइ एवं चिय संजमो सुद्धो'** ॥ ५० ॥ प्रतिभोत्स्यन्तेऽन्ये प्राणिन इति भावार्जितकर्मणस्तु सकाशात् प्रतिपत्तिर्भावचरणस्य मोक्षैकहेतोरुपजायते। तदेवं भावचरणं संयमः शुद्ध इति ॥ ५० ॥ **'भावत्थओ अ एसो थोअव्वोचियपवित्तिओ णेओ। निरविक्खाणाकरणं कयकिच्चे हंदि उचियं तु'** ॥ ५१ ॥ भावस्तवश्चैष शुद्धसंयमः स्तोतव्योचितप्रवृत्तेः कारणाद् ज्ञेयः, तथा हि- निरपेक्षाज्ञाकरणमेव कृतकृत्ये स्तोतव्ये हन्दि ! उचितं नान्यन्निरपेक्षत्वात् ॥ ५१ ॥ **'एअं च भावसाहुं विहाय नण्णो चएइ काउं जे। सम्मं तग्गुणनाणाभावा तह कम्मदोसा य'** ॥ ५२ ॥ एतच्चैवमाज्ञाकरणं भावसाधुं विहाय=त्यक्त्वा नान्यः क्षुद्रः शक्नोति कर्तुं सम्यक्तद्गुणज्ञानाभावात्=इत्थमाज्ञाकरणगुणज्ञानाभावात् करणस्यापि **रत्नपरीक्षान्यायेन** बुद्ध्युपायत्वात् कर्मदोषाच्च=चारित्रमोहनीयकर्मापराधाच्च ॥ ५२ ॥ दुष्करत्वे कारणमाह- **'जं एयं अट्ठारससीलंगसहस्सपालणं णेयं। अच्चंतभावसारं ताइं पुण हुंति एयाइं'** ॥ ५३ ॥ यद्=यस्मादेतद्=अधिकृताज्ञाकरणमष्टादशशीलाङ्गसहस्रपालनं ज्ञेयमत्यन्तभावसारम्। तानि पुनः शीलाङ्गानि भवन्त्येतानि वक्ष्यमाणलक्षणानि ॥ ५३ ॥ **'जोए करणे सण्णा इंदियभोमाइसमणधम्मे य। सीलंगसहस्साणं अट्ठारसगस्स**

---

કરવામાં સમર્થ એવા શુભકર્મના કારણે જીવ પોતાને સતત પવિત્ર સદ્ગતિઓમાં સ્થાપી રાખે છે.' ॥૪૮॥ તે સદ્ગતિની પ્રાપ્તિ પછી શું ? તે બતાવે છે- 'તે સદ્ગતિઓમાં પણ સાધુદર્શનના ભાવથી બંધાયેલા શુભભાવથી ગુણાનુરાગ પ્રગટે છે અને તેનાથી અવસરે ક્રમશઃ ઉત્તરોત્તર ગુણ કરતાં સાધુદર્શનની પ્રાપ્તિ થાય છે.' ॥૪૯॥ (તથા આ પ્રતિમાના દર્શનઆદિથી) બીજા પણ પ્રાણીઓ પ્રતિબોધ પામશે, એવા શુભભાવથી ઉપાર્જેલા શુભકર્મના બળપર મોક્ષના એકમાત્ર કારણભૂત ભાવચરણની પ્રાપ્તિ થાય છે. આ ભાવચરણ જ શુદ્ધ સંયમ છે. ॥૫૦॥

## શીલાંગોનું સ્વરૂપ

શુદ્ધ સંયમ જ ભાવસ્તવ છે, કારણ કે તે જ સ્તોતવ્યને ઉચિત પ્રવૃત્તિ છે. સ્તોતવ્ય પોતે નિરપેક્ષ હોવાથી નિરપેક્ષ આજ્ઞાકરણ જ કૃતકૃત્ય સ્તોતવ્યઅંગે ઉચિત છે. ॥ ૫૧ ॥ આ નિરપેક્ષ આજ્ઞાકરણ અંગે ભાવસાધુને છોડી બીજો કોઇ ક્ષુદ્ર જીવ સમર્થ નથી, કારણ કે તે ક્ષુદ્ર બીજાઓમાં સમ્યગ્ આજ્ઞાકરણ ગુણના જ્ઞાનનો અભાવ હોય છે અને તેઓના કર્મનો દોષ હોય છે. રત્નના ગુણવગેરેની પરખ જેને હોય, તે જ રત્નની પરીક્ષા કરી શકે. તેમ આજ્ઞાનું પાલન તે જ કરી શકે, જેને આજ્ઞાપાલનના ગુણવગેરેનું યથાર્થ જ્ઞાન હોય. આ જ્ઞાન વિનાના અને ચારિત્રમોહનીયકર્મના ઉદયવાળાઓ આજ્ઞાનું પાલન કરી શકતા નથી.॥ ૫૨ ॥ આ આજ્ઞાપાલનની દુષ્કરતામાં કારણ બતાવે છે- 'આ આજ્ઞાકરણ(=આજ્ઞાપાલન)માં અઢાર હજાર શીલાંગોનું પાલન કરવાનું હોય છે. આ અઢાર હજાર શીલાંગો અત્યંત ભાવસાર છે. તે શીલાંગો આ પ્રમાણે જાણવા.' ॥ ૫૩ ॥ અઢાર હજાર શીલાંગોનું સ્વરૂપ → યોગ, કરણ, સંજ્ઞા, ઇન્દ્રિય, પૃથ્વીવગેરે તથા શ્રમણધર્મ – આ છ પદથી અઢાર હજાર શીલાંગોની નિષ્પત્તિ થાય છે. યોગ=મનના વ્યાપાર વગેરે – ૩, મનવગેરેથી કરણ, કરાવણ, અનુમોદન – ૩, સંજ્ઞા=આહાર વગેરેની અભિલાષારૂપ – આહાર,

**णिप्फत्ती'** ॥ ५४॥ योगा मनोव्यापारादय:, करणानि मन:प्रभृतीनि, संज्ञा आहाराभिलाषाद्या:, इन्द्रियाणि स्पर्शनादीनि, भूम्यादय: पृथिव्यप्तेजोवायुवनस्पतिद्वित्रिचतु:पञ्चेन्द्रियाजीवा:, श्रमणधर्म: क्षान्त्यादि:। अस्मात्कदम्बकात् शीलाङ्गसहस्राणां चारित्रहेतुभेदानामष्टादशकस्य निष्पत्तिर्भवतीति गाथार्थ:॥ ५४॥ **'करणाइ तिन्नि जोगा, मणमाईणि उ हुंति करणाइ। आहाराई सन्ना चउ, सवणाई इंदिया पंच'** ॥ ५५॥ **'भोमाइ नव जीवा, अजीवकाओ अ समणधम्मो अ। खंताइ दसपगारो (अ पुच्छपणगं च। खंताइ समणधम्मो-मुद्रितपाठ:) एवं ठिए भावणा एसा'** ॥ ५६॥ स्पष्टे। भावनामेवाह- **'ण करेइ मणेणाहारसन्नविप्पजढओ उ णियमेण। सोइंदियसंवुडो पुढविकायआरंभं खंतिजुओ'** ॥ ५७॥ न करोति मनसाऽऽहारसंज्ञाविप्रमुक्तस्तु नियमेन श्रोत्रेन्द्रियसंवृत: पृथिवीकायारम्भं क्षान्तियुत:॥ ५७॥ **'इय मद्दवाइजोगा पुहविकायम्मि हुंति दसभेदा। आउक्कायाइसु वि इय एए पिंडियं तु सयं'** ॥ ५८॥ एवं मार्दवादियोगात्-मार्दवयुक्त आर्जवयुक्त इति श्रुत्या पृथिवीकाये भवन्ति दशभेदा:, यतो दश क्षान्त्यादिपदानि। अप्कायादिष्वप्येवं प्रत्येकं दशैव। एते सर्वे एव पिण्डितं तु शतं यतो दश पृथिव्यादय: ॥ ५८॥ **'सोइंदिएण एयं सेसेहिं वि जे इमं तओ पंच। आहारसण्णजोगा इय सेसाहिं सहस्सदुगं'** ॥ ५९॥ श्रोत्रेन्द्रियेणैतल्लब्धं, शेषैरपीन्द्रियैर्यदिदं शतमेव लभ्यते, तत: पञ्चशतानि पञ्चत्वादिन्द्रियाणाम्। आहारसंज्ञायोगादेतानि पञ्चशतानि, एवं शेषाभिरपि भयसंज्ञाद्याभि: पञ्च, पञ्चेति सहस्रद्वयं निरवशेषं यतश्चतस्र: संज्ञा इति ॥ ५९॥ **'एवं मणेण वयमाइएसु एयं ति छसहस्साइं। ण करणसेसेहिं पि य एए सव्वेवि अट्ठारा'** ॥ ६०॥ एतन्मनसा सहस्रद्वयं लब्धं, वागादिनैतत्सहस्रद्वयमिति षट्सहस्राणि, त्रीणि करणानीति। न करोतीत्यनेन योगेनैतानि शेषेणापि योगेनैतानि षडिति सर्वाण्यष्टादश, त्रयो योगा इति कृत्वा ॥ ६०॥ **'एत्थमियं विण्णेयं अइअंपज्जं तु बुद्धिमंतेहिं। एक्कंपि सुपरिसुद्धं सीलंगं सेससब्भावे'** ॥ ६१॥ अत्र शीलाङ्गाधिकारे इदं विज्ञेयमैदम्पर्यं=भावार्थगर्भरूपं बुद्धिमद्भि: पुरुषैर्यदुतैकमपि सुपरिशुद्धं यथाख्यातं शीलाङ्गं

---

ભય, મૈથુન અને પરિગ્રહ - ૪, ઇન્દ્રિય=સ્પર્શવગેરે - ૫, ભૂમિવગેરે=પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય, તથા અજીવ - ૧૦, તથા ક્ષમાવગેરે દસ યતિધર્મ - ૧૦. કુલ (૩x૩x૪x૫x૧૦x૧૦=) ૧૮૦૦૦. ॥ ૫૪॥ 'કરણવગેરે ત્રણ,મન વગેરે ત્રણ કરણો(=સાધનો) યોગ, આહારઆદિ ચાર સંજ્ઞા અને શ્રોત્રેન્દ્રિયવગેરે પાંચઇન્દ્રિયો, તથા પૃથ્વીવગેરે નવ જીવો, અને (પાંચ પ્રકારના પુસ્તકો) અજીવ, તથા ક્ષમાવગેરે દસ યતિધર્મ.' આની ભાવના આ પ્રમાણે છે - ॥૫૫-૫૬॥ ભાવના બતાવે છે- આહારસંજ્ઞાથી રહિતનો તથા શ્રવણેન્દ્રિયના વિષયમાં સંવૃત્ત થયેલો (સાધુ) ક્ષાંતિધર્મથી યુક્ત થઇને મનથી પૃથ્વીકાયનો આરંભ ન કરે. ॥૫૭॥ આ જ પ્રમાણે માર્દવવગેરે બીજા નવ યતિધર્મથી ક્રમશઃ પૃથ્વીકાયસંબંધી આરંભ ન કરે. આમ દસ ભેદ થયા. (યતિધર્મ ક્રમશઃ બદલવાથી દસ ભેદ થયા.) એ જ પ્રમાણે અપ્કાયવગેરેના આરંભઅંગે સમજવું. આમ (૧૦x૧૦) કુલ સો ભેદ થયા. ॥૫૮॥ શ્રોત્રેન્દ્રિયસંબંધી આ સો ભેદ થયા. આ જ પ્રમાણે બીજી ચાર ઇન્દ્રિયઅંગે પણ પ્રત્યેકના સો-સો ભેદ થવાથી કુલ પાંચસો ભેદ થયા. આહારસંજ્ઞામાં આટલા ભેદ થયા. આ જ પ્રમાણે બીજી ત્રણ સંજ્ઞાઅંગે સમજવું. તેથી કુલ બે હજાર ભેદ થયા. (૧૦x૧૦x૫x૪) ॥૫૯ ॥ આ બધા ભેદો મનોયોગના છે. આ જ પ્રમાણે વચન, કાયાના પણ થવાથી કુલ છ હજાર થયા. આ ભેદો કરણના મળ્યા. આ જ પ્રમાણે કરાવણ, અનુમતિના પણ છ - છ હજાર થવાથી કુલ અઢાર હજાર ભેદ થશે. (૨૦૦૦x૩x૩) (સૂત્રમાં મન-વચન-કાયાને કરણ(=સાધન) ગણ્યા અને કરણ, કરાવણ અને અનુમોદનને યોગ ગણ્યા છે.) ॥૬૦॥

शेष सद्भावे=शेषशीलाङ्गसद्भावे तन्नियतं भवति ॥ ६१ ॥ तत्र निदर्शनमाह- **'एको वाऽऽयपएसोऽसंखेज्जपएस-संगओ जह उ । एयंपि तहा णेयं, सतत्तचाओ इयरहा उ'** ॥ ६२ ॥ एकोऽप्यात्मप्रदेशोऽत्यन्तसूक्ष्मोऽसङ्ख्येय-प्रदेशसङ्गतस्तदन्याविनाभूतो यथैव, केवलस्यासम्भवात्, एवमेतदपि शीलाङ्गं तथा ज्ञेयमन्याविनाभूतमेवेतरथा तु केवलत्वे स्वतत्त्वत्यागः, आत्मप्रदेशत्वमपि न स्यात्तद्वच्छीलाङ्गत्वमपि च न स्यात् समुदायनियतत्वात्समुदायिन इति ॥ ६२ ॥ एतदेव भावयति- **'जम्हा समग्गमेयं पि सव्वसावज्जजोगविरईओ । तत्तेणेगसरूवं न खंडरूव-त्तणमुवेइ'** ॥ ६३ ॥ यस्मात् समग्रमेतदपि शीलाङ्गं सर्वसावद्ययोगाद्विरतिरेवाखण्डत्वेनैकस्वरूपं वर्तते, न खण्डरूपत्वमुपैत्यतः केवलाङ्गाभाव इति ॥ ६३ ॥ नद्युत्तारादौ प्रत्यक्षतोऽखण्डरूपबाध इत्यत्राह- **'एयं च एत्थ एवं विरइभावं पडुच्च दट्ठव्वं । ण उ बज्झंपि पवित्तिं जं सा भावं विणावि भवे'** ॥ ६४ ॥ एतच्च शीलमत्रैवं= सर्वसावद्यनिवृत्त्यात्मकं विरतिभावमान्तरं प्रतीत्य द्रष्टव्यं, न तु बाह्यामपि प्रवृत्तिं प्रतीत्य; यत्सा बाह्या प्रवृत्तिर्भावं विनापि भवेत्, तथा च नद्युत्तारादौ द्रव्यतोऽप्कायारम्भसम्भवेऽपि प्रमादाभावान्न भावतः स इति न शीलाङ्गभङ्गः ॥ ६४॥ तदाह- **'जह उस्सग्गंमि ठिओ खित्तो उदगंमि केणइ तवस्सी । तव्वहपवित्तकायो अचलिअ-भावोऽपवत्तो अ'** ॥ ६५ ॥ यथोत्सर्गे=कायोत्सर्गे स्थितः क्षिप्त उदके केनचित् तपस्वी मोहात्, स उदकवध-प्रवृत्तकायोऽपि महात्माऽचलितभावोऽप्रवृत्त एव, माध्यस्थ्याद्, बुद्धिपूर्वकप्रवृत्तेरेव प्रवृत्तित्वादाध्यात्मिकनिवृत्तौ बाह्यप्रवृत्तेरविरोधित्वाच्च । यत्तु तत्र मध्यस्थस्य योगो न हेतुः, किन्तु वध्यस्यैवेति **वृषोदन्वतो** मतं, तत्तुच्छमति-प्रसङ्गात्, *'एगया गुणसमियस्स रीअतो कायसंफासं समणुचिण्णा एगइया पाणा उद्दायंति'* [आचाराङ्ग १/५/४/

## સર્વશીલાંગધારક જ વંદનીય

આ શીલાંગના અધિકારમાં બુદ્ધિમાન પુરુષે ભાવાર્થથી ભરેલો આ ઐદંપર્ય સમજવાનો છે કે એક પણ પરિશુદ્ધ શીલાંગ શેષ=બાકીના બધા શીલાંગોની હાજરીમાં જ હોય. અર્થાત્ બાકીના શીલાંગોની ગેરહાજરીમાં એકાદ પરિશુદ્ધ શીલાંગ હોય તેમ વાસ્તવમાં બનતું નથી.॥૬૧॥ અહીં દૃષ્ટાંત રજુ કરે છે- અસંખ્ય આત્મપ્રદેશોની હાજરીમાં અત્યંત સૂક્ષ્મ એક આત્મપ્રદેશ પણ સંભવે છે, કારણ કે આત્મા અખંડ અસંખ્યપ્રદેશી હોઇ, બીજા બધા પ્રદેશોથી અવિનાભૂત એકમાત્ર અલગ આત્મપ્રદેશ સંભવતો જ નથી. આ જ પ્રમાણે બાકીના તમામ શીલાંગની હાજરીમાં જ એક શીલાંગ હોય છે, કારણ કે તે બધા શીલાંગો એકબીજાને અવિનાભૂત છે. તેથી જેમ અન્ય આત્મપ્રદેશોના અભાવમાં એકમાં આત્મપ્રદેશપણું નથી. તેમ અન્ય શીલાંગોના અભાવમાં એકમાં શીલાંગપણું પણ નથી, કારણ કે સમુદાયી સમુદાયને નિયત હોય છે. (સમુદાયી=સમુદાયમાં રહેવાવાળા શીલાંગો કે આત્મપ્રદેશોવગેરે) ॥૬૨॥ આ જ અર્થને વધુ સ્પષ્ટ કરે છે- આ સમગ્ર શીલાંગસમુદાય સર્વસાવદ્યયોગથી વિરતિરૂપ હોવાથી અખંડ એકસ્વરૂપ હોવાથી ખંડ=ટૂકડારૂપે રહી શકતું નથી. તેથી માત્ર અવયવ(=ખંડો)નો અભાવ છે. અવયવીથી યુક્ત જ અવયવ મળે એમ છે. ॥૬૩॥ 'નદીઉત્તરણ વગેરે વખતે સ્પષ્ટરૂપે શીલાંગના અખંડરૂપમાં પ્રત્યક્ષબાધ દેખાય છે, કારણ કે તે વખતે કાયાથી અપ્કાયવગેરેનો આરંભ હોય છે.' આ શંકાના સમાધાનમાં કહે છે- આ સર્વસાવદ્યનિવૃત્તિરૂપ શીલ અહીં આંતરિક વિરતિભાવને આશ્રયીને જ છે, નહિ કે બાહ્યપ્રવૃત્તિને અપેક્ષીને પણ. કારણ કે બાહ્યપ્રવૃત્તિ તો ભાવ વિના પણ થઇ શકે છે. નદી ઉતરતીવખતે દ્રવ્યથી(=બાહ્યપ્રવૃત્તિરૂપે) અપ્કાયનો આરંભ સંભવતો હોવા છતાં, તે વખતે પ્રમાદ ન હોવાથી શીલાંગભંગ નથી.॥ ૬૪ ॥ આ જ વાત બતાવે છે- જેમ કે કાયોત્સર્ગમાં રહેલો મુનિ મૂઢ થયેલા કોઇકના દ્વારા પાણીમાં ફેંકાયો. અહીં તે મુનિની કાયા પાણીના જીવોના વધમાં પ્રવૃત્ત થઇ છે, છતાં અવિચલિત

१५८] त्ति **आगम**विरोधाच्च, योगवत: कायसंस्पर्शस्यैककायव्यापारत्वादित्यन्यत्र विस्तर: ॥ ६५॥ अबुद्धिपूर्वप्रवृत्तिदृष्टान्ते बुद्धिपूर्वप्रवृत्तिस्थलेऽपि माध्यस्थ्यहेत्वैक्येन योजयति- **'एवं चिय मज्झत्थो आणाइ उ कत्थई पयट्टंतो। सेहगिलाणादिट्ठा अपवत्तो चेव णायव्वो'** ॥ ६६ ॥ एवमेव मध्यस्थ: सन्नाऽऽज्ञात: क्वचित्प्रवर्तमानो वस्तुनि शैक्षग्लानाद्यर्थं पुष्टालम्बनतोऽप्रवृत्त एव ज्ञातव्यो ज्ञानाद्यर्थं प्रवृत्तावाश्रवस्यापि परिश्रवत्वादिति॥ ६६ ॥ **'आणापरतंतो सो सा पुण सव्वन्नुवयणओ चेव। एगंतहिया वेज्जगणाएणं सव्वजीवाणं'** ॥ ६७॥ आज्ञापरतन्त्रोऽसौ प्रवर्त्तक:, सा पुन: सर्वज्ञवचनत एवाज्ञा एकान्तहिता वर्त्तते, वैद्यकज्ञातेन हितमेतदपि सर्वजीवानां दृष्टादृष्टोपकारादिति ॥ ६७॥ **'भावं विणावि एवं होइ पवित्ती ण बाहए एसा । सव्वत्थ अणाभिसंगा विरइभावं सुसाहुस्स'** ॥ ६८ ॥ भावं=विरुद्धभावं विनाप्येवं भवति प्रवृत्ति:, क्वचिन्न बाधते चैषा सर्वत्रानभिष्वङ्गाद् विरतिभावं, सुसाधोरुपेयोपायेच्छाव्यतिरिक्त भावस्यैवाभिष्वङ्गत्वान्निरभिष्वङ्गकर्मणश्चाबन्धकत्वादिति भाव: ॥ ६८॥ **'उस्सुत्ता पुण बाहइ समइविगप्पसुद्धावि णियमेणं। गीयत्थणिसिद्धपवज्जणरूवा णवरं णिरणुबंधा'** ॥ ६९ ॥ उत्सूत्रा पुन: प्रवृत्तिर्बाधते विरतिभावं स्वमतिविकल्पशुद्धापि तत्त्वतोऽशुद्धत्वात् *'सुंदरबुद्धीए कयं, बहुयं पि न सुंदरं होइ'* [उपदेशमाला ४१४ उत्त०] इति वचनाद् नियमेन । गीतार्थनिषिद्धप्रतिपत्तिरूपा=गीतार्थेन

---

ભાવવાળો તે (મધ્યસ્થભાવ હોવાથી) પાણીના જીવોના વધમાં પ્રવૃત્ત નથી. બુદ્ધિપૂર્વકની પ્રવૃત્તિ જ વાસ્તવમાં પ્રવૃત્તિરૂપ છે. વળી તે પ્રવૃત્તિમાંથી આત્મિકભાવની નિવૃત્તિમાં બાહ્યપ્રવૃત્તિ વિરોધી બનતી નથી. અર્થાત્ કોઇ કાર્યમાં બાહ્ય પ્રવૃત્તિ થવા છતાં જો આત્માના ભાવો તે કાર્યમાંથી નિવૃત્ત હોય, તો પરમાર્થથી નિવૃત્તિ જ છે, તેના ફળમાં બાહ્ય પ્રવૃત્તિ અવરોધ ઊભી કરતી નથી.

**ધર્મસાગર ઉપાધ્યાય :-** ઉપરોક્ત હિંસાસ્થળે મધ્યસ્થ મુનિનો કાયયોગ કારણ નથી, પરંતુ જેની હિંસા થાય છે, તે પાણીવગેરેના જીવોનો યોગ જ કારણભૂત છે.

**શ્રી ધર્મસાગર ઉપાધ્યાયનો** આ મત બરાબર નથી, કારણ કે તેમાં અતિપ્રસંગદોષ છે. (આમ તો સર્વત્ર આ પ્રમાણે માનવાનો પ્રસંગ છે, અને હિંસાજનિત કર્મબંધનો અભાવ આવવાનો પ્રસંગ છે.) વળી **આચારાંગમાં** કહ્યું જ છે કે → *'કોઇ વખતે ગુણયુક્ત(=અપ્રમત્તભાવમાં રહેલો) સાધુ સમ્યગ્ અનુષ્ઠાનમાં ઉપયોગયુક્ત હોય, ત્યારે ક્યારેક તેમની કાયાસાથે સ્પર્શ કરતા કેટલાક જીવો મૃત્યુ પામે છે...'* ઇત્યાદિ. આ સૂત્રસાથે વિરોધ આવશે, કારણ કે આ સૂત્રની **ટીકામાં** આ પ્રસંગે અન્ય અન્ય ગુણસ્થાને રહેલાને કેવો કેવો કર્મબંધ હોય છે, તે દર્શાવ્યો છે. અયોગીને છોડી બાકીના સયોગીઓને તો તે જીવનો આ સંસ્પર્શ પણ એક પ્રકારનો કાયવ્યાપાર જ છે. તેથી કર્મબંધ સંભવે છે. ॥૬૫॥ અબુદ્ધિપૂર્વકની પ્રવૃત્તિના(=ઈરાદા વિનાની પ્રવૃત્તિના) દૃષ્ટાંતમાં અને બુદ્ધિપૂર્વકની પ્રવૃત્તિના સ્થળે પણ, માધ્યસ્થ્યરૂપ હેતુની સમાનતાથી બન્નેની તુલ્યતા સિદ્ધ કરતા કહે છે- 'આ જ પ્રમાણે મધ્યસ્થભાવમાં રહેલો સાધુ આજ્ઞાને અવલંબી શૈક્ષ(=નૂતનદીક્ષિત) ગ્લાનવગેરે અંગે પુષ્ટાલંબનથી સાવદ્યમાં પ્રવૃત્તિ કરે, તો પણ અપ્રવૃત્ત જ સમજવો, કારણ કે જ્ઞાનાદિપ્રયોજનથી થતી પ્રવૃત્તિમાં આશ્રવ પણ પરિશ્રવ(સંવર-નિર્જરા)નું કારણ બને છે.'॥ ૬૬ ॥ આમ પ્રવૃત્તિ કરતો મુનિ આજ્ઞાને પરાધીન છે, અને આજ્ઞા સર્વજ્ઞના વચનરૂપ હોઇ સર્વજીવોનું (એકાંતે)હિત કરે છે. અહીં વૈદ્યનું દૃષ્ટાંત છે. સર્વજ્ઞની આજ્ઞા દૃષ્ટ અને અદૃષ્ટ - એમ બન્ને પ્રકારના ઉપકાર કરે છે. ॥૬૭॥ 'આ પ્રમાણે વિરુદ્ધ(=અશુભ)ભાવ વિના પણ (સાવદ્ય) પ્રવૃત્તિ સંભવે છે. પરંતુ સર્વત્ર અભિષ્વંગનો અભાવ હોવાથી આ પ્રવૃત્તિ સુસાધુના વિરતિભાવને બાધક નથી.' ॥૬૮॥ અહીં એટલો ખ્યાલ રાખવો કે મોક્ષની કે મોક્ષના સાધનભૂત ચારિત્રવગેરેની ઇચ્છા અભિષ્વંગમાં સમાવેશ પામતી નથી. આ બે સિવાયના ભાવનો જ અભિષ્વંગમાં સમાવેશ છે.

निषिद्धे सति प्रतिपत्तिः=अकरणाभ्युपगमस्तया रूप्यते या सा, नवरं प्रवृत्तिरनभिनिवेशाद्धेतोर्निरनुबन्धा=अनुबन्ध-कर्मरहिता भवति, अपुनःकरणात्प्रज्ञापनीयप्रकृतित्वाच्च ॥ ६९॥ **'इयरा उ अभिणिवेसा इयरा ण य मूलछेज्जविरहेणं। होए सा एत्तोच्चिय पुव्वायरिया इममाहु'** ॥ ७०॥ इतरा तु गीतार्थनिषिद्धाप्रतिपत्तिरूपा प्रवृत्तिरभिनिवेशात्=मिथ्याभिनिवेशेनेतरा=सानुबन्धा। न च मूलच्छेद्यविरहेण चारित्राभावमन्तरेणेत्यर्थः, (भवति) एषा=सानुबन्धा प्रवृत्तिः, अत एव कारणात्पूर्वाचार्या इदमाहुर्वक्ष्यमाणम्॥ ७०॥ **'गीयत्थो उ विहारो बीओ गीयत्थमिसीओ भणिओ। इत्तो तइयविहारो णाणुण्णओ जिणवरेहिं'** ॥ ७१॥ गीतार्थश्च विहारस्तदभेदोपचारादेकः, द्वितीयो गीतार्थमिश्रितो भणितो विहार एव। अतो विहारद्वयात्तृतीयविहारः साधुविहरणरूपो नानुज्ञातो जिनवरैः=भगवद्भिः ॥ ७१॥ अस्य भावार्थमाह- **'गीयस्स ण उस्सुत्ता तज्जुत्तस्सेयरस्स वि तहेव। णियमेणं चरणवं जं न जाउ आणं विलंघेइ'** ॥ ७२॥ गीतार्थस्य नोत्सूत्रा प्रवृत्तिः, तद्युक्तस्य=गीतार्थयुक्तस्येतरस्याप्यगीतार्थस्य तथैव नोत्सूत्रेत्यर्थः। कुतः ? नियमेन=अवश्यभावेन चरणवान् यद्=यस्मात्कारणान्न जातु कदाचिदाज्ञां विलङ्घयति=उत्क्रामति, अज्ञानप्रमादाभावादित्यर्थः॥ ७२॥ **'ण य गीयत्थो अण्णं ण निवारेइ जोग्गयं मुणेऊणं। एवं दोण्हवि चरणं परिसुद्धं अण्णहा णेव'** ॥ ७३॥ न च गीतार्थः सन्नन्यमगीतार्थं न निवारयत्यहितप्रवृत्तं योग्यतां मत्वा निवारणीयस्य। एवं द्वयोरपि गीतार्थागीतार्थयोश्चरणं शुद्धं वारणप्रतिपत्तिभ्यामन्यथा नैवोभयोरपि॥ ७३॥ **'ता एवं विरइभावो संपुण्णो एत्थ होइ णायव्वो। णियमेणं अट्ठारससीलंगसहस्सरूवो**

---

આવા અભિષ્વંગ વિનાની ક્રિયાથી કર્મબંધ નથી.

પોતાની બુદ્ધિકલ્પનાથી શુદ્ધ માનેલી પણ ઉત્સૂત્ર પ્રવૃત્તિ અવશ્ય વિરતિભાવને બાધક બને છે, કારણ કે તે પ્રવૃત્તિ વાસ્તવમાં *'સુંદરબુદ્ધિથી(='શુભ છે' એવી મતિથી) કરેલું પણ ઘણું સુંદર નથી હોતું'* એ વચનથી આજ્ઞારહિત હોવાથી અશુદ્ધ જ છે. એ પ્રવૃત્તિનો ગીતાર્થ નિષેધ કરે અને પ્રવૃત્તિ કરનારો તે નિષેધને સ્વીકારી પ્રવૃત્તિ કરતો અટકી જાય. ઉત્સૂત્રપ્રવૃત્તિનું જો આવું સ્વરૂપ હોય, તો તેનો વિરતિબાધકભાવ સાનુબંધ નથી બનતો પણ નિરનુબંધ(=પરંપરા વિનાનો) બને છે.

**તાત્પર્ય :-** અભિનિવેશ વિના થતી ઉત્સૂત્રપ્રવૃત્તિ વિરતિભાવની બાધક હોવા છતાં તે સાનુબંધ બાધકને બદલે નિરનુબંધ બાધક બને છે, કારણ કે ગીતાર્થના નિષેધ પછી તે વ્યક્તિ એ પ્રવૃત્તિ ફરીથી કરવાની નથી, કારણ કે તે વ્યક્તિમાં પ્રજ્ઞાપનીય સ્વભાવ રહ્યો છે. ॥૬૯॥ ગીતાર્થે નિષેધ કરવા છતાં કરાતી પ્રવૃત્તિ ખોટી પકડપૂર્વકની હોવાથી સાનુબંધ બને છે. (પરંપરાથી પણ વિરતિભાવને બાધક બને છે.) આ ખોટી પકડવાળી સાનુબંધ પ્રવૃત્તિ મૂળચ્છેદ્ય(=ચારિત્રના અભાવ) વિના સંભવતી નથી. તેથી જ **પૂર્વાચાર્યોએ** કહ્યું છે કે ॥૭૦॥ 'એક ગીતાર્થવિહાર છે. (અહીં ગીતાર્થ અને વિહાર વચ્ચે અભેદનો ઉપચાર કર્યો છે.) અને બીજો વિહાર ગીતાર્થમિશ્રિત કહ્યો છે. આ બેથી અલગ ત્રીજા સાધુવિહારની જિનેશ્વરોએ અનુજ્ઞા કરી નથી.' ॥૭૧॥ આમ કહેવાનું તાત્પર્ય બતાવે છે- 'ગીતાર્થની પ્રવૃત્તિ ઉત્સૂત્ર હોતી નથી. તેમ જ ગીતાર્થથી યુક્ત અગીતાર્થની પ્રવૃત્તિ પણ ઉત્સૂત્ર હોતી નથી, કારણ કે અવશ્ય ચારિત્રવાન્ ક્યારેય પણ આજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી, કારણ કે તેનામાં આજ્ઞાભંગમાં કારણભૂત અજ્ઞાન અને પ્રમાદ હોતા નથી.' ॥૭૨॥ **શંકા :-** ગીતાર્થ ભલે ઉત્સૂત્રપ્રવૃત્તિ ન કરે. પણ ગીતાર્થની નિશ્રામાં રહેલો અગીતાર્થ અજ્ઞાની હોવાથી શું કામ ઉત્સૂત્રપ્રવૃત્તિ ન કરે ? આ શંકાના **સમાધાનમાં** કહે છે- ગીતાર્થ બીજાને(=અગીતાર્થને) યોગ્ય (=ઉત્સૂત્રપ્રવૃત્તિ કરતા અટકાવી શકાય તેવો) જાણવા છતાં ઉત્સૂત્રપ્રવૃત્તિમાંથી અટકાવે નહિ તેવું કદી બને નહિ.

उ' ॥ ७४ ॥ तत्=तस्मादेवमुक्तवद् विरतिभावः सम्पूर्णः=समग्रोऽत्र व्यतिकरे भवति ज्ञातव्य इति नियमेन= अवश्यंतयाऽष्टादशशीलाङ्गसहस्ररूप एव, सर्वत्र पापविरतेरेकत्वादिति भावः ॥ ७४॥ **'ऊणत्तं न कयाइवि इमाणं संखं इमं तु अहिगिच्च। जं एयधरा सुत्ते णिद्दिट्ठा वंदणिज्जाओ'** ॥ ७५ ॥ ऊनत्वं न कदाचिदप्येतेषां शीलाङ्गानां सङ्ख्यामेवाधिकृत्य=आश्रित्य, यस्मादेतद्धराः=अष्टादशशीलाङ्गसहस्रधारिणः सूत्रे प्रतिक्रमणाख्ये निर्दिष्टा वन्दनीया, नान्ये *'अट्ठारससहस्ससीलंगधारा'* [अड्ढाइज्जेसु सूत्र] इत्यादि वचनप्रामाण्यात्। इदं तु बोध्यम्- यत्किञ्चिदेकाद्युत्तरगुणहीनत्वेऽपि मूलगुणस्थैर्येण चारित्रवतां योग्यतया शीलाङ्गसङ्ख्या पूरणीया, प्रतिज्ञाकालीन- संयमस्थानान्यसंयमस्थानानां षट्स्थानपतितानां चोक्तवदेव तुल्यत्वोपपत्तेः *'संजमठाणठियाणं किइकम्मं बाहिराणं भइअव्वं'* इत्याद्युक्तस्योपपत्तेश्चेत्यधिकमस्मत्कृत**गुरुतत्त्वविनिश्चये**। उत्सर्गविषयो वाऽयम् ॥ ७५॥ तदाह- **'ता संसारविरत्तो अणंतमरणाइरूवमेयं तु। णाउं एयविउत्तं मोक्खं च गुरूवएसेणं'** ॥ ७६ ॥ यतो दुष्करमेतच्छीलं सम्पूर्णं, तत्= तस्मात्संसाराद् विरक्तः सन्ननन्तमरणादिरूपमादिना जन्मजरादिग्रहः, एतमेव संसारं ज्ञात्वा, एतद्वियुक्तं= मरणादिवियुक्तं मोक्षं च ज्ञात्वा गुरूपदेशेन=शास्त्रानुसारेणेति गाथार्थः ॥ ७६ ॥ **'परमगुरूणो**

---

આ પ્રમાણે જ બન્નેનું(=આમ નિવારવાથી ગીતાર્થનું અને આ નિષેધને સ્વીકારવાથી અગીતાર્થનું) ચારિત્ર પરિશુદ્ધ બને છે, અન્યથા નહિ. (ગીતાર્થ જો અટકાવે નહિ તો એનું અને અટકાવવા છતાં પેલો અગીતાર્થ જો સ્વીકારે નહિ, તો એનું ચારિત્ર અશુદ્ધ બને છે.) ॥૭૩॥ તેથી પૂર્વોક્ત વિરતિભાવ પ્રસ્તુતમાં અવશ્ય અઢાર હજાર શીલાંગરૂપ જ સમજવાનો છે. (કારણકે સર્વત્ર પાપમાંથી વિરતિ એકરૂપ જ છે અને તે અઢાર હજાર શીલાંગની હાજરીમાં જ સંભવે છે.) ॥૭૪॥ શીલાંગની આ સંખ્યામાં ક્યારેય પણ ઓછાપણું એટલા માટે સંભવતું નથી કે, પ્રતિક્રમણસૂત્રમાં અઢાર હજાર શીલાંગધારક સાધુ જ વંદનીય તરીકે નિર્દિષ્ટ છે. અહીં **'અડ્ઢાઇજ્જેસુ'** સૂત્રમાં વંદનીય સાધુના વિશેષણ તરીકે મુકાયેલું *'અટ્ઠારસ-સહસ્સસીલંગધારા'* (=અઢાર હજાર શીલાંગધારક) આ વચન પ્રમાણભૂત છે. (તો શું ઉત્તરગુણહીનતાને કારણે અઢાર હજાર શીલાંગના અધારક વર્તમાનકાલીન ઘણા સાધુઓ અવંદનીય છે ? ઇત્યાદિ સંભવિત આશંકાના સમાધાન તરીકે કહે છે.) આટલો ખ્યાલ રાખવો કે એકાદ ઉત્તરગુણથી હીન પણ મૂળગુણમાં સ્થિર સાધુઓમાં ઉત્તરગુણની યોગ્યતા છે. તેથી એ યોગ્યતાને આગળ કરી શીલાંગની સંખ્યા પૂર્ણ કરી તેમને વંદનીયતરીકે સ્વીકારવા. અહીં હેતુ - સર્વવિરતિની પ્રતિજ્ઞાકાલે જે સંયમસ્થાન હોય છે, તે જ હંમેશા રહેતું નથી. પણ અન્ય-અન્ય સંયમસ્થાનો પ્રાપ્ત થાય કરે છે. આ સંયમસ્થાનો વિશુદ્ધિની અપેક્ષાએ પરસ્પર ષટ્સ્થાનપતિત છે. (અનંતભાગ, અસંખ્યભાગ, સંખ્યાતભાગ, સંખ્યાતગુણ, અસંખ્યગુણ અને અનંતગુણ વૃદ્ધિ-હાનિ ષટ્સ્થાનપતિત છે.) આ સર્વ સંયમસ્થાનોમાં રહેલા સાધુઓ સમાનતયા વંદનીય છે - અર્થાત્ અઢાર હજાર શીલાંગધારક છે. તેઓની આ સમાનતા સ્વીકારવા યોગ્યતાને પણ આગળ કરવી જ પડે. બધા સંયમસ્થાનોમાં રહેલા વંદનીય હોય, તો જ *'સંયમસ્થાનોમાં રહેલાનું કૃતિકર્મ(=વંદન) કરવાનું છે, સંયમસ્થાનોની બહાર રહેલા(=સંયમસ્થાનોમાં નહિ રહેલા) ના કૃતિકર્મઅંગે વિકલ્પ છે.'* આ વચન પણ યુક્તિસંગત ઠરે છે. આ બાબતમાં વિસ્તારની ઇચ્છાવાળાએ **ઉપાધ્યાયજી મહારાજે** રચેલા **'ગુરુતત્ત્વવિનિશ્ચય'** ગ્રંથ જોવો. (એમ યોગ્યતામાત્રથી વંદનીય માનવામાં નજીકમાં દીક્ષા લેનારો કે દીક્ષાના તીવ્રભાવવાળો પણ વંદનીય કેમ ન મનાય ? ઇત્યાદિ સંભવિત આપત્તિઓના સમાધાન તરીકે અન્ય વિકલ્પ બતાવે છે) અથવા તો 'અઢાર હજાર શીલાંગધારક સાધુ વંદનીય છે' ઇત્યાદિવચનો ઉત્સર્ગરૂપ છે. (કોઇક ઉત્તરગુણમાં હીન પણ મૂળગુણમાં સ્થિર સાધુ અઢાર હજાર શીલાંગનો ધારક ન હોય, તો પણ વંદનીય છે; કારણ કે સંયમસ્થાનમાં રહેલો છે - શું અહીં ઉત્સર્ગ શબ્દદ્વારા આવો અપવાદ ઇષ્ટ છે ?) ॥૭૫॥ આમ સંપૂર્ણ શીલ ધારણ કરવું દુષ્કર હોવાથી જ (૧) 'આ સંસાર અનંત મરણઆદિ(આદિથી જન્મ, ઘડપણ વગેરે સમજવા)થી ભરેલો છે'

**य आणं अणहे आणाइगुणे तहेव दोसे य। मोक्खत्थी पडिवज्जिय भावेण इमं विसुद्धेणं' ॥ ७७ ॥** परमगुरोश्च भगवत आज्ञामननघानाज्ञाया गुणान् ज्ञात्वा, तथैव दोषांश्च विराधनाया मोक्षार्थी सम्प्रतिपद्य च भावेनेदं शीलं विशुद्धेनेति गाथार्थ: ॥ ७७ ॥ **'विहियाणुट्ठाणपरो सत्तणुरूवमियरंपि संधंतो। अण्णत्थ अणुवओगा खवयंतो कम्मदोसेवि' ॥ ७८ ॥** विहितानुष्ठानपर: शक्त्यनुरूपं=यथाशक्ति, इतरदशक्यमपि सन्धयन् भावप्रतिपत्त्याऽन्यत्र विहितानुष्ठानादनुपयोगादशक्ते:-क्षपयन् कर्मदोषानपि प्रतिबन्धकान् ॥ ७८ ॥ **'सव्वत्थ णिरभिसंगो आणामित्तंमि सव्वहा जुत्तो। एगग्गमणो धणियं तम्मि तहाऽमूढलक्खो य' ॥ ७९ ॥** सर्वत्र वस्तुनि निरभिष्वङ्गो=मध्यस्थ आज्ञामात्रे भगवत: सर्वथा युक्त:=आराधनैकनिष्ठ इत्यर्थ:, एकाग्रमना अन्यविश्रोतसिकारहितस्तस्यामाज्ञायां तथाऽमूढलक्ष्यश्च सन् ॥ ७९ ॥ **'तह तिल्लपत्तिधारगणायगओ राहावेहगगओ वा। एयं च एइ काऊं ण उ अण्णो क्खुद्दचित्तोत्ति' ॥ ८० ॥** तथा तैलपात्रीधारकज्ञातगतोऽपायावगमादप्रमत्तो राधावेधकगतो वा, कथानके सुप्रतीते, एतच्छीलं शक्नोति कर्तुं=पालयितुं नत्वन्य: क्षुद्रचित्तोऽनधिकारित्वादिति गाथार्थ: ॥ ८० ॥ उपचयमाह- **'एत्तो चिय णिद्दिट्ठो पूव्वायरिएहिं भावसाहुत्ति। हंदि पमाणठियत्थो, तं च पमाणं इमं होइ' ॥ ८१ ॥** अत एवास्य दुरनुचरत्वात्कारणान्निर्दिष्ट:=कथित: पूर्वाचार्यै:= **भद्रबाहुप्रभृतिभि:** भावसाधु:=पारमार्थिकयति: 'हन्दि' इत्युपदर्शने प्रमाणेनैव स्थितार्थो नान्यथा, तच्च प्रमाणं साधुव्यवस्थापकमिदं भवति वक्ष्यमाणम् ॥ ८१ ॥ **'सत्थुत्तगुणो साहु ण सेस इति णे पइण्णा इह हेऊ। अगुणत्ता इति णेओ दिट्ठंतो पुण सुवण्णं च' ॥ ८२ ॥** शास्त्रोक्तगुणवान् साधुर्न शेषा: शास्त्रबाह्या इति न:=

---

એવું જ્ઞાન કરી (૨) સંસારથી વૈરાગ્ય પામેલાએ, (૩) 'મોક્ષ મરણઆદિથી રહિત છે' એવા જ્ઞાનથી (૪) ગુરુના ઉપદેશને(=શાસ્ત્રને) અનુસારે ॥૭૬॥ વળી (૫) પરમગુરુ(=ભગવાન)ની આજ્ઞા તથા (૬) આજ્ઞાની આરાધનાનો લાભ અને વિરાધનાથી નુકસાન જાણીને (૭) મોક્ષેચ્છુ થઇને તથા (૮) ભાવથી આ વિશુદ્ધ શીલને સ્વીકારી ॥૭૭॥ વિહિત અનુષ્ઠાનોમાંથી (૯) શક્ય અનુષ્ઠાનોને યથાશક્તિ આચરતો તથા (૧૦) અશક્ય અનુષ્ઠાનોને ભાવથી (આદરણીય તરીકે) સ્વીકારતો તથા (૧૧) વિહિત અનુષ્ઠાનથી ભિન્નમાં અનુપયોગથી(=ઉપયોગ નહીં રાખવા દ્વારા) અશક્તિમાં કારણભૂત અને આરાધનામાં પ્રતિબંધક કર્મદોષોને ખપાવતો ॥૭૮॥ વળી (૧૨) સર્વત્ર નિરભિષ્વંગ(=મધ્યસ્થ) તથા (૧૩) માત્ર ભગવાનની આજ્ઞામાં જ યુક્ત(=આજ્ઞાની આરાધનામાં જ પ્રવૃત્ત) (૧૪) અને બીજામાં વિશ્રોતસિકા(પ્રવૃત્ત યોગથી અન્યમાં ચિત્ત લઇ જવું - વિશ્રોતસિકા)થી રહિત એકાગ્ર મનવાળો તથા (૧૫) ભગવાનની આજ્ઞામાં અમૂઢ લક્ષવાળો(=સંમોહ નહિ પામેલો) ॥૭૯॥ તથા (૧૬) તેલપાત્રધર અને રાધાવેધસાધક(=બન્ને દૃષ્ટાંત પ્રસિદ્ધ છે.)ની જેમ પ્રમાદ-વિરાધનાના નુકસાનના જ્ઞાનથી અપ્રમત્ત બનેલો જ આ શીલને પાળવા સમર્થ છે, નહિ કે અન્ય ક્ષુદ્રચિત્તવાળો જીવ, કારણ કે સત્ત્વહીન ક્ષુદ્ર જીવ આજ્ઞાપાલનનો અધિકારી જ નથી. ॥૮૦॥ નિષ્કર્ષ કહે છે- 'આમ શીલપાલન દુષ્કર હોવાથી જ **ભદ્રબાહુસ્વામી** વગેરે પૂર્વાચાર્યોએ પ્રમાણથી નિશ્ચિત થયેલા અર્થવાળાને જ પારમાર્થિક સાધુ કહ્યો છે.' ભાવસાધુનો નિશ્ચય કરાવનારું પ્રમાણ આ છે- ॥૮૧॥

## સુસાધુના સ્વરૂપમાં સુવર્ણનું દૃષ્ટાંત

શાસ્ત્રોક્ત ગુણવાન જ સાધુ છે. શેષ(શાસ્ત્રબાહ્ય) (પક્ષ), સાધુ નથી (સાધ્ય), આ અમારી પ્રતિજ્ઞા છે. અહીં સાધક હેતુ 'ગુણોનો અભાવ' છે. (શાસ્ત્રબાહ્ય વેષધારીઓ સાધુ નથી, કારણ કે શાસ્ત્રોક્તગુણવાળા નથી.) અહીં

अस्माकं प्रतिज्ञा=पक्षः । इह न शेषा इत्यत्र हेतुः साधकोऽगुणत्वादिति विज्ञेयः, तद्गुणरहितत्वादित्यर्थः, दृष्टान्तः-सुवर्णमिवात्र व्यतिरेक इत्यर्थः ॥ ८२ ॥ सुवर्णगुणानाह- **'विसघाइरसायणमंगलत्थविणए पयाहिणावत्ते । गुरुए अडज्झऽकुत्थे अट्ठ सुवण्णे गुणा हुंति'** ॥ ८३ ॥ विषघाति सुवर्णं, तथा रसायणं वयस्तम्भनं मङ्गलार्थं=मङ्गलप्रयोजनं, विनीतं=कटकादियोग्यतया, प्रदक्षिणावर्त्तमग्नितप्तं, प्रकृत्या गुरु सारतया, अदाह्यं सारतयैव, अकुथनीयमत एव, एवमष्टौ सुवर्णगुणा भवन्त्यसाधारणा इति गाथार्थः ॥ ८३ ॥ दार्ष्टान्तिकमधिकृत्याह- **'इह मोहविसं घायइ सिवोपएसा रसायणं होइ । गुणओ अ मंगलत्थं कुणइ विणीओ अ जोगत्ति'** ॥ ८४ ॥ **'मग्गणुसारि पयाहिण गंभीरो गरुअओ तहा होइ । कोहग्गिणाऽडज्झो अकुत्थो सइ सीलभावेण'** ॥ ८५ ॥ इह मोहविषं घातयति केषाञ्चिच्छिवोपदेशात्तथा रसायनं भवत्यत एव परिणतान्मुख्यं गुणतश्च मङ्गलार्थं करोति, प्रकृत्या विनीतश्च योग्य इति कृत्वा ॥ ८४ ॥ मार्गानुसारिता सर्वत्र प्रदक्षिणावर्त्तता, गम्भीरश्चेतसा गुरुः, तथा भवति क्रोधाग्निनाऽदाह्यो, ज्ञेयोऽकुथनीयः सदोचितेन शीलभावेन ॥ ८५ ॥ **'एवं दिट्ठंतगुणा सज्झंमि वि एत्थ होंति णायव्वा । णहि साहम्माभावे पायं जं होइ दिट्ठंतो'** ॥ ८६ ॥ एवं दृष्टान्तगुणा विषघातित्वादयः साध्येऽपि अत्र=साधौ भवन्ति ज्ञातव्याः, नहि साधर्म्याभावे एकान्तेनैव प्रायो यद्=यस्माद् भवति दृष्टान्तः ॥ ८६ ॥ **'चउकारणपरिसुद्धं कसछेयतावतालणाए य । जं तं विसघाइरसायणाइ गुणसंजुयं होइ'** ॥ ८७ ॥ **'इतरम्मि कसाईआ विसिट्ठलेस्सा तहेगसारत्तं । अवगारिणी अणुकंपा वसणे अइणिच्चलं चित्तं'** ॥ ८८ ॥ चतुष्कारणपरिशुद्धं चैतद् भवति कषेण, छेदेन, तापेन, ताडनया चेति । यदेवम्भूतं, तद् विषघातिरसायनादि-

---

વ્યતિરેક દૃષ્ટાંત(=પ્રસ્તુતમાં સુસાધુરૂપ અભિપ્રેત ધર્મીમાં શાસ્ત્રે સૂચવેલા ગુણો હોય, તેમ સૂચવતું દૃષ્ટાંત) સુવર્ણનું છે.॥૮૨॥ સુવર્ણના આઠ અસાધારણ ગુણો બતાવે છે- (૧) વિષઘાતી - વિષનું મારણ કરે (૨) રસાયણ - યુવાની તથા આરોગ્યને જાળવી રાખે છે. (૩) માંગલિકરૂપ (૪) વિનીત છે - કુંડળઆદિ આકાર યથેચ્છ અર્પી શકાય. (૫) અગ્નિથી તપેલું તે સ્વભાવથી જ પ્રદક્ષિણાવર્ત ફરે છે. (૬) સ્વભાવથી જ ભારે છે. (સારભૂત હોવાથી) (૭) અદાહ્ય છે - સારભૂત હોવાથી જ ક્યારેય અગ્નિથી બળી જઇ રાખ ન થાય. (૮) અને સારભૂત હોવાથી જ ક્યારેય સડતું નથી. - ક્યારેય કાટ લાગતો નથી. - સુવર્ણના આ આઠ ગુણો છે. ॥૮૩॥ દાર્ષ્ટાંતિક=સાધુને આશ્રયી કહે છે- (૧) મોક્ષમાર્ગના ઉપદેશથી કેટલાકના મોહઝેરને દૂર કરે છે, તથા (૨) તે ઉપદેશદ્વારા પરિણતોને માટે મોક્ષઆરોગ્યઆદિ માટે રસાયણભૂત બને છે. (૩) મુખ્યતયા અને ગૌણભાવે અથવા મુખ્યગુણથી અન્યમાટે મંગલ કરનારા બને છે. (૪) તથા યોગ્ય હોવાથી સ્વભાવથી જ વિનીત=વિનયશીલ નમ્ર હોય છે. ॥૮૪॥ (૫) માર્ગાનુસારી વર્તનવાળા હોવાથી તેમનામાં પ્રદક્ષિણાવર્તપણું છે. પ્રદક્ષિણાવર્ત=ગુર્વાદિને અનુકૂળ વર્તન કરવું. અથવા સન્માર્ગે ચાલવું. (૬) તથા ગંભીરચિત્તવાળા હોવાથી ગુરુ છે=ગૌરવયુક્ત છે. (૭) ક્રોધરૂપી અગ્નિથી ક્યારેય બળતા નથી, કારણ કે પોતે 'ક્ષમાશ્રમણ' છે. તથા (૮) હંમેશા ઉચિત શીલને ધારણ કરતાં હોવાથી બગડતા(=સડતા) નથી. ॥૮૫॥ આ પ્રમાણે સુવર્ણદૃષ્ટાંતમાં બતાવેલા વિષઘાતિપણુંવગેરે ગુણ સાધ્ય - સાધુમાં હોય છે, કારણ કે સાધ્યસાથે સર્વથા સાધર્મ્યનો અભાવ હોય, તો દૃષ્ટાંત દૃષ્ટાંતરૂપ બની ન શકે. ॥૮૬॥ જે સુવર્ણ કષ, છેદ, તાપ અને તાડનારૂપ ચાર કારણોથી શુદ્ધ હોય, તે જ સુવર્ણમાં વિષઘાતિપણું રસાયણવગેરે ગુણો હોય છે, તેથી કષવગેરે ચાર રીતે સુવર્ણની પરીક્ષા છે. ॥૮૭॥ એ જ પ્રમાણે (૧) સાધુમાં વિશિષ્ટ લેશ્યા કષપરીક્ષા છે. (કસોટીપથ્થરપર ઘસારો - કષપરીક્ષા.) શુભભાવમાં રહેવું એ સાધુની કષપરીક્ષા છે. (૨) છેદ - કાપ મુકવો. એકસારપણામાં રહેવું

गुणयुक्तं भवति; नान्यत्, परीक्षेयम् ॥ ८७॥ इतरस्मिन् साधौ कषादयो यथासङ्ख्यमेते यदुत- विशिष्टा लेश्या: कष:, तथैकसारत्वं छेद:, अपकारिण्यनुकम्पा ताप:, व्यसनेऽतिनिश्चलं चित्तं ताडना । एषा परीक्षा ॥ ८८॥ **'तं कसिणगुणोवेयं होइ सुवण्णं न सेसयं जुती। ण य णामरूवमित्तेण एवमगुणो हवइ साहू'** ॥ ८९॥ तत्कृत्स्नगुणोपेतं सत्सुवर्णं तात्त्विकं, न शेषकं युक्तिरिति=युक्तिसुवर्णम्। नापि नामरूपमात्रेण बाह्येनैवमगुण: सन् भवति साधु: ॥ ८९॥ **'जुत्तीसुवन्नयं पुण सुवन्नवण्णं तु जइ वि कीरिज्जा। ण हु होइ तं सुवन्नं सेसेहिं गुणेहिंऽसंतेहिं'** ॥ १०॥ युक्तिसुवर्णं पुनरतात्त्विकं सुवर्णवर्णमेव यद्यपि क्रियेत कथञ्चित्तथापि न भवति तत्सुवर्णं शेषैर्गुणैर्विषघातित्वादिभिरसद्भिरिति गाथार्थ: ॥ ९०॥ प्रस्तुतमधिकृत्याह-**'जे इह सुत्ते भणिआ साहुगुणा तेहिं होइ सो साहू। वण्णेणं जच्चसुवण्णयं व संते गुणणिहिम्मि'** ॥ ९१॥ य इह शास्त्रे भणिता मूलगुणा-स्तैर्भवत्यसौ साधु:, वर्णेन सता जात्यसुवर्णवत् सति गुणनिधौ विषघातित्वादिरूपे ॥ ९१॥ **'जो साहुगुणरहिओ भिक्खं हिंडइ कहं णु होइ सो साहू ? वण्णेणं जुत्तिसुवण्णयं वाऽसंते गुणनिहिम्मि'**॥ ९२॥ य: साधुगुण-रहित: सन् भिक्षामटति, न भवत्यसौ साधुरेतावता वर्णेन सता केवलेन युक्तिसुवर्णवदसति गुणनिधौ विषघातित्वादि-रूपे ॥ ९२॥ **'उद्दिट्ठकडं भुंजइ, छक्कायपमद्दणो घरं कुणइ। पच्चक्खं च जलगए जो पिवइ कहं णु सो साहू ?'** ॥ ९३॥ उद्दिश्यकृतं भुङ्क्ते आकुट्टिकया, षट्कायप्रमर्द्दनो निरपेक्षतया, गृहं करोति देवव्याजेन, प्रत्यक्षं च जलगतान्प्राणिनो य: पिबत्याकुट्टिकयैव, कथं त्वसौ साधुर्भवति ? नैवेति गाथार्थ: ॥ ९३॥ **'अण्णे उ कसाईया किर एए एत्थ हुंति णायव्वा। एयाहिं परिक्खाहिं साहूपरिक्खेह कायव्वा'** ॥ ९४॥ अन्ये त्वाचार्या इत्थमभिदधति, कषादय: प्रागुक्ता: किलोद्दिष्टभोक्तृत्वादयोऽत्र साध्वधिकारे भवन्ति ज्ञातव्या: यथाक्रममेताभि: परीक्षाभिर्निश्चयप्रकारै: साधुपरीक्षेह कर्त्तव्या, समानधर्मदर्शनजनितसाधुत्वसंशयनिरासाय सद्वृत्तेन साधुत्व-

---

એ છેદપરીક્ષા છે. (૩) અપકારીપર પણ અનુકંપા કરવી, એ તાપપરીક્ષા છે (તાપ=અગ્નિમાં તપાવું) અને (૪) ભારે સંકટમાં પણ અતિનિશ્ચલ, સ્થિર રહેવું એ તાડના(એરણપર હથોડીદ્વારા ટીપાવું) પરીક્ષા છે. આ ચાર પરીક્ષા છે. ॥૮૮॥ સર્વગુણોથી યુક્ત હોય તે જ સાચું સુવર્ણ છે. અન્ય ધાતુના મિશ્રણથી બનાવેલું યુક્તિસુવર્ણ સાચું સુવર્ણ નથી. તેમ નામમાત્રથી અને બાહ્યવેશ માત્રથી પણ વાસ્તવમાં ગુણહીન હોય તે સાધુ નથી. ॥૮૯॥ અલબત્ત બનાવટી સુવર્ણને પણ સાચા સુવર્ણ જેવા રંગવાળો બનાવવામાં આવે છે, પરંતુ તેનામાં બીજા વિષઘાતિપણુંવગેરે સુવર્ણગુણો ન હોવાથી તે સાચું સુવર્ણ નથી. ॥૯૦॥ પ્રસ્તુતને ઉદ્દેશીને આ જ મુદ્દો દર્શાવે છે- શાસ્ત્રમાં સાધુના જે મૂળ ગુણો બતાવ્યા છે, તે ગુણોથી યુક્ત સાધુના વર્ણવાળો સાધુ છે. જેમકે વિષઘાતિપણું વગેરેરૂપ ગુણસમુદાયસહિતનું જાત્ય સુવર્ણ. ॥૯૧॥ વિપર્યય દર્શાવે છે- ભિક્ષામાટે ફરતી પણ સાધુગુણથી રહિત વ્યક્તિ સાધુ ન કહેવાય. જાત્યસુવર્ણના રૂપવાળા પણ વિષઘાતિપણુંવગેરે ગુણ વિનાના કૃત્રિમ સુવર્ણને સાચું સુવર્ણ શી રીતે કહી શકાય ? ॥૯૨॥ ઔદ્દેશિક(સાધુ વગેરેના ઉદ્દેશથી બનાવેલાનું) જાણી બુઝીને ભોજન કરે. નિરપેક્ષપણે(નિર્ઘૃણ થઇ) છકાય જીવનો વધ કરે, દેવના બહાને પોતાનું ઘર(મઠ) બનાવે, અને ઈરાદાપૂર્વક પ્રત્યક્ષ જીવયુક્ત પાણી(=સચિત્તજળ) પીએ - આવાને સાધુ શી રીતે સમજી શકાય ? અર્થાત્ સાધુ માની શકાય નહિ. ॥૯૩॥ કેટલાક આચાર્યોના મતે સાધુના અધિકારમાં ઔદ્દેશિક ભોજનવગેરે કષઆદિ પરીક્ષારૂપ છે. આ પરીક્ષા(=સમ્યગ્નિશ્ચયના સાધન)થી સાધુની પરીક્ષા કરવી. જાણીને ઉદ્દિષ્ટ ભોજન-કષપરીક્ષા, નિરપેક્ષ ષટ્કાયમર્દન-છેદપરીક્ષા, દેવના બહાને પોતાનું ઘર-તાપપરીક્ષા, અને સચિત્તજળ-સેવન-તાડનપરીક્ષા. અહીં પરીક્ષા નિષેધાત્મક છે. અર્થાત્ ઉદ્દિષ્ટ ભોજનઆદિના

सम्भावनयाऽभ्युत्थानस्य कर्त्तव्यत्वेऽप्यौत्तरकालिकं यथोचितं परीक्षयैव साध्यमित्यस्य शास्त्रार्थत्वादिति दिक् ॥ ९४ ॥ निगमयन्नाह- **'तम्हा जे इह सत्थे साहुगुणा तेहिं होइ सो साहू। अच्चंतसुपरिसुद्धेहि मोक्खसिद्धत्ति काऊणं'** ॥ ९५ ॥ तस्माद् ये इह साधुगुणाः शास्त्रे भणिताः प्रतिदिनक्रियादयस्तैः करणभूतैर्भवत्यसौ भावसाधुर्नान्यथाऽत्यन्तं सुपरिशुद्धैस्तैरपि न द्रव्यमात्ररूपैर्मोक्षसिद्धिरिति कृत्वा भावमन्तरेण तदनुपपत्तेरिति गाथार्थः ॥ ९५ ॥

प्रकृतयोजनामाह- **'अलमेत्थ पसंगेणं एवं खलु होइ भावचरणं तु। पडिबुज्झिस्संतण्णे भावज्जियकम्मजोएणं'** ॥ ९६ ॥ अलमत्र प्रसङ्गेन प्रमाणाभिधानादिना। एवं खलु भवति भावचरणमुक्तस्वरूपम्। कुतः? प्रतिभोत्स्यन्तेऽन्ये प्रणिन इति भावार्जितकर्मयोगेन जिनायतनविषयेणेति गाथार्थः ॥ ९६ ॥ **'अपडिवडियसुहचिंताभावज्जियकम्मपरिणईओ। एअस्स जाइ अंतं, तओ स आराहणं लहइ'** ॥ ९७ ॥ अप्रतिपतितशुभचिन्ताभावार्जितकर्मपरिणतेस्तु सकाशाद् जिनायतनविषयाया एतस्य=चरणस्य यात्यन्तं=पारं, ततः स आराधनां लभते शुद्धाम् ॥ ९७ ॥ **'णिच्छयणया जमेसा, चरणपडिवत्तिसमयओ पभिई। आमरणंतमजस्सं संजमपालणं विहिणा'** ॥ ९८ ॥ निश्चयमताद् यदेषाऽऽराधना चरणप्रतिपत्तिसमयतः प्रभृत्यामरणान्तमजस्रम्= अनवरतं संयमपरिपालनं विधिनेति गाथार्थः ॥ ९८ ॥ **'आराहगो य जीवो सत्तट्ठभवेहिं सिज्झए णियमा। संपाविऊण परमं हंदि अहक्खायचरित्तं'** ॥ ९९ ॥ आराधकश्च जीवः परमार्थतः सप्ताष्टभिर्भवैः=जन्मभिः सिद्ध्यति नियमात्। कथम् ? सम्प्राप्य परमं=प्रधानं, हन्दि यथाख्यातचारित्रमकषायमिति ॥ ९९ ॥ **'दव्वथयभावत्थयरूवं एयमिह होइ दट्ठव्वं। अण्णुण्णसमणुविद्धं, णिच्छयओ भणियविसयं तु'** ॥ १०० ॥ द्रव्यस्तवभावस्तवरूपमेतदनन्तरोक्तमिह भवति द्रष्टव्यमन्योन्यसमनुविद्धं, गुणप्रधानान्यतरप्रत्यासत्त्या मिथो व्याप्तं-

---

ત્યાગથી સાધુ કષઆદિ પરીક્ષામાં શુદ્ધ નીવડે છે. બાહ્ય સમાનધર્મના દર્શનથી સંશય પ્રગટે કે, 'આ સાધુ હશે કે અસાધુ ?' ત્યારે તે સંશય દૂર કરવા પ્રથમ નજરે દેખાતા શુદ્ધ આચાર વગેરેથી સાધુતરીકેની જ કલ્પના કરી અભ્યુત્થાન, વંદનવગેરે કરવા. પણ પછી તો યથાયોગ્ય પરીક્ષા કર્યા બાદ જ સાધુતા વગેરેનો નિશ્ચય કરી વંદનવગેરે કરવા કે ન કરવા. આ શાસ્ત્રાર્થ છે.॥૯૪॥ ઉપસંહાર કરતા કહે છે- તેથી પ્રતિદિન ક્રિયાવગેરે જે સાધુગુણો છે, તે સાધુગુણ જેનામાં હોય; તે ભાવસાધુ કહેવાય, બીજા નહિ; કારણ કે મોક્ષપ્રાપ્તિ ભાવની અત્યંત(=નિઃશલ્ય) પરિશુદ્ધિથી જ સંભવે છે, નહિ કે તેવા ભાવ વિનાના માત્ર દ્રવ્યરૂપથી પણ. (દ્રવ્યરૂપથી પણ જો મોક્ષ થતો હોત, તો **વિનયરત્નનો** કે અભવ્ય દીક્ષિતનો પણ મોક્ષ થાત.) ॥૯૫॥

## દ્રવ્ય-ભાવ સ્તવનો પરસ્પર મેળાપ

પ્રસ્તુત વિચારણા બતાવે છે- અહીં પ્રમાણ બતાવવું વગેરે વિસ્તૃત પ્રસંગોથી સર્યું. ટૂંકમાં 'આનાથી બીજા જીવો પણ પ્રતિબોધ પામશે' એવી દેરાસરઅંગેની શુભભાવનાથી ઉપાર્જેલા શુભ કર્મના બળપર ઉપરોક્ત સ્વરૂપવાળું ભાવચારિત્ર પ્રાપ્ત થાય છે. ॥૯૬॥ જિનાલયસંબંધી અખંડિત-સતત શુભવિચારણારૂપ ભાવથી પ્રાપ્ત થયેલી કર્મની પરિણતિના બળપર આ ભાવચારિત્રનો પાર પામી શુદ્ધ આરાધના(=મોક્ષ) મેળવી શકાય છે. આમ જિનાલયવગેરેરૂપ દ્રવ્યસ્તવ ભાવસ્તવ દ્વારા મોક્ષે પહોંચાડે છે. ॥૯૭॥ નિશ્ચયનયમતે સંયમના સ્વીકારની ક્ષણથી માંડી મરણ સુધી સતત વિધિપૂર્વક સંયમનું પાલન કરવું એ જ આરાધના છે. ॥ ૯૮॥ આવો આરાધક જીવ સાત-આઠ ભવોમાં જ છેવટે કષાય વિનાના શ્રેષ્ઠ યથાખ્યાત ચારિત્રને પામી અવશ્ય સિદ્ધ થાય છે. ॥૯૯॥ આ પ્રમાણે ઉપર દર્શાવેલાં દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનું સ્વરૂપ આ પ્રકારનું છે - દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ ગુણ કે પ્રધાન સંબંધથી પરસ્પરમાં

निश्चयतो भणितविषयमेव-अर्हद्गोचरमेवैकविषयाणां पुष्पामिषस्तुतिप्रतिपत्तीनां यथोत्तरं प्राधान्यात् ॥ १०० ॥ **'जइणोवि हु दव्वथयभेओ अणुमोअणेण अत्थित्ति। एयं च एत्थ णेयं इय सिद्धं तंतजुत्तीए'** ॥ **१०१** ॥ यतेरपि द्रव्यस्तवभेदः=द्रव्यस्तवलेशानुवेधोऽनुमोदनेनास्त्येव, एतच्चात्र ज्ञेयमनुमोदनमेवं सिद्धं तन्त्रयुक्त्या वक्ष्यमाणया ॥ १०१ ॥ **'तंतंमि वंदणाए पूअणसक्कारहेउउस्सग्गो। जइणोवि हु णिद्दिट्ठो, ते पुण दव्वत्थयसरूवे'** ॥ **१०२** ॥ तन्त्रे=सिद्धान्ते वन्दनायां पूजनसत्कारहेतुरेतदर्थमित्यर्थः, उत्सर्गः=कायोत्सर्गो यतेरपि निर्दिष्टः *'पूअणवत्तिआए सक्कारवत्तिआए'* इति वचनात्, तौ पुनः पूजासत्कारौ द्रव्यस्तवरूपौ नान्यरूपाविति गाथार्थः ॥ १०२ ॥ **'मल्लाइएहिं पूआ सक्कारो पवरवत्थमाइहिं। अण्णे विवज्जओ इह दुहावि दव्वत्थओ इत्थ'** ॥ **१०३** ॥ माल्यादिभिः पूजा, तथा सत्कारः प्रवरवस्त्रालङ्कारादिभिः। अन्ये विपर्यय इह वचने वस्त्रादिभिः पूजा माल्यादिभिः सत्कार इति व्याचक्षते, सर्वथा-द्विधापि यथातथास्तु द्रव्यस्तवोऽत्राभिधेय इति ध्येयम् ॥ १०३ ॥ तन्त्र एव युक्त्यन्तरमाह **'ओसरणे बलिमाई ण चेह जं भगवयावि पडिसिद्धं। ता एस अणुण्णाओ उचिआणं गम्मइ तेण'** ॥ **१०४** ॥ समवसरणे बल्यादिद्रव्यस्तवाङ्गं न चेह यद् भगवतापि=तीर्थकरेण प्रतिषिद्धं,

---

અત્યંત ભળેલા છે, અર્થાત્ શ્રાવક આદિને દ્રવ્યસ્તવ પ્રધાન છે, તો (તે દ્રવ્યસ્તવની સાથે) ગૌણભાવે ભાવસ્તવ રહ્યો છે અને સાધુ વગેરેના પ્રધાન ભાવસ્તવ સ્થળે દ્રવ્યસ્તવ ગૌણભાવે રહ્યો છે, કારણ કે નિશ્ચયથી તો બન્નેના વિષય પરમાત્મા અરિહંત જ છે.

**શંકા :-** દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ બન્ને અરિહંતને આશ્રયીને જ હોય તો બંનેમાં એક નીચલી કક્ષાનું અને બીજુ ઊંચી કક્ષાનું આવો ભેદ કેમ ?

**સમાધાન :-** બન્ને સ્તવ ભગવાનને આશ્રયી હોવા છતાં પુષ્પપૂજા(=અંગપૂજા), આમિષ(=નૈવેદ્ય= અગ્રપૂજા)પૂજા, સ્તુતિ(=ચૈત્યવંદનવગેરે) ભાવપૂજા અને પ્રતિપત્તિ(=ભગવાનની આજ્ઞાના સ્વીકારરૂપ ચારિત્ર) ઉત્તરોત્તર વધુ શ્રેષ્ઠ છે. આ ચારેય પૂજારૂપે સમાન છે. ચારમાં પ્રથમ ત્રણ દ્રવ્યસ્તવમાં સમાવેશ પામે છે અને છેલ્લી પૂજા ભાવસ્તવમાં સમાવેશ પામે છે. તેથી ભગવાનને આશ્રયી હોવા છતાં દ્રવ્યસ્તવ કરતાં ભાવસ્તવને વધુ શ્રેષ્ઠ કહી શકાય છે. અથવા તો બન્ને સ્તવ અરિહંતવિષયક હોવા છતાં ઉપર પ્રમાણે શ્રેષ્ઠતાને આધારે બંનેમાં ભેદ સંભવી શકે છે. આ તાત્પર્ય છે - સમાન વિષયક હોવાના નાતે બંને સ્તવ અભિન્ન છે અને ઉત્તરોત્તર શ્રેષ્ઠતા-પ્રધાનતાની અપેક્ષાએ બન્નેમાં ભેદ છે. ॥૧૦૦॥

## સાધુને દ્રવ્યસ્તવ

**શંકા :-** ભાવસ્તવ સ્વીકારતા સાધુને દ્રવ્યસ્તવ કેવી રીતે હોઇ શકે ? આના **સમાધાનમાં** કહે છે- સાધુને પણ અનુમોદનાદ્વારા દ્રવ્યસ્તવભેદનો અંશ હોય છે. સાધુની આ દ્રવ્યસ્તવઅનુમોદના હવે બતાવાતી શાસ્ત્રયુક્તિઓદ્વારા શુદ્ધ તરીકે સિદ્ધ થાય છે. ॥૧૦૧॥ શાસ્ત્રમાં=સિદ્ધાંતમાં ચૈત્યવંદનમાં પૂજાના અને સત્કારના હેતુથી કાયોત્સર્ગ કરવાનો નિર્દેશ સાધુને પણ કર્યો છે. **અરિહંત ચેઇયાણં** સૂત્રમાં *'પૂઅણવત્તિઆએ સક્કારવત્તિઆએ'* પાઠ છે જ. અને બન્ને(=પૂજન અને સત્કાર) દ્રવ્યસ્તવરૂપ જ છે, ભાવસ્તવરૂપ નથી. ॥૧૦૨॥ કારણ કે ત્યાં પૂજા પુષ્પમાળાવગેરેથી અને સત્કાર શ્રેષ્ઠ વસ્ત્ર, અલંકાર વગેરેથી થાય છે. અન્ય મતે વસ્ત્રવગેરેથી પૂજા અને પુષ્પમાળા વગેરેથી સત્કાર થાય છે. બેમાંથી જે મત હોય તે, પણ બન્ને મતે આ બન્ને(પૂજા-સત્કાર) દ્રવ્યસ્તવરૂપ જ છે. ॥ ૧૦૩॥ દ્રવ્યસ્તવની અનુમોદના અંગે જ બીજી યુક્તિ બતાવે છે- સમવસરણવખતે દ્રવ્યસ્તવના બલિવગેરે અંગનો(=કારણભૂત અંશનો)

तदेषोऽत्र द्रव्यस्तवोऽनुज्ञातस्तेन तीर्थकरेणोचितेभ्य: प्राणिभ्यो गम्यते चेष्टासमानशीलेन मौनेन व्यञ्जकेन ॥ १०४ ॥ **'ण य भगवं अणुजाणइ जोगं मुक्खविगुणं कयाचिदवि । ण य तयणुगुणो वि तओ, ण बहुमओ होइ अण्णेसिं' ॥ १०५ ॥** न च भगवाननुजानाति योगं=व्यापारं मोक्षविगुणं कदाचिदपि मोहाभावात्, न च तदनुगुणोऽप्यसौ=योगो न बहुमतो भवत्यन्येषां किन्तु बहुमत एवेत्यर्थत: सोऽपि द्रव्यस्तवानुमतिक्रोडीकृतो भवतीति ॥ १०५ ॥ भाव एव भगवतोऽनुमोद्यो न द्रव्यमित्याशङ्कां सत्कार्यनयेन[1] द्रव्ये भावसत्ताभ्युपगमेन निरस्यन्नाह- **'जो चेव भावलेसो सो चेव उ भगवओ बहुमओ । ण तओ विणेयरेणं त्ति अत्थओ सो वि एमेव' ॥ १०६ ॥** य एव भावलेश:, स एव भगवतो बहुमतोऽपुनर्बन्धकादिचतुर्दशगुणस्थानान्तभावस्य तदाज्ञाविषयत्वात्, तत्रेष्टसाधनताव्यञ्जकव्यापारस्यैव तदनुमतित्वाद्धीनभावत्वेनाननुमोद्यत्वेऽतिप्रसङ्गात् । अवदाम **चोपदेशरहस्ये** → *'जइ हीणं दव्वत्थयं, अणुमणेज्जा ण संजउत्ति मई । ता कस्स वि सुहजोगं तित्थयरो णाणुमणिज्ज त्ति'* ॥ [गा० ३७] न तको भावलेशो विनेतरेण=द्रव्येनेत्यर्थ: । सोऽपि=द्रव्यस्तवोऽप्येवमेवानुमत एव ॥ १०६ ॥ एतदेव स्पष्टयति-

ભગવાને પણ પ્રતિષેધ કર્યો નથી. આના દ્વારા ભગવાને પણ યોગ્ય જીવોને (દ્રવ્યસ્તવના અધિકારીઓને) દ્રવ્યસ્તવની અનુજ્ઞા આપી છે, તે વાત ચેષ્ટાને સમાનસ્વભાવવાળા મૌનથી વ્યક્ત થાય છે. અનુમતિવગેરેદર્શક ચેષ્ટાથી જેમ અનુમતિવગેરેનું જ્ઞાન થાય છે, તેમ મૌનથી પણ અનુમતિવગેરેનું જ્ઞાન થઇ શકે છે. ॥૧૦૪॥ અને ભગવાન ક્યારેય પણ મોક્ષથી વિરુદ્ધ યોગની અનુજ્ઞા આપતા નથી, (કારણ કે ભગવાનને મોહનો સર્વથા અભાવ છે.) અને ભગવાને અનુજ્ઞાત કરેલો યોગ મોક્ષને અનુકૂળ તરીકે સિદ્ધ થઇ ગયા પછી બીજાઓને પણ શું કામ અમાન્ય બને ? અર્થાત્ બીજાઓને પણ બહુમાન્ય જ બને છે. આમ અર્થથી દ્રવ્યસ્તવની અનુમતિથી દ્રવ્યસ્તવ પણ સ્વીકાર્ય બને છે. ॥૧૦૫॥ **શંકા :-** ભગવાન તો ભાવની જ અનુમોદના કરે, દ્રવ્યની તો કરે જ નહિ. (કારણ કે ભાવ વિનાનું દ્રવ્ય તો તુચ્છ છે.) **સમાધાન :-** અહીં સત્કાર્યનયથી દ્રવ્યમાં ભાવની હાજરી સ્વીકૃત છે. (સત્કાર્યવાદ ☛ કારણ જ કાર્યરૂપે પરિણામ પામે છે. કાર્યની નવી ઉત્પત્તિ નથી. અથવા કારણ જ કાર્યરૂપે ભાસે છે. આવું માનતો નય સત્કાર્યવાદ છે. આમ તે દ્રવ્યસ્તવરૂપ કારણ જ ભાવસ્તવરૂપ કાર્યમાં પરિણામ પામે છે. તેથી દ્રવ્યસ્તવમાં ભાવસ્તવ છે જ.) આ નયને આગળ કરી શંકાનું સમાધાન કરતાં કહે છે- 'ભાવનો જે અંશ છે, તે જ ભગવાનને બહુમત છે, પરંતુ તે ભાવઅંશ દ્રવ્ય વિના સંભવે નહિ, તેથી અર્થતઃ દ્રવ્યસ્તવ પણ અનુમત જ છે.' અપુનર્બંધક અવસ્થાથી માંડી ચૌદમા ગુણસ્થાનકસુધીની અવસ્થામાં ક્રમશઃ દ્રવ્યઅંશ ઘટતો જાય છે અને ભાવઅંશ વધતો જાય છે અને ભગવાનની આજ્ઞા(અપ્રમાદભાવની આજ્ઞા) અપુનર્બંધકથી માંડી ચૌદમાં ગુણસ્થાનક સુધીના ભાવોને વ્યાપીને રહેલી છે. (અર્થાત્ ભગવાન તે-તે અવસ્થાને ઉચિત તે-તે ભાવોને તે-તે અવસ્થાના અપ્રમાદ તરીકે સ્વીકારે છે. તેથી સ્વ-સ્વ અવસ્થાને ઉચિત - અવસ્થાને અનુરૂપ ભાવ પ્રગટ કરવાની- ભાવમાં રમવાની-ઉદ્યમશીલ રહેવાની ભગવાનની આજ્ઞા છે.) આવી આજ્ઞા કરતા ભગવાનને તે-તે ભાવોના ઇષ્ટસાધનભૂત - અથવા તે-તે ભાવોના વ્યંજક(=આવિર્ભાવક)માં થતી પ્રવૃત્તિ અનુમત છે, તે અસંશયસિદ્ધ છે. **શંકા :-** અપુનર્બંધકવગેરે અવસ્થાના ભાવો અત્યંત નિમ્નકોટિના હોવાથી તે ભાવો અને તે ભાવજનક સાધનો શી રીતે

**[1] सत्कार्यनय: → सत्कार्यवादापरपर्याय:- कार्यस्य सत्त्वनिर्णायक: कथाविशेष: । स च द्विविध: परिणामवाद: विवर्तवादश्च । तत्र परिणामवाद: साङ्ख्यानाम् । तन्मते कारणमेव कार्यरूपेण परिणमत इति कार्यकारणयोरनन्यत्वं सत्यत्वं च । यथा दुग्धं सदेव दधिरूपेण परिणमते इति दधि कार्यान्तरं दुग्धाद् भिन्नं च न भवतीति । विवर्तवादो मायावादिनाम् । तन्मते कारणमेव कार्यस्वरूपेण भासत इति कारणस्यैव सत्यत्वं न कार्यस्य । आर्हतमतस्त्वत्र स्याद्वाद: । तन्मते कार्यं कथञ्चिद् असत् कथञ्चिच्च सदेवोत्पद्यत इत्यादि ।**

**'कज्जं इच्छंतेणं अणंतरं कारणंपि इट्ठंति। जह आहारजतित्तिं इच्छंतेणेह आहारो' ॥ १०७॥** कार्यमिच्छताऽनन्तरमक्षेपकफलकारिकारणमपीष्टमेव भवति, कथमित्याह- यथाऽऽहारजां तृप्तिमिच्छतेह लोके आहार इष्ट इति गाथार्थः ॥ अ(उ)पार्द्धपुद्गलपरावर्त्तव्यवधानेनापि भावस्तवे द्रव्यस्तवस्य हेतुत्वात्कथमनन्तरं कारणत्वमिति चेत्? ऋजुसूत्रादिनयेन, कथञ्चित्तन्नये तत्स्थलीयानन्तरभावस्यैव पुरस्कारादु, व्यवहारनयेन तु द्वारेण द्वारिणोऽन्यथासिद्ध्यभावादनन्तरकारणत्वमविरुद्धमेवेति व्युत्पादित**मध्यात्ममतपरीक्षादौ** ॥ १०७॥ भवनादावपि विधिमाह- **'जिणभवनकारणाइवि भरहाईणं न निवारियं तेण। जह तेसिं चिय कामा सल्लविसाइहिं णाएहिं (वयणेहिं पाठा.)' ॥ १०८॥** जिनभवनकारणाद्यपि द्रव्यस्तवरूपं **भरतादिश्रावकाणां** न निवारितं तेन=भगवता यथा तेषामेव=**भरतादीनां** कामा शल्यविषादिभिर्वचनैर्निवारिताः *'सल्लं कामा विसं कामा'* इत्यादिप्रसिद्धेरित्यर्थः ॥ १०८॥ **'ता तं पि अणुमयं चिय अप्पडिसेहाउ तंतजुत्तीए। इय सेसाणवि इत्थं अणुमोअणमाइ अविरुद्धं' ॥ १०९॥** तत्तदपि=जिनभवनकारणाद्यप्यनुमतमेवाप्रतिषेधात्कारणात्, तन्त्रयुक्त्या 'अनिषिद्धमनुमतमि'ति तन्त्रयुक्तिः। 'इय' एवं भगवदनुज्ञानाच्छेषाणामपि साधूनामत्र द्रव्यस्तवेऽनुमोदनाद्यविरुद्धम्, आदि-

---

અનુમોદ્ય બને? **સમાધાન :-** તે ભાવો નિમ્નકોટિના હોવા છતાં ભાવત્વરૂપે સમાન હોઇ અનુમોદ્ય છે. હીનકોટીના હોવામાત્રથી અનનુમોદ્ય માનવામાં અતિપ્રસંગ છે. **ઉપદેશ રહસ્યમાં** કહ્યું છે કે → *'સંયમી પોતાની અપેક્ષાએ હીન એવા દ્રવ્યસ્તવની અનુમોદના કરે નહિ એવી જો તમારી (પૂર્વપક્ષવાળાની) બુદ્ધિ હોય, તો (તમારા મતે) તીર્થંકર કોઇના પણ શુભયોગની અનુમોદના નહિ કરે!'* (કારણ કે બધા શુભયોગીઓ તીર્થંકર કરતાં હીનકક્ષાના છે. પણ આ વાત ઇષ્ટ નથી. ભગવાને **ધન્ના**વગેરેના શુભયોગની અનુમોદના કરી હતી, તે વાત શાસ્ત્રોમાં ઘણે સ્થળે આવે છે. તેથી હીનકક્ષાએ રહેલાના શુભયોગો પણ અનુમોદનીય છે જ.) ॥૧૦૬॥ આ જ વાતને વધુ સ્પષ્ટ કરતાં કહે છે- 'કાર્યની ઇચ્છા રાખનારે કાર્યના અનંતર કારણ(શીઘ્રફળદાયક કારણ)ની પણ ઇચ્છા રાખવી જ જોઇએ. આ લોકમાં પણ દેખાય છે કે આહારથી પ્રાપ્ત થતી તૃપ્તિની ઇચ્છા કરનારો આહારની પણ ઇચ્છા રાખે છે.' **શંકા :-** અનંતર કારણ ભલે ઇષ્ટ હોય, પણ અપાર્ધ (કે ઉપાર્ધ?) પુદ્ગલપરાવર્ત જેટલા કાળના આંતરા પછી ભાવસ્તવનું કારણ બનતો દ્રવ્યસ્તવ અનંતરકારણ શી રીતે બની શકે?

**સમાધાન :-** ઋજુસૂત્રનયની અપેક્ષાએ દ્રવ્યસ્તવ અનંતર કારણ બની શકે છે. આ નય તત્કાલીન ભાવને જ આગળ કરે છે. દ્રવ્યસ્તવસ્થળે દ્રવ્યસ્તવની તરત ઉત્તરમાં પ્રગટતાં ભાવને જ આગળ કરીને આ નયની અપેક્ષાએ દ્રવ્યસ્તવ અનંતરકારણ બને છે. અને વ્યવહારનયના મતે તો દ્વાર(જન્ય વ્યાપાર) દ્વારીને(જનકને) અન્યથાસિદ્ધ ઠેરવી શકતો નથી. દા.ત. દંડ ચક્રને ભમાવવાદ્વારા ઘટમાં કારણ છે. અહીં ચક્રભ્રમણરૂપ દ્વાર પોતાના દ્વારી દંડને ઘટરૂપ કાર્યમાટે અન્યથાસિદ્ધ ઠેરવી ન શકે. આમ વ્યવહાર નયે કાળથી દૂર દેખાતું કારણ પણ પોતાના દ્વારદ્વારા અનંતર કારણ બની શકે છે. તેથી અપાર્દ્ધપુદ્ગલપરાવર્ત જેટલા કાળના આંતરાવાળો દ્રવ્યસ્તવ સંસ્કાર - બીજ આદિરૂપ પોતાના દ્વારદ્વારા ભાવનું અનંતરકારણ બની શકે છે. (**અધ્યાત્મમતપરીક્ષાવગેરેમાં** આ વાતનું સમર્થન કર્યું છે.) ॥૧૦૭॥ જિનભવનવગેરેઅંગે પણ વિધિ(=વિધાન) બતાવે છે- આ જ હેતુથી **ભરત**વગેરે શ્રાવકોને 'જિનભવન કરાવવું' વગેરે દ્રવ્યસ્તવનો નિષેધ કર્યો નથી. જ્યારે તેઓને *'કામ શલ્યરૂપ છે અને વિષરૂપ છે'* આદિ દૃષ્ટાંતોથી-વચનોથી કામ(ઇન્દ્રિયના વિષયો)નો સ્પષ્ટ નિષેધ કર્યો છે. ॥૧૦૮॥ તેથી પ્રતિષેધ ન કરવાથી 'અનિષિદ્ધમનુમતમ્' એવી તંત્રયુક્તિથી જિનભવનવગેરે પણ ભગવાનને અનુમત જ છે. તેથી બાકીના સાધુઓને પણ દ્રવ્યસ્તવની અનુમોદના વગેરે (વગેરેથી જિનભવનઆદિ અંગેના ઉપદેશ આદિરૂપ કરાવણ પણ) અવિરુદ્ધ જ છે. ॥૧૦૯॥

शब्दात्कारणोपदेशादिग्रहः ॥ १०९॥ युक्त्यन्तरमाह- **'जं च चउद्धा भणिओ, विणयो उवयारिओ उ जो तत्थ। सो तित्थयरे णियमा ण होइ दव्वथयादण्णो'** ॥ ११०॥ यश्चतुर्धा भणितो विनयो ज्ञानदर्शनचारित्र-लोकौपचारिकभेदात्, औपचारिकविनयस्तु यस्तत्र=विनयमध्ये, स तीर्थकरे नियमाद्=अवश्यंतया न भवति द्रव्यस्तवादन्यः किन्तु द्रव्यस्तव एव॥ ११०॥ **'एयस्स उ संपाडणहेउं तह हंदि वंदणाएवि। पूअण-मादुच्चारणमुववन्नं होइ जइणोवि'** ॥ १११॥ एतस्य लोकोपचारविनयैकरूपद्रव्यस्तवस्य सम्पादनहेतोः= सम्पादनार्थं तथा हन्दीत्युपदर्शने वन्दनायामपि सूत्ररूपायां पूजनाद्युच्चारणं *'पूअणवत्तिआए'* उपपन्नं भवति यतेरपि ॥ १११॥ **'इहरा अणत्थगं तं ण य तयणुच्चारेण सा भणिआ। ता अभिसंधारणतो संपाडणमिट्ठमेयस्स'** ॥ ११२॥ इतरथा त्वनर्थकं तदुच्चारणं, न च तदनुच्चारणेन सा=वन्दना भणिता, तत्=तस्मादभिसन्धारणेन विशिष्टेच्छारूपेण सम्पादनमिष्टमेतस्य=द्रव्यस्तवस्येति गाथार्थः॥ ११२॥ **'सक्खाउ कसिणसंजमदव्वाभावेहिं णो अयमिट्ठो। गम्मइ तंतट्ठिइए, भावप्पहाणा हि मुणओत्ति'** ॥ ११३॥ साक्षात्स्वरूपेणैव कृत्स्नसंयम-द्रव्याभावाभ्यां कारणाभ्यां नायमिष्टो द्रव्यस्तव इति गम्यते, तन्त्रस्थित्या पूर्वापरनिरूपणेन गर्भार्थमाह- 'भावप्रधाना हि मुनय' इति कृत्वोपसर्जनमयमिति गाथार्थः॥ ११३॥ **'एएहिंतो अण्णे धम्माहिगारीहिं जे उ तेसिं तु। सक्खं चिय विण्णेओ भावंगतया जओ भणियं'** ॥ ११४॥ एतेभ्यो मुनिभ्योऽन्ये धर्माधिकारिण इह ये

## દ્રવ્યસ્તવ લોકોપચાર વિનયરૂપ

બીજી યુક્તિ બતાવે છે- વિનય ચાર પ્રકારનો કહ્યો છે. (૧) જ્ઞાન (૨) દર્શન (૩) ચારિત્ર અને (૪) લોકોપચાર. આ ચાર વિનયમાં તીર્થંકર સંબંધી ઔપચારિક વિનય દ્રવ્યસ્તવને છોડી અન્યપ્રકારે સંભવતો નથી. (અર્થાત્ દ્રવ્યસ્તવથી જ તીર્થંકરનો લોકોપચાર વિનય સંભવે છે.) ॥૧૧૦॥ સાધુને પણ લોકોપચાર વિનયના એકમાત્ર સ્વરૂપભૂત આ દ્રવ્યસ્તવનું સંપાદન કરવા (દ્રવ્યસ્તવ આદરવા) **અરિહંતચૈત્યવંદનસૂત્ર**ગત *'પૂઅણવત્તિઆએ'* પદથી પૂજનઆદિનું ઉચ્ચારણ યુક્તિસંગત ઠરે છે. અર્થાત્ *'પૂઅણવત્તિઆએ'* વગેરે પદોના ઉચ્ચારણ દ્વારા દ્રવ્યસ્તવની અનુમોદના કરી સાધુઓ પણ તીર્થંકરનો લોકોપચાર વિનય કરી શકે છે. ॥૧૧૧॥ જો આમ દ્રવ્યસ્તવનું સંપાદન ઇષ્ટ ન હોય, તો સાધુને માટે *'પૂઅણવત્તિઆએ'* વગેરે પદોનો ઉચ્ચાર અર્થહીન બની જાય, (કારણ કે પૂજનઆદિથી ઇષ્ટ દ્રવ્યસ્તવ અનુમોદનીય તરીકે પણ માન્ય નથી.) અને એવું પણ નથી કે સાધુએ વંદનાસૂત્રમાં 'પૂઅણવત્તિઆએ' વગેરે પદો બોલવાના નથી. તેથી સાધુએ 'પૂઅણવત્તિઆએ' પદ સાર્થકરૂપે બોલવાના છે, તેમ સિદ્ધ થાય છે. તેથી તે પદો બોલતી વખતે સાધુ (ગૃહસ્થોએ કરેલી પૂજાવગેરેથી મળતા શુભફળવગેરેરૂપ) વિશિષ્ટ ઇચ્છાનું પ્રણિધાન કરે છે. આમ દ્રવ્યસ્તવનું સંપાદન સાધુઓને પણ ઇષ્ટ છે. ॥૧૧૨॥

**શંકા :-** જો સાધુએ પણ દ્રવ્યસ્તવદ્વારા ઉપચાર વિનય કરવાનો હોય, તો સાધુએ સાક્ષાત્ દ્રવ્યસ્તવ પણ કરવો જોઇએ ! આ શંકાના **સમાધાનમાં** કહે છે- સાધુને કૃત્સ્નસંયમ(=અખંડ સંયમ-ષટ્કાયજીવની સંપૂર્ણ જયણારૂપ) હોય છે અને દ્રવ્યનો અભાવ હોય છે. (અથવા સંપૂર્ણ દ્રવ્ય અને ભાવ બંને રીતે સંયમ છે.) તેથી સાધુને દ્રવ્યસ્તવ ઇષ્ટ નથી. સિદ્ધાંતના પૂર્વાપરનો વિચાર કરતાં એવું રહસ્ય પ્રાપ્ત થાય છે કે 'સાધુઓ ભાવપ્રધાન જ હોય છે.' આમ તેમને દ્રવ્યસ્તવ ગૌણ હોવાથી સાક્ષાત્ કરવાનું વિધાન નથી. ॥૧૧૩॥

## દ્રવ્યસ્તવ અંગે સાધુનો અધિકાર

આ સંયતોથી ભિન્ન – અસંયત ધર્માધિકારીઓ=શ્રાવકોને જ આ દ્રવ્યસ્તવ સાક્ષાત્ કરવાનો છે, કારણ કે તે

श्रावकास्तेषां तु विज्ञेयः साक्षादेव=स्वरूपेणैव भावाङ्गतया हेतुभूतया, यतो भणितम्॥ ११४ ॥ **'अकसिण-पवत्तगाणं विरयाविरयाण एस खलु जुत्तो। संसारपयणुकरणो दव्वत्थए कूवदिट्ठंतो' ॥११५॥** अकृत्स्नप्रवर्त्तकानां संयममधिकृत्य विरताविरतानां प्राणिनामेष खलु युक्तः स्वरूपेणैव संसारप्रतनुकरणः शुभानुबन्धाद् द्रव्यस्तवः, तस्मिन् द्रव्यस्तवे कूपदृष्टान्तः प्रसिद्धकथानकगम्यः॥ ११५॥ आक्षिप्य समाधत्ते- **'सो खलु पुप्फाईओ तत्थुत्तो ण जिणभवणमाईवि। आइसद्दा वुत्तो, तयभावे कस्स पुप्फाइ' ॥ ११६ ॥** स खलु द्रव्यस्तवः पुष्पादिस्तत्रोक्तः *'पुप्फाइ ण इच्छंतित्ति'* प्रतिषेधः **प्रत्यासन्नः**, न जिनभवनादेरनधिकारात्, तत्राह-'आदि'शब्दादुक्तो जिनभवनादिरपि, तदभावे=जिनभवनाद्यभावे कस्य पुष्पादिरिति गाथार्थः ॥ ११६॥ **'नणु तत्थेव य मुणिणो पुप्फाइ निवारणं फुडं अत्थि । अत्थि तयं सयकरणं पडुच्च नऽणुमोअणाइवि' ॥ ११७ ॥** ननु तत्रैव स्तवाधिकारे मुनेः पुष्पादिनिवारणं स्फुटमस्ति *'नो कसिणसंजमे'*त्यादिवचनादेतदाशङ्क्याह-अस्ति तत्सत्यं, किन्तु स्वयं करणं प्रतीत्य निवारणं नत्वनुमोदनाद्यपि प्रतीत्येति गाथार्थः॥ ११७॥ एतदेव समर्थयति- **'सुव्वइ अ वयररिसिणा कारवणं पि हु अणुट्ठियमिमस्स। वायगगंथेसु तहा एयगया देसणा चेव' ॥ ११८ ॥** श्रूयते च **वज्रर्षिणा** पूर्वधरेण कारणमपि तत्त्वतोऽनुष्ठितमेतस्य=द्रव्यस्तवस्य *'माहेसरीउ'*① [आव० नि० ७७२ पा० १] इत्यादिवचनात्, तथा **वाचक**ग्रन्थेष्वेतद्गता देशनापि दृश्यते। *'यस्तृणमयीमपि'*② इत्यादि वचनात् ॥ ११८॥ **'आहेवं हिंसावि हु धम्माय ण दोसयारिणी त्ति ठियं। एवं च वेयविहिया णिच्छिज्जइ सेह**

ભાવસ્તવનું કારણ બને છે. કારણ કે **આગમમાં** કહ્યું જ છે કે- ॥૧૧૪॥ અકૃત્સ્નપ્રવર્તક=સંયમને આશ્રયી જેઓ વિરતાવિરત=દેશવિરત છે, તેઓને જ સ્વરૂપથી જ શુભાનુબંધદ્વારા સંસારનો સંક્ષેપ કરતો દ્રવ્યસ્તવ યોગ્ય છે. આ દ્રવ્યસ્તવઅંગે કૂપદષ્ટાંત પ્રસિદ્ધ છે. ॥૧૧૫॥ આક્ષેપ કરીને સમાધાન બતાવે છે- **આક્ષેપ :- આગમમાં** *'કૃત્સ્નસંયમીઓ પુષ્પાદિ ઇચ્છતા નથી'* આમ કહ્યું છે. આ પ્રતિષેધથી **પ્રત્યાસન્ન**ન્યાયથી 'પુષ્પાદિરૂપ દ્રવ્યસ્તવને ઇચ્છતા નથી' એમ તાત્પર્ય મળે છે. અર્થાત્ દ્રવ્યસ્તવ પુષ્પપૂજાઆદિરૂપ જ છે. અને આ જ પુષ્પપૂજાદિરૂપ દ્રવ્યસ્તવ અકૃત્સ્નસંયમીઓને આદરણીય છે, કૃત્સ્નસંયમીઓને અનાદરણીય છે. આમ અહીં જિનભવનઆદિનો અધિકાર જ ન હોવાથી તે દ્રવ્યસ્તવરૂપ નથી.

**સમાધાન :-** 'પુષ્પાદિ'પદમાં રહેલા 'આદિ' પદથી જિનભવનવગેરે સમાવેશ પામે છે. કારણ કે જિનભવન જ જો ન હોય, તો જિનપ્રતિમાનો પણ અભાવ આવવાથી પુષ્પાદિપૂજા કોની થાય ? અર્થાત્ પુષ્પાદિ પૂજા પણ અસિદ્ધ થાય; અને તો, તેનો નિષેધ પણ નિરર્થક બને. ॥૧૧૬॥ **શંકા :-** ત્યાં જ(સ્તવના અધિકારમાં) *'નો કસિણસંજમે'* વચનથી મુનિઓને પુષ્પાદિપૂજાનો સ્પષ્ટ નિષેધ કર્યો છે. **સમાધાન :-** એવો નિષેધ ત્યાં કર્યો છે, પણ તે સ્વયં કરવાની અપેક્ષાએ જ છે, નહિ કે અનુમોદનાઆદિની અપેક્ષાએ પણ. ॥૧૧૭॥ આ જ વાતનું સમર્થન કરે છે- 'વળી આગમમાં એવું સંભળાય પણ છે, કે **પૂર્વધર શ્રી વજસ્વામીએ** (વાસ્તવમાં) પુષ્પાદિપૂજા કરાવી પણ હતી,' (અનુમોદનાની વાત તો દૂર રહો,) કારણ કે આગમમાં આ પ્રસંગ સૂચવતા *'માહેસરીએ'* ઇત્યાદિ વચનો મળે છે. વળી **વાચકવર(શ્રી ઉમાસ્વાતિજી મહારાજા)ના** ગ્રંથોમાં પણ દ્રવ્યસ્તવઅંગેની દેશના *'યસ્તૃણમયી'* ઇત્યાદિવચનથી ઉપલબ્ધ થાય છે. (આમ સાધુને દ્રવ્યસ્તવના ઉપદેશ અને અનુમોદનાનો અધિકાર તો છે જ, પણ અવસરે

---

① माहेसरीउ सेसा पुरियं नीआ हुआसण-गिहाओ। गयण-तलमइवइत्ता वइरेण महाणुभावेण॥ इति पूर्णश्लोकः॥

② यस्तृणमयीमपि कुटीं कुर्याद् दद्यात्तथैकं पुष्पमपि भक्त्या परमगुरुभ्यः पुण्योन्मानं कुतस्तस्य ? ॥ पूजाप्रकरणे ॥

**वामोहो'** ॥ ११९ ॥ आह-एवं द्रव्यस्तवविधाने हिंसापि धर्माय, न दोषकारिणीति स्थितं, एवं च वेदविहिता सा हिंसेह विचारे नेष्यते स व्यामोहो भवतां तुल्ययोगक्षेमत्वात् ॥ ११९॥ **'पीडाकरीत्ति अह सा तुल्लमिणं हंदि अहिगयाए वि । ण य पीडाउ अधम्मो णियमा वेज्जेण वभियारा'** ॥ १२० ॥ पीडाकारिणीत्यथ सा 'वेदविहिता हिंसा' एतदाशङ्क्याह-तुल्यमिदं हन्दि ! अधिकृतायामपि जिनभवनादिहिंसायाम् । उपपत्त्यन्तरमाह-न च पीडातोऽधर्मो नियमाद्=एकान्तेनैव वैद्येन व्यभिचारात्, हितकृतस्तस्यौषधात्पीडोत्पत्तावप्यधर्मानुत्पत्तेः ॥ १२० ॥ **'अह तेसिं परिणामे सुहं नु तेसिंपि सुव्वइ एवं । तज्जणणे वि ण धम्मो भणिओ परदारगाईणं'** ॥ १२१ ॥ अथ तेषां जिनभवनादौ हिंस्यमानानां परिणामे सुखमेवेत्यदोषः, एतदाशङ्क्याह- तेषामपि यागे हिंस्यमानानां श्रूयते एतत्स्वर्गपाठात्, उपपत्त्यन्तरमाह-तज्जननेऽपि=सुखजननेऽपि न धर्मो भणितः पारदारिकादीनां, तस्मादेतदपि व्यभिचारीति गाथार्थः ॥ १२१ ॥ **'सिय तत्थ सुहो भावो तं कुणमाणस्स तुल्लमेयंपि । इयरस्स वि सुहोच्चिय णेयो इयरं कुणंतस्स'** ॥ १२२ ॥ स्यात्तत्र जिनभवनादौ शुभो भावस्तां=हिंसां कुर्वत इत्येतदाशङ्क्याह- तुल्यमेतदपि कथमित्याह-इतरस्यापि वेदविहितहिंसाकर्तुः शुभ एव ज्ञेयो भाव इतरां=वेदविहितां हिंसां कुर्वतो यागविधानेन ॥ १२२ ॥ **'एगिंदियाइ अह ते इयरे थोव त्ति ता किमेएणं । धम्मत्थं सव्वं चिय वयणा एसा न दुट्ठ त्ति'** ॥ १२३ ॥ एकेन्द्रियादयोऽथ ते जिनभवनादौ हिंस्यन्त इत्याशङ्क्याह- इतरे स्तोका इति वेदाद् यागे

---

કરાવવાનો પણ અધિકાર છે - તેમ સિદ્ધ થાય છે.) ॥૧૧૮॥

## વેદવિહિતહિંસા ધર્મરૂપ - પૂર્વપક્ષ

જિનપૂજાની જેમ વેદવિહિત હિંસાને પણ નિર્દોષ ઠેરવવા પ્રયત્ન કરતો **વૈદિક પૂર્વપક્ષ :-** 'આ પ્રમાણે દ્રવ્યસ્તવ કરતા થતી હિંસા ધર્મમાટે છે, દોષકારક નથી' એવો તમે(=જૈનોએ) નિશ્ચય કર્યો. અને તમે જ દ્રવ્યસ્તવ સંબંધી હિંસાની સમાન પરિસ્થિતિવાળી અને પરિણામવાળી વેદવિહિતહિંસાને ધર્મતરીકે સ્વીકારતા નથી. ખરેખર ! આ તમારો વ્યામોહ-દૃષ્ટિરાગ છે. ॥૧૧૯॥ **શંકા :-** (A) વેદવિહિતહિંસા જીવોને પીડાકારી છે. **સમાધાન :-** દ્રવ્યસ્તવીય હિંસામાં ક્યાં પીડાનો અભાવ છે ? વળી એવું એકાંતે નથી કે જેનાથી બીજાને પીડા થાય, તે બધું અધર્મરૂપ જ હોય; કારણ કે ચિકિત્સા અર્થે વૈદ દર્દીને પીડા આપે તો પણ તે અધર્મરૂપ ઠરે નહિ. તેથી પરપીડામાં અધર્મ અનૈકાંતિક છે. ॥૧૨૦॥ **શંકા :-** (B) જિનભવનવગેરેમાં જેઓની હિંસા થાય છે, તેઓને તે વધ પરિણામે સુખકારક થાય છે. આમ 'તે વધ બીજાને સુખકર હોવાથી ધર્મરૂપ છે.' આ સિદ્ધાંત છે. **સમાધાન :-** એમ તો 'યજ્ઞમાં વધ કરાતા પ્રાણીઓને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે' એમ કહ્યું છે. વળી તમારો સિદ્ધાંત અનૈકાંતિક છે, કારણ કે પરસ્ત્રીગમન કરનારો તે સ્ત્રીને સુખ આપતો હોવા છતાં ધર્મ કરતો નથી. ॥૧૨૧॥ **શંકા :-** (C) જિનભવનાદિહેતુક હિંસા કરનારને તે વખતે શુભભાવ હોય છે. **સમાધાન :-** એ વાત તો યજ્ઞમાટે પણ તુલ્ય જ છે. યજ્ઞ કરનારને પણ વેદવિહિત હિંસા કરતી વખતે શુભભાવ જ હોય છે.`॥૧૨૨॥

**શંકા :-** (D) જિનભવનવગેરેમાં થતી હિંસામાં એકેન્દ્રિયજીવોની હિંસા છે, જ્યારે વેદવિહિતહિંસામાં પંચેન્દ્રિય જીવોનો વધ છે. **સમાધાન :-** સાથે સાથે એમ પણ કેમ કહેતા નથી, કે જિનભવનવગેરેમાં અસંખ્ય જીવોનો વધ છે, જ્યારે વેદવિહિતહિંસામાં તો થોડાકનો જ વધ છે. અમારે ત્યાં પંચેન્દ્રિયનો વધ છે, પણ તે અલ્પનો છે, તમારે એકેન્દ્રિયનો વધ છે, પણ તે ઘણાનો - અસંખ્યનો, તેથી જિનભવનઆદિની હિંસા નિર્દોષ છે અને વેદવિહિતહિંસા દોષિત છે' આવો કદાગ્રહ છોડી દો. આ બધી હિંસા ધર્માર્થ જ છે. (E) અને ધર્માર્થ હિંસા દુષ્ટ નથી

हिंस्यन्ते, तत्किमेतेन भेदाभिनिवेशेन धर्मार्थं सर्वैव सामान्येन वचनादेषा=हिंसा न दुष्टेति गाथार्थः ॥ १२३ ॥ एवं पूर्वपक्षे प्रवृत्ते सति आह- **'एयंपि न जुत्तिखमं वयणमित्ता ण होइ एवमियं। संसारमोअगाणवि धम्मादोसप्पसंगाओ'** ॥ **१२४** ॥ एतदपि न युक्तिक्षमं यदुक्तं परेण, कुत इत्याह- न वचनमात्रादनुपपत्तिकाद् भवत्येवमेतत्सर्वं, कुतः? इत्याह- संसारमोचकानामपि वचनाद्धिंसाकारिणां धर्मस्य 'दुःखिनो हन्तव्या' इत्यस्यादोषप्रसङ्गाद् अदुष्टत्वापत्तेरित्यर्थः ॥ १२४॥ **'सिय तं ण सम्मवयणं इयरं सम्मवयणं त्ति किं माणं। अह लोगो च्चिय णेयं तहाऽपाठा विगाणा य'** ॥ **१२५** ॥ स्यात्, तत्=संसारमोचकवचनं न सम्यग्वचनमित्याशङ्क्याह, इतरद्=वैदिकं सम्यग्वचनमित्यत्र किं मानम् ? अथ लोक एव मानमित्याशङ्क्याह- नैतत्तथा, लोकस्य प्रमाणतयाऽपाठादन्यथा प्रमाणस्य षट्सङ्ख्याविरोधात्,[①] तथा विगानाच्च, न हि वेदवचनं प्रमाणमित्येकवाक्यता लोकानामिति ॥ १२५ ॥ **'अह पाठो(ढो पाठा.)भिमउच्चिय, विगाणमवि एत्थ थोवगाणं नु। एत्थं पि ण प्पमाणं सव्वेसिं चादंसणाओ उ'** ॥ **१२६** ॥ अथ पाठोऽभिमत एव लोकस्य प्रमाणमध्ये षण्णामुपलक्षणत्वाद्, विगानमप्यत्र वेदवचनप्रामाण्ये स्तोकानामेव लोकानामित्येतदाशङ्क्याह- अत्रापि कल्पनायां न प्रमाणं सर्वेषां लोकानामदर्शनादल्पबहुत्वनिश्चयाभावादित्यर्थः ॥ १२६ ॥ **'किं तेसिं दंसणेणं अप्पबहुत्तं, जहित्थ तह चेव। सव्वत्थ समवसेयं णेवं वभिचारभावओ'** ॥ **१२७** ॥ किं तेषां सर्वेषां लोकानां दर्शनेन ? अल्पबहुत्वं यथेह

---

– એવું સામાન્ય જ વચન છે. 'કોઇક વિશેષ ધર્મની હિંસા દુષ્ટ નથી' એવું વિશેષ વચન નથી. તેથી વેદવિહિતહિંસા પણ નિર્દોષ જ છે. ॥૧૨૩॥

### વચનમાત્રથી હિંસાની ધર્મરૂપતા અસિદ્ધ - ઉત્તરપક્ષ

આ પૂર્વપક્ષની સામે **જૈનમત ઉત્તરપક્ષ** સ્થાપે છે– પરવાદીનું આ કથન યુક્તિસંગત નથી. અહીં સૌ પ્રથમ પૂર્વપક્ષે સ્થાપેલા પાંચમાં (E) મુદ્દાનું ખંડન કરે છે. 'ધર્માર્થ હિંસા અદુષ્ટ છે' એટલા વચનમાત્રથી હિંસા ધર્મરૂપ અને અદુષ્ટ બનતી નથી, કારણ કે અસંગત વચનમાત્રથી વાસ્તવમાં વસ્તુ તે પ્રમાણે થઇ જતી નથી. અન્યથા **સંસારમોચક** (મતવિશેષ)નો ધર્મ પણ અદુષ્ટ માનવાનો પ્રસંગ આવે. આ મતવાળાઓનું 'દુઃખી જીવોને હણવામાં ધર્મ છે' એવા પ્રકારનું વચન છે. જો વચનમાત્રથી ધર્મ બની જતો હોય, તો આ વચનને અનુસારે હિંસા કરનારનો ધર્મ પણ અદુષ્ટ બની જવાનો પ્રસંગ છે. ॥૧૨૪॥ **શંકા :-** સંસારમોચકોનું વચન બરાબર નથી. **સમાધાન :-** વૈદિક વચન બરાબર છે, એમાં પ્રમાણ શું ? **શંકા :-** લોકો જ અહીં પ્રમાણભૂત છે. **સમાધાન :-** લોકોને પ્રમાણ તરીકે ગણ્યા નથી. તેથી જો લોકોને પણ અલગ પ્રમાણ તરીકે માનશો, તો પ્રમાણની માનેલી છ સંખ્યાને બાધ આવશે. (**ભટ્ટવેદાંતીઓએ** (૧) પ્રત્યક્ષ (૨) અનુમાન (૩) ઉપમાન (૪) શબ્દ-આગમ (૫) અર્થાપત્તિ અને (૬) અનુપલબ્ધિ આ છ પ્રમાણ માન્યા છે.) તથા 'વેદવાક્ય પ્રમાણભૂત છે' એવી એકવાક્યતા નથી. અર્થાત્ બધા લોકો વેદને પ્રમાણ માનતા નથી. ॥૧૨૫॥ **શંકા :-** પ્રમાણના પાઠમાં લોકોનો પણ સમાવેશ ઇષ્ટ જ છે, કારણ કે પ્રમાણની છ સંખ્યા ઉપલક્ષણમાત્ર છે. વળી, થોડા લોકો જ વેદને પ્રમાણભૂત માનતા નથી, બહુમતિ લોકો તો અવિગાન-વિરોધ વિના વેદને પ્રમાણ માને છે. **સમાધાન :-** તમારી આ માન્યતા પ્રમાણભૂત નથી, કારણ કે બધા લોકોનું તો દર્શન થતું નથી, કે જેથી તે બધાને પૂછીને નિર્ણય કરી શકાય કે થોડા લોકો વેદને પ્રમાણ તરીકે સ્વીકારે છે કે વધારે લોકો. ॥૧૨૬॥ **શંકા :-** એમ બધા લોકોના દર્શનથી સર્યું, જુઓ ! આ **મધ્યદેશ**વગેરેમાં વેદને પ્રમાણતરીકે માનતા

---

① प्रत्यक्षानुमानोपमानशब्दार्थापत्त्यनुपलब्धय इति षट् प्रमाणानि भट्टवेदान्तिमते।

**मध्यदेशादौ** वेदवचनप्रमाणं प्रति तथैव सर्वत्र=क्षेत्रान्तरेष्वपि समवसेयं लोकत्वादिहेतुभ्य इत्यत्राह- नैवं व्यभिचारभावात्=कारणात् ॥ १२७॥ एतदेवाह- **'अग्गाहारे बहुगा दिसंति दिया तहा ण सुद्द त्ति। ण य तद्दंसणओच्चिय सव्वत्थ इयं हवइ एवं'** ॥ १२८॥ अग्राहारे बहवो दृश्यन्ते द्विजाः=ब्राह्मणास्तथा न शूद्रा इति ब्राह्मणवद् बहवो दृश्यन्ते। न च तद्दर्शनादेव=अग्राहारे बहुद्विजदर्शनादेव सर्वत्र भिल्लपल्ल्यादावप्येतद्भवति-एवं द्विजबहुत्वमिति गाथार्थः ॥ १२८॥ उपपत्त्यन्तरमाह- **'ण य बहुआणवि इत्थं अविगाणं सोहणंति णियमोऽयं। ण य णो थोवाणंपि हु मूढेयरभावजोएण'** ॥ १२९॥ न च बहूनामप्यत्र लोकेऽविगानमेकवाक्यतारूपं शोभनमिति नियमः, न च स्तोकानामपि न शोभनं, मूढेतरभावयोगेन मूढानां बहूनामपि न शोभनममूढस्य त्वेकस्यैवेति भावः ॥ १२९॥ **'ण य रागाइविरहिओ कोइवि माया विसेसकारी ति। जं सव्वे विय पुरिसा रागाइजुआउ परपक्खे'** ॥ १३०॥ न च रागादिविरहितः कोऽपि माता=प्रमाता विशेषकारी=विशेषकृत्, यत्सर्वेऽपि पुरुषा रागादियुताः परपक्षे **मीमांसकस्य** सर्वज्ञाऽनभ्युपगन्तृत्वात् ॥ १३०॥ दोषान्तरमाह- **'एवं च वयणमित्ता धम्मादोसाइ मिच्छगाणं पि। घायंताणं दियवरं पुरओ नणु चंडिगाईणं'** ॥ १३१॥ एवं च प्रमाणविशेषापरिज्ञाने सति वचनमात्रात्सकाशाद् धर्मादोषौ प्राप्नुतो म्लेच्छादीनामपि=भिल्लादीनामपि घातयतां द्विजवरं=ब्राह्मण-

---

લોકો જ બહુમતિમાં દેખાય છે. બસ આના જ આધારે 'બધા ક્ષેત્રોમાં વેદને પ્રમાણ માનનારાઓની સંખ્યા જ બહુમતિમાં છે' એમ નિર્ણય કરી શકાય છે. અનુમાનપ્રયોગ 'બધા ક્ષેત્રમાં વેદને પ્રમાણ માનનારા લોકો વધારે છે, કારણ કે તેઓ લોકો છે, જેમ કે અહીંના લોકો.' **સમાધાન :-** તમારું આ અનુમાન બરાબર નથી, પરંતુ અનૈકાંતિકદોષથી કલંકિત છે; કારણ કે અહીં જેવા લોકો છે, તેવા લોકો બધે હોય તેવો નિયમ નથી.॥૧૨૭॥ આ જ વાત કહે છે- 'બ્રાહ્મણોના જમણમાં બ્રાહ્મણો વધારે દેખાય છે, અને શુદ્રો થોડા જ દેખાય છે. પણ આ જમણમાં બ્રાહ્મણો વધારે દેખાતા હોવાથી સર્વત્ર જમણમાં બ્રાહ્મણો જ વધારે હોય, તેવો નિયમ ન બાંધી શકાય. કારણ કે ભિલ્લોની પલ્લીવગેરેમાં બ્રાહ્મણની બહુમતિને સ્પષ્ટ બાધ છે.'॥૧૨૮॥ બીજી યુક્તિ બતાવે છે કે- એવો નિયમ પણ નથી કે 'ઘણાં લોકો એકી અવાજે જેનો સ્વીકાર કરે, તે સુંદર જ હોય અને થોડા લોકોને જે સંમત હોય, તે ખરાબ જ હોય.' પણ મૂઢેતરભાવ યોગથી જ નિયમ છે. અર્થાત્ મૂઢો ઘણા હોય, તો પણ તેઓની એકવાક્યતા સારી નથી. અમૂઢ એક જ હોય, તો પણ તેની વાત સુંદર જ હોય. (મૂઢભાવ=મિથ્યાત્વ, કષાય, નોકષાયવગેરે મોહનીયકર્મના તીવ્ર ઉદયો.તેમાં વર્તતા અવિવેકી જીવો મૂઢ કહેવાય. અમૂઢ=મોહનીયની મંદતાવાળા અપુનર્બંધકઆદિ જીવો. તીર્થંકરવગેરે ઉત્કૃષ્ટઅમૂઢ છે. 'સો મૂર્ખા કરતાં એક પંડિત સારો.') ॥૧૨૯॥ વળી તમારા મતે રાગવગેરેથી રહિત કોઇ પ્રમાતા (સર્વજ્ઞ) જ નથી, જે વિશેષ કરી શકે. અર્થાત્ 'વેદવચન જ પ્રમાણભૂત છે, અન્યના વચનો પ્રમાણભૂત નથી' એવો નિર્ણય કરાવી શકે એવો કોઇ સર્વજ્ઞ નથી. કારણ કે પરમતે (મીમાંસકમતે) બધા જ પુરુષો રાગવગેરે દોષોથી યુક્ત હોવાથી, કોઇ સર્વજ્ઞ નથી. ॥૧૩૦॥

વચનમાત્રથી ધર્મ અને અદોષ માનવામાં બીજા દોષ બતાવે છે- પ્રમાણવિશેષના નિશ્ચય વિના વચનમાત્રથી અનુષ્ઠાનવગેરેને ધર્મરૂપ અને નિર્દોષ માની લેવામાં તો **ચંડિકા**વગેરે દેવતાઓ આગળ શ્રેષ્ઠ બ્રાહ્મણનો વધ કરવાની ભીલોની ક્રિયા પણ ધર્મરૂપ અને નિર્દોષ માનવાની આપત્તિ છે. ॥૧૩૧॥ એમ ન કહેશો કે તે મ્લેચ્છોપાસે બ્રાહ્મણનો ઘાત કરવાનું વચન નથી, કારણ કે તેઓના ધર્મમાં આ પ્રમાણે વચન છે.

**શંકા :-** તમે કેવી રીતે કહો છો કે એમના ધર્મમાં બ્રાહ્મણને હણવાનું વચન છે ? **સમાધાન :-** બધા મ્લેચ્છો આ પ્રમાણે બ્રાહ્મણોનો વધ કરતા નથી. તેનાથી જ નિશ્ચિત થાય છે કે, બ્રાહ્મણના વધની વિધિનું વચન હોવું જોઇએ. જેઓએ આ વધપ્રેરક વચન સાંભળ્યું નથી, તેઓ આ વધમાં પ્રવર્તતા નથી. (માત્ર હિંસક સ્વભાવથી જ તેઓ વધ કરતા

मुख्यं पुरतो ननु **चण्डिकादीनां**=देवताविशेषाणाम् ॥ १३१ ॥ **'ण य तेसिंपि ण वयणं इत्थ णिमित्तंति जं न सव्वे उ। ते तह घातंति सया अस्सुअतच्चोअणावक्का'** ॥ **१३२** ॥ न च तेषामपि म्लेच्छानां न वचनमत्र निमित्तमिह=द्विजघाते किन्तु वचनमेव, कुतः ? इत्याह- यन्न सर्व एव म्लेच्छास्तं द्विजवरं घातयन्ति, अश्रुतं तच्चोदनावाक्यं[1] द्विजवरघातविधिवचनं यैस्ते तथा ॥ १३२ ॥ **'अह तं ण एत्थ रूढं, एयंपि ण तत्थ तुल्लमेवेयं। अह तं थोवमणुचियं इमंपि एयारिसं तेसिं'** ॥ **१३३** ॥ अथ तन्म्लेच्छप्रवर्तकवचनं नात्र रूढं लोक इत्याशङ्क्याह- 'इय' एतदपि वैदिकं न तत्र भिल्लमते रूढमिति तुल्यमन्यतरारूढत्वम्। अथ तन्मलेच्छप्रवर्त्तकं वचनं स्तोकमनुचितमसंस्कृतमित्याशङ्क्याह- इदमप्येतादृशं तेषां (अत्रावचूरिस्त्रुटिता भासते- एतादृशः पाठः स्यात्-'म्लेच्छादीनामाशयभेदादिति' ॥ १३३ ॥ **पञ्चवस्तु**गतावतरणिका- अथ तद्वेदाङ्गं खलु द्विजप्रवर्त्तकमित्याशङ्क्याह)- **'अह तं ण वेइयं खलु, न तं पि एमेव इत्थ वि ण माणं। अह तत्थासवणमिदं हविज्ज उच्छिन्नसाहत्ता'** **(सिअ अमुच्छण्णसाहं तु-पञ्चवस्तुके)** ॥ **१३४** ॥ **ण य तव्विवज्जणाओ उचिय (तव्वयणाओ च्चिय-पञ्चवस्तुके) तदुभयभावो त्ति तुल्लभणिईओ। अण्णावि कप्पणेवं साहम्मविहम्मओ दुट्ठा'** ॥ **१३५** ॥ [अत्र १३४ / ३५ गाथाद्वयस्य त्रुटितावचूरिः **पञ्चवस्तुक**साहाय्येनैवं मया साधिता-

હોય, તો મનુષ્યમાત્રનો વધ કરે, અને ગમે ત્યારે કરે...આ તો **ચંડિકા**વગેરે દેવતા આગળ શ્રેષ્ઠ બ્રાહ્મણની બલિ તરીકેની હિંસા કરે છે. તેથી આ હિંસાપ્રવૃત્તિને તેઓ ધર્મરૂપ જ માનતા હોવા જોઇએ. અને તે ધર્મ પણ માત્ર સ્વકલ્પનામાત્રથી નહિ. કારણ કે ઘણા મ્લેચ્છો સમાનરૂપે આ વધ કરે છે. તેથી કહી શકાય કે તેમના ધર્મમાં આ વધપ્રેરક વચન હોવું જોઇએ.) ॥૧ ૩ ૨॥ **શંકા :-** મ્લેચ્છોને એવી હિંસામાં પ્રવૃત્ત કરાવતું વચન અહીં રૂઢ નથી=પ્રસિદ્ધ નથી. **સમાધાન :-** આ જ પ્રમાણે તમારા વૈદિકવચનો એ મ્લેચ્છોમાં રૂઢ નથી. તેથી બંને વચન અપ્રમાણ ઠરશે. **શંકા :-** એ મ્લેચ્છવચનો અલ્પ છે અને અનુચિત છે. સંસ્કારી નથી. **સમાધાન :-** 'તમને પ્રાપ્ત થયેલા વચન પણ તેવા જ છે' તેમ મ્લેચ્છો માનતા હશે. કારણ કે આશયભેદથી માન્યતાભેદ સંભવે છે. ॥૧ ૩ ૩॥ (અહીં ગા.૧ ૩ ૩ના ઉત્તરાર્દ્ધની થોડીક અવચૂરિ તૂટી ગઇ લાગે છે. આ જ પ્રમાણે ગા. ૧ ૩ ૪/૧ ૩ ૫ ની પણ ખંડિત અવચૂરિ જ ઉપલબ્ધ થાય છે. તે પણ ગા. ૧ ૩ ૩ની અવચૂરિરૂપે.-**પંચવસ્તુક ગ્રંથની** સહાયથી ખંડિત અવચૂરિને સાધવાનો મેં પ્રયાસ કર્યો છે. અને તે મુજબ ગા. ૧ ૩ ૪ અને ગા. ૧ ૩ ૫ નો ભાવાર્થ આવો હોઇ શકે →) [**શંકા :-** તે મ્લેચ્છપ્રવર્ત્તકવચન વૈદિક નથી. **સમાધાન :-** એમ તો મ્લેચ્છો પણ કહી શકે, કે બ્રાહ્મણપ્રવર્તકવચન વૈદિક નથી. આમ અહીં સમ્યગ્નિર્ણય કરાવતા નિયામક પ્રમાણનો અભાવ છે. **શંકા :-** 'વેદમાં મ્લેચ્છપ્રવર્તકવચન સંભળાતું નથી' આ જ મ્લેચ્છપ્રવર્ત્તકવચન વૈદિક નથી તેવો પુરાવો આપતું પ્રમાણ છે. **સમાધાન :-** મ્લેચ્છોનું કહેવું છે કે 'વેદમાં મ્લેચ્છપ્રવર્તકવચન જ છે, બ્રાહ્મણપ્રવર્ત્તકવચન નથી. જે અમને ઉપલબ્ધ થયું છે.' બ્રાહ્મણોને એ વચન નથી સંભળાતું, તેમાં તો તેઓ પાસેના વેદમાં એ વચનો સૂચવતી શાખા ઉચ્છિન્ન=વિચ્છેદ પામી તે હેતુ છે. આમ અશ્રવણ કંઇ પ્રમાણભૂત નથી. ॥૧ ૩ ૪॥ વળી વેદવચન હોવાથી જ બ્રાહ્મણની પ્રવૃત્તિમાં ધર્મ અને અદોષ છે તેમ કહેવું વાજબી નથી. કારણ કે મ્લેચ્છ પણ એમ જ કહી શકે કે, 'અમે અમારા વેદને અનુસારે પ્રવૃત્તિ કરતા હોવાથી અમારી પ્રવૃત્તિમાં ધર્મ અને અદોષ જ છે.' આ જ પ્રમાણે વેદ બ્રાહ્મણોથી પરિગૃહીત હોવાથી પ્રમાણ છે ઇત્યાદિ કલ્પનાઓ 'વેદ ભીલપરિગૃહીત હોવાથી પ્રમાણ છે' ઇત્યાદિ ઉત્તરોથી સાધર્મ્ય-વૈધર્મ્યના કારણે તુલ્યરૂપ જ છે અને દુષ્ટ છે. ॥૧ ૩ ૫॥] આ પ્રમાણે મ્લેચ્છપ્રવર્ત્તકવચનની પ્રતિબંદી હોવાથી વેદવચનમાત્રથી ધર્મ અને અદોષ સિદ્ધ થતા નથી. તેથી યુક્તિરહિતના વચનમાત્ર તો સર્વત્ર સમાનરૂપે હોવાથી ડાહ્યા માણસોએ વચનમાત્રને પોતાની

① चोदना - विधिवाक्यम्। प्रवर्तकः शब्दश्चोदना इति जैमिनीयसूत्रे।

अथ तं=म्लेच्छप्रवर्त्तकवचनं न वैदिकमित्यत्राह- न, तदपि=द्विजप्रवर्तकवचनमपि, एवमेव=न वैदिकमित्यत्रापि न मानं=प्रमाणं निर्णायकमिति। अथ तत्र वेदे तदश्रवणं=म्लेच्छप्रवर्त्तकवचनं न श्रूयत इत्यस्ति प्रमाणमित्याशङ्क्याह-इदं भवेत्) म्लेच्छप्रवर्त्तकमेव वचनं वेदेऽस्ति, न द्विजप्रवर्त्तकं श्रवणमात्रस्यातन्त्रत्वादश्रवणस्योच्छिन्नशाखत्वेनोपपत्तेरिति तैरपि वक्तुं शक्यत्वादिति ॥ १३४॥ (न च तद्वचनादेव=वेदवचनादेव तदुभयभावः= धर्मदोषाभावो द्विजप्रवृत्तौ इति गम्यते तुल्यभणितेः, वेदवचनादेव म्लेच्छप्रवृत्तौ धर्मादोषभाव इति वचनस्य तुल्यत्वात्) अन्यापि कल्पना ब्राह्मणपरिगृहीतत्वादिरूपा (साधर्म्यवैधर्म्यतः) भिल्लपरिगृहीतत्वादितुल्यत्वेन दुष्टेति॥ १३५॥] यस्मादेवं-**'तम्हा ण वयणमित्तं सव्वत्थऽविसेसओ बुहजणेण। एत्थ पवित्तिणिमित्तं एवं दट्ठव्वं होइ' ॥ १३६ ॥** तस्मान्न वचनमात्रमुपपत्तिशून्यं सर्वत्राविशेषतः कारणाद् बुधजनेन=विद्वज्जनेनात्र= लोके प्रवृत्तिनिमित्तमेवं द्रष्टव्यं भवति ॥ १३६॥ **'किं पुण विसिट्ठगं चिय जं दिट्ठेट्ठाहिं णो खलु विरुद्धं। तह संभवंत सरूवं वियारिउं सुद्धबुद्धीए' ॥ १३७ ॥** किं पुनर्विशिष्टमेव वचनं प्रवृत्तिनिमित्तमिह द्रष्टव्यं, किम्भूतम्? यद् दृष्टेष्टाभ्यां न खलु विरुद्धं तृतीयस्थानसङ्क्रान्तमित्यर्थः। तथा सम्भवत्स्वरूपं यन्न पुनरत्यन्तासम्भवीति विचार्य शुद्धबुद्ध्या=मध्यस्थयेति गाथार्थः ॥ १३७॥ **'जहेह दव्वथया भावावयकप्पगुणजुया उ जयणाए। पीडुवगारो जिणभवणकारणादिति न विरुद्धं' ॥ १३८ ॥** यथेह प्रवचने द्रव्यस्तवाद् भावापत्कल्पगुणयुक्ताद् यतनया= यत्नेन पीडोपकारः=पीडयोपकारो बहुगुणभावाज्जिनभवनकारणादेरिति न विरुद्धं ॥ १३८॥ एतदेव स्पष्टयति- **'सइ सव्वत्थाभावे, जिणाण भावावईइ जीवाणं। तेसिं नित्थरणगुणं णियमेण इहं तदायतणं' ॥ १३९ ॥** सदा सर्वत्र क्षेत्रेऽभावे जिनानां भावापदि जीवानां तेषां निस्तरणगुणं नियमेनेह लोके तदायतनं=जिनायतनम् ॥ १३९॥ **'तब्बिंबस्स पइट्ठा साहुणिवासो अ देसणाइ अ। इक्किक्कं भावावइनित्थरणगुणं तु भव्वाणं' ॥ १४० ॥** तद्बिम्बस्य=जिनबिम्बस्य प्रतिष्ठा तत्र तथाविधसाधुनिवासश्च विभागतो देशनादयश्चैकेकं तद्बिम्बप्रतिष्ठाद्यत्र भावापन्निस्तरणगुणमेव भव्यानां प्राणिनाम् ॥ १४०॥ **'पीडागरीवि एवं एत्थं पुढवाईहिंसा जुत्ताओ। अण्णेसिं गुणसाहणजोगाओ दीसइ इहं तु' ॥ १४१ ॥** पीडाकारिण्यप्येवमत्र जिनभवने पृथिव्यादिहिंसा

---

પ્રવૃત્તિમાં કારણતરીકે આગળ કરવું જોઇએ નહિ. ॥૧૩૬॥ પરંતુ વિશિષ્ટ વચનને જ પ્રવૃત્તિના કારણ તરીકે સ્વીકારવું. આ વિશિષ્ટ વચન દષ્ટ અને ઇષ્ટની વિરુદ્ધ ન હોવું જોઇએ. અર્થાત્ આ બે(દષ્ટ-ઇષ્ટ)ને છોડી અન્યરૂપ ન હોવું જોઇએ. તથા મધ્યસ્થબુદ્ધિથી વિચારીએ તો સંભવિતસ્વરૂપવાળું હોવું જોઇએ, નહી કે અત્યંત અસંભવિત સ્વરૂપવાળું. ॥૧૩૭॥ દૃષ્ટાંત આપે છે- જેમકે આ જૈનપ્રવચનમાં(=શાસનમાં) 'જિનભવન કરાવવું' વગેરેરૂપ અને ભાવઆપત્તિ-નિવારકગુણયુક્ત યતનાથી થતા દ્રવ્યસ્તવથી થતો અલ્પપીડા દ્વારા ઉપકાર(=બહુગુણ) વિરુદ્ધ નથી ॥૧૩૮॥

## દ્રવ્યસ્તવ ગુણાંતરમાં કારણભૂત

આ જ વાતને સ્પષ્ટ કરે છે- હંમેશા અને સર્વત્ર ભાવજિનની હાજરી હોતી નથી. ભાવજિનનો આ અભાવ જીવોમાટે ભાવઆપત્તિરૂપ છે. આ ભાવઆપત્તિમાંથી નિસ્તાર કરવાનો ગુણ આ લોકમાં નિશ્ચયથી તેમના આયતન (=જિનાલય)માં જ છે. ॥૧૩૯॥ આ વાતની ગડ બરાબર બેસાડતા કહે છે- આ જિનાલયમાં જિનબિંબની પ્રતિષ્ઠા, ત્યાં(નજીકમાં) એક વિભાગમાં ઉત્તમ મુનિવરોનો નિવાસ અને દેશનાવગેરે ; આ પ્રત્યેક વસ્તુ ભવ્યજીવોની ભાવઆપત્તિને નિવારવાના ગુણવાળી છે. ॥૧૪૦॥ તેથી જિનભવનને આશ્રયી થતી પૃથ્વીવગેરે જીવોની હિંસા પીડાકારક હોવા છતાં પણ બીજા અનેક પ્રણીઓપર ઉપકારક હોવાથી યુક્તિયુક્ત છે. અહીં પણ આ ઉપકાર થતો

युक्तैवान्येषां प्राणिनां गुणसाधनयोगाद् दृश्यते एतच्च गुणसाधनमिहैवेति गाथार्थः ॥ १४१ ॥ **'आरंभवओ वि इमा आरंभतरनिव्वित्तिदा पायं। एवंपि हु अणियाणा इट्ठा एसा वि हु मुक्खफला'** ॥ १४२ ॥ आरम्भवतश्चेयं विहिताऽऽरम्भान्तरनिवृत्तिदा प्रायः विधिना कारणादेवमपि चानिदाना विहिता पर(विहितपर पाठा.)स्येष्टा चैषापि पीडा मोक्षफला नाभ्युदयायैवेति गाथार्थः ॥ १४२ ॥ **'ता एईएँ अहम्मो णो इह जुत्तं पि वेज्जनायमिणं। हंदि गुणंतरभावा, इहरा वेजस्स वि अहम्मो'** ॥ १४३ ॥ तत्=तस्मादस्यां पीडायामधर्मो न, गुणभावेनेति, इह युक्तमपि वैद्यज्ञातमिदं प्रागुक्तं हन्दि गुणान्तरभावाद्दर्शितं चैतदितरथा=अविधिना गुणान्तराभावे वैद्यस्याप्यधर्म एव पीडायां स्यादिति ॥ १४३ ॥ **'ण य वेअगया चेवं सम्मं आवईगुणन्निया एसा। ण य दिट्ठगुणा तज्जुय-तदंतरनिवित्तिदा नेव'** ॥ १४४ ॥ न च वेदगताप्येवं जिनभवनादिगतहिंसावत्सम्यगापद्गुणान्वितैषा=हिंसा, तामन्तरेणापि जीवानां भावापदभावात्, न च दृष्टगुणा साधुनिवासादिवत्, तथानुपलब्धेस्तद्युक्ततदन्तरनिवृत्तिदा= हिंसायुक्तक्रियान्तरनिवृत्तिदा, नैव=न हि प्राक् तद् वधप्रवृत्ता याज्ञिकाः॥ १४४॥ **'ण य फलुद्देसपवित्तितो इय मोक्खसाहगावि त्ति। मोक्खफलं च सुवयणं, सेस अत्थाइवयणसमं'** ॥ १४५ ॥ न च फलोद्देशप्रवृत्तित इयं=हिंसा मोक्षसाधिकापि, *'श्वेतवायव्यमजामालभेत भूतिकाम'* इति श्रुतेः। मोक्षफलं च सुवचनं=स्वागमः, शेषमर्थादिवचनसमं, फलभावेऽप्यर्थशास्त्रादितुल्यमिति गाथार्थः॥ १४५ ॥ इहैवागमविरोधमाह-**'अग्गी मा एआओ एणाओ मुंचउ त्ति य सुई वि। तत्पावफला अंधे तमम्मि इच्चाइ य सई वि'** ॥ १४६ ॥ 'अग्निर्मामेतस्माद्धिंसाकृतादेनसः=पापान्मुञ्चतु' इति छान्दसत्वान्मोचयत्विति श्रुतिरपि विद्यते=वेदवागित्यर्थः, तत्पापफलात्=

સ્પષ્ટ દેખાય જ છે. ॥૧૪૧॥ પ્રાયઃ વિધિપૂર્વક કરાતી હોવાથી અને આરંભમાંથી નિવૃત્તિરૂપ ફળ આપનારી હોવાથી આ હિંસા અનિદાન(=વિહિત) છે, અને બીજાઓને પણ આવી મોક્ષરૂપ ફળ આપનારી, નહીં કે માત્ર અભ્યુદય જ આપનારી હોવાથી આ પીડા ઇષ્ટ છે. ॥૧૪૨॥ તેથી આ પીડામાં ગુણ હોવાથી અધર્મ નથી. અહીં પૂર્વપક્ષે (A) મુદ્દામાં આપેલું વૈદ્યદૃષ્ટાંત યોગ્ય જ છે. કારણ કે ત્યાં પણ(=વૈદ્યસ્થળે પણ) ગુણાંતરની હાજરી હોવાથી જ પીડા અધર્મરૂપ નથી. નહિતર તો વૈદ્યક્રિયા પણ જો અવિધિથી થતી હોય-ગુણાંતરમાં કારણ ન બનતી હોય, તો તે પીડામાં વૈદ્યને અધર્મ જ થાય. ॥૧૪૩॥

## વેદહિંસામાં ભાવઆપત્તિનો અભાવ

વેદમાં બતાવેલી હિંસા જિનભવનાદિમાં સંભવિત હિંસાની કોટિને આંબી શકતી નથી, કારણ કે ભાવઆપત્તિ-નિવારક ગુણવાળી નથી, કારણ કે એવી કોઇ ભાવઆપત્તિ જ નથી, કે જે દૂર કરવા વૈદિક હિંસા કરવી પડે. વળી આ વૈદિક હિંસામાં સાધુજનનિવાસવગેરે દષ્ટગુણો પણ નજરે ચડતા નથી. તેમ જ એ હિંસા હિંસાયુક્ત અન્ય ક્રિયામાંથી નિવૃત્તિમાં કારણ પણ બનતી નથી. અર્થાત્ પૂર્વમાં પ્રવૃત્ત થયેલી યજ્ઞીય હિંસા ઉત્તરકાલીન હિંસાને અટકાવનારી બનતી નથી. ॥૧૪૪॥ વળી આ હિંસા તે-તે સાંસારિક ફળના ઉદ્દેશથી થતી પ્રવૃત્તિરૂપ હોવાથી પણ મોક્ષસાધક બનતી નથી. જેમકે → *'આબાદીની ઇચ્છાવાળાએ શ્વેત વાયવ્ય અજ(=બકરા)ને હોમવો'* વગેરે વેદવચનો યાજ્ઞિકહિંસા સાંસારિક ફળમાટે જ છે, એમ દર્શાવે છે. વાસ્તવમાં તો જે વચન મોક્ષફળક પ્રવૃત્તિ દર્શાવે, તે જ વચન સુવચન=સુંદર આગમરૂપ છે. બાકીના સાંસારિક લાભની પ્રવૃત્તિ દર્શાવતા વચનોથી તે-તે લાભ મળે તો પણ તે વચનો સુવચન=આગમરૂપ નથી. પણ અર્થશાસ્ત્રના વચનતુલ્ય છે. ॥૧૪૫॥ વેદવિહિત હિંસાને ધર્મરૂપ માનવામાં તેમના જ આગમસાથે વિરોધ દર્શાવે છે- 'અગ્નિ મને હિંસાથી કરાયેલા પાપથી છોડાવે.' (અહીં છાંદસપ્રયોગ હોવાથી

तदुक्तहिंसाफलात्, तमसीत्यादि च स्मृतिरपि विद्यते *'अन्धे तमसि मज्जामः पशुभिर्ये यजामहे । हिंसा नाम भवेद्धर्मो न भूतो न भविष्यती'* ति वचनादिति गाथार्थः ॥ १४६ ॥ **'अत्थि जओ ण य एसा, अण्णत्था तीरई इहं भणिउं। अविणिच्छया ण एवं इह सुव्वइ पाववयणं तु'** ॥ १४७ ॥ अस्ति यतः श्रुतिः स्मृतिश्च न चैषाऽन्यार्था=अविधिदोषनिष्पन्नपापार्था शक्यते इह वक्तुं, कुतः ? इत्याह- अविनिश्चयात्=प्रमाणाभावादित्यर्थः। न चैवमिह=जिनभवनादौ श्रूयते पापवचनं प्रवचन इति गाथार्थः ॥ १४७ ॥ **'पारिणामियं सुहं नो तेसिं इच्छिज्ज णय सुहं पि। मंदापत्थकयसमं ता तमुवण्णासमित्तं तु'** ॥ १४८ ॥ परिणामसुखं च न तेषां जिनभवनादौ हिंस्यमानानामिष्यते तन्निमित्तं जैनैर्न च सुखमपि मन्दापथ्यकृतसमं विपाकदारुणमिष्यते । यस्मादेवं तस्मात्तदुपन्यासमात्रमेव ॥ १४८ ॥ **'इय दिट्ठेट्ठविरुद्धं जं वयणं एरिसा पवत्तस्स। मिच्छाइभावतुल्लो सुहभावो हंदि विण्णेओ'** ॥ १४९ ॥ एवं दृष्टेष्टविरुद्धं यद्वचनमीदृशात्प्रवृत्तस्य सतो म्लेच्छादिभावतुल्यः शुभभावो हन्दि विज्ञेयो मोहादिति गाथार्थः ॥ १४९ ॥ 'एगिंदियाइ अह' इत्यादि यदुक्तं, तत्परिहारार्थमाह- **'एगिंदियाइभेओऽवित्थं नणु पावभेयहेउ त्ति। इट्ठो तए वि समए, तहसुद्ददियाइभेएणं'** ॥ १५० ॥ एकेन्द्रियादिभेदोऽप्यत्र व्यतिकरे ननु पापभेदहेतुरित्येवमिष्टस्तवापि स्वमते, तथा=तेन प्रकारेण शूद्रद्विजादिभेदेनेति गाथार्थः ॥१५०॥ एतदेवाह-

---

मोचयतु(=છોડાવે) અર્થમાં 'मुञ्चतु' પદનો પ્રયોગ છે.) એવા વેદવચન છે. વળી 'હિંસાથી થતા પાપના ફળથી અંધકારમાં ડૂબી રહ્યા છીએ' એવા અર્થવાળી સ્મૃતિ પણ છે. *'જે અમે પશુઓથી યજ્ઞ કરીએ છીએ, તે અમે ભયંકર અંધકારમાં ડૂબી રહ્યા છીએ. ( અર્થાત્ આ પાપના ફળથી ભાવી ખૂબ ભયંકર છે.) કારણ કે હિંસા ધર્મરૂપ બને તેવી વાત કદી બની નથી અને બનશે નહિ.'* ॥૧૪૬॥ આમ વેદવિહિત હિંસાને અધર્મ તરીકે ઠેરવતી શ્રુતિ અને સ્મૃતિ છે. **શંકા :-** આ શ્રુતિ અને સ્મૃતિ વેદવિહિત હિંસામાં થતી અવિધિના દોષથી ઉત્પન્ન થતા પાપઅંગે છે. **સમાધાન :-** આમ વિશેષઅર્થ કરવામાં કોઇ પ્રમાણ નથી. તેથી તે હિંસા અધર્મરૂપ જ છે. જ્યારે આ પ્રમાણે જિનભવનવગેરેઅંગેની હિંસાને પાપ ઠેરવતા કોઇ વચન અમારા આગમમાં નથી. ॥૧૪૭॥ (હવે પૂર્વપક્ષના 'B' મુદ્દાનો જવાબ આપે છે)- વળી 'આ યજ્ઞમાં હોમાતા જીવોને સ્વર્ગની પ્રાપ્તિ થતી હોવાથી તે જીવોમાટે પોતાનો આ વધ પરિણામે સુખકર બને છે' એવી છેતરામણી માન્યતા જિનભવનવગેરે દ્રવ્યસ્તવ કરતા જૈનો રાખતા નથી. જૈનો એવો ભૂલભરેલો દાવો કરતા નથી કે 'આ જિનભવનઆદિ દ્રવ્યસ્તવમાં હણાતા જીવોને આ વધ પરિણામે સુખકર થાય છે.' વળી યજ્ઞીય હિંસાથી તમને જે સુખ અભીષ્ટ છે, જૈનોને દ્રવ્યસ્તવથી તેવા સુખની ઝંખના પણ નથી. કારણ કે 'આ સુખો મંદઅપથ્યતુલ્ય હોઇ પરિણામે ભયંકર છે' એમ જૈનોને હાડોહાડ લાગ્યું હોય છે. (શીઘ્ર અહિતકર બનતા ઝેરવગેરે ઉગ્ર અપથ્ય છે. લાંબાકાળે - પરિણામે અહિતકર બનતા પદાર્થો મંદઅપથ્ય છે. નારકાદિભવો ઉગ્ર અપથ્ય છે, તો સંક્લિષ્ટભોગો મંદાપથ્ય છે.) તેથી તમારી 'આ વધ હિંસ્ય જીવોમાટે સુખકર બને છે' આ વાત માત્ર રજુઆત પૂરતી જ છે. તથ્યવાળી નથી. ॥૧૪૮॥ (પૂર્વપક્ષના 'C' મુદ્દાનો પ્રત્યુત્તર બતાવે છે.) આ પ્રમાણે દૃષ્ટ અને ઇષ્ટથી વિરુદ્ધ વચનોથી પ્રવૃત્ત થનારનો શુભભાવ બ્રાહ્મણઆદિની હત્યા કરતા મ્લેચ્છના શુભભાવ જેવો છે અને મોહથી(=અવિવેકથી) કલ્પના કરાયેલો છે. ॥૧૪૯॥

## યતનાયુક્ત દ્રવ્યસ્તવ તત્ત્વથી અહિંસારૂપ

હવે એકેન્દ્રિયની હિંસાવગેરે અંગેના પૂર્વપક્ષના 'D' મુદ્દાનો સણસણતો ઉત્તર આપે છે અને તેમણે દર્શાવેલી પ્રતિબંદીને ઉખેડી નાખે છે- 'એકેન્દ્રિયવગેરેની હિંસા અહીં(પૂજાવગેરેના સંબંધમાં) પાપના ભેદમાં હેતુ બને છે, તે શૂદ્ર અને બ્રાહ્મણના દૃષ્ટાંતથી તમને પણ સંમત છે જ.' 'એકેન્દ્રિયની હિંસાથી પંચેન્દ્રિયની હિંસા જેટલું પાપ લાગતું

**'सुद्दाण सहस्सेण वि ण बंभवज्झेह घाइएणं ति। जह तह अप्पबहुत्तं, एत्थ वि गुणदोसचिंताए' ॥ १५१ ॥** शूद्राणां सहस्रेणापि न ब्रह्महत्येह घातितेनेति यथा भवतां तथाऽल्पबहुत्वमत्रापि गुणदोषचिन्तायां ज्ञेयमिति गाथार्थः ॥ १५१ ॥ **'अप्पा च होइ एसा एत्थ जयणाइ वट्टमाणस्स। जयणा उ धम्मसारो विन्नेया सव्व-कज्जेसु' ॥ १५२ ॥** अल्पा च भवत्येषा हिंसात्र यतनया प्रवर्त्तमानस्य जिनभवनादौ, यतना च धर्मसारो विज्ञेया सर्वकार्येषु ग्लानादिषु यतनाभावशुद्धिभ्यां हेत्वनुबन्धहिंसाऽभावे स्वरूपतः पर्यवसानमेवाल्पत्वं न चाल्पोऽपि ततो बन्धो 'इट्ठा एसावि हु मोक्खफलं'त्ति [गा० १४२] प्रागेवोक्तत्वादिति प्रामाणिकाः, *'अणुमित्तो वि न कस्सइ बंधो परवत्थुपच्चया भणिओ'* [यतिलक्षणसमु० ६२ पू०, पुष्पमालाप्रक० २४५ पू०] **त्ति सैद्धान्तिकाः** ॥ १५२ ॥ **'जयणेह धम्मजणणी जयणा धम्मस्स पालणी चेव। तव्वुड्ढिकरी जयणा एगंतसुहावहा जयणा' ॥ १५३ ॥** यतनेह धर्मजननी ततः प्रसूतेः, यतना धर्मस्य पालनी चैव प्रसूतरक्षणात्, तद्वृद्धिकारिणी यतना इत्थं तद्वृद्धेः, एकान्तसुखावहा यतना सर्वतोभद्रत्वादिति गाथार्थः ॥ १५३ ॥ **'जयणाए वट्टमाणो जीवो सम्मत्तणाण-चरणाणं। सद्धाबोहासेवणभावेणाराहगो भणिओ' ॥ १५४ ॥** यतनया वर्त्तमानो जीवः परमार्थेन सम्यक्त्व-ज्ञानचरणानां त्रयाणामपि श्रद्धाबोधासेवनभावेन हेतुनाऽऽराधको भणितस्तथा प्रवृत्तेरिति गाथार्थः ॥ १५४ ॥ **'एसा**

---

નથી' આ અમારો મત છે. ॥૧૫૦॥ તમે કહો છો કે 'હજાર શૂદ્રોને હણવા છતાં એક બ્રાહ્મણની હત્યા જેટલું પાપ લાગતું નથી.' આમ હિંસાના ગુણદોષના વિચારમાં તમે શૂદ્ર અને બ્રાહ્મણની હિંસાથી થતા પાપમાં ભેદ બતાવ્યો (જો કે અમને આ સંમત નથી.) તેમ અમે એકેન્દ્રિય અને પંચેન્દ્રિયની હિંસાથી થતાં પાપમાં ભેદ માનીએ છીએ (જે અત્યંત સંગત છે.) તેથી આ દોષ બતાવી કાચના ઘરમાં રહીને બીજાના ઘરપર પથરા નાખવા સારા નથી. ॥૧૫૧॥ વળી અમને તો એકેન્દ્રિયની હિંસા પણ પસંદ તો નથી જ, તેથી જિનભવનવગેરે દ્રવ્યસ્તવમાં ખૂબ જયણાપૂર્વક પ્રવૃત્તિ કરીને આ હિંસા પણ બને એટલી અલ્પ થાય, તેવો જ આશય રાખીએ છીએ. તેથી જ બિમારની વૈયાવચ્ચ વગેરે સર્વ કાર્યોમાં ધર્મના સાર તરીકે જયણાને જ સ્વીકારીએ છીએ. આમ જિનભવનવગેરે દ્રવ્યસ્તવમાં જયણાના કારણે હેતુહિંસાનો અને શુદ્ધ ભાવના કારણે અનુબંધહિંસાનો અભાવ છે અને માત્ર સ્વરૂપહિંસા જ રહે છે. જે અત્યંત અલ્પ છે. અહીં 'અલ્પત્વ' માત્ર સ્વરૂપહિંસાની હાજરીને અપેક્ષીને જ કહ્યું છે, કર્મબંધની અપેક્ષાએ નહિ. કારણ કે જયણાપૂર્વકની દ્રવ્યસ્તવાદિ પ્રવૃત્તિઓ 'આ પણ મોક્ષફળ દેનારી તરીકે ઇષ્ટ છે' ઇત્યાદિ પૂર્વે દર્શાવેલા વચનોથી અલ્પ પણ કર્મબંધમાં કારણ બનતી નથી. આમ પ્રમાણિકોનું મંતવ્ય છે. **સિદ્ધાંતવાદીઓનો** અભિપ્રાય આ છે → *કોઇને પણ પર વસ્તુને આશ્રયી અણુમાત્ર જેટલો અલ્પ પણ કર્મબંધ થતો નથી.* (અર્થાત્ સર્વત્ર સ્વશુભાશુભભાવ જ બંધઆદિ પ્રત્યે કારણ છે. અનુબંધાદિ હિંસાના અભાવસ્થળે શુભભાવને કારણે કર્મબંધ નથી. સ્વરૂપહિંસા તો પરવસ્તુરૂપ હોઇ કર્મબંધ પ્રત્યે કારણ જ નથી. આમ બન્ને અભિપ્રાયથી જયણાશુદ્ધ ક્રિયામાં કર્મબંધનો અભાવ સિદ્ધ છે.) ॥૧૫૨॥ અહીં (જિનશાસનમાં અથવા દ્રવ્યસ્તવાદિ અનુષ્ઠાનોમાં) જયણા ધર્મની માતા છે (કારણ કે જયણાના ભાવથી જ ધર્મ પ્રગટે છે.) વળી જયણા જ ધર્મનું પાલન કરે છે (કારણ કે ઉત્પન્ન થયેલા ધર્મનું રક્ષણ કરે છે.) તથા જયણા જ ધર્મમાં વૃદ્ધિ કરે છે. (કારણ કે જયણાના ભાવથી જ ધર્મનો આશય પુષ્ટ થાય છે.) આમ જયણા જ સર્વતોભદ્ર હોવાથી એકાંતે સુખાવહા (=સુખ લાવનારી) છે. ॥૧૫૩॥ યતનાથી પ્રવર્તતો જીવ જ પરમાર્થથી શ્રદ્ધા, બોધ અને આસેવન દ્વારા ક્રમશઃ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનો આરાધક થાય છે. કારણ કે તે જ પ્રમાણે પ્રવૃત્તિ કરે છે. (જયણાનો પરિણામ ભગવાને પ્રરૂપેલા જીવભેદો પ્રત્યે શ્રદ્ધા વ્યક્ત કરે છે. નિર્ધ્વંસપરિણામ શ્રદ્ધાનો અભાવ સૂચવે છે. વળી આશ્રવ અને સંવરનું સાચું જ્ઞાન તો જ કહેવાય, જો જયણાપૂર્વક અપ્રમત્તપણે પ્રવૃત્તિ કરતો હોય. અને સંવરરૂપ ચારિત્રની હાજરી જયણાપૂર્વકની પ્રવૃત્તિ

**य होइ णियमा तयहिगदोसणिवारिणी जेण । तेण णिवित्तिपहाणा विन्नेया बुद्धिमंतेणं'** ॥ १५५ ॥ एषा च भवति नियमाद् यतना तदधिकदोषविनिवारिणी येनानुबन्धेन तेन निवृत्तिप्रधाना तत्त्वतो विज्ञेया बुद्धिमता सत्वेन ॥ १५५ ॥ **'सा इह परिणयजलदलविसुद्धिरूवा उ होइ विण्णेया । अत्थव्वओ महंतो सव्वो सो धम्महेउत्ति'** ॥ १५६ ॥ सा यतनेह जिनभवनादौ परिणतजलदलविशुद्धिरूपैव भवति । प्रासुकग्रहणेनार्थव्ययो यद्यपि महान् भवति, तथापि सर्वोऽसौ धर्महेतुः स्थाननियोगादिति गाथार्थः ॥ १५६ ॥ प्रसङ्गमाह- **'एत्तो च्चिय णिद्दोसं सिप्पाइविहाणमो जिणिंदस्स । लेसेण सदोसं पि हु बहुदोसणिवारणत्तेणं'** ॥ १५७ ॥ **'वरबोहि-लाभओ सो सव्वुत्तमपुण्णसंजुओ भयवं । एगंतपरहिअरओ, विसुद्धजोगो महासत्तो'** ॥ १५८ ॥ **'जं बहुगुणं पयाणं तं णाउण तहेव देसेइ । ते रक्खंतस्स तओ जहोचियं कह भवे दोसो'** ॥ १५९ ॥ **'तत्थ पहाणो अंसो बहुदोसनिवारणे हि जगगुरुणो । णागाइ रक्खणे जह कड्ढणदोसेवि सुहजोगो'** ॥ १६० ॥ **'एवं णिवित्तिपहाणा विण्णेया तत्तओ अहिंसेयं । जयणावओ उ विहिणा पूयाइगयावि एमेव'** ॥ १६१ ॥ आसां व्याख्या- अत एव=यतनागुणान्निर्दोषं शिल्पादिविधानं जिनेन्द्रस्याद्यस्य लेशेन सदोषमपि सद् बहुदोष-निवारणत्वेनानुबन्धत इति गाथार्थः ॥ १५७ ॥ एतदेवाह- वरबोधिलाभतः सकाशात् सः=जिनेन्द्रः सर्वोत्तमपुण्य-संयुक्तो भगवानेकान्तपरहितरतस्तत्स्वभावत्वाद् विशुद्धयोगो महासत्त्व इति गाथार्थः ॥ १५८ ॥ यद् बहुगुणं प्रजानां=प्राणिनां तज्ज्ञात्वा तथैव देशयति भगवांस्तावत्ततो(तान् रक्षतः ततो ?) यथोचितमनुबन्धतः कथं भवेद्दोषः? नैवेति गाथार्थः ॥ १५९ ॥ एतदेव स्पष्टयति- तत्र शिल्पादिविधाने प्रधानोंऽशो बहुदोषनिवारणे हि जगद्गुरोस्ततश्च नागादिरक्षणे यथा जीवितरक्षणेनाकर्षणाद्दोषेऽपि कण्टकादेः शुभयोगो भवतीति गाथार्थः ॥ १६० ॥ एवं निवृत्ति-प्रधानानुबन्धमधिकृत्य विज्ञेया तत्त्वतोऽहिंसा, इयं=जिनभवनादिहिंसा, यतनावतस्तु विधिना क्रियमाणा पूजादिगताप्येवमेव तत्त्वतोऽहिंसेति गाथार्थः ॥ १६१ ॥

---

વિના સંભવે જ શી રીતે ?) ॥૧૫૪॥ આ જયણા અનુબંધથી અધિક દોષોમાંથી(=અધિકાધિક દોષોની પરંપરામાંથી) અવશ્ય નિવૃત્તિ કરાવનારી હોવાથી નિવૃત્તિપ્રધાન(જયણાપૂર્વકની પ્રવૃત્તિ પણ વાસ્તવમાં દોષમાંથી નિવૃત્તિરૂપ) છે. એમ બુદ્ધિમાન પુરુષોએ સમજવું. ॥૧૫૫॥ જિનભવનઆદિઅંગે આ જયણા પ્રાસુક જળ અને દળવિશુદ્ધિરૂપ જ સમજવી. અર્થાત્ પ્રાસુક(=અચિત્ત-ગાળેલું) પાણીવગેરેના ઉપયોગથી જિનભવન બનાવવામાં જયણાનું પાલન છે. અલબત્ત પ્રાસુક જળ આદિના ઉપયોગમાં ખર્ચ ઘણો વધી જવાનો સંભવ છે. છતાં પણ આ ખર્ચ સુસ્થાને જ થતો હોવાથી ધર્મમાં જ કારણભૂત બને છે. ॥૧૫૬॥ પ્રસંગને અનુલક્ષી બીજી વાત કરે છે- જયણાગુણ હોવાના કારણે જ આદ્ય જિનેશ્વર=**ઋષભદેવ** ભગવાને બતાવેલી શિલ્પવગેરે કળા અંશે સદોષ હોવા છતાં બહુદોષનિવારક બનીને અનુબંધથી શુદ્ધ ઠરે છે. ॥૧૫૭॥ શ્રેષ્ઠ બોધિલાભના કારણે જિનેશ્વર થયેલા તે પ્રભુ સર્વ શ્રેષ્ઠ પુણ્યના સ્વામી હતા, ભગવાન ('ભગ' પદના ઐશ્વર્ય વગેરે અર્થોથી યુક્ત) હતા, સ્વભાવથી જ એકાંતે પરકલ્યાણમાં રત હતા, વિશુદ્ધયોગોવાળા હતા અને મહાસત્ત્વવાળા હતા. ॥ ૧૫૮ ॥ આ પરમાત્મા જ્ઞાનોપયોગદ્વારા પ્રજાને જે અને જેટલું હિતકર હોય, તે જાણી લઇ લોકોને તે અને તેટલું જ દેખાડે છે. ઉપદેશે છે. ભગવાન આમ યથોચિત જ પ્રવૃત્તિ કરતા હોવાથી તેમાં અનુબંધથી દોષનો સંભવ જ નથી. ॥૧૫૯॥ આ જ વાત સ્પષ્ટ કરે છે- ભગવાને શિલ્પવગેરેનું જ્ઞાન લોકોને આપ્યું તેમાં ભગવાનનો મુખ્ય આશય બહુદોષનિવારણનો જ હતો. જેમકે સાપ વગેરેથી બાળકનું જીવન રક્ષવામાટે ખેંચવા જતાં કાંટાવગેરે વાગી જવાનો દોષ હોવા છતાં એ શુભયોગ જ ગણાય છે. ॥૧૬૦॥ આમ

प्रसङ्गमाह- **'सिय पूआओवगारो ण होइ कोवि पुज्जणिज्जाणं। कयकज्जत्तणओ तह जायइ आसायणा चेव' ॥ १६२ ॥** स्यात्, पूजयोपकारस्तुष्ट्यादिरूपो न भवति कश्चिदिह पूज्यानां=तीर्थकृतां कृतकृत्यत्वादिति युक्तिः, तथा जायते आशातना चैवमकृतकृत्यत्वापादनेनेति गाथार्थः ॥ १६२ ॥ **'त अहिगणिवित्तीए गुणंतरं णत्थि नियमेणं। इय एयगया हिंसा सदोसमो होइ णायव्वा' ॥ १६३ ॥** तदधिकनिवृत्त्या हेतुभूतया गुणान्तरं नास्त्यत्र नियमेन पूजादौ। इयं(इति) एतद्गता हिंसा सदोषैव भवति ज्ञातव्या कस्यचिदनुपकारादिति गाथार्थः॥ १६३॥ अत्रोत्तरं- **'उवगाराभावे वि हु चिंतामणिजलणचंदणाईणं। विहिसेवगस्स जायइ तेहिंतो सो पसिद्धमिणं' ॥ १६४ ॥** उपकाराभावेऽपि चिन्तामणिज्वलनचन्दनादिभ्यः सकाशाद् विधिसेवकस्य पुंसो जायते तेभ्य एव सः=उपकारः, प्रसिद्धमेतल्लोक इति ॥ १६४॥ **'इय कयकिच्चेहिंतो तब्भावे णत्थि कोइ वि विरोहो। एत्तोच्चिय ते पुज्जा का खलु आसायणा तीए' ॥ १६५ ॥** एवं कृतकृत्येभ्यः पूज्येभ्यः सकाशात्तद्भावे=उपकारभावे नास्ति कश्चिद् विरोध इति। अत एव कृतकृत्यत्वाद् गुणात्ते भगवन्तः पूज्या एव, का खल्वाशातना तया पूजयेति गाथार्थः ॥ १६५ ॥ **'अहिगणिवित्ति वि इहं भावेणाहिगरणा णिवित्तीओ। तद्दंसणसुहजोगा गुणंतरं तीइ परिसुद्धं' ॥ १६६ ॥** अधिकनिवृत्तिरप्यत्र=पूजादौ भावेनाधिकरणान्निवृत्तेः

---

નિવૃત્તિપ્રધાન અનુબંધના કારણે જ જિનભવનવગેરેમાં થતી હિંસા પણ તત્ત્વથી તો અહિંસા જ છે. એ જ પ્રમાણે જયણાપૂર્વક વિધિ મુજબ કરાતી પૂજામાં થતી હિંસા પણ તત્ત્વથી તો અહિંસા જ છે. ॥૧૬૧॥

## વીતરાગ કૃતકૃત્ય હોવાથી પૂજ્ય

જિનપૂજાના દોષ ઉદ્ભાવિત કરતો **પૂર્વપક્ષ** પ્રસંગ બતાવે છે– "તીર્થંકરો કૃતકૃત્ય છે. વીતરાગ છે. તેથી આ પૂજાથી તેમનાપર કોઇ ઉપકાર થવાનો નથી અને તેઓ આ પૂજાથી પ્રસન્ન પણ થવાના નથી, કારણ કે તેઓ વીતરાગ છે. તેથી તેમની પૂજા કરવામાં તો તેઓ 'હજી કૃતકૃત્ય નથી, તેઓને પૂજાઆદિનું પ્રયોજન બાકી છે.' એવી આપત્તિ છે, જે તેમની મહા આશાતનારૂપ છે. ॥૧૬૨॥ તથા 'પૂજા અધિક હિંસાની નિવૃત્તિ દ્વારા ગુણાંતરમાં કારણ બને છે' એ વાત ગલત છે. પૂજાથી બીજો કોઇ વિશેષ લાભ દેખાતો જ નથી. પૂજ્ય કૃતકૃત્ય હોવાથી તમે પૂજા કરો તો પણ તે તમારા પર ખુશ થઇ તમને કંઇ આપવાનો નથી, અને ન કરો તો કંઇ લઇ લેવાનો નથી. તેથી પૂજામાં રહેલી હિંસા સદોષ જ છે." ॥૧૬૩॥ **પૂર્વપક્ષની** આ દોષસ્થાપનાનું નિરાકરણ બતાવે છે– પૂજાથી પૂજ્ય ઉપર ઉપકાર થતો ન હોવા છતાં લાભ છે. ચિંતામણિરત્ન, અગ્નિ, ચંદન વગેરેની વિધિપૂર્વક પૂજાઆદિ સેવા કરનારને લાભ થાય છે. આ લાભ ચિંતામણિવગેરે તરફથી મળ્યો એમ જ લોકોમાં પ્રસિદ્ધ છે. (વિધિથી પૂજાયેલું ચિંતામણિરત્ન વાંછિતદાતા બને છે. વિધિપૂર્વક અગ્નિના સેવનથી ઠંડી ઉડે છે અને ચંદનથી શીતળતા મળે છે. આ ત્રણેને તમારી વિધિથી કોઇ લાભ નથી, છતાં તમને ફળ મળે જ છે.) ॥૧૬૪॥ બસ આ જ પ્રમાણે કૃતકૃત્ય પરમાત્મા તરફથી મોટો ઉપકાર થવામાં કોઇ વિરોધ–બાધ નથી. તેથી કૃતકૃત્ય પરમાત્માની પૂજા કરવામાં કોઇ દોષ નથી. બલ્કે તેઓ કૃતકૃત્ય છે, માટે જ પૂજનીય છે. પૂજા કરવાથી તેમના આ કૃતકૃત્યત્વગુણ પ્રત્યે આદરભાવ વ્યક્ત થાય છે, અને તેમાં ક્રમે કરીને તે ગુણ પ્રાપ્ત થવાનો મહાન લાભ છુપાયેલો છે. બોલો! હવે એ કૃતકૃત્યની પૂજા કરવામાં એમની શી આશાતના થશે? ॥૧૬૫॥ ભાવથી અધિકરણની નિવૃત્તિ હોવાથી પૂજા વગેરેના હિંસાદિ અધિક દોષની નિવૃત્તિ થાય છે જ. તથા પૂજાના દર્શન–પૂજ્યના દર્શનવગેરેથી પ્રગટતા શુભયોગો દ્વારા પૂજાથી ગુણાંતરની પ્રાપ્તિ પણ શક્ય છે. ॥૧૬૬॥ તેથી કૃતકૃત્ય પૂજ્યની પૂજામાં થતી હિંસા પણ ગુણકારી જ છે. અધિક હિંસાની નિવૃત્તિ માટે થતી હોવાથી અને જયણાપૂર્વક હોવાથી જ આ હિંસા અલ્પ

कारणात्, तद्दर्शनशुभयोगाद् गुणान्तरं तस्यां पूजायामि(यां परिशुद्धमि पाठा.)ति गाथार्थः ।। १६६ ।। **'ता एयगया चेवं हिंसा गुणकारिणि त्ति विन्नेया। तह भणियणायओ च्चिय एसा अप्पेह जयणाए' ।। १६७ ।।** तत्=तस्मादेतद्गतापि=पूजागताप्येवं हिंसा गुणकारिणीति विज्ञेया, तथा भणितन्यायत एवाधिकनिवृत्त्या एषा हिंसाऽल्पेह यतनयेति गाथार्थः ।। १६७ ।। **'तह संभवंतरूवं सव्वं सव्वण्णुवयणओ एयं। तं णिच्छियं कहिआगमपउत्त-गुरुसंपदाएहिं' ।। १६८ ।।** तथा सम्भवद्रूपं सर्वं सर्वज्ञवचनत एतत्। यदुक्तं तन्निश्चितं सर्वज्ञकथितागमप्रयुक्तगुरु-सम्प्रदायेभ्यः ।। १६८ ।। **'वेयवचनं तु णेवं अपोरुसेयं तु तयं मयं जेण। इणमच्चंतविरुद्धं, वयणं चापोरुसेयं च' ।। १६९ ।।** वेदवचनं तु नैवं सम्भवत्स्वरूपमपौरुषेयमेव तन्मतं येन कारणेनेदमत्यन्तविरुद्धं वर्तते, यदुत वचनं चापौरुषेयं चेति गाथार्थः ।। १६९ ।। एतद्भावनायाह- **'जं वुच्चइत्ति वयणं पुरिसाभावे उ णेवमेयं ति । ता तस्सेवाभावो णियमेण अपोरुसेयत्ते' ।। १७० ।।** यद्=यस्मादुच्यत इति वचनमित्यन्वर्थसंज्ञा पुरुषाभावे तु नैवमेतद्, नोच्यत इत्यर्थः। तत्, तस्यैव वचनस्याभावो नियमेनापौरुषेयत्वे सत्यापद्यते ।।१७०।। **'तव्वावारविरहियं ण य कत्थइ सुव्वइ इहं वयणं। सवणे वि य णासंका अदिस्सकत्तुब्भवाऽवेइ' ।। १७१ ।।** तद्व्यापारविरहितं न च कदाचित् श्रूयते इह वचनं लोके। श्रवणेऽपि च नाशङ्काऽदृश्यकर्त्रुद्भवाऽपैति प्रमाणाभावादिति गाथार्थः ।। १७१ ।। **'अद्दिस्सकत्तिगं णो, अण्णं सुव्वइ कहं णु आसंका। सुव्वइ पिसायवयणं कयाइ एयं तु ण**

---

છે. ॥૧૬૭॥ **શંકા :-** તમે વાતો તો સુફિયાણી કરી, પણ તે પ્રમાણે સંભવે તેની ખાતરી શી ? **સમાધાન :-** પૂજાવગેરેનું ઉપરોક્ત સ્વરૂપ સંભવિત જ છે, કારણ કે આ બધું સ્વરૂપ સર્વજ્ઞના વચનથી સિદ્ધ છે. **શંકા :-** સર્વજ્ઞનું વચન આ જ પ્રમાણે છે, એવો પ્રકાશ તમને ક્યાંથી થયો ? **સમાધાન :-** આ સર્વજ્ઞના વચનની પ્રાપ્તિ અમને સર્વજ્ઞ કથિત આગમપ્રયુક્ત ગુરુસંપ્રદાયથી થઇ છે. અર્થાત્ હિતકારી આગમને અનુસરતા, અને તેને અપ્રતિકૂળ એવા ગુરુસંપ્રદાય(=સંવિગ્ન, અભ્રાંત ગીતાર્થ ગુરુવરોની પરંપરા)થી અમને પૂજાના આ સ્વરૂપનું જ્ઞાન મળ્યું છે. તેથી તે સત્ય અને પ્રમાણભૂત જ છે. (જેમ આગમ એ માર્ગ છે, તેમ સંવિગ્ન-અભ્રાંત ગીતાર્થોનું આચરણ પણ માર્ગ જ છે. લોકોમાં પણ બાપદાદાના ક્રમથી ચાલી આવતી વાતો અને અનુભવોને પ્રમાણ તરીકે સ્વીકારવામાં આવે છે, તો લોકોત્તરશાસનમાં ભવભીરુ ગીતાર્થ ગુરુવરોની પરંપરા શા માટે અમાન્ય બની શકે ? પૂજાનું સમર્થન કરતાં આગમો અને એ આગમોને અનુસરતા ગીતાર્થ ગુરુવરોની પરંપરાપર શંકા કરી આગમોને અને ગ્રંથોને અપ્રમાણિક ઠેરવી સ્વેચ્છાથી તેમની વાણી સાથે ચેડા કરી, પૂજા વગેરેને અપ્રમાણિત-દોષિત કરવાથી વાસ્તવમાં શાસ્ત્ર અને પરમાત્માની જ આશાતના થઇ રહી છે, તેમ નથી લાગતું ?) ॥૧૬૮॥

## વેદવચનોની અપૌરુષેયતા અસિદ્ધ

'યજ્ઞવગેરે અંગેના વેદવચનો સંભવતા સ્વરૂપવાળા નથી, કારણ કે તેઓ અપૌરુષેય મનાયા છે અને વચન અપૌરુષેય તરીકે અત્યંત વિરુદ્ધ છે.' (અપૌરુષેય=કોઇ મનુષ્ય કે દેવ વગેરેથી નહિ બોલાયેલા.) ॥૧૬૯॥ આ વિરોધદોષ બતાવે છે- 'જે બોલાય'તે વચન છે. વચનની આ અન્વર્થસંજ્ઞા છે. (અર્થયુક્ત સંજ્ઞા છે.) પણ પુરુષના અભાવમાં વચનોચ્ચાર થાય કેવી રીતે ? અર્થાત્ વચન બોલનાર કોઇક તો હોવો જોઇએ. તેથી વચન બોલનારના અભાવમાં(=વચનને અપૌરુષેય માનવામાં) વચનના જ અભાવની આપત્તિ છે. ॥૧૭૦॥ આ લોકમાં વચનોચ્ચારની ચેષ્ટા વિના ક્યારેય વચનનું શ્રવણ થતું નથી. ક્યારેક વચનોચ્ચારની ચેષ્ટા દેખાતી ન હોય, ત્યાં વચનોચ્ચાર કરતા કોઇક અદૃષ્ટ વક્તાની જ આશંકા થાય છે, કારણ કે વચનોચ્ચારની ચેષ્ટા વિના વચનની ઉત્પત્તિ અને શ્રુતિ થવામાં કોઇ પ્રમાણ નથી. ॥૧૭૧॥ **પૂર્વપક્ષ :-** જે વચનના કર્તા દેખાતા ન હોય, તેવા સંભળાતા (વેદવચનને છોડી) બીજા કોઇ વચન જ નથી કે જેના દૃષ્ટાંતથી વિપક્ષની-અદૃષ્ટ કર્તાની આશંકા સંભવી શકે. **ઉત્તરપક્ષ :-** પિશાચ

**सदेव' ॥ १७२ ॥** अदृश्यकर्तृकं नो=नैवान्यत् श्रूयते कथं चाशङ्का विपक्षादृष्टेरित्यर्थः। अत्राह- श्रूयते पिशाचवचनं कथञ्चन कदाचिल्लौकिकमेतत् तु वैदिकमपौरुषेयं न सदैव श्रूयते ॥ १७२ ॥ यथाभ्युपगमदूषणमाह- '**वण्णायपोरुसेयं लोइअवयणाणवीह सव्वेसिं। वेयंमि को विसेसो, जेण तहिं एसऽसग्गाहो' ॥१७३ ॥** वर्णाद्यपौरुषेयं लौकिकवचनानामपीह सर्वेषां वर्णत्वादिवाचकत्वादेः पुरुषैरकरणाद् वेदे को विशेषो येन तत्रैषोऽसद्ग्रहः=अपौरुषेयत्वासद्ग्रह इति ॥ १७३ ॥ '**ण य णिच्छओ वि हु तओ जुज्जइ पायं कहिंचि सण्णाया। जं तस्सत्थपगासणविसएह अइंदियासत्ती' ॥ १७४ ॥** न च निश्चयोऽपि ततो वेदवाक्याद् युज्यते प्रायः क्वचिद्वस्तुनि सन्न्यायात्, यद्=यस्मात्तस्य=वेदवचनस्यार्थप्रकाशनविषये इह प्रक्रमेऽतीन्द्रिया शक्तिरिति गाथार्थः ॥ १७४ ॥ '**णो पुरिसमित्तगम्मा तदतिसओ वि ण बहुमओ तुम्हं। लोइयवयणेहिंतो दिट्ठं च कहंचि वेहम्मं' ॥ १७५ ॥** न पुरुषमात्रगम्यैषा तदतिशयोऽपि न बहुमतो युष्माकमतीन्द्रियदर्शी लौकिकवचनेभ्यः सकाशाद् दृष्टं च कथञ्चिद्वैधर्म्यं वेदवचनानामिति गाथार्थः ॥ १७५ ॥ '**ताणीह पोरुसेयाणि अपोरुसेयाणि वेयवयणाणि। सग्गुव्वसि-**

---

વગેરેના વચનો કોઇક રીતે ક્યારેક સંભળાય છે, ત્યાં કર્તા અદૃષ્ટ છે. તેથી પિશાચ આદિના વચનોના શ્રવણવખતે પિશાચઆદિ અદૃષ્ટકર્તાની કલ્પના થાય છે. **પૂર્વપક્ષ :-** પિશાચાદિના વચનો તો લૌકિક છે, જ્યારે આ વૈદિક વચનો તો અપૌરુષેય છે. આ તફાવત છે. માટે પિશાચાદિ વચનસાથે સરખામણી કરી શકાય નહીં. **ઉત્તરપક્ષ :-** જો વેદવચન અપૌરુષેય હોવા છતાં સંભળાતા હોય, તો હંમેશા સંભળાવા જોઇએ. લૌકિક પૌરુષેય વચનમાં વચન શ્રવણમાં બોલનારો કોક હોવો જરુરી છે, અપૌરુષેયમાં તો એવી કોઇ જરૂરત નથી. તેથી તે હંમેશા સંભળાવા જોઇએ. પણ સંભળાતા નથી. તેથી વેદવચનો અપૌરુષેય તરીકે સિદ્ધ થતાં નથી. અથવા માની લઇએ કે અપૌરુષેયવચન છે, તો પણ પ્રશ્ન છે કે એ વર્ણરૂપે અપૌરુષેય છે કે વચન-વાક્યરૂપે ? ॥૧૭૨॥ **શંકા :-** વેદવચનોમાં વપરાયેલા વર્ણો અપૌરુષેય છે, અથવા વેદવચનોમાં રહેલી વાચકતા અપૌરુષેય છે. તેથી વેદવચનો અપૌરુષેય છે. **સમાધાન :-** આ વાત તો લૌકિક વચનોઅંગે પણ સમાન છે, 'ક' આદિવર્ણોની રચના કે સંકેત કોઇ પુરુષવિશેષે કર્યા નથી. તેમજ 'ઘટ' આદિપદો 'કમ્બુગ્રીવાદિમાન' વગેરે પદાર્થના જ વાચક બને, ઇત્યાદિરૂપ વાચ્યવાચકભાવ પણ કોઇ પુરુષવિશેષને આધીન નથી. (અથવા 'ક' આદિ આકારભૂત વર્ણ 'ક' વગેરેના વાચક છે એવો નિર્ણય કોઇ પુરુષ વિશેષે કર્યો ન હોવાથી લૌકિક વચનોમાં પણ તે-તે વર્ણાદિરૂપે અપૌરુષેયતા ઘટી શકે છે.) તેથી એ રૂપે તો લૌકિકવચનો પણ અપૌરુષેય જ છે. તેથી વેદવચનોમાં કોઇ વિશેષ ન હોવાથી અપૌરુષેયપણાનો અસદ્ગ્રહ રાખવો યોગ્ય નથી ॥૧૭૩॥ વળી સન્ન્યાયથી (=મધ્યસ્થભાવે) વિચારીએ, તો ખ્યાલ આવશે કે વેદવચનો જો વચન-વાક્યરૂપે અપૌરુષેય હોય, તો તેનાથી પ્રાયઃ કોઇપણ વસ્તુમાં નિશ્ચય થઇ શકે નહિ, કારણ કે તે-તે વેદવચનની શક્તિ(=અર્થબોધ કરાવવાનું સામર્થ્ય) કઇ વસ્તુઅંગે છે, તેનો નિર્ણય - અર્થાત્ 'આ શબ્દનો આ અર્થ છે' ઇત્યાદિ અર્થપ્રકાશનશક્તિનું જ્ઞાન અતીન્દ્રિય થશે. (ઇન્દ્રિયનો વિષય નહીં બને.) અને તમારા મતે અતીન્દ્રિયજ્ઞાની વ્યક્તિ સંભવતી નથી. આમ વેદપદોના વાચ્યઅંગે સમ્યગ્બોધ સંભવે નહિ ॥૧૭૪॥ આ વેદવચનોની અર્થપ્રકાશનશક્તિ બધા જ પાસે છે, અર્થાત્ સઘળા પુરુષોને વેદવચનોનો અર્થ ગમ્ય છે=જ્ઞાત છે, એમ તો તમને પણ ઇષ્ટ નથી, કારણ કે પ્રત્યક્ષબાધઆદિ દોષો છે. તથા તમને એ અર્થોના બોધમાં કારણભૂત અતીન્દ્રિયદર્શી અતિશય પણ બહુમત નથી, કારણ કે તમારા મતે કોઇ વ્યક્તિ અતીન્દ્રિયદર્શી સંભવે નહિ. **શંકા :-** માત્ર વેદવચનો જ અપૌરુષેય છે. તે વચનોના અર્થ તો લોકમાન્ય અર્થને સમાન જ છે. **સમાધાન :-** 'સ્વર્ગ' 'ઉર્વશી' વગેરે શબ્દો લૌકિક હોવા છતાં, તેમાં તમે અપૌરુષેયત્વ અને પૌરુષેયત્વરૂપ વૈધર્મ્ય ઇચ્છો છો. લૌકિક વચનો પૌરુષેય છે અને વૈદિકવચનો અપૌરુષેય છે - આવું કંઇક વૈધર્મ્ય તમને ઇષ્ટ છે. જો

**पमुहाणं दिट्ठो तह अत्थभेओ वि' ॥ १७६ ॥** तानीह पौरुषेयाणि लौकिकान्यपौरुषेयाणि वेदवचनानीति वैधर्म्यं स्वर्गोर्वशीप्रमुखानां शब्दानां दृष्टस्तथार्थभेदोऽपि। एवं च य एव लौकिकास्त एव वैदिकाः, स एवैषामर्थ इति यत्किञ्चिदेतत् ॥ १७६॥ **'ण य तं सहावओ च्चिय सत्थपगासणपरं पईवो व्व। समयविभेया जोगा मिच्छत्तपगासजोगा य' ॥ १७७ ॥** न च तद्वेदवचनं स्वभावत एव स्वार्थप्रकाशनपरं प्रदीपवत्, कुतः ? इत्याह-समयविभेदायोगात्=सङ्केतभेदाभावाद् मिथ्यात्वप्रकाशयोगाच्च, क्वचिदेतदापत्तेरिति भावः ॥ १७७॥ तदाह- **'इंदीवरम्मि दीवो पगासइ रत्तयं असंतंपि। चंदो वि पीयवत्थं धवलंति ण णिच्छओ ततो' ॥ १७८ ॥** इन्दीवरे दीपः प्रकाशयति रक्तामसतीमपि, चन्द्रोऽपि पीतवस्त्रं धवलमिति प्रकाशयति न निश्चयस्ततो वेदवचनाद्व्यभिचारिण इति गाथार्थः ॥ १७८॥ **'एवं णो कहियागमपओगगुरुसंपयायभावो वि। जुज्जइ सुहो इअं खलु नाएण छिन्नमूलत्ता' ॥ १७९ ॥** एवं न कथितागमप्रयोगगुरुसम्प्रदायभावोऽपि प्रवृत्त्यङ्गभूतो युज्यते, यत इह खलु वेदवचने न्यायेन छिन्नमूलत्वात्, तथाविधवचनासम्भवादिति गाथार्थः॥ १७९॥ **'ण कयाइ इओ कस्सइ इह णिच्छयमो कहंचि वत्थुम्मि। जाओ त्ति कहइ एवं जं सो तत्तं सो वामोहो' ॥ १८० ॥** न

---

આમ સમાન દેખાતા શબ્દોમાં પણ તમને વૈધર્મ્ય ઇષ્ટ છે-તો તે શબ્દોના અર્થોમાં પણ વૈધર્મ્ય=ભેદ ઇષ્ટ હોવો જોઇએ. તેથી લોકમાં સ્વર્ગાદિ શબ્દથી જે અર્થનો સંકેત થતો હોય, તેના કરતા વેદમાં આવતા સ્વર્ગાદિ શબ્દથી ભિન્ન અર્થનો સંકેત થવો જોઇએ. અન્યથા વેદવચનોને અપૌરુષેય માનવાથી કોઇ હેતુ નહિ સરે, અને લૌકિકવચનોથી વૈદિકવચનના ભિન્ન અર્થનો નિર્ણય અતીન્દ્રિયજ્ઞાન વિના સંભવે નહિ, તેથી અર્થભેદનો નિર્ણય થતો નથી. વળી તમે પણ વેદવચનોના લોકમાન્ય અર્થ જ કરો છો. આમ વેદવચનોમાં લૌકિકવચનોથી અર્થભેદ સંભવતો નથી. આમ જે લૌકિક વચનો છે, તે જ વૈદિકવચનો છે, અને લૌકિકવચનોના જે અર્થ છે, તે જ વૈદિકવચનોના અર્થ છે. તેથી અપૌરુષેયતાની વાતો વ્યર્થ છે. ॥૧૭૫-૧૭૬॥ **શંકા :-** વૈદિક વચનો સ્વભાવથી જ દીવાવગેરેની જેમ સ્વતઃ પોતાના અર્થનું પ્રકાશન કરે છે. તેથી દોષ નથી. **સમાધાન :-** લોકિક વચનો અને વૈદિક વચનોના સંકેતમાં ભેદ દેખાતો નથી. અર્થાત્ લૌકિક શબ્દોના સંકેત અને વૈદિકવચનોના સંકેત અલગ અલગ નથી. લૌકિક 'સ્વર્ગ' વગેરે શબ્દનો જે અર્થમાં સંકેત છે, તે જ અર્થમાં વૈદિક 'સ્વર્ગ' વગેરે શબ્દોનો સંકેત ઉપલબ્ધ થાય છે. તેથી વેદવચનોમાં સ્વતઃ પ્રકાશકતારૂપ વિશેષ માનવો યોગ્ય નથી. વળી જો વૈદિક શબ્દો દીવાની જેમ સ્વતઃ અર્થનો પ્રકાશ કરતા હોય, તો ક્યારેક મિથ્યા અર્થનો પણ પ્રકાશ કરતા હોવાની આપત્તિ છે ॥૧૭૭॥ આ જ વાત બતાવે છે- જેમકે ઇન્દીવર=કમળના પાંદડાં લાલ રંગના ન હોય, તો પણ દીવાના પ્રકાશમાં લાલ દેખાય છે. તેમ જ રાત્રે ચંદ્રનો પ્રકાશ પણ પીળા વસ્ત્રને સફેદ રંગવાળું બતાવે છે. આ જ પ્રમાણે સ્વતઃ અર્થ પ્રકાશવા જતાં વેદવચન ક્યારેક વિપરીત અર્થ પણ બતાવી શકે. આમ અર્થનિર્ણયમાટે વેદવચન અનૈકાંતિક ઠરે છે. વળી વેદવચન ક્યારે કયા અર્થમાં વિપરીતપણું દેખાડે, તેનો નિર્ણય થઇ શકતો ન હોવાથી બધા જ વેદવચનો પ્રમાણભૂત બનતા નથી. તેથી તેના આધારે નિર્ણય થઇ ન શકે. ॥૧૭૮॥ વળી, વેદવચનોઅંગેની પ્રવૃત્તિમાં પૌરુષેય આગમ (સ્મૃતિવગેરે) કે ગુરુઓની પરંપરાનો ક્રમ પણ કારણ-પ્રયોજક બની ન શકે, કારણ કે પૌરુષેય આગમ કે ગુરુપરંપરા પાસે વેદવચનોનો નિશ્ચિતઅર્થ કરવાઅંગે કોઇ મૂળઆધાર નથી. અર્થાત્ તેઓ છિન્નમૂળ છે. કારણ કે વેદવચનો કે વેદવચનોના નિશ્ચિતઅર્થ સૂચવતા વચનો સંભવતા જ નથી. ॥૧૭૯॥ આમ આ વેદવચનોથી ક્યારેય, કોઇને પણ, કોઇપણ વસ્તુઅંગેનો નિર્ણય થયો નથી-થઇ શકતો નથી. તેથી એમ કહેવું કે 'આ વૈદિક તત્ત્વ છે' એ માત્ર વ્યામોહ જ છે. કારણ કે પોતે પણ વૈદિક તત્ત્વને સમજ્યા વગર જ કથન કરે છે. ॥૧૮૦॥ તેથી વૈદિકઅર્થને અવલંબી જે વ્યાખ્યારૂપ આગમો શિષ્યોના

कदाचिददतो वेदवचनात्कस्यचिदिह निश्चय एव क्वचिद्वस्तुनि जात इति कथयत्येवं सति यदसौ वैदिकस्तत्त्वं स व्यामोह: स्वतोऽप्यज्ञात्वा कथनात् ॥ १८०॥ **'तत्तो अ आगमो जो विणेयसत्ताण सो वि एमेव। तस्स पओगो एवं अणिवारणगं च नियमेण'॥ १८१॥** ततश्च वैदिकादर्था(चार्या पञ्चवस्तुके)दागमो यो व्याख्यारूपो विनेयसत्त्वानां सम्बन्धी सोऽप्येवमेव=व्यामोह एव, तस्यागमार्थस्य प्रयोगोऽप्येवमेव व्यामोह एवानिवारणं च नियमेन व्यामोह एवेति गाथार्थ:॥ १८१॥ **'णेवं परंपराए माणं एत्थ गुरुसंपयाओ वि। रूवविसेसद्दवणे जह जच्चंधाण सव्वेसिं'॥ १८२॥** नैवं परम्परायां(परम्परया पाठा.) मानमत्र व्यतिकरे गुरुसम्प्रदायोऽपि। निदर्शनमाह- सितेतरादिरूपविशेषस्थापने यथा जात्यन्धानां सर्वेषामनादिमताम् ॥ १८२॥ पराभिप्रायमाह- **'भवतोऽपि य सव्वन्नू सव्वो आगमपुरस्सरो जेणं। ता सो अपोरुसेओ इयरो वा णागमा जो उ'॥१८३॥** भवतोऽपि च सर्वज्ञ: सर्व आगमपुरस्सर:, येन कारणेन स्वर्गकेवलार्थिना तपोध्यानादि कर्त्तव्यमित्यागम:, अत: प्रवृत्तेरिति, तदसावपौरुषेय:, इतरो वा=अनादिमत्सर्वज्ञो वा, नागमादेव, कस्यचित् तमन्तरेणापि भावादिति गाथार्थ:॥ १८३॥ अत्रोत्तरम्- **'णोभयमवि जमणाइं, बीयंकुरजीवकम्मजोगसमं। अहवत्थतो उ एवं ण वयणओ वत्तहीणं तं'॥ १८४॥** नो=नैतदेवम्, उभयमपि=आगम: सर्वज्ञश्च, यद्=यस्मात्, अनादिबीजाङ्कुर-जीवकर्मयोगसमं, न ह्यत्र 'इदं पूर्वमिदं न' इति व्यवस्था। ततश्च यथोक्तदोषाभाव:। अथवाऽर्थत एवैवं= **बीजाङ्कुरादिन्याय:।** सर्व एव कथञ्चिदागमार्थमासाद्य सर्वज्ञो जात:, तदर्थश्च तत्साधक इति न वचनतो=न

---

હિતમાટે હોવાનો દાવો છે; તે પણ પોકળ છે અને માત્ર બુદ્ધિનો વ્યામોહ છે. તેથી તે આગમાર્થનો પ્રયોગ પણ વ્યામોહ છે - અને તેને અનુસારે યજ્ઞીયહિંસાદિમાં પ્રવૃત્ત થતાને અટકાવાતા નથી એ પણ અવશ્ય વ્યામોહ જ છે. ॥૧૮૧॥ તેથી આ વિષયમાં અને પરંપરામાં ગુરુસંપ્રદાયક્રમ પણ પ્રમાણભૂત નથી. જેમકે શ્વેત કે રક્તઆદિ રૂપના સ્વરૂપના નિર્ણયમાં અનાદિકાળથી ચાલી આવતી જન્માંધોની પરંપરા પ્રમાણભૂત નથી. (વેદવચનોના પરમાર્થના જ્ઞાતા અતીન્દ્રિયદર્શી કોઇ વ્યક્તિ ન હોય, તો બાકીના બધાએ તો કરેલો અર્થનો નિર્ણય આંધળાના ગોળીબાર જેવો જ છે... અને તેવાઓની ચાલેલી પરંપરા કંઇ પ્રમાણભૂત ન બને.) ॥૧૮૨॥

## વચનરૂપ આગમ અને સર્વજ્ઞ વચ્ચે બીજાંકુરભાવ

**પૂર્વપક્ષ :-** તમારા મતે જેઓ સર્વજ્ઞ છે, તે બધા જ આગમપૂર્વક છે ? કે કોઇક સર્વજ્ઞ આગમ વિના પણ છે? પ્રથમપક્ષ - 'સ્વર્ગ અને કેવલજ્ઞાનના ઇચ્છુકે તપ અને ધ્યાન વગેરે કરવા' એ વચનને અનુસરી પ્રવૃત્તિ કરવાથી જ બધા સર્વજ્ઞ થાય છે. તેથી બધા સર્વજ્ઞો આગમપૂર્વક જ છે, એમ કહેશો, તો 'સર્વજ્ઞની પહેલા પણ આગમ હતું' એ સિદ્ધ થાય છે. પણ એ આગમની રચના કરનારો કોઇ અસર્વજ્ઞ પુરુષ તો સંભવી ન શકે, કારણ કે સ્વયં અસર્વજ્ઞ સર્વજ્ઞ થવાનો વ્યવસ્થિત માર્ગ બતાવે તે અસંભવિત અને અજુગતું છે. આમ સર્વજ્ઞની પૂર્વમાં સિદ્ધ આગમના કર્તા તરીકે કોઇ પુરુષનો નંબર લાગતો નથી. અને આગમપૂર્વક જ જ્ઞાનાદિમાં પ્રવૃત્તિ છે. તેથી આગમ અપૌરુષેય સિદ્ધ થાય છે. બીજો પક્ષ - હવે જો આગમની પૂર્વે પણ સર્વજ્ઞ માન્ય હોય, તો તે અનાદિકાળથી જ સર્વજ્ઞ હશે. અન્યથા તેની પૂર્વે પણ આગમ માનવા પડે. આ અનવસ્થાને તોડવા કોઇકને અનાદિકાલીન સર્વજ્ઞ માનવો જ રહ્યો. આ સર્વજ્ઞ આગમ વિના હોવાથી 'આગમપૂર્વક જ સર્વજ્ઞ હોય' તેવો નિયમ રહેતો નથી. ॥૧૮૩॥ **ઉત્તરપક્ષ :-** તમારો તર્ક બરાબર નથી, કારણ કે આગમ અને સર્વજ્ઞ વચ્ચે **બીજાંકુર ન્યાય** પ્રવર્તે છે. અથવા જેમ જીવ અને કર્મનો યોગ પ્રવાહથી અનાદિ છે. એમ આગમ-સર્વજ્ઞ વચ્ચે સંબંધ છે. તેથી 'આગમ પ્રથમ, સર્વજ્ઞ પછી' ઇત્યાદિ વ્યવસ્થાને અવકાશ જ

वचनमेवाश्रित्य **मरुदेव्यादीनां** प्रकारान्तरेणापि भावात्। तद् वचनं वक्त्रधीनं नत्वनाद्यपि, वक्तारमन्तरेण वचनप्रवृत्तेरयोगात्; तदर्थप्रतिपत्तिस्तु क्षयोपशमादेरविरुद्धा तथादर्शनात्। एतत् सूक्ष्मधिया भावनीयम्॥ १८४॥ **'वेदवयणम्मि सव्वं णाएणासंभवंतरूवं जं। ता इयरवयणसिद्धं वत्थु कहं सिज्झई तत्तो'** ॥ १८५॥ वेदवचने सर्वमागमादि न्यायेनाऽसम्भवद्रूपं यद्=यस्माद्। तत्=तस्मादितरवचनसिद्धं=सद्रूपवचनसिद्धं वस्तु= हिंसादोषादि कथं सिध्यति, ततो=वेदवचनादिति गाथार्थः॥ १८५॥ **'ण हि रयणगुणारयणे कदाचिदवि होंति उवलसाहम्मा। एवं वयणंतरगुणा ण होंति सामण्णवयणंमि'** ॥ १८६॥ न हि रत्नगुणाः शिरःशूलशमनादयोऽरत्ने घर्घरघट्टादौ कदाचिदपि भवन्त्युपलसाधर्म्यात्। एवं वचनान्तरगुणा हिंसादोषादयो न भवन्ति

---

નથી. તેથી કોઇ દોષ નથી. અથવા (આગમ સૂત્રરૂપ અને અર્થરૂપ છે. તેમાં સૂત્રાત્મક આગમ સર્વજ્ઞતામાટે અનૈકાંતિક છે. તેથી અર્થથી બીજાંકુરભાવ દર્શાવે છે.) આગમ અને સર્વજ્ઞ વચ્ચે અર્થને આશ્રયી બીજાંકુરભાવ છે. જે કોઇ સર્વજ્ઞ થાય, તે અર્થથી આગમને પામીને જ સર્વજ્ઞ થાય છે અને આગમના અર્થોના સાધક હોય છે. **તાત્પર્ય :-** જૈનમતે આગમ અર્થથી અનાદિ છે અને વચનને અપેક્ષીને તીર્થંકરો આગમ-અર્થને પ્રકાશતા હોવાથી દરેક તીર્થની અપેક્ષાએ આદિવાળું છે. પ્રત્યેક તીર્થંકર પૂર્વના તીર્થંકરે વચનથી બતાવેલા અને અર્થથી અનાદિ એવા આગમના આધારે સર્વજ્ઞ થાય છે અને પછી અર્થથી અનાદિ એ આગમને પોતાના વચનથી પ્રકાશે છે. જેમ તે-તે બીજ તેનાથી પ્રગટતાં અંકુરની અપેક્ષાએ પૂર્વકાલીન છે અને પોતાનેમાટે કારણભૂત તે-તે અંકુરની અપેક્ષાએ ઉત્તરકાલીન છે. તેમ તે-તે સર્વજ્ઞ પોતાનાથી પ્રકાશિત થતા આગમવચનની અપેક્ષાએ પૂર્વકાલીન છે અને પોતાની પહેલાના તીર્થંકરના આગમવચનની અપેક્ષાએ ઉત્તરકાલીન છે. આમ આગમને અર્થથી અનાદિ અને વચનથી આદિ માનવાથી તથા બીજાંકુરન્યાયથી અમને દોષ નથી. વળી એવો એકાંત નિયમ નથી કે આગમના વચનને પામીને જ સર્વજ્ઞ થવાય. **મરુદેવીમાતા** વગેરે જીવો આગમના વચનને પામ્યા વિના અન્યપ્રકારથી પણ કેવળજ્ઞાન પામી ગયાના દૃષ્ટાંતો અમારે ત્યાં છે. આમ આગમવચન વક્તાને આધીન જ છે, પણ અનાદિ નથી. કારણ કે વક્તાના અભાવમાં વચનપ્રવૃત્તિ સંભવે નહિ. આગમાર્થનો બોધ વચનશ્રવણપર આધારિત નથી. પણ ક્ષયોપશમવગેરેપર જ અવલંબિત છે. વચનશ્રવણ તો ક્ષયોપશમવગેરેમાં નિમિત્ત બનવાદ્વારા જ બોધમાં પ્રયોજક બને છે. આમ ક્યારેક આગમવચનના શ્રવણથી અને ક્યારેક તે વિના પણ આગમાર્થબોધ થવામાં વિરોધ નથી. (તેથી જ સમ્યક્ત્વ પણ (૧) નિસર્ગથી અને (૨) અધિગમથી-એમ બે પ્રકારે ઉત્પન્ન થતું સ્વીકાર્યું છે.) આ પ્રમાણે જ આગમમાં અથવા વ્યવહારમાં દેખાય છે. આ વાત સૂક્ષ્મબુદ્ધિથી વિચારવી. ॥૧૮૪॥

## વૈદિકહિંસામાં અપવાદરૂપતાનો અભાવ

પૂર્વોક્ત ન્યાયથી વેદવચનમાં બધું અસંભવિત સ્વરૂપવાળું છે. તેથી બીજા સદ્વચનોથી હિંસામાં દોષવગેરેરૂપે સિદ્ધ થયેલી વસ્તુ વેદના વચનથી 'હિંસામાં અદોષ' વગેરે રૂપે સિદ્ધ શી રીતે થઇ શકે ? અર્થાત્ ન જ થઇ શકે. ॥૧૮૫॥ જેમ રત્નના 'માથાનો દુખાવો દૂર કરવો' વગેરે ગુણો પથ્થર તરીકે સમાન હોવામાત્રથી રત્ન સિવાયના ઘર્ઘરઘટ્ટ (?) વગેરે પથ્થરોમાં ઉપલબ્ધ થતાં નથી. તેમ વચનતરીકે સમાન હોવામાત્રથી કંઇ વચનાંતરમાં રહેલા 'હિંસા અદોષ' વગેરે ગુણો વચનમાં સમાનતા હોવામાત્રથી સંભવી ન શકે. **તાત્પર્ય :-** 'જૈનવચને પૂજાગત હિંસાને અદોષ કહી, તેથી વૈદિક વચન યજ્ઞગત હિંસાને અદોષ કહે તે પણ બરાબર છે; કારણ કે બન્ને વચનરૂપે સમાન છે.' એમ કહેવું વાજબી નથી, કારણ કે બન્ને વચનરૂપ હોવા છતાં વચન વચનમાં ફેર છે. જેમ કે રત્ન અને પથ્થરમાં. ॥૧૮૬॥ તેથી આ સદ્ન્યાયને હંમેશા પ્રાજ્ઞપુરુષે અસ્થાન સ્થાપનાથી લઘુ કરવો નહિ, કેવી રીતે ? **ચાસપંચાસ-**

सामान्यवचने ॥ १८६॥ **'ता एवं सण्णाओ (ण) बुहेण अट्ठाणठावणाए उ। सया लहुओ कायव्वो[①] वासण्णव्वासणाएण्णं'** ॥ **१८७** ॥ तदेवं सन्न्यायो न बुधेनास्थानस्थापनया सदा लघुः कर्त्तव्यः (चाश-पञ्चाशन्न्यायेन ?) असम्भविनोऽसम्भवप्रदर्शनगत्या ॥१८७॥ तत्र युक्तिमाह- **'तह वेदे चिय भणियं सामण्णेणं जहा ण हिंसिज्जा। भूयाणि फलुद्देसा पुणो य हिंसिज्ज तत्थेव'** ॥ **१८८** ॥ तथा वेद एव भणितं सामान्येन= उत्सर्गेण यथा-'न हिंस्याद् भूतानि'। फलोद्देशात् पुनश्च हिंस्यात् तत्रैव भणितं 'अग्निहोत्रं जुहुयात् स्वर्गकाम' इतीति गाथार्थः ॥१८८॥ **'ता तस्स पमाणत्ते वि एत्थ णियमेण होइ दोसु त्ति। फलसिद्धिए वि सामण्णदोस-विणिवारणाभावा'** ॥ **१८९** ॥ तत् तस्य प्रमाणत्वेऽपि वेदस्य, नियमेन चोदनायां भवति दोष इति फलसिद्धावपि सत्यां कुत इत्याह- सामान्यदोषनिवारणाभावादौत्सर्गिकवाक्यार्थदोषप्राप्तेरेवेति गाथार्थः ॥१८९॥ इहैव निदर्शन-माह- **'जह वेज्जगम्मि दाहं ओहेण निसेहिउं पुणो भणियं। गंडाइखयणिमित्तं, करेज्ज विहिणा तयं चेव'** ॥ **१९०** ॥ यथा वैद्यके दाहमग्निविकारमोघेन=उत्सर्गतो निषिध्य दुःखकरत्वेन पुनः भणितं तत्रैव फलोद्देशेन गण्डादिक्षयनिमित्तं व्याध्यपेक्षयेत्यर्थः कुर्याद् विधिना तमेव दाहमिति गाथार्थः ॥ १९० ॥ **'ततो वि कीरमाणे ओहणिसेहुब्भवो तहिं दोसो। जायइ फलसिद्धिए वि एव इत्थं पि विण्णेयं'** ॥ **१९१** ॥ ततोऽपि वचनात्क्रियमाणेऽपि दाहे ओघनिषेधोद्भव इत्यौत्सर्गिकनिषेधविषयस्तत्र दोषो दुःखकरत्वलक्षणो जायते फलसिद्धावपि गण्डक्षयादिरूपायां सत्यामेवमत्रापि वेदे विज्ञेयं चोदनातोऽपि प्रवृत्तस्य फलभावेऽप्युत्सर्ग-निषेधविषयो दोष इति गाथार्थः ॥ १९१ ॥ **'कयमित्थ पसंगेणं जहोचिया चेव दव्वभावत्थया। अण्णोण्ण-**

---

**ન્યાયથી (?)** અસંભવિતને અસંભવિત (સંભવિત ?) બતાવવા દ્વારા. ॥૧૮૭॥ અહીં યુક્તિ બતાવે છે- ''વેદમાં સામાન્યથી=ઉત્સર્ગથી બતાવ્યું છે કે 'ન હિંસ્યાદ્ ભૂતાનિ=જીવોની હિંસા કરવી નહિ' પછી તે-તે ફળના ઉદ્દેશથી હિંસા કરવાનું ત્યાં જ બતાવ્યું છે. જુઓ 'સ્વર્ગની ઇચ્છાવાળાએ અગ્નિહોત્ર યજ્ઞ કરવો' ઇત્યાદિ વેદવચનો છે. ॥૧૮૮॥ આ વેદવચન પ્રમાણભૂત હોય, તો પણ (એ પ્રમાણે યજ્ઞ કરવાથી ફળ મળે તો પણ) એવી પ્રેરણા (ચોદના) કરવામાં દોષ તો છે જ, કારણ કે યજ્ઞની એ હિંસામાં ઔત્સર્ગિક વાક્યના અર્થથી પ્રાપ્ત થતો દોષ તો કાયમ જ રહે છે.'' ॥૧૮૯॥ આ બાબતમાં દૃષ્ટાંત બતાવે છે- વૈદ્યશાસ્ત્રમાં ઓઘથી=સામાન્યથી દાહની(શરીરપર અગ્નિ ચાંપવાની) દુઃખકર હોવાથી ના પાડી છે, પછી ત્યાં જ(વૈદ્યશાસ્ત્રમાં) ગૂમડાં વગેરે વ્યાધિના ક્ષયરૂપ ફળના નિમિત્તે(=તે-તે રોગની અપેક્ષાએ) વિધિપૂર્વક દાહ(અગ્નિના ડામ)નું વિધાન કર્યું છે. ॥૧૯૦॥ આ(ગૂમડાં વગેરે) હેતુથી કરાતો દાહ પણ ઓઘથી કરાયેલા નિષેધનો વિષય તો બને જ છે. અર્થાત્ દુઃખદાયક ગૂમડાંના નાશરૂપ ફળની પ્રાપ્તિ હોવા છતાં દાહજનિત દુઃખ તો પેદા થાય જ છે. (દાહનિષેધરૂપ ઔત્સર્ગિક નિષેધનો તત્કાલ પીડારૂપ વિષય અને ગૂમડાં મટાડવા માટેના દાહના વિધાનનો વિષય આ બંને અલગ-અલગ છે. તેથી જ ગૂમડાં મટાડવા કરાતો દાહ એ અપેક્ષાએ અપવાદરૂપ નથી.) એ જ પ્રમાણે વેદના વિધિવચનથી યજ્ઞઆદિગત હિંસામાં પ્રવૃત્ત થવાથી ફળ મળે તો પણ ઔત્સર્ગિક નિષેધનું ફળ બાધિત થતું નથી, કારણ કે ઉત્સર્ગ હિંસાનિષેધનો વિષય અલગ છે અને યજ્ઞની હિંસાનો વિષય અલગ છે. ઉત્સર્ગથી મુમુક્ષુને હિંસાની ના પાડી છે, કારણ કે હિંસા નરકનું કારણ છે અને યજ્ઞમાં જે હિંસા બતાવી છે, તે સંસારના અર્થની સિદ્ધિમાટે છે. તેથી આ હિંસા ઉત્સર્ગનો અપવાદ બની શકે નહિ અને ઔત્સર્ગિક નિષેધના ફળને બાધિત કરી શકે નહિ. આ અંગેની ચર્ચા પૂર્વે થઇ ચૂકી છે. ॥૧૯૧॥

---

① **'चासपंचास नाएणं' इति पाठान्तरः।**

**समणुविद्धा णियमेणं होंति णायव्वा'** ॥ १९२ ॥ अत्र स्तवविचारे कृतं प्रसङ्गेन यथोचितावेव द्रव्यभावस्तवौ अन्योन्यसमनुविद्धौ प्रधानगुणभावेन ॥ १९२ ॥ **'अप्पविरियस्स पढमो, सहकारिविसेसभूयमो सेओ। इयरस्स बज्झचाया इयरो च्चिय एस परमत्थो'** ॥ १९३ ॥ अल्पवीर्यस्य प्राणिनः प्रथमो द्रव्यस्तवः सहकारिविशेष-भूतोऽतः श्रेयान्। इतरस्य बहुवीर्यस्य साधोर्बाह्यत्यागात्=बाह्यद्रव्यस्तवत्यागेनेतरः=भावस्तव एव श्रेयानित्येष परमार्थोऽत्र क्रममाश्रित्य द्रष्टव्यः ॥ १९३ ॥ विपर्यये दोषमाह- **'दव्वथयंपि काउं न तरइ जो अप्पवीरियत्तेणं। परिसुद्धं भावथयं काही सोऽसंभवो एसो'** ॥ १९४ ॥ द्रव्यस्तवमपि कर्तुमौचित्येन न शक्नोति योऽल्पवीर्यत्वादेः स परिशुद्धं भावस्तवं करिष्यतीत्यसम्भव एव दलाभावात्॥ १९४॥ तदाह- **'जं सो उक्किट्ठतरं अविक्खई वीरियं इहं णियमा। ण हि पलसयंपि वोढुं असमत्थो पव्वयं वहइ'** ॥ १९५ ॥ (यदसौ भावस्तव उत्कृष्ट-तरमपेक्षते वीर्यं शुभपरिणामरूपमिह नियमादतोऽल्पवीर्यः कथं करोत्येनम्। न हि पलशतमपि वोढुमसमर्थः पर्वतं वहतीति पञ्चवस्तुके) भावस्तवोचितवीर्यप्राप्त्युपायोऽपि द्रव्यस्तव एव। न च प्रतिमापालनवदनियमः, *'जुत्तो पुण एस कमो'* इत्यादिना द्रव्यादिविशेषेण नियमनाद् गुणस्थानक्रमाव्यभिचाराच्चेति दिग्। अत्र पलशततुल्यो द्रव्यस्तवः पर्वततुल्यश्च भावस्तव इति रहस्यम् ॥ १९५ ॥ उक्तमेव स्पष्टयति- **'जो बज्झचाएणं णो इत्तरियं पि णिग्गहं कुणइ। इह अप्पणो सया से सव्वचाएण कहं कुज्जा'** ॥ १९६ ॥ यो बाह्यत्यागेन=बाह्यवित्त-

## દ્રવ્યસ્તવ-ભાવસ્તવ વચ્ચે ગાઢ સાંકળ

આ સ્તવના વિચારમાં પ્રસંગથી સર્યું. યથોચિત દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ પ્રધાન અને ગૌણભાવે પરસ્પર ગાઢ સંકળાયેલા છે. ॥૧૯૨॥ અલ્પવીર્યવાળી વ્યક્તિ માટે પ્રથમ(=દ્રવ્યસ્તવ) જ હિતકર છે, કારણ કે તે ભાવસ્તવમાં કારણભૂત કર્મક્ષયોપશમવગેરેમાં સહકારી નિમિત્તવિશેષ બને છે. બહુવીર્યવાળા સાધુમાટે બાહ્ય દ્રવ્યસ્તવના ત્યાગપૂર્વક ભાવસ્તવ જ શ્રેયસ્કર છે. ક્રમને આશ્રયી આ પરમાર્થ છે. ॥૧૯૩॥ વિપર્યાસ કરવામાં દોષ બતાવે છે- જે અલ્પવીર્યવાળી હોવાથી ઔચિત્યપૂર્વક(=વિધિઆદિપૂર્વક) દ્રવ્યસ્તવ કરવા પણ સમર્થ નથી, તે પરિશુદ્ધ ભાવસ્તવ કેવી રીતે આદરી શકે ? અર્થાત્ તેનામાં એવી યોગ્યતા ન હોવાથી તેનામાટે પરિશુદ્ધ ભાવસ્તવ આદરવો અસંભવરૂપ છે. ॥૧૯૪॥ તેથી જ કહે છે- 'ભાવસ્તવ અવશ્ય ઉત્કૃષ્ટતર વીર્ય(બળવાન શુભ પરિણામ)ની જ અપેક્ષા રાખે છે. તેથી અલ્પવીર્યવાળી વ્યક્તિ શી રીતે ભાવસ્તવ આદરી શકે ? જે સો પળ જેટલો પણ ભાર વેંઢારવા સમર્થ નથી, તે પર્વતને શી રીત વહન કરી શકે ? તેથી અલ્પવીર્યવાળી વ્યક્તિએ દ્રવ્યસ્તવ આદરવો. કારણ કે ભાવસ્તવને યોગ્ય બહુ વીર્ય પામવાનો રાજમાર્ગ દ્રવ્યસ્તવ જ છે. આ બાબતમાં પ્રતિમાપાલનની જેમ અનિયમ નથી. અર્થાત્ દ્રવ્યસ્તવથી ક્રમશઃ ભાવસ્તવને યોગ્ય શક્તિ અવશ્ય આવે જ છે. (અહીં જેઓ દ્રવ્યસ્તવનો તિરસ્કાર કરે છે અને ચારિત્ર પામવાના આશયથી શ્રાવકોની પ્રતિમાનું પાલન કરે છે, તેવાઓપર કટાક્ષ કર્યો લાગે છે) કારણ કે *'जुत्तो पुण एस कमो'* (આ ક્રમ જ યોગ્ય છે.) આ વચનમાં દ્રવ્યઆદિ વિશેષથી અર્થાત્ દ્રવ્યસ્તવને આગળ કરી જ નિયમ બાંધ્યો છે, પ્રતિમાપાલન આદિને આગળ કરીને નહિ. વળી દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનો આ ક્રમ(=કાર્યકારણભાવ) ગુણસ્થાનકના ક્રમને વ્યભિચારી નથી, પણ સંવાદક જ છે. (અપુનર્બંધકઆદિ દશામાં પ્રધાનભૂત માત્ર દ્રવ્યસ્તવ હોય, અવિરતસમ્યક્ત્વદશામાં સમ્યક્ત્વરૂપ ભાવઅંશથી ભળેલો દ્રવ્યસ્તવ હોય, દેશવિરતિ અવસ્થામાં આંશિક વિરતિ વધારામાં હોય અને સર્વવિરતિ અવસ્થામાં સંપૂર્ણ વિરતિ હોવાથી માત્ર ભાવ જ રહ્યો હોય, બાહ્ય દ્રવ્યનો અભાવ હોય.) પ્રસ્તુતમાં 'દ્રવ્યસ્તવ સો પલ(માપવિશેષ) તુલ્ય અને ભાવસ્તવ પર્વત તુલ્ય છે.' એવો ગર્ભાર્થ છે. ॥૧૯૫॥ આ જ વાત સ્પષ્ટ કરે છે- જે

व्ययेनेत्वरमपि निग्रहं न करोति वन्दनादावविहात्मनः क्षुद्रः, सदाऽसौ यावज्जीवं सर्वत्यागेन कथं कुर्यादात्मनो निग्रहमिति गाथार्थः ॥ १९६॥ अनयोरेव गुरुलाघवविधिमाह- **'आरंभच्चाएणं नाणाइगुणेसु वड्ढमाणेसु। दव्वथयपरिहाणीवि ण होइ दोसाय परिसुद्धा'॥ १९७॥** आरम्भत्यागेन हेतुना ज्ञानादिगुणेषु वर्द्धमानेषु सत्सु द्रव्यस्तवहानिरपि तत्कर्तुर्दोषाय न भवति परिशुद्धा=सानुबन्धा, इति गाथार्थः ॥ १९७॥ इहैव तन्त्रयुक्तिमाह- **'एत्तो च्चिय णिदिट्ठो धम्मम्मि चउव्विहम्मि वि कमोयं। इह दाणसीलतवभावणामए अण्णहाऽजोगा'॥ १९८॥** अत एव द्रव्यस्तवादिभावान्निर्दिष्टो भगवद्भिर्धर्मे चतुर्विधेऽपि क्रमोऽयं वक्ष्यमाणः। इह=प्रवचने दान-शीलतपोभावनामये धर्मे, अन्यथाऽयोगादस्य धर्मस्येति गाथार्थः॥ १९८॥ एतदेवाह- **'संतंपि बज्झमणिच्चं ठाणे दाणंपि जो न वियरेइ। इय खुद्दओ कहं सो सीलं अइदुद्धरं धरइ'॥ १९९॥ 'अस्सीलो ण य जायइ सुद्धस्स तवस्स हंदि विसओवि। जहसत्तीएऽतवस्सी भावइ कहं भावणाजालं'॥ २००॥** सद्=विद्यमानं, बाह्यं=आत्मनो भिन्नं, अनित्यं=अशाश्वतं स्थाने=पात्रादौ, दानमपि पिण्डादि, यो न वितरति=न ददाति क्षौद्र्यात्, इय=एवं क्षुद्रो=वराकः कथमसौ शीलं महापुरुषासेवितमतिदुर्द्धरं धारयति ? नैवेति गाथार्थः ॥ १९९॥ अशीलश्च न जायते शुद्धस्य तपसो मोक्षाङ्गभूतस्य, हन्दि विषयोऽपि। यथाशक्ति वाऽतपस्वी मोहपरतया भावयति कथं भावनाजालम् ? तत्त्वतो नैवेति गाथार्थः॥ २००॥ **'एत्थ कमे दाणधम्मो दव्वथयरूवमो गहेयव्वो। सेसाउ सुपरिसुद्धा णेया भावत्थयसरूवा'॥ २०१॥** अत्र क्रमे दानधर्मो द्रव्यस्तवरूप एव ग्राह्योऽप्रधानत्वात्।

---

વ્યક્તિ બાહ્ય-ધનત્યાગઆદિદ્વારા ચૈત્યવંદનઆદિ વખતે અલ્પકાળ માટે પણ પોતાનો(=પોતાના સંક્લિષ્ટ મનનો) નિગ્રહ કરતો નથી, તે વ્યક્તિ યાવજ્જીવ સર્વસ્વનો ત્યાગ કરી શી રીતે આત્માનો નિગ્રહ કરી શકે ? અર્થાત્ ન જ કરી શકે. (પાણી જેવી છાસને પણ માંડ પચાવી શકતો ચોખ્ખા ઘીથી પેટ ભરવાની પ્રવૃત્તિ કરે તે હાસ્યાસ્પદ છે. દ્રવ્યસ્તવઆદિથી વંદનાદિવખતે અલ્પ અલ્પ નિગ્રહ કરીને સમર્થ બનેલો પછી સર્વસ્વનો ત્યાગ કરી આત્માનો સર્વથા નિગ્રહ કરી શકે.) ॥૧૯૬॥ દ્રવ્યસ્તવ અને ભાવસ્તવના ગૌરવ-લાઘવની વિધિ કહે છે- (અન્ય અન્ય) આરંભોના ત્યાગથી જ્ઞાનાદિ ગુણો વૃદ્ધિ પામ્યા પછી દ્રવ્યસ્તવમાં કરાતો ઘટાડો તે દ્રવ્યસ્તવના કર્તામાટે દોષરૂપ બનતો નથી, પરંતુ ભાવસ્તવના અનુબંધથી યુક્ત હોવાથી પરિશુદ્ધ જ છે. ॥૧૯૭॥ પ્રસ્તુતમાં સિદ્ધાંતની યુક્તિ બતાવે છે- દ્રવ્યસ્તવઆદિનો ક્રમ હોવાથી જ ભગવાને (શાસનમાં) દાન, શીલ, તપ અને ભાવના રૂપ ચાર પ્રકારના ધર્મમાં નીચે બતાવેલો ક્રમ કહ્યો છે, કારણ કે આ ક્રમ વિના ધર્મ સંભવી ન શકે. ॥૧૯૮॥ આ જ ક્રમ દર્શાવે છે- ધનવગેરે બાહ્ય ચીજો પોતાનાથી ભિન્ન છે અને અનિત્ય છે. આવી બાહ્ય વસ્તુ પાસે હોવા છતાં ક્ષુદ્રતાથી પાત્રમાં આહારઆદિનો નિયોગ નહીં કરતો રંક દાનધર્મ પણ પાળી શકતો નથી, તો તે રાંકડો મહાપુરુષોએ સેવેલા શીલને શી રીતે ધારી શકે ? ॥૧૯૯॥ અને જે શીલને પાળી નથી શકતો, તે મોક્ષના અંગભૂત શુદ્ધ તપને કેવી રીતે આચરી શકે ? જે યથાશક્તિ તપ કરવા તૈયાર નથી, તે મોહાધીન માનવ ભાવનાઓના સમુદાયને શી રીતે ભાવી શકશે ? (ધન-ઇન્દ્રિય-શરીર અને મન આ ચારમાં પૂર્વ-પૂર્વના વધુ બાહ્ય-દૂર છે અને તેથી પૂર્વ-પૂર્વનાઅંગે આત્માનો નિગ્રહ કરવામાં અશક્ત વ્યક્તિ ઉત્તર-ઉત્તર અંગે આત્માનો નિગ્રહ કરવામાં સમર્થ ન બની શકે, તેથી ક્રમશઃ તે ચારને આશ્રયી આત્મનિગ્રહ કરવા દાન-શીલ-તપ અને ભાવ ધર્મ છે, ઇત્યાદિ સૂક્ષ્મ વિચારણા કરવા જેવી છે.) ॥૨૦૦॥ અહીં ક્રમમાં દાનધર્મ દ્રવ્યસ્તવરૂપ સમજવો, કારણ કે તે ઉત્તરના ત્રણની અપેક્ષાએ અપ્રધાન છે. બાકીના સુપરિશુદ્ધ શીલ વગેરે ત્રણ ધર્મો પ્રધાન હોવાથી ભાવસ્તવસ્તરૂપ છે. ॥૨૦૧॥ આ બાબતમાં અતિદેશ બતાવે છે- 'આ પ્રમાણે આગમયુક્તિઓ દ્વારા તે-તે સૂત્રને ઉદ્દેશીને ધીરપુરુષોએ દ્રવ્યસ્તવવગેરેનું સ્વરૂપ બરાબર વિચારીને સ્વબુદ્ધિથી જ વિવેક કરવો અને આ દ્રવ્યસ્તવરૂપ છે કે ભાવસ્તવરૂપ છે' ઇત્યાદિ વિભાગ કરવો

शेषास्तु सुपरिशुद्धाः शीलधर्मादयो ज्ञेया भावस्तवरूपाः प्रधानत्वात्॥ २०१॥ इहैवातिदेशमाह- **'इय आगम-जुत्तीहि य तं तं सुत्तमहिगिच्च धीरेहिं। दव्वथयाइरूवं विवेइयव्वं सबुद्धीए'॥ २०२॥** 'इय' एवमागम-युक्तिभिस्तत्तत्सूत्रमधिकृत्य धीरैः=बुद्धिमद्भिर्द्रव्यस्तवादिरूपं सम्यगालोच्य विवेक्तव्यं स्वबुद्ध्या। इति गाथार्थः॥ २०२॥ उपसंहारमाह- **'एसेह थयपरिण्णा समासओ वण्णिया मए तुब्भं। वित्थरतो भावत्थो इमीए सुत्ताउ णायव्वो'॥ २०३॥** एषेह स्तवपरिज्ञापद्धतिः समासतो वर्णिता मया युष्माकम्। विस्तरतो भावार्थोऽस्याः स्तवपरिज्ञायाः सूत्राद् ज्ञातव्य इति। शिवम्॥ २०३॥ *जयइ थयपरिण्णा सारनिट्ठा सुवन्ना, सुगुरुकयऽणुन्ना दाणवक्खाणगुन्ना। नयनिउणपइन्ना हेउदिट्ठंतपुन्ना, गुणगणपरिकिन्ना सव्वदोसेहिं सुन्ना॥ १॥ इति स्तवपरिज्ञया किमपि तत्त्वमुच्चैस्तरां* ***यशोविजयवाचकै****र्यदुदभावि भावार्जितम्। ततः कुमतवासनाविषविकारवान्तेर्बुधाः। सुधारसपानतो भवत तृप्तिभाजः सदा॥ २॥ तन्त्रैः किमन्यैर्भग्नैव भ्रान्तिः स्तवपरिज्ञया। ध्वस्ता पान्थतृषा नद्याः कूपाः सन्तु सहस्रशः॥ ३॥* ॥ ६७॥ सर्वलुम्पकमतमुपसंहरन्नाह—

**इत्येवं शुचिसूत्रवृन्दविदिता निर्युक्तिभाष्यादिभिः**
**सन्न्यायेन समर्थिता च भगवन्मूर्तिः प्रमाणं सताम्।**
**युक्तिस्त्वन्धपरम्पराश्रयहता मा जाघटीद्दुर्धिया-**
**मेतद्दर्शनवञ्चिता दृगपि किं शून्येव न भ्राम्यति॥ ६८॥**

---

॥૨૦૨॥ ઉપસંહાર કરતાં કહે છે- આ પ્રમાણે મેં તમને સંક્ષેપથી **સ્તવપરિજ્ઞા**નું સ્વરૂપ બતાવ્યું. આ **સ્તવપરિજ્ઞા**નો વિસ્તારથી ભાવાર્થ સૂત્રમાંથી સમજી લેવો. 'इति शिवम्॥' સારનિષ્ઠ, સુ-વર્ણવાળી(સારા વર્ણાક્ષરોથી સભર), સુગુરુએ અનુજ્ઞાત કરેલી, દાનવ્યાખ્યાનગુણવાળી, નયનિપુણોથી (અવશ્ય કર્તવ્ય તરીકે) પ્રતિજ્ઞા કરાયેલી, હેતુ અને દૃષ્ટાંતથી પૂર્ણ, ગુણ સમુદાયથી ઊભરાતી, સર્વદોષોથી રહિત એવી આ સ્તવપરિજ્ઞા જય પામે છે. (અહીં **સ્તવપરિજ્ઞાને** સુવર્ણની ઉપમા આપી છે. તેથી **સ્તવપરિજ્ઞાના** વિશેષણો સુવર્ણમાં પણ યથાયોગ્ય ઘટાવવા. જેમકે સારનિષ્ઠ=સુવર્ણ બધા ધાતુઓમાં સૌથી વધુ સારભૂત છે, તેમ **સ્તવપરિજ્ઞા** પણ સર્વ પરિજ્ઞામાં સૌથી વધુ સારભૂત છે. ઇત્યાદિ. આ ગાથા **અવચૂરિકાર મહો. યશોવિજયજીએ** બનાવી છે.) ॥૧॥ આ પ્રમાણે **શ્રી યશોવિજય વાચકવડે** સ્તવપરિજ્ઞા દ્વારા કાંઇક (અવર્ણનીય), શ્રેષ્ઠ અને ભાવથી સભર જે તત્ત્વ પ્રગટ કરાયું; કુમતરૂપ વાસનાના ઝેરના વિકારને વમી નાખનારા તે તત્ત્વરૂપ સુધારસના પાનથી હે પ્રાજ્ઞો ! તમે હંમેશા તૃપ્ત રહો ॥૨॥ (જો) સ્તવપરિજ્ઞાથી જ ભ્રમ ભાંગી જાય છે, તો અન્ય તંત્રો(=સિદ્ધાંતો કે યુક્તિઓ)થી સર્યું. નદીથી જ મુસાફરની તૃષા દૂર થતી હોય, તો ભલે હજારો કૂવાઓ રહો. (અર્થાત્ તેઓથી કોઇ પ્રયોજન નથી.) ઇતિ ॥૩॥ (આ **સ્તવપરિજ્ઞાના** ગુર્જરાનુવાદથી પ્રાપ્ત થયેલું સુકૃત સર્વના શ્રેયઃ માટે થાઓ. સૂત્રકાર અને અવચૂરિકારના આશયવિરુદ્ધ કે વીતરાગની આજ્ઞાવિરુદ્ધ જે કંઇ કથન મતિમંદતાથી થયું હોય તે બદલ મિચ્છા મિ દુક્કડમ્) **॥૬૭॥** પ્રતિમાલોપકની આ સઘળી માન્યતાનો ઉપસંહાર કરતા કહે છે—

**કાવ્યાર્થ :-** ઉપર બતાવ્યું તેમ નિર્દોષસૂત્રસમુદાયદ્વારા પ્રસિદ્ધ થયેલી અને નિર્યુક્તિભાષ્યવગેરે(વગેરેથી ચૂર્ણિ-વૃત્તિ વગેરે શ્રેષ્ઠ પ્રકરણો)થી સારી યુક્તિથી સમર્થિત(=નિષ્કલંક તરીકે નિશ્ચિત કરાયેલી) જિનપ્રતિમા સજ્જનોને આરાધ્ય વગેરેરૂપે પ્રમાણ છે. દુર્જનોની અંધપરંપરાનો આશ્રય કરવાથી હણાયેલી યુક્તિ તો સુતરાં ન ઘટો, પણ જિનપ્રતિમાના દર્શનથી વંચિત રહેલી તેઓની આંખ પણ જાણે શૂન્ય થઇને શું ભમતી નથી ? અર્થાત્ અવશ્ય ભમે છે.

પ્રતિમાલોપકોની, 'અંધપરંપરા આશ્રયણીય છે' એવી સ્વીકૃતિરૂપ યુક્તિ તો અભ્યુપગમથી જ હણાયેલી

(**दंडान्वयः**→ इत्येवं शुचिसूत्रवृन्दविदिता निर्युक्तिभाष्यादिभिश्च सन्न्यायेन समर्थिता भगवन्मूर्तिः सतां प्रमाणम्। दुर्धियामन्धपरम्पराश्रयहता युक्तिस्तु मा जाघटीत्। एतद्दर्शनवञ्चिता दृगपि किं शून्येव न भ्राम्यति॥)

'इत्येवं' इति। उक्तरीत्या *शुचिना*=निर्दोषेण सूत्रवृन्देन विदिता **निर्युक्तिभाष्यादिभिः**, आदिना **चूर्णि-वृत्तिसर्वोत्तमप्रकरणपरिग्रहः**। *सन्न्यायेन*=सद्युक्त्या च *समर्थिता*=निष्कलङ्कनिश्चयविषयीकृता भगवन्मूर्तिः *सतां*=शिष्टानां प्रमाणमाराध्यत्वादिना युक्तिस्तु *दुर्धियां*=दुष्टबुद्धीनामन्धपरम्पराश्रयणीयेत्यभ्युपगमरूपा, तया हता सती मा *जाघटीत्*=मा सुतरां घटिष्ठ युक्तनिरासपरम्परायां युक्तिग्रहणस्यानुपपन्नत्वात्। *एतद्दर्शनेन*=भगवन्मूर्तिदर्शनेन वञ्चिता *दृगपि*=दृष्टिरपि किं शून्येव न भ्राम्यति ? अपि तु भ्राम्यत्येव। 'तिलकयुतललाटभ्राजमानाः स्वभाग्याङ्कुरमिव समुदीतं दर्शयन्ते जनानाम्। स्फुरदगुरुसुमालीसौरभोद्गारसाराः कृतजिनवरपूजा देवरूपा महेभ्याः' ॥ १ ॥ 'आनन्द-मान्तरमुदाहरन्ती रोमाञ्चिते वपुषि सस्पृहमुल्लसन्ती। पुंसां प्रकाशयति पुण्यरमासमाधिसौभाग्यमर्चनकृतां निभृता दृगेव' ॥ २ ॥ 'स्पृशति तिलकशून्यं नैव लक्ष्मीर्ललाटं मृतसुकृतमिव श्रीः शौचसंस्कारहीनम्। अकलित-भजनानां वल्कलान्येव वस्त्राण्यपि च शिरसि शुक्लं छत्रमप्युग्रभारः' ॥ ३ ॥ 'अकृतार्हत्पूजस्य तस्करस्येव लोचने। शोचनेनैव संस्पृष्टे गुप्तपातकशङ्किते' ॥ ४ ॥ ॥ ६८ ॥

**प्राप्या नूनमुपक्रिया प्रतिमया नो कापि पूजाकृतां**
**चैतन्येन विहीनया तत इयं व्यर्थेति मिथ्या मतिः।**
**पूजाभावत एव देवमणिवत्सा पूजिता शर्मदे-**
**त्येतत्तन्मतगर्वपर्वतभिदावज्रं बुधानां वचः॥ ६९ ॥**

---

છે, કારણ કે યુક્તિઓને દૂર કરવાની પરંપરામાં ઉત્પન્ન થયેલાઓ યુક્તિ ગ્રહણ કરે તે જ અસંગત છે, પણ વિશેષ વાત એ છે કે ભગવાનની મૂર્તિના દર્શનથી વંચિત રહેલી તેઓની આંખ શું જાણે કે શૂન્ય ન હોય એમ ભમતી નથી ? અર્થાત્ અવશ્ય ભમે છે. (**તાત્પર્ય :-** પ્રતિમાલોપકો પ્રતિમાની પૂજ્યતા યુક્તિસિદ્ધ હોવા છતાં ન સ્વીકારે, તે તો માની લઇએ, કારણ કે તેઓને યુક્તિસાથે ફાવતું નથી. પણ તેઓ આંખને પણ અલૌકિક વીતરાગભાવપ્રદર્શક, કરુણાભાવમગ્ન પ્રતિમાના દર્શનથી પવિત્ર કરવાનું છોડી બીજે ત્રીજે ભટકાવે છે, તો ખરેખર એમની આંખો પણ જાણે શૂન્ય બની ભટક્યા કરતી લાગે છે, અર્થાત્ જો તેઓ એકવાર પણ મધ્યસ્થ ભાવે જિનપ્રતિમાના દર્શન કરે, તો પ્રતિમાને પૂજ્યા વગર નહીં રહે. પ્રતિમાની પૂજ્યતા પ્રત્યક્ષસિદ્ધ થઇ ગયા પછી કોઇ યુક્તિની જરુરત નહીં રહે)

'તિલકથી સભર લલાટથી શોભતા અને સ્ફાર અગુરુ અને પુષ્પમાળા વગેરેની સુરભિમય ઉદ્ગારથી શ્રેષ્ઠ બનેલા તથા જિનપૂજા કરેલા દેવતુલ્ય મોટા શ્રેષ્ઠીઓ (લલાટમાં રહેલા તિલકના બહાને) લોકોને જાણે કે સારી રીતે ઉદય પામેલા પોતાના ભાગ્યના અંકુરા જ બતાવી રહ્યા છે.' ॥૧॥ 'પ્રતિમા પૂજા કરનારા પુરુષોની આંતરિક વિશાળ આનંદને બહાર પ્રગટ કરતી , તથા રોમાંચિત થયેલા શરીરની સ્પૃહા સહ ઉલ્લાસ પામતી નિભૃત આંખો પુણ્યરૂપી લક્ષ્મીની સમાધિનું સૌભાગ્ય પ્રકાશિત કરે છે.' ॥૨॥ 'અકલિતભજન=પરમાત્મભક્તિને નહીં જાણનારાઓના જાણે કે સુકૃત નષ્ટ થયા હોવાથી તિલક વિનાના લલાટને (જેઓ પરમાત્મપૂજા વગેરે કરતા નથી, તેઓના કપાળપર પ્રભુઆજ્ઞાજ્ઞાપક ચાંદલો હોતો નથી.) લક્ષ્મી સ્પર્શતી નથી.(=એમના લલાટે લક્ષ્મી લખાયેલી નથી.) જેમ કે શૌચ-સંસ્કાર વિનાનાને શ્રી=શોભા સ્પર્શતી નથી. ઝાડની છાલ જ વસ્ત્રો હોય અને માથે સફેદ છત્ર હોય, તો તે છત્ર માત્ર ભારરૂપ જ છે, શોભારૂપ નહિ.' ॥૩॥ 'અરિહંતની પૂજા નહિ કરનારાની ગુપ્ત પાપથી શંકિત આંખો ચોરની આંખોની

(दंडान्वयः→ नूनं चैतन्येन विहीनया प्रतिमया नो कापि पूजाकृतां उपक्रिया प्राप्या। तत इयं व्यर्थेति मतिः मिथ्या। पूजिता सा देवमणिवत् पूजाभावत एव शर्मदा इत्येतद् बुधानां वचस्तन्मतगर्वपर्वतभिदावज्रम्॥)

'प्राप्या नूनमुपक्रिया' इत्यादि वृत्तमवगतार्थम्। 'एवं युक्त्या शम्भोर्भक्त्या सूत्रव्यक्त्या लुम्पाकाश्चित्तोद्रिक्ता मायासिक्ताः क्लृप्ता रिक्ताः किम्पाकाः। एतत्पुण्यं शिष्टैर्गुण्यं, निर्वैगुण्यं सद्बोधैस्तत्त्वं बोध्यं नीत्या शोध्यं नैवायोध्यं निष्क्रोधैः'॥ १॥ 'आत्मारामे शुक्लाश्यामे हृद्विश्रामे विश्रान्तास्त्रुट्यद्बन्धाः श्रेयःसन्धाश्चित्सम्बन्धादभ्रान्ताः। अर्हद्भक्ताः युक्तौ रक्ता विद्यासक्ता येऽधीता निष्ठा तेषामुच्चैरेषा तर्कोल्लेखा निर्णीता'॥ २॥॥ ६९॥

**॥ सर्वमपि लुम्पकमतं निराकृतम् ॥**

---

જેમ માત્ર શોકથી જ સ્પર્શાયેલી હોય છે.' ॥૪॥ ॥૬૮॥

**કાવ્યાર્થ :-** 'ચૈતન્ય વિનાની પ્રતિમાથી પૂજા કરનારાઓને કોઇ ઉપકાર પ્રાપ્ત થતો નથી. તેથી આ પ્રતિમા વ્યર્થ છે' એવી બુદ્ધિ ખોટી છે. પૂજાયેલી પ્રતિમા પૂજાઅંગેની ભાવનાથી જ ચિંતામણિ રત્નની જેમ સુખ દેનારી બને છે. પ્રાજ્ઞ પુરૂષોના આ વચન પ્રતિમાલોપકના પૂર્વોક્ત મતના ગર્વપર્વતને ભેદી નાખવા વજ્ર સમાન છે.

## પ્રતિમા ચિંતામણિતુલ્ય

આ કાવ્યનો અર્થ સુગમ છે. (પ્રતિમા સ્વયં ભલે ફળ ન આપે, પણ પરમાત્માનું સ્મરણવગેરે કરાવવાદ્વારા પૂજકના શુભભાવમાં આલંબનભૂત બને છે. આ શુભભાવો મોહનીય-અંતરાયવગેરે કર્મોનો ક્ષયોપશમવગેરે કરવાદ્વારા પૂજકને આધ્યાત્મિક-ભૌતિક ઊભય પ્રકારના ફળ દેનારા બને છે. માટે વિવેકી આત્માએ અવશ્ય પ્રતિમા=સ્થાપના-નિક્ષેપાના પરમાત્માનું શરણું સ્વીકારવું જ જોઇએ, તેમાં પણ દ્રવ્ય-ભાવ પરમાત્માની ગેરહાજરીમાં તો આ સ્થાપનાના પરમાત્મા જ મુખ્ય શરણ્ય છે. વળી, અત્યારના આ સ્થાપનાનિક્ષેપાના પરમાત્માને પરમાત્મબુદ્ધિથી પૂજવાથી સંસ્કારની એક મૂડી ઊભી થાય છે. પછી પરભવમાં સાક્ષાત્ પરમાત્મા કે પરમાત્માની સ્થાપના નજરે ચડી જાય, ત્યારે એ સંસ્કારો જાગૃત થઇને જાતિસ્મરણવગેરે કરાવવાદ્વારા આરાધનાના તૂટી ગયેલા દોરને ફરીથી સાંધી આપે છે. વળી, માત્ર મનના ભાવો કરતાં ભાવપૂર્વકની ક્રિયાઓ વધુ દઢ સંસ્કાર ઊભા કરે છે. તથા, મોટે ભાગે માત્ર મનના ભાવો જાતિસ્મરણમાં ભાગ ભજવતા નથી, જ્યારે કેટલીકવાર ભાવ વિના કરેલી ક્રિયા પણ જાતિસ્મરણ કરાવી દે છે. આમ બાહ્ય સાધનો પરભવમાં જાતિસ્મરણવગેરે કરાવવામાં ખૂબ સહાયક બને છે. માટે પણ પ્રતિમા સ્વીકરણીય છે.) ''આ પ્રમાણે શંભુ (=પરમાત્મા-અરિહંત)ની ભક્તિથી રચેલી અને સૂત્રથી વ્યક્ત થતી યુક્તિથી ચિત્તમાં ઉદ્રિક્ત(=મોહથી ભરેલા ચિત્તવાળા) થયેલા તથા કિંપાક જેવા(આપાત રમણીય પરિણામ દારુણ) અને માયાથી સિંચાયેલા પ્રતિમાલોપકો સર્વથા ખાલી છે. (અર્થાત્ યુક્તિ વિનાના છે.) સદ્બોધવાળા, ક્રોધ વિનાના(=ઉપશાંત) શિષ્ટ પુરુષોએ આ પવિત્ર-તત્ત્વને ગુણકારી અને દોષ વિનાનું સમજવું. તથા તેમાં રહેલી ક્ષતિ દૂર કરી નીતિથી પરિશુદ્ધ કરવું, પણ યુદ્ધ ન કરવું. (અર્થાત્ એમાં વિરોધ દર્શાવવાદ્વારા સામા ન પડવું.)' ॥૧॥ 'શ્યામલતા(=કપટ) વિનાના ઉજ્જ્વળ(=નિર્મળ) અને મનોહર વિશ્રામવાળા આત્મારામમાં (આત્મારૂપ બગીચામાં) વિશ્રામ(=આરામ) કરેલા, તથા તૂટતાં બંધવાળા(અર્થાત્ તૂટી રહેલા કર્મબંધવાળા) તથા શ્રેયઃ(=કલ્યાણ અથવા મોક્ષ)ની પ્રતિજ્ઞાવાળા- જ્ઞાનના સંબંધને કારણે (જ્ઞાની હોવાથી)-અભ્રાંત, યુક્તિમાં રત(=યુક્તિપ્રિય) અને વિદ્યામાં આસક્ત એવા જે અરિહંતભક્તો છે, તેઓએ આ નિર્ણીત થયેલા તર્કોના ઉલ્લેખો અત્યંત ભણેલા છે.(=તેઓને આ તર્કો અત્યંત પરિચિત છે.)' ॥૨॥ ॥૬૯॥

**આ પ્રમાણે પ્રતિમાલોપકોની બધી માન્યતાઓનું નિરાકરણ કર્યું. - શુભમ્ ।**

वृषोदनुसारिणो मतमुपन्यस्य दूषयति–

**वन्द्याऽस्तु प्रतिमा तथापि विधिना सा कारिता मृग्यते,**
**स प्रायो विरलस्तथा च सकलं स्यादिन्द्रजालोपमम् ।**
**हन्तैवं यतिधर्मपौषधमुखश्राद्धक्रियादेर्विधे-**
**र्दौलभ्येन तदस्ति किं तव न यत् स्यादिन्द्रजालोपमम् ॥ ७० ॥**

(**दंडान्वयः**→ प्रतिमा वन्द्याऽस्तु तथापि सा विधिना कारिता मृग्यते, स च प्रायो विरलः। तथा च सकलमिन्द्रजालोपमं स्यात्। हन्त ! एवं यतिधर्मपौषधमुखश्राद्धक्रियादेर्विधेर्दौलभ्येन किं तदस्ति तव यन्नेन्द्रजालोपमं स्याद् ॥)

'वन्द्यास्तु'इत्यादिना। ननु प्रतिमा वन्द्याऽस्तूक्ताक्षरशतैस्तथाव्यवस्थितेः। तथापि सा विधिना कारिता मृग्यते, सम्यग्भावितानामेव प्रतिमानां भावग्रामत्वेनाभिधानात्। स विधिः प्रायो विरल ऐदंयुगीनानां प्रायोऽविधिप्रवृत्तत्वस्य प्रत्यक्षसिद्धत्वात्। तथा च सकलं प्रतिमागतं पूजाप्रतिष्ठावन्दनादिकमिन्द्रजालोपमं स्याद् महतोऽप्याडम्बरस्यासत्यालम्बनत्वात्। हन्तेति प्रत्यवधारणे। *एवं*=प्रतिमावदेव, *यतिधर्मः*=चारित्राचारः। *पौषधः*=श्राद्धानां पर्वदिनानुष्ठानम्। *तन्मुखा*=तदादिर्या श्राद्धक्रिया, तदादिर्यो विधिः, आदिनाऽपुनर्बन्धकाद्युचिताचारपरिग्रहः।

---

## ધર્મસાગરમત ખંડન

હવે **ઉપાધ્યાય ધર્મસાગરના** મતનો ઉપન્યાસ કરી તેમાં દોષ દર્શાવે છે–

**કાવ્યાર્થ :-** 'પ્રતિમા ભલે વંદનીય હો ! પણ વિધિથી કરાયેલી પ્રતિમાની જ માર્ગણા-ગવેષણા કરવી. પણ અત્યારના કાળમાં તો એ વિધિ અત્યંત વિરલ છે. તેથી પૂજા વગેરે બધું જ ઇંદ્રજાલ તુલ્ય છે.' જો એમ હોય, તો સાધુધર્મની અને શ્રાવકની પૌષધક્રિયા વગેરેની વિધિ પણ અત્યારના દુર્લભ છે. તેથી એવું શું છે કે જેથી તારા માટે બધી ક્રિયાઓ ઇંદ્રજાલ સમાન નથી ?

## વર્તમાનમાં વિધિની પ્રાપ્તિ દુર્લભ

**ધર્મસાગર ઉપાધ્યાય :-** ઉપરોક્ત સેંકડો સાક્ષી અને યુક્તિઓથી પ્રતિમા પૂજનીય તરીકે સિદ્ધ થાય છે; તેથી પ્રતિમા પૂજનીય જ છે, તેમાં કોઇ વિવાદ નથી. પરંતુ જે તે પ્રતિમાને વંદન કરવું જોઇએ નહીં, પરંતુ જે પ્રતિમા વિધિમુજબ કરાયેલી હોય અને જેની પ્રતિષ્ઠા વગેરે પણ વિધિસર થઇ હોય, એ જ પ્રતિમા વંદનીય છે કારણ કે શાસ્ત્રમાં સમ્યગ્ભાવિત પ્રતિમા જ ભાવગ્રામતરીકે ઓળખાવી છે. પ્રતિમાઅંગેની આ વિધિ અત્યારે પ્રાયઃ વિરલ છે, કારણ કે આધુનિક લોકો પ્રાયઃ કરીને અવિધિમાં જ પ્રવૃત્ત થતાં પ્રત્યક્ષથી દેખાય છે. તેથી પ્રતિમાને આશ્રયીને થતો પૂજા-પ્રતિષ્ઠાવગેરે મોટો પણ આડંબર અસત્યને અવલંબીને હોવાથી ઇંદ્રજાલ જેવો છે-અર્થાત્ નિરર્થક છે. પ્રતિમા પોતે જ અવિધિથી હોવાથી અસત્ હોય, પછી તેને અવલંબીને થતી પૂજા વગેરે કેવી રીતે સત્યરૂપ બની શકે ?

**ઉત્તરપક્ષ :-** આ જ પ્રમાણે ચારિત્રાચાર તથા શ્રાવકે ચૌદશવગેરે પર્વતીથિએ આચરણીય પૌષધવગેરે તથા અપુનર્બંધકવગેરેને ઉચિત આચારો - આ બધામાં વિધિમુજબ પ્રવૃત્તિ આ પાંચમા આરામાં અતિદુર્લભ છે. તેથી પ્રતિમાની જેમ આ બધી ક્રિયા પણ અસત્ છે. તેથી તમે આ બધા આચારોનો જે આડંબર કરો છો, એ પણ ઇંદ્રજાલની જેમ વ્યર્થ જ સિદ્ધ થશે. કારણ કે બન્ને સ્થળે ન્યાય તુલ્ય છે.

**ધર્મસાગર ઉપાધ્યાય :-** આ તો તમે પ્રતિબંદિ બતાવી. અને પ્રતિબંદિનો ઉત્તર આપી શકાય નહીં.

तस्य दुष्षमायां दुर्लभत्वेन तत्किमस्ति यत् तवेन्द्रजालोपमं न स्यात्, न्यायस्य समानत्वात् ? **न चेयं** प्रतिबन्दिः सा चानुत्तरमिति वाच्यम्, **तत्समाधानेन** समानसौलभ्यस्य विवक्षितत्वात् ॥ ७० ॥ तदाह–

**योगाराधनशंसनैरथ विधेर्दोषः क्रियायां न चेत् ?**
**तत्किं न प्रतिमास्थलेऽपि सदृशं प्रत्यक्षमुद्वीक्ष्यते ।**
**किञ्चोक्ता गुरुकारितादिविषयं त्यक्त्वाग्रहं भक्तितः,**
**सर्वत्राप्यविशेषतः कृतिवरैः पूज्याकृतेः पूज्यता ॥ ७१ ॥**

(**दंडान्वयः**→ अथ विधेः योगाराधनशंसनैः क्रियायां न दोष इति चेत् ? तत्किं प्रतिमास्थलेऽपि प्रत्यक्षं सदृशं नोद्वीक्ष्यते ? किञ्च कृतिवरैः गुरुकारितादिविषयमाग्रहं त्यक्त्वा भक्तितः सर्वत्रापि अविशेषतः पूज्याकृतेः पूज्यतोक्ता ॥)

'योग'इत्यादि । *योगो*=विधिकर्त्रनुकूलपरिवारसम्पत्तिः, *आराधनम्*=आत्मनैव निर्वाहः । *शंसनं च*= बहुमानः । तैरुपलक्षणादद्वेषश्च, तैर्विधेरथ क्रियायां चेन्न दोषः ? तत्किं विधियोगादिनाऽदुष्टत्वं प्रतिमास्थलेऽपि सदृशं नोद्वीक्ष्यते ? उद्वीक्षणीयमिदमपि । **तदुक्तं** → '*विहिसारं चिय सेवइ सद्धालू सत्तिमं अणुट्ठाणं । दव्वाइदोस-निहओवि पक्खवायं वहइ तम्मि*' ॥ १ ॥[सम्बोधप्रक० १९२, धर्मरत्नप्रक० ९१] '*धन्नाणं विहिजोगो विहिपक्खा-राहगा सया धन्ना । विहिबहुमाणा धन्ना, विहिपक्खअदूसगा धन्ना*' ॥ २ ॥ [सम्बोधप्रक० ८४४, दर्शनशुद्धिप्रक०

---

**ઉત્તરપક્ષ :-** એમ આકળા ન થાવ. તમે તમારા આચારોને 'યથાશક્તિ' 'ભાવશુદ્ધિ' વગેરે જે કારણોથી સાચા ઠેરવશો, એ જ ઉત્તર પ્રતિમાની પૂજાવગેરેઅંગે આપી શકાય છે. આમ બન્ને સ્થળે ઉત્તર આપવા સુલભ જ છે, એમ જ અમારે બતાવવું છે. **॥૭૦॥**

કારણો બતાવે છે—

**કાવ્યાર્થ :-** જો, 'યોગ, આરાધના અને શંસન(=બહુમાન) આ બધા કારણથી કરાતી વિધિની ક્રિયામાં દોષ નથી' એમ કહેશો, તો પ્રતિમાના વિષયમાં રહેલી સાક્ષાત્ સદૃશતાને તમે કેમ જોતા નથી ? વળી શાસ્ત્રજ્ઞ પુરુષોએ તો 'ગુરુવડે કરાવાઇ છે કે નહિ' ઇત્યાદિઅંગેનો આગ્રહ છોડીને ભક્તિપૂર્વક સર્વત્ર અવિશેષપણે પૂજ્યાકૃતિ=પૂજ્યની પ્રતિમા પૂજ્ય છે, તેમ કહ્યું છે.

## અવિધિયુક્ત ક્રિયા ક્યારે ગુણકારી ?

**ધર્મસાગર ઉપાધ્યાય :-** યોગ=વિધિકર્તાને અનુકૂળ પરિવારની પ્રાપ્તિ. આરાધના=પોતે વિધિક્રિયા કરે, અને શંસન=વિધિક્રિયાની કે તે કરનારાની પ્રશંસા અને ઉપલક્ષણથી વિધિક્રિયામાં પ્રવૃત્ત થયેલા પર અથવા વિધિક્રિયા પર અદ્વેષ. અર્થાત્ વિધિનો યોગ, વિધિની આરાધના, વિધિનું બહુમાન અને વિધિપર અદ્વેષ - આ ચાર હેતુઓથી ચારિત્રાચારવગેરે ક્રિયામાં દોષ નથી.

**ઉત્તરપક્ષ :-** વિધિયોગાદિના કારણે પ્રતિમાસ્થળે પણ દોષનો અભાવ જ છે. તેથી તેની પણ ઉપેક્ષા ન કરવી જોઇએ, **શ્રાદ્ધવિધિમાં** કહ્યું જ છે કે →

*'શ્રદ્ધાળુ જીવ વિધિથી સારભૂત બનેલા અનુષ્ઠાનને જ આદરે છે, દ્રવ્યક્ષેત્રવગેરે દોષોથી ઘેરાયેલો જીવ (તેથી જ કરવામાં અશક્ત હોય તો) પણ વિધિનો પક્ષપાત તો રાખે જ છે.'* ॥૧॥ *'ધન્યોને જ વિધિનો યોગ થાય છે અને ધન્યપુરુષો જ હંમેશાં વિધિપક્ષના આરાધક હોય છે. તથા વિધિપ્રત્યે બહુમાન રાખનારા પણ ધન્ય છે અને*

२८] *'आसन्नसिद्धिआणं विहिपरिणामो हु होइ सयकालं । विहिचाओ अविहिभत्ती, अभव्वजीअदूरभव्वाणं' ॥ ३ ॥* [सम्बोधप्रक० १९३, दर्शनशुद्धिप्रक० २७] *सर्वत्र सम्यग्विधिर्ज्ञेयः कार्यश्च सर्वशक्त्या पूजादिपुण्यक्रियायां, प्रान्ते च सर्वत्राऽविध्याशातनानिमित्तं मिथ्यादुष्कृतं दातव्यमिति* **श्राद्धविधौ** । [गा० ६ टी०] विधिभक्त्युपयोगादि-साचिव्ये देवपूजादिकममृतानुष्ठानमेव, अन्ततो विध्यद्वेषस्यापि सत्त्वे प्रथमयोगाङ्गसम्पत्त्याऽनुबन्धतो विधिराग-साम्राज्ये *'एतद्रागादिदं हेतुः श्रेष्ठो योगविदो विदुः'* [योगबिन्दु १५९ पू०] इति **वचनात्** तद्धेत्वनुष्ठानरूपं, तद् द्वयमपि चादेयं भवति, विषगराननुष्ठानानामेव① हेयत्वादित्य**ध्यात्मचिन्तकाः** । अत एवाभोगानाभोगाभ्यां द्रव्यस्तवस्य यद् द्वैविध्यमुक्तं **ग्रान्थिकैस्त**दुपपद्यते । तदाहु →

*'देवगुणपरिन्नाणा तब्भावाणुगयमुत्तमं विहिणा । आचारसारं जिणपूअणं आभोगदव्वथओ' ॥ १ ॥ 'एत्तो चरित्तलाभो होइ लहु सयलकम्मणिद्दलणो । ता एत्थ सम्ममेव हि पयट्टिअव्वं सुदिट्ठीहिं' ॥ २ ॥ 'पूआविहिविरहाओ अपरिन्नाणा उ जिणगयगुणाणं । सुहपरिणामकयत्ता एसोऽणाभोगदव्वथओ' ॥ ३ ॥ 'गुणठाणठाणगत्ता एसो, एवं पि गुणकरो चेव । सुहसुहयरभावविसुद्धिहेउओ बोहिलाभाओ' ॥ ४ ॥ 'असुहक्खएण धणियं धन्नाणं आगमेसि-*

---

*વિધિપક્ષને દૂષિત નહીં કરનારા પણ ધન્ય છે.' ॥૨॥ 'આસન્નભવ્યસિદ્ધિક(=નજીકમાં મોક્ષવાળા)જીવને હંમેશા વિધિનો જ પરિણામ(=ભાવ) હોય છે, અભવ્ય તથા દૂરભવ્યોને વિધિનો ત્યાગ અને અવિધિની ભક્તિ સહજ છે.' ॥૩॥ તેથી સર્વત્ર અનુષ્ઠાનોમાં સમ્યગ્વિધિનું જ્ઞાન મેળવી પોતાની સર્વશક્તિથી પૂજાવગેરે પવિત્ર ક્રિયામાં વિધિ આદરવી જોઇએ, અને દરેક ક્રિયાને અંતે અવિધિ અને આશાતના નિમિત્તે 'મિચ્છામિ દુક્કડમ્' આપવું.*

આમ વિધિ, ભક્તિ અને ઉપયોગની હાજરીમાં થતાં અનુષ્ઠાનો અમૃત અનુષ્ઠાન છે. વિધિપ્રત્યેના અદ્વેષથી થતું અનુષ્ઠાન પણ અનુબંધથી વિધિપ્રત્યેના રાગને ખેંચી લાવનારું હોવાથી પરિણામથી તો વિધિના રાગથી સભર જ છે, કારણ કે વિધિના અદ્વેષની હાજરી યોગના(=મોક્ષસાધક પ્રવૃત્તિનાં) પ્રથમ અંગની સંપ્રાપ્તિરૂપ છે. (**ષોડશકમાં** યોગપ્રવૃત્તિના આઠ અંગમાં અદ્વેષને પ્રથમ અંગ તરીકે બતાવ્યો છે.) આ પ્રથમ યોગાંગની પ્રાપ્તિ વિધિના રાગને ખેંચી લાવે છે અને વિધિરાગની હાજરીમાં તદ્દ્હેતુઅનુષ્ઠાન બને છે, કારણ કે *'આનો(=અમૃતઅનુષ્ઠાન પ્રત્યેનો) રાગ હોવાથી આ(=ધર્મના આદિકાળમાં રહેલાનું ધર્માનુષ્ઠાન) શ્રેષ્ઠ છે, એમ યોગજ્ઞો જાણે છે.'* એવું વચન છે.

આમ વિધિપ્રત્યેના અદ્વેષથી થતું અનુષ્ઠાન પણ ફલતઃ તદ્દ્હેતુ અનુષ્ઠાન છે. અમૃત અનુષ્ઠાન અને તદ્દ્હેતુ અનુષ્ઠાન આ બે અનુષ્ઠાન આદેય છે. વિષ,ગરલ અને અનનુષ્ઠાન આ ત્રણ અનુષ્ઠાન હેય છે. એમ અધ્યાત્મચિંતકોનું મંતવ્ય છે. ઉપરોક્ત બે અનુષ્ઠાનો આદેય હોવાથી જ ગ્રંથકારોએ દ્રવ્યસ્તવના આભોગ અને અનાભોગ એમ જે બે ભેદ પાડ્યા છે, તે યુક્તિસંગત ઠરે છે. **શ્રાદ્ધવિધિમાં** આ પ્રમાણે કહ્યું જ છે કે →

*'દેવના ગુણોના જ્ઞાનથી અને તે ભાવથી સભર તથા વિધિથી ઉત્તમ (બનેલું) આચારપ્રધાન જિનપૂજન આભોગ દ્રવ્યસ્તવ છે.' ॥૧॥ 'આ દ્રવ્યસ્તવથી જલ્દીથી સઘળા ય કર્મોનો ભૂક્કો બોલાવી નાખતાં ચારિત્રનો લાભ થાય છે. તેથી આમાં(=આભોગ દ્રવ્યસ્તવમાં) સુદૃષ્ટિ=સમજુ જીવોએ સારી રીતે પ્રવૃત્ત થવું.' ॥૨॥ 'પૂજાની વિધિના અભાવથી થતું તથા જિનમાં રહેલા ગુણોઅંગેના અજ્ઞાનથી થતું પણ શુભપરિણામ પેદા કરતું અનુષ્ઠાન*

---

① विषं लब्ध्याद्यपेक्षातः इदं सच्चित्तमारणात् । महतोऽल्पार्थनाज्ज्ञेयं लघुत्वापादनात्तथा ॥१॥ दिव्यभोगाभिलाषेण, गरमाहुर्मनीषिणः । एतद्विहितनीत्यैव, कालान्तरनिपातनात् ॥२॥ अनाभोगवतश्चैतदननुष्ठानमुच्यते । सम्प्रमुग्धं मनोऽस्येति, ततश्चैतद्यथोदितम् ॥३॥ एतद्रागादिदं हेतुः श्रेष्ठो योगविदो विदुः । सदनुष्ठानभावस्य, शुभभावांशयोगतः ॥४॥ जिनोदितमिति त्वाहुर्भावसारमदः पुनः । संवेगगर्भमत्यन्तममृतं मुनिपुङ्गवाः ॥५॥ इति विषाद्यनुष्ठानलक्षणदर्शकश्लोका योगबिन्दौ १५६-१६० ।

*भद्दाणं। अमुणियगुणेवि नूणं विसए पीई समुच्छलइ'* ॥ ५ ॥ *यथा **शुकमिथुनस्यार्हद्बिम्बे**। 'होइ पओसो विसए, गुरुकम्माणं भवाभिणंदीणं। पत्थंमि आउराण व उवट्ठिए निच्छिए मरणे'* ॥ ६ ॥ *'एत्तो च्चिय तत्तण्णू जिणबिंबे जिणवरिंदधम्मे वा। असुहब्भासभयाओ पओसलेसं पि वज्जंति'* ॥ ७॥ [सम्बोधप्रक० २०३-२०४-२०५-२०६-२०७-२०८-२०९] *परकृतजिनार्चाद्विषे **कुन्तलाज्ञातम्*** ॥ [श्राद्धविधि गा० ६ टी०]

अभ्युच्चयमाह, किञ्च, गुरुकारितादिविषयमाग्रहं त्यक्त्वा *भक्तितो*=भक्तिमात्रेण सर्वत्रापि चैत्ये *अविशेषतो*= विशेषौदासीन्येन *कृतिवरैः*=मुख्यपण्डितैः, *पूज्याकृतेः*=भगवत्प्रतिमायाः पूज्यतोक्ता कालाद्यालम्बनेनेत्थमेव बोधिसौलभ्योपपत्तेः। तथा च **श्राद्धविधिपाठः** → *'प्रतिमाश्च विविधास्तत्पूजाविधौ **सम्यक्त्वप्रकरणे** इत्युक्तं- 'गुरुकारियाइं केइ अन्ने सयकारियाइ तं बिंति। विहिकारियाइ अन्ने पडिमाए पूअणविहाणं'* ॥ [दर्शनशुद्धिप्रक० २५] *व्याख्या-गुरवो मातृपितृपितामहादयः, तैः कारितायाः केचिदन्ये स्वयंकारिताया विधिकारितायास्त्वन्ये प्रतिमायास्तत्पूर्वाभिहितं पूजाविधानं ब्रुवन्ति कर्त्तव्यमिति शेषः ॥ अवस्थितपक्षस्तु, गुर्वादिकृतत्वस्यानुपयोगि-*

---

*અનાભોગ દ્રવ્યસ્તવ છે.'* ॥૩॥ *'ગુણસ્થાનસ્થાનમાં(=ગુણના નિવાસભૂત જિનેશ્વરરૂપ સ્થાન=પાત્ર અંગે) હોવાથી, અથવા ગુણસ્થાનનું સ્થાન(=કારણ હોવાથી) આવો(=અનાભોગ) પણ આ(=દ્રવ્યસ્તવ) ગુણકર જ છે, કારણ કે (૧) શુભ, શુભતર ભાવવિશુદ્ધિમાં હેતુરૂપ છે. તેથી (૨) બોધિના લાભમાં કારણભૂત છે.'* ॥૪॥ *'ઘણા અશુભકર્મના ક્ષયથી ભવિષ્યમાં કલ્યાણ પામનારાઓને જ દ્રવ્યસ્તવનું કે જિનના ગુણ=લાભનું જ્ઞાન ન હોય તો પણ તે(જિનપ્રતિમારૂપ) વિષયમાં પ્રેમનો પ્રાદુર્ભાવ થાય છે.'* ॥૫॥ *અહીં પોપટયુગલ દૃષ્ટાંતરૂપ છે. 'ભવાભિનંદી ભારે કર્મી જીવોને જ જિનબિંબ, દ્રવ્યસ્તવાદિ વિષયમાં પ્રદ્વેષ ઉત્પન્ન થાય છે. જેમકે મરણ નિશ્ચિત ઉપસ્થિત થાય ત્યારે રોગીને પથ્ય આહાર પર જ અરુચિ જાગે છે.'* ॥૬॥ *'તેથી જ તત્ત્વજ્ઞપુરુષો અશુભ અભ્યાસના ભયથી જિનપ્રતિમા કે જિનધર્મ પરના દ્વેષનું વર્જન કરે છે.'* ॥૭॥ *બીજાએ કરેલી જિનપૂજા પરના દ્વેષપર **કુંતલારાણીનું** દૃષ્ટાંત છે.* (જિનભક્ત **કુંતલારાણીએ** પોતાનાથી જ જિનભક્તિનો પ્રકાશ મેળવનારી બીજી રાણીઓએ કરેલી સુંદર જિનપૂજાપર ઈર્ષ્યાથી દ્વેષ કર્યો – તો બીજા ભવમાં કુત્તરીનો અવતાર પામી.)

## વિધિકારિતઆદિ પ્રતિમાઓની પૂજ્યતા

નિષ્કર્ષ બતાવે છે. પ્રતિમાને પૂજતી વખતે 'પ્રતિમા ગુરુએ(=વડીલોએ) પ્રતિષ્ઠિત કરી છે' ઇત્યાદિ વિષયક આગ્રહ રાખવો નહિ. પરંતુ વિશેષ(ગુરુકારિતઆદિ) પ્રત્યે ઉદાસીનભાવ રાખી દરેક જિનપ્રતિમાઅંગે સમાનરૂપે ભક્તિભાવ રાખી સુજ્ઞપુરુષોએ એ તમામ જિનપ્રતિમાને પૂજ્યતરીકે સ્વીકારવી, કારણ કે કાળ (વર્તમાનમાં જિનાગમ અને જિનબિંબ જ તારણહાર છે – વિધિ પ્રાયઃ દુર્લભ છે ઇત્યાદિ) આલંબન લઇને દરેક જિનપ્રતિમાપ્રત્યે પૂજ્યભાવ અને ભક્તિભાવ રાખવાથી જ બોધિની સુલભતા યુક્તિસંગત ઠરે છે. (વર્તમાનસામગ્રીની ઉપેક્ષા કરી વધુ સારી સામગ્રીની ઇચ્છા કરવામાં બાવાના બેય બગડે છે. જે મળ્યું છે, તેની યથાશક્તિ આરાધનાથી જ પરભવમાં સુંદર સામગ્રીનો યોગ સંભવે છે, અન્યથા તો મળેલી સામગ્રીનો–બોધિનો દ્રોહ થાય છે અને પરભવમાં બોધિ પ્રાપ્તિમાટેનું પુણ્ય રહેતું નથી – **ઉપદેશમાળામાં** → लद्धिलियं च बोहिं अकरिंतोऽणागयं च पत्थिंतो। अन्नं दाइं बोहिं, लब्भहिसि कयरेण मुल्लेणं ?॥ અર્થ → પ્રાપ્ત બોધિ નહિ આરાધતો અને ભવિષ્યની બોધિની કાંક્ષા કરતો તું અન્ય – ભવિષ્યકાલની બોધિને કયા મૂલ્ય પર મેળવીશ ? ઇત્યાદિ કહ્યું છે. એ પણ આવા જ આશયથી સંભવી શકે છે.) આ બાબતમાં **શ્રાદ્ધવિધિનો** પાઠ આ પ્રમાણે છે →

*'પ્રતિમાઓ અનેક પ્રકારની છે. **સમ્યક્ત્વ પ્રકરણમાં** પ્રતિમાપૂજનવિધિસ્થળે આ પ્રમાણે કહ્યું છે – ''કેટલાક કહે છે – 'ગુરુકારિત' તો બીજા કહે છે, 'સ્વયંકારિત' તો અન્ય કહે છે કે 'વિધિકારિત' પ્રતિમાનું પૂજન કરવું જોઇએ.'' આની વ્યાખ્યા → ગુરુ=માતા, પિતા, દાદા વગેરે વડીલો. તેઓએ ભરાવેલી પ્રતિમાનું પૂજન કરવું, એમ કેટલાક કહે*

*त्वान्ममत्वाग्रहरहितेन सर्वप्रतिमा अविशेषेण पूजनीया:, सर्वत्र तीर्थकृदाकारोपलम्भेन तद्बुद्धेरुपजायमानत्वाद्, अन्यथा हि स्वाग्रहवशादर्हद्बिम्बेऽप्यवज्ञामाचरतो दुरन्तसंसारपरिभ्रमणलक्षणो बलाद्दण्ड: समाढौकते। न चैवमविधिकृतामपि पूजयतस्तदनुमतिद्वारेणाज्ञाभङ्गलक्षणदोषापत्तिरागमप्रामाण्यात्,* तथाहि **श्रीकल्पभाष्ये** → *'निस्सकडमणिस्सकडे अ, चेइए सव्वहिं थुई तिन्नि। वेलं व चेइआणि य, णाउं इक्किक्कया वा वि'* ॥[गा० १/ १८०४] *निश्राकृते=गच्छप्रतिबद्धेऽनिश्राकृते च तद्विपरीते चैत्ये सर्वत्र तिस्र: स्तुतयो दीयन्ते। अथ प्रतिचैत्यं स्तुतित्रये दीयमाने वेलाया अतिक्रमो भवति, भूयांसि वा तत्र चैत्यानि, ततो वेलां चैत्यानि वा ज्ञात्वा प्रति-चैत्यमेकैकापि स्तुतिर्दातव्येति।* [श्राद्धविधि गा० ६ टी०]

---

*છે. તો બીજા કહે છે કે 'પોતે ભરાવેલી પ્રતિમાનું જ પૂજન થાય.' અન્ય કહે છે કે 'વિધિથી ભરાવેલી પ્રતિમાનું જ પૂજન થાય.' અહીં અવસ્થિત પક્ષ=મધ્યસ્થ પક્ષ આ છે - 'ગુરુએ ભરાવેલી છે,' ઇત્યાદિ આગ્રહ પ્રતિમાપૂજન માટે ઉપયોગી નથી. તેથી મમત્વ કે આગ્રહને છોડી બધી જ પ્રતિમાઓને ભેદભાવ વિના પૂજવી જોઇએ, કારણ કે દરેક પ્રતિમામાં તીર્થંકરનો આકાર જ નજરે પડે છે, તેથી દરેક પ્રતિમામાં 'આ તીર્થંકર છે' એવી બુદ્ધિ જ થાય છે. નહિ તો પોતાના કદાગ્રહથી એક પ્રતિમાને પૂજનારા અને બીજી પ્રતિમાની અવજ્ઞા કરનારાપર ભયંકર સંસારમાં રખડાટનો મોટો દંડ ઢોકાયેલો છે.*

***શંકા :-** આમ અવિધિથી કરાયેલી પ્રતિમાની પૂજા કરવાથી અવિધિની અનુમતિ-અનુમોદના થઇ રહી છે અને તેથી આજ્ઞાભંગનો દોષ ઊભો જ છે. શું આ દોષ સંસારમાં ભ્રમણ કરાવનાર નથી ?*

***સમાધાન :-** અવિધિથી કરાયેલી પ્રતિમાની પૂજ્યતામાં આગમ પ્રમાણ છે.* **કલ્પભાષ્યમાં** કહ્યું છે કે → *'નિશ્રાકૃત=કોઇક અમુક ગચ્છને પ્રતિબદ્ધ તથા અનિશ્રાકૃત=કોઇપણ ગચ્છસાથે પ્રતિબદ્ધ નહિ, એવા દરેક ચૈત્યમાં ત્રણ-ત્રણ સ્તુતિઓ કહેવી. દરેક ચૈત્યમાં ત્રણ સ્તુતિ કહેવા જેટલો સમય ન હોય, અથવા ઘણા દેરાસરો હોય; તો કાળ અને ચૈત્યો વગેરેનો વિચાર કરી દરેક ચૈત્યમાં એક એક સ્તુતિ કહેવી.'* (સંભવિત છે કે એક ગચ્છની વિધિ બીજા ગચ્છમાટે અવિધિ બનતી હોય, છતાં સર્વગચ્છના ચૈત્યો અને ગચ્છસાથે સંબંધ નહીં ધરાવતા ચૈત્યોને પણ વંદન કરવાનું બતાવ્યું. વળી અવિધિકારિત ચૈત્યોનો નિષેધ પણ બતાવ્યો નહિ. તેથી એ પ્રતિમાના વંદનમાં પણ દોષ નથી.)

અહીં **સિદ્ધાંતપક્ષ** આ પ્રમાણે છે → ઉત્સર્ગથી તો વિધિથી કરાયેલી પ્રતિમા જ વંદનીય છે. 'ગુરુકારિત' અને 'સ્વયંકારિત' આ બે પ્રકાર પણ વિધિકારિત પ્રતિમાના જ વિશેષભેદરૂપે દર્શાવ્યા છે. 'આ મારા પ્રભુ છે' 'આ મારા પિતાજીના ભગવાન છે' ઇત્યાદિ વિષયવિશેષ પ્રત્યેના પક્ષપાતથી વીર્ય-શુભભાવની વૃદ્ધિ ઉલ્લસે છે.

(પોતે ભરાવેલી પ્રતિમાની પૂજા કરતી વખતે પોતાનો પ્રતિમા દ્વારા પરમાત્મા સાથે રાગ વધતો હોવાથી વધુ શુભભાવ આવે એ પ્રારંભિક અવસ્થામાં સહજ છે. તેથી બીજા ભગવાનોને છોડી પોતાના પ્રતિમાની પૂજા પહેલી કરે, અથવા વધુ આડંબરથી કરે એ પણ સહજ છે. આ ભવમાં જિનબિંબ ભરાવનારનો પરભવમાં સાક્ષાત્ પરમાત્મા સાથે મેળાપ થવાની વાત સંભળાય છે. ત્યાં મને મનમાં આવી કલ્પના ઉદ્ભવે છે → 'જીવનો પોતીકી વસ્તુપર મમત્વ કરવાનો સ્વભાવ અનાદિસિદ્ધ છે. સાંસારિક ચીજોપર મમત્વ કરી સંસારમાં ભટક્યો. હવે એ મમત્વ છોડાવવા **બાળકનો હાથ વિષ્ઠામાંથી કાઢવા રમકડું ધરવાના** ન્યાયથી ભગવાનવગેરે પ્રશસ્ત વસ્તુપર મમત્વ પેદા કરાવવું આવશ્યક છે. એમાટે પરમાત્માની ગેરહાજરીમાં પ્રતિમા માધ્યમ બને છે. પોતે ભરાવેલી પ્રતિમા પર મમત્વભાવ પેદા થાય, કે જે શુભસાંકળ બની પરમાત્માપરના મમત્વભાવમાં ટ્રાન્સફર થાય, તો એ જ મમત્વભાવ પ્રબળ પુણ્યનું સાધન બની શકે અને આ પુણ્યની મૂડી પરભવમાં સાક્ષાત્ પરમાત્માનો મેળાપ કરાવી દે. એક ઘોડાના પ્રતિબોધ ખાતર **શ્રીમુનિસુવ્રતસ્વામીએ** એક રાતમાં સાઇઠ યોજનનાં કરેલા વિહાર પાછળ શું આવું જ કો'ક રહસ્ય છુપાયું હશે ?' આમ સ્વયંકારિતઆદિ પ્રતિમાના પૂજનઆદિમાં વિશિષ્ટ શુભઅધ્યવસાય સંભવિત છે. પણ તેથી અન્ય જિનપ્રતિમાની ઉપેક્ષા, અવજ્ઞા કે અપ્રીતિ ન થાય, તેની કાળજી આવશ્યક છે. અન્યથા સંસારભ્રમણદંડ અનિવાર્ય છે.)

अत्रावस्थितपक्षो यद्यप्युत्सर्गतो विधिकारितत्वमेव गुरुकारितत्वस्वयंकारितत्वयोरपि तद्विशेषरूपयोरेवो-पन्यासादत एव विषयविशेषपक्षपातोल्लसद्वीर्यवृद्धिहेतुभूततया तदन्यथात्वे च त्रयाणामपि पक्षाणां भजनीयत्वमुक्तं **विंशिकाप्रकरणे हरिभद्रसूरिभिः**। तथाहि → *(विहिकारिगाइ।) 'उवयारंगा इह सोवओगसाहरणाण इट्ठफला। किंचि विसेसेण तओ सव्वे ते विभइयव्व त्ति'*॥[८/१५] विधिकारितासम्पत्तावपवादतस्त्वाकारसौष्ठवमवलम्ब्य मनःप्रसत्तिरापादनीया। न चैवमविध्यनुमतिरपवादालम्बनेन तन्निरासात् क्रमदेशनायां स्थावरहिंसाननुमतिवद् भक्तिव्यापारप्रदर्शनेन दोषोपस्थितिप्रतिरोधाद्वा काव्य इव व्यक्तिप्रदर्शनेनेति शास्त्रस्थितिः। अत एवोक्तं **व्यवहार-भाष्ये** → *'लक्खणजुत्ता पडिमा, पासाईआ सम्मत्तलंकारा। पल्हायइ जह व मणं, तह णिज्जरमो विआणाहि त्ति'*॥[६/२६१५]॥ ७१॥ एतत्सर्वं मनसिकृत्याह–

**चैत्यानां खलु निश्रितेतरतया भेदेऽपि तन्त्रे स्मृतः,**
**प्रत्येकं लघुवृद्धवन्दनविधिः साम्ये तु यत्साम्प्रतम्।**
**इच्छाकल्पितदूषणेन भजनासङ्कोचनं सर्वतः,**
**स्वाभीष्टस्य च वन्दनं तदपि किं शास्त्रार्थबोधोचितम् ॥ ७२॥**

---

તેથી જ સ્વયંકારિતઆદિના પક્ષપાતથી ઉઠતા શુભઅધ્યવસાયની વૃદ્ધિમાં કારણ બનવા અને ન બનવા રૂપ વિકલ્પ ત્રણે પક્ષમાં(-વિધિકારિત પક્ષ, ગુરુકારિત પક્ષ, અને સ્વયંકારિત પક્ષ) સંભવે છે, એમ **વિંશિકા પ્રકરણમાં પૂ. હરિભદ્રસૂરિજીએ** કહ્યું છે. જુઓ આ રહ્યો તે પાઠ → *'(વિધિકારિત વગેરે) કંઇક વિશેષદ્વારા ઉપયોગયુક્તને અને સાધારણ(=તેવા ઉપયોગ વિનાનાને) (અથવા ઉપયોગસાધારણયુક્તને ?) ઉપકારના કારણ બને છે અને ઇષ્ટફળ દે છે. તેથી તે બધા જ(=ત્રણે પક્ષ) વિભજનીય(=વૈકલ્પિક) છે.'* (**તાત્પર્ય :-** વિધિકારિત આદિ ત્રણે પક્ષ તેવા ઉપયોગવાળાને શુભ અધ્યવસાયમાં વિશેષતયા કારણ બને - તેવા ઉપયોગ વિનાનાને વિશેષતયા અધ્યવસાયનાં કારણ ન બને - આ વિકલ્પ ત્રણે પક્ષે છે.) વિધિથી કરાયેલી પ્રતિમાની પ્રાપ્તિ ન થતી હોય, તો અવિધિકારિત પ્રતિમામાં પણ રહેલા સુંદર આકાર વગેરેને અવલંબીને પરમાત્માની જ ઝાંખી કરવા દ્વારા મનની પ્રસન્નતા પ્રગટાવવી. (પણ પ્રતિમાના આલંબન વિનાના રહેવું નહિ.)

**શંકા :-** આ પ્રમાણે કરવામાં પણ અવિધિની અનુમતિનો દોષ તો ઊભો છે.

**સમાધાન :-** અપવાદમાર્ગે આ પ્રમાણે કરાતું હોવાથી અવિધિની અનુમતિનો પ્રશ્ન જ નથી. જેમકે સર્વવિરતિના ક્રમથી દેશના આપતા ક્રમપ્રાપ્ત દેશવિરતિની દેશના દેવામાં સ્થાવર જીવોની હિંસાની અનુમોદનાનો દોષ નથી. અથવા ભક્તિની પ્રવૃત્તિના સહજ પ્રદર્શનથી અવિધિઆદિ દોષોની સ્મૃતિ વિસારે પડે છે - જેમકે કાવ્યમાં વ્યક્તિપ્રદર્શનથી દોષોપસ્થિતિ ગણાતી નથી. (વ્યક્તિના સ્વરૂપાદિના પ્રદર્શનવખતે કો'ક કાવ્યદોષ સેવાયો હોય, તો પણ તે દોષ વ્યક્તિસ્વરૂપના બોધમાં દબાઇ જાય છે-જણાતો નથી... તેથી કાવ્યદોષ ગણાતો નથી.) આવી શાસ્ત્રમર્યાદા છે. **વ્યવહારભાષ્યમાં** કહ્યું જ છે કે → *'લક્ષણયુક્ત અને સમ્યગ્ અલંકારયુક્ત પ્રતિમા, પ્રાસાદ વગેરે જેમ જેમ મનને પ્રસન્ન કરે, તેમ તેમ નિર્જરા થાય છે. તેમ સમજવું.'* ॥૭૧॥

આ બધી વાત દિલમાં ધારી કહે છે–

**કાવ્યાર્થ :-** ચૈત્યોના નિશ્રિત અને અનિશ્રિત રૂપ ભેદ હોવા છતાં શાસ્ત્રમાં પ્રત્યેક ચૈત્યના સમાનરૂપે નાના મોટા વંદનની વિધિ બતાવી છે. વર્તમાનકાળમાં પ્રાયઃ સરખાપણું હોવા છતાં સ્વઇચ્છાથી કલ્પેલા દૂષણદ્વારા સર્વતઃ

(**दंडान्वयः**→ चैत्यानां खलु निश्रितेतरतया भेदेऽपि तन्त्रे प्रत्येकं लघुवृद्धवन्दनविधिः स्मृतः। साम्ये तु यत्साम्प्रतं इच्छाकल्पितदूषणेन सर्वतः भजनासङ्कोचनं स्वाभीष्टस्य च वन्दनं तदपि किं शास्त्रार्थबोधोचितम्॥)

'चैत्यानाम्'इति। 'खलु' इति निश्चये। चैत्यानां *निश्रितेतरतया*=निश्रितानिश्रितततया भेदेऽपि, *तन्त्रे*=शास्त्रे, प्रत्येकं लघुवृद्धवन्दनविधिः स्मृतः। *साम्ये तु*=प्रायस्तुल्यत्वे तु यत् *साम्प्रतं*=विषमदुःषमाकाले, इच्छाकल्पितं यद् यद् दूषणमन्यगच्छीयत्वादिकं तेन *भजनायाः*=सेवायाः *सङ्कोचनं*=सङ्क्षेपणं बहुभिरंशैर्लुम्पकसमानतापर्यवसायि *स्वाभीष्टस्य*=स्वेच्छामात्रविषयस्य च वन्दनं, तदपि किं शास्त्रार्थबोधस्योचितम् ? नैवोचितं, कतिपयमुग्ध-वणिग्ध्यन्धन(धन्धन पाठा.)मात्रफलत्वादिति भावः॥ ७२॥ उक्तार्थे काकुव्यङ्गमेव कण्ठेन स्पष्टीकर्तुमाह–

**चैत्यानां न हि लिङ्गिनामिव नतिर्गच्छान्तरस्योचिते-**
**त्येतावद्वचसैव मोहयति यो मुग्धान् जनानाग्रही ।**
**तेनावश्यकमेव किं न ददृशे वैषम्यनिर्णायकं,**
**लिङ्गे च प्रतिमासु दोषगुणयोः सत्त्वादसत्त्वात्तथा ॥ ७३॥**

(**दंडान्वयः**→ 'गच्छान्तरस्य लिङ्गिनामिव चैत्यानां नतिर्न हि उचिता' इत्येतावद् वचसैव य आग्रही मुग्धान् मोहयति। तेन लिङ्गे प्रतिमासु च दोषगुणयोः सत्त्वात्तथाऽसत्त्वाद् वैषम्यनिर्णायकमावश्यकमेव किं न ददृशे ?)

'चैत्यानां न हि'इति। गच्छान्तरस्य चैत्यानां नतिर्न ह्युचिता, केषामिव ? लिङ्गिनामिव, गच्छान्तरस्येति सम्बध्यते। अवयवद्वयप्रदर्शनादत्र पञ्चावयवप्रयोग एवं कर्तव्यः – 'गच्छान्तरीया प्रतिमा न वन्दनीया गच्छान्तर-परिगृहीतत्वात्, यो यो गच्छान्तरपरिगृहीतः, स सोऽवन्दनीयः, यथा अन्यगच्छसाधुः' इति। एतावद्वचसैव यो

---

ભક્તિમાં સંકોચ કરવો અને પોતાને ઇષ્ટ પ્રતિમાને જ વંદન કરવું. શું આ શાસ્ત્રાર્થબોધને ઉચિત છે ?

### હમણાં સર્વત્ર પ્રાયઃ તુલ્યતા

આ વિષમ દુઃષમાકાળમાં સર્વત્ર પ્રાયઃ સરખાપણું છે. છતાં 'આ ચૈત્ય પરગચ્છનું છે' ઇત્યાદિ દૂષણોનું ઉદ્ભાવન કરી પ્રભુસેવામાં કાપ મુકવો અને માત્ર પોતાની સ્વેચ્છાનો વિષય બનતી પ્રતિમાને જ વંદન કરવું. આવો ભાવ શાસ્ત્રાર્થબોધને ઉચિત નથી. વાસ્તવમાં આ ભાવ ઘણે અંશે પ્રતિમાલોપકના મતને જ મળતો આવે છે. તેથી આ કલ્પના થોડા મુગ્ધ વાણિયાઓને ખુશ કરવાના ધંધાથી (અથવા એમની બુદ્ધિમાં અંધાપો લાવવો) વિશેષ ફળદાયક લાગતી નથી. **॥૭૨॥**

ઉપર કહેલા અર્થમાં કાકુવ્યંગને જ સાક્ષાત્ સ્પષ્ટ કરવા કહે છે—

**કાવ્યાર્થ :-** 'બીજા ગચ્છના સાધુઓની જેમ બીજા ગચ્છના ચૈત્યોને વંદન ઉચિત નથી.' એવા વચનથી જે કદાગ્રહી વ્યક્તિ મુગ્ધ લોકોને ભરમાવે છે, તેણે લિંગમાં દોષ હોવાથી અને પ્રતિમામાં ગુણ-દોષ ન હોવાથી લિંગ અને પ્રતિમા વચ્ચે ભિન્નપણાનો નિર્ણય કરાવતા **આવશ્યક નિર્યુક્તિ ગ્રંથને** કેમ જોયો નહિ ?

### પ્રતિમા અને દ્રવ્યલિંગીમાં તફાવત

કાવ્યમાં અનુમાનપ્રયોગના બે અવયવ (૧) પ્રતિજ્ઞા અને (૨) દૃષ્ટાંત છે, તેથી અહીં અનુમાનના પાંચેય અવયવપૂર્વકનો પ્રયોગ આ પ્રમાણે છે → 'અન્યગચ્છની પ્રતિમા વંદનીય નથી, કારણ કે તે ગચ્છાંતર પરિગૃહીત છે.

मुग्धान् जनान् *मोहयति*=विपर्यासयति 'प्रमाणपाठिभिरस्मद्गुरुभिर्यदुक्तं तत् सत्यम्' इति। यः कीदृशः ? *आग्रही*= अभिनिवेशमिथ्यात्ववान्। तेन किं *मावश्यकमेव*=**आवश्यकनिर्युक्त्याख्यं** शास्त्रमेव *न ददृशे*=न दृष्टम् ? कीदृशं तत् ? लिङ्गे च दोषगुणयोः सत्त्वात्, तथा प्रतिमासु तयोरसत्त्वाद् *वैषम्यनिर्णायकं*=वैसदृश्यनिर्णयकारि। लिङ्गे इत्यत्र व्यञ्जकत्वाख्यविषयत्वे सप्तमी। अत्रायमाक्षेपसमाधानग्रन्थ **आवश्यके** →

*एवमुद्यतेतरविहारिगते विधौ प्रतिपादिते सत्याह चोदकः →किं नोऽनेन पर्यायाद्यन्वेषणेन ? सर्वथा भावशुद्ध्या कर्मापनयनाय जिनप्रणीतलिङ्गनमनमेव युक्तं, तद्गतगुणविचारस्य निष्फलत्वात्, न हि तद्गतगुणप्रभवा नमस्कर्तुर्निर्जराऽपि त्वात्मीयाध्यात्मशुद्धिप्रभवा । तथाहि- 'तित्थयरगुणा पडिमासु नत्थि निस्संसयं वियाणंतो। तित्थयरेत्ति णमंतो सो पावइ णिज्जरं विउलं' ॥*[आव० नि० ११३०] *व्याख्या-तीर्थकरस्य गुणा=ज्ञानादयस्तीर्थकर-गुणास्ते प्रतिमासु=बिम्बलक्षणासु 'नत्थि' न सन्ति, निस्संशयं=संशयरहितं विजानन्=अवबुध्यमानस्तथापि 'तीर्थकरोऽयमि'त्येवं भावशुद्ध्या नमन्=प्रणमन् स=प्रणामकर्त्ता प्राप्नोति=आसादयति निर्जरां कर्मक्षयलक्षणां विपुलां=विस्तीर्णामिति गाथार्थः ॥ एष दृष्टान्तोऽयमर्थोपनयः- 'लिंगं जिणपन्नत्तं एवं नमंतस्स णिज्जरा विउला। जइवि गुणविप्पहीणं वंदइ अज्झप्पसोहीए'॥* [आव० नि० ११३१] *व्याख्या-लिङ्ग्यते साधुरनेनेति लिङ्गं= रजोहरणादिधरणलक्षणं जिनैः=अर्हद्भिः प्रज्ञप्तं=प्रणीतं, एवं-यथा प्रतिमा इति नमस्कुर्वतः=प्रणमतो निर्जरा विपुला,*

---

(અન્ય ગચ્છના આશ્રયમાં છે.) જે જે વસ્તુ અન્યગચ્છના આશ્રયમાં હોય, તે તે વસ્તુ અવંદનીય છે. જેમ કે અન્યગચ્છનો સાધુ.' તેથી 'અન્યગચ્છની પ્રતિમા વંદનીય નથી એમ સિદ્ધ થાય છે.' આ વચનો સાંભળી મુગ્ધ માનવ ભરમાઇ જાય છે કે 'અહો ! પ્રમાણનો પાઠ કહેવાવાળા અમારા ગુરુદેવે જે કહ્યું, તે સાચું છે.' પણ આ વચન બોલનારો વાસ્તવમાં આભિનિવેશિક મિથ્યાત્વથી ઘેરાયેલો છે. નહિતર પ્રતિમા અને લિંગમાં રહેલા તફાવતને સ્પષ્ટ દેખાડતાં **આવશ્યક નિર્યુક્તિ ગ્રંથમાંથી** જ્ઞાન મેળવ્યા વિના આમ બોલત નહિ. **આવશ્યક નિર્યુક્તિમાં** કહ્યું છે કે → 'લિંગમાં દોષ અને ગુણ બન્ને છે. જ્યારે પ્રતિમામાં તે બન્નેનો અભાવ છે. લિંગ અને પ્રતિમા વચ્ચે આટલો ભેદ છે,' અહીં કાવ્યમાં-'લિંગ' અને 'પ્રતિમા' શબ્દને વ્યંજકત્વ નામની વિષયતાને કારણે સાતમી વિભક્તિ લાગી છે.

અહીં **આવશ્યક નિર્યુક્તિ ગ્રંથમાં** પ્રશ્નોત્તરકર્ણિકા આ પ્રમાણે છે →

*'આ પ્રમાણે ઉદ્યતવિહારી=સંવિગ્ન સંયમી અને અનુદ્યતવિહારી=શિથિલસંયમી આ બે અંગેની વિધિ બતાવ્યા પછી શિષ્ય શંકા કરે છે.'* ***શંકા :-*** *આ પ્રમાણે પર્યાયની શોધ ચલાવવાથી સર્યું. સર્વથા ભાવશુદ્ધિદ્વારા કર્મને દૂર કરવા ભગવાને બતાવેલા સંયમલિંગને અર્થાત્ સંયમીના બાહ્યવેશ વગેરેને નમન કરવું જ સારું છે. એ લિંગ ધારણ કરનારામાં વેશને વફાદાર ગુણ છે કે નહિ એવો વિચાર કરવો વ્યર્થ છે. એ વેશધારી સાધુમાં ગમે તેટલા ગુણ હોય, પણ તેટલામાત્રથી કંઇ નમસ્કાર કરનારને નિર્જરા થતી નથી. નમસ્કાર કરનારને તો પોતાના જ શુદ્ધ ભાવોથી કર્મનિર્જરા છે. દૃષ્ટાંત તરીકે જુઓ 'ભાવ તીર્થંકરમાં રહેલા જ્ઞાનવગેરે ગુણો તેમની પ્રતિમામાં નથી, એ સંશય વિનાની વાત છે. છતાં પણ 'આ તીર્થંકર છે' એવું સંવેદન કરવાપૂર્વક એ પ્રતિમાને ભાવશુદ્ધિથી પ્રણામ કરનારો વિપુલ કર્મક્ષયરૂપ નિર્જરાનો લાભ મેળવે જ છે.'* [ગા. ૧૧૩૦] *આ દૃષ્ટાંત બતાવ્યું. હવે તે દૃષ્ટાંતને પ્રસ્તુતમાં ઘટાવતાં કહે છે- 'આમ જેમ પ્રતિમાને નમસ્કાર કરનારાને નિર્જરા થાય છે. તેમ વિવિધ મૂલોત્તર ગુણોથી અત્યંત રહિત સાધુના જિનપ્રણીત લિંગને અધ્યાત્મશુદ્ધિથી વંદન કરનારો પણ વિપુલ નિર્જરા કરે છે' લિંગ=જેનાથી સાધુ ઓળખાય તે. ઓઘો ધારણ કરવો વગેરે લિંગ છે. અધ્યાત્મ શુદ્ધિથી=મનની શુદ્ધિથી.* [ગા. ૧૧૩૧] *આ પ્રમાણે શિષ્યે શંકા કરી.*

*यद्यपि गुणैः=मूलोत्तरगुणैर्विविधम्=अनेकधा प्रकर्षेण हीनं=रहितं गुणविप्रहीनं, वन्दते=नमस्करोत्यध्यात्मशुद्ध्या=चेतःशुद्ध्येति गाथार्थः। इत्थं चोदकेनोक्ते दृष्टान्तदार्ष्टान्तिकयोर्वैषम्यमुपदर्शयन्नाचार्य आह- 'संता तित्थयरगुणा तित्थयरे तेसिमं तु अज्झप्पं। न य सावज्जा किरिया इयरेसु धुवा समणुमन्ना'॥* [आव॰ नि॰ ११३२] *व्याख्या- सन्तः=विद्यमानाः शोभना वा तीर्थकरस्य गुणास्तीर्थकरगुणा=ज्ञानादयः, क्व ? तीर्थकरे=अर्हति भगवति। इयं च प्रतिमा तस्य भगवतः, 'तेसिमं तु मज्झप्पं' तेषां=नमस्कुर्वतामिदमध्यात्मं=इदं चेतः, तथा न च सावद्या=सपापा क्रिया=चेष्टा, तासु=प्रतिमासु। इतरेषु=पार्श्वस्थादिषु ध्रुवा=अवश्यंभाविनी सावद्या क्रिया, प्रणमतस्तत्र किम् ? इत्यत आह- 'समणुमन्ना' समनुज्ञा सावद्यक्रियायुक्तपार्श्वस्थादिप्रणमनात् सावद्यक्रियानुमतिरिति हृदयम्। अथवा सन्तस्तीर्थकरगुणास्तीर्थकरे, तान् वयं प्रणमामः, तेषामिदमध्यात्मं=इदं चेतः, ततोऽर्हद्गुणाध्यारोपेण चेष्टा प्रतिमा प्रणमनान्नमस्कर्तुर्न च सावद्या क्रिया=परिस्पन्दनलक्षणा, इतरेषु=पार्श्वस्थादिषु पूज्यमानेष्वशुभक्रियोपेतत्वात् तेषां नमस्कर्तुर्ध्रुवा समनुज्ञेति गाथार्थः। पुनरप्याह चोदकः- 'जह सावज्जा किरिया नत्थि य पडिमासु एवमियरावि। तयभावे णत्थि फलं अह होइ अहेउगं होइ'॥* [आव॰ नि॰ ११३३] *व्याख्या-यथा सावद्या क्रिया=सपापा क्रिया नास्त्येव=न विद्यत एव प्रतिमासु, एवमितरापि=निरवद्यापि नास्त्येव। ततश्च तदभावे=निरवद्यक्रियाऽभावे नास्ति फलं पुण्यलक्षणं, अथ भवति, अहेतुकं भवति=निष्कारणं च भवति, प्रणम्यवस्तुगतक्रियाहेतुकत्वात्फलस्येत्यभि-*

---

**સમાધાન :-** તમારા દૃષ્ટાંત(પ્રતિમા) અને દાર્ષ્ટાંતિક(જેનેઅંગે દૃષ્ટાંત છે, તે) સાધુમાં ભારે ભિન્નતા છે. જુઓ- 'તીર્થંકરના ગુણો તીર્થંકરમાં છે જ. અથવા તીર્થંકરના જ્ઞાનવગેરે સુંદર ગુણો છે. અને તે ભગવાનની આ પ્રતિમા છે ! નમસ્કાર કરનારાના મનમાં આ ભાવ રમી રહ્યો હોય છે. વળી તે પ્રતિમામાં કોઇપણ પ્રકારની સાવદ્ય ક્રિયા નથી. જ્યારે ઇતર=પાર્શ્વસ્થ વગેરે સાધુમાં અવશ્ય સાવદ્ય ક્રિયા છે. (તેથી ત્યાં પ્રણામ કરવાથી શું થાય ? આવી સંભવિત આશંકાનું સમાધાન કરે છે.) તેથી તેની સમનુજ્ઞા=અનુમતિ-અનુમોદના થાય છે. **તાત્પર્ય :-** સાવદ્ય ક્રિયાથી સભર પાર્શ્વસ્થ વગેરે શિથિલ સંયમીઓને પ્રણામ કરવાથી તેઓની સાવદ્ય ક્રિયાને અનુમતિ મળે છે. અથવા પ્રણામ કરનારાઓનો આ 'તીર્થંકરમાં રહેલા તીર્થંકરગુણોને અમે પ્રણામ કરીએ છીએ.' અધ્યાત્મભાવ છે. તેથી અરિહંતના ગુણોનો પ્રતિમામાં અધ્યારોપ હોવાથી જ પ્રણામ કરનારાઓને પ્રતિમા ઇષ્ટ છે. અર્થાત્ પ્રતિમામાં તીર્થંકરોના ગુણોનો અધ્યારોપ કરી તે ગુણોને જ વંદન કરવામાં આવે છે, પ્રતિમા તે અધ્યારોપનું સાધન હોવાથી જ ઇષ્ટ છે. અને પ્રતિમામાં પરિસ્પંદન(=હલનચલન) વગેરે સાવદ્ય ક્રિયા નથી. જ્યારે પાર્શ્વસ્થ વગેરે શિથિલ સંયમીઓ તો અશુભ-સાવદ્ય ક્રિયાથી સભર છે. તેથી તેમને પૂજવાથી-તેઓને નમસ્કાર કરનારને અવશ્ય સાવદ્યની અનુજ્ઞાનો દોષ લાગે છે. [ગા. ૧૧૩૨] શિષ્ય ફરીથી શંકા કરે છે- પ્રતિમામાં જેમ સાવદ્ય ક્રિયા નથી, તેમ ઇતર=નિરવદ્યક્રિયા પણ નથી. આમ નિરવદ્ય ક્રિયાના અભાવમાં પ્રતિમાને નમવાથી પુણ્યાત્મક ફળ નહિ પ્રાપ્ત થાય. છતાં જો પુણ્યફળ માનશો, તો તે ફળ અહેતુક(=કારણ વિના) માનવું પડશે, કારણ કે તમારા મતે પ્રણામ કરાતી વસ્તુમાં રહેલી ક્રિયારૂપ કારણ દ્વારા પ્રણામ કરનારને ફળ મળે છે. (પણ પ્રતિમા નિરવદ્ય ક્રિયાથી રહિત છે.) જો કારણ વિના પણ ફળ મળતું હોય, તો તેવી જ રીતે અકસ્માત્ જ કર્મ પણ બંધાઇ જશે. આમ મુક્ત જીવો પણ કારણના અભાવમાં પણ કર્મથી બંધાઇ જશે. આમ મોક્ષવગેરેનો અભાવ આવી જશે. [ગા. ૧૧૩૩] આ શંકાના સમાધાનમાં આચાર્ય કહે છે- 'પ્રતિમામાં ઉભયાભાવ(સાવદ્ય અને નિરવદ્ય ક્રિયાનો અભાવ) અમને ઇષ્ટ જ છે. પણ પુણ્યરૂપ ફળ નમસ્કાર કરનારાની મનની વિશુદ્ધિથી જ મળે છે અને તે મનવિશુદ્ધિનું કારણ પ્રતિમા છે.' એકમાં રહેલી ક્રિયાથી બીજાને ફળ

*प्राय:, अहेतुकत्वे चाकस्मिककर्मसम्भवान्मोक्षाद्यभाव इति गाथार्थ:। इत्थं चोदकेनोक्ते सत्याहाचार्य:- 'कामं उभयाभावो तहवि फलं अत्थि मणविसुद्धिओ। तीए पुण मणविसुद्धिए कारणं होंति पडिमाओ'॥* [आव॰ नि॰ ११३४] *व्याख्या-काममनुमतमिदं यदुत उभयाभाव:=सावद्येतरक्रियाऽभाव: प्रतिमासु, तथापि फलं=पुण्यलक्षण-मस्ति=विद्यते मनसो विशुद्धि: मनोविशुद्धिस्तस्या मनोविशुद्धे: सकाशात्, तथाहि-स्वगता मनोविशुद्धिरेव नमस्कर्तु: पुण्यकारणं, न नमस्करणीयवस्तुगता क्रियाऽऽत्मान्तरे फलाभावात्। यद्येवं, किं प्रतिमाभिरिति ? उच्यते- तस्या: पुनर्मनोविशुद्धे: कारणं=निमित्तं भवन्ति प्रतिमा: तद्द्वारेण तस्या: सम्भूतिदर्शनादिति गाथार्थ:। आह - एवं लिङ्गमपि प्रतिमावन्मनोविशुद्धिकारणं भवत्येवेति, उच्यते- 'जइवि अ पडिमाओ जहा मुणिगुणसंकप्प-कारणं लिंगं। उभयमवि अत्थि लिंगे ण य पडिमासूभयं अत्थि'॥* [आव॰ नि॰ ११३५] *व्याख्या-यद्यपि च प्रतिमा यथा मुनीनां गुणा:=मुनिगुणा=व्रतादयस्तेषु सङ्कल्प:=अध्यवसाय: मुनिगुणसङ्कल्प:, तस्य कारणं=निमित्तं मुनिगुण-सङ्कल्पकारणं लिङ्गं=द्रव्य-लिङ्गं, तथापि प्रतिमाभि: सह वैधर्म्यमेव, यत उभयमप्यस्ति लिङ्गे=सावद्यकर्म निरवद्य-कर्म च। तत्र निरवद्यकर्मयुक्त एव यो मुनिगुणसङ्कल्प:, स सम्यक्सङ्कल्प:, स एव च पुण्यफल:, य: पुन: सावद्यकर्म-युक्तेऽपि मुनिगुणसङ्कल्प:, स विपर्याससङ्कल्प:। क्लेशफलश्चासौ विपर्यासरूपत्वादेव, न च प्रतिमासूभयमस्ति चेष्टारहितत्वात्, ततश्च तासु जिनगुणविषयस्य सङ्क्लेशफलस्य विपर्याससङ्कल्पस्याभाव:, सावद्यकर्मरहितत्वात्*

---

*મળતું નથી. તેથી 'પ્રણામ કરાતી વસ્તુમાં રહેલી ક્રિયાથી પ્રણામ કરનારને ફળ મળે' એમ અમને સંમત નથી. અમે તો 'પોતાના મનની શુદ્ધિથી જ નમસ્કાર કરનારને ફળ મળે છે' એમ કહીએ છીએ.* ***શંકા :-*** *તેથી એ ફળઅંગે પ્રતિમા તો નિરર્થક જ છે ને ?* ***સમાધાન :-*** *મનની આ વિશુદ્ધિમાં પ્રતિમા કારણ છે. પ્રતિમા(ના દર્શન)દ્વારા મનની વિશુદ્ધિ થતી દેખાય જ છે. [ગા.૧૧૩૪]* ***શંકા :-*** *બરાબર છે! બસ, આ પ્રમાણે પ્રતિમાની જેમ લિંગ પણ મનની વિશુદ્ધિનું કારણ બને છે. માટે તે પણ વંદનીય છે.* ***સમાધાન :-*** *'અલબત્ત, પ્રતિમાની જેમ દ્રવ્યલિંગ પણ મુનિઓનાં વ્રતવગેરે ગુણોના અધ્યવસાયનું નિમિત્ત=કારણ બને છે. છતાં તે લિંગને પ્રતિમા સાથે વૈધર્મ્ય(ભેદ) છે જ. કારણ કે લિંગમાં ઉભય(સાવદ્ય અને નિરવદ્ય ક્રિયા) છે. જ્યારે પ્રતિમામાં ઉભય નથી.' નિરવદ્ય ક્રિયાથી યુક્ત લિંગમાં (સર્વત્ર લિંગધારક મુનિગત ક્રિયાનો તેના લિંગમાં ઉપચાર કર્યો છે.) કરેલો મુનિના ગુણનો સંકલ્પ જ શુભ છે. સાવદ્યક્રિયાથી યુક્ત લિંગમાં કરેલો મુનિગુણસંકલ્પ વિપર્યાસ-મિથ્યા પ્રકારનો છે. એ વિપર્યાસરૂપ હોવાથી જ ક્લેશદાયક છે. પ્રતિમા ચેષ્ટા રહિત હોવાથી એમાં સાવદ્ય-નિરવદ્ય ઉભય કર્મનો અભાવ છે. તેથી એમાં જિનેશ્વરોના ગુણસંબંધી સંક્લેશદાયક વિપર્યાસ સંકલ્પ સંભવતો જ નથી, કારણ કે પ્રતિમાઓ સ્વયં તો સાવદ્યકર્મથી રહિત છે. (ને પ્રભુમાં સાવદ્યકર્મ નથી.)* ***શંકા :-*** *એમ તો પ્રતિમામાં નિરવદ્ય ચેષ્ટા પણ ન હોવાથી પુણ્યદાયક ગુણસંકલ્પ પણ સંભવતો નથી.*

## પ્રતિમામાં તીર્થંકરગુણનો આરોપ શક્ય

***સમાધાન :-*** *બરાબર છે. 'પ્રતિમાગતચેષ્ટાને કારણે શુભ કે અશુભ સંકલ્પ પ્રગટતાં નથી' એ અમને પણ ઇષ્ટ છે. છતાં પ્રતિમામાં તીર્થંકરના ગુણોનો અધ્યારોપ કરવા દ્વારા શુભ સંકલ્પ થતો હોવાથી પુણ્યનો અભાવ નથી. [ગા.૧૧૩૫] આ જ વાત કરે છે- 'જિનોમાં જ અવશ્ય રહેલા (નહિ કે પ્રતિમામાં રહેલા) જ્ઞાનવગેરે ગુણોનો - પ્રતિમાને જોઇને - પ્રતિમામાં અધ્યારોપ કરવા દ્વારા ચિત્તમાં સ્થાપીને નમસ્કાર કરે છે. પાર્શ્વસ્થવગેરેને ગુણ વિનાનો સમજતો માણસ કયા ગુણને આગળ કરી તે પાર્શ્વસ્થને નમે ?' 'તુ' શબ્દ 'જ'કાર અર્થક છે. પ્રતિમા સાવદ્યકર્મરહિત*

*प्रतिमानाम्। आह-इत्थं तर्हि निरवद्यकर्मरहितत्वात्, सम्यक्सङ्कल्पस्यापि पुण्यफलस्याभाव एव प्राप्त इति। उच्यते, तस्य तीर्थकरगुणाध्यारोपेण प्रवृत्तेर्नाभाव इति गाथार्थः । तथा चाह- 'नियमा जिणेसु उ गुणा पडिमाउ दिस्स जे मणे कुणइ। अगुणे उ वियाणंतो पासत्थे (?) कं णमउ मणे गुणं काउं' ॥*[आव॰ नि॰ ११३६] *व्याख्या-नियमादिति-नियमेन=अवश्यंतया जिनेष्वेषु=तीर्थकरेष्वेव 'तु' शब्दस्यावधारणार्थत्वात्, गुणा-ज्ञानादयो, न प्रतिमासु, प्रतिमा दृष्ट्वा तास्वध्यारोपद्वारेण यान् मनसि करोति=चेतसि स्थापयति पुनर्नमस्करोति। अत एवासौ तासु शुभः पुण्यफलो जिनगुणसङ्कल्पः सावद्यकर्मरहितत्वात्, न चायं तासु निरवद्यकर्माभावमात्राद्विपर्याससङ्कल्पः, सावद्यकर्मोपेतवस्तु-विषयत्वात् तस्य, ततश्चो-भयविकल एवाकारमात्रतुल्ये कतिपयगुणान्विते चाध्यारोपोऽपि युक्तियुक्तः। अगुणे त्वित्यादि, अगुणानेव, तुशब्दस्यावधारणार्थत्वादविद्यमानगुणानेव विजानन्=अवबुद्ध्यमानः पार्श्वस्थादीन् 'कं णमउ मणे गुणं काउं' कं मनसि गुणं कृत्वा नमस्करोतु तानीति ? स्यादेतद्-अन्यसाधुसम्बन्धिनं तेष्वध्यारोपमुखेन मनसि कृत्वा नमस्करोतु । तन्न, तेषां सावद्यकर्मयुक्ततयाऽध्यारोपविषयलक्षणविकलत्वादविषये चाध्यारोपमपि कृत्वा नमस्कुर्वतो दोषदर्शनात्। आह च- 'जह वेलंबगलिंगं जाणंतस्स णमओ हवइ दोसो। णिद्धंधसंतिय णाऊण वंदमाणे धुवो दोसो'॥*[आव॰ नि॰ ११३७] *व्याख्या-यथा विडम्बकलिङ्गं=भाण्डादिकृतं जानतः=अवबुद्ध्यमानस्य नमतः=नमस्कुर्वतः सतोऽस्य भवति दोषः=प्रवचनहीलनादिलक्षणः निद्धन्धसं=प्रवचनोपघातनिरपेक्षं पार्श्वस्थादिकं 'इय' एवं ज्ञात्वा= अवगम्य 'वंदमाणे धुवो दोसो' वन्दमाने=नमस्कुर्वति सति नमस्कर्त्तरि ध्रुवः=अवश्यंभावी दोषः=आज्ञाविराधना-दिलक्षणः। पाठान्तरं वा 'णिद्धंधसंपि नाऊण वंदमाणस्स दोसो उ' इदं प्रकटार्थमेवेति गाथार्थ इति॥*

अत्राकारमात्रतुल्ये कतिपयगुणयुक्ते वाऽध्यारोपोऽप्युचित इति वचनादन्यत्रेष्टसाधनत्वज्ञानाभावादाहार्या-

---

*હોવાથી તેમાં જિનગુણોનો પુણ્યદાયક શુભ સંકલ્પ કરી શકાય છે, કારણ કે નિરવદ્ય કર્મના અભાવમાત્રથી કંઇ વિપરીત સંકલ્પ થતો નથી, કારણ કે વિપરીત સંકલ્પ તો સાવદ્ય ક્રિયાથી સભર વસ્તુઅંગે હોય છે. આમ ઉભયથી (સાવદ્ય-નિરવદ્ય ઉભયથી) રહિત પ્રતિમા પરમાત્મા સાથે આકૃતિથી સમાન છે અને કેટલાક ગુણોથી ભરેલી છે. તેથી તેમાં પરમાત્મગુણોનો અધ્યારોપ થઇ શકે છે.* ***શંકા :-*** *પાર્શ્વસ્થ પોતે ભલે ગુણી ન હોય, પણ તેનામાં અન્ય સાધુગત ગુણોનો મનથી અધ્યારોપ કરીને તેને નમસ્કાર કરવામાં શો વાંધો છે ?* ***સમાધાન :-*** *આ પ્રમાણે અધ્યારોપ થઇ શકે નહિ. કારણ કે પાર્શ્વસ્થાઓ સાવદ્ય ક્રિયાથી યુક્ત હોવાથી તેઓ અધ્યારોપના વિષયરૂપ લક્ષણથી રહિત છે અને અધ્યારોપના વિષય નહિ બની શકતા તેઓમાં અન્ય સાધુના ગુણોનો અધ્યારોપ કરીને પણ નમસ્કાર કરવામાં સ્પષ્ટ દોષ દેખાય છે. [ગા.૧૧૩૬] કહ્યું જ છે કે- ''જેમ ભાંડવગેરેએ ધારણ કરેલા વિડંબક લિંગને જાણતો હોવા છતાં નમન કરવામાં શાસનહીલનાવગેરે દોષો છે, તેમ 'આ પાર્શ્વસ્થ નિર્દ્ધંધસ=શાસનને થતા ઉપઘાત(=નુકસાન)થી નિરપેક્ષ છે' એમ સમજવા છતાં તેને વંદન કરનારાને અવશ્ય આજ્ઞાવિરાધનાવગેરે દોષો લાગે છે.'' અહીં 'णिद्धंधसंपि नाऊण वंदमाणस्स दोसो उ' (નિર્દ્ધંધસ જાણીને વંદન કરનારને દોષ છે) એવો પાઠાંતર છે. તેનો અર્થ સ્પષ્ટ છે. [ગા. ૧૧૩૭]* (**તાત્પર્ય :-** એક વસ્તુમાં આકારઆદિથી તુલ્ય બીજી વસ્તુના ગુણોનો અધ્યારોપ તો જ થઇ શકે, જો પહેલી વસ્તુમાં એ ગુણોનું જ્ઞાન કરવામાં બાધક બનતાં અવગુણો ન હોય. પાર્શ્વસ્થમાં લિંગથી સમાન બીજા સુસાધુના ગુણોનો અધ્યારોપ કરવામાં તે પાર્શ્વસ્થમાં રહેલા તે ગુણોના વિરોધી અવગુણો બાધક બને છે. જેમકે સુસાધુ નિરવદ્યક્રિયાવાળો હોય છે અને પાર્શ્વસ્થાની ક્રિયાઓ સાવદ્ય છે, તેથી સુસાધુના ગુણોનો અધ્યારોપ પાર્શ્વસ્થ વગેરેમાં થઇ ન શકે, માટે તે વંદનીય ન બને. કોરા કાગળને સ્વકલ્પનાથી ભરી શકાય, જે તે લખેલા કાગળને નહિ.)

रोपो[1]ऽप्यनुपपन्न इति गच्छान्तरीयसाधौ अध्यारोपेणाप्यवन्द्यत्वं तादृशप्रतिमायां त्वारोपविषयत्वाद् वन्द्यत्वमेव इत्युक्तानुमाने साधना(नान पाठा.)वच्छि[2]न्नसाध्यव्यापकमुद्भूतदोषवत्त्व[3]मुपाधिरिति यत्किञ्चिदेतत्॥ ७३॥

उक्तमेव विवेचयन् वादिनो मुग्धतां दर्शयति–

**लिङ्गे स्वप्रतिबद्धधर्मकलनाद् भाज्या भवेद् वन्द्यता,**
**सैकान्तात् प्रतिमासु भावभगवद्भूयोगुणोद्बोधनात्।**
**तुल्ये वस्तुनि पापकर्मरहिते भावोऽपि चारोप्यते,**
**कूटद्रव्यतया धृतेऽत्र न पुनर्मोहस्ततः कः सताम् ॥ ७४॥**

(**दंडान्वयः**→ लिङ्गे स्वप्रतिबद्धधर्मकलनाद् वन्द्यता भाज्या भवेद्। प्रतिमासु भावभगवद्भूयोगुणोद्बोधनादेकान्तात् सा। पापकर्मरहिते तुल्ये वस्तुनि भावोऽपि चारोप्यते, कूटद्रव्यतया धृतेऽत्र पुनर्न ततः सतां को मोहः?)

## અવંદનીયતામાં પ્રગટદોષદર્શન હેતુ

અહીં 'માત્ર આકારથી તુલ્ય હોય તેમાં, અથવા કેટલાક ગુણવાળી વસ્તુમાં જ અધ્યારોપ કરવો ઉચિત છે' એમ કહ્યું. તેથી તે સિવાયની બીજી વસ્તુમાં ઇષ્ટસાધનતાનું જ્ઞાન થતું ન હોવાથી આહાર્યઆરોપ પણ યોગ્ય નથી. (ઇષ્ટ=પુણ્યવગેરે અનુકૂલ વસ્તુ. 'તે ઇષ્ટનું આ સાધન છે' એવું જ્ઞાન નમસ્કારક્રિયાવગેરેને વિષય બનાવીને થાય, ત્યારે તે ક્રિયાવગેરેમાં ઇષ્ટસાધનતાનું જ્ઞાન થયું એમ કહેવાય.) તેથી ગચ્છાંતરીય સાધુ સાધુગુણનો અધ્યારોપ કરીને પણ વંદનપાત્ર ઠરતો નથી. (આહાર્યઆરોપ=જ્યાં ઇષ્ટ ધર્મ બાધિતતરીકે જ્ઞાત હોય, ત્યાં ઇચ્છાના બળપર તે ધર્મની કલ્પના કરવી. પાર્શ્વસ્થાઆદિમાં સાધુધર્મ પ્રત્યક્ષબાધિત જ્ઞાત હોય, તો પણ તેમાં તે ધર્મની કલ્પના આહાર્યઆરોપથી કરી શકાય, એવી શંકાના સમાધાનમાં કહ્યું કે એવો આહાર્યઆરોપ પણ યોગ્ય નથી, કારણ કે તેનાથી કંઇ શુભભાવરૂપ ઇષ્ટ ફળની સિદ્ધિ થવાની નથી.) ભગવદ્ગુણનો અધ્યારોપ શક્ય હોવાથી જ પ્રતિમા વંદનીય બની શકે છે. તેથી તમે દર્શાવેલો 'ગચ્છાંતરીય પ્રતિમા અવંદનીય છે, કારણ કે ગચ્છાંતર પરિગૃહીત છે, જેમકે અન્યગચ્છનો સાધુ' એ અનુમાનનો ગચ્છાંતરપરિગૃહીતત્વરૂપ હેતુ અનેકાંતિક છે, કારણ કે 'પ્રગટ દોષવાળાપણું' ઉપાધિ છે. આ ઉપાધિ સાધ્યને વ્યાપક છે અને સાધનને વ્યાપક નથી. (વ્યાપક=વધુ દેશમાં વૃત્તિ. વ્યાપ્ય=અલ્પદેશમાં વૃત્તિ. સાધ્ય વ્યાપક હોય, સાધન વ્યાપ્ય હોય. ઉપાધિ સાધ્યના વ્યાપકતરીકે સિદ્ધ થાય, તો સાધ્ય સાધનને વ્યાપક નથી તેમ સિદ્ધ થાય છે, કારણ કે સાધ્યને વ્યાપક ઉપાધિ સાધનને વ્યાપક નથી. અને સાધન પોતાને અવ્યાપક સાધ્યનું અનુમાન કરાવી શકે નહિ.) તેથી ગચ્છાંતરપરિગૃહીતત્વ હેતુ હોય, તો પણ જો પ્રગટદોષથી યુક્ત ન હોય, તો અવંદનીય બને નહિ. પ્રગટદોષયુક્ત જ અન્યગચ્છીય વસ્તુ અવંદનીય છે. (સાધનાવચ્છિન્ન.. ઇત્યાદિ સંસ્કૃત લાઇનનો ગુજરાતી અર્થ આ છે. સાધન=હેતુ. અહીં અવચ્છિન્ન=વ્યાપક. તેથી હેતુના વ્યાપક એવા સાધ્યને વ્યાપક ઉદ્ભૂતદોષવત્તા ઉપાધિરૂપ છે. અથવા પાઠાંતર મુજબ સાધનથી અનવચ્છિન્ન=સાધનને અવ્યાપક અને સાધ્યવ્યાપક=સાધ્યને વ્યાપક એવી ઉદ્ભૂતદોષવત્તા ઉપાધિરૂપ છે.) **॥૭૩॥**

આ જ વાતનો વિસ્તાર કરતાં અને વાદી(ઉપા. ધર્મસાગર)ના મુગ્ધપણાનું પ્રદર્શન કરતાં કહે છે—

**કાવ્યાર્થ :-** લિંગમાં સ્વપ્રતિબદ્ધ=પોતાના સંબંધી ધર્મના જ્ઞાનથી વંદ્યપણું વિકલ્પે છે. જ્યારે પ્રતિમામાં ભાવભગવાનના ઘણા ગુણોનું સ્મરણ થતું હોવાથી તેમાં(પ્રતિમામાં) એકાંતથી વંદનીયપણું છે. પાપકર્મથી રહિત તુલ્ય વસ્તુમાં ભાવનો આરોપ થઇ શકે છે, પણ કૂટદ્રવ્યમાં(અપ્રધાન દ્રવ્યમાં) ભાવનો આરોપ થઇ શકતો નથી.

---

① बाधज्ञानेऽपि इष्टारोपः। ② व्यापकत्वं, सामानाधिकरण्यं, विशिष्टत्वं, अनुकूलत्वं, सीमाकरणमित्यादयोऽर्थाः अवच्छिन्नत्वस्य। अत्र व्यापकत्वमर्थः। ③ साध्यव्यापकत्वे सति साधनाव्यापकत्वं उपाधिरित्युदयनाचार्यः।

'लिङ्ग'इति। लिङ्गे *स्वप्रतिबद्ध:*=स्वसम्बन्धी यो धर्म: सन् असन् वा, *तत्कलनात्*=तत्स्मरणादेकसम्बन्धिज्ञानेऽपरसम्बन्धिस्मृतिन्यायाद् वन्द्यता *भाज्या*=भजनीया भवेत्। लिङ्गात्स्वप्रतिबद्धसद्धर्मोपस्थितौ च तदालम्बनतया तस्य वन्द्यताऽसद्धर्मोपस्थितौ च तदालम्बनतया निन्द्यतेत्यर्थ:। प्रतिमासु सा वन्द्यतैकान्तात्, कस्मात् ? भावभगवत्सम्बन्धिनो ये भूयांसो गुणास्तेषामुद्बोधनात्। एकेन्द्रियदलनिष्पन्नत्वादेश्च वन्द्यगतस्य भगवत्कायगतौदारिकवर्गणानिष्पन्नत्वादेरिवानुद्भूतदोषस्याप्रयोजकत्वाद्। गच्छान्तरीयसाधुवत् तादृशप्रतिमाया अवन्द्यत्वमित्यप्ययुक्तं, तत्राध्यारोपविषयसद्भावात् । तदाह-तुल्ये वस्तुन्युभयाभावे आकारसाम्यवति *पापकर्मरहिते*=सावद्यचेष्टारहिते *भावोऽपि* च=गुणोऽपि त्वारोप्यतेऽत्र वस्तुनि, कूटद्रव्यतया धृते च नारोप्यतेऽ**ङ्गारमर्दक** इव भावाचार्यगुण: । तत: क: *सतां*=शिष्टानां मोहो यदुत स्वगच्छीयैव प्रतिमा वन्द्यते नान्या साधुवदिति, द्रव्ये हि कतिपयगुणवत्यपि सम्पूर्णगुणवदध्यारोपो युक्त: प्रतिमायां त्वाकारसाम्येनेत्यागोपालाङ्गनाप्रतीतत्वात् ॥ ७४॥

---

તેથી આ બાબતમાં સજ્જનોને મોહ=અજ્ઞાન ક્યાંથી હોય ?

## વંદનીયતામાં અપ્રગટદોષો અબાધક

સાધુના લિંગના દર્શનવખતે લિંગના જ્ઞાનની સાથે લિંગની સાથે જોડાયેલા સદ્ધર્મનું સ્મરણ થાય, તો તે સદ્ધર્મના આલંબનથી તે સાધુ અને તે લિંગ વંદનીય બને છે. જો એ લિંગના દર્શનવખતે તે લિંગને ધારણ કરનારામાં રહેલા અસદ્ધર્મોનું સ્મરણ થાય, તો તે લિંગ વંદનીય બની શકતુ નથી. (પરંતુ નિંદનીય બને છે.) લિંગના દર્શન વખતે તેની સાથે સંકળાયેલા ધર્મોનું સ્મરણ 'એક સંબંધીના જ્ઞાનમાં બીજા સંબંધીનું સ્મરણ થાય છે.' (અથવા એક સંબંધી જ્ઞાન બીજા સંબંધીનું સ્મરણ કરાવે છે.) આ ન્યાયથી થાય છે. પ્રતિમામાં તો ભગવાનમાં રહેલા ઘણા ગુણોનું સ્મરણ થાય છે. તેથી પ્રતિમા એકાંતે વંદનીય છે.

**શંકા :-** 'પૃથ્વીકાયરૂપ એકેન્દ્રિય જીવોના શરીરથી બનેલી(=પથ્થરમાંથી બનેલી) આ પ્રતિમા છે' આવું સ્મરણ આકારરૂપે પંચેન્દ્રિય પરમાત્માના ગુણોના સ્મરણમાં બાધક બનશે.

**સમાધાન :-** ભાવભગવાનનું શરીર પણ આપણા જેવું જ છે, કારણ કે એ પણ ઔદારિક વર્ગણામાંથી જ બનેલું છે. છતાં સાક્ષાત્ પરમાત્માના દર્શનવખતે ઔદારિક શરીરનું સ્મરણ થતું નથી અને ભાવોલ્લાસ પ્રગટે જ છે, કારણ કે પ્રગટ વિશિષ્ટ ગુણો આગળ આ ક્ષુલ્લક દોષ ઢંકાઇ જાય છે અને ભાવોલ્લાસને અટકાવવામાં સમર્થ બની શકતો નથી. બસ, તે જ પ્રમાણે પ્રતિમામાં પરમાત્માના વિશિષ્ટગુણોનો જ પ્રગટ ભાસ થતો હોવાથી, 'પ્રતિમા એકેન્દ્રિયોના શરીરમાંથી બનેલી છે' એવું જ્ઞાન ઢંકાઇ જાય છે. અર્થાત્ 'એકેન્દ્રિયના શરીરમાંથી સર્જન' એ પ્રતિમાનો અપ્રગટદોષ છે અને પરમાત્માના ગુણોના સ્મરણમાં બાધક બનતો નથી. તેથી 'બીજા ગચ્છના સાધુની જેમ બીજા ગચ્છની પ્રતિમા અવંદનીય છે.' એમ કહેવું બરાબર નથી, કારણ કે પ્રતિમામાં અધ્યારોપને અવકાશ છે. પ્રતિમામાં સાવદ્ય અને નિરવદ્ય ક્રિયાનો અભાવ હોવાથી પ્રતિમા પોતે પાપકર્મથી રહિત છે. વળી પરમાત્માના આકાર સાથે સામ્ય ધરાવે છે. તેથી નિરવદ્ય ક્રિયાવાળા પરમાત્માના ગુણોનો અધ્યારોપ તેમાં થઇ શકે છે પરંતુ કૂટ દ્રવ્ય(=ખોટા દ્રવ્ય) તરીકે જણાયેલામાં આ રીતે ગુણોનો આરોપ થઇ શકતો નથી, જેમકે (અભવ્ય તરીકે જણાયેલા) અંગારમર્દકમાં ભાવાચાર્યના ગુણોનો આરોપ શક્ય નથી. કારણ કે તેઓ શુભની વિરુદ્ધ અશુભભાવરૂપ છે. તેઓનો આ અશુભ ભાવ તેઓમાં શુભ ભાવનો આરોપ કરવામાં બાધક બને છે. આબાળગોપાલ બધાને આટલો ખ્યાલ છે કે, કેટલાક ગુણ ધરાવતા દ્રવ્યમાં જ સંપૂર્ણ ગુણવાન ભાવનો આરોપ કરાય છે અને પ્રતિમામાં આકારની સમાનતાથી જ ભાવનો આરોપ કરાય છે. રાજાનું ચિત્ર 'આ રાજા છે...' એમ કહેવાય છે, પણ રસ્તામાં હાલતા ચાલતા માણસમાટે 'આ

एवं सति प्रतिष्ठावैयर्थ्यमित्याशङ्क्य समाधत्ते--

**नन्वेवं प्रतिमैकतां प्रवदतामिष्टा प्रतिष्ठाऽपि का,**
**सत्यं सात्मगतैव देवविषयोद्देशेन मुख्योदिता।**
**यस्याः सा वचनानलेन परमा स्थाप्ये समापत्तितो,**
**दग्धे कर्ममले भवेत्कनकता जीवायसः सिद्धता ॥ ७५ ॥**

(**दंडान्वयः**→ ननु एवं प्रतिमैकतां प्रवदतां का प्रतिष्ठाऽपीष्टा ? सत्यं, देवविषयोद्देशेन आत्मगतैव सा मुख्योदिता । यस्याः वचनानलेन स्थाप्ये समापत्तितो कर्ममले दग्धे जीवायसः सिद्धता कनकता परमा भवेत् ॥)

'नन्वेवं'इत्यादि । **नन्वेवमा**कारमात्रेण प्रतिमाया एकतां वन्द्यताप्रयोजिकां प्रवदतां युष्माकं प्रतिष्ठाऽपि का इष्टा ? न काचिदिति तद्विधिवैयर्थ्यं स्यादिति । **अत्रोत्तरं** - सत्यं, *सा*=प्रतिष्ठा देवविषयोद्देशे *नात्मन्यधिगतैव*= आत्मनिष्ठैव मु*ख्योदिता*=उक्ता, प्रतिष्ठाविधिना जनितस्यात्मगतातिशयस्यादृष्टाख्यस्य पूजाफलप्रयोजकत्वात् । प्रतिष्ठाध्वंसेनैव तदन्यथासिद्धौ संस्कारध्वंसेनानुभवस्य (अनुभवध्वंसेन संस्कारस्य ?) दानादिध्वंसेन चादृष्टस्य

---

રાજા છે' એમ કહી શકાતું નથી. ॥૭૪॥

**શંકા :-** જો માત્ર આકારની સમાનતાથી જ પ્રતિમામાં પ્રભુના ગુણોનો અધ્યાસ થઇ શકતો હોય, અને તેથી પ્રતિમા પૂજનીય બની જતી હોય, તો પછી દરેક પ્રતિમા શિલ્પી ઘડે ત્યારથી જ સમાનરૂપે પૂજનીય બની જશે, તેથી 'પ્રતિમાની પ્રતિષ્ઠા કરવાની વિધિનો આ બધો આડંબર ફોગટનો છે.' એવી આપત્તિ આવશે.

આ શંકા બતાવી તેનું સમાધાન કરતા કહે છે—

**કાવ્યાર્થ :- શંકા :-** આમ 'આકારમાત્રથી પ્રતિમા એકસરખી રીતે વંદનીય બને' એમ કહેનારા તમને પ્રતિમાની કઇ પ્રતિષ્ઠા ઇષ્ટ હશે ? અર્થાત્ કોઇ પણ પ્રતિષ્ઠા ઇષ્ટ નહિ હોય' **સમાધાન :-** સત્યં, દેવ(=અરિહંત)ને ઉદ્દેશીને આત્મામાં થતી પ્રતિષ્ઠાને જ મુખ્ય પ્રતિષ્ઠા ગણી છે. આ પ્રતિષ્ઠાથી સ્થાપ્યમાં સમાપત્તિને પ્રાપ્ત કરી વચનઅગ્નિથી કર્મમળ બળી જવાથી જીવરૂપ લોખંડનું સિદ્ધપણાંરૂપ સુવર્ણપણાંને પામવારૂપ શ્રેષ્ઠ પ્રતિષ્ઠા થાય છે.

## પ્રતિષ્ઠાફળવિષયક પરમત નિરાકરણ

**શંકા :-** પ્રતિમાનો આકાર જ જો વંદનમાં પ્રયોજક હોય, તો પ્રતિષ્ઠાવિધિ વ્યર્થ ઠરશે, કારણ કે પ્રતિષ્ઠા વિના પણ પ્રતિમા વંદનીય બની જ ચૂકી છે.

**સમાધાન :-** વાત સાચી છે. પ્રતિષ્ઠાવિધિથી મુખ્યવૃત્તિથી તો પરમાત્મતત્ત્વની આત્મામાં જ પ્રતિષ્ઠા કરવાની છે, કારણ કે પ્રતિષ્ઠાવિધિથી આત્મામાં પ્રગટેલો 'અદષ્ટ'(પુણ્ય) નામનો અતિશયવિશેષ જ પૂજાના ફળમાં પ્રયોજક છે.

**શંકા :-** પ્રતિષ્ઠાવિધિથી પ્રગટેલા અદષ્ટરૂપ અતિશયવિશેષને પૂજાના ફળનો પ્રયોજક માનવા કરતાં પ્રતિષ્ઠાધ્વંસ(=પ્રતિષ્ઠા ક્રિયાની પૂર્ણાહુતિ)ને પ્રયોજક માનવો બહેતર છે, કારણ કે આ ધ્વંસ અવશ્યકલ્પ્ય છે. (કારણ કે (૧) પ્રતિષ્ઠા થયા પછી પણ પ્રતિષ્ઠાની સામગ્રી હાજર છે. તો ફરી પ્રતિષ્ઠાનો પ્રસંગ માનવો પડે. પ્રતિષ્ઠાધ્વંસ પ્રતિબંધક છે. જેનો ધ્વંસ થાય, તેની ત્યાં ફરીથી ઉત્પત્તિ થતી નથી. જેમકે ઘટધ્વંસ ઠીકરામાં થયો, તો હવે ત્યાં ફરીથી ઘટ ન થાય. આમ ધ્વંસ માનો, તો જ ફરીથી પ્રતિષ્ઠાની આપત્તિ ટળી શકે. (૨) પ્રતિષ્ઠા પૂરી થયા વિના તો પ્રતિમા પૂજ્ય બને જ નહીં. (૩) આ ધ્વંસ સાદિ અનંત છે. તેથી આ ધ્વંસને પૂજાના ફળનો પ્રયોજક માનવાથી એકવાર પ્રતિષ્ઠિત થયેલી પ્રતિમા જ્યાં સુધી પૂજાશે, ત્યાં સુધી પૂજાનું ફળ મળી શકશે.)

तदापत्तेर्देवतासान्निध्यमपि निष्फलमहङ्कारममकारान्यतररूपस्य सान्निध्यस्य वीतरागदेवताऽनाप्ते सम्भवात् (तानयेऽसम्भवात्)। **न च** चाण्डालादिस्पर्शनाश्या प्रतिष्ठाजनिता प्रतिमागता शक्तिरेव कल्पनीयेति, **आत्म**निष्ठ-फलोद्देशेन क्रियमाणस्यात्मगतकिञ्चिदतिशयजनकत्वकल्पनाया एवौचित्यात्। अत एवात्मगतातिशयस्य समाना-धिकरणपार्यान्तिकमुक्तिफलकत्वमप्युपपद्यते। तदाह-यस्याः प्रतिष्ठायाः सकाशात् सा परमा प्रतिष्ठा *भवेत्*=स्यात्। किं स्वरूपा ? *जीवायसो*=जीवरूपलोहस्य सिद्धतारूपा कनकता, कस्याः? *स्थाप्ये*=परमात्मनि *समापत्तितः*=

**સમાધાન :-** પ્રતિષ્ઠાવિધિ પરમાત્મા પ્રત્યેની ભક્તિને પ્રગટાવવા દ્વારા જ સફળ બને છે. આ ભક્તિથી જ અદૃષ્ટ ઉત્પન્ન થાય છે. અને તે અદૃષ્ટ જ ફળપ્રયોજક બને છે. પ્રતિષ્ઠા પતાવી દેવામાત્રથી ફળ મળતું નથી. તેથી કેટલીકવાર પ્રતિષ્ઠાવિધિની પૂર્ણાહુતિ ન થાય, તો પણ ફળ મળે છે. અને જો પોતાની હાજરીમાત્રથી પ્રતિષ્ઠાધ્વંસ પ્રતિષ્ઠાવિધિને અથવા અદૃષ્ટને અન્યથાસિદ્ધ બનાવી દેતો હોય, તો સંસ્કારધ્વંસ દ્વારા અનુભવને (અહીં 'અનુભવ-ધ્વંસદ્વારા સંસ્કારને' એવો પાઠ વધુ સંગત લાગે છે.) અને દાનવગેરેધ્વંસદ્વારા અદૃષ્ટને અન્યથાસિદ્ધ જાહેર કરવો પડે. ટૂંકમાં તમે કલ્પેલા 'અદૃષ્ટ' ગુણને જ અન્યથાસિદ્ધ કહી દેવો પડે, કારણ કે દરેક સ્થળે તે-તે ધ્વંસ તો હોવાનો જ અને એ ધ્વંસ સાદિ અનંતકાળ રહેવાનો જ. તેથી સર્વત્ર તે-તે ધ્વંસને જ કારણ માનવા પડશે. જે દૃષ્ટ કે ઇષ્ટ નથી. અદૃષ્ટ આત્મગુણ હોવાથી આત્મનિષ્ઠ છે. પ્રતિષ્ઠાધ્વંસ પ્રતિમાગત છે, કારણ કે પ્રતિષ્ઠા વિધિ પ્રતિમામાં થઇ છે.

**શંકા :-** પ્રતિષ્ઠાવિધિથી પ્રતિમામાં તે-તે દેવતાનું સાન્નિધ્ય આવે છે, અર્થાત્ જે દેવની પ્રતિમા હોય, તે દેવ તે પ્રતિમામાં અધિષ્ઠિત થાય છે અને તે દેવ જ પોતાની પ્રતિમાની પૂજા કરનારને ફળ આપે છે.

**સમાધાન :-** આ વાત પણ વીતરાગ દેવની પ્રતિમા અંગે નિષ્ફળ છે, કારણ કે આમ કહેવાથી તો એમ સિદ્ધ થયું કે અધિષ્ઠિત થયેલો દેવ અહંકાર અને મમકારથી યુક્ત છે. તે કાં તો પ્રતિમાને 'હું' સ્વરૂપે જુએ છે, કાં તો 'મારી પ્રતિમા' એમ 'મારું' એ રૂપે જુએ છે.... તથા 'આ મારી પૂજા કરે છે, માટે આનું કલ્યાણ કરું' એવી બુદ્ધિ ધરાવે છે. મોક્ષમાં ગયેલા વીતરાગની પ્રતિમાઅંગે આવી કલ્પના કરવી ઉચિત નથી. વીતરાગ 'હું અને મારું'ની કલ્પનામાં પડતા નથી.

**શંકા :-** ચંડાળવગેરેએ અડકેલી પ્રતિમાની પૂજા ફળદાયક બનતી નથી. તેથી એ પ્રતિમા અપૂજનીય બની જાય છે. એ સિવાયની પ્રતિષ્ઠિત પ્રતિમા પોતે જ પૂજકને ફળ દેનારી બને છે. આમ હોવાથી નિશ્ચય થાય છે કે પ્રતિમામાં જ ફળ દેવાની શક્તિ છે અને તેનામાં આ શક્તિ પ્રતિષ્ઠાવિધિથી આવે છે.

**સમાધાન :-** પૂજાનું ફળ આત્માને મળવાનું છે, અર્થાત્ પૂજાના ફળના આધારતરીકે આત્મા ઇષ્ટ છે. આવા ઉદ્દેશથી જ પ્રતિષ્ઠાવિધિ કરાય છે. પ્રતિષ્ઠાવિધિથી ઉત્પન્ન થતાં અતિશયનો આધાર પણ આત્મા જ હોય તે ઉચિત છે. પ્રતિષ્ઠાવિધિથી ઉત્પન્ન થતો અતિશય પૂજાના ફળનો પ્રયોજક છે. એ આપણને બન્નેને સંમત છે. આ અતિશયને પ્રતિમામાં રહેલો માનવામાં દોષ એ છે કે 'અતિશયરૂપ કારણ ભિન્ન આધારમાં(=પ્રતિમામાં) રહેલું છે, અને પૂજાના ફળરૂપ કાર્ય ભિન્ન અધિકરણમાં(=આત્મામાં) ઉત્પન્ન થાય છે.' આમ તમારા મતે કાર્ય અને કારણ ભિન્ન આધારમાં રહેલા માનવા પડશે. જે તમને જ પસંદ નથી. કારણ કે તમે કાર્ય અને કારણને એક જ આધારમાં રહેલા માનો છો(=કાર્ય અને કારણનું એકાધિકરણ્ય માનો છો.) તેથી પૂજાના ફળરૂપ કાર્ય અને તેમાં પ્રયોજક અતિશય બન્નેને આત્મનિષ્ઠ(આત્મામાં રહેલા) માનવા વધુ યોગ્ય છે. આમ માનવાથી જ 'આત્મામાં રહેલો આ અતિશય પોતાને સમાનાધિકરણ (સમાન અધિકરણ=આધારવાળો) મોક્ષરૂપ અંતિમ ફળને દેનારો બને છે.' અર્થાત્ જે આત્મામાં આ અતિશય આવે, એ જ આત્મામાં મોક્ષરૂપ ફળ પણ આવે તેમ કહેવું સંગત થશે. અર્થાત્ 'પ્રતિષ્ઠાવિધિથી આત્મામાં

समापत्तिमासाद्य, कस्मिन् सति ? कर्ममले दग्धे सति, केन ? *वचनानलेन*=नियोगवाक्याग्निना ॥ ७५ ॥ ननु, एवमात्मनः प्रतिष्ठितत्वेऽपि प्रतिमाया अप्रतिष्ठितत्वं स्यात्, प्रतिष्ठाकर्तृगतादृष्टक्षये प्रतिमायाः पूज्यताऽनापत्तिश्चेत्यत आह–

**बिम्बेऽसावुपचारतो निजहृदो भावस्य सङ्कीर्त्यते,**
**पूजा स्याद् विहिता विशिष्टफलदा द्राक् प्रत्यभिज्ञाय याम् ।**
**तेनास्यामधिकारिता गुणवतां शुद्धाशयस्फूर्त्तये,**
**वैगुण्ये तु ततः स्वतोऽप्युपनतादिष्टं प्रतिष्ठाफलम् ॥ ७६ ॥**

(**दंडान्वयः**→ बिम्बे असौ निजहृदो भावस्य उपचारतो सङ्कीर्त्यते। यां द्राक् प्रत्यभिज्ञाय विहिता पूजा विशिष्टफलदा स्यात्। तेन अस्यां गुणवतां शुद्धाशयस्फूर्त्तये अधिकारिता। वैगुण्ये तु ततः स्वतोऽप्युपनतात्प्रतिष्ठाफलमिष्टम् ॥)

'बिम्ब'इति। बिम्बेऽसौ प्रतिष्ठा *निजहृदो*=निजहृदयसम्बन्धिनो *भावस्य*=अध्यवसायस्योपचारात् सङ्कीर्त्यते। प्रतिष्ठाजनितात्मगता समापत्तिरेव स्वनिरूपकस्थाप्यालम्बनत्वसम्बन्धेन प्रतिष्ठितत्वव्यवहारजननी-

---

પ્રગટેલો ગુણવિશેષ પોતાના અંતિમ ફળ તરીકે મોક્ષ દેનારો બને છે.' એ વાત સાર્થક બનશે. ઉપરોક્ત પ્રતિષ્ઠાથી જીવરૂપ લોખંડની સિદ્ધતારૂપ સુવર્ણરૂપતા થવી એ રૂપે પરમ પ્રતિષ્ઠા થાય છે. તે આ રીતે થાય છે. પ્રતિષ્ઠાવિધિ વખતે બોલાતા આગમોક્ત વિધિવચનોરૂપી અગ્નિથી કર્મરૂપી મળ નાશ પામે છે. તેથી જીવની શિવ(=પરમાત્મા) સાથે સમાપત્તિ થાય છે. આ સમાપત્તિ પામીને જીવ સિદ્ધતારૂપ શુદ્ધ કનકતા=સુવર્ણરૂપતા પામે છે. ॥ ૭૫॥

## પ્રતિમામાં ઉપચારથી પ્રતિષ્ઠા

**શંકા :-** આમ ભલે આત્મામાં પરમાત્માની પ્રતિષ્ઠા થતી હોય, તો પણ પ્રતિમા તો અપ્રતિષ્ઠિત જ રહી. તેથી તે પૂજનીય કેવી રીતે બને ? એમ ન કહેશો કે, 'પ્રતિષ્ઠા કરનારા આત્મામાં ઉત્પન્ન થયેલા અદૃષ્ટનો પ્રતિમામાં ઉપચાર કરવામાં આવે છે. આ અદૃષ્ટના બળપર – જે વ્યક્તિ એ પ્રતિમાને પૂજે છે, તે વ્યક્તિને ફળ મળે છે. એટલે પ્રતિમા પૂજનીય બની શકશે' કારણ કે એમ કહેવામાં પ્રતિષ્ઠા પછી તે પ્રતિષ્ઠા કરનારો આત્મા મોક્ષે જાય, અથવા અદૃષ્ટના ફળને ભોગવી લે, અથવા મિથ્યાત્વ વગેરે ભાવથી અદૃષ્ટને હણી નાખે ઇત્યાદિ કારણથી એ પ્રતિષ્ઠા કરનારામાં રહેલું અદૃષ્ટ નાશ પામી જાય, પછી પ્રતિમા અપૂજ્ય બની જશે; કારણ કે હવે આત્મગત અદૃષ્ટ નાશ પામી ગયું હોવાથી પ્રતિમામાં ઉપચાર પણ સંભવતો નથી. કારણ કે મુખ્યના અભાવમાં ઉપચાર પણ ન સંભવે. તથા એ અદૃષ્ટના બળ પર મળતું પૂજાનું ફળ પણ બંધ થઇ જાય. આ આપત્તિ છે.

આ શંકાના સમાધાનમાં કહે છે–

**કાવ્યાર્થ :-** પોતાના હૃદયના ભાવ=અધ્યવસાયના ઉપચારથી પ્રતિમામાં એ પ્રતિષ્ઠા કહેલી છે. આ પ્રતિષ્ઠાની શીઘ્ર પ્રત્યભિજ્ઞા કરીને કરેલી પૂજા વિશિષ્ટ ફળ દેનારી બને છે. તેથી શુદ્ધ આશયની સ્મૃતિ માટે ગુણવાનો પ્રતિષ્ઠાના અધિકારી છે. વૈગુણ્યમાં(પ્રતિષ્ઠાવિધિની સામગ્રીના અભાવમાં) સ્વતઃ જ ઉપસ્થિત થયેલા તે જ પ્રત્યભિજ્ઞાનથી પ્રતિષ્ઠાનું ફળ ઇષ્ટ છે.

## પૂજાફળમાં પ્રત્યભિજ્ઞા પ્રયોજક

આત્મામાં કરેલી પરમાત્મારૂપ સ્થાપ્યની પ્રતિષ્ઠાવિધિથી આત્મામાં પરમાત્માની સમાપત્તિ થાય છે. પ્રતિમા

त्यर्थः, यां *द्राक्*=शीघ्रं प्रत्यभिज्ञाय *विहिता*=कृता पूजा विशिष्टफलदा स्यात्, *विशिष्टं फलं*=आकारमात्रा-लम्बनाध्यवसायफलातिशायि, तथा च प्रतिष्ठितविषयकं यथार्थं प्रत्यभिज्ञानमेव पूजाफलप्रयोजकमिति। तेनास्यां प्रतिष्ठायां *गुणवतां*=प्रशस्तगुणानां कर्तॄणामधिकारिता *शुद्धस्य*=विशिष्टस्याशयस्य स्फूर्त्तये, विशिष्टगुणवत्-प्रतिष्ठितेयमिति प्रत्यभिज्ञाने विशिष्टाध्यवसायस्य प्रत्यक्षसिद्धत्वात्, *वैगुण्ये तु*=प्रतिष्ठाविधिसामग्र्यसम्पत्तौ तु *ततः*=प्रत्यभिज्ञानात् स्वतोऽपि *उपनताद्*-बाह्यसामग्रीं विना मनसोऽप्युपस्थितात् प्रतिष्ठाफलमिष्टम्। तदुक्तं **विंशिकायां** → *'थंडिल्ले वि हु एसा मणठवणाए पसत्थिगा चेव। आगासगोमयाईहि इत्थमुल्लेवमाइहिं'॥* [८/

આ સમાપત્તિ થવામાં આલંબન બને છે. તેથી આ સમાપત્તિ જ પ્રતિમામાં પ્રતિષ્ઠિતપણાના વ્યવહારની જનની બને છે. (स्वनिरूपक ઇત્યાદિનું પદકૃત્ય → સ્વ=સમાપત્તિ. તેનો નિરુપક=ઓળખાવનાર=સંબંધી જે સ્થાપ્ય= ઋષભદેવઆદિ તીર્થંકર. તેની સ્મૃતિવગેરેમાં આલંબન બનતી પ્રતિમામાં આલંબનત્વ છે. સમાપત્તિ પ્રતિષ્ઠિતત્વવ્યવહારની જનની છે. અર્થાત્ સમાપત્તિ કારણ છે. પ્રતિષ્ઠિતત્વ વ્યવહાર કાર્ય છે. પ્રતિષ્ઠિતત્વ વ્યવહાર પ્રતિમામાં લેવાનો છે. એટલે કે કાર્યનું અધિકરણ પ્રતિમા છે. નૈયાયિકો કાર્ય અને કારણને સમાનાધિકરણ માને છે. તેથી ઉપરોક્ત વ્યવહારમાં કારણભૂત આત્મનિષ્ઠ સમાપત્તિને પણ કાર્યાધિકરણ=પ્રતિમામાં લાવવી પડે. અને તેમાટે સંબંધ શોધવો પડે. પ્રસ્તુતમાં સમાપત્તિનિરુપકસ્થાપ્ય(=પરમાત્મા. તેની સ્મૃતિ વગેરેમાં) આલંબનત્વવતી (=આલંબન) પ્રતિમા છે. તેથી સ્વનિરુપક... ઇત્યાદિ સંબંધથી સમાપત્તિ પણ પ્રતિમામાં આવશે.) આમ અરિહંતની પોતાનામાં થતી ભાવસમાપત્તિમાં આલંબન થતી પ્રતિમામાં એવો ઉપચાર કરી પ્રતિમાને પ્રતિષ્ઠિત ગણવાની છે. પ્રતિમામાં કરેલી આ પ્રતિષ્ઠાનું શીઘ્ર પ્રત્યભિજ્ઞાન કરીને કરાતી પૂજા વિશિષ્ટ ફળ આપનારી બને છે. અહીં પ્રતિમામાં પરમાત્માના આકારમાત્રની તુલ્યતાને આગળ કરી ઊભા થયેલા અધ્યવસાયો સામાન્ય કોટિના છે. જ્યારે પ્રતિમામાં 'આ પ્રતિષ્ઠિત પ્રતિમા ભાવસમાપત્તિમાં આલંબન છે' અથવા 'પરમાત્માથી પ્રતિષ્ઠિત છે' ઇત્યાદિ થતી પ્રત્યભિજ્ઞાથી પ્રગટતા અધ્યવસાયો અતિશાયી=પ્રબળતર બને છે. અધ્યવસાયની આ પ્રબળતરતા સુંદરતર ફળ દેનારી બને છે. આમ પ્રતિમામાં થતી પરમાત્માથી પ્રતિષ્ઠિતા એ વિષયક યથાર્થ પ્રત્યભિજ્ઞા જ પૂજાના ફળમાં નિયામક છે. તેથી પ્રશસ્ત ગુણોથી છલકાતી વ્યક્તિ પ્રતિષ્ઠાવિધિનો અધિકારી છે. કારણ કે ગુણવાન વ્યક્તિએ કરેલી પ્રતિષ્ઠા પછી એ પ્રતિષ્ઠિત પ્રતિમાને જોઇ થતી પ્રત્યભિજ્ઞાથી જ વિશિષ્ટ અધ્યવસાયો પ્રગટે છે. દેખાય જ છે કે પ્રતિષ્ઠિત પ્રતિમાને પૂજતી વ્યક્તિને 'આ પ્રતિમા વિશિષ્ટ ગુણવાન મહાનુભાવે પ્રતિષ્ઠિત કરી છે' એવી થતી પ્રત્યભિજ્ઞા વિશિષ્ટ શુભભાવમાં હેતુ બને છે.

**શંકા :-** પ્રત્યભિજ્ઞામાત્રથી વિશિષ્ટભાવ અને ફળ કહેવામાં કોઇ કારણ ?

**સમાધાન :-** 'આ પ્રતિમા અરિહંતસ્વરૂપ છે' ઇત્યાદિ પ્રત્યભિજ્ઞાન થવાથી વધુ શુભ અધ્યવસાય પ્રગટે એ પ્રત્યક્ષસિદ્ધ છે. 'આ પરમાત્માનો આકાર છે' એ અને 'આ પરમાત્મમય છે' આ બે જ્ઞાનમાં ઘણો મોટો તફાવત છે. એકમાં પરમાત્માનો પરોક્ષ બોધ છે. બીજામાં પરમાત્માનો સાક્ષાત્કાર છે. અને સ્વાભાવિક છે કે પરમાત્માના સાક્ષાત્કારમાં વધુ ઊંચા અધ્યવસાયો જાગે. તથા વધુ ઊંચા અધ્યવસાયો વધુ શ્રેષ્ઠ ફળ આપે એ પણ સર્વમાન્ય વાત છે. આમ પ્રત્યભિજ્ઞાન પૂજાના ફળમાં પ્રયોજક બને છે. આ પ્રત્યભિજ્ઞાનમાં પરમાત્માની પ્રતિમામાં કરેલી પ્રતિષ્ઠા પ્રયોજક છે. તેથી પ્રતિમામાં પણ પ્રતિષ્ઠા ઇષ્ટ છે. પરમાત્માને આત્મભવનમાં હૃદયસિંહાસનપર પ્રતિષ્ઠિત કરતી વખતે જ વચનોચ્ચારઆદિ વિધિથી પ્રતિમામાં પણ તે પ્રતિષ્ઠા કરવામાં આવે છે.

પ્રતિષ્ઠાવિધિવગેરે બાહ્ય સામગ્રીથી અસંપન્ન પ્રતિમામાં મનથી પણ પ્રતિષ્ઠાઆદિનું સ્મરણ થઇ શકે છે. અર્થાત્ અયથાર્થ પ્રતિષ્ઠાવિધિસ્થળે કે અવિધિસ્થળે પણ શુદ્ધ પ્રતિષ્ઠાવિધિ આદિની માનસિક કલ્પના કરી પ્રત્યભિજ્ઞા

१४] मानसी स्थापना=मनसा स्थापनं, यदुक्तं → *'न्याससमये तु सम्यक् सिद्धानुस्मरणपूर्वकमसङ्गं मुक्तौ तत्स्थापनमिव कर्त्तव्यं स्थापनं मनसेति'*। इत्थं च बाह्यकारणासम्पत्तौ प्रतिष्ठाकर्तृगुणानां प्रायो दुर्लभत्वे वा कटुकदिगम्बरप्रतिष्ठितद्रव्यलिङ्गिद्रव्यनिष्पन्नव्यतिरिक्ताः सर्वा अपि प्रतिमा वन्दनीया इति वचनप्रतिष्ठापि फलावहेत्याम्नाय**विदः**, त्रयानादरोऽपि कर्तृगतोत्कटदोषज्ञानाच्छुद्धाऽऽशयापरिस्फूर्तेरत एव साधुवासक्षेपादवन्दनीयास्तिस्रोऽपि वन्दनीयतां नातिक्रामन्तीति **सूरिचक्रवर्त्तिनां श्रीहीरनामधेयानामाज्ञा**, ततः शुद्धाशयस्फूर्त्तेरप्रतिहतत्वादिति दिग् ॥ ७६ ॥ एतेन शङ्काशेषोऽपि सुनिरस्य एवेत्याह—

**चैत्येऽनायतनत्वमुक्तमथ यत्तीर्थान्तरीयग्रहात्,**
**तत्किं तन्ननु दुर्मतिग्रहवशाद् दुष्टं श्रयामीति चेत् ?**
**साम्राज्ये घटमानमेतदखिलं चारित्रभाजां भवेत्,**
**पार्श्वस्थस्त्वसती सतीचरितवन्नो वक्तुमेतत्प्रभुः ॥ ७७ ॥**

(**दंडान्वयः**→ अथ यत् तीर्थान्तरीयग्रहात् चैत्येऽनायतनत्वमुक्तं तद् ननु दुर्मतिग्रहवशाद् दुष्टं तत्किं

---

કરી શકાય છે. તેના દ્વારા પ્રતિષ્ઠાફળની પ્રાપ્તિ ઇષ્ટ છે. **વિંશિકામાં** કહ્યું જ છે કે → (પૂર્વે જિનપૂજાની પ્રતિજ્ઞા કરનારા રાજાવગેરે જંગલઆદિમાં પ્રતિજ્ઞાભંગને ટાળવા વેળુ-રેતી વગેરેમાંથી પ્રતિમા બનાવી પૂજતા હતા - એવા કેટલાક શાસ્ત્રીય દૃષ્ટાંતોને નજરમાં લઇ કહે છે) *'થંડિલ=શુદ્ધસ્થળે આકાશ (ભૂમિને નહીં સ્પર્શેલું ?) છાણવગેરેથી ઉપલેપન કરેલી પ્રતિમાઓ પણ માનસિક સ્થાપના દ્વારા પ્રશસ્ત જ બને છે.'* માનસિક સ્થાપના=મનથી કરેલી સ્થાપના. કહ્યું છે કે → *'ન્યાસ વખતે (પ્રાણપ્રતિષ્ઠા-અંજનશલાકા વિધિમાં ન્યાસવિધિ આવે છે.) સિદ્ધસ્વરૂપની સ્થાપના કરતી વખતે સારી રીતે સિદ્ધોનું સ્મરણ કરવા પૂર્વક અસંગ એવા તે સિદ્ધોનું મુક્તિ=મોક્ષમાં જાણે કે સ્થાપન કરતા હોઇએ એ રીતે મનથી સ્થાપન કરવું.'*

આમ જ્યારે પ્રતિષ્ઠાવિધિઅંગેના બાહ્યકારણની અસંપ્રાપ્તિ(અભાવ) હોય, અથવા પ્રતિષ્ઠા કરનારી યોગ્યગુણોવાળી વ્યક્તિ પ્રાયઃ દુર્લભ હોય, (સર્વથા અભાવ કહી ન શકાય) તો (૧) કટુકે(કડવામતવાળાએ) (૨) દિગંબરે પ્રતિષ્ઠિત કરેલી તથા (૩) દ્રવ્યલિંગી વેષધારીના પૈસાથી બનેલી પ્રતિમા-આ ત્રણને છોડી બાકીની બધી પ્રતિમા વંદનીય બને છે. તેથી વચનપ્રતિષ્ઠા પણ ફળદાયક છે, એમ **સંપ્રદાયજ્ઞોનો** મત છે. ઉપરોક્ત ત્રણનો અનાદર પણ એટલા માટે જ છે કે, તેઓની પ્રતિમાના દર્શનવખતે તે પ્રતિમાની પ્રતિષ્ઠા કરનારામાં રહેલા ઉત્કટ દોષોનું જ્ઞાન થવાથી તે પ્રતિમામાં પરમાત્માના સ્વરૂપની ઝાંખી થતી નથી અને શુભ અધ્યવસાયો પ્રગટી શકતા નથી. તેથી જ અવંદનીય એવી પણ આ ત્રણે પ્રતિમા સાધુના વાસક્ષેપથી અભિમંત્રિત થયા પછી વંદનીય થઇ જાય છે, કારણ કે આ નવી પ્રતિષ્ઠાથી પૂર્વના પ્રતિષ્ઠાકર્ત્તાની સ્મૃતિપર પડદો પડે છે. **'સ્પર્દ્ધે પરમ્'** ન્યાયથી ઉત્તરકાલીન પ્રતિષ્ઠા બળવત્તર હોઇ, તેની જ સ્મૃતિ થાય છે. તેથી અડચણ વિના વિશુદ્ધ આશયો પ્રગટે છે. આ પ્રમાણે **સૂરિચક્રવર્તી જગદ્ગુરુ શ્રીહીરસૂરિ મહારાજની આજ્ઞા છે. ॥ ૭૬ ॥**

આ ચર્ચાથી બાકીની શંકા પણ સહેલાઇથી દૂર થઇ શકે તેવી છે તેમ દર્શાવતાં કહે છે કે—

## પાર્શ્વસ્થપ્રધાન વર્તમાનકાળ

**કાવ્યાર્થ :- શંકા :-** અન્યતીર્થિકના તાબામાં રહેલા ચૈત્યને અનાયતન કહ્યું છે. તેથી દુર્મતિ(પાર્શ્વસ્થ વગેરે)ના કબજામાં રહેલા ચૈત્યનો શું કામ આશ્રય કરું ? **સમાધાન :-** આ બધી વાત ચારિત્રસંપન્ન સાધુઓની

श्रयामि इति चेत् ? एतदखिलं चारित्रभाजां साम्राज्ये घटमानं भवेद्, असती सतीचरितवत्पार्श्वस्थस्तु एतद् वक्तुं नो प्रभुः ॥)

'चैत्य'इति। **अथ** *यद्*=यस्मात् कारणात् तीर्थान्तरीयस्य *ग्रहः*=परिग्रहः, तस्मादनायतनत्वमुक्तम्- *'णो कप्पइ अण्णउत्थियपरिग्गहाइं अरहंतचेइयाइं वा'* इत्यादिना। *तत्*=तर्हि 'ननु' इत्याक्षेपे *दुर्मतीनां*=दुर्बुद्धीनां पार्श्वस्थादीनां यो *ग्रहः*=परिग्रहः तद्वशाद् *दुष्टं*=दोषवत् तच्चैत्यं किं श्रयामि ? अन्यतीर्थिकपरिग्रहवद् भ्रष्टाचार-परिग्रहस्याप्यनायतनत्वहेतुत्वादिति भाव इति चेत् ? **एतदखिलं** त्वयोच्यमानं चारित्रभाजां *साम्राज्ये*=सम्राड्भावे प्रवर्त्तमाने घटमानं युक्तं भवेत्। तदोद्यतविहारिभिर्निर्जितसकलभयैराचार्यादिधीरपुरुषैः शुद्धाशुद्धविवेके क्रियमाणे विधिगुणपक्षपातस्य सर्वेषां सुकरत्वेन भावोल्लासस्यावश्यकत्वाद्। आह → *'जो उत्तमेहिं मग्गो, पहओ सो दुक्करो न सेसाणं। आयरियम्मि जयंते, तयणुचरा के णु सीअंति'* ॥ [बृहत्कल्पभा० पीठिका २४९] इत्यादि, पार्श्वस्थस्तु भवान् पार्श्वस्थमध्यवर्ती एतद् निर्दिष्टमसती *सतीचरितवत्*=सतीचरित्रं नो वक्तुं प्रभुः। अशक्यस्य स्वकृति-साध्यत्वोक्तौ उपहसनीयत्वप्रसङ्गात्, प्रायस्तुल्यत्वे एकतरपक्षपातेनेतरभक्तिसङ्कोचप्रद्वेषादिना महापातकप्रसङ्गाच्च ॥ ७७ ॥ उपसंहरति–

**सर्वासु प्रतिमासु नाऽऽग्रहकृतं वैषम्यमीक्षामहे,**
**पूर्वाचार्यपरम्परागतगिरा शास्त्रीययुक्त्याऽपि च।**
**इत्थं चाविधिदोषतापदलनं शक्ता विधातुं विधि-**
**स्वैरोज्जागररागसागरविधुज्योत्स्नेव भक्तिप्रथा ॥ ७८ ॥**

---

હયાતીમાં ઘટી શકે તેવી છે. પણ જેમ સતીના ચરિત્રને વર્ણવવાનો અધિકાર અસતીને નથી, તેમ પાર્શ્વસ્થ પોતે ઉપરોક્ત કહેવા માટે સમર્થ નથી.

**ધર્મસાગર ઉપાધ્યાય :-** *'અન્યતીર્થિકના કબજામાં રહેલા અરિહંતચૈત્યને વંદન આદિ કરવા કલ્પતા નથી...'* ઇત્યાદિ વચન હોવાથી અન્ય તીર્થિકની માલિકીમાં રહેલા ચૈત્યો અનાયતન=અસેવનીય છે. પાર્શ્વસ્થવગેરે સાધુઓ ભ્રષ્ટઆચારવાળા છે, તેથી અન્ય તીર્થિકની માલિકીની જેમ ભ્રષ્ટાચારી સાધુના તાબામાં રહેલા ચૈત્યો પણ અનાયતન જ છે. તેથી તે દુર્મતિવાળા પાર્શ્વસ્થવગેરેના દોષયુક્ત ચૈત્યોને અમે શું કામ સ્વીકારીએ ? (મૂળમાં 'નનુ' પદ આક્ષેપ અર્થમાં છે.)

**સમાધાન :-** જે કાળે ઉદ્યતવિહારીઓનું સામ્રાજ્ય હતું. તથા જે કાળે નિષ્કલંક ચારિત્રવાળા આચાર્યવગેરે ધીરપુરુષો નિર્ભયપણે શુદ્ધ અને અશુદ્ધનો વિવેક કરતા હતા. તેથી જે કાળે સર્વત્ર સંઘમાં વિધિ અને ગુણનો પક્ષપાત બધાને અત્યંત સુકર-સુલભ હતો અને ભાવોલ્લાસરૂપે આવશ્યક હતો. તે કાળે તમે કહેલી બધી વાતો ઘટી શકતી હતી. કહ્યું જ છે કે → *'જે માર્ગ ઉત્તમ પુરુષોથી ખેડાયેલો હોય છે, તે માર્ગ બીજાઓ માટે દુષ્કર નથી. આચાર્ય જયણાશીલ હોય (ઉદ્યત હોય) તો તેના કયા અનુચરો(શિષ્યો) સીદાય ?'* જ્યારે તમે તો પાર્શ્વસ્થાઓની વચ્ચે રહેલા છો, તેથી પાર્શ્વસ્થતુલ્ય જ છો. (આ કાળ પાર્શ્વસ્થપ્રચુર છે. તેથી શુદ્ધચારિત્રવાળી વ્યક્તિ પ્રાયઃ દુર્લભ છે.) તેથી તમારી ઇચ્છા સતીના ચરિત્રને કહેવાનો આગ્રહ રાખતી અસતી જેવો છે. અર્થાત્ અત્યારના કાળમાં આવી ઇચ્છા કરવી યોગ્ય નથી. 'આકાશના તારા તોડી લાવવા જેવી અશક્ય વસ્તુ પોતે કરી શકે છે.' એમ કહીને હાસ્યાસ્પદ બનવાની જરુર નથી. તેથી પ્રાયઃ સરખાપણું હોવા છતાં એકમાં પક્ષપાત રાખી બીજાનો ત્યાગ કરી ભક્તિમાં સંક્ષેપ

(दंडान्वयः→ सर्वासु प्रतिमासु पूर्वाचार्यपरम्परागतगिरा शास्त्रीययुक्त्याऽपि चाऽऽग्रहकृतं वैषम्यं नेक्षामहे। इत्थं च विधिस्वैरोज्जागररागसागरविधुज्योत्स्नेव भक्तिप्रथा अविधिदोषतापदलनं विधातुं शक्ता॥)

'सर्वासु'इति। *सर्वासु*=निश्रितानिश्रितादिभेदभिन्नासु प्रतिमासु *आग्रहकृतं*=स्वमत्योत्प्रेक्षितं *वैषम्यं*= विषमत्वं *नेक्षामहे*=प्रमाणयामः। तथा च सर्वत्र साम्यमेव प्रमाणयाम इति पर्यायोक्तम्, कया ? पूर्वाचार्यपरम्परया आगता या गीस्तया, परम्परागमेनेत्यर्थः। शास्त्रीया या युक्तिः, तयापि 'च' शब्दोपजीविनाऽनुमानादिप्रमाणेन चेत्यर्थः। भक्त्युल्लासप्राधान्येन चात्राविध्यनुमतिरनुत्थानोपहतेत्याह। *इत्थं च*=एवं व्यवस्थिते *चाविधिशतदो-* (धिदो पाठा.) *षतापस्य*=परितापकारिणोऽविध्यनुमोदनप्रसङ्गस्य दलनं *विधातुं*=कर्तुं *विधौ*=विधाने *स्वैरोज्जागरो*= यथेच्छं प्रवृद्धिमान् राग एव सागरस्तत्र *विधुज्योत्स्नेव*=चन्द्रचन्द्रिकेव *भक्तिप्रथा*=प्रथमाना भक्तिः, *शक्ता*=समर्था॥ ७८॥

॥ इति धर्मसागरीयमतं निराकृतम् ॥

उपस्थितया भक्त्या प्रणुन्न इव भगवत्प्रतिमामेवाभिष्टौति–

**उत्फुल्लामिव मालतीं मधुकरो रेवामिवेभः प्रियां,**
**माकन्दद्रुममञ्जरीमिव पिकः सौन्दर्यभाजं मधौ।**
**नन्दच्चन्दनचारुनन्दनवनीभूमिमिव द्योःपति-**
**स्तीर्थेशप्रतिमां न हि क्षणमपि स्वान्ताद् विमुञ्चाम्यहम् ॥ ७९ ॥**

(दंडान्वयः→ मधुकर उत्फुल्लां मालतीमिव इभः प्रियां रेवामिव, मधौ पिकः सौन्दर्यभाजं माकन्दद्रुम-मञ्जरीमिव, द्योःपतिर्नन्दच्चन्दनचारुनन्दनवनीभूमिमिव अहं तीर्थेशप्रतिमां क्षणमपि स्वान्ताद् न हि विमुञ्चामि॥)

'उत्फुल्लामिव'इति। अहं तीर्थेशप्रतिमां क्षणमपि *स्वान्तात्*=चित्ताद् *न विमुञ्चामि*=न त्यजामि। किन्तु

---

કરવો અને દ્વેષ કરવો સારો નથી, કારણ કે તેમ કરવામાં મહાપાપ લાગવાની આપત્તિ છે. ॥ ૭૭॥

ઉપસંહાર કરે છે–

**કાવ્યાર્થ :-** અમે પૂર્વાચાર્યોની પરંપરાની વાણીથી તથા શાસ્ત્રીયયુક્તિથી પણ બધી પ્રતિમાઓમાં આગ્રહથી ઊભી કરાયેલી વિષમતા જોતાં નથી. આ પ્રમાણે વિધિના વિધાનમાં યથેચ્છ વૃદ્ધિ પામતા રાગરૂપ સાગરમાટે ચાંદની જેવી ભક્તિપ્રથા અવિધિના દોષના તાપને દળી નાખવા સમર્થ છે.

## પ્રતિમાની પૂજ્યતામાં નિશ્રિતાદિભેદ અપ્રયોજક

અમે નિશ્રિત-અનિશ્રિત વગેરે ભેદોવાળી પ્રતિમામાં સ્વમતિકલ્પિત ભેદને પ્રમાણભૂત ગણતાં નથી. પણ અભેદને=સમાનપણાને જ પ્રમાણભૂત માનીએ છીએ, કારણ કે તે બાબતમાં અમને ગીતાર્થપરંપરાનું અને શાસ્ત્રીય યુક્તિ=શબ્દ પ્રમાણ(=આગમ પ્રમાણ)નું તથા (મૂળમાં રહેલા 'ચ' પદથી સૂચિત) અનુમાન પ્રમાણ વગેરેનું આલંબન છે. અહીં ભક્તિનો ઉલ્લાસ જ પ્રધાનપણે છે. આ ભક્તિનો ઉલ્લાસ અવિધિની અનુમતિના દોષને ઉઠે તે પહેલા જ હણી નાખે છે. તેથી વિધિ અંગેના રાગની યથેચ્છ વૃદ્ધિમાટે-સાગરને હિલોળે ચડાવતી ચાંદની જેવી-ભક્તિ પ્રવૃત્તિ સેંકડો દોષરૂપ તાપને દેનારી અને પરિતાપ કરવાવાળી અવિધિની અનુમોદનાના પ્રસંગને ચગડી નાખવા સમર્થ છે.
**તાત્પર્ય :-** વિધિપ્રત્યેના રાગને વધારનારી ભક્તિ ત્યારે થતી અવિધિના દોષને દૂર કરે છે. તેથી બધી પ્રતિમાઓ સમાનપણે પૂજ્ય છે, એ સિદ્ધ થાય છે. ॥ ૭૮॥

**આ પ્રમાણે ઉપા. ધર્મસાગર મ.ના મતનું નિરાકરણ કર્યું.**

विषयान्तरसञ्चारविरहेण सदा ध्यायामीति ध्वन्यते। कां क इव ? उत्फुल्लां मालतीं *मधुकर इव*=भ्रमर इव। स हि मालतीगुणज्ञस्तदसम्पत्तौ अपि तत्पक्षपातं न परित्यजति। तथा *प्रियां*=मनोहारिणीं रेवामिव *इभः*=हस्ती, तस्य तद्गहनक्रीडयैव रत्युत्पत्तेः। तथा *माकन्दद्रुममञ्जरीं*=सहकारतरुमञ्जरीं कीदृशीं ? *मधौ*=वसन्ते सौन्दर्यं भजतीत्येवं-शीला तां *पिक इव*=कोकिल इव, स हि सहकारमञ्जरीकषायकण्ठः कलकाकलीकलकलैर्मदयति च यूनां मन इति। तथा *द्यौः पतिः*=इन्द्रो नन्दद्भिश्चन्दनैश्चार्वी या नन्दनवनीभूमिस्तामिव, स हि प्रियाविरहतापमपि तच्चारु-भावचारिमचमत्कारदर्शनाद् विस्मरतीति। अत्र **रसनोपमाऽलङ्कारः** ॥ ७९ ॥

**मोहोद्दामदवानलप्रशमने पाथोदवृष्टिः शम-**
**श्रोतोनिर्झरिणी समीहितविधौ कल्पद्रुवल्लिः सताम्।**
**संसारप्रबलान्धकारमथने मार्त्तण्डचण्डद्युति-**
**जैनी मूर्त्तिरुपास्यतां शिवसुखे भव्याः पिपासाऽस्ति चेत्** ॥ ८० ॥

## પ્રતિમાની હાર્દિક સ્તવના

હવે ઉપસ્થિત થયેલી ભક્તિથી જાણે કે પ્રેરાયા ન હોય, તેમ ભગવાનની પ્રતિમાની સ્તવના કરે છે—

**કાવ્યાર્થ :-** જેમ ભમરો વિકસિત માલતીને એક ક્ષણ પણ છોડતો નથી, જેમ ગજરાજ પ્રિય રેવાનદીને પળવાર પણ ત્યજતો નથી, જેમ કોયલ વસંતઋતુમાં આમ્રવૃક્ષની સૌંદર્ય પામતી મંજરીઓને ઘડીભર પણ મુકવા તૈયાર નથી અને જેમ ઇંદ્ર આનંદદાયક ચંદનોથી મનોહર બનેલી નંદનવનની ભૂમિને ક્ષણવાર પણ દૂર કરી શકતો નથી; તેમ હું પણ તીર્થંકરની પ્રતિમાને મારા હૃદયસિંહાસનપરથી એક ક્ષણમાટે પણ અલગ કરી શકતો નથી.

હું મનને અન્ય વિષયોમાં ભટકાવવાનું છોડી સતત તીર્થેશપ્રતિમાનું જ ધ્યાન ધરું છું, કાવ્યનો આ ધ્વનિ છે. કવિએ આ બાબતમાં ચાર ઉપમા આપી છે. (૧) ભમરાને માલતીના ગુણોનો ખ્યાલ હોવાથી તે કદી પણ માલતીને છોડતો નથી. જો કદાચ ક્યારેક માલતી પુષ્પનો સંગ ન થાય, તો પણ તેનાપ્રત્યેના પોતાના પક્ષપાત(=અવિહડ સ્નેહ)ને તો છોડતો જ નથી. એમ હું પણ પ્રભુની પ્રતિમાના ગુણ-લાભ-ઉપકાર સમજતો હોવાથી પળભરમાટે પણ તે પ્રતિમાથી અલગ થવા ઇચ્છતો નથી. સાધુક્રિયા વગેરે અન્ય યોગો અને કારણોથી કદાચ પ્રતિમાના બાહ્ય દર્શનથી વંચિત રહેવાનું થાય, તો પણ વીતરાગની પ્રતિમાપ્રત્યેની તીવ્રઆસક્તિના કારણે સતત તેનું જ ધ્યાન ધરું છું. (૨) હાથીને રેવાના ઊંડા જળમાં પેસી ક્રીડા કરવાથી જ આનંદ થાય છે. તેથી તે રેવા(=નર્મદા)ને કદી વિસરી શકતો નથી, તેમ મને પણ કરુણાભંડાર પ્રભુની કરુણામય મૂર્તિના સ્વરૂપના ચિંતનરૂપ પાણીમાં ડૂબકી લગાવવાથી જ પરમ આહ્લાદનો અનુભવ થાય છે, તેથી પ્રતિમા વિના મને ઘડીભર પણ ગોઠતું નથી (૩) વસંતઋતુમાં શોભાયમાન થયેલી આમ્રમંજરીથી આકર્ષાયેલી કોયલ ખુલ્લા કંઠે કલકલ, મધુર અવ્યક્ત શ્રોત્રપેય ટહુકાઓ સતત કરે છે અને યુવાનોને મદહોશ બનાવે છે. એ જ પ્રમાણે હું પણ પરમઔદાસીન્યભાવમાં રમતાં જિનબિંબના સૌંદર્યથી આકર્ષાઇને સતત તેના ગુણગાન કરતા થાકતો નથી. મારા કંઠમાંથી નીકળેલા પરમાત્માના આ ગુણગાનને સાંભળી ધર્મની યુવાનીને પામેલા શ્રદ્ધાળુઓ આનંદવિભોર બની નાચી ઉઠે છે. (૪) તથા ઇંદ્રાણી વગેરે પ્રિયાઓના વિરહમાં પણ ઇંદ્ર સુંદર ચંદનથી શોભતા નંદનવનની ભૂમિપર બિરાજતાં સુંદર ભાવોના મનોરમ્ય ચમત્કારોના દર્શનથી પોતાની પ્રિયાના વિરહના સંતાપને પણ ભૂલી જાય છે. તેમ હું પણ આ માધ્યસ્થ્યમયી પ્રતિમામાં પળે પળે પલટાતાં મનોરમ્ય ભાવોનું પાન કરવામાં એવો મશગુલ બની જાઉં છું કે ઘડીભર તો પરમાત્માના વિરહના સંતાપને પણ વિસરી જાઉં છું.

(**दंडान्वयः**→ हे भव्याः ! चेत् शिवसुखे (वः) पिपासाऽस्ति (तर्हि) सतां मोहोद्दामदवानलप्रशमने पाथोदवृष्टिः, शमश्रोतोनिर्झरिणी, समीहितविधौ कल्पद्रुवल्लिः, संसारप्रबलान्धकारमथने मार्त्तण्डचण्डद्युतिः जैनी मूर्त्तिरुपास्यताम् ॥)

'मोहोद्दाम'इति। मोह एव य उद्दामो दवानलः सकलशमवनप्लोषकत्वात्, तस्य प्रशमने *पाथोदवृष्टिः*=मेघवृष्टिः, तथा शमश्रोतसो *निर्झरिणी*=नदी, तत्प्रवाहत्वात्, *समीहितस्य*=वाञ्छितस्य *विधौ*=विधाने *सतां*=शिष्टानां *कल्पद्रुवल्लिः*=सुरतरुलताऽविलम्बेन सर्वसिद्धिकरत्वात्, तथा संसार एव यः *प्रबलान्धकारः*=उत्कटं तमः, तस्य *मथने*=अपनयने *मार्त्तण्डस्य*=सूर्यस्य *चण्डद्युतिः*=तीव्रप्रभा, विवेकवासरतारुण्ये मोहच्छायाया अप्यनुपलम्भात्, एतादृशी *जैनी*=जिनसम्बन्धिनी मूर्त्ति *रुपास्यतां*=सेव्यतां भो भव्याः ! *शिवसुखे*=मुक्तिशर्मणि यदि *वः*=युष्माकं *पिपासा*=उत्कटेच्छाऽस्ति । **रूपकमलङ्कारः ॥ ८० ॥**

अथ **पाशचन्द्रमतं** निराकरोति → एवं वृत्तद्वयेन भगवन्मूर्तिं स्तुत्वा वादान्तरमारभते–

**श्राद्धेन स्वजनुःफले जिनमतात्सारं गृहीत्वाखिलं,**
**त्रैलोक्याधिपपूजने कलुषता मोक्षार्थिना मुच्यताम्।**
**धृत्वा धर्मधियं विशुद्धमनसा द्रव्यस्तवे त्यज्यतां**
**मिश्रोऽसाविति लम्बितः पथि परैः पाशोऽपि चाशोभनः ॥ ८१ ॥**

(**दंडान्वयः**→ मोक्षार्थिना श्राद्धेन जिनमताद् अखिलं सारं गृहीत्वा स्वजनुःफले त्रैलोक्याधिपपूजने कलुषता मुच्यताम्। (तथा) द्रव्यस्तवे विशुद्धमनसा धर्मधियं धृत्वा 'असौ मिश्र' इति परैः पथि लम्बितः अशोभनः

---

આ પ્રમાણે કવિએ ચાર ઉપમા આપી પોતાના મનની ચાર વાત કહી નાખી. પ્રતિમાની ચાર વિશિષ્ટતા દર્શાવી દીધી. અહીં **રસના-ઉપમા અલંકાર** છે. **॥૭૯॥**

**કાવ્યાર્થ :-** હે ભવ્યો ! જો તમને શિવસુખની તૃષ્ણા હોય, તો શિષ્ટ પુરુષોના (૧) મોહરૂપી દાવાનલને ઠારવા મેઘવૃષ્ટિ સમાન (૨) શમરૂપી પ્રવાહમાટે નદી સમાન (૩) વાંછિતની પૂર્તિ કરવા કલ્પવેલડી સમાન અને (૪) સંસારરૂપી પ્રબળ અંધકારને દૂર કરવા માટે સૂર્યની પ્રચંડ પ્રભા સમાન જિનમૂર્તિની તમે ઉપાસના કરો.

શમરૂપ વનને ભસ્મીભૂત કરતો હોવાથી મોહને દાવાનળ કહ્યો છે. પ્રતિમા પોતાના દર્શનરૂપી મેઘવૃષ્ટિથી આ મોહદાવાનળને બૂઝવી નાખે છે. અને શમરસના પ્રવાહરૂપ હોવાથી પ્રતિમાને શમપ્રવાહની નદી કહી. પ્રતિમા શીઘ્ર બધી ઇચ્છાની પૂર્તિ કરતી હોવાથી કલ્પવેલડી સમાન છે. જિન પ્રતિમા સંસારરૂપી અંધકારનો ઉચ્છેદ કરવામાટે સૂર્યના ઉગ્ર કિરણ સમાન છે. જેમ સૂર્યના પ્રબળ કિરણોની હાજરીમાં છાયામાત્ર પણ અંધકાર રહેતો નથી. તેમ પ્રતિમાની હાજરીમાં વિવેકરૂપી દિવસનો મધ્યભાગ હોય છે. અર્થાત્ પ્રતિમાના કારણે પ્રબળ વિવેક પ્રગટ થવાથી મોહની છાયા પણ દેખાતી નથી. તેથી મોક્ષની ઉત્કટ ઇચ્છાવાળાએ પ્રતિમાનો સહારો લેવો જ રહ્યો. અહીં **રૂપક અલંકાર** છે.**॥૮૦॥**

હવે **પાર્શ્વચંદ્રમતનું** ખંડન કરે છે →

આ પ્રમાણે બે કાવ્યથી ભગવાનની મૂર્તિની સ્તુતિ કરી નવા વાદનો આરંભ કરે છે–

## પાર્શ્વચંદ્રમતનિરાસ

**કાવ્યાર્થ :-** મોક્ષાર્થી શ્રાવકે જૈનસિદ્ધાંતમાંથી સંપૂર્ણ સારને સ્વીકારી પોતાના મનુષ્યજન્મના ફળરૂપ

पाशोऽपि च त्यज्यताम् ॥)

'श्राद्धेन'इति। *श्राद्धेन*=श्रद्धावतोपासकेन *जिनमतात्*=जैनप्रवचनात् *सारं*=तात्पर्यमखिलं गृहीत्वा, *त्रैलोक्याधिपस्य*=त्रिजगतोऽधिकं रक्षितुः, अत एव सर्वाराध्यस्य पूजने कीदृशे ? *स्वजनुषो*=मनुजावतारस्य फले मोक्षार्थिना सता *कलुषता*=सशङ्कता *मुच्यताम्*=त्यज्यताम् । तथा द्रव्यस्तवे *धर्मधियं*=धर्मत्वबुद्धिं धृत्वा विशुद्धेन मनसा *मिश्रो*=धर्माधर्मोभयरूपोऽसौ द्रव्यस्तव इति *परैः*=कुमतिभिः *पथि*=मार्गे लम्बितोऽशोभनः पाशोऽपि त्यज्यताम् । **पाशचन्द्राभ्युपगमस्य** पाशत्वेनाऽध्यवसानं मुग्धजनमृगपातनध्रौव्यमभिव्यनक्ति ॥ ८१ ॥ उक्तं मिश्रत्वमेव पक्षचतुष्टयेन विकल्प्य खण्डयितुमुपक्रमते–

**भावेन क्रियया तयोर्ननु तयोर्मिश्रत्ववादे चतु-**
**र्भङ्ग्यां नादिम एकदाऽनभिमतं येनोपयोगद्वयम् ।**
**भावो धर्मगतः क्रियेतरगतेत्यल्पो द्वितीयः पुन-**
**र्भावादेव शुभात् क्रियागतरजोहेतुस्वरूपक्षयात् ॥ ८२ ॥**

(**दंडान्वयः**→ ननु भावेन क्रियया तयोः(भावक्रिययोः) तयोः(धर्माधर्मयोः) मिश्रत्ववादे चतुर्भङ्ग्यां न आदिमः येन एकदा उपयोगद्वयमनभिमतम्। भावो धर्मगतः क्रिया इतरगता इति द्वितीयः पुनः अल्पः शुभाद् भावादेव क्रियागतरजोहेतुस्वरूपक्षयात् ॥)

'भावेन'इत्यादि। 'ननु' इति पूर्वपक्षाक्षेपे । भावेन क्रियया च *तयोः*=भावक्रिययोर्द्रव्यस्तवे *तयोः*= धर्माधर्मयोर्मिश्रत्ववादे *चतुर्भङ्ग्यां*=भङ्गचतुष्टये आदिमः पक्षो भावेन भावस्य मिश्रत्वमित्याकारो न घटते। कुतः?

---

ત્રિલોકનાથની પૂજા પ્રત્યેનો મલિનભાવ છોડી દેવો જોઇએ. તથા વિશુદ્ધ મનથી દ્રવ્યસ્તવમાં ધર્મબુદ્ધિ ધારણ કરી 'આ દ્રવ્યસ્તવ મિશ્ર છે'(=ધર્મ-અધર્મ ઉભયરૂપ છે) એવા પ્રકારના બીજાઓએ(પાર્શ્વચંદ્રવગેરેએ) મોક્ષમાર્ગમાં પાથરેલા અશુભ પાશ(=જાળ)નો ત્યાગ કરવો જોઇએ.

વીતરાગ પરમાત્મા પોતે ત્રણે જગતનું સૌથી શ્રેષ્ઠ રક્ષણ કરતા હોવાથી (કારણ કે તીર્થની સ્થાપનાદ્વારા અન્ય ભવ્ય જીવોપાસે પણ ત્રણ જગતના જીવોનું રક્ષણ કરાવે છે.) ત્રૈલોક્યાધિપ છે. તેમની પ્રતિમા પણ પરમાત્મસ્વરૂપ હોઇ 'ત્રૈલોક્યાધિપ' છે. અને ત્રૈલોક્યાધિપ હોવાથી જ પરમાત્મા અને તેમની પ્રતિમા જગતમાં શ્રેષ્ઠ શરણ્ય અને શ્રેષ્ઠતમ પૂજ્ય છે. તેથી તેમની પૂજા જ મળેલા મનુષ્યજન્મનું એકમાત્ર ફળ છે, એક માત્ર કર્તવ્ય છે અને એકમાત્ર લક્ષ્ય છે. **પાર્શ્વચંદ્રે** દ્રવ્યસ્તવને ધર્મ-અધર્મ ઉભયરૂપ=મિશ્રધર્મરૂપ માન્યો છે. તેમની આ માન્યતાની જાળ દેખાવમાં એવી સોહામણી છે, કે અજ્ઞલોકોરૂપ મૃગલાઓ તેમાં ફસાયા વિના રહે નહિ. તેથી **પાશચંદ્રનો** મત 'પાશ'(=જાળ) તરીકે જ અધ્યવસિત થાય છે. કાવ્યમાં પણ એ મતનો 'પાશ' તરીકે અધ્યવસાય કરી આ જ અર્થ પ્રગટ કર્યો છે. ॥૮૧॥

## મિશ્રત્વસાધક પક્ષચતુષ્ટયનું ખંડન

ચાર વિકલ્પો રજુ કરી ઉપરોક્ત મિશ્રપક્ષના ખંડનનો આરંભ કરે છે–

**કાવ્યાર્થ :-** 'ભાવ' અને 'ક્રિયા' આ બે પદથી આ બન્નેના(ધર્મ અને અધર્મના) મિશ્રત્વવાદમાં ચાર ભાંગા બને છે (૧) ભાવ શુભ અને અશુભ (૨) ભાવ શુભ અને ક્રિયા અશુભ (૩) ભાવ અશુભ અને ક્રિયા શુભ અને (૪) ક્રિયા જ શુભ અને અશુભ. આમાં પ્રથમ ભાંગો ઘટતો નથી, કારણ કે એકકાળે બે ઉપયોગ અભિમત નથી.

येनैकदोपयोगद्वय*मनभिमतम्*=अनिष्टम् । द्रव्यस्तवारम्भोपयोगयोर्यौगपद्याभावान्न भावयोर्मिश्रत्वम्; अनारम्भे हि यत्नवान् नारम्भे उपयुज्यते, स्थैर्येऽतिचारभियोऽप्यभावादिति सूक्ष्मदृष्ट्या भावनीयम्। भावो धर्मगतः क्रिया *इतरगता*=आरम्भाख्याऽऽधर्मगता, इत्ययं द्वितीयः पुनर्भङ्गो*ऽल्पः*=अक्षोदक्षम इत्यर्थः। कुतः ? शुभाद् भावादेव क्रियागतं यद्रजोहेतुस्वरूपमशुभभावद्वारकत्वं, तस्य क्षयात्, क्रिया ह्यशुभभावद्वाराऽधर्मस्य शुभभावद्वारा च धर्मस्य कारणं न स्वरूपतः ॥ ८२॥ द्वितीयपक्षाभ्युपगम एव वादिनोऽनिष्टापत्तिमाह–

**वाहिन्युत्तरणादिके परपदे चारित्रिणामन्यथा,**
**स्यान्मिश्रत्वमपापभावमिलितां पापक्रियां तन्वताम्।**
**किञ्चाऽऽकेवलिनं विचार्य समये द्रव्याश्रवं भाषितं,**
**शुद्धं धर्ममपश्यतस्तनुधियः शोकः कथं गच्छति ॥ ८३॥**

(**दंडान्वयः**→ अन्यथा वाहिन्युत्तरणादिके परपदे अपापभावमिलितां पापक्रियां तन्वतां चारित्रिणां मिश्रत्वं

---

તથા ભાવ ધર્મગત(=શુભ) અને ક્રિયા અધર્મગત(=અશુભ) એવો બીજો વિકલ્પ પણ વજન વિનાનો છે, કારણ કે શુભભાવથી જ ક્રિયામાં રહેલું કર્મબંધનું સ્વરૂપ નષ્ટ થાય છે.

## શુભાશુભભાવમિશ્રતા વિકલ્પ અસિદ્ધ

પૂર્વપક્ષ 'દ્રવ્યસ્તવ ધર્માધર્મઉભયરૂપ હોવાથી મિશ્રરૂપ છે' એવું શાના આધારે કહે છે ? શું તે દ્રવ્યસ્તવ કરતી વખતે એકી સાથે દ્રવ્યસ્તવમાં ઉપયોગરૂપ અને તે વખતે થતા આરંભમાં ઉપયોગરૂપ શુભ અને અશુભ ભાવને કારણે દ્રવ્યસ્તવ મિશ્રધર્મરૂપ છે ? જો આમ કહેતા હો, તો તે બરાબર નથી, કારણ કે એક સાથે બે ઉપયોગ સંભવતા નથી. દ્રવ્યસ્તવકાળે અનારંભમાં પ્રયત્ન કરી રહેલા શ્રાવકનો આરંભમાં ઉપયોગ હોતો નથી. તથા જ્યારે પૂજાવગેરેમાં ઇચ્છાયોગ અને પ્રવૃત્તિયોગથી આગળ વધી સ્થિરતાયોગની પ્રાપ્તિ થાય છે, ત્યારે અતિચારઆદિ બાધકોનો ભય પણ રહેતો નથી. કારણ કે પૂજાઆદિ વિધિના વારંવાર આસેવનથી આત્મામાં એક પ્રકારના શુભસંસ્કારની મૂડી ઊભી થઇ હોય છે. (જગતમાં પણ દેખાય જ છે કે, અનુભવ અને અભ્યાસથી કૌશલ્ય પ્રાપ્ત કરનારો પછી બેધડક પ્રવૃત્તિ કરતો હોય છે. અને ક્યાંય ભૂલચૂક ન થવાની ખાતરી ધરાવતો હોય છે.) આમ અન્ય ઉપયોગનો અભાવ હોવાથી એકમાત્ર શુભ ઉપયોગ જ વર્તતો હોય છે. આ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું.

**પૂર્વપક્ષ :-** આમ પૂજામાં શુભ ભાવની હાજરી માન્ય છે. પણ પુષ્પવગેરેને કારણે પૂજા સાવદ્યક્રિયારૂપ અને કર્મબંધમાં કારણભૂત બને છે. આમ શુભ ભાવ અને અશુભ ક્રિયા હોવારૂપ બીજા વિકલ્પથી દ્રવ્યસ્તવ મિશ્રધર્મરૂપ છે.

**ઉત્તરપક્ષ :-** આ વિકલ્પ પણ કસ વિનાનો છે. ક્રિયા સ્વતઃ શુભ કે અશુભ નથી, પરંતુ ભાવદ્વારા જ શુભ કે અશુભ છે. તેથી અશુભભાવયુક્ત ક્રિયા જ અશુભ બને છે અને કર્મબંધમાં કારણ બને છે. (મૂળમાં 'અશુભભાવદ્વારકત્વ' જે કહ્યું છે, તેનો અર્થ છે અશુભભાવરૂપ દ્વારવાળાપણું. ક્રિયા કર્મબંધની સીધી જનિકા નથી, પણ અશુભભાવદ્વારા જનિકા છે. એટલેકે ક્રિયાકાલીન અશુભભાવજન્ય કર્મબંધ એવો અર્થ નીકળે.) શુભભાવયુક્ત ક્રિયા ધર્મરૂપ બને છે અને કર્મબંધમાં કારણ બનતી નથી. પુષ્પપૂજાવગેરે ક્રિયાઓ શુભભાવપૂર્વક હોવાથી તે ક્રિયાઓમાં અશુભભાવદ્વારા સંભવતી કર્મબંધની કારણતા નાશ પામે છે. કારણ કે એક જ ક્રિયામાં એકીસાથે શુભ અને અશુભ આ બે ભાવ સંભવતા નથી, એ પૂર્વે જ સિદ્ધ કર્યું છે. ॥૮૨॥

स्यात्। किञ्च समये आकेवलिनं द्रव्याश्रवं भाषितं विचार्य शुद्धं धर्ममपश्यतस्तनुधियः शोकः कथं गच्छति ?)

'वाहिनी'इत्यादि। *अन्यथा*=उक्तानभ्युपगमे स्वरूपत एवाश्रवत्वाभिमतस्याधर्मत्वोक्तौ *वाहिन्युत्तरणादिके*=नद्युत्तारप्रमुखे *परपदे*=अपवादमार्गे *चारित्रिणां*=भावसाधूना*मपापो*=धर्मैकस्वभावो यो *भावः*=पुष्टालम्बनाध्यवसायस्तन्मिलितां पापक्रियां नद्युत्तारादिरूपां कुर्वतां *मिश्रत्वं*=मिश्रपक्षाश्रयणं स्यात्, न चैतदिष्टं परस्यापि साधूनां धर्मैकपक्षाभ्युपगमात्। तस्मान्न धर्मभावे स्वरूपतः सावद्यक्रियाया मिश्रणं द्रव्यस्तव इति गर्भार्थः। अभ्युच्चयमाह- किञ्च, *आकेवलिनं*=केवलिपर्यन्तं *समये*=सिद्धान्ते *'जावं च णं एस जीवे एयइ वेयइ तावं च णं आरंभइ'* इत्यादिना द्रव्याश्रवं भाषितं विचार्य तावदेव शुद्धं धर्ममपश्यत*स्तनुधियः*=ऐदम्पर्याऽपर्यालोचनेन तुच्छबुद्धेः शोको धर्मपक्षस्थानोच्छेदजनितवैकल्यलक्षणः कथं गच्छतु ? न कथञ्चित्, अत एव **सुन्दरर्षिर**योगिकेवलिष्वेव 'सर्वतः संवरो मतः' इति सूक्ष्माघ्राणेनाकेवलं देशविरतिमेव सम्भावयति, न तु जानीते फलतः सर्वसंवरस्तदा, विवक्षित(भेद)सर्वसंवरस्त्वन्यदापीति। एवं द्रव्यभावमिश्रतां केवलिन्यपि सन्देहानः पाशोऽपि सोरस्ताडं शोचन् केन वार्यतामिति॥ ८३॥ वादी प्रसङ्गं समाधत्ते–

## શુભભાવ - અશુભક્રિયામિશ્રણ નિરાસ

ઉપરોક્ત બીજા વિકલ્પના સ્વીકારમાં પૂર્વપક્ષને આવતી અનિષ્ટાપત્તિ બતાવે છે—

**કાવ્યાર્થ :-** અમારો ઉપરોક્ત મત સ્વીકારવામાં ન આવે, તો તમારે 'નદી ઉતરવી' વગેરે અપવાદમાં અપાપભાવ(=શુદ્ધ ધર્મભાવ)થી યુક્ત પાપ ક્રિયા(=નદી ઉતરવી વગેરે સાવદ્ય ક્રિયા) કરતા સાધુને પણ મિશ્રધર્મનો સ્વીકાર કરવો પડશે. વળી 'આગમમાં કેવળી સુધી દ્રવ્યાશ્રવ બતાવ્યો છે' તે વચનને વિચારી ક્યાંય શુદ્ધધર્મને નહીં દેખી શકતા આ અલ્પબુદ્ધિવાળાઓનો શોક શી રીતે દૂર થશે ?

સ્વરૂપથી જ આશ્રવ તરીકે અભિમત વસ્તુ જો અધર્મરૂપ જ હોય, તો અપવાદપદે નદી ઉતરતા ભાવસાધુને પણ મિશ્રધર્મની આપત્તિ છે, કારણ કે તે વખતે એક બાજુ તે સાધુને માત્ર ધર્મરૂપ પુષ્ટાલંબનનો જ અધ્યવસાય છે. 'પુષ્ટાલંબન હોવાથી મારે આ અપવાદનું સેવન કરવાનું છે.' ઇત્યાદિ અધ્યવસાય ધર્મરૂપ જ છે. આમ ભાવ શુભ છે. તો બીજી બાજુ નદીઉતરણક્રિયા હિંસાત્મક હોઇ સ્વરૂપથી સાવદ્ય-આશ્રવરૂપ છે. તેથી અહીં પણ શુભભાવથી મિશ્રિત સ્વરૂપથી પાપક્રિયા હોવાથી મિશ્રધર્મ છે. પણ તમને તે ઇષ્ટ નથી, કારણ કે તમે પણ સાધુને એકમાત્ર ધર્મપક્ષ જ હોય, તેમ સ્વીકાર કર્યો છે. તેથી પ્રસ્તુતમાં સાધુને મિશ્રપક્ષનું દૂષણ ટાળવા અને ધર્મપક્ષ સ્થાપવા જે હેતુ આગળ કરશો, તે દ્રવ્યસ્તવસ્થળે પણ લાગુ પડશે. તેથી ધર્મ-શુભભાવની ઉપસ્થિતિમાં દ્રવ્યસ્તવમાં સ્વરૂપસાવદ્યક્રિયાના સંયોગથી મિશ્રતા ઊભી થતી નથી - એવો રહસ્યાર્થ સમજવો પડશે. અભ્યુચ્ચય - ''આગમમાં *'જ્યાં સુધી આ જીવ કંપન, વેજન કરે છે, ત્યાં સુધી આરંભ કરે છે'* ઇત્યાદિવચનથી કેવલી સુધી દ્રવ્યાશ્રવ કહ્યો છે.'' આ વચનનો તાત્પર્યાર્થ વિચાર્યા વિના જ જેઓ 'કેવલી સુધી શુદ્ધ ધર્મનો અભાવ છે' એમ વિચારે છે, તેઓને ધર્મપક્ષનો ઉચ્છેદ જોઇને થતો શોક શી રીતે દૂર થઇ શકે ? અર્થાત્ દૂર ન જ થાય. તેથી જ 'અયોગી કેવલીઓને જ સર્વતઃ સંવર હોય' આ વચનને આગળ કરી **સુંદરઋષિ**(સાધુવિશેષ) સૂક્ષ્મબુદ્ધિથી(કટાક્ષમાં) કેવલીઅવસ્થાસુધી દેશવિરતિની જ સંભાવના કરે છે. પણ એમ સમજવા તૈયાર નથી કે 'પરિણામથી - ફલતઃ સર્વસંવર અયોગી અવસ્થામાં હોવા છતાં તે સંવરથી ભિન્નરૂપે વિવક્ષિત સર્વસંવર(સર્વસાવદ્યયોગના ત્યાગઆદિરૂપ) તો અન્યદા(=અયોગી સિવાયની અવસ્થામાં પણ) સંભવી શકે છે. આમ સયોગી કેવલીમાં પણ દ્રવ્ય-ભાવની મિશ્રતાનો સંદેહ કરતા પાશને (=પાર્શ્વચંદ્રને) અત્યંત શોક કરતા કોણ અટકાવી શકે ? **॥૮૩॥**

**वाहिन्युत्तरणादिकेऽपि यतनाभागे विधिर्न क्रिया-**
**भागेऽप्राप्तविधेयता हि गदिता तन्त्रेऽखिलैस्तान्त्रिकैः ।**
**हिंसा न व्यवहारतश्च गृहिवत् साधोरितीष्टं तु नो,**
**मिश्रत्वं ननु नो मते किमिह तद्दोषस्य सङ्कीर्त्तनम् ॥ ८४॥**

(**दंडान्वयः**→ वाहिन्युत्तरणादिकेऽपि यतनाभागे विधिः, न क्रियाभागे। अखिलैस्तान्त्रिकैस्तन्त्रेऽप्राप्त-विधेयता हि गदिता। गृहिवत् च साधोः न व्यवहारतो हिंसा, न तु मिश्रत्वमिष्टम्, इति ननु नो मते इह किं तद्दोषस्य सङ्कीर्तनम् ?)

'वाहिनी' इति। *वाहिन्युत्तरणादिकेऽपि*=नद्युत्तरणादिकेऽपि कर्मणि यतनाभागे विधिरप्राप्तत्वान्न तु क्रिया-भागे, *हि*=यतोऽखिलैस्तान्त्रिकैरप्राप्तविधेयता गदिता '**अप्राप्तप्रापणं विधिरनधिगताधिगन्तृत्वं प्रमाणमित्य-नादिमीमांसाव्यवस्थितेः(तिः पाठा.)**' अयं चेह न्यायोऽस्माभिराश्रीयते, यतना च भाव इति न तेन मिश्रताऽ-न्येनैव मिश्रणसम्भवात्। तर्हि नद्युत्तारादिक्रिययैव मिश्रता स्यात् ? तत्राह - गृहिवत् साधोर्व्यवहारतो व्यवहारनयाच्च नद्युत्तारादिक्रिया हिंसा न, गृहिसाध्वोर्यतनायतनाभ्यामेव व्यवहारविशेषादिति, ततो हिंसामिश्रणाभावा *न्नो तु*=नैव मिश्रत्वमिष्टं, 'ननु' इत्याक्षेपे, *नः*=अस्माकं किमिह तद्दोषस्य सङ्कीर्त्तनं भवतां, द्रव्यस्तवे तु साधूचितयतनाभावा-दवर्जनीयैव हिंसेति मिश्रपक्षो दुष्परिहार इति भावः ॥ ८४॥ एतद् दूषयति–

---

પૂર્વપક્ષકાર ઉપરોક્ત પ્રસંગનું સમાધાન આપવાની કોશીશ કરે છે–

**કાવ્યાર્થ :-** 'નદી ઉતરવી' વગેરે અપવાદપદે પણ યતનાઅંશે જ વિધિ છે. નહિ કે ક્રિયાના અંશે, કારણ કે બધા જ સિદ્ધાંતસ્થાપકોએ સિદ્ધાંતમાં અપ્રાપ્તપ્રાપક જ વિધિ બતાવી છે. તથા વ્યવહારનયથી ગૃહસ્થની જેમ સાધુને હિંસા નથી. આમ અમને પણ ત્યાં મિશ્રપક્ષ ઇષ્ટ નથી. તેથી અહીં અમારા મતમાં શા માટે દોષનો ઉલ્લેખ કરો છો ?

## જયણાશુદ્ધ નદીઉત્તરણ શુદ્ધધર્મ – પૂર્વપક્ષ

**પાર્શ્વચંદ્રનો પૂર્વપક્ષ :-** અપવાદપદે થતી નદીઉત્તરણવગેરે ક્રિયાઓમાં પણ સિદ્ધાંતવિદોનું વચન યતનાઅંશે જ હોય છે, ક્રિયાઅંશે નહિ. કારણ કે તે-તે ક્રિયા તો અશક્યપરિહારઆદિ કારણોથી સહજપ્રાપ્ત હોય છે. જ્યારે તે ક્રિયાઓ વખતે રાખવા યોગ્ય યતના સહજપ્રાપ્ત હોતી નથી. શાસ્ત્રકારોની હંમેશા – અનાદિસિદ્ધ એવી જ મીમાંસા છે કે **'અપ્રાપ્તને પ્રાપ્ત કરાવે તે જ વિધિ છે.' જેમકે 'અન્યપ્રમાણથી અજ્ઞાત વિષયનો બોધ કરાવે તે જ પ્રમાણ છે.'** આ જ ન્યાયને અમે પણ નદીઉતરણ વગરે અપવાદપદે સેવ્ય ક્રિયાઓ વખતે સ્વીકારીએ છીએ. તેથી તે ક્રિયાઓ વખતે આદરવાયોગ્ય યતનાઅંશ જ વિધિરૂપ છે. આ યતના પોતે શુભ ભાવરૂપ છે. તેથી એ યતનાને કારણે મિશ્રતા નથી. કારણ કે શુભભાવમાં મિશ્રતા અશુભથી જ સંભવે છે.

**શંકા :-** તો તે વખતે થતી સ્વરૂપસાવદ્ય નદીઉતરણ ક્રિયાથી મિશ્રતા આવશે.

**સમાધાન :-** ના, નહિ આવે. કારણ કે વ્યવહાર નયથી પણ સાધુને ગૃહસ્થની જેમ નદીઉતરણઆદિ ક્રિયા હિંસારૂપ બનતી નથી, કારણ કે ગૃહસ્થની તે ક્રિયા યતના વિનાની છે. સાધુની તે ક્રિયા યતનાપૂર્વકની છે. આમ યતના અને અયતનાથી જ સાધુ અને ગૃહસ્થના વ્યવહારમાં ભેદ પડે છે. આમ હિંસાના મિશ્રણનો અભાવ હોવાથી સાધુની નદીઉતરણઆદિક્રિયામાં મિશ્રતા નથી. તેથી તમારે અમને અહીં દોષ બતાવવો જોઇએ નહીં. જ્યારે દ્રવ્યસ્તવમાં ગૃહસ્થ સાધુને ઉચિત(=સાધુ જેવી) યતના નહીં રાખતો હોવાથી હિંસાનો અંશ અનિવાર્યરૂપે હાજર છે. તેથી

हिंसा सद्व्यवहारतो विधिकृतः श्राद्धस्य साधोश्च नो,
सा लोकव्यवहारतस्तु विदिता बाधाकरी नोभयोः।
इच्छाकल्पनयाऽभ्युपेत्य विहिते तथ्या तदुत्पादनो-
त्पत्तिभ्यां तु भिदा न कापि नियतव्यापारके कर्मणि ॥ ८५॥

(**दंडान्वयः**→ विधिकृतः श्राद्धस्य साधोश्च सद्व्यवहारतो हिंसा नो, लोकव्यवहारतस्तु विदिता सा उभयोर्न बाधाकरी। इच्छाकल्पनया अभ्युपेत्य विहिते नियतव्यापारके कर्मणि तदुत्पादनोत्पत्तिभ्यां तु न कापि तथ्या भिदा॥)

'हिंसा'इति। विधिकृतः श्राद्धस्य साधोश्च *सद्व्यवहारतः*=सिद्धान्तव्युत्पन्नजनव्यवहारतो हिंसा *नो*=नैव भवति, प्रमत्तयोगेन प्राणव्यपरोपणस्यैव तन्मते हिंसात्वात्, स्वगुणस्थानोचितयतनया प्रमादपरिहारस्य चोभयोरविशेषात्, उपरितनेनाधस्तनप्रमादपर्यवसायकतायाश्चातिप्रसञ्जकत्वात्, अधिकारभेदेन न्यूनाधिकभावस्याप्यामुक्तिसम्भवात्, अन्यथा सम्पूर्णाचारश्चतुर्दशोपकरणधरः स्थविरकल्पिको जिनकल्पिकमपेक्ष्य प्रमत्तो न्यूनश्च स्यात्, न चैवमस्ति **रत्नरत्नाकरदृष्टान्तेन** द्वयोस्तुल्यताप्रतिपादनात्, तस्मात्स्वविषये गृहिणः साधोश्च धर्मकर्मणि हिंसा नास्त्येवेति स्थितम्। *लोकव्यवहारतस्तु*=बाह्यलोकव्यवहारापेक्षया *सा*=परप्राणव्यपरोपणरूपा हिं*सोभयोः*=गृहि-

---

મિશ્રપક્ષનો પરિહાર દુ:શક્ય છે. **॥૮૪॥**

પૂર્વપક્ષના આ મુદ્દામાં કલંક દેખાડતા કહે છે—

## જયણાયુક્ત શ્રાદ્ધક્રિયા સાધુક્રિયા તુલ્ય

**કાવ્યાર્થ :-** વિધિ કરતો શ્રાવક અને સાધુને સદ્વ્યવહારથી હિંસા નથી, લોક વ્યવહારથી પ્રસિદ્ધ તે હિંસા શ્રાવક અને સાધુને બાધક બનતી નથી. યથેચ્છ કલ્પનાથી હિંસા સ્વીકારીને તો વિહિત નિયતવ્યાપારવાળી (=અવર્જનીયહિંસાયુક્ત) ક્રિયામાં તદુત્પાદ-તદુત્પત્તિ બન્ને પ્રકારથી કોઇ તાત્ત્વિક ભેદ નથી.

વિધિને આદરતા શ્રાવક અને સાધુ બન્ને સમાનતયા સિદ્ધાંતથી પરિણતવ્યવહારવાળા છે. તેથી તેઓની ધર્મપ્રવૃત્તિ અપ્રમત્તયોગરૂપ જ બને છે. અને સિદ્ધાંતના મતે 'પ્રમાદથી જીવવધ કરવો' એ જ હિંસારૂપ છે. 'શ્રાવક સાધુ જેવી યતનાવાળો નથી.' એવી બુમરાણ ન મચાવવી, કારણ કે પોતાના ગુણસ્થાનને ઉચિત યતનાવાળો શ્રાવક સાધુની જેમ જ પ્રમાદના ત્યાગવાળો જ છે.

**પૂર્વપક્ષ :-** તો પણ શ્રાવકમાં સાધુના જેવી યતના કે સાધુ જેવો અપ્રમાદભાવ તો નથી જ.

**ઉત્તરપક્ષ :-** આમ ઉપરના ગુણસ્થાનની જયણા કે અપ્રમાદની અપેક્ષાએ નીચેના ગુણસ્થાને રહેલામાં અજયણા કે પ્રમાદ બતાવવો યોગ્ય નથી, કારણ કે અધિકારભેદથી ન્યૂનતા-અધિકતા તો છેક મોક્ષ સુધી-ચૌદમાં ગુણસ્થાનના અંત સુધી સંભવે છે. નહિતર તો, સ્વસ્થાને સંપૂર્ણઆચારથી સભર ચૌદ ઉપકરણના ધારક સ્થવિરકલ્પિકને જિનકલ્પિકની અપેક્ષાએ પ્રમત્ત અને ન્યૂન સ્વીકારવો પડશે. પણ વાસ્તવમાં તેમ નથી, કારણ કે **રત્નરત્નાકર ન્યાયથી** બન્નેને સમાનરૂપે દર્શાવ્યા છે. (જિનકલ્પિક રત્નસમાન છે. તેના ઉત્પાદક હોવાથી સ્થવિરકલ્પ રત્નાકરસમાન છે.) આમ 'પોતપોતાના વિષયમાં અપ્રમત્ત ગૃહસ્થના અને સાધુના ધર્મકાર્યોમાં હિંસા નથી' એમ સુનિશ્ચિત થાય છે. બાહ્ય લોકવ્યવહારમાન્ય પરજીવવધરૂપ હિંસા ગૃહસ્થ અને સાધુ બન્નેની (દ્રવ્યસ્તવ અને નદીઉતરણ) ક્રિયામાં છે. પણ તેનાથી કંઇ મિશ્રપક્ષમાં પ્રવેશરૂપ બાધા નથી, કારણ કે તેઓ(શ્રાવક અને સાધુ)

साध्वो *र्बाधाकरी न*=मिश्रपक्षप्रवेशकरी न, व्यधिकरणतया मिश्रणासम्भवात्, स्वानुकूलव्यापारसम्बन्धेन तस्याः सामानाधिकरण्यस्य च योगमादायाऽऽकेवलिनमतिप्रसङ्गात्, तादृशप्रमादरूपव्यापारसम्बन्धेन सामानाधिकरण्यस्य चाप्रमत्तभावस्थले वक्तुमशक्यत्वात् सद्व्यवहारपर्यवसानाच्चेति न किञ्चिदेतत्। **ननु** प्राण्युपमर्दस्तावद्धर्मकर्मण्यपि हिंसैव, गृही तु तां करोति, साधोस्तु सा कथञ्चिद्भवतीत्यस्ति विशेष इति चेत् ? **अत्राह** - *इच्छाकल्पनया*=स्वरस-पूर्वयेच्छयाऽभ्युपेत्य विहिते नियतव्यापारकेऽवर्जनीयहिंसासम्बन्धे कर्मणि तदुत्पादनोत्पत्तिभ्यां तु भिदा काऽपि तथ्या न, अपि तु स्वकपोलकल्पनया मुग्धमनोविनोदमात्रमिति भावः। तथाहि-हिंसानुषक्तधर्मव्यापारे साध्यत्वाख्यविषयतया हिंसाविषयकहिंसानुकूलकृतिमत्त्वं गृहिणश्चेत् साधोर्न कथम् ? यतनया परिहारश्चेदुभयत्र

---

અપ્રમત્ત હોવાથી હિંસાના આશ્રય નથી. આમ હિંસા શુભભાવના આશ્રયભૂત વ્યક્તિમાં ન હોવાથી સમાન અધિકરણમાં નથી.

**શંકા :-** છતાં એ ગૃહસ્થમાં કે સાધુમાં હિંસાજનક ચેષ્ટા તો છે જ. (સ્વ=હિંસા, અનુકૂળ=જનક, વ્યાપાર=ચેષ્ટા) આ ચેષ્ટાના સંબંધથી હિંસા પણ ગૃહસ્થ કે સાધુમાં સંભવે છે અને ભાવસાથે સામાનાધિકરણ્ય ધરાવે છે.

**સમાધાન :-** આવા પરંપરા સંબંધથી હિંસાનું સામાનાધિકરણ્ય સ્વીકારવામાં તો યોગ(મન-વચન-કાયાની પ્રવૃત્તિ)ને આગળ કરી-સંબંધ તરીકે સ્વીકારી સયોગી કેવલીમાં પણ હિંસા સ્વીકારવી પડે. અને તો, તેમને પણ મિશ્રપક્ષ માનવાનો અતિપ્રસંગ આવે. વળી, હિંસામાં કારણભૂત તેવા પ્રકારની અજયણાદિ પ્રમાદ ચેષ્ટાને સંબંધતરીકે સ્વીકારી હિંસા સ્વીકારતા હો, તો તેવા પ્રકારના પ્રમાદરૂપ સંબંધ તો જેમ અપ્રમત્તસાધુમાં નથી, તેમ અપ્રમત્ત ગૃહસ્થમાં પણ કહેવો શક્ય નથી, કારણ કે અપ્રમત્ત હોવાથી જ ગૃહસ્થની તે પ્રવૃત્તિ સદ્વ્યવહાર તરીકે પર્યવસિત થાય છે. તેથી આ બધી દલીલો તુચ્છ છે.

## ધર્મક્રિયામાં બન્ને પક્ષે હિંસા તુલ્યરૂપ

**પૂર્વપક્ષ :-** ધર્મક્રિયામાં થતો જીવવધ પણ વાસ્તવમાં તો હિંસારૂપ જ છે. ભલે પછી તે ક્રિયા સાધુની હોય કે ગૃહસ્થની હોય. અહીં મહત્ત્વનો તફાવત એ છે, કે ગૃહસ્થ એ હિંસા કરે છે. હિંસાના ઉત્પાદક છે. જ્યારે સાધુની ક્રિયામાં આશય ન હોવા છતાં કથંચિત્ હિંસા થઇ જાય છે. હિંસાની માત્ર ઉત્પત્તિ છે.

**ઉત્તરપક્ષ :-** હિંસાના અંશને સ્વીકારીને શ્રદ્ધાપૂર્વક ઇચ્છાથી કરાતી નિયતચેષ્ટાવાળી વિહિત પ્રવૃત્તિમાં હિંસા અવર્જનીય છે. આવી અવર્જનીય હિંસાથી સંબંધિત ક્રિયામાં હિંસાના ઉત્પાદન અને ઉત્પત્તિથી ભેદ પાડવો વાસ્તવિક નથી. ગૃહસ્થને વિહિત જિનપૂજા અને સાધુને અપવાદે વિહિત નદીઉતરણ-આ બન્ને નિયતચેષ્ટાવાળા છે, વિહિત છે અને બંનેમાં હિંસા અવર્જનીયરૂપ છે. તથા ગૃહસ્થ અને સાધુ બન્ને ધર્મકૃત્ય શ્રદ્ધાપૂર્વક ઇચ્છાથી કરે છે. તેથી બન્ને સ્થળે સમાનતા હોવાથી ભેદ પાડવો યોગ્ય નથી. તેથી તમે કરેલી કપોળ કલ્પના માત્ર મુગ્ધ જીવોને આનંદ આપે – સમજુને નહિ. જો હિંસાથી સંલગ્ન ધર્મપ્રવૃત્તિમાં તે ધર્મ હિંસાથી સાધ્ય હોવાથી 'સાધ્યત્વ' નામના વિષયરૂપે જિનપૂજા કરતા ગૃહસ્થની પ્રવૃત્તિ હિંસાવિષયક અને હિંસાજનક ગણાતી હોય, તો સાધુની નદીઉતરણપ્રવૃત્તિ પણ તેવી કેમ ગણાય નહિ ? અને યતનાના અંશથી હિંસાનો પરિહાર તો ઉભય સ્થળે સમાન જ છે.

**શંકા :-** સાધુની કૃતિ(=પ્રયત્ન)માં હિંસાત્વથી અવચ્છિન્ન સાધ્યતારૂપ વિષયતા નથી. અર્થાત્ સાધુની કોક આપવાદિક પ્રવૃત્તિમાં હિંસા હોવા છતાં સર્વત્ર હિંસાથી સાધ્ય પ્રવૃત્તિ નથી. અર્થાત્ સામાન્યથી સાધુની પ્રવૃત્તિ નિરવદ્ય હોય છે.

**સમાધાન :-** એમ તો જયણામાં પ્રવૃત્ત ગૃહસ્થની પણ બધી પ્રવૃત્તિઓ હિંસાથી સાધ્ય નથી અને જયણાહીન

समानः, कृतौ हिंसात्वावच्छिन्नसाध्यत्वाख्यविषयताऽभावोप्युभयोर्यतमानयोः(यतनायतनयोः पाठा.) तुल्यः, अशक्यपरिहारोऽपि प्रसक्ताकरणप्रत्यपायभिदा(या पाठा.) द्वयोः शास्त्रीय इति सूक्ष्ममीक्षणीयम् ॥ ८५॥

**अपवादप्राये** कर्मणि न विधिः, किन्तु यतनाभाग एव स्वच्छन्दप्राप्ततया च तत्र मिश्रत्वं स्याद्, **अत्र आह–**

**पूर्णेऽर्थेऽपि विधेयता वचनतः सिद्धा लिङ्गर्थात्मिका,**
**भागे बुद्धिकृता यतः प्रतिजनं चित्रा स्मृता साकरे ।**
**नो चेज्जैनवचः क्रियानयविधिः सर्वश्च मिश्रो भवे-**
**दित्थं भेदमयं न किं तव मतं मिश्राद्वयं लुम्पति ॥ ८६ ॥**

(**दंडान्वयः→** पूर्णेऽर्थेऽपि वचनतः लिङ्गर्थात्मिका विधेयता सिद्धा, भागे बुद्धिकृता, यतः आकरे सा प्रतिजनं चित्रा स्मृता। नो चेत् ? जैनवचः क्रियानयविधिश्च सर्वः मिश्रो भवेत्। इत्थं भेदमयं मिश्राद्वयं तव मतं किं न लुम्पति ?)

'पूर्णेऽर्थेऽपि'इति। पूर्णेऽर्थेऽर्यमाणे यतनाविशिष्टे कर्मणि *लिङ्गर्थात्मिका*=लिङ्गर्थस्वरूपा विधेयता *वचनतः* =श्रुतिमात्रेण सिद्धा प्रवर्त्तनाया एव तदर्थत्वात्, तस्याश्च प्रवृत्तिहेतुधर्मात्मकत्वात्, *'प्रवृत्तिहेतुं धर्मं च प्रवदन्ति*

---

તો સાધુની પણ બધી ચેષ્ટા હિંસારૂપ જ છે. (પ્રમાદયુક્ત સાધુની પડિલેહણઆદિ બધી ક્રિયાઓ છકાયજીવની વિરાધના કરનારી હોય છે. તેવું વચન છે.) સાધુની 'નદીઉતરણ' આદિ પ્રવૃત્તિમાં હિંસા જો અશક્યપરિહારરૂપ છે એમ કહેશો, તો ગૃહસ્થની જિનપૂજાઆદિ પ્રવૃત્તિમાં પણ હિંસા અશક્યપરિહારરૂપ છે. 'જિનપૂજાના પ્રસંગમાં હિંસા હોવાથી ગૃહસ્થ પૂજા નહીં કરે તો હિંસા નથી. આમ, અશક્યપરિહાર નથી' એ વચન 'સાધુ નદી નહીં ઓળંગે તો (નદીજળગત) જીવવિરાધના નથી-તેથી અશક્યપરિહાર નથી' વચનને તુલ્ય છે. 'સાધુ અપવાદપદે પણ નદી ન ઓળંગે, તો અપ્રતિબદ્ધવિહારની આજ્ઞાનો ભંગ વગેરે પ્રત્યપાય રહેલા છે.' એ વચન 'શ્રાવક જિનપૂજા ન કરે, તો જિનોક્ત-આવશ્યકકૃત્યમાંથી ભ્રષ્ટ થવું વગેરે પ્રત્યપાયો રહેલા છે' વચનને તુલ્ય છે. તેથી બન્ને સ્થળે જીવવિરાધના અશક્ય-પરિહારરૂપે સમાનતયા શાસ્ત્રીય છે એમ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું. **॥૮૫॥**

## યતનાયુક્ત દ્રવ્યસ્તવની વિધેયતા

**પૂર્વપક્ષ :-** વિધિ અપવાદપ્રાય ક્રિયાઅંગે નથી હોતી, પણ તે આપવાદિક ક્રિયાકાળે રાખવા યોગ્ય યતનાના અંશે જ હોય છે. આમ અપવાદપ્રાયઃ ક્રિયાઓમાં પ્રવૃત્તિ સ્વેચ્છાપ્રાપ્ત છે, અને યતનાઅંશે વિધિ છે. તેથી તે ક્રિયાઓમાં મિશ્રપણું પ્રાપ્ત થાય છે.

આનો ઉત્તર આપતા કહે છે—

**કાવ્યાર્થ :-** યતનાને કારણે પૂર્ણ અર્થ(ક્રિયા)માં પણ લિંગર્થરૂપ(=વિધ્યર્થરૂપ) વિધેયતા વચનમાત્રથી જ સિદ્ધ છે. અંશે બુદ્ધિકૃત વિધેયતા દોષરૂપ નથી, કારણ કે **સ્યાદ્વાદરત્નાકરમાં** પ્રત્યેક મનુષ્યની અપેક્ષાએ તે વિધેયતા જુદી જુદી હોઇ શકે તેમ બતાવ્યું છે. જો આમ માન્ય નહીં રાખો, તો જૈન સિદ્ધાંત અને ક્રિયાનયની બધી વિધિ મિશ્ર માનવી પડશે. તેથી માત્ર મિશ્રધર્મ જ રહેશે. આ માત્ર મિશ્રપક્ષ શું તમારા(પાર્શ્વચંદ્રના) ભેદમય(ત્રણ પક્ષ - ધર્મ-અધર્મ અને મિશ્ર)પક્ષનો લોપ નહિ કરે ? અર્થાત્ અવશ્ય લોપ કરશે.

યતનાયુક્ત ક્રિયા પૂર્ણઅર્થરૂપ છે. તેવી ક્રિયાની વિધેયતા(=આચરણ યોગ્યતા) વચનમાત્રથી સિદ્ધ છે, કારણ કે પ્રવર્તના જ તે વિધિવચનોના - વિધ્યર્થપ્રયોગોના અર્થરૂપ છે અને પ્રવર્ત્તના પ્રવૃત્તિમાં કારણભૂત ધર્મરૂપ છે.

*પ્રવર્તનામ્*' ① इत्यभियुक्तोक्तेस्तस्य च तत्त्वत इष्टसाधनत्वरूपत्वात्, तथा च प्रवृत्तिहेत्विच्छाविषयताज्ञानविषयतापर्याप्त्यधिकरणधर्मत्वं यद्धर्मावच्छिन्ने बोध्यते, तद्धर्मावच्छिन्नस्य विधेयत्वमिति प्रकृते यतनाविशिष्टद्रव्यस्तवस्य विधेयत्वमबाधितमेवाऽन्ततो विनिगमनाविरहेणापि तथासिद्धेर्लिङ्गर्थान्वयस्यैव विनिगमकत्वाच्च। या च बुद्धिकृता विधेयता विषयताविशेषरूपा, सा भागे भवतु, न तावता क्षतिः, यतः सा प्रतिजनं प्रतिपाद्यं चित्रा *ऽऽकरे*=**स्याद्वादरत्नाकरे** *स्थिता*=व्यवस्थिता, '*स्वपरव्यवसायि ज्ञानं प्रमाणम्*' [प्रमाणनयतत्त्वा० १/२] इत्यत्र विशेषणविशेष्यान्यतरप्रसिद्धौ तदन्यभागस्य विधेयत्वमुभयस्यैव चाप्रसिद्धावुभयस्यैव विधेयत्वमिति तत्रोक्तेः। 'रक्तं पटं वय', 'ब्राह्मणं स्नातं भोजय' इत्यादावेकविधेर्द्विविधेस्त्रिविधेश्च दर्शनात्, नो चेदेवं, यतनाक्रियाभागाभ्यामेव च मिश्रत्वं,

કારણ કે અભિયુક્ત(માન્યશિષ્ટ)પુરુષોનું વચન છે કે *'પ્રવર્તના પ્રવૃત્તિમાં કારણભૂત ધર્મ છે'* એવો પ્રવાદ છે. તથા ધર્મ (અથવા જયણાયુક્ત કર્મ) પોતે ઇષ્ટના સાધનરૂપ(=ઇષ્ટની પ્રાપ્તિમાં કારણ) છે. તેથી પ્રવૃત્તિમાં કારણભૂત ઇચ્છાનો અને જ્ઞાનનો - આ બંનેનો જે વિષય બને, તે વિધેયરૂપ છે એવો તાત્પર્યાર્થ છે. (જેમાં ઇષ્ટસાધનતાનું જ્ઞાન થાય, અને તેથી જે પ્રવૃત્તિ અંગે ઇચ્છા થાય તે વિધેય-વિધ્યર્થરૂપ છે. પ્રવૃત્તિહેત્વિચ્છા... પંક્તિનું પદકૃત્ય-પ્રવૃત્તિમાં કારણભૂત ઇચ્છાની વિષયતા અને ઇષ્ટસાધનતાઆદિ જ્ઞાનની વિષયતા આ બંને વિષયતાનું જે અધિકરણ, (બંનેનો વિષય - પ્રસ્તુતમાં દ્રવ્યસ્તવ) એ અધિકરણગત અધિકરણતાનું જ્ઞાન જે ધર્મથી (અહીં દ્રવ્યસ્તવત્વથી) અવચ્છિન્નમાં (જે ધર્મથી વિશિષ્ટમાં) જ્ઞાત થાય, તે ધર્મથી અવચ્છિન્ન વિષય - દ્રવ્યસ્તવ વિધેય છે.) પ્રસ્તુતમાં આ વ્યાખ્યા યતનાયુક્ત દ્રવ્યસ્તવમાં બાધા વિના ઘટી શકે છે. વાસ્તવમાં દ્રવ્યસ્તવસ્થળે યતનાયુક્ત દ્રવ્યસ્તવ કે દ્રવ્યસ્તવીય યતના વિધેય છે એ બાબતનો નિર્ણય કરાવતો વિનિગમક હાજર ન હોય, તો પણ ઉપરોક્ત ચર્ચાથી યતનાયુક્ત દ્રવ્યસ્તવ જ વિધેય તરીકે સિદ્ધ થાય છે.

('માત્ર યતના જ વિધેય છે. દ્રવ્યસ્તવ તો સ્વેચ્છાપ્રાપ્ત છે. વિધેયરૂપ નથી' ઇત્યાદિ પરઅભિપ્રાય બરાબર નથી. કારણ કે ગૃહસ્થને બન્ને અપ્રાપ્ત છે. એનામાટે તો યતનાની જેમ દ્રવ્યસ્તવ પણ અપૂર્વ જ છે. સહજ પ્રાપ્ત નથી. પ્રસિદ્ધ નથી. તથા યતના પોતે સ્વતંત્ર વિધેય બની ન શકે. દ્રવ્યસ્તવઆદિ પ્રવૃત્તિને અવલંબીને જ યતના પ્રવૃત થાય છે. વાસ્તવમાં તો 'યતના' તે-તે પ્રવૃત્તિમાં શુદ્ધિનું આપાદન કરવા દ્વારા જ ચરિતાર્થ થાય છે. ધર્મરૂપ ફળ તો પ્રવૃત્તિથી જ પ્રાપ્ત થાય છે. તેથી વ્યવહારમાં ધર્મ તરીકેની ઓળખ પણ તે-તે પ્રવૃત્તિની જ થાય છે. વળી જો યતના જ વિધેયરૂપ હોય, તો સાધુક્રિયામાં પણ યતનાને જ વિધેયરૂપ માનવી પડે. 'સાધુ થનારને સાધુક્રિયા સહજપ્રાપ્ત છે. અપ્રાપ્ત યતના જ વિધેયરૂપ છે' એવી દલીલને અવકાશ છે. કારણ કે જેમ યતના વિનાનો દ્રવ્યસ્તવ અશુદ્ધ છે, તેમ યતના વિનાની સાધુક્રિયા પણ અશુદ્ધ જ છે. તેથી યતનાયુક્ત દ્રવ્યસ્તવ જ વિધેય તરીકે ઇષ્ટ છે. નહિ કે તેના એક અંશરૂપ માત્ર યતના.)

વળી લિંગર્થ=આજ્ઞા-ઇચ્છાદિવચનરૂપ વિધ્યર્થનો અન્વય પણ યતનાયુક્ત દ્રવ્યસ્તવમાં જ થાય છે. આ અન્વય જ યતનાયુક્ત દ્રવ્યસ્તવરૂપ પૂર્ણ અર્થની વિધેયતાનો વિનિગમક છે.

## વિધેયતાની નાનાવિધતા

બુદ્ધિથી જે વિષયતાવિશેષરૂપમાં વિધેયતા કરાય છે, તે ભાગે=કોઇક એક ભાગમાં ભલે હોય.... એટલામાત્રથી દોષ નથી, કારણ કે બુદ્ધિને અપેક્ષીને વિધેયતા તો પ્રત્યેક વ્યક્તિએ અલગ અલગ હોઇ શકે છે, એમ **સ્યાદ્વાદરત્નાકરમાં** દર્શાવ્યું છે. *'સ્વ-પરનું વ્યવસાય કરતું જ્ઞાન પ્રમાણ છે.'* આ વ્યાખ્યાસ્થળે વિશેષણ અંશ અને વિશેષ્ય અંશ (=ક્રમશઃ 'સ્વપરવ્યવસાયિજ્ઞાન' અને 'પ્રમાણ') આ બે અંશમાંથી જે અંશ પ્રસિદ્ધ હોય, તે સિવાયનો અંશ વિધેય તરીકે સંમત છે અને ઉભય અંશની અપ્રસિદ્ધિમાં ઉભય અંશ વિધેય બને છે તેમ માન્ય છે. 'લાલ વસ્ત્ર વણ' 'સ્નાત (વેદજ્ઞ) બ્રાહ્મણને જમાડ' ઇત્યાદિ સ્થળોએ એકવિધિ, દ્વિવિધિ અને ત્રિવિધિ(એક વિધિ=વિશેષણ કે

① 'पुंसां नेष्टाभ्युपायत्वात् क्रियास्वन्यः प्रवर्तकः' इति पूर्वार्द्धः। विधिविवेके मण्डनमिश्रः।

तदा तत्प्रतिपादकं जैनं वचः, क्रियानयविधिश्च सर्वो मिश्रो भवेत्, इत्थं च धर्मपक्षोऽपि ताभ्यां भागाभ्यां मिश्रो भवेदिति मिश्राद्वयं स्यात्, इतरद्वयलोपेन तदेकशेषात्, तथा च तन्मिश्राद्वयं तव मतं भेदमयं पक्षत्रयप्रतिपादकं कथं न लुम्पति ? **'स्वशस्त्रं स्वोपघाताय'** इति न्यायस्तवापन्न इति भावः ॥ ८६ ॥ तृतीयपक्षमधिकृत्याह–

**भावोऽधर्मगतः क्रियेतरगतेत्यत्रापि भङ्गे कथं,**
**मिश्रत्वं तमधर्ममेव मुनयो भावानुरोधाद् विदुः ।**
**भक्त्याऽर्हत्प्रतिमार्चनं कृतवतां न स्पृश्यमानः पुन-**
**र्भावश्चित्तमिवाग्रहाविलधियां पापेन संलक्ष्यते ॥ ८७ ॥**

(**दंडान्वयः**→ भावोऽधर्मगतः क्रिया इतरगता इत्यत्रापि भङ्गे मिश्रत्वं कथम् ? (यतः) भावानुरोधाद् मुनयस्तमधर्ममेव विदुः । भक्त्याऽर्हत्प्रतिमार्चनं कृतवतां भावः आग्रहाविलधियां चित्तमिव पापेन न स्पृश्यमानः संलक्ष्यते ॥)

'भाव'इति । भावोऽधर्मगतः क्रिया *इतरगता*=धर्मगतेत्यत्रापि तात्तीर्यिके भङ्गे मिश्रत्वं कथम् ? यतो भावानुरोधात्तमधर्ममेव मुनयो विदुः, दुष्टभावपूर्विकाया विहितक्रियाया अपि प्रत्यवायबहुलत्वेनाधर्मत्वात्, अत

---

વિશેષ્ય કે સંસર્ગ=સંબંધ દ્વિવિધિમાં આ ત્રણમાંથી બે, અને ત્રિવિધિમાં આ ત્રણે ) વિધેય બનતા દેખાય છે. આમ તે-તે વ્યક્તિને આશ્રયી વિધેય અંશોમાં ભેદ હોવા છતાં વસ્તુતઃ તો યતનાયુક્ત દ્રવ્યસ્તવ આદિ પૂર્ણ અર્થમાં જ વિધેયતા છે. તેથી તે ધર્મરૂપ જ છે. જો આમ નહીં માનો અને દ્રવ્યસ્તવમાં 'યતના' અને 'ક્રિયા' આ બે અંશને આગળ કરી મિશ્રતા(યતનાઅંશથી શુદ્ધિ અને ક્રિયાઅંશથી અશુદ્ધિ) સ્વીકારશો, તો દ્રવ્યસ્તવગેરે અંગેના ભગવાનના વચનો, તથા ક્રિયાનયને માન્ય વિધિઓ આ બધાને મિશ્રધર્મરૂપ માનવાની આપત્તિ આવશે. આમ ધર્મપક્ષ પણ યતના અને ક્રિયા આ બે ભાગથી મિશ્રરૂપ બની જશે. આમ મિશ્રઅદ્વૈતપક્ષ જ રહેશે. તેથી (ધર્મપક્ષ અને અધર્મપક્ષ) બે પક્ષનો લોપ માનવો પડશે. આમ તમારા ધર્મઆદિ ત્રણ પક્ષના સ્થાપક વચનને જ બાધ આવશે. આમ દ્રવ્યસ્તવમાં મિશ્રપક્ષની સ્થાપના કરવા જતાં તમારા સિદ્ધાંતને બાધ આવતો હોવાથી, તમારે માટે તો પોતાનું શસ્ત્ર પોતાના જ ઘાત માટે થશે.

**સાર :** – જિનવચનના બળથી દ્રવ્યસ્તવ વિધેય તરીકે જ સિદ્ધ છે. સ્વેચ્છાપ્રાપ્ત તરીકે નહિ. તેમાં માત્ર 'જયણા' વિધેયરૂપ નથી. યતના તો માત્ર દ્રવ્યસ્તવને વિશેષરૂપ અર્પવાનું જ કાર્ય કરે છે. તેથી 'જયણાયુક્ત દ્રવ્યસ્તવ વિધેય છે' એમ ફલિત થાય છે. આમ વિધેય હોવાથી, દ્રવ્યસ્તવ શુદ્ધ ધર્મ તરીકે સિદ્ધ થાય છે. **॥૮૬॥**

મિશ્રપક્ષ સ્થાપક 'ભાવ અધર્મગત અને ક્રિયા ધર્મગત' આ પ્રકારના ત્રીજા વિકલ્પને આગળ કરી કહે છે—

## અશુભભાવ-શુભક્રિયા મિશ્રતા ખંડન

**કાવ્યાર્થ :**– 'ભાવ અધર્મસંબંધી અને ક્રિયા ધર્મસંબંધી' આ પ્રમાણેના ત્રીજા વિકલ્પમાં પણ મિશ્રપણું કેવી રીતે ઘટશે ? કારણ કે ભાવના અશુભપણાને કારણે મુનિઓ તેને અધર્મ તરીકે જ ગણે છે. આગ્રહના કાદવથી લેપાયેલી બુદ્ધિવાળાઓનું ચિત્ત જેમ પાપથી સ્પર્શાયેલું દેખાય છે. તેમ ભક્તિથી જિનપ્રતિમાપૂજન કરનારાઓનો ભાવ પાપથી સ્પર્શાયેલો દેખાતો નથી.

'અધર્મમયભાવથી યુક્ત ક્રિયા અધર્મરૂપ જ છે' એમ તત્ત્વદર્શી મુનિઓ જાણે છે. કારણ કે દુષ્ટ આશયથી યુક્ત વિહિત ક્રિયા પણ અનેક નુકસાનોથી સભર હોય છે. તેથી જ નિહ્નવ વગેરેનું નિર્ગ્રંથરૂપ દુરંત સંસારનું કારણ

एव निह्नवादीनां निर्ग्रन्थरूपस्य दुरन्तसंसारहेतुत्वेनाधर्मत्वं - *'सत्तेयादिट्ठीओ, जाइजरामरणगब्भवसहीणं। मूलं संसारस्स उ हवंति णिग्गंथरूवेणं'॥* इत्यादिना व्यवस्थापितम्। **न च** दृष्टीनां नियतोत्सूत्ररूपाणामेवैतत्फलं निर्ग्रन्थरूपेणेत्यत्र चोपलक्षणे तृतीयेति शङ्कनीयं, चरमग्रैवेयकपर्यन्तफलहेतोर्निह्नवश्रद्धानानुगताचारस्यैवात्र दृष्टिपदार्थत्वात्, निर्ग्रन्थरूपेणेत्यत्र 'धान्येन धन'मितिवदभेदार्थतृतीयाश्रयात्, विषगराद्यनुष्ठानानामधर्मत्वेनैव बहुशो निषेधाच्चेति दिग्। **न च** मिश्रणीयोऽधर्मगतो भावः प्रकृतस्थले सम्भवतीत्यप्याह-'भक्त्येति'। भक्त्या-उपलक्षणाद्विधिना चार्हत्प्रतिमार्चनं कृतवतां भावः पापेन न स्पृश्यमानः संलक्ष्यते, व्यतिरेकदृष्टान्तमाह-किमिवा*ऽऽग्रहाविलधियाम्*=अभिनिवेशमलीमसबुद्धीनां चित्तमिव, तद्यथा पापेन स्पृश्यमानं संलक्ष्यते, तथा न भक्तिकृतां भाव इति योजना। **अथ** पुष्पाद्युपमर्दयामि ततः प्रतिमां पूजयामीति भावः पापस्पृष्टो लक्ष्यत एवेति

---

બનતું હોવાથી અધર્મરૂપ જ છે, તેમ સિદ્ધાંતમાં નિશ્ચિત કર્યું છે. જુઓ → *'આ સાત દૃષ્ટિઓ નિર્ગ્રંથરૂપથી (=નિહ્નવરૂપથી) જન્મ, જરા, મરણ અને ગર્ભના સ્થાનભૂત સંસારનું મૂળ થાય છે.'*

**શંકા :-** દુરંત સંસાર સાત નિયત ઉત્સૂત્રરૂપ દુષ્ટ ભાવનું જ ફળ છે. 'નિર્ગ્રન્થરૂપેણ' અહીં જે તૃતીયા વિભક્તિ છે, તે સાધુના વેશમાં રહેલા નિહ્નવોના દુષ્ટભાવનું ઉપલક્ષણ કરે છે. તેથી નિર્ગ્રંથરૂપ=નિર્ગ્રંથવેશથી ઉપલક્ષિત સાત નિહ્નવ દૃષ્ટિ જ તેવી ફલિત થાય છે. **તાત્પર્ય :-** પ્રસ્તુતમાં નિર્ગ્રંથરૂપ=નિર્ગ્રંથવેશ અને નિર્ગ્રંથક્રિયા આચાર દુષ્ટ નથી, પણ તેનાથી ઉપલક્ષિત સાત નિહ્નવ દૃષ્ટિઓ દુષ્ટ છે. આમ અશુભભાવથી વિહિત ક્રિયા દુષ્ટ થતી નથી.

**સમાધાન :-** પ્રસ્તુતમાં 'સાત દૃષ્ટિઓ' સ્થળે 'દૃષ્ટિ' પદથી 'નવમા ગ્રૈવેયક સુધીના ફળમાં કારણ બનતો નિહ્નવશ્રદ્ધાનથી વણાયેલો ચારિત્રાચાર અર્થ જ સિદ્ધાંતકારને ઇષ્ટ છે. તેથી પ્રસ્તુતમાં દુષ્ટ ભાવથી દુષિત વિહિતક્રિયાને જ દુષ્ટ ગણવાનો આશય છે. 'નિર્ગ્રન્થરૂપેણ' અહીં અભેદાર્થક તૃતીયા છે. જેમકે 'ધાન્યેન ધનં'(=ધાન્યરૂપ ધન) સ્થળે અભેદાર્થક તૃતીયા છે, તેથી પ્રસ્તુતમાં 'નિર્ગ્રંથરૂપ સાત દૃષ્ટિઓ' એવો જ અન્વય છે. 'નિર્ગ્રંથરૂપ' કહેવાથી વિહિતક્રિયા સૂચિત થાય છે. 'સાત દૃષ્ટિ'ના કથનથી દુષ્ટભાવનું સૂચન થાય છે. આમ અહીં ધર્મક્રિયા અને અધર્મભાવનું મિશ્રણ હોવા છતાં મિશ્રપક્ષ ઇષ્ટ નથી, પણ અધર્મપક્ષ જ ઇષ્ટ છે. અહીં દુષ્ટભાવોથી ભળેલા અનુષ્ઠાનોનો વિષ-ગર વગેરેરૂપે અધર્મ તરીકે ઉલ્લેખ કરી ઘણીવાર કરેલો નિષેધ પ્રસ્તુતમાં દૃષ્ટાંતરૂપ છે. (શાસ્ત્રવિહિત અનુષ્ઠાનો જ ઇહલૌકિક આદિ દુષ્ટાશયથી થતાં હોય, તો વિષાદિ અનુષ્ઠાનરૂપ બને છે- લૌકિક કે કુપ્રાવચનિક અનુષ્ઠાનો વિષાદિઅનુષ્ઠાનરૂપ ન બને, કારણ કે તેઓ સ્વરૂપથી જ સંસારઅનુષ્ઠાનરૂપ છે.)

તથા જેના મિશ્રણથી મિશ્રધર્મ ઇષ્ટ છે, તે અધર્મસ્વરૂપ ભાવ પણ પ્રસ્તુતમાં જિનપ્રતિમાપૂજામાં સંભવતો જ નથી. કારણ કે ભક્તિથી અને ઉપલક્ષણથી વિધિથી જિનપ્રતિમાની પૂજા કરતા શ્રાવકોમાં પાપમય ભાવ દેખાતો નથી. તેથી અશુભભાવ અને શુભક્રિયાના મિશ્રણવાળો ત્રીજો પક્ષ તો ઘટતો જ નથી. અહીં પાપભાવ ન દેખાવામાં વ્યતિરેક દૃષ્ટાંત બતાવ્યું છે. આગ્રહ=અભિનિવેશથી કલુષિત બુદ્ધિવાળાનું ચિત્ત પાપથી સ્પર્શાયેલું સ્પષ્ટ ઉપલબ્ધ થાય છે. પણ ભક્તિથી અને વિધિથી પ્રતિમાપૂજન કરનારાનો ભાવ પાપથી લેપાયેલો જરા પણ દેખાતો નથી.

**શંકા :-** પ્રતિમાપૂજન કરતા શ્રાવકનો 'હું ફુલ વગેરેનું ઉપમર્દન(=હિંસા) કરું છું અને પછી પ્રતિમાનું પૂજન કરું છું' આવા પ્રકારનો ભાવ પાપથી ખરડાયેલો સ્પષ્ટ દેખાય છે.

**સમાધાન :-** એ પ્રમાણે તો સાધુનો 'હું નદીના પાણીના જીવોનું ઉપમર્દન કરું છું અને પછી નદી ઉતરી વિહાર કરું છું,' એવા પ્રકારનો ભાવ પણ પાપથી લેપાયેલો માની દુષ્ટ માનવો પડશે.

**શંકા :-** કૃતિ=પ્રયત્નનો આનુષંગિક=ગૌણ ઉદ્દેશ્યવિષય અને સાધ્યતાવિષય જયણાશીલ વ્યક્તિ માટે

चेत् ? तर्हि 'नदीजलजीवानुपमर्दयामीति' 'ततो नदीमुत्तीर्य विहारं कुर्वे' इति साधोरपि दुष्टः स्यात्। कृतेरानुषङ्गिके-नोद्देश्यत्वाख्यविषयतासाध्यत्वाख्यविषयता च यतमानस्य न निषिद्धरूपावच्छिन्नेति चेत् ? तुल्यमेतदुभयोरपीति किमाम्रेडितेन ? ॥ ८७ ॥ तुरीयं विकल्पमपि अपाकुर्वन् आह–

**धर्माधर्मगते क्रिये च युगपद् धत्तो विरोधं मिथो,**
**नाप्येते प्रकृतस्थले क्वचिदतस्तुर्योऽपि भङ्गो वृथा।**
**शुद्धाशुद्ध उदाहृतो ह्यविधिना योगोऽर्चनाद्यश्च यः,**
**सोऽप्येको व्यवहारदर्शनमतो नैव द्वयोर्मिश्रणात् ॥ ८८ ॥**

(**दंडान्वयः**→ धर्माधर्मगते च क्रिये युगपद् मिथः विरोधं धत्तः। नाप्येते प्रकृतस्थले क्वचिद्, अतः तुर्योऽपि भङ्गो वृथा। अविधिना जिनार्चनाद्यश्च यो हि शुद्धाशुद्धो योग उदाहृतः, सोऽपि व्यवहारदर्शनम्। अत एको नैव द्वयोर्मिश्रणात्॥)

'धर्माधर्मगते'इति। धर्माधर्मगते च क्रिये युगपद् मिथो विरोधं धत्तो भिन्नविषयक्रियाद्वयस्यैककाला-वच्छेदेनैकत्रानवस्थाननियमात्- *'भिन्नविसयं णिसिद्धं किरियादुगमेगय'*[①] त्ति [आव० नि० १२२७ पू०] वचनात्। प्रकृतेऽसिद्धिश्चेत्यप्याह- ना *प्येते*=धर्माधर्मगतक्रिये *प्रकृतस्थले*=द्रव्यस्तवस्थाने क्वचिद्, अतः कारणात् तुर्योऽपि भङ्गो वृथा, मिश्रपक्षसमर्थनाय मृषोपन्यासः। शुद्धाशुद्धयोगः शास्त्रोक्त एवेति, तत्र तुर्यभङ्गावकाशः किं न स्यात्?

निषिद्ध नथी. (અર્થાત્ પોતાની પ્રવૃત્તિનાં મુખ્ય ઉદ્દેશ્ય અને સાધ્ય જો શુદ્ધ હોય, તો તેની સિદ્ધિના એક અંગરૂપ હોવાથી આનુષાંગિક બનતાં ઉદ્દેશ્ય અને સાધ્ય કદાચ સ્વરૂપસાવદ્ય હોય તો પણ યતનાથી પ્રવૃત્તિ કરનારને એ આનુષાંગિક ઉદ્દેશ્ય અને સાધ્ય નિષિદ્ધ બનતા નથી.) તેથી વિહારના મુખ્ય ઉદ્દેશવાળા જયણાશીલ સાધુને ઉપરોક્ત વિષયતા કે નદી ઉતરવી નિષેધરૂપ નથી.

**સમાધાન :-** આ જ સમાધાન ઉપરોક્ત ભાવ હોય, તો પણ પૂજાના મુખ્ય ઉદ્દેશવાળા જયણાશીલ શ્રાવકને પુષ્પ વગેરે અંગે લાગુ પડે જ છે. તેથી ચોળીને ચીકણું કરવાથી સર્યું. ॥૮૭॥

ચોથા વિકલ્પની બુદ્ધિને દૂર કરતા કહે છે—

## શુભાશુભક્રિયા મિશ્રતા વિરુદ્ધ

**કાવ્યાર્થ :-** એક સાથે ધર્મમય અને અધર્મમય બે ક્રિયા પરસ્પર વિરોધ ધરાવે છે. (તેથી સંભવે નહીં.) અને પ્રસ્તુત(પ્રતિમાપૂજન) સ્થળે તો ક્યારેય બન્ને નથી. તેથી ચોથો વિકલ્પ પણ વ્યર્થ છે. તથા અવિધિથી થતો જે (પૂજનવગેરે) યોગ શુદ્ધાશુદ્ધ કહેવાયો છે, તે પણ વ્યવહારનયથી જ કહેવાયો હોવાથી એક જ છે, પણ બેના મિશ્રણથી નથી.

ભિન્ન વિષયવાળી(=કાર્યસંબંધી) બે ક્રિયાનો એકકાળે એકસ્થળે સાથે નહિ રહેવાનો નિયમ છે, કારણ કે *'એક કાળે ભિન્ન વિષયવાળી બે ક્રિયાનો નિષેધ છે.'* એવું વચન છે. વળી પ્રસ્તુતમાં ધર્મગત અને અધર્મગત આ બે વિરુદ્ધ ક્રિયા દ્રવ્યસ્તવમાં અસિદ્ધ જ છે. આમ આ વિકલ્પમાં અસિદ્ધિ દોષ પણ છે. તેથી મિશ્રપક્ષના સમર્થનમાં દર્શાવેલો ચોથો વિકલ્પ ફોગટનો છે. અહીં 'શાસ્ત્રમાં શુદ્ધાશુદ્ધયોગ બતાવ્યો છે. તેથી ત્યાં ચોથા વિકલ્પને અવકાશ છે.' એમ પણ ન કહેવું, કારણ કે અવિધિથી થતા જિનપૂજાદિ યોગો શુદ્ધાશુદ્ધ યોગરૂપે જે દર્શાવ્યા છે, તે માત્ર વ્યવહારનયથી જ અભિમત છે, કારણ કે ભ્રમ અને પ્રમાથી સંવલિત (અવિધિમાં વિધિની બુદ્ધિરૂપે ભ્રમ અને જિનપૂજામાં

① भिन्नविसयं निसिद्धं किरियादुगमेगया ण एगंमि। जोगतिगस्स वि भंगिय सुत्ते किरिया जओ भणिया॥ इति पूर्णश्लोकः॥

**अत्राह** - 'शुद्धाशुद्ध' इति। अविधिना जिनार्चनाद्यश्च यो *हि*=निश्चितं, शुद्धाशुद्धो योग उदाहृत:, सोऽपि व्यवहार-दर्शनम्, अत *एकांऽशे*= भ्रमप्रमारूपैकज्ञानवदंशे शुद्धाशुद्धविषयो, न तु द्वयोः शुद्धाशुद्धयोर्योगयोर्मिश्रणात्तयो-र्विरोधादेवेति दत्तो मिश्रपक्षजलाञ्जलिः। शुद्धाशुद्धविषयत्वं च योगस्य व्यापारानुबन्धिविषयतानयेन स्वतो योगस्य निर्विषयत्वादिति स्मर्त्तव्यम्॥ ८८॥ 'निश्चयतस्तु शुद्धाशुद्धयोगो नास्त्येव' इत्याह–

**भावद्रव्यतया द्विधा परिणतिप्रस्पन्दरूपा स्मृता,**
**योगास्तत्र तृतीयराश्यकथनादाद्येषु नो मिश्रता।**
**नैवान्त्येष्वपि निश्चयादिति विषोद्गारः कथं ते भ्रमो,**
**निष्पीता किमु न क्षमाश्रमणगीः सद्भाष्यसिन्धोः सुधा ॥ ८९॥**

(**दंडान्वयः**→ भावे परिणतिः द्रव्यतया प्रस्पन्दरूपाः योगा द्विधा स्मृताः। तत्र आद्येषु तृतीयराश्यकथनाद् नो मिश्रता। निश्चयाद् नैवान्त्येष्वपि इति कथं ते विषोद्गारो भ्रमः? किमु सद्भाष्यसिन्धोः सुधा क्षमाश्रमणगीः न निष्पीता?)

'भाव'इत्यादि। (परिणतिः=)मनोवाक्काययोगनिबन्धनाध्यवसायरूपं भावकरणं परिणतिः, मनोवाक्काय-द्रव्योपष्टम्भजनिता या बाह्यक्रिया परिस्पन्दः, तल्लक्षणा योगा भावद्रव्यतया द्विधा स्मृताः, तत्राद्येषु भावयोगेषु *नो*=नैव मिश्रता भवति, कस्मात्? तृतीयराशेरकथनात्, शुभान्यशुभानीति द्विविधान्येवाध्यवसायस्थानान्युक्तानि,

---

કર્તવ્યતાની બુદ્ધિરૂપે પ્રમા ઇત્યાદિરૂપે એક ભ્રમરૂપ અને અન્યાંશે પ્રમારૂપ) જ્ઞાનના શુદ્ધાશુદ્ધ વિષય બનવાના અંશે જ, અર્થાત્ શુદ્ધાશુદ્ધ જ્ઞાનના વિષય બનવાના અંશે જ યોગોમાં શુદ્ધાશુદ્ધતારૂપ મિશ્રતા સંભવે છે. પણ વાસ્તવમાં શુદ્ધયોગ અને અશુદ્ધયોગના મિશ્રણથી શુદ્ધાશુદ્ધયોગ નથી, કારણ કે શુદ્ધ અને અશુદ્ધ યોગોનું એકત્ર અવસ્થાન વિરુદ્ધ છે.

આમ ચારે વિકલ્પરૂપ પાયા તૂટી જવાથી ભાંગી પડેલા આ મિશ્રપક્ષરૂપ ખાટલાને જલાંજલિ આપી દીધી. અર્થાત્ ચારમાંથી એકે વિકલ્પથી મિશ્રપક્ષ સંગત બનતો નથી. અહીં એટલું સ્મરણમાં રાખવું કે યોગ શુદ્ધ કે અશુદ્ધ વિષયવાળો પણ વ્યાપારઅનુબંધી વિષયતાનયથી જ છે. (=ચેષ્ટામાં કારણ બનતા વિષયને કારણે જ યોગ શુદ્ધ કે અશુદ્ધ બને છે.) કારણ કે યોગ સ્વતઃ શુદ્ધ કે અશુદ્ધ વિષયક નથી, તેથી નિર્વિષય છે. **॥૮૮॥**

નિશ્ચયનય મતે તો શુદ્ધાશુદ્ધયોગ છે જ નહિ. તેથી કહે છે—

**કાવ્યાર્થ :-** પરિણતિ અને પ્રસ્પંદરૂપ ક્રમશઃ ભાવ અને દ્રવ્ય એમ બે પ્રકારના યોગો કહ્યા છે. ત્રીજી રાશિ (=વિભાગ) કહી ન હોવાથી આદ્ય(=ભાવ)યોગમાં મિશ્રતા નથી. એ જ પ્રમાણે નિશ્ચયથી અંત્ય(=દ્રવ્ય)યોગમાં પણ મિશ્રતા નથી. તેથી તમને વિષના ઉદ્ગાર જેવો ભ્રમ કેમ છે? શું તમે **સદ્ભાષ્યમાં(=વિશેષાવશ્યકભાષ્ય) ક્ષમાશ્રમણ જિનભદ્રગણીની** અમૃત તુલ્ય વાણી સાંભળી નથી?

## નિશ્ચયથી શુભાશુભમિશ્રયોગનો અભાવ

મન વચન અને કાયાના યોગોમાં કારણભૂત અધ્યવસાયરૂપ ભાવકરણ એ આત્મિક પરિણતિ છે, અને મન, વચન અને કાય દ્રવ્યોના સહારે ઉત્પન્ન થતી બાહ્ય ક્રિયા પરિસ્પંદરૂપ છે. આ બે(પરિણતિ અને પરિસ્પંદ) ક્રમશઃ ભાવયોગ અને દ્રવ્યયોગરૂપ છે. શુભ અને અશુભ એમ બે પ્રકારે જ અધ્યવસાયસ્થાનો બતાવ્યા છે. તેમાં શુભાશુભમિશ્રરૂપ ત્રીજો પ્રકાર બતાવ્યો નથી. તેથી ભાવયોગો મિશ્રરૂપ નથી. એ જ પ્રમાણે નિશ્ચયનય મતે દ્રવ્યયોગો પણ મિશ્રરૂપ સંભવતા નથી, કારણ કે તે-તે અંશને પ્રધાનપણે સ્થાપી દરેક યોગો કાં તો શુભ તરફ અને કાં તો અશુભ

न तु तृतीयोऽपि राशिरिति। अन्त्येषु द्रव्ययोगेष्वपि निश्चयान्नैव मिश्रता, तन्मते द्रव्ययोगानामपि मिश्राणामभावात्, तत्तदंशप्राधान्ये शुभाशुभान्यतरस्यैव पर्यवसानाद् निश्चयाङ्गव्यवहारेणापि तथाव्यवहरणात्, अत एवाशोकप्रधानं वनमशोकवनमिति विवक्षया न मिश्रभाषापत्तिः, **कथं** तर्हि श्रुतभावभाषायां तृतीयभेदस्यापरिगणनं, द्रव्यभाव-भाषायां तु तत्परिगणनमिति चेत् ? **एकत्र** निश्चयनयेन धर्मिणोऽर्पणादन्यत्र तु व्यवहारनयेनेति गृहाण। सर्वत्र निश्चयनयेन धर्म्यर्पणे तु भाषाया द्वावेव भेदौ, न चत्वारः। तदवदाम **भाषारहस्ये** → *'भासा चउविहत्ति य, ववहारणया सुअम्मि पन्नाणं। सच्चा मुसत्ति भासा, दुविह चिय हंदि णिच्छयओ'* ॥[गा० १७] एवं विशदीकृतेऽर्थे भ्रान्तोक्त्या न व्यामोहः कार्य इत्याह-इत्येवं *ते*=तव कथं *भ्रमो*=भ्रान्तोपयोगः(भ्रान्तः प्रयोगः पाठान्तरे) विषोद्गारः? किमु सद्भाष्यं **यद्विशेषावश्यकं**, तदेव *सिन्धुः*=समुद्रः, तस्य *सुधा*=अमृतं *क्षमाश्रमणगीः*=**जिनभद्रगणिक्षमा-श्रमणवाणी** न निष्पीता ? तत्पाने हि भ्रमविषोद्गारो न स्यादेवाहारसदृशत्वादुद्गारस्य, किन्तु कुमतिपरिगृहीत-श्रुताभासविषपानस्यैवेदं विलसितमिति सम्भावयामः ॥ ८९ ॥ किञ्च सङ्कीर्णकर्मरूपफलाभावादपि सङ्कीर्णयोगो नास्तीति द्रव्यस्तवे मिश्रपक्षोक्तिप्रौढिः खलताविस्तार इत्याह–

**मिश्रत्वे खलु योगभावविधया कुत्रापि कृत्ये भवे-**
**न्मिश्रं कर्म न बध्यते च शबलं तत्सङ्क्रमात्स्यात्परम्।**
**तद् द्रव्यस्तवमिश्रतां प्रवदता किं तस्य वाच्यं फलं,**
**स्वव्युद्ग्राहितमूढपर्षदि मदान्मूर्द्धानमाधुन्वता॥ ९०॥**

---

તરફ ઢળી પડે છે. નિશ્ચયમાં કારણભૂત વ્યવહાર પણ આ પ્રમાણે જ કહે છે. તેથી જ અશોકપ્રધાન વન= અશોકવન. આ પ્રમાણે મધ્યમપદલોપી સમાસની વિવક્ષા કરવાથી મિશ્રભાષાની આપત્તિ રહેતી નથી. (જે વનમાં પ્રચુરપણે અશોકવૃક્ષો હોય, પણ અલ્પ સંખ્યામાં બીજા વૃક્ષો પણ હોય, એ વનને અશોકવન કહેવામાં સત્યાસત્ય-મિશ્રભાષા પ્રયોગની આપત્તિ છે. ત્યાં પ્રધાનાંશને આગળ કરી ઉપર કહ્યું તેમ અશોકવન કહેવામાં મિશ્રભાષાને બદલે સત્યભાષા બને છે એ આશય છે.)

**શંકા :-** જો આમ જ હોય, તો શ્રુતભાવભાષામાં મિશ્રરૂપ ત્રીજા ભેદની ગણના નથી કરી અને દ્રવ્યભાવ-ભાષામાં (ભાષા તરીકે પરિણત પામેલા શબ્દપુદ્ગલો) મિશ્ર ભાષાની ગણતરી કરી છે, આમ વિભાગ કેવી રીતે પડ્યો?

**સમાધાન :-** શ્રુતભાવભાષામાં નિશ્ચયનયને આગળ કરી ધર્મીને(શુભ-અશુભ આશયયુક્ત વક્તાને) મુખ્ય કર્યો છે. દ્રવ્યભાવભાષામાં વ્યવહારનયથી ધર્મ=ભાષાપ્રયોગને મુખ્ય કર્યો છે. સર્વત્ર નિશ્ચયનયથી ધર્મીને પ્રધાન કરવામાં આવે તો ભાષાના બે જ ભેદ પડે. આ વાત **અમે (મહો. યશોવિજયવાચકે) ભાષારહસ્ય ગ્રંથમાં** કહી છે → *'વ્યવહારનયથી ભાષા ચાર પ્રકારની છે એમ શ્રુતમાં કહ્યું છે. નિશ્ચયનયથી સત્ય અને મૃષા(=અસત્ય) આમ બે જ પ્રકારની ભાષા છે.'* આમ દ્રવ્યયોગોમાં પણ નિશ્ચયનય મતે શુભ અને અશુભ એમ બે જ પ્રકાર છે, પણ મિશ્રરૂપ ત્રીજો પ્રકાર નથી' ઇત્યાદિ અર્થ સ્પષ્ટ કરાયો હોવાથી આ બાબતમાં ભ્રમમાં પાડનારા વચનોથી મુંઝાવું જોઇએ નહિ. જો **વિશેષાવશ્યભાષ્ય મહાગ્રંથરત્નાકરમાં શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણે** કહેલી અમૃતમય વાણીનું પાન કર્યું હોય, તો કદાપી આવા ભ્રાંતવચનરૂપ ઝેરીલા ઉદ્ગાર આવે નહિ, કારણ કે 'આહાર તેવો ઓડકાર.' તેથી દ્રવ્યસ્તવને મિશ્રધર્મ કહેનારું વચન મિથ્યામતિએ પરિગૃહીત કરેલા (અથવા રચેલા) શ્રુતાભાસના પઠનરૂપ ઝેરપાનથી પ્રગટ્યું હોય તેમ અમે સંભાવના કરીએ છીએ. ॥૮૯॥

(**दंडान्वयः**→ खलु कुत्रापि कृत्ये योगभावविधया मिश्रत्वे मिश्रं कर्म भवेत्। न च शबलं बध्यते। तत्सङ्क्रमात्परं स्यात्। तत्, द्रव्यस्तवमिश्रतां प्रवदता स्वव्युद्ग्राहितमूढपर्षदि मदाद् मूर्द्धानमाधुन्वता (भवता) तस्य किं फलं वाच्यम्?)

'मिश्रत्व'इति । 'खलु' इति निश्चये, कुत्रापि कृत्ये योगभावविधया मिश्रत्वेऽङ्गीक्रियमाणे तत्फलत्वेनाङ्गीक्रियमाणं मिश्रं कर्म भवेत्, तच्च बन्धतो नास्ति इत्याह-न बध्यते च शबलमिति शबलं मिश्रकर्म न बध्यते, **कथं** तर्हि मिश्रमोहनीयं प्रसिद्धम् ? **तत्राह** - *परं*=केवलं *तत्*=मिश्रं सङ्क्रमात् स्यात्। *तत्*=तस्माद् द्रव्यस्तवमिश्रतां प्रवदता *तस्य*=द्रव्यस्तवस्य फलं बध्यमानं कर्म वाच्यं, शुभमशुभं वा तावन्न भवत्यननुरूपत्वाद्, मिश्रं च बध्यमानमभ्युपगते कृते कृतान्तः कुप्येदित्यत्र तूष्णीमेव स्थेयं त्वया, कीदृशेन ? स्वेन व्युद्ग्राहिता ये मूढाः, तेषां पर्षदि, *मदाद्*=ऋद्धिगारवाद् *मूर्द्धानं*=शिर *आधुन्वता*=कम्पयता, अयमनुभावो मदस्य तव व्याधेरेव पर्यवसन्न इति जानीहि।

अत्रेयमुक्त**महाभाष्यवाणी** कुमतपाशकृपाणी प्रगल्भते →

*'न य साहारणरूवं कम्मं तक्कारणाभावा'* [विशेषाव॰ १९३४ उत्त॰] *न च साधारणरूपं सङ्कीर्णस्वभावं पुण्यपापात्मकमेकं कर्मास्ति तस्यैवम्भूतस्य कर्मणः कारणाभावात्। अत्र प्रयोगः-नास्ति सङ्कीर्णोभयरूपं कर्म असम्भाव्यमानैवंविधकारणत्वाद् वन्ध्यापुत्रवदिति। हेतोरसिद्धतां परिहरन्नाह- 'कम्मं जोगनिमित्तं सुभोऽसुभो*

---

## મિશ્રકર્મબંધનો અભાવ

વળી પુણ્ય અને પાપરૂપ મિશ્રકર્મના બંધરૂપ ફળનો અભાવ હોવાથી પણ મિશ્રયોગ સંભવતો નથી. તેથી દ્રવ્યસ્તવમાં મિશ્રપક્ષની સ્થાપના કરનારું વચનચાપલ્ય માત્ર દુર્જનતાના વિસ્તારરૂપ છે એમ બતાવતા કહે છે—

**કાવ્યાર્થ :-** જો કોઇ પણ કાર્યમાં યોગભાવપ્રકારથી મિશ્રપણું અંગીકાર કરવામાં આવે, તો મિશ્ર કર્મ સંભવવું જોઇએ. પણ મિશ્ર કર્મ તો બંધાતું જ નથી. માત્ર સંક્રમથી જ મિશ્ર કર્મ સંભવે છે, તેથી દ્રવ્યસ્તવને મિશ્ર ધર્મ તરીકે કહેતા અને પોતે ભરમાવેલા મૂઢ લોકોની સભામાં મદથી મસ્તક ડોલાવતાં તમે તે મિશ્ર ધર્મનું શું ફળ કહેશો ?

જો કોઇ પણ કાર્યને યોગથી કે ભાવથી (અથવા યોગભાવથી) મિશ્રરૂપ સ્વીકારશો, તો તે કાર્યના ફળરૂપ બંધાતા કર્મને પણ મિશ્રરૂપ માનવું પડશે. પરંતુ કોઇ મિશ્રકર્મ બંધાતું નથી. મિશ્રમોહનીયકર્મ સમ્યક્ત્વ અને મિથ્યાત્વરૂપ શુભાશુભકર્મના મિશ્રરૂપ હોવા છતાં, તે કર્મ પણ બંધાતું નથી, પણ સંક્રમદ્વારા જ અસ્તિત્વમાં આવે છે. તેથી પોતે જ ઉંધા માર્ગે દોરેલા મુગ્ધ જીવોની પર્ષદામાં મદથી-ઋદ્ધિગારવથી મસ્તક ડોલાવતા તમારે મૌન જ રહેવું જોઇએ. કારણ કે દ્રવ્યસ્તવને મિશ્ર તરીકે પ્રતિપાદન કરવામાં તેનાથી બંધાતા કર્મરૂપ ફળઅંગે કથન કરવામાં મુશ્કેલી છે. કારણ કે તે બંધાતા કર્મને શુભ કે અશુભ કહેવામાં મિશ્રયોગરૂપ કારણને અનુરૂપ નથી. અને મિશ્રકર્મનો બંધ કહેવામાં કૃતાંતનો કોપ છે=ઉત્સૂત્રપ્રરૂપણાનો દંડ છે. ખરેખર ! ઋદ્ધિગારવરૂપ 'મદ' નામના વ્યાધિની તમને આ ઊભી થયેલી પીડા છે. અર્થાત્ અહીં તમારી પાસે દ્રવ્યસ્તવને મિશ્રયોગરૂપે મનાવવામાં મિથ્યાત્વનો જ મુખ્ય હાથ છે. અહીં કુમતજાળને છેદવામાટે **વિશેષાવશ્યક મહાભાષ્યની** સુધાવાણી છરીની ગરજ સારે છે. જે આ પ્રમાણે છે →

*'પોતાના કારણનો અભાવ હોવાથી સાધારણરૂપવાળું કર્મ નથી.' સાધારણરૂપ=પુણ્યપાપરૂપ એક સંકીર્ણસ્વભાવવાળું કર્મ નથી. કારણ કે એવા પ્રકારના કર્મનું કોઇ કારણ નથી. અહીં* ***અનુમાન પ્રયોગ*** *આ પ્રમાણે છે... 'સંકીર્ણ ઉભય(પુણ્યપાપ)રૂપ કર્મ નથી, કારણ કે આવા પ્રકારનું(સંકીર્ણ) કારણ અસંભવિત છે. જેમકે* ***વન્ધ્યાપુત્ર.'*** [ગા. ૧૯૩૪] *'સંકીર્ણ કારણનો અસંભવ' હેતુમાંથી અસિદ્ધિ દોષ દૂર કરતાં કહે છે- 'કર્મ યોગના*

वा स चेगसमयंमि। होज्जा ण उ उभयरूवो कम्मं पि तओ तयणुरूवं'॥ [गा॰ १९३५] 'मिथ्यात्वाविरतिप्रमाद-कषाययोगा बन्धहेतवः' [तत्त्वार्थ ८/१] इति पर्यन्ते योगाभिधानात् सर्वत्र कर्मबन्धहेतुत्वस्य योगाऽविनाभावाद् योगानामेव बन्धहेतुत्वमिति कर्म योगनिमित्तमित्युच्यते। स च मनोवाक्कायात्मको योग एकस्मिन् समये शुभोऽशुभो वा भवेद्, न तूभयरूपः, अतः कारणानुरूपत्वात् कार्यस्य कर्मापि तदनुरूपं शुभम्=पुण्यरूपं अशुभं वा=पापरूपं बध्यते, न तु सङ्कीर्णस्वभावमुभयरूपमेकदैव बध्यत इति । **प्रेरकः** प्राह- 'नणु मणवइकायजोगा सुभासुभावि समयम्मि दीसंति। दव्वंमि मीसभावो न उ भावकरणंमि'॥ [गा॰ १९३६] ननु मनोवाक्काययोगाः शुभाशुभाश्च मिश्रा इत्यर्थः, एकस्मिन् समये दृश्यन्ते, तत्कथमुच्यते 'सुहो असुहो वा एगसमयम्मि ति' तथाहि - किञ्चिदविधिना दानादिवितरणं चिन्तयतः शुभाशुभो मनोयोगः तथा किमप्यविधिनैव दानादिधर्ममुपदिशतः शुभाशुभो वाग्योगः, तथा किमप्यविधिनैव जिनपूजावन्दनादिकायचेष्टां कुर्वतः शुभाशुभः काययोग इति। **तदेतदयुक्तम्**। कुतः ? इत्याह - 'दव्वमी'त्यादि । इदमुक्तं भवति-इह द्विविधो योगो-द्रव्यतो भावतश्च। तत्र मनोवाक्काययोगप्रवर्त्तकानि द्रव्याणि, मनोवाक्कायपरिस्पन्दात्मको योगश्च द्रव्ययोगः, यस्तु एतदुभयरूपयोगहेतुरध्यवसायः, स भावयोगः। तत्र शुभाशुभरूपाणां यथोक्तचिन्तादेशनाकायचेष्टानां प्रवर्त्तके द्विविधेऽपि द्रव्ययोगे व्यवहारनयदर्शनविवक्षामात्रेण

---

નિમિત્તે છે, અને યોગ એક સમયમાં એક જ છે, પણ ઉભયરૂપ નથી. તેથી કર્મ પણ તેને અનુરૂપ જ છે.'

## કર્મબંધમાં ભાવયોગ પ્રધાનકારણ

'મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ બંધના હેતુઓ છે.' અહીં યોગને સૌથી છેલ્લે બતાવ્યો છે, કારણ કે સર્વત્ર કર્મબંધની હેતુતા યોગને અવિનાભાવી છે. (અર્થાત્ કર્મબંધના બીજા હેતુઓની હાજરીમાં પણ યોગ હોય અને બીજા હેતુઓ ન હોય તો પણ યોગના કારણે કર્મબંધ થાય છે. યોગના અભાવમાં જ કર્મબંધનો અભાવ છે.) તેથી મુખ્યતયા યોગો જ કર્મબંધના હેતુ છે. તેથી સૂત્રમાં કર્મને યોગનિમિત્તક કહ્યું છે. મન-વચન-કાયરૂપ યોગ એક સમયે શુભ કે અશુભ એકરૂપ જ હોય, પણ શુભ-અશુભ એમ ઉભયરૂપ સંભવતો નથી. અને કાર્ય હંમેશા કારણને અનુરૂપ હોય છે. તેથી કાર્યભૂત કર્મ પણ એક કાળે તે યોગને અનુસારે પુણ્ય કે પાપરૂપ જ બંધાય છે, પણ સંકીર્ણ=મિશ્રરૂપ બંધાતું નથી. [ગા. ૧૯૩૫] પ્રેરક પ્રશ્ન કરે છે- 'નનુ, મન-વચન-કાય યોગો એક સમયે શુભાશુભ પણ દેખાય છે. દ્રવ્યમાં મિશ્રભાવ હોય છે. પણ ભાવકરણમાં નહિ.'

**શંકા :-** મનો-વાક્-કાય યોગો શુભાશુભમિશ્ર એક સમયે દેખાય છે, તેથી તેનો નિષેધ કેમ કરો છો ? જેમકે કંઇક અવિધિથી દાનવગેરે કરવાનું વિચારનારાને શુભાશુભ મનોયોગ છે. તે જ પ્રમાણે અવિધિથી દાનવગેરેનો ઉપદેશ આપનારાને શુભાશુભ વાગ્યોગ છે. તથા કંઇક અવિધિથી જ જિનપૂજાવગેરે ચેષ્ટા કરનારાને શુભાશુભમિશ્ર કાયયોગ છે. **સમાધાન :-** આ વાત બરાબર નથી. યોગ બે પ્રકારે છે... દ્રવ્યથી અને ભાવથી. મનવચનકાયાના યોગોને પ્રવૃત્તિ કરાવતા પુદ્ગલ દ્રવ્યો અને મનવચનકાયાના પરિસ્પંદરૂપ યોગ દ્રવ્યયોગ છે. અને આ બન્ને પ્રકારના યોગમાં કારણભૂત અધ્યવસાય ભાવયોગ છે. તેમાં તમે કહ્યું તેમ; વિચાર, ઉપદેશ અને ચેષ્ટાનું શુભાશુભમિશ્રપણું બન્ને પ્રકારના દ્રવ્યયોગમાં વ્યવહારનયના મતની વિવક્ષાથી જ છે. તેથી તે રૂપે મિશ્રપણું છે. પરંતુ મનો-વાક્-કાયયોગમાં કારણભૂત અધ્યવસાયરૂપ ભાવયોગમાં મિશ્રતા નથી. આમ વ્યવહારનયના દર્શનથી દ્રવ્યયોગ મિશ્રરૂપ પણ હોઇ શકે. નિશ્ચયનયથી તો પૂર્વોક્ત વિચાર, ઉપદેશ અને ચેષ્ટામાં પ્રવર્તતા દ્રવ્યયોગ પણ કાં તો શુભ છે, કાં તો અશુભ છે; પણ શુભાશુભમિશ્રરૂપ નથી. કારણ કે તે શુભ કે અશુભ મનવચન વગેરે યોગમાં કારણભૂત અધ્યવસાયરૂપ

*भवेदपि शुभाशुभत्वलक्षणो मिश्रभावः । न तु मनोवाक्काययोगनिबन्धनाध्यवसायरूपे भावकरणे=भावात्मकयोगे । अयमभिप्रायः-द्रव्ययोगो व्यवहारनयदर्शनेन शुभाशुभरूपोऽपीष्यते, निश्चयनयेन तु सोऽपि शुभोऽशुभो वा केवलः समस्ति, यथोक्तचिन्तादेशनादिप्रवर्त्तकद्रव्ययोगानामपि शुभाशुभरूपमिश्राणां तन्मतेनाभावात् । शुभाशुभ-(मनोवाक्कायद्रव्य-इति तत्र टीकायाम्)योगनिबन्धनाध्यवसायरूपे तु भावकरणे=भावयोगे शुभाशुभरूपो मिश्रभावो नास्ति, निश्चयनयदर्शनस्यैवागमेऽत्र विवक्षितत्वात् । न हि शुभान्यशुभानि वाऽध्यवसायस्थानानि मुक्त्वा शुभा-शुभाध्यवसायस्थानरूपस्तृतीयो राशिरागमे क्वचिदपीष्यते, येनाध्यवसायरूपेषु भावयोगेषु शुभाशुभत्वं स्यादिति भावः । तस्माद् भावयोग एकस्मिन् समये शुभोऽशुभो वा भवति, न तु मिश्रः, ततः कर्मापि तत्प्रत्ययं पृथक् पुण्यरूपं पापरूपं वा बध्यते न तु मिश्ररूपमिति स्थितम् । एतदेव समर्थयन्नाह- 'झाणं सुभमसुभं वा न उ मीसं जं च झाणविरमे वि । लेसा सुभाऽसुभा वा सुभमसुभं वा तओ कम्मं' ॥ [गा० १९३७] ध्यानं यस्मादागमे एकदा धर्मशुक्लध्यानात्मकं शुभं, आर्त्तरौद्रात्मकमशुभं वा निर्दिष्टं, न तु शुभाशुभात्मकं, यस्माच्च ध्यानोपरमेऽपि लेश्या तैजसीप्रमुखा शुभा कापोतीप्रमुखा वाशुभा एकदा प्रोक्ता, न तु शुभाशुभरूपा, ध्यानलेश्यात्मकाश्च भावयोगा-स्ततस्तेऽप्येकदा शुभा अशुभा वा भवन्ति, न तु मिश्राः । ततो भावयोगनिमित्तं कर्माप्येकदा पुण्यात्मकं शुभं बध्यते, पापात्मकमशुभं वा बध्यते, न तु मिश्रमपि । अपि च- 'पुव्वगहियं च कम्मं परिणामवसेण मीसयं नेज्जा । इयरेयरभावं वा सम्मामिच्छाइ न उ गहणे' ॥[गा० १९३८] 'वा' इति । अथवैतदद्यापि सम्भाव्यते यत्, पूर्वं गृहीतं=पूर्वं बद्धं मिथ्यात्वलक्षणं कर्म परिणामवशात् पुञ्जत्रयं कुर्वन् मिश्रतां=सम्यग्मिथ्यात्वपुञ्जरूपतां नयेत्=प्रापयेदिति । इतरेतरभावं वा नयेत् सम्यक्त्वं मिथ्यात्वं चेति । इदमुक्तं भवति-पूर्वबद्धान् मिथ्यात्वपुद्गलान् विशुद्धपरिणामः सन् संशोध्य सम्यक्त्वरूपतां नयेत्, अविशुद्धपरिणामस्तु रसमुत्कर्षं नीत्वा सम्यक्त्वपुद्गलान् मिथ्यात्वपुञ्जे सङ्क्रमय्य*

---

*ભાવકરણમાં મિશ્રપણું નથી. અને અહીં-આગમમાં નિશ્ચયનયમતની જ વિવક્ષા છે. આગમમાં ક્યાંય શુભ કે અશુભ અધ્યવસાયસ્થાનોને છોડી શુભાશુભમિશ્ર અધ્યવસાયસ્થાનરૂપ ત્રીજા વિકલ્પવાળા અધ્યવસાયસ્થાનો બતાવ્યા નથી. તેથી અધ્યવસાયરૂપ ભાવયોગમાં મિશ્રપણું આવી શકતું નથી. તેથી એ અધ્યવસાયને કારણે કર્મ પણ પુણ્ય કે પાપ રૂપ જ બંધાય છે, પણ મિશ્રરૂપ બંધાતું નથી એમ નિર્ણય થાય છે. [ગા. ૧૯૩૬] આ વાતનું જ સમર્થન કરતા કહે છે- 'ધ્યાન શુભ કે અશુભ છે, પણ મિશ્ર નથી. તથા ધ્યાન પૂર્ણ થયા પછીની લેશ્યા પણ શુભ કે અશુભ જ છે. તેથી કર્મબંધ પણ શુભ કે અશુભ જ છે.' આગમમાં એક કાળે ધર્મ કે શુક્લરૂપ શુભધ્યાન અથવા આર્ત કે રૌદ્રરૂપ અશુભ ધ્યાન જ બતાવ્યું છે. પણ ક્યાંય શુભાશુભમિશ્ર ધ્યાન બતાવ્યું નથી. અને ધ્યાનના વિરામમાં લેશ્યા પણ તેજોલેશ્યાવગેરે શુભ કે કાપોતવગેરે અશુભ લેશ્યા જ એક કાળે હોય છે. પણ મિશ્રલેશ્યા એક કાળે ન હોય. આમ ધ્યાન કે લેશ્યારૂપ ભાવયોગો એક કાળે શુભ કે અશુભ જ છે, મિશ્રરૂપ નથી. તેથી એક કાળે કર્મ પણ શુભ કે અશુભ જ બંધાય, પણ મિશ્ર બંધાય નહિ. [ગા. ૧૯૩૭] વળી- 'પૂર્વે ગ્રહણ કરેલા કર્મોને પરિણામના વશથી મિશ્ર બનાવી શકાય, અથવા સમ્યક્ત્વ કે મિથ્યાત્વવગેરે ઇતરેતરભાવ પમાડી શકાય, પણ ગ્રહણમાં નહિ.' વા=અથવા એમ હજી સંભવી શકે કે, પૂર્વમાં બંધાયેલા મિથ્યાત્વકર્મને પરિણામના કારણે ત્રણ પુંજમાં ફેરવતી વખતે સમ્યગ્-મિથ્યાત્વરૂપ મિશ્રરૂપમાં ફેરવે અથવા સમ્યક્ત્વરૂપ કરે અને મિથ્યાત્વરૂપ પણ કરે, અથવા ઇતરેતરભાવ કરે. અર્થાત્ વિશુદ્ધ-પરિણામવાળો જીવ પૂર્વે બંધાયેલા મિથ્યાત્વના દલિકોને સંશુદ્ધ કરી સમ્યક્ત્વરૂપે કરે, અને અવિશુદ્ધ પરિણામવાળો જીવ રસને વધારવા દ્વારા સમ્યક્ત્વના દલિકોને મિથ્યાત્વના પુંજમાં સંક્રમાવી મિથ્યાત્વરૂપ કરે. આમ અર્ધશુદ્ધ-*

मिथ्यात्वरूपतां च नयेदिति। पूर्वगृहीतस्य सत्तावर्तिनः कर्मण इदं कुर्यात्, ग्रहणकाले तु=बन्धकाले न पुनर्मिश्रं पुण्यपापरूपतया सङ्कीर्णस्वभावं कर्म बध्नाति, नापीतरदितररूपतां नयतीति। सम्यक्त्वं मिथ्यात्वे सङ्क्रमय्य मिथ्यात्वरूपतां नयतीत्युक्तं, ततः सङ्क्रमविधिः सङ्क्षेपतो दर्शयति- 'मोत्तूण आउयं खलु दंसणमोहं चरित्तमोहं च। सेसाणं पयडीणं उत्तरविहिसंकमो भज्जो'॥ [गा॰१९३९] इह ज्ञानावरणादिमूलप्रकृतीनामन्योऽन्यं सङ्क्रमः कदापि न भवत्येव, उत्तरप्रकृतीनां तु निजनिजमूलप्रकृत्यभिन्नानां परस्परं सङ्क्रमो भवति, तत्र चायं विधिः- 'मोत्तूण आउयं' इत्यादि, 'आउयं' इति जातिप्रधानो निर्देश इति बहुवचनमत्र द्रष्टव्यं, चत्वार्यायूंषि मुक्त्वेति-एकस्या आयुर्लक्षणाया निजमूलप्रकृतेरभिन्नानामपि चतुर्णामायुषामन्योन्यं सङ्क्रमो न भवतीति तद्वर्जनम्। तथा दर्शनमोहं चारित्रमोहं च मुक्त्वा-एकस्या मोहनीयलक्षणायाः स्वमूलप्रकृतेरभिन्नयोरपि दर्शनमोहचारित्रमोहयोरन्योन्यं सङ्क्रमो न भवतीत्यर्थः। उक्तशेषाणां तु प्रकृतीनां कथम्भूतानामित्याह- 'उत्तरविहि' त्ति विधयः=भेदाः, उत्तरे च ते विधयश्च= उत्तरविधयः=उत्तरभेदाः, तद्भूतानां=उत्तरप्रकृतिरूपाणामिति तात्पर्यं, किमित्याह-सङ्क्रमो भाज्यो=भजनीयः। भजना तावदेवं द्रष्टव्या-याः किल ज्ञानावरणपञ्चकदर्शनावरणनवककषायषोडशकमिथ्यात्वभयजुगुप्सातैजस-कार्मणवर्णादिचतुष्कागुरुलघूपघातनिर्माणान्तरायपञ्चकलक्षणाः सप्तचत्वारिंशद् ध्रुवबन्धिन्य उत्तरप्रकृतयस्तासां निजैकमूलप्रकृत्यभिन्नानामन्योन्यं सङ्क्रमः सदैव भवति, तद्यथा-ज्ञानावरणपञ्चकान्तर्वर्तिनि मतिज्ञानावरणे श्रुत-ज्ञानावरणादीनि, तेष्वपि मतिज्ञानावरणं सङ्क्रामतीत्यादि, यास्तु शेषा अध्रुवबन्धिन्यस्तासां निजैकमूलप्रकृत्य-भेदवर्त्तिनीनामपि बध्यमानायामबध्यमानाः सङ्क्रामन्ति, न त्वबध्यमानायां बध्यमानाः, यथा साते बध्यमानेऽसातम-

---

અર્દ્ધઅશુદ્ધરૂપ મિશ્રરૂપ કર્મપુદ્ગલો મળે. પણ આ ક્રિયા પૂર્વે ગ્રહણ કરેલા અને સત્તામાં રહેલા કર્મપુદ્ગલોઅંગે જ કરે. ગ્રહણકાળે=બંધકાળે તો પુણ્યપાપરૂપે મિશ્ર કર્મ બાંધતો જ નથી અને એક કર્મને બીજારૂપે પણ કરતો નથી. [ગા. ૧૯૩૮]

'સમ્યક્ત્વને મિથ્યાત્વમાં સંક્રમાવી મિથ્યાત્વરૂપે કરે' એમ જે કહ્યું, એમાં હવે સંક્રમવિધિ સંક્ષેપથી બતાવે છે- 'આયુષ્ય તથા દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયને છોડી શેષ પ્રકૃતિઓમાં ઉત્તરપ્રકૃતિઓમાં વિકલ્પે સંક્રમ છે.' જ્ઞાનાવરણીયવગેરે મૂળપ્રકૃતિઓનો પરસ્પર સંક્રમ ક્યારેય થતો નથી. પોતપોતાની મૂળપ્રકૃતિથી અભિન્ન અર્થાત્ એક મૂળપ્રકૃતિની ઉત્તરપ્રકૃતિઓમાં પરસ્પર સંક્રમ થાય છે. (આ અંગેની વિધિ આ પ્રમાણે છે-) 'मोत्तूण आउयं' ઇત્યાદિ.... 'આઉયં' આ જાતિપ્રધાન નિર્દેશ છે. તેથી અહીં બહુવચન સમજવું. ચાર આયુષ્યોની મૂળપ્રકૃતિ આયુષ્યકર્મ જ છે. છતાં આ ચાર આયુષ્યકર્મરૂપ ઉત્તરપ્રકૃતિઓમાં પરસ્પર સંક્રમણ થતું નથી. એ જ પ્રમાણે દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય આ બન્ને મોહનીયકર્મની ઉત્તરપ્રકૃતિરૂપ હોવા છતાં બન્નેમાં પરસ્પર સંક્રમ નથી. તેથી આ બન્નેમાં સંક્રમણનું વર્જન કર્યું. આ સિવાયની મૂળપ્રકૃતિઓની ઉત્તરપ્રકૃતિઓમાં સંક્રમ વિકલ્પે છે. જ્ઞાનાવરણીયની ૫, દર્શનાવરણની ૯, કષાય મોહનીયની ૧૬, મિથ્યાત્વની ૧, ભય-જુગુપ્સા ૨, તૈજસ-કાર્મણ શરીર ૨, વર્ણ-ગંધ વગેરે ૪, અગુરુલઘુ, ઉપઘાત, અને નિર્માણ = ૩. અને અંતરાય ૫ = ૪૭. આટલી પ્રકૃતિઓ ધ્રુવબંધી છે. (જે ગુણસ્થાનકે જે-જે પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થાય છે, તે ગુણસ્થાનકસુધી સતત બંધાતી તે-તે પ્રકૃતિઓ ધ્રુવબંધિની કહેવાય.) આ ધ્રુવબંધિની પ્રકૃતિઓમાં એક મૂળપ્રકૃતિની ઉત્તરપ્રકૃતિઓમાં પરસ્પર સંક્રમ હંમેશા થાય છે. જેમકે જ્ઞાનાવરણીય-પંચકમાં સમાવેશ પામતી મતિજ્ઞાનાવરણપ્રકૃતિમાં શ્રુતજ્ઞાનાવરણવગેરે ચાર પ્રકૃતિઓનો અને શ્રુતજ્ઞાનાવરણવગેરે ચારમાં મતિજ્ઞાનાવરણનો સતત સંક્રમ થયા કરે છે. બાકીની અધ્રુવબંધિની પ્રકૃતિઓમાં સમાન મૂળપ્રકૃતિવાળી

बध्यमानं सङ्क्रामति, न तु बध्यमानमबध्यमाने इत्यादि वाच्यमित्येष प्रकृतिसङ्क्रमे विधिः। शेषस्तु प्रदेशादि-सङ्क्रमविधिः मूलप्रकृत्यभिन्नासु वेद्यमानासु सङ्क्रमो भवतीत्यादि स्थानान्तरादवसेय इत्यलं प्रसङ्गेनेति। **ननु** मिश्रयोगाध्यवसायाभावान्मा भूत् मिश्रप्रकृतिबन्धापत्तिस्तथापि द्रव्याश्रयादन्ततो ध्रुवबन्धिपापमपि फलमवर्जनीय-मिति चेत् ? **न**, ध्रुवबन्धित्वादेव तस्यास्तत्प्रत्ययत्वादन्यथातिप्रसङ्गाद् ग्रहणसमय एव गुणाश्रयाभ्यां कर्मणि शुभत्वस्याशुभत्वस्य वा रसाद्यपेक्षया जननाच्च, तदाह- 'अविसिट्ठं विय तं सो, परिणामासयसभावओ खिप्पं। कुरुते सुभमसुभं वा गहणे जीवो जहाहारं'॥[गा० १९४३] परिणामो=जीवस्याध्यवसायः, तद्वशाज्जीवो ग्रहणसमय एव कर्मणः शुभत्वमशुभत्वं वा जनयति, आश्रयः कर्मणो जीवः, तस्य स कोऽपि स्वभावो येन शुभाशुभान्यतर (भत्वेन इति विशेषावश्यके)त्वेन परिणमयन्नेव कर्म गृह्णाति, तथा शुभाशुभत्वयोराश्रयः कर्म, तस्यापि स कोऽपि स्वभावो येन शुभाशुभपरिणामान्वितेन जीवेन गृह्यमाणमेवै-तद्रूपतया परिणमति। उपलक्षणमेतत्प्रदेशाल्प-बहुभागवैचित्र्यादेः, उक्तं च **कर्मप्रकृतिसङ्ग्रहण्यां** 'गहणसमयम्मि जीवो उप्पाएई गुणे सपच्चयओ। सव्व-जियाणंतगुणे कम्मपएसेसु सव्वेसु' ॥१॥ [गा० २९] 'आउयभागो थोवो'॥ (इत्यादि) एतत्सर्वं कर्मणो ग्रहणसमये आहारदृष्टान्तेन जीवः करोतीति तमेव भावयति- 'परिणामासयवसओ धेणुए जह पओ विसमहिस्स। तुल्लोवि

---

ઉત્તરપ્રકૃતિઓમાં જે સમયે જે પ્રકૃતિ બંધાતી હોય, તેમાં તે સમયે બીજી નહીં બંધાતી પ્રકૃતિનું સંક્રમણ થાય. પણ એક નહિ બંધાતી પ્રકૃતિમાં બીજી બંધાતી પ્રકૃતિનું કે નહિ બંધાતી પ્રકૃતિનું સંક્રમણ થતું નથી. જેમકે બંધાતી સાતવેદનીય પ્રકૃતિમાં નહિ બંધાતી અસાતવેદનીયનું સંક્રમણ થાય. પરંતુ નહિ બંધાતી અસાતવેદનીયમાં બંધાતી સાતવેદનીયનું સંક્રમણ ન થાય. ઇત્યાદિ પ્રકૃતિસંક્રમવિધિ છે. શેષ પ્રદેશવગેરેની સંક્રમવિધિમાં પણ મૂળપ્રકૃતિથી અભિન્ન વેદાતી ઉત્તરપ્રકૃતિઓમાં સંક્રમણ થાય, ઇત્યાદિ વિગત બીજા ગ્રંથોમાંથી મેળવી લેવી. અહીં વિસ્તારથી સર્યું. [ગા૦ ૧૯૩૯]

**શંકા :-** મિશ્રયોગ અને મિશ્ર અધ્યવસાયના અભાવમાં મિશ્રપ્રકૃતિના બંધની આપત્તિ ભલે ન હો, તો પણ દ્રવ્યના આશ્રયથી વાસ્તવમાં ધ્રુવબંધિની પાપપ્રકૃતિઓના બંધરૂપ ફળ તો અવશ્ય છે જ. **સમાધાન :-** ધ્રુવબંધિની પ્રકૃતિઓ ધ્રુવબંધી હોવાથી જ ધ્રુવબંધિની તરીકે જ બંધાય છે. અર્થાત્ એ પ્રકૃતિના બંધમાં યોગ કે ક્રિયા પ્રધાન કારણ નથી, પરંતુ તે તે ગુણસ્થાનક સુધી અવશ્ય બંધાવાનો તેઓનો સ્વભાવ જ કારણ છે. જો તેઓના બંધમાં દ્રવ્યને કારણ માનશો, તો (ભાવજિનને કરાતા ભાવપૂર્વક વંદનને પણ તેમાં કારણ માનવું પડશે, કારણ કે તે વખતે પણ ધ્રુવબંધિની પ્રકૃતિઓ બંધાતી હોય છે. ઇત્યાદિ) અતિપ્રસંગ છે.

## કર્મવૈચિત્ર્યમાં જીવ-કર્મનો સ્વભાવ કારણ

વળી કર્મના દલિકો ગ્રહણ કરવાના સમયે જ ગુણ અને આશ્રયથી કર્મમાં રસ વગેરેની અપેક્ષાએ શુભપણું કે અશુભપણું ઉત્પન્ન કરાય છે. આ જ વાત કહે છે- 'અવિશિષ્ટ તે કર્મને તે જીવ પરિણામ, આશ્રય અને સ્વભાવથી શીઘ્ર ગ્રહણકાળે જ શુભ કે અશુભ કરે છે. જેમ કે આહારને.' પરિણામ=જીવનો અધ્યવસાય. આ પરિણામના વશથી જીવ ગ્રહણસમયે જ કર્મમાં શુભપણું કે અશુભપણું ઉત્પન્ન કરે છે. કર્મનો આશ્રય જીવ છે. તે જીવનો એવો જ કોઇક અચિંત્ય સ્વભાવ છે કે, જેનાથી કર્મને શુભ કે અશુભરૂપે પરિણામ પમાડતો પમાડતો જ ગ્રહણ કરે છે. તે જ પ્રમાણે શુભપણાનો અને અશુભપણાનો આશ્રય કર્મ છે. આ કર્મનો પણ એવો સ્વભાવ છે કે, શુભાશુભપરિણામવાળા જીવથી ગ્રહણ કરાતા તે કર્મો શુભાશુભરૂપે જ પરિણામ પામે છે. પ્રદેશઅલ્પબહુત્વવગેરે બીજી અનેક વિચિત્રતાઓનું આ ઉપલક્ષણમાત્ર છે. **કર્મપ્રકૃતિસંગ્રહણીમાં** કહ્યું છે કે → 'જીવ ગ્રહણસમયે સ્વપ્રત્યયથી જ(પોતાના યોગનિમિત્તથી

*तदाहारो तह पुण्णापुण्णपरिणामो'* ॥ [गा॰ १९४४] *'जह वेगसरीरंमिवि सारासारपरिणामयामेति। अविसिट्ठो आहारो तह कम्मसुहासुहविभागोत्ति'* ॥ [गा॰ १९४५] ॥ ९० ॥ ननु न्यायस्तावन्मुग्धानां कूटपाशप्राय इत्यभिन्नसूत्रादेशेन श्राद्धानां मिश्रपक्ष एवेति पश्यन्तस्तदधिकृतद्रव्यस्तवस्य मिश्रत्वं रोचयाम इति चेत् ? **अहो** दुराशय ! सिद्धान्ततात्पर्यपरिज्ञानमनुपासितगुरुकुलस्य तव कथङ्कारं सम्भवति ? तत्र हि व्यवहारनयादेशेन बन्धानौपयिकं पक्षत्रयोपवर्णनं कृतं, सङ्ग्रहनयादेशेन तु फलापेक्षया द्वैविध्यमेवेति । पूजापौषधयो: को वा विशेष: श्राद्धानां मिश्रपक्षस्य ? इत्यभिप्रायवानाह–

**सिद्धान्ते परिभाषितो हि गृहिणां मिश्रत्वपक्षस्ततो,**
**बन्धानौपयिको विरत्यविरतिस्थानान्वयापेक्षया ।**
**अन्तर्भावित एव सोऽपि पुरतो धर्मे फलापेक्षया,**
**पूजापौषधतुल्यताऽस्य किमु न व्यक्ता विशेषेक्षिणाम् ॥ ९१ ॥**

(**दंडान्वय:**→ तत: सिद्धान्ते गृहिणां विरत्यविरतिस्थानान्वयापेक्षया बन्धानौपयिको मिश्रत्वपक्षो हि परिभाषित: । सोऽपि पुरत: फलापेक्षया धर्मे एव अन्तर्भावित: । अस्य किमु पूजापौषधतुल्यता विशेषेक्षिणां न व्यक्ता ?)

---

*જ) સર્વ કર્મપ્રદેશોમાં સર્વજીવોથી અનંતગુણ રસઅવિભાગો ઉત્પન્ન કરે છે.' ॥૧॥ આયુષ્યને અલ્પભાગ ઇત્યાદિ.....* (ગ્રહણ કરેલા કર્મપુદ્ગલોની વહેંચણીમાં આયુષ્યકર્મને સૌથી અલ્પભાગ મળે છે, તેના કરતાં નામ અને ગોત્રને અધિક અને પરસ્પર તુલ્ય. તેના કરતાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયને અધિક મળે છે. પરસ્પર તુલ્ય મળે છે. તેના કરતાં મોહનીયને અને તેના કરતાં વેદનીયને વિશેષાધિક ભાગ મળે છે.) [ગા. ૧૯૪૩]

આ બધું જીવ કર્મના ગ્રહણ સમયે જ આહારના દૃષ્ટાંતથી કરે છે, તેથી તે દૃષ્ટાંતનું ભાવન કરે છે– *'પરિણામ અને આશ્રયના વશથી (કર્મમાં શુભાશુભપણું પ્રગટે છે.) તેમાં* **દૃષ્ટાંત** *– તુલ્ય પણ આહાર ગાયને દુધરૂપે અને સાપને વિષરૂપે પરિણામ પામે છે. તે જ પ્રમાણે પુણ્ય અને પાપ પરિણામ સમજવા.'* [ગા. ૧૯૪૪] *'અથવા જેમ એક જ શરીરમાં એકરૂપ પણ આહાર સાર અને અસાર રૂપે (રસ અને મળરૂપે) પરિણામ પામે છે, તે જ પ્રમાણે કર્મના શુભ-અશુભ વિભાગ સમજવા.'* [ગા. ૧૯૪૫] ॥૯૦॥

## કર્મબંધહેતુક મિશ્રપક્ષનો અભાવ

**શંકા :–** મુગ્ધજીવોમાટે ન્યાયની ચર્ચા તો ભારે જાળ સમાન છે. તેથી એ વાતને છોડી 'અભિન્ન=નયવિભાગ વિનાના સૂત્રઆદેશથી શ્રાવકોને મિશ્રપક્ષ જ છે.' એમ જોનારા અમે તો 'શ્રાવકથી કરાતો દ્રવ્યસ્તવ મિશ્રરૂપ છે.' એમ જ પસંદ કરીએ છીએ.

**સમાધાન :–** દુ:ખે કરીને સમજી શકાય તેવા સિદ્ધાંતના જ્ઞાનને તમે નહિ સમજી શકો, કારણ કે આ જ્ઞાન તો ગુરુકુલવાસની ઉપાસનાથી જ પ્રાપ્ત થાય છે. તે સૂત્રમાં જે ત્રણ પક્ષનું વર્ણન કર્યું છે, તે વ્યવહારની અપેક્ષાએ છે પણ કર્મબંધમાં ઉપાયભૂત નથી. વળી, સંગ્રહનયના આદેશથી તો ફળની અપેક્ષાએ બે જ પક્ષ બતાવ્યા છે. આમ તમે જે સૂત્રના આધારે ત્રણ વિભાગ કરો છો, તે જ સૂત્રમાં કરેલા પહેલા ત્રણ વિભાગ અને પછી બે વિભાગને ઉચિત રીતે સમજવા નયવિભાગ કર્યા વિના ચાલે એમ નથી. વળી જો શ્રાવકને મિશ્રપક્ષ હોય, તો શ્રાવકે કરેલી પૂજા અને શ્રાવકે કરેલો પૌષધ એ બેમાં શો ફેર છે ? એનો વિચાર કરો. આ વાત દર્શાવતા કહે છે–

'सिद्धान्त'इति। सिद्धान्ते **सूत्रकृदाख्ये** *हि*=निश्चितं ततो मिश्रत्वपक्षो *बन्धानौपयिकः*=बन्धाननुगुणो विरत्यविरतिस्थानयोर्यो*ऽन्वयः*=अनुगमः, तदपेक्षया स्वरूपमात्रेणेति यावत्, *परिभाषितः*=सङ्केतितः, *सोऽपि*=परिभाषितमिश्रपक्षोऽपि *पुरतो*=अग्रे फलापेक्षया धर्मेऽन्तर्भावितः। ततोऽस्य गृहिणो *विशेषेक्षिणां*=विशेषदर्शिनां पूजापौषधयोस्तुल्यता किमु न व्यक्ता ? अपि तु व्यक्ता एव।

वाग्व्यवहारतो मिश्रपक्षस्य निश्चयतश्च धर्मत्वस्य **सूत्रकृते** हि पक्षत्रयव्याख्यानावसरे → *'अदुत्तरं च णं पुरिसविजय विभंगमाइक्खिस्सामि, इह खलु नाणापन्नाणं नाणाछंदाणं नाणासीलाणं नाणादिट्ठीणं नाणारूईणं नाणारंभाणं नाणाज्झवसाणसंजुत्ताणं नाणाविहपावसुअज्झयणं एवं भवइ, तं०-भोमं उप्पायं'* [सूत्रकृताङ्ग २/२/३०] इत्यादिना पापश्रुताध्ययनेनान्नाद्यर्थं तत्प्रति(प्रयो. पाठा.)योगेण वा सुरकिल्बिषादिभावनया तल्लोकोत्पादेन ततश्च्युतस्यैडमूकादिभावोत्पादेन, गृहिणां चात्मस्वजनाद्यर्थं चतुर्दशभिरसदनुष्ठानैस्तथाहि-कश्चिदकार्याध्यवसायेनानुगच्छतीत्यनुगामुको भवति, तं गच्छन्तमनुगच्छतीत्यर्थः ॥ १ ॥ अथवा तस्यापकारावसरापेक्ष्युपचारको भवति ॥ २ ॥ अथवा तस्य प्रतिपथिको भवति=प्रतिपथं सम्मुखीनमागच्छति ॥ ३ ॥ अथवा स्वजनाद्यर्थं सन्धिच्छेदको भवति=खात्रखननादिकर्त्ता भवतीत्यर्थः ॥ ४ ॥ अथवा घुर्घुरादिना ग्रन्थिच्छेदकभावं प्रतिपद्यते ॥ ५ ॥ अथवौरभ्रैर्मेषैश्चरतीत्यौरभ्रिकः ॥ ६ ॥ अथवा शौकरिको भवति ॥ ७ ॥ अथवा शकुनिभिश्चरति शाकुनिकः ॥ ८ ॥ अथवा

---

**કાવ્યાર્થ :-** તેથી સિદ્ધાંતમાં ગૃહસ્થોના વિરતિઅવિરતિ સ્થાનના અન્વયની અપેક્ષાથી બંધમાં અકારણભૂત મિશ્રત્વપક્ષની પરિભાષા કરી છે. પણ આગળ જતાં એ જ પક્ષનો ફળની અપેક્ષાથી ધર્મમાં જ અંતર્ભાવ કર્યો છે. વિશેષદર્શીઓને આની(=ગૃહસ્થની) પૂજા અને પૌષધમાં સમાનતા શું દેખાતી નથી ?

**'સૂત્રકૃતાંગ'** નામના આગમમાં વિરતિ અને અવિરતિ સ્થાનનો અનુગમની અપેક્ષાએ અર્થાત્ સ્વરૂપમાત્રથી ગૃહસ્થને મિશ્રપક્ષનો સંકેત કર્યો છે અને વિશેષદર્શી તો ગૃહસ્થની પૂજા અને પૌષધમાં સમાનતા જ જુએ છે.

## અધર્મપક્ષનું સ્વરૂપ

'માત્ર વચનવ્યવહારથી કહેવાતો મિશ્રપક્ષ પણ નિશ્ચયથી તો ધર્મરૂપ જ છે.' એમ **સૂત્રકૃતાંગમાં** ત્રણ પક્ષનું વિવેચન કરતી વખતે બતાવ્યું છે. **સૂત્રકૃતાંગનો** પાઠ આ પ્રમાણે છે →

*હવે પુરુષોની અન્વેષણાસંબંધી વિભંગ=જ્ઞાનવિશેષનું પ્રતિપાદન કરે છે. 'જુદી-જુદી પ્રજ્ઞાવાળા, જુદા-જુદા અભિપ્રાયવાળા, જુદા-જુદા સ્વભાવવાળા, જુદી-જુદી દૃષ્ટિવાળા, જુદી-જુદી રુચિવાળા, ભિન્ન-ભિન્ન આરંભવાળા અને અલગ-અલગ અધ્યવસાયથી સહિતના જીવોના જુદા જુદા પ્રકારના પાપશ્રુતો આ પ્રકારના છે. તે આ પ્રમાણે →ભૌમ=ભૂમિ સંબંધી ભૂકંપવગેરે, ઉત્પાતવગેરે.'* આ પ્રમાણે આહારવગેરે હેતુથી પાપશ્રુત ભણીને અથવા પાપશ્રુતના પ્રયોગથી (કે પ્રતિયોગથી) કિલ્બિષ દેવવગેરેની ભાવના થાય છે. આ ભાવનાથી કિલ્બિષ (=ચંડાળકોટિના) દેવ તરીકે ઉત્પન્ન થાય છે. પછી ત્યાંથી ચ્યવીને એડમૂક(=બકરા જેવા મૂંગાપણું) વગેરે ભાવ પ્રાપ્ત કરે છે. ગૃહસ્થો આત્મા, સ્વજનવગેરેમાટે ચૌદ પ્રકારના અશુભ અનુષ્ઠાનો કરે છે. તે આ પ્રમાણે (૧) કોઇક અકાર્યના અધ્યવસાયથી અનુગમ કરે છે, અર્થાત્ પથિકવગેરેને લુંટવાવગેરે આશયથી અનુસરે છે. (૨) અથવા તેના અપકારના અવસરને અપેક્ષીને જ ઉપચારક(સહાયક) બને છે. (૩) અથવા તેનો પ્રતિપથિક(=વિરોધી)=સામે થનારો બને છે. ધનિકવગેરેના માર્ગમાં સામે ઊભો રહી લૂંટવાના ધંધા કરે છે. અથવા (૪) સ્વજનવગેરેમાટે સંધિછેદક=ખાતર પાડવાવગેરેદ્વારા ચોરી કરનારો થાય છે. (૫) અથવા ઘુર્ઘુરવગેરેથી ગ્રંથિછેદક(=ખિસ્સાકાતરુ

वागुरया मृगादिबन्धनरज्ज्वा चरति वागुरिकः ॥ ९ ॥ अथवा मत्स्यैश्चरति मात्स्यिकः ॥ १० ॥ अथवा गोपालकभावं प्रतिपद्यते ॥११ ॥ अथवा गोघातकः स्यात् ॥ १२ ॥ अथवा श्वभिश्चरति शौवनिकः, शुनां परिपालको भवतीत्यर्थः ॥ १३ ॥ अथवा 'सोवणियंतियभावं' ति श्वभिः पापर्द्धिं कुर्वन् मृगादीनामन्तं करोतीत्यर्थः ॥ १४ ॥ इति, अत्यसहनतया सापराधगृहपतिक्षेत्रदाहादिना तत्सम्बन्ध्युष्ट्राद्यङ्गच्छेदादिना तच्छालादाहादिना तत्सम्बन्धिकुण्डलाद्यपहारेण वा पाखण्डिकोपरि क्रोधेन तदुपकरणापहारतद्दाननिषेधादिना निर्निमित्तमेव गृहपतिक्षेत्रदाहादिनाभिग्रहिकमिथ्यादृष्टितयापशकुनधिया श्रमणानां दर्शनपथापसरणेन तद्दृष्टावसरास्फालनेन चप्पुटिकादानेनेत्यर्थः, परुषवचःप्रहारैः परेषां शोकाद्युत्पादनादिना महारम्भादिना भोगोपभोगैर्भवाश्लाघया चैश्वर्यानुभवनेन महातृष्णावतामधर्मपक्ष उक्त उपसंहृतश्च, *'एस ठाणे अणारिए अकेवले अपडिपुन्ने अणेयाउए असंसुद्धे असल्लगत्तणे असिद्धिमग्गे अमुत्तिमग्गे अणिव्वाणमग्गे अणिज्जाणमग्गे असव्वदुक्खप्पहीणमग्गे एगंतमिच्छे असाहु एस खलु पढमस्स ठाणस्स अहम्मपक्खस्स विभंगे एवमाहिए' त्ति* /[सूत्रकृताङ्ग २/२/३२] - अदः स्थानमनार्यमनाचीर्णत्वात्, नास्ति केवलं यत्रेत्यकेवलमशुद्धमित्यर्थः, अपरिपूर्णं=सद्गुणविरहात्तुच्छं, अनैयायिकं=असन्न्यायवृत्तिकं, असल्लगत्वं=इन्द्रियासंवरणरूपम्। 'रगिलगि संवरणे' इति धातोः, शोभनो लगः सल्लगस्तद्भावस्तत्त्वं, नास्ति तद् यत्रेति व्युत्पत्तेः।

---

વગેરે) બને છે (૬) ઘેંટાઓના પાલનથી આજીવિકા ચલાવનારો ઔરભ્રિક(=ભરવાડ જેવો) બને છે. (૭) અથવા કસાઈ બને છે. (૮) અથવા પક્ષીઓદ્વારા ગુજરાન ચલાવતો શાકુનિક=પક્ષીઓના માંસથી પેટ ભરનારો બને છે. (૯) અથવા હરણવગેરેને પકડવાની જાળ=દોરી વગેરેથી જીવન ગુજારા કરતા વાગુરિક=પારધીના પાત્રને ભજવે છે. (૧૦) અથવા માછીમાર બને છે (૧૧) અથવા ગોવાળીઓ બને છે. (૧૨) અથવા ગાયોનો હિંસક બને છે. (૧૩) અથવા કૂતરાઓથી ગુજરાન કરે છે. અથવા (૧૪) કૂતરાઓ વડે શિકાર કરીને હરણ વગેરેનો ઘાતક બને છે. (અને પ્રત્યંત ગામોમાં વસે છે.) તથા અત્યંત અસહિષ્ણુ હોવાથી અલ્પ અન્યાયઆદિ કારણોથી ગૃહપતિ(=માલિક) વગેરેના ખેતરો બાળી નાખે છે. અથવા તેના ઊંટવગેરેના અંગો છેદી નાખે છે. અથવા તેના ઘર-કોઠારવગેરેને અગ્નિ ચાંપે છે. અથવા તેના કુંડળવગેરેની ચોરી કરે છે. તથા વ્રતધારી તાપસવગેરેપર ગુસ્સે ભરાઇને તેના ઉપકરણો ચોરી જાય અને તેમને દાન આપવાનો નિષેધવગેરે કરે. તથા વગર કારણે ગૃહપતિના ખેતરને બાળી નાખવાવગેરે કરે. તથા આભિગ્રહિક મિથ્યાત્વી હોવાથી અપશુકનની બુદ્ધિથી સાધુઓને આંખના માર્ગમાંથી દૂર હડસેલે, અને દેખાઇ જાય તો પ્રહાર કરે. તથા કર્કશ વચનોના પ્રહારથી બીજાઓને શોકવગેરે ઉત્પન્ન કરાવે. તથા મહારંભવગેરે કરીને ભોગોપભોગથી જનિત અપ્રશંસનીય ઐશ્વર્ય અનુભવતા મહાતૃષ્ણાવાળા=મોટી ઇચ્છાવાળા ઉપરોક્ત કાર્યકારી જીવોનો અધર્મપક્ષ કહ્યો છે. ઉપસંહારમાં કહે છે → *'આ સ્થાન (૧) અનાર્ય છે, (૨) અકેવલ છે, (૩) અપ્રતિપૂર્ણ છે, (૪) અનૈયાયિક છે, (૫) અસંશુદ્ધ છે, (૬) અસલ્લગત્વ છે, (૭) સિદ્ધિનો માર્ગ નથી, (૮) મુકિતનો માર્ગ નથી, (૯) નિર્યાણનો માર્ગ નથી, (૧૦) નિર્વાણનો માર્ગ નથી, (૧૧) સર્વદુઃખનો નાશ કરવાનો માર્ગ નથી, (૧૨) એકાંતે મિથ્યા છે, (૧૩) અસાધુ છે. આ પ્રમાણે અધર્મપક્ષરૂપ પ્રથમ પક્ષનો વિકલ્પ કહ્યો છે.'*

**ટીકાર્થ :-** આ સ્થાન (૧) અનાચરણીય હોવાથી અનાર્ય છે. (૨) કેવળ=શુદ્ધિ વિનાનો હોવાથી અશુદ્ધ છે. (૩) અપરિપૂર્ણ=સદ્ગુણથી રહિત હોવાથી તુચ્છ છે. (૪) અસત્ન્યાય=અન્યાયથી યુક્ત છે. (૫) ઇંદ્રિયના અસંવરણરૂપ અસલ્લગપણું; અહીં 'રગિલગિ સંવરણે' આ ધાતુથી 'શોભન લગ=સલ્લગ' એવી વ્યુત્પત્તિ છે. પછી 'ભાવ' અર્થમાં 'ત્વ' પ્રત્યય લાગી 'સલ્લગપણું જ્યાં નથી' એવો બહુવ્રીહિ સમાસ થયો છે. અથવા શલ્ય(=દોષો)ને ગાય છે=કહે છે તે શલ્યગ. આ શલ્યગપણું જ્યાં નથી, તે અશલ્યગત્વ. (૬) સિદ્ધિ-સિદ્ધશિલારૂપ સ્થાનવિશેષ.

यद्वा शल्यं गायति=कथयतीति शल्यगं, तद्भावस्तत्त्वं, नास्ति तद् यत्र तदशल्यगत्वं, सिद्धिः स्थानविशेषः, मुक्तिः=अशेषकर्मप्रक्षयः, निर्याणं=निःशेषतया भवपरित्यागेन यानं, निर्वाणं=आत्मस्वास्थ्यापत्तिः, सर्वदुःखस्य प्रक्षीणं=प्रक्षयस्तन्मार्गाभावादसिद्धिमार्गादिपदानि व्याख्येयानि। कुत एवमित्यत आह- 'एगंत' इत्यादि। एकान्तेनैव तत्स्थानं यतो मिथ्याभूतं मिथ्यात्वोपहतबुद्धिस्वामिकत्वादत एवासाधु=असद्वृत्तत्वात्, तदयं प्रथमस्य स्थानस्या-धर्मपाक्षिकस्य पापोपादानभूतस्य विभङ्गो=विशेषस्वरूपमिति यावदेवमाहृतः=एवमुपदर्शितः।

धर्मपक्षस्तु एवमतिदिष्टः *'अहावरे दोच्चस्स ठाणस्स धम्मपक्खस्स विभंगे एवमाहिज्जइ, इह खलु पाईणं वा पडीणं वा उदीणं वा दाहिणं वा संतेगइया मणुस्सा भवंति, तं जहा-आरिया वेगे अणारिया वेगे, उच्चागोया वेगे नीयागोया वेगे, कायमंता वेगे हस्समंता वेगे, सुवन्ना वेगे दुवन्ना वेगे, सुरूवा वेगे दुरूवा वेगे, तेसिं च णं खेत्तवत्थूणि परिग्गहिआणि भवंति', एसो आलावगो जहा पुंडरीए तहा णेयव्वो तेणेव अभिलावेणं जाव सव्वओवसंता सव्वत्ताए पडिनिव्वुड त्तिबेमि॥ एस ठाणे आरिए केवले जाव सव्वदुक्खप्पहीणमग्गे एगंतसम्मे साहू दोच्चस्स ठाणस्स धम्मपक्खस्स विभंगे एवमाहिए त्ति।* [सूत्रकृताङ्ग २/२/३३]

तृतीयस्थानमधिकृत्यैवं सूत्रं प्रववृत्ते → *'अहावरे तच्चस्स ठाणस्स मीसगस्स विभंगे एवमाहिज्जइ, जे इमे भवंति आरण्णिया, आवसहिया, गामणियंतिया, कण्हुईरहस्सिया, जाव ते तओ विप्पमुच्चमाणा भुज्जो एलमूयत्ताए, तमूत्ताए पच्चायंति, एस ठाणे अणारिए; अकेवले जाव असव्वदुक्खप्पहीणमग्गे, एगंतमिच्छे,*

---

(૭) મુક્તિ=સઘળા કર્મનો નાશ. (૮) નિર્યાણ=સંપૂર્ણપણે ભવ(સંસાર)નો ત્યાગ કરી મોક્ષ તરફ ગમન. (૯) નિવાર્ણ=આત્માના સ્વાસ્થ્યની પ્રાપ્તિ. (૧૦)સર્વદુઃખોનો પ્રક્ષય. સિદ્ધના માર્ગવગેરેરૂપ ન હોવાથી આ (પ્રથમપક્ષ) અસિદ્ધિમાર્ગવગેરે રૂપ છે.

આ પ્રમાણે કેમ છે ? એ બતાવતાં કહે છે- 'एगंत' ઇત્યાદિ. આ અધર્મસ્થાન મિથ્યાત્વથી હણાયેલી બુદ્ધિવાળાનું સ્થાન હોવાથી જ અસદ્ આચરણવાળું છે. આ પ્રમાણે પ્રથમ સ્થાનભૂત અને પાપના ઉપાદાનભૂત અધર્મપાક્ષિકપક્ષનો વિભંગ(=વિશેષ સ્વરૂપ) દર્શાવ્યો.

## ધર્મપક્ષનું સ્વરૂપ

ધર્મપક્ષનો અતિદેશ આ પ્રમાણે બતાવ્યો છે → *'હવે બીજા ધર્મપક્ષનો વિભંગ(=વિશેષરૂપ) આ પ્રમાણે કહ્યો છે - અહીં પૂર્વમાં, પશ્ચિમમાં, ઉત્તરમાં કે દક્ષિણમાં કેટલાક મનુષ્યો છે. તે આ પ્રમાણે - આર્યો હોય છે અથવા અનાર્ય હોય છે. ઉચ્ચગોત્રવાળા હોય છે અથવા નીચગોત્રવાળા હોય છે. કેટલાક મહાકાય હોય છે, તો કેટલાક વામન. કેટલાક ઉજ્જ્વળ કોમળ દેહવાળા હોય છે, તો કેટલાક શ્યામલ કર્કશ દેહવાળા હોય છે. કોઇક સુરૂપ હોય છે અથવા કુરૂપ હોય છે. તેઓને ક્ષેત્રવસ્તુ પરિગૃહીત હોય છે. આ આલાપક* ***પુંડરીક અધ્યયનના*** *અભિલાપને તુલ્ય સમજવો. યાવત્ સર્વતઃ ઉપશાંત થયેલા તેઓ સર્વરૂપે પરિનિવૃત્ત થાય છે. એમ હું કહું છું. આ સ્થાન આર્ય છે. કેવળ છે. યાવત્ સઘળા દુઃખના ક્ષયનો માર્ગ છે. એકાંત સમ્યગ્(=સુંદર) છે, સાધુ છે, બીજા સ્થાન ધર્મપક્ષનો વિભંગ આ પ્રમાણે છે.'* [૨/૨/૩૩]

## મિશ્રપક્ષનું સ્વરૂપ

ત્રીજા સ્થાનને ઉદ્દેશી આ પ્રમાણે સૂત્ર પ્રવૃત્ત થયું છે → *'અથ ત્રીજા મિશ્રસ્થાનનો વિભંગ આ પ્રમાણે કહ્યો છે- જે આ આરણ્યિકો, આવસથિકો, ગામને છેવાડે રહેનારા, તથા ક્યારેક રાજકીય બાબતોમાં રહસ્યવાળા હોય છે,*

*असाहू एस खलु तच्चस्स ठाणस्स मीसगस्स विभंगे एवमाहिए' त्ति ॥ [सूत्रकृताङ्ग २/२/३४] अत्र* **व्याख्या-** *साम्प्रतं धर्माधर्मयुक्तं तृतीयस्थानमाश्रित्याह- 'अहावरे' इत्यादि, अथापरस्तृतीयस्थानस्य मिश्रकाख्यस्य विभङ्गो-विभागः-स्वरूपमाख्यायते, अत्र चाधर्मपक्षेण युक्तो धर्मपक्षो मिश्र इत्युच्यते। तत्राधर्मस्येह भूयिष्ठत्वादधर्मपक्ष एवायं द्रष्टव्यः। एतदुक्तं भवति-यद्यपि मिथ्यादृष्टयः काश्चित्तथाप्रकारां प्राणातिपातादिनिवृत्तिं विदधति, तथाप्याशयाशुद्धत्वादभिनवे पित्तोदये सति शर्करामिश्रक्षीरपानवदूषरप्रदेशवृष्टिवद्विवक्षितार्थासाधकत्वान्निरर्थकतामापद्यते, ततो मिथ्यात्वानुभावाद् मिश्रपक्षोऽप्यधर्मपक्ष एवावगन्तव्य इत्येतदेव दर्शयितुमाह- 'जे इमे भवंति' इत्यादि। ये इमेऽनन्तरमुच्यमानाः-अरण्ये चरन्तीत्यारण्यिकाः-कन्दमूलफलाशिनस्तापसादयो, ये चावसथिकाः- आवसथः= गृहं, तेन चरन्तीत्यावसथिकाः=गृहिणः, ते च कुतश्चित्पापस्थानान्निवृत्ता अपि प्रबलमिथ्यात्वोपहतबुद्धयस्ते यद्यप्युपवासादिना महता कायक्लेशेन देवगतयः केचन भवन्ति, तथापि ते आसुरीयेषु स्थानेषु किल्बिषिकेषूत्पद्यन्ते, इत्यादि सर्वं पूर्वोक्तं भणनीयं यावत्ततश्च्युत्वा मनुष्यभवप्रत्यायाता एलमूकत्वेन तमोऽन्धतया जायन्ते, तदेवमेतत् स्थानमनार्यमकेवलमसम्पूर्णमनैयायिकमित्यादि यावदेकान्तमिथ्याभूतं सर्वथैतदसाध्विति। तृतीयस्थानस्य मिश्रकस्यायं विभङ्गो=विभागः स्वरूपमाख्यातमित्युक्तान्यधर्मधर्ममिश्रस्थानानि॥*

*साम्प्रतं तदाश्रिताः स्थानिनोऽभिधीयन्ते - यदि वा प्राक्तनमेवान्येन प्रकारेण विशेषिततरमुच्यते इति*

---

યાવત્ તેઓ ત્યાંથી ચ્યવીને ફરીથી એડમૂક તરીકે અથવા અંધરૂપે મનુષ્યલોકમાં પાછા આવે છે. આ સ્થાન અનાર્ય અકેવળ યાવત્ અસર્વદુઃખપ્રક્ષીણમાર્ગ છે. એકાંતે મિથ્યારૂપ છે, અસાધુ છે. આ પ્રમાણે ત્રીજા મિશ્ર સ્થાનનો વિભંગ કહ્યો છે.' [૨/૨/૩૪] અહીં વ્યાખ્યા આ પ્રમાણે છે→હવે ધર્માધર્મયુક્ત ત્રીજા સ્થાનને આશ્રયી કહે છે- 'અહાવરે' ઇત્યાદિ, હવે અન્ય ત્રીજા સ્થાનના વિભાગનું સ્વરૂપ કહેવાય છે. અહીં અધર્મપક્ષસહિતના ધર્મપક્ષને મિશ્ર કહ્યો છે. તેમાં પણ અધર્મપક્ષની પ્રચૂરતા હોવાથી વાસ્તવમાં આ અધર્મપક્ષ જ છે. આ તાત્પર્ય છે. જો કે મિથ્યાદષ્ટિ જીવો કાંઇક તેવા પ્રકારે પ્રાણાતિપાત=જીવહિંસા નથી કરતા. તો પણ મિથ્યાત્વના કારણે આશય(=મનના પરિણામો) અશુદ્ધ છે. તેથી જેમ નવું પિત્ત ઉછાળા મારતું હોય ત્યારે ખાંડવાળું દૂધ પીવું નિરર્થક છે, અથવા જેમ ઉખર ભૂમિમાં વરસાદનું પડવું અર્થહીન છે. તેમ જીવહિંસાનો એ ત્યાગ પણ વિવક્ષિત ધર્મની પ્રાપ્તિવગેરે પ્રયોજનને સિદ્ધ કરવામાં સફળ બનતો ન હોવાથી નિરર્થક જ છે. તેથી મિથ્યાત્વના પ્રભાવથી મિશ્રપક્ષ પણ અધર્મપક્ષ જ છે, તેમ સમજવું. આ બતાવવા જ કહે છે - 'જે ઇમે ભવંતિ' વગેરે. આ અરણ્ય=વનમાં રહેતા કંદમૂળ-ફળ વગેરે આરોગનારા તાપસ વગેરે, તથા આવસથ=ઘરમાં રહેતા ગૃહસ્થો વગેરે કોઇક પાપસ્થાનનું સેવન નહીં કરતાં હોય, તો પણ તેઓ પ્રબળ મિથ્યાત્વથી હણાયેલી બુદ્ધિવાળા છે. અને જો કે તેઓમાંથી કેટલાક ઉપવાસ વગેરે મોટા કાયક્લેશથી દેવગતિ પામે છે. તો પણ તેઓ અસુર સંબંધી સ્થાનોમાં કિલ્બિષિક દેવોમાં ઉત્પન્ન થાય છે. વગેરે પૂર્વોક્ત વિગત સમજવી. યાવત્ ત્યાંથી(કિલ્બિષિક દેવલોકમાંથી) ચ્યવી મનુષ્યભવમાં પાછા આવે છે, ત્યારે તેઓ બકરાતુલ્ય મૂંગા થાય છે અને કર્મના તથા અજ્ઞાનતાના અંધકારમાં અંધ બનીને અટવાય છે. તેથી આ સ્થાન અનાર્ય છે, અકેવળ છે, સંપૂર્ણ નથી. નૈયાયિક નથી. વગેરે-યાવત્ એકાંતે મિથ્યારૂપ છે. સર્વથા અસુંદર છે. આ પ્રમાણે ત્રીજા મિશ્રસ્થાનના વિભાગનું સ્વરૂપ કહ્યું છે. આ પ્રમાણે અધર્મ-ધર્મ અને મિશ્ર સ્થાનોનું સ્વરૂપ બતાવ્યું.

## અધાર્મિક મનુષ્યોનું જીવન

હવે આ સ્થાનોને આશ્રયીને રહેલા સ્થાની(=જીવો)નું સ્વરૂપ કહેવાય છે. અથવા પૂર્વોક્ત સ્થાનો જ અન્ય

① सङ्गत्याऽग्रिममालापकत्रयं योजितं, तच्चेदं → 'अहावरे पढमस्स ठाणस्स अहम्मपक्खस्स विभंगे एवमाहिज्जइ, इह खलु पाईणं वा ४, संतेगइया मणुस्सा भवंति, गिहत्था, महिच्छा, महारंभा, महापरिग्गहा, अधम्मिया, अधम्माणुआ, अधम्मिट्ठा, अहम्मक्खाई, अहम्मप(वि)लोई, अधम्मपायजीविणो, अधम्मपलज्जणा, अधम्म-सीलसमुदायारा अधम्मेणं चेव वित्तिं कप्पेमाणा विहरंति। हण, छिंद, भिंद, विगत्तगा, लोहिअपाणी, चंडा, रुद्दा, खुद्दा, साहस्सिआ, उक्कुंचणवंचणमायाणियडिकूडकवडसाईसंपओगबहुला, दुस्सीला, दुव्वया, दुप्पडि-आणंदा, असाहू, सव्वाओ पाणाइवायाओ अप्पडिविरया जावज्जीवाए, जाव सव्वाओ परिग्गहाओ अप्पडिविरया जावज्जीवाए, सव्वाओ कोहाओ जाव मिच्छादंसणसल्लाओ अप्पडिविरया, सव्वाओ ण्हाणुम्मद्दणवन्नगगंध-विलेवणसद्दफरिसरसरूवगंधमल्लालंकाराओ अप्पडिविरया जावज्जीवाए, सव्वाओ सगडरहजाणजुग्गगिल्लिथिल्लि-सीयासंदमाणियासयणासणजाणवाहणभोगभोअणपवित्थरविहीओ अप्पडिविरया जावज्जीवाए, सव्वाओ कयविक्कयमासद्धमासरुवगसंववहाराओ अप्पडिविरया जावज्जीवाए, सव्वाओ हिरण्णसुवण्णधणधण्णमणि-मोत्तियसंखसिलापवालाओ अप्पडिविरया जावज्जीवाए, सव्वाओ कूडतुलकूडमाणाओ अप्पडिविरया जावज्जीवाए, सव्वाओ आरंभसमारंभाओ अप्पडिविरया जावज्जीवाए, सव्वाओ करणकारावणाओ अप्पडिविरया जावज्जीवाए, सव्वाओ पयणपयावणाओ अप्पडिविरया जावज्जीवाए, सव्वाओ कुट्टणपिट्टणतज्जणतालणवहबंध-

---

પ્રકારે વધુ વિશેષરૂપે કહેવાય છે. આ સંગતિ(=પૂર્વ-ઉત્તર આલાપક વચ્ચેના યોગ્યસંબંધ)થી હવે પછીના ત્રણ આલાપકો જોડાયા છે. તે આ પ્રમાણે→અથ પ્રથમ અધાર્મિકસ્થાનનો અન્ય(અન્યરૂપે) વિભાગ દર્શાવાય છે - અહીં પૂર્વવગેરે ચાર દિશામાં કેટલાક (નીચે મુજબના) મનુષ્યો હોય છે. ગૃહસ્થ, મહાઇચ્છાવાળા, મહાઆરંભવાળા, મહાપરિગ્રહી, અધાર્મિક, અધર્મની અનુજ્ઞા કરનારા, અધર્મિષ્ઠ, અધર્મનું કથન કરનારા, અધર્મપ્રાયઃ જીવન જીવનારા, અધર્મને જ જોનારા, અધર્મમાં જ અત્યંત રક્ત, અધર્મના જ શીલ અને આચારોવાળા, તથા અધર્મથી જ આજીવિકા ચલાવનારા હોય છે. આ લોકોના પાપઅનુષ્ઠાનો આ મુજબ છે - ઉપરોક્ત લોકો જીવોને દંડાવગેરેથી હણવું, કાનવગેરે છેદવા, શૂળવગેરેથી ભેદવા, ચામડી ઉતારવી, વગેરે ક્રિયા કરે છે. તેથી લોહીથી ખરડાયેલા હાથવાળા હોય છે. તથા સ્વભાવથી ચંડ, નિર્ઘૃણ, ક્ષુદ્ર, અવિચારી કાર્ય કરનારા, ઉત્કુંચન(=શૂળ ઉપર ચડાવવા ઉંચે ચડાવવું), વંચન(=ઠગવું), માયા, દંભ, કૂટ, કપટ વગેરેમાં અત્યંત આસક્ત અને તેનાથી પ્રચૂર બનેલા, (અથવા ભેળસેળની પ્રવૃત્તિવાળા) તથા દુઃશીલ(=વિશ્વાસઘાતી), માંસભક્ષણવગેરે દુષ્ટ વ્રતવાળા, દુઃખાનુમેયા(=દારુણ સ્વભાવવાળા), દુઃખે કરીને આનંદ પમાડી શકાય(=ખુશ કરી શકાય) તેવા હોય છે. વળી આ લોકો યાવજ્જીવ પ્રાણાતિપાતથી નિવૃત્ત થતા નથી. યાવત્ સર્વ પરિગ્રહથી નિવૃત્ત થતા નથી. તે જ પ્રમાણે યાવજ્જીવ સર્વ પ્રકારના ક્રોધથી માંડી મિથ્યાત્વશલ્ય સુધીના પાપસ્થાનોથી પણ અટકતાં નથી. વળી આ જીવો સર્વ પ્રકારના સ્નાન, ઉન્મર્દન, વર્ણક (રૂપવિશેષ ઉત્પન્ન કરવામાં કારણભૂત ચૂર્ણવિશેષ), વિલેપન, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, ફૂલની માળા, અલંકારવગેરે મોહોત્પાદક વસ્તુઓથી પણ યાવજ્જીવ સુધી નિવૃત્ત થતા નથી. ગાડાં, રથવગેરે વાહન, પુરુષોએ ઉપાડેલા વાહન, બે પુરુષો ઉપાડે તેવી 'ડોલી', તથા બે ખચ્ચર વગેરે ઉપાડે તેવી થિલ્લિ=વાહનવિશેષ , તથા પાલખી

---

① सप्रसङ्ग उपोद्घातो हेतुतावसरस्तथा। निर्वाहकैककार्यत्वे षोढा सङ्गतिरिष्यते। उपोद्घातादिभिन्नः स्मरणप्रयोजकसम्बन्धः प्रसङ्गः। प्रकृतोपपादकत्वमुपोद्घातः। उपजीव्योपजीवकभावो हेतुता। अनन्तरवक्तव्यत्वमवसरः। एकप्रयोजकप्रयोज्यत्वं निर्वाहकैक्यम्। एककार्यानुकूलत्वं कार्यैक्यम्। अत्र हेतुताख्या निर्वाहकैक्याख्या वा सङ्गतिरिति स्वयं चिन्तयितव्यम्॥

*परिकिलेसाओ अप्पडिविरिया जावज्जीवाए, जे आवन्ने तहप्पगारा सावज्जा, अबोहिआ, कम्मंता, परपाणपरि-आवणकरा जे अणारिएहिं कज्जंति तओ अप्पडिविरिया जावज्जीवाए, से जहाणामए केइ पुरिसे कलममसूरजाव एवमेव ते इत्थकामेहिं मुच्छिया, गिद्धा, गढिया, अज्झोववन्ना, जाव वासाइं चउपंचमाइं वा, छद्दसमाइं वा, अप्पतरो वा भुज्जतरो वा कालं भुंजित्तु भोगभोगाइं पविसुइत्ता वेरायतणाइं संचिणित्ता बहूइं पावाइं कम्माइं उस्सणाइं, संभारकडेण कम्मणा से जहाणामए अयगोलेइ वा, सेलगोलेइ वा, उदगंसि पक्खित्ते समाणे उदगतल-मइवइत्ता अहे धरणितलपइट्ठाणे भवति, एवमेव तहप्पगारे पुरिसजाए वज्जबहुले, धूतबहुले, पंकबहुले, वेरबहुले, अप्पत्तियबहुले, दंभबहुले, णियडिबहुले, साइबहुले, अयसबहुले, उस्सण्णतसपाणघाती, कालमासे कालं किच्चा धरणितलमइवइत्ता अहे णरगतलमपइट्ठाणे भवंति।*[सूत्रकृताङ्ग २/२/३५] *ते णं णरगा अंतो वट्टा, बाहिं चउरंसा, अहे खुरप्पसंठाणसंठिया, णिच्चंधगारतमसा, ववगयगहचंदसूरनक्खत्तजोइसपहा मेयवसामंसरूहिरपूयपडल-चिक्खिल्ललित्ताणुलेवणतलाअसुईवीसा परमदुब्भिगंधा, कण्हा अगणिवन्नाभा, कक्खडफासा, दुरहियासा, असुभा*

---

વગેરે તથા વસ્ત્રઆદિના ભોગઆદિ પરિકરથી યાવજ્જીવ અનિવૃત્ત હોય છે. તથા સર્વ પ્રકારે ખરીદ વેચાણ દ્વારા તથા માષક અર્ધમાષક વગેરેરૂપ ધનથી થતા કરિયાણા વગેરેના વેપારમાંથી યાવજ્જીવ નિવૃત્ત થતા નથી. તથા સર્વ પ્રકારના હિરણ્ય, સુવર્ણ, ધન, ધાન્ય, મણિ, મોતી, શંખ, પ્રવાલ, વગેરેના પરિગ્રહથી યાવજ્જીવ નિવૃત્ત થતા નથી. તથા ખોટા તોલમાપથી અટકતા નથી. તથા સર્વતઃ ખેતી, પશુપાલનવગેરેના કરણ, કરાવણમાંથી યાવજ્જીવ નિવૃત્ત થતા નથી. સર્વપ્રકારના પચન-પાચનમાંથી યાવજ્જીવ નિવૃત્ત થતા નથી. સર્વ પ્રકારના ખાંડણ, પીષણ, તર્જન, તાડન, વધ, બંધવગેરે પરિક્લેશમાંથી યાવજ્જીવ નિવૃત્ત થતા નથી. તથા બીજા પણ આવા પ્રકારના અનેક સાવદ્ય કાર્યોમાં રક્ત અને બોધિનો અભાવ કરવાવાળા, બીજાઓના પ્રાણને પીડા ઉપજાવનારા અને અનાર્ય કાર્યોમાંથી યાવજ્જીવ નિવૃત્ત નહીં થનારા છે. યથાનામ કેટલાક ક્રૂર પુરુષો કલમ(ધાન્ય વિશેષ), મસૂરવગેરેના રાંધણવગેરે ક્રિયામાં મિથ્યાદંડ પ્રવર્તાવે છે ઇત્યાદિ. આ જ પ્રમાણે તેઓ સ્ત્રીવિષયક કામમાં(=મૈથુન વગેરેમાં) મૂર્ચ્છિત થાય છે. ગૃદ્ધ થાય છે. ગ્રથિત બને છે. અધ્યુપપન્ન બને છે. (મૂર્ચ્છિત વગેરે શબ્દો કથંચિત્ સમાન અર્થવાળા અને કથંચિત્ ભિન્ન અર્થવાળા છે.) અને ચાર, પાંચ, છ કે દસ વગેરે ભોગભોગો અલ્પકાળ કે બહુકાળસુધી ભોગવી, તથા વેરના અનુબંધો ઊભા કરી ક્રૂર ફળ આપવાવાળા લાંબી સ્થિતિવાળા ઘણા પાપ કર્મો ભેગા કરે છે. આ ભેગા કરેલા કર્મોથી પ્રેરાયેલા જીવો નરકમાં ઉત્પન્ન થાય છે. અહીં દૃષ્ટાંત બતાવે છે - જેમ કોઇ લોખંડનો ગોળો કે ગોળ પથ્થર પાણીમાં ફેંકવામાં આવે, તો તે પથ્થર પાણીની સપાટીને ઓળંગી અંદર જમીનપર પહોંચી જાય છે. તે જ પ્રમાણે ઉપરોક્ત પુરુષો વજ્રબહુલ(=ગુરુકર્મી), ધૂત(=કર્મરજ)બહુલ, પંક(=પાપ)બહુલ, તથા વેર(=વૈરાનુબંધ)બહુલ, મનના દુષ્પ્રણિધાનવાળા, ઉત્કટ માયાવાળા, ઉત્કટ પરદ્રોહ કરવાવાળા, સાતિ=ભેળસેળ કરવાવાળા, તથા સર્વત્ર અયશવાળા, પ્રાયઃ ત્રસજીવોના ઘાતક થઇ સ્વઆયુષ્ય પૂર્ણ થયે મરીને આ પૃથ્વીતલને ઓળંગી નરકમાં ઉત્પન્ન થાય છે. [૨/૨/૩૫]

## નરકનું સ્વરૂપ

નરકાવાસો અંદરથી ગોળાકાર અને બહારથી ચોરસ હોય છે, તથા નીચેના ભાગમાં ક્ષુરપ્ર આકારવાળા હોય છે, તથા તે નરકોમાં હંમેશા ઘોર અંધકાર હોય છે. તથા ત્યાં ગ્રહ, ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર વગેરેના પ્રકાશનો માર્ગ નથી. તથા તે નરકો મેદ, ચરબી, માંસ, લોહી, પરુના ઢગલાથી ખરડાયેલી ભૂમિવાળી છે. તથા તે નરકો મળમૂત્રવગેરે તથા

णरगा, असुभा णरगेसु वेदणाओ। नो चेव नरगेसु नेरइया णिद्दायंति वा पयलाइंति वा, सुइं वा, रतिं वा, धितिं वा, मतिं वा उवलंभंते, ते णं तत्थ उज्जलं विउलं पगाढं कडुअं कक्कसं चंडं दुक्खं दुग्गं तिव्वं दुरहिआसं णेरइआ वेअणं पच्चणुभवमाणा विहरंति। [सूत्रकृताङ्ग २/२/३६] से जहाणामए रुक्खे सिया पव्वयग्गे, जाए मूले छिन्ने अग्गे गरुए, जओ जिण्णं णिण्णं जतो विसमं, जतो दुग्गं ततो पवडति, एवामेव तहप्पगारे पुरिसजाए गब्भाओ गब्भं, जम्माओ जम्मं, माराओ मारं, णरगाओ णरगं, दुक्खाओ दुक्खं, दाहिणगामिए णेरइए कण्हपक्खिए, आगमिस्साणे दुल्लहबोहिए आविभवइ, एस ठाणे अणारिए अकेवले जाव असव्वदुक्खप्पहीणमग्गे, एगंतमिच्छे, असाहू पढमस्स ठाणस्स अहम्मपक्खस्स विभंगे एवमाहिए॥ [सूत्रकृताङ्ग २/२/३७] अहावरे दोच्चस्स ठाणस्स धम्मपक्खस्स विभंगे एवमाहिज्जई → इह खलु पाईणं वा ४ संतेगइआ मणुस्सा भवंति, तं॰- अणारंभा, अप्परिग्गहा, धम्मिया, धम्माणुगा, धम्मिट्ठा, जाव धम्मेणं चेव वित्तिं कप्पेमाणा विहरंति। सुसीला, सुव्वया, सप्पडिआणंदा, सुसाहू सव्वाओ पाणाइवायाओ पडिविरिया जावज्जीवाए; जाव जे आवन्ने तहप्पगारा सावज्जा, अबोहिआ, कम्मंता परपाणपरियावणकरा कज्जंति, तओवि पडिविरिया जावज्जीवाए। से जहाणामए अणगारा भगवंतो ईरियासमिआ, भासासमिया, अणगारवण्णओ, जाव॰ सव्वगायपडिकम्मविप्पमुक्का चिट्ठंति, ते णं एएणं विहारेणं

---

કોહવાયેલા માંસ વગેરેના કાદવને કારણે અત્યંત ખરાબ ગંધવાળી છે. દેખાવમાં શ્યામ, અગ્નિના વર્ણ જેવી છે. કર્કશ સ્પર્શવાળી છે. અત્યંત દુઃખે સહી શકાય તેવી આ નરકો છે. આ નરકો એકાંતે અશુભ છે. આ નરકની પ્રત્યેક વેદના અશુભ છે. આ નરકમાં નારકી જીવોને ક્ષણભર પણ નિદ્રા કે પ્રચલા નથી. આ નરકમાં જીવોને ક્ષણમાત્ર પણ શ્રુતિ કે શુચિ(=પવિત્રતા), રતિ, ધૃતિ કે મતિ પ્રાપ્ત થતી નથી. તેઓ ત્યાં ઉજ્જ્વલાયમાન, વિપુલ, પ્રગાઢ, કટૂક, કર્કશ, ચંડ, દુઃખદ, દુર્ગ, તીવ્ર, દુરધ્યાસ વેદનાને સતત અનુભવે છે. [૨/૨/૩૬] અહીં દૃષ્ટાંત બતાવે છે - પર્વતની ટોચપર ઉત્પન્ન થયેલું વૃક્ષ મૂળમાંથી છેદ પામી શીઘ્રગતિથી નીચે પટકાઇ પડે છે. તેમ આ જીવ પણ અશુભકાર્ય કરીને કર્મરૂપી પવનથી ખેંચાઇને નરકમાં પડે છે. તથા ત્યાંથી ઉદ્ધૃત થઇને એક ગર્ભમાંથી બીજા ગર્ભમાં, એક જન્મમાંથી બીજા જન્મમાં, એક સંસાર(ભવ)માંથી બીજા સંસારમાં, એક નરકમાંથી બીજી નરકમાં, એક દુઃખમાંથી બીજા દુઃખમાં પડે છે. દક્ષિણગામી નૈરયિકો કૃષ્ણપાક્ષિક હોય છે અને ભવિષ્યમાં દુર્લભબોધિ બને છે. આ સ્થાન અનાર્ય, એકેવલ યાવત્ અસર્વદુઃખપ્રક્ષીણ માર્ગ છે. એકાંતે મિથ્યા છે અને અસાધુ છે. આ પ્રમાણે અધર્મપક્ષરૂપ પ્રથમસ્થાન બતાવાયું છે. [૨/૨/૩૭]

## ધાર્મિક મનુષ્યોનું જીવન

હવે બીજા ધર્મપક્ષનો વિભંગ આ પ્રમાણે બતાવ્યો છે → અહીં પૂર્વઆદિ ચાર દિશામાં કેટલાક મનુષ્યો છે - તે આ પ્રમાણે - આરંભ વિનાના, અપરિગ્રહી, ધાર્મિક, સુશીલ, સારા વ્રતવાળા, સુપ્રત્યાનંદવાળા, સુસાધુઓ થઇ સર્વ પ્રકારના પ્રાણાતિપાતથી વિરમ્યા હોય છે. યાવત્ જેઓ તેવા પ્રકારના સાવદ્યને પ્રાપ્ત કરેલા, અબોધિક, પરપ્રાણઘાતક છે, તેઓના સર્વપ્રકારના પાપસ્થાનોમાંથી આ બધા(ધર્મસ્થાનમાં રહેલા જીવો ) વિરત થયા છે. તેઓ યથાનામ અનગાર બને છે. તેઓ ઈર્યાસમિતિથી યુક્ત, ભાષાસમિતિથી યુક્ત ઇત્યાદિ (સાધુસ્વરૂપનું વર્ણન **ઔપપાતિક ગ્રંથ**મુજબ) યાવત્ સર્વઅંગના પ્રતિકર્મથી વિપ્રમુક્ત હોય છે. આ પ્રમાણે વિહરતા તેઓ ઘણા વર્ષોસુધી શ્રામણ્યપર્યાય પાળી આબાધા(=રોગ વગેરે) ઉત્પન્ન થાય કે ન થાય, ભક્તપ્રત્યાખ્યાન(=અનશન) કરીને બહુ પ્રકારના ભોજનોને અનશન દ્વારા છેદે છે. વળી તેઓ જે પ્રયોજનથી નગ્નભાવ, મૂંડભાવ, અસ્નાનભાવ, અદંતશોધન

*विहरमाणा बहुइं वासाइं सामण्णपरिआगं पाउणंति २ बहू २ आबाहंसि उप्पण्णंसि वा अणुप्पण्णंसि वा बहूइं भत्ताइं पच्चक्खंति २ बहूइं भत्ताइं अणसणाए छेदेंति २ त्ता जस्सट्ठाए कीरई णग्गभावे, मुंडभावे, अन्हाणभावे, अदंतवणगे, अछत्तए, अणोवाहणए, भूमिसेज्जा, फलगसेज्जा, कट्ठसेज्जा, केसलोए बंभचेरवासे, परघरप्पवेसे लद्धावलद्धे, माणावमाणाओ, हीलणाओ, णिंदणाओ, खिंसणाओ, गरहणाओ, तज्जणाओ, तालणाओ, उच्चा-वया गामकंटया, बावीसं परिसहोवसग्गा अहिआसिज्जंति, तमट्ठमाराहंति, तमट्ठमाराहेत्ता चरमेहिं उस्सासणीस्सा-सेहिं अणंतं, अणुत्तरं, निव्वाघायं, णिरावरणं, कसिणं, पडिपुन्नं, केवलवरनाणदंसणं समुप्पाडेंति २, तओ पच्छा सिज्झंति, बुज्झंति, मुच्चंति, परिणिव्वायंति, सव्वदुक्खाणमंतं करेंति एगच्चाए पुण एगे भयंतारो भवंति। अवरे पुव्वकम्मावसेसेणं कालमासे कालं किच्चा अण्णतरेसु देवलोएसु देवत्ताए उववत्तारो भवंति (तं० जाव) ते णं तत्थ देवा भवंति महिड्ढिआ, महज्जुइआ जाव महासुक्खा हारविराइअवच्छा, कडगतुडिअथंभिअभुजा, अंगय-कुंडलमट्ठगंडयलकण्णपीठधारी, विचित्तहत्थाभरणा, विचित्तमालामउलिमउडा, कल्लाणगंधपवरवत्थपरिहिया, कल्लाणगपवरमल्लाणुलेवणधरा, भासुरबोंदी, पलंबवणमालधरा, दिव्वेणं रूवेणं, दिव्वेणं वन्नेणं, दिव्वेणं गंधेणं, दिव्वेणं फासेणं, दिव्वेणं संघाएणं, दिव्वेणं संठाणेणं, दिव्वाए इड्ढीए, दिव्वाए जुईए, दिव्वाए पभाए, दिव्वाए छायाए, दिव्वाए अच्चाए, दिव्वेणं तेएणं, दिव्वाए लेस्साए, दस दिसाओ उज्जोवेमाणा पभासेमाणा, गतिकल्लाणा, ठितिकल्लाणा, आगमेसिभद्दयावि भवंति। एस ठाणे आयरिए, जाव सव्वदुक्खप्पहीणमग्गे एगंतसम्मे, सुसाहु दोच्चस्स ठाणस्स धम्मपक्खस्स विभंगे एवमाहिए॥* [सूत्रकृताङ्ग २/२/३८] *अहावरे तच्चस्स ठाणस्स मीसगस्स*

---

*(દાંતની શોભા ન કરવી), છત્ર ધારણ ન કરવું, જોડા ન પહેરવા, ભૂમિપર શયન કરવું, પાટપર શયન (વર્ષાકાળે) કરવું, કાષ્ઠપર શયન કરવું, કેશનો લોચ કરવો, બ્રહ્મચર્યમાં વસવું, બીજાના ઘરમાં પ્રવેશ વખતે મળે કે ન મળે, માન મળે કે અપમાન થાય, હીલના, નિંદા, ખિંસણા(=તિરસ્કાર), ગર્હા, તર્જના કે તાડન વગેરે ઉચ્ચ-નીચા ગ્રામકંટકો (=સારા-નરસા-પીડાદાયક અનુભવો) તથા બાવીશ પરિષહ અને ઉપસર્ગો સહન કરવા વગેરે કષ્ટો સહે છે, તે પ્રયોજનને આરાધે છે. તે પ્રયોજનની આરાધના કરીને તેઓ ચરમ શ્વાસોચ્છ્વાસની સમાપ્તિ પછી (અર્થાત્ બારમા ગુણસ્થાનના ચરમ સમય પછી) અનંત, અનુત્તર, નિર્વ્યાઘાત, નિરાવરણ, અખંડ અને પરિપૂર્ણ એવા શ્રેષ્ઠ કેવળજ્ઞાન અને કેવળદર્શનને પ્રાપ્ત કરે છે. અને તે પછી (ચૌદમા ગુણસ્થાનકના અંતે) તેઓ સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, મુક્ત થાય છે, પરિનિર્વાણ પામે છે, અને સર્વદુઃખનો અંત કરે છે. કેટલાક આ પ્રમાણે એક જ અર્ચા=શરીર અથવા ભવથી સિદ્ધ થાય છે. બીજા કેટલાક પૂર્વકૃત કર્મ સત્તામાં બાકી રહેવાથી કાળ કરીને (મૃત્યુ પામીને) અન્યતર દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થાય છે, ઇત્યાદિ. તેઓ ત્યાં મહાઋદ્ધિવાળા, મહાદ્યુતિવાળા, મહાસુખવાળા, હારોથી શોભતા વક્ષઃસ્થળવાળા(=અનેક રત્નહારોથી અલંકૃત), કટક-અલંકારથી સ્તંભિત હાથવાળા, અંગદ, કુંડલ વગેરેથી સુશોભિત અંગવાળા, હાથના વિચિત્ર અલંકારોથી શોભતા, વિચિત્ર પુષ્પમાળા અને મુગટોથી શોભતા, કલ્યાણકારી સુગંધી વસ્ત્રો ધારણ કરવાવાળા, કલ્યાણકારી શ્રેષ્ઠ માલ્ય અને અનુલેપન ધારણ કરવાવાળા, ભાસ્વરશરીરવાળા, લટકતી પુષ્પમાળા ધારણ કરવાવાળા, દિવ્ય રૂપ, દિવ્ય વર્ણ, દિવ્ય ગંધ, દિવ્ય સ્પર્શ, દિવ્ય સંઘાત, દિવ્ય સંસ્થાન=આકાર, દિવ્ય ઋદ્ધિ, દિવ્ય દ્યુતિ, દિવ્ય પ્રભા, દિવ્ય છાયા, દિવ્ય અર્ચા(=શરીર), દિવ્ય તેજ અને દિવ્ય લેશ્યા આ બધાથી દશે દિશાને ઉદ્યોતિત કરનારા, પ્રભાસિત કરનારા, કલ્યાણ ગતિવાળા, કલ્યાણ સ્થિતિવાળા, ભવિષ્યમાં ભદ્ર= કલ્યાણ પામનારા હોય છે. આ સ્થાન આર્ય છે યાવત્ સર્વદુઃખપ્રક્ષીણ માર્ગ છે. આ સ્થાન એકાંતે સમ્યગ્ અને*

विभंगे एवमाहिज्जइ → इह खलु पाईणं वा ४ संतेगइया मणुस्सा भवंति, तं जहा अप्पिच्छा, अप्पारंभा, अप्पपरिग्गहा, धम्मिया, धम्माणुआ जाव धम्मेणं चेव वित्तिं कप्पेमाणा विहरंति। सुसीला, सुव्वया, सुप्पडिआणंदा साहु एगच्चाओ पाणाइवायाओ पडिविरता जावज्जीवाए, एगच्चाओ अप्पडिविरिया, जाव जेयावण्णे तहप्पगारा सावज्जा अबोहिया कम्मंता परपाणपरियावणकरा कज्जंति तओवि एगच्चाओ अप्पडिविरिया (जावज्जीवाए एगच्चाओ पडिविरिया।) से जहाणामए समणोवासगा भवंति, अभिगयजीवाजीवा उवलद्धपुण्णपावा समणोवासगवण्णओ। जाव अप्पाणं भावेमाणा विहरंति, ते णं एयारूवेणं विहारेणं विहारेमाणा बहुइं वासाइं समणोवासगपरिआयं पाउणेंति २ आबाहंसि उप्पण्णंसि वा अणुप्पण्णंसि वा बहुइं भत्ताइं पच्चक्खाएंति २ बहुइं भत्ताइं अणसणाए छेदेंति २ त्ता, आलोइयपडिक्कंता समाहिपत्ता कालमासे कालं किच्चा अण्णयरेसु देवलोगेसु देवत्ताए उववत्तारो भवंति तं० महिड्डिएसु, महज्जुइएसु जाव महासुक्खेसु । सेसं तहेव जाव एस ठाणे आरिए, जाव एगंतसम्मे, साहु तच्चस्स ठाणस्स मीसगस्स विभंगे एवमाहिए त्ति।

अदः स्थानत्रयमुपसंहारद्वारेण सङ्क्षेपतो बिभणिषुराह → 'अविरइं पडुच्च बाले आहिज्जइ, विरइं पडुच्च पंडिए आहिज्जइ, विरताविरतिं पडुच्च बालपंडिए आहिज्जइ, तत्थ णं जा सा सव्वतो अविरति, एस ठाणे आरंभट्ठाणे अणारिए जाव असव्वदुक्खप्पहीणमग्गे एगंतमिच्छे, असाहू, तत्थ णं जा सा सव्वतो विरई, एस ठाणे अणारंभट्ठाणे

---

સુસાધુ છે. આ પ્રમાણે બીજા ધર્મપક્ષ સ્થાનનો વિભંગ બતાવ્યો. [૨/૨/૩૮]

## મિશ્રપાક્ષિક મનુષ્યોનું જીવન

હવે ત્રીજા મિશ્રસ્થાનનો વિભંગ દર્શાવે છે → અહીં પૂર્વ આદિ દિશાઓમાં આવા પ્રકારના મનુષ્યો હોય છે, તે આ પ્રમાણે - અલ્પ ઇચ્છાવાળા, અલ્પ આરંભવાળા, અલ્પ પરિગ્રહવાળા, ધાર્મિક, ધર્મની જ અનુજ્ઞા કરનારા, યાવત્ ધાર્મિકવૃત્તિવાળા જ હોય છે, તેઓ સુશીલ, સુવ્રત, સુપ્રત્યાનંદ અને સજ્જન હોય છે. તેઓ એક પ્રકારના (સ્થૂળ) પ્રાણાતિપાતમાંથી યાવજ્જીવ નિવૃત્ત હોય છે અને એક પ્રકારના (સૂક્ષ્માદિ ભેદવાળા) પ્રાણાતિપાતમાંથી નિવૃત્ત થયા હોતા નથી. ઇત્યાદિ... યાવત્ તેવા પ્રકારના જે અબોધિક કર્માંત અને પરજીવને પીડા પહોંચાડનારા કાર્યો છે, તેમાંથી એક અંશે યાવજ્જીવ નિવૃત્ત હોય છે અને બીજા અંશે અપ્રતિવિરત હોય છે. તેઓ જીવ અને અજીવના જ્ઞાનવાળા, પુણ્ય-પાપના પ્રકારો આદિના બોધવાળા ઇત્યાદિ ગુણવાળા શ્રમણોપાસક હોય છે. (અહીં શ્રાવકનું વર્ણન અન્યતઃ સમજવું.) યાવત્ આત્માનું પરિભાવન કરતા હોય છે, આ શ્રાવકો આવા પ્રકારના વિહાર(ચર્યા) વિહરી ઘણા વર્ષો સુધી શ્રમણોપાસકપર્યાય પાળી અંતે આબાધા ઉત્પન્ન થાય કે ન થાય, બહુ પ્રકારના ભોજનનું પ્રત્યાખ્યાન કરી અને ભક્તપ્રત્યાખ્યાન અનશન સ્વીકારી તથા જીવનમાં લાગેલા દોષોનું આલોચના પ્રતિક્રમણ કરી સમાધિ પ્રાપ્ત કરી કાલ કરી ત્યાંથી દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થાય છે. દેવલોકમાં તેઓ મહાઋદ્ધિવાળા, મહાદ્યુતિવાળા યાવત્ મહાસુખવાળા સ્થાનોમાં ઉત્પન્ન થાય છે ઇત્યાદિ પૂર્વવત્, આ સ્થાન આર્ય છે, યાવત્ એકાંતે સમ્યક્ અને સુસાધુ છે. ત્રીજા મિશ્રસ્થાનનો વિભંગ આ પ્રમાણે બતાવ્યો છે.

## અવિરત સમ્યક્ત્વીનો ધર્મપક્ષમાં સમાવેશ

આ ત્રણે સ્થાનનો ઉપસંહાર કરતા સંક્ષેપથી કહે છે → અવિરતિને આશ્રયીને બાળ કહેવાય છે. વિરતિને આશ્રયીને પંડિત ગણાય છે અને વિરતાવિરતિને આશ્રયીને બાળપંડિત મનાય છે. આ ત્રણમાં જે સર્વથા અવિરતિરૂપ છે, એ સ્થાન આરંભનું, અનાર્યસ્થાન છે યાવત્ અસર્વદુઃખપ્રક્ષીણ માર્ગ છે. એકાંતમિથ્યા છે. અસાધુ છે. આ

*आरिए जाव सव्वदुक्खप्पहीणमग्गे एगंतसम्मे साहू, तत्थ णं जा सा सव्वतो विरताविरती, एस ठाणे आरंभणारंभट्ठाणे एस ठाणे आरिए जाव सव्वदुक्खप्पहीणमग्गे एगंतसम्मे साहू।* [सूत्रकृताङ्ग २/२/३९] *एवमेव समणुगम्ममाणा इमेहिं चेव दोहिं ठाणेहिं समोअरंति, तं० धम्मे चेव अधम्मे चेव, उवसंते चेव अणुवसंते चेव'।* [सूत्रकृताङ्ग २/२/४०] अत्र हि मिश्रपक्षो मिथ्यादृशामधर्मपक्ष एव, सम्यग्दृशां श्राद्धानामपि स धर्मपक्ष एवेति व्यक्त्या फलतः प्रतीयते, साधुश्राद्धमार्गयोः सर्वदुःखप्रक्षीणमार्गत्वात्, यथा च मिथ्यादृष्टेर्द्रव्यतो विरतिरपि सम्यक्त्वाभावादविरतिरेव बालशब्दव्यपदेशनिबन्धनं स्यात्तथा सम्यग्दृष्टेर्धर्मकर्मणि द्रव्यतोऽविरतिरपि विरतिकार्यांशिकपाण्डित्यव्यपदेशप्रतिबन्धिका न स्यात्, द्रव्यतयैव निष्फलत्वादिति सूक्ष्ममीक्षणीयमविरतिविषयाणामष्टादशानामपि स्थानानामेकतरांशस्य सत्त्वेऽपि तत्प्रतिपक्षस्य धर्मांशस्योत्कटत्वे धर्मपक्ष एव विजयतेऽन्यथाऽविरतसम्यग्दृष्टिः कस्यापि पक्षस्य स्थानी न स्यात्। ततश्च यन्निष्कृष्योक्तं → *'तत्थ णं जे से पढमस्स ठाणस्स अहम्मपक्खस्स विभंगे एवमाहिज्जइ - तत्थ णं इमाइं तिन्नि तेवट्ठाइं पावादुअसयाइं भवंति त्ति मक्खायं तं० - किरियावाईणं अकिरियावाईणं अण्णाणियवाईणं वेणइअवाईणं ति'* [सूत्रकृताङ्ग २/२/४०] तद्विमर्शे परस्य गगनमालोकनीयं स्याद्। अत्र हि

---

*ત્રણમાં જે સર્વતઃ વિરતિનું સ્થાન છે, એ અનારંભનું સ્થાન છે, આર્ય છે, યાવત્ સર્વદુઃખના ક્ષયનો માર્ગ છે. એકાંતે સમ્યગ્ છે, સાધુ છે. અને આ ત્રણમાં જે છેલ્લું સર્વતઃ વિરતાવિરતિ સ્થાન છે, તે સ્થાન આરંભ-અનારંભ સ્થાન છે. આર્ય છે, યાવત્ સર્વદુઃખના ક્ષયનો માર્ગ છે. એકાંતે સમ્યગ્ છે.* [૨/૨/૩૯] *આ જ પ્રમાણે સમ્યગ્ અનુગમ્યમાન=સંક્ષેપથી વ્યાખ્યાન કરવામાં આવે તો આ ત્રણ સ્થાનો આ બે સ્થાનમાં જ સમવતાર પામે છે. તે આ પ્રમાણે-'ધર્મમાં અને અધર્મમાં. તથા ઉપશાંત સ્થાનમાં અને અનુપશાંત સ્થાનમાં.'* [૨/૨/૪૦]

અહીં મિથ્યાત્વીઓનો મિશ્રપક્ષ અધર્મમાં અને સમ્યગ્દષ્ટિ શ્રાવકોનો મિશ્રપક્ષ ધર્મમાં જ સમાવેશ પામે છે. એમ સ્પષ્ટપણે ફલતઃ પ્રતીત થાય છે, કારણ કે સાધુમાર્ગની જેમ શ્રાવકમાર્ગને પણ સર્વદુઃખના ક્ષયનો માર્ગ દર્શાવ્યો છે. આ જ પ્રમાણે જેમ મિથ્યાદૃષ્ટિ જીવોમાં સમ્યક્ત્વનો અભાવ હોવાથી તેઓની દ્રવ્યથી પણ દેખાતી વિરતિ વાસ્તવમાં અવિરતિ જ છે અને તેઓને બાળ જીવ તરીકેનો વ્યપદેશ કરાવવામાં જ કારણભૂત છે. તે જ પ્રમાણે સમ્યગ્દષ્ટિ જીવની ધર્મકાર્યોમાં દ્રવ્યથી અવિરતિ હોવા છતાં વિરતિના શુભયોગ-જયણાવગેરેરૂપ કાર્ય ત્યારે દેખાતા હોવાથી એટલાઅંશે વિરતિના કાર્યરૂપ પાંડિત્ય તરીકેનો વ્યપદેશ થવામાં એ અવિરતિ પ્રતિબંધક બને નહીં, કારણ કે આ અવિરતિ માત્ર દ્રવ્યરૂપ હોવાથી જ નિષ્ફળ છે. (અર્થાત્ સમ્યગ્દષ્ટિ જીવોમાં ધર્મક્રિયા વખતે શ્રદ્ધા-જયણાદિરૂપે વ્યક્ત થતો વિરતિઅંશ ભાવથી છે, જ્યારે અવિરતિ અંશ માત્ર દ્રવ્યથી=વ્યવહારથી છે, કારણ કે તેઓનો વિરતિપ્રત્યે ઝુકાવ છે, હાર્દિક રાગ છે. જ્યારે અવિરતિ પ્રત્યે ડંખ છે. અણગમો છે. માત્ર કેટલીક મજબૂરીઓ અને નબળાઇઓ જ તેમને અવિરતિમાં જકડી રાખે છે.) ઇત્યાદિ મુદ્દા ખૂબ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવા. એટલો ખ્યાલ રાખવો કે અવિરતિના પ્રાણાતિપાત વગેરે અઢાર સ્થાનોમાંથી કોઇ એક અંશની હાજરી હોય, તો પણ તેના વિરોધી ધર્મઅંશની જો ઉત્કટતા હોય, તો તે ધર્મઅંશ પેલા પાપસ્થાનને દબાવી પોતે જ ઉત્કૃષ્ટપણે વર્તે છે. અર્થાત્ ઉત્કટ ધર્મઅંશની હાજરીમાં રહેલા પાપસ્થાનરૂપી દોષો હણાઇ જવાથી તે ધર્મપક્ષ તરીકે માન્ય બને છે. જો આમ ન હોય, તો અવિરતસમ્યગ્દષ્ટિ જીવનો નંબર ધર્મ કે અધર્મ બેમાંથી એકેમાં ન આવે. આ બધો વિચાર કરીને જ સૂત્રકાર નિષ્કર્ષ બતાવતાં કહે છે → *'ઉપરોક્ત સ્થાનોમાં પ્રથમ અધર્મપક્ષસ્થાનમાં પાખંડીઓના ત્રણસો ત્રેંસઠ ભેદ આવે છે. તે આ પ્રમાણે (૧) ક્રિયાવાદી (૧૮૦ ભેદ) (૨) અક્રિયાવાદી (૮૪ ભેદ) (૩) અજ્ઞાનવાદી (૬૭ ભેદ) અને (૪) વૈનયિક (૩૨ ભેદ.)'* [૨/૨/૪૦] આ સૂત્ર પર જો બરાબર વિચાર કરવામાં આવે, તો **પાર્શ્વચંદ્ર** મતવાળાને માત્ર આકાશ જ જોવાનું બાકી રહે. અર્થાત્ તેઓ પોતાના મતની

कुतीर्थिकदृष्टयनुगत आचारोऽधर्मः स्वसमयानुगतश्च धर्मः प्रतीयते इति ॥ ९१ ॥ एतत्सर्वमभिप्रेत्य भक्तिरागप्रतिबन्धा द्रव्यस्तवे धर्मपक्षं बलात्परमङ्गीकारयन्नाह–

**हिंसांशो यदि दोषकृत् तव जड ! द्रव्यस्तवे केन तन्,**
**मिश्रत्वं यदि दर्शनेन किमु तद् भोगादिकालेऽपि न ।**
**भक्त्या चेद् ननु सापि का यदि मतो रागो भवाङ्गं तदा,**
**हिंसायामपि शस्तता नु सदृशीत्यत्रोत्तरं मृग्यते ॥ ९२ ॥**

(**दंडान्वयः**→ हे जड ! यदि द्रव्यस्तवे हिंसांशो तव दोषकृत् (तदा) तन्मिश्रत्वं केन भवेत् ? यदि दर्शनेन, किमु तद् भोगादिकालेऽपि न ? भक्त्या चेत् ? ननु सापि का ? यदि रागो भवाङ्गं मतः तदा हिंसायामपि शस्तता नु सदृशी इत्यत्रोत्तरं मृग्यते ॥)

'हिंसांश'इति । हे जड ! यदि द्रव्यस्तवे हिंसांशो *दोषकृत्*=मिश्रत्वकृत्, तदा केन तन्मिश्रत्वं भवेत् ? न तावद् देशसंयमेन, चतुर्थगुणस्थानेऽगतेः । यदि च *दर्शनेन*=सम्यक्त्वेन, तदा भोगादिकालेऽपि तन्मिश्रत्वं किं न स्यात् ? *चेत्*=यदि भक्त्या मिश्रत्वं त्वयोच्यते, तर्हि *सापि*=भक्तिरपि च का ? यदि भक्ती रागो मतः, तदा भवाङ्गं, रागद्वेषयोरेव संसारमूलत्वात्, तदा द्वाभ्यां संसारान्तर्गताभ्यामधर्मपक्ष एवोत्कटः स्यादिति को मिश्रावकाशः? **प्रशस्त**रागत्वाद् भक्तिर्न भवाङ्गमिति चेत् ? **तर्हि** द्रव्यस्तवानुगतहिंसायामपि शस्तता सदृशी, अत्र तव किमुत्तर-मिति मृग्यते ? अत्र च सम्यगुत्तरं वर्षसहस्रेणापि न परेण दातुं शक्यमिति मोक्षार्थिभिरस्मदुक्त एव पन्थाः श्रद्धेयः ।

---

પુષ્ટિમાં કોઇ હેતુ આપી શકે તેમ નથી, કારણ કે અહીં અધર્મપક્ષમાં પરપાખંડી અને મિથ્યાત્વીઓનો જ સમાવેશ કર્યો છે. તેથી બાકી રહેલા અવિરત સમ્યક્ત્વી વગેરેનો અર્થતઃ ધર્મપક્ષમાં જ સમાવેશ કર્યો છે. તેથી કુતીર્થિકઆદિગત આચાર અધર્મ છે અને સ્વસિદ્ધાંતને અનુગત આચાર ધર્મરૂપ છે (પરંતુ મિશ્રરૂપ તો કોઇ નથી.) એમ પ્રતીત થાય છે. ॥૯૧॥

આ બધા મુદ્દાઓ સ્વીકારી ભક્તિરાગની પ્રતિબંદિથી દ્રવ્યસ્તવમાં ધર્મપક્ષનો બીજા પાસે બળાત્કારે સ્વીકાર કરાવતા કહે છે—

**કાવ્યાર્થ :-** હે જડ ! જો તારા હિસાબે દ્રવ્યસ્તવમાં હિંસાનો અંશ દોષકારી(=મિશ્રપણું કરનારો) હોય, તો તેનું મિશ્રપણું કોની સાથે આવશે ? જો સમ્યગ્દર્શનની સાથે મિશ્રપણું કહેશો, તો વિષયવગેરેના ભોગકાળે પણ મિશ્રપણું કેમ ન કહેવાય ? કારણ કે તે વખતે પણ સમ્યગ્દર્શન હાજર છે. ભક્તિસાથે મિશ્રપણું કહેશો, તો ભક્તિ શું છે ? જો રાગરૂપ હોય, તો સંસારનું કારણ બનશે. (કારણ કે રાગ સંસારનું કારણ છે.) 'પ્રશસ્ત રાગરૂપ હોવાથી ભક્તિ સંસારનું કારણ નથી, પણ પ્રશંસનીય છે' એમ કહેશો, તો દ્રવ્યસ્તવમાં રહેલી હિંસા પણ સમાનપણે પ્રશસ્ત કેમ ન કહેવાય ? અહીં તમે શો ઉત્તર આપશો ?

## દેશસંયમઆદિથી મિશ્રતાનો અભાવ

દ્રવ્યસ્તવમાં રહેલી હિંસાને દેશસંયમ સાથે મિશ્ર થયેલી માની શકાય નહિ, કારણ કે ચોથા ગુણસ્થાનકે રહેલાના દ્રવ્યસ્તવમાં એ મિશ્રત્વ ઘટી શકતું નથી. (કારણ કે તેઓમાં દેશથી પણ સંયમ નથી.) સમ્યગ્દષ્ટિ ગૃહસ્થ શબ્દવગેરે વિષયો ભોગવતો હોય, ત્યારે પણ હિંસાવગેરે પાપ અને સમ્યક્ત્વ બન્ને રહ્યા છે, તેથી હિંસા અને સમ્યક્ત્વના મિશ્રણથી મિશ્રપક્ષ માનવામાં સમ્યગ્દષ્ટિ જીવની સાંસારિક તમામ પ્રવૃત્તિને મિશ્રધર્મ માનવાની આપત્તિ આવે.

**एतेन** षट्पुरुषी प्रदर्शनेन श्रमणोपासकाणां न द्रव्यस्तवाधिकार इति कापुरुषस्य पाशस्य मतं **निरस्तम्**। एवं हि तत् - सर्वतोऽविरतः १, अविरतः २, विरताविरतः ३, सर्वतोविरताविरतः ४, श्रमणोपासको देशविरतः ५, सर्वविरतश्चेति ६, तावत् षट् पुरुषा भवन्ति, तत्र सर्वतोऽविरतः स उच्यते, यः कुदेवकुगुरुकुधर्मश्रद्धावान् सम्यक्त्वलेशेनाप्यस्पृष्टमनाः, यमुद्दिश्य *'इह खलु पाईणं वा ४ संतेगइआ मणुआ भवंति तं जहा-महिच्छा महारंभा'* इत्यादि सूत्रं प्रवृत्तं १, अविरतस्तु स उच्यते-यः सम्यक्त्वालङ्कृतोऽपि मूलोत्तरभेदभिन्नां विरतिं पालयितुमसमर्थो जिनप्रतिमामुनिवैयावृत्त्यकरणतदाशातनापरिहारादिना भूयः प्रकटितभक्तिरागः २, विरताविरतश्च स उच्यते - यः पूर्णसम्यक्त्वाभाववानपि स्वोचितान् सर्वव्रतनियमान् बिभर्त्ति ३, सर्वतो विरताविरतश्च स उच्यते- यस्य मनसि- *'तमेव सच्चं णीसंकं जं जिणेहिं पवेइअं'* [आचाराङ्ग १/५/५/१६२] इति परिणामः स्थिरो भवति, परं मनसः प्रमादपारतन्त्र्याद् भूम्ना साधुसङ्गमाभावात् परिपूर्णं जिनभाषितं न जानीते कुलक्रमागतां च विरतिं पालयति, पूर्णसंयमज्ञानाभावादेवारम्भेन जिनपूजां करोति भक्तिरागपारवश्यात्, तत एव संयममसंयमं वा न गणयति, यावता

---

ભક્તિ પોતે રાગરૂપ છે. રાગ અને દ્વેષ સંસારના મૂળ કારણો છે. તેથી ભક્તિ અને હિંસાનું મિશ્રણ રાગ અને દ્વેષના મિશ્રણરૂપ હોવાથી સંસારનું પ્રબળ કારણ બને, તેથી તે મિશ્રણ ઉત્કટ અધર્મરૂપ જ બને, નહિ કે મિશ્રપક્ષરૂપ. તેથી ભક્તિને આગળ કરીને પણ મિશ્રતા ન બતાવી શકાય.

**શંકા :-** ભક્તિરૂપ રાગ પરમાત્માપર હોવાથી પ્રશસ્ત છે. તેથી સંસારનું કારણ નથી.

**સમાધાન :-** પરમાત્માને ઉદ્દેશીને થતી ભક્તિ જો પ્રશસ્ત ગણાતી હોય, તો પરમાત્માને ઉદ્દેશીને જ થતા દ્રવ્યસ્તવમાં રહેલી હિંસા પણ પ્રશસ્ત કેમ ન ગણાય ?

(અહીં વિચારવાનું છે કે પ્રસ્તુતમાં ભક્તિરાગ ભાવરૂપ છે. હિંસારૂપ દ્વેષ હિંસાનો ભાવ ન હોવાથી માત્ર દ્રવ્યરૂપ જ છે. તેથી ઉપરોક્ત ભાવરાગ પણ જો પ્રશસ્ત બની શકતો હોય, તો આ હિંસારૂપ દ્રવ્યદ્વેષ પણ શા માટે પ્રશસ્ત ન બની શકે ?) **પાર્શ્વચંદ્રના** મતવાળાઓ હજારો વર્ષ સુધી વિચાર કરીને પણ આ પ્રશ્નનો સમ્યગ્ ઉત્તર આપવામાં કામયાબ બની શકે તેમ નથી. આમ દ્રવ્યસ્તવગત હિંસારૂપ દ્રવ્યદ્વેષ પણ પ્રશસ્ત જ સિદ્ધ થાય છે. તેથી ભક્તિરૂપ પ્રશસ્તરાગ અને દ્રવ્યસ્તવગત દ્રવ્યહિંસારૂપ પ્રશસ્ત દ્રવ્યદ્વેષ - આ બન્નેનું મિશ્રણ ધર્મરૂપ છે. નહિ કે અધર્મરૂપ અથવા મિશ્રરૂપ. અમે કહેલો આ માર્ગ જ બધા મોક્ષાર્થીઓએ શ્રદ્ધા કરવા યોગ્ય છે.

## પાર્શ્વચંદ્રકલ્પિત છપુરુષવિભાગ

આનાથી છ પુરુષોના પ્રદર્શન દ્વારા 'શ્રમણોપાસકને દ્રવ્યસ્તવનો અધિકાર નથી.' એમ દર્શાવતા **પાર્શ્વચંદ્રના** મતનું નિરાકરણ થાય છે. **પાર્શ્વચંદ્રનો** મત આ પ્રમાણે છે. (૧) સર્વતઃ અવિરત (૨) અવિરત (૩) વિરતાવિરત (૪) સર્વતઃ વિરતાવિરત (૫) શ્રમણોપાસક=દેશવિરત અને (૬) સર્વવિરત...આમ છ પ્રકારના પુરુષો છે.

(૧) **સર્વતઃ અવિરત :-** જે કુદેવ, કુગુરુ અને કુધર્મપર જ શ્રદ્ધાવાળો છે અને જેના મનને સમ્યક્ત્વનો અંશ પણ સ્પર્શ્યો નથી. એ વ્યક્તિ સર્વતો અવિરત છે. તેને ઉદ્દેશીને જ *'ઇહ ખલુ પાઇણં વા ૪. સંતેગઇયા મણુઆ ભવંતિ તં. મહિચ્છા... મહારંભા'* (અહીં પૂર્વાદિ દિશામાં કેટલાક મનુષ્યો હોય છે તે આ પ્રમાણે મહાઇચ્છાવાળા, મહારંભી...ઇત્યાદિ) **સૂત્રકૃતાંગનું** સૂત્ર પ્રવૃત્ત થયું છે.

(૨) **અવિરત :-** સમ્યક્ત્વથી શોભતો હોવા છતાં જે પુરુષ મૂલ-ઉત્તર ભેદવાળી વિરતિ પાળવા સમર્થ નથી, તે અવિરત છે. આ વ્યક્તિ જિનપ્રતિમા અને મુનિઓની વૈયાવચ્ચ કરવા દ્વારા અને તે બન્નેની આશાતનાનો ત્યાગ કરવા દ્વારા તે બન્ને(પ્રતિમા અને મુનિ) પર પોતાનો રાગ પ્રગટ કરે છે.

कृत्येन संयमं पालयितुं न शक्यते तावानेवाविरतिभागः श्रुते भणित इति, यमुद्दिश्येदं सूत्रं - *'इह खलु पाईणं वा ४ संतेगइआ मणुआ भवंति अप्पिच्छा अप्पारंभा'* इत्यादि। चतुर्थभङ्गस्थविरत्यपेक्षया स्तोकया विरत्या तृतीयो भङ्ग इति विवेकः ४, श्रमणोपासको देशविरतश्च स उच्यते - यः श्रमणोपासनमहिम्ना प्रतिदिनं प्रवर्द्धमानसंवेगो जीवाजीवसूक्ष्मबादरादिभेदपरिज्ञानवान् तत एवास्थिमज्जाप्रेमानुरागरक्तचित्तो देशविरतिं गृहीत्वा पालयति, सम्यक्त्वसहितव्रतग्रहोत्तरमभङ्गरङ्गश्चोभयकालमावश्यकं कुरुते। अत एव च संयमं जानीते, उक्तं **चानुयोगद्वार-सूत्रे** → *'समणेण य सावयेण य अवस्सं कायव्वं हवइ जम्हा। अंतो अहोणिसिस्स य तम्हा आवस्सयं णाम'*॥ [सू० २९, गा० ३] **दशवैकालिके** च → *'जो जीवे वि वियाणाइ, अजीवे वि वियाणाइ। जीवाजीवे वियाणंतो, सो हु णाहीइ संजमं'*॥ [४/१३] एनमेवोद्दिश्य- *'से जहाणामए समणोवासगा भवंति', 'अभिगयजीवाजीवा'* इत्यादि सूत्रं प्रवर्त्तते, अयमेव शुद्धजिनभक्तिमानुचितं संयममाद्रियते, हिंसां परिहृत्य जिनविरहे जिनप्रतिमां पूजयति, संयमज्ञो ह्यसौ षट्कायहिंसां परिहरति, अत एवोक्तं **महानिशीथे** → *'अकसिणपवत्तगाणं, विरयाविरयाण एस*

---

(૩) **વિરતાવિરત :-** આ વ્યક્તિને સંપૂર્ણ સમ્યક્ત્વ હોતું નથી. છતાં પણ તે પોતાને યોગ્ય બધા જ વ્રત અને નિયમોનું પાલન કરે છે.

(૪) **સર્વતઃ વિરતાવિરત :-** આ વ્યક્તિના મનમાં *'તમેવ સચ્ચં નીસંકં જં જિણેહિં પવેઇયં' (તે જ સત્ય અને નિઃશંક છે, જે જિનેશ્વરોએ કહ્યું છે.)* આવો સમ્યક્ત્વ પરિણામ સ્થિર થયો હોય છે. છતાં પણ તે વ્યક્તિને પ્રમાદની ગુલામીના કારણે અને સાધુનો સંગ સારા પ્રમાણમાં ન થવાથી જિનેશ્વરોએ કહેલાં તત્ત્વનું જ્ઞાન હોતું નથી. આ વ્યક્તિ કુળની પરંપરાથી આવેલી વિરતિ પાળે છે. આ પુરુષ પૂર્ણ સંયમનું જ્ઞાન નહીં હોવાથી જ આરંભપૂર્વક જિનપૂજા કરે છે. અને આ ભક્તિરાગના ઉછાળાને કારણે જ ભક્તિરાગને આધીન થઇ (તે પુરુષ) જિનપૂજાવગેરે કરતી વખતે સંયમ કે અસંયમને ગણકારતો નથી. અહીં તે વ્યક્તિ જેટલા કૃત્યથી સંયમ પાળી શકતી નથી, તેટલા અંશને જ અવિરતિના ભાગ તરીકે શ્રુતમાં કહ્યો છે. આ પુરુષને ઉદ્દેશીને આ સૂત્ર પ્રવર્તે છે. *'ઇહ ખલુ પાઇણં વા ૪ સંતેગઇયા મણુઆ ભવંતિ તં૦ અપ્પિચ્છા અપ્પારંભા'* (અહીં પૂર્વ આદિ દિશામાં કેટલાક મનુષ્યો છે, તે આ પ્રમાણે - અલ્પ ઇચ્છાવાળા અલ્પઆરંભવાળા ઇત્યાદિ.) ત્રીજા વિકલ્પમાં ચોથા વિકલ્પની અપેક્ષાએ અલ્પ વિરતિ છે. તેથી જ તેને અલગ વિકલ્પ તરીકે બતાવ્યો છે. એમ વિવેક કરવો.

(૫) **શ્રમણોપાસક દેશવિરત :-** જે વ્યક્તિ સાધુઓની ઉપાસનાના પ્રભાવે દરરોજ ચડતા સંવેગવાળો છે. તથા જે પુરુષ જીવ-અજીવ, સૂક્ષ્મ, બાદરવગેરે ભેદોના જ્ઞાનવાળો છે. (સર્વજીવો પ્રત્યે) અસ્થિમજ્જા જેવા થઇ ગયેલા પ્રેમ અને અનુરાગથી રંગાયેલા ચિત્તવાળો છે. તેથી જે દેશવિરતિ ગ્રહણ કરી પાળવાવાળો છે, તે શ્રમણોપાસક દેશવિરત કહેવાય, આ શ્રાવક સમ્યક્ત્વ સહિત વ્રતો ગ્રહણ કર્યા પછી ધર્મના આ રંગમાં ભંગ પાડ્યા વિના હંમેશા ઉભયકાળ(=સવારે અને સાંજે) આવશ્યકક્રિયા કરે છે. તેથી જ તે શ્રાવક સંયમને બરાબર સમજે છે. **અનુયોગદ્વાર સૂત્રમાં** કહ્યું જ છે કે → *'જેથી સાધુ અને શ્રાવકે (આ ક્રિયા) અહોરાત્રની મધ્યમાં અવશ્ય કરવાયોગ્ય છે, તેથી તેનું નામ આવશ્યક છે.'* તથા **દશવૈકાલિકમાં** કહ્યું છે → *'જે જીવોને જાણે છે, અજીવને પણ જાણે છે. જીવાજીવને જાણતો તે જ સંયમને જાણે છે.'* આ જ શ્રાવકને ઉદ્દેશીને *'સે જહાણામએ સમણોવાસગા ભવંતિ અભિગયજીવાજીવા'* ઇત્યાદિ *(જે શ્રમણોપાસક હોય છે, તેઓ જીવાજીવાદિ પદાર્થના જ્ઞાતા હોય છે, ઇત્યાદિ)* સૂત્ર પ્રવૃત્ત થયું છે. વળી, શુદ્ધ જિનભક્તિ ધરાવતો આ શ્રાવક જ યોગ્ય સંયમનો આદર કરે છે અને ભાવજિનના વિરહમાં હિંસાનો ત્યાગ કરી જિનપ્રતિમાની પૂજા કરે છે. અર્થાત્ હિંસા ન થાય એ પ્રમાણે પૂજા કરે છે. આ શ્રાવક સંયમના સ્વરૂપને સમજે છે અને

*खलु जुत्तो। जे कसिणसंयमविऊ पुप्फाइअं ण इच्छंति'*॥ [३/३८] इत्यत्र साधुश्रावकयोर्द्वयोरविशेषेण कृत्स्नसंयमज्ञत्वं पुष्पादिपरिहारेण पूजाधिकारितावच्छेदकमुक्तं, तत्रैकतरपक्षपातो न श्रेयान्, किं चात्र कारणमिति विचारणीयं, यदिन्द्राभिषेककरणे सुपर्वाणोऽहमहमिकयौदारिकजलपुष्पसिद्धार्थादीनि गृह्णन्ति, जिनपूजां तु न तेनोपचारेण कुर्वन्तीति सुरपुष्पेषु त्रसासम्भवोऽम्लानत्वं च हेतुश्चेत्, हिंसापरिहार एवायं धर्माभ्युदयाय प्रगल्भते, समवसरणे च वैक्रियाण्येव पुष्पाणि देवा: प्रभोरग्रे देशनोर्व्यां विकिरन्ति, मण्यादिरचनाप्यचित्तैव, उक्तं **च राजप्रश्नीयोपाङ्गे** → *'पुप्फवद्दलयं विउव्वंति'* [सू. २३] इत्यादि। नवकमलरचनाप्यचित्तैव ज्ञेया, तथा प्रतिमानां वन्दना-

---

છજીવનિકાયની હિંસાથી દૂર રહે છે. **મહાનિશીથ ગ્રંથમાં** કહ્યું છે કે → *'અકૃત્સ્નપ્રવર્તક વિરતાવિરતને જ આ(=દ્રવ્યસ્તવ) યુક્ત છે. જેઓ કૃત્સ્નસંયમવિદ્વાન્ છે. તેઓ પુષ્પ વગેરેને ઇચ્છતા નથી.'* (**આવશ્યક નિર્યુક્તિમાં** પણ કહ્યું છે કે 'જેઓ કૃત્સ્નસંયમવિદ્વાન્ છે. તેઓ પુષ્પ વગેરેને ઇચ્છતા નથી.') આ બધા સ્થળે સાધુ અને શ્રાવક – આ બન્નેમાં સમાનરૂપે રહેલા કૃત્સ્નસંયમજ્ઞપણાને પુષ્પવગેરેના ત્યાગપૂર્વકની પૂજાની અધિકારિતાના અવચ્છેદક તરીકે બતાવ્યું છે. અર્થાત્ સાધુ અને શ્રાવક – બન્ને કૃત્સ્નસંયમજ્ઞ હોવાથી પુષ્પવગેરેની હિંસાપૂર્વક પૂજા કરવાના અધિકારી નથી. હિંસા છોડીને જ પૂજા કરવાના અધિકારી છે.

**શંકા :-** અલબત્ત, શ્રાવક અને સાધુ બન્ને કૃત્સ્નસંયમ વિદ્વાન છે. છતાં પણ શ્રાવક સંસારમાં રહ્યો હોવાથી તેને પુષ્પ વગેરેથી પૂજા કરવાનો અધિકાર છે અને માત્ર સંસાર ત્યાગી સાધુઓ જ પુષ્પ વગેરેથી રહિતની પૂજાના અધિકારી છે.

**સમાધાન :-** સૂત્રમાં સંસારી અને સંસારત્યાગી એવા બે ભેદ પાડ્યા નથી. પરંતુ અકૃત્સ્નસંયમજ્ઞ અને કૃત્સ્નસંયમજ્ઞ એમ જ બે ભેદ પાડ્યા છે. તેથી કૃત્સ્નસંયમજ્ઞ શ્રાવક પણ પુષ્પ વગેરે વિના જ પૂજા કરવાનો અધિકારી છે. તેથી શ્રાવકને છોડી માત્ર સાધુને જ પુષ્પાદિ રહિતની પૂજાના અધિકારી તરીકે સ્થાપવામાં એકતરફી પક્ષપાત બતાવવાનું થાય છે. પણ આ પક્ષપાત કલ્યાણકારી નથી. વળી અહીં કારણ વિચારો. જુઓ ! જ્યારે ઇંદ્રનો અભિષેક કરવાનો હોય છે, ત્યારે બધા દેવો અહમહમિકાથી(હું કરું. હું કરું...એવી હરિફાઇથી) ઔદારિક પાણી(=સચિત્ત પાણી), ઔદારિક પુષ્પ(=સચિત્ત પુષ્પ), તથા ઔદારિક સિદ્ધાર્થ(=સચિત્ત ધોળા સરસવ)વગેરે ગ્રહણ કરે છે. જ્યારે તે જ દેવો જિનપૂજા આ ઉપચારથી(=ઔદારિકપુષ્પ વગેરેના ગ્રહણથી) કરતા નથી. અર્થાત્ દેવો ઇંદ્રના અભિષેક વખતે અહીંના માગધ વગેરે તીર્થોના પાણી અને અહીંના પુષ્પોનો ઉપયોગ કરે છે. જ્યારે જિનપૂજા માટે ત્યાંના પાણી અને ત્યાંના પુષ્પોનો જ ઉપયોગ કરે છે. આમ કરવામાં 'તેઓ ભગવાન કરતા ઇંદ્રને વધુ પૂજ્ય માને છે' એવો આશય તો સંભવતો જ નથી. બલ્કે તેઓ ભગવાનને જ વધુ પૂજ્ય માને છે. તેથી ભગવાનની પૂજામાં સુરપુષ્પ(=દેવલોકના પુષ્પ) લેવામાં જો આ જ આશય હોય, કે (૧) આ સુરપુષ્પો ત્રસ જીવોથી રહિત હોય છે. ભમરા વગેરે વિકલેન્દ્રિયો માત્ર તિર્ચ્છાલોકમાં જ છે. તેથી સૌધર્મ વગેરે દેવલોકમાં થતા પુષ્પને આશ્રયી વિકલેન્દ્રિય જીવો રહેતા હોય તેમ સંભવતું નથી. તથા (૨) આ સુરપુષ્પો ક્ષેત્રપ્રભાવથી કે તથાસ્વભાવથી મ્લાન થતા નથી. તો કહેવું પડે, કે આ હિંસાત્યાગ જ ધર્મનો અભ્યુદય કરનારો થાય છે.

**શંકા :-** જો આમ જ હોય, તો દેવો દેશનાભૂમિમાં પ્રભુની આગળ પુષ્પવૃષ્ટિ કરે છે. તે અંગે શું કહેશો ? સ્વાભાવિક છે કે આ પુષ્પવૃષ્ટિમાં અસંખ્ય પુષ્પાદિ જીવોની હિંસાનો સંભવ છે.

**સમાધાન :-** દેવો દેશનાભૂમિમાં ઔદારિક સચિત્ત પુષ્પોની વૃષ્ટિ કરતા નથી. પરંતુ અચિત્ત વૈક્રિયપુષ્પોની વૃષ્ટિ કરે છે. તે જ પ્રમાણે, સમવસરણ વગેરેમાં કરાતી મણિ-રત્ન વગેરેની રચના પણ અચિત્ત મણિ વગેરેથી જ કરે

द्यधिकारे पञ्चविधाभिगमविधौ सचित्तद्रव्योज्झनमुक्तमस्ति, जिनभवनप्रवेशेऽपि **चैत्यवन्दनभाष्यादावयं** विधिरुक्तोऽस्तीति ततो निरवद्यपूजैव देशविरतस्य सम्भवतीति श्रद्धेयम् ५। सर्वविरतश्च स उच्यते - यो गृहीतपञ्च-महाव्रतः समितिगुप्तिसम्पन्नो घोरपरीषहोपसर्गसहनदृढशक्तिमान् सन्न्यस्तसर्वारम्भपरिग्रहः सदा निरवद्योपदेशदाता वाङ्मात्रेणापि सावद्यतन्मिश्रताननुमोदकः परमगम्भीरचेताः सम्प्राप्तभवपार इति, एतच्च हताशस्य **पाशमतं** सम्मूर्छितोत्प्रेक्षितप्रायं(यः मता.) ६ ॥

---

છે. **રાજપ્રશ્નીય ઉપાંગમાં** કહ્યું જ છે કે → *'પુપ્ફવદ્દલયં વિઉવ્વંતિ'* ઇત્યાદિ *(પુષ્પ પ્રકરને વિકુર્વે છે.)* તે જ પ્રમાણે નવ કમળની રચના પણ અચિત્ત સુવર્ણથી જ બનેલી હોય છે. વળી જ્યાં પ્રતિમાના વંદન વગેરેનો અધિકાર છે, ત્યાં તથા પાંચ પ્રકારના અભિગમવિધિમાં **ચૈત્યવંદન ભાષ્ય** વગેરે ગ્રંથોમાં જિનાલયમાં સચિત્ત દ્રવ્યનો ત્યાગ કરવાનું કહ્યું છે. તેનાથી સિદ્ધ થાય છે કે, સચિત્ત વસ્તુથી પરમાત્માની પૂજા કરવી ઉચિત નથી. તેથી દેશવિરત શ્રાવકને નિરવદ્ય=હિંસાના દોષ વિનાની પૂજા જ કરવી સંભવે છે. એવી શ્રદ્ધા રાખવી જોઇએ.

(૬) **સર્વવિરત :-** જેણે (૧) પાંચ મહાવ્રતો સ્વીકાર્યા હોય, તથા (૨) જે પાંચ સમિતિ - ત્રણ ગુપ્તિથી યુક્ત હોય, તથા (૩) જે ઘોરપરિષહ-ઉપસર્ગ સહન કરવાની દઢ શક્તિવાળો હોય, તથા જેણે (૪) સર્વ પ્રકારના આરંભ-પરિગ્રહનો ત્યાગ કર્યો હોય, તથા જે (૫) હંમેશા નિરવદ્ય ઉપદેશ જ આપતો હોય, તથા (૬) જે વચનમાત્રથી પણ સાવદ્યનો કે સાવદ્યથી મિશ્રનો અનુમોદક ન હોય, તથા જે (૭) પરમ ગંભીરચિત્તવાળો હોય અને જેણે (૮) ભવનો પાર પ્રાપ્ત કર્યો હોય=જે અલ્પકાળમાં મોક્ષ પામવાનો હોય, તે વ્યક્તિ સર્વવિરત કહેવાય છે. હતાશ **પાશનો(=પાર્શ્વચંદ્રનો)** આ મત સંમૂર્છિત ઉત્પ્રેક્ષિતપ્રાયઃ છે, અર્થાત્ બુદ્ધિ અને તર્કથી સંગત નથી.

## ષટ્પુરુષવિભાગની અસંગતતા

**મહોપાધ્યાયજી** હવે **પાર્શ્વચંદ્રની** આ કલ્પનાને પાયા વિનાની સાબિત કરે છે. **પાર્શ્વચંદ્રે** કલ્પેલા પુરુષોના છ ભેદમાં (૧) સર્વતો અવિરત અને (૨) અવિરત આ બે વિકલ્પો અત્યંત ભિન્ન નથી, કારણ કે 'બાળ' તરીકેના વ્યપદેશમાં કારણભૂત 'અવિરતિ' બન્નેમાં સમાનરૂપે છે. (સિદ્ધાંતમાં અવિરતનો બાળ તરીકે, દેશવિરતનો બાળપંડિત=મિશ્ર તરીકે અને સર્વવિરતનો પંડિત તરીકે નિર્દેશ કર્યો છે.) તેથી બન્ને વિકલ્પો એક જ બની જાય છે.

**પૂર્વપક્ષ :-** અહીં પાપસ્થાનત્વવિભાજકઉપાધિવ્યાપ્યવિષયતાવાળી અવિરતિને કારણે સર્વથા અવિરતનો ભેદ પાડ્યો છે. ('પાપસ્થાનત્વ વિભાજક ઉપાધિવ્યાપ્ય વિષયતાક અવિરતિ' આ વાક્યનો સરળ અર્થ - પ્રાણાતિપાત વગેરે અઢારે પાપસ્થાનો પાપસ્થાનપણાથી(=પાપસ્થાનત્વથી) સમાન છે. છતાં પણ તેઓ 'પ્રાણાતિપાતપણું' 'મૃષાવાદપણું' 'અદત્તાદાનપણું' વગેરે ધર્મ(સ્વરૂપ)ના કારણે પરસ્પર ભિન્ન છે. તેથી જ પાપસ્થાનપણાથી સમાન હોવા છતાં, તેઓના અઢાર ભેદ પડે છે; આ પ્રાણાતિપાતપણું, મૃષાવાદપણું વગેરે ધર્મો પાપસ્થાનત્વવિભાજક ઉપાધિ(=પાપસ્થાનના અઢાર વિભાગ કરતી ઉપાધિ) તરીકે ઓળખાય છે. અઢારે પાપસ્થાનોમાં આ ઉપાધિ સમાનરૂપે રહી છે. અહીં આ ઉપાધિનો વ્યાપ્ય(=ઉપાધિને છોડી ન રહેતો અથવા ઉપાધિથી નિયંત્રિત કરાયેલો) ધર્મ છે ' વિષયતા.' અર્થાત્ આ ઉપાધિવાળા અઢારે પાપસ્થાનોમાં વિષયતા(=સંબંધિપણું) રહી છે. અર્થાત્ આ અઢારે પાપસ્થાનો વિષયરૂપ સંબંધી છે. કોના ? અવિરતિના. અર્થાત્ અવિરતિ આ અઢારે પાપસ્થાનસંબંધી છે. ટૂંકમાં પાપસ્થાનત્વ. ઇત્યાદિવાક્યનો અઢાર પાપસ્થાનમાંથી એક પણ પાપસ્થાનની વિરતિનો અભાવ એવો ફલિતાર્થ થયો. આ અવિરતિ(=વિરતિના અભાવ)ના કારણે જ સર્વતો અવિરતનો ભેદ પડ્યો છે.) **તાત્પર્ય :-** જેઓ એક પણ પાપસ્થાનકમાંથી નિવૃત્ત=વિરત થયા નથી, તેઓને જ અહીં સર્વતો અવિરત સમજવાના છે. અવિરત (બીજો વિકલ્પ) વ્યક્તિઓ પ્રાણાતિપાત વગેરે સત્તર પાપસ્થાનમાંથી નિવૃત્ત થયા ન હોવા છતાં અઢારમાં 'મિથ્યાત્વશલ્ય' પાપમાંથી નિવૃત્ત છે. તેથી તેઓનો સર્વતો અવિરત વિકલ્પમાં સમાવેશ થતો નથી.

सर्वतोऽविरताविरतयोरत्यन्तभेदाभावाद् बालत्वव्यपदेशनिबन्धनाविरतेरुभयत्राऽविशेषात् पापस्थानत्व-विभाजकोपाधिव्याप्यविषयताकाविरतेः सर्वथाऽविरतत्वे द्रव्यतो हिंसादिनिवृतमिथ्यादृष्टिष्वव्याप्तेः सम्यक्त्वा-भावस्यैव सर्वतोऽविरतित्वपरिभाषणे च सम्यग्दृष्टिव्यावृत्तावप्येकभेदानुगुण्याभावात्फलासिद्धेः। किञ्च एवमविरत-सम्यग्दृष्टेरपि मिथ्यादर्शनविरत्यन्याविरतिभ्यां मिश्रपक्षपातः। **इष्टापत्तिरत्र** → *'एगच्चाओ मिच्छादंसणसल्लाओ पडिविरया एगच्चाओ अप्पडिविरया'* [सूत्रकृताङ्ग २/२/३९] इति पाठस्वरसादिति चेत्? **न**। तस्याकारानाकारादि-विषयत्वेन मूलगुणविरत्यभावापेक्षयैवाविरतेर्व्यवस्थापितत्वात्, सम्यक्त्वाभावेन विरतिरविरतिरेवेति तु वृत्तिकृतैव

---

**ઉત્તરપક્ષ :-** અલબત્ત, આ પ્રમાણે 'સર્વતો અવિરત' અને 'અવિરત' વચ્ચે ભેદરેખા દોરી શકાય. પરંતુ સર્વતો અવિરતનું તમે કહેલું લક્ષણ અવ્યાપ્તિદોષથી કલંકિત છે, કારણ કે જેઓ મિથ્યાત્વશલ્યરૂપ પાપસ્થાનથી નિવૃત્ત થયા નથી(=મિથ્યાત્વી છે.) પરંતુ હિંસાદિ સત્તરપાપસ્થાનોમાંથી કે તેમાંથી કોક પાપસ્થાનકમાંથી નિવૃત્ત થયા છે (અલબત્ત સમ્યક્ત્વ ન હોવાથી તેઓ હિંસાદિમાંથી ભાવથી નિવૃત્ત થયા ન કહેવાય, તો પણ દ્રવ્યથી તો નિવૃત્ત છે જ.) તેઓનો સમાવેશ કેમાં કરશો? કારણ કે તમારા મતે જેઓ એક પણ પાપસ્થાનમાંથી નિવૃત્ત થયા નથી, તેઓ જ સર્વતો અવિરત છે. પણ આ લોકો તો સત્તર પાપસ્થાનમાંથી નિવૃત્ત છે. તેથી તેઓ સર્વતો અવિરતમાં સમાવેશ પામી શકે તેમ નથી. અવિરત વગેરે વિકલ્પોમાં પણ તેઓને સ્થાન નથી. કારણ કે તે બધા વિકલ્પોમાં પ્રવેશ મેળવવા સમ્યક્ત્વ હોવું જરુરી છે, જ્યારે આ લોકો બિચારા પાસે સમ્યક્ત્વ નથી. આમ તેઓની હાલત ત્રિશંકુ જેવી થશે.

**પૂર્વપક્ષ :-** જેઓએ ભાવથી એક પણ પાપસ્થાન છોડ્યા નથી, તેઓનો અમે સર્વતો અવિરતમાં સમાવેશ કરીશું. દ્રવ્યતઃ પાપનો ત્યાગ કરનારા પણ ભાવથી ત્યાગ વિના વાસ્તવમાં પાપ સેવનારા જ છે. તેથી દ્રવ્યથી સત્તર પાપસ્થાનકોથી વિરત થનારા પણ સર્વતો અવિરતમાં જ સ્થાન પામશે, કારણ કે જેઓ સમ્યક્ત્વી નથી, તેઓ ભાવથી પાપસ્થાનથી વિરતિ પામી શકતા નથી.

**ઉત્તરપક્ષ :-** આમ તમે સમ્યક્ત્વના અભાવના કારણે જ સર્વતો અવિરતત્વની પરિભાષા કરી છે એમ ફલિત થાય છે. આ પરિભાષાને કારણે સર્વતો અવિરત ભેદમાંથી સમ્યગ્દષ્ટિની વ્યાવૃત્તિ=બાદબાકી થઇ જાય છે. અથવા આ સર્વતો અવિરતની સમ્યગ્દષ્ટિથી વ્યાવૃત્તિ થાય છે, છતાં પણ એક ભેદની અનુગુણતાનો અભાવ હોવાથી કોઇ ફળ સિદ્ધ થતું નથી. (મિથ્યાત્વયુક્ત જીવ 'સર્વતોઅવિરત' તરીકે પ્રસિદ્ધ નથી. સિદ્ધાંતમાં મિથ્યાત્વી અને મિથ્યાત્વ વિનાના પણ બીજી વિરતિ વિનાના - આ બંનેને સમાનતયા 'અવિરત' કહ્યા છે. તેથી મિથ્યાત્વને આગળ કરીને 'સર્વતો અવિરત' ભેદ પાડવો અનર્થક છે. 'સર્વતો અવિરત'થી તાત્પર્ય મળે કે બધી વિરતિનો અભાવ. પણ ઇષ્ટ છે બીજી વિરતિ હોય કે ન હોય, સમ્યક્ત્વનું ન હોવું. આમ 'સર્વતો અવિરત' ભેદવિવક્ષા ફલદાયક નથી.) તથા અવિરતવગેરેના બાળઆદિ ભેદોમાં મૂળ-ઉત્તરગુણવિરતિનો ભાવાભાવ પ્રયોજક છે - સમ્યક્ત્વ નહિ. (સમ્યક્ત્વ + મૂળગુણઆદિ વિરતિને ભેદમાં પ્રયોજક માનવામાં પણ (૧) મિથ્યાત્વી (૨) અવિરત સમ્યક્ત્વી (૩) દેશવિરત અને (૪) સર્વવિરત આ ચાર ભેદ જ સાર્થક થાય.) વળી આમ મિથ્યાત્વશલ્યમાંથી વિરતિ(=સમ્યક્ત્વ) પણ વિરતિ તરીકે ઇષ્ટ હોય, તો અવિરત સમ્યગ્દષ્ટિને (પ્રાણાતિપાતઆદિ અન્ય સત્તર સ્થાનોથી અવિરત સમ્યક્ત્વીને) પણ વિરતાવિરત=મિશ્રપક્ષમાં સમાવવો પડશે.

**પૂર્વપક્ષ :-** આ વિવક્ષાથી અવિરતસમ્યગ્દષ્ટિનો મિશ્રપક્ષ માનવો એ અમને ઇષ્ટાપત્તિ રૂપ જ છે. કારણ કે સૂત્રમાં કહ્યું જ છે → *'एगच्चाओ मिच्छादंसणसल्लाओ पडिविरया एगच्चाओ अप्पडिविरया' (એક મિથ્યાત્વશલ્યથી પ્રતિવિરત, બીજાથી અપ્રતિવિરત.)*

**ઉત્તરપક્ષ :-** આ વાત બરાબર નથી. આ સૂત્ર અવિરત સમ્યક્ત્વી 'શામાંથી વિરત છે ને શામાંથી નથી' એ

परिभाषितमिति का तवाहोपुरुषिका ? एतेन तृतीयभङ्गोऽपि विलूनशीर्णः, सम्पूर्णश्रद्धाभावेऽविरतेरेवैकस्याः साम्राज्यात्, यत्किञ्चिदर्थश्रद्धानेऽपि 'एकस्मिन्नप्यर्थे सन्दिग्धेऽर्हति तु निश्चयो नष्ट' इति न्यायात् सम्पूर्णश्रद्धा-नाभावान्मिथ्यात्वस्यैवावस्थितेः। चतुर्थे च भङ्गे *'तमेव सच्चं०'* इत्यादि **सङ्क्षेपरुचिसम्यक्त्वसद्भावाद्देशतो विरत्या** देशविरतिः सम्पन्नेति केयं वाचोयुक्तिर्यदुत 'सर्वतो विरताविरतिर्न तु देशविरति'रिति। विशेषपरिज्ञानाभावेऽपि तादृशसम्यक्त्वेन **माषतुषादीनां** सर्वविरतिरप्यखण्डा प्रसिद्धेति किमपराद्धं देशविरत्या येन सा तद्वतां न भवेत् ?

---

અંગે પ્રકાશ પાથરે છે. આમ એની પ્રતિવિરતિના આકાર(=સ્વરૂપ) અને અનાકાર(=અસ્વરૂપ)ને વિષય બનાવે છે. એટલે કે એ મિથ્યાદર્શનશલ્યથી વિરત છે, બીજા પાપસ્થાનકોથી વિરત નથી એ વાતને જ વિષય બનાવે છે. જ્યારે સિદ્ધાંતમાં પ્રાણાતિપાતવિરતિ આદિ મૂળ ગુણ વિરતિનો અભાવ જ અવિરતિતરીકે નિર્ણીત કરાયો છે, તેથી સમ્યક્ત્વી પણ જો મૂળગુણવિરતિ રહિતનો હોય, તો અવિરત તરીકે જ ઇષ્ટ છે. વિરતાવિરત તરીકે નહિ.

**પૂર્વપક્ષ :–** પણ અમે તો સર્વતો અવિરત ભેદ કલ્પીને મૂળગુણ વિરતિવાળાને પણ સમ્યક્ત્વના અભાવમાં સર્વતો અવિરત કહીને અવિરતમાં પણ વિશેષ સૂચન કર્યું છે.

**ઉત્તરપક્ષ :–** આ અભિમાન કરવાની જરૂર નથી, કારણ કે સમ્યક્ત્વના અભાવમાં દ્રવ્યથી વિરતિ પણ અવિરતિ જ છે, એમ ટીકાકારે પોતે જ સ્પષ્ટ કહ્યું છે.

**તાત્પર્ય :–** સમ્યક્ત્વ પોતે વિરતિરૂપ નથી – સમ્યક્ત્વના અભાવવાળાં બધા નિશ્ચયથી અવિરત જ છે. સમ્યક્ત્વી પણ મૂળગુણ વિરતિના અભાવમાં અવિરત જ છે, એ સિદ્ધાંતમાન્ય વાત છે. તેથી તમે કલ્પેલા પ્રથમ બે વિકલ્પો પણ મૂળગુણ અવિરતિના કારણે એક જ થઇ જાય છે. તેથી જ તમારો ત્રીજો વિરતાવિરત વિકલ્પ પણ ભાંગીને ભૂક્કો થઇ જાય છે. બોલો, 'પૂર્ણ સમ્યક્ત્વનો અભાવ' આ વાક્યથી તમે શું કહેવા માંગો છો ?

**પૂર્વપક્ષ :–** 'ભગવાનના અમુક વચનોપર શ્રદ્ધા હોવા છતાં તમામ વચનોપરની શ્રદ્ધાનો અભાવ' એમ કહેવાનો અમારો આશય છે.

**ઉત્તરપક્ષ :–** તેથી પૂર્ણ સમ્યક્ત્વનો અભાવ=ભગવાન અને ભગવાનના વચન પર સંપૂર્ણ શ્રદ્ધાનો અભાવ એમ સિદ્ધ થયું. અને જો ભગવાન પર અલ્પ પણ શ્રદ્ધાનો અભાવ હોય, તો સમ્યક્ત્વ જ રહેતું નથી, તેથી અવિરતિ જ આવીને ઊભી રહે, કારણ કે થોડા અર્થ અંગેની અશ્રદ્ધામાં પણ 'એક પણ અર્થમાં સંદેહ ઊભો થાય, તો અરિહંતપરનો નિશ્ચય(=શ્રદ્ધા) નાશ પામે છે.' (અર્થાત્ સમ્યક્ત્વ નાશ પામે છે.) આ ન્યાયથી મિથ્યાત્વ જ આવીને ઊભું રહે છે, અને મિથ્યાત્વની હાજરીમાં 'અવિરત' પક્ષ જ ખડો થઇ જાય છે. આમ ત્રીજો વિકલ્પ બળી જાય છે.

## વિશેષજ્ઞાન વિના પણ વિરતિ અખંડિત

તથા ચોથા વિકલ્પમાં પણ જેનામાં *'તમેવ સચ્ચં'* ઇત્યાદિરૂપ સંક્ષેપરુચિ સમ્યક્ત્વ છે અને તે સમ્યક્ત્વને અનુરુપ દેશથી વિરતિ છે, તે વ્યક્તિમાં વાસ્તવમાં દેશવિરતિ જ છે, અર્થાત્ તમારો ચોથો વિકલ્પ દેશવિરતિધરરૂપ પાંચમા વિકલ્પમાં સમાવેશ પામે છે. તેથી 'સંક્ષેપરુચિ સમ્યક્ત્વી સર્વતો વિરતાવિરત છે, પણ દેશવિરતિધર નથી.' એવી તમારી વચનયુક્તિ કસ વિનાની છે.

**પૂર્વપક્ષ :–** જીવ-અજીવ વગેરે અંગેના વિશેષજ્ઞાન વિનાની વ્યક્તિમાં દેશવિરતિ કેવી રીતે સંભવી શકે ?

**ઉત્તરપક્ષ :–** અરે ! આ વિશેષજ્ઞાન વિના પણ તેવા સમ્યક્ત્વને કારણે **માષતુષ** વગેરે મુનિઓની સર્વવિરતિ પણ અખંડિત રહી શકતી હોય, તો દેશવિરતિએ શો ગુનો કર્યો છે, કે તે અખંડિત ન રહી શકે ? તેથી સંક્ષેપરુચિ સમ્યક્ત્વવાળાને દેશવિરતિ હોવામાં કશો વાંધો દેખાતો નથી. તેથી 'એ સમ્યક્ત્વવાળાને સર્વતો વિરતાવિરતિ છે

एवं वदंश्च सिद्धान्तलेशमपि नाघ्रातवान् हताशः। तथा चोक्तं **भगवत्यां** → *'से नूणं भंते ! तमेव सच्चं णीसंकं जं जिणेहिं पवेइअं ? हंता गो० ! तमेव सच्चं णीसंकं जं जिणेहिं पवेइयं।* [१/३/३०] *से नूणं भंते ! एवं मणे धारेमाणे एवं पकरेमाणे, एवं चिट्ठमाणे, एवं संवरेमाणे आणाए आराहए भवति ? हंता गो० ! तं चेव'* [१/३/३१] त्ति। जीवादिविशेषपरिज्ञानाभावेन च मूलतः सम्यक्त्वाभावोक्तौ षट्कायपरिज्ञानवतोऽपि स्याद्वादसाधनानभिज्ञस्य न सम्यक्त्वमित्युपरितनदृष्टौ तव सर्वमिन्द्रजालायते, तदुक्तं **सम्मतौ** → *'छप्पिहजीवनिकाए, सद्दहमाणो न सद्दहइ भावा। हंदी अपज्जवेसु वि सद्दहणा होइ अविभत्ता'* ॥[३/२८] **प्रकरणो**क्तिरियमिति चेत् ? **किमुत्तराध्ययनेष्व**पि नाधीता ? न स्मृता वा ? तदुक्तं → *'दव्वाण सव्वभावा, सव्वपमाणेहिं जस्स उवलद्धा। सव्वाहिं णयविहीहिं, वित्थाररुइत्ति णायव्वो' त्ति* ॥[२८/२४] विशेषाभावेऽपि सामान्याक्षतिश्चावयोस्तुल्या। एवं *'ण*[①] *इमं सक्कमागार-*

અને દેશવિરતિ નથી.' એમ કહેવામાં ખરેખર તો સિદ્ધાંતના લેશનું પણ પોતાને જ્ઞાન નથી, એમ જ પ્રગટ કરાય છે. **ભગવતી સૂત્રમાં** કહ્યું જ છે કે → *'હે ભદંત ! શું તે જ સત્ય અને નિશંક છે, કે જે જિનેશ્વરોથી કહેવાયું છે ? હે ગૌતમ! હા, તે જ સત્ય અને નિશંક છે, જે જિનેશ્વરોથી કહેવાયું છે. હે ભંતે ! આ પ્રમાણે મનમાં ધારણ કરનારો તથા તે પ્રમાણે જ તપવગેરેમાં ચેષ્ટા કરનારો અને પર મતોથી તથા પ્રાણાતિપાતમાંથી સંવૃત્ત થનારો શું આજ્ઞાનો આરાધક થાય છે ? હે ગૌતમ ! હા તે પ્રમાણે જ છે.'* **તાત્પર્ય :-** સંક્ષેપરુચિ સમ્યક્ત્વીની ધર્મક્રિયા આજ્ઞાની આરાધનારૂપ જ છે. તેથી તેઓ ભક્તિરાગથી પુષ્પાદિદ્વારા જે દ્રવ્યસ્તવ કરે, તે પણ આજ્ઞાની આરાધનારૂપ જ છે. તેથી પુષ્પાદિથી પૂજા કરતો હોવામાત્રથી તેનો દેશવિરતિમાંથી એકડો કાઢી નાંખવો યોગ્ય નથી. (**પૂર્વપક્ષ :-** જેને જીવાદિપદાર્થોનું જ્ઞાન જ નથી, એને એઅંગે શ્રદ્ધા હોવી કેવી રીતે સંભવે ? તેથી માનવું જ પડશે, કે એમની શ્રદ્ધા કાં તો છે જ નહીં, કાં તો અધુરી છે-અપૂર્ણ છે. તેથી વિરતિ પણ કાં તો હોય નહીં, કાં તો અપૂર્ણ હોય. માટે અપૂર્ણ શ્રદ્ધા-વિરતિવાળાનો આ ચોથો વિકલ્પ યોગ્ય જ છે. **ઉત્તરપક્ષ :-** જૈનશાસનમાં અધુરી કે અપૂર્ણ કે ટકાવાળી શ્રદ્ધા માન્ય જ નથી. કાં તો શ્રદ્ધા પૂરી હોય, કાં તો શ્રદ્ધાનો અભાવ હોય.) તેથી જો છકાયજીવના જ્ઞાનના અભાવમાં મૂળથી જ શ્રદ્ધાનો અભાવ માનશો તો ઉચ્ચકક્ષાની દૃષ્ટિની અપેક્ષાએ ષટ્કાયના જ્ઞાનવાળો પણ જો સ્યાદ્વાદસાધન વિનાનો હોય (અર્થાત્ સ્યાદ્વાદસિદ્ધાંતનો જ્ઞાતા ન હોય-સ્યાદ્વાદથી સિદ્ધિ કરવામાં અસમર્થ હોય,) તો સમ્યક્ત્વી નથી, તેમ કહેવું પડે, અને તો તમારા શરુઆતના ચારે ય વિકલ્પો સમ્યક્ત્વના અભાવવાળા થવાથી એક જ થઇ જશે. શાસ્ત્રમાં પણ જ્ઞાનની અપેક્ષાએ દ્રવ્ય-ભાવ સમ્યક્ત્વની વિવક્ષા કરી છે. જુઓ **સમ્મતિતર્ક ગ્રંથમાં** કહ્યું છે કે → *'(તે જીવ) આ જ છજીવકાય છે, એમ નિશ્ચિત શ્રદ્ધા કરે છે, છતાં ભાવ=પરમાર્થથી શ્રદ્ધા કરતો નથી (કે જે સ્વદર્શન-પરદર્શનના સ્વરૂપને જાણતો નથી.) એવાની એ શ્રદ્ધા અપર્યાયોમાં અવિભક્ત શ્રદ્ધા છે. (તે દ્રવ્યથી સમ્યક્ત્વી છે.)'* આમ ઉપર-ઉપરના જ્ઞાનયુક્તની અપેક્ષાએ નીચે-નીચેના જ્ઞાનવાળા ભાવસમ્યક્ત્વના અભાવવાળા થવાથી તમારા બધા વિકલ્પો ઇંદ્રજાળરૂપ જ બની જવાના... કારણ કે સર્વવિરત પણ વિશિષ્ટ જ્ઞાની સર્વવિરતની અપેક્ષાએ અલ્પજ્ઞાની હોવાથી દ્રવ્ય સમ્યક્ત્વી છે.

**પૂર્વપક્ષ :-** આ વચન પ્રકરણ ગ્રંથનું છે. આગમનું નથી.

**ઉત્તરપક્ષ :- ઉત્તરાધ્યયનમાં** પણ આમ કહ્યું છે, યાદ કરો. જુઓ → *'જેને દ્રવ્યોના સર્વ ભાવોનું સર્વ પ્રમાણથી અને સર્વનયથી જ્ઞાન થયું છે, તે વિસ્તારરુચિવાળો છે. તેમ સમજવું.'* જો જ્ઞાનના ઓછા-વત્તાપણાથી શ્રદ્ધા ઓછીવત્તી માનશો કે વિરતિ-અવિરતિનાં ભાવ-અભાવનો નિર્ણય કરશો, તો વિસ્તારરુચિ વગેરેની અપેક્ષાએ 'સંક્ષેપરુચિ' વગેરેને સમ્યક્ત્વના અભાવવાળા માનવા પડશે. વળી, આ આપેક્ષિક સમ્યક્ત્વ તો ઉત્કૃષ્ટ જ્ઞાનીને

① न इमं सक्कं सिढिलेहिं अदिज्जमाणेहिं गुणासाएहिं वंकसमायारेहिं पमत्तेहिं गारमावसंतेहिं। इति आचाराङ्गे ॥

*मावसंतेहिं'*[आचाराङ्ग १/५/३/१५५] इत्यादिनापि न व्यामोहः कार्यः, सूत्रस्य नयगम्भीरत्वान्नयगतेश्च विचित्रत्वात्। **इदं** तु तव दुस्तरवारिब्रूडनभयं स्यात्, यदुत भक्तिरागेण देवपूजाप्रवृत्तावारम्भात् संयमक्षत्या कथं देशविरतिरिति ? तेन भक्तिरागेण संयमासंयमापरिगणनाद्विरताविरतिरेव न देशविरतिरिति। **तत्तु** महामोहाभिनिवेशेनागणितपरलोकभयस्य तवैव दुस्तरवारिकृत्यम्, असदारम्भपरित्यागेन सदारम्भप्रवृत्तौ शुभयोगतः संयमक्षतिभयाभावाद् भक्तिरागस्य प्रशस्तत्वे दोषाभावात्। तस्यैव च दोषत्वे विदुषोऽपि बलात् प्रवृत्तिप्रसङ्गाच्च।

न हि विद्वानपि रागौत्कट्यादसमञ्जसे न प्रवर्त्तते। श्रमणोपासकानां देशविरतानां पृथग्गुणवर्णनाद् विरताविरतेभ्यस्तेऽतिरिच्यन्ते इति चेत् ? अहो बालिश ! केनेदं शिक्षितम् ? किं गुरुणा विप्रलब्धोऽसि स्वकर्मणा

---

છોડી સર્વત્ર ભાવ અને અભાવરૂપે ઉપલબ્ધ થતું હોવાથી શ્રુતકેવલી કે કેવલીને છોડી બધાને મિથ્યાત્વી સ્વીકારવા પડે. તેથી અવિરતિ, દેશવિરતિ વગેરે ભેદોમાં મિથ્યાત્વમોહનીયકર્મના ક્ષયોપશમઆદિથી પ્રગટતા અને શુદ્ધ-શ્રદ્ધાઆદિ લિંગથી જ્ઞાત થતાં આત્માના પરિણામવિશેષને જ સમ્યક્ત્વતરીકે સ્વીકારવું. આ સમ્યક્ત્વ સંક્ષેપરુચિ, વિસ્તારરુચિઆદિ સમ્યક્ત્વના બધા ભેદોમાં રહ્યું જ છે. તે જ પ્રમાણે એ બધામાં દેશવિરતિ પણ સમાનતયા સંભવે છે.

**પૂર્વપક્ષ :-** અમે જે દેશવિરતનો વિકલ્પ બતાવ્યો છે. તેનામાં સ્યાદ્વાદસાધન આદિ વિશેષ જ્ઞાનનો અભાવ હોવા છતાં સામાન્ય જ્ઞાન તો રહ્યું જ છે.

**ઉત્તરપક્ષ :-** એવું સામાન્યજ્ઞાન તો સંક્ષેપરુચિ સમ્યક્ત્વીમાં પણ સમાનરૂપે રહ્યું છે. તેથી તેને પણ દેશવિરત કહી શકાય. એ જ પ્રમાણે **આચારાંગમાં** 'જં સમ્મંતિ૦' ઇત્યાદિ સૂત્રથી સમ્યક્ત્વનું સ્વરૂપ બતાવ્યા બાદ *'णं इमं सक्कमागारमावसंतेहिं' (આ સમ્યક્ત્વ શિથિલાચારી યાવત્ ઘરમાં રહેનારાઓ વડે શક્ય નથી)* ઇત્યાદિ સૂત્રથી ગૃહસ્થને આ સમ્યક્ત્વનો નિષેધ કર્યો છે. અહીં પણ આ સૂત્રને પકડી 'ગૃહસ્થને સમ્યક્ત્વ હોય જ નહિ' ઇત્યાદિ વ્યામોહ નહીં કરવો, કારણ કે સૂત્રો નયગંભીર હોય છે, અને નયની ગતિ વિચિત્ર હોય છે. (**આચારાંગના** આ સૂત્રમાં જે સમ્યક્ત્વનું કથન છે, તે સમ્યક્ત્વ અપ્રમત્તગુણસ્થાનોમાં જ સમ્યક્ત્વને સ્વીકારતા નિશ્ચયનયનું છે. વ્યવહારનય તો દર્શનમોહનીયના ક્ષયોપશમઆદિથી યુક્ત અવિરતિધરમાં પણ સમ્યક્ત્વનો સ્વીકાર કરે જ છે. માટે સર્વત્ર સૂત્રોના નયોનો વિચાર કરી, એક-બીજા સાથે વિરોધ ન આવે એવો પ્રમાણમાર્ગ કાઢવો જોઇએ, નહિ કે એક નયને પકડી વિરોધ ઉઠાવવો.)

## ભક્તિરાગ નિર્દોષ

**પૂર્વપક્ષ :-** તો પણ, તમારે સંસારસાગરમાં ડૂબવાનો ભય ઊભો જ છે. કારણ કે ભક્તિરાગથી પરમાત્મપૂજા કરનારો આરંભનું સેવન કરતો હોવાથી તેનામાં શી રીતે દેશવિરતિ ઘટી શકે ? આ ભક્તિરાગના કારણે તે વ્યક્તિ પૂજાવખતે સંયમ અને અસંયમની ગણના કરતો જ નથી. તેથી તેનામાં દેશવિરતિ સંભવતી નથી. છતાં તેનો દેશવિરતિમાં સમાવેશ કરીને તમે ભૂલા પડી રહ્યા છો.

**ઉત્તરપક્ષ :-** અહીં અમે ભૂલા નથી પડ્યા, પણ મહામોહના કારણે તમે ભૂલા પડ્યા છો. પરલોકનો ભય હોય અને સંસારસાગરમાં ડૂબવાનો ભય હોય, તો આમ કહી શકો નહિ. અસદ્આરંભનો ત્યાગ કરી સદ્આરંભની પ્રવૃત્તિ કરવામાં શુભયોગ જ પ્રવર્તે છે. પરમાત્માની પૂજા સદ્આરંભની પ્રવૃત્તિરૂપ છે. અને શુભયોગથી થતી પ્રવૃત્તિમાં સંયમની ક્ષતિનો ભય જ રહેતો નથી. હા, કદાચ એ શુભયોગ પાછળ અશુભભાવ કામ કરે, તો સંયમને ભય ઊભો થાય, પણ અહીં તો એ શુભયોગની પાછળ પરમાત્મભક્તિ કામ કરે છે. આ ભક્તિ પ્રશસ્તરાગરૂપ હોવાથી નિર્દોષ છે. તેથી પણ સંયમની ક્ષતિનો ભય નથી.

वा ? सूत्रे हि *'एगच्चाओ पाणाइवायाओ पडिविरया जावज्जीवाए, एगच्चाओ अप्पडिविरया'* इत्यनूद्य- *'से जहाणामए समणोवासगा भवंति' त्ति* श्रमणोपासकगुणविधानेन श्रमणोपासकगुणवतो विरताविरतगुण-वद्व्यापकत्वस्यैव लाभात्। वस्तुतः श्रमणोपासकपदेन विरताविरतपदविवरणाद् गुणस्थानविशेषावच्छिन्ने शक्ति-ग्रहतात्पर्याच्च। श्रमणोपासकपदाद् बुद्धिविशेषानुगतेर्गुणविशेषैरेव बोधे तु विरताविरतपदादपि व्युत्पत्तिविशेषात्तथैव बोधः। **समभिरूढनया**श्रयणेन विरताविरतश्रमणोपासकपदार्थभेदस्त्वयाभ्युपगम्यते चेत् ? एवं घटकुम्भादिपदार्थ-भेदोऽपि किं नाभ्युपगम्यते ? **अभ्युपगम्यत** एव, परं विभाजकोपाधिभेदाप्रयुक्तत्वेन विभागाननुकूल इति चेत् ?

**પૂર્વપક્ષ :-** આ ભક્તિ પ્રશસ્તરાગરૂપ હોવા છતાં પુષ્પાદિથી દેવપૂજા કરાતી હોવાથી અસંયમમાં ખેંચી જાય છે. તેથી આ ભક્તિરાગ પણ દોષરૂપ છે.

**ઉત્તરપક્ષ :-** જો આમ ભક્તિરાગને દોષરૂપ કહેશો, તો વિદ્વાનોને પણ આ ભક્તિરાગથી બળાત્કારે પૂજાદિ પ્રવૃત્તિ માનવી પડશે. અર્થાત્ તમને વિદ્વાનતરીકે માન્ય એવા દેશવિરતિધરો પણ ભક્તિના પ્રાબલ્યથી બળાત્કારે પૂજામાં પ્રવૃત્તિ કરે છે તેમ માનવું પડશે.

**પૂર્વપક્ષ :-** દેશવરતિધર ષટ્જીવનિકાય વગેરેના જ્ઞાતા હોવાથી આવી અસમંજસ પ્રવૃત્તિ કરે જ નહિ.

**ઉત્તરપક્ષ :-** એવો નિયમ નથી. રાગની ઉત્કટ અવસ્થામાં વિદ્વાન પુરુષો પણ અસમંજસમાં પ્રવૃત્તિ કરે તે સંભવિત છે. તેથી ભગવાન પ્રત્યેના પ્રબળ ભક્તિરાગથી પ્રેરાયેલા વિદ્વાન દેશવિરતિધર પુષ્પવગેરેથી પ્રભુની પૂજા કરે તો તેનો સમાવેશ તમે શામાં કરશો ? અને તેની આ પ્રવૃત્તિને અસમંજસ અને અનુચિત શી રીતે કહી શકો ?

## વિરતાવિરત-દેશવિરત પદોની એકાર્થતા

**પૂર્વપક્ષ :-** વિરતાવિરતના ગુણો કરતાં શ્રમણોપાસક દેશવિરતના ગુણો ભિન્નરૂપે વર્ણવ્યા હોવાથી દેશવિરતો વિરતાવિરત કરતાં ભિન્ન છે.

**ઉત્તરપક્ષ :-** અહો ! કેવી બાલિશતા ! તમને આ કોણે ભણાવ્યું છે ? શું કુગુરુથી ઠગાયા છો ? કે પોતાના કર્મથી ? કારણ કે દેશવિરતના ગુણોને વિરતાવિરતના ગુણોથી ભિન્નરૂપે ક્યાંય બતાવ્યા જ નથી. સૂત્રમાં *'एगच्चाओ पाणाइवायाओ पडिविरया जावज्जीवाए एगच्चाओ अप्पडिविरया'* આ પ્રમાણે કહ્યા બાદ તરત જ *'से जहा णामए समणोवासगा भवंति त्ति'* આ પ્રમાણે કહ્યું છે. અહીં શ્રમણોપાસકના ગુણોનું વિધાન કરવાદ્વારા વાસ્તવમાં તો વિરતાવિરતત્વગુણને વ્યાપક શ્રમણોપાસકત્વગુણનું જ જ્ઞાન થાય છે. અર્થાત્ શ્રમણોપાસક શબ્દથી વિરતાવિરતનું જ સ્મરણ થાય છે. અને વસ્તુતઃ 'શ્રમણોપાસક' પદદ્વારા 'વિરતાવિરત' પદનું જ વિવરણ કર્યું છે, અર્થાત્ 'શ્રમણોપાસક' પદ વિરતાવિરતના સ્વરૂપને જ જણાવે છે. તથા શ્રમણોપાસકપદની શક્તિ પાંચમાં ગુણસ્થાનસાથે સંકળાયેલી વ્યક્તિમાં જ જાય છે. અર્થાત્ શ્રમણોપાસકપદથી પાંચમા ગુણસ્થાને રહેલી વ્યક્તિનું જ સ્મરણ થાય છે અને વિરતાવિરત વ્યક્તિ પાંચમા ગુણસ્થાને રહેલી જ છે.

**પૂર્વપક્ષ :-** 'શ્રમણોપાસક' પદનો અર્થ છે – સાધુઓનો ઉપાસક. તેથી આ અર્થના મહિમાથી 'શ્રમણોપાસક' પદથી જ્ઞાન, સંવેગ, વૈરાગ્યઆદિ ગુણવાન વ્યક્તિવિશેષની જ બુદ્ધિ-પ્રતીતિ થાય છે.

**ઉત્તરપક્ષ :-** આ જ પ્રમાણે વ્યુત્પત્તિવિશેષના આશ્રયથી 'વિરતાવિરત' પદથી પણ વિશેષ ગુણવાન તેવી જ વ્યક્તિનું સંવેદન થાય છે. (ઉપાસ્યના ગુણની પ્રાપ્તિની ઝંખનાથી સેવા આદિ કરે, તે ઉપાસક છે. શ્રમણ(=વિરત)ના ગુણની પ્રાપ્તિની ઝંખનાથી શ્રમણોની ઉપાસના કરે, તે શ્રમણોપાસક. એજ પ્રમાણે 'વિરતાવિરત' પદ એક અંશે વિરત, અન્યાંશે અવિરત અર્થક છે. અને એક અંશે વિરતિ પણ અવિરતિઅંશે પણ વિરતિની ઝંખનાથી યુક્ત હોય, તો સાર્થક છે. તેથી 'વિરતાવિરત' પદ પણ

प्रकृतेऽपि दीयतां दृष्टिः। *'अकसिणपवत्तगाणं'*[अ० ३, गा० ३८, पा० १] इत्यादि **महानिशीथ**वचनाद् द्रव्यस्तवाधिकारिणो विरताविरता न देशविरता इति **चेत् ? महानिशीथ**ध्वान्तविलसितमेतद्देवानांप्रियस्य। तत्र हि विशिष्य देशविरतकृत्यमेतद् दानादिचतुष्कतुल्यफलं चेति व्यक्तोपदर्शितमेवाधस्तात्। **यत्तु** कृत्स्नसंयमविदां पुष्पाद्यर्चनेऽनधिकारात् श्रमणोपासका अपि तदनधिकारिण इति तदधिकारित्वेनोक्ता विरताविरता भिन्ना एवेति चेत् ? **अहो** भवान् पामरादपि पामरोऽस्ति यः कृत्स्नसंयमविद इत्यस्य वृत्तिकृदुक्तमर्थमपि न जानाति ? कृत्स्नसंयमाश्च ते विद्वांस इत्येव हि वृत्तिकृता विवृत्तमिति। यदि च श्रमणोपासनमहिमलब्धकृत्स्नसंयमपरिज्ञानेन देशविरताः पुष्पाद्यर्चने नाधिकुर्युः, तदा देवा अपि कृतजिनादिसेवाः पुस्तकरत्नवाचनोपलब्धधर्मव्यवसायाः सम्यक्त्वोप-

---

સર્વથી વિરત થવાની ઝંખના કરતા અને યથાશક્તિ વિરતિધર્મ પાળતા જીવ જ સ્મરણ કરાવે છે. આમ બન્ને સ્થળે સમાનતા છે.)

**પૂર્વપક્ષ :-** અલબત્ત, વિશેષ વ્યુત્પત્તિદ્વારા વિરતાવિરતપદથી પણ સમાન બોધ થઇ શકે. છતાં પણ સમભિરૂઢનયને એ માન્ય નથી. આ નય શબ્દભેદે અર્થભેદ માને છે. આ નય પર્યાયવાચી શબ્દોને સ્વીકારતો નથી. તેથી આ નયને આશ્રયી 'વિરતાવિરત' અને 'શ્રમણોપાસક' આ બન્ને પદના અર્થ ભિન્ન છે.

**ઉત્તરપક્ષ :-** એમ તો સમભિરૂઢ નયના મતે 'કુંભ' 'ઘટ' વગેરે પદોના અર્થમાં પણ ભેદ છે. તો તેનો સ્વીકાર કેમ કરતા નથી ?

**પૂર્વપક્ષ :-** અમે આ નયને આશ્રયીને 'ઘટ' 'કુંભ' આદિ પદોના અર્થમાં ભેદ સ્વીકારીએ જ છીએ. છતાં પણ એ બધા શબ્દોના અર્થોમાં ભેદબુદ્ધિ કરાવતી કોઇ વિભાજક ઉપાધિ નથી. તેથી સમભિરૂઢને ઇષ્ટ આ ભેદ, વિભાજકઉપાધિના ભેદને અપેક્ષીને થઇ શકતો નથી. તેથી 'ઘટ' 'કુંભ' વગેરેમાં વિભાગ કરવો અનુકૂળ થતો નથી.

**ઉત્તરપક્ષ :-** 'શ્રમણોપાસક' અને 'વિરતાવિરત' અંગે પણ તેમ જ વિચાર કરોને ! સમભિરૂઢનયથી તે બન્ને પદના અર્થમાં ભેદ પડતો હોવા છતાં તે બન્નેમાં કોઇ ઉપાધિભેદ નથી. તેથી તે બન્નેનો પણ વિભાગ કરવો યોગ્ય નથી.

**પૂર્વપક્ષ :-** *'અકસિણં પવત્તગાણં'* ઇત્યાદિ **મહાનિશીથ ગ્રંથના** વચનથી સિદ્ધ થાય છે કે, વિરતાવિરતો જ દ્રવ્યસ્તવના અધિકારી છે, નહિ કે દેશવિરતો.

**ઉત્તરપક્ષ :-** મહાનિશીથ=ગાઢ રાત્રિ=તીવ્રઅજ્ઞાનરૂપ અંધકારથી આ પ્રમાણે બોલાઇ રહ્યું છે. એ જ **મહાનિશીથ ગ્રંથમાં** નીચે દેશવિરતનો જ વિશેષથી ઉલ્લેખ કરી દ્રવ્યસ્તવ અને દાન-શીલ-તપ-ભાવ-આ ચાર ધર્મોનું સમાનફળ સ્પષ્ટ બતાવ્યું છે.

**પૂર્વપક્ષ :-** કૃત્સ્નસંયમજ્ઞોને પુષ્પાદિપૂજાના અનધિકારી કહ્યા હોવાથી કૃત્સ્નસંયમજ્ઞ શ્રમણોપાસકો પણ પુષ્પાદિપૂજાના અનધિકારી જ છે. તેથી તમે કહ્યું ત્યાં પુષ્પાદિપૂજાના અધિકારી તરીકે શ્રમણોપાસકોથી ભિન્ન એવા વિરતાવિરતો જ સમજવા જોઇએ.

**ઉત્તરપક્ષ :-** શું આપ પામરથી પણ પામર છો ? શું તમને **(આવશ્યક નિર્યુક્તિ ગ્રંથના) ટીકાકારે** 'કૃત્સ્નસંયમવિદ્' આ પદના કરેલા અર્થનો પણ પ્રકાશ થયો નથી ? **ટીકાકારે** ત્યાં કૃત્સ્નસંયમવાળા વિદ્વાન એવો કર્મધારયસમાસ કર્યો છે. (અર્થાત્ 'કૃત્સ્નસંયમ' પદને 'વિદ્' પદનું વિશેષણ બનાવ્યું છે. તેથી તે પદથી 'અખંડચારિત્રના ધારક પ્રાજ્ઞ પુરુષો' એવો જ ધ્વનિ નીકળે છે. તેથી 'કૃત્સ્નસંયમવિદ્' પદથી માત્ર સર્વવિરત જ ગ્રહણ થાય છે, નહિ કે દેશવિરત પણ.)

**પૂર્વપક્ષ :-** સાધુઓની ઉપાસનાના મહિમાથી કૃત્સ્નસંયમનું જ્ઞાન હોવાથી દેશવિરતો પુષ્પવગેરેથી પૂજા કરવાના અધિકારી નથી.

**ઉત્તરપક્ષ :-** જો આમ જ હોય, તો સાક્ષાત્ ભાવજિન વગેરેની સેવા કરતા, પુસ્તકરત્નના વાંચનથી ધર્મ-

बृंहितनिर्मलावधिज्ञानेनागमव्यवहारिप्राया: कथं तत्राधिकुर्यु: ? **अत** एवाचित्तपुष्पादिभिरेव ते जिनपूजां कुर्वन्तीति चेत् ? **अहो** लुम्पकमातृष्वस: ! केनेदं तव कर्णे मूत्रितं यन्नन्दापुष्करिणीकमलादीन्यचित्तान्येवेति ? सचित्तपुष्पादिना पूजाध्यवसाये द्रव्यत: पापाभ्युपगमेऽचित्तपुष्पादिनापि ततो भावत: पापस्य दुर्निवारत्वान्**मृन्महिषव्यापादन इव शौकरिकस्य।** तत्किमिति मुग्धधन्धनार्थं कृत्रिमपुष्पादिनापि पूजां व्यवस्थापयसि ? एवं हि त्वयोष्णजलादिनैवाभिषेको वाच्य:। मूलत एव तन्निषेधं किं न भाषसे ? **दुरन्तसंसारकारणं हि धर्मे आरम्भशङ्का** । तदाहु: **श्रीहरिभद्रसूरय:** → *'अण्णत्थारंभवओ धम्मेऽणारंभओ अणाभोगा। लोए पवयणखिंसा अबोहिबीअं तु दोसा य'*॥ [पञ्चाशक ४/१२] इन्द्राभिषेकेऽत्रत्यजलादिग्रहणं जिनपूजार्थं तु तत्रत्यस्यैवेत्यत्र तु कारणं मङ्गलार्थत्वनित्यभक्त्यर्थत्वादीनीति मा विप्रियं शङ्किष्ठा:। अभिगमवचनं तु योग्यतया भोगाङ्गसचित्तपरिहारविषयं, यथा 'घटेन

---

વ્યવસાયનો બોધ કરતા, તથા સમ્યક્ત્વથી પુષ્ટ થયેલા નિર્મળ અવધિજ્ઞાનના ધારક દેવો તો આગમવ્યવહારી સમાન છે. તેથી તેઓને પણ પુષ્પઆદિ પૂજાનો અધિકાર ન હોવો જોઇએ. (કેવળજ્ઞાની, અવધિજ્ઞાની, ચૌદપૂર્વધર આદિ આગમવ્યવહારી છે.) કારણ કે તમે કલ્પેલા દેશવિરત કરતાં પણ આ દેવો વધુ ઊંચી સ્થિતિએ રહ્યા છે.

**પૂર્વપક્ષ :-** બરાબર છે. તેથી જ દેવો જિનપૂજા કરતી વખતે ત્યાંના વૈક્રિય અચિત્ત પુષ્પોનો જ ઉપયોગ કરે છે, કે જેથી આરંભનો દોષ લાગે નહિ.

**ઉત્તરપક્ષ :-** અહો ! તમે તો પ્રતિમાલોપકના માસિયાઇ ભાઇ જેવા લાગો છો ! તમને આવું વિપરીત કોણે ભરમાવ્યું કે દેવલોકની નંદાપુષ્કરિણીના પુષ્પો અચિત્ત છે ? ત્યાં પણ સચિત્ત=ઔદારિક પુષ્પો ઉત્પન્ન થવામાં કોઇ બાધ નથી. વળી જો સચિત્ત પુષ્પોથી પૂજા કરવાના અધ્યવસાયમાં દ્રવ્યથી પાપ સ્વીકારતા હો, તો અચિત્ત પુષ્પ વગેરેથી પૂજા કરવામાં પણ સચિત્ત પુષ્પનું સ્મરણ થવાથી ભાવથી પાપ દુર્નિવાર જ છે. અહીં **કાલસૌકરિક કસાઈનું** દૃષ્ટાંત છે. (આ કસાઈ રોજના પાંચસો પાડાની કતલ કરતો હતો. આ બાજુ **ભગવાન મહાવીર સ્વામીએ શ્રેણિક** રાજાને કહ્યું હતું કે, 'કાલસૌકરિક કસાઈ જો એક દિવસ પણ પાંચસો પાડાની હત્યા ન કરે, તો તારી નરક અટકે.' તેથી પાંચસો પાડાની હત્યા રોકવા શ્રેણિક રાજાએ કાલસૌકરિકને એક દિવસ માટે કૂવામાં ઉંધા માથે લટકાવી રાખ્યો. આમ કાલસૌકરિક કસાઈ તે દિવસે પાંચસો પાડાની હત્યા કરી શક્યો નહિ. પરંતુ કૂવામાં લટકતા લટકતા જ માટીમાં પાડાનું ચિત્ર દોરી હત્યા કરવાની ચેષ્ટા કરી. તેથી બીજે દિવસે ભગવાને શ્રેણિક રાજાને કહ્યું કે 'કાલસૌકરિકે દ્રવ્યથી પાડા ન માર્યા હોવા છતાં, ભાવથી તો માર્યા જ છે.') તેથી શું મુગ્ધ જીવોને ભરમાવવા કૃત્રિમ ફુલોથી પણ પૂજા થાય એવી વ્યવસ્થા ઊભી કરવા માંગો છો ? વળી આ પ્રમાણે તો તમે ગરમ કરેલા પાણી વગેરેથી અભિષેક કરવાનું કહેશો. પણ આરંભની શંકાવાળા તમારે તો મૂળથી જ અભિષેક વગેરેનો નિષેધ કરવો જોઇએ. પણ ખ્યાલ રાખજો ! **ધર્મમાં આરંભની શંકા દુરંત સંસારનું કારણ બને છે. શ્રી હરિભદ્રસૂરિ મહારાજે** કહ્યું જ છે કે → *'ઘરઆદિ અન્યત્ર કાર્યોમાં આરંભ કરે, અને જિનપૂજા વગેરે ધર્મમાં આરંભનો ત્યાગ કરે, એ અજ્ઞાનતા છે. આ અજ્ઞાનતામાં (૧) લોકમાં પ્રવચનની હીલના અને (૨) સ્વ-પરને બોધિબીજનો અભાવ - આ બે દોષ રહ્યા છે.'*

**પૂર્વપક્ષ :-** તમારે હિસાબે તો દેવો પણ સચિત્ત જળ-પુષ્પ વગેરેથી જ પૂજા કરે છે. જો એમ જ હોય, તો તેઓ ઇંદ્રના અભિષેક વખતે અહીંના માગધઆદિ તીર્થોના પાણીનો ઉપયોગ કરે અને ભગવાનની પૂજા માટે ત્યાંના જ નંદાપુષ્કરિણીનું પાણી વાપરે એવો ભેદભાવ કેમ ?

**ઉત્તરપક્ષ :-** અહીં ખોટી આશંકા કરવાની જરુર નથી. ઇંદ્રનો અભિષેક એક જ વાર કરવાનો હોય છે, તથા તે અભિષેક મંગલરૂપ બને એ હેતુથી જ દેવો અહીંના તીર્થોના પાણીનો ઉપયોગ કરે છે. જ્યારે ભગવાનની પૂજા તો

जलमाहर' इत्यत्र घटपदं योग्यतया छिद्रेतरविषयमन्यथा सबालकाः स्त्रियो मुनि(जिन ?)वन्दने नाभिगच्छेयुः। **चैत्यवन्दनभाष्यादौ** चाभिगमे सचित्तद्रव्योज्झनं श्राद्धानां पुष्पादिना पूजाविधाने नोक्तमिति किमुपजीव्यविरोधे-नाभिगमदुर्व्याख्यानेन ? यदि च योग्यता न पुरस्क्रियते तदाऽचित्तद्रव्यानुज्झनं द्वितीयाभिगम इति खड्गछत्रोपान-त्प्रभृत्यचित्तद्रव्यं राजादिभिरपरित्याज्यं स्यात्। **प्रवचन**शोभानुगुणाचित्तद्रव्योपादानमेव द्वितीयार्थ इति चेत् ? **पूजाद्यवसरे** तदनुपयोगिसचित्तद्रव्योज्झनमेव प्रथमार्थ इति किं न दीयते दृष्टिः? येन शाकिनीव वाक्छलमेवान्वेष-यसि। पुष्पवर्दलविकुर्वणमपि विकिरणमात्रसम्पादनार्थमधोवृन्तजलस्थलजपुष्पविकिरणस्यैव पाठसिद्धत्वादिति न पूजाङ्गे सचित्तशङ्का तद्दृष्टान्तेनानेया। **एतेन** यदुत्प्रेक्षितं जातिसङ्करवता-पूजायामादौ पुष्पाद्युपमर्दादधर्म एव।

---

નિત્યભક્તિકર્મરૂપ છે, તેથી તે પૂજામાં દેવો ત્યાંના જ પાણીનો ઉપયોગ કરે, એમાં કશું ખોટું નથી.

## સચિત્તત્યાગાદિનું તાત્પર્ય

વળી આગમમાં પણ જિનભવનમાં પ્રવેશ વખતે જે સચિત્તનો ત્યાગ કરવાનો કહ્યો છે, તે સચિત્ત પણ પોતાના ભોગના સાધનભૂત હોય, તો જ દેરાસરમાં પ્રવેશ વખતે ત્યાજ્ય છે.

**શંકા :-** 'સચિત્ત ત્યાજ્ય છે' એવા વાક્યથી આમ 'ભોગાંગયોગ્ય સચિત્ત ત્યાજ્ય છે' એવો તાત્પર્યાર્થ કાઢવો શું યોગ્ય છે ?

**સમાધાન :-** જ્યારે પદ કે વાક્યનો સીધો શબ્દાર્થ બેસતો ન હોય, ત્યારે આવો તાત્પર્યાર્થ કરવામાં દોષ નથી. જેમકે 'ઘડામાં પાણી લાવ' આ વાક્યસ્થળે 'ઘટ' પદથી છિદ્ર વિનાના ઘડાના તાત્પર્યનું જ જ્ઞાન થાય છે, નહિ કે છિદ્રવાળા કે છિદ્ર વિનાના બધા જ ઘડાનું.

**શંકા :-** પ્રસ્તુતમાં 'સચિત્ત' પદથી તમામ સચિત્તનો સંગ્રહ કરવામાં શો વાંધો છે ?

**સમાધાન :-** દેરાસરમાં પ્રવેશ કરતી વખતે તમામ સચિત્તો ત્યાજ્ય હોય, તો મહિલાઓ પુત્રને લઇને દેરાસરમાં પ્રભુને વંદનઆદિ અર્થે જઇ શકે નહિ, કારણ કે પુત્ર પણ સચિત્ત જ છે. વળી **ચૈત્યવંદન ભાષ્યમાં** અભિગમદ્વારમાં સચિત્તનો ત્યાગ કરવાનો કહ્યો છે, પણ શ્રાવકોને ફૂલ વગેરેથી પૂજા કરવાના વિધાનસ્થળે આ વાત કરી નથી, અથવા એવું વિધાન કર્યું નથી. તેથી અભિગમદ્વારમાં સચિત્તપદથી પોતાના ભોગમાં વપરાતા સચિત્તના ત્યાગનું જ તાત્પર્ય ફલિત થાય છે. તેથી જેના આધારે વ્યાખ્યાન કરવાનું છે, તે **ચૈત્યવંદન ભાષ્ય**વગેરે ગ્રંથો સાથે જ વિરોધ આવે એવી રીતે અભિગમદ્વારનું ખોટું વ્યાખ્યાન કરવાથી સર્યું. જો 'યોગ્યતા' ને આગળ કરવામાં નહિ આવે, તો 'અચિત્તનો ત્યાગ નહીં કરવો' એવા બીજા અભિગમના બળપર 'રાજા વગેરેએ તલવાર, છત્ર, જોડા વગેરે અચિત્તનો ત્યાગ નહીં કરવો જોઇએ' એમ માનવાની આપત્તિ આવશે.

**પૂર્વપક્ષ :-** 'અચિત્તનો અત્યાગ' આ સ્થળે પ્રવચનની શોભા વધારે તેવા અચિત્તનું ગ્રહણ કરવાનું તાત્પર્ય છે. 'તલવાર' 'છત્ર' વગેરે અચિત્તના ગ્રહણપૂર્વક દેરાસરમાં પ્રવેશવાથી પ્રવચનની શોભા વધવાને બદલે ઘટે છે.

**ઉત્તરપક્ષ :-** જો અચિત્તના ગ્રહણસ્થળે આ અર્થ કરી શકો છો, તો સચિત્તના ત્યાગસ્થળે 'જિનપૂજામાં અનુપયોગી સચિત્તનો ત્યાગ' એવો અર્થ કેમ કરતા નથી ? અને વાક્છળ જ શોધો છો ? 'પુષ્પવર્દલવિકુર્વણ' વાક્યથી પણ પુષ્પોને વેરવાનો અર્થ જ કરવાનો છે. કારણ કે 'પાણીમાં ઉત્પન્ન થતાં અને પૃથ્વીપર ઉત્પન્ન થતાં પુષ્પોનું ડીંટિયા નીચા રહે તે પ્રમાણે વેરણ' એવો અર્થ જ પાઠસિદ્ધ છે. તેથી આ દૃષ્ટાંતથી પૂજામાં સચિત્તની શંકા કરવી નહીં જોઇએ. અહીં જાતિસંકર વ્યક્તિની જેમ ભ્રાંતબુદ્ધિવાળો કોઇ કહે છે – 'પૂજામાં પ્રથમ પુષ્પવગેરે જીવોની હિંસાથી અધર્મ જ છે, પછી શુભ ભાવ પ્રગટવાથી ધર્મ થાય છે. આમ પૂજા ધર્માધર્મમિશ્રરૂપ જ છે.'

तदनन्तरं शुभभावसम्पत्त्या तु धर्म इति धर्माधर्मसङ्कर एवेति **तन्निरस्तम्**। एवं हि यागेऽपि हिंसया प्रागधर्म उत्तराङ्ग-दानदक्षिणादिना त्वनन्तरं धर्म इति वदतः सब्रह्मचारितापातात्। यच्च तत्कालीनासंयमोज्झनं शुभभावेनोक्तं तद्विधिभक्त्यन्यतरवैगुण्य एवान्यथा स्वरूपासंयमस्य द्रव्यस्तवानतिरेकेणोज्झितुमशक्यत्वादनुबन्धासंयमस्य चानुद्भवोपहतत्वाद्। द्रव्यस्तवस्याप्रधानत्वमपि स्वरूपत एव, विधिभक्तिसाद्गुण्योपबृंहितभावप्रवृद्धौ भावस्तव-स्यैव साम्राज्यात्।

इदमित्थमेव महाबुद्धिशालिना **हरिभद्राचार्येणा**भिहितं, तथापि यस्य स्थूलबुद्धेर्मनसि नायाति तदनुकम्पार्थं तद्ग्रन्थपङ्क्तिरत्र लिख्यतेः → *'दव्वथओ भावथओ दव्वथओ बहुगुणो त्ति बुद्धि सिया। अनिउणमइ-वयणमिणं छज्जीवहिअं जिणा बिंति'॥* [आव० भा० १९२] *द्रव्यस्तवो भावस्तव इत्यत्र द्रव्यस्तवो बहुगुणः= प्रभूततरगुण इत्येवं बुद्धिः स्यात्, एवं चेन्मन्यसे इत्यर्थः। तथाहि-किलास्मिन् क्रियमाणे वित्तपरित्यागाच्छुभ*

---

**સમાધાન :-** જો આમ કહેશો તો 'યજ્ઞમાં પણ પ્રથમ હિંસા હોવાથી પ્રથમ અધર્મ અને પછી યજ્ઞના ઉત્તરકાર્યરૂપ દાન-દક્ષિણાથી ધર્મ હોવાથી યજ્ઞ ધર્માધર્મ મિશ્રરૂપ છે.' એમ કહેનારાને સમાન થઇ જશો. તેથી યજ્ઞની પણ અનુમતિનો પ્રસંગ આવશે.

**પૂર્વપક્ષ :-** તમે જ કહ્યું છે કે, 'પૂજાકાલના અસંયમનો ત્યાગ શુભભાવથી થાય છે.' આનાથી જ સિદ્ધ થાય છે કે, 'પુષ્પાદિપૂજાકાળે હિંસાના કારણે અસંયમ છે, અને તે પછી પ્રગટતા શુભભાવથી અસંયમ ટળે છે અને ધર્મ થાય છે.'

**ઉત્તરપક્ષ :-** એમ જે કહ્યું છે, ત્યાં પૂજામાં અસંયમ પૂજાની વિધિની વિગુણતાના કારણે અથવા ભક્તિની વિગુણતા-અભાવના કારણે જ ઇષ્ટ છે. આ બન્નેની(વિધિ અને ભક્તિની) હાજરીમાં તો અસંયમ સંભવતો જ નથી. જો સ્વરૂપઅસંયમની વાત હોય, તો વિધિ અને ભક્તિની હાજરીમાં પણ દ્રવ્યસ્તવમાં રહેલા આ સ્વરૂપઅસંયમને દૂર કરી શકાય તેમ નથી, કારણ કે સ્વરૂપઅસંયમ દ્રવ્યસ્તવનું મુખ્ય અંગ છે. દ્રવ્યસ્તવથી અભિન્ન છે. અને જો અનુબંધ-અસંયમની વાત હોય, તો તે ઉત્પન્ન જ ન થવાદ્વારા ઉપહત છે. બાકી રહે છે વિધિ કે ભક્તિના અભાવમાં થતો આ હેતુઅસંયમ. એ અસંયમ શુભભાવથી દૂર થાય છે. આમ વિધિ અને ભક્તિની હાજરીમાં હેતુઅસંયમ પણ સંભવતો નથી.

'દ્રવ્યસ્તવ અપ્રધાન છે' એ વાત પણ સ્વરૂપની અપેક્ષાએ જ સમજવાની છે, બાકી દ્રવ્યસ્તવમાં પણ વિધિ-ભક્તિથી પુષ્ટ થયેલા ભાવની પ્રવૃદ્ધિ થવાથી હકીકતમાં તો ભાવસ્તવનું જ સામ્રાજ્ય રહે છે. (અર્થાત્ દ્રવ્યસ્તવ પણ સ્વરૂપથી દ્રવ્યસ્તવ હોવાને કારણે જ અપ્રધાન છે. બાકી તો તેમાં પણ વિધિઆદિના કારણે ઉછળતા ભાવો ભાવસ્તવની તુલ્યતા પામવા સમર્થ છે.)

## ભાવસ્તવની મહત્તા

આ બાબતમાં **મહાબુદ્ધિશાળી યોગાચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ** પણ આ પ્રમાણે જ કહ્યું છે, છતાં પણ જે અલ્પબુદ્ધિવાળાના મનમાં આ વાતની ગડ બેસતી ન હોય, તેઓ પ્રત્યેની કૃપાથી **શ્રી હરિભદ્રસૂરિ મહારાજાના ગ્રંથની** પંક્તિ બતાવીએ છીએ → *'દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ આ બેમાં દ્રવ્યસ્તવ જ બહુગુણ=વધારે ગુણવાળો છે એવી બુદ્ધિ થાય. પણ આ અનિપુણ બુદ્ધિવાળાનું વચન છે. કારણ કે જિનેશ્વરો છજીવકાયના હિતને જ કહે છે.' દ્રવ્યસ્તવને બહુગુણ માનનારાનો તર્ક આવો છે - 'દ્રવ્યસ્તવ કરતી વખતે ધનનો ત્યાગ હોવાથી શુભ અધ્યવસાય જ ઉત્પન્ન થાય. વળી તેને દ્રવ્યસ્તવ કરતો જોઇ બીજા પણ અનેક પ્રતિબોધ પામે છે. આમ દ્રવ્યસ્તવથી*

*एवाध्यवसायस्तीर्थस्य चोन्नतिकरणं, दृष्ट्वा तं च क्रियमाणमन्येऽपि प्रतिबुध्यन्त इति स्वपरानुग्रहः। सर्वमिदं सप्रतिपक्षं चेतसि निधाय 'द्रव्यस्तवो बहुगुण' इत्यस्यासारतां ख्यापयनायाह-अनिपुणमतिवचनमिदमिति। अनिपुणमतेर्वचनम्-अनिपुणमतिवचनमिदमिति- 'द्रव्यस्तवो बहुगुण' इति गम्यते। किमित्यत आहः-षड्जीवहितं जिना ब्रुवते - षण्णां पृथिवीकायादीनां जीवानां हितं जिनाः= तीर्थंकरा ब्रुवते; 'प्रधानं मोक्षसाधनम्' इति गम्यते। किं च षड्जीवहितमिति ? अत आह- 'छज्जीवकायसंजमु दव्वथए सो विरुज्झए कसिणो। तो कसिणसंजमविऊ पुप्फाईअं ण इच्छंति'॥ षड्जीवकायसंयम इति। षण्णां जीवनिकायानां पृथिव्यादिलक्षणानां संयमः=संघट्टनादि-परित्यागः=षड्जीवकायसंयमः, असौ हितम्। यदि नामैवं ततः किम् ? इत्यत आह-द्रव्यस्तवे पुष्पादिसमभ्यर्चन-लक्षणे स षड्जीवकायसंयमः किम् ? विरुध्यते=न सम्यक् सम्पद्यते। कृत्स्नः=सम्पूर्ण इति, पुष्पादिसंलुञ्चन-सङ्घट्टनादिना कृत्स्नसंयमानुपपत्तेः। यतश्चैवं ततः=तस्मात् कृत्स्नसंयमविद्वांस इति। कृत्स्नसंयमप्रधाना विद्वांस-स्तत्त्वतः साधव उच्यन्ते। कृत्स्नसंयमग्रहणमकृत्स्नसंयमविदुषां श्रावकाणां व्यपोहार्थं, ते किम् ? अत आह - पुष्पादिकं द्रव्यस्तवं नेच्छन्ति=न बहु मन्यन्ते। यच्चोक्तं - 'द्रव्यस्तवे क्रियमाणे वित्तपरित्यागाच्छुभ एवाध्यवसाय' इत्यादि, तदपि यत्किंचिद् व्यभिचारात्, कस्यचिदल्पसत्त्वस्याविवेकिनो वा शुभाध्यवसायानुपपत्तेः। दृश्यते च*

---

પોતાનાપર અને બીજાપર અનુગ્રહ થાય છે.' દ્રવ્યસ્તવને મહાન માનનારાઓની આ દલીલ સપ્રતિપક્ષ મનમાં ધારીને જ શ્લોકના ઉત્તરાર્ધમાં દ્રવ્યસ્તવની અસારતા બતાવી છે અને આવું વિચારનારાને અનિપુણબુદ્ધિવાળો કહ્યો છે, કારણ કે જિનો છજીવનિકાયના હિતને જ મોક્ષના પ્રધાનસાધન તરીકે કહે છે. અહીં 'પ્રધાન મોક્ષસાધન' અધ્યાહારથી સમજવાનું છે. છજીવનિકાયનું હિત શું છે તે બતાવે છે- છજીવનિકાયનો સંયમ (જ હિત છે.) દ્રવ્યસ્તવમાં તે (સંયમ) સંપૂર્ણનો વિરોધ છે. તેથી કૃત્સ્નસંયમવિદ્ પુષ્પવગેરેને ઇચ્છતા નથી. ષડ્જીવકાયસંયમ=પૃથિવી વગેરે છજીવનિકાયનો સંઘટ્ટનાદિત્યાગરૂપ સંયમ. આ જ હિત છે. આમ હોય તેટલા માત્રથી શું ? તો કહે છે - પુષ્પવગેરેથી પૂજારૂપ દ્રવ્યસ્તવમાં આ છજીવનિકાયસંયમનું સમ્યગ્=સંપૂર્ણ પાલન થતું નથી, કારણ કે ફૂલ ચૂંટવા, તેને અડકવાવગેરેથી સંપૂર્ણ સંયમ ઘટી શકે નહિ. આમ હોવાથી અખંડસંયમપ્રધાન વિદ્વાનો વાસ્તવિક રીતે સાધુ જ છે. આ વિશેષણનું ગ્રહણ અખંડસંયમ વિનાના વિદ્વાન એવા શ્રાવકોને બાકાત કરવા માટે છે. અર્થાત્ જો કે શ્રાવકો પણ છજીવકાય તથા તેઓ અંગેનો સંયમ વગેરેના જ્ઞાનવાળા હોય છે, છતાં પણ તેઓ અખંડ સંયમ પાળતા ન હોવાથી તેઓને પુષ્પઆદિથી પૂજા કરવામાં બાધ નથી. દ્રવ્યસ્તવને મહાન માનનારાનું 'દ્રવ્યસ્તવ આદરવામાં ધનનો ત્યાગ હોવાથી શુભ જ અધ્યવસાય હોય.' આ વચન વ્યભિચાર=અનેકાંતિક દોષ હોવાથી બરાબર નથી. દેખાય છે કે કેટલાક જીવો કીર્તિવગેરેના આશયથી પણ દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ કરે છે. વળી જ્યારે શુભ અધ્યવસાય હોય, ત્યારે આ શુભ અધ્યવસાય પોતે જ ભાવસ્તવરૂપ છે. અને દ્રવ્યસ્તવની પ્રવૃત્તિમાં શુભ અધ્યવસાયરૂપ ભાવ જ પ્રધાનપણે છે. દ્રવ્યસ્તવક્રિયા તો તેનું કારણ હોવાથી અપ્રધાન જ છે. કારણ કે **'સમારંભ=પ્રવૃત્તિઓ ફળપ્રધાન - ફળના મુખ્યપણાથી જ છે.'** (નિરુદ્દેશ - માત્ર પ્રવૃત્તિ કરવાના ઉદ્દેશથી-કોઇ પણ ફળના ઉદ્દેશ વિનાની પ્રવૃત્તિઓ હોતી નથી. **તાત્પર્ય :-** પ્રવૃત્તિ સાધન હોવાથી ગૌણ છે. એનો ઉદ્દેશ=ફળ સાધ્ય હોવાથી મુખ્ય છે. દ્રવ્યસ્તવ સાધન હોવાથી ગૌણ છે. ભાવસ્તવ સાધ્ય હોવાથી મુખ્ય છે.) એવો ન્યાય છે. તથા ભાવસ્તવની હાજરીમાં, વસ્તુતઃ ભાવસ્તવવાળો જ તીર્થની ઉન્નતિ કરે છે. કારણ કે ભાવસ્તવવાળી વ્યક્તિ જ દેવ વગેરેને પણ સમ્યક્ પૂજ્ય બને છે. (મંત્રતંત્રાદિદ્વારા પણ દેવને આધીન બનાવી પૂજ્ય બની શકાય, પણ તે રીતે દેવપૂજ્ય બનવું સમ્યગ્ નથી. પોતાની આરાધનાઆદિથી સ્વયં આકર્ષાયેલા દેવોના પૂજ્ય બનવું એ જ શ્રેષ્ઠ છે - તે દર્શાવવા 'સમ્યક્' પદ મૂક્યું છે ?) તથા આ પ્રમાણે ભાવસ્તવ કરનારાનો ભાવસ્તવ જોઇ અને દેવથી

कीर्त्याद्यर्थमपि सत्त्वानां द्रव्यस्तवे प्रवृत्तिरिति। शुभाध्यवसायभावेऽपि तस्यैव भावस्तवत्वादितरस्य च तत्कारणत्वेनाप्रधानत्वमेव, **'फलप्रधानाः समारम्भा'** इति न्यायाद्। भावस्तव एव च सति तत्त्वतस्तीर्थस्योन्नतिकरणं, भावस्तववत एव तस्य सम्यगमरादिभिः पूज्यत्वात्तमेव च दृष्ट्वा क्रियमाणमन्येऽपि सुतरां प्रतिबुध्यन्ते शिष्टा इति स्वपरानुग्रहोऽपीहैवेति गाथार्थः। आह-यद्येवं किमयं द्रव्यस्तव एकान्तत एव हेयो वर्त्तत आहोस्विदुपादेयोऽपि ? **उच्यते** - साधूनां हेय एव, श्रावकाणामुपादेयोऽपि। तथा चाह **भाष्यकारः** → 'अकसिणपवत्तगाणं विरयाविरयाण एस खलु जुत्तो। संसारपयणुकरणो दव्वथए कूवदिट्ठंतो'॥ [महानिशीथ ३/३८] अकृत्स्नं प्रवर्त्तयन्तीति - 'संयम'मिति सामर्थ्याद् गम्यते - अकृत्स्नप्रवर्तकाः, तेषां=विरताविरतानामिति=श्रावकाणामेष खलु युक्तः। एषः=द्रव्यस्तवः 'खलु' शब्दस्यावधारणार्थत्वाद् युक्त एव। किम्भूतोऽयम् ? इत्याह - संसारप्रतनुकरणः=संसारक्षयकारक इत्यर्थः, द्रव्यस्तवः। आह-यः प्रकृत्यैवासुन्दरः, स कथं श्रावकाणामपि युक्त इति? अत्र कूपदृष्टान्त इति - 'जहा णवणगराइसंनिवेसे केइ पभूतजलाभावतो तण्हादिपरिगता (तदपनोदार्थं) कूपं खणंति। तेसिं च जइवि तण्हादिया वड्ढंति, मट्टिकाकद्दमाईहिं अ मलिणिज्जंति, तहवि तदुब्भवेणं चेव पाणिएणं तेसिं तण्हादिआ सो अ मलो पुव्वगो य फिट्टति। सेसकालं च ते तदण्णे य लोगा सुहभागिणो भवंति। एवं दव्वथए जइवि असंजमो तहवि तओ चेव सा य परिणामसुद्धी भवति, जातं असंजमोवज्जियं अण्णं च णिरवसेसं खवेतित्ति। तम्हा विरताविरतेहिं दव्वथओ कायव्वो सुभाणुबंधी पभूतणिज्जराफलो अ त्ति काऊणं' इति गाथार्थः। इति॥ अत्र हि द्रव्यस्तवभावस्तवक्रिययोः स्वजन्यपरिणामशुद्धिद्वारा तुल्यवन्मोक्षकारणत्वमाम्नातं फले कालव्यवधानाव्यवधानाभ्यां तु विशेषः। क्रियायाः सत्त्वशुद्धिकारणतावच्छेदककोटौ च प्रणिधानादिभावपूर्वकत्वं

---

પૂજાવાની ક્રિયા જોઇ બીજાઓ પણ પ્રતિબોધ પામે છે. આમ સ્વ-પરનો અનુગ્રહ પણ ભાવસ્તવથી જ થતો હોવાથી ભાવસ્તવ જ શ્રેષ્ઠ છે.

**શંકા :-** જો આમ જ હોય, તો શું આ દ્રવ્યસ્તવ એકાંતથી હેય છે કે ઉપાદેય પણ છે ?

**સમાધાન :-** દ્રવ્યસ્તવ સાધુઓને હેય જ છે. અને શ્રાવકોને ઉપાદેય પણ છે. **ભાષ્યકારે** કહ્યું જ છે કે → 'અકૃત્સ્નપ્રવર્તક એવા વિરતાવિરતોને સંસાર અલ્પ કરતો આ દ્રવ્યસ્તવ યોગ્ય છે, આ દ્રવ્યસ્તવમાં કૂવાનું દૃષ્ટાંત છે.' અસંપૂર્ણ પ્રવર્તાવનાર=અકૃત્સ્નપ્રવર્તક. અહીં 'સંયમ' પદ અધ્યાહાર્ય છે. અર્થાત્ અસંપૂર્ણસંયમને પ્રવર્તાવનાર= અકૃત્સ્નપ્રવર્તક. વિરતાવિરત=શ્રાવક. આ દ્રવ્યસ્તવ શ્રાવકોને સંગત જ છે. (ખલુ પદ 'જ' કાર અર્થક છે.) કારણ કે આ દ્રવ્યસ્તવ સંસારનો ક્ષય કરનારો છે.

**શંકા :-** સ્વરૂપથી અસુંદર દ્રવ્યસ્તવ શ્રાવકોને પણ ઉપાદેય કેવી રીતે બની શકે ?

**સમાધાન :-** આના સમાધાનમાં કૂવાનું દૃષ્ટાંત સમજવાનું છે. તે આ પ્રમાણે - જેમ કોઇ નવા નગર વગેરે વસતિના સ્થાનમાં પૂરતા પાણીના અભાવમાં તૃષ્ણાથી પીડાતા કેટલાક લોકો તૃષા દૂર કરવા કૂવો ખોદવા માંડ્યા. કૂવો ખોદતી વખતે શ્રમથી તેઓની તૃષા જો કે વધવા માંડી, શરીર પણ માટી-કાદવ વગેરેથી ખરડાયા, તો પણ તે કૂવામાંથી જ નીકળેલા પાણીથી તેઓએ તૃષા છીપાવી અને કાદવ પણ દૂર કર્યો. તે પછીના કાળે પણ તેઓ તથા બીજાઓ તૃષાઆદિ પીડાથી રહિત થવાથી સુખભાગી બન્યા. આ જ પ્રમાણે દ્રવ્યસ્તવમાં જો કે અસંયમ છે, તો પણ દ્રવ્યસ્તવથી જ પરિણામશુદ્ધિ ઉત્પન્ન થાય છે, અને અસંયમથી ઉપાર્જિત કર્મ તથા તે સિવાયના પણ નિરવશેષ કર્મો તેનાથી ક્ષય પામે છે. તેથી વિરતાવિરતોએ 'આ દ્રવ્યસ્તવ શુભાનુબંધી અને ઘણી નિર્જરાવાળો છે' એમ સ્વીકારી

निविशते। *'भावोऽयमनेन विना चेष्टा द्रव्यक्रिया तुच्छा'* [षोडशक ३/१२ उत्त॰] इति वचनात्। ऋजुसूत्रादेशेनापि क्रियायामतिशयाधानं भावेनैवेति या द्रव्यस्तवक्रियाव्यक्तिः शुभानुबन्धं प्रभूतनिर्जरां च जनयेत्, सा कथमसंयमकर्मेति विचारणीयम्। न चैकस्मात् प्रदीपाद् धूमप्रकाशकार्यद्वयवदुपपत्तिः, कारणान्तराननुप्रवेशात्। न हि पापपुण्योपादानकारणशुभाशुभाध्यवसाययोर्यौगपद्यं सम्भवति, तस्मात्कथञ्चित्पदद्योत्यायतनासमावेशादेव

---

*દ્રવ્યસ્તવ આદરવો જોઇએ.*

## દ્રવ્યસ્તવ મોક્ષનું કારણ

દ્રવ્યસ્તવક્રિયા પોતાનાથી ઉત્પન્ન થતી પરિણામશુદ્ધિદ્વારા અને ભાવસ્તવક્રિયા પોતાનાથી ઉત્પન્ન થતી પરિણામશુદ્ધિદ્વારા મોક્ષના કારણ છે. આમ બન્ને સ્તવ પોતપોતાનાથી થતી ભાવશુદ્ધિદ્વારા સમાનરૂપે મોક્ષના કારણ છે. નિશ્ચયથી ભાવશુદ્ધિથી મોક્ષ છે. આ ભાવશુદ્ધિના જે પણ કારણ હોય, તે બધા પણ સમાનરૂપે મોક્ષના કારણ તરીકે વ્યવહારને માન્ય છે.

**શંકા :-** આમ તો દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ સરખા જ થઇ ગયા. આમ ગૃહસ્થ પણ દ્રવ્યસ્તવદ્વારા મોક્ષ પામી શકતો હોવાથી દીક્ષા વગેરે ભાવસ્તવને નિરર્થક માનવો પડશે.

**સમાધાન :-** અલબત્ત, દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ આ બન્ને મોક્ષના કારણ તરીકે સમાન છે. છતાં પણ બન્નેના પાવરમાં ઘણો તફાવત છે. દ્રવ્યસ્તવથી મોક્ષની પ્રાપ્તિરૂપ ફળ લાંબાકાળે પ્રાપ્ત થાય છે. જ્યારે ભાવસ્તવથી એ જ ફળ ટૂંકા ગાળામાં પ્રાપ્ત થાય છે. કારણ કે દ્રવ્યસ્તવથી થતી પરિણામશુદ્ધિ કરતાં ભાવસ્તવથી થતી પરિણામશુદ્ધિ વધુ ચમકવાળી હોય છે. (તથા દ્રવ્યસ્તવ નાની નદી જેવો છે. જે આગળ જતાં ભાવસ્તવરૂપ મોટી નદીને મળી જાય છે. દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ વચ્ચે આટલો તફાવત છે, માટે મુમુક્ષુમાટે છતી શક્તિએ ભાવસ્તવ જ સેવનીય છે. એવી શક્તિના અભાવમાં ઉભયભ્રષ્ટ ન થઇ જવાય અને મોક્ષમાર્ગથી વેગળા ન થઇ જવાય, પરંતુ મોક્ષમાર્ગ તરફ ધીમી પણ મક્કમગતિ ચાલુ રહે એ હેતુથી દ્રવ્યસ્તવ અવશ્ય સેવનીય છે.) અહીં એટલો ખ્યાલ રાખવો કે દ્રવ્યસ્તવની ક્રિયા હોય કે ભાવસ્તવની ક્રિયા હોય, જો એ ક્રિયાને સત્ત્વશુદ્ધિવગેરેના કારણરૂપ બનાવવી હોય, તો તે ક્રિયાઓ પ્રણિધાનઆદિ(આદિથી (૧) પ્રવૃત્તિ (૨) વિઘ્નજય (૩) સિદ્ધિ અને (૪) વિનિયોગ) ભાવપૂર્વક કરવી જોઇએ. અર્થાત્ પ્રણિધાનઆદિ ભાવપૂર્વકની જ દ્રવ્યસ્તવ આદિ ક્રિયા સત્ત્વશુદ્ધિમાં કારણ બને છે, (સત્ત્વશુદ્ધિ કાર્ય છે, પ્રણિધાનાદિ ભાવપૂર્વક ક્રિયા કારણ છે. આમ ક્રિયામાં સત્ત્વશુદ્ધિની કારણતા છે. અને પ્રણિધાનાદિ ભાવપૂર્વકત્વ (અને ક્રિયાત્વ) આ કારણતાના અવચ્છેદક બનશે. આમ પ્રણિધાનાદિ ભાવપૂર્વકત્વનો સત્ત્વશુદ્ધિ (ની=નિરુપિત) કારણતાની અવચ્છેદકકોટિમાં પ્રવેશ ઇષ્ટ છે.) કારણ કે *'આ જ (પ્રણિધાન વગેરે) ભાવ છે, આ વિનાની ચેષ્ટા=પ્રવૃત્તિ દ્રવ્યક્રિયારૂપ છે, અને તુચ્છ છે'* એવું વચન છે.

**શંકા :-** સાંપ્રતગ્રાહી ઋજુસૂત્રનય અવ્યવહિત પૂર્વવર્તીને કારણ માને છે અને અવ્યવહિત પૂર્વવર્તી તો ક્રિયા જ છે, તેથી ભાવ પ્રધાન નથી, ક્રિયા જ પ્રધાન છે.

**સમાધાન :-** બરાબર છે. ઋજુસૂત્રનયના આદેશથી અવ્યવહિત પૂર્વવર્તી હોવાથી ક્રિયા પ્રધાન છે. અને ક્રિયાની પણ પૂર્વે રહેલા પ્રણિધાનઆદિ ભાવો ગૌણ છે. પરંતુ એટલું સમજી લેવું કે ક્રિયામાં પણ ફળજનનશક્તિ ભાવના કારણે જ આવે છે. ભાવ વિનાની અનેક ક્રિયાઓ થવા છતાં તે ક્રિયાઓની તરત ઉત્તરમાં વધુ વિશુદ્ધભાવની પ્રાપ્તિ, પ્રભૂત નિર્જરા, શુભાનુબંધ કે મોક્ષરૂપ કાર્ય ન થાય. જે ક્રિયામાં પ્રણિધાનઆદિ ભાવોએ પ્રાણ પૂર્યા હોય, અતિશય=વિશિષ્ટ શક્તિનું આધાન કર્યું હોય, તે જ ક્રિયાની તરત ઉત્તરમાં ઉપરોક્ત કાર્યનો પ્રાદુર્ભાવ થાય. તેથી ઋજુસૂત્રમતે પણ ભાવની મહત્તા જરા પણ ઓછી નથી. તેથી જ જે દ્રવ્યસ્તવક્રિયા (ભાવયુક્ત હોવાથી) પુણ્યરૂપ

तत्रासंयमोपपत्तिस्तच्छोधनमपि परिणामशुद्ध्या भवतीति सम्यग् मनस्यानेयम्। यद्वा, द्रव्यस्तवाख्यगृहाश्रमरूप-धर्माधिकारितावच्छेदकासदारम्भकर्मापनयनं सदारम्भक्रियाव्यक्तिभिरिति कूपदृष्टान्तोपादानमत्र, नापवादपदादौ मुनीनां प्रधानाधिकारिण एवाङ्गेऽधिकारादिति तत्त्वम्॥

अयमतिविशदो विचारमार्गः स्फुरति हृदि प्रतिभाजुषां मुनीनाम्। जडमतिवचनैस्तु विप्रलब्धाः कति न

---

શુભનો અનુબંધ કરતી હોય અને ઘણા કર્મોની નિર્જરા કરતી હોય, તે દ્રવ્યસ્તવક્રિયાને અસંયમક્રિયા કેવી રીતે કહી શકાય ? ન જ કહેવાય, કારણ કે સંયમના ફળભૂત (૧) શુભાનુબંધ અને (૨) પ્રભૂતનિર્જરા પ્રસ્તુતમાં પણ સુલબ્ધ છે. (અહીં ક્રિયામાં ભાવના નિવેશની ચર્ચા કરવાનું **તાત્પર્ય** આ છે→ જો ભાવનું મહત્ત્વ કાઢી નાખી માત્ર ક્રિયાને જ પ્રધાન બનાવવામાં આવે, તો દ્રવ્યસ્તવ હેય જ બની જાય, કારણ કે દ્રવ્યસ્તવક્રિયા સ્વરૂપથી સાવદ્ય છે. તેમાં અનુબંધઆદિથી નિરવદ્યતા ભાવને કારણે જ છે. તેથી ભાવની મહત્તાના અભાવમાં દ્રવ્યસ્તવ અનુબંધઆદિથી પણ નિરવદ્ય ન બની શકે. જ્યારે ભાવસ્તવ=સંયમ ક્રિયા સ્વરૂપથી નિરવદ્ય છે. તેથી તેની ઉપાદેયતામાં વાંધો ન આવે. તેથી જેઓને માત્ર ભાવસ્તવને જ ઉપાદેય બનાવી દ્રવ્યસ્તવને હેય જ માનવો છે, તેઓ માત્ર ક્રિયાને જ પ્રધાન કરે છે. તેઓની માન્યતાનો રકાસ કરવામાટે જ અહીં ભાવનો નિવેશ કર્યો. ભાવપૂર્વકની દ્રવ્યસ્તવક્રિયા પણ પ્રભૂતનિર્જરા અને શુભાનુબંધમાં કારણ બને છે, તેથી તે અસંયમ ક્રિયારૂપ નથી અને હેય નથી. બાકી તો **વિનયરત્ન** આદિની ભાવ વિનાની તો ભાવસ્તવક્રિયા પણ વંધ્ય હોવાથી તુચ્છ છે.)

**શંકા :-** જેમ એક દીવામાંથી એકી સાથે કાંતિમય પ્રકાશ અને કાળો ધુમાડો આ બે કાર્ય ઉત્પન્ન થાય છે. તેમ સ્વરૂપસાવદ્ય દ્રવ્યસ્તવમાંથી પણ પુણ્ય અને પાપ એમ બે કાર્ય (એકસાથે) ઉત્પન્ન થવામાં શો વાંધો છે ?

**સમાધાન :-** પ્રદીપઆદિમાંથી ધુમાડો પાણીઆદિ કારણાંતરના પ્રવેશને કારણે થાય છે. એક જ કારણ-સામગ્રીમાંથી પ્રકાશ અને ધુમાડો એમ બે કાર્યની ઉત્પત્તિ નથી થતી. દ્રવ્યસ્તવમાં પાપના કારણનો(=કારણાંતરનો) સમાવેશ ન હોવાથી તેમાંથી બે કાર્ય થતા નથી. પુણ્ય અને પાપમાં ઉપાદાન કારણ જીવના પોતાના શુભ અને અશુભ અધ્યવસાયસ્થાનો છે. આ અધ્યવસાયસ્થાનો કાં તો શુભ જ હોય, કાં તો અશુભ જ હોય; પણ શુભાશુભમિશ્ર હોતા નથી. તથા જીવ એક સમયે એક અધ્યવસાયસ્થાને જ રહ્યો હોય. દ્રવ્યસ્તવક્રિયા શુભઅધ્યવસાયથી જન્ય અને શુભઅધ્યવસાયની જનક હોવાથી પુણ્યનું જ કારણ છે. તેથી 'દ્રવ્યસ્તવક્રિયા કરતી વખતે પ્રથમ પુષ્પાદિ જીવની હિંસાને કારણે અધર્મ=પાપ થાય છે અને પછી શુભભાવથી ધર્મ=પુણ્ય થાય છે' ઇત્યાદિ વાતો પણ રદબાતલ થાય છે. તથા 'દ્રવ્યસ્તવ વખતે અસંયમ થાય છે.' એ વાત પણ 'કથંચિત્' પદથી દ્યોતિત થતી અજયણાને કારણે જ સમજવાની છે. આ અજયણા વિધિ કે ભક્તિ સંબંધી હોઇ શકે. આ અજયણાથી જન્મેલો અસંયમ પણ પરિણામશુદ્ધિ દ્વારા દૂર કરી શકાય છે, આ વાતને મનમાં સતત બરાબર ઘોળવી.

અથવા તો, દ્રવ્યસ્તવરૂપે ઓળખાતી ગૃહસ્થાશ્રમ ધર્માધિકારિતા 'અસદારંભકર્મ' થી અવચ્છિન્ન=નિયંત્રિત છે. અર્થાત્ જેઓ અસદારંભમાં પ્રવૃત્ત થયા છે, તે ગૃહસ્થો જ દ્રવ્યસ્તવધર્મના અધિકારી છે, કારણ કે અસદારંભને કારણે લાગેલા કર્મોને દ્રવ્યસ્તવરૂપ સદારંભ ક્રિયા દૂર કરે છે. આ જ હેતુથી અહીં કૂવાનું દૃષ્ટાંત બતાવ્યું છે. અર્થાત્ ગૃહસ્થો અશુભ આરંભોના કાદવમાં ડૂબેલા છે. તેથી તે કાદવને સર્વથા કે ઓછે વત્તે અંશે દૂર કરવા દ્રવ્યસ્તવાત્મક શુભ આરંભરૂપ પાણીથી સ્નાન કરે, એ તેઓમાટે વાજબી ગણી શકાય. જેઓને આ અશુભ આરંભનો કાદવ ચોંટ્યો નથી, તેવા મુનિઓએ દ્રવ્યસ્તવરૂપ પાણીથી સ્નાન કરવાની પણ જરુર નથી. તેથી 'જેમ શ્રાવકનો કૂવાના દૃષ્ટાંતથી દ્રવ્યસ્તવમાં અધિકાર છે, તેમ સાધુનો પણ તે જ દૃષ્ટાંતથી અપવાદપદે દ્રવ્યસ્તવમાં અધિકાર હોવો જોઇએ' તેમ કહેવું નહિ. કારણ કે 'પ્રધાન=મુખ્યમાં અધિકારી જ તેના અંગમાં પણ અધિકારી છે' આ તત્ત્વ છે.

આ અત્યંતસ્પષ્ટ વિચારમાર્ગ પ્રતિભાસંપન્ન મુનિઓના હૃદયમાં સ્ફુરી રહ્યો છે. (અને છતાં પણ)

जडास्तदहो कलिर्बलीयान्॥ १॥ निजमतिरुचितप्रकल्पितार्थैर्विबुधजनोक्तितिरस्क्रियापराणाम्। श्रुतलवमतिदृप्त-पामराणां स्फुरितमतन्त्रमुदीक्ष्य विस्मिताः स्मः ॥ २॥ विधिवदनुपदं विवृण्वते ज्ञा नयगमभङ्गगभीरमाप्तवाक्यम्। कथमिव भगवद्विनिश्चितार्थं तदिदमधौतयुतैर्जनैर्गृहीतम्(तदिदमहो न पुनर्जनैर्गृहीतम् पाठा.) ॥ ३॥ शिष्ये मूढे गुरौ मूढे श्रुतं मूढमिवाखिलम्। इति शङ्कापिशाचिन्यः सुखं खेलन्तु बालिशैः॥ ४॥ स्फुटोदर्के तर्के स्फुटमभिनवे स्फुर्जति सतामियं प्राचां वाचां न गतिरिति मूढः प्रलपति । न जानीते चित्रां नयपरिणतिं नापि रचनां वृथा गर्वग्रस्तश्छलमखिलमन्वेष्टि विदुषाम्॥ ५॥ शोभते न विदुषां प्रगल्भता पल्लवज्ञानजडरागिपर्षदि। पञ्जरे बहुलकाकसङ्कुले सङ्गता न हि मराललना ॥ ६॥ कृष्णतासिततयोः स्फुटेऽन्तरे गीर्गभीरिमगुणे च भेदिनी। यस्य हंसशिशुकाकशङ्किता तं धिगस्तु जननीं च तस्य धिक् ॥ ७॥ अस्तु वस्तु तदथो (नयतः ?) यथा तथा पण्डिताय जिनवाग्विदे नमः। शासनं सकलपापनाशनं यद्वशं जयति पारमेश्वरम्॥ ८॥ ॥ ९२ ॥

**॥ इति पाशदोषाकरस्य मतं निरस्तम्॥**

---

જડબુદ્ધિવાળાના વચનોથી કેટલા જડપુરુષો ઠગાતા નથી ? અર્થાત્ ઘણા જડપુરુષો ઠગાઇ રહ્યા છે. તેથી ખરેખર કલિકાળ બળવાન્ છે. (અર્થાત્ આ કાળનો જ પ્રભાવ છે, કે સત્યમાર્ગ દીવાની જેમ ચોખ્ખો વર્તાઇ રહ્યો હોવા છતાં ઘણા લોકો ઉન્માર્ગે જનારાઓને અનુસરી રહ્યા છે.) ॥૧॥ પોતાની બુદ્ધિને ગમતા કલ્પિત અર્થોથી પ્રાજ્ઞ પુરુષોના વચનોનો તિરસ્કાર કરવામાં તત્પર અને શ્રુતના લવ=અંશને ગ્રહણ કરતી મતિથી ગર્વિત બનેલા પામરોની અતંત્ર=સિદ્ધાંત અને યુક્તિહીન સ્ફુરણા જોઇને અમે વિસ્મિત થયા છીએ. (અર્થાત્ આગમ અને યુક્તિથી હીન વાતોને મળતા મહત્ત્વથી અમને આશ્ચર્ય થાય છે.) ॥૨॥ નય, ગમ, અને ભંગથી ગંભીર બનેલા અને ભગવાને નિશ્ચિત કરેલા અર્થથી યુક્ત આપ્તવાક્યનું સુજ્ઞપુરુષો પદે પદે વિધિવત્ વિવરણ કરે છે. આવા આપ્તવાક્યને અધૌતયુત=મલિનતાથી યુક્ત લોકોએ કેવી રીતે ગ્રહણ કર્યું ? (અર્થાત્ વિદ્વાન પુરુષોએ આજ્ઞાને આધીન રહી ભગવાને કહેલા અર્થથી યુક્ત આપ્તવાક્યને ખૂબ સ્પષ્ટ સમજાવ્યા છે, છતાં મલિન હૃદયવાળાઓ એ આપ્તવાક્યનું ઓઠું લઇને કેમ ફાવે તેમ પ્રરૂપણા કરવાની ધૃષ્ટતા કરે છે ?) ॥૩॥ શિષ્ય મૂઢ હોય અને ગુરુ મૂઢ હોય તો સંપૂર્ણ શ્રુત પણ જાણે કે મૂઢ બની જાય છે. તેથી શંકા ડાકણ ભલે બાલિશોની સાથે સુખેથી રમે. (બાલિશોની કલ્પના છે કે 'હાલમાં શિષ્ય અને ગુરુ બન્ને મૂઢ છે. અને મૂઢના હાથમાં આવવાથી સન્માર્ગદેશક શ્રુત પણ મૂઢ બની ગયું છે. સાચી દિશા સૂઝાડતું નથી.' આમ માનીને તેઓ મન ફાવતી કલ્પનાઓમાં રાચે છે.) ॥૪॥ 'સ્પષ્ટ પરિણામવાળો આ નવો તર્ક સ્પષ્ટ પ્રકાશતો હોવાથી સજ્જન પૂર્વપુરુષોની વાણીનું કોઇ સ્થાન નથી.' એમ મૂઢ પુરુષ પ્રલાપ કરે છે. પરંતુ તે (પુરુષ) વિચિત્ર નય પરિણતિને અને સૂત્રોની વિચિત્ર રચનાઓને સમજતો નથી અને ફોગટનો ગર્વ ધારણ કરી વિદ્વાનોના બધા છળને(=છિદ્રને) જ શોધ્યા કરે છે. ('દ્રવ્યસ્તવ વગેરે અંગે અમે કરેલો વિચાર ખૂબ સુંદર અને સચોટ હોવાથી **પૂ. હરિભદ્રસૂરિ** વગેરે પૂર્વાચાર્યોની વાણીને કોઇ સ્થાન નથી.' એ પ્રમાણે પ્રતિમાલોપક, પાર્શ્વચંદ્રાદિ મતવાળાઓ માને છે. પરંતુ તેઓ કયું સૂત્ર કયા નયને આગળ કરે છે ? સૂત્રની વિચિત્ર રચનામાં કયો હેતુ કામ કરે છે ? ઇત્યાદિનું જ્ઞાન ધરાવતા નથી.) ॥૫॥ થોડું ઘણું અધકચરું જ્ઞાન ધરાવનારા પર જડરાગ=દૃષ્ટિરાગ ધરાવનારાઓની સભામાં વિદ્વાનોની ચતુરાઇ-વિદ્વત્તા શોભતી નથી. ઘણા કાગડાઓથી ભરેલા પાંજરામાં રાજહંસી શોભતી નથી. (અર્થાત્ આ અતત્ત્વજ્ઞોની સાથે બહુ ચર્ચા કરવાથી સર્યું, કારણ કે તેમાં તત્ત્વજ્ઞ જ બેઆબરુ થાય છે.) ॥૬॥ કાળાશ અને સફેદાશમાં સ્પષ્ટ અંતર હોવા છતાં, તથા વાણીના ગંભીરતા આદિ ગુણો અથવા વાણી અને ગંભીરતા ગુણો સ્પષ્ટ ભેદવાળા હોવા છતાં જેને હંસના બચ્ચામાં કાગડાની શંકા થાય છે, તેને ધિક્કાર છે ! અને તેની જનનીને ધિક્કાર છે. (અર્થાત્ સંવિગ્ન ગીતાર્થો અને તેમના શાસ્ત્રાધીન યુક્તિસંગત વચનો સ્પષ્ટપણે અસંવિગ્ન અને અગીતાર્થો અને તેમના યુક્તિહીન શાસ્ત્રબાહ્ય વચનોથી ભિન્ન પડે છે. છતાં જેઓ સંવિગ્ન ગીતાર્થોમાં

अत्रातिदेशेन कुमतशेषं निराकुर्वन्नाह—

**एतेनेदमपि व्यपास्तमपरे यत्प्राहुरज्ञाः परं,**
**पुण्यं कर्म जिनार्चनादि न पुनश्चारित्रवद्धर्मकृत्।**
**तद्वत्तस्य सरागतां कलयतः पुण्यार्जनद्वारतो,**
**धर्मत्वं व्यवहारतो हि जननान्मोक्षस्य नो हीयते ॥ ९३ ॥**

(**दंडान्वयः**→ एतेनेदमपि व्यपास्तं - यदपरेऽज्ञाः प्राहुः जिनार्चनादि परं पुण्यं कर्म, न पुनः चारित्रवद् धर्मकृत्। हि तस्य तद्वत् सरागतां कलयतः, पुण्यार्जनद्वारतो व्यवहारतो धर्मत्वं मोक्षस्य जननान्नो हीयते॥)

'एतेन' इति। *एतेन*=शुद्धजिनपूजाया धर्मत्वव्यवस्थापनेन, इदमपि *व्यपास्तं*=निराकृतं, यदपरे *ऽज्ञाः*= अनधिगतसूत्रतात्पर्याः प्राहुः। किं प्राहुः ? *परं*=केवलं जिनार्चनादि पुण्यं कर्म, न पुनश्चारित्रवद् *धर्मकृत्*=धर्मकारणम्। व्यपासनहेतुमतिदेशप्राप्तं स्फुटयति *हि*=यतः, *तस्य*=जिनार्चादिकर्मण *स्तद्वत्*=चारित्रवत् *सरागतां*=रागवत्तां कलयतो रागसहितस्य पुण्यार्जनद्वारतः शुभाश्रवव्यापारकत्वेन मोक्षस्य जननाद् व्यवहारतो धर्मत्वं न हीयते । अयं भावः 'जिनार्चादिकं पुण्यं कर्म स्वर्गादिकामनया करणात्' इति साधनं न युक्तं भ्रान्तकरणे व्यभिचारात्। अभ्रान्तैरिति

---

અને તેમના વચનોમાં અસંવિગ્નપણાની અને ઉત્સૂત્રની શંકા કરે છે, તેઓ અંગે શું કહેવું ?) ॥૭॥ નયોથી વસ્તુ જે પ્રમાણે હો તે પ્રમાણે હો. નયોથી જિનવાણીનો પ્રકાશ પામનારા પંડિતોને પ્રણામ થાઓ. સકળ પાપોને ચૂરી નાખનારું પરમેશ્વરનું શાસન=જૈનશાસન આ પંડિતો= સંવિગ્નગીતાર્થોના વશ=કારણે જ જય પામે છે=જગતમાં સર્વોત્કૃષ્ટપણે વર્તે છે. ॥૮॥ **॥ ૯૨ ॥**

**આ પ્રમાણે પાર્શ્વચંદ્રમતનું ખંડન થયું.**

## જિનપૂજા ધર્મરૂપ

અહીં અતિદેશથી બાકી રહેલા કુમતોનું નિરાકરણ કરતા કહે છે—

**કાવ્યાર્થ :-** આનાથી 'જિનઅર્ચનવગેરે પુણ્યક્રિયા છે, પરંતુ ચારિત્રની જેમ ધર્મ કરનારી ક્રિયા નથી.' આવું બીજાઓ જે કહે છે, તે પણ યુક્તિરિક્ત સમજવું, કારણ કે જિનપૂજા વગેરેમાં રહેલી સરાગતા ચારિત્રમાં રહેલી સરાગતાને તુલ્ય જોવી. તથા જિનપૂજા પુણ્યની પ્રાપ્તિ દ્વારા મોક્ષજનક હોઇ વ્યવહારથી ધર્મત્વથી હીન નથી. અર્થાત્ જિનપૂજા વગેરે પણ ધર્મરૂપ જ છે.

'શુદ્ધ જિનપૂજા ધર્મરૂપ જ છે.' એમ નિશ્ચિત કરવાથી જે અજ્ઞો પૂજાને માત્ર પુણ્યરૂપ માને છે અને ધર્મરૂપ માનતા નથી, તેઓનો મત ખંડિત થાય છે. અજ્ઞ=સૂત્રના તાત્પર્યને નહિ સમજવાવાળા. અહીં અતિદેશથી પ્રાપ્ત થયેલા આ મતના નિરાકરણના હેતુને કાવ્યના ઉત્તરાર્દ્ધથી સ્પષ્ટ કરે છે, સરાગચારિત્રની જેમ રાગસહિતનું જિનપૂજન પુણ્યની પ્રાપ્તિ દ્વારા=શુભઆશ્રવના વ્યાપારદ્વારા મોક્ષજનક બને છે. તેથી વ્યવહારથી પ્રતિમાપૂજન પણ ધર્મરૂપ છે.

**પૂર્વપક્ષ :-** સ્વર્ગવગેરેની ઇચ્છાથી પ્રતિમાપૂજન કરાય છે, તેથી તે પૂજન પુણ્યરૂપ છે. અનુમાનપ્રયોગ 'જિનપૂજાવગેરે ક્રિયા પુણ્યરૂપ છે, કારણ કે સ્વર્ગવગેરેની ઇચ્છાથી કરાય છે' સ્વર્ગવગેરેની પ્રાપ્તિ પુણ્યથી થાય છે, તે બધાને વિદિત જ છે.

**ઉત્તરપક્ષ :-** અહીં અનુમાનપ્રયોગ બરાબર નથી. કારણ કે ભ્રાંત=અતત્ત્વજ્ઞ=અજ્ઞ જીવો કીર્તિવગેરે ઐહિક આશયથી પૂજા કરે છે અને કીર્તિવગેરે હેતુથી કરાયેલી પૂજા પુણ્યરૂપ નથી એમ સર્વસંમત છે. તેથી તમારું અનુમાન

(विशेषणेऽप्यवन्तीसुकुमालेन नलिनीगुल्मप्राप्त्यर्थे क्रियमाणे दुर्द्धरचारित्रे व्यभिचारात्, निनिर्दानतांशेऽभ्रान्तैरिति इत्यधिकमन्यत्र दृश्यते) विशेषणे च विशेष्यासिद्धिः, न हि तादृशा जिनार्चनादिकं स्वर्गाय कुर्वन्ति, किन्तु मोक्षायै-वेति। **आह च** → *'मोक्षायैव तु घटते विशिष्टमतिरुत्तमः* ① *पुरुष'* [तत्त्वार्थकारिका १/५ उत्त०] इति। **स्वर्गार्थितया** विहितत्वादिति हेतुरिति चेत्? न, अधिकारिणो विवेकिनः सर्वत्र मोक्षार्थिन एवार्थतः सिद्धेः। क्वचित्साधारण्येनैव

વ્યભિચાર દોષથી ગ્રસ્ત છે. (સ્વર્ગાદિઇચ્છાને અંતર્ગત કીર્તિઆદિની ઇચ્છાથી પ્રવૃત્તિરૂપ હેતુ હોવા છતાં પુણ્યત્વરૂપ સાધ્યની ગેરહાજરીથી આ અનેકાંતિક દોષ લાગ્યો. અથવા સ્વર્ગાદિની કામનાથી કોઇ અજ્ઞ જીવ અગ્નિહોત્ર યજ્ઞઆદિ કરે, તો ત્યાં હેતુ હોવા છતાં પુણ્યરૂપ સાધ્ય નથી.)

**પૂર્વપક્ષ :-** આ દોષ ટાળવા હેતુમાં 'અભ્રાંતથી' એટલું વિશેષણ છે. અર્થાત્ 'જિનપૂજા વગેરે પુણ્યરૂપ છે, કારણ કે અભ્રાંત=તત્ત્વજ્ઞ=વિશિષ્ટ બુદ્ધિવાળા જીવો વડે સ્વર્ગની ઇચ્છાથી કરાય છે.' આવો અનુમાન પ્રયોગ કરશું. તેથી ઉપરોક્ત દોષ ટળી જશે. કારણ કે અભ્રાંતજીવો કીર્તિઆદિ હેતુથી જિનપૂજા કરે જ નહિ.

**ઉત્તરપક્ષ :-** અહીં તમારા હેતુમાં વિશેષ્યાસિદ્ધિદોષ છે. 'સ્વર્ગની ઇચ્છાથી કરાય છે.' આ વિશેષ્ય છે. અભ્રાંત જીવો જેમ કીર્તિઆદિ હેતુથી જિનપૂજા કરતા નથી, તેમ સ્વર્ગાદિની ઇચ્છાથી પણ જિનપૂજા કરતા નથી.② તેઓ માત્ર મોક્ષની ઇચ્છાથી જ જિનપૂજા કરે છે. પ્રથમ હેતુથી કરેલી પૂજા જો વિષઅનુષ્ઠાન છે, તો બીજા સ્વર્ગાદિ હેતુથી કરાયેલી પૂજા ગરઅનુષ્ઠાન છે. અને વિશિષ્ટ બુદ્ધિવાળા અભ્રાંત જીવોને મન તો બન્ને અનુષ્ઠાન ત્યાજ્ય છે. **વાચક શ્રી ઉમાસ્વાતિ મહારાજે તત્ત્વાર્થકારિકામાં** કહ્યું જ છે કે → *'વિશિષ્ટમતિવાળો ઉત્તમપુરુષ તો મોક્ષમાટે જ પ્રયત્ન કરે છે.'*

**પૂર્વપક્ષ :-** અમારા અનુમાનમાં હેતુ તરીકે 'સ્વર્ગાર્થિપણાથી વિહિત હોવાથી' એવો હેતુ છે. અર્થાત્ 'જિનપૂજા સ્વર્ગના અર્થીમાટે જ વિહિત અનુષ્ઠાન હોવાથી પુણ્યરૂપ છે.' એમ કહેવામાં કોઇ દોષ નથી. (વળી, અમે અભ્રાંત= ફલસાધનતાઅંશે અભ્રાંત એવો અર્થ કરીએ છીએ. પૂજાનું ફળ સ્વર્ગ. આ ફળઅંગે પૂજા સાધન છે એમ માનીને જે પૂજા કરે છે, તે અભ્રાંત છે. આમ કહેવાથી કીર્તિઆદિની કામનાથી પૂજા કરનારાઓ ભ્રાંત સિદ્ધ થશે, અને તમે જે ઉત્તમ પુરુષોરૂપ અભ્રાંતોની વાત કરી, તેઓ પૂજા નહીં કરે (કેમકે તેઓ મોક્ષેચ્છુક છે.) તો પણ વાંધો નહીં આવે.)

**ઉત્તરપક્ષ :-** જિનપૂજાના અધિકારી તરીકે પાંચમા ગુણસ્થાને રહેલા શ્રાવકો અને ચોથે ગુણસ્થાને રહેલા સમ્યક્ત્વીઓ મુખ્યતયા માન્ય છે. તેઓ વિવેકી છે કે અવિવેકી છે?

---

① **परलोकहितायैव प्रवर्त्तते मध्यमः क्रियासु सदा। मोक्षायैव तु घटते विशिष्टमतिरुत्तमः पुरुषः॥ इति पूर्णश्लोकः॥**

② અહીં **શબ્દશઃ વિવેચનકારે** સંસ્કૃતમાં ( ) મુકેલો પાઠ હસ્તલિખિત પ્રતના આધારે લીધો છે એમ જણાવે છે. એનું **તાત્પર્ય :-** ભ્રાંત પુરુષો તો સ્વર્ગાદિ કામનાથી યજ્ઞ પણ કરે છે, એ વ્યભિચાર ટાળવા, હેતુમાં અભ્રાંતોદ્વારા એટલું વિશેષણ જોડવાનું પૂર્વપક્ષ કહે છે. એટલે કે→ જિનાર્ચા વગેરે પુણ્ય કર્મરૂપ છે કેમ કે અભ્રાંતોદ્વારા સ્વર્ગાદિની કામનાથી કરાય છે. તો અહીં ઉત્તરપક્ષ આપત્તિ આપે છે – અભ્રાંત અવંતિસુકુમારે નલિનીગુલ્મનામના વિમાનરૂપ સ્વર્ગની કામનાથી દુર્ધરચારિત્ર પાળ્યું હતું. તેથી ત્યાં વ્યભિચાર આવશે. તેથી પૂર્વપક્ષ ફરી સુધારો સૂચવે છે કે અહીં અભ્રાંતિ નિર્નિદાનતા અંશે છે. એટલે કે નિદાન વિનાના અભ્રાંતોદ્વારા સ્વર્ગાદિકામનાથી કરાતું હોવાથી જિનપૂજાદિ પુણ્યરૂપ છે.

જો કે આ અધિક પાઠ પાછળથી કો'કે ઉમેર્યો હશે એમ લાગે છે... કારણ કે (૧) જ્યાં હેતુ અને સાધ્ય બંને મળે, ત્યાં વ્યભિચાર ન ગણાય, પણ સપક્ષ ગણાય. અવંતિસુકુમારે સ્વર્ગના આશયથી ચારિત્ર પાળ્યું, તો સ્વર્ગ યોગ્ય પુણ્ય મળ્યું જ છે. તેથી એ ચારિત્ર સ્થળ તો ઉપરોક્ત હેતુમાટે સપક્ષ ગણી શકાય. પક્ષમાં પણ જિનપૂજાઆદિ છે... તો આદિથી આ ચારિત્ર ગ્રહણ થઇ શકે છે. વળી, (૨) સ્વર્ગની કામનાથી કરાય એ હેતુ છે, તો આ હેતુથી નિદાનમાં શો ફરક છે? એક બાજુ સ્વર્ગની કામના કહેવી ને બીજી બાજુ નિર્નિદાન કહેવું એ પરસ્પર વિરોધી નહીં થાય?

फलोपदेशाच्च। यदुवाच **वाचकः** → *'जिनभवनं जिनबिम्बं जिनपूजां जिनमतं च यः कुर्यात्। तस्य नरामरशिव-सुखफलानि करपल्लवस्थानि'॥* इति। एतेनाभ्युदयैकफलकत्वं हेतुरप्यपास्तरसिद्धेः। रागानुप्रवेशेन तत्त्वस्य च चारित्रेऽपि सत्त्वात्, स्वरूपतस्तत्त्वस्य चोभयत्रासिद्धेः, निरवच्छिन्नयद्धर्मावच्छेदेनाभ्युदयजनकता, तद्धर्मवत्त्वं हेत्वर्थश्चारित्रस्य सरागत्वेनाभ्युदयजनकता, न स्वरूपत इति न दोष इति चेत् ? न, द्रव्यस्तवत्वेनापि चारित्र-जनकताघटितरूपेणाभ्युदयाजनकत्वात्। **विजातीय**योगत्वैनैव द्रव्यस्तवस्य स्वर्गजनकतेति चेत् ? **चारित्रस्यापि**

**પૂર્વપક્ષ :-** તેઓ અવશ્ય વિવેકી તરીકે જ ઇષ્ટ છે.

**ઉત્તરપક્ષ :-** જો તેઓ વિવેકી હોય, તો સર્વત્ર મોક્ષાર્થીતરીકે અર્થથી સિદ્ધ છે. (કારણ કે તે જ વ્યક્તિ વિવેકી છે, જેને સંસારની ચીજ અનિત્ય અને દુઃખકારક જ દેખાતી હોય અને મોક્ષસુખ જ ઉપાદેય લાગે. **પૂર્વપક્ષ :-** વિવેકી શ્રાવકને પણ મોક્ષ ન મળે, ત્યાં સુધી પરલોકમાં સ્વર્ગાદિ મળે તેવી ઇચ્છા થાય. તેથી તે ઇચ્છા સિદ્ધ કરવા પૂજા કરે. આમ શ્રાવકો જિનપૂજા કરે, તે પણ શક્ય છે. અને જિનપૂજા સ્વર્ગ માટે છે, તે પણ સિદ્ધ થાય છે. આવી સંભવિત શંકાના **સમાધાનમાં** કહે છે -) વળી, શાસ્ત્રોમાં ક્યાંક ક્યાંક સ્પષ્ટરૂપે પૂજાદિનું સ્વર્ગાદિ ફળની સમાનરૂપે મોક્ષફળ પણ બતાવ્યું જ છે. **વાચકવર શ્રી ઉમાસ્વાતિ મહારાજે** કહ્યું જ કે → *'(૧) જિનભવન (૨) જિનબિંબ (૩) જિનપૂજા અને (૪) જિનમત(=આગમ લેખન) જે કરે છે, તેના હસ્તકમળમાં મનુષ્ય, દેવલોક અને મોક્ષ સંબંધી સુખરૂપ ફળો રહેલા છે.(અર્થાત્ આ સુખો તે વ્યક્તિને સહેજે પ્રાપ્ત થાય છે.)'* તેથી તમે કહેલો 'સ્વર્ગાર્થિતયા વિહિત હોવાથી' હેતુ અસિદ્ધ છે.તેથી જ 'માત્ર અભ્યુદયફળવાળો હોવાથી' એ હેતુ પણ ઉડી જાય છે. અર્થાત્ 'જિનપૂજાવગેરે પુણ્યકર્મ છે, કારણ કે માત્ર અભ્યુદયફળવાળા છે.' એમ પણ અનુમાન થઇ શકે તેમ નથી, કારણ કે અભ્યુદયથી ભિન્ન એવું મોક્ષ ફળ પણ પૂજાથી પ્રાપ્ત થાય છે.

**પૂર્વપક્ષ :-** રાગયુક્ત જિનપૂજાથી મોક્ષરૂપ ફળ મળી શકે તેમ નથી. તેથી 'રાગયુક્ત જિનપૂજાથી માત્ર અભ્યુદયફળ મળે' એમ કહેવામાં કોઇ દોષ નથી.

**ઉત્તરપક્ષ :-** એમ તો રાગયુક્ત ચારિત્રક્રિયા પણ અભ્યુદયફળવાળી જ છે. તેથી ચારિત્રક્રિયાને પણ માત્ર પુણ્યરૂપ કહેવાની આપત્તિ આવશે.

**પૂર્વપક્ષ :-** પણ ચારિત્રક્રિયા સ્વરૂપથી માત્ર અભ્યુદયફળ આપનારી તરીકે અસિદ્ધ છે.

**ઉત્તરપક્ષ :-** આ જ વાત દ્રવ્યસ્તવ માટે પણ સમાન છે.

**પૂર્વપક્ષ :-** 'નિરવચ્છિન્ન એવા જે ધર્મથી અભ્યુદયજનકતા અવચ્છિન્ન હોય તે ધર્મવાળાપણું' એવો અર્થ 'અભ્યુદયૈકમાત્રફળકત્વ' હેતુનો કરવાનો છે. નિરવચ્છિન્ન ધર્મ=અન્ય ઉપાધિ કે વિશેષણથી રહિતનો ધર્મ. અર્થાત્ માત્ર સ્વરૂપભૂત ધર્મ. **તાત્પર્ય :-** અહીં જે સ્વરૂપથી જ અભ્યુદયજનક હોય, તે જ ગ્રહણ કરવાનું છે. ચારિત્ર પણ

---

અહીં **શબ્દશઃ વિવેચનકાર** નિર્નિદાનતા અંશે અભ્રાંતતા ચારિત્ર સંબંધી કહે છે. તો પ્રશ્ન છે... એમનું અનુમાનવાક્ય કેવી રીતનું બનશે ? એમણે જે અખંડ સંસ્કૃત પાઠ આપ્યો છે, એમાંથી તો એમણે કાઢેલું કોઇ તાત્પર્ય મળતું જ નથી... એમનો સંસ્કૃત પાઠ આવો છે→ **अभ्रान्तैरिति विशेषणेऽपि अवन्तिसुकुमालेन नलिनीगुल्मप्राप्त्यर्थे क्रियमाणे दुर्द्धरचारित्रे व्यभिचारात्, निर्निदानतांशेऽभ्रान्तैरिति विशेषणे च विशेष्यासिद्धिः न हि तादृशा जिनार्चनादिकं स्वर्गाय कुर्वन्ति, किन्तु मोक्षायैवेति**॥ આ પાઠનો ગુજરાતી અનુવાદ તો આ જ થાય ને → અભ્રાંતો વડે એવા વિશેષણમાં પણ અવંતિસુકુમારવડે નલિનીગુલ્મની પ્રાપ્તિ માટે કરાયેલ દુર્ધરચારિત્રમાં વ્યભિચાર છે. અને નિર્નિદાનતાઅંશે અભ્રાંતો વડે એવા વિશેષણમાં વિશેષ્યની અસિદ્ધિ છે. એવાઓ જિનાર્ચાદિક સ્વર્ગમાટે કરતા નથી, પરંતુ મોક્ષમાટે જ કરે છે.... આમ તો જિનપૂજાદિને છોડી ચારિત્રની ચર્ચા કરવામાં પક્ષત્યાગ-પક્ષાંતરનું ગ્રહણરૂપ નિગ્રહદોષ પણ લાગે..... તત્ત્વજ્ઞોએ આ બાબતમાં વિચારવું.

तथैव तत्त्वमिति तत्तुल्यतया पुण्यत्वे का क्षतिः ? **अथ** शिवहेतवो न भवहेतवो हेतुसङ्करप्रसङ्गादिति निश्चयनय-पर्यालोचनायां सरागचारित्रकालीना योगा एव स्वर्गहेतवो न चारित्रं, घृतस्य दाहकत्ववद् व्यवहारनयेनैव चारित्रस्य स्वर्गजनकत्वोक्तेरित्यस्ति विशेष इति **चेत्** ? **न**, द्रव्यस्तवस्थलेऽपि निश्चयतो योगानामेव स्वर्गहेतुत्वं, न मोक्षहेतोर्द्रव्यस्तवस्येति वक्तुं शक्यत्वाद् दानादिक्रियास्वपि सम्यक्त्वानुगमजनितातिशयेन मुक्तिहेतुत्वोक्तेः, तदुक्तं **विंशिकायां** → *'दाणाइआ उ एअम्मि चेव सुद्धा उ हुंति किरिआओ। एयाओ वि हु जम्हा मोक्खफलाओ*

---

અભ્યુદયજનક છે, પરંતુ તે સરાગપણાથી આ કાર્ય કરે છે. (અહીં ચારિત્ર અભ્યુદયજનક છે. તેથી ચારિત્રત્વધર્મ અભ્યુદયજનકત્વનો અવચ્છેદક છે. પણ આ ચારિત્રત્વધર્મ નિરવચ્છિન્ન નથી, પણ સરાગત્વથી અવચ્છિન્ન=વિશિષ્ટ બનીને જ અભ્યુદયજનકતાનો અવચ્છેદક બને છે. તેથી નિરવચ્છિન્નયદ્ધર્મ. ઇત્યાદિ હેત્વર્થ 'ચારિત્ર' માં ઘટી શકતો નથી. તેથી ઉપરોક્ત અનુમાન ચારિત્રને લાગુ પડતું નથી.) તેથી અમારા અનુમાનમાં દોષ નથી.

**ઉત્તરપક્ષ :-** આ જ પ્રમાણે (દ્રવ્યસ્તવનું દ્રવ્યસ્તવત્વ=સ્વરૂપ જ છે ભાવસ્તવરૂપ ચારિત્રનું જનકપણું. કારણ કે ભાવનું કારણ 'દ્રવ્ય' ગણાય છે. આમ મૂળભૂતરીતે - કોઇ પણ ધર્મથી અવિશિષ્ટ) દ્રવ્યસ્તવત્વ ચારિત્રજનકતાનું જ અવચ્છેદક છે, અભ્યુદયજનકતાનું નહીં. તેથી જ્યારે દ્રવ્યસ્તવ ચારિત્ર પ્રાપ્તિના આશયને છોડી બીજા આશયથી કરાય છે, ત્યારે જ માત્ર અભ્યુદયફળજનક બને છે.

**પૂર્વપક્ષ :-** મોક્ષજનકયોગથી ભિન્ન જાતિનો=ભિન્ન પ્રકારનો યોગ હોવાથી જ દ્રવ્યસ્તવ સ્વર્ગનું કારણ છે. મોક્ષજનક યોગ રાગથી રહિત હોય છે. જ્યારે દ્રવ્યસ્તવ રાગયુક્ત છે. તેથી તે મોક્ષથી ભિન્ન સ્વર્ગાદિફળ આપે છે.

**ઉત્તરપક્ષ :-** એમ તો સરાગચારિત્ર પણ મોક્ષજનક યોગથી ભિન્ન યોગ છે અને સ્વર્ગાદિજનક હોવાથી દ્રવ્યસ્તવને તુલ્ય જ છે. તેથી તે પણ પુણ્યરૂપ હોવામાં કયો દોષ છે ?

**પૂર્વપક્ષ :-** જે મોક્ષના હેતુ હોય, તે સંસારના હેતુ બની શકે નહિ. અન્યથા હેતુમાં સંકરદોષ આવે. (ભિન્ન અધિકરણમાં રહેનારા ધર્મો જો ક્યાંક એક જ અધિકરણમાં ઉપલબ્ધ થાય, તો ત્યાં સંકરદોષ આવે. વિષયાદિમાં સંસારહેતુતા છે. સમતાઆદિમાં મોક્ષહેતુતા છે. ચારિત્રમાં આ બંને હેતુતા માનવામાં સંકરદોષ આવે, એ તાત્પર્ય છે.) સ્વર્ગની પ્રાપ્તિ સંસારરૂપ છે. ચારિત્ર પોતે મોક્ષનું કારણ છે. તેથી તેને સ્વર્ગપ્રાપ્તિ આદિરૂપ સંસારના હેતુ તરીકે માની શકાય નહિ.

(**શંકા :-** જો ચારિત્ર સ્વર્ગનું કારણ ન હોય, તો શાલિભદ્ર વગેરે અનેક જીવો ચારિત્ર પાળી સ્વર્ગે ગયા છે, તેવું સંભળાય છે, તેનું શું ? વળી અનુત્તર દેવલોકમાં માત્ર સુચારિત્રી જ જઇ શકે તેવા વિધાનનું શું ? **ઉપદેશમાળામાં** કહ્યું છે કે → 'એક દિવસ પણ ચારિત્ર પાળનારો જો મોક્ષે ન જાય, તો અવશ્ય વૈમાનિક દેવ થાય' તેનું શું ? આ કાળમાં મોક્ષના અભાવમાં પણ ચારિત્રનું પાલન થતું દેખાય છે, તેનું શું ? **સમાધાન :-** આકળા ન થાવ,) ચારિત્ર પોતે તો મોક્ષદ જ છે. **નિશ્ચયનયથી** વિચારીએ, તો સરાગચારિત્રકાલના જે શુભયોગ છે, તે જ સ્વર્ગના હેતુ છે; ચારિત્ર પોતે સ્વર્ગઆદિનો હેતુ નથી. ઉપર તમે જે કહ્યું, તેની સિદ્ધિ સરાગચારિત્ર-કાલીન યોગના પ્રભાવથી છે. ઘી પોતે બાળનારું ન હોવા છતાં, તેમાં રહેલી અગ્નિની ઉષ્ણતાના કારણે તે દાહક બને છે, ત્યારે વ્યવહારથી એમ કહેવાય કે 'ઘી દાહક છે.' એ જ પ્રમાણે નિશ્ચયથી ચારિત્ર સ્વર્ગાદિમાં કારણભૂત નહીં હોવા છતાં તેમાં ભળેલા રાગઆદિના કારણે સ્વર્ગની પ્રાપ્તિ થવાથી વ્યવહારથી ચારિત્રને સ્વર્ગજનક કહી શકાય. આમ નિશ્ચયનયથી વિચારતાં સંકરદોષ પણ રહેતો નથી.

**ઉત્તરપક્ષ :-** આ પ્રમાણે તો દ્રવ્યસ્તવ માટે પણ કહી શકાય. અર્થાત્ દ્રવ્યસ્તવકાલે રહેલા સરાગયોગો જ સ્વર્ગના કારણ છે. મોક્ષ માટે કારણભૂત દ્રવ્યસ્તવ પોતે સ્વર્ગનો હેતુ નથી, એમ કહી શકાય.

**પૂર્વપક્ષ :-** દ્રવ્યસ્તવ મોક્ષના હેતુ તરીકે અસિદ્ધ છે.

**ઉત્તરપક્ષ :-** ના, અસિદ્ધ નથી. શ્રાવકોની દાનવગેરે ક્રિયાઓ પણ સમ્યક્ત્વની પ્રાપ્તિથી પ્રગટેલા અતિશયને

*पराओ अ'*॥[६/२०] तथा च तत्रापि योगानामेव निश्चयतः स्वर्गहेतुत्वमवशिष्यते इति । **चारित्रं** शुद्धोपयोगरूपं योगेभ्यो भिन्नमिति उक्तनिश्चयविवेकोपपत्तिः, पूजादानादिकं तु न योगभिन्नमिति तदनुपपत्तिरिति चेत् ? **न,** भावनये पूजादानादेरपीच्छाद्युपयोगरूपत्वात्। अत एव पूजादानत्वादिकं मानसप्रत्यक्षगम्यो जातिविशेष इति परेऽपि सङ्गिरन्ते। वस्तुतो योगस्थैर्यरूपं चारित्रं **महाभाष्य**स्वरसात्सिद्धमिति महता प्रबन्धेनोपपादित**मध्यात्ममत-परीक्षाया**मस्माभिः। तथा च स्थिरयोगरूपस्य चारित्रस्य मोक्षहेतुत्वं तदवान्तरजातीयस्य च स्वर्गहेतुत्वं वैजात्यद्वयं वा कल्पनीयं, तच्च पूजादावपि तुल्यमिति ॥ **९३** ॥ लोकोत्तरलौकिकत्वाभ्यां धर्मपुण्यरूपत्वं तु पूजायामिष्यत एवेत्याह–

---

કારણે મુક્તિના કારણ તરીકે બતાવેલી છે. **વિંશિકા પ્રકરણમાં** કહ્યું છે → *'આની(સમ્યક્ત્વની) હાજરીમાં દાનાદિ ક્રિયાઓ શુદ્ધ જ હોય છે. કારણ કે આ બધી(=દાનાદિક્રિયા) પણ મોક્ષફળવાળી અને શ્રેષ્ઠ છે.'* અહીં દાનાદિમાં 'આદિ'પદથી શ્રાવકવગેરેની બધી જ શુભ ક્રિયાનો સમાવેશ થતો હોવાથી પૂજા વગેરે ક્રિયા પણ મોક્ષફળક સિદ્ધ થાય છે. આમ દ્રવ્યસ્તવ પણ મોક્ષદાયક સિદ્ધ થતો હોવાથી સ્વર્ગની પ્રાપ્તિના કારણ તરીકે નિશ્ચયથી તો સરાગદ્રવ્યસ્તવ-કાલીન યોગો જ બાકી રહે છે.

**પૂર્વપક્ષ :–** ચારિત્ર શુદ્ધઉપયોગરૂપ છે. તેથી તેને તત્કાલીન યોગોથી ભિન્નરૂપે તારવી શકાય છે, યોગ મનવચનકાયાની ચેષ્ટારૂપ છે, જ્યારે ઉપયોગ આત્માનો જ શુદ્ધ ધર્મ છે. તેથી નિશ્ચયથી ચારિત્રને મોક્ષફળક અને તત્કાલીન શુભયોગોને સ્વર્ગફળક કહેવામાં સંકરવગેરે દોષો નથી. કારણ કે ભિન્ન કારણથી ભિન્ન કાર્યોત્પત્તિ બધાને ઇષ્ટ જ છે. જ્યારે પૂજાદિ દ્રવ્યસ્તવમાં નિશ્ચયથી આવા બે ભેદ પાડી શકાતા નથી, કારણ કે પૂજાવગેરે ક્રિયાઓ યોગથી ભિન્ન નથી, પણ અભિન્ન છે. અર્થાત્ પૂજાવગેરે ક્રિયા યોગરૂપ જ છે. તેથી નિશ્ચયથી તેમાં શી રીતે ભેદ પાડીને કહી શકશો કે 'પૂજા મોક્ષદાયક છે અને તે વખતના યોગ સ્વર્ગદાયક છે.' એકના એક યોગને મોક્ષદાયક અને સ્વર્ગદાયક માનવામાં તો સંકરદોષ ઊભો જ છે.

**ઉત્તરપક્ષ :–** પૂજા, દાન વગેરે ધર્મો માત્ર યોગરૂપ નથી. ભાવનયના મતે પૂજાદિ ક્રિયાવખતે રહેલા ઇચ્છાઆદિ ઉપયોગ જ પૂજાઆદિરૂપ છે. ('ભાવ'ને પ્રધાન કરનારા નયની અપેક્ષાએ પૂજાઆદિ ક્રિયાસંબંધી ઇચ્છારૂપ, પ્રવૃત્તિરૂપ, સ્થૈર્યરૂપ અને સિદ્ધિરૂપ ઉપયોગ જ પૂજાઆદિરૂપ છે.) તેથી જ બીજાઓ પણ પૂજાત્વ, દાનત્વવગેરેને માનસપ્રત્યક્ષ જાતિવિશેષતરીકે પ્રરૂપે છે. પૂજાવગેરે જો માત્ર યોગરૂપ જ હોત, તો પૂજાત્વવગેરેને ઘટત્વવગેરેની જેમ ચક્ષુરિન્દ્રિયથી પ્રત્યક્ષ જાતિવિશેષ માનવી પડત. (નૈયાયિકવગેરે બીજાઓ દ્રવ્ય, ગુણ કે ક્રિયા જે ઇંદ્રિયથી પ્રત્યક્ષ હોય, તે જ ઇંદ્રિયથી તેની જાતિ અને તેના અભાવને પ્રત્યક્ષ કહે છે. તેથી નિશ્ચિત થાય છે કે જો પૂજા માનસ પ્રત્યક્ષ હોય, તો જ પૂજાત્વ જાતિ માનસપ્રત્યક્ષ બને, અને પૂજા તો જ માનસપ્રત્યક્ષ બને, જો તે જ્ઞાન-ઉપયોગરૂપ હોય. માત્ર બાહ્યક્રિયારૂપ હોત, તો ચાક્ષુષ પ્રત્યક્ષ બનત, માનસપ્રત્યક્ષ નહીં. માત્ર ઉપયોગરૂપ જ તમામ ધર્મો સ્વીકારવામાં યોગ-ક્રિયા નૈષ્ફલ્યનો અતિપ્રસંગ ટાળવા પ્રમાણસિદ્ધ વાસ્તવિકતા બતાવે છે.) વાસ્તવમાં તો 'ચારિત્ર શુદ્ધોપયોગરૂપ નહિ, પણ યોગસ્થૈર્યરૂપ છે' એમ **વિશેષાવશ્યક મહાભાષ્યના** સ્વરસથી સિદ્ધ છે. આ બાબતની ચર્ચા અમે **અધ્યાત્મમતપરીક્ષામાં** વિસ્તારથી કરી છે. સ્થિરયોગરૂપ ચારિત્ર મોક્ષનું કારણ છે. અને તેને અવાંતરજાતીય (સરાગતા કે ઇચ્છાપ્રવૃત્ત્યાદિરૂપ ?) ચારિત્ર સ્વર્ગનું કારણ છે. (સર્વત્ર કારણૈક્યાદિ અતિપ્રસંગ ટાળવા કહે છે.) અથવા તો મોક્ષદાયક ચારિત્ર ભિન્નજાતીય છે, અને સ્વર્ગજનક ચારિત્ર ભિન્નજાતીય છે, એમ બે ભિન્ન જાતિ કલ્પી શકાય. આ પ્રમાણે પૂજાદિમાં પણ કલ્પના કરી શકાય તેમ છે. પૂજા સામાન્યથી મોક્ષદાયક છે. તે પૂજાની અંદર સમાવેશ પામતી રાગઆદિથી વિશિષ્ટ પૂજા સ્વર્ગમાં કારણ છે. અથવા મોક્ષજનક પૂજા અલગ જાતીય

**या ज्ञानाद्युपकारिका विधियुता शुद्धोपयोगोज्ज्वला,**
**सा पूजा खलु धर्म एव गदिता लोकोत्तरत्वं श्रिता।**
**श्राद्धस्यापि सुपात्रदानवदितस्त्वन्यादृशीं लौकिकी-**
**माचार्या अपि दानभेदवदिमां जल्पन्ति पुण्याय नः ॥ ९४॥**

(**दंडान्वयः**→ श्राद्धस्यापि च ज्ञानाद्युपकारिका विधियुता शुद्धोपयोगोज्ज्वला पूजा लोकोत्तरत्वं श्रिता सा खलु सुपात्रदानवद् धर्म एव गदिता। इतस्तु अन्यादृशीं लौकिकीमिमां नः आचार्या अपि दानभेदवत्पुण्याय जल्पन्ति॥)

'या ज्ञानादि'इति। या ज्ञानादेरादिना सम्यक्त्वादिग्रहः, *उपकारिका*=पुष्टिकारिणी, *विधियुता*=विधिसहिता, तथा शुद्धोपयोगेन 'इमां भवजलतरणीं भगवत्पूजां दृष्ट्वा बहवः प्रतिबुध्यतां षट्कायरक्षकाश्च भवन्तु' इत्याद्याकारेणोज्ज्वला, सा पूजा खलु श्रद्धानपूर्विका (भावपूर्विका ?) असम्मोहपूर्विका वेति धर्म एव गदिता, यतो लोकोत्तरत्वं श्रिता, एतादृशगुणप्रणिधानायाः पूजाया आगमैकविहितत्वात्, कस्याऽपि ? श्राद्धस्याऽपि, *किंवत्*=सुपात्रदानवत्। इतस्त्वन्यादृशीं लौकिकीं सामान्यधर्मवचनप्राप्तां, *नः*=अस्माकमाचार्या *दानभेदवद्*=दानविशेषवत् पुण्याय *जल्पन्ति*=इच्छन्ति। तदुक्तं बिम्बकारणमाश्रित्य **षोडशकप्रकरणे** → *'एवंविधेन यद् बिम्बकारणं तद्विदन्ति समयविदः। लोकोत्तरमन्यदतो लौकिकमभ्युदयसारं च' ॥ १॥ 'लोकोत्तरं तु निर्वाणसाधकं परमफलमिहाश्रित्य। अभ्युदयोऽपि हि परमो भवति चात्रानुषङ्गेण'॥ २॥ 'कृषिकरण इव पलालं नियमादत्रानुषङ्गि-*

---

છે, અને સ્વર્ગકારક પૂજા અલગ જાતીય છે એમ કલ્પી શકાય. આમ પૂજા અને ચારિત્રમાં તુલ્યતા હોવાથી 'પૂજાક્રિયા માત્ર પુણ્યરૂપ છે અને ધર્મરૂપ નથી.' એમ કહેવું સંગત નથી. **॥૯૩॥**

'લોકોત્તરપણું પામેલી પૂજા ધર્મરૂપ છે અને લૌકિકતાને પામેલી પુણ્યરૂપ છે' એ વાત અમને પણ ઇષ્ટ છે - એમ બતાવતા કહે છે—

## લોકોત્તર-લૌકિકભેદથી ધર્મ-પુણ્યરૂપતા

**કાવ્યાર્થ :-** શ્રાવકની પણ જે પૂજા (૧) જ્ઞાનવગેરેને (આદિથી સમ્યક્ત્વ વગેરે સમજવા) પુષ્ટ કરનારી હોય (૨) વિધિસહિત હોય અને (૩) શુદ્ધઉપયોગથી ઉજ્જવળ બનેલી હોય, લોકોત્તરપણું પામેલી તે પૂજા સુપાત્રદાનની જેમ ધર્મરૂપ જ છે. તેનાથી ભિન્ન લૌકિક પૂજાને તો અમારા આચાર્યો પણ દાનના એક ભેદની જેમ પુણ્યહેતુક જ કહે છે.

પૂજા કરતીવખતે 'સંસારસાગર તરવામાટે નૌકાસમાન આ જિનપૂજાને જોઇ ઘણા જીવો પ્રતિબોધ પામો અને છકાય જીવના રક્ષક બનો' એવા આકારનો શુદ્ધ ઉપયોગ હોવો જરુરી છે. ઉપરોક્ત જ્ઞાનવગેરેની પુષ્ટિઆદિ ત્રણ અંગથી યુક્ત આ પૂજા શ્રદ્ધાપૂર્વકની(ભાવપૂર્વકની) અથવા અસંમોહપૂર્વક હોવાથી લોકોત્તરપણું પામે છે, કારણ કે શ્રાવકની આવા ગુણોના પ્રણિધાનપૂર્વકની આવા પ્રકારની પૂજા સુપાત્રદાનની જેમ આગમવિહિત છે અને ધર્મરૂપ જ છે. સામાન્ય ધર્મવચનથી પ્રાપ્ત થયેલી પૂજા લૌકિકી છે અને તે પુણ્યમાટે બને છે આ વાત તો અમારા પૂર્વાચાર્યોએ પણ કરી જ છે. તેથી એમાં તમે કશું નવું કહેવાનો જશ લઇ શકો નહીં. બિંબ ભરાવવાને આશ્રયીને **ષોડશક પ્રકરણમાં** કહ્યું જ છે કે → *'આવા પ્રકારથી(પૂર્વનાં શ્લોકોમાં બતાવેલી વિધિથી) જે બિંબકારણ=બિંબ ભરાવવામાં આવે છે, તેને જ સિદ્ધાંતજ્ઞો લોકોત્તર માને છે. તેનાથી ભિન્નને લૌકિક અને અભ્યુદયસારવાળી માને*

*कोऽभ्युदयः। फलमिह धान्यावाप्तिः परमं निर्वाणमिव बिम्बात्'॥ ३॥* [७/१४-१५-१६] एतच्चाबाधकं, क्षमादिभेदानामप्यलौकिकानामेवोत्तमक्षमामार्दवेत्यादिसूत्रेण धर्ममध्ये ग्रहणादन्येषामर्थतः पुण्यत्वसिद्धेर्लौकिकत्वाभिधानादेवेत्थमुपपत्तेः। **आह** → *'उवगारवगारिविवागवयणधम्मुत्तरा भवे खंती। साविक्खं आइतिगं लोगिकमियरे दुगं जइणो'॥* [विंशि॰ प्रक॰ ११/३] दानविशेषस्य पुण्यत्वं चानुकम्पादानादेरल्पतरपापबहुतरनिर्जराकारणत्वेन सूत्रोपदिष्टस्य वा। दानादि पुण्यमध्ये प्रोक्तं, धर्ममध्येऽपि। तद्वत्पूजापि स्यादिति परमार्थः॥ ९४॥ **ननु** पूजादानप्रवचनवात्सल्यादिकं सरागकृत्यं, तपश्चारित्रादिकं तु वीतरागकृत्यमिति विविक्तविभागो दृश्यते। तत्राद्यं पुण्यमन्त्यं धर्मः स्याद्। अत एव धर्मपदार्थो द्विविधः, एकः संज्ञानयोगलक्षणः, अन्यः पुण्यलक्षणः इति [①]**शास्त्रवार्तासमुच्चये हरिभद्रसूरिभिरुक्तम्**। ततोऽर्वाग् भौतिकस्य देवपूजादिकर्मणः कथं धर्मत्वं रोचयामः ? तत्राह—

**पुण्यं कर्म सरागमन्यदुदितं धर्माय शास्त्रेष्विति,**
**श्रुत्वा शुद्धनयं न चात्र सुधियामेकान्तधीर्युज्यते।**
**तस्माच्छुद्धतरश्चतुर्दशगुणस्थाने हि धर्मं नयः,**
**किं ब्रूते न तदङ्गतां त्वधिकृतेऽप्यभ्रान्तमीक्षामहे ॥ ९५॥**

---

*છે.'॥૧॥ 'એમાં લોકોત્તરબિંબકારણ પરમફળને આશ્રયી નિર્વાણસાધક જ છે. આ લોકોત્તર બિંબકારણમાં અનુષંગથી =ગૌણભાવે પરમ અભ્યુદય પણ થાય છે.' ॥૨॥ 'ખેતીની પ્રવૃત્તિમાં ઘાસની જેમ અહીં અવશ્ય (લોકોત્તર બિંબકારણમાં) આનુષંગિક(ગૌણરૂપે) અભ્યુદય હોય છે. ખેતીમાં ધાન્યની પ્રાપ્તિની જેમ અહીં(લોકોત્તર બિંબસાધનમાં) બિંબથી પરમનિર્વાણ જ ફળરૂપ છે.' ॥૩॥* આ વિચારમાં કોઇ બાધા નથી. **તત્ત્વાર્થ**આદિ સૂત્રોમાં પણ 'ઉત્તમક્ષમા-માર્દવ' આદિસૂત્રથી અલૌકિક=લોકોત્તરક્ષમા વગેરેનો જ ધર્મતરીકે સમાવેશ કર્યો છે. તેથી તે સિવાયની ક્ષમાવગેરે પુણ્યરૂપ છે એમ અર્થથી સિદ્ધ થાય છે. ઉત્તમ ક્ષમાવગેરે સિવાયની ક્ષમાને લૌકિક કહેવાથી જ એ ક્ષમા પુણ્યરૂપ છે તેમ સુસંગત થાય છે. કહ્યું છે કે → *'ક્ષમા પાંચ પ્રકારની છે (૧) ઉપકારીપ્રત્યે (૨) અપકારી=અપકારમાં પ્રવૃત્ત થનારપ્રત્યે (૩) વિપાક=કર્મફળઅનુભવના વિચારથી ક્ષમા અથવા અક્ષમાના અનર્થના વિચારથી ક્ષમા (૪) વચન=આગમ(આગમના વચન પ્રત્યેના આદરથી ક્ષમા) (૫) ધર્મ=પ્રશમવગેરે રૂપ અર્થાત્ પ્રશમઆદિ ધર્મતરીકે વણાયેલી ક્ષમા. પહેલી ત્રણ સાપેક્ષ અને લૌકિક છે. છેલ્લી બે સાધુની છે.'* દાનવિશેષ જે પુણ્યરૂપ છે, તે અનુકંપાદાનઆદિ દાનો છે, અથવા સૂત્રમાં બતાવેલા અલ્પતર પાપ અને બહુતર નિર્જરામાં કારણ બનતા દાનો છે. આમ જેમ દાનઆદિને પુણ્યના કારણોમાં પણ ગણાવ્યા છે ને ધર્મરૂપ પણ ગણાવ્યા છે; તેમ પૂજાઅંગે પણ સમજી લેવું. સૂત્રમાં જેઓને પૂજાનું વિધાન કર્યું છે, તેઓમાટે પૂજા પુણ્ય અને ધર્મ ઉભયમાટે થાય છે. **॥૯૪॥**

## સરાગકૃત્યો અને વીતરાગકૃત્યો

**પૂર્વપક્ષ :-** પૂજા, દાન, પ્રવચનવાત્સલ્ય વગેરે શ્રાવકકૃત્યો સરાગકૃત્યો છે. (રાગયુક્ત કાર્યો છે.) તપ અને ચારિત્રવગેરે કૃત્યો વીતરાગકૃત્ય છે(=રાગરહિતના કર્તવ્યો છે.) આ પ્રમાણે સ્પષ્ટ વિભાગ દેખાય છે. તેમાં સરાગકૃત્યો પુણ્યરૂપ છે અને વીતરાગકૃત્યો ધર્મ છે. તેથી જ **શાસ્ત્રવાર્તા સમુચ્ચય ગ્રંથમાં યોગાચાર્ય શ્રીહરિભદ્રસૂરિ મહારાજાએ** ધર્મપદાર્થ બે પ્રકારના બતાવ્યા છે.(૧) સંજ્ઞાનયોગરૂપ અને (૨) પુણ્યરૂપ. (સંજ્ઞાનયોગ= સમ્યગ્જ્ઞાનયોગ.

---

① **उच्यत एवमेवैतत्, किन्तु धर्मो द्विधा मतः। संज्ञानयोग एवैकस्तथाऽन्यः पुण्यलक्षणः॥ २०॥**

(**दंडान्वयः**→ शास्त्रेषु सरागं कर्म पुण्यमन्यद् धर्मायोदितमिति शुद्धनयं श्रुत्वाऽत्र सुधियामेकान्तधीर्न च युज्यते। तस्मात् शुद्धतरो नयश्चतुर्दशगुणस्थाने हि धर्मं किं न ब्रूते ? तदङ्गतां तु अधिकृतेऽप्यभ्रान्तमीक्षामहे ॥)

'पुण्यं कर्म' इति । पुण्यं सरागकर्म, *अन्यद्*=वीतरागकर्म शास्त्रेषु धर्मा *योदितं*=परिभाषितमिति *शुद्धनयं*= शुद्धनयार्थं श्रुत्वा न चात्र 'च' एवार्थो भिन्नक्रमश्च नात्रैवेत्यर्थः। *सुधियां*=पण्डितानामे*कान्तधीः*=एकान्ताभिनिवेशो युज्यते, एकनयाभिनिवेशस्य मिथ्यात्वरूपत्वादन्यनयविचारेण तस्य मूलोत्खननाच्च- *'धम्मकंखिए पुण्णकंखिए'* [भगवती १/७/६२] इत्यादौ धर्मः श्रुतचारित्रलक्षणः, पुण्यं तत्फलभूतं शुभकर्मेति विवृण्वता **वृत्तिकृता** साधन-फलेच्छाभेदेन भेदेऽपि श्रुतचारित्रभावान्यतरानुगतक्रियाणां धर्मत्वेनैव निश्चयाङ्गव्यवहारनयेनाभ्युपगतत्वात्, **गुडजिह्विकया स्वर्गादीच्छाया अप्युपेयमोक्षेच्छाऽव्याघातकत्वेनादोषत्वात्**, *'प्रयाण[1]भङ्गाभावेन निशि*

સમ્યગ્જ્ઞાન=ગુરુની આજ્ઞાને આધીન રહી ગુરુકૃપાથી મળેલું જિનાગમને અનુસરતું જ્ઞાન. આ જ્ઞાનથી યુક્ત યોગ=શુભવીર્યનો ઉલ્લાસ. શાતાવગેરે પુણ્યથી ઓળખાતો ધર્મ પુણ્યરૂપ છે.) તેથી ભૌતિક(=ભૂતિ-પુણ્યસંબંધી) અર્થાત્ પુણ્યકારક દેવપૂજાઆદિ-ક્રિયારૂપ પ્રથમપ્રકારને અમે ધર્મતરીકે શું કામ પસંદ કરીએ ? અર્થાત્ અમને તો આ દેવપૂજાઆદિરૂપ પુણ્યકર્મને ધર્મરૂપ માનવાનું મન થતું નથી. આના સમાધાનમાં કવિ કહે છે—

**કાવ્યાર્થ :-** 'શાસ્ત્રોમાં સરાગકર્મને પુણ્યરૂપ અને અન્ય=વીતરાગકર્મને ધર્મરૂપ કહ્યું(=પરિભાષા કરી) છે.' એમ શુદ્ધ નયના અર્થને સાંભળી સમજુ પુરુષોએ અહીં એકાંતબુદ્ધિ કરવી યોગ્ય નથી. (મૂળમાં 'ન ચાત્ર'માં 'ચ' જ કારાર્થક છે. 'અત્ર' પછી લેવાનો છે, તેથી 'નાત્રૈવ' એવો સંબંધ થશે.) કારણ કે તેનાથી પણ શુદ્ધતરનય 'ચૌદમા ગુણસ્થાનકે જ ધર્મ છે.' એમ શું નથી કહેતો ? અર્થાત્ કહે જ છે.(=શુદ્ધતરનયના મતે ચૌદમા ગુણસ્થાને જ ધર્મ છે.) અને તે ધર્મના અંગપણું તો અધિકૃત દ્રવ્યસ્તવમાં પણ છે, તેમ અમને ભ્રાંતિ વિના દેખાય છે.

'સરાગકર્મ પુણ્યરૂપ જ છે અને વીતરાગકર્મ જ ધર્મરૂપ છે.' એવા શુદ્ધનયના અર્થમાં એકાંત અભિનિવેશ રાખવો સારો નથી, કારણ કે જિનશાસન સર્વનયાત્મક પ્રમાણને વરેલું છે અને એક નયના પકડને મિથ્યાત્વરૂપ માને છે. તેથી જો અન્યનયથી વિચારવામાં આવે, તો આ મિથ્યાત્વના મૂળિયા ઉખડી જાય તેમ છે. *'धम्मकंखिए पुण्णकंखिए'* ઇત્યાદિ સૂત્રનું વિવરણ કરતી વખતે **ટીકાકારે** 'ધર્મ શ્રુતચારિત્રરૂપ છે, અને પુણ્ય તે ધર્મનાં ફળસ્વરૂપ શુભકર્મ છે' એમ બતાવ્યું છે. શ્રુતભાવ અને ચારિત્રભાવ આ બેમાંથી એકથી પણ યુક્ત ક્રિયાઓ સાધનભેદથી અને ફળેચ્છાભેદથી પરસ્પર ભિન્ન હોય, તો પણ ધર્મરૂપ જ છે. એમ નિશ્ચયમાં કારણભૂત વ્યવહારનયને આગળ કરી એ **વૃત્તિકારે** સ્વીકાર્યું છે. (પ્રસ્તુતમાં ભાવસ્તવ શ્રુતચારિત્રઉભયભાવથી સંવલિત છે. સ્વરૂપનિરવદ્યસાધનથી આરાધ્ય છે. અને પ્રાયઃ મોક્ષેચ્છાથી કરાય છે. દ્રવ્યસ્તવ પુષ્પાદિસ્વરૂપ સાવદ્યસાધનથી કરાય છે. તથા તેના સાક્ષાત્ફળ તરીકે પ્રાયઃ સ્વર્ગાદિની કે ચારિત્રની જ ઇચ્છા રખાય છે. આમ દ્રવ્યસ્તવમાં ભાવસ્તવથી સાધન અને ફળેચ્છાઅંગે ભેદ છે. છતાં પણ, આગમવિહિત હોવાથી દ્રવ્યસ્તવ શ્રુતભાવયુક્ત છે. અને પ્રશસ્ત અધ્યવસાયયુક્ત હોવાથી, કે પ્રશસ્તયોગરૂપ હોવાથી કે, કથંચિત્ યોગસ્થૈર્યરૂપ હોવાથી અથવા ચારિત્રનું કારણ હોવાથી ચારિત્રભાવયુક્ત છે. તેથી દ્રવ્યસ્તવ પણ ધર્મરૂપ જ છે.)

**કારણ કે ગુડજિહ્વિકાન્યાયથી[2] સ્વર્ગવગેરેની ઇચ્છા પણ જો ઉપેયભૂત મોક્ષની ઇચ્છાને વ્યાઘાતક=**

① प्रयाणभङ्गाभावेन, निशि स्वापसमः पुनः। विघातो दिव्यभवतश्चरणस्योपजायते ॥ २० ॥ इति योगदृष्टिसमुच्चये ॥

② ઘણા પ્રયત્નથી પ્રાપ્ત થતાં મોક્ષઆદિદાયક અનુષ્ઠાનોમાં શીઘ્ર પ્રવૃત્ત થવા તૈયાર નહીં થતા પુરુષને તે અનુષ્ઠાનોના સ્વર્ગાદિ રોચકફળ બતાવી પ્રવૃત્ત કરવામાં આવે, ત્યારે આ ન્યાય લાગે છે. ન્યાયનો અર્થ → કડવાશના ભયથી લીમડો ખાવા નહીં ઇચ્છતા બાળકની જીભપર પિતા પ્રથમ ગોળ ચોપડી પછી લીમડાનો રસ પાય, તે ગુડજિહ્વિકા કહેવાય. વર્તમાનમાં સુગર કોટેડ એલોપથી ગોળીઓ પણ આના દૃષ્ટાંતરૂપ છે.

*स्वापसमो हि सम्यग्दृशां स्वर्गलाभ'* इति **योगमर्मविदः**। यच्च(यदि पाठा.) उक्तनिश्चय एव रुचिः, सापि न युक्ता, *हि*=यतस्तस्मादुक्तावान्तरनिश्चयाच्छुद्धतरोऽतिशुद्धो नयो निश्चयश्चतुर्दशगुणस्थाने तच्चरमसमय इत्यर्थः किं धर्मं न ब्रूते ? ब्रूते एव। तथा चैकान्ताभिनिवेशे ततोऽर्वाक् सर्वत्राप्यधर्मः स्यात्, स चानिष्टस्तवापीति भावः। शुद्धनिश्चयाभिमतधर्माङ्गभावेन प्रागपि धर्मं व्यवहारनयेनाभ्युपगच्छामः *'सो उभयक्खयहेऊ सेलेसीचरमसमयभावी जो। सेसो पुण णिच्छयओ तस्सेव पसाहगो भणिओ'*॥ त्ति [गा०२६] **धर्मसङ्ग्रहणि**प्रतीकपर्यालोचनादिति **चेत्** ? **तर्हि** त्यक्तस्त्वयैकान्ताभिनिवेशः, आयातोऽसि मार्गेण, प्रतिपद्यस्व द्रव्यस्तवेऽपि निश्चयधर्मप्रसाधकतया व्यवहारधर्मत्वम्। मा भूत् तव भ्रान्तिकृद् दूरासन्नादिभावः, प्रस्थकादिदृष्टान्तभावितविचित्रनैगमनयप्रवृत्तेरत्राश्वास-

---

**અવરોધક ન બનતી હોય તો દોષરૂપ નથી.** *પ્રયાણભંગના અભાવથી(=અર્થાત્ મોક્ષ-તરફની ગતિમાં ભંગ ન પડતો હોય તો) સમ્યગ્દષ્ટિજીવોને સ્વર્ગની પ્રાપ્તિ રાતની નિદ્રાસમાન છે.* (નિશ્ચિત નગરતરફ આગળ વધતો મુસાફર વચ્ચે રસ્તામાં ધર્મશાળા આદિમાં રાતવાસો ગાળે, અને સવારે ફરીથી નગરતરફ ગતિ કરે. એ દોષરૂપ ગણાતું નથી. તેમ મોક્ષતરફ ગમન કરતો મુમુક્ષુ વચ્ચે મોક્ષમાર્ગથી ભ્રષ્ટ ન થવાય તે રીતે સ્વર્ગઆદિભવોમાં વિરામ કરે. અને મનુષ્યભવવગેરે સામગ્રી મેળવી ફરીથી મોક્ષતરફ આગેકૂચ કરે એ દોષરૂપ નથી.) આ પ્રમાણે યોગના **મર્મને સમજેલાઓ** કહે છે.

(**તાત્પર્ય :-** શ્રાવક સમજતો હોય છે, કે મોક્ષમાટે ચારિત્ર આવશ્યક છે. પોતાને મોક્ષની ઇચ્છા પ્રબળ હોવા છતાં ચારિત્રને યોગ્ય સામર્થ્યઆદિનાં અભાવમાં તે શ્રાવક આ જ ભવમાં ચારિત્રની પ્રાપ્તિ થાય એ હેતુથી, અથવા તેમ ન થાય તો ભવાંતરમાં પોતાની નરકઆદિ ગતિમાં ગમનરૂપ દુર્ગતિ ન થતાં સ્વર્ગાદિમાં ગમનરૂપ સદ્ગતિ જ થાય એ હેતુથી, તથા તે સદ્ગતિમાં પરમાત્મભક્તિ સુલભ થાય એ હેતુથી, તથા તે પછી ઉત્તમ મનુષ્યભવ અને સામર્થ્ય વગેરે સામગ્રીની પ્રાપ્તિ થાય એ હેતુથી, કર્મનિર્જરામાટે અને પુણ્ય વધારવા માટે દ્રવ્યસ્તવ આદરે તો શું તે ધર્મરૂપ ન ગણાય ? તરતમાં જ મોક્ષની પ્રાપ્તિ અશક્ય દેખાય, તો મોક્ષમાર્ગથી દૂર ન થવાય એ હેતુથી પૂજાદિદ્વારા સદ્ગતિની ઇચ્છા કરવી શું ધર્મરૂપ નથી ? એટલું નોંધી રાખવું જોઇએ કે કદાચ મોક્ષને પુષ્ટ ન કરે એવી પણ ચીજ જો મોક્ષને બાધક ન બનતી હોય, તો તેની પ્રાપ્તિ કે પ્રાપ્તિની ઇચ્છા સમ્યગ્દષ્ટિ વિવેકી જીવમાટે દોષરૂપ બનતી નથી.)

## નયભેદથી ધર્મ-પુણ્યની વિચારણા

વળી શુદ્ધનયથી 'સરાગકર્મ પુણ્યરૂપ છે અને વીતરાગકર્મ જ ધર્મરૂપ છે.' તેથી અમને શુદ્ધનયને સ્વીકારતો નિશ્ચય જ રુચે છે, એમ ન કહેવું, કારણ કે આ કહેવાયેલો નિશ્ચય અવાંતર નિશ્ચયરૂપ છે. અત્યંત શુદ્ધ નથી. તેથી જો તદ્દન શુદ્ધ નિશ્ચયનયપર જ રુચિ હોય, તો ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયે જ ધર્મ કહેવો જોઇએ. કારણ કે અતિશુદ્ધ નિશ્ચયના મતે તો મોક્ષનું તદ્દન નજીકનું કારણ હોવાથી તે સમયનો સર્વસંવર જ ધર્મરૂપ છે. તેથી એકાંત પકડમાં તે પહેલાના બધા જ સ્થાનોમાં માત્ર અધર્મ માનવો પડે. પણ આ વાત તમને પણ અનિષ્ટ છે.

**પૂર્વપક્ષ :-** *'જે શૈલેશીના ચરમસમયભાવી(=ચૌદમાં ગુણસ્થાનના ચરમસમય ભાવી) છે તે(સર્વસંવર) જ ઉભય(પુણ્ય અને પાપ)ના ક્ષયમાં કારણભૂત છે. નિશ્ચયથી બાકીના (પૂર્વકાલીન ધર્મો) તેના જ(સર્વસંવરના જ) પ્રસાધક કહ્યા છે.'* આ પ્રમાણેના **ધર્મસંગ્રહણિના** પ્રતીકભૂત શ્લોકનો પરામર્શ કરવાથી શુદ્ધનિશ્ચયને સંમત ઉપરોક્ત ધર્મમાં કારણભૂત બનતા પૂર્વકાલીન ધર્મોને પણ વ્યવહાર નયથી ધર્મરૂપે માનવા અમે તૈયાર છીએ.

**ઉત્તરપક્ષ :-** ખૂબ સરસ ! હવે તમે નિશ્ચયપ્રત્યેના એકાંત અભિનિવેશને છોડી વ્યવહારને સ્વીકારી માર્ગમાં આવ્યા છો. જુઓ, આટલું સારું કામ કર્યું, તો હવે દ્રવ્યસ્તવને પણ નિશ્ચયધર્મના પ્રસાધક તરીકે વ્યવહારથી ધર્મરૂપે સ્વીકારી લો.

**પૂર્વપક્ષ :-** એમ કેમ મનાય ? દ્રવ્યસ્તવ તો લાંબી પરંપરાએ નિશ્ચયધર્મનું પ્રસાધક બને છે. અમે જે ધર્મને વ્યવહારધર્મ તરીકે સ્વીકાર્યો છે, તે ચારિત્રધર્મ નિશ્ચયધર્મનું નજીકનું સાધન છે. દ્રવ્યસ્તવરૂપ લાંબી પરંપરાવાળાને

हेतुत्वात् । तदाह - *तदङ्गतां*=तु विशुद्धनिश्चयाभिमतधर्माङ्गतामधिकृते द्रव्यस्तवेऽ*प्यभ्रान्तं*=भ्रान्तिरहितमीक्षामहे। अतो विशेषदर्शिनामस्माकं वचनेनैव त्वयैतत् तत्त्वं श्रद्धेयमित्युपदेशे तात्त्पर्यम् ॥

अयं च निश्चयनय: परिणतिरूपभावग्राहक: काष्ठाप्राप्तैवम्भूतरूपो येन शैलेशीचरमक्षणे शुद्धो धर्म उच्यते। अर्वाक् तु तदङ्गतया व्यवहारात्। कुर्वद्रूपत्वेन हेतुताभ्युपगमश्चास्य ऋजुसूत्रतरुप्रशाखारूपत्वात्। आह च **गन्धहस्ती** → *'मूलनिमाणं पज्जवणयस्स उज्जुसुअवयणविच्छेओ। तस्स उ सद्दाईआ साहापसाहा बहूभेया'* ॥ [सम्मति॰ १/५] उपयोगरूपभावग्राहकनिश्चयनयस्तु द्रव्यस्तवकाले शुद्धधर्मं स्वातन्त्र्येणैवाभ्युपैति, रागाद्यकलुषस्य वीतरागगुणलयात्मकस्य धर्मस्य तदाप्यानुभविकत्वात्। तन्मते हि शुद्धोपयोगो धर्म:, शुभाशुभौ च पुण्यपापात्मकाविति। यैरप्यात्मस्वभावो धर्म इत्युच्यते, तेषां यदि घटादिस्वभावो घटत्वादिधर्म इतिवदात्मत्वादिरनादि:

---

પણ નિશ્ચયધર્મના સાધક તરીકે માનવામાં ભારે આપત્તિ છે.

**ઉત્તરપક્ષ :-** આ દૂરભાવ અને નજીકભાવ જ તમારામાં ભ્રાંતિ પેદા કરે છે. જો તમે પ્રમાણને સ્વીકારતા હો, તો નૈગમનયની વાતને પણ તમારે સ્વીકારવી જોઇએ. અને નૈગમનય તો કેટલી દૂરની વાતને પણ સ્વીકારે છે, તે પ્રસ્થકઆદિ દૃષ્ટાંતથી સિદ્ધ છે. આમ વિચિત્ર એવો નૈગમનય તો લાંબી પરંપરાએ નિશ્ચયધર્મ સાથે જોડાતા ધર્મને પણ નિશ્ચયધર્મના પ્રસાધક તરીકે સ્વીકારવા પ્રવૃત્ત થાય છે. આ વાત દ્રવ્યસ્તવને વ્યવહારધર્મ માનવામાં આશ્વાસનભૂત છે. (કારણ કે દ્રવ્યસ્તવ નિશ્ચય ધર્મ સાથે તો ઘણી નજીકની-ટૂંકી પરંપરાથી જોડાયો છે.) તેથી જ વિશુદ્ધ નયને અભિમત(=પુણ્ય-પાપક્ષયમાં કારણભૂત) ધર્મના અંગપણું અધિકૃત દ્રવ્યસ્તવમાં (નિર્જરા, પાપસંવર અને શુભાનુબંધ દ્વારા) પણ છે જ, એમ અમે ભ્રાંતિ વિના માનીએ છીએ. તેથી વિશેષ દેખી શકનારા અમારા વચનથી જ તમારે આ તત્ત્વમાં શ્રદ્ધા કરવી જોઇએ. આ જ અમારા ઉપદેશમાં તાત્પર્ય છે.

આ નિશ્ચયનય પરિણતિરૂપ ભાવગ્રાહક અને પરાકાષ્ઠાને (અથવા પરિણતિરૂપ ભાવગ્રાહક પરાકાષ્ઠાને) પામેલા એવંભૂતનયરૂપ છે. અર્થાત્ શૈલેશીના ચરમ સમયે ધર્મ માનનારા શુદ્ધતમ નિશ્ચયનયતરીકે અહીં એવંભૂતનય સમજવાનો છે. કારણ કે તે જ વખતે 'ધર્મ' પદ વાસ્તવિક ધર્મપરિણતિ પામેલા અર્થનું અભિધાયક બને છે. આ ચરમક્ષણના ધર્મની પહેલાના તમામ ધર્મો તે ધર્મના અંગરૂપ હોવાથી વ્યવહારથી ધર્મરૂપ છે. અહીં એવંભૂતનયે સિદ્ધિરૂપ કાર્યના તરત પૂર્વમાં રહેલાને કારણ તરીકે કલ્પી તેને ધર્મ તરીકે સ્વીકાર્યો. આમ આ નયે કુર્વદ્રૂપત્વ(=અત્યંત નજીકના કારણપણું = ફળોપધાયક કારણપણું)માં કારણતાનો અભ્યુપગમ કર્યો. ઋજુસૂત્રનય કુર્વદ્રૂપત્વમાં કારણતા માને છે. અને એવંભૂતનય ઋજુસૂત્રનયની જ એક શાખારૂપ છે. તેથી આ નય ઋજુસૂત્રનયને અનુસરે તેમાં દોષ નથી. **ગન્ધહસ્તીએ(શ્રી સિદ્ધસેનદિવાકર સૂરિએ) સમ્મતિતર્ક ગ્રંથમાં** કહ્યું જ છે કે → *'ઋજુસૂત્ર' વચનવિચ્છેદ પર્યાયનયના મૂળ સમાન છે. તેના જ(ઋજુસૂત્રના જ) શાખા પ્રશાખા તરીકે બહુભેદવાળા શબ્દઆદિ નયો છે.'*

ઉપયોગરૂપ ભાવને જ તત્ત્વરૂપ માન્ય રાખતો નિશ્ચય નય તો દ્રવ્યસ્તવ વખતે શુદ્ધધર્મને સ્વતંત્રપણે જ સ્વીકારે છે, કારણ કે રાગઆદિથી મલિન નહીં થતો અને વીતરાગના ગુણોમાં જ લીનતા પામતો શુદ્ધ ભાવ દ્રવ્યસ્તવકાળે પણ અનુભવાય છે. (કે જે આગમભાવનિક્ષેપાથી જીવને જિનરૂપ બનાવી દે છે.) આ જ શુદ્ધભાવ ધર્મરૂપ છે, એમ આ નિશ્ચયનયને માન્ય છે. આ નયમતે શુદ્ધઉપયોગ ધર્મરૂપ છે. (રાગાદિથી દૂષિત ન હોય તેવો ઉપયોગ - શુદ્ધ ઉપયોગ.) જે ઉપયોગમાં રાગઆદિ ભળેલા હોય, તે ઉપયોગ અશુદ્ધ છે. અશુદ્ધ ઉપયોગના પણ બે ભેદ પડે છે. પ્રશસ્તરાગઆદિથી રંગાયેલો અશુદ્ધઉપયોગ શુભ અને પુણ્યરૂપ છે. અપ્રશસ્ત રાગવગેરેથી લેપાયેલો અશુદ્ધ ઉપયોગ અશુભ અને પાપરૂપ છે.

पारिणामिको भाव आत्मधर्म इति मतं, तदाऽनादित्वेनापुरुषार्थत्वापत्तिः, यदि तु स्वः=स्वकीयोऽनागन्तुकोऽनुपाधिर्भावो धर्म इति, तदा वर्तमानः स्वकीयः शुभः परिणाम ऋजुसूत्रविषयः, स जिनपूजायामप्यक्षत इति कथं न तत्र निश्चयशुद्धो धर्मः ? **शब्दनयेन** सामायिकवद् देशविरतानां धर्मो नेष्यत इति चेत् ? **किं तावता, समभिरूढेन** षष्ठगुणस्थानेऽप्यनभ्युपगमात्। **वह्नि**परिणतोऽयस्पिण्डो वह्निरितिवत् तद्भावपरिणत आत्मैव धर्मः, स्वभावपदप्रवृत्तिरपि तत्रैव, स्वो भावः पदार्थ इति व्युत्पत्तेः। **आह च** → *'परिणमदि जेण दव्वं तक्कालं तम्मयंति पण्णत्तं। तम्हा धम्मपरिणदो आदा धम्मो मुणेअव्वो'* ॥[प्रवचनसार १/८] (छाया → परिणमति येन द्रव्यं तत्कालं तन्मयमिति

## વિવિધમતે ધર્મસ્વરૂપ

વળી કેટલાક નિશ્ચયથી આત્મસ્વભાવને જ ધર્મરૂપ કહે છે. જેમકે ઘટત્વવગેરે ધર્મો ઘટના સ્વભાવરૂપ જ છે. આમ, આ મતે જેનો જે સ્વભાવ હોય, તે તેનો ધર્મ બને છે. 'આત્મત્વ' વગેરે અનાદિપારિણામિકભાવ આત્માના સ્વભાવરૂપ છે. તેથી આત્મત્વ વગેરે સ્વભાવો જ આત્માના ધર્મો છે. પણ આ વિચારણા બરાબર નથી, કારણ કે આત્મત્વવગેરે સ્વભાવો અનાદિ હોવાથી આત્માના ધર્મને પણ અનાદિ સિદ્ધ માનવા પડવાથી ધર્મપુરુષાર્થ જ ઉડી જાય. (પુરુષથી=પરાક્રમ-વીર્યથી સાધ્ય અર્થ પુરુષાર્થ છે.) અનાદિસિદ્ધ વસ્તુને સાધ્ય કહેવામાં પૂર્વાપર વિરોધ છે. તથા સંસારાભાવવગેરે બીજા દોષો ઊભા થાય. તેથી ધર્મને અનાદિસિદ્ધ માનવામાં પુરુષાર્થ તરીકે માની ન શકાય.

**શંકા :-** અહીં સ્વભાવનો અર્થ જુદો છે. સ્વ=પોતાનો=ઉપાધિઆદિરૂપ નહિ તેવો=બહારથી નહીં આવેલો ભાવ=સ્વભાવ. અર્થાત્ પોતાનામાં જ પ્રગટેલો ઉપાધિ વિનાનો ભાવ=સ્વભાવ. સ્વભાવનો આ અર્થ છે. આવો સ્વભાવ જ ધર્મરૂપ છે. અર્થાત્ આત્મામાં ઉત્પન્ન થયેલો નિરુપાધિક પરિણામ જ ધર્મરૂપ છે. એટલે કે ઋજુસૂત્રનયનો વિષય બનતો વર્તમાનકાલીન સ્વકીય શુભપરિણામ જ ધર્મરૂપ છે. ક્રોધાદિક પરિણામો કર્મોદયજન્ય-કર્મની ઉપાધિથી હોવાથી ઔપાધિક અને આગંતુક છે. માટે ધર્મરૂપ નથી.

**સમાધાન :-** ધર્મને આવા સ્વરૂપનો માનવામાં અમને આપત્તિ નથી. કારણ કે દ્રવ્યસ્તવકાલે પણ દ્રવ્યસ્તવ કરતી વ્યક્તિને દ્રવ્યસ્તવક્રિયાના આલંબનઆદિથી આવા પ્રકારનો શુભભાવ પ્રગટે જ છે. આ શુભભાવ તમને ઇષ્ટ નિશ્ચયનયથી ધર્મરૂપ છે જ. (આ આલંબન બહારથી ટેકારૂપ છે, તેથી ઉપાધિરૂપ નથી, તે વખતે ઉઠતા શુભ પરિણામમાટે કર્મોદયની જરુરત ન હોવાથી તે નિરુપાધિક-અનાગંતુક છે.)

**પૂર્વપક્ષ :-** શબ્દનયમતે દેશવિરતસુધી સામાયિકભાવ નથી. છટ્ઠાગુણસ્થાનકથી જ સામાયિક છે. આ જ પ્રમાણે, આ નયમતે દેશવિરત સુધી ધર્મ ઇષ્ટ નથી, કારણ કે સામાયિક જ ધર્મરૂપ છે. તેથી શ્રાવકની પૂજાવગેરે ક્રિયા ધર્મરૂપ નથી.

**ઉત્તરપક્ષ :-** તમે જો આમ એક નયને જ પ્રાધાન્ય આપવા માંગતા હો, તો સમભિરૂઢનયના મતે સામાયિક અપ્રમત્તઅવસ્થામાં જ આવે. અર્થાત્ સામાયિક સાતમા ગુણસ્થાનકથી જ સંભવે છે. કારણ કે વધુ વિશુદ્ધિગ્રાહી આ નયે પ્રમાદ ને સામાયિક સાથે નહીં હોઇ શકે. તેથી આ નયની અપેક્ષાએ તો છટ્ઠા-પ્રમત્તસંયતગુણસ્થાને પણ સામાયિક અને ધર્મ નથી. તેથી એક જ નયથી વિચારવામાં તો છટ્ઠાગુણસ્થાનની ક્રિયાને પણ ધર્મરૂપ માની શકાય નહિ.

**કોઇક :-** વાસ્તવમાં જેમ અગ્નિથી પરિણત થયેલો=અગ્નિમય બનેલો લોખંડનો ગોળો અગ્નિ છે. તેમ ધર્મના ભાવથી પરિણત થયેલો આત્મા પોતે જ ધર્મરૂપ છે. 'સ્વભાવ' પદની પ્રવૃત્તિ પણ ત્યાં જ થાય છે. અર્થાત્ સ્વભાવપદથી ધર્મથી પરિણત થયેલો આત્મા જ વાચ્ય બને છે. કારણ કે સ્વભાવપદની વ્યુત્પત્તિ આ છે-સ્વ=આત્મા

प्रज्ञप्तम्। तस्माद्धर्मपरिणत आत्मा धर्मो मन्तव्यः ॥) **एतदप्यधिकृते सम्बद्धमेव।** इदं तु चिन्त्यते-आत्मनो धर्मिणो द्रव्यस्य निर्देशे धर्मद्वारा धर्मत्वमन्यद्वारा चान्यत्वमिति सङ्करः कथं वारणीयः ? प्रशान्ताधिकारेऽपि नयद्वयनिर्देश एव युक्ते प्रशान्तवाहिताख्यस्य पर्यायस्यैव निवेशे तु प्रागुक्ताभेदः। **धर्मः** किं द्रव्यं पर्यायो वा ? इति जिज्ञासायामित्थमुच्यत इति चेत् ? **लक्षणा**धिकारे नेदमुपयोगि, तत्त्वचिन्ताधिकारेऽपि नयद्वयनिर्देश एव युक्तो नैकनयनिर्देशः न्यूनाख्यनिग्रहस्थानप्रसङ्गात्। यथोक्तं भगवता **भद्रबाहुस्वामिना** सामायिकमधिकृत्य किं द्वारे → *'जीवो गुणपडिवन्नो णयस्स दव्वट्ठियस्स सामाइअं। सो चेव पज्जवणयट्ठिअस्स जीवस्स एस गुणो त्ति'* ॥ [आव० नि० ७९२] एतदर्थप्रपञ्चो**ऽस्मत्कृतानेकान्तव्यवस्थायाम्।** एकनयेनैव धर्मलक्षणे चाभिधातव्ये आदौ व्यवहारनयेन तत्प्रणयनमुचितं, निश्चयनयानां बालमध्यमौ प्रत्यपरिणामकातिपरिणामकत्वेन दुष्टत्वात्। अत एव *'मूढनइअं[①] सुयं कालियं*

ભાવ=ભાવ. અર્થાત્ ભાવમય બનેલો આત્મા જ સ્વભાવ છે. કહ્યું જ છે કે → *'જે સમયે દ્રવ્ય જે સ્વભાવથી પરિણત થાય છે, તે સમયે દ્રવ્ય તે સ્વભાવમય બને છે. એમ જિનેશ્વરોએ કહ્યું છે. તેથી ધર્મથી પરિણત આત્મા જ ધર્મ છે, તેમ સમજવું.'*

**ઉપાધ્યાયજી :-** આ મત પણ દ્રવ્યસ્તવસ્થળે સંબદ્ધ જ છે, કારણ કે તે સમયે પરમાત્મભક્તિરસિક આત્મા પરમાત્મભક્તિના પ્રશસ્ત અધ્યવસાયથી પરિણત થાય છે. આ પ્રશસ્ત અધ્યવસાય ધર્મરૂપ છે. તેથી તે કાલે આત્મા પણ ધર્મરૂપ બને છે. વસ્તુતઃ આ પ્રમાણે વ્યાખ્યા કરતા એક બાબત વિચારવાની છે – આત્મા પોતે ધર્મરૂપ છે એવા નિર્દેશમાં 'આત્મા' શબ્દથી ધર્મી એવા આત્મદ્રવ્યનો નિર્દેશ હોય, તો આત્માને ધર્મ દ્વારા ધર્મરૂપ અને તે સિવાયના અન્ય પરિણામોદ્વારા અન્યરૂપ માનવો પડે. આમ ધર્મમય બનેલા આત્માને જ અધર્મમય પણ માનવાથી આવતા સંકરદોષનું નિવારણ શી રીતે થઇ શકે ? 'આત્માનો પ્રશાંતઅધિકાર ધર્મરૂપ છે.' અર્થાત્ 'અન્યવિક્ષેપના પરિહારથી ચિત્તમાં વહેતો શાંતપ્રવાહ-પ્રશાંતવાહિતા જ ધર્મરૂપ છે.' આ સ્થળે પણ દ્રવ્યપ્રધાન - પર્યાયપ્રધાન-બન્ને નયથી વ્યાખ્યા કરવી જ ઉચિત છે. કારણ કે માત્ર પર્યાયનયથી વ્યાખ્યા કરવામાં પ્રશાંતવાહિતા-પર્યાયરૂપ ધર્મરૂપે આત્માને સ્વીકારવામાં પૂર્વે કરેલી વ્યાખ્યાથી ભેદ પડતો નથી, કારણ કે શુદ્ધોપયોગઆદિ પણ પર્યાયરૂપ જ છે.

**પૂર્વપક્ષ :-** ધર્મ શું દ્રવ્યરૂપ છે કે પર્યાયરૂપ છે ? એવી જિજ્ઞાસાને આશ્રયી આ પ્રમાણે પર્યાયરૂપે ધર્મનો નિર્દેશ કરવામાં આવે છે.

**ઉત્તરપક્ષ :-** આ પ્રમાણેનો નિર્દેશ ધર્મના લક્ષણનાં અધિકારમાં કરો છો કે ધર્મના તત્ત્વઅંગેના વાદસ્થળે કરો છો ? પ્રથમપક્ષે આ પ્રમાણેનો એકનયઆશ્રયી નિર્દેશ યોગ્ય નથી, કારણ કે દ્રવ્યાર્થિકનયને આગળ કરી કે પર્યાયાર્થિકનયને આગળ કરી ધર્મનું લક્ષણ કરવામાં પરસ્પરમાં અવ્યાપ્તિવગેરેદોષ આવે. સર્વનયસંમતપ્રમાણને આગળ કરી કરેલું લક્ષણ જ નિષ્કલંક બને. તે જ પ્રમાણે તત્ત્વચિંતા(=વાદ) સ્થળે પણ ઉભયનય(દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક)નો નિર્દેશ કરવો વ્યાજબી છે. એક નયને આગળ કરવામાં 'ન્યૂન' નામના નિગ્રહસ્થાનનું ભાજન બનવાનો વારો આવે, અર્થાત્ ન્યૂનતાદોષ આવે. તેથી જ **શ્રી ભદ્રબાહુસ્વામીએ** 'સામાયિક'ના સ્વરૂપને આશ્રયી *'ગુણપ્રતિપન્ન જીવ જ સામાયિક છે – એમ દ્રવ્યાર્થિકનય કહે છે. પર્યાયાર્થિકનયની અપેક્ષાએ જીવનો તેવો ગુણ જ સામાયિક છે.'* આ પ્રમાણે ઉભયનયસંમત વ્યાખ્યા બતાવી છે. આ બાબતનો વિસ્તાર **મહોપાધ્યાયજીએ અનેકાંતવ્યવસ્થામાં**

① मूढनइयं सुयं कालियं तु ण णया समोयरंति इहं । अपुहुत्ते समोयारो नत्थि पुहुत्ते समोयारो ॥ इति पूर्णश्लोकः ॥

*तु'*[आव॰नि॰७६२ पा॰१] इत्याद्युक्तम्। सर्वाशङ्कानिराकरणाय च नयद्वयेन तत्प्रणयनं न्याय्यं, यथा *'प्रमादयोगात् प्राणव्यपरोपणं हिंसा'* [७/८] इति **तत्त्वार्थशास्त्रे** हिंसालक्षणमभिहितम्। इत्थं विचार्यमाणे च *'क्रियाहेतुः*① *पुष्टिशुद्धिमच्चित्तं धर्मः'* इति **हरिभद्रोक्त**लक्षणमतिव्याप्त्यादिदोषाकलङ्कितं सर्वत्रानुगतं निरवद्यं सङ्गच्छते। अत्रार्थे *'धर्मश्चित्तप्रभव'* [३/२ पा॰१] इत्यादि **षोडशकं** तद्वृत्तिश्चास्मत्प्रणीता **'योगदीपिका'** नाम्नी अनुसरणीया। *'यावानुपाधिविगमस्तावान्धर्मः'* इत्यप्युभयोपाधिविगमनेनोभयनयानुगतं सर्वत्र सङ्गम्यमानं रमणीयमेव - *'से वंता कोहं च मानं च मायं च लोभं च, एयं पासगस्स दंसणं'*[आचाराङ्ग १/३/४/१२१] इत्यादि सूत्रमप्यत्र प्रमाणमेव। *'द्रव्यस्तवे तदिह भक्तिविधिप्रणीते पुण्यं न धर्म इति दुर्मतीनां कुबुद्धिः। तत्त्वत्रयेऽस्तु (तत्तन्नयेऽस्तु) सुधियां*

---

કર્યો છે. વળી જ્યારે એક નયને આગળ કરીને જ ધર્મના લક્ષણનો=સ્વરૂપનો વિચાર કરવાનો હોય, તો સૌ પ્રથમ વ્યવહારનયથી જ ધર્મનું સ્વરૂપ બતાવવું યોગ્ય છે, કારણ કે બાળ-મધ્યમજીવો નિશ્ચયનયમાટે અપરિણામક અને અતિપરિણામક હોવાથી તેમની આગળ પ્રથમથી જ કરવામાં આવેલી નિશ્ચયનયની વાતો તેમને માટે દોષકારી બને છે. છાશ પણ માંડ પચાવી શકનારાને પ્યાલા ભરી ભરીને ઘી પીવડાવવામાં આવે તો શું થાય ? તે વિચારો. આ હેતુથી જ 'મુઢનઇયં સુયં કાલિયં તું॰' ઇત્યાદિ વચન કહ્યું છે. અહીં તાત્પર્ય એ જ છે કે, પ્રાયઃ પાંચમા આરાના અમેધાવી જીવો નયની વિચિત્રતાને સમજી શકે તેવા નહીં હોવાથી કાલિકશ્રુતમાં નયને મૂઢ=છૂપા રાખવાના છે-નયનો વિચાર કરવાનો નથી.

વળી આ બધી શંકાનું નિરાકરણ જ કરવું હોય, તો નિશ્ચય અને વ્યવહાર આ બન્ને નયથી યુક્તરૂપે જ ધર્મઆદિનું પ્રરૂપણ કરવું જોઇએ. જેમકે **તત્ત્વાર્થસૂત્રમાં** *'પ્રમાદના યોગથી પ્રાણનું વ્યપરોપણ(=ઘાત) હિંસા છે.'* હિંસાનું આ લક્ષણ કહ્યું છે. અહીં 'પ્રમાદયોગ'થી નૈશ્ચયિકહિંસાનું અને 'પ્રાણવ્યપરોપણ' પદથી વ્યવહારિકહિંસાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આ જ પ્રમાણે વિચારવામાં આવે, તો *'ક્રિયામાં કારણભૂત પુષ્ટિ (પુણ્યની) અને (પાપના વિગમથી) શુદ્ધિવાળું ચિત્ત જ ધર્મ છે.'* આ પ્રમાણે **શ્રી હરિભદ્રસૂરિ મહારાજે** કરેલું ધર્મનું લક્ષણ જ અતિવ્યાપ્તિઆદિ દોષોથી કલંકિત થયા વિનાનું સર્વવ્યાપ્ત અને નિર્દોષતરીકે સંગત છે. અહીં વિશેષઅર્થમાટે *'ધર્મશ્ચિત્તપ્રભવઃ'* ઇત્યાદિ શ્લોકસંબંધી **ષોડશક પ્રકરણ** અને તેનાપર **ઉપાધ્યાયજી મહારાજની યોગદીપિકા** નામની **ટીકા** જોવી.

અહીં કેટલાક *'જેટલા પ્રમાણમાં કર્મઆદિજનિત ઉપાધિનો નાશ તેટલા પ્રમાણમાં ધર્મ'* એમ કહે છે. આ વાત પણ વ્યવહારનયને માન્ય ઉપાધિના વિગમમાં વ્યવહારનયથી અનુગત અને નિશ્ચયનયને માન્ય ઉપાધિના વિગમમાં નિશ્ચયનયથી અનુગત હોવાથી ઉભય અનુગત છે. તેથી સંગત હોવાથી રમણીય છે. *'સે વંતા કોહં ચ માનં ચ માયં ચ લોહં ચ એયં પાસગસ્સ દંસણં.' [=તે (જ્ઞાની-મુક્તતુલ્ય સાધુ) ક્રોધ, માન, માયા અને લોભ આ કષાયોનું વમન કરતો હોય છે, એવું આ પશ્યક=સર્વજ્ઞ તીર્થંકરનું દર્શન(=મત=ઉપદેશ) છે. (આ પશ્યક પોતે શસ્ત્ર =અસંયમ અને કષાયથી રહિત હોય છે.)]* ઇત્યાદિ **આચારાંગ સૂત્રમાં** કહેલી પંક્તિ પણ અહીં પ્રમાણભૂત છે. આ સૂત્ર અને તેની **ટીકા** કહે છે કે શસ્ત્રાદિ અસંયમના ત્યાગમાં અને ક્રોધાદિ કષાયોના વિગમમાં ધર્મ છે અને સર્વજ્ઞતાની પ્રાપ્તિ છે.

'ભક્તિ અને વિધિથી કરાયેલા આ દ્રવ્યસ્તવમાં પુણ્ય છે, પણ ધર્મ નથી એ પ્રમાણે દુર્મતિવાળાઓની દુર્બુદ્ધિ છે. તત્ત્વત્રય(જ્ઞાનાદિ તત્ત્વત્રયના વિષયમાં અથવા તે-તે નયોથી) સદ્બુદ્ધિવાળાઓનો વિવિધ પ્રકારનો

---

① रागादयो मलाः खल्वागमसद्योगतो विगम एषाम्। तदयं क्रियाऽत एव हि पुष्टिः शुद्धिश्च चित्तस्य॥ इति षोडशके ३/३॥

*विविधोपदेशः सङ्क्लेशकृद् यदि जडस्य किमत्र चित्रम्'॥ १॥ 'अधर्मः पूजेति प्रलपति स लुम्पाकमुखरः। श्रयन् मिश्रं पक्षं तमनुहरते पाशकुमतिः। विधिभ्रान्तः पुण्यं वदति तपगच्छोत्तमबुधाः सुधासारां वाणीमभिदधति धर्मो ह्ययम्'॥ २॥* इति॥ ९५॥ गम्भीरेऽत्र विचारे गुरूपारतन्त्र्येणैव फलवत्तां दर्शयन्नुपदेशसर्वस्वमाह–

**इत्येवं नयभङ्गहेतुगहने मार्गे मनीषोन्मिषे-**
**न्मुग्धानां करुणां विना न सुगुरोरुद्यच्छतां स्वेच्छया।**
**तस्मात्सद्गुरुपादपद्ममधुपः स्वं संविदानो बलं**
**सेवां तीर्थकृतां करोतु सुकृती द्रव्येण भावेन वा ॥ ९६ ॥**

(**दंडान्वयः**→ इत्येवं नयभङ्गहेतुगहने मार्गे स्वेच्छया उद्यच्छतां मुग्धानां मनीषा सुगुरोः करुणां विना नोन्मिषेत्। तस्मात् सद्गुरुपादपद्ममधुपः स्वं बलं संविदानः सुकृती द्रव्येण भावेन वा तीर्थकृतां सेवां करोतु॥)

'इत्येवं' इति। *इत्येवं*=अमुना प्रकारेण *नयाः*=नैगमादयो *भङ्गाः*=संयोगाः, *हेतवः*=उत्कृष्टाद्यपेक्षया दश-पञ्चाद्येकावयववाक्यानि तै*र्गहने*=गम्भीरे मार्गे, *स्वेच्छया*=स्वोत्प्रेक्षिते *नोद्यच्छतां*=उद्यमं कुर्वतां मुग्धानां *मनीषा*=बुद्धिः, सुगुरोः करुणां विना *नोन्मिषेत्*=न निराकाङ्क्षतया विश्राम्येत्, तस्मात्सद्गुरुपादपद्मे मधुपः सन् गुर्वाज्ञामात्रवर्ती सन्नित्यर्थः। स्वं बलं योग्यतारूपं *संविदानो*=जानन्, परस्मैपदिनः प्रत्ययस्य रूपमिदं *'पराभिसन्धिमसंविदानस्ये'*[अन्ययोग॰ द्वात्रिं॰ २० पू॰] त्यत्रेवेति बोध्यम्। द्रव्येण गृही, भावेन वा साधुस्तीर्थकृतां सेवां करोतु। **यथाधिकारं भगवद्भक्तेरेव परमधर्मत्वात्॥ ९६॥** एतत्सर्वं प्रतिमाविषये भ्रान्तदूषणं पुर इव परिस्फुरन्तं

---

ઉપદેશ જડપુરુષને સંક્લેશ પેદા કરનારો બને તેમાં આશ્ચર્ય શું છે ? અર્થાત્ કોઇ આશ્ચર્ય નથી.' ॥૧॥

'વાચાલ પ્રતિમાલોપક 'પૂજા અધર્મ છે' એવો પ્રલાપ કરે છે. મિશ્રપક્ષનો આશ્રય કરતો પાર્શ્વકુમત તેને જ અનુસરે છે. વિધિભ્રાંતમત પૂજાને પુણ્ય કહે છે. તપાગચ્છના શ્રેષ્ઠ પંડિતો અમૃતતુલ્યવાણીથી કહે છે કે પૂજા ધર્મરૂપ જ છે' ॥૨॥ **॥૯૫॥**

આ ગંભીર વિચારમાં ગુરુપારતંત્ર્ય જ ફળવાન છે તેમ દર્શાવતા ઉપદેશનો સાર બતાવે છે—

## ગુરુપારતંત્ર્ય જ ફળવાન

**કાવ્યાર્થ :-** આ પ્રમાણે નૈગમઆદિ નયો, સાંયોગિક ભાંગાઓ અને હેતુઓથી ગહન=ગંભીર બનેલા માર્ગમાં સ્વેચ્છાથી(પોતે કલ્પેલી માન્યતાથી) ઉદ્યમ કરતા મુગ્ધોની બુદ્ધિનો ઉન્મેષ સુગુરુની કરુણા વિના થતો નથી. (=બુદ્ધિ નિરાકાંક્ષપણે વિશ્રાંત પામતી નથી. વાક્યગત સાકાંક્ષપદોનો યોગ્ય અન્વય થવાથી એવો શાબ્દબોધ થવો કે પછી કોઇ શંકા રહે નહીં, તો બુદ્ધિ નિરાકાંક્ષ બની ગણાય.) તેથી સદ્ગુરુવરના ચરણકમળના ભ્રમર બની (=કેવળ અથવા બધી ગુર્વાજ્ઞાને આધીન રહી) તથા યોગ્યતારૂપ પોતાના બળને સમજી દ્રવ્યથી ગૃહસ્થ અથવા ભાવથી (સાધુ થઇને) સુજ્ઞપુરુષે તીર્થંકરોની સેવા કરવી જોઇએ.

હેતુવાક્ય=ઉત્કૃષ્ટઆદિબુદ્ધિવાળા જીવોની અપેક્ષાએ એક, પાંચ કે દશ અવયવવાળા વાક્યો. (સમ્+વિદ્ ધાતુ પરસ્મૈપદી હોવાથી તેને આત્મનેપદી 'આનશ' પ્રત્યય કેમ લાગ્યો ? એવી આશંકાના સમાધાનમાં કહે છે) **કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્ર સૂરીશ્વરે અન્યયોગવ્યવચ્છેદમાં** *'પરાભિસન્ધિમસંવિદાનસ્ય'* શબ્દપ્રયોગ કર્યો છે. ત્યાં **'સ્યાદ્વાદ-મંજરી' ટીકાકારે** એવો ખુલાસો આપ્યો છે, કે 'સમ્+વિદ્' ધાતુને 'આનશ્' પ્રત્યય નથી લાગ્યો, પણ શીલ(=સ્વભાવ) અર્થમાં 'શાન' પ્રત્યય લાગ્યો છે. તેમ અહીં પણ સમજવું.

हृदयमिवानुप्रविशन्तं सर्वाङ्गीणमिवालिङ्गन्तं समापत्त्यैकतामिवोपगतं **श्रीशङ्खेश्वरपुराधिष्ठितं पार्श्वपरमेश्वरं** सम्बोध्याऽभिमुखीकृत्यैव, यत्रापि वादी सम्बोध्यस्तत्राप्यार्थिकी भगवत्सम्बुद्धिर्मयैवं तन्मतामृतबाह्यो दूष्यत इति, तत्स्तुतिरेवेयं पर्यवसन्नेति तत्रैव नयभेदमुपदर्शयति–

**सेयं ते व्यवहारभक्तिरुचिता शङ्खेश्वराधीश ! यद्,**
**दुर्वादिव्रजदूषणेन पयसा शङ्कामलक्षालनम्।**
**स्वात्मारामसमाधिबाधितभवैर्नास्माभिरुन्नीयते,**
**दूष्यदूषकदूषणस्थितिरपि प्राप्तैर्नयं निश्चयम् ॥ ९७ ॥**

(**दंडान्वयः**→ हे शङ्खेश्वराधीश ! सा इयं ते व्यवहारभक्तिः उचिता, यद् दुर्वादिव्रजदूषणेन पयसा शङ्कामलक्षालनम्। स्वात्मारामसमाधिबाधितभवैर्निश्चयं नयं प्राप्तैरस्माभिः दूष्यदूषकदूषणस्थितिरपि न उन्नीयते ॥)

'सेयं ते'इति। हे **शङ्खेश्वराधीश** ! इयं *ते*=तवोचिता *व्यवहारभक्तिः*=व्यवहारनयोचिता भक्तिः कृतेत्यर्थः। विधेयप्राधान्यानुरोधात्स्त्रीत्वनिर्देशः। यद् दुर्वादिनां *व्रजः*=समूहस्तद्दूषणरूपेण *पयसा*=नीरेण शङ्कारूपमलस्य क्षालनं व्यवहरन्ति शिष्टाः परसमयदूषणपूर्वं स्वसमयस्थापनस्य भगवद्यथार्थवचनगुणस्तुत्योपासनत्वम्। तदाहुः

---

**સાર :-** ગુરુઆજ્ઞાને આધીન થઇ યથાશક્તિ જિનેશ્વરપૂજા ગૃહસ્થએ દ્રવ્યથી અને સાધુએ ભાવથી કરવી. કારણ કે **પોતાના અધિકારને અનુરૂપ ભગવાનની ભક્તિ કરવી એ જ પરમધર્મ છે. ॥૯૬॥**

જાણે કે સાક્ષાત્ સામે જ પરિસ્ફુરાયમાણ થતાં... પછી ક્ષણભરમાં જાણે કે હૃદયમાં પ્રવેશ કરી રહેલા... તદંતર જાણે કે શરીરના પ્રત્યેક અંગમાં પ્રસરીને આલિંગન કરી રહેલા અને પછી જાણે કે સમાપત્તિદ્વારા એકમેકતાને પામી ગયેલા **શ્રી શંખેશ્વરતીર્થમંડન પાર્શ્વનાથ** ભગવાનને સંબોધિથી(=સમ્યગ્બુદ્ધિથી) અભિમુખ કરીને જ પ્રતિમાસંબંધી ભ્રાંત કલ્પનાઓ દૂષિત કરવામાં આવી છે. વળી જ્યાં ક્યાંય પણ વાદી સંબોધ્ય છે, ત્યાં પણ અર્થથી તો ભગવાનની જ સંબુદ્ધિ છે. અર્થાત્ ત્યાં પણ જાણે કે ભગવાનને ઉદ્દેશીને કહી રહ્યો છું કે, 'ભગવાન્ ! તારા સંબંધી અને તારી પૂજા સંબંધી ખોટી કલ્પનાઓ કરવી વાજબી નથી, પણ આ પ્રમાણે વિચારવું જ બરાબર છે.' આ પ્રમાણે તારા મતરૂપી સુધાથી બાહ્ય વ્યક્તિને હું દૂષિત કરું છું. આમ સર્વત્ર પરમાત્માની જ સંબુદ્ધિ હોવાથી દેખાવમાં વાદચર્ચા લાગતી પણ આ વિચારણા વાસ્તવમાં સ્તુતિરૂપ જ પર્યવસિત થાય છે.

આ પરમત સાથે ચર્ચાત્મક સ્તુતિમાં નયભેદનું નિરૂપણ કરતાં કવિ કહે છે–

## નયભેદથી ભક્તિ

**કાવ્યાર્થ :- હે શંખેશ્વરસ્વામી !** કુવાદીઓના સમુદાયને દૂષણ આપવારૂપ પાણીથી શંકારૂપી મળ ધોઇ નાખવા રૂપ આ તારી ઉચિત વ્યવહારભક્તિ કરાઇ છે. પોતાના આત્મારૂપ બગીચામાં જ ક્રીડા કરતી સમાધિથી બાધિત થયેલા સંસારવાળા અને નિશ્ચય નયને પામેલા અમે દૂષ્ય, દૂષક અને દૂષણની મર્યાદાનું ભાન કરતા જ નથી. અર્થાત્ નિશ્ચયનયને પામેલા અમારા માટે દૂષ્ય, દૂષક અને દૂષણ જેવું કશું છે જ નહિ.

**હે શંખેશ્વર પાર્શ્વનાથ સ્વામી !** દુર્વાદીઓના સમુદાયના કુમતને દૂષણો લગાડી અયોગ્ય ઠેરવ્યા. આ દૂષણો લગાડવારૂપ પાણીથી વાસ્તવમાં તો 'પ્રતિમા પૂજનીય છે' એવા સ્વમતમાં પડેલી શંકારૂપી મળને જ દૂર કર્યો છે અને શંકામળને દૂર કરવાની આ પ્રવૃત્તિ જ વ્યવહારનયની અપેક્ષાએ તારી ઉચિત ભક્તિ છે. (અહીં 'સા' इयं... એવો સ્ત્રીલિંગ પ્રયોગ 'ભક્તિ' પદને આશ્રયીને છે. 'शङ्कामलक्षालनम्' પદ ઉદ્દેશ્ય છે, અને નપુંસકલિંગમાં છે. આ 'ક્ષાલન'ને જ 'ભક્તિ'

**श्रीहेमसूरयः** → *'अयं जनो नाथ तव स्तवाय गुणान्तरेभ्यः स्पृहयालुरेव। विगाहतां किन्तु यथार्थवादमेकं परीक्षाविधिदुर्विदग्धः'*॥[अन्ययोग॰ द्वात्रिं॰ २] **उदयनोऽपि** सर्वप्रसिद्धमीश्वरमुद्दीश्य तन्न्यायचर्चाया उपासनात्वेनैव करणीयतामाह। तदुक्तं **न्यायकुसुमाञ्जलौ** *तस्मिन्नेवं जातिगोत्रप्रवरचरणकुलधर्मादिवदासंसारं सुप्रसिद्धानुभावे भगवति भवे सन्देह एव कुतः? किं निरूपणीयम्? तथापि- 'न्यायचर्चेयमीशस्य मननव्यपदेशभाक्। उपासनैव क्रियते श्रवणानन्तरागता॥'*[गा॰ ३] इति॥ यदीयं व्यवहारभक्तिस्तदा निश्चयभक्तिः का? इत्युच्यतामित्याकाङ्क्षायामाह - 'स्वात्मे'ति। स्वात्मैवारामोऽत्यन्तसुखहेतुत्वान्नन्दनवनं यत्र, तादृशः (नन्दनवनसदृशः पाठा.)। स्वात्मा-

---

કહેવી છે. તેથી 'ભક્તિ' પદ વિધેય છે. અને અહીં વિધેયપદની જ પ્રધાનતા છે, તેથી 'સા' અને 'इयं' એવો સ્ત્રીલિંગ નિર્દેશ કર્યો છે. જો 'શૃણમલક્ષાલનમ્' આ ઉદ્દેશ્યપદને પ્રધાન કર્યું હોત, તો 'સા' ને બદલે 'તદ્' અને 'इयं' ને બદલે 'इदम्' એવો નપુંસકલિંગનો નિર્દેશ કર્યો હોત.) કારણ કે શિષ્ટ પુરુષો કહે જ છે કે, પરસિદ્ધાંતને દૂષિત કરવાપૂર્વક સ્વસિદ્ધાંતની સ્થાપના કરવાથી 'ભગવાનના વચનો યથાર્થ છે' તેવો નિશ્ચય થાય છે. તેથી ભગવાનના 'યથાર્થવચનવાદિપણું' ગુણની સ્તવના થાય છે. ગુણસ્તવનાથી જ ગુણી ભગવાનની સ્તવના છે. આ સાચી સ્તવના જ ભગવાનની ઉપાસના છે. **શ્રી હેમચંદ્રસૂરિજીએ અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકામાં** કહ્યું જ છે કે → *"હે નાથ ! આ માણસ(=કવિ) બીજા ગુણોદ્વારા તારી સ્તવના કરવાની ઇચ્છાવાળો છે જ, છતાં પણ પરીક્ષાવિધિમાં પોતાને પંડિત માનવાનો ડોળ કરતો તે(=કવિ) તારા 'યથાર્થવાદ' નામના એક ગુણની સ્તવના કરવા ભલે ઉદ્યમશીલ બને."* આમ ભગવાનના યથાર્થવાદ ગુણની સ્તવના જ ભગવાનની સાચી ભક્તિ છે. તેથી સ્વ અને પર સિદ્ધાંતનાં ક્રમશઃ સ્થાપન અને દૂષણ પણ ભગવાનની ભક્તિરૂપે જ કરણીય છે. **ઉદયનાચાર્યે** પણ કહ્યું જ છે કે → સર્વદર્શનમાં પ્રસિદ્ધ એવા ઈશ્વરને ઉદ્દેશીને (ઉપાસનારૂપ હોવાથી જ) ન્યાયચર્ચા કરણીય છે. **ન્યાયકુસુમાંજલિ** નામના ગ્રંથમાં કહ્યું જ છે કે → *'આ પ્રમાણે (બ્રાહ્મણત્વાદિ) જાતિ, ગોત્ર(કાશ્યપાદિ) પ્રવર (યજ્ઞમાં પસંદગી પામતા ઋષિ) ચરણ (અવાંતર જાતિ) કુલ-ધર્મ આદિને સમાન સમસ્ત સંસારમાં પ્રસિદ્ધ પ્રભાવવાળા ભવ=જગત્સર્જક પરમાત્માના વિષયમાં સંદેહ જ છે ક્યાં ? તેથી તેમના વિષયમાં શું નિરૂપણ કરવું ? અર્થાત્ આ ઈશ્વરઅંગે કોઇ સંદેહ જ સંભવતો ન હોવાથી નિરૂપણ કરવા યોગ્ય પણ કંઇ નથી. છતાં પણ આ ન્યાયચર્ચાથી (અનુમિતિરૂપ) શ્રવણ પછી પ્રગટતા મનનના વ્યપદેશને પામેલી ઈશ્વરની ઉપાસના જ કરાઇ રહી છે.'* **તાત્પર્ય :-** ઈશ્વરનું શ્રવણ ઘણીવાર થયું છે. આ શ્રવણ પછી અવશ્ય મનન કરવું જ જોઇએ. આ ન્યાયચર્ચા ઈશ્વરના મનનરૂપ જ છે. ઈશ્વરનું આ મનન જ ઈશ્વરની ઉપાસનારૂપ છે.

**શંકા :-** જો આ વ્યવહારભક્તિ ગણાતી હોય, તો નિશ્ચયનયને સંમત ભક્તિ કઇ ? તે કહો.

**સમાધાન :-** 'સ્વાત્મ' ઇત્યાદિ. પોતાનો આત્મા જ અત્યંત સુખજનક બનવાથી આરામ=નંદનવન સમાન બને છે જેમાં, એવી સમાધિ. અથવા પોતાના આત્માને જ સમંતતઃ ક્રીડા કરાવનારી સમાધિ=(૧) શુભ ઉપયોગરૂપ=સંપ્રજ્ઞાત સમાધિ, અર્થાત્ આત્મામાં જ રમતો અને આત્માને જ આહ્લાદ ઉત્પન્ન કરતો શુભ ઉપયોગ સંપ્રજ્ઞાત સમાધિ છે. અથવા (૨) છેલ્લા વિકલ્પભૂત અને વચનરહિતના અથવા ચરમવિકલ્પથી નિર્વચન= ઉલ્લેખનીય દ્રવ્યાર્થિક ઉપયોગથી ઉત્પન્ન થયેલો અને લયરૂપ લેશથી અસંપ્રજ્ઞાત. અર્થાત્ અંતિમ વિકલ્પરૂપે જે ઓળખી શકાય એવા દ્રવ્યાર્થિક ઉપયોગજન્ય લયરૂપ અસંપ્રજ્ઞાત સમાધિ, આ બે પ્રકારની સમાધિ નિશ્ચયભક્તિ છે.

આ સમાધિથી અમે સંસારને બાધિતરૂપે સ્થાપ્યો છે. અર્થાત્ પરમ આત્મસ્વરૂપના ધ્યાનમાં ચડતાં ચડતાં અમે અપૂર્વ આનંદદાયક આત્મરમણતારૂપ સમાધિમાં ચડી ગયા. એ સમાધિથી હવે અમને માત્ર આત્મસ્વરૂપ જ ભાસે છે. જાણે કે સાક્ષાત્ સિદ્ધઅવસ્થાને પામી ગયેલા અને તે સ્વરૂપમાં મગન બનેલા અમને નથી દેખાતો સંસાર

न *मारामयति*=समन्तात् क्रीडयति तादृशो वा यः समाधिः=शुभोपयोगरूपः सम्प्रज्ञातः, अपश्चिमविकल्पनिर्वचन-द्रव्यार्थिकोपयोगजनितो लेशतो वाऽसम्प्रज्ञातो लयरूपः, तेन बाधितो=बाधितानुवृत्त्या स्थापितो भवः=संसारो यैस्तादृशैस्त्वस्माभिर्निश्चयनयं प्राप्तैर्दूष्यदूषकयोः स्थितिरपि=सत्तापि नोद्वीक्ष्यते, कुतस्तत्त्रितयानुगतो वादग्रन्थः? इति ध्यानदशायां निश्चयभक्तिस्थितानामस्माकं सर्वत्र सम एव परिणामः। व्युत्थाने व्यवहारभक्तौ तु परपक्षदूषणम-सम्भावनाविपरीतभावनानिरासायैवेति न रागद्वेषकालुष्यमित्युचितत्वमावेदितं भवति ॥ ९७ ॥ अथ साक्षात्स्तुति-मेवाह कतिपयैः—

**दर्शं दर्शमवापमव्ययमुदं विद्योतमाना लसद्-**
**विश्वासं प्रतिमामकेन रहित ! स्वां ते सदानन्द ! याम् ।**
**सा धत्ते स्वरसप्रसृत्वरगुणस्थानोचितामानम-**
**द्विश्वा सम्प्रति मामके नरहित ! स्वान्ते सदानं दयाम् ॥ ९८ ॥**

(**दंडान्वयः**→ हे अकेन रहित ! सदानन्द ! ते यां स्वां प्रतिमां दर्शं दर्शं अव्ययमुदं लसद्विश्वासं (स्वान्तेऽहं) अवापम्। हे नरहित ! आनमद्विश्वा विद्योतमाना सा सम्प्रति मामके स्वान्ते स्वरसप्रसृत्वरगुणस्थानोचितां सदानं दयां धत्ते ॥)

'दर्शं दर्शम्' इति। हे *अकेन रहित !*=सर्वदुःखविप्रमुक्त ! अत एव *सदानन्द !*=ध्वंसाप्रतियोग्यानन्द ! *ते*=

---

અને નથી ભાસતી સંસારની સામગ્રીઓ. અનાદિની અવિદ્યાની વાસનાથી ભાસતો આ સંસાર હવે આત્મજ્ઞાન પ્રાપ્ત થતાં કલ્પિત, ભ્રાંત, મિથ્યા ભાસે છે. દોરડામાં થઇ ગયેલું સર્પનું જ્ઞાન પ્રકાશમાં જેમ બાધિત બને છે, તેમ આત્મજ્ઞાનના પ્રકાશમાં સંસારની બુદ્ધિ બાધિત થતી દેખાય છે. આવા પ્રકારની નિશ્ચયની અવસ્થા એ જ ભગવાનની નિશ્ચયથી ભક્તિ છે. આ અવસ્થામાં જ્યારે સંસાર જ ભાસતો નથી, ત્યારે દૂષ્ય - દૂષક અને દૂષણની હાજરી તો દેખાય જ ક્યાંથી ? અને જો આ ત્રણ પણ હાજર જ ન હોય, તો આ ત્રણથી યુક્ત એવો વાદગ્રંથ પણ સંભવે ક્યાંથી ? કારણ કે ધ્યાનદશામાં નિશ્ચય ભક્તિ પામતો અમારો આત્મપરિણામ સર્વત્ર સમતાના જ દર્શન કરે છે. સર્વત્ર બધા જ આત્માઓ પરમાત્મસ્વરૂપે રહેલા જ દેખાય છે. તેથી નિશ્ચયનયની ભક્તિકાળે આવી ચર્ચા વિચારણા સંભવતી જ નથી. આ ધ્યાનદશા દૂર થયા પછીના વ્યવહાર ભક્તિકાળે પણ જે પૂર્વપક્ષને દૂષણવગેરે અપાય છે, તેમાં જિનવચનમાં અસંભાવના અને વિપરીત ભાવનાને દૂર કરવાનો જ આશય છે. એ વખતે આ વાદગ્રંથમાં પણ સ્વમત પ્રત્યે રાગરૂપ અને પરપક્ષપ્રત્યે દ્વેષરૂપ કલુષતા નથી. આનાથી ઔચિત્યનું નિવેદન થયું. આમ રાગ-દ્વેષથી દૂર રહી જિનવચનમાં સંદેહ, વિપર્યય અને અનધ્યવસાય દોષ ટાળવા પરપક્ષને દૂષણ લગાડવામાં પણ વાસ્તવમાં તો ભગવાનની વ્યવહારનયથી ભક્તિ જ છે. અને તે ઉચિત જ છે. **॥૯૭॥**

હવે કવિ કેટલાક શ્લોકો દ્વારા સાક્ષાત્ સ્તુતિ કરતા કહે છે—

## પ્રતિમા દયાનું સાધન

**કાવ્યાર્થ :-** હે સર્વદુઃખથી રહિત ! હે હંમેશા આનંદમય ! (જિનેશ્વર !) તારી સદ્ભાવસ્થાપનારૂપ જે પ્રતિમાને જોઇ જોઇને મેં હૃદયમાં વ્યય ન પામે તેવો હર્ષ ચમકતા વિશ્વાસપૂર્વક પ્રાપ્ત કર્યો, વિશ્વથી નમાયેલી અને વિશેષથી શોભતી તે પ્રતિમા હમણાં મારા હૃદયમાં ઉપાધિ વિના વર્ધમાન ગુણસ્થાનને યોગ્ય દાનસહિતની દયાને પુષ્ટ કરે છે.

तव *प्रतिमां*=त्वन्मूर्तिं, कीदृशीम् ? *स्वां*=सद्भावस्थापनामित्यर्थः। यां *दर्शं दर्शं*=दृष्ट्वा दृष्ट्वा, प्रतिक्षणप्रवर्द्धमान-शुभपरिणामोऽह*मव्ययमुदं*=विगलितवेद्यान्तरपरब्रह्मास्वादसोदरशान्तरसास्वाद*मवापम्*=प्रापं, कुत्र ? *स्वान्ते*= हृदये, कथम् ? *लसद्विश्वासं*=लसन् विश्वासो यत्र, यस्यां क्रियायामविश्वस्तस्य रमणीयदर्शनेनापि सुखानवाप्तेः, धर्मकर्मणि सविचिकित्सस्य समाध्यलाभाच्च, तथा च **पारमर्षं** → *'वितिगिच्छसमावन्नेणं अप्पाणेणं णो लभति समाहिं'* [आचाराङ्ग १/५/५/१६१] इति। हे *नरहित !*=मनुष्यहितकारिन् ! *सा*=तव प्रतिमा *सम्प्रति*=दर्शनजन्यभावनाप्रकर्षकाले मयि *सदानं दयां धत्ते*=अभयदानसहितदयावृत्तिं पोषयति, ज्ञानोत्कर्षस्य

---

અક=દુઃખ. પરમાત્મા સર્વ દુઃખથી મુક્ત હોવાથી જ હંમેશા આનંદમય છે. ધ્વંસાપ્રતિયોગિઆનંદ=ક્યારેય પણ નાશ ન પામે તેવા આનંદવાળા. સ્વા=સદ્ભાવ સ્થાપના પામેલી પ્રતિમા. આ પ્રતિમાના દર્શન કરતાં કરતાં પ્રત્યેક ક્ષણે મારા શુભપરિણામો પ્રવૃદ્ધિ પામતા ગયા. વળી આત્મા આ શુભપરિણામમય બની જવાથી બહારના જગતની ફૂલની માળા કે સર્પ જેવી વસ્તુઓનું અને અંદરના જગતના હર્ષ, ભય જેવા ભાવોનું સંવેદન થવાનો અવકાશ જ રહ્યો નહિ. તેથી હૃદયમાં શ્રેષ્ઠ આત્મસ્વરૂપના સંવેદનની અનુભૂતિ સમાન પ્રશમરસના પરમ આસ્વાદની મોજ માણી. આ મોજમાં પણ અખૂટ વિશ્વાસ=શ્રદ્ધા જ કામ કરે છે, કારણ કે જે વસ્તુ વિશ્વસનીય ન હોય, તે પછી ભલેને ગમે તેટલી સુંદર હોય, તો પણ તેના દર્શનથી જરા ય સુખ ઉત્પન્ન થતું નથી. અત્યંત મોહક ચામડીવાળા સાપના દર્શનથી કોને આનંદ થાય ? તથા જે વસ્તુ વિશ્વસનીય છે, તેમાં વિશ્વાસ ન રાખવાથી પણ પરમાનંદરૂપ સમાધિની પ્રાપ્તિ ન થાય, જિનોક્ત ધર્મકાર્ય એકાંતે શ્રદ્ધાપાત્ર છે. જો એ શ્રદ્ધાપાત્ર ધર્મક્રિયામાં પણ શ્રદ્ધા ન રાખતા વિચિકિત્સા=શંકા કરી, તો સમાધિની પ્રાપ્તિ નહિ થાય. તેથી જ પારમર્ષ=**આચારાંગમાં** કહ્યું છે → *વિચિકિત્સાને પામેલ આત્માથી=ચિત્તથી સમાધિ(=ચિત્તસ્વાસ્થ્ય અથવા જ્ઞાનાદિત્રિક) મળતી નથી.*

હે મનુષ્યોનું હિત કરનારા ! તારી પ્રતિમા હમણાં એટલે કે દર્શનથી પ્રગટેલી ભાવનાના પ્રકર્ષકાળે મારી અભયદાનથી યુક્ત દયાવૃત્તિને પુષ્ટ કરે છે. પરમેશ્વરના અનુગ્રહથી પ્રાપ્ત થયેલો જ્ઞાનનો ઉત્કર્ષ નિશ્ચયચારિત્રરૂપ છે, કારણ કે જ્ઞાનોત્કર્ષકાળે જીવ અપ્રમત્ત અવસ્થામાં રહ્યો હોય છે. નિશ્ચયનયના મતે તો ચારિત્ર આ અવસ્થામાં જ છે. વળી આ અવસ્થા વખતે નિશ્ચયનયે જ્ઞાન-દર્શન અને ચારિત્રનો એક અખંડ ઉપયોગ માન્યો છે, તેથી જ્ઞાનના ઉત્કર્ષને નિશ્ચયચારિત્ર કહેવામાં દોષ નથી. અહીં જ્ઞાનના ઉત્કર્ષ તરીકે પૂર્વઆદિ શ્રુતનું જ્ઞાન સમજવાનું નથી, પણ અતિશયથી યુક્ત ભાવના જ સમજવાની છે. આ અતિશયિત ભાવના પરમાત્માના દર્શનથી જ જન્મે છે. ભાવના - પરમાત્માના તન્મયદર્શનથી અંતરાત્મામાં જાગતું સંવેદનવિશેષ છે. (અને પરમાત્મસ્વરૂપનું સાચું દર્શન જ સમ્યગ્દર્શનરૂપ છે. આમ સમ્યગ્દર્શનજન્ય=દર્શનોત્કર્ષરૂપ ભાવના છે. આ જ ભાવના જ્ઞાનોત્કર્ષરૂપ પણ છે. અને જ્ઞાનોત્કર્ષરૂપ હોવાથી જ નિશ્ચયચારિત્રરૂપ છે. આમ આ પ્રકારે અપ્રમત્તાદિગુણસ્થાનકસ્વરૂપ અને દર્શન-જ્ઞાન-ચારિત્રના અખંડ એકાત્મક ઉપયોગરૂપ ચારિત્રની સિદ્ધિ થાય છે.) તેથી આ ભાવનાનો પ્રકર્ષ જ નિશ્ચયચારિત્ર છે. અને ચારિત્રધર્મ ષટ્જીવનિકાયના અભયદાનપર અને સર્વ જીવો પ્રત્યેની દયા=કૃપા=કરુણા પર જ ઊભો છે. તેથી નિશ્ચયચારિત્રને અભયદાન અને દયા ઉભયરૂપ માનવામાં દોષ નથી. આ ભાવનાના પ્રકર્ષમાં (પ્રતિમામાં થતું) પરમાત્મદર્શન કારણભૂત છે. તેથી પરમાત્માના અનુગ્રહથી જ ભાવનાનો પ્રકર્ષ થાય છે.

આમ પણ જીવને ધર્મ અને મોક્ષની પ્રાપ્તિમાં અસાધારણ કારણતરીકે ભગવાનની કૃપા જ શિષ્ટ પુરુષોને માન્ય છે. તેથી ભગવાનની પ્રતિમા સ્વજન્યભાવનાપ્રકર્ષ=જ્ઞાનઉત્કર્ષ=નિશ્ચયચારિત્રદ્વારા અભયદાન અને દયાની પુષ્ટિ કરે છે, તેમ કહેવું તદ્દન બરાબર છે. અહીં જે-તે દયા સમજવાની નથી, પરંતુ આત્માની જ અંદર ઉઠતી રુચિથી

निश्चयचारित्रस्य परमेश्वरानुग्रहजनितस्य तदुभयस्वरूपत्वात्। ज्ञानोत्कर्षश्चातिशयिता भावनैवेति। दयां कीदृशीम्? स्वरसप्रसृत्वरम्=अनुपाधिप्रवर्द्धमानं यद् गुणस्थानं *उचितां*=तदनुरूपामनुग्राह्यानुग्राहकयोग्यतयोर्द्वयोस्तुल्यवृत्तित्वात्। अत एव लोकप्रदीपत्वं चतुर्दशपूर्विलोका-पेक्षया व्याख्यातं **तान्त्रिकैः**। अत एव *'अनियोगपरोऽप्यागम'* इति (अनुवादपरोऽप्यागम इति योगदृष्टि गा० (पू/(=८५) टीकायाम्) **योगाचार्याः**, यन्मतमपेक्ष्य प्रवृत्तो निश्चयः *'चारित्रवानेव चारित्रं लभते'* इत्यादि। सा कीदृशी ? *आनमद्विश्वा*= आनमद्विश्वं यां सा तथा, अत एव विद्योतमाना विशेषेण भ्राजमाना। **यमकालङ्कारः**, *'अर्थे सत्यर्थभिन्नानामावृत्तिः (भिन्नानां पुनः श्रुतिः) यमक'* मिति [काव्यप्रकाश ९/११/७] लक्षणम् ॥९८॥

---

પ્રસરતું ને તેથી બાહ્યનિમિત્તાદિ પરોપાધિ વિના પ્રવર્ધમાન થતું જે ગુણસ્થાન છે, તે ગુણસ્થાનને અનુરૂપ દયા જ સમજવાની છે. કારણ કે અહીં દયાનો અનુગ્રહ કરનારા પરમાત્મા પોતે અપ્રમત્ત છે અને સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ જ કરનારા છે. અર્થાત્ પરમાત્મા જે કાળે, જે ગુણમાં, જે દ્રવ્યાદિમાં રહેલા પુરુષને જે યોગ્ય હોય; તે જ કાળે, તે ગુણમાં તે દ્રવ્યાદિમાં રહેલા તે પુરુષને તે યોગ્યનો જ નિર્દેશ કરવારૂપ ઉચિત પ્રવૃત્તિ જ હંમેશા કરે છે. આ જ તેમની અનુગ્રાહકયોગ્યતા છે. તે જ પ્રમાણે પરમાત્માના અનુગ્રહને ઝીલનારો પણ પોતાને ઉચિત અપ્રમત્તઅવસ્થામાં હોવાથી સ્વોચિત દયાવગેરે જ અનુગ્રાહકપાસેથી ગ્રહણ કરશે. આ જ તેની અનુગ્રાહ્યયોગ્યતા છે. આ અનુગ્રાહકયોગ્યતા અને અનુગ્રાહ્યયોગ્યતા આ બન્ને સમાનરૂપે ઉચિતવૃત્તિવાળી હોવાથી અનુગ્રાહક પાસેથી અનુગ્રાહ્યને મળતી દયા પણ સ્વસ્થાનને ઉચિત જ હોય.

પરમાત્માનો અનુગ્રહ અનુગ્રાહ્યની યોગ્યતાઆદિને અનુરૂપ ઉચિત જ હોવાથી **લલિતવિસ્તરા** આદિ ગ્રંથોમાં **શક્રસ્તવ(નમુત્થુણં)માં** દર્શાવેલા ભગવાનના વિશેષણોમાં 'લોકપ્રદીપ' વિશેષણ ચૌદપૂર્વધરરૂપ લોકોને અપેક્ષીને છે એમ વ્યાખ્યા કરી છે. તેથી જ **યોગાચાર્યો** કહે છે કે *'અનિયોગપરોપિ આગમ.'* (**યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથની** ૮૫મી ગાથાની **ટીકામાં** 'અનુવાદપરોડપિ આગમ' એમ કહ્યું છે.)

**તાત્પર્ય :-** આગમમાં અનેકાનેક અનુષ્ઠાનો વિહિત છે. સામાન્યથી આગમવચન એ અનુષ્ઠાનો અંગે નિયોગપર=પ્રેરકરૂપ હોય છે. પણ આ અનુષ્ઠાનો જુદી-જુદી યોગ્યતા-ભૂમિકા-ગુણસ્થાનોને અપેક્ષીને જુદા-જુદા છે. બધા જ અનુષ્ઠાનો બધાને માટે નથી. તેથી એ અનુષ્ઠાનોઅંગે આગમવચન બધામાટે પ્રેરક-નિયોગપર બનતાં નથી. જેની જેવી યોગ્યતાદિ હોય, તેને માટે તે આગમવચન નિયોગપર=પ્રેરક બને. બીજા કે જે એ અનુષ્ઠાનોમાટે અયોગ્ય છે, તેઓમાટે એ આગમવચનો નિયોગપર=પ્રેરક બનતાં નથી. પણ 'આવા જીવોમાટે આવા અનુષ્ઠાનો આદેય છે' એટલું જ બતાવવારૂપે માત્ર અનુવાદરૂપ બને છે. જેમકે 'ઘી એ આયુષ્ય છે' આવું વચન સંગ્રહણિથી પીડાતા બીમારમાટે ઘી પીવામાટે પ્રેરણારૂપ નથી, પણ 'તંદુરસ્તમાટે ઘી પીવું એ આયુષ્યવર્ધક છે' એટલી હકીકતના નિર્દેશરૂપ-અનુવાદપરક જ છે. હા, આ વચન એને ભવિષ્યમાં-તંદુરસ્ત અવસ્થામાં શું કરવું, એ માટે આદર્શરૂપ બને ! એમ પ્રસ્તુતમાં પણ સમજવું.

આ જ મતને અપેક્ષીને *'ચારિત્રવાન જ ચારિત્ર પામે'* ઇત્યાદિ નિશ્ચયનયની પ્રવૃત્તિ છે. એટલે જે હજી વ્યવહારની ભૂમિકામાં-યોગ્યતામાં છે, એનામાટે આ નિશ્ચયવચનો પ્રેરણારૂપ નથી, પણ નિશ્ચયવખતની પરિસ્થિતિના નિરૂપણરૂપ હોવાથી અનુવાદપરક છે, તેથી 'જો આપણે ચારિત્રવાન છીએ, તો ચારિત્ર લેવાની ક્રિયા-પ્રવૃત્તિ-વિધિ કરવાની શી જરૂર છે ? અને જો આપણે ચારિત્રમાં નથી, તો વિધિ કરવાથી શું ?' એમ કહી ચારિત્રક્રિયા-વિધિની ઉપેક્ષા કે અવગણના ન કરી શકે, કારણ કે વ્યવહારનય 'જે ચારિત્રી નથી, તે ચારિત્ર લેવાની વિધિ-ક્રિયાથી ચારિત્ર

**त्वद्बिम्बे विधृते हृदि स्फुरति न प्रागेव रूपान्तरं,**
**त्वद्रूपे तु ततः स्मृते भुवि भवेन्नो रूपमात्रप्रथा।**
**तस्मात्त्वन्मदभेदबुद्ध्युदयतो नो युष्मदस्मत्पदो-**
**ल्लेखः किञ्चिदगोचरं तु लसति ज्योतिः परं चिन्मयम् ॥ ९९ ॥**

(**दंडान्वयः**→ त्वद्बिम्बे हृदि विधृते प्रागेव रूपान्तरं न स्फुरति। ततः त्वद्रूपे स्मृते भुवि रूपमात्रप्रथा नो भवेत्। तस्मात्त्वन्मदभेदबुद्ध्युदयतो युष्मदस्मत्पदोल्लेखः नो (भवति) किञ्चिदगोचरं परं चिन्मयं ज्योतिस्तु लसति॥)

'त्वद्बिम्ब'इति। *तव बिम्बं*=त्वद्बिम्बं, तस्मिन् हृदि विशेषेण धृते सति *प्रागेव*=सुतरां *रूपान्तरं*=(आ) कार्यान्तरं (आकारान्तरं) न *स्फुरति*=न स्मृतिकोटीमाटीकते, सदृशदर्शनविधया स्मारकेन त्वद्बिम्बेन त्वदन्यस्य स्मृतिपथारोहायोगात्। त्वद्बिम्बमेव च तादृशं प्रकृतिरमणीयं येनान्यबिम्बमेव दृक्पथे नागन्तुं दीयते, कुतस्तरां तदाकारिणि देवत्वमुपनीतं दोषेणाऽपि भावात्, अवदाम **चाष्टसहस्रीविवरणे** → *'यदेवैतद्रूपं प्रथममथ सालम्बन-पदे, तदेव ध्यानस्थं घटयति निरालम्बनसुखम्। रमागौरीगङ्गावलयशरकुन्तासिकलितं, कथं लीलारूपं स्फुटयतु*

---

પામે છે' એમ માને છે. તેથી આ જ વચનો એ જીવોમાટે નિયોગપર છે. પ્રસ્તુતમાં તેથી જ અનુગ્રાહકયોગ્યતા-અનુગ્રાહ્યયોગ્યતાવગેરે વાતો કરી છે. આ કાવ્યમાં **યમક અલંકાર** છે. આ અલંકારનું લક્ષણ આ છે → *'અભિધેયનો સદ્ભાવ હોય ત્યારે ભિન્ન અર્થવાળા વર્ણ(=અક્ષર)નો પૂર્વના ક્રમથી ફરીથી આવર્તન યમક કહેવાય.'* **॥૯૮॥**

## પ્રતિમા ધ્યાનનું શ્રેષ્ઠ આલંબન

**કાવ્યાર્થ :-** તારા બિંબને હૃદયમાં ધારણ કર્યા પછી સુતરાં બીજું કોઇ રૂપ સ્ફુરતું જ નથી. તે પછી તારા રૂપનું ધ્યાન ધરવાથી પૃથ્વીપર રૂપમાત્રની પ્રથા=પ્રસિદ્ધિ રહેતી નથી. તે પછી તારા અને મારા વચ્ચેની અભેદબુદ્ધિના ઉદયથી 'તું-હું' એવા પદનો ઉલ્લેખ પણ રહેતો નથી. અને માત્ર શ્રેષ્ઠ, ચિન્મય અવર્ણનીય જ્યોતિ જ ટમટમી રહે છે.

હે ત્રિભુવનનાથ ! તારું બિંબ હૃદયસિંહાસનપર બિરાજમાન થાય છે, અને જગતના બીજા તમામ (આ ?) કાર્યો (અર્થાત્ આકારવાળી વસ્તુ કે વ્યક્તિઓ અથવા બીજા આકારો) સ્મરણપથ પર આવતા જ નથી. તારું બિંબ મને તારી જ યાદ અપાવે છે. (કારણ કે એક વસ્તુનું દર્શન પોતાને સમાન આકાર ધરાવતી જ બીજી વસ્તુનું સ્મરણ કરાવે છે, આ નિયમ છે. તેથી વીતરાગતા ને કરુણાને વ્યક્ત કરતી તારી પ્રતિમાના દર્શનથી જેઓ વીતરાગ નથી ને કરુણાવાન નથી, તેઓ સ્મૃતિપથપર આવવા સંભવતા જ નથી.) તારું બિંબ સ્વભાવથી જ એટલું બધું રમણીય છે, કે બીજા બિંબોને દૃષ્ટિપથપર પણ આવવા દેતું નથી, તો પછી તે બીજા બિંબોના આકારવાળી વ્યક્તિઓમાં ઉપનીત દોષથી (ઉપનીતદોષ=ભ્રમાત્મક જ્ઞાનના સંબંધથી થતા અવસ્તુમાં વસ્તુત્વનાં બોધમાં કારણ ઉપનીતદોષ ગણાય છે.) પણ દેવપણાની બુદ્ધિ થવાનો સવાલ જ ક્યાં રહે? અન્ય દેવોની પ્રતિમાથી તદ્દન વિલક્ષણ એવી તારી પ્રતિમાનાં આકૃતિ, રૂપ, સ્વરૂપ એટલા બધા ચિત્તાકર્ષક છે, કે બીજા દેવોની પ્રતિમાપર લક્ષ જતું નથી-નજર પણ ઠરતી નથી. પછી એ-એ પ્રતિમા જેઓની છે, એઓઅંગે ભ્રાંતિથી પણ વિચાર કરવાની પણ વાત ક્યાંથી આવે ? અમે **(ટીકાકારે) અષ્ટસહસ્રી ગ્રંથના** વિવરણમાં કહ્યું જ છે કે → *'જે આ રૂપ(=પ્રતિમાનું સ્વરૂપ છે) પ્રથમ સાલંબનસ્થાનરૂપ છે (અર્થાત્ સાલંબનધ્યાનમાં આલંબનભૂત છે.) તે જ રૂપ ધ્યાનમાં રહેલાને નિરાલંબન સુખ રચી આપે છે.* (છદ્મસ્થના ધ્યાનનો વિષય બનતું પણ સ્વરૂપથી અદૃશ્ય કેવળજ્ઞાનાદિ સ્વરૂપનું ધ્યાન નિરાલંબન ધ્યાન છે. અર્થાત્ આ પ્રતિમાના સાલંબન ધ્યાનથી જ નિરાલંબન ધ્યાન પ્રાપ્ત થાય છે. કારણ કે પ્રતિમા વીતરાગઅવસ્થા અને સિદ્ધઅવસ્થાની ઝાંખી કરાવે છે... પ્રતિમાના આધારે આ બે અવસ્થાનું ધ્યાન ધરતાં પ્રતિમા બાજુમાં રહી જાય છે, અને આ બે અવસ્થાના સ્વરૂપચિંતનમાં જીવ લીન થઇ જાય છે. તે વખતે સ્વરૂપદૃષ્ટ કોઇપણ પ્રકારનું આલંબન રહેતું

*निराकारपदवीम्'* ॥ १ ॥ *'अतर्क्या लीलैशीत्यपि कपिकुलाधीतचपलस्वभावोद्भ्रान्तत्वं विदधति परीक्षां हि सुधियः। न यद् ध्यानस्याङ्गं तदिह भगवद्रूपमपि किं जगल्लीलाहेतुर्बहुविधमदृष्टं विजयते'* ॥ २ ॥ [कारिका ९९ विवरणे] इति। ततस्त्वद्बिम्बालम्बनध्यानान्तरं त्वद्रूपे तु *स्मृते*=ध्याते सति भुवि रूपमात्रप्रथा न भवेत्, सर्वेषां रूपाणां ततो निकृष्टत्वात्, सर्वोत्कृष्टत्वेनैव च भगवद्रूपस्य ध्येयत्वात्। **तदाहुः** → *'सर्वजगद्धितमनुपममतिशयसन्दोहमृद्धिसंयुक्तम्। ध्येयं जिनेन्द्ररूपं सदसि गदत्तत्परं चैव'* ॥ १ ॥ *'सिंहासने निविष्टं छत्रत्रयकल्पपादपस्याधः। सत्त्वार्थसम्प्रवृत्तं देशनया कान्तमत्यन्तम्'* ॥ २ ॥ *'आधीनां परमौषधमव्याहतमखिलसम्पदां बीजम्। चक्रादिलक्षणयुतं सर्वोत्तमपुण्यनिर्माणम्'* ॥ ३ ॥ *'निर्वाणसाधनं भुवि भव्यानामग्र्यमतुलमाहात्म्यम्। सुरसिद्धयोगिवन्द्यं वरेण्यशब्दाभिधेयं च'* ॥ ४ ॥ [षोडशक १५/१-२-३-४] इति। *तस्मात्*=त्वद्रूपध्यानात् द्रव्यगुणपर्यायसादृश्येन

નથી, આ વખતે જીવ જ જાણે સાક્ષાત્ તે બે અવસ્થાનું આત્મિક સંવેદન કરે છે. અને તે વખતે પોતે પણ જાણે તમામ રાગદ્વેષ આદિના બંધનોથી મુક્ત થઇ ગયો છે, અને સર્વકર્મના ભારથી હલકો થઇ ગયો છે, એવી અનુભૂતિ કરે છે, પોતાના તમામ કચરા બળીને ખાખ થઇ ગયા છે અને પોતે જ જાણે પરમાત્મ સ્વરૂપને પામી ગયો છે. એવી લાગણી થાય છે. આ વખતે મન અને પાંચે ઇન્દ્રિયોના વ્યાપાર વિનાના સાક્ષાત્ આત્માના પ્રકાશથી જ આત્માના પ્રત્યેક પ્રદેશમાં પોતાને લીન થતો અનુભવે છે, પોતાના તમામ દોષોનો બરફ જાણે કે ઓગળી રહ્યો છે, અને પ્રત્યેક આત્મપ્રદેશમાં અનંત અનંત ગુણો પોતાના બિસ્તરા પોટલા જમાવી રહ્યા છે, એવી આંતરિક સંવેદના જાગે છે. આ છે નિરાલંબન ધ્યાન અને તેના સુખની આછી કલ્પના.) *રમા(=લક્ષ્મી), ગૌરી(=પાર્વતી), ગંગા, વલય, બાણ, કુંત=ભાલો, તલવાર વગેરે રાગદ્વેષના સાધનો સહિતની પ્રતિમા નિરાકારપદવી=મોક્ષપદવીની ઝાંખી શી રીતે કરાવી શકે ?'* (કારણ કે મોક્ષસ્થાન આ રાગદ્વેષના રમકડાઓને ફગાવી વીતરાગદ્વેષભાવ પ્રગટાવવાથી થાય છે અને વીતરાગ-દ્વેષસ્વરૂપ છે.) ॥૧॥ *'ઈશ્વરની લીલા અતર્ક્ય છે.' (=એમાં તર્ક કે વિચારણા ન કરી શકાય) આ કથન પણ વાનરકુલ પાસેથી ભણેલા ચપળ સ્વભાવનો ભ્રાંત પ્રભાવ છે. કારણ કે સુજ્ઞપુરુષો પરીક્ષા કરે જ છે. (ઈશ્વરતરીકે કહેવાતી વ્યક્તિની દરેક ચેષ્ટાને ઝીણવટથી તપાસે જ છે.) જે ધ્યાનનું કારણ ન બની શકે, જગતની બહુવિધ લીલામાં કારણ ગણાતું અને કદી ન જોવાયેલું તે રૂપ=પ્રતિમા ભગવદ્રૂપ હોય તો પણ શું સર્વોત્કૃષ્ટપણાને પામી શકે ખરું ? અલબત્ત નહિ જ. ॥૨॥*

આ પ્રમાણે તારા બિંબના આલંબનધ્યાનથી આગળ વધતા વધતા સાક્ષાત્ તારા રૂપનું ધ્યાન પ્રાપ્ત થાય છે. અને તે વખતે પૃથ્વીપરના બીજા તમામ રૂપો અદૃષ્ટ થાય છે, કારણ કે તે બીજા તમામ રૂપો તારા રૂપની આગળ તુચ્છ છે. તારું રૂપ સર્વોત્કૃષ્ટ હોવાથી જ ધ્યેય બને છે. કહ્યું જ છે કે → *'સર્વ જગતનું હિતકારી, અનુપમ, અતિશયોના સમૂહથી સભર, ઋદ્ધિથી મનોહર, સભામાં પ્રવચન કરતું જિનેન્દ્રનું રૂપ=શરીર જ ધ્યેય છે.' ॥૧॥ 'કલ્પવૃક્ષ (=અશોકવૃક્ષ) અને ત્રણ છત્રની નીચે સિંહાસનપર બિરાજમાન તથા જીવોના હિતમાટે પ્રવૃત્ત થયેલી દેશનાથી અત્યંત મનોહર બનેલું (જિનેન્દ્રનું રૂપ જ ધ્યેય છે.)' ॥૨॥ 'આધિઓમાં પરમૌષધસમાન અને સર્વસંપત્તિઓનું અવ્યાહત બીજભૂત, તથા ચક્રવગેરે લક્ષણોથી સુયુક્ત તથા સર્વોત્તમ પુણ્યથી રચાયેલું (જિનેન્દ્રશરીર જ ધ્યેય છે.)' ॥૩॥ 'પૃથ્વીપર ભવ્યજીવોના નિર્વાણ માટે પ્રથમ સાધનભૂત, તથા અતુલમાહાત્મ્યવાળું, દેવો અને સિદ્ધ યોગીઓને પણ વંદનીય તથા શ્રેષ્ઠ શબ્દથી અભિધેય (એવું જિનેન્દ્રનું શરીર જ ધ્યેય છે.)'॥૪॥* (અહીં પ્રથમ પ્રતિમાનું સાલંબનધ્યાન બતાવ્યું. તે ધ્યાનના આધારે પરમાત્માના અવર્ણનીય દેહલાલિત્યના ધ્યાનપર લઇ ગયા. કારણ કે પ્રતિમાના આકારથી સદૃશતા આદિ ગુણોને કારણે પરમાત્માના દેહના આકારનું સ્મરણ સરળ છે. હવે દેહના ધ્યાનથી તે દેહને અધિષ્ઠિત આત્માના ધ્યાનપર લઇ જાય છે. સ્વાભાવિક છે કે 'આવા સુંદર અને અજોડ દેહનો સ્વામી કેવો હશે !' એવી જિજ્ઞાસા પ્રગટે. તેથી દેહના ધ્યાનથી તરત જ દેહસ્થ પરમાત્માના આત્મસ્વરૂપનું સ્મરણ થાય, અને તેનાથી તરત જ તે આત્મસ્વરૂપનું ધ્યાન પ્રાપ્ત થાય. વળી પ્રતિમા એ જો સ્થાપનારૂપ

निश्चयतस्त्वन्मदभेदबुद्ध्युदयः स्यात्। तदुक्तं *'जो जाणदि अरहंते'*① [प्रवचनसार १/८०] इत्यादि। ततो युष्मदस्मत्पदोल्लेखो न भवति, ध्यातृध्यानध्येयानां त्रयाणामेकत्वप्राप्तेः। ततः किञ्चिदगोचरं चिन्मयं ज्योतिः परब्रह्माख्यं स्फुरति, तत्स्फुरणेनैव सर्वक्रियाणां साफल्यात्। अयं भावः-भगवद्बिम्बे हृदि धृते भगवद्रूपानुस्मरणं, तद्ध्याने च क्षीणकिल्बिषत्वान्नैश्चयिकद्रव्यगुणपर्यायसाम्यपर्यालोचनायां 'त्वमहं अहं त्वमि'त्यभेदज्ञानं समापत्तिरूपं भवति। तत्र चान्तर्जल्पे युष्मदस्मत्पदे उल्लिख्येते, ततश्च भिन्नत्वेन ज्ञातयोरभेदस्यायोग्यत्वज्ञाने युष्मदस्मत्पदयोर्वेदान्ति-

---

છે, તો દેહ એ દ્રવ્યરૂપ છે, અને પરમાત્મસ્વરૂપ ભાવ છે. તો સ્થાપનામાંથી દ્રવ્યપર પહોંચ્યા એટલે તરત જ ક્રમપ્રાપ્ત ભાવપર મીટ મંડાવાની જ... અને તેથી પરમાત્માના ધ્યાન પછી પરમાત્મસ્વરૂપનું ધ્યાન પ્રાપ્ત થાય છે. પરમાત્માના નિગોદઆદિ અવસ્થાથી જ વિશિષ્ટ તથા સિદ્ધઅવસ્થાને યોગ્ય આત્મદ્રવ્યનું, પરમાત્માના જ્ઞાનઆદિ અનંત પ્રગટ ગુણોનું તથા બદલાતા જ્ઞાન-દર્શનઉપયોગઆદિ પર્યાયોનું ધ્યાન ધરતા ધરતા પોતાના આત્મસ્વરૂપ સાથે તુલના થાય છે.) (તેથી-વ્યવહારથી ભેદ હોવા છતાં) પોતાના આત્મદ્રવ્ય-ગુણ-પર્યાયો પણ પરમાત્માના આત્મદ્રવ્ય-ગુણ-પર્યાયોને સમાન દેખાય છે. તેથી નિશ્ચયથી પરસ્પર અભેદની બુદ્ધિ પ્રગટે છે. પરમાત્મમય ઉપયોગથી અભિન્ન પોતાનો આત્મા પણ નિશ્ચયનયને માન્ય આગમ ભાવનિક્ષેપાથી પરમાત્મા બની જાય છે. અને જે પરમાત્માના ધ્યાનમાં પોતે છે, તે જ પરમાત્મસ્વરૂપને પોતે પામી ગયો હોવાની ઝાંખી થવાથી પોતાનામાં પરમાત્મા સાથે અભેદબુદ્ધિ ઉત્પન્ન થાય છે. કહ્યું જ છે કે → *'જો જાણઇ અરહંતે'* (જે દ્રવ્યગુણપર્યાયથી અરિહંતને ઓળખે છે, તે જ પોતાને ઓળખી શકે છે. અને તેનો મોહ લય-નાશ પામે છે.) તેથી પરમાત્મા અને પોતાની વચ્ચેનો 'તું અને હું' એવો શાબ્દિકઉલ્લેખ પણ વિલય પામે છે. કારણ કે હવે પોતે જ ધ્યાતા છે. ધ્યાનક્રિયા મુખ્યતઃ એકાગ્ર જ્ઞાનોપયોગરૂપ છે, આ ઉપયોગ પણ સ્વ-સ્વરૂપભૂત હોવાથી તેમાં પણ આત્મા પોતે જ પ્રવૃત્ત થાય છે. તેથી પોતે જ ધ્યાનક્રિયારૂપે પણ છે અને પરમાત્મસ્વરૂપને આગમભાવથી પામેલો અને પરમાત્માથી અભિન્ન બનેલો પોતે જ ધ્યેયરૂપે છે. આમ ધ્યાતા-ધ્યાન અને ધ્યેયની એકતાની સિદ્ધિ થવાથી બાહ્ય શબ્દઆદિ તમામ વિકલ્પો દૂર થાય છે, અને બાકી રહે છે, માત્ર અકલ્પનીય, અવર્ણનીય, એકમાત્ર જ્ઞાનમય પરમઆત્મસ્વરૂપ જ્યોતિ કે જેને યોગવિદો 'પરમબ્રહ્મ'તરીકે પહેચાને છે. આ માત્ર પરમાત્મસ્વરૂપની હયાતિનું જ સંવેદન કરતી જ્ઞાન-ધ્યાન જ્યોતિનો ટમટમાટ જ સર્વક્રિયાઓપર 'સફળતા' નો સિક્કો લગાવી આપે છે. અહીં તાત્પર્ય આ છે- ભગવાનનું બિંબ હૃદયમાં ધરવાથી ભગવાનના રૂપનું સ્મરણ-ધ્યાન થાય છે, અને તે ધ્યાન વખતે સર્વ મલિનભાવો ક્ષય પામ્યા હોવાથી નૈશ્ચયિક દ્રવ્ય-ગુણ-પર્યાયની સમતાની પર્યાલોચના થાય છે. (નિશ્ચયનય કર્મઆદિથી અમિશ્રિત શુદ્ધ આત્મદ્રવ્યને, એ જ શુદ્ધ આત્મદ્રવ્યના ઔદયિકભાવ કે રાગદ્વેષઆદિ પરિણામોથી અકલંકિત જ્ઞાનઆદિ ગુણોને, તથા શુદ્ધોપયોગઆદિ પર્યાયોને જ સ્વીકારે છે. ઉપાધિ કે ઉપાધિથી ખરડાયેલા ભાવો તરફ ઉપેક્ષા રાખે છે. તેથી સિદ્ધઆત્મા અને સાધકઆત્માના નૈશ્ચયિક દ્રવ્ય-ગુણ-પર્યાયો સમાન છે.) તે વખતે 'તું જ હું' અને 'હું જ તું' એવું સમાપત્તિમય (=સમત્વની પ્રાપ્તિ રૂપ) અભેદજ્ઞાન પ્રગટે છે.

**શંકા :-** અંતર્જલ્પ - માનસિકશબ્દમય ઉલ્લેખવખતે 'તું અને હું' એવો ઉલ્લેખ થાય છે. ત્યારે 'તું' પદથી પરમવિશુદ્ધ, સર્વજ્ઞ, પરમાત્માનો પ્રકાશ થાય છે. અને 'હું' પદથી અવિશુદ્ધ અલ્પજ્ઞ સંસારી જીવાત્મારૂપ પોતાનો બોધ થાય છે. આ બન્ને વચ્ચે આકાશ-જમીન જેટલા તફાવતનું જ્ઞાન પોતાને હોય જ છે. આમ 'તું અને હું' એ બન્ને વચ્ચેની ભિન્નતાનું જ્ઞાન હોય, ત્યારે બન્ને વચ્ચે અભેદની બુદ્ધિ શી રીતે શક્ય બને ? કારણ કે ભેદજ્ઞાન વખતે અભેદ બુદ્ધિ જ અયોગ્ય છે.

---

① पूर्णश्लोकोऽयम् - जो जाणइ अरिहंते, दव्वत्तगुणत्तपज्जयत्तेहिं। सो जाणइ अप्पाणं, मोहो खलुं जाइ तस्स लयं॥
(छाया - यो जानाति अर्हतो द्रव्यत्वगुणत्वपर्यायत्वैः। स जानाति आत्मानं मोहः खलु याति तस्य लयम्॥)

रीत्याऽखण्डब्रह्मणि जहदजहल्लक्षणायामन्तर्जल्पजं निर्विकल्पकसाक्षात्काररूपं ज्ञानमाविर्भवति भेदनयार्थ-व्युत्क्रान्ताभेदग्राहिद्रव्यार्थोपयोगेन वा। सोऽयमनालम्बनयोगश्चरमावञ्चकयोगप्रातिभमहिम्ना यद्दर्शनाद् भवति, सा भगवत्प्रतिमा परमोपकारिणी, तद्गुणवर्णने योगीन्द्रा अपि न क्षमा इत्यावेदितं भवति। ननु कथमर्वाग्दृशां भगवत्प्रतिमादर्शनाज्जातप्रमोदानां प्राणिनामिदं सम्भवति ? इषुपातज्ञातेन केवलज्ञानादर्वागेव तदभिधानात्। **उक्तं च** → *'द्रागस्मात्तद्दर्शनमिषुपातज्ञातमात्रतो ज्ञेयं। एतच्च केवलं तज्ज्ञानं, यत्तत्परं ज्योतिरिति'*॥ [षोडशक १५/

---

**સમાધાન :-** અહીં વેદાંતીઓને માન્ય પદ્ધતિ સમજવા જેવી છે. 'तत् त्वम् असि' 'તે જ તું જ છે' આ સ્થળે 'तत्' પદથી ઐશ્વર્ય સર્વજ્ઞત્વ વગેરેથી યુક્ત પરમબ્રહ્મસ્વરૂપનો પરામર્શ થાય છે. અને 'त्वम्' પદથી ઐશ્વર્યહીન, અલ્પજ્ઞત્વ વગેરે ઉપાધિથી યુક્ત જીવાત્મબ્રહ્મસ્વરૂપનો નિર્દેશ થાય છે. આ બન્ને વચ્ચેના સ્પષ્ટ ભેદના ખ્યાલમાં બન્ને વચ્ચેનો 'તે તું જ છે' આ અભેદ સંભવે નહિ. તેથી ત્યાં અભેદજ્ઞાન કરવા તેઓએ જહદ્ અજહદ્ લક્ષણાનો ઉપયોગ કર્યો છે. (લક્ષ્યાર્થ કે શક્યાર્થના અમુક અંશોને છોડવા અને બીજા અમુક અંશને ન છોડવા દ્વારા થતા બોધસ્થળે જહદજહદ્ લક્ષણા કામ કરે છે.) અહીં 'तत्' પદથી ઐશ્વર્યાદિગુણોથી વિશિષ્ટ બ્રહ્મનો નિર્દેશ છે. ત્યાં આ લક્ષણાદ્વારા ઐશ્વર્યાદિ ગુણોને છોડી માત્ર શુદ્ધ બ્રહ્મનો જ 'तत्' પદથી નિર્દેશ કરવો. તે જ પ્રમાણે 'त्वम्' પદથી ઐશ્વર્યહીનતાવગેરે ગુણોથી વિશિષ્ટ બ્રહ્મનો નિર્દેશ છે. ત્યાં આ લક્ષણાદ્વારા એ ઐશ્વર્યહીનતાવગેરે ગુણોરૂપ વૈશિષ્ટ્યને છોડી માત્ર શુદ્ધ બ્રહ્મતત્ત્વનો જ બોધ કરવો. આમ તે(=શુદ્ધ અખંડ બ્રહ્મ) તું(=શુદ્ધ અખંડ બ્રહ્મ) છે.' એમ અભેદબોધ થવામાં વાંધો નથી. તે જ પ્રમાણે પ્રસ્તુતમાં પણ આ જહદજહદ્લક્ષણાથી યુષ્મદ્ પદમાં રહેલા ઐશ્વર્ય સર્વજ્ઞત્વાદિ વૈશિષ્ટ્યનો ત્યાગ કરી માત્ર આત્મસ્વરૂપનો જ બોધ કરવો. તે જ પ્રમાણે આ જ લક્ષણાથી 'અસ્મદ્' પદમાં ઐશ્વર્યહીનતા આદિ વૈશિષ્ટ્ય ભાગનો ત્યાગ કરી માત્ર આ આત્મસ્વરૂપનો જ સ્વીકાર કરવો. આમ 'તું જ(=શુદ્ધ આત્મસ્વરૂપ) જ હું(=શુદ્ધ આત્મસ્વરૂપ) છું' એમ અભેદબોધ થઇ શકશે. આ પ્રમાણે 'તું જ હું છું' એવા પ્રકારના અંતર્જલ્પમાંથી નિર્વિકલ્પક સાક્ષાત્કારરૂપ જ્ઞાન પ્રગટે છે. આ નિર્વિકલ્પક સાક્ષાત્કારમાં 'તું જ હું' ઇત્યાદિ અંતર્જલ્પ પણ રહેતો નથી. (જેમ પરસ્પર નજીક આવેલી અને અંતે એકમેકમાં ભળી ગયેલી જ્યોતો પછી એકરૂપ થઇ પ્રકાશતી ભાસે છે, એમ) સર્વથા એકમેકતા થઇ જાય છે. આ વેદાંતીઓને માન્ય પ્રક્રિયાથી દર્શાવ્યું. અથવા તો, ભેદનય-ભેદજ્ઞાનને ઓળંગી ગયેલા શુદ્ધ સંગ્રહનયને માન્ય અભેદગ્રાહક દ્રવ્યાર્થિક ઉપયોગથી પણ તે નિરાલંબનયોગ ઉત્પન્ન થાય છે. (વૈશિષ્ટ્યગ્રાહકજ્ઞાન ભેદજ્ઞાનનું જનક બને છે. શુદ્ધદ્રવ્યનું ગ્રાહકજ્ઞાન અભેદબુદ્ધિનું કારણ બને છે. પોતાના જ જ્ઞાનમાં ભળેલા રાગઆદિ વિચિત્ર પરિણામો ઉપયોગને અશુદ્ધ=વૈશિષ્ટ્યગ્રાહક બનાવે છે. 'કમળાના દર્દીને બધું પીળું જ દેખાય' એ ઉક્તિ ખોટી નથી. આ ઉપયોગ તરંગોવાળા ડહોળાયેલા પાણીમાં પડતા પ્રતિબિંબની ઉપમા પામે છે. જ્યારે રાગાદિ પરિણામો વિલય પામે છે. ત્યારે પોતાનો ઉપયોગ શુદ્ધ બને છે. અને તે સર્વત્ર બ્રહ્મઅદ્વૈતનું દર્શન કરે છે. જ્ઞાનમાં વૈશિષ્ટ્ય રહેતું નથી. જ્ઞાન તરંગ વિનાના નિર્મળ જળમાં પડતા પ્રતિબિંબતુલ્ય દશાને પ્રાપ્ત કરે છે. આ અભેદજ્ઞાનનો બોધ જીવમાત્રમાં રહેલી પરમાત્મદશાને પારખે છે અને પોતાને પરમાત્માથી અભિન્નરૂપે નીરખે છે. મૈત્રીઆદિ ચાર ભાવનાનું બીજ અને ફળ અભેદજ્ઞાન છે.) પરમાત્માસાથેનો અભેદ ઉપયોગ એટલો પ્રબળ બને છે, કે પરમાત્માસાથેના પોતાના ભેદના જ્ઞાનને દબાવી દઇ, તે જ ઉપયોગ પ્રવર્તે છે. આ અનાલંબનયોગ ચરમઅવંચકયોગ= ફળાવંચક યોગ(=સાધુવગેરેના સદુપદેશઆદિથી ધર્મની સિદ્ધિના વિષયમાં અવશ્ય સાનુબંધ ફળની પ્રાપ્તિ)થી પ્રગટેલા પ્રાતિભજ્ઞાનના મહિમાથી પ્રાપ્ત થાય છે. (પ્રાતિભજ્ઞાન=શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાનની મધ્યમાં રહેલો અને વિશિષ્ટ ક્ષયોપશમથી પ્રગટેલો અનુભવાત્મક પ્રકાશવિશેષ. જેમકે રાત પૂરી થવા આવી ને સૂર્યોદય થવાને થોડીવાર પહેલાનો અરુણોદયકાળ.) આ પ્રાતિભજ્ઞાનથી જ સામર્થ્યયોગ પ્રગટે છે. અને તેની પ્રાપ્તિના અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. આ બધી પ્રક્રિયાના પાયામાં પરમાત્માની પ્રતિમાનું દર્શન કામ કરે છે. માટે જ પ્રતિમા પરમ ઉપકારિણી છે. પ્રતિમાના આ ગુણ=ઉપકારનું

१०] **सत्यं**, तत्त्वतस्तदानीमेव सम्भवेऽपि योग्यतया प्रागप्युक्तौ बाधकाभावात्, शुक्लध्यानवद्। योगानुभवश्चात्र साक्षीति किं वृथा वागाडम्बरेण ॥ ९९॥ उक्तमेव भावयन्नभिष्टौति–

**किं ब्रह्मैकमयी किमुत्सवमयी श्रेयोमयी किं किमु,**
**ज्ञानानन्दमयी किमुन्नतिमयी किं सर्वशोभामयी।**
**इत्थं किं किमिति प्रकल्पनपरैस्त्वन्मूर्तिरुद्वीक्षिता,**
**किं शब्दातिगमेव दर्शयति सद्ध्यानप्रसादान्महः ॥ १००॥**

(**दंडान्वय:**→ किं ब्रह्मैकमयी ? किमुत्सवमयी ? किं श्रेयोमयी ? किमु ज्ञानानन्दमयी ? किमुन्नतिमयी? किं सर्वशोभामयी ? इत्थं किं किमिति प्रकल्पनपरैरुद्वीक्षिता त्वन्मूर्ति: सद्ध्यानप्रसादात् किं शब्दातिगमेव महः दर्शयति ॥)

'किम्'इत्यादि। किं *ब्रह्मैकमयी*=ब्रह्मैव एकं=प्रचुरं यस्यां सा एकमयी, ब्रह्मणा एकमयी=ब्रह्मैकमयी, स्वरूपोत्प्रेक्षेयं, एवमग्रेऽपि किमुत्सवमयीत्यादौ। उत्सवादयोऽपि ब्रह्मविवर्त्ता एव नवरूपोत्प्रेक्षितास्तेन नाक्रमदोषः,

---

વર્ણન કરવા યોગીન્દ્રો પણ સમર્થ નથી એમ કહેવાનો આશય છે.

**શંકા :-** અર્વાગ્દશ=તદ્દન અલ્પજ્ઞ અને તદ્ભવે મોક્ષે નહીં જનારા છદ્મસ્થોને ભગવાનની પ્રતિમાના દર્શનથી પ્રમોદ ઉત્પન્ન થાય, તો પણ આ પ્રાતિભજ્ઞાનની અને અનાલંબનયોગની પ્રાપ્તિ શી રીતે સંભવી શકે ? કારણ કે આ સર્વ તો 'ઇષુપાત' દૃષ્ટાંતથી કેવળજ્ઞાનની તરત નજીકમાં જ સંભવે. (લક્ષ્યવેધી ધનુર્ધર ધનુષ્યપર બાણ ચઢાવી લક્ષ્ય તરફ એકાગ્ર થઇ બાણ છોડવાની તૈયારી કરે, તેના જેવો અનાલંબન યોગ છે. ધનુર્ધર=ક્ષપક મુનિ, ધનુષ્ય= ક્ષપકશ્રેણિ, લક્ષ્ય=પરતત્ત્વ, તે તરફ વ્યાપારિત થયેલા પણ હજી સુધી નહિ છોડેલા બાણ જેવો અનાલંબનયોગ છે. બાણ છુટ્યા પછી અવશ્ય લક્ષ્યવેધ કરે છે. તેમ આ ધ્યાનની પૂર્ણાહુતિમાં તરત જ કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. આ ઇષુપાત દૃષ્ટાંત છે.) કહ્યું જ છે કે → *'આ અનાલંબનયોગથી શીઘ્ર તદ્દર્શન=પર(શ્રેષ્ઠ)તત્ત્વદર્શન ઇષુપાત દૃષ્ટાંતમાત્રથી સમજવું. આ પરતત્ત્વદર્શન કેવળ= સંપૂર્ણ છે, તત્=પ્રસિદ્ધ છે. અને તે કેવલજ્ઞાનરૂપ છે કે જે પરં=શ્રેષ્ઠ જ્યોતિસ્વરૂપ છે.'*

**સમાધાન :-** તત્ત્વતઃ=નિશ્ચયથી તો આ અનાલંબનયોગ કેવળજ્ઞાનની તરત પૂર્વમાં જ સંભવે છે. છતાં પણ પરતત્ત્વરૂપ લક્ષ્યના વેધમાટેની પૂર્વતૈયારીરૂપ હોવાથી અને મુખ્ય નિરાલંબનધ્યાનની પ્રાપ્તિમાં કારણભૂત હોવાથી યોગ્યતારૂપે કેવળજ્ઞાનની દૂર પૂર્વમાં પણ આ યોગ માનવામાં કોઇ બાધ નથી. અપ્રમત્ત સંયતોને ત્રણ અવસ્થાની (પિંડસ્થ, પદસ્થ અને રૂપાતીત આ ત્રણ અવસ્થા) ભાવનાવખતે રૂપાતીત અવસ્થાને પામેલા સિદ્ધોના ગુણના પ્રણિધાન વખતે શુક્લધ્યાનના અંશભૂત નિરાલંબનધ્યાન અનુભવસિદ્ધ છે. તે જ પ્રમાણે અહીં પણ નિરાલંબનયોગનો અનુભવ જ સાક્ષી છે. એ માટે ખોટા વચનોના ફટાટોપથી કંઇ પ્રયોજન નથી. ॥૯૯॥

ઉપરોક્ત કથનની ભાવના કરતા સ્તવના કરે છે—

**કાવ્યાર્થ :-** આ પ્રતિમા શું બ્રહ્મૈકમય છે ? શું ઉત્સવમય છે ? શું શ્રેયોમય છે ? શું જ્ઞાનાનંદમય છે ? શું ઉન્નતિમય છે ? શું સર્વશોભામય છે ? આ પ્રમાણે 'શું' 'શું' એવી પ્રકલ્પનાઓમાં ડુબેલા કવિઓએ દર્શન કરેલી આ પ્રતિમા જ સદ્ધ્યાનના પ્રભાવથી, 'કિં' શબ્દથી અતીત એવા પરં જ્ઞાનપ્રકાશનું દર્શન કરાવે છે.

બ્રહ્મૈકમયી=બ્રહ્મ પ્રચુરપણે છે જેમાં, એવી=પ્રચુરબ્રહ્મમય, અહીં સ્વરૂપની ઉત્પ્રેક્ષા કરવામાં આવી છે. આ જ પ્રમાણે ઉત્સવમયીવગેરે સ્થળોએ સમજવાનું છે. ઉત્સવમય=હર્ષમય. શ્રેયોમય=કલ્યાણમય. જ્ઞાનાનંદમય=

उत्प्रेक्षितेनैव क्रमस्यातन्त्रत्वात्, यथामनोराज्यमेव तत्र क्रमप्रवृत्तेः, *'ब्रह्माद्वयस्यान्वभवत्प्रमोदम्'* इत्यादाविवेति बोध्यम्। *इत्थं*=अमुना प्रकारेण किम् ? किम् ? इति प्रकल्पनपरैः कविभिस्त्वन्मूर्तिरुद्वीक्षिता सती जिज्ञासानिवर्त्तकस्य रूपस्य कुत्राप्यलाभात् *सद्ध्यानप्रसादाद्*=निर्विकल्पकलयाधिगमात्, किं शब्दमतिगच्छति, यत्तादृशं *महः*= स्वप्रकाशज्ञानं दर्शयति। उक्तं च सिद्धस्वरूपं **पारमर्षे** → *'सव्वे सरा णियट्टंति तक्का जत्थ ण विज्जए, मई तत्थ ण गाहिआ, ओए अप्पइट्ठाणस्स खेयन्ने, से ण सद्दे न रूवे'* [आचाराङ्ग १/५/६/१७०] इत्यादि। स्वतः सिद्धत्वादेव तत्र च न जिज्ञासेति सकलप्रयोजनमौलिभूतपरब्रह्मास्वादप्रदत्वाद्, **भगवन्मूर्तिदर्शनं भव्यानां परमहितमिति** द्योत्यते ॥ १०० ॥ प्रार्थनागर्भां स्तुतिमाह–

**त्वद्रूपं परिवर्ततां हृदि मम ज्योतिःस्वरूपं प्रभो !**
**तावद्यावदरूपमुत्तमपदं निष्पापं नाविर्भवेत्।**
**यत्रानन्दघने सुरासुरसुखं सम्पिण्डितं सर्वतो,**
**भागेऽनन्ततमेऽपि नैति घटनां कालत्रयीसम्भवि ॥ १०१ ॥**

(**दंडान्वयः**→ हे प्रभो ! मम हृदि ज्योतिःस्वरूपं त्वद्रूपं तावत् परिवर्ततां यावदरूपं निष्पापमुत्तमपदं नाविर्भवेत्। यत्रानन्दघने कालत्रयीसम्भवि सर्वतः सम्पिण्डितं सुरासुरसुखमनन्ततमेऽपि भागे घटनां नैति ॥)

---

જ્ઞાનના અથવા જ્ઞાન અને આનંદથી પ્રચુર. ઉન્નતિ=આબાદી-ઐશ્વર્ય. અહીં ઉત્સવવગેરે પણ ખરેખર તો બ્રહ્મના પરિણામરૂપ છે. માત્ર નવા નવારૂપે ઉત્પ્રેક્ષા જ કરાઇ છે. તેથી 'અહીં ક્રમના અભાવનો દોષ છે' એમ નહીં કહેવું. કારણ કે અહીં ઉત્પ્રેક્ષિત=કાલ્પનિક હોવાથી જ ક્રમ નિયામક નથી. આવા સ્થળે તો મનની રુચિને અનુરૂપ જ ક્રમપ્રવૃત્તિ હોય છે. *'બ્રહ્માદ્વૈતનો પ્રમોદ અનુભવ્યો'* ઇત્યાદિ શ્લોક અહીં સાક્ષી છે. આમ 'કિમ્ ? કિમ્ ?' શબ્દની સહાયથી કાલ્પનિક સૃષ્ટિમાં સરી રહેલા કવિઓ તારી મૂર્તિના દર્શન કરીને તેના સ્વરૂપઅંગે કલ્પનાઓના ઘોડા દોડાવે છે. પણ સ્વરૂપઅંગેની જિજ્ઞાસાને સંતોષે એવું રૂપ અન્યત્ર ક્યાંય ઉપલબ્ધ થતું નથી. તેથી આ જ પ્રતિમા સદ્ધ્યાનના પ્રસાદથી=નિર્વિકલ્પક લયના અધિગમથી 'કિમ્' શબ્દને અતિક્રમ કરનારા સ્વપ્રકાશજ્ઞાનને દેખાડે છે. અર્થાત્ પ્રતિમા પોતે અવર્ણનીય તેજ=સ્વપ્રકાશજ્ઞાન=આત્મસંવેદક જ્ઞાન પ્રાપ્ત કરાવી આપે છે. આ જ્ઞાન સિદ્ધના સ્વરૂપભૂત છે. આ સિદ્ધસ્વરૂપ શબ્દથી વર્ણનીય થતું નથી. **પારમર્ષ=આચારાંગમાં** સિદ્ધનું સ્વરૂપ આ પ્રમાણે બતાવ્યું છે → *"સર્વે સ્વર=શબ્દો નિવર્તિત થાય છે. અર્થાત્ મોક્ષાવસ્થા શબ્દથી વર્ણવી શકાતી નથી. તર્ક= સંભાવનાની કલ્પના – 'મોક્ષના સ્વરૂપની કેવી સંભાવના છે ?' તેવો તર્ક પણ થઇ શકતો નથી, કે ઔત્પાતિકીવગેરે મતિ=બુદ્ધિથી પણ મોક્ષની ઝાંખી થતી નથી. આ મોક્ષ સર્વકર્મમળથી રહિત હોવાથી ઓજ=એકરૂપ છે, અપ્રતિષ્ઠાન છે=અહીં કર્મ કે શરીરની પ્રતિષ્ઠા નથી. એવા મોક્ષના ખેદજ્ઞ=જાણકાર હોય છે, (અથવા અપ્રતિષ્ઠાન=નરકના જાણકાર હોય છે) ઇત્યાદિ તથા તે (મોક્ષ) શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ વિનાનો છે."* આ પ્રમાણેનું સિદ્ધસ્વરૂપ સ્વતઃ જ સિદ્ધ થઇ જવાથી તે વિષયમાં જિજ્ઞાસા રહેતી નથી. **આ પ્રમાણે સર્વપ્રયોજનમાં મુગટ સમાન અર્થાત્ મુખ્યપ્રયોજનભૂત પરબ્રહ્મનો આસ્વાદ આપનારું હોવાથી ભગવાનની પ્રતિમાનું દર્શન ભવ્યજીવોને પરમ ઉપકારી નીવડે છે.** એમ સ્પષ્ટ થાય છે. ॥૧૦૦॥

**કાવ્યાર્થ :–** હે પ્રભુ ! મારા હૃદયમાં તારું જ્યોતિઃસ્વરૂપ રૂપ ત્યાં સુધી પરિવર્તન પામો, કે જ્યાં સુધી પાપરહિતનું અરૂપ-ઉત્તમપદ પ્રગટ ન થાય. આ આનંદઘન ઉત્તમપદની આગળ ત્રણે કાળમાં સંભવતુ અને સર્વતઃ

'त्वद्रूपम्' इति। हे प्रभो! मम हृदि *त्वद्रूपं*=तव रूपं *परिवर्तताम्*=अनेकधा ज्ञेयाकारेण परिणमतु, कियत्? यावत् *निष्पापं*=क्षीणकिल्बिष *मरूपं*=रूपरहितमुत्तमपदं फलीभूतं साधनीभूतं वाऽप्रतिपातिध्यानं नाविर्भवेत् तावत्। उत्तमपदमभिष्टौति- *यत्र*=यस्मि *न्नानन्दघने*=आनन्दैकरसे कालत्रयीसम्भवि सर्वत: सम्पिण्डित-मेकराशीकृतं सुरासुरसुखमनन्ततमेऽपि भागे घटनां नैति। अनन्तानन्तमित्यर्थ:। **यदार्षं** → *'सुरगणसुहं समत्तं सव्वद्धापिंडिअं अणंतगुणं। न य पावेइ मुत्तिसुहंऽणंताहिं वि वग्गवग्गूहिं'*॥ तथा → *'सिद्धस्स सुहरासि सव्वद्धापिंडिओ जइ हविज्जा। सोऽणंतवग्गभईओ सव्वागासे ण माइज्जा'*॥ [आव० नि० ९८१-९८२] अत्र सर्व्वाद्धासम्पिण्डन-मनन्तवर्गभजनं सर्वाकाशमानं चानन्तानन्तरूपप्रदर्शनार्थं व्याबाधाक्षयसञ्जातसुखलवानामत्र मेलनाभावात्, वास्तवस्य निरतिशयसिद्धसुखस्य कालेन भेदस्य कर्तुमशक्यत्वात्, न हि न्यासीकृतधनकोटिसत्ता धनिन: कालभेदेन भिद्यते। तदाहु: **यौक्तिका:** → *'वाबाहक्खयसंजायसुखलवभावमित्त(मित्थ)मासज्ज। तत्तो अणंतरुत्तरबुद्धीए रासि (परि) कप्पो सो (अनंतरुत्तबुद्धीए रासी परिकप्पो)'*॥ १॥ *'एसो पुण सव्वो वि हु णिरइसओ एगरूवमो चेव। सव्वाबाहाकारणक्खयभावाओ तहा णेयो'*॥ २॥ *'ण उ तह भिन्नाणं चिय सुक्खलवाणं तु एस समुदाओ। ते तह भिन्ना संतो खओवसम जाव जं हुंति'*॥ ३॥ *'ण य तस्स इमो भावो ण हु सुक्खं पि परं तहा होइ।*

---

ભેગું કરાયેલું દેવદાનવોનું સુખ અનંતમાં ભાગમાં પણ ઘટી શકતું નથી.

## સિદ્ધોના સુખની રાશિ

હે પ્રભુ! મારા હૃદયમાં તારું જ્ઞાનમય રૂપ પરિવર્તન પામો - અનેક પ્રકારના જ્ઞેય આકારરૂપે પરિણામ પામો. અર્થાત્ અનેકરૂપે જ્ઞાત થાઓ. આ કાર્ય નિષ્પાપ=કર્મથી રહિતનું અને રૂપરહિતનું ઉત્તમપદ=ફળરૂપ સિદ્ધઅવસ્થા અથવા તેના સાધનરૂપ અપ્રતિપાતી ધ્યાનઅવસ્થા પ્રગટ ન થાય, ત્યાં સુધી થાઓ. મોક્ષરૂપ આ ઉત્તમપદના અનંતાનંત સુખ આગળ દેવઆદિના ત્રણે કાળના ભેગા કરેલા સુખનો ઢગલો મેરુ આગળ સરસવની ઉપમા પણ ન પામે તે બતાવવા **આવશ્યક નિર્યુક્તિનો** પાઠ આપે છે → *'દેવોના સમુદાયનાં સમસ્તકાળનાં સમસ્ત ઢગલા કરેલા સુખના અનંત વર્ગોના વર્ગો કરીએ તો પણ તે મુક્તિસુખની સમાનતા પામતું નથી.'*॥૧॥ *'તથા સિદ્ધના સર્વકાલના સુખરાશિનો અનંતવર્ગથી ભાગ કરવામાં આવે, તો પણ તે સર્વ આકાશમાં સમાઇ ન શકે.'* ॥૨॥ અહીં સર્વકાળના સુખનું સંપિંડન અનંતવર્ગથી ભાગાકાર, સર્વઆકાશનું માનવગેરે વાત સિદ્ધના અનંતાનંતરૂપને=સુખને બતાવવા માટે કરાયેલી અસત્કલ્પનારૂપ જ છે. કારણ કે વાસ્તવમાં વ્યાબાધાના ક્ષયથી પ્રગટતા સુખના અંશોને ભેગા કરી શકાતા જ નથી. વળી નિરતિશય=તરતમભાવ વિનાના સિદ્ધસુખનો કાલથી ભેદ પાડી શકાતો નથી. ધનવાન પુરુષ પાસે રહેલા કરોડ ધનની સત્તા કાલના ભેદથી ભેદાતી નથી. (અર્થાત્ દસ વર્ષ સુધી કરોડ રૂપિયા રહ્યા હોય, તો દર વર્ષે દસ લાખ રૂપિયાનો સ્વામી એમ ન કહેવાય. પણ દર વર્ષે કરોડપતિ જ ગણાય, આમ કાલના ભેદથી ભેદ ન પડે. તેમ સિદ્ધોના અનંતકાળના અનંત સુખનો કાળના ભેદથી ભેદ ન પડે.) આ બાબતમાં યુક્તિબાજોનું મંતવ્ય આ પ્રમાણે છે → *વ્યાબાધાના ક્ષયથી (વેદનીયકર્મના કે સર્વકર્મના ક્ષયથી) ઉદ્ભવતા સુખના અંશમાત્ર ભાવની (આ રીતે) કલ્પના કરી તે અંશોનો ઉત્તરોત્તર ઢગલો કરવામાં આવે, (અથવા પૂર્વે કહેલી બુદ્ધિથી વિચારવામાં આવે) તો ઉપરોક્ત-'સિદ્ધના સુખની રાશિ' ઇત્યાદિ કલ્પના થાય. ॥૧॥ પરંતુ આ બધા જ (ક્ષણના) સુખો નિરતિશય(તરતમભાવ વિનાના) અને એકરૂપ જ છે. કારણ કે આબાધાના કારણના સર્વથા ક્ષયથી પ્રગટે છે. (અર્થાત્ અભેદ એકરૂપ છે.) ॥૨॥ તેથી ભિન્ન સુખ અંશોના સમુદાયરૂપ નથી, કારણ કે જ્યાં સુધી ક્ષયોપશમ ભાવ છે, ત્યાં સુધી જ તે સુખમાં ભેદ હોય છે. ॥૩॥ પરંતુ સિદ્ધોને*

*बहुविसलवसंजुत्ते (संविद्धं) अमयं पि न केवलं अमयं'॥ ४॥ 'सव्वद्धासंपिंडणमणंतवग्गभयणं च जं इत्थ। सव्वागासामाणं चणंतस(त)द्दंसणत्थं तु' ॥ ५ ॥ 'तिन्निवि पएसरासी एगाणंता तु ठाविया हुंति। हंदि विसेसेण तहा अणंतयाणंतया सम्मं' ॥ ६ ॥ 'तुल्लं च सव्वहेयं सव्वेसिं होइ कालभेएवि। जह जं कोडीसत्तं तह तं (छणभेए वि) णासइ सुहुममिणं'॥ ७॥ 'सव्वं पि कोडिकप्पियमसंभवठवणाइ जं भवे ठवियं। तत्तो तस्सुहसामी ण होइ इह भेअगो कालो'॥ ८॥ 'जइ तत्तो अहिगं खलु होइ सरूवेण किंचि तो भेओ। ण हु (वि) अज्जवासकोडी-सयाणं पि (मयाणंपि) मयाणम्मि सो होइ '॥ ९॥* इति [विंशि॰ प्रक॰ २०/७-१५] फलस्यानन्दघनत्वेन साधन-स्यापि तथात्वं बोध्यम्। इत्थं चारूपध्यानरूपनिरालम्बनयोगायैव रूपस्तुतिरित्यावेदितं भवति। तथा च प्रतिमा स्वल्पबुद्धीनामित्यादि दर्शनेनापि न व्यामोहः कार्यः, निरालम्बनयोगादर्वाक् स्वल्पबुद्धेरेव तदधिकारसिद्धेः,

---

*(કે તેમના સુખમાં) આ(ક્ષાયોપશમિક) ભાવ નથી. તેથી જ તેમના સુખથી પર=શ્રેષ્ઠતર સુખ નથી. કારણ કે ઝેરના ઘણા અંશથી મિશ્રિત અમૃત પણ માત્ર અમૃતરૂપ નથી.* (કર્મના ઉદયથી કે ક્ષયોપશમથી પ્રગટતા સુખમાં અશુભકર્મનું ઝેર ભળેલું હોય છે. ક્ષાયિકસુખમાં તેવા ઝેરનો સર્વથા અભાવ હોય છે.) *॥૪॥ તેથી પૂર્વે સિદ્ધસુખની કલ્પના કરતી વખતે સર્વકાળનું સંપિંડન, અનંતવર્ગથી ભાગાકાર, તથા સર્વાકાશ જેટલું પરિમાણ વગેરે જે કંઇ કહ્યું, તે તો માત્ર સિદ્ધસુખની અનંતતા દર્શાવવા પૂરતું જ કહ્યું છે. ॥૫॥ ત્રણે પ્રદેશ રાશિઓ સ્થાપિત કરવામાં આવે, તો (કાલ-આકાશ અને વર્ગ) એક અનંતરૂપ થાય છે. (કેમકે અનંતનો સરવાળો પણ અનંત હોય.) બસ, તે જ પ્રમાણે સિદ્ધસુખરાશિ વિશેષથી સમ્યગ્ સ્થાપિત કરાય, તો અનંતાનંત થાય.* (અર્થાત્ આ ત્રણ અનંતના સરવાળાથી પણ સિદ્ધ સુખરાશિ અત્યધિક થાય.) *॥૬॥ વળી આ સુખ બધા(=બધા સિદ્ધો)નું સરખું જ હોય છે, ભલે પછી તેઓ વચ્ચે કાલભેદ સંભવતો હોય* (અર્થાત્ પહેલા સિદ્ધ થયેલા અને પછી સિદ્ધ થયેલા - એ બન્ને સિદ્ધો સમાનસુખવાળા હોય) *જેમકે કોટ્યાધિપતિઓ ભિન્નકાળે પણ સમાન રૂપિયાવાળા છે. આ વાત સૂક્ષ્મ છે. અર્થાત્ કોઇક વહેલો કરોડપતિ બન્યો હોય, કોઇ પછી, પણ કરોડપતિ બન્યા પછી બન્ને કરોડપતિતરીકે સમાન છે. ॥૭॥ કરોડની કલ્પનાવગેરે બધી અસંભવસ્થાપનાની જો સ્થાપના કરવામાં આવે, તો જે સુખનો સ્વામી છે, તેમાં કાલ ભેદક બનતો નથી, અર્થાત્ કાલના કારણે તેના સુખમાં કોઇ ભેદ પડતો નથી. ॥૮॥ હા, જો સ્વરૂપથી જ તેનાથી કોઇક અધિક હોય, તો સુખમાં કાંઇક ભેદ પડે, પરંતુ આજ કે કરોડ વર્ષના પ્રમાણના ભેદથી ભેદ ન પડે. ॥૯॥*

(કરોડપતિ કરતા અબજપતિ વધુ રૂપિયાવાળો ગણાય. પણ કોઇક આજે કરોડપતિ બન્યો, કોઇ કરોડવર્ષ પહેલા - પણ તેથી કંઇ તે બન્નેના કરોડ રૂપિયામાં કોઇ ભેદ પડે નહિ. તેમ ભિન્નકાલીન સિદ્ધોના સુખમાં ભેદ નથી. હા ! જો તેમનાથી કોઇક અધિક સુખી હોત, તો ભેદ પડત, પણ કોઇ અધિક સુખી નથી, તેથી સિદ્ધના સુખમાં ભેદ પડે નહિ. સંસ્કૃતમાં જે કૌંસમાં આપ્યું છે, તે પાઠ **વિંશિકા ગ્રંથમાં** જોવા મળે છે.)

આ પ્રમાણે 'સિદ્ધઅવસ્થારૂપ ફળ આનંદઘન=આનંદથી પ્રચુર હોવાથી તે ફળના પ્રતિમાવગેરે સાધનો પણ આનંદપ્રચુર છે, તેમ સમજવું. હકીકત છે કે સાધ્યની મહત્તાથી સાધનની મહત્તા વધે છે. જો સાધ્ય આનંદમય હોય, તો તેનું સાધન પણ આનંદદાયક જ હોય. કરોડપતિ થવાની પ્રબળ ઇચ્છાવાળાને તે માટેના વ્યાપારમાં પણ ઘણો ઉલ્લાસ હોય છે, તે સ્વાભાવિક છે. આમ અરૂપધ્યાનરૂપ નિરાલંબન યોગને માટે જ પ્રતિમાની કે સમવસરણસ્થ જિનરૂપની સ્તુતિ થાય છે. એવો ધ્વનિ પ્રગટે છે.

**શંકા :-** જેઓ સીધા જ અરૂપ ધ્યાનમાં લીન થઇ શકતા નથી, તેવા અલ્પબુદ્ધિવાળાઓ જ પ્રતિમાનું શરણું શોધે છે.

सालम्बनयोगसम्पादकत्वेनैव तस्याश्चरितार्थत्वादन्यथा केवलज्ञानकालाननुवर्त्तिश्रुतज्ञानमप्यनुपजीव्यं स्याद् देवानांप्रियस्येति न किञ्चिदेतदित्यर्थः ॥१०१॥ शिष्टं काव्यत्रयं स्पष्टम्–

**स्वान्तं शुष्यति दह्यते च नयनं भस्मीभवत्याननं,**
**दृष्ट्वा त्वत्प्रतिमामपीह कुधियामित्याप्तलुप्तात्मनाम्।**
**अस्माकं त्वनिमेषविस्मितदृशां रागादिमां पश्यतां,**
**सान्द्रानन्दसुधानिमज्जनसुखं व्यक्तीभवत्यन्वहम् ॥ १०२॥**

(**दंडान्वयः**→ त्वत्प्रतिमामपीह दृष्ट्वा आप्तलुप्तात्मनां कुधियां स्वान्तं शुष्यति नयनं च दह्यते आननं भस्मीभवतीति। रागादिमां पश्यतामनिमेषविस्मितदृशामस्माकं तु सान्द्रानन्दसुधानिमज्जनसुखमन्वहं व्यक्तीभवति॥)

**मन्दारद्रुमचारुपुष्पनिकरैर्वृन्दारकैरर्चितां,**
**सद्वृन्दाभिनतस्य निर्वृतिलताकन्दायमानस्य ते।**
**निस्यन्दात्स्नपनामृतस्य जगतीं पान्तीममन्दामयाऽ-**
**वस्कन्दात् प्रतिमां जिनेन्द्र ! परमानन्दाय वन्दामहे ॥ १०३॥**

---

**સમાધાન :-** એમાં મુંઝાવાની જરુર નથી. નિરાલંબનયોગની પ્રાપ્તિ થાય, તે પહેલા સ્વલ્પ બુદ્ધિ હોવાથી જ તે સ્વલ્પબુદ્ધિવાળાઓ પ્રતિમાના અધિકારી છે. જેઓને નિરાલંબનયોગ પ્રાપ્ત થયો છે, તેઓ જ મહાબુદ્ધિશાળી છે – વિશિષ્ટ જ્ઞાની છે. બાકીના બધા સ્વલ્પબુદ્ધિવાળા જ છે. અને નિરાલંબનયોગ એકાએક સીધા કુદકાથી પ્રાપ્ત થતો નથી. નિરાલંબનયોગમાં આવવામાટે સાલંબનયોગની જરુરત છે. અને સાલંબનયોગનું સંપાદન કરવામાં મહત્ત્વનો ભાગ ભજવવા દ્વારા જ પ્રતિમા ચરિતાર્થ – સફળ થાય છે. અલ્પત્વના કારણે અને છેવટ સુધી અનુવર્તનશીલ નહીં હોવામાત્રથી વસ્તુ ત્યાજ્ય બનતી હોય, તો કેવળજ્ઞાનની અપેક્ષાએ અલ્પ, અને કેવળજ્ઞાનમાં અનુવર્તન નહીં પામનારું શ્રુતજ્ઞાન પણ આધારભૂત નહિ થાય, અર્થાત્ શ્રુતજ્ઞાનનો સહારો પણ છોડી દેવો પડશે. તેથી જેમ કેવલજ્ઞાનની ગેરહાજરીમાં કેવલજ્ઞાન પામવામાટે શ્રુતજ્ઞાન શરણ્ય છે. તેમ નિરાલંબન ધ્યાનની ગેરહાજરીમાં નિરાલંબનધ્યાનની પ્રાપ્તિમાટે સાલંબનધ્યાનકારક પ્રતિમા શરણ્ય જ છે. તેથી 'પ્રતિમા સ્વલ્પબુદ્ધિવાળા માટે છે' ઇત્યાદિ આશંકાઓ તથ્યહીન છે. **॥૧૦૧॥**

## ભગવત્ સ્તુતિ

બાકીના ત્રણ કાવ્ય સ્પષ્ટ છે–

**કાવ્યાર્થ :-** તેથી અહીં તારી પ્રતિમાને જોઇને આપ્તથી રહિત મનવાળા (અથવા તેમના કહેવાતા આપ્તપુરુષોએ એમના આત્માને લુપ્ત=વિનાશિત કર્યો છે, તેવા) દુર્બુદ્ધિઓનું=આપમતિથી ચાલવાવાળા પ્રતિમાલોપકોનું હૃદય સુકાઇ જાય છે – શુભભાવ વિનાનું થઇ જાય છે. આંખો બળવા માંડે છે=આંખમાં દ્વેષનું ઝેર ઊભરાય છે, તથા મુખ ભસ્મસાત્ થઇ જાય છે=ફીક્કું પડી જાય છે. જ્યારે રાગથી આ પ્રતિમાને જોતા પલકારા વિનાની વિસ્ફારિત આંખવાળા અમે તો નિબીડ આનંદરૂપી અમૃતમાં મગ્ન બનવાનું સુખ જ સતત અનુભવીએ છીએ. **॥૧૦૨॥**

હે જિનેન્દ્ર ! આપ સજ્જનોના સમુદાયથી નમાયેલા છો અને નિર્વૃત્તિ(મોક્ષ અથવા પરમસુખરૂપી) લતામાટે

(दंडान्वयः→ जिनेन्द्र ! सद्वृन्दाभिनतस्य निर्वृत्तिलताकन्दायमानस्य ते वृन्दारकैर्मन्दारद्रुमचारुपुष्प-निकरैरर्चितां स्नपनामृतस्य निस्यन्दाद् जगतीं पान्तीं प्रतिमाममन्दामयावस्कन्दात्परमानन्दाय वन्दामहे ॥)

ग्रन्थकर्त्तुः प्रशस्तिः–

**तपगणमुनिरुद्यत्कीर्तितेजोभृतां श्री-**
**नयविजयगुरूणां पादपद्मोपजीवी।**
**शतकमिदमकार्षीद्वीतरागैकभक्तिः,**
**प्रथितशुचियशःश्रीरुल्लसद्व्यक्तयुक्तिः ॥ १०४॥**

(दंडान्वयः→ उद्यत्कीर्तितेजोभृतां श्रीनयविजयगुरूणां पादपद्मोपजीवी वीतरागैकभक्तिः प्रथितशुचि-यशःश्री उल्लसद्व्यक्तयुक्तिस्तपगणमुनिरिदं शतकमकार्षीत् ॥)

इति न्यायविशारदन्यायाचार्य श्रीमद् यशोविजयवाचकपुङ्गवैर्विरचिता स्वोपज्ञवृत्तिः समाप्ता।

**। टीकाकर्तुः प्रशस्तिः ।**

जयति विजितरागः केवलालोकलीला(शाली)कलितसकलभावः सत्यवादी नतेन्द्रः।
दिनकर इव तीर्थं वर्तमानं वितन्वन् कमलमिव विकासिश्रीः जिनो **वर्द्धमानः** ॥ १॥
तदनु **सुधर्मस्वामिश्रीजम्बूप्रवरमुख्यसूरिवरैः**। शासनमिदं विजयते चारित्रधनैः परिगृहीतम् ॥ २॥

---

આપ કંદ સમાન(=મોક્ષસુખની પ્રાપ્તિમાં પાયાભૂત) છો. તારી વૃંદારક=દેવોએ મંદારદ્રુમ(=કલ્પવૃક્ષ)ના મનોહર પુષ્પસમુદાયવડે પૂજેલી અને સ્નાનજળના પ્રવાહથી જગતને પવિત્ર કરતી અમંદ પ્રતિમાને અયાવસ્કંદ=પુણ્યના છાપાથી=પુણ્યના પ્રભાવથી પરમાનંદની પ્રાપ્તિ માટે અમે વંદન કરીએ છીએ - (અર્થાત્ તારી પ્રતિમાને વંદન કરવાથી પ્રગટતું પુણ્ય અમને પરમાનંદની પ્રાપ્તિ કરાવી આપે છે.) **॥૧૦૩॥**

ગ્રંથકાર કવિની પ્રશસ્તિ–

ચમકતી કીર્તિરૂપી તેજથી સભર **શ્રી નયવિજય ગુરુવરના** ચરણકમળના કિંકર તથા વીતરાગપ્રત્યે એકમાત્ર ભક્તિવાળા, તથા વિસ્તૃત નિર્મળ **યશલક્ષ્મીને** ધારણ કરતા (અહીં યશઃશ્રી શબ્દથી ગ્રંથકાર કવિએ સ્વનામ 'યશો'નો નિર્દેશ કર્યો છે.) ઉલ્લાસ પામતી સ્પષ્ટ યુક્તિઓના સ્વામી એવા તપગચ્છના મુનિએ (અહીં કવિએ પોતાને મુનિમાત્ર બતાવી પોતાની નમ્રતા છતી કરી છે.) આ શતકની રચના કરી છે. **॥૧૦૪॥** શુભ -

આ પ્રમાણે ન્યાયવિશારદ ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજય વાચકશ્રેષ્ઠે રચેલી સ્વોપજ્ઞવૃત્તિ સમાપ્ત થઇ.

## ટીકાકારની પ્રશસ્તિ

જેઓએ રાગને જીતી લીધો છે, તથા જેઓને કેવલજ્ઞાનની લીલાથી સકલભાવોનો પ્રકાશ થયો છે (અથવા જેઓ કેવળજ્ઞાની છે, તથા સકળ ભાવોના જ્ઞાતા છે.) તથા જેઓ સત્યવચની છે અને ઇંદ્રોથી નમાયેલા છે. સૂર્યની જેમ વર્તમાનતીર્થને સ્થાપતા અને કમળની જેમ વિકાસ પામનારી લક્ષ્મીને ધારણ કરતા તે **શ્રી વર્ધમાન જિન** જય પામે છે. ॥૧॥

તે પછી(=શ્રી વર્ધમાનસ્વામી પછી) **શ્રી સુધર્મસ્વામી, શ્રી જંબુસ્વામી** વગેરે શ્રેષ્ઠ અને પ્રધાન તથા ચારિત્રધનવાળા સૂરિવરોએ સ્વીકારેલું આ જિનશાસન જયવંતુ વર્તે છે. ॥૨॥

क्रमात्प्राप्ततपाभिख्या जगद्विख्यातकीर्त्तयः । चान्द्रे कुले समभूवन् **श्री जगच्चन्द्रसूरयः** ॥ ३ ॥

मरालैर्गीतार्थैः कलितबहुलीलः शुचितपःक्रियावद्भिर्नित्यं स्वहितविहितावश्यकविधिः ।

प्रवाहो गङ्गाया इव दलितपङ्कव्यतिकरस्तपागच्छः स्वच्छः सुचरितफलेच्छः प्रजयति ॥ ४ ॥

समर्थगीतार्थसमर्थितार्थिज्ञानक्रियोद्बोधपवित्रितेऽस्मिन् ।

उत्कृष्टसप्ताष्टपरम्पराप्तशैथिल्यपङ्कादपि नास्ति शङ्का ॥ ५ ॥

जाते मुनीन्दुप्रतिमारिवर्गे स्वर्गेशसाहाय्यामिव प्रपन्ने ।

**आनन्दनन्दैर्विमला**भिधानैरिहोद्धृता सूरिभिरुग्रचर्या ॥ ६ ॥

क्रियामलेन पाखण्डैर्जगदेतद्विडम्बितम् । विमलैर्विमलीचक्रे विमलक्रियया पुनः ॥ ७ ॥

तदुरुपट्टनभस्तलभास्करो **विजयदानगुरुर्विजयं** दधौ ।

तपगणप्रभुता सुविदेहभूरिव बभूव यतो विजयोर्जिता ॥ ८ ॥

येनाकब्बरभूधरेऽपि हि दयावल्लिः समारोपिता, विश्वव्याप्तिमतीव भूरिफलिता धर्मोर्जितैः कर्मभिः ।

**हीरः** क्षीरसमुद्रसान्द्रलहरीप्रस्पर्द्धिकीर्तिव्रजः, स श्रीमान् जिनशासनोन्नतिकरस्तत्पट्टनेताऽजनि ॥ ९ ॥

---

તે પછી ક્રમશઃ ચાંદ્રકુલમાં જગતમાં વિખ્યાતકીર્તિવાળા અને 'તપા' બિરુદને પ્રાપ્ત કરનારા **શ્રી જગચ્ચંદ્રસૂરિ** થયા. ॥૩॥

(જે ગચ્છ) ગીતાર્થોરૂપી હંસોથી કરાયેલી બહુ લીલાવાળો છે, તથા (જે ગચ્છ) મુનિવરોથી કરાતા પવિત્ર તપ-ક્રિયાઓથી યુક્ત (છે), તથા જે ગચ્છમાં હંમેશા સ્વહિતમાટે આવશ્યકવિધિ થાય છે; તે સ્વચ્છ, સુચરિતના ફળની ઇચ્છાવાળો તથા પંક(=કાદવ અથવા દુર્નય)ને દૂર કરતા ગંગાપ્રવાહ જેવો **તપાગચ્છ** અત્યંત જય પામે છે. ॥૪॥

સમર્થ ગીતાર્થોએ સમર્થિત કરેલા સાર્થક જ્ઞાન-ક્રિયાના ઉદ્બોધથી પવિત્ર થયેલા આ ગચ્છમાં ઉત્કૃષ્ટથી સાત-આઠ પરંપરા સુધી ચાલેલી શિથિલતાકાદવથી શંકા પણ નથી. અર્થાત્ શિથિલતાનો અંશ પણ નથી. ॥૫॥

જિનેશ્વરની પ્રતિમાનો દુશ્મનવર્ગ ઉત્પન્ન થયો, ત્યારે **'આનંદવિમલ'** નામના સૂરિએ જાણે કે દેવેન્દ્રની સહાય પ્રાપ્ત થઇ ન હોય, તેમ ઉગ્રચર્યાનો ઉદ્ધાર કર્યો. ॥૬॥

પાખંડોએ ક્રિયામલ(=મલિનક્રિયાઓ) દ્વારા આ જગતને વિડંબિત કર્યું. આ વિમલે(=આનંદવિમલસૂરિએ) વિમળ ક્રિયા દ્વારા ફરીથી (આ જગતને) વિમળ કર્યું. ॥૭॥

તેમના વિશાળ પટ્ટ રૂપી આકાશમાં સૂર્યસમાન **વિજય દાનસૂરિએ** વિજય ધારણ કર્યો. જેમનાથી (વિજયને પ્રાપ્ત કરનારા વિજય દાનસૂરિથી) માંડી તપાગચ્છમાં મુનિઓના નામ 'વિજય' પદથી અંકિત થાય છે. તેથી તપાગચ્છની પ્રભુતા સુવિદેહભૂમિ જેવી થઇ. (મહાવિદેહની ભૂમિ બત્રીશ વિજયોથી યુક્ત છે. તેમ તપાગચ્છના સાધુઓ વિજયપદથી યુક્ત છે.) ॥૮॥

જેમણે અકબર રાજારૂપ પર્વતપર પણ (=નિર્દય એવા પણ અકબર રાજામાં) ધર્મથી સંગીન કર્મ=ક્રિયાથી જાણે કે વિશ્વમાં ફેલાયેલી ન હોય, તેવી અને અનલ્પ ફળવાળી દયારૂપી વેલડીનું સમારોપણ કર્યું. વળી ક્ષીરસમુદ્રની ઘનલહરી સાથે સ્પર્ધા કરતી કીર્તિના સમુદાયવાળા, જિનશાસનની ઉન્નતિ કરનારા તે **શ્રીમાન્ હીરવિજયસૂરિ મહારાજા** તેમની(=શ્રી દાનસૂરિ મ.) પાટે નેતા-અગ્રેસર થયા. ॥૯॥

लुम्पाकैर्दनुजैरिवातिदूरितैर्दूरे निलीय स्थितं शम्भोर्दाम्भिकजृम्भदम्भदलने दम्भोलिराज्ञा धृता।
पक्षोऽवादि शिलोच्चयैः किल निजः कुत्रापि नो दर्शितः, सूत्रामाधिकधाम्नि **हीरविजये** सूरीश्वरे जाग्रति ॥ १० ॥
तत्पदाभ्युदयकारिणोऽभवन् सूरयो **विजयसेन**नामकाः।
यैर्विजित्य नृपपर्षदि द्विजान् निर्मितं द्विजपतेर्द्विषद्यशः ॥ ११ ॥
तत्पट्टालङ्करणा आसन् **श्रीविजयदेवसूरिवराः**। यैः कीर्तिमौक्तिकौघैरलङ्कृतं दिग्वधूवृन्दम्॥ १२ ॥
**श्री विजयसिंहसूरिः** श्रीमान् **विजयप्रभश्च सूरिवरः**। तत्पट्टपुष्पदन्तावुभावभूतां महाभागौ ॥ १३ ॥
श्री हीरान्वयदिनकृत्कृतिप्रकृष्टोपाध्यायास्त्रिभुवनगीतकीर्तिवृन्दाः।
षट्तर्कीयदृढपरिरम्भभाग्यभाजः **कल्याणोत्तरविजया**भिधा बभूवुः॥ १४॥
तच्छिष्याः प्रतिगुणधाम **हेमसूरेः श्रीलाभोत्तरविजया**भिधा बभूवुः।
श्री**जीतोत्तरविजया**भिधानश्री**नयविजयौ** तदीयशिष्यौ ॥ १५ ॥
तदीयचरणाम्बुजश्रयणाविस्फुरद्भारतीप्रसादसुपरीक्षितप्रवरशास्त्ररत्नोच्चयैः।
जिनागमविवेचने शिवसुखार्थिनां श्रेयसे **यशोविजयवाचकै**रयमकारि तत्त्वश्रमः॥ १६ ॥
पूर्वं **न्यायविशारदत्व**बिरुदं काश्यां प्रदत्तं बुधै**र्न्यायाचार्यपदं** ततः कृतशतग्रन्थस्य यस्यार्पितम्।

---

જેમણે દાંભિકોએ કરેલા દંભને દળી નાખવા અરિહંતની વજ્ર સમાન આજ્ઞા ધારણ કરી અને દનુજ(=દાનવો)ની જેમ અત્યંત ભય પામેલા પ્રતિમાલોપકો દૂર છૂપાઇને રહ્યા. સૂત્રામા(=શક્ર) કરતાં પણ અધિક તેજવાળા તે **હીરવિજયસૂરીશ્વરની** હાજરીમાં પર્વત જેવા તેઓ(=પ્રતિમાલોપકો) દર્શાવેલો પોતાનો પક્ષ ક્યાં પણ કહી શક્યા નહિ. ॥૧૦॥

જેમણે રાજાની સભામાં બ્રાહ્મણોને હરાવી ચંદ્રને તિરસ્કારતા યશનું નિર્માણ કર્યું, તે શ્રી **'વિજયસેન'** નામના સૂરિ તેમના(શ્રી હીરવિજયસૂરિના) પટ્ટના અભ્યુદય કરનારા થયા. ॥૧૧॥

જેમણે કીર્તિરૂપી મોતીઓના સમુદાયથી દિશારૂપી વહુના સમુદાયને શણગારી, તે **શ્રી વિજયદેવસૂરિવર** તેમની(શ્રી વિજય સેનસૂરિની) પાટને શોભાવનારા થયા. ॥૧૨॥

મહાભાગ **શ્રી વિજયસિંહસૂરિ** અને **શ્રીમાન્ વિજયપ્રભસૂરિવર** તેમની(શ્રી વિજયદેવસૂરિની) પાટે સૂર્ય-ચંદ્ર સમાન થયા. ॥૧૩॥

આ બાજુ શ્રી હીરસૂરિની પરંપરામાં સૂર્યસમા, પંડિત, પ્રકૃષ્ટ ઉપાધ્યાય, ત્રણ ભુવનમાં ગવાયેલા કીર્તિ-સમુદાયવાળા તથા ષડ્દર્શનના દૃઢઅભ્યાસમાં ભાગ્યશાલી **શ્રી કલ્યાણવિજય મહારાજ** થયા. ॥૧૪॥

તેમના શિષ્ય અને શ્રી હેમસૂરિના સંક્રાંત થયેલા ગુણોના ભાજન(=ગુણોથી શ્રી હેમસૂરિસમાન) **શ્રી લાભવિજય મુનિ** થયા. તેમને **શ્રી જીતવિજય** અને **શ્રી નયવિજય** નામના બે શિષ્યો હતા. ॥૧૫॥

તેમના ચરણકમળના આશ્રયથી (અને) વિસ્ફુરાયમાન થતી સરસ્વતીની કૃપાથી શ્રેષ્ઠ શાસ્ત્રોરૂપી રત્નોની રાશિની સારી રીતે પરીક્ષા કરનારા **શ્રી યશોવિજય વાચકે** શિવસુખની ઇચ્છા કરનારા(મુમુક્ષુવર્ગ)ના કલ્યાણને અર્થે જિનાગમના વિવેચનમાં આ તાત્ત્વિક શ્રમ=પ્રયત્ન કર્યો છે. ॥૧૬॥

કાશીમાં પંડિતોએ પૂર્વે જેને **'ન્યાયવિશારદ'**નું બિરુદ અર્પણ કર્યું હતું, અને સો ગ્રંથની રચના બાદ **'ન્યાયાચાર્ય'**નું બિરુદ આપ્યું હતું, તથા જે નયવિજયવિબુધના શિષ્ય હતા, તે **શ્રી યશોવિજય** નામના મુનિએ

भव्यप्रार्थनया नयादिविजयप्राज्ञोत्तमानां शिशुः सोऽयं तत्वमिदं **यशोविजय** इत्याख्याभृदाख्यातवान्॥ १७॥
अर्हन्तो मङ्गलं मे स्युः सिद्धाश्च मम मङ्गलम्। साधवो मङ्गलं मे स्युर्जैनो धर्मश्च मङ्गलम्॥ १८॥
इति श्रीमदर्हत्प्रवचनोपनिषत्सुधारसैकपरिषिच्यमानैरनेकतर्कप्रमाणनयनिक्षेपादिशास्त्राभ्यासवशात् श्रीकाशी-निवासिनिःशेषवाग्विभवविद्वत्पर्षदवाप्तविजयबुधजनार्पितन्यायविशारदन्यायाचार्यबिरुदद्वयधारिश्रीमद्-**यशोविजय**वाचकपुङ्गवैर्ग्रथितोऽयं स्वोपज्ञबृहद्वृत्तियुतः **श्री प्रतिमाशतकग्रन्थः** समाप्तः।

**॥ शुभम् ॥**

---

ભવ્યોની પ્રાર્થનાથી આ તત્ત્વનું આખ્યાન કર્યું છે. ॥૧૭॥

મને અરિહંતો મંગલરૂપ હો અને સિદ્ધો મંગલરૂપ હો. મને સાધુઓ મંગલરૂપ હો. અને મને જૈનધર્મ મંગલરૂપ હો. ॥૧૮॥

**ઇતિ શુભ.**

આ પ્રમાણે શ્રીમદ્જિનાગમના રહસ્યરૂપી અમૃતરસવડે જ સિંચાયેલા, તથા અનેક તર્ક, પ્રમાણ, નય, નિક્ષેપવગેરે શાસ્ત્રઅભ્યાસના આધારે શ્રી કાશી નગરમાં રહેલા અને વાણીના વૈભવને ધરનારા તમામ વિદ્વાનોની પર્ષદાપર વિજય પ્રાપ્ત કરવાથી પંડિતોએ આપેલા 'ન્યાયવિશારદ' અને 'ન્યાયાચાર્ય' આ બે બિરુદને ધારણ કરનારા **શ્રીમદ્ યશોવિજયવાચકવરે** રચેલો સ્વોપજ્ઞ બૃહદ્વૃત્તિસહિતનો **'શ્રી પ્રતિમાશતક'** નામનો આ ગ્રંથ પૂર્ણતાને પામ્યો.

આ ભાવાનુવાદમાં શ્રી જિનાજ્ઞાવિરુદ્ધ તથા શ્રી ગ્રંથકારના આશયવિરુદ્ધ જે કંઇ લખાણ થયું હોય, તે બદલ હૃદયથી મિચ્છામિ દુક્કડમ્ ।

सिद्धान्तमहोदधिविशालगच्छनायकाचार्यश्री**प्रेमसूरीश्वर**पाटाकाशभानुसुविहितगणनायक
न्यायविशारदाचार्य **भुवनभानुसूरीश्वर** पट्टविभूषकविपुल नूतन कर्मसाहित्यसर्जनाधाराचार्य
**धर्मजित्सूरीश्वर**शिष्य रसबन्धादिकर्मप्रकरणशिल्पि सूरिमन्त्रसमाराधक आचार्यदेव
**श्रीमद्विजय जयशेखरसूरीश्वर** पट्टप्रभावक न्यायनिपुणमति कुशाग्रबुद्धि
**साध्वीगणनायकपदविभूषिताचार्य श्रीमद्विजयाभयशेखरसूरिवराऽन्तेवासिलेशेन**
**अजितशेखरविजयमुनिना**
देवगुरुकृपया कृतोऽयं प्रतिमाशतक बृहद्वृत्तिगुर्जरानुवादः
सताममृतायतां चिरं च नन्दतात्॥

# परिशिष्ट - १

## मूलपद्यानामकारादिक्रमः


| | पद्यक्रम | पृ.क्र. |
|---|---|---|
| अक्षीणाविरतिज्वरा हि | ३० | १६० |
| अत्रास्माकमिदं हृदि | ६१ | २८९ |
| अन्यारम्भवतो जिनार्चन० | ५७ | २६९ |
| अर्थं काममपेक्ष्य धर्ममथवा | ५२ | २५८ |
| अर्हच्चैत्यमुनीन्दुनिश्रिततया | ९ | ५७ |
| अस्माकं त्वपवाद० | ५५ | २६५ |
| आनन्दस्य हि सप्तमाङ्ग० | ६३ | २९९ |
| इच्छा स्वस्य न नृत्य० | १९ | १२५ |
| इत्येवं नयभङ्गहेतुगहने | ९६ | ४७७ |
| इत्येवं शुचिसूत्रवृन्दविदिता | ६८ | ३९१ |
| उत्फुल्लामिव मालतीं | ७९ | ४१३ |
| एतेनेदमपि व्यपास्तमपरे | ९३ | ४६४ |
| एतेनैव समर्थिताऽभ्युदयिकी | ६७ | ३३२ |
| एतेनैव समर्थिता जिनपते: | ३९ | २१६ |
| ऐन्द्रश्रेणिनता प्रतापभवनं | १ | २ |
| किं नामस्मरणेन न प्रतिमया | ४ | ३४ |
| किं ब्रह्मैकमयी किमुत्सवमयी | १०० | ४८७ |
| किं योग्यत्वमकृत्स्न० | ४० | २२० |
| किं हिंसानुमतिर्न संयमवतां | २४ | १४३ |
| गर्तादङ्गविघर्षणैरपि सुतं | ३८ | २१५ |
| चैत्यानां खलु निश्रितेतरतया | ७२ | ३९९ |
| चैत्यानां न हि लिङ्गिनामिव | ७३ | ४०० |
| चैत्येऽनायतनत्वमुक्तमथ | ७७ | ४११ |
| ज्ञातैः शल्यविषादिभिर्नु | २२ | १३९ |
| ज्ञानं चैत्यपदार्थमत्र वदतः | ४९ | २५३ |
| ज्ञानं चैत्यपदार्थमाह न | ८ | ४६ |
| तत्पाणिग्रहणोत्सवे कृतमिति | ६६ | ३२९ |
| तपगणमुनिरुद्यत्कीर्तितेजोभृतां | १०४ | ४९२ |
| तीर्थेशप्रतिमार्चनं कृतवती | ६५ | ३२२ |
| तेनाकोविदकल्पितश्चरणभृद्यात्रा० | ४६ | २२८ |
| तेषां न प्रतिमानतिः स्वरसतो | ७ | ४४ |
| त्वद्विम्बे विधृते हृदि स्फुरति न | ९९ | ४८३ |
| त्वद्रूपं परिवर्ततां हृदि मम | १०१ | ४८८ |
| दर्शं दर्शमवापमव्ययमुदं | ९८ | ४८० |
| दानादाविव भक्तिकर्मणि विभु० | २१ | १३० |
| दुग्धं सर्पिरपेक्षते न तु तृणं | २८ | १५६ |
| देवानां ननु भक्तिकृत्यमपि | १८ | १२३ |
| द्रव्यार्चामवलम्बते न हि | २९ | १५९ |
| धर्माधर्मगते क्रिये च युगपद् | ८८ | ४२६ |
| धर्मार्थं सृजतां क्रियां बहुविधां | ५९ | २७४ |
| धर्मार्थः प्रतिमार्चनं यदि वधः | ६२ | २९१ |
| नन्वेवं किमु पूजयापि भवतां | ५६ | २६७ |
| नन्वेवं प्रतिमैकतां प्रवदता० | ७५ | ४०७ |
| नात्र प्रेत्यहितार्थितोच्यत इति | १२ | ८९ |
| नानासङ्घसमागमात्सुकृत० | ३२ | १९२ |
| नामादित्रयमेव भावभगवत्ता० | २ | ७ |
| नाशंसानुमतिर्दयापरिणति० | २६ | १५१ |
| नो नद्युत्तरणे मुनेर्नियमना० | ३६ | २०६ |
| नो यात्रा प्रतिमानतिर्व्रतभृतां | ४७ | २४९ |
| पुण्यं कर्म सरागमन्यदुदितं | ९५ | ४७० |

| | पद्यक्रम | पृ.क्र. |
|---|---|---|
| पूजापूजकपूज्यसङ्गतगुण॰ | ३३ | १९३ |
| पूजायां खलु भावकारणतया | ६० | २७५ |
| पूर्णेऽर्थेऽपि विधेयता वचनतः | ८६ | ४२२ |
| प्रज्ञप्तौ प्रतिमानतिर्न विदिता | ६ | ४२ |
| प्रश्नव्याकरणे सुवर्णगुलिका॰ | ६४ | ३०५ |
| प्राक् पश्चाच्च हितार्थितां | ११ | ७३ |
| प्राप्या नूनमुपक्रिया प्रतिमया | ६९ | ३९२ |
| प्रामाण्यं न महानिशीथसमये | ४२ | २२३ |
| बिम्बेऽसावुपचारतो निजहृदो | ७६ | ४०९ |
| भव्योऽभ्यग्रगबोधिरल्पभवभाक् | १५ | ९३ |
| भावद्रव्यतया द्विधा परिणति॰ | ८९ | ४२७ |
| भावेन क्रियया तयोर्ननु | ८२ | ४१६ |
| भावोऽधर्मगतः क्रियेतरगते॰ | ८७ | ४२४ |
| भो: पाप: ! भवतां भविष्यति | ५३ | २५८ |
| भ्रष्टैश्चैत्यकृतेऽर्थितः कुवलयाचार्यो | ४३ | २२५ |
| भ्रान्त ! प्रान्तधिया किमेतदुदितं | ४४ | २२६ |
| मन्दारद्रुमचारुपुष्पनिकरै॰ | १०३ | ४९१ |
| मिश्रत्वे खलु योगभावविधया | ९० | ४२८ |
| मिश्रस्यानुपदेश्यता यदि तदा | २५ | १४७ |
| मूर्त्तीनां त्रिदशैस्तथा भगवतां | १० | ६६ |
| मोहोद्दामदवानलप्रशमने | ८० | ४१४ |
| यत्कर्मापरदोषमिश्रिततया | ४५ | २२७ |
| यद्दानादिचतुष्कतुल्यफलता॰ | ४१ | २२१ |
| यन्नद्युत्तरणं प्रवृत्तिविषयो | ३७ | २१२ |
| यागीयो वध एव धर्मजनकः | ५४ | २६३ |
| या ज्ञानाद्युपकारिका विधियुता | ९४ | ४६९ |
| योगाराधनशंसनैरथ विधेर्दोष: | ७१ | ३९५ |
| य: श्राद्धोऽपि यतिक्रियारत॰ | ५८ | २७२ |
| लिङ्गे स्वप्रतिबद्धधर्मकलनाद् | ७४ | ४०५ |
| लुप्तं मोहविषेण किं किमु हतं | ३ | २६ |
| वन्द्याऽस्तु प्रतिमा तथापि विधिना | ७० | ३९४ |
| वाप्यादेरिव पूजना दिविषदां | १३ | ८६ |
| वाहिन्युत्तरणादिकेऽपि यतनाभागे | ८४ | ४१९ |
| वाहिन्युत्तरणादिके परपदे | ८३ | ४१७ |
| वैतृष्ण्यादपरिग्रहस्य दृढता | ३१ | १९० |
| वैयावृत्त्यतया तपो भगवतां | ४८ | २५० |
| वैयावृत्त्यमथैवमापतति | ५० | २५५ |
| शक्रेऽवग्रहदातृता व्रतभृतां | १७ | ११९ |
| श्राद्धानां तपस: परं गुणतया | ५१ | २५६ |
| श्राद्धेन स्वजनुःफले जिन॰ | ८१ | ४१५ |
| सत्तन्त्रोक्तदशत्रिकादिकविधौ | ३४ | १९५ |
| सद्धर्मव्यवसायपूर्वकतया | १४ | ८७ |
| सद्भक्त्यादिगुणान्वितानपि सुरान् | १६ | ११४ |
| सम्यग्दृष्टिरयोगतो भगवतां | ३५ | २०५ |
| सर्वासु प्रतिमासु नाऽऽग्रहकृतं | ७८ | ४१२ |
| साधूनामनुमोद्यमित्यथ न किं | २७ | १५३ |
| साधूनां वचनं च चैत्यनमन॰ | २३ | १४० |
| सावद्यं व्यवहारतोऽपि भगवान् | २० | १२६ |
| सिद्धान्ते परिभाषितो हि गृहिणां | ९१ | ४३४ |
| सेयं ते व्यवहारभक्तिरुचिता | ९७ | ४७८ |
| स्वान्तं ध्वांतमयं मुखं विषमयं | ५ | ३७ |
| स्वान्तं शुष्यति दह्यते च नयनं | १०२ | ४९१ |
| हिंसा सद्व्यवहारतो विधिकृत: | ८५ | ४२० |
| हिंसांशो यदि दोषकृत् तव जड ! | ९२ | ४४५ |


* * *

# परिशिष्ट - २
## स्तवपरिज्ञापद्यानामकारादिक्रमः
### पृष्ठ ३४४ तः ३९१


| | गा. क्र. |
|---|---|
| अकसिणपवत्तगाणं | ११५ |
| अग्गाहारे बहुगा | १२८ |
| अग्गी मा एआओ | १४६ |
| अण्णे उ कसाईया | ९४ |
| अत्थि जओ ण य | १४७ |
| अद्दिस्सकत्तिगं | १७२ |
| अपडिवडियसुहचिंता॰ | ९७ |
| अप्पविरियस्स पढमो | १९३ |
| अप्पा च होइ एसा | १५२ |
| अलमेत्थ पसंगेणं | ९६ |
| असुहतरंडुत्तरणप्पाओ | ४५ |
| अस्सीलो ण य | २०० |
| अह तेसिं परिणामे | १२१ |
| अह तं ण एत्थ | १३३ |
| अह तं ण वेइयं | १३४ |
| अह पाठोभिमउच्चिय | १२६ |
| अहिगणिवित्ति वि | १६६ |
| आणापरतंतो सो सा | ६७ |
| आराहगो य जीवो | ९९ |
| आरंभच्चाएणं | १९७ |
| आरंभवओ वि इमा | १४२ |
| आहेवं हिंसावि हु | ११९ |

| | गा. क्र. |
|---|---|
| इतरम्मि कसाईआ | ८८ |
| इयरा उ अभिणिवेसा | ७० |
| इय आगमजुत्तीहि | २०२ |
| इय कयकिच्चेहिंतो | १६५ |
| इय दिट्ठेट्ठविरुद्धं जं | १४९ |
| इय मद्दवाइजोगा | ५८ |
| इय सव्वेणं वि सम्मं | ७ |
| इहरा अणत्थगं | ११२ |
| इह मोहविसं घायइ | ८४ |
| इंदीवरम्मि दीवो | १७८ |
| उचियाणुट्ठाणाओ | ४० |
| उद्दिट्ठकडं भुंजइ | ९३ |
| उवगाराभावे वि | १६४ |
| उस्सुत्ता पुण बाहइ | ६९ |
| ऊणत्तं न कयाइवि | ७५ |
| एएहिंतो अण्णे | ११४ |
| एअं च भावसाहुं विहाय | ५२ |
| एगिंदियाइभेओऽवित्थं | १५० |
| एगिंदियाइ अह | १२३ |
| एत्तो चिय णिद्दिट्ठो | ८१ |
| एत्तो च्चिय णिद्दिट्ठो | १९८ |
| एत्तो च्चिय णिद्दोसं | १५७ |

| | गा. क्र. |
|---|---|
| एत्थमियं विण्णेयं | ६१ |
| एत्थ कमे दाणधम्मो | २०१ |
| एयमिहमुत्तमं सुअं | १ |
| एयम्मि पूईअंमि | २८ |
| एयस्स उ संपाडणहेउं | १११ |
| एयंपि न जुत्तिखमं | १२४ |
| एयं च एत्थ एवं | ६४ |
| एवं च वयणमित्ता | १३१ |
| एवं चिय भावथए | ३५ |
| एवं चिय मज्झत्थो | ६६ |
| एवं णिवित्तिपहाणा | १६१ |
| एवं णो कहियागम० | १७९ |
| एवं दिट्ठंतगुणा | ८६ |
| एवं मणेण वयमाइएसु | ६० |
| एसा य होइ णियमा | १५५ |
| एसेह थयपरिण्णा | २०३ |
| ओसरणे बलिमाई | १०४ |
| कज्जं इच्छंतेणं | १०७ |
| कट्ठादि वि दलं | ८ |
| कडुओसहाइजोगा | ४६ |
| कयमित्थ पसंगेणं | १९२ |
| करणाइ तिन्नि जोगा | ५५ |
| कारवणेऽवि य तस्सिह | १२ |
| किं तेसिं दंसणेणं | १२७ |
| किं पुण विसिट्ठगं | १३७ |
| गीयत्थो उ विहारो | ७१ |
| गीयस्स ण उस्सुत्ता | ७२ |

| | गा. क्र. |
|---|---|
| गुणसमुदाओ संघो | २६ |
| चउकारणपरिसुद्धं | ८७ |
| चिइवंदण थुइवुड्ढी | २४ |
| जइणोवि हु दव्वथयभेओ | १०१ |
| जइणो अदूसियस्स | ४४ |
| जम्हा उ अभिस्संगो | ४३ |
| जम्हा समग्गमेयं पि | ६३ |
| जयणाए वट्टमाणो | १५४ |
| जयणेह धम्मजणणी | १५३ |
| जह उस्सग्गंमि ठिओ | ६५ |
| जह वेज्जगम्मि | १९० |
| जहेह दव्वथया | १३८ |
| जिणपुआइविहाणं | ३१ |
| जिणबिंबपइट्ठावण० | ४८ |
| जिणभवणकारणविही | ३ |
| जिणभवणाईविहाणद्दारेणं | ४१ |
| जिणभवनकारणाइवि | १०८ |
| जिनबिंबकारणविही | २१ |
| जुत्तीसुवन्नयं पुण | ९० |
| जे इह सुत्ते भणिआ | ९१ |
| जोए करणे सण्णा | ५४ |
| जो चेव भावलेसो | १०६ |
| जो बज्झचाएणं | १९६ |
| जो साहुगुणरहिओ | ९२ |
| जं एयं अट्ठारस० | ५३ |
| जं च चउद्धा | ११० |
| जं पुण एयविउत्तं | ३८ |

| | गा. क्र. |
|---|---|
| जं बहुगुणं पयाणं | १५९ |
| जं वीयरागगामि अह | ३७ |
| जं वुच्चइत्ति वयणं | १७० |
| जं सो उक्किट्ठतरं | १९५ |
| ण कयाइ इओ | १८० |
| ण करेइ मणेणाहार० | ५७ |
| ण य गीयत्थो अण्णं | ७३ |
| ण य णिच्छओ वि | १७४ |
| ण य तव्विवज्जणाओ | १३५ |
| ण य तेसिंपि | १३२ |
| ण य तं सहावओ | १७७ |
| ण य फलुद्देसपवित्तितो | १४५ |
| ण य बहुआणवि | १२९ |
| ण य भगवं अणुजाणइ | १०५ |
| ण य रागाइविरहिओ | १३० |
| ण य वेअगया चेवं | १४४ |
| ण हि रयणगुणारयणे | १८६ |
| णिच्छयणया जमेसा | ९८ |
| णिप्फन्नस्स य सम्मं | २३ |
| णेवं परंपराए माणं | १८२ |
| णोभयमवि जमणाइं | १८४ |
| णो पुरिसमित्तगम्मा | १७५ |
| तत्तो अ आगमो | १८१ |
| तत्तो य पइदिणं | ३० |
| तत्थवि य साहुदंसण० | ४९ |
| तत्थ पहाणो अंसो | १६० |
| तत्पूआपरिणामो | २९ |
| ततो वि कीरमाणे | १९१ |
| तप्पुव्विया अरहया | २७ |
| तब्बिंबस्स पइट्ठा | १४० |
| तम्हा ण वयणमित्तं | १३६ |
| तम्हा जे इह सत्थे | ९५ |
| तव्वावारविरहियं | १७१ |
| तस्सवि य इमो | ९ |
| तह तिल्लपत्तिधारगणाय० | ८० |
| तह वेदे चिय | १८८ |
| तह संभवंतरूवं | १६८ |
| त अहिगणिवित्तीए | १६३ |
| ताणीह पोरुसेयाणि | १७६ |
| तारिसस्साभावे | २२ |
| ता एईएँ अहम्मो | १४३ |
| ता एयगया चेवं | १६७ |
| ता एवं मे वित्तं | १९ |
| ता एवं विरइभावो | ७४ |
| ता एवं सण्णाओ | १८७ |
| ता तस्स पमाणत्ते | १८९ |
| ता तं पि अणुमयं | १०९ |
| ता संसारविरत्तो | ७६ |
| ते तुच्छया वराया | १३ |
| तंतंमि वंदणाए | १०२ |
| तं कसिणगुणोवेयं | ८९ |
| दव्वथयभावत्थयरूवं | १०० |
| दव्वथयंपि काउं | १९४ |
| दव्वे भावे अ तहा | ४ |

| | गा. क्र. |
|---|---|
| दव्वे भावे य थओ | २ |
| धम्मत्थमुज्जएणं | ५ |
| धम्मपसंसाए | १४ |
| नणु तत्थेव य | ११७ |
| निप्फाइय जयणाए | २० |
| नंदाइ सुहो सद्दो | १० |
| पडिबुज्झिस्संतऽण्णे | ५० |
| पडिबुज्झिस्संति इहं | १८ |
| पढमाउ कुसलबंधो | ४७ |
| परमगुरूणो य आणं | ७७ |
| पारिणामियं सुहं | १४८ |
| पीडाकरीत्ति अह | १२० |
| पीडागरीवि एवं | १४१ |
| पेच्छिस्सं एत्थ अहं | १७ |
| भवतोऽपि य सव्वन्नू | १८३ |
| भावत्थओ अ एसो | ५१ |
| भावे अइप्पसंगो | ३६ |
| भावं विणावि एवं | ६८ |
| भोगाइफलविसेसो | ३९ |
| भोमाइ नव जीवा | ५६ |
| मग्गणुसारि पयाहिण | ८५ |
| मल्लाइएहिं पूआ | १०३ |
| लोगे अ साहुवाओ | १५ |
| वण्णायपोरुसेयं | १७३ |
| वरबोहिलाभओ सो | १५८ |
| विविहनिवेअण० | ३३ |
| विसघाइरसायण० | ८३ |

| | गा. क्र. |
|---|---|
| विहियाणुट्ठाणपरो | ७८ |
| विहियाणुट्ठाणमिणं | ३४ |
| वेदवयणम्मि सव्वं | १८५ |
| वेयवचनं तु णेवं | १६९ |
| सइ सव्वत्थाभावे | १३९ |
| सक्खाउ कसिण० | ११३ |
| सत्तीए संघपूआ | २५ |
| सत्थुत्तगुणो साहु | ८२ |
| सव्वत्थ णिरभिसंगत्तणेण | ४२ |
| सव्वत्थ णिरभिसंगो | ७९ |
| सासयवुड्ढी वि इहं | १६ |
| सा इह परिणयजल० | १५६ |
| सिय तत्थ सुहो | १२२ |
| सिय तं ण सम्मवयणं | १२५ |
| सिय पूआओवगारो | १६२ |
| सुद्दाण सहस्सेण वि | १५१ |
| सुद्धस्स वि गहियस्स | ११ |
| सुव्वइ अ वयररिसिणा | ११८ |
| सुहगंधधूवपाणिय० | ३२ |
| सोइंदिएण एयं | ५९ |
| सो खलु पुप्फाईओ | ११६ |
| सो तावसासमाओ | ६ |
| संतंपि बज्झमणिच्चं | १९९ |


* * *

# परिशिष्ट - ३
## साक्षिपाठानामकारादिक्रमः


### अ

अइसयचरणसमत्था [विशेषाव० ७८६] ४१
अकसिणपवत्तगाणं २२१, २८१
[महानिशीथ ३/३८, आव० भा० १९४] ४४७,४५५,४६०
अक्षयनीव्या हि [षोडशक ६/१५ उत्त०] १९१
अज्झत्थे चेव [आचाराङ्ग १/५/२/१५०] २७५
अट्ठारससहस्स० [अड्ढाइज्जेसु सूत्र] ३६३
अट्ठावयमुज्जिंते [आचा० निर्यु० ३३२] ३३४
अणगारस्स णं भंते ! [भगवती १६/३/५७१] १७७
अणगारे णं भंते ! [भगवती ३/५/१६१] ५२
अणुकंपा णिव्वेओ [योगविंशिका ८] २७८
अणुमित्तो वि न०
[यतिलक्षणसमु० ६२ पू०, पुष्पमालाप्रक० २४५ पू०] ३८०
अण्णत्थारंभवओ [पञ्चाशक ४/१२] ४५६
अतर्क्या लीलैशी० [अष्टसहस्री कारिका ९९ विवरणे] ४८४
अत्थि णं भंते ! [प्रज्ञापना २२/२८०] १७९
अत्र चतुर्थाध्ययने [महानिशीथ अ० ४] २२४
अदुत्तरं च णं [सूत्रकृताङ्ग २/२/३०] ४३५
अदुवा वायाउ [आचाराङ्ग १/८/१/१९९-२००] १३२
अनुपयोगश्च [अनुयोगद्वार] १९
अन्तर्वेद्यां तु [योगदृष्टिसमु० ११६] १५८
अन्धे तमसि ३७९
अन्यस्त्वाहास्य [अष्टक २८/१] २१७
अपडिक्कंताए [महानिशीथ अ० ३, सू० २६/११] २११
अपरिग्गहीयदेवीणं १०१
अप्रदाने हि [अष्टक २८/२] २१८
अप्रस्तुतप्रशंसा [काव्यप्रकाश १०/१५१] २२७
अभवन् वस्तु० [काव्यप्रकाश १०/९७] ७४
अयं जनो नाथ [अन्ययोग० द्वात्रिं० २] ४७९
अरिहंतसिद्ध० [मरणसमाधिप्रकीर्णक १९] ३३५
अरिहंताई णियमा [आव० नि० १००७] २९
अरिहंतुवएसेणं [आव० नि० १००९] ३०
अर्थे सत्यर्थ० [काव्यप्रकाश ९/११/७] ४८२
अर्पितानर्पितसिद्धेः [तत्त्वार्थ ५/३१] १०८
अल्पबाधया बहू० [पञ्चलिङ्गी] १९४
अविणीयमाणवंतो [विंशि० प्रक० ७/५] १३३
अविसिट्ठं विय [विशेषाव० १९४३] ४३३
असतीए लिंगकरणं [व्यव० सू० १/९५७] ३९६
असदारंभपवत्ता [पञ्चाशक ४/४३] १६५
असद्धर्मसम्भावन० [काव्यानुशासन ६/४] २६
असुहक्खएण [सम्बोधप्रक० २०७] ३९६
अस्मिन् हृदयस्थे [षोडशक २/१४] ९
अह केरिसए [प्रश्नव्या० ८/२६] २५१
अहन्नं भंते ! सूरियाभे [राजप्रश्नीय सू० ५२-५३] ९४
अहागडाइं भुंजंति [सूत्रकृताङ्ग २/५/८] १३७
अहावरे तच्चस्स [सूत्रकृताङ्ग २/२/३४] ४३७
अहावरे दोच्चस्स [सूत्रकृताङ्ग २/२/३३] ४३७
अहावरे पढमस्स [सूत्रकृताङ्ग २/२/३५-४०] ४३९
अहं च भोगरायस्स [दशवै० चू० २/८ पा० १] ३२०
अंबडस्स णं [औपपातिक सू० ४०] ३०४

### आ

आगमेनानुमानेन [योगदृष्टिसमु० १०१] ८
आधीनां परमौषध० [षोडशक १५/३] ४८४
आयरियउवज्झाए २५२
आया चेव अहिंसा
[आव० नि० ७५५ पू०, विशेषाव० ३५३६ पू०] १७९
आलोअणा वियडणे [ओघनिर्युक्ति ७९१ पा० १] ४३
आसन्नसिद्धिआणं
[सम्बोधप्रक० १९२, दर्शनशुद्धिप्रक० २७/९१] ३९६
आहारउवहिसेज्जा [व्यव० सू० १/९५९] ३१७

### इ

इत्थमाशयभेदेन [अष्टक २७/६] १३६
इत्थं चैतदिहै० [अष्टक २८/८] २२०
इमाओ त्ति सुत्तउत्ता [बृहत्कल्पभा० ५६१९] २१४

इमीसे णं रयणप्पभाए [समवायाङ्ग १७/४] ५७
इष्टापूर्तं न [अष्टक ४/८] १५८
इष्टापूर्तं मन्यमाना [मुण्डकोपनिषद् १/२/१०] १५८

**ई**

ईश्वरीयाहुति० [न्यायमाला] २०४

**उ**

उच्यते कल्प [अष्टक २७/२] १३५
उत्पद्यते हि सावस्था १३६
उदयखयखओ० [जीवाभिगम ३/२/१४२ टी०] ८८
उद्धावणापहावण [व्यव० सू० १/९५२] ३१५
उपमानाद् यदन्यस्य [काव्यप्रकाश १०/१५९] ५८
उवगारवगारि० [विंशि० प्रक० ११/३] ४७०
उवयारंगा इह [विंशि० प्रक० ८/१५] ३९९

**ए**

एएसु भत्तिजुत्ता [मरणसमाधिप्रकीर्णक २०] ३३५
एए तु तओ [सूत्रकृताङ्ग १/१/२/२७] १८७
एगग्गया य झाणे [व्यव० सू० १/९४५] ३१३
एगच्चाओ मिच्छा० [सूत्रकृताङ्ग २/२/३९] ४५०
एगया गुणसमियस्स [आचाराङ्ग १/५/४/१५८] ३६०
एगुप्पाएण तओ [विशेषाव० ७८७] ४१
एगो अपाहन्ने [उपदेशपद २५४] ११०
एतदिह भावयज्ञः [षोडशक ६/१४] १९५
एतद्रागादिदं [योगबिन्दु १५९ पू०] ३९६
एतेषु च यद्यपि [भगवती १८/१०/६४६ टी०] २५०
एतेहिं दोहिं [सूत्रकृताङ्ग २/५/९] १३७
एत्तो चरित्त० [सम्बोधप्रक० २०४] ३९६
एत्तो च्चिय णिद्दोसं [पञ्चाशक ७/३५] २१९
एत्तो च्चिय तत्तण्णू [सम्बोधप्रक० २०९] ३९७
एयं खलु देवाणु० [भगवती ३/१/१३०] ९९
एयं तु जं [महानिशीथ अ० ३, सू० २५] ३१
एवंविधेन यद् [षोडशक ७/१४] ४६९
एवं चिय जं चित्तो २७४
एवं न कश्चिद० [अष्टक २७/८] १३७
एवं विवाह० [अष्टक २८/५] २१९
एवं होइ विरोहो [व्यव० सू० १/९१२] ३१२
एस अणुमओ च्चिय १३९
एस ठाणे अणारिए [सूत्रकृताङ्ग २/२/३२] ४३६
एसा ठिईओ [विंशि० प्रक० ९/७] २८२
एसो पुण सव्वो [विंशि० प्रक० २०/८] ४८९

**ओ**

ओसन्नस्स गिहिस्स वि [उपदेशमाला ३५२] १३५
ओसरणे बलिमाई १३९
ओहारमग्ग० [बृहत्कल्पभा० ५६३३] २१४

**क**

कइविहा णं भंते ! [भगवती २०/९/६८३-६८४] ३९
कति णं भंते ! [प्रज्ञापना २२/२८४-२८७] १७०
कत्थइ पुच्छइ [दशवै० निर्यु० ३८ पू०] २७९
कमलमनम्भसि [काव्यप्रकाशवृत्तौ] ३६
कम्मं जोगनिमित्तं [विशेषाव० १९३५] ४२९
कयरे ते जे [प्रश्नव्या० १/४] २६२
कर्मेन्धनं समाश्रित्य [अष्टक ४/१] १५७
कश्चिदाहास्य [अष्टक २७/१] १३५
कहि णं भंते ! [भगवती १०/६/४०७] ७२
काउं पि जिणाययणेहिं [महानिशीथ अ० ३, गा० ५८] २२२
काके कार्ष्ण्यम० ८७
कामं उभयाभावो [आव० नि० ११३४] ४०३
किञ्चिच्छुद्धं [प्रशमरति १४५] १३८
किञ्चेहाधिक० [अष्टक २८/६] २१९
कृषिकरण इव पलालं [षोडशक ७/१६] ४६९
केवलनाणेणत्थे [आव० नि० ७८] २३
कंचणमणिसोवाणे [महानिशीथ अ० ३, गा० ५६] २२२
किं चेहुवाइभेया [श्रावकप्रज्ञप्ति ५२] १०८
किं ते भंते ! जत्ता ? [भगवती १८/१०/६४६] २५०
किं निस्साए णं भंते ! [भगवती ३/२/१४३] ५९
किं मे पूर्वं श्रेयः ? [राजप्रश्नीय सू० १३२ टी०] ८५
क्रियाहेतुः पुष्टि० ४७६

**ख**

खड्डातडंमि विसमे [पञ्चाशक ७/३९] २२०

**ग**

गरहावि तहा० [आव० नि० १०५० पू०] ३०९
गहणसमयम्मि [कर्मप्रकृतिसङ्ग्रहणि गा० २९] ४३३
गिहिणो वेयावडीयं [दशवै० चू० २/९ पा० १] १३४

गुणठाणठाण॰ [सम्बोधप्रक॰ २०६] ३९६
गुरुकारियाइं [दर्शनशुद्धिप्रक॰ २५] ३९७
गुरुपारतंत नाणं [पञ्चाशक ११/७ पा॰१] १०८
गृहिणोऽपि प्रकृत्या [अष्टक २/५ टी॰] २७३
गंठिगसत्तापुण॰ [उपदेशपद २५३] १०९

च

चउवीसत्थएणं [उत्तरा॰ २९/११] १७
चमरस्स णं भंते ! [भगवती १०/५/४०५-४०६] ६८
चरणकरणप्पहाणा [सम्मति॰ ३/६७] १०८
चरिमसरीरो साहू [उत्तरा॰ निर्यु॰ २९०] ५०
चिइवंदणसज्झाय [महानिशीथ अ॰ ३, सू॰ २६/११] २१२
चित्तमेव हि संसारो [शास्त्रवार्तासमु॰ ५/३०] १८८
चिन्तामणि: परोऽसौ [षोडशक २/१५] ९
चेइयकुलगणसंघे अन्नं [आव॰ नि॰ ११७५] २४९
चेइयकुलगणसंघे आय॰ [आव॰ नि॰ ११०१] २५४
चैत्यायतनप्रस्थापनानि [प्रशमरति ३०५] २८७
चोएइ चेइयाणं [बृहत्कल्पभाष्य] २७१
चोयइ से परिवारं [व्यव॰ सू॰ १/९६०] ३१८

छ

छज्जीवकायसंजमु [आव॰ भा॰ १९३] २८०
छप्पिहजीवनिकाए [सम्मति॰ ३/२८] १०७, ४५२
छव्विहे कप्पट्ठिई [बृहत्कल्पभा॰ ६/२०] ९५
छस्सहस्सा [जम्बूद्वीपप्रज्ञप्ति ५/११८] १०५

ज

जइवि अ पडिमाओ [आव॰ नि॰ ११३५] ४०३
जइ वि य णिगिणे [सूत्रकृताङ्ग १/२/१/९ पा॰ १] २६२
जइ हीणं दव्वथयं [उपदेशरहस्य ३७] ३६९
जइ तत्तो [विंशि॰ प्रक॰ २०/१५] ४९०
जक्खा हु वेयावडियं [उत्तरा॰ १२/३२ उत्त॰] २५२
जनोऽयमन्यस्य [सिद्ध॰ द्वात्रिं॰ ६/५] २९१
जम्माभिसेग॰ [आचा॰ निर्यु॰ ३३१] ३३४
जस्स णत्थि पुरा [आचाराङ्ग १/४/४/१३९] ८६
जह गोयमाइयाणं [गुरूतत्त्वविनिश्चय १५] १६
जह वेलंबगलिंगं [आव॰ नि॰ ११३७] ४०४
जह वेगसरीरंमिवि [विशेषाव॰ १९४५] ४३४
जह सावज्जा किरिया [आव॰ नि॰ ११३३] ४०२
जहा एसा अरिहंतपडिम ४७
जाणं काएण॰ [सूत्रकृताङ्ग १/१/२/२५] १८५
जावंति चेइयाइं [श्रावकप्रतिक्रमणसूत्र गा॰ ४४] ३३७
जावं च णं एस २७५, ४१८
जा जयमाणस्स [ओघनिर्युक्ति ७५९] १६७
जा सम्मभावियाओ [बृहत्कल्पभा॰ १/१११६] ३३६
जिनभवनं जिनबिम्बं ४६६
जीवकिरिया दुविहा [स्थानाङ्ग २/१/६०] १८५
जीवा णं भंते ! [भगवती १/१/१६] १६६
जीवे णं भंते ! नाणा॰ [प्रज्ञापना २२/२८२] १८२
जीवो गुणपडिवन्नो [आव॰ नि॰ ७९२] ४७५
जे अ दाणं [सूत्रकृताङ्ग १/११/२०] १३०
जोगे जोगे [ओघनिर्युक्ति २७८] २८२
जो उत्तमेहिं मग्गो [बृहत्कल्पभा॰ पीठिका २४९] ४१२
जो जहवायं [उपदेशमाला ५०४ पू॰] १३
जो जाणदि अरहंते [प्रवचनसार १/८०] ४८५
जो जिणदिट्ठे [उत्तरा॰ २८/१८] १६
जो जीवे वि वियाणइ [दशवै॰ ४/१३] ४४७
जो पुण णिरच्चणो [उपदेशमाला ४९३] २७३
जो वि दुवत्थ॰ [बृहत्कल्पभा॰ ३९८४] १५५
जं जह सुत्ते [बृहत्कल्पभा॰ ३३१५] १०६
जं णं समणो वा [अनुयोगद्वार २८] ३२४
जं पुण एयवियुत्तं [पञ्चाशक ६/९] २२८
जं मोणं तं सम्मं [श्रावकप्रज्ञप्ति ६१] ११३
जं सक्कइ तं कीरइ [सम्बोधप्रक॰ ८९४ पा॰ १] १४८
जं सम्मंति पासहा [आचाराङ्ग १/५/३/१५५] १४

ज्ञ

ज्ञापकं चात्र [अष्टक २७/५] १३६

झ

झाणं सुभमसुभं [विशेषाव॰ १९३७] ४३१

ण

णमो बंभीए [भगवती श॰ १, सू॰ २] २७
णमो सुअस्स [भगवती श॰ १, सू॰ ३] २२
णवि ते पारिवज्जं [आव॰ नि॰ ४२८] २०
ण इमं सक्कं॰ [आचाराङ्ग १/५/३/१५५] ४५२
ण उ तह भिन्नाणं [विंशि॰ प्रक॰ २०/९] ४८९

ण य तस्स इमो [विंशि० प्रक० २०/१०] ४८९
ण हु तस्स तण्णिमित्ता २७५
ण हु सासणभत्ती० [सम्मति० ३/६३] २९१
णिच्छयओ सम्मत्तं [सम्बोधप्रक० ९३९ पू०] ११३
णिच्छयसम्मत्तं [विंशि० प्रक० ६/१७] २५७
णिरविक्खस्स [पञ्चाशक ४/७ उत्त०] २७३
णो कप्पइ अण्णउत्थिय० ४१२
णो कप्पइ ...गणियाओ [स्थानाङ्ग ५/२/४१२] २१३
णो कप्पइ ...पंच [बृहत्कल्पभा० ४/३२-३३] २१४
ण्हाणाइवि [पञ्चाशक ४/१०] २८३

**त**

तइया तइया० [विंशि० प्रक० ८/७] १११
तए णमित्यादि [राजप्रश्नीय सू० ५६ टी०] १२९
तए णं केसी कुमार० [राजप्रश्नीय सू० १९४-२००] ८२
तए णं ते पंच [ज्ञाताधर्म० १/१६/१२२] ३२५
तए णं सा दोवई [ज्ञाताधर्म० १/१६/११९] ३२३
तए णं सिद्धत्थे [कल्पसूत्र १०३] ३३३
तए णं सुबुद्धिस्स [ज्ञाताधर्म० १/१२/९२] २६०
तए णं से आणंदे [उपासकदशाङ्ग १/१/७] ३००
तए णं से चमरे [भगवती ३/२/१४४-१४५-१४६] ५९
तए णं से सक्के [भगवती १६/२/५६७-५६८] १२०
तए णं से सूरियाभे [राजप्रश्नीय सू० ५२-५६] १२४
तते णं सा भद्दा [ज्ञाताधर्म० १/४/३६] ३३०
तत्थ खलु भगवया [आचाराङ्ग १/१/१/१०-११] २९३
तत्थ णिओगो [गुरूतत्त्वविनिश्चय १४] १६
तत्थ णं देवच्छंदए [जीवाभिगम ३/२/१३९] ३४०
तत्थ णं जे से [जीवाभिगम ३/२/१८३] ९६
तत्थ न कप्पइ [व्यव० सू० १/९४३] ३१२
तत्थ पहाणो [पञ्चाशक ७/३८] २१९
तत्था वि से न याणइ [दशवै० ५/२/४७ उत्त०] १०६
तत्र कर्मणि [आचाराङ्ग १/१/१/१०-११ टी०]
तत्रासन्नोऽपि जनो० [षोडशक ६/६] १९१
तमेतं वेदानु० २६६
तमेव सच्चं णीसंकं [आचाराङ्ग १/५/५/१६२] ४४६
तम्हा णिच्चसइए [विंशि० प्रक० ९/८ पा० १] २८२
तवणियमविणय० [व्यव० सू० १/९४८] ३१४
तवसंजमजोगेसु [व्यवहारभा० १/९४९] २५१
तवसंजमेण [महानिशीथ अ० ३, गा० ५७] २२२
तस्मात्तदुपकाराय [अष्टक २८/४] २१८
तस्मिन्नेवं जातिगोत्र० [न्यायकुसुमाञ्जलि] ४७९
तह तह वक्खाणेयव्वं [पञ्चवस्तुक ९९१] १०६
तहारूवं समणं [भगवती] २८५
ता जइ एवं [महानिशीथ अ० ३, गा० ४५] २२१
तित्थयरगुणा [आव० नि० ११३०] ४०१
तित्थयराणं [आचा० निर्यु० ३३०] ३३४
तित्थयरा जिण [बृहत्कल्पभा० १/१११४] ३३५
तिन्निवि पएसरासी [विंशि० प्रक० २०/१२] ४९०
तिर्यक्पङ्कु० [जैमिनीयसूत्र] २०२
तिविहे ववसाए [स्थानाङ्ग ३/३/१८५] ८९
तुल्लं च सव्वहेयं [विंशि० प्रक० २०/१३] ४९०
तुहवयणतत्तरुई १०७
तेणं कालेणं ...कालीदेवी
[ज्ञाताधर्म० श्रु० २, सू० १४८, १५५-१५८] १००
तेणं कालेणं... सक्के [जम्बूद्वीपप्रज्ञप्ति ५/१५] १०१
तेणं कालेणं ...सूरियाभे [राजप्रश्नीय सू० १३२-१३९] ७४
ते फासे धीरो [आचाराङ्ग १/८/२/२०४] १३१
तं मा णं तुमं [ज्ञाताधर्म० १/१६/१२३] ३२८

**थ**

थयथुइमंगलेणं [उत्तरा० २९/१६] १७
थिरकरणा पुण [व्यव० सू० १/९५१] ३१५
थूभसयं भाउ० [आव० भा० ४५ पू०] १३९
थंडिल्ले वि हु [विंशि० प्रक० ८/१४] ४१०

**द**

दव्वथओ भावथओ [आव० भा० १९२] २७९,४५८
दव्वसुअं जं पत्तय० [अनुयोगद्वार ३९] २३
दव्वाणं सव्वभावा [उत्तरा० २८/२४] ४५२
दसविहे सराग० [स्थानाङ्ग १०/३/७५१] १०९
दहतिग अहिगम० [चैत्यवन्दनभा० २, पा०१] १९५
दाणाइआ उ [विंशि० प्रक० ६/२०] ४६७
दिट्ठो अ तीए [पञ्चाशक ७/४०] २२०
दीक्षा मोक्षार्थं० [अष्टक ४/२] १५७
दीधिति चिन्तामणिं [तत्त्वचिन्तामणि दीधिति] ६

दुविहासत्तीए [व्यव० सू० १/९६१] ३१९
दुहओ वि ते ण [सूत्रकृताङ्ग १/११/२१] १३०
देवगुणपरिन्नाणा [सम्बोधप्रक० २०३] ३९६
देवगुणप्रणिधाना० [षोडशक ५/१४] ३३२
देवोद्देशेनैतद्० [षोडशक ६/१२] १९७
देशं कालं [प्रशमरति १४६] १३८
देहादिणिमित्तंपि [पञ्चाशक ४/४५] २८६
दो दिसाओ [स्थानाङ्ग २/१/७६] ३०८
द्रागस्मात्तद्दर्शन० [षोडशक १५/१०] ४८६

**ध**

धन्नाणं विहिजोगो
[सम्बोधप्रक० ८४४, दर्शनशुद्धिप्रक० २८] ३९५
धम्मकंखिए पुण्णकंखिए [भगवती १/७/६२] ४७१
धर्मश्चित्तप्रभवः [षोडशक ३/२ पा० १] ४७६
धर्माङ्गख्यापनार्थं [अष्टक २७/३] १३६
धर्मार्थं यस्य वित्तेहा [अष्टक ४/६] १५७,२७०

**न**

नईसंतरणे पडिक्कमइ २०८
नणु मणवइकाय० [विशेषाव० १९३६] ४३०
ननु नारकस्य [प्रज्ञापना २२/२८२ टी०] १८२
नवि संखेवो [आव० नि० १००६] २९
न कामभोगा [उत्तरा० ३२/१०१] २७७
न च स्वदान० [द्वात्रिं० द्वात्रिं० १/११] १३७
न परीक्षां विना २९१
न य साहारणरूवं [विशेषाव० १९३४ उत्त०] ४२९
नागादे रक्षणं [अष्टक २८/७] २११
नाणावरणिज्जस्स [आव० नि० ८९३] ३३५
नामट्ठवणादविए [आव० भा० १९१] २७८
नियदव्वमउव्व० [भक्तपरिज्ञा ३१] ३३९
नियमा जिणेसु [आव० नि० ११३६] ४०४
निर्वाणसाधनं [षोडशक १५/४] ४८४
निस्सकडम० [बृहत्कल्पभा० १/१८०४] ३९८
नीयावासविहारं [आव० नि० ११७५] २४८
नृशंसदुर्बुद्धि० [अयोग० द्वात्रिं० १० उत्त०] ३०३
नोत्सृष्टमन्यार्थम० [अन्ययोग० द्वात्रिं० ११ पा० २] २६६
न्यायचर्चेय [न्यायकुसुमाञ्जलि ३] ४७६

**प**

पच्छा कडुअविवागा [उत्तरा० १९/११ पा० ३] ८६
पढमकरण० [विंशि० प्रक० ८/८] ११२
पढमाणुदयाभावो [विंशि० प्रक० ६/१६] २५७
पढमा पढमा० [विंशि० प्रक० ८/६] १११
पढमेण नंदणवणं [विशेषाव० ७९०] ४१
पढमेण माणुसोत्तर० [विशेषाव० ७८९] ४१
पढमेणं पंडगवणं [विशेषाव० ७८८] ४१
पढमे दंडसमादाणे [सूत्रकृताङ्ग २/२/१७] २९२
पराभवे तथोत्कर्षे [आख्यातचन्द्रिका] ३
पराभिसन्धिम० [अन्ययोग० द्वात्रिं० २० पू०] ४७७
परिणमदि जेण दव्वं [प्रवचनसार १/८] ४७४
परिणामासयवसओ [विशेषाव० १९४४] ४३३
परिणामियं पमाणं [ओघनिर्युक्ति ७६०] १७९
पर्यायोक्तव्यङ्ग० [काव्यानुशासन ६/९] ११४
पापं च राज्य० [अष्टक ४/४] १५७
पावं छिंदइ [आव० नि० १५०८] ३०९
पुढवी आउक्काए [ओघनिर्युक्ति २७६] १६६
पुत्तं पिया [सूत्रकृताङ्ग १/१/२/२८] १८७
पुप्फवद्दलयं [राजप्रश्नीय सू० २३] ४४८
पुव्वगहियं च कम्मं [विशेषाव० १९३८] ४३१
पुव्वाणुपुव्वि [आव० नि० १००८] २९
पुव्वाभिमुहो० [विशेषाव० ३४०६] ३०८
पुष्पामिषस्तुति० २६७
पूआविहिविरहाओ [सम्बोधप्रक० २०५] ३९६
पूजया विपुलं [अष्टक ४/३] १५७
पंचण्हं गहणेणं [बृहत्कल्पभा० ५६२० पू०] २१४
पंचहिं ठाणेहिं ...दुल्लह० [स्थानाङ्ग ५/२/४२६] ११५
पंचहिं ठाणेहिं ...सुलह० [स्थानाङ्ग ५/२/४२६] ११७
प्रकाशितं यथैकेन २७९
प्रतिमाश्च विविधा० [श्राद्धविधि] ३९७
प्रमादयोगात् [तत्त्वार्थ ७/८] ४७६
प्रयाणभङ्गाभावेन ४७१
प्रवृत्तिहेतुं धर्मं [विधिविवेक] ४२२
प्रशमरसनिमग्नं ३४
प्राणी प्राणिज्ञानं [सूत्रकृताङ्ग १/१/२/२५ टी०] १८६

**ब**

बंभीए णं लिवीए [समवायाङ्ग १८/१/५] २८
ब्रह्माद्वयस्या॰ ४८८

**भ**

भगवं च गोअमो [चूर्णि] ५०
भण्णइ एत्थ [बृहत्कल्पभाष्य] २७१
भण्णइ जिण॰ [पञ्चाशक ४/४२] २८६
भवट्ठिइ भंगो [विंशि॰ प्रक॰ ८/९] ११२
भावच्चणमु॰ [महानिशीथ अ॰ ३, गा॰ ३६] २२२
भावोऽयमनेन [षोडशक ३/१२ उत्त॰] २७८,४६१
भासा चउविहत्ति [भाषारहस्य १७] ४२८
भिक्खु य अण्णयरं [व्यवहारसूत्र १/३३] ३१०
भिन्नविसयं णिसिद्धं [आव॰ नि॰ १२२७ पू॰] ४२६
भूमीप्पेहण॰ [पञ्चाशक ४/११] २८५

**म**

मत्प्रसूतिम॰ [रघुवंश १/७७] ३००
मणसा जे [सूत्रकृताङ्ग १/१/२/२९] १८८
मणेरिवाभिजातस्य [द्वात्रिं॰ द्वात्रिं॰ २०/१०] १९३
मन्त्रन्यासश्च [षोडशक ७/११] १९९
महाजयं जयई [उत्तरा॰ १२/४२ पा॰ ४] ११६
महाफलं खलु [भगवती २/१/९० टी॰] १७
मासाब्भंतर तिन्नि य २१३
माहेसरीउ [आव॰ नि॰ ७७२ पा॰ १] ३७२
मा मा संस्पृशे॰ ६६
मिथ्यात्वाविरति॰ [तत्त्वार्थ ८/१] ४३०
मिथ्यादृष्टिभिराम्नातो [योगशास्त्र २/१३] २६४
मूढनइयं सुयं [आव॰ नि॰ ७६२ पा॰ १] ४७५
मूलच्छेज्जं पुण [विशेषाव॰ १२४९ उत्त॰] ४४
मूलनिमाणं [सम्मति॰ १/५] १८१,४७३
मोक्षाध्वसेवया [अष्टक ४/७] १५८
मोक्षायैव तु घटते [तत्त्वार्थकारिका १/५ उत्त॰] ४६५
मोत्तूण आउयं [विशेषाव॰ १९३९] ४३२
मंता जोगं काउं [उत्तरा॰ ३६/२६२] ५४

**य**

यतनातो न च [षोडशक ६/१६] १९०
यदेवैतद्रूपं [अष्टसहस्री कारिका ९९ विवरण] ४८३
यस्तृणमयीमपि [पूजाप्रकरण] ३७२
ये तु दानं [अष्टक २७/७] १३६
योगः शुद्धः [प्रशमरति २२०] १६९
यः शासनस्य [द्वात्रिं॰ द्वात्रिं॰ ६/३०] २६९

**र**

रायगिहेचलणे [भगवती १/१/४] २८

**ल**

लक्खणजुत्ता॰ [व्यवहारभा॰ ६/२६१५] ३९९
लिम्पतीव तमो॰ [बालचरित १/१५] २६
लोकोत्तरं तु निर्वाण॰ [षोडशक ७/१५] ४६९
लिंगकरणं निसेज्जा [व्यव॰ सू॰ १/९५८] ३१७
लिंगं जिणपन्नत्तं [आव॰ नि॰ ११३१] ४०१

**व**

वापीकूपतडागानि [योगदृष्टिसमु॰ ११७] १५८
वाबाहक्खय॰ [विंशि॰ प्रक॰ २०/७] ४८९
वारिदस्तृप्ति॰ [मनुस्मृति] २९६
वासावासं पज्जोसवियाणं [स्थानाङ्ग ५/२/४१३] २०६
वितिगिच्छं॰ [आचाराङ्ग १/५/५/१६१] १६१,४८१
विद्योतयति वा लोकं २७९
विनश्यन्त्यधिकं [अष्टक २८/३] २१८
विभज्जवायं [सूत्रकृताङ्ग १/१४/२१ पा॰ २] १३८
विशुद्धिश्चास्य [अष्टक ४/५] १५७
विहिसारं चिय [धर्मरत्नप्रक॰ ९१, सम्बोधप्रक॰ १९२] ३९५
वेदोक्तत्वान्म॰ [ज्ञानसार २८/३] २६६
वेश्यानामिव विद्यानां १५५
वैयावच्चं वावडभावो २५२

**श**

शुद्धागमैर्यथालाभं [अष्टक ३/२ पा॰ १] २७१
शुभाशयकरं [अष्टक २७/४] १३६

**स**

सचरित्तपच्छायावो [आव॰ नि॰ १०४१ पा॰ १] ३०९
सणंकुमारे णं भंते ! [भगवती ३/१/१४१] १२२
सत्तेयादिट्ठीओ ४२५

सत्ते सत्तपरिवज्जिया [प्रश्नव्या० १/३] २६१
समणस्स णं [आचाराङ्ग श्रु० २, चू० ३, सू० १७८] ३३३
समणेण य सावयेण
[अनुयोगद्वार सू० २९, गा० ३] ३२४,४४०
समं योग्यतया [काव्यप्रकाश] १९५
सम्भावनमथो० [काव्यप्रकाश १०/१३७] २६
सम्यग्दर्शनसम्पन्नः ३२४
सर्वजगद्धित० [षोडशक १५/१] ४८४
सर्वत्र सम्यग्विधि० [श्राद्धविधि गा० ६ टी०] ३९६
सव्वत्थामेणं [बृहत्कल्पभाष्य] २७२
सव्वद्धासंपिंडण० [विंशि० प्रक० २०/११] ४९०
सव्वे पाणा सव्वे १२७
सव्वे सरा [आचाराङ्ग १/५/६/१७०] ४८८
सव्वो पमत्तजोगो १६६
सव्वं पि कोडि० [विंशि० प्रक० २०/१४] ४९०
ससिरविगह० [बृहत्सङ्ग्रहणी ५७ पा० १] १०३
सामर्थ्ये वर्णनायां [बृहत्कल्पभा० २ टी०] १३५
सामाइए ववसाए [स्थानाङ्ग ३/३/१८५] ९१
सामानिकैर्हस्यमानो [त्रिषष्टि० १०/४/३१६] १०५
सारो चरणस्स [विशेषाव० ११२६ पा० ४] २२३
सिज्जंभवं गणहरं [दशवै० निर्यु० १४] ३५
सिद्धस्स सुहरासि [आव० नि० ९८२] ४८९
सिद्धाणं णमो [उत्तरा० २०/१] ३०
सिन्धुसौवीरेषु [प्रश्नव्या० ४/१६ टी०] ३०६
सुत्तत्थतदुभएहिं [व्यव० सू० १/९४४] ३१३
सुत्तत्थतदुभयविउ [व्यव० सू० १/९४६] ३१३
सुत्तत्थेसु थिरत्तं [व्यव० सू० १/९४७] ३१४
सुरगणसुहं [आव० नि० ९८१] ४८९
सुवन्नगुलिआए [प्रश्नव्या० ४/१६] ३०६
सुव्वइ दुग्गइ नारी [पञ्चाशक ४/४९ पा० १] २७१
सुव्वइ य वयर० [पञ्चाशक ६/४५] १४१
सुस्सूस धम्मराओ [पञ्चाशक १/४] २५५
से अप्पबले [आचाराङ्ग १/२/२/७५-७६] २९७
से नूणं भंते ! [भगवती १/३/३०-३१] ४५२
से भयवं ! कयराए [महानिशीथ अ० ३, सू० ६-७] ३१
से भयवं ! किं तित्थ० [महानिशीथ अ० ५, सू० १८] १२
से भयवं ! जइ णं [महानिशीथ अ० ५, सू० १३-१७] २४२
से भयवं !... सावज्जायरिए
[महानिशीथ अ० ५, सू० २९-३९] २२९
से भंते ! किं [भगवती ३/४/१६०] ५५
से वसुमं सव्व० [आचाराङ्ग १/५/३/१५५] १४
से वंता कोहं [आचाराङ्ग १/३/४/१२१] ४७६
सोऊण तं भगवतो [उत्तरा० निर्यु० २९१] ५०
सो उभयक्खय० [धर्मसङ्ग्रहणि २६] ४७२
संजमठाणठियाणं [गुरूतत्त्वविनिश्चय] ३६३
संजमतवजोगेसु [व्यव० सू० १/९४९] ३१४
संतगुणुकित्तणा [आव० भा० १९१ पा० ४] १९६
संता तित्थयरगुणा [आव० नि० ११३२] ४०२
संतिमे तओ [सूत्रकृताङ्ग १/१/२/२६] १८६
संवच्छरचाउ० [उपदेशमाला २४१] ३३९
संवरनिर्जरारूपो० [स्त्रीनिर्वाणप्रक० २६] २६९
संविग्गे गीयत्थे [व्यव० सू० १/९५६] ३१६
संविग्गो मद्दविओ [व्यव० सू० १/९५०] ३१४
संसारिषु हि देवेषु [योगदृष्टिसमु० १११] १९९
सिंहासने निविष्ट [षोडशक १५/२] ४८४
सुंदरबुद्धीए कयं [उपदेशमाला ४१४ उत्त०] ३६१
स्नानमुद्वर्त्तना० १६१
स्वपरव्यवसायि [प्रमाणनयतत्त्वा० १/२] ४२३

ह

हत्थसयादागन्तुम् २१०
हनुमदाद्यैर्यशसा [नैषधीयचरित्र ९/१२३] ५८
हिट्ठट्ठाणठिओ [गुरूतत्त्वविनिश्चय १/११४] ५६
होइ पओसो [सम्बोधप्रक० २०८] ३९७

✦ ✧ ✦

# परिशिष्ट – ४

## ग्रन्थनिर्दिष्टग्रन्थनामानि

अध्यात्ममतपरीक्षा
अनेकान्तव्यवस्था
अलङ्कारचूडामणिवृत्ति
अष्टकवृत्ति
अष्टसहस्रीविवरण
आख्यातचन्द्रिका
आचाराङ्गचूर्णि
आचाराङ्गनिर्युक्ति
आचाराङ्गवृत्ति
आचाराङ्गसूत्र
आवश्यकनिर्युक्ति
आवश्यकनिर्युक्तिवृत्ति
उत्तराध्ययनचूर्णि
उत्तराध्ययनसूत्र
उपदेशपद
उपदेशरहस्य
उपासकदशाङ्ग
ओघनिर्युक्ति
औपपातिकदशाङ्ग
कल्पसूत्र
कर्मप्रकृतिसङ्ग्रहणि
'क्रिया'पद (पण्णवणा)
कूपदृष्टान्तविशदीकरण
गुरुतत्त्वविनिश्चय
चैत्यवन्दनभाष्य
जम्बूद्वीपप्रज्ञप्ति
जम्बूद्वीपप्रज्ञप्तिवृत्ति

जीवाभिगमसूत्र
जीवाभिगमसूत्रवृत्ति
जैमिनीयसूत्र
ज्ञातासूत्र (ज्ञाताधर्मकथा)
ज्ञानसार
तत्त्वार्थसूत्र
दशवैकालिकनिर्युक्ति
दशवैकालिकसूत्र
दानाष्टक (हारिभद्राष्टक)
देवधर्मपरीक्षा
द्वात्रिंशिकाप्रकरण
धर्मपरीक्षा
धर्मसङ्ग्रहणि
न्यायकुसुमाञ्जली
न्यायमाला
पञ्चवस्तुक
पञ्चाशक
पण्णवणा
पण्णवणासूत्रवृत्ति
पूजापञ्चाशक
प्रश्नव्याकरणवृत्ति
प्रश्नव्याकरणसूत्र
बृहत्कल्पभाष्य
भगवतीसूत्र (व्याख्याप्रज्ञप्ति)
भगवतीसूत्रवृत्ति
भावाग्निकारिका (हारिभद्राष्टक)
भाषारहस्य

महानिशीथसूत्र
महावीरचरित्र (त्रिषष्टिशलाकापुरुष)
योगदीपिका
राजप्रश्नीयोपाङ्ग
राजप्रश्नीयोपाङ्गवृत्ति
राज्यादिदानदूषणनिवारणाष्टक (हारिभद्र)
लोकविजयाध्ययन (आचाराङ्ग)
विचारामृतसङ्ग्रह
विशेषावश्यकमहाभाष्य
विंशिकाप्रकरण
व्यवहारसूत्र
व्यवहारसूत्रवृत्ति
शास्त्रवार्तासमुच्चय
श्राद्धजीतकल्प
श्राद्धविधि
श्रावकप्रज्ञप्ति
श्रावकप्रतिक्रमणसूत्रचूर्णि
षोडशक
समवायाङ्गसूत्र
सम्मतितर्कप्रकरण
सम्यक्त्वपराक्रमाध्ययन (उत्तराध्ययन)
सम्यक्त्वप्रकरण
सूत्रकृताङ्गसूत्र
सूत्रकृताङ्गवृत्ति
स्थानाङ्गसूत्र
स्याद्वादरत्नाकर

# परिशिष्ट - ५
## टीकाकृन्निर्दिष्टग्रन्थकारादिनामानि

| | | |
|---|---|---|
| अभयदेवसूरि | धर्मसागर उपा. | लघुजित |
| अष्टकवृत्तिकृत् | पञ्चलिङ्गीकार | वाचकवर (उमास्वातिजी) |
| उदयन | भद्रबाहुस्वामी | वाचस्पतिमिश्र |
| काव्यप्रकाशकार (मम्मट) | मलयगिरि | व्यास |
| गन्धहस्ती | मीमांसक | श्रीहरिभद्रसूरि |
| जयचन्द्र | यौग | श्रीहीरसूरिजी |
| धर्मदासगणि | रामदास | श्रीहेमचन्द्राचार्य |

# परिशिष्ट - ६
## काव्योपयुक्तालङ्कारनिर्देशः

| | | | |
|---|---|---|---|
| अतिशयोक्ति | काव्यलिङ्ग | रसनोपमा | व्यङ्ग्य |
| अप्रस्तुतप्रशंसा | निदर्शना | रूपक | सङ्कर |
| उत्प्रेक्षा | प्रतिवस्तूपमा | विनोक्ति | समम् |
| उपमा | यमक | व्यतिरेक | |

# परिशिष्ट - ७
## ग्रन्थगतन्यायाः

| | | |
|---|---|---|
| १. अजां निष्काशयतः | १२. गोलाङ्गुलाभरणनिवेश | २४. प्रत्यासन्न |
| २. अनियोगपरोपि आगमः | १३. घृतं दहति | २५. प्रस्थकन्याय |
| ३. अनिषिद्धमनुमतम् | १४. जलं निन्दामि पिबामि च | २६. फलप्रधाना समारम्भा |
| ४. अप्राप्तप्रापणं विधि० | १५. तृणारणिमणिन्याय | २७. फलवत् सन्निधाव० |
| ५. अर्धजरतीय | १६. नह्ययं स्थाणो० | २७. बीजाङ्कुरन्याय |
| ६. इषुपातज्ञात | १७. न चाशङ्का नचोत्तरम् | २८. मात्स्यन्याय |
| ७. कृदभिहितो भावो द्रव्यवत् प्रकाशते | १८. न हि नीरोगवैद्योक्त० | २९. यावद्बाधं प्रामाण्यं |
| ८. गले पादिका | १९. निम्नोन्नतन्याय | ३०. रत्नरत्नाकरदृष्टान्त |
| ९. गुडजिह्विकया स्वर्गा० | २०. परिशेष | ३१. शृङ्गग्राहिका |
| १०. गृहपतिपुत्रबन्दिगृह० | २१. पाशारज्जुन्याय | ३२. सविशेषणे हि |
| ११. गृहप्रवेशेऽभ्युक्षणं | २२. प्रकृतिवद्विकृतिः | ३३. सिंहावलोकित |
| | २३. प्रतिबन्दिन्याय | ३४. स्वशस्त्रं स्वोपघाताय |

## પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય અજિતશેખરસૂરીશ્વરજી મહારાજ લિખિત ગુજરાતી શ્રુતસાહિત્ય ◆ ◆ • •

| પુસ્તક ક્ર. | ગ્રંથનું નામ | સાહિત્ય પ્રકાર |
|---|---|---|
| * ૧. | ક્ષમા=પ્રેમ+મૈત્રીની મહેક | દૃષ્ટાંતો |
| ૨. | ઉપશમ અમૃતરસ પીજીએ | નિબંધ |
| ૩. | આ છે અણગાર અમારા | નિબંધ |
| ૪. | કરત પ્રશંસા સબ મિલ અપની | નિબંધ |
| ૫. | પર્યુષણ આનંદોત્સવનું પર્વ | નિબંધ |
| ૬. | ચેતન! જ્ઞાન અજવાળિયે | વિવેચન |
| * ૭. | સમાધિનો સાથી | નિબંધ |
| ૮. | દોહિલો માનવભવ અવતાર ભાગ-૧ | દસ કથાઓ |
| ૯. | દોહિલો માનવભવ અવતાર ભાગ-૨ | દસ કથાઓ |
| ૧૦. | દોહિલો માનવભવ અવતાર ભાગ-૩ | દસ કથાઓ |
| ૧૧. | જિંદગી તારા રૂપ અનેક | નિબંધ |
| ૧૨. | સિદ્ધિ જઇ તેને વરે | નિબંધ |
| * ૧૩. | પળ પળનો હિસાબ | નિબંધ |
| ૧૪. | નદી-નાવ સંયોગ | નિબંધ |
| ૧૫. | વીર! મને તારો છે આધાર | ચરિત્ર |
| ૧૬. | નાથ! નેહ નજરે નિહાળો | સંવેદના |
| ૧૭. | જિન દર્શન પૂજા વિધિ-અવિધિ | સચિત્ર વિધિ |
| ૧૮. | અવિકખા અણાણંદિ | નિબંધ |
| ૧૯. | જિંદગીથી હારનારો હું નથી | નિબંધ |
| ૨૦. | અંગુઠે અમૃત વસે | ચરિત્ર |
| ૨૧. | અસ્તિત્વની ઓળખ | નિબંધ |
| ૨૨. | જૈન કહો ક્યું હોવે? | નિબંધ |
| * ૨૩. | વાર્તાપ્રવાહ | કથા |
| ૨૪. | મન સાધ્યું તેને સઘળું સાધ્યું | નિબંધ |
| ૨૫. | અનાનુપૂર્વી ગણતા લાભ થાયે અપાર | માંત્રિક |
| ૨૬. | સાચી છે ધર્મ સગાઇ | નિબંધ |
| ૨૭. | અધ્યાતમ રવિ ઉગ્યો મુજ ઘટ | વિવેચન |
| ૨૮. | મૃગજળનું સરોવર | કથા |
| ૨૯. | પ્રશ્ને પ્રશ્ને કથા | કથા |
| ૩૦. | શંખેશ્વર સાહિબ સાચો | કથા |
| ૩૧. | શ્રદ્ધાથી સિદ્ધિ | નિબંધ |
| ૩૨. | દરેક પ્રશ્ને કથા | કથા |
| ૩૩. | સિદ્ધયોગી શ્રી સ્થૂલભદ્રજી | ચરિત્ર |
| ૩૪. | ગુરુ અમૃતની ખાણ | નિબંધ |
| ૩૫. | પ્રભુ! દૂર કરો અંધારુ | નિબંધ |

## પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય અજિતશેખરસૂરીશ્વરજી મહારાજ લિખિત ગુજરાતી શ્રુતસાહિત્ય ◆ ◆ • •

| પુસ્તક ક્ર. | ગ્રંથનું નામ | સાહિત્ય પ્રકાર |
|---|---|---|
| ૩૬. | પ્રશ્ન મજાનો વાર્તાનો ખજાનો | કથા |
| ૩૭. | સિદ્ધિગતિના સાધકો | ચરિત્ર |
| ૩૮. | શબ્દે શબ્દે શાતા આપે | સુવાક્યો |
| ૩૯. | પ્રશ્નની પંક્તિ... વાર્તાની મસ્તી... | કથા |
| ૪૦. | સમયનું મૂલ્યાંકન | નિબંધ |
| ૪૧. | પરમાતમ પૂરણકલા | વિવેચન |
| ૪૨. | કથા હું કહું શ્રી શત્રુંજય નામની | કથા |
| ૪૩. | શ્રાદ્ધવિધિ પ્રકરણ (Life Management Course) | ભાવાનુવાદ |
| ૪૪. | ભીતર ઉમટ્યો ઉજાસ | ચરિત્ર |
| ૪૫. | નવપદ સંવેદના | સંવેદના |
| ૪૬. | હોઠે હાસ્ય હૈયે માંગલ્ય | નિબંધ |
| ૪૭. | આજના પ્રવચનનો સાર | સુવાક્યો |
| * ૪૮. | ધરિયે સમકિત રંગ | વિવેચન |
| ૪૯. | ઉત્તર મજાનો કથાનો ખજાનો | કથા |
| * ૫૦. | ૫૦ પચાશ | નિબંધ |
| ૫૧. | ઋષભને જોઇ જોઇ હરખે જેહ... | ચરિત્ર |
| ૫૨. | જે સાવધ તે સાધક | કથા |
| * ૫૩. | આરાધ્યના અજવાળા | ચિંતન |
| ૫૪. | જવાબ જાણો કથા માણો | કથા |
| * ૫૫. | કર્મનો શતરંજ | દૃષ્ટાંતો |
| * ૫૬. | ભક્ત વત્સલ પ્રભુ સાંભળો રે... | સ્તવનો |
| * ૫૭. | પચેલીમા પુણ્ય ભરો... | ભાવાનુવાદ |
| * ૫૮. | પ્રશ્નનો પ્રવાહ... વાર્તાનું વહેણ... | કથા |
| * ૫૯. | શાંતિ જિનેશ્વર સાહિબા રે... | ચરિત્ર |
| * ૬૦. | હળવાશનો ઉજાશ | નિબંધ |
| * ૬૧. | પરમ સૌભાગ્યનિધિ ભાગ-૧ | ચરિત્ર |
| * ૬૨. | પરમ સૌભાગ્યનિધિ ભાગ-૨ | ચરિત્ર |
| * ૬૩. | હાસ્યથી પ્રગટ્યો વૈરાગ્ય | નિબંધ |
| * ૬૪. | મૈત્રી – માર્ગ મજાનો | કથા |
| * A | પર્યુષણના પ્રથમ ત્રણ દિવસના પ્રવચનો | પ્રવચન |
| * B | પર્યુષણના ચોથાથી સાતમાં દિવસના પ્રવચનો | પ્રવચન |
| C | ૧૦૮ પાર્શ્વનાથ ભગવાન | સચિત્ર દર્શન |
| D | શ્રી શ્રાદ્ધવિધિ પ્રકરણ | પ્રવચન પરિપત્ર |
| E | માનવભવ બગીચો કે ઉકરડો | પ્રવચન પરિપત્ર |

* આ નિશાની પ્રાપ્ય પુસ્તકોની છે.

## पूज्यपाद आचार्यदेव श्रीमद् विजय अजितशेखरसूरीश्वरजी महाराज लिखित हिन्दी श्रुत साहित्य◆ ◆ • •

| पुस्तक क्र. | ग्रंथ का नाम | साहित्य प्रकार |
|---|---|---|
| 1. | नदी नाव संयोग | निबंध |
| 2. | ज्ञान सुधारस पीजे | निबंध |
| 3. | वीर ! मुझे तेरा है आधार | चरित्र |
| 4. | ये है अणगार हमारे | निबंध |
| 5. | उपशम अमृतरस पीजिए | चिंतन |
| 6. | पर्युषण आनंदोत्सव का पर्व | चिंतन |
| 7. | क्षमा = प्रेम + मैत्री की महक | दृष्टांत |
| 8. | चेतन ! ज्ञान अजुवालिये | विवेचन |
| 9. | समाधि का साथी | चिंतन |
| 10. | जिंदगी से पराजित होने वाला मैं नही | निबंध |
| 11. | सिद्धि उसके कदमो में | निबंध |
| 12. | अस्तित्वकी पहचान | निबंध |
| 13. | करत प्रशंसा सब मिल अपनी | निबंध |
| 14. | पल पल का हिसाब | निबंध |
| 15. | आशा औरन की क्या किजे | निबंध |
| *16. | पर्युषण के प्रथम तीन दिन के प्रवचन | प्रवचन |
| *17. | पर्युषण के चोथे से सातवे दिन के प्रवचन | प्रवचन |
| *18. | वार्ताप्रवाह | कथा |
| *19. | प्रश्ने प्रश्ने कथा | कथा |
| *20. | कर्म की शतरंज | दृष्टांत |

## संपादित एवं अनुवादित शास्त्रीय श्रुत साहित्य ◆ ◆ • •

| क्रमांक | ग्रंथ का नाम | साहित्य प्रकार |
|---|---|---|
| * 1. | स्याद्वादमंजरी | भावानुवाद |
| * 2. | प्रतिमाशतक | भावानुवाद |
| * 3. | धर्म संग्रहणी भाग 1-2 | भावानुवाद |
| * 4. | नन्दिसूत्रम् | भावानुवाद |
| * 5. | प्रव्रज्या योग विधि भाग 1-4 | विधि |

## आगामी प्रकाशन

અધ્યાત્મકલ્પદ્રુમ ભાગ ૧ થી૫ (ગુજરાતી વિવેચન સાથે)

कुवलयमाला (भुवनभानवीय संस्कृत छायायुता)

# નોંધ

यैर्भगवन्मूर्तिः

न नता,

न स्तुता,

न प्रेक्षिता

तेषां स्वान्तं ध्वांतमयम्,

मुखं विषमयम्,

दृग धूमधारामयी ।

(काव्य-5)

પરમ પદની પ્રાપ્તિ જ
પુરુષાર્થનું પ્રકૃષ્ટ ફળ છે.
એ માટે
પરમ આત્મસ્વરૂપ
પ્રત્યક્ષ થવું જરૂરી છે.
એ માટે
પરમયોગી
પરમહંસ
પરમાત્માસાથે પરમ ઐક્યભાવ પામવો આવશ્યક છે.
પરમાત્માના પ્રસાદ વિના એ પામી શકાય નહીં.
પરમાત્માની પ્રત્યભિજ્ઞા પ્રતિમામાં પ્રતીત થાય
તો પરમાત્માનો પ્રસાદ પામી શકાય.
માટે જ
પ્રતિમામાં પરમાત્માનો
સાક્ષાત્કાર કરાવતું
પરમોચ્ચ પ્રકાશન

# प्रतिमाशतक

॥ अर्हम् ॥

અર્હમ્ આરાધક ટ્રસ્ટ